ન્યા સંગ્રહ યાને કાયદા સંગ્રહ.



અમદાવાદમાં

કાગદીઓળમાં ખોડાઢોરનામકાનમાં અમદાવાદ.;

વિકટોરીયાપ્રેસમાં;

છગનલાલ ઉમેદચંદે છાપી પ્રસીદ્ધ કીધો

સંવત ૧૯૪૦ શને ૧૮૮૪

કીમત રૂ ૧૦—૦—૦

ઈંડિયાના ગવરનર જનરલ ઇન્ કૌંસિલનો હેઠળ લખેલો આકટ ગવરનર જનરલ સાહેબે સન ૧૮૮૨ના માર્ચ મહિનાની ૬ ઠી તારીખે મંજુર કર્યો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ છાપીને પ્રસિદ્ધ કર્યો છે.

સન ૧૮૮૨ નો આકટ ૧૦ મો.

સન ૧૮૮૨ નો ફોજદારી કામ ચલાવવાની રીત બાબતનો કાયદો.

અનુક્રમણિકા

ભાગ ૩ જો.

ભાગ ૨૪ મો

ચોકશી તથા ઇનસાફ બાબત સામાન્ય ઠરાવો.

સન ૧૮૮૨ નો આક્ટ ૧૦ મો.

ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાને એકત્ર કરીને સુધારવા વિશેનો આક્ટ.

ઉદ્દેશ. ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાને એકત્ર કરીને સુધારવો યોગ્ય છે; વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

ભાગ ૧ લો.

પ્રથમ નિયમ.

બાબ ૧ લો.

ટુંકનામ. સરૂઆત, ૧ આ આક્ટને "સન ૧૮૮૨ નો ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો" કહેવો; અને તે સન ૧૮૮૩ ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અમલમાં આવશે.

ક્યાંહાંક્યાંહાં લાગુ છે. આ આક્ટ આખા બ્રિટિશ ઇંડિયાને લાગુ છે; પણ કોઇ વિરૂદ્ધ પડતો ખાસ ઠરાવ ન હોય તો, હાલમાં કોઇ પણ વિશેષ અથવા સ્થાનિક કાયદો અમલમાં હોય તેને, અથવા બીજો કોઈ પણ કાયદો હાલ અમલમાં હોય, અને તેથી કોઇ પણ વિશેષ હકુમત અથવા અખ્તિયાર આપેલો હોય તેને, અથવા કામ ચલાવવાની કોઇ પણ વિશેષ રીત ફરમાવેલી હોય તેને આ આક્ટ માંહેના કોઇ પણ મજકુરથી બાધ થસે નહીં, અથવા આ આક્ટ માંહેનો કોઇ પણ મજકુર—

(અ) કલકત્તા, મદ્રાસ તથા મુંબાઈ એ સેહેરોમાં પોલીસ—કમીશનરોને અથવા કલકત્તા તથા મુંબઇ એ સેહેરોમાં પોલીસને લાગુ નથી,

(બ) જે છાવણીઓમાં તથા થાણાઓમાં મદ્રાસ ઇલાકાનાં તથા મુંબાઇ ઇલાકાનાં લશકરો રેહેતાં હોય તે છાવણીઓ તથા થાણાંઓ આગળ લશકરી બજારોમાં નહાના ગુન્હાઓનો ઇનસાફ કરવાને જે અમલદારને યોગ્ય રીતે અખ્તિયાર આપીયો હોય તે અમલદારને લાગુ નથી.

(ક) મદ્રાસ ઇલાકામાં ગામોના મુખીઓને લાગુ નથી; અથવા

(ડ) મુંબાઇ ઇલાકામાં ગામના પોલીસ અમલદારોને લાગુ નથી

આક્ટો રદકરવા બાબત. (ઈ) અને ૧૭૪ મી અને ૧૭૫ મી તથા ૧૭૬ મી કલમ માંહેનોકોઇમજકુર મદ્રાસ શેહેરમાં પોલીસનેલાગુનથી.

૨. સન૧૮૮૩ના જાન્યુઆરી મહિનાની૧લી તારીખે અને તે તારીખથી પેહેલાં પરિશિષ્ટમાં કહેલા આક્ટો સદરહુપરિશિષ્ટનાત્રીજા આસનમાંલખ્યુંછેતેટલેસુધીરદથશે,પણ જે હકુમતતે વખતેકાયમન હોય અથવા જે રીતપ્રમાણેતેવખતે કામ ચલાવવામાં આવતું ન હોય તે હકુમત અથવા તે રીત ફરીથી સ્થાપિત થાય, અથવા જે

કેદ તે વખતે કાયદેસર હોય તે કેદ જારી રાખવી ગેરકાયદેસર થાય, એવી રીતે તે આકટો રદ થશે નહી.

રદ કરેલા આકટો પ્રમાણે પ્રસિદ્ધ કરેલી જાહેરખબરોવિગેરે

૨ આ કાયદાથી રદ કરેલા હરકોઇ કાયદા પ્રમાણે અથવા એવા કોઇપણ કાયદાથી રદ કરેલા હરકોઇ કાયદા પ્રમાણે જે જાહેરખબરો પ્રસિદ્ધ કરી હોય, જે જાહેરનામાં કરચાં હોય, જે અધિકાર આપ્યા હોય, જે નમુના ઠરાવ્યા હોય. જે સ્થાનિક હદ બાંધી હોય, જે શિક્ષાના હુકમ કરચા હોય અને જે હુકમો, કાનુનો તથા નિમણુંકો કરી હોય, અને જે સન ૧૮૮૩ ના જાન્યુઆરી મહિનાની પેહેલી તારીખની તરત પેહેલાં અમલમાં હોય, તે સરવે જાહેર ખબરો આ આકટની તેવીજ કલમ પ્રમાણે પ્રસિદ્ધ કરી છે, તે સર્વે જાહેર નામા તેજ પ્રમાણે કર્યાં છે, તે સરવે અધિકાર તેજ પ્રમાણે આપ્યા છે. તે સરવે નમુના તેજ પ્રમાણે ઠરાવ્યા છે, તે સરવે સ્થાનિક હદો તેજ પ્રમાણે બાંધી છે, તે સરવે શિક્ષાના હુકમ તેજ પ્રમાણે કરચા છે, અને તે સરવે હુકમો કાનુનો તથા નિમણુકો તેજ પ્રમાણે કરી છે એમ સમજવુ

ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદા ઉપરના તથા બીજારદ કરેલા કાયદા ઉપરના હવાલા.

૩ આ કાયદા અમલમા આવે તેની અગાઉ કરેલા જે જે કાયદામાં ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદા ઉપર એટલે ૧૮૬૧ ના ૨૫ મા આકટ ઉપર, અથવા ૧૮૭૨ ના ૧૦ મા આકટ ઉપર, અથવા તેના હરકોઇ બાબ અથવા કલમ ઉપર, અથવા પ્રસ્તુત કાયદાથી રદ કરેલા બીજા કોઇપણ કાયદા ઉપર હવાલો આપ્યો હોય તે પ્રસ્તુત કાયદા ઉપર અથવા તેના તેવાજ બાબ અથવા કલમ ઉપર આપ્યો છે એવુ બની શકે તેટલે સુધી સમજવુ

અગાઉના આકટોમાં હેના શબ્દો.

આ કાયદા અમલમાં આવે તેની અગાઉ કરેલા દરેક આકટમાં "માજીસ્ત્રેટનાં અખત્યાર (અથવા 'પુરેપુરા અખત્યાર') ચલાવનારો [અથવા અખત્યારવાળો) અમલદાર" "પેહેલા વરગનો તાબામાંહેનો માજીસ્ત્રેટ," અને "બીજા વર્ગનો તાબા માંહેનો માજીસ્ત્રેટ," આ શબ્દો લખેલા છે તે શબ્દોનો અર્થ યથાક્રમ "પેહેલા વરગનો માજીસ્ત્રેટ" "બીજા વરગનો માજીસ્ત્રેટ," અને "ત્રીજા વરગનો માજીસ્ત્રેટ," એવો સ મજવો; "ડિસ્ત્રિકટના ભાગનો માજીસ્ત્રેટ" આ શબ્દાનો અર્થ 'પેટાતુકડી માજીસ્ત્રેટ એવો સમજવો, "ડિસ્ત્રિકટનો માજીસ્ત્રેટ" આ શબ્દાનો અર્થ "જીલ્લા માજીસ્ત્રેટ એવો સમજવો; અને "પોલીસ માજીસ્ત્રેટ" આ શબ્દાનો અર્થ "પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ" એવો સમજવો.

વ્યાખ્યા.

૪ આ કાયદામાં હેઠળ લખેલા શબ્દાનો તથા વાકયોનો અર્થ હેઠળ લખ્યા પ્રમાણે સમજવો, પણ વિષય ઉપરથી અથવા આગલા પાછલા સંબંધ ઉપરથી જુદો ઇરાદો દેખાતો નહી હોય તો હેઠળ લખેલા શબ્દાનો અર્થ હેઠળ લખ્યા પ્રમાણે સમજવો.

"ફરિયાદ"

(અ) "ફરિયાદ" એટલે આ કાયદા પ્રમાણે કોઇ માજી

સ્ત્રેટ કામ ચલાવે એટલા માટે, કોઇ સખસે કાંઇ ગુન્હો કરયો છે એવો કોઇ માજીસ્ત્રેટની આગળ મ્હોડેથી અથવા લખીને જાહેર કરેલી મજકુર, પછી તે સખસ જણાયો હોય કે ન જણાયો હોય તોપણ, એવું સમજવું; પણ તેમાં પોલીસ અમલદારના રીપોર્ટનો સમાવેસ થતો નથી:

"તપાસ:" (બ) "તપાસ" આ શબ્દમાં પોલીસે અથવા (મા જીસ્ત્રેટ અથવા પોલીસ અમલદાર સિવાય બીજા) જે સખસને આ બાબત ઇાકે માજીસ્ત્રેટે અધીકાર આપ્યો હોય તે સખસે પુરાવો એકઠો કરવા સારૂ આ કાયદા પ્રમાણે ચલાવેલાં સઘળાં કામનો સમાવેશ થાય છે.

"ચોકશી' (ક) "ચોકશી" આ શબ્દમાં માજીસ્ત્રેટે અથવા કોરટે આ કાયદા પ્રમાણે કરેલી દરેક ચોકશીનો સમાવેશ થાય છે.

"ઇનસાફી મુકદમો;" (ડ) "ઇનસાફી મુકદમો" એટલે કાંઇ કામ ચાલતું હોય ત્યારે પુરાવો લેવામાં આવે છે અથવા કાયદેસર લેવાનો અખ્તિઆર છે તેવું કામ સમજવું;

"લખીને" તથા "લખેલું." (ઇ) "લખીને" તથા "લખેલું આ શબ્દોમાં "બીબાં છાપનું કામ" "શિલા છાપનું કામ' ફોટોગ્રાફનું કામ," "કોતર કામ" અને બીજે જે પ્રકારે શબ્દો અથવા આંકડાઓ કાગળ ઉપર અથવા કાંઇ વસ્તુ ઉપર બતાવી શકાય તે પ્રકાર, એઓનો સમાવેશ થાય છે.

"પેટા ટુકડી" (ફ) "પેટા ટુકડી" એટલે કોઇ જીલ્લાની આ કાયદા પ્રમાણે કરેલી પેટા ટુકડી સમજવી;

"પ્રાંત: ' (ગ) "પ્રાંત" એટલે કોઇ પણ સ્થાનિક સરકારના અમલ હેઠળ જે વખતે જે કાંઇ મુલક હશે તે વખતે તે મુલક સમજવો;

"ઇલાકાનું મુખ્ય શેહેર:" (હ) "ઇલાકાનું મુખ્ય શેહેર" એટલે કલકત્તાની અથવા મદ્રાસની અથવા મુંબઇની ઇનસાફની હાઇ કોરટની અસલ દિવાની દાવો લેવાની માલુમ હકુમતની સ્થળસીમમાં જેટલી જગા હોય તેટલી જગા જે વખતે જે હોય તે વખતે તે સમજવી;

"હઇકોરટ" (આઈ) "રાણીની વિલાયતી રઇયતની ઉપર અથવા રાણીની વિલાયતી રઇયતની સાથે જે માણસોની ઉપર તોહોમત મુકયું હોય તે માણસોની ઉપર કામ ચલાવવાના સંબંધમાં "હાઇકોરટ" આ શબ્દનો અર્થ કલકત્તાની અથવા મદ્રાસની અથવા મુંબઇની હાઇકોરટ, વાયવ્ય પ્રાંતની હાઇકોરટ, પંજાબની ચીફ કોરટ સમજવી અને રંગુન

નો રિકોર્ડર સમજવો.

બીજા કામમાં "હાઇકોરટ" એટલે હરકોઇ સ્થાનિક ક્ષેત્રમાં સર્વના કરતાં મુખ્ય ફોજદારી અપીલની અથવા તપાસ કરનારી કોરટ સમજવી;

અથવા જ્યાં સદરહુ પ્રકારની કોઇપણ કોરટ કોઇપણ ચાલુ કાયદા પ્રમાણે સ્થાપેલી ન હોય ત્યાં જે અમલદારને ગવરનર જનરલ ઇન કાઉંસિલ આ બાબત નિમે તે અમલદાર સમજવો.

"ચીફ જસ્ટીસ"

(જ) "ચીફ જસ્ટીસ" આ શબ્દોમાં કોઇ ચીફ કોરટના સીનીયર જડજનો પણ સમાવેશ થાય છે.

"આડવોકેટ જનરલ"

(કે) "આડવોકેટ જનરલ" આ શબ્દોમાં સરકારી આડવોકેટ, અથવા જ્યાં કોઇપણ આડવોકેટ જનરલ અથવા સરકારી આડવોકેટ ન હોય ત્યાં જે અમલદારને સ્થાનીક સરકાર તેનાં કામ સારૂ વખતે વખતે નિમે તે અમલદારનો પણ સમાવેશ થાય છે.

"કલાર્ક આફ ધી ક્રાઉન"

(લ) "કલાર્ક આફ ધી ક્રાઉન" આ શબ્દોમાં આ કાયદાથી કલાર્ક આફ ધી ક્રાઉનને જે કામો સોંપ્યાં છે તે કામો બજાવવાને ચીફ જસ્ટીસે વિશેષે કરીને નિમેલા હરકોઇ અમલદારનો સમાવેશ થાય છે,

"પબ્લિક પ્રાસીક્યુટર"

[મ) "પબ્લિક પ્રાસીક્યુટર" એટલે ૪૯૨ મી કલમ પ્રમાણે નીમેલા કોઇપણ શખ્સ સમજવો, અને તેમાં પબ્લિક પ્રાસીક્યુટરના હુકમ પ્રમાણે કામ કરનાર હરકોઇ શખ્સનો સમાવેશ થાય છે; અને હાઇકોરટ પોતાની અસલ ફોજદારી હકુમત ચલાવતી હોય ત્યારે તે કોરટમાં મલીકા માઆઝમા તરફથી ફરિયાદીનું કામ ચલાવનાર હરકોઇ શખ્સ પણ સમજવો;

"પ્લીડર"

(ન) "પ્લીડર" આ શબ્દ જ્યારે હરકોઇ કોરટ માંહેના કોઇપણ કામના સંબંધથી વપરાયો હોય ત્યારે તેનો અર્થ સદરહુ કોરટમાં કામ કરવાને કોઇપણ ચાલુ કાયદા પ્રમાણે જે પ્લીડરને અધિકાર આપ્યો હોય તે પ્લીડર એવો સમજવો, અને તેમાં (૧) કોઇ હાઇકોરટનો સદરહુ અધિકારવાળો કોઇ આડવોકેટ, વકીલ, તથા આટરની, અને (૨] સદરહુ કામમાં કોરટની પરવાનગી લઇને કામ કરવાને નીમેલો હરકોઇ મુખત્યાર અથવા બીજો શખ્સ, એ સર્વનો સમાવેશ થાયછે.

"પોલીસ થાણું"

(ઓ) "પોલીસ થાણું" એટલે જે ઠેકાણાને સ્થાનિક સરકારે આ કાયદાના કારણ સારૂ સામાન્ય રીતે અથવા વિશેષે કરીને પોલીસ થાણું ઠરાવ્યું હોય તે ઠેકાણું સમજવું, અને તેમાં સ્થાનિક સરકારે આ બાબત વિશેષે કરીને જણાવેલાં હરકોઇ સ્થાનિક ક્ષેત્રનો સમાવેશ થાય છે; અને "જે અમલદારના હવાલામાં પોલીસ થાણું હોય તે અમલદાર" આ શબ્દોમાં જ્યારે જે અમલદારના હવાલામાં તે થાણું હોય તે અમલ

"જે અમલદારના હવાલામાંપોલીસ થાણું હોય તે અમલદાર."

દાર તેમાંથી ગેરહાજર હોય અથવા મંદવાડને લીધે પોતાનું કામ બજાવવાને અશક્ત હોય ત્યારે તેની પછીના દરજ્જાનો અને કૉન્સ્ટેબલથી ચઢતા દરજ્જાનો જે પોલીસ અમલદાર તે પોલીસ થાણામાં હાજર હોય તેનો સમાવેશ થાય છે, અથવા સ્થાનિક સરકાર એમ ફરમાવે ત્યારે, બીજો જે પોલીસ અમલદાર સદરહુ પ્રમાણે હાજર હોય તે પોલીસ અમલદારનો સમાવેશ થાય છે.

"ગુન્હો" (પ) "ગુન્હો" એટલે કોઇપણ ચાલુ કાયદાથી શિક્ષા લાયક કરેલું કાંઇપણ કૃત્ય અથવા કસુર સમજવી.

"કાગ્નિઝેબલ ગુન્હો" "કાગ્નિઝેબલમુકદમો" [ક્યુ) "કાગ્નિઝેબલ ગુન્હો" એટલે જે ગુન્હા બાબત અને 'કાગ્નિઝેબલ મુકદમો' એટલે જે મુકદમામાં ઇલાકાના મુખ્ય શેહેરોની માંહે અથવા બાહાર પોલીસ અમલદાર બીજા પરિશિષ્ટ પ્રમાણે અથવા હરકોઇ ચાલુ કાયદા પ્રમાણે વગર વારંટે પકડવાને મુખત્યાર છે તે ગુન્હો અથવા મુકદમો સમજવો,

"નાનકાગ્નિઝેબલ ગુન્હો" "નાનકાગ્નિઝેબલ મુકદમો" "નાનકાગ્નિઝેબલ ગુન્હો" એટલે જે ગુન્હા બાબત અને નાનકાગ્નિઝેબલ મુકદમો" એટલે જે મુકદમામાં ઇલાકાના મુખ્ય શેહેરોની માંહે અથવા બાહાર પોલીસ અમલદાર વગર વારંટે પકડવાને મુખત્યાર નથી તે ગુન્હો અથવા મુકદમો સમજવો;

"જામીન લઇ શકાય એવો ગુન્હો" "જામીન નહીં લઇ શકાય એવો ગુન્હો" (ર) "જામીન લઇ શકાય એવો ગુન્હો" એટલે જે ગુન્હા બાબત બીજા પરિશિષ્ટમાં બતાવ્યા મુજબ જામીન લઇ શકાય તે, અથવા જે ગુન્હા બાબત બીજા કોઇ ચાલુ કાયદા પ્રમાણે જામીન લઇ શકાય તે ગુન્હા સમજવો; અને "જામીન નહી લઇ શકાય એવો ગુન્હો" એટલે બીજો કેઇ ગુન્હો સમજવો,

"વારંટનો મુકદમો" [સ) "વારંટનો મુકદમો" એટલે જે ગુન્હા બાબત મોતની. અથવા સમુદ્રપારની અથવા છ મહિનાથી વધારે મુદત સુધી કેદની, શિક્ષા કરી શકાય તેવા ગુન્હા સંબંધી કોઇ મુકદમો સમજવો;

"સમનનો મુકદમો" (ટ) "સમનનો મુકદમો" એટલે જે ગુન્હા બાબત સદરહુ શિક્ષા કરી નહીં શકાય એવા ગુન્હા સંબધી કોઇ મુકદમો;

"રાણીની વિલાયતી રઇયત" [ક્યુ) "રાણીની વિલાયતી રઇયત" આ શબ્દોનો અર્થ હેઠળ લખ્યા પ્રમાણે સમજવો એટલે:—

(૧). ગ્રેટ બ્રિટિન અને આયલાંડના સંયુક્ત રાજ્યમાં અથવા યુરોપ માંહેની અથવા અમેરિકામાંહેની અથવા આસ્ટ્રેલિયામાંહેની મલીકા માઆઝમાની કોઇપણ

વસાહતોમાં અથવા મુલકોમાં, અથવા ન્યુઝીલંડની વસાહતમાં, અથવા કેપ ઑફ ગુડહોપની, અથવા નટાલની વસાહતમાં મલીકા મોઆઝમાની જે રઇયત જન્મી હોય અથવા જે રઇયતને ત્યાંનો દેશજ અધિકાર પ્રાપ્ત થયો હોય અથવા જે રઇયતે ત્યાં હમેશાં રહેવાનું ઠેકાણું કર્યું હોય એવી હરકોઇ રઇયત;

(૨). સદરહુ પ્રકારનાં હરકોઇ માણસનું ઔરસ છોકરૂં અથવા તે છોકરાંનું છોકરૂં;

"બાબ" — [૪] "બાબ" એટલે આ કાયદાનો કોઇ બાબ સમજવો. અને પરિશિષ્ટ એટલે આ કાયદાને જોડેલું કોઇ પરિશિષ્ટ સમજવું;

"પરિશિષ્ટ"

"જગા" — (ડબલ્યુ) "જગા" આ શબ્દમાં ઘર, મકાન, તંબુ તથા વાહાણ એનો પણ સમાવેશ થાય છે.

કૃત્યોના સંબંધમાં વાપરેલા શબ્દો. — જે શબ્દો કરેલાં કૃત્યોના સંબંધમાં વાપરચા હોય તે શબ્દો ગેરકાયદેસર કરેલી કસુરોને પણ લાગુ છે; અને

શબ્દોનો જે અર્થ ફોજદારીકાયદામાં હોયતે જ અર્થ સમજવો. — જે શબ્દો તથા વાકયો આ કાયદામાં વાપરચાં હોય અને જેઓની વ્યાખ્યાઓ હિંદુસ્તાનના ફોજદારી કાયદામાં આપી હોય અને ઉપર આપી નહીં હોય તે સરવે શબ્દોના તથાં વાકયોના અર્થ સદરહુ કાયદામાં જે પ્રમાણે આપ્યાં હોય તે પ્રમાણે સમજવા.

ફોજદારીકાયદામુજબના ગુન્હાઓનો ઇનસાફ. — ૫. હિંદુસ્તાનના ફોજદારી કાયદા મુજબના સઘળા ગુન્હાઓની ચોકશી તથા ઇનસાફ આ કાયદામાં આગળ કહેલા ઠરાવો પ્રમાણે કરવો; અને

બીજાકાયદાઓવિરૂદ્ધ ગુન્હાઓનો ઇનસાફ. — બીજા કોઇ પણ કાયદા મુજબના ગુન્હાઓની ચોકશી તથા ઇનસાફ તેજ ઠરાવ પ્રમાણે કરવો, પણ તે ચોકશી અથવા ઇનસાફ, સદરહુ ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ કરવાની રીત અથવા જગા સંબંધી નિયમ ન કરવા બાબત કોઇ પણ કાયદો ચાલુ હોય તો તેને અનુસરીને કરવો.

ભાગ ૨ જો.

ફોજદારી કોરટોની તથા હુદાઓની રચના તથા અધિકાર,

બાબ ૨ જો.

ફોજદારી કોરટોની તથા હુદાઓની રચના બાબત,

અ.—ફોજદારી કોરટોના દરજ્જા,

ફોજદારી કોરટોના દરજ્જા, — ૬, હાઇ કોરટો શિવાય, તથા આ કાયદા વગર બીજા કોઇ પણ ચાલુ કાયદા પ્રમાણે રચેલી કોરટો શિવાય, બ્રિટિશ ઇંડિયામાં પાંચ દરજ્જાની ફોજદારી કોરટો હશે, એટલે:—

૧,—સેશન કોરટો;

૨,—પ્રેસિડેન્સી માજીસ્ત્રેટોની કોરટો;

૩,—પેહેલા વરગના માજીસ્ત્રેટોની કોરટો;

૪,—બીજા વરગના માજીસ્ત્રેટોની કોરટો;

૫,—ત્રીજા વરગના માજીસ્ત્રેટોની કોરટો;

બ,—મુલકની તુકડીઓ,

સેશન તુકડીઓ,

૭, (ઇલાકાનાં મુખ્ય શેહેરો શિવાય) દરએક પ્રાંત સેશન તુકડી થશે, અથવા તેમાં સેશન તુકડીઓ આવશે;

જીલ્હા,

અને આ કાયદાનાં કારણ સારૂ દરએક સેશન તુકડી જીલ્હો થશે અથવા તેમાં જીલ્હા આવશે,

તુકડીઓમાં તથા જીલ્હાઓમાં ફેરફાર કરવાનો અધિકાર,

સદરહુ તુકડીઓની તથા જીલ્હાઓની સીમાઓમાં, અથવા ગવરનર જનરલ ઇન કાઉન્સિલની, અગાઉથી મંજુરી લઇને, તેમની સંખ્યામાં ફેરફાર કરવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે,

હાલની તુકડીઓમાં તથા જીલ્હાઓમાંજ્યાં હાં સુધી ફેરફારકરવામાં ન આવે ત્યાં સુધી તે કાયમરાખ્યા,

આ કાયદો અમલમાં આવે ત્યારે ચાલુ હોય એવી સેશન તુકડીઓમાં તથા જીલ્હાઓમાં જ્યાં સુધી સદરહુ પ્રમાણે ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી તે સેશન તુકડીઓ તથા જીલ્હા રેહેશે,

ઇલાકાના મુખ્યશેહેરોને જીલ્હા ગણવા.

આ કાયદાના કારણ સારૂ દરએક ઇલાકાનું મુખ્ય શેહેર જીલ્હો છે એમ સમજવું.

જીલ્હાની પેટાતુકડીઓકરવાનોઅધિકાર

૮ ઇલાકાનાં મુખ્ય શેહેરોની બહારનાં કોઇ પણ જીલ્લાની પેટા તુકડીઓ કરવાનો અથવા સદરહુ પ્રકારનાં કોઇ પણ જીલ્હાના કોઇ પણ ભાગને પેટા તુકડી કરવાનો, અને કોઇ પણ પેટા તુકડીની હદમાં ફેરફાર કરવાનો. અધિકાર સ્થાનિક સરકારને છે.

હાલની પેટા ટુકડીઓ કાયમ રાખી,

જે ચાલુ પેટા ટુકડીઓ હાલમાં ઘણું કરીને માજીસ્ત્રેટના હવાલામાં મુકવામાં આવે છે તે સઘળી પેટા ટુકડીઓ આ કાયદા પ્રમાણે કરેલી છે એવું સમજવું.

ક,—ઇલાકાના મુખ્ય શેહેરોની બહાર કોરટો તથા હુદ્દા,

સેશન કોરટ.

૯. સ્થાનીક સરકારે દરએક સેશન તુકડી માટે એક સેશન કોરટ સ્થાપવી, અને સદરહુ કોરટનો એક જડજ નીમવો.

વળી સદરહુ પ્રકારની એક અથવા વધારે કોરટોમાં હકુમત ચલાવવાને આડિશનલ શેશન જડજો, જાઇન્ટ સેશન જડજો, તથા આસિસ્ટંટ શેશન જડજો નિમવાનો અખ્તીઆર સ્થાનિક સરકારને છે.

જ્યારે આ કાયદો અમલમાં આવે ત્યારે જે સેશન કોરટો ચાલુ હોય તે સઘળી સેશન કોરટો આ કાયદા પ્રમાણે સ્થાપેલી છે એમ સમજવું.

જીલ્હા માજીસ્ત્રેટ.

૧૦. ઇલાકાના મુખ્ય શેહેરોની બહાર દરએક જીલ્હા

માં સ્થાનિક સરકારે પેહેલા વરગનો એક માજીસ્ત્રેટ નિમવો, અને તેને જીલ્હા માજીસ્ત્રેટ કેહેવો.

જીલ્હા માજીસ્ત્રેટનો હુદો ખાલી પડવાથી તે ઉપર થોડી મુદતને માટે નિમાયલા અમલદારો.

૧૧. જ્યારે કોઇ જીલ્હા માજીસ્ત્રેટનો હુદો ખાલી પડવાથી કોઈ પણ અમલદાર સદરહુ જીલ્હામાં મુખ્ય અમલ ચલાવવાનાં કામ ઉપર થોડી મુદતને માટે આવે ત્યારે સદરહુ અમલદારે સ્થાનિક સરકારનો હુકમ થતાં સુધી આ કાયદા ઉપરથી જીલ્હા માજીસ્ત્રેટને જે અધિકાર આપ્યા છે તથા તેને જે કામો સોંપ્યાં છે તે સરવે અધિકારો ચલાવવા તથા તે સરવે કામો કરવાં.

તાબામાંહેના માજીસ્ત્રેટો.

૧૨ ઇલાકાનાં મુખ્ય સેહેરોની બહાર કોઇ પણ જીલ્હામાં જીલ્હા માજીસ્ત્રેટ શિવાય, પેહેલા વરગના અથવા બીજા વરગના અથવા ત્રીજા વરગના માજીસ્ત્રેટો દાખલ પોતાની નજરમાં આવે તેટલાં માણસોને નિમવાનો અધિકાર સ્થાનિક સરકારને છે અને સદરહુ માણસોને આ કાયદા પ્રમાણે જે અધિકારો આપવામાં આવે તે સરવે અથવા તેમાંનાં કોઇપણ અધિકાર

તેમની હકુમતની સ્થાનિકસીમા.

જે સ્થાનિક પ્રદેશમાં તેણે ચલાવવા તે સ્થાનિક પ્રદેશ વખતે વખતે ઠરાવવાનો અખત્યાર સ્થાનિક સરકારના અથવા સ્થાનિક સરકારના નિરબંધ હેઠળ રહીને જીલ્હા માજીસ્ત્રેટને છે,

સદરહુ પ્રકારનો પ્રદેશ ઠરાવીને જુદી રીતે ઠરાવ્યું ન હોય તો સદરહુ માણસોની હકુમત તથા તેઓનો અધિકાર સદરહુ જીલ્હામાં સરવે ઠેકાણે લાગુ પડશે

પેટા તુકડા માજીસ્ત્રેટના હવાલામાં મુકવાનો અધીકાર.

૧૩. સ્થાનિક સરકાર કોઇ પેટા તુકડી પેહેલા વરગના અથવા બીજા વરગના કોઇ પણ માજીસ્ત્રેટના હવાલામાં મુકવાને અને જે પ્રસંગે જરૂર પડે તે પ્રસંગે તે હવાલો તેની પાશે છોડાવવાને મુખત્યાર છે.

સદરહુ માજીસ્ત્રેટોને પેટા તુકડી માજીસ્ત્રેટો કેહેવા.

જીલ્હામાજીસ્ત્રેટને અધિકારસોંપવાબાબત,

સ્થાનિક સરકાર આ કલમમાં કહેલા પોતાના અધિકાર જીલ્હા માજીસ્ત્રેટને સોંપવાને મુખત્યાર છે.

સ્પેશિયલમાજીસ્ત્રેટો.

૧૪. પેહેલા વરગના અથવા બીજા વરગના અથવા ત્રીજા વરગના માજીસ્ત્રેટને જે અધિકાર આ કાયદાથી આપ્યા છે અથવા આ કાયદા પ્રમાણે આપી શકાય તે સરવે અથવા તેમાંના હરકોઇ અધિકાર ઇલાકાનાં મુખ્ય શેહેરોની બહાર હરકોઇ સ્થનિક ક્ષેત્રમાં અમુક મુકદમાના સબંધમાં અથવા કોઇ અમુક વરગના અથવા અમુક વરગોના મુકદમાના સંબંધમાં અથવા સામાન્ય રીતે સઘળા મુકદમાના સંબંધમાં હરકોઈ માણસને આપવાનો અખત્યાર સ્થાનિક સરકારને છે.

સદરહુ માજીસ્ત્રેટોને સ્પેશિયલ માજીસ્ત્રેટો કહેવા.

આ કલમના પેહેલા પારેગ્રાફથી આપેલો અધિકાર સ્થાનિક સરકાર પોતાના તાબા

ભરિના હરકોઇ અમલદારને ગવરનર જનરલ ઇન કાંઉસીલની અગાઉથી મંજુરી લઇને અને પોતે દુરસ્ત ધારે એટલી હદ રાખીને સોંપવાને મુખત્યાર છે.

આસિસટંટ ડિસ્ત્રીકટ સુપરીન્ટેન્ડથી ઉતરતા દરજ્જાના કોઇપણ પોલીસ અમલદારને આ કલમ પ્રમાણે કાંઇ પણ અધિકાર આપવા નહી, અને સુલેહ જાળવવા સારૂ તથા ગુન્હો અટકાવવાસારૂ અને ગુન્હેગારોને માજીસ્ત્રેટની આગળ લઇ જવા માટે તેઓને ખોળી કાહાડવાસારૂ તથા પકડવાસારૂ તથા અટકાવી રાખવાસારૂ અને કોઇ પણ ચાલુ કાયદાથી તે અમલદારને સોંપેલા બીજા કાંઇ પણ કામ તેને કરવા સારૂ જેટલે સુધી જરૂર હોય તેકરતાં વત્તા કાંઇપણ અધિકાર સદરહુ પ્રમાણે આપવા નહી.

માજીસ્ત્રેટોનીબેન્ચો. ૧૫ ઇલાકાના મુખ્ય શેહેરોની બહાર હરકોઇ જગામાં હરકોઇ બે અથવા વધારે માજીસ્ત્રેટોને બેન્ચ તરીકે બેસવાનુ ફરમાવવાને સ્થાનીક સરકાર મુખત્યાર છે, અને પેહેલા, બીજા, અથવા ત્રીજા વરગના માજીસ્ત્રેટને જે અધિકારો આ કાયદાથી આપ્યા છે અથવા આ કાયદા પ્રમાણે આપી શકાય તેમાંના હરકોઇ અધિકાર સ્થાનીક સરકાર હુકમ કરીને સદરહુ બેન્ચને આપવાને મુખત્યાર છે અને સ્થાનીક સરકાર દુરસ્ત ધારે એવાજ મુકદમામાં અથવા એવાજ વરગના મુકદમામાં, અને એવીજ સ્થાનીક હદમાં, સદરહુ અધિકારો ચલાવવાનું ફરમાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે.

વિશેષ હુકમ નહોય તો બેન્ચ જે અધિકારો ચલાવી શકે તે. આ કલમ પ્રમાણે હરકોઇ હુકમ કરીને જુદી રીતનો ઠરાવ કરયો નહી હોય તો સદરહુ બેન્ચના મેંબરોમાં જે ઊંચામાં ઊંચા દરજ્જાનો માજીસ્ત્રેટ હોય અને જે સદરહુ બેન્ચના મેંબર તરીકે હાજર રહીને કામમાં ભાગ લેતો હોય તેવા માજીસ્ત્રેટને આ કાયદાથી જે અધિકાર આપ્યા હોય તે અધિકાર સદરહુ પ્રકારની દરએક બેન્ચના છે એવુ સમજવું, અને આ કાયદાના કારણ સારૂ તે બેન્ચને જેટલે સુધી બની શકે તેટલે સુધી સદરહુ દરજ્જાના માજીસ્ત્રેટ તરીકે ગણવી.

બેન્ચોની પોતાના કામની સમજુત થવાસારૂ કાનુન કરવાનો અધિકાર. ૧૬. કોઇ પણ જીલ્લામાં માજીસ્ત્રેટોની બેન્ચોની તેઓના કામની સમજુત થવા સારૂ હેઠળ લખેલી બાબતો સબંધી આ કાયદાને અનુસરતી હોય એવી કાનુન વખતે વખતે કરવાને સ્થાનિક સરકાર અથવા સ્થાનિક સરકારના નિર્બંધહેઠળ રહીને જીલ્લા માજીસ્ત્રેટ મુખત્યાર છે.

(અ) ઇનસાફ કરવાના મુકદમાના વરગો;

(બ) બેસવાની વખત તથા જગા;

(ક) ઇનસાફ ચલાવવા બાબત બેન્ચની રચના;

(ડ) બેઠેલા માજીસ્ત્રેટો વચે મતમાં જે ભેદ પડે તેનો નીકાલ કરવાની રીત.

માજીસ્ત્રેટોએતથાબેન્ચોએ જીલ્લા માજીસ્ત્રેટના તાબામા રેહેવું. ૧૭ ૧૨મી, ૧૩મી, અને ૧૪મી, કલમ પ્રમાણે નિમેલા સઘળા માજીસ્ત્રેટો તથા ૧૫ મી કલમ પ્રમાણે રચેલી સઘળી બેન્ચો જીલ્લા માજીસ્ત્રેટના તાબામાં છે એવું સમજવું, અને સદરહુ માજીસ્ત્રેટોને તથા બેન્ચોને કામ વેં

હેંચી આપવા બાબત આ કાયદાને અનુસરતી હોય એવી કાનુન વખતે વખતે ક રવાને જીલ્હા માજીસ્ત્રેટ મુખત્યાર છે.

માજીસ્ત્રેટોએ તથા બેન્ચોએ પેટા ટુકડી માજીસ્ત્રેટના તાબામાં રેહેવું.

કોઇ પેટા ટુકડીમા અધિકારો ચલાવનાર [પેટા ટુકડી માજીસ્ત્રેટ શિવાય બીજો] દરેક માજીસ્ત્રેટ તથા દરેક બેન્ચ પેટા ટુકડી માજીસ્ત્રેટ ના તાબામાં છે એ સમુજવુ, તો પણ તે જીલ્લા માજીસ્ત્રેટના સામાન્ય નિબંધ હેઠળ છે એવું સમજવું.

આસીસ્ટંટ સેશન જડજોએ સેશન જડજ ના તાબામાં રેહેવું.

સઘળા આસીસ્ટંટ સેશનજડજોએ, જે સેશન જડજની કોરટમાં તેઓ હકુમત ચલાવતા હોય તે સેશન જડજના તાબામાં રેહેવું, અને સદરહુ આસીસ્ટંટ સેશન જડજોને કામ વેહેંચી આપવા બાબત આ કાયદાને અનુસરતી હોય એવી કાનુન વખતે વખતે કરવાને સેશનજડજ મુખત્યારછે.

જીલ્લા માજીસ્ત્રેટ તેમજ ૧૭ મી, ૧૩ મી, અને ૧૪ મી કલમ પ્રમાણે નિમેલા માજીસ્ત્રેટો અથવા ૧૫ મી કલમ પ્રમાણે રચેલી બેન્ચો સેશન જડજના તાબામાં નથી એવું સમજવું. પણ આ કાયદામાં આગળ ઠરાવેલુંછે તેટલે સુધી અને તે રીતે તે તેના તાબામાં છે એવું સમજવું.

ઙ—પ્રેસિડેન્સી માજીસ્ત્રેટોની કોરટો.

પ્રેસીડેન્સીમાજીસ્ત્રેટોની નિમણુંક.

૧૮ સ્થાનિક સરકારે (આ કાયદામાં પાછળ જેમને પ્રેસીડેન્સી માજીસ્ત્રેટો કહ્યા છે એવા) જોઇએ તેટલા માણસોને દરેક ઇલાકાના મુખ્ય શેહેરના માજીસ્ત્રેટો તરીકે વખતે વખતે નિમવા, અથવા અને સદરહુ માણસોમાંના એકને તે દરેક શેહેરના ચીફ માજીસ્ત્રેટ તરીકે નીમવો.

સદરહુ માણસોમાંના હરકોઇ બે અથવા વધારે માણસો (આ કાયદામાં પાછળ આપેલા અધિકાર પ્રમાણે ચીફ માજીસ્ત્રેટે કરેલી કાનુનને અનુસરીને) બેન્ચ તરીકે એકઠા બેસવાને મુખત્યાર છે.

તેમની હકુમતની સ્થાનિક હદ.

૧૯ દરએક પ્રેસીડેન્સી માજીસ્ત્રેટે જે ઇલાકાના મુખ્ય શેહેર માટે પોતે નિમાયો હોય તે માંહેની સઘળી જગાઓમાં, અને સદરહુ શેહેરના બંદરની તથા વાહાણ ચાલી શકે એવી તે બંદર તરફ જતી હરકોઇ નદી અથવા ખાડીની જે હદ બંદરોનું તથા બંદર દાણાનું નિયમત કરવા બાબતના ચાલુ કાયદા પ્રમાણે ઠરાવેલી હોય તેવી હદ માંહેની સઘળી જગાઓમાં હકુમત ચલાવવી.

મુંબાઇની પેટી સેશનની કોરટ.

૨૦ મુંબાઇ શેહેરમાં દરેક પ્રેસીડેન્સી માજીસ્ત્રેટે સન ૧૮૭૭ ના એપ્રીલ મહિનાની પેહેલી તારીખની પેહેલાં તરત ચાલુ હોય એવા હરકોઇ કાયદા પ્રમાણે તે શેહેરમાં પેટીસેશનની કોરટે જે હકુમત ચલાવી હોય તે સઘળી હકુમત ચલાવવી.

પણ એવું ઠરાવ્યું છે કે મુંબાઇની મ્યુનિસિપાલીટીના બંદોબસ્ત બાબતના ચાલુ કાયદા મુજબની અપીલો ફક્ત ચીફ માજીસ્ત્રેટને કરવી.

ચીફ માજીસ્ત્રેટ. ૨૧ દરએક ચીફ માજીસ્ત્રેટે, જે અધિકાર આ કાયદાથી તેને આપ્યા છે તે સઘળા અધિકાર અથવા જે અધિકાર આ કાયદો અમલમાં આવ્યાની પેહેલાં તરત ચાલું હોય એવા કોઈપણ કાયદા પ્રમાણે અથવા કાનુન પ્રમાણે હરકોઈ સીનિયર માજીસ્ત્રેટે અથવા ચીફ માજીસ્ત્રેટે ચલાવવા જોઈએ તે સઘળા અધિકાર પોતાની હકુમતની સ્થાનિક હદમાં ચલાવવા. અને નીચે લખેલી બાબતોનું નિયમન કરવા સારૂ આ કાયદાને અનુસરતી હોય એવી કાનુન સ્થાનિક સરકારની અગાઉથી મંજુરી લઈને વખતો વખત કરવાને તે મુખત્યાર છે:——

[અ] સદરહુ શેહેરના માજીસ્ત્રેટોની કોરટોમાં કામ ચલાવવા બાબત તથા વેહેંચવા બાબત તથા તે કોરટોનાના વહિવટ બાબત;

(બ) જે વખછે તથા જગાએ માજીસ્ત્રેટોની બેન્ચોએ બેસવું તે બાબત;

(ક) સદરહુ બેન્ચોની રચના બાબ; અને

(ડ) બેઠેલા માજીસ્ત્રેટો વચ્ચે મતમાં જે ભેદ પડે તેનો નિકાલ કરવાની રીત બાબત.

ઈ—જસ્ટીસ આફ ધી પીસ.

ઇલાકાઓને માટે જસ્ટીસ આફ ધી પીસ ૨૨ ઇલાકાના મુખ્ય શેહેરોની બાહાર સઘળા બ્રિટિશ ઇંડિયાના સબંધમાં અથવા તેના હરકોઈ ભાગના સંબંધમાં ગવરનર જનરલ ઇનકૌન્સીલ·

અને પોતાના અમલ હેઠળના (સદરહુ શેહેરો વગર બીજા) મુલકોના સંબધમાં દરએક સ્થાનિક સરકાર

સરકારી ગેઝીટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને પોતે યોગ્ય ધારે એવી રાણીની વીલાયતી રઈયતને સદહુ જાહેરનામામાં કહેલા મુલકોની અંદર અને તે મુલકો માટે જસ્ટીસ આફ ધી પીસ તરીકે નિમવાને મુખત્યાર છે.

ઈલાકાનાં મુખ્ય શેહેરો માટે જસ્ટીશઆફ ધી પીસ. ૨૩ કલકત્તા શેહેરના સબંધમા ગવરનર જનરલ ઇન્ કોન્સીલ અથવા સ્થાનિક સરકાર.

અને મદ્રાસ તથા મુંબાઈ શેહેરના સંબંધમાં સ્થાનિક સરકાર.

બ્રિટિશ ઇંડિયામાં રેહેનારા જે સખસો કોઈ પણ પરરાજ્યની રઈયત ન હોય અને જેમને [પ્રસંગ પ્રમાણે] ગવરનર જનરલ ઇન કૌન્સીલ અથવા સ્થાનિક સરકાર યોગ્ય ધારે, તે સખસોને, સરકારી ગ્યાજીટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને તેમાં કહેલી સદરહુ શેહેરની હદમાં, જસ્ટીસ આફ ધી પીસ તરીકે નિમવાને મુખત્યાર છે.

હાલના જસ્ટીસઆફ ધી પીસ. ૨૪. કોઈ હાઈકોરટે આપેલાં હરકોઈ કમીન પ્રમાણે સદરહુ શેહેરો વગર બીજા બ્રિટિશ ઇંડિયાના કોઈપણ ભાગની અંદર અને તે ભાગ માટે જસ્ટીસ આફ ધી પીસ તરીકે હાલમાં કામ કરનારા દરએક માણસને સદરહુ શેહેરો વગર બીજા આખા બ્રિટિશ ઇંડિયાને માટે જસ્ટીસ આફ ધી પીસ તરીકે કામ કરવાને ૨૨ મી કલમ પ્રમાણે ગવરનર જનરલ ઇન કૌન્સીલે નિમ્યો છે એમ સમજવું.

સદરહુ પ્રકારના કોઈ પણ કમીશન પ્રમાણે સદરહુ શેહેરોમાંના હરકોઇ શેહેરની હદમાં જસ્ટીસ આફ ધી પીસ તરીકે હાલમાં કામ કરનારા દરએક માણસને ૨૩મી કલમ પ્રમાણે સ્થાનિક સરકારે નિમ્યો છે એવું સમજવું.

હુદાના સબબથીજસ્ટીસ આફ ધી પીસ.

૨૫ પોત પોતાના હુદાના સબબથી ગવરનર જનરલ તથા ગવરનર જનરલની કૌન્સીલના મામુલ મેંબરો તથા હાઇકોરટના જડજો તથા રંગુનનો રીકોર્ડર આખા બ્રિટિશ ઈંડિયાની અંદર અને બ્રિટિશ ઈંડિયાને માટે જસ્ટીસ આફ ધી પીસ છે એવું સમજવું. અને પ્રેસીડેન્સી માજીસ્ત્રેટો જે શેહેરના તેઓ માજીસ્ત્રેટો હોય તે સેહેરોની અંદર અને તે સેહેરો માટે જસ્ટીસ આફ ધી પીસ છે એવું સમજવું.

ઈ—સસ્પેંડ કરવા બાબત તથા દુર કરવા બાબત.

જડજોને તથા માજીસ્ત્રેટોને સસ્પેન્ડ કરવા તથા દુર કરવા બાબત.

૨૭. રાયલ ચારટરથી સ્થાપેલી હાઇ કોરટો શિવાય બીજી ફોજદારી કોરટોના સઘળા જડજોને અને સઘળા માજીસ્ત્રેટોને હુદા ઉપરથી સસ્પેન્ડ કરવાનો અથવા દુર કરવાનો અધિકાર સ્થાનિક સરકારને છે;

પણ એવું ઠરાવ્યું છે કે જે જડજોને તથા માજીસ્ત્રેટોને હુદા ઉપરથી સસ્પેન્ડ કરવાનો અથવા દુર કરવાનો અધિકાર હાલમાં ફક્ત ગવરનર જનરલ ઇન કાઉન્સિલને છે તેઓને હુદા ઉપરથી બીજા કોઇ પણ અધિકારીએ સસ્પેન્ડ કરવા નહીં કે દુર કરવા નહીં.

જસ્ટીસ આફ ધી પીસને સસ્પેન્ડ કરવા તથા દુર કરવા બાબત.

૨૬. જે જસ્ટીસ આફ ધી પીસને ગવરનર જનરલ ઇન કાઉન્સિલે નિમ્યો હોય તે જસ્ટીસ આફ ધી પીસને હુદા ઉપરથી સસ્પેન્ડ કરવાનો અથવા દુર કરવાનો અધિકાર ગવરનર જનરલ ઇન કાઉન્સિલને છે, અને જે જસ્ટીસ આફ ધી પીસને સ્થાનિક સરકારે નિમ્યો હોય તેને હુદા ઉપરથી સસ્પેન્ડ કરવાનો અથવા દુર કરવાનો અધિકાર સ્થાનિક સરકારને છે,

ભાગ ૩ જો.

કોરટોના અધિકાર.

અ.—દરએક કોરટ કયા કયા ગુન્હા સાંભળી શકે તે ગુન્હાઓનું વરણન.

ફોજદારી કાયદા મુજબના ગુન્હા.

૨૮. હિંદુસ્તાનના ફોજદારી કાયદા મુજબના હરકોઇ ગુન્હાનો ઇનસાફ આ કાયદાના બીજા ઠરાવોને અનુસરીને કરવાનો અધિકાર હાઇ કોરટને અથવા શેશન કોરટને અથવા બીજા પરિશિષ્ટના આઠમાં આસનમાં બતાવ્યા પ્રમાણે બીજી જે કોરટેથી સદરહુ ગુન્હાનો ઇનસાફ થઇ શકે તે કોરટને છે.

બીજા કાયદા મુજબના ગુન્હા.

૨૯. બીજા કોઇ પણ કાયદા મુજબના હરકોઇ ગુન્હાનો ઇનસાફ, જ્યારે સદરહુ કાયદામાં આ બાબત કોઇ કોરટનું નામ કહ્યું હોય ત્યારે, તે કોરટે કરવો.

જ્યારે કોરટનું નામ સદરહુ પ્રમાણે કહ્યું ન હોય ત્યારે તે ગુન્હાનો ઇનસાફ કર

વાનો અધિકાર હાઈ કોરટને અથવા આ કાયદા પ્રમાણે રચેલી હરકોઇ કોરટને છે: પણ એવું ઠરાવ્યું છે કે.—

(અ) સદરહુ પ્રકારનો જે ગુન્હો સાત વરસ કરતાં વધતી મુદતની કેદની શિક્ષાને લાયક હોય તેવા કોઈ પણ ગુન્હાનો ઇનસાફ પેહેલા વરગના કોઇ પણ માજીસ્ત્રેટે કરવો નહીં;

(બ) સદરહુ પ્રકારનો જે ગુન્હો ત્રણ વરસ સુધીની મુદતની કેદની શિક્ષાને લાયક હોય તેવા કોઇ પણ ગુન્હાનો ઇનસાફ બીજા વરગના કોઇ પણ માજીસ્ત્રેટે કરવો નહીં; અને

(ક) સદરહુ પ્રકારનો જે ગુન્હો એક વરસ સુધીની મુદતની કેદની શિક્ષાને લાયક હોય તેવા કોઇ પણ ગુન્હાનો ઇનસાફ ત્રીજા વરગના કોઇ પણ માજીસ્ત્રેટે કરવો નહીં.

મોતની શિક્ષાને લાયક નહીં હોયએવા ગુન્હા.

૩૦ જે મુલકોનો રાજકારભાર, અનુક્રમે, પંજાબના લેફટેનન્ટ ગવનર અને અયોધ્યાના તથા સેંટરલ પ્રાવિન્સીસનાતથા બ્રિટિશ બ્રહ્મારના તથા કુર્ગના તથા આસામના ચીફ કમિશનર ચલાવતાહોયતેમુલકોમાંઅનેબીજા પ્રાંતોના જે ભાગોમાં ડિપ્યુટિ કમીશનરો અથવા આસિસ્ટંટ કમીશનરો હોય તે ભાગોમાં મોતની શીક્ષાને લાયક નહીં હોય એવા સઘળા ગુન્હાઓનો ઇનસાફ માજીસ્ત્રેટ તરીકે કરવાનો અધિકાર. ૨૮ મી કલમમાં ગમે તે કહ્યું હોય તોપણ જીલ્હા માજીસ્ત્રેટને આપવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે.

બ.—જુદા જુદા દરજ્જાની કોરટોને જે શિક્ષાના હુકમ કરવાનો અધિકાર છે તે.

જે શિક્ષાના હુકમ કરવાનો અધિકાર હાઈ કોરટને તથા સેશન જડજોને છે તે.

૩૧. જે શિક્ષાનો હુકમ કરવાનો કાયદાથી અધિકાર હોય તેવી હરકોઇ શિક્ષાનો હુકમ કરવાને હાઈ કોરટ મુખત્યાર છે.

જે શિક્ષાનો હુકમ કરવાનો કાયદાથી અધિકાર હોય તેવી હરકોઈ શિક્ષાનો હુકમ કરવાને સેશન જડજ, આડીશનલ સેશન જડજ અથવા જાઇન્ટ સેશન જડજ મુખત્યાર છે; પણ સદરહુ પ્રકારના હરકોઇ જડજે મોતની શિક્ષાનો હરકોઇ હુકમ કર્યો હોય તો તે કાયમ થવાને હાઈ કોરટની મંજુરી જોઇએ.

મોતની અથવા સાત વરસ કરતાં વધતી મુદતની સમુદ્ર પારની અથવા સાત વરસ કરતાં વધતી મુદતની કેદની શિક્ષા વગર જે શિક્ષાનો હુકમ કરવાનો કાયદાથી અધિકાર હોય તેવી હરકોઇ શિક્ષાનો હુકમ કરવાને આસિસ્ટંટ સેશન જડજ મુખત્યાર છે; પણ કોઇ આસિસ્ટંટ સેશન જડજે ત્રણ વરસ કરતાં વધતીમુદતની કેદની શિક્ષાનો હુકમ કર્યો હોય તો, તે કાયમ થવાને સેશન જડજની મંજુરી જોઇએ.

જે શિક્ષાફરમાવવા નો માજીસ્ત્રેટોને અધિકાર છે તે.

૩૨ માજીસ્ત્રેટોની કોરટોને હેઠળ લખેલી શિક્ષા ફરમાવવાનો અધીકાર છે; એટલે:—

(અ) પ્રેસીડેન્સી માજીસ્ત્રેટોની તથા પેહેલા વરગના માજીસ્ત્રેટોની કોરટો.	કાયદા પ્રમાણે જેટલી એકાંત કેદ થઇ શકતી હોય તેટલી એકાંત કેદ સુદ્ધાં બે વરસ સુધીની મુદતની કેદ. એક હજાર રૂપીયા દંડ. ફટકા મારવા.
(બ) બીજા વરગના માજીસ્ત્રેટોની કોરટો.	કાયદા પ્રમાંણે જેટલી એકાંત કેદ થઇ શકતી હોય તેટલી એકાંત કેદ સુધ્ધાં છ મહીના સુધી મુદતની કેદ. બસેં રૂપીયા સુધી દંડ. ફટકા મારવા.
(ક) ત્રીજા વર્ગના માજીસ્ત્રેટોની કોરટો,	એક મહીના સુધીની મુદતની કેદ. પચાસ રૂપીયા સુધી દંડ.

જે શિક્ષા ફરમાવવાનો કાયદાથી પોતાને અધિકાર હોય તેમાંની ગમે તે શિક્ષા એકઠી કરીને કાયદાસર ગમે તે શિક્ષા ફરમાવવાનો અખત્યાર હરકોઇ માસ્ત્રેટની કોરટને છે.

બીજા વરગના કોઇ માજીસટરેટને સ્થાનીક સરકારે આ બાબત વિશેષ કરીને અધિકાર આપ્યોનહી હોય તો તેવા માજીસટરેટની કોઇ પણ કોરટે ફટકા મારવાની શિક્ષાનો હુકમ કરવો નહી.

દંડ ન આપે તો કેદની શિક્ષાનો હુકમ કરવાનો માજીસટરેટોનો અધિકાર.

૩૩. દંડ ન આપે તો જેટલી મુદતની કેદ કાયદા પ્રમાણે થઇ શકતી હોય તેટલી મુદતની કેદ તે દંડ ન આપે તો ઠરાવવાને હરકોઇ માજીસટરેટનો કોરટ મુખત્યાર છે; પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ મુદત આ કાયદા પ્રમાણે તે માજીસટરેટના અધીકાર કરતા વત્તી નહી જોઇએ.

કેટલાએક મુકદમા બાબત વિશેષ ઠરાવ.

વળી એવું પણ ઠરાવ્યું છે કે જે મુકદમામાં ફેસલો કોઇ માજીસટરેટે કરયો હોય અને તેમાં પેહેલાંનો શિક્ષાના હુકમનો ભાગ કેદ ઠરાવી હોય તે મુકદમામાં દંડ ન આપેથી કેદ કરવાની જે મુદત ઠરાવી તે, દંડ ન આપેથી જે કેદ ઠરાવવામાં આવે તે શિવાય તે ગુન્હાને સારૂ જેટલી મુદત બીજી કેદની શિક્ષા કરવાનો તે માજીસતરેટને અધિકાર હોય તે મુદતના ચતુર્થાંશ કરતાં કદાપી વધારે ઠરાવવી નહી.

આ કલમ પ્રમાણે જે કેદ ઠરાવવી તે, ૩૨ મી કલમ પ્રમાણે ઘણામાં ઘણી જેટલી મુદતની પેહેલાંની કેદની શિક્ષાનો હુકમ તે માજીસતરેટથી કરી શકાય તે ઉપરાંત ઠરાવવાનો અખત્યાર છે.

કેટલા એક જીલામા જીસતરેટોના વતા અધિકાર.

૩૪ જે જીલા માજીસતરેટ ને ૩૦મી કલમ પ્રમાણે વિશેષ કરીને અધિકાર આપ્યો હોય તે જીલા માજીસતરેટની કોરટ કાયદા પ્રમાણે જેટલી એકાંત કેદ થઇ શકતી હોય તેટલી એકાંત કેદ સુદ્ધાં ઘણામાં ઘણાં સાત વરસની મુદતની કેદની અથવા દંડની અથવા ફટકા મારવાની શિક્ષાનો અથવા આ શિક્ષાઓમાંની જેટલી શિક્ષા એકઠી ઠરવાનો કાયદાથી અધીકાર હોય તેટલી એકઠી શિક્ષાનો હુકમ કરવાને મુખત્યાર છે.

પણ ત્રણ વરસ કરતાં વતી મુદતની કેદની શિક્ષાનો હરકોઇ હુકમ સુદરહુ મકા

રની કોઈ કોરટે કરયો હોય તે કાયમ થવાને સેશન જડજની મંજુરી જોઈએ.

જુદા જુદા ગુનાએ ઉજાઈનસાફના કામમાં શાબિત થયાં હોય તો શિક્ષાનો હુકમ.

૩૫ જ્યારે કોઈ સખસની ઉપર એકજ ઈનસાફના કામમાં બે અથવા વધારે જુદા જુદા ગુના સાબિત થાયત્યા રે સદરહુ ગુન્હાઓને માટે કરાવેલી જુદી જુદી જે શિક્ષા ઓ કરવાનો કોરટને અખત્યાર હોય તે શિક્ષાઓનો હુકમ તે સખસની ઉપર કરવાને તે કોરટ મુખત્યાર છે. તે શીક્ષા ઓજો કેદની અથવા સમુદ્ર પારની હોય, તો કોરટ ફરમાવે તેવા અનુક્રમમાં એક પુ રી થઈ રહ્યા પછી બીજી શરૂ થવી જોઈએ.

એકજ ગુન્હો સાબીતથયેથી જેટલી શીક્ષા કરવાનો તે કોરટને અખત્યાર હોય તેટલી શીક્ષા કરતાં તે જુદા જુદા ગુન્હાઓની એકઠી શિક્ષા વધારે થાય છે એટલા જ સબબ ઉપરથી કોઈ ઉપલી કોરટ આગળ ઈનસાફ થવા સારૂ તે ગુન્હેગારને મો કલવાની તે કોરટને જરૂર નથી.

શીક્ષાની ઘણામાં ઘણી મુદત.

પણ હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છેઃ—

(અ) કોઈ પણ મુકદ્દમામાં સદરહુ સખસને ચઉદ વરસ કરતાં વધારે મુદતની કેદની શિક્ષાનો હુકમ કરવો નહી.

(બ) જો તે મુકદ્દમાનો ઈનસાફ (૩૪ મી કલમ પ્રમાણે કામ ચલાવનારા મા જીસતરેટ શિવાય બીજા) કોઈ માજીસતરેટે કરયો હોય તો પોતાની મામુલ હુકુમત ચલાવતાં જેટલી શિક્ષા કરવાનો તે માજીસતરેટને અધિકાર હોય તે શિક્ષાની બમણી શિક્ષા કરતાં તે એકઠી શિક્ષા વધારે નહી હોવી જોઈએ.

મંજુરીનાં અથવા અપીલનાં કારણ સારૂ, એકજ ઈનસાફના કામમાં શાબિત થએલા જુદા જુદા ગુન્હાઓને માટે આ કલમ પ્રમાણે એકઠી કરેલી શિક્ષા ફર માવી હોય તે એકજ શિક્ષા છે એવું સમજવું.

ક.—સાધારણ અને જાસ્તી અધિકાર.

માજીસતરેટોનાસાધારણ અધિકાર.

૩૬. સર્વે જીલ્લા માજીસતરેટોના તથા પેટાતુકડી માજી સતરેટોના તથા પેહેલા, બીજા, અને ત્રીજા વર્ગના માજીસ તરેટોના અધિકાર આ કાયદામાં આગળ તેમને આપેલા છે અને ત્રીજા પરિશિષ્ટમાં વિશેષે કરીને કહેલા છે તે પ્રમાણે સમજવા. સદરહુ અધિકારોને તેમના "સાધારણ અધિકાર" કેહેવા.

માજીસતરેટોને જે જાસ્તી અધિકાર આપી શકાય તે.

૩૭ જે માજીસતરેટના સદરહુ સાધારણ અધિકાર શિવાય વળી હરકોઈ પેટાતુકડી માજીસતરેટને અથવા પે હેલા અથવા બીજા અથવા ત્રીજા વર્ગના હરકોઈ માજી સતરેટને જે અધિકારો સ્થાનિક સરકારથી અથવા જીલ્લા માજીસતરેટથી અપાય એવું ચોથા પરિશિષ્ટમાં વિશેષે કરીને કહેલું છે તેવા હરકો ઈ અધિકાર તેને, સ્થાનિક સરકાર અથવા જીલ્લા માજીસતરેટ (જેમ હોય તેમ) આ પવાને મુખત્યાર છે.

અધિકારઆપવાસં

૩૮ ૩૭ મી કલમથી જિલ્લા માજિસતરેટને આપલો

બધી જિલા માજીસ તરેટોના અધિકાર બાબત નિરબંધ. અધીકાર સ્થાનિક સરકારના નિર્બંધ હેઠળ રહીને ચલાવવો.

ડ—અધિકાર આપવા જારી રાખવા તથા રદ કરવા બાબત.

અધિકારઆપવાની રીત. ૩૯ આ કાયદા પ્રમાણે અધિકાર આપવા તે સ્થાનિક સરકાર હુકમ કરીને અમુક માણસોને તેમના નામથી અથવા તેમના હુદ્દાના સબબથી, અથવા અમલદારોના સામાન્ય વરગોને તેમના હુદ્દાના નામથી અધીકાર આપવાને મુખત્યાર છે.

જે માણસને દરહુ પ્રમાણે અધીકાર આપ્યો હોય તે માણશને જે તારીખે સદરહુ હુકમ જણાવવામાં આવે તે તારીખથી સદરહુ પ્રકારનો દરએક હુકમ અમલમાં આવશે.

જે અમલદારોની બદલી થઇ હોય તેમના અધિકાર જારી રાખવા ૪૦ સરકારની નોકરીમાં કોઇ માણસ કાંઇ હુદ્દા ઉપર હોય તે માણસને હરકોઇ સ્થાનિક સીમામાં સઘળે ઠેકાણે આ કાયદા પ્રમાણે હરકોઇ અધિકાર આપ્યા હોય અને તેજ સ્થાનિક સરકારના તાબાની તેવીજ શ્થાનિક શીમામાં હેવાજ પ્રકારના સરખા હુદ્દા ઉપર અથવા તે કરતાં ઉંચા હુદ્દા ઉપર તેની બદલી થાય, ત્યારે શ્થાનીક સરકાર બીજી રીતનો હુકમ ન કરે અથવા તેમણે બીજી રીતનો હુકમ કરયો નહો હોય તો જે શ્થાનિક શીમામાં પોતાની એ પ્રમાણે બદલી થઇ હોય તેમાં તેણે તેજ અધિકાર ચલાવ્યા કરવા.

અધિકાર રદ કરવાનો અખત્યાર છે. ૪૧. હરકોઇ માણસને આ કાયદા પ્રમાણે શ્થાનિક સરકારે અથવા તેના તાબા માંહેના હરકોઇ અમલદારે જે અધિકાર આપ્યા હોય તે પાછા લઇલેવાને શ્થાનીક સરકાર મુખત્યાર છે.

ભાગ ૩ જો.

સામાન્ય ઠરાવો

બાબ ૪ થો.

માજીસતરેટોને તથા પોલીસને તથા પકડનારા માણસોને મદદ તથા ખબર આપવા બાબત.

માજિસતરેટોનેતથા પોલીશનલોકોએ ક્યારે મદદ કરવી. ૪૨ ઇલાકાના મુખ્ય શેહેરોની અંદર કે બહાર કોઇ માજિસતરેટ અથવા પોલીશ અમલદાર હેઠળ લખેલી બાબતોમાં જે માણસની વ્યાજબી રીતે મદદ માગે તેવાં દરેક માણસે તેને મદદ કરવી જોઇએ.

(અ) બીજા કોઇ માણસને પકડવાનો સદરહુ માજિસતરેટને અથવા પોલીશ અમલદારને અધિકાર હોય તેવા માણસને પકડવામાં; અથવા

(વે) સુલેહના ભંગનો અથવા હરકોઇ રેલવે, નેહેર, ટેલીગ્રાફ, અથવા સાર્વજની
ક મીલકતને નુકશાન કરવાની કોશીશનો અટકાવ કરવામાં; અથવા
(ક) હંગામો અથવા બખેડો બંધ પાડવામાં.

પોલીશ અમલદાર શિવાય બીજો જે શખસ વારંટ બજાવતો હોય તે શખસને મદદ આપવા બાબત.

૪૩ જ્યારે પોલીશ અમલદાર શિવાય બીજા કોઇ શખસના નામનું વારંટ કરવામાં આવે ત્યારે જે શખસના નામનુ તે વારંટ કરયું હોય તે શખશ નજદીક હોય અને વારંટ બજાવાનું કામ કરતો હોય તો બાજો કોઇ પણ સખશ તે વારંટ બજાવવામાં મદદ કરવાને મુખત્યાર છે.

લોકોએ અમુક ગુનહાઓની ખબર આપવી

૪૪ હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૨૧ મી ૧૨૧ અ, ૧૨૨ મી, ૧૨૩ મી, ૧૨૪ મી, ૧૨૪ મી, અ ૧૨૫ મી, ૧૨૬ મી, ૧૩૦ મી, ૩૦૨ જી, ૩૦૩ જી, ૩૦૪ થી ૩૮૨ મી, ૩૯૨ મી ૩૯૩ મી, ૩૯૪ મી, ૩૯૫ મી ૩૯૬ મી, ૩૯૭ મી, ૩૯૮ મી, ૩૯૯ મી, ૪૦૨ જી, ૪૩૫ મી, ૪૩૬ મી, ૪૪૯ મી, ૪૫૦ મી, ૪૫૬ મી, ૪૫૭ ૪૫૮ મી ૪૫૯ મી, અને ૪૬૦ મી કલમ પ્રમાણે શીક્ષા થઇ શકતી હોય, એવો હરકોઇ ગુનહો કરયા વીશે અથવા કરવાના બીજા હરકોઇ શખસના ઇરાદા વીશે ઇલાકાનાં મુખ્ય શેહેરોની અંદર કે બહાર જે શખસ જાણતો હોય તેવા દરએક શખસે, વાજબી સબબ નહીં હોય તો, પાસેમાં પાશેના માજીસ્ત્રેટને અથવા પોલીસ અમલદારને તે બાબતની ખબર તાબડતોબ આપવી. વાજબી સબબ છે તે શાબીત કરવાનો બોજો સદરહુ પ્રમાણે જાણનાર શખસને માથે છે એવું શમજવું.

ગામના મુખીઓએ. જમીનદારોએ અને બીજાઓએ અમુક બાબતોની ખબર આપવી જોઇએ.

૪૫. દરએક ગામના મુખીએ, ગામના રેખવાળે, ગામના પોલીસ અમલદારે, જમીનના ધણીએ અથવા ભોગવટો કરનારે, તથા તે ધણીના અથવા ભોગવટો કરનારના મુખત્યારે, તથા સરકારની તરફથી અથવા કોરટ આફ વારડસની તરફથી મેહેસુલ અથવા જમીનનું ગણોત વસુલ કરવાના કામ ઉપર જે અમલદારોને નીમ્યા હોય તે દરેએક અમલદારે હેઠળ લખેલી વાતો બાબત જે ખબર પોતાને મળે તે પાસેમાં પાસેના માજીસ્ત્રેટને અથવા પાસેમા પાસેનું પોલીસ થાણું જે અમલદારના હવાલામાં હોય તે અમલદારને (એ બેમાંથી જે વધારે પાસ હોય તેને) તાબડતોબ આપવી જોઇએ.

(અ) જે ગામનો પોતે મુખી રખવાળ અથવા પોલીસ—અમલદાર હોય તે ગામમા, અથવા જે ગામમાં પોતાની જમીન હોય અથવા પોતે જમીનનો ભોગવટો કરતો હોય અથવા મુખત્યાર હોય અથવા ગણોત અથવા મેહેસુલ વસુલ કરતો હોય તે ગામમાં ચોરીની મીલકત લેનારા અથવા વેચનારા હરકોઈ મશહુર માણસનું કાયમ અથવા કામ ચલાઉ રેહેવાનું ઠેકાણું છે એ વાત બાબત;

(બ) ફલાણો માણસ ઠગ, અપહરન કરનાર, નાહાસી ગએલો ગુન્હેગાર અથવા ઢંઢેરાથી પ્રસિદ્ધ કરેલો ગુન્હેગાર છે એવું પોતાને માલમ હોય અથવા વાજબી રીતે શક હોય તે માણસ સદરહુ ગામમાંની કોઇ જગાએ આવતો જતો હોય અથવા સદરહુ ગામમાં થઇને જતો હોય તે વાત બાબત;

(ક) સદરહુ ગામમાં અથવા ગામની પાસે જામીન નહીં લઇ શકાય તેવો હરકોઇ ગુન્હો કરવાની વાત અથવા કરવાનો ઇરાદો હોય તે વાત બાબત:

(ડ) સદરહુ ગામમાં કાંઇ પણ આકસ્મિક અથવા શ્રૃષ્ટિક્રમ વિરૂદ્ધ મોત થયાની વાત અથવા શક ભરેલી હકીકતમાં કાંઇ પણ મોત થયાની વાત બાબત તાબડતોબ ખબર આપવી જોઇએ.

ખુલાસો.—આ કલમમાં "ગામ" એ શબ્દમાં ગામની જમીનોનો સમાવેશ થાયછે.

બાબ ૫ મો.

પકડવા, નાહાસી જવા, તથા ફરીથી પકડવા બાબત.

અ.— પકડવા બાબત સામાન્ય ઠરાવો.

પકડવું તે કેવી રીતે.

૪૬. કોઇ શખસને પકડવો તે એવી રીતે કે જે પોલીસ અમલદાર અથવા બીજો શખસ પકડતો હોય તેણે તે શખસનાં શરીરને ખરેખર અડકવું અથવા કેદ કરવું; પણ જો તે શખસ કાંઇ બોલીને અથવા કાંઇ કરીને પોહરાને તાબે થાય તો તેમ કરવું નહીં.

પકડવાની કોશિસની સામાં થવું.

જો સદરહુ શખસ પોતાને પકડવાની કોશિસના સામે જબરજસ્તી કરે, અથવા પોતે ન પકડાય એવી કોશિસ કરે, તો તેને પકડવા સારૂ જે જે ઉપાયો કરવા જરૂર હોય તે સઘળે ઉપાયો કરવાને સદરહુ પોલીસ અમલદાર અથવા બીજો સખસ મુખત્યાર છે.

જે સખસની ઉપર મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા કરવા લાયક કોઇ ગુન્હાનુ તોહોમત આવ્યું ન હોય તે શખસનું મોત આણવાનો હક આ કલમ માંહેના કોઇ પણ મજકુરથી આપવામાં આવતો નથી.

જે શખસને પકડવો હોય તે જે જગામાં પેઠો હોય તે જગાનો ઝાડો લેવા બાબત.

૪૭. જો પકડવાના વારંટ પ્રમાણે કામ કરનારા હરકોઇ શખસને અથવા પકડવાના અખ્તીઆર વાળા હરકોઇ પોલીસ અમલદારને એવું માનવાનું કારણ હોય કે જે માણસને પકડવો છે તે ફલાણી જગામાં પેસી ગયો છે અથવા ફલાણી જગામાંછે, તો જે માણસ સદરહુ જગામાં રેહેતો હોય અથવા જે માણસના હવાલામાં સદરહુ જગા હોય તે માણસે ઉપર કહ્યા પ્રમાણે કામ કરનારા શખસને અથવા સદરહુ પોલીસ અમલદારને તેની માગણી ઉપરથી તે જગામાં વગર અડચણે જવા દેવો, અને તેમાં શોધ કરવા સારૂ સઘળા પ્રકારની યોગ્ય મદદ આપવી જોઇએ.

અગર અંદર ન જવાય તો શું કરવું.

૪૮. અગર ૪૭ મી કલમ પ્રમાણે સદરહુ જગામાં જઇ શકાતું નહીં હોય, તો ગમે તે પ્રસંગે વારંટ પ્રમાણે કામ કરનારા શખસને; અને જે પ્રસંગે વારંટ કાઢ્વા

ડવાનો અધીકાર હોય પણ જે શખસને પકડવો છે તેને નાહાસી જવાની તક આપ્યા વગર તે વારંટ મળી શકતુ ન હોય એવે કોઇ પણ પ્રસંગે કોઇ પોલીસ અમલદારને સદરહુ જગામાં પેસીને તેમાં શોધ કરવાનો અખત્યાર છે; અને

તેણે પોતાનો અખત્યાર તથા આવવાનું કારણ જાહેર કરયા પછી તથા મને પેસવા દો એમ યોગ્ય રીતે કહ્યા પછી, તેને અંદર જવાનો બીજી રીતે લાગ ન મળે, તો તેને સદરહુ જગામાં પેસવાને માટે કોઇ પણ ઘર અથવા જગાનો બાહારનો કે માંહેનો દરવાજો અથવા બારી ફોડવાનો અખત્યાર છે, પછી તે ઘર કે જગા જે માણસને પકડવો છે તેની હોય કે કોઇ બીજા શખસની હોય તોપણ.

જનાનો ફોડવાબાબત.

પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ પ્રકારની કોઇ જગા ઓરડો હોય અને તેમાં (જે શખસને પકડવો હોય તે શખસ ન હોય એવી) કોઇ બાયડી ખરેખાત રેહેતી હોય અને તે બાયડી રિવાજ પ્રમાણે ચાર લોકમાં મોહ્નું દેખડતી ન હોય, તો સદરહુ શખસે અથવા પોલીસ અમલદારે સદરહુ ઓરડામાં પેસતાં પેહેલાં સદરહુ બાયડીને ખબર આપવી કે તમને એ ઠેકાણેથી નિકળીને બીજે ઠેકાણે જવાની છુટ છે, તથા તે બાયડીને ત્યાંથી નીકળી જવું જેમ સેહેલ પડે તેવો દરએક ઘટતો ઉપાય કરવો, અને પછી તે સદરહુ ઓરડો ફોડીને તેમાં પેસવાને મુખત્યાર છે.

છુટકારાનાં કારણ સારૂ દરવાજા તથા બારીઓ ફોડવાનો અખિકાર.

૪૯. જે પોલીસ અમલદારને અથવા બીજા શખસને પકડવાનો અખિકાર આપ્યો હોય તે પોલીસ અમલદારને અથવા બીજા શખસને કોઇ પણ ઘરનો અથવા જગાનો બાહારનો અથવા માંહેનો દરવાજો અથવા બારી ખુદ પોતાને છોડવવા સારૂ અથવા પકડવા સારૂ કાયદાસર રીતે પેઠેલા જે માણસને તે ઘરમાં અથવા જગામાં અટકાવી રાખ્યો હોય તેને છોડવવા સારૂ, ફોડીને રસ્તો કરવાનો અખત્યાર છે.

નકામો પ્રતિબંધ કરવો નહી,

૫૦. પકડેલા શખસને નાહાસી જતો અટકાવવાને માટે જરૂર હોય, તે કરતાં વધારે પ્રતિબંધ કરવો નહીં.

પકડેલા શખસોનો ઝાડો લેવા બાબત.

૫૧. જે વારંટમાં જામીન લેવા બાબત લખ્યું નહીં હોય તેવા વારંટ ઉપરથી કોઇ પોલીસ અમલદારે કોઇ શખસને પકડ્યો હોય ત્યારે, અથવા જે વારંટમાં જામીન લેવા બાબત લખ્યું હોય તેવા વારંટ ઉપરથી કોઇ પોલીસ અમલદારે કોઇ શખસને પકડ્યો હોય પણ તે શખસને જામીન મળતો નહીં હોય ત્યારે અને

કોઇ શખસને વગર વારંટે અથવા કોઇ ખાનગી શખસે વારંટ ઉપરથી પકડ્યો હોય અને કાયદાસર તેના જામીન લઇ શકાતા ન હોય. અથવા તે જામીન આપી શકતો નહીં હોય ત્યારે,

પકડનારો અમલદાર અથવા, પકડવાનું કામ કોઇ ખાનગી શખસે કરયું હોય ત્યારે પકડેલા શખસને તે જે પોલીસ અમલદારને હવાલે કરે તે પોલીસ અમલદાર સદરહુ શખસનો ઝાડો લેવાને, તથા તેના શરીર ઉપર જરૂરનાં પહેરવાનાં કપડાં

શીવાય બીજી વસ્તુ જડે તે સઘળી સંભાળીને રાખવા ને, મુખત્યાર છે.

બાયડીનો ઝાડો લે વાની રીત.

૫૨. જ્યારે કોઇ બાયડીનો ઝાડો લેવાડવાની જરૂર હોય ત્યારે લોક લજ્જા ઉપર પકી રીતે નજર રાખીને બીજી કોઇ બાયડી પાસે તે ઝાડો લેવડાવવો.

મારવાનાં હથીયાર લઇ લેવાનો અધીકાર.

૫૩. આ કાયદા પ્રમાણે પકડનારો અમલદાર અથવા બીજો શખસ પકડેલા શખસની પાસે જે કાંઇ મારવાનાં હથીયારો હોય તે તેની પાશેથી લેવાને મુખત્યાર છે, અને પકડેલા શખસને આ કાયદા પ્રમાણે જે કોરટની અથવા અમલદારની આગળ પકડનારા અમલદારે અથવા સખશે રજુ કરવો જોઇએ તે કોરટને અથવા અમલદારને ઉપર લખ્યા પ્રમાણે લીધેલાં સઘળાં હથીયારો તેણે સ્વાધીન કરવાં.

બ.—વગર વારંટે પકડવા બાબત.

વગર વારંટે પકડવા ને પોલીસ કયારેમુખત્યાર છે.

૫૪. કોઇ પણ પોલીસ અમલદાર માજીસ્ત્રેટના હુકમ વગર તથા વગર વારંટે હેઠળ લખેલા શખશોને પકડવાને મુખત્યાર છે.

પેહેલું—જે શખસ હરકોઇ કાગ્નિઝેબલ ગુન્હામાં સામીલ થયો છે અથવા જે શખસની ઉપર સદરહુ પ્રમાણે શામીલ થયો છે એવી વાજબી ફરીયાદ કરવામાં આવી હોય અથવા ખાતરી લાયક ખબર મળી હોય અથવા વાજબી શક રેહેતો હોય તે શખસને;

બીજું—જે શખસના કબજામાં ઘર ફોડવાનું કાંઇ ઓજાર કાયદેસર કારણ વગર હોય તે શખસને; કાયદેસર કારણ શાબીત કરવાનો બોજો તે સખસને માથે છે એમ સમજવું.

ત્રીજું.—જે શખસને આ કાયદા પ્રમાણે અથવા સ્થાનીક સરકારના હુકમથી ઢંઢેરા કાહાડીને ગુન્હેગાર તરીકે પ્રસિદ્ધ કરયો હોય તે શખસને;

ચોથું.—આ ચોરીની મીલકત છે એવો વાજબી રીતે શક હોય તેવી કાંઇ પણ વસ્તુ જે શખસના કબજામાં જડે અને જેણે સદરહુ વસ્તુના સંબંધમાં કાંઇ ગુન્હો કરયો છે એવો વાજબી રીતે શક હોય તે શખસને;

પાંચમું—કોઇ પોલીસ અમલદારને પોતાનું કામ કરવામાં જે શખસ હરકત કરે તે શખસને, અથવા જે શખસ કાયદાસર પેહેરામાંથી નાહાસી ગયો હોય, અથવા નાહાસી જવાની કોશીશ કરતો હોય તે શખશને; અને

છઠું—મલીકા માઆઝમાની જમીન પરની અથવા દરિયાઇ ફોજમાંથી ફલાણો શખસ નાહાસી ગયો છે એવો વાજબી રીતે શક હોય તે શખસને,

આ કલમ કલકત્તા તથા મુંબાઇ એ શેહેરમાં પોલીસને લાગુ છે.

ભટકનારાઓતથા અપહેરણ કરવાનીટેવ હોય તેવાશખસો વીગેરેને પકડવા બાબત.

૫૫. અને તેમજ જેના હવાલામાં કોઇ પોલીસ થાણું હોય તેવો હરકોઇ અમલદાર હેઠળ લખેલા શખશોને પકડવાને અથવા પકડાવવાને મુખત્યાર છે, એટલે—

(અ) સદરહુ થાણાની હદમાં કોઇ પણ શખસ પોતે નજરે ન પડે એવા પુરવો પાય કરતો માલમ પડે અને તે શખસ કાંઇ કાગ્નિઝેબલ ગુન્હો કરવાના હેતુથી સદરહુ પુરવોપાય કરે છે એવું માનવાનું કારણ પ્રસંગ ઉપરથી દેખાતું હોય તો તે શખસને; અથવા

(બ) સદરહુ થાણાની હદમાં જે શખસની પાસે પોતાના ગુજરાનને માટે કાંઇ સાધન જાણાતુ નહીં હોય, અથવા જે પોતાને વિશે ખુલાસા ભરેલા જવાબ આપી શકતો નહીં હોય તે શખસને; અથવા

[ક] જે શખસને અપહરણ કરવાની, ઘર ફોડવાની અથવા ચોરી કરવાની અથવા ફલાણી મિલકત ચોરીની છે એમ જાણીને તે ચોરીની મીલકત લેવાની ટેવ છે એવી રીતે મશહુર હોય તે શખસને અથવા જેને જબરાઇથી કહડાવવાની ટેવ છે અથવા જબરીથી કહડાવવાના કારણસારૂ કોઇ શખસોને હાની કરવાનો ભય દેખાડવાની કોશિસ કરવાની ટેવ છે એવી રીતે મશહુર હોય તે શખસને.

પોલીસ અમલદાર વગર વારંટે પકડવા સારૂ પોતાના તાબામાં હેના અમલદારને મોકલે ત્યારે કેમ કરવું.

૫૬ જેના હવાલામાં કોઇ પોલીસ થાણું હોય એવો હરકોઇ અમલદાર જે શખસને વગર વારંટે પકડવાનો કાયદેસર અધિકાર હોય તે સખસને (પોતાની સમક્ષ નહીં પણ બીજી રીતે) વગર વારંટે પકડવાનું પોતાના તાબા માં હેના કોઇ પણ અમલદારને ફરમાવે, ત્યારે તે શખસને પકડવાનું જે અમલદારને પોતે ફરમાવે તે અમલદારને તેણે એક હુકમ લખીને આપવો અને તે હુકમ મધ્યે કયા શખશને પકડવો છે તે, તથા કયા ગુનાને માટે તેને પકડવો છે તે લખવું.

નામ તથા રેહેવાનું ઠેકાણું આપવાને ના પાડવા બાબત.

૫૭. કોઇ પોલીસ અમલદારની સમક્ષ કોઇ પણ શખસ કાંઇ નાનકાગ્નિઝેબલ ગુન્હો કરે અથવા એવો ગુન્હો કરવાનું તેના ઉપર તોહોમત મુકવામા આવે, અને કોઇ પોલીસ અમલદારના કહ્યા ઉપરથી તે શખસ પોતાનુ નામ તથા રહેવાનું ઠેકાણું આપવાને ના પાડે, અથવા એવું નામ અથવા રેહેવાનું ઠેકાણુ આપે કે જે ખોટું છે એમ સદરહુ અમલદારને માનવાનું કારણ હોય, ત્યારે તેનું નામ અથવા રેહેવાનું ઠેકાણું શું છે તે ખોળી કાહાડવા માટે સદરહુ અમલદાર તે શખસને પકડવાને મુખત્યાર છે; અને તેને પકડયા પછી ચોવીસ કલાકમાં પાસેમાં પાસેના માજીસ્ત્રેટની પાસે મોકલી દેવો, પણ તે મુદત પુરી થતાં પેહેલાં તેનું ખરૂ નામ તથા રેહેવાનુ ઠેકાણુ જણાયાથી તેને કોઇ માજીસ્ત્રેટની આગળ હાજર થવાનું ફરમાવવામાં આવે તો એ પ્રમાણે હાજર થવા બાબતનુ ખત તે કરી આપે એટલે તેને છુટો કરવો.

બીજીહકુમતમાંગુન્હેગારોની પાછળ જવા બાબત.

૫૮. જે સખસને આ બાબ પ્રમાણે પકડવાનો અધિકાર કોઇ પોલીસ અમલદારને હોય તે શખસને વગર વારંટે પકડવાના કારણ સારૂ તે પોલીસ અમલદાર બ્રિટિશ ઇંડિયામાંની હરકોઇ જગામાં સદરહુ શખસની કેડે

ળી જવાને મુખત્યાર છે.

ખાનગી શખસોએ પકડવા બાબત.

૫૯ કોઈ શખસ જામીન નહી લઈ શકાય તેવો અને કામનીઝીબલ ગુન્હો કોઈ ખાનગી શખસના દેખતાં કરે તો તે ખાનગી સખસ તેને પકડવાને મુખત્યાર છે; અને કોઈ સખસ ગુન્હેગાર છે એવું જાહેરનામું કાહાડયું હોય તો તેને પકડવાને કોઈ પણ ખાનગી સખસ મુખત્યાર છે

સદરહુપ્રમાણે પકડ્યા પછી શું કરવું.

અને સદરહુ પ્રમાણે પકડેલા સખસને તેણે નકામી ઢીલ કરયા વગર કોઈ પોલીસ અમલદારને સ્વાધીન કરવો, અથવા પોલીસ અમલદારની ગેરહાજરીમાં સદરહુ સખસને પાસેમાં પાસેના પોલીસ થાણામાં લઈ જવો.

સદરહુ સખસને ૫૪ મી કલમના ઠરાવો લાગુ પડે છે એમ માનવાનું કારણ હોય, તો તેને કોઈપોલીસ અમલદારે ફરીથી પકડવો.

તેણે કોઈ નાનકાગ્નિઝીબલ ગુન્હો કરયો છે એમ માનવાનું કારણ હોય, અને કોઈ પોલીશ અમલદારના પુછયાથી તે પોતાનું નામ અથવા રહેવાનું ઠેકાણું આપવાને ના પાડે અથવા એવું નામ અથવા રેહવાનું ઠેકાણું આપે કે જે ખોટું છે એમ માનવાનું સદરહુ અમલદારને કારણ હોય, તો તેની તજવીજ ૫૭ મા કલમના ઠરાવો પ્રમાણે કરવી. તેણે કાંઈ ગુન્હો કરયો છે એમ માનવાનું કાંઈ કારણ ન હોતો તેને એકદમ છોડી મુકવો.

પકડેલાશખસનેમાજીસ્ત્રેટની આગળ અથવા જે અમલદારના હવાલામાં પોલીસ થાણું હોય તેની આગળ લઈ જવો.

૬૦ વગર વારંટે પકડનાર પોલીસ અમલદારે પકડેલા સખસને તે કામમાં હકુમતવાળા માજીસ્ત્રેટની આગળ અથવા જે અમલદારના હવાલામાં કોઈ પોલીસ થાણું હોય તેની આગળ નકામી ઢીલ કરયા વગર અને જામીન સંબધી આ કાયદા માંહેના ઠરાવોને અનુસરીને, લઈ જવો અથવા મોકલવો.

પકડેલાસખસને૨૪ કલાકથી વધારેવાર અટકાવી રાખવો નહી.

૬૧ વગર વારંટે પકડેલા સખસને કોઈ પણ પોલીસ અમલદારે તે કામની સઘળી હકીકત જોતાં યોગ્ય હોય તે કરતાં વધારે મુદત સુધી પેહેરામાં અટકાવી રાખવો નહીં, અને ૧૬૭ મા કલમ પ્રમાણે કોઈ માજીસ્ત્રેટનો ખાસ હુકમ નહી થયો હોય તો સદરહુ મુદત ચોવીસ કલાકથી વધારે ન હોવી જોઈએ, પણ જે જગાએ તે સખસને પકડયો હોય ત્યાંથી માજીસ્ત્રેટની કોરટ સુધી જતાં જેટલો વખત લાગે તેટલો વખત સદરહુ મુદતમાં ગણવો નહી.

પકડનારેશિપોલીસે રીપોર્ટ કરવો.

૬૨ જે અમલદારોના હવાલામાં પોલીસનાં થાણાં હોય તેમણે પોત પોતની થાણાંઓની હદોમાં વગર વારંટે પકડેલા સઘળા સખસો વિશે જીલ્હા માંજીસ્ત્રેટને અથવા જીલ્હા માંજીસ્ત્રેટ ફરમાવે તો પેટા તુકડી માજીસ્ત્રેટને રીપોર્ટ કરવો, પછી સદરહુ સખસોના જામીન લીધા હોય કે નહી તોપણ.

પકડેલા સખસનેછો

૬૩ જે શખસને પોલીશ અમલદારે પકડયો હોય તેનુ

ડી મુકવા બાબત.

પોતાનું ખત લીધા વગર અથવા તેના જામીન લીધા વગર અથવા કોઇ માજીસ્ત્રેટના ખાસ હુકમ વગર તેને છોડી મુકવો નહી,

માજીસ્ત્રેટની સમક્ષ કરેલો ગુન્હો.

૬૪ જ્યારે કોઇ ગુન્હો કોઈ માજીસ્ત્રેટની હકુમતની સ્થાનિક હદમાં તે માજીસ્ત્રેટની સમક્ષ કરવામાં આવે, ત્યારે ગુન્હેગારને પોતે જાતે પકડવાને અથવા પકડવાને અથવા પકડવાનો કોઇ પણ શખસને હુકમ કરવાને અને ત્યાર પછી, જામીન લેવા સંબંધી આ કાયદા માંહેના ઠરાવોને અનુસરીને, તે ગુન્હેગારને કેદ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

માજીસ્ત્રેટેઅથવામાજીસ્ત્રેટની સમક્ષ પકડવા બાબત.

૬૫ જે વખતે તથા જે પ્રસંગે કોઇ શખસને પકડવાનું વારંટ કાહાડવાનો અધિકાર કોઇ માજીસ્ત્રેટ ને હશે તે વખતે તથા તે પ્રસંગે તે શખસને પોતાની હકુમતની સ્થાનિક હદ માંહે પોતાની સમક્ષ પકડવાને અથવા પકડવાનો હુકમ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

નાશીજવા ઉપરથી પાછળ જવાનો તથા ફરીથીપકડવાનોઅધિકાર

૬૬ જે સખસ કાયદાસર કેદમાં હોય તે શખસ નાશી જાય અથવા તેને છોડવવામાં આવે, તો જે શખસના પેંહેરામાંથી તે નાશી ગયો હોય અથવા તેને છોડાવ્યો હોય તે શખસ તુરત તેની પાછળ જઇને બ્રિટિશ ઇંડિયામાં હરકોઇ જગાએ તેને પકડવાને મુખત્યાર છે

૪૭મી તથા ૪૮મી તથા ૪૯ મી કલમોના ઠરાવો ૬૬ મી કલમ મુજબ પકડવાની બાબતોને લાગુ પાડવા બાબત.

૬૭. ૬૬ મી કલમ પ્રમાણે પકડનારો શખસ વારંટની રૂએ ચાલતો ન હોય અને તે શખસ પકડવાના અખત્યારવાળો પોલીશ અમલદાર ન હોય તોપણ સદરહુ કલમ પ્રમાણે પકડવાની બાબતોને ૪૭ મી તથા ૪૮ મી તથા ૪૯ મી કલમોના ઠરાવો લાગુ પડશે.

બાબ ૬ ઠો

હાજર થવાની જરૂર પાડવા વિશે પ્રોસેસો બાબત.

અ—સમન.

સમનનો નમુનો.

૬૮. આ કાયદા પ્રમાણે કોઇકોરટે કાહાડેલો દરેક સમન લખેલો જોઇએ, તથા તે ડુપ્લિકેટ* જોઇએ, અને તે ઉપર સદરહુ કોરટના પ્રમુખ અમલદારે, અથવા હાઇકોરટ વખતે વખત કાનુન કરીને ફરમાવે તેવા બીજા અમલદારે સહી કરવી તથા મોહોર કરવી.

સમનકોણેબજાવવો.

સદરહુ સમન કોઇ પોલીસ અમલદારે બજાવવો અથવા આ કાયદાને અનુસરતી હોય એવી જે કાનુનો સ્થાનિક સરકાર આ બાબત ઠરાવે તે કાનુનોને અનુસરીને, તે સમન કાહાડનારી કોર્ટના

---

*બે પ્રતો.

કોઈ અમલદારે બજાવવો જોઇએ.

આ કલમ કલકત્તા તથા મુંબાઇ એ શેહેરોમાં પોલીસને લાગુ છે,

સમન શીરીતે બતાવવો.

૬૯. સમન કરેલા શખસને જો બની શકે તો તે સમનની એક ડુપલીકેટ આપીને અથવા આપવા માટે કાહાડીને લો એમ કહીને ખુદ તેની ઉપર તે સમન બજાવવો જોઇએ.

સમન પોહોંચ્યાની સહી.

જેની ઉપર સદરહુ પ્રમાણે સમન બજાવ્યો હોય તેવા દરેક શખસે, જો સમન બજાવનારો અમલદાર કહેતો તેની બીજી ડુપલીકેટની પછવાડે તે સમન પોહોંચ્યાની સહી કરવી જોઇએ,

સમન કરેલોશખસ જડે નહીં તોતે સમન શી રીતે બજાવવો.

૭૦, જ્યારે સમન કરેલો શખસ ઘટતી મેહેનત કરતાં ન જડે, ત્યારે તેના કુટંબમાંના કોઇ પાકી ઉમરના મરદ માણસને અથવા ઇલાકાનાં મુખ્ય શેહેરમાં તેની સાથે રેહેનારા તેના ચાકરને તે સમનની એક ડુપલીકેટ તેને સારૂ સોંપીને તે સમન બજાવવાનો અધીકાર છે; અને જેને સદરહુ સમન આવી રીતે સોંપાયો હોય તે શખસે, જો સમન બજાવનારો અમલદાર કહે તો, તેની બીજી ડુપલીકેટની પછવાડે તે સમન પોહોંચ્યાની સહી કરવી જોઇએ.

જ્યારે પોંહાચ મળી શકે નહી ત્યારે શુ કરવું.

૭૧. ૬૯મી અને ૭૦મી કલમમાં કહેલી સહી ઘટતી મેહેનત કરતા ન મળે, તો જે ઘરમાં અથવા ઘરવાડીમાં સમન કરેલો શખસ ઘણું કરીને રેહેતો હોય તે ઘરના અથવા ઘરવાડીના કોઇ પ્રસિદ્ધ ભાગ ઉપર તે સમનની એક ડુપ્લિકેટ સમન બજાવનારા અમલદારે ચોહોડવી; અને પછી તે સમન યોગ્યરીતે બજાવ્યો છે એવુ સમજવામાં આવશે.

સરકારના અથવારેલવે કંપનીનાં નોકર ઉપર શમન શીરીતે બજાવવો.

૭૨. સમન કરેલો શખસ સરકારની અથવા કોઇરેલવે કંપનીની નોકરીમાં કામગીરીમાં હોય ત્યારે જે કોરટે સમન કાહાડયો હોય તે કોરટે તે સમન સાધારણ રીતે જે કચેરીમાં સદરહુ શખસ નોકરીએ રેહેલો હોય તે કચેરીના ઉપરી ઉપર ડુપ્લિકેટ મોકલવો જોઇએ; અને પછી સદરહુ ઉપરીએ ૬૯મી કલમમાં ઠરાવેલી રીતે તે સમનનો બજાવણી કરાવવી, અને તે કલમથી ફરમાવેલા શેરા સાથે તે શમન તે કોરટની ઉપર પાછો મોકલવો જોઇએ,

સ્થાનિક શીમાની બહાર સમન શી રીતે બજાવવો.

૭૩. જ્યારે કોઇ કોરટે કહાડેલો સમન પોતાની હકુમતની સ્થાનીક શીમાની બહાર કોઇ પણ જગાએ બજાવવો એવી તે કોરટની મરજી હોય, ત્યારે સાધારણ રીતે કોરટે તે સમન જે માજીસ્ત્રેટની હકુમતની સ્થાનિક શીમામાં સમન કરેલો શખસ રેહેતો હોય અથવા હોય તે માજીસ્ત્રેટને, ત્યાં બજાવવા સારૂ ડુપ્લિકેટ મોકલવો જોઇએ.

સદરહુ બાબતોમાં તથા જ્યારે સમન બજવનારો અમલદાર હાજર ન હોય ત્યારે બજાવણીની સાબીતી.

૭૪. જ્યારે કોઇ કોરટે કહાડેલો સમન પોતાની હકુમતની સ્થાનિક સીમાની બહાર બજાવ્યો હોય ત્યારે, અને જે અમલદારે સમન બજાવ્યો હોય તે અમલદાર મુકદમાની સુનાવણી વખતે હાજર ન હોય તેવે હરકોઇ પ્રસંગે, સદરહુ સમન બજાવ્યો છે એના કોઇ માજીસ્ત્રેટની આગળ કરેલી આફીડેવીટ; અને જે શખસને સદરહુ સમનની એક ડુપલિકેટ પ્રત આપી હોય અથવા આપવા માટે કાહાડાને લો એમ કહ્યું હોય અથવા જેને તે પ્રત સોંપી હોય તે શખસે [૬૯ મી અથવા ૭૦ મી કલમથી ઠરાવેલી રીતે) શેરો લખી આપેલી એવી પ્રત પુરાવામાં ગ્રાહ્ય થશે. અને તેમાં લખેલા મજકુરની વિરૂદ્ધ સાબીતી આપવામાં નહીં આવશે તો અને આપવામાં આવતાં સુધી તે મજકુર ખરો છે એમ સમજવું..

આ કલમમાં કહેલી આફીડેવીટ સદરહુ કોરટને મોકલી શકાય.

બ.—પકડવાનું વારંટ.

પકડવાનાં વારંટનો નમુનો.

૭૫ આ કાયદા પ્રમાણે કોઇ કોરટે કહાડેલુ દરેક પકડવાનું વારંટ લખેલુ હોવું જોઇએ અને તે ઉપર તે કોરટના પ્રમુખ અમલદારે, અથવા, માજીસ્ત્રેટોની બેંચ હોય ત્યારે, તે બેંચના કોઇ પણ મેબરે સહી કરવી જોઇએ; અને તે ઉપર કોરટની મોહોર કરવી જોઇએ.

પકડવાનુવારંટક્યાં સુધીઅમલમાં રેહશે.

જે કોરટે તે વારંટ કરાડ્યું હોય તેણે જ્યાં સુધી તે રદ કરયું નથી ત્યાં સુધી, અથવા તે બજાવવામાં આવે ત્યાં સુધી, તે દરેક વારંટ અમલમાં રેહશે.

કોરટ તારણ લેવા નું ફરમાવવા ને મુખત્યાર છે.

૭૬ હરકેઇ શખસને પકડવા સારૂ વારંટ કહાડનારી હરકોઇ કોરટની નજરમાં આવે તો તે કોરટ સદરહુ વારંટ ઉપર શેરો લખીને એવુ ફરમાવવા ને મુખત્યાર છે કે, જો સદરહુ શખસ કેઇ અમુક વખત અને પછી કોરટ બીજી રીતે ફરમાવે-ત્યાં સુધી તે કોરટની આગળ હાજર રેહેવા સારૂ જોઇએ તેટલા જામીન સાથે એક ખત કરી આપે, તો જે અમલદારના નામનુ તે વારંટ કરયુ હોય તેઅમલદારે સદરહુ તારણ લેવું અને સદરહુ શખસને પેહેરામાંથી છુટોકરવો.

સદરહુ શેરામાં હેઠળ લખેલી બાબતો લખવી, [અ) જામીનોની સંખ્યા, (બ) તેમણે તથા જે શખસને પકડવાશારૂ તે વારંટ કાહાડેલુ હોય તેણે જે રકમનો મુચરકો કરી આપવો તે તથા (ક) જે વખતે તેણે કોરટની આગળ હાજર રેહેવું તે.

ખત રવાના કરવું

જ્યારે આ કલમ પ્રમાણે તારણ લેવામાં આવેત્યારે જે અમલદારના નામનું સદરહુ વારંટ કરયું હોય તે અમલદારે સદરહુ ખત સદરહુ કોરટની ઉપર રવાના કરવું.

વારંટ કોના નામ નાલખવા.

૭૭. પકડવાનું વારંટ ઘણું કરીને એક અથવા વધારે પોલીસ અમલદારના નામનું કાહડવું જોઇએ અને જ્યારે તે

---

* સોગન પુર્વક અથવા પ્રતિજ્ઞા પુર્વકલેખ.

વારંટ કોઇ પ્રેશિડેન્શી માજીસ્ત્રેટે કહાડયું હોય ત્યારે તે હમેશાં તે પ્રમાણેજ કાઢવું જોઇયે; પણ સદરહુ પ્રકારનું વારંટ કહાડનારી બીજી કોઇ પણ કોરટ, જો તે તા બડતાબ બજાવવાનો જરૂર હોય અને કોઇ પોલીસ અમલદાર તુરત મળતો ન હોય તો, બીજા કોઇપણ શખશ અથવા શખસોના નામનુ કાઢવાને મુખત્યાર છે અને સદરહુ શખસે અથવા શખસોએ તે વારંટ બજાવવું જોઇયે.

ઘણા શખસોનાં નામનું એક વારંટ.

જ્યારે કોઇ વારંટ એક કરતાં વધારે અમલદારોનાં અથવા શખસોનાં નામનું કાહાડયું હોય, ત્યારે તે સઘળા અથવા તેઓમાંથી ગમે તે એક અથવા વધારે અમલદારો અથવા શખસો તે વારંટ બજાવવાનો મુખત્યારછે.

જમીનદારો વગેરેનાં નામનાં વારંટો લખવાનો અધીકાર છે.

૭૮. કોઇ જીલ્હા માજીસ્ત્રેટ પોતાનાં જીલ્લામાં અથવા કોઇ પેટા ટુકડી માજીસ્ત્રેટ પોતાની પેટા ટુકડીમાં હરકોઇ જમીનદારનાં અથવા જમીનના ઇજારદારનાં અથવા વહીવટદારનાં નામનું વારંટ તકશીરવાર ઠરેલો હરકોઇ શખસ નાસી ગયો હોય તેને અથવા જે ગુન્હેગાર બાબત જાહેરનામું કાહાડયું હોય તે ગુન્હેગારને અથવા કોઇ શખસ ઉપર જામીન લઇ નહીં શકાય એવા કોઇ ગુન્હાનું તોહોમત આવ્યું હોય અને તે તેની પાછળ લાગનારાના દાવમાંથી છટકી ગયો હોય તો તેને પકડવા સારૂ કાહાડવાને મુખત્યાર છે.

સદરહુ જમીનદારે, અથવા ઇજારદારે અથવા વહીવટદારે તે વારંટની પોહોંચ લખીને આપવી. અને શખસને પકડવા સારૂ તે વારંટ કાહાડયું હોય તે શખસ પોતાની જમીનમાં અથવા ઇજારાની જમીનમાં, અથવા પોતાના હવાલા માંહેની જમીનમાં હોય, અથવા પેસે, તો તેણે તે વારંટ બજાવવું.

જે શખસની ઉપર સદરહુ વારંટ કાહાડયું હોય તે શખસ પકડાય ત્યારે તેને વારંટ સુદ્ધાં પાસેનાં પાસેના પોલીસ અમલદારને સ્વાધીન કરવો, અને ૭૬ માં કલમ પ્રમાણે તારણ નહીં લીધું હોય તો, તેને તે કામમાં હકુમત વાળા માજીસ્ત્રેટની પાસે મોકલી વેવો.

પોલીસ અમલદારનાનામનું વારંટ.

૭૯. જે પોલીશ અમલદારનાં નામનું કોઇ વારંટ કહાડેલું હોય તે પોલીસ અમલદાર અથવા જે અમલદારનું નામ તે વારંટની પાછળ લખ્યું હોય તે અમલદાર તે વારંટની પાછળ બીજા જે પોલીસ અમલદારનું નામ લખે તે પોલીસ અમલદાર પણ તે વારંટ બજાવવાને મુખત્યાર છે.

વારંટનોસારજાહેરકરવો.

૮૦ પકડનારનું વારંટ બજાવનાર પોલીશ અમલદારે અથવા બીજા શખસે જે શખશને પકડવો હોય તે શખશને તે વારંટનો શાર જણાવવો, અને, તે શખશ કહે તો તેને તે વારંટ બતાવવું.

પકડેલા શખસને વગર ઢીલે કોરટનીઆગળ આણવો.

૮૧ પકડવાનું વારંટ બજાવનારા પોલીસ અમલદારે અથવા બીજા સખસે નકામી ઢીલ ન કરતાં, (જામીન સંબંધી ૭૬ મી કલમોના ઠરાવોને અનુસરીને), જે કોર્ટની

આગળ કાયદા પ્રમાણે તે પકડેલા સખસને રજુ કરવો જોઇએ તે કોરટની આગળ તેને આણવો.

વારંટ ક્યાં બજાવવાનો અધિકાર છે.

૮૨ પકડવાનું વારંટ બ્રિટિશ ઇંડિયામાં કોઇ પણ જગાએ બજાવવાનો અધિકાર છે.

હકુમતની બાહાર બજાવવા માટે માજીસ્ત્રેટને મોકલેલું વારંટ

૮૩ જયારે કોઇ વારંટ કાહાડનારી કોરટની હકુમતની સ્થાનિક સીમાની બાહાર તે વારંટ બજાવવું હોય, ત્યારે સદરહુ કોરટ તે વારંટ કોઇ પોલીસ અમલદારનાં નામનું કાહાડવાને બદલે જે માજીસ્ત્રેટની અથવા પોલીસ કમીશનરની હકુમતની સ્થાનિક હદમાં તે વારંટ બજાવવું હોય તે માજીસ્ત્રેટને અથવા પોલીસ કમીશનરને સદરહુ વારંટ ટપાલ મારફતે અથવા બીજી રીતે મોકલવાને મુખત્યાર છે.

જે માજીસ્ત્રેટને અથવા કમીશનરને સદરહુ વારંટ સદરહુ પ્રમાણે મોકલ્યું હોય તેણે તેની પાછળ પોતાનાં નામની સહી કરવી, અને પોતાની હકુમતની સ્થાનિક હદની અંદર, બજાવી શકાતું હોય તો, તે વારંટની બજાવણી કરાવવી.

હકુમતનીબહારબજાવવા સારૂપોલીસ અમલદારના નામનું લખેલું વારંટ.

૮૪ જયારે કોઇ પોલીસ અમલદારના નામનું કાહાડેલું વારંટ જે કોરટે તે વારંટ કાહાડયું હોય તે કોરટની હકુમતની સ્થાનિક હદની બાહાર બજાવવું હોય, ત્યારે જે માજીસ્ત્રેટની અથવા જે અમલદારના હવાલામાં કોઇ થાણું હોય તે અમલદારના કરતાં ઉતરતા દરજ્જાનો ન હોય એવા જે પોલીસ અમલદારની હકુમતની સ્થાનિક હદમાં તે વારંટ બજાવવું હોય તે માજીસ્ત્રેટની અથવા પોલીસ અમલદારની પાસે સહી કરાવવા સારૂ તેણે તે વારંટ સામાન્યતઃ લઈ જવું

સદરહુ માજીસ્ત્રેટે અથવા પોલીસ અમલદારે તે વારંટની પાછળ પોતાના નામની સહી કરવી, અનેસદરહુ સહી ઉપરથી; જે પોલીસ અમલદારના નામનું સદરહુ વારંટ કાહેડયું હોય તે પોલીશ અમલદારને તે વારંટ સદરહુ હદમાં બજાવવાનો પુરતો અધિકાર મળશે, અને સદરહુ અમલદાર કહે તો સ્થાનિક પોલીસે તેને સદરહુ વારંટ બજાવવામાં મદદ કરવી.

જે માજીસ્ત્રેટની અથવા પોલીસ અમલદારની હકુમતની સ્થાનિક હદમાં સદરહુ વારંટ બજાવવું હોય તે માજીસ્ત્રેટની અથવા પોલીસ અમલદારની સહી મેળવાથી જે ઢીલ થાય તેથી સદરહુ બજાવણી થતી અટકશે એવું માનવાનું જયારે કારણ હોય ત્યારે જે પોલીસ અમલદારના નામનું તે વારંટ કાહાડયું હોય તે પોલીશ અમલદાર તે વારંટ કાહાડનારી કોરટની હકુમતની સ્થાનિક હદની. બાહાર કોઇપણ જગામાં સદરહુ સહી લીધા વગર તે વારંટ બજાવવાને મુખત્યાર છે,

આ કલમ કલકત્તા તથા મુંબાઇ એ શેહેરમાં પોલીસને લાગુ છે.

જે શખસની ઉપર વારંટ કહાડયું હોય તેને પકડયા પછી શું ક

૮૫ જયારે પકડવાનું કોઇ વારંટ, જે જિલ્લામાં તે વારંટ કહાડયું હોય તેની બાહાર બજાવ્યું હોય, ત્યારે જે કોરટે તે વારંટ કહાડયું હોય તે કોરટ પકડવાની જગા

રવું

થી વીસ મઇલની અંદર ન હોય તો, અથવા જે માજીસ્ત્રેટની અથવા પોલીસ કમીશનરની હકુમતની સ્થાનિક હદમાં પકડવાનું કામ કરયું હોય તે માજીસ્ત્રેટ અથવા પોલીસ કમીશનર કરતાં સદરહુ કોરટ પાસે ન હોય તો, અથવા ૭૬ મી કલમ પ્રમાણે તારણ લાધું ન હોય તો પકડેલા શખસને સદરહુ માજીસ્ત્રેટની અથવા કમીશનરની આગળ લઇ જવો.

પકડેલા શખસને જે માજીસ્ત્રેટની આગળ આણ્યો હોય તેણે શું કરવું.

૮૬ જે કોરટે સદરહુ વારંટ કહાડયું હોય તેણે જે શખસ ધારેલો તે જ પકડેલો શખસ છે એવું જણાય, તો સદરહુ માજીસ્ત્રેટે અથવા કમિશનરે તે શખસને પેહેરામાં આપીને સદરહુ કોરટની પાસે લઇ જવાનું ફરમાવવું; પણ એવું ઠરાવ્યું છે કે જો જામીન લઇ શકાય એવો ગુન્હો હોય અને તે શખસ સદરહુ માજીસ્ત્રેટની અથવા કમીશનરની ખાત્રી લાયક જામીન આપવાને તઇયાર તથા રાજી હોય, અથવા ૭૬ મી કલમ પ્રમાણે તે વારંટ ઉપર શેરો લખીને હુકમ કરેલો હોય, અને તે શખસ સદરહુ હુકમથી ફરમાવેલું તારણ આપવાને તઇયાર તથા રાજી હોય, તો તે માજીસ્ત્રેટે અથવા કમીશનરે સદરહુ જામીન અથવા તારણ અથવા જેમ હોય તેમ લેવું; અને જે કોરટે વારંટ કહાડયું હોય તેની ઉપર તે ખત રવાના કરવું.

આ કલમ માંહેના કોઇ પણ મજકુરથી કોઇ પોલીશ અમલદારને ૭૬ મી કલમ પ્રમાણે તારણ લેવાની મના છે એમ સમજવું નહી.

૬—જાહેરનામું તથા જપ્તી.

નાશી જનાર શખસની બાબતમાં જાહેરનામું.

૮૭ જો કોઇ કોરટને [પુરાવો લીધા પછી પેહેલા) એમ માનવાનુ કારણ હોય કે જે શખસની ઉપર પોતે વારંટ કહાડયું છે તે શખસ નાશી ગયો છે અથવા સંતાઇ જાય છે તેથી સદરહુ વારંટ બજાવી શકાય એમ નથી તો સદરહુ કોરટે એક લખેલું જાહેરનામું પ્રસિદ્ધ કરીને તેમાં સદરહુ શખસને કોઇ મુકરર કરેલી જગાએ તથા કોઇ મુકરર કરેલી મુદતે હાજર થવાનું ફરમાવવાને મુખત્યાર છે. તે મુદત સદરહુ જાહેરનામું પ્રસિદ્ધ કરયાની તારીખથી ત્રીશ દીવશ કરતાં ઓછી ઠરાવવી નહી,

તે જાહેરનામું હેઠળ લખ્યા પ્રમાણે પ્રસિદ્ધ કરવું:—

(અ) જે શેહેરમાં અથવા ગામમાં સદરહુ શખસ ઘણું કરીને રેહેતો હોય તે શેહેરની અથવા ગામની કોઇ પ્રસિદ્ધ જગામાં તે જાહેરનામું જાહેર રીતે વાંચવું.

(બ) તે શખસ જે ઘરમાં અથવા ઘરવાડીમાં ઘણું કરીને રેહેતો હોય તે ઘરના અથવા ઘરવાડીના કોઇ પ્રસિદ્ધ ભાગપર અથવા સદરહુ શેહેરની અથવા ગામની કોઇ પ્રસિદ્ધ જગાપર તે જાહેરનામું ચોહોડવું.

(ક) અને તે જાહેરનામાની એક નકલ તે કોરટના મકાનના કોઈ ભાગ પ્રસિદ્ધ પર ચોહોડવી.

તે જાહેરનામું કોઇ અમુક દિવસે યોગ્ય રીતે પ્રસિદ્ધ કરયું હતું એ મુજબ તે

જાહેરનામું કાહાડનારી કોરટે મજકુર લખ્યો હોય તે મજકુર હેઠળ લખેલી બાબતો નો નિરાણય કારક પુરાવો છે એવું સમજવું, એટલે આ કલમથી ફરમાવેલી વાતો નો અમલ કરવામાં આવ્યોછે, અને તે જાહેરનામું સદરહુ દિવશે પ્રસિદ્ધ કર્યું હતું.

નાશી જનારા શખસની મિલકત જપ્ત કરવા બાબત.

૮૮. ૮૭ મી કલમ પ્રમાણે જાહેરનામું કાહાડ્યા પછી જે શખસ બાબત તે જાહેરનામું કાહાડ્યું હોય તે શખસની જંગમ અથવા સ્થાવર મિલકત અથવા એ બને મિલકત જપ્ત કરવાનું ફરમાવવાને તે કોરટ મુખત્યાર છે.

તે હુકમ જે જીલ્લામાં કરયો હોય તે જીલ્લામાં સદરહુ શખસની કોઇ પણ મિલકત જપ્ત કરવાનો અખત્યાર તે હુકમ ઉપરથી છે એવું સમજવું અને સદરહુ જીલ્લાની બાહાર સદરહુ શખસની કોઇ પણ મિલકત જપ્ત કરવાનો અખત્યાર, જે જીલ્લા માજીસ્ત્રેટના જીલ્લામાં સદરહુ મિલકત આવેલી હોય તે જીલ્લા માજીસ્ત્રેટ તે હુકમ પાછળ સહી કરશે. એટલે તે હુકમ ઉપરથી છે એવું સમજવું.

જે મિલકત જપ્ત કરવાનો હુકમ કરયો હોય તે મિલકત લેહેણું હોય અથવા બીજી જંગમ મિલકત હોય તો આ કલમ પ્રમાણે કરવાની જપ્તી હેઠળ લખ્યા મુજબ કરવી, એટલે—

(અ) પકડીને અથવા

(આ) ઉપજ વસુલ કરનાર નીમીને; અથવા

(ક) જે શખસ બાબત જાહેરનામું કાહાડ્યું હોય તે શખસને અથવા તેની તરફથી કોઇને પણ સદરહુ મિલકત સ્વાધીન કરવાની મના કરવા બાબતનો લેખી હુકમ કરીને, અથવા

(ડ) કોરટને યોગ્ય લાગે તે પ્રમાણે સદરહુ પ્રકારની સઘળી અથવા કોઇ પણ બે રીતે.

જે મિલકત જપ્ત કરવાનો હુકમ કરયો હોય તે મિલકત સ્થાવર હશે, ત્યારે આ આ કલમ પ્રમાણે કરવાની જપ્તી, સરકારને મેહેસુલ ભરનારી જમીન હોય તો, જે જીલ્લામાં તે જમીન આવેલી હોય તે જીલ્લાના કલેકટરની મારફતે કરવી, અને બીજી સઘળી બાબતોમાં હેઠળ લખ્યા પ્રમાણે કરવી,—

(ઈ) કબજો લઇને; અથવા

(ફ) ઉપજ વસુલ કરનાર નીમીને; અથવા

(ગ) જે શખસ બાબત જાહેરનામું કાહાડ્યું હોય તે શખસને અથવા તેની તરફથી કોઇને પણ ભાડું અથવા ગણોત આપવાની અથવા મિલકત સ્વાધીન કરવાની મના કરવા બાબતનો લેખી હુકમ કરીને; અથવા

(હ) કોરટને યોગ્ય લાગે તે પ્રમાણે સદરહુ પ્રકારની સઘળી અથવા કોઇ પણ બે રીતે.

દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ૩૬ મા બાબ પ્રમાણે નિમેલા ઉપજ વસુલ કરનારના જે અધિકાર, કામ તથા જવાબદારી હોય તેજ અધિકાર, કામ તથા જવાબદારી આ કલમ પ્રમાણે નિમેલા ઉપજ વસુલ કરનારના છે એમ સમજવું.

જે શખસ બાબત જાહેરનામું કાહાડ્યું હોય તે શખસ જો જાહેરનામામાં ઠરાવેલી મુદતમાં હાજર ન થાય તો તે જપ્તી વાળી મીલકત ઉપર સરકારનો વ્યવસ્થાધિકાર થશે; પણ જપ્તીની તારીખથી છ મહીના પુરા થતા સુધી તે મીલકત વેચવી નહીં, પણ તે મીલકત બગડી જાય તેવી હોય અથવા તે વેચાણથી માલીકને ફાયદો થશે એમ કોરટની નજરમાં આવે તો, એ બંને પ્રસંગે કોરટને જ્યારે યોગ્ય લાગે ત્યારે તે સદરહુ મિલકત વેચાવવાને મુખત્યાર છે.

જપ્ત કરેલી મીલકત પાછી આપવા બાબત

૮૯. ૮૮ મી કલમના છેલ્લા પારગ્રાફ પ્રમાણે જે શખસની મીલકત ઉપર સરકારનો વ્યવસ્થાધિકાર થાય અથવા થયો હોય તે શખસ જે કોરટના હુકમથી તે મીલકત જપ્ત કરી હોય તે કોરટની આગળ જપ્તીની તારીખથી બે વરસમાં પોતાની મેળે હાજર થાય અથવા તેને પકડીને આણવામાં આવે, અને સદરહુ કોરટની ખાત્રી થાય એવી રીતે તે શાબીતી આપે કે પોતાની ઉપર વારંટ બજે નહીં એવા હેતુથી પોતે નાહાસી ગયો અથવા સંતાઇ ગયો નહોતો અને જાહેરનામામાં ઠરાવેલી મુદતમાં હાજર થવાનું બની શકે એવી રીતે તે જાહેરનામાંની ખબર પોતાને મળેલી ન હતી, તો સદરહુ મીલકત અથવા જો તે વેચી હોય તો તે વેચાણનું નકી ઉત્પન્ન, અથવા જો તે મીલકતનો ફક્ત થોડોક ભાગ વેચ્યો હોય તો તે વેચાણનું નકી ઉત્પન્ન તથા તે મીલકતનો બાકી રહેલો ભાગ, સદરહુ જપ્તીને લીધે થએલો સઘળો ખરચ તેમાંથી લીધા પછી, તે શખસને સ્વાધીન કરવો.

ડ.—પ્રોસેસ સંબંધી બીજી કાનુનો.

સમનને બદલે અથવા તે શીવાય વળી વારંટ કાહાડવા બાબત.

૯૦. જે બાબતમાં હાજર થવા સારૂ જ્યુરર અથવા આસેસર શીવાય બીજા કોઇ પણ શખસના ઉપર સમન કાહાડવાનો કોઇ કોરટને આ કાયદા પ્રમાણે અધિકાર હોય તેવી હરકોઈ બાબતમાં તે કોરટ સદરહુ શખસને પકડવા સારૂ, પોતાનાં કારણ લખીને, વારંટ કાહાડવાને મુખત્યાર છે—

(અ) જો સદરહુ સમન કાહાડતાં પેહેલાં અથવા તે કાહાડ્યા પછી પણ તે શખસ હાજર થાય તેને માટે મુકરર કરેલા વખત પેહેલાં, તે કોરટને એવું માનવાનું કારણ જણાય કે તે શખસ નાહાસી ગયો છે અથવા તે સમન નહીં માને તો; અથવા

(બ) જો સદરહુ વખતે તે શખસ હાજર ન થાય અને તે સમન પ્રમાણે હાજર થવાનું તેનાથી બની શકે એવે વખતે તે સમન યોગ્ય રીતે બજાવ્યાની સાબીતી થાય અને એ પ્રમાણે હાજર નહીં થયા બાબત કાંઇ વાજબી કારણ આપવામાં ન આવે તો,

હાજર થવા સારૂ ખત લેવાનો અધિકાર.

૯૧. જે શખસના હાજર થવા સારૂ અથવા જે શખસને પકડવા સારૂ સમન અથવા વારંટ કાહાડવાનો કોઇપણ કોરટના પ્રમુખ અમલદારને અધીકાર હશે તે શખસ જ્યારે સદરહુ કોરટમાં હાજર હોય ત્યારે સદરહુ અમલદાર તે શખસને તે કોરટમાં હાજર થવા સારૂ જામીન સાથે અથવા જામીન વગર એક ખત કરી આપવાનું ફરમાવવાને મુખત્યાર છે.

હાજર થવા બાબત ના ખતનો કરાર તોડે થી પકડવા બાબત.

૯૨. આ કાયદા પ્રમાણે લીધેલાં કોઈ પણ ખત પ્રમાણે જે શખસ કોઈ કોરટની આગળ હાજર થવાને બંધાએલો હોય તે શખસ એ પ્રમાણે હાજર ન થાય, ત્યારે સદરહુ કોરટને પ્રમુખ અમલદાર વારંટ કાહાડીને સદરહુ શખસને પકડીને પોતાની આગળ રજુ કરવાનું ફરમાવવાને મુખત્યાર છે.

આ બાબ માંહેના ઠરાવો સમનોને તથા પકડવાના વારંટોને સામાન્યરીતે લાગુ પાડવા બાબત.

૯૩. સમન બાબત તથા વારંટ બાબત તથા તે કહાડવા બાબત તથા બજાવવા બાબત આ બાબ માંહેના ઠરાવો આ કાયદા પ્રમાણે કહાડેલા હરએક સમનને તથા પકડવાના દરએક વારંટને બનીશકે તેટલેસુધી લાગુ પડશે.

બાબ ૭ મો.

દસ્તાવેજો તથા બીજી જંગમ મીલકત રજુ કરવાની જરૂર પાડવા સારૂ. તથા ગેરવાજબી રીતે કેદ કરેલા શખસોને શોધી કહાડવા સારૂ પ્રોસેસો બાબત.

અ—રજુ કરવા વીશે સમન.

દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરવા વિશે સમન.

૯૪. જ્યારે કોઈપણ કોરટની અથવા, કલકત્તા અને મુંબાઈ એ શેહેરોની હદ બહાર કોઈ પણ જગામાં જે અમલદાના હવાલામાં કોઈ પોલીસ થાણું હોય એવા કોઈ પણ અમલદારની નજરમાં એમ આવે કે આ કાયદા પ્રમાણે પોતે અથવા પોતાની આગળ કોઈ પણ તપાસ અથવા ચોકશી અથવા ઇનસાફ અથવા બીજુ કામ ચલાવવાના કારણ સારૂ કોઈ પણ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરવી જરૂરની અથવા યોગ્ય છે, ત્યારે જે શખસના કબજામાં અથવા અખત્યારમાં સદરહુ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ છે એવુ માનવામાં આવે તે શખસે ફલાણી વખતે અને જગાએ તે દસ્તાવેજ અથવા બીજી વસ્તુ હાજર થઈને રજુ કરવી અથવા રજુ કરવી એવો તેને સમન કરવાને સદરહુ કોરટ અથવા એવો તેને લખેલો હુકમ કરવાને સદરહુ અમલદાર મુખત્યારછે.

જે શખસને ફક્ત કોઈ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરવાનું આ કલમપ્રમાણે ફરમાવ્યું હોય તે શખસ તે દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરવાસારૂ જાતે હાજર થવાને બદલે તે રજુ કરાવે તો તે સદરહુ હુકમ પ્રમાણે ચાલ્યો છે એમ સમજવું.

સન ૧૮૭૨ ના હિંદુસ્તાનના પુરાવાના આક્ટની ૧૨૩ મી તથા ૧૨૪ મી કલમોને અથવા ટપાલ ખાતાના અથવા તાર ખાતાના અધીકારીઓના હવાલામાં કોઈ કાગળ, પોસ્ટ કારડ, તાર અથવા બીજો દસ્તાવેજ હોય તેને આ કલમ માંહેના કોઈ પણ મજકુરથી બાધ થાય છે એમ સમજવું નહીં.

કાગળો તથા તારો સંબંધી કેમ કરવું.

૯૫. જો કોઈ પણ જીલ્હા માજીસ્ત્રેટના અથવા ચીફ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટનાં અથવા હાઈકોરટના અથવા સેશન કોરટના મત પ્રમાણે સદરહુ હવાલા માંહેનો કોઈ

પણ દસ્તાવેજ આ કાયદા પ્રમાણે કોઇ પણ તપાસ, ચોકશી, ઇનસાફ અથવા બીજું કામ ચલાવવાના કારણ સારૂ જોઇતો હોય, તો સરરહુ માજીસ્ટ્રેટ અથવા કોરટ ફર્વે તેવા શખસને સદરહુ દસ્તાવેજ સ્વાધીન કરવાનું ટપાલ ખાતાના અથવા તાર ખાતાના, જેમ હોય તેમ, અધિકારીઓને ફરમાવવાને તે માજીસ્ટ્રેટ અથવા કોરટ મુખત્યાર છે.

જો બીજા કોઇ પણ માજીસ્ટ્રેટના અથવા કોઇ પણ પોલીસ કમીશનરના અથવા પોલીસના કોઇ પણ ડીસ્ટ્રીકટ સુપરીન્ટેન્ડેંટના મત પ્રમાણે સદરહુ પ્રકારનો કોઇ દસ્તાવેજ સદરહુ પ્રકારના કોઇ પણ કારણ સારૂ જોઇતો હોય, તો સદરહુ જીલ્હા માજીસ્ટ્રેટનો, અથવા ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટનો અથવા કોરટનો હુકમ થતાં સુધી સદરહુ દસ્તાવેજની શોધ કરાવીને તે અટકાવી રાખવાનું ટપાલ ખાતાને અથવા તાર ખાતાને જેમ હોય તેમ ફરમાવવાને તે મુખત્યાર છે.

બ;—ઝાડો લેવાનાં વારંટ બાબત

ઝાડો લેવાનું વારંટ ક્યારે કહાડવાનો અધિકાર છે.

૯૬. જે શખસને ૯૪ મી કલમ પ્રમાણે સમન અથવા હુકમ કરયો હોય અથવા કરવાનો અધિકાર હોય અથવા જે શખસને ૯૫ મી કલમના પેહેલા પારેગ્રાફ પ્રમાણે ફરમાશ કરી હોય અથવા કરવાનો અધીકાર હોય તે શખસ સદરહુ સમનમાં અથવા ફરમાશમાં ફરમાવ્યા મુજબ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરશે નહીં એવું માનવાનું કોઇ કોરટને કારણ હોય ત્યાર,

અથવા શદરહુ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ ફલાણા શખસના કબજામાં છે એવું કોરટના જાણવામાં ન હોય ત્યારે

અથવા આ કાયદા પ્રમાણે કોઇ પણ ચોકશી, ઇનસાફ અથવા બીજા કામની મતલબ સામાન્યરીતે ઝાડો લેવાથી અથવા જઇને જોવાથી સરશે એવું કોરટની નજરમાં આવે ત્યારે.

તે કોરટ ઝાડો લેવાનું વારંટ કહાડવાને મુખત્યાર છે; અને જે શખસના નામનું સદરહુ વારંટ કરયું હોય તે શખસ તે વારંટ મુજબ અને આ કાયદામાં આગળ કહેલા ઠરાવો મુજબ ઝાડો લેવાને અથવા જઇને જોવાને મુખત્યાર છે.

ટપાલ ખાતાના અથવા તાર ખાતાના અધિકારીયોના હવાલામાં કોઇ દસ્તાવેજ હોય તે બાબત ઝાડો લેવાનું વારંટ આપવાનો જીલ્લામાજીસ્ટ્રેટ અથવા ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ શિવાય બીજા કોઇ માજીસ્ટ્રેટને આ કલમ માંહેના કોઇ પણ મજકુરથી અધિકાર છે એવું સમજવું નહી.

વારંટની મર્યાદાબાંધવાનો અધિકાર.

૯૭ ફકત ફલાણી જગાનોજ અથવા તેના ફલાણા ભાગનોજ ઝાડો લેવો અથવા જઇને તે જોવો એવું કોરટ જો પોતાને યોગ્ય લાગે તો વારંટમાં લખીને જણાવવાને મુખત્યાર છે અને તે વારંટ બજાવવાનું કામ જે શખશને સોપ્યું હોય તે શખસે પછી ફકત સદરહુ પ્રમાણે લખેલી જગાનોજ અથવા ભાગનોજ ઝાડો લેવો અથવા જઇને તે જોવો.

ફલાણા ઘર માંથી

૯૮ જો કોઇ જીલ્લામાજીસ્ટ્રેટને, પેટાકુકડી માજીસ્ટ્રેટને,

ગેની મીલકતબનાવટના દસ્તાવેજ વિગેરેછે એવો શક આવ્યોહોય તેઘરનો ઝાડો લેવા બાબત.

પ્રેસિડેન્સી માજીસ્ત્રેટને અથવા પેહેલા વરગના માજીસ્ત્રેટને ખબર મળ્યા ઉપરથી તથા તેની નજરમાં જરૂર જણાય તેવી ચોકશી કરયા પછી એવું માનવાનું કારણ હોય કે ફલાણી જગા ચોરીની મીલકત મુકવા સારૂ અથવા વેચાવાસારૂ વાપરવામાં આવે છે.

અથવા બનાવટના દસ્તાવેજો, ખોટી મોહોરો, અથવા ખોટા સ્ટાંપ, અથવા સિક્કા અથવા ખોટા શિકા અથવા સ્ટાંપબનાવવાના અથવા ખોટા દસ્તાવેજ બનાવવાના હથિયારો અથવા સામન મુકવા અથવા વેચવા અથવા બનાવવાસારૂ વાપરવામાં આવેછે,

અથવા ફલાણી જગાએ કોઇ પણ બનાવટના દસ્તાવેજો, ખોટી મોહોરો અથવા ખોટા સ્ટાંપ અથવા શીક્કા, અથવા ખોટા શીકા અથવા સ્ટાંપ બનાવવા માટે અથવા ખોટા દસ્તાવેજ બનાવવા માટે વાપરવાનાં હથીયારો અથવા સામાન રાખવામાં અથવા મુકવામાં આવ્યાં છે.

તો કાન્સ્ટેબલના કરતાં ઉંચા દરજાના કોઇ પણ પોલીસ અમલદારને તે પોતાના વારંટથી હેઠળ લખ્યા પ્રમાણે અધીકાર આપવાને મુખત્યાર છે.

(અ) જેટલી મદદ જોઇએ તેટલી મદદ લઇને સદરહુ જગામાં પેસવાને, તથા

(બ) વારંટમાં લખેલી રીતેતે જગાનો ઝાડો લેવાને તથા.

(ક) કાંઇ મીલકત, દસ્તાવેજો, મોહોરો સ્ટાંપ અથવા શિકા તે જગાએ જડે, અને તે મીલકત ચોરીની છે અથવા ગેરકાયદેસર મેળવેલી છે અથવા તે દસ્તાવેજો બનાવટના છે અથવા તે મોહોરો ખોટી છે અથવા તે સ્ટાંપ અથવા શીકા ખોટા બનાવેલા છે એવો તેને શક આવે તો તે મીલકતનો દસ્તાવેજોનો, મોહોરોનો સ્ટાંપનો અથવા શીકાઓનો અને વળી સદરહુ પ્રકારનાં કાંઇ પણ હથીયારોનો તથા સામાનનો કબજો લેવાને, તથા

[ડ] સદરહુ મીલકત, દસ્તાવેજો, મોહોરો, સ્ટાંપ, શિકા, હથીયારો અથવા સામાન કોઇ માજીસ્ત્રેટની આગળ લઇ જવાને, અથવા જ્યાં સુધી ગુન્હેગારને માજીસ્ત્રેટની આગળ લઇ જવામાં આવ્યો ન હોય ત્યાં સુધી તેજ જગાએ સંભાળી રાખવાને, અથવા કોઇ નીરભય જગાએ તેની બીજી રીતે વ્યવસ્થા કરવાને, તથા

(ઇ) સદરહુ પ્રકારની કોઇ મીલક્ત ચોરેલી છે અથવા બીજી રીતે ગેરકાયદેસર મેળવેલી છે, અથવા સદરહુ દસ્તાવેજો મોહોરો સ્ટાંપ, શીકા, હથીયારો અથવા સામાન ખોટો બનાવેલો છે, અથવા સદરહુ હથીયારો અથવા સામાન ખોટા શીકા અથવા સ્ટાંપ બનાવવા માટે અથવા ખોટા દસ્તાવેજ બનાવવા માટે વાપરેલો છે અથવા વાપરવા માટે યોજેલો છે, એવું જાણ્યા છતાં અથવા એવો શક લાવવાને વાજબી કારણ છતાં ફલાણા શખ્સે સદરહુ પ્રકારની મીલકત, દસ્તાવેજો, મોહોરો, સ્ટાંપ શીકા હથીયારો અથવા સામન મુકવામાં; વેચવામાં અથવા બનાવવામાં અથવા રાખવામાં અંદર ખાનેથી ભાગ લીધેલો છે એવું જણાય તેવો જે શખસ સદરહુ જગાએ માલુમ પડે તે શખસને પેહેરામાં લેવાને તથા કોઇ માજીસ્ત્રેટના

આગળ લઇ જવાને.

હકુમતની બાહેર ઝા ડો લેતાં જડેલી વસ્તુઓ ની વ્યવસ્થા.

૯૯ જો કોરટે ઝાડો લેવાનું વારંટ કાહાડયું હોય તે કોરટની હકુમતની સ્થાનિક સીમાની બાહાર કોઇ પણ જગાએ તે વારંટ બજાવતાં જે વસ્તુઓને માટે ઝાડો લેવામાં આવે તેમાંની કોઇપણ વસ્તુઓ જડે ત્યારે સદરહુ વસ્તુઓ તેમજ આ કાયદામાં આગળ કહેલા ઠરાવો મુજબ તે વસ્તુઓના તઇયાર કરેલી ટીપ તાબડતોબ તે વારંટ કાહાડનારી કોરટની આગળ લઇ જવી, પણ સદરહુ જગા તે કોરટ કરતાં જે માજીસ્ત્રેટને તે જગામાં હકુમત હોય તે માજીસ્ત્રેટની વધારે નજીક હોય તો, તે ટીપ અને તે વસ્તુઓ સદરહુ માજીસ્ત્રેટની આગળ લઇ જવી; અને જો વિરૂદ્ધ પડતું પાકું કારણ ન હોય તો, સદરહુ માજીસતરેટે હુકમ કરીને તે ટીપ તથા વસ્તુઓ સદરહુ કોરટની પાશે લઇ જવાનો અધિકાર આપવો.

ક.—ગેરવ્યાજબી રીતે કેદ કરેલા શખસોની શોધ કરવા બાબત.

ગેરવ્યાજબી રીતેકે દકરેલા શખશોને માટે ઝાડો લેવા બાબત.

૧૦૦ જો કોઇ પણ પ્રેસીડેન્શી માજીસતરેટને, અથવા પેહેલા વર્ગના માજીસતરેટને અથવા પેટા તુકડી માજિસતરેટને એવું માનવાનું કારણ હોય કે કોઇ પણ શખસને એવી રીતે અટકાયતમાં રાખ્યો છે કે જેથી કરીને એ પ્રમાણે અટકાયતમાં રાખવાનું ફોજદારી ગુનહો થાય છે તો ઝાડો લેવાનું વારંટ કાહાડવાને તે મુખત્યાર છે; અને જે શખસનાં નામનું તે વારંટ કાઢવામાં આવે તે શખસને સદરહુ પ્રમાણે કેદ કરેલા શખસ માટે ઝાડો લેવાનો અધિકાર છે; અને તે વારંટ મુજબ સદરહુ ઝાડો લેવો અને જો તે શખસ જડે તો તેને કોઇ માજીસતરેટની આગળ તાબડતોબ લઇ જવો, અને તે કામની હકીકત ઉપરથી યોગ્ય જણાય એવો હુકમ તે માજીસતરેટે કરવો.

ડ.—ઝાડો લેવા સંબંધી સામાન્ય ઠરાવો.

ઝાડો લેવાનાંવારંટો કોનાં નામનાં કરવાંવિ ગરે.

૧૦૧. ૪૩ મી. ૭૫ મી. ૭૭ મી. ૭૯ મી ૮૨ મી. ૮૩ મી, અને ૮૪ મી કલમોના ઠરાવો, જેટલે સુધી બની શકે તેટલી સુધી, ૯૬ મી, ૯૮ મીઅથવા ૧૦૦ મી. કલમ પ્રમાણે કહાડેલાં સઘળાં ઝાડો લેવાના વારંટો ને લાગુ છે એવું સમજવું,

બંધકરેલી જગા જે શખસોનાહવાલામાંહોય તેઓએઝાડો લેવા દેવો.

૧૦૨, આ બાબ પ્રમાણે જે જગા ઝાડો લેવાને અથવા જઇને જોવાને પાત્ર હોય તે જગા બંધ હોય ત્યારે જે શખસ તે જગામાં રેહેતો હોય અથવા જે શખસના હવાલામાં તે જગા હોય તે શખસે, વારંટ બજાવનારા અમલદારની અથવા બીજા શખસની માગણી ઉપરથી તથા વારંટ રજુ કરયા ઉપરથી, તે અમલદારને અથવા બીજા શખસને તે જગાની અંદર જવા દેવો, તથા ત્યાં શોધ કરવો જેમ જોઇએ પડે તેવા સઘળા ઘટતા ઉપાયો કરી દેવા.

જો સદરહુ જગાની અંદર સદરહુ પ્રમાણે જવા દેવામાં ન આવે, તો વારંટ

જવનારો અમલદાર અથવા બીજો શખસ ૪૮મી કલમથી ઠરાવેલી રીતે ચાલવા મુખત્યાર છે.

ઝાડો લેવો તે શાહેદાની સમક્ષ લેવો.

૧૦૩. આ બાબ પ્રમાણે ઝાડો લેતા પેહેલા, ઝાડો લેવા જનારો અમલદારે અથવા બીજા શખસે જે જગાનો ઝાડો લેવો હોય તે જગા જે લત્તામા આવેલી હોય તે લત્તાના બે અથવા વધારે આબરૂદાર રેહેવાસીઓને ઝાડો લેતી વખતે હાજર રેહેવા તથા તે જોવા સારૂ બોલાવવા:

તે ઝાડો તેઓની સમક્ષ લેવો, અને તે ઝાડો લેતી વખતે જપ્ત કરેલી સઘળી ચીજોની તથા જે જે જગાએ તે ચીજો જડી હોય તે તે જગાઓની એક ટીપ સદરહુ અમલદારે અથવા બીજા શખસે તઇયાર કરવી અને તેની ઉપર સદરહુ શાહેદાએ સહી કરવી પણ આ કલમ પ્રમાણે લેવાતો ઝાડો જોનારા કોઇ પણ શખસને કોરટે ખાસુસ સમન કર્યો નહીં હોય તો તેને કોરટમાં શાહેદ દાખલ હાજર થવાનું ફરમાવવું નહીં,

ઝાડો લેવાની જગાનો ભોગવટો કરનારાને હાજર રહેવાનો અધિકાર છે.

ઝાડો લેવાની જગાનો ભોગવટો કરનારાને અથવા તેની તરફથી કોઇ શખસને, દરએક પ્રસંગે, ઝાડો લેવાતો હોય ત્યારે હાજર રેહેવા દેવો, અને સદરહુ ભોગવટો કરનારો અથવા સદરહુ શખસ કહે એટલે તેને આ કલમ પ્રમાણે તઇયાર કરેલી ટીપની એક નકલ સદરહુ શાહેદાની સહી કરાવીને સ્વાધિન કરવી.

ઈ—પરચુરણ.

રજુ કરેલા દસ્તાવેજ વિગેરે અટકાવી રાખવાનો અધિકાર.

૧૦૪ આ કાયદા પ્રમાણે પોતાની આગળ રજુ કરેલા હરકોઇ દસ્તાવેજને અથવા બીજી વસ્તુને પોતાને યોગ્ય લાગે તો અટકાવી રાખવાનો હરકોઇ કોરટ મુખત્યારછે:

માજીસતરેટ પોતાની સમક્ષ ઝાડો લેવાનું ફરમાવવાને મુખત્યાર છે.

૧૦૫ જે જગાનો ઝાડો લેવાસારૂ વારંટ કાહાડવાનો પોતાને અખત્યાર હોય તે જગાનો ઝાડો પોતાની સમક્ષ લેવાનું ફરમાવવાને હરકોઇ માજિસતરેટ મુખત્યાર છે.

ભાગ ૪ થો.

ગુન્હા અટકાવવા બાબત.

બાબ ૮ મો.

સુલેહ રાખવા સારૂ તથા સારી રીતે ચલાવવાસારૂ તારણ બાબત:

અ—ગુન્હો ઠર્યા ઉપરથી સુલેહ રાખવા સારૂ તારણ.

ગુન્હો ઠર્યે ઉપરથી સુલેહરાખવાસારૂતારણ.

૧૦૬ જ્યારે હંગામો, હુમલો અથવા સુલેહનો બીજો ભંગ કરવાનું, અથવા તેમાં મદદગારી કરવાનું; અથવા તેમ કરવાના સારૂ ઇરાદાથી હથીયારવાળાં માણસોને એકઠાં કરવાનું અથવા કાયદા વિરૂદ્ધ બીજા ઉપાયો કરવાનું અથવા શરીરને અથવા

મિલકતને નુકશાન કરવાનો ડર દેખાડીને શાપરાંત્ર ધમકી આપવાનું તોહમત જે શખસની ઉપર આવ્યું હોય તે શખસની ઉપર કોઇ હાઇકોરટની આગળ અથવા સેશન કોરટની આગળ અથવા પ્રેશીડેન્સી માજિસતરેટ જિલ્લા માજિસતરેટની પેટા તુકડી માજિસતરેટની અથવા પેહેલા વર્ગના માજિસતરેટની કોરટ આગળ તે ગુન્હો કરે.

અને તે કોરટનો એવો અભિપ્રાય હોય કે સુલેહ રાખવા સારૂ ખત કરીને આપવાનું સદરહુ શખસને ફરમાવવાની જરૂર છે.

ત્યારે સદરહુ કોરટ તે શખસની ઉપર શિક્ષાનો હુકમ કરતી વખતે ત્રણ વરસ કરતાં વતી ન હોય એવી જે મુદત તે કોરટ મુકરર કરવાનું યોગ્ય ધારે તે મુદત સુધી સુલેહ રાખવા સારૂ, જામીન સાથે કે વગર જામીને તેની સ્થિતીને ઘટતાં રકમનું ખત કરી આપવાનો તે કોરટ તે શખસને હુકમ કરવાને મુખત્યારછે.

અપીલ ઉપરથી અથવા બીજી કોઇ રીતે જો ગુન્હો શાબિત થયાનો ઠરાવ રદ થાય તો એ પ્રમાણે કરી આપેલું ખત રદ થશે

બ.—બીજા કામોમાં સુલેહ રાખવા સારૂ તથા સારી રીતે ચાલવા સારૂ તારણ.

બીજાંકામોમાં સુલેહ રાખવાસારૂ તારણ

૧૦૭ જ્યારે કોઇ પ્રેશીડેન્સી માજિસતરેટને, જિલ્લા માજિસતરેઠ, પેટા તુકડી માજિસતરેટને અથવા પેહેલા વર્ગના માજિસતરેઠને એવી ખબર મળે કે પોતાની હકુમતની સ્થાનિક હદમા ફલાણો શખસ સુલેહનો ભંગ કરશે એવો સંભવ છે, અથવા જેથી સુલેહનો ભંગ ઘણું કરીને થાય એવું કાંઇ પણ ગેરવ્યાજબી કામ કરશે એવો સંભવ છે, અથવા સદરહુ હદમાં એવો કોઇ શખસ છે કે જે સદરહુ હદની બાહાર હરકોઇ જગામાં સુલેહનો ભગ અથવા ઉપર કહ્યા મુજબ કાંઇ પણ ગેરવ્યાજબી કામ કરશે એવો સંભવ છે. ત્યારે એક વરસ કરતાં વત્તી ન હોય એવી જે મુદત. સદરહુ માજિસતરેટ મુકરર કરવાનું યોગ્ય ધારે તે મુદત સુધી સુલેહ રાખવાસારૂ, જામીન સાથે કે વગર જામીને, એક ખત કરી આપવાનો હુકમ સદરહુ શખશને શા શારૂ ન કરવો જોઇએ તેનું કારણ બતાવવાનું તે શખશને, આ કાયદામાં આગળ ઠરાવેલી રીતે. ફરમાવવાને સદરહુ માજિસાતરેટ મુખત્યાર છે.

૧૦૭ મી કલમ પ્રમાણેચાલવાનો જે માજીસ્ત્રેટવગરેનેઅધિકાર નહોય તેણે કેમકરવું.

૧૦૮ ૧૦૭ મી કલમ પ્રમાણે કામ ચલાવવાનો જે માજીસ્ત્રેટને અધિકાર ન હોય તે માજીસ્ત્રેટને અથવા સેશન કોરટને અથવા હાઇ કોરટને. એવું માનવાનું કારણ હોય કે ફલાણો શખસ સુલેહનો ભગ અથવા જેથી સુલેહનો ભંગ ઘણું કરીને થાય એવું કાંઇ ગેરવાજબી કામ કરશે એવો સંભવ છે. અને સદરહુ શખસને પેહેરામાં અટકાવી રાખ્યા વગર બીજી રીતે તે સુલેહના ભંગનો અટકાવ થઇ શકવાનો નથી, ત્યારે જો તે શખસ પેહેરામાં અથવા કોરટની આગળ આવી ચુકયો ન હોય તો) તેને પકડવા માટે વારંટ કહાડવાનો તથા ૧૦૭ મી કલમ પ્રમાણે તે મુકદમાની તજવીજ કરવાનો જે માજીસતરેટને અધિકાર હોય તેની આગળ તે શખશને મોકલવાનો, સદરહુ માજીસ્તરેટ

ને અથવા કોરટને અખત્યાર છે.

આ કલમ પ્રમાણે જે માજીસ્ત્રેટની આગળ કોઇ શખસને મોકલ્યો હોય તે માજીસ્ત્રેટ આ કાયદામાં આગળ કહેલી ચોકશી પુરી થતાં સુધી પોતાની નજરમાં આવે તો તે શખસને અટકાવી રાખવાને મુખત્યાર છે.

ભટકનારાઓ તથા શક વાળા શખસોપાસેથી સારી રીતે ચાલવા સારૂ તારણ (લેવા બાબત.)

૧૦૯ જ્યારે જ્યારે કોઇ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટને, જીલ્હા માજીસ્ત્રેટને, પેટા તુકડી માજીસ્ત્રેટને અથવા પેહેલા વરગના માજીસ્ત્રેટને એવી ખબર મળે.—

(અ) કે કોઇ પણ શખસ સદરહુ માજીસ્ત્રેટની હકુમતની સ્થાનિક હદમાં પોતાની હાજરી છુપાવવાને પુરવોપાય કરે છે, અને સદરહુ શખસ કાંઇ ગુન્હો કરવાના હેતુથી આવા ઉપાયો કરેછે એવુ માનવાનુ કારણછે, અથવા

(બ) કે સદરહુ હદમાં એવો કોઇ શખસ છે કે જેની પાસે ગુજરાનનુ કાંઇ પણ સાધન દેખાતુ નથી અથવા જે પોતાને વિશે કાંઇ ખાત્રીલાયક હકીકત કહીશકતોનથી

ત્યારે ત્યારે છ મહિના કરતાં વધતી ન હોય એવી જે મુદત સદરહુ માજીસ્ત્રેટ મુકરર કરવાનું દુરસ્ત ધારે તે મુદત સુધી સારી રીતે ચાલવા સારૂ, જામીનો સાથે, એક ખત કરી આપવાનો હુકમ સદરહુ શખસને શા સારૂ નહીં કરવો જોઇએ તેનુ કારણ બતાવવાનું તે શખસને, આ કાયદામાં આગળ ઠરાવેલી રીતે, ફરમાવવાને સદરહુ માજીસ્ત્રેટ મુખત્યાર છે.

ગુન્હો કરવાની ટેવ હોય તેવા ગુન્હેગારો પાસેથી સારી રીતે ચાલવા સારૂ તારણ (લેવા બાબત.

૧૧૦ જ્યારે કોઇ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટને; જીલ્લા માજીસ્ત્રેટને, પેટા તુકડી માજીસ્ત્રેટને અથવા પેહેલા વર્ગના જે માજીસ્ત્રેટને સ્થાનિક સરકારે આ બાબત વિશેશે કરીને અખિત્યાર આપ્યો હોય તે માજીસ્ત્રેટને એવી ખબર મળે કે પોતાની હકુમતની સ્થાનિક હદમાં ફલાણા શખસને અપહરણ કરવાની, ઘર ફોડવાની અથવા ચોરી કરવાની ટેવ છે, અથવા ફલાણી મિલકત ચોરીની છે એમ જાણીને તે ચોરીનીમિલકત લેવાની ટેવ છે, અથવા તે શખસને જબરાઇથી કઢાવવાની ટેવછે અથવા જબરાઇથી કઢાવવા સારૂ કોઇ શખસને હાની કરવાનો ભય ઉત્પન્ન કરવાની ટેવ છે અથવા ભય ઉત્પન્ન કરવાની અથવા કોશિશ કરવાની ટેવ છે.

ત્યારે ત્રણ વરશ કરતાં વત્તાં ન હોય એવી જે મુદત સદરહુ માજિસ્ત્રેટ મુકરર કરવાનું દુરસ્ત ધારે તે મુદત સુધી સારી રીતે ચાલવા સારૂ, જામીનો સાથે, એક ખત કરી આપવાનો હુકમ સદહુ શખસને શા સારૂ નહી કરવો જોઇએ તેનું કારણ બતાવવાનું તે સખસને, આ કાયદામાં આગળ ઠરાવેલી રીતે, ફરમાવવાને સદરહુ માજીસ્ત્રેટ મુખત્યાર છે.

યુરોપીયનભટકનારા સંબંધી વિશેષ ઠરાવ.

૧૧૧ જે કામોમાં રાણીની વિલાયતી રઇયતની તજવીજ સન ૧૮૭૪ ના યુરોપિયન વેગ્રન્સી આકટ પ્રમાણે થઇ શકતી હોય તે કામોમાં તે રઇયતને ૧૦૯ મી

તથા ૧૧૦ મી કલમના ઠરાવો લાગુ નથી.

હુકમકરવાબાબત. ૧૧૨. જ્યારે ૧૦૭ મી, ૧૦૯ મી અથવા ૧૧૦ મી કલમ પ્રમાણે ચાલનારા કોઇ માજીસતરેટને સદરહુ કલમ પ્રમાણે કારણ બતાવવાનું કોઇ પણ શખસને ફરમાવવાની જરૂર લાગે, ત્યારે તેણે એક લેખી હુકમ કરીને તેમાં જે ખબર મળી હોય તેનો સાર તથા કેટલી રકમનું ખસ કરી આપવું તે, તથા કેટલી મુદત સુધી તે અમલમાં રેહેશે તે, તથા જામીન (જોઇતા હોય તો) કેટલા કેવા પ્રકારના, અને કયા વરગના જામીન જોઇએ તે જણાવવું.

જે શખસનીકોરટમાં હાજર હોય તેની બાબતમાં કેમકરવું. ૧૧૩. જે શખસની બાબતમાં સદરહુ હુકમ કરયા હોય તે સખસ જો કોરટમાં હાજર હોય, તો તે હુકમ તેને વાંચી સંભળાવવો, અથવા તે કેહે તો, તે હુકમનો સાર તેને સમજાવવો.

જે શખસ સદરહુ પ્રમાણે હાજર નહોય તેની બાબતોમાં સમન અથવા વારંટ(કાહાડવા બાબત.) ૧૧૪. જો સદરહુ શખસ કોટમાંજો હાજર ન હોય, તો માજીસ્ત્રેટે સમન કાહાડીને તે શખસને કોરટની આગળ હાજર થવાનું ફરમાવવુ, અથવા, જ્યારે સદરહુ શખસ પેહેરામાં હોય, ત્યારે માજીસ્ત્રેટે વારંટ કાહાડીને જે અમલદારના પેહેરામાં તે સખસ હોય તેને એવું ફરમાવવું કે એને કોરટની આગળ આણો:

પણ એવું ઠરાવ્યું છે કે, જ્યારે કોઈ પોલીસ અમલદારના રીપોર્ટ ઉપરથી અથવા બીજી ખબર ઉપરથી [તે રિપોર્ટનો અથવા ખબરનો સાર માજિસ્ત્રેટે દફતરમાં લખવો] સદરહુ માજિસ્ત્રેટને એવું જણાય કે સુલેહનો ભંગ થવાનો બીક રાખવાનું કારણ છે. અને સદરહુ શખસને તુરત પકડયા વગર બીજી રીતે તે સુલેહના ભંગનો અટકાવ થઈ શકશે નહી, તો તે માજીસ્ત્રેટ તેને પકડવા સારૂ ગમે તે વખતે વારંટ કાહાડવાને મુખત્યાર છે.

૧૧૨મી કલમ પ્રમાણે કરેલા હુકમની એક નકલ સમન અથવા વારંટની સાથે મોકલવી. ૧૧૫ ૧૧૪ મી કલમ પ્રમાણે કાહાડેલા દરેક સમન અથવા વારંટની સાથે ૧૧૨ મી કલમ પ્રમાણે કરેલા હુકમની એક નકલ મોકલવી. અને જે શખસને સદરહુ સમન પોંહોંચાડવામાં આવે અથવા જે શખસને સદરહુ વારંટ પ્રમાણે પકડવામાં આવે તે શખસને તસમન પોંહોંચાડનારા અથવા તે વારંટ બજાવનારા અમલદારે સદરહુ નકલ આપવી.

જાતે હાજર થવાનું માફ કરવાનો અધિકાર. ૧૧૬. સુલેહ રાખવા સારૂ ખત કરી આપવાનો હુકમ શા સારૂ નહી કરવો જોઇએ તેનું કારણ બતાવવા માટે જે શખસને ફરમાવ્યું હોય તેને જો માજીસતરેટને પુરતુ કારણ જણાય તો જાતે હાજર થવાનુ માફ કરવાનો તે માજિસતરેટને અધિકાર છે. તથા કોઇ પ્લીડર મારફતે હાજ થવાની પરવાનગી આપવાનો તે માજિસતરેટને અધિકાર છે.

ખબરખરી છેકે ન હી તે વિષે ચોકશી.

૧૧૭ જે શખસ કોરટમાં હાજર હોય તે શખસને ૧૧૨ મી કલમ પ્રમાણે કરેલો હુકમ ૧૧૩ મીકલમપ્રમાણે વાંચી સંભળાવ્યો હોય અથવા સમજાવ્યો હોય અથવા કોઇ પણ શખસ ૧૧૪ મી કલમ પ્રમાણે કાહાડેલા સમનની રૂઇએ કોઇ માજીસતરેટની આગળ હાજર થાય; અથવા તે કલમ પ્રમાણે કાઢેલા વારંટની બજાવણી કરીને તેને માજીસતરેટની આગળ આણ્યો હોય, ત્યારે જે ખબરને આધારે પોતે ચાલ્યો હોય તે ખબર ખરી છે કે નહી તે વિશે માજિસતરેટે ચોકશી કરવી, અને જે જાસ્તી પુરાવાની જરૂર જણાય તે લેવો.

જ્યારે સદરહુ હુકમમાં સુલેહ રાખવા સારૂ તારણ માગ્યું હોય, ત્યારે સમનના મુકદમામાં ઈનસાફ ચલાવવા સારૂ આ કાયદામાં આગળ જે રીત કહી છે તે રીતે બની શકે તેટલે સુધી, સદરહુ ચોકશી કરવી; અને જ્યારે સદરહુ હુકમમાં સારી રીતે ચાલવા સારૂ તારણ માગ્યું હોય ત્યારે વારંટના મુકદમામાં ઈનસાફ ચલાવવા સારૂ આ કાયદામાં આગળ જે રીત કહી છે તે રીતે, બની શકે તેટલે સુધી, સદરહુ ચોકશી કરવી. પણ એમાં તોહોમતનામું તઇયાર કરવાની જરૂર નથી.

આ કલમના કારણ સારૂ, કોઇ શખસને ગુન્હો કરવાની ટેવ છે એ વાત (તેની) સાધારણ લૌકીક સંબંધી પુરાવો આપીને અથવા બીજી કોઇ રીતે શાબીત કરવાનો અધિકાર છે.

તારણઆપવાનોહુકમ

૧૧૮ જે શખસની બાબતમાં સદરહુ ચોકશી કરી હોય તે શખસે સુલેહ રાખવા સારૂ અથવા સારી રીતે ચાલવા સારૂ, જેમ હોય તેમ જામીન સાથે કે વગર જામીને ખત કરી આપવું જરૂરનું છે એવું જો સદરહુ ચોકશી ઉપરથી શાબીત થાય તો માજીસ્ત્રેટે તે મુજબ હુકમ કરવો.

પણ એવું ઠરાવ્યું છે—

પેહેલું—કે ૧૧૨ મી કલમ પ્રમાણે કરેલા હુકમમાં જે પ્રકારનું, જે રકમનું અથવા જે મુદતનું તારણ કહયું હોય તેથી જુદા પ્રકારનું અથવા વધતી રકમનું, અથવા વત્તી મુદત સુધીનું તારણ આપવાનો કોઇપણ શખસને હુકમ કવો નહી.

બીજું—દરએક ખતની રકમ તે કામની હકીકત ઉપર ઘટતું ધ્યાન આપીને મુકરર કરવી અને તે અતિશય ભારે હોવી નહી જોઇએ.

ત્રીજું—જે શખસ સંબધી ચોકશી કરવામાં આવે તે શખસ સગીર હોય ત્યારે ફકત તેના જામીનોએજ ખત કરી આપવું.

જે શખસનીવિરૂદ્ધ ખબર આપવામાં આવી હોય તેને છોડી મુકવા બાબત.

૧૧૯ જે શખસની બાબતમાં ૧૧૭ મી કલમ પ્રમાણે ચોકશી કરી હોય તે શખસે સુલેહ રાખવા સારૂ અથવા સારી રીતે ચાલવા સારૂ, જેમ હોય તેમ, ખત કરી આપવું જરૂરનું છે એવુ સદરહુ ચોકશી ઉપરથી શાબિત ન થાય, તો તે માજીસ્ત્રેટે દફતરમાં તેની મતલબની નોંધ કરવી; અને જો સદરહુ શખસને ફકત તે ચોકશીના કારણ સારૂજ પેહેરામાં રાખેલો હોય તો તેને છુટો કરવો, અથવા જો સદરહુ શખસને પેહેરામાં ઇરા

જેલ્લો મહી હોય તો તેને છોડી મુકવો.

ક—તારણ આપવાનો હુકમ કરયા પછી સઘળી બાબતમાં કામ ચલાવવા બાબત

જે મુદત સુધી તારણ જોઈતું હોય તે મુદતની શરૂઆત. ૧૨૦ જે શખસની બાબતમાં ૧૦૬ ઠી અથવા ૧૧૮ મી કલમ પ્રમાણે તારણ આપવાનો હુકમ કરયો હોય તે શખસની ઉપર, સદરહુ હુકમ કરયો હોય તે વખતે, જો કેદની શિક્ષાનો હુકમ કરયો હોય, અથવા કેદની શિક્ષા તે ભોગવતો હોય, તો જે મુદત સુધી સદરહુ તારણ માગ્યું હોય તે મુદત સદરહુ શિક્ષાના હુકમની મુદત પુરી થએથી શરૂ થવી જોઇએ.

બીજાં કામોમાં સદરહુ મુદત તે હુકમની તારીખે સરૂ થવી જોઇએ.

ખતમાંશું શું લખવું. ૧૨૧ જે ખત સદરહુ પ્રકારના કોઇ શખસે કરી આપવાનું હોય ખતમાં, પ્રસંગ પ્રમાણે, સુલેહ રાખવી અથવા સારી રીતે ચાલવું એ પ્રમાણે તે શખસને બાંધી લેવો અને સારી રીતે ચાલવા બાબત ખત હોય તો કેદની શિક્ષા કરવા લાયક કાંઇ પણ ગુન્હો કરવાથી અથવા કરવાની કોશીશ કરવાથી અથવા કરવામાં મદદગારી કરવાથી, પછી તે ગુન્હો ગમે તે ઠેકાણે બને, તે ખતની શરત તૂટી એવું સમજવું.

જામીનો નાકબુલ કરવાનો અધિકાર. ૧૨૨. સારી રીતે ચાલવા સારૂં આ બાબ પ્રમાણે આપવા માંડેલો કોઇ પણ જામીન ના લાયક શખસ છે એ સબબ ઉપરથી તેને કબુલ કરવાનો અધિકાર માજીસ્ત્રેટને છે, પણ તે માજીસ્ત્રેટે તેમ કરવાનાં કારણો દફતરમાં લખવાં.

તારણ ન આપે તો કેદ ૧૨૩. ૧૦૬ ઠી અથવા ૧૧૮ મી કલમ પ્રમાણે તારણ આપવાનો જે શખસને હુકમ કરયો હોય તે સખસ જે મુદત સુધી સદરહુ તારણ આપવાનું હોય તે મુદત જે તારીખે શરૂ થતી હોય તે તારીખે અથવા તે પેહલાં જો સદરહુ તારણ ન આપે તો. આનીજ હેઠળ લખેલા પ્રસંગ ખારેજ કરીને, સદરહુ મુદત પુરી થતાં સુધી, તે શખસને તુરંગમાં મોકલવો અથવા તે અગાઉથીજ કેદમાં હોય તો તેને કેદમાં અટકાવી રાખવો. એ પ્રમાણે તુરંગમાં મોકલવો અથવા અટકાવી રાખવો એ તે તારણ માગવાનો હુકમ કરનારી કોરટને અથવા માજીસ્ત્રેટને અથવા જે તુરંગમાં સદરહુ પ્રમાણે હુકમ કરેલા શખસને અટકાવી રાખ્યો હોય તે તુરંગ જે અમલદારના હવાલામાં હોય તે અમલદારને સદરહુ મુદતની અંદર તે તારણ આપે ત્યાં સુધી તેને તુરંગમાં મોકલવો જોઇએ, અથવા કેદમાં અટકાવી રાખવો જોઇએ.

હાઇકોરટની અથવા સેસન કોરટની આગળ ક્યારે કામ રજુ કરવું. જ્યારે એક વરસ કરતાં વધતી મુદત સુધી તારણ આપવાનો સદરહુ શખસને કોઇ માજીસ્ત્રેટે હુકમ કરયો હોય ત્યારે જો સદરહુ શખસ ઉપર કહ્યા મુજબ તારણ ન આપે તો તે માજીસ્ત્રેટે વારંટ કાહાડીને એવું ફરમાવવું કે સેસન કોરટનો હુકમ થતાં સુધી, અથવા, સદરહુ માજીસ્ત્રેટ પ્રેસિડેન્સિ માજીસ્ત્રેટ હોય તો હાઇકોરટનો હુકમ થતાં સુધી, તે શખસને તુરંગમાં અટકાવી રાખવો, અને, બની શકે તેટલી તાકીદે, તે કામ સદરહુ કોરટની આગળ રજુ કરવું.

સદરહુ કોરટ તે કામ તપાશીને અને કાંઇ પણ વધારે ખબર અથવા સુગ વો પોતાને જરૂરના લાગે તે માગીને તે કામમાં પોતે દુરસ્ત ધારે તેવો હુકમ કરવાને મુખત્યાર છે. પણ એવું ઠરાવ્યું છે કે તારણ નહીં આપવા બાબત કાંઇ પણ શખસને કેદ કરયો હોય તો તે કેદની મુદત ત્રણ વરસ કરતાં વધતી હોવી નહીં જોઇએ.

કેદનો પ્રકાર. સુલેહ રાખવા સારૂ તારણ નહીં આપવા બાબત કેદ આસાન હોવી જોઇએ.

સારી રીતે ચાલવા સારૂ તારણ નહીં આપવા બાબત કેદ દરેક કામમાં કોરટ અથવા માજીસ્ત્રેટ ફરમાવે તે પ્રમાણે સખત મજુરી સાથે અથવા આસાન થઇ શકે

તારણ નહીં આપવા બાબત કેદ કરેલા શખસોને છુટા કરવાનો અધિકાર.

૧૨૪. જ્યારે જ્યારે જીલ્હા માજીસ્ત્રેટનો અથવા કોઇ. પ્રેસિડેન્સી માજીસ્ત્રેટનો એવો મત હોય કે આ બાબ પ્રમાણે તારણ નહીં આપવા બાબત કેદ કરેલા કોઇ પણ સખસને છુટો કરવાથી લોકને અથવા કોઇ પણ બજા સખસને જોખમ પોંચશે નહીં, ત્યારે ત્યારે તે સદરહુ શખસને છુટો કરવાનો હુકમ કરવાને મુખત્યાર છે, પછી તે શખશને કેદ કરવાનો હુકમ તેણે પોતે કરેલો હોય કે પોતાના હુદા ઉપર અગાઉ જે અમલદાર હોય તેણે કરેલો હોય કે કોઇ તાબા માંહેના માજીસ્ત્રેટે કરેલો હોય તોપણ.

જ્યારે જ્યારે જીલ્લા માજીસ્ત્રેટનો અથવા કોઇ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટનો એવો મત હોય કે આ બાબ પ્રમાણે તારણ નહીં આપવા બાબત સેશન કોરટના અથવા હાઇ કોરટના હુકમ પ્રમાણે કેદ કરેલા કોઇ પણ શખસને સદરહુ જોખમ વગર છુટો કરી શકાય એવું છે, ત્યારે ત્યારે સદરહુ માજીસ્ત્રેટે, પ્રસગ પ્રમાણે, સેશનકોરટના અથવા હાઇ કોર્ટના હુકમ સારૂ તે કામનો તુરત રીપોર્ટ કરવો, અને સદરહુ કોરટ દુરસ્ત ધારે તો તે, સદરહુ શખસને છુટો કરવાનો હુકમ કરવાને મુખત્યારછે.

સુલેહરાખવા બાબતનું કોઇપણ ખત રદ કરવાનો જિલ્લા માજીસ્ત્રેટોનો અધિકાર.

૧૨૫ જિલ્લા માજીસ્ત્રેટ પોતાના જિલ્લામાંની જે કોરટ પોતાની કોરટથી ચહડતા દરજ્જાની ન હોય તેવી કોઇ કોરટના હુકમથી સુલેહ રાખવા સારૂ જે ખત આ બાબ પ્રમાણે કરી આપ્યુ હોય તે ખત પાકાં કારણો સારૂ ગમે તે વખતે રદ કરવાને મુખત્યાર છે. તેકારણો દફતરમાં લખવા..

જામીનોનાછુટકારો.

૧૨૬ કોઇ પણ શખશની સુલેહ ભરેલી અથવા સારી ચાલ માટે બીજો જે શખસ જામીન થયો હોય તે શખસ કોઇ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટની, જિલ્લા માજિસ્ત્રેટની, પેટા તુકડી માજીસતરેટની અથવા પેહેલા વરગના માજિસતરેટની હકુમતની સ્થાનિક હદ માંહે આ બાબ પ્રમાણે કરી આપેલું હરકોઇ ખત રદ કરવા બાબતની અરજી ગમે તે વખતે સદરહુ માજીસતરેટને કરવાને મુખત્યાર છે.

સદરહુ અરજી થયા ઉપરથી તે માજીસતરેટે પોતાને દુરસ્ત લાગે તે પ્રમાણે પોતાનો સમન અથવા વારંટ કાહાડીને જે શખસને માટે સદરહુ જામીન બંધાયલો હો

૪ તે સખસને પોતાની આગળ હાજર થવાનું અથવા આણવાનું ફરમાવવું,

જ્યારે તે માજીસ્ત્રેટની આગળ સદરહુ શખસ હાજર થાય અથવા તેને આણ્યો હોય, ત્યારે સદરહુ માજિસ્ત્રેટે તે ખત રદ કરવું, અને તે ખતની મુદતના બાકી રહેલા ભાગને માટે અસલ તારણના જેવાજ પ્રકારનું નવું તારણ આપવાનો સદર હુ શખસને હુકમ કરવો. સદરહુ પ્રકારનો દરેક હુકમ ૧૨૧ માં ૧૨૨ મી, ૧૨૩ મી, અને ૧૨૪ મી કલમનાં કારણ સારૂ, પ્રસગ પ્રમાણે ૧૦૬ ઠી અથવા ૧૧૮ મી, કલમ મુજબ કરેલો હુકમ છે એમ સમજવું.

ભાગ ૯ મો.

કાયદા વિરૂદ્ધ મંડળીઓ.

માજીસ્ત્રેટના અથવા પોલીસ અમલદારના હુકમ ઉપરથી મંડળી એ વીખરાઈ જવું.

૧૨૭. કોઇ પણ કાયદા વિરૂદ્ધ મંડળીને, અથવા જેથી લોકની સુલેહમાં ગડબડ થવાનો સંભવ હોય એવી પાંચ અથવા વધારે શખસોની મંડળીને, વીખરાઈ જવાનો હુકમ કરવાને કોઇ પણ માજીસ્ત્રેટ અથવા જે અમલદારના હવાલામાં કોઇ પોલીસ થાણું હોય તે અમલદાર મુખત્યાર છે: અને એવો હુકમ થએથી તે હુકમ મુજબ વિખરાઇ જવાની તે કાયદા વિરૂદ્ધ મંડળીના અંગભુતાની ફરજ છે.

આ કલમ કલકત્તા તથા મુંબાઈ એ શેહેરો પોલીસને લાગુ છે.

વિખરી નાખવા સારૂ બિન લશકરીજ બરી કરવા બાબત.

૧૨૮. એ પ્રમાણે હુકમ કરચા ઉપરથી સદરહુ પ્રકારની કોઇ મંડળી વિખરાઈ નહીં જશે, અથવા એ પ્રમાણે હુકમ કરચા વગર તો તેની વરતણુંક ઉપરથી વિખરાઈ નહીં જવાનો તેનો નિશ્ચય જણાય તો હરકોઇ માજીસ્ત્રેટ અથવા જે અમલદારના હવાલામાં કોઇ પોલીસ થાણું હોય તે અમલદાર; પછી તે ઇલાકાના મુખ્ય શેહેરોની અંદર કે બહાર હોય, સદરહુ મંડળીને જબરાથી વિખરી નાંખવાને મુખત્યાર છે, અને સદરહુ મંડળી વિખરી નાંખવાના કારણ સારૂ અને, જરૂર હોય તો, સદરહુ મંડળી વીખરી નાખવાને અથવા તે મંડળીના માણસોને કાયદા પ્રમાણે શિક્ષા કરવામાં આવે તે માટે તે માણસોને પકડવા તથા કેદ કરવા સારૂ મલીકા માઆબમાના લશકરમાંના અમલદાર અથવા સિપાઇ નહીં હોય તેવા અથવા ૧૮૬૯ ના હીંદુસ્તાનના વાલન્ટીયરોના આકટ પ્રમાણે નોંધેલા વાલન્ટીયર નહીં હોય અને તેવા તરીકે કામ કરતો ન હોય એવા કોઇ પણ મરદ માણસની મદદ માંગવાને મુખત્યાર છે.

લશકરી જબરી કરવા બાબ.

૧૨૯. જો સદરહુ પ્રકારની કોઇ મંડળી બીજી રીતે વિખરી નંખાતી નહી હોય. અને લોકોની સહી સલામતી રાખવા સારૂ તે મંડળી વિખરી નાંખવાની જરૂર હોય, તો ઉંચામાં ઊંચા દરજ્જાનો જે માજીસ્ત્રેટ હાજર હોય તેને તે મંડળી લશકરી જબરીથી વીખરી નંખાવવાનો અખત્યાર છે.

લશકરના જેકમાં

૧૩૦. જ્યારે કોઇ માજીસ્ત્રેટ સદરહુ પ્રકારની કોઇ

ડિંગ અફીસરને મંડળી વીખરી નાખવાનું ફરમાવ્યું હોય તે કમાંડિંગ આફીસરનું કામ.

પણ મંડળી લશકરી જબરીથી વીખરી નાંખવાનો નિશ્ચય કરે, ત્યારે મલીકા માઆઝમાના લશકરમાં હરકેઇ સિપાઇયોની અથવા ૧૮૬૯ ના હિંદુસ્તાનના વાલેન્ટીયરોના આકટ પ્રમાણે નોંધેલા હરકેઇ વાલેન્ટીયરોની, કમાંડ જે કોઇ સનંદી અથવા બીન સનંદી અમલદારની પાસે હોય તે અમલદારને સદરહુ મંડળી તેવી જબરીથી વિખરી નાંખવાનું, તથા પોતે ફરમાવે તેવા, અથવા તે મંડળી વીખરી નાખવાને અથવા કાયદા પ્રમાણે શિક્ષા કરવામાં આવે તે માટે જેમને પકડી અટકાવી રાખવાની જરૂર હોય તેવા, તે મંડળીના માણસોને પકડી અટકાવી રાખવાનું, ફરમાવવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે,

સદરહુ પ્રકારના દરેક અમલદારે પોતાને દુરસ્ત લાગે એવી રીતે સદરહુ હુકમ પ્રમાણે ચાલવું; પણ તેમ કરવામાં તેણે તે મંડળી વીખરી તો નાંખવીજ તથા સદરહુ માણસોને પકડીને અટકાવી તો રાખવાંજ, પણ તેમ કરવામાં જેટલી ઓછી જબરી થાય તેટલી ઓછી જબરી કરવી, અને જાન માલને જેટલું ઓછું નુકશાન થાય તેટલું ઓછું નુકશાન કરવું.

મંડળી વિખરી નાખવાને કમીશન્ડ (સનદી) લશકરી અમલદારોનો અખ્તીઆર.

૧૩૧ જ્યારે સદરહુ પ્રકારની કોઇ પણ મંડળીથી લોકોની સહી સલામતીને ઉઘાડી રીતે ધોકો પોંહોચતો હોય, અને કોઇ માજીસ્ત્રેટને જણાવી શકાતું નહીં હોય, ત્યારે મલીકા માઆઝમાના લશકરના હરકોઇ કમીશન્ડ (સનંદી) અમલદારને સદરહુ મંડળી લશકરી જબરીથી વીખરી નાખવાનો અધીકાર છે. તથા સદરહુ મંડળી વીખરી નાંખવા માટે અથવા કાયદા પ્રમાણે શિક્ષા કરવામાં આવે તે માટે તે મંડળીના હરકોઇ માણસોને પકડીને કેદ કવાનો તેને અધિકાર છે; પણ જ્યારે આ કલમ પ્રમાણે તે ચાલતો હોય તેવામાં કોઇ માજિસ્ત્રેટને તે બાબતની હકીકત જણાવવાની તક મળી આવે તો તેણે તેમ કરવું અને ત્યાર પછી પોતે સદરહુ પ્રમાણે કરવાનું જારી રાખવું કે નહીં તે બાબત તેણે તે માજીસ્ત્રેટના હુકમ પ્રમાણે ચાલવું.

આ બાબ પ્રમાણે કરેલાં કામ બાબત ફરીયાદ માંડવાની વિરૂદ્ધ બચાવ.

૧૩૨. આ બાબ પ્રમાણે કરેલાં છે એવું કેહેવામાં આવતું હોય તેવાં કોઇ પણ કામ બાબત કોઇ પણ માજીસ્ત્રેટ, લશકરી અમલદાર, પોલીસ અમલદાર, સિપાઇ અથવા વાલેંટિયરની ઉપર કોઇ પણ ફરીયાદ, ગવરનર જનરલ ઇન કાઉન્સિલની મન્જુરી વગર. કોઇ પણ ફોજદારી કોરટમાં માંડવી નહીં, તથા

(અ) આ બાબ પ્રમાણે શુદ્ધ બુદ્ધિથી ચાલનારા કોઇ પણ. માજીસ્ત્રેટે અથવા પોલીસ અમલદારે;

[બ] ૧૩૧ મી કલમ પ્રમાણે શુદ્ધ બુદ્ધિથી ચાલનારા કોઇ પણ અમલદારે;

[ક] ૧૨૮ મી અથવા ૧૩૦ મી કલમ પ્રમાણે કોઇ હુકમ મુજબ શુદ્ધ બુદ્ધિથી હરકાંઇ કરનારા કોઇ પણ શખસે, અને

(૬) લશકરી કાયદા પ્રમાણે જે હુકમ માનવાને પોતે બંધાએલો હોય તે હુકમને તાબે થઇને કાંઇ પણ કામ કરનારા કોઇ હલકા દરજ્જાના અમલદારે અથવા સિપાઇએ, અથવા વાલેંટિયરે,

તે ઉપરથી કાંઇ ગુન્હો કરયો છે એવું સમજવું નહીં.

ભાગ ૧૦ મો.

લોકાપ કારક કૃત્યો.

અપકારક વસ્તુ ખસેડવા બાબત શરટી હુકમ.

૧૩૩. જ્યારે જ્યારે કોઇ રીપોરટ અથવા બીજી ખબર મળ્યા ઉપરથી તથા પોતે દુરસ્ત ધારે એવો પુરાવો [જો જોઇતો હોય તો) લીધા ઉપરથી, કોઇ જીલ્હા માજીસ્ત્રેના અથવા કોઇ પેટા ટુકડી માજીસ્ત્રેટના અથવા પેહલા વરગના જે માજીસ્ત્રેટને સ્થાનિક સરકારે આ બાબત અધીકાર આપ્યો હશે તે માજીસ્ત્રેટના વિચારમાં એમ આવે કે,

ફલાણો રસ્તો અથવા નદી અથવા કાંસ લોકો કાયદેસર વાપરે છે અથવા લોકોને કાયદેસર વાપરવાનો અધીકાર છે તે રસ્તામાંથી અથવા નદીમાંથી અથવા કાંસમાંથી અથવા ફલાણી સારવજનિક જગામાંથી ફલાણી કાયદા વિરૂદ્ધ અડચાણ અથવા અપકારક વસ્તુ ખસેડવી જોઇએ અથવા

ફલાણો વેપાર અથવા ધંધો, અથવા ફલાણો માલ અથવા વેપારની જણસ રાખવી એ લોકની તંદુરસ્તીને અથવા શરીર સુખને નુકશાન કારક હોવાના સબબથી તે વેપાર અથવા ધંધો બંધ કરી નાંખવો જોઇએ અથવા ખશેડવો જોઇએ અથવા તે બાબત મના કરવી જોઇએ અથવા તે માલ અથવા વેહેપારની જણશ રાખવાનું બંધ કરી નાંખવુ જોઇએ અથવા ખશેડવું જોઇએ અથવા તે બાબત મના કરવી જોઇએ, અથવા

ફલાણી ઇમારત બાંધવાથી અથવા ફલાણા પદાર્થની વ્યવસ્થા થયાથી આગ લાગવાનો અથવા અવાજ થઇને ફુટવાનો સંભવ છે માટે તે અટકાવવી જોઇએ, અથવા બંધ કરવી જોઇએ; અથવા

ફલાણી ઇમારત એવી હાલતમાં છે કે તે પડશે તેથી પડોશમાં રેનારા અથવા ધંધો ચલાવનારા લોકોને અથવા પાસે થઇને આવનાર જનાર લોકોને નુકશાન થશે એવો સંભવ છે; અને તેટલા માટે તેને ખશેડવાની અથવા તેની મરામત કરવાની અથવા તેને ટેકો અપવાની જરૂર છે.

અથવા સદરહુ પ્રકારના ફલાણા રસ્તા પાસેના અથવા ફલાણી સારવજનિક જગા પાસેનાં ફલાણાં તળાવની અથવા કુવાની અથવા ખાડાની આસપાસ વાડ અથવા પાળુ એવી રીતે બાંધી લેવી જોઇએ કે પછી તેથી લોકોને કાંઇ ભય ઉત્પન્ન થાય નહીં.

ત્યારે ત્યારે જે શખસ તે અડચાણ અથવા અપકારક વસ્તુ કરતો હોય અથવા તે વેપાર કે ધંધો ચલાવતો હોય અથવા તે માલ કે વેપારની જણસ રાખતો હોય, અથવા તે ઇમારતનો, પદારથનો, તળાવનો, કુવાનો અથવા ખાડાનો માલીક અથવા કબજેદાર હોય અથવા તે ઉપર અખત્યાર ચલાવનાર હોય, તે શખસની ઉ

અથવા તે ઈમારતનો, પદાર્થનો, તળાવનો, કુવાનો અથવા ખાડાનો માલીક અથવા કબજેદાર હોય અથવા તે ઉપર અખત્યાર ચલાવનાર હોય; તે શખસની ઉપર એક શરતી હુકમ મોકલવાને તે માજીસ્ત્રેઠ મુખત્યાર છે. તે હુકમમાં તે શખસને એમ ફરમાવવું કે આ હુકમમાં ઠરાવેલી આટલી મુદતમાં તમેઃ—

તે અડચણ અથવા અપકારક વસ્તુ કાહાડી નાખજો; અથવા

તે વેપાર અથવા ધંધો બંધ કરજો અથવા ખસેડજો; અથવા

તે માલ અથવા વેપારની જાણસ ખસેડજો; અથવા

તે ઈમારત બાંધશો નહીં અથવા બાંધવી બંધ રાખજો; અથવા

તે ખસેડી લઈ જજો અથવા તેની મરામત કરજો અથવા તેને ટેકો આપજો; અથવા

તે પદાર્થની વ્યવસ્થામાં ફેરફાર કરજો; અથવા

તે તળાવને અથવા કુવાને અથવા ખાડાને વાડ અથવા પાળ બાંધી લેજો. (આટલી બાબતોમાંથી પ્રસંગ હોય તે બાબત તે હુકમમાં લખવી.)

અને તેમાં બીજું એમ ફરમાવવું કે અગર તમે એ પ્રમાણે ન કરો, તો આ હુકમથી ઠરાવેલી ફલાણી વખતે તથા જગાએ તમે અમારી આગળ અથવા કોઈ, પેહેલા અથવા બીજા વરગના માજીસ્ત્રેટની આગળ હાજર થજો, અને આ કાયદામાં આગળ ઠરાવેલી ફલાણી રીતે તે હુકમ રદ કરાવવાની અથવા બદલાવવાની દરખાસ્ત કરજો.

આ કલમ પ્રમાણે કોઈ માજીસ્ત્રેટે યોગ્ય રીતે હુકમ કરયો હોય તે હુકમ વિશે કોઈ પણ દિવાની કોરટમાં તકરાર ઉઠાવવી નહી.

ખુલાસો—"સાર્વજનિક જગા" આ શબ્દોમાં સરકારની માલ મિલકતનો તથા છાવણીની જગાનો અને લોકોની તંદુરસ્તી ઠીક રાખવા સારૂ અને તેઓની ગમત ને સારૂ જે જગા છુટી રાખેલી હોય તે જગાનો પણ સમાવેશ થાય છે.

હુકમ પોહોંચાડવા અથવા જાહેર કરવા બાબત.

૧૩૪ જે શખસની ઉપર સદરહુ હુકમ કરયો હોય તે શખસને, બની શકે તો, આ કાયદામાં સમન બજાવવાસારૂ ઠરાવેલી રીતે, તે હુકમ પોંહોંચાડવો.

જો સદરહુ હુકમ એ પ્રમાણે પોહોંચાડી શકાતો ન હોય તો સ્થાનિક સરકાર કાનુન કરીને ફરમાવે તે રીતે જાહેરનામું પ્રસિદ્ધ કરીને તે હુકમ જાહેર કરવો, તથા તેની ખબર તે શખસને પોંચાડવા માટે સઉથી લાયક હોય એવી જગાપર અથવા જગાઓપર તેનીનકલ ચોહોડવી.

૧૩૫, જે શખસની ઉપર સદરહુકમ કરયો હાય તેણે—

જે શખસને હુકમ કરયો હોય તેણે તે હુકમ માનવો.

(અ) તે હુકમમાં લખેલી મુદતમાં તે હુકમથી ફરમાવેલું કામ કરવું અથવા.

અથવા કારણ બતાવવું અથવા જ્યુરી માગવી.

(બ) સદરહુ હુકમ પ્રમાણે હાજર થવું અને તેની વિરૂદ્ધ કારણ બતાવવું અથવા તે હુકમ વ્યાજબી તથા યોગ્ય છે કે નહી તેનો ઇનસાફ કરવાને એક જ્યુરી

મુકરર કરવા સારૂ, જે માજીસ્ત્રેટે તે હુકમ કરયો હોય તે માજીસ્ત્રેટને અરજી કરવી.

તેમનહીંકરવાનુંફળ. — ૧૩૬ ૧૩૫ મી કલમમાં ફરમાવ્યા મુજબ સદરહુ શખસ સદરહુ કામ ન કરે અથવા હાજર થઇને કારણ ન બતાવે અથવા જ્યુરી મુકરર કરવા સારૂ અરજી ન કરે, તો તે બાબત હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૮૮ મી કલમમાં ફરમાવેલી શિક્ષાને તે પાત્ર થસે, અને તે હુકમ નિઃસંકેત કરવામાં આવશે.

તે કારણબતાવવાને હાજર થાય ત્યારે કેમ કરવું. — ૧૩૭. જો તે શખસ હાજર થાય અને તે હુકમની વિરૂદ્ધ કારણ બતાવે, તો માજીસ્ત્રેટે તે બાબતમાં પુરાવો લેવો.

જો માજીસ્ત્રેટની એવી ખાત્રી થાય કે તે હુકમ વ્યાજબી તથા યોગ્ય નથી, તો તે બાબતમાં આગળ કામ ચલાવવું નહી.

જો તે માજીસ્ત્રેટની એવી ખાત્રી ન થાય તો તે હુકમ નિઃસંકેત કરવો.

તે શખસ જ્યુરીમાગે ત્યારે કેમ કરવું. — ૧૩૮ જ્યુરી મુકરર કરવા સારૂ ૧૩૫ મી કલમ પ્રમાણે અરજી આવે એટલે માજીસ્ત્રેટે,—

(અ) તુરત એક જ્યુરી મુકરર કરવી તેમાં પાંચ શખસો કરતાં ઓછા નહી હોય તેવી વિષમ સંખ્યા હોવી જોઇએ, અને તેનો પ્રમુખ તથા બાકીના સભાસદો માંહેના અડધા સભાસદો તે માજીસ્ત્રેટે મુકરર કરવા, અને બીજા સભાસદો તે અરજદારે મુકરર કરવા;

(બ) સદરહુ પ્રમુખને તથા સભાસદોને માજીસ્ત્રેટ દુરસ્ત ધારે તેવી જગાએ તથા વખતે હાજર થવા સારૂ સમન કરવા; અને

(ક) તેમણે પોતાનો ઠરાવ કેટલી મુદતમાં આપવો તે મુદત મુકરર કરવી.

જોજ્યુરીમાજીસ્ત્રેટનો હુકમ વ્યાજબી ઠરાવે તોકેમ કરવું. — ૧૩૯ જો તે જ્યુરીને અથવા જ્યુરરો માંના અડધાથી વધારે જણને, માજીસ્ત્રેટનો અસલનો હુકમ વ્યાજબી તથા યોગ્ય એવું છે, અથવા તે હુકમમાં કાંઇ એક ફેરફાર કરયો હોય તો તે હુકમ વ્યાજબી તથા યોગ્ય થશે એવું દેખાશે અને તે ફેરફાર માજીસ્ત્રેટ કબુલ કરશે તો સદરહુ પ્રકારના ફેરફાર (જો કાંઇ ફેરફાર હોય તો તેને) અનુસરીને તે માજીસ્ત્રેટે તે હુકમ નિઃસંકેત કરવો.

બીજી બાબતોમાં આગળ કામ ચલાવવું નહીં.

હુકમ નિઃસંકેત કરેથી કેમ કરવું. — ૧૪૦ જ્યારે ૧૩૬ મી, ૧૩૭, અથવા ૧૩૯ મી કલમ પ્રમાણે કોઇ હુકમ નિઃસંકેત કરવામાં આવ્યો હોય, ત્યારે જે શખસની ઉપર તે હુકમ કરયો હોય તેને તે માજીસ્ત્રેટે તે હુકમની નોટીસ આપવી અને તે નોટીસમાં જે મુદત ઠરાવવામાં આવે તે મુદતમાં તે હુકમથી ફરમાવેલું કામ કરવાનું તે શખસને વળી ફરમાવવું. અને તેને ખબર આપવી કે જો તમે આ હુકમ નહી માનો તો હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૮૮ મી કલમમાં ઠરાવેલી શિક્ષાને તમે લાયક થશો.

હુકમનહીમાનવાનાંફળ. — જો તે ઠરાવેલી મુદતમાં સદરહુ કામ કરવામાં ન

આવે, તો તે માજીસ્ત્રેટ તે કામ કરાવવાને મુખત્યાર છે. અને તે કરવાનો ખરચ જે કોઇ ઇમારત અથવા માલ અથવા બીજી મિલકત તેના હુકમથી ખશેડવામાં આવે તેનું વેચાણ કરીને, અથવા સદરહુ શખસની બીજી કોઇ જંગમ મિલકત સદરહુ માજીસ્ત્રેટની હકુમતની સ્થાનિક હદની અંદર કે બાહાર હોય, તે મીલકત જપ્ત કરીને તથા વેચીને, વસુલ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે. જો સદરહું પ્રકારની બીજી મિલકત સદરહુ હદની બાહાર હોય, તો જપ્ત કરવાની મિલકત જે માજિસતરેટની હકુમતની સ્થાનિક હદમાં માલમ પડે તે માજીસતરેટ તે હુકમની પાછળ સહી કરે એટલે તે મિલકત જપ્ત કરીને વેચવાનો અધિકાર તે હુકમથકી મળશે.

આ કલમ પ્રમાણે શુદ્ધબુદ્ધિથી કાંઇ પણ કરયું હોય તે સંબધી કાંઇ પણ દાવો ચાલશે નહી.

જ્યુરી મુકરરનહીકરેથી અથવા જ્યુરી પોતાનો ઠરાવ નહી કહી સંભળાવેથીકેમકરવું.

૧૪૧ જો ગફલતથી કે કોઇ બીજી રીતે અરજદાર જ્યુરી મુકરર થતી અટકાવે, અથવા મુકરર કરેલી જ્યુરી ઠરાવેલી મુદતમાં અથવા જેટલી મુદત વધારે આપવાનું માજીસ્ત્રેટની નજરમા આવે તેટલી મુદતમાં કાંઇ પ કારણને લીધે પોતાનો ઠરાવ નહીં કહી સંભળાવે, તો પોતે દુરસ્ત ધારે એવો હુકમ કરવાને તે માજિસતરેટ મુખત્યાર છે, અને ૧૪૦ મી કલમમાં ઠરાવેલી રીતે સદરહુ હુકમ અમલમાં લાવવો.

ચોકશી થતાં સુધી તાકીદ આપવાબાબત.

૧૪૨ જો ૧૩૩ મી કલમ પ્રમાણે હુકમ કરનારા કોઇ માજિસતરેટના વિચારમાં એવું આવે કે લોકને તુરત થાય એવું જોખમ અથવા ભારે નુકશાન અટકાવવાને તાબડતોબ ઇલાજ કરવો જોઇએ, તો તે જોખમ અથવા નુકશાન દુર કરવાને અથવા અટકાવવાને, જ્યુરી મુકરર કરવાની હોય અથવા ન હોય અથવા જ્યુરી મુકરર કરી હોય કે ન કરી હોય તોપણ જે શખસની ઉપર તે હુકમ કરયો હોય તે શખસને જેવી જોઇએ તેવી તાકીદ મોકલવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

સદરહુ તાકીદ પ્રમાણે તુરત ચાલવામાં જો તે શખસ કસુર કરે, તો તે જોખમ દુર કરવાને અથવા તે નુકશાન અટકાવવાને પોતે દુરસ્ત ધારે એવા ઇલાજો પોતે કરવાને અથવા કરાવવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

આ કલમ પ્રમાણે કોઇ માજીસતરેટે કાંઇ પણ શુદ્ધબુદ્ધિથી કરયું હોય તે સંબધી કાંઇ પણ દાવો ચાલશે નહી.

લોકાપકારકકૃત્યફરીથી કરવાની અથવાજારીરાખવાની મના કરવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે.

૧૪૩. લોકાપકારક કૃત્ય આ શબ્દોની વ્યાખ્યા હિંદુસ્તાનના ફોજદારી કાયદામાં લખી છે, અથવા કોઈ વિશેષ કે સ્થાનિક કાયદામાં લખી હોય તે લોકાપકારક કૃત્ય ફરીથી નહી કરવાનો અથવા જારી નહી રાખવાનો હુકમ જીલ્લા માજીસ્ત્રેટ અથવા પેટા તુકડી માજીસતરેટ અથવા બીજા જે માજીસતરેટને સ્થાનિક સરકારે અથવા જીલ્લા માજીસતરેટે આબાબત અધિકાર આપ્યો હોય તે માજીસતરેટ કરવાને મુખત્યાર છે.

બાબ ૧૧ મો.

અપકારક કૃત્ય સંબંધી તાકીદના મુકદમાઓમાં હંગામી હુકમો.

અપકારક કૃત્યસંબંધી તાકીદના મુકદમાઓમાં એકદમ નિસકત હુકમ કહાડવાનો અધિકાર.

૧૪૪ જે બાબતોમાં કોઈ જીલ્લામાજીસ્ત્રેટની પેટા હુકડી માજીસ્ત્રેટની, અથવા બીજા જે માજીસ્ત્રેટને સ્થાનિક સરકારે અથવા ડિસ્ત્રકટ માજીસ્ત્રેટે આ કલમ પ્રમાણે ચાલવાનો વિશેષ કરીને અધિકાર આપ્યો હોય ને માજીસ્ત્રેટની નજરમાં તાબડતોબ અટકાવ કરવો અથવા વેહેલો ઇલાજ કરવો યોગ્ય જણાય તે બાબતોમાં,

જો સદરહુ માજીસ્ત્રેટના વિચારમાં એવું આવે કે ફલાણા શખસને હેઠળ લખ્યા પ્રમાણે ફરમાવ્યાથી કાયદાસરરીતે કામ કરનારા કોઇ પણ માણસોને અડચણ, દુખ અથવા નુકશાન થતું. અથવા અડચણ, દુખ અથવા નુકશાનનું જોખમ થતું, અથવા માણસની જીંદગીને અથવા તનદુરસ્તીને અથવા સલામતીને જોખમ થતું, અથવા કાંઈ હંગામો અથવા બખેડો થતો, ઘણું કરીને અટકશે અથવા અટકે એવું છે, તો તે માજીસ્ત્રેટ એક ખેલેલો હુકમ કહાડીને તથા તેમાં તે કામની મુદાની હકીકત જણાવીને તથા ૧૩૪ મી કલમમાં ઠરાવેલી રીતે તે હુકમ પોંહોચાડીને તેશખસને એવુ ફરમાવવાને મુખત્યાર છે કે તમરે ફલાણા કામથી દુર રેહેવું અથવા તમારા કબજામાંની અથવા વહીવટમાંની ફલાણી માલકતની તમારે ફલાણી વ્યવસ્થા કરવી.

જરૂરીને પ્રસંગે અથવા જે શખસને તે હુકમ ફરમાવ્યો હોય તે શખસની ઉપર યોગ્ય વખતમાં નોટિશ બજાવવાનું બનતુ ન હોય એવી હકીકત હોય તેવે પ્રસંગે આ કલમ પ્રમાણે એક તરફી હુકમ કરવાનો અધીકાર છે,

આ કલમ પ્રમાણે હુકમ કોઇ મુકરર શખસનું નામ લખીને અથવા કોઈ મુકરર જગાએ લોકો મળતાં હોય અથવા જતાં હોય ત્યારે સામાન્ય રીતે સઘળા લોકોને ફરમાવવાનો અખત્યાર છે.

પોતાની જાતે અથવા પોતાના તાબા માંહેના કોઇ માજીસ્ત્રેટે અથવા પોતાના હુદા ઉપર પોતાની અગાઉ જે અમલદાર હોય તે અમલદારે આ કલમ પ્રમાણે જે હુકમ કરયો હોય તે હુકમ રદ કરવાનો અથવા તેમાં ફેરફાર કરવાનો અખત્યાર હરકોઈ માજીસ્ત્રેટને છે.

માણસની જીંદગીને અથવા તનદુરસ્તીને અથવા સલામતીને જોખમ થાય તેવે પ્રસંગે અથવા કાંઇ હંગામો અથવા બખેડો થવાનો સંભવ હોય તેવે પ્રસંગે સરકારી ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને સ્થાનિક સરકાર બીજી રીતે ફરમાવે નહીં તો આ કલમ મુજબ કરેલો કાંઇ પણ હુકમ, તે કરયા પછી બે મહીના કરતાં વધારે મુદત સુધી અમલમાં રેહેશે નહીં.

બાબ૧૨મો.

સ્થાવર મિલકત સંબંધી તકરારો બાબત.

જમીન વગેરે બાબતની તકરારથી સુલેહ

૧૪૫. જ્યારે જ્યારે કોઇ પોલીસ રીપોર્ટ ઉપરથી અથવા બીજી ખબર ઉપરથી કોઇ જીલ્લા માજીસ્ત્રેટનો અ

ના ભંગ થવાનો સં ભવ હોય ત્યારે કેમ કરવું.

થવા પેટા તુકડી માજીસ્ત્રેટની અથવા પેહેલા વરગના મા
જીસ્ત્રેટની એમ ખાત્રી થાય કે પોતાની હુકુમતની સ્થા.નિ
ક હદમાં કોઇ પણ સ્પર્ધાજોગ સ્થાવર મીલકત સંબંધી અ
થવા તેની હદ સંબંધી એવી કાંઇ તકરાર છે કે જેથી
સુલેહનો ભંગ થવાનો સંભવ છે, ત્યારે ત્યારે તેણે એક લેખી હુકમ કરવો અને
તેમાં પોતાની ઉપલી ખાત્રીનાં કારણો લખવાં, અને પોતે મુદત ઠરાવીને તે તક
રારમાં જેઓનું લાગતું વળગતું હોય તેવા સઘળા પક્ષકારોને ફરમાવવું કે આટલી
મુદતમાં તમે જાતે અથવા પ્લીડરની મારફતે હમારી કોરટમાં હાજર થઇને તે ત
કરારની વસ્તુ ખરેખર કોના કબજામાં છે તે વિશે તમે તમારા પોતપોતાના દા
વાની લખેલી કેફિયત આપો,

કબજાબાબતચોકશી.

પછી તે તકરારની વસ્તુના કબજાના હક બાબત સદર
હુ પ્રકારના કોઇ પણ પક્ષકારના દાવાના ગુણ દોષનો વિ
ચાર ન કરતાં તે માજીસ્ત્રેટે ઉપર લખ્યા મુજબ આપેલી કેફિયત વાંચી જોવી, તે
પક્ષકારોનું કેહેવું સાભળવું. તેઓએ રજુ કરેલો પુરાવો લેવો, તે પુરાવાનું શું પરી
ણામ થાયછે તે ધ્યાનમાં લેવું પોતાને જરૂરનો લાગે એવો જાસ્તી પુરાવો (જો હોય
તો) લેવો, અને તકરારની વસ્તુ તે પક્ષકારોમાંથી તે વખતે કોઇના પણ કબજામાં
સદરહુ પ્રમાણે છે કે કેમ અને કોના કબજામાં છે તે,
બની શકે તો ઠરાવવું.

જે શખસના કબજા માં તે વસ્તુ હોય તે શખસના કબજામાંથી તે વસ્તુ કાયદા પ્રમા ણે લઇ લેવામાં આ વે ત્યાં સુધી તે તેની પાસે રાખવી.

જો સદરહુ વસ્તુ તે વખતે તે પક્ષકારોમાંથી ફલાણા
પક્ષકારના કબજામાં સદરહુ પ્રમાણે છે એવું તે માજી
સ્ત્રેટ ઠરાવે તો તેણે એક હુકમ કાહાડવો અને તેમાં
લખવું કે સદરહુ પક્ષકારના કબજામાંથી તે વસ્તુ કાયદા
ના ક્રમથી લઇ લેવામાં આવે ત્યાં સુધી તે વસ્તુનો કબ
જો રાખવાનો તેનો હક છે, અને ત્યાં સુધી તે કબજામાં
કોઇએ હરકત કરવી નહી.

જે પક્ષકારને સદરહુ પ્રમાણે હાજર થવાનું ફરમાવ્યું હોય તે પક્ષકારને સદરહુ
પ્રકારની કાંઇ તકરાર નથી અથવા થએલી નથી એવું બતાવવામાં આ કલમ માં
હેના કોઇ પણ મજકુરથી હરકત છે એમ સમજવું નહીં; અને એવું બતાવવામાં
આવે ત્યારે માજીસ્ત્રેટે પોતાનો સદરહુ હુકમ રદ કરવો, અને પછી આગળ સઘળું
કામ ચલાવવાનું બંધ થવું જોઇએ.

તકરારની વસ્તુ જપ્ત કરવાનો અખ્તિયાર.

૧૪૬. જો માજીસ્ત્રેટ એવો ઠરાવ કરે કે તકરારની વ
સ્તુ તે પક્ષકારોમાંના કોઇના કબજામાં સદરહુ પ્રમાણે તે
વખતે નથી અથવા તે કયા પક્ષકારના કબજામાં સદરહુ પ્ર
માણે તે વખતેછે એ બાબત પોતાની ખાત્રી ન થઇ શકે તો પક્ષકારોના તે સંબંધી હક
બાબત અથવા તેનો કબજો કોને મળવાનો હક છે તે બાબત, કોઇ યોગ્ય અખ્તીઆર
વાળી દીવાની કોરટનો ફેંસલો થતાં સુધી તે તકરારની
વસ્તુ જપ્ત કરવાને તે મુખત્યાર છે.

ઇઝમેંન્ટના હક વિ ગેરે સંબધી તકરારો. ૧૪૭ જયારે જયારે ઉપર કહ્યા મુજબ શદરહુ મહા રના હરકોઇ માજીસ્ત્રેટની એવી ખાત્રી થાય કે પોતાની હકુમતની સ્થાનીક હદમાં આવેલી કોઇ પણ સ્પર્શજ્ઞેય સ્થાવર મીલકતમાં અથવા મિલકત ઉપર કાંઇ પણ વસ્તુ કરવાના અથવા નહીં કરવા દેવાના હક બાબત એવી કાંઈ તકરાર છે કે તેથી સુલેહને ભંગ થવાનો સંભવ છે, ત્યારે ત્યારે તે બાબત ચોકશી કરવાને તે મુખત્યાર છે; અને સદરહુ હક વિદ્યમાન છે એમ તેને જણાય તો જે શખસ સદરહુ વસ્તુ કરવામાં હરકત કરતો હોય અથવા જે સદરહુ વસ્તુ કરવાનો દાવો કરતો હોય તે શખસનો પ્રસંગપ્રમાણેસદરહુ વસ્તુ નહીં કરવા દેવાનો, અથવા કરવા દેવાનો, હક છે એ પ્રમાણે કોઇ યોગ્ય અધીકાર વાળી દીવાની કોરટનો ઠરાવ તે શખસ મેળવે ત્યાં સુધી, સદરહુ વસ્તુ કરવા દેવા બાબત અથવા તે વસ્તુ નહીં કરવા દેવા બાબત પ્રસગ પ્રમાણે, એક હુકમ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે જયારે કોઇ પણ વસ્તુ કરવાનો હક વરસમાં સઘળી વખતે બજાવી શકાય એવો હોય ત્યારે જો તે ચોકશીની સરૂઆત થતાં પેહેલાં તુરત ત્રણ મહિનામાં સદરહુ હક બજાવ્યો ન હોય તો તે વસ્તુ કરવા દેવાનો, અથવા, જયારે તે હક ફક્ત મુકરર મોસમેજ બજાવી શકાય એવો હોય, ત્યારે. જો સદરહુ ચોકશી શરૂ થયાની તુરત પેહેલાંની તે મોસમે તે હક બજાવ્યો ન હોય તો. આ કલમ પ્રમાણે તે વસ્તુ કરવા દેવાનો કાંઇ પણ હુકમ કરવો નહીં.

સ્થાનિક ચોકશી. ૧૪૮. જયારે જયારે આ બાબનાં કારણ સારૂ કાંઇ સ્થાનિક ચોકશી કરવાની જરૂર હોય ત્યારે ત્યારે તે ચોકશી કરવાને પોતાના તાબા માંહેના હરકોઇ માજીસ્ત્રેટને મોકલવાને, તથા તેણે શા રીતે ચોકશી કરવી તે બાબતમાં તેની સમજુત થવા સારૂ જરૂર જણાય તેવો લખવો હુકમ ચાલુ કાયદાનું ધોરણ રાખીને તેને કરવાને. કરવાને. અને ચોકશી કરવાનો જરૂરનો સઘળો ખરચ અથવા તેમાંના કોઇ પણ ભાગ કોણે આપવો તે ઠરાવવાને હરકોઇ જલ્લા માજીસ્ત્રેટ અથવા પેટા ટુકડી માજીસ્ત્રેટ મુખત્યાર છે.

એ પ્રમાણે મોકલેલા શખશનો રીપોર્ટ તે મુકદમામાં પુરાવા તરીકે વાંચવાનો અધીકાર છે

ખરચબાબતહુકમ. આ બાબ પ્રમાણે ચલાવેલાં કોઇ કામમાં કોઇ પણ પક્ષકારને શાહેદોની અથવા પ્લીડરોની અથવા એ બન્નેની ફી બાબત કાંઇ ખરચ થયો હોય ત્યારે તે ખરચ કોણે આપવો, સદરહુ પક્ષકારે આપવો કે તે કામના બીજા કોઇ પક્ષકારે આપવો કે તે અને તે ખરચ સઘળો આપવો કે થોડો આપવો કે કેટલો પડતો આપવો તે ફરમાવવાનો અધીકાર ૧૪૫ મી અથવા ૧૪૬મીઅથવા ૧૪૭ મી કલમ પ્રમાણે કરનારા માજીસ્ત્રેટને છે. જે ખરચ આપવાનું એ પ્રમાણે ફરમાવ્યું હોય તે સઘળો ખરચ જાણે દંડ હોય એવી રીતે વસુલ કરવાને અધીકાર છે,

બાબ ૧૩ મો.

અટકાવ કરવા બાબત પોલીસનું કામ.

કાગ્નિઝેબલ ગુન્હાનો અટકાવ પોલીસે કરવો.

૧૪૯ કોઇ પણ કાગ્નીઝેબલ ગુન્હો થતો અટકાવવાનાં કામગુમારૂ દરેક પોલીસ અમલદાર વચ્ચે પડવાને મુખત્યાર છે, અને તેણે બનતો પ્રયત્ન કરીને સદરહુ ગુન્હો થતો અટકાવવો જોઇયે.

સદરહુ ગુન્હા કરવાની ધારણા બાબત ખબર

૧૫૦ કોઇ પણ કાગ્નીઝેબલ ગુન્હા કરવાની ધારણા વિશે જે પોલીસ અમલદારને ખબર પડે તે પોલીસ અમલદારે તે ખબર જે પોલીસ અમલદારના તાબામાં પોતે હોય તે પોલીસઅમલદારને તથા તે ગુન્હો થતો અટકાવવાનું અથવા તે સાંભળવાનું બીજા જે અમલદારનું કામ હોય તે અમલદારને આપવી.

સદરહુ ગુન્હા અટકાવવા સારૂ પકડવા બાબત.

૧૫૧ કોઇ પણ કાગ્નીઝેબલ ગુન્હો કરવાની ધારણા જે પોલીસ અમલદારના જાણ્યામાં હોય તે પોલીસ અમલદારને જો એમ જણાય કે તે ગુન્હો થતો બીજી રીતે અટકાવી શકાશે નહીં તો કોઇ માજીસ્ત્રેટના હુકમ શીવાયઅને વગર વારંટે તેવી ધારણ કરનાર શખસને પકડવાને તે અમલદાર મુખત્યાર છે.

સાર્વજનિક મિલકતને નુકશાનથતું અટકાવવા બાબત.

૧૫૨ કોઇ પોલીસ અમલદારના દેખતાં કાંઇ સાર્વજનીક સ્થાવર અથવા જંગમ મિલકતને જે નુકશાન કરવાની કોશીશ કરવામાં આવે તે નુકશાન થતું અટકાવવા સારૂ, અથવા કાંઇ સાર્વજનિક ભુમીચિન્હ અથવા બોયું અથવા વાહાણ ચલાવવાના કામમાં વપરાતી હોય એવી બીજી કોઇ નિશાણી કાઢી નંખાતી અથવા તેને નુકશાન થતું અટકાવવા સારૂ, પોતાનાજ અખત્યારથી વચ્ચે પડવાને તે પોલીસ અમલદાર મુખત્યાર છે.

કાટલાં તથા માપ જોવા બાબત.

૧૫૩ કોઇ પોલીસ થાણું જે અમલદારના હવાલામાં હોય તે અમલદારને જ્યારે એમ માનવાનું કારણ હોય કે પોતાના થાણાની હદમાંહેની ફલાણી જગામાં કાંઈ ખોટાં કાટલાં અથવા માપ અથવા તોળવાનાં યંત્ર છે ત્યારે તે જગામાં વપરાતાં અથવા રાખેલાં કાટલાં અથવા માપ અથવા તોળવાનાં યંત્ર તપાસવાને અથવા તેનો શોધ કરવાને વગર વારંટે તે જગામાં પેસવાને તે અમલદાર મુખત્યાર છે.

જો તે અમલદારને તે જગામાં કાંઇ ખોટાં કાટલાં, માપ અથવા તોળવાનાં યંત્રો જડે, તો તે પકડવાને પોતે મુખત્યાર છે, અને હકુમતવાળા માજીત્રેટને તેણે તે પકડયાની તુરત ખબર આપવી.

ભાગ ૫ મો.

પોલીસને ખબર આપવા બાબત તથા તપાસ કરવાના તેના અધિકાર બાબત

બાબ ૧૪ મો.

કાગ્નિઝેબલમુકદમા ખાબર કરવાબાબત. ૧૫૪ જે અમલદારના હવાલામાં કોઇ પણ પોલીસ થાણું હોય તેને કાગ્નિઝેબલ ગુન્હો કરયા સબંધી જે જે ખબર મોહોડેથી આપવામાં આવે તે દરેક ખબર તેણે અથવા તેના હુકમ પ્રમાણે લખી લેવી અને ખબર આપનારને વાંચી સંભળાવવી; અને સદરહુ પ્રકારની ગમે તે ખબર લખીને આપી હોય કે ઉપર કહ્યા મુજબ લખી લીધી હોય તોપણ તે આપનાર સખસે તે ઉપર સહી કરવી; અને આ બાબત સ્થાનિક સરકાર ફરમાવે તેવા નમુનાની જે એક બુક તે અમલદારે રાખવી જોઇએ તે બુકમાં તેનો સાર નોંધવો.

નાનકાગ્નિઝેબલ મુકદમામાં ખબર કરવા બાબત. ૧૫૫ જ્યારે કોઇ પોલીસ થાણાની હદમાં કોઇ નાનકાગ્નિઝેબલ ગુન્હો કરયાની ખબર જે અમલદારના હવાલામાં તે પોલીસ થાણું હોય તેને આપવામાં આવે ત્યારે તે અમલદારે ઉપર કહ્યા મુજબ એક બુક રાખીને તેમાં સદરહુ ખબરનો સાર નોંધવો અને તે ખબર આપનારને માજીસ્ત્રેટની આગળ જવાનું ફરમાવવું.

નાનકાગ્નિઝેબલમુકદમાની તપાસ. કોઇ નાનકાગ્નિઝેબલ મુકદમાની તપાસ પેહેલા વરગના અથવા બીજા વરગના જે માજિસ્ત્રેટને તે મુકદમાનો ઇનસાફ કરવાનો અથવા ઇનસાફ કરવા સારૂ તે મુકદમો કમિટ કરવાનો અધિકાર હોય તે માજિસ્ત્રેટના અથવા પ્રેસિડેન્સી માજિસતરેટના હુકમ વગર કોઇ પણ પોલીસ અમલદારે કરવી નહી,

જે અમલદારના હવાલામાં પોલીસ થાણું હોય તે અમલદાર જેટલો અધિકાર કાગ્નિઝેબલ મુકદમામાં ચાલાવી શકતો હોય તેટલોજ અધિકાર (વગર વારંટે પકડવાના અધિકાર શિવાય) સદરહુ હુકમ પોંહોંચેથી હરકોઇ પોલીસ અમલદાર તે તપાસના સંબંધમાં ચલાવવાને મુખત્યાર છે.

કાગ્નિઝેબલ મુકદમાની તપાસ. ૧૫૬ કોઇ પોલીસ થાણાની હદ માંહેના સ્થાનિક ક્ષેત્ર ઉપર જે કોરટને હકુમત હોય તે કોરટને ચોકશી અથવા ઇનસાફની જગા સંબંધી ૧૫ મા બાબના ઠરાવો પ્રમાણે જે કાગ્નિઝેબલ મુકદમાની ચોકશી અથવા ઇનસાફ કરવાનો અધિકાર હોય તેવા હરકોઇ કાગ્નિઝેબલ મુકદમાની તપાસ, કોઇ માજિસતરેટના હુકમ વગર કરવાનો અધિકાર સદરહુ પોલીસથાણું જે અમલદારના હવાલામાં હોય તે અમલદારને છે.

સદરહુ પ્રકારના કોઇ પણ મુકદમામાં કોઇ પોલીસ અમલદાર જે કાંઇ કામ ચલાવે તે વિશે, સદરહુ અમલદારને આ કલમ પ્રમાણે તે મુકદમાની તપાસ કરવાનો અધિકાર નહોતો એ સબબ ઉપરથી મુકદમો ચાલતાના દરમિયાન કોઇ પણ વખતે તકરાર ઉઠાવવી નહી.

કાગ્નિઝેબલગુન્હોથયાનોશક આવે ત્યારે કેમ કરવું. ૧૫૭ જે અમલદારના હવાલામાં કોઇ પોલીસ થાણું હોય તે અમલદારને ૧૫૬ મી કલમ પ્રમાણે જે ગુન્હાની તપાસ કરવાનો અધિકાર હોય તે ગુન્હો થયોછે

એ મુજબ તે અમલદારને, ખબર મળ્યા ઉપરથી અથવા બીજી રીતે. શક આણવાનું કારણ હોય, તો જે માજીસ્ત્રેટને પોલીસના રીપોરટ ઉપરથી સદરહુ ગુન્હો સાંભળવાનો અધીકાર હોય તે માજીસ્ત્રેટને તે બાબતનો તાબડતોબ રીપોરટ મોકલવો, અને તે મુકદમાની હકીકતની તથા બીનાની તપાસ કરવા સારૂ, તથા ગુન્હેગારને શોધીકાહાડવા તથા પકડવા માટે જરૂરહોય તેવા ઉપાયો કરવા સારૂ પોતે જાતે તે ઠેકાણે જવું, અથવા પોતાના તાબા માંહેના અમલદારોમાંના એક અમલદારને મોકલવો.

સ્થાનિકતપાસ કરવાની ક્યારે જરૂરનથી.

પણ હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

(અ) જ્યારે સદરહુ પ્રકારનો કોઇ પણ ગુન્હો થયા વિસે કાંઇ પણ ખબર કોઇ શખસનુ નામ લઇને તે શખસની વિરૂદ્ધ આપવામાં આવે અને તે કામ ભારે ન હોય, ત્યારે જે અમલદારના હવાલામાં કોઇ પોલીસ થાણું હોય તેને તે ઠેકાણે તપાસ કરવા સારૂ જાતે જવાની અથવા તાબા માંહેના કોઇઅમલદારને મોકલવાની જરૂર નથી.

જે અમલદારના હવાલામાંથાણું હોયતે અમલદારને તપાસ કરવાનો પુરતો સબબ જાણાય નહીં તો શું કરવું.

(બ) જે અમલદારના હવાલામાં કોઇ પોલીસ થાણું હોય તે અમલદારને જો એમ જણાય કે તપાસ કરવા માંડવાનો કાંઇ પુરતો સબબ નથી, તો તેણે તે મુકદમાની તપાસ કરવી નહીં.

(અ) તથા (બ) રકમોમાં કહેલે દરેએક પ્રસંગે, જે અમલદારના હવાલામાં પોલીસ થાણું હોય તે અમલદારે આ કલમના પહેલા પારેગ્રાફમાં ફરમાવ્યા પ્રમાણે પુરતી રીતે નહીં ચાલવાનાં પોતાનાં કારણ સદરહુ રીપોરટમાં લખવાં.

૧૫૭ મી કલમ પ્રમાણે રીપોરટ કેવી રીતે મોકલવા.

૧૫૮. સ્થાનિક સરકાર ફરમાવે તો ૧૫૭ મી કલમ પ્રમાણે માજીસ્ત્રેટને મોકલવાનો દરેક રીપોરટ સ્થાનિક સરકાર, સામાન્ય અથવા વીસેષ હુકમ કરીને, પોલીસના જે ઉપરી અમલદારને આ બાબત નીમે તે અમલદારની મારફતે મોકલવો.

જે અમલદારના હવાલામાં પોલીસ થાણું હોય તેને સદરહુ ઉપરી અમલદાર પોતાને દુરસ્ત લાગે એવી સમજુત આપવાને મુખત્યાર છે, અને તેણે તે સમજુત સદરહુ રીપોરટ ઉપરલખીને તે માજીસ્ત્રેટને તે રિપોર્ટ વગરઢીલે મોકલી દેવો.

તપાસ કરવાનો અથવા પ્રથમ ચોકસી કરવાનો અધીકાર.

૧૫૯ સદરહુ રિપોર્ટ પોહોંચ્યેથી પોતાને દુરસ્ત લાગે તો આ કાયદામાં ઠરાવેલી રીતે તે કામની તપાસ અથવા પ્રથમ ચોકસી કરવા સારૂ, અથવા બીજી રીતે તે કામની વ્યવસ્થા કરવા સારૂ સદરહુ માજીસ્ત્રેટ તુરત ત્યાં જવાને અ

થવા પોતાના તાબા માંહેના કોઇ માજીસ્ત્રેટને મોકલવાને મુખત્યાર છે.

શાહેદાને હાજર થવાનું ફરમાવવાનો પોલીસ અમલદારનો અધિકાર.

૧૬૦ આ બાબ પ્રમાણે હરકોઇ પોલીસ અમલદાર જે કામની તપાસ કરતો હોય તે કામની હકીકતથી પોતાના થાણાની અથવા કોઇ પાસેના થાણાની હદ માંહેનો ફલાણો શખસ વાકેફ છે એમ, મળેલી ખબર ઉપરથી અથવા બીજી રીતે, તેને જણાય તો તે અમલદાર લેખી હુકમ કરીને તે શખસને પોતાની આગળ હાજર થવાનું ફરવવાને મુખત્યાર છે; અને તે હુકમમાં ફરમાવ્યા પ્રમાણે તે શખસે હાજર થવું જોઇએ.

પોલીસે શાહેદાની જબાની લેવા બાબત

૧૬૧ આ બાબ પ્રમાણે તપાસ કરનાર હરકોઇ પોલીસ અમલદાર તે કામની બાના તથા હકીકતથી ફલાણો શખસ વાકેફ છે એમ ધારવામાં આવે તે શખસની મુખજબાની લેવાને અને એ પ્રમાણે જે શખસની જબાની લેવામાં આવે તે શખસ જે કેહે તે લખી લેવાને મુખત્યાર છે.

સદરહુ કામ સંબંધી જે સવાલોના જવાબ દેતાં પોતાની ઉપર કાંઇ ફોજદારી ગુન્હાનું તોહોમત આવી પડે અથવા કાંઇ દંડ અથવા ગુન્હેગારી આપવી પડે તે સવાલો સિવાય બીજા જે સવાલો પોતાને સદરહુ અમદાર પુછે તે સઘળા સવાલોના ખરા જવાબ સદરહુ શખસે દેવા જોઇએ.

પોલીસને કહેલા મચકુર ઉપર સહી કરવી નહીં અથવા તે પુરાવમાં દાખલ કરવા નહી.

૧૬૨ મરતી વખતે કહેલા મચકુર સીવાય બીજો જે મચકુર આ બાબ પ્રમાણે તપાસ ચાલતી હોય ત્યારે પોલીસ અમલદારને કોઇ પણ સખસે કહયો હોય તેવો કોઇપણ મચકુર લખી લેવામાં આવ્યો હોય તો તે મચકુર કેહનાર શખસે તે ઉપર સહી કરવી નહી અથવા તે તાહમતવાળાની વિરૂદ્ધ પુરાવા તરીકે વાપરવો નહી.

આ કલમ માંહેના કોઇપણ મચકુરથી સન ૧૮૭૨ ના હિંદુસ્તાનના પુરાવાના આક્ટની ૨૭ મી કલમના ઠરાવોને બાધ થાય છે એમ સમજવું નહી.

કાંઇ લાલચ દેખાડવી નહી.

૧૬૩. કોઇ પણ પોલીસ અમલદારે અથવા અધિકારવાળા સખસે સન ૧૮૭૨ ના હિંદુસ્તાનના પુરાવાના આકટની ૨૪ મી કલમમાં કહ્યું છે તેવી કાંઇ પણ લાલચ અથવા ધમકી દેખાડવી નહી અથવા દેખડાવવી નહી અથવા તેવું વચન આપવુ નહી અથવા અપાવવું નહી.

પણ આ બાબ પ્રમાણે કોઇ પણ તપાસ ચાલતી હોય ત્યારે કાંઇ મચકુર પોતાની રાજી ખુશીથી કેહેવાની કોઇ પણ સખસની મરજી હોય તો કાંઇ પણ પોલીસ અમલદારે અથવા બીજા સખસે ચેતવણી આપીને અથવા બીજી રીતે તે શખસને તે મચકુર કેહેતાં અટકાવવો નહી.

કહેલા મચકુર તથા કબુલ કરેલી વાતદફતરમાં

૧૬૪ જે માજીસ્ત્રેટ પોલીસ અમલદાર ન હોય તે માજીસ્ત્રેટ, આ બાબ પ્રમાણે કોઇ તપાસ ચાલતી હોય

દાખલ કરવાનો અધિકાર.

ત્યારે, અથવા પછી પણ ચોકશી અથવા ઇનસાફ શરૂ થતાં પહેલાં કોઇ પણ વખતે પોતાને કહેલો કોઇ પણ મચકુર અથવા પોતાની આગળ કબુલ કરેલી કાંઇ પણ વાત દફતરમાં દાખલ કરવાને મુખત્યાર છે.

પુરાવો દફતરમાં દાખલ કરવા સારૂ આ કાયદામાં આગળ કહેલી રીતોમાંની જે રીત તે કામની હકીકત જોતાં પોતાની નજરમાં ઘણીજ યોગ્ય આવે તે રીતે સદરહુ મચકુરો દફતરમાં દાખલ કરવા. ૩૬૪ મી કલમમમાં ઠરાવેલી રીતે સદરહુ કબુલ કરેલી વાતો દફતરમાં દાખલ કરવી તથા તે ઉપર સહી કરવી, પછી જે માજીસ્ટ્રેટ તે કામની ચોકશી અથવા ઇનસાફ કરવાનો હોય તે માજીસ્ટ્રેટની ઉપર તે કબુલ કરેલી વાતો રવાના કરવી.

સદરહુ પ્રકારની કોઇ પણ કબુલત રાજી ખુશીથી કરવામાં આવી છે એમ, તે તે કબુલ કરનાર શખસને સવાલ પુછ્યા ઉપરથી, માનવાનું કારણ ન હોય તો કોઇ પણ માજીસ્ટ્રેટે તે કબુલત દફતરમાં દાખલ કરવી નહી. અને તે કબુલતની નીચે માજીસ્ટ્રેટે હેઠળ લખ્યા પ્રમાણે ટીપ લખવી:—

“મને લાગે છે કે આ કબુલત રાજી ખુશીથી કરી છે. આ મારી સમક્ષ તથા મારા સાંભળતાં લીધી છે, અને આ કબુલત કરનાર સખસને તે વાંચી સંભળાવી છે, અને તે ખરી છે એવો તેણે અંગીકાર કરયો છે, અને તેણે કહેલા મચકુરનો પુરે પુરો તથા ખરો હેવાલ તેમાં છે.

(સહી) અ. બ.
“માજીસ્ટ્રેટ,”

પોલીસ અમલદારે ઝાડો લેવા બાબત.

૧૬૫ જે અમલદારના હેવામાં કોઇ પોલીસ થાણું હોય તેને અથવા કોઇ પોલીસ અમલદાર તપાસ કરતા હોય તેને જે ગુન્હા બાબત તપાસ કરવાનો અખત્યાર હોય તે ગુન્હાની તપાસ કરવા સારૂ ફલાણો દસ્તાવેજ અથવા બીજી વસ્તુ હાજર થવાની જરૂર છે એમ તે અમલદારની નજરમાં આવે, અને જે સખસને ૯૪ મી કલમ પ્રમાણે સમન અથવા હુકમ મોકલ્યો હોય અથવા મોકલી શકાય તે સખસ તે સમનમાં અથવા હુકમમાં ફરમાવ્યા મુજબ સદરહુ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ હાજર કરશે નહી અથવા નહી કરે એમ માનવાનું કારણ હોય, અથવા સદરહુ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ ફલાણા સખસના કબજામાં છે એવું જાણવામાં ન હોય, ત્યારે ત્યારે જે થાણું પોતાના હવાલામાં હોય અથવા જે થાણામાં તેને નિમ્યો હોય તે થાણાની હદ માંહેની કોઇ પણ જગામાં તેને માટે ઝાડો લેવાને અથવા ઝાડો લેવરાવવાને તે અમલદાર મુખત્યાર છે.

સદરહુ અમલદારે, બની શકે તો, ઝાડો લેવો તે જાતે લેવો.

જો તે ઝાડો તેનાથી જાતે લેવાનું ન બની શકે, અને તે ઝાડો લેવાને બીજો કોઇ પણ લાયક સખસ તે વખતે હાજર ન હોય, તો પોતાના હાથ તળેના કોઇ પણ લાયક અમલદારને તે ઝાડો લેવાનું ફરમાવવાને તે અમલદાર મુખત્યાર છે અને તેણે તે હાથ તળેના અમલદારને એક હુકમ લખીને આપવો, અને કયા દસ્તાવે

જે અથવા બીજી વસ્તુને માટે ઝાડો લેવો છે તે, તથા કઈ જગાનો ઝાડો લેવો છે તે તે હુકમમાં લખવું; અને ત્યાર પછી તે જગામાં તેને માટે ઝાડો લેવાને તે હાથ તળીનો તે અમલદાર મુખત્યાર છે.

ઝાડો લેવાના વારંટો બાબત આ કાયદાના ઠરાવો, આ કલમ પ્રમાણે લીધેલા ઝાડાને, બની શકે તેટલે સુધી લાગુ પડશે.

પોલીસ થાણું જે અમલદારના હવાલામાં હોય તે અમલદાર બીજા તેવા અમલદારને ઝાડો લેવાનું વારંટ કાહાડવાનું ક્યારે ફરમાવવાને મુખત્યાર છે.

૧૬૬ પોલીસનું એક થાણું જે અમલદારના હવાલામાં હોય તે અમલદાર જે કામમાં પોતાના થાણાની હદમાં કાંઇ ઝાડો લેવરાવવાને મુખત્યાર હોય તે કામમાં તેવો ઝાડો કોઈ પણ જગામાં લેવરાવવાનું, પોલીસનું કોઈ બીજું થાણું જે અમલદારના હવાલામાં હોય તે અમલદારને ફરમાવવાને મુખત્યાર છે, પછી તે બીજું થાણું તેજ જીલ્લામાં હોય કે જુદા જીલ્લામાં હોય તોપણ.

સદરહુ પ્રકારના અમલદારને સદરહુ પ્રમાણે ફરમાવ્યું હોય ત્યારે તેણે ૧૬૫ મી કલમના ઠરાવો પ્રમાણે ચાલવું, અને કાંઇ વસ્તુ જડે તો જે અમલદારના ફરમાવ્યાથી ઝાડો લીધો હોય તે અમલદારની ઉપર તેણે તે વસ્તુ મોકલી દેવી.

જ્યારે ચોવીસ કલાકમાં તપાસ પુરી થઇ શકે નહી ત્યારે કેમ કરવું.

૧૬૭ જ્યારે જ્યારે આ બાબ પ્રમાણે કોઇ પણ તપાસ ૬૧ મી કલમથી મુકરર કરેલી ચોવીસ કલાકની મુદતમાં પુરી થઇ શકશે નહી એમ જણાય, અને તોહોમત પાકા પાયાવાળું છે એમ માનવાના સબબ હોય, ત્યારે ત્યારે પોલીસ થાણું જે અમલદારના હવાલામાં હોય તે અમલદારે આ કાયદામાં આગળ ફરમાવેલા રોજનામામાંમાં તે મુકદમા સબંધી કરેલી નોંધની એક નકલ પાસેમાં પાંતુના માજીસ્ત્રેટને તાબડતોબ મોકલવી અને તેજ વખતે તે તોહોમતવાળાને સદરહુ માજીસ્ત્રેટની આગળ મોકલી દેવો.

જે માજીસ્ત્રેટની આગળ આ કલમ પ્રમાણે તોહોમતવાળા સખસને મોકલેલો હોય તે માજીસ્ત્રેટ તે કામનો ઇનસાફ કરવાની પોતાને હકુમત હોય કે નહી તોપણ, તે તોહોમતવાળાને બધી મળીને ૧૫ દીવસની મુદત સુધી પોતાને યોગ્ય લાગે તેવા પેહેરામાં અટકાવી રાખવાનો વખતે વખતે અધિકાર આપવાને મુખત્યાર છે. જો તે કામનો ઇનસાફ કરવાની અથવા ઇનસાફ કરાવવા સારૂ તે કામ કમિટ કરવાની પોતાને હકુમત ન હોય, અને પોતાના વિચારમાં એવું આવે કે તોહોમતવાળાને વધારે વાર અટકાવી રાખવાની જરૂર નથી, તો તે માજીસ્ત્રેટ તેને સદરહુ હકુમતવાળા માજીસ્ત્રેટની પાશે મોકલવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

આ કલમ પ્રમાણે પોલીસના પેહેરામાં અટકાવી રાખવાનો અધિકાર આપનારા માજીસ્ત્રેટે તેમ કરવાનાં પોતાનાં કારણો દફતરમાં લખવાં.

જો તે હુકમ જીલ્લા માજીસ્ત્રેટ અથવા પેટા તુકડી માજીસ્ત્રેટ શિવાય બીજા કોઈ માજીસ્ત્રેટે કર્યો હોય, તો તેણે પોતાનાં હુકમની નકલ તથા તે હુકમ કરવાનાં કારણો, પોતે જે માજીસ્ત્રેટના મતહતાબામાં હોય તે માજીસ્ત્રેટને લખી મોકલવાં.

તાબા માહિના પોલીસ અમલદારે તપાસનો રિપોર્ટ કરવો.

૧૬૮ જ્યારે તાબા માહિના કોઈ પોલીસ અમલદારે આ બાબ મુજબ કાંઈ તપાસ કરી હોય, ત્યારે જે અમલદારના હવાલામાં પોલીસ થાણું હોય તે અમલદારને તેણે તે તપાસના પરિણામનો રિપોર્ટ કરવો.

જ્યારે પેરાવો બરોબર ન હોય ત્યારે તોહોમતવાળાને છુટો કરવો

૧૬૯. તોહોમતવાળાને કોઈ માજીસ્ત્રેટની પાસે મોકલવાનું વાજબી થાય એટલો પુરતો પુરાવો અથવા એવા વાજબી આધારવાળો શક નથી એમ જે અમલદારના હવાલામાં તે પોલીસથાણું હોય તે અમલદારને, આ બાબ પ્રમાણે તપાસ કરયા ઉપરથી જણાયતો જે માજીસ્ત્રેટને પોલીસ રીપોર્ટ ઉપરથી તે ગુન્હો સાંભળવાનો અધિકાર તથા તોહોમતવાળાનો ઇનસાફ કરવાનો અથવા ઇનસાફ થવા સારૂ તેને કમિટ કરવાનો અધિકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટની આગળ હાજર થવાનું ફરમાવવામાં જો અને જ્યારે આવે તો અને ત્યારે હાજર થવા બાબત, સદરહુ અમલદાર ફરમાવે તે મુજબ, જામીનસાથે અથવા જામીન વગર, તે શખસ એક ખત લખી આપે એટલે, જો તે પેહેરામાં હોય તો, તેને તે અમલદારે છુટો કરવો.

જ્યારે પુરાવો પુરતો હોય ત્યારે કામ માજીસ્ત્રેટની પાસે મોકલવું

૧૭૦. ઉપર કહ્યા પ્રમાણે પુરતો પુરાવો અથવા વાજબી આધારવાળો શક છે એમ જે અમલદારના હવાલામાં તે પોલીસ થાણું હોય તે અમલદારને, આ બાબ પ્રમાણે તપાસ કરયા ઉપરથી, જણાય તો જે માજીસ્ત્રેટને પોલીસ રીપોરટ ઉપરથી તે ગુન્હો સાંભળવાનો અધિકાર તથા તોહોમત વાળાનો ઇનસાફ કરવાનો અથવા ઇનસાફ થવા સારૂ તેને કમિટ કરવાનો અધિકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટની પાસે સદરહુ અમલદારે તોહોમતવાળાને પેહેરામાં આપીને મોકલી દેવો; અથવા જો તે ગુન્હો જામીન લઈ શકાય એવો હોય અને તોહોમતવાળો તારણ આપી શકતો હોય તો કોઈ મુકરર દીવશે સદરહુ માજીસ્ત્રેટની આગળ હાજર થવા સારૂ તથા જ્યાં સુધી બીજી રીતે ફરમાવવામાં આવે નહી ત્યાં સુધી સદરહુ માજીસ્ત્રેટની આગળ રોજ રોજ હાજર રેહેવાસારૂ તેના પાસેથી તે અમલદારે તારણ લેવું.

જે અમલદારના હવાલામાં કોઈ પોલીસ થાણું હોય તે અમલદાર જ્યારે આ કલમ પ્રમાણે કોઈ તોહોમત વાળા શખસને માજીસ્ત્રેટની પાસે મોકલે અથવા સદરહુ માજીસ્ત્રેટની આગળ હાજર થવા સારૂ તેની પાસેથી તારણ લે. ત્યારે તે માજીસ્ત્રેટની આગળ જે હથીયાર અથવા બીજી વસ્તુ હાજર કરવાની જરૂર હોય તે પણ તેણે મોકલવાં, અને કોઈ ફરીયાદી હોય તો તેને તથા ફલાણા શખસો તે કામની હકીકતથી વાકેફ છે એમ તે અમલદારને જણાય તેમાંના જેટલાની પોતાને જરૂર લાગે તેટલા શખસોને તોહોમતવાળાની ઉપર મુકેલા તોહોમતનાં કામમાં માજીસ્ત્રેટની આગળ હાજર થવા સારૂ, તથા પ્રસંગ પ્રમાણે. ફરીયાદનું કામ ચલાવવા સારૂ અથવા પુરાવો આપવા સારૂ એક ખત લખી આપવાનું ફરમાવવું.

જો તે ખતમાં જીલ્હા માજીસ્ત્રેટની અથવા પેટા હુકડી માજીસ્ત્રેની કોરટ કહી

હોય તો જે કોરટની પાસે સદરહુ માજીસ્ત્રેટ તે કામ ચોકસી અથવા ઇનસાફ કરવા સારૂ મોકલે તે કોરટનો તેમાં સમાવેશ થાયછે. એવું સમજવુ, પણ એવું ઠરાવ્યુ છે કે આ પ્રમાણે કામ મોકલવાની વાજબી નોટીસ સદરહુ ફરીયાદીને અથવા શખસોને આપવી જોઇએ.

આ કલમ પ્રમાણે મુકરર કરવાનો દાહાડો તોહોમતવાળા શખસ પાસેથી હાજર થવાનું તારણ લીધું હોય તો તેને જે દાહાડે હાજર થવાનું હોય તે દાહાડો. અથવા તે શખસને પેહેરામાં આપીને મોકલવો હોય તો, જે દાહાડે તે માજીસ્ત્રેટની કોરટ આગળ આવી પોહોચવાની તેની વકી હોય તે દાહાડો હોવો જોઇએ.

જે અમલદારની સમક્ષ તે ખત લખી આપ્યું હોય તે અમલદારે તેની એક નકલ જે શખસોએ તે ખત લખી આપ્યું હોય તેમાંના એક જણને આપવી, અને પછી તે અસલ ખતને પોતાના રીપોરટ સાથે માજીસ્ત્રેટ ઉપર મોકલવું.

ફરીયાદીઓને તથા શાહેદાને પોલીસ અમલદારની સાથે જવાનું ફરમાવવું નહીં.

૧૭૧. કોઇ પણ ફરીયાદી અથવા શાહેદ માજીસ્ત્રેટની કોરટમાં જતા હોય ત્યારે રસ્તે તેને કોઇ પોલીસ અમલદારની સાથે જવાનુ ફરમાવવું નહીં,

ફરીયાદીઓને તથા શાહેદાનેપ્રતીબંધ કરવો નહીં.

અથવા કોઇ પણ ફરીયાદીને અથવા શાહેદને નકામો પ્રતિબંધ અથવા અટકાણ કરવી નહીં, અને હાજર થવા બાબત તેનાં પોતાનાં જાત મુચલકા શિવાય કાંઇ બીજું તારણ આપવાનું તેને ફરમાવવું નહીં.

હુકમ નહીં માનનારા ફરિયાદીને અથવા શાહેદને પેહેરામાં આપીને મોકલવાનો અધીકાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે, ૧૭૦ માં કલમમાં ફરમાવ્યા મુજબ અગર કોઇ પણ ફરીયાદી અથવા શાહેદ હાજર થવાની ના કહે અથવા ખત લખી આપવાની ના કહે તો, જે અમલદારના હવાલામાં પોલીસથાણું હોય તે અમલદાર તે ફરીયાદીને અથવા શાહેદને પેહેરામાં આપીને માજીસ્ત્રેટની પાસે મોકલવાને મુખત્યાર છે, અને તે ફરીયાદી અથવા શાહેદ સદરહુ ખત લખી આપે ત્યાં સુધી. અથવા તે કામની સુનાવણી પુરી થાય ત્યાં સુધી, તેને પેહેરામાં અટકારી રાખવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

તપાસમાં ચલાવેલાં કામનું રોજનામું.

૧૭૨ આ બાબ મુજબ તપાસ કરનારા દરેક પોલીસ અમલદારે તે તપાસમાં ચલાવેલું પોતાનું કામ રોજે રોજ એક રોજ નામામાં લખવું તે મધ્યે પોતાની પાસે ખબર કયારે આવી તે વખત પોતે તપાસ કયારે કરવા માંડી તથા કયારે બંધ કરી તે વખત, જે જે જગાએ પોતે જઇ આવ્યો હોય તેઓનાં નામ, તથા પોતે કરેલી તપાસથી જે જે હકીકત માલમ પડી હોય તેની વીગત. એટલી વાત લખવી.

પોતાની આગળ જે મુકદમાની ચોકશી અથવા ઇનસાફ ચાલતો હોય તે મુકદમા બાબત પોલીસનાં રોજનામાં હોય તે રોજનામાં મંગાવવાનો. અને તે રોજનામા તે મુકદમામાં પુરાવા દાખલ નહીં પણ તે ચોકસીમાં અથવા ઇનસાફમાં પોતાને

મદદ મળે એટલા સારૂ વાપરવાનો હરકોઇ ફોજદારી કોરટને અખત્યાર છે. તોહમત વાળાને અથવા તેના મુખત્યારોને તે રોજનામાં મંગાવવાનો હુકનથી અથવા કોરટે તે જોવા લીધાં એટલાજ સબબથી તે જોવાને તોહોમત વાળાને અથવા તેના મુખત્યારોને હક નથી; પણ જે પોલીસ અમલદારે તે રોજનામાં લખ્યાં હોય તેણે પોતાની યાદદાસ્ત તાજી કરવા સારૂ તે કામાં લીધાં હોય; અથવા તે પોલીસ અમલદારને ખોટો પાડવા સારૂ કોરટે તે કામમાં લીધાં હોય, તો સન ૧૮૭૨ ના હીંદુસ્તાનના પુરાવાના આકટની ૧૬૧ મી અથવા ૧૪૫ મી, જેમ હોય તેમ કલમના ઠરાવો લાગુ પડશે.

પોલીસ અમલદારનો રીપોરટ.

૧૭૩ આ બાબ પ્રમાણે દરેક તપાસ નકામી ઢીલ ન કરતાં પુરી કરવી જોઇએ, અને તે પુરી થઇ રહે કે તુરત, જે અમલદારના હવાલામાં તે પોલીસ થાણું હોય તેણે સ્થાનિક સરકારે ફરમાવેલા નમુના મુજબ એક રીપોરટ જે માજીસ્ત્રેટને રીપોરટ ઉપરથી તે ગુન્હો સાંભળવાનો અધીકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટની પાશે મોકલશે. તેમાં પક્ષકારનાં નામ, ખબરનો પ્રકાર, તથા જે શખશો તે મુકદમાની હકીકતથી વાકેફ જણાતા હોય તેઓનાં નામ એ વીગત લખવી, અને તોહોમતવાળાં શખસને પેહેરામાં આપીને મોકલ્યો છે કે તેને તેનાં ખત ઉપરથી છુટો કરયો છે, અને, અગર તેને એ પ્રમાણે છુટો કરયો હોય તો, જામીન સાથે કે જામીન વગર તેમ કરયું છે, તે પણ લખવું.

જ્યારે ૧૫૮ મી કલમ પ્રમાણે કોઇ ઊંચા દરજાના પોલીસ અમલદારને નીમ્યો હોય ત્યારે તે રીપોરટ તેની મારફતે મોકલવો. અને માજીસ્ત્રેટનો હુકમ થતાં સુધી જે અમલદારને હવાલે તે પોલીસ થાણું હોય તે અમલદારને વધારે તપાસ કરવાનું ફરમાવવાને સદરહુ અમલદાર મુખત્યાર છે.

આ કલમ પ્રમાણે મોકલેલા રીપોર્ટ ઉપરથી જ્યારે એમ જણાય કે તોહોમતવાળાને પોતાના ખત ઉપરથી છુટો કરયો છે ત્યારે તે માજીસ્ત્રેટે તે ખત રદ કરવાનો અથવા બીજી રીતનો જે હુકમ તેને વાજબી લાગે તે હુકમ કરવો.

આત્મઘાતવિગરેની ચોકસી કરીને પોલીસે રીપોરટ કરવો.

૧૭૪. જે અમલદારના હવાલામાં કોઇ પોલીસ થાણું હોય તે અમલદારને એવી ખબર મળે કે,—

(અ) કોઇ શખસે આત્મઘાત કરયો છે, અથવા

(બ) કોઇ શખસને કોઇ બીજા શખસે અથવા કોઇ જાનવરે મારી નાખ્યો છે અથવા કોઇ શખસ સંચાથી અથવા અકસ્માતથી મરણ પામ્યો છે, અથવા

(ક) કોઇ શખસ એવી રીતે મરણ પામ્યો છે કે તે ઉપરથી કોઇ બીજા શખસે ગુન્હો કરયાનો વાજબી શક ઉત્પન્ન થાય છે,

એટલે તુરત તે અમલદારે પાસેમાં પાશેના જે માજીસ્ત્રેટને*ઇનકવેસ્ટ ભરવાનો

* કાંઇ પણ ચોકશી અથવા તપાસ વિશેષે કરીને અકસ્માતથી અથવા બીજી રીતે આકસ્મિક મરણ નિપજ્યું હોય ત્યારે.

અધીકાર આપો હોય તે માજીસ્ત્રેટને તે બાબત ખબર આપવી અને સ્થાનિક સરકારે કરેલી કાંઈ પણ કાનુનથી અથવા જીલ્લા માજીસ્ત્રેટના અથવા પેટા ટુકડી માજીસ્ત્રેટના કોઇ પણ સામાન્ય અથવા વિશેષ હુકમથી બીજી રીતે ફરમાવ્યુ ન હોય તો જે જગાએ સદરહુ મરેલા શખસનું મુડદુ હોય તે જગાએ જવું, અને ત્યાં પડોસમાંના બે અથવા વધારે આબરૂદાર રેહેવાશીઓની સમક્ષ તપાસ કરીને મોતનાં દેખઇતાં કારણનો રીપોરટ તઈયાર કરવો, અને તેમાં તે મુડદાં ઉપર જે જખમ, ભાંગેલા અવયવ ચગદાયાની તથા નુકસાનની બીજી નીશાણીઓ માલમ પડે તેનું વરણન કરવુ તથા શી રીતે અથવા કેવાં [જો હોય તો શસ્ત્ર વડે અથવા હથીયાર વડે સદરહુ નિશાણીઓ કરેલી જણાય છે તે લખવું,

તે રીપોરટપર તે પોલીસ અમલદારે તથા બીજા શખસોએ અથવા તેઓમાંના જેટલાનો વીચાર તેમાં લખ્યા પ્રમાણે હોય તેટલાઓએ સહી કરવી, અને પછી તુરત તે રીપોરટ જીલ્લા માજીસ્ત્રેટની પાસે અથવા પેટા ટુકડી માજીસ્ત્રેટની પાશે મોકલી દવો;

જ્યારે મોતના કારણ સબંધી કાંઇ પણ શક હોય, અથવા જ્યારે બીજા કોઇ પણ કારણ સારૂ પોલીસ અમલદાર યોગ્ય ધારતો હોય ત્યારે આ બાબત સ્થાનિક સરકાર જે જે કાનુનો ફરમાવે તે તે કાનુનોને અનુસરીને તે પોલીસ અમલદારે તે મુડદુ પાંશેમાં પાશેના સિવીલ સરજન પાશે તપાસાવવા સારૂ અથવા આ બાબત સ્થાનિક સરકારે બીજા જે વઇદકીય અમલદારને નીમ્યો હોય તે અમલદાર પાશે તપાસાવવા સારૂ મોકલી દવું. પણ હવા તરફ જોતાં તથા કેટલે દુર તે મુડદું મોકલવું છે તેનો વીચાર કરતાં એમ જણાય કે સદરહુ તપાસ નિરૂપયોગી થઇ પડે એવી રીતે તે મુડદુ રસ્તે જતાં જતાં સડી જવાનો ભય નથી તો એ પ્રમાણે મોકલવું

મદ્રાસ ઇલાકામાં તથા મુંબઇ ઇલાકામાં આ કલમ પ્રમાણે તપાસ કરવાનો અધિકાર ગામના મુખીને છે. અને પછી તે મુખીએ પાશેમાં પાશેના જે માજીસ્ત્રેટને ઇનકવેસ્ટ ભરવાનો અધિકાર મળ્યો હોય તે માજીસ્ત્રેટને તે તપાસનાં પરિણામનો રિપોરટ કરવો.

હેઠળ લખેલા માજીસ્ત્રેટોને ઇનકવેસ્ટ ભરવાનો અધિકાર આપ્યો છે; એટલે હર કોઇ જીલ્લા માજીસ્ત્રેટ અથવા પેટાતુકડી માજીસ્ત્રેટ, તથા જે માજીસ્ત્રેટને આ બાબત સ્થાનિક સરકારે અથવા જીલ્લા માજીસ્ત્રેટે વિસેષે કરીને અધિકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટ.

માણસોને બોલાવવાનો અખત્યાર.

૧૭૫. સદરહુ તપાસ કરવા સારૂ ઉપર કહ્યા પ્રમાણે બે અથવા વત્તાં માણસોને, અને તે કામની હકીકતથી બીજુ જે માણસ વાકેફ જણાતું હોય તે માણસને હુકમ લખીને, બોલાવવાનો અખત્યાર જે અમલદારના હવાલામાં કોઇ પોલીસ થાણું હોય તે અમલદારને છે એ પ્રમાણે બોલાવેલો દરએક માણસ હાજર થવાને અને જે સવાલોના જવાબ દેતાં કાંઇ ફોજદારી ગુન્હાનું તેહેમત પોતાની ઉપર આવી પડે અથવા કાંઇ દંડ અથવા ગુન્હેગારી આપવી પડે એવા સવાલો શિવાય બીજા સઘળા સવાલોના ખરા જવાબ દેવાને બંધાએલો છે એમ સમજવું.

એવો કોઇ કાગ્નિઝેબલ ગુન્હો હકીકત ઉપરથી દેખાતો ન હોય કે જેને ૧૭૦

મી કલમ લાગુ પડતી હોય, તો તે માણસને માજીસ્ત્રેતની કોરટમાં હાજર થવાનું તે પોલીસ અમલદારે ફરમાવવું નહી.

મોતના કારણની ચોકશી માજીસ્ત્રેટે કરવી

૧૭૬. જ્યારે કોઇ શખસ પોલીસના હવાલામાં હોય તેવામાં તે મરણ પામે ત્યારે પાસેમાં પાસેના જે માજીસ્ત્રેટને ઇનક્વેસ્ટ ભરવાનો અધિકાર મળ્યો હોય તેણે, તે પોલીસ અમલદારે કરેલી તપાસને બદલે અથવા તે ઉપરાંત મોતનાં કારણની ચોકશી કરવી, અને ૧૭૪ મી કલમની (અ), [બ] અને (ક) રકમોમાં કહેલી બીજી કોઇ પણ બાબતમાં, જે માજીસ્ત્રેટને એ પ્રમાણે અધિકાર મળ્યો હોય તે માજીસ્ત્રેટ તે પોલીસ અમલદારે કરેલી તપાસને બદલે અથવા તે ઉપરાંત મોતના કારણની ચોકશી કરવાને મુખત્યાર છે; અને તે એ પ્રમાણે ચોકશી કરે તો, કોઇ ગુન્હાની ચોકશી કરવા બાબત તેને જેટલો અધિકાર હોય તેટલો સઘળો અધિકાર તેને સદરહુ પ્રકારની ચોકશી કરવા બાબત છે એવું સમજવું; સદરહુ પ્રકારની કોઇ ચોકશી કરનારા માજીસ્ત્રેટે તે ચોકશીના સંબંધમાં પોતે લીધેલો પુરાવો, કામની હકીકત પ્રમાણે, આ કાયદામાં આગળ કહેલી રીતો માંહેની ગમે તે રીતે દફતરમાં દાખલ કરવો.

દાટેલું મુડદુ ખોદી કાઢવાનો અધિકાર

જે સખસનું મુડદું દાટી દીધું હોય તે શખસના મોતનું કારણ શોધી કાહાડવા માટે તેના મુડદાની તપાસ કરવાનું જ્યારે સદરહુ માજીસ્ત્રેટ યોગ્ય ધારે ત્યારે તે મુડદું ખોદી કાહાડાવવાને તથા તેની તપાસ કરાવવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

ભાગ ૬ ઠો.

ચાલેલા મુકદમામાં કામ ચલાવવા બાબત.

બાબ ૧૫ મો.

ચોકશી તથા ઇનસાફ કરવામાં ફોજદારી કોરટોની હકુમત બાબત

અ,—ચોકશી અથવા ઇનસાફ કરવાની જગા.

ચોકશી તથા ઇનસાફ કરવાની મામુલ જગા

૧૭૭. દરેક ગુન્હાની ચોકશી તથા ઇનસાફ જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં તે ગુન્હો કરયો હોય તે કોર્ટે ઘણું કરીને કરવો.

મુકદમાનો ઇનસાફ જુદી સેશન તુકડીયોમાં કરવાનું ફરમાવવાનો અધિકાર.

૧૭૮. ૧૭૭ મી કલમમાં ગમે તે કહ્યું હોય તે છતાં ફલાણા જીલ્લામાં ઇનસાફ કરવા સારૂ કમીટ કરેલા ફલાણા-ફલાણા મુકદમાનો અથવા ફલાણા વરગના મુકદમાનો ઇનસાફ ફલાણી સેશન તુકડીમાં કરવાનો અધિકાર છે એવો હુકમ ફરમાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે વિકટોરીયાની કારકીરદીના ૨૪ મા તથા ૨૫ મા વરસના સ્ટાટયુટના ૧૦૪ થા બાબની ૧૫ મી કલમ પ્રમાણે. અથવા આ કાયદાની ૫૨૬ મી કલમ પ્રમાણે કોઇ હુકમ અગાઉથી કાહાડયો હોય તેની વિરૂદ્ધ સદરહુ

હુકમ હોવો નહી જોઇએ.

જે જીલ્લામાં કૃત્યક રયુ હોય અથવા જે જીલ્લામાં પરિણામ થયું હોય તે જીલ્લામાં તોહમતવાળાનો ઇનસાફ થઇ શકશે.

૧૭૯. કાંઇ વસ્તુ કરવાના સબબથી, અને તેથી કાંઇ પરીણામ થયુ હોય તે સબબથી, કાંઇ ગુન્હો કરવાનું તોહમત કોઇ શખસ ઉપર આવ્યું હોય, ત્યારે જે કોરટની હકુમતની સ્થાનીક હદમાં તે વસ્તુ કરી હોય અથવા તે પરીણામ થયું હોય તે કોરટને તે ગુન્હાની ચોકશી અથવા ઇનસાફ કરવાનો અધીકાર છે.

દ્રષ્ટાંતો

[અ). અ. નામનો શખસ ક્ષ. કોરટની હકુમતની સ્થાનિક હદમાં જખમી થયો અને તે ઝ. કોરટની હકુમતની સ્થાનિક હદમાં મરણ પામ્યો. અ.ના શિક્ષણીય મનુષ્યવધના ગુન્હાની ચોકશી અથવા ઇનસાફ ક્ષ. ને અથવા ઝ. ને કરવાનો અખત્યાર છે.

(બ] અ. નામનો શખસ ક્ષ. કોરટની હકુમતની સ્થાનિક હદમાં જખમી થયો અને દસ દાહાડા સુધી ય. કોરટની હકુમતની સ્થાનિક હદમાં અને બીજા દસ દાહાડા સુધી ઝ. કોરટની હકુમતની સ્થાનિક હદમાં રહયો અને ય. કોરટની કે ઝ. કોરટની હકુમતની સ્થાનિક હદમાં તેનાથી પોતાનો મામુલ ધંધો કરાયો નહી. અ. ને મહાવ્યથા કરવાના ગુન્હાની ચોકશી અથવા ઇનસાફ ક્ષ. ને અથવા ય.ને કરવાનો અખત્યારછે.

[ક) અ. નામના શખસને નુકશાન કરવાનો ભય ક્ષ. કોરટની હકુમતની સ્થાનિક હદમાં ઉત્પન્ન કરયો, અને જે માણસે એને ભય ઉત્પન કરયો તેને તે કારણથી માલ સ્વાધીન કરવાને ય. કોરટની હકુમતની સ્થાનીક હદમાં અ. લલચાયો. અ. ની ઉપર જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરયો તેની ચોકશી તથા ઇનસાફ ક્ષ. ને અથવા ય. ને કરવાનો અખત્યાર છે.

જ્યારે બીજા ગુન્હા સાથે સંબંધ હોવાના સબબથી કાંઇ કૃત્ય ગુન્હો થાય ત્યારે ઇનસાફ કરવાની જગા.

૧૮૦ જે કૃત્ય ગુન્હો હોય અથવા જે કૃત્યનો કરનાર ગુન્હો કરી શકતો હોય તો તે ગુન્હો થાય તેવાં કાંઇ કૃત્યની સાથે સંબંધ હોવાના સબબથી બીજું કાંઇ કૃત્ય પણ ગુન્હો હોય ત્યારે આ છેલા કહેલા ગુન્હાના તોહમતની ચોકશી અથવા ઇનસાફ જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં એ બે માનું ગમે તે કૃત્ય કરયું હોય તે કોરટને કરવાનો અધીકાર છે.

દ્રષ્ટાંતો.

[અ) મદદગારીના તોહમતની ચોકશી અથવા ઇનસાફ જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં મદદગારી કરી તે કોરટને, અથવા મદદગારી કરેલો ગુન્હો જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં કરયો તે કોરટને કરવાનો અધિકારછે

(બ] ચોરીનો માલ લેવાના અથવા રાખવાના તોહમતની ચોકશી અથવા ઇનસાફ, જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં માલ ચોરયો હોય તે કોર્ટનો અથવા તે માલમાંનો કાંઇ પણ માલ જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં

કોઇ પણ વખતે બદ દયાનતથી લીધો અથવા રાખ્યો હોય તે કોરટને કરવાનો અધિકાર છે.

(૬). કોઇ શખસનુ હરણ થયું છે એવું જાણીને તે શખસને ગેરવાજબી રીતે સંતાડવાના તોહોમતની ચોકશી અથવા ઇનસાફ જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં ઘેરવાજબી રીતે સંતાડવાનું કામ બન્યું હોય તે કોરટને અથવા જે કોરટની હકુમતની સ્થાનીક હદમાં તે શખસનું હરણ થયુ હોય તે કોરટને કરવાનો અધિકાર છે.

ઠગ હોવાબાબત અથવા ડાકાઇટોની ટોળીમાં હોવા બાબત અથવા પેહેરામાંથી નાહાશી જવાબાબતવિગેરે

૧૮૧ ઠગ હોવાના, ઠગ થઇને ખુન કરવાના, ડાકાઇટી કરવાના ખુન કરીને ડાકાઇટી કરવાના, ડાકુઈટોની ટોળીમાં હોવાના અથવા પેહેરામાંથી નાહાશી જવાના ગુન્હાની ચોકશી અથવા ઇનસાફ જે કોરટની હકુમતનીસ્થાનિક હદમાં તોહોમતવાળો શખસ હોય તે કોરટને કરવાનો અધિકાર છે.

સાપરાધ ખોટો ઉપયોગતથા સાપરાધ વિશ્વાસઘાત.

સાપરાધ ખોટો ઉપયોગ કરવાના અથવા સાપરાધ વિશ્વાશઘાત કરવાના ગુન્હાની ચોકશી અથવા ઇનસાફ જે મિલકત બાબત તે ગુન્હો કર્યો હોય તે મીલકતનો કોઇ પણ ભાગ જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં તોહોમતવાળા શખશે લીધો હોય તે કોરટને અથવા જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં તે ગુન્હો કર્યો હોય તે કોરટને કરવાનો અધિકાર છે.

ચોરવાબાબત

કંઇ પણ વસ્તુ ચોરવાના ગુન્હાની ચોકશી અથવા ઇનસાફ જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં તે વસ્તુ ચોરી હોય અથવા ચોરના કબજામાં હોય અથવા તે ચોરલી છે એવું જાણ્યા છતાં અથવા એવુ માનવાનું કારણ છતાં તે વસ્તુ લેનારા અથવા રાખનારા કોઇપણ શખસના કબજામાં હોય તે કોરટને કરવાનો અધિકાર છે.

ગુન્હાનુ સ્થળ નક્કી ન થાય ત્યારે.

૧૮૨. ઘણાએક સ્થાનિક ક્ષેત્રોમાંના કયા સ્થાનિક ક્ષેત્રમાં ગુન્હો થયો તેનો નિશ્ચય નહીં હોય ત્યારે, અથવા

અથવા એકજ જીલ્લામાં ગુન્હો થયો ન હોય ત્યારે,

ગુન્હાનો કાંઇક ભાગ એક સ્થાનિક ક્ષેત્રમાં અને કાંઇક ભાગ બીજાં સ્થાનિક ક્ષેત્રમાં થયો હોય ત્યારે, અથવા

અથવા ગુન્હો ચાલુ રેહે તેવો હોય ત્યારે

ગુન્હો ચાલુ રેહે તેવો હોય, અને એક કરતાં વત્તાં સ્થાનિક ક્ષેત્રમાં તે કરવાનું ચાલુ રહેલુ હોય ત્યારે, અથવા

અથવા ઘણાંએક કૃત્યો મળીને ગુન્હો થયો હોય ત્યારે,

જુદાં જુદાં સ્થાનિક ક્ષેત્રોમાં કરેલાં ઘણાંએક કૃત્યો મળીને એક ગુન્હો થયો હોય ત્યારે,

ચોકશી અથવા ઇનસાફ કરવાની જગા.

સદરહુ પ્રકારના ગમે તે સ્થાનિક ક્ષેત્ર ઉપર જે કોરટને હકુમત હોય તે કોરટને તે ગુન્હાની ચોકશી અથવા ઇનસાફ કરવાનો અધિકાર છે.

મુસાફરીમાં કરેલો ગુન્હો.

૧૮૩. કાંઇ ગુન્હો જ્યારે ગુન્હેગાર મુસાફરી અથવા સફર કરતો હોય ત્યારે કરયો હોય તે ગુન્હાની ચોકશી અથવા ઇનસાફ, ગુન્હેગાર અથવા જે શાખસની વિરૂદ્ધ અથવા જે વસ્તુના સંબંધમાં તે ગુન્હો કરયો હોય તે શાખસ અથવા વસ્તુ. એ પ્રત્યેક તે મુસાફરી અથવા સફર કરતાં કરતાં જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં થઇનેઅથવા હદમાંગયાંહોયતેકોરટનેકરવાનો અધિકાર છે.

રેલવે,ટેલેગ્રાફ ટપાલઆફીસતથાલડાઇનાં શસ્ત્ર સંબંધી આકટો ની વિરૂદ્ધ ગુન્હા.

૧૮૪. રેલવે, ટેલેગ્રાફ, ટપાલઆફીસ અથવા લડાઇનાં શસ્ત્ર અને લડાઇના સામાન સંબંધી હરકોઇ ચાલુ કાયદાના ઠરાવો વિરૂદ્ધ સઘળા ગુન્હાઓની ચોકશી તથા ઇનસાફ ઇલાકાના મુખ્ય શેહેરમાં કરવાનો અધિકાર છે, પછી તે ગુન્હો સદરહુ શેહેર માંહે કરેલો છે એવું જણાવ્યું હોય કે નહી હોય તોપણ; પણ એવું ઠરાવ્યું છે કે ગુન્હેગાર તથા તેની ઉપર મુકરદમો ચલાવવા માટે જરૂરના સઘળા શાહેદો સદરહુ શેહેરમાં માલમ પડવા જોઇએ

કયાજીલ્લામાંચોકશી અથવા ઇનસાફ કરવો તે;સંસયને પ્રસંગે, હાઇકોરટે ઠરાવવું,

૧૮૫ જ્યારે જ્યારે ફલાણા ગુન્હાની ચોકશી અથવા ઇનસાફ આ બાબમાં પાછળ કહેલા ઠરાવો પ્રમાણે કઇ કોરટે કરવો તે બાબત કાંઇ પણ સંસય પડે, ત્યારે ત્યારે જે હાઇ કોરટની અપેલેન્ટ ફોજદારી હકુમતની સ્થાનિક હદમાં ગુન્હેગાર ખરેખર હોય તે હાઇકોર્ટ તે ગેન્હાની ચોકશી અથવા ઇનસાફ કઇ કોરટે કરવો તે ઠરાવવાને મુખતયાર છે.

બ્રિટિશ બરમામા જ્યારેગુન્હેગાર રાણીની વિલાયતી રઇયત હોય ત્યારે રંગુનનો રીકાર્ડર, અને બીજે સઘળે પ્રસંગે, જુડીશિયલ કમીશનર આ કલમનાં કારણો સારૂ હાઇ કોરટ છે એમ સમજવું.

સ્થનિક હકુમતની બાહાર કરેલા ગુન્હા સારૂ સમન અથવા વારંટકાહડવાઅધિકાર

૧૮૬ જ્યારે કોઇ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટને જીલ્લા માજીસ્ત્રેટને કોઇ પેટા ટુકડી માજીસરેટને અથવા પેહેલા વરગના જે માજીસતરેટને સ્થાનિક સરકારે આ બાબત વિશેષે કરીને અધિકાર આપ્યો હોય તે માજીસતરેટને એવું માનવાનું કારણ જણાય કે પોતાની હકુમતની સ્થાનીક હદ માંહેના કોઇ પણ શાખશે સદરહુ હદની બાહારે (પછી બ્રિટિશઇંડિયાની અંદર કે બાહાર) એવો કોઇ ગુન્હો કરયો છે કે જેની ચોકશી અથવા ઇનસાફ ૧૭૭ થી ૧૮૪ સુધીની કલમો [એ બને કલમો શુદ્ધાં) કલમો ના ઠરાવો પ્રમાણે, અથવાબીજા હરકોઇ ચાલુ કાયદા પ્રમાણે સદરહુ હદની અંદર થઇ શકે એમ નથી, પણ જેનો ઇનસાફ કોઇ ચાલુ કાયદા પ્રમાણે બ્રિટિશઇંડિયામાં થઇ શકે એમ છે ત્યારે તેગુન્હો જાણે સદરહુ હદમાં. થયો હોય એવી રીતે તેની ચોકશી કરવાને તથા સદરહુ શાખસને પોતાની આગળ હાજર થવાની આ કાયદામાં પાછળ ઠરાવેલી રીતે જરૂર પાડવાને તથા સદરહુ ગુન્હાની ચોકશી અથવા ઇનસાફ કરવાની હકુમત જે માજીસરેટને હોય તે માજીસતરેટની પાસે તે શાખસને મોકલવાને, અથવા, સદરહુ ગુન્હોજામીનૂ

પકડયા પછીમાજીસરેટે કેમ કરવું.

થઇ શકાય એવો હોય તો, સદરહુ માજીસ્ત્રેટની આગળ હાજર થવા સારૂ તેની પાસેથી જામીન સાથે કે વગર જામીને ખત લેવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

જ્યારે સદરહુ હુકુમતવાળા એક કરતાં વધારે માજીસ્ત્રેટો હોય અને સદરહુ શખસને કયા માજીસ્ત્રેટની પાસે મોકલવો, અથવા કયા માજીસ્ત્રેટની આગળ હાજર થવા સારૂ બાંધી લેવો, તે બાબત આ કલમ પ્રમાણે ચાલનારા માજીસ્ત્રેટની ખાત્રી થાય નહીં, ત્યારે હુકમ મળવા માટે હાઇકોરટને તે કામનો રીપોર્ટ કરવો.

તાબા માંહેના માજીસ્ત્રેટે વારંટ કહાડયું હોય ત્યારે કેમ કરવું.

૧૮૭. ૧૮૬ મી કલમ પ્રમાણે કોઇ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા જીલ્હા માજીસ્ત્રેટ શિવાય બીજા કોઇ માજીસ્ત્રેટે કાહાડેલા વારંટ ઉપરથી જો તે શખસને પકડવામાં આવ્યો હોય, તો સદરહુ માજીસ્ત્રેટે તે શખસને જે જીલ્હા માજીસ્ત્રેટના તાબામાં પોતે હોય તે જીલ્હા માજીસ્ત્રેટને મોકલવો, પણ તેવા ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ કરવાની જે માજીસ્ત્રેટને હુકુમત હોય તે માજીસ્ત્રેટે જો તે શખસને પકડવા માટે પોતાનું વારંટ કહાડયું હોય, તો તે પકડેલા શખસને જે પોલીસ અમલદાર તે વારંટ બજાવતો હોય તે પોલીસ અમલદારને હવાલે કરવો. અથવા જે માજીસ્ત્રેટે તે વારંટ કહાડયું હોય તેની પાસે મોકલવો.

જો તે પકડેલા શખસે જે ગુન્હો કરયાનું કહેવામાં આવ્યું હોય અથવા કરયાનો શક આવ્યો હોય તે ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ તેજ જીલ્લામાં ૧૮૬ મી કલમ પ્રમાણે ચાલનારા માજીસ્ત્રેટની કોરટ શીવાય બીજી કોઇ ફોજદારી કોરટને કરવાનો અધીકાર હોય, તો સદરહુ માજીસ્ત્રેટે તે શખસને સદરહુ કોરટની પાસે મોકલવો.

બ્રિટિશ ઇંડિયાની બહાર કરેલા ગુન્હા બાબત બ્રિટિશ રઇયતની જવાબદારી.

૧૮૮. જ્યારે રાણીની કોઇ વીલાયતી રઇયત હિંદુસ્તાન માંહેના અને મલિકા માઆઝમાની સાથે મૈત્રી રાખનારા કોઇ રાજાના અથવા સંસ્થાનના મુલકોમાં કાંઇ ગુન્હો કરે. અથવા.

જ્યારે મલીકા માઆઝમાની હિંદુસ્તાન માંહેની કોઇ દેશી રઇયત બ્રિટિશ ઇંડિયાની હદની બાહાર કોઇ પણ જગાએ કાંઇ ગુન્હો કરે,

ત્યારે બ્રિટિશ ઇંડિયા માંહેની જે જગાએ તે રઇયત જડી આવે તે જગાએ જાણે તે ગુન્હો કરયો છે એવી રીતે. તે ગુન્હા સંબંધી તેની તજવીજ કરવાનો અધિકાર છે.

તોહોમતબાબત ચોકશી કરવાની યોગ્યતા સંબંધી પોલિટીકલ એજંટે દાખલો આપવો.

પણ એવુ ઠરાવ્યું છે કે જે મુલકમાં સદરહુ પ્રકારનો કોઇ પણ ગુન્હો કરયાનું કહેવામાં આવ્યું હોય તે મુલકમાં કોઇ પોલીટીકલ એજંટ હોય તો તેના મત પ્રમાણે તે તોહોમતની ચોકશી બ્રિટિશ ઇંડિયાંમાં કરવી જોઇએ એવો દાખલો તે આપે નહીં તો સદરહુ ગુન્હા સંબંધી કોઇ પણ તોહોમતની ચોકશી બ્રિટિશ ઇંડિયામાં કરવી નહી;

વળી એવું પણ ઠરાવ્યું છે કે આ કલમ પ્રમાણે કોઇ પણ શખસની ઉપર કાંઇ પણ કામ ચલાવ્યું હોય તેથી, જો તેજ ગુન્હો બ્રિટિશ ઇંડિયામાં કરયો હોત તો

તે ગુન્હા બાબત સદરહુ શખસની ઉપર પછીથી કામ ચલાવતાં જેમ અટકાવ થાત તેમજ સદરહુ ચલાવેલા કામથી બ્રિટિશ ઇંડિયાની હદની બાહાર કોઇ પણ મુલક માં તેજ ગુન્હા સંબંધી સન ૧૮૭૯ ના પરરાજ માંહેની હકુમત બાબતના અને ગુન્હેગારો સ્વાધીન કરવા બાબતના આકટ પ્રમાણે આગળ બાબતું કામ ચલાવતાં અટકાવ થશે એમ સમજવું.

જબાનીની તથા રજુ કરેલા કાગળોની નકલો પુરાવામાં લેવાનું ફરમાવવાનો અખત્યાર

૧૮૯. જ્યારે જ્યારે ૧૮૮ મી કલમમાં કહેલા કોઇ પણ ગુન્હાની ચોકશી અથવા ઇનસાફ ચાલતો હોય ત્યારે ત્યારે, સ્થાનિક સરકારને યોગ્ય લાગે તો જે મુલકમાં સદરહુ ગુન્હો કર્યાનું કહેવામાં આવ્યું હોય તે મુલકમાંના અથવા તે મુલકના પોલીટીકલ એજંટ અથવા કોઇ જ્યુડિશિયલ (ન્યાય ખાતાના) અમલદારની આગળ આપેલી જબાની અથવા રજુ કરેલા કાગળો જે બાબતો સાથે સંબંધ રાખતા હોય તે બાબતો સંબંધી પુરાવો લેવા સારૂ સદરહુ ચોકશી અથવા ઇનસાફ કરનારી કોરટ જે પ્રસંગે કમીશન કાહાડી શકે તે પ્રસંગે સદરહુ જબાનીની અથવા રજુ કરેલા કાગળોની નકલો સદરહુ કોરટે પુરાવા દાખલ લેવી એવું સ્થાનીક સરકાર ફરમાવવાને મુખત્યાર છે.

"પોલિટીકલ એજંટ" આ શબ્દોની વ્યાખ્યા.

૧૯૦. ૧૮૮ મી તથા ૧૮૯ મી કલમમાં "પોલિટિકલ એજંટ" આ શબ્દોનો અરથ હેઠળ લખ્યા પ્રમાણે છે અને તે શબ્દોમાં હેઠળ લખેલા અમલદારોનો સમાસ થાય છે.

(અ] બ્રિટિશ ઇંડિયાની હદ બહારના કોઇ મુલકમાં હિંદુસ્તાનની બ્રિટિશ સરકારની તરફથી મુખ્ય અમલદાર હોય તે અમલદાર;

(બ] જે મુલક બ્રિટિશ ઇંડિયાનો ભાગ નહીં હોય તે મુલકમાં સન ૧૮૭૯ ના પરરાજ માંહેની હકુમત બાબતના અને ગુન્હેગારો સ્વાધિન કરવા બાબતના આકટ પ્રમાણે પોલિટીકલ એજંટના સઘળા અથવા હરકોઇ અખિકાર ચલાવવાને ગવરનર જનરલ ઇન કાંઉનસીલે અથવા મદ્રાસ અથવા મુંબઇ ઇલાકાના ગવરનર ઇન કાંઉન્સીલે બ્રિટિશ ઇંડિયા માંહેનો કોઇ અમલદાર નિમ્યો હશે તે અમલદાર.

ઘ.—કામ ચલાવવા માટે જે શરતો અવશ્ય છે તે.

માજીસ્ત્રેટોએ ગુન્હા સાંભળવા બાબત.

૧૯૧. આ કાયદામાં આગળ ઠરાવ્યું છે તે શિવાય હરકોઇ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ, જીલ્લા માજીસ્ત્રેટ, પેટા તુકડી માજીસ્ત્રેટ, અને બીજા જે માજીસ્ત્રેટને આ બાબત વિશેષે કરીને અખિકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટ હેઠળ લખ્યા પ્રમાણે હરકોઇ ગુન્હો સાંભળવાને મુખત્યાર છે.

(અ) જે હકીકતનો સદરહુ ગુન્હો બનેલો હોય તે હકીકતની ફરીયાદ આવ્યા ઉપરથી

(બ) સદરહુ હકીકત વિશે કોઇ પોલીસ રિપોર્ટ ઉપરથી;

[ક] પોલીસ અમલદાર શિવાય બીજા કોઇ પણ શખસ પાસેથી ખબર મળ્યા ઉપરથી, અથવા સદરહુ ગુન્હો થયો છે એવું પોતેજ જાણ્યા ઉપરથી અથવા એવો પોતાનેજ શક આવ્યા ઉપરથી

જે માજીસ્ત્રેટને જે ગુન્હાઓનો ઇનસાફ કરવાનો અથવા ઇનસાફ થવા સારૂ કમિટ કરવાનો અધિકાર હોય તે માજીસ્ત્રેટને તે ગુન્હા રકમ (અ) પ્રમાણે અથવા રકમ (બ) પ્રમાણે સાંભળવાનો અધિકાર સ્થાનિક સરકાર, અથવા સ્થાનિક સરકારના સામાન્ય અથવા વીશેષ હુકમને અનુસરીને જીલ્હા માજીસ્ત્રેટ આપવાને મુખત્યાર છે

પહેલા અથવા બીજા વરગના જે માજીસ્ત્રેટને જે ગુન્હાઓનો ઇનસાફ કરવાને અથવા ઇનસાફ થવા સારૂ કમિટ કરવાનો અધિકાર હોય તે માજીસ્ત્રેટને તે ગુન્હા રકમ (ક) પ્રમાણે સાંભળવાનો અધિકાર સ્થાનીક સરકાર આપવાને મુખત્યાર છે.

માજીસ્ત્રેટોએ મુકદમા બીજાની પાસે મોકલવા બાબત.

૧૯૨: જે મુકદમો પોતે હાથમાં લીધો હોય તે મુકદમાની ચોકશી અથવા ઇનસાફ કરવા સારૂ પોતાના તાબામાં હેના હરકોઇ માજીસ્ત્રેટની પાસે તે મુકદમો મોકલવાને હરકોઇ જીલ્લા માજીસ્ત્રેટ અથવા પેટાહુકડી માજીસ્ત્રેટ મુખત્યાર છે.

પેહેલા વરગના જે માજીસ્ત્રેટે જે મુકદમો હાથમાં લીધો હોય તે માજીસ્ત્રેટને તે મુકદમો પોતાના જીલ્લામાંનો બીજો વિશેષ કરીને કહેલો જે કોઇ માજીસ્ત્રેટ આ કાયદા પ્રમાણે તે તોહોમતવાળાનો ઇનસાફ કરવાને અથવા ઇનસાફ થવાસારૂ કમિટ કરવાને લાયક હોય, તે માજીસ્ત્રેટની પાસે ચોકશી અથવા ઇનસાફ કરવાસારૂ મોકલવાનો અધિકાર આપવાને હરકોઇ જીલ્લા માજીસ્ત્રેટ મુખત્યાર છે; અને તે મુજબ સદરહુ માજીસ્ત્રેટને તે મુકદમાની વ્યવસ્થા કરવાનો અધિકાર છે.

સેસન કોરટોએ ગુન્હા સાંભળવા બાબત.

૧૯૩. આ કાયદાથી અથવા બીજા હરકોઇ ચાલુ કાયદાથી બીજી રીતે સ્પષ્ટ ઠરાવ કરયા હોય તે શિવાય કોઇ યોગ્ય અધીકારવાળા માજીસ્ત્રેટે તોહોમતવાળા શખસને કમિટ કરયા વગર કોઇ પણ શેસન કોરટે અસલ હકુમતની કોરટ દાખલ કોઇપણ ગુન્હો સાંભળવો નહીં.

આડીશનલ સેસન જડજોએ અને જાઇન્ટ સેસન જડજોએ ઇનસાફ કરવાના મુકદમા.

આડિશનલ સેસન જડજોએ તથા જાઇન્ટ સેસન જડજોએ ફક્ત જે મુકદમાના ઇનસાફ કરવાનું સ્થાનિક સરકાર સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને તેને ફરમાવે અથવા જે મુકદમા તે ટુકડીના સેસન જડજ ઇનસાફ કરવા સારૂ તેને સોંપે તેવાજ મુકદમાનો ઇનસાફ કરવો.

આસિસ્ટન્ટ સેસન જડજોએ [ઇનસાફ કરવાના મુકદમા.]

આસિસ્ટંટ સેસન જડજોએ ફક્ત જે મુકદમા ટુકડીના શેસન જડજ ઇનસાફ કરવા સારૂ પોતાને સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને સોંપે તેવાજ મુકદમાનો ઇનસાફ કરવો.

હાઇકોરટે ગુન્હા સાંભળવા બાબત.

૧૯૪ હાઇકોરટે હરકોઇ ગુન્હો આ કાયદામાં આગળ ઠરાવેલી રીતે પોતાને ત્યાં કમિટ કરયા ઉપરથી સાંભળવાને મુખત્યાર છે.

વિક્ટોરિયારાણીની કારકિરદીના ચોવીસમા તથા પચીસમા વરસના સ્ટાટયુટના ૧૦૪થા બાબ પ્રમાણે આપેલા હરકોઇ લેટર્સપેટન્ટના ઠરાવોને આ કલમ માંહેના કોઇપણ મજકુરથી બાધ થાયછે એવું સમજવું નહીં.

સરકારી નોકરોના

૧૯૫.—[અ) હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૭૨થી

કાયદેસર અખત્યારના તીરસ્કારબાબત ફરીયાદનું કામ ચલાવવું.

૧૮૮ સુધીની કલમો (એ બને કલમો સુદ્ધાં) પ્રમાણે શિક્ષા કરવા લાયક કોઇ પણ ગુન્હો, જે સરકારી નોકરનું લાગતું વળગતુ હોય તેની અથવા તે જે સરકારી નોકરના તાબામાં હોય તેની પ્રથમ મંજુરીયત લીધા વગર અથવા તેની ફરીયાદ વગર, કોઇ પણ કોરટે સાંભળવો નહી;

સરકારી ઇનસાફની વિરૂદ્ધ કેટલાએક ગુન્હાઓ બાબત ફરીયાદનું કામ ચલવવું.

[ખ] સદરહુ કાયદાની ૧૯૩ મી, ૧૯૪ મી, ૧૯૫મી ૧૯૬ મી, ૧૯૯ મી, ૨૦૦ મી; ૨૦૫ મી, ૨૦૬ ઠી, ૨૦૭ મી, ૨૦૮ મી, ૨૦૯ મી, ૨૧૦ મી, ૨૧૧ મી, અથવા ૨૨૮ મી કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક કોઇ પણ ગુન્હો; જ્યારે તે હરકોઇ કોરટમાં ચાલેલાં હરકોઇ કામમાં અથવા કામના સંબંધમાં કરયો હોય ત્યારે, તે કોરટની અથવા બીજી જે કોરટના તાબામાં તે કોરટ હોય તેની, પ્રથમ મંજુરીયત લીધા વગર, અથવા તેની ફરીયાદ વગર કોઇ પણ કોરટે સાંભળવો નહી.

પુરાવાંમાં આપેલા દસ્તાવેજો સંબંધી કેટલાએક ગુન્હા બાબત ફરીયાદનુંકામચલાવવું.

(ક) સદરહુ કાયદાની ૪૬૩ મી કલમમાં વરણવેલો અથવા ૪૭૧ મી. ૪૭૫ મી, અથવા ૪૭૬ મી કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક કોઇ પણ ગુન્હો જ્યારે તે હરકોઇ કોરટમાં હરકોઇ કામના કોઇ પક્ષકારે તે કામમાં પુરાવામાં આપેલા કોઇ દસ્તાવેજના સંબંધમાં કરયો હોય, ત્યારે તે કોરટની, અથવા બીજી જે કોરટના તાબામાં તે કોરટ હોય તે કોરટની પ્રથમ મંજુરીયત લીધા વગર "અથવા તેની ફરીયાદ વગર કોઇ પણ કોરટે સાંભળવો નહી.

મંજુરીયત કેવા પ્રકારની જોઇએ.

આ કલમમાં સુચવેલી મંજુરીયત મોઘમ રીતે આપવાનો અખત્યાર છે, અને તેમાં તોહોમત વાળા શખસનું નામ લખવાની જરૂર નથી; પણ, બની શકે તેટલે સુધી જે કોરટમાં અથવા બીજી જગામાં, અને જે પ્રસંગે તે ગુન્હો કરયો હોય તે કોરટ અથવા જગા, અને તે પ્રસંગ એ વિશેષે કરીને તેમાં જણાવવા.

જ્યારે આ કલમમાં સુચવેલા હરકોઇ ગુન્હાના સંબંધમાં મંજુરીયત આપી હોય ત્યારે તે મુકદમો સાંભળનારી કોરટને સદરહુ પ્રમાણે સુચવેલો બીજો જે ગુન્હો હકીકત ઉપરથી જણાઇ આવે તે ગુન્હાનું તોહોમતનામું તઇયાર કરવાનો અધીકાર છે,

જે મંજુરીયત આ કલમ પ્રમાણે આપી હોય અથવા આપવાની ના કહી હોય તે મંજુરીયત રદ કરવાનો અથવા આપવાનો અખત્યાર જે અધિકારીના તાબામાં તે મંજુરીયત આપનારો અથવા આપવાની ના કેહેનારો અધિકારી હોય તે અધિકારીને છે; અને જે તારીખે સદરહુ પ્રકારની કોઇ પણ મંજુરીયત આપી હશે તે તારીખથી છ મહીના કરતાં વત્તી મુદત સુધી તે મંજુરીયત અમલમાં રેહેશે નહી.

આ કલમના કારણો સારૂ સ્માલકાજ કોરટ શિવાય બીજી દરેક કોરટ, ફકત જે કોરટમાં તેની ઉપર અપીલો વગેરે કરીને ચાલી શકતી હોય તે કોરટના તાબા

માં છે એવું સમજવું.

ઇલાકાના મુખ્ય શેહેરો માંહેની સ્માલકાજ કોરટો હાઇ કોરટના તાબામાં છે, એવું સમજવું; અને બીજી દરેક સ્માલકાજ કોરટ, જે શેશન તુકડીમાં તે કોરટ આવેલી હોય તે શેશન તુકડીની સેશન કોરટના તાબામાં છે એવું સમજવું.

રાજ્ય વિરૂદ્ધ ગુન્હાબાબત ફરીયાદનું કામ ચલાવવુ,

૧૯૬ હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૨૭ મી કલમ શિવાય ૬ ઠા બાબ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો અથવા તેજ કાયદાની કલમ ૨૯૪ અ. પ્રમાણે શિક્ષા થઇ શકે એવો કોઇ પણ ગુન્હો ગવરનર જનરલ ઇન કૌંસીલના અથવા સ્થાનિક સરકારના અથવા જે અમલદારને ગવરનર જનરલ ઇન કોંઉસીલે આ બાબત અધિકાર આપ્યો હોય તે અમલદારના હુકમથી અથવા અખત્યારથી ફરીયાદ કરયા વગર કોઇપણ કોરટે સાંભળવો નહી.

જડજો તથા સરકારી નોકરો ઉપર ફરીયાદનું કામ ચલવવુ

૧૯૭ ઇંડિયા સરકારની અથવા સ્થાનિક સરકારની મંજુરીયત વગર પોતાના હોદા ઉપરથી ખશેડી ન શકાય એવા હરકોઇ જડજની ઉપર અથવા એવા હરકોઇ સરકારી નોકરની ઉપર તે સદરહુ પ્રકારનો જડજ છે અથવા સરકારી નોકર છે તે સબબથી કોઇ ગુન્હાનું તોહમત મુકવામાં આવે ત્યારે તેને ખશેડવાનો હુકમ કરવાનો જે સરકારને અધિકાર હોય તે સરકારની અગાઉથી મંજુરીયત લીધા વગર અથવા એવી મંજુરીયત આપવા બાબત જે અમલદારને તે સરકારે અધિકાર આપ્યોહોય તે અમલદારની અથવા જે કોરટના અથવા બીજા અધીકારીના તાબામાં સદરહુ જડજ અથવા સરકારી નોકર હોય અને સદરહુ મંજુરીયત આપવાના જેના અધીકારની સદરહુ સરકારે મરીયાદા કરી ન હોય તે કોરટની અથવા બીજા અધીકારીનીઅગાઉથી મંજુરીયત લીધા વગર કોઇ પણ કોરટે તે ગુન્હો સાંભળવો નહી.

ફરીયાદનું કામ ચલાવવા બાબત સરકારનો અધિકાર.

ક્યા સખસે તથા કઇ રીતે સદરહુ જડજ અથવા સરકારી નોકરની ઉપર ફરીયાદનું કામ ચલાવવું તે નક્કી કરવાને, તથા જે કોરટની આગળ ઇનસાફ કરાવવો હોય તે કોરટ વિશેષે કરીને જણાવવાને સદરહુ સરકાર મુખત્યાર છે.

કરાર તોડવા બાબત, આબરૂ લેવા બાબત અને લગ્ન વિરૂદ્ધ ગુન્હા બાબતફરીયાદનું કામ ચલાવવું.

૧૯૮, જે ગુન્હો હિંદુસ્તાનના ફોજદારી કાયદાના ૧૯ મા અથવા ૨૧ મા બાબમાં અથવા તેજ કાયદાની ૪૯૩ થી ૪૯૬ સુધીની (એ બંને કલમો સુધાં) કલમોમાં આવતો હોય તે ગુન્હાથી જે સખસને નુકશાન પોંહોચ્યું હોય તે સખસે કરેલી ફરીયાદ વગર કોઇ પણ કોરટે તે ગુન્હો સાંભળવો નહી.

છિનાળા બાબત અથવા પરણેલી સ્ત્રી ફોસલાવી જવાબાબતફરીયાદનું કામ ચલાવવુ.

૧૯૯. હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૯૭ મી અથવા ૪૯૮ મી કલમ મુજબના કોઇ ગુન્હા બાબત, તે સ્ત્રીના ધણીએ, અથવા તેની ગેરહાજરીમાં, તેની તરફથી જે સખસના હવાલામાં સદરહુ સ્ત્રી તે ગુન્હો કરતા

માં આવ્યો તે વખતે હોય તે સખસે ફરીયાદ ન કરી હોય, તો કોઇ પણ કોરટે તે ગુન્હો સાંભળવો નહી.

ભાગ ૧૬ મો.

માજીસ્ત્રેટોને ફરિયાદ કરવા બાબત

ફરીયાદની જબાની લેવા બાબત.

૨૦૦ ફરીયાદ ઉપરથી કોઇ ગુન્હો સાંભળનારા માજીસ્ત્રેટે તુરત ફરીયાદીની કસમ ઉપર જબાની લેવી અને તે જબાની નો સાર લખી લેવો તથા તે ઉપર ફરીયાદીએ અને માજીસ્ત્રેટે પણ સહી કરવી

પણ હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.–

(અ) જ્યારે ફરીયાદ લખીને કરવામાં આવે ત્યારે આ કલમ માંહેના કોઇ પણ મજકુરથી, ૧૯૨ મી કલમ પ્રમાણે તે મુકદમો બીજાની પાસે મોકલતાં પેહલાં કોઇ માજીસ્ત્રેટને ફરીયાદીની જબાની લેવાની જરૂર છે એવું સમજવું નહી.

(બ) જ્યારે માજીસ્ત્રેટ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ હોય; ત્યારે દરેક મુકદમામાં તે માજીસ્ત્રેટ દુરસ્ત ધારે તે પ્રમાણે સદરહુ જુબાની કસમ ઉપર અથવા તે વગર લેવાનો અધિકાર છે પણ પોતે દુરસ્ત ધારે તો; ફરીયાદની બાબત પોતાની આગળ આણતાં પેહલાં, તે માજીસ્ત્રેટ તે બાબત લખી આપવાનું ફરમાવવાને મુખત્યાર છે.

(ક) જ્યારે તે મુકદમો ૧૯૧ મી કલમ પ્રમાણે કોઇ બીજા પાસે મોકલવામાં આવ્યો હોય અને આ પ્રમાણે મોકલનારે માજીસ્ત્રેટ ફરીયાદીની જુબાની લઇ ચુક્યો હોય ત્યારે જે માજીસ્ત્રેટની પાસે તે મુકદમો મોકલવામાં આવ્યો હોય તે માજીસ્ત્રેટ ફરીયાદીની ફરીથી જબાની લેવાને બંધાયલો નથી.

જે માજીસ્ત્રેટને ફરીયાદ લેવાનો અધીકાર ન હોય તેણેશું કરવું.

૨૦૧. જો તે ફરીયાદ લખીને કરી હોય અને તે મુકદમો સાંભળવાનો માજીસ્ત્રેટને અધિકાર ન હોય તો, તેણે તે ફરીયાદ યોગ્ય કોરટની આગળ રજુ કરવા સારૂ પાછી આપવી અને તેની ઉપર તે મતલબનો શેરો લખવો.

પ્રોસેસ કહાડવાનું મુલતવી રાખવું.

૨૦૨ બીજી પ્રેસિડેન્સી માજીસ્ત્રેટને અથવા બીજા જે પ્રેસિડેન્સી માજીસ્ત્રેટને લોકલ સરકાર આ બાબત વખતે વખત અધિકાર આપે તે પ્રેસિડેન્સી માજીસ્ત્રેટને અથવા પેહેલા અથવા બીજા વરગના માજીસ્ત્રેટને જે ગુન્હો સાંભળવાનો જેને અધિકાર હોય તે ગુન્હાની ફરીયાદનાં ખરા પણા બાબત શક આણવાનું કારણ જણાય, તો ફરીયાદીની જબાની લીધા પછી તે ફરીયાદના ખરા પણા બાબત શક આણવાનાં પોતાનાં કારણ દફતરમાં દાખલ કરવાને અને પછી જે શખસની ઉપર ફરીયાદ થઇ હોય તે શખસને હાજર થવાની જરૂર પાડવા માટે પ્રોસેસ કહાડવાનું મુલતવી રાખવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે, અને ફરિયાદનું ખરાપણું અથવા ખોટાપણું નકી કરવા સારૂ માજીસ્ત્રેટ તે મુકદમાની પોતાની જાતે ચોકસી કરવાને અથવા પોતાના તાબા માંહેના હરકોઇ અમલદારને અથવા કોઇ પોલીસ અમલદારની મારફતે અથવા પોતે યોગ્ય ધારે એવા બીજા જે શખસ માજીસ્ત્રેટ અથવા પોલીસ

અમલદારને ન હોય, તે શખસને પ્રથમ સ્થાનિક તપાસ કરવાનું ફરમાવવાને મુખત્યાર છે.

જે સખસ માજીસ્ત્રેટ અથવા પોલીસ અમલદાર ન હોય તેવો કોઈ શખસ સદરહુ તપાસ કરે તો જે અમલદારના હવાલામાં પોલીસ થાણું હોય તે અમલદારને આ કાયદાથી આપેલા સઘળા અધીકાર તે શખસે ચલાવવા, પણ વગર વારંટે પકડવાનો અધીકાર તેને નથી.

આ કલમ કલકત્તા અને મુંબાઈ શેહેરમાં પોલીસને લાગુ છે.

ફરિયાદ કાહાડી નાંખવા બાબત.

૨૦૩ જે માજીસ્ત્રેટની આગળ ફરીયાદ કરી હોય અથવા જે માજીસ્ત્રેટની પાસે તે ફરીયાદ મોકલી હોય તે માજીસ્ત્રેટ ફરીયાદીની જબાની લીધા પછી અને ૨૦૨ જી કલમ પ્રમાણે તપાસ કરી હોય તો તેના પરિણામ ઉપર વિચાર કર્યા પછી આગળ કામ ચલાવવાનો પુરતો સબબ નથી એવું તેની નજરમાં આવે, તો તે ફરીયાદ કાહાડી નાંખવાને મુખત્યાર છે.

બાબ ૧૭ મો.

માજીસ્ત્રેટોની આગળ કામ શરૂ કરવા બાબત.

પ્રોસેસ કાઢવા બાબત.

૨૦૪ કોઈ ગુનેહો સાંભળનારા માજીસ્ત્રેટના મત પ્રમાણે આગળ કામ ચલાવવાનો પુરતો સબબ હોય, અને બીજા પરીશીષ્ટના ચોથા આસન પ્રમાણે પ્રથમજ સમન નિકળવો જોઈએ એવો તે મુકદમો જણાય તો, તોહોમત વાળો હાજર થાય એટલા માટે તે માજીસ્ત્રેટે પોતાનો સમન કાહાડવો. જો તે મુકદમો એવો જણાતો હોય કે તેમાં તે આસન પ્રમાણે પ્રથમજ વારંટ નિકળવું જોઈએ તો, તે માજીસ્ત્રેટ તોહોમતવાળા પોતાની આગળ અથવા હકુમતવાળા બીજા કોઈ માજીસ્ત્રેટની આગળ અમુક વખતે પકડી મંગાવવા સારૂ અથવા હાજર કરાવવા સારૂ વારંટ, અથવા પોતાને યોગ્ય લાગે તો, સમન કાહાડવાને મુખત્યાર છે,

આ કલમ માંહેના કોઈ પણ મજકુરથી ૯૦ મી કલમના ઠરાવોને બાધ થાય છે એવું સમજવું નહી

માજીસ્ત્રેટ તોહમત વાળાને જાતે હાજર થવાનું માફ કરવાને મુખત્યાર છે.

૨૦૫ જ્યારે માજીસ્ત્રેટ સમન કાહાડે, ત્યારે, તોહમતવાળાને જાતે હાજર થવાનું માફ કરવાનું અને તેના પ્લીડરની મારફતે હાજર થવાની છુટ આપવાનું પોતાને કારણ જણાય તો તેમ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે

પણ તે મુકદમાની ચોકશી અથવા ઇનસાફ કરનારા માજીસ્ત્રેટની નજરમાં આવે તો, કામ ચાલતું હોય ત્યારે ગમે તે વખતે, તે માજીસ્ત્રેટ તોહમતવાળાને જાતે હાજર થવાનું ફરમાવવાને, અને જરૂર હોય તો; આ કાયદામાં પાછળ ઠરાવેલી રીતે તેને જબરીથી હાજર કરાવવાને મુખત્યાર છે.

બાબ ૧૮ મો.

શેસન કોરટ તથા હાઈ કોરટ ઇનસાફ કરી શકે એવા મુકદમાની

ચોકશી બાબત.

ઈનસાફ થવા સારૂ કમિટ કરવાનો અધિકાર.

૨૦૬. હરકોઇ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ, જીલ્હા માજીસ્ત્રેટ, પેટા તુકડી માજીસ્ત્રેટ, પેહેલા વરગનો માજીસ્ત્રેટ અથવા જે માજીસ્ત્રેટને આ બાબત સ્થાનિક સરકારે અખત્યાર આપ્યો હોય તે માજીસ્ત્રેટ સેશન કોરટથી અથવા હાઇકોરટથી ઇનસાફ થઇ શકે એવા હરકોઇ ગુનહા બાબત હરકોઇ શખસને સદરહુ કોરટમાં ઇનસાફ થવા સારૂ કમિટ કરવાને મુખત્યાર છે.

પણ આ કાયદામાં બીજી રીતે ઠરાવ્યું છે તે શીવાય, જે શખસનો ઇનસાફ સેશન કોરટથી થઇ શકતો હોય તે શખસને હાઇકોરટમાં ઇનસાફ થવા સારૂ કમિટ કરવો નહીં.

કમિટ કરતાં પેહેલાં ચોકશીમાં કામ ચલાવવાની રીત.

૨૦૭. જે મુકદમાનો ઇનસાફ ફકત સેશન કોરટજ અથવા હાઇકોરટજ કરી શકે, અથવા જે મુકદમાનો ઇનસાફ, માજીસ્ત્રેટના મત પ્રમાણે, સદરહુ કોરટે કરવો જોઇએ, તેવા મુકદમાની ચોકશી માજીસ્ત્રેટોની આગળ ચાલતી હોય ત્યારે હેઠળ લખેલી રીત પ્રમાણે કામ ચલાવવું.

રજુ કરેલો પુરાવો લેવા બાબત.

૨૦૮, જ્યારે માજીસ્ત્રેટની આગળ તોહોમત વાળો હાજર થાય અથવા તેને આણવામાં આવે, ત્યારે ફરિયાદી હોય તો તેનો મચકુર માજીસ્ત્રેટે સાંભળવો, અને ફરીયાદી પક્ષની સાબેતીમાં અથવા તોહોમત વાળાની તરફથી જે પુરાવો રજુ કરવામાં આવે અથવા જે પુરાવો માજીસ્ત્રેટ માગે તે સઘળો પુરાવો આ કાયદામાં આગળ ઠરાવેલી રીતે લેવો.

વધારે પુરાવો રજુ કરવા બાબત પ્રોસેસ

જો ફેરીયાદ અથવા ફરીયાદી પક્ષ ચલાવનારો અમલદાર અથવા તોહોમતવાળો હરકોઇ શાહેદને હાજર થવાની અથવા હરકોઇ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરવાની જરૂર પાડવા બાબત પ્રોસેસ કાઢવાની માજીસ્ત્રેટને અરજી કરે તો તે પ્રોસેસ કાઢવાની જરૂર નથી એમ ધારવાનાં માજીસ્ત્રેટને કારણ નહીં હોય તો, જો હોય તો તે દફતરમાં દાખલ કરવાં જોઇએ, તેણે તે પ્રોસેસ કાહાડવું જોઇએ.

આ કલમ માંહેના કોઇ પણ મજકુરથી કોઇ પરેસીડેન્સી માજીસ્ત્રેટને પોતાનાં કારણ દફતરમાં દાખલ કરવાની જરૂર છે એવું સમજવું નહીં.

તોહોમત વાળા શખસને ક્યારે છોડીમુકવો.

૨૦૯, જ્યારે ૨૦૮ મી કલમના ૧ લા તથા ૨ જા પારેગ્રાફમાં કહેલો પૂરાવો લીધા હોય અને જે હકીકત તોહોમતવાળાની વિરૂદ્ધ પુરાવામાં જણાતી હોય તે હકીકતનો તે ખુલાસો કરી શકે એટલા સારૂ તે તોહોમતવાળાની પોતે જબાની લીધી હોય, ત્યારે, જો પોતે એવું ઠરાવે કે ઇનસાફ થવા સારૂ તોહોમતવાળા શખસને કમીટ કરવાના પુરતા સબબ નથી તો સદરહુ માજીસ્ત્રેટે તેને છોડી મુકવો, પણ પોતાની આગળ અથવા બીજા કોઇ માજીસ્ત્રેટની આગળ સદરહુ શખસનો ઇનસાફ કરવો જોઇએ એવું તે માજીસ્ત્રેટને જણાય તો તે બાબતમાં તેણે તે મુજમ કરવું.

જો માજીસટરેટ એમ ધારતો હોય કે તોહોમત પાયા વગરનું છે તો મુકદમો ચાલતો હોય તેવામાં અગાઉ કોઇ પણ વખતે તોહોમતવાળાને છોડી મુકતાં તેને આ કલમના કોઇ પણ મજકુરથી અટકાવ થશે એવું સમજવું નહીં; પણ સદરહુ માજીસતરેટે તેમ કરવાનાં કારણો દફતરમાં નોંધવાં.

તોહોમતનામું ક્યારે તઇયાર કરવું.

૨૧૦ જ્યારે સદરહુ પુરાવો લીધા ઉપરથી અને સદરહુ જુબાની (જો હોય તો) લીધા ઉપરથી માજીસતરેટને એવું દેખાય કે તોહોમતવાળાનો ઇનસાફ થવા સારૂ તેને કમીટ કરવાનો પુરતો સબબ છે, ત્યારે તેણે પોતાની સહી વાળું એક તોહોમતનામું તઇયાર કરવું, અને તોહોમતવાળાની ઉપર કયા ગુન્હાનું તોહોમત મુકયું છે તે તેમાં જણાવવું.

તોહોમત વાળાને તોહોમતનામું સમજાવવું, અને તેની નકલ આપવી.

તે તોહોમતનામું તઇયાર થઇ રહે એટલે તુરત તોહોમતવાળાને તે વાંચી સંભળાવવું તથા સમજાવવું, અને, તે માગે તો, તેની એક નકલ તેને મફત આપવી.

ઇનસાફની વખતે તોહોમત વાળાનાબચાવ સારૂ શાહેદોની ટીપ.

૨૧૧. પોતાના ઇનસાફની વખતે પુરાવો આપવા સારૂ જો કોઇ શખસોને સમન કરાવવાની તોહોમત વાળાની મરજી હોય તો તે શખસોની ટીપ મોહોડેથી બોલીને અથવા લખીને ,આપવાનુ તેને તુરત ફરમાવવું.

બીજી ટીપ.

માજીસતરેટની નજરમાં આવે તો પાછળથી કોઇ વખતે તે તોહોમતવાળાને શાહેદોની કાંઈ બીજી ટીપ આપવા દેવાને તે માજીસતરેટ મુખત્યાર છે; અને તોહમતદારને તેનો ઇનસાફ થવા સારૂ હાઇકોરટમાં કમિટ કરયો હોય ત્યારે તેના ઇનસાફની વખતે પુરાવો આપવા સારૂ જે શખસોને સમન કરાવવાની તે તોહોમતવાળાની મરજી હોય તે શખસોની બીજી ટીપ, પોતાનો ઇનસાફ થવાની અગાઉ કોઇ પણ વખતે, કલાર્ક આફ ધી ક્રાઉનને આપવામાં આ કલમ માંહેના કોઇ પણ મજકુરથી તે તોહોમતવાળાને બાધ છે એવું સમજવું નહીં.

સદરહુ શાહેદોની જબાની લેવાનો માજીસતરેટનોઅધિકાર

૨૧૨ માજીસતરેટની નજરમાં આવે તો ૨૧૧ મી કલમ પ્રમાણે પોતાને આપેલી હરકોઇ ટીપમાં જે શખસનું નામ લખેલુ હોય તે શખસને સમન કરીને તેની જબાની લેવાને તે માજીસતરેટ મુખત્યાર છે.

કમિટ કરવાનો હુકમ.

૨૧૩ જ્યારે ૨૧૧ મી કલમ પ્રમાણે ટીપ આપવાનું તોહોમતવાળાને ફરમાવેથી તેણે તેમ કરવાની ના કહી હોય, અથવા જ્યારે સદરહુ ટીપ તેણે આપી હોય અને તે માંહેના (જો હોય તો) જે શાહેદોની જબાની લેવાની તે માજીસતરેટની મરજી હોય તે શાહેદોને ૨૧૨ મી કલમ પ્રમાણે સમન કરીને તેમની જબાની લીધી હોય, ત્યારે તે માજીસતરેટ તોહોમતવાળાનો હાઇકોરટમાં અથવા સેસન કોરટમાં (જેમ હોય તેમ) ઇનસાફ થવા સારૂ તેને કમિટ કરવાનો હુકમ કરવાને મુખ

(તે માજીસતરેટ પ્રેસિડેન્સી માજીસતરેટ ન હોય તો) તેણે આ
સાર છે અને [તે માજીસતરેટ પ્રેસિડેન્સી માજીસતરેટ ન હોય તો) તેણે આ વી રીતે કમિટ કરવાના કારણ પણ મુખતેસરમાં નોંધવા.

ઈલાકાના મુખ્યશેહેરોની બહાર જે શખસની ઉપર રાણીસાહેબની વિલાયતી રઈયતની સાથે એકઠું તોહમત આવ્યું હોય તે શખસ બાબત.

૨૧૪. (રાણીસાહેબની વિલાયતિ રઈયત નહી હોય એ
વા) કોઇ શખસે રાણીસાહેબની કોઇ વિલાયતી રઈય
તનાં સાથે મળીને કાંઇ ગુન્હો કરયો છે એવું તે શખસ
ની ઉપર પ્રેસિડેન્સિ માજીસતરેટ શિવાય બીજા કોઇના
જીસતરેટની આગળ તોહોમત મુકવામાં આવે, અને રા
ણી સાહેબની સદરહુ વિલાયતી રઈયતને તેજ કામમાંથી
ઉઠેલાં તેવાજ તોહોમત ઉપરથી હાઇકોરટમાં તેનો ઇનસા
ફ થવાસારૂ કમિટ કરવાની, અથવા તેનો ઇનસાફ કરવા
ની, તઈયારી હોય. અને તોહમતવાળાને તેનો ઇનસાફ થવાસારૂ કમિટ કરવાના પુ
રતા સબબ છે એવું તે માજીસતરેટ ઠરાવે. તો તેણે તોહમતવાળાને તેનો ઇનસાફ
થવાસારૂ સેશનકોરટમાં કમિટ ન કરતાં હાઇકોરટમાં કમિટ કરવો.

૨૧૩મી અથવા ૨૧૪મી કલમ પ્રમાણે કમિટ કરવાના હુકમ રદ કરવાબાબત.

૨૧૫ કોઇ યોગ્ય અધિકારવાળા માજીસતરેટે ૨૧૩માં
અથવા ૨૧૪મી કલમ પ્રમાણે કમિટ કરવાનો હુકમ એ
ક વખત કરયો એટલે પછી તે ફક્ત હાઇકોરટથીજ રદથ
ઇ શકે, અને ફક્ત કાયદાની કોઇ બાબત ઉપરથીજ રદ
થઇ શકે.

જ્યારે તોહેમતવાળાને કમિટ કરયો હોય ત્યારે તેના બચાવ સારૂ શાહેદોને સમન કરવા બાબત.

૨૧૬ જ્યારે તોહમતવાળા શખસે ૨૧૧મી કલમ પ્રમા
ણે શાહેદોની કેઇ પણ ટીપ આપી હોય અને તેનો ઇન
સાફ થવા સારૂ તેને કમિટ કરયો હોય ત્યારે તે ટીપ માં
હેના જે શાહેદો પોતાની આગળ હાજર થયા ન હોય તે
શાહેદોને જે કોરટમાં તોહમતવાળાને કમિટ કરયો હોય તે
કોરટની આગળ હાજર થવાસારૂ તે માજીસતરેટે સમન કરવા.
પણ એવું ઠરાવ્યું છે કે જ્યારે સદરહુ શખસને હાઇકોરટમાં કમિટ કરયો હોય
ત્યારે માજીસતરેટની નજરમાં આવે તો સદરહુ શાહેદોને સમન કરવાનું કામ કલાર્ક
આફધી ક્રાઉનની પાસે રેહવા દેવાને તે માજીસતરેટ મુખત્યાર છે અને સદરહુ
શાહેદોને તે પ્રમાણે સુમન કરવા જોઇએ.

[શાહેદના ખરચની રકમ અનામત મુકવામાં ન આવે તો નકામા શાહેદને સમન કરવાની ના કેહેવી.

વળી એવું પણ ઠરાવ્યું છે કે જો તે ટીપમાં કોઇ પ
ણ શાહેદનું નામ તસદી આપવા સારૂ અથવા વિલંબ
કરવા સારૂ અથવા ન્યાયની મતલબ પાર ન પડે એમ
કરવા સારૂ દાખલ કરેલું છે એવું તે માજીસટરેટ ધારે
તો સદરહુ શાહેદનો પુરાવો મુદ્દાનો છે એવું માનવાનાં
યોગ્ય કારણો છે એવી પોતાની ખાત્રી કરી આપવાનું
તોહોમત વાળાને ફરમાવવાને તે માજીસટરેટ મુખત્યાર છે, અને પોતાની તેવી ખા
તરી ન થાય તો, તે શાહેદને સમન કરવાની ના કેહેવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે,
[એ પ્રમાણે ના કેહેવાનાં પોતાનાં કારણે દફતરમાં દાખલ કરવાં, અથવા તે શાહે

ને સમન કરતાં પેહેલાં તેને હાજર કરાવવાનો ખરચ પુરો પાડવા સારૂ પોતે જરૂરની ધારે તેવી રકમ અનામત મુકવાનું ફરમાવવાને તે માજીસટરેટ મુખત્યાર છે.

ફરિયાદીઓનું તથા શાહેદાનું ખત.

૨૧૭. ફરિયાદીઓ તથા ફરિયાદી પક્ષના અને તોહમતવાળાના શાહેદો જેઓની હાજરી સેશન કોરટમાં અથવા હાઇ કોરટમાં જરૂરની હોય, અને જેઓ તે માજીસટરેટની આગળ હાજર થાય, તેઓએ જ્યારે તેમને ફરમાવવામાં આવે ત્યારે, પ્રસંગ પ્રમાણે, ફરીયાદનું કામ ચલાવવા સારૂ અથવા સાક્ષી આપવા સારૂ સેશન કોરટમાં અથવા હાઇ કોરટમાં હાજર થવા બાબતનાં ખત તે માજીસતરેટની આગળ લખી આપવાં.

હાજર થવાની અથવા ખત લખી આપવાની ના કેહે તો પેહેરામાં અટકાવી રાખવા બાબત.

જો કોઇ ફરિયાદી અથવા શાહેદ સેશન કોરટના અથવા હાઇકોરટની આગળ હાજર થવાની, અથવા ઉપર ફરમાવ્યા મુજબ મુચલકો લખી આપવાની, ના કેહે, તો તે સદરહુ ખત લખી આપે ત્યાં સુધી અથવા સેશન કોરટમાં અથવા હાઇકોરટમાં તેની હાજરીની જરૂર પડે ત્યાં સુધી, તેને પેહેરામાં અટકાવી રાખવાને તે માજીસટરેટ મુખત્યાર છે, અને જ્યારે સદરહુ પ્રમાણે જરૂર પડે ત્યારે તે માજીસટરેટે તેને પેહેરામાં આપીને પ્રસંગ પ્રમાણે, સેશન કોરટની અથવા હાઇ કોરટની પાસે મોકલી દેવો.

કમિટ કરયાની વાત ક્યારે જાહેર કરવી.

૨૧૮ જ્યારે તોહમતવાળાને તેના ઇનસાફ થવા સારૂ કમિટ કરવામાં આવે ત્યારે જે શખસને સ્થાનિક સરકાર આબાબત નીમે તે શખસની ઉપર તે માજીસતરેટે એક હુકમ મોકલવો. તેમાં કમિટ કરયાની વાત જણાવવી અને તોહમતનામાના નમુના પ્રમાણેજ ગુનહો લખી જણાવવો, પણ કમિટ કરયાની તથા તોહમતનામાના નમુનાની ખબર સદરહુ શખસને થઇ ચુકી છે એવી તે માજીસતરેટની ખાત્રી થાય તો તેમ કરવાની જરૂર નથી.

તોહમતનામું વિગેરે હાઇ કોરટનાપાસે અથવા સેસન કોરટની પાસે મોકલવા બાબત.

અને તોહમતનામું, ચોકશીનું દફતર તથા જે હથિયાર અથવા બીજી જંગમ મિલકત પુરાવામાં રજુ કરવાની હોય તે એટલું તે માજીસતરેટે સેસન કોરટને અથવા (જ્યારે તે કામ હાઇકોરટમાં કમિટ કરયું હોય ત્યારે) કુલાર્ક આફ ધી ક્રાઉનને અથવા બીજા જે અમલદારને હાઇ કોરટે આ બાબત નીમ્યોહોય તે અમલદારને મોકલવું.

હાઇકોરટની પાસે અંગ્રેજી તરજુમો મોકલવા બાબત.

જ્યારે તે કામ હાઇકોરટમાં કમીટ કરયું હોય અને દફતરનો કોઇ પણ ભાગ અંગરેજી ભાષામાં ન હોય ત્યારે સદરહુ ભાગનો અંગરેજી તરજુમો દફતર સાથે મોકલવો.

પુરવણી શાહેદાને સમન્ કરવાનો અખ

૨૧૯ કામ કમિટ કરયા પછી અને ઇનસાફ સરૂ થતાં પેહેલાં પુરવણી શાહેદાને સમન કરીને તેઓની જબાની લે

ત્યાર. — વાને અને હાજર થઈને શાક્ષી આપવા સારૂ આ કાયદામાં પાછળ ઠરાવેલી રીતે તેમને બાંધી લેવાને તે માજીસતરેટ મુખત્યાર છે.

સદરહુ જબાની બની શકે તો તોહમતવાળાની સમક્ષ લેવી અને જ્યારે તે માજીસતરેટ પ્રેસીડેન્સી માજીસતરેટ ન હોય ત્યારે તોહમતવાળો માગેતો, સદરહુ શાહેદાના પુરાવાની એક નકલ તેને મફત આપવી.

ઇનસાફ થતાં સુધી તોહોમતવાળાને પેહેરામાં રાખવા બાબત — ૨૨૦ ઇનસાફ થતાં સુધી અને ઇનશાફનું કામ ચાલતું હોય ત્યારે માજીસતરેટે જામીન લેવા સંબંધી આ કાયદાના ઠરાવોને અનુસરીને, તોહમતવાળાને પોતાનુ વારંટ કાહાડીને કેદ કરવે.

બાબ ૧૯ મો.

તોહમતનામા બાબત.

તોહમતનામાંનો નમુનો.

તહોમતનામામાંગુનો લખવો. — ૨૨૧ તહોમતવાળાની ઉપર જે ગુન્હાનુ તહોમત મુક્યું હોય તે ગુનો આ કાયદા મુજબના દરએક તહોમતનામામાં લખવો.

ગુન્હાનું વરણનકરવાને તેનું મુકરરનામલખવું બસ છે. — જે કાયદા પ્રમાણે તે ગુન્હા થતો હોય તે કાયદામાં તેનું કાંઇ મુકરર નામ પાડ્યું હોય તો તોહમતનામામાં ફક્ત તે નામ લખીને તે ગુન્હાનું વર્ણન કરવામાં આવે તો ચાલે.

ગુન્હાનું કાંઇ કમુકરરનામ ન હોય ત્યારેતકેમ લખવો. — જે કાયદા પ્રમાણે તે ગુન્હો થતો હોય તે કાયદામાં તેનું કાંઇ મુકરર નામ પાડ્યુ ન હોય તો તોહમતવાળાનાં ઉપર જે બાબતનું તોહમત મુક્યું હોય તે બાબતની તેને ખબર મળે એટલો તે ગુન્હાની વ્યાખ્યાનો ભાગ લખવો જોઇએ.

જે કાયદાની તથા તેની જે કલમની હિરૂદ્ધ તે ગુન્હો કરચાનું કેહેવામાં આવ્યું હોય તે કાયદા તથા કલમ તોહમતનામામાં જણાવવાં,

તોહમતનામાઉપરથી શું શું સમજવું. — તોહમતનામું કરચું છે એ વાત જે ગુન્હાનું, તોહમત મુચું હોય તે ગુન્હો થવાને કાયદાસર જે જે શરત કાયદા પ્રમાણે જોઇએ તે તે શરત તે અમુક કામમાં પાર પડી છે એવું કહ્યા સમાન છે.

તોહમતનામાંનીભાષા. — ઇલાકાના મુખ્ય શેહેરોમાં તોહમતનામું ઇંગ્રેજીમાં લખવું બીજે ઠેકાણે તે અંગરેજીમાં અથવા કોરટની ભાષામાં લખવુ.

અગાઉ ગુન્હો શાબિત થયાનો ઠરાવ — તોહમતવાળાની ઉપર અગાઉ કાંઇ ગુન્હો શાબિત થયાનો ઠરાવ થયો હોય અને જે શિક્ષા ઠરાવવાનો ૧૨૮

ક્યારે લખવો.

ને અધિકાર હોય તે શિક્ષા ઉપર અસર થવા સારૂ અગાઉનો ઠરાવ શાબિત કરવાનો ઇરાદો હોય, તો અગાઉ ગુન્હો શાબિત થયાના ઠરાવની વાત તથા તેની તારીખ તથા જગા તોહમત નામામાં લખવી. તે મજકુર લખ્યો નહી હોય તો શિક્ષાનો હુકમ કરતાં પેહલાં કોઇ પણ વખતે તે મજકુર વધારવાનો કોરટને અધિકાર છે.

દ્રષ્ટાંત.

(અ] બ. નું ખુન કર્યાનું તોહમત અ. ની ઉપર મુક્યુ છે. એ વાત હેઠળ કહ્યા સમાન છેઃ એટલે, હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૯૯ મી અને ૩૦૦ મી કલમમાં ખુનની વાખ્યા લખી છે તે વાખ્યામાં અનુકૃત્ય આવે છે; અને તેજ કાયદાના સાધારણ અપવાદમાંના કોઇ અપવાદમાં તે કૃત્ય આવતું નથી; અને ૩૦૦ મી કલમમાં પાંચ અપવાદ છે. તેમાના કોઇ અપવાદમાં તે કૃત્ય આવતુ નથી; અથવા પેહેલા અપવાદમાં તે કૃત્ય આવતું હોય તો તે અપવાદમાં ત્રણ શરતો છે તેમાંની એક નહી તો બીજી સરત તેને લાગુ પડે છે.

(બ) ગોળી મારવાનાં હથીયાર વડે બ ને બુદ્ધિ પુરવક મહાવ્યથા કરવાનું તોહમત હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૨૬ મી કલમ પ્રમાણે અ ની ઉપર મુક્યુ છેઃ એ વાત હેઠળ કહ્યા સમાનછે એટલે, હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૩૫ મી કલમમાં તે બાબત સબંધી ઠરાવ્યું નથી, અને તે બબાને સાધારણ અપવાદો લાગુ પડતા નથી.

[ક) અ ની ઉપર ખુનનું અથવા ઠગાઇનું અથવા ચોરીનું અથવા જબરાઇથી કઢાવવાનું અથવા છિનાળાનું અથવા સાપરાધ ધમકાનું, અથવા મિલકતની ખોટી નીશાણી વાપરવાનું તોહમત આવ્યું છે. હિંદુસ્તાનના ફોજદારી કાયદામાં એ ગુન્હાઓની જે વાખ્યાઓ લખી છે તે વિશે કાંઇ પણ કહ્યા વગર, અ એ ખુન અથવા ઠગાઇ અથવા ચોરી અથવા જબરાઇથી કઢાવવાનો ગુન્હો અથવાછિનાળુ કર્યું છે અથવા સાપરાધ ધમકી દેખાડી છે, અથવા મિલકતની ખોટી નીશાણી વાપરી છે એટલુજ તોહમતનામામાં લખવામાં આવે તો ચાલે. પણ તે ગુન્હા બાબત જે કલમ મુજબ શિક્ષા થઇ શકતી હોય તે કલમ પ્રત્યેક પ્રસગે, તોહોમતનામામાં લખવી.

(ડ] સરકારી નોકરના કાયદેસર અખત્યારથી વેચવા કાહાડેલી મીલકતના વેચાણમાં ઇરાદા પુરવક અડચણ કરવાનું તોહમત હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૮૪ મી કલમ પ્રમાણે અ ની ઉપર મુક્યું છે. ત્યારે તોહમતનામામાં એ શબ્દો લખવા.

વખત, જગા અને શખસસંબંધી વિગત.

૨૨૨. જે ગુન્હો કર્યાનુ કેહેવામાં આવતુ હોય તે ગુન્હાના વખત સંબંધી તથા જગા સબંધી અને [કોઇ શખસની વિરૂદ્ધ તે ગુન્હો કરવામાં આવ્યો હોય તો] તે શખસ સંબંધી અથવા (કોઇ વસ્તુનીબાબતમાં તે ગુન્હો કરવામાં આવ્યો હો

ચ તો) તે વસ્તુ સંબંધી જેટલી વિગત તોહમત વાળાની ઉપર મુકેલાં તોહમતની બાબત વિશે તેને ખબર આપવાને વાજબી રીતે બસ થાય તેટલી વિગત તોહમતનામાં લખવી.

ગુન્હો કર્યાની રીત ક્યારે લખવી જોઇએ.

૨૨૩ જ્યારે કામનું સ્વરૂપ એવું હોય કે ૨૨૧ મી તથા ૨૨ મી કલમમાં કહેલી વિગત ઉપરથી તોહમત વાળાની ઉપર મુકેલુ તોહમત તેને પુરતુ સમજાતું નહી હોય, ત્યારે જે ગુન્હો કરવાનું કેહેવામાં આવતું હોય તે ગુન્હો જે રીતે કરયો હોય તે રીત સંબંધી જેટલી વીગત તે કારણસારૂ બસ થાય તેટલી વિગત તોહમતનામામાં લખવી.

દ્રષ્ટાંતો.

[અ] ફલાણી વખતે ફલાણી જગાએ ફલાણી જણશની ચોરી કરયાનું તોહમત અ. નો ઉપર આવ્યું છે. ત્યારે કઇ રીતે ચોરી કરી તે રીત તોહમતનામામાં લખવાની જરૂર નથી.

(બ] ફલાણી વખતે ફલાણી જગાએ બ. ને ઠગ્યાનું તોહમત અ. ની ઉપર આવ્યુ છે. ત્યારે અ. એ બ. ને શી રીતે ઠગ્યો તે રીત તોહમત નામામાં લખવી જોઇએ.

(ક) ફલાણી વખતે ફલાણી જગાએ ખોટી શાહેદી આપવાનું તહોમત અ. ની ઉપર આવ્યું છે, ત્યારે અ એ આપેલી શાહેદીના ફલાણો ભાગ ખોટો છે એવું કેહેવામાં આવ્યુ હોય તે ભાગ તહોમતનામામાં લખવો જોઇએ.

[ડ) ફલાણી વખતે ફલાણી જગાએ બ, નામનો કોઇ સરકારી નોકર પોતાનું સરકારી કામ કરતો હતો ત્યારે તેને અડચણ કરવાનું તોહમત અ. ના ઉપર આવ્યુ છે ત્યારે બ. પોતાનું કામ કરતો હતો ત્યારે તેને અ. એ જે રીતે અડચણ કરી તે રીત તહોમતનામામાં લખવી જોઇએ.

(ઇ) ફલાણી વખતે ફલાણી જગાએ બ. નું ખુન કરયાનું તહોમત અ. ની ઉપર આવ્યું છે. ત્યરે અ. એ બ. નું ખુન શી રીતે કરયું તે રીત તહોમતનામામાં લખવાની જરૂર નથી,

(ફ] બ. ને શિક્ષામાંથી બચાવવાના ઇરાદાથી કાયદામાં ફરમાવેલો હુકમ નહી માનવાનું તહોમત અની ઉપર આવ્યુ છે. ત્યારે જે હુકમ નહીં માન્યાનુ તહોમત હોય તે હુકમ નહી માન્યાની વાત અને જે કાયદો તોડયો હોય તે કાયદો એ બેઉ વાનાં તહોમતનામામાં લખવાં જોઇએ.

તહોમતનામાંમાંહેના શબ્દોનો અર્થ જે કાયદા પ્રમાણે ગુન્હો શિક્ષા કરવા લાયક હોય તે કાયદાપ્રમાણે કરવો.

૨૨૪. દરએક તહોમતનામામાં ગુન્હાનું વરણન કરવામાં વાપરેલા શબ્દો, જે કાયદા પ્રમાણે સદરહુ ગુન્હો શિક્ષા કરવા લાયક હોય તે કાયદામાં તેમનો જે અરથ કરયો હોય તે અરથમાં વાપરેલા છે એવું સમજવું

ચુકનું ફળ.

૨૨૫. તહોમતનામામા જે ગુન્હો અથવા વીગત લખવી જોઇએ તે લખવામાં કાંઇ ચુક પડે તેથી, અને તે

ગુનો અથવા વીગત લખવામાં કાંઇ કસુર થાય તેથી તહોમતવાળો ઉલટું સમજ્યો નહીં હોય તો તે ચુક અથવા કસુર મુદાની છે એવું મુકદમો ચાલતો હોય ત્યારે કોઇ પણ વખતે સમજવું નહીં.

દ્રષ્ટાંતો.

[અ] "ખોટો શીકકો પોતાના કબજામાં આવ્યો તે વખતે તે ખોટો છે એ જાણ્યા છતાં તે શીકકો પોતાના કબજામાં રાખ્યાનું" તહોમત હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૪૨ મી કલમ પ્રમાણે અ. ની ઉપર મુક્યુ છે. "દગલબાજીથી" આ શબ્દ તોહમતનામામાં મુકી દીધો છે આ શબ્દ મુકી દીધાથી અ. ખરેખર ઉલટું સમજ્યો એવું જણાતું નહી હોય તો તે ચુક મુદાની છે એવું સમજવું નહી.

(બ) બ. ને ઠગવાનું તોહમત અ. ની ઉપર મુકયું છે. અને તેણે બ. ને શી રીતે ઠગ્યો તે રીત તહોમતનામામાં લખી નથી અથવા ખોટી લખી છે અ. પોતાનો જવાબ કરે છે, અને શાહેદાને બોલાવે છે. તથા એ કામ શી રીતે બન્યું તે વિશે પોતાનો હેવાલ આપે છે. ત્યારે ઠગાઇ શી રીતે કરી તે રીત તહોમતનામામાં લખવાની કસુર કરી તે મુદાની નથી એવું અનુમાન કરવાનો અખત્યાર કોરટને છે.

(ક) બ. ને ઠગવાનું તહોમત અ. ની ઉપર મુકયું છે, અને તેણે બને શી રીતે ઠગ્યો તે રીત તહોમતનામામાં લખી નથી. અ. ને તથા બ. ને ઘણી આપ લે થઈ હતી, અને તહોમત કાંઇ આપ લે બાબત છે તે જાણવાનું સાધન અ. ની પાશે નહી હતું માટે તેણે કાંઇ જવાબ રચ્યો નહી. ઠગાઇ શી રીતે કરી તે રીત તહોમતનામામાં લખવાની કસુર કરી તે મુદાની ચુક છે એવું અનુમાન સદરહુ વાતો ઉપરથી કરવાનો કોરટને અખત્યાર છે.

(ડ) સન ૧૮૮૨ ના જાન્યુઆરી મહિનાની ૨૧ મી તારીખે ખુદાબક્ષનું ખુન કરયાનું તહોમત અ. ની ઉપર મુકયું છે. ખરૂં જોતાં જે માણસનું ખુન કરયું તેનું નામ હઇદરબક્ષ હતુ. અને ખુન થયાની તારીખ ૨૦ મી જાન્યુઆરી સન ૧૮૮૨ એ હતી. એક ખુન શીવાય બીજા કોઇ ખુનનું તહોમત અ. ની ઉપર મુકેલું નહી હતું, અને માજીસ્ત્રેટની આગળ જે ચોકશી થઇ તે હઇદરબક્ષના મુકદમા બાબતજ હતી, અને તે ચોકશી અ. એ સાંભળી છે. અ. ઉલટુ સમજ્યો નથી, અને તહોમતનામામાં માહેની તે ચુક મુદાની નથી એવું એ વાતો ઉપરથી અનુમાન કરવાનો અખત્યાર કોરટને છે.

(ઇ) અની ઉપર સન ૧૮૮૨ ના જાનેવારી મહિનાની ૨૦ મી તારીખે હઇદરબક્ષનું ખુન કરયાનું અને તેને તે ખુન બાબત પકડવાનો યત્ન ખુદાબક્ષ કરતો હતો તેનું સન ૧૮૮૨ ના જાનેવારી મહિનાની ૨૧ મી તારીખે ખુન કરયાનું તહોમત મુકયું છે. હઇદરબક્ષના ખુનનું તહોમત મુકયું હતું ત્યારે ખુદાબક્ષના ખુનના તહોમત બાબત તેનો ઇનસાફ થયો. તેનો જ

વાબ કરતી વખતે જે શાહેદો હાજર હતા તે હઇદરબક્ષના મુકદમાના શાહેદો હતાં. એ ઉપરથી. આ. ઉસકુ સમજ્યો હતો, અને તે મુક મુ કાની હતી એવું અનુમાન કરવાનો અખત્યાર કોરટને છે.

તહોમતનામાંવગર અથવા અધુરૂ તહેમતનામુ કીને કમીટ કરવામાં આવે ત્યારે કેમ કરવુ.

૨૨૬ જ્યારે કોઇ પણ સખસને તહોમતનામા વગર અથવા અધુરૂં અથવા ભુલ ભરેલું તહોમત મુકીને તે નો ઇનસાફ થવા સારૂ કમીટ કરવામાં આવે, ત્યારે કોરટને અથવા હાઇકોરટની બાબતમાં કલારક આફ ધી ક્રાઉનને તહોમતનામું તઇયાર કરવાનો અથવા તહોમતનામામાં ઉમેરો કરવાનો અથવા બીજી રીતે ફેરફાર કરવાનો, જેમ હોય તેમ, અખ્તિકાર છે, અને તેમ કરવામાં તહોમતનામા બાબત આ કાયદા માંહેના નમુના સંબંધી કાનુનો ઉપર ધ્યાન આપવું.

કોરટને તોહમતનામામાં ફેરફાર કરવાનો અખ્તિકાર છે.

૨૨૭ કોઇ પણ કોરટ ફેંસલો જણાવતાં પેહેલાં અથવા સેશન કોરટની અથવા હાઇકોરટના આગળ ઇનસાફનાં કામ ચાલતાં હોય તે બાબતમાં, જ્યુરી પોતનો ઠરાવ કહે તેની પેહલાં અથવા આસેસરો પોતાના અભિમાય જણાવે તેની પેહેલાં કોઇ પણ વખતે કોઇ પણ તહોમતનામામાં ફેરફાર કરવાને મુખત્યાર છે.

સદરહુ પ્રકારનો દરેક ફેરફાર તહોમતવાળાને વાંચી સંભળાવવો તથા સમજાવવો,

ફેરફાર કરયા પછી ઇનસાફનું કામ તુરત ક્યારે ચલાવી શકાય.

૨૨૮. ૨૨૬ મીં કલમ મુજબ અથવા ૨૨૭ મી કલમ મુજબ તઇયાર કરેલું તહોમતનામુ અથવા કરેલો ફેરફાર જો એવી તરેહનો હોય કે પછી તુરત તે ઇનસાફનું કામ ચલાવવાથી કોરટના અભિપ્રાયપ્રમાણે, તહોમતવાળાને પોતાનો જવાબ કરવામાં અથવા ફરીયાદનું કામ ચલાવનારને તે મુકદમો ચલાવવામાં કાંઇ નુકશાન થવાનો સંભવ નથી, તો સદરહુ તોહમતનામું તઇયાર કરયા પછી અથવા સદરહુ ફેરફાર કરયા પછી, જાણે તે નવું અથવા ફેરફાર કરેલું તહોમતનામું અસલ તહોમતનામું હોય એવી રીતે, તે ઇનસાફનુ કામ, પોતાની નજરમાં આવે તો, ચલાવવાને તે કોરટ મુખત્યાર છે.

નવેસરથી ઇનસાફ કરવાનું ક્યારે ફરમાવી શકાય અથવા ઇનસાફ ક્યારે મુલતવી રાખી શકાય.

૨૨૯. જો તે નવું અથવા ફેરફાર કરેલું તહોમતનામુ એવી તરેહનુ હોય કે પછી તુરત તે ઇનસાફનું કામ ચલાવવાથી. કોરટના અભિપ્રાય પ્રમાણે, તહોમતવાળાને અથવા ફરીયાદનું કામ ચલાવનારને ઉપર કહ્યા મુજબ નુકશાન થયાનો સભવ છે, તો નવેસરથી ઇનસાફ કરવાનું ફરમાવવાને, અથવા જેટલી મુદત જરૂરની હોય તેટલા મુદતસુધી ઇનસાફનુ કામ મુલતવી રાખવાને તે કોરટ મુખત્યારછે

ફેરફાર કરેલાં તોહમતનામાંમાંહેના ગુન્હા બાબત ફરીયાદનું કામ

૨૩૦ જો તે નવાં અથવા ફેરફર કરેલાં તહોમત નામાંમાં લખેલા ગુન્હાબબત ફરીયાદનું કામ ચલાવવા સારૂ અગાઉથી સંમુરીયત લેવી જરૂરની હોય તો ત મન્જુરીયત

ચલાવવા સારૂ અગાઉ મંજુરીયત જોઈતી હોયતોકામબંધ રાખવું.

મોકળાવવામાં આવે ત્યા સુધી તે મુકદમો ચલાવવો નહીં, પણ જે હકીકતોને આધારે તે નવું અથવા ફેરફાર કરેલું તોહમતનામું બનાવ્યું હોય તેજ હકીકતોને આધારે ફરીયાદનું કામ ચલાવવા સારૂ મંજુરિયત લેવાઇ ચુકી હોય તો તે મુકદમો ચલાવવાને હરકત નથી.

જ્યારે તોહમતનામાંમાં ફેરફાર કરવામાં આવેત્યારેશાહેદોને પાછાબોલાવવા બાબત.

૨૩૧ જ્યારે ઇનસાફ શરૂ થયા પછી કોરટ કોઇ તોહમતનામામાં ફેરફાર કરે, ત્યારે જે શાહેદની જબાની લેવાઈ હોય તે શાહેદને ફરીથી બોલાવીને અથવા ફરીથી સમન કરીને સદરહુ ફેરફાર સંબંધમાં તેની જબાની લેવાની છુટ ફરીયાદનું કામ ચલાવનારને તથા તોહમત વાળાને આપવી.

મુદ્દાની ચુકનું ફળ.

૨૩૨ કોઇ પણ અપીલ કોરટના અથવા હાઇકોરટ ત પાસ કરવાનો અથવા ૨૭ મા બાબ મુજબનો પોતાનો અખ્તીકાર ચલાવતી હોય ત્યારે હાઇકોરટના મતમાં એમ આવે કે જે શખસની ઉપર કોઇ ગુન્હા સાબિત થયાનો ઠરાવ થએલો છે તે શખસ કાંઇ તોહોમતનામું નહીં હોવાને લીધે અથવા તોહોમતનામાંના કાંઇ ચુકને લીધે પોતાનો જબાબ કરવામાં ઉલટું સમજ્યો છે, ત્યારે પોતે દુરસ્ત ધારે એવી ગમે તે રીતે તોહોમતનામું તઇયાર કરીને તે ઉપરથી ઇનસાફ નવેસરથી કરવાનું તે કોરટે ફરમાવવું.

જો તે કોરટની નજરમા આવું આવે કે સાબીત થએલી હકીકતોના સંબંધમાં તોહોમત વાળાની ઉપર કંઇ કાયદેસર તોહમત મુકી શકાય નહીં એવી તે મુકદમાની હકીકત છે, તો તે ગુન્હો સાબિત થયાનો ઠરાવ તે કોરટે રદ કરવો.

દ્રષ્ટાંત.

અ. ની ઉપર હીંદુસ્તાનના ફોજદારી કાયદાની '૧૯૬' મી કલમ પ્રમાણે ગુંન્હો સાબીત થયાનો ઠરાવ કરવામાં આવ્યો છે, અને જે શાહેદી અથવા પુરાવાને ખરી શાહેદી અથવા ખરા પુરાવાની માફક તેણે દુષ્ટ ભાવથી વાપરયો અથવા વાપરવાની કોશીસ કરી તે શાહેદી ખોટી છે અથવા તે પુરાવો બનાવટનો છે એવું તે જાણતો હતો એવો મજકુર તોહેમતનામામાં મુકી દીધો છે અને સદરહુ પ્રકારનું જ્ઞાન હતું અનેતે વાતનો મજકુર તોહમતનામામાં મુકી દેવાથી તે પોતાનો જવાબ કરવમાં ઉલટુ સમજેલો એવું તે કોરટને સંભવીત લાગે, તો તહોમતનામામાં સુધારો કરીને તે ઉપરથી ઇનસાફ નવેસરથી કરવાનું તે કોરટે ફરમાવવું; પણ અ. ને સદરહુ પ્રકારનું કાંઇ જ્ઞાન હતુંજ નહીં એવું ચલાવેલા કામ ઉપરથી સંભવિત જણાય, તો તે ગુન્હો સાબીત થયાનો તે કોરટે રદ કરવો.

તોહોમત એકઠાં કરવા બાબત.

જુદા જુદા ગુન્હા બાબત જુદાં જુદાં તોહમતનામાં.

૨૩૩, કોઇ શખસની ઉપર જુદા જુદા ગુન્હાનાં તોહમત મુકવામાં આવે ત્યારે તે દરએક ગુન્હા બાબત જુદું જુદું તોહમત મુકવું, અને તે દરએક તહોમતનો ઇનસાફ જુદો જુદો કરવો જોઇએ, પણ ૨૩૪ મી, ૨૩૫ મી, ૨૩૬

મી. અને ૨૩૯ મી કલમમાં કહેલી બાબતોમાં તેમ નહીં કરવું.

દ્રષ્ટાંત.

એક વખતે ચોરી કર્યાનું અને બીજી વખતે મહાવ્યથા કર્યાનું તોહમત અ ની ઉપર આવ્યું છે. ચોરી બાબત અને મહાવ્યથા કર્યા બાબત અ ની ઉપર જુદું જુદું તહોમત મુકીને જુદા જુદા ઇનસાફ કરવા.

એક વરસમાં એક જ જાતના ત્રણ ગુન્હા કર્યા હોય તેઓનું એકઠું તોહોમત મુકવાનો અધિકાર છે.

૨૩૪. જ્યારે એકજ જાતના એક કરતાં વત્તા ગુન્હા પેહેલેથી તે છેલ્લા ગુન્હા સુધી બાર મહિનાની મુદતમાં કે કર્યાનું તહોમત કોઇ શખસની ઉપર આવ્યું હોય ત્યારે તે ગુન્હાઓમાંના ઘણામાં ઘણા ત્રણ ગુન્હા સુધી ગમે તેટલા ગુન્હાઓનું તોહમત તે શખસની ઉપર મુકીને તે બાબત તેનો એકજ વખતે ઇનસાફ કરવાનો અધિકાર છે.

જે ગુન્હાઓ બાબત હીંદુસ્તાનના ફોજદારી કાયદાની અથવા હરકોઇ વિશેષ અથવા સ્થાનિક કાયદાની એકજ કલમ પ્રમાણે એક સરખી શિક્ષા થઇ શકે તે ગુન્હાઓ એકજ જાતના છે.

૧.—એક કરતાં વત્તા ગુન્હા બાબત ઇનસાફ.

૨૩૫. ૧.—કેટલાંએક કૃત્યોનો એકબીજા સાથે એવો સંબંધ હોય કે તેથી તે કૃત્યો મળીને એકજ કામ થાય તેવાં કૃત્યો કરવામાં જો એકજ શખસે એક કરતાં વધતા ગુન્હા કર્યા હોય, તો એવા દરેક ગુન્હાનું તહોમત તે શખસની ઉપર મુકીને તે બાબત તેનો ઇનસાફ એકજ વખતે કરવાનો અધિકાર છે.

૨.—એક ગુન્હાને બે વાખ્યા લાગુ હોય તે ગુન્હો.

૨.—જે કૃત્યો કર્યાનું કહેવામાં આવતું હોય તે કૃત્યો મળીને એક ગુન્હો થાય અને જે કોઇ ચાલુ કાયદામાં ગુન્હાઓની વાખ્યા અથવા શિક્ષા કહેલી હોય તે કાયદાની બે અથવા વધારે જુદી જુદી વાખ્યા તે ગુન્હાને લાગુ હોય. તો જે સખસની ઉપર તે કૃત્યોનું તહોમત આવ્યું હોય તે સખસની ઉપર સદરહુ ગુન્હાઓમાંના દરેક ગુન્હાનું તહોમત મુકીને તે બાબત તેનો એકજ વખતે ઇનસાફ કરવાનો અધિકાર છે.

૩.—જે કૃત્યો (છુટાં છુટાં લેવાથી) એક ગુન્હો થાય, પણ એકઠાં લેવાથી કાંઇ જુદો ગુન્હો થાય તેવાં કૃત્યો.

૩.—જે કૃત્યોમાંનું એક અથવા એક કરતાં વધારે કૃત્ય જાતેજ કાંઇ ગુન્હો થાય તેવાં કેટલાંએક કૃત્યોને જ્યારે એકઠાં કરવામાં આવે ત્યારે કાંઇ જુદોજ ગુન્હો થાય, તો જે શખસની ઉપર તે કૃત્યોનું તહોમત આવ્યું હોય તે સખસની ઉપર જે ગુન્હો સદરહુ કૃત્યો એકઠાં કરવાથી થતો હોય તે ગુન્હાનું અથવા જે ગુન્હો સદરહુ કૃત્યોમાંના એક અથવા વધારે કૃત્યથી થતો હોય તે ગુન્હાનું તહોમત મુકીને તે બાબત તેનો એકજ વખતે ઇનસાફ કરવાનો અધિકાર છે.

આ કલમનો કોઇ પણ મજકુરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૭૧ મી કલમને બાધ આવશે નહીં.

દ્રસ્ટાંતો

૧ લા પારેગ્રાફનાં—

(અ] બ. નામનો સખસ કાયદાસર કેદમાં છે તેને અ. છોડાવે છે. અને તે કરવામાં, ક. નામના જે કાનસ્ટેબલના પેહેરામાં બ. હતો તે કાનસ્ટેબલને મહાવ્યથા કરે છે. અ. નીઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૨૫ મી તથા ૩૩૩ મી કલમમાં કહેલા ગુન્હાના તહોમત મુકવાનો અને તે ગુન્હા બાબત તેનો ઇનસાફ કરવાનો અખ્રિકાર છે.

(બ) છીનાળુ કરવાના ઇરાદાથી અ. દાહાડે ઘર ફોડે છે. અને જે ઘરમાં એ પ્રમાણે પ્રવેશ કરયો તે ઘરમાં બ; ની બાયડી સાથે છિનાળુ કરે છે. અ.નાં ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૫૪ મી તથા ૪૯૭ મી કલમ મુજબના ગુન્હાનું જુદુ જુદુ તહોમત મુકવાનો, અને તેની ઉપર તે ગુન્હા શાબિત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અખ્રિકાર છે.

(ક] બ. જે ક. ની બાયડી છે તેની સાથે છિનાળું કરવાના ઇરાદાથી અ. બ. ને ફોસલાવીને ક. ની પાસે લઇ જાય છેં, અને પછી તેની સાથે છીનાળું કરે છે. અ ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૯૮ મી તથા ૪૯૭ મી કલમ પ્રમાણે ગુન્હા કરવા બાબત જુદાં જુદાં તોહમત મુકવાનો, અને તેની ઉપર તે ગુન્હા શાબિત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અખ્રિકાર છે.

(ડ) અ. ના કબજામાં કેટલીએક મોહોરો છે અને તે ખોટી છે એવુ તે જાણેછે અને હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૬૬ મી કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક કેટલાએક ખોટા લેખ બનાવવાના ગુન્હા કરવા સારૂ તે મોહોરેનો ઉપયોગ કરવાનો તે ઇરાદો રાખે છે. અ. ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૭૩ મી કલમ પ્રમાણે દરએક મોહોર રાખવા બાબત જુદું જુદુ તહોમત મુકવાનો. અને તેની ઉપર તે ગુન્હા શાબીત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અખ્રિકાર છે.

[ઇ] બ. ને નુકશાન કરવાના ઇરાદાથી અ. તેની ઉપર ફોજદારી કામ માંડે છે અને એ પ્રમાણે કામ માંડવા માટે કાંઇ વ્યાજબી અથવા કાયદેસર આધાર નથી એવું તે જાણે છે; અને વળી તે બ. ની ઉપર કાંઇ ગુન્હો કરયાનું જુઠું તહોમત મુકે છે; અને તે તહોમત માટે કાંઇ વ્યાજબી અથવા કાયદેસર આધાર નથી એવુ તે જાણે છે. અ ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૧૧ મી કલમ પ્રમાણે બે ગુન્હા કરવા બાબત જુદાં જુદાં તહોમત મુકવાનો અને તેની ઉપર તે ગુન્હા શાબીત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અખ્રિકાર છે.

(ફ) બ. ને નુકશાન કરવાના ઇરાદાથી અ. તેની ઉપર કાંઇ ગુન્હો કરયાનું જુઠું તહોમત મુકે છે; અને તે તહોમત માટે કાંઇ વાજબી અથવા કાયદેસર કારણ નથી એવું તે જાણે છે. ઇનસાફની વખતે અ બ. ની વિરૂદ્ધ ખોટી શાહેદી આપે છે, અને એ પ્રમાણે બ ની ઉપર દેહાન્ત શિક્ષા કર

વા લાયક કોઈ ગુન્હો શાબિત થયાનો ઠરાવ કરવાનો ઈરાદો રાખે છે. અ ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૧૧ મી અને ૨૯૪ મી ક લમ પ્રમાણે ગુન્હા કરવા બાબત જુદાં જુદાં તહોમત મુકવાનો, અને તેની ઉપર તે ગુન્હા શાબિત થવાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

[ગ) અ બીજાં છ માણસોની સાથે મળીને હંગામાનો, મારામારીથાનો; અને કો ઈ સરકારી નોકર પોતાના હોદ્દાનું કામ બજાવતાં તે હંગામો બંધ પાડવા નો યત્ન કરતો હોય ત્યારે તેની ઉપર હુમલો કરવાનો ગુન્હો કરે છે. અ ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૪૭ મી, ૩૨૫ મી અને ૧૫૨ મી કલમ પ્રમાણે ગુન્હા કરવા બાબત જુદાં જુદાં તહોમત મુકવાનો અને તેની ઉપર તે ગુન્હા શાબિત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અ ધિકાર છે.

(હ] બ, ક, અને ડ, ના મનમાં દેહેશત ઉત્પન્ન કરવાના ઈરાદાથી અ તેમના શરીરને નકશાન કરવાની ધમકી એકજ વખતે ત્રણને દેખાડે છે. અ ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૫૦૬ ઠી કલમ પ્રમાણે એ ત્રણ ગુન્હામાંના દરેક ગુન્હા બાબત જુદું જુદું તહોમત મુકવાનો અને તેની ઉ પર તે ગુન્હા શાબિત થવાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

(અ) થી (હ) સુધીનાં દ્રષ્ટાંતોમાં કહેલાં જુદા જુદાં તહોમતાનો ઈનસાફ એકજ વખતે કરવાનો અધિકાર છે.

૨ જા પારેગ્રાફનાં—

(આઈ) અ. એક નેતરવતી બ. ને ગેરવ્યાજબી રીતે મારે છે. અ. ની ઉપર હિં દુસ્તાનના ફોજદારી કાયદાની ૩૫૨ મી તથા ૩૨૩ મી કલમ પ્રમાણે ગુ ન્હા કરવા બાબત જુદાં જુદાં તહોમત મુકવાનો, અને તેની ઉપર તે ગુના શાબિત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

(જે] કેટલીએક ચોરેલી દાણાની ગુણો અ ને તથા બ ને સંતાડવાનાં કારણસારૂ સ્વાધીન કરવામાં આવી છે તે ચોરીની મિલકત છે એવું તેઓ જાણે છે. પછી તે ગુણો એક કોઠારને તળાએ સંતાડવાને અ તથા બ એક બાજાને બુદ્ધિપુરવક મદદ દરે છે. અ તથા બ ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કા યદાની ૪૧૧ મી તથા ૪૧૪ મી કલમ પ્રમાણે ગુના કરવા બાબત જુદાં જુદાં તહોમત મુકવાનો અને તેમની ઉપર તે ગુના શાબીત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે

[કે) અ પોતાનું બચ્ચું ખુલ્લું મુકે છે તેથી તે એનું મોત આણશે એવું તે જાણે છે. સદરહુ પ્રમાણે ખુલ્લું મુકાથી તે બચ્ચું મરી જાય છે. અના ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૧૭ મી તથા ૩૦૪ થી કલમ પ્રમાણે ગુના કરવા બાબત જુદાં જુદાં તહોમત મુકવાનો અને તેની ઉપર તે ગુના શાબીત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

(લ) બ નામના એક સરકારી નોકરની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૯૭ મી કલમ પ્રમાણે ગુનો શાબિત કરવા માટે અ એક બનાવટના

દસ્તાવેજના ખરા પુરાવા માફક બદ દયાનતથી ઉપયોગ કરે છે અ ની ઉપર તેજ કાયદાની ૪૭૧ મી કલમ (સાથે ૪૬૬ માં કલમ ધ્યાનમાં લેઇને) અને ૧૯૬ મી કલમ પ્રમાણે ગુના કરવા બાબત જુદાં જુદાં તહોમત મુકવાનો અને તેની ઉપર તે ગુનાની શાબિતીના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

૩ જા પારેગ્રાફનું—

[મ] અ બનું અપહરણ કરે છે અને તેમ કરવામાં તેને બુદ્ધિપુરઃસર વ્યથા કરેછે અની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાના ૧૨૩ મી તથા ૩૯૨ મી તથા ૩૯૪ મી કલમ પ્રમાણે ગુના કરવા બાબત જુદાં જુદાં તહોમત મુકવાનો અને તેની ઉપર તે ગુના શાબીત થયાના જુદા જુદા ઠરાવ કરવાનો અધિકાર છે.

કયો ગુન્હો કરયોછે તેનો શક હોય ત્યારે [કિમ કરવું.)

૨૩૬. જે વાતો સાબીત થઇ શકે છે તે ઉપરથી કેટલા એક ગુન્હાઓમાંનો કયો ગુન્હો થાય છે તે બાબત શક પડે એવાં પ્રકારનું એકજ કૃત્ય હોય અથવા કૃત્યોનો સમુદાય હોય ત્યારે તોહમત વાળાની ઉપર સદરહુ પ્રકારના સઘળા ગુના અથવા તેમાંનો હરકોઇ ગુનો કર્યાનું તોહમત મુકવાનો અધીકાર છે, અને સદરહુ પ્રકારનાં ગમે તેટલાં તોહોમતનો એકી વખત ઇનસાફ કરવાનો અધીકાર છે; અથવા સદરહુ ગુન્હાઓમાંનો એક નહીં તો બીજો ગુન્હો કરયાનું તોહમત વિકલ્પની રીતે તેની ઉપર મુકવાનો અધીકાર છે.

દ્રષ્ટાંત.

ચોરી કરવાનો અથવા ચોરીના મિલકત લેવાનો, અથવા સાપરાધ વિશ્વાસઘાત કરવાનો, અથવા ઠગાઇ કરવાનો ગુન્હો થયો હોય એવાં કાંઇ કૃત્યનું તહોમત અ ની ઉપર આવ્યું છે. ત્યારે ચોરી કરવાનું તથા ચોરીની મીલકત લેવાનું તથા સાપરાધ વિશ્વાસઘાત કરવાનું તથા ઠગાઇ કરવાનુ તહોમત તેની ઉપર મુકવાનો અધીકાર છે, અથવા ચોરી કરયાનું અથવા ચોરીની મિલકત લીધાનું અથવા સાપરાધ વિશ્વાસઘાત કરયાનું અથવા ઠગાઇ કરયાનુ તોહોમત તેની ઉપર મુકવાનો અધીકારછે.

જ્યારે કોઇશખસની ઉપર એક ગુન્હાનું તહોમત મુકયું હોય ત્યારે તેની ઉપર બીજો ગુન્હો ઠરીશકે.

૨૩૭. ૨૩૬ મી કલમમાં કહેલી બાબતમાં જો તહોમત વાળાની ઉપર એક ગુન્હાનું તોહોમત મુકયું હોય અને જે જુદા ગુન્હા બ અને તે કલમના ઠરાવો પ્રમાણે તેની ઉપર તહોમત મુકી સકાય તેવો જુદોજ ગુન્હો તેણે કર્યો છે એવું પુરાવા ઉપરથી દેખાય તો ફલાણો ગુન્હો તેણે કરયો છે એવું બતાવવામાં આવે તે ગુન્હાનું તોહોમત તેની ઉપર મુકેલું ન હોય તો પણ તે ગુન્હો તેની ઉપર સાબીત થયાનો ઠરાવ કરવાનો અધીકાર છે.

દ્રષ્ટાંત.

અ ની ઉપર ચોરીનું તોહોમત મુકયું છે. તેણે સાપરાધ વિશ્વાસઘાત કરવાનો અથવા ચોરીનો માલ લેવાનો ગુન્હો કરયો એવું જણાય છે. સાપરાધ વિશ્વાસઘાત

કરવાનું, અથવા ચોરીનો માલલેવાનું, (પ્રસંગ પ્રમાણે) તોહોમત તેની ઉપર મુક્યું નથી તોપણ તે ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર છે.

(જે ગુન્હાનુંતહોમત મુક્યું હોય તે ગુન્હામાં સાબિત થએલા ગુન્હાનો સમાવેશ થાય ત્યારેકેમકરવું.)

૨૩૮ જે નહાનું તહોમત કોઇ શખ્સની ઉપર મુક્યું હોય તે ગુન્હો કેટલીએક બાબતોનો બનેલો હોય અને તે બાબતોમાંની ફક્ત કેટલીક બાબતોને એકઠી કરવાથી કોઇ પુર્ણ નાહાનો ગુન્હો થતો હોય અને સદરહુ રીતે એકઠી કરેલી બાબતો સાબિત કરવામાં આવે પણ બાકી રહેલી બાબતો સાબીત ન કરવામાં આવે ત્યારે તે નાહાના ગુન્હાનુ તહોમત તેની ઉપર મુકેલુ નથી તો પણ તે ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર છે.

કોઇ શખસ ઉપર કોઇ ગુન્હાનું તહોમત મુક્યું હોય અને એવી હકીકત સાબિત થાય કે તેથી તે ગુન્હો એછો થઇને નાહાનો ગુન્હો થાય ત્યારે તે નાહાના ગુન્હાનું તહોમત તેની ઉપર મુકેલુ નથી તો પણ તે ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર છે.

જ્યારે ૧૯૮ ની અથવા ૧૯૯મી કલમથી ફરમાવ્યાપ્રમાણે કાંઇ ફરિયાદ કરવામાં આવી ન હોય ત્યારે તે કલમમાં કહેલો કોઇપણ ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર આ કલમ માંહેના કેઇપણ મચકુરથી છે એવું સમજવું નહીં.

દ્રષ્ટાંતો.

(અ) અને ભારવાહક દાખલ કાંઇ મિલકત સોંપી તબાબત સામરાથે વિશ્વાસઘાત કરયાનું તહોમત હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૦૭મી કલમ પ્રમાણે તેની ઉપર મુક્યું છે તે મીલકત બાબત તેણે ૪૦૬ઠી કલમ પ્રમાણે વિશ્વાસઘાત કરયો પણ તે મિલકત તેણે ભારવાહક દાખલ સોંપેલી નહીં એમ જણાયછે ૪૦૬ઠી કલમ પ્રમાણે એ સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર છે.

(બ) હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૨૫મી કલમ મુજબ અની ઉપર મહાવ્યથા કરયાનું તહોમત મુક્યું છે ભારે તથા આકસ્મીક ક્રોધ ચડયાથી તેણે એમ કરયુ, એવું તે સાબીત કરે છે. તે કાયદાની ૩૩૫મી કલમ મુજબ તેની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર છે.

(કયા શખસો ઉપરએકઠાં તોહોમત મુકવાનો અધિકર છે.)

૨૩૯. જ્યારે એકજ ગુન્હો કરયાનું અથવા એકજ કામમાં જુદા જુદા ગુના કરયાનું તોહોમત એક કરતાં વધતા શખસો ઉપર આવ્યું હોય અથવા કોઇ પણ ગુનો કરયાનું તોહોમત એક શખસની ઉપર આવ્યું હોય અને તે ગુનામાં મદદગારી કરવાનું અથવા તે ગુનો કરવાની કોશિસ કરવાનું તોહોમત કોઇ બીજા સખસ ઉપર આવ્યું હોય ત્યારે કોરટની નજરમાં યોગ્ય આવે તે પ્રમાણે તે સખસો ઉપર એકઠું તહોમત મુકીને ઇનસાફ કરવાનો અથવા જુદાં જુદાં તહોમત મુકીને ઇનસાફ કરવાનો અધીકાર છે. અને આ બાબનાં પાછલા ભાગ માંહેના ઠરાવો એવાં સઘળાં તહોમતોને લાગુ પડશે.

દ્રષ્ટાંતો.

(અ) અ તથા બની ઉપર એકજ ખુનનું તહોમત આવ્યું છે. તે ખુન બાબત અ તથા બ ની ઉપર એકઠું તહોમત મુકીને ઇનસાફ કરવાનો અખત્યાર છે

(બ) અ તથા બ ની ઉપર અપહરણ કરવાનું તહોમત આવ્યું છે તે અપહરણ કરવામાં અ એ ખુન કર્યું તેખુનમાં બ નો કાંઇસંબંધ નથી; અ તથા બએ બઉની ઉપર અપહરણ કરવાનું તહોમત મુકીને અને એકલા અ ની ઉપર ખુનનું તહોમત મુકીને તેઓનો એકઠો ઇનસાફ કરવાનો અધિકાર છે.

(ક) અ તથા બ એ બંનેની ઉપર એક ચોરી કર્યાનું તહોમત મુકકું છે અને તેજ કામમાં બ એ બીજી બે ચોરી કર્યાનું તહોમત બ ની ઉપર મુક્યુ છે. અ તથા બ એ બંનેની ઉપર એક ચોરીનું તહોમત મુકીને અને એકલા બ ની ઉપર બીજી બે ચોરીનું તહોમત મુકીને એ બંન્નેનો એકઠો ઇનસાફ કરવાનો અધિકાર છે.

કેટલાંએક તહોમતોમાંના એક તહોમત ઉપરથી ગુનો ઠરે તોબાકીનાં તહોમત પાછાં લઇ લેવા બાબત.

૨૪૦. જ્યારે એકજ શખસની ઉપર એક કરતાં વધતાં તહોમત મુકયાં હોય અને જ્યારે તેમાંના એક અથવા વધારે તહોમત ઉપરથી ગુનો ઠરે ત્યારે ફરીયાદી અથવા ફરીયાદનુ કામ ચલાવનારો અમલદાર કોરટની સંમતી લઇને બાકીનું તહોમત અથવા બાકીનાં તહોમતો પાછાં લઇ લેવાને મુખત્યાર છે, અથવા તે કોરટે તે બાકીનાં તહોમતની અથવા તહોમતોની ચોકશી અથવા ઇનસાફ કરવાનુ પોતાનીજ મેળે બંધ રાખવાને મુખત્યાર છે. સદરહુ પ્રમાણે તહોમત અથવા તહોમતો પાછાં લઇ લેવાનું ફળ, સદરહુ તહોમત અથવા તહોમતો બાબત ગુન્હો ના સાબીત થયાના ઠરાવ જેવુ થશે, પણ જો ગુન્હો સાબિત થયાનો ઠરાવ રદ કરવામાં આવે તો તે પ્રસંગે (તે ગુનો સાબિત થયાનો ઠરાવ રદ કરનારી કોરટના હુકમને અનુસરીને) સદરહુ કોરટ એ પ્રમાણે લઇ લીધેલાં તહોમતની અથવા તહોમતોની ચોકશી અથવા ઇનસાફનું કામ ચલાવવાને મુખત્યાર છે.

બાબ ૨૦ સો.

સમનના મુકદમાઓનો માજીસ્ત્રેટોએ ઇનસાફ કરવા બાબત.

સમનનામુકદમામાં કામ ચલાવવાનીરીત.

૨૪૧. સમનના મુકદમાઓનો ઇનસાફ કરતી વખતે માજીસ્ત્રેટોએ હેઠળ લખેલી રીત પ્રમાણે કામ ચલાવવું.

તહોમતનો સાર કહી જણાવવો.

૨૪૨. જ્યારે માજીસ્ત્રેટની આગળ તહોમતવાળો હાજર થાય અથવા તેને આણવામાં આવે ત્યારે જે ગુનાનુ તહોમત તેની ઉપર આવ્યું હોય તે ગુનાની વીગત તેને કહી જણાવવી અને તેને પુછવું કે તમારી ઉપર ગુનો સાબિત થયાનો ઠરાવ શા સારૂ ન હી કરવો જોઇએ તેનું કોઇ કારણ તમારે બતાવવાનું છે પણ કાંઇ પદ્ધતી પ્રમાણે તહોમતનામું તઇઆર કરવાની જરૂર નથી.

તહોમત સાચુંછેએ

૨૪૩. તહોમતવાળાની ઉપર જે ગુનાનું તહોમત મુક્યુ

કબુલ કરેથી ગુનાની સાબીતીને ઠરાવ.

હોય તે ગુનો મે કરયો છે એવું તે કબુલ કરે તો તેની કબુલત બના શકે તેટલે સુધી તેણે વાપરેલા શબદોમાં નોંધી લેવી; અને તેની ઉપર ગુનો સાબીત થયાનો ઠરાવ શા સારૂ નહીં કરવો જોઇએ તેનું પુરતું કારણ તે ન બતાવે તો એ પ્રમાણે તેની ઉપર ગુનો સાબીત થયાનો ઠરાવ માજીસ્ત્રેટે કરવો.

સદરહુ પ્રકારની કાંઇ કબુલત કરવામાં ન આવે ત્યારે કેમ કરવું.

૨૪૪ જો તહોમતવાળો સદરહુ પ્રકારની કાંઇ કબુલત કરે નહીં તો માજીસ્ત્રેટે ફરીયાદી હોય તો તેની વાત સાંભળવી, અને ફરીયાદનું કામ ચલાવવાની પુષ્ટિમાં જે પુરાવો રજુ કરવામાં આવે તે સઘળો લેવો અને વળી તહોમત વાળાની વાત સાંભળી તથા તે પોતાના જવાબમાં જે પુરાવો રજુ કરે તે સઘળો લેવો

જો માજીસ્ત્રેટ દુરસ્ત ધારે તો તે ફરીયાદીની અથવા તહોમત વાળાની અરજી ઉપરથી કોઇ પણ શાહેદને હાજર થવાની જરૂર ન પાડવા બાબત અથવા કોઇ પણ દસ્તાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરવાની જરૂર પાડવા બાબત પ્રોસેસ કાહાડવાને મુખત્યાર છે.

સદરહુ અરજી ઉપરથી કોઇ પણ શાહેદને સમન કરતાં પેહેલાં તેને તેહેઇનસાફનાં કારણ સારૂ હાજર થવામાં જે વાજબી ખરચ થાય તે કોરટમાં અનામત મુકવો એવું ફરમાવવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

ગુનો ના સાબીત થયાનો ઠરાવ.

૨૪૫. ૨૪૪ મી કલમમાં કહેલો પુરાવો અને પોતે પોતાનીજ મેળે કાંઇ વધારે પુરાવો રજુ કરાવે તો તે પુરાવો લીધા ઉપરથી અને (પોતે યોગ્ય ધારે તો) તહોમત વાળાની જબાની લીધા ઉપરથી જો માજીસ્ત્રેટ એવું ઠરાવે કે તહોમત વાળો તકસીરવાર નથી તો તેણે ગુનો ના સાબીત થયાનો ઠરાવનો હુકમ દફતરમાં નોંધવો.

શિક્ષાનો હુકમ.

તહોમત વાળો તકસીરવાર છે એવું માજીસ્ત્રેટ ઠરાવે તો તેણે તેની ઉપર કાયદા પ્રમાણે શિક્ષાનો હુકમ કરવો.

ફરીયાદ અથવા સમન પ્રમાણે ઠરાવ કરવો એવી કાંઇ હદ નથી.

૨૪૬. ફરીયાદનો અથવા સમનનો પ્રકાર ગમે તેવો હોય તો પણ આ બાબ પ્રમાણે ઇનસાફ થઇ શકે એવો કોઇ પણ ગુનો કબુલ કરેલી અથવા સાબીત થએથી હકીકત ઉપરથી તહોમત વાળાએ કરેલો છે એમ જણાય તે ગુના બાબત તેની ઉપર ૨૪૩ મી અથવા ૨૪૫ મી કલમ પ્રમાણે ગુનો સાબીત થયાનો ઠરાવ કરવાને કોઇ માજીસ્ત્રેટ મુખત્યાર છે.

ફરીયાદીની ગેરહાજરી.

૨૪૭. જો સમન ફરીયાદ થયા ઉપરથી કાહાડયો હોય અને તહોમતવાળાને હાજર થવા સારૂ મુકરર કરેલે દીવસે અથવા ત્યાર પછી જે દીવસ સુધી સુનાવણી મુલતવી રાખવામાં આવે તે દીવસે ફરીયાદી હાજર ન થાય તો આ કાયદામાં પાછળ ગમે તે કહ્યું હોય તે છતાં, માજીસ્ત્રેટે તહોમત વાળાની ઉપર ગુનો ના સાબિત થયાનો ઠરાવ કરવો. પણ કાંઇ કારણ સારૂ પોતે તે કામની સુનાવણી બીજા કોઇ દીવસ સુધી મુલતવી રાખવાનું યોગ્ય ધારે તો તેમ કરવું નહીં.

ફરીયાદ પછી લઇ

૨૪૮. આ બાબ પ્રમાણે કોઇ પણ કામમાં છેવટનો

લેવાં બાબત.

હુકમ થતાં પેહલાં કોઇ પણ વખતે જો કોઇ ફરીયાદી માજીસ્ત્રેટની એવી ખાત્રી કરી આપે કે પોતાની ફરીયાદ પાછી લઇ લેવાની પોતાને પરવાનગી આપવાનાં પાકાં કારણ છે તો તે ફરીયાદ પાછી લેઇ લેવાની તેને પરવાનગી આપવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે અને તે ઉપરથી તહોમતવાળાની ઉપર ગુનો ના શાબિત થયાનો ઠરાવ કરવો.

જ્યારે કોઇ ફરીયાદી ન હોય ત્યારે કામ બંધ કરવાને અધિકાર

૨૪૯ ફરીયાદ શિવાય બીજી રીતે માંડેલા કોઇ પણ મુકદમામાં, ગુન્હો ના શાબિત થવાનો અથવા શાબીત થયાનો ફેસલો આપ્યા વગર ગુઇ પણ વખતે કામ બંધ કરવાને પ્રેસીડેનસી માજીસ્ત્રેટ અથવા પેહલા વરગનો માજીસ્ત્રેટ અથવા જીલ્લા માજીસ્ત્રેટની અગાઉથી મંજુરી લઇને બીજો કોઇ પણ માજીસતરેટ મુખત્યાર છે. પણ તેમ કરવાનાં કારણો તેણે દફતરમાં લખવાં. અને પછી તહોમતદારને છોડી મુકવાને તે મુખત્યાર છે.

નજીવી અથવા તસ્દી આપે એવી ફરીયાદો બાબત.

૨૫૦ ફરીયાદ ઉપરથી માંડેલા કોઇ પણ મુકદમામાં જો કોઇ માજીસતરેટ તહોમતવાળાની ઉપર ૨૪૫ મી અથવા ૨૪૭ મી કલમ પ્રમાણે ગુન્હો ના શાબિત થયાનો ઠરાવ કરે અને તેની નજરમાં એવું આવે કે તે ફરીયાદ નજીવી અથવા તસ્દી આપે એવી છે તો તેની મરજીમાં આવે તો તે માજીસતરેટ ગુન્હો ના શાબીત થયાના પોતાના હુકમથી તહોમતવાળાને, અથવા જ્યારે એક કરતાં વત્તા તહોમતવાળા હોય ત્યારે તેમાંના દરેકને, ઘણામાં ઘણા પચાસ રૂપીયા સુધી પોતે યોગ્ય ધારે તેટલો નુકશાનીનો અવેજ આપવાનું ફરીયાદીને ફરમાવવાને મુખત્યાર છે.

નુકશાનીનો અવેજ વસુલ કરવા બાબત.

એ પ્રમાણે જે રકમ આપવાનો હુકમ કરવામાં આવે તે રકમ જાણે દંડ હોય એવી રીતે વસુલ થઇ શકશે; પણ એવું ઠરાવ્યું છે કે તે રકમ વસુલ ન થઇ શકે તો જે કેદ ઠરાવવી તે આસાન હોવી જોઇએ અને ઘણામાં ઘણાં ત્રીસ દીવસ સુધીની જેટલી મુદત માજીસતરેટ ફરમાવે તેટલી મુદત સુધીની હોવી જોઇએ.

પછી તેજ બાબત સંબંધી દાવાનીમાં કાંઇ પણ ફરીયાદ કરવામાં આવે તેમાં નુકશાનીનો અવેજ આપવાનો હુકમ કરતી વખતે આ કલમ મુજબ જે રકમ નુકશાનીના અવેજ દાખલ આપેલી અથવા વસુલ કરેલી હોય તે રકમ કોરટે હીસાબમાં લેવી.

ભાગ ૨૧ મો.

વારંટના મુકદમાઓનો માજીસ્ત્રેટોએ ઇનસાફ કરવા બાબત.

વારંટના મુકદમામાં કામ ચલાવવાની રીત.

૨૫૧ વારંટના મુકદમાનો ઇનસાફ કરતી વખતે માજીસતરેટોએ હેઠળ લખેલી રીત પ્રમાણે કામ ચલાવવું.

ફરીયાદનું કામ ચલાવનારની તરફનો પુરાવો

૨૫૨. જ્યારે માજીસતરેટની આગળ તહોમતવાળો હાજર થાય અથવા તેને આણ્યો હોય ત્યારે તે માજીસતરે

છે ફરીયાદી (જો હોય તો) જે કેહે તે સાંભળવું અને ફરીયાદનું કામ ચલાવનારના ટેકામાં જે પુરાવો રજુ કરવામાં આવે તે સઘળો પુરાવો લેવો.

જે શખસો તે મુકદમાની હકીકતથી વાકેફ હોય એવો અને ફરીયાદનું કામ ચલાવનારની તરફથી શાહેદી આપી શકે એવો સંભવ હોય તે સખસોનાં નામ ફરીયાદી પાસેથી અથવા બીજી રીતે માજિસતરેટ નક્કી કરી લેવાં, અને તેમાંના જે સખસોની પોતે જરૂર ધારી તેઓને પોતાની આગળ શાહેદી આપવા સારૂ સમન કરવા

તહોમતવાળાને છોડી મુકવા બાબત.

૨૫૩ ૨૫૨ મી કલમમાં કહેલો સઘળો પુરાવો અને પોતાને જરૂર લાગે એવી તહોમતવાળાની જુબાની [જો હોય તો] લીધા ઉપરથી જો માજીસતટ એવું ઠરાવે કે તહોમતવાળાની વિરૂદ્ધ એવી કાંઈ બાબત શાબિત કરવામાં આવી નથી કે જે તોડી પાડવામાં ન આવે તો તેની ઉપર ગુન્હો શાબિત થયાનો ઠરાવ કરવાનું વાજબી થાય તો તે માજીસ્ત્રેટે તેને છોડી મુકવો.

જો કાંઇ કારણસર કોઇ માજીસ્ત્રેટની નજરમાં એમ આવે કે તહોમત પાયા વગરનું છે, તો તે માજીસતરેટને મુકદમો ચાલતો હોય ત્યારે અગાઉ કોઇ પણ વખતે તહોમતવાળાને છોડી મુકવામાં અટકાવ થશે એવું આ કલમ માંહેના કોઇ પણ મજકુરથી સમજવું નહી. સદરહુ કારણો તેણે દફતરમાં નોંધવા જોઈએ.

ગુન્હો શાબિત થયેલો જણાય ત્યારે તહોમતનામું તૈયારકરવું

૨૫૪ સદરહુ પુરાવો તથા જુબાની લીધા પછી જો તે માજીસતરેટની નજરમાં એમ આવે કે આ બાબ પ્રમાણે ઇનસાફ થઇ શકે એવા જે ગુન્હાનો ઇનસાફ કરવાનો પોતાને અખ્ત્યાર છે તથા જે બાબત પોતાના મત પ્રમાણે પોતે ઘટિત શિક્ષા કરી શકશે તેવો કાંઇ ગુન્હો તહોમતવાળાએ કરયો છે એવું અનુમાન કરવાનો સબબ છે; તો તે માજીસતરેટે તહોમતવાળાની ઉપર એક તહોમતનામું લખીને તઇયાર કરવુ.

જવાબ.

૨૫૫ પછી તે તહોમતનામું તહોમતવાળાને વાંચી સંભળાવવું તથા સમજાવવું, અને તેને પુછવુ કે તું તકશીરવાર છે કે તારે કાંઇ જવાબ કરવાનો છે.

જો તે તહોમતવાળો હું તકશીરવાર છું એવો જવાબ આપે, તો તે જવાબ માજીસતરેટે દફતરમાં લખી લેવો: અને તે ઉપરથી પોતાની નજરમાં આવે તો માજીસતરેટ તેની ઉપર ગુનો શાબિત થયાનો ઠરાવ કરવાને મુખત્યાર છે.

તહોમતવાળાનો જવાબ.

૨૫૬ જો તે તહોમતવાળો જવાબ આપવાની ના કેહે અથવા જવાબ આપે નહી અથવા મારો ઇનસાફ થવો જોઇએ એવો દાવો કરે તો તેને પોતાનો જવાબ કરવાનું અને પોતાનો પુરાવો રજુ કરવાનું ફરમાવવું, અને તે પોતાનો જવાબ કરતો હોય ત્યારે, કોઇ પણ વખતે ફરીયાદી તરફનો કોઇ પણ શાહેદ કોરટમાં અથવા કોરટના મકાનની હદમાં હાજર હોય તેને પાછો બોલાવીને તેની ઉલટ તપાસણી કરવાની તે તહોમતવાળાને રજા આપવી.

જો તહોમતવાળો કાંઇ લખેલો જવાબ આપશે તો તે દફતરમાં માજીસતરેટે દાખલ કરવો.

તહોમતવાળાની અરજી ઉપરથી પુરાવો રજુ કરવાની જરૂર પાડવા બાબત પ્રોસેસ.

૨૫૭ કાંઇ પણ શાહેદની તપાસણી અથવા ઉલટ તપાસણી કરવા સારૂ [પછી તે મુકદમામાં તે શાહેદને અગાઉ તપાસ્યો હોય કે નહી હોય તોપણ] તેને હાજર થવાની જરૂર પાડવા બાબત અથવા કાંઇ દસતાવેજ અથવા બીજી વસ્તુ રજુ કરવાની જરૂર પાડવા બાબત કાંઇ પણ પ્રોસેસ કાહાડવાની તહોમતવાળો માજીસતરેટને અરજી કરે, અને સદરહુ અરજી તસ્દી આપવા સારૂ અથવા વીલંબ કરવા સારૂ અથવા ઇનસાફનો હેતુ પાર ના પડે એમ કરવા સારૂ કરી છે એવું તેને દેખાઇ ન આવે તો માજીસતરેટે તે પ્રોસેસ કાહાડવું જોઇએ: તે સબબ માજિસતરેટે દફતરમાં લખવો.

સદરહુ અરજીપરથી કોઇપણ શાહેદને સમન કરતાં પેહેલાં તે ઇનસાફના કારણ સારૂ તે શાહેદને હાજર થવામાં જે વાજબી ખરચ થાય તે કોરટમાં અનામત મુકવો એવું ફરમાવવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે.

ગુન્હો ના સાબિતથયાનો ઠરાવ.

૨૫૮ આ બાબ પ્રમાણે જે મુકદમામાં તહોમતનામું તઇયાર કરયું હોય તે મુકદમામાં જો માજીસ્ત્રેટ એમ ઠરાવે કે તહોમતવાળો તકશીરવાર નથી તો તેણે ગુનો નાસાબિત થયાનો હુકમ દફતરમાં નોંધવો.

ગુનો સાબિત થયાનો ઠરાવ.

સદરહુ પ્રકારના કોઇપણ મુકદમામાં જો તહોમતવાળો તકસીરવાર છે એમ માજીસ્ત્રેટ ઠરાવે તો તેણે કાયદા પ્રમાણે તેની ઉપર શિક્ષાનો હુકમ કરવો.

ફરિયાદીની ગેરહાજરી.

૨૫૯ જ્યારે ફરીયાદ થયા ઉપરથી કામ ચલાવવા માંડયું હોય અને મુકદમાની સુનાવણી માટે મુકરર કરેલે કોઇપણ દીવસે ફરીયાદી ગેરહાજર હોય અને ગુનો કાયદા પ્રમાણે માંડીવાળવાનો અખ્તિયાર હોય તો આ કાયદામાં પાછળ ગમે તે કહયું હોય તે છતાં તહોમતનામું તઇયાર કરયાની અગાઉ કોઇપણ વખતે પોતે દુરસ્ત ધારે તો માજીસ્ત્રેટ તહોમતવાળાને છોડી મુકવાને મુખત્યાર છે.

બાબ ૨૨ મો.

સંક્ષપરીતે ઇનસાફ કરવા બાબત.

સંક્ષેપરીતે ઇનસાફ કરવાનો અખ્તિયાર.

૨૬૦ આ કાયદામાં ગમે તે કહયું હોય છે છતાં:—

(૧) જીલ્લા માજીસ્ત્રેટ,

(૨) પહેલા વરગના જે માજીસ્ત્રેટને સ્થાનિક સરકારે આ બાબત વિશેષે કરીને અધિકાર આપ્યો હોય તે માજીસ્ત્રેટ, અને

(૩) માજીસતરેટોની જે બેંચને પેહેલા વરગના માજીસતરેટનો અખીકાર આપ્યો હોય અને જેને સ્થાનીક સરકારે આ બાબત વિશેષે કરીને

અધિકાર આપ્યો હોય તે બેંચ હેઠળ લખેલા સઘળા અથવા હરકોઇ ગુન્હાનો ઇનસાફ સંક્ષેપ રીતે કરવાને મુખત્યાર છે.

[અ] જે ગુન્હા મોતની, સમુદ્ર પારની, અથવા છ મહિના કરતાં વધતી મુદતની કેદની શિક્ષા કરવા લાયક નહીં હોય તેવા ગુન્હા;

[બ] હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૬૪ મી, ૨૬૫ મી અને ૨૬૬ મી, કલમ પ્રમાણે કાટલાં તથા માપ સંબંધી ગુન્હા;

[ક] તેજ કાયદાની ૩૨૩ મી કલમ પ્રમાણે વ્યથા;

(ડ) તેજ કાયદાની ૩૭૯ મી અથવા ૩૮૦ મી અથવા ૩૮૧ મી કલમ પ્રમાણે ચોરી—ચોરીની મીલકતની કિંમત પચાસ રૂપીયા કરતાં વધારે નહીં હોય ત્યારે.

(ઇ) તેજ કાયદાની ૪૧૧ મી કલમ પ્રમાણે ચોરીની મીલકત લેવી અથવા રાખવી સદરહુ મીલકતની કીમત પચાસ રૂપીયા કરતાં વધારે નહીં હોય ત્યારે;

[ફ] તેજ કાયદાની ૪૧૪ મી કલમ પ્રમાણે ચોરીની મીલકત સંતાડવામાં અથવા તેની વ્યવસ્થા કરવામાં મદદ કરવી—સદરહુ મીલકતની કીમત પચાસ રૂપીયા કરતાં વધારે નહીં હોય ત્યારે.

(ગ) તેજ કાયદાની ૪૨૭ મી કલમ પ્રમાણે બિગાડ;

[હ] તેજ કાયદાની ૪૪૮ મી કલમ પ્રમાણે ગૃહપ્રવેશ;

[આઇ] તેજ કાયદાની ૫૦૪ થી કલમ પ્રમાણે સુલેહનો ભંગ કરવાના ઇરાદાથી અપમાન કરવું, અને તેજ કાયદાની ૫૦૬ ઠી કલમ પ્રમાણે સાપરાધ ધમકી,

(જ) ઉપર કહેલા ગુન્હાઓમાંના કોઇ પણ ગુન્હામાં મદદગારી કરવી.

(કે) ઉપર કહેલા ગુન્હાઓમાંના કોઇ પણ ગુન્હો કરવાની કોશિસ—તે કોશિસ ગુન્હો હોય ત્યારે.

પણ એવું ઠરાવ્યું છે કે જે મુકદમાં કોઇ જીલ્લા માજીસ્ત્રેટ ૩૪ મી કલમમાં આપેલા વિશેષ અધિકાર ચલાવતો હોય તેવા કોઇ પણ મુકદમાનો ઇનસાફ સંક્ષેપ રીતે કરવો નહીં.

માજીસ્ત્રેટની જેબેંચને ઓછો અધિકાર આપ્યો હોય તેબેંચને અધિકાર આપવાને અખત્યાર.

૨૬૧. માજીસ્ત્રેટોની જે કોઇ બેંચને બીજા અથવા ત્રીજા વરગના માજીસ્ત્રેટનો અધિકાર આપેલો હોય તે બેંચને હેઠળ લખેલા સઘળા ગુન્હાઓનો અથવા તેઓમાંના કોઇ પણ ગુન્હાનો સંક્ષેપ રીતે ઇનસાફ કરવાનો અધિકાર આપવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે:—

(અ) હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૭૭ મી, ૨૭૮ મી, ૨૭૯ મી, ૨૮૫ મી, ૨૮૬ મી, ૨૮૯ મી, ૨૯૦ મી, ૨૯૨ મી, ૨૯૩ મી, ૨૯૪ મી, ૩૨૩ મી, ૩૩૪ મી, ૩૩૬ મી ૩૪૧, ૩૫૨ મી, ૪૨૬ મી તથા ૪૪૭ મી કલમ વિરૂદ્ધ ગુન્હા;

(બ) મ્યુનિસિપાલ આકટો વિરૂદ્ધ અને શેહેરનું જતન કરવા બાબત જે કલમો પોલીસ આકટોમાં છે તે કલમો વિરૂદ્ધ જે ગુન્હા માટે ફકત દંડની, અથવા

એક મહિના સુધીની મુદતની કેદની શિક્ષા થઇ શકે એવા ગુન્હા,

(ક) ઉપર કહેલા ગુન્હાઓમાંના કોઇ પણ ગુન્હામાં મદદગારી;

(ડ) ઉપર કહેલા ગુન્હાઓમાંના કોઇ પણ ગુન્હો કરવાની કોશિસ—તે કોશિસ ગુન્હો હોય ત્યારે.

સમનના તથા વારંટના મુકદમા માટે કામ ચલાવવાની જે રીત છે તે રીત લાગુ પાડવા બાબત.

૨૬૨. આ બાબ પ્રમાણે ઇનસાફ કરતી વખતે સમનના મુકદમા માટે ફરમાવેલી રીત પ્રમાણે સમનના મુકદમામાં કામ ચલાવવું અને વારંટના મુકદમા માટે ફરમાવેલી રીત પ્રમાણે વારંટના મુકદમામાં કામ ચલાવવું, પણ આ કાયદામાં આગળ કહેલી બાબતોમાં તેમ કરવું નહીં.

કેદની હદ.

આ બાબ પ્રમાણે હરકોઇ ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવમાં આવે ત્યારે ત્રણ મહિના કરતાં વધારે મુદતની કેદની શિક્ષાનો હુકમ કરવો નહીં.

જે મુકદમામાં અપીલ ચાલતી ન હોય તે મુકદમાનું દફતર.

૨૬૩. જે મુકદમામાં અપીલ ચાલતી નહીં હોય તે મુકદમામાં માજીસ્ત્રેટને અથવા માજીસ્ત્રેટોની બેંચને શાહેદોનો પુરાવો દફતરમાં દાખલ કરવાની અથવા પદ્ધતી પ્રમાણે તોહમતનામું તઇયાર કરવાની જરૂર નથી; પણ સ્થાનિક સરકાર ફરમાવે એવાં પત્રકમાં હેઠળ લખેલી વિગત માજીસ્ત્રેટે અથવા માજીસ્ત્રેટોની બેંચે દાખલ કરવી-

[અ] અનુક્રમે ચઢનો નંબર.

(બ) ગુન્હો થયાની તારીખ.

(ક) રિપોરટની અથવા ફરીયાદની તારીખ;

[ડ] ફરીયાદી હોય તો તેનું નાંમ,

(ઇ) તોહમતવાળાનું નામ, તેના બાપનું નામ, તથા તેનું રેહેવાનું ઠેકાણું.

(ફ) જે ગુન્હાની ફરીયાદ થઇ હોય તે ગુન્હો તથા કાંઇ ગુન્હો સાબિત થયો હોય તો તે ગુન્હો અને ૨૬૦ મી કલમની રકમ (ડ), રકમ (ઇ) અથવા રકમ (ફ) માં આવે એવી બાબતોમાં જે મીલકતના સંબંધમાં ગુનો કર્યો હોય તે મીલકતની કીંમત;

(ગ) તોહોમતવાળાનો જવાબ તથા તેની જબાની (જો હોય તો);

(હ) ગુના બાબત ઠરાવ અને ગુનો સાબીત થયાનો ઠરાવ કરયો હોય તો તેનાં કારણનો મુખતેસરમાં મજકુર;

(આઇ) શિક્ષાનો હુકમ અથવા બીજો આખરનો હુકમ; અને

(જ) જે તારીખે કામ પુરૂ થયું તે તારીખ.

જે મુકદમામાં અપીલ ચાલતી હોય તે મુકદમાનું દફતર.

૨૬૪. જે મુકદમાનો ઇનસાફ કોઇ માજીસ્ત્રેટ અથવા બેંચ સંક્ષિપ્ત રીતે કરે અને જેમાં અપીલ ચાલતી હોય તેવા દરએક મુકદમમાં તે માજીસ્ત્રેટે અથવા બેંચે શિક્ષાનો હુકમ કરતાં પેહેલાં ફેસલો દફતરમાં દાખલ કરવો અને તે ફેસલામાં સાક્ષી પુરાવાનો સાર દાખલ કરવો અને ૨૬૩ મી કલમમાં કહેલી

વિગત પણ દાખલ કરવી,

ફક્ત સદરહુ પ્રકારનો ફેંસલો આ કલમ લાગુ હોય તેવા મુકદમાઓનાં દફતર છે એવું સમજવું.

દફતર અને ફેસલા ની ભાષા.

૨૬૫. ૨૬૩મી કલમ પ્રમાણે તઈયાર કરેલાં દફતર તથા ૨૬૪મી કલમ પ્રમાણે દફતરમાં દાખલ કરેલા ફેસલા પ્રમુખ અધિકારીએ અંગ્રેજીમાં અથવા કોરટની ભાષામાં, અથવા તે પ્રમુખ અધિકારી જે કોરટના પ્રત્યક્ષ તાબામાં હોય તે કોરટ ફરમાવે તો પોતાની સ્વભાષામાં લખવા.

બેંચને કલાર્કના ખતાનો અધિકાર આપવાનો અખત્યારછે.

માજીસતરેટોની જે બેંચને ગુન્હાઓનો સંક્ષિપરીતે ઇનસાફ કરવાનો અધિકાર આપેલો હોય તે બેંચ જે કોરટના પ્રત્યક્ષ તાબામાં હોય તે કોરટે આ બાબત નિમેલા કોઇ અમલદાર પાસે સદરહુ દફતર અથવા ફેસલો તઈયાર કરાવવાનો અધીકાર તે બેંચને આપવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે. અને એ પ્રમાણે તઈયાર કરેલાં દફતર ઉપર અથવા ફેસલા ઉપર તે બેંચના જે મેંબર હાજર રહીને કામમાં ભાગ લેતા હોય તેવા દરએક મેંબરે સહી કરવી.

બાબ ૨૩ મો.

હાઇકોરટની આગળ તથા સેસન કોરટની આગળ ઇનસાફ ચલાવવા બાબત.

અ.—પ્રથમ નીયમો.

“હાઇ કોરટ” એ શબ્દોની વ્યાખ્યા.

૨૬૬. ૩૦૭ મી કલમ શીવાય આ બાબમાં “હાઇકોરટ” એ શબ્દોનો અરથ વિકટોરિયાની કારકિર્દીના ચોવીસમા તથા પચીસમાં વરશના સ્ટાટયુટના ૧૦૪ થા બાબ પ્રમાણે ઇનસાફની જે હાઇ કોરટ સ્થાપી હોય અથવા સ્થાપવાની હોય તે હાઇ કોરટ એવો સમજવો, અને તેમાં પંજાબની ચીફ કોરટનો તથા બીજી જે કોરટોનો ગવરનર જનરલ ઇન કાઉનસીલ વખતે વખતે ઇંડિયા ગ્યાઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને આ બાબનાં કારણ સારૂ હાઇકોરટ ઠરાવે એવી કોરટોનો સમાવેશ થાય છે.

હાઇકોરટનીઆગળ ઇનસાફજયુરીથીકરવો.

૨૬૭. હાઇકોરટની આગળ આ બાબ પ્રમાણે સઘળા મુકદમાઓનો ઇનસાફ જયુરીથી કરવો.

અને આ કાયદામાં ગમે તે કહ્યું હોય તે છતાં આ કાયદા પ્રમાણે અથવા વિકટોરીયાની કારકીરદીના ચોવિસમા તથા પચીસમા વરસના સ્ટાટયુટના ૧૦૪થા બાબ પ્રમાણે સ્થાપેલી કોઇ પણ હાઇકોરટના લેટર્સપેટંટ પ્રમાણે કોઇ હાઇકોરટની પાશે મોકલેલા સઘળા ફોજદારી મુકદમામાં, જો તે હાઇકોરટ ફરમાવે તો, ઇનસાફ જયુરીથી કરવાનો અધીકાર છે.

સેશન કોરટની આગળ ઇનસાફજયુરીથી કરવો અથવા આસેસ

૨૬૮. સેશન કોરટની આગળ સઘળા મુકદમાઓનો ઇનસાફ જયુરીથી અથવા આસેસરોની મદદથી કરવો.

રોની મદદથી કરવો.

સેસન કોરટની આગળ ઇનસાફ જ્યુરીથી કરવાનો હુકમ કરવાને સ્થાનિક સરકાર મુખતયાર છે.

૨૬૯ કોઇપણ સેસન કોરટની આગળ સઘળા ગુનાઓનો અથવા કોઇ પણ અમુક વરગના ગુનાઓનો ઇનસાફ કોઇ પણ જીલ્લામાં જ્યુરીથી કરવો એવું સ્થનિક સરકાર સરકારી ગેઝીટમાં હુકમ પ્રસિદ્ધ કરીને ફરમાવવાને અને વખતે વખતે તે હુકમ રદ કરવાને અથવા તેમાં ફેરફાર કરવાને મુખતયાર છે.

જ્યારે કેટલાએક ગુનાનું તહોમત તહોમતવાળા ઉપર એકજ ઇનસાફની વખતે મુકવામાં આવ્યું હોય અને તેમાંના થોડા એક ગુનાઓનો ઇનસાફ જ્યુરીથી થઇ શકે અને થોડાએકનો ઇનસાફ તેવી રીતે ન થઇ શકે એમ હોય ત્યારે તે સઘળા ગુના માટે તેનો ઇનસાફ જ્યુરીથી કરવો.

સેસન કોરટની આગળ ઇનસાફનું કામ પબલિક પ્રાસિક્યુટરે ચલાવવું.

૨૭૦ સેસન કોરટની આગળ જે જે ઇનસાફ થાયતેમાં ફરિયાદનું કામ પબલીક પ્રાસિક્યુટરે ચલાવવુ.

બ— કામ ચલાવવાની સરૂઆત.

ઇનસાફનીસરૂઆત

૨૭૧ જ્યારે ઇનસાફ સરૂ કરવાને કોરટ તઇયાર હોય ત્યારે તેની આગળ તહોમતવાળાએ હાજર થવું અથવા તેને આણવો અને તહોમતનામું કોરટમાં વાંચી સંભળાવવું તથા તેને સમજાવવું અને તેને પુછવું કે જે ગુનાનું તહોમત મુકયું છે તેનો તું તકસીરવાર છે કે તારો ઇનસાફ થાય એવો તું દાવો કરે છે.

તકસીરવાર છું એવો જવાબ આપવો,

જો તહોમતવાળો એવો જવાબ આપે કે હું તકસીરવાર છું તો તે જવાબ દફતરમાં દાખલ કરવો અને તે ઉપરથી તે તહોમતવાળાને ગુનેગાર ઠરાવવો.

જવાબ દેવાની ના કહેવી અથવા ઇનસાફ કરવાનું કહેવું.

૨૭૨. જો તહોમતવાળો જવાબ આપવાની ના કહે અથવા જવાબ આપે નહીં અથવા મારો ઇનસાફ થવો જોઇએ એવો દાવો કરે તો કોરટે જ્યુરરો અથવા આસેસરો આ કાયદામાં આગળ કહયા પ્રમાણે પસંદ કરીને તે મુકદમાનો ઇનસાફ કરવા માંડવો.

એક પછી એક કેટલાએક ગુનેગારોનોઇનસાફ તેજ જ્યુરીથીઅથવા આસેસરોથી કરવા બાબત.

પણ એવું ઠરાવ્યુ છે કે આ કાયદામાં આગળ હરકતલેવાનો જે હક કહયો છે તેને અનુસરીને કોરટને યોગ્ય લાગે તેટલા તહોમતવાળા શખસોનો એક પછી એક એરીતે ઇનસાફ તેની તેજ જ્યુરી કરી શકે, અથવા તેના તેજ આસેસરો તે ઇનસાફના કામમાં મદદ કરી શકે.

સાબિત ન થઇ શકે એવાં તહોમતનામાં ઉપર નોંધ.

૨૭૩ હાઇકોરટની આગળ ઇનસાફ ચાલે તેમાં જે શખસની ઉપર તહોમત મુકયું હોય તે શખસના ઇનસાફ સરૂ થતાં પહેલાં કોઇપણ વખતે તે હાઇકોરટને એમ જણાય કે તહોમતનામું અથવા તેનો કોઇ ભાગ સાબિત થઇ શકશે ન

હી એ સ્પષ્ટ છે ત્યારે જડજે તે તહોમતનામાં ઉપર તે મતલબની એક નોંધ કરવી.

નોંધનુ ફળ. — અહેરકુ નોંધનું ફળ એવું થશે કે, પ્રસંગ પ્રમાણે તહો મતનાંમા ઉપરથી અથવા તેના ભાગ ઉપરથી ચલાવવાનું કામ બન્ધ થશે.

ક—જયુરી પસંદ કરવા બાબત.

જયુરીમાં કેટલાં મા ણસો જોઇએ.

૨૭૪ હાઇકોરટની આગળ ઇનસાફ થતી વખતે જયુ રીમાં નવ માણસો હોવાં જોઇએ.

સેશનકોરટની આગળ જયુરીથી ઇનસાફ થતી વખતે, ત્રણ કરતાં ઓછી ન હોય અને નવ કરતાં વતી ન હોય એવી જે વીષમ સંખ્યા સ્થાનિક સરકાર કોઇ પણ અમુક જીલ્લાને અથવા તે જીલ્લામાં કોઇ પણ અમુક વર્ગના ગુન્હાઓને લાગુ પડે એવા હુકમથી વખતે વખતે ફરમાવે તે સંખ્યા જયુરીના માણસોની હોવી જોઇએ.

યુરોપિયન અથવા અમેરીકન ન હોય એવા સખસોનો સેશન કોરટની આગળ ઇનસાફ કરવાસારૂ જયુરી.

૨૭૫ યુરોપિયન અથવા અમેરીકન ન હોય એવા કોઇ સખસનો ઇનસાફ સેશન કોરટની આગળ જયુરીથી કરવામાં આવે ત્યારે જો તે સખસની ઇચ્છા હોય તો તે જયુરીમાં અર્દ્ધાધિક યુરોપિયન અથવા અમેરીકન ન હોય એવા માણસો હોવા જોઇએ.

ચીઠીકાહાડીનેજયુરરો પસંદ કરવા.

૨૭૬ જયુરરો ચુંટી કાહાડવા તે જયુરર તરીકે કામ કરવાસારૂ સમન કરેલા માણસો મધેથી હાઇ કોરટ વખતે વખત કાનુન કરીને ફરમાવે તેવી રીતે ચીઠી કાહાડીને ચુંટી કાહાડવા.

વિપેશ ઠરાવ.

પણ એવું ઠરાવ્યું છે કે—

હાલનો રીવાજ કાયમ રાખ્યો.

પ્રથમ.—આ કલમ પ્રમાણે કોઇ પણ કોરટને માટે કાનુનો કાહાડવામાં આવે ત્યાંહાં સુધી તે કોરટમાં જયુરરો પસંદ કરવાની બાબતમાં જે રીવાજ હાલ ચાલુ હોય તે રીવાજ પ્રમાણે ચાલવુ;

જે માણસોને સમન ન કર્યા હોય તે કયારે ચુંટી કાહાડવા લાયક છે.

બીજું—સમન કરેલા માણસો પુરતા ન હોય તો બીજા જે માણસો હાજર હોય તે મધેથી કોરટની રજા લઇને જયુરરોની જોઇતી સંખ્યા પસંદ કરવાનો અધિકાર છે, અને

વિષેશ જયુરરોની આગળ ઇનસાફ.

ત્રીજું—ઇલાકાના મુખ્ય શેહેરોમાં—

(અ) તહોમતવાળા સખસની ઉપર મોતની શિક્ષા કરવા લાયક કોઈ ગુન્હો કરયાનું તહોમત મુક્યુ હોય તો, અથવા

(બ) બીજા કોઇ મુકદમામાં હાઇકોરટનો કોઇ જડજ ફરમાવે તો.

આ કાયદામાં આગળ વિષેશ જયુરીની જે ટીપ કહી છે તે ટીપ મધ્યેથી જયુરરો ચુંટી કાહાડવા.

જયુરરોના નામ

૨૭૭ જયુરર ચુંટી કહાડવામાં આવતા જાય તેમ

બોલાવવાં.

તેમ તે દરએકનું નામ મોઢેથી બોલાવવું અને તે હાજર થાય એટલે તોહોમતવાળાને પુછવું કે એ જ્યુરરથી તારો ઈનસાફ થાય એમા તેને હરકત નથી.

જ્યુરરોબાબતહરકત.

તે વખતે જ્યુરર બાબત તોહોમત વાળો અથવા ફરીયાદનું કામ ચલાવનારો હરકત લેવાને મુખત્યાર છે, અને તે હરકતના જે કારણ હોય તે કેહેવાં.

કારણો કહ્યા વગર હરકત.

પણ એવું ઠરાવ્યું છે કે, હાઇકોરટમાં સરકારની તરફથી આઠ સંખ્યા સુધી અને જે સખસની અથવા સખસોની ઉપર તહોમત મુકયું હોય તે સખસની અથવા આઠ સંખ્યા સુધી કારણો કહ્યા વગર હરકતો લેવા દેવી.

સઘળાં સખસોની તરફથી હરકતનાં કારણો.

૨૭૮, કોઇ જ્યુરર બાબત હેઠળ લખેલાં કારણોમાંનાં કોઇ પણ કારણ પરથી હરકત લીધી હોય અને કોરટની ખાત્રી થાય એવી રીતે તે સાબિત થાય તો તે હરકત મંજુર રાખવી.

(અ) તે જ્યુરર અનુમાન પ્રમાણે અથવા ખરેખરો પક્ષપાતી છે.

(બ) જાતનું કાંઇ કારણ. જેમકે પરદેશના વતની હોવું, અથવા કોઇ પણ ચાલુ કાયદાથી અથવા કાયદા પ્રમાણે અમલ થતો હોય એવી કોઇ પણ કાનુનથી ફરમાવેલી યોગ્યતામાં ખામી હોવી, અથવા ૨૧ વરસની અંદરની વયના અથવા સાઠ વરસની વત્તી વયના હોવું;

[ક] તેણે પોતાની રીતથી અથવા ધર્મ સબંધી સંકલ્પથી દુનિયાંદારીની વાતોની સઘળી ચીંતા તજી દીધી છે,

(ડ) તે કોરટ મધે અથવા તેના હાથ તળે કાંઇ હુદ્દો ધરાવે છે;

(ઇ) તે પોલીસનું કાંઇ કામ કરે છે અથવા પોલીસનું કાંઇ કામ તેને સોંપેલુ છે

[ફ] તેની ઉપર કોઇ પણ ગુન્હો સાબીત થયો છે જે પરથી તે કોરટની નજરમાં જ્યુરીમાં કામ કરવાને તે યોગ્ય થાય;

(ગ] જે ભાષામાં શાહેદી અપાતી હોય તે ભાષા અથવા જ્યારે તે શાહેદી સમજાવાતી હોય ત્યારે જે ભાષામાં તે સમજાવાતી હોય તે ભાષા સમજવાને તે અશક્ત છે.

(હ) બીજી કોઇ હકીકતથી તે કોરટની નજરમાં, તે જ્યુરર તરીકે ના લાયક થાય તે હકીકત.

હરકત વિષે ઠરાવ.

૨૭૯. કોઇ જ્યુરર બાબત જે હરકત લેવામાં આવે તે દરએક હરકત વિશે કોરટે ઠરાવ કરવો અને તે ઠરાવ દફતરમાં નોંધવો અને તે આખરનો છે એવું સમજવુ.

જે જ્યુરરની વિરૂદ્ધ હરકત મંજુરકરવામાં આવે તે જ્યુરરની જગા પુરવા બાબત.

જો તે હરકત મંજુર કરવામાં આવે, તો તે જ્યુરરને ઠેકાણે સમન મુજબ હાજર થયલા અને ૨૭૬ મા કલમથી ઠરાવેલી રીતે ચુઠી કાહાડેલા બીજા કોઇ પણ જ્યુરરને નિમવો; અથવા એવો બીજો કોઇ જ્યુરર હાજર ન હોય તો જેનું નામ જ્યુરરોની ટીપમાં હોય

અથવા જે માણસ કોરટની નજરમાં તે જ્યુરીમાં કામ કરવાને યોગ્ય જણાય એવો બીજો જે માણસ કોરટમાં હાજર હોય તે માણસને નિમવો, પણ એવું ઠરાવ્યું છે. કે સદરહુ જ્યુરર અથવા બીજા માણસ બાબત ૨૭૮ મી કલમ પ્રમાણે હરકત લીધી ન હોય અને મંજુર રાખી ન હોય તો તેમ કરવું.

જ્યુરીનો અગરેસર.

૨૮૦ જ્યારે જ્યુરરોને પસંદ કરવામાં આવે ત્યારે તેમણે પોતાનામાંથી એક જણને અગરેસર નીમવો.

તે અગરેસરે જ્યુરીની તકરારોમાં ઉપરીપણું કરવું. જ્યુરીનો ઠરાવ કોરટને કહી સંભળાવવો, અને જ્યુરીને અથવા તેમાંના કોઇ પણ જ્યુરરને કાંઇ ખબર જોઇતી હોય તે કોરટ પાસેથી પુછી લેવી.

જડજને વ્યાજબી લાગે એટલા વખતમાં જો જ્યુરીમાંના ઘણ જણ કોઇ અગરેસર નીમવામાં એકમત ન થાય તો તેની નિમણુક કોરટે કરવી.

જ્યુરરોને સમ ખવડાવવા બાબત.

૨૮૧ જ્યારે અગરેસર નિમવામાં આવે ત્યારે સન ૧૮૭૩ ના હિંદુસ્તાનના સમના આકટ પ્રમાણે જ્યુરરોને સમ ખવડાવવા.

જ્યુરર હાજર રેહેતો બંધ થાય ત્યારે કેમ કરવું.

૨૮૨ જ્યુરીથી ઇનસાફનું કામ ચાલતું હોય તે દરમિયાનમાં જ્યુરીનો ઠરાવ કહી સંભળાવતાં પેહેલાં કોઇ પણ વખતે; કાંઇ પુરતા કારણસર કોઇ જ્યુરર તે ઇનસાફનું કામ પુરૂં થતાં સુધી હાજર ન થઇ શકે અથવા કોઇ જ્યુરર ગેરહાજર રેહે અને તેને હાજર ન કરી શકાય એવું હોય અથવા જે ભાષામાં શાહેદી અપાતી હોય તે ભાષા કોઇ જ્યુરર સમજી શકતો નથી અથવા તે શાહેદી સમજાવાતી હોય ત્યારે જે ભાષામાં તે સમજાવાતી હોય તે ભાષા સમજી શકતો નથી એવું જો દેખાય તો, એક નવો જ્યુરર માંહે લેવો અથવા તે જ્યુરીને રજા આપવી. અને નવી જ્યુરી પસંદ કરવી.

સદરહુ પ્રસંગોમાંના દરએક પ્રસંગે ઇનસાફ નવેસરથી કરવો.

કેદી માંદો હોય ત્યારે જ્યુરીને રજા આપવા બાબત.

૨૮૩ જ્યારે કેદી પાંજરામાં રેહેવાને અશકત થાય ત્યારે જ્યુરીને રજા આપવાને પણ જડજ મુખત્યાર છે.

૬.—આસેસરો પસંદ કરવા બાબત.

આસેસર કેવી રીતે પસંદ કરવા.

૨૮૪ જ્યારે ઇનસાફ આસેસરોની મદદથી કરવાનો હોય ત્યારે આસેસર તરીકે કામ કરવાને સમન કરેલા માણસોમાંથી જડજને યોગ્ય લાગે તે પ્રમાણે બે અથવા વધારે માણસો ચુંટી કાહાડવા.

આસેસરથી હાજર થવાતું ન હોય ત્યારે કેમ કરવું.

૨૮૫. આસેસરોની મદદથી કોઇ ઇનસાફનું કામ ચાલતું હોય તે દરમિયાનમાં જો ઠરાવ થતાં પેહેલાં કોઇ પણ વખતે કાંઇ પુરતાં કારણસર કોઇ આસેસર તે ઇનસાફનું કામ પુરૂં થતાં સુધી હાજર ન થઇ શકે અથવા ગેરહાજર રેહે અને તેને હાજર કરવાનું બની શકે નહી તો બાકીના આસેસરની

અથવા આસેસરોની મદદથી તે ઇનસાફનું કામ ચલાવવું.

જો સઘળા આસેસરો હાજર થતા અટકે અથવા ગેરહાજર રેહે તો કામ ચલાવવાનું બંધ રાખવું અને નવા આસેસરોની મદદથી ઇનસાફનું કામ નવેસરથી ચલાવવુ

ઈ.—ફરીયાદી તરફનો તથા તહોમતવાળા તરફનો મુકદમો પુરો થતાં સુધી ઇનસાફનું કામ.

ફરીયાદનું કામ ચલાવનારની તરફનો મુકદમો શરૂ કરવાબાબત

૨૮૬ જયુરગે અથવા આસેસરો ચુંટી કાહાડવામાં આવ્યા બાદ ફરીયાદનુ કામ ચલાવનારે હિંદુસ્તાનના ફોજદારી કાયદામાંથી અથવા બીજા કાયદામાંથી જે ગુન્હાનું તહોમત મુકયુ હોય તે ગુન્હાનું વર્ણન વાંચીને તથા કયા પુરાવા ઉપરથી તે તહોમતવાળાની તકશીર શાબિત કરવાની આશા રાખે છે તે ટુંકામા કેહી જણાવીને પોતાનો મુકદમો શરૂ કરવો.

શાહેદોની જબાની

પછી ફરીયાદનું કામ ચલાવનારો પોતાના શાહેદોને તપાસે.

માજીસ્ત્રેટની આગળ તહોમતવાળાએ આપેલી જબાનીને પુરાવો ગણવો

૨૮૭. તોહુમતવાળાની જે જબાની કમીટ કરનારા માજીસ્ત્રેટે અથવા તેની રૂબરૂ યોગ્ય રીતે દફતરમાં દાખલ કરી હોય તે જબાની ફરીયાદનું કામ ચલાવનારે રજુ કરવી અને તે પુરાવા દાખલ વાંચવી.

પ્રથમ ચોકશીની વખતે આપેલો પુરાવો દાખલ થઇ સકશે.

૨૮૮. કમીટ કરનારા માજીસ્ત્રેટની આગળ તહોમતવાળાની સમક્ષ કોઇ શાહેદની જબાની યોગ્ય રીતે લેવામાં આવી હોય તે જબાની કોરટમાં અધ્યક્ષ સ્થાને બેસનાર જડજની નજરમાં આવે તો, જો સદરહુ શાહેદને રજુ કરવામાં આવે અને તેની તપાસ કરવામાં આવે તો તે કામમાં પુરાવા દાખલ ગણવાનો અધિકાર છે.

ફરિયાદનું કામ ચલાવનારની તરફના શાહેદોની જબાની લીધા પછી કેમ કરવું.

૨૮૯. ફરીયાદનુ કામ ચલાવનારની તરફના શાહેદોની જબાની અને તોહુમતવાળાની જબાની (જો હોય તો) પુરી થઇ રહે ત્યારે તોહુમતવાળાને પુછવું કે તારે પુરાવો રજુ કરવો છે કે નહી.

તે કેહે કે મારે પુરાવો રજુ કરવો નથી તો ફરીયાદનું કામ ચલાવનારે પોતાની તરફના મુકદમાનો સાર કહી સંભળાવવો, અને જો કોરટની નજરમાં એવું આવે કે તહોમતવાળાએ ગુન્હો કરયો છે એવો કાંઇ પુરાવો નથી તો પછી આસેસરોની મદદથી જે કામમાં ઇનસાફ થતો હોય તે કામમાં તકશીરવાર નથી એવો ઠરાવ દફતરમાં દાખલ કરવાને. અથવા જે કામમાં જયુરીથી ઇનસાફ થતો હોય તે કામમાં તકશીરવાર નથી એવો ઠરાવ કહી સંભળાવવાનું જયુરીને ફરમાવવાને કોરટ મુખત્યાર છે.

જો તોહુમતવાળો અથવા કેટલાએક તોહુમતવાળાઓમાંનો હરકોઇ તહોમતવાળો કેહે કે મારે પુરાવો રજુ કરવો છે અને કોરટની નજરમાં એમ આવે કે તહોમતવાળાએ ગુન્હો કરયો છે એવો કાંઇ પુરાવો નથી તો પછી આસેસરોની મદદથી જે કા

મમાં ઇનસાફ થતો હોય તે કામમાં તકશીરવાર નથી એવો ઠરાવ દફતરમાં દાખલ કરવાને, અથવા જે કામમાં જ્યુરીથી ઇનસાફ થતો હોય તે કામમાં તકશીરવાર નથી એવો ઠરાવ કહી સંભળાવવાનું જ્યુરીને ફરમાવવાને કોરટ મુખત્યાર છે.

જો તોહોમત વાળો અથવા કેટલાએક તોહમતવાળાઓમાંનો હરકોઇ તહોમત વાળો એમ કહે કે પુરાવો રજુ કરવો છે, અને કોરટની નજરમાં એમ આવે કે તેણે ગુન્હો કરયો છે એવો પુરાવો છે. અથવા મારે પુરાવો રજુ કરવો નથી એવું તેના કહેવા ઉપરથી ફરીયાદનું કામ ચલાવનાર પોતાની તરફના મુકદમાનો સાર કહી સંભળાવે અને કોરટની નજરમાં એમ આવે કે તહોમતવાળાએ ગુન્હો કરયો છે એવો પુરાવો છે, તો તોહોમતવાળાને તેનો જવાબ કરવા માંડવાનું કોરટે ફરમાવવું.

જવાબ.

૨૯૦. પછી તોહમતવાળો અથવા તેનો પ્લીડર પોતાની તરફનો મુકદમો સરૂ કરવાને મુખત્યાર છે, અને તેણે તેમાં જે હકીકત ઉપર અથવા કાયદા ઉપર આધાર રાખવાનો પોતાનો ઇરાદો હોય તે હકીકત અથવા કાયદો કહેવો. તથા ફરિયાદનું કામ ચલાવનારની તરફના પુરાવા ઉપર જે જે ટીકા પોતાને જરૂરની લાગે તે કરવી. પછી તે પોતાના શાહેદો હોય તો તેઓને તપાસવાને મુખત્યાર છે. અને તેઓની ઉલટ તપાસણી અથવા ફરી તપાસણી કરવી હોય તો તે કરયા પછી પોતાની તરફના મુકદમાનો સાર કહી સંભળાવવાને મુખત્યાર છે.

શાહેદોની જબાની લેવા બાબત તથા તેઓને સમન કઢાવવા બાબત તહોમતવાળાનો હક.

૨૯૧. જે સાહેદનું નામ તોહોમત વાળાએ અગાઉ નહીં કહ્યું હોય તે શાહેદ હાજર હોય તો તેની જબાની તહોમતવાળાને લેવા દેવી; પણ જે માજીસ્ત્રેટે તેનો ઇનસાફ થવા સારૂ તેને કમિટ કરયો હોય તે માજીસ્ત્રેટને આપેલી ટીપમાં જે શાહેદનાં નામ લખ્યાં હોય તે સિવાય બીજા કોઇ પણ શાહેદને સમન કરીને બોલાવવાનો હક ૨૧૧ મી તથા ૨૩૧ મી કલમમાં કહેલા પ્રસંગ સિવાય બીજે પ્રસંગે નથી.

પ્રત્યુત્તર આપવાનો ફરિયાદનું કામ ચલાવનારનો હક.

૨૯૨ જો તહોમતવાળાએ અથવા તહોમતવાળાઓમાંના હરકોઇએ ૨૮૯ મી કલમ મુજબ પોતાને પુછ્યા ઉપરથી એવું કહ્યું હશે કે મારે પુરાવો રજુ કરવો છે તો ફરીયાદનું કામ ચલાવનારને પ્રત્યુતર આપવાનો હક છે એવું સમજવું.

જ્યુરીએ અથવા આસેસરોએ કાંઇ જગા નજરે જોવા બાબત.

૨૯૩. જ્યારે કોરટ એમ ધારે કે જે ગુન્હાનું તહોમત મુક્યુ છે તે ગુન્હો જે જગાએ કરયાનું કહેવામાં આવ્યું છે તે જગા, અથવા બીજી કો જગાએ ઇનસાફને લગતી મુદ્દાની બીજી કોઇ પણ વાત બન્યાનું કહેવામાં આવ્યું છે તે જગા જ્યુરીએ અથવા આસેસરોએ નજરે જોવી જોઇએ ત્યારે કોરટે તે પ્રમાણે હુકમ કરવો, અને કોરટના કોઇ અમલદારના હવાલામાં તે જ્યુરીને અસેસરોને એકઠા તે જગાએ લઇ જવા, અને તે જગા કોરટે નીમેલા કોઇપણ શખસે તેઓ

ન દેખાડવી.

તે અમલદારે કોરટની રજા શીવાય બીજા કોઇ પણ શખસને તે જ્યુરીમાંના અથવા આસેસરોમાંના કોઇની જોડે બોલાવવા અથવા ચિઠ્ઠીપત્રી વગેરે વડે વ્યવહાર ચલાવવા દેવો નહીં અને કોરટ બીજી રીતે ફરમાવે નહીં તો તે જગા જોવાનું કામ પુરૂં થઇ રહે એટલે તુરત તેઓને પાછા કોરટમાં લઇ જવા.

જ્યુરરની અથવા આસેસરની જબાની કયારે લેવાનો અખત્યાર છે.

૨૯૪. કોઇ જ્યુરર અથવા આસેસર સંબંધ રાખનારી કોઇ લગતી હકીકતથી જાતે વાકેફ હોય તો હું એ વાતથી વાકેફ છું એવું જડજને જાહેર કરવાની તેનો ફરજ છે, અને પછી બીજા કોઇ શાહેદની માફકજ તેને સમ આપીને તેની તપાસણી ઉલટ તપાસણી અથવા ફરી તપાસણી કરવાનો અખ્તિયાર છે.

જે દીવસ પર બેઠક મુલતવી હોય તે દીવસે જ્યુરીએ અથવા આસેસરોએ હાજર રહેવું.

૨૯૫. જો કોઇ ઇનસાફનું કામ મુલતવી રાખવામાં આવે તો જ્યુરીએ અથવા આસેસરોએ મુલતવી રાખેલી બેઠકે હાજર થવું અને ઇનસાફનું કામ પુરૂં થતાં સુધી પછીની દરએક બેઠકે હાજર રેહવું.

જ્યુરીને પુરી રાખવા બાબત.

૨૯૬. હાઇકોરટની આગળ કોઇ મુકદમાનો ઇનસાફ એક કરતાં વધારે દિવસ સુધી ચાલે તે દરમિયાનમાં જ્યુરીને એકઠી રાખવા બાબત તે હાઇકોરટ વખતે વખતે કાનુનો કરવાને મુખત્યાર છે, અને જ્યુરરોને તે કોરટના કોઇ અમલદારના હવાલામાં એકઠા રાખવા કે તેમને પોતપોતાને ઘેર પાછા જવા દેવા અને રાખવા તો કેવી રીતે રાખવા તે બાબત પ્રમુખ જડજ સદરહુ કાનુનોને અનુસરીને કરવાને મુખત્યાર છે.

૫—જે મુકદમાનો ઇનસાફ જ્યુરીથી કરવો હોય તે મુકદમાઓમાં ઇનસાફનો છેડો.

જ્યુરીને આદેશ.

૨૯૭. જે મુકદમાનો ઇનસાફ જ્યુરીથી કરવો હોય તે મુકદમાઓમાં તહોમત જવાબ દેવાનું કામ પુરૂં થઇ રહે અને ફરીયાદનું કામ ચલાવનારને પ્રત્યુતર આપવો હોય તો તે પ્રત્યુત્તર આપે એટલે કોરટે જ્યુરીને આદેશ આપવા માંડવો તેમાં ફરીયાદનું કામ ચલાવનારની તરફના તથા તહોમતવાળાની તરફના શાહેદી પુરાવાનો સાર કહી સંભળાવવો અને જે કાયદા પ્રમાણે જ્યુરીએ ચાલવું તે કાયદો કહેવો.

જડજનું કામ.

૨૯૮. સદરહુ મુકદમાઓમાં જડજનું કામ હેઠળ લખ્યા પ્રમાણે છે.

(અ) કાયદાની જે તકરારો ઇનસાફ ચાલતી વખતે નિકળે તે સઘળી તકરારોનો અને વિશેસ કરીને જે હકીકતો સાબીત કરવાનો વિચાર હોય તે હકીકતોનાં લાગુ પણા બાબત તથા કાંઇ પણ પુરાવો દાખલ થઇ શકે કે નહીં તે બાબત અથવા પક્ષકારોએ અથવા તેમની તરફથી પુછેલા સવાલોની યોગ્યતા બાબત સઘળી તકરારોનો ફેસલો કરવો; અને પોતાની નજરમાં આવે તો દાખલ ન થઇ શકે એવો પુરાવો રજુ થતો અટકાવવો, પછી તે પુ

રાજા બાબત પક્ષકારોએ હરકત લીધી હોય કે નહીં હોય તોપણ.

[બ] ઈનસાફની વખતે પુરાવામાં આપેલા સઘળા દસ્તાવેજોના અરથ તથા અ ન્વય બાબત ફેસલો કરવો;

(ક) મુકરર બાબતોનો પુરાવો અપાય એટલા માટે હકીકતની જે બાબતો સાબિ ત કરવાની જરૂર હોય તે સઘળી બાબતોનો ફેસલો કરવો;

[ડ] કાંઈ તકરાર નીકળે તેનો નિકાલ પોતે કરવો કે જ્યુરીએ કરવો તે બાબત ફેસલો કરવો, અને એ બાબત તેનો ફેસલો જ્યુરીને બદ્ધક છે.

સાહેદી પુરાવાનો સાર કહી સંભળાવતી વખતે પોતાની નજરમાં યોગ્ય જણાયતે હકીકતની કાંઈ તકરાર અથવા કાયદાની અને હકીકતની એ બેઉની ભેગી કાંઈ તક રાર તે કામને લગતી હોય તે બાબત પોતાનો અભિપ્રાય જ્યુરીને જણાવવાને જડ જ મુખત્યાર છે.

દ્રષ્ટાંતો.

[અ] જે શખસ તે કામમાં શાહેદ ન હોય તે શખસે કાંઈ મચકુર કહયો હોય તે મચકુરનો પુરાવો જે હકીકત પરથી દાખલ થઈ શકે તે હકીકત સાબિત થઈ છે એ સબબ પરથી તે મચકુર સાબિત કરવનો વિચાર છે.

તેવી હકીકત હતી એવું સાબિત થયું છે કે નહીં તેનો નિશ્ચય કરવો એ જડજ નું કામ છે જ્યુરીનું કામ નથી.

(બ) જે અસલ દસ્તાવેજ ખોવાઈ ગયાનું અથવા જેનો નાશ થઈ ગયાનું કહેતા હોય તે દસ્તાવેજનો ઉપપુરાવો આપવાનો વીચાર છે.

તે અસલ દસ્તાવેજ ખોવાઈ ગએલો છે કે નહીં અથવા તેનો નાશ થઈ ગ યો છે કે નહી તેનો નીશ્ચય કરવો એ જડજનું કામ છે.

જ્યુરીનું કામ. ૨૯૮ જ્યુરીનું કામ હેઠળ લખ્યા પ્રમાણે છે:—

[અ] મુકદમામાંની હકીકતોની કઈ બાજુ ખરી છે તે નક્કી કરવુ અને પછી તે બાજુને આધારે જે ઠરાવ જડજના આદેશ પ્રમાણે કહી સંભળાવવો જોઈ એ તે ઠરાવ કહી સંભળાવવો;

(બ) કાયદાના સબ્દો સિવાય બીજા જે પારિભાષિક શબ્દોનો તથા જે શબ્દોનો અર્થ અસાધારણ અર્થમાં કર્યો હોય તથા તે નક્કી કરવાની જરૂર હોય ત નો અર્થ નક્કી કરવો, પછી તે શબ્દો દસ્તાવેજમાં આવ્યા હોય કે ન હીં તો પણ;

[ક] જે તકરારોને કાયદા પ્રમાણે હકીકતની તકરારો ગણવી જોઈએ તે સઘળી ત કરારોનો ફેસલો કરવો.

[ડ] સામાન્ય મોઘમ વાકયો હોય તે અમુક પ્રસંગને લાગુ છે કે નહીં તેનો ઠ રાવ કરવો, પણ તે વાકયોના સંબંધ કાયદા પ્રમાણે કામ ચલાવવાની રીત સાથે હોય અથવા તેઓનો અર્થ કાયદાથી નક્કી કરયો હોય તો એ બેઉ પ્ર સંગે તેઓનો અર્થ ઠરાવવો એ જડજનું કામ છે, જ્યુરીનું નથી.

દ્રષ્ટાંતો,

[અ] બનાં ખુન બાબત અનો ઈનસાફ ચાલે છે.

ખુનમાં અને શિક્ષાણીય મનુષ્યવધમાં કેટલો ફેર છે તે જ્યુરીને સમુજાવવો અને હે કીકતોની કઇ કઇ સમજ પ્રમાણે અની ઉપર ખુનના, અથવાં શિક્ષાણીય મનુષ્યવધનો, ગુનો સાબીત થયાનો ઠરાવ કરવો. અથવા કઇ સમજ પ્રમાણે અએ ગુનો કરયો નથી એવો ઠરાવ કરવો એ તેઓને કહેવું જડજનું કામ છે.

હકીકતોની કઇ સમજ ખરી છે એનો નીશ્ચય કરવો અને જડજનો આદેશ ખરો અથવા ખોટો હોય અને તે પ્રમાણેજ પોતાનું મત હોય કે નહીં હોય તો પણ તે આદેશ પ્રમાણે પોતાનો ઠરાવ કહી સભળાવવો એ જ્યુરીનુ કામછે

[બ) તકરાર એવી છે કે કોઇ અમુક બાબત ઉપર કોઇ શખસે વાજબી મત ધારણ કરેલો કે નહી– કામ ઘટીત હુંશીઆરીથી અથવા બરાબર મેહેનત કરીને કરેલુ કે નહીં.

આમાંની દરએક તકરારનો નિશ્ચય કરવો એ જ્યુરીનું કામ છે.

વીચાર કરવાનેએકાંતમાં જવા બાબત.

૩૦૦ જે મુકદમાનો ઇનસાફ જ્યુરીથી કરયો હોય તે મુકદમામાં જડજે પોતાનો આદેશ પુરો કરયા પછી જ્યુરી થાપોતાના ઠરાવ બાબત વીચાર કરવાને એકાંતમાં જવાને મુખત્યાર છે. કોરટની રજા વગર જ્યુરર શિવાય બીજા કેઇ શખસે સદરહુ જ્યુરીના કોઇપણ મેબરની જોડે બોલવું નહીં અથવા ચીઠી પત્રી વગેરે વ્યવહાર ચલાવવો નહીં.

ઠરાવ કહી સંભળાવવા બાબત.

૩૦૧ જ્યારે જ્યુરી પોતાના ઠરાવ બાબત વીચાર કરી રેહે ત્યારે તેમનો જે ઠરાવ હોય તે અથવા તેમાંના અધિકાધિકોનો જે ઠરાવ હોય તે જ્યુરીના અગરેસરે જડજને જણાવવો.

જ્યુરી વાળાઓનાં જુદાં જુદાં મત હોય ત્યારે કેમ કરવું.

૩૦૨ જ્યુરીના સઘળાં માણસો એક મત ન હોય તો વધારે વીચાર કરવા એકાંતમાં જવાનું તે જ્યુરીને ફરમાવવાને જડજ મુખત્યાર છે. જડજ યોગ્ય ધારે તટલી મુદત પછી જ્યુરીના સઘળાં માણસો એક મત ન હોય તો પણ તે જ્યુરી પોતાનો ઠરાવ કહી સંભળાવવાને મુખત્યાર છે.

દરએક તોહોમત બાબત ઠરાવ કહી સંભળાવવો

૩૦૩ કોરટે બીજીરીતે હુકમ કર્યો ન હોય તો જે તહોમત ઉપરથી તહોમતવાળાનો ઇનસાફ કરયો હોય તે સઘળાં તહોમત બાબત જ્યુરીએ પોતાનો ઠરાવ કહી સંભળાવો. અને તેમનો ઠરાવ શો છે તેનો નિશ્ચય કરવાસારૂ જે સવાલો પુછવાની જરૂર હોય તે સવાલો તેઓને પુછવાને જડજ મુખત્યાર છે.

જ્યુરીને સવાલ પુછવાનો જડજનેઅધિકાર છે.

સવાલોતથાજવાબો દફતરમાં દાખલકરવા.

સદરહુ સવાલો તથા તેમના જવાબો દફતરમાં દાખલ કરવા.

જ્યુરીનો ઠરાવ સુધારવા બાબત.

૩૦૪ જ્યારે અકસ્માતથી અથવા ભુલથી ખોટો ઠરાવ કહી સભળાવ્યો હોય ત્યારે તે દફતરમાં દાખલ કરતાં પેહેલાં અથવા દાખલ કરયા પછી તુરત તે ઠરાવમાં સુધારા કરવાને જ્યુરી મુખત્યાર છે અને આખરે સુધારયા પ્રમા

તે ઠરાવ થવો જોઇએ.

હાઇકોરટમાં જ્યુરીના ઠરાવ પ્રમાણે ક્યારે ચાલવું.

૩૦૫ જ્યારે હાઇ કોરટની આગળ જે મુકદમાનો ઇનસાફ કરયો હોય તે મુકદમામાં જ્યુરીના સઘળાં માણસો એક મત હોય અથવા જ્યારે તેમાંના છ જણ એક મત હોય અને જડજ તેમની સાથે મળતો આવે ત્યારે જ ડજે સદરહુ મત પ્રમાણે ઠરાવ આપવો.

જ્યારે સદરહુ પ્રકારના કોઇપણ મુકદમામાં જ્યુરીની ખત્રી થાય કે અમે એક મત થઇશું નહીં, પણ તેમાંના છ જણ એક મત હોય ત્યારે અગ્રેસરે જડજને તે મુજબ ખબર આપવી.

બીજે પ્રસંગે જ્યુરીને રજા આપવા બાબત.

જો જ્યુરીમાંના અધિકાધિક સાથે જડજ મળતો ન આવે તો તેણે જ્યુરીને એકદમ રજા આપવી.

જ્યુરીમાંના છ જણ એકમત ન હોય તો, પોતાને યોગ્ય લાગે એટલો વખત વીત્યા પછી જડજે જ્યુરીને રજા આપવી.

સેશન કોરટમાં જ્યુરીના ઠરાવ પ્રમાણે ક્યારે ચાલવું.

૩૦૬ જે મુકદમાનો ઇનસાફ સેશન કોરટની આગળ કરયો હોય તે મુકદમામાં જ્યુરીનો ઠરાવ અથવા જ્યુરરોમાંના અધિકાધિકનો ઠરાવ ના કબુલ કરવાની જરૂર નથી એમ જડજને લાગે, ત્યારે તેણે તે ઠરાવ મુજબ ફેસલો આપવો;

તહોમતવાળો બિન તકસીર ઠરે તો જડજે તેની ઉપર ગુન્હો નાસાબિત થયાનો ફેસલો દફતરમાં દાખલ કરવો. તહોમતવાળો તકસીરવાર ઠરે તો જડજે કાયદા મુજબ તેની ઉપર શિક્ષાનો હુકમ કરવો.

જ્યારે જ્યુરીનો ઠરાવ સેસન જડજ ના કબુલ કરે ત્યારે કેમ કરવું.

૩૦૭ સદરહુ પ્રકારના કોઇ પણ મુકદમામાં જે તહોમતો ઉપરથી તહોમતવાળાનો ઇનસાફ કર્યો હોય તે સઘળાં તહોમતો બાબત અથવા તેમાંના કોઇપણ તહોમત બાબત જ્યુરરોના ઠરાવથી અથવા જ્યુરરોમાંના અધિકાધિકના ઠરાવથી જડજ એટલો બધો જુદો પડે કે ઇનસાફની મતલબ પાર પાડવાસારૂ તે મુકદમો હાઇકોરટમાં મોકલવાની તેને જરૂર લાગે તો તે મુજબ તે મુકદમો તેણે મોકલવો અને પોતાના મનના કારણ દફતરમાં દાખલ કરવાં અને જ્યારે જ્યુરીનો ઠરાવ ગુન્હો નાસાબિત થયાનો હોય ત્યારે જે ગુન્હો થયલો પોતાને લાગે તે ગુન્હો જણાવવો.

આ કલમ પ્રમાણે જડજ કોઇ મુકદમો મોકલે ત્યારે જે તહોમત ઉપરથી તહોમતવાળાનો ઇનસાફ કરયો હોય તેમાંના કોઇ પણ તહોમત બાબત તેણે ગુન્હો નાસાબિત થયાનો અથવા સાબિત થયાનો ફેસલો દફતરમાં દાખલ કરવો નહીં. પણ તહોમતવાળાને પાછો પેહેરામાં મોકલવાને અથવા તેના જામીન લેવાને તે મુખત્યાર છે.

અપીલમાં હાઇકોરટ જે અખત્યાર ચલાવી શકે તેમાંનો હરકોઇ અખત્યાર આવી રીતે મોકલેલા મુકદમાની તજવીજ કરતી વખતે ચલાવવાને તે કોરટ મુખત્યાર છે; પણ જે તહોમત તઇયાર કરીને પોતાની આગળ રજુ કરયુ હોય તે તહોમત ઉ

પરથી જે ગુન્હો તહોમતવાળાની ઉપર જ્યુરી ઠરાવી શકત તેવા કોઈપણ ગુન્હાબા બત તહોમતવાળાને બીન તકસીરવાર અથવા તકસીરવાર ઠરાવવાને હાઈકોરટ મુખ ત્યાર છે અને જો તેને પોતે તકસીરવાર ઠરાવે તો જે શિક્ષાનો હુકમ સેસન કોર ટ કરી શકત તે શિક્ષાનો હુકમ કરવાને હાઈકોરટ મુખત્યાર છે.

ગ.— જ્યુરીને રજા આપ્યા પછી તહોમતવાળાનો ફરીથી ઈનસાફ કરવા બાબત.

જ્યુરીને રજા આપ્યા પછી તહોમતવાળાનો ફરીથી ઈનસાફ કરવા બાબત.

૩૦૮ જ્યારે જ્યુરીને રજા આપવામા આવે ત્યારે તહોમતવાળાને [પ્રસંગ પ્રમાણે] પેહેરામાં અટકાવી રાખવો અથવા જામીન ઉપર છોડવો અને બીજી કોઈ જ્યુરીથી તેનો ઈનસાફ કરવો પણ જો જડજની નજરમાં એમ આવે કે તહોમતવાળાનો ફરીથી ઈનસાફ નહીં કરવો જોઈએ તો તે પ્રસંગે જડજે તહોમતનામાની ઉપર તે મતલબની નોંધ કરવી અને તે નોંધનું ફળ ગુન્હો નાસાબિત થયાના ઠરાવ જેવું થશે.

ઘ.—આસેસરો લઈને જે મુકદમાનો ઈનસાફ કરવો હોય તે મુકદમામા ઈનસાફનો છેડો.

આસેસરોનાં મત કહી સંભળાવવા બાબત.

૩૦૯ જે મુકદમાનો ઈનસાફ આસેસરોની મદદથી કરવો હોય તે મુકદમામાં જ્યારે તહોમતનો જવાબ દેવાનું કામ પુરૂં થઈ રેહે અને ફરિયાદનું—કામ— ચલાવનારને પ્રત્યુતર આપવો હોય તો તે આપે એટલે કોરટ ફરિયાદનું—કામ—ચલાવનારની તરફના અને તહોમતવાળાની તરફના શાહેદી પુરાવાનો સાર કહી સંભળાવવાને મુખત્યાર છે, અને પછી કોરટે દરએક આસેસરને તેનો મત મોહાડેથી કહેવાનું ફરમાવવું અને તે મત દફતરમાં દાખલ કરવો.

ફેસલો

પછી જડજે ફેસલો આપવો પણ તેમ કરવામાં તે આસેસરોના મત પ્રમાણે ચાલવાને બંધાએલો નથી.

જો તહોમતવાળો તકસીરવાર ઠરે તો જડજે તેની ઉપર કાયદા મુજબ શીક્ષાનો હુકમ કરવો.

આઈ—અગાઉ ગુન્હાની શાબીતીનો ઠરાવ થયો હોય તો કામ ચલાવવાની રીત.

અગાઉ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયો હોય તો કેમ કરવું.

૩૧૦ જ્યુરીથી અથવા આસેસરોની મદદથી ઈનસાફ કરવામાં આવે તેમાં તહોમતવાળાની ઉપર જે ગુન્હાનું તહોમત મુકયું હોય તે ગુન્હો અગાઉ કોઈ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયા પછી કરેલો હોય ત્યારે ર૭૧મી, ર૮૬મી, ૩૦૫મી, ૩૦૬ઠી અને ૩૦૭મી કલમમાં કામ ચલાવવાની જે રીત ઠરાવી છે તેમાં હેઠળ લખ્યા મુજબ ફેરફાર કરવો:—

(અ) પછવાડેના ગુન્હાનો હું તકસીરવાર છું એવો જવાબ તહોમતવાળાએ દીધો ન હોય અથવા પછવાડેનો ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કર્યો નહીં હોય તો અને ત્યાં સુધી તહોમતનામાંનાં જે ભાગમાં અગાઉ ગુન્હાની સાબિતીનો ઠરાવ થયાની વાત લખી હોય તે ભાગ કોરટમાં વાંચી સંભળાવવો નહીં અને તહોમતનામાંમાં કહ્યા મુજબ અગાઉ તમારી ઉપર

ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો છે કે નહીં એવું તહોમતવાળાને પુછ વું નહીં.

(બ) પછાડેના ગુન્હાનો હું તકશીરવાર છું એવો જવાબ તે આપે અથવા તે ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કરવામાં આવે, તો પછી તેને પૂછવું કે તહોમતનામામાં કહ્યા મુજબ તમારી ઉપર અગાઉ ગુન્હો શાબિત થયાનો ઠરાવ કરેલો છે કે નહીં.

(ક) મારી ઉપર સદરહુ પ્રમાણે અગાઉ ગુન્હો શાબિત થયાનો ઠરાવ કરેલો છે એવો જવાબ તે આપે તો જડજ તેની ઉપર તે મુજબ શિક્ષાનો હુકમ કરવાને મુખત્યાર છે; પણ મારી ઉપર સદરહુ પ્રમાણે અગાઉ ગુન્હા શાબિત થયાનો ઠરાવ કરેલો નથી એમ તે કેહે, અથવા સદરહુ સ્વાલનો જવાબ દેવાની ના કેહે અથવા જવાબ દે નહીં, તો પછી જ્યુરીએ અથવા કોરટે અને આસેસરોએ [જેમ હોય તેમ] સદરહુ પ્રમાણે અગાઉ ગુન્હાની શાબિતીનો ઠરાવ થયાની વાત સબંધી ચોકશી કરવી. અને તે પ્રસંગે [જ્યુરીથી ઇનસાફ થતો હોય ત્યારે) જ્યુરરોને ફરીથી સમનઆપવાની જરૂર નથી.

જ.—હાઇકોરટ સારૂ જ્યુરરોની ટીપ તથા તે કોરટસારૂ જ્યુરરોને સમન કરવા બાબત

જ્યુરરોની બુક. — ૩૧૧ આ કાયદો અમલમાં આવે ત્યારે ચાલતા વર્ષની જ્યુરરોની બુકમાં આ બાબ પ્રમાણે જ્યુરર દાખલ કામ કરવાને પાત્ર હોય એવા સખસોની ખરી ટીપ આપેલી છે એવું સમજવું નહીં.

સ્પેશિયલજ્યુરરોને બાકી. — માત્ર સ્પેશિયલ જ્યુરીઓમાં કામ કરવાને પાત્ર છે એ પ્રમાણે જેઓનાં નામ સદરહુ બુકમાં નોંધ્યાં હોય તે સખસો જે વર્ષ માટે સદરહુ ટીપ તઇયાર કરેલી હોય તે વર્ષમાં આ બાબ પ્રમાણે સ્પેશિયલ જ્યુરર દાખલજ કામ કરવાને હકદાર તથા પાત્ર છે એવું સમજવું.

સ્પેશિયલ જ્યુરરોની સંખ્યા. — ૩૧૨. સ્પેશિયલ જ્યુરરોની ટીપમાં એકી વખતે ખસો કરતાં વત્તા સખસોનાં નામ નોંધવાં નહીં.

કામન તથા સ્પેશિયલજ્યુરરોની ટીપ. — ૩૧૩ દરેક વરસમાં અપ્રેલ મહિનાની પેહેલી તારીખની અગાઉ અને હાઇકોરટ વખતે વખતે ફરમાવે તેવી કાનુનોને અનુસરી કલાર્ક આફ ધી ક્રાઉને.—

(અ) કામન જ્યુરર દાખલ કામ કરવાને પાત્ર હોય એવા સઘળા સખસોની ટીપ તઇયાર કરવી; અને

[બ] ફક્ત સ્પેશિયલ જ્યુરર દાખલ કામ કરવાને પાત્ર હોય એવા સખસોની ટીપ તઇયાર કરવી.

આ બીજી ટીપ તઇયાર કરવામાં, જે શખસોનાં નામ તેમાં લખવામાં આવે તે સખસોની મિલકત, આબરૂ તથા કેળવણી ઉપર નજર રાખવી.

કોઇ સખસનું નામ કોઇ અગાઉના વરસની સ્પેશિયલ જ્યુરરોની ટીપમાં દા

ખલ કરેલું હતું તેટલાજ સબબપરથી તે સખસનું નામ સ્પેશિયલ જુરરોની ટીપ માં દાખલ કરાવવાનો તેનો હક્ક થશે નહી.

કલકત્તાની હાઇકોરટની બાબતમાં ગવરનર જનરલ ઇન કૌંસિલ, અને બીજી હાઇકોરટોની બાબતમાં સ્થાનિક સરકાર, કોઇ પણ પગારવાળા અમલદારને જુરર દાખલ કામ કરવાનું માફ કરવાને મુખત્યાર છે.

ટીપ તઇયાર કરનાર અમલદારની મુખત્યારી.

ઉપર કહેલી કાનુનેને અનુસરીને સદરહુ ટીપ પોતાને કે વ્યાજબી જણાય તેવી રીતે તઇયાર કરવાની કલારક આફ ધી કાઉનને પુરતી છુટ છે એવું સમજવું, અને તેના ઠરાવ ઉપર કાંઇ અપીલ ચાલશે નહી અથવા તે ઠરાવની તપાસ થશે નહી.

પ્રારંભની તથા સુધારેલી ટીપો જાહેર કરવા બાબત.

૩૧૪ કામન જુરર દાખલ અને સ્પેશિયલ જુરર દાખલ કામ કરવાને પાત્ર હોય એવા સખસોની પ્રારંભની ટીપો ઉપર કલારક આફ ધી કાઉન સહી કરવી અને તે તઇયાર થાય ત્યાર પછીના અપ્રેલ મહિનાની ૧૫. મી તારીખ પહેલાં એક વખત સ્થાનિક સરકારી ગેઝીટમાં તે ટીપો પ્રસિદ્ધ કરવી.

કામન જુરર દાખલ તથા સ્પેશિયલ જુરર દાખલ કામ કરવાને પાત્ર હોય એવા સખસોની સુધારેલી ટીપો ઉપર સદરહુ મુજબ સહી કરીને તે તઇયાર થાય ત્યાર પછીના મેએ મહિનાની પહેલી તારીખ પેહલાં એક વખત સ્થાનિક સરકારી ગેઝીટમાં તે ટીપો પ્રસિદ્ધ કરવી

સદરહુ ટીપોની નકલો કોરટના મકાનના કોઇ પ્રસિદ્ધ ભાગ ઉપર ચોહડવી.

ઇલાકાનાં મુખ્યશેહેરમાં કેટલા જુરરોને સમન કરવા.

૩૧૫ સદરહુ સુધારેલી ટીપોમાં જે સખસોનાં નામ લખ્યાં હોય તે સખસોમાંથી જેઓ સ્પેશિયલ જુરીઓમાં કામ કરવાને પાત્ર હોય તેઓમાંના ઓછામાં ઓછા સતાવીસ સખસોને, અને જેઓ કામન જુરીઓમાં કામ કરવાને પાત્ર હોય તેઓમાંના ઓછામાં ઓછા ચોપન સખસોને, દરેક ઇલાકાના મુખ્ય શેહેરમાં દરએક સેશન માટે સમન કરવા.

કોઇ શખસને છ મહિનામાં એક કરતાં વધારે વાર તેના વગર સંખ્યા પુરી થઇ શકતી ન હોય તો એ પ્રમાણે સમન કરવો નહી.

પુરવણી સમન.

કોઇ પણ સેસન ચાલતી હોય તે દરમિયાનમાં જો એમ જણાય કે સદરહુ પ્રમાણે સમન કરેલા સખસોની સંખ્યા પુરતી નથી, તો ઉપર કહ્યા મુજબ કામ કરવાને પાત્ર હોય એવા બીજા સખસોની જેટલી સંખ્યાની જરૂર હોય તેટલી સંખ્યાને સદરહુ શેસન માટે સમન કરવી.

ઇલાકાનાંમુખ્ય શેહેરોની બાહાર જુરરોને સમન કરવા બાબત

૩૧૬ જ્યારે કોઇ હાઇકોરટે પોતાની અસલ ફોજદારી હકુમત ચલાવવા સરૂ ઇલાકાના મુખીય શેહેરોની બહાર કેઇ પણ જગાએ બેઠક કરવાના પોતાના ઇરાદાની નોટીસ આપી હોય, ત્યાં તે હાઇકોરટ કાંઇ પણ હુકમ ક

રે તેને અનુસરીને સદરહુ જગાની શેશન કોરટે પોતાની આગળ જ્યુરરોને સમન કરવા બાબત આ કાયદામાં આગળ ફરમાવેલી રીતે પોતાની ટીપમાંથી જ્યુરરોની પુરતી સંખ્યાને સમન કરવી.

લશકરી જ્યુરરો. ૩૧૭ એ પ્રમાણે જ્યુરર દાખલ સમન કરેલ સખસો ઉપરાંત જો સદરહુ સેશન કોરટેને જરૂર લાગે તો મલીકા માઆઝમાના લશ્કરમાંના જે સનદી તથા વગર સનદી અમલદારો પોતાની બેઠક ની જગાથી દસ માઇલની અંદર રેહતા હોય તે અમલદારોની જેટલી સંખ્યા ઉપર કહ્યા મુજબ હાઇકોરટની આગળ જે સખસોની ઉપર ગુન્હાના તોહોમત મુકયાં હોય તે શખસોનો ઇનસાફ કરવા સારૂ જોઇતી જ્યુરીઓ પુરી કરવાને પોતે જરૂરરની ધારે તેટલી સંખ્યાને તે શેસન કોરટે, કમાંડીંગ અમલદારને લખી જણાવ્યા પછી સમન કરાવવી.

એ પ્રમાણે સમન કરેલા સઘળા અમલદારો, આ કાયદામાં ગમે તે કહ્યું હોય તે છતાં સદરહુ જ્યુરીઓમાં કામ કરવાને પાત્ર થશે, પણ સદરહુ પ્રકારના જે અમલદારને તેનો કમાંડીંગ અમલદાર તાકીદના લશ્કરી કામના સબબથી, અથવા બીજા કોઇ પણ વિશેષ લશકરી કારણ સારૂ, માફ કરાવવા માગતા હોય તે અમલદારને સમન કરવો નહીં.

જ્યુરરો હાજર થવાને ચુકે તે બાબત. ૩૧૮. ૩૧૫ મી, ૩૧૬ મી અથવા ૩૧૭ મી કલમ પ્રમાણે સમન કરેલો જે સખસ કાયદેસર કારણ વગર તે સમનથી ફરમાવ્યા મુજબ હાજર થવાને ચુકે, અથવા હાજર થઇને જડજની રજા લીધા વગર જતો રેહે અથવા કોરટે કામ મુલતવી રાખીને પછી હાજર થવાનો હુકમ કરયો હોય તે વખતે હાજર થવાને ચુકે. તે સખસે તીરસ્કારનો ગુન્હો કરયો છે એવું સમજવું, અને જડજને યોગ્ય લાગે એટલો દંડ તેના હુકમથી આપવાને તે સખસ પાત્ર થશે. અને સદરહુ દંડ આપવામાં કસુર થાય તો, તે આપે ત્યાં સુધી દીવાની તુરંગમાં કેદને પાત્ર થશે.

ક.---સેશન કોરટ સારૂ જ્યુરરોની તથા આસેસરોની ટીપ, અને તે કોરટ સારૂ જ્યુરરોને તથા આસેસરોને સમન કરવા બાબત.

જ્યુરરો અથવા આસેસરો દાખલ કામ કરવાની પાત્રતા. ૩૧૯ હેઠળ કહ્યું છે તે શિવાય કરીને એકવીસથી તે સાઠ વરસની ઉમર સુધીના સઘળા મરદો જે જીલ્લામાં તેઓ રેહેતા હોય તે જીલ્લાની અંદર જે ઇનસાફ કરવામાં આવે તેમાં જ્યુરરો અથવા આસેસરો દાખલ કામ કરવાને પાત્ર છે એવું સમજવું.

માફી. ૩૨૦ હેઠળ લખેલા સખસોને જ્યુરર અથવા આસેસર દાખલ કામ કરવાની જવાબદારીમાંથી માફી છે એટલે:—

(અ) જીલ્લા—માજીસ્ત્રેટથી ઉંચા દરજાના જે અમલદારો મુલકી ખાતામાં ચાકરીમાં હોય તે અમલદારો;

(બ) જડજો;

(ક) રેવિન્યુ અથવા કસ્ટમના કમિશનરો તથા કલેકટરો;

(ડ) કસ્ટમ ખાતામાં પ્રિવેનટિવ સર્વીસમાં કામે લાગેલા સઘળા સખસો;

(ઈ) રેવન્યુની વસુલાતના કામમાં લાગેલા જે શખસોને તેઓના હુદાના કામના શ્રમથી માફ કરવાનું કલેકટર યોગ્યધારે તે શખસો;

(ફ) જે શખસો પોતપોતાના ધર્મમાં ખરેખર ઉપાધ્યાય અથવા ઉપદેશનું કામ કરતા હોય તે શખસ;

(ગ] મલીકા માઆઝમાંનાં લશ્કરમાંના શખસો પણ જ્યારે કોઇ ચાલુ કાયદાથી તેઓને જ્યુરર અથવા અસેસર દાખલ કામ કરવાને વિશેષે કરીને પાત્ર ક રયા હોય તે શિવાય કરીને;

(હ] સર્જન તથા બીજા જે શખસો ખુલ્લી રીતે તથા હમેશ વૈદ્યના ધંધો કરતા હોય તે શખસો;

(આઇ) જે શખસો ટપાલ આફીસમાં તથા તાર ખાતાઓમાં નોકરયા તે શખસો;

[જ) દિવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૬૪૦ મી તથા ૬૪૧ મી કલમના ઠરાવો પ્રમાણે જે શખસોને કોરટમાં જાતે હાજર થવાનું મા ફ કરયું હોય તે શખશો;

[કે) બીજા જે શખશોને જ્યુરર અથવા આશેશર દાખલ કામ કરવાની જવાબ દારીમાંથી સ્થાનિક સરકારે માફી આપી હોય તે શખશો;

જ્યુરરો તથા આશેસરોની ટીપ.

૩૨૧. જે શખશો જ્યુરર અથવા આશેસર દાખલ કામ કરવાને પાત્ર હોય; અને જેઓ શેશન જડજના તથા જીલ્લાના કલેકટરના અથવા બીજા જે અમલદારને સ્થાનિક સરકાર આ બાબત નીમે તે અમલદારના વીચાર પ્રમાણે જ્યુરર અથવા આશેસર દાખલ કામ કરવાને યોગ્ય હોય, અને જેઓની વીરૂદ્ધ ૨૭૮ મી કલમની બ થી હ સુધીની (એ બને સુદ્ધાં) રકમો મુજબ સકઝ થાય એવી રીતે હરકત લેવાનું સંભવતું ન હોય તે શખસોની કક્કાવાર એક ટીપ શેશન જડજે તથા કલેક્ટરે અથવા ઉપર કહ્યા મુજબ બીજા અમલદારે તઈયાર કરવી.

તે ટીપમાં સદરહુ પ્રકારના દરએક શખસનું નામ, રેહેવાનું ઠેકાણુ અને તે કોણ છે તે અથવા તેનો ધંધો શો છે, એ લખવું; અને જો તે શખસ યુરોપિયન અથવા અમેરિકન હોય, તો તેની નોંધ તે ટીપમાં લખવી.

ટીપ પ્રસિદ્ધ કરવા બાબત.

૩૨૨. સદરહુ ટીપની નકલો કલેકટરની અથવા ઉપર કહેલા બીજા અમલદારની આફીસમાં, તથા જીલ્હા માજીસ્ત્રેટની કોરટના તથા જીલ્લા કોરટનાં મકાનોમાં, તથા જે શેહેર અથવા શેહેરોમાં અથવા જે શેહેર અથવા શેહેરોની પાશે તે ટીપમાં કહેલા શખશો રેહેતા હોય તે શેહેર અથવા શેહેરોમાંની કોઇ પ્રસિદ્ધ જગામાં ચોડવી.

ટીપ બાબત હરકતો.

૩૨૩ તેવી દરએક નકલ નીચે એક નોટીસ જોડવી એવી રીતે કે એ ટીપ બાબત જે હરકતો કરવી હોય તે શેશન કોરટનાં મકાનમાં ફેસલાણી વખતે શેશન જડજ તથા કલેકટર અથવા ઉપર લખેલો બીજો અમલદાર સાંભળીને તેનો ફેસલો કરશે, અને તે વખત નોટીસમાં લખવો.

ટીપની તપાસણી.

૩૨૪. સદરહુ હરકતો સાંભળવા માટે શેશન જડજે કલેક્ટર અથવા ઉપર કહેલા બીજા અમલદારની સાથે બેસવું, અને; તે નોટીસમાં લખેલી વખતે તથા જગાએ, તે ટીપ તપાસવી અને તે સુધરાવવામાં જેઓનું લાગતુ વળગતું હોય તેવા શખશોની હરકતો (અગર હોય તો સાંભળવી અને પોતાની નજરમાં જે શખસ જુરર અથવા આશેસર દાખલકામ કરવાને યોગ્ય ન જણાય તેવા શખસનુ નામ અથવા જે શખસ ૩૨૦ મી કલમમાં કહેલી માફી ઉપર પોતાનો હક સાબિત કરે તેવા શખસનું નામ કાહાડી નાખવું, અને તે ટીપ મધે જે શખસનું નામ લખ્યું નહીં હોય પણ જેને તે કામ સારૂ પોતે યોગ્ય સમજે તે શખસનું નામ તેમાં દાખલ કરવું-

શેશન જડજનું અને કલેક્ટરનું અથવા ઉપર લખેલા બીજા અમલદારનુ મત જુદુ.પડે તો જે શખસને જુરર અથવા આશેસર કરવાનો વિચાર હોય તેનુ નામ ટીપમાંથી કાહાડી નાખવું.

તે તપાશેલી ટીપની એક નકલ ઉપર સદરહુ શેશન જડજે તથા કલેકટરે અથવા ઉપર લખેલા બીજા અમલદારે સહી કરવી અને શેશનકોરટને તે નકલ મોકલવી.

તે ટીપ તઇયાર કરવામાં તથા તપાસવામાં સદરહુ શેશન જડજે તથા કલેકટર અથવા ઉપર લખેલા બીજા અમલદારે કાંઇ પણ હુકમ કરયો હોય તે આખરના છે એવું સમજવું.

આ કલમ મુજબ માફીનો દાવો કરયો નહીં હોય તો તે ટીપ પાછી તપાસવામાં આવે ત્યાં સુધી તે માફીનો હક છોડી દીધો છે. એમ સમજવું.

ટીપની વરશો વરસ તપાસણી.

૩૨૫, એ પ્રમાણે તઇયાર કરેલી તથા તપાશેલી ટીપ દરવરશે એકવાર ફરી તપાસવી.

એ પ્રમાણે તપાસેલી ટીપને નવી ટીપ ગણવી. અને અસલ તઇયાર કરેલી ટીપ બાબત આ કાયદામાં પાછળ કહેલી અગળી કાનુનો તેને લાગુ પડશે.

જીલ્હા માજીસ્ત્રેટે જ્યુરરોને તથા આસેસરોને સમન કરવા બાબત.

૩૨૬ સેશન ભરવા સારૂ વખતે વખતે જે દીવસ શેશન જડજ ઠરાવે તે દીવસથી ગણું કરીને ઓછામાં ઓછા ત્રણ દીવસ પહેલાં શેશન જડજે જીલ્લા માજીસ્ત્રેટને પત્ર મોકલવો અને તેમાં લખવું કે તે શેશનમાં જ્યુરીથી જે કામોનો ઇનસાફ થવાનો હોય તથા આસેસરોની મદદથી જે કામોનો ઇનસાફ થવાનો હોય તે કામોના ઇનસાફને સારૂ જેટલાનો ખપ શેશન જડજને જણાય તેટલા સદરહુ તપાશેલી ટીપ મધ્યે લખેલા શખસોને સમન કરવા તેવા હરકોઇ કામના ઇનસાફને સારૂ જેટલા શખશોમે સમન કરવા તેવા હરકોઇ કામના ઇનસાફને સારૂ જેટલા શખસોનો ખપ હોય તેથી બમણા કરતાં ઓછાને સમન કરવા નહીં.

જે શખસોને સમન કરવા હોય તેઓનાં નામ ખુલી કોરટમાં ચિઠ્ઠીથી કાહાડવાં અને તપાસેલી ટીપ માંહેના જે શખસોએ છ મહિના મધે કામ કરયુ હોય તે શખસોને બાતલ કરવા, પણ જોઇતી સંખ્યા તેમના વગર પુરી ન થાય તો તેમને બાતલ કરવા નહી; અને એ પ્રમાણે કાહાડેલાં નામ સદરહુ પત્રમાં વિસેષે કરીને જણાવવાં.

બીજા જ્યુરરોને અથવા આસેસરોને સમન કરવાનો અખ્તિયાર.

૩૨૭. સેશન કોરટની આગળ એટલાં બધાં કામનો ઇનસાફ થવાનો હોય કે એકજ વરગના જ્યુરરોને અથવા આસેસરોને એક આખી સેશન સુધી હાજર રાખવા એ ઉલમ ભરેલું થાય, અથવા બીજાં કારણને લીધે તેમ કરવાની જરૂર જણાય, ત્યારે ૩૨૬ મી કલમમાં કહેલા વખત સિવાય બીજે વખતે જ્યુરરોને અથવા આશેસરોને સમન કરવાનું ફરમાવવાને તે શેશન કોરટ મુખત્યાર છે.

સમનનો નમુનો તથા તેની બજાવણી.

૩૨૮. જ્યુરર અથવા આશેશરને જે સમન કરવો તે લખીને કરવો, અને તેમાં એ પ્રમાણે ફરમાવવું કે તમે જ્યુરર અથવા આશેસર દાખલ જેમ હોય તેમ ફલાણી વખતે તથા જગાએ હાજર થાઓ; તે વખત તથા જગા સમનમાં લખવી જોઇએ.

સરકારી અથવા રેલવેના નોકરને ક્યારે માફ કરવાનો અખ્તિયાર છે.

૩૨૯. જ્યુરર અથવા આશેસર દાખલ કામ કરવાને સમન કરેલો કોઇ પણ શખસ સરકારની અથવા કોઇ રેલવે કંપનીની ચાકરીમાં હોય, અને જે આફીસમાં તે નોકર હોય તે આફીસના ઉપરીએ જાહેર કરવા ઉપરથી એમ જણાય કે લોકોને અડચણ થયા વગર તે શખસથી, પ્રસંગ પ્રમાણે, જ્યુરર અથવા આશેશરનું કામ થઇ શકસે નહીં; તો જે કોરટમાં કામ કરવા સારૂ તે શખસને એ પ્રમાણે સમન કરયો હોય તે કોરટ તે શખશને હાજર થવાનું માફ કરવાને મુખત્યાર છે.

જ્યુરર અથવા આશેસરને હાજર થવાનું માફ કરવાને કોરટ મુખત્યાર છે.

૩૩૦. યોગ્ય કારણસર કોઇ પણ જુરરને અથવા આશેસરને કોઇ પણ અમુક શેશનમાં હાજર થવાનું માફ કરવાને શેશન કોરટ મુખત્યાર છે.

હાજરથયેલા જુરરો અનેઆશેસરોનીટીપ.

૩૩૧. દરએક શેશને તે શેશનમાં જુરર અથવા આશેસર દાખલ જે શખશો હાજર થયા હોય તેઓનાં નામની ટીપ સદરહુ કોરટે તઇયાર કરાવવી.

૩૨૪ મી કલમ પ્રમાણે તપાશેલી જુરરોની તથા આશેશરોની ટીપની સાથે સદરહુ ટીપ રાખવી.

આ કલમ પ્રમાણે તઇયાર કરેલી ટીપમાં જે નામો લખેલાં હોય તેમાંના દરએક નામ વિસે સદરહુ તપાશેલી ટીપના હાંશીઆમાં હવાલો આપવો.

જુરર અથવા આશેસર હાજર ન થાય તો દંડ કરવો તે બાબત.

૩૩૨. જુરર અથવા આશેશર દાખલ હાજર થવાને સમન કરેલો જે શખશ કાયદેસર કારણ વગર, શમનમાં ફરમાવ્યા મુજબ હાજર થવાને ચુકે, અથવા હાજર થઇને કોરટની રજા લીધા વગર જતો રહે, અથવા કોરટે કામ મુલતવી રાખીને પછી હાજર થવાનો હુકમ કર્યો હોય તે વખતે હાજર થવાને ચુકે, તે શખશ શેશન કોરટના હુકમથી શો રૂપીયા સુધી દંડ પાત્ર થશે.

સદરહુ જ્યુરરની અથવા આસેશરની કાંઇ પણ જંગમ મીલકત તે હુકમ કરનારી કોરટની હુકુમતની સ્થાનિક હદ માંહે હોય તે મિલકત જપ્ત કરીને તથા વેચીને જીલ્લા માજીસ્ત્રેટે સદરહુ દંડ વસુલ કરવો.

સદરહુ જપ્તિ તથાં વેચાણથી જો તે દંડ વસુલ ન થાય તો સદરહુ જ્યુરરને અથવા આસેસરને સેસન કોરટના હુકમથી પંદર દીવસની મુદત સુધી દિવાની તુરંગમાં કેદ કરવાનો અધીકાર છે, પણ જો સદરહુ મુદત પુરી થતાં પેહલાં તે દંડ આપામાં આવે તો તેને તરત છોડી મુકવો.

લ.—હાઇકોરટો બાબત વીશેષ ઠરાવો.

ફરીયાદનું કામ બંધ કરવાનો આડવોકેટ જનરલનો અધિકાર.

૩૩૩ આ કાયદા પ્રમાણે કોઇ હાઇકોરટની આગળ કોઇ પણ કામનો ઇનસાફ થાય ત્યારે જ્યુરીનો ઠરાવ કહી સંભળાવવામાં આવે તેની અગાઉ કોઇપણ વખત આડવોકેટ જનરલને યોગ્ય લાગે તો મલિકા માઆઝમાની તરફથી કોરટને એવું જાહેર કરવાને તે મુખત્યાર છે કે તહોમતવાળાની ઉપર મુકેલાં તહોમત બાબત હું ફરિયાદનું કામ આગળ ચલાવીશ નહીં; અને તે ઉપરથી સદરહુ તહોમત બાબત તહોમતવાળાની ઉપર સઘળું કામ ચલાવવાનું બંધ કરવું; અને તને તે તહોમત બાબત અને તેમાંથી છોડી મુકવો. પણ મજકુર જનાબ બીજી રીતે નહી ફરમાવે તો એ પ્રમાણે છોડી મુકવાની વાત ગુન્હો નાસાબીત થયાના ઠરાવની બરાબર છે એમ સમજવું નહીં.

બેઠકો કરવાનો વખત.

૩૩૪ દરએક હાઇકોરટે પોતાની અસલ ફોજદારી હકુમત ચલાવવાસારૂ તે કોરટના ચીફ જસ્ટીસ વખતે વખતે ઠરાવે એવે દીવસે તથા એવે ફાવતે અંતરે બેઠકો કરવી.

બેઠકો કરવાની જગા

૩૩૫ હાઇકોરટે પોતાની બેઠકો જે જગાએ તે હાલ કરતી હોય તે જગાએ, અથવા કલકતાની હાઇકોરટની બાબતમાં ગવર્નર જનરલ ઇનકાંઉસીલ અને બીજી હાઇકોરટોની બાબતમાં સ્થાનિક સરકાર ફરમાવે તેવી બીજી (જો હોય તો) જગાએ કરવી.

પણ કલકતાની હાઇકોરટ ગવરનર જનરલ ઇન કાંઉસીલની સંમતીથી, અને બીજી સઘળી હાઇકોરટ સ્થાનિક સરકારની સંમતીથી પોતાની અપેલેટ હકુમતના સ્થાનિક હદ માંહેની બીજી જે જગાઓ પોતે મુકરર કરે તે જગાએ વખતે વખતે બેઠકો કરવાને મુખત્યાર છે.

બેઠકોની નોટીસ.

જે અમલદારને ચીફ જસ્ટીશ ફરમાવે તે અમલદારે હાઇકોરટની અસલ ફોજદારી હકુમત ચલાવવાસારૂ જે બેઠકો કરવાનો વીચાર હોય તે સઘળી બેઠકોની નોટીસ અગાઉથી સ્થાનીક સરકારી ગ્યાઝેટમાં આપવી.

રાણીની વીલાયતી રઇયતનો ઇનસાફ કરવાની જગા.

૩૩૬ હાઇકોરટને એવું ફરમાવવાનો અધીકાર છે કે રાણીની જે વીલાયતી રઇયતનો તથા જે શખસોનો ઇનસાફ ૨૧૫મી કલમ મુજબ હાઇકોરટથી કરવા યોગ્ય હોય તેઓનો ઇનસાફ હાઇકોરટથી કરવાસારૂ તેઓને કટલએક વી

ષ જીલ્હામાં અથવા વરસતી કોઇવિશેષ મુદત મહિ કમીટ કરયા હોય તેવી સઘળી વિલાયતી રઈયતનો અને તેવા સઘળા શખ્સોનો ઇનસાફ પોતાની મામુલ બેઠકની જગાએ કરવામાં આવશે,

અથવા એવું ફરમાવવાનો અધિકાર છે કે ફલાણી જગાએ તેઓનો ઇનસાફ કરવામાં આવશે.

બાબ ૨૪ મો

ચોકશી તથા ઇનસાફ બાબત સામાન્ય ઠરાવો.

જેશખ્સ ગુન્હામાં સમીલ હોય તે શખ્સને માફી આપવાનું કહેવા બાબત.

૩૩૭ જે ગુન્હાનો ઇનસાફ સેસન કોરટથીજ અથવા હાઇકોરટથીજ થઇ શકે તેવા કોઇપણ ગુન્હાની બાબતમાં ગુન્હાની ચોકશી કરનારો જીલ્લામાજીસ્ત્રેટ પ્રેસિડેન્શી માજીસ્ત્રેટ, પેહેલા વરગનો કોઇપણ માજીસ્ત્રેટ, અથવા જીલ્લામાજીસ્ત્રેટની મંજુરીયત લઇને બીજો કોઇપણ માજીસ્ત્રેટ જે ગુન્હાની ચોકશી ચાલતી હોય તેગુન્હામાં ફલાણો શખ્સ પોતે જાતે અથવા પરંપરાથી સામીલ છે અથવા તે બાબત જાણીતો છે એમ ધારવામાં આવતુ હોય તે શખ્સની શાહેદી લેવાના હેતુથી તેને, તે ગુન્હા સબંધી તથા બીજો જે શખ્સ તે ગુન્હો કરવામાં મુખ્ય અથવા મદદગાર તરીકે સામીલ હોય તે શખ્સ સબંધી જે જે કેફિયત તેના જાણ્યામાં હોય તે સઘળી કેફિયત પુરેપુરી તથા ખરે ખરી તેણે જાહેર કરવી એવા શરતથી માફી આપવાનું વચન આપવાને મુખત્યાર છે.

આ કલમ પ્રમાણે માફી આપવા માંડી હોય તે કબુલ કરનાર દરએક શખ્સની તે મુકદમામાં શાહેદ દાખલ જુબાની લવી,

સદરહુ શખ્સને જો જામીન ઉપર છોડયો ન હોય તો, પ્રસંગ પ્રમાણે, સેસનકોરટ અથવા હાઇકોરટ તે ઇનસાફનું કામ પુરૂં કરે ત્યાં સુધી તેને પેહેરામાં અટકાવી રાખવો.

પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ શીવાય બીજો જે માજીસ્ત્રેટ આ કલમ પ્રમાણે માફી આપવાનું કેહે તે માજીસ્ત્રેટે તેમ કરવાના પોતાના કારણ દફતરમાં દાખલ કરવાં; અને જ્યારે કોઇ પણ માજીસ્ત્રેટે એ પ્રમાણે માફી આપવાનું કહ્યુ હોય અને જે શખ્સને તે આપવાનું કહ્યું હોય તે શખ્સની જુબાની લીધી હોય, ત્યારે તે મુકદમાનો ઇનસાફ તેણે જાતે કરવો નહીં, પછી જે ગુન્હો સદરહુ શખ્સે કરયાનું જણાતું હોય તે ગુન્હાનો ઇનસાફ કરવાનો અધિકાર તે માજીસ્ત્રેટને હોય તોપણ.

માફી આપવાનું કેહેવાનો હુકમ કરવાનો અધિકાર.

૩૩૮, મુકદમો કમિટ થયા પછી પણ ફૈસલો કરતાં પેહેલાં ગમે તે વખતે જે કોરટમાં મુકદમો કમિટ કરયો હોય તે કોરટ સદરહુ પ્રકારના કોઇ પણ ગુન્હામાં ફલાણો શખ્સ પોતે જાતે અથવા પરંપરાથી સામિલ છે અથવા તે બાબત જાણીતો છે એમ ધારવામાં આવતું હોય તે શખ્સની શાહેદી ઇનસાફની વખતે લેવાના હેતુથી તે શખ્સને તેજ શરતથી માફીનું વચન આપવાને અથવા કમીટ કરનારા માજીસ્ત્રેટે અથવા જીલ્લા માજીસ્ત્રેટે તેજ શરતે તેવા શ

ખસને માફીનું વચન આપવું એવું ફરમાવવાને મુખત્યાર છે.

જે શખસને માફી આપવાનું કહ્યું હોય તે શખસને કમિટ કરવા બાબત.

૩૩૯. જ્યારે ૩૩૭ મી અથવા ૩૩૮ મી કલમ પ્રમાણે માફીનું વચન આપ્યું હોય, અને જે શખશે સદરહુ માફીનું વચન કબુલ કર્યું તે શખસ જાણી જોઇને કાંઇ મુદ્દાની વાત છુપાવીને અથવા ખોટી શાહ્દી આપીને જે શરતથી સદરહુ માફી આપેલી તે શરત પ્રમાણે ચાલો નહીં હોય ત્યારે જે ગુન્હા બાબત તે માફી એ પ્રમાણે આપવાનું કહ્યું તે ગુન્હા માટે, અથવા તેજ બાબતના સબંધમાં બીજા જે ગુન્હાનો તે તકસીરવાર થએલો જણાય તે ગુન્હા માટે, તેનો ઇનસાફ કરવાનો અધિકાર છે.

તે શખસે માફીનું વચન કબુલ કર્યું હોય તે શખસે જે મજકુર કહ્યો હોય તે મજકુર. જ્યારે તે માફી આ કલમ પ્રમાણે રદ કરી હોય ત્યારે, તેની વિરૂદ્ધ પુરાવામાં આપવાનો અધિકાર છે.

સદરહુ મચકુરના સંબધમાં ખોટી શાહેદી આપ્યાના ગુન્હા બદલ હાઇ કોરટની મંજુરી વગર કાંઇ પણ ફરિયાદ લેવી નહીં.

જવાબ કરવાનો તહોમતવાળાનો હક.

૩૪૦. કોઇ પણ ફાજદારી કોરટની આગળ જે શખસની ઉપર તહોમત આવ્યું હોય તેવા દરેક શખસને કોઇ પીલીડરની મારફતે પોતાનો જવાબ કરવાનો હક છે.

તહોમતવાળો ચાલેલું કામ સમજતો નહીં હોય ત્યારે કેમ કરવું.

૩૪૧. તહોમતવાળો દિવાનો નહીં હોય તોપણ ચાલેલું કામ તેને સમજાવી શકાતું નહીં હોય તો ચોકશી અથવા ઇનસાફનું કામ ચલાવવાનો કોરટને અખત્યાર છે; અને હાઇકોરટ શિવાય બીજી કોઇ કોરટની બાબતમાં જો તે ચોકશી કરતાં તહોમતવાળાને કમિટ કરવો પડે; અથવા તે ઇનસાફ કરતાં તેની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવો પડે, તો ચલાવેલાં કામના કાગળ તથા તે કામની હકીકતનો રિપોર્ટ હાઇકોરટમાં મોકલવો, અને હાઇકોરટને યોગ્ય લાગે તેવો તે બાબત હાઇકોરટે હુકમ કરવો.

તહોમતવાળાની જબાની લેવાનો અધિકાર.

૩૪૨ તહોમતવાળાની વિરૂદ્ધ પુરાવામાં કાંઇ હકીકત જણાતી હોય તેનો ખુલાસો તહોમતવાળો કરી શકે એટલા સારૂ, હરકોઇ ચોકશી અથવા ઇનસાફ ચાલતા હોય ત્યારે કોઇ પણ વખતે તેને અગાઉથી તાકીદ આપ્યા વગર તેને જે સવાલો પુછવા જરૂર જણાય તે સવાલો પુછવાને તે કોરટ મુખત્યાર છે, અને ફરીયાદનું કામ ચલાવનારની તરફના શાહેદોની જબાની લેવાઇ રહ્યા પછી અને તે તહોમતવાળાને જવાબ આપવાનું ફરમાવતાં પેહલાં ઉપર કહેલાં કારણ સારૂ કોરટે તે મુકદમા બાબત તેને સવાલ સામાન્યત: પુછાવા.

તે સવાલોના જવાબ આપવાની ના કેહેવાથી અથવા તે સવાલોના ખોટા જવાબ દેવાથી તે તહોમતવાળો શિક્ષાને લાયક થશે નહીં; પણ એ પ્રમાણે ના કેહેવા ઉપરથી અથવા એવા જવાબ આપવા ઉપરથી પોતાને વાજબી લાગે એવું અનુમાન કોરટ તથા જ્યુરી હોય તો તે કરવાને મુખત્યાર છે.

— તહોમત વાળાએ આપેલા જબાબો સદરહુ ચોકશી અથવા ઇનસાફની વખતે ધ્યાનમાં લેવાનો અખત્યાર છે. અને સદરહુ જવાબો ઉપરથી બીજો જે ગુનહો તેણે કરયાનુ દખાતું હોય તે ગુનહા બાબત ચોકશી અથવા ઇનસાફ થતી વખતે તે જવાબો તેની તરફ અથવા તેની વિરૂદ્ધ પુરાવામાં આપવાનો અખત્યારછે.

તોહોમતવાળાને કાંઈ સોગન આપવા નહીં.

લલચાવીને કાંઇવાત પ્રગટ કરાવવાને કાંઈ દાબવાપરવો નહીં.

૩૪૩. ૩૩૭ મી અને ૩૩૮ મી કલમમાં ઠરાવ્યું છે તે સિવાય કોઇ તહોમતવાળા શખસના જાણવામાં કાંઇ પણ વાત હોય તે પ્રગટ કરવાને અથવા નહીં કરવાને તે લલચાય એટલા માટે તેને કાંઇ પણ વચન અથવા ધમકી આપીને અથવા બીજી રીતે તેની ઉપર કાંઇ દાબ વાપરવો નહીં.

કામ ચલાવવાનું સરૂથી અથવા વચમાં મુલતવી રાખવાનો અખત્યાર.

૩૪૪ કોઇ શાહેદની ગેરહાજરીને લીધે અથવા બીજા કાંઇ યોગ્ય કારણને લીધે કોઇ પણ ચોકશી અથવા ઇનસાફનું કામ શરૂથી અથવા વચમાં મુલતવી રાખવું જરૂર અથવા યોગ્ય જણાય, તો કોરટ વખતે વખતે લખેલો હુકમ કરીને અને તે બાબતનાં કારણ જણાવીને પોતાને દુરસ્ત લાગે એવી શરતે, અને પોતાને યોગ્ય લાગે એટલી મુદત સુધી, સદરહુ ચોકશી અથવા ઇનસાફનું કામ સરૂથી અથવા વચમાંથી મુલતવી રાખવાને મુખત્યાર છે, અને તહોમતવાળો પેહેરામાં હોય તો વારંટ કાહાડીને તેને પાછો મોકલવાને મુખત્યાર છે.

પાછો ન મોકલવો.

પણ એવું ઠરાવ્યું છે કે કોઇ પણ માજીસ્ત્રેટે આ કલમ પ્રમાણે કોઇ તહોમત વાળા શખસને એકી વખતે પંદર દીવસ કરતાં વધતી મુદત સુધી પેહેરામાં પાછો મોકલવો નહીં.

હાઇ કોરટ શીવાય બીજી કોઇ કોરટે આ કલમ પ્રમાણે કરેલો દરએક હુકમ લખેલો હોવો જોઇએ અને તેની ઉપર પ્રમુખ જડજે અથવા માજીસ્ત્રેટે સહી કરવી.

પાછો મોકલવાનોવાજબી સબબ.

ખુલાસો.— તહોમત વાળાએ કાંઇ ગુનહો કરયો હશે એવો વેહેમ આવે તેવો પુરતો પુરાવો મળ્યો હોય, અને તેને પાછો મોકલવાથી વધારે પુરાવો મળે તેવું છે એવું દેખાય તો તેને પાછો મોકલવાનો આ વાજબી સબબ છે.

ગુનહા માંડી વાળવા બાબત.

૩૪૫ આ નીચેનાં કોષ્ટકનાં પેહેલાં બે આસનમાં હિંદુસ્તાનના ફોજદારી કાયદાની જે કલમોનું વરણન કરયું છે તે કલમો મુજબ શિક્ષા કરવા લાયક ગુનહાઓ તે કોષ્ટકનાં ત્રીજાં આસનમાં કહેલા શખસોને માંડી વાળવાનો અધિકાર છે:—

ગુન્હો.	હિંદુસ્તાનના ફોજદારી કાયદાનીલાગુ પડતી કલમો	જે સખસને ગુન્હો માંડીવાળવાના અધિકાર છે તે સખસ.
ધરમ સંબંધી કોઇપણ સખસનું દીલ દુખાવવાના પાકા ઇરાદાથી કાંઇ શબ્દો બોલવા વગેરે.	૨૯૮	ધરમ સબંધી જે સખસનું દીલ દુખાવવાને ઇરાદો હોય તે સખસ.
વ્યથા કરવી.	૩૨૩, ૩૩૪	જે સખસને વ્યથા કરી હોય તે સખસ.
હરકોઇ સખસને ગેરવ્યાજબી અટકાવ કરવો અથવા કેદ કરવો.	૩૪૧, ૩૪૨	જે સખસને અટકાવ કરયો હોય અથવા કેદ કરયો હોય તે સખસ.
હુમલો અથવા સાપરાધ બળ વાપરવું	૩૫૨, ૩૫૫ ૩૫૮	જે શખસની ઉપર હુમલો કરયો હોય અથવા સાપરાધ બળ વાપરયું હોય તે શખસ.
કાયદા વિરૂદ્ધ જબરાઇથી મજુરી કરાવવી.	૩૭૪	જે સખસ પાસે જબરાઇથી મજુરી કરાવી હોય તે શખસ.
બિગાડ—જ્યારે જે હાની અથવા નુકશાન કરવામાં આવે તે ફક્ત કોઇ ખાનગી સખસને કરેલી હાની અથવા નુકશાન હોય ત્યારે.—	૪૨૬, ૪૨૭	જે શખસને હાની અથવા નુકશાન કરવામાં આવે તે શખસ.
સાપરાધ પ્રવેશ.	૪૪૭	જે મિલકતમાં પ્રવેશ કરયો હોય તે મિલકત જે શખસના કબજામાં હોય તે શખસ.
ગ્રહ પ્રવેશ.	૪૪૮	
નોકરી કરવાને કરાર સાપરાધ રીતે તોડવો.	૪૯૦,૪૯૧,૪૯૨	જે શખસની સાથે ગુન્હેગારે કરાર કરયો હોય તે શખસ.
છિનાળું	૪૯૭	જે સ્ત્રી હોય તેનો ધણી.
સાપરાધ ઇરાદાથી પરણેલી સ્ત્રીને ફોસલાવી જવી અથવા લઇ જવી અથવા રોકી રાખવી.	૪૯૮	
આબરૂ લેવી.	૫૦૦	
કાંઇ બાબત આબરૂ લેવા જેવી છે એવું જાણીને તે છાપવી અથવા કોતરવી.	૫૦૧	
છાપેલી અથવા કોતરેલી વસ્તુમાં આબરૂ લેવા જેવી બાબત છે એવું જાણીને તે વસ્તુ વેચવી.	૫૦૨	જે શખસની આબરૂ લીધી હોય તે શખસ.
સમાધાનીનો ભંગ કરાવવાના ઇરાદાથી તીરસ્કાર કરવો.	૫૦૪	જે શખસને તીરસ્કાર કરયો હોય તે શખસ.
સપરાધ ધમકી, જ્યારે તે ગુન્હો સાત વરસની કેદની શિક્ષા કરવા લાયક નહોય ત્યારે.	૫૦૬	જે શખસને ધમકી આપી હોય તે શખસ.

બુદ્ધિ પુર્વક વ્યથા કરવાનો અથવા બુદ્ધિ પુરવક મ્હાવ્યથા કરવાનો અથવા જીંદગી જોખમમાં આવે એવુ કામ કરીને વ્યથા કરવાને અથવા જીંદગી જોખમમાં આવે એવુ કામ કરીને મહાવ્યથા કરવાનો જે ગુનો હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૨૪ મી અથવા ૩૩૫ મી અથવા ૩૩૭ મી અથવા ૩૩૮ મી કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક છે તે ગુન્હો જે સખસને વ્યથા કરી હોય તે શખસને જે કોરટની આગળ તે ગુન્હા બાબત કાંઇ પણ ફરીયાદનું કામ ચાલુ હોય તે કોરટની રજા લઇને માંડી વાળવાનો અધિકાર છે.

આ કલમ મુજબ હરકોઇ ગુન્હો માંડી વાળવાનો અધિકાર હોય ત્યારે તે ગુન્હામાં મદદગારી કરવાનો ગુન્હો અથવા (જ્યારે સદરહુ ગુન્હો કરવાની કોસિસ ખુદ ગુન્હો હોય ત્યારે) તે કોશીશ કરવાનો ગુનો એજ રીતે માંડી વાળવાનો અધિકાર છે.

જો કોઇ શખસ બાળક અથવા ગાંડો અથવા દિવાનો હોય અને જો તેઓ નહોત તો તે આ કલમ મુજબ કાંઇ ગુન્હો માંડી વાળવાને લાયક થાત તો તે શખસની તરફથી કરાર કરવાનો જે શખસને અધિકાર હોય તે શખસ સદરહુ ગુન્હો માંડી વાળવાને મુખત્યાર છે.

આ કલમ મુજબ કાંઇ ગુન્હો માંડી વાળવાનું ફળ એવું થશે કે તહોમતવાળાની ઉપર ગુન્હો ના સાબિત થયાનો ઠરાવ થસે.

જે ગુન્હો આ કલમમાં કહ્યો નથી તેવો કોઇ પણ ગુન્હો માંડી વાળવો નહીં.

જે મુકદમા પ્રાંતમાંના માજીસ્ત્રેટ ચુકવી શકતો નહીં હોય તે મુકદમામાં તેણે કેમ કરવું.

૩૪૬. ઇલાકાનાં મુખ્ય સેહેરોની બાહાર કોઇ પણ જીલ્લામાં કોઇ માજીસ્ત્રેટની આગળ કાંઇ ચોકશી અથવા ઇનસાફનું કામ ચાલતુ હોય ત્યારે જોપુરાવા ઉપરથી તે માજીસ્ત્રેટને એવું અનુમાન કરવું વાજબી જણાય કે સદરહુ જીલ્હામાં બીજા કોઇ માજીસ્ત્રેટે તે મુકદમાનો ઇનસાફ કરવો જોઇએ અથવા ઇનસાફ કરવા સારૂ તે કમિટ કરવો જોઇએ. તો તેણે તે કામ ચલાવવુ બંધ રાખીને જે માજીસ્ત્રેટના હાથતળે પોતે હોય તે માજીસ્ત્રેટની આગળ અથવા જીલ્હા માજીસ્ત્રેટ ફરમાવે તેવા બીજા હકુમત વાળા માજીસ્ત્રેટની આગળ તે મુકદમો મોકલવો, અને તેની સાથે ટુંકામાં એક રિપોર્ટ કરીને તેમાં તે મુકદમાનો પ્રકાર સમજાવવો.

જે માજીસ્ત્રેટની પાસે તે મુકદમો મોકલવામાં આવે તેને જો ઇનસાફ કરવાનો અખત્યાર આપેલો હોય તો તે મુકદમાનો ઇનસાફ તેજાતે કરવાને અથવા પોતાના હાથ તળેના જે માજીસ્ત્રેટને હકુમત હોય તે માજીસ્ત્રેટને તે મુકદમો સોંપવાને, અથવા તહોમત વાળાને તેનો ઇનસાફ થવા સારૂ કમિટ કરવાને મુખત્યાર છે.

ચોકશી અથવા ઇનસાફનું કામશરૂ કરયા પછી માજીસ્ત્રેટને એમ જણાયકે મુકદમો કમીટ કરવો જોઇએ ત્યારે કેમ કરવુ.

૩૪૭ કોઇ માજીસ્ત્રેટની આગળ કોઇપણ ચોકશીનું કામ ચાલે તેમાં અથવા કોઇ માજીસ્ત્રેટની આગળ કોઇપણ ઇનસાફનું કામ ચાલે તેમાં ફેસલા ઉપર સહી કરતાં પહેલાં તેને કાઇપણ વખતે એમ જણાય કે તે કામનો ઇનસાફ સેસનકોરટે અથવા હાઇકોરટે કરવો જોઇએ, અને જો ઇનસાફ થવાસારૂ કમિટ કરવાનો અખત્યાર તેને આપેલો હો

થ, તો તેણે કામ અગાડી ચલાવવાનું બંધ કરવું અને મઘલાસમાં પાછળ કહેલા ઠરાવો પ્રમાણે તહોમતવાળાને કમિટ કરવો.

જો ઇનસાફ થવાસારૂ કમિટ કરવાનો અખત્યાર સદરહુ માજીસ્ત્રેટને આપેલો હોય તો તેણે ૩૪૬મી કલમ પ્રમાણે ચાલવું.

શિક્ષા, સ્થાપના કાયદાતથા મીલકતવિરૂદ્ધ ગુન્હા જે શખસોની ઉપર અગાઉ ઠરયા હોય તે શખસોના ઇનસાફ બાબત.

૩૪૮ હીંદુસ્તાનના ફોજદારી કાયદાના ૧૨ મા અથવ ૧૭મા બાબ પ્રમાણે ત્રણવરસની અથવા તે ઉપરાંતની મુદત સુધી કેદની શિક્ષા કરવા લાયક કોઇ ગુન્હા જે શખસની ઉપર શાબીત થયાનો ઠરાવ કરયો હોય તે શખસની ઉપર એ બેમાંના ગમે તે બાબ પ્રમાણે ત્રણવરસની અથવા તે ઉપરાંતની મુદતસુધી કેદની શિક્ષા કરવા લાયક કોઇગુન્હાનું ફરીથી તહોમત આવ્યું હોય; ત્યારે જે માજીસ્ત્રેટની આગળ તે શખસની ઉપર તહોમત આવ્યું હોય તેની નજરમાં એમ આવે કે તે શખસને ગુન્હો કરવાની ટેવ છે, તો તેને સામાન્યતઃ પ્રસંગ પ્રમાણે શેશન કોરટમાં અથવા હાઇકોરટમાં કમીટ કરવો અથવા જે જીલ્હામાં જીલ્લામાજીસ્ત્રેટને૩૦ મી કલમ પ્રમાણે અખ્તીકાર આપ્યો હોય તે જીલ્લામાં તેનો ઇનશાફ સદરહુ માજીસ્ત્રેટની આગળ કરવો.

જોઇએ તેટલી શખત શિક્ષાનો હુકમ માજીસ્ત્રેટ કરી શકેનહી ત્યારે કેમ કરવું

૩૪૯ જ્યારે બીજા અથવા ત્રીજા વરગના જે માજીસ્ત્રેટને હકુમત હોય તે માજીસ્ત્રેટ ફરિયાદનું કામ ચલાવનારની તરફનો તથા તહોમતવાળાની તરફનો શાહેદી પુરાવો સાંભળે ત્યાર પછી તેનો મત એવો થાય કે તોહમતવાળો તકશીરવાર છે, અને તેને જે શિક્ષા કરવાનો પોતાને અધિકાર છે તેથી જુદી જાતની અથવા તે કરતાં વધારે શખત શિક્ષા તે તહોમતવાળાને મળવી જોઇએ; અથવા તેને ૧૦૬ ઠી કલમ પ્રમાણે ખત કરી આપવાનું ફરમાવવું જોઇએ ત્યારે તે માજીસ્ત્રેટ પોતાનો મત દફતરમાં દાખલ કરીને; પોતે ચલાવેલુ કામ તથા તહોમતવાળાને જે જીલ્લા માજીસ્ત્રેટના અથવા પેટા તુકડી માજીસ્ત્રેટના તાબામાં પોતે હોય તેની પાસે મોકલવાને મુખત્યાર છે.

જે માજીસ્ત્રેટની પાસે તે કામ મોકલવામાં આવે તે માજીસ્ત્રેટને દુરસ્ત લાગે તો તે પક્ષકારોની જુબાની લેવાને તથા જે શાહેદ તે મુકદમામાં શાહદી આપી ચુકયો હોય તે શાહેદને પાછો બોલાવીને તેની જુબાની લેવાને મુખત્યાર છે. અને કાંઇ પણ વધારે પુરાવો માંગવાને તથા લેવાને મુખત્યાર છે, અને તે મુકદમામાં પોતાને યોગ્ય લાગે એવો અને કાયદા પ્રમાણે હોય એવો ફેસલો અથવા શિક્ષાનો હુકમ અથવા હુકમ તે માજીસ્ત્રેટે કરવો પણ એવું ઠરાવવું છે કે ૩૧ મી તથા ૩૩ મી કલમ પ્રમાણે જેટલી શિક્ષા કરવાનો પોતાને અખ્તીકાર હોય તે કરતાં વધારે સખત શિક્ષા ક્ષા તેણે કરવી નહીં.

થોડોક પુરાવો એક માજીસ્ત્રેટે અને થોડોક પુરાવો બીજા માજી

૩૫૦. જ્યારે કોઇ મુકદમાની ચોકશીમાં અથવા ઇનસાફમાં સઘળો પુરાવો અથવા તેમાંનો કાંઇ ભાગ સાંભળ્યાં પછી તથા દફતરમાં દાખલ કર્યા પછી કોઇ પણ માજીસ્ત્રે

સ્ત્રેટે દફતરમાં દાખલ કર્યો હોય તે ઉપરથી ગુન્હો ઠરાવવા બાબત અથવા કમિટ કરવા બાબત.

ટ તેમાં હકુમત ચલાવતો બંધ પડે, અને તેની પછી તેની જગા ઉપર બીજો જે માજીસ્ત્રેટ આવે તેને સદરહુ હકુમત હોય અને તે સદરહુ હકુમત ચલાવતો હોય ત્યારે જે પુરાવો પોતાની અગાઉના માજીસ્ત્રેટે એ પ્રમાણે દફતરમાં દાખલ કરયો હોય તે પુરાવાને આધારે, અથવા જે પુરાવો થોડો પોતાની અગાઉના માજીસ્ત્રેટે અને થોડો પોતે જાતે દફતરમાં દાખલ કરયો હોય તે પુરાવાને આધારે, સદરહુ પછીથી આવેલો માજીસ્ત્રેટ કામ ચલાવવાને મુખત્યાર છે; અથવા તે શાહેદોને ફરીથી સમન કરવાને અને તે ચોકશી અથવા ઇનસાફ ફરીથી સરૂ કરવાને મુખત્યાર છે.

પણ હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

(અ) કોઈ પણ ઇનસાફનાં કામમાં તે જે માજીસ્ત્રેટ પોતાનું કામ શરૂ કરે ત્યારે શાહેદોને અથવાં તેઓમાંના હરકોઇને ફરીથી સમન કરવાની તથા તેઓની જબાની ફરીથી સાંભળવાની માગણી કરવાને તહોમતવાળો મુખત્યાર છે.

(બ) કોઇ માજીસ્ત્રેટની આગળ ગુન્હો સાબિત થયો હોય તે સાબિતી જે પુરાવા ઉપરથી થઇ તે સઘળો તેણે લીધેલો નથી તેથી તહોમતવાળાને મુદ્દાની બાબતમાં ન્યાય મળવામાં હરકત થઇ છે. એમ હાઇ કોરટની અથવા જે મુકદમાઓનો ઇનસાફ જીલ્લા માજીસ્ત્રેટના તાબામાંહના માજીસ્ત્રેટો કરે તે મુકદમામાં જીલ્હા માજીસ્ત્રેટની, નજરમાં આવે. તો સદરહુ કોરટ અથવા જીલ્લા માજીસ્ત્રેટ તે ગુન્હો સાબિત થયાનો ઠરાવ રદ કરવાને મુખત્યાર છે, પછી તે ઠરાવ ઉપર અપીલ થઇ હોવ કે નહીં હોય તોપણ; અને નવેસરથી ચોકશી અથવા ઇનસાફ કરવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

જે મુકદમામાં ૩૪૬મી કલમ પ્રમાણે કામ આગળ ચલાવવાનું બંધ કરયું હોય તે મુકદમાઓને આ કલમ માંહેનો કોઇપણ મજકુર લાગુ નથી.

કોરટમાં હાજર થએલા ગુન્હેગારોને અટકાવી રાખવા બાબત.

૩૫૧. કોઇ શખસ ફોજદારી કોરટમાં હાજર હોય, પછી તે પકડાઇને અથવા સમન થઇને નહીં આવ્યો હોય તોપણ, તે શખસે સદરહુ કોરટ સાંભળી શકે એવો ફલાણો ગુન્હો કરયો છે એવું પુરાવા ઉપરથી જણાય તે ગુન્હા બાબત તેની જુબાની લેવા સારૂ તેને અટકાવી રાખવાનો તે કોરટને અખત્યાર છે; અને જાણે તેને પકડેલો હોય અથવા સમન કરેલો હોય એવી રીતે તેની ઉપર કામ ચલાવવાનો અખત્યાર છે.

અટકાવી રાખવો તે ૧૮ મા બાબ પ્રમાણે ચોકશી ચાલતી હોય ત્યારે અથવા ઇનસાફનું કામ ચલાવા માંડ્યા પછી રાખ્યો હોય ત્યારે તે શખસ બાબત કામ નવેસરથી ચલાવવું અને શાહેદોની જબાની ફરીથી સાંભળવી.

કોરટ ખુલી છે.

૩૫૨. કોઇ ગુન્હાની ચોકશી અથવા ઇનસાફ કરવા સારૂ જે જગાએ કોઇ ફોજદારી કોરટ બેઠી હોય તે જગા ખુલી કોરટ સમજવી, અને તેમાં વગર અડચણે માઇ શકે તેટલે સુધી સામાન્ય રીતે સ

ઘણા લોકોને તેમાં જવાનો અધિકાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે કોઈપણ અમુક મુકદમાની ચોકશી અથવા ઈનસાફ ચા લે ત્યારે કોઈ પણ વખતે પ્રમુખ જડજ અથવા માજીસ્ત્રેટ જો તેને યોગ્ય લાગેતો એવો હુકમ કરવાને મુખત્યાર છે કે સામાન્ય રીતે લોકોએ, અથવા કાઈ પણ અમુક સખસે કોરટના ઉપયોગ માંહેના ઓરડામાં અથવા મકાનમાં આવવું, રેહેવું અથવા હોવું નહી.

ભાગ ૨૫ મો.

ચોકશી તથા ઈનસાફ કરતી વખતે પુરાવો લેવાની તથા દફતરમાં દાખલ કરવાની રીત બાબત.

પુરાવોતોહમતવાળાની સમક્ષ લેવો.

૩૫૩ સ્પષ્ટ રીતે જુદી રીતનો ઠરાવ કરયો છે તે શિવાય ૧૮ મા, ૨૦ મા, ૨૧ મા, ૨૨ મા અને ૨૩ મા ભાગ પ્રમાણે લેવાનો સઘળો પુરાવો તહોમતવાળાની સમક્ષ લેવો; અથવા જ્યારે તેને જાતે હાજર થવાનું માફ કરયું હોય ત્યારે તેના પ્લીડરની સમક્ષ લેવો.

ઈલાકાનાં મુખ્ય શેહેરોની બાહાર શાહેદી દફતરમાં દાખલ કરવાની રીત.

૩૫૪ આ કાયદા પ્રમાણે (પ્રેસીડેન્સી માજીસતરેટ શિવાય બીજા] કોઈ માજિસતરેટે અથવા માજીસતરેટની આગળ અથવા સેશન જડજે અથવા શેશન જડજના આગળ કરવાની ચોકશીઓમાં તથા [સંક્ષેપ રીતે કરવાના ઈનસાફ શિવાય બીજા) ઈનસાફમાં સાહેદોની શાહેદી હેઠળ લખેલી રીતે દફતરમાં દાખલ કરવી.

સમનના મુકદમાનું તથા અમુક ગુન્હા બાબત પેહેલા અને બીજા વરગના માજીસ્ત્રેટોએ કરવાના ઈનસાફનું દફતર.

૩૫૫ પ્રેસીડેન્સી માજીસતરેટ શિવાય બીજા કોઈ માજીસતરેટની આગળ સમનના જે મુકદમાઓનો ઈનસાફ કરવામાં આવે તેમાં તથા ૨૬૦ મી કલમની બ થી ત કે (એ બંને સુદ્ધાં) રકમોમાં કહેલા ગુન્હાઓનો ઈનસાફ પેહેલા અથવા બીજા વરગનો માજીસ્ત્રેટ કરે ત્યારે તે ગુન્હાઓની બાબતમાં દરેક શાહેદની જબાની ચાલતી જાય તેમ તેની શાહેદીની મતલબની યાદ તે માજીસતરેટે લખવી.

તે યાદ માજીસ્ત્રેટે પોતાને હાથે લખીને તે ઉપર સહી કરવી અને દફતરની સાથે રાખવી.

ઉપર ફરમાવ્યા મુજબ જો તે માજીસ્ત્રેટને યાદ લખવામા પ્રતીબંધ થયો હોય તો તે પોતે કાં લખી શકતો નથી તેનું કારણ દફતરમાં દાખલ કરવું; અને ખુલ્લી કોરટમાં પોતે મોડેથી બોલીને તે યાદ કરાવીને તે ઉપર સહી કરવી અને તે યાદ દફતરની સાથે રાખવી.

ઈલાકાનાં મુખ્ય શેહેરોની બાહાર બીજા મુકદમાઓનું દફતર.

૩૫૬. શેશન કોરટોની આગળ તથા (પ્રેસીડેન્સી માજીસ્ત્રેટો સિવાય બીજા) માજીસ્ત્રેટોની આગળ બીજા સઘળા મુકદમાઓનો ઈનસાફ ચાલે તેમાં, અને ૧૨ મા

તથા ૧૮મા બાબ પ્રમાણે ચોકશીઓ ચાલે તે સઘળી ઓમાં દરએક શાહેદની શાહેદી માજીસ્ત્રેટે અથવા શેશન જડજે, અથવા તેની હજુરમાં તે સાંભળે તેમ તેના ફરમાવ્યા મુજબ તથા તેની નગેહબાની નીચે કોરટની ભાષામાં લખી લેવી. અને તે ઉપર તે માજીસ્ત્રેટે અથવા સેશન જડજે સહી કરવી.

અંગ્રેજીમાં આપેલી શાહેદી.

જ્યારે સદરહુ શાહેદની શાહેદી અંગ્રેજીમાં આપવામાં આવે ત્યારે તે માજીસ્ત્રેટ અથવા શેશન જડજ તે શાહેદી પોતાને હાથે તે ભાષામાં લખી લેવાને મુખ્ત્યાર છે. અને તહોમત વાળો અંગરેજી સારી રીતે જાણતો ન હોય, અથવા કોરટની ભાષા અંગરેજી ન હોય, તો કોરટની ભાષામાં સદરહુ શાહેદીનો સહી સાચેનો તરજુમો દફતરમાં રાખવો.

જ્યારે માજીસ્ત્રેટે અથવા જડજે જાતે શાહેદી લખી લીધી નહીં હોય ત્યારે યાદ.

જે કામોમાં તે માજીસ્ત્રેટ અથવા સેશન જડજ પોતે શાહેદી લખી લેતા ન હોય, તે કામોમાં તેણે દરેક શાહેદની શાહેદી લેવાતી જાય તેમ તે શાહેદની જુબાનીની મતલબની એક યાદ કરવી અને તે યાદ તે માજીસ્ત્રેટે અથવા શેશન જડજે પોતાને હાથે લખીને તે પર સહી કરવી, અને તે દફતરની સાથે રાખવી.

ઉપર ફરમાવ્યા મુજબ તેમાજીસ્ત્રેટને અથવા શેશન જડજને યાદ લખવામાં પ્રતિબંધ થયો હોય તો તે પોતે કાં લખી શકતો નથી તેનું કારણ તેણે દફતરમાં દાખલ કરવું.

શાહેદીના દફતરની ભાષા.

૩૫૭. કોઈ જીલ્લામાં અથવા જીલ્લાના કોઈ પણ ભાગમાં, અથવા કાઇ સેશન કોરટની આગળ, અથવા કોઈ માજીસ્ત્રેટની અથવા કોઈ પણ માજીસ્ત્રેટના વરગની આગળ ચાલેલા કામમાં ૩૫૬ મી કલમમાં કહેલે પ્રસંગે દરએક શાહેદની શાહેદી સેશન જડજે અથવા માજીસ્ત્રેટે પોતાને હાથે પોતાની ભાષામાં લખી લેવી એવું ફરમાવવાને સ્થાનિક સરકાર મુખ્ત્યાર છે, પણ કોઈ પુરતાં કારણને લીધે કોઇ પણ શાહેદની શાહેદી તેનાથી લખી ન લેવાય તો તેનું કારણ તેણે દફતરમાં દાખલ કરવું અને પોતે ખુલ્લી કોરટમાં મોઢેથી બોલીને તે શાહેદી લખાવવી એવું ફરમાવવાને સ્થાનિક સરકાર મુખ્ત્યાર છે.

એ પ્રમાણે લખી લીધેલી શાહેદી ઉપર તે સેશન જડજે અથવા માજીસ્ત્રેટે સહી કરવી, અને તે દફતરના ભાગ દાખલ ગણવો જોઈએ;

પણ એવું ઠરાવ્યું છે કે સેશન જડજે અથવા માજીસટરેટે શાહેદી અંગરેજી ભાષામાં અથવા કોરટની ભાષામાં લખી લેવી એવું તેને ફરમાવવાને સ્થાનિક સરકાર મુખ્ત્યાર છે, તે ભાષા તેની સ્વભાષા ન હોય તોય પણ.

૩૫૫ મી કલમમાં હેના મુકદમામાં માજીસતરેટને છુટ.

૩૫૮. ૩૫૫ મી કલમમાં કહેલી જાતના મુકદમામાં જો માજીસટરેટને દુરસ્ત લાગે તો તે કોઇ પણ શાહેદની શાહેદી ૩૫૬ મી કલમમાં ઠરાવેલી રીતે લખી લે

વાને મુખત્યાર છે, અથવા, જો સદરહુ માજીસટરેટની હકુમતની સ્થાનિક હદની અંદર ૩૫૭ મી કલમમાં કહેલો હુકમ સ્થાનિક સરકારે કરયો હોય તો, તેજ કલમમાં ઠરાવેલી રીતે લખી લેવાને મુખત્યાર છે.

૩૫૬મીઅથવા૩૫૭ મી કલમ પ્રમાણે શાહેદી દફતરમાં દાખલ કરવાની રીત.

૩૫૮ ૩૫૬મી અથવા ૩૫૭ મી કલમ પ્રમાણે લીધેલી શાહેદી ઘણું કરીને સવાલ અને જવાબના રૂપમાં લખી લેવી નહીં, પણ બ્યાનના રૂપમાં લખી લેવી.

માજીસટરેટની અથવા શેશન જડજની નજરમાં આવે તો કોઈ પણ અમુક સવાલ તથા જવાબ લખી લેવાને અથવા લખી લેવડાવવાને તેમુખત્યાર છે.

સદરહુ શાહેદી પુરી થઈ રહે ત્યારે તેના સંબંધમાં કેમ કરવું.

૩૬૦. ૩૫૬ મી અથવા ૩૫૭ મી કલમ પ્રમાણે લીધેલી દરએક શાહેદની શાહેદી પુરી થાય ત્યારે જો તહોમતવાળો હાજર હોય તો તેની સમક્ષ, અથવા તે પીલીડર મારફતે હાજર થાય તો તેના પીલીડરની સમક્ષ, તે શાહેદી તે શાહેદને વાંચી સંભળાવવી, અને જરૂર હોય તો સુધારવી.

જ્યારે તે શાહેદી શાહેદને વાંચી સંભળાવવામાં આવે ત્યારે તે શાહેદ તે શાહેદીના કોઈ ભાગનાં ખરાપણાંની ના કહે. તો તે શાહેદી સુધારવાને બદલે તે ભાગ પર શાહેદે જે હરકત લીધી હોય, તેની તે ઉપર યાદ કરી લેવાને માજીસતરેટ અથવા શેશન જડજ મુખત્યાર છે, અને પોતાને જરૂર જણાય એવો અભિપ્રાય માજીસટરેટે અથવા શેશન જડજે લખવો.

જે ભાષામાં તે શાહેદી આપી હોય તેથી જુદી ભાષામાં તે લખી લીધી હોય અને જે ભાષામાં તે લખી લીધી હોય તે ભાષા શાહેદ સમજતો ન હોય, તો તે લખી લીધેલી શાહેદી જે ભાષામાં આપી હોય તે ભાષામાં, અથવા જે ભાષા શાહેદ સમજતો હોય તે ભાષામાં તેને સમજાવવી.

તહોમતવાળાને અથવા તેના પીલીડરનેશાહેદીનો અરથ કહેવો.

૩૬૧. તહોમતવાળો સમજતો ન હોય એવી ભાષામાં કાંઈ પણ શાહેદી આપવામાં આવે, અને તે જાતે હાજર હોય, ત્યારે તે સમજતો હોય એવી ભાષામાં તે શાહેદી તેને ખુલ્લી કારટમાં સમજાવવી.

જો તે પીલીડરની મારફતે હાજર થાય અને તે શાહેદી કોરટની ભાષા શિવાય બીજી કોઈ ભાષામાં આપવામાં આવે, અને તે ભાષા તે પીલીડર સમજતો ન હોય, તો તેશાહેદી સદરહુ પીલીડરને કોરટની ભાષામાં સમજાવવી.

જ્યારે પદ્ધતિ પ્રમાણે પુરાવા સારૂ દસ્તાવેજો રજુ કરયા હોય, ત્યારે કોરટની નજરમાં આવશે તો તે દસ્તાવેજના જેટલા ભાગનો તરજુમો કરીને સમજાવવાની જરૂર જણાય તેટલા ભાગનો તરજુમો કરીને સમજાવવો.

પરેસિડેન્સી માજીસટરેટોની કોરટોમાં શાહેદીનુ દફતર.

૩૬૨. જે મુકદમામાં કોઈ પરેસીડેન્સી માજીસટરેટ બસેં રૂપીયાથી વધતા દંડની, અથવા છ મહિનાથી વધતી મુદત સુધી કેદની શિક્ષા કરે તેવા દરએક મુકદમામાં તેણે

શાહુદાની શાહેદી પોતાને હાથે લખી લેવી, અથવા ખુલી કોરટમાં પોતે મોઢેથી બોલીને લખી લેવડાવવી. એ પ્રમાણે લખી લીધેલી સઘળી શાહદી ઉપરતે માજીસટરેટે સહી કરવી અને તેને દફતરનાભાગ દાખલ ગણવી જોઇએ.

એ પ્રમાણે લખી લીધેલી શાહેદી ઘણું કરીને બ્યાનનાં રૂપમાં દફતરમાં દાખલ કરવી. પણ માજીસટરેટની નજરમાં આવે તો કોઇ પણ અમુક સવાલ અથવા જવાબ લખી લેવાને અથવા લખી લેવડાવવાને તે મુખત્યાર છે.

એકજ કામમાં ૩૫ મી કલમ પ્રમાણે કરેલા શિક્ષાના હુકમ, આ કલમનાં કારણ સારૂ એકજ શિક્ષાના હુકમ દાખલ ગણવા જોઇએ.

શાહેદની વરતણુક બાબતનો શેરો.

૩૬૩ સેશન જડજે અથવા માજીસટરેટે શાહેદની શાહેદી દફતરમાં દાખલ કરી હોય ત્યારે તેણે શાહેદ શાહેદી આપતા હોય તે વખતની તેની વરતણુંક સંબંધી પોતાને મુદ્દાનો લાગે એવો કાંઇ શેરો હોય તો તે શેરો પણ દફતરમાં દાખલ કરવો.

તહોમતવાળાની જુબાની દફતરમાં કેવી રીતે દાખલ કરવી,

૩૬૪. જ્યારે કોઇ પણ માજીસટરેટે અથવા રાયલ ચારટરથી સ્થાપેલી હાઇકોરટ શિવાય અથવા પંજાબની ચીફ કોરટ સિવાય બીજી કોઇ પણ કોરટ તહોમતવાળાની જુબાની લે, ત્યારે તેને પુછેલો દરેક સવાલ અને તેણે આપેલો દરએક જવાબ સુદ્ધાં તે સઘળી જુબાની જે ભાષામાં લીધી હોયતેભાષામાંઅથવા તેમ ન બની શકેતો કોરટની ભાષામાં અથવા અંગરેજીમાં પુરે પુરી દફતરમાં નોંધવી; અનેતે જબાની તે તહોમતવાળાને બતાવવી અથવા વાંચી સંભળાવવી. અથવા જે ભાષામાં તે જબાની લખેલી હોય તે ભાષા તે સમજતે નહીં હોય તો જે ભાષા તે સમજતો હોય તે ભાષામાં તેને સમજાવવી અને તેના જવાબો માંહેની કોઇ વાતનો ખુલાસો કરવાને અથવા કાંઇ વાત વધારવાને તે મુખત્યાર છે.

એ સઘળી જબાની બરોબર છે એવું તે કહે ત્યારે તે દફતર ઉપર તહોમતવાળાએ તથા માજીસટરેટે અથવા સદરહુ કોરટના જડજે સહી કરવી, અને તે જુબાની મારી સમક્ષ અને મારા સાંભળતાં લીધી છે તથા તહોમતવાળાએ કહેલા મજકુરનું પુરે પુરૂં તથા ખરૂં બયાન તે દફતરમાં છે એ પ્રમાણે સદરહુ માજીસટરેટે અથવા જડજે લખીને તે પર સહી કરવી.

જે મુકદમામાં તહોમતવાળાની જુબાની તે માજીસ્ત્રેટ અથવા જડજ પોતાની જાતે દફતરનાં દાખલ ન કરે તે મુકદમમાં, જુબાની લેવાતી જાય તેમ તેની યાદ કોરટની ભાષામાં, અથવા, અંગ્રેજી ભાષા પોતાને બરાબર આવડતી હોય તો, તે ભાષામાં, તે માજિસ્ત્રેટે અથવા જડજે, પોતે પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ ન હોય તો, કરવી જોઇએ; અને સદરહુ યાદ તે માજીસતરેટે અથવા જડજે પોતાને હાથે લખીને તે ઉપર સહી કરવી, અને તે દફતરની સાથે રાખવી. ઉપર ફરમાવ્યા મુજબ તે માજીસતરેટથી અથવા જડજથી યાદ ન થાય તો, તે પોતાથી ન થવાનું કારણ તેણે દફતરમાં દાખલ કરવું.

આ કલમ માંહેનો કોઇ પણ મજકુર ૨૬૩ મી કલમ મુજબની કોઇ તોહમત

વાળા શખ્સની જુવાનીને લાગુ છે એવું સમજવું નહીં.

હાઇકોરટમાં શાહેદીનું દફ્તર.

૩૬૫ રાયલ ચારટરથી સ્થાપેલી દરએક હાઇકોરટ તથા પંજાબની ચીફ કોરટ પોતાની આગળ જે મુકદમા આવે તેમાં શાહેદો લેવાની રીત વખતે વખતે સામાન્ય કાનુન કરીને ફરમાવવાને મુખત્યાર છે, અને એ પ્રમાણે કાંઇ કાનુન કરવામાં આવી હોય તો સદરહુ કોરટના જડજોએ શાહેદી અથવા તેની મતલબ તે કાનુન પ્રમાણે લખી લેવી.

બાબ ૨૬ મો.

ફેસલા બાબત.

ફેસલોઆપવાનીરીત.

૩૬૬ અસલ હકુમતની કોઇ પણ ફોજદારી કોરટમાં દરએક મુકદમાના ઇનસાફમાં ફેસલો ખુલ્લી કોરટમાં તુરત અથવા ત્યાર પછી કોઇ વખતે કહી સંભળાવવો, પણ પછાથી આપવો હોય તો વખતની યોગ્ય નોટીસ પક્ષકારોને અથવા તેઓના પ્લીડરોને આપવી; અને ફેસલો આપવામાં આવે તે સાંભળવા માટે, જો તહોમતવાળો પેહેરામાં હોય તો, તેને આણવો જોઇએ, અથવા જો તે પેહેરામાં ન હોય તો તેને હાજર થવાનું ફરમાવવું જોઇએ, પણ ઇનસાફ ચાલે ત્યારે જાતે હાજર થવાનું તેને માફ કરયું હોય અને ફકત દંડની શિક્ષાનો હુકમ કરવામાં આવે તો તે પ્રસંગે તે ફેસલો તેના પ્લીડરની સમક્ષ કહી સંભળાવવાનો અખ્તિયાર છે.

ફેસલાનીભાષા.

ફેસલામાં શું લખવુ જોઇએ.

૩૬૭ આ કાયદાથી બીજી રીતનો ઠરાવ સ્પષ્ટ રીતે કરેલો હોય તે શીવાય સદરહુ પ્રકારનો દરેક ફેસલો તે કોરટના પ્રમુખ અમલદારે કોરટની ભાષામાં અથવા અંગરેજીમાં લખવો; અને જે મુદાની વાત અથવા વાતો ઠરાવવાની હશે તે તથા તે વિશે કરેલો ઠરાવ, તથા તે ઠરાવનાં કારણ તે ફેસલામાં લખવાં, અને તે ફેસલો કહી સંભળાવતી વખતે પ્રમુખ અમલદારે ખુલ્લી કોરટમાં તેની ઉપર તારીખ લખીને શહી કરવી.

તહોમતવાળાની ઉપર કાંઇ ગુન્હો ઠરયો હોય તો તે ગુન્હો અને હિંદુસ્તાનના ફોજદારી કાયદાની અથવા બીજા કાયદાની જે કલમ પ્રમાણે તેની ઉપર ગુન્હો ઠરયો હોય તે કલમ, તથા તેની ઉપર જે શિક્ષાનો હુકમ કરયો હોય તે શિક્ષા, એટલું તે ફેસલામાં લખવું જોઇએ.

વિકલ્પની રીતે ફેસલો

જ્યારે હિંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાણે ગુન્હો ઠરયો હોય, અને તે કાયદાની બે કલમોમાંની કઇ કલમમાં અથવા તે કાયદાની એકજ કલમના બે ભાગોમાંના કયા ભાગમાં તે ગુનો આવે છે એ વિશે શક હોય, ત્યારે કોરટે તે શક સ્પષ્ટ રીતે બતાવીને વિકલ્પની રીતે ફેસલો કરવો.

જો તે ફેસલામાં ગુન્હો ના શાબિત થયાનો ઠરાવ કરયો હોય તો તહોમતવાળાની પર જે ગુનો ના શાબિત થયાનો ઠરાવ કરયો હોય તે ગુનો તે ફેસલામાં લખવો

અને તહોમતવાળાને છુટો કરવો એવું તેમાં ફરમાવવું.

જે ગુના બાબત મોતની શિક્ષા થઇ શકતી હોય તે ગુનો તહોમતવાળાની ઉપરઠરે અને તેની ઉપર મોતની શિક્ષા શિવાય બીજી કોઇ પણ શિક્ષાનો હુકમ તે કોરટ કરે, તો મોતની શિક્ષાનો હુકમ નહી કરયાનું કારણ પોતાના ફેસલામાં તે કોરટે લખવું પણ એવું ઠરાવ્યું છે કે જયુરીથી ઇનસાફ કરયો હોય તેમાં ફેસલો લખવાની કોરટને જરૂર નથી, પણ સેશન કોરટે જયુરીને આપેલા આદેશના મથાળાં દફતરમાં દાખલ કરવાં.

મોતનીશિક્ષાનોહુકમ — ૩૬૮ જયારે કોઇ સખસની ઉપર મોતની સિક્ષાનો હુકમ કરવામાં આવે, ત્યારે તે સિક્ષાના હુકમમાં એમ ફરમાવવું કે એ સખસને મરતાં સુધી ગળેથી લટકાવવો.

સમુદ્રપારની સિક્ષાનો હુકમ. — સમુદ્રપારની શિક્ષાના કોઇ પણ હુકમમાં, જે શખસની ઉપર તે શિક્ષાનો હુકમ કરયો હોય તે શખસને સમુદ્રપાર કઇ જગાએ લઇ જવો તે લખવું નહી.

કોરટે ફેસલામાંફેરફાર કરવો નહી. — ૩૬૯ હાઇકોરટ શિવાય બીજી કોઇ કોરટે પોતાના ફેસલા ઉપર સહી કરી એટલે પછી ૩૯૫ મી કલમમાં ઠરાવ્યું છે તે શિવાય અથવા કોઇ હસ્તદોશની ચુક સુધારવાની હોય તે શિવાય તે કોરટે તે ફેસલામાં ફેરફાર કરવો નહી અથવા તે તપાસવો નહી.

પરેસીડેનસિમાજીસતરેટનો ફેસલો — ૩૭૦ પરેસીડેન્સી માજીસતરેટે આ કાયદામાં પાછળ ઠરાવેલી રીતે ફેસલો દફતરમાં દાખલ કરવાને બદલે હેઠળ લખેલી વિગત દફતરમાં દાખલ કરવી.

[અ) મુકદમાનો અનુક્રમે ચહડતો નંબર.

[બ] ગુનો કરયાની તારીખ.

(ક] ફરીયાદી હોય તો તેનું નામ.

[ડ) તહોમતવાળા શખસનું નામ અને (તહોમતવાળો રાણીની વીલાયીત રઈયત ન હોય તો) તેના બાપનું નામ અને રેહેવાનું ઠેકાણું

(ઈ) જે ગુન્હા વિશે ફરિયાદ થઇ હોય અથવા જે ગુનો શાબિત થયો હોય તે ગુન્હો;

(ફ) તહોમતવાળાનો જવાબ અને તેની જબાની (જો હોય તો);

(ગ) આખરનો હુકમ;

[હ) સદરહુ હુકમની તારીખ; અને

(આઇ) જે મુકદમામાં તે માજીસતરેટ કેદની અથવા બસે રૂપિયાથી વધારે દંડની અથવા એ બનેની, શિક્ષા કરે તે સઘળા મુકદમામાં ગુનો ઠરાવ્યાના કારણોની મુખ્તેસરની વિગત.

તહોમતવાળાને ફેસલો સમજાવવો તથા નકલ આપવી. — ૩૭૧. તહોમતવાળાને ફેસલો સમજાવવો અને તેની અરજી ઉપરથી ફેસલાની એક નકલ, અથવા તે માંગે ત્યારે, બની શકે તો, તેની પોતાની ભાષામાં, અથવા કોરટની ભાષામાં તે ફેસલાનો તરજુમો તેને વગર

રીતે આપવો. સમનના મુકદમા સિવાય બીજા કોઇ પણ મુકદમામાં સદરહુ નકલ મફત આપવી,

શેશન કોરટમાં જ્યુરીથી ઇનસાફ કરવામાં આવે તેમાં તહોમતવાળો માંગે તો, જ્યુરીને આપેલા આદેશનાં મથાળાંની એક નકલ તેને વગર ઢીલે અને મફત આપવી.

જે શખસની ઉપર મોતની શિક્ષાનો હુકમ કરયો હોય તે શખસની બાબત.

જ્યારે તહોમતવાળાની ઉપર સેશન જડજ મોતની શીક્ષાનો હુકમ કરે ત્યારે તે જડજે તેને એ પ્રમાણે કહેવું કે અપીલ કરવાની તમારી મરજી હોય તો, આટલી મુદતમાં તમારે અપીલ કરવી જોઇએ.

ફૈસલાનો તરજુમો ક્યારે કરવો.

૩૭૨. અસલ ફૈસલો કામનાં કાગળોની સાથે દફતરમાં દાખલ કરવો, અને તે અસલ ફૈસલો કોરટની ભાષાથી જુદી ભાષામાં લખ્યો હોય, અને તહોમતવાળો કહે ત્યારે, કોરટની ભાષામાં તેનો તરજુમો કરીને સદરહુ દફતરમાં દાખલ કરવો જોઇએ.

શેશન કોરટે ઠરાવની તથા શિક્ષાનાહુકમની નકલ જીલ્હા માજીસટરેટની ઉપર મોકલવી.

૩૭૩. શેશન કોરટે જે મુકદમાનો ઇનસાફ કરયો હોય તે મુકદમામાં, તે કોરટે પોતાના ઠરાવની તથા (જો હોય તો) શિક્ષાના હુકમની એક નકલ જે જીલ્હા માજીસટરેટની હકુમતની સ્થાનિક હદમાં ઇનસાફ કરયો હોય તે જીલ્લા માજીસટરેટની ઉપર મોકલવી.

બાબ ૨૭ મો.

શિક્ષાના હુકમ મંજુર થવા માટે મોકલવા બાબત.

સેશનકોરટે મોતની શિક્ષાનો હુકમ [મંજુર થવા માટે) મોકલવા બાબત.

૪૭૪ જ્યારે શેસન કોરટની મોતની શિક્ષાનો હુકમ કરે, ત્યારે ચલાવેલાં કામના કાગળ પત્ર હાઇ કોરટમાં મોકલવા જોઇએ, અને તે શિક્ષાનો હુકમ હાઇ કોરટે મંજુર કરયા વગર અમલમાં લાવવો નહીં.

વધારે ચોકશી કરવાનું અથવા વધારે પુરાવો લેવાનું ફરમાવવાનો અધિકાર.

૩૭૫. જ્યારે તે ચલાવેલા કામનું દફતર હાઇકોરટમાં મોકલવામાં આવે ત્યારે જો હાઇકોરટ એમ ધારે કે જે શખસની ઉપર ગુન્હો ઠરયો છે તે શખસ તકસીરવાર છે કે બીન તકસીરવાર છે એ વિશેની ફેસલાણી બાબત સારૂ વધારે ચોકશી કરવી જોઇએ અથવા વધારે પુરાવો લેવો જોઇએ, તો તે સદરહુ ચોકશી જાતે કરવાને અથવા તે સદરહુ પુરાવો જાતે લેવાને અથવા ચોકસી કરવાનુ અથવા તે પુરાવો લેવાનું સેસન કોરટને ફરમાવવાને મુખત્યાર છે.

જ્યુરરોની અથવા આસેસરોની સમક્ષ સદરહુ ચોકશી કરવી નહી અથવા સદરહુ પુરાવો લેવો નહી, અને હાઇકોરટ બીજી રીતનો હુકમ ન કરે તો જે શખસની ઉપર ગુન્હો ઠરયો હોય તે સખસને તે ચોકશી કરતી વખતે અથવા તે પુરાવો લેતી વખતે હાજર નહી રાખશે તો ચાલશે.

જ્યારે હાઇકોરટે તે ચોકશી કરી લઇ હોય તથા તે પુરાવો લીધો ન હોય ત્યારે

તે તપાસણીના પરીણામનું તથા તે પુરાવાનું સર્ટીફીકેટ તે કોરટને લખી જણાવવું.

શિક્ષાનો હુકમ બા હાલ કરવાનો અથવા ગુન્હાની શાબિતીનો ઠરાવ રદ કરવાનો હાઇ કોરટનો અખત્યાર.

૩૭૬ જે મુકદમો ૩૭૪ મી કલમ પ્રમાણે મોકલ્યો હોય તે મુકદમાનો ઇનસાફ આસેસરોની મદદથી અથવા જયુરીથી કરેલો હોય તે મુકદમામાં હાઇ કોરટ.

(અ) શિક્ષાનો હુકમ બાહાલ કરવાને અથવા બીજો જે શિક્ષાનો હુકમ કરવાનો કાયદાથી અધિકાર હોય તે શિક્ષાનો હુકમ કરવાને મુખત્યાર છે, અથવા

(બ) ગુન્હાની શાબિતીનો ઠરાવ રદ કરવાને તથા જે ગુન્હો તહોમતવાળાની ઉપર સાબિત થયાનો ઠરાવ સેસનકોરટ કરી શકત તેવો કોઇ ગુન્હો તેની ઉપર શાબિત થયાનો ઠરાવ કરવાને અથવા તેજ તહોમત બાબત અથવા સુધારેલાં તહોમત બાબત નવેસરથી ઇનસાફ કરવાનું ફરમાવવાને મુખત્યાર છે, અથવા

(ક) તહોમતવાળા સખસની ઉપર ગુનો નાંશાબિત થયાનો ઠરાવ કરવાને મુખત્યાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે અપીલ કરવા સારૂ જે મુદત આપી હોય તે મુદત પુરી થાય ત્યાં સુધી અથવા અપીલ સદરહુ મુદતની અંદર કરી હોય તો તે અપીલનો નીકાલ થાય ત્યાં સુધી આ કલમ પ્રમાણે મંજુરીયતનો કાંઇ પણ હુકમ કરવો નહી.

મંજુરીયત ઉપર અથવા શિક્ષાના નવા હુકમ ઉપર બે જડજોએ સહી કરવી.

૩૭૭. એ પ્રમાણે મોકલેલા દરેક મુકદમામાં તે શિક્ષાના હુકમની મંજુરીયત અથવા હાઇકોરટ જે નવો શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ કરે તે, સદરહુ કોરટમાં બે અથવા વધારે જડજો હોય ત્યારે તેમાંના ઓછામાં ઓછા બે જડજોએ કરવો જોઇએ અને કેહેવો જોઇએ અને તેની ઉપર સહી કરવી જોઇએ

મતભેદ પડે ત્યારે કેમ કરવું.

૩૭૮. જયારે સદરહુ પ્રકારના કોઇ પણ મુકદમાની સુનાવણી જડજોની બેંચ આગળ થાય અને સદરહુ જડજોના બે પક્ષ થઇને તે બેઉ પક્ષના સરખા મત પડે ત્યારે તેઓના મત સુદ્ધાં તે મુકદમો બીજા કોઇ જડજની પાસે મુકવો, અને સદરહુ જડજે પોતાને યોગ્ય લાગે એવી તપાસણી તથા સુનાવણી કર્યા પછી પોતાનો મત આપવો. અને સદરહુ મતને અનુસરીને ફેસલો અથવા હુકમ થવો જોઇએ.

મંજુર થવા માટે હાઇકોરટમાં મોકલેલા મુકદમામાં કેવી રીતે કામ ચલાવવું.

૩૭૯ મોતની શિક્ષાનો હુકમ મંજુર થવા સારૂ સેશન કોરટ જે મુકદમો હાઇકોરટમાં મોકલે તે મુકદમામાં હાઇ કોરટ મંજુરીયતનો અથવા બીજો હુકમ કરે ત્યાર પછી હાઇકોરટના યોગ્ય અમલદારે તે હુકમની એક નકલ ઉપર હાઇકોરટની મોહોર કરીને અને પોતાના હુદ્દાની સહી કરીને તે નકલ સેશન કોરટને વગર ઢીલે મોકલી દેવી.

આસીસ્ટંટ સેશન જડજ અથવા ૩૪ મી કલમ પ્રમાણે ચાલનારો માજીસતરેટ જે શિક્ષાનો હુકમ કરે તેની મંજુરીયત બાબત.

૩૮૦ જે શિક્ષાનો હુકમ આસીસ્ટંટ સેશન જડજે અથવા ૩૪ મી કલમ પ્રમાણે ચાલનારા કોઇ જીલ્લામા જીસ્ત્રેટે કરયો હોય તે શિક્ષાનો હુકમ મંજુર થવા સારૂ સેશન જડજની પાસે મોકલવામાં આવે ત્યારે સદરહુ સેશન જડજ—

(અ) તે શિક્ષાનો મજકુર મંજુર કરવાને અથવા બીજો જે શિક્ષાનો હુકમ નીચલી કોરટ કરી શકત તે શિક્ષાનો બીજો કાંઇ પણ હુકમ કરવાને મુખત્યાર છે, અથવા

[બ] ગુન્હાની સાબિતીનો ઠરાવ રદ કરવાને, તથા જે ગુન્હો તહોમતવાળાની ઉપર સાબિત થયાનો ઠરાવ નીચલીકોરટ કરી શકત તે ગુન્હો તેની ઉપર સાબિત થયાનો ઠરાવ કરવાને, અથવાં તેજ તહોમત બાબત અથવા સુધારેલાં તહોમત બાબત અથવા નવેસરથી ઇનસાફ કરવાનુ ફરમાવવાને મુખત્યાર છે; અથવા

(ક) તહોમતવાળાની ઉપર ગુન્હો ના સાબીત થયાનો ઠરાવ કરવાને મુખત્યાર છે; અથવા

(ડ) તહોમતવાળો તકસીરવાર છે કે બિન તકસીરવારછે એ વિશેની ફૈસલાણી બાબતસર વધારે ચોકશી કરવાની અથવા વધારે પુરાવો લેવાની જરૂર છે. એમ તેને લાગે તો, તે પોતાની જાતે સદરહુ ચોકશી કરવાને અથવા સદરહુ પુરાવો લેવાને મુખત્યાર છે, અથવા તે ચોકશી કરવાનું અથવા તે પુરાવો લેવાનું ફરમાવવાને મુખત્યાર છે.

શેશન કોરટ બીજી રીતનો હુકમ ન કરે તો, જે શખસની ઉપર ગુન્હો ઠરયો હોય તે શખસને સદરહુ ચોકશી કરતી વખતે અથવા પુરાવો લેવાતી વખતે હાજર નહીં રાખશે તો ચાલશે; અને તે શિક્ષાનો હુકમ આસિસ્ટંટ શેશન જડજે મોકલ્યો હોય ત્યારે જ્યુરોની અથવા આસેસરની સમક્ષ સદરહુ ચોકશી કરવી નહીં અથવા સદરહુ પુરાવો લેવો નહીં.

જ્યારે શેશન કોરટે તે ચોકશી કરી નહી હોય અને તે પુરાવો લીધો નહીં હોય ત્યારે સદરહુ ચોકશીનું તથા પુરાવાનું પરીણામ સરટીફીકેટ સાથે તે કોરટને લખી જણાવવું.

બાબ ૨૮ મો.

અમલમાં લાવવા બાબત.

૩૭૯ મી કલમ પ્રમાણે કરેલો હુકમ અમલમાં લાવવા બાબત.

૩૮૧. શેશન કોરટે મોતની શિક્ષાનો હુકમ કરયો હોય તે મંજુર થવા સારૂ હાઇકોરટની પાસે મોકલ્યો હોય ત્યારે તે ઉપરથી હાઇકોરટ જે મંજુરીયતનો અથવા બીજો હુકમ કરે તે પોંહચેથી, સદરહુ શેશન કોરટે વારંટ કાહાડીને અથવા બીજા જે ઉપાયો જરૂરના હોય તે ઉપા

થો કરીને સદરહુ હુકમ અમલમાં ચલાવવો.

ગર્ભવંતી સ્ત્રીને મોતની શિક્ષાનો હુકમ કર્યો હોય તે બંધ રાખવો.

૩૮૨. જે સ્ત્રીને મોતની શિક્ષાનો હુકમ કરયો હોય તે ગર્ભવંતી છે એવું જણાય તો હાઈકોરટે તે શિક્ષાના હુકમનો અમલ બંધ રાખવાનો હુકમ કરવો, અને તે શિક્ષાને બદલે જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાનો હુકમ કરવાને હાઈકોરટ મુખત્યાર છે.

બીજા મુકદમામાં સમુદ્રપારની અથવા કેદની શિક્ષાના હુકમ અમલમાં લાવવા બાબત.

૩૮૩. જે મુકદમા બાબત ૩૮૧ મી કલમમાં ઠરાવ્યું છે તે મુકદમા સિવાય બીજા મુકદમામાં તહોમતવાળાને સમુદ્રપારની અથવા કેદની શિક્ષાનો હુકમ કરયો હોય, ત્યારે તે શિક્ષાનો હુકમ કરનારી કોરટે જે તુરંગમાં તેને કેદ રાખેલો હોય તે તુરંગમાં તાબડતોબ એક વારંટ મોકલવું, અને તહોમતવાળાને તે તુરંગમાં અગાઉથી કેદ રાખેલો નહીં હોય તો તે વારંટ સુધાં તેને તે તુરંગમાં મોકલવો.

અમલમાં લાવવા બાબતનું વારંટ કોના નામનું કરવું.

૩૮૪. કેદની શિક્ષાનો હુકમ અમલમાં લાવવા બાબતનું દરએક વારંટ, જે તુરંગમાં અથવા બીજી જગામાં કેદીને કેદ રાખ્યો હોય અથવા કેદ રાખવો હોય તે તુરંગ અથવા બીજી જગા જે અમલદારના હવાલામાં હોય તે અમલદારના નામનું કરવું.

વારંટ કોની પાસે રાખવું.

૩૮૫. જ્યારે કેદીને કોઈ તુરંગમાં કેદ રાખવો હોય ત્યારે તે વારંટ જેલરની પાસે રાખવું.

દંડ વસુલ કરવા બાબતનું વારંટ.

૩૮૬. કોઈ ગુન્હેગારની ઉપર દંડની શિક્ષાનો હુકમ કરવામાં આવે ત્યારે તે દંડ ન આપવામાં આવે તો તે ગુન્હેગારને કેદ કરવો એમ તે શિક્ષાના હુકમમાં ફરમાવ્યું હોય તોપણ તે શિક્ષાનો હુકમ કરનારી કોરટની નજરમાં આવે તો તે સદરહુ ગુન્હેગારની કાંઈ પણ જંગમ મીલકત જપ્ત કરીને તથા તે વેચીને તે દંડની રકમ વસુલ કરવાનું વારંટ કાહાડવાને મુખત્યાર છે.

સદરહુ વારંટનું ફળ.

૩૮૭. સદરહુ વારંટ સદરહુ કોરટની હકુમતની સ્થાનિક હદમાં બજાવી શકાશે, અને સદરહુ હદની બાહાર જે જીલ્લા માજીસ્ત્રેટની અથવા ચીફ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટની હકુમતની સ્થાનિક હદમાં સદરહુ પ્રકારની કાંઈ પણ મિલકત જડે તે જીલ્હા માજીસટરેટ અથવા ચીફ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ તે વારંટની પાછળ શેરો કરશે એટલે તે વારંટ ઉપરથી તે મિલકત જપ્ત કરીને વેચી શકાશે.

કેદની શિક્ષાનો હુકમ અમલમાં લાવવાનું બંધ રાખવાબાબત.

૩૮૮. કોઈ ગુન્હેગારની ઉપર માત્ર દંડનીજ શિક્ષાનો અને તે દંડ ન આપે તો કેદની શિક્ષાનો હુકમ કરવામાં આવ્યો હોય અને ૩૮૬ મી કલમ પ્રમાણે કોરટ વારંટ કાહાડે ત્યારે તે કોરટને એવો અધિકાર છે કે તે કોરટ કેદની શીક્ષાનો હુકમ બજાવવાનું મોકુફ રાખે અને સદરહુ વારંટનાં રિટર્ન માટે

મુકરર કરેલે દિવસે સદરહુ કોરટની આગળ હાજર થવાની શરતનું એક ખત તે કોરટને દુરસ્ત લાગે પ્રમાણે જામીન સાથે કે વગર જામીને, તે ગુન્હેગાર પોતાની સહી સાથે કરી આપે એટલે તેને છુટો કરે, અને સદરહુ રિટર્ન સારૂ દિવસ મુકરર કરવો તે જે વખતે તે ખત કરી આપવામાં આવે તે વખતથી પંદર દીવશ કરતાં વધારે લાંબી મુદતનો નીમવો નહી જોઇએ, અને તે દંડ વસુલ ન થાય તો તે કેદની શિક્ષાનો હુકમ તાબડતોબ બજાવવો એવું ફરમાવવાનો અધીકાર તે કોરટને છે.

વારંટ કાહાડવાનો કોને અખત્યાર છે.

૩૮૯ જે જડજે અથવા માજીસ્ત્રેટે શિક્ષાનો હુકમ કર્યો હોય તે જડજને અથવા માજીસ્ત્રેટને અથવા તેના હુદા ઉપર જે સ્થાનાપન્ન થાય તેને તે શિક્ષાનો હુકમ અમલમાં લાવવા બાબતનું દરેક વારંટ કાહાડવાનો અખત્યાર છે.

ફકત ફટકા મારવાની સિક્ષાનો હુકમ અમલમાં લાવવા બાબત

૩૯૦ જ્યારે તહોમતવાળાની ઉપર ફકત ફટકા મારવાની શિક્ષાનો હુકમ કરવામાં આવે, ત્યારે કોરટ ફરમાવે તેવી જગાએ તથા વખતે તે શિક્ષાનો હુકમ અમલમાં લાવવો.

કેદ શિવાય વળી ફટકા મારવાનીશિક્ષાનો હુકમ અમલમાં લાવવા બાબત.

૩૯૧ જે મુકદમામાં અપીલ ચાલી શકતી હોય તે મુકદમામાં તહોમતવાળાની ઉપર કેદ શીવાય વળી ફટકા મારવાની શિક્ષાનો હુકમ કરયો હોય, ત્યારે તે શિક્ષાના હુકમની તારીખથી ૧૫ દીવશ સુધી, અથવા તે મુદતમાં અપીલ કરી હોય તો તે શિક્ષાનો હુકમ અપીલકોરટ મંજુર કરે ત્યાં સુધી. તે ફટકા મારવા નહી; પણ પંદર દીવશ પછી જેમ બને તેમ જલદીથી, અથવા, અપીલ કરી હોય તો, શિક્ષાનો હુકમ મંજુર કરયાનો અપીલ કોરટનો હુકમ આવી પોહોચ્યા પછી જેમ બને તેમ જલદીથી તે ફટકા મારવા

જડજ અથવા માજીસ્ત્રેટ તે ફટકા પોતાના દેખતાં મારવાનો હુકમ ન કરે તો જે અમલદારના હવાલામાં તુરંગ હોય તે અમલદારના દેખતાં તે ફટકા મારવા.

શિક્ષા કરવાનીરીત

૩૯૨ સોળ વરસની ઉમરનો અથવા તે કરતાં વત્તી ઉમરનો સખસ હોય ત્યારે જેનો વ્યાસ અડધા ઇંચ કરતાં ઓછો ન હોય એવી ઝીણી નેતર વડે સ્થાનિક સરકાર ફરમાવે તે રીતે અને શરીરના તે ભાગ ઉપર ફટકા મારવા અને સોળ વરસ કરતાં ઓછી ઉમરનો સખસ હોય તો ઝીણી નેતર વડે નીશાળમાં શિક્ષા કરે છે તે રીતે ફટકા મારવા.

કેટલા ફટકા મારવા તેની હદ.

કોઇ પણ પ્રસંગે સદરહુ શિક્ષા ૩૦ ફટકા કરતાં વધતી હોવી નહી જોઇએ.

કડકે કડકે અમલમાં લાવવો નહી.

૩૯૩. ફટકા મારવાની શિક્ષાનો કોઇપણ હુકમ કડકે કડકે અમલમાં લાવવો નહી; અને હેઠળ લખેલા શખસોમાંના કોઇ પણ શખસને ફટકા મારવાની શિક્ષા કરી શકાશે નહી (એટલે):—

માફી.

[અ] સ્ત્રીઓને;

(બ] જે મરદોની ઉપર મોતની અથવા સમુદ્રપારની અથવા શાસનિકદાસત્વ

ની અથવા પાંચ વરસ કરતાં વધતી મુદતની કેદની શિક્ષાનો હુકમ કરેલો હોય તે મરદોને;

(૬) જે મરદો પીસતાળીસ વરસ કરતાં વધતી ઉમરના છે એવું કોરટને લાગ હોય તે મરદોને;

ગુન્હેગારનીપ્રકૃતી ઠીક નહી હોય તો ફટકા મારવા નહી.

૩૯૪ ફટકા મારવાની શિક્ષા ખમવા લાયક ગુન્હેગાર ની પ્રકૃતી છે એવો દાખલો વઇદક અમલદાર હાજર હોય તો તેણે આપ્યા વગર, અથવા વઇદક અમલદાર હાજર નહી હોય તો માજીસ્ત્રેટ અથવા અમલદાર હાજર હોય તેની નજરમાં એ પ્રમાણે આવ્યા વગર સદરહુ શિક્ષા કરવી નહી,

ફટકા મારવાનું મોકુફ રાખવું.

ફટકા મારવાની શિક્ષાનો હુકમ અમલમાં આવતો હોય ત્યારે બાકી રહેલી શિક્ષા ખમવા લાયક ગુન્હેગારની પ્રકૃતી નથી, એવો દાખલો વઇદક અમલદાર આપે અથવા માજીસ્ત્રેટ અથવા અમલદાર હાજર હોય તેની નજરમાં એ પ્રમાણે આવે તો ફટકા મારાનું છેક મોકુફ રાખવું.

૩૯૪મીકલમપ્રમાણે શિક્ષા કરાતી નહી હોય ત્યારે કેમ કરવું.

૩૯૫- ૩૯૪ મી કલમ પ્રમાણે ફટકા મારવાની શિક્ષાનો હુકમ મુદલ અથવા થોડો ઘણો અમલમાં આણાયો નહી હોય એવે કોઇ પણ પ્રસંગે, જે કોરટે તે શિક્ષાનો હુકમ કરયો હોય તે કોરટ તે હુકમ દુરસ્ત કરે ત્યાં સુધી ગુન્હેગારને કેદમાં રાખવો, અને સદરહુ કોરટની નજરમાં આવે તો તે સદરહુ શિક્ષા માફ કરવાને મુખત્યાર છે, અથવા ફટકા મારવાને બદલે અથવા ફટકા મારવાની જેટલી શિક્ષાનો હુકમ અમલમાં આણ્યો નહી હોય તેટલી શિક્ષાને બદલે બાર મહિના સુધીની હરકાંઇ મુદતની કેદની સિક્ષાનો હુકમ કરવાને મુખત્યાર છે. અને આ ફટકા મારવાને બદલે કરેલી શિક્ષા તેજ ગુન્હા બાબત ગુન્હેગાર ઉપર કાંઇ પણ બીજી શિક્ષા કરી હશે તે શિક્ષા ઉપરાંત થઇ શકશે.

કાયદા પ્રમાણે જેટલી મુદતની કેદના શિક્ષાને તોહમતવાળો લાયક હોય તેટલી મુદત કરતાં અથવા કોરટને જેટલી મુદતની કેદની શિક્ષા કરવાનો અધિકાર હોય તેટલી મુદત કરતાં વધતી મુદતની કેદની શિક્ષા કરવાનો અધિકાર તે કોરટને આ કલમ માં હેના કોઇ પણ મજકુરથી છે એમ સમજવું નહી.

ફરારી થએલા ગુન્હેગારની ઉપર શિક્ષાના હુકમ અમલમાં લાવવા બાબત.

૩૯૬ જ્યારે કોઇ ફરારી થએલા ગુન્હેગારની ઉપર આ કાયદા પ્રમાણે શિક્ષાનો હુકમ કરવામાં આવે, ત્યારે જો સદરહુ શિક્ષા મોતની, દંડની અથવા ફટકા મારવાની હોય તો આ કાયદામાં પાછળ કહેલા ઠરાવોને અનુસરીને તે તાબડતોબ અમલમાં આવશે, અને જો સદરહુ શિક્ષા કેદની, દેશનિકાલસખતની અથવા સમુદ્રપારની હોય તો તે હેઠળ લખેલી કાનુનો પ્રમાણે અમલમાં આવશે એટલે:—

જ્યારે નવી શિક્ષા સદરહુ ગુન્હેગાર ફરારી થયો ત્યારે જે શિક્ષા તે ભોગવતો હતો તે કરતાં વધારે સખત પ્રકારની હોય, તો તે નવી શિક્ષાનો હુકમ તાબડતોબ અમલ

માં આવશે.

જ્યારે નવી શિક્ષા તે ગુન્હેગાર ફરારી થયો ત્યારે જે શિક્ષા તે ભોગવતો હતો તે કરતાં વધારે સખ્ત પ્રકારની ન હોય, ત્યારે તે ગુન્હેગાર ફરારી થયો તે વખતે તેની આગલી શિક્ષાની જેટલી મુદત બાકી રહેલી હોય તેટલી બીજી મુદત સુધી તેણે, કેદ અથવા શાસનિકદાસત્વ અથવા સમુદ્રપાર, જેમ હોય તેમ, ભોગવ્યા પછી તે નવી શિક્ષાનો હુકમ અમલમાં આવશે.

ખુલાસો.—આ કલમનાં કારણ સારૂ—

(અ) સમુદ્રપારની અથવા શાસનિકદાસત્વની શિક્ષા કેદની શિક્ષા કરતાં વધારે સખત છે એમ સમજવું, અને

(બ) એકાંત કેદ સાથે કેદની શિક્ષા, એકાંત કેદ સાથે કે એકાંત કેદ વગર આસાન કેદ કરતાં વધારે સખત છે એમ સમજવું.

[ક] સખત મજુરી સાથે કેદની શિક્ષા, એકાંત કેદ સાથે કે એકાંત કેદ વગર આસાન કેદની શિક્ષા કરતાં વધારે સખત છે એમ સમજવું.

ગુન્હેગાર શિક્ષા ભોગવતો હોય તેને બીજા ગુન્હા બાબત શીક્ષા.

૩૯૭. કોઇ શખસ કેદની, શાસનિકદાસત્વની અથવા સમુદ્રપારની શીક્ષા ભોગવતો હોય તેવામાં તેની ઉપર કેદની, શાસનિકદાસત્વની અથવા સમુદ્રપારની શિક્ષાનો હુકમ કરવામાં આવે ત્યારે તેની ઉપર આગળ થએલા શિક્ષાના હુકમમાં ફરમાવેલી કેદની, શાસનિકદાસત્વની અથવા સમુદ્રપારની શિક્ષાની મુદત પુરી થએથી શદરહુ કેદની, શાસનિકદાસત્વની અથવા સમુદ્રપારની શિક્ષા શરૂ થશે.

પણ એવું ઠરાવ્યું છે કે જો તે શખસ કેદની શિક્ષા ભોગવતો હોય, અને તેને એ પ્રમાણે પછવાડેથી ગુન્હેગાર ઠેરવીને કરેલી શિક્ષા સમુદ્રપારની હોય, તો તે કોરટની નજરમાં આવે તો આ બીજી શિક્ષાના હુકમનો અમલ તુરત શરૂ થાય એવું ફરમાવવાને અથવા તે શખસને આગળ કરેલી કેદની શિક્ષાની મુદત પુરી થએથી તે શરૂ થાય એવું ફરમાવવાને કોરટ મુખત્યાર

૩૯૬મી તથા ૩૯૭ મી કલમો બાબત વિશેષ ઠરાવ.

૩૯૮ ૩૯૬ મી અથવા ૩૯૭ મી કલમ માંહેના ઠરાવ ઉપરથી એમ સમજવું નહીં કે કોઇ પણ શખસ તેના આગલા કે પાછલા સાબિત થએલા ગુન્હાને માટે જે શિક્ષાને લાયક થયો હોય તે શિક્ષાના કોઇ પણ ભાગમાંથી તે શખસ બચી જસે.

નાની ઉમરના ગુન્હેગારોને સન્માર્ગ પ્રવર્તક શાળામાં કેદ કરવા બાબત.

૩૯૯ જ્યારે સોળ વરશ કરતાં ઓછી ઉમરના કોઇ પણ શખસની ઉપર કોઇ પણ ગુન્હા માટે કોઇ પણ ફોજદારી કોરટ કેદની શિક્ષાનો હુકમ કરે, ત્યારે, તેને ફોજદારી તુરંગમાં કેદ કરવાને બદલે હેઠળ લખેલા પ્રકારની કોઇપણ સન્માર્ગપ્રવર્તક શાળામાં કેદ રાખવો એવો હુકમ કરવાને તે કોરટ મુખત્યાર છે, એટલે કેદ રાખવાની લાયક જગા દાખલ જે સન્માર્ગ પ્રવર્તક શાળા સ્થાનિક સરકારે કાહાડી હોય, અને જેમાં ઉચિત કેળવણી આપવાનાં તથા કાંઇ ઉપયોગી ધંધો શિખ

વવાનાં સાધન હોય, સન્માર્ગ પ્રવર્તક શાળામાંહોય, અથવા સન્માર્ગ પ્રવર્તક શાળામાં, કેદ કરેલા શખશોને કેળવણી આપવા તથા શિખવવા સંબંધી સ્થાનિક સરકાર ફરમાવે એવા નિયમ પ્રમાણે ચાલવાને રાજી હોય એવા કોઇ શખશે જે સન્માર્ગ પ્રવર્તક શાળા રાખેલી હોય તેમાં કેદ કરવો એવો હુકમ કરવાને તે કોરટ મુખત્યાર છે.

આ કલમ મુજબ કેદ કરેલા સઘળા શખસોને ઉપર મુજબ ઠરાવેલા નિયમો લાગુ પડશે.

શિક્ષાનો હુકમ અમલમાં લાવ્યાપછી વારંટ પાછુ મોકલવાબાબત.

૪૦૦ જ્યારે કોઇ શિક્ષાનો હુકમ પુરેપુરો બજી રેહે ત્યારે તે બજાવનાર અમલદારે તે શિક્ષાનો હુકમ શી રીતે બજાવ્યો છે તે વિસે પોતાની સહી સાથેનો તે વારટની પાછળ શેરો કરીને તે વારંટ જે કોરટમાંથી નીકળ્યુ હોય તે કોરટમાં પાછું મોકલી દેવું.

બાબ ૨૯ મો.

શિક્ષા મોકુફ રાખવા, માફ કરવા તથા બદલવા બાબત.

શિક્ષા મોકુફ રાખવાનો અથવા માફ કરવાનો અધીકાર.

૪૦૧ જ્યારે કોઇપણ શખસની ઉપર કાંઇ ગુન્હા બાબત શિક્ષાનો હુકમ કરયો હોય ત્યારે કોઇ પણ વખત; બીન સરતે અથવા જે શખસની ઉપર શિક્ષાનો હુકમ કરયો હોય તે શખસ કબુલ કરે એવી કાંઇ શરત કરીને તેની ઉપર જે શિક્ષાનો હુકમ કરયો હોય તે અમલમાં લાવવાનુ મોકુફ રાખવાને અથવા જે શીક્ષાનો હુકમ તેની ઉપર કરેલો હોય તે સઘળી શિક્ષા અથવા તેમાનો કોઇપણ ભાગ માફ કરવાને ગવરનર જનરલ ઇનકોંસિલ અથવા સ્થાનીક સરકાર મુખત્યારછે.

જ્યારે કોઇ શીક્ષા મોકુફ રાખવા અથવા માફ કરવા સારૂ ગવરનર જનરલ ઇન કોંસિલને અથવા સ્થાનીક સરકારને અરજી કરવાંમાં આવે ત્યારે જે કોરટની આગળ અથવા જે કોરટે ગુન્હાની સાબીતીનો ઠરાવ કરયો હોય અથવા મંજુર કરયો હોય તે કોરટના પ્રમુખ જડજને, ગવરનર જનરલ ઇનકાઉન્સીલ અથવા સ્થાનિક સરકાર, જેમ હોય તેમ, એવુ ફરમાવવાને મુખત્યાર છે કે તે અરજી કબુલ કરવીજોઇએ કે નાકબુલ કરવી જોઇયે તે વિશે તમારો મત તથા તે મતનાં કારણ જણાવો.

જે શખસના લાભમાં કોઇ શિક્ષા મોકુફ રાખી હોય અથવા માફ કરી હોય તે શખસ, ગવરનર જનરલ ઇનકાઉન્સીલે અથવા સ્થાનિક સરકારે જે શરતો ઠરાવી હોય તે શરતો પાળવાને ચુકે તો સદરહુ શિક્ષા મોકુફ રાખવાનો અથવા માફ કરવાનો હુકમ રદ કરવાને, ગવરનર જનરલ ઇનકાઉન્સિલ અથવા સ્થાનિક સરકાર, જેમ હોય. તેમ મુખત્યાર છે અને તે પછી, જો સદરહુ શખસ છુટો હોય તો, તેને કોઇ પણ પોલીસ અમલદાર વગર વારંટે પકડવાને મુખત્યાર છે, અને બાકી રહેલા ભાગની શિક્ષા ભોગવવા માટે તેને પાછો કેદમાં મોકલવાનો અખત્યાર છે.

શિક્ષા માફ કરવાનો અથવા મોકુફ રાખવાનો અથવા મુલતવી રાખવાનો અથવા ઓછી કરવાનો મલીકા માયાઝમાને અધિકાર છે તે અધિકારને આ કલમ માંહેના કોઇ પણ મજકુરથી બાધ આવે છે એમ સમજવું નહીં.

શિક્ષાબદલવાનો અખ્તિયાર.

૪૦૨. જે શખ્સની ઉપર સિક્ષાનો હુકમ કરયો હોય તે શખ્સની સમતિ વગર ગવરનર જનરલ ઇન કાઉન્સિલ અથવા સ્થાનિક સરકાર હેઠળ કહેલી શિક્ષાઓમાંની કોઇ પણ શિક્ષાને બદલે તે શિક્ષાની આગળ લખેલી બીજી કોઇ પણ શિક્ષાનો હુકમ કરવાને મુખત્યાર છે:—

મોત, સમુદ્રપાર, શાસનિકદાસત્વ, સખત મજુરી સાથે જેટલી મુદતની કેદની શિક્ષાનોહુકમ તે શખસના ઉપર થઇ શકત તેટલી મુદત સુધીની કેદ, તેવીજ મુદત સુધીની આસાન કેદ, દંડ.

બાબ ૩૦ મો.

અગાઉ બીન તકસીરવાર અથવા તકસીવાર ઠરયા હોય તે બાબત.

જે શખ્સની ઉપર એક વખત ગુન્હો સાબિત થયાનો અથવા ના સાબિત થયાનો ઠરાવ થયો હોય તે શખસનોતેજ ગુન્હા બાબત ફરીઇનસાફકરવો નહીં.

૪૦૩ યોગ્ય હકુમત વાળી કોઇ કોરટે કાંઇ ગુન્હા બાબત કોઈ શખસનો એક વખત ઇનસાફ કરયો હોય અને તે ગુન્હો તેની ઉપર સાબિત થયાનો અથવા ના સાબિત થયાનો ઠરાવ કરયો હોય ત્યારે જ્યાં સુધી તે ગુનો સાબિત થયાનો અથવા ના સાબિત થયાનો ઠરાવ અમલમાં રેહે ત્યાં સુધી તે શખસ તેજ ગુન્હા બાબત ફરીથી ઇનસાફને પાત્ર થશે નહી, અથવા તેની ઉપર મુકેલાં તહોમતથી કંઇ જુદુ તહોમત બીજા જે ગુન્હા બાબત તેની ઉપર ૨૩૬ મી કલમ મુજબ મુકી શકાત તે ગુન્હા બાબત, અથવા બીજો જે ગુન્હો ૨૩૭ મી કલમ મુજબ તેની ઉપર ઠરી શકત તે ગુન્હા બાબત, તેને તેજ હકીકત ઉપરથી તે શખસ ફરીથી ઇનસાફને પાત્ર થશે નહીં.

જે શખસની ઉપર કાંઇ ગુન્હા ના સાબીત થયાનો અથવા સાબિત થયાનો ઠરાવ થયો હોય તે શખસનો અગાઉ ઇનસાફ થયો તે વખતે જે જુદા ગુન્હા બાબત તેની ઉપર ૨૩૫ મી કલમના ૧ લા પારેગ્રાફ મુજબ જુદુ તહોમત મુકી શકાત તેવા ગુન્હા બાબત પછી ઇનસાફ કરવાનો અખત્યાર છે.

કોઇ શખસના ઉપર કાંઇ ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયો હોય અને જે કૃત્યથી તે ગુન્હો બનેલો હોય તે કૃત્ય તથા તે ઉપરથી થએલાં પરિણામ એ બેઉ મળીને એવો એક ગુન્હો થાય કે તે સદરહુ શખસની ઉપર સાબિત થએલા ગુન્હાથી જુદો ગુન્હો હોય ત્યારે આ છેલા કહેલા ગુન્હા બાબત તે શખસનો પછી ઇનસાફ કરવાનો અખત્યાર હેઠળ લખેલે પ્રસંગે છે. એટલે, તે શખશની ઉપર ગુન્હો સાબીત થયાનો ઠરાવ કરયો તે વખતે સદરહુ પરીણામ થએલાં નહોતાં અથવા તે થયાંછે એવી કોરટને ખબર ન હતી એમ હોય તો.

કાંઇ પણ કૃત્યોથી બનેલો કાંઇ ગુન્હો જે શખસની ઉપર ના સાબીત થયાનો અથવા સાબીત થયાનો ઠરાવ થયો હોય તે શખશે તેજ કૃત્યોથી બનેલો બીજો જે ગુન્હો કર્યો હોય તે ગુન્હા બાબત આગળ તેની ઉપર, સદરહુ ઠરાવ થયો હોય તો પણ પણ, તહોમત મુકીને તેનો ઇનસાફ કરવાનો અખત્યાર હેઠળ લખેલે પ્રસંગે

છે, એટલે, જે કોરટથી તેનો પ્રથમ ઇનસાફ થયો તે કોરટને તેની ઉપર જે ગુન્હાનું તહોમત પછી મુકયું તે ગુન્હાનો ઇનસાફ કરવાનો અધિકાર નહતો એમ હશે તો.

ખુલાસો,—કોઇ ફરીયાદ કાઢી નાંખવી, અથવા ૨૭૯ મી કલમ મુજબ કામ ચલાવવાનું બંધ કરવું, અથવા તહોમતવાળાને છોડી મુકવો, અથવા ૨૭૩ મી કલમ પ્રમાણે તહોમતનામાં ઉપર નોંધ કરવી, એ આ કલમનાં કારણ સારૂ ગુન્હો ના સાબીત થયાનો ઠરાવ બરાબર નથી.

દ્રષ્ટાંતો.

(અ) અ એ ચાકર થઇને ચોરી કરી તે વિસેનાં તહોમત બાબત તેનો ઇનસાફ થયો અને તે બીન તકસીરવાર ઠરયો. જ્યાં લગી તે ઠરાવ અમલમાં હોય ત્યાં લગી તેની ઉપર ચાકર થઇને ચોરી કરયાનુ અથવા તેની તેજ હકીકત ઉપરથી એકલી ચોરી કરયાનું અથવા સાપરાધ વિશ્વાસઘાત કરયાનું તહોમત પછી મુકાસે નહીં.

(બ) ખુનનાં તહોમતબાબત અનો ઇનસાફ થયો અને તે બીન તકસીરવાર ઠરયો અપહરણ કરવાનું તહોમત તેની ઉપર નહીં હતુ પણ ખુન કરયુ તે વખતે અએ અપહરણ કરયું એવું હકીકત ઉપરથી જણાય છે; અપહરણ કરવાનુ તહોમત તેની ઉપર પછી મુકીને તેનો ઇનસાફ કરવાનો અખત્યારછે

(ક) મહાવ્યથા કરવા બાબત અનો ઇનસાફ થયો અને તે તકસીરવાર ઠરયો જે શખસને નુકશાન કરયું તે શખસ પછી મરણ પામ્યો શિક્ષાર્ણીય મનુષ્યવધના ગુન્હા બાબત અનો ફરીથી ઇનસાફ કરવાનો અખત્યાર છે.

[ડ) બ નું શિક્ષાર્ણીય મનુષ્યવધ કરયાંનું તહોમત અની ઉપર સેસનકોરટની આગળ મુકવામાં આવ્યું અને તેની ઉપર તે ગુન્હો સાબીત થયો પછી તે હકીકત ઉપરથી બનાં ખુન બાબત અનો ઇનસાફ કરી શકસે નહીં.

[ઇ) બ ને બુદ્ધીપુરવક વ્યથા કરવાનું તહોમત પેહેલા વરગના માજીસ્ત્રેટે અની ઉપર મુકીને તે ગુન્હો તેની ઉપર શાબીત થયાનો ઠરાવ કરયો. તે કામને આ કલમનો ત્રીજો પારેગ્રાફ લાગુ નહોય તો બ ને બુદ્ધિપુરવક મહાવ્યથા કરવા બાબત તેજ હકીકત ઉપરથી અ નો પાછો ફરીથી ઇનસાફ કરી શકાશે નહીં.

(ફ) બ ના શરીર ઉપરથી મિલકત ચોરવાનુ તહોમત બીજા વરગના માજીસ્ત્રેટે અ ની ઉપર મુકીને તે ગુન્હો તેની ઉપર શાબિત થયાનો ઠરાવ કરયો પછી તેજ હકીકત ઉપરથી અપહરણ કરવાનું તહોમત અ ની ઉપર મુકીને તેનો ઇનસાફ કરવાનો અખત્યાર છે.

[ગ] ડ નું અપહરણ કરયાનું તહોમત પેહેલા વરગના માજીસ્ત્રેટે અ, બ તથા ક ની ઉપર મુકીને તે ગુન્હો તેઓની ઉપર શાબિત થયાનો ઠરાવ કરયો. પછી તેજ હકીકત ઉપરથી ડાકાઇટી કરયાનું તહોમત અ, બ તથા ક ની ઉપર મુકીને તેઓનો ઇનસાફ કરવાનો અખત્યાર છે.

ભાગ ૭ મો.

અપીલ તથા લખી મોકલવા બાબત તથા તપાસ બાબત.

બાબ ૩૧ મો.

અપીલો બાબત.

બીજી રીતે ઠરાવ્યું ન હોય તો અપીલ ચાલશે નહી.

૪૦૪. આ કાયદાથી અથવા બીજા કોઇ પણ ચાલુ કાયદાથી ઠરાવ્યું હોય તે શિવાય ફોજદારી કોરટના કોઇપણ ફેસલા અથવા હુકમ ઉપર અપીલ ચાલશે નહી.

જપ્ત કરેલી મીલકત પાછી આપવા બાબતની અરજી જેના હુકમથી નાકબુલ કરી હોય તે હુકમ ઉપર અપીલ.

૪૦૫ ૮૯ મી કલમ મુજબ મિલકત અથવા તેના વેચાણનું ઉત્પન્ન પાછું આપવા બાબતની જે સખસની અરજી કોઈ કોરટે નાકબુલ કરી હશે તે સખસને તે કોરટે કરેલા શિક્ષાના હુકમો ઉપર જે કોરટમાં સામાન્યત અપી ચાલતી હશે તે કોરટને અપીલ કરવાનો અધિકાર છે.

સારી રીતે ચાલવા બાબત તારણ માગવાના હુકમ ઉપરઅપીલ.

૪૦૬ જીલ્લા માજીસ્ત્રેટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ શીવાય બીજા કોઇ માજીસ્ત્રેટે ૧૧૮ મી કલમ પ્રમાણે સારી રીતે ચાલવા બાબત તારણ આપવાનું જે શખસને ફરમાવ્યું હોય તે શખસ જીલ્લા માજીસ્ત્રેટને અપીલ કરવાને મુખત્યાર છે.

બીજાઅથવા ત્રીજા વરગના માજીસ્ત્રેટે કરેલા શીક્ષાના હુકમ ઉપર અપીલ.

૪૦૭ બીજા અથવા ત્રીજા વરગના કોઇ પણ માજીસ્ત્રેટે ઇનસાફ કરીને જે સખસની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરયો હોય તે સખસ, અથવા ૩૪૯ મી કલમ પ્રમાણે બીજા વરગના કોઈ પેટા તુકડી માજીસ્ત્રેટે જે સખસની ઉપર શીક્ષાનો હુકમ કરયો હોય તે શખસ જીલ્લા માજીસ્ત્રેટને અપીલ કરવાને મુખત્યાર છે.

પેહેલા વરગના માજીસ્ત્રેટની પાસે અપીલો મોકલવા બાબત.

આ કલમ પ્રમાણે કોઇ પણ અપીલ અથવા સદરહુ પ્રકારના કોઇ પણ વરગની અપીલો જીલ્લા માજીસ્ત્રેટના તાબા માંહેના પેહેલા વરગના જે માજીસ્ત્રેટોને સદરહુ અપીલો સાંભળવાનો અધિકાર સ્થાનિક સરકારે આપ્યો હાય તે માજીસ્ત્રેટે સાંભળવી એવું ફરમાવવાને જીલ્લા માજીસ્ત્રેટ મુખત્યાર છે, અને તે ઉપરથી સદરહુ અપીલ અથવા સદરહુ વરગની અપીલો તે તાબા માંહેના માજીસ્ત્રેટને કરવી, અથવા તે જીલ્લા માજીસ્ત્રેટને કરવામાં આવી ચુકી હોય તો તે સદરહુ પ્રકારના તાબા માંહેના માજીસ્ત્રેટ પાસે મોકલવી. એ પ્રમાણે કરેલી અથવા મોકલેલી કોઇ પણ અપીલ અથવા કોઇ પણ વરગની અપીલો સદરહુ માજીસ્ત્રેટની પાસેથી લઇ લેવાને જીલ્લા માજીસ્ત્રેટ મુખત્યાર છે.

આસિસ્ટંન્ટ શેશન જડજે અથવા પહેલા

૪૦૮, આસિસ્ટંટ સેશન જડજે અથવા જીલ્લા માજીસ્ત્રેટે અથવા પેહેલા વરગના બીજા માજીસ્ત્રેટે ઇનસાફ ક

વરગના માજીસ્ત્રેટે કરેલા શિક્ષાના હુકમ ઉપર અપીલ.

રીને જે શખસની ઉપર ગુન્હો શાબિત થયાનો ઠરાવ કર્યો હોય તે શખસ અથવા પેહેલા વરગના કોઇ માજીસ્ત્રેટે ૩૪૯ મી કલમ પ્રમાણે જે શખસની ઉપર શિક્ષાનો હુકમ કર્યો હોય તે શખસ, સેશન કોરટને અપીલ કરવાને મુખત્યાર છે.

પણ હેઠળે લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

(અ) જ્યારે કોઇ પણ મુકદમામાં કોઇ આસિસ્ટંટ સેશન જડજે અથવા જીલ્લા માજીસ્ત્રેટ જે શિક્ષાના હુકમને સેસન કોરટની મંજુરીયત જોઇએ તેસીક્ષાનો હુકમ કરે ત્યારે સદરહુ મુકદમામાં દરેક અપીલ હાઇકોરટમાં ચાલશે, પણ જ્યાં સુધી સેશન કોરટે તે મુકદમાનો નિકાલ ન કરયો હોય ત્યાં સુધી તે અપીલ કરવી નહી.

[બ] ધણીની કોઇ વીલાયતી રઈયત ઉપર એ પ્રમાણે ગુન્હો શાબિત થયાનો ઠરાવ થયો હોય તે રઈયત પોતાની નજરમાં આવે તે મુજબ હાઇકોરટને અથવા સેશન કોરટને અપીલ કરવાને મુખત્યાર છે.

સેશનકોરટને કરેલી અપીલો કેવી રીતે સાંભળવી.

૪૦૯ સેશન કોરટને અથવા સેશન જડજને કરેલી અપીલ સેશન જડજે અથવા આડિશનલ અથવા જાઇન્ટ સેશન જડજે સાંભળવી.

સેશનકોરટે કરેલા શિક્ષાના હુકમ ઉપર અપીલ.

૪૧૦ કોઇ શેશન જડજે અથવા આડિશનલ અથવા જાઇન્ટ સેશન જડજે ઇનસાફ કરીને જે શખસની ઉપર ગુન્હો શાબીત થયાનો ઠરાવ કરયો હોય તે શખસ હાઇ કોરટને અપીલ કરવાને મુખત્યાર છે.

પ્રેસીડેન્સીમાજીસ્ત્રેટે કરેલા શિક્ષાના હુકમ ઉપર અપીલ.

૪૧૧ કોઇ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટે ઇનસાફ કરીને કોઇ પણ સખસની ઉપર ગુન્હો શાબીત થયાનો ઠરાવ કરયો હોય, ત્યારે જો તે માજીસ્ત્રેટે તે શખસની ઉપર છ મહીના કરતાં વત્તી મુદતની કેદની શિક્ષાનો હુકમ અથવા બસેં રૂપીયા કરતાં વત્તા દંડની શાક્ષાનો હુકમ કરયો હોય તો તે સખસ હાઇકોરટને અપીલ કરવાને મુખત્યાર છે.

જે કામોમાં તહોમતવાળો પોતે તકશીરવાર છે એવો જવાબ આપે તે કામોમાં અપીલ ચાલશે નહી.

૪૧૨ આ કાયદામાં પાછળ ગમે તે કહ્યું હોય તે છતાં, જ્યારે તહોમતવાળા સખસે પોતે તકસીરવાર છે એવો જવાબ આપ્યો હોય અને સેશન કોરટે અથવા પ્રેસીડેન્સી માજીસ્ત્રેટે સદરહુ જવાબ ઉપરથી તેની ઉપર ગુન્હો શાબિત થયાનો ઠરાવ કરયો હોય, ત્યારે શિક્ષા ઘણી છે અથવા કાયદાસર નથી એવા સબબ શીવાય બીજા કોઇપણ સબબથી અપીલ ચાલશે નહીં.

ન્હાના મુકદમામાં અપીલ નથી.

૪૧૩ આ કાયદામાં પાછળ ગમે તે કહ્યું હોય તે છતાં, જે મુકદમામાં સેશન કોરટ અથવા જીલ્લા માજીસ્ત્રેટ અથવા પેહેલા વરગના બીજો માજી માજીસ્ત્રેટ ફકત

એક મહીના સુધી કેદની અથવા ફક્ત પચાસ રૂપીયા સુધી દંડની, અથવા ફક્ત ફટકા મારવાની શિક્ષાનો હુકમ કરે; તે મુકદમામાં જે શખસની ઉપર ગુન્હો શાબીત થયાનો ઠરાવ થયો હોય તે સખસની અપીલ ચાલશે નહી.

ખુલાસો.—દંડ ન આપવામાં આવે તો કેદની જે શીક્ષાનો હુકમ સદરહુ કોરટે અથવા માજીસતરેટે કરયો હોય તે શીક્ષાના હુકમ ઉપર, જ્યારે સ્વતંત્ર કેદની શીક્ષાનો હુકમ કરયો ન હોય ત્યારે; કાંઇ પણ અપીલ ચાલશે નહી.

સંક્ષેપરીતેગુન્હોશાબીત થયાનો ઠરાવ કરયો હોય તે ઉપરઅપીલ નથી.

૪૧૪ આ કાયદામાં પાછળ જમે તે કહ્યું હોય તે છતાં જે મુકદમાનો ઇનસાફ સંક્ષેપ રીતે કરયો હોય તે મુકદમામાં ૨૬૧ મી કલમ પ્રમાણે કામ કરવાને જે માજીસતરેટને અધિકાર આપ્યો હોય તે માજીસતરેટ ફક્ત ત્રણ મહીના સુધી કેદની, અથવા ફક્ત બસેં રૂપીયા સુધી દંડની, અથવા ફક્ત ફટકા મારવાની શીક્ષાનો હુકમ કરે તે મુકદમામાં જે સખસની ઉપર ગુન્હો શાબીત થયાનો ઠરાવ થયો હોય તે સખસની અપીલ ચાલશે નહી.

૪૧૩મી તથા૪૧૪મી કલમ બાબત વિશેષ ઠરાવ.

૪૧૫. ૪૧૩ મી અથવા ૪૧૪ મી કલમમાં કહેલા કોઇ પણ શીક્ષાના હુકમથી તે કલમોમાં કહેલી કોઇ પણ બે અથવા વધારે શીક્ષા એકઠી કરી હોય તે શીક્ષાના હુકમ ઉપર અપીલ કરવાનો અખતીઆર છે; પણ જે શીક્ષાના હુકમ ઉપર બીજી રીતે અપીલ થઇ શકતી નહી હોય તે શીક્ષાના હુકમ ઉપર, જે સખસની ઉપર ગુન્હો ઠરયો હોય તે શખસને સુલેહ રાખવા માટે તારણ આપવાનું ફરમાવ્યું હોય તેટલાજ સબબથી અપીલ કરવાનો અખતીઆર નથી.

ખુલાસો.—દંડ ન આપવામાં આવે તો કેદની શીક્ષાથી આ કલમના અર્થ પ્રમાણે બે અથવા વધારે શીક્ષા એકઠી કરવામાં આવી છે એમ સમજવું નહી.

રાણીસાહેબની વીલાયતી રઇયત ઉપર કરેલા શીક્ષાના હુકમ બાબત અપવાદ.

૪૧૬. ૩૩ મા બાબ પ્રમાણે રાણીસાહેબની વીલાયતી રઇયત ઉપર કરેલા શીક્ષાના હુકમ ઉપર જે અપીલો કરવામાં આવે તે અપીલોને ૪૧૩ મી તથા ૪૧૪ મી કલમ માંહેનો કોઇ પણ મચકુર લાગુ નથી.

ગુન્હો ના સાબીત થયાનોઠરાવ કરયોહોય તેબાબતમાં સરકાર તરફથી અપીલ.

૪૧૭, હાઇકોરટ શિવાય બીજી કોઇપણ કોરટે ગુન્હો ના સાબીત થયાનો ઠરાવ અસલ કામમાં અથવા અપીલમાં કરયો હોય તે હુકમ ઉપર હાઇકોરટને અપીલ કરવાનું પબ્લીક પ્રાસિક્યુટરને ફરમાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે.

કેવી વાતો બાબત અપીલ દાખલ થઇશકે.

૪૧૮. હકીકતની કોઇ વાત બાબત તેમજ કાયદાની કોઇ વાત બાબત અપીલ કરવાનો અધિકાર છે પણ જ્યારે ઇનસાફ જ્યુરીએ કરયો હોય ત્યારે ફક્ત કાયદાનીજ કોઇવાત બાબત અપીલ ચાલશે.

ખુલાસો.—કોઇ શિક્ષાનો હુકમ સખત છે એવું કહેવામાં આવ્યું હોય તે વાત આ કલમના કારણ સારૂ કાયદાની વાત છે એમ સમજવું.

અપીલની અરજી. ૪૧૯ દરએક અપીલ લખેલી અરજીના રૂપમાં કરવી અને તે અરજી અપેલેન્ટે આપવી અથવા તેના પ્લીડરે આપવી અને (જે કોરટને તે અરજી આપવામાં આવે તે કોરટ બીજી રીતે નહી ફરમાવે તો) જે ફેસલા ઉપર અથવા હુકમ ઉપર અપીલ કરી હોય તે ફેસલાની અથવા હુકમની એક નકલ. અને જે મુકદમાનો ઇનસાફ જ્યુરીએ કરયો હોય તે મુકદમામાં ૩૬૭મી કલમ પ્રમાણે દફતરમાં દાખલ કરેલાં આદેશનાં મથાળાની એક નકલ સદરહુ પ્રકારની દરેક અરજી સાથે આપવી.

અપેલેન્ટ તુરગમાં હોય ત્યારે કેમ કરવું. ૪૨૦ જો અપેલેન્ટ તુરગમાં હોય, તો જે અમલદારના હવાલામાં તે તુરંગ હોય તે અમલદારને પોતાની અપીલની અરજી તથા તેની સાગે જોડેલી નકલો આપવાનેમુખત્યાર છે અને પછી તે અમલદારે સદરહુ અરજી તથા નકલો યોગ્ય અપીલ કોરટની પાસે મોકલવી.

સક્ષેપરીતે અપીલ નામંજુર કરવા બાબત. ૪૨૧. ૪૧૯મી અથવા ૪૨૦મી કલમ પ્રમાણે અરજી તથા નકલ આવી એટલે અપીલ કોરટે તે વાંચા જોવી, અને તે કામમાં હાથ ઘાલવાનો કાંઇ પુરતો સબબ નથીએમ તેની નજરમાં આવે તો તે અપીલ સંક્ષેપ રીતે નામંજુર કરવાને તે કોરટ મુખત્યાર છે પણ એવું ઠરાવ્યું છે કે ૪૧૯મી કલમ પ્રમાણે અપીલ કરવામાં આવે ત્યારે તેના ટેકામાં તકરાર કહી સંભળાવાની વાજબી તક અપેલેન્ટને અથવા તેના પ્લીડરને આપ્યા વગર તે અપીલ કાહાડી નાખવીનહી.

આ કલમ પ્રમાણે કોઈ અપીલ નામંજુર કરતાં પેહલાં, સદરહુ કોરટ તે મુકદમાના કાગળ પત્ર મંગાવવાને મુખત્યાર છે પણ તેમ કરવાને તે બંધાએલી છે એમ સમજવું નહીં.

અપીલની નોટીસ. ૪૨૨ જો અપીલકોરટ તે અપીલ સક્ષેપરીતે નામંજુર કરે તો તે અપીલ સાંભળવાના વખતની તથા જગાની નોટીસ અપેલેન્ટને તથા તેના પ્લીડરને તથા જે અમલદારને સ્થાનિક સરકાર આ બાબત નીમે તેને તે કોરટે અપાવવી અને અપીલના સબબોની એક નકલ સદરહુ અમલદાર માંગે તો તેને તે કોરટે આપવી.

અને ૪૧૭મી કલમ પ્રમાણે કરેલી અપીલની બાબતમાં તેવીજ એક નોટીસ તહોમતવાળાને અપીલકોરટે અપાવવી.

અપીલનો નીકાલ કરવામાં અપીલકોરટનો અધિકાર. ૪૨૩ પછી તે મુકદમાના કાગળ પત્ર અપીલકોરટમાં આવી ચુક્યા ન હોય તો તે કાગળ પત્ર તે કોરટે મંગાવવા. સદરહુ કાગળ પત્ર વાંચી જોયા પછી અને અપેલેન્ટ અથવા તેનો પ્લીડર હાજર થાય તો તેની તકરાર તથા પબલીક પ્રાસિક્યુટર હાજર થાય તો તેની તકરાર અને ૪૧૭મી કલમ મુજબ કરેલી અપીલની બાબતમાં તહોમતવાળો હજર થાય તો તેની તકરાર સાંભળ્યા પછી જો તે કોરટની નજરમાં એમ આવે કે તે કામમાં હાથ ઘાલવાનો કાંઇ પુરતો સબબ નથી તો તે સદરહુ અપીલ કાહાડી નાખવાને મુખત્યાર છે. અથવા

[અ) ગુન્હો ના સાબીત થયાના હુકમ ઉપર અપીલ કરી હોય તેમાં સદરહુ હુકમ રદ કરીને વધારે ચોકશી કરવાનું ફરમાવવાને, અથવા તહોમતવાળાનો ફરીથી ઇનસાફ કરવાનું અથવા તેને ઇનસાફ સારૂ કમિટ કરવાનું જેમ હોય તેમ ફરમાવવાને, અથવા તેને તકસીરવાર ઠેરવીને તેની ઉપર કાયદા પ્રમાણે શિક્ષાનો હુકમ કરવાને મુખત્યાર છે;

(બ) ગુન્હો સાબિત થયાના ઠરાવ ઉપર અપીલ કરી હોય તેમા [૧) ઠરાવ તથા શિક્ષાનો હુકમ રદ કરીને તહોમતવાળાની ઉપર ગુન્હો નાસાબિત થયાને ઠરાવ કરવાને અથવા તેને છોડી મુકવાને, અથવા પોતાના તાબામાં હેની યોગ્ય હકુમતવાળી ફલાણી કોરટે તેનો ફરીથી ઇનસાફ કરવો એમ ફરમાવવાને, અથવા તેને ઇનસાફ સારૂ કમિટ કરવો એમ ફરમાવવાને મુખત્યાર છે, અથવા (૨) શિક્ષાનો હુકમ કાયમ રાખીને ઠરાવમાં ફેરફાર કરવાને અથવા ઠરાવમાં ફેરફાર કરીને અથવા કરયા વગર શિક્ષા ઓછી કરવાને મુખત્યાર છે, અથવા (૩) એ પ્રમાણે શિક્ષા ઓછી કરીને અથવા કરયા વગર, તથા ઠરાવમાં ફેરફાર કરીને અથવા કરયા વગર શિક્ષાના પ્રકારમાં ફેરફાર કરવાને મુખત્યાર છે; પણ તેથી તે શિક્ષા વધે એમ કરવી નહીં જોઇએ.

(ક) બીજા કોઇ પણ હુકમ ઉપર અપીલ કરી હોય તેમાં સદરહુ હુકમમાં ફેરફાર કરવાને અથવા તે રદ કરવાને મુખત્યાર છે;

(ડ] આ કલમ માંહેના કોઇ પણ મચકુરથી જ્યુરીના ઠરાવમાં ફેરફાર કરવાનો અથવા તે રદ કરવાનો અધિકાર તે કોરટને છે એમ સમજવું નહીં. પણ તે કોરટનાં મત પ્રમાણે, જડજે ખોટો આદેશ કરયો તેથી અથવા તેણે કહ્યા પ્રમાણે કાયદો જ્યુરી ખોટો સમજી તેથી સદરહુ ઠરાવ ભુલ ભરેલો હોય તો અધિકાર છે.

તાબા માંહેની અપીલ કોરટોના ફેંસલા.

૪૨૪. અસલ હકુમતની ફોજદારી કોરટના ફેંસલા બાબત ૨૬ મા બાબ માંહેની કાનુનો બની શકે તેટલે સુધી, હાઇકોરટ વગર બીજી કોઇ પણ અપીલ કોરટના ફેંસલાને લાગુ પડશે.

પણ એવું ઠરાવ્યું છે કે અપીલ કોરટ બીજી રીતનો હુકમ નહીં કરે તો ફેંસલો આપવામાં આવે તે સાંભળવા સારૂ તહોમતવાળાને આણવો નહીં અથવા તેને હાજર થવાનું ફરમાવવું નહીં.

અપીલમાં હાઇકોરટે કરેલા હુકમ બાબતની નીચલી કોરટને દાખલો આપવો.

૪૨૫. જ્યારે આ બાબ પ્રમાણે હાઇકોરટ અપીલમાં કોઇ મુકદમાનો ફેંસલો કરે ત્યારે જે ઠરાવ અથવા શિક્ષાના હુકમ અથવા [બીજા] હુકમ ઉપર અપીલ કરી હોય તે જે કોરટે દફતરમાં નોંધ્યો હોય અથવા કરયો હોય તે કોરટને સદરહુ હાઇકોરટે પોતાના ફેંસલા બાબત દાખલો આપવો જો તે ઠરાવ અથવા શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ જીલા માજીસ્ત્રેટ સિવાય બીજા કોઇ માજીસ્ત્રેટે દફતરમાં નોંધ્યો હોય અથવા કરયો હોય, તો તે દા

ખત્રો જીલ્લા માજીસ્ત્રેટની મારફને મોકલવો.

જે કોરટને હાઈકોરટ પોતાના ફેસલા બાબત અથવા હુકમ બાબત દાખલો આપે તે કોરટે તે ઉપરથી હાઈ કોરટના ફેસલાને અથવા હુકમને અનુસરતા હુકમ કરવા; અને, જરૂર હોયતો, દફતરમાં તે પ્રમાણે સુધારો કરવો.

અપીલ ચાલુ હોય ત્યાં સુધી, જે શિક્ષાઓ મોકુફ રાખવા બાબત,

૪૨૬. જે શખસની ઉપર ગુન્હો સાબિત થવાનો ઠરાવ થયો હોય તે શખસે કરેલી અપીલ ચાલતી હોય ત્યાં હાં સુધી જે શિક્ષાના હુકમ ઉપર અથવા (બીજા) હુકમ ઉપર અપીલ કરી હોય તે અમલમાં લાવવાનુ મોકુફ રાખવાનો અને જો તે શખસ કેદમાં હોય તો, તેને જામીન ઉપર અથવા તેનાં પોતાનાં ખત ઉપર છોડવાનો હુકમ કરવાને અપીલ કોરટ મુખત્યાર છે; પણ તેમ કરવાનાં કારણો દફતરમાં લખવાં જોઈએ.

અપેલન્ટને જામીન ઉપર છોડવા બાબત.

આ કલમથી અપીલ કોરટને અધિકાર આપ્યો છે તે અધિકાર, જે શખસની ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ થયે હોય તે શખસે હાઈ કોરટના તાબા માંહેની કોરટમાં અપીલ કરી હોય તે બાબતમાં હાઈકોરટને પણ ચલાવવાનો અખત્યાર છે.

જ્યારે અપેલન્ટની ઉપર આખરે કેદની અથવા શાસનિકદ્દાસતની અથવા સમુદ્ર પારની શિક્ષાનો હુકમ કરવાનાં આવે, ત્યારે જેટલો વખત તે એ પ્રમાણે છુટો રહેલો હોય તેટલો વખત તેની ઉપર સદરહુ પ્રમાણે કરેલા શિક્ષાના હુકમની મુદત ગણવામાં બાતલ કરવો.

ગુન્હોના સાબિત થયાના ઠરાવઉપરઅપીલ કરી હોય તેમાં તહોમતવાળાને પકડવા બાબત.

૪૨૭. જ્યારે ૪૧૭ મી કલમ પ્રમાણે અપીલ કરવામાં આવે, ત્યારે હાઈકોરટ વારંટ કાઢીને તેનાં તહોમતવાળાને પકડીને પોતાની આગળ અથવા પોતાના તાબા માંહેની કોઈ પણ કોરટની આગળ આણવાનું ફરમાવવાને મુખત્યાર છે, અને જે કોરટની આગળ તેને આણ્યો હોય તે કોરટ તે અપીલનો નિકાલ થતાં સુધી તેને કેદ કરવાને અથવા તેના જામીન લેવાને મુખત્યાર છે.

અપીલ કોરટ વધારે પુરાવો લેવાને અથવા લેવાનુ ફરમાવવાને મુખત્યાર છે.

૪૨૮ આ બાબ પ્રમાણે કોઈ પણ અપીલની તજવીજ કરવામાં જો અપીલ કોરટને જાસ્તી પુરાવાની જરૂર લાગે તો તે કોરટ સદરહુ પુરાવો પોતાની જાતે લેવાને, અથવા તે લેવાનું કોઈ માજીસ્ત્રેટને ફરમાવવાને અથવા અપીલ કોરટ હાઈકોરટ હોય ત્યારે શેશન કોરટને અથવા કોઈ માજીસ્ત્રેટને ફરમાવવાને મુખત્યાર છે.

જ્યારે તે સેશન કોરટ અથવા તે માજીસ્ત્રેટ જાસ્તી પુરાવો લે, ત્યારે તેણે અપીલ કોરટને તે પુરાવાનો દાખલો આપવો, અને તે પછી સદરહુ કોરટે તે અપીલનો નીકાલ કરવો.

અપીલ કોરટ બીજી રીતે ફરમાવે નહી તો, જ્યારે તે જાસ્તી પુરાવો લેવાય ત્યારે તહોમતવાળાએ અથવા તેના પ્લીડરે હાજર રેહેવુ; પણ પુરાવો જ્યુરરોની

અથવા આસેસરોની સમક્ષ લેવો નહી.

આ કલમ પ્રમાણે પુરાવો લેવો તે ૨૫ મા બાબતનાં કારણસારૂ મોકળી છે એમ સમજવું.

અપીલકોરટના જડજોના બે પક્ષ થઈને બેઉ પક્ષનાં સરખાં મત પડે ત્યારે કામ ચલાવવાની રીત.

૪૨૯ જ્યારે અપીલ કોરટના જડજોના બે પક્ષ થઈને બેઉ પક્ષના સરખા મત પડે ત્યારે તે મુકદમો તેઓના અનુમત સુધાં તેજ કોરટના બીજા કોઈ જડજની પાસે મોકલવો, અને તેજ જડજને યોગ્ય લાગે એવી તપાસણી તથા સુનાવણી કરયા પછી તેણે પોતાનો મત આપવો અને ફેસલો અથવા હુકમ તે મત પ્રમાણે થવો જોઈએ.

અપીલમાં કરેલા હુકમો આખરના સમજવા.

૪૩૦. અપીલ ઉપરથી જે ફેસલા તથા હુકમ અપીલ કોરટ કરે તે ફેસલો તથા હુકમ આખરના છે એમ સમજવું, પણ ૪૧૭ મી કલમમાં તથા ૩૨ મા બાબમાં જે બાબતો વિશે ઠરાવ્યું છે તે બાબતોમાં તેમ સમજવું નહીં.

અપીલો રદ થવા બાબત.

૪૩૧. ૪૧૭મી કલમ મુજબ કરેલી દરએક અપીલ જ્યારે તહોમતવાળો મરણ પામે ત્યારે બિલકુલ બંધ પડશે, અને આ બાબ પ્રમાણે કરેલી બીજી દરેક અપીલ જ્યારે અપેલેન્ટ મરણ પામે ત્યારે, બિલકુલ બંધ પડશે.

બાબ ૩૨ મો.

લખી મોકલવા બાબત તથા દુરસ્તી બાબત.

પ્રેસિડેન્સી માજીસ્ત્રેટે હાઈકોરટને લખી મોકલવા બાબત.

૪૩૨. કોઈ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટને યોગ્ય લાગે તો તે પોતાની આગળ ચાલતા કોઈ પણ મુકદમાની સુનાવણી વખતે કાયદાની જે તકરાર નિકળે તે તકરાર હાઈકોરના અભિપ્રાય માટે લખી મોકલવાને મુખત્યાર છે, અને એ પ્રમાણે લખી મોકલ્યા ઉપરથી હાઈકોરટ જે ઠરાવ કરે તે ઠરાવને પાત્ર રહે એવા સદરહુ પ્રકારના કોઈ પણ મુકદમામાં ફેસલો આપવાનો મુખત્યાર છે; અને સદરહુ ઠરાવ થતાં સુધી, તહોમતવાળાને તુરંગમાં પુરાવાને અથવા જ્યારે તેને ફરમાવવામાં આવે ત્યારે ફેસલા માટે હાજર થવાને તેના જામીન લઈને તેને છોડાવવાને મુખત્યાર છે.

હાઈકોરટના ઠરાવ પ્રમાણે મુકદમાનો નીકાલ કરવા બાબત.

૪૩૩. જ્યારે એ પ્રમાણે કાંઈ તકરાર લખી મોકલી હોય, ત્યારે તે ઉપરથી હાઈકોરટે પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવો, અને જે માજીસ્ત્રેટે તે તકરાર લખી મોકલી હોય તે માજીસ્ત્રેટને સદરહુ હુકમની એક નકલ મોકલાવવી, અને તે માજીસ્ત્રેટે સદરહુ હુકમને અનુસરીને તે મુકદમાનો નિકાલ કરવો.

ખરચ બાબત હુકમ.

એ પ્રમાણે લખી મોકલવાનો ખરચ કોણે આપવો તે બાબત હાઈકોરટ હુકમ કરવાને મુખત્યાર છે.

હાઈકોરટની અસલ હકુમતમાં જે તકરારોની કળે તે તકરારો અનામત રાખી મુકવાનો અધિકાર

૪૩૪. એક કરતાં વધારે જડજોવાળી અને અસલ ફોજદારી હકુમત ચલાવનારી કોઈ હાઈકોરટના કોઈ જડજની આગળ કરેલા ઇનસાફમાં કોઈપણ શખસની ઉપર કાંઇ ગુન્હો શાબીત થયાનો ઠરાવ કરયો હોય ત્યારે તે શખસનો ઇનસાફ થતી વખતે કાયદાની જે તકરાર નીકળી હોય અને જેના નીકાલની અસર તે ઇનસાફના પરીણામ ઉપર થતી હોય તે તકરાર પોતાને યોગ્ય લાગે તો, અનામત રાખીને સદરહુ કોરટના બે અથવા વધારે જડજોવાળી કોઈ કોરટના ઠરાવ માટે લખી મોકલવાને તે જડજ મુખત્યાર છે.

તકરાર અનામત રાખી મુકવામાં આવે ત્યારે કેમ કરવું.

જો તે જડજ સદરહુ પ્રકારની કાંઇ પણ તકરાર અનામત રાખી મુકે, તો તે તકરાર બાબત ઠરાવ થતાં સુધી જે સખસની ઉપર ગુન્હો ઠરયો હોય તે સખસને તુરંગમાં પાછો મોકલવો, અથવા, જો તે જડજને યોગ્ય લાગે તો, તે સખસના જામીન લેવા.

અને મુકદમો અથવા તેનો જેટલો ભાગ જરૂરનો હોય તેટલો ભાગ તપાસવાનો તથા સદરહુ તકરારનો છેવટ નિકાલ કરવાનો, અને તે ઉપરથી, અસલ હકુમતવાળી કોરટે જે શિક્ષાનો હુકમ કરયો હોય તે શિક્ષાના હુકમમાં ફેરફાર કરવાનો, અને પોતાને યોગ્ય લાગે એવો ફેંસલો અથવા હુકમ કરવાનો અધિકાર તે હાઇકોરટને છે એમ સમજવું.

નીચા દરજાની કોરટોનાં દફતર મંગાવવાનો અધિકાર.

૪૩૫ હાઈકોરટની અથવા કોઈપણ શેશન કોરટની અથવા જીલ્લા માજીસ્ત્રેટની અથવા પેટાતુકડી માજીસ્ત્રેટને આ બાબત સ્થાનીક સરકારે મુખત્યાર આપ્યો હોય તેની હકુમતની સ્થાનીક હદમાં આવેલી કોઈ પણ નીચા દરજાની ફોજદારી કોરટે દફતરમાં દાખલ કરેલો કોઈ પણ ઠરાવ, અથવા તેણે કરેલો કોઈ પણ શીક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ ખરો અથવા કાયદેસર અથવા વાસ્તવીક છે કે નહી તે બાબત, અને સદરહુ નીચા દરજાની કોરટમાં ચલાવેલું કાંઇ કામ નિયમસર ચલાવેલું છે કે નહી તે બાબત પોતાની ખાત્રી કરવા સારૂ તે હાઇકોરટ અથવા સેશન કોરટ અથવા જીલ્લા માજીસ્ત્રેટ અથવા પેટા તુકડી માજીસ્ત્રેટ સદરહુ નીચા દરજાની કોરટ આગળ ચાલેલાં કોઇ પણ કામનું દફતર મંગાવીને તપાશી જોવાને મુખત્યાર છે.

આ કલમ મુજબ ચાલનારા કોઈ પણ પેટાતુકડી માજીસ્ત્રેટની નજરમાં એમ વે કે સદરહુ પ્રકારનો કોઇ પણ ઠરાવ, શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ કાયદેસર અથવા વાસ્તવીક નથી, અથવા સદરહુ પ્રકારનું કોઇ પણ કામ નીયમસર ચલાવેલું નથી તો તેણે તે દફતર ઉપર જે શેરો પોતાને યોગ્ય લાગે તે સેરો કરીને જીલ્લા માજીસ્ત્રેટ ઉપર તે દફતર મોકલી દેવું.

૧૪૩ મી અથવા ૧૪૪ મી કલમ પ્રમાણે કરેલા હુકમો તથા ૧૭૬ મી કલમ મુજબ ચલાવેલાં કામ આ કલમના અર્થ પ્રમાણે ચલાવેલાં કામ નથી.

કમીટ કરવાનું ફરમાવવાનો અધિકાર.

૪૩૬ જ્યારે ૪૩૫ મી કલમ પ્રમાણે અથવા બીજી કોઇ રીતે કોઇ પણ મુકદમાનું દફતર તપાશી જોયા ઉપરથી શેશન કોરટની અથવા જીલ્લા માજીસ્ત્રેટના નજરમાં એમ આવે કે ફકત શેશન કોરટ ઇનસાફ કરી શકે એવો સદર્હુ મુકદમો છે, અને નીચલી કોરટે તહોમતવાળા શખસને ગેરવ્યાજબી રીતે છોડી મુક્યો છે, ત્યારે શેશન કોરટ અથવા જીલ્લા માજીસતરેટ તેને પકડવાને અને ત્યાર પછી નવેસરથી ચોકશી કરવાનું ફરમાવવાને બદલે પોતાના મત પ્રમાણે જે બાબતમાં તેને ગેરવ્યાજબી રીતે છોડી મુક્યો હોય તે બાબતપર ઇનસાફ થવા સારૂ તેને કમીટ કરવાનું ફરમાવવાને મુખત્યાર છેઃ

પણ હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

(અ) કે તહોમતવાળાને શા સારૂ કમીટ નહી કરવો જોઇએ તેનું કારણ સદરહુ કોરટને અથવા માજીસતરેટને બતાવવાની તક તહોમતવાળાને મળેલી જોઇએ.

(બ) કે પુરાવો જોતાં તહોમતવાળાએ બીજો કોઇ ગુનો કરેલો છે એમ સદરહુ કોરટ અથવા માજીસતરેટ ધારે, તો નીચલી કોરટને સદરહુ ગુન્હાની ચોકશી કરવાનું ફરમાવવાને સદરહુ કોરટ અથવા માજીસતરેટ મુખત્યાર છે.

ચોકશી કરવાનું ફરમાવવાનો અધિકાર.

૪૩૭. ૪૩૫ મી કલમ પ્રમાણે અથવા બીજી કોઇ રીતે કેઇ પણ દફતર તપાશી જોયા ઉપરથી હાઇકોરટ અથવા સેશન કોરટ ૨૦૩ જી કલમ પ્રમાણે કહાડી નાંખેલી કેઇ પણ ફરીયાદ બાબત અથવા જે તહોમતવાળાને છોડી મુકવામાં આવ્યો હોય તે તહોમતવાળાના મુકદમા બાબત વધારે ચોકશી જીલ્લા માજીસતરેટે પોતાની જાતે કરવી અથવા પોતાના તાબા માંહેના કોઇપણ માજીસતરેટ પાસે કરાવવી એવું ફરમાવવાને મુખત્યાર છે. અને જીલ્લા માજીસતરેટ જાતે તે ચોકશી કરવાને અથવા કેઇ પણ તાબા માંહેના માજીસતરેટને તેમ કરવાનું ફરમાવવાને મુખત્યાર છે.

હાઇ કોરટને રીપોર્ટ કરવા બાબત.

૪૩૮. સેશન કોરટને અથવા જીલ્લા માજીસતરેટને યોગ્ય લાગે તો તે કોઇ પણ ચલાવેલા કામનું દફતર ૪૩૫ મી કલમ પ્રમાણે અથવા બીજી કોઇ રીતે તપાશી જોઇને તે તપાસનાં પરીણામનો રીપોરટ હાઇકોરટના હુકમ માટે કરવાને મુખત્યાર છે, અને જ્યારે સદરહુ રીપોરટમાં કોઇ શીક્ષાનો હુકમ ફેરવવાની ભલામણ કરવામાં આવે ત્યારે સદરહુ શિક્ષાનો હુકમ અમલમાં લાવવાને મોકુફ રાખવાનો અને જો તહોમતવાળો કેદમાં હોય તો તેને જામીન ઉપર અથવા તેનાં પોતાનાં ખત ઉપર છોડવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

તપાસ કરવાનો હાઇકોરટનો અધિકાર.

૪૩૯ જ્યારે કોઇ પણ ચાલેલાં કામનું દફતર હાઇકોરટે પોતેજ મંગાવ્યું હોય, અથવા હુકમ થવા માટે તે કામનો રીપોરટ આવ્યો હોય, અથવા બીજી રીતે તે કામ હાઇકોરટના જાણવામાં આવે, ત્યારે, ૧૯૫મી, ૪૨૩મી; ૪૨૬મી ૪૨૭મી અને

૪૨૮ મી કલમથી અપીલ કોરટને અથવા ૩૩૮ મી કલમથી કોઈ કોરટને આપેલા અધીકારમાંનો કોઈ પણ અધિકાર પોતાની નજરમાં આવે તો, ચલાવવાને અને શિક્ષા વધારવાને હાઈકોરટ મુખત્યાર છે, અને જ્યારે તપાસની કોરટના જડજોના બે પક્ષ થઈને બેઉના સરખા મત પડે, ત્યારે ૪૨૯ મી કલમથી ઠરાવેલી રીતે તે કામનો નિકાલ કરવો જોઈએ.

તહોમતવાળાને પોતાના જવાબમા જે કેહેવું હોય તે જાતે અથવા પ્લીડરની મારફતે કહી સંભળાવવાની તેને હક આપ્યા વગર તેનેનુકશાન થાય એવો કાંઈ પણ હુકમ આ કલમ પ્રમાણે કરવો નહી.

જે શિક્ષાના હુકમની તજવીજ આ કલમ પ્રમાણે કરવામાં આવે તે શિક્ષાનો હુકમ ૩૪ મી કલમમાં ઠરાવ્યું છે તે શિવાય બીજી રીતે કામ કરનારા કોઈ માજીસ્ત્રેટે કરયો હોય, ત્યારે જે ગુન્હો તે કોરટના મત પ્રમાણે તહેમતવાળાએ કરયો હોય તે ગુન્હા બાબત જેટલી શિક્ષા કોઈ પ્રેસીડેન્સી માજીસતરેટ અથવા પેહેલા વરગના માજીસતરેટ કરી શકત તે કરતાં વધતી શિક્ષા તે ગુન્હા બાબત તે કોરટે કરવી નહી

આ કલમ માંહેના કોઈ પણ મજકુર ૨૭૩ મી કલમ પ્રમાણે કરેલી નોંધને લાગુ પડતો નથી. અથવા આ કલમ માંહેના કોઈ પણ મજકુરથી હાઈકોરટને ગુન્હો ના શાબીત થયાનો ઠરાવ બદલીને ગુન્હો શાબિત થયાનો ઠરાવ કરવાનો અધિકાર છે એમ સમજવું નહી.

પક્ષકારોની હકીકત સાંભળવી કે નહી એ કોરટની મુખત્યારી ઉપર છે.

૪૪૦ જ્યારે કોઈપણ કોરટ તપાસ કરવાનો પોતાનો અધિકાર ચલાવતી હોય ત્યારે તેની આગળ જાતે અથવા પ્લીડરની મારફતે પોતાની હકીકત કહી સંભળાવવાનો હક કોઈ પણ પક્ષકારને નથી; પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ અધીકાર ચલાવતી વખતે કોઈ પણ પક્ષકાર જાતે અથવા પ્લીડરની મારફતે જે કહે તે સાંભળવાનું કોરટને દુરસ્ત લાગે તો, તે કોરટ સાંભળવાને મુખત્યાર છે, અને આ કલમ ઉપરથી ૪૩૯ મી કલમના બીજા પારેગ્રાફને બાધ આવે છે એમ સમજવું નહી.

પ્રેસીડેન્સી માજીસતરેટ પોતાનાઠરાવનાં કારણોનો મજકુર મોકલે તે હાઈકોરટે ધ્યાનમાં લેવો.

૪૪૧ જ્યારે કોઈ પણ પ્રેસીડેન્સી માજીસતરેટે ચલાવેલા કોઈ પણ કામનું દફતર ૪૩૫ મી કલમ પ્રમાણે હાઈકોરટે મંગાવ્યું હોય ત્યારે તે માજીસતરેટ પોતાના ઠરાવના અથવા હુકમનાં કારણોનો તથા જે હકીકત તકરારી વાત બાબત પોતાને મુદાની લાગે તે હકીકતનો મજકુર તે દફતરની સાથે મોકલવાને મુખત્યાર છે. અને સદરહુ ઠરાવ અથવા હુકમ રદ કરતાં પેહેલાં અથવા ના મંજુર કરતાં પેહેલાં તે કોરટે સદરહુ મજકુર ધ્યાનમાં લેવો.

હાઈકોરટના હુકમ બાબત નીચલી કોરટને અથવા માજીસ્ત્રેટને

૪૪૨ જ્યારે આ બાબ પ્રમાણે હાઈકોરટે કોઈ મુકદમો તપાસ્યો હોય, ત્યારે તપાસેલો ઠરાવ, શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ જે કોરટે દફતરમાં દાખલ કરયો

દાખલો આપવો. હોય અથવા કરચો હોય તે કોરટને હાઇકોરટે પોતાનો ઠ
રાવ અથવા હુકમ દાખલા સહીત લખી જણાવવો; અ
ને પછી જે કોરટને અથવા માજીસ્ત્રેટને તે ઠરાવ અથવા હુકમ એ પ્રમાણે દાખ
લા સહીત લખી જણાવ્યો હોય તે કોરટે અથવા માજીસ્ત્રેટે એ પ્રમાણે દાખલા
સહીત લખી જણાવેલા ઠરાવને અનુસરતો હુકમ કરવો; અને જરૂર હોય તો તે
મુજબ દફતર સુધારવું.

ભાગ ૮ મો

વિશેષ કામ ચલાવવા બાબત.

બાબ ૩૩ મો

યુરોપિયનો તથા અમેરીકનો ઉપર ફોજદારી કામ ચલાવવા બાબત.

યુરોપિયનો તથા રાણીસાહેબની વીલાયતી રઇયત ઉપર મુકેલ તહોમત બાબત ચોકશી તથા ઇનસાફ કરવાનો અધિકાર કયા માજીસતરેટને છે.

૪૪૩ જે માજીસ્ત્રેટ જસ્ટીસ આફ ધી પીસ ન હોય અને (પ્રેસીડેન્સી માજીસતરેટની બાબતમાં શિવાય કરીને] પેહેલા વરગનો માજીસતરેટ તથા રાણીસાહેબની વીલાયતી રઇયત ન હોય તેવા કોઇ પણ માજીસતરેટે રાણીસાહેબની કોઇ પણ વીલાયતી રઇયત ઉપર મુકેલાં કાંઇપણ તહોમતની ચોકશી અથવા ઇનસાફ કરવો નહીં.

સેશનજડજ રાણીસાહેબની વીલાયતી રઇયત હોવી જોઇએ.

૪૪૪ શેશનકોરટને જે કોઇ પ્રમુખ જડજ પોતે રાણીસાહેબની વીલાયતી રઇયત ન હોય તેણે રાણીસાહેબની વીલાયતીરઇયતઉપર હકુમત ચલાવવીનહી; અને જો તે આસીસ્ટંટ સેશન જડજ હોય તો તેણે આસીસ્ટંટ સેશન જડજના હોદા ઉપર ઓછામાં ઓછા ત્રણ વરસ સુધી રહ્યા વગર અને આ બાબત સ્થાનિક સરકાર તરફથી પોતાને વિશેષે કરીને અધિકાર મળ્યા વગર સદરહુ હકુમત ચલાવવી નહીં.

આસીસ્ટંટ સેશન જડજ પોતાના હુદાઉપર ત્રણ વરસ સુધી રહેલો હોવો જોઇએઅને તેને વિશેષે કરીને અધિકાર આપવો જોઇએ

રાણીસાહેબની વીલાયતી રઇયતે કરેલો ગુન્હો સાંભળવાબાબત.

૪૪૫. ૪૪૩ મી અથવા ૪૪૪ મી કલમ માહેના કોઇ પણ મજકુરથી એમ સમજવું નહી કે બીજા કોઈ શખસે કાંઇ ગુન્હો કરચો હોત તો જે બાબતમાં તે ગુન્હો જે માજીસતરેટ સાંભળી શકત તે માજીસતરેટને તેવો ગુન્હો રાણીસાહેબની કોઇ પણ વીલાયતી રઇયતે કરચો હોય, તો તે બાબતમાં તે સાંભળવાનો મના છે.

પણ એવું ઠરાવ્યું છે કે રાણીસાહેબની જે વીલાયતી રઇયત ઉપર કાંઇ ગુન્હાનું તહોમત આવ્યું હોય તે વીલાયતી રઇયતને હાજર થવાની જરૂર પાડવા સારૂ

જો તે માજીસતરેટ કાંઇ પણ પ્રોસેસ કાહાડે, તો તે મુકદમાની ચોકશી અથવા ઇનસાફ કરવાની હુકુમત જે માજીસતરેટને હોય તે માજીસતરેટની પાસે સદરહુ પ્રોસેસ પાછું મોકલાય તેમ કરવું.

જે શિક્ષાનો હુકમ કરવાનો અધિકાર જીલ્લા માંડના માજીસતરેટોને છે તે.

૪૪૬. ૩૨ મી અથવા ૩૪ મી કલમમાં ગમે તે કહ્યું હોય તે છતાં, પરેસીડેન્સી માજીસતરેટ શિવાય બીજા કોઇ પણ માજીસતરેટે રાણીસાહેબની વીલાયતી રઇયત ઉપર ત્રાણ મહિના સુધીની મુદતની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા શિવાય બીજી કોઇપણ શિક્ષાનો હુકમ કરવો નહી.

[તહોમતવાળાને] સેશનકોરટમાં ક્યારે અને હાઇકોરટમાં ક્યારે કમિટ કરવો.

૪૪૭ જ્યારે કોઇ માજીસતરેટની આગળ રાણીસાહેબની વીલાયતી રઇયત ઉપર કોઇ ગુન્હાનું તહોમત આવ્યું હોય, અને સદરહુ માજીસતરેટના મત પ્રમાણે તે ગુન્હા બાબત પોતે યોગ્ય શિક્ષા કરી શકતો નહી હોય અને તે ગુન્હો મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાને લાયક ન હોય, ત્યારે, તહોમતવાળાને કમીટ કરવો જોઇએ એમ પોતે ધારેતો તે માજીસટરેટે તેને સેશન કોરટમાં કમીટ કરવો,. અથવાતો પરેસીડેન્સી માજીસતરેટ હોય તો, હુઇકોરટમાં કમિટ કરવો જોઇએ.

જે ગુન્હો કરેલો જણાતો હોય તે ગુન્હો મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાને લાયક હોય, ત્યારે તહોમતવાળાને હાઇકોરટમાં કમિટ કરવો જોઇએ,

જે ગુન્હાઓમાંનો એક ગુન્હો મોતની અથવા સમુદ્રપારનીશિક્ષાને લાયક હોય અનેબીજા તેવી શિક્ષાને લાયક ન હોય તેવા ગુન્હાઓનો ઇનસાફ.

૪૪૮ જ્યારે ૪૪૭ મી કલમ પ્રમાણે હાઇકોરટમાં કમિટ કરેલા કોઇપણ શખસ ઉપર કેટલાએક ગુન્હાનાં તહોમત મુકયાં હોય તેમાંનો એક ગુન્હો મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાને લાયક હોય, અને બીજા ગુન્હા ઓછી શિક્ષાને લાયક હોય, અને જે ગુન્હો મોતની અથવા સમુદ્રપારની શિક્ષાને લાયક હોય તે ગુન્હા બાબત તે શખસનો ઇનસાફ કરવો નહી જોઇએ. એમ હાઇકોરટની નજરમાં આવે, ત્યારે તેમ હોય તોપણ બીજા ગુન્હાઓ બાબત તે શખસનો ઇનસાફ કરવાને હાઇકોરટ મુખત્યાર છે.

જે શિક્ષાના હુકમ કરવાનો અધિકાર સેશન કોરટને છે તે.

૪૪૯. ૩૧મી કલમમાં ગમે તે કહ્યું હોય તે છતાં કોઇપણ સેશનકોરટે રાણીસાહેબની કોઇ પણ વિલાયતી રઇયત ઉપર એક વરસ સુધીની મુદતની કેદની અથવા દંડની અથવા એ બંનેની, શિક્ષા શીવાય બીજી કોઇપણ શિક્ષાનો હુકમ કરવો નહીં.

શેશન જડજનેપોતાનો અધિકાર અયોગ્ય જણાય ત્યારે કેમ કરવું.

જો કમિટ થયા પછી અને ફેસલા ઉપર સહી કરતા પેહેલાં કેઇપણ વખતે મુખ્ય જડજને એમ લાગે કે જે ગુન્હો સાબીત થયેલો જણાય છે તે ગુન્હા બાબત સદરહુ પ્રકારની શિક્ષાના હુકમથી પુરતી શિક્ષા થઇ શકે એમ ન

થી, તો તેણે તેવી મતલબનો પોતાનો મત દફતરમાં દાખલ કરવો અને તે મુકદમો હાઇકોરટની પાશે મોકલી દેવો સદરહુ જડજે ફરીયાદીને તથા શાહેદોને હાઇકોરટની આગળ હાજર થવા માટે પોતાની જાતે બાંધી લેવા અથવા બાંધી લેવાનુ કમિટ કરનારા માજીસ્ત્રેટને ફરમાવવું.

સેસન જડજ રાણીસાહેબની વિલાયતી રઇયત નહી હોય ત્યારે કેમ કરવું.

૪૫૦ જે શેસન તુકડીમા તે ગુન્હાનો ઇનસાફ સામાન્યત: થઇ શકે તે સેશન તુકડીનો જડજ રાણીસાહેબની વિલાયતી રઇયત ન હોય, તો કમિટ કરનારા માજીસ્ત્રેટે જે પ્રાંત માંહે સદરહુ તુકડી આવેલી હોય તે પ્રાંતની ઊંચામાં ઊંચી ફોજદારી અપીલની કોરટના હુકમ માટે તે મુકદમાનો રીપોર્ટ કરવો.

બ્રિટિશ બર્મામાં રંગુનના રિકાર્ડરની કોરટ આ કલમનાં કારણો સારૂ ઊંચામાં ઊંચી ફોજદારી અપીલની કોરટ છે એમ સમજવું.

રાણીસાહેબની વિલાયતી રઇયતનો ઇનસાફ કરવા માટે મિશ્રજ્યુરી,

૪૫૧ હાઇકોરટની અથવા સેસનકોરટની આગળ રાણીસાહેબની વીલાયતી રઇયતનો ઇનસાફ કરવામાં આવે ત્યારે, પેહેલા જ્યુરરને બોલાવવામાં આવે અને કબુલ રાખવામાં આવે તે પેહેલાં, અથવા પેહેલા આસેસરને નીમવામા આવે તે પેહેલાં, જેમ હોય તેમ, સદરહુ પ્રકારની કોઇપણ રઇયત મિશ્ર જ્યુરીથી અથવા મિશ્ર આસેસરોથી પોતાનો ઇનસાફ કરવાનું માગે તો ઓછામાં ઓછા અડધા જ્યુરરો અથવા આસેસરો યુરોપિયન અથવા અમેરીકન જોઇએ, અથવા યુરોપિયન તથા અમેરીકન એ બન્ને જોઇએ.

રાણીસાહેબની વિલાયતી રઇયત ઉપર તથા દેશી ઉપર એકઠું તહોમત આવે ત્યારે તેઓનો ઇનસાફ કરવા બાબત.

૪૫૨ રાણીસાહેબની કોઇ વિલાયતી રઇયત ઉપર, રાણીસાહેબની વિલાયતી રઇયત ન હોય તેવા શખસની સાથે એકઠું તહોમત આવે અને રાણીસાહેબની સદરહુ વિલાયતી રઇયતને હાઇકોરટની અથવા સેસનકોરટની આગળ ઇનસાફ થવાસારૂ કમિટ કરવામાં આવે ત્યારે સદરહુ રઇયતનો તથા શખસનો ઇનસાફ એકઠો કરવાનો અધિકાર છે, અને રાણીસાહેબની સદરહુ વીલાયતી રઇયતનો જુદો ઇનસાફ કરયો હોત તો જે રીત પ્રમાણે કામ ચલાવવામાં આવત તેજ રીતે સદરહુ ઇનસાફની વખતે કામ ચલાવવું.

દેશી જુદો ઇનસાફ થવાનો દાવો કરવાને ક્યારે મુખત્યારછે.

પણ એવું ઠરાવ્યુ છે કે જો રાણીસાહેબની સદરહુ વીલાયતી રઇયત ૪૫૧મી કલમ પ્રમાણે મિશ્ર જ્યુરીથી અથવા મિશ્ર આસેસરોથી પોતાનો ઇનસાફ કરવાનુ માગે, અને જે શખસ રાણીસાહેબની વિલાયતી રઇયત ન હોય તે શખસ પોતાનો ઇનસાફ જુદો કરવાનું માગે તો આ છેલા શખસનો ઇનસાફ ૨૩મા બાબના ઠરાવો મુજબ જુદો કરવો.

હું રાણીસાહેબની વીલાયતી રઇયત છું

૪૫૩ જયારે કોઇપણ શખસ રાણીસાહેબની વિલાયતી રઇયત પ્રમાણે પોતાની તજવીજ થવી જોઇએ એવો દાવો

માટે મારી તે પ્રમાણે તજવીજ થવી જોઇએ એવો કોઇ શખસ દાવો કરે ત્યારે કેમ કરવું.

કરે ત્યારે જે માજીસ્ત્રેટની આગળ ચેકશી અથવા ઇનસાફને કારણ સારૂ તેને આણવામાં આવે તે માજીસ્ત્રેટને તે શખસે સદરહુ દાવાના સબબો જાહેર કરવા: અને તે માજીસ્ત્રેટે સદરહુ મચકુરના ખરાપણા બાબત ચેકશી કરવી અને તે મચકુર ખરો છે એવું સાબિત કરવા માટે તે મચકુર કહેનારા શખસને યોગ્ય વખત આપવો, અને પછી તે રાણીસાહેબની વિલાયતી રઇયત છે કે નહીં તે બાબત નિશ્ચય કરવો અને તે પ્રમાણે તે શખસની તજવીજ કરવી જો સદરહુ પ્રકારના કોઇ પણ શખસની ઉપર ગુન્હો સાબીત થયાનો ઠરાવ સદરહુ માજીસ્ત્રેટ કરે અને તે ઠરાવ ઉપર તે શખસ અપીલ કરે તો તે માજીસ્ત્રેટનો સદરહુ નીશ્ચય ખોટો છે એવું સાબિત કરવાનો બોજો તે શખસને માથે છે.

જ્યારે સદરહુ પ્રકારના કોઇ પણ શખસને તે માજીસ્ત્રેટ શેસન કોરટની આગળ ઇનસાફ થવા સારૂ કમિટ કરે અને તે શખસ રાણીસાહેબની વીલાયતી રઇયત પ્રમાણે પોતાની તજવીજ થવી જોઇએ એવો દાવો સદરહુ કોરટની આગળ કરે ત્યારે કાંઇપણ જાસ્તી ચોકશી કરવાનું સદરહુ કોરટને યોગ્ય લાગે તો તે કરયા પછી તે સખસ રાણીસાહેબની વિલાયતી રઇયત છે કે નહીં તે બાબત નીશ્ચય કરવો અને તે મુજબ તે એખસની તજવીજ કરવી, જો સદરહુ કોરટ તે સખસના ઉપર ગુન્હો સાબીત થયાનો ઠરાવ કરે અને તે ઠરાવ ઉપર તે શખસ અપીલ કરે તો તે કોરટનો સદરહુ નીશ્ચય ખોટો છે એવું સાબિત કરવાનો બોજો તેને માથે છે.

જે કોરટની આગળ કોઇ પણ શખસનો ઇનસાફ કરવામાં આવે તે કોરટ એવો નીશ્ચય કરે કે તે શખસ રાણીસાહેબની વીલાયતી રઇયત નથી, ત્યારે સદરહુ ઇનસાફમાં જે શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ કરવામાં આવે તે ઉપર અપીલ કરવાને સદરહુ નીશ્ચય એક સબબ થશે.

પોતાની સ્થિતી વિશે તકરાર ન કરવીએ હક્ક છોડી દેવાબરાબર છે.

૪૫૪ જો જે માજીસ્ત્રેટની આગળ રાણીસાહેબની વિલાયતી રઇયતનો ઇનસાફ કરવામાં આવે, અથવા જે માજીસ્ત્રેટ તે રઇયતને કમિટ કરે તે માજીસ્ત્રેટે તેની તજવીજ રાણીસાહેબની વિલાયતી રઇયત પ્રમાણે કરવી જોઇએ એવો દાવો તે ન કરે, અથવા જો સદરહુ દાવો કમિટ કરનારા માજીસ્ત્રેટની આગળ કરયાં છતાં તે માજીસ્ત્રેટે નામંજુર કરયા પછી જે કોરટમાં તેને કમિટ કરવામાં આવે તે કોરટની આગળ તે દાવો જો ફરીથી કરવામાં ન આવે, તો તેણે રાણીસાહેબની વિલાયતી રઇયત પ્રમાણે પોતાની તજવીજ થવાનો પોતાનો હક્ક છોડી દીધો છે એમ ગણવું, અને તેજ મુકદમો ચાલે તેમાં પછી કોઇ પણ વખતે તે હક્ક તેણે જાહેર કરવો નહીં.

માજીસ્ત્રેટની આગળ જે શખસને આણ્યો હોય તે શખસ રાણીસાહેબની વીલાયતી રઇયત નથી એવું માનવાનુ કારણ તે માજીસ્ત્રેટને ન હોય તો તે શખસ સદરહુ રઇયત છે કે નહીં તે બબા તેને તે માજીસ્ત્રેટે પુછવું.

જે શખસ રાણી સાહેબની વિલાયતી રઇય

૪૫૫. જે શખસ રાણીસાહેબની વિલાયતી રઇયત ન હોય તે શખસની તજવીજ આ બાબ મુજબ રાણી સા

ત ન હોય તે શખસ નો આ બાબ પ્રમાણે ઈનસાફ કરવામાં આવે તે બાબત.

તેમની વિલાયતી રઈયત પ્રમાણે કરવામાં આવે, અને તે બાબત તે શખસ હરકત ન લે તો, તેની એ પ્રમાણે તજવીજ કરયાના સબબથી, તેની ચોકશી અથવા તેને કમીટ કરવાનો હુકમ અથવા ઈનસાફ અથવા શિક્ષાનો હુકમ, જેમ હોય તેમ ગેરવાજબી થશે નહીં.

રાણી સાહેબની વિલાયતી રઈયતને અટકાવી રાખી હોય ત્યારે પોતાને હાઈકોરટની આગળ આણવાનો હુકમ થવા સારૂ અરજી કરવાનો હક.

૪૫૬. જ્યારે રાણી સાહબની કોઈ વિલાયતી રઈયતને કોઈ પણ શખસે કાયદા વિરૂદ્ધ પેહેરામાં અટકાવી રાખી હોય ત્યારે જે જગાએ, તે રઈયતને અટકાવી રાખી હોય તે જગાએ, રાણીસાહબની સદરહુ વિલાયતી રઈયતે કરેલા કોઈપણ ગુન્હા બાબત તેની ઉપર જે હાઈકોરટને હકુમત હોય તે હાઈકોરટને, અથવા સદરહુ પ્રકારનો કોઈ પણ ગુન્હો તેની ઉપર સાબિત થયાના ઠરાવ ઉપરથી જે હાઈકોરટમાં અપીલ કરવાનો તે રઈયતને હક હોય તે હાઈકોરટને સદરહુ રઈયત અથવા તેની તરફથી કોઈ પણ શખસ એવી અરજી કરવાને મુખત્યાર છે કે તે રઈયતને અટકાવી રાખનાર માણસ, તેને તે હાઈ કોરટના આગળ હાજર કરે અને તે કોરટ બીજો જે હુકમ કરે તે પ્રમાણે તે માણસ ચાલે એવો હુકમ કરો.

સદરહુ અરજી કરવામાં આવે ત્યારે કેમ કરવું.

૪૫૭. સદરહુ હુકમ કરતાં પહેલાં જો તે હાઈકોરટને યોગ્ય લાગે તો જે સબબો પરથી તે હુકમ થવા બાબત અરજી કરી હોય તે સબબો વિશે, સોગનનામું લઈને અથવા બીજી રીતે ચોકશી કરીને પછી સદરહુ અરજી કબુલ કરવાને અથવા ના કબુલ કરવાને તે હાઈ કોરટ મુખત્યાર છે; અથવા તે હુકમ પ્રથમ કરીને પછી જ્યારે તે હુકમ થવા બાબત અરજી કરનારા શખસને તેની આગળ અણવામાં આવે ત્યારે તેને કાંઈ પણ ચોકશી કરવાની જરૂર લાગે તો તે કરયા પછી તેને યોગ્ય લાગે એવો બીજો હુકમ તે કામમાં કરવાને તે હાઈકોરટ મુખત્યાર છે.

કયા મુલકોમાં હાઈકોરટ સદરહુ પ્રકારના હુકમ કરવાને મુખત્યાર છે.

૪૫૮. હાઈકોરટને પોતાની અપેલેન્ટ ફોજદારી હકુમતની સ્થાનિક હદમાંહેના મુલકોમાં અને ગવરનરજનરલ ઈનકાઉન્સિલ વખત વખતે ફરમાવે તેવા બીજા મુલકોમાં સઘળે ઠેકાણે સદરહુ પ્રકારના હુકમ કરવાનો અખત્યાર છે.

માજીસ્ત્રેટોને અથવા સેશનકોરટને હકુમત આપનારા આકટો લાગુ પાડવા બાબત.

૪૫૯. આગલા પાછલા સંબંધ ઉપરથી બાધ આવતો ન હોય તો, ગવરનર જનરલ ઈનકાઉન્સિલે આ ત્યાર સુધીમાં જે જે આકટો તથા કાયદાઓ કરયા હોય અથવા હવે પછી તે કરે કે જેમાં ગુન્હાઓ સંબંધી હકુમત માજીસ્ત્રેટોને અથવા સેશન કોરટને આપી હોય તે સઘળા આકટો તથા કાયદાઓ રાણીસાહેબની વિલાયતી રઈયતને લાગુ છે એમ સમજવું પછી તે રઈયત વિશે તે આકટોમાં સ્પષ્ટ રીતે જણાવ્યું ન હોય તોપણ આ કલમ માંહેના કોઈ પણ મચકુરથી, રાણીસાહેબની વિલાયતી રઈયતને જેટલી

શિક્ષા કંઇ પણ કરી શકે તે બબત આ બાબથી ઠરાવેલી હદ ઉપરાંત જવાનો તે કોરટને અખિત્યાર છે એમ સમજવું નહીં. અને જે માજીસ્ત્રેટ જસ્ટીસ આફ ધી પીસ ન હોય તે માજીસ્ત્રેટને અથવા ઇલાકાના મુખ્ય શેહેરોની બાહાર જે કોઇ માજીસ્ત્રેટ અથવા સેશન જડજ રાણી સાહેબની વિલાયતી રઇયત ન હોય તે માજીસ્ત્રેટને અથવા શેશન જડજને, હકુમત મળશે એમ સમજવું નહીં.

યુરોપીયનો અથવા અમેરિકનોનો ઇનસાફ કરવા માટે જ્યુરી

૪૬૦. જે મુકદમાનો ઇનસાફ જ્યુરીથી અથવા આસેસરોની મદદથી થઇ શકે તેવા દરેક મુકદમામાં તહોમતવાળો શખસ અથવા, તહોમતવાળાઓમાંનો એક સખસ યુરોપિયન (રાણીસાહેબની વીલાયતી રઇયત ન હોય એવો) અથવા અમેરિકન હોય ત્યારે બની શકે તો અને સદરહુ યુરોપિયન અથવા અમેરિકન દાવો કરે તો ઓછામાં ઓછા અડધા જ્યુરરો અથવા આશેસરો યુરોપીયન અથવા અમેરીકન હોવા જોઇએ.

યુરોપિયન અથવા અમેરિકન ઉપર અને બીજી કોઇ જાતના શખસ ઉપર એકઠું તહોમત મુકવામાં આવે ત્યારે જ્યુરી બાબત.

૪૬૧. જ્યારે જ્યારે શેશનકોરટની આગળ કોઇ યુરોપિયન અથવા અમેરિકન ઉપર, યુરોપિયન અથવા અમેરિકન ન હોય એવા શખસ સાથે એકઠું તહોમત મુકવામાં આવે, અને ૪૬૦ મી કલમ મુજબ કરેલો દાવો મંજુર કરીને જેમાં ઓછામાં ઓછી અડધી સંખ્યા યુરોપિનોનીય તથા અમેરિકનોની હોય એવી જ્યુરીથી અથવા એવા વરગના આસેસરોની મદદથી સદરહુ યુરોપિયનનો અથવા અમેરિકનનો ઇનસાફ કરવામાં આવે ત્યારે ત્યારે, જો સદરહુ પાછળ કહેલો શખશ દાવો કરે, તો, તેનો ઇનસાફ જુદો કરવો.

૪૫૧ મી અથવા ૪૬૦ મી કલમ પ્રમાણે જ્યુરરોને સમન કરીને તેઓની યાદી કરવા બાબત.

૪૬૨. જ્યારે શેશનકોરટની આગળ કોઇ મુકદમાનો ઇનસાફ થવાનો હોય અને તેમાં તહોમતવાળા શખસને અથવા તહોમતવાળાઓમાના એક શખસને પોતાનો ઇનસાફ ૪૫૧ મી અથવા ૪૬૦ મી કલમના ઠરાવો પ્રમાણે રચેલી જ્યુરીથી થવાનો હક હોય, ત્યારે સદરહુ ઇનસાફ કરવા માટે મુકરર કરેલા દિવસથી ઓછામાં ઓછા ત્રણ દીવસ પહેલાં તે કોરટે સદરહુ ઇનસાફ સારૂ જેટલા જોઇએ તેટલા યુરોપિયન તથા અમેરિકન જ્યુરરોને. આ કાયદામાં પાછળ ઠરાવેલી રીતે, સમન, કરાવવા.

અને વળી તપાસેલી ટીપમાં બીજા જે શખશોનાં નામ લખ્યાં હોય તે શખશોમાંની તેટલીજ શખ્યા તે કોરટે તેજ વખતે અને તેવીજ રીતે શમન કરાવવી; પણ જો તે શેશનમાં જ્યુરીએ કરવાના ઇનસાફ સારૂ સદરહુ પ્રકારના બીજા શખશોની સદરહુ સંખ્યા સમન થઇ ચુકી હોય તો તેમ કરવાની જરૂર નથી.

સમન પોહોચાડીને જેઓનાં નામ રિટર્ન કરયાં હોય તે સઘળાં શખશોમાંથી જ્યુરી રચવા માટે ૨૭૬ મી કલમમાં ઠરાવેલી રીતે ચીઠી કરીને જ્યુરરો પસંદ કરવા અને જ્યુરી માટે યુરોપિયનોની અથવા અમેરિકનોની યોગ્ય સંખ્યા અથવા બની શકે તેટલે સુધી તે સંખ્યાની લગભગ હોય એવી સંખ્યા પુરી થઇ રહે ત્યાં સુધી તેમ કરવું

પણ એવું ઠરાવ્યું છે કે જે મુકદમામાં યુરોપિયનોની અથવા અમેરિકનોની ચોગ્ય સખ્યા બીજી કોઇ રીતે પુરી ન થઇ શકે તો કોરટની ધ્યાનમાં આવે તો જયુરી રચવા માટે, જે શખસને ૩૨૦ મી કલમ મુજબ માફ કરવાના સબબથી ટીપમાંથી બાતલ કરયા હશે તેવા કોઇ પણ શખસને સમન કરવાને તે કોરટ મુખત્યાર છે.

રાણીસાહેબની વીલાયતી રઇયત વિગરે ઉપર ફોજદારી કામ ચલાવવા બાબત.

૪૬૩. બીજી રીતનો સ્પષ્ટ ઠરાવ કરયો હોય તે શિવાય, શેશન કોરટની તથા હાઇકોરટની આગળ રાણીસાહેબની વિલાયતી રઇયત ઉપર, તથા રાણીસાહેબની વિલાયતી રઇયત ન હોય એવા યુરોપિયનો ઉપર તથા અમેરિકનો ઉપર ફોજદારી કામ આ કાયદાના ઠરાવો પ્રમાણે ચલાવવું.

ભાગ ૩૪ મો.

ગાંડા માણસો બાબત.

તહોમતવાળો ગાંડો હોય તો કેમ કરવું.

૪૬૪. કોઇ મુકદમાની ચોકશી અથવા ઇનસાફ કરનારા માજીસ્ત્રેટને એમ માનવાનું કારણ હોય કે તહોમતવાળો ગાંડો અને તેથી કરીને પોતાનો જવાબ કરવાને અશક્ત છે, ત્યારે તે ગાંડપણની વાત બાબત તે માજીસ્ત્રેટે ચોકશી કરવી, અને તે જીલ્હાના સિવિલ સરજન પાસે અથવા સ્થાનિક સરકારે ફરમાવે એવા બીજા વઇદ્યક અમલદાર પાસે તે શખસની પરિક્ષા કરાવવી, અને તે ઉપરથી સદરહુ સરજન અથવા બીજા અમલદારની શાહેદ દાખલ જબાની લેવી, અને તે જબાની લખી લેવી.

તહોમતવાળો ગાંડો છે અને તેથી કરીને પોતાનો જવાબ કરવાને અશકત છે એવો સદરહુ માજીસ્ત્રેટનો મત થાય તો તેણે તે મુકદમામાં આગળ કામ ચલાવવાનું મુલતવી રાખવું.

શેશન કોરટમાં અથવા હાઇકોરટમાં કમિટ કરેલો શખસ ગાંડો હોય તો કેમ કરવું.

૪૬૫. શેશનકોરટમાં અથવા હાઇકોરટમાં ઇનસાફ થવા સારૂ કમિટ કરેલો શખસ પોતાના ઇનસાફની વખતે તે કોરટને ગાંડો અને તેથી કરીને પોતાનો જવાબ કરવાને અશકત જણાય તો તે શખસ એ પ્રમાણે ગાંડો તથા અશકત છે કે કેમ તે વાતનો જયુરીએ અથવા આશેસરની મદદથી તે કોરટે પ્રથમ ઇનસાફ કરવો, અને તે શખસ એ પ્રમાણે ગાંડો તથા અશકત છે એવી તે કોરટની ખાત્રી થાય તો તેણે તે મુજબ ફેસલો કરવો, અને તે ઉપરથી તે ઇનસાફ મુલતવી રાખવો.

તહોમત વાળો ગાંડો તથા અશકત છે કે નહીં તે વાતનો જે ઇનસાફ કરવામાં આવે તે સદરહુ કોરટની આગળ તહોમતવાળાના ઇનસાફનો ભાગ છે એમ સમજવુ

તપાસ અથવા ઇનસાફ થતાં સુધી ગાંડા શખસને છુટો કરવા

૪૬૬ જ્યારે કોઇ તહોમતવાળો શખસ ગાંડો તથા પોતાનો જવાબ કરવાને અશકત છે એવું ઠરે ત્યારે જો તે મુકદમો એવો હોય કે તેમાં જામીન લેવાનો અધિકાર છે તો

બાબત. — તે શખસની બરાબર સંભાળ લેવા બાબત તથા તેનીજાત ને અથવા બીજા કોઈપણ શખસને નુકશાન નહીં કરવા દેવા બાબત, અને તે માજીસ્ત્રેટની આગળ અથવા કોરટની આગળ અથવા આ બાબત જે અમલદારને તે માજીસ્ત્રેટ અથવા કોરટ નીમે તેની આગળ, હાજર થવાનું ફરમાવવામાં આવે ત્યારે હાજર થવા બાબત પુરતું તારણ આપેથી તે શખસને છુટો કરવાને તે માજીસ્ત્રેટ અથવા કોરટ, જેમ હોય તેમ મુખત્યાર છે.

ગાંડાને સંભાળીને રાખવા બાબત. — જો તે મુકદમો એવો હોય કે તેમાં જામીન લેવાનો અધિકાર નથી, અથવા પરંતુ તારણ આપવામાં નહીં આવે તો તે માજીસ્ત્રેટે અથવા કોરટે તે કામનો રિપોર્ટ સ્થાનિક સરકારને કરવો, અને સ્થાનિક સરકાર તહોમતવાળાને ગાંડા માણસનાં કોઈ આશ્રય સ્થાનમાં અથવા સારો જાપતા વાળી બીજી યોગ્ય જગામાં પૂરી રાખવાનો હુકમ કરવાને મુખત્યાર છે, અને તે માજીસ્ત્રેટે અથવા કોરટે સદરહુ હુકમ અમલમાં લાવવો,

ચોકશી અથવા ઇનસાફ પાછો જારી કરવા બાબત. — ૪૬૭, ૪૬૪ મી અથવા ૪૬૫ મી કલમ પ્રમાણે કાંઇ ચોકશી અથવા ઇનસાફનું કામ મુલતવી રાખવામાં આવે, ત્યારે તે માજીસ્ત્રેટ અથવા કોરટ જેમ હોય તેમ કેઇ પણ વખતે તે ચોકશી અથવા ઇનસાફ પાછો જારી કરવાને તથા તહોમતવાળાને પોતાની આગળ હાજર થવાનું અથવા આણવાનું ફરમાવવાને મુખત્યાર છે.

જ્યારે તહોમતવાળાને ૪૬૬ મી કલમ પ્રમાણે છુટો કરયો હોય અને તેના હાજર થવા બાબત જેઓ તેના જામીન થયા હોય તેઓ, જે અમલદારને તે માજીસ્ત્રેટ અથવા કોરટ આ બાબત નીમે તે અમલદારની આગળ તહોમતવાળાને રજુ કરે, ત્યારે તહોમતવાળો પોતાનો જવાબ કરવાને શકતીવાન છે એવું સદરહુ અમલદારનું સરટીફિકેટ પુરાવામાં લઇ શકાશે,

માજીસ્ત્રેટની અથવા કોરટની આગળ તહોમતવાળો હાજર થાય ત્યારે કેમ કરવું. — ૪૬૮ જ્યારે, તે માજીસ્ત્રેટની અથવા કોરટની આગળ, જેમ હોય તેમ, તહોમતવાળો હાજર થાય અથવા તેને ફરીથી આણવામાં આવે, ત્યારે તે પોતાનો જવાબ કરવાને શકિતમાન છે એવું જો તે માજીસ્ત્રેટની અથવા કોરટની નજરમાં આવે તો તે ચોકશી અથવા ઇનસાફ આગળ ચલાવવો.

જો તહોમતવાળો પોતાનો જવાબ કરવાને હજુ અશક્ત છે એવું તે માજીસ્ત્રેટની અથવા કોરટની નજરમાં આવે, તો તે માજીસ્ત્રેટે અથવા કોરટે, જેમ હોય તેમ. ૪૬૪ મી અથવા ૪૬૫ મી કલમના ઠરાવો પ્રમાણે પાછું કામ ચલાવવું

જ્યારે તહોમતવાળો દિવાનો જણાય ત્યારે કેમ કરવું. — ૪૬૯, જ્યારે ચોકશી અથવા ઇનસાફની વખતે તહોમતવાળો ગાંડો નથી એમ જણાય, અને તે માજીસ્ત્રેટની આગળ આપેલા પુરાવા ઉપરથી તેની એવી ખાત્રી થાય

કે જે કૃત્ય તહોમતવાળાએ કરેલું છે તે કૃત્ય, જો તે ગાંડો ન હોત તો, ગુન્હો થાત અને જ્યારે તે કૃત્ય કરેલું તે વખતે, ગાંડો હોવાને લીધે, તહોમતવાળો તે કૃત્યનો પ્રકાર, અથવા તે ખોટું અથવા કાયદા વિરૂધ છે એવું જાણવાને અશક્ત હતો એમ માનવાનું કારણ છે, ત્યારે તે માજીસ્ત્રેટે તે મુકદમો આગળ ચલાવવો, અને, જો તહોમતવાળાને શેશનકોરટમાં અથવા હાઇકોરટમાં કમિટ કરવો જોઇએ એમ હોય તો તેને શેશનકોરટની અથવા હાઇકોરટની આગળ, જેમ હોય તેમ. ઇનસાફ સારૂ મોકલવો.

ગાંડાપણાના સબબ પરથી તહોમતવાળાને બિન તકસીરવાર ઠરાવવાનો ફૈસલો.

૪૭૦ જ્યારે જ્યારે કોઇ માણસને એવાં કારણ ઉપરથી બિન તકશીરવાર ઠરાવવામાં આવે કે તેણે જે વખતે કાંઇ ગુન્હો કર્યાનું કેહેવામાં આવ્યું હોય તે વખતે તે ગાંડો હોવાને લીધે, તેનું જે કૃત્ય ગુન્હો થાય છે એવું કેહેવામાં આવ્યું હોય તે કૃત્યનો પ્રકાર જાણવાને, અથવા તે ખોટું અથવા કાયદા વીરૂધ છે એવું જાણુવાને તે શખસ અશક્ત હતો ત્યારે ત્યારે ઠરાવમાં તે શખસે તે કૃત્ય કરેલું કે નહીં તે વિશેશે કરીને જણાવવું.

સદરહુ સબબ પરથી બિનતકશીરવારઠરાવેલા શખસનેસારાજાપતામાં રાખવા બાબત.

૪૭૧. જ્યારે જ્યારે તે ફૈસલામાં એમ જણાવવામાં આવે કે જે કૃત્ય કર્યાનું કેહેવામાં આવ્યું હોય તે કૃત્ય તહોમત વાળા શખસે કરેલું છે, ત્યારે ત્યારે જે મનની અશક્તી ઠરાવવામાં આવી તે અશક્તી ન હોત તો સદરહુ કૃત્ય ગુન્હો થાત એમ હોય તો, જે માજીસ્ત્રેટની અથવા કોરટની આગળ તે શખસનો ઇનસાફ થયો હોત તે માજીસ્ત્રેટની અથવા કોરટની આગળ તે શખસનો ઇનસાફ થયો હોય તે માજીસ્ત્રેટને અથવા કોરટને યોગ્ય લાગે એવી જગાએ તથા રીતે સદરહુ શખસને સારા જાપતામાં રાખવાનો હુકમ તે માજીસ્ત્રેટે અથવા કોરટે કરવો. અને સ્થાનિક સરકારના હુકમ માટે તે મુકદમાનો રિપોર્ટ કરવો.

સ્થાનિક સરકાર સદરહુ શખસને ગાંડા માણસનાં કોઇ આશ્રય સ્થાનમાં અથવા તુરંગમાં અથવા સારા જાપતા વાળી બીજી યોગ્ય જગામાં પુરી રાખવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

ઈન્સ્પેકટર જનરલે ગાંડા કેદીઓને જોવાં જવું.

૪૭૨ જ્યારે કોઇ શખસને ૪૬૬મી અથવા ૪૭૧મી કલમના ઠરાવો મુજબ કેદ રાખ્યો હોય, ત્યારે, જો તે શખસને કોઇ તુરગમાં કેદ રાખ્યો હોય તો, તુરંગનો ઇનીસ્પેકટર જનરલ, અથવા, જો ગાંડા માણસોના આશ્રય સ્થાનમાં કેદ રાખ્યો હોય તો ગાંડા માણસોના આશ્રયસ્થાનના વિજીટરો અથવા તેઓમાંના કોઇ બે તે શખસના મનની સ્થીતી કેવી છે એ નક્કી કરવા સારૂ તે સખશને જોવા જવાને મુખત્યાર છે અને દર છ મહીનામાં ઓછામાં ઓછી એક વાર સદરહુ ઇનીસ્પેકટર જનરલે અથવા ઉપર લખેલા વીજીટરો માંના બે વિજીટરોએ જઇને તે શખસને જોવો અને સદરહુ ઇનીસ્પેકટર જનરલે અથવા વીજીટરોએ

તે શખસના મનની સ્થિતીસંબંધી એક વિશેષ રિપોરટ સ્થાનીક સરકારને કરી મોકલવો.

ગાંડોકેદી પોતાનો જવાબ કરવાને શકિત માન છે એવો રિપોરટ કરવામાં આવે ત્યારે કેમ કરવું.

૪૭૩ જો તે શખસને ૪૬૬ મી કલમના ઠરાવો પ્રમાણે કેદ રાખ્યો હોય અને સદરહુ ઇનીસ્પેકટર જનરલ અથવા વિજીટરો તે શખસ પોતાનો જવાબ કરવાને શકતીમાન છે એવા પોતાના અભિપ્રાયનો દાખલો આપે, ત્યારે તે માજીસ્ત્રેટ અથવા કોરટ જેમ હોય તેમ મુકરરર કરે તે વખતે માજીસ્ત્રેટની અથવા કોરટની પાસે તે શખસને લઇ જવો અને તે માજીસ્ત્રેટ અથવા કોરટે તે શખસની તજવીજ ૪૬૮મી કલમના ઠરાવો મુજબ કરવી, અને સસરહુ ઇન્સ્પેકટર જનરલનું અથવા વિજીટરોનું સરટિફિકેટ પુરાવામાં લઇ શકાશે.

૪૬૬મી અથવા ૪૭૧મી કલમ પ્રમાણે કેદરાખેલો ગાંડોશખસ છોડી મુકવાલાયક છે એમ જાહેર કરવામાંઆવેત્યારેકેમકરવું.

૪૭૪ જો તે શખસને ૪૬૬મી અથવા ૪૭૧મી કલમના ઠરાવો મુજબ કેદ રાખ્યો હોય અને સદરહુ ઇન્સ્પેકટર જનરલ અથવા વિજીટરો એવો દાખલો આપે કે તેને છોડી મુકવામાં આવે તો તે પોતાની જાતને અથવા બીજા કોઇ પણ શખસને નુકશાન કરે એવો ભય નથી એવુ અમારી નજરમાં આવે છે, તો દાખલા ઉપરથી સ્થાનિક સરકાર તે શખસને છોડી મુકવાનો અથવા કેદમાં અટકાવી રાખવાનો, હુકમ કરવાને મુખત્યાર છે; અથવું તેને ગાંડા માણસોના કોઈ સરકારી આશ્રયસ્થાનમાં નહીં મોકલ્યો હોય તો તેવા કોઇ આશ્રયસ્થાનમાં મોકલવાનો હુકમ કરવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે. અને સ્થાનીક સરકાર તેને આશ્રયસ્થાનમાં મોકલવાનો હુકમ કરે તો એક ઇનસાફ ખાતાના અને બે વૈદક અમલદારનું કમીશન નીમવાને તે સરકાર મુખત્યાર છે.

જરૂર હોય તેવો પુરાવો લઇને સદરહુ કમીશને તે શખસનાં મનની સ્થિતિ વિશે પદ્ધતિ પ્રમાણે ચોકશી કરવી, અને સ્થાનિક સરકારને રિપોરટ કરવો, પછી પોતાની નજરમાં આવે તે પ્રમાણે સ્થાનિક સરકાર તે શખસને છોડી મુકવાનો અથવા અટકાવી રાખવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

ગાંડાં માણસને અને તેનાં સગાં વાહાલાંને સંભાળને માટે સ્વાધીન કરવા બાબત.

૪૭૫. જ્યારે જ્યારે ૪૬૬ મી અથવા ૪૭૧ મી કલમના ઠરાવો પ્રમાણે કેદ રાખેલા કોઇ પણ શખસનો કોઇ સગો અથવા મીત્ર તે શખસને પોતાની સંભાળમાં તથા કબજામાં લેવાની ખાયશ બતાવે, ત્યારે ત્યારે તે સગો અથવા મીત્ર અરજી કરે એટલે અને તે હવાલે કરેલા શખસની બરાબર સંભાળ લેવા બાબત તથા તેની જાતને અથવા બીજા કોઇ પણ શખસને નુકશાન નહી કરવા દેવા બાબત, સ્થાનિક સરકારની ખાત્રી લાયક તાસ્રીરુ આપે, એટલે તે શખસને સદરહુ સગા અથવા મિત્રના હવાલામાં સોંપવાનો હુકમ કરવાને સદરહુ સરકાર મુખત્યાર છે.

જ્યારે તે શખસને એ પ્રમાણે હવાલે કરવામાં આવે, ત્યારે સ્થાનિક સરકાર ફર

માટે એવો અમલદાર તે સરકાર ફરમાવે એવે વખતે તે શખસને જોવા માટે તેને હાજર કરવામાં આવશે એવી શરતે તેને હવાલે કરવો.

૪૭૨ મી તથા ૪૭૪ મી કલમના ઠરાવો, બની શકે તેટલે સુધી, આ કલમના ઠરાવો પ્રમાણે સોંપેલા શખસોને લાગુ પડશે, અને આ કલમ પ્રમાણે જે જોનાર અમલદાર નિમવામાં આવે તેણે આપેલો દાખલો પુરાવામાં લેવામાં આવસે.

ભાગ ૩૫ મો.

ઇનસાફ ચલાવવામાં હરકત થાય એવા કેટલાએક ગુન્હાની બાબતમાં કામ ચલાવવા બાબત.

૧૯૫ મી કલમમાં કહેલા મુકદમામાં કામ ચલાવવાની રીત

૪૭૬. જ્યારે કોઇ પણ દિવાની, ફોજદારી અથવા મુલકી કોરટને એમ લાગે કે ૧૯૫ મી કલમમાં કહેલા તથા પોતાની આગળ કરેલા અથવા ઇનસાફી મુકદમો ચાલતો હોય તે દરમીયાનમાં પોતાની નજર હેઠળ આણેલા કોઇ ગુન્હાની ચોકશી કરવાનો સબબ છે ત્યારે તે કોરટ કાંઇ પણ પ્રથમ ચોકશીની જરૂર હોય તો તે કરયા પછી પાસેમાં પાસેના પહેલા વરગના માજીસ્ત્રેટની પાસે તે મુકદમો ચોકશી અથવા ઇનસાફ કરવા સારૂ મોકલવાને, તથા તહોમતવાળાને પેહેરામાં આપીને સદરહુ માજીસ્ત્રેટની પાસે મોકલવાને અથવા તે માજીસ્ત્રેટની આગળ હાજર થવા બાબત તેની પાસેથી પરંતુ તારણ લેવાને, મુખત્યાર છે; અને સદરહુ ઇનસાફની અથવા ચોકશીની વખતે હાજર થઇને પુરાવો આપવા માટે કોઇ પણ શખસને બાંધી લેવાને મુખત્યાર છે.

સદરહુ માજીસ્ત્રેટે પછી કયદા મુજબ કામ ચલાવવુ જોઇએ અને ૧૯૨મી કલમ પ્રમાણે મુકદમા બીજાની પાશે મોકલવાનો તેને અધીકાર મળ્યો હોય તો બીજા કોઇ યોગ્ય અધીકાર વાળા માજીસ્ત્રેટની પાસે તે ચોકશી અથવા ઇનસાફ કરવાનું કામ મોકલવાને તે મુખત્યાર છે.

સદરહુ પ્રકારના ગુન્હા શેશનકોરટની આગળ કરવામાં આવે ત્યારે તે સંબંધી તેકોરટનો અધીકાર.

૪૭૭. ૪૪૪મી કલમ માંહેના ઠરાવોને અનુશારીને શેશનકોરટ ૧૯૫મી કલમમાં કહેલા અને પોતાની આગળ કરેલા અથવા કાંઈ ઇનસાફી મુકદમો ચાલતો હોય તે દરમીયાનમાં તેની નજર હેઠળ આણેલા ગુન્હા બાબત કોઇ પણ શખશની ઉપર તહોમત મુકવાને અને પોતે મુકેલા તહોમત ઉપરથી તે શખશને કેદમાં મોકલવાને અથવા તેના જામીન લેવાને અને તેનો ઇનસાફ કરવાને, મુખત્યાર છે.

તે ચોકશીના કારણ સારૂ કોઇ પણ સાહેદોને હાજર કરાવવાનું માજીસ્ત્રેટને ફરમાવવાને સદરહુ કોરટ મુખત્યાર છે.

તપાસ પુરી કરવાના તથા હાઇકોરટમાં અથવા શેશનકોરટમાં કમિટ કરવાના દિવાની

૪૭૮ જ્યારે સદરહુ પ્રકારનો કોઇ પણ ગુન્હો કોઇ દિવાની અથવા મુલકી કોરટની આગળ કરવામાં આવે, અથવા કોઇ ઇનસાફી મુકદમો ચાલતો હોય તે દરમીયાનમાં કોઇ દીવાની અથવા મુલકી કોરટની નજર હેઠળ આણવા

તથા મુલકી કોરટનો અધીકાર.

માં આવે અને તે મુકદમાનો ઇનસાફ ફક્ત હાઇકોરટ અથવા સેસનકોરટ કરી શકે એમ હોય અથવા તે મુકદમાનો ઇનસાફ હાઇકોરટે અથવા શેશનકોરટે કરવો જોઇએ એમ સદરહુ દીવાની અથવા મુલકી કોરટ ધારે, ત્યારે સદરહુ દીવાની અથવા મુલકી કોરટ ૪૭૬મી કલમ પ્રમાણે કોઇ માજીસ્ત્રેટની પાસે તે મુકદમો ચોકશી માટે મોકલવાને બદલે પોતાનીજ મેળે તે ચોકશી પુરી કરવાને, અને હાઇકોરટની અથવા સેશનકોરટની જેમ હોય તેમ, આગળ ઇનસાફ થવાશારૂ તહોમતવાળા શખસને કમીટ કરવાને અથવા તેના જામીન લેવાને મુખત્યાર છે.

આ કલમ પ્રમાણે કાંઇ ચોકશી કરવાના કારણ સારૂ, તે દીવાની અથવા મુલકી કોરટ ૪૪૩મી કલમ માંહેના ઠરાવોને અનુશારીને માજીસ્ત્રેટના સઘળા અખત્યાર ચલાવવાને મુખત્યાર છે; અને સદરહુ ચોકશીમાંનું તે કોરટનુ કામ બની શકે તેટલે સુધી, ૧૮મા બાબના ઠરાવો પ્રમાણે ચલાવવું, અને તે કામ કોઇ માજીસ્ત્રેટે ચલાવ્યું હતું એમ સમજવું.

સદરહુ પ્રકારના મુકદમામાં દિવાની કોરટે કેમ કરવુ.

૪૭૯. જ્યારે કોઇ દીવાની અથવા મુલકી કોરટ એ પ્રમાણે કોઇપણ મુકદમો મોકલે ત્યારે તે કોરટે તહોમતનામું તથા મુકદમો મોકલવા બાબતનો હુકમ તથા તે મુકદમાનુ દફતર પ્રેશીડેન્સી માજીસ્ત્રેટની અથવા જીલ્લાના માજીસ્ત્રેટની અથવા ઇનસાફ સારૂ કમિટ કરવાનો અખ્તિકાર બીજા જે માજીસ્ત્રેટને હોય તે માજીસ્ત્રેટની પાસે મોકલીદેવું અને સદરહુ માજીસ્ત્રેટે તે મુકદમો તથા ફરીયાદી તરફના અને તહોમતવાળા તરફના શાહેદોને હાઇકોરટના અથવા સેશન કોરટની આગળ, જેમ હોય, તેમ, આણવા.

તિરસ્કારના કેટલા એક મુકદમામા કેમ કરવું.

૪૮૦ જ્યારે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૭૫મા, ૧૭૮મી, ૧૭૯મી, ૧૮૦મી, અથવા ૨૨૮મી કલમમાં વરણાવેલો કોઇપણ ગુનો કોઇપણ દીવાની, ફોજદારી, અથવા મુલકી કોરટના દેખતાં અથવા તેની સમક્ષ કરવામાં આવે ત્યારે તે કોરટ ગુન્હેગારને પેહરામાં અટકાવી રાખવાને મુખત્યાર છે, પછી તે ગુનેગાર રાણીસાહેબના વિયાયતી રઇયત હોય કે નહીં હોય તો પણ અને તેજ દીવસે તે કોરટ ઉઠે તેની પેહલાં કોઇપણ વખતે પોતાને દુરસ્ત લાગે તો. તે કોરટ તે ગુન્હો સાંભળવાને અને ગુન્હેગારને વધારામાં ઘણા બસેં રૂપીયા સુધી દંડની અને, દંડ ન આપે તો, એક મહિના સુધીની મુદતની આસાન કેદની શિક્ષા કરવાને મુખત્યાર છે, પણ જો સદરહુ દંડ તે મુદત પુરી થતાં પેહલાં આપવામાં આવે તો તેને તરત છોડી દેવો.

૪૪૩ મી અથવા ૪૪૪ મી કલમ માંહેનો કોઇપણ મચકુર આ કલમ પ્રમાણે ચલાવેલા કામને લાગુ પડે છે એમ સમજવુ નહી.

સદરહુ પ્રકારના મુકદમાઓનુ દફતર.

૪૮૧ સદરહુ પ્રકારના દરેક મુકદમામાં. તે ગુન્હો જે હકીકતનો બનેલો હોય તે હકીકત, તથા ગુન્હેગારે કાંઇ મચકુર જાહેર કર્યો હોય તો તે મચકુર, તેમજ ઠરાવ

તથા શિક્ષાનો હુકમ, એ તે કોરટે દફતરમાં દાખલ કરવું.

જો તે ગુન્હો હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૨૮ મી કલમ પ્રમાણે હોય, જે કોરટને હરકત કરી હોય અથવા જે કોરટનો બેઅદબી થઇ હોય તે કોરટ તે જેઇનસાફી મુકદમો ચલાવવાને બેઠી હતી તે ઇનસાફી મુકદમાનો પ્રકાર તથા તેનો ભાગ, અને જે હરકત અથવા બેઅદબી કરી હોય તેનો પ્રકાર તે દફતરમાં બતાવવો.

મુકદમાનીતજવીજ ૪૮૦ મી કલમ પ્રમાણે કરવી નહી જોઇયે એમ કોરટની નજરમાં આવે ત્યારે કેમ કરવું,

૪૮૨ જો કોઇ પણ કોરટને કોઇ પણ કામમાં એમ લાગે કે ૪૮૦ મી કલમમાં કહેલા ગુન્હોઓ માંનો કોઇ પણ ગુન્હો પોતાના દેખતાં અથવા પોતાની સમક્ષ કરયાનું તહોમત જે શખસની ઉપર આવ્યું હોય તે શખસને દંડ ના આપેથી કેદની શિક્ષા કરવામાં આવે તે શિવાય બીજી રીતની કેદની શિક્ષા કરવી જોઇએ, અથવા બસે રૂપીયા કરતાં વધતો દંડ તેને કરવો જોઇએ, અથવા જો બીજાં કોઇ પણ કારણને લીધે તે કોરટનો મત એમ હોય કે તે મુકદમાનો નિકાલ ૪૮૦ મી કલમ પ્રમાણે કરવો નહી જોઇએ, તો તે ગુન્હો આ કાયદામાં પાછળ ઠરાવ્યા પ્રમાણે જે હકીકતનો બનેલો હોય તે હકીકત તથા તહોમતવાળાનો મચકુર દફતરમાં દાખલ કરયા પછી સદરહુ કોરટ તે મુકદમાનો ઇનસાફ કરવાની હકુમત જે માજીસતરેટને હોય તે માજીસતરેટની પાસે તે મુકદમો મોકલવાને મુખત્યાર છે, અને તે તહોમતવાળા સખસે સદરહુ માજીસતરેટની આગળ હાજર થવા બાબત તારણ આપવાનું ફરમાવવાને મુખત્યાર છે, અથવા પુરતુ તારણ આપવામાં ન આવે તો, તે કોરટે સદરહુ શખસને પેહેરામાં આપીને સદરહુ માજીસતરેટની પાસે મોકલવો.

જે માજીસતરેટની પાસે આ કલમ પ્રમાણે કોઇ પણ મુકદમો મોકલવામાં આવે તે માજીસતરેટે તહોમતવાળા શખસની ઉપર અસલી ફરીયાદ આ કાયદામાં પાછળ ઠરાવેલી રીતે સાંભળવા માંડવી.

રજીસ્ટરાર અથવા સબરજીસ્ટરાર ૪૮૦ તથા ૪૮૨ મી કલમના અર્થ પ્રમાણે દીવાનીકોરટ છે એમ ક્યારે સમજવું

૪૮૩ સન ૧૮૭૭ ના હિંદુસ્તાનના નોંધવા બાબતના આકટ પ્રમાણે નિમેલો હરકોઇ રજીસ્ટરાર અથવા સબરજીસ્ટરાર, સ્થાનિક સરકાર એમ ફરમાવે ત્યારે ૪૮૦ મી તથા ૪૮૨ મી કલમના અર્થ પ્રમાણે દીવાની કોરટ છે એમ સમજવું.

ગુન્હેગારહુકમમાને અથવા માફ માગે એટલે તેને છોડી દેવા બાબત.

૪૮૪ કોઇ સખસને કાયદા મુજબ કાંઇ વસ્તુ કરવાનું ફરમાવ્યું હોય તે કરવાની તેણે ના કહી હોય અથવા જાણી જોઇને બેઅદબી અથવા હરકત કરી હોય, તે બાબત કોઈ કોરટે ૪૮૦ મી કલમ પ્રમાણે તેને શિક્ષા કરવાનો ઠરાવ કરયો હોય, ત્યારે તે ગુન્હેગાર સદરહુ કોરટનાહુકમને અથવા માફ માગીને તાબે થાય; અથવા તે કોરટની ખાત્રી થાય તે રીતતે

માફ માગે, એટલે પોતાની મરજી મુજબ તેને છોડી દેવાને અથવા શિક્ષા માફ કરવાને તે કોરટ મુખત્યાર છે.

જે શખસ જવાબ દેવાની અથવા દસ્તાવેજ રજુકરવાની નાકેહે તે શખસને કેદ કરવા અથવા હવાલે કરવા બાબત.

૪૮૫ જો કોઇ ફોજદારી કોરટની આગળ કોઇ પણ શાહેદને જે સવાલો પુછવામાં આવે તે સવાલોના જવાબ દેવાની અથવા તે શખસના કબજા માંહેના અથવા અખત્યાર માંહેનો જે દસ્તાવેજ રજુ કરવાનું તે કોરટ તને ફરમાવે તે દસ્તાવેજ રજુ કરવાની તે શખસ ના કેહે, અને એ પ્રમાણે ના કેહેવાનું, કોઈ પણ વ્યાજબી કારણ તે શખસ ન બતાવે તો સદરહુ કોરટ ઘણામાં ઘણા સાત દીવશ સુધીની ગમેતે મુદત સુધી તે શાહેદને આશાન કેદની શિક્ષાનો હુકમ કરવાને અથવા પ્રમુખ માજીસ્તરેટની અથવા જડજની સહીનું વારંટ કાહાડીને કોરટના કોઇ અમલદારને હવાલે કરવાને મુખત્યાર છે; અને તેમ કરવાનાં કારણો તે કોરટે દફતરમાં લખવાં; પણ જો દરમ્યાનમાં સદરહુ શખસ જબાની આપવાને તથા જવાબ દેવાને અથવા સદરહુ દસ્તાવેજ રજુ કરવાને કબુલ થાય તો બાકીની શિક્ષા માફ કરવી; જો તે ઉપર મુજબ ના કહ્યા કરે તો ૪૮૦ મી અથવા ૪૮૨ મી કલમના ઠરાવો પ્રમાણે તેની તજવીજ કરવાનો અધિકાર છે, અને રાયલ ચારટરથી સ્થાપેલી કોઇ કોરટની બાબતમાં, તે શાહેદ તીરસ્કાર નો ગુન્હો કરયો છે એમ સમજવું.

તીરસ્કારનાંકામોમાં ગુન્હાની શાબિતીના ઠરાવ ઉપર અપીલ.

૪૮૬. કોઇ પણ શખસને ૪૮૦ મી અથવા ૪૮૫ મી કલમ પ્રમાણે કોઇ પણ કોરટે શિક્ષાનો હુકમ કરયો હોય ત્યારે આ કાયદામાં પાછળ ગમે તે લખ્યું હોય ત છતાં, તે કોરટમાં કરેલાં હુકમનામાં અથવા હુકમો ઉપર અપીલો સામાન્યતઃ જે કોરટને થઇ શકતી હોય તે કોરટને તે શખસ અપીલ કરવાને મુખત્યાર છે.

આ કલમ પ્રમાણે કરેલી અપીલોને ૩૧ મા બાબના ઠરાવો જેટલે સુધી લાગુ પડી શકતા હોય તેટલે સુધી લાગુ પડશે, અને જે ઠરાવ ઉપર અથવા જે શિક્ષાના હુકમ ઉપર અપીલ કરવામાં આવી હોય તે ઠરાવમાં ફેરફાર કરવાને અથવા તેર દ કરવાને અથવા તે શિક્ષા ઓછી કરવાને અથવા તે રદ કરવાને અપીલ કોરટ મુખત્યાર છે.

ઇલાકાના કોઇ મુખ્ય સેહેરમાંની સ્માલકાજ કોરટે એ પ્રમાણે ગુન્હો ઠરાવ્યો હોય તે ઉપર અપીલ હાઇકોરટમાં ચાલશે. અને

બીજી કોઇ સ્માલકાજ કોરટે એ પ્રમાણે ગુનો ઠરાવ્યો હોય ત્યારે જે શેશન તુકડી માંહે સદરહુ કોરટ આવેલી હોય તે સૈસન તુકડીની સેશન. કોરટમાં તે ઉપર, અપીલ ચાલશે.

ઉપર કહ્યા મુજબ નિમેલા રજીસ્ટરાર અથવા સબ રજીસ્ટરાર તરીકે કોઇ પણ અમલદારે એ પ્રમાણે ગુન્હો ઠરાવ્યો હોય, અને સદરહુ અમલદાર કોઇ દિવાની કોરટનો જડજ પણ હોય, ત્યારે જો સદરહુ ઠરાવ તે અમલદારે સદરહુ મક

રના જડજ તરફે પોતાના હુદ્દાની રૂએ કરેલું હુકમનામું હોય તો આ કલમના ૫ છલા ભાગ પ્રમાણે, જે કરટન અપીલ કરવામાં આવે તે કોરટને સદરહુ ઠરાવ ઉપર અપીલ કરવાનો અધિકાર છે, અનેબીજાં કામોમાં જીલ્લા જડજને અથવા ઇલાકાના મુખ્ય શેહેરોમાં હાઇકોરટને તે અપીલ કરવાનો અધિકાર છે.

૧૯૫ મી કલમમાંકહેલા ગુન્હા કેટલાએક જડજોની તથા માજીસતરેટોની આગળ કરવામાં આવે ત્યારે તેઓએ તે ગુનાઓનો ઇનસાફ કરવો નહી.

૪૮૭. ૪૭૭ મી, ૪૮૦ મી અને ૪૮૫ મી કલમમાં ઠરાવ્યુ છે તે શિવાય બીજી રીતે કોઇ હાઇકોરટના જડજ શિવાય: તથા સેશનના રીકાર્ડર શિવાય, તથા પ્રેસીડેન્સી માજીસ્ત્રેટો શિવાય. બીજા કોઇ ફોજદારી કોરટના જડજે અથવા માજીસ્ત્રેટે ૧૯૫મી કલમમાં કહેલો કોઇ પણ ગુન્હો તેની આગળ અથવા તેના અધિકારનો તીરસ્કાર થાય એવી રીતે કરવામાં આવે અથવા કોઇ ઇનસાફી મુકદમો ચાલતો હોય ત્યારે સદરહુ જડજ અથવા માજીસ્ત્રેટ તરીકે તેની નજર હેઠળ આણવામાં આવે ત્યારે તે ગુન્હા બાબત કોઇ પણ શખસનો ઇનસાફ કરવો નહી.

૪૭૬ મી અથવા ૪૮૨ મી કલમ માંહેના કોઇ પણ મજકુરથી એમ સમજવું નહી કે સેશન કોરટમાં અથવા હાઇકોરટમાં કમિટ કરવાનો અધિકાર જે માજિસતરેટને હોય તે માજીસતરેટ પોતેજ કોઇ પણ મુકદમો સદરહુ કોરટમા કમિટ કરે તેમાં, અથવા કોઇ પરેસીડેન્સી માજીસ્ત્રેટ કોઇ પણ મુકદમો બીજા કોઇ માજીસ્ત્રેટની પાશે ચોકશી કરવા સારૂ મોકલવાને બદલે પોતાનીજ મેળે તે મુકદમાનો નીકાલ કરે તેમા અટકાવ થશે.

બાબ ૩૬ મો.

ઓરતોનાં તથા બાળકોનાં ગુજરાન બાબત.

ઓરતોનાંતથા બાળકોનાં ગુજરાન બાબત હુકમ.

૪૮૮ જો કોઇ શખસની પુરતી દ્રવ્ય શકતી હોય અને તે પોતાની ઓરતનું અથવા પોતાની મેળે પોતાનું ગુજરાન ચલાવવાને અશકત હોય એવાં કોઇ કાયદાસર અથવા ગેર કાયદાસર બાળકનું ગુજરાન ચલાવવાની ગફલત કરે અથવા ના કેહે તો, એ પ્રમાણે ગફલત કર્યાનો અથવા ના કહ્યાનો પુરાવો થએથી, જીલા માજીસ્ત્રેટ અથવા કોઇ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા કોઇ પેટા તુકડી માજીસ્ત્રેટ અથવા પેહેલા વરગનો કોઇ માજિસ્ત્રેટ તે શખસની ઓરતનાં અથવા સ સદરહુ પ્રકારના બાળકનાં ગુજરાનને માટે દર માહેને એકંદર પચાસ રૂપીયાથી વધારે નહી હોય એવું જે લવાજમ સદરહુ માજીસ્ત્રેટને યોગ્ય લાગે તે લવાજમ કાહાડીને તે માજીસ્ત્રેટ વખતે વખતે ફરમાવે તેવા શખશને આપવાનો હુકમ સદરહુ શખસની ઉપર કરવાને મુખત્યાર છે.

સદરહુ લવાજમ હુકમની તારીખથી આપવું પડશે.

હુકમ જબરીથીઅમલમાં લાવવા બાબત

જો શખસને એ પ્રમાણે હુકમ કરયો હોય તે શખસ તે હુકમ માનવાની જાણી જોઇને ગફલત કરે, તો તે

હુકમ જેટલી વાર તોડવામાં આવે તેટલીવાર લેહેણી રકમ દંડ વસુલ કરવા માટે જે રીત આ કાયદામાં પાછળ ઠરાવી છે તે રીત પ્રમાણે વસુલ કરવા માટે સદરહુ પ્રકારનો કોઇ પણ માજીસ્ત્રેટ વારંટ કાઢવાને મુખત્યાર છે, અને તે વારંટ બજાવ્યા પછી બાકી રહેલું દરેક મહિનાનું જે લવાજમ તે સઘળા લવાજમ બાબત અથવા તેના કોઇ પણ ભાગ બાબત ઘણામાં ઘણા એક એક મહિના પ્રમાણે સદરહુ શખસને કેદની શિક્ષ નો હુકમ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યર છે:

વિશેષ ઠરાવ.

પણ એવું ઠરાવ્યુ છે કે જો તે શખસ એમ કેહે કે મારી ઓરત મારી સાથે રેહે તો તેનુ ગુજરાન ચલાવવા ને હું તઇયારછુ, અને તેની ઓરત તેની સાથે રહેવાની ના કેહે, તો એ પ્રમાણે ના કેહવાનાં જે કાંઇ કારણો તે ઓરત જણાવે તે કારણો ધ્યાનમાં લવાને સદરહુ માજીસ્ત્રેટ મુખત્યાર છે; અને તે પ્રમાણે તે શખસે પોતાની ખુશી બતાવ્યા છતા જો તે માજીસ્ત્રેટની એવી ખાત્રી થાય કે સદરહુ શખસ છીનાળુ કરે છે અથવા તે હમેસ પોતાની ઓરતની સાથે નીરદયપણાથી ચાલ્યો છે, તો તે માજીસતરેટ આ કલમ પ્રમાણે હુકમ કરવાને મુખત્યાર છે.

જો કોઇ ઓરત છીનાળું કરતી હશે, અથવા કાંઇ પુરતા કારણ વિના પોતાના ધણીની સાથે રેહેવાની ના કેહશે, અથવા તેઓ બેઉ માંહોમાંહે સમજુતી કરીને જુદાં રેહેતાં હશે, તો તે ઓરતને આ કલમ પ્રમાણે તેના ધણી પાસેથી કાંઇ લવાજમ મળવાનો હક્ક થશે નહી.

જે ઓરતના લાભમાં આ કલમ પ્રમાણે હુકમ કરયો હોય તે ઓરત છીનાળું કરે છે અથવા પુરતા કારણ વીના પોતાના ધણીની સાથે રેહવાની ના કેહે છે અથવા તેઓ બેઉ માંહોમાંહે સમજુતી કરીને જુદાં રેહે છે એવી શાબિતી થએથી તે માજીસતરેટે તે હુકમ રદ કરવો.

આ બાબ પ્રમાણે સઘળો પુરાવો, ધણીની અથવા બાપની, પ્રસંગ પ્રમાણે, સમક્ષ, લેવો; અથવા તેને જાતે હાજર થવાનું માફ કરયું હોય ત્યારે તેના પ્લીડરની સમક્ષ લેવો, અને સમનના મુકદમાઓની બાબતમાં ઠરાવેલી રીત લખી લેવો.

લવાજમમાં ફેરફાર કરવા બાબત.

૪૮૯. ૪૮૮ મી કલમ પ્રમાણે માસીક લવાજમ જે શખસને મળતું હોય તે શખસની, અથવા તેજ કલમ પ્રમાણે પોતાની ઓરતને અથવા બાળકને માસિક લવાજમ આપવાનો હુકમ જે શખસની ઉપર કરયો હોય તે શખસની હાલતમાં ફેરફાર થયો છે એવો પુરાવો થએથી તે લવાજમમાં પોતાને યોગ્ય લાગે એવો ફેરફાર કરવાને તે માજીસતરેટ મુખત્યાર છે, પણ એવું ઠરાવ્યું છે કે એકંદર રકમ દરમાસે પચાસ રૂપીયાથી વધારે થવી નહી જોઇએ.

ગુજરાનનો હુકમ જબરાથી અમલમાં લાવવા બાબત.

૪૯૦ ગુજરાનનો હુકમ જે શખસના લાભમાં કરયો હોય તે શખસને અથવા તેના કોઇ વાલી હોય તો તેને, અથવા જે શખસને તે લવાજમ આપવાનું હોય તેને વગર ખરચે તે હુકમની એક નકલ આપવી; અને જે શખસની ઉપર તે હુકમ કરયો હોય તે શખસ જે જગાએ હોય તે જગામાં

કોઈ પણ માજીસતરેટની એવી ખત્રી થાય કે હુકમના પક્ષકાર તેજ છે, અને જે લવાજમ દેવું થયું છે તે લવાજમ આપ્યું નથી એટલે સદરહુ હુકમ અમલમાં લાવવાનો અધીકાર સદરહુ માજીસતરેટને છે.

બાબ ૩૧ મો

હેબિયસકાર્પસના જેવા પ્રકારના હુકમ બાબત.

હેબિયસકાર્પસનાજેવા પ્રકારનો હુકમ કાઢવાનો અધિકાર — ૪૯૧ કલકત્તા, મદ્રાસ તથા મુંબાઇ માંહેની ઇનસાફની હાઇકોરટો માંની કોઇપણ હાઇકોરટને દુરસ્ત લાગે ત્યારે તે હેઠળ લખ્યા મુજબ ફરમાવવાને મુખત્યાર છે—

[અ] પોતાની મામુલ અસલ દિવાની હુકુમતની હદ માંહેના કોઇ શખસનાં કાયદા મુજબ તજવીજ થવા માટે તેને પોતાના આગળ આણવો, એવું;

(બ) સદરહુ હદ માંહે સરકારી અથવા ખાનગી પેહરામાં ગેર કાયદેસર અથવા ગેરવ્યાજબી રીતે અટકાવી રાખેલા કોઇ શખસને છોડી દેવો, એવું;

(ક) સદરહુ હદ માંહે આવેલી કોઇ પણ તુરંગનાં કોઇ કેદીને અટકાવી રાખ્યો હોય તે કેદીને સદરહુ કોરટમાં જે કામ ચાલુ હાય અથવા જે કામની ચોકશી કરવાની હોય તે કામમાં શાહેદ દાખલ તપાસવા માટે તેને તે કોરટની આગળ આણવો, એવું;

(ડ) ઉપર કહ્યા મુજબ કોઇ કેદીને અટકાવી રાખ્યો હોય તેને કોઇ કોરટ માર્શીયલની આગળ અથવા ગવરનર જનરલ ઇન કોંઉન્સિલ તરફથી કહાડેલાં કોઇપણ કમિસનને આધારે કામ કરનારા કોઇ પણ કમિશનરોના આગળ તેનો ઇનસાફ થવા સારૂ અથવા સદરહુ કોરટ માર્શીયલની અથવા કમીશનરોની આગળ જે બાબત ચાલુ હોય તે બાબત સંબંધી તને તપાસવા સારૂ સદરહુ કોરટ માર્શીયલની અથવા કમિશનરોની આગળ આણવો, એવું;

(ઇ) સદરહુ હદ માંહેના કોઇ કેદીનો ઇનસાફ થવા સારૂ તેને એક પેહરામાંથી ખસેડીને બીજા પેહરામાં લઇ જવો એવું; અને

(ફ) પકડવાના હુકમ ઉપરથી શેરીફ સિપીકાર્પસનુ * રીટર્ન મોકલે એટલે સદરહુ હદ માંહેના કોઇ પ્રતિવાદીને જાતે આણવો એવું;

સદરહુ પ્રકારની દરેક હાઇકોરટ આ કલમ મુજબની બાબતામાં કામ ચલાવવાની રીત સંબંધી નિયમન કરવા સારૂ વખતે વખતે કાનુન કરવાને મુખત્યાર છે.

આ કલમ માંહેનો કોઇ પણ મજકુર બંગાળાના સન ૧૮૧૮ ના ૩ જા કાયદા પ્રમાણે અથવા મદ્રાસના સન ૧૮૧૯ ના ૨ જા કાયદા પ્રમાણે અથવા મુંબાઇના સન ૧૮૨૭ ના ૨૫ મા કાયદા પ્રમાણે અથવા ગવરનર જનરલ ઇન કાઉન્સિલના સન ૧૮૫૦ ના ૩૪મા અથવા સન ૧૮૫૮ ના ૩ જા આકટ પ્રમાણે અટકાવી રાખેલા શખસોને લાગુ નથી.

---

* જેને પકડવો હોય તેને કબજામાં લીધો છે એવું પત્ર.

ભાગ ૯ મો.

પુરવણી ઠરાવો.

બાબ ૩૮ મો.

પબલીક પ્રાસિક્યુટર બાબત એટલે સરકારની તરફથી ફરિયાદ પક્ષનું કામ ચલાવવા સારૂ ઠરાવેલા માણસ બાબત.)

પબલીક પ્રાસિક્યુટ રો નિમવાનો અધિકાર.

૪૯૨. સામાન્ય રીતે અથવા ગમે તે મુકદમામાં અ થવા ગમે તે વરગના મુકદમા સારૂ કોઇ પણ સ્થાનિક ક્ષેત્રમાં એક અથવા વધારે અમલદારો નિમવાને ગવરન રલ જનર ઇનકાંઉસિલ અથવા સ્થાનિક સરકાર મુખત્યાર છે, અને તે અમલદારો ને પબલીક પ્રાસિક્યુટરો કેહેવા.

સેશનકોરટમાં ઇનસાફ થવા સારૂ કોઇ પણ મુકદમો કમ્મિટ કરયો હોય તેમાં પ બલીક પ્રાસિક્યુટર ગેરહાજર હોય, અથવા કોઇ પણ પબલીક પ્રાસિક્યુટરને ની મ્યોજ ન હોય ત્યારે બીજો જે શખસ આસિસ્ટંટ ડિસ્ટ્રિક્ટ સુપીનટેન્ડેન્ટથી ઉતરતા દ રજ્જાનો પોલીસ અમલદાર ન હોય તે શખસને તે મુકદમાના કારણસારૂ પબલીક પ્રાસિક્યુટર નિમવાને જીલ્લા માજિસ્ત્રેટ અથવા જીલ્લા માજીસ્ત્રેટના નિર્બંધ મુજબ રહીને પેટા તુકડી માજીસ્ત્રેટ મુખત્યાર છે.

પબલીકપ્રાસિક્યુટર પોતાને સોંપેલા મુકદ મામાં સઘળી કોર્ટમાં બોલવાને મુખત્યારછે.

૪૯૩ પબલીક પ્રાસિક્યુટરને સોંપેલા હરકોઇ મુકદમા ની ચોકશીનું અથવા ઇનસાફનું અથવા અપીલનું કામ કોઇ કોરટમાં ચાલુ હોય ત્યારે તેને તે કોર્ટમાં લખેલાં મુખત્યાર નામા વગર હાજર થઇને બોલવાનો અખત્યાર છે, અને સદરહુ પ્રકારના કોઇ પણ મુકદમામાં કોઇપણ શખસની ઉપર કોઇ પણ કોરટમાં ફરીયાદ ચલાવવા મા ટે કોઇપણ શખસ કોઇ પ્લીડરને નીમે તો ફરીયાદનું કામ પબલીક પ્રાસિક્યુટરે ચલાવવુ અને જે પ્લીડરને એ પ્રમાણે નીમ્યો હોય તે પ્લીડરેતેના હુકમ પ્રમાણે તે મુક દમામાં ચાલવું.

ખાનગી રીતે કરે લા પ્લીડરોએ તેના તા બામાં રેહેવું.

ફરીયાદનું કામ ચ લાવવાનુ છોડીદેવામાં આવે તેનુ પરીણામ.

૪૯૪ ગવરનર જનરલ ઇન કાંઉસિલે અથવા સ્થાનિ ક સરકારે નિમેલા કોઇ પણ પબલીક પ્રાસિક્યુટર જ્યુરી થી ઇનસાફ કરવાના મુકદમાઓમાં જ્યુરીનો ઠરાવ કહી સંભળાવતાં પેહેલાં અને બીજા મુકદમાઓમાં ફૈસલો આ પતાં પેહેલાં કોરટની સંમતીથી કોઇ પણ શખસની ઉપર ફરીયાદનું કામ ચલાવ વાનું છોડી દેવાને મુખત્યાર છે, અને આ પ્રમાણે છોડી દેવું તે,

[અ] જો તહોમતનામું તઇયાર કરયા પેહેલાં એ પ્રમાણે છોડી દેવામાં આવે તો તે ઉપરથી તહોમતવાળાને તેડી મુકવો;

(બ) જો તહોમતનામું તઇયાર કરયા પછી અથવા આ કાયદા પ્રમાણે તહોમતના માંની જરૂર ન હોય ત્યારે જો એ પ્રમાણે છોડી દેવામાં આવે તો તહોમ

તવાળાને બીજા તકશીરવાર ઠેરવવો.

ફરિયાદ પક્ષનુ કામ ચલાવવાની પરવાનગી

૪૯૫ કોઇપણ માજીસ્ત્રેટ કોઇપણ મુકદમાની ચોકશી અથવા ઇનસાફનુ કામ કરતો હોય ત્યારે પોલીસ ઇન્સપેકટર ના દરજ્જા કરતાં ઉતરતા દરજ્જાના પોલીસ અમલદાર શિવાય બીજા કોઇપણ શખસને ફરીયાદ પક્ષનું કામ ચલાવવાની પરવાનગી આપવાનેતે મુખત્યાર છે; પણ સદરહુ પરવાનગી વગર એ પ્રમાણે કરવાનો હક, અડવોકેટજનરલ અથવા સ્ટાંડીંગ કાંઉસિલ અથવા સરકારી સોલીસિટર અથવા પબ્લિક પ્રાસિક્યુટર સિવાય અથવા બીજા જે અમલદારને સ્થાનિક સરકારે આ બાબત સામાન્યરીતે અથવા વિશેષે કરીને અધિકાર આપેલો હશે તે અમલદાર શિવાય બીજા કોઇ પણશખસને નથી.

ફરીયાદ પક્ષનુ કામ ચલાવનાર કોઇ પણ શખસ પોતાની જાતે અથવા કોઇ પ્લીડરની મારફતે એ પ્રમાણે કરવાને મુખત્યાર છે.

બાબ ૩૯ મો

જામીન બાબત.

જામીન લઇ શકાય એવો ગુન્હો હોયતોજામીન લેવા બાબત.

૪૯૬ જામીન નહીં લઇ શકાય એવા કોઇ ગુન્હાનું તહોમત જે શખસ ઉપર આવ્યુ હોય તે શખસ સિવાય બીજા કોઇપણ શખસને જે અમલદારના હવાલામાં કેઇ પોલીસ થાણું હોય તે અમલદાર વગર વારંટે પકડે અથવાઅટકાવી રાખે, અથવા કોઇ કોરટની આગળ તે શખસ હજર થાય અથવા તેને આણવામાં આવે, અને તે શખસ સદરહુ અમલદારના કેદમાં હોય ત્યારે અથવા સદરહુ કોરટની આગળ કામ ચાલતુ હોય ત્યાર કોઇપણ વખતે તે શખસ જામીન આપવાને તઇયાર હોય ત્યારે તેને જામીન ઉપર છોડવો; પણ એવું ઠરાવ્યું છે કે, જો સદરહુ અમલદારને અથવા કોરટને દુરસ્ત લાગે તો, તે શદરહુ શખસની પાશેથીજામીન લેવાને બદલે તે શખશ હાજર થવા બાબત આ કાયદ માં આગળ ઠરાવેલી રીતે વગર જામીને એક ખત કરી આપે એટલે તેને છોડી દેવાને મુખત્યાર છે.

જામીન નહીં લઇ શકાય એવોકોઇ ગુન્હો હોય તો જામીન કયારે લેવાનોઅધિકારછે.

૪૯૭ જામીન નહીં લઇ શકાય એવા કોઇપણ ગુન્હાનું તહોમત જે શખસની ઉપર આવ્યું હોય તે શખસને જે અમલદારના હવાલામાં કોઇ પોલીસથાણું હોય તે અમલદાર વગર વારંટે પકડે અથવા અટકાવી રાખે અથવાકોઇ કોરટની આગળ તે શખસ હાજરથાય અથવા તેનેઆણવામાં આવે, ત્યારે તેને જામીન ઉપર છોડવાનો અધિકાર છે, પણ જે ગુન્હાનું તહોમત તે શખસની ઉપર મુકયું હોય તે ગુન્હો તેણે કરયો છે એમ માનવાના વાજબી સબબ જણાય તો તેને એ પ્રમાણે છોડવો નહીં.

જો, તપાસ અથવા ચોકશી અથવા ઇનસાફ, જેમ હોય તેમ ચાલતો હોય ત્યારે કોઇપણ વખતે સદરહુ અમલદારને અથવા કોરટને એમ જણાય કે તહોમતવાળાએ સદરહુ ગુન્હો કરયો હોય એમ માનવાના વાજબી સબબ નથી, પણ તેની તકશીર

બાબત વધારે ચોકશી કરવાના પુરતા સબબ છે, તો સદરહુ ચોકશી થતાં સુધી તહો મતવાળાને જામીન ઉપર છોડવો, અથવા સદરહુ અમલદારની અથવા કોરટની નજરમાં આવે તો આ કાયદામાં અગાળ ઠરાવ્યા પ્રમાણે તહોમતવાળો હાજર થવા માટે વગર જામીને ખત લખી આપે તો તેને છોડવો.

આ કલમ પ્રમાણે જે શખસને છોડવામાં આવ્યો હોય તે શખસને, આ કાયદા પ્રમાણે ચાલતાં કામમાં પછી કોઇપણ વખતે પકડાવવાને અને તેને કેદમાં મોકલવાને હરકોઇ કોઇ કોરટ મુખત્યાર છે.

જામીન લેવાનુ અથવા જામીનની રકમ ઓછી કરવાનું ફરમાવવાનો અધિકાર.

૪૯૮ આ બાબ પ્રમાણે કરી આપવાના દરેક ખતની રકમ, મુકદ્દમાની હકીકત તરફ યોગ્ય લક્ષ આપીને મુકરર કરવી અને તે અતીશય ભારે હોવી નહીં જોઇએ અને કોઇપણ મુકદમામાં કોઇપણ શખસના જામીન લેવાનુ અથવા કોઇ પોલીસ અમલદારે અથવા માજીસ્ટ્રેટે માંગેલા જામીનની રકમ ઓછી કરવાનુ ફરમાવવાને હાઇકોરટ અથવા સેસનકોરટ મુખત્યાર છે, પછી તે મુકદમામાં ગુન્હો સાબીત થયાના ઠરાવ ઉપરથી અપીલ થાય કે નહીં તોપણ.

તહોમતવાળાનુ તથા જામીનોનું ખત.

૪૯૯ કોઇપણ શખસને જામીન ઉપર અથવા તેનાં પોતાના ખત ઉપર છોડતાં પેહેલાં જેટલી રકમ પોલીસ અમલદારને અથવા કોરટને, જેમ હોય તેમ, બસ લાગે તેટલી રકમનું ખત સદરહુ શખસે કરી આપવું, અને તેને જામીન ઉપર છોડવામાં આવે ત્યારે એક અથવા વધારે પુરતા જામીનોએ સદરહુ ખત કરી આપવુ એવી શરતે કે ફલાણે વખતે તથા જગાએ સદરહુ શખસ હાજર થશે, અને પ્રસંગ પ્રમાણે, તે પોલીસ અમલદાર અથવા કોરટ જુદી રીતે ફરમાવે ત્યાં સુધી તે તે પ્રમાણે હાજર થયા કરશે.

જરૂર હોય તો વળી જામીન ઉપર છોડેલા શખસને હાઇકોરટમાં અથવા સેસન કોરટમાં અથવા બીજી કોરટમાં તહોમતનો જવાબ દેવાને જ્યારે ફરમાવવામાં આવે ત્યારે હાજર થવાને તેને તે ખતથી બાંધી લેવો.

પેહેગમથી છોડીદેવા બાબત.

૫૦૦ તે ખત કરી આપવામાં આવે એટલે તુરત જે શખસે હાજર થવા બાબત તે ખત કરી આપવામાં આવ્યું હોય તે શખસને છોડવો અને તે તુરંગમાં હોય ત્યારે જે અમલદારના હવાલામાં તે તુરંગ હોય તે અમલદારની ઉપર તહોમતવાળાના જામીન લેનારી કોરટે છોડી દેવાનો હુકમ મોકલવો, અને તે હુકમ પોંહાચેથી સદરહુ અમલદારે તેને છોડવો.

આ કલમ માંહેના અથવા ૪૯૬ મી અથવા ૪૯૭ મી કલમ માંહેના કોઇપણ મચકુરથી એમ સમજવું નહીં કે જે બાબતના સંબધમાં તે ખત કરી આપ્યું હોય તે સિવાય બીજી કોઇ બાબત સારૂ અટકાવી રાખવા લાયક કોઇ શખસને છોડવાની જરૂર છે.

અપમલીપીજોજામીન ક્રબ્યો હોય ત્યારેપા

૫૦૧ જો ભુલથી અથવા દગાને લીધે અથવા બીજી રીતે કાચા જામીન કબુલ કરવામાં આવ્યા હોય અથવા પછ

કે જામીન આપવાના હુકમ કરવાનો અધિકાર.

વાડવા તેઓ કાચા થાય તો ફરીથી પકડવાનું વારંટ કાહાડીને જામીન ઉપર છોડેલા શખસને પોતાની આગળ આગળ આણવાનું ફરમાવવાને મુખત્યાર છે, અને પાકા જામીન ખોળી આપવાનો તેને હુકમ કરવાને, અને એ પ્રમાણે કરવામાં તે કસુર કરે તો તેને તુરંગમાં મોકલવાને કોરટ મુખત્યાર છે.

જામીનોને છુટા કરવા બાબત.

૫૦૨ જામીન ઉપર છોડેલા કોઈ શખસે હાજર રેહેવાબાબત તથા હાજર થવા બાબત જેઓ જામીન થયા હોય તે સઘળા અથવા હરકોઈ જામીન સદરહુ ખત તદન અથવા જેટલું પોતાની સાથે સંબંધ રાખતુ હોય તેટલું રદ કરવાની અરજી કોઈપણ વખતે કોઈ માજીસ્ત્રેટને કરવાને મુખત્યાર છે.

સદરહુ અરજી કરયા ઉપરથી તે માજીસતરેટે પોતાનું પકડવાનુ વારંટ કાહાડીને એ પ્રમાણે છોડેલા શખસને પોતાની આગળ આણવાનું ફરમાવવું જોઈએ.

સદરહુ શખસ તે વારંટની રૂઈએ હાજર થાય અથવા તે પોતાની મેળે આવીને તાબે થાય એટલે તે માજીસતરેટે તે ખત તદન અથવા જેટલું અરજદારની સાથે સંબંધ રાખતું હોય તેટલું રદ કરવાનું ફરમાવવું, અને સદરહુ શખસને બીજા પાકા જામીન ખોળી આપવાનું કેહેવુ. અને જો તે એમ પ્રમાણે ન કરે, તો તેને પેંહેરામાં મોકલવાને તે માજીસતરેટ મુખત્યાર છે.

બાબ ૪૦ મો.

શાહેદોની જબાની લેવા સારૂ કમિશનો બાબત.

શાહેદને હાજર થવાનુ કયારે માફ કરવાનો અધીકાર છે.

૫૦૩ આ કાયદા પ્રમાણે કોઈ ચોકશીનું અથવા ઈનસાફનું અથવા બીજુ કામ ચાલતું હોય તે દરમિયાનમાં કોઈ પ્રેસીડેન્સી માજીસતરેટને, જીલ્લા માજીસતરેટને, શેસન કોરટને અથવા હાઈકોરટને એમ જણાય કે ઈનસાફનો હેતુ પાર પાડવા માટે કોઈ શાહેદની જબાની લેવાની જરૂર છે, અને ઘણી વાર લાગ્યા વગર અથવા ઘણો ખરચ થયા વગર અથવા ઘણી અડચણ પડ્યા વગર સદરહુ શાહેદને હાજર કરી શકતો નથી, અને તેટલી બધી વાર લગાડવી અથવા ખરચ કરવો અથવા અડચણ કરવી તે વાત મુકદમાની હકીકત ઉપરથી વાજબી નથી ત્યારે સદરહુ માજીસતરેટ અથવા કોરટ તે શાહેદ હાજર ન થાય તો ચાલે એવું ઠરાવવાને મુખત્યાર છે, અને જે જીલ્લા માજીસતરેટની અથવા પેહલા વરગના માજીસતરેટની હકુમતની સ્થાનિક હદ માંહે સદરહુ શાહેદ રેહેતો હોય તે જીલ્લા માજીસતરેટની અથવા પેહલા વરગના માજીસતરેટની ઉપર સદરહુ શાહેદનો પુરાવો લેવા સારૂ કમીશન મોકલવાને મુખત્યારછે

કમિશન મોકલવું તથા તે મુજબ કામ ચલાવવાની રીત.

જયારે શાહેદ મલિકા માયાઝમાની સાથે સંપ રાખનારા કોઈ પણ રાજાના અથવા સંસ્થાનના મુલકોમાં રેહેતો હોય અને તેમાં હિંદુસ્તાનની બ્રિટિશ સરકાર તરફનો અમલદાર હોય ત્યારે તે કમિશન અમલદાર ઉપર મોકલવાનો અધી કાર છે.

જે માજીસતરેટની અથવા અમલદારની ઉપર તે કમિસન મોકલવામાં આવે તે માજીસતરેટે અથવા અમલદારે અથવા જો તે જીલ્લા માજીસતરેટ હોય તો તેણે અથવા પેહેલા વરગના જે માજીસતરેટને તે આ બાબત નીમે તે માજીસતરેટે જે જગાએ તે શાહેદ હોય ત્યાંહાં જવું અથવા તે શાહેદને પોતાની આગળ સમન કરવો, અને આ કાયદા પ્રમાણે વારંટના મુકદમાઓનો ઇનસાફ કરવા સારૂ જબાની લખી લેવા ની જે રીત ઠરાવી છે તે રીતે જબાની લખી લેવી, અને સદરહુ પ્રકારના મુકદમા ઓનો ઇનસાફ કરવા સારૂ જે અખ્તીઆર આપેલા છે તે અખ્તીઆર આ કારણ સારૂ ચલા વવાને તે માજીસતરેટ મુખત્યાર છે.

શાહેદ ઇલાકાના મુખ્ય શેહેર માંહે હોય ત્યારે કમિશન બાબત.

૫૦૪ જો તે શાહેદ કોઇ પણ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટની હકુમતની સ્થાનિક હદમાંહે હોય, તો કમિશન કાહાડના રો માજીસતરેટ અથવા કોરટ તે કમિશન સદરહુ પ્રેસી ડેન્સી માજીસ્ત્રેટની ઉપર મોકલવાને મુખત્યાર છે, અને તે પછી; સદરહુ શાહેદ જાણે પરેસીડેન્સી માજીસ્ત્રેટની આગળ કોઇ ચાલુ મુકદમા માં શાહેદ હોય એ પ્રમાણે તેને હાજર થવાની જરૂર પાડવાને અને તેની જબા ની લેવાને તે મુખત્યાર છે.

આ કલમ માંહેના કોઇ પણ મજકુરથી એમ સમજવું નહી કે વિકટોરીયાની કારકીર્દીના ૩૯ મા તથા ૪૦ મા સ્ટાટયુટના ૪૬ મા બાબની ૩ જી કલમ પ્રમા ણે કમીશનો કાહાડવાનો હાઇકોરટને જે અખ્તીઆર છે તેને બાધ થશે.

પક્ષકારોશાહેદનીજબાનીલેવાનેમુખત્યારછે

૫૦૫ આ કાયદા પ્રમાણે ચલાવેલા કોઇપણ કામમાં કમિશન કાહડયું હોય તે કામના પક્ષકારો, જે સ્વાલોતે કમિશન મોકલનારો માજીસ્ત્રેટ અથવા કોરટ તકરારી બાબતને લગતા ધારે તેવા પોતપોતાના સ્વાલો લખીને મોકલવાને મુખત્યાર છે, અને જે માજીસ્ત્રેટની અથવા અમલદારની ઉપર તે કમિશન મોકલવામાં આવે તે માજીસતરેટે અથવા અમલદારે સદરહુ સ્વાલો ઉપરથી તે શાહેદની જબાની લેવી જોઇએ.

સદરહુ પ્રકારનો હરકોઇ પક્ષકાર તે માજીસતરેટની અથવા અમલદારની આગળ પીલીડરની મારફતે અથવા જો તે પેહેરામાં ન હોય તો જાતે હાજર થવાને મુખ ત્યાર છે, અને સદરહુ શાહેદની તપાસણી, ઉલટ તપાસણી તથા ફેર તપાસણી (જેમ હોય તેમ) કરવાને મુખત્યાર છે.

કમીશન મોકલવાની અરજી કરવાનો જીલ્લામાંના તાબાનામાજીસતરેટનો અખ્તીઆર.

૫૦૬ જ્યારે જ્યારે પરેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા જી જીલ્લા માજીસતરેટ શિવાય બીજા કોઇ પણ માજીસતરેટ ની આગળ આ કાયદા પ્રમાણે કાંઇ ચોકશી અથવા ઇ નસાફ અથવા બીજું કામ ચાલે તે દરમ્યાનમાં એમ જ ણાય કે ઇનસાફનો હેતુ પાર પાડવા માટે કોઇ શાહેદનો પુરાવો જરૂરનો છે તે શાહેદની જબાની લેવા માટે એક કમીશન મોકલવું જોઇએ અને ઘણી વાર લાગ્યા વગર અથવા ઘણો ખરચ થયા વગર અથવા ઘણી અડ ચણ પડ્યા વગર સદરહુ શાહેદને હાજર કરી શકાતો નથી અને તેટલી બધી વાર

લંગાડવી અથવા ખરચ કરવો અથવા અડચાણ કરવી તે વાત મુકદમાની હકીકત ઉપરથી બાજબી નથી, ત્યારે ત્યારે શહરફુ માજીસતરેટે જીલ્લા માજીસતરેટને અરજી કરવી. અને તેનાં તે અરજી કરવાનાં કારણ જણાવવાં, અને જીલ્લા માજીસતરેટ આ કાયદામાં પાછળ ઠરાવેલી રીતે કમીશન મોકલવાને અથવા તે અરજી ના કબુલ કરવાને મુખત્યાર છે

કમિશન પાછું મોકલવા બાબત.

૫૦૭. ૫૦૩ જી અથવા ૫૦૬ ઠી કલમ પ્રમાણે મોકલેલુ કોઇ પણ કમીશન યોગ્ય રીતે બજાવી રહ્યા પછી, જે કોરટમાંથી તે મોકલ્યું હોય તે કોરટની ઉપર તે કમીશન અને તે ઉપરથી તપાશેલા શાહદની જબાની; એ પાછાં મોકલવાં; અને તે કમીશન તથા તેનુ રીટર્ન [પરીણામની હકીકત] તથા સદહુ જબાની સઘળે યોગ્ય વખતે જોવાની તેપક્ષકારનેછુટ છે એમ સમજવું; અને સઘળા વ્યાજબી અપવાદોને અનુસરીને તે કમીશન તથા તેનું રીટર્ન તથ તે જબાની એમાંના ગમે તે પક્ષકારને તે મુકદમામાં પુરાવામાં વાંચવાનો અધિકાર છે, અને તે દફ્તરના ભાગ થશે.

ચોકશીઅથવાઇનસાફ મુલતવી રાખવા બાબત.

૫૦૮ જે જે મુકદમમાં ૫૦૩ જી અથવા ૫૦૬ ઠી કલમ પ્રમાણે કમિશન મોકલવામાં આવે તે તે મુકદમામાં તે કમીશન બજાવવા તથા રાટને મોકલવા માટે જેટલો વખત વ્યાજબી રીતે જોઇએ તેટલા અમુક વખત સુધી ચોકશી અથવા ઇનસાફ અથવા બીજું કામ મુલતવી રાખવાનો અધિકાર છે.

ભાગ ૪૧ મો.

પુરાવા બાબત વિશેશ નિયમો

વઇદ્યક શાહેદની જબાની.

૫૦૯ કોઇ શીવિલસ જન અથવા બીજા વઇદ્યક શાહેદની જે જબાની કેઇ માજીસતરેટે લીધી હોય અને જે ઉપર તે માજીસતરેટે તથા તવાગાની સમક્ષ સહી કરી હોય તે જબાની આ કાયદા પ્રમાણે કોઇ પણ ચોકશી ઇનસાફ અથવા બીજા કામમાં પુરાવામાં આપવાનો અધિકાર છે પછી તે જબાની આપનાર શાહદ દાખલ બોલાવ્યો ન હોય તો પણ હરકત નથી,

વઉદ્યક શાહેદને સમન કરવાનો અધિકાર

જો કોરટને દુરસ્ત લાગે તો તે સદરહુ જબાની આપનારને શમન કરીને તેની જબાનીના વિષય બાબત તેને તપાસવાને મુખત્યાર છે.

કેમિકલ એકઝામિનરનો રીપોર્ટ.

૫૧૦ આ કાયદા પ્રમાણે કેઇ પણ કામ ચાલતું હોય તે દરમિયાનમાં કાંઇ પદાર્થ અથવા વસ્તુની પરીક્ષા અથવા પ્રથક્કરણ કરીને તે બાબત રીપોરટ કરવાનુ કામ સરકારના *કેમિકલ એકઝામિનરને અથવા આસીસ્ટંટ કેમિકલ એકઝામિનરને બરાબર રીતે મોકલ્યું હોય તે બાબત તેની સહી વાળો રીપોરટ તરીકે જે દસ્તાવેજ હોય તે દસ્તાવેજ આ કાયદા પ્રમાણે કેઇ પણ ચોકશી ઇનસાફ અથવા બીજા

---

*રસાયન પારક્ષક,

કામમાં પુરાવા દાખલ વાપરવાનો અધીકાર છે.

અગાઉ તકસીરવાર અથવા બિન તકસીર વાર ઠરચાનો શાબીતી કેવી રીતે કરાય.

૫૧૧ આ કાયદા પ્રમાણે કોઇ પણ ચોકશી ઇનસાફ અથવા બીજું કામ ચાલે તેમાં, અગાઉ ગુન્હો શાબીત થયાનો અથવા ના શાબિત થયાનો ઠરાવ કોઇ પણ ચાલુ કાયદામાં ઠરાવેલી બીજી કોઇ પણ રીત શીવાય વળી હેઠળ લખેલી રીતે શાબિત કરવાનો અધિકાર છે, એટલે—

(અ) જે કોરટમાં સદરહુ ગુન્હો શાબિત થયાનો અથવા ના શાબિત થયાનો ઠરાવ થયો હોય તે કોરટનાં દફતર જે અમલદારના હવાલામાં હોય તે અમલદારે જે ઇનતેખાબ બાબત પોતાની સહી કરીને દાખલો આપ્યો હોય કે એ ઇનતેખાબ શિક્ષાના હુકમની અથવા બીજા હુકમની નકલ છે તે ઇનતેખાબથી; અથવા.

(બ) ગુન્હો શાબીત થયાનો ઠરાવ થયો હોય તો, જે તુરંગમાં શિક્ષા અથવા તેનો કોઇ પણ ભાગ અમલમાં આણ્યો હતો તે તુરંગ જે અમલદારના હવાલામાં હોય તે અમલદારની સહીવાળા દાખલાથી, અથવા કેદ કરવાનાં જે વારંટ પ્રમાણે શિક્ષા ભોગવવામાં આવી હતી તે વારંટ રજુ કરચાથી;

અને આમાંના દરેક પ્રસંગે, જે શખસની ઉપર સદરહુ પ્રમાણે ગુન્હો શાબીત થયાનો અથવા ના શાબીત થયાનો ઠરાવ થયો હોય તે શખસ આજ તહોમતવાળો શખસ છે એવો પુરાવો આપ્યાથી.

તહોમતવાળાનીગેરહાજરીમાં પુરાવો દફતરમાં લખી લેવા બાબત.

૫૧૨ જો એવું શાબિત થાય કે કોઇ તહોમતવાળો શખસ નાશી ગયો છે, અને તેને તાબડતોબ પકડવાની કાંઇ આશા નથી, તો જે ગુન્હાની ફરીયાદ થઇ હોય તે ગુન્હા માટે સદરહુ શખસનો ઇનસાફ કરવાને અથવા ઇનસાફ કરવા માટે કમીટ કરવાને જે કોરટ લાયક હોય તે કોરટ તે શખસની ગેરહાજરીમાં ફરીયાદી તરફથી સાહેદો રજુ કરચા હોય તો તેઓની જબાની લેવાને અને તે જબાનીયો લખી લેવાને મુખત્યાર છે. સદરહુ શખસને પકડવામાં આવે એટલે, જો તે જબાની આપનાર મરણ પામ્યો હોય અથવા સાહેદી આપવાને અશક્ત હોય અથવા ઘણી વાર લાગ્યા વગર અથવા ઘણો ખરચ થયા વગર અથવા ઘણી અડચણ પડયા વગર તેને હાજર કરી શકાતો નહી હોય અને તેટલી બધી વાર લગાડવી અથવા ખરચ કરવો અથવા અડચણ કરવી તે વાત મુકદ્દમાની હકીકત ઉપરથી વાજબી થતી નહી હોય તો, જે ગુન્હાનું તહોમત મુકયું હોય તે ગુન્હા બાબત તહોમતવાળાની ચોકશી અથવા ઇનસાફ થાય તે વખતે સદરહુ જબાની તેની વિરૂદ્ધ પુરાવામાં આપવાનો અધિકાર છે.

બાબ ૪૨ મો.

ખત સંબંધી ઠરાવો.

મુચલકાને બદલે ના

૫૧૩ જ્યારે કોઇ પણ કોરટ અથવા અમલદાર જા

ણાંની રકમ અનામત મુકવા બાબત.

મીન સાથે અથવા વગર જામીને ખત કરી આપવાનું કોઇ શખસને ફરમાવે, ત્યારે સારી રીતે ચાલવા બાબત ખત કરી આપવાનું હોય તે બાબત શિવાય કરીને તે ખત કરી આપવાને બદલે નાણાંની અથવા સરકારી પ્રામીસરી [વ્યાજની) નોટની જેટલી રકમ શદરહુ કોરટ અથવા અમલદાર ઠરાવે તેટલી રકમ અનામત મુકવાની પરવાનગી તે શખસને આપવાને શદરહુ કોરટ અથવા અમલદાર મુખત્યાર છે

ખતની શરત તોડેથી કેમ કરવું.

૫૧૪ જ્યારે જ્યારે હેઠળ લેખ્યા પ્રમાણે શાબેત થાય અને જે કોરટે આ કાયદા પ્રમાણે કાંઇ ખત લીધું હોય તેની, અથવા કોઇ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટની અથવા પેહેલા વરગના માજીસ્ત્રેટની કોરટની ખાત્રી થાય.

અથવા -કોઇ કોરટની આગળ હાજર થવા બાબતનું હોય ત્યારે, તે કોરટની ખાત્રી થાય,

કે સદરહુ ખત દંડમાં લેવા જોગ થયું છે. ત્યારે સદરહુ કોરટે તે શાબીતીના શાબબ દફતરમાં દાખલ કરવા. અને તે ખતમાં કહેલો દંડ આપવાનું અથવા ત શા સારૂ નહી આપવો જોઇએ તેનું કારણ બતાવવાનું સદરહુ ખતથી બાંધી લીધેલા કોઇપણ શખસને ફરમાવવાને તે કોરટ મુખત્યાર છે.

જો પુરતુ કારણ બતાવવામાં ન આવે, અને સદરહુ દંડ આપવામાં ન આવે, તો સદરહુ શખસની જંગમ મિલકત જપ્ત કરવા તથા વેચવા સારૂ વારંટ કાહાડીને તે દંડ વસુલ કરવાને તે કોરટ મુખત્યાર છે.

સદરહુ વારંટ જે કોરટે કાહાડયું હોય તે કોરટની હકુમતની સ્થાનિક હદ માંહે તે વારંટ બજાવવાનો અધીકાર છે; અને સદરહુ હદની બાહાર તે શખસની કાંઇપણ જંગમ મીલકત હોય તો જે જીલ્લા માજીસ્ત્રેટની હકુમતની સ્થાનિક હદ માંહે સદરહુ મીલકત જડે તે જીલ્લા માજીસ્ત્રેટ તે વારંટના ઉપર શેરોકરે એટલે તે મીલકત જપ્ત કરીને વેચવાનો અધિકાર તે વારંટથી મળશે.

જો સદરહુ દંડ આપવામાં નહી આવે, અને સદહુ જપ્તી તથા વેચાણથી તે વસુલ કરી શકાય નહી, તો શદરહુ પ્રમાણે જે શખસને બાંધી લીધો હોય તે શખસને વારંટ કાહાડનારી કોરટના હુકમથી દીવાની તુરંગમાં છ મહીના સુધીની મુદતની કેદને લાયક થશે.

કોરટની નજરમાં આવે તો તે લખી આપેલા દંડનો કોઇ પણ ભાગ માફ કરવાને અને ફકત થોડોજ ભાગ વસુલ કરવાને મુખત્યાર છે.

૫૧૪મી કલમ પ્રમાણે કરેલા હુકમોઉપર અપીલો બાબત તથા તે હુકમો તપાસવા બાબત.

૫૧૫ પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ અથવા જીલ્લા માજીસ્ત્રેટ શીવાય બીજા કોઇ પણ માજીસ્ત્રેટે ૫૧૪ મી કલમ પ્રમાણે કરેલા શઘળા હુકમો ઉપર જીલ્લા માજીસ્ત્રેટને અપીલ કરી શકાશે અથવા જો એ પ્રમાણે અપીલ કરવામાં નહી આવે તો તે હુકમો દુરસ્ત કરવાનો જીલ્લા માજીસ્ત્રેટને અધીકાર છે.

કેટલાએક મુચલકા ઉપરથી લેહેણી થયેલી રકમ વસુલ કરવાનું ફરમાવવાનો અધિકાર.

૫૧૬ હાઇકોરટમાં અથવા સેશન કોરટમાં હાજર થવા તથા હાજર રેહેવા બાબતનાં ખત ઉપરથી લેહેણી થયલી રકમ વસુલ કરવાનું કોઇપણ માજીસતરેટને ફરમાવવાનેસદરહુ હાઇકોરટ અથવા શેશન કોરટ મુખત્યારછે.

બાબ ૪૩ મો

મિલકતની વ્યવસ્થા કરવા બાબત.

જે મિલકત સંબંધી ગુન્હો કરયો હોય તે મિલકતની વ્યવસ્થા કરવા બાબત હુકમ.

૫૧૭ જ્યારે કોઇ પણ ફોજદારી કોરટમાં કાંઇ ચોકશી અથવા ઇનસાફનું કામ પુરૂં થઇ રેહે, ત્યારે તે કોરટની આગળ રજુ કરેલા જે દસ્તાવેજ અથવા બીજી મિલકત સંબંધી કાંઇ પણ ગુન્હો કરયાનું જણાતું હોય અથવા કોઇ પણ ગુન્હો કરવા માટે જેનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેવા દસ્તાવેજની અથવા બીજી મિલકતની વ્યવસ્થા કરવા બાબત પોતાને યોગ્ય લાગે એવો હુકમ કરવાને તે કોરટ મુખત્યાર છે.

જ્યારે કોઇ હાઇકોરટ અથવા શેશન કોરટ સદરહુ પ્રકારનો હુકમ કરે અને સદરહુ મિલકત ઉપર જે શખસનો હક હોય તે શખસને તે મિલકત તે કોરટના પોતાના અમલદારની મારફતે સ્વાધીન કરવાનુ સુગમ પડી શકતું નહી હોય, ત્યારે જીલ્લા માજીસ્ત્રેટે તે હુકમ અમલમાં લાવવો એવું ફરમાવવાને તે કોરટ મુખત્યાર છે.

જે મુકદમામાં અપીલ ચાલતી હોય તે મુકદમામાં આ કલમ મુજબ કાંઇ હુકમ કરવામાં આવે ત્યારે (તે મિલકત જીવતાં જાનવર નહી હોય અથવા તે એની મેળે વેહેલી બગડી જાય એવી નહી હોય તો] સદરહુ અપીલ કરવા સારૂ આપેલી મુદત વીતી જાય ત્યાંહાં સુધી અથવા સદરહુ અપીલ તે મુદતની અંદર કરવામાં આવે ત્યારે સદરહુ અપીલનો નીકાલ કરવામાં આવે ત્યાંહાં સુધી સદરહુ હુકમ બજાવવો નહી.

ખુલાસો.—આ કલમમાં "મીલકત" એ શબ્દમાં, જે મિલકત સંબંધી ગુન્હો કરયાનું જણાતું હોય તેવી મીલકત હોય તો, જે મિલકત અસલ કોઇ પણ પક્ષકારના કબજામાં અથવા અખત્યારમાં હોય તેવી મિલકતનોજ સમાસ થાય છે એટલુજ નહી, પણ તે મિલકતનું રૂપ ફેરવીને બીજી જે મિલકત કરી હોય તેનો અથવા બીજી જે મિલકત સાથે તે મીલકતનો બદલો કરયો હોત તે મીલકતનો પણ સમાસ થાય છે, અને એ પ્રમાણે રૂપ ફેરવીને અથવા બદલો કરીને શાક્ષાત અથવા બીજી રીતે મેળવેલી કોઇ પણ વસ્તુનો શમાસ થાય છે.

જીલ્લામાજીસ્ત્રેટનેઅથવા પેટાતુકડી માજીસ્ત્રેટને સોંપવાની રીત હુકમ કરવાનો અધીકાર છે.

૫૧૮ કોરટ ૫૧૭ મી કલમ પ્રમાણે હુકમ પોતેજ કરવાને બદલે તે મીલકત જીલ્લા માજીસ્ત્રેટને અથવા પેટા તુકડી માજીસ્ત્રેટને સ્વાધીન કરવાનું ફરમાવવાને મુખત્યાર છે, અને તે માજીસ્ત્રેટે, એવે પ્રસંગે જાણે તે મીલકત પોલીસે પકડેલી હોય અને તે પકડયાને

રીપોર્ટ આ કાયદામાં આગળ કહેલી રીતે પોતાને કરયો હોય એવી રીતે તે મીલકતની તજવીજ કરવી.

નિરપરાધી ખરીદદારને તહોમતવાળાના શરીર ઉપરથી જડેલા પઈસા આપવા બાબત.

૫૧૯. જે ગુન્હામાં ચોરીનો અથવા ચોરીની મીલકત લેવાનો સમાસ થતો હોય તે ગુન્હો, અથવા જે ગુન્હો ચોરી અથવા ચોરીની મીલકત લેવી એવો થતો હોય, તે ગુન્હો કોઇ પણ શખસની ઉપર ઠરાવવામાં આવે અને એવું શાબીત થાય કે તે મિલકત ચોરેલી છે એવું જાણ્યા વગર અથવા એવું માનવાનું કારણ હોયા વગર બીજા કોઇ શખસે તે ચોરીની મીલકત તેની પાસેથી ખરીદ કરેલી તથા તકશીરવાર ઠરાવેલા શખસને પકડયો ત્યારે તેના કબજામાંથી કંઇ પણ પઈસા કહાડેલા છે ત્યારે સદરહુ ખરીદદારની અરજી ઉપરથી અને ચોરીની મીલકતનો કબજો લેવાનો જે શખસનો હક્ક હશે તે શખસને તે મિલકત પાછી આપવામાં આવેથી સદરહુ ખરીદદારે આપેલી કિમત કરતાં વત્તી ન હોય એવી એક રકમ તેને સદરહુ પઈસામાંથી આપવી એવો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

૫૧૭મીઅથવા૫૧૮મી અથવા ૫૧૯ મી કલમ મુજબ કરેલો હુકમ અમલમાં લાવવાનું બંધ રાખવા બાબત.

૫૨૦ અપીલની, મંજુરીયતની, લખીને મોકલવાની અથવા તપાસની કોઇ પણ કોરટ ૫૧૭ મી, ૫૧૮ મી, અથવા ૫૧૯ મી કલમ મુજબ પોતાના તાબા માંહેની કોઇ કોરટે કરેલા હુકમ બાબત પોતે વિચાર કરે ત્યાં સુધી તે હુકમ અમલમાં લાવવાનું બંધ રાખવું એવું ફરમાવવાને મુખત્યાર છે; અને તે હુકમ બદલવાને અથવા તેમાં ફેરફાર કરવાને અથવા તે રદ કરવાને તે કોરટ મુખત્યાર છે.

આબરૂ લેવા જેવી તથા બીજી બાબતોનો નાશ કરવા બાબત.

૫૨૧. હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૯૨ મી, ૨૯૩ મી, ૫૦૧ લી અથવા ૫૦૨ જી કલમ પ્રમાણે ગુન્હો શાબીત થયાનો ઠરાવ કરવામાં આવે, ત્યારે જે વસ્તુના સબંધમાં તે ગુન્હો શાબીત થયો એવો ઠરાવ કરયો હોય તે વસ્તુની જે નકલો કોરટના હવાલામાં હોય અથવા તકશીરવાર ઠરેલા શખસના કબજામાં અથવા અખત્યારમાં રહેલી હોય તે સઘળી નકલોનો નાશ કરવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

તેવીજ રીતે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૭૨ મી, ૨૭૩ મી, ૨૭૪ મી, અથવા ૨૭૫ મી કલમ પ્રમાણે ગુન્હો શાબીત થયાનો ઠરાવ કરવામા આવે ત્યારે ખાવાની અથવા પીવાની જે વસ્તુના સંબંધમાં, અથવા જે વસાણાના સંબંધમાં અથવા તઈયાર કરેલાં જે ઔષધનાં સંબંધમાં તે ગુન્હો શાબીત થયાનો ઠરાવ કરયો હોય તેનો નાશ કરવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

સ્થાવર મીલકતનો કબજો પાછો આપવાનો અધીકાર.

૫૨૨ જે ગુન્હામાં સાપરાધ બળ વાપરયું હોય તે ગુન્હો કોઇ શખસની ઉપર ઠરાવવામાં આવે અને સદરહુ બળથી કાંઇ સ્થાવર મીલકતનો કબજો કોઇ શખસની પાસે

થી છીનવી લેવામાં આવ્યો છે એમ જો કોરટને જણાય, ત્યારે તે કોરટ જો યોગ્ય ધારે તો તે મીલકતનો કબજો તે શખસને પાછો આપવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

આ પ્રકારના કોઈ પણ હુકમ ઉપરથી કોઈ શખસ દિવાનીમાં ફરીયાદ કરીને તે સ્થાવર મિલકત ઉપર કાંઈ હક્ક અથવા તે મીલકતમાં કાંઈ હિત સંબંધ શાબિત કરી શકે તે હકને અથવા હિત સંબંધને હરકત પોંહોંચશે નહી.

૫૧મી કલમમુજબ લીધેલી મીલકતઅથવાચોરીની મીલકતપકડ્યાપછી પોલીસેકેમ કરવું.

૫૨૩. ૫૧મી કલમ મુજબ લીધેલી મીલકત અથવા કાંઈ મીલકત ચોરેલી છે એવું કેહેવામાં આવે અથવા એવો શક જાય તેવી મીલકત અથવા કાંઈપણ ગુન્હો થયાનો શક ઉત્પન થાય એવી સ્થીતીમાં જડેલી મીલકત કોઈપણ પોલીસ અમલદારના પકડવામાં આવે તે બાબત તુરત કોઈ માજીસ્ત્રેટને રિપોર્ટ કરવો, અને તે મીલકતનો કબજો લેવાનો જેશખસને હક હોય તે શખસને તે મિલકત સ્વાધીન કરવા સંબધી અથવા સદરહુ શખસ કોણ છે તે નક્કી થઇ શકે નહીં તો, તે મીલકત પેહેરામાં રાખવા સંબંધી તથા રજુ કરવા સંબંધી પોતાને દુરસ્ત લાગે એવો હુકમ તે માજીસ્ત્રેટે કરવો.

પકડેલી મીલકતનો ધણી માલમ પડ્યો નહીં હોય ત્યારે કેમ કરવું.

જે શખસનો એ પ્રમાણે હક્ક હોય તે શખસ માલમ પડ્યો હોય તો તે માજીસ્ત્રેટને કાંઈ શરત કરવાનું દુરસ્ત લાગે તે શરતે મીલકત તે શખસને સ્વાધિન કરવાનો હુકમ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે; જો સદરહુ શખસ માલમ નહીં પડ્યો હોય તો તે માજીસ્ત્રેટ તે મીલકત અટકાવી રાખવાને મુખત્યાર છે, અને તે પ્રસંગે તે માજીસ્ત્રેટે એક જાહેરનામુ કાહાડીને તે મીલકતમાં જે જે ચીજો હોય તે વિશેષે કરીને જણાવવી અને તેમાં એમ ફરમાવવું કે જે શખસનો એ મીલકત ઉપર દાવો હોય તે શખસે આ જાહેરનામાની તારીખથી છ મહીનામાં હાજર થઇને પોતાનો દાવો સાબીત કરવો.

છ મહીનામાં કોઈ દાવો કરનાર હાજર ન થાય તો શું કરવું.

૫૨૪ જો સદરહુ મુદતમાં કોઈ શખસ સદરહુ મીલકત ઉપર પોતાનો દાવો સાબિત ન કરે અને તે મીલકત જે શખસના કબજામાંથી જડેલી તે શખસને તે મીલકત કાયદાસર મળેલી એવું તે બતાવી નહીં શકે તો તે મીલકતપર સરકારનો વ્યવસ્થાધિકાર થશે, અને પ્રેસિડેન્સી માજીસ્ત્રેટના અથવા જીલ્હા માજીસ્ત્રેટના અથવા પેટાટુકડી માજીસ્ત્રેટના અથવા પેહેલા વરગના જે માજીસ્ત્રેટને સ્થાનિક સરકારે આ બાબત અધિકાર આપ્યો હોય તે માજીસતરેટના હુકમ પ્રમાણે તે મીલકત વેચવાનો અખત્યાર છે.

આ કલમ પ્રમાણે કરેલા દરએક હુકમની બાબતમાં અપીલ સદરહુ પ્રકારના હુકમ કરનારી કોરટ શિક્ષાના જે હુકમો કરે તે હુકમો ઉપર અપીલો જે કોરટમાં ચાલતી હોય તે કોરટમાં ચાલશે.

બગડી જાય એવી

૫૨૫ જો સદરહુ મીલકતનો કબજો લેવાને જે સખસ

મીલકત વેચવાનો અધિકાર.

નો હક હોય તે સખસ માલમ પડયો ન હોય અથવા ગેરહાજર હોય અને સદરહુ મીલકત એની મેળે વેહેલી બગડી જાય એવી હોય અથવા જે માજીસતરેટને તે મીલકત પકડયાનો રીપોરટ કરયો હોય તે માજીસતરેટનો મત એવો હોય કે તે મીલકતવેચવાથી તેના ધણીને ફાયદો થશે તો તે માજીસતરેટ ગમે તે વખતે વેચવાનુ ફરમાવવાને મુખત્યાર છે; અને સદરહુ વેચાણની નક્કી ઉત્પનને પ૨૩મી તથા પ૨૪મી કલમના ઠરાવો, બની શકે, તેટલે સુધી, લાગુ પડશે.

બાબ ૪૪ મો.

ફોજદારી મુકદમો બીજાની પાસે મોકલવા બાબત.

હાઈકોરટ મુકદમો બીજાની પાસે મોકલવાને અથવા પોતનીમેળે તેનો ઈનસાફ કરવાને મુખત્યાર છે.

પ૨૬ જ્યારે હાઈકોરટને એવું દેખાડવામાં આવેકે,—

(અ) તેના તાબા માંહેની કોઇ પણ ફોજદારી કોરટમાં કાંઇ ચોકશી અથવા ઇનસાફ વાજબી રીતે અને નીષ્પક્ષપાતથી થઇ શકશે નહીં અથવા,

(બ) કાયદાની અસાધારણ મુસ્કેલીવાળી કાંઇ તકરાર ઉઠે એવો સંભવ છે, અથવા

(ક) જે જગાએ અથવા જે જગાની પાસે કોઇ પણ ગુન્હો કરવામાં આવ્યો હોય તે જગા સદરહુ ગુન્હાની ખાત્રી લાયક ચોકશી અથવા ઇનસાફ કરવા માટે જોવાની જરૂર પડે અથવા,

[ડ] આ કલમ પ્રમાણે હુકમ કરવાથી પક્ષકારોને અથવા શાહેદોને સામાન્યરીતે સગવડ પડશે,

ત્યારે તે હેઠળ લખ્યા મુજબ હુકમ કરવાને મુખત્યાર છે,—

[૧] કોઇપણ ગુન્હાની ચોકશી અથવા ઇનસાફ, ૧૭૭થી ૧૮૪મી (એ બંને કલમો સુધ્ધાં) કલમો પ્રમાણે અધિકાર મળેલો ન હોય એવી પણ તે ગુન્હાની ચોકશી અથવા ઇનસાફ કરવાને બીજી રીતે લાયક હોય એવી કોઇપણ કોરટે કરવો એવો;

(૨) કોઇપણ મુકરર ફોજદારી મુકદમો અથવા અપીલ, અથવા કોઇપણ મુકરર વરગના સદરહુ પ્રકારના મુકદમા અથવા અપીલો, પોતાના અખત્યાર હેઠળની કોઇ ફોજદારી કોરટમાંથી ખસેડીને સમાન અથવા ઉંચી હુકમતવાળી સદરહુ પ્રકારની બીજી કોઇપણ ફોજદારી કોરટની પાસે મોકલવી એવો. અથવા

(૩) કોઇ પણ મુકરર ફોજદારી મુકદમો અથવા અપીલ પોતાની પાસે મોકલવી અને તેનો ઇનસાફ પોતે કરે એવો;

પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટની કોરટ શિવાય બીજી કોઇપણ કોરટ માંહેના કોઇપણ મુકદમાનો ઇનસાફ પોતાની આગળ કરવા માટે હાઇકોરટ તે મુકદમો તે કોરટમાંથી ખસેડી લે ત્યારે જો તે મુકદમો એ પ્રમાણે ખસેડી લેવામાં આવ્યો નહોત તો જે રીતે તે કોરટ કામ ચલાવત તેજ રીતે હાઇકોરટે, ૨૬૭મી કલમમાં ઠરાવ્યું છે તે

શિવાય બીજે પ્રસંગે સદરહુ ઇનસાફ કરવામાં કામ ચલાવવું.

આ કલમથી આપેલો અધિકાર ચલાવવા બાબતની દરએક અરજી દરખાસ્ત કરીને કરવી અને અરજદાર આડવોકેટ જનરલ નહોય ત્યારે તે દરખાસ્તના ટેકામાં આફિડેવિટ (સોગનનામું) અથવા પ્રતિજ્ઞા કરવી,

જયારે કોઇ તહોમતવાળો શખસ આ કલમ પ્રમાણે અરજી કરે ત્યારે જો મને તકશીરવાર ઠરાવવામાં આવશે, તો હું ફરીયાદી કામ ચલાવનારનો ખરચ આપીશ એવી શરતથી એક ખત જામીન સાથે કે વગર જામીને લખી આપવાનું તેને ફરમાવવાને હાઈકોરટ મુખત્યાર છે.

આ કલમ પ્રમાણે કરેલી અરજીનીનોટીસ પબ્લીક પ્રાસિક્યુટરને આપવા બાબત.

સદરહુ પ્રકારની કોઇપણ અરજી કરનારા દરએક તહોમતવાળા શખસે તે અરજીની લેખી નોટીસ તથા જે આધારે તે અરજી કરી હોય તે આધારોની એક નકલ પબ્લીક પ્રાસિક્યુટરને આપવી અને સદરહુ નોટીસ આપવામાં આવે ત્યારથી તે અરજીની સુનાવણી થતાં સુધીમાં ઓછામાં ઓછા ચોવીસ કલાક ગયા વગર તે અરજીના ગુણ દોષ ઉપરથી કાંઇ પણ હુકમ કરવો નહીં.

૧૯૭મી કલમ મુજબ કરેલા કોઇ પણ હુકમને આ કલમ માંહેના કોઇ પણ મજકુરથી બાધ થાય છે એવું સમજવું નહી

ફોજદારી મુકદમાત થા અપીલો બીજા પાસે મોકલવા બાબત ગવરનર જનરલ ઇન કાંઉસિલનો અખ્તીયાર.

પર૭ કોઇ પણ મુકરર ફોજદારી મુકદમો અથવા અપીલ એક હાઇકોરટમાંથી બીજી કોઇ હાઇકોરટની પાસે અથવા એક હાઇકોરટના તાબા માંહેની કોઇ પણ ફોજદારી કોરટમાંથી બીજી કોઇ હાઇકોરટના તાબા માંહેની સમાન અથવા ઉચી હકુમતવાળી બીજી કોઇ પણ ફોજદારી કોરટની પાસે મોકલવાથી ન્યાયનો હેતુ પાર પડસે અથવા પક્ષકારોને અથવા શાહેદોને સામાન્ય રીતે સગવડ પડશે એમ ગવરનર જનરલ ઇન કાંઉસિલને જાણાય ત્યારે ગ્યાઝેટ આફ ઇંડિયામાં જાહેરનામુ પ્રસિદ્ધ કરીને તે પ્રમાણે તે મુકદમો અથવા અપીલ મોકલવી એવું ફરમાવવાને તે મુખત્યાર છે.

જે કોરટની પાસે સદરહુ મુકદમો અથવા અપીલ મોકલવામાં આવે તે કોરટે જાણે તે મુકદમો અસલ પોતાને ત્યાહાં માંડેલો હોય અથવા તે અપીલ પોતાને કરી હોય એવી રીતે તેની તજવીજ કરવી.

મુકદમા લઇલેવાને અથવા બીજાને સોંપવાને જીલ્લા માજીસ્ત્રેટ અથવા પેટાતુકડી માજીસ્ત્રેટ મુખત્યાર છે.

પર૮. કોઇ પણ જીલ્લા માજીસ્ત્રેટ અથવા પેટા તુકડી માજીસ્ત્રેટ પોતાના તાબા માંહેના કોઇપણ માજીસ્ત્રેટની પાસેથી કોઇ પણ મુકદમો લઇ લેવાને અથવા સદરહુ પ્રકારના કોઇ પણ માજીસતરેટને જે મુકદમો પોતે સોંપ્યાં હોય તે મુકદમો પાંછો મંગાવી લેવાને મુખત્યાર છે, અને તે મુકદમાની ચોકશી અથવા ઇનસાફ પોતે કરવાને, અથવા તેની ચોકશી અથવા ઇનસાફ કરવાને લાયક હોય એવા સદરહુ પ્રકારના બીજા કોઇ પણ માજીસ્ત્રેટની પાસે ચોકશી અથવા ઇનસાફ થવા માટે તે મુકદમો

મોકલવાને મુખત્યાર છે.

(કેટલાએક) વરગના મુકદમા લઈ લેવાનો અધીકાર જીલ્લા માજીસતરેટને આપવાનો અખત્યાર.

જીલ્લા માજીસતરેટને પોતાના તાબા માંહેના માજીસટ્રેટો પાસેથી પોતાને દુરસ્ત લાગે એવા વરગના મુકદમા થવા મુકરર વરગના મુકદમા લઈ લેવાનો અધીકાર આપવાને સ્થાનીક સરકાર મુખત્યાર છે.

ભાગ ૪૫ મો.

ગેરશિરસ્તે ચલાવેલા કામ બાબત.

ચલાવેલું કામ જે ગેરશિરસ્તાના સબબથી રદ થતું નથી તેવા ગેર શીરસ્તા બાબત.

૫૨૯. હેઠળ લખેલી વાતોમાંની કોઈ પણ વાત કરવાનો અધીકાર જે માજીસતરેટને ન મળ્યો હોય એટલે:—

(અ) ૯૮ મી કલમ પ્રમાણે ઝાડો લેવાનું વારંટ કાહાડવું એવો.

(બ) ૧૫૫ મી કલમ પ્રમાણે પોલીસને કોઈ ગુન્હાની તપાસ કરવાનું ફરમાવવું એવો.

(ક) ૧૭૬ મી કલમ પ્રમાણે ઇનકવેસ્ટ ભરવી એવો.

(ડ) પોતાની હકુમતની સ્થાનિક હદ માંહેના કોઈ શખસે સદરહુ હદની બાહાર કાંઈ ગુન્હો કરયો હોય તે શખસને પોતાની હદમાં પકડવા માટે ૧૮૬ મી કલમ પ્રમાણે પરોસેસ કાહાડવી એવો.

(ઇ) ૧૯૧ મી કલમની રકમ (અ) અથવા રકમ (બ) પ્રમાણે કોઈ ગુન્હો સાંભળવો એવો;

(ફે) ૧૯૨ મી કલમ પ્રમાણે કોઈ મુકદમો બીજાની પાસે મોકલવો એવો;

(ગ) ૩૩૭ મી અથવા ૩૩૮ મી કલમ મુજબ માફીનું વચન આપવું એવો;

(હ) ૫૨૪ મી અથવા ૫૨૫ મી કલમ મુજબ મીલકત વેચવી એવો, અથવા

(આઇ) ૫૨૮ મી કલમ પ્રમાણે કોઈ મુકદમો ખેંચી લેવો અને તેનો ઇનસાફ પોતાની જાતે કરવો એવો;

તે માજીસતરેટ ચુક કરીને શુદ્ધબુદ્ધિથી તે વાત કરે, તો તેને એવો અધીકાર મળ્યો ન હતો એટલાજ સબબથી તેનું ચલાવેલું કામ રદ કરવું નહી.

ચલાવેલું કામ જે ગેરશિરસ્તાના સબબથી રદ થાય છે તેવા ગેરશિરસ્તા બાબત.

૫૩૦ જો કોઈ પણ માજીસ્ત્રેટને હેઠળ લખેલી વાતો કરવાનો અધિકાર કાયદાથી મળેલો ન છતાં તે માંહુની કેઇપણ વાત તે કરશે (એટલે):—

(અ) ૮૮ મી કલમ પ્રમાણે મિલકત જપ્ત કરીને વેચશે;

(બ) ટપાલ આફીસમાં કોઈ કાગળને માટે અથવા તાર ખાતામાં કોઈ તારને માટે ઝાડો લેવાનું વારંટ કાહાડશે.

(ક) સુલેહ રાખવા સારૂ તારણ માંગશે;

(ડી) સારી રીતે ચાલવા બાબત તારણ માગશે;
[ઇ] સારી રીતે ચાલવાને કાયદાની રૂએ બાંધી લીધેલા કોઇ શખસને છોડી દેશે;
[ફ] સુલેહ રાખવા બાબતનું ખત રદ કરશે;
[ગ] કોઇ સ્થાનિક અપકારક કૃત્ય સંબંધી ૧૩૩ મી કલમ પ્રમાણે કાંઇ હુકમ કરશે;
(હ) કોઇ લોકાપકારક કૃત્ય ફરીથી નહી કરવા બાબત અથવા જારી નહી રાખવા બાબત ૧૪૩ મી કલમ પ્રમાણે હુકમ કરશે;
(આઇ) ૧૪૪ મી કલમ પ્રમાણે કાંઇ હુકમ કાઢાડશે;
(જ) ૧૨ મા બાબ પ્રમાણે કાંઇ હુકમ કરશે;
(કે) ૧૯૧ મી કલમની રકમ (ક) પ્રમાણે કોઇ ગુન્હો સાંભળશે;
(લ) બીજા કોઇ માજીસ્ત્રેટે ચલાવેલાં તથા લખી લીધેલાં કામ ઉપરથી ૩૪૯ મી કલમ પ્રમાણે શિક્ષાનો હુકમ કરશે;
(મ] ૪૩૫ મી કલમ પ્રમાણે કામ મગાવશે;
(ન] ગુજરાન બાબત કાંઇ હુકમ કરશે;
[ઓ] ૫૧૪ મી કલમ પ્રમાણે કરેલા કોઇ હુકમ ૫૧૫મી કલમ પ્રમાણે તપાસશે;
(પ) કોઇ ગુન્હેગારનો ઇનસાફ કરશે,
(ક્યુ) સંક્ષેપ રીતે કોઇ ગુન્હેગારનો ઇનસાફ કરશે; અથવા
[ર) અપીલનો નિકાલ કરશે;
તો તેણે ચલાવેલું કામ રદ થશે.

ખોટી જગાએ ચલાવેલાં કામ બાબત.

૫૩૧ કોઇ પણ ચોકશી અથવા ઇનસાફ અથવા બીજું કામ ચાલતું હોય ત્યારે કોઇપણ ફોજદારી કોર્ટનો ઠરાવ થયો હોય અથવા તે કોરટે શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ કરયો હોય ત્યારે તે ચોકશી અથવા ઇનસાફ અથવા બીજું કામ જે સેશન તુકડીમાં અથવા જીલ્લામાં અથવા પેટા તુકડીમાં અથવા બીજા સ્થાનિક ક્ષેત્રમાં થવું જોઇએ ત્યાંહાં નહી થયું એટલાજ સબબ ઉપરથી સદરહુ ઠરાવ અથવા શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ રદ કરવો નહી. પણ સદરહુ ચુકથી ઇનસાફ બરાબર થયો નહી એમ જણાય તો જુદી વાત છે.

કમિટ કરવાના હુકમ ગેરશીરસ્તે કરયા હોય તે કયારે વ્યવહારોપયોગી કરી શકાય.

૫૩૨ જો કોઇ પણ માજીસ્ત્રેટ અથવા બીજા અધીકારી જે અધિકાર પોતાને આપેલા ન હોય તે જાણે પોતાને યોગ્ય રીતે આપેલા છે એવી રીતે તે અધિકાર ચલાવીને કોઇ તહોમતવાળા શખસને સેશન કોરટ અથવા હાઇકોરટની આગળ તેનો ઇનસાફ થવા સારૂ કમીટ કરે તો જે કોરટમાં તેને કમીટ કરવામાં આવે તે કોરટ, તે કામના કાગળપત્રો તપાસી જોયા પછી જો એમ ધારે કે તહોમતવાળાને નુકશાન થયું નથી તો તે કમિટ કરવાનો હુકમ કબુલ રાખવાને મુખત્યાર છે, પણ જો તે કામની ચોકશી ચાલતાના દરમીયાન અને કમીટ કરવાનો હુકમ થતા પેહેલાં સદરહુ માજીસ્ત્રેટની અથવા બીજા

અધિકારીની હકુમત વિશે તહોમતવાળા તરફથી અથવા ફરીયાદી તરફથી હરકત લે વામાં આવી ન હોય તો માત્ર તેવો અધિકાર છે.

જો તહોમતવાળાને નુકશાન થયુંછે એવું કોરટની નજરમાંઆવે અથવા ઉપર કહ્યા મુજબ હરકત લેવામાં આવી હોય, તો તેણે કમિટ કરવાનો હુકમ રદ કરવો. અને કેઇ લાયક માજીસતરેટને નવી ચોકશી કરવાનુ ફરમાવવું.

૧૬૪ મી અથવા ૩૬૪ મી કલમમાંહે ના ઠરાવો મુજબ ન ચાલવા બાબત.

૫૩૩ કોઇ તહોમતવાળા શખસની ૧૬૪ મી અથવા ૩૬૪ મી કલમ મુજબ લખી લીધેલી કબુલત અથવા બીજો મચકુર જે કોરટની આગળ પુરવામાં આવ્યો હોય તે કોરટ જો એવું ઠરાવે કે તે મચકુર લખી લેનારો માજીસ્ત્રેટ સદરહુ કલમના ઠરાવો પ્રમાણે પુર્ણ રીતે ચાલેલો નથી તો તે કોરટે લખી લીધેલો મજકુર સદરહુ શખસે યોગ્ય રીતે કહયો હતો તે બાબતનો પુરાવો લેવો; અને હિંદુસ્તાનના પુરાવાના આકટના ૯૧ મી કલમમાં ગમે તે કહ્યું હોય તોયપણ જો તે ચુકથી તહોમતવાળાને તે મુકદમાના ગુણ દોષ ઉપરથી પોતાનો જવાબ કરવામાં નુકશાન નહી પોંહચ્યું હોય તો સદરહુ મચકુર પુરાવામાં લેવો જોઇએ.

૪૫૪મી કલમની ૨ જી રકમથી ફરમાવે લો સવાલ નહી પુછવા બાબત

૫૩૪. ૪૫૪ મી કલમની ૨ જી રકમ લાગુ પડતી હોય એવી બાબતમાં, તમે રાણીસાહેબની વીલાયતી રઇયત છો કે નહી એમ કોઇ પણ શખસને પુછવામાં ન આવ્યું તેથી કોઇ પણ ચલાવેલાં કામના વ્યવહારોપયોગી પણાને બાધ થશે નહી.

તહોમતનામું તઇયાર નહી કરવાનું ફળ.

૫૩૫. કોઇ ઠરાવ કહી સંભળાવ્યો હોય અથવા કોઇ શિક્ષાનો હુકમ કરયો હોય ત્યારે તહોમતનામું તઇયાર કરયું નહોતું એટલાજ સબબ ઉપરથી તે ઠરાવ અથવા શિક્ષાનો હુકમ વ્યવહારોપયોગી નથી એમ સમજવુ નહી, પણ જો તેથી ઇનસાફ બરાબર થયો નથી એમ અપીલ કોરટની અથવા તપાસની કોરટની નજરમાં ન આવે તો વ્યવહારોપયોગી નથી એમ સમજવું નહી.

જો અપીલકોરટ અથવા તપાસની કોરટ એમ ધારે કે તહોમતનામું તઇયાર નહી કરવાથી ઇનસાફ બરાબર થયો નથી, તો તેણે હુકમનામું તઇયાર કરવાનો તથા તે તઇયાર કરયા પછીના લગતના પર્યાયથી ઇનસાફ પાછો શરૂ કરવાનો હુકમ કરવો.

આસેસરોની મદદથી ઇનસાફ થઇ શકે એવા ગુન્હાનો ઇનસાફ જ્યુરીથીકરવાબાબત

૫૩૬. આશેસરોની મદદથી ઇનસાફ કરવો જોઇએ એવા કોઇ ગુન્હાનો ઇનસાફ જ્યુરીથી કરવામાં આવે, તો તેજ સબબ ઉપરથી તે ઇનસાફનું કામ બીન વ્યવહારોપયોગી થશે નહી

જ્યુરીથી ઇનસાફ થઇ શકે એવા ગુન્હાનો ઇનસાફ આશેસરોની મદદથી કરવા

જ્યુરીથી ઇનસાફ કરવો જોઇએ એવા કેઇ ગુન્હાનો ઇનસાફ આશેસરોની મદદથી કરવામાં આવે તો કોરટ પોતાનો ઠરાવ દફતરમાં દાખલ કરે તેની અગાઉ તે વિશે હરકત લેવામાં ન આવે તો તેજ સબબ ઉપરથી તે ઇન

બાબત.
ઠરાવ અથવા શિક્ષાનો હુકમ તહોમતનામમાં અથવા બીજાં ચલાવેલાં કામમાં ચુક અથવા કસુરના સબબથી ક્યારે રદ થઇ શકે.

સાફનું કામ બીન વ્યવહારોપયોગી થશે નહી.

૫૩૭ યોગ્ય હુકમતવાળી કોઇ કોરટે કાંઇ ઠરાવ, શિક્ષાનો હુકમ અથવા (બીજો) હુકમ કરયો હોય તે, આ કાયદામાં પાછળ કહેલા ઠરાવોનુ ધોરણ રાખીને ૨૭ મા બાબ પ્રમાણે અથવા અપીલમાં અથવા તપાસમાં હેઠળ લખેલાં કારણસર રદ કરવો નહી અથવા ફેરવવો નહી, એટલે—

ફરીયાદમાં અથવા સમનમાં અથવા વારંટમાં અથવા તહોમતનામામાં અથવા ફૈસલામાં અથવા ઇનસાફ થતાં પેહેલાં અથવા ઇનસાફ થતો હોય ત્યારે ચલાવેલાં બીજાં કામમાં, અથવા આ કાયદા પ્રમાણે કાંઇ પણ ચોકશીમાં અથવા બીજાં ચલાવેલાં કામમાં કાંઇ પણ ચુક અથવા કસુર અથવા ગેર શીરસ્તો થયાને લીધે, અથવા

૧૯૫ મી કલમ પ્રમાણે જે મંજુરીયતની જરૂર હોય તે મંજુરીયત નહી હોવાને લીધે, અથવા

૩૨૪ મી કલમ પ્રમાણે જ્યુરરોની અથવા આશેસરોની ટીપ સુધારવાની કસુરને લીધે, અથવા

જ્યુરીને કરેલા આદેશમાં કોઇપણ ચુક થયાને લીધે;

પણ જો સદરહુ ચુકથી, કસુરથી, ગેરશીરસ્તાથી, મંજુરીયત ન હોવાથી અથવા જ્યુરીને કરેલા આદેશમાંહેની ચુકથી ગેરઇનસાફ થયો ન હોય તો ન રદ કરવો અથવા ન ફેરવવો.

ચલાવેલા કામમાં ખામીને લીધે અથવા રીતની કસુરને લીધેજ સિ ગેરકાયદેસર થશે નહી અને જપ્તી કરનાર સાપરાધ પ્રવેશ કરનાર થશે નહીં.

૫૩૮ આ કાયદા પ્રમાણે કાંઇ જપ્તી કરવામાં આવે ત્યારે સમનમાં, ગુન્હાની શાબીતીના ઠરાવમાં, જપ્તીના હુકમમાં અથવા તે સંબંધી ચલાવેલાં બીજા કામમાં કાંઇ પણ ખામીને લીધે અથવા રીતની કસુરને લીધે તે જપ્તી બીન વ્યવહારોપયોગી ગણવી નહી, અને તે જપ્તી કરનાર શખસને સાપરાધ પ્રવેશ કરનાર ગણવો નહી.

બાબ ૪૬ મો.

પરચુરણ.

જે કોરટોની તથા શખસોની આગળ સોગનનામાં કરવાનો અખતીયાર છે તે

૫૩૯ કોઇપણ હાઇકોરટની આગળ અથવા સદરહુ કોરટના કોઇ પણ અમલદારની આગળ કામમાં લેવાનાં સોગનનામાં તથા પ્રતિજ્ઞાઓ સદરહુ કોરટની આગળ અથવા ક્લારક અફ ધી કરોનની આગળ, અથવા તે કામ માટે નિમેલા કોઇ પણ કમિશનર અથવા બીજા શખસની આગળ, અથવા કોઇ પણ જડજની આગળ, અથવા બ્રિટિશ ઇંડિયામાં રેકર્ડની કોઇ પણ કોરટમાં કોઇપણ સોગનનામાં લેવા માટે નિમેલા કોઇ પણ કમીશ

નરની આગળ, અથવા ઈંગ્લાંડમાં અથવા આયરલાંડમાં ચેન્સરીમાં શોગન આપવા માટે નિમેલા કોઇ પણ કમીશનરની આગળ, અથવા સ્કાટલંડમાં શોગનનામાં અથવા પ્રતિજ્ઞાઓ લેવાનો અધીકાર જે માજીસ્ત્રેટને આપ્યો હોય તે માજીસતરેટની આગળ, કરવાનો અધિકાર છે.

મુદ્દાના શાહેદને સમન કરવાનો, અથવા હાજર હોય એવા સખસની જબાની લેવાનો અધિકાર.

૫૪૦ આ કાયદા પ્રમાણે કાંઇ પણ ચેકશી, ઇનસાફ અથવા બીજું કામ ચલાવવામાં આવતું હશે ત્યારે ગમે તે વખતે કોઇ પણ કોરટ કોઇ પણ શખસને શાહેદ દાખલ સમન કરવાને, અથવા કોઇ પણ શખસ હાજર હોય તેને શાહેદ દાખલ સમન કરયો ન હોય તો પણ તેની જબાની લેવાને, મુખત્યાર છે; અથવા જે શખસની જબાની લેવઇ ચુકી હોય તે શખસને ફરીથી બોલાવીને તેની ફરી તપાસ કરવાને મુખત્યાર છે; અને જો સદરહુ પ્રકારના કોઇ પણ શખસની શાહેદી તે મુકદમાનો વ્યાજબી ફૈસલો કરવા માટે તે કોરટને જરૂરની જણાય, તો તેણે તે શખસને સમન કરીને તેની તપાસ કરવી અથવા તે શખસને ફરીથી બોલાવાને તેની ફરીથી તપાસ કરવી.

કેદની જગા મુકરર કરવાનો અધિકાર.

૫૪૧ કોઇ પણ ચાલુ કાયદાથી બીજી રીતે ઠરાવ્યું નહીં હશે તો જે શખસને આ કાયદા પ્રમાણે કેદ કરવાનો અથવા પેહેરામાં મોકલવાનો અધિકાર હશે તે શખસને કઇ જગામાં કેદ રાખવો એ ફરમાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે.

કેદી તુરંગમા હોય તેની જબાની લેવા માટે તેને આણવાનો હુકમ કરવાનો પ્રેસીડેન્સી માજીસતરેટનો અખત્યાર.

૫૪૨ સન ૧૮૬૯ ના કેદીઓની શાહેદી બાબતના આકટમાં ગમે તે કહ્યું હોય તે છતાં કોઈ પણ પ્રેસીડેન્સી માજીસતરેટ પોતાની હુકમતની સ્થાનિક હદમાંહેની કોઇ પણ તુરંગમાં કેદ રાખેલા કોઇ પણ શખસને પોતાની આગળ કોઇ પણ ચાલુ મુકદમામાં શાહેદ દાખલ અથવા તોહમતવાળા શખસ દાખલ તપાસવાની ખાયશ રાખતો હોય તો સદરહુ તુરંગ જે અમલદારના હવાલામાં હોય તે અમલદારને હુકમ મોકલીને તે માજીસતરેટ એવું ફરમાવવાને મુખત્યાર છે કે તે કેદીને અમારી આગળ તેની જબાની લેવા સારૂ યોગ્ય પેહેરા સાથે ફલાણે વખતે આણજો, તે વખત તે હુકમમાં લખવો.

સદરહુ તુરંગ જે અમલદારના હવાલામાં હોય તે અમલદારે સદરહુ હુકમ પહોંચેથી તે મુજબ ચાલવું, અને ઉપર કહેલાં કારણ સારૂ તે કેદી તુરંગમાંથી કેદી ગેરહાજર રહે તે દરમિયાનમાં તેને સારી રીતે જાપતામાં રાખવા સારૂ બંદોબસ્ત કરવો.

દુભાશીયાએ ખરો તરજુમો કરીને સમજાવવું.

૫૪૩ જ્યારે કોઇ પુરાવો અથવા મચકુર સમજાવવા સારૂ કોઇ ફોજદારી કોરટને કોઇપણ દુભાશીયાનો ઉપયોગ કરવો પડે, ત્યારે તે પુરાવાનો અથવા મચકુરનો ખરેખરો તરજુમો કરીને કેહવાની તે દુભાશીયાની ફરજ છે એમ સમજવું.

ફરીયાદીઓના ત

૫૪૪. ગવરનર જનરલ ઇન કાંઉસીલની આગન્યાથી મ

સાહેદોના ખરચબાબત.

જુરી લઈને સ્થાનિક સરકારે કાંઈ પણ કાનુન કરી હોય તે કાનુનને અનુસરીને, કોઈ પણ ફોજદારી કોરટ આ કાયદા પ્રમાણે પોતાની આગળ કોઈ પણ ચોકશી; ઇનસાફ અથવા બીજું કામ ચલાવવામાં આવે તે કારણસારૂ કોઈ પણ ફરીયાદી અથવા શાહેદ હાજર થાય તેનો વ્યાજબી ખરચ, સરકાર તરફથી આપવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

દંડમાંથી ખરચઅથવા નુકશાનીનો અવેજ આપવાનો કોરટનો અખતીઆર.

૫૪૫ જ્યારે કોઈ ફોજદારી કોરટ કોઈ પણ ચાલુ કાયદા પ્રમાણે દંડ કરે અથવા અપીલમાં અથવા તપાસમાં અથવા બીજી રીતે દંડની શિક્ષા અથવા જે શિક્ષાનો એક ભાગ દંડ હોય તેવી શિક્ષા મંજુર કરે, ત્યારે ફેસલો કરતી વખતે તે કોરટ વસુલ કરેલો સઘળો દંડ અથવા તેમાંનો અમુક ભાગ હેઠળ લખ્યા પ્રમાણે ઉપયોગમાં લેવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

(અ) ફરીયાદનું કામ ચલાવવામાં વાજબી રીતે થએલો ખરચ પુરો પાડવા સારૂ;

(બ) જ્યારે તે કોરટના મત પ્રમાણે, દિવાની દાવાથી નુકશાનનો ભારે બદલો મળી શકતો હોય ત્યારે કરેલા ગુનાહથી થએલા નુકશાનનો બદલો આપવા સારૂ

જેમાં અપીલ થઈ શકે એવા કોઈ મુકદમામાં જો તે દંડ કરવામાં આવે તો અપીલ કરવા માટે આપેલી મુદત વીતી ગયા પેહેલાં, અથવા; જો અપીલ કરવામાં આવે તો, તેનો ફેસલો થતાં પેહેલાં, સદરહુ ખરચ અથવા નુકશાનનો અવેજ આપવો નહી.

પાછીથી દિવાનીમાં કરેલી ફરીયાદમાં ઉપર મુજબ આપેલી રકમો હિસાબમાં લેવી.

૫૪૬ પછી તેજ બાબત સંબંધી દીવાની દાવો કરવામાં આવે તેમાં નુકશાનીનો અવેજ આપવાનો હુકમ કરતી વખતે, ૫૪૫ મી કલમ પ્રમાણે નુકશાનીના અવેજ દાખલ જે રકમ આપી હોય અથવા વસુલ કરી હોય તે રકમ કોરટે હિસાબમાં લેવી.

જે પઈસા આપવાનો હુકમ કર્યો હશે તે દંડતરીકે વસુલ કરી શકાશે.

૫૪૭ આ કાયદા પ્રમાણે કરેલા કાંઈ પણ હુકમની રૂએ (દંડ શિવાય બીજા) જે પઈસા આપવાના હશે તે જાણે દંડ હોય એવી રીતે વસુલ કરી શકાશે.

ચલાવેલા કામના કાગળોની નકલો.

૫૪૮ કોઈ ફોજદારી કોરટે કરેલા કોઈ ફેસલામાં અથવા હુકમમાં જે શખસનો સંબંધ હોય તે શખસ જ્યુરીને જડજે જે આદેશ કર્યો હોય તેની અથવા કોઈપણ હુકમની અથવા જબાનીની અથવા કાગળપત્રના બીજા કોઈ પણ ભાગની નકલ લેવાની ખાયશ રાખતો હોય, તો તે અરજી કરે એટલે તેને તે નકલ આપવી; પણ એવું ઠરાવ્યું છે કે કાંઈ વિશેષ કારણસર તે નકલ મફત આપવાનું કોરટને યોગ્ય લાગતું નહી હોય તો તે શખસે તે નકલોનો ખરચ આપવો.

કોરટ માર્શલથી ઇનસાફ થવાને પાત્ર હોય તેવા શખસોને લશકરી અધિકારીઓ

૫૪૯. જે શખસોને લશ્કરી કાયદો લાગુ હોય તે શખસોનો ઇનસાફ જે કોરટને આ કાયદો લાગુ થાય તે કોરટે કરવો જોઈએ કે કોરટ માર્શિયલથી કરવો જોઈએ તેવી બાબતો સંબંધી ગવનર જનરલ ઇનકાઉન્શીલ આ કાયદાને

નેં સ્વાધીન કરવાબા બત.

તથા સન ૧૮૮૧ના આર્મી આકટને અથવા એવા હરકોઇ ચાલુ કાયદાને અનુસરતી કાનુનો કરવાને મુખત્યાર છે; અને જ્યારે કોઇ પણ શખસને કોઇ માજીસ્ત્રેટ આગળ આણ્યો હોય અને જે ગુન્હા બાબત સન ૧૮૮૧ આર્મી આકટની ૪૧ મી કલમ પ્રમાણે તેનો ઇનસાફ કોરટ મારશીયલથી કરવા જોગ હોય તે ગુન્હેનું તહોમત તેની ઉપર મુકયું હોય ત્યારે તે માજીસ્ત્રેટે સદરહુ કાનુનો નજરમાં રાખીને અને યોગ્ય પ્રસંગે તે શખસને કોરટ મારશીયલથી તેનો ઇનસાફ થવા માટે જે રેજીમેંટ પલટણ અથવા ટુકડીમાં તે શખસ હોય તે રેજીમેંટ, પલટણ અથવા ટુકડીના કમાંડીંગ અમલદારને, અથવા પાસેમાં પાસેની લશકરી છાવણીના કમાંડીંગ અમલદારને, જેગુન્હાનું તહોમત તે શખસની ઉપર આવ્યું હોય તે ગુન્હાની એક હકીકત સાથે સ્વાધીન કરવો.

સદરહુ પ્રકારના શખશોને પકડવાબાબત

સદરહુ પ્રકારની કોઇપણ જગાએ લશકરી સિપાઇની જે ટોળી છાવણી કરીને રહી હોય અથવા કામ કરતી હોય તે ટોળીના કમાંડીંગ અમલદાર જે શખસની ઉપર સદરહુ ગુન્હાનુ તહોમત આવ્યું હોય તે શખસને પકડીને જાપ્તામાં રાખવાસારૂ લખેલી દરખાસ્ત કરે તે માજીસ્ત્રેટને પહોંચેથી તેણે તેમ કરવાસારૂપોતાથી બનતી પરાકાષ્ટા કોશીશ કરવી.

ઊંચા દરજાના પોલીસ અમલદારોનાઅધિકાર.

૫૫૦ જે અમલદારના હવાલામાં પોલીસથાણું હોય તે અમલદાર પોતાના થાણાની હદમાં જે અધિકાર ચલાવી શકે તેજ અધીકાર સદરહુ અમલદારથી ઊંચા દરજાના અમલદારો જે સ્થાનીક હદમાં પોતાને નીમ્યા હોય તે સ્થાંનીક હદમાંહે સઘળે ઠેકાણે ચલાવવાને મુખત્યાર છે

જે સ્ત્રીયોનુ હરણ થયું હોય તે સ્ત્રીઓને છુટી કરી આપવાની જરૂર પાડવાનો અધીકાર

૫૫૧. કાંઇપણ ગેર કાયદેસર કારણસારૂ કોઇ સ્ત્રીનું અથવા ચઉદ વરસની અંદરની ઊંમરના કોઇ છોકરાનુ હરણ થયા વીસે અથવા તેને ગેર કાયદેસરરીતે અટકાવી રાખ્યા વીસે કોઇપ્રસીડેન્સી માજીસતરેટને અથવા જીલા માજીસતરેટને સોગન ઉપર ફરીયાદ કરવમાં આવે તેઉપરથી સદરહુ સ્ત્રીને તુરત છુટી કરવાનો અથવા સદરહુ છોકરી તેના ધણીને, માબાપને. વાલીને અથવા બીજા જે શખસના કાયદેસર હવાલામાં તે હોય તે શખસને તુરત પાછી આપવાનો હુકમ કરવાને અને તે હુકમ પ્રમાણે ચાલવાની જરૂર પાડવાને અને જરૂર પડે તો બળ વાપરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

ઇલાકાના મુખ્ય શેહેરમાં વગર સબબે જે શખસને હવાલામાંઆપ્યો હોય તે શખસને નુકશાનીઆપવા બા

૫૫૨. જ્યારે ઇલાકાના મુખ્ય શેહેરમાં કોઇ પણ શખસ બીજા કોઇ શખસને કોઇ પોલીસ અમલદાર પાસે પકડાવે, ત્યારે જે માજીસતરેટ તે મુકદમો સાંભળે તે માજીસતરેટને જો એમ જણાય કે એ પ્રમાણે પકડાવવાનો કાંઇ પુરતો સબબ નહોતો તો પચાસ રૂપીયા સુધી જેટલી

બત. નુકશાની તે માજીસતરેટ યોગ્ય ધારે તેટલી નુકશાની એ પ્રમાણે પકડાવનાર શખશે એ પ્રમાણે પકડેલા શખસને તેના વખતના નુકશાન બદલ તથા તે બાબતમાં થયલા ખરચ બદલ આપવાનો હુકમ કરવાને તે માજીસતરેટ મુખત્યાર છે,

સદરહુ પ્રકારના મુકદમામાં જો એક કરતાં વધારે શખસોને પકડવામાં આવે અથવા એક કરતાં વધારે શખશોની ઉપર ફરીયાદ કરવામાં તો પચાસ રૂપીયાસુધી જેટલી નુકશાની સદરહુ માજીસતરેટ યોગ્ય ધારે તેટલી નુકશાની તેવીજ રીતે તેમાંના દર એક શખસને આપવાનો હુકમ કરવાને તે માજીસતરેટ મુખત્યાર છે.

આ કલમ પ્રમાણે જે નુકશાની આપવાનો હુકમ કરયો હોય તે સઘળી નુકશાની જાણે તે દંડ છે એવી રીતે વસુલ કરવાનો અધીકાર છે અને જો તેએ પ્રમાણે વસુલ થઇ શકે નહી તો જે શખશે ન આપવાની હોય તે શખસને ત્રીસ દીવશસુધી જેટલી મુદત તે માજીસતરેટ ફરમાવે તેટલી મુદત સુધીની આસાન કેદની શિક્ષાનો હુકમ કરવો, પણ જો સદરહુ રકમ તે મુદત પુરી થતાં પેહેલા આપવામાં આવે તો તેને છોડી મુકવો.

તાબામાંહેનીકોરટો ના દફતર તપાસવાસારૂ કાનુનો કરવાનોચાર્ટડ હાઇકોરટોનોઅધિકાર.

૫૫૩ કલકત્તાની હાઇકોરટ, ગવરનર જનરલ ઇનકાઉંસીલની અગાઉથી મંજુરી લઇને અને રાયલ ચારટરથી સ્થાપેલી બીજી કોઇ હાઇકોરટ સ્થાનીક સરકારની અગાઉથી મંજુરી લઇને તાબા માંહેની કોરટોના દફતર તપાસવા સારૂ વખતે વખતે કાનુનો કરવાને મુખત્યાર છે.

બીજી હાઇકોરટોને બીજાં કારણોસારૂ કાનુનોકરવાનોઅધીકાર.

જે હાઇકોરટ રાયલ ચારટરથી સ્થાપેલી ન હોય તેવી દરેક હાઇકોરટ, સ્થાનિક સરકારની અગાઉથી મંજુરી લઇને વખતે વખતે,

(અ) પોતાના તાબા માંહેની સઘળી ફોજદારી કોરટોમાં જે ચોપડીઓ, નોંધો, તથા હિસાબો રાખવાના હોય તે સરવે ચોપડીઓ નોંધો તથા હિસાબો રાખવા માટે, તથા સદરહુ કોરટોએ જે રીટરનો અથવા વિગતો તઇયાર કરીને મોકલવાની હોય તે રીટર્નો અથવા વિગતો તઇયાર કરીને મોકલવા માટે, કાનુનો કરવાને મુખત્યાર છે; તથા

(બ) સદરહુ કોરટોમાં જે જે કામ ચલાવવા માટે કાંઇ નમુનો ઠરાવવો જોઇએ એવું પોતે ધારે તેવાં દરએક કામ માટે નમુના તઇયાર કરવાને મુખત્યારછે;તથા

(ક) પોતાનો વહિવટ તથા કામ ચલાવવા માટે તથા પોતાના તાબામાંહેની સઘળી ફોજદારી કોરટોનો વહિવટ તથા કામ ચલાવવા માટે કાનુનો કરવને મુખત્યાર છે; અને

(ડ) દંડ વસુલ કરવા સારૂ આ કાયદા પ્રમાણે કાહાડેલાં વારંટો બજાવવા બાબત નિયમન કરવા સારૂ કાનુનો કરવાને મુખત્યાર છે.

પણ એવું ઠરાવ્યું છે કે આ કલમ મુજબ કરેલી કાનુનો તથા નમુના આ કાયદાથી અથવા બીજા કોઇ પણ ચાલુ કાયદાથી વિરૂદ્ધ પડતા હોવા નહી જોઇએ.

આ કલમ પ્રમાણે કરેલી સઘળી કાનુનો સ્થાનિક સરકારી ગાઝેટમાં પ્રસિદ્ધ ક

૨ જો એક્ટ.

નમુના.

૫૫૪. ૫૫૩ મી કલમથી તથા વિક્ટોરીયાની કારકીર્દીના ચોવીસમા તથા પચીસમાં વરસના સ્ટાટ્યુટના ૧૦૪ બાબની ૧૫ મી કલમથી આપેલા અધિકારને અનુસરીને પાંચમા પરિશિષ્ટમાં લખેલા નમુના તેમાં કહેલાં કારણોસારૂ દરેક કામની હકીકત પ્રમાણે જોઈતા ફેરફાર કરીને વાપરવા.

જે મુકદમામાં જડજનો અથવા માજીસ્ટ્રેટનો પોતાનો હિતસંબંધ હોય તે મુકદમા બાબત.

૫૫૫ કોઈપણ જડજે અથવા માજીસ્ટ્રેટે, પોતાના કોરટ ઉપર જે કોરટમાં અપીલ ચાલતી હશે તે કોરટની રજા લીધા વગર જે મુકદમાનો પોતે પક્ષકાર હોય અથવા જે મુકદમામાં પોતાનો હિતસંબંધ હોય તે મુકદમાનો ઇનસાફ કરવો નહીં અથવા ઇનસાફ થવાસારૂ તે મુકદમો કમીટ કરવો નહીં અને કોઈપણ જડજે અથવા માજીસ્ટ્રેટે પોતે જાતે કરેલા કોઈપણ ફેસલા ઉપર અથવા હુકમ ઉપર અપીલ સાંભળવી નહીં.

ખુલાસો—કોઈ જડજ અથવા માજીસ્ટ્રેટ મ્યુનિસિપલ કમિશનર છે એટલાજ સબબથી તે આ કલમના અર્થ પ્રમાણે કોઈ મુકદમાનો પક્ષકાર છે અથવા કોઈ મુકદમામાં તેનો પોતાનો હિત સબંધ છે એવું સમજવું નહીં.

કોરટોની ભાષા નકી કરવાનો અધિકાર

૫૫૬ જે મુલકનો રાજ્ય કારભાર સ્થાનિક સરકાર ચલાવતી હોય તે મુલકોમાંની રાયલ ચારટરથી સ્થાપેલી હાઈકોરટો શિવાય બીજી દરએક કોરટની ભાષા, આ કાયદાના કારણ સારૂ કઈ ગણવી તે નક્કી કરવાને સદરહુ સરકાર મુખત્યાર છે.

ગવરનરજનરલ ઇન કાંઉસિલના તથા સ્થાનિક સરકારના અધીકાર વખતે વખતે ચલાવી શકાય.

૫૫૭. આ કાયદાથી ગવરનર જનરલ ઇન કાંઉસીલને અથવા સ્થાનિક સરકારને આપેલા સઘળા અધીકાર જેમ પ્રસંગ પડે તેમ વખત વખતે ચલાવવાનો અખત્યાર છે.

ચાલુ મુકદમા.

૫૫૮. આ કાયદો અમલમાં આવે ત્યારે કોઈપણ ફોજદારી કોરટમાં જે મુકદમા ચાલુ હોય તે સઘળા મુકદમાને આ કાયદાના ઠરાવો, બની શકે તટલે સુધી, લાગુ પડશે.

પરિશિષ્ટ ૧ લું.

આકટો રદ કરયા ત.

(અ) —સ્ટાટયુટ.

વરસ કારકીરદી તથા બાબ	મથાળું.	કેટલો રદ કીધો.
૩જા જારજ બાદશાહુની કારકીરદીના ૧૩મા વરસના સ્ટાટયુટનો ૩૬ મો બાબ.	હિંદુસ્તાનમા તેમજ યુરોપમાં ઇસ્ટ ઇંડિયા કંપનીના મામલાસંબંધી વાહટ વધારે સારીરીતે ચલાવવામાટે કેટલએક ધારાબાંધવાં બાબતનો આકટ.	૩૮ મી કલમ.

(બ)—ગવરનર જનરલ ઇન કૌંસિલના આકટો.

નંબર તથા વરસ.	મથળુ.	કેટલો રદ કીધો.
૧૮૪૦ ના ૨૩ મા	પાસિસના બગનાણા	જેટલા રદ થયા નથી તેટલો
૧૮૬૦ ના ૪૫ મો	ફોજદારી કાયદા	૨૧૪ મી કલમનાં દ્રષ્ટાંતો
૧૮૬૧ના આકટ ૫ મે.	પોલીસ આકટ	૬ઠી કલમ તથા ૨૪મી કલમ માં ના 'અને આખરનો ફેસલો થાય ત્યાંસુધી ગુન્હેગાર ઉપર ફરીયાદનું કામચલાવવાનો' આ શબ્દો ૩૫મી કલમના આરંભથી તે, પણ એવું ઠરાવ્યું છે કે એ શબ્દો સુધી અને એ શબ્દો સુધાં
૧૮૬૨ ના ૧૮ મો	સુપ્રીમ કોરટોમાં ફોજદારી કામ ચલાવવાની રીત.	જેટલો રદથયો નથી તેટલો
૧૮૬૪ ના ૬ ઠો	ફટકા મારવાનો	૭ મી કલમ.
૧૮૬૯ ના ૨ જો	જસ્ટીસ આફધી પીસ.	જેટલો રદ થયો નથીતેટલો
૧૮૭૦ ના ૨૨મો	સંક્ષેપ રીતે ઇનસાફ કરવાની હકુમત આપવા બાબતના આકટો રાણીસાહેબની વીલાયતી રઇયતોને લાગુ પાડવા બાબત.	જેટલો રદ થયો નથીતેટલો.
૧૮૭૨ ના ૪ થો	પંજાબના કાયદા	બંગાળાના૧૮૨૫ના૨૦મારેગ્યુલેશન સબંધી જેટલો છે તેટલો
૧૮૭૨ ના ૧૦મો	ફોજદારીકામચલાવવાનીરીતનોકાયદો.	જેટલો રદ થયોનથી તેટલો
૧૮૭૪ ના ૧૧મો	ફોજદારી કામ ચલાવવાની રીતનો કાયદો સુધારવા બાબત.	સઘળો.
૧૮૭૪ના ૧૫મો	કાયદાઓની સ્થાનિક વ્યાપ્તી.	બંગાળાના ૧૮૨૫ ના ૨૦મા રેગ્યુલેશન સંબધીજેટલો છેતેટલો.
૧૮૭૫ ના ૧૦મો	હાઇકોર્ટોમાં ફોજદારીકામચલાવવાનીરીત	૧૪૪મી કલમ સિવાય તથા ૧૪૬ મી કલમનો જેટલો ભાગ બંગાળા સંબંધીછે તેટલા ભાગ સિવાય, સઘળો આકટ.

(ખ)—ગવરનર જનરલ ઈન કૌંસિલના આક્ટો.—(ચાલુ).

નંબર તથા વરસ.	મથાળું.	કેટલો રદ કીધો.
૧૮૭૫ નો ૨૦ મો	સેંટરલ પ્રાવિન્સિસલાઝ(મધ્ય પ્રાંતના કાયદા]	બંગાળાના૧૮૨૫નાર૦મારેગ્યુલેશન સબંધી જેટલો છે તેટલો
૧૮૭૬ નો૧૮ મો	અયોધ્યાના કાયદા-	એજન
૧૮૭૭ નો ૪ થો	પ્રેસિડેન્સી માજીસ્ત્રેટો	પાંચમી કલમ શિવાય સઘળો આક્ટ.
૧૮૭૯ નો ૨૧ મો	અપરાધીઓને સ્વાધીન કરવા બાબત	૩ જો બાબ.
૧૮૮૧ નો ૧૦ મો	કારોનર.	૮ મી તથા ૯ મી કલમો

(ડ)—રેગ્યુલેશનો

નંબર તથા વરસ	મથાળું.	કેટલો રદ કીધો,
બંગાળાનો ૧૮૨૫ મો રેગ્યુલેશન	કોરટ માર્શલની હકુમત.	જેટલો રદ થયો નથી તેટલો.
૧૮૭૨નો ૩જો.	સોંતલ પરગણા સેટલમેંટ	૧૮૭૨ ના ૧૦ મા આક્ટ સબંધી જેટલો છે તેટલો.
૧૮૭૪ નો ૯મો.	આરાકાન ટેકરીઓની ડિસ્ટ્રિકટના કાયદા.	૧૮૬૯ના ૨જા તથા ૧૮૭૨ ના ૧૦મા તથા ૧૮૭૪ના ૧૧માઆક્ટ સબંધી, જેટલોછે તેટલો.
૧૮૭૭ નો ૨જો.	અજમેરના કાયદા.	બંગાળાના ૧૮૨૫ના ૨૦મા રેગ્યુલેશન સંબંધી જેટલો છે તેટલો..

[ડ —મદ્રાસના ગવરનર ઇનકૌંસિલનો આક્ટ.

નંબર તથા વરસ.	મથળું.	કેટલો રદ કીધો.
૧૮૬૭ નો ૮ મો	પોલીસ	૯ મી કલમ

પરિશિષ્ટ ૬ ઠું.

ગુન્હાઓની વિગતનું કોષ્ટક.

ખુલાસો.—"ગુન્હો" તથા "હિંદુસ્તાનના ફોજદારી કાયદા મુજબ શિક્ષા" એહેવા મથાળાનાં આ પરિશિષ્ટનાં બીજાં તથા સાતમાં આસન મધ્યે જે મજકુર લખ્યો છે તે તેમના સંબંધની હિંદુસ્તાનના ફોજદારી કાયદાની જુદી જુદી કલમોમાં બયાન કરેલા ગુન્હાઓ તથા શિક્ષાઓની વ્યાખ્યા દાખલ લખ્યો છે એમ, અથવા તે કલમોના સાર દાખલ લખ્યો છે એમ પણ, સમજવું નહી; તેહો પેહેલાં આસન મધ્યે જે કલમની સંખ્યા લખી છે તે કલમમાં શો વિષય છે તેહેની માત્ર સુચનાર્થે લખ્યો છે.

આ પરિશિષ્ટનું ત્રીજું આસાન કલકત્તા તથા મુંબાઇ શેહેરની પોલીસને લાગુ છે.

બાબ ૫ મો —મદદગારી બાબત.

૧	૨	૩	૪	૫	૬	૭	૮
કલમ.	ગુન્હો.	વગર વારંટે પોલીસ પકડીશકે કે નહી.	ઘણુ કરીને પ્રથમ સમનનાકે વારંટ.	જામિનલઇશકાય કે નહી.	માંડીવાળી શકાય કે નહી.	હિંદુસ્તાનના ફોજદારી કાયદા મુજબ શિક્ષા.	કઇ કોરટથી ઇનસાફ થઇ શકે.
૧૦૯	કોઇ ગુન્હાની મદદગારી, જો તે મદદગારીપરથી મદદગારી કરેલું કામ કરવામાં આવે અને તેહેવી મદદગારીને માટે બીજે કેથાં સાફ શિક્ષા નહી ઠરાવી હોય તો	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે અગર વગર વારંટે પકડી શકત હોય તો વગર વારંટે પકડી શકે, નહી તો નહી.	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે વારંટ નિકળી શકતુ હોય તો વારંટ અને સમન નિકળી શકતો હોય તો સમન.	જે ગુનાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે જામીન લઇ શકાતો હોય તો લઇ શકાય નહી તો નહી.	જે ગુનાની મદદગારી કરી હોય તે માંડીવાળી શકાતો હોય તો માંડી વાળી શકાય નહી તો નહી.	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે જે શિક્ષા હોય તેજ શિક્ષા.	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાનો ઇનસાફ જે કોરટથી થઇ શકે તે કોરટ.
૧૧૦	કોઇ ગુન્હાની મદદગારી અગર મદદગારી કરેલો શખસ તે કામ મદદ	એજ	એજ	એજ	એજ	એજ	એજ

	ગારના ઈરાદા કરતાં જુદા ઈરાદાથી કરે તો.						
૧૧૨	એક કામમાં મદદગારી કરી હોય અને જુદુંજ કામ બનેતો તેહની સરત.	એજ	એજ	એજ	એજ	જે ગુન્હાની મદદગારી કરવાનો ઇરાદો કર્યો હોયતે ગુન્હાને માટે જે શિક્ષા હોય તેજ શિક્ષા.	એજ
૧૧૩	મદદગારી કરેલા કામથી મદદગારનાં ધાર્યાં કરતાં જુદી અસર પેદા થાય, તો.	એજ	એજ	એજ	એજ	થએલા ગુન્હાને માટે જે શિક્ષા હોય તેજ શિક્ષા.	એજ
૧૧૪	ગુન્હો થતી વખતે મદદગાર હાજર હોય તો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૧૫	મોતની અથવા જીવતાંસુધી સમુદ્ર પારની શિક્ષા થઈ શકે એવા ગુન્હામાં મદદગારી કરવામાં આવે અને તે ગુન્હો તે મદદગારી ઉપરથી નહીં થાય તો.	એજ	એજ	જામીન ન લઈ શકાય.	એજ	૭ વરસ સુધી બેમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ.	એજ
	અગર જેથી વ્યથા થાય એવું કાંઈ કામ તે મદદગારી ઉપરથી કરવામાં આવે તો.	એજ	એજ	એજ	એજ	૧૪ વરસ સુધી બેમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ	એજ
૧૧૬	કેદની શિક્ષા થઈ શકે એવા ગુન્હામાં મદદગારી કરવામાં આવે. અને તે ગુન્હો મદદગારી ઉપરથી નહીં થાય તો.	એજ	એજ	જે ગુન્હાની મદદગારી કરી હોયતે ગુન્હાને માટે જામીન લઈ શકાતો હોય તો લઈ શકાય, નહીં તો નહીં.	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત ઠરાવી હોય તેની એકચતુર્થાંશ મુદત સુધી કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ

અગર તે મદદગાર અથવા મદદગાર્ર કરેલો શખસ સરકારી નોકર હોયર ને તેહની ફરજ તે ગુન્હો અટકાવાની હોય તો	એજ	એજ	એજ	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત જે ઠરાવી હોય તેની અડધી મુદત સુધી કેદ, અથવા દંડ અથવા બંને.	જએ
૧૧૭ લોક પાસે અથવા દસથી વધારે માણસો પાસે કાંઇ ગુન્હો કરાવવામાં મદદગારી કરવી.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	એજ
૧૧૮ મોતની અથવા જીવતાં સુધી સમુદ્ર પારની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવાની ધારણા છુપાવવી અગર તે ગુન્હો થાય તો.	એજ	એજ	જામીન નહી લઇ શકાય.	એજ	૭ વરસ સુધી બેમાના ગમેતે પ્રકારની કેદ તથા દંડ.	એજ
અગર તે ગુન્હો નહી થાય તો.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી બેમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૧૧૯ જે ગુન્હો અટકાવવાની પોતાની ફરજ હોય એવો કોઇ ગુન્હો કરવાની ધારણા કોઇ સરકારી નોકરે છુપાવવી, અગર તે ગુન્હો થાય તો.	એજ	એજ	જે ગુન્હાની મદદગારી કરી હોય ને ગુન્હાને માટે જામિન લઇ શકાતો હોય તો લઇ શકાય નહીતો નહી	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત જે ઠરાવી હોય તેહની અડધી મુદત સુધી કેદ અથવા દંડ. અથવા બંને.	એજ
અગર તે ગુન્હો મોત અથવા સમુદ્ર પારની શિક્ષા જોગ હોય. તો	એજ	એજ	જામીન નહી લઇ શકાય.	એજ	૧૦ વરસ સુધી બેમાંના ગમેતે પ્રકારની કેદ.	એજ
અગર ગુન્હો નહી થાય તો.	એજ	એજ	જે ગુન્હાની મદદગારીકરી હોય તે ગુન્હાને માટે જામાં	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારના તથા ઘણામાં ઘણી મુદત જે ઠરાવી હોય તેની એકચતુર્થાંસ મુદત સુધી કેદ અથવા દંડ અ	એજ

			ન લઇશકાય તો હોય તે લઇ શકાય નહી તો નહી		થવા ખંત.	
૧૨૦ કેદની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવાની ધારણા છુપાવવી, અગર તે ગુન્હો થાય તો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
અગર નહી થાય. તો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ

ભાગ ૬ ઠો—રાજ્ય વિરૂદ્ધ ગુન્હા.

૧૨૧ રાણીની સાહામાં લઢાઇ કરવી, અથવા લઢાઇ કરવાની કોશીષ કરવી અથવા લઢાઇ કરવામાં મદદગારી કરવી.	વગર વારંટે પકડાય નહી	વારંટ	જામિન નહી લઇ શકાય	માંડી વાળી નહી શકાય.	મોત અથવા જીવતાં સુધી સમુદ્રપાર તથા મિલકત સરકાર જપ્ત થવી,	શેસન કોરટ
૧૨૧ અ રાજ્ય વિરૂધ્ધ કેટલાએક ગુન્હા કરવા સારૂ સંપ કરવો.	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી અથવા હરકાંઇ થોડી મુદત સુધી સમુદ્રપારની શિક્ષા અથવા ૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ.	એજ
૧૨૨ રાણીની સાહામા લડાઇ કરવાના ઇરાદાથી હથીયારો વિગરે એકઠા કરવાં	એજ	એજ	એજ	એજ	જીવતાંસુધી શમુદ્રપાર અથવા ૧૦ વરસસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા મીલકત સરકાર જપ્ત થવી.	એજ
૧૨૩ લઢાઇનું કામ સેહલ કરવાના ઇરાદાથી લઢાઇની ધારણા છુપાવવી.	એજ	એજ	એજ	એજ	૧૦ વરસસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૧૨૪ કાંઇ કાયદેસર અખત્યાર અમલમાં આણાવવા અથવા નહી આણાવવાના ઇરાદાથી ગવરનર જનરલ, ગવરનર વગેરેપર હુમલો કરવો.	એજ	એજ	એજ	એજ	૭ વરસસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૧૨૪ અ બેદીલી ઉતપન કરવી; અથવા ઉતપન કરવાની કોશીશ કરવી	એજ	એજ	એજ	એજ	જીવતાંસુધી અથવા હરકાંઇ થોડી મુદતસુધી સમુદ્રપારની શિ	એજ

						ક્ષા તથા દંડ અથવા ૩ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ અથવા દંડ.	
૧૨૫	રાણીની સાથે મીત્રી અથવા સલહે રાખનારા એશિયાના કોઇ રાજાની ઉપર લટાઇ કરવી; અથવા તેવી લ ઢાઇ કરવામાં મદદગારી કરવી.	એજ	એજ	એજ	એજ	જીવતાંસુધી સમુદ્રપર તથા દંડ અથવા ૭ વરસસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ અથવા દંડ.	એજ
૧૨૬	રાણીની સાથે મૈત્રી અથવા સલહ રાખનાર કોઇ રાજાના મુલકપર લુટ કરવી.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ, તથા કાંઇ મુક્કરર મીલકત સરકારજપ્ત થવી.	એજ
૧૨૭	૧૨૫ મી તથા ૧૨૬ મી કલમોમાં લખ્યા પ્રમાણે લઢાઇ અથવા લુટ થી મળેલી મિલકત લેવી.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૨૮	સરકારી નોકર ખુશીપુરવક પોતાના હવાલામાં કોઇ રાજકીય અથવા લ ઢાઇના કેદીને નાહાશી જવા દે તો	એજ	એજ	એજ	એજ	જીવતાંસુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૧૨૯	સરકારી નોકર ગફલતીથી પોતાના હવાલામાંના કોઇ રાજકીય અથવા લઢાઇના કેદીને નાહાશી જવા દે તો	એજ	એજ	જામી નલઇ શકાય.	એજ	૩ વરસસુધી આસાન કેદ તથા દંડ.	સેસનકોર્ટ અથવા પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા પેહેલા વરગનો માજીસ્ટ્રેટ.
૧૩૦	એવા કેદીને નાશી જવામાં સાહ્ય કરવું, છોડાવવો, અથવા ઘરમાં રાખવો, અથવા તેને પાછો પકડે તેમાં સાહામા થવું.	એજ	એજ	જામીન નહી લઇ શકાય.	એજ	જીવતાંસુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેસન કોર્ટ

બાબ ૭ મો—જમિનારની તથા દરયાઇ ફોજ સંબંધી ગુન્હા.

૧૩૧	બંડમાં મદદગારી કરવી અથવા કોઇ આફિસરને અથવા સોલજરને કે ખલાસીને પોતાના નોકરીથી અથવા મ જાબ્મથી ભ્રષ્ટ કરવાની કોશિષ કરવી.	વગર વારંટે પકડી શકે.	વારંટ	જામીનનહીં લઇ શકાય.	માંડીવાળી નહીં શકાય.	જીવતાંસુધી સમુદ્રપારઅથવા ૧૦ વરસસુધી બેમાંના ગમે તેમકારની કેદ તથા દંડ.	સેશન કોરટ
૧૩૨	બંડ કરવામાં મદદગારી કરવાથી જો બંડ થાય, તો.	એજ	એજ	એજ	એજ	મોત અથવા જીવતાંસુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૧૩૩	કોઇ ઉપરી અમલદાર પોતાના હુદ્દાચ લાવતો હોય તે દરમ્યાનમાં તહેની ઉપર કોઇ આફિસરે, સોલજરે, અથવા ખલાસીએ હુમલો કરવામાં મદદગારી કરવી.	એજ	એજ	એજ	એજ	૩ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશનકોરટ અથવા પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગના માજીસ્ટ્રેટ
૧૩૪	અગર તે મદદગારી કરેથી હુમલો થાય તો,	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ.	સેશનકોરટ.
૧૩૫	કોઇ આફિસર સોલજર અથવા ખલાસીને નાહાસી જવામાં મદદગારી કરવી.	એજ	એજ	જામીન લઇ શકાય.	એજ	૨ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગના માજીસ્ટ્રેટ.
૧૩૬	નાહાસી આવેલા સદરહુ પ્રકારના કોઇ આફિસર સોલજર, અથવા ખલાસીને ઘરમાં રાખવો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૩૭	કોઇ વેપારીના વાહાણમાં માસ્તરની અથવા જેના હવાલામાં તે વાહાણ હોય તેની ગફલતથી કોઇ નાહાસી જનારો સંતાયો હોય, તો.	વગર વારંટે પકડાયનહીં.	સમન	એજ	એજ	૫૦૦ રૂપીયા દંડ.	એજ

૧૩૮	કોઇ આફિસર સોલજર અથવા ખલાસીને નાફરમાનીનું કાંઇ કામ કરવામાં મદદગારી કરવી, તે ગુન્હો થાય, તો	વગર વારંટે પકડી શકે.	વારંટ	એજ	એજ	૬ મહિના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	એજ
૧૪૦	સોલજરમાં ખપવાના ઇરાદાથી સોલજરનો પોશાક પેહેરવો, અથવા સોલજરનું કાઇ ચિન્હ ધારણ કરવું.	એજ	સમન	એજ	એજ	૩ મહીનાસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૫૦૦ રૂપીયા દંડ, અથવા બંને.	કોઇપણ માજીસ્ત્રેટ.

બાબ ૮ મો— લોકની સમાધાનીની વિરૂદ્ધ ગુન્હા.

૧૪૩	કાયદા વિરૂદ્ધ મંડળીના અંગભુતહોવું	વગર વારંટે પકડી શકે	સમન	જામિનનહીં લઇ શકાય	માંડી વાળી નહીશકાય.	૬ મહીનાસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	કોઇપણ માજીસ્ત્ર
૧૪૪	જીવલે એહેવું કાંઇ હથિયાર પાસે છતાં કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીમાં સામીલ થવું.	એજ	વારંટ	એજ	એજ	૨ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ
૧૪૫	કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીને વિખરાઇ જવાનો હુકમ થયો છે એમ જાણ્યા છતાં તેમાં સામીલ થવું અથવા જારી રેહેવુ.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૪૭	હુંગામો કરવો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૪૮	જીવ લે એવુ હથિયાર પાસે રાખીને હુંગામોકરવો.	એજ	એજ	એજ	એજ	૩ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	સેસનકોરટ અથવા પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા વરગનોમાજીસ્ત્રેટ
૧૪૯	કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીના અંગભુત કાંઇ ગુન્હો કરે તો તે મંડળીના બીજા પ્રત્યેક અંગભુતને	તે ગુન્હાને માટે વગરવારંટે પકડીશકાય	તે [illegible] શમે નીકળી શકતું	તે ગુનાને માટે જામીન લઇ શકાતા હોય	એજ	તે ગુન્હાને માટે જે હોય તેજ.	તે ગુનાનો જે કોરટથી ઇનસાફ થઇ શકતો હોય તે કોરટ.

	ના તફશીરવાર સમજવી.	તા હોય તે પકડીશકાય નહીં તે નહીં	હોયતોસમન અને વારંટ ની … હોય તે વારંટ.	વતો લઇશ કાયનહીતો નહી.			
૧૫૦	કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીમાં સામીલ થવાને પઇશા આપવા કરીને અથવા બીજીરીતે કોઇ શખશોને રાખવા.	વગર વારંટે પકડી શકે.	તેપઈસા આપવા કરીને અથવાબીજીરીતે રાખેલ શખશે જે ગુનોકરયોહોતે મુજબ	એજ	માંડી વાળી નહી શકાય.	તે મંડળીના અંગભુત્રનીજ શિક્ષા તથા તે મંડળીનો કોઇ પણ અંગભુત જે ગુના કરે તે ગુનાની જે શિક્ષા હોય તેજ.	તે ગુનાનો જે કોરટથી ઇનસાફ થઇશકતો હોયતે કોરટ.
૧૫૧	પાંચ અથવા વધારે શખશોની કોઇ મંડળીને વિખરાઈ જવાનો હુકમ થયા પછી જાણી બુઝીને તે મંડળીમાંસામિલ થવુ અથવા જારી રેહેવું	એજ	સમન	જામીન લઇ શકાય.	એજ	૬ મહીનાસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	કોઇપણમાજીસ્ત્રેટ.
૧૫૨	હંગામો બંધ પાડયા વગેરેનુ કામ કરતો હોય તેવામાં કોઇ સરકારી નોકરનીઉપર હુમલો કરવો અથવા તેને હરકત કરવી.	એજ	વારંટ	એજ	એજ	૩ વરશસુધી બેમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	શેસનકોરટ અથવા પ્રેસિડેન્શી માજીસ્ત્રેટ અથવા ૧લા વરગનોમાજીસ્ત્રેટ.
૧૫૩	હંગામો કરાવવાના ઇરાદાથી દુષ્ટતાથી કોઇના મનમાં ક્રોધ ઉમન કરવો અગર હંગામો થાયતો.	એજ	એજ	એજ	એજ	૧ વરસ સુધી બેમાંના ગમે તેપ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	કોઇ પણમાજીસ્ત્રેટ.
	અગર નહીં થાય તો.	એજ	સમન	એજ	એજ	૬ મહીનાસુધી બેમાંના ગમેતે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને..	એજ
૧૫૪	જમીનનો માલીક અથવા કબજેદાર હંગામા વગેરેની ખબર નહી આ	વગર વારંટે પકડાય નહી	એજ	એજ	એજ	૧૦૦ રૂપીયાનો દંડ.	પરેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧

પે, તો.						લા અથવા રજાવર ગનો માજીસ્ત્રેટ.
૧૫૫ જે શખસના ફાયદાનેસારૂ અથવાજેની વતી કાંઈ હંગામો કરવામાં આવેતેશ શખસ અગરતે અટકાવવાંને સઘળા કાયદેસર ઈલાજો નહીં કરે તો.	એજ	એજ	એજ	એજ	દંડ	એજ
૧૫૬ જે માલીક અથવાકબજેદારના ફાયદાને સારૂ કાંઈ હંગામો કરવામાં આવે,તે શખસોનો મુખત્યાર અગર તે અટકાવવાને સઘળા કાયદેસર ઈલાજો નહીં કરે, તો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૫૭ કોઈ કાયદાવિરૂદ્ધ મંડળીને સારૂ પઈસા આપવા કરીને રાખેલા શખસોને ઘરમાં રાખવા.	વગર વારંટેપકડી શકે.	એજ	એજ	એજ	૬ મહીનાસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ
૧૫૮ કોઈ કાયદા વિરૂદ્ધ મંડળીમાં અથવા હંગામામાં સામિલ થવાસારૂ પઈસા લેવા કરીને રેહવું.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
અથવા હથિયાર બંદ થઈને ફરવું	એજ	વારંટ	એજ	એજ	બે વરસસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બને:	એજ
૧૫૯ બખેડો કરવો.	વગર વારંટેપકડાય નહીં.	સમન	એજ	એજ	૧ મહીનાસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧૦૦ રૂપીયાનો દંડ અથવા બંને.	કોઈપણ માજીસ્ત્રેટ.

બાબ ૯મો.— સરકારી નોકરોના અથવા તેઓ સંબંધી ગુન્હા.

૧૬૧	સરકારી નોકર છતાં અથવા થવાની ઉમેદ છતાં કોઈ નોકરીનાં કામસંબંધી કાયદેસર મેહેનતાણાં સિવાય કાંઈ બીજો અવેજ લેવો.	વગારવારંટે પકડય નહી.	સમન્	જામી નલઈ શકાય.	માંડીવાળી ન હી શકાય.	૩ વરસસુધી બેમાંના ગમેતે મ કારની કેદ, અથવા દંડ, અથવા બંને	સેસન કોરટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા વર્ગનો માજીસ્ત્રેટ.
૧૬૨	કોઈ સરકારી નોકરની સાથે લાંચના અથવા કાયદા વીરૂદ્ધ ઉપાયથી વગ ચલાવવા માટે કાંઈ અવેજ લેવો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૬૩	કોઈ સરકારી નોકરની સાથે પોતાનોવગ ચલાવવા સારૂ કાંઈ અવેજ લેવો.	એજ	એજ	એજ	એજ	૧ વરસસુધી આસન કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લાવરગનો માજીસ્ત્રેટ.
૧૬૪	સરકારી નોકર પોતાની બાબતમાં ઉપલી છેલી બે કલમોમાં બયાન કરેલા ગુન્હામાં મદદગારી કરેતો.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	સેસનકોરટ અથવા પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા વરગનોમાજીસ્ત્રેટ
૧૬૫	કોઈ સરકારી નોકર કાંઈ મુકદમો અથવા મામલો ચલાવતો હોય તે મધે નીસબત રાખનારા કોઈ શખસ પાસેથી તે સરકારી નોકરે કીંમત આપ્યાવગરકાંઈ કીમતદાર વસ્તુ લેવી.	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની આસન કેદ, અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા ૨જા વરગનો માજીસ્ત્રેટ.
૧૬૬	કોઈ શખસને નુકશાન કરવાના ઇરાદાથી કોઈ સરકારી નોકરે કાંઈ કાયદાનો હુકમ નહી માનવો.	એજ	એજ	એજ	એજ	૧ વરસસુધી આસાન કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ
૧૬૭	નુકશાન કરવાના ઇરાદાથી કોઈ સરકારી નોકરે કાંઈ ખોટોલેખબનાવવો.	એજ	એજ	એજ	એજ	૩ વરસસુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	સેસનકોરટ અથવા પ્રસીડેં સીમાજીસ્ત્રેટ અથવા ૧લા વરગનોમાજીસ્ત્રેટ.

१६८ સરકારી નોકરે કાયદા વિરૂદ્ધ વેપાર કરવો.	એજ	એજ	એજ	એજ	૧ વરસસુધીની આસાન કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ અથવા પેહેલા વરગનો માજીસ્ત્રેટ.
१६९ સરકારી નોકરે કાયદા વિરૂદ્ધ કાંઇ મીલકતની ખરીદી અથવા માગણી કરવી.	એજ	એજ	એજ	એજ	૨ વરસસુધી આસાન કેદ, અથવા દંડ, અથવા બંને તથા મીલકત ખરીદ કરી હોય તો તે મીલકત સરકાર જપ્ત થશે.	એજ
१७० કોઇ સરકારી નોકરનો વેશ લેવો.	વગર વારંટે પકડી શકે.	વારંટ	એજ	એજ	૨ વરસસુધી એમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	કોઇપણ માજીસ્ત્રેટ.
१७१ કોઇ સરકારી નોકર જેવો પોશાક પેહેરતો હોય અથવા જેવી નીશાણી રાખતા હોય તેવો પોશાક અથવા નીશાણી દગલબાજીના ઇરાદાથી પેહેરવો અથવા સાથે રાખવો.	એજ	સમન	એજ	એજ	૩ મહીનાસુધી એમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા ૨૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને.	એજ
બાબ ૧૦ મો— સરકારી નોકરોના કાયદેસર અખત્યારનો તીરસ્કાર.						
१७२ કોઇ સરકારી નોકરની તરફથી થયાલો સમન કે હુકમ નહીં પોંહોચે એટલા માટે નાહાશી જવું.	વગર વારંટે પકડાય નહીં	સમન	જામીન લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	૧ મહીનાસુધી આસાન કેદ, અથવા ૫૦૦ રૂપીયા દંડ અથવા બંને.	હરકોઇ માજીસ્ત્રેટ
અગર તે સમન અથવા નોટીસમાં કોઇ શખસને કોઇ ઇનસાફની કોર્ટમાં જાતે હાજર થવા વિગેરે ફરમાવ્યુ હોય તો.	એજ	એજ	એજ	એજ	૬ મહીના સુધી આસાન કેદ અથવા ૧૦૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને.	એજ
१७३ સમન અથવા નોટીસ પોંહોચતી કે ચોહોડતી અટકાવવી અથવા ચોહોડયા પછી કાહાડી નાંખવી અથવા જાહેરનામું નહીં થવા દેવું.	એજ	એજ	એજ	એજ	૧ મહીના સુધી આસાન કેદ, અથવા ૫૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા ૨જા વરગનો માજીસ્ત્રેટ

	અગર તે પ્રમન વગેરેમાં કોઇ શખસને કોઇ ઇનસાફની કોરટમાં જાતે હાજરથવા વિગેરે ફરમાવ્યું હોય તે	એજ	એજ	એજ	એજ	૬ મહીના સુધીની આસાનકેદ, અથવા ૫૦૦રૂપીયાનો દંડ,અથવા બંને.	એજ
૧૭૪	કોઇ ઠેકાણે જાતે અથવા મુખત્યારની મારફતે હાજર થયાનો કાયદેસરહુકમ થયો હોય તેનહી માનવો, અથવા તે ઠેકાણેથી વગર રજાએ જવું.	એજ	એજ	એજ	એજ	૧ મહીનાસુધીની આસાન કેદ, અથવા ૫૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને.	હરકોઇ માજીસતરેટ
	અગર તે હુકમમાં કોઇ શખશને કોઇ ઇનસાફની કોરટમાં જાતેહાજર થવા વગેરે ફરમાવ્યું હોય તો.	એજ	એજ	એજ	એજ	૬ મહીનાસુધીની આસાનકેદ, અથવા ૧૦૦૦ રૂપીયાનો દંડ. અથવા બંને.	એજ
૧૭૫	કોઇ સરકારી નોકરની આગળ કાંઇલેખ હાજર કરવાની અથવા સ્વાધીન કરવાની જે શખસને કાયદા મુજબ ફરજ હોય તે શખસે તે લેખ હાજર કરવામાં ઇરાદાથી કસુરકરવી.	એજ	એજ	એજ	એજ	૧ મહીનાસુધીની આસાન કેદ. અથવા ૫૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને.	જે કોરટમાં તે ગુન્હો થયોહોય તે કોરટ એ કાયદાના ૩૫ માબાબના ઠરાવોને અનુસરીને; અથવાઅગર તે ગુનો કોઇ કોરટમાં નહીં થયો હોય તો પ્રેસિડેન્સી માજીસતરેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનોમાજીસતરેટ
	અગર તેલેખ કોઇ ઇનસાફનીકોરટમાં હાજર સ્વાધીન કરવાનું ફરમાવ્યું હોય; તો	એજ	એજ	એજ	એજ	૬ મહીના સુધીની આસન કેદ, અથવા ૧૦૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને.	એજ
૧૭૬	કોઇ સરકારી નોકરને નોટીસ અથવા ખબર આપવાની જે શખસની કાય	એજ	એજ	એજ	એજ	૧ મહીન સુધીની આસાન કેદ. અથવા ૫૦૦ રૂપીયાનો દંડ,	પ્રેશીન્ડેસીમાજીસતરેટ અથવા ૧લા

જે મુજબ ફરજ હોય તે શખસે તે નોટીસ અથવા ખબર ઇરાદાથી નહીં આપવી.					અથવા બંને.	અથવા રજાવરગના માજીસતરેટ.
અગરજે નોટીસ અથવા ખબર આપવી જોઇએ તે કાંઇ ગુન્હો થયા વગેરેના હોય તો.	એજ	એજ	એજ	એજ	૬ મહીના સુધીની આસાન કેદ, અથવા ૧૦૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને.	એજ
૧૭૭ જાણી બુઝીને કોઇ સરકારી નોકરને ખોટી ખબર આપવી	એજ	એજ	એજ	એજ	એજ	એજ
અગર જે ખબર આપવી જોઇએ તે કાંઇ ગુન્હો થયા વગેરેની હોય તો.	એજ	એજ	એજ	એજ	બે વરસસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ
૧૭૮ કોઇ સરાકારી નોકરે કાયદા મુજબશોગન ખાવાનું ફરમાવ્યા છતાં સોગન ખાવાની ના કહેવી.	એજ	એજ	એજ	એજ	૬ મહીના સુધીની આસાનકેદ. અથવા ૧૦૦૦ રૂપીયાનો દંડ અથવા બંને.	જે કોરટમાં તેગુન્હો થયો હોય તે કોરટથી આ કાયદાના ૩૫મા બાબના ઠરાવોનેઅનુસરીને અને અગર તે ગુન્હો કોઇ કોરટમાં નહીં થયો હોય તો પ્રેસિડેનશી માજીસતરેટ અથવા ૧લા અથવા રજાવરગનામાજીસ્ત્રેટ.
૧૭૯ સાચુબોલવાને કાયદા પ્રમાણે બંધાયા છતાં કાંઇસવાલોના જવાબ દેવાની ના કહેવી.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૮૦ કોઇ શરકારીનોકરની આગળ કહેલા કાંઇ મચકેર ઉપરસહીકરવાને કાયદા	એજ	એજ	એજ	એજ	૩ મહીના સુદીની આસાન કેદ, અથવા ૫૦ રૂપીયાનો દંડ, અ૦	એજ

મુજમ ફરમાવ્યાં છતાં તેમ કરવાની ના કહેવી.					થવા બંને.	
૧૮૧ કોઇ સરકારી નોકરની આગળ સોગન ખાઇને જુઠો મચકુર જાણીબુઝીને કહેવો.	એજ	વારંટ	એજ	એજ	૩ વરશ સુધીની બેમાંનાગમે તે પ્રકારનીકેદ અથવાદંડ.	શેશનકોરટ અથવા પરેડેન્સીમાજીસત રેટ અથવા ૧લાવ રગનોમાજીસ્ત્રેટ.
૧૮૨ કોઇ સરકારી નોકરપાસે તેનોકાયદેશર અખત્યાર અમલમાં આણાવીને બીજા શખશને નુકશાન અથવા ઇજા કરાવવા શારૂ ખોટી ખબર આપવી.	એજ	સમન	એજ	એજ	૬ મહીનાસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૧૦૦૦ દરૂપીયાનો ડ, અથવા બંને.	પ્રેસિડેન્સીમાજીસત રેટઅથવા ૧લાઅ થવા રજા વરગ ના માજીસતરેટ,
૧૮૩ કોઇ સરકારી નોકરના કાયદેશર અખત્યારથી કઇ મીલકત જપ્ત થતી હોય તેમાં સામાથવું.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૮૪ કોઇ સરકારીનોકરના અખત્યારથી વેચવા કાડેલી મીલકતનાવેચાણમાંઅડચાણકરવી.	એજ	એજ	એજ	એજ	૧ મહીના સુધીની બેમાંનાગમેતે પ્રકારની કેદ, અથવા ૫૦૦ રૂપીયાના દંડ, અથવા બંને.	એજ
૧૮૫ કોઇ શરકારી નોકરના અખત્યારથી વેચવા કાહાડેલી મીલકત ખરીદવાને જે શખશ કાયદા પ્રમાણે અશકત હોયતે શખશ તેની માગણીકરવી. અથવા માગણી કરયાથી જે ફરજ પોતાની ઉપર આવતી હોયતે અદાકરવાનો ઇરાદો નહીં છતાંમાગણી કરવી.	એજ	એજ	એજ	એજ	૧ મહીનાસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા૨૦૦ રૂપીયાના દંડ અથવા બંને.	એજ
૧૮૬ કોઇ સરકારી નોકરને તેના સરકારીકમ કરવામાં અડચાણ કરવી.	એજ	એજ	એજ	એજ	૩ મહીનાસુધીની બેમાંનાગમેતે પ્રકારની કેદ અથવા ૫૦૦ રૂ	એજ

					પીયાનો દંડ અથવા બંને.	
૧૮૭ કાયદા મુજબ મદદ કરવાની ફરજછતાં કોઇ સરકારી નોકરને મદદ કરવામાં કસુર કરવી.	એજ	એજ	એજ	એજ	૧ મહીનાસુધીની આસાન કેદ, અથવા ૨૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને.	એજ
કોઇ હુકમ બજાવવામાં, ગુન્હો અટકાવવામાં વગેરે કામોમાં કોઇ સરકારી નોકરે મદદ માગ્યાં છતાં તેને જાણી જોઇને મદદકરવામાં કસુર કરવી.	એજ	એજ	એજ	એજ	૬ મહીના સુધીની આસાનકેદ, અથવા ૫૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને.	એજ
૧૮૮ કોઇ સરકારી નોકરે કાયદા મુજબ જાહેર કરેલો હુકમ નહીં માનવો. અગર તે નહી માનવાથી કાયદાસર રહેલા શખસોને અડચણ દુઃખ કે નુકશાન થાય, તો.	એજ	એજ	એજ	એજ	૧ મહીનાસુધીની આસાન કેદ, અથવા ૨૦૦ રૂપીયાનો દંડ. અથવા બંને.	એજ
અગર તે નહીં માનવાથી માણસની જિંદગીને, તંદુરસ્તીને, અથવા સલામતી વગેરેને જોખમ થાય, તો.	એજ	એજ	એજ	એજ	૬ મહીનાસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૧૦૦૦ રૂપીયાનો દંડ. અથવા બંને.	એજ
૧૮૯ કોઇ સરકારી નોકરને તેહેને ખુદને નુકશાન કરવાનો ડર દેખાડવો, અથવા જેહેની સાથે તેનો સંબંધ હોય તેને નુકશાન કરવાનો ડર દેખાડવો, એટલાસારૂ કે તે કાંઇ પોતાના ઓહદાનું કામ કરે અથવા નહી કરે.	એજ	એજ	એજ	એજ	૨ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	એજ
૧૯૦ કોઇસરકારી નોકરની પાસે આસરો માંગવાની અરજ કરવાથી દુર રેહેવાને કોઇ શખસને લલચાવવા સારૂ તેને ડર દેખાડવો.	એજ	એજ	એજ	એજ	૧ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ

બાબ ૧૧ મી—ખોટા પુરાવા તથા સરકારી ઈનસાફ વિરૂદ્ધ ગુન્હા.

૧૯૩	કોઈ ઈનસાફી કામમાં ખોટી શાહેદી આપવી અથવા ખોટા પુરાવો બનાવવો.	વગારવારંટેપકડાય નહીં	વારંટ	જામી નલઈ શકાય.	માંડીવાળી ન શકાય	૭ વરસ સુધી બેમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ	શેશનકોરટ અથવા પરેડેન્શી માજીસટ્રેટ અથવા ૧ લા વરગનો માજીસ્ટ્રેટ.
	બીજા કોઈ કામમાં ખોટી શાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો	એજ	એજ	એજ	એજ	૩ વરશ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૧૯૪	દેહાંત શિક્ષાજોગ ગુન્હો કોઈની ઉપર સાબીત કરાવવાના ઈરાદાથી ખોટી શાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.	એજ	એજ	જામીન નહી લઈ શકાય.	એજ	જીવતાંસુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી સખતકેદ, તથા દંડ.	સેસન કોરટ
	અગર તેમ કરવાથી કોઈ બે ગુન્હા શખસની ઉપર ગુન્હો સાબીત થઈને તેનો જીવ લેવામાં આવે તો.	એજ	એજ	એજ	એજ	મોત અથવા ઉપર મુજબ.	એજ
૧૯૫	જીવતાંસુધી સમદ્રપારની અથવા સાત વરસની અથવા તે કરતાં વધારે કેદની શિક્ષા થઈ શકે એવો ગુન્હો કોઈની ઉપર શાબીત કરવાના ઈરાદાથી ખોટી શાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.	એજ	એજ	એજ	એજ	ગુન્હેને માટે હોય તેજ.	એજ
૧૯૬	કોઈ ઈનસાફના કામમાં બનાવટી અથવા ખોટો જાણેલો પુરાવો વાપરવો.	એજ	એજ	ખોટી શાહેદી આપવા ના ગુન્હાને માટે જામીન લઈ શકાતો હોય તો લઈ શકાય નહીં તો	એજ	ખોટી શાહેદી આપવા અથવા ખોટો પુરાવો બનાવવા માટે જે હોય તેજ.	સેસનકોરટ અથવા પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વરગનો માજીસ્ટ્રેટ

૧૯૭	જે હકીકતના પુરવામાં કાયદા મુજબનું સરટીફીકેટ લઇ શકાતું હોય તે હકીકત બાબત જાણી બુઝીને કાંઇ ખોટું સરટિફીકેટ આપવું અથવા તે પર સહી કરવી.	એજ	નહી એજ	જામીન લઈ શકાય	એજ	જુઠી શાહેદી આપવા માટે જે હોય તેજ.	એજ
૧૯૮	કોઇ જરૂરની બાબતમાં ખોટું છે એવું જાણતું સરટીફીકેટ ખરાની માફક વાપરવું	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૧૯૯	કાયદાપ્રમાણે પુરાવામાં લઈ શકાય એવા કોઇ એકરારમાં તજેલ ખોટી હકીકત.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૦૦	એવો કોઇ ખોટો જાહેર એકરાર ખરાની માફક વાપરવો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૦૧	કોઈ ગુન્હો કરનારને બચાવવાના ઇરાદાથી તે ગુન્હો થયાના પુરાવો ઉડાવવો અથવા તે બાબત ખોટી ખબર આપવી, તે ગુન્હો દેહાંત શિક્ષા જોગ હોય, તો.	એજ	એજ	એજ	એજ	૭ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ,	સેસન કોરટ
	જન્મટીપસુધીસમુદ્રપારની શિક્ષાજોગ અથવા ૧૦ વરસની કેદની શિક્ષા જોગ હોય, તો.	એજ	એજ	એજ	એજ	૩ વરસસુધી બેમાંના ગમેતે પ્રકારની કેદ, તથા દંડ,	સેસનકોરટ અથવા પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનોમાજીસ્ટ્રેટ.
	૧૦ વરસથી ઓછી મુદતની કેદની શિક્ષા જોગ હોય, તો.	એજ	એજ	એજ	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ધારામાં ઘાલી મુદત જે ઠરાવી હોય તેની ચતુર્થાંશ મુદતસુધીની કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનોમાજીસ્ટ્રેટ અથવા જે કોરટથી

							તે ગુનાનો ઇનસાફ થઇ શકતો હોય તે કોરટ.
૨૦૨	કાંઇ ગુન્હાબાબત ખબર આપવાની જેની ફરજ હોય તેણે ઇરાદાથીતેબાબત ખબર આપવામાં કસુર કરવી,	એજ	સમન	એજ	એજ	૬ મહીનાસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બને.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા રજા વરગનો માજીસ્ત્રેટ.
૨૦૩	કાંઇ ગુન્હો થયા તેહેની ખેટી ખબર આપવી.	એજ	વારંટ	એજ	એજ	બે વરસસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બને.	એજ
૨૦૪	કોઇ લેખને પુરાવાદાખલ હાજર થતો અટકાવવાને તેહેનો નાશ કરવો, અથવા તેહેને સંતાડવો.	એજ	એજ	એજ	એજ	એજ	પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા વરગનો માજીસ્ત્રેટ,
૨૦૫	કોઇ દીવાની કે ફોજદારી મુકદમા મધે કાંઇ કામ કરવાસરૂ અથવા જામીન થવા સારૂ ખોટો વેશ લેવો.	એજ	એજ	એજ	એજ	૩ વરસસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બને.	સેસનકોરટ અથવા પ્રેસીડેન્શીમાજીસ્ત્રેટ અથવા ૧ લા વરગનો માજીસ્ત્રેટ.
૨૦૬	કાંઇ મીલકત સરકાર જપ્ત થતી અથવા શિક્ષાના હુકમથી દંડમાં વસુલથતી અથવા હુકમનામું બજાવવામાં લેવાથી અટકાવવા સારૂ તે મીલકત દગલબાજીથી ખશેડવી અથવાછુપાવવી વિગરે	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બને.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા અથવા રજા વરગનો માજીસ્ત્રેટ.
૨૦૭	કાંઇમીલકત સરકાર જપ્ત થતી. શિક્ષાના હુકમથી દંડમાં વસુલથતી, અથવા હુકમનામું બજાવવામાં લેવાતી, અટકાવવાસારૂ દગલબાજીથી તેમીલ	એજ	એજ	એજ	એજ	એજ	એજ

	કતપર હક્ક નહીં છતાં દાવો કરવો. અથવા તેનાં કાંઇ હક્ક બાબત ઠગાઇ કરવી						
૨૦૮	જે રકમ લેહેણી નથી, તેને સારૂ દગાબાજીથી હુકમનામું થવા દેવું અથવા હુકમનામું પુરૂં થયા પછી તે ચલાવવા દેવું.	એજ	એજ	એજ	એજ	એજ	પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા પેહેલાવરગનો માજીસ્ટ્રેટ
૨૦૯	કોઇ ઇનશાફની કોરટમાં ખોટો દાવો કરવો.	એજ	એજ	એજ	એજ	૧ વરસસુધીની એમાંના ગમેતે પ્રકારની કેદ, તથા દંડ,	એજ
૨૧૦	જે રકમ લેહેણી નહીં હોય તેને સારૂ દગલબાજીથી હુકમનામું કરાવી લેવું અથવા હુકમનામું પુરૂં થયા પછી તે બજાવવું.	એજ	એજ	એજ	એજ	૨ વરસસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ. અથવા દંડ, અથવા બંને.	એજ
૨૧૧	નુકશાન કરવાના ઇરાદાથી ગુન્હાનું ખોટું તહોમત મુકવું.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
	અગર ગુન્હાનું તહોમત મુકયું હોય તે ગુન્હો દેહાંત શિક્ષા જોગ, અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા જોગ અથવા ૭ વરસથી વધારે મુદતસુધીની કેદની શિક્ષા જોગ હોય, તો.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી એમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોરટ
૨૧૨	કોઇ ગુન્હેગારને ઘરમાં રાખવો. તેનો જો દેહાંત શિક્ષા જોગ હોય, તો	અગર વારંટ પકડી શકે.	એજ	એજ	એજ	૧ વરસસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ,	સેશનકોરટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા પેહેલાવરગનો માજીસ્ટ્રેટ.
	તે ગુન્હો જો જીવતાં સુધી સમુદ્રપારની, અથવા ૧૦ વરષસુધી કેદની શિક્ષા જોગ હોય, તો.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી એમાંના ગમેતે પ્રકારની કેદ, તથા દંડ.	એજ

	અગર તે ગુન્હો ૧૦ વરસસુધી નહીં પણ ૧ વરસસુધી કેદની શિક્ષા જોગ હોય, તો.	એજ	એજ	એજ	એજ	તે ગુન્હાનેમાટે ઠરાવેલા પ્રકારની તથા ધાગામાં ધાગી મુદત જે કરવી હોય તેની અચતુર્થાંશ મુદતસુધી કેદ, અથવા દંડ અથવા બને.	પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લાવર્ગનો માજીસ્ટ્રેટ અથવા જે કોર્ટથી તે ગુન્હાનો ઇનસાફ થઇ શકતો હોય તે કોર્ટ.
૨૧૩	કોઇ શખસને શિક્ષાથી બચાવવાને બક્ષિશ વગેરે લેવી, તે ગુન્હો દેહાંત શિક્ષા જોગ હોય, તો.	અગર વારંટ૫ કડાય નહીં.	એજ	એજ	એજ	૭ વરસસુધીની બેમાંગમે તે પ્રકારની કેદ, તથા દંડ	સેશનકોરટ.
	તે ગુન્હો જો જીવતાંસુધી સમુદ્રપારની અથવા ૧૦ વરસની કેદની શિક્ષા જોગ હોય, તો.	એજ	એજ	એજ	એજ	૩ વરસસુધી બેમના ગમેતે પ્રકારની કેદ. તથા દંડ	સેશનકોરટ અથવા પ્રેસિડેન્સીમાજીસ્ટ્રેટ અથવા ૧લાવરગનો માજીસ્તરેટ.
	અગર ૧૦ વરસ કરતાં ઓછી કેદની શિક્ષા જોગ હોય, તો.	એજ	એજ	એજ	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ધાગામાંધાગી મુદતજે ઠરવી હોય તેની ચતુર્થાંશમુદતસુધી કેદ, અથવા દંડ, અથવા બને.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લાવરગનોમાજીસ્ત્રેટ અથવા જે કોરટથી તે ગુન્હાનો ઇનસાફ થઇ શકતો હોયતે કોટ.
૨૧૪	કોઇ ગુન્હેગારને બચાવવાના બદલામાં કાંઇ મીલકત પાછી આપવી અથવા બક્ષિશ આપવી, તે ગુન્હો જો દેહાંત શિક્ષા જોગ હોય, તો.	એજ	એજ	એજ	એજ	૭ વરસસુધી બેમાંના ગમેતે પ્રકારની કેદ, તથા દંડ.	સેશનકોરટ.
	તે ગુન્હો જો જીવતાંસુધી સમુદ્રપારની, અથવા ૧૦ વરસસુધી કેદની શિક્ષા	એજ	એજ	એજ	એજ	૩ વરશ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશનકોરટ અથવા પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ

	એમ હોય તો.						તરેટ અથવા ૧લા વરગનોમાજીસ્ત્રેટ.
	અગર ૧૦ વરષ કરતાં ઓછી કેદની શિક્ષા જોગ હોય, તો.	એજ	એજ	એજ	એજ	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘાણામાં ઘાણી જે મુદત ઠરાવી હોય, તેની ચતુરથાંઉશ મુદતસુધી કેદ અથવા, દંડ અથવા બંને.	પ્રેશિડેન્શી માજીસ્ત્રેટ અથવા ૧લા વરગનો મજીસત્રેટ અથવા જે કોરટથી તે ગુન્હાનો ઈનસાફ થઇ શકતો હોય તે કોરટ.
૨૧૫	ગુન્હાથી થએલી મીલકત પાછી મેળવવાં મદદ કરવાસારૂ કાંઇ બક્ષીશ લેવી અને ગુન્હેગારને પકડીનહી આપવો	એજ	એજ	એજ	એજ	૨ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારના કેદ, અથવા દંડ, અથવ બંને.	પ્રેશીડેન્સીમાજીસતરેટ અથવા ૧લાવરગનો માજીસતરેટ.
૨૧૬	જે ગુન્હેગાર કેદમાંથી નાઠો હોય, અથવા જેને પકડવાનો હુકમ થયોહોય તે ગુન્હેગારને ઘરમાં રાખવો તે ગુન્હો દેહાંત શિક્ષા જોગ હોય તો.	વગર વારંટે પકડી શકે	એજ	એજ	એજ	૭ વરસસુધી બેમાંના ગમે પ્રકારની કેદ, તથા દંડ.	સેશનકોરટ અથવા પ્રેશીડેન્શીમાજીસતરેટ અથવા ૧લાવરગનો મજીસતરેટ
	જીવતાંસુધી સમુદ્રપારની અથવા ૧૦ વરસસુધી કેદની શિક્ષા જોગહોયતો	એજ	એજ	એજ	એજ	૩ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ કરે અથવા ન કરે.	એજ
	અગર ૧૦ વરસ નહી પણ એક વરસસુધી કેદની શિક્ષા જોગ હોય, તો.	એજ	એજ	એજ	એજ	ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘાણામાં ઘાણી મુદત જે ઠરાવી હોય તેહેની એકચતુરથાંઉશ મુદતસુધી કેદ, અથવા દંડ. અથવા બંને.	પ્રેશીડેન્શી મજીસતરેટ અથવા ૧લા વરગનો માજીસતરેટ અથવા જે કોરટથી તે ગુન્હાનો ઇનસાફ થઇ શકતો હોય તે કોરટ.

૨૧૭	કોઇ શખસને શિક્ષાથી અથવા કાંઇ મીલકતને સરકાર જપ્તથી બચાવવાના ઇરાદાથી કોઇ સરકારી નોકર કાયદાનો હુકમ નહી માને તો.	વગર વારંટે પકડાય નહીં	સમન	એજ	એજ	૨ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા ૨જા વરગનો માજીસ્ત્રેટ.
૨૧૮	સરકારી નોકર શખસને કોઈ શીક્ષાથી અથવા કાંઈ મીલકતને શરકાર જપ્ત થવાથી બચાવવાના ઇરાદાથી કાંઇ ખોટું દફતર અથવા લખાણ બનાવે તો.	એજ	વારંટ	એજ	એજ	૩ વરશ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	સેશન કોરટ
૨૧૯	કોઈ ઇનશાફી મુકદમામાં મધે પોતે કાયદા વીરૂદ્ધ છે એમ જાણતો હોય એવો હુકમ, રિપોર્ટ વિગરે કોઇ સરકારી નોકર કરે તો.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ
૨૨૦	જે શખસને અખત્યાર હોય તે શખસ હું કાયદાથી વીરૂદ્ધ ચાલુ છું એમ જાણીને કોઇને તેનો ઇનશાફ થવા શારૂ કમીટ કરે અથવા કેદમાં મોકલે તો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૨૧	જે સરકારી નોકરની કાયદા મુજબ કોઇને પકડવાની ફરજ હોય તે શરકારી નોકર તેને પકડવામાં ઇરાદાથી કસુર કરે અને તે ગુનો દેહાંત શિક્ષા જોગ હોય, તો.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ, કરે. અથવા ન કરે.	એજ
	અગર જીવતાં સુધી સમુદ્રપારની અથવા ૧૦ વરશ સુધી કેદની શિક્ષા જોગ, હોય તો.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની એમાંના પ્રકાર ની કેદ, તથા દંડ કરે. અથવા ન કરે.	સેશન કોરટ અથવા પ્રેશિડેન્શી માજીસ્ત્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ત્રેટ
	અગર ૧૦ વરશ કરતાં ઓછી કેદની શિક્ષા જોગ હોય, તો.	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ કરે. અથવા ન કરે.	પ્રેશીડેન્શી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા ૨જા વરગનો

							માજીસતરેટ
૨૨૨	જે શખસની ઉપર કોઇ ઇનશાફની કોરટે શિક્ષાનો હુકમ કરયો હોય, તે શખસને પકડવાની જે સરકારી નોકરની ફરજ હોય, તે શખસને પકડવામાં ઇરાદાથી કસુર કરે, અને અગર તેની ઉપર મોતની શિક્ષાનો હુકમ થયો હોય, તો.	એજ	એજ	જામીનનથી લઇ શકાય	એજ	જીવતાંસુધીની સમુદ્રપાર અથવા ૧૪ વરસસુધી એમાંનાગમેતે પ્રકારની કેદ, તથા દંડ કરે અથવા ન કરે.	સેશનકોરટ.
	અગર જીવતાંસુધી સમુદ્રપારની અથવા શાસનિક દાસત્વની અથવા ૨૦ વરસસુધીની કે તેથી વધારે મુદતની સમુદ્રપારની કેદની અથવા શાસની ક દાસત્વની અથવા કેદની શિક્ષાનો હુકમ થયો હોય, તો.	એજ	એજ	એજ	એજ	૭ વરસસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ કરે અથવા ન કરે.	એજ
	અગર ૧૦ વરસકરતાં ઓછી કેદનીશીક્ષાનો હુકમ થયો હોય તો અથવાકાયદાસરરીતે કેદમાં મોકલ્યો હોયતો	એજ	એજ	જામીન લઇ શકાય	એજ	૩ વરસ સુધીની એમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	સેશનકોરટ અથવા પરેશીડેન્શીમાજીસતરેટઅથવા૧લા વર્ગના માજીસ્ત્રેટ.
૨૨૩	સરકારી નોકર ગફલતથી કોઇ કેદીને નાહાશી જવાદે, તો.	એજ	એજ	એજ	એજ	૨ વરસસુધી આશાન કેદ, અથવા દંડ, અથવા બંને.	પરેસીડેન્શીમાજીસતરેટ અથવા ૧લા અથવા ૨જાવરગના માજીસતરેટ.
૨૨૪	કોઇ શખશને કાયદા મુજબ પકડતા હોય તેમાં તેણે સામા થવું અથવાહુરકત કરવી.	વગર વારંટે પકડી શકાય	એજ	એજ	એજ	૨ વરસસુધીની એમાંના ગમેતે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	એજ
૨૨૫	કોઇ શખસને કાયદા મુજબપકડતા હો	એજ	એજ	એજ	એજ	એજ	એજ

	ય તેમાં કોઇ બીજા શખશે સામા થવુ અથ। હરકત કરવી અથવા કાયદેસર કેદમાંથી તેને છોડાવવો.						
?	અગર તેની ઉપર જીવતાંસુધીની સમુદ્રપારની અથવા ૧૦ વરસસુધી તીકેદની શિક્ષા થઇ શકે એવા ગુન્હાનુ તહોમત હોય તો.	એજ	એજ	જામીન નહી લઇ શકાય	એજ	· વરસસુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ, તથા દંડ.	સેશનકોરટ અથવા પરેશીડેન્શી માજીસતરેટ અથવા ૧ લા વર્ગના માજીસતરેટ.
	અગર દેહાંત શીક્ષા થઇ શકે એવા ગુન્હાનુ તહોમત હોય, તો.	એજ	એજ	એજ	એજ	૭ વરસસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશનકોરટ
	અગર તે શખશની ઉપર જીવતાં સુધીની સમુદ્રપારની શિક્ષાનો, અથવા ૧૦ વરસ સુધીની કે તેથી વધારે સમુદ્રપાર, શાસનિક દાસત્વ, અથવા કેદની શિક્ષાનો હુકમ થયો હોય, તો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
	અગર મોતની શિક્ષાનો હુકમ થયો હોય, તો.	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરષ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૨૨૫ અ	સારી રીતે થાસવા બાબત જામીન આપવાને ચુકવાના સબબથી કેદમાં રાખ્યુ હોય ત્યાંથી નાશી જવું, અથવા નાશી જવાની કોશિશ કરવી	એજ	એજ	જામીન લઇ શકાય	એજ	૧ વરશ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	પરેસીડેન્સી માજીસતરેટ અથવા ૧ લા અથવા બીજા વરગના માજીસ્ત્રેટ
૨૨૬	સમુદ્રપારથી કાયદાવિરુદ્ધ પાછું આવવુ	એ જ	એજ	જામીન નહી લઇ શકાય.	એજ	જીવતાં સુધી સમુદ્રપાર, તથા દંડ, તથા સમુદ્રપાર જતાં પેહેલાં ૩ વરશ સખત કેદ.	સેશનકોરટ
૨૨૭	શિક્ષાની માફીની શરત તોડવી	વગર વારંટે પકડાય નહી	સમન	એજ	એજ	અસલ હુકમની શિક્ષા અથવા અગર તે માંહેલી કાંઇ ભાગ	જે કોરટથી અસલ ગુન્હાનો ઇનસાફ

						વી હોયતો બાકી રહીહોય તે.	થઇ શક્તો હોય તે કોરટ.
૨૨૮	જ્યારે સરકારી નોકર કાંઇ ઇનસાફી મુકદમાના કાંઇ પણ ભાગમાં બેઠા છતાં તેનું ઇરાદાથી અપમાન કરવું, અથવા તેને હરકત કરવી.	એજ	એજ	જામીનલઇ શકાય.	એજ	૬ મહિના સુધીની આશાન કેદ અથવા ૧૦૦૦ રૂપિયાનો દંડ અથવા બને,	જે કોરટમાં ગુન્હો થયો હોય તે કોરટ આ કાયદાના ૩૫ મા બાબમાં લખેલા ઠરાવોને અનુસરીને
૨૨૯	જ્યુરર અથવા આસેસરનો વેષ લેવે.	એજ	એજ	એજ	એજ	૨ વરશ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ. અથવા બંને.	પરેસીડેન્સી માજીસતરેટ અથવા ૧ લાવરગનો માજીસતરેટ.
	બાબ ૧૨ મો— શિક્કા તથા સરકારી સ્ટાંપ સંબંધી ગુન્હા.						
૨૩૧	શિક્કો ખોટો બનાવવો અથવા તે ક્રિયાનો કાંઇપણ ભાગ કવો.	વગારવારંટેપકડી શકે	વારંટ	જામીનનહીં લઇશકાય.	ફેંસલો નહીં શકાય	૭ વરસ સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોરટ
૨૩૨	રાણીના શિક્કો ખોટો બનાવવો અથવા તે ક્રિયાનો કાંઇપણ ભાગ કરવો.	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરશ સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૨૩૩	શિક્કો ખોટો બનાવવાના કારણસર હથિઆર બનાવવાં, ખરીદવાં, અથવાં વેચવાં.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાના ગમેતે પ્રકારની કેદ તથા દંડ.	સેશનકોરટ અથવા પરેસીડેન્સીમાજીસતરેટ અથવા૧લા વરગનોમાજીસ્ત્રેટ
૨૩૪	રાણીનો શિક્કો ખોટો બનાવવાના કારણસર હથીયાર બનાવવાં ખરીદવા અથવા વેચવાં.	એજ	એજ	એજ	એજ	૭ વરશ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ
૨૩૫	શિક્કો ખોટો બનાવવાનાકારણસર કાંઇ હથીયાર અથવાસામાનપાશેરાખવે	એજ	એજ	એજ	એજ	૩ વરશ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશનકોરટ અથવા પરેશીડેન્સીમાજીસતરેટ અથવા૧લા વર્ગનોમાજીસ્ત્રેટ.

	રાણીના શિક્કા બનાવવાના કારણસર હોય તો,	એજ	એજ	એજ	એજ	૧૦ વરશ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	શેશનકોરટ.
૨૩૬	હિંદુસ્તાનમાં રહીને હિંદુસ્તાનની બાહાર કાંઈ શિક્કો ખોટો બનાવવામાં મદદગારી કરવી,	એજ	એજ	એજ	એજ	બ્રિટિશ ઇંડિયામધ્યે તે શિકકો ખોટો બનાવવામાં મદદગારી કરવાને માટે જે શિક્ષા ઠરાવી છે તે શિક્ષ.	એજ
૨૩૭	ખોટો શિક્કો જાણી બુઝીને આ દેશમાં લાવવો અથવા આ દેશમાંથી બાહાર લઈ જવો.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશનકોરટ અથવા પરેસીડેન્શીમાજીસતરેટ અથવા ૧ લા વરગનાં માસતરેટ.
૨૩૮	રાણીના શિકકો ખોટો બનાવેલો જાણી બુઝીને આ દેશમાં લાવવો અથવા આ દેશમાંથી બહાર લઈ જવો	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોરટ
૨૩૯	કાંઈ શિકકો ખોટો છે એમ તે લેતી વખત જાણીને રાખવો, તથા તેબીજાને આપવો, વગેરે.	એજ	એજ	એજ	એજ	૫ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથ દંડ,	સેશનકોરટ અથવા પ્રેસીડેન્સીમાજીસ્ત્રેટ અથવા ૧લાવરગના માજીસ્ત્રેટ.
૨૪૦	રાણીના કોઈ શિક્કા બાબતતેમ કરવું.	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીનીબેમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ	એજ
૨૪૧	કોઈ માણસની પાસે કાંઈ શિક્કો પેહેલાં આવે તે વખત તે એમ જાણતો નહી હોય કે આશીકકો ખોટો છે,તેશિક તેમાણસેકોઈનેખરદાખલઆપવો	એજ	એજ	એજ	એજ	૨ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ. અથવા જેટલી કીમતના તે ખોટા શીકા કરચે હોય તેથી દસગણો દંડ, અથવા બંને.	પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ અથવા પેહેલાવરગના માજીસ્ત્રેટ
૨૪	કોઈ શીકો કોઈ શખ્સની પાસે આવતી વખતે તેણે એમ જાણ્યું હોય કે આ શીકકો ખોટો છે તે રાખસે તે	એજ	એજ	એજ	એજ	૩ વરસસુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ, તથા દંડ,	સેસનકોરટ અથવા પ્રેસીડેન્શીમાજીસ્ત્રેટ અથવા ૧ લા

	ખોટો શીકો પાસે રાખવો.					રગનો માજીસ્ત્રેટ.
૨૪૩	રાણીના કોઇ શીકો કોઇ શખસનીપાસે આવતી વખતે તેણે એમજાણ્યુ નાય કે આ શીકો ખોટો છે તેશખશ તે ખોટો શીકો પાસે રાખવો.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ	એજ
૨૪૪	ટંકશાળમાં નોકર રહેલા માણસે કાયદામાં ઠરાવેલાં વજન અથવા મેળવણીથી જુદા વજન અથવા મેળવણીનોકોઇ શીકો બનાવવો.	એજ	એજ	એજ	એજ	એજ	સેશન કોરટ
૨૪૫	શીકા પાડવાનું કાંઇ હથીયાર કોઇટંકશાળમથી કાયદાવીરૂદ્ધ લઇ જવુ.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૪૬	દગલબાજીથી કોઇ શીકાનુ વજન ઓછું કરવુ અથવા તેના મેળવણીમાં ફેરફાર કરવો.	એજ	એજ	એજ	એજ	૩ વરશ સુધીની બેમાનાગમે તે પ્રકારનીકેદ તથા દંડ.	શેશનકોરટ અથવા પરેડેન્શીમાજીસત રેટ અથવા ૧લાવ રગનો માજીસ્ત્રેટ.
૨૪૭	દગલબાજીથી રાણીના શિકાનું વજન ઓછુ કરવું અથવા તેની મેળવણી બદલવી.	એજ	એજ	એજ	એજ	૭ વરશ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથ દંડ.	એજ
૨૪૮	કોઇ શિકકો બીજા શીક્કાને ઠેકાણે ચાલે એવા ઇરાદાથી તે શીક્કાનું રૂપબદલવું.	એજ	એજ	એજ	એજ	૩ વરસસુધીની બેમાંનાગમેતે પ્રકારની કેદ તથાદંડ.	એજ
૨૪૯	રાણીના કોઇ શીકકો બીજા શીક્કાનેઠેકાણે ચાલે એવા ઇરાદાથી તે શીક્કાનુ બદલવું	એજ	એજ	એજ	એજ	૭ વરસસુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૨૫૦	આ શીક્કામાં ફેરફાર થયલો છે એવું જાણીને જે શીકો પાસે રાખ્યા હોય તે બીજાને આપવો.	એજ	એજ	એજ	એજ	૫ વરસ સુધીની બેમાંનાગમેતે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૨૫૧	આ શીક્કામાં ફેરફાર થયલોછે એમજા	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધી બેમાના ગમેતે	એજ

ણાને રાણીના જે શિક્કો પાસે રાખ્યો હોય તે શીકો આપવો.					પ્રકારની કેદ, તથા દંડ.	
૨૫૨ કોઈ શખસની પાસે કાંઈ ફેરફાર થયલો શિકો આવતી વખતે તેમાં ફેરફાર થયલો છે એમ તેને જાણ્યાં છતાં તે પાસે રાખવો	એજ	એજ	એજ	એજ	૩ વરસસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૨૫૩ કોઈ શખસની પાસ કાંઈ ફેરફાર થયલો રાણીના શિકો આવતી વખતે તેમાં ફેરફાર થયલો છે એમ તેણે જાણ્યાં છતાં તે પાસે રાખવો.	એજ	એજ	એજ	એજ	૫ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ,	એજ
૨૫૪ જે શિકો કોઈ માણસની પાસે પહેલાં આવતી વખતે તેમાં ફેરફાર થયલો છે એમ તેણે જાણ્યુ નહીં હોય તે શિકો તેણે બીજાને ખરાદાખલ આપવો	એજ	એજ	એજ	એજ	૨ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા જેટલા કીમતનો તે શીકો હોય તેથી દસ ગણો દંડ.	પ્રેસિડેનશી માજીસ્તરેટ અથવા ૧લા અથવા ૨જા વરગના માજીસ્ત્રેટ.
૨૫૫ સરકારી સ્ટાંપ ખોટો બનાવવો.	એજ	એજ	જામીન લઈ શકાય.	એજ	જીવતાંસુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસસુધી બેમાંના, ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેસનકોરટ.
૨૫૬ કોઈ સરકારી સ્ટાંપ ખોટો બનાવવાના કારણસર કાંઈ હથીયાર અથવા સામન પાસે રાખવો.	એજ	એજ	એજ	એજ	૭ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ,	એજ
૨૫૭ કોઈ સરકારી સ્ટાંપ ખોટો બનાવવાના કારણસર હથિયાર બનાવવું, ખરીદવું, અથવા વેચવું.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૫૮ સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો વેચવો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૫૯ સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો પાસે રાખવો.	એજ	એજ	એજ	એજ	એજ	પ્રેમનકોરટ અથવા પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા વરગના માજીસ્ત્રેટ

૨૬૦	કોઈ સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો છે એમ જાણ્યાં છતાં તે ખરા દાખલ વાપરવો.	એજ	એજ	એજ	એજ	૭ વરસસુધી બેમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ
૨૬૧	સરકારને ગેરવાજબી હાનીકરવાના ઈરાદાથી જેપર સરકારી સ્ટાંપહોય એવા કોઈ પદાર્થ ઉપરથી કાંઈ લખાણ ચેહેરી નાખવું અથવા કોઈ લેખને માટે કાંઈ સ્ટાંપ વાપરયો હોય તે સ્ટાંપ તે લેખ ઉપરથી કાહાડી નાંખવો.	એજ	એજ	એજ	એજ	૩ વરશસુધીની બેમાંના ગમેતે પ્રકાની કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ
૨૬૨	કોઈ સરકારી સ્ટાંપ આગળ વાપરેલોછે એમ જાણ્યાં છતાં તે પાછો વાપરવો.	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધી બેમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા ૨જા વરગનો માજીસ્ત્રેટ.
૨૬૩	સ્ટાંપ વાપરેલો છે એહેવી રીતની કાંઈ નીશાણી છોલી રાખવી.	એજ	એજ	એજ	એજ	૩ વરશસુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસિડેન્સીમાજીસ્તરેટઅથવા ૧ લા વરગનોમાજીતરેટ,

બાબ ૧૩ મે—કાટલાં તથા માપ સબંધી ગુન્હા.

૨૬૪	તોળવાનું ખોટું યંત્ર દગલબાજીથી વાપરવું.	વગર વારંટે પકડાવ નહીં	સમન	જામીન લઈ શકાય.	માંડીવાળી નહીં શકાય	૧ વરસસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ, અથવા બને	પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા ૨ જા વરગનોમાજીસ્ત્રેટ
૨૬૫	ખોટું કાટલું અથવા માપ દગલબાજીથી વાપરવું.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૬૬	ખોટાં કાટલાં અથવા માપ દગલબાજીથી વાપરવાને પાસે રાખવાં.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૬૭	ખોટાં કાટલાં અથવા માપ દગલબાજીથી વાપરવાને બનાવવાઅથવાવેચવા.	જાજી	એજ	એજ	એજ	એજ	એજ

બાબ ૧૪ મો.—લોકની તંદુરસ્તી, સલામતી, અનુકુલતા, લજ્જા, તથા નીતીસંબંધીગુન્હા

૨૬૯	જીંદગીને જોખમ પોહાચે એવા રોગનો ચેપ પસરે એવું ગફલતીનું કામ	વગરવારંટેપકડી શકે.	સમન	જામીન લઇ શકાય	માંડીવાળીને શકાય.	૬ મહીનાસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને	પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨ જા વરગનો માજીસ્ટ્રેટ.
૨૭૦	જીંદગીને જોખમ પોહોચે એહેવા રોગનો ચેપ પસરે એહેવું દ્વેષબુદ્ધિનું કામ	એજ	એજ	એજ	એજ	૨વરસસુધી એમાંના ગમે તેપ્રકારની કેદ, અથવા દંડ, અથવ બંને.	એજ
૨૭૧	રોગના સબબથી દુર રેહેવા સંબંધીની કાંઇ કાનુન નહીં માનવી.	વગરવારંટેપકડાયનહીં	એજ	એજ	એજ	૬ મહીના સુધીની એમાંના ગમે તેપ્રકારનીકેદ, અથવા દંડ, અથવા બંને.	એજ
૨૭૨	વેચવાને ઇરાદે રાખેલી માણસનેખાવાની અથવા પીવાની વસ્તુમાં કાંઇ ભેળ કરવી.	એજ	એજ	એજ	એજ	૬ મહીનાં સુધીની એમાંના ગમે તેપ્રકારની કેદ, અથવા૧૦૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને.	એજ
૨૭૩	માણસને ખાવાની અથવા પીવાની કંઇ વસ્તુ અવગુણ કારક છે એમ જાણીને વેચવી.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૭૪	કાંઇ વેચવાના વસાણામાં અથવા ઓસડમાં ભેળ કરવી એહેવી રીતે કે તેથી તેનો ગુણ ઓછો થાય, અથવા તેની અશર બદલાય, અથવાતે અવગુણકારક થાય.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૭૫	ભેળ થયલાં વસાણાં અથવા ઓસડ વેચવા, અથવા કોઇ દવાખાનામાંથી ભેળ થયલું વસાણું કે ઓસડ જાણી બુઝીને આપવું.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૭૬	જાણી બુઝીને કાંઇ વસાણાને અથવા	એજ	એજ	એજ	એજ	એજ	એજ

	ઓસડને તે જુદું વસાણું અથવા તઈયાર કરેલું ઓસડ હોયએ રીતેવેચવુ અથવા દવાખાનામાંથી આપવું.						
૨૭૭	સાર્વજનીક ઝરા અથવા જલાશયનું પાણી મેલું કરવું	વગર વારંટે પકડી શકે.	એજ	એજ	એજ	૩ મહીના સુધીની એમાંના ગમે તેમકારની કેદ, અથવા ૫૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને.	કાઇપણમાજીસતરેટ
૨૭૮	હવાને તંદુરસ્તીમાં બિગાડ કરે એહેવી કરવી.	વગરવારંટેપકડાય નહીં	એજ	એજ	એજ	૫૦ રૂપીયાનો દંડ,	એજ
૨૭૯	શરિયામ રસ્તાપર બેફિકરાઇથી હાંકવુ અથવા સ્વારી કરવી, એ રીતેકે તેથી માણસની જીંદગી જોખમમાં રેહે. વગેરે.	વગરવારંટેપકડી શકે	એજ	એજ	એજ	૬ મહીનાં સુધીની એમાંના ગમે તેમકારની કેદ, અથવા૧૦૦૦ રૂપીયાનો દંડ. અથવા બંને.	એજ
૨૮૦	બેફીકરાઇથી વહાણ ચલાવવું એવી રીતે કે તેથી માણસની જીંદગી જોખમમાં રેહે વગેરે.	એજ	એજ	એજ	એજ	એજ	પ્રેસિડેનશી માજીસતરેટઅથવા૧લાઅથવા ૨જા વરગનો માજીસ્ત્રેટ.
૨૮૧	ખોટું અજવાળુ નિશાણી અથવા બોયુ દેખાડવું.	એજ	વારંટ	એજ	એજ	૭ વરસસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ અથવા બંને.	સેસનકોરટ.
૨૮૨	ઘણો ભાર ભરેલા અથવા દેહશતવાળા વાહાણમાં ભુંડું કુરીને કોઇ શખસને જળમાર્ગે લઇ જવો જેથી તેહેની જીંદગી જોખમમાં રેહે.	એજ	સમન	એજ	એજ	૬ મહીનાસુધીની એમાંના ગમે તે પ્રકારનીકેદ અથવા ૧૦૦૦ રૂપીયાનો દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટઅથવા ૧લા અથવા ૨જાવરગનો માજીસ્ત્રેટ.
૨૮૩	શરીયામ રસ્તામાં અથવા વાહાણનારસ્તામાં ભય અથવા અડચણ અથવા નુકશાન કરવું.	એજ	એજ	એજ	એજ	૨૦૦ રૂપીયાનો દંડ.	પરેસીડેન્સી માજીસતરેટ અથવા ૧લા અથવાબીજાવરગનો માજીસ્ત્રેટ
૨૮૪	કાંઇ ઝેરીપદાર્થ સંબંધી એવું કામક	વગરવારંટેપ	એજ	એજ	એજ	૬મહિનાસુધીએમાંનાગમેતેમકા	એજ

રવું કે તેથી માણસની જીંદગી વીગેરે જોખમ માં રહે.	કડાયનહી				નીકેદઅથવા૧૦૦૦રૂપિયાંનોદંડ અથવા બને,	
૨૮૫ આગેન અથવા શીઘ્રજ્વાલાગ્રાહી પદાર્થ સબંધી એવું કામ કરવું કે તેથી માણસની જીંદગીવીગેરે જોખમમાંરહે	વગરવારંટેપકડી શકે	એજ	એજ	એજ	એજ	કોઈપણમાજીસત્રેટ
૨૮૬ આગજસંધે ફુટે એવા કાંઇ પદાર્થસંબંધીએવું કામ કરવું.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૮૭ કાંઇ યાંત્ર સબંધી એવું કામ કરવું	વગરવારંટેપકડાય નહી	એજ	એજ	એજ	એજ	પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા ૨ જા વરગનો માજીસ્ત્રેટ
૨૮૮ જે ઈમારતને તોડીપાડવાનોઅથવામરામત કરવાનો જેશખસનો હક હોયને શખસ અગાર તે ઈમારતતુટી પડીને માણસની જીંદગીને જેનુકશાન થવાનો સંભવ હોય તે નહી થવા દેવાનો બંદોબસ્ત કરવામાં કસુર કરે, તો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૮૯ કોઇ શખસના કબજામાં કાંઇ જાનવર હોય તે જાનવરથી માણસનીજીંદગીને કાંઇ નુકશાન થાય નહી અથવા તેથી કોઇને મહાવ્યથા થાય નહીએવો બંદોબસ્ત રાખવામાં તે શખસ કસુર કરે તો.	વગરવારંટેપકડી શકે	એજ	એજ	એજ	એજ	કોઈપણમાજીસ્ત્રેટ.
૨૯૦ કાંઇ લોકાપકારક કૃત્ય કરવું.	વગરવારંટેપકડાય નહી	એજ	એજ	એજ	૨૦૦ રૂપીયાનો દંડ	એજ
૨૯૧ બંધ કરવાની તાકીદ થયાપછી અપકારક કૃત્ય જારી રાખવું.	વગરવારંટેપકડી શકે	એજ	એજ	એજ	૬ મહીના સુધીની આસાનકેદ અથવા દંડ, અથવા બંને.	પ્રેસિડેન્શી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા ૨ જા વર

							ગનો માજીસ્ત્રેટ.
૨૯૨	બીભત્સ પુસ્તકો વગેરેનું વેચાણ વગેરે.	એજ	વારંટ	એજ	એજ	૩ મહીનાસુધીની બેમાંનાગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ
૨૯૩	વેચાણ અથવા દેખાડવામાટે બીભત્સ પુસ્તક વગેરે કબજામાં રાખવું.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૯૪	બીભત્સ ગીતો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૨૯૪ અ	લોટરીની આફીસ રાખવી.	વગરવારંટેપકડાયનહી	સમન	એજ	એજ	૬ મહીનાસુધી બેમાંનાગમેતેપ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	કોઈપણ માજીસ્ત્રેટ.
	લોટરીબાબતના ઠરાવ પ્રસિદ્ધ કરવા.	એજ	એજ	એજ	એજ	એક હજાર રૂપીયાનો દંડ.	એજ

૧૫ મો—ધર્મ સંબંધી ગુન્હા

૨૯૫	કોઈપણ જાતીનાલોકોના ધર્મને અપમાન કરવાના ઈરાદાથી કોઈ પુજાનાઠેકાણાંનો અથવા પવિત્ર વસ્તુનો નાશ કરવો, અથવા તેહેને નુકશાન કરવું અથવા તેહેને ભ્રષ્ટ કરવી.	વગરવારંટેપકડી શકે.	સમન	જામીનનહી લઈશકાય.	હીવાળીનહી શકાય	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા બીજા વરગનો માજીસ્ત્રેટ
૨૯૬	કોઈ ધર્મસંબંધી મંડળી પુજાનાં કામમાં છતાં તેહેને અડચણ કરવી.	એજ	એજ	એજ	એજ	૧ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ
૨૯૭	પુજાની જગા અથવા કબરસ્તાનમાં વગર રજાએ જવું અથવા કોઈ ખખસના મનને દુઃખ કરવા અથવા તેહના ધર્મને અપમાન કરવાના ઈરાદાથી મેતસંસ્કાર થતો હોય ત્યાંહા ગડબડ કરવી અથવા કોઈ મેતનું અપમાન કરવું.	એજ	એજ	એજ	એજ	એજ	એજ

૨૯૮	ધર્મસંબંધી કોઈપણ શખસનું દીલદુખવવાના પાકા ઈરાદાથી તેસાંભળે તેમ કાંઈ શબ્દ બોલવો અથવા ધ્વનિકરવો, અથવા તે દેખે તેમ કાંઈ ચાળા કરવા અથવા કાંઈ વસ્તુ મુકવી.	વગરવારંટે પકડાય નહી	એજ	એજ	માંડીવાળીશકાય	એજ	એજ

બાબ ૧૬ મો—માણસના શરીર સંબંધી ગુન્હા
જીંદગી સબંધી ગુન્હા

૩૦૨	ખુન	વગર વારંટે પકડી શકે	વારંટ	જામીન નહી ઈલ શકાય.	માંડીવાળીન હી શકાય	મોત, જીવતાં સુધી સમુદ્રપાર તથા દંડ,	સેસન કોરટ
૩૦૩	જન્મટીપના ગુન્હેગારે કરેલું ખુન	એજ	એજ	એજ	એજ	મોત	એજ
૩૦૪	ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષાજોગ મનુષ્યવધ અગર જે કામથી મોત થયું હોય તે મોત આણવાના ઈરાદાથી કરયું હોય તો	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરષ સુધી એમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
	અગર તે કામ મોત આણવાના ઈરાદાથી નહી, પણ મોત થવાનો સંભવ છે એમ જાણીને કરયું હોય તો	એજ	એજ	એજ	એજ	૧૦ વરશ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ અથવા બંને	એજ
૩૦૪ અ	ગફલતીથી મોત આણવું.	એજ	એજ	જામીન લઈ શકાય	એજ	૨ વરશ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	શેશનકોરટ અથવા પરેડેન્શી માજીસ્ટ્રેટ અથવા ૧લાવરગનો મ.જીસ્ટ્રેટ.
૩૦૫	કોઈ બાળક અથવા દીવાના અથવા ચળેલ અથવા જન્મથીજ ગાંડા અથવા કેફવાળા શખસને આત્મઘાત કરવામાં મદદગારી.	એજ	એજ	જામીન નહી લઈ શકાય	એજ	મોત અથવા જીવતાંસુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધી કેદ, તથા દંડ	સેશન કોરટ
૩૦૬	આત્મઘાત કરવામાં મદદગારી.	એજ	એજ	એજ	એજ	૩ વરશ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ

૩૦૭	ખુનની કોશિષ.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
	અગર તે કામથી કોઇ શખસને વ્યથા થાય તો.	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ઉપર મુજબ	એજ
	જન્મટીપના કેદીએ ખુનની કોશિષ કરવી અગર તેથી વ્યથા થાય તો	એજ	એજ	એજ	એજ	મોત અથવા ઉપર મુજબ	એજ
૩૦૮	શિક્ષાર્હ્ય મનુસ્યવધ કરવાની કોશીષ	એજ	એજ	જામીન લઇ શકાય	એજ	૩ વરસસુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	એજ
	અગર તે કામથી કોઇ શખસને વ્યથા થાય તો.	એજ	એજ	એજ	એજ	૭ વરસસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ, અથવા બંને	એજ
૩૦૯	આત્મઘાત કરવાની કોશીશ.	એજ	એજ	એજ	એજ	૧ વરસસુધીની આસાન કેદ, અથવા દંડ બંને.	પ્રેસિડેન્સીમાજીસતરેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીતરેટ,
૩૧૧	ઠગ હોવું.	એજ	એજ	જામીન નહી લઇ શકાય	એજ	જીવતાંસુધી સમુદ્રપાર તથા દંડ.	શેશનકોરટ.
	ગર્ભપાત કરવા બાબત; નહીં જન્મેલા બચ્ચાઓને નુકશાન બાબત; બચ્ચાંઓને ખુલ્લાં મુકવા બાબત; તથા જન્મ છુપાવવા બાબત.						
૩૧૨	ગર્ભપાત કરવો.	વગર વારંટે પકડાય નહી	વારંટ	જામીન લઇ શકાય	માંડીવાળી શકાય	૩ વરશસુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	શેશન કોરટ
	અગર તે સ્ત્રી ચલીત ગર્ભથઇ હોયતો	એજ	એજ	એજ	એજ	૭ વરશ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૩૧૩	સ્ત્રીની રજામંદી વગર ગર્ભપાત કરવો.	એજ	એજ	જામીન નહી લઇશકાય,	એજ	જીવતાંસુધી સમુદ્રપાર અથવા ૧૦ વરશ સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૩૧૪	ગર્ભપાત કરવાના ઇરાદાથી કરેલા કાં	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની બેમાંના ગમેતે	એજ

ઇ કામથી થએલું મોત.					પ્રકારની કેદ તથા દંડ.	
તે સ્ત્રીની રજા મંદી વગર તે કામ ક રવુ હોય તો.	એજ	એજ	એજ	એજ	જીવતાંસુધી સમુદ્રપાર અથવ ઉપર મુજબ	એજ
૩૧૫ કોઇ બચ્ચું જીવતું જન્મતાં અટકાવવા ના. અથવા જન્મ્યા પછી તેમરીજા ય એવું કરવાના ઇરાદાથીકરેલુંકામ	એજ	એજ	એજ	એજ	૧૦વરસ સુધી બેમાંના ગમેતે પ્ર કારની કેદ, અથવા દંડ, અથ વા બંને.	એજ
૩૧૬ જે કામ શિક્ષાણીય મનુષ્યવધ ગણાતુ હોય એવા કામથી કોઇ નહી જન્મે લાં જીવતાં બચ્ચાંનુ મોત આણવું.	એજ	એજ	એજ	એજ	૧૦વરસ સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ	એજ
૩૧૭ કોઇ બારવરસથી ઓછી ઉમરના બ ચ્ચાંને તેના માબાપે અથવા જે શ ખસના હવાલામાં તે બચ્ચું હોયતે શખસે તેને તજી દેવાના ઇરાદથી ખુલ્લું મુક્યું.	વગર વારંટે પકડી શકાય	એજ	જામીન લઇ શકાય	એજ	૭ વરશસુધીની બેમાંના ગમેતે પ્રકાની કેદ, અથવા દંડ,અથ વા બંને.	એજ
૩૧૮ મુડદુ છાનીરીતે વગે કરી દઇને જન મ છુપાવવો.	એજ	એજ	એજ	એજ	૨ વરસસુધી બેમાંના ગમેતે પ્ર કારની કેદ, અથવા દંડ, અ થવા બંને.	સેશનકોરટ અથવા પરેસીડેન્શીમાજી સતરેટ અથવા ૧ લા વરગનો મા જીસતરેટ.

વ્યથા સંબંધી

૩૨૩ બુદ્ધિપુર્વક વ્યથા કરવી.	વગરવારંટેપ કડાયનહી	સમન	જામીન લઇ શકાય	માંડીવાળીશ કાય.	૧ વરસ સુધી બેમાના ગમેતેપ્ર કારની કેદ,અથવા ૧૦૦૦ રૂપી યાનો દંડ અથવા બંને	કોઇપણમાજીસતરેટ
૩૨૪ ભયકર શસ્ત્ર અથવા સાધન વડે બુદ્ધિપુર્વક વ્યથા કરવી.	વગરવારંટેપ કડી શકે.	એજ	એજ	જેકોરટમાંફ રીયાદીનુ ક મચાલુહોયને કોરટપરવાન	૩ વરશસુધીની બેમાનાગમેતેપ્ર કારની કેદ અથવા દંડ. અથવા બંને	સેસનકોરટ અથવ પ્રેસીડેન્શીમાજીસ્તરે ૦ટ અથવા ૧ લા અથવા ૨ જા ૧

					...ી આપેને ...ાંડીવળી શકાય.		રગનો માજીસ્ટ્રેટ
૩૨૫	બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરવી.	એજ	એજ	એજ	માંડીવાળી નહી શકાય	૭ વરશ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૩૨૬	ભયંકર શસ્ત્ર અથવા સાધનવડે બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરવી.	એજ	એજ	જામીન નહી લઇ શકાય	એજ	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધી એમાંના ગમેતે પ્રકારની કેદ, તથા દંડ,	સેશનકોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટ.
૩૨૭	જબરાઇથી કાંઇ મીલકત અથવા કિંમતી દસ્તાવેજ કહડાવવાસારૂ અથવા કાંઇ ગુન્હો કરવો સેહેલ થાય કે કાયદા વિરૂદ્ધ કામ કરાવવા સારૂ બુદ્ધિપુરવક વ્યથા કરવી.	એજ	વારંટ	એજ	એજ	૧૦ વરસ સુધી એમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ,	સેસનકોરટ
૩૨૮	ગુન્હો કરવાના ઇરાદાથી ઝેર કે એહેવી કાંઇ વસ્તુ ખવડાવવી.	એજ	એજ	એ જ	એજ	એજ	એજ
૩૨૯	જબરદસ્તીથી કાંઇ મીલકત અથવા કિમતી દસ્તાવેજ કહડાવવા, અથવા કાંઇ ગુન્હો કરવો શેહેલ થાય એવું કાયદા વિરૂદ્ધ કામ કરાવવાસારૂ બુદ્ધિ પુર્વક મહાવ્યથા કરવી.	એજ	એજ	એજ	એજ	જીવતાં સુધી સમુદ્રપાર. અથવા ૧૦ વરસ સુધીના એમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ	એજ
૩૩૦	જબરદસ્તીથી કબુલાત કરાવવા અથવા કાંઇ ખબર મેળવવા કે મીલકત પાછી અપાવવાસારૂ બુદ્ધિપુર્વક વ્યથા કરવી વગેરે,	એજ	જામીન લઇ શકાય	એજ	એજ	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૩૩૧	જબરદસ્તીથી કબુલાત કરાવવા અથવા કાંઇ ખબર મેળવવા કે મીલકત પાછી અપાવવાસારૂ બુદ્ધિપુર્વક મહાવ્ય	એજ	વારંટ	જામીન નહી લઇ શકાય.	એજ	૧૦ વરસ સુધીની એમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ.	સેશનકોરટ

	થા કરવી.						
૩૩૨	કોઇ સરકારી નોકરને ડરાવીને તેહેને અમલ કરેતો બંધ રાખવાને બુદ્ધિ પુરવક વ્યથા કરવી.	એજ	એજ	જામીન લઇ શકાય	એજ	૩ વરસ સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	સેશનકોરટ અથવ પરેશીડેન્શીમાજી સતરેટ અથવા ૧લા વર્ગનો માજીસ્ત્રેટ.
૩૩૩	કોઇ સરકારી નોકરને ડરાવીને તેહેનો અમલ કરતો બંધ રાખવાને બુદ્ધિ પુરવક મેહાવ્યથા કરવી.	એજ	એજ	જામીન નહીં લઇ શકાય	એજ	૧૦ વરસ સુધી બેમાંના ગમેતે પ્રકારની કેદ, તથા દંડ.	સેશનકોરટ
૩૩૪	ભારે તથા અકસ્મીક ક્રોધ ઉત્પન થએથી ક્રોધ ઉત્પન કરનાર સિવાય બીજાને વ્યથા કરવાનો ઇરાદો નહી છતાં બુદ્ધિપુરવક વ્યથા કરવી	વગર વારંટેપકડાય નહી	સમન	જામીન લઈ શકાય	માંડીવાળી શકાય	૧ મહીના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૫૦૦ રૂપીયાનો દંડ, અથવા બને.	કોઇ પણ માજીસ્ત્રેટ
૩૩૫	ભારે તથા અકસ્માક ક્રોધ ઉત્પન થએથી ક્રોધઉત્પન કરનાર સિવાય બીજાને વ્યથા કરવાનો ઇરાદો નહી છતાં મેહાવ્યથા કરવી.	વગર વારંટે પકડી શકે	એજ	એજ	જે કોરટ ની આગળ ફરીયાદી નું કામ ચાલુ હોય તે કોરટ પરવાનગી આપે તેમાં માંડીવાળી શકાય	૪ વરસ સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ અથવા ૨૦૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને	સેશનકોરટ અથવા પરેસીડેન્સી માજીસતરેટ અથવા ૧લા અથવા ૨જા વરગનો માજીસતરેટ.
૩૩૬	જે કામથી માણસની જીંદગી જોખમમાં આવે અથવા બીજાઓના શરીરની સલામતી જોખમમાં આવે તે કામ કરવું.	એજ	એજ	એજ	માંડીવાળી નહી શકાય.	૩ મહીના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૨૫૦ રૂપીયાનો દંડ અથવા બંને.	કોઇ પણ માજીસતરેટ
૩૩૭	માણસની જીંદગી વગેરે જોખમમાં આવે એહેવું કામ કરીને વ્યથા કરવી.	એજ	એજ	એજ	જે કોરટની આગળ ફરી	૩ મહીના સુધી બેમાંના ગમેતે પ્રકારની કેદ અથવા ૫૦૦	પરેશીડેન્શી માજીસતરેટ અથવા ૧

					ફરીયાદીનુ કામ ચલુ હોય ત કોર્ટ પરવાનગી આપે તો માંડીવળી શકાય.	રૂપીયાનો દંડ અથવા બંને	લાસગનો માજીસ્ત્રેટ.
૩૩૮	માણસની જીંદગી વિગેરે જોખમમાં આવે એવું કામ કરીને માહાવ્યથા કરવી.	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧૦૦૦ રૂપીયાનો દંડ અથવા બંને	એજ
	ગેરવ્યાજબી અટકાવ તથા ગેરવ્યાજબી કેદ.						
૩૪૧	કોઇને ગેરવ્યાજબી અટકાવ કરવો.	વગરવારંટે પકડી શકે.	સમન	જામીન લઇ શકાય	માંડીવાળીશકાય.	૧ મહિના સુધીની આસાન કેદ અથવા ૫૦૦ રૂપીયાનો દંડ અથવા બંને.	કોઇપણ માજીસ્ત્રેટ.
૩૪૨	કોઇને ગેરવ્યાજબી કેદ કરવો.	એજ	એજ	એજ	એજ	૧ વરસસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧૦૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને.	પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા બીજા વરગનો માજીસ્ત્રેટ
૩૪૩	ત્રણ અથવા વધારે દીવશ ગેરવ્યાજબી કેદ.	એજ	એજ	એજ	માંડીવાળીનહીશકાય.	૨ વરસસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ. તથા દંડ	એજ
૩૪૪	દશ અથવા વધારે દીવશ ગેરવ્યાજબી કેદ.	એજ	એજ	એજ	એજ	૭ વરશ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	પ્રેસિડેન્શી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા ૨ જા વરગનો માજીસ્ત્રેટ.
૩૪·	જે શખસને છોડવાનો હુકમ સાદર થયો જાણ્યો હોય તે શખસને ગેરવ્યાજબી કેદમાં રાખવો.	વગરવારંટે પકડાયનહી.	એજ	એજ	એજ	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા બીજી કોઇ કલમ મુજબ જે કેદ થતી હોય તે.	એજ

૩૪૬	ખાની ગેરવ્યાજબી કેદ.	વગર વારંટે પકડી શકાય	એજ	એજ	એજ	એજ	એજ
૩૪૭	જબરદસ્તીથી કાંઈ મિલકત કહેડાવવાના અથવા કાંઈ કાયદા વિરૂદ્ધ કામ કરવાના કારણસર ગેરવ્યાજબી કેદ.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાંનાગમેતે પ્રકારની કેદ તથા દંડ	એજ
૩૪૮	જબરદસ્તાથી કબુલત કરાવવાનાં અથવા ખબર કહેડાવવાનાં અથવા કાંઈ મિલકત પાછી અપાવવાનાં કારણસર ગેરવ્યાજબી કેદ.	એજ	એજ	એજ	એજ	એજ	સેશનકોરટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા વરગના માજીસ્ત્રેટ.
	સાપરાધ બળ તથા હુમલા બાબત.						
૩૫૨	મારે કરોધ ઉત્પજ નહી કરયાં છતાં કોઈની ઉપર સાપરાધ બળ વાપરવું અથવા હુમલો કરવો.	વગરવારંટે પકડાયનહી	સમન	જામીન લઈ શકાય	માંડીવાળી શકાય	૬ મહિનાસુધીબેમાંનાગમેતેપ્રકારનીકેદઅથવા૫૦૦ રૂપિયાનો દંડ અથવા બન્ને,	કોઈપણ માજીસ્ત્રેટ.
૩૫૩	કોઈ સરકારી નોકરને ડરાવીને તેનો અમલ કરતો બંધ રાખવાને સાપરાધબળ વાપરવું અથવા હુમલો કરવો.	વગારવારંટે પકડી શકે.	વારંટ	એજ	માંડીવાળી નહી શકાય	૨ વરસસુધી બેમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બન્ને.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગના માજીસ્ત્રેટ
૩૫૪	કોઈ સ્ત્રીની લાજલેવાના ઈરાદાથીતેનં ઉપર હુમલો અથવા સાપરાધ બળ.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૩૫૫	મારે તથા આકસ્મીક કરોધ નહી ઉત્પન્નકરયાં છતાં કોઈશખસને બેઆબરૂકરવાના ઈરાદાથી હુમલો અથવા સાપરાધ બળ.	વગરવારંટે પકડાય નહી	સમન	એજ	માંડીવાળીશકાય	એજ	એજ
૩૫૬	કોઈ શખસે કાંઈ વસ્તુ પેહેરી હોયઅથવા લઈજતો હોય તે વસ્તુની ચોરી	વગરવારંટે પકડી શકે	વારંટ	એજ	માંડીવાળીનહી શકાય	એજ	કોઈપણમાજીસ્તરેટ

	કરવાની કોશીષ કરવામાં હુમલો, અથવા સાપરાન્ત બળ.						
૩૫૭	કોઇ શખસને ગેરવાજબી કેદ કરવાની કોશીશમાં હુમલો અથવા સાપરાધ બળ વાપરવું	એજ	એજ	જામીન નહી લઇ શકાય.	એજ	૧ વરશ સુધીની બેમાંના ગમે તેપ્રકારની કેદ અથવા ૧૦૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને.	એજ
૩૫૮	કોઇએ ભારે તથા આકસ્મીક ક્રોધ ઉત્પન્ન કરવા પરથી તેની ઉપર હુમલો કરવો અથવા સાપરાન્ત બળ વાપરવુ	વગરવારંટે પકડાય નહી	સમન્સ	એજ	માડીવાળી શકાય.	૧ મહીના સુધીની આસાન કેદ અથવા ૨૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને.	એજ
	મનુષ્યહરણ, મનુષ્યનયન, ગુલામી તથા વેઠ બાબત						
૩૬૩	મનુષ્ય હરણ.	વગરવારંટે પકડી શકે	વારંટ	જામીન નહી લઇ શકાય	માંડીવાળી નહી શકાય	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશનકોરટ અથવા પરેસીડેન્શીમાજીસતરેટ અથવા ૧ લા વરગનો માજીસતરેટ.
૩૬૪	ખુન કરવામાટે મનુષ્યહરણ અથવા મનુષ્યનયન.	એજ	એજ	એજ	એજ	જીવતાંસુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેસનકોરટ
૩૬૫	કેઇ શખસને છાની રીતે ગેરવાજબી કેદ કરવાના ઇરાદાથી તેનુ હરણ અથવા નયન કરવું.	એજ	એજ	એજ	એજ	૭ વરસસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ,	એજ
૩૬૬	કોઇસ્ત્રીના જુલમથી લગ્ન કરાવવાં અથવા તેની ઉપર જુલમ કરાવવો વગેરે કારણસારૂ તે સ્ત્રીનુ હરણ અથવા નયન કરવું.	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ,	એજ
૩૬	કોઇ શીખસને મહાવ્યથા થાય તેને ગુલામ કરવામાં આવે વગેરે કારણસર તેનું હરણ અથવા નયન કરવું.	એજ	એજ	એજ	એજ	એજ	સેશનકોરટ

૩૬૮	હરણ થએલા શખસને સતાડવો અથવા કેદમાં રાખવો.	એજ	એજ	એજ	એજ	મનુષ્યહરણ અથવા મનુષ્ય નયનની શિક્ષા.	એજ
૩૬૯	દશ વરસની અંદરના બચ્ચાંના શરીરપરથી કાઇ મીલકત ચોરવાના ઇરાદાથી તે બચ્ચાનું હરણ અથવા નયન કરવું	એજ	એજ	એજ	એજ	૭ વરસસુધીની એમાંના ગમેતે પ્રકાની કેદ, તથા દંડ,	એજ
૩૭૦	કોઇ શખસને ગુલામ દાખલ ખરીદવો અથવા આપવો.	વગરવારંટે પકડાયનહી	એજ	જામીન લઇ શકાય	એજ	એજ	એજ
૩૭૧	નીત્ય ગુલામનો વેપાકરવો	વગરવારંટે પકડી શકાય	એજ	જામીનનહી લઇ શકાય.	એજ	જીવતાંસુધી સમુદ્રપાર અથવા ૧૦વરસ સુધીએમાંના ગમેતે પ્રકારની કેદ, તથા દંડ,	એજ
૩૭૨	જારકર્મને માટે કોઇ બાળકને વેચવું અથવા ભાડે આપવું વગેરે.	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીએમાના ગમેતે પ્રકારની કેદ, તથા દંડ.	સેશનકોરટ અથવા પરેશીડેન્શીમાજીસતરેટઅથવા૧લા વર્ગનોમાજીસ્ત્રેટ
૩૭૩	જારકર્મને માટે કોઈ બાળકને ખરીદ કરવું અથવા કબજામાં લેવું	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૩૭૪	કાયદા વીરૂદ્ધ જબરાઇથી મજુરી કરાવવી.	એજ	એજ	જામીન લઇ શકાય.	માંડીવાળીશકાય	૧ વરસસુધીની એમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	કોઇપણમાજીસતરેટ

બલાત્કાર સંભોગ વિશે.

૩૭૬	બલાત્કાર સંભોગ.	વગરવારંટે પકડાયનહી	વારંટ	જામીન નહી લઇ શકાય	માંડીવાળીનહી શકાય	જીવતાંસુધી સમુદ્રપારઅથવા૧૦ વરસસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ

સૃષ્ટિક્રમ વિરૂદ્ધ ગુન્હા બાબત.

૩૭૭	સૃષ્ટિક્રમ વિરૂદ્ધ ગુન્હો,	એજ	એજ	એજ	એજ	એજ	એજ

ચોરી વિશે.

૩૭૯	ચોરી.	વગરવારંટેપકડી શકે	વારંટ	જામીનનહી લઇ શકાય	માંડીવાળીનહી શકાય.	૩ વરશસુધીની બેમાનાગમેતેપ્રકારની કેદ અથવા દંડ. અથવા બંને	કોઇપણમાજીસતરેટ
૩૮૦	કોઇ ઇમારત તંબુ અથવા વાંહાણમાં ચોરી.	એજ	એજ	એજ	એજ	૭ વરશ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૩૮૧	શેઠના કબજામાંહેલી મીલકતની મેહતા અથવા ચાકરે ચોરી કરવી.	એજ	એજ	એજ	એજ	એજ	સેશનકોરટ અથવા પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા ૨ જા વરગનામાજીસ્ત્રેટ
૩૮૨	ચોરી કરવાસારૂ અથવા ચોરી કરયાપછી નાહાશી જવાસારૂ, અથવા ચોરીથી મળેલી મીલકત પાસે રાખવાસારૂ, મોત વ્યથા, અથવા અટકાવ કરવાની, અથવા મોત, વ્યથા, કેઅટકાવનો ભય ઉત્પન કરવાની તઇયારીકરીને પાછી ચોરી કરવી,	એજ	એજ	એજ	એજ	૧૦. વરસસુધી સખતકેદતાથદંડ	સેશન કોરટ

જબરાઇથી કહડાવવા બાબત.

૩૮૪	જબરાઇથી કહડાવવું.	વગરવારંટેપકડાય નહી	વારંટ	જામીન લઇ શકાય	માંડીવાળીનહી શકાય	૩ વરસસુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	સેસનકોરટ અથવા પરેસીડેન્સીમાજીસતરેટ અથવા ૧ લા અથવાબીજા વરગનામાજીસ્ત્રેટ

૩૮૫ જબરાઇથી કહેડાવવાનો ગુન્હો કરવાસારૂ કોઇ શખસને નુકશાનોભયઉત્પન્ન કરવોઅથવાતેમકરવાનીકોશીષકરવી.	એજ	એજ	એજ	એજ	૨ મહીનાસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બને.	એજ
૩૮૬ મોત અથવા મહાવ્યથાનો ભય કોઇ શખસને પામડીને જબરાઇથી કહેડાવવાનો ગુન્હો કરવો.	એજ	એજ	જામીનનહી લઇ શકાય	એજ	૧૦ વરષ સુધી બેમાના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૩૮૭ જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરવા સારૂ કોઇ શખસને મોત અથવા મહાવ્યથાનો ભય ઉત્પન કરવો અથવા તેમ કરવાની કોશીસ કરવી.	એજ	એજ	એજ	એજ	૭ વરશ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૩૮૮ મોત અથવા જીવતાંસુધી સમુદ્રપાર અથવા ૧૦વરસની કેદની શિક્ષાથઇશકે એવા ગુન્હાનું તહોમત મુકવાનોડર દખાડીને જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરવો.	એજ	એજ	એજ	એજ	૧૦ વરશ સુધીની બેમાંનાગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
અગર શ્રષ્ટિક્રમ વિરૂદ્ધ ગુન્હાનો ડર દખાડયો હોય તો.	એજ	એજ	એજ	એજ	જીવતાંસુધી મુદ્રપાર	એજ
૩૮૯ જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરવા સારૂ મોત અથવા જીવતાંસુધી સમુદ્રપાર અથવા ૧૦વરસની કેદનીશીક્ષા થઇ શકે એવા ગુન્હાનુ તહોમત મુકવાનો કોઇ શખસને ડર દખડવો.	એજ	એજ	એજ	એજ	૧૦વરશ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ	એજ
અગર તે શ્રષ્ટિક્રમ વિરૂદ્ધ ગુન્હોહોતો.	એજ	એજ	એજ	એજ	જીવતાંસુધી સમુદ્રપાર	એજ

३९२	અપહરણ.	ગરવારંટ વિના પકડી શકે	વારંટ	જામીનનહીં લઈ શકાય	માંડીવાળી નહીં શકાય	૧૦ વરસસુધીની સખ્ત કેદ, તથા દંડ.	સેશન કોરટ, પ્રેસિડેનશી માજીસ્ત્રેટ અથવા ૧ લા વરગના માજીસ્ત્રેટ.
	બગર સુરજ આથમ્યાપછી તથા સુરજ ઉગ્યાં પેહેલાં કોઈ ધોરી રસ્તા ઉપર કર્યુ હોય, તો.	એજ	એજ	એજ	એજ	૧૪ વરસસુધીની સખ્ત કેદ, તથા દંડ.	એજ
३९३	અપહરણ કરવાની કોશીસ.	એજ	એજ	એજ	એજ	૭ વરસસુધીની સખ્ત કેદ, તથા દંડ.	એજ
३९४	અપહરણ કરવામાં અથવા અપહરણની કોશીશમાં બુદ્ધિપુર્વક વ્યથા કરવી, અથવાઅપહરણકરવામાંસામીલરેહેવું	એજ	એજ	એજ	એજ	જીવતાંસુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસસુધી સખ્ત કેદ, તથા દંડ.	એજ
३९५	ડાકાઈટી.	એજ	એજ	એજ	એજ	એજ	સેસન કોરટ
३९६	ડાકાટીમાં ખુન	એજ	એજ	એજ	એજ	મોત અથવા જીવવાંસુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસસુધીસખ્ત કેદ. તથા દંડ.	એજ
३९७	ખુન અથવા મહાવ્યથા કરવાની કોશીસની સાથે અપહરણ અથવા ડાકાઈટી.	એજ	એજ	એજ	એજ	સાતવરસ કરતાં ઓછી નહીંહોય એટલાવરસ સુધી સખ્ત કેદ.	એજ
३९८	[illegible]ાંઈ ભયકરં શસ્ત્ર ધારણ કર્યુ હોય તે વખતે અપહરણ અથવા ડાકાઈટી કરવાની કોશીસ.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
३९९	ડાકાઈટી કરવાની તઈયારી કરવી.	એજ	એજ	એજ	એજ	૧૦ વરસસુધીની સખ્તકેદતથાદંડ.	એજ
४००	હમેશ ડાકાઈટી કરવાના કારણસર એકઠા મળેલા શખશોની ટોળીમાંહોવું.	એજ	એજ	એજ	એજ	જીવતાંસુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસસુધી સખ્ત કેદ, તથા દંડ	એજ

૪૦૧	હમેશ ચોરીકરવાના કારણસર એકઠા મેળેલા શખસોની ભટકતી ટોળીમાં હેવું.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સખ્ત કેદ તથા દંડ.	એજ
૪૦૨	ડાકાઈટી કરવાના કારણસર મળેલાપચ અથવા વધારે શખસોમાં હેવું	એજ	એજ	એજ	એજ	એજ	એજ

મીલકતના સાપરાધ ખોટા ઉપયોગ વિશે

૪૦૩	બદદયાનતથી જગમ મીલકતને ખોટો ઉપયોગ કરવો અથવા તે પોતાને કામે લગાડવી.	વગર વારંટે પકડાયનહીં	વારંટ	જામીન લઈ શકાય	નાંડીવાળીનહી શકાય	૨ વરસસુધી બેમાંનાગમેતેપ્રકારની કેદ, અથવા દંડ, અથવ બંને.	કાઈપણમાજીસતરેટ
૪૦૪	કોઈ શખસ મરીજાય તે વખતે તેની પાસે જેમીલકત હોય અનેજે તેના વારસના કબજામાં આવી નથી એમ જાણવામાં હોય તે મીલકતનોબદદયાનતથી ખોટો ઉપયોગ.	એજ	એજ	એજ	એજ	૩ વરસસુધીનીબેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ,	સેશનકોરટ અથવા પરેશીડેન્સીમાજીસતરેટ અથવા૧લા અથવા ૨ જા વર્ગનોમાજીસ્ત્રેટ.
	અગર તે મરનારની નોકરીમાંકોઈમેહેતો અથવા બીજો શખસ હોય તે ઉપલો ગુન્હો કરે, તો.	એજ	એજ	એજ	એજ	૭ વરશ સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ.	એજ

સાપરાધ વિશ્વાસઘાત વિશે.

૪૦૬	સાપરાધ વિશ્વાસઘાત.	વગર વારંટે પકડી શકે	વારંટ	જામીનનલઈ શકાય	નાંડીવાળીનહી શકાય.	૩ વરસસુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને	શેશનકોરટ અથવા પ્રેસીડેન્સીમાજીસ્ત્રેટ અથવા ૧લા અથવા ૨જાવરગનો માજીસ્ત્રેટ.
૪૦૭	ભારવાહક ડંકાવાળા વગેરેએ સાઈરાધ વિશ્વાસઘાત કરવો.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધી બેમાંના ગમે પ્રકરની કેદ તથા દંડ	સેસનકોરટ અથવા પરેડેન્શીમાજીસતરેટ અથવા ૧લાવ

						ર્ગનો માજીસ્ટ્રેટ.
૪૦૮ કોઈ મેહેતા અથવા ચાકરે સામાધવિશ્વાસઘાત કરવો.	એજ	એજ	એજ	એજ	એજ	સેશન કોર્ટ, પ્રેસિડેનશી માજીસતરેટઅથવા૧-૨ વરગનો માજીસ્ત્રેટ
૪૦૯ કોઈ સરકારી નોકરે, અથવા શરાફે. વેપારીએ, કે આડતીયાએ સામાધ વિશ્વાસઘાત કરવો, વગરે.	એજ	એજ	એજ	એ જ	જીવતાંસુધી સમુદ્રપારઅથવા૧૦ વરસસુધી એમાંના એકે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશનકોરટ અથવ પ્રેસીડેન્સીમાજીસતરેટઅથવા૧લા વર્ગનો માજીસ્ત્રેટ
ચોરાની મીલકત લેવા બાબત.						
૪૧૧ ચોરીની મીલકત ચોરીની જાણીને બદ્દાનતથી લેવી.	વગરવારટે પકડી શકે	વારંટ	જામાનનહીં લઈ શકાય	માંડીવાળીનહી શકાય	૩ વરસસુધી એમાંના ગમેતે પ્રકારના કેદ, અથવા દંડ,અથવા બંને	સેશનકોરટ અથવા પ્રેસીડેન્સીમાજીસ્ત્રેટઅથવા ૧લા અથવા રજાવરગનો માજીસ્ત્રેટ.
૪૧૨ આ ડાકાઈટી કરતાં મળેલી મિલકત છે એમ જાણીને તે ચોરીની મિલકત બદ્દાનતથી લેવી.	એજ	એજ	એજ	એજ	જીવતાંસુધી સમુદ્રપાર અથવ ૧૦ વરસસુધી સખ્ત કેદ. તથા દંડ.	સેસન કોરટ
૪૧૩ નિત્યચોરીની મિલકતનો ધંધો કરવો.	એજ	એજ	એજ	એજ	જીવતાંસુધી સમુદ્રપાર અથવ ૧૦ વરસસુધી એમાંના ગમેતે પ્રકારની કેદ,તથા દંડ	એજ
૪૧૪ ચોરીની મિલકત જાણીને તે સંતાડવામાં અથવા વગે કરવામાં મદદકરવી	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ. અથવા બંને.	સેસનકોરટ અથવા પ્રેસિડેન્શી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા ૨ જા વરગનો માજીસ્ત્રેટ.

ઠગાઈ વિષે.

૪૧૭	ઠગાઇ.	વગરવારંટેપકડાય નહી	વારંટ	જામીન લઇ શકાય	માંડીવાળી નહી શકાય	૧ વરસસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ અથવા બંને.	મે. મા. અથવા ૧લા અથવા બીજા વરગનો માજીસ્ત્રેટ
૪૧૮	જેહેનો લાભ જાળવવાની કાયદાથી કે કાયદેસર કરારથી જે શખસની ફરજ હોય તે શખસે ઠગાઈ કરવી.	એજ	એજ	એજ	એજ	૩ વરસસુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	સે. કો. અથવા પ્રે. મા. અથવા ૧લા અથવા ૨ વ. મા.
૪૧૯	વેષ લઇને ઠગાઇ કરવી.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૨૦	ઠગાઈ કરીને બદદયાનતથી કાંઇ મીલકત અપાવવી, અથવા કાંઇ કીમતી દસ્તાવેજ ફેરવાવવો અથવા તેનો નાશ કરાવવો.	એજ	એજ	એજ	એજ	૩ વરસસુધીની બેમાંના ગમેતે પ્રકારનીકેદ, તથા દંડ.	સેશન કોરટ અથવા પરેસેડેન્સીમાજીસ્ત્રેટ અથવા ૧લાવ રગનો માજીસ્ત્રેટ.

દગાના ખતો તથા મિલકતની વ્યવસ્થા બાબત,

૪૨૧	માગનારાઓમાં વેહેંચાણ થતી અટકાવવાને માટે કાંઇ મીલકતનુ રાખવું દગલબાજીથી ખશેડવું અથવા છુપાવવુ. વગેરે.	વગર વારંટેપકડાય નહી	વારંટ	જામીન લઇ શકાય	માંડીવાળી નહી શકાય.	૨ વરસસુધીની બેમાંનાગમે તે પ્રકારની કેદ, તથા દંડ અથવા બંને	પરેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧-૨ જા વરગનો માજીસ્ત્રેટ.
૪૨૨	કોઈનુ કાંઇ લેહેણું કે માગવું હોય તે પોતાના માગનારાઓને મળતું તે માણસે બદદયાનતથી અથવા દગલબાજીથી અટકાવવું.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૨૩	કોઇના નામની કાંઇ મીલકત કરીઆપવાના જેખતમાં કીમતનો જુઠ્ઠો આંકડો લખ્યો હોય એવા ખતપર બદદયાનતથી કે દગલબાજીથી સહી કરવી.	એજ	એજ	એજ	એજ	એજ	એજ

૪૦ પોતાની કે પારકી કાંઇ મીલકતનુ બદદયાનતથી અથવા દગલબાજીથ મશેડવું કે છુપાવવુ અથવા તેમ કરવામા મદદ કરવી, અથવા ખરૂલેણુ કે દાવો બદદયાનતથી મુકી દેવો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
		બિગાડ બાબત				
૪૨ બગાડ.	એજ	સમન	એજ	જે હાનીઅથવા નુકશાન થયુ તે હાનીઅથવાનુકશાન માત્રખાનગી માણસને થયું હોય તે માંડી વાળી શકાય.	૩ [illegible] હાનીના [illegible] મ પ્રકારની કેદ, અથવા દંડ. અથવા બંને.	[illegible]માજીસતરેટ
૪૨ બિગાડકરીને ૫૦ રૂપીયાની અથવા વધારે નુકશાની કરવી.	એજ	વારંટ	એજ	એજ	૨ વરસ સુધીએમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	પ્રસિડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા વરગનોમાજીસ્ત્રેટ
૪[illegible] ૧૦ રૂપીયાની કે તેથી વધારે કીમતના કોઇ જાનવરને મારી નાખીને અથવા [illegible] અથવા લગડુ લુલુ કરીને કે નિરૂપયોગી કરાનબિગાડ કરવો.	*વગરવારંટે પકડી શકે	એજ	એજ	માંડીવાળીન હી શકાય	એજ	એજ
૪[illegible] કોઇ[illegible] મીલકતના હાથી. ઉંટ ઘોડા વિગરેને અથવા ૫૦ કે વધારે રૂપીયાની કીમતના કોઇ બીજા જાનવરને મારી નાંખીને અથવા [illegible] લંગડુ લુલુ કરીને બિગાડ કરવો	એજ *સન ૧૮૭૪ ૧૧મા આક્ટની [illegible]	એજ	એજ	એજ	૫ વરશસુધીની એમાંના ગમેતે પ્રકાની કેદ, તથા દંડ, અથવા બંને.	સેસન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસતરેટઅથવા ૧ લા અથવા બીજા વરગનોમાજીસતરેટ,

૪૩	…રૂ ચેગી કરીને બીગાડ કરવો.						
૪૩	…ના કામેને પાણીનુ પેહોં…ચવુ એછુ કરીને બિગાડ કરવો તેમજ	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૩	…સફરી કરવાને અથવા માલસઇ જ…વાન જોખમ ભરેલો થાય એમ અથવા અગમ્ય થાય એમ કોઇ સરી…યામ રસ્તાને, પુલને, નદીને અથવા …ડાણ ચાલે એવી નેહેરને નુકશાન કરીને બિગાડ કરવો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૩	…કશાની થય એવી રીતે કોઇ સરીયા…મ ગટરને રેલાવીને અથવા બંધકરીને બિગાડ કરવો,	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૩૩	…ઇ દાંડીનો દિવો અથવા દરીયા…ઇ નીશાની હોય તેનો નાશ કરીને તેને ખશેડીને અથવા એછી ઉપ…યેગી કરીને, અથવા ખોટી રોશની બતાવીને બીગાડ કરવો.	એજ	એજ	એજ	એજ	૭ વરષ સુધી એમાના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	સેશનકોરટ
૪૩૪	…રકારી અખત્યારથી ઉભીકરેલી કાંઇ જમીનની નીશાનીનો નાશ કરી તેને ખશેડી વિગરે કરીને બીગાડ કરવો.	વગરવારંટેપકડાય નહી	એજ	એજ	એજ	૧ વરશ સુધીની એમાંના ગમે તે પ્રકારનીકે અથવા દંડ અથવા બંને	પ્રસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા ૨ જા વરગનો માજીસ્ત્રેટ.
૪૩૫	૧૦૦ રૂપીયાની કે વધારે નુકશાની અથવા ખેતીની ઉત્પન્નની બાબતમાં ૧૦ રૂપીયાની કે વધારે નુકશાની કરવાના ઇરાદાથી અગ્નિવડે અથવા આગ્ન સાથે ફુટે એવાં કાંઇ પદાર્થ વડે બિગાડ કરવો.	વગારવારંટેપકડી શકે.	એજ	એજ	એજ	૭ વરશ સુધીની એમાંનાગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશનકોરટ.
૪૩…	…ઇ ઘર વગેરેનો નાશ કરવાના ઇરા…	એજ	એજ	જામીનનહી	એજ	ઉમરકેદસુધી સમુદ્રપાર અથવા	એજ

	દાથી અગ્નિવડે અથવા અવાજ સાથે ફુટે એવા પદાર્થ વડેબીગાડ કરવો.			લઇ શકાય		૧૦વરશ સુધીની એમાના ગંતે પ્રકારની કેદ, અથવા દં	
૪૩૭	તુતકવાળા વાંહાણના અથવા ૨૦ ટનના ભારના વાંહાણનો નાશ કરવાના ઈરાદાથી અથવા તેનાં વાંહાણનજોખમ ભરેલુ કરવાના ઇરાદાથી બીગાડ કરવો.	એજ	એજ	એજ	એજ	૧૦વરશ સુધી એમાંના ગમે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
૪૩૮	છેલી કલમનાં બયાન કરેલો બિગાડ અગ્નિવડે અથવા અવાજસાથે ફુટે એવા કાંઇ પદાર્થવડે કરયો હોય તો.	એજ	એજ	એજ	એજ	જીવતાંસુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસસુધી એમાંના ગમે કેદ. તથા દંડ.	સેશન કોરટ
૪૩૯	ચોરી વિગેરે કરવાના ઈરાદાથી વાંહાણને કીનારાપર ચડાવી દેવુ.	એજ	એજ	એજ	એજ	૧૦ વરસ સુધીની એમાંનાગમે કારની કેદ, તથા દંડ,	એજ
૪૪૦	મોત અથવા વ્યથા કરવાની તઈયારી કરીને બીગાડ કરવો વગેરે.	એજ	એજ	એજ	એજ	૫ વરસસુધીની એમાંના ગમેતે પ્રકારની કેદ. તથા દંડ.	એજ

સાપરાધ પ્રવેશ.

૪૪૭	સાપરાધ પ્રવેશ.	વગરવારંટે પકડી શકે	સમન	જામીન લઇ શકાય.	માંડીવાળીશકાય	૧ મહીનાસુધીની એમાંના ગમે તેપ્રકારની કેદઅથવા ૫૦૦ રૂપીયાનો દંડ,અથવા બંને.	કોઇપણ માજીસ્ત્રેટ.
૪૪૮	ગ્રહ-પ્રવેશ.	એજ	વારંટ	એજ	એજ	૧વરસસુધીની એમાંના ગમેતેપ્રકારની કેદ,અથવા ૧૦૦૦રૂપીયાનો દંડ અથવા બંને	એજ
૪૪૯	મોતની શિક્ષા થઇશકે એવો કોઇગુન્હો કરવાસારૂ ગ્રહ પ્રવેશ કરવો.	એજ	એજ	જામીનનહી લઇ શકાય	માંડીવાળીનહી શકાય	જીવવાંસુધીસમુદ્રપાર અથવા ૧૦ વરસસુધી સખ્ત કેદ,તથાદંડ.	સેશન કોરટ
૪૫૦	જીવતાંસુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુંન્હો કરવાસારૂ ગ્રહ પ્રવેસ કરવો.	એજ	એજ	એજ	એજ	૧૦ વરશ સુધીની એમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ	એજ

૪૫૧	કેદની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવાસારૂ ગ્રહ પ્રવેશ કરવો.	એજ	એજ	જામીન લઇ શકાય	એજ	૨ વરસસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	કોઇપણ માજીસ્તરેટ
	અગર તે ગુન્હો ચોરીનો હોય તો.	એજ	એજ	જામીન નહી લઇ શકાય	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સે૦ કો૦ પ્રે૦ મા૦ અથવા ૧લા અથવા ૨ જા વ૦ મા૦
૪૫૨	વ્યથા અથવા હુમલો વગેરે કરવાની તઇયારી કરયા પછી ગ્રહ પ્રવેશ કરવો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૫૩	ગુપ્ત ગ્રહ પ્રવેશ કરવો, અથવા ઘર ફોડવું.	એજ	એજ	એજ	એજ	૨ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ,	પ્રે૦ મા૦ અથવા ૧ લા અથવા ૨ જા વ૦ મા૦
૪૫૪	કેદની શીક્ષા થઇ શકતી હોય એવો કોઇ ગુન્હો કરવાસારૂ ગુપત ગ્રહ પ્રવેશ કરવો અથવા ઘર ફોડવું	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથ દંડ	સેસન કોરટ પરેસીડેન્સી માજીસ્તરેટ અથવા ૧લા અથવા ૨ જા વરગનો માજીસ્ત્રેટ.
	અગર તે ગુન્હો ચોરીનો હોય તો.	એજ	એજ	એજ	એજ	૧૦ વરસસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૪૫૫	વ્યથા અથવા હુમલો વગેરે કરવાની તઇયારી કરીને ગુપત ગ્રહ પ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.	એજ	એજ	એજ	એજ	એજ	સે૦ કો૦ પ્રે૦ મા૦ અથવા પેહેલા વ૦ માજીસ્તરેટ.
૪૫૬	રાતે ગુપત ગ્રહ પ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.	એજ	એજ	એજ	એજ	૩ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સે૦ કો૦ પરેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વ૦ મા૦
૪૫૭	કેદની શીક્ષા થઇ શકતી હોય એવો ગુન્હો કરવાસારૂ રાતે ગ્રહ પ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.	એજ	એજ	એજ	એજ	૫ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ
	અગર તે ગુન્હો ચોરીનો હોય તો.	એજ	એજ	જામીન નહી	એજ	૧૪ વરસ સુધી બેમાંના ગમેતે	એજ

				લઈ શકાય		પ્રકારની કેદ તથા દંડ	
૪૫૮	વ્યથા વગેરે કરવાની તઈયારી કરીને રાતે ગુપત ગ્રહ પ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.	એજ	એજ	એજ	એજ	એજ	સે૦કો૦પરે૦મા૦અથવા ૧ લા વરગનો માજીસતરેટ.
૪૫૯	ગુપત ગ્રહ પ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુન્હો કરતાં કોઈને મહાવ્યથા કરવી.	એજ	એજ	એજ	એજ	જીવતાંસુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસસુધી એમાંનાગમેતે પ્રકારની કેદ, તથા દંડ,	સેશન કોરટ
૪૬૦	ઘણા શખસો રાતે ઘર ફોડવા વગેરેમાં સામીલ હોય અને તેઓ માંનો કોઈ એક મોત અથવા મહાવ્યથા કરે તો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૬૧	કાંઇ બંધ કરેલાં નીધાનમાં કાંઈ મીલકત હોય અથવા કાંઈ મીલકત છે એમ ધારેલું હોય તે નીધાનને બદદયાનતથી ફોડવું અથવા બીજી રીતે ઉઘાડવું	એજ	એજ	જામીન લઈ શકાય	એજ	૨ વરસસુધી બેમાંનાં ગમેતે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	પરેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨ જા વરગનો માજીસતરેટ.
૪૬૨	તેજ ગુન્હો જ્યારે તે નીધાન જેને સોંપ્યું હોય તે માણસ કરે ત્યારે.	એજ	એજ	એજ	એજ	૩ વરસસુધીની બેમાંના ગમેતે પ્રકારના કેદ, અથવા દંડ અથવા બંને.	સેસનકોર્ટ પરેસીડેંસી માજીસ્ત્રેટઅથવા૧ લાઅથવા૨જાવરગનો માજીસ્ટ્રેટ.

બાબ ૧૮ મો—લેખ સબંધી તથા વેપારની અથવા મીલકતની નિશાનીઓ સબંધી ગુન્હા.

૪૬૫	લેખ ખોટો બનાવવો.	વગર વારંટે પકડાય નહીં	વારંટ	જામીન લઈ શકાય	માંડીવાળી ન શકાય	૨ વરસસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	સેશનકોર્ટ
૪૬૬	કોઈ ઇનસાફની કોરટનું દફતર અથવા જન્મ વિગેરે બાબતનો સરકારી નોકર રાખતો હોય તેહેવાં રજીસ્ટર ખોટો બનાવવો.	એજ	એજ	જામીનનહીં લઈ શકાય.	એજ	૭ વરસસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ

૪૬૭	કાંઇ કીમતી દસ્તાવેજ અથવા વિલઅથવા કાંઇ કીમતી દસ્તાવેજ એટોબનાવવો કે કોઇના નામપર કરી આપવાને અથવા કાંઇ નાણું વગરે લેવાને અખત્યાર ખોટો બનાવવો.	એજ	એજ	એજ	એજ	જીવતાંસુધી સમુદ્રપાર, અથવા ૧૦ વસસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ
	તે કીમતી દસ્તાવેજ ઇંડિયા સરકારની પ્રામિસરી નોટ હોય તો.	વગરવારંટે પકડી શકે.	એજ	એજ	એજ	એજ	એજ
૪૬૮	ઠગાઇ કરવાના કારણસ ખોટો લેખ બનાવવો.	વગર વારંટે પકડાયનહીં	એજ	એજ	એજ	૭ વસસુધીની એમાંના ગમે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૪૬૯	કોઇ શખસની આબરૂને હાનીકરવાનાકારણસર અથવા તેટલામાટે વાપરવામ આવશે એમ જાણીને, ખોટો લેખ બનાવવો.	એજ	એજ	જામીન લઇ શકાય	એજ	૩ વસસુધીની એમાંના ગમેતે પ્રકારની કેદ, તથા દંડ	એજ
૪૭૧	જાણી બુઝીને બનાવટનો લેખ ખરા દાખલ વાપરવો.	એજ	એજ	એજ	એજ	લેખ ખોટો બનાવવાની શિક્ષા	એજ
	તે ખોટો બનાવટનો લેખ ઇંડીયા સરકારની પ્રામીસરી નોટ હોય તો.	વગર વારંટે પકડી શકે	એજ	જામીનનહીં લઇ શકાય	એજ	એજ	એજ
૪૭૨	હિંદુસ્તાનના ફોજદારીકાયદાની ૪૬૭ મી કલમ મુજબ શિક્ષા થઇ શકેએવો ખોટો લેખ બનાવતાના ગુન્હોકરવાના ઇરાદાથી ખોટી મોહોર પતરૂં વગરે બનાવવું અથવા તેવું જાણીબુઝીને કબજામાં રાખવું	વગરવારંટે પકડાયનહીં	એજ	એજ	એજ	જીવતાંસુધી સમુદ્રપાર અથવા ૭ વસસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૪૭૩	હિંદુસ્તાનના ફોજદારી કાયદાની૪૬૭ મીકલમ સીવાય બીજી કોઇ કલમ મુજબ શિક્ષાથઇ શકે એવોખોટો લેખ બનાવવાના ગુન્હોકરવાના	એજ	એજ	એજ	એજ	૭ વરસસુધી એમાંના ગમેતેપ્રકારની કેદ, તથા દંડ.	એજ

	ઇરાદાથી ખોટી મોહોર પતરૂ વિગેરે બનાવવુ અથવા તેવા ઇરાદાથીકબ જામાં રાખવુ.						
૪૭૪	કોઇ લેખ ખોટાબનાવેલોછે એવુ જાણી ને તે ખરાદાખલ વાપરવાના ઇરાદાથી કબજામાં રાખવો અગર તેદસ્તાવેજ હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૬૬ મી કલમમાં કહેલા કોઇ પ્રકાર માંનો હોય તો.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
	તે અગર કીમતી દસ્તાવેજ અથવા વિલ હોય તો.	એજ	એજ	એજ	એજ	જીવતાંસુધી સમુદ્રપાર અથવા ૭ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૪૭૫	હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારના લેખો નુ ખરાપણુ દેખાડવાસારૂ વપરાતી હોય એવી કાંઈ મુદ્રા અથવા નીશાણી ખોટી બનાવવી અથવા ખોટીનીશાણીરેલોપદાર્થકબજામાંરાખવો	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૪૭૬	હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારથી જુદા પ્રકારના લેખનુ ખરાપણુ દેખાડવાસારૂ વપરાતી હોય એવી કાંઈ મુદ્રા અથવાનીશાણી ખોટીબનાવવીઅથવા ખોટી નીશાણી કરેલો પદાર્થ કબજામાં રાખવો.	એજ	એજ	એજ	એજ	૭ વરસસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૪૭૭	કોઇ વીલને દગલબાજીથી છુપાવવુ, ચેરી નાખવુ અથવા તેનાં નાશ કરવો અથવા તેમ કરવાની કોશીશ કરવી.	એજ	એજ	એજ	એજ	જીવતાંસુધી સમુદ્રપાર, અથવા ૭ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ

વેપારની તથા મીલકતની નિશાણીઓ બાબત.

		વગર વારંટે પકડાય કે નહી	વારંટ	જામીન લઇ શકાય	માંડી વાળી ન શકાય		
૪૮૨	કોઇ શખસને છેતરવા અથવા નુકશાન કરવાના ઇરાદાથી કાંઇ ખોટી વેપારની અથવા મીલકતની નીશાણી વાપરવી					૧ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	પ્રે૦ મા૦ અથવા ૧ લા અથવા ૨ જા વ૦ માજીસતરેટ
૪૮૩	કોઇ બીજો માણસ કાંઇ વેપારની અથવા મીલકતની નિશાણી વાપરતો હોય તેવી નીશાણી હાની અથવા નુકશાન કરવાના ઇરાદાથી ખોટી બનાવવી	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	એજ
૪૮૪	કોઇ સરકારી નોકર જે મીલકતની નશાણી વાપરતો હોય અથવા કાંઇ નિલકતની બનાવટ, જાત, વગેરે બતાવવા સારૂ તેણે જે નીશાણી વાપરતો હોય તેવી નીશાણી ખોટી બનાવવી.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ.	સે૦ કો૦ પ્રે૦ મા૦ અથવા ૧ લા વરગના માજીસતરેટ
૪૮૫	કોઇ છાપ, પત્ર અથવા કાંઇ સંચાકે ખાનગી મીલકતની અથવા વેપારની નિશાણી ખોટી બનાવવાનું કાંઇ બીજુ હથિયાર દગલબાજીથી બનાવવું અથવા કબજામાં રાખવું.	એજ	એજ	એજ	એજ	૩ વરસ સુધી એમાના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	એજ
૪૮૬	ખોટી મીલકતની અથવા વેપારની નિશાણી જેઉપર હોય એવો માલ જાણી બુઝીને વેચવો.	એજ	એજ	એજ	એજ	૧ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ, અથવા બંને	પ્રે૦ મા૦ અથવા ૧ લા અથવા ૨ જા વ૦ મા૦
૪૮૭	કાંઇ ગાંસડી કે બરદાન મધે માલ હોય તે ઉપરથી દગલબાજીથી કાંઇ ખોટી નીશાણી કરવી એવા ઇરાદાથી કે તે મધે માલ નહી હોય તે માલ તે મધે છે એમ માનવામાં આવે એમ	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધી એમાંનાં ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	સેસન કોર્ટ પ્રેસીડેન્સી માજીસતરેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગના માજીસતરેટ.
૪૮૮	તેવી કાંઇ ખોટી નીશાણીનો ઉપયોગ કરવો	એજ	એજ	એજ	એજ	એજ	એજ

૪૮૯	નુકશાન કરવાનાઈરાદાથી કાંઈ મીલ્કતની નીશાણી કાહાડી નાંખવી, અથવા તેનોનાશ કરવો અથવાતે બગાડવી	એજ	એજ	એજ	એજ	૧ વર્ષસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	પ્રે૦ મા૦ અથવા ૧ લા અથવા ૨ જા વ૦ મા૦
	બાબ ૧૯ મો નોકરી કરવાના કરાર તોડવાના ગુન્હા.						
૪૯૦	તરી અથવા ખુસ્કીનારસ્તાના મુસાફરીમાંનોકરી કરવાનો અથવા કે ઈશખસ કે માલકતને કોઈ લઇ જવાનો કરાર કરીને બંધાયા છતાં તે કરાર મુજબ બુદ્ધિ પુરવક નહીં ચાલવું.	વગરવારંટેપકડાયનહી	સમન	જામીન લઇ શકાય	માંડીવાળીશકાય	૧ મહીના સુધી બેમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા ૧૦૦ રૂપીયાનો દંડ અથવા બંને.	પ્રેસિડેન્શી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ટ્રેટ.
૪૯૧	બાળપણ, ગાંડપણ, અથવા રોગના સબબથી લાચાર હોય તેવા શખસોની ખીદમત કરવા તથા તેઓના હાજતો પુરી પાડવાનો કરાર કરીને બંધાયા છતાં બુદ્ધિ પુરવક તે ચાકરી છોડવી અથવા કામ કરવાની ના કહેવી	એજ	એજ	એજ	એજ	૩ મહીનાસુધી બેમાંના ગમેતે પ્રકારની કેદ, અથવા ૨૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને	એજ
૪૯૨	મુકરર મુદતસુધી કોઈ દુર જગોપર ચાકરી કરવાનો કરાર કરેલો હોય અને તે જગોપર શેઠને ખરચે ચાકરને લઇ ગયા હોય તેવા કરારથી બંધાયા છતાં બુદ્ધિપુરવક તે ચાકરી છોડવી અથવા કામ કરવાની ના કહેવી.	એજ	એજ	એજ	એજ	૧ મહીનાસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા એવા ખરચથી બમણો દંડ અથવા બંને	એજ
	બાબ ૨૦ મો—લગ્નસબંધી ગુન્હા.						
૪૯૩	જે પુરૂષ નાસાથે કાયદા મુજબ લગ્ન થયું નથી તે પુરૂષે તે સ્ત્રીને કાયદા મુજબ લગ્ન થયાનો કપટથી વિશ્વાસ બેસાડીને તેની જોડે દંપતી ભાવે રહેવું.	વગરવારંટે પકડાય નહી	વારંટ	જામીન નહી લઇ શકાય	માંડીવાળાય નહી શકાય	૧૦ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેસન કોરટ

૪૯૪	વર અથવા વહુની હયાતીમાં ફરીથી લગ્ન કરવું.	એજ	એજ	જામીન લઈ શકાય	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ
૪૯૫	તેજ ગુન્હો પણ જે શખસની સાથે પાછળનું લગ્ન થાય તેહેનાથી આગળનાં લગ્નની વાત છુપાવીને કરેલો.	એજ	એજ	જામીન નહી લઈ શકાય	એજ	૧૦ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ,	એજ
૪૯૬	કાયદા મુજબ લગ્ન નહી થતાં કોઇ શખસ દગલબાજીના ઇરાદાથી આવાદી ધેલો લગ્ન વિધી.	એજ	એજ	એજ	એજ	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ
૪૯૭	છિનાળું.	એજ	એજ	એજ	એજ	૫ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને	પ્રે૦ મા૦ અથવા ૧ લા વ૦ માજીસતરેટ
૪૯૮	સાપરાધ ઇરાદાથી કોઇ પરણેલી સ્ત્રીને ફોસલાવી લઇ જવી અથવા રોકી રાખવી.	એજ	એજ	એજ	એજ	૨ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	પ્રે૦ મા૦ અથવા ૧ લા અથવા ૨ જા વ૦ મા૦

બાબ ૨૧ મો—આબરૂ લેવા બાબત

૫૦૦	આબરૂ લેવી.	વગરવારંટે પકડાય નહી	વારંટ	જામીન લઈ શકાય	માંડી વાળી શકાય	૨ વરસ સુધી આસાન કેદ અથવા દંડ અથવા બંને.	સે૦ કો૦ પ્રે૦ મા૦ અથવા પેહેલા અથવા ૨ જા વ૦ મા૦
૫૦૧	કોઇ બાબત આબરૂ લેવા જેવી છે એવું જાણીને તે છાપવી અથવા કોતરવી.	એજ	એજ	એજ	એજ	એજ	એજ
૫૦૨	આબરૂ લેવા જેવી બાબતવાળી છાપેલી અથવા કોતરેલી વસ્તુ તે તેહેવી છે એમ જાણ્યાં છતાં વેચવી.	એજ	એજ	એજ	એજ	એજ	એજ

બાબ ૨૨ મો—અપરાધ ધમકી, તિરસ્કાર, તથા દુઃખબાબત.

૫૦૪	સુલેહનો ભંગ કરાવવાના ઇરાદાથી કોઇનો તિરસ્કાર કરવો.	વગરવારંટે પકડાય નહી	વારંટ	જામીન લઈ શકાય	માંડી વાળી શકાય.	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	કોઇ પણ માજીસ્ત્રેટ

૫૦૫	...ડ અથવા લોકની સુલેહની વિરૂદ્ધ કાંઇ ગુન્હો કરાવવાના ઇરાદાથી ખોટી ખુમ અથવા વાત ચલાવવી.	એજ	એજ	જામીન નહીં લઇ શકાય.	માંડીવાળી નહીં શકાય.	એજ	મે૦ ડે૦ મા૦ અથવા ૧ લા અથવા ૨ જા વ૦ મા૦
૫૦૬	સાપરાધ ધમકી.	એજ	એજ	જામીન લઇ શકાય	માંડીવાળી શકાય.	એજ	એજ
	જો તે ધમકી મોત અથવા મહાવ્યથા વગેરે કરાવવાની હોય તો.	એજ	એજ	એજ	માંડીવાળી નહીં શકાય.	૭ વરસસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને;	સે૦ કો૦ મે૦ મા૦ અથવા ૧ લા વ૦ મા૦
૫૦૭	નનામાં સંદેસાની મારફતે અથવા ધમકી ક્યાંહાંથી આવે છે તેની ખબર નહીં પડે એવી તદબીર કરીને સાપરાધ ધમકી આપવી.	એજ	એજ	એજ	એજ	ઉપલી કલમ મુજબની શિક્ષાની ઉપરાંત ૨ વરસસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ,	એજ
૫૦૮	માણસની ઉપર ઇશ્વરની અપ્રસંનતાથી એવા ભય ઉત્પન કરીને કોઇ રખસપાસે કાંઈ કામ કરાવવું.	એજ	એજ	એજ	એજ	૧ વરસસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને	મે૦ મા૦ અથવા ૧ લા અથવા ૨ જા વ૦ મા૦
૫૦૯	કોઇ સ્ત્રીને લજવવાના ઇરાદાથી બોલેલા શબ્દ અથવા કરેલા ચાળા.	એજ	એજ	એજ	એજ	૧ વરસસુધીની આસાન કેદ, અથવા દંડ, અથવા બંને	મે૦ મા૦ અથવા ૧ લા વ૦ મા૦
૫૧૦	કોઇ જાહેર જગા વગેરેમાં પીને આવવું, અને કોઇ શખસને દુઃખદેવું	એજ	એજ	એજ	એજ	૨૪ કલાકસુધીની આસાન કેદ, અથવા ૧૦ રૂપીયાનો દંડ, અથવા બંને.	કોઇપણ માજીસ્ટ્રેટ

ભાગ ૨૩ મો—ગુન્હા કરવાની કોશીશો બાબત.

૫૧૧	જે ગુન્હાઓનેમાટે સમુદ્રપાર કરવાની અથવા કેદની શિક્ષા ઠરાવી છે તે ગુન્હા કરવાની કોશીશો કરવી તથા તેવી કોશીશો કરવામાં તે ગુન્હો કરવા તરફ કાંઈ કામ કરવું.	૧ ગુન્હાને માટે વગરવારંટે પકડવાનો પોલીસને અખત્યાર હોય તે પકડી શકે	તે ગુન્હાને માટે ઘણું કરીને સમન નીકળતો હોય તો સમન, અને વારંટ નીકળતુ હોય તે	જે ગુન્હાની તકશીરવારેવીચારકરયો હોયતેગુનાને માટે જામીનલઇ શકાતોહોયતે	જે ગુન્હો કરવાની કોશિશ કરી તે ગુન્હો માંડીવાળી શકાતો હોય તો માંડીવાળી શકાય	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત જે ઠરાવી હોય તેની અરધી મુદત સુધીની કેદ, અથવા સમુદ્રપાર; અથવા દંડ અથવા બંને.	કોશીશ કરેલ ગુન્હો નેઇનસાફ જે કોર્ટ ઠરી થઇ શકતો હોય તે કોર્ટ.

	કીતો નહી	વારંટ.	લઇશકાય ના કીતો નહી			
બીજા કાયદા તોડીને કરેલા ગુન્હા.						
મોતની અથવા સમુદ્રપારકરવાનીઅથવા ૭ વરસસુધી અથવાં તે કરતાવધતી મુદતનીકેદની શિક્ષાજોગહોયતો ત્રાણવરસકરતાં વતી મુદતની અને ૭વરસથી ઓછી મુદતની શિક્ષા જોગ હોય તો.	વગર વારંટે પકડી શકે એજ	વારંટ એજ	જામીનનહી લઇ શકાય એજ સન ૧૮૭૮ નાહિંદુસ્તાનનાહથિઆરબંધતનાઆકટની ૯ મી કલમમુજબના મુકદમાઓ જો જામીન લઇ શકાય તેવા છેતોશીવાયનબીજા;	માંડીવાળીનહીશકાય એજ		આ કાયદાની ૨૯ મી કલમના ઠરાવ પ્રમાણે;
ત્રણ વરસથી ઓછી મુદતની શિક્ષજોગ હોય તો.	વગ વારંટેપકડાય નહી	સમન	જામીન લઇ શકાય	એજ		
એકલા દંડની શિક્ષા જોગ હાય તો	એજ	એજ	એજ	એજ		

પરિશિષ્ટ ૩ જું

જીલ્લામાંના માજીસતરેટોના સાધારણ અખત્યાર,

૧—ત્રીજા વરગના માજીસતરેટના સાધારણ અખત્યાર.

(૧) ગુન્હેગારને પકડવાનો અથવા પોતાની સમક્ષ પકડવાનું ફરમાવવાનો અખત્યાર, કલમ ૬૫ મી.

(૨) વારંટ ઉપર શેરો લખવાનો અખત્યાર, અથવા વારંટની રૂએ પકડેલા કોઇ તોહોમતવાળા શખસને ખશેડવાનો હુકમ કરવાનો અખત્યાર, કલમ ૮૩ મી, ૮૪ મી, તથા ૮૬ મી.

(૩) પોતાની આગળ ન્યયાધીકારની રૂએ આવેલાં કામોમાં જાહેરનામાં કાહાડવાનો અખત્યાર, કલમ ૮૭ મી.

(૪) પોતાની આગળ ન્યાયાધીકારની રૂએ આવેલાં કામોમાં મીલકત જપ્ત કરીને વેચવાનો અખત્યાર, કલમ ૮૮ મી.

(૫) જપ્ત કરેલી મીલકત પાછી આપવાનો અધિકાર, કલમ ૮૯ મી.

(૬) ઝડો લેવાનું વારંટ કાહાડવાનો અખત્યાર, કલમ ૯૬ મી,

(૭) ઝાડે પોતાનાં વારંટ ઉપર શેરો કરવાનો, તથા જડેલી વસ્તુ આપવાનો હુકમ કરવાનો, અખત્યાર, કલમ ૯૯ મી.

(૮) પોલીસની તપાસ ચાલતી હોય તે વખતે કબુલાતો અથવા મજકુરો લખી લેવાનો અખત્યાર, કલમ ૧૬૪ મી.

(૯) પોલીસની તપાસ ચાલતી હોય તે વખતે કોઇ શખસને અટકાવી રાખવાનો અખતાર આપવાનો અખત્યાર, કલમ ૧૬૭ મી.

(૧૦) તોહોમતવાળો શખસ કોરટમાં માલુમ પડે તને અટકાવી રાખવાનો અખત્યા, કલમ ૩૫૧ મી,

(૧૧) શકવાળી મીલકત બગડીજાય એવી હોયતેને વેચવાનો અખત્યાર, કલ ૫૫૦મી.

૨—બીજા વરગના માજીસતરેટના સાધારણ અખત્યાર.

(૧) ત્રીજા વરગના માજીસતરેટના સાધારણ અખત્યાર.

(૨) જે મુકદમામાં તે માજીસતરેટને ઇનસાફ કરવાની અથવા ઇનસાફ થવા માટે કમીટ કરવાની હુકમત હોય તે મુકદમામાં ગુન્હાની તપાસ કરવાનો પોલીસને હુકમ કરવાનો અખત્યાર, કલમ ૧૫૫ મી

૩—પેહેલા વરગના માજીસતરેટોના સાધારણ અખત્યાર.

(૧) બીજા વરગના માજીસતરેટના સાધારણ અખત્યાર.

(૨) કાંઇ ચોકશી ચાલતી હોય તે પ્રસંગ શીવાય બીજે પ્રસંગે ઝાડો લેવાનાં વારંટ કાહાડવાના અખત્યાર, કલમ ૯૮ મી.

[૩] ગેરવ્યાજબી રીતે કેદ કરેલા શખસોના શોધ કરવા સારૂ ઝાડો લેવાનું વારંટ કાહાડવાનો અખત્યાર કલમ ૧૦૦ મી.

(૪) સુલેહ રાખવા બાબત તારણ માગવાનો અખત્યાર, કલમ ૧૦૭ મી.

(૫) સારી રીતે ચાલવા બાબત તારણ માગવાનો અખત્યાર, કલમ ૧૦૯ મી,

(૬) કબજાનાં કામોમાં હુકમો વીગેરે કરવાનો અખત્યાર, કલમ ૧૪૫ મી, ૧૪૬ મી. તથા ૧૪૭ મી;

(૭) ઇનસાફ થવા માટે કમીટ કરવાનો અખત્યાર, કલમ ૨૦૬ ઠી;

(૮) ફરીયાદી ન હોય ત્યારે કામ બંધ કરવાનો અખત્યાર, કલમ ૨૪૯ મી;
(૯ ગુજરાન બાબત હુકમો કરવાનો અખત્યાર, કલમ ૪૮૮ મી તથા ૪૮૯ મી;

૪--પેટા તુકડી માજીસતરેટના સાધારણ અખત્યાર;

(૧) પેહેલા વરગના માજીસતરેટના સાધારણ અખત્યાર;
(૨ જમીનદારના નામનાં વારંટ લખવાનો અખત્યાર, કલમ ૭૮ મી;
(૩) સ્થાનીક અપકારક કૃત્યો સંબંધી હુકમો કરવાનો અખત્યાર કલમ ૧૩૩ મી
(૪) અપકારક કૃત્ય ફરીથી કરવાની મના કરવા બાબતના હુકમ કરવાનો અખત્યાર કલમ ૧૪૩ મી;
(૫) ૧૪૪ મી કલમ પ્રમાણે હુકમો કરવાનો અખત્યાર,
(૬) તજવીજ કરવાનો અખત્યાર, કલમ ૧૭૪ મી;
(૭) સ્થાનીક હકુમત માંહેના જે શખસે તે હકુમતની બાહાર કાંઈ ગુન્હો કરયો હોય તે શખસને માટે મોસેસ કાહાડવાનો અખત્યાર, કલમ ૧૮૬ મી;
[૮] ફરીયાદ દાખલ કરવાનો અખત્યાર, કલમ ૧૯૧ મી.
(૯) પોલીસના રીપોર્ટો લેવાનો અખત્યાર, કલમ ૧૯૧ મી:
(૧૦) ફરીયાદ વગર મુકદમા દાખલ કરવાનો અખત્યાર, કલમ ૧૯૧ મી;
(૧૧) તાબા માંહેના માજીસતરેટની પાસે મુકદમા મોકલવાનો અખત્યાર કલમ ૧૯૨
(૧૨) તાબા માંહેના માજીસતરેટ લખી લીધેલાં કામ ઉપરથી શીક્ષાનો હુકમ કરવાનો અખત્યાર, કલમ ૩૪૯ મી.
(૧૩) ફલાણી મીલકત ચોરી વીગેરેની છે એવું કેહેવામાં આવ્યું હોય અથવા એવો શક આવ્યો હોય તે મિલકત વેચવાનો અખત્યાર, કલમ ૫૨૪ મી;
(૧૪) અપીલો શીવાય બીજા મુકદમા લઇ લેવાનો, તથા તેઓનો ઇનસાફ કરવાનો અથવા ઇનસાફ થવા માટે બીજા પાસે મોકલવાનો અખત્યાર, કલમ ૫૨૮;

૫—જીલા માજીસતરેટના સાધારણ અખત્યાર;

(૧) પહેલા વરગનો માજીસતરેટ હોય એવા પેટાતુકડી માજીસતરેટનાસાધારણઅખત્યાર;
(૨) ટપાલખાતાના અથવા તારખાતાના અધીકારીઓના કબજામાંના દસ્તાવેજ માટે ઝાડો લેવાનાં વારંટો કાહાડવાનો અખત્યાર, કલમ ૯૬ મી;
(૩) સારી રીતે ચાલવાને અથવા સુલેહ રાખવાને બાંધી લીધેલા શખસોને છુટા કરવાનો અખત્યાર, કલમ ૧૨૪ મી.
(૪) સુલેહ રાખવા બાબતનુ ખત રદ કરવાનો અખત્યાર, કલમ ૧૨૫ મી.
[૫] સંક્ષેપ રીતે ઇનસાફ કરવાનો અખત્યાર, કલમ ૨૬૦ મી;
(૬) કેટલાએક મુકદમામાં ગુન્હાની સાબેતીના ઠરાવરદકરવાનો અખત્યારકલમ૩૫૦ મી
(૭) સારી રીતે ચાલવા બાબતનુ તારણ માગવા બાબતના હુકમ ઉપર અપીલ સાંભળવાનો અખત્યાર, કલમ ૪૦૬ મી;
[૮], ૨ જા તથા ૩ જા વરગના માજીસતરેટોએ ગુન્હાની સાબીતીના જે ઠરાવ કરયા હોય તે ઉપરથી કરેલી અપીલો સાંભળવાનો અથવા બીજા પાસે મોકલવાનો અખત્યાર, કલમ ૪૦૭ મી;
(૯) ચાલતેનાં કામનુ દફતર મંગાવવાનો અખત્યાર, કલમ ૪૩૫ મી;
(૧૦) ૫૧૪ મી કલમ પ્રમાણે કરેલા હુકમ સુધારવાનો અખત્યાર, કલમ ૫૧૫ મી;

પરિશિષ્ટ ૪ થું.

છેકડામાંના માજીસ્ત્રેટોને જે જાસ્તી અખત્યાર આપી શકાયછે.

પહેલા વર્ગના માજીસ્ત્રેટ જે અધીકાર આપી શકાયછે.

સ્થાનિક સરકારથી.

૧. સારી રીતે ચાલવા બાબતનું તારણું માગવાનો અખત્યાર કલમ ૧૧૦ મી.
૨. સ્થાનિક અપકારક કૃત્યો સંબંધી હુકમો કરવાનો અખત્યાર કલમ ૧૩૩ મી.
૩. અપકારક કૃત્ય ફરીથી કરવાની મના કરવા બાબતના હુકમ કરવાનો અખત્યાર કલમ ૧૪૩ મી.
૪. ૧૪૪ મી કલમપ્રમાણે હુકમો કરવાનો અખત્યાર.
૫. તજવીજો કરવાનો અખત્યાર, કલમ ૧૭૪મી.
૬. સ્થાનિક હુકુમત માહેના જે શખશે સ્થાનિક હકુમતની બાહાર કાંઇ ગુન્હો કરયો હોય તે શખસને માટે પ્રોસેસ કાહાડવાનો અખત્યાર કલમ ૧૮૬ મી.
૭. ફરીયાદ ઉપરથી ગુન્હા સાંભળવાનો અખત્યાર કલમ ૧૯૧મી.
૮. પોલીસના રીપોર્ટ ઉપરથી ગુન્હા સાંભળવાનો અખત્યાર, કલમ ૧૯૧ મી.
૯. ખબર ઉપરથી ગુન્હા સાંભળવાનો અખત્યાર. કલમ ૧૯૧મી
૧૦. સંક્ષેપરીતે ઇનસાફ કરવાનો અખત્યાર કલમ ૨૬૦ મી.
૧૧. બીજા તથા ત્રીજા વરગના માજીસતરેટોએ ગુન્હાની સાબીતીના જે ઠરાવ કરયા હોય તે ઉપર અપીલો સાંભળવાનો અખત્યાર, કલમ ૪૦૭ની
૧૨. ફલાણી મીલકત ચોરી વિગેરેની છે એવું કહેવામાં આવ્યું હોયે અથવા એવો શક આવ્યો હોય તે માલકત વેચવાનો અખત્યાર, કલમ ૫૨૪.મી

જીલા મેજીસ્ત્રેટથી

૧. અપકાર કૃત્યો ફરીથી કરવાની મના કરવા બાબતના હુકમ કરવાનો અખત્યાર કલમ ૧૪૩મી.
૨. ૧૪૪ મી કલમ પ્રમાણે હુકમો કરવાનો અખત્યાર.
૩. તજવીજો કરવાનો અખત્યાર. કલમ ૧૭૪ મી.
૪. ફરિયાદ ઉપરથી ગુન્હા સાંભળવાનો અખત્યાર કલમ ૧૯૧મી
૫. પોલીસના રીપોર્ટો ઉપરથી ગુન્હા સાંભળવાનો અખત્યાર કલમ ૧૯૧ મી.
૬. મુકદમા મોકલવાનો અખત્યાર, કલમ ૧૯૨ મી.
૧. ફટકા મારવાની શિક્ષાના હુકમ કરવાનો અખત્યાર કલમ ૩૨મી
૨. અપકાર કૃત્યો ફરીથી કરવાની મના કરવા બાબતના હુકમો કરવાનો અખત્યાર, કલમ ૧૪૩,મી
૩. ૧૪૪મી કલમ પ્રમાણે હુકમો કરવાનો અખત્યાર.

	સ્થાનિક સરકારથી	૪. તજવીજો કરવાનો અખત્યાર, કલમ ૧૭૪મી:
		૫. ફરિયાદ ઉપરથી ગુન્હા સાંભળવાનો અખત્યાર. કલમ ૧૯૧મી
		૬. પોલીસના રીપોર્ટો ઉપરથી ગુન્હા સાંભળવાનો અખત્યાર કલમ ૧૯૧મી.
બીજા વરગના માજીસ્ટ્રેટને જે અખ્ત્યાર આપી શકાય		૭. ખબર ઉપરથી ગુન્હા સાંભળવાનો અખત્યાર, કલમ૧૯૧મી
		૮. ઇનસાફ થવામાટે કમીટ કરવાનો અખત્યાર કલમ ૨૦૬ ઠી:
		૧. અપકારક કૃત્યો ફરીથી કરવાની મના કરવા બાબતના હુકમો કરવાનો અખત્યાર, કલમ ૧૪૩,મી:
		૨. ૧૪૪ મી કલમ પ્રમાણે હુકમો કરવાનો અખત્યાર.
		૩, તજવીજો કરવાનો અખત્યાર, કલમ ૧૭૪ મી:
	જીલા માજીસ્ટ્રેટથી	૪, ફરીયાદ ઉપરથી ગુન્હા સાંભળવાનો અખત્યાર, કલમ ૧૯૧મી
		૫. પોલીસના રીપોર્ટો ઉપરથી ગુન્હા સાંભળવાનો અખત્યાર, કલમ ૧૯૧ મી:
		૧. અપકારક કૃત્યો ફરીથી કરવાની મના કરવા બાબતના હુકમો કરવાનો અખત્યાર, કલમ ૧૪૩ મી:
		૨. ૧૪૪ મી કલમ પ્રમાણે હુકમો કરવાનો અખત્યાર:
		૩, તજવીજો કરવાનો અખત્યાર. કલમ ૧૭૪ મી:
	સ્થાનિક સરકારથી	૪. ફરીયાદ ઉપરથી ગુન્હા સાંભળવાનો અખત્યાર, કલમ૧૯૧મી
ત્રીજા વરગના માજીસ્ટ્રેટને જે અખ્ત્યાર આપી શકાય તે		૫. પોલીસના રીપોર્ટો ઉપરથી ગુન્હા સાંભળવાનો અખત્યાર, કલમ ૧૯૧ મી:
		૬. ઇનસાફ થવા માટે કમીટ કરવાનો અખત્યાર કલમ ૨૦૬ઠી
		૧, અપકારક કૃત્યો ફરીથી કરવાની મના કરવા બાબતના હુકમો કરવાનો અખત્યાર, કલમ ૧૪૩ મી:
		૨. ૧૪૪ મી કલમ પ્રમાણે હુકમો કરવાનો અખત્યાર:
		૩, તજવીજો કરવાનો અખત્યાર, કલમ ૧૭૪ મી,
	જીલા માજીસ્ટ્રેટથી	૪. ફરીયાદ ઉપરથી ગુન્હા સાંભળવાનો અખત્યાર કલમ ૧૯૧મી:
પેટા તુકડીમ જીસ્ટ્રેટને જે અખ્ત્યાર આપી શકાય તે		૫, પોલીસના રીપોર્ટો ઉપરથી ગુના સાંભળવાનો અખત્યાર, કલમ ૧૯૧ મી,
	સ્થાનિક સરકારથી	દફતર મગાવવાનો અખત્યાર. કલમ ૪૩૫.

પરિશિષ્ટ પાંચમું

નમુના.

૧—તહોમતવાળા શખસની ઉપર સમન.

(૬૮ મી કલમ જુઓ.)

ના રેહેવાસી જોગ

(આ ઠેકાણે મુખ્તેસરમાં જે ગુન્હાનું તહોમત મુકયું હોય તે ગુન્હો લખવો) ના તહોમતનો જવાબ દેવા સારૂ તમારે હાજર થવું જરૂર છે માટે તમને આ સમન ઉપરથી ફરમાવવામાં આવે છે કે તમે જાતે (અથવા પ્લીડરની મારફતે હાજર થ

વાનું ફરમાવવું હોય તો લખવું કે પ્લીડરની મારફતે) ના (માજી સ્ટ્રેટની] આગળ ની તારીખે હાજર થજો એ પ્રમાણે કરવામાં કસુર કરશો નહીં. તારીખ માહે સન ૧૮

(મોહોર) (સહી)

૨.—પકડવાનું વારંટ

[૭૫મી કલમ જુઓ.]

[આ ઠેકાણે જે શખસ અથવા શખશો તે વારંટ બજાવવાના હોય તે શખસ અથવા શખશોના નામ તથા તે કોણ છે તે લખવું.) જોગ

ના રેહેવાશી ની ઉપર (આ ઠેકાણે જે ગુન્હો હોય તે લખવે) ના ગુન્હાનું તહોમત છે માટે તમને આ વારંટ ઉપરથી ફરમાવવામાં આવે છે કે તમે સદરહુ ને પકડીને હમારી આગળ હાજર કરો. એ પ્રમાણે કરવામાં કસુર કરશો નહીં. તારીખ માહે સન ૧૮

[મોહોર.] (સહી)

(૭૬ મી કલમ જુઓ.)

એ વારંટની પાછળ નીચે મુજબ શેરો વખી શકાય:—

સદરહુ જો અમારી આગળ ની તારીખે હાજર થવા સારૂ અને અમે બીજી રીતનો હુકમ કરીએ ત્યાં લગી એ પ્રમાણે હાજર થયા કરવાસારૂ પોતે રકમની જામીની લખી આપે અને તેના સાથે રકમનો એક જામીન (અથવા બે જામીન દરએક રકમનો] આપે તો તેને છોડવાનો અધિકારછે

તારીખ માહે સન ૧૮

(સહી.)

૩—વારંટની રૂએ પકડયા પછી ખત તથા જામીન ખત.

(૮૬ મી કલમ જુઓ.)

હું [આ ઠેકાણે નામ લખવું], ના રેહેવાશી નાં તહોમતનો જવાબ દેવા સારૂ મને હાજર થવાની જરૂર પાડવાને કાહાડેલાં વારંટની રૂએ ના જીલ્લા માજીસ્ટ્રેટની (અથવા જે હોય તેની] આગળ મને આણ્યા ઉપરથી આ ખત લખી આપીને બંધાઉં છું કે સદરહુ તહોમતનો જવાબ દેવાને આવતા ની તારીખે ની કોરટમાં હાજર થઈશ અને કોરટ બીજી રીતનો હુકમ કરે ત્યાં લગી એ પ્રમાણે હાજર થયા કરીશ: અને એ બાબતમાં જો હું કસુર કરૂં તો હું બંધાઉંછું કે મલીકા માયાઝમા રાણીસાહેબ કૈસરે હિંદને રૂપીયાની રકમ મારે ગુન્હેગારીમાં આપવી તા૦ માહે સન ૧૮

(શહી)

આ ઉપરથી હું જાહેર કરૂંછું કે હું ઉપર લખેલા ના રેહેવાશી નો જામીન થઉંછું કે જે તહોમત ઉપરથી એને પકડવામાં આવ્યો છે તે તહોમતનો જવાબ દેવાને તે ની કોરટમાં ની આગળ આવતા ની તારીખે હાજર થશે, તથા કોરટ બીજી રીતનો હુકમ કરે ત્યાં લગી એ પ્રમાણે હાજર થયા કરશે, અને એ બાબતમાં જો એ કસુર કરે તો આ ઉપરથી હું બંધાઉં

ક્યું કે મલીકા માયાલમા રાણીસાહેબ કઇસરે હિંદને રૂપીઆની રકમ મા
ફ ગુનહેગારીમાં આપવી. તા૰ માહે સન ૧૮
(સહી.)

૪—તહોમતવાળા શખસને હાજર થવાનું ફરમાવવા બાબતનું જાહેરનામું
(૮૭ મી કલમ જુઓ)

મારી આગળ ફરીયાદ કરવામાં આવી છે કે (આ ઠેકાણે નામ લખવું તથા વર્ણન કરવું તથા રેહેવાનું ઠેકાણું લખવું) હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક નો ગુનહો કરયો છે [અથવા કરયો એવો શક આવ્યો છે], અને તે ઉપરથી પકડવાનું વારંટ કાહાડેલું તે ઉપર એવો સેરો લખાઇ આવેલો છે કે સદરહુ [આ ઠેકાણે નામ લખવું] જડતા નથી, અને મારી ખાત્રી કરીને બતાવવામાં આવ્યું છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) નાશી ગયો છે [અથવા સદરહુ વારંટ પોતાની ઉપર બજે નહી તેટલા માટે સંતાઇ જાય છે];
વાસ્તે આ જાહેરનામું કરીને ફરમાવવામાં આવે છે કે સદરહુ ના રહેવાશીએ આ તારીખથી દિવશ માંહે સદરહુ ફરીયાદનો જવાબ દેવાને (આ ઠેકાણે જગા લખવી) માં આ કોરટની આગળ (અથવા મારી આગળ) હાજર થવું.

તારીખ માહે સન ૧૮
(સહી)
(મોહોર)

૫—શાહેદને હાજર થવાનું ફરમાવવા બાબતનું જાહેરનામું.
(૮૭ મી કલમ જુઓ)

મારી આગળ ફરીયાદ કરવામાં આવી છે કે (આ ઠેકાણે નામ લખવું તથા વર્ણન કરવું તથા રેહેવાનું ઠેકાણું લખવું] (આ ઠેકાણે મુખતેસરમાં ગુનહો લખવો) નો ગુનહો કરયો છે (અથવા કરયો એવો શક આવ્યો છે) અને (આ ઠેકાણે શાહેદનું નામ, તે કોણ છે તે તથા તેનું ઠેકાણું લખવું] ને સદરહુ ફરીયાદની બાબત સંબંધી જબાની આપવા કોરટની આગળ હાજર થવાની જરૂર પાડવાને વારંટ કાહાડવામાં આવ્યું છે; અને સદરહુ વારંટની ઉપર એવો શેરો લખાઇ આવેલો છે કે સદરહુ [આ ઠેકાણે શાહેદનું નામ લખવું) ની ઉપર બજાવણી થઇ શકતી નથી, અને મારી ખાત્રી કરીને બતાવવામાં આવ્યું છે કે તે નાશી ગયો છે (અથવા સદરહુ વારંટ પોતાની ઉપર બજે નહી એટલા માટે સંતાઇ જાય છે)
વાસ્તે આ જાહેરનામું કરીને ફરમાવવામાં આવે છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ના ગુનહાની ફરીયાદ થઇ છે તે ગુનહા સંબંધી જબાની આપવા માટે આવતા માસની તારીખે કલાકે (આ ઠેકાણે જગા લખવી) મા ના કોરટની આગળ હાજર થવું. તા૰ માહે સન ૧૮
(સહી)
(મોહોર.)

૬.—શાહેદને હાજર થવાની જરૂર પાડવા સારૂ જપ્તીનો હુકમ.
(૮૮ મી કલમ જુઓ)

નું પોલીસ થાણું જે પોલીસ અમલદારના હવાલામાં હોય

તે પોલીસ અમલદાર જોગ.

આ કોરટની આગળ એક ચાલુ ફરીયાદ સંબંધી શાહેદી આપવા માટે (આ ઠેકાણે નામ લખવુ તથા વરણન કરવું તથા રેહેવાનુ ઠેકાણું લખવું) ને હાજર થવાની જરૂર પાડવાને વારંટ યોગ્ય રીતે કાહાડવામાં આવ્યું છે, અને સદરહુ વારંટની ઉપર એવો શેરો લખાઇ આવ્યો છે કે તે બજાવી શકાતું નથી; અને મારી ખાત્રી કરીને એવું બતાવવામાં આવ્યુ કે તે નાશી ગયો છે (અથવા સદરહુ વારંટ પોતાની ઉપર ન બજે એટલા માટે સતાઇ જાયછે; અને તે ઉપરથી એક જાહેરનામુ યોગ્ય રીતે કાહાડીને તથા પ્રસિદ્ધ કરીને તેમાં કહેલી વખતે તથા જગાએ હાજર થઇને શાહેદી આપવનું સદરહુ ને ફરમાવ્યુ છે અને તેણે હાજર થવામાં કસુર કરી છે;

વાસ્તે આ ઉપરથી તમને અખતીઆર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે તે સદરહુ ની રૂપીયાની કિમત જે જંગમ મિલકત જીલામાં તમને જડે તે તમારે પકડીને જપ્ત કરવી અને આ કોરટનો બીજો હુકમ થતાં સુધી સદરહુ મીલકત તમારે જપ્તીમાં રાખવી, અને આ વારંટ કેવી રીતે બજાવ્યુ તેનો શેરો લખીને પછું મોકલવું. તા૰ માહે સન ૧૮

(મોહોર) [સહી]

તોહોમતવાળા શખસને હાજર થવાની જરૂર પાડવા સારૂ જપ્તીનો હુકમ.

(૮૮ મી કલમ જુઓ.)

[આ ઠેકાણે જે શખસ અથવા શખસો તે વારંટ બજાવવાના હોય તે શખસ અથવા શખસોનાં નામ તથા તે કોણ છે તે લખવુ) જોગ.

મારી આગળ ફરીયાદ કરવામાં આવી છે કે [આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું તથા રેહેવાનું ઠેકાણુ લખવું) હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો નો ગુનહો કર્યો છે (અથવા કરયાનો શક આવ્યો છે.) અને તે ઉપરથી પકડવાનું વારંટ કાહાડેલુ તેની ઉપર એવો શેરો લખઇ આવ્યો છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) જડતો નથી; અને મારી ખાત્રી કરીને એવું બતાવવામાં આવ્યું છે કે સદરહું [આ ઠેકાણે નામ લખવું] નાહશી ગયો છે (અથવા સદરહુ વારંટ પોતાની ઉપર ન બજે એટલા માટે સંતાઇ જાય છે) અને તે ઉપરથી એક જાહેરનામુ યોગ્ય રીતે કાહાડીને તથા પ્રસિદ્ધ કરીને તેમાં એવું ફરમાવ્યું છે કે સદરહુ એ દીવસમાં સદરહુ તહોમતનો જવાબ દેવાને હાજર થવું, અને જીલ્લાના ગામમાં (થવા કસબામાં) સરકારને મેહેસુલ આપનારી જમીન શિવાય બીજી હેઠળ લખેલી મિલકત સદરહુ ના કબજામાં છે, એટલે, અને તે મિલકત જપ્ત કરવા સારૂ હુકમ કરવામાં આવ્યો છે;

વાસ્તે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ મિલકત પકડીને જપ્ત કરવી; અને આ કોરટનો બીજો હુકમ થતાં સુધી તેને જપ્તીમાં રાખવી અને આ વારંટ કેવી રીતે બજાવ્યું તેનો શેરો લખીને તે પાછું મોકલવું.

તારીખ માહે સન ૧૮

(મોહોર) ——— (સહી).

ડેપ્યુટી કમિશનરને કલેકટર તરીકે જપ્તિ કરવાનો અધિકાર આપવા બાબતનો હુકમ.

[૮૮ મી કલમ જુઓ)

જીલ્લાના ડેપ્યુટી કમીશનર જોગ

મારી આગળ એવી ફરીયાદ કરવામાં આવી છે કે [આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું તથા રેહેવાનું ઠેકાણું લખવું) (હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ પ્રમાણે શિક્ષા થઈ શકે એવો નો ગુન્હો કરયો છે (અથવા કરયાનો શક આવ્યો છે), અને તે ઉપરથી પકડવાનું વારંટ કાહાડેલું તેની ઉપર એવો શેરો લખાઈ આવ્યો છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું] જડતો નથી; અને મારી ખાત્રી કરીને એવું બતાવવામાં આવ્યું છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું)નાશી ગયો છે (અથવા સદરહુ વારંટ પોતાની ઉપર ન બજે એટલા માટે સંતાઈ જાય છે) અને તે ઉપરથી એક જાહેરનામું યોગ્ય રીતે કાહાડીને તથા પ્રસિધ્ધ કરીને તેમાં ફરમાવ્યું છે કે સદરહુ એ દિવસમાં સદરહુ તહોમતના જવાબ દેવાને હાજર થવું, પણ તે હાજર થયો નથી; અને જીલ્લાના ગામમાં (અથવા કસબામાં) સરકારને મેહેસુલ આપનારી અમુક જમિન સદરહુ ના કબજામાં છે;

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવેછે તથા અરજ કરવામાં આવેછે કે તમારે સદરહુ જમીન જપ્ત કરવી, અને આ કોરટનો બીજો હુકમ થતાં સુધી તે જમીન જપ્તીમાં રખાવવી, અને આ હુકમની રૂએ તમે જે કરયું હોય તે બાબત વગર ઢીલે લખી મોકલવું.. તારીખ માહે સન ૧૮

(મોહોર) ——— - સહી.

૭—શાહેદને લઈ આવવા સારૂ પ્રથમજ વારંટ.

[૯૦ મી કલમ જુઓ)

(આ ઠેકાણે જે પોલીસ અમલદાર અથવા બીજો શખસ અથવા શખસો તે વારંટ બજાવવાના હોય તેનું નામ અથવા તેઓનાં નામ તથા તે કોણ છે તે લખવું] જોગ.

મારી આગળ ફરીયાદ કરવામાં આવી છે કે ના રેહેવાશી એ (આ ઠેકાણે મુખ્તસરમાં ગુન્હો લખવો) નો ગુન્હો કરયો છે [અથવા કરયાનો શક આવ્યો છે, અને [આ ઠેકાણે શાહેદનું નામ તથા તેનું વરણન લખવું) સદરહુ ફરીયાદ સબંધી શાહેદી આપી શકશે એવો સંભવ છે; અને સદરહુ ફરીયાદની સુનાવણી વખતે તેને શાહેદ દાખલ હાજર થવાની જરૂર પાડવામાં નહી આવે તો તે એ પ્રમાણે હાજર થશે નહી એમ માનવાનું મને સારૂ અને પુખ્તુ કારણ છે;

વાસ્તે આ ઉપરથી તમને અધીકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ને પકડવો અને જે ગુન્હાની ફરીયાદ થઈ છે તે ગુન્હા સબંધી તેની જબાની લેવા માટે તેને નીતા

શીખે કોરટની આગળ આણવો.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે,

તારીખ મા હે સને ૧૮

(મોહોર.) ——— (સહી.)

૮.—કોઇ મુકરર ગુન્હાની ખબર આવ્યા પછી ઝાડો લેવાનું વારંટ,

(૯૬મી કલમ જુઓ)

(આ ઠેકાણે જે પોલીસઅમલદાર અથવા બીજો શખસ અથવા શખસો તે વારંટ બજાવવાના હોય તેનું નામ અથવા તેઓના નામ તથા તે કોણ છે તે લખવું] જોગ.

(આ ઠેકાણે મુખતેસરમાં ગુન્હો લખવો] નો ગુન્હો કરયા વિશે (અથવા કરયાનો શક આવ્યા વિશે) મારી આગળ ખબર કરવામાં આવી છે (અથવા ફરીયાદ કરવામાં આવી છે] અને સદરહુ ગુન્હાની (અથવા શકવાળા ગુન્હાની) જે ચોકશી હાલ ચાલે છે, (અથવા ચાલવાની તઇયારી છે) તે ચોકશી માટે (આ ઠેકાણે જે વસ્તુ હોય તે વસ્તુ સ્પષ્ટ રીતે લખવી) રજુ કરવાની જરૂરછે એવું મને દેખાડવામાં આવ્યુંછે વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ (આ ઠેકાણે તે વસ્તુ લખવી) માટે (આ ઠેકાણે જે ઘરનો અથવા જગાનો અથવા તેના જે ભાગનો ઝાડો લેવો હોય તેનું વરણન કરવું) માં શોધ કરવો, અને, તે જડે તો તાબડતોબ આ કોરટની આગળ તે રજુ કરવી,અને આ વારંટ બજાવવામાં આવે એટલે તુરત, તમે એ વારંટની રૂએ જે કરયું હોય તેનો શેરો લખીને તે પાછું મોકલવુ.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે;

તારીખ મા હે સને ૧૮

(મોહોર) ——— (સહી)

૯—જે જગામાં ચોરીની મિલકત વિગેરે મુકવાનો શક આવ્યો હોય તે જગાનો ઝાડો લેવાનુ વારંટ

(૯૮ મી કલમ જુઓ]

(આ ઠેકાણે કાનસ્ટેબલથી ઉચા દરજાના પોલીસ અમલદારનુ નામ તથા તેનો હુદો લખવો) જોગ.

મારી આગળ ખબર રજુ કરવામાં આવી છે, અને તે ઉપરથી યોગ્ય રીતે કરેલી ચોકશી ઉપરથી મારો મત થયો છે, કે (આ ઠેકાણે જે ઘર અથવા બીજી જગા હોય તેનું વરણન કરવું] ચોરીની મિલકત મુકવાની (અથવા વેચવાની) જગા દાખલ વપરાય છે (અથવા તે કલમમાં જણાવેલા બીજા કારણો માંના અમે તે કારણ સારૂ તે ઘર અથવા બીજી જગા વપરાતી હોય તો તે કલમના શબ્દોમાં તે કારણ લખવું;

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે જેટલી મદદ જોઇએ તેટલી મદદ લઇને સદરહુ ઘરમાં (અથવા બીજી જગામાં) પેસવું, અને તે કારણસારૂ, જરૂર પડે તો, યોગ્ય જબરી કરવી, અને

સદરહુ ઘરના (અથવા બીજી જગાના, અથવા ઝાડો થોડાએક ભાગના જેવો હોયતો તે ભાગ સ્પષ્ટ રીતે સમજવો) દરેક ભાગનો ઝાડો લેવો, અને કાંઇ પણ મિલકત અથવા દસ્તાવેજો, અથવા સ્ટાંપો. અથવા મોહોરો. અથવા (સિક્કાઓ, જેમ હોય તેમ) પકડીને કબજે લેવી— (જે પ્રસંગે જરૂર હોય તે પ્રસંગે) હેઠળ લખેલા પ્રમાણે ઉમેરવું એટલે બનાવટના દસ્તાવેજ. અથવા ખોટા સ્ટાંપો, અથવા ખોટી મોહોરો, અથવા ખોટા શિક્કા. (જેમ હોય તેમ) બનાવવા માટે કલાણાં હથીયારો તથા સાહિત્ય રાખવામાં આવે છે. એમ તમને વાજબી રીતે લાગે તે હથીયારો તથા સાહીત્ય પણ પકડીને કબજે લેવાં) અને સદરહુ વસ્તુઓ માંની જેટલી કબજે લેવાય તેટલી વસ્તુ આ તાબડતોબ આ કોરટની આગળ આણવી અને આ વારંટ બજાવવામાં આવ્યે થકે તુરત તમે એ વારંટની રૂએ જે કરવું હોય તેનો શેરો લખીને પાછું મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે. તા૦ માહે સન૧૮

(મોહોર) [સહી]

---

૧૦ સુલેહ રાખવા બાબત ખત.

(૧૦૯ મી કલમ જુઓ)

હું [આ ઠેકાણે નામ લખવું] (આ ઠેકાણે જગા લખવી] નો રેહેવાશી ની મુદત સુધી સુલેહ રાખવા બાબત ખત કરી આપવાનું મને ફરમાવવામાં આવ્યું છે, વાસ્તે આ ખતથી બંધાઉં છું કે હું સદરહુ મુદતની દરમિયાનમાં સુલેહનો ભંગ નહીં કરૂં અથવા જેથી સુલેહનો ભંગ ઘણું કરીને થયું એવું કાંઇ પણ કૃત્ય નહી કરૂં; અને એ બાબતમાં હું કસુર કરૂં તો હું બંધાઉં છું કે રૂપીયાની રકમ મારે મલીકા માયાઝમા રાણીસાહેબ કઇસરે હિંદને ગુન્હેગારીમાં આપવી.

તા૦ માહે સન ૧૮

સહી.

૧૧—સારી રીતે ચાલવા બાબત ખત.

(૧૦૯ મી તથા ૧૧૦ મી કલમ જુઓ)

હું (આ ઠેકાણે નામ લખવું], [આ ઠેકાણે જગા લખવી) નો રેહેવાશી, મલીકા માયાઝમા રાણીસાહેબ કઇસરે હિંદ તરફ તથા તેમની સઘળી રઇયત તરફ (આ ઠેકાણે મુદત લખવી) ની મુદત સુધી સારી રીતે ચાલવા બાબત ખત કરી આપવાનું મને ફરમાવવામાં આવ્યું છે, વાસ્તે આ ખતથી બંધાઉં છું કે હું મલીકા માયાઝમા તરફ તથા તેમની સઘળી રઇયત તરફ સદરહુ મુદત સુધી સારી રીતે ચાલીસ, અને એ બાબતમાં હું કસુર કરૂં તો હું બંધાઉં છું કે રૂપીયાની રકમ મારે મલીકા માયાઝમાને ગુન્હેગારીનાં આપવી. તા૦ માહે સન ૧૮

સહી.

(જામિનો સાથે ખત કરી આપવાનું હોય ત્યારે હેઠળ લખેલો મજકુર ઉમેરવો)

આ ઉપરથી અમે જાહેર કરીએ છીએ કે અમે ઉપર લખેલા ના જામીન થઇએ છીએ કે તે શખસ સદરહુ મુદત સુધી મલીકા માયાઝમા રાણીસાહેબ કઇસરે હિંદ તરફ તથા તેમની સઘળી રઇયત તરફ સારી રીતે ચાલશે; અને એ બાબતમાં તે શખસ કસુર કરે તો અમે એકઠા તથા જુદા જુદા બંધાઇએ છીએ કે રૂપીયા

ની રકમ અમારે મલીકામાયાઝમાને ગુન્હેગારીમાં આપવી. તા૦ માહે સન ૧૮
(સહી)

૧૨—સુલેહનો ભંગ થવાના સંભવ વિશે ખબર આવ્યા ઉપરથી સમન.
(૧૧૪ મી કલમ જુઓ)

ના રેહવાશી જોગ. ખાત્રી લાયક ખબર ઉપર થી મને એવું દેખાડવામાં આવ્યું છે કે [આ ઠેકાણે તે ખબરનો સાર લખવો] અને તમે સુલેહનો ભગ [અથવા જેથી સુલેહનો ભગ ઘણુંકરીને થશે એવું કાંઇ કૃત્ય] કરશો એવો સંભવ છે, વાસ્તે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે ની મુદત સુધી તમે સુલેહ રાખશો એવું એક ખત રૂપીયાનું કરી આપવાનું. (જામીનો જોઈતા હોય ત્યારે આ પ્રમાણે ઉમેરવું—અને વળી એક [અથવા બે જેમ હોય તેમ લખવું] જામીન પાસે (અથવા એક કરતાં વધારે જામીનો હોય તો લખવું કે દરેકની પાસે, રૂપીઆના રકમનું ખત લખાવી આપી ને તારણ આપવાનું), તમને શા સારૂ નહી ફરમાવવું જોઇએ તેનું કારણ બતાવવાને તમારે સન ૧૮ ના ની તારાખે સવારમાં દસ કલાકે ના માજીસ્ત્રેટની આફીસમાં જાતે (અથવા કોઇયોગ્યઅધિકારવાળા મુખત્યારની માર ફતે) હાજર થવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે. તા૦ માહે સન૧૮
(મોહોર) [સહી]

૧૩—સુલેહ રાખવા બાબત તારણ ખોળી આપવામાં કસુર કરેથી કેદ કરવાનું વારંટ.
(૧૨૩ મી કલમ જુઓ)

નાતુરંગના સુપ્રીનટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ.

(આ ઠેકાણે નામ તથા રેહવાનું ઠેકાણું લખવું) ની ઉપર સમન કહાડીને તેને ફરમાવેલું કે મહિનાની મુદત સુધી તમે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) સુલેહ રાખશો તે બાબત બે જામીન સાથે રૂપીયાનું ખત (અથવા રૂપીયાના દરેક એવા બે જામીન સાથે ખત) તમારે શા સારૂ નહી કરી આપવું જોઇએ તેનું કારણ તમારે બતાવવું. તે સમનના રૂએ તે ની તારાખે મારી આગળ પોતાની જાતે (અથવા પોતાના અધીકારવાળા મુખત્યાર મારફતે] હાજર થએલો, અને તે વખત સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ને હુકમ કરીને એવું ફરમાવેલું કે તમારે સદરહુ ખત લખી આપવું તથા સદરહુ જામીન ખોળી આપવા (હુકમમાં ફરમાવેલું તારણ સમનમાં લખેલા તારણથી જુદું હોય ત્યારે તે લખવું), અને તેણે સદરહુ હુકમ પ્રમાણે ચાલવામાં કસુર કરી છે.

વાસ્તે આ ઉપરથી તમને સદરહુ સુપ્રીન્ટેન્ડેન્ટને [અથવા કીપર) અધીકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ આ ઠેકાણે નામ લખવું) ને આ વારંટ સુધાં તમારા હવાલામાં લેવો, અને તેને (આ ઠેકાણે કેદની મુદત લખવી] ની મુદત સુધી સદરહુ તુરંગમાં સહી સલામત રાખવો, પણ જો દરમિયાનમાં તે પોતાની જાતે તથા પોતાના જામીન અથવા (જામીનો સાથે સદરહુ ખત લખી આપે તો તે લેવું, અને (સદરહુ આ ઠેકાણે નામ લખવું) ને છુટો કરવો

અને આ વારંટ કેવી રીતે બજાવ્યું તેનો શેરો લખીને તે પાછું મોકલવું.
મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે, તા૦ માહે સન ૧૮
(મોહોર.) (સહી)

૧૪—સારી રીતે ચાલવા બાબત તારણ બીજી આપવામાં કસુર કરેથી
કેદ કરવાનું વારંટ.
(૧૨૩ મી કલમ જુઓ)

ની તુરંગના સુપ્રીનટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ- (આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું) ના છલામાં સંતાયા કરે છે તથા સંતાય છે, અને તેની પાસે ગુજરાનનું કાંઇ સાધનજાણાતું નથી (અથવા અને તે પોતાને વિષે કાંઇખાત્રી ભરેલા જવાબ આપી શકતો નથી) એવું મનેદેખાડવામાં આવ્યું છે;

અથવા

(આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું) ની સામાન્ય આબરૂ વિશે પુરાવો મારી આગળ આણ્યો છે અને દફતરમાં દાખલ કરયો છે તે ઉપરથી જણાય છે કે તેને અપહરણ કરવાની [અથવા ધાડ઼ પાડવાની વિગેરે, જેમ હોય તે પ્રમાણે લખવું) ટેવ છે;

અને દફતરમાં એક હુકમ દાખલ કરયો છે તેમાં સદરહુ વાત જણાવી છે અને સદરહુ [આ ઠેકાણે નામ લખવું) ને ફરમાવ્યું છે કે તમારે (આ ઠેકાણે મુદત લખવી) ની મુદત સુધી સારી રીતે ચાલવા સારૂ એક જામીન સાથે, (અથવા બે અથવા વધારે જામીન સાથે. જેમ હોય તેમ] એક ખત તમારી જાતને માટે રૂપીયાનું અને સદરહુ જામીન માટે (અથવા સદરહુ જામીનોમાંના દરએક જણને માટે) રૂપીયાનું લખી આપીને તારણ આપવું, અને શદરહુ [આ ઠેકાણે નામ લખવું) સદરહુ હુકમ પ્રમાણે ચાલવામાં કસુર કરી છે. અને સદરહુ કસુર માટે એવું ઠરાવ્યું છે કે તેણે (આ ઠેકાણે મુદત લખવી) સુધી કેદ ભોગવવી પણ જો તે મુદત પુરી થતાં પેહેલાં સદરહુ તારણ આપવામાં આવે તો પછી તેમ કરવું પડશે નહી.

વાસ્તે એ ઉપરથી તમને સદરહુ સુપ્રીનટેન્ડેન્ટને[અથવા કીપરને)અધિકારઆપવામાં આવેછેતથાફરમાવવામાંઆવેછેકેતમારે સદરહુ(આઠેકાણેનામલખવું અનેઆવારંટસુદ્ધાં તમારા હવાલામાં લેવો, અને તેને સદરહુ તુરંગમાં (આ ઠેકાણે કેદની મુદત લખવી] ની સદરહુ મુદત સુધી સહી સલામત રાખવો, પણ જો દરમિયાનમાં તપોતાની જાતે તથા પોતાના જામીન સાથે [અથવા જામીનો સાથે) સદરહુ ખત લખી આપીને સદરહુ હુકમ પ્રમાણે ચાલે તો તે ખત લેવું અને સદરહુ [આ ઠેકાણે નામ લખવું] ને છુટો કરવો; અને આ વારંટ કેવી રીતે બજાવ્યું તેનો શેરો લખીને તે પાછું મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે. તા૦ માહે સન ૧૮
(મોહોર) (સહી).

૧૫—તારણ આપવામાં કસુર કરેથી કેદ કરેલા શખસને છોડી મુકવાનું વારંટ.

(૧૨૩ મી તથા ૧૨૪ મી કલમ જુઓ.)

ની તુરંગના સુપ્રીનટેન્ડેન્ટ (અથવા કીપર] (અથવા બીજા જે અમલદારના હ વાલામાં તે શખસ હોય તે અમલદાર) જોગ.

(આ ઠેકાણે કેદીનું નામ લખવું તથા વરણન કરવું] ને ની તારીખ ના આ કોરટના વારંટની રૂએ તમારા હવાલામાં સોંપેલો, અને ત્યાર પછી તેણે ફો જદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની કલમ મુજબ યોગ્ય રીતે તારણ આપ્યું છે.

અથવા

અને લોકોને જોખમ પોહોંચાડયા વગર તેને છુટો કરી શકાશે એમ માનવાના પુરતા સબબ મને જણાયા છે;

વાસ્તે આ ઉપરથી તમને અખિત્યાર આપવામાં આવેછે તથા ફરમાવામાં આવેછેકે સદરહુ [આ ઠેકાણે નામ લખવું) ને બીજા કાંઇ કારણસર અટકાવી રાખવો યોગ્ય નહી હોયતો તેને તમારા હવાલામાંથી તાબડતોબ છોડીમુકવો.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યુંછે. તા૦ માહે સન ૧૮

મોહોર. ——— સહી.

૧૬—-અપકારક વસ્તુ ખશેડવા બાબત હુકમ,

(૧૩૩ મી કલમ જુઓ)

[આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું તથા રેહેવાનું ઠેકાણું લખવું] જોગ,

જે સાર્વજનિક રસ્તો [અથવા સાર્વજનિક જગા) વગેરે, [આ ઠેકાણે રસ્તાનું અથ વા સારવજનિક જગાનું વરણન કરવું), તે વાપરનારા લોકોને વિગેરે (આ ઠેકાણે તે અડચણ અથવા અપકારક કૃત્ય શાથી થાય છે તે લખવું) તમે અડચણ કરી છે (અથવા અપકારક કૃત્ય] કરયું છે, અને સદરહુ અડચણ (અથવા અપકારક કૃત્ય) હ જુ ચાલુ છે એવું દેખાડવામાં આવ્યું છે;

અથવા

તમે ધણી અથવા વહિવટદાર દાખલ (આ ઠેકાણે મુકરર વેપાર અથવા ધંધો લખવો તથા જે જગાએ તે ચલાવવામાં આવતો હોય તે જગા લખવી) નો વેપાર અથવા ધંધો ચલાવો છો, અને (આ ઠેકાણે મુખ્તેસરમાં કેવી રીતે નુકશાન કારક અસર થાય છે તે લખવું) સબબથી તે વેપાર અથવા ધંધો લોકોની તંદુરસ્તીને (અ થવા સુખને) નુકશાનકારક છે, અને તે બંધ પાડવો જોઇએ અથવા બીજી જગાએ લઇ જવો જોઇએ એવું મને દેખાડવામાં આવ્યું છે,

અથવા.

તમે (આ ઠેકાણે સાર્વજનીક રસ્તાનું વરણન કરવું) સાર્વજનીક રસ્તાની પાસેના એક તળાવ (અથવા કુવા અથવા ખાડા) ના ધણી છો (અથવા તે તમારા કબજા માં અથવા અખત્યારમાં છે) અને સદરહુ તળાવને (અથવા કુવાને અથવા ખાડાને) વાડ નથી (અથવા જોખમ ભરેલી રીતે વાડ કરેલી છે) તે સબબથી લોકોની સલા મતીને જોખમ પોહોચ્યું છે.

અથવા.

વગેરે; વગેરે, (જેમ હોય તેમ),

વાસ્તે હું તમને આઉપરથી હુકમ કરૂંછું તથા ફરમાવું છું કે તમારે [આ ઠેકાણે આપેલી મુદત લખવી) માંહે (આ ઠેકાણે તે અપકારક કૃત્ય બંધ કરવા માટે શું કરવુ જોઇએ તે લખવું]' અથવા આવતા ની તારીખે માં ની કોરટમાં હાજર થવું, અને આ હુકમ શાસારૂ અમલમાં નહીં લાવવો જોઇએ તેનું કારણ બતાવવું.

અથવા.

હું તમને આ ઉપરથી હુકમ કરૂંછું તથા ફરમાવું છું કે તમારે (આ ઠેકાણે આપેલી મુદત લખવી) માંહે સદરહુ જગાએ સદરહુ વેપાર અથવા ધંધો ચલાવવાનું બંધ કરવું, અને ફરીથી તે ચલાવવો નહીં, અથવા જે જગાએ સદરહુ વેપાર હાલ ચલાવવામાં આવેછે તે જગાએથી તે ખસેડવો. અથવા હાજર થવું. વગેરે,

અથવા,

હું તમને આ ઉપરથી હુકમ કરૂંછું તથા ફરમાવું છું કે તમારે (આ ઠેકાણે આપેલી મુદત લખવી) માંહે (આ ઠેકાણે વાડનો પ્રકાર તથા વાડ કરવાનો ભાગ લખવો] પાકી વાડ કરવી. અથવા હાજર થવું વગેરે,

અથવા.

હું તમને આઉપરથી હુકમકરૂંછું તથા ફરમાવુંછુ કે વગેરે વગેરે (જેમહોયતેમલખવુ)
મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યુંછે. તારીખ માહે સન૧૮
(મોહોર) (સહી)

૧૭—જ્યુરી રચવા બાબત માજીસતરેટનો હુકમ;

[૧૩૮ મી કલમ જુઓ)

(આ ઠેકાણે નામ લખવું) ની ઉપર સન ૧૮ ના ની તારીખે એક હુકમ કાહાડીને તેને ફરમાવેલું કે (આ ઠેકાણે તે હુકમની મતલબ લખવી) અને સદરહુ હુકમ વાજબી અને યોગ્ય છે કે નહીં તેનો ઇનસાફ કરવા માટે જ્યુરી નીમવાનો હુકમ કરવા બાબત સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ની તારીખની અરજી મને કરી છે, વાસ્તે સદરહુ તકરાર સબંધી ઇનસાફ કરીને ઠરાવ કરવા સારૂ હું આ ઉપરથી (આ ઠેકાણે પાંચ અથવા વધારે જ્યુરરોના નામ વગેરે લખવુ) ને જ્યુરી નીમું છું, અને સદરહુ જ્યુરીને ફરમાવું છું કે તેમણે પોતાના ઠરાવનો રિપોરટ આ હુકમની તારીખથી દીવસમાં માં મારી હાફીસમાં મોકલવો.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે. તારીખ માહે સન૧૮
(મોહોર) (સહી)

૧૮—જ્યુરીના ઠરાવ થયા પછી માજીસતરેટની નોટીસ તથા સખત હુકમ.

(૧૪૦મી કલમ જુઓ)

(આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું તથા રેહેવાનું ઠેકાણું લખવું) જોગ

આ ઉપરથી હુ તમને નોટીસ આપું છું કે ની તારીખે તમે કરેલી અરજી ઉપરથી યોગ્ય રીતે નીમેલી જ્યુરીએ ઠરાવ્યુ છે કે ની તારીખે હુક

મ પાહ્ડીને (આ ઠેકાણે તે હુકમમાં જે ફરમાવ્યું હોય તેનો સાર લખવો) એ મુજબ તમને ફરમાવેલું તે હુકમ વાજબી અને યોગ્ય છે તે હુકમ નક્કી કરયોછે અને હું તમને હુકમ કરૂંછુ તથા ફરમાવું છું કે તમારે કે(આ ઠેકાણે આપેલી મુદત લખવી) માંહે સદરહુ હુકમ પ્રમાણે ચાલવુ અને જો તે પ્રમાણે નહી ચાલે તો તે બાબત હિંદુસ્તાનના ફોજદારી કાયદાથી ઠરાવેલી શિક્ષાને પાત્ર થશો.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યોછે, તારીખ માહે સન૧૮

(મોહોર) ——— [સહી

૧૯—જ્યુરીની ચોકશી થતાસુધી તુરત જોખમ નથાય એવો બંદોબસ્ત કરવા બાબત તાકીદ હુકમ.

(૧૪૨મી કલમ જુઓ.)

(આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું તથા રેહેવાનું ઠેકાણું લખવું) જોગ

સન૧૮ ના ની તારીખે કહુ ડેલો મારો હુકમ વાજબી અને યોગ્ય છે કે નહી તેના ઇનસાફ કરવાને નિમેલી જ્યુરીની ચોકશી હજુ ચાલે છે અને સદરહુ હુકમમાં કહેલુ અપકારક કૃત્ય લોકને તુરત થાય એવાં ભારે જોખમવાળું છે જેથી તે જોખમ અટકાવવા માટે તાબડતોબ ઇલાજ કરવાની જરૂર છે એવું મને દેખાડવામાં આવ્યુ છે વાસ્તે ફોજદારી કામ ચલાવવાની રીતબાબતનાકાયદાની ૧૪૨મી કલમના ઠરાવો પ્રમાણે હું તમને આ ઉપરથી ફરમાવુ છુ તથા તાકીદ આપુછું કે જ્યુરીની સ્થાનીક ચોકશીનુ પરિણામ જાણતાં સુધી તમારે તાબડતોબ (આ ઠેકાણે થોડી મુદતસારૂ રક્ષણ દાખલ જે કરવાનુ હોયતે સ્પષ્ટરીતે લખવું).

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે,

તારીખ માહે સને ૧૮

(મોહોર.] ——— (સહી.]

૨૦—અપકારક કૃત્ય ફરીથી કરવા વિગેરેની મના કરવા બાબત માજીસ્ત્રેટનોહુકમ.

[૧૪૩ મી કલમ જુઓ)

(આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું તથા રેહેવાનું ઠેકાણું લખવું) જોગ

મને એવુ દેખાડ્યુ છે કે વગેરે (આઠેકાણે પ્રસંગ પ્રમાણે, ૧૬ના નબરનાઅથવા ૨૧મા નબરના નમુના પ્રમાણે યોગ્ય મજકુર લખવો).

વાસ્તે હું તમને આ ઉપરથી સખત તાકીદ આપું છું તથા ફરમાવું છું કે (આ ઠેકાણે જેવી હકીકત હોય તે પ્રમાણે લખ) ફરીથી મુકીને અથવા મુકાવીને અથવા મુકવા દઇને તમારે સદરહુ અપકારક કૃત્ય ફરીથી કરવું નહીં,

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યોછે. તારાખ માહે સન૧૮

(મોહોર) ——— સહી.

૨૧—અડચણ, હંગામો વગેરે અટકાવવા બાબત માજીસતરેટનો હુકમ,

(૧૪૪મી કલમ જુઓ]

(આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવુ તથા રેહેવાનું ઠેકાણું લખવુ) જોગ

(આ ઠેકાણે મીલકતનુ સ્પષ્ટ રીતે વરણન કરવું) તમારા કબજામાં (અથવા વહીવટમાં) છે, અને તમે સદરહુ જમીનમાં એક મોરી ખોદીને તેમાંથી નિકળેલીમા

ટી તથા પથરાનો કેટલોક ભાગ પાસેના સાર્વજનીક રસ્તાઉપર નાંખવાની અથવા મુકવાની તઈયારીમાં છો, જેથી તે રસ્તો વાપરનારા માણસોને અડચણ થવાનુ જોખમ થાય એમ છે, એવું મને દેખાડવામાં આવ્યું છે.

અથવા.

તમે તથા બીજા કેટલાક માણશો (આ ઠેકાણે જે વરગના માણસો હોય તે વરગ લખવો) મળીને ધર્મ સંબંધી સવારીમાં સાર્વજનીક રસ્તા આગળથી જવાની તઈયારીમાં છો, વગેરે (જેવી હકીકત હોય તેમ લખવુ] અને સદરહુ સવારીથી હુલ્લડ અથવા બખેડા થવાનો સંભવ છે એવું મને દેખાડવામાં આવ્યું છે;

અથવા.

વગેરે, વગેરે,(જેવી હકીકત હોય તેમ લખવું,);

વાસ્તે હું તમને આ ઉપરથી ફરમાવુ છું કે તમારે તમારી જમીનમાંથી ખોદેલી માટી અથવા પથરાનો કાંઈપણ ભાગ સદરહુ રસ્તાના કોઈ પણ ભાગમાં મુકવો નહી અથવા મુકવા દેવો નહીં.

અથવા.

હું આ ઉપરથી તે સ્વારીને સદરહુરસ્તા આગળથી જવાની મના કરૂં છું, અને તમને સખત ચેતવણી તથા તાકીદ આપું છું કે તમારે સ્વારીમાં કાંઈપણ ભાગ લેવો નહી (અથવા જે બાબત લખી હોય તેમાં જોઈએ તેમ લખવુ).

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે. તા૦ માહે સન ૧૮

(મોહોર) —— (સહી)

૨૨—તકરારી જમીન વગેરેનો કબજો રાખવાનો હક કયા પક્ષકારનો છે તે ઠરાવવા બાબત માજીસ્ત્રેટનો હુકમ.

(૧૪૫મી કલમ જુઓ]

મુલેહનોભંગ થવાનો સંભવ રહે એવી એક તકરારમારી હકુમતની સ્થાનિક હદમાંહે આવેલી અમુક (આ ઠેકાણે મુખનેસરમાં તકરારનો વિષય લખવો) સંબંધી આ ઠેકાણે નામ તથા રેહેવાનું ઠેકાણું લખીને, અથવા જો તકરાર ગામના લોકોની ટોળીઓ વચ્ચે હોય તો, ફક્ત રેહેવાનું ઠેકાણું લખીને, પક્ષકરોનું વરણન કરવું) નાવચ્ચે થએલી એવું દફતરમાં યોગ્ય રીતે દાખલ કરેલા સબબો ઉપરથી મને જણાયાથી સદરહુ સરવે પક્ષકારોને ફરમાવેલું કે તમારે સદરહુ (આ ઠેકાણે તકરારનો વિષય લખવો) ના ખરેખરા કબજાની વાત સંબંધી પોત પોતાના દાવાની લખેલી કેફીયત આપવી, અને તે ઉપરથી, કબજો રવાના કાયદેસર હક સંબંધી સદરહુ પક્ષકારોમાંના કોઈ પણ પક્ષકારના દાવાના ગુણદોશ તરફ નજર ન કરતાં, યોગ્ય રીતે કરેલી એ કફી ઉપરથી મારી ખાત્રી થઈ છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું અથવા નામો લખવાં અથવા વરણન કરવું) ખરેખરા કબજાનો જે દાવો કરયો તે ખરો છે.

વાસ્તે હું ઠરાવું છું તથા જણાવુ છુ કે સદરહુ આ ઠેકાણે તકરારનો વિષય લખવો] નો કબજો તેની (અથવાં તેઓની) પાસેછે. અને કાયદાની યોગ્યરીતે કાહાડી મુકવામાં આવે ત્યાંહાં સુધી સદરહુ કબજો રાખવાનો તેનો [અથવા તેઓનો) હક છે અને દરમિયાન તેના [અથવાતેઓના) કબજામાં કાંઈ પણ અડચણ કરવાની હું સખત મના કરૂં છું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે;
તારીખ માહે સન ૧૮
(મોહોર) ——— (સહી)

૨૩—જમીન વિગેરેના કબજા સંબંધી તકરારની બાબતમાં જપ્તીનું વારંટ.
(૧૪૬મી કલમ જુઓ.)

નું પોલીસ થાણું જે પોલીસ અમલદારના હુવાલામાં હોય તે પોલીસ અમલદાર જોગ (અથવા ના કલેકટર જોગ].

સુલેહનો ભંગ થવાનો સંભવ રેહે એવી એક તકરાર મારી સ્થાનિક હદમાંહે આવેલી અમુક (આ ઠેકાણે મુખતેસરમાં તકરારનો વિષય લખવો) સબંધી (આ ઠેકાણે નામ તથા રેહેવાનુ ઠેકાણું લખીને, અથવા જો તે તકરાર ગામના લોકોની ટાળીઓ વચે હોય તો, ફકત રેહેવાનું ઠેકાણું લખીને પક્ષકારોનુ વરણન કરવું) વચે હતી એવું મને દેખાડવામાં આવ્યું છે, અને તે ઉપરથી સદરહુ પક્ષકારોને યોગ્ય રીતે ફરમાવેલું કે સદરહુ (આ ઠેકાણે તકરારનો વિષય લખવો) ના. ખરખરા કબજાની વાત સબંધી તમારે પોતપોતાના દાવા લખીને જાહેર કરવા, અને સદરહુ દાવાસબંધી યોગ્યરીતે ચોકશીકરયા ઉપરથી મેઠરાવ્યું છે કે સદરહુ (આ ઠેકાણે તકરારનો વિષય લખવો) નો કબજો સદરહુ પક્ષકારોમાંના કોઇ પક્ષકારની પાસે નથી (અથવા સદરહુ પક્ષકારોમાંના કયા પક્ષકારનો સદરહુ પ્રમાણે કબજો હતો એ વિષે મારી ખાત્રી થઇ શકતી નથી;

વાસ્તે આ ઉપરથી તમને અખ્તીકાર આપવામાં આવે છે, તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ (આ ઠેકાણે તકરારનો વિષય લખવો) ના કબજો લઇને તથા રાખીને જપ્ત કરવી; અને પક્ષકારના હકના અથવા કબજાના દાવાનો નીકાલ કરવા બાબત કેઇ યોગ્ય અખ્તીકાર વાળા કોરટનું હુકમનામુ અથવા હુકમ મેળવવામાં આવે ત્યાં સુધી સદરહુ [આ ઠેકાણે તકરારનો વિષય લખવો] રાખવી; અને આ વારંટ કેવી રીતે બજાવ્યુ તેનો શેરોલખીને તે પાછું મોકલવું;

મારી સહી તથા કોરટના મોહોર કરીને આપ્યું છે. તા૦ માહે સન૧૮
મોહોર ——— સહી

૨૪—જમીન અથવા પાણી ઉપર કાંઇ પણ વસ્તુ કરવાની મનાકરવા બાબત માજીસ્ત્રેટનો હુકમ,
[૧૪૭ ી કલમ જુઓ)

મારી હકુમતની હદ માંહે આવેલી [આ ઠેકાણે મુખતેસરમાં તકરારનો વિષય લખવો] વાપરવાના હક સબંધી તકરાર ઉત્પન થઇ છે અને તે જમીન (અથવા પાણી) ના કબજો સઘળો પોતે લેવાનો દાવો [આ ઠેકાણે જે શખસ અથવા શખશોહોય તેનું અથવા તેઓનુ વરણન કરવું] કરયેછે, અને તે બાબતમાં યોગ્ય રીતે ચોકશી કરયા ઉપરથી મને જાણાયું છે કે સદરહુ જમીન (અથવા પાણી) એ પ્રમાણે વાપરવાનો ભોગવટો કરવાની છુટ લોકોને (અથવા જો કોઇ શખસ હોય અથવા કોઇ વરગના માણસો હોય તો તેનું અથવા તેઓનુ વરણન કરવું] અને [જો તે ભોગવટો આખા વરસમાં થઇ શકે એવો હોય તો) સદરહુ ચોકશીનો પ્રારંભ થતાંપેહેલાં ત્રણ મહીનાની અંદર (અથવા જો તે ભોગવટો ફકત અમુક મોસમોમાં થઇશ

કે એવો હોય તો કહેવું કે "જે મોસમોમાં સદરહુ ભોગવટો કરી શકાતો હોય તેમાંની છેલી મોસમમાં") સદરહુ ભોગવટો કરવામાં આવ્યો છે;

વાસ્તે હુકમ કરછુ કે સદરહુ [કબજાનો દાવાદાર અથવા દાવા દાર] કબજો કરવાનો હક ફક્ત પોતાનાજ છે એમ ઠરાવવા બાબત કોઇ યોગ્ય અખી આરવાળી કોરટનુ હુકમનામુ અથવા હુકમ મેળવે ત્યાં સુધી તેને [અથવા તેઓએ] અથવા તેઓના હીત સબંધમાંના કોઇએ પણ ઉપર કહ્યા મુજબ વાપરવાના હકના ભોગવટો કાઢીકાઢી નાખીને સદરહુ જમીન [અથવા પાણી] નો કબજો લેવો (અથવા રાખવો) નહી.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે;

તા૦ માહે સન ૧૮

સહી.

૨૫--પોલીસ અમલદારની આગળ પ્રથમ ચોકશી થયા ઉપરથી ખત તથા જામીન ખત.

[૧૯૯મી કલમ જુઓ]

હુ (આ ઠેકાણે નામ લખવું) નો રેહવાશી મારી ઉપર ના ગુન્હાનું તહોમત મુકયા ઉપરથી, અને ચોકશી કરયા પછી માજીસતરેટની આગળ હાજર થવાનું મને ફરમાવ્યાથી,

અથવા

અને ચોકશી કરયા પછી મને જયારે ફરમાવવામાં આવે ત્યારે હાજર થવા સારૂ મારા પોતાનો મુચલકો કરી આપવાનું મને ફરમાવ્યાથી,

આ ઉપરથી બધાઉ છું કે સદરહુ તહોમતનો વધાર જવાબ દેવાને માં ની કોરટમાં આવતા ની તારીખે (અથવા જે દીવશે હાજર થવાનું મને હવે પછી ફરમાવવામાં આવે તે દિવશે] હાજર થઇશ, અને આ બાબતમાં જો હું કસુર કરૂં તો હું બધાઉ છું કે મલીકામાયાઝમા રાણીસાહેબ કઇસરે હિંદને રૂપીયાની રકમ માહારે ગુન્હેગારીમાં આપવી.

તારીખ માહે સન ૧૮

(સહી.)

આ ઉપરથી હું એકરાર કરૂં છું [અથવા અમે દરેક એકઠા તથા જુદા જુદા એકરાર કરીએ છીએ] કે ઉપર કહેલા માટે હું જામીન થઉ છું અથવા અમે જામીન થઇએ છીએ) કે તે પોતાની ઉપરના ચાલુ તોહુમતનો વધારે જવાબ દેવાને માં ની કોરટમાં આવતા ની તારીખે (અથવા જે દીવશે હાજર થવાનું તેને હવે પછી ફરમાવવામાં આવે તે દીવશે) હાજર થશે અને એ બાબતમાં જો તે કસુર કરે તો આ ઉપરથી હું બધાઉ છું અથવા આ ઉપરથી અમે બધાઇએ છીએ કે મલીકા માયાઝમા રાણીસાહેબ કઇસરે હિંદને રૂપીયાની રકમ મારે [અથવા અમારે ગુન્હેગારીમાં આપવી.

તારીખ માહે સન ૧૮

(શાહી)

૨૬--ફરીયાદનું કામ ચલાવવા અથવા શાહેદી આપવા બાબત ખત.

(૧૭૦મી કલમ જુઓ.)

હું [આં ઠેકાણે નામ લખવું), [આ ઠેકાણે જગા લખવી) નો રેહેનારી આં ઉપરથી બંધાઉ છું કે હું માં ની કોરટમાં આવતા ની તારીખે કલાકે હાજર થઇશ અને તેજ વખતે તથા તેજ ઠેકાણે અ. બ. નામના એક શખસની ઉપર ના તોહમતની બાબતમાં ફરીયાદનું કામ ચલાવીશ (અથવા ફરીયાદનું કામ ચલાવીશ તથા શાહેદી આપીશ, અથવા શાહેદી આપીશ, જેવી હકીકત હોય તે પ્રમાણે લખવું, અને આ બાબતમાં કસુર કરૂં તો હું બંધાઉ છું કે મલીકા માયાઝમા રાણીસાહેબ કઇસરે હિંદને રૂપીયાની રકમ મારે ગુન્હેગારીમાં આપવી. તા० માહે સન ૧૮

સહી.

૨૭.—કમીટ કરયા બાબત માજીસતરેટે સરકારી પ્લીડરને નોટીસ આપવા બાબત;

(૨૧૮ મી કલમ જુઓ)

ના માજીસતરેટ આ ઉપરથી નોટીસ આપેછે કે તેમણે નામના એક શખસને આવતી સેશનમાં ઇનસાફ થવાસારૂ કમિટ કરયો છે; અને તે માજીસતરેટ સદરહુ મુકદમામાં ફરીયાદીનું કામ ચલાવવા બાબત સરકારી પ્લીડરને આ ઉપરથી સુચના આપે છે.

તહોમતવાળાની ઉપર તહોમત એવું છે કે વગેરે (આ પ્રમાણે તોહમતનામામાં જે પ્રમાણે હોય તે પ્રમાણે ગુન્હો વરણવો]. તા० માહે સન ૧૮

[સહી]

૨૮—તોહમતનામાં

(૨૨૧મી ૨૨૨મી ૨૨૩મી કલમ જુઓ)

(૧)—એક મથાળાવાળાં તોહમતનામાં,

(અ) હું (આ ઠેકાણે માજીસતરેટનું નામ તથા હુદો લખવો; તમે [આ ઠેકાણે તોહમતવાળાનુ નામ લખવું] ઉપર હેઠળ લખ્યા મુજબ તોહમત મુકું છું:—

ફોજદારી કાયદાની ૧૨૧ મી કલમ ઉપરથી.

(બ) કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં મલીકા માયાઝમા રાણીસાહેબ કઇસરે હિંદની સામું લડાઇ કરી, અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૨૫ મી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો, તથા સેશનકોરટ (જ્યારે તહોમતનામું કોઇ પરેસીડેન્સી માજીસતરેટે કરયું હોય ત્યારે સેશનકોરટને બદલે "હાઇકોરટ" એ શબ્દો દાખલ કરવા) સાંભળી શકે એવો ગુન્હો કરયો.

માજીસતરેટની સહી તથા મોહોર.

[(બ) ને બદલે દાખલ કરવું:—)

૧૨૪મી કલમ મુજબ

(૨) કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં હિંદુસ્તાનના ગવરનર જનરેલની કાઉંસીલના મેમબર નામદાર અ. બ. પોતાના હુદાની રૂએ કાયદેસર અખત્યાર ચલાવે નહી એમ તેમને લલચાવવાના ઇરાદાથી સદરહુ મેમબર ઉપર હુમલો કરયો

અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૨૪ મી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો, તથા સેશનકોરટ (અથવા હાઇકોરટ] સાંભળી શકે એવો ગુન્હો કરયો.

૧૬૧મી કલમ મુજબ [૩] કે તમે ના ખાતામાં સરકારી નોકર છ તાં હુદ્દાને લગતું કાંઇ કરતબ નહી કરવાના હેતુથી પ્રત્યક્ષ (આ ઠેકાણે નામ લખવું) ની પાસેથી બીજા એક સખસ (આ ઠેકાણે નામ લખવું) સારૂ કાયદેસર મેહેનતાણા શિવાય બીજા પ્રકારનો અવેજ કબુલ કરયો અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૬૧ મી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો, તથા સેશનકોરટ (અથવા હાઇકોરટ) સાંભળી શકે એવો ગુન્હો કરયો.

૧૬૬મી કલમમુજબ (૪) કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં કરયું (અથવા કરવામાં કસુર કરી, જેમ હોય તેમ લખવું], અને સદરહુ વરતણુંક આકની કલમોના ઠરાવોની વિરૂદ્ધ હતી, અને તે નુકશાનકારક છે એવું તમે જાણતા હતા, અને તે ઉપરથી તમે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૬૬ મી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો, તથા સેશનકોરટ [અથવા હાઇકોરટ) સાંભળી શકે એવો ગુન્હો કરયો.

૧૯૩મી કલમમુજબ [૫) કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં ની આગળ ના ઇનસાફ ચાલતી વખતે શાહેદીમાં કહ્યું કે " " અને જો મજકુર જોઠો છે એવું તમે જાણેલું અથવા માનેલું, અથવા તે ખરો છે એવું તમે માનેલું નહી અને તે ઉપરથી તમે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૯૩ મી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો. તથા સેશનકોરટ [અથવા હાઇકોરટ] સાંભળી શકે એવો ગુન્હો કરયો

૩૦૪થી કલમ મુજબ (૬) કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં નું મોત આણીને ખુનથી ઉતરતા દરજાનું શિક્ષાણીય મનુષ્યવધ કરયું, અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૦૪ થી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો તથાસેશનકોરટ [અથવા હાઇકોરટ) સાંભળી શકે એવો ગુન્હો કરયો.

૩૦૬ઠી કલમ મુજબ (૭] કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં અ. બ. નામનો એક શખસ નીશાના આવેશમાં હતો તેનો આત્મઘાત કરવામાં મદદગારી કરી, અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૦૬ ઠી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો તથા સેશનકોરટ (અથવા હાઇકોરટ) સાંભળી શકે એવો ગુન્હો કરયો.

૩૨૫મી કલમ મુજબ (૮) કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં ને બુદ્ધિપુરવક મહાવ્યથા કરી, અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૨૫ મી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો, તથા શેશનકોરટ(અથવા હાઇકોરટ)સાંભળી શકે એવો ગુનો કરયો

૩૯૨મી કલમ મુજબ (૯) કે તમે ની તારીખે અથવા તે અર

આમાં માં (આ ઠેકાણે નામ લખવું) નુ ખુન કરવું કરયું, અને તે ઉપરથી તમે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૭૯૨ મી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો તથા સેશનકોરટ (અથવા હાઇકોરટ] સાંભળી શકે એવો ગુન્હો કરયો.

૪૯૫મી કલમ મુજબ (૧૦(કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૯૫ મી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો, તથા સેશનકોરટ [અથવા હાઇકોરટ] સાંભળી શકે એવો ડાકાઇટીનો ગુન્હો કરયો.

[જે મુકદમાનો ઇનસાફ માજીસતરેટો કરે તે મુકદમામાં "સેશનકોરટ સાંભળી શકે એવા" એ શબ્દોને બદલે "મારાથી સાંભળી શકાય એવો" અને (૬) માં સદરહુ કોરટ" એ શબ્દો મુકી દેવા.)

(૨)—એ અથવા વધારે

મથાળાંવાળાં તહોમતનામાં.

અ. હું (આ ઠેકાણે માજીસતરેટનું નામ તથા હુદો લખવો) તમે (આ ઠેકાણે તોહમતવાળા શખશનું નામ લખવું) ઉપર રૂકળ લખ્યા મુજબ તોહમત મુકું છું:—

૨૪૧મી કલમ મુજબ પેહેલું—કે તમે ની તારીખે અથવા અરસામાં એક શિકો ખોટો છે એવું જાણીને અ. બ. નામના બીજા એક શખશને તે શીકકો ખરા શીક્કા દાખલ આપ્યો અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૪૧ મી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો, તથા સેશનકોરટ (અથવા હાઇકોરટ) સાંભળી શકે એવો ગુન્હો કરયો.

બીજું—કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં એક શીકકો ખોટો છે એવું જાણીને અ. બ. નામના બીજા એક શખશને તે શિકકો ખરા શીક્કા દાખલ લેવાને લલચાવવાની કોશિશ કરી, અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૪૧ મી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો, તથા સેશન કોરટ (અથવા હાઇકોરટ) સાંભળીશકે એવો, ગુન્હો કરયો.

(૬) અને આ ઉપરથી હું ફરમાવું છું કે સદરહુ તોહોમત બાબત સદરહુ કોરટે તમારો ઇનસાફ કરવો.

(માજીસતરેટની સહી તથા મોહોર)

((બ) ને બદલે દાખલ કરવું:—)

(૧) પેહેલું. કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં નું મોત આણી ખુન કરયું, અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૦૨ જી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો, તથા સેશન કોરટ (અથવા હાઇકોરટ) સાંભળી શકે એવો ગુન્હો કરયો.

૩૦૨ જી તથા ૩૦૪ થી કલમ મુજબ.

બીજું—કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં નું મોત આણીને ખુનથી ઉતરતા દરજ્જાનું શિક્ષાણીય મનુષ્યવધ કરયું અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૦૪ થી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે

એવો, તથા સેશનકોરટ (અથવા હાઇકોરટ) સાંભળી શકે એવો ગુન્હો કરયો.

૩૭૯મીતથા૩૮૨ મી કલમ મુજબ. [૩] પેહેલું—કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં ચોરી કરી, અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૭૯ મી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો, તથા સેશનકોરટ (અથવા હાઇકોરટ) સાંભળી શકે એવો ગુન્હો કરયો.

બીજું.—કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં ચોરી કરી, અને સદરહુ ચોરી કરા માટે એક શખસનું મોત આણવાની તઇયારી કરેલી અને તે ઉપરથી હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૮૨મી કલમપ્રમાણે શિક્ષા થઇ શકે એવો, તથા સેશન કોરટ (અથવાહાઇકોરટ) સાંભળી શકે એવો, ગુન્હો કરયો

ત્રીજું—કે તમે. ની તારીખે અથવા તે અરસામાં માં ચોરી કરી અને સદરહુ ચોરી કરયા પછી તરત નાહાશી જવા માટે એક શખસને અટકાવ કરવાની તઇયારી કરેલી અને તે ઉપરથી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૮૨ મી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો, તથા સેશનકોરટ (અથવાહાઇકોરટ) સાંભળી શકે એવો ગુન્હો કરયો,

ચોથું.—કે તમે ની તારીખે અથવા તે અરસામાં માં ચોરી કરી અને સદરહુ ચોરીથી લીધેલી મીલકત રાખવા માટે એક શખસના મનમાં ભયની બીહીક પેદા કરવાની તઇયારી કરેલી, અને તે ઉપરથી હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૮૨મી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો, તથા સેસનકોરટ [અથવા હાઇકોરટ] સાંભળી શકે એવો ગુન્હો કરયો.

[૪]—કે તમે ની તારીખે અથવા અરસામાં માં ની આગળ ની ચોકશી ચાલતી વખતે શાહેદીમાં

૧૯૩મી કલમ મુજબ વિકલ્પની રીત હું કે " " અને તમે ની તારીખે અથવા તે અરસામાં માં ની તોહોમતો. આગળ નો ઇનસાફ ચાલતી વખતે શાહેદીમાં કહ્યું કે " ", અને આમાંનો એક મચકુર ખોટો છે એવું તમે જાણેલું અથવા માનેલું અથવા તે ખરો છે એવું તમેમાનેલું નહી, અને તે ઉપરથી તમે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૯૩મી કલમ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો તથા સેશનકોરટ (અથવા હાઇકોરટ) સાંભળી શકે એવો ગુન્હો કરયો,

(જે મુકદમાનો ઇનસાફ માજીસટરેટ કરે તે મુકદમામાં, "સેસનકોરટ સાંભળી શકે એવો" એ શબદોને બદલે મારાથી સાંભળી શકાય એવો એ શબદો દાખલ કરવા, (ક) "સદરહુ કોરટે" એ શબદો મુકી દેવા.)

---

(૩)—અગાઉ ગુન્હો સાબીત થયાનો ઠરાવ થયા પછી ચોરી બાબત તોહોમતનામું.

હું [આ ઠેકાણે માજીસતરેટ વીગેરેનું નામ તથા હુદો લખવો) આ ઉપરથી તમે [આ ઠેકાણે તોહોમતવાળા શખસનું નામ લખવું) ઉપર હેઠળ લખ્યા પ્રમાણે તોહોમત મુકું:—

કે તમે ની તારીખે અથવા તે અરસામાં માંચોરી કરી

અને તે ઉપરથી હીંદુસ્તાનના ફોજદારી કાયદાની ૩૭૯મી કલમ મુજબ શિક્ષા થઈ

{હાઈકોરટ } શકે એવો તથા સેસનકોરટ (અથવા જેમ હોય તેમ લખવું) સાંભળી
{માજીસ્ત્રેટ } શકે એવો ગુન્હો કરયો.

અને તમે સદરહુ [આ ઠેકાણે તહોમતવાળાનુ નામ લખવું] ઉપર વળી એવુ તો હોમત મુકવામાં આવે છે કે સદરહુ ગુન્હો કરતાં પેહેલાં એટલે; ની તા રીખે માં [આ ઠેકાણે જે કોરટે ગુન્હાની સાબીતીનો ઠરાવ કરયો હોય તે કોરટ લખવી, હિંદુસ્તાનના ફોજદારી કાયદાના ૧૭મા બાબ પ્રમાણે ત્રણ વરસની મુદતસુધી કેદની શીક્ષા થઈ શકે એવો ગુન્હો, એટલે, રાતરે ઘરફોડવાનો ગુન્હો આ ઠેકાણે જે કલમ પ્રમાણે તોહોમતવાળાની ઉપર ગુન્હો ઠરયો હોય તે કલમમાં વાપરેલા શબદોમાં તે ગુન્હાનું વરણન કરવું) તમરી ઉપર સાબીત થયાનો ઠરાવ કરેલો, તે ઠરાવ હજુ પુન અમલમાં છે અને તે ઉપરથી તમે હિંદુસ્તાનના ફોજદારીકાયદાની ૭૫ની કલમ પ્રમાણે વધારેલી શિક્ષાને પાત્રછો.

અને આ ઉપરથી ફરમાવું છું કે તમારો ઇનસાફ વિગરે કરવો.

૨૯—કેદની અથવા દંડની શિક્ષાનો હુકમ કોઇ માજીસતરેટે કરયોનહોય તો તે ઉપરથી કેદ કરવાનું વારંટ.

[૨૪૯મી કલમ જુઓ]

ની તુરંગના સુપ્રિન્ટેન્ડેન્ટ (અથવા કીપર] જોગ તારીખ મા હે સન ૧૮ ને રોજ હું [આ ઠેકાણે નામ તથા હુદો લખવો] ની આગળ સન ૧૮ ના કાલેન્ડરના નંબરના મુકદમામાં (૧લા, ૨ જા, ૩ જા, જેમ હોય તેમ લખવુ) કેદી, [આ ઠેકાણે કેદીનુ નામ લખવું.) ની ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાના [અથવા આકટની] કલમ (અથવા કલમે] પ્રમાણે [આ ઠેકાણે મુખ્તેસરમાં ગુન્હો અથવા ગુન્હા લખવા)ના ગુન્હા સાબાત થયાનો ઠરાવ કરવામાં આવેલો, અને (આ ઠેકાણે જે શિક્ષા હોય તે પુરે પુરી થતા સ્પષ્ટ રીતલખવી] ની શિક્ષાનો હુકમ કરવામાં આવેલો;

વાસતે આ ઉપરથી તમને સદરહુ સુપ્રિન્ટન્ટને [અથવા કીપરને] અખ્તિઆર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ [આ ઠેકાણે કેદીનુ નામ લખવું] ને આ વારંટ સુદ્ધાં સદરહુ તુરંગમાં તમારા હવાલામાં લેવો, અને ત્યાં ઉપર કહેલી શિક્ષાનો હુકમ કાયદા પ્રમાણે અમલમાં લાવવો.

મારી સહી તથાકોરટની મોહોર કરી આપ્યુ છે.

તારીખ માહે સન ૧૮

મોહોર. (સહી)

૩૦—જપ્તિથી નુકસાનીનો અવેજ વસુલ નહી થએથી કેદનુ વારંટ.

[૨૫૦ મી કલમ જુઓ)

ની તુરંગના સુપ્રીન્ટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ. (આ ઠેકાણેનામ

લખવું તથા તેનું વરણન કરવું) (આ ઠેકાણે તોહોમતવાળા શખ્સનું નામ લખવું તથા વરણન કરવું) ઉપર ફરીયાદ કરી છે કે [આ ઠેકાણે મુખતેસરમાં તે ફરીયાદ લખવી). અને તે નજીવી [અથવા તકલી આપે એવી) ગણીને કાહાડી નાંખવામાં આવી છે અને જે હુકમથી તે ફરીયાદ કાહાડી નાંખવામાં આવી તે હુકમમાં ફર માવ્યું છે કે સદરહુ (આ ઠેકાણે ફરીયાદીનું નામ લખવું) રૂપીયાની રકમ નુકશાનીના અવેજ દાખલ આપવી; અને સદરહુ રકમ આપવામાં આવી નથી અને સદરહુ (આ ઠેકાણે ફરીયાદીનું નામ લખવું) ની જંગમ મિલકત જપ્ત કરીને તે રકમ વસુલ થઈ શકતી નથી અને એવો હુકમ કરવામાં આવ્યો છે કે તેને દી વસની મુદત સુધી તુરંગમાં આસાન કેદમાં રાખવો, પણ જો તે મુદત પુરી થતાં પેહેલાં ઉપર કહેલી રકમ આપવામાં આવે તો પછી તેને એ પ્રમાણે રાખવો નહી.

વાસ્તે આ ઉપરથી તમને સદરહુ સુપ્રીન્ટેન્ડેન્ટને (અથવા કીપરને) અખિત્યાર આપવામાં આવે છે કે તમારે સદરહુ (આ ઠેકાણે નામ લખવું] ને આ વારંટ સુદ્ધાંત મારા હવાલામાં લેવો, અને તેને સદરહુ તુરંગમાં (આ ઠેકાણે કેદની મુદત લખવી) ની સદરહુ મુદત સુધી હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૬૯ મી કલમના ઠરાવોને અનુસરીને સહી સલામત રાખવો, પણ જો સદરહુ રકમ તે મુદત પુરી થતાં પેહેલાં આપવામાં આવે તો તે પોહોંચે એટલે તાબડતોબ તેને છોડી મુકવો: અને આ વારંટ કેવી રીતે બજાવ્યું તેનો શેરો લખીને તે પાછું મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે, તારીખ માહે સને ૧૮

મોહોર સહી

૩૧—શાહેદની ઉપર સમન.

(૬૮મી તથા ૨૫૧મી કલમ જુઓ)

ના રેહેવાસી જોગ. મારી આગળ ફરીયાદ કરવામાં આવી છે કે ના રેહેવાશી એ [આ ઠેકાણે મુખતેસરમાં ગુન્હો તથા તેનો વખત તથા જગા એટલું લખવું] નો ગુન્હો કરયો છે (અથવા કરયનો શક આવ્યો છે.] અને મને જણાય છે કે તમે ફરીયાદનું કામ ચલાવનારની તરફથી મુદ્દાનો પુરાવો ઘણું કરીને આપશો,

વાસ્તે તમને આ ઉપરથી સમન કરવામાં આવે છે કે સદરહુ ફરીયાદની બાબત સંબંધી તમે જે જાણતા હો તેની શાહેદી આપવાને તમારે આવતા ની તારીખે સવારમાં દસ કલાકે આ કોરટની આગળ હાજર થવું, અને કોરટની રજા વગર ત્યાંથી જવું નહી; અને આ ઉપરથી તમને તાકીદ આપવામાં આવે છે કે જો તમે વ્યાજબી કારણ વગર સદરહુ તારીખે હાજર થવાની ગફલત કરશો અથવા તેમ કરવાની ના કેહેશો, તો તમને હાજર થવાની જરૂર પાડવા સારૂ વારંટ કાહાડવામાં આવશે.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે,

તારીખ માહે સને ૧૮

(મોહોર.] (સહી.]

૩૨.—જ્યુરરો તથા આસેસરોને સમન કરવા બાબત જિલ્હા માજીસ્તરેટની ઉપર *પ્રીસેપ્ટ,

(૩૨૬ મી કલમ જુઓ.)

ના જિલ્હા માજીસ્તરેટ જોગ.

માં કોરટના મકાનમાં આવતા ની તારીખે ફોજદારી સેશન ભરવાનું ઠરાવ્યું છે, અને આમાં લખેલા શખસોનાં નામ, જ્યુરરો તથા આસેસરોની તપાસેલી ટીપ આ કોરટને આપેલી તેમાં જે શખસોના નામ લખ્યાં છે તે શખસોમાંથી ચીઠી કરીને બરાબર ચુંટી કાહાડ્યા છે, વાસ્તે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે સદરહુ તારીખે સદરહુ શખસોને સવારના દસ કલાકે સદરહુ સેશન કોરટમાં હાજર થવા સારૂ તમારે સમન કરવા, અને આ *પ્રીસેપ્ટ રૂએ તમે એ પ્રમાણે કર્યું છે તે બાબત સદરહુ તારીખની અંદર તમારે દાખલો આપવો.

(આ ઠેકાણે જ્યુરરોનાં તથા આસેસરોનાં નામ નોંધવાં).

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે. તારીખ માહે સન ૧૮
(મોહોર) (સહી)

૩૩—આસેસર અથવા જ્યુરરની ઉપર સમન.

(૩૨૮ મી કલમ જુઓ.)

(આ ઠેકાણે જગા લખવી) ના રેહેવાશી (આ ઠેકાણે નામ લખવું) જોગ.

ની સેશન કોરટે મારી ઉપર મોકલેલા *પ્રીસેપ્ટ તમને આવતી ફોજદારી સેશનમાં આસેસર (અથવા જ્યુરર) દાખલ હાજર થવાનું ફરમાવ્યું છે તે હુકમની રૂએ આ ઉપરથી તમને સમન કરવામાં આવે છે કે તમારે આવતા ની તારીખે સવારમાં દસ કલાકે (આ ઠેકાણે જગા લખવી) મા સદરહુ સેશન કોરટમાં હાજર થવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે. તારીખ માહે સન ૧૮
(મોહોર) (સહી)

૩૪—મોતની શિક્ષાના હુકમ પ્રમાણે કેદ કરવાનું વારંટ.

[૩૭૪ મી કલમ જુઓ)

ની તુરંગના સુપ્રીનટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ.

મારી આગળ તારીખ માહે સન ૧૮ ને રોજ ભરેલી સેશનમાં કાલેન્ડરના કાયદાની કલમ પ્રમાણે ખુન થતું હોય એવા શિક્ષાણીય મનુષ્યવધનો ગુન્હો યોગ્ય રીતે સાબિત થયાનો ઠરાવ કરવામાં આવેલો, અને ત° ની ઉપર મોતની શિક્ષાનો હુકમ કરેલો, અને તે શિક્ષાનો હુકમ ની કોરટની મંજુરી થવા સારૂ રાખેલો;

વાસ્તે આ ઉપરથી તમને, સદરહુ સુપ્રીનટેન્ડેન્ટને (અથવા કીપરને), અખત્યાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ (આ ઠેકાણે કેદીનું નામ લખવું) ને આ વારંટ સુદ્ધાં સદરહુ તુરંગમાં તમારા હવાલામાં લેવો,

---

* હુકમપત્ર.

અને સદરહુ કોરટનો હુકમ અમલમાં લાવવા બાબત આ કોરટનું બીજું વારંટ અથવા હુકમ તમને પોંહોંચે ત્યાં સુધી તેને તે તુરંગમાં સહી સલામત રાખજો.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે. તા૦ માહે સન૧૮

(મોહોર) ---- સહી.

૩૫—મોતની શિક્ષાનો હુકમ થયેથી તે અમલમાં લાવવા બાબત વારંટ.

(૩૮૧ મી કલમ જુઓ)

ની તુરંગના સુપ્રીનટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ.

મારી આગળ તારીખ માહે સન ૧૮ ને રોજ ભરેલી સેશન માં કાલેન્ડરના નંબરના મુકદમામાં (૧ લા, ૨ જા, ૩ જા જેમ હોય તેમ) કેદી (આ ઠેકાણે કેદીનું નામ લખવું) ને મોતની શિક્ષાના હુકમ પ્રમાણે ની તારીખના આ કોરટનાં વારંટથી તમને હવાલે કરવામાં આવ્યો છે, અને ની કોરટનો હુકમ આ કોરટને પોંહોંચ્યો છે તેમાં સદરહુ શિક્ષાનો હુકમ મંજુર કરયો છે;

વાસ્તે આ ઉપરથી તમને સદરહુ સુપ્રીનટેન્ડેન્ટને (અથવા કીપરને) અખ્તિઆર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે (આ ઠેકાણે અમલમાં લાવવાનો વખત તથા જગા લખવી) આ સદરહુ મરી જાય ત્યાં સુધી તેને ગળે ફાંસો દેવડાવીને સદરહુ શિક્ષાનો હુકમ અમલમાં લાવવો અને તે શિક્ષાનો હુકમ અમલમાં આણ્યોછે એવો શેરો લખીને આ વારંટ કોરટની પાસે પાછું મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યુંછે તારીખ માહે સન૧૮

(મોહોર) ---- (સહી)

૩૬—શિક્ષાનો હુકમ બદલ્યા પછી વારંટ.

(૩૮૧ મી તથા ૩૮૨ મી કલમ જુઓ.)

ની તુરંગના સુપ્રીનટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ.

તારીખ માહે સન ૧૮ ને રોજ ભરેલી સેસનમાં કાલેન્ડરના નંબરના મુકદમામા (૧ લા, ૨ જા, ૩ જા, જેમ હોય તેમ) કેદી (આ ઠેકાણે કેદીનું નામ લખવું) ઉપર હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક નો ગુનેહો સાબિત થયાનો ઠરાવ કરવામાં આવેલો અને તેની ઉપર ની શીક્ષાનો હુકમ કરેલો, અને તે ઉપરથી તેને તમારે હવાલે કરેલો; અને સદરહુ હુકમથી ઠરાવેલી શીક્ષા ની કોરટના હુકમથી (જેની ડુપ્લિકેટ આ વારંટને જોડેલી છે) બદલીને જીવતાં સુધી સમુદ્ર પારની (અથવા જેમ હોય તેમ) શીક્ષા કરવામાં આવી છે.

વાસ્તે આ ઉપરથી તમને સદરહુ સુપ્રીનટેન્ડેન્ટને (અથવા કીપરને) અખ્તિઆર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે સદરહુ હુકમ પ્રમાણે સમુદ્રપારની શીક્ષા ભોગવવા સારૂ સદરહુ (આ ઠેકાણે કેદીનું નામ લખવું) ને તમે યોગ્ય અધીકારીને તથા યોગ્ય હવાલામાં સોંપો ત્યાં સુધી તમારે, કાયદામાં ફરમાવ્યું છે તે પ્રમાણે, તેને સદરહુ તુરંગમાં તમારા હવાલામાં સહી સલામત રાખવો.

અથવા.

જો તે ઓછી કરેલી શીક્ષા કેદની હોય તો "સદરહું તુરંગમાં તમારા હવાલામાં સહી સલામત રાખવો" એ શબ્દો પછી લખવું કે "અને ત્યાં સદરહુ હુકમ મુજબ કેદની શિક્ષા કાયદા પ્રમાણે અમલમાં લાવવી".

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યુંછે, તારીખ માહે સન૧૮

મોહોર ——— સહી

૭૭—જપ્તી તથા વેચાણ કરીને દંડ વસુલ કરવા બાબત વારંટ.

(૩૮૬મી કલમ જુઓ)

(આ ઠેકાણે પોલીસઅમલદારનું અથવા બીજા જે શખસ અથવા શખશો તે વારંટ બજાવવાના હોય તેનું નામ અથવા હુદો અથવા તેઓનાં નામ અથવા હુદા લખવા) જોગ.

[આ ઠેકાણે ગુન્હેગારનું નામ લખવું તથા વરણન કરવું] ની ઉપર તારીખ માહે સન ૧૮ . ને રોજ મારી આગળ (આ ઠેકાણે ગુન્હો મુખતેસરમાં લખવો) નો ગુન્હો સાબીત થયાનો ઠરાવ કરવામાં આવેલો અને તેની ઉપર રૂપીઆનો દંડ આપવાની શિક્ષાનો હુકમ કરેલો, અને સદરહુ દંડ આપવાનું સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ને ફરમાવેલું તોપણ તેણે તે દંડ અથવા તેમાંનો કાંઈ પણ ભાગ આપ્યો નથી.

વાસ્તે આ ઉપરથી તમને અખત્યાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ની જે જંગમ મિલકત ના જિલ્લામાં જડે તે જંગમ મિલકત તમારે લઈને જપ્ત કરવી; અને જો સદરહુ જપ્તી કરયા પછી (આ ઠેકાણે આપેલા દીવસ અથવા કલાકની સંખ્યા લખવી) માંહે (અથવા તાબડતોબ) સદરહુ રકમ આપવામાં ન આવે તો તમારે તે જપ્ત કરેલી મિલકત અથવા તેમાંની જેટલી સદરહુ દંડ પુરો કરી આપવાને બસ થાય તેટલી મિલકત વેચવી; અને આ વારંટની રૂએ તમે જે કરયું હોય તે બાબતનો શેરો, એ વારંટ બજાવવામાં આવે એટલે તુરત, લખીને તે પાછું મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યુંછે, તારીખ માહે સન૧૮

મોહોર ——— સહી

૭૮—તિરસ્કારના કેટલાએક મુકદમામાં જ્યારે દંડની શિક્ષા કરવામાં આવે ત્યારે કેદ કરવાનું વારંટ.

[૪૮૦ મી કલમ જુઓ]

ની તુરંગના સુપ્રીનટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ

આજ રોજ મારી આગળ ભરેલી કોરટમાં (આ ઠેકાણે ગુન્હેગારનું નામ લખવું તથા વરણન કરવું) કોરટની સમક્ષ (અથવા દેખતાં) જાણી જોઈને તિરસ્કાર કરયો; અને એ પ્રમાણે કરેલા તિરસ્કાર માટે રૂપીયાનો દંડ આપવાની, અથવા તે આપવામાં કસુર કરે તો (આ ઠેકાણે મહીના અથવા દિવસની સંખ્યા લખવી) ની મુદત સુધી આસાન કેદ ભોગવવાની, શિક્ષા સદરહુ (આ ઠેકાણે ગુન્હેગારનું નામ લખવું) ની ઉપર કોરટે ઠરાવી છે;

વાસ્તે આ વારંટથી તમને, સદરહુ સુપ્રીનટેન્ડેન્ટને (અથવા કીપરને), અખ્તિયાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ (આ ઠેકાણે ગુન્હેગારનું નામ લખવું) ને આ વારંટ સુદ્ધાં તમારા હવાલામાં લેવો, અને તેને સદરહુ તુરંગમાં સદરહુ (આ ઠેકાણે કેદની મુદત લખવી) ની મુદત સુધી સહી સલા

મત રાખવો, પણ જો એ મુદત પુરી થતાં પેહેલાં સદરહુ દંડ આપવામાં આવે તો પછી તેમ કરવું નહી; અને તે દંડ પોહોંચેથી તુરત તમારે તેને છોડી દેવો, અને આ વારંટ કેવી રીતે બજાવ્યું તેનો શેરો લખીને તે પાછું મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યુંછે, તારીખ માહે સને૧૮

મોહોર. ——— સહી.

૩૯—જવાબ દેવાની ના કહેનારા શાહેદને કેદ કરવાનું માજીસતરેટનું અથવા જડજનું વારંટ.

(૪૮૫ મી કલમ જુઓ.)

(આ ઠેકાણે કોરટના અમલદારનું નામ તથા તેનો હુદો લખવો) જોગ.

(આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું) ને શાહેદ દાખલ સમન કરવામાં આવેલો અથવા આ કોરટની આગળ આણેલો) અને એક ગુન્હો થયાનું કહેવામાં આવેલું તે ગુન્હાની ચોકશી વખતે શાહેદી આપવાનું તેને આજ રોજ ફરમાવવામાં આવેલું તે છતાં સદરહુ કહેવામાં આવેલા ગુન્હા સંબંધી તેને પુછીને દફતરમાં બરાબર દાખલ કરેલા એક અમુક સવાલનો (અથવા અમુક સવાલોના) જવાબ દેવાની તેણે ના કહી, અને એ પ્રમાણે ના કહેવાનું કાંઇ પણ વ્યાજબી કારણ કહ્યું નહીં, અને તેણે એ પ્રમાણે કરેલા તિરસ્કાર માટે તેને (આ ઠેકાણે અટકાવી રાખવાની જે મુદત ઠરાવી હોય તે લખવી) સુધી પેહેરામાં અટકાવી રાખવાની શિક્ષા ઠરાવી છે;

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવેછે તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ને પેહેરામાં લેવો, અને દીવશની મુદત સુધી તેને તમારા હવાલામાં સહી સલામત રાખવો, પણ જો દરમિયાનમાં તે જબાની આપવાને અને તેને પુછેલા સવાલોના જવાબ દેવાને કબુલ થાય તો પછી તેમ કરવું નહી, અને સદરહુ દીવશોમાંના છેલા દીવશે, અથવા સદરહુ કબુલત જાણવામાં આવે એટલે તાબડતોબ, તેની કાયદા પ્રમાણે તજવીજ કરવામાં આવે એટલા માટે તેને આ કોરટની આગળ આણવો; અને આ વારંટ કેવી રીતે બજાવ્યું તેનો શેરો લખીને તે પાછું મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યુંછે. તારીખ માહે સન૧૮

મોહોર. ——— સહી

૪૦—ગુજરાનનું લવાજમ આપવામાં કસુર થયેથી કેદ કરવાનું વારંટ.

(૪૮૮ મી કલમ જુઓ)

ની તુરંગના સુપ્રીનટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ,

(આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું તથા રેહેવાનું ઠેકાણું લખવું) ની પાસે પોતાની ઓરતનું [આ ઠેકાણે નામ લખવું] [અથવા પોતાનું બાળક [આ ઠેકાણે નામ લખવું] [આ ઠેકાણે કારણ લખવું] ના સબબથી પોતાની મેળે પોતાનું ગુજરાન ચલાવવાને અશક્ત છે તે બાળકનું] ગુજરાન ચલાવવાના જોઇએ તેટલી દ્રવ્યશકિત છે, અને તેણે તેમ કરવાની ગફલત કરી છે [અથવા ના કહી છે] એવું મારી આગળ શાબીત થયું છે અને સદરહુ [આ ઠેકાણે નામ લખવું] ને યોગ્ય રીતે હુકમ કરીને ફરમાવ્યું છે કે તમારે તમારી સદરહુ ઓરતને [અથવા બાળકને) ગુજરાન બદલ રૂપીયાની રકમનું લવાજમ દર મહીને આપવું અને વળી એવું શાબીત થયું છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) સદરહુ હુકમ જાણી જોઇને ગણકારયો નથી અને મહીના (અથવા મહીનાઓ) નાં લવાજમની રક

ભના રૂપીયા   આપવામાં કસુર કરી છે; અને તે ઉપરથી એક હુકમ કરીને એવું ઠરાવ્યું છે કે તેણે   ની મુદત સુધી સદરહુ તુરંગમાં આસાન (અથવા સખત મજુરી સાથે) કેદ ભોગવવી;

વાસ્તે આ ઉપરથી તમને સદરહુ સુપ્રીનટેન્ડેન્ટને (અથવા કીપરને) અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ને આ વારંટ સુદ્ધાં સદરહુ તુરંગમાં તમારા પેહેરામાં લેવો, અને ત્યાં સદરહુ હુકમ કાયદા પ્રમાણે અમલમાં લાવવો; અને આ વારંટ કેવી રીતે બજાવ્યું તેનો શેરો લખીને તે પાછું મોકલવું.

મારી સહી તથા કોર્ટના મોહોર કરીને આપ્યુંછે. તારીખ   માહે   સન૧૮
મોહોર.   ——————   સહી.

૪૧—જપ્તી તથા વેચાણ કરીને ગુજરાનનું લવાજમ જબરીથી અપાવવા બાબતનું વારંટ.

(૪૮૮ મી કલમ જુઓ.)

(આ ઠેકાણે જે પોલીસઅમલદારે અથવા બીજા શખસે તે વારંટ બજાવવાનું હોય તેનું નામ તથા હુદ્દો લખવો) જોગ.   (આ ઠેકાણે નામ લખવું) ને યોગ્ય રીતે હુકમ કરીને ફરમાવ્યું છે કે તમારે તમારી સદરહુ ઓરતને (અથવા બાળકને) ગુજરાન બદલ   રૂપીયાની રકમનું લવાજમ દર મહીને આપવું. અને સદરહુ (આ ઠેકાણે નામ લખવું) એ સદરહુ હુકમ જાણી જોઈને ગણકારયો નથી અને   મહિના (અથવા મહીનાએ) નાં લવાજમની રકમના રૂપીયા   આપવામાં કસુર કરી છે.

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ની જંગમ જે મીલકત   જીલ્લામાં જડે તે તમારે લઈને જપ્ત કરવી અને જો સદરહુ જપ્તિ કરયા પછી (આ ઠેકાણે આપેલા દીવસ અથવા કલાકની સંખ્યા લખવી] માંહે (અથવા તાબડતોબ) સદરહુ રકમ આપવામાં ન આવે તો તમારે તે જપ્ત કરેલી જંગમ મીલકત અથવા તેમાંની જેટલી સદરહુ રકમ પુરી કરી આપવાને બસ થાય તેટલી વેચવી; અને આ વારંટ બજાવવામાં આવે એટલે તુરત તમે તેની રૂએ જે કરવું હોય તેનો શેરો લખીને તે પાછું મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યુંછે તારીખ   માહે   સન૧૮
મોહોર   ——————   સહી

૪૨—માજીસતરેટની આગળ પ્રથમ ચોકશી કરતી વખતે ખત તથા જામીનખત.

(૪૯૮ મી અને ૪૯૯ મી કલમ જુઓ)

હું (આ ઠેકાણે નામ લખવું) ; (આ ઠેકાણે જગા લખવી) નો રેહેવાશી   ના ગુન્હાનું તહોમત મારો ઉપર મુકીને મને (જેમ હોય તે પ્રમાણે લખવું) ના માજીસતરેટની આગળ આણીને તેમની કોરટમાં તથા સેસનકોરટમાં જરૂર પડે તો હાજર થવા સારૂ તારણ આપવાનું મને ફરમાવ્યા ઉપરથી બંધાઉં છું કે સદરહુ માજીસતરેટની કોરટમાં તહોમતની પ્રથમ ચોકશી ચાલે ત્યારે દરરોજ હું હાજર રહીશ અને જો તે મુકદમો સેસનકોરટની પાસે ઇનસાફ થવા સારૂ મોકલવામાં આવે તો મારી ઉપર મુકેલાં તહોમતનો જવાબ દેવાને જ્યારે ફરમાવવામાં આવે ત્યારે સદરહુ કોરટની આગળ હું હાજર હોઇશ તથા હાજર થઇશ અને આ બાબતમાં જો હું કસુર કરૂં તો હું બંધાઉં છું કે મલીકા માઆઝમા રાણીસાહેબ ની સરકારને

ને રૂપીયાથી રકમ મારે ગુન્હેગારીમાં આપવી.

તારીખ૦ માહે સન ૧૮

સહી

આ ઉપરથી હું એકરાર કરૂ છુ [અથવા અમે દરેક જણ એકઠા તથા જુદા જુદા એકરાર કરીએછીએ) કે સદરહુ (આ ઠેકાણે નામ લખવુ) નો જામીન થાઉ છુ (અથવા અમે જામીન થઈએ છીએ કે તેની ઉપર જે ગુન્હાનું તોહમત મુકયું છે તે ગુન્હાની પ્રથમ એકશી ચાલે ત્યારે ફોજદારી ની કોરટમાં તે હાજર રેહશે અને જો તે મુકદમો સેસનકોરટની પાસે ઇનસાફ થવા સારૂ મોકલવામાં આવે તો તેની ઉપર મુકેલા તોહમતનો જવાબ દેવાને તે સદરહુ કોરટની આગળ હાજર હશે તથા હાજર થશે અને એ બાબતમાં જો તે કસુર કરે તો હું બંધાઉ છુ (અથવા અમે બંધાઈએ છીએ કે મલાકા માઆઝમા રાણીસાહેબ કઈસરેહિંદને રૂપીયાની રકમ મારે (અથવા અમારે] ગુન્હેગારીમાં આપવી.

તારીખ માહે સન ૧૮

સહી.

૪૩–તારણ આપવામાં કસુર થએથી કેદ કરેલા શખસને છોડી મુકવાનું વારંટ

(૫૦૦ મી કલમ જુઓ.)

ની તુરંગના સુપ્રીનટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ અથવા બીજા જે અમલદારના હવાલામાં તે શખસ હોય તે અમલદાર) જોગ.

(આ ઠેકાણે કેદીનું નામ લખવું તથા તેનું વરણન કરવુ) ને ની તારીખના આ કોરટના વારંટની રૂએ તમારે હવાલે કરવામાં આવેલો, અને. ત્યાર પછી તેણે ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૪૯૯ મી કલમ મુજબ પોતાના જામીન(અથવા જામીનો)સાથે એક ખત યોગ્ય રીતે લખી આપ્યુંછે.

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવે છ તથા ફરમાવવામાં આવે છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું.) ને બીજી કોઈ બાબતસારૂ અટકાવી રાખવો યોગ્ય નહી હોય તો તેને તમારા હવાલામાંથી તાબડતોબ છોડી મુકવો.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યો છે. તા૦ માહે સન ૧૮

સહી.

૪૪.–ખતનો અમલ જબરીથી કરાવવા માટે જપ્તીનું વારંટ.

[૫૧૪ મી કલમ જુઓ)

નું પોલીસ–થાણુ જે પોલીસ અમલદારના હવાલામાં હોય તે પોલીસ અમલદાર જોગ (આ ઠેકાણે જે શખસ હોય તેનું નામ લખવું તથા વરણન કરવું તથા રેહેવાનું ઠેકાણું લખવું] પોતાના મુચલકાની રૂએ (આ ઠેકાણે જે પ્રસંગ હોય તે લખવો) હાજર થવામાં કસુર કરી છે, અને તે સદરહુ કસુરને લીધે મલીકા માયાઝમા રાણીસાહેબ કઈસરે હિંદને [આ ઠેકાણે ખત માંહેનો દંડ લખવો] રૂપિયાની રકમ ગુન્હેગારીમાં આપવાને પાત્ર થયો છે;

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ની જે જંગમ મિલકત જીલ્લામાં તમને જડે તે જંગમ મિલકત લઈને તથા અટકાવી રાખીને તમારે જપ્ત કરવી, અને જો સદરહુ રકમ ત્રણ દિવશ માંહે આપવામાં ન આવે તો એ પ્રમાણે જપ્ત કરેલી મીલકત અથવા તેમાંની જેટલી ઉપર કહેલી રકમ વસુલ કરવાને બસ થાય તેટલી મિલકત તમારે વેચવી, અને આ વારંટ બજાવવામાં આવે એટલે તુરત તે

ની રૂઇએ તમે જે કરવું હોય તેનો ઠરાવ તમારે લખી મોકલવો.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યુંછે. તારીખ માહે સન૧૮

મોહોર ———— સહી

૪૫—ખતની શરત તોડેથી જામીનને નોટીસ.

[૫૧૪મી કલમ જુઓ.]

ના રેહેવાશી જોગ, તમે તારીખ માહે સન ૧૮ ને રોજ (આ ઠેકાણે જગા લખવી] ના રેહેવાશી (આ ઠેકાણે નામ લખવું) ના જામીન થયલા કે તે ની તારીખે આ કોરટની આગળ હાજર થશે, અને તમે બંધાયલા કે તે તેમાં કસુર કરશે તો હું મલીકા માયાઝમા રાણીસાહેબ કઇસરે હિંદને રૂપીયાની રકમ ગુન્હેગારીમાં આપીશ; અને સદરહુ [આ ઠેકાણે નામ લખવું) આ કોરટની આગળ હાજર થવામાં કસુર કરી છે. અને સદરહુ કસુરનાં કારણથી તમે સદરહુ રૂપીયાની રકમ ગુન્હેગારીમાં આપવાને પાત્ર થયા છે;

વાસ્તે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ દંડ આપવો અથવા સદરહુ રકમ તમારી પાસે શા સારૂ જબરીથી નહી અપાવવી જોઇએ તેનું કારણ આ તારીખથી દિવશ માહે બતાવવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપી છે. તા૦ માહે સન ૧૮

મોહોર ———— સહી.

૪૬—સારી રીતે ચાલવા બાબતના ખતની શરત તોડ્યા વિશે જામીનને નોટીસ.

[૫૧૪ મી કલમ જુઓ)

ના રેહેવાશી જોગ. તમે તારીખ માહે સન ૧૮ ને રોજ એક ખત લખી આપીને (આ ઠેકાણે જગા લખવી) ના રેહેવાશી (આ ઠેકાણે નામ લખવું) ના જામીન થયલા કે તે ની મુદત સુધી સારી રીતે ચાલશે અને તમે બંધાયલા કે તે એ બાબતમાં કસુર કરશે તો હું રૂપીયાની રકમ મલીકા માયાઝમા રાણીસાહેબ કઇસરે હિંદને ગુન્હેગારીમાં આપીશ; અને તમે એ પ્રમાણે જામીન થયા ત્યાર પછી [આ ઠેકાણે જે ગુન્હો થયો હોય તે મુખ્તેસરમાં લખવો] નો ગુન્હો કરવામાં આવેલો તે ગુન્હો સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ની ઉપર શાબિત થયાનો ઠરાવ કરવામાં આવ્યો છે, જેથી તમારા જામીન ખતની શરત તોડવામાં આવી છે.

વાસ્તે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ રૂપીયાનો દંડ આપવો, અથવા તે શા સારૂ નહી આપવો જોઇએ તેનું કારણ દિવશ માહે બતાવવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપીછે. તા૦ માહે સન ૧૮

મોહોર ———— સહી.

૪૭—જામીનની ઉપર જપ્તીનું વારંટ.

[૫૧૪મી કલમ જુઓ)

જોગ. [આ ઠેકાણે ખતની શરત લખવી] એ હાજર થવા બાબત (આ ઠેકાણે નામ લખવું તથા વરણેન કરવું તથા રેહેવાનું ઠેકાણું લખવું; જામીન તરીકે બંધાયો છે, અને સદરહુ [આ ઠેકાણે નામ લખવું) કસુર કરી છે અને તેથી તે (આ ઠેકાણે ખત માંહેનો દંડ લખવો] રૂપીયાની રકમ મલીકા માયાઝમા રાણીસાહેબ કઇસરે હિંદને આપવાને પાત્ર થયો છે;

વાસ્તે તમને આ ઉપરથી અખ્તિઆર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવુ) ની જે જંગમ મિલકત જિલ્લામાં તમને જડે તે લઇને તથા અટકાવી રાખીને તમારે જપ્ત કરવી; અને જો સદરહુ રકમ ત્રણ દિવશ માંહે આપવામાં ન આવે તો એ પ્રમાણે જપ્ત કરેલી મીલકત અથવા તેમાંની જેટલી ઉપર કહેલી રકમ વસુલ કરવાને બસ થાય તેટલી મીલકત તમારે વેચવી, અને આ વારંટ બજાવવામાં આવે એટલે તુરત તેની રૂએ તમે જે કરયું હોય તેનો શેરો લખી મોકલવો.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યુંછે. તા૦ માહે સન૧૮

મોહોર. ——— સહી.

૪૮—જે તોહમતવાળા શખસના જામીન લીધા હોય તેના જામીનને કેદ કરવાનું વારંટ.

[૫૧૪મી કલમ જુઓ]

ની દિવાની તુરંગના સુપ્રીનટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ (આ ઠેકાણે ખતની શરત લખવી) એ હાજર થવા બાબત (આ ઠેકાણે જામીનનું નામ લખવુ તથા તેનું વરણન કરવું] જામીન તરીકે બંધાએલો છે, અને સદરહુ [આ ઠેકાણે નામ લખવું) એ બાબતમાં કસુર કરી છે જેથી સદરહુ ખતમાં લખેલા ૬૭ ઉપર મલીકા માયાઝમા રાણીસાહેબ કઇસરે હિંદનો દાવો થયો છે; અને સદરહુ (આ ઠેકાણે જામીનનુ નામ લખવું) ને યોગ્ય નોટીસ આપ્યા છતાં તેણે સદરહુ રકમ આપવા માંનેમજ તેરકમ એની પાસે શા સારૂ જબરીથી નહી અપાવવી જોઇએ તેનું પુરતું કારણ બતાવવામાં કસુર કરી છે, અને તેની જંગમ મિલકતની જપ્તી તથા વેચાણથી સદરહુ રકમ વસુલ થઇ શકતી નથી અને (આ ઠેકાણે મુદત વિશેશે કરીને લખવી) સુધી તેને દીવાની તુરંગમાં કેદ રાખવાનો હુકમ કરવામા આવ્યો છે;

વાસ્તે આ ઉપરથી તમને, સદરહુ સુપ્રીનટેન્ડેન્ટને (અથવા કીપરને] અખ્તીઆર આપવામાં આવે છે તથા ફરમાવવામા આવે છે કે તમારે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ને આ વારંટ સુધાં તમારા હવાલામાં લેવો અને તેને સદરહુ [આ ઠેકાણે કેદની મુદત લખવી] સુધી સદરહુ તુરંગમાં સહી સલામત રાખવો, અને આ વારંટ કેવી રીતે બજાવ્યું તેનો શેરો લખીને તે પાછુ મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપુ છે. તા૦ માહે સન૧૮

મોહોર ——— સહી.

૪૯—સુલેહ રાખવા બાબત ખતની શરત તોડ્યા વિશે મુખ્યને નોટીસ.

[૫૧૪મી કલમ જુઓ]

(આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું તથા રેહવાનું ઠેકાણું લખવુ) જોગ

તા૦ માહે સન ૧૮ ને રોજ તમે (આ ઠેકાણે ત ખતમાં જેમ હોય તેમ લખવુ) નહી કરવા બાબતનું ખત લખી આપેલું, અને તે માંહેની શરત તોડ્યા નીશાબિતીમારી આગળ આપવામાંઆવીછેઅનેદફતરમાં બરાબર દાખલ કરવામાંઆવીછે.

વાસ્તે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે તમારે રૂપીયાનો ૬૭ આપવો અથવા તે શા સારૂ તમારી પાસેથી જબરીથી નહી અપાવવો જોઇએ તેનું કારણ દીવસ માંહે મારી આગળ બતાવવું. તારીખ માહે સન ૧૮

મોહોર ——— સ.

૫૦—સુલેહ રાખવાબાબતના ખતની શરત તોડેથી મુખ્યની મીલકત જપ્ત કરવા બાબતનુ વારંટ.

(૫૧૪મી કલમ જુઓ.)

ના પોલીસથાણાના [આ ઠેકાણે પોલીસનુ નામ તથા હુદ્દો લખવો) જે તારીખ માહે સન ૧૮ ને રોજ (આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવુ) સુલેહનો ભંગ નહી કરવા વગેરે (ખતમાં હોય તે પ્રમાણેલખવું) બાબત રૂપીયાના રકમનું ખત લખી આપીને બધાએલો અને સદરહુ ખતની શરત તોડ્યાની સાબીતી મારી આગળ આપવામાં આવી છે તથા યોગ્યરીતે દફતરમાં દાખલ કરવામાં આવી છે, અને સદરહુ [આ ઠેકાણે નામ લખવું] ને નોટીસ આપીને ફરમાવવામાં આવ્યું છે કે સદરહુ રકમ શા સારૂ નહી આપવીજોઈએ તેનું કારણ તમારે બતાવવું અને તેમ કરવામાં તેમજ સદરહુ રકમ આપવામાં તેણે કસુર કરી છે.

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવુ) ની રૂપીયાની કીમતની જે જંગમ મીલકત જીલ્લામાં તમને જડે તે તમારે લઈને જપ્ત કરવી અને જો સદરહુ રકમ માંહે આપવામાં ન આવે તો એ પ્રમાણે જપ્ત કરેલી મીલકત અથવા તેમાંની જેટલી સદરહુ રકમ વસુલ કરવાને બસ થાય તેટલી મીલકત તમારે વેચવી અને આ વારંટ બજાવવામાં આવે એટલે તુરત તેની રૂએ તમે જે કર્યું હોય તેનો શેરો લખી મોકલવો.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે. તારીખ માહે સન૧૮

મોહોર. —— સહી.

૫૧—સુલેહ રાખવા બાબતના ખતની શરત તોડેથી કેદનું વારંટ

(૫૧૪ મી કલમ જુઓ)

ની દીવાની તુરંગના સુપરિન્ટેન્ડેન્ટ (અથવા કીપર) જોગ (આ ઠેકાણે નામ લખવું તથા વરણન કરવું) સુલેહ રાખવા બાબત પોતે લખી આપેલાં ખતની શરત તોડી છે એવી સાબીતી મારી આગળ આપવામાં આવી છે તથા યોગ્યરીતે દફતરમાં દાખલ કરવામાં આવી તેથી તે મલીકા મોઆઝમા રાણીસાહેબ કઈસરેહિંદને રૂપીયાની રકમ ગુન્હેગારીમાં આપવાને પાત્ર થયો છે, અને સદરહુ (આ ઠેકાણે નામ લખવું) સદરહુ રકમ આપવાનું અથવા તે શા સારૂ નહી આપવી જોઈએ તેનું કારણ બતાવવાનું તેને યોગ્ય રીતે ફરમાવેલું તે છતાં તેમ કરવામાં કસુર કરી છે અને તેની જંગમ મીલકત જપ્ત કરીને તે રકમ વસુલ કરી શકાતી નથી, અને સદરહુ [આ ઠેકાણે નામ લખવું ને [આ ઠેકાણે કેદની મુદત લખવી) ની મુદત સુધી દીવાની તુરંગમાં કેદ રાખવાનો હુકમ કરવામાં આવ્યો છે.

વાસ્તે આ ઉપરથી તમને સદરહુ દિવાની તુરંગના સુપરિન્ટેન્ડેન્ટને [અથવા કીપર) અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ (આ ઠેકાણે નામ લખવુ] ને આ વારંટ સુદ્ધાં તમારા હવાલામાં લેવો અને સદરહુ (આ ઠેકાણે કેદની મુદત લખવી) ની મુદતસુધી સદરહુ તુરંગમાં સહી સલામત રાખવો અને આ વારંટ કેવી રીતે બજાવ્યું તેનો શેરો લખીને તે પાછું મોકલવું.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું છે. તા૦ . માહે સન ૧૮

મોહોર. —— સહી.

૫૨—સારીરીતે ચાલવા બાબતના ખતની શરતતોડેથી જપ્તિ તથા વેચાણ કરવાનુ વારંટ

(૫૧૪ મી કલમ જુઓ)

નું પોલીસથાણું જે પોલીસ અમલદારના હવાલામાં હોય તે પોલીસઅમ

હવાલદાર જોગ (આ ઠેકાણે મુખ્યનુ નામ વિગરે લખવું) સારી રીતે ચાલે તે બાબતનું ખત (આ ઠેકાણે નામ લખવુ તથા વરણન કરવુ તથા રેહેવાનું ઠેકાણું લખવું) તારીખ માહે સન ૧૮ ને રોજ રૂપીયાની રકમનુ ખત લખી આપીને તારણ આપેલું અને સદરહુ (આ ઠેકાણે નામ લખવુ) નો ગુન્હો કરયાનીસાબીતી મારી આગળ આપવામાં આવી છે તથા યોગ્ય રીતે દફતરમાં દાખલ કરવામાં આવી છે જેથી સદરહુ ખતની શરત તોડવામાં આવી છે અને સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ને નોટીસ આપીને ફરમાવવાનાં આવ્યુ છે કે સદરહુ રકમ શા સારૂ નહીં આપવી જોઈએ તેનુ કારણ તમારે બતાવવુ અને તેને એ મુજબ કરવામાં તેમજ સદરહુ રકમ આપવામાં કસુર કરી છે;

વાસ્તે આ ઉપરથી તમને અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે સદરહુ (આ ઠેકાણે નામ લખવું) ની રૂપીયાની કીમતની જે જંગમમીલકત તમને છલામાં જડે તે લઈને તમારે જપ્ત કરવી અને જો સદરહુ રકમ માહે આપવામાં ન આવે તો એ પ્રમાણે જપ્ત કરેલી મીલકત અથવા તે માંની જેટલી સદરહુ રકમ વસુલ કરવાને બસ થાય તેટલી મીલકત તમારે વેચવી અને આ વારંટ બજાવવામાં આવે એટલે તુરત તેની રૂએ તમે જે કરયું હોય તેનો શેરો લખી મોકલવો.

મારી સહી તથા કોરટની મોહોર કરીને આપ્યું તા૦ માહે સન

મોહોર —————— સહી.

૫૩—સારી રીતે ચાલવા બાબતના ખતની શરત તોડેથી કેદ કરવાનું વારંટ.

(૫૧૪મી કલમ જુઓ)

ની દીવાની તુરંગના સુપ્રીનટેનડેન્ટ (અથવા કીપર] જોગ. (આ ઠેકાણે મુખ્યનું નામ વગેરે લખવું) સારી રીતે ચાલેતે બાબત (આ ઠેકાણે મુખતેસરમાં નામ લખવું તથા વરણન કરવું તથા રેહેવાનુ ઠેકાણું લખવું તા૦ માહે સન ૧૮ ને રોજ રૂપીયાની રકમનું ખત લખી આપીને તારણ આપેલુ અને સદરહુ ખતની શરત તોડ્યાની શરત તોડ્યાની શાબીતી મારી આગળ આપવામાં આવી છે. તથા યોગ્ય રીતે દફતરમાં દાખલ કરવામાં આવી છે, જેથી સદરહુ (આ ઠેકાણે નામ લખવુ) મલીકા માયાઝમા રાણીસાહેબ કઈસરે હિંદને રૂપીયાની રકમ ગુનેગારીમાં આપવાને પાત્ર થયો છે અને સદરહુ રકમ આપવાનું અથવા તે શા સારૂ નહી આપવી જોઈએ તેનુ કારણ બતાવવાનું તેને યોગ્ય રીતે ફરમાવવામાં આવેલું તે છતા તેમ કરવામા તેણે કસુર કરી છે અને તે રકમ તેની જગમ મિલકત જપત કરીને વસુલ થઈ શકતી નથી, અને સદરહુ (આ ઠેકાણે નામ લખવુ) ને [આ ઠેકાણે કેદની મુદત લખવી) ની મુદત સુધી દિવાની તુરંગમાં કેદ રાખવાનો હુકમ કરવામા આવ્યો છે;

વાસ્તે આ ઉપરથી તમને સદરહુ સુપ્રીનટેન્ડેટને (અથવા કીપરને] અધિકાર આપવામાં આવે છે તથા ફરમાવવામાં આવે છે કે તમારે સદરહુ [આ ઠેકાણે નામ લખવું) ને આ વારંટ સુદ્ધં તમારા હવાલામાં લેવો. અને તેને સદરહુ (આ ઠેકાણે કેદની મુદત લખવી) ની મુદત સુધી સદરહુ તુરંગમાં સહીસલામત રાખવો અને આ વારંટ કેવી રીતે બજાવ્યું તેનો શેરો લખીને તે પાછું મોકલવું.

મારી શહી તથા કોરટની મોહોર કરીને આપ્યુ છે. તા૦ માહે સન૧૮

મોહોર શહી.

શહી. આર. જે. ક્રાસ્થવેટ,

આફીશીએટીંગ સેક્રેટરી ગિજરાત ઈંડિયાસ્સરકાર.

પ્રસ્તાવના *

આ હિંદુસ્થાનનો ફોજદારી કાયદા સને ૧૮૬૦ નો ૪૫ મો આકટ છે, અને તેની સા
થે સને ૧૮૭૦ નો ૨૭ મો તથા સને ૧૮૮૨ નો આકટ ૮ મો. આ આકટ સુધારવા બાબ
તના એ બે આકટો આગળ દાખલ કરવામાં આવેલા છે.

આ ફોજદારી કાયદા ટીકા સાથેના છે અને તેમાં નામદાર હાઈ કોરટોએ કરેલા ફેસલા
જે જે કલમ ઉપર લાગુ પડે તે તે કલમ નિચે તેના ટુંક મતલબ ટાંકવામાં આવેલા છે.
જે જે ફેસલા ટાંકેલા છે તે ઘણું કરીને સને ૧૮૮૨ ની સાલ સુદ્ગીના પણ આવી ગયા છે.

હું વિદ્વાન અને સારી રીતે કાયદાનો જાણ નથી એ ખરૂ છે. પરંતુ ટીકા કરવામાં એ
કલા પોતાની બુદ્ધિ વાપરવી એ નીરૂપયોગી છે કેમકે કેટલીક વખત (સેશન જડજો) ના અ
ભિપ્રાય સાથે પણ નામદાર હાઇ કોરટોનુ મળતાપણુ આવતું નથી તો પછી માહારા જેવા
અને મારાથી વધારે વકીલ વીગેરે ન્યાયાધીકારીઓ, એઉ સાહેબોના મત વધારે ઉપયોગી થતો
નથી પણ ફક્ત કાયદા અને કાયદાની કલમ ઉંપર થયેલા ફેસલાઓજ વખતો વખત ઉપયો
ગી થાય છે અને ન્યાયાધીકારીઓ પણ તે માન્ય કરી તેનાજ આધારે ન્યાય કરે છે, માટે
ફક્ત હાઈ કોરટોના ફેસલા અને કાયદાજ બળવાન છે તેથીજ કાયદાનો હેતુ બોધ થાય છે.

માણસ જન્મથીજ જ્ઞાન લઇને આવતું નથી પણ જેમ જેમ અભ્યાસ વધે તેમ તેમ
જ્ઞાનની વૃદ્ધિ થાય છે, આટલુ કેહેવાનો મારો હેતુ એજ છે કે "આ ટીકા કરવામાં મારી કે
ટલીક જગાએ ભુલ પણ થઇ હશે કેમકે આ પેહેલ વેહેલોજ માહારો શ્રમ છે અને જેવુ જો
ઇએ તેવું કાયદાનુ મને જ્ઞાન નથી તેથી ભુલ તો થઈજ હશે." પરંતુ તેવા નહી કે જેથી
અરથમાં ફેરફાર થાય.

આ ટીકા કરવામાં કેટલાક વિદ્વાન ગ્રહસ્થોના પુસ્તકોની મેં મદદ લીધી છે તેને માટે હું
તેઉ સાહેબોના મોહોટો ઉપકાર માનુછુ તેમજ રાજેશ્રી સાંકળચંદ રતનચંદ ડીસ્ટ્રીકટ કોર્ટના
વકીલે સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની ટીકા કરેલી છે તે ઉપરથી મને કેટલીક મદદ મ-
ળી છે, તેમજ કેટલીક વખત આ ટીકા કરવામાં મેં તેઉ સાહેબની સલાહ લીધી છે માટે
તેઉ સાહેબનો મોહોટો ઉપકાર માનુછુ અને તેમનો આભારી થયોછું.

આ પુસ્તકમાં કેટલીક જગાએ દ્રષ્ટી દોષથી મીષ્ટીકો રહી હશે તે વાંચનાર સજનોએ સુધા
રી વાંચવી, અને માહારી ભુલ માફ કરશો.

વિદ્વાન બારીસ્ટરો અને વકીલો જેઓ કાયદાથી સારી રીતે વાકેફ છે, તેઉ સાહેબોની કરે
લી ટીકાઓ વિગેરે કાયદામાં વપરાતાં પુસ્તકો ઘણાં છે અને તે પેહેલે દરજે પસા [illegible]
માં આવે છે, એમાં કાંઇ નવાઇ જેવું નથી પણ મારા જેવા એક સાધારણ જ્ઞાન [illegible]
વોજ વિચાર થયો કે આપણે એક બે પુસ્તકો વિદ્વાનોના પુસ્તકના આધારે સાધારણ રીતે
બનાવીએ અને તેનો ઉપયોગ મજામાં કેવી રીતે થાય છે. કાયદાનાં પુસ્તકો અને ટીકાઓ
નું વધારે વજન કાયદાને અનુસરીને નામદાર હાઈકોરટોએ કરેલા ફેસલા ઉપર રહેલુ છે.
અને આ ટીકા પણ તેવા ફેસલાના આધાર ઉપરજ [illegible] કેટલીક જગાએ બી
જા કાયદાઓની કલમોનો આધાર પણ વાપરેલો છે.

અમદાવાદ.
તા૦ ૯ ફેબ્રુવારી સને ૧૮૮૪.

શા૦ છગનલાલ ઉમેદચંદ.
અ૦ વિ૦ પ્રેસનો માલીક.

અનુક્રમણિકા.

હિંદુસ્તાનનો ફોજદારી કાયદો

સન ૧૮૬૦ નો આકટ નંબર ૪૫ મો.

હિંદુસ્તાનની કાયદા કરનારી સભા.

તારીખ ૬ ઠી અકટોબર સન ૧૮૬૦.

નીચે લખેલો આકટ હિંદુસ્તાનની કાયદા કરનારી સભાએ પસાર કરયો, તે રાઈટ હાંનરેબલ ગ્રિ ગવરનરજનરલે સન ૧૮૬૦ ના અકટોબર મહિનાનો ૬ ઠી તારીખે મંજુરકરયો, અને સર્વ લોકોને જાણ થવા સારૂ તે અત્રે પ્રસિદ્ધ કરયો છે.

બાબ ૧ લો

કારણ.

બ્રિટિશ ઇંડિયાને માટે એક સામાન્ય ફોજદારી કાયદો કરવો યોગ્ય છે. માટે નીચેમુજબ ઠરાવ્યું છેઃ—

કાયદાનું નામ તથા એ કયાં કયાં અમલમાંઆવશે.

૧. આ આકટનું નામ "હિંદુસ્તાનનો ફોજદારી કાયદો" અને પ્રીન્સ આફ વેલ્સ આયર્લંડ, સીંગાપોર, તથા મલાકા શીવાયનો "હીંદુસ્તાનનો રાજ્યકારભાર વધારે સારી રીતે ચલાવા બાબતનો આકટ" એ નામના વીકટોરીયાના રાજ્યના ૨૧મા તથા ૨૨મા વર્ષમાં કરેલા કાયદાના બાબ ૧૦૬ ઠા ઉપરથી રાણીસાહેબના હાથ જે મુલક આવ્યો છે અથવા આવે તે સઘળા મુલકમાં સન ૧૮૬૧ ના મે મહીનાની તા૦ ૧ લીને દીને તથા ત્યારથી એ અમલમાં આવશે.

સદરહુ મુલકમાં થયેલાગુન્હાનીશીક્ષા.

૨. સન ૧૮૬૧ ના મે મહીનાની તા૦ ૧ લીને દીને અથવા ત્યાર પછી સદરહુ મુલક મધ્યે આ કાયદાના ઠરાવો વીરૂદ્ધનાં જે કામ અથવા કસુરનો જે સખસ ગુન્હેગાર થશે, તે સખસને તે કામ અથવા કસુર બાબત આ કાયદા મુજબ શીક્ષા કરવામાં આવશે; બીજી રીતે કરવામાં આવશે નહીં.

જેગુન્હા સદરહુ મુલકના બાહાર થયા હોય, પણ જેહેની તજવીજ કાયદા પ્રમાણે મુલકની માંહે થઇ શકે તે ગુન્હાઓના શીક્ષા.

૩. સદરહુ મુલકની હદની બાહાર કરેલા કોઇ ગુન્હાને માટે જે સખસની તજવીજ હીંદુસ્તાનના ગવરનરજનરલ ઇનકોંન્સીલે કરેલા કોઇ કાયદાથી થઇ શક્તી હોય તે સખની ઉપર સદરહુ મુલકની બાહાર કરેલાં કામને માટે, તે કામ જાણે સદરહુ મુલકની માંહેજ કરયુ હોય એ પ્રમાણે, આ કાયદાના ઠરાવો મુજબ અમલ કરવામાં આવશે.

ટીકા.

ઇંગ્રેજ સરકારની કોઇપણ રૈયત ઇંગ્રેજી હદની બાહાર આ કાયદા પ્રમાણે ગુન્હા કરે, તે ગુન્હેગારની ચોકશી અથવા ઇનસાફ, ઇંગ્રેજીરાજ્યની કોર્ટોથી થઇ શકે.

પરરાજ્યની કોઇપણ રૈયત ઇંગ્રેજી હદની બાહાર ગુન્હો કરી ઇંગરેજી હદમાં આવીને રહે, તેનો ઇનસાફ, જે રાજ્યની હદમાં તે તોહમતવાળે ગુન્હો કરયો હોયતેજ રાજ્યની કોર્ટ તેનો ઇનસાફ કરી શકે, પણ એવું ઠરાવવામાં આવ્યું છે કે, આ કાયદાની નીચે

લખેલી કલમો વિરૂદ્ધ ગુન્હા કરે તોજ, તે ઇંગરેજી હદમાં આવી ભરાઇ બેઠો હોય તે સખસને પકડીને પારકા રાજ્યને સ્વાધીન કરવામાં આવે તે કલમોની વિગત.

કલમ ૨૦૬-૨૦૮-૨૨૪-૨૩૦ થી ૨૬૩=૨૯૯ થી ૩૦૪=૩૦૭=૩૧૦=૩૧૧ થી ૩૧૭=૩૨૩=૩૩૩=૩૪૭=૩૪૮=૩૬૦ થી ૩૭૩—૩૭૧=૩૭૬--૩૭૭ ૩૭૮ થી ૪૧૪--૪૩૫--૪૪૦--૪૪૩ થી ૪૪૬--૪૬૪ થી ૪૬૮--૪૭૧ થી ૪૭૭. ઉપર બતાવેલી આ કાયદાની કલમો વિરૂદ્ધ જે પરરાજ્યના રૈયત ગુન્હા કરીને ઇંગરેજી રાજ્યની હદમાં આવી ભરાય, તેને પકડીને તે પરરાજ્યને સ્વાધીન કરી શકાય, પણ ઉપર લખેલી કલમો શીવાયના ગુન્હાને માટે તે તોહમતદારોને પરરાજ્યને સ્વાધીન કરી શકાય નહી.

દોસ્તી રાખનારાં પરરાજ્યમાં રાણીના કોઇ નોકરે કરેલા ગુન્હાની શીક્ષા

૪. આજસુધી કાંઇ તહનામું અથવા બંદાબસ્ત ઇસ્ટ ઇંડીયા કંપનીની સાથે થયો હોય, અથવા રાણીને નામે હીંદુસ્તાનની કોઇપણ સરકારે કરયો હોય, અથવા હવે પછી કરે, તે તહનામા અથવા બંદાબસ્ત ઉપરથી રાણીની સાથે દોસ્તી રાખનારા કોઇ રાજા અથવા રાજ્યના મુલકની માંહે, સન ૧૮૬૧ ના મે મહીનાની તારીખ ૧ લીને દીને અથવા ત્યાર પછી રાણીની નોકરીમાં છતાં રાણીના જે નોકર આ કાયદાના ઠરાવો વીરૂદ્ધનાં જે કામ અથવા કસુરનો ગુન્હેગાર થશે, તે નોકરને તે કામ અથવા કસુરને માટે આ કાયદા મુજબ શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

રાણી સરકારની કોઇપણ વીલાયતી રૈયત હીંદુસ્તાન માંહેના કોઇપણ દેશી રાજ્યની હદમાં કાંઇ ગુન્હો કરે અથવા હીંદુસ્તાનમાંહેની કોઇ દેશી રૈયત બ્રીટીશ ઇંડીયાના હદ બાહાર કાંઇ ગુન્હો કરે તે સખસ બ્રીટીશ ઇંડીયાના હદ માંહે જે જગાએ પકડાય તેજ જગાએ તેણે ગુન્હો કરયો છે, એવી રીતે તે ગુન્હા સંબંધી તેનો ઇનસાફ થઇ શકે.

પણ તે ઇનસાફ કરવા બાબત તે મુલકના પોલીટીકલએજંટની મંજુરી જોઇએ અને તે મંજુરી ના આપેતો તે તેહમતની ચોકશી બ્રીટીશઇંડીયામાં થઇ શકે નહી, ક્રીમાનલપ્રોસીજરકોડ કલમ ૧૮૮ જુઓ.

પોલીટીકલએજંટ કોને કેહવો એ શબ્દની વાખ્યા:—

બ્રીટીશઇંડીયાની હદ બાહારના કોઇ મુલકમાં હીંદુસ્તાનની બ્રીટીશ સરકારની તરફથી મુખ્ય અમલદાર હોય તે તથા જે મુલક બ્રીટીશ ઇંડીયાનો ભાગ નહી હોય તે મુલકમાં સન ૧૮૭૯ ના પરરાજ્યમાંની હકુમત બાબતના અને ગુન્હેગારોને સ્વાધીન કરવા બાબતના આ આક્ટ પ્રમાણે પોલીટીકલએજંટના સઘળી અથવા હરકોઇ અધીકાર ચલાવવાને ગવરનરજનરલ ઇનકૌંસીલે અથવા મદ્રાસ અથવા મુંબાઇ ઇલાકાના ગવરનર ઇનકૌંસીલે બ્રીટીશઇંડીયા માંહેલા અમલદારને નીમ્યો હશે તે અમલદાર;

કેટલાએક કાયદા ઉપર આ આકટથી કાંઇ અસર થતી નથી.

૫. ચોથા વીલીયમનાં રાજ્યનાં ૩ જા તથા ૪ થા વર્ષમાં કરેલા કાયદાના ૮૫ મા બાબના, અથવા ત્યાર પછી કોઇપણ પ્રકારે ઇસ્ટઇંડીયા કંપની અથવા સદરહુ મુલક, અથવા તે માંહેલા રેહેવાશીયો સંબંધી કરેલા પાર્લામેન્ટના કોઇપણ આકટના, અથવા રાણીસાહેબની અથવા ઇસ્ટઇંડીયા કંપનીની નોકરી માંહેલા આફીસરો તથા સોલજરો બંડ કરે તથા નાશી જાય તેઓને શીક્ષા કરવા સારૂ કરેલા કોઇપણ આકટના અથવા હીંદુસ્તાનની દરીયાઇ ફોજનો બંદોબસ્ત કરવાના કોઇપણ આકટના અ

થવા કોઇપણ વીશેસ અથવા સ્થાનીક કાયદાના, કોઇપણ ઠરાવને આ આકટ માંહેની કોઇ બીનાથી રદ કરવાનો, અથવા તેમાં ફેરફાર કરવાનો, અથવા તેને મોકુફ કરવાનો, અથવા તેપર કોઇ રીતે અસર કરવાનો ઇરાદો નથી.

બાબ ૨ જો.

સાધારણ સમજણ.

આ કાયદામાંહેના લક્ષણોને અપવાદો લાગુ પડે છે એમ સમજવું.

૬. આ કાયદામાં સઘળે ઠેકાણે ગુન્હાનાં પ્રત્યેક લક્ષણોને, તથા શીક્ષા સંબંધી પ્રત્યેક ઠરાવને તથા એહવાં પ્રત્યેક લક્ષણ અથવા શીક્ષા સંબંધી ઠરાવના પ્રત્યેક દ્રષ્ટાંતને "સાધારણ અપવાદો" એ નામના બાબ મધ્યે લખેલા અપવાદો લાગુ પડે છે એમ સમજવુ, અગર તે તે અપવાદો તે લક્ષણમાં અથવા શીક્ષા સબંધી ઠરાવમાં અથવા દ્રષ્ટાંતમાં ફરીથી લખ્યા નથી તોપણ.

દ્રષ્ટાંતો.

(અ) આ કાયદાની મધ્યે જે જે કલમોમાં ગુન્હાઓનાં લક્ષણો લખ્યાં છે ને એમાં એમ લખ્યું નથી કે; એ ગુન્હા સાત વરસથી ઓછી ઉમરના બાળકથી થઇ શકે નહી પણ જે સાધારણ અપવાદમાં એમ લખેલું છે કે; સાત વરસથી ઓછી ઉમરના બાળકે કરેલુ કાંઇ પણ કામ ગુન્હો ગણાશે નહી તે અપવાદ તે લક્ષણોને લાગુ પડે છે એમ સમજવુ.

(બ) ઝ એ ખુન કરયું છે, તેને અ પોલીસ અમલદારે વગર વારંટે પકડયો તો એ ઠેકાણે અ ગેરવ્યાજબી કેદના ગુન્હાનો તકશીરવાર નથી. કેમકે કાયદા પ્રમાણે ઝ ને પકડવાની તેની ફરજ છે; માટે જે અપવાદમાં એમ લખેલુ છે કે "જે કામ કરવાની કાયદા પ્રમાણે જે સખસની ફરજ છે તે કામ તે સખસ કરયુ તો તે ગુન્હો નથી" તે સાધારણ અપવાદમાં આ બીના દાખલ થાય છે.

આ કાયદામાં જે શબ્દનો અર્થ એકવાર સમજાવ્યો ને શબ્દ સઘળે ઠેકાણે તેજ અર્થમાં વપરાયોછે.

૭. આ કાયદાના કોઇપણ ભાગમાં જે શબ્દનો અર્થ સમજાવ્યો છે તે શબ્દ આ કાયદાના પ્રત્યેક ભાગમાં તેજ અર્થ પ્રમાણે વાપરયો છે.

લીંગ.

૮. પુરૂષ સર્વનામ "તે" તથા 'તે' ને વીભકતી લાગીને સીદ્ધ થએલા શબ્દો પુરૂશ તથા સ્ત્રી એ બંનેને લગુ પડે છે.

વચન.

૯. એકવચનમાં લખેલા શબ્દોને અનેક વચનમાં પણ સમજવા અને અનેક વચનમાં લખેલા શબ્દોને એક વચનમાં પણ સમજવા, પણ જે ઠેકાણે તે શબ્દો લખ્યા હોય તે ઠેકાણે તેમ ન સમજવા એવું જણાય, તો ત્યાં તેમ ન સમજવા.

"પુરૂષ" "સ્ત્રી."

૧૦. "પુરૂષ" એ શબ્દ વડે કોઇપણ વયનો માનવી પુરૂષ સમજવો અને "સ્ત્રી" એ શબ્દ વડે કોઇ પણ વયની માનવી "સ્ત્રી" સમજવી.

"સખસ"

૧૧. "સખસ" એશબ્દમાં કોઇપણ કંપની અથવા સભા અથવા માણસોની મંડળીનો સમાવેશ થાય છે; પછી તે કંપની સભા, અ

થવા મંડળીને કારપોરેશનના હક્ક મળ્યા હોય કે નહી તોપણ.

"લોક" ૧૨. "લોક"એ શબ્દમાં લોકના કોઇપણ વર્ગનો અથવા કોઇપણ જમાતનો સમાવેશ થાય છે.

"રાણી" ૧૩. "રાણી" એ શબ્દ વડે ગ્રેટબ્રીટન તથા આયરલંડના એકઠા મળેલાં રાજ્યનો જે વખતે જે સત્તાધિશ હોય તે સમજવો.

રાણીના નોકર. ૧૪. "રાણીના નોકર" એ શબ્દો વડે "હિંદુસ્તાનનો રાજ્ય કારભાર વધારેસારીરીતે ચલાવવા બાબતનો એકટ"એ નામનો વિક્ટોરીયાના રાજ્યના ૨૧ મા તથા ૨૨ મા વરસમાં કરેલા સદરહુ કાયદાના બાબ ૧૦૬ ઠાએ અથવા તેના આધાર ઉપરથી, અથવા હિંદુસ્તાનની સરકારે કે કોઇ પણ સરકારે અથવા તેની સત્તાથી હિંદુસ્તાન મધ્યે કાયમ રાખેલા, ઠરાવેલા અથવા મુકરર કરેલા સઘળા અમલદારો અથવા નોકરો સમજવા.

"બ્રીટીશઈંડીયા" ૧૫. "બ્રીટીશઈંડીયા" એ શબ્દો વડે પ્રિન્સ આફ વેલ્સ આયલંડ, સીંગપોર, તથા મલાકા શિવાયનો "હીંદુસ્તાનનો રાજ્ય કારભાર વધારે સારી રીતે ચલાવવા બાબતનો આકટ એ નામના વિકટોરીયાના રાજ્યના ૨૧ મા તથા ૨૨ મા વરસમાં કરેલા સદરહુ કાયદાના બાબ ૧૦૬ ઠા ઉપરથી રાણી સાહેબને હાથ જે મુલક આવ્યો છે અથવા આવે તે મુલક સમજવો.

"હીંદુસ્તાનની સરકાર" ૧૬ "હીંદુસ્તાનની સરકાર" એ શબ્દો વડે હીંદુસ્તાનના ગવરનરજનરલ ઇનકૌન્સિલ, અથવા હીંદુસ્તાનના ગવરનર જનરલ પોતાની કૌન્સિલથી ગેરહાજર હોય તે દરમિયાનમાં પ્રેસીડેન્ટ ઇન કૌન્સિલ અથવા એકલા હિંદુસ્તાનના ગવરનર જનરલ સમજવા; તે તેઓ અથવા તે જે જે અખત્યાર પ્રમાણે કાયદા મુજબ અમલ કરી શકે ત તે અખત્યારને સબંધે સમજવા.

"સરકાર" ૧૭. "સરકાર" એ શબ્દ વડે જે સખસ અથવા સખસોનો બ્રિટીશ ઇંડિયાના કોઇપણ ભાગમાં હુકુમત કરવાનો કાયદા પ્રમાણે અખત્યાર છે તે સખસ અથવા સખસો સમજવા.

"પ્રેસિડેન્સિ" ૧૮. "પ્રેસિડેન્સિ" એ શબ્દ વડે એક પ્રેસીડેન્સીની સરકારનો તાબેનો મુલક સમજવો.

"જડજ" ૧૯. "જડજ" એ શબ્દ વડે જે સખસને તેના ઓહદાને લીધે જડજનું નામ આપ્યું હોય તે સખસજ નહી, પણ જે જે સખસને કાયદાથી કોઇપણ દીવાની અથવા ફોજદારી મુકદમામાં આખરી ફેસલો, અથવા જે પર અપીલ ન થાય તો આખરી ગણાય એવો ફેસલો, અથવા બીજા કોઇ અધીકારીએ બાહાલ રાખેથી આખરી થાયએવો ફેસલો આપવાનોઅખત્યાર હોયઅથવા એવોફેસલોઆપવાનેકાયદાથી અખત્યાર પામેલા અનેક સખસોમાંનોજે એકહોયતે દરએકસખસપણ સમજવો.

દ્રષ્ટાંત.

(અ) સન ૧૮૫૯ ના ૧૦ મા આકટ મુજબ કલેકટર કોઇ મુકદમામાં અધીકાર ચલાવતો હોય તે જડજ છે.

(બ) જે તોહમત બાબત દંડનો અથવા કેદનો હુકમ કરવાનો જે માજીસ્ટ્રેટને અખત્યાર હોય તે માજીસ્ત્રેટ તે તોહમત બાબત પોતાનો અધીકાર ચલાવતો હોય તે વખતે જડજ છે, પછી તેના ફેસલા ઉપર અપીલ હોય કે નહી તો પણ.

(ક) મદ્રાસના કાયદાનાં પુસ્તક માંહેલા સન ૧૮૧૬ ના ૭ મા કાયદા મુજબ મુકદમા ઓની તજવીજ કરીને ફેંસલા કરવાને જે પંચાયતને અખત્યાર છે તે પંચાય તમાંનો કોઇપણ માણસ જડજ છે.

(ડ) જે તોહમત બાબત તજવીજને સારૂ બીજી કોરટમાં કાંઇ મુકદમો મોકલવાનો જ અખત્યાર જે માજીસ્ત્રેટને હોય તે માજીસ્ત્રેટ તે તોહમત બાબત પોતાનો અધીકાર ચલાવતો હોય તે વખતે જડજ નથી.

ટીકા.

આ કલમના દ્રષ્ટાંત અ. સન ૧૮૫૯ નો આકટ ૧૦ મો બનાવ્યો તે બંગાળા ઇલાકાને લાગુ છે.

ઉપર બતાવેલા નોકરો સરકારી નોકરી ઉપર રહીને કાંઇ ગુન્હો કરે તો સ્થાનીક સરકારની મંજુરી વીના અથવા સ્થાનીક સરકારે જે અમલદારને મંજુરી આપવાનો અખત્યાર આપ્યો હોય તે અમલદારની મંજુરી વગર તેમની ઉપરની ફરીયાદ કોઇ પણ ફોજદારી કોરટથી સંભળાય નહીં-મતલબ એજકે હરેક નાના અથવા મોટા દરજાના નોકરો હોય તેવોને સસ્પેંડ કરવાનો જેને અધીકાર હોય તેમની મંજુરી વીના તે નોકરોની ઉપરની ફરીયાદ કોઇપણ ફોજદારી કોરટ સાંભળી શકે નહી. જુઓ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૭.

આ ઉપરથી એમ નહી સમજવું જોઇએ કે આવા નોકરોના ઉપરની બધી ફરીયાદો માં સ્થાનીક સરકારની મંજુરી જોઇએ, જયારે તેઓ જે વખત ખાનગી સખસ હોય તે વખત તેઓની ઉપર બીજા સાધારણ સખસોની માફક તેમની ઉપર ચાલી શકે, જુઓ પ્રીન્સીપ પ્રષ્ટ ૪૧૬

"ઇનસાફનીકોર્ટ" ૨૦ "ઇનસાફની કોર્ટ" એ શબ્દો વડે જે જડજને કાયદાથી એકલો રહીને ઇનસાફનું કામ કરવાનો અખત્યાર મળ્યો હોય, અથવા જે જડજોને કાયદાથી એકઠા રહીને ઇનસાફનું કામ કરવાનો અખત્યાર મળ્યો હોય, તે જડજ અથવા જડજો સમજવા; પણ જયારે તે જડજ અથવા જડજો ઇનસાફનું કામ કરતા હોય ત્યારે.

દ્રષ્ટાંત.

મદ્રાસના કાયદાનાં પુસ્તક માંહેલા સન ૧૮૧૬ ના ૭ મા કાયદા મુજબ કામ કરનારા પંચાયત, જેને મુકદમાઓની તજવીજ કરીને ફેંસલા કરવાનો અખત્યાર છે તે, એક ઇનસાફની કોર્ટ છે.

"સરકારી નોકર" ૨૧. "સરકારી નોકર" એ શબ્દો વડે નીચે લખેલાં બયાનો માંહેનાં કોઇ પણ બયાનમાં દાખલ થાય એવો સખસ સમજવો તેની વિગત.

પહેલું=રાણીનો હરએક કવેનાંટેડ સરવંટ.

બીજું=રાણીની જમીનપરની અથવા દરીયાઇ ફોજમાંનો હરએક કમીશંડ, આફીસર તે હીંદુસ્તાનની સરકાર અથવા કોઇપણ સરકારના હુકમ તળે નોકરી કરતો હોય, ત્યાં સુધી

ત્રીજું=હરએક જડજ.

ચોથું—કોઇ પણ ઇનસાફની કોરટનો હરએક અમલદાર જેનું કામ પોતાના હોદ્દાને લીધે, કાયદાનો અથવા હકીકતની કોઇ બાબતની તજવીજ કરવાનું અથવા તેવિશે રીપોર્ટ કરવાનું અથવા કોઇ લેખ કરવાનું, તેના ખરાપણા વિશે સહી કરવાનું, કે તે લેખ પ

તાનાહવાલામાં રાખવાનું, અથવા કાંઇ મીલકત પોતાના હવાલામાં લેવાનું, કે તેની વ્યવસ્થા કરવાનું, અથવા ઇનસાફી બાબતના કાંઇ હુકમો બજાવવાનું, અથવા કાંઇ સોગન આપવાનું, કે સમજાવવાનું, કે કોરટમાં બંદોબસ્ત રાખવાનુ હોય તે તથા તે કામો માં હેના, કાંઇપણ દામો કરવાને કોઇ ઇનસાફની કોરટે ખસુસ અખ્તીયાર આપેલો હરેક શખસ

પાંચમુ—હરએક જુરીનો માણસ, આસસર; અથવા કોઇ ઇનસાફની કોરટને કે સરકારી નોકરને મદદ કરનારી, પંચાયતમાંનો માણસ.

છઠુ—હરએક લવાદ અથવા બીજો શખસ જેને કોઇ ઇનસાફની, કોરટે કે કોઇ બીજા મુખ્તીયાર સરકારી અત્રીકારીએ કાંઇ મુકદમો અથવા બાબ્ત ફેંસલો અથવા રીપોર્ટ કરવા સારૂ સોંપી હોય તો.

સાતમુ—હરેક શખસ જેને પોતાના હોદાના જોરથી કોઇ શખસને કેદ કરવાનો અથવા કેદમાં રાખવાનો અખ્તીયાર હોય તે.

આઠમું—સરકારનો હરએક અમલદાર જેનુ કામ, પોતાના હોદ્દાને લીધે ગુનાહ અટકાવવાનું, ગુનાઓની ખબર આપવાનું, ગુનેહગારોને તેઓનો ઇનસાફ થવા સારૂ કોરટમાંહ હાજર કરવાનું, અથવા લોકની તનદુરસ્તી, સલામત, કે અનુકુળતા સાંભળવાનુ હાય તે.

નવમું—હરએક અમલદાર જેનુ કામ, પોતાના હોદાને લાધ સરકારના વતી કાંઇ મીલકત લેવાનુ, કબુલ કરવાનુ, રાખવાનુ, કે ખરચ કરવાનું, અથવા સરકારના વતી કાંઇ તપાસ અથવા માંગણી, જમાબંદી કે કરાર કરવાનું, અથવા મેહેસુલ બાબતના કાંઇ હુકમ બજાવવાનું, અથવા સરકારના પઇશા સંબંધી લાભના કાંઇ બાબતની તજવીજ કરવાનુ, કતે વીષે રીપોર્ટ કરવાનું, અથવા સરકારના પઇસા સંબંધી લાભ બાબતનો કાંઇ લેખ કરવાનુ, તેના ખરાપણા વીશે સહી કરવાનુ કે તે લેખ પોતાના હવાલામાં રાખવાનું, અથવા સરકારના પઇસા સંબંધી, લાભની સંભાળને માટે કરેલા કોઇ કાયદા તોડાતા અટકાવવાનુ હોય તે; તથા હરેક અમલદાર જે સરકારની ચાકરી, કે પગારમાં હોય અથવા જેને કાંઇ સરકારી કામ કરવા સારૂ 'ફી' કે કમીશન, મળતું હોય તે.

દશમું—હરએક અમલદાર, જેનું કામ પોતાના હોદાને લીધે કોઇ ગામ, શેહેર કે જીલાના કાંઇ સામાન્ય લૌકીક કારણ માટે કાંઇ મીલકત લેવાનુ, કબુલ કરવાનુ, રાખવનુ કે ખરચ કરવાનું, અથવા કાંઇ તપાસ કે માપણી કે રકમબંદી કરવાનુ, અથવા કાંઇ વેરો કે કર વસુલ કરવાનું અથવા કોઇ ગામ શેહેર કે જીલાના લોકોના હક. કરાર મુકરવા સારૂ કાંઇ લેખ કરવાનુ, તેના ખરાપણા વીશે સહી કરવાનુ, અથવા ત લેખ પોતાના હવાલામાં રાખવાનુ હાય તે.

દ્રષ્ટાંત.

મ્યુનીસીપાલ કમિશનર સરકારી નોકર છે.

ખુલાસો ૧ લો—ઉપર લખેલાં બ્યાનો માંહેના કોઇ પણ બ્યાંનમાં દાખલ થાય તે શખસો સરકારી નોકરછે એમ સમજવું પછી તેઓને સરકારે મુકરર કરયા હોય કે નહીં તોપણ

ખુલાસો ૨ જો—જે જે ઠેકાણે "સરકારી નોકર" એ શબ્દો આવે, તે તે ઠેકાણે ત શબ્દો જે માણસ સરકારી નોકર માફક હોદો ચલાવતો, હોય તેને વીશે સમજવા, પછી તે માણસના તે હોદ્દો ચલાવવા બાબતના અખતીયારમાં કાયદા સબંધી ગમે ત ખામી હોય તોપણ

ટીકા

પીનલકોડ કલમ ૧૬૧ થી કલમ ૧૬૫ સુધ્ધાના અરથ પ્રમાણે રેલવે કંપનીના નોકરો સરકારી નોકરો પ્રમાણે ગણવા સને ૧૮૬૭ના આકટ ૩૧ માંથી જે સરકારી નોકરોને કે

શીઆદ અરજીના સ્ટાંપની માફીછે, કોરટફી આક્ટની કલમ ૧૯ની રકમ ૧૮ મી જુઓ.

કાયદા બાહાર કરેલા માજીસ્ત્રેટના હુકમને આ કલમ લાગુ નથી. મુ૦ હા૦ ૩—નીવેડા બુક પ્રષ્ટ ૧૭૧ થી—૧૭૩

આ કલમની ૨ જી રકમમાં "ઓફીસર" એ શબ્દ છે તે સરકારનુ કાંઇ કામ કરવાને નીમ્યો હોય તેને લાગુ પડે છે.

"જંગમ મીલકત" — ૨૨ "જંગમ મીલકત" એ શબ્દો વડે જમીન તથા જમીનને ચોહોટેલો વસ્તુ અથવા જમીનને ચોહોટેલો વસ્તુ જોડે જાથુ જડાયલી વસ્તુ શીવાયની કોઇપણ પ્રકારની સાકાર મીલકત સમજવી.

ટીકા.

જમીનની સાથે જાથુ જોડાએલી વસ્તુ હોય તે, સ્થાવર તથા તેને જમીનથી છુટી પાડવામાં આવે તો તે જગનમીલકત થાયછે, જુઓ આ કાયદાની કલમ ૩૭૮ નો ખુલાસો ૧ લો.

"ગેરવ્યાજબી લાભ" — ૨૩ "ગેરવ્યાજબી લાભ" એટલે કાયદા વીરૂદ્ધ ઉપાયોથી મેળવેલી મીલકત જે મીલકત પર તે મેળવનાર શખસનો કાયદા પ્રમાણે હક નથી.

"ગેરવ્યાજબીહાની" — "ગેરવ્યાજબી હાની". એટલે કાયદા વીરૂદ્ધ ઉપાયોથી મીલકતનુ જવું, જે મીલકત પર તે જેનો પાસે જાય છે તે સખસનો કાયદા પ્રમાણે હક છે.

"ગેરવ્યાજબીલાભ" માલ મીલકતનુ ગેરવ્યાજબી રાખવુ પણ સમજવું ગેરવ્યાજબી હાનીમાં કાંઇમીલકત લેવામાંગેરવ્યાજબી પ્રતીબધ થાય તેપણ સમજવો. — કોઇ શખસને ગેરવ્યાજબી રીતે કાંઇ મળે ત્યારે અને તેમજ તે ગેરવ્યાજબી રીતે પોતાની પાસે રાખે ત્યારે પણ, તેને ગેરવ્યાજબી લાભ થયો એમ સમજવુ. કોઇ સખસની પાસેથી ગેરવ્યાજબી રીતે કાંઇ મીલકત લઇ લેવાય ત્યારે અને તેમજ તેહેને કાંઇ મીલકત લેતાં ગેરવ્યાજબી રીતે પ્રતીબધ થાય ત્યારે પણ, તેને ગેરવ્યાજબી હાન થઇ એમ સમજવું.

"બદદ્યાનતથી" — ૨૪ જે માણસ કાંઇ વસ્તુ એક શખસનેગેર વ્યાજબી લભ કવવાના, અથવા બીજા શખસને ગેરવ્યાજબી હાની કરવાના ઇરાદાથી કરે, તે માણસે તે વસ્તુ બદદ્યાનતથી કરી એમ સમજવુ.

"દગલબાજીથી" — ૨૫ જો કોઇ શખસ કાંઇ વસ્તુ દગો કરવાના ઇરાદાથી કરે તો તે વસ્તુ તેણે "દગલબાજીથી" કરી એમ સમજવુ નહી તો નહી.

"માનવાનુકારણ" — ૨૬ જો કોઇ શખસને કાંઇ વસ્તુ માનવાનુ પાકુ કારણ હોય તો તેહેને તે વસ્તુ "માનવાનુ કારણ" છે એમ સમજવુ નહીતો નહી.

ટીકા.

માનવુ, એ શબ્દનો અર્થ, એવો છે કે, ચોરીનો માલ ઓછી કીમતે જે શખસ લે, તે એમ સમજ્યાં વિના રેહે નહી કે, આ માલ ચોરીનો છે સબબ, તે ઓછી કીમતે વેચે છે માટે લેનારને તે માનવાનુ કારણ છે, વળી કોઇ શખસ લોહીથી ખરડાંએલાં, કપડાં અથવા જરીઆન છુપી રીતે ઓછી કીમતે વેચવા આવે, તો તે સાધારણ બુદ્ધીવાળો શખસ પણ સમજી સકે કે, આ શખસે અમુકનુ ખુન કરી આ ચીજો મેળવેલી છે, એવું તેને મા

નવાનુ કારણ ખરૂં છતાં તે, બીજો પોતે ખરીદ કરે તો તેણે ગુન્હો કરયો એમ સમજવું.

સ્ત્રી. મેહેતા, અથવ નોકરના કબજામાંની મીલકત.

૨૭ જ્યારે કાંઇ મીલકત, કોઈ શખસની વતી તે શખસની સ્ત્રી મેહેતા, અથવા નોકરના કબજામાં હોય, ત્યારે આ કાયદાના અર્થ પ્રમાણે તે તેજ સખસના કબજામાં છે એમ સમજવુ.

ખુલાસે.--જે શખસને થોડી વાર અથવા કોઇ વિશેષ પ્રસંગે મેહેતા અથવા નોકરની માફક રાખ્યો હોય તેને આ કલમના અર્થ પ્રમાણે મેહેતો અથવા નોકર સમજવો.

"ખોટું બનાવવું"

૨૮ જે શખ્સ એક વસ્તુ બીજી વસ્તુના સરખી કરે, એવા ઇરાદાથી કે તે સરખાપણાથી ફરેબ કરવો, અથવા એવુ જાણીને કે તેથી ફરેબ થશે, એહવો સંભવ છે તે શખસે તે વસ્તુ ખોટી બનાવી એમ સમજવું.

ખુલાસો = કાંઇ વસ્તુ ખોટી બનાવવામાં નકલ બરાબર થવી જોઇએ એમ જરૂર નથી

૨૯. "લેખ" એ શબ્દ વડે કાંઇ પણ બાબત સમજવી, જે બાબત કોઇ પણ વસ્તુ ઉપર અક્ષર અંક, કે ચિન્હ વડે, અથવા એ માંહેના એકથી વધારે સાધનો વડે, સમજાવા અથવા બયાન કરેલી હોય, અને જે સાધનો તે બાબતના પુરાવા દાખલ વાપરવાનો ઇરાદો કરયો હોય અથવા વપરાય.

ખુલાસો ૧ લો—ગમેતે સાધન વડે અથવા ગમેતે વસ્તુ ઉપર તે અક્ષર અંક અથવા ચીન્હ કાહાડયાં હોય, અને તે પુરાવો કોઇ ઇનસાફની કોરટ માટે ઇરાદો રાખી કરયો હોય કે નહી, અથવા તે કોઇ ઇનસાફની કોરટમાં વપરાયકે નહી તેનો કાંઇ ફીકર નથી

દ્રષ્ટાંતો.

એક ખતમાં કાંઇ કરારની શરતો લખી છે, અને તે લખત તે કરારના પુરાવાની માફક વાપરી શકાય એવું છે, તો તે લેખ છે.

કોઇ શરાફ ઉપરનો ચેક લેખ છે.

વકાલતનામું અથવા મુખત્યારનામું લેખ છે.

નકશો જે પુરાવામા વાપરવાનો ઇરાદો કરેલો હોય, અથવા જે પુરાવામાં વપરાય તે લેખ છે.

જે લખતમાં કાંઇ હુકમ લખ્યો હોય, અથવા કેમ કરવું એ બાબત કાંઇ સલાહ લખી હોય તે લેખ છે.

ખુલાસો ૨ જો—અક્ષર અંક અથવા ચીન્હો વડે વેપારીઓના અથવા બીજા રીવાજ મુજબ, જે સમજાતું હોય, તે આ કલમના અરથ પ્રમાણે તે અક્ષર, અંક અથવા ચિન્હો વડે સમજાય છે એમ સમજવું; પછી તે સઘળું સવિસ્તાર લખ્યું ન હોય તોપણ.

દ્રષ્ટાંત.

અ. હુંડી કરે તેહને નાણાં આપવા એહવી તરેહની એક હુંડીની પાછળ અ પોતાનું નામ લખે, તો એ પાછળ લખવાનો અર્થ વેહેપારીઓના રીવાજ મુજબ એવો છે કે એ હુંડી જેહની પાસે હોય તેહને નાંણાં આપવાં હવે પાછળ જે લખ્યું છે તે લેખ છે, "આ જેહની પાસે હોય તેહને નાણા આપજો," એ શબ્દો અથવા એજ મતલબના બીજા શબ્દો જાણે તે સહીની ઉપર લખ્યા હોય એ પ્રમાણે તેહનો અરથ કરવો.

"કીમતી દસ્તાવેજ"

૩૦ "કીમતી દસ્તાવેજ" એ શબ્દો વડે જે લખથી કાંઇ કાયદેસર હક્ક ઉત્પન્ન થતો હોય, વધતો હોય, બીજાને અપાતો

હાય, ઓછો થતો હોય; નાબુદ થતો હોય, અથવા છોડી દેતો હાય; ... જે લખાણથી કોઇ શખસ કબુલ કરતો હોય કે માહરી કાયદેસર જુમેદારી છે, અથવા ફલાણો કાયદેસર હક્ક મહારો નથી, એવો લેખ અથવા એવી મતલબનો લેખ સમજવો.

દ્રષ્ટાંત.

અ. એ એક હુંડીની પાછળ પોતાનું નામ લખ્યું, હવે એ લખવાની અસર એવી છે કે તે હુંડી ઉપરનો હક જે માણસની પાસે તે હુંડી કાયદા પ્રમાણે આવે તેને પોહોંચે, માટે પાછળ જે લખ્યું તે "કીમતી દસ્તાવેજ" છે.

ટીકા

પટાની નકલ એ કાંઇ આ કલમના અર્થ પ્રમાણે કીમતી દસ્તાવેજ નથી. મુંબાઇ હાઇ કોરટ રીપોરટ તાં૦ ૧૭ જુલાઇ ૧૮૬૭ વાલ્યુમ ૪ પ્રષ્ટ ૨૮

કાંઇ હીસાબની ચોપડી લખીને તૈયાર કરી હોય, અને તેમાં કોઇએ સહી કરી ન હોય તો પણ તે આ કલમના અર્થ પ્રમાણે કીમતી દસ્તાવેજ છે. મા૦ હા૦ રી૦ પ્રષ્ટ ૨૪

"વીલ"

૩૧ "વીલ એ શબ્દ વડે કોઇ પણ વશીઆત નામાનો લેખ સમજવો.

કામને કેહેનારા શબ્દોમાં કાયદાવીરૂદ્ધ કસુરો પણ સમજવી.

૩૨ આ કાયદાના હરેક ભાગમાં કરેલા કામોનો બોધ કરનારા શબ્દો હોય તે શબ્દો કાયદા વિરૂદ્ધ કસુરોને પણ લાગેછે એમ સમજવું પણ જે ઠેકાંણે તે શબ્દો લખ્યા હોય તે ઠેકાંણે મતલબ જોતાં એથી ઉલટો અરથ દેખાતો હોય, તો ત્યાં તેમ અરથ કરવો.

"કામ"
"કસુર"

૩૩ "કામ" એ શબ્દ એક કામને અને તેમજ એક પછી એક એ પ્રમાણે કરેલા અનેક કામોને પણ લાગે છે અને "કસુર" એ શબ્દ એક કસુરને તેમજ એક પછી એક એ પ્રમાણે કરેલા અનેક કસુરોને પણ લાગે છે.

ઘણા શખસોનો ઇરાદો પાર પાડવા સારૂ તે સઘળા શખસોએ મળીને કરેલાં કામની જવાબદારી.

૩૪ "ઘણા શખસોનો ઇરાદો હોય તે પાર પાડવા સારૂ તે સઘળા શખસોએ મળીને જ્યારે કાંઇ ગુન્હાનું કામ કર્યું હોય ત્યારે તે ઓમાંનો હરેક શખસ તે કામ, તેણે એકલાએજ કર્યું હોય એરીતે તે કામને માટે જવાબદાર છે.

ટીકા.

હરકોઇ માણસ હરકોઇ ગુનામાં સામેલ થાય તો તેના તે કૃત્યેથી, જે પરીણામ નીવડે, તેને માટે તે શખસ જવાબદાર છે, એવો આ કલમનો અર્થ સમજાય છે.

જ્યારે એવું કાંઇ કામ સાપરાધ જ્ઞાન અથવા ઇરાદાથી થયાને લીધેજ ગુનોહ ગણાતું હોય ત્યારે.

૩૫ જો કાંઇ કામ ઘણા શખશોએ કર્યું હોય, અને તે કામ કાંઇ સાપરાધ જ્ઞાન અથવા ઇરાદાથી થયાને લીધેજ ગુનોહ ગણાતો હોય, તો તેઓમાંનો હરેક શખસ જે તે કામમાં તેવાં જ્ઞાન અથવા ઇરાદાથી સામીલ થતો હોય તે, તેણે એકલાએજ તેવાં જ્ઞાન અથવા ઇરાદાથી તે કામ કર્યું હોય એ રીતે તે કામને માટે જવાબદાર છે

ટીકા

ઇરાદો એટલે જે કામ કરવાને પોતાનો ખરો વીચાર થાય, તેથી તે કામ કરવાનો ઇરાદો પ્રારંભે પછી તેથી ધારેલુ કામ થાય, કીવા, ન થાય તો પણ તેનો ઇરાદો હતો તો તે

થી ગુનો ગણી શકાય છે.

અમુક શખસ, બીજાની ઉપર અદાવત રાખતો હોય તેથી તેની ઉપર કાંઇ પણ હથીઆર મારવાને ઉગામે, પછી તે વાગે કીંવા ન વાગે તો પણ તેને મારવાનો હતો.

આવા ગુનાઓમાં ઇરાદા પ્રમાણે સંપુરણ કૃત્ય બંને કીંવા ન બને તોપણ તેનો ઇરાદો હતો એમ સાબિત થવુ જોઇએ ઇરાદો એ વીચાર છે, અને એવા વીચારથી કાંઇ કૃત્ય કરવુ અગર પ્રારંભવુ એ ગુનોજ છે,

[અ) (બ) ના ઘરમાં ચોરી કરવાના ઇરાદાથી તેઘરનુ તાળુ તોડે, પછી તેણે ચોરી કરી હોય કીંવા નજ કરી હોય તોપણ તેને ચોરી કરવાનો ઇરાદો હતો એમ સમજવું.

જે શખસ જે કૃત્ય કરવાને પ્રારંભ કરે છે તે પ્રથમથી પોતે જાણે છે કે, હું આ કામ કરૂં છું, તેથી મારૂ અમુક કામ ધારેલુ પાર પડશે એવું તે જાણતો હોવો જોઇએ. પરંતુ નીચે લખેલી બાબત હોય તો તે ઇરાદો કહેવાય નહીં.

(અ) ને (બ) એક લાકડી મારી નાશી જાય છે, તેથી (અ) (બ) ને એક પથર મારવા છુટો ફેંકે છે એવામાં તે પથર બીજા શખસને વાગતો તેથી અ એ આ કલમ પ્રમાણે ગુનો કરયો એવુ માની શકાય નહીં, કેમકે (અ) નો ઇરાદો, (બ) ને મારવાનો હતો, પણ બીજા શખસને મારવાનો હતો નહીં.

એક શખસે બીજા શખશને ચેનીથી જખમ કરયું તેથી તે શખસ મરી ગયો, તોમતવાળાને ફરીયાદ પુરના સેસન જડજે મોતની શીક્ષા કરી, હાઇકોરટમાં મંજુર થવા મોકલ્યુ. તેમાં કલકત્તાની હાઇકોરટે એવું ઠરાવ્યું કે તોમતવાળાએ મરનારને ચેની મારી તે વખત તેનો ખુન કરવાનો ઇરાદો હતો એવો પુરાવ નથી, માટે અમે સેસન જજનો ઠરાવ રદ કરીને તોમતવાળા ઉપર હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૩૨૬ પ્રમાણે મહાવ્યથાનો ગુનો ઠરાવી ૧૦ વરસની શીક્ષા કરી. તા૦ ૧૪ ડીસેંબર ૧૮૮૧ પાનુ ૨૧૧

થોડીએક કાંઇ કામથી તથા થોડીએક કાંઇ કસુરથી કરેલી અસર.

૩૬ જો. કાંઇ કામથી અથવા કાંઇ કસુરથી કાંઇ અસર કરવી, અથવા અસર કરવાની કોશીશ કરવી, એ કાઇ ગુનો હોય તો તેજ અસર થોડી કાંઇ કામથી કરવી, અને થોડા કાંઇ કસુરથી કરવી, એ પણ તેજ ગુનોહ છે એમ સમજવુ.

દૃષ્ટાંત.

અ ઝ ને ખોરાક આપવાની કાયદા વીરૂદ્ધ કસુર કરીને તથા ઝ ને મારવાને ઇરાદાથી ઝ નું મોત થાય એમ કરે તો અ એ ખુન કરયું એમ સમજવું.

ઘણાંકામો મળીને કાંઇ ગુનોહ થતો હોયતો તેઓમાંનુ એકકામ કીને મદદ કરવી.

૩૭ જો કોઇ ગુનોહ ઘણાં કામો કરવાથી થયો હોય તો, જે શખસ એકલો અથવા બીજા કોઇ શખસોની સાથે રહીને તે કામો માંહેનુ ગમે તે એક કામ કરીને તે ગુનોહ કરવામાં ઇરાદાથી સહકાર કરે તે શખસે તે ગુનો કરયો એમ સમજવું.

દૃષ્ટાંત.

[અ) અ તથા બ હરેક જુદે જુદે વખતે થોડું થોડું ઝેર આપીને ઝ ને મારી નાખવાનો ઠરાવ કરે, અને અ તથા બ તે ઠરાવ મુજબ ઝ ને મારી નાખવાના ઇરાદાથી ઝેર આપે અને તેને જુદે જુદે વખતે આપેલાં તે ઝેરની અસરથી ઝ મરી જાય, તો એ ઠેકાંણે ખુન કરવામાં અ તથા બ ઇરાદાથી સહકારી થયા; અને તેઓના કામ જુદા જુદા તો પણ તે બંને તે ગુનાહના તકશીર વા

૨ છે એમ સમજવું કેમકે તેઓમાંના હરેકે જેથી મોત થયું એવું કમ કીધુંછે.

(ખ) **અ** તથા **બ** એ બે એકઠા જેલર છે, અને તેઓના હોદ્દાને લીધે **ઝ** એક કેદી છે તે વારાફરતી છ છ કલાક એક એકના હવાલામાં રહે છે. હવે **ઝ** નું મોત આણવાના ઇરાદાથી, તે અસર પેંદા કરવામાં જાણીબુઝીને તેઓ સહકારી થાય એવી રીતે કે **ઝ** ને પોહોંચાડવા સારૂ તેઓને આપેલો ખોરાક તેઓ, પોત પોતાની હાજરીના દરમિયાનમાં **ઝ** ને પોંચાડવા કાયદા વિરૂદ્ધ કસુર કરે અને **ઝ** ભુખે મરી જાય, તો **અ** તથા **બ** એ બનેએ **ઝ** નું ખુન કર્યું એમ સમજવું.

(ક) **અ** જેલરના હવાલામાં **ઝ** કેદી છે **ઝ** નું મોત આણવાના ઇરાદાથી **અ ઝ** ને ખોરાક આપવામાં કાયદા વિરૂદ્ધ કસુર કરે, જેથી **ઝ** ઘણો અશક્ત થઇ જાય પણ તે ભુખમરો એટલો ન થઇ પડે કે તેથી તે મરી જાય પછી **અ** પોતાના હોદ્દાપરથી બતરફ થઇને **બ** તેની જગોપર મુકરર થાય અને **બ અ** ની સાસાથે મીલાપી અથવા સહકારી ન થતાં, **ઝ** ને ખોરાક આપવામાં કાયદા વિરૂ કસુર કરે એવું જાણીને કે તેમ કરેથી **ઝ** મરી જશે એવો સંભવ છે, અને **ઝ** ભુખે મરી જાય, તો **બ** એ ખુન કર્યું એમ સમજવુ; પણ **અ** કાંઇ **બ** ના સાથે સહકારી થયો નહી માટે **અ** એ માત્ર ખુન કરવાનો કોશીશ કરી એમ સમજવુ.

ટીકા

આ કલમનો વધારે ખુલાસો દ્રષ્ટાંતોથી થએલો છે તેથી વધારે અર્થ કરવા જેવું નથી

કાંઇ ગુન્હાનું કામ કરવામાં ઘણાસખસો શામિલ થયાહોય, તો તેઓ જુદા જુદા ગુન્હાના તકશીરવાર થઇ શકે.

૩૮. કાંઇ ગુન્હાનું કામ કરવામાં ઘણા સખસો લાગેલા અથવા સામીલ હોય, તો તેઓ તે કામથી જુદા જુદા ગુન્હાના તકશીરવાર થઇ શકે.

દ્રષ્ટાંત.

અ ઝ ની ઉપર હુમલો કરે, પણ તે વખતે તેને એટલો ભારે ક્રોધ ચહડેલો હોય કે તેને હાથે **ઝ** નું મરવુ ખુનથી ઉતરતા દરજાનો શિક્ષણીય મનુષ્યવધ થાય; તેહેવામાં **ઝ** ની ઉપર દ્વેષ ભાવથી, તથા **ઝ** ને મારી નાંખવાના ઇરાદાથી, **અ** ની માફક ક્રોધ ન ચહડયાં છતાં, **ઝ**ને મારી નાંખવામાં **બ અ** ને મદદ કરે. તો એ ઠેકાણે, અગર **ઝ** નું મોત આણવામાં **અ** તથા **બ** એ બને સામીલ છે તોપણ, **બ** એ ખુન કીધું, અને **અ** એ માત્ર શિક્ષણીય મનુષ્યવધ કીધો એમ સમજવું.

"બુદ્ધિપુર્વક"

૩૯. જ્યારે કોઇ સખસ જે ઉપાયથી કાંઇ અસર પેંદા કરવાનો ઇરાદો કરયો હોય તે ઉપરથી અથવા જે ઉપાયથી, તે અસર પેંદા થશે એવો સંભવ છે એમ તે ઉપાય કામે લગાડતી વખત તણે જાણ્યું હોય અથવા એમ માનવાનું તેને કારણ હોય તે ઉપાયથી, તે તે અસર પેંદા કરે, ત્યારે તેને બુદ્ધિપુર્વક તે અસર પેંદા કરી એમ સમજવું.

દ્રષ્ટાંત.

એક મોહોટા શેહેરમાં એક ઘર છે, તેમાં માણસો રેહે છે. તે ઘરને, રાતને વખતે, અ પહુંનણુનો ગુન્હો શેહેલ કરવા માટે, આ આગ લગાડે, અને તેથી એક સખસનું મોત થાય, તો એ ઠેકાણે કોઇનુ મોત આણવાને આ એ ઇરાદો ન કીધો હોય, અને પોતાના કામથી મોત થયું એમ જાણીને આ દીલગીર પણ થાય, તોપણ તેણે બુદ્ધિપુર્વક તે મોત આણ્યું એમ સમજવુ.

ટીકા.

માનવું અને ઇરાદો એ બને શબ્દનો એકજ અર્થ થાય છે, બુદ્ધીપુર્વક એટલે મનમાં ધારવું, તેથી કૃત્ય નીવડે તે બુદ્ધીપુર્વક, અગર પોતે માનવું.

"ગુન્હો" ૪૦ આ કલમની બીજી અને ત્રીજી રકમમાં લખેલા બાબ અને કલમો શિવાય "ગુન્હો" એશબ્દ વડે જે વસ્તુને માટે આ કાયદામાં શિક્ષા કરવાનુ ફરમાવ્યું છે તે વસ્તુ સમજવી.

"૪ થા બાબમાં અને હેઠળ લખેલી કલમોમાં એટલે ૧૦૯ મી, ૧૧૦ મી, ૧૧૨ મી ૧૧૪ મી, ૧૧૫ મી, ૧૧૬ મી, ૧૧૭ મી, ૧૮૭ મી, ૧૯૪ મી, ૧૯૫ મી, ૨૦૩ જી ૨૧૧ મી, ૨૧૩ મી, ૨૧૪ મી, ૨૨૧ મી, ૨૨૨ મી, ૨૨૩ મી, ૨૨૪ મી, ૨૨૫ મી, ૩૨૭ મી, ૩૨૮ મી, ૩૨૯ મી, ૩૩૦ મી, ૩૩૧ મી, ૩૪૭ મી, ૩૪૮ મી, ૩૮૮ મી ૩૮૯ મી, અને ૪૪૫ મી કલમમાં "ગુન્હો" આ શબ્દ લખેલો છે ત શબ્દ વડે જે વસ્તુને માટે આ કાયદામાં, અથવા આ કાયદામાં વાખ્યા લખેલા છે તેવા કોઇ વિશેષ કાયદામાં અથવા સ્થાનિક કાયદામાં શિક્ષા કરવાનું ફરમાવ્યું છે. તે વસ્તુ સમજવી."

"અને ૧૪૧ મી, ૧૭૬ મી, ૧૭૭ મી, ૨૦૧ લી, ૨૦૨ જી, ૨૧૨ મી, ૨૧૬ મી, અને ૪૪૧ મી કલમમાં "ગુન્હો" આ શબ્દ લખેલો છે તે શબ્દનો અર્થ જે વસ્તુને માટે વિશેષ કાયદામાં કે સ્થાનીક કાયદામાં શિક્ષા કરવાનું ફરમાવ્યું છે અને તેજ કાયદા ઉપરથી તે વસ્તુને માટે દંડ સુધાં અથવા દંડ વગર છ મહીનાની અથવા તે કરતાં વત્તી મુદતની કેદની શિક્ષા કરવા ફરમાવ્યું હોય ત્યારે તેવોજ અરથ સમજવો."

"વિષેશ કાયદો" ૪૧. "વિષેશ કાયદો" એટલે કાંઇ ખાસ બાબતને લાગુ પડે એવો કાયદો.

"સ્થાનીકકાયદો" ૪૨. "સ્થાનીક કાયદો" એટલે બ્રીટીશઇંડીયાના કોઇ વીશેષ ભાગનેજ લાગુ પડે એવો કાયદો.

"કાયદા વિરૂદ્ધ" "કાયદા પ્રમાણે ફરજ" ૪૩. "કાયદા વીરૂદ્ધ" એ શબ્દો જે જે વસ્તુ ગુન્હો છે, અથવા કાયદાએ મને કરેલી છે, અથવા દીવાની ફરીયાદોનું કારણ થાય છે, તે પ્રત્યેકને લાગુ પડે છે; અને જે સખસ જે વસ્તુ કરવામાં કસુર કરે તો કાયદા વીરૂદ્ધ થાય, ને વસ્તુ કરવાની તે સખસની "કાયદા પ્રમાણે ફરજ છે" એમ સમજવું.

"નુકશાન" ૪૪. "નુકશાન" એ શબ્દ વડે કોઇપણ સખસના શરીરને મનને, આબરૂને અથવા માલકતને કાયદા વીરૂદ્ધ રીતે કરેલા કાંઇ પણ હાની, સમજવી.

"જીંદગી" ૪૫. "જીંદગી" એ શબ્દ વડે માણસની જીંદગી સમજવી, પણ જે ઠેકાણે એ શબ્દ લખ્યો હોય તે ઠેકાણે મતલબ જોતાં એથી ઉલટો અરથ દેખાતો હેય તો ત્યાં તેમ અરથ કરવો.

"મોત" ૪૬. "મોત" એ શબ્દ વડે માણસનું મોત સમજવું; પણ જે ઠેકાણે એ શબ્દ લખ્યો હોય તે ઠેકાણે મતલબ જોતાં એથી ઉલટો અરથ દેખાતો હોય તો ત્યાં તેમ અર્થ કરવો.

"જાનવર" ૪૭. "જાનવર" એ શબ્દ વડે માણસ શીવાય બીજી કાંઇ પ જીવવાળી વસ્તુ સમજવી.

"વાહાણ" ૪૮. "વાહાણ" એ શબ્દ વડે જળ માર્ગે માણસોને અથવા મીલકતને લેઇ જવા માટે કરેલી કાંઇ પણ વસ્તુ સમજવી.

"વરસ" ૪૯. "જે જે ઠેકાણે વર્ષ" એ શબ્દ અથવા "મહીનો" એ શબ્દ લખ્યો હોય, તે તે ઠેકાણે એમ સમજવુ કે ઇંગ્રેજી પંચાંગ પ્રમાણે તે વરસ અથવા મહીનો ગણવો.

"કલમ" ૫૦. "કલમ એ શબ્દ વડે આ કાયદાના બાબના જે જે ભાગોની આગળ આંકડા લખીને તેઓને જુદા પાડેલા છે તેઓમાંનો એક ભાગ સમજવો

"સોગંદ" ૫૧. "સોગંદ" એ શબ્દમાં સોગદને ઠેકાણે ધર્મ પુર્વક પ્રતીજ્ઞા કરવાનું કાયદામાં ફરમાવેલું હોય તે પ્રતીજ્ઞા તથા ઇનસાફની કોરટમાં કે બીજે ઠેકાણે, કેઇ સરકારી નોકરની આગળ કાંઈ પણ એકરાર કરવાનુ કાયદામાં ફરમાવ્યું અથવા રજા આપી હોય, અથવા જે એકરાર પુરાવાના કારણસર વાપરવો હોય, તે એકરાર પણ સમાય છે એમ સમજવું.

ટીકા

પ્રતિજ્ઞા બાબત સન ૧૮૪૦ નો આકટ ૫ મો તથા સન ૧૮૭૨ નો આકટ ૬ ઠો થયોછે સન ૧૮૭૩ ના આકટ ૧૦થી નીચે લખેલી કોરટોને પ્રતીજ્ઞા આપવાનો અખત્યાર છે. જેઓને કાયદા પ્રમાણે જુબાની લેવાનો અધીકાર હોય તે તથા લશકરી મથકમાં મીલટેરી ખાતાના કમાંડીંગ આફીસરને, તથા જેઓને જસ્ટીસ આફધીપીસનો અધીકાર મળ્યો હોય તે.

"શુદ્ધબુદ્ધી" ૫૨. જે વસ્તુ ઘટતી સંભાળ તથા ધ્યાન વીના કરી અથવા માની હોય તે "શુદ્ધબુદ્ધીથી" કરી અથવા માની એમ સમજવું નહી

ટીકા

કાંઇ કૃત્ય અમુકને એરબ્યાજબી હાની નહી કરવાના ઇરાદાથી કરવું એ શુદ્ધબુદ્ધી છે.

બાબ ૩ જો.

શીક્ષા બાબત

"શીક્ષા" ૫૩ આ કલમના કાયદા પ્રમાણે ગુન્હેગારો જે શીક્ષાઓને લાયક છે તે નીચે પ્રમાણેઃ-

પહેલી— મોત.
બીજી=સમુદ્રપાર.
ત્રીજી—શારીરીક દાસત્વ.
ચોથી=કેદ, બે પ્રકારની છેઃ-
(૧) સખત એટલે સખત મજુરી સાથે.
(૨) આસાન.

પાંચમી—મીલકત સરકાર જપ્ત થવી.
છઠી—દંડ.

ટીકા

આ કલમમાં ૭ પ્રકારની શિક્ષા બતાવી છે, તે શિવાય સન ૧૮૬૪ ના આક્ટ ૬ ઠા પ્રમાણે ફટકાની શિક્ષા કેટલેક પ્રસંગ કરવા સરક્યુલર નંબર. ૩૫૩૮ તા૦ ૨૩ મી નવંબર સન ૧૮૬૪ તથા નંબર ૧૪૭૬ તા૦ ૫ મી મે સન ૧૮૬૪ પીનલકોડમાં ઠરાવેલી શિક્ષાને બદલે ફટકાની શિક્ષા કરવાની છે, પણ નીચે લખેલા શખ્શોને ફટકાની શીક્ષાની માફી છે.

સ્ત્રીઓને તથા જે સખસો ઉપર મોતની અથવા સમુદ્રપારની અથવા સાસનીક દાસત્વની અથવા પાંચ વરસ કરતાં કેદની વતી શીક્ષાનો હુકમ કરયો હોય તે શખસોને ફટકાની શીક્ષાની માફીછે. તથા પીસતાલીસ વરસ કરતાં વતી ઉમરના શખ્સને પણ માફી છે. જુઓ ક્રી૦ પ્રો૦ કો૦ કલમ ૩૯૩.

સોળ વરસની અંદરની ઉમરના શખ્શનને ફટકાને બદલે નીશાળમાં શીક્ષા કરે છે તેવી નેતરની સોટી વડે ફટકા મારવા. જુઓ ક્રી૦ પ્રો૦ કો૦ કલમ ૩૯૨.

પીનલકોડ કલમ ૩૮૦ તથા૩૭૦ પ્રમાણે કેદ તથા ફટકાની શીક્ષા બેવડી કરવી નહી, મુંબાઈ હાયકોરટ તા૦ ૯ મી જાનેવારી સન ૧૮૬૭ તથા તા૦ ૨૪ મી જુલ સન ૨૮૬૮ વાલ્યુમ ૪ પૃષ્ટ ૫

ગુન્હેગારની પ્રક્રતી ઠીક ન હોય ત્યારે તેને ફટકા મારવાનું મોકુફ રાખવું. જુઓ ક્રી. પ્રો. કો. કલમ ૩૯૪.

શીક્ષા કરતી વખત દયા રાખવી પણ તે દયા એવી ન રાખવી કે, જેથી તાહુમતદાર ફરી ગુન્હો કરવાની કોશીશ કરે.

એક શખશ બે ત્રણ ગુન્હા કરે તેમાં જે ગુન્હો ભારે હોય તે ગુન્હાની શિક્ષા તેને કરવી જેથી ફરી ગુન્હો કરે નહી,

મોતની શીક્ષાને બદલે બીજી શિક્ષા.

૫૪ જે જે બાબતમાં મોતની શીક્ષાનો હુકમ કરવામાં આવ્યો હોય તે તે બાબતમાં ગુનેહગારની રજામંદી શીવાય, હીંદુસ્તાનની સરકાર અથવા જે ઠેકાણે ગુનેહગારને શીક્ષાનો હુકમ થયો હોય તે ઠેકાણાની સરકાર તે શિક્ષાને બદલે આ કાયદામાં ઠરાવેલી બીજી ગમે શિક્ષા કરવાને મુખતિઆર છે.

ટીકા

મોતની શીક્ષા કરવાનો અખિકાર સેસન જડજને છે પણ તે હાઇકોરટની મંજુરીથી કરી શકે છે જુઓ ક્રી૦ પ્રો૦ કો૦ કલમ ૩૭૪

ગર્ભવંતી સ્ત્રીઆને મોતની શીક્ષાનો હુકમ કરયો હોયતોતે બંધ રાખવો તે શીક્ષાના બદલે તેણીને જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા કરવાને હાઇકોરટ મુખત્યાર છે જુઓ ક્રીમીનલ પ્રોસિજર કોડ કલમ ૩૮૧

આ કલમ ૫૪ અને ૫૫ માં ગવરનરજનરલ તથા સ્થાનિક સરકારને મોત અથવા સમુદ્રપારની સજાને બદલે બીજી ગમે સજાકરવાનો અધીકાર છે તે બાબત આ કાયદો ઘડવા માટે બેઠેલા કમીશનરોના રીપોટથી સમજાય છે, તથા સને ૧૮૮૨ના આકટ ૧૦ માની ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૦૨ ના અર્થ પ્રમાણે શીક્ષા બદલાવનો અધીકાર ગવરનર જનરલ અથવા સ્થાનિક સરકારને છે, એટલે નીચે લખેલી શીક્ષાઓને બદલાને બીજી દાકરાણુ

શીક્ષા કરવાને ગવરનરજનરલ તથા સ્થાનીક સરકાર મુખત્યાર છે.

મોત, સમુદ્રપાર, સાસનીકદાસત્વ, સખ્ત મંજુરી સાથે જેટલી મુદતની કેદની શીક્ષાનો હુકમ તે શખસની ઉપર થઇ શકત તેટલી મુદત સુધીની કેદ. તેવીજ મુદત સુધી આસાન કેદ તથા દંડ.

જીવતાંસુધી સમુદ્રપારની શીક્ષાને બદલે બીજી શીક્ષા.

૫૫ જે જે બાબતમાં જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાનો હુકમ કરવામાં આવ્યો હોય તે તે બાબતમાં ગુનેહગારની રજામંદી શીવાય હીંદુસ્તાનની સરકાર અથવા જે ઠેકાણે તે ગુનેહગારને શીક્ષાનો હુકમ થયો હોય તે ઠેકાણની સરકાર તે શીક્ષાને બદલે ચઉદ વરસની મુદત સુધીના બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવાને મુખત્યાર છે.

ટીકા.

સમુદ્રપારની શીક્ષા પણ સ્થાનીક સરકારને તથા ગવરનરજનરલને બદલવાનો અધીકાર છે તે બાબત પણ ક્રી૦ મો૦ કો૦ કલમ ૪૦૨ જુઓ.

યુરોપિયનતથા અમેરીકન લોકોને સમુદ્રપારનીશીક્ષાને બદલે સાસનીકદાસત્વની શીક્ષા કરવી

૫૬ જે જે બાબતમાં કેઇ સખસ યુરોપિયન અથવા અમેરીકન છતાં આ કાયદામાં જેને માટે સમુદ્રપારની શીક્ષા ઠરાવી છે એવો કોઇ ગુનાહ તેની ઉપર સાબીત થાય તે તે બાબતમાં સમુદ્રપારની શિક્ષાનો હુકમ ન કરતાં સન ૧૮૫૫ ના ૨૪ મા આકટના ઠરાવો મુજબ કોરટે તે ગુનેહગારોને શાસનીક દાસત્વની શિક્ષાનો હુકમ કરવો.

જીવતાં સુધીની શીક્ષાનો ઠરાવ નહીંહોય અને દસ વરસ કરતાં વત્તી મુદત ની કેદની શીક્ષાનો ઠરાવ હોય તે બાબત વિશેષ ઠરાવ.

"પણ એવું ઠરાવ્યું છે કે, સદરહુ આકટ ઠરયો નહી હોત તો જે ગુન્હા બાબત યુરોપીયન અથવા અમેરીકન માણસ જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાને લાયક થતે નહી પણ દસ વરસ કરતાં વત્તી મુદત સુધી સમુદ્રપાર મોકલવાની શીક્ષા પામવાને અથવા તેને તે શીક્ષા કરવાનો હુકમ થયાને તે લાયક થતે તો તે ગુન્હા બાબત તે માણસ કોરટની નજરમાં આવશે તે પ્રમાણે છ વરસ કરતાં વત્તી મુદત સુધી શાસનીક દાસત્વની શીક્ષા પામવાને અથવા તેને તે શીક્ષા કરવાનો હુકમ થવાને તે લાયક થશે, પણ જીવતાં સુધી શાસનીકદાસત્વની શિક્ષાને લાયક થશે એવું સમજવું નહી'

ટીકા.

રાણી સાહેબની વિલાયતી રૈયતનો ઇનસાફ યુરોપીયન જડજ તથા યુરોપીયન માજીસ્ત્રેટ કરી શકશે.

રાણી સરકારની વીલાયતી રઇયતને કેદની શીક્ષા કમી ઠરાવવી, કેમકે બીજા લેકો કરતાં એ લોકો ઘણા દુખ પામી મરણ પામે છે. મેડીકલબોર્ડના પત્ર મધ્યે કલમ ૩૬, ૩૭ સરકારનો પત્ર તા૦ ૨૭ મી મે સન ૧૮૫૨ નંબર. ૧૫૪૭ નો.

રાણી સાહેબની વીલાયતી રઇયત અને દેશી એ બંનેની ઉપર એકજ જાતનું તેહમત આવ્યું હોય તોપણ દેશી કરતાં વીલાયતી રઇયતને ઓછી શીક્ષા થવી જોઇએ.

શીક્ષાની મુદતના ભાગ.

૫૭. શીક્ષાની મુદતના ભાગોની ગણતી કરવામાં જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાને વીસ વર્ષની સમુદ્રપારની શીક્ષાને બરાબર કરવી.

જે ગુન્હેગારોને સ

૫૮. જે જે બાબતમાં સમુદ્રપારની શીક્ષાનો હુકમ કરવામાં

મુદ્રપારની શીક્ષાનો હુકમ કરવામાં આવે તે ગુન્હેગારેનેસ મુદ્રપાર કરતાં સુધી શું કરવું.

• આવે, તે તે બાબતમાં જે ગુન્હેગારને સમુદ્રપાર કરતાં સુધી જા ણ તેને સખત કેદનો શિક્ષાનો હુકમ થયો હોય એ રીતે તેનો ઉપર અમલ કરવો, અને તે કેદ રહે તે મુદતના દરમિયાનમાં તે ણે સમુદ્રપારની શિક્ષા ભોગવી એમ સમજવુ.

ટીકા

કોઇ તોહુમતવાળાને સમુદ્રપાર અથવા કેદના શિક્ષાનો હુકમ કરયો હોય ત્યારે તે શી ક્ષાનો હુકમ કરનારી કોરટે જે તુરંગમાં તેને કેદ રખાવ્યો હોય તે તુરગનાં તાબડતો બ એક વારટ મોકલવુ, અને તહોમતવાળાને તેજ તુરંગમાં અગાઉ કેદ રાખ્યો ન હોય તો તે વારંટ સુધાં તને તુરંગમાં મોકલવો. જુઓ ક્રી૦ પ્રો૦ કો૦ કલમ ૩૮૩.

કેદને ઠેકાણે સમુદ્રપારનો હુકમ કરાય થઇ શકે.

૫૯. જે જે બાબતમાં ગુન્હેગારને સાત વરસ અથવા તથા વધારે મુદતની કેદની શીક્ષા થઇ શક્તી હોય, તે તે બાબતમાં તે ગુન્હેગારને કેદની શિક્ષાનો હુકમ ન કરતાં સમુદ્રપારનો હુકમ કરવાને તે ગુન્હેગારને શીક્ષાનો હુકમ કરનારી કોરટ મુખત્યાર છે; પણ તે સમુદ્રપારની શીક્ષ શાત વરસ કરતાં ઓછી મુદતની ન હોવી જોઇએ. તથા આ કાયદા મુજબ જેટલી મુદતની કેદની શીક્ષા તે ગુન્હેગાર લાયક હોય તે કરતાં વધારે મુદતની પણ ન હોવી જોઇએ.

[કેટલીએક બાબતોમાં] કેદ આખી મુદત અથવા થોડી મુદતસુધીસકતઅથવાઆસાન એવોહુકમ થઇ શકે.

૬૦ જે જે બાબતમાં ગુનેહગારને બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા થઇ શકતી હોય, તે તે બાબતમાં આખી કેદ સખત અથવા આખી આસાન, અથવા તે કેદનો કાંઇ ભાગ સખત તથા બાકીનો ભાગ આસાન, એ પ્રમાણે શીક્ષાના હુકમમાં ફરમાવવાને તે ગુનેહગારને શિક્ષાનો હુકમ કરનારી કોરટ મુખત્યાર છે.

ટીકા

સોળવરસની અંદરના સખસને કેઇ ગુનાને સારૂ કેદની શીક્ષા કરવામાં આવી હોય ત્યારે તેને ફોજદારી કોરટમાં કેદ કરવાને બદલે, કોઇ પણ સન્માર્ગ પ્રવર્તકશાળામાં કેદ રાખવો એવો હુકમ કરવાને તે કોરટ મુખત્યાર છે, એટલે સ્થાનીક સરકાર કાહાડેલી કોઇ પણ ઉદ્યોગશાળામાં તે શખસને કેળવણી આપવા અગર કંઇ ધંધો શીખવવાને મોકલવાને શાક્ષા કરનાર કોરટ મુખત્યાર છે જુઓ ક્રી૦ પ્રો૦ કોડ કલમ ૩૯૯

મિલકત સરકાર જપ્ત થાય એવો હુકમ.

૬૧ જે જે બાબતમાં કેઇ સખસના ઉપર એવો ગુનો સાબીત થાય કે તે ગુનાહને માટે તે ગુનેહગાર પોતાની સઘળી મીલકત સરકાર જપત થવાને લાયક છે, તે તે બાબતમાં ફરમાવેલી શીક્ષા, અથવા તેને બદલે કરવામાં આવી હોય એવી બીજી શિક્ષા ભોગવી રહ્યા વીના અથવા તેને માફ થયા વિના સરકારના લાભ શીવાય બીજી રીતે, તે ગુનેહગારથી કાંઇ મીલકત મેળવી શકાશે નહીં.

દ્રષ્ટાંત.

હીંદુસ્તાનની શરકારની સાહામા લડાઇ કરવાનો ગુનાહ અ ની ઉપર સાબીત થયો તેથી તેની સઘળી મીલકત સરકાર જપત થવાને અ લાયક છે હવે શીક્ષાનો હુકમ થયા પછી તથા તે હુકમ કાયમ છે તે દરમીયાનમાં અ નો બાપ કાંઇ મીલકત મુકીને મરી જા

ચ, જે મિલકત અગર સરકાર જપ્તીનો હુકમ ન થયો હોત. તો અની થાવ તો તે મિલકત સરકારની થાય એમ સમજવુ.

જે ગુનેહગારોમો તની, સમુદ્રપારની અથવા કેદની શિક્ષા થઇશકે એહેવા હોય તેઓની મીલકતસરકારજપ્તથવી

૬૨ જે જે બાબતમાં કોઇ શખસની ઉપર મોતની શીક્ષા થઇ શકે એવો ગુનોહ સાબોત થાય તે તે બાબતમાં તે શખસની સ્થાવર જગમ સઘળી મીલકત સરકાર જપત થાય એવો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે, અને જે જે બાબતમાં કોઇ શખસની ઉપર એવો ગુનો સાબીત થાય કે તે ગુનાહને માટે તેને સમુદ્રપાર કરવામા આવે અથવા સાત વરસ અથવા તે કરતાં વધારે મુદતની કેદની શિક્ષાનો હુકમ કરવામાં આવે, તે તે બાબતમાં તેના સમુદ્રપારની અથવા કેદની મુદતના દરમીયાનમાં તે શખસના કુટંબ તથા અનુજીવીયોને માટે સરકાની નજરમાં દુરસ્ત જણાય તેવો બંદોબસ્ત સરકાર કરે, એવી છુટ રાખીને તે મુદતના દરમિયાનમાં તે સખસની સરવે સ્થાવર, તથા તથા જંગમ માલકતનુ ભાડુ તથા ઉપજ સરકાર જમે થાય એવો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

ટીકા

આ કલમ પ્રમાણેની શિક્ષા ઘણા ઘાતકી ગુના કરયા હોય તે માટે થવી જોઇએ વીકલી રીપોટ ૧૨--મહ્ટ ૧૭--ફોજદારી

દંડની રકમ

૬૩ કેટલે સુધી દંડ કરવો એની રકમ જયાં ઠરાવી નથી ત્યાં ગુનેહગારને જે દંડ થઇ શકે તે દંડની કાંઇ હદ બાંધી નથી પણ અતીશય દંડ કરવો નહીં.

ટીકા

આ કાયદામાં દંડ અને કેદ બંને શીક્ષા જે જે કલમોમા ફરમાવેલી છે, તે તે કલમો મુજબ દંડ અને કેદ બંને શીક્ષા થવી જોઇએ.

દંડ ન આપે તો કેદનો હુકમ.

૬૪ જે જે બાબતમાં ગુનેહગારને દંડની શીક્ષાનો હુકમ કરવામાં આવે તે તે બાબતમાં તે ગુનેહગાર દંડ ન આપે તો તેઆટલી મુદત સુધી કેદ ભોગવે એ પ્રમાણે તે ગુનેહગારને શીક્ષાનો હુકમ કરનારી કોરટ તે હુકમમાં ફરમાવવાને મુખત્યાર છે; અને તે કેદ, બાજી કાંઇ કેદના શીક્ષનો હુકમ તે ગુનેહગારની ઉપર થયો હોય તે કેદની ઉપરાંત અથવા એક શીક્ષાને બદલે બીજી શીક્ષા કરવાના હુકમ ઉપરથી જે કેદનેલાયકહોય તે કેદની ઉપરાંત સમજવી.

જે ગુન્હાને માટે કેદ તથા દંડ એ બંનેશીક્ષાથઇ શકતી હોય, તેવા ગુન્હામાં દંડ ન આપેતો તેને બદલે કેદની મુદતની હદ.

૬૫. અગર કોઇ ગુન્હાને માટે કેદ તથા દંડ એ બંને શિક્ષા થઇ શકતી હોય, તો તે ગુન્હો કરનાર દંડ ના આપે તો તેને આટલો મુદત સુધી કેદ કરવો એ પ્રમાણે જે કોરટ ફરમાવે તેણે તે મુદત તે ગુન્હાને માટે ઠરાવેલી ઘણામાં ઘણી કેદની જે મુદત હોય તેના ચતુરથાંસ કરતાં વધારે ઠરાવવી નહીં.

ટીકા.

જે ગુન્હામાં કેદ અને દંડની શીક્ષા કરવામાં આવી હોયતો દંડને બદલે કેદ, માજીસ્ત્રેટના અધીકારના ચતુરથાંસ કરતાં વધારે કરવી નહી મુંબાઇ હાઇકોર્ટ તા૦ ૪—૬ અગષ્ટ સન ૧૮૬૨ ના નંબર. ૭૯૫ નો ઠરાવ

એકલા દંડનીજ શિક્ષા કરી હોય ત્યારે દંડ ન આપે તો તેને બદલે કેદની શીક્ષા કરવાને હરકોઇ માજીસ્ત્રેટ મુખત્યાર છે, પણ તે મજીસ્ત્રેટ પોતાના અખત્યાર જેટલા મુદતની શીક્ષા કરવી. જુઓ ક્રી મો. કોડ કલમ ૩૩.

માજીસ્ત્રેટોની કોરટોને હેઠળ લખેલી શીક્ષા ફરમાવવાનો અધીકાર છે,

પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ તથા પેહેલા વર્ગના માજીસ્ત્રેટ, કાયદા પ્રમાણે જેટલી એકાંત કેદ થઇ શકતી હોય તેટલી એકાંત કેદ સુધાં બે વરસની મુદતની કેદ, તથા એક હજાર રૂપૈયા દંડ તથા ફટકા મારવા.

બીજા વર્ગના માજીસ્ત્રેટ, કાયદા પ્રમાણે જેટલી એકાંત કેદ થઇ શકતી હો તેટલી એકાંત કેદ સુધાં છ મહીનાની મુદત સુધી કેદ તથા બસે રૂપીઆ દંડ તથા ફટકા મારવા.

ત્રીજા વર્ગના માજીસ્ત્રેટ એક મહીનાની કેદ તથા પચાસ રૂપીયા દંડ.

બીજા વર્ગના માજીસ્ત્રેટને સ્થાનીક સરકારે આ બાબત (વિશેષ કરીને અધીકાર નહી આપ્યો હોય, તેવા કોઇ પણ માજીસ્ત્રેટની કોરટે ફટકા મારવાની શિક્ષાનો હુકમ કરવો નહી. જુઓ ક્રી. મે. કોડ કલમ ૩૨.

સન ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૩૦૮ એટલે સન ૧૮૮૨ ના આકટ ૧૦ કલમ ૩૩ માજીસ્ત્રેટને હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૬૮ મુજબ જેટલા શીક્ષા કરવાનો અધીકાર છે તેથી લાંબી મુદતની શીક્ષા કરવાનો અધીકાર મળતો નથી પણ જે માજીસ્ત્રેટનો અધીકાર નીયમીત છે તેમણે કામ શી રીતે ચલાવવું તે બાબતના સદરે હુ કલમ છે, મારારાણી વિ. ઠબે અને બીજા (ફુ. બે) ઇ. લા. રી. ૧ અલ્હાબાદ ૪૬૧ પણ ઇ. લા. રી ૧ મદ્રાસ ૨૭૭

ફુલપાવર માજીસ્ત્રેટને ચોરીના કોશીશને સારૂ ફક્ત દેઢ વરસની કેદ મારવાનો અધીકાર છે તેથી કરીને આ ગુન્હાને સારૂ દંડ ન આપે તો ફકત સાડાચાર માસની સજા કરી શકે, જુડીશીયલ કમીશનર પંજાબ નંબર. ૪૨ રૂલીંગ ૧૨.

દંડ ન આપે તો કેદનો પ્રકાર.

૬૬ દંડ ન આપવાને સારૂ જે કેદનો કોરટ હુકમ કરે તે કેદ તે ગુન્હાને માટે ગુન્હેગારને જે પ્રકારની કેદની શીક્ષાનો હુકમ થઇ શકે, તે પ્રકારની થઇ શકે.

ગુન્હાનીશીક્ષામાં દંડજ થઇ શકતોહોય ત્યારે અગર દંડ ન આપે તો કેદની મુદત.

૬૭. અગર દંડનીજ શીક્ષા થઇ શકે એવો ગુન્હો હોય, તો દંડ ન આપે તેને બદલે તે ગુન્હેગારને કેદ કરવાનુ કોરટ ફરમાવે તેની મુદત નીચે લખીછે ત કરતાં વધારે ન હાવી જોઇએ:- એટલે દંડની રકમ પચાસ રૂપીયાથી વધારે ન હોય, તો કેદની મુદત બે મહીનાથી વધારે ન હાવી જોઇએ, અને દંડની રકમ એક સો રૂપીયાથી વધારે ન હોય, તો કેદની મુદત ચાર મહીનાથી વધારે ન હોવી જોઇએ; અને બીજી કેઇ બાબતમાં છ મહીનાથી વધારે ન હાવી જોઇએ.

ટીકા

જુઓ સન ૧૮૮૨ ના હીંદુસ્તાનના ફોજદારી કાયદાના સુધારાની કલમ ૩ આકટ ૮

હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૬૦ મુજબ શીક્ષા થઇ શકે એવા ગુન્હાના ગુન્હેગાર કેદીઓ થયા હતા અને દરેકને રૂ. ૨૫) નો દંડ આપવાની શીક્ષા થઇ હતી અને એ તે દંડ ન આપે તો તેજ કલમમાં લખેલી પુરેપુરી શીક્ષા એટલે ત્રાસ દીવશના સખત મજુરી સહીત કેદ ભોગવે, આ કેસમાં એમ ઠરાવવામાં આવ્યું છે કે સન ૧૮૭૨ ના આકટ ૧૦ માની કલમ ૩૦૮ એટલે સન ૧૮૮૨ ના આકટ ૧૦ માની કલમ ૩૩

મુજબ શીક્ષા કાયદેસર છે. ઈ૦ લા૦ રી૦ મદ્રસ ૨૭૭

તે કેદ દંડ આપે કે બંધ થાય.

૬૮. દંડ નહી આપવાથી જે કેદ કરી હોય, તે કેદ, તે દંડ આપવામાં આવે અથવા કાયદાના હુકમથી વસુલ કરવામાં આવે એટલે બંધ થશે.

દંડના હીસાબેની રકમ તેટલોભાગ આપે કે કેદબંધ થાય

૬૯. દંડ નહી આપે તેને માટે કેદની જે મુદત ઠરાવો હોય, તે મુદત પુરી થતાં પેહેલાં અગર તે દંડનો એટલો ભાગ આપવામાં કે વસુલ કરવામાં આવે, કે દંડનો જેટલો ભાગ બાકી રહ્યો હોય તેના પ્રમાણમાં દંડ ન આપ્યાથી ભોગવેલી કેદની મુદત ઓછી ન હોય તો કેદ બંધ થશે.

દ્રષ્ટાંત.

અ ને શીક્ષાનો એવો હુકમ થયો છે કે તે એક સો રૂપીયાનો દંડ આપે. અને દંડ ન આપે તો ચાર મહીના કેદ રહે. હવે એ ઠેકાણે તે કેદનો એક મહીનો પુરો થતાં પેહેલાં તે દંડમાંના પોણોસો રૂપીયા આપવામાં કે વસુલ કરવામાં આવે, તો પેહેલો મહીનો પુરો થાય એટલે તુરત **અ** ને છોડી મુકવામાં આવશે જો પેહેલો મહીનો પુરો થાય તે વખતે અથવા ત્યાર પછી **અ** કેદમાં છતાં કોઇ બીજે વખતે, પુણોસો રૂપીયા આપવામાં કે વસુલ કરવામાં આવે તો **અ** ને તુરત છોડી મુકવામાં આવશે જો કેદના બે મહીના પુરા થતાં પેહેલાં તે દંડમાંના પચાસ રૂપીયા આપવામાં કે વસુલ કરવામાં આવે, તો બે મહીના પુરા થાય એટલે તુરત **અ** ને છોડી મુકવામાં આવશે. જો તે બે મહીના પુરા થાય તે વખતે અથવા ત્યાર પછી અ. કેદમાં છતાં કોઇ બીજે વખતે, પચાસ રૂપીયા આપવામાં કે વસુલ કરવામાં આવે તો અ. ને તુરત છોડી મુકવામાં આવશે.

દંડ છ વર્ષ સુધીમાં અથવા કેદની મુદત સુધીમાં કોઇ પણ વખતે વસુલ થઇ શકે.

૭૦ દંડ અથવા તેનો જેટલો ભાગ આપવાનો બાકી રેહે તેટલો ભાગ શીક્ષાનો હુકમ થયા પછી છ વર્ષ સુધીમાં કોઇ પણ વખતે વસુલ થઇ શકે, અને અગર, તે શિક્ષાના હુકમ મુજબ ગુનેહગાર છ વર્ષ કરતાં વધારે મુદતની કેદને લાયક હોય. તો તે મુદત પુરી થતાં પેહેલાં કોઇ પણ વખતે વસુલ થઇ શકે અને ગુનેહગારના મોતથી, જે મીલકત તેનુ મરણ થયા પછી, તેના કરજને સારૂ કાયદા પ્રમાણે જવાબદાર હોય, તે મીલકત તે દંડની જવાબદારીમાંથી છુટતી નથી.

ગુનેહગારના મોતથી તેની મીલકત જવાબદારીમાંથી છુટતી નથી.

ટીકા

. ગુનેહગારોની ઉપર દંડની શીક્ષાનો હુકમ કરવામાં આવે ત્યારે તે દંડ ન આપવામાં આવે તો તે ગુનેગારને કેદ કરવો એમ તે શીક્ષાના હુકમમાં ફરમાવ્યુ હોય તોપણ તે શીક્ષા કરનારી કોરટની નજરમાં આવે તો તે સદરહુ ગુનેગારની કાંઇપણ જંગમ મીલકત જપ્ત કરીને તથા વેચીને તે દંડની રકમ વસુલ કરવાનું વારંટ કાહાડવાને મુખત્યાર છે, ગુનેહગારની જંગમ મીલકત દંડ કરનારી કોરટની હકુમતની બાહાર હોય તો, સદરહુ વારંટ ઉપર જીલ્લા માજીસ્ત્રેટની વારંટ પાછળ સહી થાય, એટલે તે વારંટ ઉપરથી તે મીલકત જપ્ત કરી વેચી શકાશે. જુઓ ક્રી૦ પ્રો૦ કોડ કલમ ૩૮૬—તથા ૩૮૭

ગુનેગારની ઉપર માત્ર દંડનીજ શીક્ષા ફરમાવવામાં આવી હોય અને તે દંડ ન આ

યે તો કેદની શીક્ષાનો હુકમ કરવામાં આવ્યો હોય અને કોરટે દંડ વસુલ કરવાને વારંટ કાહાડ્યું હોય ત્યારે તે કોરટને એવો અધીકાર છે કે તે દંડ પંદર દીવશની અંદર વસુલ થતાં સુધી ગુનેગારના જામીન અથવા હાથ મુચલાક લઇને તેને છોડવાનો અધીકાર છે પણ સદરહુ દંડ પંદર દીવશમાં વસુલ ન થાય તો સદરહુ ગુનેગારને તાબડતોબ કેદમાં મોકલવાને તે કોરટને અધીકાર છે. ક્રી૦ પ્રો૦ કોડ કલમ ૩૮૮

ગુનેગાર દંડ બદલ કેદની શીક્ષા ભોગવે તો પણ તે દંડ ૭ વરસની મુદતમાં કોઇપણ વખત વસુલ થઇ શકે છે, મુંબાઇ તા૦ ૩૧-મી મે સન ૧૮૭૦--નંબર ૭૬૭ ઇતેખાત મોસીડેગમાંથી તા૦ ૨૦ મી જુલાઇ સને ૪૮૭૦ નંબર ૧૨૨૩

કેદી મુઆ પછી દંડની રકમ તેની જંગમ મીલકતથી વસુલ થઇ શકશે, સ્થાવરથી થાય નહીં માટે સ્થાવર મીલકત જપ્ત કરવી નહીં, મુંબઇ હાઇકોરટ ફેસલો તા૦ ૩૦ જુલાઇ સને ૧૮૬૮ નેટીવ ઓપીનીયન સન ૧૮૬૮ ના પ્રુષ્ટ ૩૫ મુ.

જે ગુન્હો ઘણા ગુન્હાઓથી બનેલો હોય તેની શિક્ષાની હદ.

૭૧. જો જે વસ્તુ ગુન્હો છે તે જુદા જુદા ભાગોથી બનેલી હોય, અને તે ભાગો માંહેલો હરકોઇ ભાગ જાતે ગુન્હો હોય, તો, એથી બીજી રીતે કરવું એવો સાફ ઠરાવ ન કરયો હોય તો ગુનેગારને તે તેના ગુન્હાઓ માંના એક કરતાં વધારે ગુન્હાની શીક્ષા કરવી નહી.

દ્રષ્ટાંતો.

(અ) અ. ઝ. ને એક લાકડીથી પચાસ સપાટા મારે, તો એ કેકાણે એ સઘળા મારથી, તથા તે સઘળા મારમાં જેટલા સપાટા આવ્યા છે તેમાંના હરએક સપાટાથી પણ ઝ. ને બુદ્ધિપુર્વક વ્યથા કરવાનો ગુન્હો અ. એ કરયો હોય એમ બની શકે છે. હવે જો તે હરએક સપાટાને માટે અ. શીક્ષા લાયક હોય, તો દરેક સપાટાને સારૂ એક વરસ એ પ્રમાણે પચાસ વરસની કેદ અ. ને થઇ શકે. પણ સઘળા મારને સારૂ એકજ શીક્ષાને તે લાયક છે.

(બ) પણ અ. ઝ. ને મારે છે એટલામાં ય. વચે પડે અને અ, ઇરાદાથી ય, ને મારે, તો ઝ, ને બુદ્ધિપુર્વક વ્યથા કરવાની એક શીક્ષાને તથા ય. ને સપાટો મારયો તેની બીજી શીક્ષાને અ. લાયક છે કેનકે જે કામથી અ. એ ઝ. ને બુદ્ધિપુર્વક વ્યથા કરી તે કામનો ય. ને મારેલો સપાટો કાંઇ ભાગ નથી.

ટીકા.

કેટલાંએક કૃત્યો એક બીજાની સાથે એવો સબંધ હોયકે તેથી તે કૃત્યો મળીને એકજ કામ થાય તેવાં કૃત્યો કરવામાં જો એકજ સખસે એક કરતાં વત્તા ગુન્હા કરયા હોય તો એવા દરેક ગુન્હાનું તહોમત તે સખસની ઉપર મુકીને તે બાબતનો ઇનસાફ એકજ વખતે કરવાનો અધીકાર છે. ક્રી૦ પ્રો૦ કોડ કલમ ૨૩૫

એક શખસ. એક વરસમાં એક જાતના ત્રણ ગુન્હા કરે તો તેઓનું એક તહોમત મુકવાનો અધીકાર છે, ક્રી. પ્રો. કોડ કલમ ૨૩૪.

ઘર ફોડવું અને ઘરની અંદર ચોરી કરવી તે એકજ ગુન્હો છે માટે બમણી શીક્ષા રદ કરી, નીમે કાયમ રાખી મુંબઇ હાઇ કોરટ તા૦ ૪ થી નવંબર સન ૧૮૬૩ વાલ્યુમ ૧ નો ભાગ ૨ પ્રષ્ટ ૮૭.

કેદી ઉપર એકથી વધારે ગુન્હાના તહોમત હોયતો તેની દર ગુન્હાવાર જુદી જુદી શીક્ષા કરવી, મુંબાઇ હાઇકોરટ સન ૧૮૬૬ નંબર. ૪૫૯.

છીનાળુ કરવાના ઈરાદાથી, અ. દાહાડે ઘર ફ઼ેડે છે, અને જે ઘરમાં એ પ્રમાણે પ્રવેશ કરચો, તે ઘરમાં બ. ની બાયડી સાથે છીનાળુ કરે છે. તો અ. ની ઉપર હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૪૫૪ તથા ૪૯૭ મી મુજબ જુદા જુદા ગુન્હાનું તહોમતમુકવા અને તેની ઉપર તે ગુન્હા શાબીત થવાના જુદા જુદા ઠરાવ કરવાનો અખ્તીઆર છે, ઉ. ઓ ક્રી૦ પ્રો૦ કોડની કલમ ૨૩૫ ની રકમ (બ)

જે કેશમાં બે અથવા વધારે ગુન્હાઓની એત્ર શીક્ષા સમુદ્રપારની કરી હોય તે કેસમાં કરેલી શીક્ષામાંની એક અથવા વધારે શીક્ષા સાત વરસની કેદની હોય તો તે કેસમાં બે અથવા વધારે ગુન્હાઓની એકત્ર શીક્ષા સમુદ્રપારની કરવી એ ગેરકાયદે છે. ૧ બુ. રી. સી. એલ. ગોટકી દ્વારા.

એક કામમાં એક પોલીસ અમલદારને અમુક માણસને રજુ કરવો એવો હુકમ મળેલો પણ તે માણસે તેની સાથે આવવાની ના પાડી, અને તેને સામાધ બદ ધ્યાનતથી રાખેલું હતું, તે પણ તે અમલદારને ન લઈજવાદેતાં સામો થયો તે કામમાં એમ ઠરાવવામાં આવ્યું છે કે; તેને હીંદુસ્તાનના ફોજદારી કાયદાના કલમ ૧૮૩, તથા કલમ ૩૫૩ મુજબ જુદી જુદી બે સજાઓ થઇ શકે. ૧૪ બુ. રી. ૧૯

એક કામમાં જુદા જુદા ત્રણ ગુન્હાઓ બદલ ચાર વરસની સખત મજુરી સાથે કેદની એકજ સજા કરવામાં આવી હતી તે કામમાં નામદાર મુંબાઈ હાઇકોરટે એવું ઠરાવ્યુ કે તે સજા ભુલ ભરેલી છે એમ બતાવતાં જણાવ્યુ કે જો અપીલમાં એક બે ગુન્હાઓની સજા રદ કરવામાં આવે તો સામટી સજામાંથી કેટલી સજા કેદીઓને ભોગવવા બાકી રહી તે નકી થઇ શકે નહી. ૪ મું. હા. કો. રી. ૨૭

ચોરી કરવાના ઈરાદાથી રાતે ખાતર પાડવાના ગુન્હા બાબત કામ ચાલે અને તે ગુન્હાઓ શાબીત થાય તેવા કામમાં ઘણું કરીને બેવડી સજા કરવામાં આવે છે તે ભુલ ભરેલું છે. કલકત્તા હાઇ કોરટ તા૦ ૬ ડીસંબર સન ૧૮૬૪. ૫, બુ૦ રી૦ ૪૯ વળી ૬ બુ૦ રી૦ ૩૯.

ચોરી કરવાના ઈરાદાથી ખાતર પાડવાના તથા માણસના રેહાણ તરીકે જે ઘર વપરાતુ હોય તે ઘરમાં ચોરી કરવાના ગુન્હા બદલ જુદી જુદી સજા કરવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે એવી શરતે કે, બંને ગુન્હાઓની સામટી સજા શાબીત થએલા બે ગુન્હાઓમાંની જે ગુન્હાની સજા વધારે હોય તે કરતાં સામટી સજા વધારે હોવી ન જોઇએ અને જે કોરટે કેદીને સજા કરી હોય તે કોરટને જેટલી સજા કરવાનો અખ્તીઆર હોય તે અખ્તીઆર કરતાં સદરહુ સામટી સજા જાસ્તી હોવી ન જોઇએ. ૯ મુ ૧૭૩ ફુલબેંચ.

એકજ જારી કામના જુદા જુદા ભાગ મળી બે વધારે ગુન્હાઓ જો કોઇ સખસ ઉપર શાબીત થાય તો તે સખસને ફકત મુખ્ય ગુન્હાની સજા કરવી. મદ્રાસ હા. કો. પ્રોસીડીંગ આકટ ૧૭. ૧૮૬૨ મારચ—૩૦—૧૮૬૩.

એકજ ઘરની એકજ કોટડીમાંથી બે જુદા જુદા માણસોનો માલ એક સખસે ચોરચો હોય તો, તે તેને ચોરીના બે ગુન્હા ગણી જુદી જુદી સજા થઇ શકે નહીં ૧૧ બુ. રી. ૩૮

ઘરપ્રવેશ અને સામાધ બજીના ગુન્હા બદલ જુદીજુદી સજા થઇશકે મદ્રાસ. હા. કો. પ્રો. સીડીંગ, અપ્રીલ ૧૦ ૧૮૭૨.

એક સખસપર એકજ પ્રકારના કેટલા ગુન્હા કરચાનું તહોમત આવ્યું હોય ને માજીસ્ત્રેટે તેના દરેક ગુન્હાનો જુદા જુદા ઈનસાફ કરચો હોય તો તે સઘળા ગુન્હાનો સા

મટી સજા માજીસ્ત્રેટ પોતાની સાધારણ હકુમત કરતાં ભમાણી કરી શકે એમ નથી પણ તે માંહેના દરેક ગુન્હાની સજા જુદી જુદી પોતાની સાધારણ હકુમત મુજબ કરી શકે. ઇ૦ લા૦ રી૦ ૩૦ અલ્હાબાદ ૩૦૫

એક કામમાં એમ ઠરાવવામાં આવ્યું છે કે (કલમ ૧૪૭ મુજબ] હંગામો કરવા બ.લ અને કાયદા વિરૂદ્ધ મંડળીનો અંગભુત (કલમ ૧૪૨ મુજબ) થયના ગુન્હા બદલ કોઇ કે ઇને એકજ વખતે બે સજા થઇ શકે નહી સબબ તે કાયદા વિરૂદ્ધ મંડળીનો અંગભુત થયા શીવાય હંગામાનો ગુન્હો કરી શકે નહી—મીરાન ખલીફા ૧ વુ૦ રી૦ ૭ તેમજ જો કાયદા વિરૂદ્ધ મંડળીનો કોઇ અંગભુત શિક્ષાણીયમનુષ્યવધનો ગુન્હો (કલમ, ૩૦૪) અને તે કાયદા વિરૂદ્ધ મંડળીનો અંગભુત થવાનો એ બને ગુન્હાનો ગુન્હેગાર થઇ શકતો નથી. રબીઉલ્લાહ, ૭ વુ૦ રી૦ ૧૩. તેમજ પ્રાણઘાતક હથીયાર લઇ હંગામો કરવાના (કલમ ૧૪૮) અને તેજ હંગામામાં વ્યથા કરવાના બને ગુન્હાની સજા થઇ શકે નહીં—ગનાઉ ડ્રીભુયા, ૬ વુ૦ રી૦ ૭૦, ભીયક આહીર, કોત્તો ૫, સહરાઇ અને બીજાઓ, ૮ વુ૦ રી૦ ૩૧; (પણ એથી વિરૂદ્ધ નારાયણ ક્રષ્ણ, ૨ મું૦ હા૦ કો૦ રી૦ ૪૧૬, જુઓ, તનાં ના મદાર મુંબાઇ હાઇકોરટે એમ ઠરાવ્યું છે કે, કોઇએ ઝાડ કાપ્યું અને પછી ચોરયું એટલે ચોરી કરયા પહેલાં બિગાડ કરયો નથી બેવડી સજા કરી તે ગેરકાયદ નથી) તેમજ કલમ ૩૬૩ મુજબ) મનુષ્યહરણ (કલમ ૩૬૩ મુજબ) લગ્ન કરવાના હેતુથી મનુષ્યહરણ અને (કલમ ૩૬૮ મુજબ) મનુષ્યહરણ કરવા સારૂ કોઇને કેદ રાખવો, એ ગુનઓનુ પણ એમજ સમજવું. ૬ વુ૦ રી૦ ૨.

ગુન્હેગારે ઘણાગુનાહોમાંથી એક ગુનાહકરયો એમ સાબીત થાય છે પણકીયો એબાબત શકછે એ પ્રમાણે ફેસલામાં લખવામાંઆવે ત્યારે શીક્ષા.

૭૨ જે જે બાબતોમાં એવો ફેંસલો આપવામાં આવે કે ફલાણુ ફલાણા જુદા જુદા ગુનાહોમાંનો એક ગુનાહ ફલાણા શખસે કરયો છે પણ તેઓમાંનો કીયો એક કરયો છે તે વીશે શક છે, ત સરવે બાબતોમાં અગર તે સઘળા ગુનાહોને સારૂ એક સરખીજ શિક્ષા ન ઠરાવી હોય તો જે ગુન્હાને સારૂ ઓછામાં ઓછી સજા ઠરાવી હોય તે શિક્ષા તે ગુનેહગારને કરવામાં આવશે.

ટીકા.

એક શખસની ઉપર ગુનો સાબીત થય છે, પણ તેણે કેટલાક ગુનામાંથી કયો ગુનો કરયો એમ સ્પષ્ટ જણાતુ ન હોય ત્યારે, કોરટે એક ગુનાનું તોહમત મુકી ગુનેગારને સજા કરવી.

ચોરી, વીશ્વાસઘાત, ઠગાઇ અથવા ચોરીની મીલકત રાખ્યા બદલ, ગુનો થયો હોય એ વાં કાંઇ કૃત્યનુ તોહમત કોઇ શખસની ઉપર આવ્યુ છે ત્યારે ઉપર બતાવેલાં હરકોઇ ગુનાનું તોહમત તેની ઉપર મુકવાનો અખ્તીયાર છે. ક્રી૦ પ્રો૦ કોડ કલમ ૨૩૬

એકાંત કેદ.

૭૩ કોઇ શખસની ઉપર એવા ગુનાહ સાબીત થાય કે તેને આ કાયદા મુજબ, તેને શખત કેદની શીક્ષા કરવાનો કોરટને અખત્યાર છે, તો તે ગુનેહગારને જેટલી મુદતની કેદનો હુકમ કરવામાં આવે તે મુદતના આટલા ભાગ અથવા ભાગો સુધી તેને એકાંત કેદમાં રાખવો એ રીતે તેના શિક્ષના હુકમમાં ફરમાવવાને કોરટ મુખત્યાર છે; પણ સઘળુ મળીને તે એકાંત કેદની મુદત ત્રણ મહીનાથી વધારે ન હોવી જોઇએ અને તે નીચેના હીસાબો પ્રમાણે હોવી ન જોઇએ. (એટલે)-

જો કેદની મુદત ૭ મહીનાથી વધારે ન હોય તો એકાંત કેદની મુદત એક મહીનાથી

વધારે ન જોઇએ.

જો કેદની મુદત ૭ મહીનાથી વધારે અને એક વરસથી ઓછી હોય તો, એકાંત કેદની મુદત બે મહીનાથી વધારે ન જોઇએ.

જો કેદની મુદત એક વરસથી વધારે હોય, તો એકાંત કેદની મુદત ત્રણ મહીનાથી વધારે ન જોઇએ.

એકાંત કેદની હદ.

૭૪. એકાંત કેદની શીક્ષાનો હુકમ બજાવવામાં તેવી કેદ એકી વખતે કદાપી ચઉદ દીવશ કરતા વધારે ન હોવી જોઇએ, અને એકાંત કેદની મુદતોની વચે તે મુદતો કરતાં ઓછી વેળા ન જવી જોઇએ; અને જ્યારે કેદની શીક્ષા ત્રણ મહીનાથી વધારે મુદતની હોય, ત્યારે તે ફરમાવેલા આખા કેદના મુદત ના કોઇ પણ એક મહીનામાં સાત દીવશ કરતાં વધારે એકાંત કેદ ન હોવી જોઇએ, એકાંત કેદની મુદતોની વચે તે મુદતો કરતાં ઓછી વેળા ન જવા જોઇએ.

જે શખસોની ઉપર એકવાર આગળ ત્રણ વરસની કેદની શીક્ષા થાય એવો ગુનો શાબીત થયો હોય તેઓની ઉપર બીજો કોઇ બીજો ગુનો શાબીત થાયતો તેઓને શીક્ષા.

૭૫. જે શખસની ઉપર એવો કોઇ ગુનોહ શાબીત થયો હોય કે જેને માટે આ કાયદાના ૧૨ મા અથવા બાબ ૧૭ મા મુજબ ત્રણ વરસ અથવા તેથી વધારે મુદતના બેમાંના ગમે તે પ્રકારની કેદના શીક્ષા થઇ શકે, તે સખસ ફરીથી એવો કોઇ ગુનોહ કરે કે જેને માટે તે બે બાબો માંહેના ગમેતે બાબ મુજબ ત્રણ વરસ અથવા તેથી વધારે મુદતની બેમાંના ગમેતે પ્રકારની કેદની શીક્ષા થઇ શકે; તો તે સખસ એવા પાછળના હરેક ગુન્હાને માટે જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાને, અથવાં એ પ્રમાણે ન બન્યું હોય તો તે ગુનાહને માટે જેટલી શીક્ષાને તે લાયક થાય તેથી બમણી શીક્ષાને, લાયક થશે; પરંતુ કોઇપણ બાબતમાં દશ વરસથી વધારે મુદતની કેદને તે લાયક થશે નહી.

ટીકા

બાબ ૧૨મા માં નીચે લખેલી કલમો વીરૂદ્ધના ગુન્હા છે. કલમ ૨૩૧ થી ૨૬૩ સુધીની સઘળી કલમો.

બાબ ૧૭ મામાં કલમ ૩૭૮ થી ૪૬૨ સુધી સઘળી કલમો વીરૂદ્ધ ગુના છે

બીજી વખત અથવા વારંવાર આ બને બાબ વીરૂદ્ધના ગુનો કરનારને સેસન કમીટ કરવાનો અધીકાર છે જુઓ ક્રીં૦ મો૦ કોડ કલમ ૩૭૭

તોહમત વાળાની ઉપર અગાઉ કાંઇ ગુન્હા સાબીત થયાનો ઠરાવ થયો હોય, અને જે શીક્ષા ઠરાવવાને કોરટને અધીકાર હોય તે શીક્ષા ઉપર અસર થવા સારૂ અગાઉ ગુન્હા સાબીત થયાના ઠરાવની વાત તથા તેની તારીખ, તથા જગા તોહમતનામામાં લખવા તેમ જકુર લખ્યો નહી હોય તો સજાનો હુકમ કરતાં પેહેલાં કોઇ પણ વખતે તે મજકુર વધારવાનો કોરટને અધીકાર છે પણ તે શીક્ષનો હુકમ કરયા પછી લખાય નહીં જુઓ ક્રીં૦ મો૦ કોડ કલમ ૨૨૧ નો પારેગ્રાફ ૬ ઠો.

આ કલમ પ્રમાણે કોઇ શખસ ફરી આવા ગુન્હા કરે ત્યારે તે ગુન્હો માજીસ્ત્રેટના અધીકારનો હોય તોપણ તે તોહમતવાળાને સેસન કમીટ કરવો જોઇએ મુંબાઇ હાઇકોરટ રીપોટ પ્રષ્ટ ૧૨૬

રેહેવાના ઘરમાંથી ચોરી કરવાના તોહમતમાં પીનનકોડ કલમ ૩૮૦ પ્રમાણે જડજે તોહમતવાળાને ચઉદ વરસની સજા કરી એવા કારણથી કે પીનનકોડ થતાં પેહેલાં ચોરીના

તોહમતમાં ૧૩ વખત પકડાઇ સજા પામ્યો હતો તેથી આ કલમ પ્રમાણે સજા કરી તે અપીલમાં ઠરાવ્યું કે પીનલકોડ પ્રમાણે પેશતર ગુનાની સજા મળેલી નથી માટે સાત વર્સની કાયમ રાખી બીજી રદ કરી, મુંબાઇ હાઇ કોરટ તા૦ ૧૮ સપટંબર સને ૧૮૬૭

બાબ ૪ થો.

સાધારણ અપવાદ.

જે કામકરવાનીજે સખસની ફરજ છે અથવા જે કરવાનો મહારી કાયદા પ્રમાણે ફરજછે એમ જે સખસ કાંઇ હકીકતનીભુલનેલીધે માને છે, તે સખસે કરેલુ તેકામ.

૭૬. જે સખસની જે વસ્તુ કરવાની કાયદા પ્રમાણે ફરજ છે અથવા કાયદાની કાંઇ ભુલના સબબથી નહી, પણ હકીકતની કાંઇ ભુલના સબબથી, જે શખસ શુદ્ધબુદ્ધિથી એમ માને છે કે એ વસ્તુ કરવાની માહારી કાયદા પ્રમાણે ફરજ છે, તે સખસ જો તે વસ્તુ કરે, તો તે ગુન્હો છે એમ સમજવું નહી.

દૃષ્ટાંત.

[અ) અ સોલજર, કાયદાના હુકમ મુજબ, પોતાના ઉપરી અમલદારના ફરમાવ્યાથી લોકોનાં એક ટોળા ઉપર બંદુકનો એક બાહાર કરે, તો અ એ કાંઇ ગુનોહ કીધો એમ સમજવુ નહી.

(બ) એક ઇનસાફની કોરટના અમલદાર અ ને તે કોરટે ય ને પકડવાનો હુકમ કર્યા ઉપરથી ઘટતી તજવીજ કરીને, ઝ ને ય માનીને તે ઝ ને પકડે, તો અ એ કાંઇ ગુન્હો કીધો એમ સમજવું નહી.

ટીકા.

દરેક સખસે કાયદાનો મતલબ જાણવો જોઇએ કેઇ સખસની ઉપર કાંઇ ગુન્હાનું તહોમત આવે ત્યારે તે શખસ એમ કહે કે હુ કાયદો જાણતો નથી. એટલા ઉપરથી તે છુટો શકે નહી, તે શખસ કાયદાથી અજાણ રહે તો તેમાં તે શખસનો વાંક છે, અને કાયદાની બેદરકારી વીના તેનાથી ગુનાહ થાય તો તે ગુનાહની શીક્ષાને લાયક થશેજ ન્યાયના અધીકારીઓએ પ્રથમથીજ ઠરાવેલુ છે કે, અમુક કામ કરવુ અથવા ન કરવુ, એવો હુકમ કાયદામાં ફરમાવ્યો હોય તે હુકમ દરેક સખસોએ જાણવો જોઇએ તે કાયદા નીચે પ્રમાણે છે.

૧ પેનલકોડ ફોજદારી શીક્ષાનો ધારો

૨ કરારનો કાયદો.

૩ મુદતનો કાયદો. ૪ રજીષ્ટરનો કાયદો.

૫ સ્ટાંપ સંબંધી કાયદો.

એ વિગરે જે કાયદામાં તે કાયદા બાંધનાર મુખ્ય અધીકારીઓએ જે ફરમાન કર્યું હોય તે જાણવાની દરેક માણસની ફરજ છે.

કાયદાની ભુલથી નહી પણ હકીકતની ભુલથી કોઇ સખસ કાંઇ કામ વગર કપટે કરે તે ગુન્હામાં દાખલ થાય નહી.

અમુક અધીકારીએ અમુક અમલદારને અમુક સખસને પકડવાનું વારંટ આપ્યુ હોયુ

અને તે વારંટ બજાવનાર અમલદાર, અમુક સખસની બદલે, તે એજ છે એમ અજાણથી બીજા સખસને પકડે તો તે પકડનાર સખસ ગુનેહેગાર ઠરી શકે નહી પણ તેણે બીજા સખસને પકડયો તે કાંઇ ખાનગી દ્વેશ વીના શુદ્ધબુદ્ધીથી અજાણપણે પકડેલો હોવો જોઇએ; નહીંતો નહી.

ઇનસાફનું કામ કતાં કરેલુ જડજનુ કામ.

૭૭. જે અખત્યાર જે જડજને કાયદાએ આપેલો છે, અથવા જે જડજ શુદ્ધબુદ્ધીથી એમ માને છે કે આ અખત્યાર મને કાયદાએ આપેલો છે, તેવો કોઇ અખત્યાર અમલમાં લાવતાં તે જડજ ઇનસાફનુ કામ કરવામાં જે વસ્તુ કરે, તે ગુન્હોછે એમ સમજવુ નહી

ટીકા.

કેઇ પણ જડજ ઇનસાફનું કામ કાયદાસર કરતાં કાંઇ વસ્તુ શુદ્ધબુદ્ધીથી કરે તે ગુન્હો છે એમ સમજવું નહી, પણ જો તે જડજ જાણી જોઇને તથા પોતાના અજ્ઞાનતાથી, ગફલતથી કાંઇ કામ કરે તો તેથી તેનો બચાવ આ કલમ પ્રમાણે થઇ શકે નહી વળી કોઇ પણ માજીસ્ત્રેટ પોતાના અધીકાર શીવાય કામ કરે અગર કાંઇ ગુનાંની પોતાને ખરી ખબર મળ્યા વગર કોઇ શખસને પકડવાનું વારંટ કાહાડે વળી સાહેદાને હેરાન કરવાના ઇરાદાથી જોઇએ તે કરતાં વધારે વખત રોકી રાખે તો તે બાબત સદરહુ માજીસ્ત્રેટ જવાબદાર છે.

અમુક કામ પોતાની પાસે ચાલતી વખત ફરીઆદીને એમ કહે કે આ કામનુ રાજીનામુ તુ આપ્ય નહીંતો હુ તને સજા કરીશ એવુ કહી કોઇ માજીસ્ત્રેટ કોઇ શખસને કેદ કરે અથવા થોડી વખત પણ અટકાવી રાખે અગર ધમકી આપે તો તે માજીસ્ત્રેટની ઉપર ફરીઆદ થઇ શકે.

ઉપર કહેલા જજો અથવા માજીસ્ત્રેટોની ઉપર તેના હોદ્દા ઉપર છતે કરેલા કૃત્યો માટે કાંઇ ફરીઆદ કરવી હોય તો સરકારની મંજુરી વગર તે ફરીઆદ કોઇ કોરટે સાંભળવી નહીં ક્રી૦ પ્રો૦ કોડ કલમ ૧૯૭.

કોઇ ઇનસાફી કોરટના ફેંસલાઅથવા હુકમ મુજબકરેલું કામ.

૭૮ કોઇ ઇનસાફની કોરટનો ફેંસલો અથવા હુકમ કાયમ હોય, તે દરમિયાનમાં તે ફેંસલા અથવા હુકમ મુજબ કરેલા કાંઇ વસ્તુ અથવા તે ફેંસલા અથવા હુકમથી થઇ શકે એવી કાંઇ વસ્તુ ગુનોહ છે એમ સમજવું નહીં પછી તે ફેંસલો અથવા હુકમ કરવાનો તે કોરટનો અધીકાર ન હોય તેની કાંય ચીંતા નહીં પરંતુ તે કામ કરનાર શખશે શુદ્ધ બુદ્ધિથી એમ માનવું જોઇએ કે તે કોરટને તે અધિકાર છે.

ટીકા.

કોઇપણ ઇનસાફની કોરટના હુકમથી અગર ફેંસલા ઉપરથી ફરમાવ્યા મુજબ કોઇ શખસ કાંઇ કૃત કરે તો તે કૃત વ્યાજબી કીવા ગેરવ્યાજબી હાય તો પણ તેથી તે ગુન્હેગાર થતાનથી કદી ફરમા ન કરનારી કોરટનો અખત્યાર ફરમા ન કરયા મુજબ હોય. કે ન હોયતેની ચીંતા નહીં પણ તે હુકમ મુજબ ચાલનાર શખસ પોતાની શુધબુદ્ધીથી તે હુકમ માન્ય કરયો છે એમ હોય તો તે કૃત્યને માટે તે જુવાબદાર નથી.

જે કામ કરવાની જે શખસને કદાપી રજા છે, અથવા જે કરવાની મને કાય

૭૯. જે શખસને જે વસ્તુ કરવાની કાયદાથી રજા છે, અથવા કાયદાની કાંઇ ભુલના સબબથી નહી, પણ હકીકતની કાંઇ ભુલના સબબથી જે શખસ શુદ્ધબુદ્ધીથી એમ માને છે કે એ વસ્તુ કરવાની મને કાયદાથી રજા છે તે સખસ જો તે વસ્તુ કરે, તો તે

દાથી રજા છે એમ જે શખસ કાંઇ હકીકતની ભુલને લીધે માને છે. તે શખસે કરેલું તે કામ. ગુન્હો છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંત.

ઝ ખુન કરે છે એવું સમજીને અ ઝ ને પકડે, હવે ખુન કરનારાઓને ખુન કરતાં પકડવાનો અખત્યાર કાયદાએ સઘળા સખસોને આપ્યો છે તે અખત્યાર પોતાની અક્કલ શુદ્ધબુદ્ધિથી ચમાવીને અમલમાં લાવતાં અ ઝ ને પકડે, એવા હેતુથી કે તેને યોગ્ય અમલદારની આગળ હાજર કરવો, તો અ એ કાંઇ ગુન્હો કર્યો એમ સમજવું નહી। પછી એમ માલમ પડે કે ઝ પોતાના બચાવમાં કાંઇ કામ કરતો હતો, તો પણ.

ટીકા.

કાયદાથી અમુક કામ કરવાની મને રજા છે એવુ જાણીને કાંઇ કામ કરે તો એ ગુન્હો નથી, એટલે કોઇ માણસને જે કામ કરવાને કાયદે અખત્યાર આપ્યો છે તેનો તે કામ કરવાનો હક્ક છે અને જે કાયદાસર હક્ક હોય તે કરેલું કામ અમલમાં લાવતાં ગુન્હો નથી, પણ જો તે કામ કરતાં કાયદાના નહી પણ હકીકતના ભુલ શુદ્ધબુદ્ધાથી તે શખસ કરે તોજ ગુન્હો નથી.

વગર વારંટે પકડવાને સારૂ કેટલે દરજ્જે સુધી ભારે જુલમ વાપરવો તે બાબત કલકત્તાની હાઇકોરટ નીચે પ્રમાણે લખે છે,

એક કામમાં તે કામના કાગળો અને જજમેંટ ઉપરથી હાઇકોરટને એમ માલમ પડ્યું કે. કેદી ફરીયાદીને ચોર જાણીને ચોકીદાર તરીકે પકડવાને બંધાએલો હતો, જો ફરીયાદીને ચોર માનવામાં ભુલ હોય તે તે હકીકતની ભુલ છે, પણ કાયદાની ભુલ નથી તથા કેદીને હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૭૬ તથા ૭૯ માં જે ઠરાવ છે તેનો લાભ મળવો જોઇએ માટે કેદીએ મારામારીનો ગુન્હો કર્યો છે એમ ઠરાવાં શકાતું નથી.—આ કામમાં મુળ માજીસ્ત્રેટે એમ ઠરાવ્યું છે કે કેદીએ ફરીયાદીને વગર કારણે ઘાયલ કર્યો છે; પણ જડજસાહેબના ઠરાવ પ્રમાણે એમ શાબીત થયુ છે કે, ફરીયાદી મરણીયો થઇને સામો થયો અને તેને નાશી જવાનો યત્ન કર્યો તેથી કેદી એમ માનતો હતો કે જો તે નાશી જશે તો તે બાબત હું જવાબદાર થઇશ એવી સમજથી તેને પકડવાનો બીજો ઇલાજ માલમ નહી પડવાથી કેદીએ ભાલાથી ફરીયાદીને ઘાયલ કર્યો પરંતુ ઘા એવો પ્રાણઘાત ન હતો કે તેથી ફરીયાદીનો જીવ જાય, આવી હકીકત છે ત્યારે ફરીયાદીએ કાંઇ ગુન્હો કર્યો એમ ઠરાવી શકાતું નથી અને ભટકતા ચોરોને પકડવાને જ્યારે તેને બીજો કાંઇ ઇલાજ સુજ્યો નહી ત્યારે પોતાની જવાબદારી ઉતારવાને જરૂરીઆત જોર જુલમ વાપરવાને તેણે વ્યાજબી કર્યું છે, મરણીયા ચોરોને પકડવા માટે ઘા કર્યા શીવાય બીજો કંઇ ઇલાજ હતો નહી તેમ છતાં જો કેદીને શીક્ષા કરવામાં આવે તો પછી આ ફરીયાદીની માફક જે ચોર નાશી જવાનું યત્ન કરશે તેઓ પકડાવાના નથી, રાણી વિરૂદ્ધ પ્રતાપ, ૨ વુ. રી. પાનુ ૯

એક પોલીસ અમલદારે પોતાના ઉપરીને, ફરીયાદીનો મુચલકો લેવો કે નહી તે પુછ્યું દરમિયાન ફરીયાદીને કેદ રાખ્યો, એમાં એમ ઠરાવવામાં આવ્યું કે આ કેદ કાંઇ બુરા

બી કારણ શીવાયની હતી, પરંતુ એમ માલુમ પડયું કે, તેણે પોતાના અખ્ત્યાર ઉપરાંત પણ શુદ્ધબુદ્ધીથી કામ કરયું હતું માટે નામદાર હાઈકોરટે ઠરાવ્યું કે હકીકતપરથી ગેર વ્યાજબી અટકાવનો ગુન્હો થઇ શકતો નથી સબબ તેમાં કાંઈ બદદ્યાનત નોહોતો. ૨૪ વુ૦ રી૦ ૫૧.

એક કામમાં એક પોલીસ અમલદારે એક શખસને ગેરવ્યાજબી કેદ કરયો તે બાબત તેને શીક્ષા થઇ, અપીલમાં હાઇકોરટે એમ ઠરાવ્યુ કે ક્રી૦ પ્રો૦ કોડ કલમ ૬૧ મુજબ પોલીસ અમલદારને કેઇ શખસને ચોવીસ કલાક કરતાં વધારે વખત પેહેરામાં રાખવાનો અખત્યાર નથી એટલુજ નહી પણ કેસની હકીકત ઉપરથી કાંઇ વ્યાજબી કારણ ન હોય તો એક કલાક પણ પેહેરામાં રાખવાનો અખ્ત્યાર નથી, પોલીસ અમલદારે કેઇ શખશને કેટલા વખત સુધી ગેરવ્યાજબી કેદ રાખ્યો તેથી તે ગુન્હાની શીક્ષા ઠરાવવા જરૂરની છે. ૬ વુ૦ રી૦ ૮૮

ગામના લોકો પોલીસના હુકમથી કોઈ શખસને પકડે તો તેને પોલીસે પકડ્યા બરોબર છે એમ સમજવું જોઈએ. વી૦ રી૦ પાનુ ૩૩.

કાંઇ કાયદેસર કામ કરતાં ઈતેફાક.

૮૦ કાંઇ કાયદેસરકામ, કાયદેસર રીતે, કાયદેસર ઉપાયોથી તથા ઘટતી સંભાળ અને ખબડદારીથી, કરતાં ઇતેફાક અથવા કમનસીબથી અને સામાન્ય ઇરાદા કે જ્ઞાન વીના થએલી કાંઇ વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંત.

અ એક કુહાડો લઇને મજુરીનુ કામ કરેછે, એટલામાં તેનું માથુ હાથામાંથી જુદુ થઇને ઉડીને પાસે ઉભેલા એક માણસને લાગોને તે માણસ મરી જાય, તો એ ઠેકાણે જો બરાબર ખબરદારી રાખવામાં અ ની તરફની કાંઇ કસુર ન હોય, તો અ નુ કામ માફ કરવા જેવું છે, ગુનાહ નથી એમ સમજવું.

ટીકા

આ કલમ પ્રમાણે લાભ લેનાર સખસના કેશની હકીકત નીચે પ્રમાણે જોઇએ.

૧ જે કામ કરતો હોય તે કાયદેસર હતું.—૨ કાયદાસર રીતે કરતો હતો,

૩ કાયદાસર ઉપાયથી તથા ઘટીત સંભાળ અને ખબડદારીથી તે કરતો હતો.

૪ થએલું કૃત્ય અકસ્માત અથવા કમનસીબથી અને સામાન્ય ઇરાદા કે જ્ઞાન વગર થયું છે.

ઉપરની હકીકત શાબીત ન થાય તો આ કલમનો લાભ તોહમતવાળાને મળી શકે નહી

જે કામથી હાની થાય એવો સંભવ હોય તેકામ, ગુનાહના ઇરાદાવગર,તથા બીજી હાનીઅ અટકાવવાને કરેલું

૮૧. જો કાંઇ વસ્તુ હાની કરવાના સામાન્ય ઇરાદા વગર, તથા શુદ્ધબુદ્ધીથી શરીર અથવા મીલકતને થતી બીજી હાની અટકાવવાને અથવા તેથી તે બચાવવાને,કરી હોય, તો ત વસ્તુથી હાની થશે એવો સંભવ છે એમ જાણીને તે વસ્તુ કીધી એટલાજ સબબપરથી તે ગુન્હો છે એમ સમજવુ નહી.

ખુલાસો—એવી બાબતમાં તે અટકાવવાની અથવા જેથી બચાવ કરવાનો તે હાની એવી તરેહની તથા એટલીજ નજદીકની હતી કે જે કામથી બીજી હાની થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તે કામનું જોખમ માંથે લેવું એ કાયદેસર અથવા માફ કરવા જેવું ગણાય, એ હકીકતની બાબત છે.

દ્રષ્ટાંત.

(અ) એક આગબોટના કપતાન અને, એકાએક, તથા પોતાની તરફની કાંઇ ભુલ અથવા ગફલત વીના, એમ દીઠામાં આવે કે હું એવી સ્થાતીમાં આવી પડયો છું કે જો હું માહારા વાહાણનો મારગ બદલું નહી તો તેને હું અટકાવી શકુ તે પેહેલાં, ૨૦ અથવા ૩૦ ઉતારૂવાળી એક બ. હોડીને એ વાહાણ લાગીને જરૂર નીચે બેસાડી દેશે, અને જો હું મારગ બદલુ તો માત્ર ૨. ઉતારૂવાળી એક ક, હોડી નીચે બેસાડી દેવાનું જોખમ માંથે લેવું પડે, અને તે હેડા એવી છે કે બને તો બચી પણ શકે, હવે એ ઠેકાણે ક, હોડી નીચે બેસાડી દેવાના ઇરાદા વગર, તથા શુદ્ધબુદ્ધીથી બ, હેડી માંહેના ઉતારૂઓને બચાવવાના હેતુથી, જો અ. પોતાનો મારગ બદલે, તો, જે કામ કરેથી ક. હોડી નીચે બેશી જશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તે કામ કરેથી ક. હોડી નીચે બેશી જાય તોપણ અ, એ કાંઇ ગુન્હો કીધો એમ સમજવું નહી, પરંતુ હકીકતની બાબત દાખલ એમ માલમ પડવું જોઇએ કે જે ભયમાંથી બચવાનો તેણે ઇરાદો કરયો તે એટલો મોહેટો હતો કે, તેને લીધે તેને ક. હોડી નીચે બેસાડી દેવાનુ જોખમ માથે લીધુ તે માફ થઇ શકે.

(બ) એક મોહોટી આગમાં અ; લોકોનાં ઘરો તોડી પાડે, એટલા સારૂ કે તે આગ પથરાતી અટકે; અને એ કામ તે શુદ્ધબુદ્ધીથી, માણસના જીંદગી અથવા મીલકત બચાવવાના ઇરાદાથી કરે, તો એ ઠેકાણે જો એવું માલમ પડે કે અટકાવવાની હાની એવી તરેહની તથા એટલી નજદીકની હતી કે તેથી અનુ કામ માફ થાય તો, અ. એ ગુન્હો કીધો એમ સમજવુ નહી.

ટીકા

જે હાની અટકાવવાને સામાંન્ય ઇરાદા વગર તથા શુદ્ધબુધીથી બીજી હાની કરી હોય તો તેઓને જવાબદાર નહી ગણવા માટેની આ કલમ છે, જે હાની કરી હોયતે એટલી નજદીકની હોય તથા તથા એવાજ પ્રકારની હોય કે તે કરયા વગર ચાલે નહી એવું હોય ત્યારેજ તહોમતદારને આ કલમ પ્રમાણે લાભ મળી શકે.

એક વાહાંણ ભાગી પડે અને તેના પાટીયા ઉપર ચાર માણસ રહી જાય, પછી તે પાટીયું આઘુ ચાલે તે વખત તે ચાર માણસનો ભાર ખમી શકે તેમ ન હોય તથા તે ચારે માણસ ડુબીમરે તેવું હોયતે તેવખત જેઓ મજબુત માણસ હોય તે બીજા નબળાને દરીયામાં નાંખી દે તો તે આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરી શકે નહી.

કોઇ શખસ એમ કહે કે અમે ભુખે મરીએ છીએ, તેથી ચોરી કરીએ છીએ એવું બાનું બતાવી આ કલમનો લાભ લઇ શકે નહી.

એક તાડ વાળાની તાડીમાંથી એક શખસ હમેશ તાડી ચોરી જતો તે ચોરને પકડવા માટે તે તાડીવાળે તાડીના ઠામમાં કાંઇ એવી હાની કરતાં ચીજ મુકી, તે તાડી જે ચોર ચોરી કરતો તે ચોરીને લઇ ગયો અને તેણે બીજાને વેચાતી આપી તે લેનાર શખસે પીધી તેથી તેને હરકત થઇ તે કામમાં ઠરાવવામાં આવ્યુ કે' તાડીવાળાને આ કલમનો લાભ મળી શકતો નથી. રાણી વિરૂદ્ધ ધનીઆ. વા૦ ૫ મુ૦ હા૦ રી૦ પ્રષ્ટ ૫૯ ફોજદારી.

૭ વર્સથી ઓછી ઉમરના બાળકે કરેલુ કામ;

૮૨ સાત વર્સથી ઓછી ઉમરના બાળકે કરેલા કાંઇપણ વસ્તુ ગુન્હોહ છે એમ સમજવુ નહી.

૭વર્સથી વધારેઅ નેબારવર્સથીઓછી ઉમરનુ બાળક જેની અક્કલ જોઇએ એટલી પુખ્ત થઇ નથી તેનુ કામ.

૮૩ સાત વર્સથી વધારે અને બાર વર્સથી ઓછી ઉમરનુ બાળક જેની અક્કલ તે વખતે પોતાની ચાલ કેવી છે તથા તેથી શુ પરીણામ થશે એ બાબત વિચાર કરી શકે એટલી પુખ્ત થઇ નથી; તેણે કરેલી કાંઇ પણ વસ્તુ ગુન્હો છે એમ સમજવુ નહીં,

દીવાના શખસનુ કામ.

૮૪ જે શખસ કાંઇ કામ કરતી વખતે દીવાનગીના સબબથી, હું કેવી રીતનુ કામ કરૂંછું એ, અથવા જે કામ હું કરૂંછુ તે ખોટું છે અથવા કાયદાથી ઉલટુ છે એવું જાણી શકતો નથી તેનુ કતે કામ ગુન્હો છે એમ સમજવું નહીં

ટીકા

કોઇ પણ મુકદમાની ચોકશી અથવા ઇનસાફ કરતાં માજીસ્ત્રેટને એમ માલુમ પડેકે તહોમતવાળો શખસ ગાંડો છે, તો તે બાબત સદરહુ માજીસ્ત્રેટે ચોકશી કરવી, અને તે જીલ્લાના શીવીલસરજન પાસે અથવા સ્થનીક સરકાર ફરમાવે એવા બીજા કોઇ વઇધક અમલદાર પાસે તે શખસની પરિક્ષા કરાવવી, અને તે ઉપરથી સદરહુ તપાસનાર વઇધક અમલદારની સાહેદ દાખલ જબાનિ લખી લેવી,

તહોમતવાળો ગાંડો છે અને તેથી કરીને તે પોતાનો જવાબ દેવાને અશક્ત છે એવો સદરહુ માજીસ્ત્રેટનો મત થાય તો તેણે તે મુકદમો આગળ ચલાવવાનુ મુલતવી રાખવુ.

દિવાના શખસનિ બાબત વધારે હકીકત ક્રીમિનલ પ્રોસિજર કોડ બા ૩૪ મો જુઓ, કલમ ૪૬૪ થી ૪૭૨

પોતાની ખુશી ન છતાં થએલીકેફના સબબથી જે શખસ વીચાર કરવાને અશક્ત થયો છેતેનુ કામ.

૮૫ જે શખસ કાંઇ કામ કરતી વખતે કેફના સબબથી હું કેવી રીતનુ કામ કરૂ છું એ, અથવા હું જે કામ કરૂ છું તે ખોટુ છે અથવા કાયદાથી ઉલટુ છે એવું જાણી શકતો નથી તેનું કરેલું તે કામ ગુન્હો છે એમ સમજવું નહીં પણ જે વસ્તુથી તેને કેફ ચહડી તે વસ્તુ તે ન જાણે એમ અથવા તેની ખુશી ન છતાં તેને ખવાડી હોય તો.

ટીકા

પોતાના અજાણ પણાથી કોઇ શખસ કાંઇ કેફિ ચિજ ખવરાવી જાય, તે કેફ વ્યાપ્યાથી કેફનાજ સબબથી તે શખસ કાંઇ ગુન્હો કરે તો તે ગુન્હાને માટે તે શખસ જવાબદાર નથી પણ કેફ પોતાની ખુશીથી કરીને કાંઇ ગુન્હો કરે, તો તેને આ કલમનો લાભ મળી શકતો નથી કેમકે તે કેફ તેને પોતાનિ ખુશીથી કરી હતી,

જે ગુન્હામાં અમુક ઇરાદો અથવા જ્ઞાન જોઇતુ હોય, તે ગુનાહ જેને કેફ ચહડી હોય એવા માણસે કરેલો.

૭૬ જે જે બાબતોમાં કાંઇ કામ અમુક જ્ઞાન અથવા ઇરાદાથી કરયું ન હોય તો તે ગુન્હો ન ગણાય એવુ હોય તે તે બાબતોમાં જે સખસ કેફની હાલતમા હોઇને તે કામ કરે તે શખસની ઉપર જાણે તેને કેફ ન ચહડી હોતતો જે જ્ઞાન તેને હોત તેજ જ્ઞાન તેને હતું એમ સમજીનેજ અમલ થવાને તે લાયક થશે; પણ જે વસ્તુથી તેને કેફ ચહડી તે વસ્તુ તે ન જાણે એમ અથવા તેની ખુશી ન છતાં તેને ખવડાવી ન હોય તો.

જે કામથી મોત

૮૭. જે વસ્તુથી મોત અથવા મહા વ્યથા કરવાનો ઇરાદો કરયો

અથવા મહાવ્યથા કરવાનો ઇરાદો કરયો નથી, અથવા તે થશે એવો સંભવ જાણ્યામાં નથી, એવું કામ રજામંદીથી કરેલું.

નથી, અને જેથી મોત અથવા મહાવ્યથા થશે એવો સંભવ છે એમ તેહેનો કરનાર જાણતો નથી, તે વસ્તુ કરવાથી, થતી હાની ખમવાની જે શખસે સાફ રીતે અથવા અર્થાંત સમજાય એવી રીતે રજામંદી આપી હોય એવા અઢાર વર્ષથી વધારે ઉમરના કોઇ શખસને કાંઇ હાની થાય અથવા કાંઇ હાની કરવાનો તે વસ્તુ કરનારે ઇરાદો કરયો હોય, તે હાનીના સબબથી, અથવા એવા જે ખખસે તે હાનીનું જોખમ માથે લેવાની રજામંદી આપી હોય તે સખસને તે વસ્તુથી કાંઇ હાની થશે એવો સંભવ છે એમ તે વસ્તુ કરનાર જાણતો હોય, તે હાનીના સબબથી, તે વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંત.

અ તથા **ઝ** અમથા રમતને સારૂ એક બીજા સાથે પટો ખેલવાનું કબુલ કરે, તો, એ કબુલતમાં અરથાંત હરએકની એવી રજામંદી સમજાય છે કે, વગર દગલબાજી એ તે પટો ખેલતાં જે હાની થાય તે ખમવી; હવે **અ** થી વ્યાજબી રીતે ખેલતાં **ઝ** ને કાંઇ વ્યથા થાય, તો **અ** એ કાંઇ ગુન્હો કરયો એમ સમજવું નહી

ટીકા.

અમુક શખસને કાંઇ કૃત્ય કરવાને રજા આપતી વખત, રજા આપનાર શખસ એમ જાણતો નથી કે આ રજા આપવાથી મને કાંઇ હાની પડશે, અને તે હાની થયાનું જાણતો હોય તો રજા આપેજ નહી એ સાધારણ માધારણ માણસના સમજવામાં પણ હોય છે.

એક શાહુકાર શેહેરની બાહાર ગાડીમાં બેશીને ફરવા જાય છે, ત્યાં પોતાના ગાડી હાંકનાર ચાકરને એવી ફરમાશ કરે છે કે, તું ગાડી ખુબ જોસમાં દોડાવ્ય, તે મુજબ તે ગાડી હાંકનાર ચાકર ગાડી દોડાવે અને તેથી તે ગાડી ઉપલા પડવાથી તે શાહુકારને વ્યથા થાય અગર તે મરી જાય તો તેથી તે ગાડી હાંકનાર ગુન્હેગાર થાય નહી, પણ જો તે ગાડી હાંકનાર શખસ કાંઇ કપટથી પોતાના શેઠને એમ કેહે કે અહીંયાં ગાડી દોડાવાથી રમુજ પડશે એમ કહી જાણી જોઇને તે શેઠને નુકશાન કરવાના ઇરાદાથી ગાડી દોડાવતાં કાંઇ જોખમ લાગે તો તેથી કરી તે ગુન્હેગાર થઇ શકે છે, વળી તેના શેઠની મનાઇ છતાં તે કૃત્ય તે કરે તોપણ તે ગુન્હેગાર ઠરી શકે છે.

કોઇ શખસને કાંઇ કેફ ખવરાવી તેની પાસેથી કેફની હાલતમાં રજામંદી મેળવીને કરેલું કૃત્ય ગુન્હો થાય છે.

જે કામથી મોત થાય એવો ઇરાદો કરયો નથી, તેકામ રજામંદીથી તથા શુદ્ધબુદ્ધીથી કોઇ શખસના ફાયદા માટે કરેલું.

૮૮. જે વસ્તુથી મોત થાય એવો ઇરાદો કરયો નથી તે વસ્તુથી થતી હાની ખમવાની અથવા તે હાનીનું જોખમ માથે લેવાની જે શખસે, સાફ રીતે અથવા અર્થાત સમજાય એવી રીતે, રજામંદી આપી હોય, તે સખસના ફાયદાને માટે શુદ્ધબુદ્ધીથી તે કરવામાં તે શખસને કાંઇ હાની થાય, અથવા તેને કાંઇ હાની કરવાનો ઇરાદો તે કરનારે કરયો હોય, અથવા તેને તેથી કાંઇ હાની થશે એવો સંભવ છે એમ તે કરનારે જાણ્યું હોય, તે હાનીના સબબથી તે વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંત.

અમુક શસ્ત્ર ક્રિયા કરવાથી **ઝ** નું મોત થશે એવો સંભવ છે એમ જાણીને, પણ **ઝ** નું મોત આણવાનો ઇરાદો ન કરતાં અને **ઝ** કાંઇ દુખ કારક રોગથી

પીડા પામે છે તેને ફાયદો થાય એવા ઈરાદાથી, શુદ્ધબુદ્ધીએ ઝ ની રજામંદી લેઈને ઝ ની ઉપર તે શસ્ત્રક્રિયા અ ડાકતર કરે; તો અ એ કાંઇ ગુન્હો કરયો એમ સમજવું નહી.

કોઈ બાળકઅથવા દિવાનાનાફાયદામાટે,તેનાવાલીએઅથવા વાલીની રજામંદીથી બીજાશખસે શુદ્ધબુદ્ધીથી કરેલું કામ.

શરતો.

૮૯. કોઈ બાર વર્ષથી ઓછી ઉમરના અથવા દીવાના શખસના ફાયદાને માટે, તે શખસનો જે વાલી હોય અથવા જે બીજા શખસના કાયદેસર હવાલામાં તે શખસ હોય તે અથવા તેની સાફ રીતે અથવા અર્થાત સમજાય એવી રીતે રજામંદી લેઈને કોઈ બીજો શખસ, શુદ્ધબુદ્ધીથી, કાંઇ વસ્તુ કરે. અને તે વસ્તુથી તે સખસને કાંઇ હાની થાય અથવા તેને કાંઇ હાની કરવાનો ઈરાદો તે કરનારે કરયો હોય, અથવા તેને તેથી કાંઇ હાની થશે એવો સંભવ છે એમ તે કરનારે જાણ્યું હોય, તો તે હાનીના સબબથી તે વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહી; પરંતુ.

પેહેલી—ઈરાદાથી મોત આણવાને, અથવા મોત આણવાની કોશીશ કરવાને, આ અપવાદ લાગુ પડશે નહી.

બીજી—કાંઇ વસ્તુનો કરનાર શખસ એમ જાણતો હોય કે એથી મોત આવે એવો સંભવ છે, તે વસ્તુ મોત અથવા મહાવ્યથા અટકાવવાના, અથવા કાંઇ મોટો રોગ કે અશક્તતા દુર રવાના કારણથી કાંઇ બીજા કારણ માટે, તે શખસ કરે, તને આ અપવાદ લગુ પડશે નહી.

ત્રીજી=મોત અથવા મહાવ્યથા અટકાવવાનાં, અથવા કાંઇ મોટો રોગ કે અશકતતા દુર કરવાના, કારણ શિવાય બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવાને, અથવા મહાવ્યથા કરવાની કોશીશ કરવાને, આ અપવાદ લાગુ પડશે નહી.

ચોથી=જે ગુનાહ કરવાને આ અપવાદ લાગુ પડતો નથી તે ગુનાહ કરવામાં મદદગારી કરવાને પણ એ લાગુ પડશે નહી.

દ્રષ્ટાંત.

અ શુદ્ધબુદ્ધિથી. પોતાના બાળકના ફાયદાસારૂ પોતાના બાળકની રજામંદી શીવાય, તેની પથરી કઢાવવાને તેની જાંગ એક ડાકતર પાસે ચીરાવે, અને તે એમ જાણતો હોય કે એ શસ્ત્રક્રિયાથી એ બાળકનું મોત થશે એવો સંભવ છે, પણ તે બાળકનો જીવ જાય એવો તેનો ઈરાદો ન હોય, તો અ આ અપવાદમાં દાખલ થાય છે કેમકે તેહેની મતલબ પોતાના બાળકનો રોગ જાય એ છે.

દેહેશત અથવા ખોટી સમજથી અપાઈ એવી જાણેલી રજામંદી.

૯૦ કાંઇ નુકશાનની દેહેશતથી અથવા હકીકતની ખોટી સમજથી કાંઇ રજામંદી કોઈ શખસથી અપાઈ હોય, અને તે રજામંદી તેવી દેહેશતથી અથવા ખોટી સમજથી અપાઇ છે એમ તે કામ કરનાર શખસ જાણતો હોય, અથવા એમ માનવનું તેને કારણ હોય, અથવા,

બાળક અથવા દીવાના શખસની રજામંદી.

જે શખસ દીવાનગી અથવા કેફના સબબથી જે કામ બાબત પોતાની રજામંદી આપતો હોય તે કામ કેવી તરેહનું છે તથા તેનો પરીણામ કેવો થશે એમ સમજવાને અશક્ત હોય એવા શખસે રજામંદી આપી હોય. અથવા વાક્ય સમંધી એથી ઉલટું ન દેખાય તો, બાર વરસથી ઓછી ઉમરના કોઇ શખસે રજામંદી આપી હોય, તો તે ર

જામંદીને આ કાયદાની કોઇ પણ કલમમાં લખેલી રજામંદી જેવી સમજવી નહીં.

રજામંદી આપના૨ શખ્સને થનારી હાનીના સબંધ વિના પણ જે કામો ગુન્હો છે. તે કામોને ૮૭ ૮૮ તથા ૮૯ મી કલમો માંહેલા અપવાદો લાગુ પડતા નથી.

૯૧. જે શખ્સ રજામંદી આપતો હોય, અથવા જેની વતી રજામંદી આપી હોય, તે શખ્સને તે હાની થાય અથવા જે હાની કરવાનો ઇરાદો થયો હોય, અથવા જે હાની થશે એવો સંભવ છે એમ જાણવામાં આવ્યું હોય, તે હાનીના સબંધ વિના પણ જે કામો ગુન્હા છે, તે કામોને ૮૭, ૮૮ તથા ૮૯ મી કલમોમાંના અપવાદો લાગુ પડતા નથી.

દ્રષ્ટાંતો.

(શુધબુધીએ કાંઇ સ્ત્રીનો જીવ બચાવવાના હેતુથી ન કરયો હોય, તો] તે સ્ત્રીને તેથી કાંઇ હાની થાય અથવા કાંઇ હાની કરવાનો ઇરાદો કરયો હોય તે હાનીના સબધ વીના પણ, ગર્ભપાત કરવો એ ગુન્હો છે. માટે "તે હાનીના સબબથી" કાંઇ તે ગુન્હો નથી; અને તે સ્ત્રી અથવા તેના વાલીની રજામંદી લઇને તેનો ગર્ભાપાત કરયો હોય તો તે રજામંદીથી તે કામ ગુન્હો નહી એમ થતુ નથી.

કોઇ સખ્સની વગર રજામંદીએ તેના ફાયદાસારૂ શુધબુધીએ કરેલુ કામ.

૯૨. જે શખ્સના ફાયદા સારૂ કાંઇ વસ્તુ કરવી છે તે એવી હાલતમા આવી પડયો હોય કે તેથી રજામંદી બતાવી શકાતી ન હોય, અને કોઇ વાલી અથવા તેને કાયદેસર હવાલામાં રાખનારો કોઇ બીજો શખસ ન હોય કે તે વસ્તુ કરેથી ફાયદો થાય એ રો વખતસર તેની રજામંદી મેળવી શકાય, તો તેવી વેળાએ, શુધબુધીથી તે શખ્સના ફાયદાને સારૂ તેની રજામદી વગર કાઇ વસ્તુ કરી હોય તે, તેથી તે સખ્સને કાંઇ હાની થાય તે હાનીના સબબથી, ગુન્હો છે એમ સમજવું નહી. પરંતુ—

શરતો

પેહેલી ઇરાદાથી મોત આણવાને, અથવા મોત આણવાનો કોશીશ કરવાને, આ અપવાદ લાગુ પડશે નહી.

બીજી—કાંઇ વસ્તુનો કરનાર શખ્સ એમ જાણતો હોય કે એથી મોત આવે એવો સંભવ છે. તે વસ્તુ મોત અથવા મહાવ્યથા અટકાવવાના અથવા કાંઇ મોટો રોગ કે અશક્તતા દૂર કરવાનાં કારણથી કાંઇ બીજા કારણ માટે તે શખસ કરે, તેને આ અપવાદ લાગુ પડશે નહી.

ત્રીજી=મોત અથવા વ્યથા અટકાવવાના કારણથી કાંઇ બીજા કારણ માટે બુધ્ધિપુર્વક વ્યથા કરવાને અથવા વ્યથા કરવાની કોશીશ કરવાને, આ અપવાદ લાગુ પડશે નહી,

ચોથી—જે ગુન્હો કરવાને આ અપવાદ લાગુ પડતો નથી, તે ગુન્હો કરવામાં મદદગારી કરવાને પણ એ લાગુ પડશે નહી.

દ્રષ્ટાંત.

(અ] ઝ. પોતાના ઘોડાપરથી પડીને બેહોશ થઇ જાય, અને તેવામાં અ, ડાકતર ત્યાંહાં આવી પોહોચે ને તેના વિચારમાં એમ આવે કે ઝ, ની ખોપરી કાપવી જોઇએ. પછી ઝ, ને વિચાર કરવાની શક્તી પાછી આવતાં પેહેલાં અગર અ. ઝનુ મોત આણવાના ઇરાદાથી નહી પણ શુધબુધીથી, ઝ, ના ફાયદાને માટે ઝ,

ની ઓપરી કાપે, તો અ. એ કાંઇ ગુન્હો કરયો એમ સમજવું નહી.

(બ) ઝ, ને એક વાઘ લેઇ જાય છે તે જોઇને અ. તે વાઘને તાકીને ગોળી મારે; અને તે ગોળીથી ઝ, નો જીવ જાય એવો સંભવ છે એમ જાણીને, પણ ઝ, નો જીવ લેવાના ઇરાદાથી નહી, અને શુદ્ધબુદ્ધિએ ઝ, ને ફાયદો કરવાના ઇરાદાથી તે ગોળી મારે અને તેની ગોળીથી ઝ, ને તેનો જીવ જાય એવું જખમ લાગે, તો અ. એ કાંઇ ગુન્હો કરયો એમ સમજવું નહી.

(ક) એક બાળક એકાએક એવી આફતમાં આવી પડે, કે તેની ઉપર તુરત કાંઇ શસ્ત્રક્રિયા ન થાયતો તેનો જીવ જાય એવો સંભવ હોય, અને તે બાળકના વાલીની રજા લેવાની વેળા ન હોય, એવી હાલત જોઇને તે બાળકના કાલાવાલાપર નજર ન રાખતાં શુદ્ધબુદ્ધિએ, તે બાળકના ફાયદાને માટે અ. દાકતર તે શસ્ત્રક્રિયા કરે. તો અએ કાંઇ ગુન્હો કરયો એમ સમજવું નહી.

(ડ) એક ઘરને આગ લાગી છે. તે ઘરમાં અ, છે તથા ઝ, એક બાળક છે. એવામાં લોક નીચેથી એક ચાદર પેહોળી કરીને પકડી રહે, અને અ. તે બાળકને તે ઘરના છાપરાપરથી નીચે નાંખે, એવું જાણીને કે નીચે પડેથી એ બાળકનો જીવ જાય એવો સંભવ છે, પણ તે બાળકનો જીવ લેવો એવો તેનો ઇરાદો ન હોય અને શુદ્ધબુદ્ધીએ તે બાળકને ફાયદો કરવાનો ઇરાદો તેણે કરયો હોય, તો એ ઠેકાણે અગર પડવાથી તે બાળકનો જીવ જાય તોપણ, અ. એ કાંઇ ગુન્હો કરયો એમ સમજવું નહી.

ખુલ્લાસો—ફકત પઇસાની તરફનો ફાયદો થતો હોય તેને ૮૮, ૮૯ તથા ૯૨ મી કલમોના અર્થ પ્રમાણેનો ફાયદો સમજવો નહી.

શુદ્ધબુદ્ધિએ કાંઇ કહેવું.

૯૩. કેઇ શખસના ફાયદાને સારૂ તેને સુદ્ધબુદ્ધિએ કાંઇ કહેવામાં આવે, અને તેથી તે શખસને કાંઇ હાની થાય, તો તે હાનીના સબબથી તે કેહેવું ગુન્હો છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંત.

એક માંદા માણસને તેનો દાકતર અ. શુદ્ધબુદ્ધિએ પોતાનો અભિપ્રાય કહે કે તું જીવી શકવાનો નથી, અને તે હબકથી તે માંદો માણસ મરી જાય તો અગર અને ખબર હતી કે એ પ્રમાણે કેહેવાથી તે માંદા માણસનું મોત થાય એવો સંભવ છે તોપણ, અ, એ કાંઇ ગુન્હો કરયો એમ સમજવું નહી.

જે કામ કોઇ સખસને ડરથી કરવું પડે.

૯૪. ખુન તથા રાજ્ય વિરૂદ્ધ જે ગુન્હાઓને માટે મોતની શીક્ષા ઠરાવેલી છે તે ગુન્હાઓ શીવાય, જે કામ કોઇ શખસને કાંઇ ધમકીને લીધે કરવું પડે અને તે ધમકી એવી હોય કે જેથી તે કામ કરતી વેળાએ તે શખસના મનમાં કારણસર એવી દેહેસત પેદા થાય કે જો હું એ કામ નહી કરીશ તો મારૂ તત્કાલિક મોત થશે, તો તે કામ ગુન્હો છે એમ સમજવું નહી; પણ તે કામ કરનાર શખસ પોતાની ખુશીથી અથવા પોતાને તાત્કાલિક મોત કરતાં કાંઇ ઓછી હાનીના કારણસર દેહેશતથી એવી હાલતમાં પોતે આવ્યો હોય કે તેથી તેની ઉપર તે દાબ થયો હોય એમ ન થવું જોઇએ.

ખુલાસો ૧ લો—જે શખસ પોતાની ખુશીથી, અથવા માર મારવાની ધમકીના સબબથી, આ માણસો ડાકાઇટ છે એમ જાણીને, તે ડાકાઇટોની ટોળીમાં ભળે, અને પછી કાયદા મુજબ ગુન્હો હોય એવી કેઇ વસ્તુ તેના શોબતીઓના જોરથી તેને કરવી પડે

તો તેને અપવાદનો ફાયદો મળી શકતો નથી.

ખુલાસો ૨ જો—કોઇ શખસને ડાકાઇટની એક ટોળી પકડે, અને તેને તુરત મારી નાંખવાની ધમકી દેખાડીને કાયદા મુજબ ગુન્હો હોય એવી કાંઇ વસ્તુ તેની પાસે કરાવે, જેમકે કોઇ લુહાર પાસે તેના હથીયાર લેવડાવીને પોતે કોઇ ઘરમાં પેશીને તે લુટી લેવા સારૂ તે ઘરનાં બારણાં ઉઘડાવે, તો તેને આ અપવાદનો ફાયદો મળી શકે છે.

જુજ હાની થાય એવું કામ.

૯૫. કાંઇ વસ્તુથી કાંઇ હાની થાય અથવા કાંઇ હાની કરવાનો ઇરાદો કરયો હોય, અથવા કાંઇ હાની થશે એવો સંભવ જાણ્યામાં હોય, પણ તે હાની એટલી જુજ હોય કે સાધારણ સમજ તથા સ્વભાવનો કોઇ શખસ તે હાની બાબત ફરીયાદ કરે નહી, તો તે હાનીના સબબથી તે વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહી.

ખાનગી બચાવના હક બાબત.

ખાનગી બચાવમાં કરેલી કાંઇ પણ વસ્તુ ગુન્હો નથી.

૯૬. ખાનગી બચાવનો હક્ક અમલમાં લાવતાં કરેલી કાંઇ પણ વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહી.

શરીર તથા મીલકતના ખાનગી બચાવનો હક્ક.

૯૭. હરએક શખસને નીચે લખેલો બચાવ કરવાનો હક છે, પણ તે હકને ૯૯ મી કલમમાં લખેલી હદો લાગુ પડે છે:—

પેહેલો—શરીર સબંધી કોઇપણ ગુન્હાથી પોતાના અથવા બીજા કોઇ પણ શખસના શરીરનો બચાવ.

બીજો—ચોરી, અપહરણ, બીગાડ, અથવા સામાધ પ્રવેશ, એ ગુન્હાઓના લક્ષણોમાં દાખલ થઇ શકે એવો ગુન્હો જે કામ હોય, અથવા જે કામ ચોરી, અપહરણ, બીગાડ, અથવા સામાધ પ્રવેશ કરવાની કોશીશ હોય, તે, કામથી પોતાના અથવા બીજા કોઇ પણ શખસની સ્થાવર કે જંગમ મીલકતનો બચાવ.

ટીકા.

બંને બાજુ તરફથી હુલ્લડ કરવું આગળથી ધારી રાખ્યું હોય અને તે હુલ્લડમાં જે પરીણામ થાય તે ખાનગી બચાવનો હક થતો નથી, રાણી વિ. ઓરાવ અને બીજાઓ, વી૦ રી૦ ૭ પ્રષ્ઠ ૩૪ (ફોજદારી)

એક શખસે ખાનગી બચાવનો હક અમલમાં લાવતાં એક જણને મારી નાંખ્યો જેથી તેણે કંઇ ગુન્હો કરયો નથી એવું ઠરયું અને જ્યારે એ શખસે ગુન્હો કરયો નથી ત્યારે બીજા શખસોએ એ મડદુ છુપાવી મદદગારી કરી છે તેઓએ પણ ગુન્હો કરયો નથી; રાણી વિ. પેસકુમીશીઓ, વી. રી. પ્રષ્ઠ ૪૨.

દીવાના શખસ વગેરેના કામથી ખાનગી બચાવનો હક.

૯૮. જે કામ બીજી હાલતમાં થએથી અમુક ગુન્હો ગણાય એવું હોય, તે જો તે કામના કરનારની નહાની ઉમરના, બુદ્ધિની કચાઇના, અથવા દિવાનગીના સબબથી, અથવા તેને કેફ ચઢી હોય, અથવા તે શખસની કાંઇ ખોટી સમજ હોય તે સબબથી તે ગુન્હો થઇ શકતું ન હોય, તોપણ જાણે તે કામ તે ગુન્હો હોય એવી રીતે તેથી ખાનગી બચાવ કરવાનો હરએક શખસનો તેવોજ હક છે.

દ્રષ્ટાંત.

(અ) દીવાનગીના જોરથી જ અ નો જીવ લેવાની કોશીશ કરે, તો જ એ કાંઇ

ગુનોહ કરયો એમ સમજવું નહી, પણ જ ડાહ્યો હોય એવીજ રીતે ખાનગી બચાવનો અ નો હક છે.

(બ) જે ઘરમાં પેસવાનો અ નો કાયદા પ્રમાણે હક છે તે ઘરમાં, અ રાતના વખતે પેસે જ શુધબુધીએ, અ ને ઘર ફેડનારા સમજીને અ ની ઉપર હુમલો કરે, તો એ ઠેકાણે આ ખોટી સમજને લીધે અ ની ઉપર હુમલો કરવાથી જ એ કાંઇ ગુન્હો કરયો એમ સમજવું નહી પણ જ તે ખોટી સમજથી કામ ન કરતો હોય એવીજ રીતે જ ની સામા ખાનગી બચાવનો અ નો હક છે.

કીયાં કામેથી ખાનગી બચાવ કરવાનો હક નથી.

૯૯. પેહલી--જે કામથી મોત અથવા મહાવ્યથા થવાનો કારણસર ભય ઉત્પન્ન થતો નથી એવું કાંઈ કામ કોઈ સરકારી નોકર પોતાના હોદાની રીતથી શુધબુધ્ધિએ અમલ કરતાં જો અથવા કરવાની કોશીશ કરે, તો, પછી તે કામ બરાબર કાયદા મુજબ ન હોય તોપણ તે કામથી ખાનગી બચાવનો હક નથી.

બીજી--જે કામથી મોત અથવા મહાવ્યથા થવાનો કારણસર ભય ઉત્પન્ન થતો નથી એવું કાંઇ કામ કોઇ સરકારી નોકર પોતાના હોદાની રીતથી શુધબુધ્ધિએ અમલ કરતાં કરેલા હુકમ ઉપરથી જો કોઇ કરે અથવા કરવાની કોશીશ કરે, તો, પછી તે હુકમ બરાબર કાયદા મુજબ ન હોય તોપણ તે કામથી ખાનગી બચાવનો હક નથી.

ત્રીજી--સરકારી અધીકારીઓનો આશરો માગવા જવાની વેળા હોય એવી બાબતોમાં ખાનગી બચાવનો હક નથી.

કેટલી હદ સુધીએ હક અમલમાં લાવી શકાય.

ચોથી--કોઇ પણ બાબતમાં બચાવ કરવાનાં કારણસર કરવી જરૂર હોય તે કરતાં વધારે હાનિ કરવા સુધીનો ખાનગી બચાવનો હક નથી.

ખુલાશો ૧ લો--આ કામ કરનારો સરકારી નોકર છે એવું જે શખસ જાણતો નથી અથવા એવું માનવાનું જેને કારણ નથી તે સખસનો, તે સરકારી નોકર જે કામ કરે અથવા કરવાની કોશિશ કરે તે કામથી ખાનગી બચાવનો હક જતો નથી.

ખુલાસો ૨ જો--આ કામ કરનારો માણસ કોઇ સરકારી નોકરના હુકમથી એ કરે છે એવું જે શખસ જાણતો નથી, અથવા એવું માનવાનું જેને કારણ નથી અથવા હું ફલાણા અખત્યારથી એ કામ કરૂં છું એમ તે માણસ કેહે નહીં, અથવા, અગર તે અખત્યાર લખેલો હોય તો, માગેથી તે અખત્યાર બતાવે નહીં તો તે શખસનો તે સરકારી નોકરના હુકમથી તે માણસ જે કામ કરે અથવા કરવાની કોશીશ કરે તે કામથી ખાનગી બચાવનો હક જતો નથી.

શરીરના ખાનગી બચાવનો હક મોત, કરતાં સુધી કયારેપ હોચે છે.

૧૦૦ જે ગુન્હા ઉપરથી ખાનગી બચાવનો હક અમલમાં લાવવો પડે તે ગુન્હો જો નીચે લખેલા પ્રકારોમાંનો કોઇપણ પ્રકારનો હોય તો હુમલો કરનારને બુદ્ધિપુર્વક મોત અથવા બીજી કાંઇપણ હાની કરતા સુધી શરીરના ખાનગી બચાવનો હક પોહોંચે છે, પણ તે હકને ઉપલી કલમમાં લખેલી હદો લાગુ પડે છે ગુન્હાઓના પ્રકારો:--

પેહેલે--જો બચાવનો હક એટલે સુધી અમલમાં ન લવાય, તો, તેનો પરીણામ મોત થશે; હેવો કારણસર ભય જેથી ઉત્પન્ન થાય એવો હુમલો.

બીજો--જો બચાવનો હક એટલે સુધી અમલમાં ન લવાય તો તેનો પરીણામ મહાવ્યથા થશે હેવો કારણસર ભય જેથી ઉત્પન થાય એવો હુમલો.

ત્રીજો—બળાત્કાર સંભોગ કરવાના ઇરાદાથી હુમલો.

ચોથો—સૃષ્ટીક્રમ વિરૂદ્ધ મઇથુનેચ્છા પુરણ કરવાના ઇરાદાથી હુમલો.

પાંચમો—મનુષ્યહરણ અથવા મનુષ્યનયન કરવાના ઇરાદાથી હુમલો.

છઠો=કોઇ શખ્સને ગેરવ્યાજબી રીતે કેદ કરવાના ઇરાદાથી, હુમલો, અને તે એવી હાલતમાં હોય કે તેથી પેલા શખ્સને કારણસર એવો ભયઉત્પન થય કે પછી એ કેદમાંથી છુટવાને સારૂ સરકારી અધીકારીઓને અરજ કરવાનુ માહારાથી બની શકશે નહીં.

તે હક મોતસીવાયના કાંઇ બીજી હાની કરતાં સુધી કયારે પોહોચે છે.

૧૦૧ જો ગુન્હો ઉપલી કલમમાં લખેલા પ્રકારોમાંનો કોઇપણ પ્રકારનો નહીં હોય; તો શરીરના ખાનગી બચાવનો હક હુમલો કરનારને બુદ્ધિપુર્વક મોત કરવા સુધી પોહોચતો નથી; પણ હુમલો કરનારને મોત શીવાયની બુદ્ધિપુર્વક કાંઇ બીજી હાની કરતા સુધી પોંહોચે છે અને તે હકને ૯૯ મી કલમમાં લખેલી હદ્દ લાગુ પડે છે.

શરીરના ખાનગી બચાવના હકની શરૂઆત અને તેનું જારી રેહેવું.

૧૦૨ અગર ગુન્હો થયો નહીં હોય તો પણ ગુન્હો કરવાની કાંઇ કોશીશ અથવા ધમકીથી શરીરને જોખમ પોંહોચવાનો કારણસર ભય ઉત્પન થાય કે તરત શરીરના ખાનગી બચાવનો હક શરૂ થાય છે અને જ્યાં સુધી શરીરને જોખમનો તે ભય જારી રહે ત્યાં સુધી તે હક જારી રેહે છે.

મિલકતના ખાનગી બચાવનો હક. મોત કરતાં સુધી કયારે પોંચે છે.

૧૦૩ જે ગુન્હો કરવા અથવા જેની કોશી કરવા ઉપરથી ખાનગી બચાવનો હક અમલમાં લાવવો પડે, તે ગુન્હો જો નીચે લખેલા પ્રકારોમાંનો કોઇપણ પ્રકારનો હોય, તો ગુન્હો કરનારને બુદ્ધિપુર્વક મોત અથવા બીજી કાંઇપણ હાનિ કરતા સુધી મીલકતના ખાનગી બચાવનો હક પોંહોચે છે પણ તે હકને ૯૯ મી કલમમાં લખેલી હદ્દ લાગુ પડે છે. ગુન્હાઓના પ્રકાર:—

પેહેલો=અપહરણ.

બીજો=રાતને વખતે ઘર ફોડવું.

ત્રીજો=કોઇ ઇમારત, તંબુ, અથવા વાહાણ માણસનાં ઘર દાખલ વપરાતુ હોય, અથવા મીલકત રાખવાની જગા દાખલ વપરાતુ હોય, તે ઇમારત, તંબુ અથવા વાહાણ પર આગથી બીગાડ કરવો.

ચોથો=ચોરી, બિગાડ, અથવા ગ્રહપ્રવેશ, અને તે એવી હાલતમાં કરવો કે, તેથી કારણસર એવો ભય ઉત્પન થાય કે જો ખાનગી બચાવનો તે હક અમલમાં નહીં લવાય તો તેનો પરીણામ મોત અથવા મહાવ્યથા થશે.

તે હક મોત શીવાયની બીજી કાંઇહાની કરતાંસુધી કયારે પોહોચે છે.

૧૦૪ જે ગુન્હો કરવા અથવા જેની કોશીશ કરવા ઉપરથી ખાનગી બચાવનો હક અમલમાં લાવવો પડે તે જો ઉપલી કલમમાં લખેલા પ્રકારો માના કોઇપણ પ્રકારની ચોરી બીગાડ અથવા આગ્રહ પ્રવેશ નહીં હોય તો તે હક બુદ્ધીપુર્વક મોત કરતાં સુધી પહોંચતો નથી, પણ ગુન્હેગારને મોત શીવાયની બુદ્ધીપુર્વક બીજી કાંઇ પણ હાની કરતા સુધી પોંહોચે છે, અને તે હકને ૯૯ મી કલમમાં લખેલી હદ્દ લાગુ પડે છે.

મીલકતના ખાનગી બચાવના હક

૧૦૫ પેહેલી—જ્યારથી કાંઇ મીલકતને જોખમનો કારણસર ભય ઉત્પન થાય ત્યારથી તે મીલકતના ખાનગી બચાવનો હક શરૂ

ની શરૂઆત અને થાય છે,
તેનુ જારી રેહેવું.

બીજી=ચેરીથી મીલકતના ખાનગી બચાવનો હક, મીલકત લઇને ગુન્હેગાર નાશી જાય અથવા સરકારી અધીકારીઓનો આશરો મળે અથવા તે મીલકત પાછી હાથ લાગે, ત્યાં સુધી જારી રેહે છે.

ત્રીજી=અપહરણથી મીલકતના ખાનગી બચાવનો હક જ્યાં સુધી ગુન્હેગાર કોઇ શખસને મોત અથવા વ્યથા; અથવા ગેરવ્યાજબી અટકાવ કરે અથવા કરવાનો કોશીશ કરે અથવા જ્યાં સુધી તાત્કાલિક મોતનો અથવા તાત્કાલિક વ્યથાનો, અથવા શરીર સંબંધી તાત્કાલીક અટકાવનો ભય જારી રેહે ત્યાં સુધી જારી રેહે છે.

ચોથી=સામાશ્ર પ્રવેશ અથવા બીગાડથી મીલકતના ખાનગી બચાવનો હક જ્યાં સુધી ગુન્હેગાર સામાશ્રપ્રવેશ અથવા બીગાડ કરવામાં જારી રેહે ત્યાં સુધી જારી રેહે છે.

પાંચમી=રાતને વખતે ઘર ફોડવાથી મિલકતના ખાનગી બચાવનો હક તે ઘર ફોડવાથી શરૂ થએલા ગ્રહપ્રવેશ જ્યાં સુધી જારી રેહે ત્યાં સુધી જારી રેહે છે.

કોઇ બેગુન્હા શખસને હાની થવાનું જોખમ હોય એવી વેળાએ છુટલે એવા હુમલાથી ખાનગી બચાવનો હક.

૧૦૬ જો કાંઇ હુમલો એવો થાય કે તેથી મોતનો કારણસર ભય ઉત્પન થાય અને તે હુમલાથી ખાનગી બચાવનો હક અમલમાં લાવતાં પોતાનો બચાવ કરનાર સખસ એવી હાલતમાં આવી ગયેલો હોય કે કોઇ બેગુન્હા સખસને હાની કરવાના જોખમ શીવાયન થી તે હક ધારયુ થાય એવી રીતે અમલમાં લાવી શકાય નહીં, તો તે જોખમમાં પડતા સુધી ખાનગી બચાવનો તેનો હક પોંહાચે છે.

દ્રષ્ટાંત.

અ. ની ઉપર એક ટોળીએ હુમલો કરયો છે, અને તેઓ તેનું ખુન કરવાની કોશિશ કરે છે. તે ટોળાની ઉપર બંદુક છોડયા શિવાય ધારેલું થાય એવી રીતે ખાનગી બચાવનો હક અ, અમલમાં લાવી શકે એવું નથી, અને તે ટોળામાં કેટલાંએક બાળક છોકરાં છે તેઓને હાનિ કરવાના જોખમ શિવાય આ બદુક છોડી સકતો નથી જો અ. થી તે છોકરાઓ માંના કોઇ છોકરાઓને કાંઇ હાનિ થાય, તો, અ, એ કાંઇ ગુન્હો કરયો એમ સમજવું નહ્ડુ.

બાબ ૫ મો

મદદગારી બાબત

કાંઇ વસ્તુમાં મદદગારી.

૧૦૭. કાંઇ વસ્તુ સબંધી નિચે લખ્યા પ્રમાણે જે માણસ કરે તે માણસે તે વસ્તુ કરવામાં મદદગારો કરી એમ સમજવુ–

પેહેલું=જે માણસ તે વસ્તુ કરવાને કોઇ સખસને ઉશકેરે; અથવા–

બીજુ—જે માણસ તે વસ્તુ કરવા સારૂ કોઇ સખસ અથવા સખસોની સાથે કાંઇ મશ્વરતમાં સામિલ થાય; પણ કે કયારે કે તે મશ્વરત મુજબ, તથા તે વસ્તુ કરવા માટે, કાંઇ કામ અથવા કાયદા વિરૂધ્ધ કસુર કરવામાં આવે તો અથવા

ત્રીજું=જે માણસ, કાંઇ કામ અથવા કાયદા વિરૂધ્ધ કસુર કરીને તે વસ્તુ કરવામાં ઇરાદાથી સહાય કરે.

ખુલાશો ૧ લો=અગર કેઇ સખસ જાણીજોઇને કાંઇ કેઇ વાત કહીને, અથવા જે જરૂરની હકિકત જાહેર કરવાની પોતાની ફરજ હોય તે હકીકત જાણી જોઇને છુપાવીને, બુધ્ધિપુર્વ

કે કાંઇ વસ્તુ કરાવે અથવા કરાવવાની કોશિશ કરે, તો તેણે તે વસ્તુ કરવાની ઉશ્કેરણી કરી એમ સમજવું.

દ્રષ્ટાંત.

અ, એક સરકારી અમલદાર છે, તેને એક ઇનસાફની કોરટમાંથી વારંટ મળેલું છે. તે વારંટ મુજબ ઝ. પકડવાનો અ, નો અખત્યાર છે, હવે એ હકિકત જાણ્યા છતાં, તથા ક, તે ઝ, નથી એ પણ જાણ્યા છતાં બ, અ, ને જાણી જોઇને એમ કેહે કે ક, તે ઝ છે, અને એમ કરીને ઇરાદાથી અ. ની પાસે ક, ને પકડાવે, તો એ ઠેકાણે બ, એ ઉશ્કેરણીથી ક ને પકડવામાં મદદગારી કરી એમ સમજવું.

ખુલાસો ૨ જો—કાંઇ કામ કરતાં પેહેલાં, અથવા કાંઇ કમ કરતી વખતે તે કામ કરવું સેહેલ કરવા સારૂ જે માણસ કાંઇ વસ્તુ કરે, અને તેમ કરીને ત કામ કરવું સેહેલ કરે, તે માણસે તે કામ કરવામાં સહાય કરયુ એમ સમજવુ.

ટીકા

મદદગારી એ શું તેની વ્યાખ્યા આ કલમથી ૧૨૦ કલમ સુધીમાં આવી ગઇ છે, કોઇ પણ ગુન્હામાં મદદ કરવી એ મદદગારી છે, એટલુંજ નહી પણ અમુક સખસને ગુન્હો કરવાની ઉશ્કેરણી કરવી એથી તે શખસ ગુન્હો કરે કીંવા ન કરે તોપણ ઉશ્કેરણી કરનાર શખસે મદદગારીનો ગુન્હો કરયો કેહેવાય, તેમજ કાંઇ ગુન્હો અટકાવવાનો જે સખસને કાયદાસર અખત્યાર હોય ને તે ગુન્હો બન્યો છે અગર બને છે અગર બનશે એવી તેને ખબર મળવા છતાં તે ગુન્હો અટકાવવા જાણી જોઇને તે શખસ કરે નહી તો તેણે મદદગારીનો ગુન્હો કરયો કેહેવાય.

એક પોલીસના હેડકાનસ્ટેબલને એવી ખબર મળી કે, કેટલાક તહોમતદારો ઉપર જુલમ કરી તેઓની કબુલાત લેવાય છે એવી ખબર મળ્યા છતાં તેણે જાણી જોઇને એ પ્રમાણે થવા દીધું તે કામમાં એવું ઠરાવવામાં આવ્યું કે તે હેડકાન્સટેબલ આ કલમના ખુલાસાં પ્રમાણે ગુન્હેગાર છે. વી. રી. ૧૧ પ્રષ્ઠ ૧૧

કાંઇ ગુન્હો બન્યો છે એ બાબત ખબર આપવાની કસુર કરવાથી જો એ કસુરથી કાઇ કાયદાસર ફરજનો ભંગ થયાની ન હોય તો તેથી મદદગારીનો ગુન્હો બનતો નથી, સરકારી માણસો શિવાય, કોઇ ખાનગી માણસે ગુનો બનતાં જોયો હોય તો તે ગુન્હાની ખબર તેણે આપવી જોઇએ, એવો કોઇ પણ કાયદો નથી, રાણી વિ. ખાદીમસખ, લા રીપોર્ટ. પ્રષ્ટ ૭

એક હીંદુ સખસ ત્રીસ વરશે દેશાવરથી ઘેર આવ્યો તે વખત તેનો બાપ મરી ગએલો ને બે ભાઇ જીવતા હતા તેની ભેગે આવી રહયો એક વખત તેની ગેરહાજરીનો લાભ લઇને તેના ભાઇએ તેની દેશાવરથી કમાઇ લાવેલી મીલકતની પેટી ઉઠાવી તે પેટી બીજા શખસના દેખતાં બાહાર લઇ ગયો અને તે બીજો સખસ તે ગુન્હામાં સામેલ થયો આ બાબત બને ગુન્હેગારોને ચોરીના ગુન્હાની શીક્ષા થઇ. અપીલનાં હાઇકોર્ટે ઠરાવ્યું કે તે મીલકત પોતાના હાથની કમાએલી હતી માટે તેના ભાઇનો હિસ્સો ન્હોતો તેમ છતાં તેણે ચોરી લીધી તેથી ચોરીના ગુનાહ સાબેત છે અને બીજો સખસ પાસે હતો તે ગુનાહમાં મદદગાર ઠરી શકે છે. અ० હ० રી० પા० ૧૮૧ તા० ૧૬ મી અગસ્ટ સન ૧૮૮૦.

મદદગાર. ૧૦૮. જે શખસ કાંઇ ગુનાહ કરવામાં મદદગારી કરે, અથવા જે કામ મદદગાર સખસના ઇરાદા અથવા જ્ઞાનથી ગુનાહ કરવાને

કાયદા પ્રમાણે કોઇ શક્તીમાન શખશે કરચું હોય તો ગુનોહ થાય, એવુ કાંઇ કામ કરવામાં મદદગારી કરે. તે શખસે ગુન્હામાં મદદગારી કરી એમ સમજવું.

ખુલાસો ૧ લો—કાંઈ કામની કાયદા વિરૂદ્ધ કસુર કરવામાં મદદગારી કરવી તે ગુન્હો થઇ શકે છે, પછી તે કામ કરવાની અગર તે મદદગારની પોતાની ફરજ નહી હોય તે પણ.

ખુલાસો ૨ જો=મદદગારીનો ગુન્હો થવામાં એવું કાંઇ જરૂર નથી કે, મદદગારી કરેલું કામ થવુ જોઇએ, અથવા જે અસર તે ગુન્હો થવામાં જરૂર છે તે અસર પેદા થવી જોઇએ.

દ્રષ્ટાંત.

(અ) અ, બ, ને ક, નું ખુન કરવાને ઉશ્કેરે, બ, તેમ કરવાની ના કહે તો બ, ને ખુન કરવામાં અ. એ મદદગારી કરી એમ સમજવું.

(બ) અ, બ. ને ડ, નું ખુન કરવાને ઉશ્કેરે, તે ઉશ્કેરણી મુજબ બ, ડ, ને એક ખજર મારે, તે જખમથી ડ, સારો થાય તોપણ અ, એ બ. ને ખુન કરવાની ઉશ્કેરણી કરી એમ સમજવું.

ખુલાસો ૩ જો—એવું કાંઇ જરૂર નથી કે જે સખસને મદદગારી કરી હોય તે સખસ કાંઇ ગુન્હો કરવાને કાયદા પ્રમાણે શક્તિમાન જોઇએ; અથવા તે મદદગારના જેવોજ તે શખસનો સાપરાધ ઇરાદો કે જ્ઞાન જોઇએ, અથવા તે શખસનો કાંઇ પણ સાપરાધ ઇરાદો કે જ્ઞાન જોઇએ.

દ્રષ્ટાંતો.

(અ) અ, સાપરાધ ઇરાદાથી, એક બાળકને અથવા ગાંડા માણસને કાંઇ કામ કરવાને ઉશ્કેરે, અને તે કામ એવું હોય કે ગુન્હો કરવાને કાયદા પ્રમાણે શકતીમાન હોય એવો કોઇ શખસ અ, ના જેવા ઇરાદાથી તે કામ કરે તો તે ગુન્હો ગણાય, તો એ ઠેકાણે અ, એ ગુન્હામાં મદદગારી કરી એમ સમજવું, પછી તે કામ કરવામાં આવે કે નહી તોપણ.

(બ) ઝ નુ ખુન કરવાના ઇરાદાથી અ, સાત વર્ષથી ઓછી ઉમરના એક બાળક બ, ને એક એવુ કામ કરવાને ઉશ્કેરે કે તેથી ઝ નુ મોત થાય. બ, તે મદદગારી ઉપરથી તે કામ કરે, અને તે કામથી ઝ નું મોત થાય; તો એ ઠેકાણે બ, ગુન્હો કરવાને કાયદા પ્રમાણે શકિતમાન નથી તોપણ જાણે, બ, ગુન્હો કરવાને કાયદા પ્રમાણે શકિતમાન હોય, અને તેણે ખુન કરયું હોય તેજ મિસાલે અ, શિક્ષા થવાને લાયક છે; માટે તેને મોતની શિક્ષા થઇ શકે.

(ક) અ એક ઘરને આગ લગાડવાને બ ને ઉશ્કેરે, બ ની ઉશ્કેરણી ઉપરથી તે ઘરને આગ લગાડે, અને દીવાનગીના સબબથી તે કામ કેવી તરેહનું છે તે, અથવા પોતે જે કામ કરે છે તે કામ ખોટું અથવા કાયદા વિરૂદ્ધ છે એવું જાણવાને બ અશકત હોય, તો બ એ કાંઇ ગુનોહ કરયો એમ સમજવું નહીં; પણ અ એ ઘરને આગ લગાડવાના ગુનાહમાં મદદગારી કરી, અને તે ગુનાહને માટે ઠરાવેલી શીક્ષાને તે લાયક છે, એમ સમજવું.

(ડ) ચોરી કરવાના ઇરાદાથી ઝ ના કબજામાંથી કાંઇ ઝ ની મિલકત લેવાને અ બ ને ઉશ્કેરે, અ બ ના મનમાં એવો વિસ્વાસ ઉત્પન કરે કે તે મિલકત અ ની છે, પણ શુદ્ધ બુદ્ધથી તે મિલકત અ ની છે એમ માનીને, બ તે મીલકત ઝ

ના કબ્જામાંથી લે, તો એ ખોટી સમજણથી કામ કરયું તેથી તેણે તે દગા નતથી લાઘી એમ કેહેવાય નહી, માટે તેણે ચોરી કરી એમ સમજવું નહી, પણ અ એ ચોરીમાં મદદગારી કરી, અને બ એ ચોરી કરી હોય ને જે શીક્ષા બ ને થાય તેજ શીક્ષાને અ લાયક છે, એમ સમજવું.

ખુલાસો ૪ થો—કોઇ ગુનાહમાં મદદગારી કરવી એ ગુનોહ છે, માટે એવી મદદગારીમાં મદદગારી કરવી તે પણ ગુનોહ છે એમ સમજવું.

દ્રષ્ટાંત.

અ તું ખુન કરવાને ક ને ઉશકેરવાને અ બ ને ઉશકેરે, તે ઉપરથી ઝ નું ખુન કરવા ને બ ક ને ઉશકેરે, અને બ ની ઉશકેરણી ઉપરથી ક તે ગુનોહ કરે, તો પોતાના ગુનાહને માટે બ ખુનની શિક્ષાને લાયક છે, અને તે ગુનોહ કરવાને અ એ બ ને ઉશકેરયો માટે અ પણ તેજ શિક્ષાને લાયક છે, એમ સમજવું.

ખુલાસો ૫ મો—મસરતથી મદદગારીનો ગુનોહ કરવામાં એવું કાંઇ જરૂર નથી કે જે શખસ ગુનોહ કરે તે શખસની સાથે તે મદદગારે તે ગુનાહ બાબત મનસુબો કરવો જોઇએ. જે મસરત મુજબ તે ગુનોહ કરવામાં આવે તે મસરતમાં તે સામીલ થયો તો બસ છે.

દ્રષ્ટાંત.

અ બ ની સાથે મનસુબો કરીને તેઓ ઝ ને ઝેર દેવાની ગોઠવણ કરે, તેમાં એમ ઠરે કે અ એ ઝેર આપવું પછી તે ગોઠવણ બ ક ને સમજાવે, અને એમ કહે કે એક ત્રીજો શખસ જેહેર આપવાનો છે, પણ અ નું નામ કહે નહી. ક જેહેર લઇ આવવું કબુલ કરે અને સમજાવેલી રીતે વાપરવા સારૂ તે જેહેર તે બ ને હવાલે કરે પછી અ તે જેહેર આપે અને તેના જોરથી ઝ મરી જાય, તો એ ઠેકાણે અ તથા ક એઓએ મળીને કાંઇ મસરત કરી નથી, તો પણ જે મસરત મુજબ ઝ નું ખુન થયું તે મધે ક સામીલ થયો માટે ક એ આ કલમમાં બયાન કરેલો ગુનોહ કરયો, અને તે ખુનની શીક્ષાને લાયક છે, એમ સમજવુ.

ટીકા

એક શખસે એક શેઠના નોકરની મદદ લઇ શેઠની કાંઇ મીલકત ચોરયાનો કાંઇ ગુન્હો કરયો, પણ તે નોકરે એવા ઇરાદાથી ચોરી થવા દીધી કે આ શખસ ચોરી કરશે તો તેને સજા થશે એવું જાણીને ચોરી કરવા દીધી અને ચોર ચોરી કરવાનો છે એવુ તેનાનોકરે પોતાના શેઠને પ્રથમ કહ્યું હતુ તે કામમાં ચોર ઉપર ચોરીનો ગુનોહ સાબીત થયો નહી, પણ તે નોકર ઉપર આ કલમના ખુલાસાએ તથા વિચાર પ્રમાણે ગુન્હો ઠરયો અને શીક્ષા થઇ તે કેશમાં ઠરાવવામાં આવ્યુ કે મદદ કરેલો ગુન્હો ખરે ખરો બનેલો હોવો જોઇએ એવી કાંઇ જરૂર નથી, ૪-ઇ-લા. રી. (કલકત્ત) ૧૦૮ ૩૬૬

૧૦૮. અગર કેઇ માણસ કાંઇ ગુનાહમાં મદદગારી કરે અને તે મદદગારી ઉપરથી તે મદદગારી કરેલુ કામ કરવામાં આવે, અને તે મદદગારીની શીક્ષાને માટે, આ કાયદામાં કાંઇ સાફ ઠરાવ કરેલો નહી હોય, તો તે ગુનાહને માટે ઠરાવેલી શીક્ષા તે માણસને કરવામાં આવશે.

જો મદદગારીપરથી મદદગારી કરેલુ કામ કરવામાં આવે; અને તે હેવી મદદગારીને માટે બીજે કયાંઇ સાફ શીક્ષા ન ઠરાવી હો

ખુલાસો—કાંઇ કામ અથવા ગુનોહ મદદગારી ઉપરથી કરવામાં આવ્યો એમ ક્યારે સમજવું. કે જ્યારે તે કામ અથવા ગુનોહ તે મદદગારીમાં જે ઉશકેરણી, અથવા મસરત, અથવા સાહાય આ

થ તેની શિક્ષા. ખ્યું હોય તે ઉશકેરણી ઉપરથી, અથવા તે મસરત મુજબ, અથ વા તે સાહાયથી કરવામાંઆવે ત્યારે,

દ્રષ્ટાંતો.

(અ) બ એક સરકારી નોકર છે, તેણે પોતાના હોદાનો અમલ ચલાવવામાં અ ની ઉપર કાંઇ મેહેરબાની બતાવવાના બદલ માં અ બ ને કાંઈ લાંચ આપવા માંડે, અને બ તે લાંચ લે, તો ૧૬૧ મી કલમમાં બયાન કરેલા ગુનાહમાં અ એ મ દદગારી કરી એમ સમજવું.

(બ) ખોટી સાહેદી આપવાને અ બ ને ઉશકેરે, અને તે ઉશકેરણી ઉપરથી બ તે ગુનાહ કરે, તો અ એ તે ગુનાહમાં મદદગારી કરી, તથઃ બ ના જેવીજ શીક્ષા ને તે લાયક છે, એમ સમજવું.

(ક) અ તથા બ ઝ ને જેહેર આપવાની મસલત કરે તે મસલત મુજબ અ જેહેર લાવીને બ ને હવાલે કરે, એટલા સારૂ કે બ તે જેહેર ઝ ને આપે પછી તે મસ લત મુજબ અ અ ની ગેરહાજરીમાં તે જેહેર ઝ ને આપે, અને તેથી ઝ નું મોત થાય, તો એ ઠેકાણે બ ખુનનો તકશીરવાર છે; અને અ એ મસલતથી તે ગુનાહમાં મદદ કરી, તેથી તે ખુનની શીક્ષાને લાયક છે, એમ સમજવું.

અગર મદદગારી કરેલો સખસ તે કામ મદદગારના ઇરાદા કરતાં જુદા ઇરાદાથી કરે, તો તે મદદગારીનીશિક્ષા

૧૧૦ અગર કોઇ માણસ કાંઇ ગુન્હામાં મદદગારી કરે, અને મદદગારી કરેલો શખસ મદદગારના ઇરાદા અથવા જ્ઞાન કરતાં જુદાજ ઇરાદા કે જ્ઞાનથી તે કામ કરે, તો બીજા ઇરાદા અથવા જ્ઞાનથી નહી પણ મદદગારના જેવાજ ઇરાદાથી અથવા જ્ઞાનથી અગર તે કામ કરયું હોય તો જે ગુન્હો થાય, તે ગુન્હાને માટે ઠરાવેલી શિક્ષા તે માણસને કરવામાં આવશે.

એક કમમાં મદદગારી કરીહોયઅને જુદુજ કામ બને ત્યારે મદદગારીની જવાબદારી.

૧૧૧ અગર એક કામમાં મદદગારી કરવામાં આવે અને બીજુ કામ બને, તો જાણે તેજ કામમાં મદદગારી કરી હોય એવીજ રીતે તથા તેટલે દરજજે તે મદદગાર તે બનેલા કામને માટે જવાબદાર છે; પણ તે બનેલુ કામ તે મદદગારીનું સંભાવ્ય ફળ હોવું જોઇએ, તથા જે ઉશકેરણી, અથવા સહાય, અથવા મશ્વરત તે મદદગારીમાં આવી હોય તે ઉશકેરણીના જોરથી, અથવા તે સહાયથી, અથવા તે મશ્વરત મુજબ તે કામ થયુ જોઇએ.

શરત.

દ્રષ્ટાંતો

(અ) ઝ, ના ખોરાકમાં જેહેર ઘાલવાને એક બાળકને ઉશકેરીને અ, તે કારણસર તે બાળકને કાંઇ ઝેર સોંપે, પછી તે ઉશકેરણી ઉપરથી, ય, ના ખોરાક ઝ, ના ખોરાકની પાસે છે તેમાં ચુકથી તે જેહેર ઘાલે, તો એ ઠેકાણે, જો તે બાળકે તે ઉશકેરણીના જોરથી કામ કરયુ હોય, અને સઘળો હાલ જોતાં જે કામ થયું તે મદદગારીનું સંભાવ્ય ફળ હોય, તો અગર અ, એ તે બાળકને ય, નાજ ખોરાકમાં ઝેર ઘાલવાને ઉશકેરયો હોય એવીજ રીતે તથા તેટલેજ દરજજે અ, જવાબદાર છે.

(બ) ઝ, નું ઘર બાળી નાંખવાને અ, બ, ને ઉશકેરે, અને બ, તે ઘરને આગ લગાડીને તેજ વખતે ત્યાં કાંઇ મિલકતની ચોરી કરે, તો, અગર તે ઘર બાળવામાં મદદગારી કરવાનો અ તકશીરવાર છે તોપણ, તેણે તે ચોરીમાં મદદગારી

કરી એમ સમજવું નહી; કેમકે ચોરી તે જુદુંજ કામ છે, અને તે બાળવાનું સંભાવ્ય ફળ નથી.

(ક) અપકરણના કારણસર મધરાતે એક વાશેલું ઘર ફોડવાને અ, બ તથા ક, એ ઓને ઉશ્કેરે, અને તે કારણસર તે તેઓને શસ્ત્ર આપે પછી બ, તથા ક, તે ઘર ફોડીને અંદર જાય, અને તે ઘર માંહેલો એક માણસ ઝ, તેઓની સામો થએથી તેઓ ઝ નું ખુન કરે, તો એ ઠેકાણે, જો તે ખુન તે મદદગારોનું સંભાવ્ય ફળ હોય તો, અ, ખુનને માટે ઠરાવેલી શિક્ષાને લાયક છે એમ સમજવું.

મદદગારને મદદગારી કરેલાં કામની તથા બનેલાં કામની એ બને શિક્ષા કયારે થઇ શકે?

૧૧૨. મદદગારી કરેલું કામ પણ કરવામાં આવે, અને ઉપલી કલમ મુજબ જે કામને માટે મદદગાર જવાબદાર છે તે કામ પણ કરવામાં આવે, અને તે કામ જુદોજ ગુન્હો થાય, તો તે મદદગાર તે ગુન્હાઓમાંના હરએક ગુન્હાની શાક્ષાને લાયક છે.

દ્રષ્ટાંત.

એક સરકારી નોકરે કરેલી જપ્તીના સામે થવાને અ, બ, ને ઉશ્કેરે, પછી તે ઉપરથી બ. તે જપ્તીની સામો થાય અને સામો થવામાં બ, તે જપ્તી કરનાર અમલદારને બુદ્ધિપુર્વક મહાવ્યથા કરે, તો તે જપ્તીના સામો થવાનો ગુન્હો તથા બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવાનો ગુન્હો, એ બંને ગુન્હા બ, એ કરયા, માટે બ, એ બંને ગુન્હાની શિક્ષાને લાયક છે; અને અગર અ, એ એમ જાણ્યું હોય કે તે જપ્તીની સામો થવામાં બ, બુદ્ધિપુર્વક મહાવ્યથા કરશે એવો સંભવ છે, તો અ પણ એ ગુનાહોમાંના હરએક ગુન્હાની શિક્ષાને લાયક છે એમ સમજવું.

મદદગારી કરેલાં કામથી મદદગારના ધારયા કરતાં જુદી અસર પેદા થાય તે અસરને માટે મદદગારની જવાબદારી,

૧૧૩ એક મુકરર અસર પેદા કરવાના ઇરાદાથી મદદગાર અમુક કાંઇ કામમાં મદદગારી કરે, અને તે મદદગારી ઉપરથી જે કામને માટે તે મદદગાર જવાબદાર હોય એવું કાંઇ કામ તે મદદગારે ધારેલી હોય તે કરતાં જુદીજ અસર પેદા કરે, તો અગર તે મદદગારે તેજ અસર પેદા કરવાના ઇરાદાથી તે કામમાં મદદગારી કરી હોય એવીજ રીતે તથા તેટલેજ દરજ્જે; તે મદદગાર તે પેદા કરેલી અસરને માટે જવાબદાર છે પણ તે મદદગારી કરેલા કામથી તે અસર થવાનો સંભવ છે એમ તેણે જાણ્યું હોય તો.

દ્રષ્ટાંત.

ઝ ને મહાવ્યથા કરવાને અ, બ, ને ઉશ્કેરે પછી બ, તે ઉશ્કેરણી ઉપરથી ઝ ને માવ્યથા કરે, અને તેથી કરીને ઝ મરી જાય તો એ ઠેકાણે; અગર અ એ એમ જાણ્યું હોય કે તે મદદગારી કરેલી મહાવ્યથાથી ઝનું મોત થશે એવો સંભવ છે તો, ખુનને માટે ઠરાવેલી શીક્ષા પામવાને ય, લાય છે, એમ સમજવું

ગુન્હો થતી વખ મદદગાર હાજર હોય તો.

૧૧૪ જે શખસ અગર ગેરહાજર હોય તો મદદગાર દાખલ શિક્ષા પામવાને લાયક થાય, તે સખસને તે મદદગારીને લીધે જે કામ અથવા ગુનાહને માટે શિક્ષા થઇ શકે એવું હોય, તે કામ અથવા ગુનોહ થતી વખતે, તે શખશ જો ત્યાં હાજર હોય તો તેણે તે કામ અથવા ગુનોહ કરયો એમ સમજવું.

ટીકા

આ કલમ મદદગાર ગુનોહ થતી વખતે હાજર હોય ત્યારેજ તેને મુળ ગુનેહગાર જેટલો જવાબદાર ગણવો જોઈએ, એ માટે છે.

૧ આ કલમ પ્રમાણે મદદગારને મુખ્ય ગુનોહ કરનાર જેટલો જવાબદાર ગણવા માટે જરૂરનું છે કે, ગુનોહ શરૂ થયાથી તે પુરો થતાં સુધા સઘળો વખત તે પાસે રહેલો હોવો જોઈએ. પુરો થતાંની અંદર તે શખસ જતો રહે તો, આ કલમ પ્રમાણે જવાબદાર નથી, રાણી વિ અગ્રીત મુ. હા. રી. પ ૪૯૭

૨ મુશલમાન સ્ત્રિ ધણીની મીલકતની ચોરી કરવામાં મદદ કરે તેને આ કલમ પ્રમાણે ગુનાહની શીક્ષા થઇ શકે છે, મુંબાઇ હાઇકોરટ તા૦ ૪ થી મારચ સન ૧૮૬૯ નંટીવઓપીનીયન સન ૧૮૭૦ પ્રષ્ટ ૨૫.

૩ કોઇ હીંદુ સ્ત્રી પોતાનું સ્ત્રીધન ધણીને કબજેથી તેની રજા વગર લઇ જાય તો તેના ઉપર ચોરીનો ગુનોહ શાબેત થતો નથી, તેમ તેમાં મદદગારીનો શીક્ષા થઇ શકતી નથી, મુ. હા. કો. તા૦ ૧૯ મી જાનેવારી સન ૧૮૭૧ વા. ૮ પ. ૧૧

૪ કેઇ માણસ એવાદ ગુનોહ કરવામાં મદદ કરે તે ગુનોહ થતી વખત હાજર રેહ છે તો તે વખત તેની ચોકશી કરવાની તે મુખ્ય અપરાધ કર્યા બદલ પેનલકોડ કલમ ૧૧૪ પ્રમાણે કરવી જોઇએ. મુંબાઇ હાઇકોરટ તા૦ ૬ ઠી જુલાઇ સન ૧૮૭૧ વાલ્યુમ ૮ પ્રષ્ટ ૧૬૪

ખોટી પ્રતીજ્ઞા કરવાનું શીખવનાર ઉપર જ્યાં સુધી પ્રતીજ્ઞાનો ગુન્હો શાબીત થયો નથી ત્યાં સુધી શીખવનાર ઉપર તહોમત લાગતું નથી, રૂશલઅન ક્રઇમ વા. ૨ પ ૫૧૭.

કાયદા વીરૂદ્ધ લગ્ન કરવાના ગુન્હો થતી વખત જે શખસ ફકત હાજર રેહેવાની કબુલાત આપે અગર હાજર રેહે અગર તે કારણે ઘર આપે તથા આવા લગ્નમાં તેણે મદદ કરી એમ થતુ નથી, ઇ. લા. રી. મુંબાઇ વાલ્યુમ ૬-તા૦ ૧૧ જાનેવરી સન ૧૮૮૨

મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે એવા ગુનાહમાં મદદગારી કરવામાં આવે અને તે ગુનોહ તે મદદગારી ઉપરથી ન થાય; તો તે મદદગારીની શીક્ષા

અગર જેથી વ્યથા થાય એવું કાંઇ કામ તે મદદગારી ઉપરથી કરવામાં આવે તો.

૧૧૫ મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે એવો કાંઇ ગુનોહ કરવામાં કોઇ માણસ મદદગારી કરે, અને તે મદદગારી ઉપરથી તે ગુનોહ કરવામાં આવે નહી, તથા તે મદદગારી માટે શીક્ષા સબંધી આ કાયદામાં કાંઇ સાફ ઠરાવ નહી કરેલો હોય તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવસે અને વળી તે દંડને પણ લાયક થશે અને અગર તે મદદગારી ઉપરથી જે કામને માટે તે મદદગાર જવાબદાર હોય, અને જે કામથી કાંઇ શખસને વ્યથા થાય, એવુ કાંઇ કામ કરવામાં આવે, તો તે મદદગારને ચઉદ વરસની મુદત સુધીની બેમાંના ગમેતે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

દ્રષ્ટાંતો

ક તું ખુન કરવાને ખ ને ઉશકેરે, પણ તે ગુન્હો કરવામાં આવે નહી. હે

વે અગર અ જ નું ખુન કરે તો તે મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાને લાયક થાય એવું છે, માટે અ સાત વરસ સુધીની કેદને લાયક છે; એમ સમજવું, અને તે મદદગારી ઉપરથી જો જ ને કાંઇ વ્યાથા કરવામાં આવે તો તે માણસ અ ચઉદ વરસની મુદત સુધીની કેદને તથા દંડને લાયક થશે. એમ સમજવું.

કેદની શિક્ષા થઇ શકે એવાગુન્હામાં મદદગારી કરવામાં આવે; અને તે ગુન્હો તે મદદગારી ઉપરથી ન થાયતો તે મદદ ગારીની શીક્ષા.

અગર તે મદદગાર અથવા મદદગારી કરેલોસખ્સસરકારી નોકર હોય અને તેની ફરજ તે ગુન્હો અટકાવવાની હોય તો.

૧૧૬. કેદની શીક્ષા થઇ શકે એવા કાંઇ ગુન્હામાં કોઇ માણસ મદદગારી કરે, અને તે મદદગારી ઉપરથી તે ગુનોહ કરવામાં આવે નહી, તથા તે મદદગારીને માટે શીક્ષા સબંધી આ કાયદામાં કાંઇ સાફ ઠરાવ નહીં કરેલો હોય તો તે માણસને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુન્હાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની, અથવા તે ગુન્હાને માટે ઠરાવેલા દંડની અથવા એ બનેની, શિક્ષા કરવામાં આવશે; અને અગર તે મદદગાર અથવા જેને મદદગારી કરી હોય તે સખ્સ સરકારી નોકર હોય, અને તેની ફરજ તે ગુનોહ થતો અટકાવવાની હોય તો તે મદદગારને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુનાહને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની અરધી મુદત સુધીની કેદની, અથવા તે ગુન્હાને માટે ઠરાવેલા દંડની, અથવા એ બનેની શીક્ષા કરવાં આવશે.

દ્રષ્ટાંત.

(અ) બ એક સરકારી નોકર છે તે પોતાના ઓહદાનો અમલ ચલાવવામાં અ ની ઉપર કાંઇ મેહેરબાની કરે તેના બદલામાં અ બ ને કાંઇ લાંચ આપે અને બ તે લાંચ લે નહી તો અ ને આ કલમ મુજબ શીક્ષા થઇ શકે.

(બ) ખોટી શાહેદી આપવાને અ બ ને ઉશકેરે તો એ ઠેકાણે, અગર બ ખોટી શાહેદી આપે નહીં તો પણ અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો, અને તે મુજબ તેને શીક્ષા થઇ શકે એમ સમજવુ.

(ક) અ એક પોલીસ અમલદાર છે, તેની ફરજ અપહરણ અટકાવવાની છે તે અપહરણ કરવામાં મદદગારી કરે, તો એ ઠેકાણે, અગર તે અપહરણ ન થાય તો પણ, તે ગુન્હાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય, તેની અરધી મુદતની કેદને તથા દંડને પણ અ લાયક છે એમ સમજવું,

(ડ) અ એક પોલીસ અમલદાર છે, તેની ફરજ અપહરણ અટકાવવાની છે તેની પાસે તે ગુન્હો કરાવવામાં બ મદદગારી કરે તો એ ઠેકાણે, અગર તે અપહરણ ન થાય તો પણ તે અપહરણના ગુનાહને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની અરધી મુદતની કેદને, તથા દંડને પણ બ લાયક છે એમ સમજવું.

લોક પાસે અથવા દસથી વધારે માણસો પાસે કાંઇ ગુનો

૧૧૭ લોક પાસે અથવા કોઇ પણ વરગના દસથી વધારે શખ્સો પાસે કાંઇ ગુન્હો કરાવવામાં જે માણસ મદદગારી કરે, તેને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડ

ઠરાવવામાંમદ્દતની ની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

અ. એક શરીયામ જગ્યામાં એક જાહેરનામુ ચોહોડે, અને તે મધ્યે દશથી વધારે માણસોના એક તડવાળાઓને એવી રીતે ઉશકેરે કે તમારા સામા તડવાળા માણસો ફલાણી વખતે તથા ફલાણા ઠેકાણેથી એક વરઘોડો લઇ જવાના છે તેઓની ઉપર હુમલો કરવાના કારણસર તમે તે વખતે તે ઠેકાણે એકઠા થજો, તો અ એ આ કલમમાં બયાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

મોતની અથવા જીવતાં સુધીસમુદ્રપારની શીક્ષા થઇ શકે. એવો કોઇ ગુનાહ કરવાની ધારણા છુપાવવી.

૧૧૮ મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવો સેહેલ કરવાના ઇરાદાથી, અથવા તે પોતાથી સેહેલ થશે એવો સંભવ છે એમ જાણ્યાં છતાં, અગર કોઇ માણસ કાંઇ કામ અથવા કાયદા વીરૂદ્ધ કસુર કરીને, તે ગુનાહ કરવાના, ધારણા થઇ હોય તે ધારણા બુદ્ધી પુર્વક છુપાવે અથવા તે ધારણા બાબત પોતે જેને ખોટી જાણતો હોય એવી કંઇ વાત જાહેર કરે તો

અગર તે ગુનાહ થાયતો, અગર તેગુનાહ ન થાય તો,

તે માણસને જો તે ગુનાહ થાય તો સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે; અથવા જો તે ગુનાહ ન થાય તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવસે; અને તેગુનાહ થાય તો પણ અને ન થાય તો પણ ઉપલી શીક્ષાની સાથે દંડને પણ તે માણસ લાયક થશે,

દ્રષ્ટાંત.

(બ) એક ઠેકાણે ડાકાઇટીનો ગુન્હો થવાનો છે એમ જાણ્યાં છતાં અ. માજીસ્ત્રેટને એવી ખોટી ખબર કરે કે તેથી સામા રસ્તાપર એક ક. નામની જગ્યા છે ત્યાં તે ગુન્હો થવાનો છે અને એમ કરીને તે માજીસ્ત્રેટને છેતરે, એવા ઇરાદાથી કે તે ગુનાહ કરવો શેહેલ કરવો અને તે ધારણા મુજબ બ. જગાપર તે ગુનાહ કરવામાં આવે તો અ. ને આ કલમ મુજબ શીક્ષા થઇ શકે.

જેગુન્હો અટકાવવાની પોતાનીફરજહોય એવો કોઇગુન્હો કરવાની ધારણાકોઇ સરકારી નોકરેછુપાવવી,

૧૧૯. કોઇ માણસ સરકારી નોકર હોય અને સરકારી નોકર દાખલ જે ગુનાહ થતો અટકાવવાની તેનો ફરજ હોય એવો કોઇ ગુનાહ કરવો શેહેલ કરવાના ઇરાદાથી અથવા પોતાથી તે સેહેલ થશે એવો સંભવ છે એમ જાણીને, અગર સરકારી નોકર, કાંઇ કામ કે કાયદા વીરૂદ્ધ કસુર કરીને તે ગુનાહ કરવાની ધારણા થઇ હોય તે ધારણા બુદ્ધિ પુરવક છુપાવે અથવા તે ધારણા બાબત પોતે જેને ખોટી જાણતો હાય એવી કાંઇ વાત જાહેર કરે તો તે માણસને,

અગર તે ગુનાહ થાય તો.

જો તે ગુનાહ થાય તો તે ગુનાહને માટે ઠરાવેલા પ્રકારના; તથા તેને માટે કેદની જે ઘણામાં ઘણી મુદત ઠરાવી હોય તેનો અરધી મુદત સુધીની કેદની અથવા ગુનાહને માટે ઠરાવેલા દંડનો અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે અથવા જો તે ગુનાહ મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે એવો હોય તો તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અથવા જો તે ગુનાહ ન થા

અગર તે ગુનાહ મોત વીગેરેની શીક્ષા જોગ હોય તો,

અગર તે ગુનોહ ન થાય તો.

થ તો તે માણસને તે ગુનાહને માટે ઠરાવેલા પ્રકારની તથા તેને માટે કેદની જે ઘણાંમાં ઘણી મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની, અથવા તે ગુનાહને માટે ઠરાવેલા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

અ. એક પોલીસ અમલદાર છે અને અપહરણ કરવાની જે જે ધારણા તેના જાણવામાં આવે તે સરવેની ખબર આપવાની તેની કાયદા મુજબ ફરજ છે તેના જાણવામાં એમ હોય કે અપહરણ કરવાની બ. ધારણા કરે છે અને તે ગુનોહ કરવો સેહેલ કરવાના ઇરાદાથી તે ખબર આપવામાં કસુર કરે, તો એ ઠેકાણે કાયદા વીરૂદ્ધ કસુર કરીને અ. એ બ. ની ધારણા છે તે છુપાવી માટે તે આ કલમના ઠરાવ મુજબ શીક્ષાને લાયક છે એમ સમજવુ.

કેદની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુનોહ કરવાની ધારણા છુપાવવા

૧૨૦. કેદની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુનોહ કરવો સેહેલ કરવાના ઇરાદાથી, અથવા તે પોતાથી સેહેલ થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં અગર કોઇ માણસ કાંઇ કામ અથવા કાયદા વિરૂધ કસુર કરીને, તે ગુનોહ કરવાની ધારણા થઇ હોય તે ધારણા બુધિપુરવક છુપાવે અથવા તે ધારણા બાબત પોતે જેને ખોટી જાણતો હોય એવી કાંઇ વાત જાહેર કરે, તો તે માણસને જો તે ગુનોહ થાય તો તે ગુનાહને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુનાહને માટે કેદની જે ઘણામાં ઘણી મુદત ઠરાવેલી હોય તેની પા મુદત સુધીની કેદની, અને જો તે ગુનોહ ન થાય તો તે ઘણામાં ઘણી મુદતની એક અષ્ટમાંસ મુદત સુધીની કેદની, અથવા તે ગુનાહને માટે ઠરાવેલા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

અગર તે ગુનોહ થાય તો, અગર ન થાય તો

બાબ ૬ ઠો

રાજ્ય વિરૂદ્ધ ગુન્હાઓ બાબત.

રાણીના સામા લડાઇ કરવી અથવા લડાઇ કરવાની કોશીશ કરવી, અથવા લડાઇ કરવામાં મદદગારી કરવી.

૧૨૧. જે માણસ રાણીની સામા લડાઇ કરે, અથવા લડાઇ કરવાની કોશીશ કરે, અથવા લડાઇ કરવામાં મદદગારી કરે, તેને મોતની અથવા જીવતાં સુધી સમુદ્ર પારની શિક્ષા કરવામાં આવશે, અને તેની સઘળી મિલકત સરકાર જપત થશે.

ટીકા.

આ કાયદાની કલમ ૧૨૭ શિવાય છઠા બાબ પ્રમાણે શીક્ષા થઇ શકે એવો અથવા કલમ ૨૯૪ અ. પ્રમાણે શીક્ષા થઇ શકે એવો કોઇ પણ ગુન્હો, ગવરનર જનરલ ઇનકોંન્સીલના અથવા સ્થાનીક સરકારના અથવા જે અમલદારને ગવરનર જનરલ ઇનકોન્સીલે આ બાબત અખ્તીઆર આપ્યો હોય તે અમલદારના હુકમથી અથવા અખત્યારથી ફરીયાદ કર્યા વગર કેઇ પણ કોરટે સાંભળવો નહીં, જુઓ ફો. કા. ઇ. કલમ ૧૯૬

૧૨૧ ની કલમ "૧૨૧ અ.—જે માણસ બ્રિટીશ ઇંડીયામાં અથવા બ્રીટીશ ઇંન

પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુનોહ કરવાનો સંપ કરવો.

ન્ડીયા બાહાર ૧૨૧ મી કલમ પ્રમાણે શીક્ષા કરવા લાયક કાંઇ ગુનો કરવાનો અથવા બ્રીટીસ ઇન્ડીયાનું અથવા તેના કાંઇ ભાગનું રાણી સાહેબનું રાજ્ય જીતવી લેવાનો સંપ કરશે, અથવા ઇન્ડીયા સરકારને અથવા હરકોઇ ઇલાકાની સરકારને સામાધ બળથી અથવા સાપરાધ બળના દેખાવથી ડરાવવાનો સંપ કરસે તે માણસને જીવતાં સુધી અથવા થોડી મુદત સુધી સમુદ્રપાર મોકલવાની શીક્ષા કરવી, અથવા ઘણામાં ઘણું દસ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવી."

"ખુલાસો=આ કલમ પ્રમાણે સંપ કરવાનો ગુનોહ થવા સારૂ સંપ કરવાના કામમાં હરકાંઇ કામ અથવા કાયદા વીરૂદ્ધ કસુર થવીજ જોઇએ એવું સમજવું નહી,"

દ્રષ્ટાંત.

(અ.) રાણીની સામા એક બંડ થાય તેમાં અ. સામીલ થાય, તો આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ અ, એ કર્યો એમ સમજવું.

(બ) સીલન મધેના બંડખોરાને હથીયારો મોકલીને ત્યાંના રાણીના રાજ્યની સામા બંડ કરવામાં અ. હીંદુસ્તાનમાં રહ્યો મદદગારી કરે, તો અ. એ રાણીની સામા લડાઇ કરવામાં મદદગારી કરવાનો ગુનોહ કીધો એમ સમજવું.

રાણીની સામા લડાઇ કરવાના ઇરાદાથી હથીયારો વગેરે એકઠાં કરવાં,

૧૨૨. જે શખસ રાણીની સામા લડાઇ કરવાના ઇરાદાથી, અથવા લડાઇ કરવાને તઇયાર થવાના ઇરાદાથી, માણસો, હથીયારો, અથવા દારૂ ગોળા એકઠા કરે, અથવા લડાઇ કરવાની બીજી રીતે તઇયારી કરે તો તે શખશને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શાક્ષા કરવામાં આવશે. અને વળી તેની સઘળી મીલકત સરકાર જપ્ત થશે,

લડાઇનું કામ સેહેલ કરવાના ઇરાદાથી લડાઇની ધારણ છુપાવવી.

૧૨૩. રાણીની સામા લડાઇ કરવાની કાંઇ ધારણા થઇ હોય તે ધારણા કાંઇ કામ અથવા કાયદા વીરૂદ્ધ કસુર કરીને જો કોઇ માણસ છુપાવે. અને તે એવા ઇરાદાથી કે એ પ્રમાણે તે ધારણા છુપાવેથી તે લડાઇ કરવી સેહેલ થાય. અથવા એ પ્રમાણે તે છુપાવેથી તે લડાઇ કરવી સેહેલ થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તો તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શાક્ષા કરવામાં આવશે; અને વળી તે દંડને પણ લાયક થશે.

કાંઇ કાયદેસર અખત્યાર અમલમાં અણાવવા અથવા ના અણાવવાના ઇરાદાથી ગવરનર જનરલ, ગવરનર વગેરે પર હુમલો કરવો,

૧૨૪. હીંદુસ્થાનના ગવરનર જનરલ, અથવા કોઇ પ્રેસીડેન્સીના ગવરનર અથવા કોઇ લીવટેનંટ ગવરનર, અથવા હીંદુસ્થાનના ગવરનર જનરલની કાંઉન્સીલના અથવા કોઇ પ્રેસીડેન્સીના કોન્સીલના કોઇ સભાસદના કાયદેસર અખત્યાર માંહેલા કાંઇ પણ અખત્યાર, તે ગવરનર જનરલ અથવા ગવરનર અથવા લીવટેનંટ ગવરનર અથવા કાઉન્સીલના સભાસદને સમજાવીને અથવા જબરદસ્તીથી તેની પાસે કોઇ પણ રીતે અમલમાં અણાવવા અથવા ન અણાવવાના ઇરાદાથી, જે માણસ તે ગવરનર જનરલ અથવા ગવરનર અથવા લીવટેનંટ ગવરનર અથવા કાંઉન્સીલના સભાસદની ઉપર હુમલો કરે, અથવા તેને ગેરવ્યાજબી અટકાવ કરે, અથવા ગેરવ્યાજબી અટકાવ કરવાની કોશીશ કરે, અથવા સમાપરાધ બળથી અથવા સાપરાધ બળના દેખાવથી તેને ડરાવે, અથવા તે રીતે ડરાવવાના કોશીશ

કરે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

બેદીલી ઉત્પન્ન કરવી.

“૧૨૪. અ.=કોઇ માણસ બ્રીટીસ ઈંડીયામાં કાયદાની રૂઇએ જે સરકારનો અમલ સ્થાપેલો છે તે સરકાર બાબત લોકોના મનમાં બેદીલીના વીચાર બોલેલા શબ્દો વડે અથવા કોઇ વાંચે તેવા ઇરાદાથી લખેલા શબ્દો વડે અથવા ઇસારત કરીને અથવા પ્રત્યક્ષ કાંઇ દેખાડીને અથવા બીજી રીતે ઉત્પન્ન કરશે અથવા ઉત્પન્ન કરવાની કોશીશ કરશે તે તેને જીવતાં સુધી અથવા હરકોઇ મુદત સુધી સમુદ્રપાર મોકલવાની શીક્ષા કરવી અને વળી જોઇએ તો દંડ પણ કરવો અથવા ઘણામાં ઘણા ત્રણ વરસ સુધીની કેદની શીક્ષા કરવી અને વળી જોઇએ તો દંડ પણ કરવો, અથવા દંડ કરવો.

“ખુલાસો=સરકારી યોજના બાબતની જે નાપસંદી સરકારનો હોય તે કાયદાસર અધીકાર માનવાના ધોરણને અનુસરીને હોય અને સરકારનો કાયદાસર અધીકાર નહી સરખો કરવા બાબત અથવા તેને હરકત કરવા બાબત કાયદા વીરૂદ્ધ રીતે કરેલી કોશીશ વીરૂદ્ધ સરકારના અધીકારને મદદ કરવાના ધોરણને અનુસરીને હોય તે નાપસંદીને બેદીલી સમજવી નહી, વાસ્તે એવાજ પ્રકારની નાપસંદીજ લોકના મનમાં લાવવાના ઇરાદાથી સરકારની યોજના બાબત ટીકા કરવી તે આ કલમના અર્થ પ્રમાણે ગુનાહ થતો નથી.

રાણીની સાથે મઇત્રી રાખનારા એશીયાના કોઇ રાજાની ઉપર લડાઇ કરવી.

૧૨૫ રાણીની સાથે મૈત્રી અથવા સલાહ હોય એવા એશીયાના કોઇ પણ રાજાના રાજ્યની સામા જે માણસ લડાઇ કરે અથવા લડાઇ કરવાની કોશીશ કરે અથવા લડાઇ કરવામાં મદદગારી કરે તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા કરવામાં આવશે અને તેની સાથે તેને દંડ પણ થઇ શકે; અથવા સાત વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે. અને તેની સાથે તેનો દંડ પણ થઇ શકે, અથવા દંડની શીક્ષા કરવામાં આવશે

રાણીની સાથે સલાહ રાખનારા કોઇ રાજાના મુલકપર લુટ કરવી.

૧૨૬ રાણીની સાથે મૈત્રી અથવા સલાહ હોય એવા કોઇપણ રાજાના મુલકપર જે માણસ લુટ કરે. અથવા લુટ કરવાની તૈયારી કરે. તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને, તથા તે લુટ કરવામાં વાપરેલી અથવા વાપરવાને ધારેલી અથવા તે લુટમાંથી મળેલી જે મીલકત હોય તે મીલકત સરકાર જપ્ત થવાને પણ લાયક થશે.

૧૨૫મીતથા ૧૨૬મીકલમોમાં લખ્યા પ્રમાણે લડાઇ અથવા લુટથી મળેલી મીલકત લેવી.

૧૨૭ ૧૨૫ મી તથા ૧૨૬ મી કલમોમાં લખેલા ગુન્હાઓ માંહેલા કોઇ ગુન્હા કરવામાં મળેલી કાંઇ મીલકત જે માણસ તે રીતે મેળવેલી છે એમ જાણીને લે. તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને, તથા તે લીધેલી મીલકત સરકાર જપ્ત થવાને પણ લાયક થશે.

સરકારી નોકરબુદ્ધિપુર્વક પોતાના હવાલામાં કોઇ રાજ્યકર્તા અથવાલડાઇના

૧૨૮. જે માણસ સરકારી નોકર છતાં, પોતાના હવાલામાંના કોઇ રાજ્યકેદીને અથવા લડાઇના કેદીને, જે જગામાં તે કેદીને કેદ કરયો હોય તે જગામાંથી બુદ્ધિપુર્વક નાશી જવા દે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસના મુદત સુધી

કેદીને નાશી જવા દે, તે બાબત.

ની બેમાંના ગમેતે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

સરકારી નોકર ગફલતથી પોતાના હવાલામાંના કોઇ રાજ્યકય અથવા લડાઇના કેદીને નાશી જવાદે, તે બાબત.

૧૨૯ જે માણસ સરકારી નોકર છતાં, પોતાના હવાલ માંના કોઇ રાજ્યકય કેદીને અથવા લડાઇના કેદીને, કેદની જે જગામાં તે કેદીને કેદ કરયો હોય તે જગામાંથી ગફલતથી નાશી જવાદે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની આસાન કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે,

તેવા કેદીને નાશી જવામાં સહાય કરવું, છોડાવવો અથવા ઘરમાં રાખવો.

૧૩૦ કોઇ રાજ્યકય કેદીને અથવા લડાઇના કેદીને કાયદેસર કેદમાંથી નાસી જવામાં જે માણસ સહાય અથવા મદદ કરે, અથવા એવા કોઇ કેદીને જે છોડાવે, અથવા છોડાવવાની કોશીશ કરે, અથવા એવો કેદી કાયદેસર કેદમાંથી નાશી ગયો હોય તને જે ઘરમાં રાખે અથવા સતાડે, અથવા એવા કેદીને પાછો પકડવામાં જે હરકત કરે, અથવા હરકત કરવાની કોશીશ કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શાક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો—જે રજ્યકય કેદીને અથવા લડાઇના કેદીને પોતાના વચનપરથી બ્રિટિશ ઇંડિયાની કેટલીએક મુકરર કરેલી હદમાં છુટો રેહવા દીધો હોય, તે કેદી જે હદમાં છુટો રેહેવાની તેને રજા હોય તે હદમાંથી બહાર જાય તો તે કાયદેસર કેદમાથી નાશી ગયો એમ સમજવુ.

બાબ ૭ મો

જમીનપરની તથા દરિયાઇ ફોજ સબધી ગુન્હાઓ બાબત.

બંડમાં મદદગારી કરવી અથવા કોઇ સોલજરને કે ખલાસીને પોતાની નોકરીથી ભ્રષ્ટ કરવાની કોશીશ કરવી.

૧૩૧. રાણીની જમીનપરના અથવા દરિયાઇ ફોજમાંના કોઇ આફીસરે, સોલજરે, અથવા ખલાશીએ બંડ કરવામાં જે માણસ મદદ કરે અથવા તેવા કોઇ આફીસર, સોલજર અથવા ખલાસાને પોતાના પ્રજા ધર્મથી અથવા પોતાના શેવા ધર્મથી ભ્રષ્ટ કરવાની જે માણસ કોશીશ કરે, તેને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શાક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો = આ કલમમાં "અફીસર" અને "સોલજર" આ શબ્દો લખેલા છે તેમાં મલીકા માઅઝમાના લશ્કરનો વધારે સારો બંદોબસ્ત રાખવા બાબતના લશ્કરી આઇન અથવા સન ૧૮૬૯ ના ૫ મા આકટના લશ્કરી આઇન જે માણસને લાગુ હોય તે માણસનો સમાસ થાય છે એવું સમજવું.

બંડ કરવામાં મદદગારી કરવાથી જો બંડ થાય તો તેની શિક્ષા.

૧૩૨. રાણીની જમીનપર અથવા દરિયાઇ ફોજમાંના કોઇ આફીસર, સોલજરે, અથવા ખલાશીએ બંડ કરવામાં જો કોઇ માણસ મદદગારી કરે, અને તે મદદગારી ઉપર બંડ થાય તો તે માણસને મોતની, અથવા જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કર

વામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ ઉપરી અમલદાર પોતાનો હોદો ચલાવતો હોયતે દરમીયાનમાં તેનાઉપર કોઇ આફીસરે સોલજરે અથવાખલાશીએ હુમલો કરવામાં મદદગારી કરવી.

૧૩૩. રાણીની જમીનપરના અથવા દરીયાઇ ફોજમાંના કોઇ આફીસરે, સોલજરે, ખલાશીએ કોઇ ઉપરી અમલદાર પોતાના હોદાનુ કામ કરતો હોય તેવામાં તેની ઉપર હુમલો કરવામાં જે માણસ મદદગારી કરે તેને ત્રણ વરસની મુદત સુધીના બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

જો હુમલો થાય તો તે હુમલામાં મદદગારીની શીક્ષા.

૧૩૪. રાણીની જમીનપરની અથવા દરિયાઇ ફોજમાંના કોઇ આફીસરે, સોલજરે, અથવા ખલાશીએ કોઇ ઉપરી અમલદાર પોતાના હોદાનુ કામ કરતો હોય તેવામાં તેના ઉપર હુમલો કરવામાં જો કોઇ માણસ મદદગારી કરે,-અને તે મદદગારી ઉપરથી તે હુમલો થાય, તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ સોલજર અથવા ખલાશીને નાશી જવામાં મદદગારી કરવી

૧૩૫. રાણીની જમીનપરની અથવા દરિયાઇ ફોજમાંના કોઇ આફીસરે, સોલજરે, અથવા ખલાશીએ નાશી જવામાં જે માણસ મદદગારી કરે,તેને બે વરસની મુદત સુધીના બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

નાશી આવેલાને ઘરમાં રાખવો.

૧૩૬. રાણીની જમીનપરની અથવા દરિયાઇ ફોજમાંનો કોઇ આફીસર, સોલજર, અથવા ખલાશી નાશી આવેલા છે એમ જાણીને, અથવા એમ માનવાનુ કારણ છતાં નીચેનો અપવાદ ન લાગતાં જે માણસ તે આફીસર, સોલજર, અથવા ખલાશીને ઘરમાં રાખે, તેને બે વરસની મુદત સુધીની બેમાના ગમેતે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

અપવાદ=કોઇ સ્ત્રી પોતાના વરને ઘરમાં રાખે તેને આ ઠરાવ લાગુ પડતો નથી.

કોઇ વેપારી વાહાણમાં માસ્તરનીગફલતથી કોઇ નાશી જનાર સંતાયો હોય તો.

૧૩૭. જો વેહેપારી વાહાણમાં રાણીની જમીનપરની અથવા દરીયાઇ ફોજમાંથી કોઇ નાશી જનારો સંતાયો હોય, તો વાહાણના માસ્તર અથવા જે શખસના હવાલામાં તે વાહાણ હોય તે સખસ અગર તેના સંતાયાની વાતથી અજાણ્યો હોય તોપણ જો તે માસ્તરે અથવા જે શખસના હવાલામાં તે વાહાણ હોય તે સખસે પોતાનો હોદો બજાવવામાં કાંઇ ગફલત ન કરી હોત, અથવા વાહાણપર પાકો બંદોબસ્ત રાખ્યો હોત તો તેના જાણવામાં તે વાત આવત તેવું હોય તો તે માસ્તર અથવા જે સખસના હવાલામાં તે વાહાણ હોય તે સખસ પાંચસેં રૂપીયા સુધીના દંડને લાયક થશે,

કોઇ સોલજર અથવા ખલાશીને ના

૧૩૮. ફેલાણું કામ નાફરમાનીનું કામ છે એમ જાણીને તે કામ રાણીની જમીનપરની અથવા દરિયાઇ ફોજમાંના કોઇ આફી

નફરમાનીનું કાંઇ કામ કરવામાં મદદગારીકરવી.

સરે; સોલજરે, અથવા ખલાશીએ કરવામાં જો કોઇ માણસ મદદગારી કરે, અને તે મદદગારીથી તે નફરમાનીનું કામ થાય, તો તે માણસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

લશ્કરી કાયદાનેતાબેના સખસને આ કાયદા મુજબશીક્ષા થઇ શકે નહી

૧૩૯. રાણીની જમીનપરની અથવા દરિયાઇ ફોજને સારૂ, અથવા રાણીની જમીનપરની અથવા દરિયાઇ ફોજના કોઇ ભાગને સારૂ, કરેલા કોઇ લશ્કરી કાયદાને તાબે હોય એવા કોઇ સખસને આ કાયદા મુજબ આ બાબમાં બયાન કરેલા ગુન્હાઓ માંના કોઇ ગુન્હાને સારૂ શીક્ષા થઇ શકશે નહી.

સોલજરનો પોશાક પેહેરવો.

૧૪૦ રાણીની જમીનપરની અથવા દરિયાઇ ફોજ માંનો જે માણસ સોલજર નથી; તે માણસ તેવો સોલજર પેહેરતો હોય એ એવો કાંઇ પોશાક પેહેરે; અથવા તેવો સોલજર જે ચિન્હ વાપરતો હોય તેના જેવું કાંઇ ચિન્હ વાપરે,. એવા ઇરાદાથી કે તે તેવો સોલજર છે એમ માનવામાં આવે, તો તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા પાંચસે રૂપીઆ સુધીના દંડની. અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

બાબત ૮ મો.

લોકની સમાધાની વિરૂદ્ધ ગુન્હાઓ બાબત.

કાયદાવીરૂદ્ધમંડળી

૧૪૧. જો પાંચ અથવા વધારે સખસોની એક મંડળી મળે, અને જે સખસો તે મંડળીમાં હોય તેઓનો સામાન્ય હેતુ નીચે લખ્યા પ્રમાણે હોય, તો તે મંડળીને "કાયદા વિરૂદ્ધ મંડળી" કહેવી

પેહેલો=હિંદુસ્તાનની કાયદા કરનારી અથવા હકુમત કરનારી સરકારને, અથવા કોઇ મેસીડેન્સીની સરકારને, અથવા કોઇ લીવટેનંટ ગવરનરને, અથવા પોતાના હોદાનો કાંઇ યદેસર અખત્યાર અમલમાં લાવતાં કોઇ સરકારી નોકરને, સાપ્રાધ બળ કરીને અથવા સાંપ્રાધ બળ દેખાડીને ડરાવવો અથવા.

બીજો=કોઇ કાયદા કે કાયદેસર હુકમ બજાવતાં હરકત કરવી, અથવા,

ત્રીજો=કાંઇ બીગાડ અથવા સાપ્રાધ પ્રવેશ, અથવા બાજો ગુન્હો કરવો; અથવા.

ચોથો=કોઇ શખસની ઉપર સાપ્રાધ બળ કરીને અથવા તેને સાપ્રાધ બળ દેખાડીને કાંઇ મીલકતનો કબજો લેવો અથવા મેળવવો; અથવા કોઇ શખસનો આવવા જવાનો હક અથવા પાણી વાપરવાનો હક અથવા બીજો જે નીરાકાર વસ્તુ સબંધી હક તે શખસના કબજામાં કે ભોગવટામાં હોય તે તેની પાસેથી લઇ લેવો, અથવા કાંઇ હક કે ધારેલો હક અમલમાં લાવવો; અથવા,

પાંચમો,—સાપ્રાધ બળ કરીને અથવા સાપ્રાધ બળ દેખડીને જે કામ કરવાની જે સખસની કાયદા પ્રમાણે ફરજ નહી હોય તે કામ તે શખશ પાસે કરાવવું, અથવા જે કરવાનો તેનો કાયદા પ્રમાણે હક હોય તે કરવામાં તેની પાસે કસુર કરાવવી.

ખુલાસો=જે મંડળી પ્રથમ મળતી વખતે કાયદા વિરૂદ્ધ ન હોય તે પાછળથી કાયદા વિરૂદ્ધ મંડળી થઇ શકે.

ટીકા.

કાયદા વિરૂદ્ધ મંડળી એટલે શું તેની વ્યાખ્યા આ કલમમાં આવી ગઇ છે, અને કાય

क्षा वीरुध मंडळीनो अंगभुत, ते जे ते मंडळीमां सामील होय तेज छे.

कोइ कायदा विरुद्ध मंडळी एकठी थइ होय त्यांथी हरकोइ पोलीस अमलदार, अथवा माजीस्त्रेटना हुकमथी ते मंडळीए वीखराइ जवु जोइए क्रीं० प्रे० कों० कलम १२७.

ए प्रमाणे हुकम कर्याथी सदरहु मंडळी वीखराइ जशे नही तो हरकोइ माजीस्त्रेट अथवा जे अमलदारना तालुकामां कोइ पोलीस थाणुं होय ते अमलदार, पछी ते तालुकाना मुख्य शेहेरनी अंदर के बाहार ,होय सदरहु मंडळीने जबरीथी वीखरी नांखवाने मुखत्यार छे, अने सदरहु मंडळी वीखरी नांखवाना कारण सारू अने जरूर होय तो सदरहु मंडळीना माणसोने कायदा प्रमाणे शीक्षा करवामां आवे ते माटे ते माणसोने पकडवा तथा केद करवा सारू मलीकामायाळमा ना लश्करमाना अमलदार अथवा सीपाइ नहीं होय तेवा अथवा सन १८६९ ना हींदुस्तानना वालन्टीयरोना आकट प्रमाणे नोंधेला वालन्टीयर नहीं होय अने तेवा तरीके काम करतो न होय तेवा कोइ पण मरद माणसनी मदद मागवाने मुखत्यार छे, तेम छतां सदरहु प्रकारनी मंडळी बीजी रीते वीखरी नखाती नही होय अने लोकोनी सही सलामती राखवा सारू ते मंडळी वीखरी नांखवानी जरूरर होय तो उंचामां उंचा दरजजाना जे माजीस्त्रेट हाजर होय तेने ते मंडळी लश्करी जबरीथी वीखरी नांखवानो अखत्यारछे क्रीमीनल प्रोसीजरकोड कलम १२८—१२९ विगेरे जुओ बाब ९ मो

कोइ खेडु पासे जमीनना मालीकनुं कांइ लेहेणुं न होय ते छतां तेने जमीन उपरथी हांकी काहाडवानी तजवीज करवामां आवे तेमां घणा लोको वगर कपटे सामा थाय, तो आ कलम प्रमाणे गुन्हेगार नथी, मुं० हा० कों० री० प्रष्ट ११

जे ठेकाणे गेरकायदे मंडळी मळेली छे ते ठेकाणे कोइ शखस पोतानी मीलकतने उपद्रव थाय नही माटे प्रतीबंध करवा सारू गयो छे एवु पुरावाथी शाबीत थाय तो ते गेरकायदे मंडळीमां मळेलो कींवा तेमां रहेलो छे एवु गणी शकाय नही, क. हा. ता० १६ मी एप्रील सन १८७३ वा. १९ प्रष्ट ६६

कायदा विरुद्धमंडळीनो अंगभुतथवु

१४२. जे हकीकतोने लीधे कोइ मंडळी कायदा विरुद्ध मंडळीमां थती होय ते हकीकतो जाण्या छतां जे माणस इरादाथी ते मंडळीमां सामील थाय, अथवा तेमां जारी रेहे, ते माणसने कायदा विरुद्ध मंडळीनो अंगभुत समजवो.

शीक्षा

१४३ जे माणस कोइ कायदा विरुद्ध मंडळीनो अंगभुत होय तेने छ महीनानी मुदत सुद्धीनी बेमांना गमे ते प्रकारना केदनी अथवा दंडनी अथवा ए बंनेनी शीक्षा करवामां आवशे.

जीव ले एवुं कांइ हथियार पासे छतां कोइ कायदा वीरुधमंडळीमां सामील थवुं.

१४४ जीव लेनारू कांइ हथीआर, अथवा जे मारेथी सामा माणसनो प्राण जाय एवो संभव होय, एवी कांइ वस्तु पासेछतां जे माणस कोइ कायदा वीरुद्ध मंडळीनो अंगभुत तेने बे वरस नी मुदत सुद्धीनी बेमांना गमे ते प्रकारनी केदनी, अथवा दंडनी अथवा ए बंनेनी शीक्षा करवामां आवशे.

कोइ कायदा वीरुध मंडळीने वीखराइजवानो हुकम थयोछे एम जाण्यांछ

१४५ कोइ कायदा वीरुध मंडळीने कायदामां फरमावेली रीते वीखराइ जवानु फरमाव्युं छे एवुं जाण्या छतां जे माणस ते कायदा वीरुध मंडळीमां सामील थाय अथवा जारी रेहे तेनेबे वरसनी मुदत सुधीनी बेमांना गमे ते प्रकारनी केदनी अथवा

તા તેમાં સામીલ થવું, અથવા જારી રેહેવું

દંડની અથવા બનેની શીક્ષા કરવામાં આવશે

સામાન્ય હેતુ પાર પાડવામાં એકઅંગભુને વાપરેલું બળ,

૧૪૬. કોઇ કાયદા વીરૂધ મંડળીના શામાન્ય હેતુ પાર પાડવામાં તે કાયદા વીરૂધ મડળી અથવા તેના કોઇ અંગભુત બળ અથવા જુલમ વાપરે તો તે મંડળીના દર એક અંગભુતને હંગમાનો ગુનોહ કર્યો એમ સમજવું.

હંગામો કરવાની શીક્ષા.

૧૪૭ જે માણસ હંગામાનો ગુનોહ કરે, તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે,

જીવ લે એવું હથીયાર પાસે રાખીને હંગામો કરવો.

૧૪૮ જીવ લેનારૂ કાંઇ હથીયાર, અથવા જે મારેથી સામા માણસનો પ્રાણ જાય એવો સંભવ હોય એવો કાંઇ વસ્તુ પાસે છતાં જે માણસ હંગામો કરે તેને ત્રણ વરસની મુદત સુધીનો બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઇ કાયદા વીરૂધ મંડળીનો સામાન્યહેતુ પારપાડવામાં કાંઇગુન્હોથાય તોતે મંડળીનાપ્રત્યેક અંગભુતને તે ગુનાહનો તકશીરવાર સમજવો

૧૪૯ કોઇ કાયદા વીરૂધ મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવામાં તે મંડળીના કોઇ અંગભુતથી કાંઇ ગુનોહ થાય, અથવા એવો કાંઇ ગુનોહ થાય કે, તે હેતુ પાર પાડવામાં તે ગુનોહ થશે એવો સંભવ તે મંડળીના અંગભુતોના જાણ્યામાં હોય તો તે ગુનોહ થતી વખતે જે જે શખસ તેજ મંડળીના અગભુત હોય તે દરેક શખશે તે ગુનોહ કર્યો એમ સમજવું.

કોઇ કાયદાવીરૂધમંડળીમાં સામીલ થવાને પઇસા આપવા કરીને કોઇ શખશોને રખાવા અથવા તેઓને રાખવામાં ચશ્મપોશી કરવી.

૧૫૦ જે માણસ કોઇ શખસને કોઇકાયદા વીરૂધ મંડળીમાં સામીલ થવાને અથવા અંગભુત થવાને પઇસા આપવા કરીને અથવા કોઇ બીજી રીતે રાખે, અથવા પઇશા આપવા કરીને અથવા બીજી કોઇ રીતે રાખવામાં મદદ કરે, અથવા ચશ્મપોશી કરે, તે માણસને તે કાયદા વીરૂધ મંડળીના અંગભુત દાખલ, તથા તે પઇસા આપવા કરીને અથવા બીજી કોઇ રીતે રાખવા ઉપરથી તે રાખેલા શખશથી તે કાયદા વીરૂધ મંડળીના અંગભુત દાખલ જે કાંઇ ગુનોહ થાય તે ગુનાહને માટે જાણે તે માણસ તે કાયદા વિરૂધ મડળીનો અગભુતજ હોય અથવા જાણે તેને પોતેજ તે ગુનોહ કર્યો હોય, એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

પાંચ અથવાવધારે શખશોની કોઇ મંડળીને વીખરાઇ જવાનો હુકમ થયા પછી જાણીબુઝીને તે મંડળીમાં સામી

૧૫૧ જેથી લોકની સુલેહમાં ગડબડ થાય એવો સંભવ હોય એવી પાંચ અથવા વધારે શખશોની મંડળીને વીખરાઇ જવાનો કાયદેસર રીતે હુકમ થયા પછી, જે માણસ જાણી બુઝીને તે મંડળીમાં સામીલ થાય અથવા જારી રેહે, તેને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દડની અથવા એબનેની શીક્ષા કરવામાં આવશે.

થવું અથવા જા
શી રેહેવું.

ખુલાસો—અગર તે મંડળી ૧૪૧ મી કલમના અરથ પ્રમાણેની કાયદા વીરૂધ મંડળી હોય તો તે ગુનેહગારને ૧૪૫ મી કલમ મુજબ શીક્ષા કરવામાં આવશે.

હંગામો બંધ પાડવા વગેરેનુ કામ કરતા હોય તેવામાં કોઇ સરકારી નોકરની ઉપર હુમલો કરવો અથવા તેને હરકત કરવી.

૧૫૨. કોઇ સરકારી નોકર પોતાનો સરકારી ઓહદો બજાવવામાં કાંઇ કાયદા વીરૂધ મંડળીને વીખેરી નાંખવાની અથવા કંઇ હુંગામો કે બખેડો બંધ પાડવાની મેહનત કરતો હોય તેવામાં તેની ઉપર જે માણસ હુમલો કરે, અથવા હુમલો કરવાનો ડર દેખાડે, અથવા તેને હરકત કરે, અથવા હરકત કરવાની કોશીશ કરે, અથવા તે સરકારી નોકર પર સાપરાધ બળ વાપરે, અથવા તે વાપરવાનો ડર દેખાડે, અથવા તે વાપરવાની કોશીશ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારના કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

હંગામો કરાવવાના ઇરાદાથી દુષ્ટતાથી કોઇના મનમાં ક્રોધ ઉત્પન કરવો.

૧૫૩ જે માણસ દ્વેષ બુધ્ધીથી અથવા દુષ્ટતાથી કાંઇ કાયદા વીરૂધ વસ્તુ કરીને કોઇ શખસના મનમાં ક્રોધ ઉત્પન કરે અને તે એવા ઇરાદાથી કે તે ક્રોધ હુંગામનો ગુનાહ કરાવે અથવા તે ક્રોધ હુંગામાનો ગુનેહ કરાવશે એવો સંભવ છે; એમ જાણીને તે એ પ્રમાણે કરે તો અગર તે ક્રોધ ઉત્પન થયાથી હુંગામાનો ગુનાહ થાય તો તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે; અને અગર હુંગામાનો ગુનાહ ન થાય તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

અગર હુંગામો ન થાય તો.

જે જમીનપર કાંઇ કાયદા વીરૂધ મંડળી હોય તે જમીનનો માલીક અથવા કબજેદાર.

૧૫૪ જ્યારે કાંઇ કાયદા વીરૂધ મંડળી મળે અથવા હુંગામો થાય ત્યારે જે જમીનપર તે કાયદા વીરૂધ મંડળી મળે અથવા તે હુંગામો થાય તે જમીનના માલીક અથવા કબજેદારને, તથા તે જમીનમાં જેનો હક હોય અથવા જે હકનો દાવો કરતો હોય એવા શખસને એક હજાર રૂપીયા સુધીના દંડની, શીક્ષા કરવામાં આવશે; પણ તે ક્યારે કે જો તે અથવા તેનો મુખત્યાર કે કારભારી; તે ગુનાહ થાય છે અથવા થયો છે એવુ જાણીને, અથવા એવો સંભવ છે એમ માનવાનુ કારણ છતાં પાસેમાં પાસેની પોલીસની ચોકીપરના મુખ્ય અમલદારને તે બાબતની પોતાથી બનતી જલદીમાં જલદી ખબર નહી આપે તો, અને તે ગુનાહ થવાનો છે એમ માનવાનુ તેને અથવા તેઓને કારણ છતાં, તે અથવા તેઓ તે ગુનાહ અટકાવવાને સારૂ પોતાથી બનતા સઘળા કાયદેસર ઇલાજો કામે નહી લગાડે તો અને તે ગુનાહ થયા પછી તે હુંગામો બંધ પાડવાને અથવા તે કાયદા વીરૂધ મંડળીને વીખેરી નાંખવાને પોતાથી બનતા સઘળા કાયદેસર ઇલાજો કામે નહી લગાડે તો.

જે શખસના ફાયદાને સારૂ કાંઇ હુંગામો કરવામાં આવે

૧૫૫. જો કોઇ સખસના ફાયદાને સારૂ, અથવા તેની વતી, કાંઇ હુંગામો કરવામાં આવે, અને જે જમીન બાબદ તે હુંગામો થાય તે જમીનનો તે શખસ માલીક અથવા કબજેદાર હોય, અ

તે શખસની જવાબદારી.

થવા તે જમીનમાં અથવા જે કાંઇ તકરાર ઉપરથી તે હંગામો થ
યો હોય તે તકરારની બાબતમાં કાંઇ હકનો તે શખસ દાવો કરતો
હોય; અથવા તેમાંથી તે શખસને કાંઇ ફાયદો થયો હોય અથવા
તેણે કાંઇ ફાયદો કબુલ કરયો હોય, તો તે શખસને દંડની શીક્ષા કરવામાં આવશે; પ
ણ ક્યારે કે જો તે અથવા તેનો મુખત્યાર કે કારભારી, તે હંગામો થવાનો સંભવ છે,
અથવા તે હંગામો જેથી થયો હોય તે કાયદા વિરૂદ્ધ મંડળી મળવાનો સંભવ છે, એમ મા
નવાનુ તેને કારણ છતાં, તે મંડળી મળતી અથવા હંગામો થતો અટકાવવાને, તથા તે
હંગામો બંધ પાડવાને અને તે મંડળીને વીખેરી નાંખવાને પોતે પોતાથી બનતા સઘળા
કાયદેસર ઇલાજો કામે નહી લગાડે તો.

જે માલીક અથવા કબજેદારના ફાયદાનેસારૂ કાંઇ હંગામો કરવામાં આવેતેશખસનાઅખત્યારનીજવાબદારી

૧૫૬ જો કોઇ શખસના ફાયદાને સારૂ, અથવા તેની વતી, કો
ઇ હંગામો કરવામાં આવે, અને જમીન બાબત તે હંગામો થાય
તે જમીનનો તે શખસ માલીક અથવા કબજેદાર હોય, અથવા
તે જમીનમાં અથવા જે કાંઇ તકરાર ઉપરથી તે હંગામો થયો હો
ય તે તકરારની બાબતમાં, કાંઇ હકનો તે શખસ દાવો કરતો
હોય, અથવા તેમાંથી તે શખસને કાંઇ ફાયદો થયો હોય અથવા તે
ણે કાંઇ ફાયદો કબુલ કરયો હોય, તો તે સખસ મુખત્યાર અથવા
કારભારીને દંડની શીક્ષા કરવામાં આવશે; પણ ક્યારે કે જો તે મુખત્યાર અથવા કારભા
રી, તે હંગામો થવાનો સંભવ છે, અથવા તે હંગામો જેથી થયો હોય તે કાયદા વિરૂદ્ધ
મંડળી મળવાનો સંભવ છે, એમ માનવાનુ તેને કારણ છતાં, તે મંડળી મળતા અથવા
હંગામો થતો અટકાવવાને, તથા તે હંગામો બંધ પાડવાને અને તે મંડળીને વીખેરી નાંખ
વાને પોતાથી બનતા સઘળા કાયદેસર ઇલાજો કામે નહી લગાડે તો.

કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીને સારૂ પઇસા આપવા કરીને રાખેલા સખસોને ઘરમાં રાખવા.

૧૫૭. જે માણસ પોતાના કબજા કે હવાલા માહેના અથવા
પોતાના અખત્યાર તળેના કોઇ ઘર કે જગામાં, કોઇ સખસોને રા
ખે; અથવા એકઠા કરે; અને તે એવું જાણીને કે કોઇ
કાયદા વિરૂદ્ધ મંડળીમાં સામીલ થવાને અથવા અંગભુત થવા
ને એ સખસોને પઇસા આપવા કરીને અથવા કોઇ બીજી રીતે
રાખેલા છે, અથવા પઇસા આપવા કરીને અથવા કોઇ બીજી રા
તે રાખવાના છે, તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની
કેદની, અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઇ કાયદા વિરૂદ્ધ મંડળી અથવા હંગામામાં સામીલ થવા સારૂ પઇસા લેવા કરીને રેહેવું.

૧૫૮. ૧૪૧ મી કલમમાં લખેલાં કામો માહેના કોઇ પણ
કામ કરવાને અથવા તે કરવામાં મદદ કરવાને જે માણસ પઇસા
લેવા કરીને અથવા કોઇ બીજી રીતે રેહે, અથવા પઇસા લેવા કરી
ને કે કોઇ બીજી રીતે રહેવાનુ કેહે અથવા રેહેવાની કોશીશ કરે, તે
માણસને છ મહીના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અ
થવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે; અને
ઉપર લખ્યા પ્રમાણે પઇસા લેવા કરીને અથવા કોઇ બીજી રીતે
રહ્યા પછી, જે માણસ જીવ લેનારૂ કાંઇ હથીયાર અથવા જે મા
રેથી સામા માણસનો પ્રાણ જાય એવી કાંઇ વસ્તુ સાથે લઇને
ફરે અથવા ફરવાનુ કબુલ કરે કે કેહે, તે માણસને બે વરસની મુ

અથવા હથીયારબં

ધ થઇને ફરવું. — દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની. અથ વા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

બખેડો. — ૧૫૯. જ્યારે બે અથવા વધારે સખસો કોઇ જાહેર જગામાં મારામારી કરીને લોકોની સુલેહમાં ગડબડ કરે, ત્યારે તેઓએ તે "બખેડો" કર્યો એમ સમજવું.

બખેડો કરવાની શિક્ષા. — ૧૬૦ જે માણસ બખેડો કરે તેને એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એકસો રૂપાયા સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

બાબ ૯ મો

સરકારી નોકરોના અથવા તેઓ સબંધિ ગુન્હાઓ બાબત

કાંઇ સરકારીનોકરીના કામ સબંધી. કાયદેસર મેહેનતાણા શીવાય કોઇસરકારી નોકરે કાંઇ બીજો અવેજ લેવો — ૧૬૧ જે માણસ સરકારી નોકર હોય, અથવા સરકારી નોકર થવાની ઉમેદ રાખતો હોય, તે માણસ પોતાના હેદ્દાનુ કાંઇ કામ કરવા અથવા ન કરવાના કારણ દાખલ અથવા બદલામાં અથવા પોતાના હોદ્દાનો અમલ ચલાવવામાં કોઇ સખસના ઉપર મેહેરબાની અથવા ઇતરાજી કરવા અથવા ન કરવાના કારણ દાખલ અથવા બદલામાં; અથવા હીંદુસ્તાનની કાયદા બાંધનારી કે હકુમત કરનારી સરકારની જોડે અથવા કોઈ પ્રેસીડેન્સીની સરકારની જોડે, અથવા કોઇ લીવટેનંટ ગવરનરની જોડે. અથવા કોઇ પણ સરકારી નોકરની જોડે તેના સરકારી હોદ્દા સબંધી કોઇ શખસને માટે અથવા કોઇ શખસના વિરૂદ્ધ કાંઇ વગ ચલાવવાનાં અથવા વગ ચલાવવાની કોશીશ કરવાના કારણ દાખલ અથવા બદલામાં કોઈ પણ સખસ પાસે પોતાને માટે અથવા બીજા કોઇ શખસને માટે, કાયદેસર મેહેનતાણા શીવાય બીજો કાંઈ પણ અવેજ લે, અથવા મેળવે; અથવા લેવાને કબુલ કરે, અથવા મેળવવાને કોશીશ કરે, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની. અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ખુલાસો ="સરકારી નોકર થવાની ઉમેદ રાખતો હોય" અગર કોઇ સખસ સરકારી નોકર થવાની ઉમેદ રાખતો ન હોય, અને તે બીજાઓને એમ સમજાવે કે મને સરકારી નોકરી મળવાની છે અને ત્યારે હું તમારૂ કામ કરી આપીશ, અને એ પ્રમાણે તઓને ઠગીને કાંઈ અવેજ મેળવે તો તે ઠગાઇનો ગુન્હેગાર થઇ શકે પણ તે કાંઇ આ કલમમાં બયાન કરેલા ગુન્હાનો તકશીરવાર ગણાય નહીં

"અવેજ" અવેજ શબ્દ વડે એકલા પઇસાજ, અથવા જેની કીમત પઇસાથી થઇ શકે એવો અવેજ સમજવો નહીં.

"કાયદેસર મેહેનતાણું" "કાયદેસર મેનતાણું" એ શબ્દો વડે કોઇ સરકારી નોકર જે મેનતાણું કાયદા મુજબ માગી શકે તે તે મેનતાણુંજ સમજવું નહીં. પણ જે સરકારની તે નોકરી કરતો હોય તે સરકારની તેને જે જે મેહેનતાણું લેવાની પરવાનગી હોય તે પ્રકારના મેહેનતાણાનો તેઓમાં સમાવેશ થાય છે.

"કરવાનું કારણ અથવા બદલો" કોઇ શખસ જે વસ્તુ કરવાને ઇરાદો રાખતો ન હોય તે વસ્તુ કરવાના કારણ દાખલ, અથવા જે વસ્તુ તેણે કરી ન હોય તે વસ્તુ કરવાના બદલામાં કાંઇ અવેજ લે, તો તે શબ્દોમાં દાખલ થાય છે.

દૃષ્ટાંત.

(અ) એક મુનસફ, અ એક સરાફ ઝ નો તરફેનુ હુકમનામુ કરી આપવાના બદલામાં પોતાના ભાઇને ઝ ની પાશે (ઝ ની પેહેડીમાં) એક જગ્યા અપાવે તો અ એ આ કલમમાં બયાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

(બ) એક કુમક કરનારા રાજાના દરબારમાં રેસીડેન્ટના હોદાપર છતાં તે રાજાના પ્રધાન પાશેથી અ એક લાખ રૂપીયા લે; અને એમ નહી માલમ પડે કે પોતાના હોદાનું ફલાણું મુકરર કામ અથવા ન કરવાના કારણ દાખલ અથવા બદલામાં અથવા તે રાજાને માટે બ્રિટીશ સરકારની સાથે કાંઇ મુકરર બાબતમાં વગ ચલાવવા અથવા વગ ચલાવવાની કોશીશ કરવાનાં કારણ દાખલ અથવા બદલામાં, અ એ ઉપલી રકમ લીધી, પણ એમ માલમ પડે કે પોતાના હોદાનો અમલ ચલાવવામાં તે રાજાની ઉપર અકસર મેહેરબાની રાખવાના કારણદાખલ અથવા બદલામાં અએ તે રકમ લીધી, તો અએ આ કલમમાં બયાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

(ક) કોઇ સરકારી નોકર અ ઝ ને એમ ખોટું સમજાવે કે સરકારની સાથે મારી વગથી તને ખીતાબ મળ્યા અને એમ કરીને તે ચાકરીના બદલામાં ઝ તને કાંઈ નાણું આપે એમ કરે, તો અ એ આ કલમમાં બયાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

ટીકા

આ કલમ કોઇ સરકારી નોકર રૂસવત લે અથવા લેવાની કોશીશ કરે, તેને શીક્ષા કરવા માટેની છે,

રોકડાં નાણાની લાંચ લીધી હોય, તે નાંણું તેને લીધાં છે, એવો ગુન્હો સાબીત થાય તો તે લીધેલા નાણાં તેની પાસેથી પાછા લેવા કે નહી એવીષે કાંઇ ખુલાસો નીયમ નથી, પરંતુ સને ૧૮૩૭ માં આ કાયદો ઘડનાર કમીસનરો કહેછે, કે,

આવા પ્રકારના કેશમાં જડજોએ તેમના અધીકાર પ્રમાણે તહોમતદારેનો દંડ કરીને ગેરવ્યાજબી રીતે મેળવેલાં સઘળાં નાણાં પાછા લેવા જોઇએ એ રીત અમે ધારીએ છીએ તે ઘણું ફાયદા ભરેલુ છે.

સરકારી નોકર કોને કહેવો તે બાબત આ કાયદાની કલમ ૨૧ મી જુઓ સરકારી નોકર સરકારનો પગાર ખાતો હોય અગર નોકર થવાની ઉમેદ રાખતો હોય એટલે ઉમેદવાર, તથા જેને કાયદાસર કાંઇપણ સરકારી કામ કરવાને અખત્યાર સોંપ્યો હોય તેવા માણસ સરકારી નોકર તરીકે ગણી શકાય છે.

લાંચ લેવી એ કાંઇ ફકત પૈસા લેવાથીજ લાંચ લીધી એટલુજ નથી પણ પૈસા લેવાની કોશીસ કરવી અગર માગવા અગર હું તારૂ અમુક કામ કરીશ તેથી તુ મને અમુક ફાયદો કરજે અગર મારૂ અમુક કામ કરજે, એમ કેહેવુ તે પણ લાંચ લીધી બરાબર છે,

આ કલમ ઉપર થએલા ફેસલા જોવાથી વધારે ખુલાસો સમજાશે.

એક કામમમાં લાંચ લીધાની ખબર ન આપ્યા બદલ તથા ગુન્હેગારને પકડવાની કસુર કર્યા બદલ એક શખસને અઠી વર્ષની મુદતની શીક્ષા તથા રૂ ૧૦૦) દંડ કરવામાં આવ્યો હતો અને તે મુંબાઇ હાઇકોરટે બાહાલ રાખ્યુ, સરકાર વીરૂદ્ધ મહમદયાસીન વા૦ ૪ પાનુ ૧૦૧ તા. ૮ સપટંબર સને ૧૮૭૯

પોલીસે તપાસ કરેલા કામની યાદી વાંચવા વાસ્તે અને શિક્ષાદારને કોરટમાં હાજર થવા માટે એક માજીસ્ટ્રેટની કોરટમાં એક પોલીસ અમલદારને નીમ્યો હતો તે અમલદાર એક

ચોરીનું કામ તે કોરટની રૂબરૂ આણ્યુ ગુન્હેગાર ઉપર ચોરીનો ગુન્હો સાબીત થયાથી તેને શીક્ષા કરી ચોરીનો માલ કોરટે ફરીઆદીને આપવાનો હુકમ કર્યો તે વખત માલ પૈકી કાંઇકમા લ તે પોલીસ અમલદારે ફરીઆદી પાશે માગ્યો તેથી ફરીઆદીએ તેને કાંઇક માલ આપ્યો પણ આ કલમમાં કહેલા કારણ માટે અગર તેમાં એકાદ હેતુ સધ થવા માટે તે પોલીસ અમલદારે તે માગણુ કીધુ નહી છતાં દસ્તુરી તરીકે, તેણે ફરીઆદીની પાસે તે માગણુ કીધુ હતુ એમ દરસ્યાથી હાઇકોરટે તે કામમાં એવો ઠરાવ કીધો કે પોલીસ અમલદાર. પીં૦ કો. ક૦ ૧૬૨ પ્રમાણે શીક્ષાને પાત્ર નહી છતાં કલમ ૧૬૧ માં કહેલી શીક્ષાને પાત્ર છે, સરકાર વીરૂધ માલતાપ્રસાદ—વા—૧ પ. ૫૩૦ તા૦ ૧૫ ડીસબર સન ૧૮૭૭ ક૦ હા૦

મીનકીયાલ શહર અમીન જે ફેસલો કરે તેમાં પોતાનો વગ ચલાવવા માટે કોઇ સીરસ્તેદાર કાંઇ લાંચ લેતો તે આ કલમ પ્રમાણે ગુનેગાર થઇ શકે— સીરસ્તેદારે વગ ચલાવ્યો કે નહી તે અગત્યનુ નથી કેમકે આ કલમમાં ખુલી રીતે બતાવ્યુ છે કે— કોઇ શખશ કાંઇ કામ કરવાનો ઇરાદો રાખતો હોય તે કામ કરવા માટે કાંઇ કાયદા વીરૂધ્ધ મેહેનતાણુ લે, કીવાજે કામ પોતે કરયુ ન હોય તે માટે કાંઇ ઇનામ લેતા તે ગુનેગારછે, રાણી વીરૂદ્ધ કાલી ચીરણ શીરસ્તેદાર કો. ઇ- ડી. પાં ૩૪૧

કોઈ આફ્રવાડેશના એક મેનેજરે કેટલાક રૂપૈઆ સરકાર તરફથી એક બેકમાં અનામત મુક્યા તે બેક સરકાર ખજાનાનુ કામ જુએછે, તે બેકમાંના એક નોકરે તમે મને કાંઇ બક્ષીસ આપોતો હું આ તમારી રકમ અનામત મુકુ એમ તે મેનેજરને કહયુ, તેથી તે મેનેજરે તેના પર આ કલમના અર્થ પ્રમાણે ફરીયાદ કરી કામ ચલાવ્યુ. તેમાં એમ ઠરાવ થયોકે મેનેજરે જોકે સરકાર તરફથી તે બેકમાં રૂપૈઆ અનામત મુકવાના હતા તો પણ આરોપીએ બેકમાં તે પૈશા લીધા તે સરકાર તરફથી લીધા નહી છતાં બેકના નોકરે એ રીતે તેણે લીધા હતા, અને એરીતે સરકારી નોકર નહી છતાં ફકત બેકનો નોકર હતો તેથી આ આકટની કલમ ૨૧ ની રકમના અર્થ પ્રમાણે તે સરકારી નોકર નથી માટે આરોપીત પરનુ તહોમતઅને શીક્ષા રદ કરી દંડ વસુલ થયો હોય તે પાછો આપવાનો હુકમ કરીએ છીએ. ક હા. વા. ૪- પ. ૩૭૬ તા૨૦ ડીસેંબર સને ૧૮૭૮

કોઇ સીપાઇને, પ્રોસેસમાંહીથી, કાંઇ દરમાયુ પગાર હોય, અને સરકાર તરફથી બીજો પગાર ન હોય તોપણ જો તે લાંચ લેતો તેણે સરકારી નોકર તરીકે ગણાય. રાણી વીરૂદ્ધ રામકીસનદાશ, કો' ઇ. હા, પ ૩૪૨.

જુરીના માણસને લાંચ આપવાનુ કહ્યુ તેથી તે લાંચ આપવા આવનાર શખશના રૂ ૧૦૦૦) દંડ કીધા તે વ્યાજબી છે એમ ઠરાવવામાં આવ્યું. રાણી વીરૂધ્ધ બાલચંદર બીસવાળા. કો. ઇ. હા. પા ૩૪૧

એક જોઇટ માજીસ્ત્રેટે, પોતાના તાબાના નોકરને આ કલમ પ્રમાણે સજા ઠરાવી હોય, અગર તેને બરતરફ કરયો હોય તો તે વ્યાજબીછે, એમ ઠરાવવામાં આવ્યુછે, સરકાર વીરૂધ ચંદરકુમાર શેન, કો. ઇ હા. પ, ૩૪૧

કોઈ સરકારી નોકરની સાથે લાંચના અથવો કાયદા વિરૂદ્ધ ઉપાયથી વગ ચલાવવા માટે કાંઇ અવેજ લેવો.

૧૬૨. લાંચના અથવા કાયદા વીરૂદ્ધ ઉપાયથી કોઇ સરકારી નોકરને પોતાના હોદાનુ કાંઇ કામ કરવા અથવા ન કરવાને લલચાવવાના કારણ દાખલ અથવા બદલામાં, અથવા તે સરકારી નોકરને પોતાના હોદાનો અમલ ચલાવવામાં કોઇ શખસની ઉપર મેહેરબાની અથવા ઇતરાજી કરવાને લલચાવવાના કારણ દાખલ અથવા બદલામાં; હિંદુસ્તાનની કાયદા બાંધનારી કે હકુમત કરનારી સરકારની

જોડે, અથવા કોઇ પ્રેસીડેન્સી સરકારની જોડે, અથવા કોઇ લીવટેનંટ ગવરનરની જોડે, અથવા કોઇપણ સરકારી નોકરની જોડે, તેના સરકારી ઓહદા સંબંધી કોઇ સખસને માટે અથવા કોઇ શખસની વીરૂદ્ધ વગ ચલાવવાને અથવા વગ ચલાવવાની કોશિશ કરવાને લલચાવવાના કારણ દાખલ અથવા બદલામાં, જે માણસ કોઇ પણ સખસ પાસે. પોતાને માટે અથવા બીજા કોઇપણ સખસને માટે. કંઇ પણ અવેજ લે, અથવા મેળવે, અથવા લેવાને કબુલ કરે, અથવા મેળવવાને કોશીશ કરે, તે માણસને ત્રણ વરસની મુદ્દત સુદ્ધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા

જે શખશ પોતાને માટે અથવા બીજા કોઇ શખશોને માટે કોઇ સરકારી નોકરને, કાંઇ સરકારી કામ કરવા માટે ગેર વ્યાજબી રીતે ખરાબ ઇલાજોથી. એ સરકારી નોકરને લલચાવવા માટે કાંઇ અવેજ લેતે તેણે કલમ ૧૬૧ પ્રમાણે સજા થાય નહી પણ, કલમ ૧૬૨ પ્રમાણે સજા થાય, વી૦ ર૦ ૩—મ૦ ૧૦

કોઇ સરકારી નોકરની સાથે પોતાનો વગ ચલાવવા સારૂ કાંઇ અવેજ લેવો

૧૬૩ પોતાનો ખાનગી વગ ચલાવીને કોઇ સરકારી નોકરને પોતાના ઓહદાનુ કાંઇ કામ કરવા અથવા ન કરવાને લલચાવવાના કારણ દાખલ અથવા બદલામાં; અથવા તે સરકારી નોકરને પોતાના ઓહદાનો અમલ ચલાવવાના કોઇ સખસની ઉપર મેહેરબાની અથવા ઇતરાજી કરવાને લલચાવવાના કારણે દાખલ અથવા બદલામાં; અથવા હિંદુસ્તાનની કાયદા બાંધનારી કે હુકમત કરનારી સરકારની જોડે, અથવા કોઇ પ્રેસીડેન્સીની સરકારની જોડે, અથવા કોઇ લીવટેનંટ ગવરનરની જોડે, અથવા કોઇ પણ સરકારી નોકરની જોડે, તેના સરકારી ઓહદા સંબંધી કોઇ શખસને માટે અથવા કોઇ શખસની વીરૂદ્ધ વગ ચલાવવાને અથવા વગ ચલાવવાની કોશીશ કરવાને લલચાવવાના કારણ દાખલ અથવા બદલામાં, જે માણસ, કોઇ પણ શખસ પાસે પોતાના માટે અથવા બીજા કોઇ શખસને માટે, કાંઇ પણ અવેજ લે, અથવા મેળવે, અથવા લેવાને કબુલ કરે, અથવા મેળવવાને કોશિશ કરે, તે માણસને એક વર્ષની મુદત સુધીની આસાન કેદની. અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

દૃષ્ટાંત.

કોઇ વકીલ કોઇ જડજની આગળ કોઇ મુકદ્દમામાં તકરાર કરવાને કાંઇ ફી લે તે, સરકારને કાંઇ અરજી કરવી હોય, અને તેમાં અરજદારની ચાકરી તથા તેના દાવાનુ બ્યાન કરવુ હોય, તે અરજીની બીના બરાબર ગોઠવવા સારૂ તથા તે અરજી શુદ્ધ કરવા સારૂ કોઇ માણસ કાંઇ અવેજ લે તે; કોઇ તકસીરવાર ઠરેલા માણસનો પહેલા આપાને રાખેલો મુખત્યાર જે તે માણસને ગેરવ્યાજબી રીતે તકસીરવાર ઠરાવ્યો છે એવુ બતાવવાને સરકારના આગળ કાંઇ મજકુર લખીને લખાણ રજુ કરે તે,—એ શખસો આ કલમમાં દાખલ થતા નથી કેમકે તેઓ પોતાનો ખાનગી વગ ચલાવતા અથવા ચલાવવાનુ કેહેતા નથી.

સરકારી નોકરઉપર બ્યાન કરેલા ગુનાહોમાં મદદગારી કરે તેને શિક્ષા.

૧૬૪. કોઇ માણસ સરકારી નોકર હોય, તેની બાબતમાં ઉપલી બે કલમો મધ્યે બ્યાન કરેલા બે ગુનાહો માંહેનો ગમે તે ગુનાહ કરવામાં આવે, અને તે તે ગુનાહની મદદગારી કરે, તો તે માણસને ત્રણ વરસની મુદતસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા

કેદની અથવા એ બંનેની, શિક્ષા કરવામ, આ

દૃષ્ટાંત.

(અ) એક સરકારી નોકર છે તે અ નો વકુ બ અ ની પાશે કોઇ મુકરર સખસને કાંઇ જગા આપવાનુ અ ને કહેવાના કારણ દાખલ કાંઇ નજરાણું લે, અને અ બ ને તે લેવામાં મદદગારી કરે, તો બ ને એક વરસની, મુદત સુધીના કેદનો, અથવા એ બંનેની. શિક્ષા થઇ શકે; અને અ ને ત્રણ વરસની મુદત સુધીની કેદની, અથવા દંડની, અથવા એ બનેની શિક્ષા થઇ શકે.

કોઇ સરકારી નોકરની આગળ કાંઈ મુકદમો અથવા મામલો ચાલતો હોય તે મધ્યે નિસબત ગણનારા કોઇ સખસ પાસેથી તે સરકારી નોકરે વગર કીમત આપે કાંઈ કીમતદાર વસ્તુ લેવી.

૧૬૫. કોઇ સરકારી નોકર જે મુકદમો અથવા મામલો ચલાવતો હોય અથવા ચલાવવાનો હોય, અથવા જે મુકદમો કે મામલો પોતાનો અથવા પોતે જે સરકારી નોકરને તાબે હોય એવા કોઇ સરકારી નોકરના હોદ્દાનાં અમલની સાથે નીસબત રાખતા હોય, એવા કોઈ મુકદમા કે મામલા મધ્યે જે સખસનુ કાંઇ લાગતું વળગતું હતું; અથવા છે અથવા થવાનો સંભવ છે, એમ તે જાણતા હોય; એવા કોઇ સખસની પાસેથી, અથવા એ પ્રમાણે લાગતુ વળગતુ હોય તેવા શખસની સાથે જે શખસનો કાંઇ સબંધ અથવા સગપણ છે, એમ તે જાણતો હોય એવા કોઇ સખસ પાશેથી, તે સરકારી નોકર કિમત આપ્યા વગર, અથવા પોતાના જાણ્યા મુજબ ઓછી કીમત આપીને, પોતાને માટે અથવા બીજા કોઇ શખસને માટે, કાંઇ કિમતી વસ્તુ લે. અથવા મેળવે, અથવા લેવાને કબુલ કરે, અથવા મેળવવાની કોશીશ કરે તો તેને બે વરસની મુદત સુધીના આસાન કેદની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

દૃષ્ટાંત.

(અ) અ એક કલેકટર છે, તેની આગળ જમાબંધી બાબતનો એક ઝ નો મુકદમો ચાલે છે હવે ઝ નું એક ઘર અ ભાડે લે, અને એવો બદોબસ્ત થાય કે અ એ દર મહીને પચાશ રૂપીઆ આપવા, અને તે ઘર એવુ હોય કે અગર તે સાદુ શુદ્ધબુદ્ધિથી થયુ હોય તો અ એ દર મહીને બસે રૂપીઆ આપવા પડે, તો અ એ ઝ પાશેથી પુરી કીમત આપ્યાવીના કીમતી વસ્તુ મેળવી એમ સમજવુ.

(બ) અ એક જડજ છે તેની કોરટ મધ્યે ઝ નો એક મુકદમો ચાલેછે તે ઝની પાશેથી બજારમાં સરકારી પ્રામિસરી નોટો વધારે ભાવે વેચાય છે એવા વખત, ઓછે ભાવે અ કાંઇ સરકારી પ્રામિસરી નોટો ખરીદ કરે, તો અ એ ઝ ના પાશેથી પુરી કીમત આપ્યા વિના કિમતી વસ્તુ મેળવી એમ સમજવુ.

(ક) ઝ ના ભાઇને ખોટી શાહેદી આપવાના તોહોમત પરથી પકડીને અ માજીસ્ટ્રેટની આગળ લેઇ ગયા છે. હવે કોઇ બેંકના શેર બજારમાં ઓછે ભાવે વેચાતા હોય એવી વખતે અ તે બેંકના કાંઇ શેર ઝ ને વધારે ભાવે વેચે, અને તે ભાવ પ્રમાણે ઝ અને તે શેરના નાણાં ભરે, તો અ એ રીતે મેળવેલાં નાણાંને તેણે પુરી કીમત આપ્યા વિના લીધેલી કીમતી વસ્તુ સમજવી.

કોઇ સખસને નુકશાન કરવાના ઇરાદાથી કોઇ સરકારી

૧૬૬. કોઇ માણસ સરકારી નોકર હોય, અને તેણે પોતાના સરકારી આડદાસર કેમ ચાલવુ એ બાબતનો કાંઇ કાયદાનો હુકમ તે જાણી બુજીને ન માને, એવા ઇરાદાથી કે તે ન માનવાથી કાંઇ સ

નોકરેકાંઇકાયદાનો હુકમ નમાનવો.

ખશને કાંઇ નુકશાન કરવું, અથવા તેથી કાંઈ નુકશાન થશે એવો સંભવ છે એમ જાણવા છતાં, તો તે માગુસને એક વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

દૃષ્ટાંત.

ઝની તરફનુ એક ઇનસાફની કોર્ટે હુકમનામુ કરી આપ્યુ હોય તે હુકમનામુ પુરૂ કરવા સારૂ તે બજાવવામાં કાંઇ મિલકત જપ્ત કરવાનો કાયદાએ અમલદારને હુકમ કરયો હોયતે કાયદાનોહુકમ અ એ જાણી જુ ઇને ન માને અને તેતે એમ જાણતો હોય કે હુ એ હુકમ નહી માનીશ તેથી ઝ ને નુકશાન થવાનો સંભવ છે તો અ એ આ કલમમા બ્યાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું,

ટીકા

આ કલમ પ્રમાણે તોહમત સ્થાપીત કરતીવખતે કયો કાયદો અથવા રૂલ નહી માન્યો તે તહોમતમાં બતાવવુ જોઇએ, વીકલી રીપોટ, ૨ મઇ ૧૦૯

એક ડીપેટી કમીશનરે (બ] નામના એક શખસને લુટારો અથવા બદમાસ માન્યો એ મકરવાને કાંઇ કાયદો નથી એવું તે ડીપોટી, કમીશનરે જાણ્યા છતાં, તે (બ) નામનાં શખસને પોતાના જીલ્લામાંથી કાહાડી મુકયો અને ગંગા પાર મોકલી દીધો, તે કામમાં ઠરાવવામાં આવ્યુંકે, ડીપોટી કમીશનરે એમ કરવાથી, આ કલમ પ્રમાણે ગુન્હો કરયો. ઇનસાફ ખાતાના અમલદારો નીષકપટ પણે જે કામ કરે, તે માટે તેનો બચાવ થાયછે પણ તેરમાં આવી જોઇતી સંભાળ લીધા વગર કાંઇ કૃત્ય કરેતો તેના પરીણામ માટે તેઓ જવાબદાર છે. ક્રી, પ. ૧૦૮

નુકશાન કરવાના ઇરાદાથી કોઇ સરકારી નોકરે કાંઇ ખોટો લેખ બનાવવો.

૧૬૭. કોઇ માણસ સરકારી નોકર હોય, અને તેને પોતાનાસરકારી હોદાના જોરથી કાંઇ લેખ તૈયાર કરવાનુ અથવા તેનો તરજુમો કરવાનુ સોંપ્યુ હોય, તે માણસ પોતે જેને ખોટી જાણતો હોયઅથવા માનતો હોય એવી રીતે તે લેખ બનાવે, અથવા તેનો તરજુમો કરે, એવા ઇરાદાથી કે તેમ કરીને પોતે કોઇ સખશનુ નુકશાનકરવું, અથવાતેમ કરવાથી પોતાથી કોઇનુ નુકશાન થાય એવો સંભવ છેએમ જાણ્યા છતાં, તોતે માગુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારના કેદની,અથવા દંડની એ બંનેની શિક્ષા કરવામા આવશે.

ટીકા

એક કોરટના તરજુમો કરનારે એક ફોજદારી કેશમાં કેદી છુટી જાય તે માટે સથળા દસ્તાવેજનો ખોટો તરજુમો કરયો. તેમાં ઠરાવવામાં આવ્યુ કે, તેને આ કલમ પ્રમાણે શજા થાય નહી, પણ અજ કાયદાની કલમ ૨૧૮ પ્રમાણે શજા થાય, બરોબર તરજુમો કરવામાં તેણે સોગન લીધા હોય તો તેને કલમ ૧૯૩ પ્રમાણે સજા થાય. (ક્રી. પ. ૧૧૦

આવો તરજુમો કરવાથી નુકશાન થશે એવું એ સરકારી નોકર આગળથી જાણતો હતો અગર તેનો એવો ઇરાદો હતો, એવુ શાબીત થતાં સુધી તેને આ કલમ પ્રમાણે શિક્ષા થાય નહી, વા. ૫. અ. હા. રી. પ. ૧૨૫.

એક ફોરેસ્ટ(જંગલ ખાતાનો)ઓફીસર કે જેને કાયદા પ્રમાણે તપાસ કવાનો તથા પુરાવો લેવાનો અખત્યાર મળ્યો નથી, તે શખસની રૂબરૂ રજુ કરવાના ઇરાદાથી ખોટો હીસાબ તઇયાર કરવો એઇંડીઅન પેનલકોડ કલમ ૧૯૩ પ્રમાણે ખોટો પુરાવ બનાવ્યો એમ કહેવાય નહી, સરકાર વીરૂધ, રામાજીરાવ જીવાબાજીરાવ અને એક બીજો, વા. ૧૨. મા. ૧

૧તા. ૧૮ ફેબ્રુઆરી ૧૮૯૫.

સરકારી નોકરે કાયદા વિરૂધ વેપાર કરવો.

૧૬૮ જે માણસ સરકારી નોકર હોય, અને પોતાના સરકારી હોદ્દાને લીધે કાયદા મુજબ જેણે વેપાર નહી કરવાનો ફરજ હોય તે માણસ જો વેપાર કરે, તો તેને એક વરસની મુદત સુધીના આસાન કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે,

સરકારી નોકરે કાયદા વિરૂધ કાંઇ મીલકતની ખરીદી અથવા માગણી કરવી.

૧૬૯, જે માણસ સરકારી નોકર હોય, અને પોતાના સરકારી હોદ્દાને લીધે કાયદા મુજબ જેણે કાઇ મીલકતના ખરીદી અથવા માગણી નહી કરવાની ફરજ હોય, તે માણસ જો પોતાને નામે અથવા બીજાને નામે, અથવા બીજાઓની સાથે રહીને કે ભાગમાં તે મીલકતની ખરીદી અથવા માગણી કરે, તો તેને બે વરસના મુદત સુધીની આસાન કેદની, અથવા દંડની, એ બંનેની, શિક્ષા કરવામાં આવશે અને અગર તે મીલકત ખરીદ થઇ હોશે, તો તે સરકારના જપ્તે કરવામાં આવશે.

કોઇ સરકારી નોકરનો વેશ લેવો.

૧૭૦ જે શખશ પોતે અમુક હોદ્દાપર નથી એમ જાણ્યા છતાં, સરકારી નોકર દાખલ તે હોદ્દાપર હોવાનો ઢોંગ કરે, અથવા તે હોદ્દાપર હોય એવા કોઇ બીજા શખસનો વેશ લે, અને તે વેશ લેઇને, તે હોદ્દાથી કરતો હોય એવી રીતે કાંઇ કામ કરે અથવા કામ કરવાની કોશીશ કરે, તે શખસને બેવરશની મુદતસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે,

કોઇ સરકારી નોકરજેવો પોશાક પેહેરતો હોય, અથવા જે નીશાણી સાથે રાખતો હોય તેવો પોશાક અથવા તેવી નીશાની દગલબાજીના ઇરાદાથી પેહેરવી અથવા સાથે રાખવી.

૧૭૧. જે માણસ સરકારી નોકરોના અમુક વરગનો નહી છતાં તે વરગના સરકારી નોકરોના પોશાક જેવો પોશાક પહેરે અથવા તેઓની નીશાણી જેવી નીશાણી સાથે રાખે એવા ઇરાદાથી કે તે માણસ સરકારી નોકરોના તે વરગમાંનો છે, એમ માનવામાં આવે અથવા એમ માનવામાં આવશે. એવો સંભવ છે એમ જાણ્યાં છતાં તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારના કેદની અથવા બસે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ભાગ ૧૦મો

સરકારી નોકરોના કાયદેસર અખતિયારનો તિરસ્કાર બાબત.

કોઇ સરકારી નોકરની તરફથી થએલો સમન કે હુકમ ન પોહોચે એટલા માટે નાહાશી જવું.

૧૭૨. જે સરકારી નોકરને પોતાના સરકારી હોદ્દાના જોરથી સમન અથવા નોટીસ, અથવા હુકમ કરવાનો કાયદા મુજબ અખતિયાર હોય એવો કોઇ સરકારી નોકરે કરેલો સમન, અથવા નોટીસ અથવા હુકમ પોતાને નપોહોંચાડાય એટલા માટે જે માણસ નાશી જાય, તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાંચશે રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે અથવા અગર તે સમન, નોટીસ, અથવા હુકમ જાતે અથવા મુખતિયારની મારફતે કોઈ ઇનસાફની કોરટમાં હાજર થવા બાબતનો અથવા કાંઇ

લેખ હાજર કરવા બાબતનો હોશે તો તે માણસને છ મહીનાના મુદત સુધીની આસાન કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા

આ કલમ કોઇ સરકારી નોકર જેને શમન અથવા નોટીશ અથવા વારંટ કાહાડવાનો અધીકાર હોય, તેવા સરકારી નોકરે શમન કીવા વારંટ કીવા નોટીશ કહાડયુ હોય તે બાબતની ખબર પડવાથી કોઇ શખસ કે જેની ઉપર તે શમન અથવા નોટીશ નાકળી હોય તે શખસ તે સમન અથવા નોટીશ કીવા નોટીસ નો અનાદર કરીને નાશી જાય અથવા છુપી રેહે તે શખશને શીક્ષા કરવા માટેની છે એવા ઇરાદાથી કે તે સમન કીવા નોટીસ મારી ઉપર બજી શકે નહી અરથાંત તે સમન કીવા નોટીસ પોતાની ઉપર નહી બજવા દેવાના ઇરાદાથી નાસીજાય કીવા છુપી રહેવા તે નાશી જવુ ગણી શકાય.

ઉપર બતાવેલો સમન કીવા નોટીસ નીકળે તે વખત તે શખશ હાજર નહી હોય અગર તે કોઇ દેશાવર ગએલો હોય. અગર તે વખત પેતાના કાંઇ અગત્યના કારણથી તે સમન કીવા નોટીસ નહી બજવા દેવાના ઇરાદા શીવાય તે સમન કાહાડનારી કોરટની હકુમત છોડીને જાય તો તે નાશી ગયો કેહેવાય નહી

આ બાબ ૧૦ માની કલમ ૭૨ થી ૮૮ સુધીની કલમો (એ બંને કલમો સુધાં) પ્રમાણે શીક્ષા કરવા લાયક કોઇપણ ગુન્હો જે સરકારી નોકરનુ લાગતુ વળગતુ હોય તેના અથવા આ કલમ પ્રમાણે તે સરકારી નોકરના તીરસ્કાર અથવા જેમ હોય તેમ થએલા ગુન્હા બાબત ગુન્હેગાર ઉપર ફરીઆદ કરવાને તે જે સરકારી નોકરના તાબામાં હોય એટલે પોતાના ઉપરી અમલદારની તે ફરીઆદ કરવાની પ્રથમ મંજુરીઅત લીધા વગર, અથવા તેની ફરીઆદ વગર કોઇપણ કોરટે સાંભળવી નહી, ક્રીમીનલ પ્રોસીજર સન ૧૮૮૨ ના ૧૦ માની કલમ ૧૯૫ જુઓ

સરકારી ઇનસાફની વીરૂદ્ધ કેટલાએક ગુન્હાઓ બાબત તથા પુરાવામાં આપેલા દસ્તાવેજો સંબંધી ગુન્હાઓ બાબત ફોજદારી કાયદાની કલમ-૧૯૩-૧૯૪-૧૯૫-૧૯૬-૧૯૯-૨૦૦ ૨૦૫-૨૦૬-૨૦૭-૨૦૯-૨૧૦-૨૧૧ અથવા ૨૨૮ તથા ૪૬૩ મી કલમમાં વરણવેલા તથા ૪૭૧—૪૭૫ અથવા ૪૭૬ મી કલમ પ્રમાણે શીક્ષા કરવા લાયક કોઇપણ ગુન્હો જ્યારે કોઇપણ ગુન્હેગાર કરે, તેના ઉપર ફરીઆદ કરવા માટે તે કોરટની અથવા તે કોરટ જે કોરટના તાબામાં હોય, તે કોરટની મંજુરી વગર ઉપર બતાવેલી કલમોવિરૂદ્ધના ગુન્હા કોઇપણ કોરટને સાંભળવાનો અખીકાર નથી જુઓ તેજ કલમ ૧૯૫ ક્રી પ્રો ૮૨ નો ૧૦ મા

સને ૧૮૮૨ના આક્ટ ૧૦ માની કલમ ૧૯૫ માં સુચવેલા મંજુરી મોઘમ રીતે આપવાનો અખત્યાર છે અને તેમાં તહોમતવાળાનુ નામ લખવાની જરૂર નથી, પણ બનો શકે તેટલે સુધી, જે કોરટમાં અથવા બીજી જગામાં, જે પ્રસંગે ગુન્હો કરયો હોય, તે કોરટ; અથવા જગા. અને પ્રસંગ એ વિષેશ કરીને તેમાં જણાવવાં, આ કલમમાં સુચવેલા હર કોઇ ગુન્હાના સબંધમાં મંજુરીઅત આપી હોય ત્યારે તે મુકદમો સાંભળનારી કોરટને સદરહુ સુચવેલો બીજો જે ગુન્હો હકીકત ઉપરથી જણાઇ આવે તે ગુન્હાનુ તહોમત મુકવાનો અખીકાર છે,

સદરહુ મંજુરીઅત આપ્યાં પછી છ મહીનાથી વતી મુદત સુધી અમલમાં રેહેશે નહી.

સઘળી કોરટો તેના ઉપર અપીલ ચાલી શકતી હોય તે કોરટોના તાબામાં છે, તથા ઇલાકાના મુખ્ય શેહેરો માંહેની સ્મોલકાજ કોરટો હાઇકોરટના તાબામાં છે એમ સમજવુ.

આ આખા બાબની છેલી બે કલમો ૧૮૯ તથા ૧૯૦ વીરૂદ્ધના ગુન્હાઓની ફરીઆ

કાને માટે મંજુરીઅતની જરૂર નથી.

મંજુરીઅત સુધ બુધીથી લેવાની અરજી કરી છે કે, સામા પક્ષકારને હેરાન કરવાને કે. પૈસા કઢાવવા સારૂ કે, સામા પક્ષકારને હેરાન કરવાને તે કાયદેસર ઇલાજ લેવાનો હો ય તેમાં ભંગ પાડવાના હેતુથીજ કરી છે, તે મંજુરીઅત આપનાર અધીકારાએ ધ્યાનમાં લે વુ જોઈએ સુધ બુધીથી અરજ કરવામાં આવી હોય, અને સારા કારણો હોયતો મંજુરીઅ ત આપવી જોઇએ, ઇ. લા રી. વા. ૭ કલકતા, ૨૦૮

મંજુરીઅત આપતાં અગલ, જે મુકદમાના કામમાં મંજુરીઅત આપવાની હોય, તે મુક દમાનુ કામ પુરૂ થવુ જોઇએ. ૧૯-વુ. રી. ૭૭

સમન અથવા બીજો હુકમ પોહોચતો અટકાવવો અથવા તે જાહેર થતો અટકાવવો.

૧૭૩. જે સરકારી નોકરને પેતાના સરકારી ઓહદાના જોરથી સમન. અથવા નોટીસ, અથવા હુકમ કરવાનો કાયદા મુજબ અખતિયાર હોય એવા કોઇ સરકારી નોકરે કરેલો સમન નોટીસ, અથવા હુકમ પોતાને અથવા બીજા કોઇ પણ શખસને પોહોંચે તો જે માણસ કોઇ પણ રીતે ઇરાદાથી અટકાવે અથવાં કાયદા મુજબ તે સમન, નોટીસ અથવા હુકમ કોઇ જગોપર ચોડતાં જે માણસ કોઇ પણ રીતે ઇરાદાથી અટકાવે અથવા જે જગોપર તે સમન, નોટીસ; અથવા હુકમ કાયદા મુજબ ચોહોડયો હોય તેવી કોઈ જગોપરથી જે માણસ કોઇ પણ રીતે તેને ઇરાદાથી ખશેડે, અથ જે સરકારી નોકરને પોતાના સરકારી ઓહદાના જોરથી કાંઇ જાહેરખબર આપવાનુ ફરમાવવાને કાયદા મુજબ અખતિયાર હોય તેવા કોઇ સરકારી નોકરના હુકમથી તેવી કાંઇ જાહેરખબર કાયદા મુજબ અપાતી જે માણસ કોઇ પણ રીતે ઇરાદાથી અટકાવે, તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાંચશે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે; અથવા અગર તે સમન નોટીસ, હુંકમ કે જાહેર ખબર જાતે અથવા મુખતિયારની મારફતે કોઇ ઇનસાફની કોરટમાં હાજર થવા બાબતની અથવા કાંઇ લેખ હાજર કરવા બાબતની હશેતો તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની; અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે

ટીકા

આ કલમ પ્રમાણે ગુન્હો સાબીત કરવાને નીચે લખેલી બાબા શાબીત કરવી જોઇએ.

સમન અથવા નોટીસ ફલાણા શખસ ઉપર નીકળી છે અગર નીકળવાની છે એવુ ગુન્હેગારના જાણવામાં હોયતો તથા તે સમન અથવા નોટીસ નહી પોચે એવુ કાંઇ કલ્પ કરયુ હોયનો તથા તે સમન અગર નોટીસ કોઇ જગોએ ચોહતાં અટકાવી હોય અગર ચોડેલી ઉઠાવી લીધી હોયનો,

કરજદારો ફરીઆદ થતી વખત નાશી જાયે છે તેમની બાબતની હકીકત પણ એવીજ હોય છે કે, તે સમન મને પોચે નહી પણ તેઓ કોરટનો તીરસ્કારવા નાશી જતા નથી પણ નાણા આપવા પડશે એવ હેતુથી નાશી જાયછે.

સમન પેંચ્ય બદલ સહી આપવાને ના કબુલ કરવુ. અગર સહી ન કરવી. એ કરવાથી આ કલમ મુજબ ગુન્હો થતો નથી, કલકતા હા. કો. વા. ૩ મ. ૬૨૧, સરકાર વીરૂધ ભુમરેશ્વર, તા. ૧૪ ડીસબર સને ૧૮૭૭ સમન લેવા તથા સહી કરવા સારૂના કબલ કરવુ એ આ કલમના અર્થ પ્રમાણે બજાવણીને અટકાવ કરયો એમ થતુ નથી, મુબાઇ હાઇકોરટ પુછવા ઉપરથી. સરકાર વિરૂધ ખુશાલ પરભુદાસ તા. ૧૫ જુલાઇ સને ૧૮૬૯.

એક તોહમતવાળા ઉપર થએલી ફરીઆદનો જવાબ આપવા માટે હાજર થવાને થાણા

ના ફુલપાવર માજીસ્ટ્રેટે સમન કરયો તે બજાવ્યાની ખાત્રી થવા સારૂં સમનની પીઠ સહી કરવાનુ કહ્યા છતાં તેણે સહી કરવાની ના કહી તે ઉપરથી આ કલમ પ્રમાણે તોમતવાળાને સીક્ષા કરી તે કામમાં હાઇ કોરટે ઠરાવ્યુ કે આવા કામમાં આ કલમ લાગુ પડતી નથી, મા ટે તોમત અને શીક્ષા રદ કરવામાં આવી મુ, હા. રી! પાનુ ૮૮ વા, ૫

કોઇ સરકારી નોકરની તરફથી થયેલા હુકમ મુજબ હાજર ન થવું.

૧૭૪. જે સરકારી નોકરને પોતાના સરકારી હોદ્દાના જોરથી સમન, નોટીસ, હુકમ, અથવા જાહેર ખબર આપવાનો કાયદા મુજબ અખતિયાર હોય, એવા કોઇ સરકારી નોકરે કરેલા સમન, નોટીસ, હુકમ, અથવા જાહેરખબર મુજબ ફલાણે ઠેકાણે તથા ફલાણી વખતે જાતે, અથવા મુખતિયારની મારફતે હાજર થવાની જે માણસની કાયદા મુજબ ફરજ હોય તે માણસ અગર ઇરાદાથી તે ઠેકાણે અથવા તે વખતે હાજર થવામાં કસુર કરે, અથવા જે ઠેકાણે હાજર થવાની ફરજ હોય તે ઠેકાણેથી જવાની કાયદેશર વખત થતાં પેહેલાં, ત્યાંહાથી જાય, તે માણસને એક મહિનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાંચશે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે; અથવા અગર તે, સમન, નોટીસ, હુકમ, કે જાહેર ખબર જાતે અથવા મુખતિયારની મારફતે કોઇ ઇનસાફની કોરટમાં હાજર થવા બાબતની હોશે તો, તે માણસને છ મહીનાની મુદત સુધીના આસાન કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

દૃષ્ટાંત.

(અ) કલકત્તાની સુપ્રીમ કોરટમાંથી થએલા સમન મુજબ તે કોરટ મધ્યે હાજર થવાની કાયદા મુજબ ફરજ છતાં અ હાજર થવામાં ઇરાદાથી કસુર કરે તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરયો એમ સમજવું.

(બ) કોઇ જીલ્લા જડજે કરેલા સમન મુજબ તે જીલ્લા જડજના હજુરમાં હાજર થવાની કાયદા મુજબ ફરજ છતાં અ હાજર થવામાં ઇરાદાથી કસુર કરે તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરયો એમ સમજવું.

ટીકા.

કોઇ સરકારી નોકર કાયદાસર અખત્યાર પામેલો હોય તેવાજ નોકર તરફથી જે સખશને અમુક અમલદારની રૂબરૂ હાજર થવાને હુકમ થયો હોય તે સખશ તે હુકમ મુજબ હાજર ન થાય તો તેને આ કલમમાં કહેલો ગુન્હો કરયો કહેવાય, આ બાબત નીચે બતાવેલા ફેસલા જુઓ.

એક કામમાં અમદાવાદના ફુલપાવર માજીસ્ટ્રેટે એક સખશને અમુક દીવસે દશ વાગતાં હાજર રહેવાને સમન કરયો છતાં તે હાજર થયો નહી તેથી તેના ઉપર આ કલમ. ૧૭૪ પ્રમાણે ગુન્હો ઠરાવવી તેને સીક્ષા કરવામાં આવી હતી પણ સેશન જડજે આ કામ હાઇ કોરટના હુકમ માટે મોકલ્યુ એવાં કારણથી કે માજીસ્ટ્રેટના પ્રોસીડીંગ અને રીપોર્ટ ઉપરથી એમ જણાય છે કે સમનની નકલ તોહમતવાળાને આપી નોહતી ફક્ત બતાવી હતી અને તેના ઉપરતે ને સહી કરવાનુ કહેવાથી સહી કરી આપી હતી, આ કામમાં હાઇ કોરટે એમ ઠરાવ્યુ કે ફક્ત

ત સમન બતાવ્યાથી પુરી બજાવણી થઇ છે એમ કહેવાય નહી કેમકે અસલ ? તેની નકલ તેને આપવી જોઇતી હતી, અગર આપવા માંડવી હતી, તેથી તોમત અને શીક્ષા રદ કરવા માંઆવી છે સરકાર વિરૂદ્ધ કરશનલાલ દાનતરામ, વા. ૫. મુ. હા, કો. રી. પાનુ ૨૦

જે અધીકારીનો હુકમ તોહમતવાળાએ અમાન્ય કરયા હોય તની ચોકરી બીજા માજીસ્ટ્રેટથી થવી જોઇએ.

એક સેટલમેન્ટ ઓફીસરને માજીસ્ટ્રેટનો અધીકાર હતો; સેટલમેન્ટ ઓફીસર તરીકે તેણએ ક માણસને પોતાની કોરટમાં હાજર થવાનો સમન કરયો, તે માણસ હાજર થયો નહી તેથી આફીસરે માજીસ્ટ્રેટની રીતે આ કલમ ૧૭૪ને આધારે તે માણસપર તોહમત મુકી તેનો ઇનસાફ પોતે કરી તેનો ગુન્હો સાબીત કરયો, તે પ્રકરણ સેસન જેડજે હાઇ કોરટના અભીપ્રાય માટે મોકલ્યુ તેમાં એમ ઠરાવવામાં આવ્યુ કે જુના પ્રોસેજરની કલમ ૪૭૧ અને ૪૭૩ જોતા આ તોહમત ગેરકાયદેશર છે, સરકાર વિરૂદ્ધ સુખરી, વા ૨, અ. હા. કા. રી. પાનુ ૪૦૫.

ઘરના જે ઓરડામાં પ્રતીવાદી હોય તે ઓરડાના બારણામાંના કાણામાં સમનની નકલ નાખી અને પ્રતીવાદીને એમ કહેવુકે એ સમનની નકલ છે તો તે પ્રતીવાદી ખુદને સમન પોચાડ્યા છે એમ ગણાય નહી, નેલસન.

એક કામમાં પ્રતીવાદીના ચાકરે બગીચાની દીવાલ ઉપર જે ટોપલી લટકાવેલી તે ટોપલીમાં એક માણસે સમનની નકલ મુકી અને તે મુકનારને પ્રતીવાદીના ચાકરે કહ્યું કે તે નકલ લઇ જા મારે નથી જોઇતી એમ સમન મુકનારે સાંભળ્યુ અને ચાકરે પાછળથી સમન મુકનારને એમ કહ્યુ કે મેં એ સમન ખુદ પ્રતીવાદીને આપ્યો છે આ કામમાં એમ ઠરાવવ થયો કે એ સમન ખુદ પ્રતીવાદીને પોચાડયો છે એમ કહેવાય નહી, ગોગસ વિ, હંટીગ, ટાવર, ૧૨એમ અને ડબલ્યુ. ૫૦૩

પ્રતીવાદીની સ્ત્રીને અથવા તેના કોઇ પ્રસીદ્ધ એજંટને સમન આપવો તે સમન યોગ્યરીતે બજાવ્યો છે એમ કેહેવાય નહી ક્રીથ. વિ. ડાનીગલ, ૨ ઠો, પિ. સિ ૨૫૭ જોકે એજંટે સમન પ્રતીવાદીને પોચાડવાનુકબુલ કરયુ હોય તો તણુ યોગ્ય બજાવણી કહેવાય નહી ડેવીઝ વિ. મોરગન રસિ જે ૨૩૭.

ઇંગ્લાંડમાં એમ છે કે જો પ્રતીવાદી માગેતો તેને અસલ સમન બતાવવો. એ જરૂરનુ છે,એમ બા. એન્ડરસન સાહેબે ઠરાવ્યુ છે, ગોગ્ઝ વિ, હંટીંગલટાવર ૧૨ એમ અને ડબલ્યુ, ૫૦૩ પ્રતીવાદી સમનની નકલ લેવાની ના પાડેતો તેના ખરેખર કબજામાં તે આપવાની જરૂર નથી તે કેવા પ્રકારનો છે તે જણાવી, તે સમન તેની શમક્ષ નાખવો એ ખરા છે, રેડાપાથ, વ્યુક્ષીઅમ્સ ૩ બીગ ૪૪૩, ૧૧, મુ, ૩૩૩ તેના વિરૂદ્ધ આલડેડ વિ. હિકશાપ ટોન્ટ, ૧૮૯, પાણ ઉપર પ્રમાણે પ્રતીવાદીના સમક્ષ એવી રીતે નાખવો કે તેને ખુદને શમન પોચાડયા વિષેના નીયમ લાગું પડે, એક શખશ ઘરના મેડાની બારીએ ઊભો હતો, ત્યારે શમન બજાવનાર જે ઘર બાહાર હતો તેણે તેને બોલાવ્યો અને કહયુકે તારા ,ઉપર શમનછે, એમ કહી સમનની નકલ તેનેવચાબવા શારૂ ઉચી ધરી અને તેની સ્ત્રીની શમક્ષ નીચે નાખી તેમાં એમ ઠરાવવામાં આવ્યુ કે, શમનની યોગ્ય બજાવણી થઇ નથી, હીથ, વી. વ્હા ઇટ. ૨, ડી. અને એલ ૪૦ નેલ શન

સમન કરેલા શખશ નહી જડતો હોય એમ નહી પણ મહતી મેહેનત કરતાં નહીં જ કે ત્યારે શને ૧૮૮૨ના આક્ટ ૧૦ માંની કલમ ૭૦ મુજબ અમલ કરવાનો છે, આતમ્રુવ વનવાહીમીનસ કલમ૭૦ નો બહુજ અગત્યનો છે,

આ દેશમાં શમન બજાવનાર એમમાને છે અથવા માનેછે એમ જણાયછે કે જ્યારે પો તે તોહમતદારને શમન પોચાડવા જાય ત્યારે જો તે ઘેર નહોય તો અને તજ દીવસે અથ વા મોડામા મોડા બીજા દીવસે ઘેર પાછો આવવાનો નહોય ત્યારે તે શમન બીજી રીતે પોચા ડવો એ પોતાની ફરજછે આ માનવું ઘણું ભુલભરેલુછે, અને આવો રીવાજ ઘણો અયોગ્યછે

જ્યારે પ્રોસેસ બજાવનાર પ્રોસેસ બજાવવા સારૂ તોમતદારને ઘેર જાય તે વખતે અથવા તે વખત પછી થોડા વખતમાં જો તહોમતદાર ન મળી શકે તો બીજી રીતે સમન બજાવ વાને અખત્યાર સન ૧૮૮૨ ના આક્ટ ૧૦ ની કલમ ૭૦ મુજબ મળતો નથી પણ સદ રહુ અખત્યારનો ઉપયોગ તાતપરતા વાપરયા છતા જો તે ન મળે ત્યારેજ કરવો નેલસન વ ળી સન ૧૮૮૨ના આક્ટ ૧૦ ની કલમ ૯૦ કહે છે.

૧૯૦ જે બાબતમાં હાજર થવા સારૂ જ્યુરર અથવા આસેસર શીવાય બીજા કોઇ પણ શખ શની ઉપર સમન કાહાડવાનો કોઇ કોરટને આ કલમ પ્રમાણે અધીકાર હોય તેવી હરકોઇ બાબત માં તેકોરટ સદરહુ શખશને પકડવાસારૂ પોતાના કારણો લખીને વારંટ કાહાડવાને મુખત્યાર છે.

(અ) જો સદરહુ સમન કાહાડતાં પેહેલાં અથવા તે કાહાડયા પછી પણ તે શખસ હાજર થાય તેને માટે મુકરર કરેલા વખત પેહેલાં તે કોરટને એવુ માનવાનુ કારણ જણાય કે તે શખશ નાહાશી ગયો છે, અથવા તે સમન નહી માને તો; અથવા.

(બ) જો સદરહુ વખતે તે શખશ હાજર નહી થાય અને તે સમન પ્રમાણે હાજર થવા નુ તેનાથી બની શકે એવે વખતે તે સમન યોગ્ય રીતે બજાવ્યાની સાબીતી થાય, અને એ પ્રમાણે હાજર નહી થવા બાબત કાઇ વ્યાંજબી કારણ આપવામાં ન આવે તો.

સમન બરોબર રીતે પોહોચાડયો છે, એવુ સાબીત થાય ત્યાં સુધી કોઇ શાક્ષીને પકડવા સારૂ વારંટ કાહાડવાને માજીસ્ટ્રેટ બંધાએલો નથી અબદુર રેહેમાન, વ્યુ. રી. ૩૭

વારંટથી પકડીને માજીસ્ટ્રેટની રૂબરૂ આણેલા શાક્ષીઓને ગુન્હેગારની માફક ગણવા ન હી અને બેડી પેહેરાવવી નહી તેમને ફકત દીવાની કોરટના વારંટથી પકડેલા છે એમ ગણ વુ, ક૦ હા૦ સર. ૨૧, ૧૮૬૪ આગ્રા. સદર કોરટ સર, ૩, ૧૮૬૫, જ્યુડીશીયલ કમીસન ૨; પંજાબ. સર, ૨. સન ૧૮૬૫

જે સમન બજાવવાને સારૂ તથા તેનો હુકમ માનવાને સારૂ પુરતો વખત આપવો જોઇએ,જે સમન બજાવ્યા ન હોય, તે સમન ફરીને કાહાડવા જોઇએ, જ્યુડીશીઅલ કમીશનર સેન્ટર લ પ્રાવીન્સીસ, સરક્યુલર ઓરડર, શને ૧૮૬૫

સાક્ષી ઉપર સમન તથા વારંટ એકજ વખતે બંને પ્રોસેસ કાઢવાને માજીસ્ટ્રેટને અધીકા ર નથી, પણ જ્યારે શાક્ષી સમનથી હાજર થશે નહી એમ માનવાનુ તેમને કારણ હોયતો તે વા રંટ કહાડવા મુખત્યાર છે, રાણી વીરૂધ ચંદ્રશીખર રાય, ૧, વુ. રી. ૭ ક્રી રૂલીંગ, ૧૮

આવી રીતે પકડેલા શાક્ષીઓને બેડી જડવી નહી ૧ વુ રી. ૭

કઇ જગોએ હાજર થવુ એમ સમનમાં ફરમાવ્યુ ન હોયતો તે સમન નહી માનવા મા

કે ગુન્હો કરી શકે નહી, ૭ મુ. હા. રી. એપે, ૧૪

એક માજીસ્ત્રેટ પોતાના જીલામાં શરકીટે ગયો હતો, ત્યાં એક કેશની થોડી તજવીજ એક મુકામે ચલાવી બાકી રહેલી તજવીજ બીજા મુકામે રવીવારના બાર વાગે ચલાવવાનો ઠરાવ કરયો તેમાં શાક્ષી ત્રણ કલાક મોડો હાજર થયો, તેથી માજીસ્ત્રેટે તેને જાણી જોઈને હાજર ન થયો એવુ ઠરાવી આ કલમ ૭૪ પ્રમાણે તોહમત મુકી સજા કરી તેમાં ઠરાવવામાં આવ્યુ કે, આ પ્રમાણે રવીવારે તજવી ચલાવાય નહી. સાક્ષીને હક છે કે રવીવાર એ મંજુર થએલો તેહવાર છે તે દીવશ હાજર રહેવા ના પાડે, રાણી વિરૂધ હરગોવન દાદા સોનાર ૮ બે. લા. રી. મા. ૧૨

દીવાની કોરટના વારંટથી પકડેલો શખ્સ નાશી જાય તેને આ કલમ પ્રમાણે શીક્ષા થાય નહી રાણી વિરૂધ શરદાર પાંડુ. મુ. હા રી, મ. ૩.૮

આ કલમ પ્રમાણે ગુન્હો સંપુરણ થવા માટે સમનની નકલ તોહમતદારના ઘરના કમાડની ઉપર ચોડવામાં આવી હતી એવુ સાબીત કરવુ એ પુરતુ નથી સમનની ખબર તોહમતદારને બરાબર આપી હતી તેમ છતાં ઇરાદાથી તે હાજર થયો નહી હોય એવુ સાબીત થવુ જોઇએ ૭ મુ. હા, રી. એ પે ૨૯

આ કલમ પ્રમાણે તોહમતમાં જે અમલદારે હુકમ મજકુર કાઢયો તેને તે હુકમ કાઢવાનો અધીકાર હતો. એવુ મુખ્ય કરીને શાબીત થવુ જોઇએ રાણી વિરૂધ પરશોતમ વલ્લભજી, ૫ મુ હા. રી. મ. ૩૩ રાણી વિરૂધ જગનાથ ભટ ૫ મુ. હા, ર. મ. ૧૦૩ ફોજદારી.

આ કલમ પ્રમાણે જે સખશ હાજર થયો ન હોય તે સખશની હાજર રહેવાની ફરજ હતી અને એ પ્રમાણે હાજર રહેવાને ના પાડી અથવા ઇરાદા પુર્વક કસુર કરી એવુ શાબીત થવુ જોઇએ ૧૦ વી. રી. મ ૪૩

આ કલમ પ્રમાણે જે માજીસ્ત્રેટની કોરટ વીરૂધ ગુન્હો કરવામાં આવે તેનો ઇનશાફ તે પોતે કરી શકતો નથી જુઓ કલમ ૧૭૩ ઉપરની ટીકા શરકાર વીરૂધ સુખરી, તેમજ રાણી વીરૂધ ચંદરશીખરાય ૫. બે. લા મા. ૧૦૦

શન ૧૮૮૨ ના આકટ ૧૦ની કલમ ૬૯ ૭૦ મી કલમમાં કીહેલી શાહી ઘટતી મેહેનત કરતા ન મળે તે જે ઘરમાં અથવા ઘરવાડીમાં શમનકરેલો શખ્સ ઘણુ કરીને રહેતો હોય તે ઘરના અથવા ઘરવાડીના કોઇ પ્રસિદ્ધ ભાગઉપર તે શમનની એક ડુપલીકેટ શમન બજાવનાર અમલદારે ચોડવી અને પછી તે શમન યોગ્ય રીતે બજ્યો છે એવુ સમજવામાં આવશે, શને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૭૧ — જુઓ

કોઈ શખ્સની ઉપર શમન કરયા છતાં તે શમન નહી પોચવા દેતો તેની ઉપર વારંટ કાહાડવાને માજીસ્ટ્રેટ મુખત્યાર છે, તેમજ તે વારંટ મારો ઉપર બજી શકે નહી, એવા ઇરાદાથી તે શખ્સ નાસતો ફરે તો તે બાબત જાહેરનામુ કાહાડી તેની મિલકત જપ્ત કરવાને માજીસ્ટ્રેટ મુખત્યાર છે જુઓ સને ૧૮૮૨ ના આકટ ૧૦ની કલમ ૮૭—જો કોઇ કોરટને (પુરાવો લીધા પછી કે પેહલા) એમ માનવાનુ કારણ હોય કે જે સખશની ઉપર પોતે વારંટ કાહાડયુ છે, તે શખ્સ નાશી ગયો છે અથવા સંતાઇ જાય છે તેથી સદરહુ વારંટ બજાવી શકાય તેમ નથી તો સદરહુ કોરટ એક લખેલુ જાહેરનામુ પ્રસીદ્ધ કરીને તેમાં સદરહુ શખસને કોઇ મુકરર કરેલી જગાએ તથા કોઇ મુકરર કરેલી મુદતે હાજર થ

વાનુ ફરમાવવાને મુખત્યાર છે તે મુદત સદરહુ જાહેરનામુ પ્રસીધ્ધ કર્યાની તારીખથી ત્રીશ દીવશ કરતાં ઓછી મુદતનુ કરવુ નહી, તે જાહેરનામુ હેઠળ લખ્યા પ્રમાણે પ્રસીધ્ધ કરવુ

(અ) જે શેહેરમાં અથવા ગામમાં શદરહુ સખશ ઘણું કરીને રેહેતો હોય તે શેહેરની અથવા ગામની કોઇ પ્રસીધ્ધ જગામાં તે જાહેરનામુ જાહેર રીતે વાંચવુ.

(બ) તે શખ્સ જે ઘરમાં અથવા ઘરવાડીમાં ઘણું કરીને રેહેતો હોય તે ઘરના અથવા સદરહુ શેહેરની અથવા ગામની કોઇ પ્રસીધ્ધ જગાપર તે જાહેરનામુ ચોઢાડવુ.

(ક) અને તે જાહેરનામાની એકનકલ તે કોરટના મકાનના કોઈ પ્રસીધ્ધ ભાગપર ચોઢાડવી

વારંટની બજાવણી ન થાય કે તુરતજ જાહેરનામુ કાઢવુ ન જોઇએ, જે અમલદારને વારંટ બજાવવા સારૂ આપ્યુ હોય તે અમલદારે તે વારંટ બજાવવા સારૂ શાશા ઉપાયો લીધા હતા તે વીશે તેની જુબાની લેવી જોઇએ અને તેથી અથવા બીજી રીતે જો માજીસ્ટ્રેટની ખાત્રી થાયકે તોહુમતદાર ઇનસાફને ધક્કો લગાડવા સારૂ નાસતો ફરે છે તો તેવેજ પ્રસંગે જાહેરનામાની અને જપ્તીની પ્રોસેસ કાઢવી, મહારાણી વીરૂધ્ધ બોગાનાથ સરકાર ૩ બુ.રી. ૬૩૦

જે તોહમતવાળાને સારૂ જાહેરનામુ અથવા વારંટ નીકળ્યુ હોય તે તોહુમતવાળો જાહેરનામામાં લખેલી મુદતની અંદર હાજર થાયનો આ કાયદાની કલમ ૧૭૨માં લખેલી શીક્ષાને પાત્ર થતો નથી પણ જાહેરનામાની તારીખે હાજર ન થાય તો કલમ ૧૭૪ મુજબ સીક્ષાને પાત્ર થશે ઓમેશચંદ્ર બે, ૫ વી. રી. ૭૧

આવી બાબત ઠરાવો કરતી વખતે એટલુ સારીરીતે યાદ રાખવુ જોઇએ કે ગુન્હો થયાને દરમીયાન શકવાળો માણસ ઘર છોડીને જતો રહયો છે કે નહી એવુ અને જતો રહયો તો તે હકીકત તે શખશ જો ઇનસાફથી ભાગી જવાનો ઇરાદો હતો એવો અનુમાની પુરાવો છે માણસ પોતાનુ રેઠાણ ઘણા કારણસર છોડે છે તેનો નાશી જવાનો ઇરાદો હોવાની કોરટની પ્રોસેસન બજવા દેવાનો અથવા બીજા કોઇ ગુન્હાની તપાસ ન થવા દેવાનો પણ હોય, ગુન્હેગાર પોતાની ઉપર જે તોહમત ખરેખરૂ આવલુ છે, તે તોહુમતમાંથી બચી જવાને નાશી ગયો છે એવી સ્પષ્ટ સાબીતી હોય ત્યારે તે જો કે ઘણો મજબુત પુરાવ ગણાયતો પણ કોઇપણ રીતે તે ગુન્હો સાબીત ગણવાને બસ નથી વળી એમ માલુમ પડયુ હોય કે ઘણી શક ભરેલી અને અપ્રામાણ્ય હકીકત મારી સામે પુરાવામાં આવવાની છે અગાર મારા બચાવ સારૂ કાયદેશર મને સલા મળી શકશે નહી અગર જબર અને પૈસાદાર માણસો એ મને ખરાબ કરવાનો ઠરાવ કરયો છે અથવા મારી સામે જુઠી શાક્ષી પુરવાને વાસ્તે શાક્ષીઓને લાંચ મળી છે એ પ્રમાણે, એવાં કારણો દરેક જગાએ અને દરેક વખતે ધ્યાનમાં લેવાં જોઇએ ઇનસાફમાંથી બચી જવાને નાશી જવુ એ હકીકત હમેશાં ઘણી ધ્યાનમાં લેવાય અને બીજી હકીકતની સાથે ગુન્હાની સાબીતીનો મજબુત પુરાવો ગણાય પણ બીજા અનુમાની પુરાવા શીવાય અમુક અથવા નીશ્ચીત હોઇ શકે નહી ત્યારે સદરહુ બાબત અમુક અથવા નીશ્ચીત છે એમ ગણવુ તે ખોટુ અને ભય ભરેલુ છે—બેસ્ટ લા ઓન એવીડન્સ ૩૨૦ થી ૩૨૪.

આ કલમ ફક્ત પક્ષકારોનેજ લાગુ પડેછે શાક્ષીને લાગુ પડતી નથી। કુરીનમનજી, લ,વી, રી, કી, રૂલલીગ ૭૦

જે શખશની ઉપર વારંટ નીકળ્યું હોય તે જે જમામાં સંતાયો હોય ત્યાંથી વારંટ બજાવનાર અમલદારે પકડવા બાબત જુઓ સન ૧૮૮૨ના આકટ ૧૦ ની કલમ ૪૭

પણ પકડેલા શખશને નાહાશી જતો અટકાવવાને માટે જરૂર હોય તે કરતાં વધારે પ્રતિબંધ કરવો નહી, જુઓ સને ૧૮૮૨ના આકટ ૧૦ ની કલમ ૫૦

ફકત પકડેલો શખશ નાહાશી ન જાય તે સારૂ ઉપર કહેલી કલમ ૫૦ નો અમલ કરવાનો છે તેથી દરેક પકડેલા તહોમતદારને હાથ કડી કરવી તે કેવળ ગેરકાયદે છે નાહાસવાનું યત્ન કરે અથવા પકડવાને હરકત કરવાને સામો થાય અથવા નાહાશી જશે એવું માનવાને પુરતું કારણ હોય ત્યારેજ હાથ કડી કરી શકાય છે, જો જોઇએ તે કરતાં વધારે શખ્તાઇ અને જોર જુલમ વાપરવામાં આવ્યું હોય તો પોલીસ અમલદાર સને ૧૮૬૧ ના આકટ ૫ ની કલમ ૨૯ પ્રમાણે ગુન્હેગાર થાય છે,

વારંટમાં તહોમતદારનું નામ તથા ગુન્હાનું વરણન અને તેને ક્યાં હાજર કરવો એ બધું લખવું જોઇએ, અને તે ઉપર કોરટનો શીકો કરવો જોઇએ.

એક કામમાં જેમ્સહેસ્ટીંગસ નામના શખશ ઉપર સરકારી નોકરને લાંચ લેવાના કામમાં સાહાજ્ય કરયા બાબતના તહોમતનું વારંટ કાહાડવામાં આવ્યું સદરહુ વારંટમાં તહોમતદારનું બરાબર વરણન કરેલું નહી, તથા ગુન્હાનું પણ બરાબર વરણન કરેલું નહી તેમજ વારંટ ઉપર જે અધીકારીએ વારંટ કાહાડેલું તેનો શીકો પણ કરવામાં આવ્યો નહી તે ઉપર આરોપીત તરફથી આનીષ્ટી બારીસ્ટરે નામદાર મુંબાઇ હાઇકોરટની અસલ હકુમતમાં અરજ કરી ઉપરની હકીકત જણાવી.

આ બાબત જસ્ટીજ સારજંટ સાહેબે ઠરાવ કર્યો કે સને ૧૮૬૧ના આકટ ૨૫ માની કલમ ૭૬ પ્રમાણે કરેલા વારંટ ઉપર શીકો હોવો જોઇએ અને તે વારંટ ઉપરથી જે માણસને પકડવાનો તે માણસને ઓળખવાને અડચણ પડે નહી તથી તેના બદલ જેટલા વાબ માહેતી હોવાની જરૂરછે તેટલું તે માણસનું વરણન તે વારંટમાં લખવું જાઇએ અને વારંટ આપનાર માજીસ્ત્રેટે પોતાનું નામ અને હોદો પુરણ રીતે લખી શહી કરવી જોઇએ અને પોતાનું નીશાન કરવું તે ખરેખરનથી અને કલમ ૪૪ ઉપરથી એવું દેખાયછે કે જે ઠેકાણે માજીસ્ત્રેટે વારંટ ઉપર શહી કરી હોય તે ઠેકાણે તે વારંટ ઉપર લખવું જોઇએ અને જે માણસની રૂબરૂ કેદીને મોકલવાનો હોય તે માણસનું ઠેકાણું લખવા બદલ એ આકટમાં જે વારંટનો નમુનો આપ્યો છે તેમાં જગા રાખેલી છે તેથી સદરહુ પ્રમાણે ઉદ્દેશ છે એમ દેખાય છે એથી કરીને આ વારંટ કાયદેસર નથી એમ ઠરાવી કેદીને અમે છોડી દઇએ છીએ સરકાર વીરૂધ્ધ જેમ્સ હેસ્ટીંગસ મુ. હા. કો, રી. વા. ૯ પાનુ ૧૧૪

કોઇ સરકારી નોકરની આગળ કોઇ લેખ હાજર કરવાની જે શખશની કાયદા મુજબ ફરજ હોય તે લખ

૧૭૫. સરકારી હોદાના જોરથી કોઇ સરકારી નકરની આગળ કાંઇ લેખ હાજર કરવાની અથવા તેને કાંઇ લેખ સ્વાધીન કરવાની કાયદા મુજબ ફરજ છતાં જે માણસ તે લેખ હાજર કરવામાં અથવા સ્વાધીન કરવામાં ઇરાદાથી કસુર કરે. તે માણસને એક મહિનાની મુદત સુધીની આસાન કેદની, અથવા, પાંચશે રૂપીયા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે. અથવા, અગર તે લેખ કોઇ ઇ

તો તે લેખ હાજર કરવામાં કસુર કરવી. — નશાફની કોરટમાં હાજર કરવાનો અથવા કોરટને સ્વાધીન કરવાનો હોશેતો, તે માણસને છ મહીનાની મુદત સુધાની આસાન કેદની, અથવા એક હજાર રૂપીયા સુધાના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

દષ્ટાંત.

કોઇ જીલ્લા કોરટ મધ્યે કાંઇ લેખ હાજર કરવાની કાયદા મુજબ ફરજ છતાં આ તેલેખ હાજર કરવામાં ઇરાદાથી કસુર કરે, તો અએ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરયો એમ સમજવું.

ટીકા

શરકારી નોકર પોતાના દફતરમાં કાગળ છતાં કોરટે મંગાવવા પ્રમાણે રજુ ન કરેતો તે આ કલમ પ્રમાણે ગુન્હેગાર છે મું૦ હા. તા ૯ સપટંબર સને ૧૮૬૬

શાક્ષી પાશેથી કોરટે મંગાવેલા દસ્તાવેજની નકલ રાખવા સ્ટાંપ ખરચ કોરટથી કરવો. સરકારનો નંબર ૨૯૦૫ તા ૨૯ સપ્ટબર સને ૧૮૬૪ રેવન્યુ કમીશનરનો નંબર ૩૧૦૯ તા. ૧ અકટોબર સને ૧૮૬૪

સને ૧૮૭૨ના આકટ ૧ (પુરાવાના) ની કલમ ૧૬૨ પ્રમાણે કેટલાંક એવા દસ્તાવેજ છે કે રજુ કરવાની ફરજ છે એવું ઠરાવતાં સુધી તે નહી કરનારને સજા થઇ શકતી નથી એ કલમ ૧૬૨ નીચે પ્રમાણે છે.

૧૬૨ કોઇ શાહેદને કાંઇ દસ્તાવેજ રજુ કરવાનો સમન્સ થયો હોય તે દસ્તાવેજ રજુ કરવાને અથવા પુરાવામાં લેવા યોગ્ય ગણવાને હરકોઇ હરકત હોય તો પણ તે જો તેના કબજામાંઅથવા સતામાં હોય, તો તેણે કોરટમાં હાજર કરવો; એવી કાંઇ હરકત કાયદાસર બરાબરછે કે શી રીતે બાબત કોરટે ઠરાવ કરવો.

કોઇ સરકારીનોકરને નોટીશ અથવા ખબર આપવાની જે સખશની કાયદા મુજબ ફરજ હોય તે સખસે તે નોટીસ અથવા ખબર ન આપવી. — ૧૭૬. સરકારી ઓહદાના જોરથી કોઇ સરકારી નોકરને કાંઇ બાબત સંબંધી કાંઇ નોટીશ અથવા ખબર આપવાની કાયદા મુજબ ફરજ છતાં જે માણસ કાયદામાં ફરમાવેલી રીતે તથા વખતે તે તેનોટીસ અથવા ખબર આપવામાં ઇરાદાથી કસુર કરે, તે માણસને એક મહીનાની મુદત સુધાની આસાન કેદની, અથવા પાંચશે રૂપીયાસુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે, અથવા, અગર તે આપવાની નોટીસ અથવા ખબર કાંઇ ગુન્હો થવા બાબતની હોય, અથવા કાંઇ ગુન્હો થતો અટકાવવાના કારણસર, અથવા કોઇ ગુનેહગારને પકડવા માટે આપવી જોઇતી હોય તો તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની. શિક્ષા કરવામાં આવશે.

ટીકા

સરકારી નોકરને જે ખબર આપવી જોઇએ તે ખબર જે શખશ ઇરાદા પુર્વક ન આપે તેને સજા માટે આ કલમછે

આ કાયદાની કલમ ૨૧૭ માં ફરમાવેલા હુકમનો અર્થ શને ૧૮૮૨ ના આક્ટ ૧૦.ની કલમ ૪૩ અને ૪૪ માં કહેલા નોઅર્થે હુકમ જેવો સમજવો, અને તે ફોજદારી ગુન્હો ન છુપાવવાની દરેક રૈયતની સાધારણ ફરજને લાગુ પડતો નથી- અરજદાર રામીનીહુનયાના કામમાં- ઈ. લા. રી. ૧ મદ્રાસ ૨૬૬.

શને ૧૮૭૨ ના અક્ટ ૧૦ની કલમ ૮૯ એટલે હેશને ૧૮૮૨ ના આક્ટ ૧૦ની કલમ ૪૪ મનાણુ દરેક માણસ નીચે લખેલા ગુન્હાઓમાનો કોઇ ગુન્હો થયાની ખબર જાણતો હોય, તે બાબત, વ્યાજબી કારણ ન હોય તો પાસનાં પાસેના માજીસ્ટ્રેટ અથવા પોલીસ અમલદારને ખબર આપવાને બંધાએલોછે. જે જે કલમો મનાણુ જે જે ગુન્હાની ખબર આપવાને આ કાયદાનાં ફરમાવેલુ છે તે નિચે મનાણુ છે

૧૨૧—રાણીની સામે લડાઇ કરવી, કિંવા લડાઇ કરવાની કોશીશ કરવી, અથવા લડાઇ કરવામાં મદદ ગારી કરવી.

૧૨૧અ— કલમ ૧૨૧ માં બ્યાન કરેલો ગુન્હો કરવા માટે એક સંપ કરવો.

૧૨૨— રાણીની સામે લડાઇ કરવાના ઇરાદાથી હથીઆરો વિગેરે એકઠાં કરવાં.

૧૨૩—લડાઈનુ કામ સહેલ કરવાના ઇરાદાથી લડાઇની ધારણા છુપાવવી.

૧૨૪—કાંઇ કાયદેસર અધીકાર અમલમાં આણુવવા અથવા અણાવવાના ઇરાદાથી ગવરનર જનરલ, ગવરનર વીગેરે ઉપર હુમલો કરવો.

૧૨૪અ—બેદીલી ઉત્પન્ન કરવી, અથવા ઉત્પન્ન કરવાની કોશીશ કરવી.

૧૨૫—રાણીની સાથે મૈત્રી અથવા સલાહ રાખનારા એશીઆના કોઇ રાજા ઉપર લડાઇ કરવી અથવા તેવી લડાઇ કરવામાં મદદગારી કરવી.

૧૨૬—રાણીની સાથે મૈત્રી રાખનારા અથવા સલાહ રાખનારા કોઇ રાજાના મુલક ઉપર લુટ કરવી.

૧૩૦—રાજકીય કીંવા લડાઇના કેદીને નાશી જવામાં મદદગારી કરવી, છોડાવવો, અથવા ઘરમાં રાખવો, અથવા તે પાછો પકડે તેમાં સામા થવું.

૩૦૨—ખુન.

૩૦૩—જન્મ ટીપના કેદીએ કરેલું ખુન.

૩૦૪—ખુનથી ઉતરતા દરજાનુ મનુષ્ય વધ.

૩૮૨—મોત અથવા વ્યથા વીગરે કરવાની તૈયારી કરીને ચોરી કરવી.

૩૯૨—અપહરણ.

૩૯૩—અપહરણ કરવાની કોશીશ.

૩૯૪—અપહરણ કરવામાં અથવા અપહરણની કોશીશમા બુદ્ધિપુર્વેક વ્યથા કરવી અથવા અપહરણ કરવામાં સામીલ રહેવુ.

૩૯૫—ડાકાઇટી

૩૯૬—ખુન સાથે ડાકાઇટી.

૩૯૭—ખુન અથવા માહાવ્યથા કરવાની કોશીશ સાથે અપહરણ અથવા ડાકાઇટી.

૩૯૮—કાંઇ ભયંકર શસ્ત્ર ધારણ કરયુ હોય તે વખતે અપહરણ અગર ડાકાઇટી કરવા

ની કોશીશ.

૩૯૯—ડાકાઇટી કરવાની તૈયારી કરવી.

૪૦૨—ડાકાઇટી કરવાના કારણસર મળેલા પાંચ અથવા વધારે શખસોમાં રહેવું

૪૩૫—૧૦૦ રૂપીઆની કે વધારે નુકશાની કરવાના ઇરાદાથી અગ્નીવડે અથવા અવાજ સાથે ફુટે એવા કાંઇ પદાર્થ વડે બીગાડ કરવો.

૪૪૯—મોતની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવા સારૂ ગ્રહ પ્રવેશ કરવો.

૪૫૦—જીવતા સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવા સારૂ ગ્રહપ્રવેશ કરવો.

૪૫૬—રાત્રે ગ્રહ પ્રવેશ કરવે, અથવા ઘર ફોડવું.

૪૫૭—કેદની શીક્ષા થઇ શકતી હોય એવો ગુનાહ કરવા સારૂ રાત્રે ગુપ્ત પ્રવેશ કરવો. અથવા ઘર ફોડવું.

૪૫૮—વ્યા વીગેરે કરવાની તૈયારી કરીને રાત્રે ગુપ્ત ગ્રહ પ્રવેશ કરવો, અથવા ઘર ફોડવું.

૪૫૯—ગુપ્ત ગ્રહ પ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુનાહ કરતાં કોઇને મહાવ્યથા કરવી

૪૬૦—ઘણા શખસો રાત્રે ઘર ફોડવા વીગેરેમાં સામીલ હોય અને તેઓમાંનો કોઇ મોત અથવા મહાવ્યથા કરે, તો.

કોઇ સરકારી નોકરે અમુક પાસેથી લાંચ લીધી છે એવું જાણ્યા છતાં તે ખબર ઇરાદા પુરવક છુપાવવાથી આ કલમ પ્રમાણે ગુન્હો સાબીત ગણવામાં આવ્યો છે, "જુઓ કલમ ૧૬૧ ઉપર સરકાર વીરૂદ્ધ મહુમદ યાસીનનો ફેસલો.

એક કામમાં ગામના ગુમાસ્તાએ સને ૧૮૭૨ના આકટ ૧૦ ની કલમ ૯૦ એટલે સન ૧૮૮૨ના આકટ ૧૦ ની કલમ ૯૦ પ્રમાણે, ગામમાં ગુન્હો થયાં છતાં તેની ખબર પોલીસને આપવાની જરૂર હતી તેમ છતાં તેણે તે ખબર પોલીસને આપી નહીં, માટે ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટે આ કલમ ૧૭૬ પ્રમાણે તેને શીક્ષા કરી તે ઉપર આરોપીત હાઇકોરટને અપીલ કરી, તેમાં ઠરાવ થયો કે " તે કામમાં જે ચોરી થઇ તે ચોરીની ખબર તરત વખતગામ માહેના એક બીજા શખસે અને તે ગામના ગુમાસ્તા પૈકી એક નોકરે પોલીસને ખબર આપી. આ આરોપીતને તે ચોરીની ખબર ચાર દીવસ સુધી થઇ નહી તેથી તેણે ખબર આપી નહીં, સબબ જે ચોરીની ખબર પોલીસને બીજી રીતે લાગેલી છે, તેજ ચોરીની ખબર આરોપીતે ન આપેલી હોવાથી કાંઇ અન્યાય થયો છે એમ નથી. એવા પ્રકારનો ગુન્હો છુપાય નહીં, તેથી ખબર આપવાનું કામ કેટલાક લોકોને શીર નાખ્યું છે, અને તેવી ખબર બીજા લોક પાસેથી મળેલી હોવાથી તે કાયદાનો હેતુ સાધ્ય થયો છે એમ છે, તેથી આરોપીત પરનું તહોમત અને શીક્ષા રદ કરીને છોડી દેવાનો હુકમ કરીએ છીએ. કા. હા. વા. ૪ પ. ૬૨૩ સરકાર વીરૂદ્ધ સરીગુવન ચકરબતી. તા૦ ૭ ડીસેંબર સને ૧૮૭૮

વળી ક્રીમીનલ પ્રોસીજર સન ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૪૫ પ્રમાણે, ગામના મુખીઓ, જમીનદારો અને બીજાઓએ અમુક બાબતની ખબર આપવી જોઇએ, તે કલમ ૪૫ કહે છે.

૪૫ હરેક ગામના મુખીઓએ, ગામના રખવાળે ગામના પોલીસ અમલદારે, જમીનના ધણીએ અથવા ભોગવટો કરનારના મુખત્યારે તથા સરકારની તરફથી અથવા કોરટ આફ

વાઈસની તરફથી મેહેસુલ અથવા જમીનનુ ગણોત વસુલ કરવાના કામ ઉપર જે અમલદા રોને નીમ્યા હોય તે દરેક અમલદારે હેઠળ લખેલી વાતો બાબત જે ખબર પોતાને મળે તે પાસેમાં પાસેના માજીસ્ત્રેટને અથવા પાસેમાં પાસનુ પોલીસથાણુ જે અમલદારના હવાલા માં હોય તે અમલદારને (એ બેમાંથી જે વધારે પાસે હોય તેને) તાબડતોબ આપવી જોઇએ

(અ) જે ગામનો પોતે મુખી, રખવાળ અથવા પોલીસ અમલદાર હોય તે ગામમાં અથવા જે ગામમાં પોતાની જમીન હોય અથવા પોતે જમીનનો ભોગવટો કરતો હોય, અથવા મુખત્યાર હોય, અથવા ગણોત અથવા મેહેસુલ વસુલ કરતો હોય તેગામમાં ચોરીનો મીલકત વેચનારા અથવા લેનારા, હરકોઇ મશહુર માણસનુ કાયમ અથવા કામ ચલાઉ રેહેવાનુ ઠેકાણુ છે, એ બાબત.

(બ) ફલાણો માણસ ઠગ, અપહરણ કરનાર, નાહાશી ગયલો ગુન્હેગાર અથવા ઢંઢે રાથી પ્રસીધ્ધ કરેલો ગુન્હેગાર છે એવુ પોતાને માલુમ હોય અથવા વ્યાજખોરી તે શંક હોય તે માણસ સદરહુ ગામની કોઇ જગાએ આવતો જતો હોય અથ વા સદરહુ ગામમાં થઇને જતો હોય તે વાત બાબત.

(ક) સદરહુ ગામમાં અથવા ગામની પાસે જામીન નહી લઇ શકાય તેવો હર કોઇ ગુન્હો કરયાની વાત, અથવા કરવાનો ઇરાદો હોય તે વાત બાબત.

(ડ) સદરહુ ગામમાં આકસ્મીક અથવા સૃષ્ટિક્રમ વિરૂદ્ધ મોત થયાની વાત અથવા શક ભરેલી હકીકતમાં કોઇ પણ મોત થયાની વાત બાબત તાબડતોબ ખબર આપ વી જોઇએ.

ખુલાસો—આ કલમમાં "ગામ" એ શબ્દમાં ગામની જમીનોનો સમાવેશ થાય છે

સન ૧૮૭૨ના આકટ ૧૦ ની કલમ ૯૦ કેટલોક વધારો કરી ઉપર બતાવેલી કલમ ૪૫ રચવામઃ આવી છે.

ક્રી, પ્રો૦ કા. ૪૫ પ્રમાણે જે બાતમી આપવી કાયદા પ્રમાણે જરૂર છે એવી બાતમી ન આપ્યા બદલ કોઇ શખસની ઉપર આરોપ મુકયો હોય તો તે કામમાં જે કૃત્ય બન્યા બદલ આરોપીત જાણી બુજીને બાતમી આપવાને ત્યાગ કરયુ તે કૃત્ય કોયા અપરાધનુ છે, અને તે અપરાધ કોયા માણસે કરયો છે, અને તે અપરાધ બન્યા બદલ આરોપીતને માહીત હતુ એ ટલી વાત સ્પષ્ટ દેખાઇ આવવી જોઇએ આ કામમાં તેમ નથી, માટે તોહોમત અને શાક્ષા ર દ કરવા જોઇએ, અને અરજદારને કરેલો દંડ જો તેણે ભરયો હોય તો તેને પાછો આપવો સરકાર વીરૂદ્ધ, અહેમદ અલી અને બીજા કલકતા હાઇકોરટ, રી. વા. ૨૨—પાનુ ૪૨

મુખીઓ, ગામના રખવાળો, જમીનના માલેક, અથવા ભોગવટો કરનારાઓના ઉપર સ ન ૧૮૭૧ ના આકટ ૨૭ (ક્રીમીનલ ટ્રાઇબ્સ આકટ) ની કલમ ૨૧ મુજબ વીશેષ ફરજો મુકેલી છે, અને આ ફરજોના ઉલ્લંઘનની શીક્ષા આ કાયદાની કલમ આ ૧૭૬ ના પેહેલાં ભાગમાં ફરમાવેલી છે.

ખોટી ખબર આપવી.

૧૭૭, સરકારી હોદાના જોરથી કોઇ સરકારી નોકરને કોઇ બા બત સંબંધી કોઇ ખબર આપવાની કાયદા મુજબ ફરજ છતાં તેબા બત સંબંધી જે ખબર પોતે ખોટી છે એમ જાણતો હોય, અથવા

એમ માનવાનુ કારણ હોય, એવી કાંઇ ખબર ખરી ખબર દાખલ ને, માણસ આપે તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે, અથવા, અગર જે ખબર આપવાની તેની કાયદા મુજબ ફરજ હોય તે ખબર કાંઇ ગુન્હો થવા બાબતની હોય, અથવા કાંઇ ગુન્હેગારને પકડવાં મટે અપવી જોઇતી હોય તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંનાગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે,

દૃષ્ટાંત.

(અ) અ જમીનદાર, પોતાની જમીનદારીની હદમાં એક ખુન થયેલુ જાણ્યા છતાં તે જીલાના માજીસ્ટ્રેટને જાણી જોઇને એવી ખોટી ખબર આપે કે એ મોત એક સાપના ડંસથી અકસ્માત થયુ છે, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો એમ સમજવુ.

(બ) એક પાશેની જગામાં રહેનારા એક માતબર વેપારી ઝ ના ઘરમાં ઠાકાઇટીનો ગુન્હો કરવા માટે પોતાના ગામમાંથી ઘણા એક અજાણ્યા માણસો ગયા છે એમ જાણ્યા છતાં; તથા બંગાલા કાયદાના પુસ્તક માંહેલા સન ૧૮૨૧ ના ૩ જા કાયદાની ૭ મી કલમની ૫ મી રકમ મુજબ તે હકીકતની જલદી તથા બરાબર ખબર પાશેમાં પાશેની પોલીસ ચોકીના અમલદારને આપવાની પોતીની ફરજ છતાં, અ તે ગામનો રખવાળ જાણી જોઇને તે પોલીસ અમલદારને એવી ખોટી ખબર આપેકે [તે માણસો ગયા હોય તેથી જુદી દિશા બતાવીને] આણીમેર કાંઇ દુર જગાપર ઠાકાઇટી નો ગુન્હો કરવાના વિચારથી જેઓની ઉપર ગુમાન જાય એવા કેટલાએક શખશોનુ એક ટોળુ આ ગામમથી ગયું તો એ ઠેકાણે અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો એમ સમજવુ.

ટીકા

આ કલમ કોઇ શખસ પોલીસની પાસે કાંઇ ખોટી હકીકત કહે તેને માટે નથી પણ જમીનદારો અને ગામના મુખીઓ, કે, જેઓ કાયદાથી ખબર આપવાને બંધાએલા છે તેઓ માટે છે, અને એવા બીજા કેસ સઉ માટે છે રાણી વીરૂદ્ધ લક્ષ્મીસાગ, વી. રી. ૧૨ પ્રષ્ટ ૨૩

એકાદ ગુન્હા વીષે ખબર આપવાની કાયદાથી જેને ફરજ નથી, એવા કોઇ શખસ કંઇ ગુન્હો કરવામાં આવ્યા બાબત પોલીસને ખોટી ખબર આપે પણ ફલાણા શખસને નુકશાન કરવુ અગર તેને દુખ આપવુ એવો તેનો ઇરાદો નહી હોય તો, એવી બાબતમાં પીનલ કોડ કલમ ૧૭૭ અને ૧૮૨ એમાંથી એક પણ કલમ પ્રમાણે તેને કાંઇ ગુન્હો કીધો નથી સરકાર વીરૂદ્ધ સુરાજી મોહન તા૦ ૧૦ જુલાઇ સને ૧૮૭૩ મુ. હા.

કોઇ ખાનગી શખશે કાંઇ ગુન્હો બનતા જોયો હોય તે બાબતની ખબર આપવાને તે કોઇ કાયદાથી બંધાએલો નથી બેં. ૪ ક્રા. રી. પ્ર. ૭

કોઇ સરકારી નોકરે કાયદા મુજબ સોગંદ ખાવાનુ ફર

૧૭૮. સાચુ બોલવવાને સોગંદ આપવાનો જે સરકારી નોકરને કાયદા મુજબ અખતિયાર હોય તેવા કોઇ સરકારી નોકરે સાચુ બોલવાને બધાવા સારૂ કોઇ માણસને સોગંદ ખાવાનુ ફરમાવ્યાછતાં

માંગ્યા છતાં સોગંદ ખાવાની ના કહેવી.

તે માણસ અગર તે પ્રમાણે સાચું બોલવાને બંધાવા સારૂ સોગંદ ખાવાની ના કહે તો તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા

આ કલમ પ્રમાણે ગુન્હો સ્થાપીત કરતી વખતે નીચેની હકીકત હોવી જોઇએ.

૧ સોગન આપનાર સરકારી નોકર હોવો જોઇએ.

૨ જે સોગન તહોમતદારને આપવા માંડયા તેવા પ્રકારના સોગન ખાવાને તે શખસ કાયદાસર રીતે બંધાએલો હોવો જોઇએ, એટલે કે જે જાતના લોકોને તેના ધર્મ પ્રમાણે સોગન અપાતા હોય, તેવા સોગન ખાવા તે શખસને કહેલું હોવું જોઇએ સને ૧૮૭૩ના સોગન બાબતના આક્ટ ૧૦ ની કલમ ૧૫ માં પ્રતીજ્ઞા કરવાની ના કહે તેને પણ આ કલમ લાગુ પડે છે.

સવાલ પુછવાનો અખત્યાર હોય એવા કોઇ સરકારી નોકરને કાંઇ સવાલનો જવાબ દેવાની ના કહેવી,

૧૭૯. કોઇ સરકારી નોકરને પોતાના સરકારી હોદ્દાના કાયદેસર અખતિયારનો અમલ કરતાં કોઇ બાબતમાં કાંઇ સવાલ પુછે, અને તે બાબતમાં તે સરકારી નોકરને સાચી વાત કહેવાની કાયદા મુજબ પોતાની ફરજ છતાં જે માણસ તે સવાલનો જવાબ દેવાની ના કહે, તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની; અથવા એબંનેની શિક્ષા કરવામાંઆવશે

કોઇ મજકુર ઉપર સહી કરવાની ના કહેવી.

૧૮૦ કોઇ માણસે કાંઇ મજકુર કહ્યો હોય તે મજકુર ઉપર તેને સહી કરવાનું ફરમાવવાને કાયદા મુજબ મુખતિયાર હોય તેવા કોઇ સરકારી નોકરે તે મજકુર ઉપર સહી કરવાનું ફરમાવ્યા છતાંઅગર તે માણસ તે ઉપર સહી કરવાની ના કહે, તો તેને ત્રણ મહિનાની મુદત સુધીની આસાન કેદની, અથવા પાંચશેં રૂપિઆ સુધીના દંડની, અથવા એબંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા

એક શખસ ઉપર કાંઇ અપરાધ બદલ તેની ઉપર કામ ચલાવતાં તેને માજીસ્ત્રેટે કરેલા સવાલનો જવાબ આપવાના કામમાં તેણે જે મજકુર કહ્યો હતો તે પર તેની સહી કરવાની આરોપીએ ના કબુલ કર્યું તેથી હુબલીના બીજા વર્ગના માજીસ્ત્રેટે તેનો રૂ. ૨૦૦ દંડ કીધો—આરોપીતને કરેલા સવાલનો જવાબ આપવો કીવા તે આપવાને ના કબુલ કરવું એ જુના ક્રીમીનલ પ્રો૦ કો૦ ક૦ ૩૪૩ ઉપરથી આરોપીતની મરજી પર છે. તો પણ આરોપીતને કરેલા સવાલનો તેણે જવાબ આપ્યો એટલે તે જવાબ ઉપર સહી કરવાની તેની ફરજ છે કે નહી એ રીતે ધારવાડના જીલ્લા માજીસ્ત્રેટને સંસય પડવાથી તેણે આ કામ હાઇકોરટના અભિપ્રાય માટે મોકલ્યું.

તે ઉપર નામદાર હાઇકોરટે ઠરાવ કીધો કે જુના ક્રીમીનલ પ્રો૦ કો૦ ક૦ ૧૨૨ પ્રમાણે કરેલા કબુલાતને કીવા કલમ ૩૪૨ થી ૩૪૬ પ્રમાણે કોરટે કરેલા સવાલના આરોપીતે આ

પેલા જવાબને પીનલકોડ કલમ ૧૮૦ લાગુ છે કીવા નહી એ વીષે તો ઘણો સંશય છે એમ દેખાય છે, તે કબુલત અને જવાબ પોતાની ખુશીથી આપેલાં જોઈએ. અને તેપર આરોપીતે સહી કરતાં સુધી તે પુર્ણ થયાં છે એમ સમજવામાં આવતુ નથી એમ દેખાય છે એવો કાયદાનો હેતુછે, (એમ સરકાર વીરૂદ્ધ બાઇ રતન તા. ૨૫ સપટેંબર સને ૧૮૭૩ વા. ૧૦ પાનુ ૧૬૬ ના કામમાં) ફુલ બેંચે ઠરાવ કીધો છે; અને એ કામનો ફેસલો આપતાં પેહેલા ફુલબેંચે ક્રી૦ પ્રો૦ કોડમાના ઠરાવનો પુર્ણ પણે વીચાર કરેલો છે.

જબાની ઉપર આરોપીત માણસની સહી અને નિશાની લેવાનો જે કાયદો કરનારનો ઉદ્દેશ છે, તે બદલ ફુલબેંચે જે પોતાનો અભીપ્રાય આપ્યો છે તે આરોપીતે સહી કરવા માટે તેનો દંડ કરવો કીવા તેમ કરવાની તેને જરૂર પાડવી એ વાતને બીલકુલ મળતો નથી

માટે ચોકશી ચાલતાં છતાં કોરટે કરેલા સવાલનો જવાબ આપતાં કહેલા મજકુર પર સહી કરવાને આરોપીત માણસે ના કબુલ કીધુ તો તેથી કરી પીનલકોડ કલમ ૧૮૦ પ્રમાણે શીક્ષા કરવા જોગ તેણે ગુન્હો કરયો એમ થતુ નથી માટે આરોપીત પરનુ તહોમત અને શીક્ષા રદ કરવામાં આવી, અને તેનો દંડ વસુલ કરવામાં આવ્યો હોય તો પાછો આપવો. સરકાર વીરૂદ્ધ સીરસાપ્પા વા. ૪ પાનુ ૧૫. તા. ૫ અગષ્ટ સને ૧૮૭૯

જે સરકારી નોકર અથવા શખસને સોગંદ આપવાનો અખતિયાર હોયતેની આગળ સોગંદ ખાઈને જુઠો મજકુર કહેવો.

૧૮૧. કોઇ સરકારી નોકરને અથવા કાયદા મુજબ સોગંદ આપવાનો જેને અખતિયાર હોય એવા કોઇ બીજા શખસને કાંઇ પણ બાબદમાં સાચી વાત કહેવાને કાંઇ સોગંદથી કાયદા મુજબ બંધાયા છતાં જે માણસ જે તે સરકારી નોકર અથવા બીજા શખસને તે બાબતમાં એવો કાંઇ મજકુર કહે તે ખોટો હોય. અને તે મજકુર ખોટો છે એમ તે માણસ જાણતો કે માનતો હોય, અથવા તે ખરો છે એમ તે માણસ માનતો હોય, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે,

ટીકા

કોઇ અમલદાર અખીકાર વગર કાંઇ કામ ચલાવતો હોય તો તેની હજુર સાચુ બોલવાને સોગન લીધાં છતાં તે શખસ ખોટી હકીકત કહે તો તેણે આ કલમ પ્રમાણે ગુન્હો કીધો કહેવાય નહી, વા. ૨ મું હા૦ રી૦ પાનું ૪૩૮

ઇનકમટેકસ કમીસનરની પાસે ખોટી હકીકત કહેતો આ કલમ પ્રમાણે નહીં પણ ૧૮૨ કલમ પ્રમાણે ગુનોહ કરયો કેહેવાય—રાણી વીરૂધ દયાલ ઇદરજી વા૦ ૮ મું હા૦ રી. પાનુ ૨૧ (ફોજદારી)

કોઇ સરકારી નોકર પાસે તેનો કાયદેસર અખત્યાર અમલમાં અણાવીને બીજા શખસને નુ

૧૮૨. કોઇ સરકારી નોકરથી પોતાના સરકારી હોદાનો કાયદેસર અખતિયાર વાપરતાં કોઇ સખસને નુકશાન અથવા દુખ થાય, અથવા શ્રાયેશાચી હકીકત તે સરકારી નોકરના જાણ્યામાં આવી હોયતો જે વસ્તુ તે સરકારી નોકરે ન કરવી જોઇએ અથવા જે વસ્તુ કરવામાં તેણે કસુર ન કરવી જોઇએ તે વસ્તુ તે કરે, અથવા તે કરવા

કશાન કરાવવાનાઇ રાદાથી ખોટી ખબર આપવી.

માં તે કસુર કરે, એવો શંભવ છે એવું જાણ્યા છતાં જે માણસ તે સરકારી નોકરને પોતે જે ખબર ખોટી જાણતો હોય અથવા ખોટીમાનતો હોય એવી કાંઇ ખબર આપે, તે માણસને ૭ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની; અથવા એક હજારરૂપીયા સુધીના દંડની, અથવા એ બનેની શિક્ષા કરવામાં આવશે.

દષ્ટાંત.

(આ) અ કોઇ માજીસ્ટ્રેટને એવી ખબર આપે કે, તમારા હાથ તળેના ઝ પોલીશ અમલદારે નોકરીમાં ગફલત કરી છે. અથવા બદચાલ ચલાવી છે, અને તે ખબર ખોટી છે એમ તે પોતે જાણતો હોય તથા તે ખોટી ખબર ઉપરથી તે માજીસ્ત્રેટ ઝ ને બરતરફ કરશે એવો શંભવ છે, એમ પણ તે જાણતો હોય, તો અએ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરયો એમ સમજવું.

(બ) અ કોઇ સરકારી નોકરને એવી ખોટી ખબર આપે મને કરેલું નિમક ઝ એ એક છાને ઠેકાણે સંતાડયુ છે, અને તે ખબર ખોટી છે એમ પોતે જાણતો હોય, તથા તે ખોટી ખબરનો પરીણામ એવો થશે કે ઝ ની જગાનો ઝાડ લેવાશે તથા ઝ ને દુખ થશે એવો સભવ છે એમ પણ તે જાણતો હોય, તો અ એઆ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

ટીકા

કોઇ શખશને દુઃખ દેવાના અથવા નુકશાન કરવાના ઇરાદા વગર કાંઇ ખોટી ખબર આપવી તેથી આ કલમ પ્રમાણે ગુન્હો થતો નથી, સરકાર વીરૂદ્ધ સુરાજી મોહનનો ફેસલો કલમ ૭૭ ઉપર જુઓ.

એક શખસે પોલીસને અરજી કરી તે અરજીમાં એવી ખોટી હકીકત લખીકે કેઇ બીજા શખશે ગુન્હો કરયો છે એવો પોતાને શક છે માટે ચોકશી કરવી. તે અરજી ઉપરથી પીનલકોડ કલમ ૨૧૧ ના અર્થ પ્રમાણે તે શખશ ઉપર ફોજદારી માં કામ ચલાવ્યું તેમ થતુ નથી સરકારી નોકરને પોતાનો કાયદેસર અખત્યાર અમલમાં આણાવીને બીજા શખશને નુકશાન કરવના ઇરાદાથી ખોટી ખબર આપ્યાનું તોહમત કલમ ૧૮૨ પ્રમાણે તે અરજદાર ઉપર મુકવું જોઇએ સરકાર વીરૂધ ગોપાળ ભીકાજી. તા ૨૪ અપ્રેલ શને ૧૮૭૭, મુ. હા. કો.

કેદી પોતાના બચાવની ખાતર જે હકીકત કહેતે ખોટી પડતો તે આ કલમ પ્રમાણે ખોટી ખબર આપનાર કરતો નથી વા ૨- અ. હા. રી. પાનુ ૧૨૮

પોલીશ અમલદારને ખોટી ખબર આપ્યા બદલ તેને આ કલમ પ્રમાણે નહી પણ ૨૧૧ કલમ પ્રમાણે શાક્ષા થાય. વી. રી. ૮પાનુ ૬૭

આ કલમ પ્રમાણે ફરીયાદ સરકારી નોકર હોય તેજ કરી શકે છે. રાણીવીરૂધ હરાસમ- અ. હા. રી. પાનુ ૧૯૪- વાલ્યુમ ૩.

કોઇ સરકારી નોકરને કાયદાથી જે અધીકાર મળેલાછે, તે અધીકારે તે માણસને નુકશાન કરે એવા ઇરાદાએ તે નોકરને ખોટી ખબર આપ્યા બદલ અને ન્યાયના કામમાં ખોટી

શાક્ષી આપ્યા બદલ. પીનલકોડ કલમ ૧૯૨- અને ૧૯૩ પ્રમાણે આરોપીતપર તોહમતો રાખવામાં આવેલા તેની ચોકશી ફર્સ્ટક્લાશ માજીસ્ત્રેટ રાવ બહાદુર રામચંદ્ર બાપુજીએકરી. અને જુના ક્રીમીનલપ્રોશીજર કલમ ૨૧૫ પ્રમાણે તોહમત વાળાને છોડી દીધો.

આ કામમાં હાજર કરેલા પુરાવા ઉપરથી જોતા આરોપીતને છોડી દેવાનો હુકમ પેહેલા વરગના માજીસ્ત્રેટે કરેલો અયોગ્ય છે, એવુજીલ્લા માજીસ્ત્રેટને લાગ્યાથી તે કામના કાગળો અને પ્રોશીડીંગ મંગાવી જુના ક્રી પ્રો કો. ૧૪૨ ના આધારથી કા ૪૪ પ્રમાણે આરોપીતની ફરી ચોકશી કરવાનો હુકમ આપીને તે કાગળ પત્ર અને પ્રોશીડીંગ મા કયમ્પબેલ પાશે મોકલ્યાં, તે ઉપરથી મો. કયમ્પબેલે ઇનસાફ કરીને આરોપીત ઉપર ખોટી શાક્ષી આપ્યાનો અપરાધ શાબીત કરી તેને છ મહીનાની શખ્ત કેદની શીક્ષા કરી. તેના ઠરાવ ઉપર, આરોપીતે સેશન જડજને અપીલ કરી. તેમાં શેશન જડજે કામના ગુણદોષપર વીચાર ન કરતાં—મોહેસ મીસ્તરી (ઇ. લા. રી. ક. સી. વા. ૧ પાનુ ૨૮)ના કામના ઠરાવને અનુસરીને મી૦ કયેમ્પબેલે બીજી ચોકશી કરી તે અધીકાર નહી છતાં કરી છે એમ ઠરાવીતોહેમત અને શીક્ષા રદ કરયા.—સેશન જડજના એ હુકમ ઉપર મુબાઇ સરકારે જુના ક્રી. પ્રો. ક. ર૭૨ ના આધારે હાઇ કોરટને અપીલ કરી તેમાં ઠરાવ થયો કે,

એકાદ સબોરડીનેટ માજીસ્ત્રેટે ક્રી. પ્રો. ક, ૨૧૫ ના આધારે એકાદ આરોપીતને છોડી દીધો હોય અને તેનુ પ્રોશીડીંગ મંગાવી જોયા પછી તે માજીસ્ટ્રેટે આરોપીતને છોડી દીધો તે બરોબર નથી એમ જીલ્લા માજીસ્ત્રેટની ધ્યાનમાં આવે તો બીજા એકાદ સબોરડીનેટ માજીસ્ત્રેટને નવી ચોકશી કરવાનો હુકમ નહી કરતાં તે કામ હાઇ કોરટમાં મોકલવુ એજ જીલ્લામાજીસ્ટ્રેટને યોગ્ય માર્ગ છે.

આ કામમાં પણ તેમજ થવુ જોઇતુ હતુ તે થયુ નથી માટે સેશન જડજે કરેલો હુકમ બરોબર છે કેમકે, ક. ૧૪૨ પ્રમાણે નવી ચોકશી કરવાનો હુકમ કરવાને જીલ્લામાજીસ્ત્રેટને સત્તા નહોતી તેથી મુબાઇ સરકારે કરેલી અપીલ અમે ના મંજુર કરીએ છીએ. સરકાર વિરૂદ્ધ ગોઠાપા. બીન બ્યાકુબ ગોઠા, મુ. હા. રી. પાનુ ૫૩૪ વાલ્યુમ ૨. તા૦ ૮ ફેબ્રવારી સન ૧૮૭૮

પીનલકોડ કલમ ૨૧૧ માં કહેલા ગુન્હામાં કલમ ૧૯૨ માં કહેલા ગુન્હાનો સમાવેશ થાય છે અને તેટલાજ વાસ્તે તેવા કામોમાં જોઇએ તે કલમ પ્રમાણે કામ ચલાવવાનો માજીસ્ત્રેટને અધીકાર છે પરંતુ ગુન્હાનુ સ્વરૂપ જાસ્તી ભયંકર છે એમ દેખાય તો કલમ ૨૧૧ પ્રમાણે કામ ચલાવવુ યોગ્ય છે કલકતા, હાઇકોરટ વાલ્યુમ, ૫—પાનુ ૧૮૪ તા. ૨૬ એપ્રીલ, સન ૧૮૭૯

કોઇ સરકારી નોકરના કાયદેશર અખત્યારથી કોઇ મીલકત જપ્ત થતી હોયતેમાં સામા થવુ

૧૮૩. આ શખસ સરકારી નોકર છે એમ જાણીને, અથવા એમ માનવાનુ કારણ છતાં, તે સરકારી નોકરના કાયદેશર અખત્યારથી કાંઇ મીલકત જપ્ત થતી હોય તેમાં જે માણસ સામો થાય, તે માણસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની. 'અથવા' એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઇ સરકારી નોકરના અખત્યારથી વેચવા કહાડેલી મીલકતના વેચવામાં અડચણ કરવી,

૧૮૪. કોઇ સરકારી નોકરના પોતાના સરકારી હોદ્દાના કાયદેસર અખત્યારથી વેચવા કાહાડેલી કાંઇ મીલકત વેચાણમાં જે માણસ ઇરાદાથી કાંઇ અડચણ કરે, તે માણસને એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા પાંચશે રૂપીયા સુધીના દંડની, એ બંનની શિક્ષા કરવામાં આવશે.

કોઇ સરકારી નોકરના અખત્યારથી વેચવા કહાડેલી મીલકતની નાયદા વીરૂધ ખરીદી અથવા માગણી.

૧૮૫ કોઇ સરકારી નોકરના પોતાના સરકારી હોદાના કાયદેસર અખત્યારથી કાંઇ મીલકતનુ વેચાણ થતુ હોય, તે વેચાણમાંથી તે મીલકત ખરીદ કરવાને ફલાણો શખશ કાયદા મુજબ અશક્ત છે એમ જાણ્યાં છતાં તે સખસને હાસલ, પછી તે સખશ પોતેજ હોય કે કોઇ બીજો સખશ હોય તો પણ જે માણસ તે મીલકત ખરીદ કરે અથવા તેની માગણી કરે અથવા માગણી કરેથી જે ફરજ પોતાને ઉપર આવતી હોય તે ફરજ અદા કરવાનો પોતાનો ઇરાદો નહી છતાં જે માણસ તે મીલકતની માગણી કરે, તે માણસને એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા બસે રૂપાયા સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે

કોઇ સરકારી નોકરને તેના સરકારી કામ કરવામાં અડચણ કરવી.

૧૮૬. કોઇ સરકારી નોકરને તેના સરકારી કામ કરવામાં જે માણસ બુદ્ધિપુરવક અડચણ કરે, તે તેમાણસને ત્રણ મહીના મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા પાંચશે રૂપીયા સુધીના દંડની અથવા એ બનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા

એક કામમાં ધોળકાના પેહેલા વર્ગના શબોરડીનેટ માજીસ્ત્રેટે શરકારી" અમલદારને ગાડી ભાડે ન આપ્યા બદલ તે ગાડી વાળા ઉપર શદરહુ માજીસ્ત્રેટે, સરકારી નોકરને પોતુનુ સરકારી કામ કરવામાં બુદ્ધી પુરવક હરકત કરયાના ગુન્હાની શાબીતી ઠરાવી અને પીનલકોડ કલમ ૧૮૬ પ્રમાણે તેનો ચ્યાર રૂપીઆ દંડ કરયો અને તે દંડ ન આપે તો સાત દિવસ આસાન કેદ ભોગરવાની શીક્ષા કરી.

અમદાવાદના જીલ્લામાજીસ્ત્રેટે મી. બોગડેલે આ કામ જુના ક્રી. કા. ૩૩૪ ના આધારે હાઇ કોરટના અભીપ્રાય સારૂ મોકલાથી ઠરાવ્યુ કે ગાડીના માલીકે પોતાના ગાડી સરકારી નોકરને ભાડે નહી આપવાને ના કહ્યાથી સદરહુ કલમ ૧૮૬ પ્રમાણે તે ગુનેગાર ઠરતો નથી માટે તોહોમત અને શીક્ષા રદ કર્યાં અને દંડ વસુલ કરયો હોયતો તેને પાછો આપવો, મુબાઇ હાઇ કોરટ, વાલ્યુમ ૯ પાનુ ૧૬૫ સરકાર વીરૂધ ઘોરી કુલન તા૦ ૯ ફેબ્રવારી ૧૮૭૨

કોઇ શખસના ખાનગી ઘરમાં કોઇ પેશવા જાય તે પ્રમાણે પેસવાનો પેસનાર કાંઇ અધીકાર બતાવે નહી અને તેથી ઘરધણી તેને ઘરમાં પેસવા દે નહી તો તેને આ કલમ પ્રમાણે ગુન્હો કરયો કેહેવાય નહી. કેસરેહીંદ વિરૂધ એકૂમેકલા કંટ્રાક્ટર, કલકત્તા હાઇકોરટ તા૦ ૨૨ મી મે, સને ૧૮૭૮

મુંબાઇના સન ૧૮૬૫ના આકટ ૧ લા પ્રમાણે નીમાએલા કોઇ સરવે ખાતાના કલાર્કને કોઇ શખસ પોતાનુ ઘર માપવા ન દે તો તેણે આ કલમ પ્રમાણે ગુન્હો કરયો એમ થતુ નથી—રાણી વીરૂધ્ધ ભગવતી દાસ ભગવાન દાસ. મું. હા. રી. વા. ૫—પાનુ ૫૧

કાયદા મુજબ મદદ કરવાની ફરજ છતાં કોઇ સરકારી નોકરને મદદ કરવામાં કસુર કરવી.

૧૮૭. કોઇ સરકારી નોકરને તેની સરકારી નોકરી બજાવવામાં મદદ કરવા અથવા આપવાની જે માણસની કાયદા પ્રમાણે ફરજ હોય તે માણસ અગર ઇરાદાથી તે પ્રમાણે મદદ આપવામાં કસુર કરે, તો તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા બસે રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે, અને મદદ માગવાનો કાયદા પ્રમાણે જેને અખતિયાર હોય. એવા કોઇ સરકારી નોકરે કોઇ ઇનસાફની કોરટે કાયદા મુજબ કરેલા કોઇ હુકમ બજાવવાના કારણસર અથવા કાંઇ ગુન્હો થતો અટકાવવાના કારણસર અથવા કાંઇ હુલ્લડ કે બખેડો બંધ પાડવાના કારણસર અથવા જે સખશની ઉપર કાંઇ ગુન્હાનુ તોહોમત મુકયુ હોય, કે જે કાંઇ ગુન્હાનો તકશીરવાર હોય કે કાયદેશર કેદમાંથી નાશી ગયો હોય, એવા શખશને પકડવાના કારણસર, તે મદદ માગી હોય. તો તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાંચશે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે,

ટીકા

એક ચોરીના કામમાં એક જાગીરદારને એક માજીસ્ત્રેટે એવો હુકમ કીધો કે તમારે ચોરીનો પતો પંદર દીવશની અંદરમાં લગાડવો અને પોલીસને તે કામમાં મદદ કરવી આ કામમાં એમ ઠરાવવામાં આવ્યુ કે સને ૧૮૭૨ ના આકટ ૧૦ નો કલમ ૯૦ અને ૯૧એ ટલે સન ૧૮૮૨ના આકટ ૧૦ ની કલમ ૪૨—૪૩ મુજબ આવો હુકમ થઇ શકે નહી. અને હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૭ તથા ૧૮૮ પ્રમાણે જાગીરદાર ઉપર સદરહુ હુકમનુ અપમાન કીધા બદલનો ગુન્હો રહી શકે નહી.—રાણી વીરૂધ્ધ બક્ષીરામ અને બીજાઓ. ઇ० લા० રી० અલહાબાદ० વાલ્યુમ ૧—પાનુ ૨૦૧

આ કલમના અર્થ પ્રમાણે કયા કામોમાં લોકોએ મદદ માગેથી આપવી એ બાબત ક્રીમીનલ પ્રોશીજર કોડ સને ૧૮૮૨ના આકટ ૧૦ ની કલમ ૪૨ કેહે છે,

૪૨—ઇલાકાના મુખ્ય શેહેરની અંદર કે બાહાર કોઇ માજીસ્ત્રેટ, અથવા પોલીસ અમલદાર હેઠળ લખેલી બાબતોમાં જે માણસની વ્યાજબી રીતે મદદ માગે તેવાં દરેક માણસે તેને મદદ કરવી જોઇએ.

(અ) બીજા કોઇ પણ માણસને પકડવાને સદરહુ માજીસ્ત્રેટને અથવા પોલીસ અમલદારને અખત્યાર હોય તેવામાં; અથવા

(બ) સુલેહના ભંગનો અથવા હરકોઇ રેલવે, નેહેર, ટેલીગ્રાફ અથવા સાર્વજનીક મીલકતને નુકશાન કરવાની કોશીશનો અટકાવ કરવામાં અથવા

(ક) હુંગામો અથવા બખેડો બંધ પાડવામાં

પોલીસ અમલદાર શીવાય બીજા કોઇ શખશના નામનુ વારંટ કરવામાં આવે ત્યારે જે શખશના નામનુ તે વારંટ હોય તે શખસને મદદ કરવાને બીજા કોઇ પણ શખસની મરજી

ઉપર છે, જુઓ સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૪૩

કોઈ સરકારી નોકરે કાયદા મુજબ જાહેર કરેલો હુકમ ન માનવો.

૧૮૮. કોઈ સરકારી નોકરને કાંઇ હુકમ જાહેર કરવાને કાયદા મુજબ અખતિયાર હોય તે પ્રમાણે હુકમ જાહેર કરીને તે કોઇ માણસને એ પ્રમાણે ફરમાવે કે તમારે ફલાણા કામથી દુર રહેવુ, અથવા તમારા કબજામાં કે તમારા વહીવટમાં ફલાણી મિલકત છે તે બાબત ફલાણી તરેહનો બંદોબસ્ત રાખવો અને એ પ્રમાણે તે સરકારી નોકરે ફરમાવેલુ છે એમ જાણ્યાં છતાં તે માણસ તે હુકમ ન માને અને તે હુકમ તેણે ન માનવાથી અગર કાયદેસર કહેલા કોઈ શખશોને કાંઇ અડચણ, દુઃખ કે નુકશાન થાય અથવા થશે એવુ થાય અથવા કાંઈ અડચણ, દુખ કે નુકશાનનુ જોખમ થાય અથવા થશે એવુ થાય, તો તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા બસે રૂપીયા સુધીના દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે. અને અગર તેણે તે હુકમ ન માનવાથી માણસની જીંદગીને, તનદુરસ્તીને અથવા સલામતીને જોખમ થાય અથવા થશે એવુ થાય, અથવા હંગામો કે બખેડો થાય અથવા થશે એવુ થાય, તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપાંયા સુધીના દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે,

ખુલાસો—તે ગુન્હેગારે હાની કરવાનો ઇરાદો કરવો જોઇએ અથવા તે હુકમ ન માનેથી હાની થવાનો સંભવ છે એવો તેને વીચાર થવો જોઇએ, એમ કાંઇ જરૂર નથી. તે એમ જાણે કે હુ ફલાણો હુકમ માનતો નથી તથા તે હુકમ તેણે ન માનવાથી હાની થાય અથવા થશે એવો સંભવ હોય તો બસ છે.

દૃષ્ટાંત.

જે સરકારી નોકરને કાયદા મુજબ હુકમ જાહેર કરવાનો અખત્યાર હોય એવો કોઇ સરકારી નોકર અગર એ પ્રમાણ એક હુકમ જાહેર કરે કે ફલાણો ધરમ સંબધીનો વરઘોડો ફલાણે રસ્તે થઇને જાય નહી ને પછી જાણી બુજીને અ. તે હુકમ નમાને અને તથી હંગામાનુ જોખમ થાય, તો અ. એ આ કલમમાં બયાન કરેલો ગુન્હો કરયો એમ જાણવુ

ટીકા.

અંકલેસ્વરના બીજા વર્ગના માજીસ્ત્રેટે એકશખશ ઉપર જુના ક્રીમીનલકોડ કલમ ૫૧૮ પ્રમાણે હુકમ કરયો તે નહી માનવાથી તે માજીસ્ત્રેટે તે શખશની ઉપર પેનલકોડ કલમ ૧૮૮પ્રમાણે કામ ચલાવી તેનો એક રૂપીયો દંડ કર્યો અને તે એક રૂપાઓ ન આપેતો બે દીવશ આસાન કેદ ભોગવવાની શીક્ષા કરી.

જીલ્લા માજીસ્ત્રેટનો અભીપ્રાય જુના ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમ ૪૭૩ પ્રમાણે આ કામની ચોકશી કરવાનો અખ્તીઆર તે બીજા વર્ગના માજીસ્ત્રેટને નોહોતો એવો હોવાથી આ કામ હાઇ કોરટના અભીપ્રાય માટે મોકલ્યુ તેમાં ઠરાવ થયોકે.

ક્રી. પ્રો કો. કલમ ૫૧૮ પ્રમાણે બીજા વરગના માજીસ્ત્રેટે એકાદ હુકમ કરયા છતાં તે હુકમ અમાન્ય થયો હોય તો તે બદલ ક્રી પ્રોકોડ કલમ ૪૭૩ ઉપર શીક્ષા કરવાનો અખ્તીઆર તેને મળતો નથી માટે બીજા વર્ગના માજીસ્ત્રેટે ઠરાવેલુ તોહમત અને શિક્ષા રદ ક

શકીએ છીએ. અને પીનલકોડ કલમ ૧૮૮ માના ઠરાવપર તે બીજા વરગના માજીસ્ત્રેટે ધ્યાન આપવું કે એકાદ હુકમ અમાન્ય થયો એટલુજ શાબીત થવુ બસ નથી પણ તેણે હુકમ નહી માન્યાથી કાયદેસરકામ કરનાર માણસને કાઇ હરકત. યા ઉપદ્રવ, અગર નુકશાન થાય અગર થવાનોસંભવ હોય અગર તેથી હરકત, અગરઉપદ્રવ, અગર નુકશાની થવાનો ભય થશે એવું શાબીત થવુ જોઇએ એવુ થાયછે, સરકાર વીરૂધ્ધ રણછોડ દયાલ, મુ હા. રીપોર્ટ વાલ્યુમ ૧૦ પાનુ ૪૨૪- તા. ૨૯ અકટોબર ૧૮૭૩

પેહેલા વર્ગના એ કશબોરડીનેટ માજીસ્ત્રેટે કાઇ એ કજગ્યામાં મુડદા દાટવા તથા બાળવા શારૂ લોકોને મનાઇ કરવા બાબતનોહુકમક તે જગોએ ચોડાવ્યો ત હુકમ તોડયાના ગુન્હા નો શાબીતી પીનલકોડ કલમ ૧૮૮ અન્વયે એક શખસ ઉપર થઇ. તેમાં નામદાર મુબઇ હાઇ કોરટે ઠરાવ કરયો કે શદરહુ હુકમ ખુદ તોહમતવાળાને પોહોચાડવામાં નહીં આવેલો. શબબ એ ગુન્હાની શાબીતી ગેર કાયદેછે. મુ. હા, તા. ૩ માર્ચ સન ૧૮૭૦ મા સરકાર વીરૂધ્ધ શુકર બુધ્ધીયા.

એક પેહેલા વરગના સબોરડીનેટ માજીસ્ત્રેટે એક કુવાને કાંઇ મરામત કરાવવા સારૂ ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૯૯ પ્રમાણે તોહોમત વાળાંપર હુકમ કીધો. પણ તે મરામત તેણે કરાવી નહી. તે ઉપરથી તેણે તે હુકમ નહી માનવા બાબત તેની ઉપર પીનલકોડ કલમ ૧૮૮ પ્રમાણે તોહમત રાખી તેના રૂ ૧૦૦) દંડ કીધો અને શન ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૪ મુજબ એવો હુકમ કીધો કે તે કુવાનુ મરામત ખરચ દંડની રકમ માંહેથી આપવુ.

આ કામમાં નામદાર મુબાઇ હાઇકોરટે એવો ઠરાર કીધો કે, આ કામમાં ક્રી૦ પ્રો૦ કલમ ૩૦૮ રૂકત લાગુ પડે છે, માટે આ કામમાં સબોરડીનેટ માજીસ્ત્રેટને અધીકાર નથી અને કલમ ૪૪ પ્રમાણે કુવાને મરામત કરાવવાનો હુકમ કરવાનો તને અધીકાર નહોતો, તાત્યા વીઠુબાના કામમાં, પુછવા ઉપરથી, મુ. હા, તા: ૧૩ એપ્રેલ ૧૮૭૧

એક શખશ ઉપર દીવાની કોરટથી હુકમનામુ થએલુ તે પરથી તે દીવાની કોરટના જડજે તેને એવો હુકમ કીધો કે તારે અમુક જગામાં ઝુપડી બાંધી રેહેવુ નહી, એ રીતેતાકીદ કીધાં છતાં તેણે ઝુપડી બાંધી, તે પરથી ત જડજે તેના ઉપર કલમ ૧૮૮ પ્રમાણે કામચલાવવા તેને માજીસ્ત્રેટ પાશે મોકલ્યો, માજીસ્ત્રેટ પાશે ગયા પછી તેની આ કામમાં ૧૮૮કલમ પ્રમાણેતજવીજ થઇશકે નહી, એમ ઠરાવી- જુના ક્રીમીનલ કલમ ૨૧૧ પ્રમાણે તેને છોડી દીધો, છતાં તે માજીસ્ત્રેટનો અભીપ્રાય જીલ્લા જડજનેના પસંદ પડવાથી હાઇ કોરટનો અભીપ્રાય માગ્યો. તેમાં એવો ઠરાવ થયો કે સરકારી અમલદાર સાર્વજનીક કામને માટે જે હુકમ પ્રસીધ્ધ કરે છે તે હુકમને માત્ર ૧૮૮ કલમમાના ઠરાવ લાગુ પડેછે. અને દીવાની દાવાવાળાં પક્ષકારોની દરમીયાન થએલા હુકમને તે કલમ લાગુ પડતી નથી,

એકાદ દાવામાંના પ્રતીવાદીએ એકાદ તાકીદ અમાન્ય કીધા છતાં તેને તુરગમાં મોકલવો એટલોજ ફક્ત દીવાની કોરટને માગેછે કલકતા હાઇ કોરટ-ના, ૯ પ્ર. ૪૪૫- તા ૯ નવંબર સન ૧૮૮૦ પુછવા ઉપરથી.

આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવતાં પેહેલાં અમુક કામથી તહોમતદારે દુર રહેવુ એ

યો હુકમ મશીધ થયો છે એવુ તહોમતદાર જાણતો હતો એવુ સાબીત થવુ જોઇએ રાણીવી રૂદ્ધ રમ તુનુસીંગ. ક્રિ. ઇ. કા. મા ૩૪૩.

આકલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવતી વખતે તહોમતદારને જે હુકમ કરેલો તે લએલો કરે લો હતો એ જરૂરનુ છે. કો. ઇ. કા. મ, ૩૪૩

કોઇ સરકારી નોકરને નુકશાન કરવાનો ડર દખાડવો.

૧૮૯. કોઇ સરકારી નોકરને પોતાના સરકારી હોદાના અમલ સંબધી કાંઇ કામ ન કરવાને, અથવા કાંઇ કામમાં ઢીલ કરવાને લલચાવાના કારણસર, તે સરકારી નોકરને ખુદને, અથવા જે શખશની સાથે તે સરકારી નોકરને સબધ છે એમ પોતે માનતા હોય, એવા કોઇ શખશને, કાંઇ નુકશાન કરવાનો, જે માણસ ડર દખાડે તે માણસને બે વરશ સુનીદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઇ સરકારી નોકરની પાશે આશરો માગવાની અરજ કરવાથી દુર રહેવાને કોઇ શખશને લલચાવા સારૂ તેને નુકશાનકરવાનો ડર દખાડવો.

૧૯૦. કાંઇ નુકશાનથી કોઇનુ રક્ષણ કરવાનો અથવા કરાવવાનો જે સરકારી નોકરને કાયદા મુજબ અખત્યાર હોય, એવા કોઇ શરકારી નોકરની આગળ કોઇ શખશને કાંઇ નુકશાનથી પોતાનુ રક્ષણ થવા બાબત કાયદેશર, અરજ નકરવાને અથવા અરજ કરતા અટકાવવાને લલચાવવાના કારણસર, જે માણસ તેશખશને કાંઇ નુકશાનકરવાનો ડર દખાડે તે માણસને એક વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામા આવશે.

બાબ ૧૧ મો

ખોટા પુરાવા તથાસરકારી ઈનસાફ વિરૂદ્ધ ગુન્હા બાબત.

ખોટી શાહેદી આપવી.

૧૯૧. કાંઇ સોગંદથી અથવા કાયદાના ખાસ ઠરાવથી સાચુ બોલવાને જે માણસ કાયદા મુજબ બંધાએલો હોય, અથવા કાંઇ પણ બાબત સંબધી કાંઇ એકરાર કરવાને કાયદાથી બંધાએલો હોય, તે માણસ એવી કાંઇ વાત કેહે કે જે ખોટી હોય અને જે ખોટી છે એમ તે જાણતો કે માનતો હોય. અથવા ખરી છે એમ તે માનતો હોય, તો તે માણસે ખોટી શાહેદી આપી એમસમજવુ.

ખુલાસો ૧ લો—કાંઇ વાત મોહોડેથી કહી હોય અથવા કોઇ બીજી રીતે કહી હોય તોપણ તેને આ કલમના અર્થ પ્રમાણે વાત સમજવી.

ખુલાસો ૨ જો—શાહેદી આપનાર સખશ પોતાના માનવા બાબત જે ખોટી વાત કહે, તેને પણ આ કલમના અર્થ પ્રમાણેની વાત સમજવી, અને જેમ જે વસ્તુ કોઇ શખશ જાણતો ન હોય ને તે કહે કે હુ જાણુછુ તેથી તે સખશ ખોટી શાહેદી આપવાનો ગુન્હેગાર થાય તે

મન જે વસ્તુ તે માનતો નહીહોય તે વિશે તે એમ કહે કે હું એ માનુંછું તો તેથી પણ તે શખસ ખોટી શાહેદી આપ્યાનો ગુનેહગાર થઇ શકેછે.

દ્રષ્ટાંત.

(અ) ઝ ની ઉપર બ નો હજાર રૂપીઆનો એક વ્યાજમી દાવો છે, તેની મજબુતી માં ઇનસાફની વખતે અ આવીને એવા ખોટા સોગન ખાય કે બ નો દાવો વ્યાજમી છે એમ ઝ ને કબુલ કરતાં મેં સાંભળ્યો. તો અ એ ખોટી શાહદી આપી એમ સમજવું,

(બ) કાંઇ સોગનથી સાચુ બોલવાને બંધાએલો છતાં, અ. એ પ્રમાણે કહેકે ફલાણી સહી ઝ. ની લખેલી છે એમ હું માનુ છું. અને ઝ. ની લખેલી છે એમ તે ન માનતો હોય, તો એ ઠેકાણે અ. જે વાત પોતે ખોટી જાણે છે તે કહે છે,માટે તેણે ખોટી શાહેદી આપી એમ સમજવુ.

[ક) ઝ ના અક્ષરનુ વલણ અ જાણે છે, અને તે એ પ્રમાણે કહેકે ફલાણી સહી ઝ. ની લખેલી છે એમ હું માનુ છુ અને તેમજ તે સહી તેની લખેલીછે એમ અ. શુદ્ધ બુદ્ધિએ માનતો હોય તો એ ઠેકાણે અ, ની વાત ફક્ત તેના માનવા વીષેછે અને તેના માનવા વિશે તે સાચી છે. માટે અગર તે શહી ઝ, નીલખેલી ન હોય તો પણ અ એ ખોટી શાહેદી આપી એમ સમજવુ નહી.

(ડ) કાંઇ સોગંદથી સાચુ બોલવાને બંધાએલો છતાં અ, એ પ્રમાણે કહેકે ફલાણે દહાડે ઝ, ફલાણે ઠેકાણે હતો એમ હું જાણુ છુ, અને તે બાબત અ, કાંઇ જાણતો ન હોય તો, અગર તે દહાડે ઝ, તે ઠેકાણે હતો કે નહી તોપણ અ એ ખોટી શાહેદી આપી એમ સમજવુ.

(ઈ] અ. કોઈ સમજાવનારો કે તરજુમો કરનારો છે, અને તે જે વાત અથવા લેખ ખરી રીતે સમજાવવા અથવા તેનો તરજુમો કરવાને સોગંદથી બંધાએલો છે, તે વાતની અથવા લેખની એવી સમજણ આપે અથવા એવો તરજુમો કરે,અથવા તે સમજણ અથવા તરજુમો ખરો છે એમ સરટીફીકેટ આપે કે તે સમજણ અથવા તરજુમો ખરો ન હોય અને તે તેને ખરો માનતો ન હોય તો અ એ ખોટી શાહેદી આપી એમ, સમજવુ.

ટીકા

મુમ્બાઇના સન ૧૮૬૭ ના આકટ ૮ ની કલમ ૨૩ પ્રમાણે કોઇ પોલીસ પટેલ કામ કરતાં છતાં તેની આગળ કોઇ શખશ ખોટો મચકુર કહે તો તેણે પીનલકોડ કલમ ૧૯૧ પ્રમાણે ખોટી શાક્ષી આપી એમથાય છે અને કલમ ૧૯૩ ઉપરથી તે શીક્ષાને પાત્ર થાય છે. સરકારવિરૂદ્ધ ઇરબસાપાનો ફેસલો જુઓ, વાલ્યુમ. ૪. પ૦ ૪૭૯ તા૦ ૨૯ એપ્રેલ, સને ૧૮૮૦ મુ. હા. રી. તેમજ કલકત્તા હાઇકોરટ વા—૨—પ૦૮—૪૧ સરકાર વીરૂદ્ધ નાનચંદ મુકરજી તા૦ ૨૭ જુન ૧૮૭૩

ખોટો પુરાવો બનાવવો — ૧૯૨. જે માણસ કાંઇ બીના બનાવે, અથવા કાંઈ ચોપડી કે દફતર મધ્યે કાંઇ ખોટી રકમ લખે, અથવા કાંઇ લેખ કરે અને તે

માં કાંઇ ખોટી વાત લખે, એવા ઇરાદાથી કે, કોઇ ઇનસાફી મુકદમામાં, અથવા કોઇ સરકારી નોકરની આગળ તેના સરકારી હોદ્દાથી કાયદા મુજબ ચાલતા મુકદમામાં, અથવા કોઇ લવાદની આગળ, તે બીના ખોટી રકમ અથવા ખોટી વાત પુરાવામાં રજુ થાય, તથા તે રજુ થનારી બીના, અથવા ખોટી રકમ, અથવા ખોટી વાતથી, તે મુકદમામાં પુરાવા ઉપરથી જે શખસ કાંઇ અભીપ્રાય બાંધનાર હોય તે શખસના મનમાં, તે મુકદમાના ફેસલાને લગતી કાંઇ જરૂરની બાબત સંબંધી ખોટો અભીપ્રાય આવે તો તે માણસે ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવું.

દ્રષ્ટાંત.

(અ) ઝ ની એક પેટીમાં અ, કાંઇ ઘરેણાં મુકે. એવા ઇરાદાથી કે તે ઘરેણા તે પેટીમાંથી જડે, તથા એ બીનાથી ઝ. ની ઉપર ચોરી સાબીત થાય, તો અ, એ ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવુ.

(બ) અ પોતાની દુકાનમા ચોપડામાં એક ખોટી રકમ લખે, એટલા સારૂ કે કોઇ ઇનસાફની કોરટમાં તે પુષ્ટીકર પ્રમાણે દાખલ વાપરવી, તો અ એ ખોટો પુરાવો બનાવ્યો એમ શમજવું.

(ક) ઝ ની ઉપર બદમસલતનો ગુન્હો સાબીત કરવાના ઇરાદાથી અ ઝ ના જેવા અક્ષર કરીને એક કાગળ લખે, એવી રીતે કે જાણે તે કાગળ તે બદમસ્લત માંહેના કોઇ સોબતિને લખેલો હોય, અને પોલીશ અમલદારો ફલાણે ઠેકાણે ખોળ કરશે એવો સંભવ છે એમ જાણીને તે કાગળ તે ઠેકાણે મુકે, તો અ એ ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવું

ખોટી શાહેદી તથા ખોટા પુરાવાની શિક્ષા.

૧૯૩. જે માણસ કાંઇ ઇનસાફી મુકદમાના કોઇ પણ ભાગમાં ઇરાદાથી ખોટી શાહેદી આપે, અથવા કોઇ ઇનસાફી મુકદમાના કોઇ પણ ભાગમાં વપરાય એવા કારણસર ખોટો પુરાવો બનાવે તે માણસને સાત વરષની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે; અને વળી તે દંડને પણ લાયક થશે; તથા બીજી કોઇ બાબતમાં જે માણસ ઇરાદાથી ખોટી શાહેદી આપે અથવા ખોટો પુરાવો બનાવે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો ૧ લો—કોઇ કોરટ માર્શલ અથવા મીલીટરી કોરટ આવરિક વેસ્ટની આગળ તજવીજ ચાલતી હોય તેને ઇનસાફી મુકદમો સમજવો.

ખુલાસો ૨ જો—કોઇ ઇનસાફની કોરટની આગળ મુકદમો ચાલતાં પેહેલાં કાયદાએ ફરમાવેલી તજવીજ થતી હોય તેને ઇનસાફી મુકદમાનો એક ભાગ શમજવો, પછી તે તજવીજ કોઇ ઇનસાફની કોરટની આગળ નહી થતી હોય તો પણ.

દ્રષ્ટાંત.

ઝ તે ઇનસાફ થવા સારૂ કમિટ કરવો જોઇએ કે નહી એ ઠરાવવા સારૂ કોઇ માજીસ્ટ્રેટની આગળ ચાલતી તજવીજમાં અ સોગંદ ખાઇને એવી વાત કહે કે જે ખોટી છે એ

જેકામ પોતાની કોરટમાં ઇનસાફ થવાને માટે મોકલવાનો શેશન કોરટને અધીકાર નથી મ તે જાગતો હોય, તો એ તજવીજ ઇનસાફી મુકદમાનો એક ભાગ છે, માટે અ એ ખોટી શાહેદી આપી એમ સમજવું,

ખુલાસો ૩ જો—કોઇ ઇનસાફની કોરટે કાયદા મુજબ કાંઇ તજવીજ કરવાનું ફરમાવ્યું હોય. અને તે તજવીજ કોઇ ઇનસાફની કોરટના હુકમ મુજબ થતી હોય, તો તે તજવીજને ઇનસાફી મુકદમાનો એક ભાગ સમજવો, પછી તે તજવીજ કોઇ ઇનસાફની કોરટની આગળ નહી થતી હોય તો પણ કાંઇ જમીનની હદ મુકરર કરવા સારૂ એક ઇનસાફની કોરટે કોઇ અમલદારને તે જગોપર મોકલ્યો હોય, તે અમલદારની આગળ થતી તજવીજનાં અ સોગદ ખાઇને એવી એક વાત કહે કે જે ખોટી છે એમ તે જાણતો હોય, તો એ તજવીજ ઇનસાફી મુકદમાનો એક ભાગ છે માટે અ એ ખોટી શાહેદી આપી એમ સમજવું.

ટીકા

આ કલમ પ્રમાણે ખોટો પુરાવો આપવાના કામમાં જે હકીકત તહોમતદાર પોતે ખોટી જાણતો તે ખોટી જાણીને તેણે ખરા દાખલ કહી એવું બતાવવું જોઇએ, રાણી વારૂધ માહારાજા મોસર, ૭, બે. લા. રી. એ. પ્ર. ૬૬

અમુક અમલદારની વીરૂદ્ધ કોઇ ત્રાસદાયક અરજી લખે તે ત્રાસદાયક અરજી લખનાર કોણ છે એ બાબત સોધ કરવામાં જે કામ માજીસ્ત્રેટ ચલાવે તેમાં સોગન આપવાનો તે માજીસ્ત્રેટને અધીકાર નથી. સરકાર વીરૂદ્ધ જીજીભાઇ વજા. મુ૦ હા૦ વાલ્યુમ૦ ૧૧ પ્ર૦ ૧૧૦ તા૦ ૧૯ ફેબ્રુવારી સને ૧૮૭૪

સાક્ષીને જુબાની વાંચી સંભળાવી ન હોય તો તેમાં કહેલા મચકુરથી તેને જુઠી પ્રતીજ્ઞા કરી એમ થતું નથી વીકલી રપોટ ૨૩ મુ. હા.

ખોટો દાવો કરનાર શખશની ઉપર તેની ફરીઆદ અરજી પર કરેલી પ્રતીજ્ઞા બાબત તેની ઉપર ૧૯૩ કલમ પ્રમાણે શીક્ષા થઇ શકે પણ બીજી રીતે થાય નહી સરકાર વીરૂધ લક્ષમન દાસ પ્રેમચંદ વીગેરે ફોજદારી તપાસણી. મુ. હા. તા. ૨૩ સપટંબર ૧૮૬૯

એક શખસે અદયાનતથી રેલવેનો કેટલોક સામન કોઇ શખશના ઘરમાં અને ખેતરમાં છુપાવવામાં મદદ કરી તે એવા ઇરાદાથી કે તે ઘરના અને ખેતરના માલીકને શીક્ષા થાય એ કામમાં ઠરાવવામાં આવ્યું કે આરોપીત પર કલમ ૧૯૩ પ્રમાણે ખોટો પુરાવો બનાવ્યાનું અને કલમ ૪૧૪ પ્રમાણે ચોરીનો માલ જાણી જોઇને છુપાવવામાં મદદ કરવાનું એ રીતે બે તહોમત લાવી શકાય.—કેશરેહીદ વિરૂદ્ધ રામેજરાય ઇ. લા, રી. ૧. પ્ર. ૭૭૯ અલ્હાબાદ હાઇકોરટ.

આ કલમ પ્રમાણેનો ગુન્હો જુના ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૭૩ પ્રમાણે કોરટના તીરસ્કારનો છે; તેથી એ કલમ પ્રમાણે જે માજીસ્ત્રેટની હજુર એ ગુન્હો કરવામાં આવ્યો હોય તે માજીસ્ત્રેટ એ ગુન્હાનો ઇનસાફ કરી શકે નહી—રાણી વીરૂદ્ધ કુલતા રામસીંગ, ઇ. લા. રી. વા. ૧ પ્ર. ૧૨૯ અલ્હાબાદ હાઇ કોરટ

જે માજીસ્ત્રેટ પાસે તે એ ગુન્હો કરવામાં આવ્યો હોય તે માજીસ્ત્રેટને તે ગુન્હાનો ઇનસાફ કરવાનો હોય તો. સન ૧૮૭૨ ના આટક ૧૦ ની કલમ ૪૭૧ પ્રમાણે તેને કાંઇ

પીનલકોડ કલમ ૧૯૪ મુજબ (કલમ ૧૯૩ સાથે તેનો તફાવત જોતાં) કોઈપણ માણસ ને ગુન્હેગાર ઠરાવવાને મુકદમાની પ્રથમ ચોકસી વખતે નહી પણ આખરની વખતે એટલે ઇનસાફની વખતે તેણે ખોટી શાક્ષ આપેલી ઇયા ખોટો પુરાવો ઉભો કરેલો હોવો જોઇએ.

માજીસ્ત્રેટ હજુર પ્રથમ કામ ચાલતી વખતે આરોપીને જબાની આપી અને તેમાં એવી રીતે ખોટું લખાવ્યુ કે, માજીસ્ત્રેટની આગળ જે લોકો ગુન્હેગાર છે તેઓને મે ખુન કરતા દીઠા હતા; એ કામમાં એવો ઠરાવ થયો કે, પી૦ કો૦ ક, ૧૯૪ લાગુ પડતી નથી, કેમકે એવા ખોટા પુરાવાનો પરીણામ સ્વભાવીક ઘણામાં ઘણો એટલોજ થાયકે ગુન્હેગાર લોકોને સેસન કમીટ કરવામાં આવે પણ તેથી (તેઓના ઉપર) સાબીતી કાંઇ અવસ્ય કરીને થતી નથી, અને તહોમતદારના મનમાં સ્વભાવીક એટલે સાધારણ પરીણામ હતો એવુ અનુમાન કરવુ જોઇએ; મુ. હા. કો. તા. ૨૨—જાનેવારી ૧૮૯૪

કોઇ ફોજદારી ઇનસાફનુ કામ ચાલતાં છતાં ઇનસાફ કરનાર માજીસ્ત્રેટે જે પુરાવો દફતરમાં દાખલ કીધો હોય તે ઉપરથી પીનલકોડ કલમ ૧૯૩ મધ્યેનો કાંઇ ગુન્હો (કોઇ શખશના હાથથી) બન્યો એવુ પ્રથમ દર્શને તે માજીસ્ત્રેટને દેખાઇ આવે તો તે તહોમતવાળાનો એટલે જેશખશ વીરૂધ પ્રથમ દર્શની ગુન્હો બન્યો હોય તે શખશનો) ઇનસાફ થવાની મંજુરીઅત સ્વતંત્ર (અલાયદી) પ્રથમની ચોકશી કીધા વગર આપવાનો તે માજીસ્ત્રેટને અખ્તીકાર છે. મુ. હા. તા. ૨૯ નવેમ્બર ૧૮૭૭ પુછવા ઉપરથી,

એક અંગ્રેજમના માહલકરી પર કલમ ૧૯૩ અને ૪૬૬ પ્રમાણે ખોટી શીસા અને બનાવટ ખોટો પુરાવો આપ્યા બદલ તહોમત સાબીત કરી પુનાના આસીસ્ટન જડજે શાક્ષી કરી તે કામમાં તહોમતદારોએ હાઇકોરટમાં અપીલ કરવાથી ઠરાવ થયો કે

સન ૧૮૭૨ના આકટ ૧૦ ની કલમ ૪૬૬ એટલે સને ૧૮૮૨ના આકટ ૧૦ ની કલમ ૧૯૭ એ કોઈ પણ સરકારી નોકરે કરેલા સર્વ કૃત્યને લાગુ પડે છે, માટે જે કામમાં વીશેષ પ્રકારનો અર્થ નહી છતાં કેવળ સરકારી નોકરે તે કૃત્ય કરયુ છે એટલોજ તે કૃત્યનો અર્થ થતો હોય તે કૃત્યને પણ કલમ ૪૬૬ લાગુ છે, સબબ એકાદ માહાલકારીની રૂબરૂ એકાદ કજીયાનો નીકાલ થયા છતાં તેણે તે કામના કાગળો બનાવટ કીધા બદલ તે માહાલકારી પર આરોપ રાખવામાં આવ્યો હોય તો સદરહુ કલમમાં કહ્યા પ્રમાણે મંજુરી લીધા શીવાય તે તહોમતની ચોકશી કરાય નહી પરતુ આ કામમાં ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટે તહોમત વાળાની ઉપર કામ ચલાવવાને મંજુરી આપેલીછે તે બરાછે, એ માટે તહોમત વાળાઓએ મજુરી બાબતની લીધેલો વાંધો દુર કરી, નામદાર મુબઈ હાઈ કોરટે મુળ કામના ગુણ દોષ ઉપરથી તહોમત વાળાઓને છોડી દીધા. સરકાર વીરૂધ્ધ લક્ષ્મણ શખારામ અને બીજાઓ, મુ. હા. રી. પાનુ ૪૮૧ વાલ્યુમ-૭૨ તા.૨૦ ડીસેંબર ૧૮૭૭

બરદવાનના શેશન જડજની રૂબરૂ ચાલેલા એક ન્યાયના કામમાં આરોપીએ બુધ્ધીપુર્વક ખોટી શાક્ષી આપ્યા બદલ કલમ ૧૯૩ મુજબ તેનાપર તેજ જડજે આરોપ કરયો અને જે જડજની રૂબરૂ તે અપરાધ થયો તે જડજે તેની શાક્ષોસ રીતે ચોકસી કરી અને આરોપીને તેની પોતાની રૂબરૂ ચોકશી થવા તેને કમીટ કીધો,

આ કામમાં એવો ઠરાવ થયેકે ફકત શેશન કોરટ જે ઇનસાફ કરવાજોગ જે કામ નથી

તે કામ પોતાનીકોરટમાં ઇનસાફ થવાને માટે મોકલવાનો સેશન કોરટને અધીકાર નથી.

સને ૧૮૭૨ના આકટ ૧૦ની કલમ ૪૭૧માં એટલે શને ૧૮૮૨ના આકટ ૧૦ની કલમ ૪૭૬ "તે કામ ઇનસાફ માટે પોતે મોકલવુ" એવા જે શબ્દ છે તેજ આકટની કલમ ૨૩૧ માંના ઠરાવ સાથે એટલે સને ૧૮૮૨ના આકટ ૧૦ની કલમ ૧૯૩ મેળવી જોતાં વાંચતાં સદરહુ લખ્યા પ્રમાણેનુ કામ પોતાનીજ કોરટમાં ઇનસાફ માટે મોકલવાનો સેશન કોરટને અધીકાર નથી, માટે શેશન જડજનો હુકમ રદ કરી આ કામની ચોકશી કરવા વાસ્તે માજીસ્ત્રેટ પાશે કામ મોકલવાનો સેશન કોરટને હુકમ કરીએ છીએ. કલકતા હાઇકોરટ. વાલ્યુમ ૪, પાનુ૫૭૦

સરકાર વીરૂધ ફતેજયખાન અને બીજા તા ૩૧ જાનેવારી ૧૮૭૯

સને૧૮૮૨ના આકટ ૧૦ની ૧૯૩કલમ કહે છે.

૧૯૩ આ કાયદાથી અથવા બીજા હરકોઇ ચાલુ કાયદાથી બીજી રીતે સ્પષ્ટ ઠરાવ કીધોહોય તેશીવાય કોઇ યોગ્ય અધીકાર વાળા માજીસ્ત્રેટે તોહમત વાળા શખસને કમીટ કરયા વગર કોઈ પણ સેસન કોરટે અસલ હકુમતનો કોરટ ડાખલ કાંઇ પણ ગુન્હો સાંભળવો નહી

કમીટ કરનાર અમલદાર કમીટ કરવના કારણોમાં કેદીયો ગુન્હેગાર થાય એવી રીતનો મચકુર કહેતો તે મચકુર આરોપીતની વીરૂધ પુરાવમાં લઇશિવાય નહી પણ જો તે લખી લીધેલો હોય અને કેદીયોની રૂબરૂ તેકમીટ કરનાર અમલદારની સોગન ઉપર જબાની લીધી હોય તો તેમચકુર પુરાવામાં ડાખલ થઈ શકે.—રાણી વિ૦ હરીપરસાદ ૬, વુ, રી, ક્રી રૂ.૮૫.

માજીસ્ત્રેટે તોહમત વાળાને કમીટ કરયો ન હોયતો પણ સેસન કોરટ અમલ હકુમત વાળી કોરટની માફક કેટલાક ગુન્હાઓનો ઇનસાફ કરી શકે છે. જુઓ સને ૧૮૮૨ના આકટ ૧૦ ની કલમ ૪૮૦ પણ સદરહુ કલમ પ્રમાણે ચલાવેલા કામથી સદરહુ કાયદાની કલમ ૪૪૩ અને ૪૪૪ મી કલમ માંહેનો કોઇપણ મચકુર લાગુ પડેછે એમ સમજવુ નહી

આરોપીને તા. ૧૮ ડીસેમબર ૧૮૭૯ ને રોજ 'એક' દસ્તાવેજ નોંધવા માટે હાજર કીધો તે દસ્તવેજ પર પેહેલા ત. ૬ અગષ્ટ ૭૮ હતી એમ કહેછે. તે તારીખ જો કાયમ હોતતે દસ્તાવેજ નોધવા વાસ્તે આપવાની જે કાયદામાં મુદત કહેલીછે તે મુદત પછી તે નોધવાને આપ્યો એમ થયુ હોત, પણ તે દસ્તાવેજ મુદતમાં આણવા માટે આરોપીતે પહેલા ત૦ ૬ અગસ્ટ હતી તે ફેરવીને તે ઠેકાણે તા ૨૬ નાખી અથવા ફેરવી એમ માહીત છતાં તેણે તે દસ્તાવેજ નોધવા વાસ્તે રજુ કીધો એમ કહેછે, આવી રીતની હકીકત છતાં તારીખમાં ફેર ફાર કરવો એ વાત ખોટો દસ્તાવેજ બનાવ્યા બરોબર નથી કારણ કે પીનલકોડ કલમ ૪૬૪ ની રૂકમ બે માના અર્થ પ્રમાણે એ કરવુ એ એકાદ હીત વાળા ભાગમાં બદ્યાનતથી અથવા કપટે ફેરફાર કરવા પ્રમાણે થતુ નથી, દસ્તાવેજ ખરો નહોતો કીંવા એકાદ ખોટુ ખત કરી ખોટો હક કહેવો એવો આરોપીતનો હેતુ હતો એમ કોઇએ તકરાર કરી નથી નોધણીના કામના સબંધે એકાદ હીતની વાત વીશે નોધણી કરનાર અમલદારની ચુક થાય એ હેતુથી તેણે તારીખ બદલી એ સ્પષ્ટછે એવી હકીકતછે એટલા માટે અરોપીતનુ આ કૃત્ય કલમ ૧૯૨ ૧૯૩ ઉપરથી ખોટો પુરાવો બનાવ્યા નો ગુન્હો થાયછે, અને કલમ ૧૯૬ પ્રમાણે બનાઉ પુરાવાનો ઉપયોગ કીધાનો ગુન્હો થાયછે એમછે તેથી સેસન જડજે આપેલી સીક્ષા કમીકરી શખત મજુરી સાથે બે મહીનાની સીક્ષા અમે કરીયે છીયે, અને દંડ કાયમ રાખીયે છીયે.

સરકાર વીરૂદ્ધ, મીર ફગીર અલી, ક૦ હા૦કો૦વા૦ ૬. પાનુ ૪૮૨ તા૦ ૩ ડીસેમબર ૧૮૮૦

જે કામની અંદર ખોટી સાક્ષી આપવાનુ તોહમત મુકવામાં અવ્યુ હોય તે કામમાં શાકસન નહી હોવાથી રદ કરવામાં આવ્યુ, મુ. હા. રી. ક્રી. કેસીસ. વા૦ પાનુ ૩૭

આ કલમમાં જે ગુન્હો કહ્યો છે તે જુના ક્રીમીનલ કલમ ૪૭૩ એટલે સને ૧૮૮૨ ના આક્ટ ૧૦ ની કલમ ૪૮૭ ના ભાવારથ પ્રમાણે કોરટના અપમાન કીધાનો ગુન્હોછે, અને તેથી ફરીને જે કોરટની રૂબરૂ તે ગુન્હો કરવામાં આવ્યો તે કોરટના માજીસ્ટ્રેટને સદરહુ કલમ ૪૮૭ પ્રમાણે તે ગુન્હાનો ઇનસાફ કરવાનો અધીકાર નથી—સરકાર વીરૂદ્ધ કાસમીરાલાલ અ૦ હા૦ કો૦ વા૦ ૧ પાનુ ૬૨૫—તેમજ તેજ પેરાગ્રુ ઉપર સરકાર વી૦ નવરંગબેગ કુલબેગ નો ફેસલો મુ૦ હા૦ કોરટ રી. વા. ૧૦ પાનુ ૭૩ અને સરકાર વી૦ ગજી કોમરાણ્ણુ મુ, હા. કો. રી. વા૦ ૧ પાનુ ૩૧૧—તેમજ અ૦ હા. કો. રી. ૧૦ ૨, મ. ૪૦૫ સરકાર વીરૂદ્ધ સુખરી તા૦ ૧૩ જુન ૧૮૭૯

જુબાનીમાં તોહુમતદારે ખોટો મચકુર કહ્યાનુ કેહેવામાં આવ્યુ હોય તે જુબની સાબીત થવાની જરૂર છે—રાણીવીરૂદ્ધ ભાખો સ્તુતીન કો૦ ઇ૦ ડા૦ પ્ર. ૩૫૧

બીજાને નામે જુબાની આપવી તે આ કલમ પ્રમાણે નો ગુનો થાય છે કલમ ૪૧૯ પ્રમાણે વેશ લઇને ઠગાઇ કીધાનો ગુનો થતો નથી,—રાણી વીરૂદ્ધ પેમા ભાખા મુ૦ હા૦ કો. રી. વા૦ ૧ પાનુ ૮૯

આ દેશમાં આવા ગુનાની શખત સીક્ષા કરવી જોઇએ, પણ જો તોહમતદાર કબુલ કરતે હોય અને કોરટની પાશે દયા માગતો હેય તોજ ઓછી સીક્ષા કરવી જોઇએ—રાણી વીરૂદ્ધ ગરગીન આહીર વીકલી રી૦ ૭ મ૦ ૩૭

એકજ કેસમાં બે જાગ્રુ ઉપર આ કલમ પ્રમાણે તોહમત આવ્યુ હોય તો બંનેની ઉપર જુદી જુદી ચોકશી કરવી જોઇએ,—રાણી વીરૂદ્ધ ભવાની શંકર હરાભઇ, મુ૦ હા૦ કો૦ રી. વા૦ ૫ મ ૫૫ (ફોજદારી)

દેહાંત શિક્ષાજોગગુન્હો કોઇની ઉપર સાબીત કરવાનાઇરાદાથીખોટીશાહેદી આપવીઅથવા ખોટો પુરાવોબનાવવો,

૧૯૪. જો કોઇ માણસ ખોટી શાહેદી આપે અથવા ખોટો પુરાવો બનાવે એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઈ શખશની ઉપર આકાયદા મુજબ [સન ૧૮૭૦ના આક્ટ ર૭મા પ્રમાણે "અથવા ઇંગલાંડ દેશના કાયદા મુજબ" દેહાંત શિક્ષા જોગ હોય, એવો કોઇ ગુન્હો સાબીત થાય અથવા તેમ કરવાથી સાબિત થશે એવો શંભવ છે એમ જાણ્યા છતા તો તે માણસને જીવતાંસુધી સમુદ્રપારની, અથવા દશ વરશની મુદ્દત સુધીની સખત કેદની,શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે, અને અગર તે ખોટી શાહેદીને લીધે કોઇ બે ગુના શખસની ઉપર ગુન્હો સાબીત થઇને તેનો જીવ લેવામાં આવે તો તે ખોટી સાહેદી આપનાર સખશને અગર તો મોતની અથવા ઉપર બ્યાન કરેલી શિક્ષા કરવામાં આવશે

અગરતેમકરવાથીકોઇબેગુન્હા સખશની ઉપર ગુન્હો સાબીત થઇને તેણ જીવ લેવામાં આવે.

ટીકા

આ કલમ ૧૯૪ પ્રમાણે ખોટી સાક્ષી આપ્યા બદલ નો આરોપ મુકો તે ન્યાયની કોરટમાં આપેલી સાક્ષીને માટેજ મુકવો એમ નથી એવા પ્રકારનો મચકુર એકાદ પોલીસ અમલદાર આગળ કીધો હોય તો પણ તે પી૦ કોડ કલમ ૧૯૧ માં કહ્યા પ્રમાણે અને જુના ક્રી. પ્રો કોડ કલમ ૨૧૮ નો વીચાર કરી જોતાં ખોટા સાક્ષી આપ્યા બરોબર થાય છે સરકાર વીરૂદ્ધ નાનચંદ મુકરજી ક૦ હા૦ રી. વા૦ ૨૦ પ્ર. ૪૧

સમુદ્રપારની અથવા કેદની શિક્ષાથઇ શકેએવો ગુન્હો કોઇની ઉપર સાબીત કરવાના ઈરાદાથી ખોટી શાહેદી આપવી અથવાખોટો પુરાવો બનાવવો

૧૯૫, જે માણશ ખોટી શાહેદી આપે, અથવા ખોટો પુરાવો બનાવે, એવા ઈરાદાથી કે તેમ કરવાથી કોઈ શખ્સની ઉપર આ કાયદા મુજબ (સન ૧૮૭૦ના આકટ ૨૭મા પ્રમાણે " અથવા ઇંગ્લાંડ દેશના કાયદા મુજબ " દેહાંત શિક્ષા જોગ નહી પણ જીવતા સુધીની સમુદ્રપારની, અથવા સાતવર્ષ અથવા તેથી વધારે મુદત સુધી કેદની, શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો સાબીત થાય, અથવા તેમ કરવાથી શાબીત થશે એવો સંભવ છે એમ જાણ્યા જતાં; તો તે માણુસને જે માણસની ઉપર તે ગુન્હો શાબીત થયો હોય તેને જે શિક્ષા કરવામાં આવે, તે શિક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

એક ઇનસાફની કોરટની આગળ અ ખોટી શાહેદી આપે, એવા ઇરાદાથી કે તેમ કરવાથી ઝની ઉપર ડાકાઇટોનો ગુન્હો સાબીત થાય ડાકાઇટોની શિક્ષા જીવતાં સુધી સમુદ્રપાર, અથવા દશ વર્ષની મુદત સુધીની દંડ સાથે અથવા દંડવીના, કેદ એછે માટે અ તે સમુદ્રપારની, અથવા, દંડ સાથે દંડવીના, કેદની શિક્ષાને લાયક છે એમ સમજવું.

ટીકા

કોઇ શખ્સ પોતાનુ ઘર પોતાને હાથે બાળીને એમ કેહે કે અમુક શખસે મારૂ ઘર બાળ્યુ તો તેની ઉપર આ કલમ પ્રમાણે નુ તોહમત મુકી શકાય—વી૦ રી, ૮ પ્ર. ૫

ખોટો પુરાવો.

૧૯૬, કાંઇ શાહેદી ખોટીછે અથવા પુરાવો બનાવટનો છે એવુ જાણીને જે માણસ દુષ્ટ ભાવથી તે શાહેદી અથવા પુરાવાને ખરી શાહેદી અથવા ખરા પુરાવાની માફક વાપરે અથવા વાપરવાની કોશીશ કરે, તે માણસને જાણેતેણે ખોટી શાહેદી આપી હોય અથવા ખોટો પુરાવો બનાવ્યો હોય એવી રીતે શિક્ષા કરવામાં આવશે

ટીકા

જે દસ્તાવેજ બનાવટ નો છે એમ અરોપીતને માલુમ હતુ તેમ છતાં તેણે તે દસ્તાવેજનો દીવાની દવામાં ઉપયોગ કીધો તેથી જે અપરાધ થયો તે પીનલકોડ. કલમ ૪૭૧માં કહ્યા પ્રમાણે નો છે અને તેનો ઇનસાફ કરવા માત્ર સેશન કોરટને અખ્તીઆર છે એ અપરાધનુ સ્વરૂપ કમી કરી આરોપીત પર ૧૯૬ કલમ પ્રમાણે આરોપ મુકવાનો માજીસ્ત્રેટને અખ્તીઆર નથી તેથી માજીસ્ત્રેટે આરોપીત પર કલમ ૪૭૧ મુજબ તોહમત મુકી આરોપીતને સેસન કોરટ માં ઇનસાફ માટે મોકલવો એમ અમે હુકમ કરીયે છીયે—સરકાર વીરૂદ્ધ, ખીરોજ ચંદર

મુજમુદાર ૬૦ ૯૦ સી. વા૦ પ. પ્ર. ૭૧૭ તા. ૨૨ મારચ ૧૮૮૦

ખોટું સરટીફીકેટ આપવું અથવા તે પર સહી કરવી.

૧૯૭. જે સરટીફીકેટ આપવાનું અથવા જે સરટીફીકેટપર સહી કરવાનું કાયદામાં ફરમાવ્યું હોય એવું સરટીફીકેટ; અથવા જે હકીકતના પુરાવામાં જે સરટીફીકેટ કાયદા પ્રમાણે લઇ શકાય તેવી કાંઇ હકીકત બાબતનું કાંઇ સરટીફીકેટ, કાંઇ જરૂરની બાબતમાં ખોટું છે એમ જાણીને અથા એમ માનીને જે માણસ તે સરટીફીકેટ આપે અથવા તે પર શહી કરે, તેને જાણે તે ખોટી શાહેદી આપી હોય એવી રીતે શિક્ષા કરવામાં આવનુ.

કાંઇ જરૂરની બાબતમાં ખોટું છે એવું જાણેલું સરટીફીકેટ ખરાની માફક વાપરવું.

૧૯૮. એવું કાંઇ સરટીફીકેટ કાંઇ જરૂરની બાબતમાં ખોટુંછે એમ જાણીને જે માણસ દુષ્ટ ભાવથી તે સરટીફીકેટને ખરા શરટીફીકેટની માફક વાપરે અથવા વાપરવાની કોશીશ કરે, તને જાણે તેણે ખોટી શાહેદી આપી હોય એવીરીતે શિક્ષા ક વામાં આવશે.

કાયદા પ્રમાણે પુરાવામાં લઇ શકાય એવા કોઇ એકરારમાં લખેલી ખોટી કેફીયત.

૧૯૯. જે એકરાર કોઇ ઇનસાફી કોરટ, અથવા કોઇ સરકરીનાકર, અથવા બીજો શખશ કાંઇ હકીકતના પુરાવા દાખલ કબુલ કરવાને કાયદાથી બંધાએલો અથવા અખતિયાર પામેલો હોય. એવા કોઇ એકરાર મધ્યે, જે કારણસર તે એકરાર કરવામાં અથવા વાપરવામાં આવે તેને લગતી કાંઇ જરૂરની બાબત સંબંધી ખોટી હોય એવી તથા ખોટીછે એવું પોતે જાણતો કે માનતો હોય એવી, અથવા ખરી છે એવું પોતેન માનતો હોય એવી, કાંઇ કેફીયત જે માણસ તે એકરાર કરે અથવા તે પર સહી કરે ત માણસ લખેનાને માણશને જાણે તણે ખોટી શાહેદી આપી હોય એ રીતે શીક્ષા કરવામાં આવશે.

એવો કોઇ ખોટો જાણેલો એકરાર ખરાની માફક વાપરવો.

૨૦૦ એવો કાંઇ એકરાર કાંઇ જરૂરની બાબતમાં ખોટો છે એમ જાણીને જે માણસ દુષ્ટ ભાવથી તે એકરારને ખરા એકરારની માફક વાપરવાની કોશીશ કરે, તેને જાણે તેણે ખોટી શાહેદી આપી હોય, એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

ખુલાસો.—જે એકરાર ફક્ત કાંઇ ગેરશીરસ્તે વાત બની હોય તે સબબ ઉપરથીજ પુરાવામાં કબુલ નહી થઇ શકતો હોય તેને પણ ૧૯૯મી તથા ૨૦૦ મી કલમોના અર્થ પ્રમાણેનો એકરાર સમજવો.

કોઇ ગુન્હો કરનારને બચાવવાના ઇરાદાથી તે ગુનો થયાનો પુરાવો ઉડાવવો, અથવા તે બાબત ખોટી ખબર આપવી.

૨૦૧. કાંઇ ગુન્હો થયો છે એવું જાણીને અથવા એવું માનવાનું કારણ છતાં જે માણસ તે ગુન્હેગારને કાયદા મુજબ થતી શિક્ષાથી બચવવાના ઇરાદાથી તે ગુન્હો થયાનો કાંઇ પુરાવો ઉડાવે, અથવા એવા ઈરાદાથી જેમાણસ પોતે ખોટી જાણતો અથવા માનતો હોય એવીકાંઇ ખબર તે ગુનાહ બાબત આપે તે માણસને, અગર જે ગુન્હો થયો, એવું તે જાણતો અથવા માનતો હોય તે ગુનાહને માટે મોતની શિક્ષા થઇ શકતી હોય, તો સાત વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામા આવશે; અને વળી તે માણસ દંડને પ

ણ લાયક થશે, અને જો તે ગુનાને માટે જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરશ સુધીની કેદની. શિક્ષા થઇ શકતી હોય, તો તે માણસને, ત્રણ વર્ષની મુદત સુધીના બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે; અને વળી તે માણસ દંડને પણ લાયક થશે; અને જો તે ગુન્હાને માટે દશ વર્ષથી ઓછી મુદત સુધીની કેદની શિક્ષા થઇ શકતી હોય તો તે માણસને, તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની, તથા તે ગુનાહને માટે કેદનામધ્યગુણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીના. કેદની, અથવા દંડની અથવા એ બંનની, શિક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

બ એ ઝનુ ખુન કરયુ છે એવુ જાણીને, બ ને શિક્ષાથી બચાવવાના ઇરાદાથી, લાશ સંતાડવામાં બ ને અ મદદ કરે તો સાત વરસના બેમાંના ગમે તે પ્રકારની કેદની, તથા દંડને પણ અ લાયક છે.

ટીકા.

ક અને બ એ અના ખેતરમાં જ ને ઠાર માર્યો અને શીક્ષાથાંથી બચવામાટે જની લાશ એક બીજા ખેતરમાં લઇગયા, તેથી સેશન જડજે તેઓપર સીક્ષાણીય મનુષ્ય વધ કર્યાનુ તોહોમત સાબીત કરી, તે શીવાય આ કલમ ૨૦૧ પ્રમાણે શીક્ષામાંથી બચવા માટે નો અપરાધ કીધાનો પુરાવો નહીં જેવો ટીધાનુ તોહમત શાબીત કીધુ,—આ કામમાં એવો ઠરાવ થયો કે, કલમ ૨૦૧માં જે લોક કહ્યા છે તે અપરાધ કરનાર શીવાય બીજા લોકે કહ્યા છે અને ક તથા બ એ પોતેજ અપરાધ કરનાર છે સબબ તેઓને ૨૦૧ કલમ લાગુ પડતી નથી વળી તેણે જ ની લાશ એક ખેતરમાંથી બીજા ખેતરમાં નાખી તેટલા કારણથી તેને પુરાવો ઉડાવવાનુ કીધુ એમ થતુ નથી, પોતાની ઉપર નો સંસય દુર થઇ બીજા પર પડે એવો કદાચતેનો હેતુ હોય પણ તેટલા ઉપરથી તેને આ કલમ લાગુ નથી, સરકાર વીરૂધ કીબણા અને બીજા, અ૦ હા૦ રી. વા૦ ૨ પ્ર. ૭૧૩

ખાનગી બચાવનો અમલ કરતાં કોઇ શખસ કોઇને મારી નાખે તેનુ સડકુ વગે કરવામાં બીજાએ મદદ કરે તો તેમન ઉપર પુરવો ઉડાવવાનુ તોહમત આવે નહી. કેમ કે કાંઇ ગુનો થયા ની વાત તેઓ જાણતા નોહતા —વી૦ ૨ પ્ર. ૪૩ મુ૦ હા૦

કોઇ ગુનહા બાબત ખબર આપવાની જેની ફરજ હોય. તે સબબ ઇરાદાથી ખબર આપવામાં કસુર કરે તો

૨૦૨ જે ગુનહા બાબતની કાંઇ ખબર આપવાની જે માણસની કાયદા પ્રમાણે ફરજ હોય, તે માણસ, તે ગુનાહ થયો છે એવુ જાણીને અથવા એવુ માનવાનું તેને કારણ છતાં, ઇરાદાથી તે ખબર આપવામાં કસુર કરે, તો તે માણસને છ મહીનાની મુદત સુધીના બેમાના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા

જુઓ કલમ ૧૭૬ ઉપરની ટીકા

કાંઇ ગુનો થયો હોય તેની ખોટી

૨૦૩ કાંઇ ગુનો થયો છે એવુ જાણીને અથવા એવુ માનવાનુ કારણ છતાં, તે ગુના બાબત પોતે ખોટી જાણતો હોય અથવા માનતા

ખબર આપવી — હોય એવી કાંઇ ખબર જે માણસ આપે તેને બે વરસની મુદત સુધીની બેમાંનાગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની સીક્ષા કરવામાં આવશે,

કોઇ લેખને પુરાવા દાખલ હાજર થતો અટકવવાને તેનો નાસ કરવો — ૨૦૪ કોઇ ઇનસાફની કોરટમાં, અથવા કોઇ સરકારી નોકરની આગળ તેના હોદાના જોરથી કાયદા પ્રમાણે ચાલતા કોઇ મુકદમામાં જે લેખ કોઇ માણસ પાસે કાયદ પ્રમાણે પુરાવા દાખલ હાજર કરાવી શકાય એવો કાંઇ લેખ તે માણસ છુપાવે અથવા તેનો નાસ કરે અથવા ઉપર લખ્યા મુજબની કોરટ કે સરકારી નોકરના આગળ પુરાવા દાખલ તે લેખ હાજર થતો અથવા વાપરતો અટકાવવાના ઇરાદાથી, અથવા તે કારણસર તે લેખ હાજર કરવાનો તેને કાયદા પ્રમાણે સમન અથવા હુકમ થયા પછી, તે માણસ તે આખા લેખને અથવા તેમાંના કાંઇ ભાગને ચેરી નાખે અથવા વંચાય નહી એવો કરે, તો તેને બે વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની, કેદની, અથવા દંડની, અથવા એબંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઇ મુકદમ મધ્યે કાંઇ કામ કરવા સારૂ ખોટો વેશ લેવો. — ૨૦૫. જે માણસ ખોટી રીતે કોઇ બીજાનો વેષ લે, અને તે વેષ લઇને કાંઇ કબુલાત કરે, અથવા કાંઇ મજકુર કહે, અથવા કબુલતથી ફેસલો કરાવે. અથવા કાંઇ હુકમ કહડાવે, અથવા હાજર જામીન કે બીજી તરેહનો જામીન થાય, અથવા કોઇ દીવાની કે ફોજદારી મુકદમામાં કાંઇ બીજુ કામ કરે, તે માણસને ત્રણ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે

ટીકા.

પી૦ કોડ કલમ ૨૦૫ પ્રમાણે ગુનો સાબીત થવા માટે આરોપીતે બીજા શખસનુ નામ ધારણ કરરી ને કાંઇ કામ કરેલુ હોવુ જોઇએ—રાણી વીરૂ કાદર રામભાઉ અને બીજો મુ૦ હા૦ રી૦ વા૦૪ પ. ૧૮

કાંઇ મીકલત સરકાર જપત થતી અથવા હુકમનામુ બજાવવામાં લેવાતી અટકાવવા સારૂ તે મીલક્ત દગલબાજીથી ખશેડવી અથવા છુપાવવી. — ૨૦૬. જો કોઇ માણસ કાંઇ મિલકત અથવા તે માહેનો કાંઇ હક દગલબાજીથી કેથાં ખશેડે કે છુપાવે, અથવા કોઇ શખશના નામપરચડાવે કે કોઇને સ્વાધીન કરે, એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઇ ઇનસાફની કોરટે અથવા બીજા મુખતિયાર અધિકારીએ કાંઇ શિક્ષાનો હુકમ કરયો હોય અથવા કાંઇ હુકમ તે કરશે, એવો સંભવ છે એમ તે માણસ જાણતો હોય તે હુકમ મુજબ તે મીલકત અથવા તે માંહેલો હક સરકાર જપ્ત થતો અથવા દંડને પેટે વસુલ થતો અટકે, અથવા કોઇ ઇનસાફની કોરટે કોઇ દિવાની મુકદમામાં કાંઇ હુકમનામુ અથવા હુકમ કરયો હોય, અથવા કાંઇ હુકમનામુ કે હુકમ તે કરશે એવો સંભવ છે એમ તે માણસ જાણતો હોય તે હુકમનામું અથવા હુકમ બજાવવામાં તે મીલક્ત અથવા તે માહેલો તે હક લેવાતો અટકે તો તે માણસને બે વરશની મુદતસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા.

હુકમનામું ન બને એવા હેતુથી મીલકત છુપાવવામાં આવે તો આ કલમ પ્રમાણે ગુન્હો થાય છે, ગુરૂ ચદરન ચકરબતી વીરૂદ્ધ—કાશી મોહનગીગર, બે. હા. રી. પ્ર. ૪ (સ્પેશીયલ નંબર.)

કોઇ મીલકત સરકાર જપત થતી અથવા હુકમનામું બજાવવામાં લેવાતી અટકાવવા સારૂ દગલબાજીથી તે મીલકતપર દાવો કરવો.

૨૦૭. ફલાણી મિલકત અથવા તે માંહેલા ફલાણા હકપર માહરો કાંઇ હક અથવા વ્યાજબી દાવો નથી એવું જાણીને જે માણસ દગલબાજીથી તે મીલકત અથવા તે માંહેલો તે હક કબુલ કરે, અથવા લે, અથવા તેનો દાવો કરે અથવા જે માણસ કોઇ મીલકત અથવા તે માંહેલા કાંઇ હકપરના કાંઇ હક બાબત કોઇ તરેહની ઠગબાજી કરે એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઇ ઇનસાફની કોરટે અથવા બીજી મુખત્યાર અધીકારીએ કાંઇ શિક્ષાનો હુકમ કરયો હોય અથવા કાંઇ હુકમ તે કરશે એવો સંભવ છે એમ તે માણસ જાણતો હોય તે હુકમ મુજબ તે મિલકત અથવા તે માંહેલો તે હક સરકાર જપ્ત થતો અથવા દંડને પેટે વસુલ થતો અટકે, અથવા કોઈ ઇનસાફને કોરટે કોઇ દીવાની મુકદમામાં કોઇ હુકમનામું અથવા હુકમ કરયો હોય અથવા કાંઇ હુકમનામું કે હુકમ તે કરશે એવો સંભવ છે એમ તે માણસ જાણતો હોય તે હુકમનામું અથવા હુકમ બજાવવામાં તે મીલકત અથવા તે માંહેલો તે હક લેવાનો અટકે, તો તે માણસની બેવરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે,

જે રકમ લેહેણી નથી તેને સારૂ દગલબાજીથી હુકમનામું થવા દેવું.

૨૦૮. કોઇ શખશે ફરીયાદી કરયા ઉપરથી જે રકમ લેહેણી ન હોય તે રકમને સારૂ, અથવા તે શખશને જેટલી રકમ દેવી હોય તે કરતાં વધારે રકમને સારૂ, અથવા જે મીલકતપર કે તેના જે હકપર તે શખશનું કાંઇ પહોંચતું ન હોય એવી મીલકતને સારૂ. અથવા એવા હકને સારૂ. જે માણસ દગલબાજીથી પોતાની ઉપર કાંઇ હુકમનામું કે હુકમ કરાવે અથવા થવા દે, અથવા કાંઇ હુકમનામું કે હુકમ પુરો થયા પછી અથવા જે વસ્તુ સંબંધી તે પુરો થયો હોય તે વસ્તુ સંબંધી જે માણસ દગલબાજીથી પોતાની ઉપર તે હુકમનામું કે હુકમ બજવાવે અથવા બજવાદે, તે માણસને બે વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

દૃષ્ટાંત.

અ જ ની ઉપર એક ફરિયાદી કરે. અ નું મારી ઉપર હુકમનામું થશે એવો સંભવ છે એમ જાણીને અ જેનો જ ની ઉપર કાંઇ વ્યાજબી દાવો નથી તેણે ફરીયાદી કરેથી વધારે રકમનું હુકમનામું જ દગલબાજીથી પોતાની ઉપર થવા દે, એવા હેતુથી કે અ ના હુકમનામાની રૂહએ જ ની મિલકતનું ને વેચાણ થાય તેમાંથી જે રૂપીયા ઉપજે તમાંથી પોતાને હિસબે જ ના ફાયદાને સારૂ ભાગ ભળે તો આ કલમ મુજબ જ એ ગુન્હો કરયો એમ સમજવું.

કોઇ ઇનસાફની

૨૦૯. જે માણસ દગલબાજીથી અથવા બદદાનતથી, અથવા કો

ફોજદારી બદદાનતથી ખોટા દાવો કરવો,

ઇ શખશને નુકશાન કરવાની કે દુઃખ આપવાના ઇરાદાથી. કોઇ દાવો ખોટો છે એમ જાણીને કોઇ ઇનસાફની કોરટમાં તે દાવો કરે, તેમાણસને બે વરસ સુધીની બેમાના ગમે તે પ્રકારના કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થસે.

ટીકા

આ કલમ જે કોઇ ઇનસાફી કોરટમાં ખોટો અથવા કપટવાળો દાવો કરે તેને લાગુ પડેછે અને તે દીવાની કોરટ જ્યાં મુળ દાવો દાખલ થયો હોય તેનેજ લાગુ છે.—રાણી વારૂધ બેગમ મેહેતુમ કો. ઇ. ડ. પ ૩૩૭.

ખોટો દાવો કરવા બાબત, આ કલમ પ્રમાણે મુકેલુ તહોમત હાઇકોરટે રદ કીધુ અને ૧૯૩ કલમ પ્રમાણે ફરીઆદ અરજી પર ખોટી પ્રતીજ્ઞા કરી એવુ તહોમત આવે, સરકાર વિરૂધ લક્ષમનદાસ પ્રેમચંદનો ફેસલો કલમ ૧૯૩ની ટીકા ઉપર જુઓ.

જે રકમ લેહેણી ન હોય તેને સારૂ દગલબાજીથી હુકમનામુ કરાવી લેવુ.

૨૧૦ જે રકમ લેહેણી ન હોય તે રકમને સારૂ અથવા લેહેણી હોય તે કરતાં વધારે રકમને સારૂ, અથવા જે મીલકતપર કે તેમાંના જે હકપર પોતાનુ કાંઇ પોહોચતુ ન હોય એવી મીલકતને સારૂ અથવા એવા હકને સારૂ, જે માણસ દગલબાજીથી કોઇ શખશની ઉપર કાંઇ હુકમનામુ કે હુકમ કરાવી લે, અથવા કાંઇ હુકમનામુ કે હુકમ પુરો થયા પછી, અથવા જે વસ્તુ સંબંધી તે પુરો થયો હોય તે સબંધી, જે માણસ દગલબાજીથી કોઇ શખશની ઉપર તે હુકમનામુ કે હુકમ બજાવવો, અથવા દગલબાજીથી એવુ કાઇ કામ પોતાને નામે થવા દે અથવા કરવાની રજા આપે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે,

ટીકા

બજી ગયેલુ હુકમનામુ ફરી બજાવવા અરજ કરે તો આ કલમ પ્રમાણે શીક્ષા થાય. કો. ઇ. દા. પ. ૩૩૭

નુકશાન કરવાના ઇરાદાથી મુકેલુ ગુનાનુ ખોટુ તોહોમત.

૨૧૧. જો કોઇ માણસ કોઇ શખશને નુકશાન કરવાના ઇરાદાથી તે શખશની ઉપર કાંઇ ફોજદારી કરે અથવા કરાવે, અથવા કોઇ શખશની ઉપર કાંઇ ગુન્હો કર્યાનુ ખોટુ તોહોમત મુકે, અને તે એવુ જાણીને કે તે શખસની ઉપર તે ફોજદારી કરવા અથવા તે તોહોમત મુકવાનુ કાંઇ વ્યાજબી અથવા કાયદા મુજબ કારણ નથી, તો તે માણસને બે વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે; અને અગર તે ફોજદારી કરે તે એવા કોઇ ગુનાહના ખોટા તોહોમતપરથી કરે કે તે ગુનાહને માટે મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની, અથવા સાત વરશ કે તેથી વધારે મુદતની કેદની શિક્ષા થઇ શકતી હોય, તો તે માણસને સાત વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શીક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—ખોટી હકીકત લખીને પોલીશને અરજી કરનાર શખશની ઉપર કલમ ૧૮૨ પ્રમાણે ખોટી ખબર આપ્યાનુ તોહમત આવે; પણ આ કલમ પ્રમાણે આવે નહી. રાણી વી રૂદ્ર ગોપળ ભોકાજી .નો ફેસલો કલમ ૧૮૨ની ટીકા ઉપર જુઓ.

જે માણસને કોઈ એકાદ કામમાં સબંધ છે કીવા સરકારી હોદ્દાની રીતે તેનાપર કાંઇ જવાબદારી છે, તેવો કોઈ એકાદ પોલીશ અમલદાર પાશે જઇને કહે કે ક્ષ એ કાંઇક ગુન્હો કીધો છે એવુ અએમને કહ્યુ અને તેનુ કહેવુ ખ અને ક ના કહેવા ઉપરથી મળે છે. સબબ ક્ષ ના મને સંસય છે. અને ક્ષ ના ઘરનો ઝાડો લેવા વાસ્તે અરજી કરે, પછી તે આરોપ ખોટો છે એવુ જણાશે તો. તે આ કલમ પ્રમાણે શીક્ષાને પાત્ર થશે. સરકાર વીરૂધ હનુમાનલાલ કલકતા હાઇ કોરટ. વા ૧૯ પ ૫ તા. ૪ ડીસંબર સને ૧૮૭૨

આ કલમ ૨૧૧ માંહિલા અપરાધો કલમ ૧૮૨ માંહિલા અપરાધોના શમાવેશ થાય છે, જુઓ કલમ ૧૮૨ ઉપરની ટીકા.

પોલીશની આગળ કોઇના ઉપર ખોટુ તોહોમત મુકવુ એ આ કલમ પ્રમાણે ગુન્હો કરયો કહેવાય. સરકાર વીરૂધ અસગ્રઅલી અને બીજા, કલકતા હાઇ કોરટ વાલ્યુમ ૫ પાનુ ૨૮૧ તા. ૨૪ જુન ૧૮૭૫

સરકાર વીરૂધ કરીમદાદના કામમાં નામદાર કલકતા હાઇ કોરટે એવો ઠરાવ કરેલો છે કે ફક્ત પોલીસના રીપોટ ઉપરથી, આ કલમ ૨૧૧ પ્રમાણે આરોપીતપર ફરીયાદ ચાલી શકે નહી સબબ, કોઈ માણસે ફરીઆદ કરી તે ખરી છે એમ સાબીત કરવાનો તેને વખત મળ્યા શીવાય ખોટી ફરીઆદી કરયા બદલનુ કામ તેનો ઉપર ચલાવવુ એ સ્પષ્ટ ન્યાય છે, અને તેને જે વખત આપવો તે પોલીસ રૂબરૂ નહીં છતાં માજીસ્ટ્રેટ રૂબરૂ સાબીત કરવાનો વખત આપવો અમુક લોકોએ કરેલી ફરીઆદ ખોટી છે એમ પોલીશ અમલદારે રીપોટ કર્યાથી જો તેનાપર પી૦ કો૦ ક. ૨૧૧ પ્રમાણે કામ ચલાવાયતો અમુક એક ફરીઆદી ખરી છે કીવા ખોટી છે એનો નીરણે કરનાર જડજ પોલીશ અમલદાર છે એમ થશે. એ માજીસ્ટ્રેટનુ કામ પોલીશને આપવા વીશે કાયદામાં કોઈ ઠેકાણે આધાર નથી. પોલીશને એવો અધીકાર આપ્યો તો ન્યાયના કામને કેવો ધોકો લાગે એ આ દેશમાંના થોડા અનુભવ ઉપરથી સેહેજ શમજવામાં આવશે. પુરાવો તઇયાર કરવાનુ કામ પોલીસનુ છે અને તે પુરાવો બસ છે કીંવા વીશ્વાસ રાખવા સરખો છે કીવા નહી એનો નીરણે કરવાનુ કામ ફકત માજીસ્ટ્રેટનુ છે મુ૦ હા વા ૬ પ. ૪૯૬ તેમ તેજ ધોરણ ઉપર સરકાર વીરૂધ શીમો બેહાર ક૦ હા૦ કો૦ વા૦ ૬ પ. ૫૮૪ તથા મુ૦ હા૦ કો. વી રી ૧૬ પ. ૭૭ બીસોબા ટીકના કામમાં

આ કલમ પ્રમાણે ખોટા તોહમત ના ગુનો થવાને ગુનેગારે, તે તોહમત ફરીયદી પર આણ્યુ હતુ એટલુ બતાવ્યા છતાં બસ છે, પરંતુ ફરીયાદીયે ગુનેગાર પર જે વખત ફરીયાદ કી તે વખતે ગુનેગારે અગાઉ ફરીયાદી પર જે ખોટુ તોહમત આણ્યુ હતુ તેની ચોકશી માત્ર થવાની રહી નથી—સરકાર વીરૂધ સીલોક અ૦ હા. વા. ૧ પ ૫૨૭

માત્ર અરજી આપે પણ ફોજદારી રીતે કામ ચલાવવા માટે અરજ કરવા ના આવે તો એ અરજીમાં ખોટુ તોહમત મુકવી જેવી હકીકત હોવાથી ખોટી ફરીયાદ કરી એમ થતુ નથી અ૦ હા૦ કો. રી વા૦ ૩ સને ૧૮૬૩

મેળવેલી ખબર ઉપરથી ફરીયાદ કરી હોયતે ના સાબીત થાય તેથી ખોટુ તોહમત મુકયુ થતુ નથી રાણી વીરૂધ નવાબ ઉમેદલાલ મુ૦ હા. વા૦ ૩ પ. ૧૬ (ફોજદારી)

કયુ ખોટુ તોહમત મુકયુ તે ફેસલામાં જણાવવુ જોઇએ તથા કયાલંડરમાં પણ આવવુ જોઇએ રાણી વીરૂધ, અરજુન મુ૦ હા૦ કો. વા૦ ૧ પ. ૯૭

કોઈ ગુન્હેગારને ઘરમાં રાખવો.

૧૨૨. કાંઇ ગુન્હો થયો હોય, અને કુલાણો શખસ તે ગુનાનો કરનાર છે, એવુ જે માણસ જાણતો હોય, અથવા એવુ માનવાનુ જેને કારણ હોય તે માણસ જો તે સખશને કાયદા પ્રમાણે થતી શીક્ષાથી બચાવવાને ઘરમાં રાખે કે સતાડે, તો, અગર તે ગુનાને માટે મોતની શીક્ષા થઈ શકતી હોય, તો તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે, અને અગર તે ગુનાને માટે જીવતાં સમુદ્ર પારની, કે દશ વરશ સુધીની કેદની શીક્ષા થઈ સકતી હોય, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે, અને અગર તે ગુનાહને માટે દશ વરસ સુધીનો નહી પણ એક વરસ સુધીની કેદની શીક્ષા થઈ શકતી હોય, તો તે માણસને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકરની તથા તે ગુનાહને માટે કેદની ધણામાં ધણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદતસુધીની કેદની, અથવા દંડની અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે,

તે ગુન્હો જો દેહાંત શીક્ષા જોગ હોય તો.

તે ગુનો જો જીવતાં સુધી સમુદ્ર પારની અથવા કેદની સીક્ષા જોગ હોય તો,

અપવાદ—ગુનેગારના વરથી અથવા ગુનેગારની વહુથી ગુનેગારને ઘરમાં રાખવા કે સંતાડવાનુ કામ થયુ હોય, તો તે બાબતમાં આ ઠરાવ લાગુ પડશે નહી.

દ્રષ્ટાંત

બ એ ડાકાઇટીના ગુનો કરયો છે એમ જાણીને કાયદા પ્રમાણે થતી શિક્ષાથી બ ને બચવાના હેતુથી અ, બ ને જાણી બુઝીને સંતાડે, તો એ ડકાણે અ જીવતાં સુધી સમુદ્રપાર થવાને લાયક છે માટે, અ ત્રણ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદને લાયક છે અને વળી તે દંડને પણ લાયક છે.

ટીકા—કોઇ ગુન્હેગારને તેની ઓરત છુપાવે તો તેથી તેનીપર આ કલમ પ્રમાણે તોહોમત આવે નહી. કેમકે ઓરત પોતાના ધણીની બાકે છુપાવેછે એવું કાયદા શાનેછે. માટે બાયડીને લાભ મળે પણ ધણીને તથા છોકરાને, અને નોકર વીગેર બીજાને મળે નહીઆ મો. ૧૦૨૮.

બાયડીને આ લાભ મળે એટલા માટે તહોમતદારની તે કાયદા સર ઓરતછે એમ શાબીત થવું જોઇએ. મી૦ માર્દન કહેછે કે સ્ત્રી પુરૂષ સાથે રહતા હોયતો, તો આ કલમનાઅપવાદ નો લાભ સ્ત્રીને મળે જુઓ તેના ફોજદારી પુરાવાનું પુસ્તક પ્ર. ૧૭

કોઇ ગુનેગારનેશિક્ષાથી બચાવવાને બક્ષીશ વગેરે લેવી

૨૧૩. પોતે કાંઇ ગુનો છુપાવવાના, અથવા કાંઇ ગુનાની કાયદેસર શિક્ષાથી કોઇ શખશને પોતે બચાવવાના અથવા કાયદેસર શિક્ષા એ પોહોચાડવાને કોઇ શખશની ઉપર પોતે કાંઈ મુકદમો નહી ચલાવવાના બદલામાં જે માણસ પોતાને વાસ્તે અથવા કોઇ બીજા શખશને વાસ્તે કાંઈ અવેજ કબુલ કરે, અથવા મેળવવાની કોસીશ કરે, અથવા કબુલ કરવાની હા કહે, અથવા કાંઇ મીલકત પોતે અથવા બીજાની વતી પાછી લે, અથવા પાછી મેળવવાની કોશીશ કરે, અથવા પાછી લેવાની હા કહે તે માણશને અગર તે ગુનાને માટે મોતની શિક્ષા થઇ શકતી હોય તો સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લા

તે ગુનો જો દેહાંત શિક્ષા જોગ હોયતો

તે ગુનો જો જીવતાં સુધી સમુદ્રપારની અથવા કેદની

શિક્ષા લગરોપતો.

થક થશે; અને અગર તે ગુનાહને માટે જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરશ સુધીની કેદની શીક્ષા થઇ શકતી હોય, તોને માણસને ત્રણ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની સિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે ગુનાહને માટે દશ વરસ સુધીની કેદની શીક્ષા નહી થઇ શકતી હોય તો તે માણસને ગુનાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુનાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે,

ટીકા—પોલીશના નોકરો આ કલમ પ્રમાણે ગુન્હો છુપાવે તેઓને પણ આકલમ પ્રમાણે શીક્ષા થાય; રાણી વીરૂધ્ધ બાબનખાન મહ્ફ્શકોજી, મુ. હા, રી. ૧૦૨પાનુ ૧૪૨ તા.૧ અગષ્ટ ૧૮૭૭ આકયમને હાલે થાય તેવી કલમ૧૬૧ ઉપરની ટીકા જુઓ

કોઇ ગુનેગારને બચાવવાના બદલામાં કાંઇ બક્ષીશ આપવી અથવામીલકતપાછી આપવી.

૨૧૪. કોઇ સખશ કાંઇ ગુન્હો છુપાવે તેના, અથવા તે કાંઇગુનાની, કાયદેશર શિક્ષાથી કોઈ શખસને બચાવે તેના, અથવા કાયદેશર શીક્ષાએ પોહોચાડવાને કોઇ શખશની ઉપર તે કોઇ મુકદમો નહી ચલાવે તેના બદલામાં જે માણસ તે શખશને કાંઈ અવેજ આપે અથવા બદલો વાળે, અથવા અવેજ આપવાનુ કે બદલો વાળવાનુ કહે અથવા કબુલ કરે, અથવા કાંઇ મીલકત તે શખસને પાછી આપવાનુ અથવા અપાવવાનુ કહે અથવા કબુલ કરે તે માણસને અગર તે ગુનાને માટે મોતની શિક્ષા થઇ શકતી હોય તો, સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શીક્ષા કરવામાં આવશે. અનેવળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે ગુનાને માટે જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસ સુધીની કેદની શીક્ષા થઇ શકતી હોવે તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે ગુનાને માટે દશ વરસની મુદત સુધીના કેદની શીક્ષા નહી થઈ શકતી હોય, તો તે માણસને તે ગુનાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુનાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની અથવા દંડની; અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

તે ગુનો જો દેહાંત શીક્ષા જોગ હોય તો.

તે ગુનો જો જીવતાં સુધી સમુદ્રપારની અથવા કેદની શિક્ષા જોગહોય, તો

અપવાદ—જેજે બાબતમાં ગુનો કાયદેસર માંડીવાળી શકાય તે તે બાબતને ૨૧૩મી અને ૨૧૪મી કલમોના ઠરાવો લાગુ પડતા નથી.

દૃષ્ટાંત.

[અ) ખુનના ઇરાદાથી અ બ ની ઉપર હુમલો કરે, તો એ ઠેકાણે જે ગુનાહ છે તે કરવાના ઇરાદા સાથે નિસબત નહી રાખતો ફકત હુમલો નથી, માટે તે આ અપવાદામાં દાખલ થતો નથી, અને તે કારણને લીધે તે માંડી વળાય નહી.

(બ) અ બ ની ઉપર હુમલો કરે, તો, એ ઠેકાણે ગુનો જે છે તે ગુનેગારના ઇરાદાસાથે નિસબત ન રાખતું ફકત કામ છે, અને તે હુમલાને માટે બ દીવાનીમાં ફરીયાદ કરી શકેછે માટે તે આ અપવાદામાં દાખલ થાયછે, અને તે માંડી વળાય છે.

[ક] અ પોતાનો વર કે પોતાની વહુ હયાત છતાં બીજી વહુ કે બીજા વર કરવાનોગુનો કરે. તો, એ ગુના બાબત દિવાનીમાં ફરીયાદ થઇ શકતી નથી માટે, તે માંડી વળાય નહી.

(ક) ૭ એક ધણીવાળી સ્ત્રીની જોડે છીનાળુ કરે, તો તે ગુનો માંડી વળાય.

ટીકા—એક કામમાં ચોરીના ગુનાની ફરીયાદ માંહોમાંહી માંડીવાળવાથી ઠરાવ થયો કે ચોરીકરવાના ઇરાદે, ઘર ફોડવુ એ ગુનો કલમ ૨૧૪ પ્રમાણે માંહોમાંહી માંડી વાળવા જોગ ગુનો નથી, અને એવા કામમાં જુના ક્રી૦ ક૦ ૧૮૮ એટલે સન ૧૮૮૨ ના આક્ટ ૧૦ ની કલમ ૩૪૫ પ્રમાણે થતુ નથી. આ કામને જુના ક્રી. ક. ૨૧૨ લાગતી નથી કારણ કે આ સમનનો કજીયો નથી અને કલમ ૨૧૨ માં જે ઠરાવછે તે વારંટના કામનો જે બાબ છે તેમાં નથી, માટે આ કોરટ આ કામમાં કાંઇ હુકમ ન કરતાં પેહેલાના માજીસ્ત્રેટે કરેલા હુકમથી ન્યાય થયો નથી એમ દેખાય તો માજીસ્ત્રેટે પાતનો મુખત્યારી ચલાવી કામ ચલાવવુ સરકાર વીરૂધ દેવમા અને સોનશીખર મુ૦ હા૦ કો. રી. વા૦ ૧ પ્ર. ૬૪

જે સમન્સ કેશ હોય તેવા કેસો માંહો માંહી માંડોવાળી શકાયછે શીવાય ક્યા કેસો માંહોમાંહી માંડીવાળી શકાય તે બાબત વધારે ખુલાસો સન ૧૮૮૨ ના આક્ટ ૧૦ ની કલમ ૩૪૫ જુઓ આ કાયદાની નીચે લખેલી કલમો વીરૂધના ગુના માંહેમાંહી માંડી વાળાયછે.

કલમ ૨૯૮–૩૨૩–૩૩૪–૩૪૧–૩૪૨–૩૫૨–૩૫૫–૩૫૮–૩૭૪–૪૨૬–૪૨૭–૪૪૭ ૪૪૮–૪૯૦–૪૯૧–૪૯૨–૪૯૩–૪૯૮–૫૦૦–૫૦૧–૫૦૨–૫૦૪–૫૦૬

છીનાળાની બાબતમાં ફક્ત ફરીયાદીની ગેરહાજરીના સબબથી માજીસ્ત્રેટ ફરીયાદ કહાડી નાખેલો તે વાજબી નથી પણ જો ફરીયાદી ગેરહાજર હોય અને પુરાવો રજુ ના થયો હોયતો ફરીયાદીને હાજર રહેવા જરૂર પાડવા અથવા પુરાવો મેળવવાને માજીસ્ત્રેટ બંધાએલો નથી, જુડી શીયલ રમીસનર, શેટરસ પ્રોસીન સીસ નબર ૫૮ રૂ. ૧૧૫

રાણી વીરૂધ જી, આર. સ્મીથના કેશમાં એમ ઠરાવવામાં આવ્યુ હતુ કે છીનાળાની બાબત ફરીયાદી ખુસી કોરટમાં તોહમત પાછુ ખેચી લઇ શકેછે, અને માજીસ્ત્રેટે આ પ્રમાણે ફરીયાદ પાછી ખેચી લેવા ના દીધી તે સારૂ તેને ઠપકો આપવામાં આવ્યો હતો વી. ૪ પ્ર. ૩૧

એક કામમાં જે સ્ત્રી ની સાથે આરોપીતે છીનાળુ કરેલુ કેહેવાયલુ ત સ્ત્રી નો ધણી ફરીયાદ માંડવા ના. ખુશી હતો અને આશીસ્ટન સેસન જડજે તે ઉપરથી તોહોમત દારને છોડી દીધો આ બાબતમાં હાઇકોરટે દરમ્યાન આવવા ના પાડી મુ૦ હાઇકોરટ રી. વા૦ ૫ ક્રાઉ, કે. ૨૭

આરોપીત પર બુધી પુરવક વ્યથા કરવાનુ તહોમત મુકી માંડવી જીલ્લે સુરતના ત્રીજા વરગ ના માજીસ્ત્રેટની રૂબરૂ એક શખશે ફરીયાદ કરી હતી તે ફરીયાદ પાછી ખેચી લેવા માટે ફરીયાદિએ અરજ કરવાથી તેને માજીસ્ત્રેટે પરવાનગી આપી હતી; પણ એવી રીતે તે ફરીયાદ કાહાડી લેવાની પરવાનગી આપવાનો તે માજીસ્ત્રેટને અખ્તીકાર નથી એવો અભીપ્રાય સુરતના જીલ્લા માજીસ્ત્રેટનો થયાથી તેણે એકામ જુના ક્રી૦ ક, ૨૯૬ પ્રમાણે હાઇકોરટના અભીપ્રાય માટે મોકલ્યુ તેથી ઠરાવ થયો કે બુધી પુરવક વ્યથા કરવાનો ગુન્હો એ કાયદે સર રીતે પોતપેતામાં માંડી વાળવા સરખોછે, મુ૦ હા૦ કો૦ રી. વા૦ ૧૦ પ્ર, ૨૭ તા.૨૭ મરચ્ચ ૧૮૭૩

એક બુધી પુરવક માહાવ્યથાની ફરીવાદ કરચા છતાં તે ફરીયાદ ચલાવવા ફરીયાદી ના કેહે છે એવા સબબ ઉપરથી બુધી પુરક માહાવ્યથા કીધાના ગુનાની ફરીયાદ કહાડી નાખવાનો સમ માજીસ્ત્રેટને અખત્યાર નથી–સરકાર વી. જગજીવન ધરમચંદ મુ. તા.૨૦ સપ્ટેમબર ૧૮૬૯

મનુષ્ય હરણ કીધાનો ગુન્હો કાયદા પ્રમાણે પોતપોતામાં માંડી વાળવા જોગછે ફરીયાદીનુ કામ ચલાવવાનુસદરહુ પ્રમાણે કાહાડી લીધાથી જુના ક્રી કલમ ૧૮૮ પ્રમાણ આરોપીત મા ણસે અપરાધ કીધો નથી એવુ તેનુ ફળછે—સરકાર વીરૂત્ર ગોપી મોહનમીત્ર વી. ૨૨ પ્ર.૨૬

કોઇ ગુન્હાની ફરીયાદ પોલીસ અમલદારની પાસે થયેલી છતાં તે પાછી ખેચી લેવા બાબતની અરજી સંગ્રહવાનો અધીકાર પોલીસ અમલદારને નથી, ફરીયાયાદ પાછી ખેચી લેવા

કરી એ ન્યાયનું કામછે આવુ કામ માજીસ્ટ્રેટ સન ૧૮૮૨ ના આક્ટ ૧૦ ની કલમ ૨૪૮ અને ૩૪૫ પ્રમાણે કરી શકેછે પણ પોલીસ અમલદારને એવા કામમાં કાંઇ હાથ ઘાલવા નો અખ્તીઆર નથી સુરતના જીલ્લા માજીસ્ટ્રેટનો પત્ર નંબર ૩૦૬ ઉપરથી થયેલો મુંબાઇ હાઇકોર્ટનો ઠરાવ તા, ૧૫ જુન ૧૮૭૫

છીનાળાના ગુના માંહો માંહી માંડીવાળી શકાયછે, પરંતુ છીનાળાનો કેશ શેશન કમીટ થાય અને આરોપીને શીક્ષા થાય, ત્યાર પછી અપીલ થાય તે વખત, તે ગુનો પોત પોતામાંમાં માંડીવાળી શકાય નહી.—સરકાર વીરૂદ્ધ થામસન, ઈ. લા. રી, વા ૨ અલહાબાદ, પ. ૩૩૯

ચોરની મીલકત પાછી મેળવવામાં મદદ કરવા સારૂ કાંઇ બક્ષીશ લેવી વગેરે.

૨૧૫. કોઇ શખ્સની પાશેથી તે શખ્સની કાંઇ જંગમ મિલકત આ કાયદાથી સિક્ષા થઇ શકે એવા કાંઇ ગુનાથી ગઇ હોય તે શખશને તે મીલકત પાછી મળવામાં મદદ કરવાના બાનાથી અથવા મદદ કરવા સારૂ જે માણસ કંઇ અવેજ લે અથવા લેવાને હા કહે અથવા કબુલાત કરે. તે જો તે ગુનેગારને પકડવાને તથા તેની ઉપર સાબીત કરવાને પોતાથી બનતા સઘળા ઈલાજો કામે ન લગાડે તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડથી અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

જે ગુન્હેગાર કેદમાંથી નાઠો હોય, અથવા જેને પકડવાનો હુકમ થયો હોય, તે ગુનેગારને ઘરમાં રાખવો,

૨૧૬ કોઇ શખશની ઉપર કાંઇ ગુનો સાબીત થયો હોય, અથવા કાંઈ ગુનાનું તોહોમત મુકયુ હોય, અને તે ગુનાને સારૂ તે શખ્સ કાયદેશર કેદમાં હોય, તે સખશ જો કેદમાંથી નાશી જાય અથવા કોઇ સરકારી નોકર પોતાના સરકારી હોદ્દાનો કાયદેશર અખત્યાર અમલમાં લાવતા કોઈ શખ્સને કાંઇ ગુનાને માટે પકડવાનો હુકમ કરે ત્યારે જે માણસ તે નાશી જવાની અથવા પકડવાના હુકમની વાત જાણ્યા છતાં તે સખશને પકડાતો અટકાવવા ઇરાદાથી તેને ઘરમાં રાખે અથવા કેથાં સાંતાડે, તે માણસને નીચે મુજબ શિક્ષા કરવામાં આવસે. એટલે જે ગુનાને માટે તે શખ્શ કેદમાં હતો અથવા તેને પકડવાનો હુકમ કરયો હોય તે ગુનાને માટે જો મોતની શીક્ષા થઇ શકતી હોય

તે ગુન્હો જો દેહાંતશિક્ષા જોગ હોય તો.

તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે, અને તે ગુનાને માટે જો જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસ સુધીની કેદની, શિક્ષા થઇ શકતી હોય તો તે માણસને ત્રણ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની દંડસાથે અથવા દંડ વીના. કરવામાં આવશે, અને તે ગુનાહને માટે દશ વરશ સુધીની

જો જીવતાં સુધી સમુદ્રપારની અથવા કેદની શીક્ષા જોગ હોય તો.

નહી પણ એક વરશ સુધીની કેદની શિક્ષા થઇ શકતી હોય તો તે માણસને તે ગુનાને માટે ઠરાવેલા પ્રકારની તે તથા ગુનાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

અપવાદ—જે માણસને પકડવુ હોય તેના વરથી અથવા તેની વહુથી, તે માણસને ઘરમાં રાખવાનું કે સંતાડવાનુ કામ થયુ હોય, તો તે બાબતને આ ઠરાવ લાગુ પડતો નથી.

કોઈ શખ્શને શીક્ષાથી અથવા કાંઇ મીલકતને સરકાર જ

૨૧૭. કોઇ માણસ સરકારી નોકર હોય, તેણે પોતાના સરકારી હોદ્દાના જોરથી કેમ ચાલવુ એ બાબતનો કાંઇ કાયદાનો હુકમ અગર તે માણસ જાણી બુજીને ન માને, એવા ઇરાદાથી કે તેમ કરવાથી કો

પકડતી બચાવવાના ઇરાદાથી જે સરકારી નોકર કાયદાના હુકમ નમાને તેને શિક્ષા.

ઇ શખ્સ કાયદેશર શિક્ષાથી બચે, અથવા જે શિક્ષાને તે લાયક હોય તેથી તેને ઓછી શિક્ષા થાય અથવા મારા તેમ કરવાથી તે શિક્ષાથી બચશે અથવા તેને ઓછી શિક્ષા થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, તો, અથવા એવા ઇરાદાથી કે તેમ કરવાથી કાંઇ મીલકત સરકાર જપ્ત થતી, અથવા કાંઇ રૂપીયા તેમાંથી કાયદા મુજબ આપવા જેવા હોય તે આપવાથી તે બચી જાય, અથવા બચી જશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બનેની, શિક્ષા કરવામાં આવસે,

ટીકા—આ કલમ પ્રમાણે નો ગુન્હો અમદાવાદના પેહેલા વરગના માજીસ્ટ્રેટે આરોપી ઉપર તોહમત સાબીત કરી તેના એકસો રૂપઇયા દંડ કરયા અને તે ન આપે તો ત્રણ મહીના શખ્ત મજુરી સાથે કેદ ભોગવે, આરોપીત [પોલીસ પટેલ] ના ગામમાંથી એક ઘોડા પર બેઠેલો ચોરની ટોળી ગઇ, આરોપીત પોલીસ પટેલ હોવાથી ચોરોને પકડવા ના કામમાં મદદ કરવાની તેની ફરજ છતાં તેણે તેમ કીધું નહી તેથી પોલીસ પટેલ ઉપર ફોજદારીમાં કામ ચલાવવાની મંજુરી સરકાર પાસેથી લીવા સરકારે અખતીઆર આપેલા એ કાઇ પોલીસ અમલદાર પાસેથી લેવાની જરૂર હતી, તે લીધી નથી એમ અમદાવાદના સેશન જડજને જણાયાથી તેણે તોહમત અને શીક્ષા રદ કીધાં

આ ઠરાવ ઉપર મુંબાઇ સરકારે અપીલ કરી તેમાં ઠરાવ થયો કે પોલીસ પટેલે ગેરવરતણુક કરીછે એમ સાબીત થયાથી પોલીસ કમીસનરની મંજુરી લઇ ને તેને તેના કામ ઉપરથી દુર કરવાનો પહેલા વરગના માજીસ્ટ્રેટને અખતીઆરછે સબબ આ કામ જુના ફો૦ કે. ૪૬૬ લાગુ પડતી નથી માટે શેસન જડજનો હુકમ રદ કરી આ કામનો ફેસલો ગુણ દોષ ઉપરથી કરવા માટે શેસન જડજને હુકમ દરીઓછી ને સરકાર વીરૂધ ભગવાન દેવરાજ, મુ૦ હા૦ કો૦ વા૦ ૪ પ્ર. ૩૫૭

આ કલમ પ્રમાણે ગુન્હો સંપુરણ થવા માટે આરોપીત એ સરકારી નોકર છતાં તેણે જે કામ કરવા વીશે કાયદામાં કહેલુંછે તે કામ એણે કરયું નહી અને બીજા કોઇને કાયદા પ્રમાણે જે સીક્ષા થવાની એ ન થાય એવા ઉદેશે એણે એ કામ કીધું નથી એટલું સાબીત થયું એટલે બસ છે જે માણસનો સીક્ષાથી બચાવ કરવાનો આરોપીતનો ઇરાદો હતો તે માણસે કાયદા પ્રમાણે સીક્ષા થવા લાયક ગુન્હો ના કીધો હોય તો તો પણ ફરક નથી સરકાર વીરૂધ અમીરૂદીન મુ૦ હા૦ કો૦ વા૦ ૩ પ્ર. ૪૧૨

સરકારી નોકર કોઇ શખશને શિક્ષાથી અથવા કોઇ મીલકતને સરકાર જપ્ત થવાથી બચાવવાના ઇરાદાથી કાંઇ ખોટું દફતર અથવા લખાણ બનાવે તેની બાબત.

૨૧૮. કોઇ માણસ સરકારી નોકર હોય, અને તેના સરકારી હોદાસર તેને કાંઇ દફતર અથવા બીજું લખાણ તૈયાર કરવાનું કામ સોંપ્યું હોય તે માણસ જો તે દફતર અથવા લખાણ જે રીતે ખોટી છે એવું, તે જાણતો હોય તેવી રીતે તઇયાર કરે; એવા ઇરાદાથી કે તેથી લોકને અથવા કોઇ શખશને ટોટો અથવા નુકશાન થાય અથવા ટોટો કે નુકશાન થશે એવો સંભવ છે, એમ જાણીને, અથવા એવા ઇરાદાથી કે તેથી કોઇ શખશને કાયદેશર શિક્ષાથી બચાવવો, અથવા તેથી કોઇ શખસ કાયદેશર શિક્ષાથી બચશે એવો સંભવ છે એમ જાણીને, અથવા તેથી કાંઇ મીલકત સરકાર જપ્ત થતી, અથવા કાંઇ રૂપીયા તેમાંથી કાયદા મુજબ આપવા જેવા હોય તે આપવાથી બચી જાય. અથવા તે બચી જશે એવો સંભવ છે, એમ જાણીને, તો તે માણસને

ત્રણ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કાંઇ ઇનસાફીમુકદમા માટે પોતે કાયદા વિરૂદ્ધ છે એમ જાણતો હોય એવો હુકમ, રીપોર્ટ વીગેરે કોઇ સરકારી નોકર કરે તે બાબત.

૨૧૯. કોઇ માણસ સરકારી નોકર છતાં લાંચ લેઇને અથવા દ્વેષ બુદ્ધિથી કાંઇ ઇનસાફી મુકદમાના કોઇ પણ ભાગમાં કાઇરીપોર્ટ, હુકમ, ફેસલો, અથવા ઠરાવ કરે કે કહી સંભળાવે. એવો કૃત્ય કાયદાથી વિરૂદ્ધ છે, એમ તે માણસ પોતે જાણતો હોય, તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

જે અખત્યાર હોય તેનો ખરાબ કાયદાથી વિરૂદ્ધ ઉપયોગ એમ જાણીને, કોઇને તેનો ઇનસાફ થવા સારૂ કમીટ કરે અથવા કેદમાં મોકલે તે બાબત.

૨૨૦ કોઇ માણસને હોદ્દો એવી તરેહનો હોય કે તેથી કોઇ શખ્સોને તેઓનો ઇનસાફ થવા સારૂ કમિટ કરવાનો અથવા તેઓને કેદમાં મોકલવાનો અથવા કોઇ શખ્સોને કેદમાં રાખવાનો તેને કાયદેસર અખતિયાર મળ્યો હોય તે માણસને તે અખતિયાર અમલમાં લાવતાં લાંચ લેઇને અથવા દ્વેષ બુદ્ધીથી, જો કોઇ શખ્સને તેનો ઇનસાફ થવા સારૂ કમિટ કરે અથવા તેને કેદમાં મોકલે, અથવા કોઇ શખ્સને કેદમાં નાખે અને તે એમ જાણતો હોય કે આમ કરવામાં હું કાયદાથી ઉલટો ચાલુ છું, તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે,

જે સરકારી નોકરની કાયદા મુજબ કોઇને પકડવાની ફરજ હોય તે સરકારી નોકર તેને પકડવામાં ઇરાદાથી કસુર કરે તે બાબત.

૨૨૧. કોઇ માણસ સરકારી નોકર હોય, અને કોઇ શખ્સની ઉપર કાંઇ ગુનાનું તહોમત મુકાએલું હોય તેને, અથવા કાંઇ ગુનાને માટે પકડવા જોગ હોય એવા કોઇ શખ્સને, પકડવા અથવા કેદમાં રાખવાની તે માણસની પોતાના સરકારી હોદ્દાને લીધે કાયદા મુજબ ફરજ હોય. તે માણસ અગર તે શખ્સને પકડવામાં ઇરાદાથી કસુર કરે. અથવા ઇરાદાથી તે શખ્સને નાશી જવા દે, અથવા તે શખ્સને તે કેદમાંથી નાશી જવાની કોશીશ કરવામાં ઇરાદાથી મદદ કરે, તો તે માણસને નીચે પ્રમાણે શિક્ષા કરવામાં આવશે એટલે.—

શિક્ષા,

અગર કેદ કરેલા અથવા જેને પકડવો જોઇતો હતો તે શખ્સની ઉપર મોતની શિક્ષા થઇ શકે એવા ગુનાનું તોહોમત મુકવામાં આવ્યું હોય, અથવા એવા ગુનાને માટે તે પકડવા જોગ થવા હોય, તો તે માણસને સાત વરશની મુદતસુધીની બેમાંના ગમે તે પ્રકારની, દંડ સાથે દંડ વિના, કેદની શિક્ષા કરવામાં આવશે; અથવા

અગર કેદ કરેલા અથવા જેને પકડવો જોઇતો હતો તે શખ્સની ઉપર જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરશની મુદત સુધીની કેદની શીક્ષા થઇ શકે એવા ગુનાનું તહોમત મુકવામાં આવ્યું હોય, અથવા એવા ગુનાને માટે તે પકડવા જોગ થયો હોય તો તે માણસને ત્રણ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની, દંડ સાથે અથવા દંડ વિના, કેદની શિક્ષા કરવામાં આવશે; અથવા.

અગર કેદ કરેલા અથવા જેને પકડવો જોઇતો હતો એ શખ્સની ઉપર દશ વરશથી ઓછી મુદતની કેદની શિક્ષા થઇ શકે એવા ગુનાનું તહોમત મુકવામાં આવ્યું હોય, અથવા એ

વા ગુનાને માટે તે પકડવા જોગ થયો હોય, તો તે માણસને બારરાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની, દંડ સાથે અથવા દંડ વીના, કેદની શિક્ષા કરવામા આવશે.

ટીકા.—ગુન્હેગારને પકડવાને કસુર કરથાથી આ કલમ પ્રમાણે તહોમત આવ, સરકાર વ'રૂધ્ધ મકુનહ યાશીનનો ફૈસલો. કલમ ૧૬૧ ઉપર જુઓ.

જે સખશની ઉપર કોઇ ઇનસાફની કોરટે શીક્ષાનો હુકમ કરયો હોય તેશખશને પકડવાની જે સરકારી નોકરની ફરજ હોય તે શખશને પકડવામાં ઇરાદાથી કસુરકરે તે બાબત.

૨૨૨. કોઇ માણસ સરકારી નોકર હોય, અને કોઇ શખસની ઉપર કાંઇ ગુન્હાને માટે કોઇ ઇનસાફની કોરટ શિક્ષાનો હુકમ કરયો હોય, તે સખશને (સન ૧૮૭૦ના આકટ ૨૭મા પ્રમાણે) "અથવા જે સખશને કાયદેશર રીતે કેદનાં રાખ્યો હોય તેવા સખશને" પકડવાની અથવા કેદમાં રાખવાની તે માણસની પોતાના સરકારી ઓહદાને લીધે કાયદા મુજબ ફરજ હોય, ત માણસ અગર તે શખશને પકડવામાં ઇરાદાથી કસુર કરે, અથવા ઇરાદાથી તે શખશને નાશી જવા દે, અથવા તે શખશને કેદમાંથી નાશી જવામાં અથવા નાશી જવાની કોશીશ કરવામાં ઇરાદાથી સહાય કરે, (સન ૧૮૭૦ ના આકટ ૨૭મા પ્રમાણે)" અથવા જો તે સખશને કાયદાશર રીતે કેદમાં રાખ્યો હોય" તો તે માણસ તે નિચે પ્રમાણે શિક્ષા કરવામાં આવશે, એટલે;—

શિક્ષા.

અગર કેદ કરેલો અથવા જેને પાડવો જોઇતો હતો તે શખશ ઉપર મોતની શિક્ષાનો હુકમ થએલો હોય, તો ત માણસને ચઉદ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની દંડ સાથે અથવા દંડ વીના; કેદની શિક્ષા કરવાનાં આવશે. અથવા,

અગર કેદ કરેલો અથવા જેને પકડવો જોઇતો હતો તે સખસ કોઇ ઇનસાફની કોરટે કરેલા શિક્ષાના હુકમથી, અથવા તેને બદલે બીજી શિક્ષા કરવાના કોઇ હુકમથી. જીવતાં સુધી સમુદ્રપાર અથવા જીવતાં સુધી શાસનિક દાસત્વને, અથવા દશ વરશ કે તેથી વધારે મુદત સુધી સમુદ્રપાર અથવા શાસનિક દાસત્વ અથવા કેદને લાયક હોય તો તે માણસને સાત વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની, દંડ સાથે અથવા દંડ વીના કેદની શિક્ષા કરવામાં આવશે; અથવા,

અગર કેદ કરેલોઅથવા જેને પકડવો જોઇતે હતો તે શખસ કોઇ ઇનસાફની કોરટે કરેલાસીક્ષાના હુકમથી દશ વરશની મુદત સુધીનાં કેદ ને લાયક ન હોય. તો ત માણશને ત્રણ વરશની મુદત મુધીની બેમાનાં ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની સાક્ષા કરવામાં આવશે

સરકારી નોકર ગફલતથી કોઇ કેદીને નાશી જવાદે તે બબત

૨૨૩ જે માણસ સરકારી નોકર હોય અને જે શખશની ઉપર કાંઇ ગુન્હાનુ તોહમત મુકયુ હોય અથવા કાંઇ ગુન્હો સાબીત થયો હોય એવા કોઇ શખશને (સન ૧૮૭૦ ના આંકટ ૨૭મા પ્રમાણે "અથવા જે સખશને કાયદાસર રીતે કેદમાં રાખયો હોય તે શખશને") કેદમાં રાખવાની કાયદા પ્રમાણે જે માણસને પોતાના સરકારી હોદ્દાને લીધે ફરજ હોય તે માણસ અગર ગફલતથી તે શખશને કેદમાંથી નાશી જવાદે, તો તે માણસને બે વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા, દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામા આવશે.

કોઇ શખશને [illegible]

૨૨૪. જે શખશની ઉપર કાંઇ ગુનાનુ તહોમત મુકયુ હોય અગ

યદા મુજબ પકડતા હોય તેમાં તેણે સામાં થવું અથવા હરકત કરવી

વા કાંઇ ગુન્હો સાબીત થયો હોય તે ગુના માટે તે શખશને કાયદેશર પકડવામાં તે શખશ ઇરાદાથી જો સામો થાય અથવા કાયદા વિરૂધ કાંઇ અડચણ કરે, અથવા તેણ કાંઇ ગુનાને માટે તેને કાયદેસર જે કેદમાં રખ્યો હોય તે કેદમાંથી જો તે નાશી જાય અથવા નાશી જવાની કોશીસ કરે, તો તે શખશને બે વરસની મુદતસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, એ બંનેની. શિક્ષા કરવામાં આવશે

ખુલાસો.—આ કલમમાં લખેલી શિક્ષા છે તે. જે ગુનાનું તોહમત તે શખશની ઉપર મુકયું હોય અથવા જે ગુન્હો તેની ઉપર સાબીત થયો હોય તે ગુનાને માટે તે પકડવાનો તથા કેદમાં રાખવાનો શખશ જે શીક્ષાને લાયક હોય. તે ઉપરાંત સમજવી.

ટીકા—સમુદ્રપાર લઇ જતાં રસ્તામાંથી કેદી નાશે તો તેને આ કલમ લાગે છે રણી વીરૂદ્ધ-રામરત્નામાં કો૦ ઇ૦ ડા૦ મ૦ ૩૩૭.

કોઇ શખશને કાયદા મુજબ પકડતા હોય તેનાં કોઇ બીજા શખશે સામા થવું અથવા હરકત કરવી.

૨૨૫. જે શખશ કોઇ બીજા શખશને કાંઇ ગુનાને માટે કાયદેશર પકડવામાં ઇરાદાથી સામો થાય, અથવા કાયદા વિરૂદ્ધ કાંઇ અડચણ કરે, અથવા કોઇ બીજા શખશને કાંઇ ગુનાને માટે કાયદેશરને કેદમાં રોખ્યો હોય તે કેદમાંથી તેને છોડાવી મુકે અથવા છોડાવીમુકવાની કોશીશ કરે, તે સખશને બે વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

શિક્ષા.

અથવા, અગર પકડવાના, અથવા છોડાવી મુકેલા, અથવા જેને છોડાવી મુકવાની કોશીશ થઇ હોય તે શખશની ઉપર જીવતાં સુધી સમુદ્રપારની. અથવા દશ વરષની મુદત સુધીની કેદની શીક્ષા થઇ શકે એવા ગુનાનું તોહમત મુક્યું હોય. અથવા એવા ગુનાને માટે પકડવા લાયક થયો હોય. તો પેલા શખશને ત્રણ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થસે;

અથવા, અગર પકડવાના. અથવા છોડાવી મુકેલા, અથવા જેને છોડાવી મુકવાની કોશીશ થઇ હોય તે સખશની ઉપર મોતની શીક્ષા થઇ શકે એવા ગુનાનું તોહમત મુક્યું હોય, અથવા એવા ગુનાને માટે તે પકડવા લાયક થયો હોય, તો, પેલા શખશને સાત વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

અથવા, અગર પકડવાનો અથવા છોડાવી મુકેલો શખશ કોઇ ઇનસાફની કોરટની શીક્ષાના હુકમ મુજબ, અથવા તેને બદલે બીજી શીક્ષા કરવાના કાંઇ હુકમ મુજબ, જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરશની કે તેથી વધારે મુદત સુધી સમુદ્રપાર અથવા શશ્રતીક દાસત્વ અથવા કેદની, શીક્ષાને લાયક હોય, તો પેલા શખસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

અથવા, અગર પકડવાના, અથવા છોડાવી મુકેલા અથવા જેને છોડાવી મુકવાની કોશીશ થઇ હોય તે શખસની ઉપર મોતની શિક્ષાનો હુકમ થયો હોય, તો, પેલા શખસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ લાયક થશે.

જામીન આપવા ચુકવાના સબબથી કેદમાં રાખેલુ હોય ત્યાંથી નાશી જવુ

"૨૨૫." આ—ફોજદારી ઇનસાફનુ કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે સારી રીતે ચાલવા બાબતજો જામીન આપવાને ચુકવાના સબબથી જે માણસને કેદમાં રાખ્યુ હોય તે ત્યાંહાંથી નાશી જશે અથવા નાશી જવાની કોશીશ કરશે તેને ઘણામાંઘણી એક વરશ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા અથવા દંડ અથવા એ બંનેની શિક્ષા કરવી. (સન ૧૮૭૦ આકટ ૨૭ પ્રમાણે)

સમુદ્રપારથી કાયદા વિરૂધ પાછુ આવવુ

૨૨૬. જે માણસને કાયદા મુજબ સમુદ્રપાર કરયો હોય તે માણસ, પોતાની સમુદ્રપારની મુદત વિત્યા પેહલાં, તથા શીક્ષા માફક ન થયાં છતાં અગર સમુદ્રપારથી પાછો આવે. તો તેને જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને, તથા પાછો સમુદ્રપાર તથા પેહેલા ત્રણ વરશની મુદત સુધીની સખત કેદની શીક્ષા પામવાને તે લાયક થશે.

શીક્ષાની માફીની સરત તોડવી-

૨૨૭, કોઇ માણસે શીક્ષાની કાંઇ સરતી માફી કબુલ કરી હોય તે માણસ અગર જે સરતથી તેને માફી મળી હોયતે સરત જાણી બુઝીને તોડે તો તે માણસને, અગર તણે અસલ શિક્ષામાંની કાંઇ ભોગવી નહી હોય તો; જેનશીક્ષાનો અસલ હુકમ થયો હોય એ શિક્ષા કરવામાં આવશે. અને તે શીક્ષામાંની કાંઇ તેણે ભોગવી હોય તો તે શિક્ષામાંની જેટલી નહી ભોગવી હોય એટલી શિક્ષા કરવામાં આવશે.

કોઇ સરકારી નોકર કાંઇ ઇનસાફીમુકદમાના કાંઇ પણ ભાગમાં બેઠા છતાં તેનુ ઇરાદાથીઅપમાન કરવુ અથવા તેનેહરકત કરવી,

૨૨૮. કોઇ સરકારી નોકર કાંઇ ઇનસાફી મુકદમાના કાંઈ પણ ભાગમાં બેઠો હોય તે વેળાએ એ સરકારી નોકરનુ જે માણસ ઇરાદાથી અપમાન કરે. અથવા તેને કાંઇ હરકત કરે, તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા—ન્યાયની કોરટમાં જુબાની આપતાં સાક્ષીદાર જોઇએ તે રીતે ફેરફાર ભાષણ કરી કોરટનો વખત વગર કારણે ગુમાવેતો તે આ કલમ પ્રમાણે ગુન્હેગાર થાયછે, સરકાર વીરૂધ નથમલ શ્રવણ મુ૦ હા. કો, વા ૧૦ પ્ર. ૬૯ તા, ૭ મારચ ૧૮૭૩

કોઈ સાહેદ ફેરફાર બોલે અને સવાલનો જવાબ આપવા સારૂ ના કેહે તો એ ઉપરથી આ કલમના અરથ પ્રમાણે ગુન્હેગાર થાયછે, મુ૦ તા, ૧૬ મારચ ૧૮૭૧

આ કલમ પ્રમાણેનો ગુન્હો સબરજીસ્ટારની રૂબરૂ કરનાર શખસની ઉપર કામ ચાલી શકે કલકતા હાઇકોરટ વા. ૨૨ પ્ર, ૧૦

સાક્ષી હળવે હળવે બોલી કોરટનો વખત રોકે તેથી તેણે આ કલમ પ્રમાણે ગુન્હો કીધો નથી, બોંકલી રીપોટ ૧૫ પ્ર. ૫

પુછેલા સવાલનો સીધો જવાબ દે અથવા જવાબ દેવાની ગફલત કરવામાં આવે તો તે આ કલમ પ્રમાણે ગુન્હો થતો નથી. કો૦ ઇ૦ ડો૦ પ્ર. ૩૪૩

જ્યુરર અથવાઆસેસરનો વેશલેવો

૨૨૯. ફેસલાણી બાબતમાં જ્યુરર અથવા આસેસર દાખલ સારૂ નામ લખી મોકલાય અથવા ટીપમાં લખાય, અનેમને સોગંદ આપાય એવો કાયદા મુજબ મારો હક નથી એવુ જે માણસ જાણતો હોય તે માણસ, વેષ લઇને અથવા બીજી રીતે, અગર તે બાબતમાં જ્યુરર અથવા આસે

સર દાખલ ઈરાદાથી પોતાનુ નામ લખી મોકલાવે અથવા ટીપમાં લખાવે અથવા સોગંદ ખાય, અથવા પોતે જાણ્યા છતાં એમ થવા દે અથવા કાયદા વિરૂદ્ધ મારૂં નામ લખી મોકલ્યુંછે અથવા ટીપમા લખ્યુ છે અથવા શોગદ આપ્યા છે, એમ પોતે જાણ્યા છતાં, જે માણસ ખુશીપુરવક તે જયુરીમાં બેશોને અથવા તે આસેશર દાખલ કામ કરે, તે માણસને બે વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

બાબ ૧૨મો

સિક્કા તથા સરકારી સ્ટાંપ સંબંધી ગુનાહો બાબત

શીકકે. ૨૩૦. શીકકે એટલે જે ધાતુ નાણાં દાખલ વપરાતો હોય, તથા જે પર છાપ મારીને નાણા દાખલ વાપરવા માટે તેને કોઇ સરકારના હુકમથી બાહાર પડયા હોય, તે ધાતુ.

રાણીના શીકે. જે શીક્કાપર છાપ મારીને તેને રાણીના હુકમથી, અથવા હિંદુસ્તાનની સરકારના, અથવા કોઇ પણ પ્રશીડેન્સીની સરકારના, અથવા રાણીના રાજ્ય માહેલી કોઇ પણ સરકારના, હુકમથી નાણાં દાખલ વપરાવા માટે બાહાર પડયો હોય, તે શીકો તે રાણીનો શીકકો,

દૃષ્ટાંત.

(અ) કોડીયો શીકો નથી.

(બ) વગરછાપેલા ત્રાંબાના ગડા, અગર નાણાં દાખલ વપરાય તો પણ શિકો નથી.

(ક) ચાંદ કાંઇ શિકો ન ગણાય, કેમકે તે નાણાં દાખલ વાપરવાના ઇરાદાથી થયલાં નથી,

(ડ) જે શિક્કાનુ નામ કંપની રૂપીયો પડ્યુ છે તે રાણીનો શિક્કો છે.

શિકો ખોટો બનાવવો, ૨૩૧. જે માણસ શિક્કો ખોટો બનાવે અથવા જાણી બુજીને સીક્કો ખોટો બનાવવાની ક્રિયાનો કાંઇ પણ ભાગ કરે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો—જે શખશ ઠગબાજી કરવાના ઇરાદાથી, અથવા એમ કરવાથી ઠગબાજી થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, કોઇ ખરા શિક્કાને બીજા શિક્કા સરખો દખાતો કરે, તે સખસે આ ગુન્હા કર્યો એમ સમજવું.

રાણીનાં શિકો ખોટો બનાવવો. ૨૩૨. જે માણસ રાણીનો શિકો ખોટો બનાવે, અથવા જાણી બુઝીને રાણીનોસીકો ખોટો બનાવવાની ક્રીયાનો કાંઇ પણ ભાગ કરતે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે

શિકો ખોટો બનાવવાનાં હથિયાર બનાવવાં અથવા વેચવાં. ૨૩૩. શિકો ખોટો બનાવવાના કારણસર વાપરવાને વાસ્તે, અથવા તે કારણસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનુ કારણ છતાં, જે માણસ કાંઇ છાપ અથવા હથિયાર બનાવે અથવાં સમારે, અથવા તે બનાવવાની અથવા સમારવાની ક્રી

યાનો કાંઈ પણ ભાગ કરે, અથવા ખરીદ કરે, વેચે, કે કોઈને આપે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

રાણીના શિક્કા ખોટો બનાવવાનાં હથિયાર બનાવવાં અથવા વેચવાં.

૨૩૪. રાણીના શિક્કો ખોટો બનાવવાના કારણસર વાપરવાને વાસ્તે, અથવા તે કારણસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં, જે માણસ કાંઈ છાપ અથવા હથિયાર બનાવે અથવા સમારે, અથવા તે બનાવવાની અથવા સમારવાની ક્રિયાનો કાંઈ પણ ભાગ કરે, અથવા તે ખરીદ કરે, વેચે, કે કોઈને આપે, તે માણસને સાત વરસની મુદત સુધીના બેમાંના ગમે તે પ્રકારના કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

શિક્કો ખોટો બનાવવાનાં કારણસર કાંઈ હથિયાર અથવા સામાન રાખવો.

૨૩૫. શિક્કો ખોટો બનાવવાના કારણસર વાપરવાને વાસ્તે, અથવા તે કારણસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં. જે માણસ પોતાના કબજામાં કાંઈ હથિયાર અથવા સામાન રાખે, તે માણસને ત્રણ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે, અને અગર ખોટો બનાવવાનો શિક્કો રાણીનો હોય, તો તે માણસને દશ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

હીંદુસ્તાનમાં રહીને હીંદુસ્તાનની બાહાર કાંઈ શિક્કો ખોટો બનાવવામાં મદદગારી કરવી.

૨૩૬. જે માણસ, બ્રિટીશ ઇંડીયામાં છતાં બ્રિટીશ ઇંડીયાની બાહાર કાંઈ શિક્કો ખોટો બનાવવામાં મદદગારી કરે, તે માણસને, જાણે તેણે બ્રિટીશ ઇંડીયાની અંદર તે શીક્કો ખોટો બનાવવામાં મદદગારી કરી હોય, એવી રીતે શીક્ષા કરવામાં આવસે.

ખોટો શીક્કો આ દેશમાં લાવવો અથવા આ દેશમાંથી બહાર લઈ જવો.

૨૩૭. ફલાણો શીક્કો ખોટો બનાવેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં. જે માણસ તે શિક્કો બ્રિટીશ ઇંડીયા મધ્યે લાવે અથવા બ્રિટીશ ઇંડીયા મધ્યેથી બાહાર લઈ જાય, તે માણસને ત્રણ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

રાણીના શિક્કો ખોટો બનાવેલો આ દેશમાં લાવવો અથવા આ દેશમાંથી બાહાર લઈ જવો.

૨૩૮. ફલાણો ખોટો શિક્કો રાણીના શિક્કો ખોટો બનાવેલો છે એમ જાણીને, અથવા એમ માનવાનું કારણ છતાં, જે માણસ તે શિક્કો બ્રિટીશ ઇંડીયા મધ્યે લાવે અથવા બ્રિટીશ ઇંડીયા મધ્યેથી બાહાર લઈ જાય, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની. અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારના કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે,

કોઈ શિક્કો ખોટો છે એમ જાણીને રાખ્યો હોય તે બીજાને આપવો,

૨૩૯. કોઈ માણસની પાસે કાંઈ ખોટો શિક્કો હોય અને તેની પાસે તે શિક્કો આવ્યો ત્યારે તેણે એમ જાણ્યું હોય કે આ શિક્કો ખોટો છે તે માણસ અગર ઠગવાના ઇરાદાથી, અથવા દગો થાય એવા ઇરાદાથી, તે શિક્કો કોઈ શખશને આપે, અથવા કોઈ શખસને તે લેવાને લલચાવવાની કોશીશ કરે, તો તે માણસને પાંચ વરસની મુદત સુધ

નીએમાંના ગમેતે પ્રકારની કેદની શિક્ષા કરવામાંઆવશે, અને વળીતે દંડને પાત્રલાયક થશે.

રાણીના કોઇ શીક્કો ખોટો છે એમ જાણીને રાખ્યો હોય તે બીજાનેઆપવો.

૨૪૦ કોઇ માણસની પાશે કાંઇ ખોટો શિક્કો હેય. અને તે શીક્કો રાણીનો શિક્કો ખોટો બનાવેલો હોય અને તેની પશે તે શીક્કો આવ્યો ત્યારે તેણે એમ જાણ્યું હેય કે આ રાણીનો શીક્કો ખોટો બનાવેલો છે, તે માણસ અગર દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે શીક્કો કોઇ શખશને આપે, અથવા કોઇ શખ્શને તે લેવાને લલચાવવાની કોશીશ કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અનેવળીતે દંડને પણ લાયકથસે

કોઇ માણસનીપાશે કાંઇ શિક્કો પેહેલાં આવે તે વખતે તે એમ જાણતો ન હોય કે આ શિક્કો ખોટો છે તે શિક્કો તે માણસે કોઇનેખરા દાખલ આપવો.

૨૪૧. કાંઇ ખોટો શિક્કો, ખોટો છે એમ જે સખશ જાણતા હોય પણ તે પોતાના કબજામાં લેતી વખતે તે ખોટો છે એમ જે શખસે જાણ્યું ન હોય તે શખશ અગર તે શિક્કો ખરા શિક્કા દાખલ કાંઇ બીજા શખશને આપે, અથવા કોઇ બીજા શખસને તે ખરા શિક્કા દાખલ લેવાને લલચાવવાની કોશિશ કરે, તે શખસને બે વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા તે જના જેવો ખોટો બનાવેલો હોય તે શિક્કાની કિમતની દસ ઘણી રકમ સુધીના દંડની અથવા એ બંનની શિક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

એક શિક્કા પાડનારો અ ખોટા કંપનીના રૂપીયા પોતાના સોબતી બ ને આપે, એટલા સારૂ કે તે તે રૂપીયા ચલાવે. બ તે રૂપીયા એક બીજા ચલાવનાર ક ને વેચાતા આપે, અને ક તે ખોટા છે એમ જાણીને તે રૂપીયા વેચાતા લે. પછી કાંઈ માલ લેઇને તેની કિંમતમાં તે રૂપીયા ક ડ ને આપે. અને ડ તે ખોટા છે એમ ન જાણતાં લે. પાછળથી તે રૂપીયા લીધા પછી તે ખોટા છે એમ ડ ને ખબર પડે, અને ડ ત્યાર પછી તે ખરા હોય એવી રીતે તે રૂપીયા કોઇને આપે, તો ડ ને ફકત આ કલમ મુજબ શીક્ષા થઇ શકે છે, પણ બ તથા ક એઓને, મુકદમાની કેફીયત મુજબ ૨૩૯મી અથવા ૨૪૦ મી કલમ પ્રમાણે શીક્ષા થઇ શકે છે.

કોઇ શીકક્કો કોઇ શખસની પાશેઆવતાં વખતે તેણેએમ જાણ્યું હોય કે આ શિકકો ખોટો છે તે, સખસે તે ખોટો શીકકો પાશે રાખવો,

૨૪૨. કાંઇ ખોટો શીકકો પોતાના કબજામાં આવ્યો હોય તે વખતે તે ખોટો છે એમ જાણ્યા છતાં, જે માણસ દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે ખોટો શીકકો પોતાના કબજામાં રાખે તેને ત્રણ વરશની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે; અને વળી તે દંડને પણ લાયક થશે.

રાણીના કોઇશિક્કો કોઇ સખસની પાસે આવતી વખતે તેણે એમ જાણ્યું હોયકેઆ

૨૪૩.. રાણીના શીક્કા જેવો ખોટો બનાવેલો કોઈ શીકકો પોતાના કબજામાં આવ્યો હોય તે વખતે તે શીકકો ખોટો બનાવેલો છે એમ જાણ્યા છતાં; જે માણસ દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે શીક્કો પોતાના કબજામાં રાખે, તે માણસને સાત વરશની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અનેવ

શીકકો ખોટાઇ તે શખસે નકીઠો શીકકો પાસે રાખવો.

ળી તે દંડને પણ લાયક થશે.

ટંકશાળમાં નોકર રહેલા માણસે કાયદામાં ઠરાવેલા વજન અથવા મેળવણીથી જુદાં વજન અથવા મેળવણીના શિકકા બનાવવા.

૨૪૪. બ્રિટીશ ઇંડીયા મધ્યે કાયદા મુજબ સ્થાપેલી કોઈ ટાંકશાળમાં જે માણસ નોકર રહેલા હોય, એ માણસ તે ટંકશાળમાંથી નીકળેલ કોઇ શીકકો તે શીકકાનુ વજન અથવા મેળવણી કાયદાથી ઠરાવેલ હોય તથી જુદા વજન અથવા મેળવણીનો થાય એવા ઇરાદાથી અગર કાંઇ કામ કરે, અથવા જે કામ કરવાનો તેને કાયદા મુજબ ફરજ હોય તે કામ કરવામાં કસુર કરે, તો તે માણસને સાત વરસના મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

શિકકા પાડવાનું હથિયાર કોઇ ટંકશાળમાંથી કાયદા વિરૂધ લઇ જવું.

૨૪૫. બ્રિટીશ ઇંડીયા મધ્યે કાયદા મુજબ સ્થાપેલી કોઇ ટાંકશાળ મધ્યેથી, કાયદેસર અખ્તિયાર વિના, જે માણસ કાંઇ શીકકો પાડવાનું હથિયાર અથવા ઓજાર લેઇ જાય, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

દગલબાજીથી અથવા બદદ્યાનતથી કોઇ શિકકાનુ વજન ઓછું કરવું અથવા તેની મેળવણીમાં ફેરફારકરવો

૨૪૬ કોઇ પણ શીકકા ઉપર જે માણસ દગલબાજીથી અથવા બદદ્યાનતથી એવી કાંઇ ક્રિયા કરે કે તેથી તે શીકકાનુ વજન ઓછુ થાય, અથવા તેની મેળવણી બદલાય તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો.—કોઇ શખસ એક શિકકાનો કાંઇ અંશ કોરી કહાડે અને તે છેદમાં કાંઇ બીજી વસ્તુ મુકે, તો તે શીકકાની મેળવણી બદલી એમ સમજવું.

દગલબાજીથી અથવા બદદ્યાનતથી રાણીના શીકકાનુ વજન ઓછુ કરવું અથવા તેની મેળવણી બદલવી.

૨૪૭. રાણીના શીકકાઓમાંના કોઇ પણ શીકકા ઉપર જે માણસ દગલબાજીથી અથવા બદદ્યાનતથી એવી કાંઇ ક્રિયા કરે કે તેથી તે શિકકાનુ વજન ઓછું થાય અથવા તેની મેળવણી બદલાય, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ શિકકો બીજા શિકકાને ઠેકાણે ચાલે એવા ઇરાદાથી તે શિકકાનુ રૂપ બદલવુ

૨૪૮. કોઇ પણ શિકકા ઉપર જો કોઇ માણસ એવી કાંઇ ક્રીયા કરે કે તેથી તે શિકકાનુ રૂપ બદલાય. અને તે એવા ઇરાદાથી કે તે શીકકો કોઇ બીજા પ્રકારના શીકકાને ઠેકાણે ચાલે, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

રાણીનો કોઇ શીકકો બીજા શિકકાને ઠેકાણે ચાલે એવા ઇરાદાથી તે શિકકાનુ

૨૪૯. રાણીના શિકકાઓમાંના કોઇ પણ શીકકા ઉપર જો કોઇ માણસ એવી કાંઇ ક્રીયા કરે કે તેથી તે શીકકાનુ રૂપ બદલાય, અને તે એવા ઇરાદાથી કે તે શીકકો કોઇ બીજા પ્રકારના શીકકાને ઠેકાણે ચાલે, તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે

૫ બદલવું. પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

આ શિક્કામાં ફેરફાર થએલો છે એવું જાણીને જે શીક્કા પાશે રાખ્યો હોય તે બીજાને આપવો.

૨૫૦ કોઈ શખશના કબજામાં કાંઈ શીક્કો હોય, અને તે શિક્કા બાબત ૨૪૬ની અથવા ૨૪૮મી કલમમાં બયાન કરેલો ગુન્હો કરવામાં આવ્યો હોય અને તે શિક્કા બાબત તે ગુન્હો કરવામાં આવેલો છે એમ તે શખસના કબજામાં તે શિક્કો આવતી વખતે તેણે જાણ્યું હોય, તે સખશ અગર દગલબાજીથી અથવા દગો થાય એવા ઈરાદાથી તે શીક્કો કોઈ બીજા સખસને આપે, અથવા કોઈ બીજા શખસને તે શિક્કો લેવાને લલચાવવાની કોશીશ કરે, તો તેને પાંચ વરશની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે તે દંડને પણ લાયક થશે.

આ શિક્કામાં ફેરફાર થએલો છે એમ જાણીને રાણીનો જે શિક્કો પાસે રાખ્યો હોય તે શિક્કો આપવો,

૨૫૧, કોઈ સખસના કબજામાં કાંઈ શિક્કો હોય, અને તે શિક્કા બાબત ૨૪૭ મી અથવા ૨૪૯ મી કલમમાં બયાન કરેલો ગુન્હો કરવામાં આવ્યો હોય, અને તે શિકા બાબત તે ગુન્હો કરવામાં આવેલો છે એમ તે સખશના કબજામાં તે શિક્કો આવતી વખતે તેણે જાણ્યું હોય તે સખસ અગર દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે શીક્કો કોઈ બીજા શખસને આપે અથવા કોઈ બીજા શખસને તે શિકો લેવાને લલચાવવાની કોશીશ કરે, તો તેને દશ વરસ મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ શખશની પાશે કાંઈ ફેરફાર થએલો શિક્કો આવતી વખતે તેમાં ફેરફાર થએલો છે એમ તેણે જાણ્યા છતાં તે પાસે રાખવો

૨૫૨. જે શિક્કા બાબત ૨૪૬ તથા ૨૪૮ મી એ બે કલમોમાંની ગમે તે કલમમાં બયાન કરેલો ગુન્હો કરવામાં આવ્યો હોય, તે શિક્કો દગલબાજીથી અથવા દગો થાય. એવા ઇરાદાથી કોઈ માણસના કબજામાં હોય. અને શિક્કા બાબત તે ગુન્હો કરવામાં આવેલો છે એમ તે માણસના કબજામાં તે શિક્કો આવતી વખતે તેણે જાણ્યું હોય, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ શખસની પાસે કાંઈ ફેરફાર થએલો રાણીનો શિક્કો આવતી વખતે તેમાં ફેરફાર થએલો છે એમ તેણે જાણ્યા છતાં તે પાસે રાખવો.

૨૫૩. જે સિક્કા બાબત ૨૪૭ મી, તથા ૨૪૯ મી એ બે કલમોમાંની ગમે તે કલમમાં બયાન કરેલો ગુન્હો કરવામાં આવ્યો હોય; તે શિક્કો દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી કોઈ માણસના કબજામાં હોય અને તે શિક્કા બાબત તે ગુન્હો કરવામાં આવેલો છે એમ તે માણસના કબજામાં તે શિક્કો આવતી વખતે તેણે જાણ્યું હોય તો તે માણસને પાંચ વરશના મુદત સુધીની બેમાંના. ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી દંડને પણ લાયક થશે,

જે શિક્કો કોઈ માણસની પાશે પહેલાં આવતી વખતે તેમાં ફેરફાર થએલો છે એ

૨૫૪, જે શિક્કા બાબત કોઈ એમ જાણતો હોય કે એની ઉપર કલમ ૨૪૬, ૨૪૭, ૨૪૮. અથવા ૨૪૯ મીમાં લખી છે તેવી કાંઈ ક્રિયા કરવામાં આવી છે, પણ જે સિક્કો તે શખશના કબજામાં આવતી વખતે તે બાબત તેવી કાંઈ ક્રિયા કરવામાં આવેલી છે એમ તે

મ તેણે જાણ્યું ન હોય તે શીવાય તેણે બીજાને ખરા શીક્કા દાખલ આપવો

ણે જાણેલું ન હોય. તે શખસ તો અગર કોઇ બીજા શખસને તે સિક્કો ખરા શિક્કા દાખલ; અથવા તે શિક્કો જે પ્રકારનો હોય તેથી જુદા પ્રકારના શિક્કા દાખલ આપે, અથવા કોઇ સખશને તે શિક્કો ખરા શિક્કા દાખલ અથવા તે શિક્કો જે પ્રકારનો હોય તેથી જુદા પ્રકારના શિક્કા દાખલ લેવાને ભલમાવવાની કોશીશ કરે તો તે શખશને બે વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા તે બદલેલો શિકો જે શિક્કાને ઠેકાણે ચલાવ્યો હોય અથવા ચલાવવાની કોશીશ કરી હોય તે શિકાની કીમતની દસ ગણી રકમ સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે.

સરકારી સ્ટાંપ ખોટો બનાવવા.

૨૫૫. મેહેસુલનાં કારણસર સરકારે બાહાર પાડેલો કોઇ પણ સ્ટાંપ જે માણસ ખોટો બનાવે, અથવા જાણી બુઝીને તે ખોટો બનાવવાની ક્રિયાનો કાંઇ પણ ભાગ કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો— કોઇ શખશ એક પ્રકારના ખરા સ્ટાંપને બીજા પ્રકારની સરખો દેખાતો કરીને ખોટો સ્ટાંપ બનાવે, તેણે આ ગુન્હો કર્યો એમ સમજવું.

કોઇ સરકારી સ્ટાંપ ખોટો બનાવવાના કારણસર કાંઇ હથીયાર અથવા સામાન પાસે રાખવો,

૨૫૬. મેહેસુલના કારણસર સરકારે બાહાર પાડેલો કોઇ સ્ટાંપ ખોટો બનાવવાના કારણસર વાપરવાને વાસ્તે અથવા તે કારણસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં જે માણસ પોતાના કબજામાં કાંઇ હથિયાર અથવા સામાન ગમે તે માણશને સાત વરસની મુદત સુધીના બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ સરકારી સ્ટાંપ ખોટો બનાવવાના કારણસર હથિયાર બનાવવું અથવા વેચવું

૨૫૭. મેહેસુલના કારણસર સરકારે બાહાર પાડેલો કોઇ સ્ટાંપ ખોટો બનાવવાના કારણસર વાપરવાને વાસ્તે અથવા તે કારણસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં જે માણસ કાંઇ કાંઇ હથિયાર બનાવે, અથવા તે બનાવવાની ક્રિયાનો કાંઇ પણ ભાગ કરે, અથવા તે ખરીદ કરે, વેચે કે કોઇને આપે તે માણસને સાત વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

સરકારી સ્ટાંપ ખોટા બનાવેલા વેચવા

૨૫૮. ફલાણો સ્ટાંપ મેહેસુલના કારણસર સરકારે બાહાર પાડેલા કોઇ સ્ટાંપ જેવો ખોટો બનાવેલો છે એમ જાણીને, અથવા એમ માનવાનું કારણ છતાં, જે માણસ તે સ્ટાંપને વેચે અથવા વેચવાનું કહે તે માણસને સાત વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો પાસે રાખવો.

૨૫૯. ફલાણો સ્ટાંપ મેહેસુલના કારણસર સરકારે બાહાર પાડેલા કોઇ સ્ટાંપ જેવો ખોટો બનાવેલો છે એમ જાણી, તેને ખરા સ્ટાંપ દાખલ વાપરવાના અથવા આપવાના ઇરાદાથી અથવા તે ખરા સ્ટાંપ દાખલ વાપરવામાં આવે એટલા માટે, જે માણસ તે સ્ટાંપ પોતાના કબજામાં રાખે. તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની

કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો છે એમ જાણ્યા છતાં તે ખરા દાખલ વાપરવો,

૨૬૦ ફલાણો સ્ટાંપ મેહેસુલના કારણસર સરકારે બાહાર પાડેલા કોઈ સ્ટાંપ જેવો ખોટો બનાવેલો છે એમ જાણીને જે માણસ તે સ્ટાંપને ખરા સ્ટાંપ દાખલ વાપરે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે,

સરકારને હાનિ કરવાના ઇરાદાથી જે પર સરકારી સ્ટાંપ હોય એવા કોઇ પદારથ ઉપરથી કાંઇ લખાણ ચેરી નાખવું, અથવા કાંઈ સ્ટાંપ વાપર્યો હોય તે સ્ટાંપને લેખ પરથી કહાડી નાખવો.

૨૬૧. જે પદારથ મેહેસુલના કારણસર સરકારે બાહાર પાડેલો સ્ટાંપ લગાડેલો હોય તે પદાર્થ ઉપરથી જે લખાણ અથવા લેખને માટે તે સ્ટાંપને વાપર્યો હોય તે લખાણ અથવા લેખ જે માણસ દગલબાજીથી અથવા સરકારને હાની કરવાના ઇરાદાથી કાહાડી અથવા ચેરી નાંખે, અથવા કોઈ સ્ટાંપ કાંઈ બીજા લખાણ અથવા લેખને માટે વાપરવામાં આવે એટલા માટે જે લખાણ અથવા લેખને માટે તે સ્ટાંપ વાપરતો હોય તે લખાણ અથવા લેખ પરથી જે માણસ તે સ્ટાંપને કાહાડી નાખે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેના શીક્ષા કરવામાં આવશે.

કોઈ સરકારી સ્ટાંપ આગળ વાપરેલો છે એમ જાણ્યા છતાં તે પાછો વાપરવો

૨૬૨. મેહેસુલનાં કારણસર સરકારે બાહાર પાડેલો કોઇ પણ સ્ટાંપ આગળ વપરાયલો છે એમ જાણ્યા છતાં દગલબાજીથી અથવા સરકારને હાની કરવાના ઇરાદાથી, જે માણસ કાંઇ પણ કારણસર તે સ્ટાંપ વાપરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેથી શિક્ષા કરવામાં આવશે.

સ્ટાંપ વાપરેલો છે એવી રીતની કાંઇ નીશાની છોલી નાખવી

૨૬૩. મેહેસુલનાં કારણસર સરકારે બાહાર પાડેલો કોઈ પણ સ્ટાંપ વપરાએલો છે એમ દેખાડવા સારૂ તે સ્ટાંપ પર કરેલી અથવા મારેલી કાંઇ પણ નીશાની દગલબાજીથી અથવા સરકારને હાની કરવાના ઇરાદાથી, જે માણસ છોલી અથવા કાહાડી નાખે અથવા જે સ્ટાંપ ઉપરથી એવી કાંઇ નિશાની છોલી અથવા કાહાડી નાખી હોય, એવો કોઇ સ્ટાંપ જે માણસ જાણી બુજીને પોતાના કબજામાં રાખે, અથવા વેચે અથવા કોઇને આપે, અથવા એવો કોઇ સ્ટાંપ વપરાએલો જાણ્યા છતાં જે માણસ તે સ્ટાંપ વેચે, અથવા કોઇને આપે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની. શિક્ષા કરવામાં આવશે.

ભાગ ૧૩ મો.

કાટલા તથા માપ સંબંધી ગુન્હા બાબત

તોળવાનું ખોટું [illegible] દગલબાજીથી વાપરવું

૨૬૪. તોળવાનું કાંઇ પણ યંત્ર ખોટું છે એવું જાણીને જે માણસ દગલબાજીથી વાપરે તેને એક વરસની મુદત સુધીના બેમાંના [illegible]

વસ્તુ.

મે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શીક્ષા ક રવામાં આવશે.

ખોટું કાટલું અથ વા માપ દગલબાજી થી વાપરવું.

૨૬૫. જે માણસ કાંઈ પણ ખોટું કાટલુ અથવા લંબાઈનુ કિંમ રતનુ ખોટું માપ દગલબાજીથી વાપરે, અથવા એક કાટલાને અથવા લંબાઈના કે ભરતલનાં માપને તે છે તેથી કાંઇ જુદાં કાટલાં અથવા માપને ઠેકાણે દગલબાજીથી વાપરે, તેને એક વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવાએ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ખોટાં કાટલાં અ થવા માપ પાશે રા ખવાં.

૨૬૬. તોળવાનુ કાંઇ પણ યંત્ર, અથવા કાંઇ કાટલુ, અથવા લંબાઇનુ કે ભરતલનુ કાંઇ-માપ ખોટું છે એવુ જાણીને તથા તે દગલબાજીથી વાપરવામાં આવે એવા ઇરાદાથી, જે માણસ પોતાની પાસે રાખે તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ખોટાં કાટલાં અ થવા માપ બનાવ વાં, વેચવાં.

૨૬૭ તોળવાનું કાંઇ પણ યંત્ર, અથવા કાંઇ કાટલુ, અથવા લંબાઇનું કે ભરતલનુ કાંઇ માપ ખોટું છે એવુ જાણીને જે માણસ બનાવે, વેચે. અથવા કોઇને આપે, એટલા સારૂ કે તે ખરાને ઠેકાણેવ પરાય અથવા એવુ જાણીને કે તે ખરાને ઠેકાણે વપરાય એવો સંભવ છે તો તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડનીઅથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ભાગ ૧૪ મો.

લોકોની તનદુરસ્તી, સલામતી, અનુકુળતા, લજ્જા નીતિ સંબંધી ગુન્હા બાબત

લોકાપકારકકૃત્ય.

૨૬૮. જે સખસ એવું કાંઇ કામ કરે, અથવા એવી કાંઇ કાયદા વીરૂદ્ધ કસુર કરે, કે જેથી લોકને, અથવા જે માણસો પાડોસમાં રહેતા હોય અથવા જેઓના કબજામાં ત્યાંહાં પાડોશમાં કાંઇ મિલકત હોય તે સર્વે માણસોને, કાંઇ સાધારણ નુકશાન, ભય, અથવા દુઃખ થાય અથવા જેથી જે સખસોને કાંઇ સાર્વજનીક હક વાપરવાની જરૂર પડે તે શખસોને નુકશાન, અડચણ, ભય, અથવા દુઃખ થયા વિના રહેજ નહીં; તે સખસે લોકાપકારક કૃત્ય કરયુ એમ સમજવુ.

કોઇ સર્વાપકારક કૃત્યથી કાંઇ અનુકુળતા અથવા લાભ થતો હોય, તે તે સબબથી તે ગુનોહ માફ થઇ શકતો નથી.

ટીકા,—જ્યારે કોઇ સાર્વજનીક રસ્તાને હરકત કરવામાં આવી હોય ત્યારે માજીસ્ત્રેટ સન ૧૮૭૨ ના આકટ ૧૦ની કલમ ૫૧૮ એટલે સન ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૧૪૪ મુજબ કામ ચલાવવાને બંધાએલો છે, પણ સન ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૫૫૨ એટલે સન ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૧૪૭ લાગુ નથી ખરોદ પ્રસાદ મુસ્તાફી વીકલી રીપોર્ટ ૫. મ. ૫.

જુના ફો. મે. ઠો૦ નાબાબ ૧૦ મા પ્રમાણે (સ્થાનીક અપકારક વસ્તુ વીશેની બાબ) પેસ્તર કા મ ચાલેલુ નહી એવા સબબ ઉપરથી. આકલમ પ્રમાણે લોકપકારક કૃત્યવીશેની ફરીયાદનુ કામ ચલાવવુ બેકાયદસીરનથી. સરકાર વીરૂધ્ધ શુકલાલ વીગેરે સલાહમાટે મોકલેલુ, મુ૦ હા. તા. ૧૭ શપટેબર ૧૮૬૯

નફા અથવા ફાયદાને સારૂ જે જુગારનુ કમાન રાખવામાં આવેછે તેને "શાત્રારણુ જુગા ર ખેલવાનુ મકાન" કહેવુ સર્વ લોકોને કાંઇ ખરેખરી હરકત થાયછે, એવા પુરાવા શીવાય હરેક શખશ જે જુગાર રમનારાઓને પોતાના ઘરમાં લે. તે શખશ તથા જે શખશ તેમાં જુ ગાર રમે તે સર્વ શખસો આ કલમના અરથ પ્રમાણે લોકાપકારક કૃત્ય કરવાના ગુન્હેગાર થા ય છે એવો ઠરાવ કરતો નથી.—સરકાર વીરૂધ્ધ હાઉ નાગજી વીગરે, મુ૦ હા૦ તા- ૧ ડીસે બર સને ૧૮૭૦

મુંબાઇના સને ૧૮૬૭ના આકટ ૭ ની કલમ ૩૧ ની રકમ બ પ્રમાણે તેમાં લખેલુ મનાઇનુ ઝાહેરનામુ લગાડયુ નહી હોયતો તોહોમતની સાબીતી ગેરકાયદેશર છે કેમકેમ જકુર રકમના અરથમાં શમાવેશ થાયછે: એવી (એટલે તેના અરથ પ્રમાણે) નદીએ કાંઇ સ્નાન વીગરે કરીને ખરાબ કરવાની જગ્યા નથી—સરકાર વિરૂધ્ધ છોટીરામ ભાસ્કર વીગરે મુ. હા. તા. ૩૧ અગષ્ટ ૧૮૭૧ તેજ ધોરણ ઉપર—સરકાર વિરૂધ્ધ નીલકંઠ બાલા તથા ગુ ણેસ પદ્માકર૦ તા, ૮ એપ્રેલ ૧૮૭૮

લોકાપકાર કૃત્ય કોને કહેવુ તે વીષે વધારે ખુલાસો થવા માટેસને ૧૮૮૨ના આકટ ૧૦ ની કલમ ૧૩૩ જુઓ.

જયારે નેહેરને અટકાવ થવાની ફરીયાદ થઇ હોય ત્યારે દીવાની કોરટમાં દાવો કરવાનુ ફરમાવવુ જોઇએ, અને મનાઇ હુકમ જરૂર હોયતો તેણે દીવાની કોરટથી કાહાડવો- આ ઉપા ય છે; એવા મુકદમા આ કલમ પ્રમાણે ચાલી શકે નહી.—સરકાર વિરૂધ્ધ ત્રીલોકનાથ બોઝ વી. રી. ૫- — ૫ પ્ર. ૫૮.

કોઈ શખશના ઘરમાં થઇરાજમાર્ગ ઉપર જવાનો રસ્તો હોય તે ખાનગી રસ્તો માજીસ્ત્રે ટને ઉઘડાવવાને સત્તા નથી સબબ તે ખાનગી રસ્તો રાજમાગ નથી. તે કામ દીવાની કોરટ ને લાયક છે.—રાણી વીરૂધ જાનકીનાથ ભટા ચારજી. વી-૨-પ્ર. ૩૦૬ (ફોજદારી)

આ કલમ પ્રમાણે અડચણ અથવા અપકારક વસ્તુ સાર્વ જનીક રસ્તામાંથી કાઢી નાખ વાના કામમાં માજીસ્ત્રેટે પ્રથમ જોવુ જોઇએ કે જે રસ્તા ઉપર અડચણ અથવા અપકારક વ સ્તુ હોય તે રસ્તો સાર્વ જનીક છે કે નહી, જો સાર્વજનીક માલમ પડેતો પછી તેને આગ ળ કામ ચલાવવાનો અધીકાર છે. નહીતો નથી રાણી વીરૂધ. બચારામ ભટાચારજી વીકલીરી પોટ ૧૫—પાનુ ૬૭.

જમીનનો માલીક નહી પણ તે જમીનનો ઉપભોગ કરનાર તે જે જમીન ઉપર ગંદકી રાખે તે એ બાબત તે ઉપભોગ કરનાર જવાબદાર છે—રાણી વીરૂધ્ધ બોનોલીલ મીત્ર વીક લી રીપોટ ૮ પાનુ ૪૫.

જિંદગીને જોખમ પોહોચે એવારોગનો ચેપ પસરેએવુ ગફલતીનુ કામ,

૨૬૯. જે માણસ કાયદા વિરૂધ્ધ અથવા ગફલતથી એવુંકાંઇ કામ કરે, કે જેથી જિંદગીને જોખમવાળા કોઇ રોગનો ચેપ પસરશે એવોસંભવ હોય અને એવો સંભવ છે એમ તે જાણતો હોય, અથવા એમ માનવાનુ તેને કારણ હોયતો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બેની શિક્ષા કરવામાં આવશે.

જંદગીને જોખમ પોહોંચે એવારોગનો ચેપ પસરે એવું દ્વેષ બુધિનુ કામ

૨૭૦. જે માણસ દ્વેષ બુધીથી એવું કાંઇ કામ કરે, કે જેથી જીંદગીને જોખમવાળા કોઇ રોગનો ચેપ પસરશે એવો સંભવ હોય, અને એવો સંભવ છે એમ તે જાણતો હોય અથવા એમ માનવાનુ તેને કારણ હોય, તે માણસને બે વરશની મુદતસુધીની બેમાંના ગમે તેપ્રકારની કેદની. અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાંઆવશે.

ટીકા.—આ કલમ પ્રમાણે કલકત્તાની મ્યુનીશીપાલીટી ઉપર એક ફરીયાદ સરકારની મંજુરીસિવાય શીવાય પોતાને લેવાનો અધીકાર છે કે નહી એવો કલકતાના માજીસ્ટ્રેટને સંસય આવવાથી તેણે આ કામ હાઇ કોરટના અભીપ્રાય માટે મોકલ્યું

તેમાં હાઇ કોરટે ઠરાવ કરયો કે પીનલકોડમાં કહ્યા પ્રમાણે મ્યુનીશીપાલ કમીશનર એ જો કે સરકારી નોકર છે તો પણ જે લોકોપર સરકારની મંજુરી શીવાય ફરીયાદ ઇલાકાના માજીસ્ટ્રેટે લેવાની મનાઇ છે તેમાં મ્યુનીશીપાલ કમીશનરનો સમાવેશ થતો નથી, સબબ કલકતા મ્યુની શીપાલકમીટીપરની ફરીયાદ સરકારની મંજુરી લીધા ,શીવાય ચલાવવાનો ઇલાકાનામાજીસ્ટ્રેટને અધીકાર છે.—સરકાર વીરૂધ્ધ કલકતાની મ્યુનીશીપાલ કમીટી. કા. હા. વા. ૩ પાનુ ૭૯૮ તા. ૫ જુન ૧૮૭૮,

રોગના સબબથી દુર રહેવા સંબધીની કાંઇ કાનુનન માનવી

૨૭૧. કોઇ વાહાણને રોગના સબબથી દુર રાખવા બાબતની અથવા તે સબબથી દુર રાખેલા વાહાણોનો કિનારા સાથેનો અથવા બીજા વાહાણો સાથેનો વેહેવાર કેમ ચાલે તેનો બંદોબસ્ત કરવા બાબતની અથવા જે જગોમાં કાઇ ચેપી રોગ ચાલતો હોય તે જગો તથા બીજી જગોની વચ્ચે વેહેવાર કેમ ચાલે તેનો બંદોબસ્ત કરવા બાબતની હીંદુસ્તાનની સરકારે અથવા કોઇ પણ સરકારે. કરીને જાહેર કરેલી કોઇ કાનુન જે માણસ જાણી બુજીને ન માને તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની. અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે,

વેચવાને ઇરાદેભેળી ખાવાની અથવા પીવાનીવસ્તુ મા કાંઇભેળ કરવી

૨૭૨ કોઇ માણસ કાંઈ ખાવાની અથવા પીવાની વસ્તુમાં ભેળ કરે, એવી રીતે કે તેથી તે વસ્તુ ખાવાથી અથવા પીવાથી અવગુણ થાય, અને એવા ઇરાદાથી કે તે વસ્તુ ખાવાને અથવા પીવાને વેચવા અથવા તે ખાવાને અથવા પીવાને વેચાશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનની શિક્ષા કરવામાં આવશે.

ટીકા—માણસને ખાવા પીવાની જાણશમાં ભેળ કરવાથી અને જાનવરોને ખાવાપીવાની ચીજ ચાણા વીગરેમાં ભેળ કરવાથી આ કલમ વીરૂદ્ધ ગુન્હો છે.

ખાવાની અથવા પીવાની અવગુણ કારક વસ્તુ વેચવી

૨૭૩. જે વસ્તુ અવગુણકારક કરેલી અથવા થયેલી હોય, અથવા ખાવા અથવા પીવા જોગ સ્થિતિમા ન હોય, તેવો કાંઈ વસ્તુ ખાવા અથવા પીવાની વસ્તુ દાખલ કોઇ માણસ વેચે, અથવા વેચવાનુ કહે, અથવા વેચવા મુકે, અને તે વસ્તુ ખાવામાં અથવા પીવામાં અવગુણ કારક છે એમ જાણીને અથવા એમ માનવાનુ કારણ છતાં એ પ્રમાણે કરે, તો તેમાણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની. શિક્ષા કરવામાં આવશે.

ટીકા—શડેલી અને બોરી તથા રોગ ઉત્પન્ન કરે તેવી અમુક ચીજ પએલી છે એવુ જ

ણ્યા છતાં કોઇ સખશ તેને વેચે તો તે આ કલમ પ્રમાણે ગુન્હો [illegible]

વસાણામાં ભેળ કરવો.

૨૭૪. કોઇ માણસ કાંઇ વસાણામાં અથવા તઇયાર કરેલા [illegible] ઉષધમાં કાંઇ ભેળ કરે એવી રીતે કે તેથી તે વસાણાનો અથવા ત ઇયાર કરેલા ઔશધનો ગુણ ઓછો થાય, અથવા તેની અસર બદલાય, અથવા તે અવગુણકારક થાય. અને તેમાં તેવી કાંઇ ભેળ ન થઇ હોય એ પ્રમાણે કાંઇ દવાના કામને સારૂ વેચવી અથવા વાપરવી એવા ઇરાદાથી અથવા તેના કામને સારૂ તે વેચાશે અથવા વપરાસે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, તે એ પ્રમાણે કરે, તો તે માણસને ૭ મહીનાના મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ભેગ થએલાં વસાણાં વેચવાં.

૨૭૫ કાંઇ વસાણામાં અથવા તૈયાર કરેલા અઉશધમાં તેનો ગુણ ઓછો થાય. અથવા તેની અસર બદલાય, અથવા તે અવગુણકારક થાય, એવી રીતે કાંઇ ભેળ થએલી છે, એમ જાણીને જે માણસ તે વસાણું અથવા તઇઆર કરેલુ અઉશધ, તેમાં ભેળ ન થઇ હોય એ પ્રમાણે, કાંઇ દવાના કામને સારૂ, વેચે, અથવા વેચવાનું કહે, અથવા વેચવા મુકે, અથવા કોઇ દવાખાનામાંથી આપે, અથવા જે સખસને તેમાં ભેળ થએલી ખબર ન હોય એવા કોઇ સખસ પાસે તે દવાના કામમાં વપરાવે, તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કાંઇ વસાણાને તે જુદુ અથવા વસાણું તઇયાર કરેલું અઉષધ હોય એ રીતે વેચવું.

૨૭૬, કાંઇ વસાણું અથવા તઇયાર કરેલું ઔષધ, તે જુદું વસાણું અથવા તઇઆર કરેલું અઉસધ હોય, એવી રીતે કાંઇ દવાના કામને શારૂ જે માણસ જાણી બુઝીને વેચે, અથવા વેચવાનું કહે, અથવા વેચવા મુકે અથવા કોઈ દવાખાનામાંથી આપે; તે માણસને ૭ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે

સાર્વજનીક ઝરા અથવા જળાશયનું પાણી મેલું કરવું.

૨૭૭. કોઈ પણ સાર્વજનીક ઝરા અથવા જલાશયનુ પાણી જે માણસ બુદ્ધિપુરવક બોગાડે અથવા મેલું કરે. એવી રીત કે તેમા તે પાણી રોજ જે કામમા વપરાતું હોય તે કામને સારૂ તે ઓછું લાયક થાય તો તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા પાંચસે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

ટીકા—આ કલમના અર્થ પ્રમાણ નદીએ કાંઇ સર્વજનીક નેહેરો નથી. સરકાર વીરૂધ પથા વીગેરે મુ હા. તા૦ ૨ જુલાઈ ૧૮૬૯

નદીમાં માછલાં પકડવા માટે કાંઇક ઝાડનાં પાંદડાં તોમતદારે નદીમાં નાંખ્યાં તેને આ કલમ પ્રમાણે માજીસ્ટ્રેટે શજા કરી તે કામમાં અરજદારે હાઈકોરટને અપીલ કરવાથી ઠરાવ થયો કે પીનલકોડ કલમ ૨૭૭ માં "સાધારણ સર્વ લોકનો ઝરો કીહોદ" એવા જે શબ્દછે. તેમાં "નદી" નો શમાવેશ થતો નથી શબબ અરજદારપર થએલો અપરાધ રદ કરયો છે.—સરકાર વીરૂધ હલારપોરે. કલકતા હાઇકોરટ. વા. ૨—પાનુ ૬૮૩. તા. ૭ મે ૧૮૭૭

હવાને તનદુરસ્તીને બિગાડ કરે એ

૨૭૮, કોઇ જગાની હવા જે માણસ બુદ્ધીપુર્વક બિગાડે, એવી રીતે કે તેથી તે જગાની પાડોસમાં ઘણું કરીને રેહેનારા અથવા વેંપાર

થી કરવી.

કરનારા અથવા કોઈ સરીયામ રસ્તા ઉપર ફરનારા સખસોની તંદુરસ્તીમાં બિગાડ થાય, તે માણસને પાંચસેં રૂપીયા સુધીની દંડની, શિક્ષા કરવામાં આવશે.

સરિયામ રસ્તાપર બે ફીકરાઇથી હાંકવું અથવા સ્વારી કરવી.

૨૭૯. કોઇ સરિયામ રસ્તાપર જે શખસ કાંઇ ગાડી એવી બે ફીકરી અથવા ગફલતી ભરેલી રીતે હાંકે અથવા સ્વારી કરે કે તેથી માણસની જિંદગી જોખમમાં આવે, અથવા કોઇ બીજા શખસને વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય, તે શખસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

ટીકા—આ કલમ પ્રમાણેનો ગુન્હો ગાડીના માલીક ઉપર નહી પણ ગાડી હાંકનારની ઉપર આવે છે. રાણી વીરૂધ્ધ પરદુદેવ. વીકલી રીપોટ ૧૪ પ્ર. ૩૨

નાથો વગરના બળદોથી જોડેલી ગાડી ફક્ત હાંકવી એ આ કલમ પ્રમાણે ગુન્હો થતો નથી સરકાર વીરૂધ્ધ ગણપતી સાલુકે. મુ. હા. તા૦ ૧૨ આગષ્ટ, ૧૮૬૯ [ફોજદારી]

બે ફીકરાઇથી વહાણ ચલાવવું,

૨૮૦ જે સખશ કાંઇ વાહાણ એવી બે ફીકરી અથવા ગફલતી ભરેલી રીતે ચલાવે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે, અથવા બીજા કોઇ શખશને વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય, તે શખશને છ મહીનાની મુદત સુધીના બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ખોટું અજવાળું, નીશાણી અથવા બોયુ દેખાડવું.

૨૮૧. કોઇ માણસ કાંઇ ખોટું અજવાળું, અથવા નીશાણી અથવા બોયુ દેખાડે, એવા ઇરાદાથી કે તે દેખાડેથી કોઇ વાહાણ ચલાવનારો ઠગાય અથવા ઠગાશે એવો સંભવ છે એવું જાણીને, તો તે માણસને સાત વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ઘણો ભાર ભરેલાં અથવા દેસતવાળાં વાહાણમાં ભાડુકરીને કોઇ શખશને જળ માર્ગે લેઇ જવો

૨૮૨, જે વાહાણ એવી હાલતમાં અથવા એટલુ ભરેલુ હોય કે તેમાં જનારા શખશની જિંદગી જોખમમાં રહે, તેવા કોઇ વાહાણમાં બેસાડીને ભાડાને સારૂ જે માણસ જાણી બુઝીને અથવા ગફલતીથી કોઇ શખશને જળમાર્ગે લઇ જાય અથવા મોકલે. તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

શરિયામ રસ્તા અથવા વાહાણના રસ્તામાં ભય અથવા અડચણ કરવી.

૨૮૩. જે માણસ કાંઇ કામ કરવાથી અથવા પોતાના કબજા અથવા હવાલા માંહેલી કાંઈ મીલકતનો બંદોબસ્ત રાખવામાં કસુર કરવાથી ખુસ્કીના અથવા તરીના કોઇ સરિયામ રસ્તામાં કોઇ શખશને ભય, અડચણ, અથવા નુકશાન કરે; તે માણસને બસે રૂપીયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે.

કાંઇ જેહેરી પદાર્થથી ગફલતી ભરેલી ચાલ.

૨૮૪. કાંઇ જેહેરી પદાર્થથી જે માણસ કાંઇ કામ એવી બેફિકરી અથવા ગફલતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે અથવા કોઇ બીજા શખશને વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય અથવા જે માણસ પોતાના કબજામાં હેના જેહેરી પદાર્થ સબંધી, તે જેહેરી પદારથથી માણસની જીંદગીને કાંઇ સંભાવ્ય જોખ

મ થતુ અટકે, એવો બંદોબસ્ત રાખવામાં જાણી બુઝીને અથવા ગફ્લતથી કસુર કરે. તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીની દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે,

અગની અથવા શીઘ્ર જવાળાગ્રાહી પદાર્થો સંબંધી ગફ્લતી ભરેલી ચાલ.

૨૮૫, અગની અથવા કાંઇ શીઘ્રજવાળાગ્રાહી પદાર્થથી જે માણસ કાંઇ કામ એવી બે ફીકરી અથવા ગફ્લતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જિંદગી જોખમમાં આવે, અથવા કોઇ બીજા શખ્શને વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય, અથવા જે માણસ પોતાના કબજા માંહેના કોઇ અગની અથવા કાંઇ સીઘ્રજવાળાગ્રાહી પદારથ સંબંધી, તે અગની અથવા સીઘ્રજવાળાગ્રાહી પદારથથી માણસની જિંદગીને કાંઇ સંભાવ્ય જોખમ થતુ અટકે, એવો બંદોબસ્ત રાખવામાં જાણી બુઝીને અથવા ગફ્લતીથી કસુર કરે, તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

અવાજ સાથે ફુટે એવા કાંઇ પદારથ સંબંધી ગફ્લતી ભરેલી ચાલ

૨૮૬. અવાજ સાથે ફુટે એવા કાંઇ પદારથથી જે માણસ કાંઇ કામ એવી બે ફિકરી અથવા ગફ્લતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે, અથવા કોઇ બીજા શખ્શને વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય, અથવા જે માણસ પોતાના કબજા માંહેના અવાજ સાથે ફુટે એવા કાંઇ પદારથ સબંધી, તે પદારથની માણસની જીંદગીને કાંઇ સંભાવ્ય જોખમ થતું અટકે, એવો બંદોબસ્ત રાખવામાં જાણી બુઝીને અથવા ગફ્લતીથી કસુર કરે, તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની; અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ગુન્હેગારના કબજા અથવા હવાલા માંહેના કાંઇ સાંચા સબંધી ગફ્લતી ભરેલી ચાલ,

૨૮૭. કાંઇ સાંચાથી જે માણસ કાંઇ કામ એવી બેફિકરી અથવા ગફ્લતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જિંદગી જોખમમાં આવે, અથવા કોઇ બીજા શખ્શને વ્યથા અથવા નુકશાન થશે એવો, તે સંભવ દેખાય, અથવા જે માણસ પોતાના કબજા અથવા હવાલા માંહેના કાંઇ સાંચા સબંધી, તે સાંચાથી માણસની જિંદગીને કાંઇ સંભાવ્ય જોખમ થતું અટકે, એવો બંદોબસ્ત રાખવામાં જાણીબુઝીને અથવા ગફ્લતીથી કસુર કરે. તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની. અથવા એક હજાર રૂપીયા સુધીની દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ઇમારતો તોડી પાડવા અથવા તેઓને મરામત કરવા બાબત ગફ્લતી.

૨૮૮. કાંઇ ઇમારત તોડી પાડવામાં અથવા તેને મરામત કરવામાં જે માણસ તે ઇમારત બાબત, તે ઇમારતના અથવા તેના કોઇ ભાગના પડવાથી માણસની જિંદગીને કાંઇ સંભાવ્ય જોખમ થતુ અટકે; એવો બંદોબસ્ત રાખવામાં જાણીબુઝીને અથવા ગફ્લતીથી કસુર કરે; તે માણસને છ મહીનાની મુદત સુધીની કેદની, અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

કોઇ જાનવર સબંધી ગફ્લતી.

૨૮૯. જે માણસ પોતાના કબજા માંહેના કોઇ જાનવર સબંધી તે જાનવરથી માણસની જિંદગીને કાંઇ સંભાવ્ય જોખમ થતું અટકે અથવા મહાવ્યથાનું કાંઇ સંભાવ્ય જોખમ થતુ અટકે, એવો બંદો

જાનવર રાખવામાં જાણીજોઈને અથવા ગફલતીથી કસુર કરે તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા—પોતાનો ટટુ ગફલતથી બાંધ્યો તે છુટીને બજારમાં ઘણા લોકો જમાવ થયા હતા. ત્યાં દોડતો ગયો. તેથી લોકોના હાથ પગને ઇજા થઇ તેથી માજીસ્ત્રેટે તે ટટુના માલેકને આ કલમ પ્રમાણે દંડની શજા કરી. તેમાં કલકતા હાઇકોરટે ઠરાવ્યું કે આ કલમ જંગલી જાનવરોને લાગુ છે. એટલુંજ નહી, પણ તે કોઇ પણ જાનવરને લાગુ છે, શબબ અમે માજીસ્ત્રેટના હુકમમાં હાથ ઘાલતા નથી. અરજદાર ચંદનમલ વા. ૧૯ પાનું ૧ તા॰ ૨૯ નવેમબર ૧૮૭૨

લોકોપકારક કૃત્ય ની શીક્ષા.

૨૯૦ જે બાબતને સારૂ બીજી રીતે શિક્ષા કરવાનું આ કાયદામાં ઠરાવ્યું નથી એ બાબતમાં જે માણસ કાંઇ લોકાપકારક કૃત્ય કરે, તેને બસેં રૂપીઆ સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે.

બંધ કરવાની તાકીદ થયા પછી અપકારક કૃત્ય જારી રાખવું.

૨૯૧. ફલાણું લોકાપકારક કૃત્ય તું ફરીથી કરીશ અથવા જારી રાખીશમા એવી તાકીદ કરવાનો જે સરકારી નોકરને કાયદેસર અખતીયાર હોય તે સરકારી નોકર તેવી તાકીદ કીધાં છતાં, જે માણસ તે લોકોપકારક કૃત્ય ફરીથી કરે, અથવા જારી રાખે, તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે,

બીભત્સ પુસ્તકો નું વેચાણ વગેરે.

૨૯૨. કાંઇ બીભત્સ પુસ્તક, ચોપાનીયું, કાગળ, ચિત્ર, તસ્વીર પ્રતિમા અથવા આકાર, જે માણસ વેચે અથવા વેંહચે અથવા વેચવાને કે ભાડાને સારૂ પરદેશથી આ દેશમાં આણે અથવા છાપે, અથવા સર્વે લોકો જુએ એવી રીતે જાણી જોઇને દેખાડે, અથવા તેમ કરવાની કોશીશ કરે, અથવા તેમ કરવાનું કહે. તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બનેની, શીક્ષા કરવામાં આવશે.

અપવાદ—કોઇ દેવસ્થાન મધ્યે અથવા ઉપર, અથવા મુરતીઓને બેસાડવા સારૂ વપરાતા કોઇ રથ ઉપર, કોરેલી અથવા નકશી પાડેલી, અથવા ચીતરેલી, અથવા બીજી રીતે કાહાડેલી, અથવા ધરમ સબંધી કાંઇ કારણસર રાખેલી કે વપરાતી, કોઇ પણ પ્રતિમાને આ કલમ લાગુ પડતી નથી.

વેચવા અથવા દેખાડવા સારૂ બીભત્સ પુસ્તક કબજામાં રાખવું.

૨૯૩. ઉપલી કલમમાં લખ્યું છે તેવું બીભત્સ પુસ્તક અથવા તેવી બીજી કાંઇ વસ્તુ, વેચવા સારૂ, અથવા વેંહચવા સારૂ, અથવા સઘળા લોકોને દેખાડવા સારૂ, જે માણસના કબજામાં હોશે, તેને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે

બીભત્સ ગીતો.

૨૯૪. કોઇ જાહેર જગામાં અથવા જાહેર જગાની પાસે જે માણસ કાંઇ બીભત્સ ગીત, અથવા લાવણી, અથવા શબ્દો ગાઇ બોલી, અથવા ઉચ્ચારીને, બીજાઓને દુઃખ આપે, તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

"૨૯૪ અ—સરકારે હુકમ આપ્યો નહી હોય તેવી લોટરી કહાડવા સારૂ કાંઇ આફીસર [એટલે કચેરી] અથવા જગા જે માણસ રાખશે તેને ગણામાં વધી છ મહીના સુ

ધી એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા અથવા દંડ એ બંનેની શિક્ષા કરવી.

સોરતાની આફીસ રાખવી.

"અને સદરહુ પ્રકારની હરકોઇ સોરતામાં હરકાંઇ ટીકીટ અથવા લાટ અથવા નંબર અથવા અંક કાહાડવા બાબત, અથવા તેને લાગતી વળગતી ફલાણી વાત બનશે તો ફલાણા માણસના ફાયદા સારૂ ફલાણી રકમ અથવા માલ આપવામાં આવશે અથવા ફલાણી વાત કરવામાં આવશે અથવા કરવામાં આવશે નહી એવો હરકાંઇ ઠરાવ જે માણસ પ્રસિદ્ધ કરશે તેને એક હજાર રૂપીયા સુધી દંડ કરવો" (સને ૧૮૭૦ આકટ ૨૭ મા પ્રમાણે)

ટીકા —આ કલમ પ્રમાણે ગુન્હો શાબીત થવા માટે તોહોમતદારે કયાં બીભત્સ ગીતો ગાયાં અને તે કેવી રીતે બીભત્સ છે તે ખસુસ બતાવવુ જોઇએ એમ થયુન હોયતો તોહો મતદાર છુટી જાય, રાણી વીરૂધ ઉપેદ્રોનાથ દાશ અને બીજા—કલકતા હા. કો૦ ઇ૦ લા૦ રી૦ વા૦ ૧ પાનુ ૩૫૬. તા. ૨૦ મારચ ૧૮૭૬

ભાગ ૧૫મો

ધરમ સંબંધી ગુન્હાઓ બાબત

કોઇપણ જાતીના લોકોના ધરમને અપમાન કરવાના ઇરાદાથી કોઇ પુજાના ઠેકાણાને નુકશાન કરવું અથવા તેને ભ્રષ્ટ કરવું

૨૯૫. જો કોઇ માણસ કોઇ પુજાના ઠેકાણાનો અથવા જે પદારથને કોઇ પણ જાતિના લોકો પવિત્ર ગણતા હોય તે પદાર્થનો નાશ કરે અથવા તેને નુકશાન કરે કે ભ્રષ્ટ કરે એવા ઇરાદાથી કે તેમ કરીને કોઇ પણ જાતિના લોકોના ધર્મને અપમાન પોહોચાડવું, અથવા એવુ જાણીને કે એ પ્રમાણે નાશ અથવા નુકશાન અથવા ભ્રષ્ટ કરવાથી કોઇ પણ જાતિના લોકો પોતાના ધર્મને અપમાન પોહોચ્યું એમ સમજશે એવો સંભવ છે, તો તે માણસને બે વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની. અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઇ ધરમ સંબંધી મંડળીને અડચણ કરવી.

૨૯૬. કોઇ પણ મંડળી દેવપુજન અથવા ધરમ સંબંધી ક્રિયા કરવામાં કાયદા મુજબ રોકાએલી હોય તેને, જે માણસ બુદ્ધિપુરવક અડચણ કરે, તે માણસને એક વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એબંનેની, શિક્ષા કરવામાંઆવશે.

કુબરસ્તાન વગેરેમાં વગર રજાએ જવું

૨૯૭. કોઇ પણ સખશનુ દીલ દુખવવાના ઇરાદાથી, અથવા કોઇ પણ શખસના ધરમને અપમાન પોહોંચાડવાના ઇરાદાથી, અથવા એ કરવાથી કોઇ શખશનુ દીલ દુખશે અથવા કોઇ શખશનો ધરમને અપમાન પોહોચશે એવો શંભવ છે એમ જાણીને, કોઇ પુજાની જગામાં, અથવા કબરસ્તાનમાં, અથવા પ્રેતસંસ્કાર કરવા અથવા મુડદાં મુકવા સારૂ જુદી કાહાડેલી જગામા, જે માણસ વગર રજાએ પ્રવેશ કરે અથવા કોઇ પ્રેતનુ અપમાન કરે, અથવા પ્રેતસંસ્કાર કરવા સારૂ મળેલા કોઇ શખસોને અડચણ કરે, તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ધરમ સંબંધી કોઈ પણ સખશનુ દીલ દુખાવવાના પાકા ઇરાદાથી કાંઇ શબ્દ બોલવા વગેરે.

૨૯૮. ધર્મ સબંધી કોઇ પણ સખશનુ દીલ દુખવવાના પાકા ઇરાદાથી જે માણસ તે સખશ સાંભળે એમ કાંઇ શબ્દ બોલે, અથવા કાંઇ અવાજ કરે, અથવા તે શખશના દેખતાં કાંઇ ચાળા કરે અથવા તે શખશની દ્રષ્ટી પડે એમ કાંઇ પદારથ મુકે, તે માણસને એક વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

બાબ ૧૬ મો.

માણસના શરીર સબંધી ગુનાહાઓ બાબત.

જીંદગી સબંધી ગુન્હાઓ બાબત.

શિક્ષાણીય મનુષ્યવધ.

૨૯૯. મોત આણવાના ઇરાદાથી, અથવા જેથી મોત થવાનો સંભવ હોય એવું કાંઇ શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી, કાંઇ કામ કરીને અથવા ફલાણું કામ કરેથી મોત થશે એવો સંભવ છે. એમ જાણ્યા છતાં તે કામ કરીને, જે માણસ મોત આણે, તે માણસે શિક્ષાણીય મનુષ્યવધનો ગુનોહ કરયો એમ સમજવું.

દ્રષ્ટાંત.

(અ) મોત આણવાની ઇરાદાથી, અથવા તેથી મોત થશે એવો સંભવ છે એમ જાણીને, અ એક ખાડાની ઉપર લાકડીઓ ગોઠવીને ઘાસ પાથરે, અને તે જમીન મજબુત છે એમ માનીને જ તે પર ચાલતાં અંદર પડીને તેનો જીવ જાય, તે અ એ શિક્ષાણીય મનુષ્યવધનો ગુનાહ કરયો એમ સમજવું.

(બ) જ એક ઝાડી પાછળ છે એવું અ જાણે છે બ ને એ વાતની ખબર નથી. હવે જ નું મોત આણવાના ઇરાદાથી, અથવા એથી જ નું મોત થશે એવો સંભવ છે એમ જાણીને, અ બ ને તે ઝાડીમાં બંદુક ભરીને મારવાને લલચાવે. અને તે પ્રમાણે બ બંદુક મારીને જ નો પ્રાણ લે, તો એ ઠેકાણે બ કાંઇ ગુનાહનો તકશીરવાર નહી થાય એમ બની શકે છે. પણ અ એ શિક્ષણીય મનુષ્યવધનો ગુનોહ કરયો એમ સમજવું.

(ક) એક પક્ષીને મારીને તે ચોરી લઇ જવાના ઇરાદાથી તેને ગોળી મારવામાં અ એક ઝાડી પાછળ બેઠેલા બ નો જીવ લે, અને બ ત્યાં બેઠેલો છે એમ અ જાણતો ન હોય. તો એ ઠેકાણે અગર અ એક કાયદા વીરૂધ કામ કરતો હતો તો પણ તે શિક્ષાણીય મનુષ્યવધના ગુનાનો તકશીરવાર નથી, કેમકે તેણે બનો જીવ લેવાનો, અથવા જે કામથી મોત થવાનો સંભવ તેના જાણવામાં હોય એવું કાંઇ કામ કરીને મોત આણવાનો, ઇરાદો કરયો નહી હતો.

ખુલાશો ૧ લો—જે સખસને કાંઇ રોગ, વ્યાધી, કે શરીરની અશક્તતી થઇ હોય એવા કોઇ શખસને જે માણસ શરીરનુ નુકશાન કરે, અને તેથી કરીને પેલા શખસનું મોત

વેહેલું થાય તો તે માણસે તે શખસનું મોત આણ્યું એમ સમજવું.

ખુલાસો ૨ જો—જે ઠેકાણે કાંઇ શરીરના નુકશાનથી મોત થાય, તે ઠેકાણે જે સખસે તે શરીરનું નુકશાન કરયું હોય તેણે તે મોત આણ્યું એમ સમજવું. પછી અગર બગબર ઇલાજ કરેથી તથા હોંશીયાર હકીમની દવા કરેથી તે મોત થતું બચી સકત એમ હોય તો પણ.

ખુલાસો ૩ જો—માના પેટમાં માહેલાં બચ્ચાનું મોત આણવું તે મનુષ્યવધનો ગુનોહ નથી પણ કોઇ જીવતાં બચ્ચાનો કાંઇ પણ ભાગ બહાર નીકળ્યો હોય પછી તે બચ્ચાંથી શ્વાસોસ્વાસ ન લેવાયા હોય અથવા તે પુરેપુરૂં જનમ્યું ન હોય તો પણ તે જીવતાં બચ્ચાંનું મોત આણવું તે શિક્ષણીય મનુષ્યવધનો ગુનોહ થઇ શકે.

ટીકા—કોઇ સ્ત્રી પોતાના નાહાંના છોકરાને ખભે લઇને જતી છતાં આરોપીતે તેના ડોકા ઉપર અને ખભા ઉપર જોરથી માર માર્યો તેમાં એક ઠુંસો તે છોકરાના ડોકા ઉપર લાગવાથી તે છોકરો તુરત મરી ગયો. તેમાં એવો ઠરાવ થયો કે આરોપીતે છોકરાને વ્યથા કરી છે તે માહાવ્યથાના વરણ નીચે આવેછે. સરકાર વીરૂધ્ધ— સાહેરાય બં. લા. રી. કલકતા વા. ૩ પ. ૬૬૨

આરોપીતે પોતાની સ્ત્રીને પંછાડી તેની છાતી ઉપર ગોઠણીયા ભરાવ્યાં અને તેના મોહોડા પર ત્રણ જબરા ઠુંસા મારયા તેથી તે ઓરત મરી ગઇ. તેમાં ઠરાવવામાં આવ્યું કે આરોપીતનો ઇરાદો તેણીને મારી નાખવાનો હતો નહીં અને જે માર મારેલો તે ખુન કરવા જેવો ન હતો માટે આરોપીતે કરેલું કૃત્ય શીક્ષાણીય મનુષ્યવધ ગુન્હો છે. રાણી વીરૂદ્ધ ગોવીંદ ઈ. લા. રીપોટ. મુંબાઇ વા, ૧ પ. ૩૪૨.

કોઈ અઢારવરશથી વધારે ઉમરના શખશ પોતાની મેળે કોઇ અજાણ્યા વઇદ પાસે પોતાનો પુરૂષત્વનો નાશ કરાવે અને તેથી થયેલી પીડાથી તે શખશ મરીજાય તે એ વઇદ વીગેરે જેઓ એ કામમાં મદદગાર હોય તે ખુનના ગુન્હેગાર નહી પણ મનુષ્યવધના ગુન્હેગાર છે. રાણી વીરૂધ બાબુલન હીજરા. વીકલી રીપોટ ૫ પ. ૭

પોતાની સ્ત્રી સાથે છીનાળુ કરતાં કોઇને મારી નાંખેના, તે ખુનનો નહી પણ મનુષ્યવધના ગુન્હેગાર થાય છે. રાણી વીરૂદ્ધ ગોરચંદપોલી અને બીજા વી ૧ પ ૧૭

આ કલમમાં કહેલા સીક્ષાણીય મનુષ્ય વધની વ્યાખ્યા આ કલમમાંહેના ખુલાસાથી વધારે સમજાય છે.

ખુન. ૩૦૦. નીચે બાતલ કરેલી બાબતો મુકી દઇને બીજી સરવ બાબતોમાં શીક્ષાણીય મનુષ્યવધને ખુન સમજવું. પણ ક્યારે કે જો જે કામથી મોત થાય તે કામ મોત આણવાના ઇરાદાથી કર્યું હોય, તો અથવા,

૨ જી. કોઇ શખસને જેથી તે સખસનું મોત થાવાનો સંભવ તકશીરવાર માલુમ જાણતો હોય એવું કાંઇ શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી તે કામ કરયું હોય, તો, અથવા—

૩ જી. કોઇ સખસને કાંઇ શરીરનુ નુકશાન કરવાના ઇરાદાથી તે કામ કરયું હોય અને તે ઇરાદો કરેલું શરીરનું નુકશાન એવી રીતનું હોય કે ચાલતાં કુદરતી ક્રમ પ્રમાણે મોત કરવાને તે સમરથ હોય. તો, અથવા—

૪ થી. તે કામ એવું તુરત ભયંકર છે કે તેથી સો વશા મોત અથવા જેથી મોત થવાનો સંભવ છે એવું શરીરનું નુકશાન થશેજ, એમ તે કરનાર શખસ જાણતો હોય, અને મોત આણવાના અથવા ઉપલા પ્રકારના નુકશાનના જોખમમાં પડવા કાંઇ કારણ વિના તે શખસ તે કામ કરે, તો.

દષ્ટાંત.

[અ] ઝ ને મારી નાંખવાના ઇરાદાથી અ તેને ગોળી મારે, અને તેથી ઝ મરી જાય, તો અ એ ખુન કરયું, એમ સમજવું.

(બ) ઝ ને એવો રોગ થએલો છે કે એક સપાટો મારેથી તેનું મોત થવાનો સંભવ છે એમ જાણ્યા છતાં અ તેને શરીરનુ નુકશાન કરવાના ઇરાદાથી સપાટો મારે, અને તે સપાટાથી ઝ મરી જાય. તો અગર ચાલતા સુષ્ટિક્રમ પ્રમાણે સારી તંદુરસ્તીવાળા શખસનું મોત આણવાને તે સપાટો સમર્થ ન હોય તો પણ, અ ખુનનો તકશીરવાર છે. પણ ઝ ને કાંઇ રોગ થએલો છે એમ ન જાણતાં અગર અ તેને એક એવો સપાટો મારે કે તેથી ચાલતા સુષ્ટીક્રમ પ્રમાણે સારી તંદુરસ્તીવાળા શખસનું મોત ન થાય. તો એ ઠેકાણે, અગર તેનો ઇરાદો શરીરનું નુકશાન કરવાનો હોય તો પણ, જે મોત આણવાનો અથવા જેથી ચાલતા સુષ્ટીક્રમ પ્રમાણે મોત થાય એવુ શરીરનું નુકશાન કરવાનો ઇરાદો કરયો નહી હોય તો, અ ખુનનો તકશીરવાર છે એમ સમજવું નહી.

(ક) અ ઇરાદાથી ઝ ને એક તલવાર અથવા ડાંગથી જખમ કરે એવું કે તેથી ચાલતા સુષ્ટીક્રમ પ્રમાણે માણસનું મોત થાય. અને ઝ તે જખમથી મરી જાય, તો. એ ઠેકાણે અગર તેણે ઝનું મોત આણવાનો ઇરાદો ન કરયો હોય તો પણ અ ખુનનો તકશીરવાર છે એમ સમજવું.

(ડ) લોકોનું એક ટોળું મળેલુ છે તેમાં વગર કારણે અ એક ભરેલી તોપ છોડે અને તેથી તેઓમાંના એક જણનો જીવ જાય. તો અગર ફલાણા શખસનો જીવ લેવો એવો તેણે આગળથી વિચાર પુરવક ઇરાદો ન કરયો હોય તો પણ, અ ખુનનો તકશીરવાર છે એમ સમજવું.

શિક્ષણીય મનુષ્ય વધ ક્યારે ખુન નથી.

અપવાદ ૧ લો—ભારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન થવાથી જેની પોતાનો જીવ વશ રાખવાની શક્તી ગઇ છે એવી અવસ્થામાં છતાં કોઇ માણસ તે ક્રોધ ઉત્પન કરનાર શખસનું મોત આણે, અથવા ભુલથી કે ઇતેફાકન કોઇ બીજા શખસનું મોત આણે, તો તે શીક્ષણીય મનુષ્યવધ ખુન નથી.

ઉપલા અપવાદમાં નીચેની સરતો લાગુ પડે છે:—

પેહેલી,—કોઇ સખસને મારી નાખવા અથવા કાંઇ હાની કરવા સારૂ બહાનાં દાખલ તે ક્રોધ ગુનેગારે માગી આણેલો અથવા બુધિપુર્વક ઉતપન કરેલો ન હોવો જોઇએ.

બીજી.—કાયદા મુજબ, અથવા સરકારી નોકરીનો અખતીયાર અમલમાં લાવતાં કોઇ સરકારી નોકરે કરેલા, કોઇ વસ્તુથી તે ક્રોધ ઉતપન થએલો ન હોવો જોઇએ.

ત્રીજી.—ખાનગી બચાવનો હક કાયદા મુજબ અમલમાં લાવતાં કરેલી કોઇ વસ્તુથી તે ક્રોધ ઉતપન થએલો ન હોવો જોઇએ.

ખુલાસો—તે ક્રોધ એવો ભારે તથા આકસ્મીક હતો કે તેથી તે ગુનોહ ખુન થઇ શકે નહી. એ હકીકતની બાબત છે.

દષ્ટાંત.

(અ) ક્રોધ ઉતપન થાય એવું કાંઇ કામ અ એ કરયાથી ક્રોધાધીન થઇને-તે અવસ્થામાં અ. ઝ નું છોકરૂં ય છે તેને ઇરાદાથી મારી નાખે, તો તે ખુન સમજવું, કેમકે તે ક્રોધ ઉતપન થવાનું કામ તે છોકરાએ કરયું નથી

અને તે ક્રોધથી થએલું કાંઇ કામ કરવામાં ઇરાદાપૂર્વક અથવા કમનસીબી તે છોકરાનું મોત થયું નથી.

(બ) અ ને ભારે તથા આકસ્મીક ક્રોધ ઉતપન થાય એવું કાંઇ કામ ય કરે. અને તેથી ક્રોધ ચઢીને અ ય ની ઉપર એક પિસ્તોલ છોડે, અને પાસે ઉભેલો પણ નહી દીઠેલો ઝ તેથી મરી જાય, પણ તેને મારી નાખવાનો અ એ ઇરાદો ન કરયો હોય તથા પોતાને હાથે તેનું મોત થવાનો સંભવ પણ અ એ જાણ્યું ન હોય. તો એ ઠેકાણે અ એ ખુન નહી, પણ માત્ર શિક્ષણીય મનુષ્યવધ કરયો એમ સમજવું.

(ક) અ ને એક નાજરનો સીપાઈ ઝ કાયદા મુજબ પકડે, અને તે પકડાવાથી આકસ્મીક તથા ભારે ક્રોધ ચડીને અ ઝ ને મારી નાખે. તો એ ખુન સમજવું કેમકે ક્રોધ જે ઉત્પન થયો તે એક સરકારી નોકરે પોતાના અખતિયાર અમલમાં લાવતાં કરેલી વસ્તુથી ઉતપન થયે

[ડ] એક ઝ માજીસ્ટ્રેટની આગળ અ સાહેદ દાખલ હાજર થાય, અને ઝ એ મ-માણે બોલે, કે અ ની જુબાનીમાંનો એક શબ્દ પણ હું માનતો નથી, તથા અ એ ખોટી સાહેદી પુરી છે. અને એ સબ્દ સંભળીને આકસ્મિક ક્રોધ ચઢી ને અ ઝ ને મારી નાખે, તો એ ખુન સમજવું.

[ઈ] ઝ નું નાક ખેંચવાની અ કોશીશ કરે અને તેને તેમ કરતાં અટકાવવા સારૂ, ખાનગી બચાવનો હક અમલમાં લાવીને, ઝ અ નો હાથ પકડે તેથી આકસ્મિક તથા ભારે ક્રોધ ચડીને અ ઝ ને મારી નાખે, તો એ ખુન સમજવું, કેમકે ક્રોધ જે ઉત્પન થયો તે ખાનગી બચાવનો હક અમલમાં લાવતાં કરેલી વસ્તુથી ઉત્પન થયો.

(ફ) ઝ બ ને મારે, તેથી બ ને ભારે ક્રોધ ચઢે, અને તે ક્રોધનો લાભ લેવાના ઇરાદાથી તથા તેની પાસે ઝ ને મારી નાખવાના ઇરાદાથી એક પાસે ઉભેલો માણસ અ તે કારણસર બ ના હાથમાં એક છરો આપે, અને તે છરાવતી બ ઝ ને મારી નાખે તો એ ઠેકાણે બ એ માત્ર શિક્ષણીય મનુષ્યવધ કરયો એમ થઇ શકે, પણ અ તો ખુનનો તકશીરવાર છે એમ સમજવું.

અપવાદ ૨ જો—કોઇ માણસ શુદ્ધ બુદ્ધિએ શરીર અથવા મીલકતના ખાનગી બચાવનો હક અમલમાં લાવતા કાયદાએ તેને આપેલા અખતીયારની હદની બાહાર જાય, અને, આગળ વિચાર કરયા વિના, તથા તે બચાવ કરવામાં જરૂર કરતાં વધારેહાની કરવાના ઇરાદા વગર જે શખસની સાહામાં તે બચાવનો હક અમલમાં લાવતો હોય તે સખસનું મોત આણે, તો તે શિક્ષણીય મનુષ્યવધનું ખુન નથી.

દ ષ્ટાંત.

અ ને મહાવ્યથા ન થાય એવી રીતે ઘોડાની ચાબુકથી તેને મારવાની ઝ કોશિશ કરે, અ એક પીસ્તોલ ખેંચી કહાડે, ઝ હુમલામાં જારી રહે, અને ચાબુકનો માર પડતો બીજા કોઇ ઇલાજથી અટકશે નહી એવું શુદ્ધબુદ્ધિએ માનીને અ ગોળી મારીને ઝ નો પ્રાણ લે, તો અ એ ખુન નહી, પણ માત્ર મનુષ્યવધ કરયો એમ સમજવું.

અપવાદ ૩ જો—કોઇ માણસ સરકારી નોકર હોય અથવા સરકારી ઇનસાફના વધારો કરવાને કામ કરનાર કોઇ સરકારી નોકરને સહાય કરતો હોય તો માણસ કાયદાએ તેને આપેલા અખતિયારની હદની બહાર જાય; અને, સરકારી નોકર દાખલ પોતાની ફરજ

અગાઉથી જાને બચાવવાને માટે પોતે જે કામને શુધબુદ્ધિએ કાયદેસર તથા જરૂર માનતો હોય એવું કાંઇ કામ કરવાથી તે મોત આણે, પણ જે શખસનું મોત થાય તે શખસની ઉપર તેનો કાંઇ દ્વેષભાવ ન હોય, તો તે શિક્ષાણીય મનુષ્યવધ ખુન નથી.

અપવાદ ૪ થો—આગળ વિચાર કરયા વિના એકાએક ઝગડો થઇને ઘણો ક્રોધ થઈ ગયો હોય તેવામાં એકાએક મારામારી થઇને, શિક્ષાણીય મનુષ્યવધ થાય અને તે ગુનો કરનારે કાંઇ ગેરવ્યાજબી ફાયદો લીધો ન હોય, અને તે ઘાતકી રીતે અથવા નવાઇની રીતે વર્ત્યો ન હોય તો તે શિક્ષાણીય મનુષ્યવધ ખુન નથી.

ખુલાસો—એવી બાબતમાં ક્રોધ ઉતપન કરનાર કોણ, અથવા પહેલો હુમલો કરનાર કોણ, એ વાત કાંઇ જરૂરની નથી.

અપવાદ ૫ મો—જે શખસનું મોત થયું હોય તે શખસ અઢાર વરસથી વધારે ઉમરનો છતાં તેણે પોતાની રજામંદીથી પોતાનું મોત થવા દીધું હોય, અથવા મોતનું જોખમ માથે લીધું હોય, તો તે ઠેકાણે શિક્ષાણીય મનુષ્યવધ ખુન નથી.

દ્રષ્ટાંત.

ઞ ઢરાડ વરસથી ઓછી ઉમરનો એક શખસ છે તેને ઉશ્કેરીને અ ખુશીપુર્વક તેની પાસે આત્મઘાત કરાવે તો એ ઠેકાણે ઞ ની નાની ઉમરના સબબથી જ પોતાનું મોત થવા બાબત પોતાની રજામંદી આપવાને અશક્ત, માટે અ એ ખુન કરવામાં મદદગારી કરીએમ સમજવું.

ટીકા—એક સરકાર વીરૂદ્ધ રહેમુદ્દી વીગેરે કલકતા હાઈકોરટ વાલ્યુમ ૫ પાનુ ૩૧,ના કામમાં ઠરાવ થયો કે કામની હકીકત ઉપરથી સાફ દેખાય છે કે તે મારામારીની વખતે અસરૂદીનએ હાજર હતો અને તે ટકાટીનો ધંધો કરનાર છતાં તે કામમાં હુંશીયાર હતો. અને તેની સાથે જે બીજા લોક હતા તેઓપણ ધંધો કરનારા બાક્ષવાળા હતા તે સરવે એ મળીને મુકામ આ મારામારી કરી૦ અને મારામારીનો પરીણામ શો થશે એ તેમને માહીત છતાં તેઓએ આ કામ કીધુ સબબ આ કામ પીનલકોડ કલમ ૩૦૦ના ચોથા અને પાંચમા અપવાદ નીચે આવે છે એવા કારણથી સેશન જડજે કેદીને કેટલી મુદતની સખત મજુરીની કેદની શિક્ષા કરી છે પરંતુ આ કામમને સદરહુ કલમના અપવાદ લાગુ પડતા નથી અને કલમ ૩૦૨ અને ૧૪૯ મળીને આ ગુન્હો થયો છે એવા અભીપ્રાયથી સેશન જડજની કરેલી શિક્ષાઉપર થએલી અપીલ ના મંજુર કરી કેદીને છવતાં સુધી સમુદ્રપારની શીક્ષા કરી,

એ ટોળામાંના ઘણા લોકોએ પોતાની પાસે પ્રાણઘાત હથીયાર લઇ જાણી બુજી દંગો કર્યો તેમાં એક માણસથી મરાયો તે પાકી વયનો હતો એમ પુરાવા ઉપરથી દેખાય છે અને જે ટોળાવાળાનો તે માણસ છે તે ટોળાના વિરૂદ્ધ ટોળાએ અયોગ્ય રીતે કામ ચલાવ્યાથી તે મુઓ નથી એમ દેખાય છે. તો તે ગુન્હો ખુનનો નથી પણ ખુન નહી એવા શીક્ષાણીય મનુષ્યવધનો છે જુઓ આ કલમનો અપવાદ પાંચમો—સરકાર વિરૂદ્ધ સમશેરખાન અને બીજા કલકતા હાઇકોરટ રી. વા. ૬—પાનુ ૧૫૪ તા૦ ૧૬ મી જુલાઈ ૧૮૮૦

જે શખસનું મોત આણવું ધારયું હોય તેથી કોઇ જુદા શખસનું મોત થાય, તો તે શિક્ષાણીય મનુષ્યવધ

૩૦૧. જે વસ્તુથી મોત આણવાનો ઇરાદો કરયો હોય, અથવા જેથી મોત થવાનો સંભવ છે એમ પોતાના જાણવામાં હોય, એવી કાંઇ વસ્તુ કરવાથી અગર કોઇ શખસ જેનું મોત આણવાનો તેણે ઇરાદો નહી કરયો હોય અને જેનું મોત પોતાથી થવાનો સંભવ તેના જાણવામાં પણ ન હોય, એવા કોઇ શખસનું મોત આણીને શિક્ષાણીય મનુષ્યવધ કરે, તો જે શખસનું મોત આણવાનો તેણે ઇરાદો

વિશે. કરયો, હોય, અથવા જેનું મોત પોતાથી થવાનો સંભવ તેના જાણ્યા માં હોય તે શખસનું અગર પણે મોત આણ્યું હોત, તો તે જે પ્રકારના શિક્ષાણીય મનુષ્યવધ થાત, તેજ પ્રકારનો તે ગુનેહગારે કરેલો મનુષ્યવધછે એમ સમજવું.

ખુનની શિક્ષા. ૩૦૨. જે માણસ ખુન કરે તેને મોતની અથવા જીવતા સુધી સમુદ્રપારની શિક્ષા કરવામાં આવસે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—એક શખસે એક સ્ત્રીને તેનો ગરભ ગાળવાને તેને કાંઇ ઝેરી વસ્તુ આપી તેથી તે સ્ત્રીનું મોત થયું એ ઝેરી પદાર્થ આપતી વખતે એ સ્ત્રીનું મોત થશે એવુ તે જાણતો નહી હતો તેમાં ઠરાવવામાં આવ્યું કે આરોપીતે આ કલમ પ્રમાણે નહી પણ કલમ ૩૧૪ પ્રમાણેનો ગુન્હો કરયો કહેવાય. રાણી વીરૂધ કાલીચંદ્ર ગોપી. અને બીજા વી. રી. ૧૦ પાનુ. ૫૯

બુધ્ધીપુર્વક માહાવ્યથા કરયાથી ખુન થયું હોય એવા કામમાં જે મોત થયું છે, તે બુધી પુર્વક માહાવ્યથામાંથી થએલા કૃત્યજ થયુ છે એમ શાબીત થવું જોઇએ. રાણી વારૂધ મહમદ હુશેન. કોઈ. ડા. મ. ૩૫૮

વળી જુઓ કલમ ૩૦૦ ઉપરની ટીકા.

આ કલમ પ્રમાણે આરોપીતને મોતની શીક્ષા કરવામાં આવે ત્યારે મોતની શીક્ષાના હુકમનો અમલ કરવાની જગા તથા વખત સેસન જડજે ઠરાવવો જોઇએ. અને મુકદમું શી રીતે કરવું તે પણ તેમણે નકી કરવું જોઇએ કલકતા હાઇકોરટ ન. ૨૫૯. રૂ.-૭૯

એક ઓરતે પોતાના તુરતનાં જન્મેલાં બે છોકરાં મારી નાખ્યાં, તેને શેસન જડજે મોતની શીક્ષાનો હુકમ કરયો, સેસન જડજનો હુકમ હાઇકોરટે ફેરવ્યો તે એટલા સબબ ઉપરથી કે કાયદા બાંધનારી શભાએ બે સજાઓનો ઠરાવ કરતાં ખુનમાં પણ દરજા કેટલા છે એમ કબુલ કરયુ છે બાળકનો જન્મ થયા પછી તુરતજ સ્ત્રીના દુઃખ ઉપર વીચાર કરતાં અને આવા પ્રકારનાં કૃત્ય અને ચોરી તથા વેરને સારૂ જાણીબુજીને કરેલા ખુનમાં થતા નીતી પ્રકૃતીનો મુકાબલો કરતાં હાઇકોરટે ઠરાવ્યું કે જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા કરવી તે યોગ્ય શીક્ષા છે રાણી વીરૂધ બીરાઇ—૭ મદ્રાસ જુરીષ્ટ. ૨૮૬.

કોરટે ઘણાજ આગેવાન શખશને શોધી કાહાડવા જોઇએ અને પછી તેમને મોતની શીક્ષા કરવી બીજાઓને ઉતરતી પાયરાએ શીક્ષા કરવી, ૨. વી. રી. ક્રી. લેટર. ૨

જ્યારે મારીનાખવાનો ઇરાદો ન હોય, પણ ફકત પ્રાણઘાતક હથીયારથી બેપરવાહી હુમલો કરી શરીરને શુષ્ટીના નીયમ મુજબ ઘાવ કરી મોત થાય એવું નુકશાન પોચાડ્યુ હોય ત્યારે મોતની સીક્ષા ન કરવી જોઇએ. રાણી વીરૂધ બાયાઝશેખ. ૫. વી. રી. ક્રી. રૂ, ૨૦

નીસામાં ખુન કરયુ હોય તો તેને મોતની શીક્ષા કરી છતાં તે બદલવાનો શબબ છે. રાણી વીરૂધ રામનાથ ગવાલ. ૩ વી. રી. ક્રી. રૂ. ૨૭ તો પણ રાણી વીરૂધ મુઅકાવતી ગોસાઇના કેસમાં કેદીને ફાંશી દેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. ૫ વી. રી. ક્રી. રૂ ૫૮

ખુનનું તોહોમત સાબીત થાય તો કાયદેશર શીક્ષા ફકત ફાંશીની કે દેશનીકાલની થઇ શકે છે રાણી-વી. બાજીદાશ અને બીજા ૧૪ વી. રી, ક્રી. રૂ. ૨

જનમ ટીપના ગુનેહગારે કરેલા ખુનની શિક્ષા. ૩૦૩. જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાનો હુકમ જે માણસની ઉપર થએલો હોય, તે માણસ અગર ખુન કરે, તો તેને મોતની શિક્ષા કરવામાં આવશે.

ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષાણી ૩૦૪. ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષાણીય મનુષ્યવધ જે માણસ કરે, તે માણસને, અગર જે કામથી મોત થયું હોય તે કામ તે

મનુષ્યવધની શિક્ષા.

જો મોત આણવાના ઇરાદાથી, અથવા જેથી મોત થવાનો સંભવ હોય એવું કાંઇ શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી, કર્યું હોય તો, જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે કામથી મોત થવાનો સંભવ છે, એમ જાણીને, પણ મોત આણવાના અથવા જેથી મોત થવાનો સંભવ હોય એવું કાંઇ શરીરનું નુકશાન કરવાના ઇરાદા વગર, તે કામ તેણે કર્યું હોય, તો તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ગફલતથી મોત થાય.

"૩૦૪. અ—શિક્ષાણીય મનુષ્યવધ કરતાં ઉતરતા દરજાનું હરકોઇ અવીચારનું અથવા ગફલતી ભરેલું કામ કરીને કોઇ માણસ કોઇનું મોત લાવે તો તેને ઘણામાં ઘણા બે વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવી. અથવા દંડ કરવો, અથવા એ બેઉ શિક્ષા કરવી"
(સને ૧૮૮૦ ના આકટ ૨૭ મા પ્રમાણે.)

ટીકા—કોઇ શખસે માર માર્યો અને રોગથી ભરાયેલી તલી ફુટી જવાથી તે મરી ગયો. એ બાબતમાં એમ ઠરાવ્યું કે આ કામને પીનલકોડ કલમ ૩૨૧ બુદ્ધિપુરવક વ્યથા કરવાની યોગ્ય રીતે લાગુ પડે છે. ગફલતથી મૃત્યુ આણવા બાબતની કલમ ૩૦૪ અ. લાગ પડતી નથી— સરકાર વીરૂધ બાવાજી બીન સંભા મુ૦ હા૦ તા. ૨૩ ફેબ્રુઆરી ૧૮૭૨

તોહોમતવાળાને તેના સાથીએ નીશાની હોસતોશીમાં અપમાન કરયાથી તેણે તેને જમીન ઉપર નાખી દઇ તેના પાડેલા શરીર ઉપર પોતાના પગો ચાંપી બે વાર દાબી નાખ્યા એ કૃત્યથી પડી ગએલો શખસ વીસ દીવસમાં મરી ગયો. તેમાં એમ ઠરાવ્યું કે તોહોમતવાળાના એ કૃત્યથી પીનલકોડ કલમ ૩૨૩ મુજબ શીક્ષા થઇ શકે એવો આપ ખુશીથી વ્યથા કરવાનો ગુન્હો બન્યો કાંઇ કલમ ૩૦૪ અ મુજબ બન્યો નથી.—સરકાર વિરૂધ રડકયા બહાદૂર. મુ. હા, તા. ૯ અકટોબર ૧૮૭૨

એક શખસે પોતાની આઠ વરસની ઓરતને લાત મારી તેથી તે છોકરીના આંતરડાં ફુટી જવાથી તે મરી ગઇ. આ કેસમાં સેશન જડજે તોહોમતવાળાને આ કલમ અ પ્રમાણે ગુન્હો સાબીત કરી એક વરસ કેદની શીક્ષા કરી. તેમાં હાઇકોરટે ઠરાવ્યું કે શશક્ત રાગીર છોકરીના પેટમાંનાં આંતરડાં ફુટી જશે એવી રીતે તેને લાત મારવી એ કૃત્ય, તે માણસને પોતાના કૃતયથી બીજાનો જીવ જવાનો સંભવ છે. એમ માહીત છતાં તેણે કર્યું છે એમ શમજવું જોઇએ શબબ કેદીને કરેલી શીક્ષા રદ કરી. ક. ૩૦૪ અ ના આધારે કેદીને શીક્ષા વધારી તેને પાંચ વરશની શખત કેદની શીક્ષા આપી છે,—સરકાર વીરૂધ ખેતબદમંદલ કલકતા હાઇકોરટ. વા. ૪ પાનું. ૭૬૪ તા. ૨૯ ફેબ્રુવારી ૧૮૭૯

બાણાથારીના રોગવાળા શખસને એક ગડદો મારવાથી તે મરી જાય તો, આ કલમ પ્રમાણે ગુનો નથી પણ તે બુધી પુરવક વ્યથા કરયાનો ગુનો થાય છે. સરકાર વીરૂધ રેહેમુદીન નાજીર મહમદ અને બીજા કલકતા. હા. વા. ૫. પ. ૩૧ તા. ૨૨ અપ્રેલ ૧૮૭૯

સરકાર વીરૂધ ગણેશ અને ગોપીદુલનાથ કામમા નામદાર કલકતાની હાઇકોરટે એવો ઠરાવ કીધો કે, આરોપીત ગણેશે છોકરાને નાગ કરડાવવો એવો તેનો ઇરાદો નો હોય પરંતુ જે કૃત્યથી તે છોકરાનો જીવ ગયો તે કૃત્ય જીવ જવા શરખું હતું. એમ તેને માહીત હતું બદ્રૂ તો પણ તેનો જીવ લેવો એમ ગણેશનો ઇરાદો નોહોતો શબબ ગણેશ એ પીનલકોડ કલમ ૩૦૪ પ્રમાણે ખુન નથી એવા શીક્ષાણીય મનુષ્યવધ કરયાનો ગુનેગાર છે અને કલમ

૩૦૪ એ પ્રમાણે કસુરથી જીવ લીધા બદલના તે અપરાધી નથી સબબ ગણેશને ત્રણ વરસની સખત મજુરીની કેદની શીક્ષા કરવી જોઇએ અને ગોપીએ તેમાં ઘણો ભાગ નહી લેવાથી તેને ફક્ત એક વરસની શીક્ષા આપ્યા છતાં બસ છે. વા. ૫, પાનુ ૩૫૧—તા૦ ૨૮ જુલાઇ ૧૮૭૯

જે માણસને તલીનો રોગ છે એવા માણસને બીજા કોઇ માણસ તે જે વ્યથા કરનાર તેનાથી મરણ પામશે એમ માહીત નહી છતાં અથવા જીવ લેવાનો ઇરાદો નહી છતાં પોતાનું કૃત્ય મોતનું કારણ થશે. એમ માહીત નહી છતાં તે કાંઇ કૃત્ય કરેલો તે બીજા માણસનું એ કૃત્ય શીક્ષાણીય મનુષ્યવધનો ગુનો થતો નથી. પણ કલમ ૩૨૩ પ્રમાણેનો ગુનો થાય છે સરકાર વીરૂધ ફાકસ અલ્હાબાદ હાઇકોરટ વા. ૨. પ્ર. ૫૨૨ તા. ૧૬ ડીશંબર ૧૮૭૯ તેજ પ્રોરણ ઉપર સરકાર વીરૂધ ઓબ્રોન વા. ૨. પાનુ ૭૬૬ તા૦ ૬ મારચ ૮૦ નો થએલો ઠરાવ. જુઓ તેમજ સરકાર વીરૂધ અચારજી મદ્રાસ હાઇકોરટ રીપોટ વા. ૧ પાનુ ૨૨૪ તા. ૧૯ જાનેવારી ૭૭ ના કામમાં થએલો ઠરાવ એક શખ્સને આરોપીતે ધકો મારવાથી તે મરી ગયો તેથી આ કલમ પ્રમાણે ગુન્હો થતો નથી. પણ ૩૨૩ પ્રમાણે થાયછે.

એક ચોરને ગુન્હો મનાવવા માટે પોલીસના માણસોએ ઘણા ઘાતકી રીતે તેને ડામ દીધા. એ બાબત એમ ઠરાવવામાં આવ્યું કે, એ ડામ દેવાથી તેનું મોત થશે અથવા તેના શરીરને હાની થશે એવું તોહોમતદારોને માહીત છતાં તેણે એવા ડામ દીધા માટે તેઓ મનુષ્યવધ કરવાના ગુન્હેગાર છે. વીકલી રીપોટ ૭ પ્રા. ૫૪

જે કૃત્ય પોતે કરેછે તેનુ પરીણામ ભયંકર નીવડશે એવુ જે તોહોમતદારને માહીત છતાં સાધારણ સંભાળ રાખ્યા વગર એ કૃત્ય કરે અને તેથી ખુનનીવડે તો તે આ કલમ ૨૮મ અ પ્રમાણે ગુન્હો છે;—કેશરહીંદ વીરૂધ, પીતાંબરી મંડળ ઇંડીયનલા રીપોટ વા૦ ૪ પ્ર. ૭૬૪ કલકતા.

કોઇ બાળક અથવા દીવાના શખશને આત્મઘાત કરવામાં મદદગારી કરવી,

૩૦૫. જો હરાડ વરસથી ઓછી ઉમરના કોઇ શખશ, અથવા કોઇ દીવાના શખશ, અથવા કોઇ ચળેલો શખશ, અથવા જન્મથી ગાંડો એવો કોઇ શખશ, અથવા કેફની હાલતમાં હોય, એવો કોઇ શખશ આત્મઘાત કરે, તો તે આત્મઘાત કરવામાં જે માણસ મદદગારી કરે, તે માણસને મોતની અથવા જીવતા સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

આત્મઘાતમાં મદદગારી.

૩૦૬. જો કોઇ શખશ આત્મઘાત કરે, તો તે આત્મઘાત કરવામાં જે માણસ મદદગારી કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુનની કોશીશ.

૩૦૭ જો કોઇ માણસ એવા ઇરાદા અથવા જ્ઞાનથી, તથા એવી હાલતમાં કાંઇ કામ કરે કે અગર તે કામથી તે મોત આણેતો, તે માણસ ખુનનો તકસીરવાર થાય, તો તે માણસને દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે; અને તે કામથી અગર કોઇ શખશને વ્યથા થાયતો, તે ગુનેગાર અગર તો જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાને, અથવા ઉપર લખેલી છે તે શિક્ષાને લાયક થશે.

જન્મ દીપના ગુ

" જે માણસના ઉપર જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાનો હુકમ

નગારેએ કોશીશ ક થઇ ચુકોલ્લી હોય તે માણસ આ કલમ પ્રમાણે ગુનો કરશે અને તે
રવી, ના તેજ ગુનાથી વ્યથા થઇ હોય તો તેને મોતની શિક્ષા થઇ શકશે.
(સને ૧૮૭૦ ના આકટ ર૭ પ્રમાણે)

દ્રષ્ટાંતો.

(અ) ઝ ને મારી નાંખવાના ઇરાદાથી અ ઝ ને ગોળી મારે, એવી હાલતમાં કે અગર ઝ નુ મોત થાય તો અ ખુનનો તકશીરવાર થાય, અ આ કલમ મુજબ શિક્ષાને લાયક છે,

(બ) એક કુમળા વયના બચ્ચાનુ મોત આણવાના ઇરાદાથી અ તે બચ્ચાંને એકજંગલમાં ખુલ્લુ મુકે તો, પછી તે બચ્ચાનુ મોત ન થાય તો પણ અ એ આ કલમમા બ્યાન કરેલો ગુનો કર્યો એમ સમજવું.

(ક) ઝ નુ ખુન કરવાના ઇરાદાથી અ એ એક બંદુક વેચાતી લઇને તેને ભરી, હજુ સુધી અ એ ઉપર લખેલો ગુનો કર્યો નથી. અ તે બંદુક ઝ ની ઉપર છોડે, તો તેણે આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરયો એમ સમજવુ અને અગર તે બંદુક છોડવાથી ઝ ને જખમ થાય તો આ કલમના પાછલા ભાગમાં ઠરાવેલી શિક્ષાને તે લાયક છે.

(ડ) ઝેર ખવડાવીને ઝ નુ ખુન કરવાના ઇરાદાથી અ કાંઇ ઝેર ખરીદ કરે. અને તે ઝેર કાંઇ ખોરાકમાં ભેળવે, અને તે ખોરાક અ ના કબજામાં રહે, તો ત્યાં સુધી અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરયો નથી પણ અ તે ખોરાક ઝ ની ટેબલપર મેલે, અથવા ઝ ની ટેબલપર મેલવા સારૂ તે ખોરાક ઝ ના ચાકરોને આપે, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો એમ સમજવુ.

ટીકા—એક વીધવાએ એક બાળકનો પ્રસવ કીધો તે બાબત પોલીસના જાણવામા આવ્યાથી પોલીસના માણસો તાબડતોબ તપાશ કરવા ગયા તોમતદારે લોકો ન દેખે એટલાજ માટે જન્મેલા બાળકને છુપાવ્યુ હતુ અને તે રોશે તો હમણાં આવેલા લોકો જાણસે એવા હેતુથી તે બાળકના મોંમાં ડુચો ઘાલ્યો હતો, આ કામમાં તોહોમતદાર ચીમા અને તેની મા બંનેના ઉપર તોહોમત રાખી સેશન કમીટ કરવામાં આવેલાં સેસન જડજે ચીમાને આ કલમ મુજબ ગુન્હેગાર ઠરાવી સાત વરશની સખત કેદની શીક્ષા કરી અને તેની મા ઉપર કાંઇ પુરવ નથી એમ ઠરાવી તેને છોડી દીધી.

આ કામમાં નામદાર હાઇકોરટને તોહોમતદારે અપીલ કરી તેમાં ઠરાવ થયો કે. આરોપીતપર જે મોટા તોહોમતનો ગુન્હો ઠરાવવામાં આવ્યો છે તે તોહોમત તેનાપર કાયમ રાખવાને આ કામમાં ભરપુર પુરાવ નથી. પોલીશના લોકોનો પુરાવ છે, તે આ કામમાં આરોપીત વીરૂદ્ધ ગણવામાં આવ્યો છે. એ બરોબર કરયું નથી આરોપીતે ગર્ભ છુપાવવાને કાંઇ કરયું નથી. અને બાળક થવાના પ્રસંગે ટોળા બંધ લોકો જવાથી સારૂ પરીણામ થવાનું તે વાત બાજુપ રહી ઉલટો પરીણામ થયો.

આરોપીત તથા તેની મા ઉપર ખુન કરવાનો યત્ન કરવાનો અપરાધ હતો અને સેસન જડજે તે અપરાધ ચીમાપર કાયમ રાખી તેની મા પર ખુન કરવાને સાહ્ય કરવાનો અપરાધ રાખ્યો પરંતુ ચીમા જે અપરાધ કરતી હતી તે સુલભ રીતે થાય તેને માટે તેની મા ત્યાં હાજર હતી. તો પી. કો કા. ૧૧૪ પ્રમાણે ચીમા અને તેનો એકજ અપરાધ છે અને ચીમાપરથી તે અપરાધ કમી ન થાય તો તેની માપરનો તેની માપરથી પણ કમી ન થાય,

ચીમાપર અપરાધ ઉપરના કારાણથી રદ કરી તેને શીક્ષામાંથી મુક્તકરી. સરકારવીરૂધ ચીમા. મુ. હા. કો વા. ૮— પ. ૧૬૪ તા. ૬ જુલાઇ ૧૮૭૧

શિક્ષાણીય મનુષ્ય વધ કરવાનીકોશિશ — ૩૦૮ જો કોઇ માણસ એવા ઇરાદાથી અથવા જ્ઞાનથી, અથવા એવી હાલતમાં, કાંઇ કામ કરે છે. અગર તે કામથી તે મોત આણે તો, તે માણસખુનથી ઉતરતા દરજાના મનુષ્યવધનો તકશીરવાર થાય. તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની, કેદની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવસે; અને તે કામથી અગર કોઇ માણસને વ્યથા થાય, તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત

ભારે તથા આકસ્મિક ક્રોધ ઉતપન થયાથી અ ઝ ના ઉપર એક પિસ્તોલ છોડે. એવી હાલતમા કે. અગરતેમ કરયાથી મોત થાય તો ખુનથી ઉતરતા દરજાના મનુષ્યવધનો તે તકશીરવાર થાય, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનોહ કરયો એમ સમજવું.

આત્મઘાત કરવાની કોશિશ. — ૩૦૯. જે માણસ આત્મઘાત કરવાની કોશિશ કરે, તથા તે ગુનોહ કરવા તરફ કાંઇ કામ કરે, તે માણસને એક વરસની મુદત સુધીની આશાન કેદની અથવાં દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે-

ટીકા—આ કલમ પ્રમાણે ગુન્હામાં એકલી દંડની શીક્ષા થાય નહી, રાણી વીરૂધ ચેનવી આવા.મુ. હા. કો, રી, વા ૧—પ. ૪

કોઇ સ્ત્રી સતી થાય તેની પાછળ ચીતા સુધી જઇને રામરામ કરે અને તેની સાથેતેઓ આ ગુન્હો શેહેલ કરવામાં ગણાય. રાણી વીરૂધ મોહીત પાંડે આ. હા રી, વા. ૩ પ. ૩૧૬

ઠગ. — ૩૧૦ આ આકટ પસાર થયા પછી કોઈ પણ વખતે જે માણસ ખુનના ઉપાયથી. અથવા ખુન સાથે અપહરણ અથવા છોકરા ચોરવાને ગુનોહ કરવાના કારણસર નિત્ય કોઇ બીજા માણસ અથવા માણસોની જોડે મળેલો રેહેશે. તે માણસને ઠગ સમજવો.

શિક્ષા. — ૩૧૧. જે ઠગ હોય, તે માણસને જીવતા સુધી સમુદ્રપારની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ગરભપાત કરવા બાબત; નાહી જનમેલાં બચ્ચાંઓને નુકશાન બાબત; બચ્ચાંઓને ખુલ્લાં મુકવાં બાબત તથા

જન્મ છુપાવવા બાબત.

ગર્ભપાત કરવો. — ૩૧૨. જે માણસ બુધિપુર્વક કોઇ ગરભવંતી સ્ત્રીનો ગર્ભપાત કરે; તે માણસને, અગર તે ગર્ભપાત શુધબુદ્ધિએ તે સ્ત્રીનો જીવ બચાવવાના કારણસર ન કરયો હોય તો, ત્રણ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની; અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે, અને અગર તે સ્ત્રી ચલિતાગરભા હોય તો તે માંણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાશો—જે સ્ત્રી પોતે પોતાનો ગરભપાત કરે તે પણ આ કલમના અર્થમાં દાખલ થાયછે.

સ્ત્રીની રજામંદી વગર ગરભપાત ક — ૩૧૩ સ્ત્રીની રજામંદી વગર જે માણસ ઉપલીકલમમાં બ્યાન કરેલો ગુન્હો કરે તે માણસને, પછી તે સ્ત્રી ચલિતગરભા હોય કે

રવો.

નહીં તો પણ જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને, પણ લાયક થશે.

ગરભપાતકરવાના ઇરાદાથી કરેલા કાંઇકામથીથયેલુમોત

૩૧૪, કોઇ ગરભવંતી સ્ત્રીના ગર્ભપાત કરવાના ઇરાદાથી કોઇમાણસને એવું કામ કરે કે તેથી તે સ્ત્રીનુ મોત થાય, તો તે માણસને દશ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવસે; અને વળી તે દંડને પણ લાયક થશે, અને અગર તે કામ તે સ્ત્રીની રજામંદી વગર કરયુ હોય, તો તે માણસને જીવતા સુધી સમુદ્રપારની શિક્ષા અથવા ઉપર લખેલી શિક્ષા કરવામાંઆવશે.

તે સ્ત્રીની રજામંદી વગર તે કામકર્યુ હોયતો.

ખુલાસો—આ ગુનામાં એવું કાંઇ જરૂર નથી કે તે કામથી મોત થાય એવો શંભવ છેએમ તે ગુન્હો કરનારે જાણવું જોઇએ.

કોઇ બચ્ચુ જીવતું જન્મતા અટકાવવાના અથવા જન્મ્યા પછી તે મરી જાય એવુ કરવાના ઇરાદાથી કરેલું કામ.

૩૧૫. જે માણસ, કોઇ બચ્ચુ જન્મતાં પેહેલાં તે બચ્ચુ જીવતુંજન્મતાં અટકાવવાના, અથવા જન્મ્યા પછી તે મરીજાય એવુ કરવાના ઇરાદાથી, કાંઈ કામ કરે, અને તેકામ કરેથી તે બચ્ચુ જીવતું જન્મતું અટકે, અથવા જનમ્યા પછી તે મરી જાય તો તે માણસને, અગર તે કામ શુદ્ધબુદ્ધીથી એ તે બચ્ચાંની માનો જીવ બચાવવાના કારણસર નહીં કરેયુ હોયતો, દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

જે કામ શિક્ષાણીયમનુષ્યવધ ગણાતું હોય એવા કામથી કોઇ નહીંજન્મેલાંજીવતાંબચ્ચાતું મોત આણવું.

૩૧૬. કોઇ માણસ કાંઇ કામકરે, એવી હાલતમાં કે જો તે કામથી મોત થાય તો તે માણસ શિક્ષાણીય મનુષ્યવધનો તકશીરવાર થાય, અને તે કામ કરેથી તે કોઇ નહીં જનમેલાં જીવતાં બચ્યાનુ મોત આણે તો તે માણસને દશ વરશની મુદત સુધીના બેમાંના ગમેતે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

દ્રષ્ટાંત.

ફલાણી ગરભવંતી સ્ત્રીનુ મારાથી મોત થવાનો સંભવ છે એમ જાણ્યા છતાં અ એવુ કાંઇ કામ કરેકે, અગર તે કામથી તે સ્ત્રીનુ મોત થાય તો, તે શિક્ષાણીય મનુષ્યવધ ગણાય. અને તે સ્ત્રીને નુકશાન થાય પણ તે મરી જાય નહીં; પણ તેના પેટમાંને જીવતું બચ્યું હોય તેનુ તે કામથી મોત થાય, તો અ આ કલમમાં બયાન કરેલા ગુનાહનો તકશીરવાર છે એમ સમજવું,

કોઇ બાર વરસથી ઓછી ઉમરનાં બચ્યાંને માતે કે બાપે; અથવા જે માણસના હવાલામાં ત બચ્ચું હોય તે

૩૧૭. જે માણસ કોઇ બાર વરસથી ઓછી ઉમરનાં બચ્યાંનો બાપ અથવા મા તેની હોય, અથવા જે માણસના હવાલામાં એવું બચ્યુ હોય તે માણસ અગર તે બચ્યાંને બીલકુલ તજવાના ઇરાદાથી તે બચ્યાંને કોઇ જગામાં ખુલ્લુ મુકે, અથવા મુકે તો તે માણસને સાતવરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

શાખસે ખુલ્લુ મુક
ુ અથવા તજવું.

ખુલાસો.—અગર તે પ્રમાણે તે ખુલ્લુ મુકવાથી બચ્ચુ મરી જાય. તો, તે મુકદમાની હકીકત મુજબ, તે ગુનેગારની ખુન અથવા શિક્ષાણીય મનુષ્યવધને માટે તજવીજ થવામાં અટકાવ કરવાની આ કલમનો મતલબ નથી.

ટીકા—એક શાખશે પોતાના છોકરાને રખડતુ મુક્યુ તે છોકરૂ મરી ગયું આ મોત થવાનુ તુરતનુ કારણ તેણે રખડતુ મુક્યુ એ નો હોતુ તેથી તેની ઉપર ખુનનુ તોહોમત નહીપણ આ કલમ પ્રમાણેનુ તોહોમત આવે, —રાણી વીરૂધ ખુદાબક્ષ, વાકલી રીપોટ ૧૦ મ, ૫૨,

આ કલમ નાહાના છોકરાના મા બાપને લાગુ પડેછે છોકરાં મોટાં અને પોતાની સભાળ લઇ સકે એવાં થયાં હોય તેમના માબાપને લાગુ પડતી નથી, વી. રી, ૧૬ મ, ૧૨.

મુડદુ છાની રીતે વગે કરી દઇને જન્મ છુપાવવો.

૩૧૮. જે માણસ, કોઇ બચ્ચાનુ મુડદું છાની રીતે દાટાને અથવા બીજી રીતે વગે કરીને. તે બચ્ચાંનો જન્મ ઇરાદાથી છુપાવે, અથવા છુપાવવાની કોશીશ કરે, તે માણસને, પછી અગર તે બચીયુ જનમ્યા પેહેલાં અથવા જનમ્યા પછી અથવા જનમતા જનમતાંજ મરી ગયુ હોય તો પણ બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા—માત્ર ચાર મહીનાના ગરભના છોકરાનો જન્મ થએલો છુપાવે તેવા શાખશ ઉપર આ કલમ પ્રમાણે તોહોમત આવે નહી. મુ, હા, રી વા, ૪ પાનુ ૬૩

આ કલમ પ્રમાણે ગુન્હાની કોશીશ કરવાના તોહોમતમાં છોકરાનુ મડદું હાથ આવેલુ હોવુ જોઇએ અને તે તોહોમતદાર સ્ત્રીએ જણેલું એવુ ઓળખાવું જોઇએ—રાણી વીરૂધ વીલીઅમ–આર્મ પ્રા. ૭૭૫

જે ઓરડામાં સ્ત્રીએ છોકરૂ જણ્યું હતું તેજ ઓરડામાં પેટીમાં છોકરૂ ખુલ્લુ મુકયું હતુ. તે બાબત એમ ઠરાવ થયો કે. તેણે જન્મ છુપાવ્યો નથી—રાણી વીરૂધ ક્લોપ આર્મ, પ્ર. ૭૭૫

વ્યથા

વ્યથા.

૩૧૯ જે માણસ કોઇ શખશને કાંઈ શરીરનુ દુઃખ, રોગ, અથવા અશકતતા કરે, તેણે "વ્યથા કરી" એમ સમજવું.

મહાવ્યથા.

૩૨૦; નીચે લખેલા પ્રકારની વ્યથાનેજ "મહાવ્યથા." એવું નામ આપેલુ છે

પેહેલો—પુરૂષત્વનો નાશ.

બીજો—બેમાંની કોઈ પણ આંખની જોવાની શકતી જાથુ જવી.

ત્રીજો—બેમાંનો કોઇ પણ કાનની સાંભળવાની શકતી જાથુ જવી.

ચોથો—કોઇ અવયવ અથવા સાંધો જવો.

પાંચમો—કોઇ અવયવ અથવા સાંધાની શકતીનો નાશ થવો, અથવા તેની જાથુ ક્ષીણતા થવી.

છઠ—ડોકા અથવા ચેહેરાની જાથુ બદશીકલ થવી,

સાતમો—કાંઇ હાડકાંનુ અથવા દાંતનુ ભાગવુ અથવા ખસી જવું

આઠમો—જે વ્યથાથી જીંદગી જોખમમાં આવે. અથવા જેથી વીશ દીવસની મુદતસુધી, વ્યથા થયેલા માણસને શરીરનુ ભારે દુખ ખમવું પડે, અથવા તે પોતાનો હમેશનો

સ્વ્યં કરવાને આગ્રહ કરે, એવી કોઇ પણ વ્યથા,

બુદ્ધિપુર્વક વ્યથા કરવી.

૩૨૧. જે માણસ, કોઇ શખશને વ્યથા કરવાના ઇરાદાએ અથવા તેથી કોઈ શખસને પોતાથી વ્યથા થવાનો સંભવ છે એમ જાણ્યા છતાં કાંઇ કામ કરે, અને તે કામથી કોઇ શખસને વ્યથા કરે, તો તે માણસે "બુદ્ધિપુરવક વ્યથા કરી" એમ સમજવું.

બુદ્ધિપુર્વક મહા વ્યથા કરવી.

૩૨૨. કોઇ માણસ બુદ્ધિપુરવક વ્યથા કરે અને જે વ્યથા કરવાનો તેનો ઇરાદો હોય અથવા જે વ્યથા પોતાથી થવાનો સંભવ તેના જાણ્યામાં હોય તે વ્યથા અગર મહાવ્યથા હોય તથા જે વ્યથા તે કરે તે વ્યથા મહાવ્યથા હોય તો તે માણસે "બુધીપુરવક મહાવ્યથા કરી" એમ સમજવું.

ખુલાસો—કોઇ શખશ આ બંને વાત કરે, એટલે મહાવ્યથા કરે તથા મહાવ્યથા કરવાનો ઇરાદો કરે, અથવા મહાવ્યથા પોતાથી થવાનો સંભવ તેના જાણ્યામાં હોય. તોજ તેને બુદ્ધિપુરવક મહાવ્યથા કરવી એમ સમજવું, નહી તો નહી પણ અગર એક પ્રકારની મહાવ્યથા કરવાનો ઇરાદો કરીને, અથવા એક પ્રકારની મહાવ્યથા પોતાથી થવાનો સંભવ જાણ્યા છતાં તે ખરેખર બીજા પ્રકારની મહાવ્યથા કરે, તો તેણે બુદ્ધિપુરવક મહાવ્યથા કરી એમ સમજવું

દ્રષ્ટાંત.

ઝ નો ચેહેરો જાથુ બદલશીકલ કરવાના ઇરાદાથી, અથવા તે પોતાથી બદશીકલ થવાનો સંભવ જાણ્યા છતાં, અ ઝ ને એક સપાટો મારે, અને તે સપાટાથી ઝ નો ચેહેરો બદશીકલ નહી થાય, પણ તેથી વીશ દિવસની મુદત સુધી ઝ ને શરીરનું ભારે દુઃખ ખમવું પડે, તો અ એ બુદ્ધીપુરવક મહાવ્યથા કરી એમ સમજવું.

બુદ્ધિપુર્વક વ્યથા કરવાની શિક્ષા.

૩૨૩. ૩૩૪ મી કલમમાં લખેલી બાબત શીવાય બીજી કોઇ પણ બાબતમાં, જે માણસ બુદ્ધિપુરવક વ્યથા કરે, તેને એક વરસની મુદત સુધીની એમાંના, ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમ ૩૨૩ અને ઉપરની કલમો ૩૧૯ થી ૩૨૨ સુધીની કેટલીક વ્યાખ્યા લાગુ પડે છે તેનો ભાવાર્થ આ કલમ નીચેની ટીકાથી જણાઇ આવશે.

એક શખને આરોપીએ માર મારયો, પણ રોગથી ભરાએલી તળીને લીધે તે શખશ મરી ગયો. આ બબાતમાં એમ ઠરાવવામાં આવ્યું કે, આ કામને પીનલકોડ કલમ ૩૨૧ બુદ્ધિપુર્વક વ્યથા કરયા. બાબતની યોગ્ય રીતે લાગુ પડે છે, ગફલતથી મોત આણવા બાબતની કલમ ૩૦૪ અ લાગુ પડતી નથી. શરકાર વીરૂધ બાવાજી બીન સંબા મુ. હા. તા૦ ૨૭ ફેબ્રવારી ૧૮૭૨

બુદ્ધિપુર્વક વ્યથા કરયા બાબતની ફરીયાદ પોતપોતામાં મઠીવાળી શકાય, છે, જુઓ કલમ ૨૧૪ ઉપરની ટીકા. અને ૧૮૮૨ના આકટ ૧૦ની કલમ ૩૪૫.

બુદ્ધિપુર્વક મહાવ્યથાના ગુન્હાની ફરીયાદ પોતપોતામાં માંડીવાળી શકાય નહી પરંતુ જે માંજીસ્ત્રેટ પાસે તે કામ ચાલતું હોય તે માંજીસ્ત્રેટ પરવાનગી આપે તો માંડી વળાય.

વ્યથા અને મહાવ્યથાની વ્યખ્યા માટે જુઓ નીચેના ફેસલા.

નીશાની હોશ તોશમાં અપમાન કરયાથી માર મારયાથી વીશ દીવસની અંદર મરણ થયું તેમાં એમ ઠરાવ્યું કે, તે આ કલમ પ્રમાણેનો ગુન્હો છે, જુઓ કલમ ૨૯૯ ઉપરની ટીકા સરકાર વીરૂધ રડકશા બદરૂ.

અરજદાર આઠ માણસ કે તેઓ એ પોતાનો ઈરાદો પાર પાડવાને, એક સાત આદમીના બીજા ટોળાપર હુમલો કીધો તેમાં મારામરી થવાથી બેઉ ટોળામાંના લોકોને દુઃખ થયું અલ્હાબાદના જોઈંટ જડજે અરજદારપર પીં. કો કા ૧૪૭ અને ૩૨૩માં કહ્યા પ્રમાણે જુદા જુદા તોહોમત મુકી શીક્ષા કરી. તે શીક્ષા સેશન જડજે બહાલ રાખી તે ઉપર અરજદારે જુના ક્રીમીનલ પ્રોશીજર કલમ ૨૯૭ એટલે શને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૪૩૯ પ્રમાણે તપાશણી કરવા માટે હાઈકોરટને અરજ કરી, તેમા એમ ઠરાવ્યું કે,

જે કેદીપર હંગામો કરયાનું તોહોમત સાબીત થયું છે તેનાપર કામની હકીકત તેવી હોય તો જીવ જનારૂ હથીયાર લઈ હંગામો કરયા બદલ શીક્ષાણીય મનુષ્યવધ કરયા બદલ અને બુદ્ધીપુર્વક મહાવ્યથા કરયા બદલ તોહોમત ઠરાવવાને હરકત નથી હંગામો કરવો અને ગેરકાયદેસર મંડળીએ ગુના સરવ લોકની સુલેહની વીરૂધના છે, શરીરપર મારવું દુઃખ કરવું વીગરે ગુના માણસના શરીર વીરૂધ છે તેથી આ કામમાં ઠરેલા તોહોમતમાં હાથ ઘાલવાની જરૂર નથી—સરકાર વીરૂધ રામઆધીન અને બીજાઓ, અલ્હાબાદ હા. કો. વા. ૨ પ્ર. ૧૩૯

ભયંકર શસ્ત્ર અથવા સાધનવડે બુદ્ધિપુર્વક વ્યથા કરવી

૩૨૪. ૩૩૪. મી કલમમાં લખેલી બાબત શીવાય બીજી કોઈ પણ બાબતમાં, ગોળી અથવા તીર મારવાનાં ખોશી ઘાલવાનાં, અથવા કાપવાનાં કાંઈ હથિયા વડે, અથવા જે હથિયાર મારેથી સામાનુ મોત થવાનો સભવ હોય એવા કોઈ હથીયાર વડે, અથવા અગ્નીકે કાંઈ ગરમ કરેલા પદાર્થ વડે, અથવા કાંઈ જેહેર કે ખાઈ જાય એવા કાંઈ પદારથ વડે, અથવા અવાજ સાથે ફુટે એવા કાંઈ પદારથ વડે, અથવા દમ લેવાથી, ગળી જવાથી, અથવા લોહીમાં જવાથી જે પદાર્થ માણસનાં શરીરનો નાશકારક હોય એવા કાંઈ પદારથ વડે, અથવા કોઈ જાનવરની મારફતે જે માણસ બુધીપુરવક વ્યથા કરે; તે માણશને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા—આ કલમ પ્રમાણેના ગુન્હામાં એકલી દંડની શીક્ષા થાય નહી, – રાણીવીરૂધ શરોદા પેશગર– કો, ઇ, ડા, પ્ર, ૫૩૬.

જયાં ઈરાદો અથાવજ્ઞાન અથવા હુમલો કરતાં જે ઇજા થઈહોય તેથી મોહોત થશે એવું ન હોય ત્યાં, શીક્ષાણીયમનુષ્યવધ નહીપણ બુધીપુર્વક માહાવ્યથાનો ગુન્હોછે, કેટલાક શખશો મળીને એક શખશપર હુમલો કરે અને તેમાં તેનો હાથ ભાગીજાય તો એ બુધીપુર્વક વ્યથાછે, હુમલો નથી પડેલા મારથી હાડકાં ભાગે તો ત વ્યથા નહી પણ માહાવ્યથાછે— રાણી વીરૂધ—રામલો હલશીગ. વીકલીરીપોટ ૫ પ્ર, ૧૨

એક શખશ મધરાતે બીજા શખશની બઈરીસાથે આડો વહેવાર ચલાવવા માટે તેના ઘરમાં પેસતો હતો, તેથી ભયકર શસ્ત્ર વડે એ અવાર નવાર શખશને મારી નાંખ્યો, તેમા ઠરાવવામાં આવ્યુંકે એ શખસે આકસ્મીક ઘણો ક્રોધ ચડી જવાથી. એ કૃત્ય કરયુંછે અને તેથી તેણે મહાવ્યથા કરીછે–, રાણી વીરૂધ ચીલંદીયા– રોમનીક– કો ઇ, ડા, પ્ર, ૩૫૭

વીશ દીવશ સુધી કામ કરવાની અશકતતા થાય એવો માર મારેતો તે મહાવ્યથાનો ગુન્હો થાય— રાણીવીરૂધ બીસનો, રામ શરમા.

બુદ્ધિપુર્વક માહાવ્યથાકરવાનીશિક્ષા

૩૨૫. ૩૩૫ મી કલમમાં લખેલી બાબત સિવાય બીજી કોઈ પણ બાબતમાં જે માણસ બુદ્ધિપુર્વક મહાવ્યથા કરે, તેને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં

આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—હુમલો કરતાં કાંઇ વ્યથા કરવામાં આવી હોય તે ઇરાદા, જ્ઞાન કીંવા સંભવતાં વગર કરવામાં આવી હોય તો તે વ્યથાથી થએલુ મોત મનુષ્યવધ નથી. પણ બુદ્ધીપુર્વક મહાવ્યથાછે—ગવર્નમેન્ટ વીરૂધ— મેહામીઆ. વીકલીરીપોર્ટ ૫ પ્ર. ૨૯.

૨૦ દીવશ સુધી કામ કરવાને અશક્ત થાય તો તેવા મારથી બુદ્ધીપુર્વક માહાવ્યથાછે, અને ૫૬૨ દીવશ સુધી અશક્ત રહે તો તે બુદ્ધીપુર્વક વ્યથાછે વીકલી રીપોર્ટ— ૬ પ્ર. ૮

જે માણસને તલીનો રોગછે તેને પોતેજ દુઃખ કરનારછે તેણે કરીને બુદ્ધીપુર્વક માહાવ્યથા થવાનો સંભવછે, એમ માહીત છતાં પણ તેણે કરીને તેનુ મોત થશે કીંવા જેણે કરીને મરણ થશે એવું દુઃખ થશે કીંવા પોતાનુ કૃત્ય મોતનુ થસે' એવો ઇરાદો નહી છતા કોઇ માણસ તેને બુદ્ધીપુર્વક માહાવ્યથા કરે અને તથી તે રોગી માણસ મરી જાય, તો તેનાપર કલમ ૩૦૪ આ પ્રમાણે કસુરથી જીવહીંસા બદલની શાબીતી ન કરતાં કલમ ૩૨૫ પ્રમાણે બુદ્ધીપુર્વક મહા વ્યથા કર્યા બદલ શાબીતી કરવી— સરકાર વીરૂધ ઓઘ્રાનતા, ૬ માર્ચ સને ૧૮૮૦ અલહાબાદ હાઇકોરટ, વા. ૨— પ્ર, ૭૯૬

ભયંકર શસ્ત્ર અથવા સાધનવડે બુધિપુર્વક મહાવ્યથા કરવી.

૩૨૬. ૩૩૫ મી કલમમાં લખેલી બાબત શિવાય બીજી કોઇ પણ બાબતમાં, ગોળી અથવા તીર મારવાના, ભોશી ઘાલવાના, અથવા કાપવાનાં, અથવા કાંઇ કાપવાનાં હથીયાર વડે, અથવા જે હથીયાર મારેથી સામાનું મોત થવાનો સંભવ હોય એવા કાંઇ હથીયાર વડે, અથવા અગની કે કાંઇ ગરમ કરેલા પદારથ વડે, અથવા કાંઇ જેહેર કે ખાઇજાય એવા કોઇ પદારથ વડે, અથવા અવાજ સાથે ફુટે એવા કાંઇ પદારથ વડે, અથવા દમ લેવાથી, ગળી જવાથી, અથવા લોહીમાં જવાથી જે પદારથ માણસના શરીરનો નાશકારક હોય એવા કાંઇ પદારથ વડે, અથવા કોઇ જાનવરની મારફતે, જે માણસ બુધિપુર્વક મહાવ્યથા કરે, તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની, શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—પરાણ વસાણું આપવાથી જીંદગી જોખમમાં આવે તેવું હોયતો કલમ ૩૨૮ પ્રમાણે નહીપણ આ કલમ પ્રમાણે તહોમત આવે— વીકલી રીપોર્ટ ૪ —પ્ર. ૪

જબરાઇથી કાંઇ મીલકત કઢાવવા સારૂ અથવા કાંઇ કાયદા વીરૂધ કામ કરવા સારૂ બુધિપુર્વક વ્યથા કરવી.

૩૨૭. કોઇ શખસને વ્યથા કરીને તે શખસ પાસે, અથવા તેની સાથે સબંધ રાખનારા કોઇ શખસ પાસે જબરાઇથી કાંઇ મીલકત અથવા કીમતિ દસ્તાવેજ કઢાવવાનાં કારણસર અથવા વ્યથા કરેલા શખસ પાસે, કે તેની સાથે સબંધ રાખનારા કોઇ શખસ પાસે, જબરજસ્તીથી કાંઇ કાયદા વીરૂધ કામ, અથવા જે કામ અથવા જે કામથી કોઇ ગુનોહ કરવો સેહેલ થાય એવું કામ, કરવાના કારણ સર, જે માણસ બુધીપુરવક વ્યથા કરે તે માણસને દશ વરસની મુદત સુધી એમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ ગુનોહ કરવાના ઇરાદાથી જેહેર વગેરે પદારથ વડે વ્યથા કરવી.

૩૨૮. કોઇ શખસને વ્યથા કરવાના ઇરાદાથી, અથવા કાંઇ ગુનોહ કરવાના કે કાંઇ ગુનોહ કરવો સેહેલ કરવાના ઇરાદાથી, અથવા તેથી પોતાથી વ્યથા થશે એવો સંભવછે એમ જાણ્યા છતાં, જે માણસ તે શખસને કાંઇ ઝેહેર કે બેહોશ કરે કે કેફ આપે અથ

વા અવગુણ કરે એવું કાંઇ વમાણું અથવા બીજી મેહેનત આપે, અથવા લેવડાવે તે માણસને દશ વરસના મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવસે, અને વળી તે દંડને પણ લાયક થશે.

જબરદસ્તીથી કાંઈ મીલકત કઢડાવવા અથવા કાંઇ કાયદા વિરૂધ કામ કરાવવા સારૂ બુદ્ધિપુર્વક માહાવ્યથા કરવી.

૩૨૯. કોઇ શખસને મહાવ્યથા કરીને તે શખસ પાસે, અથવા તેની સાથે સબંધ રાખનારા કોઇ શખસ પાસે જબરદસ્તીથી કાંઇ મીલકત અથવા કીમતી દસ્તાવેજ કહડાવવાનાં કારણસર અથવા મહાવ્યથા કરેલા શખસ પાસે; કે તેની સાથે સબંધ રાખનારા કોઇ શખસ પાસે જબરદસ્તીથી કાંઈ કાયદા વિરૂધ કામ, અથવા જે કામથી કાંઇ ગુનોહ કરવો સેહેલ થાય એવું કામ કરવાનાં કારણસર, જે માણસ બુધિપુરવક મહાવ્યથા કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીના બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

જબરદસ્તીથી કબુલાત કરાવવા અથવા કાંઇ મીલકત પાછી અપાવવા સારૂ બુદ્ધિપુર્વક વ્યથા કરવી.

૩૩૦ કોઇ શખસને વ્યથા કરીને તે શખસ પાસે, અથવા તે શખસની સાથે સબંધ રાખનારા કોઇ શખસ પાસે જેથી કાંઈ ગુનોહ અથવા બદચાલ પકડાય એવી કાંઇ ખબર અથવા કબુલાત જબરદસ્તીથી લેવાનાં કારણસર, અથવા વ્યથા કરેલા શખસ પાસે જબરદસ્તીથી કાંઇ મીલકત અથવા કીમતીદસ્તાવેજ પાછો અપાવવા અથવા આપવાનાં કારણસર અથવા તે કાંઇ લેહેણું કે માગણું પતાવે, અથવા જેથી કાંઇ મીલકત કે કીમતી દસ્તાવેજ પાછો મળી શકે એવી કાંઇ ખબર આપે, એમ કરવાનાં કારણસર, જે માણસ બુધિપુરવક મહા વ્યથા કરે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

દ્રષ્ટાંત.

(અ) ઝ ની પાસે કાંઈ ગુનોહ કરયો કબુલ કરાવવા સારૂ જો અ પોલીશ અમલદાર ઝ ને શરીર વેદના કરે, તો આ કલમમાં લખેલા ગુનાહનો તકશીરવાર છે એમ સમજવું.

(બ) અમુક ચોરેલી મીલકત ક્યાં મુકેલી છે તે દેખાડવાને બ લલચાય એટલા સારૂ જો અ પોલીસ અમલદાર તેને શરીર વેદના કરે, તો તે અ આ કલમમાં લખેલા ગુનાનો તકશીરવાર છે એમ સમજવું

(ક) ઝ ની પાસે મેહેસુલની કાંઇ બાકી લેહેણી છે તે તેની પાસે ભરાવવા તે સારૂ જો અ મેહેસુલનો અમલદાર ઝ ને શરીર વેદના કરે, તો આ કલમમાં લખેલા ગુન્હાનો તકશીરવાર છે એમ સમજવું.

(ડ) એક રઇયતની પાસે તેનું ગણોત ભરાવવા સારૂ જો અ જમીનદાર તેને શરીર વેદના કરે, તો અ આ કલમમાં લખેલા ગુનાહનો તકશીરવાર છે એમ સમજવું.

જબરદસ્તીથી કબુલાત કરવાવા અથવા કાંઇ મીલકત પાછી અપાવવા સારૂ બુધિપુરવક માહા

૩૩૧. કોઇ શખસને મહા વ્યથા કરીને તે શખસ પાસે, અથવા શખસની સાથે સબંધ રાખનારા કોઇ શખસ પાસે, જેથી કાંઇ ગુનોહ અથવા બદચાલ પકડાય એવી કાંઇ ખબર અથવા કબુલાત જબરદસ્તીથી લેવાના કારણસર, અથવા મહાવ્યથા કરેલા શખસ પાસે કે તેની સાથે સબંધ રાખનાર કોઇ શખસ પાસે જબરદ

વ્યથા કરવી. " જેનાથી કાંઈ મીલકત અથવા કીમતી દસ્તાવેજ પાછો અપાવવા અથવા અપાવવાના કારણસર, અથવા તે કાંઈ લેહેણું કે માગણું પતાવે અથવા જેથી કાંઈ મીલકત કે કીમતી દસ્તાવેજ પછો મળી શકે એવી કાંઈ ખબર આપે, એમ કરવાના કારણસર, જે માણસ બુદ્ધીપુરવક મહા વ્યથા કરે. તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે; અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—આ કલમ પ્રમાણેના તોહોમત બાબત આરોપીતની ગેરહાજરીમાં ચોકશી કરવામાં આવેલા તેમાં એવું ઠરાવ્યું કે,

જુના ક્રી. પ્રો. કા. ૨૨૭ના છેવટનો ભાગ જોતાં તે ઉપરથી સાફ દેખાય છે કે શાક્ષી એ કહેલો મજકુર આરોપીતની ગેરહાજરીમાં જો અગાઉ દફતરમાં લખી મુકયો હોય તો પછી આરોપીતની રૂબરૂ જો તે શાક્ષી થવા જોગ હોય તો તેમ કરવુ જોઇએ પરંતુ આ કામાં તેમ થયુ જાણાતુ નથી તો આ કમીટ કરવાનુ રદ કરીએ છીએ સરકાર વીરૂદ્ધ બેચા ચોકીદાર–કલકત્તા હાઇકોરટ વા. ૨૨—પ. ૩૩. તા. ૨૬ જુન ૧૮૭૪

કોઇ સરકારી નોકરને ડરાવીને તેનો અમલ કરતો બંધ રાખવાને બુદ્ધિપુરવક વ્યથા કરવી.

૩૩૨. કોઇ શખસ સરકારી નોકર હોય અને પોતાના સરકારી હોદ્દાનો અમલ ચલાવતો હોય તેવામાં તે શખસને જે માણસ બુદ્ધિપુરવક વ્યથા કરે અથવા તે શખસને અથવા કોઇ બીજા સરકારી નોકરને પોતાના સરકારી હોદ્દાનો અમલ ચલાવતાં અટકાવવા અથવા ડરાવીને અમલ ચલાવતાં બંધ રાખવાના ઇરાદાથી, અથવા તે સખશે પોતાના સરકારી હોદ્દાનો કાયદા મુજબ અમલ ચલાવતાં કાંઈ વસ્તુ કરી હોય અથવા કરવાની કોશીશ કરી હોય, તેટલા વાસ્તે, જે માણસ તે શખસને બુદ્ધિપુરવક વ્યથા કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઇ સરકારી નોકરને ડરાવીને તેનો અમલ કરતો બંધ રાખવાને બુદ્ધિપુરવક મહાવ્યથા કરવી.

૩૩૩. કોઇ શખસ સરકારી નોકર હોય અને પોતાના સરકારી ઓહદાનો અમલ ચલાવતો હોય, તેવામાં તે શખસને જે માણસ બુદ્ધિપુરવક મહાવ્યથા કરે, અથવા તે શખસને અથવા કોઇ બીજા સરકારી નોકરને પોતાના સરકારી હોદ્દાનો અમલ ચલાવતાં અટકાવવા અથવા ડરાવીને અમલ ચલાવતાં બંધ રાખવાના ઇરાદાથી અથવા તે શખસે પોતાના સરકારી હોદ્દાનો કાયદા મુજબ અમલ ચલાવતાં કાંઇ વસ્તુ કરી હોય અથવા કરવાની કોશીશ કરી હોય તેટલા વાસ્તે; જે માણસ તે શખસને બુદ્ધીપુરવક મહાવ્યથા કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

ક્રોધ ઉત્પન્ન થએથી બુદ્ધિપુરવક વ્યથા કરવી.

૩૩૪. ભારે તથા અકસ્મિક ક્રોધ ચહડેથી કાંઇ માણસ બુદ્ધિપુરવક વ્યથા કરે, અને તે ક્રોધ ઉત્પન્ન કરનાર સિવાય બીજા કોઇ શખસને વ્યથા કરવાનો તેણે ઇરાદો કર્યો ન હોય, તથા તે સિવાય બીજા કોઇ શખસને પોતાથી મહાવ્યથા થવાનો સંભવ પણ તેના જાણવામાં ન હોય, તો તે માણસને એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની; અથવા પાંચસે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ક્રોધ ઉતપન થ એથી મહાવ્યથા કરવી.

૩૩૫, ભારે તથા આકસ્મિક ક્રોધ ચડ્ડેથી કોઈ માણસ બુદ્ધીપુર્વક મહાવ્યથા કરે. અને તે ક્રોધ ઉતપન કરનાર શિવાય બીજા કોઈ શખસને મહાવ્યથા કરવાનો તેણે ઇરાદો રાખ્યો નૈ હોય, તથા તે શીવાય બીજા કોઇ શખસને મહાવ્યથા કરવાનો સંભવપણ તેના જાણ્યામાં ન હોય તો તે માણસને ચાર વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની. અથવા બે હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ખુલાસો.—એ ઉપલી બે કલમોને પણ, ૩૦૦ મી કલમના ૧ લા અપવાદને જે શરતો લાગુ પડે છે. તે સરતો લાગુ પડે છે.

જે કામથી જીંદગી જોખમમાંઆવે અથવા બીજાઓનાં શરીરની સલામતી જોખમમાં આવેતે કામનેમાટે શિક્ષા

૩૩૬. જે માણસ કાંઇ કામ એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જીંદગીનો અથવા બીજા શખસોના શરીરની સલામતી જોખમમા આવે, તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા બસે પચાસ રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

જીંદગી અથવા બીજાઓના શરીરની સલામતી જોખમમાં આવે એવું કામ કરીનેવ્યથા કરવી,

૩૩૭. જેથી માણસની જીંદગી અથવા બીજા શખસોનાં શરીરની સલામતી જોખમમાં આવે એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કાંઈ કામ કરીને જે માણસ કોઇ શખસને વ્યથા કરે, તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથા પાંચસે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

જીંદગી અથવા બીજાઓના શરીરની સલામતી જોખમમાં આવે એવુ કામ કરીને મહાવ્યથા કરવી.

૩૩૮. જેથી માણસની જીંદગી અથવા બીજા શખસોના શરીરની સલામતી જોખમમાં આવે એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કાંઇ કામ કરીને જે માણસ કેઇ શખસને મહાવ્યથા કરે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ગેરવ્યાજબી અટકાવ તથા ગેરવ્યાજબી કેદ બાબત

ગેરવ્યાજબી અટકાવ.

૩૩૯ કેઇ સખસનો જેણીમેર જવાનો હક હોય તેણીમેર જતો તે શખસ અટકે એવી રીતે જે માણસ તે શખસને બુદ્ધિપુરવક હરકત કરે, તે માણસે તે શખસને "ગેરવ્યાજબી અટકાવ" કર્યો એમ સમજવું.

અપવાદ—જમીન અથવા પાણી ઉપરથી જવા અટકાવવાનો કાંઇ ખાનગી રસ્તો હોય અને તે રસ્તો બંધ કરવાનો મારો કાયદા મુજબ હક છે એમ જે શખસ શુધબુધિએ માનતો હોય તે શખસે તે રસ્તો બંધ કરવો એ આ કલમના અર્થ પ્રમાણેનો ગુનાહ નથી.

દ્રષ્ટાંત.

જે રસ્તા ઉપરથી ઝ ને જવાનો હક છે એવો એક રસ્તો અ બંધ કરે, અને શુધબુધિએ અ એ પ્રમાણે માનતો ન હોય કે એ રસ્તો બંધ કરવાનો મહારો હક છે, અને તે રસ્તો બંધ થવાથી ઝ તે ઉપરથી જતો અટકે, તો આ એ ઝ નો ગેરવ્યાજબી અટકાવ કર્યો એમ સમજવું.

ટીકા—એક પોલીસ અમલદારે એક શખસને જમાન લેવા જેવું કામ નહીં છતા

જમાન આપતાં સુધી ઘેર જવા ના પાડી તેમાં તેણે ગેર વાજબી અટકાવ કરયો એવું ગ ણાયું છે—શ્રીઆસગુણ સેહાઇ વીરુદ્ધ મહમદ ફત્તેખાન, ૧૦ વી.રી, પ્ર, ૨૦

એક બાયડી પોતાની ખુશીથી તહોમતદારને ત્યાં ગયેલ નહી, ને ત્યાં તે રહી તે પોતા ને નશેનુ રહેઉ તે છતા રાખી તેમા ઠરાવવામાં આવ્યું કે તહોમતદારે ગેરવાજબી અટકા વ કરયો કહેવાય—રાણીવીરુદ્ધ અમીશ્રરાજ, ૪ વી, રી, પ્ર, ૩ (ફોજદારી)

જામીન નહી લઇ શકાય તેવા અને કાગ્નીઝીબલ ગુન્હા કોઇ સખશના રખના કરવામાં આવે તો તે કરનારને ખાનગી શખશ પણ પકડી શકેછે તો તે પકડનાર ઉપર તહોત લાવી શ કાય નહી, જુઓ શને ૧૮૮૨ના આક્ટ ૧૦ ની કલમ ૫૯.

ગેરવ્યાજબી કેદ. ૩૪૦. કોઇ શખસ મુકરર કરેલી ચોતરફી હદની બાહાર જતો અટકે. એવી રીતે જે માણસ તે શખસને ગેરવ્યાજબી અટકાવ કરે તે માણસે "ગેરવ્યાજબી કેદ" કરયો એમ સમજવું.

દ્રષ્ટાંત.

અ) એક હવાર બાંધી લીધેલી જગામાં જ ને મોકલીને બાહારથી તાળુ મા રીને જ ને અંદર બંધ કરે, અને તેમ કરવાથી તે હદવાળી દવારની બહાર કોઇ પણ તરફ જ થી જઇ શકાય નહી, તો અ એ જ ને ગેરવ્યા જબી કેદ કરયો એમ સમજવું.

(બ) એક ઇમારતના દરવાજા આગળ અ બંદુકવાળા માણસો રાખે અને જ ને એ પ્રમાણે કહે કે જો તું એ ઇમારતમાંથી બહાર જવાના કોશીશ કરશે તો તને આ માણસો ગોળી મારશે તો અ એ જ ને ગેરવ્યાજબી કેદ કરયો એમ સમજવું.

ટીકા— આ કલમ પ્રમાણેનો ગુન્હો સ્થાપી તેના માટે નીચેની હકીકત જરૂર શાબીત તેવી જોઇયે તેને ગેરવાજબી કેદ કરયો,

તેને એવી રીતે કેદ કરયો કે તેનથી બીજી જગ્યોએ જવાય નહી,

કોઈ માણસને તેની મરજી વીરૂદ્ધ અમુક જગ્યામાં રાખી મુકવો કીવા અમુક દીશા તરફ જબરાઇથી લઇ જવો એ તેને કેદ કરવા જેવુ છે. મ, હા, વા, ર પ્ર, ૩૯૬.

એક પોલીસ સુપ્રિનટેન્ડે એક શખશને માજીસ્ત્રેટ પાસે હાજર થવાનો ગેરવાજબી હુકમ ક રયો, અને વળી કાન્સટેબલોને તે કોઇ સાથે વાત નકરે તે માટે તેને અટકાવવા મોકલ્યા.તે માં ઠરાવવામાં આવ્યું કે તેને ગેરવાજબી કેદ કરયાનો ગુન્હો કરયે, ૨ મ, હા રી પ્ર, ૩૯૬

છોડવાનો હુકમ કરયા પછી જરૂર કરતાં વધારે વખત તહોમતદારને રોકવાથી ગેરવાજબી બી કેદનો ગુન્હો થાયછે. આવી વખતે ૨૪ કલાક સુધી અટકાવમાં રાખવા પોલીસના હકછે એવો બાનો અડો લેવાય નહી (મેન, પ્ર ૨૮૦).

કેદીને ૨૪ કલાક કરતાં વધારે મુદત સુધી અટકાવી મુકયા બદલ એક પોલીસ ઇનસપે- કટર ઉપર આરોપ મુકવામાં આવ્યો હતો તે કામમાં એવો ઠરાવ થયો કે તેણે બદદ્યાન તથી કેદીને અટકાવી મુકયો હતો એવી ફરીયાદીતરફ શાબીતી કરવાની જરૂર નથી કારણ કે વીશેષ હુકમને થતાં યોગ્ય મુદતથી અત્રીક વખત સુધી કોઇ પોલીસ અમલદારે આરોપી તને અટકાવી રાખવો નહી. એવું શને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૧૨૪ એટલે શને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૬૧ માં શાફ કહયું છે અને તેવો હુકમ આ કામ માં નથી—સરકાર વીરૂધ બસુરામદ્રાસ. હા. વી. રી. ૧૯ પાનુ ૩૯

આ કલમ પ્રમાણે ગેરવ્યાજબી કેદ કરયાનો ગુન્હો એક પોલીસ અમલદાર ઉપર શા

બીત થયો અને શિક્ષા થઇ તે કામમાં હાઇકોરટને અપીલ થયાથી ઠરાવ થયો કે શને ૧૮૭૨ ના આક્ટ ૧૦ ની કલમ ૧૨૪ એટલે સને ૧૮૮૨ ના અકટ ૧૦ કલમ ૬૧ મુજબ પોલીસ અમલદારને કોઈ શખસને ચોવીસ કલાકથી વધારે વખત સુધી પેહેરામાં રાખવાનો અધીકાર નથી એટલુંજ નહી પણ કેશની હકીકત ઉપરથી કાંઇ વ્યાજબી કારણ ન હોય તો એક કલાક પણ પેહેરામાં રાખવાનો અધીકાર નથી. પોલીસ અમલદારે કોઈ શખશને કેટલા વખત સુધી ગેરવ્યાજબી રીતે કેદ રાખ્યો તે ગુનાની શીક્ષા ઠરાવવી જરૂરની છે—સરકાર વીરૂધ સીવપ્પોસુના પોસલ. વી. રી. ૯ મ. ૯૮

ગેરવ્યાજબી અટકાવની શિક્ષા.

૩૪૧. જે માણસ કોઇ સખસને ગેરવાજબી અટકાવ કરે, તે માણસને એક મહિનાની મુદત સુધીની આસાન કેદની, અથવા પાંચસેરૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ગેરવ્યાજબી કેદની શિક્ષા.

૩૪૨. જે માણસ કોઇ શખસને ગેરવ્યાજબી કેદ કરે, તે માણસને એક વરશની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા—એક ગામના પોલીસ અમલદારોએ ગાડાના લોકની ફરકેરાણીથી કેટલાક સખસોના પક ડયા. પાછળથી એવું માલુમ પડયું કે તેમને ફોગટ પકડવામાં આવ્યા હતા તેમાં ઠરાવવામાં આવ્યું કે પોલીસ અમલદારો અને ગામના ફરકેરનારા લોકો ગેરવાજબી કેદ કરયાના ગુન્હાના તકશીરવારછે. પ મ, હા, રી, એ, પંર૪

ઉપરની કલમ ૩૪૧ અને આ કલમ પ્રમાણેના ગુન્હાની ફરીયાદ માંહો માંહી માંડીવાળી સકાય—જુઓ શને ૧૮૮૨ના આક્ટ ૧૦ની કલમ ૩૪૫

ત્રણ અથવા વધારે દીવસ ગેરવ્યાજબી કેદની શીક્ષા.

૩૪૩. જે માણસ કોઇ શખશને ત્રણ અથવા વધારે દીવસ ગેરવ્યાજબી કેદ કરે, તે માણસને બે વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવસે,

દશ અથવા વધારે દીવસ ગેરવ્યાજબી કેદની શીક્ષા.

૩૪૪. જે માણસ કોઇ શખસને દશ અથવા વધારે દિવસ ગેરવ્યાજબી કેદ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—આ કલમ પ્રમાણેની શિક્ષામાં એકલો દંડ થાય નહી. ૧ મુ. હા. રી. પ, ૩૯ રાણી વીરૂધ બહીરજી હશીનજી.

જે શખસને છોડવાનો હુકમ શાદર થયો હોય તે શખશને ગેરવ્યાજબી કેદમાં રાખવો.

૩૪૫. ફલાણા શખશને છોડવાનો કાયદા મુજબ હુકમ સાદર થઈ ચુકયો છે એમ જાણ્યા છતાં જે માણસ તે શખશને ગેરવ્યાજબી કેદમાં રાખે, તે માણસને, આ કાયદાની કોઇ બીજી કલમ પ્રમાણે જેટલી મુદતની કેદની તે માણસ લાયક હોય તેથી ઉપરાંત, બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની બીજી કેદ કરવામાં આવશે.

છાની ગેરવ્યાજબી કેદ.

૩૪૬. કોઈ માણસ અગર કોઇ શખસને એવી રીતે ગેરવ્યાજબી કેદ કરે કે તેથી તે શખસની કેદની વાત તે કેદ થએલા શખશની સાથે સંબંધ રાખનારા કોઇ શખશના જાણવામાં, અથવા કોઇ સરકારી નોકરના જાણવામાં ન આવે અથવા તે કેદનું ઠેકાણું ઉપર લખેલા પ્રકારના કોઇ

શખ્સ અથવા સરકારી નોકરના જાણવામાં ન આવે અથવા તેને જડે નહી, એવો ઇરાદો તે કેદ કરનાર માણસના દાડામાં આવે, તો તે માણસને, તે ગેરવ્યાજબી કેદને માટે બી૭ જે કાંઇ શિક્ષાને તે માણસ લાયક હોય તેથી ઉપરાંત બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની બીજી શિક્ષા કરવામાં આવશે.

જબરદસ્તીથી કાંઇ મીલકત કહડાવવાનાં અથવા કાંઇ કાયદા વીરૂધ્ધ કામ કરવાના કારણસર ગેરવ્યાજબી કેદ.

૩૪૭. કોઇ શખ્સને કેદ કરીને તે શખ્શ પાસે અથવા તેની સાથે સબંધ રાખનારા કોઈ શખ્શ પાસે જબરાઇથી કાંઇ મીલકત અથવા કીમતી દસ્તાવેજ કહડાવવાના કારણસર, અથવા કેદ કરેલા શખ્સ પાસે કે તેની સાથે સબંધ રાખનારા કોઇ શખ્સ પાસે, જબરદસ્તીથી કાંઇ કાયદા વિરૂધ્ધ કામ કરવાના અથવા જેથી કાંઇ ગુનોહ કરવો સેહેલ થાય એવી કાંઈ ખબર મેળવવાનાં કારણસર. જે માણસ તે શખ્સને ગેરવાજબી કેદ કરે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી દંડને પણ લાયક થશે.

જબરદસ્તીથી કબુલાત કરવાના અથવા કાંઇ મીલકત પાછી અપાવવાનાં કારણસર ગેરવ્યાજબી કેદ.

૩૪૮. કોઇ શખ્સને કેદ કરીને તે શખ્સ પાસે, અથવા તે શખ્સની સાથે સબંધ રાખનારા કોઇ શખ્શ પાસે, જેથી કાંઇ ગુનોહ અથવા બદચાલ પકડાય એવી કાંઇ ખબર અથવા કબુલાત જબરદસ્તીથી લેવાના કારણસર, અથવા કેદ કરેલા શખ્સ પાસે, કે તેની સાથે સબંધ રાખનારા કોઇ શખ્શ પાસે, જબરદસ્તીથી કાંઇ મીલકત અથવા કીમતી દસ્તાવેજ પાછો અપાવવા અથવા અપાવવાના કારણસર, અથવા તે કાંઇ લેણું કે માગણું પતાવે, અથવા જેથી કાંઇ મીલકત કે કીમતી દસ્તાવેજ પાછો મળી શકે એવી કાંઇ ખબર આપે. એમ કરવાના કારણસર જે માણસ તે શખ્શને ગેરવ્યાજબી કેદ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

સાપરાધ બળ તથા હુમલા બાબત.

બળ.

૩૪૯. જો એક શખ્શ કોઇ બીજા શખ્શને ગતિ આપે, તેની ગતિમાં ફેરફાર કરે, અથવા તેની ગતિ બંધ કરે, અથવા જો તે શખ્શ કાંઇ પદારથને એવી રીતે કાંઇ ગતિ આપે, તેની ગતિમાં ફેરફાર કરે, અથવા તેની ગતિ બંધ કરે, તેથી તે પદારથ તે બીજા શખ્શના સરીરના કોઇ ભાગને અથવા તે બીજા શખ્સે કાઇ વસ્તુ પેહેરી હોય અથવા તે સાથે લેઇ જતો હોય તે વસ્તુને અડકે, અથવા કઇ બીજી વસ્તુને અટકે એવી રીતે કે તેથી તે બીજા શખ્સની સ્પર્શેંદ્રિપર અસર થાય તો તે શખ્સે તે બીજા શખ્સપર બળ વાપરયું એમ સમજવુ. પણ જે શખ્સ ગતિ આપતો, ગતિમાં ફેરફાર કરતો, અથવા ગતિ બંધ કરતો હોય, તેણે નીચે બતાવેલા ત્રણ પ્રકારોમાંના કોઇ પ્રકારે તે ગતિ આપવી, અથવા ગતિમાં ફેરફાર કરવો. અથવા ગતિ બંધ કરવો જોઇએ.

પેહેલો—પોતાના શરીરની શક્તીથી.

બીજો—કોઇ પદાર્થ એવી રીતે મુકવો કે પછી પોતાની તરફથી અથવા બીજા કોઇ શખ્સની તરફથી કાંઇ બીજુ કામ થના શીવાય તે ગતિ થાય અથવા ગતિમાં ફેરફાર થાય, અથવા ગતિ બંધ થાય, એમ કાંઇ રચના કરીને.

ત્રીજો—કોઇ જાનવરને ગતિમાન કરીને, તેની ગતિમાં ફેરફાર કરીને, અથવા ગતિ બંધ કરીને,

સાપરાધ બળ. ૩૫૦ જો કોઇ શખશ કોઇ બીજા શખશની રજામંદી સિવાય તે બીજા શખશની ઉપર ઇરાદાથી બળ વાપરે. અને તે કાંઇ ગુનોહ કરવા સારૂ અથવા તે બળ જે શખશની ઉપર વાપરે તે શખસને તે બળથી કાંઇ નુકશાન, ભય, અથવા દુ:ખ કરવાના ઈરાદાથી, અથવા તેને તે બળ વાપરવાથી પોતાથી કાંઇ નુકશાથ, ભય, અથવા દુ:ખ થવાનો સંભવ છે એમ જાણ્યા છતાં તો તે શખસે તે બીજા શખશની ઉપર સાપરાધ બળ વાપરયું એમ સમજવું

દ્રષ્ટાંત

(અ) એક નદીમાં બાંધેલી હોડીમાં ઝ બેઠો હોય, અને અ તેનાં દોરડાં છોડી નાંખે અને એ પ્રમાણે ઇરાદાથી તે હોડીને પ્રવાહથી ખેંચાઇ જવા દે, તો એ ઠેકાણે અ એ ઇરાદાથી ઝ ને ગતિ આપી, અને તે પદારથોને એવી રીતિએ મુકવાથી કે પછી કોઇ શખસની તરફથી બીજુ કામ થયા સિવાય તે ગતિ ઉત્પન્ન થઇ માટે અ એ ઇરાદાથી ઝ ની ઉપર બળ વાપરયુ એમ સમજવું; અને અગર કાંઇ ગુન્હો કરવાસારૂ અથવા ઝ ને કાંઇ નુકશાન, ભય, અથવા દુ:ખ કરવાના ઇરાદાથી, કે એ પ્રમાણે બળ વાપરવાથી કાંઇ નુકશાન, ભય, કે દુ:ખ થશે એવો સંભવ જાણ્યા છતાં તેણે એ કામ ઝ ની રજામંદી સીવાય કરયું હોય તો અ એ ઝ ની ઉપર સાપરાધ બળ વાપરયુ એમ સમજવું;

(બ) ઝ એક શિગરામમાં બેશીને જાય છે, તેના ઘોડાઓને અ ચાબક મારીને તેની ચાલ ઉતાવળી કરે તો એ ઠેકાણે જાનવરો પાસે પોતાની ગતી બદલાવીને અ એ ઝ ની ગતીમાં ફેરફાર કરયો માટે અ એ ઝ ની ઉપર બળ વાપરયુ એમ સમજવુ; અગર ઝ ને કાંઇ નુકશાન, ભય, અથવા દુ:ખ કરવાના ઇરાદાથી કે તેથી અ ને કાંઇ નુકશાન, ભય, અથવા દુ:ખ થાય એવો સંભવ જાણ્યા છતાં, તેણે એ કામ ઝ ની રજામંદી સિવાય, કરયુ હોય, તો અ એ ઝ ની ઉપર સાપરાધ બળ વાપરયુ એમ સમજવું

[ક] ઝ એક પાલખીમાં બેશીને જાય છે, તેની પાસેથી અપહરણ કરવાના ઇરાદાથી અ દાંડો ઝાલીને તે પાલખીને અટકાવે, તો એ ઠેકાણે અ એ ઝ ની ગતીબંધ કરી, અને એ તેણે પોતાના સરીરની શક્તિથી કરયુ માટે અ એ ઝ ની ઉપર બળ વાપરયુ એમ સમજવું, અને એ પ્રમાણે અ એ ઇરાદથી ઝ ની રજામંદી શીવાય તથા ગુન્હો કરવા સારૂ કરયુ માટે અ એ ઝ ની ઉપર સાપરાધ બળ વાપરયુ એમ સમજવુ.

(ડ) રસ્તામાં અ ઇરાદાથી ઝ ને ધક્કો મારે, તો એ ઠેકાણે અ એ પોતાના શરીરની શકતીથી પોતાના શરીરને એવી રીતે ગતિ આપી કે તે ઝ ને અટક્યુ માટે તેણે ઇરાદાથી, ઝ ની ઉપર બળ વાપરયુ એમ સમજવું; અને અગર ઝ ને કાંઇ નુકશાન, ભય, અથવા દુ:ખ કરવાના ઇરાદાથી, અથવા તથા તે ઝ ને કાંઇ નુકશાન, ભય, થાય એવો સંભવ જાણ્યા છતાં, તેણે ઝ ની રજામંદી સિવાય એ પ્રમાણે કરયુ હોય, તો તેણે ઝ ની ઉપર સાપરાધ બળ વાપરયુ એમ સમજવું.

(ઈ) અ એક પથર ફેંકે એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તે પથર ઝને

અડકશે, અથવા ઝ નાં કપડાંને અડકશે. અથવા ઝ કાંઇ વસ્તુ લેઇ જાય છે તેને અડકશે, અથવા તે પથર પાણીને લાગીને તે પાણીથી ઝ નાં કપડાં અથવા જ કાંઈ વસ્તુ લેઇ જાય છે તે છંટાશે; તો એ ઠેકાણે, અગર તે પથર ફેંકવાથી કાંઇ પદારથ આગીને ઝ ને અથવા ઝ નાં કપડાંને અટકે તો, અ એ જ ની ઉપર બળ વાપરયું એમ સમજવું. અને અગર જે કાંઇ નુકશાન, ભય, કે દુઃખ કરવાના ઇરાદાથી તેણે જ ની રજા શીવાય એ પ્રમાણે કરયું હોય, તો તેણે જ ની ઉપર સાપરાધ બળ વાપરયું એમ સમજવું.

(ઙ) અ ઇરાદાથી કોઇ સ્ત્રીનો બુરખો ઊંચો ખેંચે, તો અ ઠેકાણે તે સ્ત્રીની ઉપર ઇરાદાથી બળ વાપરયું એમ સમજવુ, અને અગર તે સ્ત્રીને કાંઇ નુકશાન, ભય, કે દુઃખ કરવાના ઇરાદાથી અથવા તેથી નુકશાન, ભય, કે દુઃખ થય એવો સંભવ જાણીને તેણે તે સ્ત્રીની રજામંદી શીવાય એ પ્રમાણે કરયું હોય તો તેણે તે સ્ત્રીની ઉપર સાપરાધ બળ વાપરયું એમ સમજવું

(ચ) જ નાહવા બેઠો છે તેવામાં પોતે ઉકળતું જાણતો હોય એવું પાણી અ હમામખાનામાં રેડે તો એ ઠેકાણે અ એ ઇરાદાથી પોતાના શરીરના હલાવડે તે ઉકળતા પાણીને એવી ગતી આપી કે તે પાણી ઝ ને અટકે અથવા બીજા પાણીને અટકે, અને તે એવી રીતે કે તે અટકવાની જ ની સ્પરશેંદ્રીપર અસર થાય-જ. માટે અ એ ઇરાદાથી જ ની ઉપર બળ વાપરયું એમ સમજવુ; અને અગર, જ ને કાંઇ નુકશાન, ભય, કે દુઃખ કરવાના ઇરાદાથી અથવા તેથી નુકશાન, ભય, કે દુઃખ થાય એવો સંભવ જાણીને, તેણે જ ની રજામંદી શીવાય એ પ્રમાણે કરયું હોય, તો અ એ જ ની ઉપર સાપરાધ બળ વાપરયું એમ સમજવું

(છ) જ ની રજામંદી શીવાય અ એક કુતરાને જ ની ઉપર કુદાવે તો એ ઠેકાણે, અગર જ ને કાંઇ નુકશાન; ભય, કે દુઃખ થવાનો અ નો ઇરાદો હોય તો તેણે જ ની ઉપર સાપરાધ બળ વાપરયું એમ સમજવુ

હુમલો. ૩૫૧ જે માણસ કાંઈ ચાળા અથવા કાંઇ તઇયારી કરે, એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તે ચાળા અથવા તઇયારીથી કોઇ સખસ હાજર હોય તેને એવો ભય ઉત્પન્ન થશે કે એ ચાળા અથવા તઇયારી કરનારો માણસ માહારી ઉપર હમણાં સાપરાધ બળ વાપરવાનો છે, તો તે માણસે હુમલો કરયો એમ સમજવુ

ખુલાસો—માત્ર શબ્દોથી હુમલો થતો નથી. પણ કોઇ સખસ કાંઇ શબ્દો બોલે તે શબ્દો તેના ચાળા અથવા તઇયારીનો એવો અરથ ઉત્પન કરી શકે કે તેથી તે ચાળા અથવા તઇયારી હુમલો ગણાય.

દૃષ્ટાંત.

(ક) અ મુઠી વાળીને જ ની તરફ વરીને હલાવે, એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તેથી જ એમ માનસે કે અમને હમણાં મારશે, તો અ એ હુમલો કરયો એમ સમજવુ.

(ખ) અ એક ભયંકર કુતરાનુ મખબંધન છોડવા માંડે એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તેથી જ એમ માનશે કે અ હમણાં તે કુતરા પાસે મને કરડાવશે. તો અ એ જ ની ઉપર હુમલો કરયો એમ સમજવુ.

(ગ) અ એક લાકડી લેઇને જ ને એમ કહે કે, "હું તારી વલે કરૂશ", તો એ

ઠેકાણે આ એ વાપરેલા શબ્દો કોઈ પણ બાબતમાં હુમલો ગાણાય નહી, તથા માત્ર નીચુ વળીને લાકડી લેવી એ, બીજી કાંઇ બીના શીવાય હુમલો ગાણી ન શકાય એવું હોય, તોપાણ તે લાકડી લેવાના ચાળાનો અરથ તે શબ્દોથી સમજાઇને તે હુમલો થઈ શકે.

ભારે ક્રોધ ઉત્પન ન કરયા છતાં કોઈની ઉપર સાપરાધ બળવાપરવાની શીક્ષા

૩૫૨, કોઇ શખસે ભારે અથવા આકસ્મીક ક્રોધ ઉત્પન ન કરયા છતાં, તે શખશની ઉપર જે માણસ હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે, તે શખશને ત્રાણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા પાંચસે રૂપાયા સુધીના દંડની અથવા એ બંનેની. શિક્ષા કરવામાં આવશે.

ખુલાસો—અગર તે ગુનોહ કરવાનાં બહાનાં દાખલ તે ક્રોધ ગુનેહગારે માગી આણેલો અથવા બુદ્ધીપુરવક ઉતપન કરેલો હોય, અથવા—

અગર કાયદા મુજબ, કે સરકારી નોકરીનો અખ્તીયાર અમલમાં લાવતાં કોઇ સરકારી નોકરને, કરેલી વસ્તુથી તે ક્રોધ ઉતપન થયો હોય અથવા—

અગર ખાનગી બચાવનો હક કાયદા મુજબ, અમલમાં લાવતાં કરેલી તે કાંઇ વસ્તુથી તે ક્રોધ ઉતપન થયો હોય. તો તે ભારે તથા આકસ્મીક ક્રોધના સબંધથી આ કલમ મુજબ કાંઇ ગુનાહની શિક્ષા ઓછી થશે નહી-

તે ક્રોધ એવો ભારે તથા આકસ્મીક હતો કે તેથી તે ગુનોહ ઓછો થઇ શકે, એ હકીકતની બાબત છે.

ટીકા—જે સખસ ઉપર આ કલમ પ્રમાણે કામ ચલાવી તેને પુરાવની ખામીને લીધે છોડી મુકવામાં આવ્યો હોય તે સખસની એની એ ફરીયાદ ઉપરથી વ્યથા કરયાના તહોમતની તજવીજ થઇ શકે નહીં. કપ્તાન વિરૂદ્ધ સ્મીથ ૭ બે. લા. રી. પ્ર ૨૫ [એ ૫.]

કાંઇ આગુધારેલો હુમલો થઈ જાય અને તેમાં કજીઓ થઇ જુસ્સાથી કોઇથી કોઇનુ ખુન થઇ જાય તો તેને કલમ ૩૦૦ના અપવાદ ૪ નો લાભ મળે. કહી પારટીએ પેહેલો ગુસ્સો ચડાવ્યો કિંવા કહી પાટીએ પેહેલો હુમલો કરયો તે આ કામમાં જરૂરનુ નથી—રાણી વીરૂધ્ધ જાસીમરેહ. ૧ વી. રી. પ્ર, ૩૩

આ કલમ પ્રમાણેના તહોમતમાં રૂ ૫૦ દંડ અને દંડ ન આપે તો ૧ મહીનાની કેદની સજા કરવામાં આવી તે પેનલ કોડની આ કલમ ઉપર અને ૬૫ ધ્યાનમાં લઇ ગેરવ્યાજબી ઠરાવવામાં આવી છે. જીહુનબક્ષ. ઈ ડા. પ્ર. ૩૪૧

એક માણસ ઉપર ઘાણા સખસો હુમલો કરે અને તેથી તેનો હાથ ભાગી પડે તો તે આ કલમ પ્રમાણેનો ગુન્હો નથી પાણ કલમ ૩૨૫ પ્રમાણે બુદ્ધિપુરવક મહાવ્યથાનો ગુન્હો છે— રાણી વિરૂદ્ધ રામતા હાલસીંગ. ૫ વી. રી. પ્ર. ૧૨

વાપરેલા શબ્દથી એવુ માલમ પડી આવતું હોય કે એજ વખતે તુરત સાપરાધ બળ વાપરવાનો ઇરાદો નથી તો એ હુમલો થતો નથી. ૧ મું હા. રી. પ્ર.. ૨૫

એક માણસ બીજા માણસને મારવાને લાકડી ઉગામે પાણ તે સામો માણસ એટલે દુર ઉભો હોય તેથી લાકડી ત્યાં પોચાવનો સંભવ ન હોય તો તે તહોમતદારે હુમલો કર્યો કહેવાય નહી. આર્ચ પ્ર. ૭૧૬

પાણ લાકડી હાથમાં લઇ સામા સખસને મારવા માટે છેટેથી " માર માર ' એમ કરતો દોડે, જેને મારવાનો હોય તેને લાકડી પોચે એટલો નજીક તે આવે અને પછી તેને અટકાવવામાં આવે તો તેણે હુમલો કર્યો કહેવાય. આર્ચ પ્ર. ૭૧૬

આરોપીતપર તોહોમત શાબીત થયાથી ગુનેગાર શખશ પાસેથી સુલેહ રાખવા સારૂ મુચલકા વીગેરે લેવા બાબત સને ૧૮૮૨ના આકટ ૧૦ ના કલમ ૧૦૬ જુઓ, વળી તેમુચલકો લેવાનો કયા અમલદારને અખ્તીકાર છે તે વીષે પણ સદરહુ કલમ જોવાથી ખુલાસો થસે. ત્રણ વરશ કરતાં વધતી મુદતને માટે સુલેહ રાખવાના જામીન લેવાય નહી. જુઓ સદરહુ કલમ.

અપીલ ઉપરથી અથવા બીજી કોઇ રીતે જો ગુન્હો સાબીત થયાનો ઠરાવ રદ થાય તો એ પ્રમાણે કરી આપેલુ ખત રદ થશે.

પીનલકોડ કલમ ૪૪૭ મુજબ ગાપાવ્રશહ પ્રવેશનો ગુન્હો સાબીત થવાથી તેની સાથે તે ગુન્હેગાર સુલેહનો ભંગ ન કરે એવો મુચરકો આપે એવો હુકમ કરેલો જો તે ગુનેગારના કૃત્યો પરથી તેનો ઇરાદો સુલેહનો ભંગ કરવાનો છે એમ માલમ પડે તો તે હુકમ ગેર કાયદેશર નથી. જે ગુનાનુ તહોમત હોય તે ગુનો સુલેહનો ભંગ થાય એવોજ ગુન્હો હોવો જોઇએ એમ તદન જરૂરનુ નથી —જેકુખાન—વી. શી. ૭ પ્ર. ૧૪

જમીન વીગેરેના કબજા બાબતના કામમાં સુલેહ રાખવા સારૂ મુચરકો લેવાનો માજીસ્ત્રેટને અખ્તીકાર નથી. વી. રી. ૨૪ પ્ર. ૧૦

જામીનની રકમ વધારવાની અથવા જામીનનો પ્રકાર બદલવાની અથવા તેની મુદત વધાર વાની, કોઇ માજીસ્ત્રેટને, સતા નથી. પણ તે માજીસ્ત્રેટ સમનમાં લખેલા શબ્દો પ્રમાણે વરતવાને બંધાએલા છે રાણી વિરૂદ્ધ—ઇશ્વરી પ્રશાદશીગ ૮ બે લો. રી પ્ર. ૪૪

સુલેહનો ભંગ થવાનો સંભવ છે, એવી ફરીયાદી શિવાય. અને તે બાબતનો પુરાવો લીધા શીવાય કોઇ પણ માજીસ્ત્રેટ સુલેહ રાખવાનો હુકમ કરી શકતો નથી અને તે પ્રમાણે જો તે કરેતો તે તેની હકુમતની બાહરછે, એમ સમજવું— અરજદાર— બુજેદ્રો દુનીયાના કામમાં, વી, ૧૭— પ્ર, ૭૫

શને ૧૮૮૨ ના આકટ ૧૦ની કલમ ૧૦૬— ૧૦૭ મુજબ શુલેહ રાખવાશારૂ મુચલકો શાશારૂ નકરીઆપવો તેનુકારણ બતાવવાને કોઇ શખશને હુકમ કરયો ત્યારબાદ પ્રતીવાદીએ શુલેહનોભંગ ઘણું કરીને થાય એવુ કાંઇ કૃત્ય કરયું છે,કે નહી, તેવીસેની તજવીજ કરયા શીવાય, અથવા તે વીસેના પુરાવો લીધા શીવાય માજીસ્ત્રેટે તે શખશને મુચલકો આપવાનો હુકમ કરવો નહી.—નીસોકુદનાસીગ, વી. રી. ૧૨ પ્ર. ૧૬

રાજારામ બાહાદુરસીગના કામમાં (વુ. રી. ૨૨ પ્ર. ૩૯) નામદાર હાઇ કોરટે એમ ઠરાવ કીધાં છે કે જો પક્ષકારોની અમુક વરતણુંક ઉપરથી સુલેહનો ભંગ થવાનો સંભવ છે. એવુ તાત્કાલીક અનુમાન થઇ શકેતો તવા પુરાવા ઉપરથી. માજીસ્ત્રેટ ઠરાવ કરેતો તે કાંઇ ગેર વ્યાજબી નથી; આ કામમાં તો ફકત બે પોલીસ અમલદારોનો પુરાવો છે, અને તેઓ એમ કહેછે કે, અમારા અભીપ્રાય પ્રમાણે તો બંને પક્ષકારો વચે એવો સંબંધ છે કે જે પક્ષકાર કબજા રહીત છે. તે પક્ષકાર સુલેહનો ભંગ કરશે અવો સંભવ છે.-નામદાર હાઇ કોરટે એમ ઠરાવ કરયો કે, જુના ક્રીમીનલ પ્રોશીજર કલમ ૪૯૧ એટલે સને ૧૮૮૨ના આકટ ૧૦ ની કલમ ૧૦૭ પ્રમાણે કરેલો હુકમ ગેરકાયદે છે. તેમજ માજીસ્ત્રેટે પોતાની ખાનગી માહીતી ઉપર આધાર ગણી ઇનશાફ કરવો નહી, પણ કાયદેશર પુરાવ જે તેના આગળ રજુ થાય તે ઉપ રથી ઇનશાફ કરવો જોઇએ.

કોઇ સરકારી નોકરને ડરાવીને તેનો અમલ કરતો બંધ રાખવાને શાપ

૩૫૩. કોઇ શખશ સરકારી નોકર હોય, અને પોતાના સરકારી હોદાનો અમલ ચલાવતો હોય, તેવામાં, તે શખશની ઉપર જે માણસ હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે અથવા તે શખશને પોતાના સરકારી હોદાનો અમલ ચલાવતો અટકાવવા અથવા ડરાવીને અમલ

શખ્સબળ વાપરવું. બજાવતો બંધ રાખવાના ઈરાદાથી, અથવા તે શખ્સે પોતાના સરકારી હોદ્દાના કાયદા મુજબ અમલ બજાવતાં કાંઇ વસ્તુ કરી હોય અથવા કરવાની કોશીશ કરી હોય તેટલા વાસ્તે, જે માણસ તે શખ્સની ઉપર હુમલા કરે અથવા સાપરાધ બળ વાપરે, તે માણસને બે વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—કાંઇ કામ બજાવવાને સારૂ કોઇ સરકારી નોકરે પોતાના તાબાના માણસને કાંઇ હુકમ આપ્યો હોય તે હુકમ તેની પાસેથી પડાની લેવાનો તહોમતદારો પ્રયત્ન કરે તો તેને આ કલમ પ્રમાણે સજા થાય. ૧૩ વી. રી. પ્ર. ૪૯

કોઇ સ્ત્રીની લાજ લેવાના ઇરાદાથી તેની ઉપર હુમલો અથવાસાપરાધબળ

૩૫૪. કોઇ સ્ત્રીની લાજ લેવાના ઇરાદાથી, અથવા પોતે તેમ કરવાથી તેની લાજ જવાનો સંભવ છે એમ જાણ્યા છતાં, જે માણસ તે સ્ત્રીની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે, તે માણસને બે વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે

ટીકા—આ પ્રમાણે હુમલો કરી સ્ત્રીની લાજ લેવાય તો કલમ ૩૭૬ પ્રમાણે સજા થાય.

કોઇ વઇદ વગર જરૂરીઆતે કોઈ સ્ત્રી દરદીને નાગી કરે, એવા બાનાથી કે એમ કરયા વગર તે દરદ પારખી શકે તેમ નથી. તો એ કપડાં જો વઇદ પોતાને હાથે ઉતારેતો તેણે સાપરાધ બળ વાપરયાનો ગુન્હો કરયો કેહેવાય-રાણી વિરૂધ્ધ રોસીન સ્કી. આર્ચ પ્ર. ૭૧૬

ચાંદીના દરદ થએલ શખશ કોઇ તેર વરસની છોકરી સાથે સભોગ કરે, છોકરીને એવું જણાવે કે મને કાંઇ દરદ નથી તો એ શખસે આ કલમ પ્રમાણે નીચ સાપરાધબળવાપર્યું કેહેવાય—રાણી વીરૂધ્ધ બેનેટ, આર્ચ પ્ર. ૭૧૬

કોઇ મેહેતાજી તેની સ્ત્રી નીશાળીઆ સાથે તેની સમતી વગર અયોગ્ય છુટ લે તેમાં તે સામી ન થાય તો પણ તે હુમલો છે—રાણી વિરૂધ્ધ નીકલ. આર્ચ. પ્ર ૭૧૫

એક આરોપીતને એક બીજા વર્ગના માજીસ્ટ્રેટે આ કલમ પ્રમાણે એક સ્ત્રીની શરીપતા ઉપર ઇરાદા પુરવક હુમલો કરયાનો ગુનેગાર ગણી તેને શીક્ષા કરી હતી તે ઉપર આરોપીતે થાણું જીલ્લાના માજીસ્ત્રેટને અપીલ કરી તેથી તેઓએ શેકંડકલાસ માજીસ્ત્રેટની કરેલી શીક્ષા રદ કરી તે એવા કારણથી કે "આ કામમાં જે પુરાવ દાખલ થયો છે તે જો ભરોસો રાખવા લાયક હોય તો પી. કો. કા. ૩૭૬ તથા ૫૧૧ મુજબ બળાત્કાર સ્ત્રી સંભોગ કરવાને કોશીશ કર્યાનો ગુન્હો બને છે અને તેની તપાસ કરવાનો સેકંડ કલાસ માજીસ્ટ્રેટને અધીકાર નથી"

ડીસ્ત્રીકટમાજીસ્ત્રેટે એ પ્રમાણે ઠરાવ કરયોતે ઉપરથી થાણાના સેશનજડજે ટબ્લુ. એમ. પી. કોગમાને આ કામ હાઇકોરટના અભીપ્રાય માટે મોકલ્યું. તેથી હાઇકોરટે ઠરાવ કીધો કે, જુના ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૮૪ એટલે,શન ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૪૨૩ રકમ બીજી પ્રમાણે ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટને તે શીક્ષા કદ કરવાનો અધીકાર નથી. પણ ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટે આ કામ હાઇકોરટના અભીપ્રાય માટે મોકલવું જોઇતું હતું સરકાર વીરૂધ્ધ તુકારામ રાઘો. મુ. હા. રો. વા. ૧૨—પાનુ ૨૩૪ તા૦ ૬ જુલાઈ ૧૮૭૫

જબરાઇથી સંભોગ કરવાના કામમાં આ કલમ તથા કલમ ૩૭૬પ્રમાણે ફસ્ટકલાસ માજીસ્ત્રેટને અધીકાર નથી. શેશન કોરટને અધીકાર છે મુ હા. કો. તા૦ ૩૦ જુલાઇ ૧૮૬૮ નેટીવ ઓપીનીયન ૧૮૬૮ પ્ર. ૧૩૬

ભારે ક્રોધ ન ઉત્પન્ન કરવા છતાં

૩૫૫. કોઇ શખ્સે ભારે તથા આકસ્મીક ક્રોધ ઉત્પન્ન ન કરયાં છતાં, જે શખ્સને બે આબરૂ કરવાના ઇરાદાથી જે માણસ તે શ

કોઇ શખશને બે આબરૂ કરવાના ઇરાદાથી હુમલો અથવા સાપરાધ બળ.

ખશની ઉપર હુમલો કરે, અથવા સાપરાધ બળ વાપરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે,

કોઇ શખશ કાંઇ વસ્તુ લેઇ જતો હોય તે વસ્તુની ચોરી કરવાની કોશીશ કરવામાં હુમલો અથવા સાપરાધ બળ.

૩૫૬. કોઇ શખસે કાંઇ વસ્તુ પેહેરી હોય અથવા તે લેઇ જતો હોય, તેની ચોરી કરવાની કોશીશ કરવામાં તે શખસની ઉપર જે માણસ હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

કોઇ શખશને ગેરવ્યાજબી કેદ કરવાની કોશીશમાં હુમલો અથવા સાપરાધ બળ,

૩૫૭. કોઇ શખસને ગેરવ્યાજબી કેદ કરવાની કોશિશ કરવામાં જે માણસ તે સખશની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે, તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

કોઈએ ભારે તથા આકસ્મિક ક્રોધ ઉતપન કરયા પરથી તેની ઉપર હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવું.

૩૫૮. કોઇ સખસે ભારે તથા આકસ્મિક ક્રોધ ઉતપન કરયા પરથી જે માણસ તે શખસની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની. અથવા બસે રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની, શિક્ષા કરવામાં આવશે.

ખુલાસો—૩૫૨ મી કલમનો જે ખુલાસો લખેલોછે તે આ છેલી કલમને પણ લાગુ પડેછે.

મનુષ્યહરણ, મનુષ્યનયન, ગુલામી તથા વેઠ બાબત.

મનુષ્ય હરણ.

૩૫૯. મનુષ્યહરણ બે પ્રકારનું છે, એક બ્રિટિશઇંડીયામાંથી અને બીજું કાયદેસર વાલીના હવાલામાંથી.

બ્રિટિશઇંડિયામાંથી મનુષ્ય હરણ.

૩૬૦ જે માણસ કોઇ શખશની રજામંદી શીવાય અથવા તે શખશનીવતી રજામદી આપવાનો જેનો કાયદા મુજબ અખ્તીર હોય એવા કોઈ શખશની રજામદી શીવાય, બ્રિટિશઇંડીયાની હદની બહાર લઇ જાય તે માણસે બ્રિટિશઇંડીયામાંથી તે શખસનું હરણ કરયું એમ સમજવું

કાયદેસરે વાલીના હવાલામાંથી મનુષ્ય હરણ.

૩૬૧. ચૌદ વરસથી ઓછી ઉમરના કોઇ છોકરાનો અથવા સોળ વરસથી ઓછી ઉમરની કોઇ છોકરીને, અથવા કોઇ દીવાના શખશને. તે બાળક અથવા દીવાના શખસના કાયદેશર વાલીના હવાલામાંથી તે વાલીની રજામંદી શીવાય, જે માણસ લઇ જાય અથવા ફોસલાવીને તેડી જાય, તેણે તે બાળક અથવા તે શખશનુ કાયદેસર વાલીના હવાલામાંથી હરણ કરયું એમ સમજવું.

ખુલાસો—આ કલમ મધ્યે "કાયદેશર વાલી" એ શબ્દો લખ્યા છે તે શબ્દો મધ્યે તે બાળક અથવા તે બીજા શખસને રાખવાનું અથવા તેની સભાળ કરવાનું કામ કાયદા મુજબ જે શખસને સોંપ્યુ હોય, એવા કોઇ પણ શખસનો સમાવેશ થાય છે,

અપવાદ.—કોઇ શખસ શુદ્ધબુદ્ધિએ એમ માનતો હોય કે લગ્ન સબંધ વિના ઉતપન્ન

પએલા ફલાણા બચ્ચાંનો હું બાપ છું, અથવા શુદ્ધબુદ્ધિએ એમ માનતો હોય કે તે બચ્ચાંને કાયદેસર હવાલામાં રાખવાનો મારો હક છે, અને તે શખ્શ અમર કાંઈ અ-નીતીનાં અથવા કાયદા વીરૂધ કારણસર એવું કામ ન કરે, તો તેના કામને આ કલમ લાગુ પડતી નથી.

ટીકા.—ચૌદ વરસથી ઓછી ઉમરના છોકરાને, કીંવા સોળ વરસથી ઓછી ઉમરની છો-કરીને, અથવા દીવાનાને તેના વાલીની રજામંદી વગર લઇ જાય અથવા ફોસલાવી લઇ જાય તેણે કાયદાસર વાલીના હવાલામાંથી હરણ કરયું કહેવાય.

એક દશ વરસની છોકરી પોતાના ધણી અને સાસુની પાસે રેહેતી હતી તેને એક દીવસે છાણા વીણીને વેચવા માટે તેઓએ મોકલી તે છોકરી ઘેર પાછી આવતાં આરોપીતે પોતાને ઘેર બેસાડી મુકી અને પોતાની સાથે તેને બીજે ઠેકાણે લઇ જવાના હેતુએ તેને તે લઇ ગયો. તે ઉપરથી અમદાવાદના આશીષ્ટન જડજ એ. એલ. પી. લારકને, આરોપીત પર તેણે કાયદેશર વાલીના કબજામાથી અલ્પવયનું છોકરૂ ચોરયાનુ તોહોમત સાબીત કરી તેને ત્રણ વરસની સખત કેદની શીક્ષા કરી, તે સેસન જડજે બાહાલ રાખી. તે ઉપર હા-ઇકોરટને તપાસણી અરજ થઇ એવા કારણથી કે "આ કામમાં જે કાંઇ વાત જણાઇ આવી છે તે ઉપરથી એ કૃત્ય છોકરૂં ચોરી લેવાનો ગુન્હો નથી. તો છોકરી આરોપીત સાથે જવાને જો કબુલ થઇ હતી તો તેને લઇ જવાની વખતે તેનો કોઇ વાલી હતો કીંવા નહો તો એની ચોકશી કરવાની તેને જરૂર નોહોતી" તે ઉપર હાઇકોરટે ઠરા કરયો કે—

દશ વરસની છોકરીનું કોઈ પાલણ કરનાર છે કે નહી, એવી ચોકશી કરયા શીવાય તેને તેના પાલન કરનારના કબજામાંથી લેવી એ કૃત્ય તેણે પોતાપર જવાબદારી લાધા બરાબર છે, અને એટલા વાસ્તે તેના પરીણામથી તેનો છુટકો થનાર નથી દશ વરસની છોકરીએ પોતાના પાલણ કરનારના તાબામાં છે. એમ પ્રથમ દર્સને સમજવું જોઇએ અને તેની યોગ્ય રીતે પરવાનગી લીધા શીવાય જો કોઇ તેને લેઈ જાયતો તે કૃત્ય ગુન્હો થશે એવા પ્રકારનું અલ્પવયનુ છોકરૂ એ પાલણ કરનારનાં તાબામાં છે. એટલી રેવાની સદરહુ કલમમાં પી, કો. કા ૩૬૧ માં કહેલો ગુન્હો થવાને બસ છે. માટે આ તપાશણી અરજ નામંજુર કરીએ છીએ—સરકાર વીરૂધ— ઉમરશાદબક્ષ—મુ. રી. વા. ૩ પાનુ ૧૧૭ તા૦ ૧ ડીસંબર સન ૧૮૭૮

તહોમતદારે છોકરીને કાંઇ સમજાવી ન હોય, લલચાવી ન હોય, તેમ છતાં છોકરી મજકુર તેના બાપને ઘરથી નીકળી ઘણે દુર હોય એવા તહોમતદારને ઘેર જાય તો તહોમતદાર ઉપર આ તહોમત આવે નહી. અલબત નીતી પ્રમાણે તે છોકરાને તેણે પાછી વાળવી જોઇએ પણ તેમ કરે નહી તો તેથી ગુન્હામાં આવે નહી. આનું કારણ એજ કે ગુન્હો છે તે કાયદાસર વાલીના હવાલામાંથી લઇ જવાનો છે—રાણી વિરૂદ્ધ ઓલીફાયર. આર્ચ. પ્ર, ૭૫૮

લઇ જતી વખતે છોકરી મજકુર કોઇના કાયદાસર વાલીપણા નીચે છે એવું તહોમતદાર જાણતો ન હોય, અથવા એવું માનવાને તેનું કાંઇ કારણ પણ ન હોય તો તણે. આ ગુન્હો કરયો નથી—રાણી વિરૂધ હીબર્ટ. આર્ચ, પ્ર. ૭૫૮—૫૯

એક તહોમતદાર એક છોકરીને રસ્તામાં મળ્યો અને તેને લલચાવીને પાસેના એક ગામમાં લઇ ગયો અને જયાં ફોસલાવી તે તેઓએ ગામડેથી પાછા ફરયાં એટલે તહોમતદારે જયાંથી તેને ઉડાવી હતી ત્યાં તેને મુકી છોકરી તેના બાપને ઘેર ગઇ એ છોકરી કોની હતી એવી તહોમતદારે તજવીજ પણ કરી નહી, તેમ તે કોહેની છોકરા છે.

એવું જાણતો કે માનનો નહોતો તેમાં ઠરયું કે તેણે ભગવી લઇ જવાનો ગુન્હો કરયો નથી. રાણી વિરૂધ ગ્રીન આ. પ્ર. ૭૫૯

છોકરીના માબાપને કાંઇ ખોટી હકીકત કહીને અથવા કપટ કરીને પોતાની છોકરીને તહોમતદારને આપે એવું તહોમતદાર કરે અને માબાપ ભોળપણથી તહોમતદારને આપે પાછળથી એમ કરવાનું કારણ છોકરીને લઇ જવી એવું જણાય તો તહોમતદારે આ ગુન્હો કરયો કહેવાય—રાણી વીરૂધ હાપકીન્સ. આ. પ્ર ૭૫૯

પોતાની છોકરીને લઇ જવા માબાપ પ્રથમ રજા આપે, પાછળથી ના પડે તો પછી આ ગુન્હો બને છે કે નહી એ શક ભરેલું છે, પરંતુ એટલું તો ખરૂં છે કે ના પાડયા પછી લઈ જાય તો આ ગુન્હો બને છે. આ. પ્ર. ૭૫૯

એક છોકરીની મા તે છોકરીને રાત્રીએ એકલી નાચમાં વેશ્યાઓને ઘેર વીગેરમાં જવાની રજા આપે, તે ખરાબ ચાલચાલે, તેમાંતેની મંજુરી હોય એવું દરશાવેના પછી એવી જગ્યાએથી તેને કોઇ લઇ જાય તો તેને કાયદાસર વાલીના હવાલામાંથી ભગવી લઇ ગયાનું ગણાય નહી—રાણી વીરૂધ પ્રીમેલ્ટ. આ. પ્ર. ૭૫૯

આ કલમ પ્રમાણેના ગુન્હો સંપુર્ણ થવા માટે જે છોકરા અથવા છોકરીને લઇ જવામાં આવ્યું હોય તેને બળથી લઇ જવામાં આવ્યું હતું કે નહી તે કાંઇ જરૂરની બાબત નથી. રાણી વીરૂધ મોધુપાલ કો. ઇ. ડા. પ્ર. ૩૩૪

આ કલમ પ્રમાણેનો ગુનો સંપુરણ થવા માટે કાયદાસરવાલીના હવાલામાંથી તેની મંજુરી વગર એ છોકરાનું હરણ કરેલું હોવું જોઇએ—રાણી વિરૂધ ગંધરસીંગ કો. ઇ. ડા પ્ર ૩૫૭

એક છોકરીનું કોઇ શખશ સાથે લગન કરવું એવું ઠરયું હોય પણ પાછળથી એ છોકરીના બાપનું મન ફરયું હોય તેમ છતાં તેનો ધણી તેને ઉઠાવી લઇ જાય તો તેણે આ કલમ પ્રમાણે ગુનો કરયો કહેવાય—રાણી વિરૂદ્ધ ગુરૂદાસ રાજ બંસી કો૦ ઈ૦ ડા૦ પ્ર. ૩૫૭

કોઇ છોકરૂં જાહેર રસ્તામાં રમતું હોય અને તેને ત્યાંથી લઇ જવામાં આવ્યું હોયતો તે કાયદાસર વાલીના કબજામાંથી લીધું કહેવાય--રાણી વિરૂદ્ધ મસામસ ઉજીરત, કો૦ ઇ. ડા૦ પ્ર૦ ૩૫૭

હરણ કરેલી છોકરી લાયક ઉમરની હોય અને ભગવી લઇ જવામાં તેની સમત્તિ હોયતો તે ભગવી જનાર ઉપર પારકી સ્ત્રી ફોસલાવી લઇ જવાનું તહોમત આવે, આ કલમ પ્રમાણે તોહમત આવે નહી—રાણી વિરૂદ્ધ શ્રીમોતી પેહુ કો, ઇ. ડા. પ્ર. ૩૩૯

જે વખતે છોકરાનું હરણ કરવામા આવે તે વખતે તે છોકરી તેના બાપના કબજામાં ન હોય ક્યાંઈ નાશી ગઇ હોય તો ત્યાંથી નસાડી જનાર ઉપર આ કલમ પ્રમાણે તહોમત આવે નહી. (મેન પ્ર. ૨૯૧)

દશ વરસની છોકરી વાલી વગર હોયજ નહી એવું વિરૂધ શાબીત થતાં સુધી માનવું જોઇએ. તે છોકરીનો કોઈ વાલી છે કે નહી તેનો તપાસ કરવામાં મેં ભુલ કરી એવો બચાવ તહોમતદાર લાવી શકે નહી—કેશરેહિંદ વિરૂધ ઉમરશાહબક્ષ ૩ ઇ. લા. રી.(મુંબાઈ) પ્ર. ૧૭૮

મનુષ્ય નયન. ૩૬૨. કોઇ સખસને કોઇ જગેથી જવાને જે માણસ બળથી જરૂર પાડે, અથવા કાંઇ ફરેબી ઇલાજોથી લલચાવે તે માણસને તે શખશનું નયન કરયું એમ સમજવું.

મનુષ્ય હરણની શીક્ષા. ૩૬૩. જે માણસ બ્રિટીશ ઇંડીયામાંથી, અથવા કાયદેસર વાલીના હવાલામાંથી, કોઇ શખસનું હરણ કરે, તે માણસને સાત વરસની મુ

દત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—સગીર છોકરાના કાયદેસર પાલન કરનારના તાબામાંથી સગીરને લઇ જવાની ક્રીયા ચાલુ હોય ત્યાં સુધી ચોરી લેવાના અપરાધને શાજ્ય કરવામાં આવેછે અને બીજા હાલના કામમાં કલમ ૩૬૩ અને ૧૧૬ પ્રમાણે અપરાધ મુકવો જોઇએ, સરકાર વીરૂધ રામ્યા કાનદત વા. ૧– પ્ર. ૧– ૬૪

એક બાળક છોકરાએ તેના માબાપની પરવાનગી વગર અને કોઇ બીજા શખશની શીખવણીથી પોતાનું ઘર છોડ્યું છે એવી તહોમતદારને ખબર નહી હોવાથી તેને લંકા સુધી લઇ જવાનું માથે લીધું તેને રસ્તે પકડવામાં આવ્યો અને મનુષ્ય હરણ કરવાની મદદગારીના તહોમતથી ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો, મુખ્ય ગુનેગાર અને આ મદદગાર વચ્ચે એ છોકરાનું હરણ કરવા બાબત કાંઇ મસલત થઇ નહોતી. એ કારણથી સેશન જજે શીક્ષા રદ કરી તેમાં ઠરાવવામાં આવ્યુ કે કાયદાસર વાલીના હવાલામાંથી કોઇ બાળકને લઇ જવાનું કર્મ જ્યાં સુધી જારી રહે ત્યાં સુધી એ હરણ કરવાના ગુન્હામાં મદદગારી કરી કહેવાય, અને આ હરણ બ્રિટીશ ઇન્ડીયામાંથી થયું હતું માટે કલમ ૩૬૩ અને ૧૧૬ લગાવવી જોઇએ—રાણીવીરૂધ સામીઆ કાવનદાન. ૧. ઇ. લા, રી. પ્ર. ૧૭૩ (મદ્રાસ).

સોળ વરસની અંદરની કોઇ છોકરીને તેના કાયદાસર વાલીની પરવાનગી વગર પરણાવા માટે લઇ જવામાં આવેતો તેને આ કલમ ૩૬૩ અને ૩૬૬ મુજબ ગુન્હો કરયો કહેવાય. આવા કામમાં છોકરીની મંજુરી હતી એ બચાવ નથી તેમ તેને જોરથી કે ફરેબથી લઇ જવામાં આવી હતી એ પણ જરૂરનો નથી—રાણીવીરૂધ કુંદનસીંગ અને મોહનસીંગ.

આ કલમમાં "કાયદાસર વાલી" એવા શબ્દ લખ્યાછે તેનો અર્થ નાના છોકરા જેની સંભાળ અને તકેદારી નીચે રાખવામાં આવ્યું હોય તે શખશ તેનો કાયદાસર વાલી સમજવો—રાણીવીરૂધ બલદેઓ. કો ઇ. ડા. પ્ર. ૩૫૮

આ કલમ પ્રમાણેનું તહોમત માંહોમાંહે માંડી વળાય—રાણીવીરૂધ ઝોપી મોહનમીતર ૧૦ જુન સન ૧૮૭૪ કલકત્તા હાઇકોર્ટ.

ખુન કરવા માટે મનુષ્ય હરણ અથવા મનુષ્ય નયન

૩૬૪. કોઇ શખશનું ખુન કરવામાં આવે એટલા માટે અથવા પોતાનું ખુન થવાના જોખમમાં તે શખશ આવે એવી રીતે તેનો વગ કરવામાં આવે એટલા માટે જે માણસ તે શખશનું હરણ અથવા નયન કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની સખત કેદની, શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

દ્રષ્ટાંત.

[અ) અ બ્રિટીશ ઇંડીયામાંથી ઝ નું હરણ કરે એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે એક મુર્તીને ઝ નો ભોગ આપવામાં આવે તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

(બ) બ નું ખુન કરવામાં આવે એટલા માટે બ ને તેને ઘેરથી અ બળથી અથવા ફોસલાવીને લઇ જાય. તે અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

કોઇ શખશને છાની રીતે ગેર બ્યાજ

૩૬૫. કોઇ સખશને છાની રીતે, ગેરવ્યાજબી કેદ કરવાના ઇરાદાથી જે માણસ તે શખશનું હરણ અથવા નયન કરે; તે માણસ

ભી કેદકરવાના ઈરાદાથી તેનુ હરણ અથવા નયનકરવું.

ને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ સ્ત્રીના જુલમથી લગ્ન કરાવવા વગેરે કારણસાર તે સ્ત્રીનુ હરણ અથવા નયન.

૩૬૬. કોઇ સ્ત્રીને તે સ્ત્રીની મરજી નહી છતાં કોઇ પુરૂષની સાથે જુલમથી પરણાવવામાં આવે એવા ઇરાદાથી, અથવા જુલમથી પરણાવવામાં આવશે એવો સંભવ છે એમ જાણીને, અથવા જુલમથી કે ફોસલાવીને તે સ્ત્રીની જોડે જાર કર્મ કરવામાં આવે એટલા માટે અથવા જુલમથી કે ફોસલાવીને તેની જોડે જાર કર્મ કરવામાં આવશે એવો સંભવ છે એમ જાણીને, જે માણસ તે સ્ત્રીનુ હરણ અથવા નયન કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—આ કલમ પ્રમાણેના તહોમતમાં જે કામ માટે નસાડી લઇ જવામાં આવીછે તે કામ સાબીત થવું જોઇએ. (ક્રી. મ.૨૭૭

જેવખત ભગવી લઇ જવામાં આવે તે વખત એ સ્ત્રીની મરજી હોય પણ પછી રસ્તે પડતાં તેસ્ત્રીની તે ભગવી લઇ જનારની સાથે જવાની મરજી નહોય તેમ છતા તેને રોકી શકે તો તહોમતદારે આ કલમ પ્રમાણેનો ગુન્હો કરયો કહેવાય. આર્ચ. પ્ર. ૪૫૭

જે વખત નસાડી લઇ જવામાં આવે તે વખત સ્ત્રીની ખુશી નહોય પણ પાછળથી તેને પરણાવે ત્યારે તેની ખુશી હોયતો એ પાછળની ખુશીથી તહોમતદાર બચી શકે નહી કેમકે ગુન્હો છે તે ભગવી લઇ જતી વખત સ્ત્રીની ખુશી હતી કે નહી તે ઉપર છે. રવીદનનો મુકરદમો આર્ચ. પ્ર. ૪૫૭

સ્ત્રીને નસાડી લઇ જઇ પરણાવવામાં આવે તે વખતે તેની મરજી હોય પણ તે મરજી તેણે તહોમતદારે વાપરેલા કપટ ઉપરથી આપી હોયતો તહોમતદાર આ ગુન્હો કરયો કહેવાય—રાણી વીરૂધ વેકફીલ્ડ. આર્ચ. પ્ર. ૪૫૭

કોઇ શખશને મહાવ્યથા થાય,તેને ગુલામ કરવામાં આવે, વગેરે કારણસર તેનુ હરણ અથવા નયન કરવું.

૩૬૭ કોઇ શખશને મહાવ્યથા કરવામાં આવે, અથવા તેને ગુલામ કરવામાં આવે, અથવા તેની ઉપર કોઇ શખશની સૃષ્ટીક્રમ વિરૂદ્ધ મૈથુનેચ્છા પુરણ થાય એટલા માટે, અથવા તેના ઉપર એ પ્રમાણે ગુજરવાના જોખમમાં તે આવે એવી રીતે તેનો વગ કરવામાં આવે એટલા માટે, અથવા તે શખશની ઉપર એ પ્રમાણે ગુજરશે, અથવા તેનો એ પ્રમાણે વગ કરવામાં આવશે. એવો સંભવ છે એમ જાણીને જે માણસ તે શખશનુ હરણ અથવા નયન કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

હરણ થએલા શખશને ગેરવ્યાજબી રીતે સંતાડવો, અથવા કેદમાં રાખવો

૩૬૮. ફલાણા શખશનુ હરણ અથવા નયન થયેલુછે એમ જાણ્યા છતાં જે માણસ તે શખશને ગેરવ્યાજબી રીતે સંતાડે અથવા કેદ કરે, તે માણસને, જે ઇરાદા કે જ્ઞાનથી, અથવા જે કારણસર તે માણસ તે શખશને સંતાડે અથવા કેદમાં રાખે તેજ ઇરાદા કે જ્ઞાનથી, અથવા તેજ કારણસર જાણે તે માણસે તે શખશનુ હરણ અથવા નયન કરયુ હોય એવી રીતે શિક્ષા કરવામાં આવશે.

દશ વરસથી ઓછી

૩૬૯. દશ વરસથી ઓછી ઉમરનાં કોઇ બચ્ચાંના શરીરપરથી

ઉમરના કોઇ બચ્ચાંના શરીરપરથીજંગમમિલકત ચોરવાના ઇરાદાથી તે બચ્ચાનું હરણ અથવાનયનકરવું.

કોઇ જંગમ મિલકત બદદાનતથી લેવાના ઇરાદાથી, જે માણસ તે બચ્ચાનું હરણ અથવા નયન કરે, તે માણસને સાત વરશની મુદત સુધીની, બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ શખશને ગુલામ દાખલ વેચવો અથવા આપવો

૩૭૦. કોઇ શખસને ગુલામ દાખલ જે માણસ આ દેશમાં લાવે અથવા આ દેશમાંથી બાહાર મોકલે, અથવા ખસેડે અથવા ખરીદ કરે અથવા વેચે, અથવા કોઇને આપે અથવા, તે શખસની મરજી નહીં છતાં તેને ગુલામ દાખલ કબુલ કરે, લે, અથવા રાખે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

નીત્ય ગુલામનો વેપાર કરવો.

૩૭૧. જે માણસ નિત્ય ગુલામોને આ દેશમાં લાવે અથવા આ દેશમાંથી બાહાર મોકલે, અથવા ખસેડે, અથવા ખરીદ કરે, અથવા વેચે, અથવા તેઓને વેપાર ધંધો કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

જારકરમને માટે કોઇ બાળકને વેચવું વગેરે,

૩૭૨. સોળ વરશથી ઓછી ઉમરનું કોઇ બાળક જાર કરમનાં કારણસર, અથવા કાંઇ કાયદા વિરૂદ્ધ તથા અનીતીનાં કારણસર, રાખવામાં કે વાપરવામાં આવે એવા ઇરાદાથી, અથવા તે બાળક તેવા કાંઇ કારણસર રાખવામાં કે વાપરવામાં આવશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં, જે માણસ તે બાળકને વેચે, અથવા ભાડે આપે, અથવા બીજી રીતે કોઇને આપે, તે માણસને દસ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—સેજની ક્રીયા કરી કોઇ સોળ વરસથી ઓછી ઉમરની છોકરીને કોઇ હીંદુ દેવળમાં અરપણ કરવામાં આવે અને એવી છોકરી વેશ્યાઓનો ધંધો ચલાવશે એવું જણાતે અરપણ કરનારે આ કલમ વીરૂદ્ધ ગુન્હો કરયોગણાય—રાણી વીરૂદ્ધ જેલા. ૬ મુ. હા. રીપો. પા. ૬૦ (ફોજદારી.)

જે છોકરી વેસ્યાનો ધંધો ચલાવી તેથી ઉપજેલા નાણામાંથી તેના માબાપ અથવા વાલીને કાંઇ નાણા આપતી હોય તો તે નાણા લેવાથી તેના માબાપ અથવા વાલી આ કલમ પ્રમાણે ગુન્હેગાર નથી. (ક્રી. પ્ર ૨૮૧.)

આ કલમ પ્રમાણે અપાત્ર થવાને શગીર છોકરાપરનો નીરબંધ કીંવા તેના કબજો બીજાને અપાવવો એવા પ્રકારે તેની એકાદી વ્યવસ્થા કરવી જોઇએ એમ નથી—સરકાર વીરૂદ્ધ અરમ ચેલમ અને બીજા મા. હા. રી. ભા. ૧ પાનુ ૧૬૪

નાંહાંની છોકરીને વ્યભીચાર કરવાના ઇરાદાથી કોઇ દેવળના અરણ કરી તો તે આ કલમ પ્રમાણે ગુન્હો છે. મુ. હા. કો. તા૦ ૩૦ શપટંબર ૧૮૬૬

જાર કરમને માટે કોઇ બાળકને ખરીદ કરવું.

૩૭૩. સોળ વરસથી ઓછી ઉમરનું કોઇ બાળક જારકરમનાં કારણસર, અથવા કાંઇ કાયદા વીરૂદ્ધ તથા અનીતીનાં કારણસર, રાખવામાં કે વાપરવામાં આવે, એવા ઇરાદાથી, અથવા તે બાળક

તેવાં કાંઇ કામગુજર રાખવામાં કે વાપરવામાં આવસે. એવો સંભવ
છે એમ જાણ્યા છતાં, જે માણસ તે બાળકને ખરીદ કરે, ભાડે લે અથવા બીજી રીતે
પોતાના કબજામાં લે, તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારના
કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—આ કલમ પ્રમાણેનો ગુન્હો સ્થાપીત કરતી વખતે એ જાર કર્મ માટે બાળકને
તહોમતદારે ખરેખર કબજામાં લીધું હતું એવું સાબીત થયું જોઇએ.

કાયદા વિરૂધ્ધ જ ૩૭૪. કોઇ શખશની મરજી નહી છતા જે માણસ તેની પા
બરાઇથી મજુરી સે કાયદા વિરૂધ્ધ જબરાઇથી મજુરી કરાવે, તે માણસને એક વરસ
કરાવવી. ની મુદત સુધીની બેમાંનાગમે તે પ્રકારની કેદની, અથવા દંડની,
અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

બળાત્કાર સંભોગ બાબત,

૩૭૫. નીચે બાતલ કરેલી બાબત શિવાય બીજી સઘળી બા
બળાત્કારસંભોગ. બતમાં જે પુરૂષ નીચે બયાન કરેલી પાંચ હાલતોમાંની કોઇ પણ
હાલતમાં કોઇ સ્ત્રીની સાથે સંગ કરે, તેણે બળાત્કાર સંભોગ કરયો એમ સમજવુ.

પેહેલી—તે સ્ત્રીની મરજી નહી છતાં.

બીજી—તે સ્ત્રીની રજામંદી વગર.

ત્રીજી—તે સ્ત્રીને મોતનો અથવા વ્યથાનો ભય ઉત્પન કરીને તેની રજામંદી લીધી હોય
તો તે રજામંદી છતાં પણ.

ચોથી—તે પુરૂષ એમ જાણતો હોય કે હું એ સ્ત્રીનો વર નથી, અને તે સ્ત્રી જે
બીજા પુરૂષની સાથે કાયદા મુજબ પરણેલી છે અથવા પોતાને પરણેલી માને છે તે પુરૂષ
હું છું એમ જાણીને તેણે પોતાની રજામંદી આપીએ, તો તે રજામંદી છતાં પણ.

પાંચમી—તે સ્ત્રી દશ વરસથી ઓછી ઉમરની હોય તો, પછી તેની રજામંદી હોય
કે નહી તો પણ.

ખુલાસો—બળાત્કાર સંભોગના ગુનાહમાં જે સંગ થયો જરૂર છે. તેમાં પ્રવેશ
થયો તો બસ છે.

અપવાદ—કોઇ પુરૂષ પોતાની વહુની સાથે સંગ કરે, અને તે સ્ત્રી દશ વરસથી ઓ-
છી ઉમરની નહી હોય, તો તે બળાત્કાર સંભોગ નહી ગણાય,

૩૭૬, જે માણસ બળાત્કાર સંભોગ કરે, તે માણસને જીવતાં
બળાત્કાર શંભો સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે
ગની શિક્ષા. તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—જેની સાથે બળાત્કાર સંભોગ કરવામાં આવ્યો છે તે ફરીઆદી ખબર ચાલ
નીછે એવો પુરાવો આપી શકાયછે. પુરાવના આક્ટની કલમ ૧૫૫ ની રકમ (૧)
બળાત્કાર થયેલી સ્ત્રી કીંવા છોકરીએ મરતી વખતે તેના મોતનું જે કારણ કહ્યું હોય
તે બળાત્કારથી થએલા મોતની તજવીજ વખતે લગતી હકીકત છે.

જો છોકરી સાથે કોઇ વઇદ સંભોગ કરે એવુ બાનું બતાવીને કે એમ કરયા વગર
તેનું દરદ મટે તેમ નથી. છોકરી આવા કારણથી સંભોગ કરવા દે તો વઇદે બળાત્કાર
સંભોગ કરયો કહેવાય—રાણી વીરૂદ્ધ. કેસ, આચ. પ્ર. ૭૬૩

દશ વરસથી ઉપરની છોકરી સાથે તેનો ધણી સંભોગ કરે તો તે બળાત્કાર સંભોગ

નથી પણ તેની ઓરતની મરજી વીરૂધ પાસે ઉભી રહીંને કીંવા બીજી રીતે મદદગારી કરી તેની સાથે બળાત્કાર સંભોગ કરાવે તો તે ધણી મદદગારીનો ગુન્હેગાર થાય છે—રાણી વીરૂધ એલડરસો આર્ચ પ્ર ૭૬૩

દારૂ પાઇ સ્ત્રીને બેભાન કરી સંભોગ કરવામાં આવે તો તે બળાત્કાર સંભોગ છે-રાણી વીરૂધ કેમપલીન આર્ચ પ્ર. ૭૬૩

કોઈ સ્ત્રી ભરઊંઘમાં પડી હોય, ત્યાં જઇ નીંદ્રામાં તેની સાથે સંભોગ કરવામાં આવે તો તે બળાત્કાર સંભોગ છે—રાણી વિરૂદ્ધ મેચેલ આર્ચ પ્ર. ૭૬૩

ગાંડી સ્ત્રી સાથે પણ તેની મરજી વગરનો સંભોગ તે બળાત્કાર સંભોગ છે—રાણી વિરૂધ ફલેચર. આર્ચ. ૭૬૩

સંભોગ કરવા પ્રથમ હા પાડી હોય, પણ સંભોગ કરવા આવતી વખતે ના પાડે તોપણ સંભોગ કરે તો બળાત્કાર સંભોગ કર્યો કહેવાય—આર્ચ પ્ર. ૭૬૪

સ્ત્રી પુરૂષ વચે ઘણી બાજાબાજી થયા પછી એ સ્ત્રીએ પોતાની પરવાનગી આંપી હોય તો તેથી તહોમતદાર આ કલમની શિક્ષાથી બચી જતો નથી—રાણી વિરૂધ અકબરકાજી. ૧ વી. રી. પ્ર ૨

એક નાની વયની છોકરી બળાત્કાર સંભોગ થવાથી ગુજરી જાય અને તેના ઉપર થએલા જુલમની કાંઇ બાહારની નીસાની દખાય નહી એ કુદરતના સાધારણ કામ ક્રમ પ્રમાણે અસંભવીત છે—રાણી વિરૂધ બાનીમંદપ મુકારજી ૧ વી. રી. પ્ર. ૨૯

આ કલમ પ્રમાણે તહોમતદારને શિક્ષા કરતી વખતે જેની ઉપર બળાત્કાર થયો હોય તેની રહેણી કરણી ઉપર આધાર રાખી કરવી નહી જોઇએ. પણ તે ગુન્હો કરતાં તહોમતદારે જે ઘાતકીપણું ચલાવ્યું છે તે ઘણું ચલાવ્યું છે કે થોડું ચલાવ્યુ છે તે ઉપર તહોમતદારની ચાલ ઉપર, અને એ સ્ત્રીની નીરધાર સ્થિતી ઉપર વીચાર કરી શિક્ષા કરવી જોઇએ—રાણી વીરૂધ જાનતાહોનોશીઓ ૬ વી. રી. પ્ર, ૫૯

આ કલમ પ્રમાણેનો ગુન્હો કરવાની કોશીશ કરવામાં આવી હોય તો પાંચ વરસથી વધારે સજા ન કરવી જોઇએ—રાણી વિરૂધ જોસેફમરીઅમ ૧ બેં. લા. રી. પ્ર, ૫ ૧૦ વી. રી. પ્ર. ૧૦

એક આરોપીતપર બળાત્કાર સ્ત્રી સંભોગ કર્યાનું અને તે ગુન્હો કરવાને કોશીશ કરયાનું એ રીતે બે તહોમતો મુકી અહમદનગરના સેસન જડજે કામ ચલાવ્યું તે માં આરોપીત પર બળાત્કાર સ્ત્રી સંભોગ કરયાની કોશીશ કરયાનુ તોહોમત સાબીત કરી સેશન જડજે તેને ત્રણ વરસની શખત મજુરી સાથે કેદની શીક્ષા કરી. આરોપીતે સદરહુ ઠરાવપર હાઇકોરટને અપીલ કરી તેમાં ઠરાવવ ઠયો કે, કોઈ સ્ત્રી ઉપર લજ્યા રહીત હુમલો કરવાથી બળાત્કાર સ્ત્રી સંભોગ કરવાને કોશીશ કરયાનો ગુન્હો થતો નથી.

પરંતુ જો કોરટની ખાત્રી થાય કે તહોમતવાળા શાખશનો સામા તરફથી સઘળું બળ વાપરયા છતાં ગમે તેમ કરી પોતાની ઇચ્છાને પુરણ કરવાનો દ્રઢ વીચાર હતો તો તે ગુન્હાનું તોહોમત મુકી શકાય—મુ. હા. કો, રી. વા. ૫—પ્ર. ૪૦૩ તા. ૨ મારચ ૧૮૮૧

સુષ્ટીક્રમ વીરૂધ ગુન્હાઓ બાબત.

સુષ્ટીક્રમ વીરૂધ ગુનાહ. ૩૭૭. જે માણસ બુદ્ધિપુરવક કોઇ પુરૂષ, સ્ત્રી, અથવા જાનવર સાથે સૃષ્ટીક્રમ વિરૂધ મઇથુન કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્ર પારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો—આ કલમમાં બયાન કરેલા ગુનાહમાં જે મઇથુન થવું જરૂર છે તેમાં પ્રવેશ થયો, તો બસ છે.

—❧—

બાબ ૧૭ મો

મીલકત વીરૂધ ગુન્હાઓ બાબત, ચોરી બાબત.

ચોરી. ૩૭૮. જે માણસ કોઇ શખશના કબજામાંથી તે શખશની રજામંદી શીવાય કાંઇ જંગમ મીલકત બદદાનતથી લેવાનો ઇરાદો કરીને તે પ્રમાણે લેવા સારૂ તે મીલકતને ખશેડે, તે માણસે ચોરી કરી એમ સમજવું.

ખુલાસો ૧ લો—કાંઇ વસ્તુ જયાં સુધી જમીનમાં ચોટેલી હોય ત્યાં સુધી તે જંગમ મીલકત નથી. માટે તેની ચોરી થઇ શકે નહી, પણ જમીનથી તે જુદી પાડવામાં આવે કે પછી તેની ચોરી થઇ શકે.

ખુલાસો ૨ જો—જે કામથી જુદુ પાડવું થાય તેજ કામથી જે ખશેડવું થાય તે ખશેડવુ ચોરી થઇ શકે.

ખુલાસો ૩ જો—કોઇ શખશ ખરેખર કાંઇ વસ્તુને ખસેડે ત્યારે અને તેમજ તેનું ચલન થવામાં અટકાવ કરનારી કાંઇ અડચાણ દુર કરે, અથવા તે વસ્તુને કાંઇ બીજી વસ્તુથી જુદી પાડે, ત્યારે પણ તે શખસે તે વસ્તુ ખશેડી એમ સમજવુ

ખુલાસો ૪ થો—કોઇ શખ્સ કોઇ પણ ઉપાયથી કોઇ જાનવરને ગતીમાન કરે, તો તેણે તે જાનવર ખસેડયું તથા તે જાનવરને ગતિ થવાથી તે જાનવરે જે જે વસ્તુ ખશેડી હોય તે તે સ્વતુ ખશેડી એમ સમજવું.

ખુલાસો ૫ મે—ઉપલાં લક્ષણમાં રજામંદી લખી છે તે સાફ રજામંદી હોય કે અરથાંત સમજાય એવી રજામંદી હોય, અને તે કબજેદાર શખસ, અથવા તે કારણસર જેને સાફ કે અરથાંત સમજાય એવો અખતિયાર હોય તેવો કોઇ પણ શખસ આપી શકે.

દ્રષ્ટાંત.

(અ) ઝ ની જમીનપરનું એક ઝાડ, ઝ ના કબજામાંથી બદદાનતથી લેઇ જવાના ઇરાદાથી, ઝ ની રજામંદી સીવાય, અ કાપી નાખે તો એ ઠેકાણે તે પ્રમાણે લેઈ જવા સારૂ અ એ તે ઝાડ જુદુ પાડયું કે તેણે ચોરી કરી એમ સમજવુ.

(બ) કુતરાને લલચાવવાની કાંઇ વસ્તુ અ પોતાના ખીસામાં રાખે અને તથી ઝ ના કુતરાને તેની પાછળ ચાલ્યો જવાને લલચાવે, તો એ ઠેકાણે, અગર અ નો ઈરાદો તે કુતરાને ઝ ના કબજામાંથી ઝ ની રજામંદી શિવાય બદદાનતથી લઇ જવાનો હોય તો, ઝ ના કુતરાએ અ ની પાછળ ચાલવા માંડયુ કે અ એ ચોરી કરી એમ સમજવું

(ક) એક બળદને એક નગદી ભરેલી પેટી લઇ જતો જોઇને, તે નગદી બદદાનતથી લેવા સારૂ તે બળદને એક તરફ જો અ હાંકી જાય, તો તે બળદ ચાલવા માંડયું કે અ એ તે નગદીની ચોરી કરી એમ સમજવુ

(ડ) અ ઝ નો ચાકર છે, તેને ઝ એ પોતાની રૂપાની તબકીઓ રાખવાને સોંપી છે તે તબકીઓ લઇને, ઝ ની રજામંદી શીવાય, જો તે બદદાનતથી નાશી

જાય, તો અ એ ચોરી કરી એમ સમજવું.

[ઈ] ઝ એક મુસાફરીપર જાય છે, તે એક વખરવાળા અને તે પોતાની રૂપાની તબકડીઓ સોંપે અને એમ કહે કે, હું પાછો આવું ત્યાં સુધી એ તમે રાખજો, અ કોઇ ચોકશીને ઘેર જઇને તે તબકડીઓ વેચે, તો એ ઠેકાણે, તે તબકડીઓ ઝ ના કબજામાં નહી હતી માટે તે ઝ ના કબજામાંથી લઇ શકાય નહી, અને, અગર અ એ સાપરાધ વિશ્વાસઘાત કરયો હોય તો પણ, અ એ કાંઇ ચોરી કરી એમ સમજવું નહી.

(ફ) જે ઘરમાં રહે છે તે ઘરમા એક મેજપર ઝ ની એક વીંટી પડેલી અ જોય, તો એ ઠેકાણે તે વીંટી ઝ ના કબજામાં છે અને જો અ બદદાનતથી તે ખશેડે, તો અ એ ચોરી કરી એમ સમજવું.

(ગ) એક ધોરી રસ્તાપર કોઇ સખશના કબજામાં નહી એવી એક વીંટી પડેલી અ જોય. તો તે વીંટી લેવાથી, અગર અ તે મિલકતના સાપરાધ ખોટા ઉપયોગનો ગુનેગાર થાય તોપણ અ એ કાંઇ ચોરી કરી એમ સમજવુ નહી.

(હ) ઝ ના ઘરમાં ઝ ની એક વીટી એક મેજપર પડેલી અ જોય, અને તજવીજ થઇ તે પકડવાના ભયથી તુરત તે વીટીનો ખોટો ઉપયોગ કરવાની હીમત નહી ચાલેથી તે એક એવી જગે તે વીટી સંતાડે કે ત્યાંહાથી કોઇ પણ વખતે તે ઝ ને પાછી જડવાનો ઘણો અ સંભવ હોય અને તે વેળાએ તેનો ઇરાદો એવો હોય કે એ વીંટીનું ખોવાઇ જવુ સઉ ભુલી જશે ત્યારે એ સંતાડેલે ઠેકાણેથી તે વીંટી કહાડીને હું વેચીશ; તો એ ઠેકાણે તે વીંટી પહેલી ખસેડતી વેળાએજ અ એ ચોરી કરી એમ સમજવું.

(ઈ) ઝ ઘડીઆળીને અ પોતાનું ઘડીઆળ ઠીક કરવા સારૂ આપે, ઝ તે પોતાની દુકાને લઈ જાય. પછી અ ની પાશે તે ઘડીઆળનું કાંઇ એવું લેહેણું નથી કે તેના અવેજમાં તે ઘડીઆળ કાયદા મુજબ અટકાવી શકે, એમ છતાં અ ખુલ્લીરીતે દુકાનમાં પેસીને ઝ ના હાથમાંથી બળથી પોતાનુ ઘડીઆળ છાનવી લઇને તે લઇ જાય, તો એ ઠેકાણે અ એ સાપ્રાધ પ્રવેશ તથા હુમલો કરયો હોય તો પણ અ એ ચોરી કરી એમ સમજવું નહી, કેમકે તેણે જે કીધુ તે બદદાનતથી કીધુ નથી

(જે) અગર તે ઘડીયાળ સમારામણીના કાંઇ પઇશા ઝ ના અની પાશે લેહેણા હોય, અને તે લેહેણાના અવેજમાં અગર ઝ તે ઘડીઆળ કાયદા મુજબ અટકાવી રાખે અને પછી ઝ ને પોતાના લેહેણાના અવેજમાં રહેલી મીલકતથી રહીત કરવાના ઇરાદાથી અ તે ઘડીઆળ ઝ ના કબજામાંથી લઇ લે, તો તેણે ચોરી કરીએમ સમજવુ કેમકે તેણે ઘડીઆળ બદદાનતથી લીધુ.

(ક) વળી અગર અ એ પોતાનુ ઘડીઆળ ઝ ને ઘરેણે આપ્યુ હોય અ હોય અને પછી જ ની રજામંદી સિવાય, તથા જની પાસેથી તે ઘડીઆળ ઉપરે કરજે લીધેલા રૂપિયા પાછા ન આપ્યાં છતાં; તે તે ઘડીઆળ જ ના કબજામાંથી લેઇ લે, તો તે ઘડીઆળ તેની પોતાની મીલકત છે ખરી તો પણ, તેણે ચોરી કરી એમ સમજવુ કેમકે તેણે બદદાનતથી લીધું.

(લ] અ જ ના કબજામાંથી જ ની રજામંદી શીવાય જની કાંઇ વસ્તુ લે, એવા ઇરાદાથી કે તે વસ્તુ પાછી આપવાના બદલામાં જ કાંઇ પઇસા આપે ત્યાં સુધી તે રાખવી તો એ ઠેકાણે અ એ વસ્તુ તેબદદાનતથી લીધી માટે તેણે ચોરી કરીએ

મ સમજવું.

(અ) અ જણે રીશ્તદાર છે. તે જ નહીછતાં જ ના કીતાબખાનામાં જાય, અને મા ત્ર વાંચવા સારૂ, તથા પાછી આપવાના વીચારથી જ એ સારૂ રજામંદી આપ્યા સિવાય, કાંઇ ચોપડી તેમાંથી લઇ જાય, તો એ ઠેકાણે જ ના ચોપડી વાપરવીએવી અ થાંત સમજાય એવી મને જ ની રજામંદી છે. એમ અના મનમાં હોયએવો સંભવછે. જો એપ્રમાણે અ નામનમાં હોય, તોતેણે ચોરી કરી એમ સમજવું નહી

(ન) અ ઝ ની સ્ત્રી પાશે ભીખ માગે, અને તે સ્ત્રી અને કાંઇ પઇશા, ખાવાનું, તથા કપડાં આપે, અને તે મુલ્લ તેના વર ઝ નુ છે એમ અ જાણતો હોય, તો એ ઠેકાણે અ ની સ્ત્રીને ભીખ આપવાનો અખતિયાર છે એમ અ ના મનમાં હોય, એવો સંભવછે, જો એ પ્રમાણે અના મનમાં હોય, તો તેણે ચોરી કરી એ મ સમજવું નહી,

(ઓ) અ ઝ ની સ્ત્રીનો યાર છે તે સ્ત્રી અ ને કાંઇ કિમતી મિલકત આપે, અને તે મિલકત તેના વર ઝ ની છે, તથા તે એવી છે કે જે આપવાનો ઝ એ તેને અખત્યાર આપેલો નથી, એમ અ જાણતો હોય તો, અગર અ તે મીલકત બદદાનતથીલેતો, તેણે ચોરી કરી એમ સમજવું

(પ) કાંઇ મિલકત ઝ ની હોય તે મીલકત મ્હારી પોતાની છે એમ શુદ્ધબુદ્ધિએ માનીને અ તે મીલકત બ ના કબજામાંથી લઇ લે, તો, એ ઠેકાણે અ એ ત બદદાનતથી લીધી નથી માટે, તેણે ચોરી કરી એમ સમજવુ નહી.

ટીકા—સમુદ્રના પાણીથી જે મીઠું તેની મેળે ઉત્પન્ન થાય તે મીઠું કાયદેસર ઉપયોગમાં લાવવામાં આવતુ હોયનો તેથી તે કેઇ ગેરકાયદાસર રીતે લઇ જાતો તે ચોરી થાયછે, સરકાર વીરૂધ્ધ માનશંગ ભાવસંગ, મુ. હા. તા, ૨૧—મે ૧૮૭૩- વા, ૧૦ પ, ૭૪

આગળની કાયદેશર કામગારી ઉપરથી જપ્તીમાં જે માલ તે કાયદેશર કામગીરી અન્વયે પકડીને લઇ જવો એ ગેર શીરસ્તે પ્રકારનું કામ હોયતો પણ તેના ઉપરથી ચોરી થતી નથી,—સરકાર વીરૂધ્ધ મગનીગમ વચરાજ. મુ, હા, કો, તા, ૧૫ અકટોબર ૧૮૭૩

માલ ચોરીનાછે એ બાબતના આધારમાં જો કેવળ તલમાત્ર પુરાવો હોયતો તે દીવાની કામમાં પણ જ્યુરીને સોપવો નહી. તો ફોજદારી કામમાંતો ત્યારે, જ્યુરીનેસોપવોનજ જોઇએ. ને માજીસ્ત્રેટેતો તેની ઉપર શાબીતીના ઠરાવનો પાયો મુદલ રચવોજ ન જોઇએ-- શરકાર વીરૂધ્ધ શીવરામ રઘુનાથ, મુ, હા, કો, તા ૨૫- નવેંબર ૧૮૭૫

ચોરી કરવાના ઇરાદાથી બાર વરસના છોકરાને અમુક ઠેકાણે લઇ જઇ તેના અંગપરથી દાગીના ચોરી લેવાના ગુન્હા બદલ તેને કેદની અને ફટકાની બેવડી શિક્ષા થાય નહી—શરકાર વીરૂધ્ધ-- દાદાપરસોરામ- મુ, હા, કો, તા, ૨- મે ૧૮૭૮

કીમતી દસ્તાવેજ એ જંગમ મીલકતછે, માટે તે ચોરવામાં આવે તો આ કલમ પ્રમાણે ગુન્હો ઠરી શકે,

એકશખશ સાર્વજનીક તળાવપર સ્નાનકરવા ગયો ત્યાં તેને એક સોનાની કંઠી તળાવનીપાળપર મુકી તે ભુલીને પોતાના ઘર તરફ જતાં પાછોસંભાળીનેલેવા ગયો, તો તે પાળ પર કંઠી દીઠી નહી તે વખત ફરીયાદીને આરોપીત પર શક આવ્યો,

આરોપીત બેહેરો અને મુંગો હતો પોલીસના શીપાઇએ આરોપીતને સમજાવ્યો ત્યારે તેણે એક રાખોડીના ઢગલામાંથી તે કંઠી કાહાડીને આપી. તેથી તેણેજ મુકી હતી એમતોખુલ્લુંછે, તથાપી નામદાર હાઇકોરટને એમ જણાયુ.કે, આરોપીતએ વીચોત્ર (બહેરો મુંગો) મા

ાગસાંછે અને તેણે તે દાગીનો ચાકરનો હોવાના કારણે, ચોરીને સંતાડયો માટે એવા માણસ ને શિક્ષા આપવી બરોબર જણાતુ નથી શાખ્શ આરોપીતપરનો અમલ રદ્દ કરી, તેને ઉપર શ કરી છોડીદેવો એવો હુકમ કર્યો. કા. હા. કો. રી. વા. ૨૨, પ ૩૫ દવારકાનાથહાલદાર —વીરૂધ નોદરચંદ્ર ક્રામને, તા ૩૦ જુન ૧૮૭૪

ચોરી બદલના કામમાં ચોરીમે ગએલા માલની ખરી કીમત શી છે તે ઠરાવવુ જોઇએ- સરકાર વીરૂદ્ધ અભીત પરીદ અને બીજા ક૦ હા૦ રી૦ વા૦ ૨૦ પા ૧૭ તા. ૨૨ મે ૧૮૭૩

અ, ની એકનોટ ક એ ચોરી નેતે બ ને આપી તેની પાસેથી તે નોટનાં પુરાં નાણાં લીધાં, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે. બ એ તે નોટ પ્રમાણીક પણે ક પાશેથી લીધી અટલે એક તરેહના નાણા આપી બીજી તરેહનાં લીધા, સબબ તે નોટ બ ને પાછી આપવી વ્યાજબી છે.—સરકાર વીરૂદ્ધ મીચલ ક. હા. કો. રી. વા. ૩ પ. ૩૭૯ તા. ૨૪ જાનેવારી ૧૮૬૮

નેપાલના રાજ્યમાંથી ચોરી કરીને તોહોમતદાર બ્રીટીશ મુલકમાં આવે તે ચોરીનો ગુન્હો બ્રીટીશ મુલકની બહાર કરેલો હોવાથી, ચોરીના તહોમત બદલ તેના પર ઇનશાફથાય નહી પણ ચોરીનો માલ તાબામાં રાખ્યા બદલ તેને શિક્ષા કરવાનો અત્રેના કોરટોને અધીકારછે, સરકાર વીરૂધ શંકરગોપ, કા, હા,રી, વા, ૬, પ,- ૩૦૭

(ક) એક (અ) અને બીજા ભાગદારોનો નોકર હતો ને ભાગદારીના કેટલાક ચોપડા સાથે કોરટમાંથી આવતો હતો એટલામાં એ ચોપડા મારા છે એવું કહી (અ) એ એ ચોપડા પોતાના કબજામાં લીધા અને તે આપવા ના પાડી. માજીસ્ત્રેટે (અ) ઉપર ચોરીનો ગુન્હો સાબીત ઠરાવ્યો તેમા ઠરાવવામાં આવ્યું કે [અ] ઉપર એ તહોમત રહી શકે નહી કેમકે [ક) (અ) નો તેમજ બીજા ભાગદારોનો નોકર હતો તેથી (ક) ના કબજે હતો—રાણી વિરૂધ અસાગક્ષ. ૧૩ બે. લા. રી. પ. ૩૧૦ (નોટ)

સરકારના જગમ ખાતાના ઇન્પેકટરના કબજામાં જે લાકડાં હોય તે સરકારના પોતાના કબજામાં છે એવું ગણવું જોઇએ, અને તેથી તે ઇન્સપેકટરના કબજામાંથી તેની મંજુરીથી કાંઇ લાકડાં જોઇતી ફી આપ્યા વગર લઇ જવામાં આવે તો એ ચોરી છે પણ જો એ મંજુરી અધીકાર વગર આપી હોય. કીંવા તે મંજુરી કપટથી મેળવી હોય તોજ રાણી વિરૂધ હનમંતા ૧ ઇ. લા, રી. (મુંબઇ) પ. ૬૧૧

કોઇ ઉપરીએ કાંઈ મિલકત કોઇને સોંપી હોય તે લઇને તે નાશી જાય તો તેણે વિશ્વાસઘાતનો ગુનહો કરયો કહેવાય. ચોરીનો ગુનહો કરયો કહેવાય નહી. ભારતચંદ્ર કોશ્વન. ૧ વી; રી. પ. ૨ (ફોજદારી]

આ કલમમાં "ખદદયાનત" એ શબ્દ છે તેનો અર્થ જે શખશ કાંઇ ગેરવાજબી લાભ અથવા ગેરવાજબી હાની કરવાના ઇરાદાથી કાંઇ કૃત્ય કરે તેનો અરથ થાય છે. રાણી વિરૂધ એયોનાથ બેનરજી. ૫ વી. રી. પ, ૬૮ [ફોજદારી)

કોઇ શખશનો કાંઇ નિલકતમાં હક હોય, તે હક ઘણાજ કાચાપાયા ઉપર હોય. તો પણ તે મીલકત તે લે તો ચોરી ઠરતી નથી—રાણી વિરૂધ રામચરનસીંગ. ૭ વા. રી. પ. ૫૭

એક શખસે એક શેઠના નોકરની મદદ લઇ. એક ચોરીનો ગુન્હો કરયો એ ચોર ચોરી કરવા આવનાર છે એવું એ નોકરે શેઠને કહયું હતું પણ ચોરને સજા થાય એવા હેતુથી ચોરી કરવા આવવાનુ કહયું હતું તેમાં ઠરાવવામાં આવ્યું કે આ ચોરી થઇ નથી કેમકે તે મંજુરીથી ચોરી કરવા આવ્યો હતો. નોકરને કલમ ૧૦૮ ના ખુલાસા બે અને ચાર મુજબ સજા થાય—કેસરેહીંદ વિરૂધ ત્રાય લખોનાથ ચોધરી અને બીજાઓ. ૪ ઇ. લા. રી. (કલકતા) પ. ૩૬૬

ઝાડ કાપી લઇ જવામાં આવે તો ચોરી અને બીગાડ એવાં બે તહોમત આવે—રાણી ણી વિરૂધ નાગણ્ણ ક્રીસ્તાનજી. ૨ મુ હા. રી. પ્ર. ૩૯૨

કોઇ હિંદુ સ્ત્રી તેના ધણીના કબજામાંથી તેની રજાગંદી વગર પોતાના પલાની ચીજ લઇ જાય તો તેને તેમજ તે કરવા જેણે મદદ કરી તેમને પણ સજા થાય નહી—રાણી વિરૂધ નાથા કલ્યાણ ૮ મુ. હા. રી. પ્ર. ૧૧ (ફોજદારી)

મુસલમાની કાયદા પ્રમાણે જે મિલકત ધણીની પોતાની લેખવામાં આવી છે તે મિલકત તેની સ્ત્રી લઇ જાય તો તેણે આ કલમ પ્રમાણે ચોરીનો ગુન્હો કરયો ગણાય—રાણી વિરૂધ ખતારબાઇ ૬ મું. હા. રી. પ્ર, ૧૯ (ફોજદારી)

ઝાડને કાપ્યાં હોય પણ તે લઇ જવામાં આવ્યાં ન હોય તો પણ તે ચોરી થાય છે. ૫ મ. હા. રી. એ. ૩૭

જે મિલકત લઇ જવાનુ તહોમત હોય તે મિલકત બદ ધાનતથી લઈ જવામાં આવી નહોય તેમ છતાં ગુન્હો ઠરાવ્યો હોય તો તે ગેરવ્યાજબી છે. ૫ મ. હા. રી. એ. ૩૭

ચોરીના તહોમતના કામમાં કોની મીલકત ચોરાઇ છે તે સારૂ બતાવવું જોઇએ મુબાઇ હાઇકોરટ તા૦ ૧૮ નવેંબર સન ૧૮૬૩, વા; ૧ ભા ૧, પ્રષ્ઠ ૯૫.

વગર રજાએ ઝાડ કાપ્યું તેથી આ કલમ પ્રમાણે ચોરી તથા કલમ ૪૨૫ પ્રમાણે બિગાડ કરયાં એવાં બે તહોમત મુકેલાં તેમાં ઠરાવ્યુ કે આ કલમના પેહેલા ખુલાસામાં ઝાડ કાપ્યું એટલે ચોરી થઇ શકે છે વાસ્તે મુકેલાં તહોમત બાહાલ રાખ્યાં મુબાઇ હાઇકોરટ તા૦ ૨૦ જુન સન સન ૧૮૬૬ વાલ્યુમ ૨ ભાગ ૩ પ્ર. ૪૧૬

કલમ ૩૭૮ તથા કલમ ૩૮૦ પ્રમાણે તહોમતમાં કેદ તથા ફટકાની શિક્ષા ઠરાવેલી તેમા ઠરાવ્યું કે જે ગુનાને સારૂ પીનલકોડમાં શિક્ષા છે તેને બદલે ફટકાની શિક્ષા કરવાની છે કેદ તથા ફટકાની બેવડી નથી વાસ્તે બેવડી કરવી નહી મુબઈ હાઇકોરટ તા૦ ૯ જાનેવારી સન ૬૭ સન ૧૮૬૪ નંબર ૬ ની કલમ ૩ જુઓ.

કોઇ મિલકત ઉપરના હકના દાવાની તકરાર ચાલતી હોય ને તે દાવો ખોટો હોય તો પણ તે મીલકત ખશેડે તેને ચોરીનું તહોમત લાગે નહી મુંબાઇ હાઇકોરટ તા૦ ૨૩ મા સપટેંબર સન ૧૮૬૯

મુસલમાન સ્ત્રી તેના ધણીની મિલકતની ચોરી કરવાના ઇરાદાથી મદદ કરે તેને મદદગારી બાબત કલમ ૧૧૪ પ્રમાણે શિક્ષા કાયમ રાખી ઇંગલીસ લા પ્રમાણે ધણી ધણીયાણી એકત્ર છે તેમ મુસલમાન શાસ્ત્ર પ્રમાણે એકત્ર ગણાય નહી મુબાઇ હાઇકોરટ તા૦ ૪ મારચ સને ૧૮૬૯ નેટીવ ઓપીનીયન પ્ર. ૨૫

ભરૂચ જીલ્લામાં અંકલેશ્વર મધ્યે ફરીઆદીએ પોતાની ઓરત બાઈ લખી ઉપર ઘરમાંથી ચોરી એટલે કાંઇ રૂપીયા તથા ઘરાણું જવાહીર વિગેરે લેઈ જઇ પોતાના યાર સાથે ચોરી કરી તે વિશે ભરૂચના સેસન જડજે શીક્ષા કરી તેમાં ઠરાવ્યું કે હિંદુ સ્ત્રી પોતાનું પલુ અગર સ્ત્રી ધન ધણીના કબજેથી તેની રજા વગર લેઇ જાય તો તેના ઉપર ચોરાનું તહોમત લાગે નહી સ્ત્રીનું પલાં ઉપર બેશક ધણીપણું છે ને રૂપીયા લેઇ ગયાના ખાત્રી લાયક પુરાવ નથી માટે ઓરત ગુનેગાર નથી અને ઓરત ગુનેગાર નથી ત્યારે તેના યાર મદદગારીના ગુનેગાર થતો નથી મુંબાઇ હાઇકોરટ તા૦ ૧૯ જાનેવારી સન ૧૮૭૧ વાલ્યુમ ૮ પ્ર. ૧૧ હિંદુશાસ્ત્ર બારોડેલ પ્ર. ૨૭૦-૪૮૧ મદ્રાસ હાઇકોરટ રીપોર્ટ ૩૫ મુખ્ય ભાગ ૫૪—૧૦ સ્ટોકસ પ્ર. ૧૭૦ મું જુવો.

ચોરીની શિક્ષા ૩૭૯. જે માણસ ચોરી કરે, તેને ત્રણ વરસની મુદત સુધીની

બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બનેની શિક્ષા કરવામાં આવશે,

ટીકા—એક શખસના બળદ મરી જવાથી તેને દાટીયાબ્યો તહોમતદાર તે ખાદ્ય લાવ્યો એવું જણાવી તેની ઉપર આ કલમ પ્રમાણે ચોરીનુ તહોમલત લાવવામાં આવ્યું તેમાં ઠરાવવામાં આવ્યું કે બળદનો માલીક તેનુ મડદું દાટીઆવ્યો ત્યારથી તેણે તેનો કબજો છોડયો ગણવો જોઇએ તેથી ચોરીનુ તહોમત આવે નહી. ૪ મ. હા. રી. અ, પ્ર, ૩૦

એક શખસ છાટકો થઇ રસ્તામાં પડયો હોય તેના કપડાં ચોર લોકો ચોરી જશે એવી દયા ખાઈ તેનાં કપડાં વીગેરે કોઈ લઈ લે અને પછી નીસો ઉતરયા પછી પાછાં આપે તો તેણે ચોરી કરી ગણાય નહી. (મ ફો અ, રી, પ્ર, ૧૬૮)

વળી જુઓ કલમ ૩૭૮ ઉપરની ટીકા.

રેહેવાના ઘર વગેરેમાંથી ચોરીકરવી.

૩૮૦ જે ઇમારત, તંબુ, અથવા વહાણ માણસોને રેહેવામાં આવતું હોય અથવા જેમાં કાંઇ મીલકત રાખવામાં આવતી હોય, એવી કોઈ ઇમારત, તંબુ, અથવા વહાણમાંથી જે માણસ ચોરી કરે, તેને સાત વરસની મુદત સુધીની, બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દડને પણ લાયક થશે.

ટીકા—ઘરમાં પેસી કાંઇ માલ ઉઠાવે એટલામાં પકડાઇ જવાથી ઘરના તેજ ભાગમાં કાંઇ માલ ખોશી દે તો પણ તેણે રેહેવાના ઘરમાંથી ચોરી કરી કહેવાય—રાણી વિરૂધ્ધ અર્માઅર આર્ચ પ્ર. ૪૩૬—૪૩૭

કોઈ માજીસ્ત્રેટે કોઇને આ કલમ અને કલમ ૪૫૬ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી બેઉ કલમ પ્રમાણે શિક્ષા કરી હોય તે ઉપરની કોરટને આ કલમ સાથે કલમ ૪૫૬ નહી પણ ૪૫૭ લગાવવી જોઇએ. એવુ જણાય તો તેણે એ બાબત નવી તજવીજ કરવા ફરમાવવું નહી જોઇએ પણ કલમ ૩૮૦ પ્રમાણેની સજા રદ કરવી જોઇએ—રાણી વીરૂધ્ધ રામચરણકોરી. બે, લા. રી. વધારાનું પુસ્તક પ્ર. ૪૯૮

આ કલમ અને કલમ ૪૫૭ પ્રમાણે ચોરી કરવા માટે રાતરે ઘર ફોડવાના કેસમાં કાંતો એ બેઉ ગુન્હા માટે એકજ સજા કરવી જોઇએ અથવા જુદી જુદી કરતી જોઇએ. પણ તે શિક્ષાનો એકંદર સરવાળો એ બે ગુન્હામાં જે મોટો ગુન્હો હોય તેમાં જેટલી શીક્ષા કરવી જોઇએ તેથી વધારે થવી નહી જોઇએ—રાણી વિરૂધ્ધ તુકીયા બીનતમના. ૧ ઇં લા રી, [મુંબાઇ] પ્ર. ૨૧૪

કાનસ્ટેબલો તેમને સોંપેલા ઘરમાંથી ચોરી કરે તો તેઓને આ કલમ પ્રમાણે સજા થાય તે ઓને કલમ ૪૦૯ પ્રમાણે સજા થાય નહી. રાણી વીરૂધ્ધ બાઇદાનાહસીગ ૩ વી. રી. પ્ર.૨૯

છાપરા ઉપરથી ચોરી કરે તો આ કલમ પ્રમાણે રેહેવાના ઘરમાંથી ચોરી કરી કહેવાય. નહી, મ, જુ. પ્ર. ૨૮૨

વડામાંથી ચોરી કરવી એ પણ આ કલમ પ્રમાણેનો ગુન્હો નથી. કલમ ૩૭૯ પ્રમાણે ગુન્હો છે, મ. હા. રી.

ઢોરોને બાંધવા છાંયોકરયો હોય તો તે આ કલમનાઅર્થ પ્રમાણે માલ ભરવાનુ સ્થાન ગણાય, મ હા.રી.

જો કોઇ શખશ એકઇમારતમાંથી બે જુદા જુદા શખશના મિલકતની ચોરી કરે તો બે તહોમત ન આવે, એકજ આવે. ૧૧ વી. રી. પ્ર. ૩૮ (ફોજદારી.)

કેદી ઉપર ચોરી કરવાના ઇરાદે ઘર ફોડવાનો અને રેહેવાના ઘરમાં ચોરી કરવાનો એવા બે અપરાધની સાબીતી થયાથી પ્રત્યેક તહોમત બદલ જુદી જુદી શીક્ષા કરવાને ફસ્ટક્લાસ માજીસ્ટ્રેટને અખત્યાર છે પણ કેદીપર સાબીત થએલા અપરાધો પઇકા મોહોટા અપરાધની

જે શિક્ષા કહી હોય તે કરતાં એકે તહોમત બદલની એકંદર શીક્ષા જાસ્તી થાય નહી. અને તે એકંદર શીક્ષા તે માજીસ્ત્રેટના અધીકાર બાહાર જાય નહી એમ હોયતો બસ સરકાર વિરૂદ્ધ અનવરખાંવલદ ગુલખાંન અને બીજા મુ. હા. કો વા. ૯ પ. ૧૭૨

ચોરી કરવા સારૂ રાતે ઘરફોડવવું. અને રેહેવાના ઘરમાં ચોરી કરવી એ એક ગુન્હા જેવા સમજવા જુદા જુદા સમજવા નહી. સરકાર વીરૂધ્ધ ગોવીંદા બીનરામા—મુ. હા. કો. તા૦ ૧૧ ડીસંબર ૧૮૭૩

આ કલમ ૩૭૯ થી કલમ ૩૮૧ વીગરે વીરૂધ્ધના ગુન્હેગારો ઉપર તહોમત સાબીત થયાથી તેઓની પાસે સારી ચાલ ચાલવાનાં મુચલકા તથા જામાનીખત લેવામાં આવે છે પણ તે મુચલકા અને જામીન લેવાનો સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમો ઉપરથી અધીકારવાળા અમલદારોને છે.

જુઓ કલમ ૩૫૨ ની ટીકા. તેમજ નીચેના ફેંસલથી પણ વધારે સમજાશે.

જે માજીસ્ત્રેટને સારી ચાલ વીશે જામીન લેવાનો અધીકાર છે તેવા માજીસ્ત્રેટની આગળ કોઇ શખશને કેદ કરી સેશનજડજ મેકલી શકે તે શીવાય કાંઇ કરી શકે નહી જયારે માજીસ્ત્રેટને એમ માલમ પડે કે પોતાના અધીકારથી ઉપરાંત જામીન લેવા જોઇએ ત્યારે તે માજીસ્ત્રેટ જુના ફો. કલમ ૫૦૬ એટલે સને ૧૮૮૨ના આયટ ૧૦નીકલમ૧૧૦ મુજબ જડજને ત્યા તે કામ મોકલે અને આ પ્રમાણે જ્યારે મેકલવામાં આવે ત્યારે જડજને અધીકાર મળે. સરકાર વીરૂધ્ધ ગંગારામ પોતદાર વી. રી. ૨૪ પ. ૪૦

સારી વરતણુકનાં ખત લખાવી લેવા બદલ તહોમતવાળાની પસેથી અનામત નાણાં મુકાવવાનો અધીકાર નથી પણ તેના શારી વરતણુંકનાં ખત લખાવી લેવાં. ક. હા. રી. વા. ૬ પ. ૧૪ તા. ૨૨ અપરેલ ૧૮૮૦

કોઇ શખશ જાથુ ચોરી કરનારો તથા ઘર ફોડનાર અને ચોરનો માલ સંગ્રહ કરનારો છે એવો પુરાવો મળ્યા શીવાય સારી ચાલના જામીન લેવાનો કોઇ પણ માજીસ્ત્રેટને ઠરાવ કરવાનો અધીકાર નથી ફકત જુલમી કૃત્ય કરવા ઉપરથી જામીન લેવાનો ઠરાવ થઇ શકે નહી. એમપ્રેસ વીરૂધ્ધ નવાબ અને બાન્ને ઇ. લા. રી. ૨ અલહાબાદ પ. ૮૩૫

શેઠના કબજામાંહેલી મીલકતની મેહેતા અથવા ચાકરે ચોરી કરવી.

૩૮૧. કોઇ માણસ મેહેતો અથવા ચાકર હોય, અથવા મેહેતા દાખલ કે ચાકર દાખલ રાખેલો હોય તે માણસ અગર પોતાના શેઠ અથવા રાખનારના કબજા માંહેલી કાંઇ માલકતની ચોરી કરે તો તેને સાત વરસની મુદત સુદ્ધીની બેમાંના ગમે તેપ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—આ કલમ તથા કલમ ૩૮૦ પ્રમાણે તહોમતમાં સબ માજીસ્ત્રેટને અધીકાર નથી સેસન કોરટે ઇનસાફ કરવો મુંબાઇ હાઇકોરટ તા૦ ૯ અકટોબર સન ૧૮૬૭ તથા નંબર ૬૨૨ તા૦ ૧૯ મારચ સન ૧૮૬૨

એક પોલીસના ગ્યાડના માણસે તેમને સ્વાધીનની ગાર્ડમા એક નાણાની પેટી મુકી હતી તેમાંથી નાણાં ચોરવાથી તેની ઉપર માત્ર સાધારણ ચોરીનુ તહોમત મુકયુ હતું તેમાં ઠરાવવામાં આવ્યું કે તેમની ઉપર આ કલમ પ્રમાણે મેહેતા અથવા ચાકરે કરેલી ચોરીનું તહોમત લગાડવું જોઇએ.—રાણી વિરૂધ્ધ જગરનથ સીંગ અને બીજાઓ. કો. ઇ. ડા. પ. ૩૪૫

કોઇ ભાડે રાખેલો બોટમેન હોય તો તે આ કલમ પ્રમાણેનો મેહેતો અથવા ચાકર કહેવાય નહી આવા બોટમેનચોરી કરી હોય તો કલમ ૩૮૦ પ્રમાણે શિક્ષા થાય—રાણી વીરૂધ્ધ બાઉપ્રમાનજી, ૮ વી. રી. પ. ૩૨

કેટલાક માછલાં પકડવા વાળાઓએ પોતાના ધણીની માછલાં પકડવાની જગ્યા ઉપર બીજા માછલાં પકડવા વાળાઓએ જાળ નાખવાથી તે જાળ લઇ પોતાના કબજામાં રાખી તેમાં ઠરાવવામાં આવ્યું કે તહોમતદારોએ ચોરીનો ગુનો કરયો નથી—રાણી વિરૂધ નોબીનચંદર હાલદાર. ૯ વી. રી. મ. ૫૯

ચોરી કરવા સારૂ મોત અથવા વ્યથા કરવાની તઇયારી કરીને ચોરી કરવી.

૩૮૨. જે માણસ ચોરી કરે, તેણે અગર તે ચોરી કરવા સારૂ, અથવા તે ચોરી કરયા પછી નાશી જવા સારૂ, અથવા તે ચોરીથી મળેલી મીલકત રાખવા સારૂ, કોઇ શખશનુ મોત આણવાની, અથવા કોઇને વ્યથા, અથવા અટકાવ કરવાની અથવા મોત, વ્યથા કે અટકાવનો ભય ઉત્પન કરવાની, કાંઇ તઇયારી કરી હોય તો તે માણસને દશ વરશની મુદતસુધીની સખત કેદની શિક્ષા કરવામાં આવશે.અનેવળી તે દંડનેપણ લાયક થશે.

દ્રષ્ટાંત.

(અ) ઝ ના કબજા માંહેલી કાંઇ મીલકતની અ ચોરી કરે, અને એ ચોરી કરતી વેળાએ તેના કપડામાં રાખેલી એક ભરેલી પિસ્તોલ હોય અને તે પિસ્તોલ અગર ઝ સામો થાય તો ઝ ને વ્યથા કરવાના ઇરાદાથી રાખી હોય, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનો કર્યો એમ સમજવું.

(બ) અ ઝ નુ ખીસુ કાતરે, અને તેણે પોતાના કેટલાએક સોબતીઓને આસપાસ રાખ્યા હોય, એટલા સારૂ કે અગર શું બને છે તે ઝ ના જાણવામાં આવે અને ઝ સામો થાય, અથવા અ ને પકડવાની કોશિશ કરે, તો તેઓ ઝ ને અટકાવે, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુનો કરયો એમ સમજવું.

જબરાઈથી કહડાવવા બાબત

જબરાઇથીકહડાવવુ

૩૮૩. જે માણસ ઇરાદાથી કોઇ શખશને તે શખસને પોતાને અથવા બીજા કોઇને નુકશાન કરવાનો ભય ઉત્પન કરે, અને તેમ કરીને તે ભય પામેલો શખશ કાંઈ મીલકત, અથવા કીમતી દસ્તાવેજ, અથવા સહી કે મોહોર કરેલી જે વસ્તુનો કાંઇ કિમતી દસ્તાવેજ બનાવી શકાય એવી કાંઇ વસ્તુ, કોઇ શખસને આપે, એમ બદદાનતથી કરે, તો તે માણસે "જબરાઈથી કહડાવવાનો ગુન્હો" કરયો એમ સમજવુ.

દ્રષ્ટાંત.

(અ) તુ મને પઇસા આપ. નહી તો તારી આબરૂ જાય એવું હું કાંઇ છાપીશ એમ કહીને અ ઝ ને ધમકાવે; અને એમ કરીને ઝ તેને પઇસા આપે એમ અ કરે, તો અએ જબરાઇથી કહાડવાનો ગુનો કરયો એમ સમજવું.

[બ) તું આટલા રૂપીયા મને આપવાની એક ચીઠી લખી તે પર સહી કરી આપ.નહી તો હું તારા બાળકને ગેરવ્યાજબી કેદમાં રાખીશ એવી રીતે અ. ઝ ને ધમકાવે, અને ઝ તે ચીઠી લખી તે પર સહી કરી આપે, તો અ એ જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરયો એમ સમજવું.

(ક) મારા ખેતરમાં પાકનો આટલો ભાગ હું બ ને આપીશ, અને તે ન આપું તો આટલો દંડ આપીશ, એવી સરતનુ એક ખત કરીને તે પર સહી કરીને તુ બ ને આપ, નહીતો તારા ખેતર મધ્યેના પાકનો નાશ કરવાને હું ઢંગોરાવાળાં માણસો મોકલીશ, એવી રીતે અ ઝ ને ધમકાવે, અને તેથી કરીને ઝ તેવુ ખત લખી તે પર સહી કરી આપે એમ કરે, તો અ એ જબરાઇથી કહાડવાનો ગુનો

કરયો એમ શમજવું.

(૬) જ ને મહાવ્યથાનો ભય પમાડીને અ બદદાનતથી એવું કરે કે એક કાગળ પર પોતાની સહી અથવા મોહોર કરીને તે કાગળ જ અ ને આપે, અને તેમ માણે જ તે કાગળપર સહી કરીને તે કાગળ અ ને આપે, તો એ ઠેકાણે તે સહી કરેલા કાગળનો કાંઇ મિલકની દસ્તાવેજ બનાવી શકાય માટે, અ એ જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરયો એમ સનજવું.

ટીકા—પઇસા નહી આપે તો તારી ઉપર ફોજદારી તહોમત લાવીશ એમ કહી પઇસા કઢાવે તો તે આ કલમ પ્રમાણે ગુનો છે. જે તહોમતની ધમકી આપી તે તહોમત ખરૂ છે કે ખોટું તે જોવાની જરૂર નથી—રાણી વિરૂધ મુબારક અને બીજાઓ કો. ઇ. ડા. પ્ર. ૩૪૯

આ કલમ પ્રમાણેનો ગુનો સંપુર્ણ થવા માટે જે સખસે ભય પમાડયો હોય તે શખસે જ મિલકત લીધેલી હોવી જોઇએ એવું જરૂરનું નથી એવા બદમાશો વચ્ચે ભય અમુક જણે દેખાડયો અને મીલકત અમુક જણે લેવી એવી ગોઠવણ કરેલી હોય અને તે ગોઠવણ પ્રમાણે બીજાએ તે મિલકત લીધી હોય તો શઘળા જણ જબરાઇથી કઢાવવાના ગુનામાં આવે છે. રાણી વિરૂધ શંકર ભાગવત. ર મુ. હા. રી. પ્ર. ૩૯૪

એક સખસે એક જંગલમાંથી લાકડા લેવાનો હક સરકાર પાસેથી ખરીદ કરી લીધો એ જંગલમાંથી કોઇ બીજા શખશનો લાકડા લેવાનો હક હતો તેથી તે બીજો શખશ પણ લાકડાના ગાડાં ભરી લઇ જતો હતો તે ગાડાં રોકાવી પેલા શખસે કાંઇ પઇસા લીધા, સરકાર સાથેના પેલા શખશના કરારમાં આ બીજા શખશનો કાંઇ હક રાખવામાં આવ્યો હતો તેથી ઠરાવવામાં આવ્યું કે સરકાર પાસેનો ખરીદદાર કોઇ બીજા શખશ પાસેથી ગાડાં રોકાવી નાણા લે તો તેણે આ કલમ પ્રમાણેનો ગુનો કરયો કહેવાય નહી—રાણી વિરૂધ અબદલ કાદર. ૩ મુ. હા. રી. પ્ર. ૪૫ (ફોજદારી)

આ કલમ પ્રમાણેનો ગુનો સ્થાપીત થવા માટે એક શખસને ઇરાદા પુરવક કાંઇ ઇજા કરવાનો ડર દેખાડીને અને એમ કરીને બદદાનતથી તેની પાસેથી મીલકત કઢાવવી એ જરૂરનું છે ૪ વી, રી. પ્ર. ૫

આટલા પઇસા આપ નહી તો તારી નોકરી ખોવરાવીશ એમ કહી પઇસા કઢાવે તેણે આ કલમ પમાણેનો ગુનો કરયો કહેવાય. ૧૮ વી. રી. પ્ર. ૧૭

જબરાઇથી કાહાડવાના તોહોમતના કામમાં એકે ભય બતાવ્યો ને બીજાએ માલ લીધો તેમાં લેનારને મદદગારીની શિક્ષા થવી જોઇએ એવી તકરારમાં ઠરાવ્યું કે ગુનાહ તે મદદગારીની શિક્ષા એક સરખીજ છે વાસ્તે શિક્ષા બાહાલ રહી મુબાઇ હાઇકોરટ તા૦ ૧૨ જુન ૧૮૬૬ વા. ર ભાગ ૩ પ્ર. ૪૧૭

આ કેદીએ થાણાજીલામાં જંગલના લકડાનો મકતો રાખેલો તેની રજા વગર પોલીસના શીપાઇઓ ગાડી ભરી લાકડાં લેઇ જતા હતા તેને અટકાવી કીમતના પઇસા મ ગ્યા તેથી પીનલકોડ કલમ ૩૮૪ પ્રમાણે ફરીયાદ કરવાથી ફુલપાતર માજીસ્ત્રેટે શિક્ષા કરી તે રદ કરી તેહાઇકોરટે ઠરાવ્યું કે આ કલમ મુજબ ગુનાહ કરવાનો કેદીનો ઇરાદો નહી હતો ને ગાડી અટકાવવી પઇસા માગ્યા તે પોતાની દીવાની હકના બચાવને સારૂ માગ્યા વાસ્તે શિક્ષા રદ કરી મુંબાઇ હાઇકોરટ તા૦ ૨૧ અકટોબર સન ૧૮૬૬ વા. ૩ ભાગ ૩ પ્ર. ૪૫

જબરાઇથી કહાડવાની શિક્ષા.

૩૮૪. જે માણસ જબરાઇથી કહાડવવાનો ગુનો કરે, તેને ત્રણવરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે

જબરાઈથી કહડા વવાનો ગુન્હો કરવા સારૂ કોઇશખ્સને નુકસાનનો ભય ઉત્પન્ન કરવો.

૩૮૫. જબરાઈથી કહાડાવવાનો ગુન્હો કરવાં સારૂ જે માણસ કોઇ શખ્સને કાંઈ નુકશાનનો ભય ઉત્પન કરે, અથવી ભય ઉત્પન કરની કોશોશ કરે, તે માણસને બે વરસની મુદત સુધીનીએમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

મોત અથવા મહાવ્યથાનો ભયકોઈશખ્સને પમાડીને જબરાઇથીકઢાવવાનોગુન્હોકરવો

૩૮૬. કોઇ શખ્સને, તે સખસને, પોતાને અથવા બીજા કોઇને મોત અથવા મહાવ્યથા કરવાનો ભય ઉત્પન્ન કરીને જે માણસ જબરાઇથી કહાડાવવાનો ગુન્હો કરે, તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરવા સારૂ કોઇ શખસનેમોતઅથવા મહાવ્યથાનો ભય ઉત્પન કરવો.

૩૮૭. જે માણસ, જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરવા સારૂ કોઇ સખશને, તે સખશને પોતાને અથવા બીજા કોઇને મોત અથવા, મહાવ્યથા કરવાનો ભય ઉત્પન્ન કરે, અથવા ભય ઉત્પન કરવાની કોશીશ કરે. તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—પરાણે પઈસા કઢાવવાને ઈરાદે કોઈ આપઘાત કરવાનો ડોળ ઘાલે તો તે આ કલમ પ્રમાણે ગુનેગાર થાય છે.—રાણી વિરૂધ્ધ ગેગરી કો. ઇ. પ્ર. ડા. ૩૩૭

મોત અથવા સમુદ્રપારવગેરેનીશીક્ષા થઇ શકે એવા ગુનાહનુ તહોમત મુકવાનો ભયઉત્પનકરીનેજબરાઇથી કહડાવવાનો ગુન્હો કરવો,

૩૮૮. મોતની, અથવા જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસવરસની મુદત સુધીની કેદની, શિક્ષા થઇ શકતી હોય એવો કોઇ ગુન્હો કરયાનુ અથવા કરવાની કોશીશ કરયાનું, અથવા એવો ગુન્હો બીજા કોઇ શખસ પાસે કરવાને તેને લલચાવવાની કોશીશ કરયાનું તહોમત કોઇ સખસની પોતાની ઉપર અથવા કોઇ બીજાની ઉપર મુકવાનો ભય તેશખસને ઉત્પન કરીને, જે માણસ જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરે, તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે. અને અગર ૩૭૭ મી કલમ મુજબ શિક્ષા થઇ શકે એવો તે ગુનાહ હોય તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે,

જબરાઇથી કહડાવવાનો ગુનાહ કરવા કોઇ સખશને કાંઇ ગુનાહના તહોમતનોભયઉત્પનકરવો

૩૮૯. જબરાઇથી કહડાવવાનો ગુનાહ કરવા સારૂ, મોતની, અથવા જીવતા સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની કેદની શિક્ષા થઇ શકતી હોય એવો કોઈ ગુનાહ કરયાનું અથવા કરવાની કોશિશ કરયાનું તહોમત કોઇ શખશની પોતાની ઉપર અથવાં કોઈ બીજાની ઉપર મુકવાનો ભય તે શખશને જે માણસ ઉતપન કરે, અથવા ઉત્પન કરવાની કોશીશ કરે. તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષાં કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગર ૩૭૭ મી કલમ મુજબ શિક્ષા થઇ શકે એવો તે ગુનાહ હોય, તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે.

અપહરણ તથા ડાકાઇટી બાબત.

અપહરણ.

૩૯૦ સરવે અપહરણમાં અગર તે ચોરી અથવા જબરાઇથી

પકડાવવાનો ગુનોહ હોય છે.

ચોરી ક્યારે અપહરણ થાય છે.

અગર કેઇ ચોરી કરવા સારૂ, અથવા ચોરી કરવામાં, અથવા ચોરીથી મળેલી મીલકત લઈ જવામાં અથવા લઈ જવાની કોશીશ કરવામાં, તે ગુનેહગાર, તે મતલબસર; બુદ્ધિપુરવ કેઈ શખસનું મોત આણે અથવા તેને વ્યથા કે ગેરવ્યાજબી અટકાવ કરે, અથવા મોત, વ્યથા કે ગેરવ્યાજબી અટકાવ કરવાની કોશીશ કરે અથવા તાત્કાલીક મોત, તાત્કાલીક વ્યથા, કે તાત્કાલીક ગેરવાજબી અટકાવ કરવાનો ભય ઉતપન કરે. અથવા ભય ઉતપન કરવાની કોશીશ કરે, તો તે ચોરીતે અપહરણ થાય છે એમ સમજવું

જબરાઇથી કઢડાવવું તે ક્યારે અપહરણ થાય છે.

અગર જબરાઇથી કઢડાવવાનો ગુનોહ કરતી વખતે તે ગુનોહ કરનાર ભય પમાડેલાં શખશની આગળ હાજર હોય, અને તાત્કાલીક મોત અથવા તાત્કાલીક વ્યથા, અથવા તાત્કાલિક ગેરવ્યાજબી અટકાવ તે શખશને અથવા કોઈ બીજા શખસને કરવાનો ભય ઉતપન કરીને તે જબરાઇથી કઢડાવવાનો ગુનેહ કરે, અને એમાણે ભય ઉતપન કરીને તે ભય પમાડેલ સખસનુ મન એવું કરે કે તે શખશ તેજ વખતે અને તેજ ઠેકાણે જબરાઇથી કઢડાવેલી વસ્તુ આપી દે, તો તે જબરાઇથી કઢડાવવું અપહરણ થાય છે એમ સમજવું,

ખુલાસો—અગર તે ગુનોહ કરનાર એટલો નજદીક હોય કે તેથી તે બીજા શખશને તાત્કાલીક મોતનો અથવા તાત્કાલીક વ્યથાનો અથવા તાત્કાલીક ગેરવ્યાજબી અટકાવનો, ભય ઉતપન થાય તો તે હાજર છે એમ સમજવું

દ્રષ્ટાંત.

(અ) અ જ ને નીચે દાબીને ઝાલી રહે, અને જ ની રજામંદી શીવાય જ ના કપડામાંથી જનાઇસા તથા દાગીના દગાબાજીથી કહાડી લે, તો એ ઠેકાણે અ એ ચોરી કરી, અને તે ચોરી કરવા સારૂ તેણે બુદ્ધિપુરવક જ ને ગેરવ્યાજબી અટકાવ કર્યો માટે તેણે અપહરણ કરયુ એમ સમજવું.

(બ) અ ઝ ને ધોરી રસ્તા ઉપર મળે અને એક પિસ્તોલ દેખાડીને કહે, કે તારી નાણાંની થેલી આપ. અને તે પરથી ઝ પોતાની થેલી આપી દે, તો એ ઠેકાણે તાત્કાલીક વ્યથાનો ભય ઉત્પન કરીને અ એ ઝ ની પાશેથી તે થેલી જબરાઇથી કઢડાવવાનો ગુન્હો કર્યો અને તે ગુનો કરતી વખતે તે ઝ ની આગળ હાજર હતો, માટે અ એ અપહરણ કરયુ એમ સમજવું.

(ક) ઝ પોતાના બાળકને લઇને જાય છે એવામાં ધોરી રસ્તાપર તેને અ મળે, અને બાળકને લઇને અ ઝ ને એમ કહે કે તું તાહારી નાણાની થેલી આપ, નહીતો હું આ બાળકને પેલી ટેકરી ઉપરથી નીચે ફેંકી દઇશ, અને તે પરથી ઝ પોતાની થેલી આપી દે, તો એ ઠેકાણે જે બાળક ત્યાં હાજર છે તે બાળકને તાત્કાલીક વ્યથા કરવાનો ભય ઝ ને ઉત્પન કરીને ઝ ની પાસેથી તેની થેલી અ એ જબરાઇથી કઢડાવી માટે અ એ ઝ ની પાસેથી અપહરણ કરયુ એમ સમજવું

(ડ) "તાહારૂ બાળક માહારી ટોળીના હાથમાં છે, અને તું હમને દશ હજાર રૂપીયા મોકલ. નહીંતો અમે તારા બાળકનો જીવ લઇશું." એમ કહીને અ ઝ ની પાસેથી કાંઇ મિલકત મેળવે તો એનુ નામ જબરાઇથી કહાડવવુ અને એમ માટે તે ગુનાની શિક્ષા થઇ શકે પણ પોતાના બાળકનું તાત્કાલીક મોત થવાનો ભય ઉત્પન કરવામાં આવે નહી, તો એ કાંઇ અપહરણ ગણાય નહી.

ટીકા—એક બોટ ચાલી જતી હતી તેને રોકવા માજીસ્ટ્રેટનો હુકમ છે એવું કહી કેટલાક સખસે રોકી અને તેને લુંટી લીધી તેમાં ઠરાવવામાં આવ્યું કે આ વખતે બોટવાળાને ગેરવ્યાજબી અટકાવ કરી રોક્યા કહેવાય અને તેથી તહોમતદારોએ આ કલમ પ્રમાણેનો ગુન્હો કર્યો કહેવાય. પ. વી. રી, પ્ર. ૧૯

ચોરી કરતાં ઘરધણી સામો થાય તો તેને મારવો એવો ઇરાદો થયો હોય અથવા એ પ્રમાણે મારવાની કોશીશ કરવામાં આવે તો તહોમતદારોએ આ કલમ પ્રમાણે ગુન્હો કર્યો કહેવાય—૫ વી. રી પ્ર. ૯૫

ડાકાઇટી. ૩૯૧. અગર પાંચ અથવા વધારે શખસો એકઠા મળીને કાંઇ અપહરણ કરે અથવા કોશીશ કરે અથવા જે સખસો એકઠા મળીને અપહરણ કરતાં અથવા કરવાની કોશીશ કરતાં હોય તે, તથા જે સખસો હાજર હોય અને તે અપહરણ તથા કોશીશ કરવામાં સાહાય કરતાં હોય તે, એ બને મળીને તેઓની આખી સંખ્યા પાંચ અથવા વધારે થાય, તો એ પ્રમાણે અપહરણ કરનાર કોશિશ કરનાર, અથવા સાહાય કરનાર હરએક શખસે " ડાકાઇટી " કરી એમ સમજવું.

ટીકા.—ગાયકવાડના મુલકમાં કોઇ ડકાઇટીનો ગુન્હો થયો હોય, તો ઇંગ્રેજી કોરટથી તેનો ઇનસાફ થઇ શકે નહી, પણ ડાકાઇટી કરતાં જે મીલકત લેવાઇ હોય તે ઇગ્રેજ સરકારના મુલકમાંથી હાથ આવેતો ડાકાઇટીમાં ગયેલ મિલકત રાખવાના ગુન્હાનો ઇનસાફ તે કોર્ટ કરી શકે છે, ૧ ઇ. લા. રી. (મુંબાઇ) પ્ર ૫૦—સરકાર વીરૂદ્ધ લખોબા ગોવીંદ અને બીજા.

ડેકોઇટી થયા પછી ૧૭ કલાકના ટુંકા વખતમાં કોઇ શખસ એ ડેકોઇટીમાં ગયેલ મીલકત સાથે માલુમ પડે તો વિરૂદ્ધ સાબીત થતાં સુધી તેઓ ડેકોઇટીમાં ગયેલ મીલકત કબજામાં રાખનાર નહી પણ તે ડેકોઇટી કરનાર છે એમ કાયદાસર અનુમાન થાય— રાણીવીરૂદ્ધ કાશીમલ, કો, ઈં દા, પ્ર, ૩૪૮

પાંચ જણ હથીયાર બાંધી એક ઘર ફોડી ચોરી કરવા ગયા, એક જણ ભીંતમાં બાકોરૂ પાડવા મંડયો, બીજા ગાર્ડ તરીકે ઉભા રહ્યા. ઘરના લોકો જાગી જવાથી રાડ પાડી તેથી ગામના લોકો દોડી આવ્યા. આ પાંચ જણમાંના એકે એક ગામડીઆને ઠાર માર્યો તેમાં ઠરાવવામાં આવ્યું કે તેમની ઉપર ડેકોઇટીનું તહોમત આવે નહી રાત્રે ઘર ફોડવાનું તહોમત આવે—રાણી વિરૂદ્ધ રેવાન માજવાર. કો. ઇ, દા પ્ર. ૩૪૮

અપહરણની શીક્ષા ૩૯૨. જે માણસ અપહરણ કરે, તને દશ વરશની મુદત સુધીની સખત કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે અને અગર તે અપહરણ ધોરી રસ્તાપર સુર્યસ્ત તથા સુર્યોદયની વચ્ચે, કરવામાં આવેતો કેદ ચઉદ વરસ સુધીની થઇ શકે.

ટીકા—એક ગાડીને અમુક રસ્તા ઉપર વારવાર લુંટી લેવામાં આવતી તેથી તે લુટનારને પકડી લેવા એક શખશ તે ગાડી સાથે ગયો. લુટવાવાળો ગાડી પાસે આવ્યો અને એક પીસ્તોલ દેખાડી ગાડીમાં બેસનારા પાસેથી પઇસા માગ્યા જે શખશ પકડવામાં સાથે ગયેલ હતો તેણે તથા ગાડીમાં બેસનારાએ તેને પઇસા આપ્યા પણ પછી તે લુટનારને પકડી લેવામાં આવ્યો તેમાં ઠરાવવામાં આવ્યું કે લુટનારે અપહરણનો ગુન્હો કર્યો. આર્ચ. પ્ર. ૪૫૧

એક સ્ત્રીની વાળી ખેંચી લેવા માટે તહોમતદારે એક સ્ત્રીનો કાન ત્રોડયો તેમાં ઠરાવવામાં આવ્યું કે તહોમતદારે અપહરણ કર્યું—રાણી વિરૂદ્ધ લેપીયર. આર્ચ. પ્ર. ૪૫૧

અપહરણમાં જે મોત કિંવા મહાવ્યથા થવી જોઇએ કિંવા તેમ થવાની કોશીશ થવી

જોઇએ એ અપહરણ થયા વખતે કિવા અપહરણ થયા પહેલાંની હોવી જોઇએ. અપહરણ થયા પછી થયે તો અપહરણ કહેવાય નહી—રાણી વીરૂધ જોન્સ આર્ચ. પ્ર. ૪૫૨

તું મને અટલા પઇસા આપ નહી તો તારી ઉપર શુષ્ટ ક્રમ વિરૂધ મઇથુનની ઠચ્છનું તહોમત લાવીશ એમ કહી તે નાણા કઢાવે, તો તેણ અપહરણ કહેવાય નહી—રાણી વીરૂધ ગાસોલ. આર્ચ. પ્ર. ૪૫૨

કોઇ શખસ પોતાની મિલકત કોઇ લઇ જતો હોય તેમાં બીકથી કાંઇ સામો ન થાય પણ તેની મિલકત તે પોતાની મેળે આપે નહી તો એ ગુન્હો જબરાઇથી કઢાવવાનો નહી પણ અપહરણનો થાય છે. ચોરી કરવામાં વ્યથા કરવાનો ઇરાદો હોય કિંવા કોશીશ હોય તો એ ગુનો અપહરણનો થાય છે. રાણી વીરૂધ તીકીભ:ર, ૫, વી રી, પ્ર, ૯૫

અપહરણ કરવાની કોશીશ. ૩૯૩. જે માણસ અપહરણ કરવાની કોશીશ કરે, તેને સાત વરસની મુદત સુધીની શખત કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

અપહરણ કરવામાં બુદ્ધિપુરવક વ્યથા કરવી, ૩૯૪ અગર કોઇ શખસ, અપહરણ કરવામાં અથવા અપહરણ કરવાની કોશીશ કરવામાં બુદ્ધિ પુરવક વ્યથા કરે, તો તે શખશને; તથા બીજો કોઇ શખશ તેની સાથે તે અપહરણ કરવામાં અથવા અપહરણ કરવાની કોશશ લેવામાં શામિલ હોય તે સખશને, જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દશ વરસની મુદત સુધીની સખત કેદનો શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ડાકાઇટીનીશિક્ષા. ૩૯૫. જે માણસ ડાકાઇટી કરે, તેને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરશની મુદત સુધીની શખત કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—જુઓ ફી. પ્રો. કો. સને ૧૮૮૨ના આક્ટ ૧૦ની કલમ ૧૯૧ભાગ ૧ લો.

ઘર લુટવા આવતી વખત પહેલાં ઘરના માણસોને ભાગી જવાની તક હતી એવું સાબીત થાય તો તહોમતદારો આ કલમમાં ફરમાવેલી સજાથી બચી શકે નહી, આ કલમ પ્રમાણે ગુન્હો સંપુર્ણ થવા માંટે લુટ કરનાર સખસે તાત્કાલીક અટકાવ કરયો હતો અથવા કરવાની કોશીશ કરી હતી એટલુંજ સાબીત થવું પુરતુંછે—રાણી વિરૂદ્ધ કીશોરી પાતર અને બીજાઓ. ૭ વી. રી. માં ૩૫

પારાપા નામના એક માણસ સુધાં ચાર કેદીપર ખુનનું અને ડાકાઇટીનું તહોમત મુકી તેની ચોકશી કલાદગીરીના શેશન જડજે એસ. એન. મી૦ ટાગોરકે બંને ગુના (પરાપર ફક્ત ડાકાઇટીનો) સાબીત ઠરાવી તે ચારે કેદીઓને શિક્ષા કરી તે ઠરાવપર કેદીઆએ નામદાર હાઇકોરટને અપીલ કરી તેમાં એમ ઠરયું કે "શાથી માણસની શાક્ષિની પુષ્ટી કરનારો જે પુરાવો જોઇએ તે સ્વતંત્ર અને વિશ્વાસ રાખવા લાયક ઠેકાણેથી આવવો જોઇએ અને શાથી માણસે પોતે જે કાંઇ મચકુર કહયો હોય તે મચકુર તેણે ચોકશીની વખતે જે કાંઇ શાક્ષ આપી હો તેને જોકે મળતો હોય તો પણ તે ઉપર કહેલા પ્રકારનો પુષ્ટી કરનારો પુરાવો એમ નથી.

કેદી પઇકી એકે કરેલી કબુલત શાથી માણસની શાક્ષિને પુષ્ટી કરનાર હોય તો પણ બીજા કેદી વીરૂધ જે શાથી માણસે શાક્ષિ આપી હોય તે શાક્ષિને પુષ્ટી કરનાર તરીકે તે કબુલત ઉપયોગમાં આવી શકનાર નથી.—શાબબ જે આરોપાંત અમારી રૂબરૂ અપીલ કરી છે તેનાપરથી અપરાધ અને શિક્ષા એમે રદ કરીયે છીએ—સરકાર વિરૂધ મલાપા

બીનકપના. અને બીજા. મુ. હા. કો. રી. વા. ૧૧ પ. ૧૯૬. તા. ૨૧ જુલાઇ ૧૮૭૪

ડાકાઇટી કરવાના તહોમતમાં ગુન્હેગારપર ગુનો સાબીત કરતી વખત જડજે એમ નકી કરવુ જોઇએ કે તેણે અમુક ઘરમાં પ્રવેશ કરયો જો તેમ નીરણે ન થાય તો તે અપરાધી ઠરાય નહી. મુ. હા. કો. તા૦ ૬ શપટેંબર ૧૮૬૯ સરકાર વીરૂધ્ધ દેવજી અને બીજાઓ.

એક કામમાં થાણાના સેશન જડજે કેટલાક આરોપીતપર ડાકાઇતીના ગુન્હાનુ તહોમત ઠરી બધા આરોપીતને જન્મ પરીયંત સમુદ્રપારની શીક્ષા કરી.

તે ઠરાવ ઉપર સઘળે આરોપીને હાઇકોરટને અપીલ કરી. અપેલેટ સાત જણ ઉપર જે તહોમત શાબીત થયું હતુ તે બે માફી આપેલા કેદીની શાક્ષીપરથી થયું હતુ તે શાક્ષીને અપેલટના ઓળખાવાના સંબંધે અપેલેટ સાથે જે બીના કેદીનો ચેક્ષી થઇ તે કેદીના કબુલપણા શીવાય બીજા પ્રકારની પુષ્ટી થએલી નોહોતી—તેથી હાઇકોરટે આ કામમાં એવો ઠરાવ કરયો કે,

માફી મળેલા કેદીની શાક્ષીને આરોપીત માણસ ઓળખવાના સબંધે બીજી વાત ઉપરથી મજબુતી નથી તો. માફી મળેલા કેદીની શાક્ષી ઉપરથી „આરોપીત માણસપર ગુન્હાની સાબીતી કરયા છતા તે શાબીતી કાયમ રાખવામાં આવનાર નથી, અને સોબતી કેદીના કબુલતપણા ઉપરથી તે આરોપીત અપરાધી છે એમ થતુ હોય તો તેવુ કબુલપણું માફી મળેલા કેદીએ આપેલા શાક્ષીને મજબુતી થવાને બસ છે. એમ સમજવામાં આવતું નથી માટે આરોપીતપરનુ તહોમત અને શીક્ષા રદ કરયાં—સરકાર વીરૂધ્ધ બુધુ નનક અને બીજા મુ. હા. કો. રી. વા ૧ પ. ૪૭૨

એક કામમાં આરોપીતપર ડાકાઇટીના ગુનાનુ કામ ચલાવતાં તેને તે ગુના બદલ સેશન જડજે છોડી દીધો અને ગ્રહપ્રવેશનો ગુન્હો સાબીત કરી તેને શીક્ષા કરી, તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે. "આરોપીતપર ગ્રહપ્રવેશના ગુન્હાનો આરોપ છે એવુ જુનાં કામીનલ પ્રો. કો. ૪૪૫ મી કલમ શને ૧૮૧૨ ના આકટ ૧૦ ની કલમ ૨૨૭ ઉપરથી સેશન જડજે કેદીને સમજાવવુ જોઇતું હતુ અને પ્રવેશનો ગુન્હો એ ડાકાઇટીના કીવા ગરદીના ગુન્હાનો ભાગ નથી માટે સેશન જડજે આપેલી શીક્ષા રદ કરી—સરકાર વીરૂધ્ધ શાલામતઅલી. મુ. હા. કો. રી. વા. ૨૩ પ. ૫૮ તા૦ ૩૧ મારચ ૧૮૭૫

ખુનની સાથે ડાકાઇટી

૩૯૬. અગર પાંચ અથવા વધારે શખસો સાથે મળીને ડાકાઇટી કરતા હોય તેઓમાંના કોઇ તે પ્રમાણે ડાકાઇટી કરવામાં ખુન કરે તો તે શખસોમાંના હરએકને મોતની, અથવા જીવતા સુધી સમુદ્રપારની, અથવા દશ વરશની મુદત સુધીની સખત કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—જુઓ, હી. પે, કોડ, શન ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૧૮૧

ડકોઇટીની ટોળીના કોઈ માણસ ડકોઇટી સાથે અજાણતાં કોઇનુ ખુન કરેલો ખુન અને ડકૈઇટી એમ તહોમત આવે, આ કલમ પ્રમાણેનુ તહોમત આવે—રાણીવીરૂધ્ધ રઘુ, કો, ઇ, હા, પ, ૩૪૮

ખુનની અથવા મહાવ્યથા કરવાની કોશિશની સાથે અપહરણ અથવા ડાકાઇટી.

૩૯૭. અગર અપહરણ અથવા ડાકાઇટી કરતી વખતે, તે ગુનેગાર કાંઇ ભયંકર શસ્ત્ર વાપરે અથવા કોઇ શખસને મહાવ્યથા કરે અથવા કોઇ શખસનુ મોત આણવાની કે તેને મહાવ્યથા કરવાની કોશિશ કરે, તો તે ગુન્હેગારને કેદની, જે શિક્ષા કરવામાં આવશે, તે સાત વરશથી ઓછી થશે નહી.

ટીકા—ભારે શસ્ત્રના જોખમની મરયાદા પીનલકોડ કલમ ૩૯૭ મુજબ જે ગુન્હેગાર આરકે

રણ અથવા ડાકાઇટી કરવામાં ખરેખર મદદ કરતો હોય તેના ઉપર કરવાની ઠરેલીછે, મે ન્સ ક્રત્ય ટીકા શૂાતની આવૃતી, પાનુ ૨૯૧; કલમ ૩૯૭ ઉપરનીટીપ જુઓ,—શરકારવાદ્ધ રાજીકેરૂ વાઝેર. મુ. હા, કો. તા, ૧ આગષ્ટ ૧૮૭૨

કાંઇ ભયંકર શસ્ત્ર ધારણ કરયુ હોય, તે વખતે અપહરણ અથવા ડાકાઇટી કરવાની કોશિશ.

૩૯૮. અગર અપહરણ અથવા ડાકાઇટી કરવાની કોશિશ કરતીવખત, તે ગુનેગારે કાંઇ ભયંકર શસ્ત્ર ધારણ કરયુ હોય, તો તે ગુનેગારને કેદની જે શિક્ષા કરવામાં આવશે તે સાત વરસથી ઓછી થશે નહીં.

ડાકાઇટી કરવાની તઇયારી કરવી.

૩૯૯. જે માણસ ડાકાઇટી કરવાની કંઇ તઇયારી કરે. તેને દશ વરશની મુદત સુધીની સખત કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

ડાકાઇટીની ટોળીમાં હોવાની શિક્ષા,

૪૦૦ આ આક્ટ પસાર થયા પછી કોઈ પણ વખતે, નિત્ય ડાકાઇટી કરવાના કારણસર મળેલા શખસોની કોઇ ટોળીમાં જે માણસ હોસે, તેને જીવતાં સુધી સમુદ્રપારનો અથવા દશ વરશની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે

ટીકા—આ કલમમાં કહેલા ગુન્હેગારોની ચોકશી અથવા, ઇનસાફ જે કોરટની હકુમતની સ્થાનીક હદમાં તોહોમતવાળા શખસ હોય, તે કોરટને કરવાનો અધીકારછે, જુઓ શને ૧૮૮૨ ના આક્ટ ૧૦ ની કલમ ૧૮૧

ચોરોની ભટકતી ટોળીમાં હોવાની શિક્ષા.

૪૦૧ આ આક્ટ પસાર થયાપછી કોઇ પણ વખતે, નિત્ય ચોરી અથવા અપહરણ કરવાનાં કારણસર મળેલા સખસોની કોઇ ભટકતી અથવા બીજી ટોળીમાં જે માણસ હોશે, અને તે ટોળી ઠગ અથવા ડકાઇટોની ટોળી નહી હોયતો, તે માણસને સાત વરસના મુદત સુધીની સખત કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—આ કલમ પ્રમાણેના ગુન્હેગારોપર તોહોમતની શાબીતી થાય તો તેમની પાસેથી શારી રીતે ચાલવા માટે તારણ લેવાને શને ૧૮૮૨ ના આક્ટ ૧૦ ની કલમ ૧૦૯ માં કહેલા અમલદારોને અખ્તીઆર છે.

જે શખશ ઉપર ગુજરાન ચલાવવાનુ ખરેખર તેને નથી એવું તોહોમત મુકવામાં આવ્યું હોય, તે શખશની સાધારણ આબરૂ કેવી છે તે વીશે માજીસ્ટ્રેટે પુરાવો લેવા જોઇએ. અને ફક્ત પોલીસના રીપોટ ઉપરથી તેને ગુન્હેગાર ઠરાવવો ન જોઇએ સબબ પોલીસ આપેલી ખબર તે પુરાવ નથી પણ તે પોલીસ અમલદારના વીરૂદ્ધ પુરાવ છે.

આ કલમ પ્રમાણે ગુન્હો સાબીત થવા માટે નીત્ય ડાકાઇટા કરવાની ટોળી ઉભી થઇ હતી. અને એ ટોળીનો હેતુ હમેશા એવા ગુન્હા કરવાનો હતો એવુ સાબીત થવું જોઇએ ગ, હા, રી, વા, ૬-મ, ૧૨૦

ડાકાઇટી કરવાના કારણસર એકઠા થવુ

૪૦૨ આ આક્ટ પસાર થયા પછી કોઇ પણ વખતે, ડાકાઇટી કરવાનાં કારણસર એકઠાં થએલા પાંચ અથવા વધારે શખસોમાંનો જે માણસ હોશે, તેને સાત વરશની મુદત સુધીની સખત કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે

ટીકા—આ કલમ પ્રમાણેનો ગુન્હો કરનાર શખશ જ્યાં પકડાય ત્યાં તેનો ઇનસાફ થવો જોઇએ (જુવો ક્રી. પ્રો. કો, શને ૧૮૮૨ ના આક્ટ ૧૦ કલમ ૧૮૧

ક્રી, મે, કો, સને ૧૮૮૨ ના આક્ટ ૧૦ ની કલમ ૪૪ પ્રમાણે આવી મંડળી પોતાની હદમાં ભેગી થઇ હોય અથવા ભેગી થવાની હોય તેની ખબર જાણતાં તુરત પાસેના પોલીસ થાણામાં અથવા માજીસ્ત્રેટને તે બાબત ખબર આપવી જોઇએ. એવી જમીનના માલીક વગેરે ઉપર ફરજ છે,

આ કલમમાં કહેલી મંડળીના દરેક માણસના સારી ચાલના જામીન લેવામાટે માજીસ્ત્રેટોને અધીકાર છે, પણ તે કયા માજીસ્ત્રેટને છે તે બાબત સને ૧૮૮૨ ના આક્ટ ૧૦ કલમ ૧૧૦ જુઓ. સદરહુ કલમ ૧૧૦ ના બદલે જુના ક્રીમીનલ કલમ ૫૦૫ અને ૫૦૬ હતી તેમાં અને કલમ ૧૧૦માં કેટલોક ફેરફાર થએલો છે તે ઘણો જ અગત્યનો છે,

જે શખ્શની વર્તણુંક ફક્ત જોરજુલમ ભરેલી અને તોફાની માલુમ પડે તેવા શખ્સોના જામીન લઈ શકાય નહી, રાણી વીરૂધ નારાયણ શુઓધ વીકલી રીપોર્ટ ૬ પાનુ ૬

સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ ની કલમ ૫૦૫ અને ૫૦૬ એટલે સને ૧૮૮૨ ના આક્ટ ૧૦ મો કલમ ૧૧૦ પ્રમાણે માજીસ્ત્રેટને જે અધીકાર આપ્યોછે તે તેણે ઘણી ખબડદારીથી ચલાવવો જોઇએ સદરહુ કલમ ૫૦૫ જે લોકો કોઇ પ્રકારે આબરૂદાર નથી તે લોકોને લાગુ કરવી એમ કાયદા કરનારનો હેતુ નથી, સારી વર્તણુક બદલ જે જામીન લેવા તે બદલે રોકડા નાણા કોરટમાં અનામત ભરવા વીશે કોર્ટે હુકમ કરયો તે કાયદા પ્રમાણે વ્યાજબી નથી—સરકાર વીરૂધ કાળાચંદ ઇ, લો, રી, કલકતા, વા, ૬ પ, ૧૪

જામીન બાબત જુઓ કલમ ૩૮૦ ઉપરની ટીકા.

મિલકતના સાધારણ ખોટા ઉપયોગ બાબત

બદદાનતથી મિલકતનો ખોટો ઉપયોગ

૪૦૩. જે માણસ બદદાનતથી કાંઇ પણ જંગમ મિલકતનો ખોટો ઉપયોગ કરે અથવા તે પોતાને કામે લગાડે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બનેની શિક્ષા કરવામા આવશે.

દૃષ્ટાંત.

(અ) અ જ ની મીલકત જ ના કબજામાંથી લે, અને તે લેતીવખતે શુદ્ધબુધ્ધિથી તે એમ મનનો હોય કે એ મિલકત માહારી છે, તો અ ચોરીના તકશીરવાર નથી, પણ પોતાની ભુલ માલમ પડ્યા પછી. અગર અ બદદાનતથી તે મિલકત પોતાને કામે લગાડે, તો તેણે આ કલમ મુજબ ગુન્હો કરયો એમ સમજવું,

(બ) અ ને જ ની સાથે દોસ્તી છે, અને તે જ ના કીતાબખાનામાં જ નહો હોય એવી વેળાએ જઇને જ ની સાફ રજામંદી શીવાય તેમાંથી એક ચોપડી લઇ જાય હવે એ ઠેકાણે અગર અ ના મનમાં એમ હોય, કે તે ચોપડી વાંચવાના કારણસ લેવાનો મને જ ની અરથાંત સમજાય એવી રજામંદી છે તો અ એ ચોરી કરી નથી. પણ અગર પાછળથી અ પોતાના ફાયદને સારૂ તે ચોપડી વેચે, તો તેણે આ કલમ મુજબ ગુનોહ કરયો એમ સમજવુ.

(ક) અ તથા બ એ બને એક ઘોડાના એકઠા માલીક છે, અને અ એ વાપરવાનો ઇરાદો કરીને તે ઘોડાને બ ના કબજામાંથી લઇ જાય તો એ ઠેકાણે તે ઘોડો વાપરવાનો અ નો હક છે માટે, તેણે બદદાનતથી તે ઘોડાનો ખોટો, ઉપયોગ કરયો એમ સમજવું નહી પણ અગર અ તે ઘોડો વેચે, અને તેની કીમત ઉપજે તે સઘળી પોતાને કામે લગાડે, તો તેણે આ કલમ મુજબ ગુનોહ કરયો એમ સમજવું.

ખુલાસો ૧ લો—ફક્ત થોડી વાર સુધીજ ખોટો ઉપયોગ કરયો હોય તો પણ આ કલમ

ના અર્થ મુજબનો ખોટો ઉપયોગ છે એમ સમજવું

દ્રષ્ટાંત.

જ ની એક સરકારી પ્રામીશરી નોટ રાખી શેરા વાળી અ ને જડે, અને તે નોટ જ ની છે એમ જાણ્યા છતાં અ એક સરાફને ત્યાંથી કાંઇ રૂપીઆ કઢાવીને તેના અવેજમાં તે નોટ ગીરે મુકે, એવા ઇરાદાથી કે પછી તે છોડાવીને હું જ ને પાછી આપીશ. તો અ એ આ કલમ મુજબ ગુનાહ કરયો એમ સમજવું.

ખુલાસો ૨ જો—જે મીલકત કોઇ બીજા શખશના કબજામાં ન હોય એવી કાંઇ મીલકત કોઇ શખશને જડે, અને તે મીલકત સાચવવાના અથવા તેના માલીકને પાછી આપવાના કારણસર તે શખશ તે મીલકત લે, તો તે માણસે તે મીલકત બદદાનતથી લીધી અથવા તેનો ખોટો ઉપયોગ કરયો નથી, અને તેણે ગુનાહ કરયો એમ સમજવું નહીં પણ તે મીલકતના માલીક કોણ છે એ વાતની તેને ખબર હોય, અથવા તે શોધી કાહાડવાનો તેની પાસે ઇલાજ હોય, તે છતાં, અથવા માલીકને શોધી કહાડીને તેને ખબર આપવાના ઘટતા ઇલાજ વાપરયાં પહેલાં તથા મીલકત આવી તે મીલકતનો દાવો કરે એટલા સારૂ ઘટતી મુદત સુધી તે મીલકત રાખ્યા પહેલાં અગર તે શખશ તે મીલકત પોતાને કામે લગાડે, તો તેણે ઉપર બયાન કરેલો ગુનો કરયો એમ સમજવું.

એવી બાબતમાં ઘટતા ઉપાય તે કયા અથવા ઘટતી મુદત તે કેટલી એ હકીકતની બાબત છે.

મીલકત જેને જડે તે શખસે તે મીલકતનો ધણી કોણ છે, અથવા તેનો ધણી કોઇ અમુક સખશ છે, એમ જાણવું જોઇએ એવું કાંઇ જરૂર નથી, અગર તે મીલકત કામે લગાડતી વખતે તે મિલકત પોતાની છે તે માનતો ન હોય, અથવા તેનો ખરો માલીક જડી શકતો નથી એમ જે તે શુદ્ધબુધીથી માનતો ન હોય તો બસ છે.

દ્રષ્ટાંત.

(અ) ધોરી રસ્તાપર પડેલો એક રૂપીયો અ ને જડે, તે કોનો છે તે અ ને ખબર નહી હોય, અને અ તે રૂપીઓ ઉચકી લે, તો અ એ આ કલમમાં બયાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું નહી.

(બ) ધોરી રસ્તાપર પડેલો એક કાગળ અ ને જડે, તે કાગળમાં એક બેંકનોટ હોય અને તે કાગળ શીરનામાપરથી તથા તેમાં લખેલા બીનાપરથી તે નોટ કોની છે એ વાત જાણવામાં આવે, અને પછી તે નોટ તે વાપરે, તો તેણે આ કલમ મુજબ ગુન્હો કરયો એમ સમજવું

(ક) આ લાવે તેને નાણાં આપજે એવી તરેહનો અ ને એક ચેક જડે તે ચેક કોનો ગયો છે એ વાતની તેથી અટકળ થઇ શકે નહી. પણ જે સખસે તે ચેક લખ્યો હોય તે સખશનુ નામ તે ચેકમા લખેલુ હોય, અને અ એમ જાણતો હોય કે તે સખશ મને બતાવી શકશે કે ફલાણા ધણીને માટે એ ચેક લખ્યો હતો તેવું છતાં તે માલીકને શોધી કહાડવાની કોશીશ ન કરતાં અ તે ચેક વાપરે, તો તેણે આ કલમ મુજબ ગુનોહ કરયો એમ સમજવું.

(ડ) ઝ ની પઇશા ભરેલી એક થેલી ઝ ના હાથમાંથી નીકળી પડતી અ જોય. અને તે ઝ ને પાછી આપવાના ઇરાદથી અ ઉચકી લે, પણ પાછળથી તે તેને પોતાને કામે લગાડે, તો અ એ આ કલમ મુજબ ગુન્હો કરયો એમ સમજવું.

(ઇ) અ ને એક પઇશા ભરેલી થેલી જડે, તો તે થેલી કોની છે. એ વાત અ જાણતો નહી હોય પણ પાછળથી તેને ખબર પડે કે તે ઝ ની છે. અને તેવું છતાં

તે પછી પોતાને કામે લગાડે તો અ એ આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવું.

(ક) અ ને એક કીમતી વીંટી જડે તે વીંટી કોના છે એ વાત અ જાણતો નહીં હોય; પણ તેના માલીક શોધી કહાડવાની કોશીશ કર્યા શીવાય તુરત અ તે વીંટી વેચે, તો અ એ આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવું.

ટીકા—એક નોકર પોતાના શેઠ તરફથી ઉઘરાણી કરી શેઠને નાણાં નહીં આપતાં શેઠની પાસે પોતાનો પગાર લેણું હોય તે માટે તે નાણાં રાખે તો તેણે આ કલમ પ્રમાણે ગુન્હો કર્યો ગણાય, રાણી વીરૂધ બીસમ રાવ, કો, ઇ. ડા. મ, ૩૪૫

આ કલમ પ્રમાણેનું તહોમત સાબીત કરતી વખતે મિલકત મજકુરનો ઉપયોગ તહોમતદારે પોતે કર્યો એવું સાબીત થવું જોઇએ. મિલકત જડે અને કબજામાં રાખે એટલા ઉપરથી જ આ ગુન્હો સંપુર્ણ થતો નથી. રાણી વિરૂધ અબદુલ કો. ઇ. ડા. ૩૪૫

કોઇ સખસની ભુલથી કાંઇ નાણાં વધારે આપવામાં આવે તે સખસ તે લેતી વખતે કિંવા પાછળથી અમુક નાણાં વધારે આવ્યાં છે એવું જાણે પણ તેણે આ કલમ પ્રમાણે ગુન્હો કર્યો કહેવાય ઠગાઇનો ગુન્હો કર્યો કહેવાય નહીં. રાણી વિરૂધ શામસુંદર કો. ઇ. ડા. મ. ૩૪૬

તહોમતદાર અને ફરીયાદી જે ધંધો કરતા હોય તેમાં અમુક ચામડાની કીમત ન આપતાં એ ચામડાં પોતાના ઉપયોગમાં લે તો તહોમતદારે આ કલમ પ્રમાણે ગુન્હો કર્યો કહેવાય નહીં ૧૭ વી, રી. મ, ૩૪૬

કોઇ તહોમતદાર નાણાની જુદી જુદી રકમનો ખોટો ઉપયોગનો ગુન્હો કરે તો તેની ઉપર એક તહોમત આવે નહીં. જુદાં જુદાં તહોમત આવે ૧૫ વી, રી, મ, ૫

એક બેંશનું ચામડું કે જેનો ધણી મળી શક્યો નહીં તે એક ગામના ચમાર લોકોએ લીધું તેમાં એમ ઠરયું કે—બદદયાનત ભરેલા ઇરાદાથિ શાબીતી નથી માટે એઓના ઉપર માલનો શામાથ ખોટો ઉપયોગ કીધો એવા ગુન્હાની શાબીતી બરોબર રીતે થઇ શકતી નથી, સરકાર વીરૂધ—જેઠોભાસાથુ વીગરે મુ, હા, કો, તા, ૧ મેએ ૧૮૭૨

આ કલમ પ્રમણેનુ તહોમત શાબીત થાય તો કેદીને કેદની શીક્ષા ઉપરાત ફટકામારવાની શિક્ષા થાય નહીં સરકાર વીરૂધ દાદા પરશીરામ. મુ, હા, કો, તા, ૨, મે ૧૮૭૮

(બેમીગત દ્રવ્ય) જડેલું ધન તે સરકારમાં જાહેર નહીં કરયા છતાં લીધું તે આ કલમ પ્રમાણે શીક્ષા થયેલી બહાલ રહી, અને ઠરાવ્યું કે, જડેલું ધન પકસઅ રકારમા જાર કરી રાજ્ય ભાગ આપવો જોઇએ, મુ, હા, કો, તા, ૨૧ નવંબર શને ૧૮૬૬.

જડેલા માલ માંહેથી અરધ ભાગ સરકારમાં લેવાય, ઇટરપિટીશન નંબર ૪૨૬૨, તા, ૧૭ નવંબર સને ૧૮૫૧ નો

કેદીને જણસો સોપી તે તેણે વાપરી ખાધી. તેને આ કલમ લાગુ નથી ને કલમ ૪૦૫ પ્રમાણે વીશ્વાસઘાત કરયાનો ચારજ રાખવો જોઇએ. મુ. હા. કો. તા. ૧૧ જુલાઇ ૧૮૬૭

કોઇ શખશ મરી જાય તે વખતે તેની પાસે જે મીલકત હોય તે મીલકતનો બદદાનતથી ખોટો ઉપયોગ.

૪૦૪. જો કોઇ માણસ બદદાનતથી કાંઇ મીલકતનો ખોટો ઉપયોગ કરે અથવા તેને પોતાને કામે લગાડે અને તે એમ જાણતો હોય કે ફલાણો શખશ ગુજરી ગયો તે વખતે એ મીલકત તેના કબજામાં હતી, તથા ત્યાર પછી તે કબજામાં લેવાનો કાયદા મુજબ જેનો હક હોય એવા કોઇ શખશના કબજામાં આવી નથી તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે અને અગર તે ગુનાહ કરનારને તે શખસે તે મુઓ ત્યારે મેહેતા અથવા ચાકર દાખલ રા

એલા હોય તો તે કેદ સાત વરસ સુધીની થઇ શકે.

દ્રષ્ટાંત.

(ઝ) ના કબજામાં કેટલાએક ઘરનો સામાન તથા નાણાં છતાં ઝ ગુજરી જાય પછી તે નાણું કબજામાં લેવાનો જેને હક હોય એવા કોઈ શખશના કબજામાં તે આવતાં પહેલાં ઝ નો ચાકર અ બદદાનતથી તેનો ખોટો ઉપયોગ કરે, તો અ એ આ કલમ મુજબ ગુનોહ કરયો એમ સમજવું.

ટીકી—આ કલમ પ્રમાણે ગુજરેલા શખશની મિલકતનો ઉપયોગ તહોમતદારે પોતે કરેલો હોવો જોઇએ એવી કાંઇ જરૂર નથી રાણી વીરૂધ–નોબીતચંદર સરકાર, કો.ઇ.ડા,પ,૩૪૫

આ કલમ સ્થાવર મિલકતનો ખોટો ઉપયોગ કરે તેને લાગુ પડતી નથી રાણી વિરૂધ ગીરધરધરમદાશ ૬ મું, હા, રી, પ, ૩૩ (ફોજદારી)

સાપરાધ વિશ્વાસઘાત.

સાપરાધ વિશ્વાસઘાત. ૪૦૫. જે માણસને કોઇ પણ રીતે કાંઇ મીલકત અથવા મીલકતપરનો અખત્યાર સોંપ્યો હોય, તે માણસ અગર બદદાનતથી તે મીલકતનો ખોટો ઉપયોગ કરે, અથવા તે પોતાને કામે લગાડે, અથવા તે સોંપણ બજાવવા વીશે નાણું સાફ અથવા અરથાત સમજાય એવો કાંઇ કાયદેશર કરાર કરયો હોય તે કરાર તોડીને, બદદાનતથી તે મીલકત વાપરે અથવા તેનો વગ કરે, અથવા જાણી જોઇને કોઇ બીજા માણસને તેમ કરવા દે, તે માણસે "સાપરાધ વિશ્વાસઘાત" કરયો એમ સમજવું.

દ્રષ્ટાંત,

(અ) એક મરનાર સખસના વિલમાં અ ને વકીલ ઠરાવેલો છે તે અગર તે મરનારની મિલકતની વેહેંચણ તે વિલ પ્રમાણે કરવાનો કાયદાનો હુકમ બદદાનતથી નહીમાનીને તે મિલકત પોતાને કામે લગાડે તો અ એ સાપરાધ વિશ્વાસઘાત કરયો એમ સમજવું.

(બ) અ એક વખારવાળો છે. અને બ કેથાં ગામ જાય છે, તે પોતાનો સામાન અને સોંપે એવો કરાર કરીને કે એ સામાન રાખવામાટે હું તમને આટલું વખારનુ ભાડુ આપુ, ત્યારે તમારે એ સામાન મને પાછો આપવો. અ બદદાનતથી તે માલ વેંચી નાંખે, તો અ એ સાપરાધ વિશ્વાસઘાત કરયો એમ સમજવું.

(ક) અ કલકતામાં રહીને ઝ દીલીમાં રહે છે, તેના આડતીઆ દાખલ કામ કરે છે, અને અ તથા ઝ ની વચે સાફ કે અરથાંત સમજાય એવો એક એ રીતનો કરાર થએલો છે કે ઝ જેટલું નાણું મોકલે તેટલું સઘળુ અ એ ઝ ના હુકમ મુજબ વાપરવું. પછી ઝ એક લાખ રૂપીયા અને મોકલે, અને એમ લખી મોકલે કે અ એ તે રૂપીયાની કંપનીની નોટો લેવી અ બદદાનતથી તે હુકમ નહીમાને અને તે રૂપીયા પોતાના ધંધામાં વાપરે, તો અ એ સાપરાધ વિશ્વાસઘાત કરયો એમ સમજવું.

(ડ) પણ ઉપનાં દ્રષ્ટાંતમાં અગર એમ બનુ કે, બદદાનતથી નહી, પણ, બંગાળાની બેંકના શેર રાખવામાં ઝ ને વધારે ગુણ થશે એવુ માનીને, શુદ્ધબુધીથી કંપનીની નોટો નહી ખરીદ કરતાં ઝ ને માટે બંગાળાની બેંકના શેર અ ખરીદ કરે, તો એ ઠેકાણે, અગર ઝ ને હાની થાય, અને તે હાનિને માટે અ ની ઉપર

દિવાનીમાં ફરિયાદી કરવાનો તેનો હક હોય, તો પણ અ એ બદદાનતથી કામક ર્યુ નથી માટે. તેણે સામાન્ય વિશ્વાસઘાત કરયો નથી એમ સમજવું.

(ઇ) અ એક મેહેસુલી અમલદાર છે, તેને સરકારી નાણું સોંપેલું છે. અને જે નાણું તેના હવાલામાં હોય તે તેણે ફલાણી તીજોરીમાં ભરવું એવો તેને કાયદાનો હુકમ છે અથવા એમ કરવાને તે સરકારની સાથેના સાફ આવા અરથાંત સમજાય એવી રીતે કરેલા કોઇ કરારથી બંધાએલો છે એમ છતાં અ બદદાનતથી તે નાણું વાપરે, તો તેણે સામાન્ય વિશ્વાસઘાત કરયો એમ સમજવું.

(ઈ) અ એક ભારવાહક છે તેને ખુશકી કે તરીને રસ્તે લઇ જવાને કાંઇ મીલકત ઝ એ સોંપી છે તે મીલકતનો તે બદદાનતથી ખોટો ઉપયોગ કરે, તો તેણે સામાન્ય વિશ્વાસ ઘાત કરયો એમ સમજવું.

ટીકા—જમીન ઘરેણે મુક્યા છતાં દસ્તાવેજ કરી આપનો નથી તેથી આ કલમ પ્રમાણે તહોમત આવે નહી માટે શિક્ષા રદ કરી ઠરાવ્યુ કે આ કામ દીવાની કોરટનું છે મુ.હા. રી. વા. ૨. પ્ર. ૧૩૩ તા, ૭ ડીસંબર ૧૮૬૪

કેદીને જાણસ સોંપીતે તેણે વાપરી ખાધી તેથી વિસ્વાસઘાત નો ગુન્હો થાય છે. મુ. હા. કો. તા. ૧૧ જુલાઇ ૧૮૬૭

દાગીના ઘડવા આપેલા તેમાં તાંબુ ભેળવ્યુ. તેના ઉપર આ કલમ પ્રમાણે તહોમત રાખવામાં આવ્યુ મુ. હા. વા. ૪ પ્ર. ૧૬.

આવા પ્રકારના ગુન્હેગારોની ચોકશી જે કોરટની હકુમતમાં તહોમતદાર હોય ત્યાં થઇ શકે જુઓ સને ૧૮૮૨ ના આકટ ૧૦ની કલમ ૧૮૧

પંત્યાલા વેપારનો કોઇ ભાગદાર જેને પંત્યાલા વેપારની કાંઇ મિલકત સોંપી હોય કીંવા જે ઉપર તેની સત્તા હોય તે મિલકત પોતાના ઉપયોગમાં બદદાનતથી લે તો તેણે વિશ્વાસ ઘાતનો ગુન્હો કરયો કેહેવાય રાણી વિરૂધ્ધ ઓખોદ કુમારશો ૧૩ બે. લા. રી. પ્ર. ૭૩૦ (ફુલબેંક)

તહોમતદાર એક થાણાની પોલીશનો શબ ઇનસ્પેકટર હતો એ થાણાના ડબામાં એક ટટ્ટુ લાવવામાં આવ્યું અને ત્યાં શને ૧૮૭૧ ના આકટ ૧ લા પ્રમાણે રાખવામાં આવ્યું સ્ટેશનની બુકો તપાસવાથી એવુ માલમ પડયું કે એ ટટ્ટુને એ કાયદા પ્રમાણે લીલામ કરયું નહોતું અને કોઇ ગોપીનાથ નામના શખસે તે ખરીદ કરયું હતું થોડા વખત પછી ગોપીનાથ પાસેથી જે શખસે એ ટટ્ટુ વેચાતું લીધુ હતુ. તેની પાસેથી તહોમતદારે એ ટટ્ટુ વેચાતુ લીધું. માજીસ્ટ્રેટને પુરાવ ઉપરથી એવું માલમ પડયું કે તે સને ૧૮૭૧ ના આકટ ૧ લા પ્રમાણે કાંઇ પણ હરાજી થઇ નહોતી તેથી તહોમતદારને વિશવાસઘાતનું તહોમત મુકી સજા કરી તેમાં ઠરાવવામાં આવ્યું કે એ શિક્ષા ગેરવાજબી છે અને વળી એવું પણ ઠરાવવામાં આવ્યું કે એ મીલકત તહોમતદારને સોંપેલી હોવી જોઇએ. અને તેણે બદદયનતથી તેનો ગેરઉપયોગ કરેલો હોવો જોઇએ વળી તહોમતદારનો ઇરાદો કોઇ ગેરવ્યાજબી લાભ અગર ગેરવ્યાજબી નુકશાન કરવાનો હોવો જોઇએ, રાણી વીરૂધ્ધ રાજકીસનગીશંવાલ, ૮ બે. લા. રી પ્ર. ૧

અમુક મીલકત ઘરેણે મુકેલી નથી એવું કહી એ ઘરેણે મુકેલી મિલકત પાછી આપવાને કોઈ શખશ ના કહે તો તેણે કાંઇ હકના દસ્તાવેજનો વિશ્વાસઘાત કરયો એવુ ગણાય નહી રાણી વિરૂધ્ધ અક્રુર નાયક અને બીજા, ૨ મુ. હા, રી, પ્ર, ૧૨૭

કોઇ ઉપરીએ કાંઇ મીલકત કોઇને સોંપી હોય તે લઇને તે નાશી જાય તો તે ગુન્હો ચોરીનો નહી પણ વીશવાસઘાતનો કેહેવાય, ભારથચંદર કીશના કામમાં કો, ઇ. ડા. પ્ર, ૧૨૭

આ કલમ પ્રમાણે તહોમત આવીને તહોમતદાર નીરદોષ થયો હોય તે તહોમતદાર ઉપર આકલમ પ્રમાણેના કેશમાં જે પુરાવ પડયો હોય તે પુરાવા ઉપરથીજ ચોરીની મીલકત લેવાનુ પાણ તહોમત આવી શકે. ક્રી. ઇ. ડા. પ્ર. ૧૪૫

વિશવાસઘાતનો ગુન્હો માંહોમાંહે માંડી વાળી શકાય નહી, રાણી વંરૂધ લક્ષમણ ખીમા ૭, ૧ ઈ લા, રી, (મુંબઇ) પ્ર. ૧૫૮

કોઇ ચીજ વાપરવાથી ભગડી હોય તો તે આ કલમ પ્રમાણે વિશવાસઘાતનો ગુન્હો નથી. ૩ મ, હા, રી, પ્ર, ૬

ઘરેણે મુકેલો માલ બીજાને ત્યાં ઘરેણે ન મુકવો એવો કરાર હોય તો પછી એ પ્રમાણે બીજે ઠેકાણે મુકનાર ઉપર આ કલમ પ્રમાણે વિશવાસઘાતનુ તહોમત આવે પણ જો તણે બદદયાનતથી તેમ કરયું હોય તો, ૬ મ, હા, રી, પ્ર, ૨૮

સાપરાધ વિશ્વાસ ઘાતની શિક્ષા. ૪૦૬ જે માણુસ સાપરાધ વિશ્વાસઘાત કરે, તેને ત્રણ વરશનીમુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બનેની શિક્ષા કરવામાં આવશે.

ભારવાહક વગેરેએ સાપરાધ વિસ્વાસઘાત કરવો. ૪૦૭. કોઇ શખશને ભારવાહક દાખલ, અથવા ડંકાવાળા કે વ. ખારવાળા દાખલ કાંઇ મિલકત સોંપી હોય, અને તે શખશ તે મિલકત બાબત સાપરાધ વિસ્વાસઘાત કરે તો તે શખશને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ મેહેતા અથવા ચાકરે સાપરાધ વિશવાસઘાત, કરવો ૪૦૮ કોઇ માણુસ મેહેતો અથવા ચાકર હોય, અથવા કોઇને મેહેતા કે ચાકર દાખલ રાખ્યો હોય અને તે રૂહજાથી તેને કાંઇ મીલકત અથવા કાંઇ મીલકત ઉપર અખતીયાર કોઇ પણ રીતે સોંપ્યો હોય તે માણુસને તે મીલકત બાબત સાપરાધ વિશવાસઘાત કરે તો તેને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—એક નોકરને જે કામ માટે પઇસા આપ્યા હોય તે કામમાં તે ન વાપરે તે તે માટે તેને પુછવામાં આવે ત્યારે હે એ પઇસા બીજ કામમાં વાપરયા છે એમ ખોટું કહે તો તેણે આ કલમ પ્રમાણેનો ગુન્હો કરયો, કહેવાય, વાટસન અને કંપની વિરૂધ ગુલાબભાત, ઇ, ડા, ઇ, ૩૪૪

કોઈ સરકારી નોકરે અથવા સરાફે વેપારીએ કે આડતીયાએ સાપરાધ વિશ્વાશઘાત કરવો. ૪૦૯. કોઇ માણુસને તેના દરજાથી સરકારી નોકર દાખલ, અથવા તેના ધંધાસર. અને સરાફ, વેપારી ફેકેટીદાર, દલાલ, વકીલ કે આંડતીયા દાખલ, કાંઇ મીલકત અથવા કાંઇ મીલકત ઉપર અખત્યાર કોઇ પણ રીતે સોંપ્યો હોય. તે માણુસ તે મીલકત બાબત સાપરાધ વીશવાસઘાત કરે, તો તેને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—તલાટીએ લોકો પાસેથી રોકડા નાણાં લઇ સરકારમાં ભરવાને બંધાએલાછે તે તમાટે રોકડ નાણાને બદલે દાણા લે અને સરકારમાં નાણાં પોતાના ઘરમાંથી ભરે તો તેનણે આકલમ પ્રમાણે ગુન્હો કરયો કહેવાય નહી, ૪ મ, હા, રી, એપે, ૩૨

કોઇ મુખત્યારને તેને રાખનાર શખસ પાસેથી તેનુ મેહેનતાણું મળ્યું હોય તે ઉપરાંતુ

તેને સોંપનારની માર્ફતે વગર વકીલ પાસેથી કાંઇ તે લેતો તેની ઉપર આ કલમ પ્રમાણે તહોમત આવી શકે—પેરીમોહન ઘોસ, ૯ બેં લા, રી પ્ર, ૩૫૨

કોઇ કાન્સટેબલ તેના થાણાના માણસનો પગાર બદદયાનતથી વાપરી જાય તો તેની ઉપર આ કલમ પ્રમાણે તહોમત આવી શકાય, રાણીવીરૂધ્ધ સબદરમોંયા. કો, ઇં, લા, પ્ર, ૨૪૫

મીઠાની વખારમાંથી ઘણું મીઠુ ઓછું થઇ ગયું હોય પણ જ્યાં સુધી એ મીઠુ બદદયાનતથી મીઠાનો દરોગો લઇ ગયો એવુ સાબીત થાય નહીં ત્યાં સુધી તેની ઉપર આ કલમ પ્રમાણેનું તહોમત આવી શકે નહીં—રાણીવીરૂધ્ધ શ્રીનમહાદુરપટનાયક. કો, ઇં, લા, પ્ર, ૩૪૫.

નાયબનાજર એ આ કલમના સબંધમાં નાજરના હાથ નીચેનું માણસછે તેનું ખાનગી માણસ નથી—રાણીવીરૂધ્ધ મહમુદ હુસેન, ૨ અ. રી. પ્ર, ૨૯૮

જે સખસ ઉપર કલમ ૪૦૯ પ્રમાણે તહોમત આવી સજા થઇ હોય તે શખશ ઉપર વળી એ કલમ ૪૧૧ શાથે કલમ પ્રમાણે ચોરીની માલકત લેવા વગેરેનું તહોમત આવે નહી—રાણીવીરૂધ્ધ શંકર. ૨ અ, હા, રી, પ્ર, ૨૯૮

કાન્શટેબલો તેમને સોંપેલા ઘરમાથી ચોરી કરેતો તેઓને આ કલમ પ્રમાણે શજા થાય તેઓને કલમ ૪૦૯ પ્રમાણે શજા થય નહીં. રાણીવીરૂધ્ધ બોઇદાનાશીંગ ૩ વી, રી, પ્ર, ૨૯

કોઇ ઓફીસના હેડ કલારકનું કામ સ્ટાંપ વેચવાનું હોય પણ તેના ઉપરીના મંજુરી મેળવીને કિંવા તેના ઉપરીને જાણજોઇને પોતાના આશીસ્ટંટને તે સ્ટાંપ વેચવાનું કામ સોંપે, આશીસ્ટંટ તે સ્ટાંપ લઇ નાશી જાય તો હેડકલારકે વિશવાસઘાતનો ગુનો કરયો કહેવાય નહી પણ આસીસ્ટંટે કરયો કહેવાય. ૧૩ વી. રી. પ્ર. ૭૭

નાજર એ બજાવણીના કામનો ઉપરી છે અને તે જે રીપોર્ટ કરે, કિંવા દાખલ કરે તેની સચાઇ વીશે તે જવાબદાર છે મારા તાબાના માણસે મને ઠગ્યો એવું કહી તે પોતાની જવાબદારીથી મુકત થઇ શકે નહી, ૭ વી. રી. પ્ર. ૧૭૯

હીશાબમાં મીઠું વધારે સીલીક નીકળવું જોઇએ. તેને બદલે સીલીક થોડું મીઠુ હોય. પણ તે મીઠું દરોગો ખાઇ ગયો એવો પુરાવ ન હોય. ત્યાં સુધી તેને વિશવાસઘાત કરયો કહેવાય નહી ૫ વી, રી, પ્ર. ૨૧

ચોરીની મીલકત લેવા બાબત.

ચોરીની મીલકત — ૪૧૦ જે માલકતનો કબજો ચોરીથી, અથવા જબરાઇના કઢાવવાથી, અથવા અપહરણથી, એકની પાસેથી બીજાની પાસે ગયો હોય તે મીલકત, તથા જે મીલકતનો સાધારણ ખોટો ઉપયોગ થયો હોય, અથવા જે બાબત સાધારણ વીશવાસઘાત થયો હોય તે મીલકતનું નામ "ચોરીની મીલકત" પાડ્યું છે પછી બ્રીટીશ ઇંડિયાનીમાંહે અથવા બહાર તે કબજો એકની પાસેથી બીજા પાસે ગયો હોય અથવા તે સાધારણ ખોટો ઉપયોગ અથવા વીશવાસઘાત થયો હોય તો પણ અગર તે મીલકત જે શખશના તે કબજામાં લેવાનો કાયદા મુજબ હક હોય એવા કોઇ શખશના કબજામાં પાછળથી આવે તો પછી તે ચોરીની મીલકત સમજવી નહી.

ચોરીની મીલકત બદદાનતથી લેવી. — ૪૧૧. કોઇ માણસ બદદાનતથી કાંઇ ચોરીની મીલકત લે, અથવા રાખે, અને તે ચોરીની મીલકત છે એમ તે જાણતો હોય અથવા એમ માનવાનુ તેને કારણ હોય, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામા આવશે.

ટીકા—આ કલમ પ્રમાણે કોઇ શખશની ઉપર તહોમત મુકવામાં આવ્યું હોય તેને જોકે

ઇ ફુલપાવર માજીસ્ત્રેટે છોડી દીધો હોય તો તેને કમીટ કરવાનો હુકમ શેશન કોરટ કરી શકતી નથી,—સરકારવીરૂધ્ધ રામચંદ્ર હેમચંદ સુ, હા, કો, વા, ૧ ડીસંબ ૧૮૭૦

સ્ત્રી ચોરી કરી આવે અને તે ચોરી લાવેલો માલ ધણી રાખે તો ધણી ઉપર ચોરીનો માલ રાખવાનુ તહોમત આવે. આર્ચ, પ ૪૭૫

એક સ્ત્રીએ તેના ધણીની ગેરહાજરીમાં તેની જાણ બહાર કેટલોક ચોરીનો માલ લીધો અને તે પેટે ચોરને કાંઇક નાણા આપ્યા, ચોર અને ધણી પાછળથી ભેગા થયા તે સ્ત્રીના ધણીને ખબર હતી કે જે માલ એ ચોર આણો ગયો છે તે ચોરીનો છે અને એટલા માટે બાકીના પઇસા તે ચોરને પોતે આપ્યા તેમાં ઠરાવવામાં આવ્યું કે તે ધણી પણ ચોરીનો માલ રાખવાનો તકશીરવાન છે—રાણીવીરૂધ્ધ વુડવર્ડ. આર્ચ, પ, ૪૭૫

એક છોકરે તેના ધણીના કબજામાંથી એક ઘેટું ચોર્યું તે ઘેટો તેના ધણીએ પાછો લીધો, છોરાને પુછ્યું કે આવો માલ તુ કોને ત્યાં વેચી આવેછે, છોકરાએ અમુક શખશનુ નામ લીધું ત્યારે તહોમતદારને પકડવા માટે એક ઘેટું તેને ત્યાં વેચી આવવાનું તેના ધણીએ કહ્યું એ પ્રમાણે તે વેચી આવ્યો ત્યારે તહોમતદાર ઉપર ચોરીનો માલ રાખવાનું તહોમત આવ્યું તેમાં ઠરાવવામાં આવ્યુ કે જે વખતે એ ઘેટુ વેચ્યું તે ચોરીનું નહોતુ તેથી તહોમતદાર ઉપર ચોરીનો માલ રાખવાનું તહોમત આવે નહી—રાણી વિરૂધ્ધ ડોલાન. આર્ચ પ. ૪૭૬

ચોરીની મીલકત બદદયાનતથી રાખવાના તહોમતમાં તહોમતદારનો ઇરાદો ચોરીની મિલકત છે. એવું તે સાપરાધ જાણતો હતો એ જરૂરનુ છે—રાણી વીરૂધ્ધ દોયલસોલીદર અને બીજા.

કોઇ શખસ કાંઇ ચોરીની મીલકત લઇને પોતાના ઘરમાં છુપાવે તો તેની ઉપર આ કલમ ૪૧૧ અને ૪૧૪ પ્રમાણે તહોમત નહી આવે. માત્ર આ કલમ ૪૧૧ નુંજ તહોમત આવે.

આ કલમ પ્રમાણેનું તહોમત જે શખશ ઉપર આવ્યુ હોય તે શખસે ચોરીમાં ગયેલી રકમ ગુન્હા ભરેલી રીતે રાખી એમ ખુલી રીતે સાબીત થવુ જોઇએ મીરચારઅલી. ૧૩ વી. રી. પ. ૭૦

આ કલમ પ્રમાણેના તહોમતમાં લીધેલી મીલકતનો પ્રકાર તહોમતદારના કબજામાં તે મીલકત આવ્યા તેની વખત જગ્યા અને રીતી અને તે ચોરી લઈ જવામાં આવી એ હકીકત ધ્યાનમાં લેવી જોઇએ, ગુનો કરનાર શખશ કોઇ અમુક શખશ છે તે નક્કી ન થાય તો તેઓ ચોરીની મીલકત લેવાના ગુન્હાથી છટકી જઇ શકે નહી—રાણી વીરૂધ્ધ હરીશંકર ફકીરભટ ૨ મુ. હા. રી. પ્ર. ૧૩૦

આ કલમમાં બતાવેલી ચોરીની મીલકત લેતી વખતે એ મીલકત ચોરીની છે એવું તહોમતદાર જાણતો ન હોય પણ એવું જાણવામાં આવ્યા પછી રાખે તો એણે આ કલમ પ્રમાણે ગુન્હો કર્યો કહેવાય. ૪ મ હા. રી. એ. ૪૨

ડાકાઇટી કરતાં ચોરેલી મીલકત બદદાનતથી લેવી.

૪૧૨. કોઈ માણસ બદદાનતથી કાંઇ ચોરીની મીલકત લે અથવા રાખે, અને તે મીલકતનો કબજો ડાકાઇટી કરવાથી એકની પાશેથી બીજાની પાસે આવેલો છે એમ તે માણસ જાણતો હોય અથવા એમ માનવાનું તેને કારણ હોય એવા જે શખશ ડાકાઇટોની ટોળીમાં છે અથવા તેઓની ટોળીમાં હતો એવું જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં એવા કોઈ શખશ પાસેથી કોઇ માણસ બદદાનતથી કાંઇ મીલકત લે, અને તે મીલકત ચોરેલી છે એમ તે જાણતો હોય અથવા એમ માનવાનું તેને કારણ હોય, તો તે માણસને જીવતા સુધી સમુદ્રપારની, અથવા દસ વરશની મુદત સુધીની સખત કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—આ કલમપ્રમાણેનું તહોમત સ્થાપીત કરવા માટે જે શખસે ડકાઇટીએ ગયેલી મીલકત લીધી હોય તે શખશ એ ડકાઇટી થઇ છે એવું જાણતો હોય, કીંવા માનતો હોય, કીંવા જે શખશ પાસેથી એ મીલકત લીધી છે તેઓ ડકાઇટી કરવા વાળા છે એવું તે જાણતો હોય, કીંવા માનતો હોય એવું સાબીત થવું જોઇએ—રાણી વીરૂધ જોગેશ્વર બગદી અને બીજાઓ ૭ વી. રી, પ્ર, ૧૦૯

જે શખસ ઉપર કલમ ૪૦૯ પ્રમાણે તહોમત આવી સજા થઇ હોય તે શખશ ઉપર વળી એ કલમ સાથે આ કલમ પ્રમાણે ચોરીની મીલકત લેવા વીગેરેનુ તહોમત આવે નહી—રાણી વિરૂધ શંકર. ૨ અ. હા, રી, પ્ર, ૩૧૩

એક કામમાં આરોપીતપર ૩૯૫ કલમ પ્રમાણે તહોમત મુકવામાં આવેલું છતાં શેશન જજે તેનીપર આ કલમ ૪૧૨ પ્રમાણે ગુન્હાની સાબીતી કરી તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે, જે ગુન્હાની શાબીતીના ઠરાવ દુરસ્ત નથી શાથી જે શેશનજડજે કલમ ૪૧૨ પ્રમાણે કાંઇ ચારજ મુક્યો નોહતો અને જુના ક્રી. પ્રો, કો, કલમ ૫૬ થી તે ૫૯ સુધીમાંના નીયમો લાગુ પડે એવો એ મુકદમો નોહતો—સરકાર વીરૂધ ગોપાળજી વલદ અને બીજાઓ મુ, હા, કો, તા૦ ૧૬ જુન ૧૮૭૦

નીત્ય ચોરીનીમીલકતનો ધંધો કરવો. ૪૧૩. જે મીલકત ચોરીની મિલકત છે એમ જાણીને અથવાં એમ માનવાનું પોતાને કારણ છતાં જે માણસ નિત્ય એવી મીલકત લે, અથવા એના ધંધો કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની, બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી દંડને પણ લાયક થશે.

ચોરીની મીલકત સંતાડવામાં મદદ કરવી. ૪૧૪ કાંઇ મીલકત ચોરીની મીલકત છે એમ જાણીને અથવા એમ માનવાનું પોતાને કારણ છતાં તે મીલકત સંતાડવામાં, અથવા તેના વગે કરવામાં, તે ખશેડવામાં જે માણસ બુધિપુરવક મદદ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા—કયા ચોર પાસેથી એ મીલકત લીધી એવું સાબીત ન થાય તો કલમ ૪૧૧ પ્રમાણેનું તહોમત ન આવે, પણ આવે કલમનું તહોમત આ—રાણી વીરૂધ હરીશંકર ફકીર ભટ મુ. હા. રી. પ્ર. ૧૩૦

એક શખસે રેલવેના ચોરીના ખીલા બીજાના ઘરમાં છુપાવી મુકવાના કામમાં મદદ કરી તેને આ કલમ પ્રમાણે શિક્ષા થએલી કાયમ રહી. સરકાર વિરૂધ રામેશ્વરરાય અલ્લાંબાદ. હા. કો. રી, વા. ૧ પ્ર. ૩૭૯

ઠગાઈ બાબત.

ઠગાઇ. ૪૧૫. જે માણસ, કોઇ શખશ સાથે ફરેબ કરીને, દગલબાજીથી અથવા બદદાનતથી એવું કરે કે જેની સાથે ફરેબ કરયો હોય તે શખશ કોઇ શખશને કાંઇ મીલકત આપે, અથવા કોઇ શખશની પાસે કાંઇ મીલકત રેહેવા દેવાની રજામંદી આપે, અથવા. અગર ફરેબ નહી કરયો હોય તો જે વસ્તુ તે શખશ કરે નહી અથવા કરવામાં કસુર કરે, નહી એવી કાંઇ વસ્તુ તે ફરેબ દીધેલા શખશને કરવાને અથવા તે કરવામાં કસુર કરવાને ઇરાદાથી સમજાવે, અને તે કામ અથવા કસુર એવી હોય કે તેથી તે શખશને શરીર, મન, આબરૂ, કે મિલકત તરફની કાંઇ નુકશાની કે હાની થાય, અથવા થશે એવો સંભવ હોય, તો તે માણસે "ઠગાઇ" કરી એમ સમજવું.

ખુલાસો—કાંઇ હકીકતને બદદાનતથી છુપાવવી, તે પણ આ કલમના અરથ પ્રમાણેનો ફરેબ છે એમ સમજવુ,

દ્રષ્ટાંત.

(અ) હું સિવિલ સરવિસમાંછું એવો ખોટો ઢોંગ કરીને, અ ઇરાદાથી ઝ ને ફરેબ દે, અને એ પ્રમાણે બદદાનતથી એમ કરે કે ઝ તેને કાંઇ માલ ઉધાર લેઇ જવા દે, અને અ તે માલનાં નાણાં આપવાનો ઇરાદો રાખતો નહી હોય, તો અ એ ઠગાઈ કરી એમ સમજવું.

(બ) અ કોઈ વસ્તુપર એક ખોટી નીશાની કરીને ઇરાદાથી ઝ ને ફરેબ દે, અને તેના મનમાં એવો ભરૂશો ઉતપન કરે કે એ વસ્તુ ફલાણા નામીચા કારીગરે બનાવેલી છે, અને એમ કરીને તે વસ્તુ ખરીદ કરીને તેની કીમત આપવાને ઝ ને બદદનતથી લલચાવે. તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

(ક) અ કાંઇ માલનો ખોટો નમુનો બતલાવીને ઇરાદાથી ઝ ને ફરેબ દે, અને તેના મનમાં એવો ભરોસો ઉતપન કરે, કે તે માલ નમુના જેવોજ છે અને તેમ કરીને તે માલ ખરીદ કરીને તેની કીમત અપાવવાને ઝ ને બદદાનતથી લલચાવે, તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

(ડ) અ એ કાંઇ માલ ખરીદ કરયો છે, તેની કીમત આપેવાને બદલે, અ એક પેહેડીપર હુંડી લખી આપે, અને તે પેહેડીમાં અ નુ કાંઇ નાણું હોય નહી, અને તેથી અ ને ઉમેદ હોય કે હું જે હુંડી આપુછું તે શિકરાવાની નથી તેમ છતાં તે હુંડી આપીને અ ઇરાદાથી ઝ ને ફરેબ દે અને એમ કરીને તે માલ અપાવાને ઝ ને બદદાનતથી લલચાવે; અને તેને નાણું આપવાનો પોતાને ઇરાદો હોય નહી, તો અ એ ઠગાઇ કરી એમ સમજવું

(ઈ) કાંઇ વસ્તુ હીરા નથી એમ અ જાણતો હોય, તે વસ્તુ હીરા છે એમ કહીને અ તે ગીરો મુકે, અને ઇરાદાથી ઝ ને ફરેબ દે. અને એમ કહીને તે ઉપર રૂપીઆ ધીરવાને ઝ ને બદદાનતથી લલચાવે, તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

[ફ] અ ઇરાદાથી ઝ ને ફરેબ દઇને તેના મનમાં એવો ભરોસો ઉતપન કરે કે હું અ ને જે રૂપીયા ધીરીશ, તે અ મને પછા અપશે. અને એમ કરીને રૂપીયા ધીરવાને ઝ ને બદદાનતથી અ લલચાવે, અને તે રૂપીઆ પાછા આપવાનો પોતાનો ઇરાદો નહી હોય, તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

(ગ) અ ઇરાદાથી ફરેબ દઇને ઝ ના મનમાં એવો ભરૂશો ઉતપન કરે કે અ મને આ ગળીના છોડવા આપવાનો ઇરાદો રાખે છે, અને અ નો કાંઇ આપવાનો ઇરાદો નહી હોય, અને એમ કરીને તે આપવાના ભરૂસા ઉપર કાંઇ નાણું આગળથી આપવાને ઝ ને બદદાનતથી લલચાવે, તો અ એ ઠગાઈ કરી એમ સમજવું. પણ અગર તે રૂપીયા લેતી વખતે અ નો ઇરાદો તે છોડવા આપવાનો હોય, અને પછી પોતાનો કરાર તોડીને તે છોડવા નહી આપે, તો તણે ઠગાઇ કરી એમ સમજવું નહી, પણ તેની ઉપર કરાર તોડવાની દિવાનીમાં ફકત ફરીયાદી ચાલી શકશે.

(હ) અ એ ઝ ની સાથે કાંઇ કરાર કરયો છે તે કરારમાંના જેટલો ભાગ અ એ બજાવાનો છે તેટલો અ બજાવી ચુક્યો એ પ્રમાણે અ ફરેબ દઇને ઝ ના મનમાં ભરોસો ઉતપન કરે, અને એમ કરીને પઇસા આપવાને ઝ ને બદદાનતથી લલ

આપે તો અ એ ઠગાઈ કરી એમ સમજવું.

(ઈ) અ એક સ્થાવર મિલકત બ ને વેચીને તેના નામનું ખત કરી આપે, પછી તે મીલકત વેચી માટે હવે માલીકી તે પર કાંઇ હક રહ્યો નહી એમ જાણ્યા છતાં આગળ થયેલા વેચાણ તથા ખતની ઝ ને ખબર નહી આપતાં તે માલીકત અ ઝ ને વેચાતી અથવા ગીરો આપે, અને ઝની પાસેથી તેની કીમતના કે ગીરો બાબતનાં નાણાં લે તો અ એ ઠગાઈ કરી એમ સમજવું.

વેશ લઈને ઠગાઈ કરવી. ૪૧૬. પોતે કોઇ બીજો શખશ હોવાનો ઢોંગ કરીને, અથવા જાણી બુઝીને એક શખસને ઠેકાણે બીજો શખસ મુકીને, અથવા પોતે અથવા કોઇ બીજો શખસ ખરેખર જે હોય તેથી જુદોજ શખસ છે એવું બતાવીને, અગર કોઈ માણસ ઠગાઈ કરે, તો તેણે "વેશ લઈને ઠગાઈ કરી" એમ સમજવું,

ખુલાસો—જે શખસનો વેશ લીધો હોય, તે શખસ ખરેખર કોઇ હોય અથવા નહી હોય તોપણ એ ગુનોહ થયો એમ સમજવું.

દ્રષ્ટાંત.

(અ) હું અ નામનો ફલાણો માતબર સરાફ છું એમ કોઇ અ ઢોંગ કરીને ઠગાઇ કરે, તો અ એ વેશ લઈને ઠગાઈ કરી એમ સમજવું.

(બ) હું બ છું એમ ઢોંગ કરીને અ ઠગાઇ કરે, અને બ તો મરી ગએલો શખસ હોય, તો અ એ વેશ લઇને ઠગાઇ કરી એમ સમજવું.

ટીકા—પોતાની છોકરી નથી એવું જાણ્યા છતાં તે પોતાની છોકરી છે એવું કહીને તેને કોઈ સાથે પરણાવવાનું કરે તો તેણે આ કલમ પ્રમાણે ગુનો કરયો કહેવાય. ૭ વી.રી.મ,૫૧

બીજાને નામે જુબાની આપવી તે આ કલમ પ્રમાણેનો વેશ લઇ ઠગાઇનો ગુન્હો નથી. કલમ ૧૯૩ પ્રમાણે ખોટી જુબાની આપ્યાનો ગુન્હો થાય છે—રાણી વિરૂધ ભેમા ભીખા. ૧ મુ, હા, રી, મ, ૮૯

ઠગાઇની શિક્ષા. ૪૧૭. જે માણસ ઠગાઈ કરે, તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા—કોઇ શખસ હું પોલીસ અમલદાર છું એવું દેખાડી કોઇ ગામડીયા પાસેથી કાંઇ પઈસા લે તો તેણે આ કલમ પ્રમાણે ઠગાઇનો અને સરકારી નોકરનો વેશ લીધાનો ગુન્હો કરયો કહેવાય—રાણી વીરૂધ સદાનંદદાસ. કો, ઈ, ડા મ. ૩૪૨

કોઇ ચોકીદાર કોઇ શખસને ફરેબ દઇ અથવા તેને દુઃખ દેવાની બીક દેખાડી અથવા કપટથી તે શખસ પાસેથી કાંઇ નાણાં લે તો તેણે આ કલમ પ્રમાણે ઠગાઇનો અને કલમ ૩૮૩ અને ૩૮૪ પ્રમાણે જબરાઇથી કઢાવવાનો ગુનો કરયો કહેવાય. સરકારી નાણાના બદદાનતથી તેણે ખોટો ઉપયોગ કરયો એવું તહોમત તેને લાગુ પડે નહી—રાણી વીરૂધ રામનારાયણ ચોકીદાર, કો. ઈ. ડા, મ, ૩૪૫

એક દીવસે પઇસા લઇ બીજે દીવસે તે પઇસા કોઇને આપ્યા વગર કપટથી કોઈ શખશ નાસી જાય તો એટલાજ ઉપરથી તેણે ઠગાઇનો ગુનો કરયો ગણાય નહી નાણા લેતી વખતે ઠગાઇ કરવાનો અથવા ફરેબ દેવાનો તેનો ઇરાદો હતો એવું સાબીત થવું જોઇએ આ ઇરાદો સાબીત કરતી વખતે નાણા લઇ ભાગી જવાની તેની વરતણુક પુરાવામાં મુકી શકાય—રાણી વીરૂધ હીરામણ હલવઈ કો, ઇ, ડા, મ, ૩૪૨

કોઇ શખશ પોતાને ઘેર લગન છે નહી એવું જાણ્યા છતાં પોતાને ઘેર લગન છે એવું

એ કું કડી કેટલીક મ્હાલ બીજા શખશ પાસેથી ભાડે લઇ જાય, થોડું ભાડું આપે, બીજું ભાડું અને એ માલ પાછળથી આપવાની સઘળી વાયદા ચીઠી લખી આપે, પાછળથી એવું જણાય કે એ મીલકત પોતાના એક દીવાની દાવામાં જપ્તીમાં લેવા તે શખશનો ઇરાદો હતો આથી એણે ઠગાઇનો ગુનો કર્યો કહેવાય—રાણી વીરૂધ્ધ કાદરબક્ષ, ક્રો. ઇ. ડા. મ. ૩૪૨

એક શખશ પરોણી તહોમતદાર પોતાને ત્યાં મુકેલા ઝવેરાત તેઓને પાછાં આપે, એવા હેતુથી લીધેલા રકમની એક સરકારી પ્રોમીસરી નોટ લાવી પણ એ પ્રોમીસરી નોટ લઇ તેમાં ઝવેરાત પાછાં આપવા તેમનો ઇરાદો નહોતો; અને તેથી એ નોટ એ શખસ પાસે તહોમતદારોનું બીજું લેણું હતું તે માટે રાખવાનું કહ્યું, તેમાં ઠરાવવામાં આવ્યું કે તે ઓએ ઠગાઇનો ગુનો કર્યો છે—રાણી વીરૂધ્ધ શ્રાહરશનદાશ ક્રો. ઇ. ડા, મ, ૩૪૨

એક છોકરી બાળકુંવારી છે એવું કોઇ સખશ કોઇ પાસેથી પઇસા લઇ પરણાવે અને પાછળથી તે બાળકુંવારી નથી એમ ઠરે તો તેણે આ કલમ પ્રમાણેનો ગુનો કર્યો કહેવાય—રાણી વીરૂધ્ધ પદદાસોનીબાઇ રતનજી. ક્રો. ઇ, ડા, મ, ૩૪૨

જે મીલકત ઠગાઇ કરીને મેળવેલી હોય તે મીલકત ઠગાઇ કરેલા શખસની છે એવું આ કલમ પ્રમાણેના તહોમતમાં બતાવવું જોઇએ. ૧ મ. હા. રી, મ, ૩૧.

આગગાડીમાં બેશનાર જે કલાહની ટીકીટ લીધી હોય તેથી ઊંચાં કલાશની ગાડીમાં બેશે તો તેથી ઠગાઇનું તહોમત આવે નહી શને ૧૮૫૪ ના આકટ ૧૮ પ્રમાણે તજવીજ કરવી મુ, હા, ક્રો, વા, ૧ મ, ૧૪૦

રસ્તો બાંધી આપવાને કરેલો ઠરાવ તોડયા બદલ આ કલમ પ્રમાણે તજવીજ થાય નહી શને ૧૮૫૯ ના આકટ ૧૩ પ્રમાણે તજવીજ કરવા અને તે આકટનાં શમમાજીસ્ત્રેટને અખીઆર નથી માટે શિક્ષા રદ કરી, મુ, હા, ક્રો. તા૦ ૨૨ ડીસબર ૧૮૬૬

ઠગાઇ કે જેમાં મીલકત અપાઇ નથી તે આ કલમ પ્રમાણે શિક્ષા થાય એવો ગુનો છે તથા બીજા વરગના માજીસ્ત્રેટના અખત્યારમાં જે ગુનો છે પણ મીલકત અપાઇ છે, એવી બાબતમાં તો કલમ ૪૨૦ પ્રમાણે શિક્ષા થાય એવો ગુનો થાય છે. તથા તેનો ઇનસાફ શેસનકોરટથી અથવા પેહેલા વરગના માજીસ્ત્રેટથી થઇ શકે છે—શરકાર વીરૂધ્ધ બાવાજી કાળીદાશ અને બીજો મુ, હા, ક્રો, તા૦ ૨૫ શપટંબર ૧૮૭૫

ભરૂચ સરાઇસ્થાનમાં વગર ટીકીટે જવાથી આ કલમ પ્રમાણે ઠગાઇનો ગુન્હો બનતો નથી તેમજ પ્રવેશનો પણ થાય નહી. મુ, હા, ક્રો. તા૦ ૧૨ ફેબ્રવારી ૧૮૬૯

જેનો લાભ જાળવવાની જે શખસની ફરજ હોય તેને ગેરવાજબી હાની થશે એવું જાણીને તે શખસે ઠગાઇ કરવી.

૪૧૮. કોઇ શખસ ઠગાઇ કરે, અને તે એમ જાણતો હોય કે જે પ્રકરણમાં હું ઠગાઇ કરૂંછું તે પ્રકરણમાં ફસાએલા શખસનો લાભ જાળવવાની કાયદા પ્રમાણે અથવા કાંઇ કાયદેસર કરાર પ્રમાણે મારી ફરજ છે તે શખસને એ ઠગાઇથી ગેરવાજબી હાની માહારાથી થાય એવો સંભવ છે, તો તે શખસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બનેની શિક્ષા કરવામાં આવશે.

વેશ લેઇને ઠગાઇ કરવાની શિક્ષા.

૪૧૯. જે માણસ વેશ લેઇને ઠગાઇ કરે, તેને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા—૧. આ છોકરી અમુક સ્ત્રીની છે એવું જાણ્યા છતાં તે બીજી સ્ત્રીની છોકરી છે એવું કોઇ શખસ કહી કાંઇ કૃત્ય કરે તો તેણે આ કલમ પ્રમાણે વેશ લઇ ઠગાઇ કરી એ

મ સમજવું—રાણી વિરુદ્ધ ધનપત ઓઝા. મો. ઈ. ડા. પ. ૩૪૨

૨. કોઈ નીચા વરગની છોકરી છે એવું જાણ્યા છતાં ને ઉંચા વરગની છે કરીને એવું કહી કોઈ ઉંચ વરગના શખસ સાથે પરણાવે, પઈસા લે તો તેણે ઠગાઈનો અને આ કલમ પ્રમાણે વેરા લઈ ઠગાઈ કરવાનો ગુનો કરયો ગણાય—રાણી વિરુદ્ધ ડાબ સીંગ અને બીજાઓ. મો. ઈ. ડા. પ. ૩૪૨

ઠગાઈ કરીને બદદાનતથી કાંઈ મિલકત અપાવવી.

૪૨૦. કોઈ માણસ ઠગાઈ કરે, અને તેથી કરીને બદદાનતથી એમ કરે કે તે ફરેબ દીધેલો શખસ કાંઈ મિલકત કોઈ શખસને આપે અથવા કંઈ કીમતી દસ્તાવેજ અથવા સહી કે મોહોર કરેલી કાંઈ વસ્તુ જેનો કીમતી દસ્તાવેજ બની શકે તે આખી કે થોડી ઘણી બનાવે, ફેરવે, કે તેનો નાશ કરે તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

દગાવાળાં ખતો તથા મિલકતની વ્યવસ્થા બાબત.

માગનારાઓમાં વેંહેચાઈ જતી અટકાવવાને માટે કાંઈ મિલકતનું બદદાનતથી અથવા દગલબાજીથી ખસેડવું અથવા છુપાવવું.

૪૨૧. જે માણસ બદદાનતથી કે દગલબાજીથી કાંઈ મિલકત ખસેડે અથવા છુપાવે, અથવા પુરેપુરી કિંમત લીધા વિના કોઈ શખસને આપે, કે તેને નામે કરી આપે કે કરાવી આપે એવા ઈરાદાથી કે તેમ કરવાથી પોતાના કે કોઈ બીજા શખસના માગનારાઓમાં તે મિલકત કાયદા મુજબ વેહેંચાતી અટકે અથવા તેમ કરવાથી તે વેહેંચાતી અટકશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઈનું કાંઈ લેહેણું કે માગણું હોય તે પોતાના માગનારાઓને મળતું તે માણસે બદદાનતથી અથવા દગલબાજીથી અટકાવવું

૪૨૨. પોતાનું અથવા કોઈ બીજા શખસનું કાંઈ લેહેણું કે માગણું હોય, તે પોતાનું અથવા તે શખસનું કરજ અદા કરવામાં કાયદા મુજબ કામે આવતું જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી અટકાવે તે માણસને બે વરસની મુદત સુધીના બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા—એક અ નામના શખસે બ ની સાથે એવો કરાર કરયો કે મને જો તમે દર મહીને હફતા આપો તો તેના તારણ બદલ મારો જે ક ઉપરનો દાવો છે તેનો ફાયદો તમને હું આપુંછું. અને ક સાથે હું કાંઈ ખાનગી તોડજોડ નહી કરૂં. પછી અ એ તે કરારનાના વિરુદ્ધ ક ઊપરનો દાવો ખાનગી પતાવ્યો, તે કામમાં એવો ઠરાવ થયો કે અ એ ક સાથે જે તોડજોડ કરી તે બ સાથે કપટ કરી કિંવા બદદાનતથી કરી છે એવું હોયા શિવાય અ ઉપર આ કલમ પ્રમાણે તોહોમત મુકી શકાતું નથી—નોબીચંદર મુકુંદ અરજદારના બાબતમાં—કલકત્તા હા. કો. વા. ૨૨ પ. ૪૬ તા. ૨૯ જુલાઈ ૧૮૭૪.

કોઈના નામની કાંઈ મિલકત કરી આપવાના જે ખત માં કિંમતનો જુઠ્ઠો લખ્યો હ

૪૨૩. જે ખત કે દસ્તાવેજ કાંઈ મિલકત અથવા તે માંહેલી કાંઈ હરકોઈ શખસના નામપર કરી આપવાની મતલબનો અથવા કાંઈ મિલકતમાંથી કે તે માંહેલા કાંઈ હકમાંથી કાંઈ રકમ અપાતી થાય એવી મતલબનો હોય, અને જેમાં તે નામપર કરી આપવાની અથવા તે રકમ અપાતી થવાની કીંમત બાબત, કે જે શખસ

ચુ આત ખાતર બદદાનતથી કે દગલબાજીથી સહી કરવી.

અથવા સખસોના ઉપયોગ અથવા લાભમાં ને ખત અથવા દસ્તાવેજનો અમલ થવાનો ખરેખર ઇરાદો કર્યો હોય તે શખસ અથવા શખસો બાબત, કાંઇ ખોટો ઉજર લખેલો હોય એવા કોઇ ખત કે દસ્તાવેજ પર જે માણસ બદદાનતથી સહી કરે, અથવા એવું ખત કે દસ્તાવેજ લખી આપે, અથવા લખી આપનાર કે લખાવી લેનાર થાય, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કાંઇ મિલકતનું બદદાનતથી અથવા દગલબાજીથી ખસેડવું કે છુપાવવું.

૪૨૪. પોતાની અથવા બીજા કોઇ શખસની કાંઇ મિલકત જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી છુપાવે કે ખસેડે, અથવા તે છુપાવવામાં કે ખસેડવામાં જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી મદદ કરે અથવા કાંઇ માગણા કે લેહણા પર પોતાનો હક હોય તે જે માણસ બદદાનતથી કે દગલબાજીથી મુકી દે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

બિગાડ બાબત.

બિગાડ.

૪૨૫ લોકને અથવા કોઇ શખસને ગેરવ્યાજબી હાની અથવા નુકશાની કરવાના ઇરાદાથી, અથવા તેવી હાની કે નુકશાની પોતાથી થવાનો સંભવ છે, એમ જાણીને જે માણસ કાંઇ મિલકતનો નાશ કરે, અથવા કાંઇ મિલકતમાં કે તેની સ્થિતિમાં એવો કાંઇ ફેરફાર કરે કે તેથી તે મિલકતની કીમતનો અથવા ઉપયોગીપણાનો નાશ થાય અથવા તેની કિંમત કે ઉપયોગીપણું ઓછું થાય અથવા તેથી તે ઉપર નુકશાન ભરેલી અસર થાય તો તે માણસે "બીગાડ" કર્યો એમ સમજવું.

ખુલાસો ૧ લો—જે મીલકતને નુકશાન કરયું હોય અથવા જેનો નાશ કરયો હોય તે મિલકતના ધણીને કાંઇ હાની અથવા નુકશાની કરવાનો ઇરાદો તે ગુનો કરનાર કરયો જોઇએ એવું કાંઇ બીગાડના ગુનાહમાં જરૂર નથી, અગર કાંઇ મિલકતને નુકશાન કરીને કોઇ પણ શખસને ગેરવ્યાજબી હાની અથવા નુકશાની કરવાનો તેનો ઇરાદો હોય, અથવા તેવી હાની કે નુકશાની પોતાથી થવાનો સંભવ છે એમ તેના જાણવામાં હોય તો બસ છે. પછી તે મિલકત તે શખસની હોય કે નહી તો પણ.

ખુલાસો ૨ જો—પોતાનીજ અથવા પોતાની સાથે બીજા શખસોના રાસ ખાતાની કાંઇ મિલકત બાબત પણ કાંઇ કામ કરીને તે કામ કરનાર તે કામથી બીગાડ કરી શકે.

દ્રષ્ટાંત.

(અ) ઝ ને ગેરવ્યાજબી હાની કરવાના ઇરાદાથી ઝ નો એક કીમતી દસ્તાવેજ અ બુદ્ધિપુરવક બાળી નાંખે તો અ એ બીગાડ કરયો એમ સમજવું.

(બ) ઝ ને ગેરવ્યાજબી હાની કરવાના ઇરાદાથી ઝ ની એક બરફના વખારમાં અ પાણી દાખલ કરે, અને તેથી કરીને તે બરફ પીગળી જાય, તો અ એ બિગાડ કરયો એમ સમજવું.

(ક) ઝ ને ગેરવ્યાજબી હાની કરવાના ઇરાદાથી ઝ ની એક વિંટી અ બુદ્ધિપુરવક એક નદીમાં નાંખી દે; તો અ એ બીગાડ કરયો એમ સમજવું.

(ડ) માહારી પાસે ઝ ના આટલા રૂપીયા નિકળે છે તે અદા થવા સારૂ હુકમનામું બજીને માહારી મિલકત જપ્ત થવાની છે એમ અ ના જાણવામાં હોય, અને

ક ને તે રીતેઆ મળના અટકાવવાના તથા એમ કરીને ઝ ને નુકશાની કર વાના ઇરાદાથી અગર અ ત મિલકત બાળી નાંખે, તો અ એ બિગાડ કરયો એ મ સમજવુ.

(ઇ) અ એ એક વાહાણનો વીમો ઊતરાવ્યો છે, હવે વીમાવાળાઓને નુકશાની કર વાના ઇરાદાથી અગર અ તે વાહાણને ખરાબાપર ચડાવી દે, તો તેણે બીગાડ ક રયો એમ સમજવું.

(ઈ) ઝ એ એક વાહાણપર જોખમી નાંણાં ધીરચાં છે, તેને નુકશાની કરવાના ઇરા દાથી અગર અ તે વાહાણને ખરાબા પર ચડાવી દે, તો અ એ બીગાડ ક રયો એમ સમજવું,

(ઉ) એક ઘોડો અ તથા ઝ એ બંનેની રાશ ખાતાની મિલકત છે, તે ઘોડાને અ ગોળી મારે એવા ઇરાદાથી કે તેમ કરીને ઝ ને ગેરવ્યાજબી હાની કરવી, તો અ એ બીગાડ કરયો એમ સમજવું.

(ઊ) અ ઝ ના ખેતરમાં કેટલાએક ઢોરને મોકલે એવા ઇરાદાથી અથવા એવો સં ભવ જાણીને કે તેથી ઝ ના પાકને નુકશાની થાય, તો અ એ બીગાડ કરયો એમ સમજવું.

ટીકા—ઢોરના માલેક ઢોરોને ખેતરમાં રખડતાં મુકવાનીજ માત્ર ગફલત કરે તો તે આ કલમ પ્રમાણે ગુનહો નથી. એ કલમમાં એવું છે કે તહોમતદારને આ કલમ પ્રમાણે ગુનહેગાર ઠરાવતાં પેહલાં ઢોરો એ પ્રમાણે મુકવાથી નુકશાન થશે એવું જાણ્યા છતાં તેણે તે ઢોરો ખરેખર મુકયાં એવું સાબીત થવું જોઇએ-ક્વીન્સ વિરૂધ ગીરીશચંદર ભતાચારજી ૬ બ. લા. રી, પ્ર. ૩

કુકરો પાસે ગફલતથી નુકશાની કરવા દેવામાં આવે તો તેને સારૂ સને ૧૮૭૧ ના આ કટ ૧ લાની કલમ ૨૬ માં બંદોબસ્ત કરેલો છે, પણ બીજા જાનવર સારૂ તે નુકશાની કરવા વિશેનો ઇરાદો ઉઘાડી રીતે હોવો જોઇએ સને ૧૮૬૧ ના આકટ ૧ લા ની કલમ ૨૫ તથા આ કલમનું દ્રષ્ટાંત (ઊ) જુઓ.

આ કામમાં ભેંશો જો માલેક પોતે છે અને તે ભેંશોએ ફરીયાદીની મિલકતને નુકશા ની કરી એવું તહોમતવાળાએ કબુલ કીધું, પણ તે માલેક તરફે ઇનકાર યા માફીની વિશે તહોમત નહોતું તથા સાબીતી પણ નહોતી, તેથી ગુનહાની સાબીતી તથા સજા ફેરવી નાંખવા માં આવી. મુ. હા. કો, સરકાર વિરૂધ લીંગુ કોમ સોમા તા૦ ૧૧ જાનેવારી સને ૧૮૭૨

બીગાડ કરવાની શિક્ષા.

૪૨૬. જે માણસ બીગાડ કરે તેને ત્રણ મહીનાની મુદત સુધી ની બેમાંના ગમે તે પ્રકારની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

બિગાડ કરીને ૫૦ રૂપીયાની નુકશાની કરવી.

૪૨૭. જે માણસ બીગાડ કરે, અને તેથી પચાસ રૂપીયાની કે તેથી વધારેની હાની અથવા નુકશાની કરે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અ થવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

દસ રૂપીયાની કિંમતના કોઇ જાન વરને મારી નાંખીને અથવા લંગડુ

૪૨૮. દસ રૂપાયાની અથવા તેથી વધારે કીંમતના કોઇ જાનવ ર અથવા જાનવરોને મારી નાંખીને, અથવા ઝેર દઇને, અથવા લં ગડાં લુલાં કરીને, અથવા નકામાં કરીને, જે માણસ બીગાડ કરે તે ને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અ

લુલુ કરીને બીગાડ કરવો.

થવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ઢેર વગેરેને અથવા ૫૦ રૂપીયાની કીમતના કોઇ જાનવરને મારી નાંખીને અથવા લંગડુ લુલુ કરીને બીગાડ કરવો.

૪૨૯. કોઇ હાથી, ઉંટ, ઘોડો, ખચ્ચર, ભેંશ અથવા પાડો, બળદ, ગાય અથવા બળદ. એ જાનવરની પછી ગમે તે કીંમત હોય તો પણ તેને અથવા પચાસ રૂપીયાની કે તેથી વધારે કીંમતના કોઇ બીજા જાનવરને મારી નાંખીને, ઝેર દઇને લંગડું લુલુ કરીને અથવા નકામુ કરીને, જે માણસ બીગાડ કરે, તેને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

પાણી સીંચવાના કામોને નુકશાન કરીને અથવા ગેર વ્યાજબી રીતે પાણીના રસ્તો બદલી બીગાડ કરવો

૪૩૦. ખેતીવાડીનાં કારણસર અથવા માણસોનાં અથવા જે જાનવરો કોઇની મિલકત હોય એવા જાનવરોના ખાવા પીવાના કારણસર, અથવા સ્વચ્છતાના કારણસર અથવા કોઇ કારખાનાનું કામ ચલાવવાના કારણસર, પોહોંચતુ પાણી જેથી ઓછુ થાય, અથવા જેથી તે ઓછુ થવાનો સંભવ પોતાને માલમ હોય, તેવું કાંઇ કામ કરીને જે માણસ બીગાડ કરે તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઇ શારીયામ રસ્તાને, પુલને, અથવા નદીને નુકશાન કરીને બીગાડ કરવો.

૪૩૧. કોઇ સરીયામ રસ્તો, પુલ, નૌકાગમ્ય નદી, અથવા નૌકાગમ્ય નેહેર, પછી તે કૃત્રિમ હોય કે અકૃત્રિમ તે જેથી અગમ્ય થાય અથવા મુસાફરી કરવાને કે માલ લઇ જવાને ઓછી સલામતી ભરેલી થાય, અથવા જેથી તે તેવી થવાનો સંભવ પોતાના જાણવામાં હોય તેવું કાંઇ કામ કરીને જે માણસ બીગાડ કરે, તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

નુકશાની થાય એવી રીતે કોઇ શરીયામ ગટરને રેલાવીને અથવા બંધ કરીને બીગાડ કરવો.

૪૩૨. જેથી કોઇ શારીયામ ગટરમાંથી પાણી રેલાઇ જાય અથવા તે ગટર બંધ થઇ જાય, અને તેથી નુકશાન કે હાની પણ થાય, અથવા જેથી તેમ થવાનો સંભવ પોતાના જાણવામાં હોય એવું કાંઇ કામ કરીને જે માણસ બીગાડ કરે, તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કાંઇ દાંડીના દીવો અથવા દરીયાઇ નીશાની હોય તેનો નાશ કરીને તેને ખસેડીને અથવા ઓછી ઉપયોગી કરીને અથવા ખોટી રોશની બતાવીને બીગાડ કરવો.

૪૩૩. કાંઇ દાંડીનો દીવો અથવા બીજી રોશની દરીયાની નિશાની દાખલ કામમાં આવતી હોય, અથવા કાંઇ દરીયાની નાશાની અથવા બોયું, અથવા વાહાણ ચલાવનારાઓને સુચના દાખલ મુકેલી બીજી કાંઇ વસ્તુ હોય તેનો નાશ કરીને અથવા તેને ખસેડીને, અથવા જેથી તે દાંડીનો દીવો, દરીયાની નિશાની, બોયું, અથવા ઉપર લખેલા પ્રકા ની બીજી વસ્તુ વાહાણ ચલાવનારાઓને સુચના દાખલ ઓછી ઉપયોગી થઇ પડે એવું કાંઇ કામ કરીને, જે માણસ બીગાડ કરે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની

શિક્ષા કરવામાં આવશે.

સરકારી અખત્યારથી ઉભી કરેલી કાંઈ જમીનની નીશાણીનો નાશ કરીને તેને ખશેડી વગેરે કરીને બીગાડ કરવો.

૪૩૪. કોઈ સરકારી નોકરના અખત્યારથી ઉભી કરેલી કાંઈ જમીનની નીશાણીનો નાશ કરીને અથવા તેને ખસેડીને અથવા જેથી તે જમીનની નીશાણી જમીનની નીશાણી દાખલ ઓછી ઉપયોગી થઈ પડે એવું કાંઈ કામ કરીને, જે માણસ બીગાડ કરે તે માણસને એક વરસના મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બનેની શિક્ષા કરવામાં આવશે.

સો રૂપીયાની નુકશાની કરવાના ઇરાદાથી અગનીવડે અથવા અવાજ સાથે ફુટે એવા કાંઈ પદારથ વડે બીગાડ કરવો.

૪૩૫. જો કોઈ માણસ અગનીથી અથવા અવાજ સાથે ફુટે એવા કાંઈ પદારથથી બીગાડ કરે, અને તેથી કાંઈ મિલકતને સો અથવા વધારે રૂપીયાની અથવા [જ્યારે મિલકત ખેતરમાં ઉત્પન્ન થયેલો માલ હોય ત્યારે] દશ અથવા વધારે રૂપીયાની નુકશાની કરવાનો તેનો ઇરાદો હોય અથવા તેથી તેટલી નુકશાની થશે એવો સંભવ છે એમ તે જાણતો હોય, તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—આરોપીતે એક વખારનો તે મહિના માલ સુદ્ધાંતનો નાશ કરવાના હેતુએ, તે વખાર પર ચડી તેને આગ લગાડી તેથી તેનાપર કલમ ૪૩૬ અન્વયે તથા ક. ૪૩૫ અન્વયે સેસન જડજે કામ ચલાવીને કલમ ૪૩૬ પ્રમાણે સાત અને કલમ ૪૩૫ પ્રમાણે ત્રણ વરસ કેદ એ રીતે શીક્ષા કરી.—આ કામમાં એવો ઠરાવ થયો કે—આ કામમાં ક. ૪૩૬ પ્રમાણેનું તહોમત કાયમ રાખી કલમ ૪૩૫ પ્રમાણેનું રદ કરયું, મુ. હા. કો. રી, વા. ૧૧—પ. ૧૩.

કાંઈ ઘર વગેરેનો નાશ કરવાના ઇરાદાથી અગનીવડે અથવા અવાજ સાથે ફુટે એવા પદારથ વડે બીગાડ કરવો.

૪૩૬. જો કોઈ માણસ અગનીથી અથવા અવાજ સાથે ફુટે એવા કાંઈ પદારથથી બીગાડ કરે, અને તેથી જે ઈમારત ઘણું કરીને પુજાના ઠેકાણા દાખલ, અથવા માણસના રહેવાના ઠેકાણા દાખલ અથવા માલ ભરવાના ઠેકાણા દાખલ વપરાતા હોય, એવા કોઈ ઈમારતનો નાશ કરવો એવો તેનો ઇરાદો હોય, અથવા તેથી તેનો નાશ થશે એવો સંભવ છે એમ તે જાણતો હોય, તો તે માણસને જીવતાં સુધી સમુદ્ર પારની, અથવા દસ વરસના મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—કઈ ઈમારતને નુકશાન કરવામાં આવ્યું તે આ કલમ પ્રમાણેના તહોમતમાં બતાવવું જોઇએ. ૮ વી. રી. પ્ર. ૩૦

જે ઈમારતને નુકશાન કરવામાં આવ્યું હોય તે ઈમારત પુરી થયેલી હોવી જોઇએ એવી કાંઈ જરૂર નથી તેનો કાંઈ ભાગ ઉભો થયો હોય અને તેને નુકશાન કરવામાં આવ્યું હોય તો આ કલમ પ્રમાણે તહોમત આવે. ૭ મ. જુ, પ્ર. ૧૬૦

તુતકવાળાવહાણને અથવા વીસ ટનના ભારના વા

૪૩૭. કોઈ તુતકવાળા વાહાણને, અથવા વીસ ટનના કે તેથી વધારે ભારના વહાણને જો કોઈ માણસ બીગાડ કરે, અને તેથી તે વાહાણનો નાશ કરવાનો અથવા તેને જોખમ ભરેલું કરવાનો તે મા

વહાણનો નાશ કરવાના ઇરાદાથી અથવા તેના વાહાણને જોખમભરેલુ કરવાના ઇરાદાથી બીગાડ કરવો.

ણસનો ઇરાદો હોય, અથવા તેથી તે વાહાણનો નાશ થશે, અથવા તે જોખમ ભરેલુ થશે, એવો સંભવ છે એમ તે જાણતો હોય, તો તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

છેલી કલમમાંબ્યાન કરેલો બીગાડ અગ્નિ વડે અથવા અવાજ સાથે ફુટે અથવા કાંઇ પદારથ વડે કરવાની શીક્ષા

૪૩૮. ઉપલી કલમમાં જે બીગાડનું બ્યાન કર્યું છે એવો બીગાડ જે માણસ અગ્નિવડે કે અવાજ સાથે ફુટે એવા કાંઇ પદારથ વડે કરે અથવા કરવાની કોશીશ કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ચોરી વિગેરે કરવાના ઇરાદાથી વાહાણને જમીનપર કે કીનારાપર ચઢાવી દેવું, તેની શિક્ષા

૪૩૯. કોઇ વહાણમાં જે કાંઇ માલ હોય તે માલની ચોરી કરવાના ઇરાદાથી, અથવા તે માલનો બદદાનતથી ખોટો ઉપયોગ કરવાના ઇરાદાથી અથવા તે માલની ચોરી કે ખોટો ઉપયોગ કરવામાં આવે એવા ઇરાદાથી જે માણસ જાણી જોઇને તે વાહાણને જમીનપર અથવા કિનારાપર ચઢાવી દે, તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

મોત અથવા વ્યથા કરવાની તઇયારી કરીને બીગાડ કરવો,

૪૪૦. કોઇ શખસનુ મોત આણવાની અથવા કોઇને વ્યથા કરવાની કે ગેરવ્યાજબી અટકાવ કરવાની, અથવા મોતનો વ્યથાનો કે ગેરવ્યાજબી અટકાવનો ભય ઉત્પન કરવાની તઇયારી કરીને જે માણસ બીગાડ કરે, તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી દંડને પણ લાયક થશે.

સાપરાધ પ્રવેશ બાબત.

શાપરાધ પ્રવેશ.

૪૪૧. જે શખશના કબજામાં કાંઇ મીલકત હોય તે શખશને ધમકી દેવાના, તેહેનો તીરસ્કાર કરવાના, અથવા તેને દુઃખ આપવાના ઇરાદાથી, અથવા કાંઇ ગુનોહ કરવાના ઇરાદાથી, તે માલકત મધ્યે અથવા તે ઉપર જે માણસ પ્રવેશ કરે, અથવા તે મીલકત મધ્યે કે તે ઉપર કાયદા મુજબ પ્રવેશ કરયા પછી તેવા કોઇ શખશને ધમકી દેવાના, તેનો તિરસ્કાર કરવાના અથવા તેને દુઃખ આપવાના, ઇરાદાથી, અથવા કાંઇ ગુનોહ કરવાના ઇરાદાથી. જે માણસ કાયદા વીરૂધ ત્યાં રેહે તે માણસે "સાપરાધ પ્રવેશ કરયો એમ સમજવું.

ટીકા—આ કલમ પ્રમાણેને ગુન્હો બનવા માટે જે શખસનો ખરેખરો કબજો હોય તેને ધમકી દેવાના, તેનો તીરસ્કાર કરવાના, અથવા તેને, દુઃખ આપવાના ઇરાદાથી તહોમતદારે તે પ્રવેશ કરેલો હોવો જોઇએ ઘરના માલેકનો કબજો ખરેખરો ન હોય તો આ ગુન્હો બનતો નથી. ઇશ્વરચન્દ્રકરમોકર વિરૂદ્ધ શીતળદાસ ચોતર. ૮ બે. લા, રો, પ. ૬૨

કોઇની જમીન ઉપર પરાણે જઇ કબજાવાળા શખસને તીરસ્કાર કરવાના ઇરાદાથી કોઇ ઇમારત બાંધે તો તેણે આ ગુન્હો કરયો ગણાય—રાણી વિરૂધ રામદયાલમંડળ.

ક્રો. ઈ. ડા. મ, ૩૪૬

ઇમારત બાંધતાં જાહેર રસ્તાની કાંઇ જમીન દબાય તો તે દબાવનાર ઉપર આ કલમનુ તહોમત લાગે નહી. ક્રો. ઈ. ડા. મ, ૩૭૬

ખોટું વારંટ લઇ ઘરમાં પેશી કોઇ પોલીશ અમલદાર કોઇને પકડે તો તેની ઉપર આ કલમ પ્રમાણે પ્રવેશનું પણ તહોમત આવે—રાણી વિરૂધ નંદમોહનસીરકાર ક્રો. ઇ. ડા, મ, ૩૪૬

એક ચાહના બગીચાના મ્યાનેજરે, એક શખશને એવી નોટીશ આપીકે, તમારે અમારી પરવાનગી સિવાય અમારા બગીચામાં શિકાર કરવો નહી. એવી નોટીશ આપ્યા છતાં આરોપીને, સદરહુ બાગના પાડોશમાં એક બીજા બાગમાં એક હરણને ગોળી મારી તે હરણ નાસતુ નાસતું, ફરીયાદીના બાગમાં ગયું. તે હરણની પાછળ આરોપીત ફરીયાદીના બાગમાં ગયો, તેની ઉપર આ કલમ પ્રમાણે સદરહુ મ્યાનેજરે ફરીયાદ કરી, તેથી કામરૂપના આશીસ્ટન્ટ કમીશનરે તેના રૂ ૧૦) દંડ કીધો, આ કામ હાઇકોર્ટની પાસે જવાથી ઠરાવથયો, કામની હકીકત જોતાં આ ગુન્હો સાપરાધ પ્રવેશનો થતો નથી' કા, હા, રી, વા, ૪ મ, ૮૩૭.

જે ઠેકાણે સરકારી નાવ ચાલેછે તે ઠેકાણાથી ત્રણ માઇલના અંતરપર કોઇ માણસે બીજુ એકાદ ભાડાનુ નાવ ચલાવ્યું હોય, તો તે સરકારી નાવના સંબધે પીનલકોડ પ્રમાણે તે માણસે સાપરાધ પ્રવેશ કીધાનો ગુન્હો કરયો એમ કહેવાય નહી, અલ્હાબાદ, હા, કો, વા, ૧, મ; ૫૨૭, તા,૧૫ ડીસેંબર ૧૮૭૭

જે જમીનનો કબજો બીજાને આપ્યોછે કીવા દીવાની કોરટના હુકમ ઉપરથી, જે માણસને તે જમીનમાંથી કહાડી મુકયોછે તે માણસ એકલાજ કીવા પોતે અને પોતાના સોબતી હીસેદારનો હક બતાવવાનાજ માત્ર ઇરાદાથીજ તે જમીનમાં પ્રવેશ કરયો હોય કીવા ત્યાં રહયો હોય, તો તે સાપરાધ પ્રવેશ થતો નથી; પરંતુ એકાદ અપરાધ કરવાનો, ધમકી આપવાનો, અપમાન કરવાનો, કંવા ત્રાસ આપવાને, ઇરાદા છતાં તેણે તેમ કરયું હોવાથી માત્ર તેનું કૃત્ય સાપરાધ પ્રવેશ થયછે—ગોવીંદ પ્રસાદ અને બીજાની અરજીની બાબતમાં અલ્હાબાદ હા, કો, રી, વા, ૨ મ, ૪૬૫ તા, ૧૫, અકટોબર ૧૮૭૯.

ગ્રહ પ્રવેશ. ૪૪૨, કાંઇ ઈમારત, તંબુ, અથવા વહાણ, જે માણસને રેહેવાનાં ઠેકાણાં દાખલ વપરાતી હોય તેમાં, અથવા કંઇ ઇમારત પુજાસ્થાન અથવા માલ રાખવાનાં ઠેકાણાં દાખલ વપરાતી હોય તેમાં પેશીને અથવા તે મધ્યે રહીને જે માણસ સાપરાધ પ્રવેશ કરે તેણે "ગ્રહ પ્રવેશ કરયો" એમ સમજવું.

ખુલાસે—પેસવામાં તે સાપરાધ પ્રવેશ કરનારનાં શરીરના કાંઇ પણ ભાગનો પ્રવેશ થાય તો ગ્રહપ્રવેશ થવામાં તેટલો પ્રવેસ બસ છે.

ટીકા—કોઇ શખસ છીનાળું કરવાને ઇરાદે કોઇના ઘરમાં પેસે તો તેણે આ કલમ પ્રમાણે ગૃહપ્રવેશ કરયો એમ કહેવાય, જો કોઇ કુંવારી ઓરત સાથે આડો વહેવાર ચલાવવાનો ઇરાદો હોય, તો, ૮ મ, હા, રી, એ, ૬

ગુપ્ત ગ્રહપ્રવેશ. ૪૪૩ કોઇ માણસ ગ્રહપ્રવેશ કરે, અને તેણે આગળથી એવી તદબીર કરી હોય, કે જે ઇમરત, તંબુ, અથવા વહાણ તે પ્રવેશનું સ્થાન હોય તે મધ્યે તે પ્રવેશ કરવાને જતો બધ કરવાનો અથવા તે મધ્યેથી તેને બાહાર કાઢી મુકવાનો જેનો હક હોય એવા કોઈ શખસથી તે ગ્રહપ્રવેશ છાનો રહે, તો તે માણસે "ગુપ્ત ગ્રહપ્રવેશ" કરયો એમ સમજવું.

રાતે ગુપ્તગ્રહપ્રવેશ ૪૪૪, સુર્યનો અસ્ત થયા પછી તથા સુર્યનો ઉદય થતાં પેહેલાં જે માણસ ગુપ્ત ગ્રહપ્રવેશ કરે, "તેણે રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ" કરયો એમ સમજવુ

ઘર ફોડવું. ૪૪૫ કોઇ શખ્સ ગ્રહપ્રવેશ કરે, તે અગર તે ઘર મધ્યે અથવા તેના કોઇ પણ ભાગ મધ્યે પોતાનો પ્રવેશ નિચે બ્યાન કરેલા છ પ્રકારોમાંના કોઈ પણ પ્રકારે: અથવા ત્યાંના કાંઇ ગુનોહ કરવાના કારણસર તે ઘર મધ્યે અથવા તેના કોઇ પણ ભાગ મધ્યે ગયા પછી અથવા તે મધ્યે કાંઇ ગુનાહ કરી રહ્યા પછી અગર તે શખ્શ તે ઘર મધ્યેથી અથવા તેના કોઇ પણ ભાગ મધ્યેથી તે છ પ્રકારમાંના કોઇ પણ પ્રકારે બાહાર નીકળે, તો તે શખ્શે "ઘર ફોડવાનો ગુનોહ" કરયો એમ સમજવું. તે પ્રકારોની વિગત—

પેહેલો—તે ગ્રહપ્રવેશ કરવા સારૂ પોતેજ જે રસ્તો કરયો હોય, અથવા તે ગ્રહપ્રવેશ મધ્યે મદદગારી કરનારા કોઇ માણસે જે રસ્તો કરયો હોય, એવે કોઇ રસ્તે થઇને અગર તે માંહિ પેસે અગર બહાર નિકળે, તો.

બીજો—પોતે અથવા તે ગુનાહમાં મદદગારી કરનાર કોઇ માણસ એ શીવાય બીજા કોઇ શખસ માણસને પેસવા માટે કરયો નહી હોય એવે કોઇ રસ્તે થઇને અગર તે માંહિ પેસે અથવા બહાર નીકળે, અથવા કોઇ ભીંત અથવા કોઇ ઇમારતપર સોડાથી અથવા બીજી રીતે ચઢ્ડી જઇને જે રસ્તો હાથ લાગે એવે કોઇ રસ્તે થઇને અગર તે માંહે પેસે અથવા બહાર નીકળે, તો.

ત્રીજો—ગ્રહ પ્રવેશ કરવા માટે, તે ઘર મધ્યે રેહેનારા માણસે જે સાધન વડે, તે કાંઇ રસ્તો ઉઘાડવાનો ઇરાદો રાખ્યો નહી હોય એવાં કાંઇ સાધન વડે પોતે અથવા તે ગ્રહપ્રવેશમાં મદદગારી કરનારા કોઇ શખસે જે રસ્તો ઉઘાડયો હોય એવે કોઇ રસ્તે થઇને અગર તે માંહિ પેસે અથવા બહાર નીકળે, તો.

ચોથો—તે ગ્રહપ્રવેશ કરવા માટે અથવા કાંઇ ગ્રહપ્રવેશ કરયા પછી તે ઘરમાંથી બહાર નિકળવા માટે, અગર તે કાંઇ કળ ઉઘાડીને માંહે જાય અથવા બહાર નીકળે, તો.

પાંચમો—સાપરાધ બળ વાપરીને અથવા હુમલો કરીને, અથવા કોઇ શખસને હુમલાનો ડર દેખાડીને અગર તે માંહે જાય અથવા બહાર નીકળે, તો,

છઠો—જે રસ્તેથી કોઇ એ પ્રમાણે આવે જાય નહી એટલા માટે તે બંધ કરેલોછે એમ તે જાણતો હોય, તથા જે રસ્તાને પોતેજ અથવા તે ગ્રહપ્રવેશમાં મદદગારી કરનાર કોઇ શખસે ઉઘાડેલો છે એમ તે જાણતો હોય એવો કોઇ રસ્તે થઇને અગર તે માંહિ જાય અથવા બહાર નીકળે, તો.

ખુલાસો—કાંઇ ઉપગ્રહ અથવા ઇમરાત કોઇ ઘરની સાથેજ ઉપભોગમાં આવતી હોય, અને તે ઉપગ્રહ તથા ઘર એઓની વચ્ચે બીજે કેયા ન જતાં એકમાંથી બીજામાં જવાનો રસ્તો હોય, તો તે ઉપગ્રહને તે ઘરનો આ કલમના અરથ પ્રમાણેનો ભાગ સમજવો.

દ્રષ્ટાંત.

(અ) ઝ ના ઘરમાં ભીંતમાં એક ખાતર પાડીને તે બાકા મધે પોતાનો હાથ ઘાલીને અગર અ ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફોડવાનો ગુનોહ સમજવો.

(બ) અગર કોઇ વહાણનાં બે તુતકોની વચેની એક બારીમાંથી ગુસીને અ ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફોડવાનો ગુનોહ સમજવો,

(ક) અગર એક બારીથી ઝ ના ઘરમાં પેશીને અ ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફોડવાનો ગુનોહ સમજવો.

(ડ) અગર કોઇ દરવાજો બંધ કરેલો હોય તે ઉઘાડીને ઝ ના ઘરના દરવાજામાંથી ઝ ના ઘરમાં પેસીને અ ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફોડવાનો ગુનોહ સમજવો.

(ઈ) એક દરવાજા મધે કાણું છે તે કાણા મધે એક તાર ઘાલીને તે દરવાજાના આ ગળી ઉઘાડી નાખીને અગર તે દરવાજામાંથી ઝ ના ઘરમાં પેશીને અ ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફાડવાનો ગુનેહ સમજવો.

(ફ) ઝ થી પોતાના ઘરના દરવાજાની કુંચી ખોવાઇ ગઇ છે તે અગર અ ને જડે અને તે કુંચી વડે દરવાજા ઉઘાડીને ઝ ના ઘરમાં પેશીને અ ગ્રહપ્રવેશ કરે, તો તે ઘર ફાડવાનો ગુનેહ સમજવો.

(ગ) ઝ પોતાના દરવાજામાં ઉભો છે તેને નીચે પાડી નાખીને જબરાઇથી અ રસ્તો કરે અને ઘરમાં પેશીને ગ્રહપ્રવેસ કરે, તો તે ઘર ફાડવાનો ગુનેહ સમજવો.

(હ) ઝ ય ના દરવાન છે. ને ય ના દરવાજામાં ઉભો છે તેને મારવાનો ડર દેખાડીને સામો થતો અટકાડીને અગર અ તે ઘરમાં પેશીને ઘરહપ્રવેશ કરે, તો તે ઘર ફાડવાનો ગુનેહ સમજવો.

ટીકા—ઝાડ કાપીને અંદર પેસવું એ આ કલમ પ્રમાણેનો પ્રવેશ છે. રાણી વિરૂધ જીના બીબી. કો, ઇ, ડા, પ્ર, ૩૪૬

આ કલમમાં જે સુરતો બતાવી છે. તેવી સરતોથી નહી પણ વગર કપટે તે પ્રવેસ કરયો હોય તો તે આ કલમ પ્રમાણે ગુન્હો નથી—રાણી વિરૂધ ગોકુળચંદ, કો, ઇ, ડા, પ્ર, ૩૪૬

રાતે ઘર ફાડવું. ૪૪૬, જે માણસ સુરજનો અસ્ત થયા પછી તથા સુરજના ઉદય થતાં પહેલાં ઘર ફાડવાનો ગુન્હો કરે, તેણે "રાતે ઘર ફાડવાનો ગુનેહ" કરયો એમ સમજવું.

સામાન્ય પ્રવેશની શિક્ષા. ૪૪૭. જે માણસ સામાન્ય પ્રવેશ કરે, તેને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા પાંચસે રૂપીયા સુધીના દંડની અથવા એ બનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા—એક કલેકટરે કોઇ ગામડાની ઉજડ જમીન નહી ખેડવાને એક શખ્સને હુકમ કરયો હતો તે નહી માનતા તે જમીન ઉપર તે ગયો તેથી તેણે આ કલમ પ્રમાણે સજા થઇ તે હાઇકોરટે મંજુર રાખી છે, કો, ઇ, ડા, પ્ર, ૩૩૬

જાહેર નદીના એક ભાગ કોઇએ માછલાં પકડવા સારૂ ઘણા દીવસથી રાખ્યો હોય તેના હકમાં ભંગ કરવો એ આ કલમ પ્રમાણે પ્રવેશનો ગુન્હો નથી,—કેશરેહાધ વિરૂધ આરૂનાઇઆર, ઇ, લા, રી, (કલકતા) પ્ર, ૩૫૫

ગૃહપ્રવેશનીશીક્ષા ૪૪૮. જે માણસ ગ્રહપ્રવેશ કરે, તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બનેની શિક્ષા કરવામાં આવશે.

મોતની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુનેહ કરવા સારૂ ગૃહપ્રવેશ. ૪૪૯. મોતની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવા શારૂ જે માણસ ગૃહપ્રવેસ કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારના અથવા દશ વરસની મુદત સુધીની સખત કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુનેહ કરવા સારૂ ગૃહપ્રવેશ કરવો. ૪૫૦ જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુનેહ કરવા સારૂ જે માણસ ગૃહપ્રવેશ કરે, તે માણસને દશ વરસની મુદત સુધીના બેમાંના ગમે તે પ્રકારના કેદની, શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

કેદની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુનોહ કરવા સારૂ ગૃહપ્રવેશ કરવો.

૪૫૧. કેદની શિક્ષા થઇ શકે, એવો કોઇ ગુનોહ કરવા સારૂ જે માણસ ગૃહપ્રવેશ કરે, તે માણસને બે વરસની મુદત સુધીના બે માંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે, અને અગર ચોરીનો ગુનોહ કરવાનો ઇરાદો કરયો હોય, તો તે કેદની મુદત સાત વરસ સુધીની થઇ શકે.

કોઇ શખસને વ્યથા કરવાની તઇયારી કરયા પછી ગૃહપ્રવેશ કરવો.

૪૫૨. કોઇ સખસને વ્યથા કરવાની, અથવા કોઇ શખસની ઉપર હુમલો કરવાની, અથવા કોઇ સખસને ગેરવ્યાજબી રીતે અટકાવવાની અથવા કોઇ શખસને વ્યથા, હુમલો અથવા ગેરવ્યાજબી અટકાવવાનો ભય ઉપ્પન કરવાની તઇયારી કરીને જે માણસ ગૃહપ્રવેશ કરે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ગુપ્તગૃહપ્રવેશ કરવો, અથવા ઘર ફોડવું, તેની શિક્ષા.

૪૫૩. જે માણસ ગુપ્ત ગૃહપ્રવેશ કરે, અથવા ઘર ફોડવાનો ગુનોહ કરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

કેદની શિક્ષા થઇ શકતી હોય એવો કોઇ ગુનોહ કરવાને સારૂ ગુપ્ત ગૃહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.

૪૫૪. કેદની શિક્ષા થઇ શકતી હોય એવો કોઇ ગુનોહ કરવા સારૂ જે માણસ ગુપ્ત ગૃહપ્રવેશ કરે, અથવા ઘર ફોડવાનો ગુનોહ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની. શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે અને અગર ચોરીનો ગુનોહ કરવાનો ઇરાદો કરયો હોય, તો તે કેદની મુદત દશ વરસ સુધીની થઇ શકે.

કોઇ સખસને વ્યથા કરવાની તઇયારી કરીને ગુપ્ત ગૃહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.

૪૫૫. કોઇ શખસને વ્યથા કરવાની, અથવા કોઇ શખસની ઉપર હુમલો કરવાની, અથવા કોઇ શખસને ગેરવ્યાજબી રીતે અટકાવવાની અથવા કોઇ શખસને વ્યથા, હુમલા, અથવા ગેરવ્યાજબી અટકાવનો ભય ઉપ્પન કરવાની, તઇયારી કરીને જે માણસ ગુપ્ત ગૃહપ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુનોહ કરે, તે માણસને દશ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે,

રાતે ગુપ્તગૃહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવુ તેની શિક્ષા.

૪૫૬. જે માણસ રાતે ગુપ્ત ગૃહપ્રવેશ કરે, અથવા રાતે ઘર ફોડવાનો ગુનોહ કરે, તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે,

કેદની શિક્ષા થઇ શકતી હોય એવો ગુનોહ કરવા સારૂ રાતે ગુપ્તગૃહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.

૪૫૭. કેદની શિક્ષા થઇ શકતી હોય, એવો કોઇ ગુનોહ કરવા સારૂ જે માણસ રાતે ગુપ્ત ગૃહપ્રવેશ કરે, અથવા રાતે ઘર ફોડવાનો ગુનોહ કરે, તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે, અને અગર ચોરીનો ગુનોહ કરવાનો ઇરાદો કરયો હોય તો તે કેદની મુદત ચઉદ વરસ સુધીની થઇ શકે.

ટીકા—કોઇ ચોર રાત્રીએ ગુપ્ત ગૃહપ્રવેશ કરતાં ઘરધણીને બુદ્ધિ પૂર્વક મહાવ્યથા કર

વાની કોશીશ કરે તો તેને આ કલમ ૪૫૭—૩૨૪ પ્રમાણે સજા થાય નહી. કલમ ૪૬૦ પ્રમાણે સજા થાય, ૨ વી, ની. પ્ર. ૫૧

કોઇ માણસે રાત્રે ઘર ફોડ્યું અને તેમાં ચોરી કરી, માટે તેના પર કલમ ૩૮૦ અને ૪૫૭ પ્રમાણે તહોમત મુકી સેશન જડજે પ્રત્યેક આરોપ બદલ અઢાર અઢાર માસ સખત કેદની શિક્ષા કરી હતી, તેમાં મદ્રાસ હાઇ કોરટે ઠરાવ્યું કે આરોપીતપર કલમ ૪૫૭ પ્રમાણે એકજ અપરાધ સાબીત કરી કેદીને ત્રણ વરસની શિક્ષા કરીએછીએ, અને ૩૮૦ના તહોમતમાંથી તેને મોકળો કરીએછીએ. ૧ા, ૨ પ્ર. ૬૪૪

કોઇ શખસને વ્યથા કરવાની તૈયારી કરીને રાતે ગુપ્તગ્રહપ્રવેશ કરવો, અથવા ઘર ફોડવુ,

૪૫૮. કોઇ શખસને વ્યથા કરવાની, અથવા કોઇ શખસની ઉપર હુમલો કરવાની અથવા કોઇ શખસને ગેરવ્યાજબી રીતે અટકાવવાની, અથવા કોઇ શખસને વ્યથા, હુમલો અથવા ગેરવ્યાજબી અટકાવનો ભય ઉત્પન્ન કરવાની તઇયારી કરીને જે માણસ રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ કરે, અથવા રાતે ઘર ફોડવાનો ગુન્હો કરે, તે માણસને ચઉદ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારના કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ગુપ્ત ગૃહપ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુન્હો કરતાં કોઇને મહાવ્યથા કરવી

૪૫૯. કોઇ માણસ ગુપ્ત ગૃહપ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુન્હો કરતો હોય તેવામાં જો તે કોઇ શખસને મહાવ્યથા કરે, અથવા કોઇ શખસનું મોત આણવાનો કે કોઇને મહાવ્યથા કરવાનો કોશીશ કરે તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારના કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ઘણા શખસો ઘર ફોડવા વગેરેમાં સામેલ હોય અને તેઓમાંનો કોઇએક મોત અથવા મહાવ્યથા કરે તો તે સઘળા માણસોને આ શિક્ષા થઇ શકે.

૪૬૦, અગર રાતે ગુપ્ત ગૃહપ્રવેશ કરતી વખતે, અથવા રાતે ઘર ફોડવાનો ગુનોહ કરતી વખત, તે ગુનાહના તકશીરવાર કોઇ શખસ બુદ્ધિપુરવક કોઇનું મોત આણે અથવા કોઇને મહાવ્યથા કરે અથવા મોત આણવાની કે મહાવ્યથા કરવાની કોશીશ કરે, તો જે જે શખસ રાતે તે ગુપ્ત ગૃહપ્રવેશ કરવામાં અથવા રાતે તે ઘર ફોડવાનો ગુન્હો કરવામાં જોડે સામીલ હોય તે હરએક શખસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કાંઇ બંધ કરેલા નિધાનમાં કાંઇ મિલકત હોય અથવા કાંઇ મિલકત છે એમ ધરાયું હોય તે નિધાનને બદદાનતથી ફોડીને ઉઘાડવું

૪૬૧. જે નિધાન મધ્યે કાંઇ મિલકત રહેલી હોય અથવા જે મધ્યે કાંઇ મિલકત રહેલી છે એમ પોતે માનતા હોય એવા કોઇ બંધ કરેલાં નીધાનને જે માણસ બદદાનતથી, અથવા બીગાડ કરવાના ઇરાદાથી ફોડીને ઉઘાડે અથવા તેના બંધ છોડે, તે માણસને બે વરસની મુદત સુધીના બેમના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવી એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

તેજ ગુન્હો જ્યારે તે નીધાન જેને સોંપ્યું હોય તે માણસ

૪૬૨. જે નીધાન મધ્યે કાંઇ મિલકત રહેલી હોય, અથવા જે મધ્યે કાંઇ મિલકત રહેલી છે એમ પોતે માનતા હોય, એવું બંધ કરેલું કાંઇ નીધાન કોઇ માણસને સોંપ્યું હોય, અને તે માણસને તે

મ કરે ત્યારે તેની શિક્ષા. ઉઘાડવાનો અખત્યાર નહી છતાં, અગર તે માણસે બદદાનતથી અથવા બીગાડ કરવાના ઇરાદાથી, તે નાધાનને ફોડીને ઉઘાડે, અથવા તેનો બંધ છોડે, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે,

—⁂—

બાબ ૧૮ મો.

લેખ સબંધી તથા વેપારની અથવા મિલકતની નિશાનીઓ સબંધી ગુનાહો બાબત.

ખોટો લેખ બનાવવાનો ગુન્હો. ૪૬૩. જો કોઇ માણસ કાંઇ લેખ અથવા લેખનો કોઇ ભાગ ખોટો બનાવે, એવા ઇરાદાથી કે લોકને અથવા કોઇ શખસને કાંઇ હાની કે નુકશાન કરવું અથવા કાંઇ દાવાને કે હકને મજબુતી આપવી; અથવા કોઇ શખસ પાસે કાંઇ મીલકત છોડાવવી અથવા તેની પાસે કોઈ સાફ કે અરથાંત સમજાય એવો કરાર કરાવવો, અથવા એવા ઇરાદાથી કે દગો કરવો, અથવા દગો કરવામાં આવે, તો તે માણસે ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયા એમ સમજવું;

ટીકા—આ કલમ પ્રમાણે કોઇ દીવાની કોરટે કોઇ શખસ ઉપર ખોટી શાક્ષી આપવા બાબત અથવા ખોટો દસ્તાવેજ બનાવ્યા બાબત કામ ચલાવવાનો હુકમ કરયો હાય એ દીવાની કેશની હાઇ કોરટમાં અપીલ થઇ હોય તો પણ એ અપીલના ફેંસલો થતા સુધી એ ફોજદારી કામ ચાલી શકે નહી—એવો હાઇકોરટ હુકમ કરી શકતી નથી. રામપ્રસાદ હાજરા બેં. લા. રી. વધારાનું પુસ્તક પ, ૪૨૬

દસ્તાવેજમાં શુ લખ્યું છે તે સહી કરનારને જણાવ્યા વગર તેની સહી કરાવી લેવામાં આવે તો તેણે ખોટુ દસ્તાવેજ બનાવ્યું કહેવાય નહી. આર્ચ પ. ૬૧૩

આ કાયદામાં વરણવેલા આ કલમ ૪૬૩ અને ૪૭૧—૪૭૫ અથવા ૪૭૬ મી કલમ પ્રમાણે શિક્ષા ઠરાવવા લાયક કોઇ પણ ગુન્હો જ્યારે તે હરકોઇ કોરટના હરકોઇ કામના પ્રકારે તે કામમાં પુરાવામાં આપેલા કેઇ દસ્તાવેજના સબંધમાં કરયો હોય ત્યારે તે કોરટની અથવા બીજી જે કોરટના તાબામાં તે કોરટ હોય, તે કોરટની પ્રથમ મંજુરીયત લીધા વગર અથવા તેની ફરીયાદ વગર કોઇ પણ કોરટે સાંભળવો નહી, જુઓ સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૧૯૫ (ક)

તહોમતદારે અગાઉ ગફલત કરી હોય, ને તે ગફલત કપટની વાખ્યામાં આવતી નહી હોય તો તે ગફલતનું કૃત્ય છુપાવવાને માટે દફતરમાં ખોટુ લખ્યું તો તે કૃત્ય પીનલકોડ કલમ ૪૬૩ અને ૪૬૪માં બતાવ્યા પ્રમાણે ખોટો દસ્તાવેજ બનાવ્યો કહેવાય નહી.—સરકાર વિરૂધ શંકર—મું. હા, કો, રી. વા. ૪ પ, ૬૫૭ તા૦ ૧૯ જુલાઇ ૧૮૮૦

લેખ ખોટો બનાવવો એટલે શુ? ૪૬૪, જે માણસ નિચે લખ્યા પ્રમાણે કરે તેણે ખોટો લેખ બનાવ્યો એમ સમજવુ.

પેહેલું—જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી કાંઇ લેખ અથવા લેખનો ભાગ બનાવે, તે ઉપર સહી કરે, મોહોર કરે, અથવા તે લખી આપે, અથવા કોઇ લેખ લખી આપ્યા છે એવું બતાવવાની કાંઇ નિશાની કરે, એવા ઇરાદાથી કે જે શખસે અથવા જેના અખત્યારથી તે લેખ અથવા તેનો તે ભાગ બન્યો નથી, અથવા તે પર સહી કે મોહોર થઇ

નથી, અથવા તે લખી આપ્યો નથી, એવું તે માણસ પોતે જાણતો હોય તે શખસે અથવા તેના અખત્યારથી તે લેખ અથવા તેનો તે ભાગ બન્યો છે, અથવા તે પર સહી કે મોહોર થઇ છે, અથવા તે લખી આપ્યો છે એવો વિશ્વાસ ઉત્પન્ન કરવો. અથવા જે વખતે તે બન્યો નથી, તે પર સહી કે મોહોર થઇ નથી, અથવા તે લખી આપ્યો નથી, એવું તે માણસ જાણતો હોય તે એવે વખતે તે બન્યો છે, તે પર સહી કે મોહોર થઇ છે અથવા તે લખી આપ્યો છે, એવો વિશ્વાસ ઉત્પન્ન કરવો; અથવા—

બીજું—જે માણસ કાંઇ લેખ પોતે ખુદ કે બીજા કોઇ શખસે કરયા અથવા લખી આપ્યા પછી ચેહેરીને અથવા બીજી રીતે કાંઇ જરૂરના ભાગમાં લેખને તે કાયદેસર અખત્યાર શિવાય બદદાનતથી અથવા દગલબાજીથી ફેરવે; પછી તે ફેરવતી વખતે તે બીજો શખસ હયાત હોય કે મરી ગયો હોય તો પણ; અથવા—

ત્રીજું—જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી, કોઇ શખસ પાસે કાંઇ લેખ પર સહી કે મોહોર કરાવે, અથવા કાંઇ લેખ તે શખસ લખી આપે એમ કરે અથવા તેની પાસે કાંઇ લેખને ફેરવાવે, એવું જાણીને છતાં કે તે લેખમાં શું લખ્યું છે, અથવા હું શો ફેરફાર કરૂંછું એ વાત તે શખસ દીવાનગી અથવા કેફના સબબથી જાણવાને શક્તીમાન નથી, અથવા તેને ફરેબ દીધો છે તે સબબથી તે વાત તે શખસ જાણતો નથી.

દ્રષ્ટાંત.

(અ) અ ની પાસે ઝ નો લખેલો બ ની ઉપરનો ૧૦૦૦૦ રૂપીઆનો એક ભલામણનો કાગળ છે. હવે બ ને દગો દેવા સારૂ અગર અ તે ૧૦૦૦૦ પર એક મીંડું વધારીને તે રકમને ૧૦૦૦૦૦ કરે, એવા ઇરાદાથી કે તે કાગળ ઝ એ તેટલી રકમનો લખ્યો છે એમ બ માને તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો, એમ સમજવું.

(બ) કાંઇ સ્થાવર મિલકત ઝ એ અ ને લખી આપી હોય એવી મતલબના એક ખત પર ઝ ના અખતીયાર શિવાય અ ઝ ની મોહોર કરે, એવા ઇરાદાથી કે તે મીલકત બ ને વેચીને તેની કિંમતના રૂપીઆ બ પાસેથી લેવા, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ક) એક ચેકપર અ ની સહી છે અને તે ચેક જે લઇ આવે તેને તે નાણાં મળે એવી તરેહનો છે પણ તે મધ્યે કાંઇ રકમ ભરેલી નથી, તે ચેક લઇને બ દગલબાજીથી તે મધ્યે દશ હજાર રૂપીયાની રકમ ભરે, તો બ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ડ) અ પોતાના માણસ બ ને એક સરાફ ઉપર ચેક લખીને તે પર સહી કરીને આપે, પણ તેમાં આપવાની કાંઇ રકમ લખે નહી, અને બ ને એવો અખતીયાર આપે કે ફલાણા ફલાણા લોકોના રૂપીયા આપવા છે માટે દસ હજાર રૂપીયા સુધીની રકમ તું એ ચેકમાં ભરજે પછી બ દગલબાજીથી તે ચેકમાં વીસ હજાર રૂપીયાની રકમ ભરે, તો બ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ઇ) બ ના અખતીયાર શીવાય અ બ ના નામથી પોતાની ઉપર એક હુંડી લખે, એવા ઇરાદાથી કે તે હુંડીને ખરી હુંડી હોય તેમ કોઇ સરાફને ત્યાં વટાવીને, તથા તે હુંડી પાકેથી તે સરાફ પાસેથી તે લઇને તેનાં નાણાં આપવાં, તો એ ઠેકાણે બ ની હુંડી પાકેથી તે સરાફ તે હુંડીનાં નાણાં જામીની છે એવો પોતાના મનમાં વિચાર ઉત્પન્ન થઇને તે સરાફ તે હુંડીનાં નાણાં આપે એ રીતે તેને છેતરવા સારૂ અ એ તે હુંડી લખી માટે અ એ ખોટો

લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ફ) ઝ ના વીલમાં આ શબ્દો લખેલા છે—"હું ફરમાવું છું કે મારી સઘળી બાકી રહેલી મીલકત અ, બ, અને ક એઓની વચ્ચે સરખે હીસ્સે વેંહચાય" અ બ ઇહાનતથી સે મધ્યેથી બ, નું નાંવ છોલી નાખે, એવા ઇરાદાથી કે તેથી એમ માનવામાં આવે કે સઘળી મિલકત અ ને તથા ક ને માટે ઝ લખી ગયો છે, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ગ) "ઝ ને અથવા તે ફરમાવે તેને આપજો" એ પ્રમાણે એક સરકારી પ્રામીસરી નોટની પાછળ શેરો કરીને તે શેરાપર સહી કરીને તેનાં નાણાં ઝ ને અથવા ઝ ફરમાવે તેને મળે એવું અ કરે, પછી "ઝ ને અથવા તે ફરમાવે તેને આપજો" એ શબ્દો બ બદઇમાનતથી છોલી નાખે, અને એ પ્રમાણે તે ખાસ શેરાનો ખાલી શેરો કરે, તો બ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(હ) અ એક સ્થાવર મિલકત ઝ ને વેચીને તેનું ખત કરી આપે પછી ઝ ને ઠગી લઈને તેની પાસેથી તે મિલકત જાય એવું કરવા સારૂ તેજ મિલકતનું અ એક ખત બ ને લખી આપે, અને તે ખત ઉપર ઝ ને કરી આપેલા ખતની તારીખથી છ મહીનાની પેહેલાંની તારીખ લખે, એવા ઇરાદાથી કે તે મિલકતનું ખત ઝ ને કરી આપ્યા પેહેલાં તેણે તે મિલકતનું ખત બ ને કરી આપ્યું છે એમ માનવામાં આવે, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ઈ) ઝ બોલે બોલ બોલીને પોતાનું વીલ અ પાસે લખાવે તેમાં વશીયત આપવાને જેનું નામ લખવાનું ઝ એ કહ્યું હોય તેનું નાંમ નહી લખતાં અ ઇરાદાથી એક બીજા શખસનું નામ લખે, અને તમારા કહ્યા મુજબ આ વીલ લખ્યું છે એમ અ ઝ ને સમજાવવાને તે વીલ પર ઝ ની સહી કરાવે તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(જ) અ એક કાગળ લખીને બ ના અખતીયાર શિવાય તે પર બ ના નામની સહી કરે, અને તેમાં એમ લખે કે અ સારી આબરૂના માણસ છે અને નહી ધારેલી કમનશીબીથી માઠી હાલતમાં આવી પડેલો છે, અને તેનો ઇરાદો એવો હોય કે તે કાગળ બતાવીને ઝ પાસે તથા બીજા શખસો પાસે ભીખ મેળવવી, તો એ ઠેકાણે ઝ ને પોતાની મિલકત છોડવાને લલચાવવાને સારૂ અ એ લેખ ખોટો બનાવ્યો માટે અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું.

(ક) બ ના અખત્યાર શિવાય અ એક કાગળ લખીને તે પર બ ના નામની સહી કરે, અને તે કાગળમાં એમ લખે કે અ ની આબરૂ સારી છે, અને તેનો ઇરાદો એવો હોય કે તે કાગળ બતાવીને ઝ ના હાથ તળે કાંઇ નોકરી મેળવવી, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો એમ સમજવું, કેમકે તે બનાવટના સરટીફીકેટથી ઝ ને છેતરીને ઝ ની પાસે નોકરી બાબતનો કાંઇ સાફ કે અરથાંત સમજાય તેવો કરાર કરવાનો અ નો ઇરાદો છે,

ખુલાસો ૧ લો—કોઇ શખસ પોતાના નામની સહી કરે, તો તે પણ ખોટો લેખ બનાવવાનો ગુનોહ થઇ શકે છે

દ્રષ્ટાંત.

(અ) એક હુંડીપર અ પોતાના નામની સહી કરે, એવા ઇરાદાથી કે તેજ નામના એક બીજે શખસે તે હુંડી લખી છે એમ માનવામાં આવે તો અ એ ખોટો લેખ બના

વવાનો ગુનોહ કર્યો એમ સમજવું.

(ખ) એક કાગળના કકડાપર "સીકારી" એટલો શબ્દ લખીને તે પર અ ક ના નામની સહી કરે એટલા સારૂ કે પછી તે કાગળપર ક ની ઉપરની એક હુંડી બ લખે, અને તે હુંડી જાણે ક એ શીકારી હોય એ રીતે બજારમાં ચલાવે, તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કર્યો એમ સમજવું. અને અગર ત હકીકત જાણી ને અ ના ઇરાદામુજબ બ તે કાગળપર હુંડી લખે તો બએ પણ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કર્યો એમ સમજવું.

(ક) અ નાજ નામનો કોઇ બીજો શખસ ફરમાવે તે ધણીને નાણું આપવા એવી એક હુંડી અ ને જડે, અને તેની પાછળ અ પોતાનાજ નામનો શેરો કરે, એવા ઇરાદાથી કે જે શખસ ફરમાવે તે ધણીને નાણું આપવાની એ હુંડી છે તેજ શખસે એ શેરો કર્યો છે એમ માનવામાં આવે તો એ ઠેકાણે અ એ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કર્યો એમ સમજવું.

(ડ) બ ની ઉપર એક હુકમનામું થયેલું બજે, તેમાં એક સ્થાવર મિલકત વેચાય તે અ ખરીદ કરે. હવે તે મિલકત જપત થયા પછી બ ઝ ની સાથે મળી જઇને કાંઇ જુજ ભાડે તે મિલકતનું લાંબી મુદતનું એક ભાડાનામું ઝ ને લખી આપે અને તે ભાડાનામામાં તે જપતીની તારીખથી છ મહીના આગાઉના તારીખ ભરે, એવા ઇરાદાથી કે અ ને દગો કરવો તથા જપતી થતા પેહેલાં તે ભાડાનામું લખી આપ્યું છે એમ માનવામાં આવે તો, અગર બ એ તે ભાડાનામા પર પોતાના નામની સહી કરી છે તોપણ તેણે આગળની તારીખ લખી, તેથી તેણે ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(ઈ) દેવાળુ કાહાડવાનો આગળથી વિચાર કરીને અ વેપારી પોતાના ફાયદાને સારૂ તથા પોતાના માગનારાઓને દગો દેવાના ઇરાદાથી કાંઇ મિલકત બ ની પાસે રાખે; અને તે કામ બાહારથી વ્યાજબી જણાય એટલા સારૂ તે બ ને એક ચીઠી લખી આપે કે તમારી પાસે અમેજ લીધો છે તે બાબતના બદલે તમને અ.ઠ ની રકમ દેવી, અને ત ચીઠી પર આગળની તારીખ નાંખે, એવા ઇરાદાથી કે અ દેવાળુ કાહાડવાની તઈયારીમાં હતો ત્યાર પેહેલાં એ ચીઠી તેણે લખી છે એમ માનવામાં આવે તો. અ એ ઉપર લખેલા લક્ષણના પેહેલા પ્રકાર પ્રમાણે ખોટો લેખ બનાવવાના ગુન્હો કર્યો એમ સમજવું.

ખુલાસો ૨ જો—કોઇ માણસ કોઇ ખોટા શખશના નામથી કાંઇ ખોટો લેખ કરે, એવા ઇરાદાથી કે તે લેખ કોઈ ખરા શખસે કરેલો છે એવું માનવામાં આવે, અથવા કોઈ મુએલા શખશના નામથી કરે, એવા ઇરાદાથી કે ત શખસે પોતાની હયાતીમાં તે લેખ કર્યો છે એવું માનવામાં આવે તો તે પણ ખોટો લેખ બનાવવાનો ગુન્હો થઈ શકે છે.

દ્રષ્ટાંત.

(અ) એક ખોટા શખસની ઉપર એક હુંડી લખે, અને તે ચલાવવાના ઇરાદાથી તે ખોટા શખશને નામે તે હુંડી દગલબાજીથી સિકારે તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

ટીકા—આ કલમ પ્રમાણેનો ગુનો સ્થાપીત થવા માટે જેના નામનું ખોટું દસ્તાવેજ બનાવ્યું હોય તે એ દસ્તાવેજના વાત ન જાણે એવું કાંઇ કપટ તહોમતદારે કર્યું એવું સાબીત થવું જોઇએ. ૯ વી, રી, પ્ર, ૨૦

આ કલમ પ્રમાણે ગુન્હો સંપુરણ થવા માટે તોહોમતદારે જે લેખ બનાવ્યો તેથી અમુકને ખરેખર નુકશાન થવાનો સંભવ હોવો જોઇએ સરકાર વીરૂધ ભવાનીશંકર અને બીજા મું, હા. રી. વા, ૧૧ મ ૩

શબરજીસ્ટરની રૂબરૂ નોંધવા આપવાના દસ્તાવેજમાં તારીખનો ફેરફાર કરવો એ આ કલમ પ્રમાણે નહી પણ કલમ ૧૯૬ અને ૧૯૩ પ્રમાણે ગુન્હો ગણાયલો આવેલો છે જુઓ મા, ૧૯૬ ઉપર મીરઇકરારઅલીનો ફેંસલો.

ખોટો લેખ બનાવવાની શિક્ષા.

૪૬૫. જે માણસ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કરે, તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બન્નેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા—આ કલમ પ્રમાણેના ગુન્હો સંપુરણ થવા માટે દસ્તાવેજ ખોટું બનાવવું એજ પુરતું છે કોઇ ખરેખરા હૈયાત પુરૂષના નામનું તે પ્રસીધ કરેલું હોવું જોઇએ એવું કાંઇ જરૂરનું નથી, એ દસ્તાવેજ કોઇ ઇનસાફની કોરટ પુરાવામાં લે એવું ન હોય પણ જેણે એ તે દસ્તાવેજ બનાવ્યું હોય તો તેણે પુરાવામાં રજુ કરવા નરાદો રાખતા હોય તો તે આ ગુનો બનાવવાને પુરતું છે.—રાણી વીરૂધ સીકંદઅલી. બે, લા, રી, મ, ૧૨ ,૨૦ વી, રી, મ. ૬૧

કોઇ એકઠા હુકમનામાવાળાની મંજુરી વગર એક વકાલતનામું લખી સઘળાના નામની સહી કરી કોઇ વકીલને આપે અને વકીલને તેમાં એવું લખી દે કે હુકમનામાના નાણાં પુરેપુરા પોહચી રહ્યા છે, તો એ સહી કરનાર શખસે ખોટો લેખ બનાવ્યો કહેવાય—રાણી વીરૂધ ગયાનીરામ ૬ વી, રી, મ, ૭૮

એક શખશ મુખત્યાર તરીકે કામ કરવાનું કબુલ કરે, અને તેમ કરવામાં પોતાની મંજુરી તરીકે તેની નીશાની મુખત્યારનામા નીચે કરી આપે, પાછળથી એ મુખત્યારનામું ખોટું લખેલું માલમ પડે તો તે મુખત્યાર ખોટો લેખ બનાવવાનો ગુન્હો કરે છે એવું ગણાય નહી—રાણી વિરૂધ બગ્ગનેસરીખ, ૫ વી, રી, મ, ૭૦

કોઇ શખશ પોતાની ગફલતી છુપાવવાને સારૂ કોઇ ઓફીસના રીપોટ ફેરવે તો આ કાયદામાં બતાવેલી વ્યાખ્યા પ્રમાણે ખોટો દસ્તાવેજ બનાવ્યાનો ગુન્હો થતો નથી,

બેઉ પક્ષકારની પરસ્પરની સલામતી માટે એક દસ્તાવેજ બે ભાગે કરવામાં આવ્યું હોય તેમાંનો એક ભાગ નાઇ ફેરવે તો તેને સખત સજા થવી જોઇએ—રાણી વીરૂધ કેશરી મોહનદત ૧૭ વી, રી, મ. ૫૮

એક પબ્લીક વર્કસ ડીપારટમેન્ટના એક્ઝીક્યુટીવ ઇજનીયરે એક ફુલપાવર માજીસ્ટ્રેટના ઉપર પત્ર લખી પોતાના હાથ નીચેના ફર્સ્ટગ્રેડ ઓવરશીયર કે જેને સરકારની મંજુરી શીવાય તેના હોદાપરથી દૂર કરી શકાય નહી, એવો હતો તેના તોહોમત ઉપર એક ભુલવાળો દસ્તાવેજ બનાવવા બાબત ફરીયાદ ચલાવવા મંજુરી આપી, (તે ઉપરથી) ફુલપાવર માજીસ્ટ્રેટે કામ ચલાવી તોહોમતવાળાને ગુન્હેગાર ઠરાવ્યો, પરંતુ ફરીયાદી બાબત મંજુરી નથી એવા સબબ ઉપરથી શેશનજડજે ગુનાની સાબીતી ફેરવી નાખી, તેમાં હાઇકોરટે ઠરાવ કરયો કે એક્ઝીક્યુટીવ ઇજનીયરનું પત્ર હતું એજ ફરીયાદ સારૂ જોઇએ તેવી મંજુરી હતી. સરકાર વીરૂધ નારાયણ રામચંદ્ર, મું. હા, કો, તા૦ ૭ એપ્રીલ ૧૮૭૦

કોઇ ઇનસાફના કોરટનું દફતર અથવા જનમ વગેરે બાબત.

૪૬૬. કોઇ ઇનસાફની કોરટનું દફતર અથવા તે કોરટ મધ્યે ચાલેલાં કામનો કાગળ હોય એવા મતલબનો કાંઇ લેખ, અથવા જનમ, બાપતિસમ, લગન કે ગાડવા બાબતનો કાંઇ રજીસ્ટર, અથવા કોઇ સરકારી નોકર પોતાના સરકારી હોદ્દાના જોરથી રાખતો હોય એ

વો કાંઇ રજીસ્ટર અથવા કોઇ સરકારી નોકરે પોતાના સરકારી હોદ્દાના રૂએથી કરેલો હોય એવી મતલબનો કાંઇ દાખલો કે લેખ, અથવા કાંઇ ફરીયાદી કે જવાબ કરવાનો, અથવા તેમાં કાંઇ પણ કામ ચલાવવાનો, અથવા કબુલતથી ખત દેવાનો, જેમાં અખતીઆર આપ્યો હોય એવો લેખ, અથવા વકીલાતનામું કે મુખત્યારનામું જે માણસ ખોટું બનાવે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—દીવાની કોરટ અગર હરેક ન્યાયની કોરટમાંથી નિકળેલા સમન્સની નકલમાં ફેરફાર કરવો એ આ કલમ પ્રમાણે ગુન્હો થાય છે.—સરકાર વિરૂદ્ધ ડોગાજી અદાજી. મું. હા. રી. વા. ૨ પ્ર. ૫૬૪

કાંઇ કીમતી દસ્તાવેજ અથવા વીલ ખોટું બનાવ્યું.

૪૬૭. જે લેખ કાંઇ કીમતી દસ્તાવેજની મતલબનો, અથવા કાંઇ વીલની મતલબનો, અથવા દતક લેવાના અખત્યારનામાની મતલબનો હોય, અથવા જે લેખ કોઇ શખસને કાંઇ કીમતી દસ્તાવેજ કરવાનો અથવા બીજાના નામનો કરી આપવાનો, અથવા તેના મુદલ રૂપીઆ, વ્યાજ કે નફાની વહેંચણ લેવાનો અખત્યાર આપવાની મતલબનો હોય, અથવા કાંઇ નાણું જંગમ મિલકત, અથવા કીમતી દસ્તાવેજ લેવાનો કે આપવાનો અખત્યાર આપવાની મતલબનો હોય, અથવા જે લેખ કાંઇ ફારગતી અથવા નાણાં ભરવાની પોહોચની મતલબનો, અથવા કાંઇ ફારગતી કે કાંઇ જંગમ મિલકત અથવા કીમતી દસ્તાવેજ આપવાની પોહોચની મતલબનો હોય, એવો કોઇ લેખ જે માણસ ખોટો બનાવે, તેને જીવતાં સુધી સમુદ્ર પારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે

ટીકા—કોઇ કલેક્ટરનું ચીલન બદદાનતથી ફેરવવામાં આવે તો તેણે આ કલમ પ્રમાણે ગુન્હો કરયો કહેવાય—રાણી વિરૂદ્ધ હરચંદ્ર ઘોશ. કો. ઇ. રી. પ્ર. ૬૫૪

ઠગાઇ કરવાના કારણસર ખોટો લેખ બનાવવો.

૪૬૮. જે કોઇ માણસ ખોટો લેખ બનાવે, આ ઇરાદાથી કે તે બનાવટનો લેખ ઠગાઇ કરવાના કારણસર વપરાય તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ શખસની આબરૂને હાની કરવાના કારણસર ખોટો લેખ બનાવવો.

૪૬૯. જે કોઇ માણસ ખોટો લેખ બનાવે. એવા ઇરાદાથી કે તે બનાવટનો લેખ કોઇ ધણીની આબરૂને હાની કરે, અથવા તે લેખ તેવા કારણસર વાપરવામાં આવશે એવો સંભવ છે, એમ જાણ્યા છતાં, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે,

ટીકા—કોઇ અરજી આપવાનો મુસદો કરયો હોય અને તે મુસદો જે અરજીનો હોય તે અરજી કોઇ બાબતના પુરાવા તરીકે વાપરવાની હોય તો અને તે અરજીના મુસદામાં કોઇ શખસની આબરૂને હાની પોંચે એવી હકીકત હોય તો તેણે આ કલમ પ્રમાણેનો ગુન્હો કરયો કહેવાય. ૧૦, વી, રી. પ્ર, ૬૧

"બનાવટનો લેખ".

૪૭૦. જે ખોટો લેખ સઘળો કે થોડો ઘણો, ખોટો લેખ બનાવવાના ગુનાહથી બન્યો હોય. તેનું નામ "બનાવટનો લેખ" પાડયું છે.

બનાવટનો લેખ

૪૭૧, જે લેખ બનાવટનો લેખ છે. એમ પોતે જાણતો હોય

ખરા દાખલ વાપ
રવો.

ખોટા અથવા બનાવટી માનવાનું પોતાને કારણ હોય એવો કોઇ લેખ જે માણસ દગલબાજીથી અથવા બદદાનતથી ખરા દાખલ વાપરે, તે માણસને જાણે તેણે તે લેખ ખોટો બનાવ્યો હોય, એવી રીતે શિક્ષા કરવામાં આવશે.

ટીકા—એક હેડકોનસ્ટેબલે પોલીસની ડાયરીમાં ખોટો ઇશ્તહાર કર્યો તથી તેણે આ કલમ પ્રમાણે ગુન્હો કરેલો કહ્યું છે—રાણી વીરૂદ્ધ કાશીરામ હીરાચંદ વગેરે, ૧૧ વો, રી, પ્ર, ૪૯

અસલ દસ્તાવેજ નહી પણ તેની નકલ વાપરવામાં આવે પણ અસલ દસ્તાવેજ ખોટું છે એવું તે નકલ રજુ કરનાર જાણતો હતો તો તેણે આ કલમ પ્રમાણેનો ગુનો કર્યો કહેવાય—રાણી વીરૂદ્ધ નથુભાઈ, ૯ વો. રી, પ્ર, ૪૧

છુટા છેડાનું દસ્તાવેજ એ નોંધણી દસ્તાવેજ છે, એવું દસ્તાવેજ રજીસ્ટર કરાવે તો તેણે આ કલમ પ્રમાણે ખોટું દસ્તાવેજ વાપરવાનો ગુન્હો કર્યો કહેવાય,—રાણી વીરૂદ્ધ અઝામુદીન અને બીજા, ૧૧ વો. રી. પ્ર. ૧૫

(અ) (બ) ના નામથી એક અરજી ઉપર સહી કરે. (ક) તે મામલતદાર પાસે રજુ કરે (બ) ના નામની સહી કરવાનો અધીકાર ન હોય અને જો કે (અ) નો ઇરાદો મામલતદારને (બ) એ સહી કરી છે એવું મનાવવાનો હોય તોપણ કોઇને ઠગવાનો ઇરાદો (અ) નો ન હોય તેમ એ સહી કરવાથી (અ) ને કે (બ) ને કાંઇ ગેરવાજબી લાભ કે ગેરવાજબી હાની થઇ ન હોય તો (અ) નું આ કૃત્ય ગુન્હા ભરેલું નથી—રાણી વીરૂદ્ધ ભવાનીશંકર વીગેરે, ૧૧ મુ, હા, રી, પ્ર, ૩

એક સરકારી નોકર સરકારી કામ કરતાં એક ખોટો દસ્તાવેજ ખરા દાખલ વાપરે તે આ કલમ પ્રમાણે ગુનો છે. અગર જો એ દસ્તાવેજ ઉપર સહી અને શીક્કો બરાબર ન થયો હોય તોપણ ૫, વી. રી. પ્ર. ૯૬

૪૬૭ મી કલમ મુજબ શિક્ષા થઇ શકે એવો ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરવાના ઇરાદાથી ખોટી મોહોર પતરૂં, વગેરે બનાવવું અથવા કબજામાં રાખવું.

૪૭૨. જો કોઇ માણસ કાંઇ મોહોર, પતરૂં, અથવા છાપ પાડવાનું કાંઇ બીજુ હથીયાર બનાવે, અથવા ખોટું બનાવે, એવા ઇરાદાથી કે તે ૪૬૭ મી કલમ મુજબ શિક્ષા થઇ શકે એવો કોઇ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરવાના કારણસર વાપરવામાં આવે અથવા તે મોહોર, પતરૂં, અથવા બીજું હથીયાર ખોટું બનાવેલું છે એમ જાણીને ઉપલા ઇરાદાથી અગર કોઇ માણસ, તે મોહોર, પતરૂં, અથવા બીજુ હથીયાર પોતાના કબજામાં રાખે તો તે માણસને જનમ સુધી સમુદ્રપારની, અથવા સાત વરસનાં મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારના કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—ખોટી સીલ અને ખોટા દસ્તવેજ એક શખસના કબજામાં માલુમ પડ્યાં તે તેની પાસે કેવી રીતે આવ્યાં તેનો તે સંતોષકારક ખુલાસો આપી શક્યો નહી તેમ ઠરાવવામાં આવ્યું કે તેણે તે વાપરવા માટે કબજામાં રાખ્યા એવું ગણવું જોઇએ.૨ વી. રી, પ્ર, ૫

આ કલમમાં વર્ણવેલા દસ્તાવેજો વગેરેનો નાશ કરવા માટે ક્યા માજીસ્ટ્રેટને અધીકાર છે તેને માટે સને ૧૮૮૨ ના આક્ટ ૧૦ કલમ ૯૬ તથા ૯૮ જુઓ,

કોઇ માણસને પકડીને કેદમાં નાખ્યા પછી તેના ઘરમાંથી દસ્તાવેજો માલુમ પડે તો એ તેના વીરૂદ્ધ પુરાવો નથી. પણ જો આ દસ્તાવેજો પ્રથમ હતા એવું બતાવવાને અનુમાની અથવા શીધો પુરાવો હોય તો તેના વીરૂદ્ધ પુરાવો છે—રાણી વીરૂદ્ધ અમારખાન અને બીજા વી. રી. ૭ ક્રી. રૂ. ૨૩

જો પોષ્ટઓફીસમાંથી અથવા ટેલીગ્રાફ ઓફીસ માં કાંઇ દસ્તાવેજ બાબત ઝડ લેવાનો હોય તો તે બાબતનું વારંટ આપવાનો જીલ્લા માજીસ્ટ્રેટ અથવા ચીફ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ શીવાય બીજા કોઇ માજીસ્ટ્રેટને અખ્તીઆર નથી. અને સદરહુ માજીસ્ટ્રેટ શીવાય સદરહુ ઓફીસોમાંથી ઝાડો લેવાનું વારંટ કહાડશે તો તે નીરથક છે, જુઓ શને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૫૩૦

બીજી કોઇ કલમ મુજબ શિક્ષા થઇ શકે એવો ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરવાના ઇરાદાથી ખોટી મોહોર પતરૂ, વગેરે બનાવવું અથવા કબજામાં રાખવું.

૪૭૩. જો કોઇ માણસ કાંઇ મોહોર, પતરૂ, અથવા છાપ પાડવાનું કાંઇ બીજું હથીયાર બનાવે, અથવા ખોટું બનાવે, એવા ઇરાદાથી કે આ બાગ માહેલી ૪૬૭ મી સીવાયની કોઇ પણ કલમ મુજબ શિક્ષા થઇ શકે એવો કંઇ ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરવાના કારણસર વાપરવામાં આવે, અથવા તે મોહોર, પતરૂ, અથવા બિજુ હથિયાર ખોટું બનાવેલું છે એમ જાણીને ઉપલા ઇરાદાથી અગર કોઇ માણસ તે મોહોર, પતરૂ, અથવા બીજુ હથીયાર પોતાના કબજામાં રાખે તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—એક શખસના કબજામાં ખોટો લેખ બનવ્યાના સાહીત્ય તરીકે જુદી જુદી જાતની સીલ માલુમ પડી તેમાં ઠરાવવામાં આવ્યું કે જો એ સીલ એકજ ખોટું દસ્તાવેજ બનાવવા માટે કબજામાં રાખી હોય તો એકજ તહોમત આવે પણ જુદા જુદા દસ્તાવેજ બનાવવા માટે તે સીલો રાખી હોય તો જેટલા જુદા જુદા દસ્તાવેજ બનાવવાનો તેનો ઇરાદો હોય તેટલા જુદા જુદા તહોમતથી તેને શિક્ષા થઇ શકે—રાણી વીરૂધ ગોગલ ચંદ, ૧૩ વી. રી, પ. ૧૬

કાંઇ કીમતીદસ્તાવેજ અથવા વીલ ખોટું બનાવેલું છે એવું જાણીને તખશો દાખલ વાપરવાના ઇરાદાથી કબજામાં રાખવું.

૪૭૪. જો કોઇ માણસના કબજામાં કાંઇ લેખ હોય, તે અને લેખ ખોટો બનાવેલો છે એમ તે માણસ જાણતો હોય તથા તે લેખ ખરા દાખલ દગલબાજીથી અથવા બદદાનતથી વાપરવામાં આવે એવો તે માણસનો ઇરાદો હોય તો અગર તે લેખ ૪૬૬ મી કલમમાં લખેલા પ્રકારનો હોય તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે, અને અગર તે લેખ ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારનો હોય તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારના અથવા સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—જો કલમ ૪૭૧ પ્રમાણેનું તહોમત તહોમતદાર ઉપર મુકવામાં આવે તો પછી આ કલમ પ્રમાણેનું તહોમત રહે નહી કેમકે એ કલમ ૪૭૧ દસ્તાવેજ વાપરવાની છે આ કબજામાં રાખવાની છે. વાપરવાનું તહોમત આવે તે કબજામાં હોવા વગર કેમ આવી શકે વાપર્યું ન હોય પણ માત્ર કબજામાં રાખ્યું હોય તે માટે આ કલમ છે—રાણી વિરૂધ નજરઅલી. ૯ અ. હા, રી, પ, ૩૯

૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારનાલેખોનું ખરાપણું દે

૪૭૫. ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારના કોઇ લેખનું ખરાપણું દેખાડવાના કારણસર વપરાતી હોય એવી કાંઇ મુદ્રા કે નીશાની કોઇ માણસ કાંઇ પદારથ ઉપર અથવા કાંઇ પદારથ મધ્યે ખોટા

ખાડવા સારૂ વપરાતી હોય એવીકાંઈ મુદ્રા અથવાનીશાની ખોટી બનાવવી, અથવા ખોટી નીશાની કરેલો પદારથ કબજામાં રાખવો,

બનાવે એવા ઈરાદાથી કે તે પદાર્થ ઉપર તે વખતે કાંઈ લેખ ખોટો બનાવેલો હોય અથવા ત્યારપછી ખોટો બનાવવાનો હોય તે લેખને ખરાપણાનો અભાસ આપવાના કારણસર તે મુદ્રા અથવા નીશાની વાપરવામાં આવે અથવા જે પદારથ ઉપર અથવા જે પદાર્થ મધ્યે એવી કાંઈ મુદ્રા અથવા નીશાની ખોટી બનાવવામાં આવી હોય તેવો કોઈ પદારથ ઉપર લખેલા ઇરાદાથી કોઈ માણસ પોતાના કબજામાં રાખે તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારનો અથવા સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—આ કલમ પ્રમાણેનો ગુન્હો સંપુરણ થવા માટે તહોમતદારના કબજામાં જે દસ્તાવેજ હોય તેની ઉપર કાંઈ ખોટું ચીન્હ અથવા નીશાની હોવી જોઈએ અને તહોમતદારના કબજામાં જે દસ્તાવેજ છે તે ખરા દાખલ વાપરવાનો ઇરાદો છે એવું સાબીત થવું જોઈએ. એ દસ્તાવેજ કલમ ૪૬૭ માં જે પ્રકાર બતાવ્યો છે તે પ્રકારનું હોવું જોઈએ. રાણી વિરૂધ રઘુનંદન પત્રોનવેશ, ઇ, લા. મ, ૩૮૪

૪૬૭ મી કલમમાં લખેલ પ્રકારથી જુદા પ્રકારના લેખનું ખરાપણું દેખાડવા સારૂ વપરાતી હોય એવી કાંઈ મુદ્રા અથવા નીશાણી ખોટી બનાવવી. અથવા ખોટી નીશાણી કરેલો પદારથ કબજામાં રાખવો.

૪૭૬. ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારથી જુદા પ્રકારના કોઈ લેખનુ ખરાપણું દેખાડવાના કારણસર વપરાતી હોય એવી કઈ મુદ્રા કે નીશાણી કોઈ માણસ કાંઈ પદારથ ઉપર અથવા કાંઈ પદારથ મધ્યે ખોટી બનાવે, એવા ઇરાદાથી કે તે પદારથ ઉપર તે વખતે કાંઈ લેખ ખોટો બનાવેલો હોય અથવા ત્યાર પછી ખોટો બનાવવાનો હોય તે લેખને ખરાપણાનો આભાસ આપવાના કારણસર તે મુદ્રા અથવા નીશાણી વાપરવામાં આવે, અથવા જે પદારથ અથવા જે પદારથ મધ્યે એવી કાંઈ મુદ્રા અથવા નિશાણી ખોટી બનાવવામાં આવી હોય, તેવો કાંઈ પદારથ ઉપર લખેલા ઇરાદાથી કોઈ માણસ પોતાના કબજામાં રાખે તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—કોઈ ખેડ સબંધીના દસ્તવેજનો નાશ કરવામાં આવે તો આ કલમ પ્રમાણે કિમતી દસ્તાવેજનો નાશ કરવાનુ તેની ઉપર તહોમત આવે—રાણી વીરૂધ નીતાઈ મંડલ, ઇ. લા. મ, ૩૩૭

કોઈ વીલને દગલબાજીથી ચોરી નાખવું. અથવા તેનો નાશ કરવો.

૪૭૭ કોઈ લેખ વીલ હોય કે વીલની મતલબનો હોય, અથવા દતક લેવાનુ અખત્યારનામુ હોય કે તેની મતલબનો હોય, અથવા કાંઈ કીમતી દસ્તાવેજ હોય કે તેવી મતલબનો હોય, તેના કોઈ લેખને અગર કેઈ માણસ દગલબાજીથી કે બદદાનતથી, અથવા લોકને અથવા કોઈ સખસને હાની અથવા નુકસાન કરવાના ઇરાદાથી છેકી નાખે, તેનો નાશ કરે, અથવા ચોરી નખે, અથવા છેકી નાખવાની, નાશ કરવાની કે ચોરી નાખવાની કોશીશ કરે, અથવા છુપાવે કે છુપાવવાની કોશીશ કરે, અથવા તેવા લેખ સબંધી બગાડ કરે, તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

વેપારની તથા મીલકતની નીશાણીઓ બાબત.

વેપારનીનીશાની — ૪૭૮. આ માલ ફલાણા કારીગરે બનાવેલો છે. અથવા ફલાણી વખતે કે તે ઠેકાણે બનાવેલો છે. અથવા ફલાણી જાતનો છે, એ બતાવવાને માટે જ નીશાણી વાપરવામાં આવે તેનું નામ "વેપારની નીશાણી" પાડ્યું છે.

મિલકતનીનીશાની — ૪૭૯. આ જગમ મીલકત ફલાણા શખસની છે, એ બતાવવાને માટે.જે નીશાણી વાપરવામાં આવે તેનું નામ "મીલકતની નીશાણી" પાડ્યું છે.

ખોટી વેપારની નીશાની વાપરવી. — ૪૮૦ જો કોઇ માણસ કાંઇ માલ ઉપર અથવા કાંઇ પેટી કે ઘર ઉપર, અથવા ગાંસડી ઉપર, કે માલ ભરેલાં કાંઇ બીજાં બારદાન ઉપર, કાંઇ નીશાણી કરે, અથવા જે પર કાંઇ નીશાની હોય એવા પેટી કે ઘર અથવા ગાંસડી કે બીજુ બારદાન વાપરે, એવા ઇરાદાથી કે તે નીશાણી કરેલો માલ અથવા તે નીશાની કરેલી પેટી કે ઘરમાં, અથવા ગાંસડીમાં, અથવા બારદાનમાં ભરેલો કાંઇ માલ જે કારીગરે બનાવ્યો ન હોય તેણે બનાવ્યો છે, એવો અથવા જે વખત કે ઠેકાણે તે બનાવેલો ન હોય તે વખતે કે તે ઠેકાણે તે બનાવ્યો છે, એવો અથવા જે જાતનો તે ન હોય તે જાતનો તે છે એવો વીશવાસ ઉતપન કરવો, તો તે માણસને "ખોટી વેપારની નીશાની" વાપરી એમ સમજવું.

ખોટીમીલકતનીનીશાની વાપરવી — ૪૮૧. જો કોઇ માણસ કાંઇ જંગમ મીલકત કે માલ ઉપર, અથવા કાંઇ પેટી કે ઘર ઉપર અથવા ચામડી ઉપર, અથવા જંગમ મીલકત કે માલ ભરેલાં બીજા કાંઇ બારદાન ઉપર, કાંઇ નીશાણી કરે, અથવા જે પર કાંઇ નીશાણી હોય એવી કાંઇ પેટી કે ઘર, અથવા ગાંસડી કે બીજુ બારદાન વાપરે, એવા ઇરાદાથી કે તે નીશાણી કરેલી મીલકત અથવા માલ, અથવા નીશાણી કરેલી પેટી કે ઘરમાં અથવા ગાંસડીમાં, અથવા બીજા બારદાનમાં રાખેલી કાંઇ મીલકત કે માલ જે શખસનો ન હોય, તે શખસનો છે. એવો વિશ્વાસ ઉતપન કરવો, તો તે માણસે "ખોટી મીલકતની નીશાની" વાપરવી એમ સમજવું.

કોઇ શખસને છેતરવાંઅથવા નુકશાન કરવાના ઇરાદાથી કાંઇ ખોટી વેપારનીઅથવા મીલકતની નીશાની વાપરવાની શિક્ષા. — ૪૮૨. કોઇ શખસને છેતરવાના અથવા નુકશાન કરવાના ઇરાદાથી જે માણસ કાંઇ ખોટી વેપારની નીશાણી અથવા કાંઇ ખોટી મીલકતની નીશાણી વાપરે, તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઇ બીજો માણસ કાંઇ વેપારનીઅથવા મિલકતનીનીશાણી વાપરતોહોય તેવીનીશાણીનીઅથવા નુકશાન કરવાના ઇરાદાથીખોટી બનાવવી. — ૪૮૩. લોકને અથવા કોઇ શખસને હાની અથવા નુકશાન કરવાના ઇરાદાથી જે માણસ બીજો કોઇ શખસ વાપરતો હોય એવી કાંઇ વેપારની અથવા મિલકતના નીશાણી જાણી બુઝીને ખોટી બનાવે, તે માણસને બે વરસની મુદત સુધીના બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઇ સરકારી નોકર જે મીલકતની — ૪૮૪. કોઇ સરકારી નોકર જે વાપરતો હોય તેવી કાંઇ મિલકત નીશાણી, અથવા આ મીલકત ફલાણા કારીગરે અથવા ફલાણી વખ

નીશાણી વાપરતો હોય અથવા કાંઇ મિલકતના બનાવટ જાત વગેરે બતાવવા સારૂ તે જેની શાણી વાપરતો હોય તેવી નિશાણી ખોટી બનાવવી.

તે કે ઠેકાણે બનાવી છે અથવા ફલાણી જાતની છે, અથવા ફલાણી હારીસમાંથી પાસ થઇ છે, અથવા કાંઇ માફીને લાયક છે, એવું બતાવવા સારૂ કેઇ સરકારી નોકર જે વાપરતો હોય તેવી કાંઇ નીશાણી જો કોઇ માણસ જાણીબુઝીને ખોટી બનાવે, અથવા એવી કાંઇ નીશાણી ખોટી બનાવેલી છે, એમ જાણ્યા છતાં તેને ખરી દાખલ વાપરે એવા ઇરાદાથી કે લોકને અથવા કાંઇ શખસને હાની અથવા નુકશાન કરવું તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કાંઇ છાપ, પતરૂ અથવા કાંઇ સરકારી કે ખાનગી મિલકતની અથવા વેપારની નીશાની ખોટી બનાવવાનું કાંઇ બીજું હથીયાર દગલબાજીથી બનાવવું અથવા કબજામાં રાખવું.

૪૮૫. કાંઇ છાપ, પતરૂ, અથવા કાંઇ સરકારી કે ખાનગી મીલકતની અથવા વેપારની નીશાણી કરવા અથવા ખોટી બનાવવાનું કાંઇ બીજું હથીયાર જો કોઇ માણસ બનાવે અથવા પોતાના કબજામાં રાખે. એવા ઇરાદાથી કે તેવી ખોટી નીશાની બનાવવાના કારણસર વાપરવું અથવા કોઇ માણસ એવી કાંઇ મીલકતની કે વેપારની નીશાની પોતાના કબજામાં રાખે, એવા ઇરાદાથી કે કાંઇ માલ અથવા વેપારની જણસ જે કારીગરે અથવા કારીગરની દુકાને બનાવી ન હોય તેણે તે બનાવી છે એમ જે વખતે તે ઠેકાણે તે બનાવી ન હોય તે વખતે અથવા તે ઠેકાણે તે બનેલી છે એમ અથવા જે જાતની તે ના હોય તે જાતની તે છે એમ અથવા જે શખસની તે ના હોય તે શખસની તે છે એમ બતાવવાના કારણસર તે નિશાણી વાપરવામાં આવે, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ખોટી મિલકતની અથવા વેપારની નિશાણી જેપર હોય એવો માલ જાણીબુઝી વેચવો.

૪૮૬. જે માલ ઉપર સરકારી કે ખાનગી મીલકતની અથવા વેપારની, ખોટી નીશાણી ચોડાડેલી અથવા પાડેલી હોય એવો કાંઇ માલ અથવા કોઇ પેટી કે ઘર અથવા લપેટેલી વસ્તુ કે બારદાન ઉપર તેવી નિશાણી ચોહેડેલી અથવા પાડેલી હોય તે મધે ભરેલો અથવા રાખેલો માલ, અગર કોઇ માણસ વેચે, અને તે માણસ એમ જાણતો હોય કે તે નીશાણી બનાવટની અથવા ખોટી કરેલી છે, અથવા તે નીશાણીથી જાણાય છે તે કારીગરે અથવા તે વખતે અથવા તે ઠેકાણે નહી બનાવેલો માલ અથવા વેપારની જણસ ઉપર તે નીશાણી ચોહેડેલી અથવા પાડેલી છે અથવા તે નીશાણીથી જાણાય છે, તેવી જાતનો તે માલ નથી અને કોઇ શખસને ઠેતરવાનો અથવા નુકશાન કે હાની કરવાનો તે માણસનો ઇરાદો હોય, તો તે માણસને એક વરસની મુદત સુધીના એમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બનની શિક્ષા કરવામાં આવશે.

કાંઇ ગાંસડી કે બારદાન મધે માલ હોય તે ઉપર દગલબાજીથી કાંઇ ખોટી નિશાણી કરવી.

૪૮૭. કાંઇ માલ ભરેલી ગાંસડી અથવા બારદાન ઉપર જો કોઇ માણસ દગલબાજીથી કાંઇ ખોટી નિશાની કરે, એવા ઇરાદાથી કે કોઇ સરકારી નોકર અથવા બીજા શખસના મનમાં એવો વિશ્વાસ ઉત્પન્ન કરવો કે તે ગાંસડી અથવા બારદાન મધ્યે જે માલ ન હોય તે તે મધ્યે છે અથવા તે મધ્યે જે માલ હોય તે તે મધ્યે નથી અથવા તે ગાંસડી અથવા બારદાન મધ્યેનો માલ ખરેખર જે

જાતનો અથવા તરેહનો હોય તેથી જુદી જાતનો અથવા તરેહનો છે, તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

તેવી કાંઇ ખોટી નિશાનીનો ઉપયોગ કરવાની શિક્ષા.

૪૮૮. કોઇ માણસ ઉપલી કલમમાં લખેલા ઇરાદાથી એવી કાંઇ નિશાણી ખોટી છે એમ જાણ્યા છતાં તે ખોટી નિશાણીનો દગલબાજીથી ઉપયોગ કરે તો તે માણસને ઉપલી કલમમાં લખ્યા મુજબ શિક્ષા કરવામાં આવશે.

નુકશાન કરવાના ઇરાદાથી કાંઇ મિલકતની નિશાણી કાઢી નાંખવી.

૪૮૯. કોઇ માણસ કાંઇ મિલકતની નિશાની કાઢી નાંખે અથવા તેનો નાશ કરે, અથવા તેને ચેહેરી નાખે, એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે એમ કરવાથી પોતાથી કોઇ શખસને નુકશાન થાય તો તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ભાગ ૧૯ મો

નોકરી કરવાના કરાર તોડવાના ગુન્હા બાબત.

તરી અથવા ખુસ્કીના રસ્તાની મુસાફરીની નોકરી કરવાનો કરાર તોડવો

૪૯૦. કોઇ શખસને અથવા કાંઇ મિલકતને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવા અથવા પોહોચાડવામાં પોતાના અંગની નોકરી કરવાને, અથવા તરી કે ખુસ્કીના રસ્તાની કોઈ મુસાફરીમાં કોઇ શખસને નોકર દાખલ કામ કરવાને અથવા તરી કે ખુસ્કીના રસ્તાની કોઈ મુસાફરીમાં કોઇ શખસને કે કાંઇ મિલકતને સંભાળવાને જે માણસ કાયદેસર કરારથી બંધાયો હોય, તે માંદગી અથવા પોતાની સાથે માઠી વરતણુકના સબબ શિવાય, તે પ્રમાણે કરવામાં બુદ્ધિપુરવક કસુર કરે તો તે માણસને એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક સો રૂપૈયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

(અ) અ એક પાલખી ઉચકનારો ઝ ને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાને કાયદેસર કરારથી બંધાએલો છતાં રસ્તામાંથી અધવચ નાહાશી જાય, તો અ એ આ કલમમાં બયાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

(બ) અ એક મજુર ઝ નો સામાન એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાને કાયદેસર કરારથી બંધાએલો છતાં, તે સામાન ફેંકી દે, તો અ એ આ કલમમાં બયાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

(ક) અ એક બળદીઆઓનો માલીક પોતાના બળદીઆ ઉપર ભરીને કાંઇ માલ એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાને કાયદેસર બંધાએલો છતાં તેમ કરવામાં કાયદા વિરૂદ્ધ કસુર કરે, તો અ એ આ કલમમાં લખેલો ગુન્હો કરયો એમ સમજવું.

(ડ) અ કાયદા વિરૂદ્ધ ઉપાયથી પોતાનો સામાન લઇ જવાની બ મજુરને જરૂર પાડે, અને બ ચાલતાં ચાલતાં રસ્તામાં તે સામાન મુકીને નાહાશી જાય, તો આ ઠેકાણે બ

એ કંઈ ગુન્હો કરયો એમ સમજવું નહી, કેમકે તે સામાન લઇ જવાની કાયદા પ્રમાણે તેની ફરજ નથી.

ખુલાસે—આ ગુન્હામાં એવું કાંઇ જરૂર નથી કે જે શખ્સને સારૂ નોકરી કરવી છે તેનીજ સાથે કરાર થવો જોઇએ. જે શખ્સ તે નોકરી કરવાનો છે તે શખ્સે કાયદા પ્રમાણે કોઇ પણ શખ્સની સાથે સાફ રીતે કે અરથાત સમજાય એવી રીતે કરાર કીધો હોય તો બસ છે.

દ્રષ્ટાંત—અ એક ડાક કંપનીની સાથે એક મહીના સુધી પોતાની ગાડી હાંકવાનો કરાર કરે, અને બ તે ડાક કંપનીના સાથે ખુરશીએ કાંઇ મજલ પર પોતાને પોહોચાડવાનો બંદોબસ્ત કરે, અને પેલો એક મહીનાની મુદત સુધી તે કંપની બ ને આ હાંકે એવી એક ગાડી આપે, અને અ રસ્તામાં અધવચ તે ગાડી બુદ્ધિપુરવક મુકીને જતો રહે, તો એ ઠેકાણે અગર અ એ બ ની સાથે કરાર કરયો નથી તો પણ અ એ આ કલમ મુજબ ગુન્હો કરયો. એમ સમજવું.

લાચાર શખ્સોની ખીદમત કરવા તથા તેઓની હાજતો પુરી પાડવાનો કરાર તોડવો.

૪૯૧. જે શખ્સ પોતાની નાહાની ઊમરના, અથવા ગાંડાપણાના અથવા કાંઇ રોગ કે શરીરની નબળાઇના સબબથી લાચાર અથવા પોતાની સલામતીનો બંદોબસ્ત રાખવાને; અથવા પોતાની હાજતો પુરી પાડવાને અશક્ત હોય, તેની ખીદમત કરવાને અથવા તેની હાજતો પુરી પાડવાને જે માણસ કાયદેસર કરારથી બંધાએલો છતાં તેમ કરવામાં બુદ્ધિપુરવક કસુર કરે, તેને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા બસે રૂપીયા સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઇ દુર જગોપર ચાકરી કરવાનો કરાર કરયો હોય અને તે જગોપર શેઠને ખરચે ચાકરને લેઇ ગયા હોય તેવો કરાર તોડવો,

૪૯૨. બ્રિટિશ ઇંડિયા માંહેની કોઇ પણ જગો પર કોઇ બીજા શખ્સને વાસ્તે ત્રણ વરસ સુધીની કોઇ પણ મુદત સુધી કારીગર, કામ કરનાર, અથવા મજુર દાખલ કામ કરવાને જે શખ્સ લખેલા કાયદેસર કરારથી બંધાએલો હોય અને તે કરારની શરત મુજબ તેને તે જગોપર તે બીજા શખ્સને ખરચે લઇ ગયા અથવા લેઇ જવાના હોય તે શખ્સ પોતાનો કરાર કાયમ છે તે દરમીયાનમાં બુદ્ધિપુરવક તે બીજા શખ્સની ચાકરી છોડી દે, અથવા કબુલ કરેલી ચાકરી વ્યાજબી અને યોગ્ય સબબ છતાં વ્યાજબી સબબ વગર તે ચાકરી કરવાની ના કહે તો તે શખ્સને એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા તે ખરચથી બમણી રકમ સુધીના દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે; પણ જો તેના શેઠે તેની સાથે કાંઇ માઠી વરતણુક કરી હોય, અથવા પોતેજ તે કરાર મુજબ અમલ કરવામાં ગફલત કરી હોય તો તે ચાકરને કાંઇ શિક્ષા કરવામાં આવશે નહી.

બાબ ૨૦ મો.

લગન સબંધી ગુનાહો બાબત.

કાયદા મુજબ લ

૪૯૩. પોતાની સાથે કાયદા મુજબ જે સ્ત્રી પરણી નથી તે સ્ત્રી

ન થવાને કપટથી વિશ્વાસ બેસાડીને દંપતી ભાવે રહેવું.

ને કપટથી તે પુરૂષ એવો વિશ્વાસ બેસાડે કે હું એ પુરૂષની સાથે કાયદા મુજબ પરણી છું. અને એવો વિશ્વાસ છતાં તે સ્ત્રી તેની સાથે તેની વહુ હોય એવી રીતે રહે અથવા સંભોગ કરે, એમ તે પુરૂષ કરે તો તેને દશ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

વર અથવા વહુની હયાતીમાં ફરીથી લગન કર્યું.

૪૯૪. જેનો વર અથવા જેની વહુ હયાત હોય તે જો પરણે, અને તે એવી રીતે કે તે વર અથવા વહુની હયાતીમાં થવાના સબબથી તે લગન થયેલુ રદ ગણાય, તો તેને સાત વરસના મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

અપવાદ—જે શખસનો વર અથવા વહુ હયાત છે, પણ જેનું તેની સાથે થયેલુ લગન કોઈ મુખત્યાર કોરટે રદ ઠરાવ્યું છે: તેને આ કલમ લાગુ પડતી નથી, અને જે શખસનું તે પાછળનુ લગન થતા પેહલાં સાત વરસની મુદત સુધી નિરંતર તેનો વર અથવા વહુ બાહાર રહ્યો અથવા રહી હોય અને તે દરમીયાનમાં તે શખસને તે વર અથવા વહુ હયાત છે એવી ખબર નહી મળી હોય, અને તે શખસ પોતાના આગલા વર અથવા વહુની હયાતીમાં લગન કરે, તેને પણ આ કલમ લાગુ પડતી નથી; પરંતુ જે એ શખસ ઉપર પ્રમાણે પાછળનું લગન કરે, તેણે જેની સાથે તે લગન કરે, તેને તે લગન થતા પેહલાં સરવ બીના ખરેખરી પોતાના જાણવામાં હોય તેટલી જણાવવી જોઈએ.

ટીકા—ઇનસાફની કોરટો એક લગન કાયદાસર છે એવું જાહેર કરવાને અથવા કોઈ સ્ત્રીને ફરી લગન કરવાની પરવાનગી આપવાને કોઈ કોમનો અધિકાર મંજુર રાખશે નહી, બીજુ લગન કરવાને નાતે પરવાનગી આપી હોય તે આ કલમ પ્રમાણે કરેલા ગુન્હાનો બચાવ નથી. રાણી વિરૂદ્ધ શંભુગરી, ૧ ઈ. લા. રી. (મુંબઈ) પ્ર. ૩૪૭

એક શખસે એક બાઈડી જીવતી છતાં એક સ્ત્રી સાથે પોતે લગન કરવાનો છે એવી નોટીસ છપાવી હોય તો તેની બાઈડીની હયાતીમાં બીજુ લગન કરવાની કોશેશનો ગુન્હો તેની ઉપર ઠરી શકે નહી. ૧ ઈ. લા. રી (અલહાબાદ) પ્ર. ૩૧૬

એક ધણી હયાત છતાં તેની પરવાનગી વગર બીજો ધણી કરવો એવો કોઈ નાતનો રીવાજ હોય પણ તે હિંદુશાસ્ત્રથી ઉલટો છે માટે એવી સ્ત્રીને આ કલમ પ્રમાણે સજા થાય, જે મરદ એવું લગન કર્યુ હોય તેને આ કલમ ૪૯૭ પ્રમાણે છીનાળાની સજા થાય. રાણી વિરૂદ્ધ કરસન ગોજા. ૨ મુ. હા. રી. પ્ર ૧૧૭

ખ્રિસ્તિ થઈ ગયેલો કોઈ હિંદુ ફરીથી હિંદુ ધરમમાં આવે અને કોઈ હિંદુ સ્ત્રીને પરણે તો તે ખ્રિસ્તી હતો તે વખતે તેની એક બાઈડી જીવતી હતી અને હિંદુ થયો ત્યાર બાદ પરણ્યો તો તેને આ કલમ પ્રમાણે શિક્ષા થાય નહી.

હિંદુ કે મુસલમાન સ્ત્રી એક ધણી હયાત છતાં બીજો કરે તો ગુન્હો છે. ધણી એકથી વધારે કરે તો ગુન્હો નથી કેમકે ધણીને તો તેમના ધરમશાસ્ત્રથી એકથી વધારે બાઈડી કરવાને છુટ છે. મ. હા. રી. સને ૧૮૭૦

એક મુસલમાન પરણેલી છોકરી તેના વાલીના કબજામાં હોય ત્યારે તે વાલીની જાણ વગર બીજુ લગન કરે તો તે વાલા ઉપર આ કલમ પ્રમાણેના ગુન્હાની મદદગારનું તહોમત આવે નહી—કેશરે હિંદ વિરૂદ્ધ અબદલ કરીમ. ૪ ઈ. લા. રી. (કલકત્ત) પ્ર ૧૦

એક ઓરતે તેના ધણીને એવી નોટીસ આપી કે તને રગતપીતનો રોગ છે માટે મને બી

જા સાથે અમુક દીવસમાં લગ્ન કરવાને રજા આપો નહી તો હું બીજા સાથે લગ્ન કરીશ, એવી નોટીસ આપ્યા છતાં તેણીએ પોતાની ન્યાતની પરવાનગી લઈ બીજા સાથે લગ્ન કર્યું તેને આ કલમ પ્રમાણે સેશન જડજે શિક્ષા કરી, તે હાઈકોરટે બાહાલ રાખી—સરકાર વિરૂદ્ધ શંભુ રખુ મુ. હા. રી. વા. ૧ પ્ર ૩૪૭

એક હિંદુ સ્ત્રીએ પોતાનો ધણી હયાત છતાં મુસલમાન સાથે વટલીને લગ્ન કીધું તે બાબત આ કલમ પ્રમાણેનું તહોમત સાબીત કરી થાણાના આસીસટંટ જડજે આરોપીતને ત્રણ વરસની સખ્ત કેદની શિક્ષા કરી તે ઠરાવ પર નારાજી થઇ આરોપીતે સેશન જડજને અપીલ કરી. સેશન જડજનો અભીપ્રાય એવો થયો કે આરોપીત ગંગાએ મુસલમાન ધરમ સ્વીકાર્યો તેથી તેનો પેહેલો સબંધ જે હિંદુ ધણી સાથે હતો તે નહી જેવો થયો; અને તેણે લગ્ન કીધું તે વખત મુસલમાન હતી એવા કારણથી સેશન જડજે તેની શિક્ષા અને તહોમત રદ કીધાં.

સેશન જડજના ઠરાવ પર સરકારે હાઇકોરટને અપીલ કરી, તેમાં પ્રથમ સરકારી વકીલે તકરાર કરી કે આ અપીલ ગંગાને શીક્ષા થવા માટે કરેલી નાહી છતાં તે કામનો પ્રશ્ન મોહોટો મહત્વનો હોવાથી હાઇકોરટમાંથી અખિત્યારની રીતે ઠરાવ થવા માટે કરી છે.

"જે પ્રશ્ન અમારે વિચાર કરી ઠરાવ (નીકાલ) કરવાનો છે તે એવો કે "કોઇ હિંદુ સ્ત્રી મુસલમાનીનો ધરમ સ્વીકાર્યા સુધી પોતાના હિંદુ ધણી પાસે રેહેતી હોય, તેમ છતાં તેણે મુસલમાની ધરમ સ્વીકાર્યો હોય તો એટલા ઉપરથી એના તે હિંદુ ધણી સાથેના વિવાહ સબંધ નહી જેવો થયો છે કે કેમ?

એ પ્રશ્નનો જવાબ અમારે નાસ્તી પક્ષે આપવો જોઇએ એવો અમારો અભિપ્રાય છે આ પ્રશ્નના સબંધે જે કાંઇ કજીઆ છે તે અમે સરવે જોયા છે પરંતુ તે ઉપરથી વિરૂદ્ધ ઠરાવ કરવાને એક પણ આધાર દેખાતો નથી

કોઇ હિંદુ સ્ત્રી મુસલમાની ધરમ સ્વીકારે તો તેટલા ઉપરથી તેનો તેના ધણી સાથે જે વીવાહ સબંધ છે તે નહી જેવો થયો છે એમ થતું નથી, માટે તેનો ધણી જીવતો છે ત્યાં સુધી તેને બીજા સાથે વીવાહ સબંધ કરવાનો અખિત્યાર નથી. સબબ તેણે એકાદ મુસલમાન જાતના માણસ સાથે નીકા કીધો હોય તો તેણે કલમ ૪૯૪ પ્રમાણે ગુન્હો કર્યો એમ થાય છે. માટે સેશન જડજનો ઠરાવ રદ કરી આસીસટંટ સેશન જડજે આપેલી શિક્ષામાં ઘટાડો કરી તહોમત બહાલ રાખ્યું—મુંબઇ સરકાર વિરૂદ્ધ ગોસાવીની સ્ત્રી ગંગા મુ. હા, રી, વા. ૪ પ્ર. ૩૩૦ તા૦ ૨૦ જાનેવારી સને ૧૮૮૦

ધણીની ફારગતી લઇને નાતરૂં કરવાનો તેની નાતના રીવાજ પ્રમાણે ચાલ હતો તો પણ તે રીવાજ હીંદુ ધર્મથી ઉલટો છે વાસ્તે થએલી શીક્ષા કાયમ રહી, મુ. હા. કો. તા૦ ૨૦ એપ્રીલ શને ૧૮૬૪ વા. ૨ પ્ર. ૧૨૪

કેદીની નાતમાં વગર ફારગતીએ નાતરૂં કરવાનો ચાલ છે તેથી તેણે શુધબુદ્ધીએ કૃત્ય કરેલું માટે કાંઇ ગુનો થતો નથી તેવી શિક્ષા રદ કરી, મુ. હા. કો. તા૦ ૨૨ ફેબ્રુઆરી શને ૧૮૬૮ વા. ૫ પ્ર ૧૭

ઓરત પોતાના પેહેલા ધણીની હયાતીમાં તેની પરવાનગીથી બીજા સાથે નાતરૂં કરે તો તેને હરકત નથી. મુ હા. કો. તા૦ ૨૬ નવેંબર શને ૧૮૬૭ સ્પેશીયલ અપીલ નંબર ૭૬૦ શને ૧૮૬૭

ધણીએ સ્ત્રીને કાહાડી નહી મુકયા છતાં બાયડીએ નાતના વહીવટ મુજબ નાતમાં કાંઇ રૂપઇયાની રકમ ભરે, એટલે તેને નાતરે જવાનો હક મળે છે. પરંતુ એ વહીવટ અનાડીનો

છે અને તેને ન્યાયાધીશ રની રૂઇએ માન્ય કરવો નહી, મુ. હા. તા૦ ૬ ડીસેંબર શન ૧૮૭૦ સ્પેશીયલ અપીલ નંબર ૪૦૫ શન ૧૮૭૦ વા. ૭ મ. ૧૩૩ ન્યાયાધીશ શન ૧૮૭૧ ના. મ. ૧૩૨

તેજ ગુનોહ પણ જે શખસની સાથે પાછળનું લગનથાય તેનાથી આગળનાં લગનની વાત છુપાવીને કરેલો.

૪૯૫. જેની સાથે પાછળનું લગન કરવામાં આવે તેનાથી આગલા લગનની વાત છુપાવીને જે શખસ ઉપલી કલમમાં લખેલો ગુનોહ કરે, તેને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

કાયદા મુજબ લગન થતા દગલબાજીના ઇરાદથી થવા દીધેલો લગન વીધી.

૪૯૬. જે માણસ બદદાનતથી અથવા દગલબાજીના ઇરાદાથી પોતાનો લગન વીધી થવા દે, એવું જાણીને કે તેમ થવાથી કાયદા મુજબ મારૂ લગન થતુ નથી, તો તને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—આ કલમ પ્રમાણેના લગન કોઇએ પોતાના ઘરમાં થવા દીધા હોય તો એટલાજ ઉપરથી આ એ ઘરધણી ઉપર આ કલમના ગુનામાં મદદગારી કરવાનું તહોમત આવી શકે નહી—રાણી વિરૂધ કદમ કો. ઈ. ડા. મ. ૩૬૪

છીનળું.

૪૯૭. આ શખસ બીજા પુરૂષની સ્ત્રી છે, એવું જે જાણે છે અથવા એવું માનવાનું જેને કારણ છે, તે માણસ તે શખસની સાથે પેલા બીજા પુરૂષની રજામંદી શિવાય, અથવા તે બીજા પુરશે જાણ્યું અજાણ્યું ન કરતાં સંભોગ કરે, અને તે સંભોગ બળાત્કાર સંભોગનો ગુનોહ ન થતો હોય, તો તે માણસે છીનાળાનો ગુનોહ કરયો એમ સમજવું, અને તેને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે, અને એવી બાબતમાં તે સ્ત્રીને મદદગારીની માફક શિક્ષા કરવામાં આવશે નહી.

ટીકા—આ કલમ છીનાળા મટે છે. દરેક માણસે પોતપોતાની મીલકત ભોગવવી જોઇએ એ ન્યાયનું એક મહાવાક્ય (કહેવત) છે એથી ઉલટા બીજાની સ્ત્રી જેઓ ભોગવે તેમને માટે આ કલમ છે નીચેના ફૈસલા છે તે આ કલમ સમજવા માટે ઘણા અગત્યના છે. ધણી વખત ધણીએ આંખ આડા કાન કરયાં, એવી તકરાર લાવી તહોમતદાર તરફથી તહોમત ઉડાવી દેવાની તજવીજ કરવામાં આવે છે, ત્યારે આ આંખ આડા કાન કરવા કોને કહે છે એ જાણવું અગત્યનું છે. મી. મેન પોતાના પેનલકોડની ટીકાના ગ્રંથને પાને ૩૯૩–૯૪ મે નીચે પ્રમાણેની મતલબ કહે છે,

છીનાળ સ્ત્રીની ચાલ જાણવા માટે ધણીએ ગફલત કરી હોય, થોડું ધ્યાન આપ્યું હોય, તેની ચાલ ઉપર થોડો શક રાખી કોઇની સાથે જાય આવે બેસે ઉઠે તે માટે થોડો વહેમ રાખ્યો હોય એટલા ઉપરથીજ ધણીએ આંખ આડા કાન કર્યા એવું ગણાય નહી. બલકે છીનાળું કરે એવો તેના તરફનો ઇરાદો હોવો જોઇએ. ઇરાદો હોય તેના સ્ત્રીના ચાલ માટે ફરીઆદ કરવાનો વખત બન્યો હોય તેમ છતાં ફરીઆદ કરી ન હોય તો પછી તેણે આંખ આડા કાન કરયા કહેવાય, એક વખત સ્ત્રીની ચાલ ખરાબ માલુમ પડી હોય ત્યારે એવી ચાલ ફરીથી નહી ચલાવવા ધણી તેને કહે તેમ છતાં બીજી વખતે તેવી ચાલ ચલાવે તો પેહેલી વખતે આંખ આડા કાન કરયા કહેવાય નહી.

છીનાળાની ફરીઆદ સ્ત્રીના ધણી વગર કિંવા તે છીનાળું કરતી વખતે જેના હવાલામાં હોય તેના વગર બીજાથી થય નહી, જુઓ ક્રી. પ્રે. કોડ, સને ૧૮૮૨ ના આકટ ૧૦ ની કલમ ૧૯૯

છીનાળાની ફરીઆદ કરયા પછી ધણી મરી જાય તો ઘણું કરીને તે ફરીઆદીનું કામ બંધ પડતુ નથી, મ. હા. કો. રી. ઓ, પ્ર, ૫૫

આ કલમ પ્રમાણેનું તહોમત સાબીત કરવાની વખત જે સ્ત્રી સાથે છીનાળું કરવામાં આવ્યું હોય તે સ્ત્રીને કયાંઇ લઇ જવામાં આવી ન હોય તો તહોમતદાર ઉપર ૪૯૮ મી કલમનું તહોમત આવી શકે નહી પ્રસંગે જ્યારે આંખ આડા કાન કરયા હોય ત્યારે છીનાળાનું તહોમત આવી શકે નહી. ૪ વા. રી. પ્ર. ૩૧

પોતાની સ્ત્રીને છીનાળું કરતાં કોઈ સખસે જોયું હોય અને તેથી ગુસ્સામાં આવી તે સ્ત્રીને તેણે મારી નાખી હોય તેને માટે જનમ દેશ નીકાલની સજા થઇ હોય તો પણ છીનાળું કરનાર ઉપર તે આ કલમ પ્રમાણે કામ ચલાવી શકે છે—રાણી વીરૂધ માધવચંદર ગીરમહંત. કલકતા હાઇકોરટ ૧૫ ડીસંબર સને ૧૮૭૩

છીનાળાના કેસમાં પ્રવેશ સાબીત થવો જોઇએ. એ પ્રવેશ જે બળાત્કાર સંભોગમાં જોઈએ છીએ તેવોજ જોઇએ, વળી છીનાળાના કેસમાં પ્રત્યક્ષ પુરાવ જોઇએ કે છીનાળું કરનારે તે સ્ત્રી અમુક શખસની બઈરી છે એવું જાણેલું હોવું જોઇએ એવી કાંઇ જરૂર નથી તે પરણેલી છે એવું તે જાણે એટલુ બસ છે.—રાણી વિરૂધ માધવચંદર ગીરમહંત કલકતા હાઇકોરટ ૧૫ ડીસંબર સને ૧૮૭૩

આ કલમ પ્રમાણે જે શખસ ઉપર તહોમત આવ્યું હોય, તે શખસે જે સ્ત્રી સાથે છીનાળું કરયાનું કહેવામાં આવતુ હોય તે સ્ત્રી સાથે નાત રીત પ્રમાણે નાતરૂં કરયાનું કહે તો એવે વખતે કોરટને એટલુંજ જોવાનું છે કે નાતરૂં કરતી વખત તે સ્ત્રી અમુક જણની પરણેલી સ્ત્રી છે એવું કેદી નીષ્કપટપણાથી જાણતો અથવા માનતો હતો કે નહી. જો તેમ હોય તો તહોમત રહી શકે નહી—રાણી વિરૂધ મનોહર રાયજી. ૫ મુ. હા. રી. પ્ર, ૧૭ (ફોજદારી)

આ કલમ પ્રમાણેના તહોમતમાં સ્ત્રી પરણેલી છે એવું પુરી રીતે સાબીત થવું જોઇએ, પીતાંબરસીંગના કામમાં, કલકતા હાઇકોરટની ફુલબેન્ચનો ઠરાવ. તા. ૧૨ ડીસંબર સને ૧૭૭૯

જે શખસે પોતાની સ્ત્રી સાથે બીજા કોઇએ છીનાળું કરયાની ફરીઆદ કરી હોય તેની ઉપર દીવાનીમાં નુકશાની લેવાની પણ ફરીઆદ થઇ શકે છે, લીંગી અને લીંગી વીરૂધ ગુરૂજી માહીસુરના જુડીશીઅલ કમીશનરની ઓફીસ, તા. ૨૦ જાનેવારી સને ૧૮૮૦

આ કલમ પ્રમાણેની ફરિયાદમાંના તહોમતમાંના ફરિયાદીએ રાજીનામુ આપ્યું, તે અમદાવાદના શેશનજડજે રદ કરયું છતાં તે મુંબાઇ હાઇકોરટે બાહાલ રાખી શિક્ષા રદ કરી. તા૦ ૨૪ જુન. ૧૮૬૪ તથા તા૦ ૧૪ જાનેવારી સને ૧૮૬૯ નેટીવ ઓપીનીયન પ્ર, ૧૧

ખરાબ ઇરાદાથી કેઇ પરણેલી સ્ત્રીને ફોસલાવી લઇ જવી અથવા રોકી રાખવી.

૪૯૮, જે સ્ત્રી કોઈ બીજા પુરૂષની સ્ત્રી છે, અને તેની સ્ત્રી છે એવું જે માણસ જાણે છે, અથવા એવું માનવાનું જેને કારણ છે અગર તે સ્ત્રીને તે પુરૂષ પાસેથી, અથવા તે પુરૂષની વતી જે શખસના હવાલામાં તે સ્ત્રી હોય તે શખસ પાસેથી લઇ જાય, અથવા ફોસલાવી લઇ જાય, એવા ઇરાદાથી કે તે સ્ત્રી કોઇ શખસની સાથે જાર કરમ કરે અથવા એવી કોઇ સ્ત્રીને તે ઇરાદાથી સંતાડી અથવા રોકી રાખે. તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બે

તેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા—કોઇ મરદ ઓરત એકઠાં રહેતાં હોય એવું સાબીત થાય તો તેઓ ભેગાં રહેતાં તે ધણી ધણીઆણી તરીકે રહેતા નહોતાં એવું સાબીત કરવાનો બોજો તહોમતદાર ઉપર છે રાણી વિરૂધ વઝીરા. ૮ બ, હા. રી, મ. ૬૩

જે સ્ત્રીને નસાડી લઇ જવામાં આવી હોય તે સ્ત્રીએ પોતાને લઇ જવા તહોમદારને કહ્યું હોય અને તહોમતદારે થોડા વખત સુધી ના કહી હોય પણ જો અંતે નસાડી લઇ જાય તો તેણે આ કલમ પ્રમાણેનો ગુનો કર્યો કહેવાય—રાણી વિરૂધ કુમાર સ્વામી. ૨ મ. હા, રી. મ. ૭૩૧

આ કલમ પ્રમાણેના ગુનામાં જે સ્ત્રી પોતાની ખુશીથી ભગાવી લઇ જનારની સાથે ગઇ હોય પણ આ કલમ પ્રમાણે ગુનો થાય છે. કેમકે આ કલમ પ્રમાણેના તહોમતમાં નસાડી લઇ ગએલી સ્ત્રીની મરજી હતી કે નહિ. તે કાંઇ અગત્યનું નથી. ૨ મ. હા. રી. એ, ૩૧

ધણી ભાડે લીધેલા ઘરમાં પોતાની સ્ત્રીને રાખી બહાર ગામ ગયો હોય તે ઘેરથી તે સ્ત્રીને લઇ જવી તે આ કલમ પ્રમાણે ગુનો છે.

આ કલમ પ્રમાણેના તહોમતમાં જે સ્ત્રીને ભગાવી લઇ જવામાં આવી હોય તે પરણેલી હતી એવું ખુલી રીતે સાબીત થવું જોઇએ. પીતાંબરસીંગના કામમાં કલકતા હાઇકોરટની ફુલ બેંચનો ઠરાવ, તા૦ ૮ ડીસેંબર સને ૧૮૭૯

—

ભાગ ૨૧ મો.

આબરૂ લેવા બાબત.

આબરૂ લેવી, ૪૯૯, જે માણસ બોલેલા અથવા વાંચવાને ઇરાદો રાખેલા શબ્દોથી અથવા કાંઇ ચિન્હો કે આકારોથી, કોઇ શખસની બાબત કાંઇ આરોપ મુકે અથવા પ્રગટ કરે, એવા ઇરાદાથી કે તે આરોપથી તે શખસની આબરૂને હાની પોહોચાડવી, અથવા હાની પહોચશે. એવું જાણીને અથવા એવું માનવાનું કારણ છતાં તો તેણે તે શખસની આબરૂ લીધી એમ સમજવું, પણ નિચના અપવાદો મધ્યની બાબતોમાં એમ સમજવું નહી

ખુલાસો ૧ લો—કોઇ મુએલા શખસની ઉપર કાંઇ આરોપ મુકવો એ આબરૂ લેવી થઇ શકે, જો તે આરોપ એવો હોય કે તેથી તે શખસ જીવતો હોય તો તેની આબરૂને હાની પોહોચે તથા એવા ઇરાદાથી તે આરોપ મુક્યો હોય કે તેથી તે શખસના કુટુંબને અથવા પાસેના બીજા સગાઓને માઠુ લાગે.

ખુલાસો ૨ જો—કોઇ કંપની અથવા મંડળી અથવા મનુષ્ય સમુદાય વિશે કાંઇ આરોપ મુકવો એ આબરૂ લેવી થઇ શકે.

ખુલાસો ૩ જો—વઇકલ્પિક રીતે અથવા વ્યાજોકિતની રીતે મુકેલો આરોપ આબરૂ લેવી થઇ શકે.

ખુલાસો ૪ થો—જે આરોપ પોતેજ અથવા દ્વારાંતરે બીજાઓની નજરમાં જે શખસની નીતી અથવા બુધ્ધિ વિશે હલકો વિચાર ઉત્પન ન કરે અથવા જે શખસનું પોતાની જાતી અથવા ધંધા સબંધી માન ઓછુ ન કરે, અથવા જે શખસની શાખ ઓછી ન કરે અથવા જે શખસનું શરીર કંટાળો ઉપજાવે એવા હાલતમાં અથવા જે હાલત ઘણા માણસોના વિચાર પ્રમાણે શરમ ભરેલી ગણાય છે તેવી હાલતમાં છે એવું માનવાનું કારણ ન થઇ પડે તે

આરોપથી તે શખસની આબરૂને હાની પોહોચી એમ સમજવું નહીં.

દ્રષ્ટાંત.

(અ) "ઝ ભલો માણસ છે, તેણે કદી બ નું ઘડીયાળ ચોર્યું નથી," એ પ્રમાણે અ બોલે, એવા ઇરાદાથી કે ઝ એ બ નું ઘડીયાળ ચોર્યું એમ માનવામાં આવે તો એ આબરૂ લેવી છે, પણ જો એકાદ અપવાદમાં એ દાખલ થાય તો નહીં.

(બ) બ નું ઘડીયાળ કોણે ચોર્યું? એવો સવાલ અ ને પુછતાં અ ઝ ની તરફ આંગળી કરે, એવા ઇરાદાથી કે બ નું ઘડીયાળ ઝ એ ચોર્યું એમ માનવામાં આવે તો એ આબરૂ લેવી છે; પણ જો એકાદ અપવાદમાં દાખલ થાય તો નહીં.

(ક) બ નું ઘડીયાળ લઇને ઝ નાશી જતો હોય એવું અ એક ચિત્ર પાડે, એવા ઇરાદાથી કે બ નું ઘડીયાળ ઝ એ ચોર્યું એમ માનવામાં આવે, તો એ આબરૂ લેવી છે, પણ જો એકાદ અપવાદમાં એ દાખલ થાય તો નહીં.

લોક કલ્યાણાર્થે જે સાચો આરોપ મુકવો અથવા પ્રગટ કરવો જરૂર હોય તે.

પેહેલો અપવાદ—જે કાંઈ સાચી વાતનો આરોપ કોઇ શખસની ઉપર મુકવો અથવા પ્રગટ કરવો, લોક કલ્યાણાર્થે જરૂર હોય તે આરોપ મુકવો અથવા પ્રગટ કરવો એ આબરૂ લેવી છે, એમ સમજવું નહીં તેમ કરવું લોકકલ્યાણાર્થે જરૂર છે કે નહીં એ હકીકતના બાબત છે.

સરકારી નોકરીની સરકારી અમલ સંબંધી ચાલ.

બીજો અપવાદ—પોતાનો સરકારી અમલ ચલાવવા સંબંધાની કોઇ સરકારી નોકરની ચાલ બાબત અથવા તે ચાલ ઉપરથીજ નજર આવતી તેની આબરૂ બાબત, શુધ બુદ્ધિથી કાંઇ પણ અભિપ્રાય આપવો એ આબરૂ લેવી છે એમ સમજવું,

કાંઇ સારવજનીક વિષય સબંધી કોઇ પણ શખસની ચાલ.

ત્રીજો અપવાદ—કાંઇ સારવજનીક વિષય સબંધી કોઇ પણ શખસની ચાલ બાબત અથવા તે ચાલ ઉપરથીજ નજર આવતી તેની આબરૂ બાબત, શુધ બુદ્ધિથી કાંઇ પણ અભિપ્રાય આપવો એ આબરૂ લેવી છે એમ સમજવું નહીં.

દ્રષ્ટાંત.

કાંઇ સારવજનીક વિષય સબંધી સરકારને અરજી કરવામાં, અથવા કાંઇ સારવજનીક વિષય સબંધી એક મંડળીમાં મેળવવાની દરખાસ્ત ઉપર સહી કરવામાં, અથવા તે મંડળીમાં જતા અથવા તે મંડળીના પ્રમુખ થવામાં, અથવા લોકનો આશ્રય માગનારી કોઈ સભા ઉભી કરવામાં અથવા તેમાં સામીલ થવામાં, અથવા જે જગાનું કામ સારી રીતે ચલાવવામાં લોકને ફાયદો હોય એવી કોઇ જગાને માટે કોઈ ઉમેદવારની તરફ સંમત માગવા અથવા આપવામાં ઝ ની ચાલ સબંધી શુધ બુદ્ધિથી અ ગમે તે અભિપ્રાય આપે તો તે આબરૂ લેવી છે એમ સમજવું નહીં,

ઇનસાફની કોરટમાંના મુકદમાઓની હકીકત છાપવી.

ચોથો અપવાદ—કોઇ ઇનસાફની કોરટમાંના મુકદમાનો અથવા તેના કોઇ મુકદમાના નિવેડાના મતલબ બરાબર હોય એવો ખરેખરો હેવાલ જાહેર કરવો, એ આબરૂ લેવી છે એમ સમજવું નહીં,

ખુલાસો—કોઇ ઇનસાફની કોરટમાં ચોકશી થતા પેહેલાં ખુલી કોરટમાં કોઇ સુલેહનો અમલદાર અથવા બીજો અમલદાર કાંઇ તજવીજ કરતા હોય તે ઉપલી કલમના અરથ પ્રમાણેની કોરટ છે એમ સમજવું

કોઇ ઇનસાફની કોરટ મધે ફેંસલા થ

પાંચમો અપવાદ—કોઇ ઇનસાફની કોરટમાં જે દિવાની કે ફોજદારી મુકદમાનો ફેંસલો થઇ ચુકયો હોય તે મુકદમાની કેફીયત બાબત

પેલા મુકદમાની કેફીયત અથવ તે માં હેલા તથા બીજા સબંધ રાખનારાઓની ચાલ.

અથવા એવા કોઇ મુકદમાનાં પક્ષકાર સાહેદ, અથવા મુખત્યાર દાખલ કોઇ પણ શખસની ચાલ બાબત, અથવા તે ચાલ ઉપરથીજ નજર આવતી તે શખસની આબરૂ બાબત શુદ્ધબુદ્ધિથી ગમે તે અભિપ્રાય આપવો એ આબરૂ લેવી છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંત.

(અ) "પેલા મુકદમામાં ઝ એ આપેલી શાહેદી એવી ઉલટી છે કે મને એમ લાગે છે કે તે મુરખ અથવા અ પ્રમાણીક હોવો જોઇએ" એ પ્રમાણે જો અ શુદ્ધ બુદ્ધિથી કહે તો તે આ અપવાદમાં દાખલ થાય છે, કેમકે જે અભિપ્રાય તે શાહેદ દાખલ ઝ ના ચાલ ઉપરથીજ નજર આવતી ઝ ની આબરૂ બાબત છે.

(બ) પણ જો તે એ પ્રમાણે કહે કે, "તે મુકદમામાં ઝ એ જે કહયુ તે હું ખરૂ માનતો નથી, કેમકે હું જાણુછું કે એ અ પ્રમાણીક માણસ છે" તો અ આ અપવાદમાં દાખલ થતો નથી. કેમકે ઝ ની આબરૂ બાબત જે અભિપ્રાય તે આપછે તે શાહેદ દાખલ ઝ ની ચાલ ઉપરથી આધાર રાખતા અભિપ્રાય નથી.

પ્રસિદ્ધ કરતાના ગુણ દોષ.

છઠો અપવાદ—જે કૃતી તેના કરતાએ લોકના વિચાર પર રજુ કરી છે એવી કોઇ કૃતી ગુણ દોષ વિશે અથવા તે કૃતીમાંજ નજર આવતી તેના કરતાની આબરૂ વિશે શુદ્ધબુદ્ધિથી કાંઇ પણ અભિપ્રાય આપવો એ આબરૂ લેવી છે એમ સમજવું નહી.

ખુલાસો—કાંઇ કૃતી લોકોના વિચાર પર સ્પષ્ટ રીતે રજુ થાય, અથવા તેના કરતાનાં કામો ઉપરથી તે લોકોના વિચાર પર રજુ કરી એવું અનુમાન થઇ શકે.

દ્રષ્ટાંત.

(અ) જે શખસ કાંઇ પુસ્તક પ્રગટ કરેછે તે તે પુસ્તક લોકના વિચાર પર રજુ કરે છે.

(બ) જે શખસ જાહેર રીતે કાંઇ ભાષણ કરેછે તે તે ભાષણ લોકના વિચાર પર રજુ કરેછે

(ક) જે નાટકવાળો અથવા ગાનારો લોકની આગળ નાટકમાં વેશ લઇને આવે તે પોતાની નાટકની અથવા ગાયનની કૃતી લોકના વિચાર પર રજુ કરે છે.

(ડ) ઝ એ એક પુસ્તક પ્રગટ કરયુ છે, તે વિશે અ એમ કહે કે, "ઝ નું પુસ્તક બેવકુફી ભરેલુ છે, માટે ઝ મંદબુધિ હોવો જોઇએ, ઝ નું પુસ્તક બીભસ્ત છે માટે ઝ નઠારા મનનો માણસ હોવો જોઇએ" હવે જો એ પ્રમાણે અ શુધ બુધિથી કહેતો હોય તો તે આ અપવાદમાં દાખલ થાય છે, કેમકે ઝ બાબત જે અભિપ્રાય તે આપે છે, તે ફકત ઝ ના પુસ્તકમાંજ નજર આવતી ઝ ની આબરૂ બાબત છે.

(ઈ) પણ જો તે એમ કહે કે "ઝ નું પુસ્તક બેવકુફી ભરેલુ તથા બીભસ્ત છે એ જોઇને મને કાંઇ આશ્ચર્ય લાગતું નથી, કેમકે તે જાતેજ મંદબુદ્ધિ તથા લોંદા છે,' તો અ આ અપવાદમાં દાખલ થતો નથી કેમકે ઝ ની આબરૂ બાબત જે અભિપ્રાય તે આપેછે તે ઝ ના પુસ્તક ઉપર આધાર નાખતો અભિપ્રાય નથી.

જે શખસનો બીજા શખસની ઉપર કાયદા પ્રમાણે અખત્યાર છે તેણે શુદ્ધબુદ્ધિથી તે બીજા

સાતમો અપવાદ—જે શખસને કોઇ બીજા શખસની ઉપર કાયદાએ આપેલો કાંઇ અખત્યાર હોય અથવા તે બીજા શખસની સાથે કરેલાં કાંઇ કાયદેસર કરારમાંથી નિકળતો અખત્યાર હોય, તે શખસ જે બાબતોને તે કાયદેસર અખત્યાર લાગે છે તે બાબતોમાં તે બીજા શખસની ચાલ સબંધી શુદ્ધબુદ્ધિથી કાંઇ ઠપકો દે, તો તે આબ

શખ્સનેહીતેઠપકો દે લેવી છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંત.

જે જડજ કોઇ શાહેદની અથવા કોરટના કોઇ અમલદારની ચાલ સબંધી શુધ બુધ્ધિથી ઠપકો દે તે. કોઇ ખાતાના ઉપરી પોતાના હુકમ તળેના માણસોને શુદ્ધબુધ્ધિથી ઠપકો દે તે, મા અથવા બાપ પોતાના છોકરાને બીજા છોકરાઓના દેખતાં શુધબુધ્ધિથી ઠપકો દે તે, કોઇ મેહેતાજી જેના અખત્યારમાં અથવા બાપથી મગલો છે તે કોઇ નિશાળી યાને બીજા નિશાળીયાઓના દેખતાં શુધબુધ્ધિથી ઠપકો દે તે, નોકરીમાં આળસ કરવા સારૂ કોઇ શેઠ પોતાના ચાકરને શુધબુધ્ધિથી ઠપકો દે તે, કોઇ સરાફ પોતાની પેહેડીના કીલીદારને તે કીલીદારની કીલીદારી બાબતની કાંઈ ચાલને વાસ્તે શુધ બુધ્ધિથી ઠપકો દે તે; એ સઘળા આ અપવાદમાં દાખલ થાય છે.

કાયદા પ્રમાણે અખત્યાર આપેલા શખસની આગળ શુધબુધ્ધિથી મુકેલું તહોમત.

આઠમો અપવાદ.—કોઇ પણ શખ્શની ઉપર તહોમતની બાબતમાં તે શખ્સની ઉપર જે શખ્સોનો કાયદા પ્રમાણે અખત્યાર હોય તે શખ્સોમાંના કોઇ પણ શખ્સની આગળ શુધબુધ્ધિથી કાંઇ તહોમત મુકવું, એ આબરૂ લેવી છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંત.—જો અ કોઇ માજીસ્ટ્રેટની આગળ ઝ ની ઉપર શુધબુધ્ધિથી કાંઇ તહોમત મુકે, જો અ કોઇ ઝ ચાકરની ચાલ બાબત ઝ ના શેઠની આગળ શુધબુધ્ધિથી ફરિયાદ કરે, જો અ કોઇ ઝ છોકરાની ચાલ બાબત ઝ ના બાપની આગળ શુધબુધ્ધિથી ફરીયાદ કરે તો અ આ અપવાદમાં દાખલ થાય છે.

કોઇ શખ્સે પોતાનો લાભ જાળવવાને શુધબુધ્ધિથી મુકેલો આરોપ.

નવમો અપવાદ.—બીજાની આબરૂ પર કાંઇ આરોપ મુકવો એ આબરૂ લેવી ન ગણાય, પણ ક્યારે કે તે આરોપ મુકનાર શખ્સ પોતાનો, અથવા કોઇ બીજા શખ્શનો લાભ જાળવવાને, અથવા લોક કલ્યાણ અર્થે શુધબુધ્ધિથી તે આરોપ મુકતો હોય તો.

દ્રષ્ટાંત.

(અ) અ એક દુકાનદાર પોતાના ગુમાસ્તા બ ને એ પ્રમાણે કહે કે ઝ રોકડા નાણા તને ન આપે તો તને કાંઇ માલ તું વેચીશમાં, કેમકે તેના પ્રમાણિકપણા વિશે મારો વીચાર સારો નથી, હવે જો પોતાનો લાભ જાળવવા સારૂ, શુધબુદ્ધિથી અ એ ઝ ની ઉપર આ આરોપ મુકયો હોય, તો અ આ અપવાદમાં દાખલ થાય છે.

(બ) અ એક માજીસ્ટ્રેટ પોતાના ઉપરી અમલદારને રિપોટ કરવામાં ઝ ની આબરૂ બાબત કાંઇ આરોપ મુકે હવે શુધબુદ્ધીથી લોક કલ્યાણાર્થે તે આરોપ મુકયો હોય, તો અ આ અપવાદમાં દાખલ થાય છે.

સુચના જે શખસને આપી હોય તે સખસનો ફાયદો થાય એવા ઇરાદાથી અથવા લોક કલ્યાણાર્થે આપી હોય તે.

દશમો અપવાદ—નુકશાનથી હોંશિયાર રેહેજે એવી સુચના શુધબુદ્ધિથી કોઇ શખ્સને આપવી, એ આબરૂ લેવી ગણાય નહી પણ ક્યારે કે જે શખ્શને તે સુચના આપી હોય તે શખ્સનો, અથવા જે શખ્સની સાથે તેનો સબંધ હોય એવા કોઇ શખ્શનો ફાયદો, થાય એવા ઇરાદાથી અથવા લોક કલ્યાણના ઇરાદાથી તે સુચના કરી હોય તો.

ટીકા.—એક પોલીસના ઇનસ્પેકટરને બ્રજનાથ નામનો શખ્સ ડકોઇટીનો આગેવાન છે કે નહી તેનો તપાસ કરવા મોકલવામાં આવ્યો તેણે એવો રીપોટ કર્યો કે તે વાત ખોટી છે

અને ગામના વાણીઆઓ દ્વેષભાવથી તેને શિક્ષા કરાવવાને પ્રયત્ન કરે છે તેણે એવું લખ્યું કે—ખાનગી તપાસથી મને એવું માલુમ પડે છે કે વાણીઆના ઘરમાં જે બાઇડીઓ છે તેઓમાંની પ્રભુનાથ સાથે એક બે રાત રહી નથી એવી થોડીજ બાયડી છે. એ કામમાં ઠરાવવામાં આવ્યું કે તહોમતદારે વાણીઆઓની સ્ત્રીઓની આબરૂ લેવાનો ગુનો કર્યો. રાજના રાયનસીંક. ઈ. ડા, પ્ર. ૪૨

આ પેનનકોડમાં લખેલા અને બોલેલા ગેરઆબરૂના વાક્ય માટે કાંઇ તફાવત પાડયો નથી રાણી વિરૂધ મહંનપરસો રામદાસ. કો. ઇ, ડા, પ્ર, ૩૪૮

કોઇ વકીલ અથવા મુખ્ત્યાર તેના અસીલે આપેલી હકીકત ઉપરથી પોતાની પ્લીડીંગ (લખેલી તકરાર) માં વગર કપટે કાંઈ ગેરઆબરૂ થાય એવી હરકત લખે તો આ કલમના અપવાદ ૯ મા પ્રમાણે તેનો બચાવ થાય છે. પણ જો એવી હકીકત તેને મળી ન હોય અને દ્વેષથી એવી હકીકત લખે તો તેનો બચાવ થતો નથી—રાણી વિરૂધ ક્રીસ્ચન. ૨ અ. હા. રી. પ્ર. ૨૭૩

પોતાના ઉપરીના હુકમથી કાંઇ રીપોર્ટ કરવામાં આવે તેમાં બીજા શખસો વિરૂધ વગર કપટે અને વ્યાજબી રીતે કાંઇ તહોમત આવે એવું લખે તો આકલમના ૯ મા અપવાદ પ્રમાણે તેનો બચાવ થાયછે—રાજનારાયણસેન વિરૂધ ડીગંબરપાલ, ૧૪ વી, રી. પ્ર. ૨૨

તહોમતદારે ફરીઆદીની ગેરઆબરૂ કરવાથી ફરીયાદીને કાંઇ ખરેખરૂં નુકશાન થયેલું હોવું જોઇએ એવી કાંઇ જરૂર નથી. જે ગેરઆબરૂનું કૃત્ય કર્યું હોય તેથી ફરીઆદીને હાની થશે એવું તે જાણતો અથવા માનતો હોય તો બસ છે. રાણી વિરૂધ થાકરદાસ,તા. ૫ ફેબ્રુઆરી સને ૧૮૭૪ અ. હા.

એક બ્રાહ્મણે પાડોશના કોઇ ગામના બ્રાહ્મણ લોકને પોતાના અને પોતાના ગામના બ્રહ્મણોના કોઈ ધર્મની બાબત વીશે ઠરાવ મેળવવાને માટે કાંઇ કાગળ નીષ્કપટપણાથી લખ્યો હોય તો તેનો બચાવ આ કલમના અપવાદ ૮ અને ૧૦ પ્રમાણે થાય છે. રાણી વીરૂધ કાશીનાથ બરવાજીબાપુલા મુ. હા. રી. પ્ર. ૧૬૮ (ફોજદારી)

આ કલમમાં પ્રમાણેના ગુનાના તહોમતની તજવીજ આ કલમમાં બતાવ્યા પ્રમાણે થાય એ બાબત અંગરેજી કાયદામાં બતાવ્યા પ્રમાણે તજવીજ થાય નહી. ૧૪ વી, રી. ૨૭

એક શખશની આબરૂને હાની થાય એવા કાંઇ તહોમત લખીને કોરટમાં કાંઇ અરજી આપવામાં આવે એવી મતલબથી કે કોરટમાં તે વંચાવાથી ઘણા માણસ તે જાણે, તહોમતદારના આકૃત્યથી તેણે તે અરજી છાપી હોય એવો અર્થ થાય છે. ૧૪ વી. રી. પ્ર. ૨૭

પોતાના દીકરાના બચાવ અરથે બાપ કાંઇ ગેરઆબરૂ થાય એવો બોલ્યો હોય તો તેણે તે શુધબુધીથી બોલ્યાનુ સાબીત કરતાં સુધી આ કલમના અર્થ પ્રમાણે ગુનો ઠરે છે—રાણી વીરૂધ પરસોરામદાસ ૩ વી, રી, પ્ર. ૪૫

દ્વેષભાવથી કાંઇ ખોટો આરોપ લાવવામાં આવે તો તે આબરૂ લેવાનો ગુનો થાય છે ૨ વી. રી. પ્ર, ૩૫

આબરૂ લેવાના કેશમાં આબરૂ જાય એવી મતલબનો મુદ્દાનો કાગળ ટપાલ રસ્તે અમુક ઠેકાણે મોકલવામાં આવ્યો હતો એવી સાબીતી આપવામાં આવે તો એ પ્રાંતમાં તે કાગળ પ્રસીદ્ધ થયો એવું ગણવું જોઇએ. ૫ વી, રી. પ્ર, ૪૪

ફરીઆદી નીચ કોમનું માણસ હોય પણ તેની ઉપર ચોરીનું ખોટું તહોમત મુકવામાં આવે તો તે આબરૂની ફરીયાદ કરી શકે. ૨ વી રી. પ્ર. ૩૬

ફક્ત શલ્યતાવરજવાથી નીંદા કરી કીંવા આબરૂને નુકશાન પોચાડયું એમ થતું નથી.

મ. હા કો. વા. ૩ મ. ૪

આ કલમ પ્રમાણેના ગુના માંહિ માંડી માંડી વાળી શકાય. જુઓ શને ૧૮૮૨ આકટ ૧૦ ની કલમ ૩૪૫

આબરૂ લેવાની શિક્ષા.

૫૦૦. જે માણસ કોઈ બીજા માણસની આબરૂ લે, તેને બે વરસ ની મુદત સુધીની આસાન કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ટીકા—આ કલમ પ્રમાણે સુરતમાં એક ગુજરાત મીત્ર નામના દર અઠવાડીએ પ્રગટ થતા વરતમાન પત્રના એડીટર ઉપર રકોટર પોલીસે ફરીઆદ કરવાથી તહોમત મુકવામાં આવેલું તે બાબત સુરતના ફ સ્ટ કલાસ માજીસ્ત્રેટ મી. જગજીવનદાસે આરોપીત કીકાભાઇ પરભુદાસ પર ગુન્હો સાબીત કરી તેના રૂ ૫૦૦) દંડ કરયા અને તે ન આપે તો પાંચ માસ આસાન કેદ ભોગવે એવી રીતે નિચેના કારણોથી શિક્ષા કરી.

આબરૂ લેવાનો મજકુર છાપ્યો છે તેમાં જે આરોપ પોલીસ પર આણેલો છે તે ખરો નથી. તે આરોપ પ્રમાણીકપણે આંણેલો નથી, તેથી કલમ ૪૯૯ માંહેલા અપવાદો માંહેથી ૧, ૨, અને ૯ મા અપવાદનો આરોપીતને લાભ મળવાનો હક નથી,

ઉપર મુજબ માજીસ્ત્રેટના હુકમ ઉપર સેસન કોરટને આરોપીતે અપીલ કરી, તેથી સેસન જડજે તહોમત સાબીત રાખી શિક્ષામાં ઘટાડો કરી રૂપીઆ એકસો દંડ કાયમ રાખ્યો—સેસન જડજના હુકમ ઉપર આરોપીતે મુંબાઇ હાઇ કોરટને અરજ કરી. તેમાં ઉપરની શિક્ષા બહાલ રહી. મુ. હા, રી, વા, ૯ પ્ર. ૪૫૧ સરકાર વિરૂધ કીકાભાઇ પરભુદાસ.

કાંઇ બાબત આબરૂ લેવા જેવી છે એવુ જાણીને તે છાપવી અથવા કોતરવી

૫૦૧. કાંઇ બાબત કોઇ શખસની આબરૂ લેવા જેવી છે એવું જાણીને, અથવા એવું માનવાનું સારૂ કારણ છતાં જે માણસ તે બાબત છાપે અથવા કોતરે, તેને બે વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

આબરૂ લેવા જેવી બાબતવાળી છાપેલી અથવા કોતરેલા વસ્તુ વેચવી.

૫૦૨. કોઇ પણ છાપેલી અથવા કોતરેલી વસ્તુમાં આબરૂ લેવા જેવી કાંઇ બાબત છે એવું જાણીને જે માણસ તે વસ્તુ વેચે, અથવા તે વેચવા માંડે, તો તેને બે વરસની મુદત સુધીની આસાન કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

બાબ ૨૨ મો

સાપ્રાધ ધમકી, તીરસ્કાર તથા દુઃખ બાબત.

સાપ્રાધ ધમકી.

૫૦૩. જે શખસ કોઈ બીજા શખશને તેના શરીરને, આબરૂને, અથવા મિલકતને કાંઇ નુકશાન કરવાનો, અથવા જેની સાથે તે બીજા શખશને સબંધ હોય તેના શરીરને, અથવા આબરૂને કાંઇ નુકશાન કરવાનો ડર દેખાડે, એવા ઇરાદાથી. કે તે શખશને ગભરાટ પેદા થાય, અથવા તે ડર અમલમાં ન આવે એટલા માટે, જે કામ કરવાની તેની કાયદા પ્રમાણે ફરજ ન હોય તે કામ તે શખશ કરે અથવા જે કામ કરવાનો તેનો કાયદા પ્રમાણે હક હોય તે કામ કરવામાં તે શખશ કસુર કરે, તેણે સાપ્રાધ ધમકીનો ગુનાહ કરયો એમ સમજવું.

ખુલાસો—કોઈ મુવેલા શખસની સાથે જે શખસનો સબંધ હોય તે શખસને તે મુવેલા શખસની આબરૂને નુકશાન કરવાનો ડર દેખાડવો, તે આ કલમમાં દાખલ થાયછે.

દ્રષ્ટાંત—એક દિવાની મુકદ્દમો ચલાવતો બંધ થાય એવા હેતુથી **અ** **બ** ને ડર દેખાડે કે હું તારૂં ઘર બાળી નાંખીશ, તો **અ** સાપરાધ ધમકીના ગુન્હાનો તકશીરવાર છે, એમ સમજવું.

ટીકા—આરોપીતે ફરીયાદીને ઘેર જઇને એમ કહ્યું કે હું સરકારમાંથી આવ્યોછુ ને તારી બેહેનને તું બાહાર જવા નહીં દે તો અગર માહારે ઘેર આવવા નહીં દે તો તને હું છ મહીનાની શિક્ષા કરાવીશ. આ કામમાં એમ ઠરાવવામાં આવ્યું કે, કલમ ૫૦૩ પ્રમાણે અન્યાયથી ધમકી આપ્યાનો અપરાધ થતો નથી. કારણ કે તે કલમમાં કહ્યા પ્રમાણે આ ધમકી આપી એમ થતું નથી. તેમજ બીજો કાંઇ પણ ગુન્હો થતો નથી, ને તે ગુન્હાની શિક્ષા ઉપર અપીલ કોરટે શિક્ષા બાહાલ રાખી છે તો પણ ચિંતા નથી; આ કામમાં હાઇ કોરટે શિક્ષા રદ કરી. મુ. તા૦ ૧૩ જુલાઇ સને ૧૮૭૧ વા. ૮ મ ૧૦૧

આ કલમ ૫૦૩ અને ૫૦૬ પ્રમાણે કોઇ શખસની ઉપર તોહોમત સાબીત થયું હોયતો જે માજીસ્ત્રેટે તોહોમત સાબીત કરયું હોય તો તે માજીસ્ત્રેટને તે આરોપીત પાસેથી સુલેહ રાખવા બદલનો જાત મુચલકો માગવાનો અધિકાર જુના ક્રીમીનલ કલમ ૪૮૯ ઉપરથી પોહોચતો નથી.

સમાધાનીનો ભંગ કરવાના ઇરાદાથી જાણી જોઇને કોઇનો તિરસ્કાર કરવો.

૫૦૪. જે માણસ ઇરાદાથી કોઇ શખસનો તીરસ્કાર કરીને તેને ક્રોધ ઉત્પન્ન કરે, એવા ઇરાદાથી કે તે ક્રોધને લીધે તે લોકની સુલેહમાં ભંગ કરે અથવા કાંઇ બીજો ગુનો કરે, અથવા એમ જાણીને કે તે શખસ તે ક્રોધને લીધે તે સુલેહમાં ભંગ અથવા કાંઇ બીજો ગુન્હો કરશે એવો સંભવ છે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

બંડ અથવા રાજ્ય વિરૂદ્ધ ગુન્હો વિગેરે કરવાના ઇરાદાથી ખોટી બુમ ચલાવવી

૫૦૫. કાંઇ વાત, અફવા, અથવા બુમ જે માણસ ખોટી જાણતો હોય તે માણસ તે ચલાવે અથવા પ્રગટ કરે, એવા ઇરાદાથી કે રાણીની જમીનપરની અથવા દરીયાઇ ફોજ માંહેલા કોઈ આફીસર, સોલજર, અથવા ખલાસી બંડ કરે. અથવા એવા ઇરાદાથી લોકમાં ભય અથવા ગભરાટ પેદા થાય, અને તેણે કરીને કોઇ શખસને રાજ્ય વિરૂદ્ધ અથવા લોકની સમાધાની વિરૂદ્ધ કાંઇ ગુન્હો કરવાનું મન થાય તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

સાપરાધ ધમકીના ગુન્હાની શિક્ષા.

૫૦૬. જે સાપરાધ ધમકીનો ગુન્હો કરે તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે. અને અગર મોત અથવા મહાવ્યથા કરવાનો, અથવા આગથી કાંઈ મિલકતનો નાશ કરવાનો અથવા મોતની કે સમુદ્રપારની અથવા સાત વરસની મુદત સુધીની કેદની શિક્ષા થાય, એવો કાંઇ ગુન્હો કરાવવાનો અથવા કોઈ સ્ત્રીની સાથે વ્યભિચારનો દોષ મુકવાનો ડર દેખાડયો હોય તો તેને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બનેની શિક્ષા ક

જો તે ધમકી મોત અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય તો.

વામાં આવશે.

ટીકા—આ કલમ પ્રમાણે એક ભીખાભાઇ રામદાસ ઉપર બીજાને ધોકો પોચે એવો ભય બતાવી કાગળ લખી ચોડવાનું તોહોમત રાખી સુરતના સેશન જડજે તેને પેહલા તોહોમત બદલ સાત વરસ તથા બીજા બદલ બે વરસ, એ રીતે શિક્ષા કરી તેમાં હાઇ કોરટે એમ ઠરાવ્યું કે આ કામમાં એકજ ગુન્હો બન્યો છે એમ કામની કેફીયત ઉપરથી જણા છે; માટે પેહલા ગુન્હાને માટે સેશન જડજે આપેલી શિક્ષા કાયમ રાખી બાકીની રદ કરી.

સુ. હા. કો. રી, વા. ૪ પ. ૧૨

નનામા સંદેશાની મારફતે સામાન્ય ધમકી.

૫૦૭. કોઇ નનામા સંદેશા વડે અથવા ડર દેખાડનાર શખસનું નામ કે તેનું રેહેવાનું ઠેકાણું છુપાવવાની આગળથી તદબીર કરીને, જે માણસ સાપરાધ ધમકીનો ગુન્હો કરે તેને તે ગુનાહને માટે ઉપલી કલમમાં ઠરાવેલી શિક્ષા ઉપરાંત, બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની બીજી શિક્ષા કરવામાં આવશે.

મારી ઉપર ઇશ્વરની અપ્રસંતા થશે એવો ભય ઉત્પન્ન કરીને કોઇ શખસ પાસે કાંઇ કામ કરાવવું.

૫૦૮. કોઇ પણ શખસનો જે વસ્તુ કરવાની કાયદા પ્રમાણે ફરજ નહી હોય તે વસ્તુ જે માણસ બુદ્ધિપુરવક તે શખસ પાસે કરાવે, અથવા કરાવવાની કોશીશ કરે, અથવા જે વસ્તુ કરવાનો તે શખસનો કાયદા પ્રમાણે હક હોય તે વસ્તુ કરવામાં તેની પાસે કસુર કરાવે અથવા કસુર કરાવવાની કોશીશ કરે, અને તે એવી રીતે કે જે વસ્તુ મારી પાસે કરાવવાની એ ગુન્હેગારની મતલબ છે તે હું નહી કરૂં તો, અથવા જે વસ્તુ કરવામાં મારી પાસે કસુર કરાવવાની એ ગુન્હેગારની મતલબ છે તે હું કરૂં તો મારી ઉપર અથવા જેની સાથે મારો સબંધ છે એવા કોઇ શખસની ઉપર ઇશ્વરની અપ્રસંતા થશે; અથવા એ ગુનેગાર કાંઇ કરીને ઇશ્વરની અપ્રસંતા કરાવશે એવો ભય તે શખસના મનમાં બેસાડી અથવા બેસાડવાની કોશીશ કરીને તે એ પ્રમાણે કરે, તો તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

(અ) અ ઝ ને બારણે લાંઘવા બેસે, એવા ઇરાદાથી કે એમ તેને બારણે બેસવાથી ઝ ની ઉપર ઇશ્વરની અપ્રસંતા થશે એવો સંભવ ઉત્પન્ન થાય, તો આ કલમમાં બ્યાન કરેલો ગુનાહ અ એ કીધો એમ સમજવું.

(બ) અ ઝ ને એવી રીતે ડરાવે કે જો તું ફલાણું કામ નહી કરે તો હું મારા છોકરાઓમાંના એક છોકરાનો જીવ તને આપીશ; અને તે એવી હાલતમાં હોય કે તે પોતાના છોકરાનો જીવ આપશે તો તેથી ઝ ની ઉપર ઇસ્વરની અપ્રસંતા થશે, એવો ભય ઉત્પન થાય, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરયો એમ સમજવું.

કોઇ સ્ત્રીને લજવવાના ઇરાદાથી બોલેલા શબ્દ અગર કરેલા ચાળા.

૫૦૯. કોઈ સ્ત્રીને લજવવાનો બિચાર કરીને જે માણસ કાંઇ શબ્દ બોલે, અથવા કાંઇ અવાજ કે ચાળો કરે અથવા કાંઇ વસ્તુ દેખાડે એવા ઇરાદાથી કે તે સ્ત્રી તે શબ્દ અથવા અવાજ સાંભળે અથવા તે ચાળો અથવા વસ્તુ જોય. અથવા તે સ્ત્રીની એકાંત જગાપર હોય ત્યાં જે માણસ વગર રજાએ ઘુસે તેને એક વરસની મુદત સુધીની આસાનકેદની અથવા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ખુલ્લી રીતે પીધે લા શખસની એ મુ નસબ ચાલ.

૫૧૦, જે માણસ કેફની હાલતમાં છતાં કોઇ જાહેર જગામાં જાય, અથવા જે જગામાં તેણે વગર રજાએ જવું કાયદા વિરૂધ હોય એવી કોઇ જગામાં જાય અને ત્યાં કોઇ શખસને દુખ થાય એવી રીતે ચાલે તેને ચોવીસ કલાકની મુદત સુધીની આસાન કેદની, અથવા દશ રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે,

ટીકા—આ કલમ પ્રમાણે ગુનેહગારોને દંડ બદલ કેદ ચોવીસ કલાકના ચોથો હીસ્સો થવી જાઇએ. મુંબઈ હાઇકોરટ તા૦ ૮ જુલાઇ સને ૧૮૬૪ નંબર ૮૨૩

દારૂના નીસો કરી દુખ કરનારને શિક્ષા થાય છે તેજ પ્રમાણે ભાંગનો તથા માજમનો નીસો કરી દુખ કરનારને સિક્ષા કરવા માટે સરકારનો પત્ર તા૦ ૯ જુન સને ૧૮૫૯ નંબર ૧૩૬૮-નો આવા ગુનાહને વાસ્તે સને ૧૮૬૭ ના આકટ ૭ થી (રૂ ૫૦) દંડ ને ત ન આપે તો દીન ૮ કે. થઇ શકે છે.

બાબ ૨૩ મો.

ગુન્હા કરવાની કોશીશ બાબત.

જે ગુનાહોને માટે સમુદ્રપારની અથવા કેદની શિક્ષા ઠરાવી છે તે ગુનાહ કરવાની કોશીશ કરવાની શિક્ષા.

૫૧૧. જે ગુનાહને માટે આ કાયદામાં સમુદ્રપારની અથવા કેદની શિક્ષા ઠરાવી હોય એવો કોઇ ગુનાહ કરવાની અથવા એવો કોઇ ગુનાહ કરવાની જે માણસ કોશીશ કરે અને તે કોશીસમાં તે ગુનાહ કરવા તરફ કાંઇ કામ કરે તે માણસને તેવી કોશીશને માટે શિક્ષા સંબંધી કાયદામાં કાંઇ સાફ ઠરાવ ન કરયો હોય તેવે ઠેકાણે તે ગુનાહને માટે જે પ્રકારની કેદની શિક્ષા ઠરાવી હોય તે પ્રકારની તથા તે ગુનાહને માટે કેદની અથવા સમુદ્રપારની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની અડધી મુદતની કેદની અથવા સમુદ્રપારની અથવા તે ગુનાહને માટે ઠરાવેલા દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે-

દ્રષ્ટાંત.

(અ) અ એક પેટી ફોડીને કાંઇ ઝવેર ચોરવાની કોશીશ કરે, અને તે પેટી ફોડ્યા પછી તેને માલમ પડે કે માંહે કાંઇ ઝવેર નથી, તો તેણે ચોરી કરવા તરફ એક કામ કીધું માટે આ કલમ પ્રમાણે તે તકશીરવાર થયો એમ સમજવું.

(બ) અ ઝ ના ખીસામાં હાથ ઘાલીને તેમાંથી ચોરી કરવાની કોશીશ કરે, અને ઝ ના ખીસામાં કાંઇ વસ્તુ ન હોવાને લીધે અ તે કોશીશમાં પાર ન પડે, તો આ કલમ પ્રમાણે અ તકશીરવાર થયો એમ સમજવું.

ટીકા—એક ગામમાં બાળવાના કોયલાના કટકાથી વીંટાળેલા ચીંથરાના દડાથી વારંવાર આગ ઉઠતી હતી. તહોમતદાર એક સાંજે તેના ધોતીઆની અંદર એવો એક દડો સંતાડેલો હતો, એવી સ્થિતિમાં હાથ આવ્યો તેમાં ઠરાવવામાં આવ્યું કે તેણે આગથી નુકશાન કરવાના ગુન્હાની કોશીશ કરી વળી તેમાં ઠરાવવામાં આવ્યું કે આગથી નુકશાન કરવાનો ગુનાહ કરવાના કાંઇ સાહીત્ય કોઇ શખસ પાસે માલમ પડયાં હોય તો તેણે એ ગુનાહ કરવાનો ઇરાદો રાખ્યો હતો અને એ કૃત્ય સંપુરણ કરવા તરફ તેણે શરૂઆત કરી હતી એવું

શાણી વિરૂધ દયાળ બાકેરી
ગણવાને પુરતુ છે. જસ્ટીસમીતર આ મતથી જુદા પડ્યા હતો.
૩ બેં. હા. રી. પ્ર. ૫૫
એક શખસે એક ખાડો ખોદી તેમાં મીઠુ ભરવાનો ઇરાદો કરયો એટલા માટે કે એ મી
ઠુ માલમ પડવાથી એ બાબતની તપાસ થઇ પોતાના દુસ્મન ઉપર કામ ચલાવવામાં આવે
તેમાં ઠરાવગમાં આવ્યું કે તહોમતદારે ખોટો પુરાવો બનાવવાની કોશીશ કરી. ૪ બ. હા.
રી. પ્ર. ૧૩૩
આવા સખસો ઉપર તહોમત કેમ મુકવુ તે માટે જુઓ ક્રી. પ્રો, કોડ સને ૧૮૮૨ ના
આક્ટ ૧૦ ની કલમ ૨૩૯
આ કલમ પ્રમાણે ગુન્હો સપુરણ થવા માટે તોહોમતદારે ખરેખર ઇરાદો કરયો, અ
ગર ગુન્હો કરવા માટે તઇયારી કરી, અથવા પ્રયત્ન કરયુ એટલી બાબત સાબીતી થવી જો
ઇએ. આ બાબત મી૦ મેન પોતાના પેનલકોડની ટીકાના ગ્રંથમાં કહે છે કે—દરેક ગુન્હો
સંપુરણ થતા પેહેલાં ઉપર કહેલી ત્રણ વાત થઇ ગયેલી હોવી જોઇએ.
માત્ર ઇરાદો કરવાથીજ સજા થાય નહી, તેમ ગુનાહ કરવાની તઇયારી કરવાથીજ મા
ત્ર તોહોમત લાવી શકાય નહી કોશીશ કરવા માટેની તઇયારી કરી, અને કોશીશ કરી
તેમાં ઘણો તફાવત છે તઇયારી કરવાનો અરથ એ છે કે, જે ગુનાહ કરવા માટે સાધન કી
વા યોજના કરવાની હોય તે કરવી. કોશીશનો અરથ એ છે કે તઇયારી કરયા પછી તે
ગુનોહ કરવા તરફ કાંઇ સીધ્ધ કા કરવું, જેમ કોઇ શખસ તેના પડોશીને મારવા નકી
ઇરાદાથી એક બંદુક વેચાતી લઇને તેને ભરે પણ તેના પડોશીના શરીર ઉપર તે બંદુ
ક મારવાને માટેનું કાંઇ કૃત ન કરે ત્યાં સુધી માત્ર તેણે બંદુક મારવાની તઇયારી કરી
કેહેવાય, કોશીશ કરી કેહેવાય નહી. (જુઓ તેની પેનલકોડ ઉપરની ટીકાની આવૃતી ૯નું
પાનું ૪૧૬.
આરોપીતે ટોટી ચડાવ્યા વગર બંદુક ઉગામી એવું સમજીને કે તેના ઉપર ટોટી ચ
ડાવેલી છે ને તેનું ખુન કરવાના ઇરાદાથી ઉગામી હતી પણ કેહીને (ટરીગર, ખેચતાં અ
ટકાવેલો છે સબબ કલમ ૩૦૭ પ્રમાણે ખુનની કોશીશ કરવાનો ગુનોહ થતો નથી પણ
આવી હકીકત છતાં કલમ ૨૯૯—૩૦૦ ની સાથે કલમ ૫૧૧ પ્રમાણે ફકત ખુનની કો
શીશનો આરોપ સાબીત થઇ શકે છે મું. હા કો તા. ૨૩ ડીસંબર સને ૧૮૬૭ વા.૪પ્ર.૧૭
પેનલકોડના બ.બ ૧૨ અથવા ૧૭ પ્રમાણે જે ગુનોહ ત્રણ અથવા વધારે વરસની કે
દની શિક્ષાને પાત્ર છે તેવો કોઇ ગુનાહ કરવાને કોશીશ કરયાનો ગુનાહ કોઇ શખસ ઉ
પર સાબીત થયો હોય તો તેથી તે શખસ પીનલકોડ કલમ ૭૫ માં ફરમાવેલી વધારે સ
જાને પાત્ર થતો નથી. સરકાર વિરૂધ નાના રહીમ મુ હા. કો. રી. વા. ૫ પ્ર. ૧૪૦
તા૦ ૨૮ મી અક્ટોબર સને ૧૮૮૧

(ટ્રુ ટરાન્સલેશન)
નાનાભાઇ હરીદાસ,
ટરાન્સલેટર,

સને ૧૮૭૦ નો આક્ટ ૨૭ મો.

હીંદુસ્તાનનો ફોજદારી કાયદો સુધારવા સારૂ હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

૧ લું. કલમ ૩૪. ૨ જું કલમ ૪૦. એ બે રદ થઇ તેને બદલે નવી દાખલ કરી. ૩ જું. કલમ ૫૬ મીમાં બીજો પેરેગ્રાફ વધ્યો, ૪ થું કલમ ૧૨૧ મી આગળ ૧૨૧ અ ની કલમ તથા તે આગળ ખુલાશાનો પેરેગ્રાફ વધ્યો, ૫ મું ૧૨૪ મી કલમની આગળ ૧૨૪ મી અ ની કલમ તથા તે આગળ ખુલાસાનો પેરેગ્રાફ વધ્યો. ૬ ઠું ૧૩૧ મા કલમની નીચે ખુલાસાનો પેરેગ્રાફ વધ્યો, ૭ મું ૧૯૪, ૧૯૫ મી કલમમાં "આ કાયદા મુજબ" એ સબ્દ છે તે કાઢી નાખી "અથવા ઇંગ્લંડ દેશના કાયદા મુજબ" એ શબ્દ વાપરયા, ૮ મું ૨૨૨ ૨૨૩ મી કલમમાં "અથવા જે શખ્શને કાયદેશર રીતે કેદમાં રાખ્યો હોય તેવા શખ્શને" એટલા શબ્દ વધારયા છે. ૯ મું ૨૨૫ મી કલમની આગળ ૨૨૫ અ ની કલમ વધી છે, ૧૦ મુ, ૨૯૪ મી કલમની આગળ ૨૯૪ મી અ ની કલમ તથા તેને લગતો બીજો એક પેરેગ્રાફ વધારયો છે, ૧૧ મું ૩૦૪ થી કલમ નીચે ૩૦૪ થી અ ની કલમ વધારા છે. અને ૧૨ મું ૩૦૭ મી કલમ નીચે એક પેરેગ્રાફ વધારયો છે.

એ શિવાય બીજી કલમોમાં નીચેની કલમો વધી શકે તેવી નથી તેથી એ બાકીની નીચે દાખલ કરીએ છીએ.

ફોજદારી કાયદાના કેટલાએક બાબો લાગુ કરવા બાબત.

૧૩. સદરહુ કાયદાના કેટલાએક બાબો એટલે ૪ થો સાધારણ અપવાદ બાબતનો ૫ મો મદદગારી બાબતનો અને ૨૩ મો બાબ ગુનાહ કરવાની કોશીશો બાબતનો ૧૨૧ અ તથા ૨૯૪ અ અને ૩૦૪ અ કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક ગુન્હોને લાગુ છે. અને સદરહુ ૪ થો તથા પાંચમો બાબ સદરહુ ૧૨૪ અ અને ૨૨૫ અ કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક ગુનાહોને લાગુ છે એમ સમજવું.

૧૨૧ અ અથવા ૧૨૪ અ અથવા ૨૯૪ અ કલમ પ્રમાણે ફરિયાદ કરવાને સ્થાનિક સરકારના હુકમની જરૂર છે.

૧૪. સદરહુ ૧૨૧ અ તથા ૧૨૪ અ અને ૨૯૪ અ કલમોમાંથી હરકોઇ કલમ પ્રમાણે શિક્ષા કરવા લાયક હરકોઇ ગુનાહની ફરિયાદ સ્થાનિક સરકારના હુકમથી અથવા હુકમના આધાર થી કરયા વગર કોઇ કોરટે લેવી નહી.

વિશેષ અને સ્થાનીક કાયદા કાયમ રાખ્યા છે. પેહેલું પરીશીષ્ટ ફોજદારી ઇનસાફનું ચલાવવાની રીત બાબતના કાયદાને જોડેલા પરિશીષ્ટનો ભાગ છે એવું સમજવું.

૧૫. હરકોઇ વિશેશ અથવા સ્થાનિક કાયદાના કોઈ ઠરાવ આ આક્ટના કાંઇ ઠરાવથી હરકત થાય છે એવું સમજવું નહી,

૧૬. આ આક્ટને જોડેલું પેહેલું પરિશિષ્ટ ફોજદારી ઇનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદાને જોડેલા પરિશીષ્ટનો ભાગ છે, એમ સમજવું.

આક્ટો રદ કરયા બાબત.

૧૭, આ આક્ટને જોડેલા બીજા પરીશિષ્ટમાં જે આક્ટો લખેલા છે તે આક્ટો તેમાં લખેલું છે એટલે સુધી રદ કરયા છે એવું સમજવું.

પરિશિષ્ટ ૨ જું (કલમ ૧૭ જુઓ.)

નંબર અને વરસ	મજકુર.	કેટલો રદ કીધો.
૪ થા જારજ બાદશાહના રાજનાં ૯ મા વરસમાં ઠરેના સ્ટાટ્યુટનો ૭૪ મો બાબ.	ઈસ્ટઈંડીઆમાં ફોજદારી ઇનસાફ કરવાનું કામ સુધારવા બાબતના આકટ.	૧ લી કલમના આરંભથી તે ૨૦ મી કલમની આખર સુધીની સઘળી કલમો, તથા ૧૩, મી, ૧૪ મી, ૧૫ મી, અને ૧૨૧ મી કલમ અને ૨૩ મી કલમના આરંભથી તે ૨૬ મી કલમની આખર સુધીની સઘળી કલમો, અને ૩૬ મી, ૩૭ મી, ૫૧ મી, ૫૨ મી ૫૬ મી, અને ૧૧૦ મી કલમ શીવાય સઘળો આકટ.
સન ૧૮૭૪ નો આકટ ૫ મો.	ગવરમેંટના હુકમ વગેરે રૌરતી કાઢવાની મના કરવાનો કાયદો.	સઘળો આકટ રદ કરયા.
સન ૧૮૬૭ નો આકટ ૪ થો.	હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કેટલીએક કલમોમાં "ગુનોહ" આ શબ્દ લખ્યો છે તેનો અરથ વધારવા બાબત અને બીજા કારણો સરૂ તે શબ્દનો અર્થ વધારવા બાબતનો આ કટ.	

(દૃ ટ્રાન્સલેટર.)

વીનાએક વાસુદેવ.

ઓરીએન્ટલ ટ્રાન્સલેટર ટુ ગવરન્મેંટ.

સન ૧૮૮૨ નો આકટ ૮ મો.

હિંદુસ્તાનનો ફોજદારી કાયદો સુધારવા બાબતનો આકટ.

ઉપદેશ.

હિંદુસ્તાનનો ફોજદારી કાયદો સુધારવા સારૂ હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે:—

હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૦ મી કલમ નીબી ૭ રકમનોસુધારો.

૧, સદરહુ કાયદાની ૪૦ મી કલમની ૨ જી રકમમાં "૧૧૯ મી" એ આંકડા પેહલાં, "૬૪ મી, ૬૫ મી, ૭૧ મી." આ આંકડાઓ દાખલ કરવા.

સદરહુ કાયદાની ૬૪ મી કલમનો સુધારો.

૨. સદરહુ કાયદાની ૬૪ મી કલમમાં જે જે બાબતમાં ગુનેહગારને દંડની શિક્ષાનો હુકમ કરવામાં આવે" આ શબ્દોને બદલે હેઠળ લખ્યા પ્રમાણે મજકુર દાખલ કરવો, એટલે:—

કેદની તથા દંડની શિક્ષા થઇ શકે એવા ગુન્હાની જે જે બાબતમાં ગુનેહગારને કેદ સાથે કે કેદ વગર દંડની શિક્ષાનો હુકમ કરવામાં આવે તો તે બાબતમાં.

"અને ફક્ત દંડની શિક્ષા થઇ શકે એવા ગુન્હાની જે જે બાબતમાં ગુનેહગારને દંડની શિક્ષાનો હુકમ કરવામાં આવે"

સદરહુ કાયદાની ૬૭ મી કલમનો સુધારો.

૩. ૬૭ મી કલમમાં "એવો ગુનોહ હોય, તો' એ શબ્દો પછી "તે દંડ ન આપે તો કોરટ જે કેદના શિક્ષા કરે તે આ સાન હોવી જોઇએ અને"

આ શબ્દો દાખલ કરવા.

સદરહુ કાયદાની ૭૧ મી કલમમાં ઉમેરો.

૪. સદરહુ કાયદાની ૭૧ મી કલમમાં નીચલી રકમ ઉમેરવી—

"જ્યારે કાંઇ પણ વસ્તુ, જે ચાલુ કાયદા ઉપરથી ગુનાહની વ્યાખ્યા કરવામાં આવતી હોય તથા તેઓ બદલ શિક્ષા કરવામાં આવતી હોય તે ચાલુ કાયદાની બે અથવા વધારે જુદી જુદી વ્યાખ્યામાં આવે એવો ગુનોહ હોય ત્યારે અથવા

"જે કૃત્યોમાંનુ એક કૃત્ય અથવા એક કરતાં વત્તાં કૃત્ય જાતેજ ગુનોહ થાય તેવાં કેટલાંક કૃત્યો એકઠાં કરવામાં આવે ત્યારે કાંઇ જુદો ગુનોહ થાય ત્યારે,

"ગુનેહગારનો ઇનસાફ કરનારી કોરટ સદરહુ ગુનાહો પઇકી કોઇ પણ એક ગુન્હા બદલ જેટલી શિક્ષા કરી શકતી હોય તે કરતાં વધારે શખત શિક્ષા તે ગુનેગારને કરવી નહી."

સદરહુ કાયદાની ૭૩ મી કલમનો સુધારો.

૫. સદરહુ કાયદાની ૭૩ મી કલમમાં "વધારે અને એક વરસથી ઓછી હોય" આ શબ્દોને બદલે "વધારે હોય અને એક વરસથી વધારે ન હોય" આ શબ્દો દાખલ કરવા.

સદરહુ કાયદાની ૨૧૪ મી કલમનો નવો અપવાદ.

૬. સદરહુ કાયદાની ૨૧૪ મી કલમમાંના અપવાદને બદલે હેઠળ લખેલો મજકુર દાખલ કરવો એટલે:—

"અપવાદ—જે જે બાબતમાં ગુનોહ કાયદેસર માંડી વાળી શકાય તે તે બાબતને ૨૧૩ મી અને ૨૧૪ મી કલમોના ઠરાવો લાગુ પડતા નથી."

સદરહુ કાયદાની ૩૦૯ મી કલમનો સુધારો,

૭. સદરહુ કાયદાની ૩૦૯ મી કલમમાં "શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે" આ શબ્દોને બદલે "અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે" આ શબ્દો દાખલ કરવા.

સદરહુ કાયદાની ૩૩૫ મી કલમનો સુધારો.

૮. સદરહુ કાયદાની ૩૩૫ મી કલમમાં "મહાવ્યથા કરે" આ શબ્દોની પહેલાં "બુદ્ધિપુરવક" આ શબ્દ દાખલ કરવો.

સદરહુ કાયદાની ૪૧૦ મી કલમનો સુધારો.

૯. સદરહુ કાયદાની ૪૧૦ મી કલમમાં "નામ ચોરીની મિલકત પાડ્યું છે" આ શબ્દો પછી હેઠળ લખેલા શબ્દો દાખલ કરવા, એટલે—

"પછી બ્રિટીશ ઇંડિયાની માંહે અથવા બહાર તે કબજો એકની પાસેથી બીજાની પાસે ગયો હોય અથવા તે સાબાંધ ખોટો ઉપયોગ અથવા વિશ્વાસઘાત થયો હોય તો પણ" અને "નો ગુનોહ" આ શબ્દો મુકી દેવા

સદરહુ કાયદાની ૪૩૫ મી કલમમાં ઉમેરો.

૧૦ સદરહુ કાયદાની ૪૩૫ મી કલમમાં "અથવા વધારે રૂપીયાની" આ શબ્દો પછી નીચલા શબ્દો દાખલ કરવા એટલે—

"અથવા (જ્યારે મિલકત ખેતરમાં ઉત્પન્ન થએલો માલ હોય ત્યારે) દશ અધ । વધારે રૂપીઆની"

ક્યાં ક્યાંહાં લાગુ છે સરૂઆત.

૧૧. આ આક્ટ આખા બ્રિટીશ ઇંડયાને લાગુ છે, અને તે સન ૧૮૮૩ ના જાનેવારી મહીનાની ૧ લી તારીખે અમલમાં આવશે.

ટ્રુ ટ્રાન્સલેશન

એસ. પી પંડીત.

ઓરીએન્ટલ ટ્રાન્સલેટર ટુ ગવરન્મેંટ.

સન ૧૮૬૭ નો આક્ટ ૮ મો.

(મુંબઈના ગવરનર ઇનકાંઉસીલનો હેઠળ લખેલો "આક્ટ સને ૧૮૬૭ ના નવેમબર મહિનાની ૧૫ મી તારીખે મુંબઈના ગવરનર સાહેબે મંજુર કરયો, અને સન ૧૮૬૭ ના ડીસેંબર મહિનાની ૧૯ મી તારીખે ગવરનર જનરલ સાહેબે મંજુર કરયો છે.)

મુંબઇ ઇલાકાની ગામની પોલીસ બાબત નિયમ ઠરાવવા બાબતનો આક્ટ.

મુંબઇ ઇલાકાના ગામની પોલીશ બાબત નિયમ ઠરાવવા યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

૧. "પોલીશ કમીશનર" તથા "પોલીશનો ડિસ્ટ્રીક્ટ સુપ્રીનટેંડેંટ" તથા "પોલીશનો આસીસ્ટંટ સુપીરન્ટેન્ડેન્ટ" તથા પોલીશ અમલદાર તથા "જીલ્લાની પોલીશ" આ શબ્દો આ આક્ટમાં જ્યાં લખ્યા છે ત્યાં તે શબ્દો ઉપરથી" સન ૧૮૬૭ ના મુંબઈના ડિસ્ટ્રીક્ટ પોલીશ આક્ટ "પ્રમાણે નીમેલા તે અમલદારો સમજવા.

૨. રકમ ૧ લી—મુંબઈના કાયદા પુસ્તક માંહેના સન ૧૮૨૭ ના ૧૨ મા કાયદાના જે ભાગ આ કલમ ઉપરથી રદ કરયા છે તેની વિગત—

૯ ઠી કલમ.

૨૨ મી કલમનો જેટલો ભાગ રદ થયો નથી તેટલો ભાગ

૪૮ મી કલમના આરંભથી તે ૫૩ મી કલમના છેડા સુધી.

રકમ ૨ જી—"મુંબઈ ઇલાકાના ગામોના પટેલોને અને બીજા મુખીઓને કાંઇ અધીકાર આપવા બાબત" સન ૧૮૫૨ નો ૨૭ મો આક્ટ છે તે રદ કરયો છે,

૩. દરએક જીલ્લાના ગામની પોલીશના બંદોબસ્તનું કામ પોલીશ કમીશનરના નીબંધ તથા હુકમ પ્રમાણે જીલ્લાના માજીસ્ત્રેટે કરવું. આસીસ્ટંટ અથવા ડેપ્યુટી કલેકટર પ્રમાણે ને ફુલપાવર માજીસ્ત્રેટને તાબે મુલકી કામ હોય તે માજીસ્ત્રેટને ગામની પોલીસનો બંદોબસ્ત કરવાના કામનો હરકાંઇ ભાગ પોલીસ કમીશનરની મંજુરી લઇને આપવાનો જીલ્લાના માજીસ્ત્રેટને અધીકાર છે.

૪. પોલીશના કારણ સારૂ ગામના હરકોઇ પોલીશ અમલદાર ઉપર જે અખત્યાર ચલાવવાને જીલ્લાનો માજીસ્ત્રેટ મુખત્યાર છે. તે અખત્યાર પોલીશ કમીશનરની મંજુરી લઇને ડીસ્ટ્રીક્ટ પોલીશ સુપ્રીનટેંડેન્ટને આપવાને જીલ્લાનો માજીસ્ત્રેટ મુખત્યાર છે.

૫. રકમ ૧ લી—પોલીશ કમીશનરની મંજુરી લઇને જીલ્લાનો માજીસ્ત્રેટ લખી જે માણસને પોલીશ પટેલ નીમશે, તેને સ્વાધીન દરેક ગામની પોલીશ રેહેશે. અને જે માણસ મુલકી પટેલનું કામ ચલાવતો હોય તેજ માણસને જીલ્લાના માજીસ્ત્રેટે પોલીશ પટેલ નીમવો. પણ ગામ મોટું હોય તે સબબથી અથવા બીજા કાંઈ ખાસગી સબબથી જુદી જુદી નીમનોકી કરવી યોગ્ય છે એવું પોલીશ કમીશનરની નજરમાં આવે તો મુલકી પટેલને પોલીશ પટેલ નીમવો નહીં.

રકમ ૨ જી—નીમનોક કરતી વખતે સદરહુ માજીસ્ત્રેટે 'મુંબાઇ પ્રેશીડેંશીના તાબા માં હેલા દેશમાંના વતનના અમલદારોએ પોતાનો અમલ શી રીતે ચલાવવો તે રીત ઠરાવવા બાબત" સને ૧૮૪૩ નો ૧૧ મો આક્ટ છે તેના ઠરાવ ઉપર અને વંશપરંપરાના અમલદારો

ની (એટલે વતનદારોની ચાકરી બાબત નીયમ ઠરાવવા વિશે બીજો કોઇ આકટ ચાલુ હોય તેના ઠરાવ લાગુ હોય તે પ્રમાણે તે ઠરાવ ઉપર બરાબર નજર રાખીને નીમનોક કરવી. પણ મુલકી પટેલનેજ પોલીશ પટેલ નીમ્યો નહી હોય અને તે કામ વારા ફરતી અથવા બીજે રીતે કરવા બાબત એક કરતાં વત્તા જણા દાવો કરે ત્યારે તેઓમાંથી જે વધારે લાયક હોય તેને નીમવાને જીલ્લાનો માજીસ્ત્રેટ મુખત્યાર છે.

રકમ ૩ જી—કોઇ સેહેરમાં અથવા જગાએ (ગામની પોલીશનું) કામ એક પોલીશ પટે લથી બરાબર રીતે ચલાવાતુ નહી હોય ત્યારે પોલીશ કમીશનરનું અનુમત લઇને તે શેહેરની અથવા જગાની જુદી જુદી ટુકડી સારૂ જરૂર હોય તેટલા પોલીશ પટેલ નીમવાનો જીલ્લાના માજીસ્ત્રેટને અખીતાર છે.

૬. પોલીશ પટેલ ઉપર જીલ્લાના માજીસ્ત્રેટની હકુમત ચાલે છે તે શીવાય વળી જે મા સ્ત્રેટની હકુમતની હદની અંદર તેનું ગામ હોય તે માજીસ્ત્રેટના હુકમ પ્રમાણે તેણે કામ કરવું, અને તે માજીસ્ત્રેટ જે પત્રકો અથવા ખબર માગે તે તેને તેણે આપવી અને ગુના બાબત તથા ગામની પોલીસને લગતાં સઘળાં કામ બાબત અને પોતાના ગામના લોકોની આરોગ્યતા તથા તેઓની સામાન્ય સ્થિતિ કેવી છે તે બાબત હમેશાં ખબર આપ્યાં કરવી. પોલીસ અમલદારો પોતાનું કામ કરવા સારૂ મદદ માગે તો પોલીસ પટેલે જેટલી થાય તેટલી મદત તેઓને કરવી માજીસ્ત્રેટ અથવા પોલીસ અમલદાર પોલીસ પટેલની ઉપર જે હુકમ તથા વારંટ મોકલે તે હુકમ તથા વારંટ તાબડતોબ માથે ચડાવીને અમલમાં લાવવાં અને સુલેહ બાબત ખબર કાહાડીને ડીસ્ટ્રીકટ પોલીસને જાહેર કરવી, અને પોતાના ગામની હદમાં ગુનાહ તથા લોકોપકારક કૃત્ય થતાં અટકાવવાનો બંદોબસ્ત રાખવો, અને ગુનેહગારોને પક ડી કાઢીને તેઓનો ઇનસાફ થવા સારૂ તેઓને મોકલવા.

૭. ગામના ચાકરનું ધાર્યું કરીને ગમે તે કામ હોય તો પણ તે સરવની પાસે પોતાના કામમાં મદત માગવાનો પોલીસ પટેલને અધિકાર છે, અને પોલીસ પટેલને સઘળાં પત્રકો તથા પ્રોસીડીંગ લખીને તઇયાર કરી આપવાનું કામ ગામના વંશ પરંપરાના અથવા નીમનોકી ત લાટીનું છે એવું સમજવું.

૮. ચોરી નહી થાય તથા સુલેહનો ભંગ નહી થાય તથા સઘળા લોકોને તથા ગામના લોકોને ઇજા થાય તેવાં કામો નહી થાય તેવો બને તેટલો બંદોબસ્ત રાખવા સારૂ ગામના ચાકર લોકોની વ્યવસ્થા પોલીસ પટેલે કરવી, અને તે ચાકર લોકોમાંથી કોઇ માણસ ગેર રીતે ચાલે અથવા ગફલત કરે તો તે સઘળી વાત પોલીસ પટેલે જે માજીસ્ત્રેટ પ્રત્યક્ષ તાબમાં હોય તે માજીસ્ત્રેટને તેણે જાહેર કરવી.

૯. પોલીસ પટેલ અથવા પોલીસનું કામ પડે ત્યારે ગામના ચાકરેમાંથી જે માણસને તે કામ કરવું પડે તે માણસ પોલીસનું કામ કરવામાં ગફલત અથવા આળસ કરશે તો ડુલપા વર માજીસ્ત્રેટના હુકમથી તે માણસ પોતાના ત્રણ મહીનાના પગારની સરાસરી જેટલા રૂપીયા સુધી દંડને લાયક થશે, વખતી શિક્ષા કરવા લાયક કાંઇ કામ પોતે જે રીતે ચાલવું જોઇએ તેથી ઊલટી રીતે ચાલીને પોલીસ પટેલ કરશે અથવા કાનુન તોડશે, અથવા બીજે પ્રકારે ગેર રીતે ચાલશે અથવા ગુનો કરશે. તો તેને બરતરફ કરવાને સંદરહુ માજીસ્ત્રેટ મુખત્યાર છે, અથવા હીંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાણે સરકારી નોકર પેટે તની ઉપર કામ ચલાવીને તેને શિક્ષા કરી શકશે અને ગુનો શાબીત થશે. ત્યારે તે બરતરફ થવાને લાયક થશે પણ એવું ઠરાવ્યું છે કે પટેલના દરજ્જાના કોઇ માણસને પોલીશ કમીશનરની મંજુરી વગર આ કલમ પ્રમાણે બરતરફ કરવો નહી.

૧૦. ગામની હદમાં ગુનો કરીને ગુનેગાર નાશી ગયો હોય અથવા માલમ પડતો નહીં હોય તો પોલીશ પટેલે પોતાનું ગામ જે ડીસ્ટ્રીકટ પોલીસ થાણાની હદમાં હોય તે થાણાના અમલદારને તાબડતોબ ખબર મોકલવી અને પોતાની જાતે ચોકશી કરવા માંડવી, અને તે બાબત જે પુરાવો મળે તે લઇને સદરહુ અમલદારની પાસે તેણે મોકલવો.

૧૧. રકમ ૧ લી ગામની હદમાં કોઇ માણસ કમોતે અથવા આકસ્માત મરણ પામે અથવા કોઇનું મુડદું જડે, તો પોલીશ પટેલે તે ગામના અથવા આશપાશના બે અથવા વતા હુશીયાર માણસોને પંચાતનામુ કરવા સારૂ તાબડતોબ બોલાવીને એકઠા કરવા પછી તે માણસોને પંચાતનામુ કરવા સારૂ તાબડતોબ બોલાવીને એકઠા કરવા. પછી તે માણસોએ મરણના કારણની તથા તેને લગતી સઘળી હકીકતની ચોકશી કરીને લખેલો રીપોરટ કરવો, તે રીપોરટ પોલીશ પટેલે તે ગામ જે ડીસ્ટ્રીકટ પોલીશ થાણાની હદમાં હોય તે થાણું જે અમલદારને સ્વાધીન હોય તે અમલદારને તુરત પોહોચતો કરવો. . .

રકમ ૨ જી પોલીશ પટેલ કોઇ માણસને સદરહુ પ્રકારની પંચાતમાં બેસવાનું કહે તે માણસ બ્યાજબી કારણ વગર બેસવાની ના કેહેશે અથવા ગફલત કરશે તો તે ગુનો તેની ઉપર માજીસ્ત્રેટની આગળ શાબીત થયા પછી તે ઘણામાં ઘણા પચાશ રૂપીયા સુધી દંડને અથવા દંડ નહીં આપસે તો એક મહીના સુધી કેદની સજાને લાયક થશે.

રકમ ૩ જી. કાયદા વીરૂધ રીતે મરણ થયું છે એવું પંચાતનામાની હકીકત ઉપરથી જણાય તો પોતાનું ગામ જે ડીસ્ટ્રીકટ પોલીસ થાણાની હદમાં હોય તે થાણું જે અમલદારને સ્વાધીન હોય તે અમલદારને પોલીશ પટેલે તાબડતોબ સુચના કરવી, અને મોકલતાં રસ્તામાં મડદુ કોહી જવાની ધાસ્તી નહી હોય તો પાસેના શીવીલ સરજનની પાસે અથવા એવે પ્રસંગે મુડદાં તપાસવાને વઇદક ખાતાના જે અમલદારને સરકારે નીમ્યો હોય તેની પાસે તે મુડદુ તરત મોકલી દેવું પછી તે સીવીલ શરજને અથવા વઇદક ખાતાના બીજા અમલદારે મરણનું કારણ શોધી કહાડવાનો પ્રયત્ન કરવો. મુડદુ મોકલીશું તો તે કોહી જશે અને તેની તપાસ કરવાથી કાંઇ ફાયદાં થશે નહી અને. હવાડો ઉપી કો પોહોંચશે એવાં સબબથી પોલીશ પટેલથી મુડદુ મોકલી શકાતુ નહી હોય ત્યારે જે ડીસ્ટ્રીકટ પોલીશ થાણાની હદમાં પોતાનું ગામ હોય તે થાણું જે પોલીસ અમલદારને સ્વાધીન હોય તે અમલદાર અને તેણે પોતાના તાબા માંહેના અમલદારોમાંથી કોઈ અમલદારને મોકલ્યો હોય તે અમલદાર અથવા માજીસ્ત્રેટ તે મુડદુ બાળવાનો અથવા દાટવાનો હુકમ આપે, ત્યાં સુધી પોલીશ પટેલે તે મુડદુ બાળવાની અથવા દાટવાની રજા આપવી નહી.

૧૨. રકમ ૧ લી—પોતાના ગામના ફલાણા માણસે મોટો ગુનોહ કરયો છે એવું માનવાનો સબબ હોય તો તેને પોલીશ પટેલે પકડવો અને પુરાવાના કામમાં આવે તેવી જે જણસો હોય તે જણસો સુધી તે માણસને પોતાનું ગામ જે પોલીશ થાણાની હદમાં હોય તે થાણું જે પોલીશ અમલદારને સ્વાધીન હોય તે પોલીશ અમલદારની પાસે મોકલવો.

રકમ ૨ જી—ઉપર કહ્યા પ્રમાણે પકડેલા માણસને ૨૪ કલાકની અંદર ડીસ્ટ્રીકટ પોલીશ થાણાની હદમાં પોતાનું ગામ હોય તે થાણામાં મોકલવું.

૧૩ રકમ ૧ લી—જે મુંકદામાં શિક્ષા કરવાનો પોતાને અધીકાર હોય તે મુકદમાની પોતાના સબબથી પોલીશ પટેલને ચોકશી કરવી પડે તે કરતી વખત શાંહેદીને બોલાવીને તેઓને પુછવાનો તથા તેઓની પાસે સત્ય સ્મરણ પુરવક પ્રતિજ્ઞા કરાવીને તેઓની જુબાની લેવાનો અખત્યાર અને સંતાડેલી જણસોને માટે ઝાડો લેવાનો અખત્યાર પોલીશ પટેલને છે, પણ રેહેવાના ઘરનો ઝાડો ઘણીજ અગત્યનો નહી હોય તો પોલીશ પટેલે સુરજ આથમે ત્યારથી

તે સુરજ ઉગે ત્યાં સુધી લેવો નહી.

રકમ ર જી—ઝાડો લે । સારૂ અથવા કુમાર્ગુ માણસ ગુનેગાર છે એવું જાણતું હોય તે માણસને ઝાડો લેવા સારૂ બીજા ગામની હદમાં જઇને કામ કરવાનો પણ અધીકાર પોલીશ પટેલને છે પણ તે બાબત તેણે તે ગામના પોલીશ પટેલને તાબડ તોબ ખબર કરવી અને તે ગામના પટેલે થાય તેટલી તેને મદદ કરવી અને ઝાડો લેવાનું તથા પાછળ દોડવાનું કામ ચ લાવવાનો જોખમ તે બીજા ગામના પટેલને માથે છે.

૧૪. પોતાના ગામની હદમાં હલકો મારામારી અથવા ગાળાગાળી કરવાનું કોઇ માણસ ઉપર તહોમત આવ્યું હોય તો તેનો ઇનસાફ કરવાનો અને ગુનો સાબીત થાય તો તેને ઘણા માં ઘણા ૨૪ કલાક સુધી ગામને ચોરે કેદ રાખવાનો પોલીશ પટેલને અખત્યારછે પણ ગુનો હ થયા પછી આઠ દાહાડામાં ફરીયાદ થવી જોઇએ.

૧૫ જે ગામના તમે પોલીશ પટેલ છો, તે ગામની હદમાં હેઠળ લખેલા ગુનાઓમાંથી હરકોઇ ગુનાનું એટલે ચોરીના માલની આંકેલી કીમત બે રૂપીયા ઉપર નહી હોય તેવી હલકી ચોરીનું અથવા અપક્રીયાથી થએલું નુકશાન બે રૂપીયા કરતા વધારે રૂપીયાનું નહી હોય તેવી અપક્રીયા કીધાનું અથવા તમે પોતાની જાતે કાયદાસર હુકમ આપ્યો હોય તે હુકમને હરકત કરવાનું અથવા તે હુકમ મનાવવાની ના કેહેવાનું તહોમત કોઇ માણસ ઉપર આવે તો તેનો ઇનસાફ તમોએ કરવો એવી સનંદ પોલીશ પટેલનું કામ કરનારા માણસને આપવાનો અ ધીકાર હુકમ લખીને જીલ્લાના માજીસ્ટ્રેટને આપવાને પોલીશ કમીશનર મુખત્યાર છે.

રકમ ર જી—અને ઉપર કહેલા કામોમાંનું હરકોઇ કામ કરવાની સાબીતી પોતાની આ ગળ જે માણસ ઉપર થશે તેને પાંચ રૂપીઆ સુધી દંડ કરવાનો અથવા ઘણામાં ઘણા અડતાળીશ કલાક સુધી ગામને ચોરે કેદ રાખવાનો અધીકાર મઝકુર પ્રમાણે જે પોલીશ પટેલને અખત્યાર મળ્યો હોય તે પટેલને છે. કાયદાશર હુકમને હરકત કરી હોય અથવા તે પ્રમાણે ચાલવાની ના કહી હોય તે મનુંગે દંડ નહી આપે તોજ કેદ કરવો.

૧૬ પોલીશ પટેલને ૧૫ મી કલમની પેહેલી રકમ પ્રમાણે અખત્યાર આપવામાં આ વશે ત્યારે અને જયાં સુધી તેને તે અખત્યાર હશે ત્યાં સુધી તેને હેઠળ લખેલા અધીકાર પણ છે એવું સમજવું એટલે હેઠળ લખેલું હરકોઇ લોકાપકારક કૃત્ય અથવા બેઅદબ કામ કોઇ માણસ કરશે તો તેને એક રૂપીયા સુધી દંડ કરવાનો અથવા દંડ નહી આપશે તો ગામને ચોરે ઘણામાં ઘણા બાર કલાક સુધી કેદ રાખવાનો અધીકાર અને મઝકુર લોકાપકારક કૃત્ય અથવા બેઅદબ કામ કરવાનું જારી રાખવાની અથવા ફરીયા કરવાની મના કરવાનો પોલીશ પટેલને અધીકાર છે એવું સમજવું.

(૧.) કોઇ માણસ કોઇ જાનવરને મનમાં આવે તેમ અતીચારથી અથવા નીરદયપણે બહુ ભગાડે અથવા તેનો ગેરઉપયોગ કરશે અથવા તેની ઉપર જુલમ કરશે તે.

(૨.) સારવજનીક કુવો અથવા તળાવ અથવા હાઉદ જે કામ સારૂ નીમ્યો હોય તે કામ માં એનો ઉપયોગ પડે તેવી રીતે તેમાં કોઇ માણસ નાહાશે અથવા ધોશે અથવા બીજી રીતે ખરાબ કરશે અથવા કરાવશે તે.

(૩.) કોઇ માણસ મના કરેલી જગાએ કચરો અથવા ગોર્જવાર કે પુંજો કરશે તે.

(૪) કોઇ માણસ હરકોઇ સારવજનીક રસ્તામાં અથવા મોહોલ્લામાં અથવા મારગમાં અ થવા રાહદારીની જગાએ ઝાડો પેશાબ કરીને ગંદકી કરશે અથવા દારૂ વગેરે પીને તફો ફાન અથવા મસ્તી કરશે અથવા પોતાનાથી પોતાની સભાળ નહી થાય તહેવો થઇ જશે તે.

(૫.) પાસે રહેનારા લોકને અથવા આવનાર જનાર લોકને કંટાળો આવે તે રીતે ઠોકોમાંઅ

અથવા ઉકરડામાં તેવા બીજા કશામાં કોઇ માણસ ગોજો પદારથ પાકાં કાણુ વગર જાણીને છને એકઠો થવા દેશે અથવા કોઇ ઘરમાંથી અથવા કારખાનામાંથી અથવા તબેલામાંથી. અથવા સંડાસમાંથી અથવા બીજાં તેવાં કશામાંથી લોકોને આવવા જવાની જંગાએ બીજો પદારથ પાકા કારણ વગર જાણી જોઇને રેહેવા દેસે અથવા જે તળાવ અથવા હોદ પાણી પીવા સારૂ નીમ્યો હોય તેમાં ચોમાસામાં જે વેળાએ પાણી આવતુ હોય તે વેળામાં મુકેલું જના વર નાખ્યાથી લોકને ઉપદ્રવ થાય તે જગાએ નાખશે તે.

૧૭ (આ આક્ટની) ૧૪ મા ૧૫ મી અને ૧૬ મી કલમ પ્રમાણે કામ ચલાવવુ હોય તે પક્ષકારોના રૂબરૂ મોહોડે ચાલવવું ગુનહો શાબીત થયાનું દફતરમાં લખ્યા પહેલા તે વખતે ફરીયાદ કાઢી નાખવાનો અધીકાર ફરીયાદ કરનારને છે, પક્ષકારોના નામો તથા પોતાનો અભીપ્રાય તથા શિક્ષાનો ઠરાવ અથવા હુકમ અથવા ફરીયાદ કાહાડી નાખવાની વાત તથા કામ ચલાવવાની તારીખ પોલીશ પટેલે દફતરમાં લખવી અને જીલ્લાનો માજીસ્ત્રેટ ઠરાવે તે નમુના પ્રમાણે તથા તે રસ્તે તથા તે વખતે તે દફતર (પોલીશ) પટેલે જે માજીસ્ત્રેટના પ્રતક્ષ તાબામાં હોય તે માજીસ્ત્રેટને તેણે મોકલવું.

૧૮ આ આક્ટની કલમ ૧૫ પ્રમાણે સનંદ આપી હોય તે સનંદ પોલીશ કમીશનરની મંજુરી લઇને પછી હુકમ લખીને સઘળી અથવા થોડી ઘણી રદ કરવાને જીલ્લાનો માજીસ્ત્રેટ મુખત્યાર છે.

૧૯. પોતાના ગામમાં જે બેવારશી માલ જડયો હોય તે સઘળો માલ અથવા સને ૧૮૬૭ ના મુંબઇની ડિસ્ટ્રીક્ટ પોલીશ આક્ટના ઠરાવ પ્રમાણે પોતાને જે માલ આપ્યો હોય તે તે સઘળો માલ પોલીશ પટેલે પોતાને સ્વાધીન રાખવો, અને પોલીશ પટેલ જે માજીસ્ત્રેટના તાબામાં હોય તે માજીસ્ત્રેટને તેણે રીપોર્ટ કરવો અને સદરહુ માજીસ્ત્રેટ હુકમ કરે તે પ્રમાણે કરવું પણ "ઢોરના અતીક્રમણ બાબત" સને ૧૮૫૭ ના ૩ જો આક્ટ છે તેમાં કહેલા પ્રકારનો તે માલ હોય તો તે આક્ટમાં કહ્યા પ્રમાણે પોલીશ પટેલે ચાલવું.

૨૦ આ આક્ટમાં જે ગુનાહ બાબત શિક્ષા ઠરાવી છે તે ગુનાહ બાબત બીજા કોઇ કાયદા પ્રમાણે અથવા આક્ટ પ્રમાણે કોઇ માણસ ઉપર ફરીયાદ કરવાની મના છે એવો આ આક્ટના કોઈ ઠરાવનો અરથ કરવો નહી અથવા તેવા ગુનાહ બાબત આ આક્ટમાં શિક્ષા ઠરાવી છે તેવી બીજી કાંઇ જુદી અથવા વધતી શિક્ષા બીજા કોઇ કાયદા ઉપરથી અથવા આક્ટ ઉપરથી થવાને તે માણસ લાયક નથી એવો પણ અરથ કરવો નહી. પણ એવુ ઠરાવ્યું છે કે એકના એક ગુનાહ બાબત કોઇ માણસને બે વાર શિક્ષા થશે નહી.

૨૧ પોલીશ પટેલ જરૂરીના કામને લીધે ગામમાંથી ગેરહાજર હોય તે સબબથી અથવા એકાએક માંદો પડવાથી અથવા બીજા કોઇ સબબથી તેનાથી પોતાનું કામ નહી થાય ત્યારે તેણે પોતાનું કામ પોતાના કોઇ કુટુંબી લાયક હોય, તેને સોંપવું અથવા કોઇ કુટુંબી લાયક નહી હોય તો બીજા કોઇ લાયક માણસને સોંપવું અને પોતે જે માજીસ્ત્રેટના પ્રતક્ષ તાબામાં હોય તે માજીસ્ત્રેટને તે બાબત તાબડતોબ રીપોર્ટ કરવો અને જે માણસને કામ સોંપ્યુ હોય તે માણસે પોલીશ પટેલનું કામ કરવુ નહી. એવો માજીસ્ત્રેટને ત્યાંથી હુકમ આવે ત્યાં સુધી તેણે ગુનેગારનો ઇનસાફ કરીને શિક્ષા કરવાના કામ શિવાય "પોલીશ પટેલનુ" સઘળું કામ કરવું.

૨૨ આ આક્ટમાં "ડીસ્ટ્રીક્ટ પોલીશ થાણું" આ શબ્દો લખ્યા છે. તેમાં જે પોલીશ અમલદારને સ્વાધીન થાણુ હોય તે પોલીસ અમલદારના મુલકની હદમાંના ગામનો અથવા જગાનો શમાસ થાય છે એમ સમજવું.

૨૩. આ આકટ અથવા આ આકટનો કોઇ ભાગ જાહેરનામુ છપાવીને પ્રસિદ્ધ પ્રાંતને લાગુ કરવાને સરકાર મુખત્યાર છે. અને આ આકટ અથવા તેનો હરકેઇ ભાગ સદરહુ પ્રાંતને લાગુ કીધો હોય તે વખતે વખતે લાગુ નથી એવુ તેજ રીતે ઠરાવવાને પણ સરકાર મુખત્યાર છે.

૨૪ આ આકટને "સને ૧૮૬૭ ના મુંબાઇના ગામની પોલીસના આકટ" કહેવો.

(ટ્રુ ટ્રાન્સલેસન.)
વીનાયક વાસુદેવ.
ઓરીયન્ટલ ટ્રાન્સલેટર ટુ ગવરનરમેન્ટ.

સન ૧૮૬૭ નો આકટ ૭ મો.

(મુંબઇના ગવરનર ઇનકાઉનસીલનો હેઠળ લખેલો આકટ સન ૧૮૬૭ના નવેંબર મહિનાની ૧૫ મી તારીખે મુંબઇના ગવરનર સાહેબે મંજુર કરયો અને સન ૧૮૬૭ ના ડીસંબર મહીનાની ૧૨ મીતારીખે ગવરનર જનરલ સાહેબે મંજુર કરયા છે.)

મુંબાઇ ઇલાકાની ડીસ્ટ્રીકટ પોલીસ બાબત નીયમ ઠરાવવા બાબતનો આકટ.

મુંબાઇ ઇલાકાના પોલીસના બંદોબસ્ત બાબત નીયમ ઠરાવવા યોગ્ય છે. વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

૧. આ આકટમાં જે શબ્દો તથા વાકયો હેઠળ લખ્યાં છે તે શબ્દોનો તથા વાકયનો અરથ હેઠળ લખ્યા પ્રમાણે સમજવો પણ તેવા અરથને વિશય ઉપરથી અથવા આગલા પાછલા સબંધ ઉપરથી બાધ આવતો હોય તો તેવો અરથ સમજવો નહી.

"જીલ્લાનો માજીસ્ત્રેટ" એ શબ્દો વડે કોઇ પણ જીલ્લા મધે હકુમત ચલાવવાનુ કામ જે મુખ્ય અમલદારને સોંપ્યું હોય અને જે મુખ્ય અમલદાર માજીસ્ત્રેટનો અખત્યાર ચલાવતો હોય તે મુખ્ય અમલદારનાં હોદ્દાનું ગમે તે નામ હોય તો પણ તે મુખ્ય અમલદાર સમજવો.

"માજીસ્ત્રેટ" આ શબ્દમાં જે માણસ માજીસ્ત્રેટનો સઘળો અથવા કાંઇ પણ અખત્યાર ચલાવતો હોય તે માણસનો સમાસ થાય છે એવું સમજવું.

જેટલા દેશમાં જીલ્લાના માજીસ્ત્રેટની હકુમત ચાલતી હોય તેટલા દેશને "જીલ્લો" સમજવો.

આ આકટ પ્રમાણે જે માણસો નીમવામાં આવશે તે સઘળાં માણસોના સમાસ "પોલીશ" અથવા "પોલીશ અમલદાર" આ શબ્દોમાં થાય છે એમ સમજવું.

"કાનસ્ટેબલ" આ શબ્દ વડે પોલીશ માંહેલો સઉના કરતા નીચા દરજાનો અમલદાર સમજવો.

"માલ" આ શબ્દમાં હરકાંઇ જંગમ માલનો અથવા નાણાનો અથવા નાણાના દસ્તાવેજનો સંમાસ થાય છે એવું સમજવું.

"ઢોર" આ શબ્દમાં શીંગડાવાળાં ઢોરોનો શમાવેશ થાય છે તે શીવાય વળી હાથીનો, તથા ઊંટનો, તથા ઘોડાનો, તથા ગધેડાનો તથા ખચરનો તથા ઘેટાનો તથા બકરાનો તથા ડુકરોનો શમાસ થાય છે. એવું સમજવું.

૨ રકમ ૧ લી. મુંબઇના કાયદા પુસ્તક માંહેના સન ૧૮૨૭ના ૧૨ મા કાયદાની હેઠળ લખેલી કલમોના જે ભાગ હજુ અમલમાં છે. તે ભાગ આ કલમ ઉપરથી રદ કરયા છે.

૧ લી કલમ

૩ જી કલમની ૧ લી રકમ.

૪ થી કલમ.

૩૦ મી કલમ.

૩૧ મી કલમની ચોથી રકમ.

૪૧ મી કલમ.

રકમ ૨ જી "મુંબઈ ઇલાકાની પોલીશના કામની તપાસ સદર ફોજદારી અદાલતની કોરટ રાખેલી છે, તે તેની પાસેથી લઇ લેવા બાબત" સન ૧૮૫૨ નો ૨૮ મો આકટ છે તેની ૨ જી કલમ પણ આ રકમ ઊપરથી રદ કરી છે.

૩ ઇંડિયાના ગવરનર જનરલ ઇનકાઉંસીલની મંજુરી લેઇને સરકાર વખતે વખતે હુકમ કરશે તેટલા મુંબઈ ઇલાકાના જુદા જુદા જીલ્લાનાં પોલીશ ખાતામાં અમલદારો તથા માણશો જોઇએ તથા તે ખાતાની તેવી રચના જોઇએ અને તે માણસોને તેટલો પગાર મળશે.

૪ મુંબઇ ઇલાકાની આખી પોલીશની તપાશ સરકાર રાખસે, અને ઇંડિયાના ગવરનર જનરલ ઇનિકાંઉશીલ નીરબંધ તળે (એટલે હુકમ તળે) રહી સરકારે તપાસ રાખવી, અને આ આકટમાં કહયું છે તે શીવાય બીજી રીતે કોઇ માણસને અથવા અમલદારને અથવા કોરટને સરકારે હરકોઇ પોલીશ અમલદાર નીમવાનો હરકોઇ પોલીશ અમલદારની જગા ઉપર બીજા માણસ નીમવા અથવા હરકોઇ પોલીશ અમલદાર ઉપર નીરબંધ ચલાવવાને અધીકાર આપવો નહી.

૫ આખા મુંબઇ ઇલાકાની અથવા મુંબઇ ઇલાકાના કેટલાએક ભાગની પોલીશનો બંદોબસ્ત કરવાનું કામ સરકારને યોગ્ય જણાશે તે પ્રમાણે એક અથવા વધતા કમીસનર નીમીને તથા યોગ્ય જાણાશે તેટલા તેઓને આસીશટંટ આપીને તેઓને સોંપવું અને સરકાર ઠરાવશે તેટલા જીલ્લા દરેક કમીશનરના તાબામાં રેહેશે એક અથવા વધતા જીલ્લાની પોલીશના બંદોબસ્તનું કામ ડીસ્ટ્રીકટ સુપ્રીનટેંડેંટને અને સરકારની નજરમાં જરૂર જણાશે તેટલા આસીસટંટ ડીસ્ટ્રીકટ સુપ્રીનટેડેટને સોંપવું પણ તેઓની ઉપર સદરહુ કમીશનરના તાબા માં રેહેલા જીલ્લાના માજીસ્ત્રેટનો નીરબંધ રેહેશે અને હુકમ ચલાવશે સરકાર વખતે વખતે કમીશનર તથા ઉપર કહેલા બીજા અમલદાર નીમશે, અને તેઓને કામ ઉપરથી દુર કરવાને પણ સરકાર મુખત્યારછે.

૬. દરેક કમીશનરને પોતાના તાબા માંહેના જીલ્લાઓમાં માજીસ્ત્રેટનો સઘળો અખત્યાર છે એવું સમજવું. પણ તે અખત્યાર સરકાર વખતે વખતે જે મરીયાદા ઠરાવે તે મરીયાદા પ્રમાણે ચલાવવો.

૭. પોતાને યોગ્ય જણાય તે હદમાં માજીસ્ત્રેટનો સઘળો અથવા કંઇ એક અખત્યાર પોલીશના આશીસટંટ કમીસનરને અથવા ડીસ્ટ્રીકટ સુપ્રીનટેન્ડેન્ટને અથવા આશીશટંટ ડીસ્ત્રીકટ સુપ્રીનટેન્ડેન્ટને આપવાને સરકાર મુખત્યાર છે. પણ એ પ્રમાણે તે અમલદારોને જે અખત્યાર મળ્યો હોય તેમાંથી જરૂર હોય તેટલો સુલેહનો ભંગ થતો અટકાવવા સારૂ તથા ગુના નહી થવા દેવા સારૂ તથા ગુન્હેગારોને સોધી કાહાડવા સારૂ તથા તેઓને પકડવા સારૂ તથા માજીસ્ત્રેટની આગળ લઇ જવાને તેઓને અટકાવી રાખવા સારૂ ચલાવતો. અને આ આકટ ઉપરથી તેઓને જે કામો સોંપી આપ્યાં છે તે કરવા સારૂ જરૂર હોય તેટલો ચલાવવો.

૮. આ આક્ટની ૫ મી કલમમાં કહેલા પોલીશ અમલદારો શિવાય બાકીના સઘળા પોલીશ અમલદારોને એક, અથવા વધારે જીલ્લાઓને સારૂ નીમવા અને સરકાર વખતો વખત કાનુનો મંજુર કરશે. તે કાનુનો પ્રમાણે તે અમલદારો નીમવાના પોલીશ કમીશનરને તથા ડીસ્ટ્રીક્ટ સુપ્રીનટેન્ડેન્ટને અખત્યાર છે. અને તે કાનુનો પ્રમાણે આ અમલદારો બાબત હેઠળ લખ્યા પ્રમાણે કરવાનો કમીશનરને તથા ડીસ્ટ્રીક્ટ સુપ્રીનટેન્ડેન્ટને અખત્યાર છે એટલે ફલાણો પોલીશ અમલદાર પોતાના કામમાં સુસ્ત છે, અથવા ગફલત કરે છે, અથવા કામને લાયક નથી એવું પોતાની નજરમાં આવે ત્યારે તેને હરકોઇ વખત બરતરફ કરવાનો અથવા કામ ઉપરથી મોકુફ કરવાનો અથવા તેને ઓછો પગાર નીમવાનો અખત્યાર છે, અથવા કોઇ પોલીશ અમલદાર પોતાના કામમાં કાળજી નહી રાખશે અથવા ગફલત કરશે અથવા કાંઇ કામ કરીને પોતાનું કામ કરવાને નાલાયક થશે તો તેને ઘણામાં ઘણો એક મહીનાનો પગાર દંડ કરવાનો અખત્યાર છે.

૯. સદરહુ પ્રમાણે નીમેલા દરેક પોલીશ અમલદારની તેમની નેમણુક થયા પછે આ આક્ટને જોડેલા નમુના પ્રમાણે દાખલો કમીશનરની શીક્કાનો અથવા કમીશનર જે બીજા અમલદારને નીમશે તેના શીક્કાનો મળશે એ પ્રમાણે જે માણસને દાખલો મળ્યો છે તેને તે દાખલા ઉપરથી પોલીશ અમલદારના અખત્યાર તથા કામ તથા હક મળે છે એવું સમજવું સદરહુ દાખલામાં જે માણસનું નામ લખ્યું હોય તે માણસ પોલીશ માંહેની ચાકરી ઉપરથી મોકુફ અથવા બરતરફ થશે અથવા બીજી રીતે કામ ઉપરથી દુર થશે. એટલે તે દાખલો રદ થશે એવું સમજવું. અને તે માણસનો ઉપરી અમલદાર હોય અને સ્વાધીન અથવા દાખલો લેઇ લેવાનો અખત્યાર જે બીજા અમલદારને આપ્યો હોય, તેને સ્વાધીન તે દાખલો તાબડતોબ કરવો.

૧૦ પોલીશ અમલદારને ડીસ્ટ્રીક્ટ સુપ્રીનટેન્ડેન્ટે ખસુશ કરીને પરવાનગી આપી નહી હશે અથવા પરવાનગી આપવાનો જે બીજા અમલદારને અખત્યાર મળ્યો હોય તે અમલદારે ખસુશ કરીને પરવાનગી આપી નહી હશે અથવા વઇ.નો દાખલો નહી હસે તો તેનાથી પોતાની ચાકરીમાંથી નીકળાસે નહી અથવા રાજીનામુ આપવાનો પોતાનો ઇરાદો હોય તેની નેતાન બે મહીના આગમચ સુચના પોતાના ઉપરી અમલદારને લખીને આપી નહી હશે તો ડીસ્ટ્રીક્ટ સુપ્રીનટેન્ડેન્ટની પરવાનગી વગર પોતાની ચાકરીનું રાજીનામું અપાશે નહી.

૧૧. આ આક્ટ પ્રમાણે પોલીશ અમલદારનું જે કામ હોય તે શીવાય બીજી કોઈ ચાકરી અથવા કામ કમીશનરની ખસુસ કરીને લખેલી પરવાનગી લીધા વગર તેને કબુલ કરવું નહી.

૧૨, સરકારી ગેરસનંદી ચાકર લોકોને પેનશન મળવા બાબત જે કાનુનો છે તે કાનુનો પ્રમાણે પેનશન મળવાનો હક જે વરગના પોલીશ અમલદારને નહી હોય તે વરગના દરેક અમલદારના પગારમાંથી સરકાર ઘણામાં ઘણો રૂપીએ એક આના લગી જે દર ઠરાવે તે દર પ્રમાણે અવેજ કાપી લેવો એ પ્રમાણે કાપી લીધેલા અવેજની અને પોલીશ અમલદાર મંદવાડને લીધે અથવા બીજા કારણને લીધે ગેરહાજર હોય ત્યારે તેના પગારમાંથી અવેજ કપાય તેમાંથી ફાજલ પડે તેની, અને ગેરચાલ બાબત પોલીશ અમલદારને દંડ થાય તેની અને પીને છાકટા થએલા માણસોને માજીસ્ત્રેટ દંડ કરે તે દંડની અથવા પોલીશ અમલદારોની ઉપર હુમલો કરવા બાબત માજીસ્ત્રેટ દંડ કરે તેની, અને પોલીશને વાપરવા સારૂ આપેલાં કપડાં અથવા બીજી જણસો જુની થાય અથવા નકામી પડે તે વેચતાં જે નાણું પેદા થાય તેની, અથવા સરકારે ઠરાવેલે બીજે રસ્તે અવેજ ઉપજે તેની સરકાર હુકમ કરે તે પ્રમાણે

અને તેવા પ્રકારની નોટો વગેરે વખતે વખતે લઇને વ્યાજ ઉપજાવવું અને તેનું સઘળું વ્યાજ તથા વેહેંચાણી અથવા તેના જે ભાગ આ આકટમાં કહેલા કામ સારૂ ખપમાં આવ્યા નહી હોય તેનું પણ સદરહુ પ્રમાણે વ્યાજ ઉપજાવવું. અને "પોલીશ સુપર આન્યુએશન ફંડ" એ નામનો ભંડોળ કરવા સારૂ તે સઘળો અવેજ એકઠો કરવો, અને સરકાર નીયમ ઠરાવે તે નીયમ પ્રમાણે તેમાંથી સુપર આન્યુએશન પેનશનનો અથવા ગ્રાચ્યુઇટી એટલે (ઈનામ) વખતે વખતે આપવું પણ એવું ઠરાવ્યું છે કે પોલીશ અમલદારને પેનશન અથવા ગ્રાચ્યુઇટી આપ્યા વગર પણ બરતરફ કરવાનો અથવા કાહાડી મુકવાનો અધીકાર છે અને તે ફંડમાંથી પેનશન અથવા ગ્રાચ્યુઇટી મળવીજ જોઇએ એવો કોઇ પણ પોલીશ અમલદારનો હક છે એવું સમજવું નહી અથવા પોલીશ અમલદાર ચાકરીમાં હોય ત્યારે તેના પગારમાંથી અવેજ કાપી લીધો હોય તે પાછો મળવાનો તેનો હક પોહોચે છે એવું શમજવું નહી.

૧૩. પોતાના તાબામાંહેના જીલ્લામાં પોલીશ બનાવવા બાબત તથા તેના વરગ કરવા બાબત અને તેઓએ કયાં કયાં વીશેષ કામો કરવાં તે બાબત અને તેઓને જોઇને તપાસ કરવા બાબત અને તેઓને હથીયારો તથા સામન સરજામ તથા બીજી જરૂરની જણસો આપવી જોઇએ તે કેવી આપવી તે બાબત, અને તેઓને ખબર કહાડીને તે જાહેર કરવા બાબત પોતાને યોગ્ય જણાય તેવા હુકમ તથા કાનુન સરકારની મંજુરી લેઇને વખતે વખતે કરવાનો અધીકાર કમીશનરને છે અને ગેર રીતે કામ નહી થવા દેવા બાબત અથવા કામમાં ગફલત નહી થવા દેવા બાબત, અને પોતાના તાબા માંહેની પોલીશ પોતાનું કામ સારી રીતે બજાવે તેની તે પોલીશને હુશીયાર કરવા બાબત પોતાને યોગ્ય જણાય તેવા બીજા હુકમ તથા કાનુનો વખતે વખતે કરવાને કમીશનરને અખત્યાર છે. અને જુદા જુદા જીલ્લામાં શી રીતે પોલીશ વેહેંચી આપવી તે તેણે માજીસ્ત્રેટના અનુમતથી ઠરાવવું.

૧૪. ફલાણે ઠેકાણે સુલેહનો ભંગ થતો અટકાવવા સારૂ અથવા પોલીશના બીજાં કામ કરવા સારૂ વળી બીજી પોલીશ મોકલવાની ફલાણા શબબથી જરૂર છે એવી કોઈ માણસ અરજી કરે ત્યાર પછી તે પ્રમાણે તે ઠેકાણે વળી બીજી પોલીશ યોગ્ય જણાય તેટલી મુદત સુધી મોકલવાને હરકોઇ કમીશનર મુખત્યાર છે. અથવા જીલ્લાના માજીસ્ત્રેટનો હુકમ લેઇને તે પ્રમાણે કરવાને ડીસ્ત્રીકટ સુપ્રીનટેન્ડેન્ટ મુખત્યાર છે એ પ્રમાણે બીજી મોકલેલી પોલીશ ઉપર ડીસ્ત્રીકટ સુપ્રીનટેન્ડેન્ટનો હુકમ ચલશે અને તેનો ખરચ અરજી કરનારને આપવો પડશે પણ એવું ઠરાવ્યું છે કે જે માણસની અરજી ઉપરથી સદરહુ પ્રમાણે પોલીશ મોકલી હોય તે માણસ કમીશનરને અથવા ડીસ્ત્રીકટ સુપ્રીનટેન્ડેન્ટને એક મહીનો અગાઉથી લખેલી સુચના આપીને અથવા સદરહુ બેઉ અમલદારોમાંનો હરકોઇ અમલદાર જેટલી ઓછી મુદતની સુચના કબુલ કરશે તેટલી ઓછી મુદતની સુચના આપીને સદરહુ પોલીશ ઉઠાવી લેવાનું કહેવાને મુખત્યાર છે. અને તે સુચનાની મુદત પુરી થશે. એટલે સદરહુ વતી પોલીશના ખરચનો ભાર તે માણસને માથેથી ઉતરશે એવું સમજવું.

૧૫. મુલકના કેઈ ભાગમાં લોહોડાની શડકનું અથવા નેહેરનું કામ અથવા બીજું સરવજનીક કામ અથવા કારખાનું અથવા વેહેપારનું કામ ચાલે અથવા ચાલતું હોય, અને તે કામ ઉપર અથવા કારખાના ઉપર રાખેલા માણસોની ચાલ ચલગત ઉપરથી અથવા તેઓ ફલાણી રીતે ચાલશે એવું લાગવાથી તે જગાએ વતી પોલીશ રાખવાની જરૂર છે એવું કમીશનરની નજરમાં આવે ત્યારે સરકારનું અનુમત લઇને તે જગાએ વતી પોલીશ મોકલવાને જરૂર હોય તાંહાં સુધી તેઓને તે ઠેકાણે રાખવાને પોલીશ કમીશનરને અધીકાર છે અને એ પ્રમાણે જરૂર પડયાથી વતી પોલીસ રાખી હોય તેનો પગાર આપવાનો હુકમ સદર

હું પ્રકારનું કામ અથવા કારખાનું અથવા વેહેપારનું કામ ચલાવવાના કામમાં વાપરવાનું નાણું જે માણસના તાબામાં હોય તે માણસને કરવાને કમીશનર મુખત્યાર છે અને એ પ્રમાણે લખી મોકલે એટલે તે માણસે તે (પગારના) રૂપીઆ આપવા જોઇએ.

૧૬. મુંબઇ ઇલાકાના જે ભાગમાં દંગો ફીશાદ થયો હોય અથવા થવાની ધાસ્તી હોય ત્યાં, અથવા મુંબઇ ઇલાકાના જે ભાગના રેહેવાશીઓની ચાલ ચલગત ઉપરથી પોલીસના માણસોની સંખ્યા વધારવાનું યોગ્ય લાગતું હોય તે ભાગમાં મામુલ પ્રમાણે રાખવાની પોલીસ ફોજ કરતાં જાસતી પોલીસ ફોજ રાખવા બાબત જાહેરનામું મારીને અથવા પોતાને યોગ્ય લાગે તેવી બીજી રીતે હુકમ કરવાનો સરકારને અખત્યાર છે એ પ્રમાણે રાખેલી જાસતી પોલીસનો ખરચ થાય તે સઘળો અથવા તેનો કાંઇ ભાગ સરકારની નજરમાં આવે તે પ્રમાણે મુલકનો જે ભાગ જાહેરનામામાં લખ્યો હોય તે ભાગ ઉપર સ્થાનીક કર બેસાડીને લેવો અને જીલ્લાનો માજીસ્ત્રેટ લખી મોકલે એટલે કલેકટરે મુલકના તે ભાગના તે રેહેવાશીઓ ઉપર પોતાને વ્યાજબી જણાય તે રીતે ફાળો નાખીને તે ખરચની રકમ વસુલ કરવી પણ એવું ઠરાવ્યું છે કે મુંબઇ ઇલાકાનો જે ભાગ સદરહુ પ્રમાણે જાહેરનામામાં લખ્યો હોય તે ભાગ સન ૧૮૫૦ ના ૨૬ મા આકટ પ્રમાણે અથવા બીજા ચાલુ આકટ પ્રમાણે જે સેહેરમાં મુનસીપલ કમીશનર હોયે તે સેહેરની હદમાં હોય તો સદરહુ ખરચ મુનશીપલ ફંડમાંથી કરવો અને તે કામ સારૂ બીજો કાંઇ કર બેસાડવાની જરૂર હોય તો તે કરનો આંકડો મુનસીપલ કમીશનરને ઠરાવવો.

૧૭. ઉપરની છેલ્લી ત્રણ કલમમાં કહ્યા પ્રમાણે જાસતી પોલીસ રાખી હોય તે બાબતનો અવેજ તેજ કલમ પ્રમાણે આપવો જોઇએ તે આજ સાત દીવસની મુદતની લખેલી સુચના આપીને કલેકટરના હુકમથી હેઠળ લખેલી રીતે વસુલ કરવો એટલે મેહેસુલ કરવા બાબત જે કાયદા ચાલુ હોય તે કાયદા પ્રમાણે મેહેસુલ જે રીતે વસુલ કરે છે તેજ રીતે તે અવેજ વસુલ કરવો, અને એ બાબત અવેજ આપે તે "જનરલ પોલીસ ફંડ ખાતે જમે કરવો" અને સરકાર હુકમ કરે તે પ્રમાણે પોલીસના ખરચમાં વાપરવો પણ એવું ઠરાવ્યું છે કે ઉપરની છેલ્લી કલમના વિષેશ ઠરાવ ઉપરથી જે રકમો ઠરાવી હોય તે સઘળી રકમો સરકારમાં ભરવા સારૂ મ્યુનીસીપલ કમીસનરના હુકમથી વસુલ કરવી અને સેહેર સુધારવાના કામ સારૂ કરના આંકડા જે રીતે વસુલ કરે છે તે રીતે તેણે તે રકમો વસુલ કરવી.

૧૮. સુલેહનો ભંગ થતો અટકાવવા સારૂ અથવા હંગામો અથવા બખેડો બંધ પાડવા સારૂ અથવા જે બીજા માણસને પકડવાનો પોતાને અખત્યાર હોય તેને પકડવા સારૂ મદદ કરવાનું હરકોઇ માણસને ફરમાવવાને માજીસ્ત્રેટ અથવા પોલીસનો ડીસ્ત્રીકટ સુપ્રીટેંડેંટ અથવા આસીસ્ટંટ ડીસ્ત્રીકટ સુપ્રીટેંડેંટ અથવા હરકોઈ પોલીસ અમલદાર મુખત્યાર છે,

૧૯ જે પોલીસ ફોજ હાજર હોય તે હુલડ અથવા મોહોટું ધાંધલ બેસાડી દેવાને બસ નથી એવું નજરમાં આવે ત્યારે હથીયારના જોરથી હુલડ બેસાડી દેવા સારૂ લશકરી મદદ પાસેના લશકરી પોસ્ટના અથવા થાણાના કમાંડીંગ આફીશરની પાસે માગવાનો અધીકાર તે જગાના જે માજીસ્ત્રેટને શરવના કરતાં વત્તી મુખત્યારી હોય છે.

૨૦ દરેક પોલીસ અમલદાર જે જીલ્લાનો અથવા જીલ્લાઓનો હોય તે જીલ્લામાં તે હમેશાં કામગીરી ઉપર છે એવું આ આકટમાં સરવ કારણો માટે સમજવું અને મુંબઇ ઇલકાના બીજા ભાગમાં તેની જરૂર હશે ત્યાંહાં સુધી ત્યાંહાં તેને કામગીરી ઉપર હરકોઈ વખતે મોકલવાનો અખત્યાર છે.

૨૧. યોગ્ય અધીકારીએ કાયદેશર હુકમ તથા વારંટ આપ્યાં હોય તે તેણે તાબડતોબ

માનીને અમલમાં લાવવા અને લોકોના સ્વસ્થપણા બાબતની (એટલે સુખ બાબતની) ખબર કાહાડીને તે ખબર જાહેર કરવી અને ગુના તથા લોકાપકારક કામ થતાં અટકાવવાનો બંદોબસ્ત કરવો અને ગુનેગારોને સોધી કાહાડીને તેઓને ઇનસાફ થવા સારૂ તેઓને હાજર કરવા. અને જે માણસોને પકડવાનો પોતાને કાયદાની રૂએ અખત્યાર હોય અને જે માણસોને પકડવાનું વ્યાજબી કારણ હોય તે સરવને પકડવા એ દરેક પોલીસ અમલદારનું કામ છે એવું સમજવું. અને આ કલમમાં કહેલા હરકોઇ કારણસાર વારંટ વગર પીઠામાં અથવા જુગારના અખાડામા અથવા હલકા અને બેઢંગા માણસોને આવવા જવાની જગાએ પેસીને ચોકસી કરવાનો દરેક પોલીસ અમલદારને અખત્યાર છે.

૨૨. હથીઆરો અથવા બીજી જણસો ગેરવ્યાજબી કામ સારૂ રાખી છે. એવું પોતાના ધીયાનમાં આવવાનું વ્યાજબી કારણ હોય તો તે સઘળાં પકડવાનો અખત્યાર કોનસ્ટેબલ કરતાં ઊંચા દરજાના પોલીસ અમલદારને છે પણ પકડવા સારૂ રેહેવાના ઘરમાં પેસવાની જરૂર હોય તો વગર વારંટે પેસવું નહી. જીલ્લાનો માજીસ્ત્રેટ ફરમાવે તે પ્રમાણે તે હથીયારોનો તથા જણસોનો નીકાલ કરવો.

૨૩. માજીસ્ત્રેટની રૂબરૂ મજકુર જાહેર કરવાનો અને ગુનો કરવાની ઉપર કાયદા પ્રમાણે નીકળી શકે તેવો સમન અથવા વારંટ અથવા ઝડો લેવાનું વારંટ અથવા કાયદાસર બીજો કોઈ હુકમ માગવાનો અને આખરનો ફેસલો થાય ત્યાં સુધી તે માણસની ઉપર ફરીયાદીનું કામ ચલાવવાનો હરકોઇ પોલીસ અમલદારને અખત્યાર છે.

૨૪. સઘળો બેવારસી માલ પોતાના તાબામાં લેવો અને તે જે ગામમાથી જડ્યો હોય તે ગામના પોલીસ પટેલને હવાલે કરીને તેની પોહોચ લેવી, એ દરએક પોલીસ અમલદારનું કામ છે અને તે ઠેકાણે માજીસ્ત્રેટની હકુમત ચાલતી હોય તે નજીકના માજીસ્ત્રેટની પાસે તે પોહોચ પોલીસ અમલદારે મોકલી દેવી.

૨૫. કોઇ માણસ આ આકટ પ્રમાણે પોલીસ અમલદારના કામમાંથી દુર થશે તે પોતાનો દાખલો તથા કપડાં તથા હથીયાર વગેરે સાજ સરંજામ તથા કામ બજાવવા સારૂ પોતાને તથા જરૂરીની બીજી જણસો આપી હોય તે પાછી આપવાની જાણી જોઇને ગફલત કરશે અથવા ના કહેશે તો તે વાત માજીસ્ત્રેટની આગળ સાબીત થયા પછે તે બસે રૂપીયા સુધી દંડને લાયક થશે અથવા દંડ નહી આપશે તો ઘણામાં ઘણું છ મહીના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષાને લાયક થશે.

૨૬. પોલીસ અમલદાર પોતાને જે રીતે ચાલીને કામ કરવું જોઇએ તેથી ઉલટો ચાલશે અથવા યોગ્ય અધીકારીએ કરેલી કાનુન અથવા કાયદા અથવા કાયદાસર હુકમ જાણી જોઇને તોડશે અથવા તેમાં ગફલત કરશે. અથવા પરવાનગી વગર અથવા બે મહીના અગાઉ સુચના આપ્યા વગર પોતાના હોદ્દાનું કામ તોડશે અથવા પોલીસની ચાકરી શીવાય બીજું કાંઇ કામ હુકમ વગર માથે લેશે, અથવા બીહીકણપણું કરશે, અથવા કોઇ માણસ પોતાના તબામાં કેદમાં હોય ત્યારે તેને વગર અધીકારે મારકુટ કરશે તો માજીસ્ત્રેટની આગળ તે વાત સાબીત થયા પછી તે પોલીસ અમલદારે ઘણામાં ઘણા ત્રણ મહીનાના પગાર જેટલા દંડને અથવા ઘણામાં ઘણા ત્રણ મહીના સુધી બેમાંના હરકોઇ એક પ્રકારની કેદની શિક્ષાને અથવા એ બેઉ શિક્ષાને લાયક થશે.

૨૭. સારવજનીક રસ્તામાં અથવા ગલીમાં અથવા સરકાદરીની બીજી જગાએ લોકો એકઠા થાય તો તેઓએ શી રીતે એકઠા થવું અને એકઠા થઇને જાય ત્યારે શી રીતે એકઠા થઇને જવું (તથા વરઘોડા વિગેરે શી રીતે કાહાડવા). તે બાબત કામ પડે ત્યારે હુકમ કર

વાનો અધીકાર અને તરઘેકા વીગેરે કયે રસ્તે અનેકઈ વખતે લઈ જવા તે ઠરાવવાનો અધીકાર પોલીશના ડીસ્ટ્રીક્ટ સુપ્રીનટેંડેંટને તથા આસીસ્ટંટ ડીસ્ટ્રીકટ સુપ્રીનટેંડેંટને છે. વાર તેહેવારને દાહાડે અથવા ધરમ સમંધી ક્રીયાને પ્રસંગ ગામના રસ્તામાં વાજાં વગાડવા દેવા બાબત નીયમ ઠરાવવાનો અધીકાર પણ તેઓને છે,

૨૮. સારવજનીક રસ્તામાં તથા ગલીમાં તથા ગાડાંદારીની જગાએ તથા નાહાવાની તથા ધોવાની તથા ઉતરવાની જગાએ તથા લોકોને આવવા જવાની સઘળી જગાએ. અથવા લોક ભક્તી કરતા હોય ત્યારે ભક્તી કરવાની જગ્યાની આશપાસ બંદોબસ્ત રાખવો. અને સારવજનીક રસ્તામાં અથવા ગલીમાં અથવા ગાડાંદારીની જગાએ તથા નાહાવાની તથા ધોવાની તથા ઉતરવાની જગાએ રસ્તો બંધ નહી થઈ જાય તથા સરવજનીક ઘરમાં ઘણી ભીડ ન હી થાય તેવો બંદોબસ્ત રાખવો એ પોલીશનું કામ છે.

૨૯. ઉપલી છેલી કલમો પ્રમાણે આપેલા હુકમને જે માણસ હરકત કરશે અથવા નહી માનસે તે માણસ સદરહુ હુકમ આ આકટની ૨૭ મી કલમ પ્રમાણે કરયો હશે તો તે વાત તેની ઉપર માજીસ્ત્રેટની આગળ સાબીત થયા પછી બસેં રૂપીયા સુધી દંડને લાયક થશે અથવા દંડ નહી આપશે તો ઘણામાં ઘણા છ મહીના સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદની શજાને લાયક થશે. અને સદરહુ હુકમ આ આકટનું ૨૮ મો કલમ પ્રમાણે કરયો હશે તો તે વાત તેની ઉપર માજીસ્ત્રેટની આગળ સાબીત થશે તો પચાશ રૂપીયા સુધી દંડને લાયક થશે, અથવા દંડ નહી આપશે તો ઘણામાં ઘણા બે મહીના સુધી બેમાંના ગમે તે એક પ્રકારની કેદની સજાને લાયક થશે.

૩૦. ઉપરની છેલી ત્રણ કલમોમાં કહેલી બાબતમાં જીલ્લાના માજીસ્ત્રેટનો સામાનીય અધીકાર છે તે અધીકારને તે કલમોના કોઇ ઠરાવથી હરકત થાય છે એવું સમજવું નહી,

૩૧. જે સેહેરમાં અથવા બીજી જગાએ માજીસ્ત્રેટ રેહેતા હોય તે સેહેરમાં અથવા બીજી જગાએ. અથવા જે સેહેરને. અથવા બીજી જગાએ અથવા સારવજનીક રસ્તાને આ કલમ સરકારના જાહેરનામાં ઉપરથી ખુલુશ કરીને લાગુ કરી હોય તે સેહેરમાં અથવા બીજી જગાએ અથવા રસ્તામાં અથવા રસ્તા પાસ કોઇ માણસ રેહેનારાઓને અથવા આવનારા જનારા લોકોને અટકાવ થાય અથવા કંટાળો આવે અથવા જોખમ અથવા બીહીક અથવા નુકશાન લગે તેવી રીતે હેઠળ લખેલા ગુન્હા કરશે તો માજીસ્ત્રેટની આગળ તે વાત તેના ઉપર સાબીત થયા પછી તે પચાસ રૂપીયા સુધી દંડને લાયક થશે અથવા દંડ નહી આપશે તો ઘણામાં ઘણા આઠ દાહાડા સુધી કેદના શિક્ષાને લાયક થશે. અને કોઇ માણસ પોતાના દેખતાં તેવો ગુનોહ કરતાં માલમ પડશે તો તેને વારંટ વગર કેદ કરવાનો અધીકાર હરકોઇ પોલીશ અમલદારને છે તે ગુનાની વીગત નીચે મુજબ.

(૧.) કોઇ માણસ કોઇ જાનવરને મનમાં આવે તેમ અત્યાચારથી અને નીરદયપણે બડબડે અથવા તેનો ગેરઉપયોગ કરશે અથવા તેના ઉપર જુલમ કરશે તે.

(૨) સારવજનીક કુવો અથવા તળાવ અથવા હાઉદ અથવા પાણીની જગ્યા જે કામ સારૂ નીમી હોય, તે કામમાં ઓછી ઉપયોગી પડે તેવી રીતે તેમાં કોઇ માણસ નાહાશે અથવા ધોશે અથવા બીજી રીતે ખરાબ કરશે અથવા ખરાબ કરાવશે તે પણ એવું ઠરાવ્યુ છે કે તેવુ નહી કરવા બાબતનું જાહેરનામું પાસેની પ્રસીદ્ધ જગાએ જીલ્લાની ભાષામાં મારયું હશે તો.

(૩.) કોઇ માણસ ઘોડા ઉપર અથવા બીજા ઢોર ઉપર બેશીને તેને કોઇ રસ્તામાં અથવા ગાડાંદારીની જગાએ બેપરવાઈથી અથવા ઘણા જોરથી હાંકશે, અથવા શાખાસે. (અ

થવા પતોટને) અથવા તેને સંભાળવાનો પુરો બંદોબસ્ત કરયા વગર મુકી જશે અથવા કેલા
ણું ઢોર અથવા વાહન માહ્હડી લઇ જાએ એવી સુચના પોહોચ્યા પછી જરૂર હોય તે કરતાં
વત્તી વરસગી રેહેવા દેશે, અથવા ઉંઘાંગી રાતે હરકોઇ જાતની ગાડી જોડીએ તેટલું અંધારા
બર અજવાળું પડે તેવા દીવા વગર હાંકશે, અથવા વગર હુકમે કંઇ માલ વેચવા સારૂ અ
થવા બીજા કામ સારૂ માંડી મુકશે, અથવા નીમેલી જગા શીવાય બીજી જગાએ કચરો અ
થવા ગોજવાડ અથવા પુંજો મુકશે અથવા માજીસ્ત્રેટની અથવા મ્યુનશીપલ કમીશનરની
અથવા પોલીશ અમલદારની પરવાનગી વગર દારૂખાનું (એટલે આતસબાજી) છોડશે
અથવા સારવજનીક રસ્તાની પચાસ ફુટની અંદર બંદુક વગેરે અગનીશસ્ત્ર અથવા દારૂ
ખાનું છેડશે તે.

(૪.) કોઇ માણસ સારવજનીક રસ્તામાં અથવા ગલીમાં અથવા રાહાદારીની જગાએ
અથવા તેની પાસે તથા સામે કાઇ ઢોરને મારી નાખશે અથવા મારેલું ઢોર અથવા ચામડું
સાફ કરશે. અથવા જાણી જોઇને તથા નીરલજપણે પોતાનુ શરીર ઉઘાડું મુકશે. અથવા
પઇસા મેળવવા સારૂ કંટાળો આવે તેવું કૃરપણું અથવા રોગ ઉઘાડો મુકશે, અથવા લોકો
પકારક ક્રીઆ કરશે, અથવા પોતાનાથી પોતાની સંભાળ નહી થાય તેવો છાકટો થઇ જશે તે.

૩૨. ઉપરની છેલ્લી રકમ પ્રમાણે જે માણસ ઉપર તહોમત આવ્યું હોય તે માણસને
પોતાની આગળ આણ્યા પછી માજીસ્ત્રેટની આગળ તેણે હાજર થવું. એ બાબત જામીન
મુક્યાં અથવા જામીન વગર તે માણસનો મુચલકો લેવો એ કાનસ્ટેબલ કરતાં ઊંચા દર
જાના દરેક પોલીશ અમલદારનું કામ છે

૩૩. કોઇ માણસ માજીસ્ત્રેટની અથવા મ્યુનશીપાલ કમીશનરની પરવાનગી વગર
કોઇ રાહાદારીની જગાએ માંડવો અથવા છાપરૂ અથવા તંબોળ અથવા તેવું બીજુ કાંઇ બાં
ધશે. અથવા પથરા અથવા ઘર બાંધવાનો શામાન મુકશે. અથવા પાસે રેહેનારાઓને અથ
વા આવનાર જનાર લોકને કંટાળો આવે તેવી રીતે શેહેરનો અથવા ગામનો કચ
રો માંહેની અથવા જગા માંહેની ટાંકીઓમાં અથવા ઉકરડામાં અથવા તેવાં બીજા ઠામમાં ગો
જો પદારથ પાકા કારણ વગર જાણી જોઇને એકઠો થવા દેશે, અથવા કોઈ ઘરમાંથી અથ
વા કારખાનામાંથી અથવા તબેલામાંથી રાહાદારીની જગાએ ગોજો પદારથ પાકા કારણ વગર
જાણી જોઇને રેહેવા દેશે, અથવા જે તળાવ અથવા હોજ પાણી પીવા સારૂ નીમ્યો હોય
તેમાં ચોમાશામાં જે વેહેળાને રસ્તે પાણી આવતું હોય તે વેહેળામાં મુએલું જનાવર અ
થવા કચરો અથવા ગોજવાડ નાખશે. અથવા જે બીજી જગાએ સદરહુ પ્રકારનો કચરો
પુંજો નાખ્યાથી લોકોને ઉપદ્રવ હોય તે જગાએ નાખશે, અથવા ઠરેલી કાનુનો અથવા
માજીસ્ત્રેટનો હુકમ નહી માનીને ઘાસ અથવા બીજો જવાળાગ્રહી (એટલે તાબડતોબ સળ
ગી ઉઠે તેવો) પદારથ રહેવાના ઘરથી અથવા પડશાળથી અથવા બીજી ઇમારતથી ૫૦ વા
રની અંદર સાંચી મુકશે અથવા ભરી મુકશે, અથવા તે પ્રમાણે શીંચી મુકયો હોય
અથવા ભરી મુકયો હોય, તે કાહાડી લઈ જવાને ચુકશે અથવા કશામાંહેની અથવા ગા
મમાંહેની અથવા રેહેવાની જગામાંહેની અથવા તેની પાસેની જમીન ઉપરની અથવા સારવ
જનીક રસ્તા માંહેની અથવા રાહાદારીના ઠેકાણા માંહેની અથવા તેના પાસેની જમીન ઉ
રની વાડ અથવા વધી ગએલા કંટાળા અથવા ઝાડ ઘણીજ વધવા દીધાથી લોકોને ઉપદ્રવ
થવા જેવું હોય તે વાડ કરવાનો અથવા કંટાળા અથવા ઝાહાડ ઝરી નાખવાનો અથવા
કાહાડી નાખવાનો માજીસ્ત્રેટે હુકમ કરયો હોય ને નહી માનવું તો તે વાત માજીસ્ત્રેટની આ
ગળ સાબીત થયા પછી તે માણસ સદરહુ પ્રકારનો દરેક ગુના બદલ પચાસ રૂપીયા સુધી દંડને

લાયક થશે અથવા દંડ નહી આપશે તો ઘણામાં ઘણા આઠ દહાડા લગી કેદની સજાને લાયક થશે. પણ એવું છે કે ૩ ફુટ ઊંચી અને ચાર ફુટ પોહોળા કરતાં આછી ઊંચાઇની અને પેહોળાઇની ગાડ ઝરાનું કોઇ માણસને ફેરમાવવુ નહી,

૩૪. કેઇ શેહેરની અથવા ગામની સારવજનીક અથવા પડા જમીનમાંના કંટાળા અથવા બીજી વનસ્પતી એટલે (ઝાડબીડ) અથવા ઉપદ્રવકારક ગંદકી કહાડી નાખવાની જરૂર છે એવુ ડુસવાવર માજીસ્ત્રેટની નજરમાં આવે ત્યારે તે જમીન સાથે જે લોકોને સબંધ હોય તે લોકોને અને તે શેહેરના તથા ગામના રેહેવાશીઓને જનરલ નોટીશ આપીને તે કહાડી નાખવાનો હુકમ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે. તે નોટીશ ચાવડીમાં (એટલે ગામને ચોરે.) અથવા લોકોને આવવા જવાની મુખ્ય જગોએ મારવી. તે નોટીશમાં યોગ્ય મુદત લખી હોય તો તે યોગ્ય મુદતમાં (તે મુદત ૭ દહાડા કરતા ઓછા લખવા નહી.) તે હુકમ પ્રમાણે નહી થશે તો તે વનસ્પતી અથવા ઉપદ્રવકારક ગંદકી કહાડી નંખાવવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે અને તે બાબત ખરચ થાય તેનો મજકુર માજીસ્ત્રેટ ફેરમવે એટલે લોકો ઉપર ફાળો નાંખીને આ આક્ટની ૧૬ અને ૧૭ મી કલમમાં કહેલી રીતે તેઓની પાસેથી તે ખરચ લેવો.

૩૫. આ આક્ટ પ્રમાણે ગુનો શાબીત થયા પછી ઇનસાફ કરનાર અમલદારે શિક્ષા ઠરાવવી જોઇએ તે જેટલો દંડ અથવા કેદની શિક્ષા કરવાનો પોતાને અખત્યાર હોય તે અખત્યારની અંદર ઠરાવવી. પણ એવુ ઠરાવ્યું છે કે કાનસ્ટેબલના દરજા કરતાં ઊંચા દરજાના કોઈ પોલીશ અમલદારની ઉપર આ આક્ટ પ્રમાણે ફરીયાદ થાય તેની માજીસ્ત્રેટનો કુલ અખત્યાર સાચવનારા અમલદારેજ તજવીજ કરીને ફેંસલો કરવો.

૩૬. આ આક્ટમાં જે ગુનહા બાબત શિક્ષા ઠરાવી છે. તે ગુના બાબત બીજા કોઇ કાયદા પ્રમાણે અથવા આક્ટ પ્રમાણે કોઇ માણસ ઉપર ફરીયાદ કરવાની મના છે એવો આ આક્ટના કોઇ ઠરાવનો અરથ કરવો નહી. અથવા તેવા ગુના બાબત આ આક્ટમાં જે શિક્ષા ઠરાવી છે તેથી બીજી કાંઇ જુદી અથવા વધતી શિક્ષા બીજા કોઇ કાયદા ઉપરથી અથવા આક્ટ ઉપરથી થવાને તે માણસ લાયક નથી એવો પણ અરથ કરવો નહી. પણ એવું ઠરાવ્યું છે કે એકના એક ગુના બાબત કોઇ માણસને બે વાર શિક્ષા થશે નહી.

૩૭. જે ગુના બાબત શિક્ષા કરવાનો માજીસ્ત્રેટને અધીકાર છે ને ગુના બાબત આ આક્ટના આધારથી દંડ અથવા ગુનેગારી ઠરાવવામાં આવે તે નહી ભરે અને માજીસ્ત્રેટને યોગ્ય જણાય તો જીલ્લાના માજીસ્ત્રેટની હકુમતની હદમાં ગુનેગારનો માલ હોય તે જપ્ત કરીને વેચીને તે દંડ અથવા ગુનેહગારી વસુલ કરવાનો અખત્યાર છે જે માજીસ્ત્રેટે હુકમ કર્યો હોય તેની સહીના વારંટ ઉપરથી તે માલ જપ્ત કરીને વેચવો.

૩૮. મજકુર દંડ અથવા ગુનેગારી તાબડતોબ નહી ભરે તો મજકુર જપ્તીના વારંટના પરીણામની હકીકત યોગ્ય વખતે લખાઇ આવે ત્યાં સુધી ગુનેગારને પકડીને કેદમાં રાખવાનો હુકમ કરનાર માજીસ્ત્રેટ મુખત્યાર છે પણ જપ્તીના વારંટના પરીણામની હકીકત યોગ્ય વખતે લખાઇ આવે ત્યાં સુધી ગુનેગારને પકડીને કેદમાં રાખવાનો હુકમ કરવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે પણ જપ્તીના વારંટના પરીણામની હકીકત મોકલવા સારૂ જે ઠેકાણું તથા વખત ઠરાવ્યો હોય તે ઠેકાણે તથા તે વખતે હું હાજર થઇશ એવો માજીસ્ત્રેટની ખાતરીનો જામીન ગુનેગાર આપે તો તેને પકડીને કેદ કરવો નહી,

૩૯. દંડ વસુલ થાય તેટલો માલ જપ્તીમાં જડ્યો નથી એવું જપતીના વારંટના પરીણામની હકીકત લખાઇ આવ્યા ઉપરથી દેખાય અને ગુનેગાર તાબડતોબ દંડ નહી ભરે અથ

વા ગુનેગારની જુબાની ઉપરથી અથવા બીજી રીતે માજીસ્ત્રેટની ખાત્રી થાય કે જપતીનું વારંટ આપશું ના પણ કરેલો દંડ અથવા અવેજ વસુલ થાય તેટલી માલ મીલકત ગુનેગારની પાસે નથી તો તે માજીસ્ત્રેટ પોતાનીસહીનું વારંટ આપીને પોતાની નજરમાં આવે તે પ્રમાણે કેદમાં રાખવા સારૂ ગુનેગારને (તે ગુનેગાર રાણીની વીલાયતી રઇયત નહી હોય તો તુરગમાં મોકલવાને મુખત્યાર છે ચાર રૂપીયા કરતા વધતો દંડ નહી હોય તો ઘણામાં ઘણા બે "ક્યાલેંડર" મહીના સુધી કેદમાં રાખવો, અને સો રૂપીયા કરતાં વધતો દંડ નહી હોય તો ઘણામાં ઘણા ચાર "ક્યાલેંડર" મહીના સુધી કેદમાં રાખવો, અને એ વગર બીજે પ્રસંગે ઘણામાં ઘણા છ "ક્યાલેંડર" મહીના સુધી કેદમાં રાખવો પણ દંડનો અવેજ આવે તો ગુનેગારને કેદમાંથી તાબડતોબ છોડી મુકવો.

૪૦. ગુનેગાર રાણીની વીલાયતી રઇયત હોય ત્યારે માજીસ્ત્રેટ જસ્ટીશ આફધી પીસ હોય તોહુનેલા (એટલે મારામારી) ના મુકદમામાં દંડ વસુલ કરવાની જે રીતે ૩ જા જાર જમાં બાદશાહની કારકીદીમાં ઠરેલા ૫૩ સ્ટાટુટના ૧૯૫ મા બાબની ૧૯૫ મી કલમમાં કહી છે તે રીતે તે માજીસ્ત્રેટે દંડ વસુલ કરવો. સદરહુ માજીસ્ત્રેટ જસ્ટીશ આફધી પીસ નહી હોય તો જે વાત બની હોય તે તેણે દફતરમાં લખીને તે દફતર જીલ્લાની હદમાં બીજો કોઇ માજીસ્ત્રેટ જસટીશ આફધી પીસ હોય તેની પાસે મોકલી દેવું પછી તે માજીસ્ત્રેટની ઉપર કહેલી રીતે તે દંડ વસુલ કરવા સારૂ ગુનેગાર ઉપર કામ ચલાવવું.

૪૧. પોલીશ અમલદારના હાથથી સમન વગેરે હુકમ પોહોચાડવા બાબત અવેજ આવે તે સઘળો અવેજ તથા ઇનામનો તથા દંડનો અથવા ઇનામના તથા દંડના હીસાનો અવેજ ખબર આપનારને કાયદા પ્રમાણે આપવામાં આવે છે તેવો અવેજ પોલીશ અમલદારને ખબર આપી હોય તે ઉપરથી આવે તે સઘળો જનરલ પોલીશ ફંડમાં જમે કરવો પણ એવું ઠરાવ્યું છે કે પોલીશ ફોરસના કોઇ માણસે વિસેશ ચાકરી બજાવી હોય તે બાબત તેને સદરહુ પ્રકારના ઇનામનો અથવા દંડનો સઘળો અવેજ અથવા તેનો કાંઈ ભાગ આપવાની આ કલમના કોઇ ઠરાવ ઉપરથી મના છે એવું સમજવું નહી.

૪૨. આ આકટના ઠરાવ ઉપરથી અથવા આ આકટ પ્રમાણે પોલીશને સામાન્ય અખ્તીકાર આપ્યો છે તે અખ્તીકાર ઉપરથી હરકોઇ વાત કરવા બાબત અથવા કરવાનો ઇરાદો કરવા બાબત કોઇ માણસ ઉપર કાયદા પ્રમાણે જે ફરીયાદ ચાલી શકતી હોય તે ફરીયાદ જે વાત બાબત ફરીયાદ કરવી હોય તે વાત બન્યા પછી ત્રણ મહીનાની અંદર સરૂ કરવી જોઇએ, નહી તો ચાલશે નહી, અને ફરીયાદ સરૂ કરયા પેહેલાં નેદાન એક મહીના આગમચ તે ફરીયાદીની તથા તેના કારણની પ્રતીવાદીને અથવા જે જીલ્લામાં તે વાત બની હોય તે જીલ્લાના ડીસ્ત્રીકટ સુપ્રીનટેંડેંટને અથવા આસીસ્ટંટ સુપ્રીનટેંડેંટને સુચના લખીને આપવી એ પ્રમાણે ફરીયાદ કરયાં પેહેલાં પ્રતીવાદી નુકસાનનું પુરેપુરૂ વળતર આપવા માંડશે, અથવા ફરીયાદ કરયા પછી પ્રતીવાદી અથવા પ્રતીવાદીની તરફથી કોઇ પુરેપુરી રકમ કોરટમા ભરશે તો વાદીની ફરીયાદ ચાલશે નહી અને સદરહુ પ્રકારના મુકદમામાં વાદીની તરફનું હુકમનામુ થશે તો પણ તેને પરતીવાદીની પાસેથી ખરચ મળશે નહી પણ જે જડજની આગળ તે મુકદમાનો ઇનસાફ થશે તે જડજ એવો દાખલો આપશે કે એ ફરીયાદ કરી તે વ્યાજબી છે તો પ્રતીવાદીની પાસેથી ખરચ મળશે. પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ અમલદાર ઉપર જે વાત બાબત ફોજદારીમા કામ ચાલ્યું હશે તે વાત બાબત તેની ઉપર દીવાનીમાં કામ ચાલશે નહી.

૪૩. કોઇ પોલીશ અમલદાર પોતાના હુદ્દાના જોરથી કાંઇ વાત કરી ન હોય તે બાબત

તેની ઉપર ફરીયાદ થાય અથવા કામ ચાલે ત્યારે મેં એ વાત માજીસ્ત્રેટે આપેલી વારંટના આધારથી કરી છે. એવો જવાબ આપવાનો તેને અખત્યાર છે. સદરહુ વાત કરવાનું જે વારંટમાં ફરમાવ્યું હોય અને જેની ઉપર માજીસ્ત્રેટની સહી હોય તે વારંટ રજુ કરીને તે જવાબ સાબીત કરવો પછી માજીસ્ત્રેટની હુકુમતમાં કાંઈ ખાત્રી હોય તો પણ મતીવાદીની તરફેનું હુકમનામું કરવું માજીસ્ત્રેટની સહી ખરી છે કે નહી તે બાબત કોરટને શક આવવાનું કારણ નહી હોય ત્યારે માજીસ્ત્રેટની સહી બાબત પુરાવાની જરૂર નથી પણ ઠરાવ્યું છે કે તે વારંટ આપનારા અધીકારીની ઉપર ફરીયાદી કરવાના લોકોનો જે ઈલાજ ચાલતો હોય તે ઈલાજની આ કલમના કોઇ ઠરાવથી હરકત થાય છે એવું સમજવું નહી,

૪૪. પોલીશના કારણ સારૂ ગામના હરકોઇ પોલીશ અમલદાર ઉપર જે અખત્યાર ચલાવવાને જીલ્લાનો માજીસ્ત્રેટ મુખત્યાર છે ને અખત્યાર પોલીશ કમીશનરની મન્જુરી લઇને પોલીસના ડીસ્ત્રીકટ સુપ્રીનટેડંટને આપવાને જીલ્લાનો માજીસ્ત્રેટ મુખત્યાર છે.

૪૫. વંશપરંપરના અથવા બીજા પ્રકારના ગામના પોલીશ અમલદારનું નામ આ આકટ પ્રમાણે પટમાં દાખલ થયું નહી હોય તો તેને આકટનો કોઈ પણ ઠરાવ લાગુ થાય છે એવું સમજવું નહી સદરહુ પ્રમાણે પટમાં નામ દાખલ થશે એટલે તે અમલદારને આ આકટના ઠરાવ લાગુ થશે વંશપરંપરાના ગામના પોલીશ અમલદારનું નામ તેના અનુમત વગર અને તેને નીમવાને જેઓને અખત્યાર હોય તેઓના અનુમત વગર આ આકટ પ્રમાણે પટમાં દાખલ કરવું નહી.

૪૬. આ આકટ સીધપ્રાંતને લાગુ છે પણ મુંબઇ શેહેરને લાગુ નથી.

૪૭. આ આકટને "સન ૧૮૬૭ નો મુંબઇનો ડીસ્ત્રીકટ પોલીસ આકટ" કહેવો.

નમુનો (કલમ ૯ મી જુઓ.)

શિક્કો.

અ બ. ને મુંબઇ ઇલાકા માંહેના ક. ડ. જીલ્લાની અથવા જીલ્લાઓની પોલીશની આશામી નીમાયો છે. અને શન ૧૮૬૭ ના મુંબઇના ડીસ્ત્રીકટ પોલીશ આકટ પ્રમાણે પોલીસ અમલદારને જે અખત્યાર તથા હક છે તે તેને આપ્યા છે.

ઈંડિઆના ગવરનર ઇનકાઉનસલને હેઠળ છપેલો આકટ ગવરનર જનરલે સન ૧૮૬૪ ના ફેબરવારી મહીનાની ૧૮ મી તારીખે મંજુર કરયો તે સરવ લોકને જાહેર થવા સારૂ પ્રસિધ્ધ કરયો છે.

સન ૧૮૬૪ નો આક્ટ ૬ ઠો.

ફટકાની શિક્ષા કેટલાએક પ્રસંગે ઠરાવવાનો અધીકાર આપવા બાબતનો આકટ.

હિંદુસ્તાનના ફોજદારી કાયદાના ઠરાવ પ્રમાણે ગુનેગારોને કેટલેએક પ્રસંગે ફટકાની શિક્ષા કરવી યોગ્ય છે, વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

૧. હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૫૩ મી કલમમાં શિક્ષાઓ કહી છે તે શિવાય વળી તે કાયદાના ઠરાવ પ્રમાણે ગુન્હેગારો ફટકાની શિક્ષાને પણ લાયક થશે.

૨. કોઈ માણસ હેઠળ લખેલા ગુનામાંનો કાંઈ ગુનો કરશે તો તે ગુના બાબત હીંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાણે જે શિક્ષાને લાયક થશે તે શિક્ષાને બદલે તેને ફટકાની શિક્ષા કરવાનો અધીકાર છે તે ગુન્હાની વિગત.

૧. સદરહુ કાયદાની ૩૭૯ મી કલમમાં કહેલા પ્રકારની ચોરી.

૨. સદરહુ કાયદાની ૩૮૦ મી કલમમાં કહેલા પ્રકારની ઘરમાંની અથવા તંબુમાંની અથવા વાહાણમાંની ચોરી.

૩. સદરહુ કાયદાની ૩૮૧ માં કલમમાં કહેલા પ્રકારની મેહેતાએ અથવા ચાકરે કરેલી ચોરી.

૪. સદરહુ કાયદાની ૩૮૨ મી કલમમાં કહ્યા પ્રમાણે જીવ લેવાની અથવા ઇજા કરવાની તઈયારી કરીને કરેલી ચોરી.

૫. સદરહુ કાયદાની ૩૮૮ મા કલમમાં કહ્યા પ્રમાણે ભય ઉતપન કરીને જબરાઇથી કહડાવવું.

૬. સદરહુ કાયદાની ૩૮૯ મી કલમમાં કહ્યા પ્રમાણે જબરાઈથી કહડાવવાનો ગુન્હો કરવા સારૂ કોઇ માણસ ઉપર ગુનો કરયાનું તોહોમત મુકવાનું ભય ઉતપન કરવું.

૭. સદરહુ કાયદાની ૪૧૧ મી કલમમાં કહ્યા પ્રમાણે બદદયાનતથી ચોરીનો માલ લેવો.

૮, સદરહુ કાયદાની ૪૧૨ મી કલમમાં કહયા પ્રમાણે ડાકામાં ચોરાવેલો માલ બદદયાનતથી લેવો.

૯. આ કલમમનો ગુના બાબત ફટકાની શિક્ષા કહી છે તેવો ગુન્હો કરવા સારૂ સદરહુ કાયદાની ૪૪૩ ની અને ૪૪૫ મી કલમમાં કહયા પ્રમાણે ગુપ્ત ગ્રહ પ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.

૧૦ આ કલમમાં જે ગુના બાબત ફટકાની શિક્ષા કહી છે તેવો ગુનો કરવા સારૂ સદરહુ કાયદાની ૪૪૪ મી અને ૪૪૬ મી કલમમાં કહયા પ્રમાણે રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ કરવો તથા રાતે ઘર ફોડવું.

૩ ઉપરની છેલી કલમમાં કહેલા ગુન્હામાંના હરકાંઇ ગુનાની સાબીતી કોઇ માણસ ઉપર અગાઉ થઇ હોય અને તેની ઉપર તેવાજ ગુન્હાની પાછી શાબીતી થશે તો હિંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાણે તે ગુના બાબત તે જે બીજી સજાને લાયક હશે તે સજાને બદલે અથવા તે સજા શીવાય વળી તેને ફટકાની શિક્ષા કરવાનો અધીકાર છે.

હેઠળ લખેલા ગુન્હામાંના હરકાંઇ ગુન્હાની શાબીતી કોઇ માણસ ઉપર અગાઉ

ગઈ હોય અને તેની ઉપર તેવાજ ગુનાની પાછી શાબીતી થશે તો હીંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાણે તે બીજી સજાને લાયક થશે. તે સજા શિવાય વળી તેને ફટકાની શિક્ષા કરવાનો અખીકાર છે તે ગુન્હાની વીગત.

૧. હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૯૩ મી કલમ પ્રમાણે શિક્ષાને લાયક થાય એવી રીતે ખોટી શાહેદી આપવી અથવા ખોટો પુરાવ બનાવવો.

૨. સદરહુ કાયદાની ૧૯૪ મી કલમમાં કહયા પ્રમાણે જે ગુના બાબત દેહાંત શિક્ષા કહી છે. તેવો ગુનો સાબીત કરવા સારૂ ખોટી સાહેદી આપવી અથવા ખોટો પુરવો બનાવવો.

૩. સદરહુ કાયદાની ૧૯૫ મી કલમમાં કહયા પ્રમાણે જે ગુના બાબત સમુદ્રપાર કરવાની અથવા કેદની શિક્ષા કહી છે તેવો ગુનો કોઇ ઉપર શાબીત કરવાના ઇરાદાથી ખોટી શાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.

૪. સદરહુ કાયદાની ૨૧૧ મી અને ૩૭૭ મી કલમમાં કહયા પ્રમાણે સૃષ્ટીક્રમ વિરૂધ મઈથુન કરયનુ ખોટું તહોમત કોઇ માંણસ ઉપર મુકવું.

૫. સદરહુ કાયદાની ૩૫૪ મી કલમમાં કહયા પ્રમાણે સ્ત્રીને લાજ લાગે અને તેના મનને ધકો પોહોચે એવા ઇરાદાથી તેની ઉપર હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવું

૬. સદરહુ કાયદાની ૩૦૫ મી કલમમાં કહયા પ્રમાણે બળાત્કાર સંભોગ.

૭. સદરહુ કાયદાની ૩૦૭ મી કલમમાં કહયા પ્રમાણે સૃષ્ટીક્રમ વિરૂધ મઇથુન.

૮. સદરહુ કાયદાની ૩૯૦ મી અને ૩૯૧ મી કલમમાં કહયા પ્રમાણે અપહરણ અથવા ડાકો.

૯. સદરહુ કાયદાની ૩૯૩ મી કલમમાં કહયા પ્રમાણે અપહરણ કરવાની કોશીશ કરવી.

૧૦ સદરહુ કાયદાની ૩૯૪ મી કલમમાં કહયા પ્રમાણે અપહરણ કરવામાં બુધ્ધી પુરવક વ્યથા કરવી.

૧૧. શદરહુ કાયદાની ૪૧૩ મી કલમમાં કહયા પ્રમાણે ચોરીનો માલ લેવાનો અથવા ચોરીનો ધધો કરવાનો વહીવટ રાખવો.

૧૨. સદરહુ કાયદાની ૪૬૩ મી કલમમાં કહયા પ્રમાણે ખોટો લેખ બનાવવો.

૧૩. સદરહુ કાયદાની ૪૬૬ મી કલમમાં કહયા પ્રમાણે ખોટો લેખ બનાવવો.

૧૪. સદરહુ કાયદાની ૪૬૭ મી કલમમાં કહયા પ્રમાણે ખોટો લેખ બનાવવો.

૧૫. સદરહુ કાયદાની ૪૬૮ મી કલમમાં કહયા પ્રમાણે ઠગાઇ કરવાના કારણસર ખોટો લેખ બનાવવો.

૧૬. સદરહુ કાયદાની ૪૬૯ કલમમાં કહયા પ્રમાણે કોઇ માણસની આબરૂને હાની કરવાના કારણસર ખોટો લેખ બનાવવો.

૧૭. આ કલમમાં જે ગુના બાબત ફટકાની શિક્ષા કહી છે તેવો ગુનો કરવા સારૂ સદરહુ કાયદાની ૪૪૩ મી અને ૪૪૫ મી કલમમાં કહયા પ્રમાણે ગુપ્ત ગ્રહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું,

૧૮. આ કલમમાં જે ગુના બાબત ફટકાની શિક્ષા કહી છે તેવો ગુનો કરવા સારૂ સદરહુ કાયદાની ૪૪૪ મી અને ૪૪૬ મી કલમમાં કહયા પ્રમાણે રાતે ગુપ્ત ગ્રહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું

૫ હિંદુસ્તાનના ફોજદારી કાયદામાં જે ગુના બાબત દેહાંત શિક્ષા ઠરાવી નથી તેવો ગુનો કોઇ નાહાની ઉમરનો ગુનેગાર કરે તો તે સદરહુ કાયદા પ્રમાણે જે બીજી શિક્ષાને લાયક હોય તે શિક્ષા બદલે તેને ફટકાની શિક્ષા કરવાનો અખ્તીઆર છે, પછી ત તેનો પેહેલો ગુનો હોય કે બીજી વારનો હોય, તે વાતની ચીંતા નથી.

૬ પોતાની હકુમત માંહેની સરહદ ઉપરના પ્રાંતમાં અથવા ઉજડ મુલકમાં આ કલમના ઠરાવ લાગુ પડે એવું હુકમ કોઈ ઠેકાણેની સરકાર સરકારી ગેજેટમાં જાહેરનામું છપાવીને ઠરાવશે ત્યારે સદરહુ જાહેરનામું પ્રસિદ્ધ થયા પછી જે માણસ આ આકટની ૪ થી કલમમાં કહેલા ગુનામાંનો કાંઇ ગુનો સદરહુ પ્રકારના પ્રાંતમાં અથવા મુલકમાં કરે તે હિંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાણે જે બીજી શિક્ષાને લાયક હશે, તે શિક્ષાને બદલે તેને ફટકાની શિક્ષા કરવાનો અખ્તીઆર છે.

૭. સ્ત્રીઓને ફટકાની શિક્ષા કરવી નહીં. અથવા જે માણસને દેહાંત શિક્ષા આપવા સમુદ્રપાર કરવાની શિક્ષા અથવા શાશ્વતીકદાસત્વની શિક્ષા અથવા પાંચ વરસ કરતાં વત્તાં વરસની કેદની શિક્ષા ઠરાવી હોય તેને ફટકાની શિક્ષા કરવી નહી.

૮ પેહેલા વરગના તાબા માંહેના માજીસ્ત્રેટના દરજ્જા કરતાં જે અમલદારનો દરજ્જો ઓછો હોય તેણે ઠેકાણા ઠેકાણાની સરકારે ફટકાની શિક્ષા ઠરાવવાનો ખસુસ કરીને અખ્તીઆર આપ્યા વગર તેણે ફટકાના શિક્ષાનો ઠરાવ કરવો નહી.

૯ જે કોરટના શિક્ષાના ઠરાવ ઉપરથી ઉપરી કોરટમાં અપીલ ચાલે છે તેવી કોરટે કેદ શિવાય વળી ફટકાની શિક્ષા કરવી હોય ત્યારે તે ઠરાવની તારીખથી પંદર દીવસ સુધી અથવા તે મુદતમાં અપીલ કરી હોય તો શિક્ષાનો ઠરાવ ઉપરી કોરટ મંજુર કરે ત્યાં સુધી ફટકા મારવા નહી, પણ પંદર દીવસ થયા પછી તાબડતોબ અથવા અપીલ કરી હોય તો શિક્ષાનો ઠરાવ મંજુર કરનારી કોરટનો હુકમ પંદર દિવસમાં નહી પોચે તો તે હુકમ પોહોચ્યા પછી તાબડતોબ ફટકા મારવા,

૧૦ પુરૂષ ઉમરના માણસને ફટકાની શિક્ષા કરવી તે ઠેકાણા ઠેકાણાની સરકાર ફરમાવે તે હથીઆરે તથા તે રીત અને શરીરના તે ભાગ ઉપર કરવી અને ગુન્હેગાર નાની ઉમરનો હોય તો અંગ્રેજી નેતર વડે નિશાળમાં શિક્ષા કરે છે તે રીતે કરવી નવત્રારીના બાબકાનો ઉપયોગ કરવો હોય તો ૧૫૦ ફટકા કરતાં વત્તા ફટકાની શિક્ષા કરવી નહી અને નેતરનો ઉપયોગ કરવો હોય તો ૩૦ ફટકા કરતાં વત્તા ફટકાની શિક્ષા કરવી નહી જસ્ટીસ આફ ધી પીસના દેખતાં અથવા માજીસ્ત્રેટનો અખ્તીઆર ચલાવવાનો અખત્યાર જે અમલદારને આપ્યો હોય તેના દેખતાં અને જે કોરટે શિક્ષાનો ઠરાવ કરયો હોય તે કોરટે બીજી રીતે હુકમ કરયો નહી હોય તો વઇદના દેખતાં પણ ફટકા મારવા.

૧૧ ફટકાની શિક્ષા કરવા લાયક ગુનેગારની પ્રકૃતી છે એવો દાખલો વઇદ હજર હોય તો તેણે આપ્યા વગર અને જ્યાં પીસ અથવા બીજો અમલદાર હાજર હોય તેની નજરમાં તે પ્રમાણે આવ્યા વગર ફટકા મારવાનો ઠરાવ અમલમાં લાવવો નહી, અને ફટકાની શિક્ષા અમલમાં આવતી હોય ત્યારે બાકીના ફટકા ખમવા લાયક ગુનેગારની પ્રકૃતી નથી એવો દાખલો વઇદ આપે અથવા જે અમલદાર હાજર હોય તે અમલદારની નજરમાં તે પ્રમાણે આવે તો ફટકા મારવાનું મોકુફ રાખવું. ફટકાની શિક્ષાનો ઠરાવ મુદતે મુદતે થોડો થોડો અમલમાં લાવવો નહી.

૧૨ આ આકટની ઉપલી છેલ્લી કલમ પ્રમાણે ફટકા મારવાનો ઠરાવ મુદત અમલમાં આણ્યો નહી હોય ત્યારે જે કોરટે શિક્ષાનો ઠરાવ કરયો હોય તે કોરટ તે ઠરાવ પાછો તાપ

સે ત્યાં સુધી ગુનેગારને કેદમાં રાખવો, અને સદરહુ કોરટની નજરમાં આવશે તો ગુનેગારને છેક છોડી દેવાને તે કોરટ મુખ્તીયાર છે અથવા તેજ ગુના બાબત ગુનેગાર ઉપર બીજી શિક્ષા ઠરાવી હશે તે શિક્ષા શિવાય વળી ફટકાને બદલે હરકોઈ મુદતની કેદની શિક્ષાને ઠરાવ કરવાને મુખત્યાર છે એવું ઠરાવ્યુ છે કે એકંદર કેદની મુદતના હિંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાણે જેટલી મુદતની કેદની શિક્ષાને ગુનેગાર લાયક હોય તેટલી મુદત કરતાં અથવા કોરટને જેટલી મુદતની કેદની શિક્ષા કરવાનો અધીકાર હોય તેટલી મુદત કરતાં વધતી ઠરાવવી નહી.

સન ૧૮૬૬ નો આકટ ૩ જો.

મુંબાઈ ઈલાકા માંહેની કેટલીએક જગાએ જુગાર રમવાની મના કરવા બાબતનો કાયદો કરવો યોગ્ય છે વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

૧. આ આકટ હેઠળ લખેલી જગાઓને લાગુ થઇને ત્યાં ચાલુ રેહેશે.

(૧) મુંબઇની અદાલતની હાઇકોરટની અસલ ફરીયાદ લેવાની માલુમ હકુમતની સ્થળ શિમ બહારના જે શેહેરોને તથા કસબાઓને આ આકટ મુંબઇનો ગવરનર ઈનકાંઉસીલ સરકારી ગેજેટમાં વખતે વખતે હુકમ છપાવીને પસીધ્ધ કરીને લાગુ કરશે તે સઘળા શેહેરોને તથા કસબાઓને લાગુ થઇને ત્યાં ચાલુ રેહેશે પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ દરેક શેહેરમાં અથવા કસબમાં નેદાન પાંચ હજાર માણસોની વસ્તી જોઇએ અને ફોજદારી ઇનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે જે માજીસ્ત્રેટને માજીસ્ત્રેટનો કુલ અખત્યાર આપ્યો હોય, તે માજીસ્ત્રેટ તે દરેક શેહેરમાં અથવા કસબામાં રેહેવો જોઇએ અને

(૨) મુંબઇની અદાલતની હાંઇકોરટની અસલ ફરીયાદ લેવાની માલુમ હકુમતની સ્થળ શીમ બાહારના રેલવે ઇસ્ટેશનનાં સઘળાં ઘરોને લાગુ થઇને ત્યાં ચાલુ રહેશે, અને સદરહુ સ્ટેશનનાં ઘરોની આશપાસની જે જગ્યા તે ઘરોની હરકોઇ ભાગથી ત્રણ માઇલ કરતાં વધારે છેટે નહી હશે તે સઘળી જગ્યાઓને લાગુ થઇને ત્યાં ચાલુ રેહેશે, અને મુંબઇ ઇલાકા માંહેની બીજી કોઇ જગ્યાને લાગુ થશે નહી. અને ત્યાં ચાલુ રેહેશે નહી.

૨. આ આકટના ઠરાવ કયા શેહેરને અથવા કસબાને કઇ તારીખથી લાગુ થશે તે તારીખ આ આકટની ૧ લી કલમ પ્રમાણે હુકમ કરીને ઠરાવવાનો અખ્તીકાર ગવરનર ઇન કાઉંસીલને છે અને હરકોઇ શેહેર નેઅથવા કસબાને આ આકટ ઠરાવ લાગુ કરવાનો હુકમ મુંબઇના જે સરકારી ગેજેટમાં હોય તે ગેજેટ હાજર કરશે એટલે આ આકટના ઠરાવ તે શેહેરને અથવા કસબાને લાગુ કરવાને કાયદાસર રીતે તથા યોગ્ય રીતે લાગુ કરયા છે તે વાતનો તે સરકારી ગેજેટ બરાબર પુરાવો છે એવું સમજવું પણ એવું ઠરાવવામાં આવ્યું છે કે આગળ જતાં કાંઇ હુકમ અથવા હુકમો કરીને પેહેલો હુકમ રદ કરવાનો અથવા ફેરવવાનો અખ્તીકાર ગવરનર ઇન કાંઉસીલને છે અને એ પ્રમાણે પાછળથી કરેલો હુકમ અથવા હુકમો મુંબઇના સરકારી ગેજેટમાં હોય ગેજેટ હાજર કરશે એટલે સદરહુ પેહેલો હુકમ રદ કરયો અથવા ફેરવ્યો તે બાબતનો તે બરાબર પુરાવ છે. એવું સમજવું.

૩ જે હદને આ આકટ લાગુ છે તે હદમાંના કોઇ ઘરનો અથવા ઓરડીનો અથવા જગ્યાનો ધણી અથવા તેનો રહેનારો અથવા તે વાપરનારો તેમાં જુગાર ચલાવવા સારૂ તે કહાડશે અથવા રાખસે અથવા તેનો ઉપયોગ કરશે તે અને સદરહુ પ્રકારનાં હરકોઇ ઘરનો અથવા ઓરડીનો અથવા જગ્યાનો ધણી અથવા તેમાં રહેનારો ઉપર કહેલા કારણ સારૂ બીજા કોઇ માણસને તે ઘર અથવા ઓરડી અથવા જગ્યા જાણી જોઇને કાહાડવા દેશે અથવા રાખવા દેશે, અથવા તેનો ઉપયોગ કરવા દેશે તે, અને સદરહુ કરેણુ સારૂ કોઈ ઘર અથવા ઓરડી અથવા જગ્યા કહાડી હોય અથવા રાખી હોય અથવા તે વાપરતા હોય ત્યાંના કામની સંભાળ, અથવા વહિવટ જેવી પાસે હેય અથવા તે કામ ચલાવવાને કોઇ રીતે જે મદદ કરશે તે પાંચસે રૂપીયા સુધી દંડને લાયક થશે અથવા ઘણામાં ઘણામાં

ઘણું ત્રણ કયાલેંડર મહીના સુધીની આસાન કેદની અથવા સખત મજુરીની કેદની સજાને લાયક થશે.

૪ પાને અથવા પાસે અથવા બોદ અથવા જુગાર રમવાના બીજા સાધને સદરહુ હદ માંના અને જુગારના અખાડા સારૂ વપરાતુ હોય એવાં કોઈ ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં કોઇ માણસ રમતાં અથવા જુગાર રમતા પકડાશે અથવા પઇસા સારૂ અથવા સરત સારૂ અથવા લાગ સારૂ અથવા બીજી રીતે જુગાર રમવા સારૂ ત્યાં હાજર હતો એ રીતે પકડાશે તે બસે રૂપીય સુધી દંડને લાયક થશે, અથવા ઘણામાં ઘણું એક કયાલેંડ'મહીના સુધી આશાન કેદની અથવા સકત મજુરીની કેદના સજાને લાયક થશે અને સદરહુ હદમાંના જુગારના અખાડામાં જુગાર અથવા દાવ ચલાવતો હશે તે વખતે ત્યાં કોઈ માણસ પકડાશે તો તે ત્યાં જુગાર રમવા સારૂ ગયો નહી હતો એવું સાબીત કરે ત્યા સુધી તે જુગાર રમવા તે ગયો હતો "એવું" સમજવું.

૫ જે માજીસ્ત્રેટ ફોજદારી ઇનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદા ઉપરથી માજીસ્ત્રેટનો કુલ અખત્યાર ચલાવતો હોય તે માજીસ્ત્રેટની આગળ અથવા જીલ્લાના જે પોલીશ સુપ્રીન્ટેન્ડેન્ટને અથવા આસીસ્ટંટ સુપ્રીનટેન્ડેન્ટને માજીસ્ત્રેટનો કુલ અખત્યાર મળ્યો હોય તે પોલીશ સુપ્રીનટેન્ડેન્ટની આગળ અથવા આસીસ્ટંટ સુપ્રીનટેંડેંટની આગળ સદરહુ હદમાંના ફલાણા ઘરમાં અથવા ઓરડામાં અથવા જગામાં જુગારનો અખડો હશે એવું માનવાને સબબ છે એ રીતે સમખાઇને અથવા સત્ય સમરણ પુરવક પ્રતીજ્ઞા કરીને ફરી યાદ કરયા પછી અને ત્યાર પછી જે ચોકશી કરવાની જરૂર હોય તે ચોકશી કરયા પછી તેવો સક આવવાનો વ્યાજબી સબબ છે એવો તે માજીસ્ત્રેટના અથવા પોલીસ સુપ્રીટેંડેંટની અથવા આસીસ્ટંટ પોલીશ સુપ્રીનટેંડેંટની ખાતરી થયા પછી સદરહુ પ્રકારના ઘરમાં અથવા ઓરડીમાં અથવા બીજી જગામાં જરૂર પડે તેટલી મુદત લઇને રાતરે અથવા દહાડે જરૂર હોય તો જબરદસ્તીથી પેસીને ત્યાં જે માણસે મળે તો તે વખતે ખરેખર જુગાર રમતા હોય કે નહી હોય તો પણ તે સરવને કેદ કરીને માજીસ્ત્રેટની આગળ લઇ જવા અને જુગાર રમવાના સરવ સાધના, તથા પઇસા, તથા પઇસા બાબતના દસ્તાવેજ તથા કીમતદાર જણસો ત્યાં જડે, તથા તેઓનો જુગાર રમવા સારૂ ઉપયોગ કરયો હોય અથવા તેઓનો ઉપયોગ કરવાનો ઇરાદો હતો એવો સંસય લાવવાનુ વ્યાજબી કારણ હોય તે સઘળી જણસો પકડવી અને પોતે જે ઘરમાં અથવા ઓરડામાં અથવા જગામાં પેઠો હોય તેમાં જુગાર રમવાના સાધનો સંતાડયાં છે એવું માનવાનો સબબ હોય ત્યારે તે ઘરનાં અથવા ઓરડીના અથવા જગાના સઘળા ભાગોનો ઝાડો લેવો. અને કેદ કરેલા માણસોનો પણ ઝડો લેવો અને ઝાડો લેતાં જુગાર રમવાના સાધનો જડે તે સરવ પકડવાને કબજામાં લેવાનો અખત્યાર ઇનસ્પેક્ટરને અથવા મુખ્ય કાનસ્ટેબલને અથવા ફોજદારને અથવા ફોજદારના જેટલા દરજાના પોલીસના બીજા ઉપરી અમલદારને પોતાની નજરમાં આવશે ત્યારે પોતાની સહીનું વિશેષ વારંટ આપીને આપવાને સદરહુ માજીસ્ત્રેટ અથવા પોલીસ સુપ્રીનટેન્ડેન્ટ અથવા આસીસ્ટંટ સુપ્રીનટેંડેંટ મુખત્યાર છે,

૬ સદરહુ હદમાંના ફલાણા ઘરનાં અથવા ઓરડીમાં અથવા જગામાં જુગારનો અખાડો છે એવો વહેમ હોય, અને આ આકટ પ્રમાણે વારંટ આપ્યુ હોય તે ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં પેઠા હોય તે ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં અથવા તેમાં માણસો પકડાય તેઓની પાસે કુશળતાની રમત વગરની બીજી રમતમાં વાપરતા હોય તેવાં પાનાં અથવા પાસા અથવા બોદ અથવા પટ અથવા પાટીયું અથવા જુગાર રમવાના બી

જ્યાં સાધનો જડે ત્યારે તે ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં પેમનાગ પોલીશ ઇન સ્પેંટરના અથવા ઉપલી અમલદારના દેખતાં અથવા ઉપર કહ્યા પ્રમાણે તજ્ગાનો વહતે જે માણસો હોય તે માણસોના દેખતાં ખરેખાત દાવ નાખ્યો નહીં હોય ત્યાં પણ તે ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં જુગારનો અખાડો છે. અને જે ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં જુગાર રમવાનાં સદરહુ પ્રકારનાં સાધનો જડયાં હોય તે ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં પકડાએલાં માણસો જુગાર રમવા સારૂ આવ્યાં હતાં એવો પુરાવો થાય છે એવું સમજવું. સદરહુ પુરાવો કબુલ કરવો તે ઉલટુ શાબીત નહીં થાય ત્યાં સુધી કબુલ કરવો.

૭ સદરહુ પ્રકારનો જુગારનો અખાડો રાખવાનો ગુનો, અથવા તેમાં રમવાનો અથવા જુગાર રમવાનો ગુનો અથવા જુગાર રમવા સારૂ તેમાં હાજર રેહેવાનો ગુનો કોઇ માણસ ઉપર શાબીત થાય એટલે તે ઘરમાં, અથવા તે ઘરમાં જે માણસો પકડાયા હોય તેઓના પાસે જુગાર રમવાનાં સાધનો જડયાં હોય તે સર્વનો નાશ તાબડતોબ કરી નાખવાનો હુકમ કરવાનો અખત્યાર ગુનો શાબીત કરનાર માજીસ્ત્રેટને છે.

૮ આ આકટની ૩ જી અને ૪ થી કલમ વિરૂધ ગુનો કોઈ માણસ ઉપર ઠરાવવા સારૂ હેઠળ લખ્યા પ્રમાણે શાબીત કરવાની જરૂર નથી એટલે, ગમે તે દાવ રમતાં કોઇ માણસ પકડાય તે પઇસા સારૂ અથવા શરત સારૂ અથવા લાગ સારૂ રમતા હતા એવું શાબીત કરવાની જરૂર છે

૯ આ આકટ વિરૂધ રીતે જુગાર રમવામાં જે માણસ સામેલ હોય તેની જુબાની સદરહુ પ્રમાણે જુગાર રમવા બાબત સાહેદની જુબાની પ્રમાણે માજીસ્ત્રેટ જુગારના અખાડાનાં ધણી ઉપરના અથવા રાખનારની ઉપરનાં અથવા તેમાં રેહેનારની ઉપરના. અથવા તે જુગારના અખાડાની સંભાળ અથવા વહીવટ જેની પાસે હોય તેના ઉપરના તહોમતનો ઇનસાફ કરતી વખતે લેશે. અથવા માજીસ્ત્રેટની રૂબરૂ લેવામાં આવશે અને જુબાની આપતી વખતે તેને જે વાત પુછે તે સઘળી વાત તે માણસ પોતાની માહીતગારી પ્રમાણે ખરેખરી અને જેવી હકીકત બની હોય તેવી જાહેર કરશે. અને તે ઉપરથી તેને માજીસ્ત્રેટની પાસેથી તે વાત જાહેર કર્યા બાબતનો લખેલો દાખલો મળશે તો તે માણસે તે વખત પેહેલાં તે જુગાર સબંધી જે કાંઇ કર્યું હશે તે બાબત તેની ઊપર આ આકટ ઉપરથી કાંઇ ફરીયાદ ચાલશે નહીં.

૧૦ આ આકટની ૩ જી અથવા ૪ થી કલમ પ્રમાણે જે દંડ વસુલ થાય તેની ચોથાઇ સુધી તેનો ગમે તે ભાગ ખબર આપનારને આપવાનો હુકમ કરવાનો અખત્યાર સદરહુ ૩ જી અથવા ૪ થી કલમના ઠરાવ પ્રમાણે હરકોઇ મુકદમાનો ઇનસાફ કરનારા માજીસ્ત્રેટને છે.

૧૧ સદરહુ હદમાંના હરકોઇ રાજ મારગમાં અથવા જગામાં અથવા રાહદારીના ઠેકાણામાં કોઇ માણસ કુશળતાની રમત વગરના બાજી રમતમાં વપરાતાં હોય તેવે પાને અથવા પાસે અથવા ઓદ અથવા જુગાર રમવાના બીજા સાધને પઇસા સારૂ અથવા બીજી કીમતદાર વસ્તુ સારૂ જુગાર રમતાં પકડાશે, અથવા સદરહુ હદમાંના હરકોઇ રાજ મારગમાં અથવા જગામાં અથવા રાહદારીના ઠેકાણામાં કોઇ પક્ષી અથવા જાનવરો લડાવતાં પકડાશે, અથવા પક્ષી અથવા જાનવરો સદરહુ પ્રમાણે પ્રસીધ પણે લડાવવામાં હાજર રહીને મદદ અથવા સાહાય કરતાં પકડાશે, તેને વારંટ વગર પકડવાને પોલીશનાં હરકોઈ કામદાર મુખત્યાર છે અને તે પ્રમાણે પકડાય એટલે તેને તાબડતોબ માજીસ્ત્રેટની પાસે લઇ જવો અને તે

પચાંસ રૂપીઆ સુધી દંડને અથવા ઘણામાં ઘણા એક ક્યાલેંડર મહીના સુધી આસાન કેદની અથવા શકત મજુરીની કેદની સજાને લાયક થશે. અને સદરહુ પ્રકારની સરવજનીક જગામાં અથવા જે માણસને ઉપર કહેલો પોલીસનો કામદાર પકડશે. તેની પાસે જુગાર રમવાનાં જે સાધનો જડશે તે પકડવાને તે કામદાર મુખત્યાર છે અને ગુનેગારની ઉપરનો ગુનો શાબીત થાય એટલે તે સાધનો તાબ તોબ નાશ કરવાનો હુકમ કરવાને માજીસ્ત્રેટ મુખત્યાર છે.

૧૨ હરકોઇ જગાએ ફકત કુશળતાનીજ રમત રમતાં હોય તેઓને આ આકટનો કોઇ કરાવ લાગુ છે એવું સમજવું.

૧૩ આ આકટ પ્રમાણે શિક્ષા કરવા લાયક ગુનાનો ઇનસાફ જે ઠેકાણે ગુનો થયો હોય તે ઠેકાણે જે માજીસ્ત્રેટની હકુમત ચાલતી હોય તે માજીસ્ત્રેટે કરવો સદરહુ માજીસ્ત્રેટને જેટલા રૂપીયા સુધી દંડ કરવાની અથવા જેટલી મુદત સુધી કેદની સજા કરવાની ફોજદારી ઇનસાફનું કામ ચલાવવાની રીત બબતના કાયદા પ્રમાણે હકુમત હોય તે હકુમત કરતાં વતો અખત્યાર તેને આપ્યો નહી.

૧૪ હરકોઇ ઘરનો અથવા ઓરડીનો અથવા જગાનો જે માલધણી હોય, અથવા જેણે તે રાખી હોય તે માણસના ફાયદા સારૂ અથવા નફા સારૂ તે ઘરમાં અથવા ઓરડીમાં અથવા જગામાં જુગાર રમવાના પાનાં અથવા પાસા અથવા મેજો અથવા બીજાં સાધનો રાખ્યાં હોય અથવા જુગાર રમવાનાં પાનાં અથવા પાસા અથવા મેજો અથવાં બીજા સાધનો વપરાતાં હોય તે ઘર અથવા ઓરડી અથવા જગા એવો અર્થ "જુગારનો અખાડો" એ શબ્દોનો સમજવો પછી તે ફાયદો અથવા નફો તેને તે જુગારનાં સાધનો અથવા ઘર અથવા ઓરડી અથવા જગા વાપરવા બાબત ભાડાં દાખલ મળતો હોય કે બીજી રીતે મળતો હોય તે વાતની ચીંતા નહી.

૧૫ આ આકટ રેલવે સ્ટેશનને તથા તેની આસપાસની જગ્યાને જેટલો લાગુ છે તેટલો આ આકટ ગવરનર જનરલ સાહેબે મંજુર કરવાની વાત મુંબઇના ગવરનર સાહેબ સરકારી ગેજેટ છપાવીને પ્રસીધ્ધ કરશે તે તારીખથી એક ક્યાલેંડર મહીનાની પછી અમલમાં આવશે; અને આ આકટ કેટલાએક શહેરોને તથા કસબાઓને જેટલો લાગુ છે તેટલો, તે સેહેરોને તથા કસબાઓને આ આકટ લાગુ કરવા સારૂ જે હુકમ કરવાનો આ આકટ પ્રમાણે ગવરનર ઇનકાંઉસીલને અધીકાર છે તે હુકમ કરીને સદરહુ મંજુરીની વાત છપાઇને પ્રસિધ્ધ થયા પછી ગવરનર ઇનકાંઉસીલે જે તારીખ ઠરાવી હશે તે તારીખે અમલમાં આવશે.

સન ૧૮૭૧ નો આકટ ૧ લો.

સન ૧૮૭૧ નો ઢોરોનાં અતિક્રમણ બાબતનો આકટ.

ઈંડિયાના ગવરનર જનરલ ઈનકાઉંસીલનો હેઠળ લખેલો આકટ ગવરનર જનરલ સાહેબે સન ૧૮૭૧ ના જાન્યુવારી મહીનાની ૧૩ મી તારેખે મંજુર કરયો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ છાપી પ્રસિધ્ધ કરયો છે.

ઢોરોના અતિક્રમણ બાબત કાયદા છે. તે એકઠા કરીને સુધારવા બાબતનો આકટ.

ઉદેશ. — ઢોરોના અતિક્રમણ બાબત કાયદા છે તે એકઠા કરીને સુધારવા યોગ્ય છે. વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

બાબ ૧ લો પ્રથમ નીયમો.

આકટ કયાં કયાં લાગુ છે.. — ઈલાકાના મુખ્ય શેહેરો શિવાય અને જે ડિશીકટોને તથા મુલકના ભાગોને આ આંકટ લાગુ નથી એવું સ્થાનીક સરકાર ગવરનર જનરલ ઈનકાઉંસીલની મંજુરી લઈને ઠરાવશે. તે ડીસ્ત્રીકટો તથા મુલકના ભાગો શિવાય આખાં બ્રીટીશ ઈંડીયાને આ આકટ લાગુ છે.

આકટો કયારે ચાલુ થશે. — આ આકટ કરયો કે ચાલુ થશે.

આકટોરદકરયાને. — ૨ આ આકટને જોડેના પરીશીષ્ટમાં આકટો લખ્યા છે તે રદ કરયાછે

રદ કરેલા આકટ ઉપર હવાલા આપ્યા હોય તે. — સદરહુ આકટ પછી કરેલા આકટમાં સદરહુ આકટમાંન, કોઇ આકટ ઉપર હવાલા આપ્યા હોય તે આ આકટ ઉપર આપ્યા છે એવું સમજવું.

ઢોરોના અતીક્રમણ બાબત ૧૮૫૭ ના ૩ જો આકટ છે તે આકટ ઉપરથી જે ડબા કર્યા હોય તથા ડબાવાળા નીમ્યા હોય અને ગામો ઠરાવ્યાં હેય તે ડબા તથા ડબા વાળા અને ગામો આ આકટ ઉપરથી કરયા તથા નીમ્યા અને ઠરાવ્યાં છે એવુ સમજવું.

અરથની કલમ. — ૩ આ આકટમાં

"પોલીશ અમલદાર" આ શબ્દો લખ્યા છે, તેમાં ગામના રખવાળનો પણ સમાસ થાયછે.

"ઢોરો" આ શબ્દ લખ્યા છે. તેમાં હાથીયોનો તથા ઉંટોનો તથા ભેંશોનો તથા પાડાઓનો તથા ઘોડીઓનો તથા ખાંશી કરેલા ઘોડાઓનો તથા ટટુઓનો તથા વછેરાઓનો તથા ખચ્ચરનો તથા ગધેડાઓનો તથા ડુકરોનો તથા ઘેટાંઓનો તથા મેઢીઆનો તથા ઘેટાંના બચ્ચાંઓનો સમાશ થાશ છે. એમ સમજવું.

બાબ ૨ જો. ડબા અને ડબાવાળા

ડબા કરવાં. — ૪ સ્થાનીક સરકારની શામાન્ય નિરબંધ પ્રમાણે ડીસ્ત્રીકટના માજસ્ટ્રેટ જે જગાએ ડબા કરવાનું વખતે વખત ફરમાવે તે જગાએ ડબા કરવા.

કયાં કયાં ગામોએ કયાં કયાં ડબાનો ઉપયોગ કરવો. તે ડીસ્ત્રીકટમાં માજીસ્ત્રેટે ઠરાવવું.

ડબા કોના તાબામાં રેહેશે ડબામાં નાખેલાં ઢોરને ચાર પુજા નીરવાના ખરચના દર. — ૫ ડબા ડીસ્ત્રીકટના માજીસ્ત્રેટના નીરબંધમાં રેહેશે અને ડબામાં નાખેલાં ઢોરોને ચાર પુજો નીરવાના તથા પાણી પીવાના ખરચના દર ત્રાણ ઠરાવવા. અને વખતે વખતે તે દરમાં ફેરફાર કરવાનો અધીકાર છે.

ડબા વાળવાની ને માણુકવાળોનીમરે. — ૬ ડીસ્ટ્રીકટના માજીસ્ત્રેટે દરએક ડબા સારૂ ડબાવાળો નીમવો.

મદ્રાશમાં તથા મું બઈમાં હુદ્દાના સબબથી ડબા વાળવા. — પણ એવું ઠરાવ્યું છે કે મદ્રાસ ઇલાકામાં ગામના મુખીઓને અને મુંબઇ ઇલાકામાં પોલીશ પટેલોએ અથવા જ્યાં પોલીશ પટેલ નહી હોય ત્યાં ગામના મુખીએ પોતાના હુદ્દાના સબબથી ગામના ડબાનું કામ કરવું.

ડબાવાળાની મોકુફી અને બતરફી. — માજીસ્ત્રેટે જેને ડબાવાળો નીમ્યો હોય તે દરેક જણને કામ ઉપરથી મોકુફ અથવા બતરફ કરવાને તે માજીસ્ત્રેટ મુખત્યાર છે.

ડબાવાળાઓનેબીજી ચાકરી કરવાનો અધીકાર છે. — હરકોઈ ડબાવાળાને સરકારના તાબામાં બીજી હરકાંઇ ચાકરી કરવાનો અધીકાર છે.

ડબાવાળા સરકારી નોકર છે. — દરેક ડબાવાળો હીંદુસ્તાનના ફોજદારી કાયદાના અરથ પ્રમાણે સરકારી નોકર છે. એવું સમજવું

ડબાવાળાઓનું કામ.

રજીષ્ટરોરાખવાંઅને પત્રકો મોકલવાં. — ૭ સ્થાનીક સરકાર વખતે વખતે ફરમાવે તેવા રજીસ્ટરો (એટલે નોંધ) રાખવી અને પત્રકો રાખવાં.

પકડેલાં ઢોરો નોંધવાં. — ૮ જ્યારે ઢોરો ડબામાં આણે ત્યારે ડબાવાળાએ પોતાના રજીષ્ટરમાં હેઠળ લખેલો મજકુર દાખલ કરવો. એટલે.

(અ) જનાવરોની સંખ્યા તથા વર્ણન.

(બ) તેઓને સદરહુ પ્રમાણે આણ્યાની તારીખ તથા વખત.

(ક) પકડી લાવનારનું નામ તથા રેહેવાનું ઠેકાણું અને.

(ડ) માલમ હોય તો ધણીનું નામ, તથા રેહેવાનું ઠેકાણું. એણી વીગતે મજકુર દાખલ કરવો.

એને રજીષ્ટરમાં દાખલ કરેલા મજકુરની નકલ પકડનારને અથવા મુખત્યારને આપવી.

ઢોર સ્વાધીન લઇ ને ચાર પુજો ની રવો. — ૯ ડબાવાળાએ ઢોર પોતાને સ્વાધીન લઇને આ આકટમાં આગળ કહેલું છે તે પ્રમાણે તેઓની વ્યવસ્થા થાય ત્યાં સુધી તેમને ઘાસ પુળો વીગરે નાંખવો અને પાણી પાવું.

બાબ ૩ જો. ઢોરાને ડબામાં ઘાલવાં.

જમીનનો બીગાડ કરનાર ઢોરો. — ૧૦ હરકાંઇ જમીન ખેડનારો અથવા તેનો વહીવટ કરનારો.

અથવા હરકાંઇ જમીનાના પાકનું અથવા ઉપજનું વાવેતર કરવા સારૂ જે માણસે નાણું ધીરયું હોય તે માણસ.

અથવા સદરહુ પાક અથવા ઉપજ અથવા તેનો હરકાંઇ ભાગ વેચાતો લેનારો અથવા ઘરેણે રાખનારો.

સદરહુ પ્રકારની જમીન ઉપર અતીક્રમણ કરીને તે જમીનનો અથવા તેના પાકનો અથવા ઉપજનો બીગાડો કરનારાં ઢોરને પકડવાને અથવા પકડાવવાને અને જે ગામની તે જમીન હોય તે ગામને સારૂ કરેલા ડબામાં તે ઢોરોને અમથી વાર લગાડયા વગર લઇ જવાને તે મુખત્યાર છે.

પકડવામાંપોલીસે — ઢોરાને સદરહુ પ્રમાણે પકડવાની (અ) હરકત નહી થવા બાબત

મદદ કરવી. અને ઢોરોને મદદહુ પ્રમાણે પકડનારા માણસોની પાસેથી ઢોરો (બ) નહીં છેડાવવા બાબત મદદ માગે તો પોલીસના સઘળા અમલદારોએ મદદ કરવી.

સારવજનીકરસ્તાનું તથા નેહેરોનું તથા બાંધોનું નુકશાન કરનારા ઢોરો. ૧૧. સારવજનીક રસ્તા તથા રમવાની જગા તથા વાડીઓ તથા નેહેરો તથા મોરીના કામો તથા બાંધો અને તેવાંજ બીજાં કામો જે માણસોને સ્વાધીન હોય તે માણસોને તથા પોલીસના અમલદારોને સદરહુ રસ્તા તથા વાડીઓ તથા નેહેરો તથા મોરીનાં કામો તથા બાંધો અને તેવાંજ બીજાં કામો અથવા સદરહુ રસ્તાની અથવા મોરીના કામની અથવા બાંધની બાજુ અથવા બાજુના ઢોળાવ બગાડનારાં ઢોરોને અથવા તે ઉપર અતીક્રમણ કરનારાં ઢોરોને પકડવાનો અથવા પકડાવવાનો અધીકાર છે.

અને તે ઢોરોને અમથીવાર લગાડયા વગર છેક પાસેના ડબામાં તેઓએ લઇ જવાં.

ડબામાં ગોધેલાં ઢોરો બાબત દંડ. ૧૨ ઉપર કહ્યા પ્રમાણે ડબામાં ગોધેલાં દરેક ઢોર બાબત ડબાવાળાએ હેઠળ લખેલા પરીણામ પ્રમાણે દંડ લેવો.

હાથી.. .. ..બે રૂપીઆ.
ઊંટ અથવા ભેંસ... ... ...આઠ આના.
ઘોડો અથવા ઘોડી અથવા ખાંસી કરેલો ઘોડો અથવા ટટ્ટુ અથવા વછેરો અથવા વછેરી અથવા ખચર અથવા બળદ અથવા ગોધો સાંહાંડ અથવા ગાય અથવા રેલોડી... ... .ચાર આના.
વાછરડો અથવા વાછરડી અથવા ગધેડું અથવા ડુકર... ... .બે આના.
ઘેટો અથવા મેંઢી અથવા મેંઢો અથવા ઘેટાનું બચ્ચું અથવા બકરૂં અથવા બકરીનું બચ્ચું... ... ...એક આનો.

સદરહુ પ્રમાણે જે દંડ લીધો હોય તે સઘળો દંડ સ્થાનીક સરકાર વખતે વખત ફરમાવે તે તે અમલદારની મારફતે ડીસ્ટ્રીકટના માજીસ્ટ્રેટ પાસે મોકલવો.

દંડની તથા ચાર પુજો નીરવાના ખરચની યાદી. દંડની અને ઢોરોને ચાર પુજો નીરવાના તથા પાણી પીવાના ખરચના દરની યાદી દરેક ડબા ઉપર અથવા ડબા પાસે લોકોની નજરે સેજ્પડે એવે ઠેકાણે મારવી.

બાબ ૪ થો—ઢોરો સ્વાધીન કરવા અથવા તેઓનું લીલામ કરવું.

ધણી ઢોર બાબત દાવો કરે અને દંડ તથા ખરચ આપે તો કેમ કરવું. ૧૩ ડબામાં ઘાલેલાં ઢોરનો ધણી અથવા મુખત્યાર હાજર થઇને ઢોર વીશે દાવો કરે અને ઢોર બાબતનો દંડ તથા થએલો ખરચ આપે એટલે ડબાવાળાએ તે ઢોર તેને સ્વાધીન કરવાં.

ધણીએ અથવા તેના મુખત્યારે ઢોર પાછાં લેતી વખત તે બાબત ડબાવાળાની રજીષ્ટર ઉપર સહી કરવી

એક અઠવાડીયામાં ઢોર બાબત દાવો ન કરે તો કેમ કરવું. ૧૪ ઢોર ડબામાં ઘાલવાની તારીખથી સાત દીવસની અંદર ઢોર બાબત કોઇ દાવો ન કરે તો ડબાવાળાએ છેક પાસેના પોલીસ થાણાના અમલદારને તે બાબત રીપોર્ટ કરવો અથવા તે કામ સારૂ ડીસ્ટ્રીકટના માજીસ્ટ્રેટે જે બીજો અમલદાર નીમ્યો હોય તને રીપોર્ટ કરવો.

પછી તે અમલદારે પોતાની કચેરીના જે ભાગ લોકોની દ્રષ્ટીએ સેહેજ પડતો હોય તે ભાગમાં એક નોટી (સુચના) મારવી તે નોટીશમાં હેઠળ લખેલો મજકુર લખવો એટલે.

[અ] ઢોરોની સંખ્યા તથા વરણન.

(બ) જે ઠેકાણે તે પકડયાં હોય તે ઠેકાણું,

(ક) જે ઠેકાણે તેઓને ગોધ્યાં હોય તે ઠેકાણું એની વીગતે મજકુર લખવો.

અને ઢોર પકડયાના જગા પાસે જે ગામ તથા બજાર હોય તે ગામમાં તથા બજાર માં ઢાંડો પીટાવવી.

નોટીશની તારીખથી સાત દીવસની અંદર ઢોર બાબત કોઇએ દાવો ન કીધો તો ડીસ્ત્રી કટમાં મજીસ્ત્રેટે વખતે વખતે સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને જે જગા તથા વખત અને શરત ઠરાવી હોય તે જગાએ તે વખતે અને તે શરત પ્રમાણે તે અમલદારે તે ઢોર જાહેર લીલામ કરીને વેચવાં, અથવા એ કામ સારૂ તે અમલદારની કચેરીમાંથી કામદાર મોકલ્યો હોય તેણે જાહેર લીલામ કરીને વેચવાં.

પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ પ્રકારના ઢોર ઉપર કહ્યા પ્રમાણે વેચતાં વ્યાજબી કીંમત ઉપજે તેવું નથી એવો ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટનો અભીપ્રાય હોય તો યોગ્ય જણાય તે રીતે તેણે તે ઢોરની વ્યવસ્થા કરવી.

ઢોરો કાયદાશરરી તે પકડયાં બાબત ધણી તકરાર કરશે પણ મવેજ અનામત મુકશે તો ઢોરો તેને સ્વાધીન કરવાં.

૧૫ ધણી અથવા તેનો મુખત્યાર હાજર થશે. અને ઢોરો પકડયાં તે વાત કાયદા વીરૂધ છે અને ૨૦ કલમ પ્રમાણે ધણી ફરીયાદ કરનાર છે એવા સબબથી દંડ તથા ખરચ આપવાની ના કેહશે તો ઢોરો બાબત થએલો દંડ તથા ખરચ તે અનામત મુકે એટલે ઢોર તેને સ્વાધીન કરવાં.

ધણી દંડ અથવા ખરચ આપવાની ના કહે અથવા નહી આપે તો કેમ કરવું.

૧૬ ધણી અથવા તેનો મુખત્યાર હાજર થઇને સદરહુ દંડ તથા ખરચ આપવાની ના કહે અથવા નહી આપે અથવા ૧૫ મી કલમમાં કહેલે પ્રસંગે અનામત નહી મુકે તો તે ઢોરો અથવા તેમાંથી જેટલાંની જરૂર હોય તેટલાં ૧૪ મી કલમમાં કહેલી જગ્યાએ તથા વખતે અને શરત પ્રમાણે સદરહુ અમલદાર જાહેર લીલામ કરીને વેચવાં.

દંડ તથા ખરચ બાદ કરવો.

દંડ લેવો હોય તે તથા ઢોરો ચાર પુળો નીરવાનો અને પાણી પાવા નો ખરચ અને વેચવાનો કાંઇ ખરચ થયો હોય તો તે ખરચ વેચાણમાંથી બાદ કરવો.

બાકીનાં ઢોર તથા વેચાણના અવેજમાંથી કાંઇ બાકી રહયું હોય તો તે હેઠળ લખ્યા પ્રમાણે હીસાબ ધણીને અથવા તેના મુખત્યારને આપવો એટલે.

(અ) ઢોર કેટલાં પકડયાં તેનો.

(બ) કેટલી મુદત સુધી તે ગોંધી મુકયાં હતાં તે મુદતનો.

(ક) દંડ અને ખરચ મળી કેટલા રૂપીયા લેવા તેનો,

(ડ) કેટલાં ઢોરો વેચ્યાં તેનો

(ઇ) લીલામની ઉપજનો અને,

(ફ) તે ઉપજની વ્યવસ્થા શી રીતે કરી તેનો હીસાબ આપવો

પોહોચ.

સદરહુ પ્રકારના હીસાબ પ્રમાણે પોતાને સ્વાધીન ઢોર થય તથા વેચાણના અવેજમાંથી કાંઇ અવેજ બાકી રહયો હોય અને પોતાને મળે તે બાબત ધણીએ અથવા તેના મુખત્યારે પોહોચ આપવી.

દંડનીતથા ખરચ

૧૭ સદરહુ પ્રમાણે કાપી લીધેલો દંડ જે અમલદારે લીલામ કી

અનેવેચાણનીફાજલઉપજનીવ્યવસ્થા — ધું હોય તે અમલદારે ડીસ્ત્રીકટના માજીસ્ત્રેટની પાસે મોકલવો.

ચાર પુલ્લે ની વાનો તથા પાણી પાવાનો ખરચ ૧૬ મી કલમ પ્રમાણે કાપી લીધો હોય તે ડબાવાળાને આપવો, ૧૩ મી કલમ પ્રમાણે સદરહુ પ્રકારના ખરચ બાબત જે રકમો ડબાવાળાને પોહોચે તે સઘળી રકમો તેણે પાસે રાખીને ખરચ કરવો.

ઢોરના લીલામની ફાજલ ઉપજ બાબત દાવો કરયો નહી હોય તે ડીસ્ત્રીકટ માજીસ્ત્રેટની પાસે મોકલવી માજીસ્ત્રેટે તે અવેજ ત્રણ મહીના સુધી અનામત રાખવો, અને તે મુદતમાં તે અવેજ બાબત કોઇ દાવો કરીને શાબેત નહી કરે તો મુદત પુરી થયા પછી આ આકટમાં આગળ કહ્યું છે તે પ્રમાણે માજીસ્ત્રેટે તે અવેજની વ્યવસ્થા કરવી.

દંડતથાવેચાણની ઉપજબાબતદાવો કીધોનહીહોયતો તેમાં વાપરવી. — ૧૮ આ આકટ પ્રમાણે ઢોરના વેચાણની ઉપજ બાબત દાવો કરયો નહી હોય તે ઉપજના અવેજની રકમો આવે તેમાંથી.

(અ) સ્થાનીક સરકારના હુકમથી ડબાવાળાનો પગાર ઠરાવ્યો હોય તે આપવો,

(બ) ડબા બાંધવાનો તથા તને ઠીકઠાક રાખવાનો ખરચ થાય તે અથવા આ આકટ અમલમાં આપવા સબંધી બીજા કોઇ કામ બાબત ખરચ થાય તે આપવો.

અને કાંઇ અવેજ ફાજલ રેહે તો તે સ્થાનીક સરકારના હુકમ પ્રમાણે રસ્તા તથા પુલો બાંધવામાં તથા તેઓની મરામત કરવામાં અને લોકો ઉપયોગી બીજા કામમાં ખરચવો.

આઆકટપ્રમાણે લીલામથાયતેમાંથી પોલીશ અમલદારે તથાડબાવાળાએઢોરખરીદકરવાંનહી. — ૧૯ આ આકટ પ્રમાણે ઢોરનું લીલામ થાય ત્યારે પોલીશ અમલદારે અથવા આ આકટ પ્રમાણે નીમેલા બીજા અમલદારે અથવા ડબાવાળાએ હસ્તે અથવા પરહસ્તે તે ઢોર ખરીદ કરવાં નહી.

ડબામાં ઘાલેલું ઢોર ડબાવાળાએ ક્યારે છોડી મુકવું નહી. — ડબામાં ઘાલેલું ઢોર છોડી મુકવાનો અથવા સ્વાધીન કરવાનો માજીસ્ત્રેટે અથવા દિવાની કોરટે હુકમ કાઢો નહી હોય તો કોઇ ડબાવાળાએ તે ઢોર આ બાબના પેહલા ભાગમાં જે રીત કહી છે તે રીત શીવાય બીજી રીતે છોડી મુકવું નહી અથવા સ્વાધીન કરવું નહી.

બાબ ૫ મો—ઢોરો કાયદા વીરૂધ્ધ પકડયા બાબતની ફરીયાદી.

ફરીયાદી કરવાનો અધીકાર. — ૨૦ જે માણસનાં ઢોરો આ આકટ પ્રમાણે પકડીને અટકાવી રાખ્યાં હોય તેને તે ઢોર પકડવા બાબત પકડવાની તારીખથી દશ દીવસમાં ગમે તે વખત ડીસ્ત્રીકટના માજીસ્ત્રેટને ત્યાં અથવા ડીસ્ત્રીકટને ત્યાંથી ફરીયાદ આવ્યા વગર ફરીયાદ લઇને ઇનસાફ કરવાનો અધીકાર જે માજીસ્ત્રેટને આપ્યો હોય તે માજીસ્ત્રેટને ત્યાં ફરીયાદ કરવાનો અધીકાર છે.

ફરીયાદ આવ્યા પછી કામ ચલાવવાની રીત, — ૨૧ ફરીયાદ કરવી તે ફરીયાદ કરનારે પોતાની જાતે કરવી અથવા જે માણસ પોતાની જાતે તે બાબતની હકીકતથી વાકેફગાર હોય તેવા મુખત્યારની પાસે કરાવવી તે મરજીમાં આવે તો લખીને કરવી અથવા મુખ જુબાનીએ કરવી. મુખ જુબાનીએ ફરીયાદ થાય ત્યારે તે ફરીયાદના મતલબ માજીસ્ત્રેટે લખી લેવી.

ફરીયાદ કરનાર અથવા તેના મુખત્યારની જુબાની લીધા પછી ફરીયાદ વ્યાજબી છે એવું

માનવાનો માજીસ્ત્રેટની નજરમાં સબબ આવે તો જે માણસ ઉપર ફરીયાદ કરી હોય તેણે તેને સમન કરવો. અને તે મુકદમાની ચોકશી કરવી.

કાયદા વીરૂધ ઢોર પકડવા બાબતનીનુકશાનીનો બદલો. ૨૨ ઢોર પકડયાં તે વાત કાયદા વીરૂધ છે એવું ઠરે તો તેઓને પકડીને અટકાવી રાખ્યા બાબત ફરીયાદ કરનારને જે નુકશાન થયું હોય તે બાબત માજીસ્ત્રેટને યોગ્ય જણાય તે પ્રમાણે તે ઢોર પકડનારની પાસેથી ફરીયાદ કરનારને સો રૂપીયા સુધી નુકશાનનો બદલો અપાવવો અને ઢોર છોડાવવાનો ફરીયાદ કરનારને જે ખરચ થયો હોય તે સઘળો ખરચ અને તેને દંડ ભરયો હોય તે દંડ પણ આપાવવો.

ઢોરછોડીમુકવાં. અને ઢોર છોડી મુકયાં નહી હોય તો બદલો આપવાનો હુકમ કરયો હોય તે શીવાય વળી તે ઢોર છોડી મુકવાનો અને આ આકટ પ્રમાણે દંડ તથ ખરચ લેવો તે ઢેર અથવા તે ઢોર પકડી લાવનારે આપવો એવો હુકમ માજીસ્ત્રેટે કરવો,

૨૩. ૨૨ મી કલમમાં કહેલો નુકશાની બદલો તથા દંડ તથા ખરચ માજીસ્ત્રેટે દંડ કરયો હોય તે પ્રમાણે વસુલ કરવાનો અધીકાર.

ભાગ ૬ ઠો.—શિક્ષા.

નુકશાનીના બદલાની વસુલાત.

ઢોરપકડવાનાકામમાં જબરીથી હરકત કરશે અથવા છોડાવશે તોશિક્ષાથશે. ૨૪ આ આકટ પ્રમાણે પકડવા લાયક જે ઢોરો પકડવાના કામમાં જે માણસ જબરાઇથી હરકત કરશે.

અથવા તે પકડયા પછી તેઓને ડબામાંથી અથવા જે માણસ તેઓને ડબામાં લઇ જતો હોય અથવા લઇ જનાર હોય તે માણસની પાસેથી તે માણસ પાસે હોય ત્યારે અને આ આકટ ઉપરથી આપેલા અધીકાર પ્રમાણે કામ કરતા હોય ત્યારે છોડાવશે.

તેની ઉપર તે વાત માજીસ્ત્રેટની આગળ સાબીત થશે તો ઘણામાં ઘણા છ મહીના સુધી સજા કરવી અથવા પાંચસે રૂપીયા સુધી દંડ કરવો, અથવા એ બેઉની શિક્ષા કરવી.

ઢોરોની પાસે અતીક્રમણકરાવીનેબીગાડ કરે તે બાબત દંડ વસુલ કરવો. ૨૫ જમીન ઉપર ઢોરોની પાસે અતીક્રમણ કરાવીને બગાડ કરાવાના ગુન્હા બાબત દંડ થયો હોય તે દંડ જે ઢોરાએ અતીક્રમણ કરયું હોય તે ઢોરે અથવા તેમાંના કેટલાએક વેચીને વસુલ કરી લેવાનો અધીકાર છે પછી તે ઢોરે અતીક્રમણ કરતાં પકડયાં હોય તો પણ તે વાતની ચિંતા નથી અને જે માણસ ઉપર ગુનો શાબીત થયો હોય તેનાં તે ઢોર હોય અથવા અતીક્રમણ થયું ત્યારે તે ઢોર ફકત તેને સવાધીનજ હોય તો પણ તે વેચવાનો અધીકાર છે.

જમીનનો અથવા પાકનો અથવા સારવજનીક રસ્તાનો બીગાડ કરે તે બાબત શિક્ષા. ૨૬ કોઇ માણસ ડુકરનો ધણી અથવા રાખનારો હોય તો ગફલતથી અથવા બીજી રીતે કાંઇ જમીન ઉપર અથવા પાક ઉપર અથવા જમીનની ઉપજ ઉપર અથવા હરકોઇ સારવજનીક રસ્તા ઉપર ડુકરોને અતીક્રમણ કરવા દઇને જમીમનો અથવા પાકના અથવા જમીનની ઉપજનો અથવા સારવજનીક રસ્તાનો બીગાડ કરશે અથવા કરાવશે અથવા કરવા દેશે તો તે વાત માજીસ્ત્રેટની આગળ શાબીત થાય એટલે તેને દસ રૂપીયા સુધી દંડ કરવો.

ડબાવાળો પોતાનું કામ કરવાને ચુકશે તો તે બાબત સિક્ષા થશે.

૨૭ કોઈ ડબાવાળો ૨૯ મી કલમના ઠરાવ વિરુધ ઢોર છોડી મુકશે અથવા ખરીદ કરશે અથવા બીજાને સ્વાધીન કરશે અથવા ડબામાં ઘાલેલાં ઢોરોને જોઈએ તેટલો ચારો પુરો નાખશે નહીં અથવા જે કામો કરવાનું તેને આ આકટમાં કહયું છે તેમાંનું કાઇ કામ કરવાને ચુકશે તો તે બીજી કાંઇ શિક્ષાને લાયક થશે તે શિક્ષા સીવાય વળી તેને માજીસ્ત્રેટની આગળ તેની ઉપર તે ગુનોહ સાબીત થાય તો પચાસ રૂપીયા સુધી દંડ કરવો.

ઊપર કહેલો દંડ ડબાવાળાના પગારમાંથી કાપી લેવાનો અધીકાર છે.

૨૫મીઅથવાર૬મીઅથવા૨૭મીકલમ પ્રમાણે કરેલો દંડશામાંવાપરવો.

૨૮. ૨૫ મી અથવા ૨૬ મી અથવા ૨૭ મી કલમ પ્રમાણે જે દંડ વસુલ થયો હોય તે સઘળો દંડ અને તેનો કાંઇ ભાગ ગુન્હો ઠરાવનાર માજીસ્ત્રેટની ખાતરી થાય તે રીતે સાબીત કરેલા ટોટાનો અથવા નુકશાનીનો બદલો આપવામાં વાપરવાનો અધીકાર છે.

બાબ ૭ મો નુકશાની—ભરી લેવા બાબતની ફરીયાદ.

નુકશાનીભરીલેવા સારૂદાવો કરવાનોહકકાયમરાખ્યોછે.

૨૯ ઢોરો અતિક્રમ કરયાથી જે માણસની જમીનના પાકનો અથવા બીજી ઉપજનો બીગાડ થયો હોય તે માણસને હરકોઇ મુખત્યાર કોરટમાં નુકશાન ભરી લેવા સારૂ ફરીયાદ કરવાની આ આકટ માંહિના કોઇ ઠરાવ ઉપરથી મનાઇ છે એમ સમજવું નહીં.

મજરે આપવું.

૩૦ ગુન્હો ઠરાવનારા માજીસ્ત્રેટના હુકમથી સદરહુ પ્રકારના કોઈ માણસને આ આકટ પ્રમાણે બદલો આપ્યો હોય તે, સદરહુ પ્રકારના મુકદમામાં જેટલા રૂપીયાનો દાવો કરયો હોય અથવા જે રકમ તેણે નુકશાનીના બદલામાં આપવાને ઠરાવી હોય તેમાં મજરે લઇને કાપી લેવો.

પરીશીષ્ટ.

[૨ જી કલમ જુઓ.]

નંબર અને વરસ.	આકટનું મથાળું.
	ઢોરોના અતીક્રમણ બાબતનો આકટ.
સન ૧૮૫૭નો આકટ ૩જો	ઢોરોના અતીક્રમણ બાબત સન ૧૮૫૭ ના ૩ જો—આકટ છે તે સુધારવા બાબતનો આકટ.
સન ૧૮૬૦નો આકટ ૫મો	
સન ૧૮૬૧નો આકટ૨૨મો	ઢોરોના અતીક્રમણ બાબત સન ૧૮૫૭ ના ૩ જો આકટ છે તે સુધારવા બાબતનો આકટ,

(દ ટ્રાન્સલેસન.)
વીનાયક વાસુદેવ.
ઓરીયન્ટલ ટ્રાન્સલેટર ટુ. ગવરનરમેન્ટ.

મુંબઈના ગવરનર ઈનકાંઉશીલને હેઠળ લખેલો આકટ સન ૧૮૭૬ના ડીસેંબર મહીના ની ૯ મી તારીખે ગવરનર સાહેબે મંજુર કરયો તથા સન ૧૮૭૭ ના ફેબ્રવારી મહીનાની ૧૬ મી તારીખે ગવરનર જનરલ સાહેબે મંજુર કરયો તે સઘળા લોકોને જાહેર થવા સારૂ છપાવી પસીધ્ધ કરયોછે.

સન ૧૮૭૬ નો આકટ ૩ જો.

મામલતદારની કોરટના અધીકાર સબંધી તથા કામ ચલાવવાની રીત સબંધી કયદા છે તે એકઠા કરીને સુધારવા બાબતનો આકટ.

મામલતદારની કોરટના અધીકાર સબંધી તથા કામ ચલાવવાની રીત સબંધી કાયદા છે તે એકઠો કરીને સુધારવા યોગ્ય છે, વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

ટુંકનામ. ૧ આ "આકટને સન ૧૮૭૬ ના મામલતદારોની કોરટોના આકટ કેહેવો.

કયાં કયાં લાગુ છે. આ આકટ મુંબઈ શેહેર તથા આદન શિવાય આખા મુંબઈ ઈલાકાને લાગુ છે.

આકટ રદ કરવા બાબત. ૨ સન ૧૮૩૮ ના ૧૬ માં આકટની ૧ લી કલમની ૨ જી રકમ તથા સન ૧૮૬૪ ના (મુંબઈના ૫ મો આકટ રદ કરયો છે.

મુંબઈના ગવરનર ઇનકાંઉસીલે કરેલા કોઈ આકટમાં અથવા સન ૧૮૬૧ ના ઈંડીયન કાંઉસીલ આકટ છે તે અમલમાં આવ્યાની અગાઉ ગવરનર જનરલ ઇનકાઉસીલે કરેલા કોઇ આકટમાં અથવા સન ૧૮૩૮ ના ૧૬ મા આકટના સદરહુ ભાગ ઉપર અથવા સન ૧૮૬૪ ના મુંબઈના ૫ મા આકટ ઉપર હવાલા આપ્યા હશે તે સઘળા આ આકટના તેવાજ ભાગ ઉપર આપ્યા છે એમ સમજવું.

અરથની કલમ. ૩ આ આકટમાં વિષય ઉપરથી અથવા આગલા પાછલા સબંધ ઉપરથી બાધ આવતો ના હોય તો.

"મામલતદાર" (૧) "મામલતદાર" આ શબ્દ કોઇપણ રેવન્યુ અમલદાર મામલતદારનો અધીકાર સામાન્ય રીતે ચલાવતો હશે તે રેવન્યુ અમલદારનો અને જે બીજા માણસને આ આકટ ઉપરથી મામલતદારને જે અધીકાર છે તે અધીકાર ચલાવવાની મુખત્યારી ગવરનર ઇનકાંઉશીલે ખુશુશ કરીને આપી હસે અથવા સન ૧૮૬૪ ના મુંબઈના ૫ મા આકટ પ્રમાણે મામલતદારોનો અધીકાર ચલાવવાની મુખત્યારી આ આકટ ઠરતી વખતે જેને યોગ્ય રીતે આપેલી હશે તે બીજા માણસોનો સમાસ થાય છે એમ સમજવું.

'વાદી' 'પ્રતીવાદી' (૨) 'વાદી તથા 'પ્રતીવાદી' આ શબ્દોમાં એ બેઉ પૈકી હરકોઇની તરફથી કામ કરવા સારૂ યોગ્ય રીતે નીમેલા પ્લીડરનો તથા દીવાની ઇનસાફનું કામ ચલાવવાની રીત બાબતના કાયદાની સન ૧૮૫૯ ના ૮ મા આકટની ૧૭ મી કલમમાં કહ્યા પ્રમાણે વાદીનો અથવા પ્રતીવાદીના કબુલ કરેલો મુખત્યાર હશે તેનો શમાસ થાય છે. એમ સમજવું.

મામલતદારની કોરટોનાઅધીકાર. ૪ દરએક મામલતદારે કોરટમા પ્રમુખસ્થાને બેસવું તે કોરટને મામલતદારની કોરટ કેહવી. અને મુલકની જે હદ ગવરનર કાંઉસિલ વખતે વખતે ઠરાવે તે હદમાં તે કોરટને હેઠળ લખેલો અધીકાર છે એટલે કાયદા પ્રમાણે કામ ચલાવ્યા વગર બીજી રીતે જમીન અથવા જગા અથવા ઝાડ અથવા પાકો અથવા માછલી મારવાની જગા અથવા તેની હરકાંઇ ઉપજનો કોઇ માણસ ને કબજે લીધા હોય અથવા કુવાના અથવા તળાવનાં અથવા નેહેરના અથવા કાંસના પા

ણીનો ઉપયોગ કરવાનું કોઇ માણસ પાસેથી છીનવી લીધું હોય તે માણસને અથવા બીજા કોઇ માણસના કાંઈ ભોગવટાની અથવા બીજા હકની મુદત પુરી થયાને લીધે જે કોઈ માણસને સદરહુનો કબજો મળવાનો અથવા ઉપયોગ કરવાનું પાછુ મળવાનો હક પ્રાપ્ત થયો હોય તે માણસને સદરહુ પ્રકારનો કબજો તાબડતોબ અપાવવાને અથવા સદરહુ પ્રકારનો ઉપયોગ કરવાનું પાછું અપાવવાનો અધીકાર છે.

સદરહુ કોરટને સદરહુ હદમાં હેઠળ લખેલો પણ અધીકાર છે એટલે કોઇ જમીનના અથવા જગાના અથવા પાકના અથવા ઝાડના અથવા માછલી મારવાની જગાના કોઇ માણસના કબજાને હરકત અથવા અડચાણ કરી હશે અથવા હરકત અથવા અડચાણ કરવાને યત્ન કરયો હશે ત્યારે અથવા કુવાના અથવા તળાવના અથવા નેહેરનાં અથવા કાંસના પાણીનો કોઇ માણસે ઉપયોગ કરવામાં અથવા ખેતરમાં જવાના રસ્તાનો અથવા મામુલ મારગનો ઉપયોગ કરવામાં હરકત અથવા અડચાણ કરી હશે અથવા હરકત અથવા અડચાણ કરવાનો યત્ન કરયો હશે ત્યારે સદરહુ પ્રકારની હરકત અથવા અડચાણ વળી કરતો નથી અથવા કરવાનો યત્ન કરતો નથી એવી તાકીદ જે માણસે સદરહુ પ્રકારની હરકત અથવા અડચાણ કરી હશે અથવા જેણે કરવાનો યત્ન કરયો હશે તે માણસને આપવાનો અધીકાર પણ છે.

છ મહીનાની અંદર ફરીયાદ ફાઇલ કરવી જોઇએ.

પણ ફરીયાદીનું કારણ જે તારીખે ઉતપન થયું હોય તે તારીખથી છ મહીનાની અંદર ફરીયાદી કરી ન હોય તો મામલતદારની કોરટે તે ફરીયાદી લેવી નહી.

ફરીયાદીનું કારણ.

જે તારીખે કબજો કાહાડયો હોય અથવા છીનવી લીધો અથવા ભોગવટાની અથવા બીજા હકની મુદત પુરી થઇ તે તારીખે અથવા જે તારીખે હરકત અથવા અડચાણ અથવા યત્ન કરેલી હરકત અથવા અડચાણ પ્રથમ સરૂ થઇ તે તારીખે ફરીયાદીનું કારણ ઉતપન થયું એમ સમજવું.

દ્રષ્ટાંત ૧—**અ** પોતાનું એક ખેતર એક અથવા વધારે વરસની નીયમીત મુદત વાવેતર કરવા સારૂ **બ** ને ભાડે આપે છે. **બ** તે મુદત પુરી થયા પછી કબજો છોડી દેવાની ના કહે છે, સદરહુ મુદત પુરી થયાની તારીખથી છ મહીનાની અંદર કોઈપણ વખત મામલતદારની કોરટમાં કબજો મળવા સારૂ **અ** ફરીયાદી કરી શકે છે.

દ્રષ્ટાંત ૨— **બ અ** નો એકસાલી ખેડુત છે સન ૧૮૬૫ ના મુંબઇના ૧ લા આકટની ૪૩ મી કલમની ૨ જી રકમ પ્રમાણે નોટીસ આપવાની **અ** ને જરૂર છે તે પ્રમાણે તે ખેતી કરવાની આવતી મોસમ શરૂ થવાની નેહાન છ મહીના અગાઉ **બ** ને છોડી દેવાની નોટીસ આપે છે. ખેતી કરવાની આવતી મોસમની શરૂઆતમાં **બ** છોડી દેવાની ના કહે છે ખેતી કરવાની આવતી મોસમ શરૂ થયાથી છ મહીનાની અંદર હરકોઈ વખતે મામલતદારની કોરટમાં અ **બ** ઉપર ફરીયાદી કરી શકે છે.

દ્રષ્ટાંત, ૩ —**અ** પોતાના કુવાના અથવા પોતાના કાંસના પાણીનો ઉપયોગ કરવા સારૂ પરવાનગી **બ** ને નિયમત મુદત સુધીની આપેછે તે મુદત પુરી થયા પછી **બ અ** ના અનુમત વગર તે કુવામાં અથવા કાંસામાંથી પાણી લેવાનું ચાલુ રાખે છે. બ ને પાણી લેવાનું બંધ કરવાની તાકીદ મળવા સારૂ બ ઉપર મામલતદારની કોરટમાં સદરહુ મુદત પુરી થયા પછી છ મહીનાની અંદર હરકોઇ વખતે ફરિયાદી કરવા અધીકાર અ ને છે.

દ્રષ્ટાંત ૪—અ તથા બ ની જમિને કાંસને અથવા એવાજ પાણીના બાંધેલી કાંસને લગતી છે તેનો ઉપયોગ બ એકલોજ માત્ર આજસુધી કરતો આવ્યો છે. અ તેમાંથી પાણી લેકે અ ને તેમ કરવાની મના કરવા બાબત તાકીદ થવા સારૂ, અ એ તે પાણી લેવું શરૂ કરયાની તારીખથી છ મહીનાની અંદર હરકોઇ વખતે મામુલતદારની કોરટમાં ફરિયાદી

કરવાનો અધીકાર બ ને છે.

ફરિયાદીકરવીહોય તેને અરજી કરીને શરૂકરવી,અરજીમાં વીગત લખવી તે.

૫ આ આકટ પ્રમાણે ફરિયાદી કરવી હોય તે સઘળી ફરિયાદીઓ અરજી આપીને શરૂ કરવી તે અરજી વાદીએ ભરકોરટમાં મામલતદારને આપવી અને તેનાં હેઠળ લખેલી વાગત લખવી,

૧ વાદીનું નામ તથા ધર્મ તથા જાત તથા ધંધો તથા રહેવાનું ઠેકાણું.

૨ પ્રતિવાદીનું નામ તથા ધર્મ તથા જાત તથા ધંધો તથા રહેવાનું ઠેકાણું.

૩ જે મિલકતનો અથવા તેની ઉત્પનનનો કબજો અથવા ઉપયોગ કરવાનું માગ્યું હશે તે મિલકતનો પ્રકાર તથા ઠેકાણું અથવા તાકીદ આપવાની હશે તેનો પ્રકાર જેમ હોય તેમ લખવું.

૪ જે તારીખે ફરીયાદીનું કારણ ઉતપન થયું તે તારીખ.

૫ જે હકીકત ઉપરથી ફરિયાદીનું કારણ ઊપજન થયું તે હકીકત.

૬ વાદીના દસ્તાવેજ હોય તો તેની અથવા તેના સાહેદની યાદી અને દરેક શાહેદ સેસો પુરાવો આપશે તે પુરાવો અને હાજર થવા સારૂ તેવા સાહેદોને સમન કરવાના છે આ આકટની ૧૧ મી કલમ પ્રમાણે નિમેલે દહાડે તથા જગાએ વાદી તેઓને હાજર કરશે તે.

અરજીઉપરસહી તથા ખરા પણાની પ્રતિજ્ઞા કરવી.

૬ અરજી આપવા આવે ત્યારે મામલતદારે વાદીને તે અરજી ઉપર પોતાની રૂબરૂ ભર કોરટમાં સહી કરીને તેના ખરાપણાની પ્રતિજ્ઞાનો હેઠળ લખેલી રીતે અથવા તેવા મચકુરનો કરવા ફરમાવવું.

"હું અ બ વાદી એકરાર કરૂં છું જે આ અરજીમાં જે લખ્યું છે તે માહારી માહેતગારી તથા સમજણ પ્રમાણે ખરૂં છે."

ખરાપણાની તથા પ્રતિજ્ઞાનાંલેખનીપાઠઉપર મામલતદારે શેરો લખવો વાદીને લખતાં આવડતું ન હોયત્યારે કાગળ લાવવાની રીત

૭ અરજી ઉપર સહી તથા તેના ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ યોગ્ય રીતે કરયો છે એવો શેરો તે અરજીની પીઠ ઊપર લખવો. વાદીને લખતાં આવડતું નહી હોય ત્યારે ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ તેની તરફથી ભર કોરટમાં બીજાએ એ લખવો અને એવે પ્રસંગે વાદીના કહ્યાથી મારી રૂબરૂ ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ બીજાએ લખ્યો છે અને તે લેખના ખરાપણા સારૂ વાદીએ પોતાના નામ આગળ પોતાની નાશાની કરી છે એવું મામલતદારે લખવુ.

જોઈએ તે વિગત અરજીમાં નહી હોયતો દુરસ્ત કરવા દેવાને મામલતદાર મુખત્યાર છે.

૮ અરજીમાં ફરમાણી ફરમાણી વીગત જોઇએ. એવું આ આકટમાં અગાઉ કહ્યું છે તે વિગત તે અરજીમાં નહી હોય અથવા ફરમાણી વીગત જોઇએ. એવું કહ્યું છે તે શિવાય બીજી વિગત હોય તે ફરિયાદીને લાગુ હોય, કે ન હોય અથવા મજકુર લખેલી હોય તે નીરથક પાલ્હાણ (લંબાણ) કરી શકયો હોય તો હુકમની તારીખથી ત્રણ દીવસમાં તે અરજી દુરસ્ત કરવાનો હુકમ આપવાને તે મામલતદાર મુખત્યાર છે.

અરજી ઉપરતેના ખરાપણાનીપ્રતિજ્ઞાનોલેખ અથવાસહી કરવાની વાદીનાકહે

૯ અરજી ઉપર સહી અથવા તેના ખરાપણાની પ્રતિજ્ઞાનો લેખ કરવાનું આ આકટમાં અગાઉ કહ્યું છે તેમ કરવાની અથવા મામલતદારે કહ્યા પ્રમાણે અરજી દુરસ્ત કરવાની વાદી ના કેહેશે અથવા અરજી આપ્યાની અગાઉ છ મહિનાથી વધારે દાહાડા ઉપર ફરિયાદ

શી અથવા દાવે મુદત ના બહાર છે એવું દે, ખાતો તીને અરજી નામંજુર કરવાને મામલતદાર મુખ ત્યાર છે.

નું કારણ ઉત્પન થયું હતું એવું અરજી ઉપરથી તથા વાદીને સવાલ પુછવાથી દખાય તો તે અરજી મામલતદારે ના મંજુર કરવી.

પોતાને હકુમતની નથી એવું મામલતદારની નજરમાં આવે તો અરજી પાછી આપવી.

૧૦ આ અરજીમાં લખેલી બાબત પોતાની હકુમતમાં નથી એવુ મામલતદારની નજરમાં આવે તો તે અરજી યોગ્ય કોરટમાં આપવા સારૂ તેને પાછી આપવી.

અરજી લેવા લાયક હોય ત્યારે કામ ચલાવવાની રીત.

૧૧ અરજી લેવા લાયક હોય તો મામલતદારે તે લઇને ફાઇલ કરવી તેને પછા તે મુકરદમાની ઇનસાફ સારૂ સગવડ ભરેલો એક દીવસ તથા જગા નીમવા નીમેલે દહાડે તથા જગાએ પોતાના દસ્તાવેજ તથા શાહેદો સાથે લઇને હાજર થવાનું વાદીને ફરમાવવું. તે બાબતની દશ દાહાડાની નોટીશ વાદીના ખરચે પ્રતિવાદીને આ પરિશિષ્ટના નમુના પ્રમાણે આપવી.

ઇનસાફ સારૂ તારીખ ઠરાવવી તે, જે તારીખે નોટીશ કરી તે તારીખથી બેઉ પક્ષકારો ના અનુમત વગર દસ દીવસની અંદરની ઠરાવવા નહી અથવા લાચારીના શબબ વગર પંદર દીવસ પછીની ઠરાવવી નહી.

શાહેદોએ હાજર થવા બાબત.

૧૨ જે દીવસ તથા જગ્યા નિમિ હશે તે દિવશે તે જગ્યાએ પોતાના શાહેદોએ હાજર રેહેવા સારૂ તેઓને સમન કરવા એવું જર કોઇ પક્ષકાર કહે તો તે કામ સારૂ મામલતદારે સમન આપવા. શાહેદોને આ પ્રમાણે હાજર કરવા બાબત જે ખરચ થાય તે આપવા બાબતનું નિયમત સાહેદોને પઇસા આપવા બાબત જે કાનુન હાઇકોરટ વખતે વખતે કરે તે કાનુન પ્રમાણે કરવું.

વાદી હાજર નહી થાયતો તેના ઉપર ખરચ નાખીને અરજી ના મંજુર કરવી.

૧૩ નીમેલે દીવસે તથા જગાએ વાદી પોતાનો પુરાવો લઇને હાજર થવાને ચુકશે અથવા નીમેલે દીવસે તથા જગાએ સાહેદોને હાજર થવા બાબતની તજવીજ કરવાનું વર્જ કરશે તો મામલદારે ખરચ તેની ઉપર નાખીને અરજી ના મંજુર કરવી.

પ્રતિવાદી હાજર નથાય તો મુકદમાની એકતરફી ચોકશી કરવી.

પ્રતિવાદી હાજર થવાને ચુકશે. અને પ્રતિવાદી ઉપર યોગ્ય રીતે નોટીશ બજાવી છે અને નોટીશમાં ઠરાવેલે દીવસે પ્રતિવાદી હાજર થઇ શકે તથા જવાબ દઇ શકે એવા પુરતાં વખતમાં તે બજાવી હતી એવી મામલતદારની ખાત્રી પોતાના શાંમેના પુરાવાથી થાય તો તેણે અરજીની એકતરફી ચોકશી કરવા માંડવી.

પણ પુરતું કારણ દખાડે તો મુકદમાની ફરી ચોકશી કરાવાનો અખતીયાર છે.

પણ એવુ ઠરાવ્યુ છે કે અરજી આ પ્રમાણે ના મંજુર કરયાની અથવા સદરહુ પ્રમાણે એક તરફી ફેંસલો કરવાની તારાખથી ૧૫ દિવસમાં કેઇ પણ વખતે કોઇ પક્ષકારે હેઠળ લખ્યા પ્રમાણે મામલતદારની ખાત્રી કરશે તો એટલે કોઈ લાચારીની હકીકત ઉપરથી મારી હાજર થવાયું નહી અથવા મારા સાહેદો હાજર કરી શકાયા નહી એવી ખાત્રી કરશે તો અરજદારને ખરચે બ પરિશિષ્ટના નમુના પ્રમાણે પ્રતિ પક્ષ

કારને નોટીશ આપીને મુકદમાની ફરિથી ચોકશી કરવાનો અધિકાર મામલતદારને છે,

કામ મુલતવી રાખવાનો કયારે અધીકાર છે.

૧૪ જે સાહેદાને યોગ્ય રીતે સમન કરયા હોય તેઓ ઠરાવેલે દાહાડે તથા જગાએ હાજર રાખવાને ચુકસે તો (જે હાજર હોય તેઓની શાહેદી લીધા ઉપરથી પુરતો સબબ છે એ પોતાને દખય તો) શાહેદને જબરીથી હાજર કરવામાં આવે ત્યાં સુધી ફરિયાદીની ચોકશી કર્યાનું કામ વખતે વખતે મુલતવી રાખવાનો અધીકાર મામલતદારને છે.

આ કલમ પ્રમાણે જે તારીખ ઉપર કામ મુલતવી રાખ્યું હોય તે તારીખ ચોકશી સારૂ મુળથી ઠરાવી હોય તે વખતે ૧૩ મી કલમના ઠરાવ તે તારીખે લાગુ થશે.

ચોકશીની વખતે જે વાતનો નિકાલ મામલતદારે કરવાનો તે

૧૫ નિમેલે દહાડે મામલતદારે પોતાની રૂબરૂ જે પુરાવો હાજર હોય તે સઘળો સાંભળવા તથા હેઠળ લખેલા મુદ્દાનો ઇનસાફ કરવા માંડ્યું એટલે—

(અ) કાંઇ મિલકતનો માહારો કબજો ગેરકાયદાસર તોડયો છે અથવા કાંઇ ઉપયોગ કરવાનું છીનવી લીધું છે એવુ વાદી કહેતો હશે તો.

(૧] દાવો કરેલી મિલકતનો કબજો અથવા ઉપયોગનો કબજો અથવા ઉપયોગ વાદીની પાસે અથવા તેની તરફથી કોઇ માણસની પાસે અથવા જેના સબબથી તે દાવો કરતો હોય તેની પાસે ફરિયાદી ફઇલ થવાની અગાઉ છ મહિનાની અંદર કોઇપણ વખતે હતો કે કેમ.

(૨) ફરિયાદીની વખતે પ્રતીવાદીનો કબજો છે કે નહી અને હોય તો તેણે તે કબજો કાયદા પ્રમાણે યોગ્ય રીતે કામ ચલાવ્યા વગર બીજી રીતે લીધોછે કે કેમ.

(બ) કાંઇ મિલકત બાબત અથવા યોગ્ય કરવા બાબત પ્રતિવાદીના કહેલા પ્રકારની અથવા બીજા હકની મુદત પુરી થયાને લીધે તે મિલકતના કબજા બાબત અથવા ત ઉપયોગ કરવાનું પાછુ મળવા બાબત મારો હક છે એવું વાદી કહે તો

(૧) વાદી પાસેથી અથવા જે માણસના સબબથી તે દાવો કરતો હોય તે માણસ પાસેથી પ્રાપ્ત થએલા હકથી તે મિલકતનો કબજો પ્રતિવાદી પાસે છે કે કેમ અથવા તે ઉપયોગનો પ્રતિવાદી ઉપયોગ કરે છે કે કેમ.

(૨) ફરિયાદ ફઇલ કરવાની અગાઉ છ મહિનાનાની અંદર હરકોઇ વખતે સદરહુ પ્રકારની હદની મુદત પુરી થઇ છે કે કેમ.

(ક) મિલકતનો કબજો અથવા ઉપયોગનો ઉપયોગ હજી સુધી મારી પાસે છે પણ મારા કબજાને અથવા ઉપયોગ કરવાને પ્રતિવાદી હરકત અથવા અડચણ કરે છે અથવા હરકત અથવા અડચણો કરવાનો તેને યત્ન કરયો છે એવું વાદી કહેતો હશે તો:—

(૧) દાવો કરેલી મિલકતનો કબજો અથવા ઉપયોગનો ઉપયોગ વાદીની પાસે અથવા તેની તરફથી કોઇ પણ માણસની પાસે ખરેખર છે કે કેમ.

(૨) તેના સદરહુ પ્રકારના કબજાને અથવા ઉપયોગને પ્રતિવાદી હરકત અથવા અડચણ કરે છે કે કેમ અથવા પ્રતિવાદીએ હરકત અથવા અડચણ કરવાનો યત્ન કર્યો છે કે કેમ.

(૩) ફરિયાદી ફાઇલ થવાની અગાઉ છ મહિનાની અંદર સદરહુ પ્રકારની હરકત અથવા અડચણ અથવા સદરહુ પ્રકારનો યત્ન કરેલો હરકત અથવા અડચણ પ્રથમ શરૂ થઇ કે કેમ,

મામલતદારનો ઠરાવ વાદીની તરફેણમાં હોય તો ...

આ મુદા બાબત મામલતદારનો ઠરાવ વાદીની તરફેણમાં હોય તો મુકદમાની હકીકત પ્રમાણે જે હુકમ અવશ્ય લાગે તે તેણે કરવો પણ

ફેંસલો મતિવાદીના તરફેણમાં હોય તો.

તે હુકમ આ આક્ટની ૪ થી કલમ પ્રમાણે પોતાના અધિકાર બાહેર હોવો ન જોઇએ.

મામલતદારનો ફેંસલો પ્રતિવાદીની તરફેણમાં હોય તો.

તેનો ઠરાવ પ્રતિવાદીની તરફેણમાં હોય તો તેણે ફરિયાદી નામંજુર કરવી.

ખરચ બાબત હુકમ કરવો.

સદરહુ બે પ્રસંગો પઈકી કોઈ પ્રસંગે ફરિયાદીનો ખરચ બજાવણીના ખરચ સુધી જેની વિરૂદ્ધ હુકમનામુ થાય તેણે આપવો.

મામલતદારનો હુકમ અરજીની પીઠ ઉપર લખવો.

૧૬ મામલતદારનો દરેએક હુકમ પછી તે અરજી નામંજુર કરવા બાબતનો હોય પછી આવવા બાબતનો હોય અથવા દાવો મંજુર કરવા બાબત કે નામંજુર કરવા બાબત હોય તે હુકમ મામલતદારે અરજી પીઠ ઉપર લખવો તથા તે બાબતના પોતાના કારણો પણ તેણે દફતરમાં લખી રાખવા.

મામલતદારનો ફેંસલો રીતે અમલમાં લાવો.

૧૭ મામલતદારનો ફેંસલો કબજો આપવા બાબત અથવા ઉપયોગ કરવાનું પાછું આપવા બાબત હોય, તો તે ફેંસલો અમલમાં લાવવા સારૂ તેણે ગામના અમલદારને હુકમ કરવો.

તે ફેંસલો તાકીદ આપવા બાબત હોય તો તેણે ક પરિશિષ્ટના નમુના પ્રમાણે તઈયાર કરવાને પ્રતિવાદી હાજર હોય તો તે તેને ત્યાંને ત્યાંજ આપવી અથવા આપવાને કાહાડવી અને તે હાજર ન હોય તો તે તેની ઉપર બજાવવા સારૂ ગામના અમલદારની પાસે મોકલવી.

મામલતદાર ખરચ આપવાનો ઠરાવ કરે ત્યારે તે ખરચ બજાવવાની ખરચ સુધી પક્ષકારની જાતથી વસુલ કરવો અને તે ખરચ આપવામાં ન આવે ત્યારે તેની મિલકત જપ્ત કરીને તથા વેચીને વસુલ કરવો.

પક્ષકારોના હકને બાધ ન આપતાં કબજો અપાવવો અથવા કાયમ રાખવો.

૧૮ જે પક્ષકારને મામલતદાર તાબડતોબ કબજો આપશે અથવા ઉપયોગ કરવાનું પાછું આપશે અથવા જે પક્ષકારની તરફથી તાકીદ આપી હશે પક્ષકારની પાસે, દિવાની કોરટનું હુકમનામું અથવા હુકમ બજાવીને કબજો અથવા ઉપયોગ કરવાનું કાહાડવામાં આવે ત્યાં સુધી કબજો અથવા ઉપયોગ કરવાનું રહેશે.

પણ એવું ઠરાવ્યું છે કે જે પક્ષકારની વિરૂદ્ધ મામલતદારનો કેશ થયો હશે તે પક્ષકારની પાસે જેટલી મુદત સુધી કોઇ મીલકતનો કબજો નહી હોય અથવા કોઇ ઊપયોગનો ઉપયોગ નહી હોય તે મુદત માંહેની દરમિયાન ઉપજ દીવાની કોરટમાં ફરિયાદી કરીને વસુલ કરવા બાબત તે પક્ષકારને આ કલમના કોઇ પણ ઠરાવ ઉપરથી હરકત છે એમ સમજવું નહી.

વળી એવુ ઠરાવ્યુ છે કે કાંઈ મીલકતના કબજા બાબત અથવા કાંઇ ઉપયોગ બાબત મામલતદારે કરેલા ફેંસલા માનુલ દિવાની કોરટમાં તેજ પક્ષકારોની અથવા તેઓના સબંધથી દાવો કરનારા બીજા માણસની દરમિયાન અગળ કાંઇ ફરિયાદ થાય તેમાં અથવા બીજુ કામ ચાલે તેમાં નીશ્ચયકારક એવુ સમજવું નહી.

મામલતદારના હુકમઉપર અપીલ ચાલનાર નથી.

૧૯ આ આકટ પ્રમાણે મામલતદારે કરેલા કોઇ પણ હુકમ ઉપર અપીલ ચાલનાર નથી.

અરજીના ખરાપણાની પ્રતિજ્ઞા લેખ ખોટો કરાગ્યા બાબત શિક્ષા.

૨૦ ફલાણો મચકુર ખોટો છે, એવું વાદીને માલમ હોય અથવા લાગતું હોય તેવો મચકુર અથવા ફલાણો મચકુર ખરો છે એવું વાદીને માલમ નહી હોય અથવા લાગતુ નહી હોય તેવો મચકુર ખરાપણાની પ્રતિજ્ઞા આ આકટ પ્રમાણે જે અરજી ઉપર કરી હોય

તે અરજીમાં હશે તો જાણી જોઇને ખોટી શાહેદી પુરનાર અથવા ખોટા પુરાવો બનાવનાર માણસોને શિક્ષા કરવાનો જે કાયદો ચલુ હશે તેમાંના ઠરાવ પ્રમાણે શિક્ષાને તે વાદી લાયક થશે.

ફરિયાદી કરવાની મુદત.

૨૧ આ આક્ટ પ્રમાણે કરેલા કાંઇ હુકમ પ્રમાણે ચાલવું જે માણસને અવશ્ય હોય તે માણસે અથવા તે માણસના સબંધથી દાવો કરનારો કોઇ હોય તેણે કરેલી કાંઇ ફરીયાદ તે મુકદમાના આખરના હુકમની તારીખથી ત્રણ વરસની અંદર ન કરી હોય તો તે ફરીયાદની મુદત વિતિ ગઇ છે એવો જવાબ આપ્યો નહી હોય તોયપણ કાહાડી નાખવી.

પરિશિષ્ટ અ

[પ્રતિવાદીને ૧૧ મી કલમ પ્રમાણે આપવાની નોટીસનો નમુનો.]

કોરટનો
શિક્કો.

ફરિયાદીનો નંબર.

____________________ ના મામલતદારની કોરટમાં.

____________________ વાદી

____________________ પ્રતિવાદી

પ્રતિવાદી (નામ તથા ધર્મ તથા જાત તથા ધંધો તથા ઠેકાણું) ને

[અહિંઆં વાદીનું નામ તથા ધર્મ તથા જાત તથા ધંધો તથા ઠેકાણું લખવું) એ તમારા ઉપર (અહીયાં અરજીનો મજકુર લખવો) આ બાબત આ કોરટમાં ફરીયાદ કરી છે વાસ્તે સદરહુ વાદીને જવાબ દેવા સારૂ તમે જાતે અથવા યોગ્ય રીતે અધિકાર આપેલા મુખત્યારની મારફતે .... ગામમાં આ કોરટમાં તારીખે વાગતે હાજર થવા બાબત તમને આ નોટીશ ઉપર સમન કર્યો છે અને તે તારીખે અરજીનો આખરનો નીકાલ કરવામાં આવનાર છે વાસ્તે સદરહુ નીમેલી વખતે તથા જગાએ પોતાના દસ્તાવેજ હાજર કરવા બાબત તથા પોતાના સાહેદો હાજર રહેવા બાબત તમોએ તજવીજ કરવી જોઇએ અને તમને નોટીશ આપવામાં આપે છે જે ઉપર કહેલી વખતે તથા જગાએ સદરહુ પ્રમાણે હાજર થવાને તમે ચુકશો તો તમારી અથવા તમારા મુખત્યારની ગેરહાજરીમાં ફરિયાદની ચોકશી કરીને નીકાલ કરવામાં આવશે.

(સહી.)

મામલતદાર.

ટીપ—કોરટે તમારા સાહેદોને સમન કરવા એવી તમારી ઇછા હોય તો આમાં લખેલી તારીખની અગાઉ યોગ્ય મુદતમાં સમન બજાવી શકાય એટલા વાસ્તે તમોએ વિલંબ ન કરતાં તે પ્રમાણે કોરટને અરજી કરવી.

પરિસિષ્ટ બ

(૧૩ મી કલમ પ્રમાણે કરવાની નોટીસનો નમુનો)

કોરટનો
શિક્કો.

ફરિયાદીનો નંબર.

____________________ ના મામલતદારની કોરટમાં

____________________ વાદી.

____________________ પ્રતિવાદી.

વાદી (અથવા પ્રતિવાદી જે હોય તેનું નામ લખવું) રેહેવાશી ________ સદરહુ ________ વાદીએ આ કોરટમાં કરેલી ઉપર લખેલી ફરિયાદમાં ગયા ________ મહીનાની ________ તારીખે કોરટે ________ આવો હુકમ કર્યો છે અને સદરહુ વાદીએ (અથવા પ્રતીવાદીએ જે હોય તેનું નામ લખવું) મુકદમાની ફરીથી ચોકશી કરવા બાબત આ કોરટમાં ________ મહીનાની તારીખે અરજી કરી છે અને કોરટે તે અરજી નામંજુર કરી છે,

વાસ્તે તમને નોટીશ આપવામાં આવે છે જે ________ ગામમાં ________ મહિનાની ________ તારીખે ________ વાગતે સદરહુ ફરીયાદીની ફરીથી ચોકશી કરીને ફેંસલો કરવામાં આવશે તે વખતે તે જગાએ તમોએ પોતાના દસ્તાવેજ હાજર કરવા બાબત તથા પોતાના સાહેદો હાજર રેહેવા બાબત તજવીજ કરવી જોઈએ અને આ નોટીશ આપવામાં આવે છે જે ઉપર કહેલી વખતે તથા જગાએ તમે જાતે અથવા મુખત્યારની મારફતે હાજર નહી થશો તો તમારી ગેરહાજરીમાં ફરીયાદીની ફરી ચોકશી કરીને ઠરાવ કરવામાં આવશે. તારીખ ____ માહે ____ ૧૮૭

(સહી.)

મામલતદાર.

ટીપ—કોરટે તમારા સાહેદાને સમન કરવા એવી તમારી ઇછા હોય તો આમાં લખેલી તારીખની અગાઊ યોગ્ય મુદતમાં સમન બજાવી શકાય એટલા વાસ્તે તમોએ વીલંબ ન કરતાં તે પ્રમાણે કોરટને અરજી કરવી.

પરિશિષ્ટ ક.

(૧૭ કલમ પ્રમાણે આપવાની તાકીદનો નમુનો.)

કોરટનો શિક્કો.

ફરિયાદીનો નંબર.

____________________ ની મામલતદારની કોરટમાં

____________________ વાદી

____________________ પ્રતિવાદી.

પ્રતિવાદીને.

ઉપર લખેલી ફરિયાદીમાં કોરટે આજે એવો ઠરાવ કર્યો છે કે વાદી ________ ના કબજામું હેઠળ લખેલી મિલ્કત રહેવા દેવામાં (અથવા પાણીના હેઠળ લખેલા ઉપયોગને અથવા રસ્તાના હેઠળ લખેલા ઉપયોગને ઉપભોગ કરવામાં જેમ હોય તેમ લખવું) તમે હરકત અથવા અડચણ કરોછો અથવા—તારીખે અથવા તે. તારીખને સુમારે હરકત (અથવા અડચણ કરવાનો યત્ન તમે કર્યો છે) ________ વાસ્તે દિવાની કોરટનું હુકમનામુ બજાવ્યા વગર બીજી રીતે સદરહુ મીલકત સદરહુ વાદીના કબજામાં રેહેવા દેવા અથવા સદરહુ ઉપયોગનો ઉપયોગ તેને કરવામાં હરકત અથવા અડચણ કરવાનો યત્ન કરવાની તમને આ તાકીદ ઉપરથી મના છે. તારીખ ____ માહે ____ સન ૧૮૭

(સહી.)

મામલતદાર.

સન ૧૮૮૨ નો આકટ ૧૪ મો.
દિવાની કામ ચલાવવાની રીતનો કાયદો.

અનુક્રમણિકા.

બીની કોરટો હોય ત્યારે કામ ચલાવવાની રીત.
૨૫ એક કોરટમાંથી બીજી કોરટમાં ફરીયાદો મોકલવા બાબત.

બાબ ૩ જો.

પક્ષકારો અને તેમનુ હાજર થવું તેમની અરજો અને તેમણે કરવાનાં કામ એ વીશે.
૨૬ વાદીઓ તરીકે કોણ સામીલ થઇ શકે તે.
૨૭ ફરીઆદ કરનાર વાદીને બદલે વાદી દાખલ કરવાને અથવા તેમાંસામીલ કરવાને કો
૨૮ મુખત્યાર છે.
૨૮ પ્રતીવાદીઓ તરીકે સામીલ કરાયતે શખસો
૨૯ એકજ કરારથી જવાબદાર થતા પક્ષકારોને સામીલ કરવાનું.
૩૦ એકજ સંબંધવાળા બધા પક્ષકારોની વતી તેમાંનો કોઇ એક પક્ષકાર ફરીયાદ માંડી શકે અથવા જવાબ દઇ શકે.
૩૧ ખોટી રીતે પક્ષકાર કરવાને લીધે ફરીયાદ નીષ્ફળ જવાની નહીં.
૩૨ કોરટ પક્ષકાર કાઢી નાંખવાને અથવા સામીલ કરવાને મુખત્યાર છે.
વાદી તરીકે અથવા ઇષ્ટમીત્ર તરીકે સામીલ કરેલા શખસની સંમતી
કલમ ૩૦ પ્રમાણે ફરીયાદ કરી હોય અથવા જવાબ આપ્યા હોય તેમાંના પક્ષકારો.
સામીલ પ્રતીવાદીઓને સમન પોંચાડવો
ફરીઆદ ચલાવવાનુ કામ.
૩૩ પ્રતીવાદી સામીલ કરવામાં આવે ત્યારે ફરીઆદઅરજી દુરસ્ત કરવી.
૩૪ પક્ષકાર સામીલ નથી કરયા અથવા ખોટી રીતે સામીલ કરયા છે તેવી હરકતો લેવાનો વખત.
૩૫ ઘણાએક વાદી અથવા પ્રતીવાદીઓમાંનો પ્રત્યેક પોતામાંના કોઇ બીજાને પોતાની તરફથી હાજર થવા વગેરેનો અખત્યાર આપી શકે.
અખત્યાર સહી સુધાંતનો લખી અને કોરટમાં દાખલ કરેલો જોઇએ.
કબુલ કરેલા મુખત્યારો અને પલીડરો.

૩૬ હાજર થવા વગેરેનુ કામ જાતે અથવા કબુલ કરેલા મુખત્યાર મારફત અથવા પ્લીડર મારફતે થઇ શકે.
૩૭ કબુલ કરેલા મુખત્યારો, હોય
કોરટની હકુમત બહાર જે પક્ષકારો હોય તેમનાં મુખત્યારનામાં જેમની પાસે તે શખસો. ૫
દાખલાવાળા મુખત્યાર. ડા
(કોરટની હકુમત બહારના પક્ષકારોની વતી વેપાર ધંધો ચલાવનારા શખસો
પંજાબ અયોધ્યા અને મધ્ય પ્રાંતમાં કબુલ કરેલા મુખત્યારો.
૩૮ કબુલ કરેલા મુખત્યારોને પ્રોસેસ પોંચાડવાનું
૩૯ પલીડર કરવાનુ.
૪૦ પલીડરને પ્રોસેસ પોંચાડવાનું.
૪૧ પ્રોસેસ લેવાના મુખત્યાર
તેની નીમાણુક લખેલી હોવી જોઇએ અને તે કોરટમાં દાખલ કરવી.

બાબ ૪ થો.

ફરીઆદ તઇયાર કરવા વીશે.
૪૨ ફરીઆદ શી રીતે તઇયાર કરવી.
૪૩ તમામ દાવો ફરીયાદમાં આવવો જોઇએ.
દાવાનો કઇ ભાગ છોડી દેવાનું.
ઘણા ઇલાજોમાંથી એક ઇલાજની ફરીઆદ કરવી છોડી દીધી હોય તો.
૪૪ જમીન લેવાની ફરીયાદમાં અમુક દાવા જ માત્ર સામીલ કરવા
મ્રુત્યુપત્ર ચલાવનારે મઇયતની મીલકતના વહીવટ કરનારે અથવા વારસ કરેલા અથવા તેમના ઊપરકરવાના દાવા
૪૫ વાદી દાવાના ઘણા કારણ એકજ ફરયાદમાં સામીલ કરી શકે.
કોરટ તેમને જુદા પાડવાનો હુકમ કરે
૪૬ ફરીયાદમાં થોડાં દાવાનાં કારણ રાખવાને પ્રતીવાદી અરજ કરી શકે.
૪૭ અરજ સાંભળ્યા પછી કોરટ કેટલાંક કારણ કમી કરે અને દુરસ્ત કરવાનો હુકમ કરે.

ભાગ ૫ મો.

ફરીયાદો માંડવા વીશે.

૪૮ ફરીયાદ અરજીથી ફરીયાદ માંડવી.
૪૯ ફરીયાદ અરજીની ભાષા.
૫૦ ફરીયાદ અરજીમાં લખવાની વીગતો.
પઇસા બાબતની ફરીયાદમાં.
વાદી વારસ વકીલ તરીકે ફરીયાદ કરે ત્યારે
પ્રતીવાદીનો સંબંધ તથા જવાબદારી જ
ણાવવી જોઇએ.
મુદતનો કાયદો લાગ ન પાડવાનાં કારણ.
૫૧ ફરીયાદ અરજી ઉપર સહી કરવી તથા
તેના સાચા પણા બાબત એકરાર કરવો.
૫૨ સાચા પણાના એકરારની મતલબ.
સાચા પણાના એકરાર ઉપર સહી કરવી.
૫૩ ફરીયાદ અરજી કયારે નામંજુર કરવી, દુ
રસ્ત કરવા સારૂ પાછી આપવી, અથવા
દુરસ્ત કરાવવી.
વિશેષ ઠરાવ.
દુરસ્તી ઉપર સહી કરવી.
૫૪ ફરીયાદ અરજી કયારે નામંજુર કરવી.
૫૫ ફરીયાદ અરજી નામંજુર કરવામાં આ
વે ત્યારે શી રીતે કરવું.
૫૬ ફરીયાદ અરજી નામંજુર કરી હોય તો
તે ઉપરથી નવી ફરીયાદ કરવાને કયારે
હરકત ન થાય.
૫૭ યોગ્ય કોરટમાં આપવા સારૂ ફરીયાદ અ
રજી કયારે પાછી આપવી.
ફરીયાદ અરજી પાછી આપતી વખતે શું
કરવું.
૧૮ ફરીયાદ અરજી મંજુર કરવામાં આવે
તો શી રીતે કરવું.
ટુંકી હકીકતો,
ફરીયાદોનું રજીસ્ટર.
૧૯ જે દસ્તાવેજની રૂઇએ વાદી ફરીયાદ કર
તો હોય તે હજર કરવા,
દસ્તાવેજ અથવા નકલ આપવી.
બીજા દસ્તાવેજોની યાદ.
દસ્તાવેજો પોતાના કબજામાં અથવા અ
ખત્યારમાં ન હોય તો શું જણાવવું.
૬૧ વેચાય એવા દસ્તાવેજો ખોવાયા હોય તે
મની રૂઇએ કરેલી ફરીયાદો.
૬૨ દુકાનનો ચોપડો હાજર કરવાનું.
અસલ લેખ ઉપરની સાની કરીને તે પા
પાછો આપવો.
૬૩ ફરીયાદ અરજી દાખલ કરતી વખતે હા
જર કર્યા ન હોય તે દસ્તાવેજ પુરાવા
માં ન લેવાય.

ભાગ ૬ ઠો.

સમન કાઢવા તથા પોંચાડવા વિશે

સમન કાઢવા વિશે

૬૪ સમન,
૬૫ સમન સાથે નકલ કે ટુંકી હકીકત જોડવી
૬૬ પ્રતીવાદી કે વાદીને જાતે હાજર
થવાને કોરટ હુકમ કરે,
૬૭ પચાસ મઇલની અંદર અથવા આગગાડ
નો રસ્તો હોય તો ૨૦૦ મઇલની અંદર
રહેતો ન હોય તે પક્ષકારને જાતે હાજર
થવાનો હુકમ કરવો નહીં,
૬૮ મુદ્દા ઠરાવવાનો કે આખર નિકાલનો સ
મન થાય.
૬૯ પ્રતીવાદીને હાજર થવાનો દિવસ ઠરાવવા
બાબત,
૭૦ વાદીને જોઇએ તે અથવા પ્રતીવાદી પોતે
જેના ઉપર આધાર રાખે તે દસ્તાવેજ હા
જર કરવાને પ્રતીવાદીને સમનમાં ફરમાવવું
૭૧ આખર નીકાલનો સમન કાઢતી વખતે પ્ર
તિવાદીને તેના સાક્ષી હાજર કરવાને ફરમાવવું

સમન પોંચાડવાનું

૭૨ સમન કોને પોંચાડવા આપવો,
૭૩ પોંચાડવાની રીત,
૭૪ ઘણા પ્રતીવાદીઓને સમન પોંચાડવાનું,
૭૫ બને ત્યાં સુધી પ્રતિવાદીને જાતે અથવ
તેના મુખત્યારને સમન પોંચાડવો,
૭૬ જેની મારફત પ્રતિવાદી ધંધો ચલાવતો હો
ય તે મુખત્યારને સમન પોંચાડવો,
૭૭ સ્થાવર મીલકતની ફરીયાદોમાં જે મુખ
ત્યારના હવાલામાં મિલકત હોય તેને સ
મન પોંચાડવો,

૭૮ પ્રતીવાદીના કુટુંબના મરદન સમન ક્યારે પોંચાડાય,
૭૯ જેને સમન પોંચાડયો હોય તેણે સમન પોંચ્યાની સહી કરવી.
૮૦ પ્રતીવાદી સમન લેવાની ના પાડે, અથવા ન મળે, ત્યારે શીતે કરવું,
૮૧ સમન પોંચાડ્યાની રીત તથા વખતનો શેરો.
૮૨ સમન પોંચાડવા જનાર અમલદારનીજબાની
સમન પોંચાડ્યાને બદલે બીજી રીત કરવી હે,
૮૪ સમન પોંચાડ્યાને બદલે બીજી રીત કરી હોય તેનું પરિણામ.
૮૪ સમન પોંચાડ્યાને બદલે બીજી રીત કરવાનું કહ્યું હોય ત્યારે હાજર થવાની મુદત ઠરાવવી.
૮૫ પ્રતીવાદી બીજી કોઇ કોરટની હકુમતમાં રહેતો હોય અને સમન લેવાને તેનો કોઇ મુખત્યાર ન હોય ત્યારે સમન શી રીત પોંચાડવો.
૮૬ મુફસીલની કોરટોએ કાઢેલી પ્રોસેસ રંગુન અને ઇલાકાના શેહેરોમાં શી રીતે પોંચાડવી
૮૭ જેલમાં હોય તે પ્રતીવાદીને પોંચાડવાનું
૮૮ બીજા ડીસ્ટ્રીકટમાં જેલ હોય ત્યારે શી રીતે કરવું.
૮૯ પ્રતીવાદી બ્રિટિશ ઇંડિયાની બહાર રહેતો હોય અને સમન લેવાને તેનો કોઇ મુખત્યાર ન હોયત્યારે તે શી રીતે પોંચાડવો
૯૦ બ્રિટિશ રેસિડેન્ટ અથવા સરકારના એજન્ટ મારફત પોંચાડવાનું.
૯૧ સમનને બદલે પત્ર લખવો.
૯૨ તે પત્ર મોકલવાની રીત.

પ્રોસેસ પોંચાડવાનું.

૯૩ જે પક્ષકાર પ્રોસેસ કઢાવે તેને ખરચે તે પોંચાડવી.

પોચાડવાનું ખરચ.

૯૪ લેખી નોટીસો અને હુકમો શી રીતે પોંચાડવા તે.

ટપાલ ખરચ.

૯૫ ટપાલ ખરચ.

ભાગ ૭ મો.

પક્ષકારોએ હાજર થવા વિશે તથા નહાજર થવાના પરીણામ વિશે.

૯૬ પ્રતીવાદીને હાજર થઇને જવાબ આપવા સારૂ સમનમાં ઠરાવેલે દિવસે પક્ષકારોએ હાજર થવું.
૯૭ સમન કાઢવાની ફી વાદીએ ન આપવાથી સમન ન પોંચાડ્યો હોય ત્યારે ફરીયાદ કાઢી નાંખાય.

વિશેષ ઠરાવ.

૯૮ જો કોઇ પક્ષકાર હાજર ન થાય તો ફરયાદ કાઢી નાંખવી.
૯૯ આવે પ્રસંગે વાદી નવી ફરીયાદ આણે અથવા કોરટ ફરીયાદ પાછી ફાઇલ ઉપર લે.
૯૯ અ—બજાવ્યા વગર સમન પાછો આવ્યા પછી એક વરસ સુધી વાદી નવો સમન કાઢવા વીશેની અરજી કરવાને ચુકે તો ફરીયાદ કાઢી નાખવી.
૧૦૦ ફકત વાદીજ હાજર થાય તો કામ ચલાવવાની રીતઃ—

જ્યારે બરોબર રીતે સમન પોંચ્યો હોય ત્યારે,

જ્યારે સમન બરોબર રીતે ન પોંચ્યો હોય ત્યારે,

સમન પોંચ્યો હોય પણ યોગ્ય મુદતની અંદર ન પોંચ્યો હોય ત્યારે.

૧૦૧ મુલતવી રાખેલી સુનાવણીને દીવસે પ્રતિવાદી હાજર થાય અને પ્રથમ હાજર ન થવાનું મજબુત કારણ બતાવે ત્યારે શી રીતે કરવું.
૧૦૨ જ્યારે ફકત પ્રતીવાદી હાજર થાય ત્યારે કામ ચલાવવાની રીત.
૧૦૩ વાદીની ગેરહાજરીથી તેના વિરૂદ્ધ હુકમ નાસુ થાય તો પછી નવી ફરીયાદ ચાલશે નહીં:
૧૦૪ બ્રિટિશ ઇંડિયાની બહાર રહેનાર પ્રતિવાદી હાજર ન થાય ત્યારે કામ ચલાવવાની રીત.
૧૦૫ ઘણા વાદીઓ પઇકી એક અથવા વધારે

ગેરહાજર રહે ત્યારે કામ ચલાવવાની રીત.

૧૦૬ ઘણા પ્રતીવાદીઓ પૈકી એક અથવા વધારે ગેરહાજર હોય ત્યારે કામ ચલાવવાની રીત.

૧૦૭ જાતે હાજર થવાને જે પક્ષકારને હુકમ કરયો હોય તે પુરતું કારણ બતાવ્યા વગર ગેરહાજર રહે તો તેનું પરીણામ.

એક તરફી હુકમનામાં રદ કરવા વિશે.

૧૦૮ પ્રતીવાદી વિરૂદ્ધ એકતરફી થએલું હુકમનામું રદ કરવાનું.

૧૦૯ વિરૂદ્ધ પક્ષકારને નોટીસ કરયા વગર હુકમનામુ રદ કરવું નહીં.

બાબ ૮ મો.

લેખી કેફીયતો તથા સામા દાવા વીશે,

૧૧૦ લેખી કેફિયતો.

૧૧૧ સામાદાવાનીવીગતલેખી કેફિયતમાં લખવી.

ચોકસી.

સામા દાવાથી થવાનું કાર્ય.

૧૧૨ પહેલી સુનાવણી પછી લેખી કેફિયત લેવી નહીં.

વિશેષ ઠરાવ,

૧૧૨ પહેલી સુનાવણી પછી લેખી કેફિયત લેવી નહીં. વિશેષ ઠરાવ.

૧૧૩ કોર્ટ લેખી કેફિયત માગે અને પક્ષકાર તે ન આપે ત્યારે શું કરવું.

૧૧૪ લેખી કેફિયતો કેમ તઇયાર કરવી.

૧૧૫ લેખી કેફીયતો ઉપર સહી કરવી તથા તેના સાચાપણાનો એકરાર કરવો.

૧૧૬ વિવાદ રૂપ, લંબાણ વાળી અથવા નકામી લેખી કેફિયતોવિશે કોરટનોઅખત્યાર.

દુરસ્તી ઉપર સહી.

ના મંજુર કરવાનું પરિણામ.

બાબ ૯ મો.

કોરટે પક્ષકારોની જબાની લેવા વિશે.

૧૭ ફરીયાદ અરજીનો તથા લેખી કેફિયતનો મજકુર કબુલ છે કે નાકબુલ તે નક્કી કરી લેવુ.

૧૧૮ પક્ષકારની, અથવા તેની કે તેના પ્લીડરની સાથે આવેલા માણસનીમુખ જબાનં

૧૧૯ જબાનીનો મતલબ લખવો.

૧૨૦ પ્લીડર જવાબ દેવાની ના કહે અથવા દઇ શકે નહીં ત્યારે શું કરવું.

બાબ ૧૦ મો.

દસ્તાવેજોની શોધ લાવવા વિસે, તથા તે કબુલ કરવા; જોવા, હાજર કરવા, અટકાવી રાખવા, ને પાછા આપવા વિશે.

૧૨૧ સવાલ નામું આપવાનો અખત્યાર.

૧૨૨ સવાલનામું પોંચાડવાનું.

૧૨૩ સવાલનામું આપવું ઘટારત હતું કે નહીં તેની તજવીજ.

૧૨૪ કારપોરેશન અથવા કંપનીના અમલદારને સવાલનામું પોંચાડવાનું.

૧૨૫ લાગુ નથી એ વગેરે કારણથી સવાલના જવાબ આપવાની ના કહેવાનો અખત્યાર.

૧૨૬ સવાલના જવાબમાં સોગનનામું ગુજારવાની મુદત.

૧૨૭ કોઇ પક્ષકાર પુરતી રીતે જવાબ ન આપે ત્યારે શી રીતે કરવું.

૧૨૮ દસ્તાવેજોના ખરાપણા વિશે કબુલત માગવાનો અખત્યાર.

૧૨૯ દસ્તાવેજની શોધ લગાડવાનો હુકમ કરવાનો અખત્યાર.

એ હુકમના જવાબનું સોગનનામું.

૧૩૦ દાવો ચાલતાં દસ્તાવેજો હાજર કરવા વિશે હુકમ કરવાનો અખત્યાર.

૧૩૧ ફરિયાદ અરજી વગેરેમાં હવાલો આપેલ દસ્તાજો જોવા સારૂ હાજર કરવા બાબત નોટીસ.

તે નોટીસ અમાન્ય કરવાનુ પરિણામ.

૧૩૨ જેને તે નોટીસ મળે તે. પક્ષકારે ક્યારે અને કયાં તે દસ્તાવેજ જોવાને મળશે એ બાબત સામી નોટીસ આપવી.

૧૩૩ જોવા દેવાનો હુકમ કરાવવાની અરજ.

૧૩૪ તે અરજ સોગનનામાને આધારે કરવી.

૧૩૫ શોધ કાઢવાનો હક જે તકરારી બાબત અથવા મુદ્દા ઉપર આધાર રાખતો હોય તે તકરારી બાબત અથવા મુદ્દાનો પ્રથમ નિર્ણય કરવા વિશે ફરમાવવાનો અખત્યાર.

૧૩૬ જવાબ ન દે અથવા જોવા ન દે તેનું પરિણામ.

૧૩૭ કોરટ પોતાના દફતરમાંથી અથવા બીજી કોરટોમાંથી કાગળ મંગાવે.

૧૩૮ દસ્તાવેજી પુરાવો પેહેલી સુનાવણી વખતે તૈયાર રાખવો.

૧૩૯ દસ્તાવેજો હાજર ન રાખવાનું ફળ.

૧૪૦ કોરટે દસ્તાવેજો લેવા.

લાગુ ન પડે તેવા અથવા અગ્રાહ્ય દસ્તાવેજો નામંજુર કરવા.

૧૪૧ સાબિત થયા વિના કોઇ દસ્તાવેજ દફતરમાં દાખલ કરવો નહીં.

સાબિત થએલા દસ્તાવેજો ઉપર નીશાની કરીને તે દાખલ કરવા.

દુકાનના ચોપડામાં લખેલો મજકુર.

૧૪૨ નામંજુર કરેલા દસ્તાવેજો ઉપર નિશાની કરવી, અને તે પાછો આપવો.

૧૪૩ કોઇ દસ્તાવેજ અટકાવી રાખવાનો કોરટ હુકમ કરે.

૧૪૪ પુરાવામાં દાખલ કરેલો દસ્તાવેજ ક્યારે પાછો અપાય.

ઠરાવેલી મુદત પેહેલાં દસ્તાવેજો ક્યારે પાછા આપી શકાય.

અમુક દસ્તાવેજો પાછા આપવા નહીં.

પાછા આપેલા દસ્તાવેજની પોંચ આપવી.

૧૪૫ દસ્તાવેજો વિશેના ઠરાવ સાકાર પદારથોને લાગુ કરવા.

બાબ ૧૧ મો.

મુદ્દા ઠરાવવા વિશે.

૧૪૬ મુદ્દા કાઢવાનું.

૧૪૭ શા ઉપરથી મુદ્દા કાઢવા તે.

૧૪૮ મુદ્દા કાઢયા પહેલાં કોરટ શાક્ષી અથવા દસ્તાવેજ તપાસે.

૧૪૯ મુદ્દા વધારવાનો, દુરસ્ત કરવાનો અને કમી કરવાનો અખત્યાર.

૧૫૦ હકીકતની અથવા કાયદાની બાબતો પક્ષકારો એકમત થઇને મુદ્દાના આકારમાં લખી આપે.

૧૫૧ કરારનામું શુદ્ધબુદ્ધિથી કરેલું છે એમ કોરટની ખાત્રી થાય તો કોરટ ફૈસલો આપે.

બાબ ૧૨ મો.

પહેલી સુનાવણી વખતે ફરિયાદનો નિકાલ.

૧૫૨ કાયદાની અથવા હકીકતની કોઇ બાબતમાં પક્ષકારોને તકરાર ન હોય તો.

૧૫૩ ઘણા પ્રતિવાદીઓ પઇકી કોઇને વાદીસાથે તકરાર ન હોય તો.

૧૫૪ કાયદાની અથવા હકીકતની બાબતોમાં પક્ષકારોને તકરાર હોય તો,

કોરટ મુદ્દા ઉપર ઠરાવ કરે અને ફૈસલો કહી સંભળાવે.

૧૫૫ બેમાંથી એક પક્ષકાર પોતાનો પુરાવો હાજર ન કરે તો કોરટ ફૈસલો કહી સંભળાવે અથવા ફરિયાદ મુલતવી રાખે.

બાબ ૧૩ મો.

મુલતવી રાખવા વિશે.

૧૫૬ કોરટ મુદતઆપેઅનેસુનાવણીમુલતવીરાખે

મુલતવી રાખવાનું ખરચ.

૧૫૭ ઠરાવેલે દિવસે પક્ષકારો હાજર ન થાય તો શી રીતે કરવું.

૧૫૮ બેમાંથી એક પક્ષકાર પોતાનો પુરાવો આણવા વિગેરેને માટે કસુર કરે તોએ કોરટ ફરિયાદ ચલાવે.

બાબ ૧૪ મો.

સાક્ષીઓને સમન કરવા તથા તેમણે હાજર રેહેવા વિશે.

૧૫૯ શાહેદી પુરવાસારૂ અથવા દસ્તાવેજો હાજર કરવાસારૂ હાજર રેહેવાનો સમન.

૧૬૦ સમન કાઢવાની અરજ કરવામાં આવે એટલે સાક્ષીઓનું ખરચ કોરટમાં ભરવું

ખરચનો દર

૧૬૧ ખરચ સાક્ષીને આપવા માંડવું.

બાબ ૧૫ મો.

ફરીઆદની સુનાવણી તથા સાક્ષીઓની જબાની વિશે.

બાબ ૧૬ મો.

સોગનનામા (આફિડેવિટ) વિશે.

બાબ ૧૭ મો.

ફેસલો અને હુકમનામા વિસે.

શુદ્ધ બુદ્ધિથી હક્ક રાખનાર અટકાવ કરે ત્યારે કેમ કરવું.

૩૩૨ જે શખસની પાસેથી કબજો કાઢી લીધો હોય તે શખસ હુકમનામાં વાળાને કબજો મળવાના હકમાં વાંધો લે ત્યારે કેમ કરવુ

૩૩૩ ફરીયાદ માંડ્યા પછી હુકમનામાના દેણદારે મિલકત બીજાને નામે ચઢાવી હોય તે.

૩૩૪ ખરીદદારને સ્થાવર મીલકત કબજે લેતાં હરકત અથવા અટકાવ થાય તે વીશે

૩૩૫ હુકમનામાના દેણદાર શિવાય બીજા દાવેદારની હરકત.

આઈ.—પકડવા વીશે તથા કેદ કરવા વિશે,

૩૩૬ હુકમનામાના દેણદારને કેદમાં રાખવાનું ઠેકાણું વિશેષ ઠરાવ.

૩૩૭ પકડવાના વારંટમાં હુકમનામાના દેણદારને હાજર કરવાનું ફરમાવવું,

૩૩૮ ખોરાકીનો દર.

૩૩૯ હુકમનામાના દેણદારની ખોરાકીના પઈસા.

૩૪૦ ખોરાકીની રકમ ફરીયાદના ખરચમાં ગણવી.

૩૪૧ હુકમનામાના દેણદારને છોડી મુકવાનુ;

૩૪૨ કેદમાં રાખવાની મુદત ૭ માસ કરતાં વધારે નહીં થાય.

કેદમાં રાખવાની મુદત છ અંઠવાડીયાં કરતાં વધારે કયારે ન થાય.

૩૪૩ વારંટ ઉપર શેરો.

બાબ ૨૦ મો.

હુકમનામાના દેણદાર નાદર હોય તે વિશે.

૩૪૪ નાદાર ઠરાવવાની અરજ કરવાનો અખત્યાર.

૩૪૫ અરજનો મજકુર.

૩૪૬ અરજ ઉપર સહી કરવી તથા સાચાપણાનો એકરાર કરવા.

૩૪૭ અરજની નકલ તથા નોટીસ પોંચાડવી.

૩૪૮ બીજા લેહેણદારોને પોંચાડવાનો અખત્યાર.

૩૪૯ પેહેરામાં હોય તે અરજદાર વિશે કોરટના અખત્યાર.

૩૫૦ સુનાવણી વખત કામ ચલાવવાની રીત.

૩૫૧ નાદાર ઠરાવવાનું તથા વસુલદાર નીમવાનું.

૩૫૨ લેહેણદારોએ પોતાનાં લેહેણાં સાબીત કરવાં. પત્રક તઈયાર કરવું,

૩૫૩ પત્રકમાં લખ્યા ન હોય એવા લેહેણદારોએ કરવાની અરજો.

૩૫૪ વસુલદાર નીમવાના હુકમનું ફળ.

૩૫૫ વસુલદારે જામીન આપવા અને માલમતા વસુલ કરવી

નાદાર દેણદારને છોડી મુકવો.

૩૫૬ વસુલદારનુ કામ.

મેહેનતાણાનો તેનો હક.

વધારો આપી દેવો.

૩૫૭ છોડી મુકવાનું ફળ.

૩૫૮ નાદાર જવાબદારીમાંથી મુકત થયો એવે ઠરાવ કરવો.

૩૫૯ અરજદાર દગા ભરેલો હોય ત્યારે કામ ચલાવવાની રીત.

૩૬૦ બીજી કોરટોને ડિસ્ત્રીકટ કોરટોના અખત્યાર આપવાનું.

બીજી કોરટમાં મુકદમાં મોકલવાનું.

ભાગ ૨ જો.

પ્રસંગો પાત ઉત્પન થનારા કામો વિશે.

બાબ ૨૧ મો.

પક્ષકારોના મરણ, લગ્ન, અને તેમની નાદારી વિશે.

૩૬૧ પક્ષકારોનાં મરણ પછી, જો ફરિયાદ કરવાનો હક પોંહોચતો હોય તો ફરિયાદ બંધ નહીં પડે.

૩૬૨ ઘણા વાદીઓ અથવા પ્રતિવાદીઓ પૈકી એક મરણ પામે અને ફરિયાદ કરવાનો હક્ક પોંહોચતો હોય ત્યારે શી રીતે કરવુ.

૩૬૩ ઘણાં વાદીઓ પૈકી એક મરણ પામે અને બાકીનાને તથા મઈયતના વારસ વકીલને ફરીયાદ કરવાનો હક પોંહોચતો હોય તો શી રીતે કરવું.

૩૬૪ મઇયત વાદીના વારસ વકીલે અરજ કરી ન હોય ત્યારે શી રીતે કરવું.

૩૬૫ એકનો એક વાદી અથવા બાકી રહેલો એકનો એક વાદી ગુજરી જાય ત્યારે શી રીતે કરવું.

૩૬૬ મઇયત વાદીના વારસ વકીલ અરજ ન કરે તો ફરિયાદ બંધ પડે.

તેમની મીલકત ક્યારે જપ્ત થાય.

૪૩૪ દેશી સંસ્થાનમોની કોરટોનાં હુકમનામાં બ્રિટિશ ઇંડિયામાં બજાવવાનું.

બાબ ૨૯ મો.

કારપોરેશન તથા કંપનીઓ તરફની અને તેમના ઉપરની ફરીયાદો.

૪૩૫ ફરીયાદ અરજી ઉપર સહી અને સાચાપણાના એકરાર.

૪૩૬ કારપોરેશનઅથવાકંપનીનેસમનપોંચાડવાનુ

બાબ ૩૦ મો.

ત્રસ્ટીઓ, મ્રત્યુપત્ર ચલાવનારાઓ અને મઇયતની મીલકતનો વહીવટ કરનારાઓ કરેતેતથાતેમનાઉપરથાયતેફરીયાદો.

૪૩૭ ત્રસ્ટી વગેરેને જે મીલકતનો હક્ક પ્રાપ્ત થાય તે મીલકત વીશેની ફરીયાદોમાં હિતસબંધ હોય તેવા સખસોના વારસ વકીલ થવાનું.

૪૩૮ મ્રત્યુપત્ર ચલાયનાર તથા મઇયતની મીલકતના વહીવટ કરનારને સામીલ કરવાનું.

૪૩૯ મ્રત્યુપત્ર ચલાવનારી પરણેલી સ્ત્રીનો ધણી સામીલ કરવોનહી.

બાબ ૩૧ મો.

સગીર તથા દિવાના એઓની તરફનીઅને તેમના ઉપરની ફરીયાદો.

૪૪૦ સગીરની ફરીયાદ ઇષ્ટમીત્રે કરવી.

ખરચ.

૪૪૧ ઇષ્ટમિત્રે અથવા તે ફરીયાદ પુરતાં નીમેલા વાલીએ અરજો કરવી.

૪૪૨ ઇષ્ટમિત્ર શિવાય ફરીયાદ અરજી દાખલ કરી હોય તો તે ફાઇલમાંથી દુર કરવી.

ખરચ.

૪૪૩ ફરીયાદ પુરતો વાલી કોરટે નીમવો.

૪૪૪ ઇષ્ટમિત્ર અથવા વાલી વગર મેળવેલો હુકમ દુર કરાય.

ખરચ.

૪૪૫ ઇષ્ટમિત્ર કોણ થઇ શકે.

૪૪૬ ઇષ્ટમિત્રને દુર કરવાનું.

૪૪૭ ઇષ્ટમીત્રે નિકળી જવાનું.

નવો ઇષ્ટમિત્ર નીમવાની અરજ.

૪૪૮ ઇષ્ટમિત્ર ગુજરી જાય અથવા તે દુર થાય ત્યારે કામ બાંધ રાખવું.

૪૪૯ નવો ઇષ્ટમીત્ર નીમવાની અરજ.

૪૫૦ સગીરવાદી અથવા અરજદાર ઉમરે પેચ્યો ત્યારે તેણે શું કરવું:

૪૫૧ જો તે કામ ચલાવવાનું પસંદ કરેતો.

૪૫૨ કામ છોડી દવાનું તે પસંદ કરે તો.

ખરચ.

૪૫૩ કલમ ૪૫૧, ૪૫૨ પ્રમાણે અરજો કરવાનું તથા તે સાબીત કરવાનું.

૪૫૪ સગીર સહવાદી ઉમરે પોંચ્યાપછી ફરિયાદ ચલાવવાની ના કહે ત્યારે.

ખરચ.

૪૫૫ ફરિયાદ ગેરવાજબીઅથવા અયોગ્યહોયતો.

ખરચ.

૪૫૬ ફરીયાદ પુરતો વાલી નીમવાની અરજ.

૪૫૭ ફરીયાદ પુરતો વાલી કોણ થઇ શકે.

૪૫૮ વાલી પોતાના કામમાં કસુર કરે તો તેને દુર કરી શકાય.

૪૫૯ ફરીયાદ ચાલતાં વાલી મઇયત થાય તો નવો વાલી નીમવો.

૪૬૦ મઇયત હુકમનામા દેણદારના સગીર વારસ વકીલનો ફરીયાદ પુરતો વાલી.

૪૬૧ ઇષ્ટ મિત્રે અથવા ફરીયાદ પુરતાં વાલીયે હુકમનામાં પહેલાં કોરટની રજા વગર તથા જામીન આપ્યા વગરપઇસા લેવાનહીં

૪૬૨ ઇષ્ટમિત્રે અથવા ફરાયાદ પુરતા વાલીએ કોરટની પરવાનગી વગર તોડ જોડ કરવી નહીં.

પરવાનગી વગરની તોડજોડ નીરથક થઇ શકે તેવી છે.

૪૬૩ ૪૪૦ થી ૪૬૨ સુધીની કલમો દિવાના લોકોને લાગુ પડે છે.

૪૬૪ કોરટની સંભાળમાં હોય તે.

બાબ ૩૨ મો.

લશકરી માણસોએ તથાતે માણસો ઉપર કરવાની ફરીયાદો.

૪૬૫ જે અમલદાર અથવા સોલજરને રજા ન મળે તે પોતાની વતી ફરીયાદ અથવા

ભાગ ૯ મો.

બાબ ૪૮ મો,
સનદી હાઇકોરટો વિશે વિશેષ નિયમ,

ભાગ ૧૦ મો.

બાબ ૪૯ મો;
પરચુરણ.

ઈંડિયાના ગવર્નર જનરલ ઈન કૌન્સિલનો, હેઠળ લખેલો આકટ ગવર્નર જનરલ સાહેબે સન ૧૮૮૨ના માર્ચ માસની ૧૭ મી તારીખે મંજુર કર્યો અને તમામ લોકોને જાણ થવા સારૂ, સન ૧૮૮૨ના માર્ચ માસની ૨૮ મી તારીખે ઇંડિયા ગેઝીટમાં તે છાપીને પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

સન ૧૮૮૨નો આકટ ૧૪ મો.

દિવાની કામ ચલાવવાની રીતીનો કાયદો

ગવરનર જનરલ સાહેબે સને ૧૮૮૨ ના મારચ માસની ૧૭ મી તારીખે મંજુર કરયો.

દીવાની ન્યાયાધિકારી કોર્ટોનું કામ ચલાવવાની રીતના કાયદા એકત્ર કરવાનો તથા સુધારવાનો આકટ.

ઉદ્દેશ.

દિવાની ન્યાયાધિકારી, કોર્ટોનુ કામ ચલાવવાની રીતના કાયદા એ કેત્રત્ર કરવા તથા, સુધારવા યોગ્ય છે; માટે નીચે પ્રમાણે કાયદા કર્યા છેઃ-

પ્રરંભનો વિષય.

ટુંકું નામ
શરૂઆત

૧ આ આકટને "દિવાની કામ ચલાવવાની રીતનો કાયદો" કહેવો અને તે સન ૧૮૮૨ ના જુન માસની પહેલી તારીખે અમલમાં આવશે.

સ્થાનિક વ્યાપ્તિ

આ કલમ અને ૩ જી કલમ આખા બ્રિટિશ ઈંડિયાને લાગુ છે. બાકીની કલમો, સન ૧૮૭૪ ના ૧૪ મા આકટમાં જે શેડયુલ્ડ ડિસ્ટ્રિકટ ઠરાવેલા છે, તે શિવાયના, આખા બ્રિટિશ ઈંડિયાને લાગુ છે.

શબ્દાર્થ

૨. વિષયમાં અથવા પુર્વાપર સંબંધમાં કંઈ બાધ ન આવે તો, આ આકટમાં નીચેના શબ્દોનો અર્થ નીચે પ્રમાણે કરવોઃ—

"બાબ,,

"બાબ" એટલે આ કાયદાનો બાબ સમજવો.

'ડીસ્ટ્રીકટ,
ડીસ્ટ્રીકટકોરટ

"ડિસ્ટ્રિકટ" એટલે, અવલ હકુમતવાળી; મુખ્ય દિવાની કોર્ટ (જેને આ આકટમાં, આગળ ડિસ્ટ્રિકટકોર્ટ એવું નામ આપ્યું છે), તેની હકુમતની સ્થાનીક હદ સમજવી, અને તેમાં હૈ કોર્ટની સાધારણ અવલ દિવાની હકુમતની, સ્થાનિક હદનો સમાવેશ થાય છે. ડિસ્ટ્રિકટ કોર્ટથી હલકા દરજ્જાની દરેક કોર્ટને તથા પ્રત્યેક સ્માલકાજકોર્ટને, આ કાયદાના કામસારૂ, હૈ કોર્ટના અને ડિસ્ટ્રિકટકોર્ટના તાબાની કોર્ટ ગણવી.

પ્લીડર

"પ્લીડર" એટલે, કોર્ટમાં બીજાને વાસ્તે, હાજર થવાનો અને તેનો પક્ષ લઇને બોલવાનો જેને હક્ક મળ્યો હોય તેવો દરેક શખ્સ સમજવો, અને તેમાં હૈ કોર્ટના અટર્ની, વકીલ, અને અડવોકેટનો સમાવેશ થાય છે,

સરકારીપ્લીડર

"સરકારી પ્લીડર" એમાં આ કાયદામાં જે કામો સરકારી પ્લીડરે કરવાં એમ સ્પષ્ટ રીતે કહેલું હોય, તેવાં બધાં અથવા તેમાંનાં કાંઇ

"કામ કરવાસારૂ સ્થાનીક સરકારે કોઈ અમલદારને નીમ્યો હોય તેનો પણ સમાવેશ થાય છે.

કલેકટર "કલેક્ટર" એટલે, જમીનના મેહેસુલના, કલેકટરનુ કામ કરનાર દરેક અમલદાર સમજવો.

હુકમનામું "હુકમનામુ" એટલે દીવાની કોર્ટમાં કાંઇ હક્ક માગ્યો હોય તે બાબત અથવા ઉત્તર પક્ષ બતાવ્યો હોય તે બાબત પદ્ધતિ પ્રમાણે કરેલા જે ઠરાવથી, ઠરાવ કરનારી કોર્ટ પુરતો, ફરિયાદ અથવા અપીલનો નીકાલ થાય એવો ઠરાવ સમજવો. ફરિયાદ અરજી નામંજુર કર્યાનો હુકમ અથવા હિસાબ લેવાનું ફરમાવ્યાનો હુકમ અથવા જે તકરાર ૨૪૪ મી કલમમાં કહેલી કે તેમાં હવાલો આપેલી હોય પણ ૫૮૮ મી કલમમાં, જણાવેલી ન હોય તેવી કોઇ તકરાર, નકી કર્યાનો હુકમ આ વ્યાખ્યામાં આવી જાય છે. ૫૮૮ મી કલમમાં બતાવેલો કોઇ હુકમ આ વ્યાખ્યામાં આવી જતો નથી.

હુકમ "હુકમ" એટલે ઉપરની વ્યાખ્યા પ્રમાણે હુકમનામું નહીં હોય એવો દીવાની કોર્ટનો કોઇ નિર્ણય પદ્ધતિ પ્રમાણે લખ્યો હોય તે.

ફેસલો "ફેસલો" આ શબ્દનો અર્થ, કોઇ હુકમનામાનાં અથવા હુકમનાં કારણ દાખલ જડજે કરેલું બ્યાન એવો સમજવો,

જડજ "જડજ" એટલે, કોર્ટનો અધ્યક્ષ સ્થાને બેસનાર અમલદાર સમજવો

હુકમનામાનોદેણદાર "હુકમનામાનો દેણદાર" એટલે, જેની વિરૂદ્ધ હુકમનામું અથવા હુકમ, થયો હોય તેવો કોઈ શખસ સમજવો.

હુકમનામાવાળો "હુકમનામાવાળો" એટલે, બજાવી શકાય તેવું હુકમનામું કે તેવો હુકમ જેની તરફમાં થયો હોય એવો કોઇ શખસ સમજવો; અને એમાં, તે હુકમનામું અથવા હુકમ જે શખશના નામ ઉપર ચઢાવી આપ્યો હોય, તે શખસનો સમાવેશ થાય છે.

લેખી "લેખી" એમાં છાપેલાનો અને શીળાથી છાપેલાનો સમાવેશ થાય છે. અને "લેખ" એમાં, છાપ તથા શીળા છાપનો સમાવેશ થાય છે.

સહીકરેલુ "સહી કરેલુ" એમાં, નિશાની કરનારો શખસ પોતાનું નામ લખી શકે એવો ન હોય ત્યારે "નિશાની કરેલુ" એનો, તથા જે શખસવિશેનો મજકુર હોય તે શખસના નામની સ્ટાંપ (શિક્કા) મારેલું એનો પણ સમાવેશ થાય છે.

પરરાજ્યનીકોરટ "પર રાજ્યની કોર્ટ" એટલે, જેની સત્તા બ્રિટિશ ઇંડિયામાં ન હોય; અને જે ગવરનરજનરલ ઇન કૌન્સિલે સ્થાપેલી ન હોય, એવી બ્રિટિશ ઇંડિયાની હદ બાહારની કોર્ટ સમજવી.

પરરાજ્યનોફેસલો "પરરાજ્યનો ફેસલો" એટલે, પરરાજ્યનીકોર્ટે કરેલો ફેસલો સમજવો.

સરકારીઅમલદાર "સરકારી અમલદાર" એટલે, નીચે લખેલા પ્રકારો પૈકી કોઇ પણ પ્રકારમાં સમાવેશ થાય એવો કોઇ શખસ સમજવો. એટલે:—

દરેક જડજ;

મલીકા માઆઝમાંનો દરેક સનંદી નોકર;

મલીકા માઆઝમાની જમીનપરની અથવા દરયાઇ ફોજમાંનો હર એક સનદી અમલદાર, સરકારના હુકમ તળે નોકરી કરતો હોય ત્યાં સુધી;

ન્યાયની કોર્ટનો હરેક અમલદાર જેનું કામ, પોતાના હોદ્દાને લીધે કાયદાની અથવા હકીકતની કોઇ બાબત ઉપર તજવીજ કરવાનું કે રીપોર્ટ કરવાનુ હોય, અથવા કોઇ લેખ કરવાનું કે તે લેખના ખરાપણા વિષે સહી કરવાનુ કે તે લેખ રાખવાનું હોય, અથવા કાંઇ મિલકત પોતાના હવાલામાં લેવાનું કે તેની વ્યવસ્થા કરવાનું હોય, અથવા ન્યાયની બાબતોની, કંઇ પ્રોસેસો બજાવવાનું હોય, અથવા કાંઇ સોગન આપવાનું કે અર્થ સમજવાનું હોય, અથવા કોરટમાં બંદોબસ્ત રાખવાનું હોય, તે તથા તે કામો માંહેનું કોઇ પણ કામ કરવાને કોઈ ન્યાયની કોરટે મુદામ અખત્યાર આપેલો હરકોઇ શખસ,

કોઇ શખસને કેદ કરવાનો અથવા કેદમાં રાખવાનો અધિકાર જે હોદ્દાને લીધે મળે તેવો હોદો ધરાવનાર હરકોઇ શખસ;

સરકારનો હરેક અમલદાર જેનું કામ, પોતાના હોદ્દાને લીધે, ગુનાહ અટકાવવાનું, ગુનાહોની ખબર આપવાનું, ગુન્હેગારોને તેઓનો ઇન્સાફ થવા સારૂ, કોરટોમાં હાજર કરવાનું અથવા લોકોની તંદુરસ્તી, સલામતી કે અનુકુળતા સંભાળવાનું હોય તે;

હરએક અમલદાર જેનું કામ પોતાના હોદ્દાને લીધે સરકારની વતી કંઇ, મિલકત લેવાનું, સ્વીકારવાનું રાખવાનું કે ખરચવાનું હોય, અથવા સરકારનીવતી કાંઇ કરાર કરવાનુ. માપણી કરવાનું, કે જમાબંદી કરવાનું હોય, અથવા મેહેસુલ બાબતની કંઇ પ્રોસેસો બજાવવાનું હોય, અથવા સરકારના પૈસા સબંધી, લાભની કંઇ બાબતની તજવીજ કરવાનું કે તે વિશે રીપોરટ કરવાનુ હોય, અથવા સરકારના પૈસા સંબંધી લાભ બાબતનો કંઇ લેખ, કરવાનુ. તેના ખરાપણાવિષે સહી કરવાનું, કે તે લેખ રાખવાનુ હોય અથવા સરકારના પૈસા સબંધી લાભની સંભાળને માટે કરેલા કોઇ કાયદા તોડાતા અટકાવવાનુ હોય, તે અને હર એક અમલદાર જે સરકારની ચાકરી કે પગારમાં હોય, અથવા જેને કંઇ સરકારી કામ કરવા સારૂ ફી, કે કમીશન મળતું હોય તે.

સરકાર.

અને જયા આ કાયદાનો અમલ, ચાલે એવાં બ્રિટિશ ઇંડિયાના કોઇ ભાગમાં "સરકાર" એમાં સ્થાનિક સરકાર તેમજ હિંદુસ્તાન સરકારનો સમાવેશ થાય છે.

કાયદા અને આકટ રદ કરયા તે

૩. આ આકટને જોડેલા પેહેલા પરિશિષ્ટમાં, બતાવેલા કાયદાને આકટ તેજ પરિશિષ્ટના ત્રીજા આસનમાં કહ્યા છે. તેટલા પુરતા આ આકટથી રદ કર્તા છે. પરંતુ તેવા કોઇ કાયદા કે આકટ પ્રમાણે જે

જાહેરખબરે પ્રસિદ્ધ થઇ હશે, ઠરાવો તથા નિયમો કરયા હશે, જગાઓ નીમી હશે, કરાર દાખલ કર્યા હશે, દર ઠરાવ્યા હશે, તથા નમુના (ફારમ] તૈયાર કર્યાં હશે તે તમામ આ કાયદાની સાથે મળતા આવતા હોય તેટલા પુરતા, આ કાયદા પ્રમાણે અનુક્રમે પ્રસિદ્ધ કરેલા. ની મેલા, દાખલ કરેલા ઠરાવેલા, અને તઇયાર કરેલા ગાણવા,

પ્રથમના આકટ લાગુવાલા

અને આ કાયદા અમલમાં. આવે તે તારીખ પહેલાં પાસ થએલા અથવા પ્રસિદ્ધ કરેલા કોઇ આકટમાં. રેગ્યુલેશનાં કે જાહેરનામામાં, સન ૧૮૫૯ ના ૮મા આકટનો, સન ૧૮૬૧ ના ૨૩ મા આકટનો. અથવા દીવાની કામ ચલાવવાની રીતના કાયદાનો, અથવા ૧૮૭૭ ના ૧૦ મા આકટનો, અથવા આ આકટથી રદ થએલા કોઇ બીજા આક્રુટનો હવાલો આપ્યો હોય તો તે હવાલો, બને તેટલો, આ કાયદાને અથવા, આ કાયદાના તેને મળતા ભાગને લાગુ પડેછે. એમ વાંચવો.

સન ૧૮૮૨ ના જુન માસની પહેલી તારીખની અગાઉ કોઇ ફરીઆદ માંડી હશે, અથવા અપીલ કરી હશે તેમાં હુકમનામું થતાં પેહેલાં ચાલવાના કામમાં, અથવા હુકમનામા પછી જે કામ શરૂ થયું હશે. અને તે તારીખે ચાલુ હશે તે કામમા, ૯૮ મા. કલમમાં ઠરાવ્યું છે તે શીવાયની આ આકટમાં કહેલી કોઇ વાત લાગુ પડશે નહીં

સન ૧૮૮૨ના જુનમાસની ૧લી તારીખપહેલા માંડેલી ફરીયામાં કામચલાવવાનીરીતકાયમ રાખવી.

સન ૧૮૭૯ ના જુલાઇ માસની ઓગણત્રીસમી તારીખે ચાલુ હોય એવી પ્રત્યેક, અપીલ, જો તે અપીલ આપતી વખતે, આ કાયદા અમલમાં હોત તો, તે ચાલી શકત એવી હાયતો, ત આપ્યાની તારીખે જાણે આ કાયદા અમલમાં હોય ને જે રીતે સાંભળીને નિકાલ થાય તે રીતે તેનો સાંભળીને નીકાલ કરવો; અને તે તારીખ પેહેલાં કલમ ૩૨૦ પ્રમાણે કલેકટરને કોઇ કામ મોકલવાનો કરેલો પ્રત્યેક હુકમ કાયદા પ્રમાણે કર્યો છે: તથા તેજ તારીખ પહલાં ૩૬૦ કલમ પ્રમાણે પ્રસિદ્ધ કરેલી જાહેર ખબર કાયદા પ્રમાણે પ્રસિદ્ધ કરી છે એમ ગણવું.

અયોધ્યા, પંજાબ, મધ્યપ્રાંત, અને બ્રહ્મદેશમાં અમલ ચાલતા કેટલાક આકટો કાયમ રાખવા.

૪. ત્રીજી કલમના બીજા પારેગ્રાફમાં ઠરાવેલું છે તે શીવાય, આ આકટમાં કહેલી કોઇ પણ વાતથી નીચેના આકટ ને કાયદામાં કંઇ કમી જાસ્તી થએલું જણાશે નહીં: (એટલે):—

સન ૧૮૬૫ના મધ્યપ્રાંતની કોરટોનો આકટ:

સન ૧૮૭૫ના બ્રહ્મદેશની કોરટોનો આકટ

સન ૧૮૭૭નો પંજાબની કોરટોનો આકટ.

સન ૧૮૭૯નો અયોધ્યાની દીવાની કોરટોના આકટ.

અથવા, જેમાં જમીન ધારણ કરનારા તથા તેમના ખેડુતો કે મુખત્યારો, વચ્ચેની ફરિયાદનું કામ ચલાવવાની વીશેષે રીત બતાવી

હોય તેવો, સન ૧૮૬૧ના ઇંડીયાની કૌન્સીલ, વીશેના આકટ પ્રમાં ણે, ગવરનર ઇન કૌન્સીલે અથવા લેફટેનન્ટ ગવરનર ઇન કૌન્સિલે આજ સુધી કરેલો અથવા તેઓ હવે પછી કરે તે કાયદા,

અથવા સ્થાવર મીલકતની વેંચાણને વાસ્તે જેમાં ઠરાવ કર્યો હોય તેવો સન ૧૮૬૧ના ઇંડીયાની કૌન્સીલ વીશેના આકટ પ્રમાણે ગવરનર ઇન કૌન્સીલે અથવા લેફટેનન્ટ ગવરનર, ઇન કૌન્સીલે આજ સુધી કરેલો અથવા તેઓ હવે પછી કરેતે કાયદા-

અને સદરહુઆકટો પઇકી, કોઇ પણ આકટ પ્રમાણે કમીશનર તથા ડેપ્યુટી કમીશનરને સમવ્યાપી (એકજ• વખતે સરખી) દીવાની હકુમત આપી હોય ત્યારે, તે અમલદારો પઇકી કોને આ કાયદાના કામનેસારૂ ડીસ્ટ્રીકટ કોરટ ગણવો એ ઠરાવવાને સ્થાનીક સરકાર મુખ્ત્યાર છે.

૫. આ આકટને જોડેલા બીજા પરીશીષ્ટમાં આ કાયદાના જે બાબ અને કલમો બતાવેલી છે તે, (તે લાગુ પડે તેટલે સુધી) સન ૧૮૬૫ નાઆકટ ૧૧ પ્રમાણે સ્થાપેલી સ્માલકાજ કોરટોને અથીતથાસ્માલકાજ કોરટનોકાર ચલાવનારી(કલકત્તામદ્રાસ અને મુંબઇનીસ્માલકાજ કોરટોશીવાયની) બીજી સઘળી કોરટોનેલાગુ પડે છે. આકાયદાના બીજા બાબ અને કલમો એવી કોરટોને લાગુ નથી. મુફસીલનાસ્માલ કાજકેરટોનેકલમો લાગુપડેછે તે

૬. (અ) મીલીટરી કોરટ આફ રીકવેસ્ટની; (અ)મીલટરીકોરટઆફરીકવેસ્ટની

(બ) મુંબઇ ઇલાકાના લશ્કરના થાણાંનાં તથા કાંપના લશ્કરી બજારમાં નાની ફરીયાદો ચુકવવાંસારૂ તે ઇલાકામાં યોગ્ય રીતે, નીમેલા એક અમલદારની, (બ)મુબાઇમાં નાનીફરીયાદોનીચોકશીકરવાને નીમેલા અમલદારોની,

(ક) મદ્રાસના કાયદાના ઠરાવ પ્રમાણે ગામના મુનસફોની અથવા ગામની પંચાયતોની; અથવા [ક]મદ્રાસમાંગામના મુનસફોનેગામની પંચાયતોની.

(ડ) રંગુન; મોલમેન, અકયાબ અથવા બસીનમાંના દાગી કોરટ તરીકે બેસે ત્યારે રંગુનના રીકારડરની; (ડ)નાદારીકોરટતરીકેબેસે ત્યારેરંગુનનારીકારડરની

એમની હકુમત અથવા કામ ચલાવવાની રીતમાં, આ કાયદામાં કહેલા કોઇ વાતથી કંઇ કમી જાસ્ત થતું નથી; હકુમતઅને કામચલાવવાની રીત કાયેમરાખવી

અથવા કોઇ કોરટની સાધારણ હકુમતની પઇસા સબંધી મર્યાદા (જો હોય તો તે) કરતાં કોઇ ફરીયાદના વીષયની રકમ કે કીંમત વધી જતી હોય તો તેવી ફરીયાદો ઉપર તે કોરટને આ કાયદાની કોઇ કલમથી હકુમત મળવાની નહીં.

૭. (અ] મુંબઇના સન ૧૮૩૦ના ૧૩મા રેગ્યુલેશનમાંના તથા સન ૧૮૪૦ના ૧૧મા આકટમાંના ઠરાવોને આધારે. તે રેગ્યુલે મુંબઇનાકેટલાક કાયદાકાયમરાખવા

શન તથા આકટમાં કહેલા મુકદમાઓમાં અધીકાર મળેલા અમુક જા ગોરદારો તથા બીજા અધીકારીઓ જે હકુમત ચલાવતા હોય તેમાં અને

(ખ) આ આકટને જોડેલી બીજા પરીશીષ્ટમાં બતાવેલા કાયદા તથા આકટમાં જે તરેહના મુકદમા કહેલા છે તે મુકદમામાં

આવા મુકરદમાઓમાં અને તે ઉપર દિવાની કોરટોમાં અપીલ થાએ એવું હોય તેવી અપીલોમાં, કામ ચલાવવાની રીત આ કાયદામાં જે નિયમ ઠરાવ્યા છે તે પ્રમાણે સમજવી. પરંતુ, આ કલમમા કહેલા અથવા હવાલો આપેલા કાયદા અને આકટના કાઇ વિશેષ ઠરાવથી એ નીયમો વિરૂદ્ધ હોય તો તેમ ન સમજવુ.

ઇલાકાના મુખ્ય શેહેરોનીસ્માલકાજ કોરટો

૮. કલકત્તા, મદ્રાસ, અને મુંબાઇ એ શેહેરોમા સ્થપાએલી કોઇ સ્માલકાજ કોરટની કાઇ ફરીયાદમાં અથવા કામમાં, કલમ ૩, ૨૫, ૮૬, ૨૨૩, ૨૨૫, ૩૮૬ અને બાબ ૩૯ માં જે ઠરાવો છે, ત શિવાયનો આ કાયદો લાગુ પડશે નહી.

પરંતુ ફેંસલાની ફરી તપાસ વિશે અને અપીલ વિશે જે ઠરાવો કરેલા છે, તે શિવાયનો આ કાયદો અથવા તેનો કોઇ ભાગ સરકારી ગેજીટમાં જાહેરખબર પ્રસિદ્ધ કરીને આવી કોઇ કોરટને લાગુ પાડવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે.

કાયદાનાભાગ

૯. આ કાયદાના નીચે પ્રમાણે દસ ભાગ ઠરવ્યા છેઃ—

૧ લો ભાગ :—સામાન્ય રીતે ફરીયાદો.
૨ જો ભાગ :—પ્રસંગોપાત ઉત્પન્ન થનારાં કામ.
૩ જો ભાગ :—ખાસ પ્રસંગની ફરીયાદો.
૪ થો ભાગ :—ચાલુ ગરજ પુરતા ઇલાજ.
૫ મો ભાગ :—વિશેષ કામો.
૬ ઠો ભાગ :—અપીલો.
૭ મો ભાગ :—હાઇકોરટને તકરાર મોકલવાની તે, તથા હાઇકોરટે તપાસણી કરવી તે.
૮ મો ભાગ :—ફેંસલાની ફરી તપાસ,
૯ મો ભાગ :—સનદી હાઇકોરટો બાબત વિશેશ નિયમ.
૧૦ મો ભાગ :—કાંઇ પરચુરણ બાબતો.

ભાગ ૧ લો.

સામાન્ય રીતે ફરીયાદો વિશે.

બાબ ૧ લો.

કોરટોની હકુમત તથા નિર્ણિત વાત [રેસ જ્યુડિકેટા] વિશે,

જન્મભુમીનાઅથવાકુળનાસબબથી કોઇસખસહકુમતબહારનથી

૧૦. કોઇ દિવાની કામમાં જન્મ ભુમીના સબબથી અથવા કુળના સબબથી કોઇ સખસ કોઇ પણ કોરટની હકુમત બાહાર છે એમ સમજવુ નહી.

૧૧, જે તે વખતે જે કાયદા અને આકટ અંમલમાં હોય, તે માં જે ફરીયાદો સાંભળવાની કોરટોને મનાઇ કરી હોય, તે શિવાયની બધી દિવાની ફરીયાદોનો (આ આકટમાં જે નિયમો ઠરાવ્યા છે તેને અનુસરીને) ઇનસાફ કરવાની કોરટોને હકુમત છે, મુદામમનાઇકરીહોય તશીવાયની બધીદી વાંનીફરીયાદોની કો રટેચોકશીકરવી

ખુલાસો:—જે ફરીયાદમાં મીલકતના અથવા કામ કરવાના હક્ક વિશે તકરાર હોય તે દિવાની ફરીયાદ કેહેવાયઃ પછી તે હકનો તમામ આધાર ધર્મ સબંધી ક્રીયા અથવા વિધી બાબતની તકરારોના નીરણય ઉપર હોય તેની ચીંતા નહી.

૧૨. કોઇ ફરીયાદમાં જે તકરારી બાબત હોય તેજ પ્રત્યક્ષ અને વસ્તુતઃ તકરારી બાબત કોઇ પેહેલાં માંડેલી ફરીયાદમાં હોય, અને તે પેહેલાં માંડેલી ફરીયાદ તેના તેજ પક્ષકારો વચ્ચે અથવા જે પક્ષકારો તરફથી તેઓ અથવા તેઓમાંનો કોઇ પોતાને હક્ક મળેલો કેહે તો હોય તેમની વચ્ચે, તેની તેજ દાદને વાસ્તે,-તેંજ કોરટમાં, અથવા તે દાદ અપાવવાની હકુમત હોય તેવી બ્રીટીસઇંડિયામાની બીજી કોઇવરી હકની હમતીની કોરટમાં અથવા બ્રીટીસ ઇંડીયાની હદની બાહાર ગવરનર જનરલ ઇનકોંસીલે સ્થાપેલી અને તેવી હકુમત વાળી કોઇ કોરટમાં, અથવા મલીકા માઆઝમાં એઓની કોંસીલની રૂબરૂ,—ચાલુ હોય તો, પછીની ફરીયાદનો કોરેઇનસાફ કરવો નહી પરંતુ કલમ ૨૦ પ્રમાણે જ્યાં કોઇ ફરીયાદ બંધ કરી હોય ત્યાં એમ ન સમજવું. ચાલુફરીઆદો

ખુલાસો:—કોઇ દાવાનાં કારણને આધારે કરેલી ફરીયાદ પરરાજ્યની કોરટમાં ચાલુ હોય, તેટલા ઉપરથી તેજ દાવાનાં કારણને આધારે કરેલી ફરીયાદનો ઇનસાફ કરવાની બ્રીટીશ ઇંડિયાની કોરટને મનાઇ નથી.

૧૩. એકજ હક્કથી વાદ ચલાવનારા તેના તેજ પક્ષકારોની દરમીયાન અથવા જે પક્ષકારોની તરફથી તેઓ કે તેઆંમાંનો કોઇ પોતાનો હક્ક મળેલો કેહેતો હોય તેમની દરમ્યાન પેહેલા ચાલેલા કોઇ ફરીયાદમાં જે બાબત પ્રત્યક્ષ અનેવસ્તુતઃ તકરારી હોય, અને તે પાછળની ફરીયાદ અથવા જે ફરીયાદમાં તે મુદો પાછળથી નીકળ્યો હોય તે ફરીયાદ સાંભળવાના યોગ્ય અખત્યાર વાળી કોરટે તે પ્રથમની ફરીયાદની ચોકશી કરી આખરનો નીકાલ કરયો હોય, તો તેવી પાછળની ફરીયાદની અથવા તેવા પાછળના મુદાની કોઇ કોરટ તજવીજ કરવી નહી. નિર્ણિતવાત

ખુલાસો ૧.=ઉપર બાબત દરશાવી તે પ્રથમની ફરીયાદમાં એક પક્ષકારે છે એમ કેહેવી જોઇએ, અને સામા પક્ષકારે સ્પષ્ટ રીતે કે ગર્ભરંભીત રીતે તે કબુલ અગર ના કબુલ કરવી જોઇએ.

ખુલાસો ૨ —તેવા પ્રથમની ફરિઆદમાં દાવો માગવાના અથવા

જવાબ આપવાના એક કારણતરીકે જે બાબત બતાવી શકાત અને જે બતાવવી જોઇતી હતી, તેબાબત તે ફરીઆદમાં પ્રત્યક્ષ અને વસ્તુતઃ તકરારીબાબત છે એમ સમજવું.

ખુલાસો ૩.—ફરીયાદ અરજીમાં જે દાદ માગી હોય પણ હુકમનામામાં સ્પષ્ટ રીતે ન આપવી હોય તે દાદ, આ કલમના કારણ સારૂ આપવાની ના પાડી છે એમ સમજવુ.

ખુલાસો ૪.—કોઇ ઠરાવ એવી રીતનો હોય કે, તે ઠરાવ કરનારી કોરટ અને પક્ષકારો પઇકી ગમે તેની અરજ ઉપરથી (ફરી તપાસ કરયા શિવાય) તે ફેરવી શકે નહી, અથવા પોતાની મેળે તે ફરી વિચારમાં લેઇ શકે નહી, ત્યારે આ કલમના અર્થ પ્રમાણે તે આખરનો ઠરાવ સમજવો. જેના ઉપર અપીલ થઇસકે તેવોઠરાવઅપીલ થાય ત્યાં સુધી આ કલમના અર્થ પ્રમાણે આખરનો ઠરાવ ગણાય.

ખુલાસો ૫;—પોતાનો અને બીજાઓનો મળીને એકઠો દાવો રાખેલા કોઇ ખાનગી હક્ક વિશે કંઇ સખસો શુદ્ધ બુદ્ધિથી કોરટમાં વાદ ચલાવતા હોય, ત્યારે તે હક્કની સાથે લાગતા વળગતા બધા સખસો આ કલમના કારણ સારૂ, તે વાદ ચલાવનારા સખસો તરફથી હક્ક રાખનાર સખસો. છે એમ ગણવું.

ખુલાસો ૬.—પરરાજ્યના ફેંસલા ઉપર આધાર રાખવાનો હોય ત્યારે, ખરાપણાના યોગ્ય દાખલા સહીત તે ફેંસલો હાજર કરયો એટલે. તે લેખ ઉપરથી વિરૂદ્ધ પ્રકાર નજરે ન આવે તો, તે ફેંસલો કરનારી કોરટને યોગ્ય હકુમત હતી એવું અનુમાન કરવુ. પરંતુ કોરટને હકુમત નહોતી એ વાત શાબિત કરીને તે અનુમાન રદ થઇ શકશે.

બ્રિટિશઇંડિયામાં ફરિયાદો કરવાનેપર રાજ્યનાફેંસલાકયા રેપ્રતિબંધ નકરે

૧૪. પર રાજ્યનો કોઇ ફેંસલો નીચે પ્રમાણે હોય તો તેને લીધે બ્રિટિશ ઇંડિયામાં ફરીયાદ કરવાને પ્રતિબંધ થશે નહી એટલે:—

[અ) કામના ગુણદોષ તપાશીને તે ફેંસલો નહી આપ્યો હોય તો.

(બ) કામના કાગળ જોતાંજ એમ જણાય કે દેશદેશના અરસપરસ વ્યવહારના કાયદાની (ઇંન્ટરનેશનલ લાન), અથવા બ્રીટીશ ઇંડીયા મહિના કોઇ ચાલુ કાયદાની ભુલ ભરેલી સમજથી તે ફેંસલો કરેલો છે તો:

(ક) જે કોરટની રૂબરૂ તે આણ્યો તેહોયતેના અભીપ્રાયમાં એમ આવે કે વાસ્તવીક ન્યાયથી તે ઉલટો છે તો:

(ડ] કપટથી મેળવેલો હોય તો:

[ઈ] બ્રીટીશ ઇંડીયામાં ચાલતો કોઇ કાયદો તોડીને તેને આધારે કરેલો દાવો તેમાં સાબીત ઠરાવ્યો હોય તો.

ભાગ ૨ નો.

ફરિયાદ કરવાના ઠેકાણા વિશે.

૧૫. પ્રત્યેક ફરિયાદ, તેનો ઇનસાફ કરવાનો સૌથી નીચેના દરે જાની જે કોરટને અખત્યાર હોય, તે કોરટમાં કરવી. — કઇકોરટમાંફરિયાદકરવીતે.

૧૬. કોઇ કાયદામાં પૈસાની અથવા બીજી મર્યાદા ફરમાવેલી હોય તે ઉપર નજર રાખીનેઃ— — જ્યાંફરિયાદનો વિષયહોયત્યાંફરિયાદોકરવી

(અ) સ્થાવર મીલકત લેવાની ફરિયાદ.

(બ) સ્થાવર મીલકતની વેહેંચણ કરવાની ફરીયાદ.

(ક) ગીરો મુકેલી સ્થાવર મીલકત ઉપરનો ઘરાણીઓ હક્ક છોડાવવાની અથવા ઘરાણીયું છોડાવવાનો બંધ કરવાની ફરીયાદ.

(ડ) સ્થાવર મીલકતમાંનો અથવા તે બાબત બીજો કોઇ હક અથવા સંબંધ નક્કી કરવાની ફરીયાદ.

(ઈ) સ્થાવર મિલકતને કરેલી નુકસાનીનો બદલો લેવા બાબતની ફરીયાદ.

(ફ) કરજને બદલે ખરેખર કબજ કરેલી અથવા ટાંચ મારેલી જંગમ મિલકત પાછી લેવાની ફરીયાદ,

એ ફરિયાદો, જે કોરટની હકુમતની સ્થાનિક હદમાં તે મીલકત હોય, તે કોરટમાં કરવી. પરંતુ, પ્રતિવાદીના કબજામાંની અથવા તેની વતી બીજાના કબજામાં હોય તેવી સ્થાવર મિલકત સંબંધી કંઇ દાદ મેળવવાની, અથવા તે સ્થાવર મિલકતને કરેલી નુકસાંનીનો બદલો લેવાની ફરીયાદો કરવાની હોય તે, જો માગેલી દાદ કોરટનાં હુકમ પ્રમાણે પ્રતીવાદી જાતે વર્તવાથી તમામ મળી શકે એમ હોય તો, જે કોરટની હકુમતની સ્થાનીક હદમાં તે મીલકત હોય તે કોરટમાં કરી શકાય, અથવા જે કોરટની હકુમતની સ્થાનીક હદમાં તે પ્રતીવાદી ખરે ખર ને આપ ખુશીથી રહેતા હોય કે ધંધો ચલાવતો હોય કે કમાઇને વાસ્તે જાતે કામ કરતો હોય તે કોરટમાં કરી શકાય.

ખુલાસોઃ—આ કલમમાં "મીલકત" એનો અર્થ બ્રીટીશ ઇંડિયામાં હોય તેવી મીલકત એમ સમજવો.

૧૭. ઉપર કહેલી મર્યાદા ઉપર નજર રાખીને બીજી બધી ફરીયાદો એવી કોરટમાં કરવી કે. જેની હકુમતની સ્થાનીક હદમાંઃ— — જ્યાંપ્રતિવાદીયારેહેતાહોયતથાવાદાવાનુંકારણ ઉત્પનથાય ત્યાંફરિયાદોકરવી

(અ) દાવાનું કારણ ઉતપન્ન થયું હોય; અથવા.

(બ) ફરીયાદ શરૂ થતી વખતે બધા પ્રતીવાદી ખરેખરા અને આપ ખુશીથી રહેતા હો. અથવા ધંધો ચલાવતા હોયઃ અથવા કમાઇને વાસ્તે જાતે કામ કરતા હોય; અથવા

(ક) ફરીયાદ શરૂ થતી વખતે પ્રતીવાદીઓ પૈકી કોઇ પ્રતીવાદી ખરેખરો અને આપ ખુશીથી રહેતો હોય, અથવા ધંધો ચલાવતો હોય, અથવા કમાઇને વાસ્તે જાતે કામ કરતો હોય; પરંતુ આ

વી ફરીયાદ કરવાને કોરટની પરવાનગી મળવી જોઈએ.

ખુલાસો ૧ લો:— જ્યારે કોઈ પણ માણસને કાયમનું રેહેવાનું ઘર એક ઠેકાણે હોય, અને માત્ર કંઈ હંગામી કામ સારૂ બીજે ઠેકાણે મુકામ હોય, ત્યારે તેનો હંગામી મુકામ હોય ત્યાં કંઈ દાવાનું કારણ ઉત્પન થાય તેની બાબતમાં, તે બંને ઠેકાણે રેહે છે એમ ગણવું.

ખુલાસો ૨ જો:— કોઈ કાર્પોરેશન અથવા કંપની, બ્રિટીશઇંડીયા માંની પોતાની એકની એક અથવા મુખ્ય આફીસમાં ધંધો ચલાવે છે એમ ગણવું અથવા જે ઠેકાણે તેના તાબાની આફીસ પણ હોયતે ઠેકાણે ઉત્પન્ન થતા દાવાના કારણની બાબતમાં તેવે ઠેકાણે ધંધો ચલાવે છે એમ ગણવું.

દ્રષ્ટાંત.

(અ) અ કલકત્તામાં એક વેપાર કરનારો છે, બ દીલ્હીમાં ધંધો ચલાવે છે. બ પોતાના કલકત્તાના આડતીયાની મારફત અની પાસેથી માલ ખરીદ કરે છે. અને તે માલ ઈસ્ટ ઇંડીઆ રેલવે કંપનીને સ્વાધીન કરવાને અ ને કહે છે. અ તે પ્રમાણે કલકત્તામાં માલ સ્વાધીન કરે છે. અ માલની કીમતને વાસ્તે બના ઉપર, જ્યાં દાવાનું કારણ બન્યું છે ત્યાં એટલે કલકત્તામાં, અથવા જ્યાં બ ધંધો ચલાવે છે ત્યાં એટલે દીલ્હીમાં, ફરીયાદ કરી શકે.

(બ) અ સીમલામાં. બ કલકત્તામાં અને ક દીલ્હીમાં રહે છે. અ. બ. ક. એ બનારસમાં એકઠા થયા. ત્યાં બ અને ક એ જ્યારે ધણી માગે ત્યારે એક મતે દેવા, એવી વાયદા ચીઠી (પ્રામીસરી નોટ) લખી આપીને તે અ ને સ્વાધીન કરી. અ જ્યાં દાવાનું કારણ બન્યું એટલે બનારસમાં બ અને ક ના ઉપર ફરીયાદ માંડી શકે. વળી તે જ્યાં બ રેહે છે ત્યાં એટલે કલકત્તામાં, અથવા જ્યાં ક રહે છે ત્યાં એટલે દીલ્હીમાં. તેમના ઉપર ફરીયાદ માંડી શકે. પરંતુ તે બંને પ્રસંગે, તે ઠેકાણે ન રેહેનારો પ્રતીવાદી હરકત લે તો કોરટની રજા વગર ફરીયાદ ચલાવી શકાય નહીં.

જાતને અથવા જંગમ મીલકતને કરેલી નુકશાનીનો બદલો લેવાની ફરિયાદો

૧૮. જાતને અથવા જંગમ માલને કરેલી નુકસાનીના બદલાને વાસ્તે ફરીયાદ કરવી હોય. અને તે નુકસાન એક કોરટની હકુમતની સ્થાનીક હદમાં કર્યું હોય તથા પ્રતીવાદી બીજી કોરટની હકુમતની સ્થાનીક હદમાં રેહેતો હોય કે ધંધો ચલાવતો હોય કે કમાઈને વાસ્તે જાતે કામ કરતો હોય. તો વાદી તે કોરટો પઇકી પોતાની નજરમાં આવે એ કોરટમાં ફરીયાદ કરી શકે.

દ્રષ્ટાંતો.

(અ) અ દીલ્હીનો રહેનાર છે, તે બ ને કલકત્તામાં મારે છે, તો અના ઉપર બ દીલ્હીમાં અથવા કલકત્તામાં ફરીયાદ કરે.

(ખ) અ દીલ્હીમાં રેહેનાર છે. તે બ ની આબરૂને હાની પોચે એવો મજકુર કલકત્તામાં પ્રસીદ્ધ કરે છે. બ ના ઉપર અ કલકત્તામાં અથવા દીલ્હીમાં ફરીઆદ કરી શકે.

(ગ) એક રેલવે કંપનીની મુખ્ય આફીસ હોરામાં છે તે કંપનીની લાઇન ઉપર મુસાફરી કરતાં, જે ગફલતનો દોષ કંપની ઉપર મુકી શકાય એવી ગફલતને લીધે અલ્હાબાદ આગળ તે ઉથલી પડયો અને તેને ઇજા થઇ. કંપની તે ગમે તો હોરામાં કે ગમ તો અલ્હાબાદમાં ફરીયાદ કરી શકે.

એકજ ડિસ્ત્રિકટ માંપણ જુદી જુદી કોરટોની હકુમતમાં આવેલી સ્થાવર મીલકતની ફરીયાદ

૧૮. એકજ ડીસ્રીકટની હદમાં પણ જુદી જુદી કોરટોની હકુમતમાં આવેલી સ્થાવર મીલકત બાબતની અથવા સ્થાવર મીલકતને કરેલી નુકસાનીનો બદલો લેવાની ફરીયાદ હોય તો તે ફરીયાદ, જે કોરટની હકુમતમાં તે મીલકતનો કંઇ ભાગ આવેલો હોય, તે કોરટમાં થઇ શકે; પરંતુ ફરીયાદના વીષયની કીમત બાબતનો તમામ દાવો તે કોરટ સાંભળી શકે એવો હોવો જોઇયે.

જુદા જુદા ડિસ્ત્રિકટમાંની સ્થાવરમલકત બાબતની ફરીયાદ

જો સ્થાવર મીલકત જુદા જુદા ડીસ્રીકટની હદમાં આવેલી હોય તો, ઇનસાફ કરવાને બીજી રીતે લાયક હોય એવી જે કોરટની હકુમતમાં તે મીલકતનો કંઇ ભાગ આવેલો હોય તે કોરટમાં તે ફરીયાદ થઇ શકે.

હકુમતમાં બધા પ્રતિવાદીઓ રહેત ન હોય ત્યારે મુકદમો આગળ ચાલતો બંધ કરવાનો અધિકાર.

૨૦. એક કરતાં વધારે કોરટમાં માંડી શકાય એવી ફરીયાદ એવી કોરટમાં માંડી હોય, કે જેની હકુમતની સ્થાનીક હદમાં પ્રતિવાદી અથવા બધા પ્રતીવાદીઓ ખરેખરા અને આપ ખુશીથી રહેતા ન હોય કે ધંધો ચલાવતા ન હોય કમાઇને વાસ્તે જાતે કામ કરતા ન હોય તો, પ્રતીવાદી અથવા પ્રતીવાદી દીઓમાંનો કોઇ, મુકદમો ચાલતો બંધ કરવા સારૂ કોરટને અરજ કરવાનો પોતાનો ઇરાદો છે એવી બીજા પક્ષકારોને લેખી નોટીસ આપ્યા પછી, તે પ્રમાણે કોરટને અરજ કરવાને મુખત્યાર છે;

અને જે પક્ષકારોને કંઇ કહેવાની મરજી હોય તેમનું સાંભળ્યા પછી કોરટની ખાત્રી થાય કે, કોઇ બીજી કોરટમાં ફરીયાદ માંડવાથી વધારે સારી રીતે ઇનસાફ થાય તેમ છે તો, આખરનો હુકમ કરીને અથવા બીજો હુકમ થતાં સુધી મુકદમો ચાલતો બંધ કરવાને, અને પક્ષકાર અથવા તેમાંના કોઇને તે વખત સુધી ખરચ થઇ ગએલું હોય તે વિષે પોતાને યોગ્ય જણાય તેવો હુકમ કરવાને કોરટ મુખત્યારછે.

આવે પ્રસંગે, મુકદમો ચાલતો બંધ કરવાના હુકમનો શેરો ફરિયાદ અરજી ઉપર લખીને તે મને પાછી આપો, એમ વાદી માગે તો કોરટે તે રીતે, કરીને ફરીયાદ અરજી પાછી આપવી.

અરજ કયારે કરવી

આવી દરેક અરજ બની શકે તેટલી વહેલામાં વેહેલી જોગવાઇએ કરવી જોઇએ. અને તે હમેશાં મુદા ઠર્યા પેહેલાં થવી જોઇએ; અ

અને કોઇ પ્રતીવાદી એ રીતે અરજ નહીં કરે તો ફરિયાદ માંડવા માં તેની માન્યતા છે એમ ગણાશે.

જ્યારે ફરિયાદ બીજી કોરટમાંમાંડ વામાં આવેત્યારેકો રટફીનીમાફી

૨૧ જ્યારે કલમ ૨૦ પ્રમાણે કોરટ મુકદમો ચાલતો બંધ કરે, અને વાદી બીજી કોરટમાં, ફરી ફરીયાદ માંડે, ત્યારે તે ફરીયાદ અ રજી ઉપર કાંઇ કોરટ ફી લેવામાં નહીં આવે; પરંતુ પહેલા કોરટમાં ફરિયાદ માંડતી વખતે યોગ્ય ફી ભરેલી હોય અને તે ફરીઆદ અર જી તે કોરટે પાછી આપી હોય તો તેમ કરવું.

જેકોરટમાં ફરી યાદથઇશકે લેએરજ અપીલ કોરટનાતા બાનીહોય ત્યારેકા મ ચલાવવાનીરીત

૨૨. એક કરતાં વધારે કોરટોમાં ફરિયાદ થઇ શકે એમ હોય, અને તે કોરટો એકજ અપીલ કોરટના તાબાની હોય તો, બીજી કોરટમાં ફરીયાદ મોકલવા સારૂ અપીલ કોરટને અરજી કરવાનો પોતાનો ઇરાદો છે એવી લેખી નોટીસ, બીજા પક્ષકારોને આપ્યા પછી કોઇ પણ પ્રતીવાદી તે પ્રમાણે અરજ કરી શકે; અને અપીલ કોર ટે, બીજા પક્ષકારો કંઇ જણાવવાનું કહે તો તેમનું સાંભળ્યા પછી, હકુમતવાળી કોરટો પઇકી કઇ કોરટનાં તે ફરીઆદ ચલાવવી એનો નિર્ણય કરવો.

જ્યારે તેમ માણે તાબાની કોરટોનહોયા ત્યારેકામ ચલાવવ ની રીત.

૨૩. તે કોરટો જુદી જુદી અપીલ કોરટોના તાબાની પણ એ કજ હાઇકોરટના તાબાની હોય તો. હકુમતવાળી બીજી કોરટમાં ફરિ યાદ મોકલવા સારૂ હાઇકોરટને અરજી કરવાનો પોતાનો ઇરાદો છે એમ બીજા પક્ષકારોને લેખી નોટીસ આપ્યા પછી, કોઇ પણ પ્રતીવા દી તે પ્રમાણે અરજ કરી શકે. જો ડીસ્ત્રીકટ કોરટના તાબાની કોઇ કોરટમાં ફરીયાદ આણી હોય તો, તે કોરટ જે ડીસ્ત્રિકટ કોરટના તાબાની હોય તેની મારફતે તે અરજી તથા બીજા પક્ષકારોએ કંઇ હરકતો દાખલ કરી હોય તો તે હરકતો મોકલવી. બીજા પક્ષકારો ની કંઇ હરકતો હોય તો તે વિચારમાં લેઇને, હકુમતવાળી કોરટો પઇકી કઇ કોરટમાં ફરિયાદ આગળ ચલાવવી. એનો નિર્ણય કરવા ને હાઇ કોરટ મુખત્યાર છે.

જ્યારે તે જુદીજુ દી હાઇકોરટના તા બાનીકોરટોહોય ત્યા રેકામચલાવવાનીરીત.

૨૪. સદરહુ કોરટો જુદી જુદી હાઇકોરટોના તાબાની હોય તો કોઇ પણ પ્રતીવાદી, જે કોરટમાં ફરીઆદ આણી હોય, તે કોરટ જે હાઇ કોરટની હકુમતમાં હોય તે હાઇકોરટને અરજી કરવાનો, પોતા નો ઇરાદો છે એમ બીજા પક્ષકારોને લેખી નોટીસ આપ્યા પછી, તે પ્રમાણે અરજી કરી શકે.

ડિસ્ત્રિકટ કોરટના તાબાની કોઇ કોરટમાં ફરિયાદ આણી હોય તો તે કોરટ જે ડીસ્ત્રિકટ કોરટના તાબાની, હોય તેની મારફતે અરજી તથા બીજાપક્ષકારોએ, કંઇહરકતો દાખલ કરી હોય તોતેહરકતોમોકલવી.

અને બીજા પક્ષકારોની કંઇ હરકતો હોય તો તે વીચારમાં લઇને હકુમતવાળી કોરટો પઇકી કઇ કોરટમાં ફરિયાદ ચલાવવી એનો તે હાઇકોરટે નીરાણય કરવો.

૨૫ પક્ષકારો પઇકી કોઇની અરજી ઉપરથી, પક્ષકારોને નોટીસ આપીને તથા તેમનામાંથી, જેમને કંઇ જણાવવાનું હોય તેમનું સાંભળીને, અથવા પોતાનીજ મેળે તેવી નોટીસ આપ્યાશીવાય હાઇકોરટ અથવા ડિસ્ત્રિકટકોરટ, પોત પોતાના તાબાની કોઇ કોરટમાં,—પછી તે તાબાની કોરટ અવલકોરટ હોય કે અપિલ કોરટ હોય જે હોય તેમાં,—ચાલતી ફરીયાદ કાઢી લેઇને તે પોતેજ ચુકવવાને અથવા બીજી કોઇ તાબાની કોરટમાં ઇનસાફ કરવાસારૂ સ્થળાંતર કરીને મોકલવાને મુખત્યાર છે. પરંતુ તે બીજી તાબાની કોરટ એવી હોવી જોઈએ કે જેને તેવા પ્રકારની, તથા તેના વિષયની રકમ અથવા કીમતની ફરિયાદનો, ઇંન્સાફ કરવાનો અખત્યાર હોય. એક કોરટમાંથી બીજી કોરટમાફરી યાદો મોકલવા બાબત.

આ કલમમાં કહેલા કામને વાસ્તે, વધારાના (એડીશનલ) જડજોની, અને આસિસ્ટંટ જડજોની કોરટો ડિસ્ત્રિકટ કોરટના તાબાની છે એમ ગણવુ.

આ કલમ પ્રમાણે સ્માલકૉજ કોરટમાંથી કાઢી લીધેલી, કોઇ ફરીયાદનો ઇનસાફ કરનારી કોરટ, તે ફરિયાદની બાબતમાં સ્માલકાજ કોરટ છે એમ ગણવું.

બાબ ૩ જો.

પક્ષકાર અને તેમનું હાજર થવું, તેમની અરજો, અને તેમણે કરવાનાં કામ એ વિષે.

૨૬. દાવાના એકજ કારણની બાબતમાં માગેલી દાદનો હક જે સખસોનો છે, એમ કહેવામાં આવતું હોય, તે બધાને વાદી તરીકે સામીલ કરી સકાય; પછી તે હક ગમે તો બધાનો એકત્ર હોય કે પ્રથક પ્રથક હોય, કે એકનો નહીં તો બીજાનો એમ હોય, તેની ચીંતા નહીં. અને ફરીયાદ અરજીમાં કંઇ દુરસ્તી ન કરતાં, વાદીઓ પઇકી એક અથવા વધારે જેઓ કંઇ દાદના હકદાર માલમ પડે તેની અથવા તેમની તરફમાં, તે અથવા તેઓ જેટલી દાદના હકદાર ઠરે, તેટલી દાદનો ફેસલો આપી શકાય. પરંતુ, ફરિયાદના ખરચની બ્યવસ્થા કરવામાં કોરટ બીજી રીતે ન ફરમાવે તો, દાદનો હકદાર ન માલમ પડે એવા, શખસને આવી રીતે, સામીલ કરવાથી પ્રતિવાદીને જે ખરચ થયું હોય તે, લેવાનો તે. જો હારે તોએ હકદાર થશે. વાદીએ તરીકે કેણ સામીલ થઇ શકે તે

૨૭. જે શખસને વાદી કરવો ન જોઇએ તેનું વાદી તરીકેનામ દાખલ કરીને ફરીયાદ કરી હોય, અથવા ખરેખરા વાદીના નામથીફરીયાદ કરી છે કે નહિં એનો સંશય હોય ત્યારે, વાજબી જણાય, એવી શરતો કરીને, કોઇ બીજા શખસ અથવા શખસોને,વાદીને બદલે વાદી કે વાદીઓમાં દાખલ કરવાનો અથવા તેમનામાં સામીલ કરવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે. પરંતુ તંટાની ખરે ખરી, બાબતનો નિર્ણય, કરવાને તેમ કરવું જરૂરનું છે, તથા શુદ્ધબુ ફરીયાદ કરનાર વાદીને બદલે વાદી દાખલ કરવાને અથવા તેમાં સામીલ કરવાને કોરટ મુખત્યારછે

દ્વિથી, ભુલ થઇને એ રીતે, ફરીઆદ માંડવામાં આવી છે, એમ કોરટની ખાત્રી થાય તો, એ રીતે હુકમ કરવો,

પ્રતીવાદીઓ તરીકે સામીલ કરાય તે શખસો

૨૮ એકજ બાબતમાં માગેલી દાદનો હક્ક બધાને મળીને, અથવા પ્રથક પ્રથક, અથવા એકનો નહિં તો બીજાનો એ રીતે જેમની, વિરૂદ્ધ કેહેવામાં આવતો હોય તે બધાને, પ્રતીવાદી તરીકે શામીલ કરી શકાય, અને ફરીઆદ અરજીમાં કાંઇ, દુરસ્તી ન કરતાં, જે એક અથવા વધારે પ્રતીવાદીઓ, જવાબદાર માલમ પડે, તેમની વિરૂદ્ધ તેમની પોતપોતાની જવાબારી પ્રમાણે ફેસલો આપી શકાય.

એકજ કરારથી જવાબદાર થતા પક્ષકારોને તે સામીલ કરવાનું.

૨૯. કોઇ પણ એક કરારથી કંઇ સખસો પ્રથક પ્રથક અથવા એકમતેઅને પ્રથક પ્રથક જવાબદાર થતા હોય, ત્યારે વાદીની મરજીમાં આવે તો તે બધાને, અથવા તેમાંના કોઇને, એકજ ફરીયાદમાં પક્ષકાર તરીકે સામીલ કરવાને વાદી મુખત્યાર છે. એ કરારથી પ્રથક પ્રથક અથવા એકમતે અને પ્રથક પ્રથક જવાબદાર થતાં શખસોમાં, બિલ આફ એકસ્ચેંજ હુંડી તથા વાયદા ચીઠી (પ્રામીસરી નોટ) ના પક્ષકારોનો સમાવેશ થાય છે.

એકજ સબંધવાળા બધા પક્ષકારોનીવતી તેમાંનો કોઇ એક પક્ષકાર ફરીયાદ માંડી શકે અથવા જવાબ દેઇ શકે.

૩૦ એકજ સંબંધવાળા ઘણા પક્ષકારો હોય ત્યારે, કોરટની પરવાનગી લેઇને, તેવા સંબંધવાળા, બધા પક્ષકારોનીવતી વાદી અથવા પ્રતીવાદી, થવાને અથવા જવાબ કરવાને, તે પક્ષકારોમાંનો કોઇ એક અથવા વધારે પક્ષકાર મુખત્યાર છે. પણ આવે પ્રસંગે વાદીના ખરચથી, તે ફરીયાદ માંડયાની નોટીસ, તે બધા પક્ષકારોને આપવી, એવી રીતે કે પ્રત્યેક કામમાં કોરટ ફરમાવે તે પ્રમાણે દરેકને તે નોટીસ હાથો હાથ પોહોચાડવી અથવા પક્ષકારોની સંખ્યા તે બીજા કોઇ કારણને લીધે તે રીતે નોટીસ પોહે ચાડુવાનું વાજબી રીતે જોતાં તેને તેમ ન હોય તો] પ્રસિદ્ધ જાહેર ખબર આપવી.

ખોટી રીતે પક્ષકાર કરવાને લીધે ફરીયાદ નીફળી જવાની નહીં

૩૧. ખોટીરીતે પક્ષકાર સામીલ કરવાને લીધે કાઇ ફરિઆદ નિષ્ફળ જવાની નહિં. અને દરેક ફરીઆદમા પોતાની આગળ ખરેખરા જે પક્ષકાર હોય તેમનો હક્કસંબંધ તંટાના વિષયને જેટલો લાગુ પડે તેટલા પુરતુ કામ ચલાવવાને કોરટ મુખત્યાર છે;

દાવાનાં જુદાં જુદા કારણો હોય તેવા વાદીઓ, એક ફેરીઆદમાં સામીલ થાય એવું આ કલમની કોઇ વાતથી સમજવું નહીં.

કોરટ પક્ષકાર કાઢી નાંખવાને અથવા સામીલ કરવાને મુખત્યાર છે.

૩૨. પેહેલી સુનાવણી વખતે અથવા તે અગાઉ બેમાંથી એક પક્ષકારની અરજ ઉપરથી કોરટને વાજબી જણાય એવી સરકા કરીને વાદી અથવા પ્રતીવાદી તરીકે અયોગ્ય રીતે સામીલ કરેલા કોઇ પક્ષકારનું નામ કાઢી નાંખવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

અને કોઇ પણ વખત કવી અરજ ઉપરથી કે ક અરજશિવાય કોરટને વાજબી લાગે એવી સરકા કરીને, કોરટ એવો હુકમ કરે કે, કોઇ વાદીને પ્રતીવાદી કરવો અથવા કોઇ પ્રતિવાદીને વાદી કરવો ત

થી ફરિયાદોમાં નીકળેલી બધી તકરારોને પુણ રીતે અને કાર્યસાધક ચોકશી કરીને નીર્ણય કોરટથી થઇ શકે એટલા સારૂ કોરટની રૂબરૂ જેની હાજરીની જરૂર જણાય તેનું, અથવા વાદી કે પ્રતીવાદી તરીકે જેનું નામ દાખલ કરવું જોઇતું હતું તેનું નામ સામીલ કરવું.

વાદીતરીકે અથવા ઇષ્ઠમીત્રતરીકે સમીલકરેલાશખસની સમતી

કોઇ પણ સખસને તેની પોતાની સંમતી શિવાય, વાદી તરીકે અથવા વાદીના ઇષ્ઠમિત્ર તરીકે સામીલ કરવો નહીં.

કલમ ૩૦પ્રમાણે ફરિયાદો કરીહોયઅથવાજવાબઆપ્યોહો તેમાંના પક્ષકાર

કલમ ૩૦ પ્રમાણે જે શખસની વતી ફરીયાદ કરી હોય અથવા ફરીયાદમાં ઉત્તર પક્ષ ચલાવ્યો હોય તે સખસ, તે ફરીયાદમાં મને પક્ષકાર કરો, એવી કોરટને અરજ કરવાને મુખત્યાર છે.

સમિલ પ્રતિવાદીઓનેસમનપોંચાડવો

ઉપર પ્રમાણે જેમનાં નામ પ્રતીવાદી તરીકે સામીલ કરવામાં આવે તે બધા પક્ષકારોને, આ કાયદામાં આગળ કહ્યું છે તે રીતે સમન પોંચાડવો. અને (હીંદુસ્તાનના સંને ૧૮૭૭ ના મુદતના આકટની કલમ ૨૨ ના ઠરાવને બાધ ન આવે તેમ) એ સમન પોચે ત્યારથીજ તેમની વીરૂદ્ધ કામ શરૂ થયું એમ ગણવું.

ફરીયાદ ચલાવવાનુકામ

પોતાને યોગ્ય જણાય તે વાદીને ફરીયાદ ચલાવવાનું કામ સોંપવાને કોરટ મુખત્યાર છે.

પ્રતીવાદી સામીલ કરવામાં આવે ત્યારે ફરીઆદ અરજી... દુરસ્ત કરવી.

૩૩. ફરીયાદ અરજી પેહેલેથીજ દાખલ કરી હોય અને પછી પ્રતીવાદી સામીલ કરવામાં આવે ત્યારે, જો કોરટ બીજી રીતે ન ફરમાવે તો, જરૂર હોય તે રીતે તે ફરીયાદ અરજી દુરસ્ત કરવી, અને સમનની દુરસ્ત કરેલી નકલ નવા પ્રતીવાદીને તથા મુળ પ્રતીવાદીઓને પોંચાડવી.

પક્ષકાર સામીલન થી કરયા અથવા ખોટી રીતે સામીલ કરયાછે તેવાંહરકતોલેવાનો વખત,

૩૪, જોઇએ તેટલા પક્ષકારો કરેલા નથી, અથવા ફરીયાદમાં જેમનો સંબંધ નથીતેમને પક્ષકારમાં સામીલ કરયા છે, અથવા સહવાદી કે સહ—પ્રતીવાદી તરીકે ખોટી રીતે સામીલ કરયા છે, એવી જેટલી હરકતો લેવાની હોય તેટલી બધી બની શકે તેટલા વેહેલામાં વેહેલા પ્રસંગે, અને હમેશાં પેહેલી સુનાવણી પહેલાં લેવી, અને તેવી કોઇ હરકત એ રીતે નહીં લીધી હોય તો પ્રતીવાદીએ તે દુર કરી છે એમ સમજવું.

ઘણા એક વાદી અથવા પ્રતિવાદીઓ માંનોપ્રત્યેક પોતામાં નાકોઇબીજાને પોતાનીતરફથી હાજર થવાવગરેનો અખત્યાર આપીશકે

૩૫. એક કરતાં વધારે વાદીઓ હોય ત્યારે તેમાનો કોઇ. પોતામાંના કોઇ એક અથવા વધારેને, આ કાયદા પ્રમાણે ચાલતા કોઇ કામમાં પોતાની તરફથી હાજર થવાનો પોતાનો પક્ષ લઇને બોલવાનો, અથવા પોતાની તરફથી કામ કરવાનો અખત્યાર આપી શકે; અને તેજ પ્રમાણે એક કરતાં વધારે પ્રતીવાદીઓ હોય ત્યારે તેમાંનો કોઇ પોતામાંના કોઇ એક અથવા વધારેને સદરહુ પ્રમાણે કોઇ કામમાં પો

તાની તરફથી હાજર થવાનો પક્ષ લેઇને બોલવાનો, અથવા પોતાની તરફથી કામ કરવાનો અખત્યાર આપી શકે,

અખત્યાર સહીસુધાંતનો લખી,અને કોરટમાં દાખલ કરેલો જોઈએ.

તે અખત્યાર, અખત્યાર આપનાર પક્ષકારની સહી સુધાંતનો લખેલો જોઈએ અને તે કોરટમાં ડાખલ કરવો જોઇયે.

કબુલ કરેલા મુખત્યારો અને પ્લીડરો.

હાજર થવા વગેરેનુ કામ જાતેઅથવકબુલ કરેલા મુખ્ત્યાર મારફત અથવાપ્લીડરમારફત થઇશકે

૩૬. કોઇ કોરટમાંની ફરીયાદના અથવા અપીલના કોઇ પક્ષકારને તે કોરટમાં હાજર થવાની, કામ કરવાની. અથવા તેને અરજ કરવાની કાયદા પ્રમાણે જરૂર હોય, અથવા અખત્યાર મળ્યો હોય તે હાજર થવાનું અરજ કરવાનુ અને કામ કરવાનું, જે તે વખતના ચાલુ કોઇ કાયદામાં બીજી રીતે સ્પષ્ટ પણ ન ઠરાવ્યું હોય ત્યારે પક્ષકાર પોતે જાતે, અથવા પોતાના કબુલ કરેલા મુખત્યાર મારફત, અથવા પોતાની વતી કામ કરવાને યોગ્ય રીતે નીમેલા કોઇ પ્લીડર મારફત કરી શકે.

પરંતુ પક્ષકારને જાતે હાજર થવાને કોરટ ફરમાવે તો તેમ પક્ષકારે જાતે હાજર થવું પડશે.

કબુલ કરેલા મુખત્યારો.

૩૭. પક્ષકારોના જે કબુલ કરેલા મુખત્યારોથી સદરહુ પ્રમાણે હાજર થવાનું અરજ કરવાનું અને કામ કરવાનુ કરી શકાય તે નાચે પ્રમાણે:—

કોરટનીહકુમતબાહેર જે પક્ષકારો હોય તેમનાં મુખત્યારનામાં જેમની પસે હોય તેસખસો

(અ) જે કોરટની હકુમતની સ્થાનીક હદમાં હાજર થવાનું, અરજ કરવાનું કે કામ કરવાનું હોય, તે કોરટની હકુમતની સ્થાનીક હદમાં રેહેનાર ન હોય, એવા પક્ષકારાએ પોતાની વતી હાજર થવાનો અરજો કરવાનો અને કામ કરવાનો અખત્યાર જેમાં આપ્યો હોય, તેવાં કુલ મુખતીઆરનામાં જેમની પાસે હોય તે;

દાખલાવાળો મુખત્યાર,

(બ) જે તે વખતે જે કાયદો અમલમાં હોય તે કાયદા પ્રમાણે જેને યોગ્ય રીતે ડાખલો મળ્યો, હોય, અને કાયદા પ્રમાણે મુખ્યની વતી મુખત્યાર જે કામ કરી શકે, તે કામ મુખ્યની વતી કરવાનો અખત્યાર જેમાં હોય તેવાં ખાસ મુખત્યારનામાં જેમની પાસે હોય તે મુખત્યારો;

કોરટની હકુમતબહારના પક્ષકારોની વતી વેહેપાર ધંધો ચલાવનાર સખસો,

(ક) કોરટની હકુમતની જે સ્થાનીક હદમાં હાજર થવાનું અરજ કરવાનું કે કામ કરવાનું હોય તે હદમાં રહેતા ન હોય એવા પક્ષકારોની વતી અને તેમને નામે વેપાર અથવા ધંધો ચલાવનારા સખસો, તે વેપાર અથવા ધંધાને લગતી બાબતમાંજ અને તે પણ સદરહુ હાજર થવાનો અરજ કરવાનો અને કામ કરવાનો અખત્યાર સુદામ બીજા કોઇ મુખત્યારને આપ્યો ન હોય ત્યારે.

પંજાબ, આયોધ્યા

પંજાબના લેફટેનન્ટ ગવર્નરના અને અયોધ્યા તથા મધ્ય પ્રાંતના

થીફ કમીશનરોના કારભાર નીચે હાલ જે મુલક છે તેને આ કલમ ના પેહેલા ભાગની કંઇ વાત લાગુ પડતી નથી. પરંતુ; તે મુલકોમાં પક્ષારોના જે કબુલ કરેલા મુખત્યારોની મારફત હાજર થવાનું અરજ કરવાનું અને કામ કરવાનું થઇ શકે તે મુખત્યારો સ્થાનિક સરકાર એ બાબતમાં વખતે વખતે સરકારી ગેજીટમાં જાહેર ખબર આપીને જેમને ઠરાવે, તેઓ ગણાશે. અનેમધ્ય પ્રાંતનાક બુલકરેલામુખત્યાર

૩૮. ફરીયાદના અથવા અપીલના પક્ષકારના કબુલ કરેલા મુખત્યારને જે પ્રોસેસો પોચાડવામાંઆવે તે કોરટ બીજી રીતે ન ફરમાવે તો, જાણે તે પક્ષકારને હાથો હાથ પોચાડી છે એમ સમજવું. કબુલકરેલામુખત્યારોને પ્રોસેસ પોચાડવાનું

ફરીયાદના પક્ષકારને પ્રોસેસ પોચાડવાને આ કાયદામાં જે ઠરાવો કરેલા છે તેજ તેના કબુલ કરેલા મુખત્યારને પોચાડવામાં લાગુ પડશે.

૩૯. સદરહુ પ્રમાણે હાજર થવા સારૂ અરજ કરવા સારૂ અથવા કામ કરવા સારૂ પ્લીડર નીમવો તે લેખથી નીમવો અને તે લેખ કોરટમાં દાખલ કરવો. પ્લીડર કરવાનુ

તે લેખ દાખલ થયો એટલે, અસીલની સહીનો બીજો લેખ કોરટમાં દાખલ કરીને કોરટની પરવાનગીથી તે પેહેલો લેખ રદ થાય ત્યાં સુધી, અથવા અસીલ કે પ્લીડર ગુજરી જાય ત્યાં સુધી, અથવા અસીલ વીગેના ફરીયાદના બધા કામનું છેવટ આવે ત્યાં સુધી, તે અમલમાં છે એમ સમજવું.

પાદશાહી સનદથી સ્થાપન થએલી કોઇ હાઇ કોરટના આડવોકેટને, પોતાને કામ કરવાનો અખત્યાર આપ્યાનો કંઇ લેખ હાજર કરવાની જરૂર નથી,

૪૦. કોઈ ફરીયાદ અથવા અપીલ સંબંધી કંઇ પ્રોસેસો—પછી તે પક્ષકારને જાતે હાજર થવા સારૂ હોય કે નહીં તો એ—તે પક્ષકારના પ્લીડરને પોંચાડી હોય અથવા તે પ્લીડરની આફીસમાં કે હમેશના રેહેવાના ઘરમાં મુકી હોય તો, જે પક્ષકારનો તે પ્લીડર છે તે પક્ષકારને તે યોગ્ય રીતે પોચાડી તથા જણાવી છે એમ અનુમાન કરવું; અને તે ફરીયાદ અથવા અપીલ બાબતના બધા કામ સારૂ; કોરટ બીજી રીતે ન ફરમાવે તો, તે પ્રોસેસો જાણે તે પક્ષકારને હાથો હાથ આપી છે અથવા પોચાડી છે એમ સમજવું. પ્લીડરને પ્રોસેસ પોંચાડવાનુ.

૪૧. કલમ ૩૭ માં કબુલ કરેલા મુખત્યાર લખ્યા છે તે શીવાય, કોરટની હકુમતમા રેહેનારો કોઇ પણ શખસને પ્રોસેસ લેવા સારૂ મુખત્યાર નીમી શકાય. પ્રોસેસ લેવાનામુખત્યાર.

એ નીમણુંક કુલ મુખત્યારની અથવા ખાસ મુખત્યારની થઇ શકે, અને તે મુખ્યની સહી સુધાંતના લેખી દસ્તાવેજથી કરવી જોઇએ, અને તે દસ્તાવેજ અથવા, જો તે કુલ મુખત્યારનામું હોય તો, તેનીનીમણુકલ ખેલી હોવી જોઇએ અનેતેકોર્ટમાં દાખ

ાકરવી — તેની બરોબર સહી સુત્રાંતની નકલ કોરટમાં દાખલ કરવી.

ભાગ ૪ થો

ફરીયાદ તઇયાર કરવા વિશે-

ફરીયાદકીરીતેતઇયારકરવી — ૪૨. પ્રત્યેક ફરિયાદ, બને ત્યાં સુધી, એવી રીતે તઇયાર કરવી કે તેથી ટંટાની બાબતો ઉપર આખરનો ઠરાવ કરવાનું કારણ મળી આવે, અને તેથી તે બાબતોનો વધારે વાદ ચાલતો અટકે.

તમામ દાવો ફરીયાદમાં આવવો જોઇએ. — ૪૩. પ્રત્યેક ફરિયાદમાં દાવાના કારણ સબંધી જે દાવો માગવાનો હક્ક વાદીને હોય તે તમામ દાવો આવવો જોઇએ. પરંતુ કોઇ કોરટની હકુમતમાં ફરિયાદ લાવવાને માટે પોતાના દાવાનો કાંઇ ભાગ છોડી દેવાને વાદી મુખત્યાર છે.

દાવાનો કાંઇભાગ છોડી દેવાનું. — જો વાદી પોતાના દાવાના કાંઇ ભાગ વિશેની ફરીયાદ કરવી રેહેવા દે અથવા તે ભાગ બુદ્ધિપુર્વક છોડી દે તો, એ પ્રમાણે રહેવાદીધેલા અથવા છોડી દીધેલ ભાગ વિશેની ફરીયાદ પછીથી ચાલી શકશે નહી

ઘણા ઇલાજોમાંથી એક ઇલાજની ફરિયાદ કરવી છોડી દીધી હોય તો — એકજ દાવાના કારણની બાબતમાં એક કરતાં વધારે ઇલાજ મેળવવાનો જેને હક હોય તે, પોતાના બધા ઇલાજ અથવા તે પઇકી કોઇ પણ ઇલાજ મેળવવા વિશે ફરિયાદ કરવાને મુખત્યાર છે. પરંતુ તે ઇલાજો પઇકી એકાદો ઇલાજ માગવાનીફરિયાદ કરવાનું વાદી (પેહેલી સુનાવણી પેહેલાં કોરટની પરવાનગી લીધા વગર] છોડી દે તો, એ છોડી દીધેલા ઇલાજ બદલ તેની પછીથી ફરીયાદ ચાલશે નહી.

આ કલમના કારણ સારૂ ખત, અને તે પ્રમાણે વરતવાને પેટા તારણ તરીકે જે કરી આપ્યું હોય તે દાવાનું માત્ર એકજ કારણ છે એમ સમજવું

દ્રષ્ટાંત

દરસાલ રૂ. ૧૨૦૦] ભાડું કરીને અ એ બ ને ઘર આપ્યું. સન ૧૯૮૧અને૧૮૮૨નીબેઉ સાલનાનુ ભાડું લેહેણું થયું છતાં તે મળ્યું નહી. ફકત સન ૧૮૮૨ ની સાલના ભાડા બદલ અએ બ ઉપર ફરિયાદ કરી, તો પછીથી સન ૧૮૮૧ ની સાલના ભાડા બદલ બ ઉપર અની બ ફરીયાદ ચાલનાર નહી:

જમીન લેવાની ફરીયાદમાં અમુક સિવાજ રીમત્રવાલ કમા — ૪૪. નિયમ અ:—સ્થાવર મીલકત લેવાની અથવા સ્થાવર મીલકત ઉપરનો હક્ક સ્થાપિત્ત કરાવવાની તેરિયાદમાં કોરટની રજા વગર બીજા કોઇ દાવાનું કારણ સામીલ કરવું નહી; પરંતુ:—

અ, દાવાવાળી મિલકત સબંધી ચઢેલા ભાડાના અથવા તેસબંધી દરમિયાન ઉપજના દાવા,તથા

બ, જે કરારની રૂએ તે મીલકત કે તેનો કંઇ ભાગ તાબામાં હોય તે કરાર તોડ્યાથી થએલા નુકશાનના દવા તથા

ક. ઘરાણીયાને આધારે પોતાના જે ઇલાજો હોય તે પઇકી કંઇ ઇલાજ અમલમાંલાવવાને ઘરાણે લેનાર કરે તેદાવા

તેમાં સામીલ કરવાને હરકત નથી.

નિયમ ખ.— મૃત્યુપત્ર ચલાવનાર તરીકે અથવા મઇયતની મી મિલકતનો વહિવટ કરનાર તરીકે અથવા વારસ તરીકે કોઇ દાવો કરે અથવા તે તરીકે તેના ઉપર દાવો થાય તેમાં, પોતાના જાતીકા હકકથી કરે તે અથવા તે હકકથી તેના ઉપર કરવામાં આવે તે, દાવા સામીલ કરવા નહીં. પરંતુ મ્રત્યુપત્ર ચલાવનાર તરીકે અથવા મઇયતની મિલકતનો વહિવટ કરનાર, તરીકે અથવા વારસ તરીકે જે ઇસ્ટેટ વિષે વાદીએ ફરિયાદ કરી હોય કે પ્રતીવાદીના ઉપર ફરીયાદ થઇ હોય, તે ઇસ્ટેટના સંબંધમાં છેલ્લા કહેલા દાવા ઉત્પન્ન થયા છે એમ કેહેવામાં આવતું હોય, અથવા જે મઇયતનો તે વારસ વકીલ હોય તેની સાથે મળીને તે હકદાર થાય કે તેના ઉપર જવાબદારી પડે એવા તે (છેલ્લા કહેલા) દાવા હોય, તો તે સામીલ કરી શકાય

મ્રત્યુપત્ર ચલાવનારે મઇયતનીમિલકતના વહિવટ કરનારે અથવા રાસેકરેલા અથવાવ તેમના ઉપર કરના દાવા

૪૫. બીજા બાબમ્યું અને કલમ ૪૪મા કહેલા નિયમોને બાધ ન આવે તેવી રીતે એકજ ફરીયાદમાં વાદી તેના તેજ પ્રતિવાદી વિરૂદ્ધ અથવા તેના તેજ પ્રતિવાદીઓ મળીને તેઓની વિરૂદ્ધ દાવાનાં ઘણાં કારણ એકત્ર કરી શકે; અને જે ફરીયાદમાં તેના તેજ પ્રતીવાદી વિરૂદ્ધ અથવા, તેના તેજ પ્રતિવાદીઓ મળીને તેઓની વિરૂદ્ધ જે કોઇ વાદીઓનો સમાઇક હક સંબંધ હોય તે વાદીઓ તેવા દાવાનાં સદરહુ પ્રકારનાં કારણ એકત્ર કરી શકે;

વાદી દાવાનાં ઘણાં કારણ એકજ ફરીયાદમાં સામીલ કરી શકે.

પરંતુ તે દાવાના કારણની એકઠી ચોકશી કે નીકાલ કરવો સોઇવાર નથી એમ કોરટને જણાય તો પોતાની મેળે અથવા કોઇપણ પ્રતીવાદીની અરજ ઉપરથી, પેહેલી સુનાવણી પેહેલાં કોઇ પણ વખતે, અથવા પક્ષકાર કબુલ થાય તો, ત્યાર પછી ફરીયાદનુ કામ આગળ ચાલતાં કોઇ પણ વખતે, તે દાવાનાં કાંઇ કારણોની જુદી ચોકશી કરવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે. અથવા તેમનો જુદો નિકાલ, લાવવાને જરૂર કે ચોગ્ય જણાય તેવો બીજો હુકમ કરવાંને કોરટ મુખત્યાર છે,

કોરટ તેમને જુદા પાડવાનો હુકમ કરે.

દાવાનાં કારણ એક ફરીયાદમાં, એકત્ર કર્યાં હોય ત્યારે, તે ફરિયાદ કર્યાની તારીખે ફરિયાદના વિષયોની એકંદર કીંમત અથવા રકમ ઉપર, તે ફરીઆદ સાંભળવાને કોરટની હકુમત છે કે નહીં તેના આધાર રહેશે પછી આ કલમના, બીજા પારેગ્રાફ પ્રમાણે હુકમ થયો હોય કે નહીં તેની ચિંતા નહીં

૪૬. એક ફરિયાદમાં સોઇવાર નિકાલ ન લવાય એવાં દાવાનાં ઘણાં કારણ વાદીએ તેજ ફરીયાદમાં એકત્ર કરચાં છે એમ કોઇ પ્રતીવાદીનુ કહેવું હોય તો એક ફરીયાદમાં સોઇવાર જેટલાં દાવાનાં કારણોનો નીકાલ થઇ શકે તેટલાં તે ફરિયાદમાં રાખવાનો હુકમ કરાવવા સારૂ પેહેલી સુનાવણી પહેલાં કોઇ પણ વખતે, અથવા મુદ્દા ઠરચા

ફરીયાદમાં થોડ દાવાનાં કારણ રખવાને પ્રતિવાદી અરજ કરી શકે,

હોય તો કંઇ પુરાવો દફતરમાં દાખલ કરયા પહેલાં કોરટને અર જ કરવાને તે પ્રતિવાદી મુખ્યત્યાર છે.

અરજ સાંભળ્યા પછી કોરટ કેટલાં કારણ કમી કરે અને દુરસ્ત કરવાનો હુકમ કરે.

૪૭. સદરહુ અરજ સાંભળ્યા પછી કોરટને એમ જણાય કે બધાં દાવાનાં, કારણ એક ફરીઆદમાં સોઇવાર નિકાલ થાય તેવાં નથી, તો તેમાનાં કાંઇ દાવાનાં કારણ બાતલ કરવાનો હુકમ કરવાને અને તે પ્રમાણે, ફરીઆદ અરજી દુરસ્ત કરવાનું ફરમાવવાને, તથા ખરચ વિષે વ્યાજબા હોય તેવો હુકમ, કરવાને કોરટ મુખત્યાર છે.

આ કલમ પ્રમાણે કરેલી પ્રત્યેક દુરસ્તી ઉપર જડજે સહી કરવી.

ભાગ ૫ મો.

ફરિયાદો માંડવા વિષે.

ફરીયાદ અરજીથી ફરીયાદમાંડવી ફરીયાદ અરજીની ભાષા.

૪૮. પ્રત્યેક ફરિયાદ, ફરિયાદ અરજી કોરટને આપીને અથવા કોરટ તે બાબતને વાસ્તે નીમેલ તેં અમલદારને આપીને માંડવી.

૪૯. ફરિઆદઅરજી કોરટની ભાષામાં સ્પષ્ટ રીતે લખવી જોઇએ. પરંતુ કોરટની ભાષા અંગ્રેજી ન હોય તો [કોરટની પરવાનગીથી) ફરીઆદ અરજી અંગ્રેજીમાં પણ લખી શકાય; પણ તેવે પ્રસંગે ફરિઆદ અરજીનો કોરટની ભાષામાં તરજુમો કરીને તે કોરટમાં દાખલ કરો એમ પ્રતીવાદી કહે તો તે પ્રમાણે કરવું.

ફરીઆદ અરજીમાં લખવાનીવીગતો

૫૦ ફરીઆદ અરજીમાં, નીચેની વીગતો આવવી જોઇએઃ—

[અ) જે કોરટમાં ફરીઆદ આણવાનો હોય તે કોરટનુ નામ.

(બ) વાદીનુ નામ વરણન અને રેહેવાનું ઠેકાણું.

(ક) નિશ્ચય થઇ શકે ત્યાં સુધી પ્રતિવાદીનુ નામ વર્ણન તથા રહેવાનુ ઠેકાંણું;

[ડ) જે હકીકતથી દાવાનુ કારણ બનતુ હોય તે હકીકતનું તથા તે કારણ કયાં અને કયારે ઉત્પન્ન થયું તેનુ સ્પષ્ટ અને ટુંકામાં વરણન;

(ઈ] વાદી દાવો રાખતો હોય, તે દાવાની માગણી. અને

[ફ) જો વાદીએ સામો દાવો મજરે આપ્યો હોય, અથવા પોતાના દાવાનો કંઇ ભાગ છોડી દીધો હોય, તો તે મજરે આપેલી અથવા છોડી દીધેલી રકમ.

પઇસા બાબતની ફરીયાદમાં.

વાદી પઇસા વસુલ કરવાનું માગતો હોય, તો કજીયાના સ્વરૂપ પ્રમાણે બની શકે તેટલી ખરેખરી રકમ ફરિઆદ અરજીમાં જણાવવી જોઇએ.

દરમ્યાનની ઉપજની ફરીયાદમાં, તથા વાદી પ્રતીવાદી વચ્ચે રજુઆત ન થએલો હિસાબ નક્કી કરીને જે બાકી લેહેણી નીકળે તો

દાવાની ફરીઆદમાં, ફરીયાદ અરજીની અંદર માત્ર દાવાની રકમનો અજમાસથી પાસે પાસેનો આંકડો લખ્યો એટલે બસ થયું.

વાદી વારસ વકીલ તરીકે ફરીયાદ કરે ત્યારે.

વારસ વકીલ તરીકે વાદી ફરીયાદ કરે ત્યારે, દાવાના વિષયમાં તેને ખરે ખરો ચાલુ સંબંધ છે, એમ ફરિયાદ અરજીમાં દરશાવવું જોઇએ. એટલુંજ નહીં પરંતુ તે બાબતની ફરીયાદ માંડવાને જે જરૂરની તજવી કરવી જોઇએ તે તેણે કરી તે પણ દરશાવવું જોઇએ.

દ્રષ્ટાંતો.

[અ) બ નું મ્રત્યુ પત્ર ચલાવનાર તરીકે અ ફરીઆદ કરે છે. ત્યારે ફરીયાદ અરજીમાં દરસાવવું જોઇએ કે અ એ બ નું મ્રત્યુ પત્ર શાબીત કર્યું છે.

(બ) ક ની મીલકતના વહિવટદ્દાર તરીકે અ ફરીયાદ કરે છે. ત્યારે ફરીયાદ અરજીમાં દરશાવવું જોઇએ કે ક ની મીલકતનો વહીવટ અ ને મળેલો છે.

(ક] ડ. એક નાની ઉંમરનો મુસલમાન છે. તેના પાલન કરનાર તરીકે અ ફરિયાદ કરે છે. મુસલમાની શરે અને રીવાજ પ્રમાણે ડ નો પાલન કરનાર અ નથી. ત્યારે ફરીઆદ અરજીમાં જણાંવવું જોઇએ કે અ ને ડ નો મુદામ પાલન કરનાર નીમેલો છે.

તે પ્રતીવાદીનાસબંધ થા જવદારી જણાવવી જોઇએ

ફરીયાદ અરજીમાં એમ દરશાવવું જોઇએ કે પ્રતીવાદીનો દાવાના વીવયમાં સંબંધ છે. અથવા તેમાં મહારો સંબંધ છે એમ પ્રતિવાદી કહે છે, અને વાદીની માગણીનો તેની પાસેથી જવાબ લેવાને તે પાત્ર છે.

દ્રષ્ટાંત.

પોતાના મ્રત્યુ પત્ર ચલાવનાર બ ને, મ્રતલેખદાન લેનાર ક ને અને પોતાની ઇસ્ટેટના દેણદાર ડ ને મુકીને અ ગુજરી જાય છે. ડ ના ઉપર ક ફરીયાદ કરે છે, એવી રીતની કે ક ના મ્રત લેખદાનને પેટે ડને તેનું કરજ આપવાની ફરજ પાડવી. ત્યારે ફરીયાદ અરજીમાં એમ દરશાવવું જોઇએ કે બ એ વિના કારણ ડના ઉપર ફરીયાદ કરવાને ના પાડેલું છે, અથવા ક ને દગો દેવાને બ ને ડ મીલાફી થયા છે, અથવા જેથી ક નો જવાબદાર ડ થાય એવી બીજી કંઇ હકીકતો બનેલી છે,

મુદતનો કાયદો લાગુ ન પાડવાનાં કારણ.

દાવાનું કારણ ઉત્પન્ન થયા પછી ફરીયાદ કરવાને કોઇ કાયદામાં સાધારણ રીતે જે મુદત કહી હોય તે મુદત વીતી ગયા પછી ફરીયાદ કરી હોય તો, તે કાયદો લાગુ ન પાડવાનું કારણ ફરીયાદ અરજીમાં બતાવવું.

ફરીઆદ અરજી ઉપર સહી કરવી

૫૧ ફરીયાદ અરજી ઉપર વાદીએ તથા તેના પ્લીડરે પણ (જો પ્લીડર હોય તો) સહી કરવી. અને તેની નીચે વાદીએ, અથવા બી

તથા તેના સાચાપણા બાબત એકરાર કરવો.

જો કોઇ સખસ મુકરદમાની હકીકતથી વાકેફ છે એમ કોરટની ખાત્રી લાયક સાબીત થાય તો, તે સખસે તે ફરીયાદ અરજીના સાચાપણા વિશે એકરાર કરવા.

પણ એવું ઠરાવ્યું છે કે, ગેરહાજરીના સબબથી અથવા બીજા મજબુત કારણથી ફરીયાદ અરજી ઉપર વાદીથી સહી ન થઇ શકે તો, તે કામ સારૂ તેણે યોગ્ય રીતે અખ્તીઆર આપેલો કોઇ સખસ તેના ઉપર સહી કરવાને મુખત્યાર છે,

સાચાપણાના એકરારની મતલબ.

પર. સાચા પણાનો એકરાર કરનારે તે એવી મતલબનો કરવો કે, મારા જાણવા પ્રમાણે તે મજકુર સાચો છે. પરંતુ મેળવેલી માહિતીથી તથા માનવા ઉપરથી જે મજકુર લખ્યો હોય તે બાબતનો એકરાર એવી મતલબનો કરવો કે, તે સાચો છે એમ હું માનું છું.

સાચાપણાની એકરાર ઉપર સહી કરવી

સાચા પણાના એકકરાર ઉપર તે એકરાર કરનાર સખશે સહી કરવી.

ફરીઆદ અરજી ક્યારે નામંજુર કરવી, દુરસ્ત કરવા સારૂ પાછીઆપવી. અથવા દુરસ્ત કરાવવી.

પ૩. [અ] ફરીયાદ અરજીમાં ફલાંણી ફલાંણી વીગતો લખવી જોઇએ એમ આ આકટમાં પેહેલાં કહ્યું છે તે વિગતો બરાબર અને વગર લંબાણે ન લખી હોય તો, અથવા

(બ) જે વીગતો ઉપર કહ્યા પ્રમાણે લખવી જોઇયે તે શિવાય બીજી કોઇ વિગતો તેમાં લખી હોય તો, અથવા

(ક) પાછળ કહ્યા પ્રમાણે તેના ઉપર સહી તથા સાચા પણાના એકરાર કરયા ન હોય તો, અથવા

[ડ] તે ઉપરથી કંઇ દાવાનું કારણ જણાતું ન હોય તો, અથવા

(ઈ) કલમ ૪૨ માં કહ્યું છે તે પ્રમાણે તે તઇયાર કરી નહોય તો, અથવા

(ફ) જેને પક્ષકાર કરવો જોઇએ તેને પક્ષકારમાં સામીલ ન કરવાને લીધે, અથવા ખોટી રીતે પક્ષકારોને સામીલ કરવાને લીધે, અથવા એકજ ફરીયાદમાં દાવાનાં જે કારણ સામીલ કરવાં ન જોઇયે તે વાદીએ સામીલ કરવાથી, ફરીઆદ અરજી ખોટી રીતે ઘડાઇ હોય તો,—

પેહેલી સુનાવણી વખતે અથવા તે પેહેલાં, કોરટની નજરમાં આવે તો, ફરીયાદ અરજી ના મંજુર કરવાને, અથવા દુરસ્ત કરવાથી થતા ખરચની બાબતમાં કોર્ટ યોગ્ય ધારે તે શરતો કરીને કોરટ ઠરાવે તે મુદતમાં દુરસ્ત કરવા સારૂ પાછી આપવાને, કે ત્યાંને ત્યાંજ તેજ વખતે તેદુરસ્ત કરવા દેવાને કોરટ મુખત્યાર છે.

વિશેષ ઠરાવ,

પરંતુ એક જાતની ફરીયાદ મટીને બીજી અને વિરૂદ્ધ જાતની ફરીયાદ થાય એવી રીતે ફરીયાદ અરજીમાં ફેરફાર થઇ શકે નહીં.

દુરસ્તી ઉપર સ

જ્યારે ફરીયાદ અરજી દુરસ્ત કરવામાં આવે ત્યારે દુરસ્તી ઉપર

જડજે સહી કરવી.

હીદ્ધ કરવી.

ફ્રીયાદ અરજી ક્યારે નામંજુર કરવી.

૫૪. નીચેને પ્રસંગે ફરીયાદ અરજી ના મંજુર કરવીઃ—

(અ) માગેલી દાદની કમી કીંમત બાંધી હોય, અને કોરટે ઠરાવેલી મુદતમાં કીંમતનો આંકડો દુરસ્ત કરી આપવાનું કહ્યા છતાં વાદી તેમ ન કરે તો;

(બ) માગેલી દાદની બરોબર કીંમત બાંધી હોય પણ કમી સ્ટાંપ મારેલા કાગળ ઉપર ફરીયાદ અરજી લખી હોય, અને કોર્ટે ઠરાવેલી મુદતમાં જોઇતો સ્ટાંપ કાગળ પુરો કરી આપવાનું કહ્યા છતાં વાદી તેમ ન કરે તો;

(ક) ફરીયાદ અરજીમાં લખેલા મજકુર ઉપરથી એમ જણાય કે કાયદાના કોઇ સ્પષ્ટ નીયમથી ફરીઆદ ચલાવવાને પ્રતિબંધ થાય છે તો;

(ડ) કોરટે ઠરાવેલી મુદતમાં ફરીઆદ અરજી દુરસ્ત કરવા સારૂ વાદીને આપ્યા છતાં વાદી તે મુદતમા દુરસ્ત ન કરે તો.

ફરીઆદ અરજી નામંજુર કરવામાં આવે ત્યારે શી રીતે કરવું.

૫૫. ફરીયાદ અરજી ના મંજુર કરવામાં આવે ત્યાર, તેવો મતલબનો હુકમ તથા તે હુકમ કરવાનાં કારણ જડજે પોતાને હાથે લખી રાખવાં.

ફરીયાદ અરજી નામંજુર કરી હોય તો તે ઉપરથાનવી ફરીયાદ કરવાનેક્યારેહારકતનં થાય

૫૬. પાછળ કહેલા કોઇ પણ કારણને લીધે ફરીયાદ અરજી ના મંજુર કરી હોય તો, તેટલાજ ઉપરથી તેજ દાવાનાં કારણની બાબતમાં નવી ફરીયાદ અરજી આપવાને વાદીને હરકત નથી.

યોગ્યકોરટમાંઆપવા સારૂ ફરીયાદી અરજી ક્યારે પાછી આપવી.

૫૭. નીચેને પ્રસંગે ફરીયાદ અરજી યોગ્ય કોરટમાં આપવા સારૂ પાછી આપવી.

(અ) ફરીયાદ કરવાની કોરટ પસંદ કરવાનું કાયદામાં મરજી ઉપર રાખેલું ન હોય, અથવા ફરીયાદનો ઇનસાફ કરવાની મુખત્યાર કોરટ વિદ્યમાન હોય તે છતાં તેનાથી વરીષ્ટ અથવા કનીષ્ટ પ્રતિની કોરટમાં ફરીયાદ કરી તો;

(બ) કલમ ૧૬ નો વીશેષ ઠરાવ લાગુ ન પડે તેવી રીતની સ્થાવર મિલક સંબંધી ફરીયાદમાં, જે કોરટને ફરીયાદ અરજી આપી હોય તે કોરટની હકુમતની સ્થાનીક હદમાં તે મીલકતનો કાંઇ ભાગ નથી એમ જણાય તો;

(ક) બીજા કોઈ મુકદમામાં એમ માલમ પડે કે તે સ્થાનીક હદમાં, દાવાનું કારણ બન્યું નથી, તથા પ્રતીવાદીઓ પઇકી કોઇ પ્રતીવાદી રેહેતા નથી, અથવા ધંધો ચલાવતો નથી

અથવા કમાઇને વાસ્તે જાતે કામ કરતો નથી તો.

ફરીયાદ અરજી પાછી આપતી વખતે શું કરવું.

ફરીયાદ અરજી પાછી આપતી વખતે જડજે તેના ઉપર પોતાને હાથે શેરો કરવો. તેમાં, ફરીયાદ અરજી કોણે આપી, તે કઇ તારીખે આથી, તે કઇ તારીખે પાછી આપી, એ અને તે પાછી આપવાનાં કારણ, ટુકામાં લખવાં.

ફરીયાદ અરજી મંજુર કરવામાં આવે તો શી રીતે કરવું.

૫૮. વાદીએ ફરીયાદ અરજીની સાથે દસ્તાવેજો હાજર કરયા હોય તો તેની યાદનો શેરો તેણે ફરિયાદ અરજી નીચે લખવો, અથવા તે યાદ ફરીયાદ અરજી સાથે જોડવી. અને ફરીયાદ અરજી સાથે જોડવી અને મંજુર કરવામાં આવે તો, જેટલા પ્રતાવાદીઓ હોય દટલી ફરીયાદ અરજીની નકલો સાદા કાગળ ઉપર વાદીએ આપવી. પરંતુ, ફરિયાદ અરજી લંબાણ હોવાના સબબથી, અથવા બીજા કોઇ પુરતા કારણને લીધે, દવી નકલોને બદલે,—દાવો કરયો હોય તેના પ્રકારની અથવા ફરીયાદમાં માગેલી દાવાની કે માગેલા ઈન્સાફની—ટુંકી હકીકતની પ્રતીવાદીઓ હોય તેટલી નકલો હાજર કરવાની વાદીને કોરટ રજા આપે તો, વાદીએ તેવી ટુંકી હકીકતની નકલો હાજર કરવી.

ટુંકી હકીકતો.

વારસ વકીલલ તરીકે વાદીએ ફરીયાદ કરી હોય, અથવા તે તરીકે પ્રતીવાદી કે પ્રતીવાદીઓ પઇકી કોઇ ઉપર ફરીયાદ થઇ હોય, ત્યારે શા સંબંધથી વાદીએ ફરીયાદ કરી છે અથવા પ્રતીવાદી ઉપર ફરીયાદ થઇ છે તે એ હકીકતમાં જણાવવું.

ટુંકી હકીકત ફરીયાદ અરજીની સાથે મળતી કરવાને માટે કોરટની રજાથી વાદી તે હકીકત દુરસ્ત કરવાને મુખત્યાર છે.

કોરટના મુખ્ય કારભારીને તે યાદ અને નકલો અથવા હકીકત તપાસતાં એમ માલમ પઠે કે તે બરાબર છે તો તેણે તેમના ઉપર સહી કરવી.

ફરિયાદોનું રજીસ્ટર.

દિવાની ફરીયાદોનું રજીસ્ટર એ નામની એક બુક રાખીને તેમાં કલમ ૫૦ માં કહેલી વીગતો કોરટે નોંધાવવી; પ્રત્યેક વરશે રજીસ્ટરમાં ફરીયાદ અરજીઓના તે મંજુર થાય તે અનુક્રમ પ્રમાણે નંબર પાડવા,

જે દસ્તાવેજની રૂઇએ વાદી ફરીયાદ કરતો હોય તે હાજર કરવા.

૫૯. પોતાના કબજામાં અથવા અખત્યારમાં હોય તેવા દસ્તાવેજ ઉપરથી વાદી ફરીયાદ કરે તો, ફરીયાદ અરજી આપતી વખતે તેણે તે દસ્તાવેજ કોરટમાં હાજર કરવો. અને તેજ વખતે ફરીયાદ અરજી સાથે દાખલ કરવા સારૂ તે દસ્તાવેજ અથવા તેની નકલ તેણે આપવી.

દસ્તાવેજ અથવા નકલ આપવી.

બીજા દસ્તાવેજોની યાદ.

પોતાના દાવાની પુષ્ટીમાં પુરાવા તરીકે કોઇ બીજા દસ્તાવેજો ઉપર [પછી તે તેના કબજામાં અથવા અખત્યારમાં હોય કે ન હોય)

વાદી આધાર રાખતો હોય તો, ફરિયાદ અરજીમાં સામીલ કરવાની અથવા તેની સાથે જોડવાની યાદમાં તેવા દસ્તાવેજો બતાવવા.

દસ્તાવેજો પોતાના કબજામાં અથવા અખત્યારમાં નહોય તો શું જણાવવું

૬૦ તેવો કોઇ દસ્તાવેજ વાદીના કબજામાં કે અખત્યારમાં ન હોય, ત્યારે બની શકે તો તેણે જણાવવું કે તે કોના કબજામાં અથવા અખત્યારમાં છે.

વેચાય એવા દસ્તાવેજો ખોવાયા હોય તેમની રૂઇએ કરેલી ફરીયાદો.

૬૧. વેચાય એવા દસ્તાવેજની રૂઇએ કરેલી કોઇ ફરીયાદમાં, તે દસ્તાવેજ ખોવાયો છે એવું સાબીત કરવામાં આવે, અને તે દસ્તાવેજ ઉપરથી બીજા કોઇ શખસનો દાવો ઠરે તેને નુકસાની ભરી આપવાની કોરટની ખાત્રી લાયક વાદી હામી આપે તો, ફરીયાદ અરજી આપતી વખતે વાદીએ તે દસ્તાવેજ કોરટમાં હાજર કરયો હોત તથા તેની નકલ ફરીયાદ અરજી સાથે દાખલ થવા આપી હોત, ત્યારે જે રીતે કોરટ હુકમનામું ફકત તે રીતે હુકમનામું કરવાનો કોરટ મુખત્યા છે.

દુકાનનો ચોપડો હાજર કરવાનું.

૬૨. જે દસ્તાવેજ ઉપરથી વાદી ફરીયાદ કરે તે દુકાનના ચોપડામાં અથવા બીજા ચોપડામાં લખેલો મજકુર હોય, અને તે ચોપડો તેના કબજામાં અથવા અખત્યારમાં હોય, તો ફરીયાદ અરજી દાખલ કરતી વખતે તે ચોપડો હાજર કરવો: અને તેની સાથે જે લખેલા મજકુર ઉપર વાદી આધાર રાખતો હોય તેની નકલ તેણે હાજર કરવી.

અસલ લેખ ઉપર નીશાની કરીને તે પાછો આપવો.

કોરટ અથવા આ કામને વાસ્તે કોરટ નીમે તે અમલદારે, તે લેખની ઓળખ રહેવા સારૂ લાગલીજ તેના ઉપર નીશાની કરવી. અને નકલ તપાસીને અસલ સાથે મુકાબલ કરયા પછી, તથા તે નકલ બરાબર છે એમ જણાય તો તે ઉપર સહી કરયા પછી, વાદીને ચોપડો પાછો આપવો અને નકલ દાખલ કરાવવી.

ફરીયાદ અરજી દાખલ કરતી વખતે હાજર કરયા ન હોય તે દસ્તાવેજ પુરાવામાં ન લેવાય.

૬૩ ફરીયાદ અરજી આપતી વખતે વાદીએ જે દસ્તાવેજ કોરટમાં હાજર કરવો જોઇયે, અથવા ફરીયાદ અરજીમાં સામીલ કરવાની કે ફરિયાદ અરજી સાથે જોડવાની યાદમાં તે દાખલ કરવો જોઇએ, તે તેણે તે પ્રમાણે હાજર કરયો ન હોય અથવા દાખલ કરયો નાહોય તો પછી ફરીયાદની સુનાવણી વખતે કોરટની રજા શિવાય તેની તરફના પુરાવામાં તે લેવામાં નહી આવે.

પ્રતીવાદીના સાક્ષીઓની ઉલટ તપાસણીને વાસ્તે હાજર કરેલા—અથવા પ્રતીવાદીએ કંઇ તકરાર બતાવી હોય તેના જવાબમાં હાજર કરેલા—અથવા સાક્ષીની ફકત યાદ દાસ્ત તાજી કરવાને વાસ્તે તેના હાથમાં આપેલા—દસ્તાવેજોને આ કલમની કોઇ વાત લાગુ પડતી નથી.

ભાગ ૬ ઠો.

સમન કાઢવા તથા પોંચાડવા વિશે.

સમન કાઢવા વિશે.

સમન,

૬૪. ફરિયાદ અરજી રજીસ્ટરમાં નોંધ્યા પછી, તથા કલમ ૫૮ પ્રમાણે જોઈએ તે નકલો અથવા ટુંકી હકીકતો ગુજાર્યા પછી, પ્રત્યેક પ્રતીવાદીને સમન કાઢવો. તે સમનમાં પ્રતીવાદીને હાજર થઈને જવાબ આપવાનો એક દીવસ ઠરાવીને એમ લખવું કેઃ—તમારે.

(અ) જાતે. અથવા.

(બ) કામની બરાબર સમજણ પાડેલા તથા ફરીઆદ બાબત જરૂરીઆત સવાલના જવાબ દઈ શકે તેવા પ્લીડરની મારફતે, અથવા

(ક) તેવા બધા શવાલના જવાબ દઈ શકે. એવા કોઈ બીજા સખસને પ્લીડ સાથે રાખીને તે પ્લીડરની મારફતે,

સમનમાં જણાવેલે દીવસે હાજર થઈને દાવાનો જવાબ આપવો.

આવા દરએક સમન ઉપર જડજે અથવા તેણે નીમેલા અમલદારે સહી કરવી, તથા કોરટના શિક્કાથી શીક્કો કરવો.

પરંતુ ફરીયાદ અરજી આપવામાં આવે તે વખતેજ પ્રતીવાદી હાજર થઈને વાદીનો દાવો કબુલ કરે તો સદરહુ સમન કાઢવો નહી

સમન સાથે નકલ કે ટુંકી હેકીકત જોડવી.

૬૫. કલમ ૫૮ માં કહેલી નકલો અથવા ટુંકી હકીકતો પઇકી એક નકલ કે ટુકી હકીકત સદરહુ પ્રત્યેક સમન સાથે રાખવી.

પ્રતીવાદીને કે વાદીને જાતે હાજર થવાને કોરટ હુકમ કરે.

૬૬. પ્રતીવાદી જાતે હાજર રાખવાનું કોરટને કારણ જણાય તો. સમનમાં લખેલે દીવસે પ્રતીવાદીએ જાતે કોરટમાં હાજર થવું એમ સમનમાં ફરમાવવું.

તેજ દીવસે વાદીને જાતે હાજર રાખવાનું કોરટને કારણ જણાય તો તે પ્રમાણે હાજર થવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

પચાસ મઈલની અંદર અથવા આગ ગાડીનો રસ્તો હોય તો ૨૦૦ માઈલની અંદર રેહેતો નહોય તે પક્ષકારને જાતે હાજર થવાનો હુકમ કરવો નહીં.

૬૭. (અ) કોરટની સાધારણ અવલ હકુમતની સ્થાનીક હદમાં, અથવા

(બ.) તે હદની બહાર પણ કોરટના મકાનથી ૫૦ મૈલ કરતાં થોડા અંતર ઉપર, અથવા પક્ષકારને રેહેવાનું ઠેકાણું અને કોરટ બેસે છે તે ઠેકાણું એ બેની વચ્ચે જે અંતર હોય તેના પાંચ શ્રષ્ટાંશ અંતરમાં આગગાડી ચાલતી હોય તો, કોરટના મકાનથી ૨૦૦ મૈલ કરતાં થોડા અંતર ઉપર,

જે પક્ષકાર ન રેહેતો હોય તેને જાતે હાજર થવાનો હુકમ કરવો નહી.

મુદ્દા ઠરાવવાનો કે આખર નિકાલનો સમન થાય.

૬૮. સમન કાહાડવો તે માત્ર મુદ્દાજ ઠરાવવા સારૂ કે ફરિયાદનો આખર નીકાલ કરવા સારૂ કાઢવો, એ વાતનો સમન કરતી વખતે કોરટે ઠરાવ કરવો, અને તે ઠરાવ પ્રમાણે સમનમાં જણાવવું.

પરંતુ સ્માલકાજ કોરટો સાંભળી શકે એવી પ્રત્યેક ફરિયાદમાં, ફરિયાદના આખર નિકાલનો સમન કરવો.

પ્રતિવાદીને હાજર થવાનો દિવશ ઠરાવવાબાબત.

૬૯. કોરટમાં ચાલુ કામ કેટલું છે, પ્રતિવાદીને રેહેવાનુ ઠેકાણું કેટલું દુર છે, અને તેને સમન પોહોચાડવાને કેટલી મુદ્દત લાગશે. એ બધું લક્ષમા લઇને પ્રતિવાદીને હાજર થવાનો દિવશ કોરટે ઠરાવવો: અને તે એવી રીતે ઠરાવવો કે ઠરી વેલે દીવશે હાજર થઇને જવાબ આપવાને પ્રતિવાદીને પુરતો વખત મળે.

કેટલા વખતને પુરતો વખત ગણવો તેનો નિર્ણય તે કામની હકીકત ઉપર લક્ષ દઇને કરવો,

વાદીને જોઇયેતે અથવા પ્રતિવાદી પોતે જેનાઉપર આધાર રાખે તે દસ્તાવેજ હાજર કરવાને પ્રતિવાદીનેસમાનમાં ફરમાવવું.

૭૦. હાજર થઇને જવાબ આપવાના સમનમાં પ્રતિવાદીને એમ ફરમાવવું કે; વાદીના મુકદમાના ગુણદોષ બાબત પુરાવો જેમાં હોય તેવો, અથવા તમે તમારા પોતાના મુકદમાની પુષ્ટીમાં જેના ઉપર આધાર રાખવા ધારતા હો તેવો, જે દસ્તાવેજ તમારા કબજામાં અથવા અખત્યારમાં હોય તે તમારે હાજર કરવો.

આખરનિકાલનોસમન કાઢતી વખતે પ્રતિવાદીને તેના સાક્ષી હાજર કરવાને ફરમાવવું.

૭૧. ફરીયાદના આખર નીકાલનો સમન કરયો હોય તો તેમાં પ્રતિવાદીને એમ ફરમાવવું કે, તમારા મુકદમાની પુષ્ટીમાં જે સાક્ષીઓની શાહેદી ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે સાક્ષિઓને, તમારે હાજર થવાનો જે દિવશ ઠરાવ્યો છે, તે દિવશે હાજર કરવા.

સમન પોંચાડવાનું.

સમન કોને પોંચાડવા આપવો.

૭૨. પોંચાડવા સારૂ સમન કોરટના યોગ્ય અમલદારને આપવો. તે સમન તેણે જાતે અથવા તેના હાથ નીચેના કોઇ નોકરે પોંચાડવો.

પોંચાડવાની રીત.

૭૩ સમન પોંચાડવો તે એવી રીતે કે, જડજની અથવા તે કામને વાસ્તે જડજે નીમેલા અમલદારની સહી વાળી તથા કોરટના શિક્કાથી શિક્કો કરેલી સમનની નકલ પ્રતિવાદીને આપવી અથવા આપવા માંડવી.

ઘણા પ્રતિવાદી ઓને સમન પોંચડવાનું.

૭૪, એક કરતાં વધારે પ્રતિવાદીઓ હોય ત્યારે પ્રત્યેક પ્રતિવાદીને સમન પોંચાડવો,

પરંતુ પ્રતિવાદીઓ પાંતીદાર હોય અને ફરીયાદ પંત્યાળા વ્યવહાર બાબતની હોય અથવા જે નુકશાનીને વાસ્તે દાવો ચાલી શકે અને પેઢી પાસેથી દાદ માગી શકાં

૪ એવી નુકશાનીની ફેરિયાદ હોય ત્યારે, કોરટ બીજી રીત ન ફરમાવે તોઃ

(અ.) અમેતો એક પ્રતિવાદીને તેને પોતાને વાસ્તે અને બાજા પ્રતીવાદીઓને વાસ્તે સમન પોંચાડવો અથવા;

(બ) કોરટની સાધારણઅવલ દીવાની હકુમતની સ્થાનિક હદમાં પંત્યાળાનું કામ ચલાવવાનું જે મુખ્ય ઠેકાણું હોય તે ઠેકાણે પંત્યાળાના કામનો વહિવટ જેના હાથમાં હોય તે સખસને સમન પોંચાડવો.

બને ત્યા સુધી પ્રતિવાદીને જાતે, અથવા તેના મુખત્યારને સમન પોહોચાડવો.'

૭૫. બની શકે ત્યાં સુધી પ્રતિવાદીને હાથોહાથ સમન પોંચાડવો. પરંતુ તેણે સમન લેવાનો અખત્યાર આપીને કોઇ મુખત્યાર નિમ્યો હોય ત્યારે તે મુખત્યારને સમન પોંચાડવો એટલે બસ છે.

જેની મારફત પ્રતિવાદી ધંધો ચલાવતો હોય તે મુખત્યારને સમન પોંચાડવો.

૭૬. કંઇ ધંધા અથવા કામ સબંધી કોઇ સખસ ઉપર ફરીયાદ હોય, અને જે કોરટમાંથી સમન કાઢવામાં આવે તે કોરટની હકુમતની સ્થાનિક હદમાં તે સખસ રેહેતો ન હોય ત્યારે, સમન પોંચાડતી વખતે તે હદમાં તે સખસ નીવતી તે ધંધો જાતે ચલાવનાર અથવા કામ કરનાર જે વહિવટદાર કે મુખત્યાર હોય, તેને સમન પોંચાડવાથી તે સમન બરાબર પોંચ્યા એમ સમજવું.

આ કલમના કામના વાસ્તે વાંહાણનો માસ્તર તેના માલેકનો અથવા નોરે માંડનારનો મુખત્યાર ગણાય.

સ્થાવર મીલકતની ફરીયાદોમાં જે મુખત્યારના હવાલામાં મીલકત હોય તેને સમન પોંચાડવો,

૭૭. સ્થાવર મીલકત સબંધી દાદ મેળવવાની અથવા સ્થાવર મિલકતને કરેલા નુકશાનનો બદલો લેવાની ફરિયાદમાં, જો પ્રતિવાદીને હાથો હાથ સમન પોંચાડી શકાતો ન હોય, અને સમન લેવાનો અખત્યાર આપીને પ્રતિવાદીએ કોઇ મુખત્યાર નિમ્યો ન હોય તો, તે મિલકત પ્રતિવાદીના જે મુખત્યારના હવાલામાં હોય તેને સમન પોંચાડી શકાય.

પ્રતિવાદીના કુટંબના મરદને સમન ક્યારે પોંહોચાડાય,

૭૮. કોઇ ફરીયાદમાં પ્રતિવાદી મળતો ન હોય અને પોતાની વતી સમન લેવાનો અખત્યાર આપીને તેણે કોઇ મુખત્યાર નિમ્યો ન હોય તો, તેના સાથે રેહેનારા તેના કુટંબ માંના કોઇ પાકી ઉમરના મરદને સમન પોંચાડી શકાય.

ખુલાસોઃ—આ કમમના અર્થ પ્રમાણે ચાકર એ કુટંબનો માણસ ગણાય નહી.

જેને સમન પોંચાડવો હોય તેણે સમન પોંચ્યાની સહી કરવી.

૭૯. સમન પોંચાડનાર અમલદાર સમનની નકલ પ્રતીવાદીને હાથો હાથ અથવા તેની વતી કોઇ મુખત્યારને કે બીજા શખસને આપે અથવા આપવા માંડે, ત્યારે તેણે અસલ સમન પાછળ સમન પોંચ્યાનો શેરા લખીને તે ઉપર, જેને નકલ આપી અથવા આપવા માંડી હોય તેની સહી માગવી.

પ્રતીવાદી સમન લેવાની

૮૦. પ્રતિવાદી અથવા બીજો શખસ સમન પોંચ્યા

ના પાડે તો. — બાબતના શેરા ઉપર સહી કરવાની ના કહે તો.

અથવા ન મળે. — અથવા સમન પોંચાડવા જનાર અમલદારને પ્રતિવાદી જડે નહીં, અને તેની વતી સમન લેવાને અખત્યાર આપેલો તેનો કોઇ મુખત્યાર ન હોય, તેમ જેને સમન પોંચાડી શકાય તેવો કોઇ બીજો શખસ ન હોય તો,

ત્યારે શી રીતે કરવું. — સમન પોંચાડવા જનાર અમલદારે, પ્રતિવાદી હમેશ જે ઘરમાં રહેતો હોય તે ઘરને બહારને બારણે સમનની એક નકલ ચોડવી, અને પછી અસલ ઉપર શેરો લખીને અથવા અસલ સાથે શેરો જોડીને તે અસલ સમન જે કોરટે કાઢયો હોય તે કોરટમાં પાછો મોકલવો; એ શેરા માં, સદરહુ રીતે નકલ ચોઢી છે તે વાત તથા જે હકીકતોને લાધે તેણે તેમ કર્યું હોય તે હકીકતો જણાવવી.

સમન પોંચાડયાની રીત તથા વખતનો શેરો. — ૮૧. કલમ ૭૯ પ્રમાણે સમન પોંચાડયો હોય તેવે બધે પ્રસંગે, સમન પોંચાડનાર અમલદારે, સમન કરચો પોંચાડયો અને તે શી રીતે પોંચાડયો એ વિશેનો શેરો અસલ સમન ઉપર કરવો કે બીજા પાસે કરાવવો, અથવા તે શેરો અસલ સાથે જોડવો કે જોડાવવો.

સમન પોંચાડવા જનાર અમલદારની જબાની. — ૮૨. કલમ ૮૦ પ્રમાણે સમન પાછો આવે ત્યારે સમન પોંચાડવા જનાર અમલદારની તેણે કરેલા કામ સંબંધી કોરટે સોગન ઉપર જબાની લેવી, અને તે બાબતમાં પોતાને યોગ્ય લાગે તેવી વધારે તપાસ કરવાને કોરટ મુખત્યાર છે. અને પછી સમન બરોબર રીતે પોંચ્યો છે એમ કોરટે જણાવવું,. અથવા પોતાને યોગ્ય લાગે તે રીતે સમન પોંચાડવાનો હુકમ કરવો.

સમન પોચાડયાને બદલે બીજી રીત કરવી તે. — કોરટની ખાત્રી થાય કે,—પોતાને સમન ન પોંચે એ હેતુથી પ્રતીવાદી ચુકવા ચુકવી કરે છે, અથવા બીજા કોઇ સબબથી હમેસની રીતે સમન બજી શકે તેમ નથી, એમ માનવાનું કારણ છે,—તો સમનની એક નકલ કોરટના મકાનમાં કોઇ પ્રસિદ્ધ ઠેકાણે પણ ચોઢવી અને એક નકલ, પ્રતીવાદી છેલ્લો કયા ઘરમાં રહેતો હતો, એ જાણ્યામાં હોય તો, તે ઘરને કોઇ પ્રસિદ્ધ ઠેકાણે પણ ચોઢવી એવો, અથવા કોરટની નજરમાં બીજી જે રીત યોગ્ય જણાય તે રીતે સમન પોંચાડવાનો,—કોરટે હુકમ કરવો.

સમન પોંચાડયાને બદલે બીજી રીત કરી હોય તેનું પરિણામ. — ૮૩. કોરટના હુકમથી સમન પોંચાડયાને બદલે બીજી રીત કરવામાં આવે, તે જાણે પ્રતીવાદીને હાથોહાથ સમન પોચાડયો હોય એમ ગણવામાં આવશે.

સમન પોંચાડયાને બદલે બીજી રીત કરવાનું કહ્યું હોય ત્યારે હાજર થવાની મુદત ઠરાવવી. — ૮૪. સમન પોંચાડયાને બદલે બીજી રીતે કરવાનો કોરટ હુકમ કરે તો તે પ્રસંગે પ્રતિવાદીને હાજર થવા સારૂ જોઇએ તેટલી મુદત કોરટે ઠરાવવી.

પ્રતીવાદી બીજી કોઇ કો — ૮૫. જે કોરટમાં ફરીયાદ માંડી હોયતે શિવાયની

શહરની હકુમતમાં રેહેતો હોય અને સમન લેવા ને તેનો કોઇ મુખત્યાર ન હોય ત્યારે સમન શી રીતે પોચાડવો.

બીજી કોઇ કોરટની, હકુમતમાં પ્રતીવાદી રેહેતો હોય, અને ફરીઆદ થએલી કોરટની, હકુમતની સ્થાનીક હદમાં રહેનાર હોય એવો સમન લેવાના અખત્યાર વાળો તેનો મુખત્યાર ન હોય ત્યારે, પ્રતીવાદીને રહેવાનુ ઠેકાણું હાઇકોરટ શીવાયની, બીજી જે કોરટની હકુમતમાં હોય અને જે કોરટ વગર અડચણે, સમન બજાવી શકે, તે કોરટમાં ફરીયાદ થએલી કોરટે. પોતાના કોઇ અમલદાર સાથે અથવા ટપાલ મારફને સમન મોકલવો, અને પ્રતીવાદીને, હાજર થવા સારૂ તે પ્રસંગે જોઇએ તેટલી મુદત ઠરાવવી.

જે કોરટને, સમન મોકલવામાં આવે. તે કોરટે, સમન પોહોચે એટલે, જાણે પોતેજ તે સમન કાઢયો હોય, તેવી રીતે તજવીજ કરવી. અને પછી આ પારે આફ પ્રમાણે જે કાંઇ લખાણ થયું હોય તો તે સહિત સમન પ્રથમ જે કોરટે તે કાઢયો હોય, તે કોરટમાં પાછો મોકલવો.

મુફસીલની કોરટોએ કાઢેલી પ્રોસેસ રંગુન અને ઇલાકાનાં શેહેરોમાં શી રીતે પોચાડવી.

૮૬. કલકત્તા મદ્રાસ, મુંબઇ, અને રંગુન એ શેહેરોની હદની બહાર સ્થપાએલી કોઇ કોરટે કાઢેલી કોઇ પ્રોસેસ સદરહુ કોઇ શેહેરમાં પોચાડવી હોય ત્યારે જે સ્માલકાજ કોરટની હકુમતમાં તે પ્રોસેસ પોચાડવી હોય તે સ્માલકાજ કોરટને તે મોકલવી,

અને સ્માલકાજકોરટે જાણે તે પ્રોસેસ પોતેજ કાઢી હોય તે રીતે તેની તજવીજ કરવી.

અને પછી જે કોરટે તે પ્રોસેસ કાઢી હોય તે કોરટને તે પાછી મોકલવી.

જેલમાં હોય તે પ્રતિવાદીને પોચાડવાનુ.

૮૭, પ્રતિવાદી જેલમાં હોય ત્યારે જે જેલમાં તેને કેદ રાખ્યો હોય તે જેલ જેના તાબામાં હોય તે અમલદારને સમન આપવો અને તે અમદારે પ્રતિવાદીને સમન પોચડાવવો.

સમન ઉપર સમન પોચ્યાનો શેરો કરીને પ્રતિવાદી અને જેના તાબામાં, જેલ હોય તે અમલદાર; એ બને એ સહી કરવી. ને સમન જે કોરટે કાઢયો હોય તે કોરટને પાછો મોકલવો,

બીજા ડિસ્ત્રિકટમાં, જેલ હોય ત્યારે શી રીતે કરવુ.

૮૮. પ્રતિવાદીને કેદ રાખેલો હોય તે જેલ. જે ડિસ્ત્રિકટમાં ફરીયાદ, કરી હોય તે ડિસ્ત્રિકટમાં ન હોય, તો તે જેલ જેના તાબામાં હોય તે અમલદારને ટપાલ મારફતે અથવા બાજી રીતે સમન મોકલી શકાય, અને તે અમલદારે પ્રતિવાદીને સમન પોચડાવવો; અને પછી સમન ઉપર સમન પોહાચ્યા બાબતશેરો કરીને તથા કલમ ૮૭ માં ઠરાવ્યા પ્રમાણે સહીઓ લેઇને જે કોરટે તે કાઢયો હોય તે કોરટને પાછો મોકલવો.

પ્રતિવાદી બ્રિટિશ ઇંડિયાની બહાર રહેતો હો

૮૯. પ્રતિવાદી બ્રિટિશ ઇંડિયાની બહાર રહેતો હોય, અને સમન લેવાને અખત્યાર આપેલો કોઇ તેનો મુ

હોય અને સમન, લેવાને તેનો કોઇ મુખત્યાર ન હોય ત્યારે તે શી રીતે પોચાડવો.

ખત્યાર બ્રિટિશઇંડિયામાં, ન હોય ત્યારે, પ્રતિવાદી રહેતો હોય, તે ઠેકાંણાનુ શરનામુ કરીને તેને સમન મોકલવો. અને તે ઠેકાંણું તથા કોરટ બેસતી હોય તે ઠેકાણું એબેની વચ્ચે ટપાલનો સબંધ હોય તો તે સમન ટપાલ મારફતે રવાને કરવો.

બ્રિટિશ રેસિડેન્ટ અથવા સરકારના એજન્ટ મારફત પોંચાડવાનું.

૯૦. જે મુલકમાં પ્રતિવાદી રહેતો હોય, તે મુલકની અંદર અથવા તે મુલકને વાસ્તે બ્રિટીશ રેસિડેન્ટ અથવા સરકારનો એજન્ટ હોયતો, તે રેસિડેન્ટ અથવા એજન્ટના ઉપર, પ્રતિવાદીને પોહોચાડવા સારૂ, ટપાલ, મારફતે અથવા બીજી રીતે સમન મોકલી શકાય. અને આ આકટમાં પાછળ બતાવીછે તે રીતે પ્રતિવાદીને સમન પોહોચાડેલો છે, એવો પોતાની, સહી સુધાંતનો શેરો લખીને તે રેસિડેન્ટ અથવા એજન્ટ સમન પાછો મોકલે, તો તે શેરો સમન પોચ્યાનો નિરૂત્તર પુરાવો ગણવો.

સમનને બદલે પત્ર લખવો.

૯૧. કોરટના અભિપ્રાયમાં એમ આવે કે સમનને બદલે પત્ર લખવો જાઇએ એવો પ્રતિવાદીનો મર્તબો છે તે આ આકટમાં પાછળ ગમે તેમ કહ્યુ હોય તેમ છતાં એ જડજની અથવા, તે કામને વાસ્તે જડજ નીમે તે એમલદારના સહી સુધાંતનો પત્ર સમનને બદલે મોકલવાને કોરટ મુખત્યાર છે.

સમનમાં જે જે વીગતો લખવી જાઇએ તે બધી પત્રમાં લખવી, અને કલમ ૯૨માં ઠરાવ્યું છે તેને અનુસરીને બધી રીતે તે પત્ર સમન તરીકે ગણવો

તે પત્ર મોકલવાની રીત

૯૨. સમનને બદલે સદરહુ પ્રમાણે પત્ર લખવામાં આવે ત્યારે તે ટપાલ મારફતે અથવા કોરટ પસંદ કરે તે મુદામ માણસની સાથે અથવા કોરટને યોગ્ય લાગે એવી બીજી કોમે રીતે પ્રતીવાદીને મોકલવો; પણ સમન લેવાનો અખત્યાર આપેલો પ્રતિવાદીનો કોઇ મુખત્યાર હોય તો તેમુખત્યારને પત્ર આપવાને અથવા મોકલવાને હરકત નથી.

પ્રોસેસ પોહોચાડવાનું,

જે પક્ષકાર પ્રોસેસ કઢાવે તેને ખરચે તે પોહોચાડવી-

૯૩. આ કાયદા પ્રમાણે કાઢેલી પ્રત્યેક પ્રોસેસ કોરટ બીજી રીતે ન ફરમાવે તો જે પક્ષકારની તરફથી તે કાઢી હોય તે પક્ષકારને ખરચે પોહોચાડવામાં આવશે.

પોહોચાડવાનુ ખરચ.

પોહોડવાને વાસ્તે કોરટ ફી લાગવી જોઇએ તે પ્રોસેસ નિકળ્યા પેહેલાં તકોરટ નીમે તેવખની અંદર લેવામાં આવશે.

લેખી નોટીસો અને હુકમો શી રીતે પોહોચાડવા તે.

૯૪. આ કાયદા પ્રમાણે કોઇ પણ શખસને જે નોટીસો ને હુકમો આપવાના અથવા પોહોચાડવાના હોય તે નોટીસો અને હુકમો લખેલા હોવા જોઇએ અને સમન પોહોચાડવાને, આ એકટમાં પાછળ કહેલી છે તે રીતે પોહોચાડવા,

ટપાલ ખરચ.

ટપાલ ખરચ.

૯૫. આ કાયદા પ્રમાણે કોઇ નોટીસ કાગળ કે સમન કાઢીને ટપાલ મારફતે મોકલવામાં આવે, તેમાં ટપાલ ખરચ બેસે તેમ હોય તો, તે ખરચ તથા તે નોટીસ, સમન કે કાગળ રજીસ્ટર કરવાની ફી, લખોટો રવાને થાય તે પેહેલાં, કોરટ નીમે વખતની અંદર આપવાં.

પરંતુ એવું ઠરાવ્યુંછેકે, ગવરનર જનરલ ઇન કૌન્સિલની પ્રથમ મંજુરી લેઇને તે ટપાલ ખરચ, અથવા ફી અથવા બનેવાંનાં માફ કરવાને કે તેને બદલે કોરટ ફી, લેવાનો દર ઠરાવવાને સ્થાનીક સરકાર મુખત્યાર છે.

બાબ ૭ મો.

પક્ષકારોએ હાજર થવા વિષે તથા ન હાજર થવાના પરીણામ વિશે.

પ્રતિવાદીને હાજર થઇને જવાબ આપવા સારૂ સમનમાં, ઠરાવેલે દીવસે પક્ષકારોએ હાજર થવું

૯૬. પ્રતિવાદીને હાજર થઇને જવાબ દેવાનો સમનમાં જે દીવસ ઠરાવ્યો હોય, તે દિવસે પક્ષકારોએ જાતે અથવા પોતપોતાના પ્લીડરોની મારફતે કોરટના મકાંનમાં હાજર રેહેવું; અને આગળનો એક દીવસ ઠરાવીને તે દિવસ ઉપર મુકદમાની સુનાવણી કોરટ મુલતવી ન રાખે તો તેજ દીવસે તેની સુનાવણી થશે;

સમન કાઢવાની ફી વાદીએ ન આપવાથી, સમન ન પોહોચાડયો, હોય ત્યારે ફરીઆદ કાઢી નંખાય.

૯૭. પ્રતીવાદીને હાજર થઇને જવાબ દેવાનો જે દીવસ સદરહુ રીતે ઠરાવ્યો હોય તે દિવસે એમ માલમ પડે કે સમન પોહોચાડવાને જે કોરટ ફી લાગવી જોઇએ, તે ભરવાને વાદી ચુકયો તેથી સમન પ્રતિવાદીને પોહોચાડયો નથી, તો તે ફરિઆદ કાઢી નાંખવાનો હુકમ કરવાને કોરટ મુખત્યા છે.

વિશેષ ઠરાવ.

પરંતુ પ્રતિવાદીને હાજર થઇને જવાબ આપવાનો જે દીવસ ઠરાવ્યો હોય તે દીવસે પ્રતિવાદી જાતે અથવા મુખત્યારની મારફત હાજર થવાની તેને પરવાનગી હોય ત્યારે મુખત્યારની મારફતે હાજર રહેતો તેના ઉપર સમન બજ્યો ન હોય તો એ સદરહુ પ્રકારનો હુકમ કરવો નહિં.

જો કોઇ પક્ષકાર હાજર ન થાય તો ફરીઆદ કાઢી નાંખવી.

૯૮. પ્રતિવાદીને હાજર થઇને જવાબ દેવાનો જે દીવસ ઠરાવ્યો હોય તે દીવસે અથવા ત્યાર પછીના બીજા જે દિવસ ઉપર ફરિયાદની સુનાવણી મુલતવી રાખી હોય તે દિવસે, બેમાંથી કોઇ પક્ષકાર હાજર ન થાય, અને દફતરમાં કારણ લખીને તે ઉપર પોતાની સહી કરીને, જડજ બીજી રીતે ન ફરમાવે, તો ફરિયાદ કાઢી નાંખતી.

આવે પ્રસંગે વાદી

૯૯. કલમ ૯૭ અથવા ૯૮ પ્રમાણે ફરિયાદ કાઢી

નવીફરીઆદ આણે.

નાંખવામાં આવે ત્યારે (મુદતના કાયદાનો બાધ ન આવે તો) વાદી નવી ફરીયાદ આણી શકે. અથવા ફરીઆદ

અથવા કોરટ ફરીયાદ પાછી ફાઇલ ઉપર લે.

કાઢી નાંખ્યાના હુકમની તારીખથી ૩૦ દિવસની મુદતમાં જો વાદી કોરટની ખાત્રી કરે કે,—સમન પોહોચાડવાને, વાસ્તે આપેલા વખતમાં જરૂરની કોરટ ફી ન ભરવાનો કે, ગેર હાજર રહ્યો હોય તો, હાજર ન થવાનો પુરતો સબબ હતો તો તે કાઢી નાંખ્યાનો હુકમ રદ કર્યો છે. એમ કોરટે ફરમાવવું, અને ફરીઆદનું કામ આગળ ચલાવવાનો દીવસ નીમવો.

બજ્યાવગર સમન પાછો આવ્યા પછી, એક વરસ સુધી વાદી નવો સમન કાઢવા વિશેની અરજી. કરવાને ચુકે તો ફરીયાદ કહાડી નાંખવી.

૯૯. અ. કોઇ સમન, (પછી તે સન ૧૮૮૨ ના જુન મહિનાની પેહેલી તારીખ અગાઉ હોય કે ત્યાર પછી હોય.) પ્રતિવાદી ઉપર અથવા ઘણા પ્રતિવાદીઓ પઇકી એક પ્રતિવાદી ઉપર કાઢયો હોય ને તે બજ્યા શીવાય પાછો આવે, અને—સમન પાછો આવ્યાથી એક વરસ સુધી વાદી નવો સમન કાઢવા સારૂ અરજ ન કરે, તથા જે પ્રતીવાદીને સમન બજ્યો ન હોય તે પ્રતીવાદીનું રહેવાનું ઠેકાણું શોધી કહાડવાની પોતાથી બની તેટલી કોશિશ કરી છે અથવા સદરહુ પ્રતિવાદી પ્રોસેસ [સમન) ની બજાવણી ચુકાવે છે, એવી કોરટ ખાત્રી ન કરે, તો સદરહુ પ્રકારના પ્રતીવાદી ઉપરનો દાવો કાહાડી નાંખવાને, કોરટ મુખત્યાર છે,

એવે પ્રસંગે (મુદતના કાયદાને અનુસરીને) નવો દાવો કરવાને વાદી મુખત્યારછે.

ફકત વાદીજ હાજરથાયતો કામચલાવવાનીરીત

૧૦૦. વાદી હાજર થાય અને પ્રતિવાદી હાજર ન થાય તો નીચે પ્રમાણે કામ ચલાવવું:—

જ્યારે બરોબર રીતેસમન પોહોચ્યો હોયત્યારે

(અ) સમન બરોબર રીતે પોંચ્યો છે એમ શાબીત થાય તો એક તરફી કામ ચલાવવાને કોરટ મુખત્યાર છે:

જ્યારે સમન બરોબર રીત ન પોહોચ્યો હોય ત્યારે.

(બ] સમન બરોબર રીત પોચ્યો છે એમ શાબીત ન થાય તો પ્રતીવાદી ઉપર, બીજો સમન કાઢીને તે પોચાડવાનું કોરટે ફરમાવવું.

સમન પોહોચ્યો હોય પણ યોગ્ય મુદતની અંદર ન પોચ્યો હોયત્યારે

(ક) પ્રતિવાદીને સમન પોહોચ્યો પણ સમનમાં ઠરાવેલે દિવસે હાજર થઇને જવાબ આપવાને જેટલી જોઇએ તેટલી મુદતની અંદર તે પોચ્યો નથી. એમ શાબીત થાય તો કોઇ આગળનો દીવસ ઠરાવીને તે દિવસ ઉપર .ફરીયાદની સુનાવણી કોરટે મુલતવી રાખવી. અને તે દીવસની નોટીસ પ્રતીવાદીને આપવી એમ ફરમાવવું.

વાદીની કસુરને લીધે પ્રતીવાદીને પુરતા વખતમાં સમન ન પોહોચ્યો હોય તો

સદરહુ મુલતવી રાખવાથી થએલું ખરચ વાદીએ આપવું એમ કોરટે હુકમ કરવો.

મુલતવી રાખેલી સુનાવણીને દીવસે પ્રતિવાદી હાજર થાય અને પ્રથમ હાજર ન થવાનું મજબુત કારણ બતાવે ત્યારે શી રીતે કરવું.

૧૦૧. કોરટે ફરીઆદની એક તરફી સુનાવણી અમુક દીવસ ઉપર મુલતવી રાખી હોય, અને તે સુનાવણીની વખતે અથવા તે પેહેલાં પ્રતિવાદી હાજર થઇને પોતાને પ્રથમ ગેરહાજર રહેવાનું મજબુત કારણ બતાવે તો, ખરચ અથવા બીજી રીતની કોરટ ફરમાવે તે શરતો કરીને તેને હાજર થવાને ઠરાવેલે દીવસે તે હાજર થયો હોત ત્યારે, તેનો જવાબ, જે રીતે સાંભળ્યો હોત તે રીતે ફરિયાદનો જવાબ તેની પાસેથી સાંભળી શકાય.

જ્યારે ફકત પ્રતિવાદી હાજર થાય ત્યારે કામ ચલાવવાની રીત.

૧૦૨. પ્રતિવાદી હાજર થાય અને વાદી હાજર ન થાય તો કોરટે ફરીયાદ કાઢી નાંખવી. પરંતુ પ્રતિવાદી દાવો અથવા તેનો કાંઇ ભાગ, કબુલ કરે તો તે કબુલત ઉપરથી પ્રતિવાદી વિરુદ્ધ કોરટે હુકમનામું કરવું. અને દાવાનો માત્ર એક ભાગ કબુલ કરયો હોય ત્યારે બાકીના ભાગ પુરતી ફરીયાદ કાઢી નાંખવી.

વાદીની ગેરહાજરીથી તેના વિરૂધ હુકમનામું થાય તો પછી નવી ફરીઆદ ચાલશે નહી,

૧૦૩, જ્યારે કલમ ૧૦૨ પ્રમાણે તમામ ફરિયાદ અથવા તેનો કંઇ ભાગ કાઢી નાંખવામાં આવ્યો હોય, ત્યારે દાવાના તેજ કારણ સબંધી વાદીની નવી ફરીયાદ ચાલશે નહીં. પરંતુ કાઢી નાંખ્યાનો હુકમ રદ કરાવવાસારૂ અરજ કરવાને વાદી મુખત્યાર છે; અને ફરીઆદ સુનાવણીને વાસ્તે નીકળી ત્યારે કોઇ પુરતા કારણને લીધે વાદીથી હાજર થવાનુ બન્યુ નહીં, એમ શાબીત થાય તો કોરટે ખરચ અથવા બીજી રીતની પોતાને યોગ્ય લાગે તે શરતો કરીને કાઢી નાંખ્યાનો હુકમ રદ કરવો, અને ફરીયાદનું કામ આગળ ચલાવવાનો દિવસ નીમવો.

આ કલમ પ્રમાણે કરવાનો હુકમ, વાદીએ પોતાની અરજી વિશેની લેખી નોટીસ પ્રતિવાદીને પોંચાડી ન હોય તો, કરવો નહિં.

બ્રિટિશ ઈંડિયાની બહાર રેહેનાર પ્રતિવાદી હાજર ન થાય ત્યારે કામ ચલાવવાની રીત.

૧૦૪. બ્રિટિશ ઇંડિયાની બહાર રહેનારા પ્રતિવાદી ઉપર ફરિયાદ હોય, અને સમંન લેવાનો અખત્યાર આપેલો તેનો મુખત્યાર ન હોય ત્યારે, ફરિયાદીની સુનાવણીને વાસ્તે જે દીવસ ઠરાવ્યો હોય, તે દિવસે અથવા જે દિવસ ઉપર તે સુનાવણી મુલતવી રાખવામાં આવી હોય તે દીવસે, પ્રતિવાદી હાજર ન થાય તો, પોતાની ફરીઆદનુ કામ આગળ ચલાવવાની પરવાનગી સારૂ વાદી કોરટને અરજ કરી શકે, અને કોરટને યોગ્ય લાગે તે શરતોથી તથા તે રીતે વાદીને પોતાની ફરીયાદ ચલાવવાની છુટ છે, એમ ફરમાવવાને કોરટ મુખત્યાર છે.

ઘણા વાદીઓ પઇકી એક અથવા વધારે ગેર

૧૦૫. એ કરતાં વધારે વાદીઓ હોયઅને તે પઇકી એક અથવા વધારે હાજર થાય અને બાકીના ન થાયતો

હાજર રહે ત્યારે કામ ચલાવવાની રીત.

હાજર થએલા વાદી અથવા વાદીઓની અરજ ઉપરથી જાણે, બધા વાદીઓ હાજર થયા હોયે તે રીતે, ફરિયાદનું કામ આગળ ચલાવવાની પરવાનગી આપવાને તથા પોતાને યોગ્ય જણાય તેવો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

ઘણા પ્રતિવાદીઓ પઇકી એક અથવા વધારે ગેરહાજર હોય ત્યારે કામ ચલાવવાની રીત.

૧૦૬. એક કરતાં વધારે પ્રતિવાદીઓ હોય અને તે પઇકી એક અથવા વધારે હાજર થાય અને બાકીના ન થાય તો મુકદમાનુ કામ, આગળ ચલાવવું, અને હાજર ન થયા હોય, તે પ્રતિવાદીઓની બાબતમાં ફૈસલો કરતી વખતે, પોતાને યોગ્ય જણાય તેવો હુકમ કોરટે કરવો.

જાતે હાજર થવાને જે પક્ષકારને હુકમ કરયો હોય તે પુરતું કારણ બતાવ્યા વગર ગેરહાજર રહે તો તેનુ પરિણામ,

૧૦૭. કોઇ વાદી અથવા પ્રતિવાદીને કલમ ૬૬ અથવા ૪૩૬ ના ઠરાવ અન્વયે જાતે હાજર થવાનો હુકમ કરયો હોય તે જાતે હાજર ન થાય, અથવા તે પ્રમાણે હાજર ન થવાનું કોરટની ખાત્રી લાયક પુરતું કારણ ન બતાવે, તો હાજર થનારા વાદી તથા પ્રતિવાદી પ્રત્યેકને લાગુ પડે એવા જે નિયમ પાછળ ગએલી કલમોમાં લખેલા છે તે બધા તે વાદીને અથવા પ્રતિવાદીને અનુક્રમે લાગુ પડશે.

એક તરફી હુકમનામાં રદ કરવા વિશે.

પ્રતિવાદી વિરૂદ્ધ એકતરફી થએલું હુકમનામું રદ કરવાનું.

૧૦૮. કોઇ કામમાં પ્રતિવાદી વિરૂદ્ધ એક તરફી હુકમનામુ થયું હોય તો તે રદ કરવાનો હુકમ કરાવવા સારૂ તે હુકમનામુ કરનારી કોરટને પ્રતિવાદી અરજ કરવાને મુખત્યાર છે,

અને સમન યોગ્ય રીતે બજયો નહોતો અથવા ફરીયાદ સુનાવણીને વાસ્તે નીકળી તે વખતે કોઇ પુરતા સબબને લીધે પોતાથી હાજર થઇ શકાયુ નહીં. એમ પ્રતિવાદી કોરટની ખાત્રી કરે તો ખરચ વીશે કોરટમા રકમ ભરવાવીશે અથવા બીજી રીતની કોરટને યોગ્ય લાગે તે શરતો કરીને હુકમનામુ રદ કરવાનો કોરટે હુકમ કરવો. અને ફરીઆદનુ કામ આગળ ચલાવવાનો દીવસ નીમવો.

વીરૂદ્ધ પક્ષકારને નોટીસ કર્યા વગર હુકમનામું રદ કરવું નહીં.

૧૦૯. સદરહુ પ્રકારની કોઇ અરજ ઉપરથી તે બાબતની લેખી નોટીસ વીરૂદ્ધ પક્ષકારને પોચાડયા વગર સદરહુ રીતે કોઇ હુકમનામું રદ કરવું નહીં.

ભાગ ૮ મો

લેખી ફેરીયતો તથા સામા દાવા વિશે

લેખી ફેરીયતો

૧૧૦. ફરીઆદની પેહેલી સુનાવણી વખતે અથવા તે પેહેલાં કોઇ વખતે પક્ષકારે પોતપોતાના મુકદમાની લેખી ફેરીયતો આપવાને મુખત્યાર છે. અને કોરટે તે ફેરીયતો લેઇને દફતરમાં દાખલ કરવી.

સામા દાવાની વિગત લેખી કેફીયતમાં લખવી — ૧૧૧. પઇસા લેવાની ફરીઆદમાં વાદી પાસેથી પ્રતીવાદી કાયદા પ્રમાણે લેઇ શકે તેવી નકી કરેલી પઇસાની કોઇ રકમનો વાદીની માગણી સામે પ્રતિવાદી સામો દાવો કરવા માગતો હોય, અને વાદીએ કરેલી ફરીયાદમાં બંને પક્ષકારોનુ જે સ્વરૂપ હોય તેજ વાદી ઉપરના પ્રતીવાદીના આ દાવામાં બંને પક્ષકારાનુ સ્વરૂપ હોય તો ફરીયાદની પેહેલી સુનાવણી વખતે, સામા દાવામાં માગવાના લેહેણાની બીગત સુધાંતની લેખી કેફીયત આપવાને પ્રતીવાદી મુખત્યાર છે પરંતુ કોરટ પરવાનગી ન આપે તો પહેલી સુનાવણી પછી તેવી કેફીયત આપવાને પ્રતીવાદી મુખત્યાર નથી.

ચોકશી. — પછી તે બાબતમાં ચોકશી કરવાથી જો કોરટને એમ જણાય કે આ કલમના પેહેલા ભાગમાં જે ફરમાવેલુછે તે પ્રમાણે તે મુકદમામાં છે, અને સામા દાવીમાં માગેલી રકમ કોરટની હકુમતની પઇસા સબંધી મરયાદાની બહાર જતી નથી—તો કારટે એક કરજ બીજા કરજમાં મજરે અપાવવું.

સામા દાવાથી થવાનુકાર્ય — સામી ફરીઆદમાં ફરીયાદ અરજી હોય તે રીતે તે સામા દાવાથી કાર્ય થશે, એટલે તેથી એકજ ફરીયાદમાં મુળ દાવાનો અને સામા દાવાનો આખર ફેસલો કોરટથી આપી શકાશે; પરંતુ હુકમનામાથી કોઇ પ્લીડરને જે ખરચ મળવા જેવું થતું હોય તે બાબત તે પ્લીડરના હુકમનામુ કરેલી રકમ ઉપરના હક [લીયન) ને તેથી હરકત થશે નહીં.

દ્રષ્ટાંતો.

(અ) અ ૨,૦૦૦ રૂપીઆનું મ્રત લેખાર્પીતદાન બ ને કરે છે, અને ક ને બાકીનું મ્રતલેખાર્પીતદાન લેનાર તથા મ્રત્યુપત્ર ચલાવનાર નીમે છે. બ ગુજરી જાય છે અને બની માલ મીલકતનો વહીવટ કરવાનું ડ સરટીફીકેટ લે છે. જામીનદાર તરીકે ડ ને વાસ્તે ૧,૦૦૦ રૂપિયા ક આપે છે. પછી મ્રતલેખાર્પીત દાનને વાસ્તે ક ઉપર ડ ફરીયાદ કરે છે. ત્યારે મ્રતલેખાર્પીતદાનની ફરીયાદમાં ૧,૦૦૦ રૂપિયાના લેહેણાનો સામો દાવો ક કરી શકે નહીં, કારણ કે ૧,૦૦૦ રૂપીયા આપવાની બાબતમાં કનું તથા ડનું સ્વરૂપછે તેજ સ્વરૂપ તેમનું મ્રતલેખાર્પીતદાનની બાબતમાંનથી.

(બ) અ મ્રત્યુપત્ર કર્યા વગર અને બ નો કરજદાર રહીને ગુજરી જાય છે. અ ની માલ મીલકતનો વહીવટ કરવાનું સરટીફીકેટ ક લે છે, અને તે માલમિલકતનો કંઇ ભાગ ક ની પાસેથી બ ખરીદ કરે છે. બ ના ઉપર ક ખરીદીના પઇસાની ફરીયાદ કરે, તેમાં બ પોતાના લેહેણાનો સામો દાવો ન કરી શકે; કારણકે, ક નાં જુદાંજુદાં બે સ્વરૂપ છે એક તો બ ને વેચાણ આપનાર તરીકે જે સ્વરૂપથી તે બ ના ઉપર દાવો કરે છે, અને બીજું અ ના વારસ વકીલ તરીકે.

(ક) અ બિલ આફ એકસચેંજ ઉપરથી બ ના ઉપર ફરીયાદ કરે છે. બ એમ કહે છે કે મારા માલનો વિમો ઉતારવાને અ એ ગેર વાજબી રી

તે ગફલત કરી છે અને તે નુકસાનીના બદલાનો જવાબદાર છે, તે નુકસાનીના બદલાને વાસ્તે હુ સામો દાવો કરૂં છું આમાં રકમ નકી કરેલી નથી તેથી તેનો સામો દાવો ચાલી શકે નહીં.

(ડ) અ બિલ આફ એક્સ ચેંજ ઉપરથી બ ના ઉપર રૂ. ૫૦૦ ની ફરીયાદ કરે છે. બ ની પાસે અ ના ઉપર મેળવેલો રૂ. ૧,૦૦૦ નો ફેસલો છે. બંને દાવા નિશ્ચિ પઇસાની માગણીના છે માટે તે સામ સામા અ પાવી શકાય.

[ઈ) હક્ક અથવા સત્તા વગર બ એ પ્રવેશ કરયા બદલ તેના ઉપર નુકસાનીના બદલાની ફરીયાદ અ કરે છે. અ એ લખી આપેલી રૂ. ૧,૦૦૦ ની પ્રામીસરી નોટ (વાયદાચીઠી) બ ની પાસે છે, રકમ સદરહુ ફરીયાદમાં અ ને જે રકમ મળે તેમાં બ મજરે માગે છે. બ એ રકમ મજરે લેઇ શકે. કારણ કે અ ને નુકસાનીનો બદલો મળે એટલે બંનેની પઇસા સંબંધી માગણી નકી થાય છે.

(ફ) અ ને બ રૂ, ૧૦૦૦ ની ફરીયાદ ક ના ઉપર કરે છે; ત્યારે ફકત અ ની પાસે માગતો હોય તે લેહેણાનો, ક સામો દાવો ન કરી શકે.

(ગ) અ રૂ. ૧૦૦૦ ની ફરીયાદ બ ને ક ઉપર કરે છે, તેમાં અ પાસે બ એકલો માગતો હોય તે લેહેણાનો, બ થી સામો દાવો ન થાય.

(હ) બ ને ક ની પંત્યાળાની પેઠીમાં અ ને રૂ. ૧,૦૦૦ દેવું છે. ક ને પાછળ મુકીને બ ગુજરી જાય છે. જુદા સ્વરૂપથી ક પાસે અ ના રૂ. ૧,૫૦૦ લેહેણા છે તેને વાસ્તે ક ઉપર અ ફરીયાદ કરે છે. આમાં ક થી રૂ ૧,૦૦૦ ના લેહેણાનો સામો દાવો થઇ શકે.

પહેલી સુનાવણી પછી લેખી કેફિયત લેવી નહીં.

૧૧૨. ગઇ છેહલી કલમમાં ઠરાવ્યું છે તે શિવાય, ફરિયાદની પહેલી સુનાવણી પછી કોઇ લેખી કેફિયત લેવી નહીં.

વિશેષ ઠરાવ.

પરંતુ કોઇ પણ વખતે કોઇ પણ પક્ષકાર પાસેથી લેખી કેફિયત માગવાને અથવા એક છતાં બીજી લેખી કેફિયત માગવાને, અને તે હાજર કરવાનો વખત ઠરાવવાને કોરટ મુખત્યાર છે.

વળી એવું ઠરાવવામાં આવ્યું છે કે, સદરહુ પ્રમાણે કોરટે માગવાથી આપેલી લેખી કેફીયતોના જવાબને વાસ્તે, લેખી કેફીયત અથવા એક છતાં બીજી લેખી કેફીયત કોરટની પરવાનગીથી કોઇ પણ વખતે લેઇ શકાય.

કોરટ લેખી કેફિયત માગે અને પક્ષકાર તે ન આપે ત્યારે શું કરવું.

૧૧૩. જે પક્ષકાર સદરહુ પ્રમાણે લેખી કેફિયત માગી હોય તેના વિરૂદ્ધ હુકમનામું કરવાને અથવા ફરિયાદની બાબતમાં પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે,

લેખી કેફિયત કેમ તઇયાર કરવી.

૧૧૪. લેખી કેફિયત મુકદમાના સ્વરૂપ પ્રમાણે બની શકે તેટલી ટુંકામાંહિાવી જોઇયે. અને તે વીવાદ રૂપે લખવી નહીં, પણ જે પક્ષકાર લેખી કેફિયત આપે અથવા

જેની તરફથી તે આપવામાં આવે તે પક્ષકારને મુકદમામાં જે બીના અગત્યની લા ગે. અને જે બીના તે કબુલ કરતો હોય અથવા તે શાબીત કરી શકશે એમ માન તો હોય, તેજ માત્ર બની શકે તેટલા સાદા વર્ણનમાં લખવી.

સદરહુ પ્રત્યેક કેફિયતના અનુક્રમે નંબર પાડીને પારેગ્રાફ કરવા, અને પ્રત્યેક પારેગ્રાફમાં ઘણું કરીને બને તેટલી જુદી બાબત લખવી.

લેખી કેફીયતો ઉપર સહી કરવી તથા તેના સાચા પણાનો એકરાર કરવો,

૧૧૫. ફરિઆદ અરજી ઉપર સહી કરવાના તથા તેના સાચા પણાના એકરાર કરવાના આ આરટમાં પેહેલાં જે નિયમ કહ્યા છે, તે પ્રમાણે લેખી કેફીયત ઉપર સહી કરવી તથા તેના સાચા પણાનો એકરાર કરવો. અને તે પ્રમાણે સહી તથા એકરાર કરયા વગરની કોઇ લેખી કેફિયત લેવામાં આવશે નહીં.

વિવાદરૂપ, લખાણ વાળી અથવા નકામી લેખી કેફિયત વિશે કોરટનો અખત્યાર.

૧૧૬. કોરટના માગવા ઉપરથી આપેલી અથવા પક્ષકાર પોતાની મેળે આપેલી લેખી કેફિયત વિવાદ રૂપે છે, અથવા તેમાં અમસ્તું લંબાણ છે, અથવા ફરિયાદને લાગુ ન પડે એવી બાબત તેમાં લખેલી છે, એમ કોરટને જણાય તો, ખરચ અને બીજી રીતની કોરટને યોગ્ય જણાય તે શરતો કરીને,—જે પક્ષકારે તે આપી હોય તે પક્ષકારને કોરટ ઠરાવે તે મુદતમાં તે દુરસ્ત કરવા સારૂ પાછી આપવાને, કે તે કેફિયત ત્યાંને ત્યાં તેજ વખત દુરસ્ત કરવાને, અથવા તેના ઉપર હુકમ લખીને તે નામંજુર કરવાને—કોરટ મુખત્યાર છે.

દુરસ્તી ઉપર સહી.

આ કલમ પ્રમાણે કંઇ દુરસ્તી કરવામાં આવે ત્યારે, જડજે તે ઉપર પોતાની સહી કરવી.

નામંજુર કરવાનુ પરીણામ.

આ કલમ પ્રમાણે કોઇ કેફીયત નામંજુર કરવામાં આવે ત્યારે કોરટે મુદામ માગ્યા વીના અથવા રજા આપ્યા વિના તે આપનાર પક્ષકારથી બીજી લેખી કેફીયત અપાશે નહી.

બાબ ૯ મો.

કોરટે પક્ષકારોની જબાની લેવા વીષે.

ફરીઆદ અરજીનો તથા લેખી કેફીયતનો મજકુર કબુલ છે કે નાકબુલ તે નકી કરી લેવુ.

૧૧૭. ફરીયાદની પેહેલી સુનાવણી વખતે, પ્રતીવાદીથી અથવા તેના પ્લીડરથી કોરટે નકી કરવું કે, ફરિયાદઅરજીમાં જણાવેલી હકીકતની બાબતો તેને કબુલ છે કે ના કબુલ છે તેમજ કોઇ પક્ષકારે (જો કોઇ) લેખી કેફીયતમાં હકીકતની બાબતો જણાવેલી હોય—અને જે પક્ષકારની વીરૂદ્ધ તે બાબતો હોય તે પક્ષકારે સ્પષ્ટ રીતે અથવા અર્થ ઉપરથી અવશ્યમસમજાય એ રીતે તે કબુલ અથવા ના કબુલ કરી ન હોય—તો તે બાબતો વિરૂદ્ધ પક્ષકારને કબુલ છે કે ના કબુલ છે એ વાત તે વિરૂદ્ધ પક્ષકારથી અથવા

તેના પ્લીડરથી કોરટે નકી કરી લેવી. આ પ્રમાણેની કબુલતો અથવા નાકબુલતો કોરટે દફતરમાં લખવી.

પક્ષકારની અથવા તેની કે તેના પ્લીડરની સાથે આવેલા માણસની મુખજબાની

૧૧૮. જે પક્ષકાર જાતે હાજર થયો હોય અથવા જે કોરટમાં હાજર હોય તેની અથવા ફરીઆદની બાબતના કોઇ જરૂરના સવાલના જવાબ દઇ શકે તેવો કોઇ શખસ ને પક્ષકારોની સાથે કે તેના પ્લીડરની સાથે આવ્યો હોય તેની ફરીઆદની પેહેલી સુનાવણી વખતે અથવા ત્યાર પછીની કોઇ સુનાવણી વખતે, મોંઢાના સવાલ કરીને જબાની લેવાને કોરટ મુખત્યાર છે. અને કોરટને યોગ્ય લાગે તો તે જબાંની લેતાં કોઇ પણ પક્ષકાર સુચવે તે સવાલ કરવાને કોરટ મુખત્યાર છે.

જબાનીનો મતલબ લખવો.

૧૧૯. તે જબાંનીનો મતલબ જડજે વખી લેવો એ ને તે દફતરનો એક ભાગ ગણવો.

પ્લીડર જવાબ દેવાની ના કહે. અથવા દઇ શકે નહીં ત્યારે શું કરવું

૧૨૦. જે પક્ષકાર પ્લીડરની મારફતે હાજર થયો હોય તેના પ્લીડર ફરીયાદ સબંધી કોઇ જરૂરના સવાલનો જવાબ આપવા ના કહે, અથવા તેનાથી જવાબ ન આપી શકાય અને કોરટના અભીપ્રાયમાં એમ આવે કે—જે પક્ષકાર તરફથી તે પ્લીડર છે તે પક્ષકારે તે સવાલનો જવાબ આપવો જોઇએ અને તે પક્ષકારને જાતે પુછવાથી તે જવાબ આપી શકશે એવું સંભવે છે—તો ફરીયાદની સુનાવણી આગળના એક દીવસ ઉપર મુલતવી રાખીને તે દીવસે તે પક્ષકારે જાતે હાજર થવું, એમ ફરમાવવાને કોરટ મુખત્યાર છે.

આ પ્રમાણે ઠરાવેલે દીવસે તે પક્ષકાર કાયદેસર કારણ વીના જાતે હાજર ન થાય તો તેના વીરૂદ્ધ હુકમનામુ કરવાને અથવા ફરીઆદની બાબતમાં પોતાને યોગ્ય જણાય તેવો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

બાબ ૧૦ મો.

દસ્તાવેજોની શોધ લાવવા વિશે તથા તે કબુલ કરવા, જોવા હાજર કરવા, અટકાવી રાખવા, ને પાછા આપવા વિશે.

સ્વાલનામું આપવાનો અખત્યાર.

૧૨૧, વિરૂદ્ધ પક્ષકારને અથવા વિરૂદ્ધ પક્ષકાર એક કરતાં વધારે હોય ત્યારે, તે પઇકી એક કે વધારેને પુછવા સારૂ કોઇ પણ પક્ષકાર કોરટની રજા લેઇને કોઇપણ વખતે લખેલા સ્વાલ કોરટ મારફતે આપવાને મુખત્યાર છે, અને ઘણા પક્ષકારોને પુછવા સારૂ સ્વાલ આપવા હોય તો તે પક્ષકારો પઇકી દરેકે કયા કયા સ્વાલનો જવાબ દેવાનો છે એ તે નીચે ટીપમાં જણાવવું.

પરંતુ કોરટની પરવાનગી શિવાય એકજ સસખને એક કરતાં વધારે સ્વાલનામાં કોઈ પક્ષકારે આપવાં નહી; અને પ્રતિવાદીએ પ્રથમ લેખી કેફીયત આપી ન હોય તથા તે કેફીયત લેઇને દફતરમાં દાખલ કરવામાં આવી ન હોય તો પ્રતિવાદીથી વાદીને પુછવા સારૂ સ્વાલનામું અપાશે નહી.

સ્વાલનામું પોંચાડવાનું. ૧૨૨. કલમ ૧૨૧ પ્રમાણે આપેલા સ્વાલ જે પક્ષકારને તે પુછવાના હોય તે પક્ષકારનો જો કોઇ પ્લીડર હોય તો. તે પ્લીડરને પોંચાડવા; અથવા સમન બજાવવાને વાસ્તે આ આકટમાં પેહલાં જે નિયમ ઠરાવેલા છે તે પ્રમાણે તે પોંચાડવા; અને આ બીજી રીતે પોંચાડવામાં આવે ત્યરે કલમ ૭૯, ૮૦, ૮૧ તથા ૮૨ ના ઠરાવો લાગુ પડી શકે તેટલા લાગુ પાડવા.

સ્વાલનામુ આપવું ઘટારત હતું કે નહી તેની તજવીજ. ૧૨૩. ફરિયાદના ખરચની વ્યવસ્થા કરવામાં, કોઇપણ પક્ષકારની અરજ ઉપરથી, કોરટે તજવીજ કરવી અથવા કરાવવી કે સદરહુ રીતે સ્વાલો આપવા ઘટારત હતા કે નહી અને જો કોરટને એમ લાગે કે,—તે સ્વાલ વિના કારણ અથવા હેરાન હેરાન કરવા સારૂ અથવા અમસ્તુ લંબાણ કરીને આપ્યા છે. તો સદરહુ સ્વાલોને લીધે તથા તેમના જવાબોને લીધે જે ખરચ થાય તે, જેનો દોષ હોય તે પક્ષકારે સોસવુ પડશે.

કારપોરેશન અથવા કંપનીના અમલદારને સ્વાલનામું પોંચાડવાનું ૧૨૪. સંસ્થાપિત મંડળી [બાર્ડીકારપોરેટ] અથવા જાઇંટ સ્ટાક કંપની—પછી તે"સંસ્થાપિત હોય કે નહી—અથવા જેને પોતાને નામે કે કોઇ અમલદારને કે બીજા સખસને નામે વાદી કે પ્રતિવાદી થવાનો કાયદા પ્રમાણે અખત્યાર હોય તેવી બીજી કોઇ માણસોની મંડળી, ફરીયાદનો કોઇ પક્ષકાર હોય, તો તે કાર પેરેસનના કંપનીના અથવા મંડળીના એકોઇ મેંબરને અથવા અમલદારનેસ્વાલનામું આપવાની પરવાનગીનો હુકમ મેળવવા સારૂ કોઇ પણ વિરૂદ્ધ પક્ષકાર કોરટને અરજ કરવાને મુખત્યાર છે. અને તે પ્રમાણે હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

લાગુનથીએ વિગેરે કારણથી સ્વાલના જવાબ આપવાની ના કેહેવાનો અખત્યાર. ૧૨૫. સ્વાલના જવાબ તમારે જાતે આપવા અથવા સદરહુ પ્રમાણે કંઇ મેંબરે કે અમલદારે આપવા એમ કોઇ પક્ષકારને કહેવામાં આવ્યું હોય તો,—કોઇ સ્વાલ નકામો છે, અથવા તે શુદ્ધબુદ્ધિથી ફરીયાદના કામ સારૂ કરયો નથી, અથવા ફરીયાદની જે પાયરીએ તે સ્વાલ કરયો છે તે પાયરીએ પુછેલી બાબત જોઇએ તેટલી જરૂરની નથી,—એ સબબથી અથવા બીજા કોઇ તેવાજ સબબથી તે સ્વાલનો જવાબ દેવાની ના પાડવાને તે પક્ષકાર મુખત્યાર છે.

સ્વાલના જવાબમાં સોગનનામું ગુજારવાનીમુદત ૧૨૬ સ્વાલના જવાબ સોગનનામા [આફીડેવીટ] થી આપવા, અને તે સોગનનામું સ્વાલ પોહોચે ત્યારથી દસ દીવસમાં અથવા જડજ રજા આપે તેટલી વધારે મુદતમાં કોરટમાં દાખલ કરવું.

કોઇ પક્ષકાર પુરતીરીતે જવાબ ન આપે ત્યારે શી રીતે કરવું. ૧૨૭, જેને સ્વાલ પુછેલા હોય તે સખસ કોઇ સ્વાલનો જવાબ દેવો છોડી દે, અથવા જવાબ દેવાની ના પાડે, અથવા અધુરો જવાબ દે તો, તું જવાબ દે અથવાં

પુરો જવાબ દે એમ—જે પ્રસંગ હોય તે પ્રમાણે હુકમ કરવા સારૂ કોરટને અરજ કરવાને સવાલ કરનારો પક્ષકાર મુખત્યાર છે. અને સોગન નામાથી અથવા મોઢાની જુબાનીથી, જડજ જે ફરમાવે તે રીતે. ત્યારે જવાબ આપવો અથવા પુરો જવાબ આપવો એમ હુકમ કરવાને કોરટ મુખત્યાર છે, પરંતુ જડજની નજરમા એમ આવે કે કલમ ૧૨૫ પ્રમાણે કોઈ સવાલનો જવાબ આપવાની જરૂર નથી તો તે સવાલનો જવાબ જડજે માગવો નહી,

દસ્તાવેજોના ખરાપણા વિશે કબુલત માગવાનો અખત્યાર.

૧૨૮. ફરીયાદના કામમાં કોઈ અગત્યનો દસ્તાવેજ હોય તો [તે દસ્તાવેજ પુરાવામાં લેવાને જે વાજબી હરકતો હોય તે બધી કાયમ રાખીને) તે દસ્તાવેજનું ખરાપણું કબુલ કરવું એ પ્રમાણે, સુનાવણી પહેલાં દશ દીવસથી ઓછી નહી એવી યોગ્ય મુદતમાં, સામા પક્ષકારને કોરટ મારફત નોટીસ આપીને બેમાંથી ગમે તે પક્ષકાર પુછવાને મુખત્યાર છે.

તે દસ્તાવેજના ખરાપણાની કબુલાત પણ લખેલી હોવી જોઈએ; અને તેના ઉપર તે સામા પક્ષકારે અથવા તેના પ્લીડરે સહી કરીને તે કોરટમાં દાખલ કરવી.

ઉપર પ્રમાણે નોટીસ આપી ન હોય ત્યારે. જડજ બીજી રીતે ન ફરમાવે તો, તે દસ્તાવેજ શાબિત કરવાનું ખરચ આપવામાં નહી આવે.

ઉપર પ્રમાણે નોટીસ પોચ્યા પછી ચાર દીવસમાં તે દસ્તાવેજનું ખરાપણું કબુલ કરવામાં ન આવે, અને ખરાપણું કબુલ કરવું જોઈતું હતું એ વાત જડજને વાજબી જણાય, તો ફરીયાદનો નીકાલ ગમે તેવો થાય તોપણ, તે દસ્તાવેજ સાબિત કરવાનું ખરચ ના કબુલ કરનાર પક્ષકાર ઉપર નાખવું.

દસ્તાવેજની શોધ લગાડવાનો હુકમ કરવાનો અખત્યાર.

૧૨૯. કોઈ ફરીયાદ ચાલુ હોય તે દરમ્યાન કોઈ પણ વખતે, તે ફરીયાદની કોઈ તકરારી બાબત સંબંધી જે દસ્તાવેજો ફરીઆદના કોઈ પક્ષકારના કબજામાં અથવા અખત્યારમાં હાલ અથવા પહેલેથી હોય, તે બધા સોગનનામાથી જણાવવાનો તે પક્ષકારને હુકમ કરવાને કોરટ મુખત્યાર છે. તેમજ તેવો હુકમ કરાવવા સારૂ પહેલી સુનાવણી પહેલાં કોઈ પણ વખતે ફરીયાદનો કોઈ પણ પક્ષકાર કોરટને અરજ કરવાને મુખત્યાર છે.

એ હુકમના જવાબનું સોગનનમું.

આ કલમ પ્રમાણે કરેલા પ્રત્યેક સોગનનામામાં જે દસ્તાવેજો લખ્યા હોય તે પઈકી જો કોઈ દસ્તાવેજ હાજર કરવાને સોગનનામું કરનારને હરકત હોય તો કીયો દસ્તાવેજ હાજર કરવાને હરકત છે, અને તે હરકતનાં કારણ શાં છે તે સોગનનામમાં બતાવવું.

દાવો ચાલતાં દસ્તાવેજો હાજર કરવા વિશે હુકમ કરવાનો અખત્યાર,

૧૩૦. કોઈ ફરીયાદ ચાલુ હોય તે દરમ્યાન કોઈ પણ વખતે, તે ફરીયાદમાં અગર કામમાં જે તકરારી બાબત હોય તે સંબંધી જે દસ્તાવેજો ફરિયાદના કોઈ પક્ષકારના કબજામાં અથવા અખત્યારમાં હોય, તે પઈકી જે દસ્તાવેજો તે પક્ષકારે હાજર કરવા વાજબી છે એમ કોરટને જણાય, તે દ

સ્તાવેજો હાજર કરવા સારૂ તે પક્ષકારને હુકમ કરવાને કોરટ મુખત્યાર છે. અને તે દસ્તાવેજો હાજર કરવામાં આવે એટલે પોતાને વાજબી જણાય તે રીતે તેમ નો ઉપયોગ કરવાને કોરટ મુખત્યાર છે.

ફરિયાદ અરજી વગેરેમાં હવાલો આપેલા દસ્તાવેજો જોવા સારૂ હાજર કરવા બાબત નોટીસ.

૧૩૧ કોઇ પક્ષકારને કોઇ બીજો પક્ષકાર ફરીયાદની સુનાવણી વખતે અથવા તે પહેલાં કોઇ પણ વખતે કોરટની મારફતે નોટીસ આપી શકે છે; એવી રીતની કે, નોટીસ આપનાર પક્ષકારને અથવા તેના પ્લીડરને જોવા સારૂ તથા તે પક્ષકારને પ્લીડરને નકલ કરી લેવા સારૂ કોઇ અમુક દસ્તાવેજ, તમારે હાજર કરવો.

તે નોટીસ અમાન્ય કરવાનું પરીણામ.

સદરહુ નોટીસ જે પક્ષકાર માન્ય ન કરે તેને તે ફરિયાદમાં પોતાની તરફથી તે દસ્તાવેજ પુરાવામાં આપવાની પછીથીછુટ મળશે નહીં. પણ જો તેકોરટનીખાતરી કરે કે, તે દસ્તાવેજ માત્ર તેના પોતાનાજ હક્ક વિશે છે, અથવા તે નોટીસ માન્ય ન કરવાનું બીજું કંઇ પરંતુ કારણ હતું તો છુટ મળશે.

જેને તે નોટીસ મળે તે પક્ષકારે ક્યારે અને ક્યાં તે દસ્તાવેજ જોવાને મળશે એ બાબત સામી નોટીસ આપવી.

૧૩૨- જે પક્ષકારને તેવી નોટીસ આપી હોય તે પક્ષકારે નોટીસ પોંચે ત્યારથી દશ દીવસમાં તે નોટીસ આપનાર પક્ષકારને કોરટની મારફતે સામી નોટીસ આપવી તેમાંઅમ લખવું કે, તે દસ્તાવેજો અથવા તે પઇકી જે દસ્તાવેજો હાજર કરવાને તેને હરકત ન હોય તેવા દસ્તાવેજો તેના પ્લીડરની આફીસમાં અથવા બીજે કોઇ સુગમ પડે તેવે ઠેકાણે આ નોટીસ પોંચ્યા પછી ત્રણ દિવસમાં અમુક વખતે જોવા મળશે. અને કોઇ દસ્તાવેજ હાજર કરવાને તે તે હરકત હોય લો રીયો દસ્તાવેજ હાજર કરવાને હરકત છે તથા તે હરકતનાં કારણ શાં છે, એ પણ તે નોટીસમાં જણાવવું,

જોવા દેવાનો હુકમ કરાવવાની અરજ.

૧૩૩. કલમ ૧૩૧ પ્રમાણે જે પક્ષકારને નોટીસ પોચાડી હોય તેપક્ષકારકલમ ૧૩૨પ્રમાણે સામી નોટીસનઆપે, અથવા દસ્તાવેજ જોવા દેવામાં હરકત લે, અથવા તે જોવા સારૂ ગેર સોઇનું ઠેકાણું નીમે, તો જે પક્ષકારને તે દસ્તાવેજ જોવાની મરજી હોય તે પક્ષકાર તે દસ્તાવેજ દેવાનો હુકમ કરાવવા સારૂ કોરટને અરજ કરવાને મુખત્યાર છે.

તે અરજ સોગનનામાને આધારે કરવી.

૧૩૪. તેવી અરજ સોગનનામાને આધારે કરવી જોઇએ અને તે સોગનનામામાં (અ) કયા દસ્તાવેજો જોવાને જોઇએ છીએ તે, (બ) અરજ કરનાર પક્ષકારને તે લેવાનો હક છે, તે તથા (ક) જે પક્ષકારની વિરૂદ્ધ અરજ કરવામાં આવે તે પક્ષકારના કબજામાં અથવા અખત્યારમાં તે દસ્તાવેજો છે એ વાત જણાવવી જોઇએ. પરંતુ ફરીઆદ અરજીમાં, લેખી કેફીયતમાં, અથવા જે પક્ષકારની વિરૂદ્ધઅરજ કરવામાં આવે તેના સોગનનામામાં જે દસ્તાવેજોનો હવાલો આપ્યો હોય તેમની બાબતમાં, અથવા દસ્તાવેજો વિશે તે પક્ષકારે કરેલા સોગનનામામાં જે દસ્તા

વેલો બહાર પડયા હોય તેમની બાબતમાં, સોગનનામુ કરવાની જરૂર નથી.

શોધ કાઢવાનો હક જે તકરારી બાબત અથવા મુદા ઉપર આધાર રાખતો હોય તે તકરારી બાબત અથવા મુદાનોપ્રથમ નિર્ણય કરવા વી શેફરમાવવાનોઅખત્યાર

૧૩૫. જે પક્ષકાર પાસેથી કોઇ જાતના દસ્તાવેજનો શોધ કાઢવાનુ, અથવા તે જોવાનુ હોય, તે પક્ષકાર તે તમામ અથવા તેના કંઇ ભાગનો શોધ કાઢવાની કે તે જોવા દેવાની હરકત લે, અને કોરટની એવી ખાત્રી થાય કે. તે શોધ કાઢવાનો અથવા જોવાનો હક ફરીયાદ માંની કોઇ તકરારી બાબત અથવા મુદા ઉપર આધાર રાખે છે; અથવા એવી ખાત્રી થાય કે બીજા કોઇ કારણને લીધે શોધ કાઢવાના કે જોવાના હક વિશે ઠરાવ કરયા પહેલાં તે તકરારી બાબત કે મુદાનો નિરણય કરવો જોઇએ. છીએ તો— પ્રથમ તે તકરારી બાબત અથવા મુદાનો નિરણય કરવો અને શોધ કાઢવા અથવા જોવા વિશેની વાતનો. નિકાલ બાકી રાખવો એવો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

જવાબ ન દે અથવાજો વા ન દે તેનુપરિણામ

૧૩૬. આ બાબ પ્રમાણે લેખી સવાલોના જવાબ દેવા સારૂ, શોધ લગાડવા સારૂ હાજર કરવા સારૂ અથવા જોવા દેવા સારૂ કોઈ પક્ષકારને કરેલો હુકમ તેને યોગ્ય રીતે પોંચાડવા છતાં તે માન્ય ન કરે ત્યારે જો તે પક્ષકાર વાદી હોય તો, તે કામ ચલાવતો નથી એમ ગણીને તેની ફરીયાદ કાઢી નાંખવાને તે પાત્ર થશે, અને જો તે પ્રતિવાદી હોય તો તેણે કંઇ જવાબ આપ્યો હોય તે બાતલ કરવાને, તથા હાજર થઇને જવાબ ન આપ્યો હોય ત્યારે તે જે સ્થિતીમાં હોવ તે સ્થિતિમાં રહેવાને પાત્ર થશે;

અને જે પક્ષકારે સવાલ કરયા હોય અથવા જે સોધ કાઢવા, હાજર કરવા કે જોવા માગતો હોય, તે પક્ષકાર તે પ્રમાણે હુકમ થવા સારૂ કોરટને અરજ કરવાને મુખત્યાર છે, અને કોરટ તે પ્રમાણે હુકમ કરવાને મુખત્યાર છે.

સવાલોના જવાબ આપવા સારૂ, શોધ લગાડવા સારૂ હાજર કરવાસારૂ અથવા જોવા દેવાસારૂ આ બાબ પ્રમાણે કાઢેલો કોઇ હુકમ કોઇ પક્ષકારને હાથોહાથ પોંચાડયો હોય અને તે પક્ષકાર તે માન્ય ન કરે. તો તે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૮૮ માં કહેલા ગુન્હાનો ગુન્હેગાર પણ ગણાશે.

કોરટપોતાનાદફતરમાંથી અથવા બીજી કોરટોમાંથી કાગળ મગાવે.

૧૩૭. કોરટ પોતાની મેળે, અથવા ફરીઆદના કોઇ પક્ષકારની અરજ ઉપરથી પોતાની મરજીમાં આવે તો, પોતાના દફતરમાંથી અગર બીજી કોઇ કોરટમાંથી બીજી કોઇ ફરિયાદના અથવા કામના કાગળ મગાવીને જોવાને મુખત્યાર છે.

આ કલમ પ્રમાણે કરેલી પ્રત્યેક અરજને [કોરટ બીજી રીતે ન ફરમાવે તો] અરજદારે અથવા, તેના પ્લીડરે સોગનનામું કરીને પુષ્ટી આપવી. તે સોગનનામા માં—જે ફરીયાદમાં અરજ કરી હોય તે ફરીઆદમાં તે કાગળો શી રીતે જરૂરના છે. તથા તે કાગળોની કે તેપઇકીની અરજદારને જોઇએ તેટલા તેના ભાગની યોગ્ય રીતે સહી સુધાંતની નકલો ઘણી ઢીલ અથવા ખરચ કર્યા વગર મળે તેમ નથી,

અથવા ઈનસાફ થવાસારૂ અસલ હાજર થવાની જરૂર છે.—એ લખવું.

હિંદુસ્તાનના સન ૧૮૭૨ ના પુરાવાના આકટ પ્રમાણે જે દસ્તાવેજ ફરિઆદમાં અગ્રાહ્ય થતા હોય, તે દસ્તાવેજ કોરટ પુરાવામાં વાપરી શકે એમ આ કલમની કોઇ પણ વાતથી સમજવું નહિં.

દસ્તાવેજી પુરાવો પહેલી સુનાવણી વખતે તઇયાર રાખવો.

૧૩૮. પક્ષકારોના કબજામાં અથવા અખત્યારમાં હોય એવા દરેક પ્રકારના જે દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખવાનો તેમનો ઇરાદો હોય, અને જે પુરાવો કોરટમાં પ્રથમ દાખલ થઇ ગયો ન હોય તે તમામ દસ્તાવેજો તથા પેહેલી સુનાવણી પેહેલાં કોઈ પણ વખતે જે દસ્તાવેજો હાજર કરવાનો કોરટે હુકમ કરયો હોય તે સરવે દસ્તાવેજો, પક્ષકારોએ અથવા તેમના વકીલોએ ફરીઆદની પહેલી સુનાવણી વખતે પોતાની સાથે આણવા અને કોરટ માગે તે વખત હાજર કરવા સારૂ તે તઇયાર રાખવા.

દસ્તાવેજો હાજર ન રાખવાનું ફળ.

૧૩૯. કોઇપણ પક્ષકારના કબજામાં અથવા અખત્યારમાં હોય તેવો દસ્તાવેજી પુરાવો કલમ ૧૩૮ ના ઠરાવ પ્રમાણે હાજર કરવો જોઇતો હતો એવું છતાં તે હાજર કરયો ન હોય તો તે ન હાજર કરવાનું કોરટના ખાત્રી લાયક કારણ બતાવ્યા વગર, તે કામની પછીની કોઇ સુનાવણી વખતે તે દસ્તાવેજો પુરાવામાં લવાશે નહીં. અને આવો કોઇ પુરાવો, જડજ લે તો તેણે તેમ કરવાનાં પોતાનાં કારણ લખી રાખવાં.

કોરટે દસ્તાવેજો લેવા.

૧૪૦. પેહેલી સુનાવણી વખતે પક્ષકારોએ પોતપોતે હાજર કરેલા દસ્તાવેજો કોરટે લેવા. પરંતુ પ્રત્યેક પક્ષકારે હાજર કરેલા દસ્તાવેજોની સાથે તેમની બરાબર યાદ હોઇ કોરટ વખતે વખતે ફરમાવે તેવા નમુનામાં તઇયાર કરીને આપી હોય તો તે લેવા.

લાગુ ન પડે તેવા અથવા અગ્રાહ્ય દસ્તાવેજોના મંજુર કરવા.

ફરિયાદની કોઇ પણ સુનાવણી વખતે કોરટની નજરમાં એમ આવે કે કોઇ દસ્તાવેજ લાગુ પડતો નથી, અથવા બીજી રીતે પુરાવામાં લેવાય એવો નથી, તો તે દસ્તાવેજ નામંજુર કરવાને કોરટ મુખત્યાર છે, પણ તે નામંજુર કરવાનાં કારણ લખીને તેમ કરવું.

શાબીત થયા વિના કોઇ દસ્તાવેજ દફતરમાં દાખલ કરવો નહીં.

૧૪૧. જે તે વખતે જે પુરાવાનો કાયદો અમલમાં હોય તે કાયદા પ્રમાણે જે દસ્તાવેજ શાબીત થયો ન હોય, અથવા કબુલ કરયો ન હોય, તે દસ્તાવેજ દફતરમાં દાખલ કરવો નહીં. આ રીતે શાબીત થએલા, અથવા કબુલ કરેલા પ્રત્યેક દસ્તાવેજ ઉપર શેરો કરવો

શાબીત થએલા દસ્તાવેજો ઉપર નિશાની કરીને તે દાખલ કરવા.

તેમાં, ફરિયાદનો નંબર, તથા સરનામું, તે હાજર કરનાર શખસનું નામ, તથા હાજર કરયાની તારીખ લખવી પછી જડજે તેના ઉપર પોતાને હાથે એવો શેરો કરવો કે જે શખસના વિરૂદ્ધ તે વાપરયો છે તે શખસના

વિરૂદ્ધ તે શાબીત થયો છે અથવા તે સખસે કબુલ કરેલો છે (જે હોય તે). પછ દફતરના એક ભાગ તરીકે તે દસ્તાવેજ દાખલ કરવો.

દુકાનના ચોપડામાં લખેલો મજકુર.

પરંતુ જો તે દસ્તાવેજ દુકાનના ચોપડામાં અથવા બીજા ચોપડામાં લખેલો મજકુર હોય તો, જે પક્ષકારની તરફથી તે ચોપડો હાજર કરવામાં આવ્યો હોય તે પક્ષકાર તે લખેલા મજકુરની નકલ, આપવાને મુખત્યાર છે તે નકલ ઉપર સદરહુ પ્રમાણે શેરો કરીને તે દફતરના એક ભાગ તરીકે દાખલ કરવી, અને ચોપડામાં લખેલા, મજકુર ઉપર કોરટે નિશાની કરીને પછી તે ચોપડો હાજર કરનાર શખસને પાછો આપવો.

પહેલી સુનાવણી વખતે હાજર કરેલા જે દસ્તાવેજો ઉપર કહ્યા પ્રમાણે શાબીત થયા ન હોય અથવા કબુલ કર્યા ન હોય તે બધા દસ્તાવેજો જે જે પક્ષકારે હાજર કર્યા હોય તેને પાછા આપી દેવા.

નામંજુર કરેલા દસ્તાવેજો ઉપર નીશાની કરવી.

૧૪૨. આ પ્રમાણે શાબીત થએલા અથવા કબુલ કરેલા કોઇ દસ્તાવેજ ઉપર બેમાંથી કોઇ પણ પક્ષકારે પુરાવા તરીકે આધાર રાખ્યો હોય, પણ કોરટની નજરમાં એમ આવે કે તે દસ્તાવેજ પુરાવામાં લેવા લાયક નથી. તો તે ઉપર "નામંજુર" એ શબ્દ જાસ્તી લખીને બીજો શેરો કરવો. અને તે શેરા ઉપર જડજે સહી કરવી.

અને તે પાછો આપવો.

પછી તે દસ્તાવેજ હાજર કરનાર પક્ષકારને પાછો આપવો.

કોઇ દસ્તાવેજ અટકાવી રાખવાનો કોરટ હુકમ કરે.

૧૪૩. કલમ ૬૨. ૧૪૧, અને ૧૪૨ માં ગમે તે ઠરાવ હોય તોએ જો કોરટને પુરતું કારણ જણાય તો, કોરટની રૂબરૂ કોઇ પણ ફરિયાદમાં હાજર કરેલો કોઇ દસ્તાવેજ અથવા ચોપડો કોરટને યોગ્ય લાગે તેટલી, મુદત સુધી અને તેવી શરતોથી અટકાવીને કોરટના કોઇ અમલદારના હવાલામાં રાખવો એમ ફરમાવવાને કોરટ મુખત્યાર છે.

પુરાવામાં દાખલ કરેલો દસ્તાવેજ ક્યારે પાછો અપાય.

૧૪૪. જે ફરીયાદો ઉપર અપીલ થઇ શકતી નથી તે ફરિયાદોમાં ફરિયાદનો નિકાલ થયા પછી. અને જે ફરિયાદો ઉપર અપીલ થઇ શકે તેમાં હુકમનામા ઉપર અપીલ કરવાની મુદત વીતી ગયા પછી, અથવા અપીલ થઇ હોય તો અપીલનો નિકાલ થયા પછી ફરીયાદના દફતરમાં દાખલ કરેલો કોઇ દસ્તાવેજ, ફરીઆદના પક્ષકારે અથવા બીજા કોઇએ જેણે હાજર કરયો હોય તેની તે દસ્તાવેજ પાછો લેવાની મરજી હોય, અને કલમ ૧૪૩ પ્રમાણે તે દસ્તાવેજ અટકાવી રાખ્યો ન હોય તો, તે દસ્તાવેજ પાછો લેવાને તેનો હક છે.

ઠરાવેલી મુદત પહેલાં દસ્તાવેજ ક્યારે પાછો આપી શકાય.

પરંતુ દસ્તાવેજ પાછો લેવાની અરજ કરનાર સખસ તે દસ્તાવેજની સહી સુધાંતની નકલ અસલ દસ્તાવેજને ઠેકાણે મુકવા સારૂ યોગ્ય અમલદારને આપે તો

અપીલની મુદત વીત્યા પહેલાં અથવા અપીલનો નીકાલ થયા પહેલાં કોઇ પણ વખતે તે દસ્તાવેજ આપી શકાય.

અમુક દસ્તાવેજ પાછા આપવા નહીં.

વળી એવું ઠરાવ્યું છે કે, હુકમનામુ થવાથી જે દસ્તાવેજ રદ અથવા નકામો થયો હોય તે પાછો આપવો નહીં.

પાછા આપેલા દસ્તાવેજની પોંચ આપવી.

જે દસ્તાવેજ પુરાવામાં દાખલ કરયા હોય તે પાછો આપતી વખતે, તે કામને સારૂ રાખેલી પાવતી બુકમાં પાછો લેનાર સખસે પોંચ આપવી.

દસ્તાવેજો વિસેના ઠરાવ સાકર પદાર્થોને લાગુ કરવા.

૧૪૫. દસ્તાવેજો સંબંધી આ કાયદામાં જે ઠરાવો છે તે, પુરાવા તરીકે હાજર કરી શકાય એવા બીજા બધા સાકાર પદારથોને બને તેટલા લાગુ કરવા,

બાબ ૧૧ મો.

મુદા ઠરાવવા વિશે.

મુદા કઢવાનું,

૧૪૬ હકીકતનો અથવા કાયદાનો કોઇ જરૂરનો વીચારમાં લેવાનો મજકુર એક પક્ષકાર ખરા છે એમ કહે અને બીજો તે ના કબુલ કરે ત્યારે મુદા નાકળે.

ફરીઆદ કરવાનો હક બતાવવાને વાસ્તે કાયદાના અથવા હકીકતના જે વીચારમાં લેવાના મજકુરો વાદીએ સ્પષ્ટ રીતે કહેવા જોઇએ ત જરૂરના વીચારમાં લેવાના મજકુરો સમજવા.

કોઇ જરૂરનો વિચારમાં લેવાનો મજકુર એક પક્ષકાર ખરો છે એમ કહે અને બીજો તે ના કબુલ કરે ત્યારે તેવા પ્રત્યેક જરૂરના વિચારમાં લેવાના મજકુરને વાસ્તે જુદા મુદા ઠરાવવો.

મુદા બે જાતના હોય છે: (અ] હકીકતના મુદા (બ કાયદાના મુદા,

ફરીયાદની પેહેલી સુનાવણી વખતે ફરીયાદ અરજી, તથા લેખી કેફીયત હોય તો તે, વાંચીને તથા જરૂર જણાય તે પ્રમાણે પક્ષકારોની જબાની લઇને, કોરટે નકી કરવું કે હકીકતના અથવા કાયદાના કયા જરૂરના વિચારમાં લેવાના મજકુર વિશે પક્ષકારોમાં તફાવત છે, અને પછી જે મુદા ઉપર મુકરદમાના ખરા નિવેડાનો આધાર કોરટને જણાતો હોય તે મુદા કાઢીને દફતરમા નોંધવા

એકજ ફરીયાદમાં કાયદા તથા હકીકત બંનેના મુદા નીકળતા હોય અને કોરટની નજરમાં એમ આવે કે માત્ર કાયદાના મુદા ઉપરથીજ મુકદમાનો નીકાલ થાય તેમ છે, તો કોરટે પ્રથમ કાયદાના મુદાની ચોકશી કરવી, અને તેમ કરવાને વાસ્તે જો યોગ્ય જણાય તો, કાયદાના મુદાને નિર્ણય થઇ રહે ત્યાં સુધી હકીકતના મુદા ઠરાવવ નું મુલતવી રાખવાને કોરટ મુખત્યાર છે,

ફરીયાદની પેહેલી સુનાવણી વખતે પ્રતીવાદી કંઇ જવાબ ન આપે તો, કોરટે મુદા કાઢીને નોંધવા જોઇએ એમ આ કલમનાં કહેલી કોઇ વાતથી સમજવું નહીં.

શાઉપરથીમુદાકાઢવાતે.

૧૪૭. નીચેનાં બધાં અથવ તેમાંના કોઇ એક સાધન ઉપરથી મુદા કાઢવાને કોરટ મુખત્યાર છે:—

(અ) પક્ષકારોએ અથવા તેમની વતી હાજર હોય તે સખસોએ સોગન ઉ પર કહેલી હકીકત, અથવા તે પક્ષકારોના કે શખસોના પ્લીડરોએ કહેલી હકીકત;

(બ) ફરીઆદ અરજીમાં કહેલી હકીકત, અથવા ફરીયાદમાં જો કાંઇ લખી ક્રિયતો આપવામા આવી હોય તો તેમાં કહેલી હકીકત, અથવા ફરીયાદ માં સવાલ આપેલા હોય તેના જવાબમાં કહેલી હકીકત;

(ક) એમાંથી કોઇ પક્ષકારે હાજર કરેલા દસ્તાવેજોના મજકુર.

મુદા કાઢયા પહેલાં કોરટ સાક્ષી અથવા દસ્તાવેજ તપાસે.

૧૪૮. કોરટની રૂબરૂ હાજર ન હોય એવા કોઇ શખસની જમાની લીધા શિવાય. અથવા ફરીયાદમાં હાજર કરયા ન હોય એવા કોઇ દસ્તાવેજ જોયા વગર મુદા બરોબર રીતે કાઢી શકાશે નહીં, એમ કોરટની નજરમાં આવે તો, કોઇ આગળનો દીવસ ઠરાવીને તે ઉપર મુદા કાઢવાનું બંધ રાખવાને તથા (હિંદુસ્તાનના પુરાવાના આકટમાં કહેલા નિયમોને બાધ ન આવે તે રીતે) સમન અથવા બીજી પ્રોસેસ કાઢીને કોઇ શખસને હાજર રેહવાની જરૂર પાડવાને, અથવા જેના હાથમાં કેઈ દસ્તાવેજ હોય તેને તે હાજર કરવાની જરૂર પાડવાને, કોરટ મુખત્યાર છે.

મુદા વધારવાનો, દુરસ્ત કરવાનો, અને કમી કરવાનો અખત્યાર.

૧૪૯. હુકમનામું કરતા પહેલાં કોઇપણ વખતે, કોરટને યોગ્ય જણાય તે શરતો કરીને, મુદા દુરસ્ત કરવાને અથવા જાસ્તી મુદા કાઢવાને કોરટ મુખત્યાર છે, અને પક્ષકાર વચેની તકરારનો નિર્ણય કરવાને મુદામાં દુરસ્તી કરવાની અથવા જાસ્તી મુદા કાઢવાની જરૂર હોય તો સદરહુ રીતે દુરસ્તી કરવી અથવા જાસ્તી મુદા કાઢવા.

કોઇ મુદા ખોટી રીતે કાઢયા છે અથવા દાખલ કરયા છે એમ હુકમનામું કરતા પેહેલાં કોઇ પણ વખતે કોરટને જણાય તો મુદા રદ કરવાને પણ કોરટ મુખત્યાર છે.

હકીકતની અથવા કાંયદાની બાબતે પક્ષકારો એક મત થઇને મુદ્દાના આકારમાં લખી આપે.

૧૫૦. તકરિયાદના પક્ષકારો, પોતાની વચે હકીકતની અથવા કાયદાની અમુક બાબતનો ઠરાવ કરવાનો છે, એમ એકમત થાય તો તેઓ તે એક મુદાના આકારમાં જણાવે, અને એવું લખેલું કરારનામું કરે કે:—

[અ] તે મુદાનો કોરટે હા કે નાનો ઠરાવ કરેથી ઠરારનામામાં બતાવેલી અથવા કોરટ ઠરાવે તે અથવા કોરટ ફરમાવે ત રીતે ઠરાવેલી રકમ . એક પક્ષકારેબીજા પક્ષકારને આપવી. અથવાતે માંના એકને કરાર નામામાં બતાવેલી કંઇ જવાબદારી અથવા હક છે એમ ઠરાવવું.

[બ] તેવો ઠરાવ કરેથી કરારનામામાં બતાવેલી તથા ફરીયાદમાંની તકરારી મિલકત પક્ષકારો પછકી એક પક્ષકારે બીજા પક્ષકારને અથવા તે બીજો પક્ષકાર ફરમાવે રીત આપવી અથવા

(ક) તેવો ઠરાવ કરેથી કરાર નામામાં બતાવેલુ તથા તકરારી બાબતને લગતું

કોઇ વીશેષ કામ એક અથવા વધારે પક્ષકારે કરવું કે કરવાથી દુર રહેવું

કરારનામું શુદ્ધબુદ્ધથી કરેલુ છે એમ કોરટનીખાત્રી થાયતો કોરટ ફેસલો આપે.

૧૫૧. પોતાને યોગ્ય જણાય, તેવી તપાસ કરયા પછી કોરટની ખાત્રી થાય કે:—

(અ) પક્ષકારોએ યોગ્ય રીતે કરારનામું કરેલુ છે,

(બ) સદરહુ એકમત થએલી બાબતનો ઠરાવ થવામાં તેમનો ખરેખરો સબંધ છે અને

(ક) તે ચોકશી કરીને ઠરાવ થવા લાયક છે,—

તો તે મુદ્દો દફતરમાં દાખલ કરીને તેની ચોકશી કરવાને, તથા જાણે તે મુદ્દો પોતેજ કાઢયો હોય તે રીતે તેના ઉપરનો પોતાનો ઠરાવ કે અભિપ્રાય લખવાને કોરટ મુખત્યાર છે: અને તે મુદ્દાના ઠરાવ અથવા ચુકાદા ઉપરથી કરારનામાની શરતો પ્રમાણે ફેસલો કહી સંભળાવવાને કોરટ મુખત્યાર છે:

અને આ રીતે આપેલા ફેસલા ઉપરથી હુકમનામું કરવું. અને તે ફેસલો જાણે એ તરફી તકરારી ફરીયાદમાં થયો હોય ત્યારે તે હુકમનામુ જે રીતે બજે તે રીતે તે બજાવાય

બાબ ૧૨ મો

પહેલી સુણાવણી વખતે ફરિયાદનો નીકાલ.

કાયદાની અથવાહકીકતની કોઇબાબતમાંપક્ષકારોને તકરાર ન હોયતો.

૧૫૨. ફરિયાદની પહેલી સુનાવણી વખતે એમ જણાય કે, કાયદાની અથવા હકીકતની કોઇ બાબતમાં પક્ષકારોને તકરાર નથી, તો એકદમ ફેસલો કહી સંભળાવવાને કોરટ મુખત્યાર છે.

ઘણા પ્રતિવાદીઓ પૈકી કોઇને વાદી સાથે તકરાર ન હોયતો.

૧૫૩ એક કરતાં વધારે પ્રતિવાદીઓ હોય અને તેમાંના કોઇને વાદી સાથે કાયદાની અથવા હકીકતની કોઇ બાબતમાં તકરાર ન હોય, તો તે પ્રતિવાદીની તરફેણમાં અથવા વિરૂદ્ધમાં એક દમ ફેસલો કહી સંભળાવવાને કોર્ટ મુખત્યાર છે, અને પછી ફરિયાદ માત્ર બાકીના પ્રતિવાદી વિરૂદ્ધજ ચાલશે.

કાયદાની અથવા હકીકતની બાબતોમાં પક્ષકારોને તકરાર હોય તો.

૧૫૪. જ્યારે કાયદાની અથવા હકીકતની કોઇ બાબત વિષે પક્ષકારો વચ્ચે તકરાર હોય, અને આ આકટમા પાછળ ઠરાવ કર્યા છે તે રીતે કોરટે મુદ્દા કાઢવા હોય ત્યારે જો કોરટની ખાત્રી થાય કે,—ફરિયાદનો ફેસલો ઠરવાને બસ થાય તેટલા મુદ્દા ઉપર જે પુરાવો અથવા દલીલો પક્ષકારો એકદમ આપે તે કરતાં વધારે જોઇતી નથી, તથા તેજ વખતે ફરિયાદ આગળ ચલાવવાથી ગેર ઇનસાફ થાય તેમ નથી, તો તે મુદ્દાનો ઠરાવ કરવાને કોરટ મુખત્યાર છે.

કોરટ મુદ્દા ઉપર ઠરાવ કરે અને ફેસલો કહી સંભળાવે.

અને તે મુદ્દા ઉપરનો ઠરાવ નીકાલ કરવાને વાસ્તે બસ હોય તો તે પ્રમાણે ફેસલો કહી સંભળાવવાને કોરટ મુ

ખત્યારછે. પછી અમેતો માત્ર મુદ્દા ઠરાવવાને વાસ્તે સમન કાઢ્યો હોય કે ફરિયાદના આખર નીકાલને વાસ્તે કાઢ્યો હોય તેની ચિંતા નહીં.

પરંતુ માત્ર મુદ્દા ઠરાવવાને વાસ્તે સમન કાઢ્યો હોય ત્યારે, પક્ષકારો અથવા તેમન પ્લીડરો હાજર હોય અને તેમાંનું કોઇ હરકત ન લેતો સદરહુ પ્રમાણે ફેસલો આપવો.

જો તે ઠરાવ નિકાલ કરવાને બસ ન હોય તો કોરટે ફેરીયાદની આગળની સુનાવણી મુલતવી રાખવી, અને મુકદમામાં જોઇએ તેવો વધારે પુરાવો અથવા તેથી વધારે દલીલો હાજર કરવાને એક દીવસ મુકરર કરવો.

એમાંથી એક પક્ષકારપોતાનો પુરાવો હાજર ન કરે તો કોરટ ફેસલો કહી સંભળાવે,

૧૫૫ ફરીઆદના આખર નીકાલને વાસ્તે સમન કાઢ્યો હોય, અને એમાંથી એક પક્ષકાર પોતે જે પુરાવા ઉપર આધાર રાખતો હોય તે પુરાવો. પુરતા કારણ શિવાય હાજર ન કરવાને ચુકે તો એકદમ ફેસલો કહી સંભળાવવાને કોરટ મુખત્યાર છે,

---

બાબ ૧૩ મો

મુલતવી રાખવા વિષે.

કોરટ મુદત આપે અને સુનાવણી મુલતવી રાખે.

૧૫૬. ફરિયાદની કોઇપણ સુનાવણી વખતે પુરતુ કારણ દેખાડવામાં આવે તો, પક્ષકારોને અથવા, તેમાંના કોઇને મુદત આપવાને તથા ફરિયાદના સુનાવણી વખત વખતે મુલતવી રાખવાને કોરટ મુખત્યાર છે.

મુલતવી રખાયાનુ ખરચ.

આમ કરવામાં આવે ત્યારે કોરટે ફરિયાદની આગળ સુનાવણી કરવાનો દિવસ ઠરાવવો. અને મુલતવી રાખવાને લીધે જે ખરચ થાય તેની બાબતમાં પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

પરંતુ એક વખત પુરાવો સાંભળવાનુ કામ શરૂ થયું એટલે, કોરટમાં હાજર હોય તે બધા સાક્ષીઓની જબાની લેવાઇ રહે ત્યાં સુધી ફરિયાદની સુનાવણી પ્રત્યેક દીવસે ચાલુ રાખવી પણ સુનાવણી મુલતવી રાખવાની જરૂર છે એમ કારટને જણાયતો તેમ કરવાનાં કારણ જડજ પોતાને હાથે દફતરમાં લખીને તે સુનાવણી મુલતવી રાખી શકે.

ઠરાવેલે દિવસે પક્ષકારો હાજર ન થાય તો શી રીતે કરવું.

૧૫૭. જે દિવસ ઉપર ફરિઆદની સુનાવણી મુલતવી રાખી હોય તે દિવસે પક્ષકારો અથવા તેમાના કોઇ હાજર થવાને ચુકે તો ૭ મા બાબમાં તેવે પ્રસંગે જે રીતો ફરમાવેલી છે તેમાંની એક રીતે ફરીયાદનો નિકાલ કરવાને, અથવા પોતાને યોગ્ય જણાય તેવો બીજો કોઇ હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

એમાંથી એક પક્ષકાર પોતાનો પુરાવો આણવા વગેરેને માટે કસુર કરે

૧૫૮. ફરીઆદના જે પક્ષકારને મુદત આપી હોય તે. જેને વાસ્તે મુદત આપી હોય તે કરવાને એટલે પોતાનો પુરાવો હાજર કરવાને અથવા પોતાના સાક્ષીઓ

તો એ કોરટ ફરિયાદ ચલાવે,

ને હાજર રાખવાને અથવા ફરિયાદ આગળ ચલાવવાને જરૂરનું હોય એવું બીજુ કાંઇ કૃત્ય કરવાને કસુર કરે તો તે કસુરે છેવટે લાગલોજ ફરિયાદ કરવાનો ચુકાદો કરવાને કોરટ મુખત્યાર છે

આથ ૧૪ મો.

શાક્ષીઓને સમન કરવા તથા તેમણે હાજર રહેવા વિશે.

શાહેદી પુરવા સારૂ અથવા દસ્તાવેજો હાજર કરવા સારૂ હાજર રહેવાનો સમન.

૧૫૯ પ્રતીવાદીનો સમન ગમે તો ફકત મુદ્દા ઠરાવવાનો હોય કે ગમે તો ફરીઆદના આખર નિકાલનો હોય, પણ તે સમન પ્રતિવાદીને પોંચાડવા સારૂ આપ્યા પછી મુદ્દા ઠરાવવાનો કે નિકાલનો જેનો હોય તેનો જે દિવસ ઠરાવ્યો હોય તે પેહેલાં, કોરટને અથવા આ બાબતને વાસ્તે કોરટ નીમે તે અમલદારને અરજ કરીને શાહેદી આપવાને અથવા દસ્તાવેજ હાજર કરવાને જે શખસોની હાજરીની જરૂર હોય તેમના ઉપર સમન કઢાવવાને પક્ષકારો મુખત્યાર છે

સમન કાઢવાની અરજ કરવામાં આવે એટલે સાક્ષીઓનુ ખરચ કોરટમાં ભરવું.

૧૬૦, સમન કરેલા શખસને જે કોરટમાં બોલાવવો હોય તે કોરટ સુધી તેને આવવાના તથા ત્યાંથી પાછા જવાના તથા એક દીવસ હાજર રેહેવાના વાટખરચ તથા બીજા ખરચને સારૂ જેટલી રકમ કોરટની નજરમાં બસ જણાય તેટલી રકમ સમનને વાસ્તે અરજ કરનાર પક્ષકારે સમન નિકળ્યા પેહેલાં અને કોરટ ઠરાવે તે મુદતની અંદર કોરટમાં ભરવી.

ખરચનો દર

હાઇકોરટના તાબાની જે કોરટ હોય તો સદરહુ ખરચનો દર ઠરાવવાનો યોગ્ય અધિકારીએ કરેલો (જે કંઇ નિયમ હોય તો તે નિયમ ઉપર ધ્યાન રાખવું.

ખરચ સાક્ષીનો આપવા માંડવુ.

૧૬૧. સદરહુ પ્રમાણે કોરટમાં ભરેલી રકમ જો સમન હાથો હાથ પોંચાડી શકાય તો જેના ઉપર સમન કાડેલો છે તે શખસને સમન બજાવતી વખતે આપવા માંડવી.

ભરેલી રકમ પુરતી ન હોય ત્યારે શીરીતે કરવુ

૧૬૨, કોરટની અથવા આ બાબતમાં કોરટ નીમે તે અમલદારની નજરમાં એવું આવે કે કોરટમાં ભરેલી રકમ સદરહુ ખરચ પુરૂ પાડવાને બસ નથી તો તે કારણસર જરૂર જણાય તેટલી વધારે રકમ સમન કરેલા શખસને આપવી એવુ ફરમાવવાને કોરટ મુખત્યાર છે અને તે આપવામાં કસુર થાય તો સમન કઢાવનાર પક્ષકારની જંગમ મીલકત જપ્ત કરી વેચીને તે રકમ વસુલ કરવાનુ અથવા સમન કરેલા શખશને શાહેદી લીધા વગર રજા આપવાનુ અથવા સદરહુ પ્રમાણે વસુલ કરવુ તથા સાક્ષીને સદરહુ પ્રમાણે રજા આપવી એ બંનેવાનાં ફરમાવવાને કોરટ મુખત્યાર છે

એક કરતાં વધારે દીવસ સાક્ષીને રોકીરખો હોય ત્યારે તેનુ ખરચ.

સમન કરેલા શખસને એક દીવસ કરતાં વધારે મુદત રાખવાની જરૂર પડે તો, જે પક્ષકારની અરજ ઉપરથી સમન કાઢયો હોય તેને તે વધારે મુદતસુધી રહેવાનું ખરચ પુરૂ પડે તેટલી રકમ ભરવાનું, વખતે વખતે ફરમાવવાને કોરટ મુખત્યારછે; અને તે રકમ ભરવામાં કસુર થાય તો જે પક્ષકારની અરજથી તેને સમન કાઢયો હોય તેની જગમ મીલકત જપ્ત કરી વેચીને તે રકમ વસુલ કરવાનું, અથવા સમન કરેલા સખસની શાહેદી લીધા મગર તેને રજા આપવાનું, અથવા સદરહુ પ્રમાણે વસુલ કરવું તથા સાક્ષીને રજા આપવી એ બને વાના ફરમાવવાને કોરટ મુખત્યાર છે.

હાજર રહેવાનો વખત ઠેકાણું અને કામ એ સમનમાં લખવું.

૧૬૩. શાહેદી પુરવા સારૂ અથવા દસ્તાવેજ હાજર કરવા સારૂ હાજર રહેવાના પ્રત્યેક સમનમાં તેણે કયારે અને કયે ઠેકાણે હાજર રહેવું એ લખવું. વળી શાહેદી પુરવાસારૂ તેણે હાજર રહેવાનું છે કે દસ્તાવેજ રજુ કરવા સારૂ છે, કે તે બંને કામને વાસ્તે તેણે હાજર રહેવાનું છે એ પણ લખવુ. તથા સમન કરેલા સાક્ષીને કોઇ અમુક દસ્તાવેજ હાજર કરવા બોલાવો હોય તો તે દસ્તાવેજનું સમજાય એમ બરાબર વર્ણન સમનમાં લખવું.

દસ્તાવેજ હાજર કરવાનો સમન.

૧૬૪. કોઇ પણ શખસને, શાહેદી પુરવાનો સમન ન કરતાં દસ્તાવેજ હાજર કરવાનો સમન થઇ શકે; અને જે શખસને માત્ર દસ્તાવેજ હાજર કરવાનો સમન કરયો હોય તે જાતે આવીને દસ્તાવેજ હાજર ન કરતાં બીજા પાસે હાજર કરાવે, તો તેણે સમન માન્ય કરયો એમ સમજવું.

કોરટમાં હાજર હોય એવા શખસને શાહેદી પુરવાનું કહેવાનો અખત્યાર.

૧૬૫. કોરટમાં હાજર હોય એવા કોઇ સખસને સાહેદી પુરવાનું કહેવાનો અથવા તેજ વખતે અને તેજ ઠેકાણે તેના ખરેખરા કબજામાં કે અખત્યારમાં હોય તેવા દસ્તાવેજ હાજર કરવાનું કહેવાને, કોરટ મુખત્યા છે.

સમન શી રીતે પોંચાડવો.

૧૬૬. કોઇ શખસને શાહેદી પુરવા સારૂ અથવા દસ્તાવેજ હાજર કરવા સારૂ સમન કરેલો હોય તે પ્રત્યેક સમન, પ્રતીવાદીને સમન પોંચાડવાને આ આકટમાં પાછળ જે રીત કહી છે તે રીતે બને ત્યાં સુધી પોંચાડવો. અને પોંચ્યાની શાબિતી વિશે ૬ ઠા બાબમાં જે નિયમો કહ્યા છે તે આ કલમ પ્રમાણે પોંચાડેલા બધા સમનને વાસ્તે લાગુ પડશે.

સમન પોંચાડવાનો વખત.

૧૬૭. સમન કરેલા શખસને હાજર રહેવાને સમનમાં જે વખત લખ્યો હોય, તેનાથી હમેશાં એટલી મુદત પહેલાં આ સમન પોંચાડવો, કે તેથી તેને તઇયારી કરવાનો તથા જે જગાએ હાજર રહેવાનું હોય તે જગાએ જવાનો પુરતો વખત મળે.

નાસતા ફરતા સાક્ષીની મીલકત જપ્ત કરવાનું.

૧૬૮. શાહેદી પુરવાને અથવા દસ્તાવેજ હાજર કરવાને હાજર રહેવા સારૂ કોઈ શખસને સમન કરયો હો

ય, તે બનતો નથી. એમ સમન પોંચાડનાર અમલદાર કોરટને લખી મોકલે તો, સમન ન પોંચ્યાની બાબામાં સમન પોંચડનાર અમલદારની સોગન ઉપર કોરટ જબાની લેવી.

અને તેની શાહેદી લેવી અથવા દસ્તાવેજ હાજર થવો જરૂરનો છે એ વિશે, તથા જે શખસને હાજર રહેવાને સમન કાઢેલો હોય તે સખસ સમન ન પોંચે એ હેતુથી નાસતો ફરે છે, કે ચુકવા ચુકવી કરેછે એ વિશે, કોરટની ખાત્રી કરવમા આવે તો અમુક દીવસે અને અમુક જગાએ શાહેદી પુરવા અથવા દસ્તાવેજ હાજર કરવા તમારે હાજર રહેવું, એમ જાહેરનામામા લખીને જાહેરનામું કાહડવાને કોરટ મુખત્યાર છે, અને તે જાહેર નામાની નકલ તે સખસ હમેસ રહતા હોય તે ઘરને બાહારને બારણે ચોહડી.

તે જાહેરનામામાં કહેલી વખતે અને જગાએ તે હાજર ન રહે તો, જે પક્ષકારની દરખાસ્ત ઉપરથી સમન કાઢયો હોય તે પક્ષકાર્ અરજકરવાથી કોરટની નજરમાં આવે તો, જેને હાજર રાખવાની જરૂર હોય તેની, કોરટની નજરમાં યોગ્ય આવે તેટલી મીલકત જપતી કરવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે. પણ જપ્તીનું ખરચ તથા કલમ ૧૭૦ પ્રમાણે દંડ કરવામાં આવે તેના રકમ એ કરતાં વધારે મીલકત જપ્ત કરવી નહીં.

પરંતુ કોઈ સ્માલકાજ કોરટે સ્થાવર મીલકતની જપ્તીનો હુકમ કરવો નહીં:

સાક્ષી હાજરથાયતો જપ્તી ખશેડી શકાય. ૧૬૯. મિલકત જપ્ત થયા પછી તે સખસ હાજરથઇને કોરટની ખાત્રી કરી આપે કે સમન ન બજે એ હેતુથી હું નાસી ગયો નહોતો, અથવા ચુકવા ચુકવી કરતો નહોતો, અને જાહેરનામાં લખેલે વખતે તથા ઠેકાંણે હાજર થઇ શકું એટલા વેળાસર મને જાહેરનામાની ખબર પડી નહોતી,—તોતે મીલકત ઉપરથી જપ્તી ખશેડવાને કોરટે હુકમ કરવો, તથા જપ્તીનાં ખરચ બાબત યોગ્ય જાણાય તેવો હુકમ કરવો.

સાક્ષી હાજર નથાયતો શી રીતે કરવું. ૧૭૦ જો તે શખસ હાજર ન થાય. અથવા હાજર થયા છતાં સમન ન પોંચે એ હેતુથી હું નાસી ગયો નહતો કે ચુકવા ચુકવી કરતો નહતો, અને જાહેરનામામાં લખેલે વખતે તથા ઠેકાંણે હાજર રહેવા સારૂ, જાહેરનામાની મને વેળાસર ખબર પડી નહોતી—એવી કોરટની ખાત્રી ન કરે તો તેની સંસારી હાલત તથા મુકદમાની બધી હકીકત ઉપર ધ્યાંન રાખીને ૫૦૦ રૂપીયા કરતાં વધારે નહીં એવો કોરટને યોગ્ય લાગે એટલો તેનો દંડ કરવાને કોરટ મુખત્યાર છે તથા સદરહુ રીતે દંડ થયો હોય તો તે રકમ અને જપ્તીને લીધે થએલો બધો ખરચ વસુલ કરવાસારૂ જપ્ત કરેલી મીલકત અથવા તેનો કંઇ ભાગ વેચવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે,

પરંતુ જેની હાજરીની જરૂર હોય તે શખસ સદરહુ દંડ તથા ખરચની રકમ કોરટમાં ભરે તો તે મીલકત ઉપરથી જપ્તી ખશેડવાનો કોરટે હુકમ કરવો.

ફરીઆદના પક્ષકારશી ૧૭૧ હાજર થવા તથા હાજર રહેવા વીષે આ કાયદામાં જે નિયમ કહ્યા છે તેને તથા હિંદુસ્તાનના સન વાયના શખસોને સાક્ષી

એ તરીકે કોરટ પોતાની મેજે સમન કાઢે. — ૧૮૮૨ ના પુરાવાના આકટમાં જે ઠરાવ છે તેને બાધ ન આવે તે રીતે ફરિયાદના પક્ષકાર શિવાય બીજા કોઇ શખસની જબાની લેવાની કોઇ પણ વખતે કોરટને જરૂર જણાય; અને ફરીઆદના કોઇ પક્ષકારે તેનુ નામ સાક્ષામાં આપ્યુ ન હોય તો, પોતાની મેજે તે શખસને સાક્ષી તરીકે શાહેદી પુરવા સારૂ અથવા તેના કબજામાંનો દસ્તાવેજ હાજર કરવાસારૂ એક દીવસ ઠરાવી તે દીવસનો સમન કઢાવીને સાક્ષી તરીકે તેની જબાની લેવાને અથવા તે દસ્તાવેજ હાજર કરવાનુ તેને તેને કહેવાને કોરટ તુખત્યાર છે,

શાહેદી પુરવા સારૂ અથવા દસ્તાવેજ હાજર કરવાસારૂ જે શખસોને સમન થયો હોયતેમની ફરજ — ૧૭૨. ઉપરની છેલી કલમમાં બતાવેલો નિયમ તથા ઠરાવ ઉપર નજર રાખીને ફરીયદમાં હાજર થઇને શાહેદી પુરવાની જેને સમન થયો હોય, તેણે તે કામને વાસ્તે સમનમાં લખેલે ઠેકાણે અને વખતે હાજર રહેવું અને દસ્તાજ હાજર કરવાને જેના ઉપર સમન થયો હોય તેણે સદરહુ વખતે તથા ઠેકાણે તે હાજર કરવાસ રૂ હાજર રહેવુ અથવા બીજા પાસે હાજર કરાવવો.

તેમણે ક્યારે જવું — ૧૭૩. સદરહુ રીતે સમન થએલા તથા હાજર રહેલા કોઇ પણ શખસે—(અ) તેની જબાની લેવા રહે અથવા દસ્તાવેજ હાજર કરે અને કોરટ ઉઠી જાય તે વગર અને ત્યાં સુધી અથવા (બ) જતા રહેવાને કોરટની રજા મળે તે વગર અને ત્યાં સુધી, જતા રહેવુ નહીં

સમન અમાન્ય કરવાનાં પરિણામ. — ૧૭૪. શાહેદી પુરવાનો અથવા દસ્તાવેજ હાજર કરવાનો સમન જે શખસને પોંચાડયો હોય તે શખસ સમન અમાન્ય કરે અથવા સદરહુ રીતે સમન થએલો અને હાજર રહેલો કોઇ શખસ કલમ ૧૭૩ થી ઉલટી રીતે જતો રહે તો તેને પકડીને કોરટની રૂબરૂ આણવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

પરંત સદરહુ પ્રમાણે કસુર કરવાનો કસુર કરનાર શખસને કાયદાસર સબબ હતો એમ માનવાનું કોરટને કારણ હોય તો સદરહુ પ્રમાણે હુકમ કરવો નહીં.

સદરહુપ્રમાણે કોરટની રૂબરૂ આણેલો સખસ, સમન અમાન્યકરવાનોકાયદાસરસબબ હતો એવી કોરટની ખાતરી ન કરે તો પાંચસેં રૂપીયા સુધી તેને દંડની શિક્ષા કરવાને કોરટ મુખત્યાર છે.

ખુલાસો:—કલમ ૧૬૦ માં કહેલું ખરચ કરવાને પુરતી રકમ ન ભરવામાં આવે; અથવા તે રકમ દંધો એમ કેહેવામાંન આવે તો તે આ કલમનાં અર્થ પ્રમાણે કાયદાસર સબબ ગણવો.

પકડાએલો સાક્ષી શાહેદી ન પુરી શકે અથવા દસ્તાવેજ હાજર ન કરી શકે ત્યારે શું કરવું. — સદરહુ પ્રમાણે પકડીને કોરટની રૂબરૂ આણેલો કોઇ સખસ પક્ષકારોની અથવા તે પઇકી કોઇની ગેરહાજરીને લીધે. સમન પ્રમાણે શાહેદી ન પુરી શકે, અથવા દસ્તાવેજ હાજર ન કરી શકે તો, કોરટને યોગ્ય લાગે તે જગાએ ને તે વખતે હાજર થવા સારૂ યોગ્ય જામી

ન અથવા બીજી મી આપવાનું ફરમાવવને તથા તે જામીન કે હામી આપેથી તેને છુટો કરવાને કોરટ મુખત્યાર છે.

સક્ષી નાસતાફરે ત્યારે શું કરવું.

૧૭૫. આવી રીતે સમન આમાન્ય કરનારો કોઇ સખસ, તેને કોઇ પકડીને કોરટની રૂબરૂ ન આણે એટલા માટે, નાસી જાય કે ચુકવાચુકવી કરે તો ૧૬૮, ૧૬૯ ને ૧૭૦ એ કલમો પ્રસંગ પ્રમાણે જરૂરનો ફેરફાર કરીને લાગુ પાડવી.

જાતે હાજર રહેવાને બંધાએલા શખસો.

૧૭૬ (અ) કોરટની સાધારણ અસલ હુકુમતની સ્થાનીક હદમાં, અથવા

(બ). તે હદની બાહાર પણ કોરટના મકાનથી ૫૦ માઇલ કરતાં ઓછા અંતર ઉપર કોઇ ઠેકાણે, અથવા (તેને રેહેવાનુ ઠેકાણું અને કોરટ બેસે છે તે ઠેકાણું એ બે વચ્ચે જે અંતર હોય તેના પાંચ સષ્ઠાંશ અંતરમાં આગ ગાડી ચાલતી હોય તો) કોરટના મકાનથી ૨૦૦ મઇલ કરતાં ઓછે અંતરે—

જે શખસ રહેતો ન હોય, તે કોરટમાં શાહેદી પુરવા કે જબાની આપવા સારૂ જાતે હાજર રહેવાને બંધાએલો નથી.

કોરટે કોઇ પક્ષકારને શાહેદીપુરવાનું કહ્યા છતાં તે ના પાડે તેનું પરિણામ.

૧૭૭ કોરટમાં હાજર હોય એવા ફરિયાદના કોઇ પક્ષકારને. શાહેદી પુરવાનું અથવા ત્યાં ને ત્યાં તેજ વખતે તેના ખરેખરા કબજામાં કે અખત્યારમાં હોય એવો કોઇ દસ્તાવેજ હાજર કરવાનું કોરટ ફરમાવે; અને કાયદાસર સબબ વિના, તે તેમ કરવાને ના પાડે ત્યારે, કોરટની નજરમાં આવે તો તેના વિરૂદ્ધ હુકમનામુ કરવાને કે, ફરિયાદની બાબતમાં પોતાને યોગ્ય જણાય તેવો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

સાક્ષિયો બાબતના નિયમ સમન કરેલા પક્ષકારોને લાગુ છે.

૧૭૮ ફરિયાદના કોઇ પક્ષકારને શાહેદી પુરવા કે દસ્તાવેજ હાજર કરવા સારૂ કહેવામાં આવે ત્યારે, આ કાયદામા સાક્ષિયો વિશે જે નિયમ કહ્યા છે તે, તેને જેટલા લાગુ પડી શકે તેટલા પાડવા.

ભાગ ૧૫ મો.

ફરિયાદની સુનાવણી તથા સક્ષિઓની જુબાનીયોં વિશે,

શરૂવાત કરવાનો હક્ક જે પક્ષકરને હોય તેણે પોતાનો મુકદમો કહીને પુરાવો હાજર કરવો,

૧૭૯. ફરિયાદની સુનાવણીને વાસ્તે જે દિવશ ઠરાવ્યો હોય તે દિવસે, અથવા સુનાવણી ને દિવશ ઉપર મુલતવી રાખી હોય તે દિવસનુ, શરૂવાત કરવાનો જે પક્ષકારને હક્ક હોય તે પક્ષકારે પોતાનો મુકદમો કહી બતાવવો; અને જે મુદ્દા શાબીત કરવાને તે બંધાએલો હોય તેની પુષ્ટીમાં તેણે પાતાનો પુરાવો હાજર કરવો.

શરૂવાત કરવાના હક્ક વિશે નિયમો

ખુલાસો:—શરૂવાત કરવાનો હક્ક વાદીનો છે. પરંતુ વાદીએ કહેલી હકીકતો કબુલ કરીને પ્રતિવાદી એવી તકરાર લે કે,—કાયદાની કાંઇ બાબતને લીધે અથવા પોતે જણાવેલી વધારે હકીકતોને લીધે, વાદી માગે છે તેમાંનીકાંઇ દાદ તેને મળવાનો હક

કે નથી.—તો શરૂવાત કરવાનો હક પ્રતિવાદીનો થાય છે.

શામાપક્ષકારેપોતાનોમુકદમોકહીનેપુરાવોઆણવો, શરૂવાત કરનાર પક્ષકારનો પ્રત્યુતર,

૧૮૦. પછી સામા પક્ષકારે પોતાનો મુકદમો કહી બતાવવો અને પોતાનો કાંઇ પુરાવો હોય તો તે આણવો, પછી શરૂવાત કરનાર પક્ષકારને પ્રત્યુત્તર આપવાનો હકછે.

ઘણા મુદા હોય અને તેમાંના કેટલાક શાબીત કરવાનો બોજો સામા પક્ષકાર ઉપર હોય ત્યારે શરૂવાત કરનાર પક્ષકાર, પોતાની નજરમાં આવે તો, તે મુદા ઉપર પોતાનો પુરાવો આણે, કે નહી તો સામો પક્ષકાર જે પુરાવો આણે તેના જવાબ તરીકે તે રાખી મુકે. જો તે પુરાવો રાખી મુકે તો, સામા પક્ષકાર પોતાનો બધો પુરાવો આણ્યા પછી તે મુદા ઉપર શરૂવાત કરનાર પક્ષકાર પુરાવો આણવાને મુખત્યાર છે; અને પછી શરૂઆત કરનાર પક્ષકારે આવી રીતે જે પુરાવો આણ્યો હોય તે ઉપર સામો પક્ષકાર વિશેશ ઉતર આપે; પરંતુ શરૂવાત કરનાર પક્ષકારનો પછીથી સામાન્ય રીતે આખા મુકદમા ઉપર પ્રત્યુત્તર આપવાનો હક થશે.

ખુલ્લી કોરટમાં સાક્ષીઓની જબાની લેવી.

૧૮૧. જે સાક્ષીઓ હાજર હોય તેમની શાહેદી ખુલ્લી કોરટમાં જડજની રૂબરૂ જડજ પોતે ફરમાવે એ રીતે અને તેની નિઘેબાની નીચે મોઢાના સવાલ પુછીને લેવી.

અપીલ થઇ શકે એવા કામમાં સાહેદી શી રીતે લેવી.

૧૮૨. અપીલ થઇ શકે એવા મુકદમાઓમાં પ્રત્યેક સાક્ષીની સાહેદી કોરટની ભાષામાં જડજે અથવા જડજની રૂબરૂ તેના પોતાના ફરમાવ્યા મુજબ અને તેની નીઘેબાની નીચે લખી લેવી. તે ઘણું કરીને સવાલ જવાબના રૂપમાં નહી પણ એક હકીકતના રૂપમાં લખી લેવી. અને તે પુરી થઇ રેહે એટલે જડજની તથા સાક્ષની રૂબરૂ તથા પક્ષકારો કે તેમના પ્લીડરોના દેખતાં વાંચી સંભળાવવી. અને જરૂર પડે તો જડજે તે સુધારવી, તથા તેના ઉપર સહી કરવી.

જબાનીનું ભાષાંતર ક્યારે કહી બતાવવું.

૧૮૩. જે ભાષામાં સાક્ષિએ સાહેદી પુરી હોય તેના થી જુદી ભાષામા કલમ ૧૮૨ પ્રમાણે તે લખી લીધી હોય, અને જે ભાષામાં તે લખી લીધી હોય તે ભાષા સાક્ષ સમજતો ન હોય તો, લખી લીધેલી શાહેદી, જે ભાષામાં તે આપી હોય તે ભાષામાં તેને સમજાવવી.

જડજે શાહેદી ન લખી લીધી હોય તો ટીપણ કરવુ.

૧૮૪. જે મુકદમાઓમાં જડજ પોતે શાહેદી લખી ન લે તે મુકદમાઓમા પ્રત્યેક સાક્ષની શાહેદી લેવાતી જાય તેમ તે સાક્ષીની જબાનીની મતલબનુ એક ટીપણ જડજે કરવુ જોઈએ. અને તે ટિપણ જડજે પોતાના હાથે લખીને તે ઉપર સહી કરવી તથા તેને દફતરનો એક ભાગ સમજવો.

ઇંગ્રેજીમાં શાહેદી ક્યારે લેઇ શકાય.

૧૮૫. કોરટની ભાષામાં ઇંગ્રેજી ન હોય તોએ, જો જાતે હાજર થએલા ફરિયાદના બધા પક્ષકાર તથા પ્લીડરની મારફતે હાજર થએલા પક્ષકારોના પ્લીડરો, ઇંગરેજી ભાષામાં પુરેલી શાહેદી ઇંગરેજીમાં લખી લેવાને હરકત ન લે તો, જડજ પો

તાને હાથે તે ઇંગરેજીમાં લખી લેવાને મુખત્યાર છે.

કોઇ વિશેષ સ્વાલ જવાબ લખી લેવાદ.

૧૮૬. કોઇ મુકરર સ્વાલ જવાબ, અથવા કોઇ સ્વાલ ઉપરની કાંઇ હરકત લખી લેવાનું અથવા લખાવી લેવાનુ કાંઇ વિશેષ કારણ જણાય તો, પોતાનીજ મેળે, અથવા કોઇ પક્ષકારની કે તેના પ્લીડરની અરજ ઉપરથી તે લખી લેવાને અથવા લખાવી લેવાને કોરટ મુખત્યાર છે.

હરકત લીધા છતાં કોરટે પુછવા દીધેલા સ્વાલ.

૧૮૭. સાક્ષિને કોઇ સવાલ પુછવાની હરકેઇ પક્ષકાર અથવા તેનો પ્લીડર હરકત લે, અને કોરટ તે સ્વાલ પુછવા દે તો, તે સ્વાલ, જવાબ, હરકત, હરકત કરનાર સખસનું નામ તથા તે ઉપરનો કોરટનો ઠરાવ એ બધું જડજ લખી લેવું;

સાક્ષિની વરતણુક વિશેનો શેરો.

૧૮૮. કોઇ સાક્ષિની જબાની આપતી વખતની વરતણુક વિશે જરૂર જણાય તેવો શેરો દફતરમાં લખવાને કોરટ મુખત્યાર છે.

અપીલ ન થઇ શકે એવા કામમાં શાહેદીનું ટીપણ કરવુ.

૧૮૯. જે મુકદમાઓ ઉપર અપીલ થઇ શકે નહી તે મુકદમાઓમાં સાક્ષીઓની શાહેદી લંબાણથી લખી લેવાની જરૂર નથી. પણ પ્રત્યેક સાક્ષીની શાહેદી લેવાતી જાય તેમ તે સાક્ષીની જબાનીની મતલબનુ ટિપણ જડજે કરવું અને તે ટીપણ જડજે પોતાના હાથે લખીને તે ઉપર સહી કરવી તથા તેને દફતરનો એક ભાગ ગણવુ.

જડજથી એ ટીપણ ન થઇ શકે તો તે ન થવાનુ કારણ તેણે લખવું

૧૯૦. આ બાબ પ્રમાણે સદરહુ મુજબ કરવાનુ ટિપણ જડજથી ન થઇ શકે તેમ હોય તો, તે ન થઇ શકવાનું કારણ તેણે દફતરમાં લખાવવુ અને જડજ મોઢેથી બોલે તેમ બીજો લખે એવી રીતે બીજા પાસે તે ટિપણ ખુલી કોરટમાં લખાવવું

આ પ્રમાણે કરેલા પ્રત્યેક ટિપણને દફતરનો ભાગ ગણવો.

ફરીયાદનો નિકાલ થયા પેહેલાં જડજ જાય તો તેણે લખી લીધેલી શાહેદી ઉપયોગમાં લેવાય.

૧૯૧. આ બાબ પ્રમાણે શાહેદી લખી લેનાર અથવા કંઇ ટીપણ કરાવી લેનાર જડજ ફરીયાદના નિકાલ થયા પેહેલાં મઇયત થાય કે કોરટમાંથી તે જાય તો તેની પછી થનાર નવા જડજે પોતાને યોગ્ય જણાય તો જાણે પોતેજ શાહેદી લખી લીધી હોય અથવા ટીપણ લખાવ્યું હોય તે રીતે તે શાહેદી અથવા ટિપણ ગણીને ચલાવવું.

સાક્ષીની જબાની લાગલીજ લેવાનો અખત્યાર.

૧૯૨. કોઇ સાક્ષી કોરટની હકુમતની બહાર જવાનો હોય, અથવા તેની શાહેદી લાગલીજ લેવાનું બીજુ પુરતુ કારણ કોરટની ખાત્રી લાયક બતાવવામાં આવે તો, ગમે તે પક્ષકારોની કે સાક્ષીની અરજ ઉપરથી, ફરિયાદ થયા પછી કોઇપણ વખતે પાછળ ઠરાવેલી રીતે તે સાક્ષીની શાહેદી લેવાને કોરટ મુખત્યાર છે.

સદરહુ શાહેદી પક્ષકારોના દેખતાં લાગલીજ ન લેવાય તો જબાની લેવાસારૂ.

દિવસ ઠરાવીને તે દિવસની કોરટને ચોગ્ય લાગે તેવી નોટીસ પક્ષકારોને આપવી.

આ રીતે લીધેલી શાહેદી સાક્ષીને વાંચી સંભળાવવી, અને તે શાહેદી ખરાબર છે એમ તે કબુલ કરે તો તે ઉપર તેણે સહી કરવી, અને પછી તે ફરીયાદની કોઇ પણ સુનાવણી વખતે વાંચી શકાય.

સાક્ષીને પાછો બોલાવી ને સવાલ કરવાને કોરટ મુખત્યાર છે.

૧૯૩ જેની જબાની લેવાઈ હોય અને જે કલમ ૧૭૩ પ્રમાણે જતો રેહ્યો ન હોય તેવા કોઇ સાક્ષીને ફરીઆદ ચાલતાં કોઈ પણ વખતે શાહેદી પુરવા પાછો બોલાવવા ને કોરટ મુખત્યાર છે. તથા (હિંદુસ્તાનના સન ૧૮૭૨ ના પુરાવાના આક્ટને બાધ ન આવે તે રીતે) કોરટને યોગ્ય લાગે તેવા સવાલ તેને કરવાને કોરટ મુખત્યાર છે.

—◦—

બાબ ૧૬ મો.

સોગનનામાં (આફી ડેવીટ) વિશે.

સોગનનામાથી કોઇબા ત શાબિત કરવાનો હુકમ થઇ શકે.

૧૯૪. કોઇપણ વખતે પુરતુ કારણ હોય તો, કોરટને ચોગ્ય જણાય તે શરતો કરીને, કોઇ વિશેષ હકીકત અથવા હકીકતો સોગનનામાથી (આફીડેવીટથી) શાબિત કરવી અથવા કોઇ સાક્ષીનુ સોગનનામુ સુનાવણી વખતે વાંચવુ એવો હુકમ કરવાને કોઇ પણ અવલ કોરટ તથા કોઇપણ અપીલ કોરટ મુખત્યાર છે.

પરંતુ કોરટને એમ જણાય કે, બેમાંથી એક પક્ષકાર સુદ્ધ બુધીથી કોઇ સાક્ષીને ઉલટ તપાસણી કરવા સારૂ બોલાવવા માગે છે અને તે સાક્ષી હાજર કરય તેમ છે, તો તે સાક્ષીનો સોગનનામાથી શાહેદી આપવાને અખત્યાર મળે તેવો હુકમ ન કરવો.

ઉલટ તપાસણી સારૂ સોગનનામું કરનારે હાજર રેહેવું એમ હુકમ કરવાનો અખત્યાર.

૧૯૫ કોઇ પણ અરજ ઉપર સોગનનામું કરીને શાહેદી આપી શકાય; પરંતુ સોગનનામું કરનારની ઉલટ તપાસણી કરવા સારૂ તેને હાજર રાખવાની બેમાંથી કોઇ પક્ષકાર અરજ કરે, તો તે પ્રમાણે હાજર રેહેવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

કોરટમાં જાતે હાજર રેહેવાની આ કાયદા પ્રમાણે સોગનનામુ કરનારને માફી ન મળી હોય, અથવા કોરટ બીજી રીતે ન ફરમાવે તો, તેણે સદરહુ પ્રમાણે કોરટમાં હાજર રેહેવું.

સોગનનામામાં લખવાની બાબતો.

૧૯૬. સોગનનામું કરનાર પોતાની જાતીકી માહીતીથી શાબિત કરી શકે તેટલીજ હકીકતો સોગનનામામાં લખવી. પરંતુ ફરિયાદ ચાલતાની દરમ્યાનની અરજોમાં; પોતે માનતો હોય તે મજકુરનાં જો ચોગ્ય કારણ બતાવવામાં આવે તો તેવો મજકુર દાખલ થઇ શકે.

જે સોગનનામામાં અમસ્તી સાંભળેલી બાબતો લખી હોય અથવા દલીલ લ

રેલી બાબત લખી હોય, અથવા દસ્તાવેજની નકલો કે તેમાંના ઉતારા લખ્યા હો ય તેવા પ્રત્યેક સોગન નામાનું ખરચ [કોરટ બીજી રીતે ન ફરમાવે તો]તે હાજર ક રનાર પક્ષકારે આપવું.

સોગનનામું કરનારને સોગન કોણે આપવા. ૧૯૭. આ કાયદા પ્રમાણે કોઇ પણ સોગનનામું કરવાનું હોય તો તેમાં—

[અ) કોઇ કોરટ અથવા માજીસટરેટ, અથવા,

[બ) તે કામને વાસ્તે હાઇ કોરટ નીમે એવો કોઈ અમલદાર, અથવા

(ક] સ્થાનિક સરકારે સામાન્ય રીતે કે વિશેષ રીતે તે કામને વાસ્તે અમ લદાર નીમવાનો અધીકાર જે બીજી કોરટને આપ્યો હોય તે કોરટે નીમે લો કોઇ અમલદાર.

સોગનનામું કરનારને સોગન આપી શકે.

—

બાબ ૧૭ મો.

ફેંસલા અને હુકમનામાં વિશે.

ફેંસલો ક્યારે કહી સંભળાવવો. ૧૯૮. યોગ્ય રીતે પુરાવો લીધા પછી તથા પક્ષકારો અથવા તેમના પોત પોતાના પ્લીડરો કે કબુલ કરેલા મુખત્યારો કહે તે સાંભળ્યા પછી, કોરટે તેજ વખ તે અથવા કોઇ આગળને દીવશે. ખુલ્લી કોરટમાં ફેંસલો કહી સંભળાવવો. જો આગળને દીવશે ફેંસલો કહી સંભળાવવો હોય તો તે દિવસની યોગ્ય ખબર પક્ષ કારોને અથવા તેમના પ્લીડરોને આપવી

માજી જડજે લખી રાખેલો ફેંસલો કહી સંભળાવવાનો અખત્યાર. ૧૯૯. પોતાની પેહેલા થઇ ગએલા જડજે ફેંસલો લખ્યો હોય પણ તે કહી સંભળાવ્યો ન હોય તો, તે ફેંસલો કહી સંભળાવવાને જડજ મુખત્યાર છે,

ફેંસલાની ભાષા. ૨૦૦. કોરટની ભાષામાં અથવા અંગરેજીમાં અથ જડજની સ્વભાષામાં ફેંસલો લખવો,

ફેંસલાનો તરજુમો. ૨૦૧. કોરટની ભાષા શિવાય બીજી કોઇ ભાષામાં ફેંસલો લખ્યો હોય ત્યારે, જો કોઇ પણ પક્ષકાર કોરટની ભાશામાં તેનો તરજુમો માગે તો, કોરટની ભાશામાં તેનો તરજુમો કરવો. અને તે તરજુમા ઉપર જડજે અથવા તે કામને વાસ્તે જડજ નીમે તે અમલદારે સહી કરવી.

ફેંસલા ઉપર તારીખ નાખીને સહી કરવી. ૨૦૨, ફેંસલો કહી સંભળાવતી વખતે ખુલ્લી કોરટમાં જડજે તે ઉપર તારીખ નાખીને સહી કરવી, અને શાબ્દિક ચુકો દુરસ્ત કરવા શીવાય અથવા કોઇ અગત્યના ભાગને હરકત ન આવે એવી કોઇ આગ્રધારી અપુર્ણતા પુરી પાડવા શીવાય અથવા ફરી તપાસ શીવાય અથવા ફરી તપાસ શીવાય તે ફેંસલામાં કંઇ ફેરફાર કરવો નહીં કે કંઇ વધારવું નહીં.

સ્માલકા કોરટના ફેંસલા. ૨૦૩, સ્માલકાજ કોરટોના ફેંસલામાં, નિરણય ક રવાની બાબતો તથા તે ઉપરનો ઠરાવ બે કરતાં વધારે

લખવાની જરૂર નથી.

બીજી કોરટોના ફેસલા. બીજી બધી કોરટોના ફેસલા મુકદમાની સંક્ષેપથી હકીકત, નીરણય કરવાની બાબતો તે ઉપરના ઠરાવ અને તે ઠરાવનાં કારણ, એટલુ આવવું જોઇયે.

કોરટે પ્રત્યેક મુદ્દાઉપર પોતાનો ઠરાવ લખવો. ૨૦૪ મુદા કાઢવામા આવ્યા હોય તેવી ફરીયાદોમાં પ્રત્યેક જુદા મુદા ઉપર કોરટે પોતાનો ઠરાવ અથવા નીવેડો તથા તેના કારણો લખવાં. પરંતુ ફરિયાદના નીવેડાને વાસ્તે એક અથવા વધારે મુદા ઉપરનો ઠરાવ બસ

અપવાદ. હોય તો બધા મુદાઓ ઉપર ઠરાવ તથા કારણ લખવાની જરૂર નથી.

હુકમનામાની તારીખ. ૨૦૫. જે તારીખે ફેસલો કહી સંભળાવ્યો હોય તે તારીખ હુકમનામા ઉપર નાંખવી. તથા ફેસલા પ્રમાણે હુકમનામુ લખેલુ છે એવી પોતાની ખાત્રી કરીને જડજે તે હુકમનામા ઉપર સહી કરવી.

હુકમનામામાં લખવાનો મજકુર. ૨૦૬. હુકમનામુ ફેસલાની સાથે મળતું આવવું જોઇએ રજિષ્ટરના લખ્યા પ્રમાણે ફરિયાદનો નંબર, પક્ષકારોનાં નામ તથા વરણન, અને દાવાની વીગત તેમાં આવવી જોઇએ; તથા જે દાદ અપાવી હોય તે અથવા ફરીયાદનો જે બીજો ચુકાદો કરયો હોય તે તેમાં સ્પષ્ટ રીતે લખવો.

ફરીઆદમાં થએલા ખરચની રકમ તથા તે ખરચ કયા પક્ષકારે શા પ્રમાણમાં આપવું એ પણ હુકમનામામાં લખવું.

હુકમનામુ દુરસ્ત કરવાનો અખત્યાર, ફેસલાથી ઉલટુ હુકમનામુ છે એમ માલમ પડે, અથવા હિસાબ ગણવાની કે હસ્તદોષની કંઇ ચુક હુકમનામામાં માલમ પડે, તો કોરટે, પોતાની મેળે અથવા કોઇ પક્ષકારની અરજ ઉપરથી ફેસલાની સાથે મળતુ આવે એવી રીતે હુકમનામુ દુરસ્ત કરવું અથવા ચુક, હોય તે સુધારવી. પરંતુ જે દુરસ્તી કરવાનો વિચાર હોય તેની યોગ્ય નોટીસ પક્ષકારોને અથવા તેમના પ્લીડરોને આપીને તેમ કરવું.

સ્થાવર મિલકત લેવાનુ હુકમનામું. ૨૦૭. ફરીયાદનો વિષય સ્થાવર મિલકત હોય અને તે મિલકત ચતુ:સીમાથી અથવા જમાબંદીના કે મોજણીના દફતરમાંના નબરથી ઓળખાતી હોય, તો તે ચતુ:સીમા અથવા નંબર હુકમનામામાં લખવા.

જંગમ મિલકત આપવાનુ હુકમનામું ૨૦૮. જંગમ મિલકત બાબત ફરીયાદ હોય અને તે મિલકત આપવાનુ હુકમનામુ થાય ત્યારે, તે મિલકત ન આપી શકાય તો તેને બદલે આપવાની પઇસાની રકમ પણ તેમાં લખવી.

પઇશાની ફરિયાદમાંનુ ૨૦૯. વાદીના લેહેણા રૂપિયાની ફરિયાદમાં હોય ત્યા

કુલ રકમ ઠરાવી હોય તે ઉપર કંઇ વ્યાજ આપવાનુ હુકમનામામાં ફરમાવી શકાય.

રે, જે મુદલ રકમ આપવાનો ઠરાવ કરયો હોય તેનુ ફરીયાદ માંડયા પહેલાં કાંઇ પણ મુદતનુ વ્યાજ અપાવ્યા ઉપરાંત, ફરીયાદની તારીખથી હુકમનામાની તારીખ સુધાંનુ કોરટને વાજબી લાગે તે દરથી તે મુદતલનુ વ્યાજ આપવાનો હુકમનામામાં હુકમ કરવાને કોરટ મુખત્યાર છે. વળી તેની સાથે આ પ્રમાણે કુલ રકમ ઠરાવવામાં આ તેનું હુકમનાની તારીખથી વસુલની તારીખ સુધીનું, અથવા તેનાથી પહેલાંનીકોરટને યોગ્ય લાગે તે તારીખ સુધીનું, કોરટ વાજવી ધારે તે દરથી વ્યાજ આપવાનો હુકમનામાં હુકમ કરવાને પણ કોરટ મુખત્યાર છે.

હપ્તાથી પઇસા આપવાનું. હુકમનામામાં ફરમાવી શકાય,

૨૧૦. રૂપીયા આપવાનાં બધાં હુકમનામામાં, પુરતુ કારણ હેય તો, વ્યાજ સાથે અથવા વગર વ્યાજે હપ્તાથી રૂપીયા આપવાનો હુકમ કરવાને કોરટ મુખત્યારછે.

હુકમનામુ થયા પછી હપ્તાથી રૂપીયા આપવાનો હુકમ.

અને એવું કોઇ હુકમનામું થયા પછી હુકમનામાના દેણદારની અરજ ઉપરથી તથા હુકમનામાવાળાની સંમતીથી વ્યાજ આપવા વિશે, પ્રતિવાદીની મિલકત જપ્ત કરવા વિશે, થવા તેની પાસેથી જામીન લેવા વિશે, અથવા બીજી કોઇ બાબત, કોરટનેતેયોગ્ય લાગે તે સરતો કરીને,—હુકમનામુ થએલી રકમ હપ્તાથી આપવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

આ કલમ માંતથા કલમ ૨૦૬ માં ફરમાવેલ્યુ છે તેશિવાય પક્ષકારોના કહેવાથી કોઇ પણ હુકમનામામાં ફેરફાર કરવો નહીં.

જમીન વિશેની ફરીયાદમાં વ્યાજ સાથે દરમીયાનની ઉપજ આપવાનુ હુકમનામુ કરવા કોરટ મુખત્યાર છે,

૨૧૧ ભાડુ કે બીજી ઊપજ મળે તેવી સ્થાવર મીલકત પાછી કબજામાં લેવા વિશે ફરીઆદ હોય ત્યાં, ફરીયાદ થયાની તારીખથી છે જેના લાભમાં હુકમનામુ થયુ હોય સુ પક્ષકારને કબજો મળે ત્યાં સુધીનાં અથવા હુકમનામાની તારીખથી ત્રણ વરસ સુધીનાં (એમાંથી પહેલો જે બનાવ બને ત્યાં સુધીની મિલકતની દરમિયાનનીતઉપજ અથવા ભાડું અને તેની સાથે તેના ઉપર, કોરટને યોગ્ય જણાય તે દરથી, વ્યાજ આપવાનો હુકમનામામાં ઠરાવ કરવાને કોરટ મુખત્યાર છે,

ખુલાસો:—મિલકતની "દરમ્યાનની ઉપજ એટલે, તે મિલકતનો ગેરવાજબી કબજો રાખનાર માણસને તેથી ખરેખરી ઉપજ મળી હોય તે, અથવા સાધારણ ઉદ્યોગથી તે જે ઉપજ મેળવી શકત તે તથા તે ઉપજનું વ્યાજ.

ફરિયાદ પહેલાંની દરમ્યાનની ઉપજની રકમનો કોર્ટ નિર્ણય કરે અથવા તે વિશેની બાકી રાખે.

૨૧૨. સ્થાવર મિલકતનો કબજો પાછો આપવા બાબત તથા ફરિયાદ થયા પહેલાંની કોઇ મુદતની તે સ્થાવર મિલકતની મહેલી દરમ્યાનની ઉપજ બાબત ફરિયાદ હોય, અને તે ઉપજની રકમને વાસ્તે તકરાર હોય તો કોર્ટ ચાહે તો, હુકમનામામાંજ તે રકમનો નિર્ણય કરે કે નહી તો તે મિલકતનુ હુકમનામું કરે, અને દરમ્યાનની ઉપ

જની રકમ બાબત ચોકશી કરવાનું ફરમાવીને તેનો બીજા હુકમથી નિકાલ કરે.

વહીવટની ફરિયાદો.

૨૧૩. કોઇ મિલકતનો હિસાબ લેવાની તથા કોરટના હુકમનામા પ્રમાણે તે મિલકતનો યોગ્ય વહિવટ કરવાની ફરિયાદ હોય ત્યારે હુકમનામું કરતાં પેહેલાં કોર્ટે તે હિસાબ લેવાનો તથા ચોકશી કરવાનો હુકમ કરવો, તથા પોતાને યોગ્ય લાગે તેવા બીજા હુકમો કરવા.

આ કાયદો અમલમાં આવે ત્યાર પછી મેયત થએલા કોઇ સખસની મિલકતનો વહિવટ કોર્ટ મારફત થતો હોય તેમાં, તે શખસનું કરજ અને જવાબદારી પુરેપુરી અદા કરવાને માટે તે મિલકત અપુર્તી જણાય તો,—જામીનગીવાળા અને વગર જામીનગીવાળા લેહેણદારોના પોતપોતાના હક્કો વિશે, તથા જે દેવું અને જવાબદારી શાબિત થઇ શકે તેવા દેવા અને જવાબદારી વિશે, અને વર્ષાસન તથા ભાવી અવલંબી જવાબદારીઓની" અનુક્રમે કિંમત કરવા વિશે, નાદાર ઠરેલા શખસોની ઇસ્ટેટને વાસ્તે જે તે વખતે જે નિયમ ચાલુ હોય, તે નિયમ પ્રમાણે કામ કરવું.

અને આવા કોઇપણ કામમાં, તે મિલકતમાંથી પૈસા મળવાનો જે સખસોનો હક્ક કર્યો હોય તે તમામ શખસો, તે મિલકતના વહિવટના હુકમનામા ઉપર આધાર રાખીને, આ કાયદાની રૂઇએ પોતપોતાનો જે હક્ક હોય તે માગી શકે.

સને ૧૮૭૨ ના હિંદુસ્તાનના કરાર આકટની, કલમ ૨૬૫ પ્રમાણે કરેલી અરજો આ કલમના અર્થ પ્રમાણે કરેલી ફરિયાદો છે એમ સમજવું.

અગ્રક્રયાધિકારનો હક્ક અમલમાં લાવવાની ફરિયાદ.

૨૧૪. મિલકતના કોઇ અમુક વેચાણમાં અગ્રક્રયાધિકારનો હક્ક અમલમાં લાવવાની ફરિયાદ હોય, અને કોરટ વાદીની તરફેણમાં ઠરાવ કરે ત્યારે, જો ખરીદીની રકમ કોરટમાં ભરી ન હોય તો, હુકમનામાંમાં એક દિવસ જણાવીને લખવું કે તે દિવસ પેહેલાં અથવા તે દિવસે તે રકમ ભરવી. વળી હુકમનામામાં એવો ઠરાવ કરવો કે—હુકમનામામાં વાદીના ઉપર ખરચ નાંખ્યું હોય તો તે ખરચ સુદ્ધાંત તે ખરીદીની રકમ આપે ત્યારે વાદીએ મિલકતનો કબજો લેવો, પરંતુ તે રકમ તથા ખરચ સદરહુ પ્રમાણે ન ભરે તો ફરિયાદ ખરચ સુધાં કાઢી નાંખેલી ગણવી.

પંત્યાળુ તોડવાની ફરિયાદ.

૨૧૫. પંત્યાળુ તોડવાની ફરિયાદ હોય, ત્યારે હુકમનામું કરતાં પહેલાં, એક દિવસ ઠરાવીને તે દિવસે પંત્યાળુ તુટયું એમ ગણવાનો, અને પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે હિસાબ લેવાનો તથા બીજા કૃત્ય કરવાનો, હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

મુખ્ય તથા તેના મુખત્યારની વચ્ચેના હિસાબ બાબતની ફરિયાદ.

૨૧૫. અ. મુખ્ય તથા તેના મુખત્યારની વચ્ચે પૈસા સંબંધી લેણદેણનો હિસાબ લેવાની ફરીયાદમાં, તથા જે ફરીયાદો વિશે આ કાયદામાં પાછળ ઠરાવ કરવામાં આવ્યો ન હોય એવી તમામ ફરીયાદોમાં, કોઇ પક્ષકારને મળવાની કે કોઇ પક્ષકાર પાસેથી મળવાની રકમ નકી કરવા સારૂ હિસાબ લેવાની જરૂર હોય ત્યારે, કોરટે હુકમનામું કરતાં પહેલાં પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે

હીસાબ લેસનો હુકમ ફરમાવવો.

સામો દાવો અપાવ્યો હોય ત્યારે હુકમનામું.

૨૧૬. વાદીના દાવાની સામે પ્રતીવાદીએ પોતાની લેહેણી રકમનો સામો દાવો કર્યો હોય, અને તે સામો દાવો મંજુર રાખ્યો હોય તો, વાદીના કેટલા રૂપીયા લેહેણા છે તથા પ્રતિવાદીના (જો કંઇ હોય તો) કેટલા રૂપીયા લેહેણા છે એ હુકમનામામાં લખવું, અને બેમાંથી જે પક્ષકારનું જેટલું લેહેણું જણાય તેણે તે વસુલ કરવાનું હુકમનામું કરવું.

પ્રતિવાદીને અપાવેલી રકમની બાબતમાં હુકમનામાનું ફળ.

હુકમનામામાં કોઇ રકમ કોરટે પ્રતીવાદીને અપાવી હોય તો, અપીલ અથવા બીજી બાબતોને વાસ્તે જાણે પ્રતીવાદીએ વાદીની ઉપર જુદી ફરીયાદ કરીને તે રકમનો દાવો કરચો હોય તે પ્રમાણે તે હુકમનામાની અસર થશે અને તેજ નીયમો તેને લાગુ પડશે.

ફેંસલાની તથા હુકમનામાની સહી સુધાંતની નકલો આપવી.

૨૧૭. પક્ષકારોને કોરટને અરજ કરે તો તેમને ખરચેથી ફેંસલાની તથા હુકમનામાની સહી સાથેની નકલો આપવી.

બાબ ૧૫ મો.

ખરચ વિશે.

અરજીનું ખરચ.

૨૧૮. આ કાયદા પ્રમાણે કોઇ અરજનો નિકાલ કરતી વખતે તે અરજનું ખરચ કોરટ બેમાંથી ગમે તે પક્ષકારને અપાવે, અથવા કામની કોઇ આગળની સુનાવણી સુધી તે ખરચનો વિચાર કરવાનું રેહેવા દે.

ખરચ કોણે આપવું એ ફેંસલામાં ફરમાવવું.

૨૧૯. પ્રત્યેક પક્ષકારનું ખરચ,—તેણે પોતે કે ફરિયાદના કોઇ બીજા પક્ષકારે કોણે સોસવું, અને તે બધું કે કેટલો ભાગ કે શા પ્રમાણમાં સોસવું એ ફેંસલામાં ફરમાવવું.

ખરચ વિશે કોરટનો અખત્યાર.

૨૨૦. પ્રત્યેક અરજનું અને ફરિયાદનું ખરચ પોતાને યોગ્ય જણાય તે રીતે અપાવવાનો તથા વેંચી આપવાનો પુરણ અખત્યાર કોરટને છે, અને મુકરદમાનો ઇનસાફ કરવાની હકુમત કોરટને ન હોય એટલા ઉપરથી આ અખત્યારનો અમલ કરવાને હરકત નથી.

પરંતુ કોઇ અરજનું અથવા ફરિયાદનું ખરચ તેના નિકાલને અનુસરતી રીતે ન આપવાનું કોરટ ફરમાવે તો કોરટે પોતાનાં કારણ લખવાં.

આ કાયદા પ્રમાણે ખરચ બાબત કરેલો દરએક હુકમ, હુકમનામાનો ભાગ ન હોય ત્યારે, જાણે તે પઇસા બાબતનું જ હુકમનામું હોય એ રીતે તે બજાવી શકાય.—

જે રકમ કબુલ હોય

૨૨૧. એક પક્ષકારને બીજા પક્ષકારે ખરચ આપ

અથવા લેહેણી માલમ પડે તેમાં ખરચ મજરે અપાવી શકાય.

ખાનું હોય, અને તે બીજા પક્ષકારની પહેલાં પક્ષકાર પાસે કાંઇ રકમ લેહેણી છે એવી કબુલત હોય અથવા એમ ફરિયાદમાં માલમ પડ્યું હોય, તો તે લેહેણામાં ખરચનો સામો દાવો મજરે અપાવવાનું ફરમાવવાને કોરટ મુખત્યાર છે.

ખરચ ઉપર વ્યાજ.

૨૨૨. ખરચ ઉપર દર વરસે દર શેંકડે છ ટકા સુધીના દરનું વ્યાજ અપાવવાને કોરટ મુખત્યાર છે,

વિષયમાંથી ખરચ વસુલ

અને તે ખરચ, વ્યાજ સાથે અથવા વગર વ્યાજે ફરિયાદના વિષયમાંથી વસુલ કરવું અથવા તેનો બોજો ફરિ ફરિયાદના વિષય ઉપર રાખવો એવો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

બાબ ૧૪ મો.

હુકમનામાંની બજાવણી વિશે.

અ—૬ઇ કોરટથી હુકમનામાં બજી શકે તે વિશે.

જે કોરટથી હુકમનામું બજી શકે તે કોરટ.

૨૨૩. કોઇપણ હુકમનામું, જે કોરટે તે કરયું હોય તે કોરટથી, અથવા આ આકટમાં હવે પછી જે ઠરાવો કરેલા છે તે પ્રમાણે જે કોરટને તે બજાવવા સારૂ મોકલ્યું હોય તે કોરટથી બજી શકે.

હુકમનામું કરનારી કોરટ, હુકમનામાવાળાની અરજ ઉપરથી, નીચે લખેલે પ્રસંગે તે હુકમનામું બીજી કોરટને બજાવવા સારૂ મોકલવાને મુખત્યાર છે.

(અ) જેના ઉપર હુકમનામું થયું હોય તે શખસ તે બીજી કોરટની હકુમતની સ્થાનીક હદમાં ખરેખર. અને આપ ખુશીથી રહેતો હોય કે ધંધો ચલાવતો હોય કે કમાઇને વાસ્તે જાતે કામ કરતો હોય તો, અથવા

(બ) હુકમનામું કરનારી કોરટની હકુમતની સ્થાનીક હદમાં તે હુકમનામું પુરૂ થાય એટલી તે શખસની મિલકત ન હોય, અને તે બીજી કોરટની હકુમતની સ્થાનીક હદમાં તેની મિલકત હોય તો, અથવા

(ક) હુકમનામું કરનારી કોરટની હકુમતની સ્થાનિક હદની બાહારની સ્થાવર મિલકત વેચવાને હુકમનામામાં ફરમાવ્યું હોય તો, અથવા

(ડ) હુકમનામું કરનારી કોરટને બીજા કોઇ કારણથી એમ લાગે કે તે બીજી કોરટે હુકમનામું બજાવવું જોઇએ તોઃ પરંતુ આમાં જે બીજા કારણથી તેમ લાગ્યું હોય તે કારણ કોરટે પોતે દફતરમાં લખવું જોઇએ,

હુકમનામું કરનારી કોરટ પોતાને મનથી તે હુકમનામું બજાવવા સારૂ પોતાના તાબાની કોઈ કોરટને મોકલવાને મુખત્યાર છે.

આ કલમ પ્રમાણે બજાવણી સારૂ જે કોરટને હુકમનામું મોકલ્યું હોય તે કોરટે તે બજાવ્યાની વાત, અથવા તે બજાવવાનું ન બને તો જે હકીકતોને લીધે તે બજાવવાનું ન બન્યું હોય તે હકીકતો, હુકમનામું કરનારી કોરટને લખી જણાવવી.

સ્માલકાજ કોરટ સાંભળી શકે એવા મુકદમામાં હુકમનામું થયું હોય, અને કલકત્તા, મદ્રાસ, મુંબાઇ અથવા રંગુનમા તે બજે એવી હુકમનામું કરનારી કોરટની મરજી હોય, તો કલમ ૨૨૪ ની રકમ [અ) (બ) [ક) મ, અનુક્રમે કહેલી નકલો અને સરટિફીકેટ, કલકત્તા, મદ્રાસ, મુંબાઇ અથવા રંગુન (જે હોય તે] ની સ્માલકાજ કોરટને મોકલવાને તે હુકમનામું કરનારી કોરટ મુખત્યાર છે. અને તે પ્રમાણે મોકલવામાં આવે એટલે તે સ્માલકાજ કોરટે જાણે તે હુકમનામું પોતેજ કરયું હોય અને જે રીતે બજાવે તે રીતે તે બજાવવું.

હુકમનામું કરનારી કોરટ અને જે કોરટમાં તે બજાવવા મોકલ્યું હોય તેકોરટ એ બંને એકજ ડિસ્ત્રિકટમાં હોય તો, પેહેલી કોરટે બીજી કોરટને હુકમનામું પરબારયું મોકલવું, પરંતુ જે કોરટને હુકમનામું બજાવવા મોકલવું છે તે જુદા ડિસ્ત્રિકટમાં હોય તો, જે ડિસ્ત્રિકટમાં હુકમનામું બજાવવું હોય તે ડિસ્ત્રિકટની ડિસ્ત્રિકટ કોરટને હુકમનામું કરનારી કોરટે હુકમનામું મોકલવું.

પોતાનું હુકમનામું બીજી કોરટે બજાવવું એમ કોરટ ફરમાવે ત્યારે કામ ચલાવવાની તારીખ,

૨૨૪. કલમ ૨૨૩ પ્રમાણે બજાવવા સારૂ હુકમનામું મોકલનારી કોરટે નીચે લખેલા કાગળો મોકલવા:—

[અ] હુકમનામાની નકલ;

(બ) હુકમનામું કરનારી કોરટની હકુમતમાં બજાવણી કરીને હુકમનામું પૂરૂં થયું નથી, અથવા થોડું હુકમનામુંબજ્યું હોય તો હુકમનામું કેટલું પુરૂં થયું છે, અને તેનો કેટલો ભાગ બજાવ્યા વગરનો છે, એ વિશેનું સરટીફીકેટ; તથા

(ક) હુકમનામું બજાવવા સારૂ કરેલા કોઇ હુકમની નકલ અને તેવો કોઇહુકમ ન કરયો હોય તો તેવી મતલબનું સરટીફીકેટ,

હુકમનામાં વગેરેની નકલો જે કોરટને મળે તે કોરટે શાબિતી વગર તે દાખલ કરવી,

૨૨૫. જે કોરટને સદરહુ પ્રમાણે હુકમનામું મોકલ્યું હોય તે કોરટે હુકમનામાની કે બજાવવાના હુકમની, અથવા તેનીનકલોની, કે તે કરનારી કોરટના હકુમતની બીજી કંઇ શાબીતી વગર, તે નકલો અને સરટીફીકેટ દાખલ કરવાં. પરંતુ કંઈ વિશેષ કારણો જડજની સહી સાથે દફતરમાં લખીને તે કારણોને લીધે જેને હુકમનામું મોકલ્યું છે તે કોરટ તેવી શાબીતી માગે તો તે નકલો ને સરટિફિકેટ વગર શાબીતીએ દાખલ ન કરવાં.

જે કોરટને હુકમનામું અથવા હુકમ મોકલ્યો કોરટે તે બજાવવાનું.

૨૨૬. તે નકલો ઉપર પ્રમાણે દાખલ થાય એટલે, હુકમનામું કે હુકમ જે કોરટને મોકલ્યો હોય તે ડિસ્ત્રીકટ કોરટ હોય તો, તે હુકમનામું અથવા હુકમ તે ડિસ્ત્રીકટ કોરટ બજાવે. અથવા તે ડિસ્ત્રીકટ કોરટ

પોતાના તાબાની જે કોરટને તે બજાવવાનું ફરમાવે તે કોરટ બજાવે.

બીજી કોરટે મોકલેલું હુકમનામું હાઇ કોરટે બજાવવાનું.

૨૨૭, જે કોરટને બજાવવા સારૂ હુકમનામું મોકલ્યું હો યતે હાઇ કોરટ હોય તો, જાણે તે કોરટે પોતાની સાધારણ અવલ દીવાની હુકમત ચલાવતાં તે હુકમનામું કરયું હોય, તે રીતે તે કોરટે તે હુકમનામું બજાવવું.

બજાવવા સારૂ બીજી કોરટોમાં આવેલાં હુકમનામાં બજાવવામાં કોરટનો અખત્યાર.

૨૨૮. આ બાબ પ્રમાણે જે કોરટને હુકમનામું બજાવવા સારૂ મોકલ્યું હોય, તે કોરટનો તે હુકમનામું બજાવવામાં, જાણે તે મોકલેલું હુકમનામું પોતેજ કરયું હોય તો તે બજાવવામાં પોતાનો જે અખત્યાર હોય, તેજ અખત્યાર ગણાશે. હુકમનામું બજાવવામાં હરકત કરનારા અથવા હુકમ ન માનનારા શખ્સોને તે કોરટ જાણે, તે હુકમનામું પોતેજ કરયું હોય તે રીતે, શિક્ષા કરશે. અને તે હુકમનામું બજાવવામાં તે કોરટે કરેલા હુકમોને, જાણે તે હુકમનામું પોતેજ કરયું હોય તેવી રીતે; અપીલમાં સંબંધી નિયમો લાગુ પડશે.

તે હુકમનામાં બજાવવામાં કરેલા હુકમો ઉપર અપીલ.

હીંદુસ્તાનની સરકારે દેશી સંસ્થાનોમાં સ્થાપેલી કોરટોનાં હુકમનામાં,

૨૨૯. પર રાજ્યના અથવા સંસ્થાનના મુલકમાંની ગવરનર જનરલ ઇનકાઉન્સીલના હુકમથી સ્થપાએલી કોઇ કોરટનું હુકમનામું, તે કરનારી કોરટની હુકમતમાં બજી શકે નહીં તો, આ બાબમ ઠરાવ્યું છે તે રીતે બ્રિટીશ ઈંડિયાની કોઇ કોરટની હુકમતમાં બજાવી શકાય.

બ.—બજાવણીની દરખાસ્ત વિશે.

બજાવણી સારૂ દરખાસ્ત.

૨૩૦, હુકમનામાના માલીકની તે હુકમનામું અમલમાં લાવવાની ઇચ્છા હોય તો, હુકમનામું કરનારી કોરટને અથવા, તે કામને વાસ્તે જો કોઇ અમલદાર નીમ્યો હોય તો તે અમલદારને તેણે દરખાસ્ત કરવી: અથવા પાછળ ગએલા ઠરાવો પ્રમાણે બીજી કોરટને હુકમનામું મોકલ્યું હોય તો, તે કોરટને કે તેના યોગ્ય અમલદારને દરખાસ્ત કરવી.

કોરટની નજરમાં આવે તો હુકમનામાંના દેણદારની જાત અને મિલકત બંને ઉપર એકજ વખતે બજાવણીનો હુકમ કરવાની ના પાડવાને કોરટ મુખત્યાર છે.

પઇશા આપવાનું અથવા બીજી મિલકત સ્વાધીન કરવાનું હુકમનામું બજાવવાને આ કલમ પ્રમાણે દરખાસ્ત કરી હોય ને તે મંજુર થઇ હોય તો, તેજ હુકમનામું બજાવવાની ત્યાર પછીની કોઇ દરખાસ્ત નીચેની કોઇ તારીખથી એટલે:—

(અ) જેનો અમલ કરવા માગ્યો હોય તે હુકમનામાની તારીખથી, અથવા તે હુકમનામું બાહાલ રાખનારા અપીલના (જો કંઇ હોય તો) હુકમનામાની તારીખથી, અથવા

(બ) હુકમનામામાં અથવા ત્યાર પછીના કોઇ હુકમમાં એમ ફરમાવ્યું હોય કે ફલાણી તારીખે પઇસાનું કાંઇ ભરણું કરવું અથવા કઇ મિલકત સ્વાધીન કરવી, તો દરખાસ્ત કરનાર જે પઇશાને અથવા

મિલકતને વાસ્તે હુકમનામું અમલમાં લાવવા માગતો હોય, તે પ ઇસાનું ભરણું કરવાને અથવા તે મિલકત સ્વાધીન કરવાને ચુ કયાની તારીખથી.

બાર વરસ થઇ ગયા કેડે મંજુર કરવી નહીં.

દરખાસ્તની તારીખ પહેલાંનાં લાગલાંજ બાર વરસમાં કોઇપણ વખતે હુકમ નામાના દેણદારે દગાથી અથવા બળજોરીથી હુકમનામાની બજાવણી થવા દીધી ન હોય, તો સદરહુ બાર વરસ વીતી ગયા પછી હુકમનામાની બજાવણીની દર ખાસ્ત મંજુર કરવાને આ કલમમાં કહેલી કોઇ વાતથી કોરટને અટકાવ થશે નહીં.

આ કલમમાં ગમે તેમ કહ્યું હોય તે છતાંએ આ કાયદો પાસ થયા પછી ત્રણ વરસની અંદર કોઇપણ હુકમનામું અમલમાં લાવવાનું કામ ચલાવી શકાશે. પરંતુ આ કાયદો પાસ થતી વખતે જે કાયદો ચાલુ હોય તે કાયદામાં એવું કામ ચલાવવાને જે મુદત ઠરાવી હોય તે સદરહુ ત્રણ વરસ પુરાં થતાં પહેલાંજ વીતી ન જાય તો તેમ થઇ શકે.

એકઠા હુકમનામાવાળાની દરખાસ્ત.

૨૩૧. એક કરતાં વધારે શખસોની તરફેણમાં એકઠું હુકમનામું થયું હોય, તો તે બધાના હિતને વાસ્તે અથવા તેમાંનો કોઇ મરી ગયો હોય તો, બાકીના જીવતા તથા મ યતના હક સંબંધવાળા વારસ વકીલના હીતને વાસ્તે, તેમાંના કોઇએક શખસ અ થવા વધારે શખસો અથવા તેના કે તેઓના વારસ વકીલો આખું હુકમનામું બજા વવાની દરખાસ્ત કરવાને મુખત્યાર છે.

આ પ્રમાણે કરેલી દરખાસ્ત ઉપરથી હુકમનામું બજાવવા દેવાનું પુરતુ કારણ કોરટને જણાય તો, જે શખસો દરખાસ્ત કરવામાં સામીલ થયા ન હોય તેમના હક જાળવવા સારૂ જરૂર જણાય તેવો હુકમ કોરટે કરવો.

હુકમનામાની માલકી જેને મળે તેણે કરવાની દરખાસ્ત,

૨૩૨. પોતાનો હક બીજાને આપી દેવાના લખત (અસાઇનમેન્ટ) થી અથવા કાયદાના અમલથી, કોઇ હુ કમનામાની માલકી હુકમનામાવાળા પાસેથી બીજા કોઇ શખસને મળે તો, જેને તે મળે તે શખસ હુકમનામું કર નારી કોરટને તે બજાવવાની દરખાસ્ત કરવાને મુખત્યાર છે; અને તે કોરટને યોગ્ય લાગે તો, જાણે તે હુકમનામાવાળાએ દરખાસ્ત કરી હોય તે રીતે અને તેજ શરતોથી તે હુકમનામું બજી શકે.

(અ) પોતાનો હક્ક બીજાને આપી દેવાના લખત (અસાઇનમેંટ) થી હુકમ નામું બીજાને આપ્યું હોય, ત્યારે તે આપનારને તથા તે હુકમનામાના દેણદારને તે દરખાસ્ત વિશેની લખેલી નોટીસ આપવી. અને આ બ જાવણીને વાસ્તે તેમની હરકતો (જો કંઇ હોય તો) કોરટ સાંભળે ત્યાં સુધી તે હુકમનામું બજાવશે નહીં.

(બ). ઘણા એક સખસો ઉપરનું પઇસા બાબતનું હુકમનામું હોય અને તે તેઓમાંના એકને આપ્યું હોય તો તે બાકીનાઓ ઉપર બજાવવું નહીં.

સુગી હુકમનામા વાળો

૨૩૩. સુગી હુકમનામા વાળા ઉપર હુકમનામાનો દ

ઉપર અમલમાં લવાય તેના જે હક હોય તે હુકમનામું ચઢાવી લેનાર ઉપર રેહેશે.

ણદાર જે કંઇ હક્ક (ઇકિવટીઝ) (હોય તો તે) અમલમાં લાવત તે હક સુદ્ધાંત, હુકમનામું લેનારને, તે હુકમનામું મળ્યું છે એમ ગણાશે.

બજાવણી પેહેલાં હુકનામાનો દેણદાર મરી જાય તો તેના વારસ વકીલ ઉપર દરખાસ્ત થાય.

૨૩૪. હુકમનામું પુરે પુરૂં બજે તે પેહેલાં હુકમનામાનો દેણદાર ગુજરી જાય તો, મઇયતના કાયદેસર વારસ વકીલ ઉપર તે બજાવવા સારૂ હુકમનામાનો માલક હુકમનામું કરનારી કોરટને દરખાસ્ત કરવાને મુખત્યાર છે.

તે વારસ વકીલના હાથમાં આવેલી મઇયતની જેટલી મિલકતની યોગ્ય વ્યવસ્થા કરી નહીં હોય, તેટલી મિલકત પુરતોજ તે જવાબદાર થશે; આ જવાબદારી નકી કરવા સારૂ હુકમનામું બજાવનારી કોરટે, પોતાને મનથી અથવા હુકમનામાવાળાની અરજ ઉપરથી, પોતાને યોગ્ય લાગે તેવો હિસાબ તે વારસ વકીલ પાસે હાજર કરાવવાને મુખત્યાર છે.

હુકમનામું બજાવવાની દરખાસ્તનો મજકુર.

૨૩૫. હુકમનામું બજાવવાની દરખાસ્ત લખેલી કરવી અને અરજદારે અથવા જે શખસને કામની હકીકતની માહિતગારી છે એમ કોરટની ખાત્રી લાયક શાબીત થયું હોય તેવા કેઇ બીજા શખસે તે દરખાસ્તના સાચાપણાનો એકરાર કરવો, તથા તેમાં નીચેની વીગતો એકપત્રકના રૂપમાં લખવી.

(અ) ફરિયાદનો નંબર;
(બ) પક્ષકારોનાં નામ.
(ક) હુકમનામાની તારીખ.
(ડ) હુકમનામા ઉપર કંઇ અપીલ થઇ છે કે નહીં તે:
(ઈ) હુકમનામા પછી તકરારી બાબત વિશે પક્ષકારો વચ્ચે માંહો માંહિ કંઇ ગોઠવણ થઇ છે કે નહીં, અને થઇ હોય તો શી થઇ છે તે;
(ફ) હુકમનામું બજાવવાને વાસ્તે પેહેલાં કાંઇ દરખાસ્તો કરી છે કે નહીં, કરી હોય તો શી શી અને તેમનું પરિણામ શું થયુ તે;
(ગ) હુકમનામાની રૂઇએ લેહેણાની અથવા નુકશાનીના બદલાની મળવાની રકમ, વ્યાજ અપાવ્યું હોય તો તે સુદ્ધાંત, થાય તે, અથવા હુકમનામામાં બીજી જે દાદ અપાવી હોય તે;
(હ) કંઇ ખરચ અપાવ્યું હોય તો તેની રકમ;
(ઐ) જેના ઉપર હુકમનામું અમલમાં લાવવું હોય તે શખસનું નામ; અને
(જ) કોરટની મદત કઇ રીતે જોઇએ છીએ તે, એટલે કંઇ વિશેષ મિલકત જ સ્વાધીન કરવાનું હુકમનામું હોય તો. તે મિલકત સ્વાધીન કરાવવી દરખાસ્તમાં લખેલા શખશને પકડીને કેદ કરવો; કે તેની મિલકત જપ્ત કરવી; અથવા માગવાની દાદના સ્વરૂપ પ્રમાણે બીજી રીતે જે જોઇએ તે

જંગમ મિલકત જપ્ત કરવાની દરખાસ્ત સાથે

૨૩૬. જ્યારે જ્યારે હુકમનામાના દેણદારની કંઇ જંગમ મિલકત જપ્ત કરવાની દરખાસ્ત કરી હોય પર,

તેની યાદ આપવી — તુ તે મિલકત તેના કબજામાં ન હોય ત્યારે ત્યારે હુકમનામાવાળાએ જપ્ત કરવાની મિલકતની જોઇએ તેટલી ખબર વરણનવાળી યાદ દરખાસ્ત સાથે આપવી.

સ્થાવર મીલકત જપ્ત કરવાની દરખાસ્ત હોય તો જાસ્તી વીગત લખવાની તે.

૨૩૭. જ્યારે જ્યારે હુકમનામાના દેણદારની કંઇ સ્થાવર મિલકત જપ્ત કરવાની દરખાસ્ત કરી હોય, ત્યારે ત્યારે તે મિલકત ઓળખવાને બસ થાય એવું તેનું વરણન તે દરખાસ્ત નીચે આપવું, તથા હુકમનામાના દેણદારનો તે મીલકતમાં હિસ્સો અથવા હક સંબંધ હોય તેની તપશીલ, દરખાસ્ત કરનાર ખરેખરી રીતે માનતો હોય અને તપાસ કરતાં તેની નકી થઇ શકી હોય તે પ્રમાણે આપવી.

ફરીઆદ અરજીના સાચાપણાના એકરારને વાસ્તે પાછળ જે રીત કહી છે તે રીતે સદરહુ પ્રત્યેક વરણન ઉપર અને તપસીલ ઉપર તેના સાચાપણાના એકરાર કરવા.

કલેકટરના રજીસ્ટરમાંનો ઉતારો દરખાસ્ત સાથે કયારે આપવો.

૨૩૮. જપ્ત કરવાની મીલકત કલેકટરની આફીસમાં નોંધાએલી જમીન હોયતો, તે જમીનના કે તેના મેહેસુલના માલીક તરીકે. અથવા વેચી શકાય એવો તેમાં હક સંબંધ રાખનાર તરીકે. અથવા તે જમીનનુ મેહેસુલ આપવાને જવાબદાર તરીકે કયા શખસોનાં નામ નોધ્યાં છે તે તથા નોંધેલા માલીકોના હિસ્સા શા છે એ બતાવનારો તે આફીસના રજીસ્ટરમાથી ખરો કહીને સહી કરેલો, ઉતારો જમીની દરખાસ્ત સાથે આપવો.

બજાવણી બંધ રાખવા વિશે.

કોર્ટ બજાવણી કયારે બંધ રાખે.

૨૩૯. આ બાબને આધારે જે કોરટને હુકમનામુ બજાવવા સારૂ મોકલ્યું હોય તે કોરટને પુરંતુ કારણ દેખાડવામાં આવે તો યોગ્ય મુદત સુધી તે હુકમનામું બજાવવું બંધ રાખવું, એટલા માટે કે જે કોરટે તે હુકમનામુ કર્યું હોય તે કોરટ પાસે, અથવા તે હુકમનામા બાબત કે તેની બજાવણી બાબત જે કોરટને અપીલ હકુમત હોય તે કોરટ પાસે. બજાવણી બંધ રાખવાનો હુકમ કરાવવા સારૂ, અથવા તે અવલ કે અપીલ કોરટે બજાવણીનો હુકમ કાઢયો હોત ત્યારે કે તે કોરટોને બજાવણીની દરખાસ્ત કરવાંમાં આવી હોય ત્યારે તે અવલ કે અપીલ કોરટ હુકમનામા બાબત કે બજાવણી બાબત બીજો જે હુકમ કરી શકત તે કરાવવા સારૂ હુકમનામાનો દેણદાર તે અવલ કે અપીલ કોરટને અરજ કરી શકે.

અને બજાવવાના કામમાં જો હુકમતામાના દેણદારને પકડયો હોય અથવા તેની મિલકત ધરી હોય તો સદરહુ હુકમને વાસ્તે કરેલી અરજનો નિકાલ થતાં સુધી જે કોરટે બજાવવાનો હુકમ કાઢયો હોય તે કોરટ પ્રતીવાદીને છોડાવવાનો અથવા મિલકત પાછી આપવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

હકમનામના દેણદાર પાસે જમીનમાગવાનો ત

૨૪૦. કલમ ૨૩૯ પ્રમાણે બજાવણી બંધ રાખવાનો અથવા મીલકત પાછી આપવાનો, અથવા હુકમનામાના

શા તેની સાથે શરતો કરવાનો અખત્યાર.

દાગુદારને છોડી દેવાનો હુકમ કરતાં પેહેલાં હુકમનામાના દાગુદાર પાસે પોતાને યોગ્ય લાગે તેવા જામીન માગવાને, અથવા પોતાને યોગ્ય લાગે તેવી તેની સાથે શરતો કરવાને કોરટ મુખત્યાર છે.

છોડી મુક્યા હોય તો હુકમનામાના દાગુદારો ને પકડાય.

૨૪૧. કલમ ૨૩૯ પ્રમાણે હુકમનામાના દાગુદારની મિલકત પાછી આપી હોય, અથવા તેને છોડી દીધો હોય તેથી બજાવણીને વાસ્તે મોકલેલું હુકમનામું બજાવવામાં તે મિલકત ફરી ધરવાને અથવા તે શખસને ફરી પકડવાને હરકત નથી.

હુકમનામું કરનારી કોરટે અથવા અપીલ કોરટે કરેલો હુકમ જે કોરટને દરખાસ્ત કરી હોય તે કોરટે માન્ય કરવો.

૨૪૨. હુકમનામું કરનારી કોરટનો અથવા ઉપર લખેલી અપીલ કોરટનો તે હુકમનામું બજાવવાની બાબતમાં જે હુકમ થાય તે જે કોરટને હુકમનામું બજાવવા મોકલ્યું હોય તે કોરટે માન્ય કરવો.

હુકમનામાવાળાની તથા હુકમનામાના દાગુદારની દરમ્યાન ફરીયાદ ચાલુ હોય ત્યાં સુધી બજાવણી બંધ રાખવાનું.

૨૪૩. કોઇ કોરટમાં હુકમનામું થયું હોય અને તેજ કોરટમાં તે હુકમનામાના માલીક ઉપર જેનાં વિરૂદ્ધ તે હુકમનામું થયું હોય તેની ફરીઆદ ચાલતી હોયે, તો (પોતાને યોગ્ય લાગે તો) ચાલુ ફરિયાદનો નિકાલ આવે ત્યાં સુધી પોતાને યોગ્ય લાગે તેવી શરતોથી અથવા બીન શરતે તે હુકમનામું બજાવવું બંધ રાખવાને કોરટ મુખત્યાર છે,

ડ—હુકમનામું બજાવનારી કોરટે નિકાલ કરવાની તકરારો

હુકમનામું બજાવનારી કોરટે નીકાલ કરવાની તકરાર.

૨૪૪. નીચેની તકરારોનો નિરણય હુકમનામું બજાવનારી કોરટે હુકમ લખાને કરવો તેને વાસ્તે જુદી ફરીયાદ નહિ ચાલે; તે તકરારો એ કે:—

(અ) દરમ્યાનની ઉપજને વાસ્તે ચોકસી કરવાનું હુકમનામામાં ફરમાવ્યું હોય ત્યારે તે દરમ્યાનની ઉપજની રકમ સંબંધી તકરારો,

(બ) ફરીયાદ થયાની તારીખથી હુકમનામું બજે ત્યાં સુધીનું અથવા હુકમનામાની તારીખથી ત્રણ વરસ પુરાં થાય ત્યાં સુધીનું, ફરીયાદના વિષયની બાબતમાં જે દરમ્યાનનું ઉત્પન અથવા વ્યાજ હુકમનામામાં આપવાનું ઠરાવ્યું હોય તે દરમ્યાનના ઉત્પન્નની અથવા વ્યાજની રકમ સંબંધી તકરારો-

(૬) જે ફરિયાદ ઉપર હુકમનામું થયું હોય તે ફરિયાદના પક્ષકારોની વચ્ચે અથવા તેમના વારસ વકીલો વચ્ચે, અને તે હુકમનામું બજાવવા વિશે અથવા તેમાંથી છુટા થવા વિશે, અથવા તેની ભરપાઇ વિશે જે કાંઇ બીજી તકરારો ઉત્પન્ન થાય તે.

ફરિયાદ કરયાની તારીખથી તે ફરિયાદ ઉપરથી થએલું હુકમનામું બજે તે તારીખ સુધી થાય તે દરમ્યાનની ઉપજને વાસ્તે તે હુકમનામામાં ઠરાવ ન કરયો હોય તો તે ઉપજને વાસ્તે જુદી ફરિયાદ કરવાને આ કલમના કોઇ ઠરાવથી હરકત છે એમ સમજવું નહીં.

ઈ.—હુકમનામીં બજાવવાના પ્રકાર વિશે.

હુકમનામું બજાવવાની દરખાસ્ત લીધા પછી શું કરવું તે.

૨૪૫. હુકમનામું બજાવવાની દરખાસ્ત મળ્યા પછી કોરટે નક્કી કરવું કે તે કામને લાગુ પડી શકે તેવા ૨૩૫ મી ૨૩૬ મી ૨૩૭ મી ૨૩૮ મી કલમના ઠરાવ પ્રમાણે જે કરવું જોઇએ તે કર્યું કે નહીં; અને તે પ્રમાણે કરયું ન હોય તો, દરખાસ્ત ના મંજુર કરવાને અથવા તેજ વખત ત્યાંહાં જ અથવા કોરટ નીમે તે વખતની અંદર દુરસ્ત કરવા દેવાને કોરટ મુખત્યાર છે. આ પ્રમાણે દરખાસ્ત દુરસ્ત ન કરે તો તે રદ કરવી. આ કલમ પ્રમાણે કરેલી પ્રત્યેક દુરસ્તી ઉપર જડજે પોતાની સહી કરવી.

દરખાસ્ત મંજુર કર્યા પછી શું કરવું તે.

દરખાસ્ત મંજુર થાય, ત્યારે કોરટે તે દરખાસ્ત આવ્યાનો શેરો અને જે તારીખે દરખાસ્ત કરી હોય તે તારીખ ફરિયાદના રજીસ્ટરમાં દાખલ કરવી. અને દરખાસ્તના સ્વરૂપ પ્રમાણે હુકમનામું બજાવવાનો હુકમ કરવો.

પરંતુ પઇશાનું હુકમનામું હોય ત્યારે, જે રકમનું હુકમનામું કરયું હોય તે રકમની સાથે જપ્ત કરવાની મિલકતની કિંમત બને તેટલા મળતી આવવી જોઇએ.

સામસામી હુકમનામાં.

૨૪૬. તેના તેજ પક્ષકારો વચ્ચે પઇશા આપવા બાબતનાં સામસામાં થએલાં હુકમનામાં કોરટમાં રજુ થયાં હોય તો, જે પક્ષકારની પાસે વધારે રકમનું હુકમનામું હોય તેજ પક્ષકારે, અને ઓછી રકમ બાદ કરતાં બાકી રહે તેટલીજ રકમને સારૂ, તે હુકમનામું બજાવવાને હુકમ કરાવવો; અને ઓછી રકમના જેટલી ભરપાઇ વધારે રકમના હુકમનામામાં કરવી, તેમજ ઓછી રકમનું હુકમનામું પણ ભરપાઇ કરવું.

જો બને રકમો બરાબર હોય તો બંને હુકમનામાં ભરપાઇ કરવાં.

ખુલાસો ૧ લો.—આ કલમમાં જે હુકમનામાં કહ્યાં છે તે હુકમનામાં એકજ વખતે અને એક કોરટે બજાવવા જોગ હોય તેવાં સમજવાં.

ખુલાસો ૨ જો.—સામસામાં હુકમનામાં પૈકી એક હુકમનામાની માલકી બેમાંથી એક પક્ષકારને કોઇએ લખી આપી હોય, ત્યારે આ કલમ લાગુ પડશે. અને માલકી લેનારે હુકમનામાની રૂઇએ આપવાના કરજની બાબતમાં તેમજ મુળ માલીક સોંપનારે હુકમનામાની રૂઇએ આપવાના કરજની બાબતમાં પણ આ કલમ લાગુ પડે છે

ખુલાસો ૩ જો.--નીચે પ્રમાણે ન હોય તો. એટલે—

જે ફરિયાદમાં હુકમનામાં થયાં હોય તે પછી એકનો હુકમનામાવાળો બીજા મા હુકમનામાનો દેણદાર ન હોય, અને પ્રત્યેક પક્ષકારનું બંને ફરિયાદમાં એક જ સ્વરૂપ ન હોય તો, અને

હુકમનામાને આધારે લેહેણી રકમો નક્કી ન હોય તો:—

આ કલમ લાગુ પડે નહી.

દ્રષ્ટાંતો.

(અ) અ ની પાસે બ ઉપરનું રૂ. ૧૦૦૦ નું હુકમનામું છે. આગળ ઉપરના કોઈ દિવસે અમુક માલ અ સ્વાધીન ન કરે તો રૂ. ૧૦૦૦ આપવા એવું અ ઉપરનું હુકમનામું બ પાસે છે. આ કલમ પ્રમાણે બ થી પોતાનું હુકમનામું સામસામી હુકમનામા તરીકે ગણી શકાય નહી.

(બ) અ ને બ એ સહ-વાદીઓ ક ઉપર રૂ. ૧૦૦૦ નું હુકમનામું મેળવે છે. અને બ ઉપર રૂ. ૧૦૦૦ નું હુકમનામું ક મેળવે છે. આ કલમ પ્રમાણે ક થી પોતાનું હુકમનામું સામસામી હુકમનામા તરીકે ગણી શકાય નહી.

(ક) બ ઉપર રૂ. ૧૦૦૦ નું હુકમનામું અ મેળવે છે. ક જે કે બ નો એક ટ્રસ્ટી છે તે, બ ની વતી અ ઉપર રૂ. ૧૦૦૦ નું હુકમનામું મેળવે છે. આ કલમ પ્રમાણે બ થી ક નું હુકમનામું સામસામી હુકમનામા તરીકે ન ગણી શકાય.

એકજ હુકમનામામાં અપાવેલા સામસામી દાવા.

૨૪૭. એકજ હુકમનામામાં બંને પક્ષકારોને એક બીજા પાસે જુદી જુદી રકમો લેવાને હકદાર ઠરાવ્યા હોય, તો જે પક્ષકારને ઓછી રકમ લેવાનો હક હોય તેણે સામા પક્ષકાર ઉપર બજાવણીનો હુકમ કરાવવો નહી; પરંતુ ઓછી રકમ જેટલી ભરપાઈ હુકમનામા ઉપર કરવી.

તે રકમો બરાબર હોય તો કોઈપણ પક્ષકારે બજાવણીનો હુકમ કરાવવો નહી. પણ દરેક રકમની ભરપાઇ હુકમનામા ઉપર કરવી.

હુકમનામું શા માટે ન બજાવવું તેનું કારણ બતાવવાની નોટીસ.

૨૪૮ [અ] હુકમનામાની તારીખ અને તે બજાવવાને કરેલી દરખાસ્તની તારીખ એ બેની વચ્ચે એક વરસ કરતાં વધારે મુદત થઇ ગઈ હોય તો, અથવા

(બ) જે ફરીયાદમાં હુકમનામું થયું હોય તે ફરીયાદના કોઈ પક્ષકારના કાયદેસર વારસ વકીલો ઉપર તે હુકમનામું અમલમાં લાવવાની દરખાસ્ત કરી હોય તો,

જે પક્ષકાર ઉપર બજાવણીની દરખાસ્ત કરી હોય, તે પક્ષકારને કોરટે નોટીસ કાઢવી, તેમાં મુદત ઠરાવીને એમ લખવું કે, તમારા ઉપર હુકમનામું શા માટે ન બજાવવું તેનું કારણ તે ઠરાવેલી મુદતમાં બતાવવું,

વિશેષ ઠરાવ.

પરંતુ જે હુકમનામું બજાવવાને દરખાસ્ત કરી હોય તે

હુકમનામા ઉપર થએલી અપીલમાં કોઇ હુકમનામું થયું હોય તે તારીખથી, અથવા જે પક્ષકાર ઉપર હુકમનામું બજાવવાની દરખાસ્ત કરી હોય તે પક્ષકાર વિરૂદ્ધ છેલ્લો હુકમ કોઇ પેહેલાની બજાવણીની દરખાસ્ત ઉપર કરયો હોય તે તારીખથી, એક વરસમાં દરખાસ્ત કરી હોય તો, હુકમનામાની તારીખ અને તે બજાવવાની દરખાસ્તની તારીખ વચ્ચે એક વરસ કરતાં વધારે મુદત વીતી ગઇ છે તે સબબથી, અથવા

વારસ વકીલ ઉપરની દરખાસ્તમાં તેજ સખસના ઉપર બજાવણીની કોઇ પેહેલાંની દરખાસ્ત ઉપરથી તેના ઉપર હુકમનામું બજાવવાનો કોરટે હુકમ કાઢયો હોય તો, હુકમનામાના દેણદારના કાયદાસર વારસવ કીલ ઉપરની દરખાસ્તછે એ સબબથી

તેવી નોટીસ આપવાની જરૂર નથી.

ખુલાસો:—આ કલમમાં "કોરટ" એ શબ્દથી જે કોરટે હુકમનામું કરયું તે કોરટ સમજવી. પરંતુ બજાવવાને સારૂ બીજી કોરટને હુકમનામું મોકલ્યું હોય ત્યારે તેનો અર્થ તે બીજી કોરટ એમ સમજવો.

નોટીસ કાઢયા પછીશું કરવું તે.

૨૪૯. ગઇ છેલી કલમ પ્રમાણે જેને નોટીસ કાઢી હોય તે સખસ હાજર ન થાય, અથવા હુકમનામું શા માટે ન બજાવવું તેનું તેનુ કોરટના ખાતરી લાયક કારણ ન બતાવે, તો કોરટે તે હુકમનામું બજાવવાનો હુકમ કરવો.

જો તે સખસ હુકમનામું અમલમાં લાવવાને કાંઇ હરકત બતાવે તો કોરટે તે હરકત ધ્યાનમાં લેવી અને પોતાને યોગ્ય જણાય તેવો હુકમ કરવો.

વારંટ કયારે કાઢવું.

૨૫૦ પાછળના ઠરાવો પ્રમાણે પ્રથમની તજવીજો કરવાની હોય (તો) તે કરયા પછી, કાંઇ વિરૂદ્ધ કારણ ન જણાય તો, હુકમનામું બજાવવાને પોતાનું વારંટ કાઢવું.

તારીખ સહી, શિક્કો, અને સ્વાધિન કરવું.

૨૫૧ તે વારંટ ઉપર, જે તારીખે તે કાઢવું હોય તે તારીખ નાંખવી, તથા જડજે કે તે કામને વાસ્તે કોરટ નીમે તે અમલદારે સહી કરવી, તથા કોરટના શિક્કાથી શિક્કો કરવો, અને તે બજાવવાને યોગ્ય અમલદારને સ્વાધીન કરવું.

તે વારંટમાં એક દીવશ મુકરર કરીને લખવુ કે, તે દિવશે અથવા તે પેહેલાં તે વારંટ બજાવવું. અને કયે દીવશે તથા કઇ રીતે તે વારંટ બજાવ્યું એ વિશે, અથવા તે ન બજ્યું હોય તો તે શા કારણથી ન બજ્યું એ વિશે તે યોગ્ય અમલદારે વારંટ ઉપર શેરો કરવો, અને તે શેરા સહીત, જે કોરટમાંથી તે વારંટ નિકળ્યું હોય તે કોરટને, તે પાછું મોકલવું.

મૈયતના વારસ વકીલ ઉપર મઇયતની મિલકતમાંથી આપવાનું પઇસા બાબતનું હુકમનામું.

૨૫૨. કો મઇયતના કાયદેસર વારસ વકીલ તરીકે કોઇ પક્ષકાર ઉપર પઇસા બાબતનું હુકમનામું થયું હોય અને તે હુકમનામું મઇયતની મિલકતમાંથી પઇસા આપવા એવું હોય, તો મઇયતની કાંઇ મિલકત જપ્ત કરી તથા વેચીને તે બજાવી શકાય.

તેવી મિલકતહુકમનામાના દેણદારના કબજામાં રહી ન હોય અને, મઈયતની જે મિલકત પોતાના (હુકમનામાના દેણદારના) કબજામાં આવેલી શાબીત થાય. તે મિલકત પોતે બરાબર રીતે કામે લગાડી છે એમ તે કોરટની ખાત્રી ન કરે તો; જાણે તેની જાત ઉપરજ હુકમનામું થયું હોય તે રીતે, જેટલી મિલકત તેણે બરાબર રીતે કામે લગાડી ન હોય તેટલા પુરતું, તે હુકમનામું હુકમનામાના દેણદાર ઉપર બજાવી શકાય.

જામીનઉપરનુંહુકમનામું. ૨૫૩, અવલ કોરટની હદમાં હુકમનામું થતાં પહેલાં, તે હુકમનામું અથવા તેનો કંઇ ભાગ પુરો કરી આપવાને કોઇ સખસ જામીન તરીકે જવાબદાર થયો હોય તો પ્રતિવાદી ઉપર જે રીતે હુકમનામું બજાવાય તે રીતે જેટલે દરજ્જે, તે જવાબદાર થયો હોય તેટલે દરજ્જે, તે સખસના ઉપર તે હુકમનામું બજાવી શકાય.

પરંતુ પ્રત્યેક કામમાં કોરટને બસ લાગે એવી લખેલી નોટીસ જામીનદારને આપીને ઉપર પ્રમાણે કરવું

પેસાબાબતનુંહુકમનામું. ૨૫૪. જે હુકમનામામાં અથવા હુકમમાં, નુકશાનીના બદલી તરીકે અથવા ખરચ તરીકે, અથવા તે હુકમનામામાં કે હુકમમાં અપાવેલી બીજી કોઇ દાદને મોબદલે ઠરાવેલી રકમ તરીકે, અથવા બીજી કોઇ રીતે,—કોઇ પક્ષકારને પઇસા આપવાનું ફરમાવ્યું હાય તે પ્રત્યેક હુકમનામું અથવા હુકમ, હુકમનામાના દેણદારને કેદ કરીને, અથવા આ આકટમાં હવે પછી ઠરાવ કરયા છે તે રીતે તેની મિલકત જપ્ત કરી તથા વેચીને; અથવા તે બંને વાનાં કરીને અમલમાં લાવી શકાય,

દરમ્યાનની ઉપજની અથવા બીજી બાબતની પઇસાની રકમ પાછળથીનકી કરવાનું હોય તેવું હુકમનામું. ૨૫૫. દરમ્યાનની ઉપજનું અથવા બીજી કોઇ બાબતનું હુકમનામું હોય, અને તે ઉપજના અથવા બાબતના પઇસાની રકમનો આંકડો પછીથી નિર્ણય કરવાનો હોય, તો હુકમનામા પ્રમાણે પઇસાની કેટલી રકમ તેણે આપવી એ નકી થયા પહેલાં, પઇસા બાબતનાં સાધારણ હુકમનામાની પેઠે હુકમનામાના દેણદારની મિલકત જપ્ત કરી શકાય.

એક હજાર રૂપીયા સુધીનું હુકમનામું તાત્કાળ બજાવવાનો હુકમ કરવાનો અખત્યાર. ૨૫૬. ફકત પઇશા બાબતનુંજ હુકમનામું થયું હોય, અને હુકમનામું થએલી રકમનો આંકડો એક હજાર રૂપીયા કરતાં વધારે ન હોય ત્યારે, હુકમનામું કરતી વખતે હુકમનામાવાળાની મોઢાની અરજથી, હુકમનામાનો દેણદાર કોરટની હકુમતની સ્થાનીક હદમાં હોય તો તેની જાત ઉપર, અથવા તેજ હદમાંની તેની જંગમ મિલકત ઉપર, વારંટ કાઢીને લાગલુંજ હુકમનામું બજાવવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

હુકમનામા ઉપરથી પઇસા ભરવના પ્રકાર. ૨૫૭. હુકમનામા ઉપરથી જે પઇસા ભરવાના તે સર્વ નીચે પ્રમાણે ભરવા, એટલે:—

(અ) જે કોરટનું કામ હુકમનામું બજાવવાનું હોય તે કોરટમાં; અથવા

(ખ) કોરટની બહાર હુકમનામાવાળાને; અથવા
(ક) જે કોરટે હુકમનામું કરયું હોય તે કોરટ ફરમાવે તેવી બીજી કોઇ રીતે.

હુકમનામાના દેણદાર ને મુદત આપવા બાબત નો કરાર.

૨૫૭. અ. હુકમનામાના કરજની ભરપાઇ કરવાની મુદત આપવા બાબતનો દરએક કરાર રદ બાતલ થશે માત્ર તે મો બદલો આપીને તથા હુકમનામું કરનારી કોરટની મંજુરી લેઇને કરયો હોય અને તે મો બદલો તે પ્રસગને અનુસરીને યોગ્ય છે એવું કોરટને લાગે તો રદ બાતલ થશે નહીં.

તે પ્રસગને અનુસરીને હુકમનામાના કરજની ભરપાઇ કરવા બાબતના કરાર.

જે જે કરારમાં હુકમનામા ઉપરથી લેણી થએલી અથવા લેણી થનારી રકમના કરતાં વધારે રકમ, ૨૫૯ અથવા પર્યાયથી, આપવાની ઠરાવી હોય, એવો હુકમનામાના કરજની ભરપાઇ બાબતનો દરએક કરાર, ઉપર કહેલી મંજુરી શિવાય કરયો હશે તો તે રદ બાતલ થશે.

આ કલમના ઠરાવ તોડીને આપેલી કાંઇપણ રકમ હુકમનામાના કરજની ભરપાઇ કરવામાં વાપરવામાં આવશે; અને કાંઇ બાકી રહેશે તો, તે હુકમનામાના દેણદારને મળવાનો હક્ક છે.

હુકમનામાવાળાને પૈસા આપવા.

૨૫૮. હુકમનામા ઉપરથી ભરવાના કાંઇપણ પૈસા કોરટની બાહેર આપ્યા હોય, અથવા હુકમનામાવાળાનું મન માને તેવી બીજી રીતે હુકમનામાનો બધો અથવા થોડો ઘણો તોડ કરયો હોય તો, અથવા ૨૫૭ અ. કલમમાં કહેલા પ્રકારના કરાર મુજબ કાંઇ રકમ ભરી હોય તો, જે કોરટનું કામ હુકમનામું બજાવવાનું હોય તે કોરટને તે ભરયાની અથવા તોડ કરયાની વાત હુકમનામાવાળાએ જાહેર કરવી જોઇએ.

હુકમનામાનો દેણદાર પણ એવું ભરણું અથવા તોડ કરયાની ખબર કોરટને આપીને એવી અરજ કરી શકે કે, તે ભરણું અથવા તોડ જાહેર કરયો એવું કાં દાખલ ન કરવું તેનું કારણ કોરટે નીમે તે દિવસે બતાવવા સારૂ હુકમનામાવાળાને નોટીસ કાઢો. અને એવી નોટીસ યોગ્ય રીતે પોંચાડ્યા પછી હુકમનામાવાળો નીમેલે દિવસે હાજર થવાને, અથવા હાજર થઇને ભરણું અથવા તોડ જાહેર કરયો એવું કાં દાખલ ન કરવું તેનું કારણ બતાવવાને, ચુકે તો કોરટે સદરહું ભરણું અથવા તોડ દાખલ કરવો જોઇએ.

એવું કાંઇપણ ભરણું અથવા તોડ ઉપર કહ્યા પ્રમાણે જાહેર કરેલો નહી હશે તો તે કોઇપણ કોરટે કબુલ રાખવો નહી.

ખાસ જંગમ મિલકતમાં અથવા વહુ તાબે લેવાનાં હુકમનામાં.

૨૫૯. કાંઇ ખાસ જંગમ મિલકત વિશે, અથવા ખાસ જંગમ મિલકતના હિસ્સા વિશે, અથવા વહુ તાબે લેવા વિશે હુકમનામું હોય ત્યારે, તે હુકમનામું આ પ્રમાણે અમલમાં લાવી શકાય.—એટલે, બને તો, તે જંગમ મિલકત કે તેનો હિસ્સો ધરીને જે પક્ષકારને તે આપવાનું ઠરાવ્યું હોય તે પક્ષકારને સ્વાધીન કરવો, અથવા તે પક્ષકાર પોતાની વતી સ્વાધીન લેવાને જે શખસને

નીમે તે શખસને સ્વાધીન કરવો; અથવા હુકમનામાના દેણદારને કેદ કરવો; અ થવા તેની મિલકત જપ્ત કરવી, અથવા જરૂર હોય તો કેદ તથા જપ્તી એ બને વાનાં કરવાં.

આ કલમ પ્રમાણે કરેલી કોઇ જપ્તી છ મહીના સુધી અમલમાં રહેલી હોય ને જો હુકમનામાનો દેણદાર હુકમનામા પ્રમાણે ન વરત્યો હોય, અને હુકમનામા વાળાએ જપ્ત કરેલી મિલકત વેચવી એવી દરખાસ્ત કરી હોય તો, સદરહુ પ્રકારની મિલકત વેચવાનો અધિકાર છે; અને ૨૦૮ મી કલમ પ્રમાણે કાંઇ રકમ ઠરાવી હોય તેવી બાબતમાં, વેચવાથી જે ઉપજે તેમાંથી હુકમનામાવાળાને તે ઠરાવેલી ર કમ અપાવવાને તથા બીજી બાબતમાં કોરટને યોગ્ય લાગે તેટલી બદલીની રકમ અપાવવાને કોરટ મુખત્યાર છે, અને જો કાંઇ બાકી વધે તો તે બાકી હુકમનામાં નો દેણદાર અરજ કરે ત્યારે તેને આપવી.

હુકમનામાનો દેણદાર હુકમનામું માન્ય રાખીને સદરહુ હુકમનામાની બજાવ ણીનો જે ખરચ આપવાને તે બંધાએલો છે તે સઘળો ખરચ આપે તો, અથવા જપ્તીની તારીખથી છ માસની આખરે સદરહુ મિલકત વેચવા બાબત દરખાસ્ત ન થઇ હોય તો અથવા દરખાસ્ત થઇ હોય પણ તે નામંજુર કરી હોય તો જપ્તીનો અમલ બંધ થશે.

કરાર વિશેષ રીતે પુરો કરવાનું અથવા લગ્નના હક પુરા કરવાનું હુકમનામું.

૨૬૦. કરાર વિશેષ રીતે પુરો કરવા બાબત, અથવા લગ્નના હક પુરા કરવા સારૂ, અથવા કોઇ બીજું વિશેષ કૃત્ય કરવા બાબત અથવા ન કરવા બાબત જે પક્ષકાર ઉપર હુકમનામું થયું હોય, તે પક્ષકારને તે હુકમનામા પ્રમાણે અથવા તાકીદ પ્રમાણે વરતવાને તક મળ્યા છતાં, જાણી જોઇને તે પ્રમાણે તે ન વરત્યો હોય તો, તેને કેદ કરીને અ થવા તેની મીલકત જપ્ત કરીને અથવા તે બંને વાનાં કરીને તે હુકમનામું અમલમાં લાવી શકાય.

આ કલમ પ્રમાણે કરેલી કોઇ જપ્તી, એક વરસ સુધી અમલમાં રહેલી હોય ને જો હુકમનામાનો દેણદાર હુકમનામા પ્રમાણે ન વરત્યો હોય અને હુકમનામાવાળા એ જપ્તી કરેલી મિલકત વેચવી એવી દરખાસ્ત કરી હોય તો સદરહુ પ્રકારની મિલ કત વેચવાનો અધિકાર છે; અને વેચવાથી જે ઉપજે તેમાંથી કોરટને યોગ્ય લાગે તેટલી બદલાની રકમ હુકમનામાવાળાને આપવાને, અને જો કાંઇ બાકી વધે તો તે બાકી હુકમનામાનો દેણદાર અરજ કરે તો તેને આપવાને કોરટ મુખત્યાર છે.

"હુકમનામાનો દેણદાર હુકમનામું માન્ય રાખીને સદરહુ હુકમનામાની બ જાવણીનો જે ખરચ આપવાને તે બંધાએલો છે તે સઘળો ખરચ આપે તો અથવા જપ્તી ની તારીખથી એક વરસની આખરે સદરહુ મિલકત વેચવા બાબતની દરખાસ્ત ન થઇ હોય અને તે મંજુર કરી ન હોય તો, સદરહુ જપ્તીનો અમલ બંધ થશે.

ખત કરી આપવાનું અથવા વેચાય એવા લેખ પાછળ શેરો કરી આપવાનું હુકમનામું.

૨૬૧ કોઇ વેચાણ ખત (કન્વેયન્સ) કરી આપવા બાબત, અથવા વેચાય એવા દસ્તાવેજ પાછળ શેરો કરી આપવા બાબત હુકમનામું હોય, અને હુકમનામામાં ફરમાવ્યા પ્રમાણે કરવાને તે હુકમનામાનો દેણદાર ગફલત

કરે અથવા ના પાડે તો હુકમનામાવાળો હુકમનામાની શરતો પ્રમાણે ખતનો અથવા શેરાનો મુસદો તઇયાર કરીને તે કોરટને આપવાને મુખત્યાર છે.

તે ઉપરથી પાછળ સમન પોંચાડવાને જે રીત કહી છે તે રીતે. તે મુસદા તથા એક લખેલી નોટીસ કોરટે હુકમનામાના દેણદારને પોંચડાવવી. તે નોટીસમાં એમ લખવું કે તમારી તે મુસદા વિશે કાંઇ હરકતો લેવી હોયતો કોરટ તે કામને વાસ્તે ઠરાવે તે મુદતની (મુદત લખવી) દરમ્યાન લેવી

કાયદા પ્રમાણે સ્ટાંપ જોઇતો હોય તો યોગ્ય સ્ટાંપ કાગળ ઉપર તે મુસદની એક બીજી પ્રત પણ સહી થવા સારૂ હુકમનામાવાળો કોરટને આપવાને મુખત્યારછે,

સદરહુ પ્રમાણે પોંચ્યાની વાત શાબીત થયા પછી. કોરટે અથવા તે કામને વાસ્તે કોરટ નીમે તે અમલદારે સદરહુ રીતે આપેલી બીજી પ્રતમાં સહી કરવી, અથવા જરૂર હોય તો, હુકમનામાની શરતો સાથે મળતી આવે એવી રીતે, તેમાં ફેરફાર કરીને તે ફેરફાર વાળી બીજી પ્રતમાં સહી કરી શકાય.

પરંતુ સદરહુ પ્રમાણે પોંચાડેલા મુસદામાં કોઇ પક્ષકાર હરકત લે તો તેની હરકતો સદરહુ પ્રમાણે ઠરાવેલી મુદતની દરમ્યાન લખીને જણાવવી, અને કોરટની રૂબરૂ તે વિશેની દલીલો કહેવી, અને તે ઉપરથી કોરટે પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવો. અને બીજી પ્રત ઉપર અથવા તેમાં ફેરફાર કરીને તેઉપર સહી કરવી.

કોરટ ખત ઉપર સહી કરે તેનો નમુનો અને તેનું પરીણામ.

૨૬૨. ગઇ છેલી કલમ પ્રમાણે વેચાણ ખતમાં અથવા વેચાય એવા દસ્તાવેજ ઉપરના શેરામાં કોરટે સહી કરી આપવી. નીચેના નમુનાની અથવા હાઇ કોરટ વખતે વખતે ઠરાવે તેવા બીજા નમુનાની કરી શકાય. એટલે "**અ. બ** ઉપર **ઈ. ફ**. એ કરેલી ફરીયાદમાં **અ. બ.** ની પતી ની (અથવા જે હોય તે પ્રમાણે) કોરટના જડજ **ક. ડ** અને જે પક્ષકારને ખત કરી આપવા અથવા દસ્તાવેજ ઉપરનો શેરો કરી આપવા હુકમ કરેલો હતો, તેજ પક્ષકારે તે ખત અથવા શેરો કરી આપ્યો હોય તે પ્રમાણે તે ખત અથવા શેરો ગણાશે

સ્થાવર મિલકતનુ હુકમનામું.

૨૬૩ કંઇ સ્થાવર મીલકત સ્વાધીન કરવાનુ હુકમનામુ હોય તો જે પક્ષકારને તે મિલકત આપવાનો ઠરાવ થયો હોય તે પક્ષકારને તે મિલકત સ્વાધીન કરવી અથવા તે પક્ષકાર પોતાનીવતી કબજો લેવાને જે શખસને નીમે તે શખસને તે સ્વાધીન કરવી. અને જરૂર પડે તો જે શખસ મીલકત ખાલી કરવાને હુકમનામા પ્રમાણે બંધાએલો છતાં તેમ કરવાને ના પાડે તેને કહાડીને કબજો આપવો.

સ્થાવર મિલકત ભાડુતના કબજામાં હોય ત્યારે તે શી રીતે સ્વાધીન કરવી તે.

૨૬૪. ભાડુતના કબજામાંની અથવા જેને મિલકતનો કબજો રાખવાનો હક હોય અને તે કબજો રાખવાનો હક છોડી દેવાને હુકમનામા ઉપરથી બંધાએલો ન હોય તેવા બીજા શખસના કબજામાંની કોઇ સ્થાવર મિલકત સ્વાધીન કરવાનુ હુકમનામુ હોય ત્યારે, તે સ્વાધીન કરવા

ના કોરટે હુકમ કરવો. તે એવી રીતે કે:—તે મિલકત ઉપર કોઇ પ્રસિદ્ધ ઠેકાણે વારંટની એક નકલ ચોઢવી, અને કોઇ સોઇવાર ઠેકાણે દાંડી પીટીને અથવા દસ્તૂર પ્રમાણે બીજી રીતે, તે મિલકત સંબંધી હુકમનામાનો મતલબ કબજેદારને પ્રસિદ્ધ કરવો.

પરંતુ કબજેદાર મળી શકે તો, સદરહુ મતલબવાળી લખેલી નોટીસ તેના ઉપર બજાવવી. અને તેવે પ્રસંગે કંઇ પ્રસિદ્ધ કરવાની જરૂર નથી.

ઇસ્ટેટની વેહેંચણ કરવાનુ અથવા હિસા જુદા પાડવાનું.

૨૬૫. સરકારને મેહેસુલ ભરનારી કંઇ અવિભક્ત ઇસ્ટેટની વેહેંચણ બાબત અથવા તે ઇસ્ટેટના કોઇ હીસાનો જુદો કબજો લેવા બાબત હુકમનામુ હોય ત્યારે કલેક્ટરેકે ઇસ્ટેટની વેહેંચણ કરવી અથવા તે હિસ્સો જુદા પાડવો; અને તે કામ સદરહુ પ્રકારના ઇસ્ટેટની વેહેંચણ કરવા બાબત અથવા હિસ્સાનો જુદો કબજો લેવા બાબત જે વખતે જે કાયદો અમલમાં હોય (જો હોય તો) તે કાયદા પ્રમાણે કરવું

૬. મિલકત જપ્ત કરવા વિશે.

હુકમનામુ બજાવવામાં જપ્તી કરીને વેચવાને પાત્ર થઇ શકે તે મિલકત.

૨૬૬. હુકમનામુ બજાવવામાં નીચેની મિલકત જપ્ત કરીને વેચવાને પાત્ર છે. (તે એકે):—જમીન ઘર અથવા બીજી ઇમારતો, માલ, પૈસા, બેંકનોટ, ચેક બીલ આફ એક્સચેંજ હુંડિયો, વાયદા ચીઠીઓ એટ(પ્રામીસરી નોટ] સરકારી કાગળીયાં [ગવર્મેન્ટ સિકયુરીટીઝ], ખત અથવા પઇસા સબંધી બીજા લેખ, લેહેણું. કોઇ રેલવે, બેંક કે બીજી જાહેર કંપની કે કારપોરેશનના ભંડોળ અથવા એકઠી પુંજી માંહિના શેર તથા, હવે પછી કહેલી છે તે શિવાયની,—હુકમનામાના દેણદારની અથવા હુકમનામાનો દેણદાર વ્યવસ્થા કરવાની જે સત્તા પોતાના ફાયદાને માટે વાપરી શકે તે સત્તા જે મિલકત ઉપર કે જેની ઉપજ ઉપર તેને હોય, તેવી,—વેચાય એવી બીજી સ્થાવર જંગમ મિલકત, પછી તે ગતે તો હુકમનામાના દેણદારના નામ ઉપર હોય કે તેની વતી અથવા તેના ત્રસ્ટી દાખલ બીજા શખસની પાસે હોય.

પરંતુ નીચેનાં વાંનાં સદરહુ જપ્તી કે વેચાણને પાત્ર થશે નહીં. (તે એકે):—

(અ) હુકમનામાનો દેણદાર, તેની સ્ત્રી તથા છોકરા, એઓનાં જરૂરીઆત પેહેરવાનાં વસ્ત્ર;

(બ) કારીગરોનાં ઓજાર, અને હુકમનામાનો દેણદાર ખેડુત હોય ત્યારે તેનાં ખેતીવાડીનાં હથીઆર. તથા ખેડુત તરીકે તેને પોતાની ઉપજીવિકા મેળવવા માટે જે ઢોર કોરટની નજરમાં જરૂર જણાય તે ઢોર;

(ક) ખેડુતની માલીકોનાં અને તેના તાબામાં હોય તેવાં તેનાં ઘરના અને બીજી ઇમારતોનો સામાન;

(ડ) હિસાબના ચોપડા;

(ઈ) નુકસાનની વાસ્તે ફરીયાદ કરવાનો માત્ર હક્ક;

(ફ) જાતીકી નોકરીનો કાંઇ હક;

(ગ) સરકારના લશકરી તથા મુલકી પેન્શનરને કરી આપેલી નેમણુક, તથા બક્ષિસ [ગ્રાચ્યુઇટી] તથા રાજકીય પેનશન;

[હ) જ્યારે કોઇ સરકારી અમલદારનો અથવા રેલવેના નોકરનો પગાર દર માસે વીશ રૂપીયાથી વધારે ન હોય ત્યારે તે પગાર; અને જ્યારે તેવા કોઇ અમલદારનો અથવા નોકરનો પગાર તે રકમથી વધારે હોય ત્યારે તે પગારનો નીમે ભાગ.

[આઈ) જે લોકોને નેટીવ આર્ટીકલ્સ આફ વાર લાગુ પડે તેમનો પગાર તથા અલાવન્સ:

(જે] મજુરોનો તથા ઘરના નોકરોનો મુસારો.

(કે) જીવતો રેહેવાથી ઉત્તરાધિકાર મળવાની ઉમેદ હોય તે, અથવા બીજો કેવળ અવલંબી કે શકય હોય તેવો હક અથવા સંબંધ,

(લે) ભવિષ્યની ખોરાકી પોશાકીનો હક.

ખુલાસો—(ગ), [હ], [આઈ), (જે], એ રકમોમાં કહેલાં વાંનાં, તે ખરો ખર આપવાને પાત્ર થાય તે પેહેલાં અથવા પછી પણ જપ્તીથી કે વેચાણમાંથી બાતલ કરયાં છે.

પણ વળી એવું ઠરાવ્યું છે કે, આ કલમની કોઇ પણ વાતથી—

(અ) ભાડાને વાસ્તે થએલું હુકમનામું બજાવવામાં ઘર અથવા બીજી ઇમારતોનો સામાન જપ્તીથી કે વેચાણથી બાતલ છે એમ સમજવું નહીં, અથવા—

(બ) સન ૧૮૮૧ ના લશકરના આકટને કે જે તે વખતે અમલમાં હોય એવા તેને મળતા કોઇ કાયદાને બાધ આવેછે એમ સમજવું નહી.

જે મિલકત ધરવાને પાત્ર હોય તે વિશે કોઇને સમન કાઢી તેની જબાનીલેવાનો અખત્યાર.

૨૬૭. પોતાને મનથી અથવા હુકમનામાવાળાની અરજ ઉપરથી પોતાને જરૂર લાગે તે શખસને સમન કરીને, હુકમનામું પુરૂં કરવામાં જે મિલકત ધરવાને પાત્ર હોય તે મિલકત સંબંધી તેની જબાની લેવાને, તથા સમન કરેલા શખસના કબજામાં કે અખત્યારમાં તે મિલકત સંબંધી કંઈ દસ્તાવેજ હોય તે હાજર કરવાનું કેહેવાને, કોરટ મુખત્યાર છે. અને પોતાને મનથી સમન કાઢયા પહેલાં કોરટે જાહેર કરવું કે કયા શખસની વતી તે પ્રમાણે સમન કાઢેલો છે.

લેહેણાની શેરની અને હુકમનામાના દેણદારના કબજામાં ન હોય તેવી બીજી મિલકતની જપ્તી.

૨૬૮. જપ્ત કરવાની મિલકતમાં—[અ) વેચી શકાય એવા લેખ ઉપર ન હોય તેવું લેહેણું હોય, (બ] કોઇ જાહેર કંપની અથવા કારપોરેશનના ભંડોળના શેર હોય, (ક] કોઇ કોરટમાં અથવા કોરટની સંભાળ તળે રાખેલી મિલકત શિવાયની, જે જંગમ મિલકત હુકમનામાના દેણદારના કબજામાં ન હોય તેવી બીજી જંગમ મિલકત હોય—ત્યારે લખેલા હુકમથી મનાઇ કરીને જપ્તી કરવી, અને તે મનાઇ હુકમમાં નીચે પ્રમાણે

લખવું. એટલે—

(અ) લેહેણું હોય ત્યારે, કોરટના બીજો હુકમ થતાં સુધી દેણદા રે દેવું આપવું નહી તથા લેહેણદારે તે લેવું નહી.

(બ) શેર હોય ત્યારે, જે શખસના નામ ઉપર તે શેર ચાલ તો હોય તે શખસે શેર બીજાના નામ ઉપર ચઢાવી આ પવો નહીં, અથવા તે ઉપર નફાનો ફાળો (ડીવીડેન્ટ] લેવો નહીં.

(ક) સદરહુ બાતલ કરયા શિવાયની બીજી જંગમ મિલકત હોય ત્યારે, તે જેના કબજામાં હોય તે શખસે તે મિલ કત હુકમનામાના દેણદારને આપવી નહીં.

તે મનાઇના હુકમની એક નકલ, કોરટના મકાનમાં કોઇ પ્રસિદ્ધ ઠેકાણે ચોઢ વી અને તેની એક બીજી નકલ લેહેણાની બાબતમાં દેણદારને મોકલવી; શે રની બાબતમાં કંપની અથવા કાર્પોરેશનના યોગ્ય અમલદારને મોકલવી; અને [સદરહુ પ્રમાણે બાતલ કરી છે તે શિવાયની) બીજી જંગમ મિલકતની બાબત માં, જે શખસના કબજામાં તે હોય તે શખસને મોકલવી.

આ કલમની (અ) રકમ પ્રમાણે જેને મનાઇ થઇ હોય તે દેણદાર પોતા નું દેવું કોરટમાં ભરી શકે; અને તે પ્રમાણે ભર્યું એટલે, તે લેવાને હકદાર શખ સને આપવાથી તેનો જેવી રીતે છુટકો થાત, તેવો છુટકો થશે.

સરકારી અમલદારના અથવા રેલવે કંપનીના નોકરના પગારની બાબતમાં લખેલો હુકમ કરીને જપ્તી કરવી. અને તે હુકમમાં, જે અમલદારનું કામ સદરહુ પગાર આપવાનું હોય તે અમલદારને, કોરટ ફરમાવે તેટલો ભાગ કોરટ બીજો હુકમ કરે ત્યાંહાં સુધી દર મહીને રાખી મુકવાનો હુકમ કરવો.

તે મનાઇના હુકમની એક નકલ કોરટના મકાનમાં કોઇ પ્રસિદ્ધ ઠેકાણે ચોઢ વી, અને સદરહુ પ્રમાણે જરૂર હોય તેવા અમલદારને આપવી.

સદરહુ પ્રમાણે રાખેલી મુકેલી રકમ વખતે વખતે કોરટમાં ભરવાનો અખ ત્યાર સદરહુ પ્રકારના દરએક અમલદારને છે અને તે પ્રમાણે ભરી એટલે હુકમ નામાના દેણદારને આપવાથી સરકારનો અથવા રેલવે કંપનીનો (જેમ હોય તેમ) જે રીતે છુટકો થાત, તેવો છુટકો થશે.

હુકમનામાના દેણદાર ના કબજામાંની જંગમ મિલકતની જપ્તી.

૨૬૯. કલમ ૨૬૬ ના પેહેલા વિશેશ ઠરાવમાં કહે લી છે તે શિવાયની બીજી કોઇ જંગમ મીલકત હુકમ નામાના દેણદારના તાબામાં હોય ત્યારે, ખરેખર કબ જો લેઇને તેની જપ્તી કરવી, અને જપ્તી કરનાર અમ લદારે તે મીલકત પોતાનીજ સંભાળમાં અથવા પોતાના હાથ નીચેના કોઇ સખ સની સંભાળમાં રાખવી, અને તેની યોગ્ય સંભાળને માટે તે જવાબદાર થશે.

વિશેષ ઠરાવ.

પરંતુ કબજે લીધેલી મિલકત જલદીથી અને સ્વભા વીક રીતે આપોઆપ બગાડી જાય એવી હોય, અથ તેનો સંભાળવાનું ખરચ તેની કીમત કરતાં વધારે થાય તેમ હોય ત્યારે, તે

એકદમ વેચી નાંખવાને તે યોગ્ય અનુલદાર મુખત્યાર છે,

જપ્ત કરેલાં છવધનના ગુજરાનને વાસ્તે નિયમ કરવાનો અખત્યાર.

જાનવર તથા બીજી જંગમ મિલકત જપ્તીમાં રહે ત્યાં સુધી તેના ગુજરાન તથા સંભાળને વાસ્તે વખતે વખતે નિયમ કરવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે, અને આ કલમ પ્રમાણે મિલકત જપ્ત કરનાર અમલદારે, આ કલમના પહેલા ભાગમાં ઠરાવેલું છે તે છતાંએ, તે નિયમો પ્રમાણે વરતવુ.

વેચાય એવા લેખની જપ્તી.

૨૭૦. મિલકતમાં, કોરટમાં અનામત મુકેલો ન હોય અથવા સરકારી અમલદારના હવાલામાં ન હોય, એવો વેચાય એવો લેખ હોય ત્યારે, ખરેખર કબજો લેઇને તે જપ્ત કરવો, અને તે લેખ કોરટમાં આંણવો તથા કોરટનો બીજો હુકમ થાય તે પ્રમાણે તજવીજ કરવા સારૂ તે રાખવો.

ઘરમાંની મિલકત ધરવાનું.

૨૭૧. આ કાયદા પ્રમાણે જે પ્રોસેસમાં જંગમ મિલકત ધરવાનું ફરમાવ્યું હોય અથવા સત્તા આપી હોય તેવા કોઇ પ્રોસેસ બજાવનાર શખસે સુર્યાસ્ત પછી અને સુર્યોદય પહેલાં કોઇપણ રેહેવાના ઘરમાં પેસવું નહીં અથવા રેહવાના ઘરનો કોઇ બાહારનો દરવાજો ફોડવો નહીં. પણ સદરહુ પ્રકારનો કોઇ શખસ કોઇ રેહેવાના ઘરમાં યોગ્ય રીતે દાખલ થયો હોય, તો પછી જે ઓરડામાં તેની મિલકત છે એમ માનવાનું તેને કારણ હોય તે ઓરડાનાં બારણાનું બંધન કાઢીને તે ઉઘાડવાને તે મુખત્યાર છે.

જનાનામાંની મિલકત ધરવાનું.

પરંતુ દેશ રિવાજ પ્રમાણે લોકોમાં બાહાર ન દેખાતી હોય એવી સ્ત્રી તે ઓલીમાં ખરેખર રીતે હોય, તો પ્રોસેસ બજાવનાર શખસે તેને ખબર આપવી કે, તમને ત્યાંથી જવાની છુટ છે. અને તે સ્ત્રીને જવાને યોગ્ય વખત આપ્યા પછી તથા જતા રહેવાને બધી યોગ્ય સુગમતા આપ્યા પછી તે મિલકત ધરવાને વાસ્તે તે ઓલીમાં જવાને તે મુખત્યાર છે. પરંતુ તેણે તે મિલકત છાનીમાની ખસે નહી એટલા માટે, આ ઠરાવોથી વિરૂદ્ધ ન આવે એવી, બધી સાવચેતી રાખવી.

કોરટમાં અથવા સરકારી અમલદાર પાસે અનામત રાખેલી મિલકતની જપ્તી.

૨૭૨. કોઇ કોરટમાં અથવા સરકારી અમલદારની સંભાળમાં અનામત રાખેલી મિલકત હોય, ત્યારે તે કોરટ અથવા અમલદારને નોટીસ આપીને જપ્તી કરવી. તે નોટીસમાં નોટીસ કરનાર કોરટે એમ લખવું, કે અમારો બીજો હુકમ થાય તે પ્રમાણે તે મિલકતની અથવા તે ઉપર કંઇ વ્યાજ કે ડીવીડેન્ટ આપવાનું થાય તેની તજવીજ કરવાને તે આપની પાસે રાખશો.

વિશેષ ઠરાવ.

પરંતુ તે મિલકત કોઇ કોરટમાં અનામત હોય અથવા કોરટની સંભાળમાં રાખેલી હોય, અને લખી આપ્યાના સબબથી, જપ્ત કરવાના સબબથી, અથવા બીજા કોઇ સબબથી, પ્રતિવાદી શિવાય બીજો કોઇ શખસ તે મિલકતમાં પોતાનો હક સબંધ છે એમ કહે, અને

તે શખસ તથા હુકમનામાવાળો એ બેની વચ્ચે તે મિલકતની માલકીના હક વિશે અથવા પહેલો હક કોનો છે એ વિશે તકરાર ઉઠે તો, તેનો નિવેડો જે કોરટમાં અથવા કોરટની સંભાળમાં મિલકત હોય તે કોરટે કરવો.

પઇશા બાબતના હુકમનામાની જમી.

૨૭૩. જમે કરવાની મિલકતમાં પઇશાનું હુકમનામું હોય, અને જે હુકમનામું બજાવવાનો યત્ન હોય તે હુકમનામું કરનારી કોરટેજ તે જમે કરવાનું હુકમનામું કર્યું હોય, તો કોરટે હુકમ કરીને જમી કરવી. તે હુકમમાં એમ લખવું કે, તે જમે કરવાના હુકમનામાથી જે ઉપજે તે બજાવવાનું હુકમનામું પુરૂં કરવામાં કામે લગાડવું.

બીજી કોઇ કોરટે કરેલું પઇશા બાબતનું હુકમનામું જમે કરવાનું હોય તો, જે હુકમનામું બજાવવાનો યત્ન હોય તે હુકમનામું કરનાર કોરટના જડજની સહીથી તે કોરટને લખેલી નોટીસ આપીને જમી કરવી. તે નોટીસમાં નોટીસ મોકલનાર કોરટે એમ લખવું કે, અમે તે નોટીસ રદ કરીએ ત્યાં સુધી આપે કરેલા હુકમનામાની બજાવણી આપ બંધ રાખશો આવી નોટીસ મળે તે કોરટે.—

(અ) જે હુકમનામું બજાવવાનો યત્ન હોય તે હુકમનામું કરનારી કોરટ નોટીસ રદ ન કરે તો અને તે રદ કરતાં સુધી, અથવા

(બ) જે હુકમનામું બજાવવાનો યત્ન હોય તેનો માલેક, નોટીસ મળે તે કોરટે કરેલું હુકમનામું બજાવવાની દરખાસ્ત, નોટીસ મળે તે કોરટને ન કરે તે અને તે કરતાં સુધી.

નોટીસ પ્રમાણે બજાવણી બંધ રાખવી.

સદરહુ પ્રમાણે દરખાસ્ત મળે ત્યારે કોરટે હુકમનામું બજાવવાનું કામ ચલાવવું: અને તેથી જે ઉપજે તે, જે હુકમનામું બજાવવાનો યત્ન હોય, તે હુકમનામું પુરૂં કરવામાં કામે લગાડવું.

બીજાં હુકમનામાંની જમી,

બીજા બધાં હુકમનામાંમાં જમે કરવાની બાબતમાં, જે હુકમનામું જમે કરવાનો યત્ન હોય તેના માલેકને, જે હુકમનામું બજાવવાનો યત્ન હોય તે હુકમનામું કરનારી કોરટના જડજની સહીથી લખેલી નોટીસ આપીને જપ્તી કરવી. તે નોટીસમાં તે માલેકને એવી મનાઇ કરવી કે, તમારે કોઇ પણ રીતે તે બીજાને આપવું નહિ અથવા તેના ઉપર કાંઇ બોજો નાંખવો નહિ, અને તે હુકમનામું કોઇ બીજી કોરટે કર્યું હોય તો તે કોરટને પણ તેવી લખેલી નોટીસ મોકલવી; ને તેમાં નોટીસ મોકલનાર કોરટે એમ જણાવવું કે તે નોટીસ અમારી તરફથી રદ કરવામાં આવે ત્યાં સુધી જમી કરવાનો યત્ન હોય તે હુકમનામું તમારે બજાવવું નહિં. જે કોરટને આવી નોટીસ મળે તે પ્રત્યેક કોરટે તે નોટીસ સદરહુ પ્રમાણે રદ થાય ત્યાંસુધી તેને અમલમાં લાવવી.

હુકમનામા વાળાએ માહીતી આપવી.

આ કલમ પ્રમાણે જમે થએલા કોઇ હુકમનામાનો માલિક તે હુકમનામું બજાવનારી કોરટને વાજબી રીતે જોઇએ તે માહિતી અને મદત આપવાને બંધાએલો છે.

સ્થાવર મીલકતની જમી

૨૭૪ મિલકત સ્થાવર હોય તો મનાઇ હુકમ કરીને તે જમ કરવી. તે મનાઇ હુકમમાં એવી મનાઇ કરવાં કે હુકમનામાના દેણદારે કોઇ રીતે તે મીલકત બીજાને આપવી નહીં અથવા તેના ઉપર કાંઇ બોજો નાંખવો નહીં, અને કોઇ પણ શખસે ખરીદીથી, બક્ષીસથી, અથવા બીજી રીતે તેની પાસેથી તે મિલકત લેવી નહીં.

તે મિલકત અથવા તેની પાસે કોઇ ઠેકાણે, તે હુકમ દાંડી પીટીને અથવા દસ્તુર પ્રમાણે બીજી રીતે પ્રસિદ્ધ કરવો, અને હુકમની એક નકલ તે મિલકતના તથા કોરટના મકાનના કોઇ પ્રસિદ્ધ ભાગ ઉપર ચોઢવી.

મિલકતમાં સરકારને મેહેસુલ ભરવું પડે એવી જમીન હોય તો જે ડીસ્ટ્રીકટમાં જમીન હોય તે ડિસ્ટ્રિકટના કલેકટરની કચેરીમાં પણ તે હુકમની એક નકલ ચોઢવી.

હુકમનામુ ભરપાઇ થયા પછી જમી ઉઠાડવાનો હુકમ.

૨૭૫ ખરચ સુધાંત હુકમનામામાં અપાવેલી રકમ તથા કંઇ મિલકત જપ્ત કરવાને લીધે થએલું ખરચ ખરાખર કોરટમાં ભરવામાં આવે, અથવા કોરટની મારફતે બીજી રીતે હુકમનામાની ભરપાઇ થાય, અથવા હુકમનામું રહિત કરવામાં કે રદ કરવામાં આવે તો, મિલકતમાં જેનો સંબંધ હોય તેવા કોઇ શખસની અરજ ઉપરથી જપ્તી ઉઠાડવાનો હુકમ કરવો.

જપ્તી પછી મિલકત ખાનગી રીતે આપી દેવાનો વ્યવહાર નિરર્થક થવાનો.

૨૭૬. ખરોખર ધરીને, અથવા ઉપર કહ્યા પ્રમાણે યોગ્ય રીતે જાણ અને પ્રસિદ્ધ કરેલા લેખી હુકમથી, જપ્તી કરી હોય ત્યારે, જપ્તી ચાલુ હોય તે દરમ્યાન જપ્ત કરેલી મિલકત વેચાણથી, બક્ષીસથી, ઘરાણીયાથી, કે બીજી રીતે કોઇ ખાનગી આપી દેશે તે, અને હુકમનામાના દેણદારને કોઇ લેહેણું અથવા ડીવીડેન્ડ, અથવા શેર સ્વાધીન કરશે તે જપ્તી ઉપરથી અમલમાં લાવી શકાય એવા બધા દાવાની સાંમે નિરર્થક ગણાશે.

જપ્ત થએલું નાણું અથવા ચલણી નોટ જે પક્ષકારને મળવાનો હક હોય તેને આપવાનું કોરટ ફરમાવે.

૨૭૭. જપ્ત કરેલી મિલકતમાં નાણું અથવા ચલણી નોટો હોય તો તે જપ્તી ચાલુ હોય, તે દરમ્યાન કોઇ પણ વખતે કોરટ એવું ફરમાવે કે, તે નાણું અથવા નોટો, અથવા હુકમનામાની ભરપાઇ થવાને બસ હોય તેટલો તેનો ભાગ, હુકમના પ્રમાણે તે લેવાને જે હકદાર હોય તે પક્ષકારને આપવો.

જપ્ત થએલી મીલકત ઉપર કોઇ દાવો કરે અથવા જપ્તીમાં હરકત કરે તેની તજવીજ.

૨૭૮. હુકમનામુ બજાવવામાં જપ્ત કરેલી કોઇ મિલકત એ જપ્તીને પાત્ર નથી એમ કહીને તે મિલકત ઉપર કોઇ દાવો રાખે, અથવા તેની જપ્તીમાં કોઇ હરકત લે, તો દાવેદાર અથવા હરકત કરનારની જબાની લેવાની બાબતમાં તથા બીજી બધી બાબતમાં જાણે તે દાવેદાર અથવા હરકત કરનાર ફરિયાદનો પક્ષકાર હોય એવા અખત્યારથી તે દાવાની અથવા હરકતની કોરટે તજવીજ કરવી.

પરંતુ કોરટના વીચારમાં એમ આવે કે દાવો અથવા હરકત કરવામાં જાણી જોઇને કે વીના કારણ ઢીલ કરી છે તો પછી તેવી તજવીજ કરવી નહીં.

વેચાણમુલતવીરાખવાનુ

જે મિલકતને વાસ્તે દાવો અથવા હરકત કરી હોય તે વેચવાને જાહેરનામુ પ્રગટ થયું હોય તો વેચાંણનો હુકમ કરનાર કોરટ. તે દાવો અથવા હરકતની તજવીજ થઇ રહે ત્યાં સુધી. તે વેચાણ મુલતવી રાખવાને મુખત્યાર છે.

દાવેદારે પુરાવો આપવો

૨૭૯. જપ્તીને દીવસે જપ્ત કરેલી મિલકતમાં પોતાનો કંઇ સબંધ હતો, અથવા તે પોતાના કબજામાં હતી, એ બતાવવાને દાવેદાર કે હરકતદારે પુરાવો આપવો જોઇએ.

મીલકત ઉપરથી જપ્તી દુર કરવાનું.

૨૮૦ સદરહુ તજવીજ કરવાની કોરટથી ખાત્રી થાય કે: દાવામાં અથવા હરકતમાં જણાવેલા કારણને લીધે જપ્તી કરી તે વખતે તે મિલકત હુકમનામાના દેણદારના કબજામાં, અથવા તેની વતી ત્રસ્ટી દાખલ કોઇ શખસના કબજામાં, અથવા તેને ભાડુ આપનાર કુળ કે બીજા શખસના કબજામાં નહોતી; અથવા, જપ્તી કરી તે વખતે હુકમનામાના દેણદારના કબજામાં હતી ખરી પરંતુ તે કબજો તેને પોતાને સારૂ અથવા પોતાની મિલકત તરીકે નહોતો, પણ કોઇ બીજા શખસને વાસ્તે અથવા તેના ત્રસ્ટી દાખલ હતો; અથવા થોડોક પોતાને વાસ્તે અને થોડોક કોઇ બીજા શખસને વાસ્તે હતો તો કોરટે બધી અથવા પોતાને યોગ્ય લાગે તેટલી મિલકત ઉપરથી જપ્તી દુર કરવાનો હુકમ કરવો.

જપ્ત થએલી મિલકતઉપરથી જપ્તી ખશેડવાનો દાવો નામંજુરકરવાનુ.

૨૮૧ જપ્તી કરતી કરતી વખતે તે મિલસ્ત હુકમનામાના દેણદારના કબજામાં બીજા કોઇ સખસની વતી નહીં પણ તેની પોતાની મિલકત તરીકે હતી, અથવા તેની વતી ત્રસ્ટી દાખલ કોઇ બીજા સખસના કબજામાં હતી, અથવા તેને ભાડું આપનાર કોઇ કુળ કે બીજા સખસના તાબામાં હતી એવી કોર્ટની ખાત્રી થાય તો કોરટે દાવો નામંજુર કરવો.

બોજાવાળાનાહક્ક સુધાંત જપતી ચાલુ રાખવાનું

૨૮૨ જેનો કબજો ન હોય એવા કોઇ સખસનો ઘરાણીયા હક્ક હથવા લીયન તે મિલકત ઉપર છે એવી કોર્ટની ખત્રી થાય, અને જપતી ચાલુ રાખવી યોગ્ય લા લાગે તો, તે ઘરાણીયા હક્ક અથવા લીયન કાયમ રાખીને જપતી ચાલુ રાખ રાખવાને કોર્ટ મુખત્યાર છે.

જપત મિલકત ઉપર હક ઠરાવવાનીફરિયાદચાલે,

૨૮૩ જે પક્ષકાર વિરૂદ્ધ કલમ ૨૮૦. ૨૮૧, અથવા ૨૮૨ પ્રમાણે હુકમ કરયો હોય તે પક્ષકાર, ટંટાની મિલકતમાં પોતે દાવો રાખતો હોય તે હક ઠરાવવાની ફરીયાદ કરવાને મુખત્યાર છે. પરંતુ આવી ફરીયાદ જો થાય તો તેના નિકાલ થાય તેને અનુસરીને સદરહુ હુકમ નીરૂત્તર ગણાશે.

જપત થએલી મિલકત વેચવાનો અને જે ઉપજે

૨૮૪. જપત કરેલી કોઇ મિલકત, અથવા હુકમનામાની ભરપાઇ સારૂ જરૂર જણાય તેટલો તે મિલકતનો

તે હકદારને આપવાનો હુકમ કરવાનો અખત્યાર.

ભાગ વેચવો, અને વેચાણથી જે ઉપજે તે અથવા તેનો પુરતો ભાગ હુકમનામા પ્રમાણે લેવાને જે પક્ષકાર હકદાર હોય તે પક્ષકારને આપવો, એવો હુકમ કરવાને કોઇ પણ કોરટ મુખત્યાર છે,

ઘણી કોરટોનાં હુકમનામાં બજાવવામાં જપત થએલી મિલકત.

૨૮૫. કોઇ કોરટની સંભાળમાં ન હોય એવી મિલકત એક કરતાં વધારે કોરટોનાં હુકમનામાં બજાવવામાં જપત થઇ હોય ત્યારે, તે કોરટમાં સૌથી ઊંચા દરજ્જાની કોરટ હોય તે કોરટે તે મીલકત લેવી, અથવા તેના પઇસા કરવા, અને તે ઉપરના કોઇ દાવાનો તથા તેની જપતીમાં લીધેલી હરકતનો નિર્ણય કરવો, અથા તે કોરટોના દરજ્જામાં કંઇ તફાવત ન હોય ત્યારે, જે કોરટના હુકમનામાથી તે મિલકત ઉપર પ્રથમ જપતી થઇ હોય તે કોરટે તેમ કરવું,

ગ.—મિલકતના વેચાણ વિશે અને તે સ્વાધીન કરવા વિશે.

(અ) સામાન્ય નિયમ.

વેચાણનું કામ કોણે અને શી રીતે કરવું.

૨૮૬. હુકમનામાં બજાવવામાં વેચાણ કરવું પડે તે, કોરટના કોઇ અમલદારે અથવા કોરટ નીમે તેવા બીજા કોઇ શખસે કરવું; અને કલમ ૨૯૬ માં ઠરાવ્યું છે તે શિવાય, તે વેચાણ આ આકટમાં હવે પછી કહેલું છે તે રીતે જાહેર લીલામથી કરવું.

જાહેર લીલામથી કરવાના વેચાણનું જાહેરનામું.

૨૮૭. હુકમનામું બજાવવામાં કોઇ મિલકત જાહેર લીલામથી વેચવાનો હુકમ કરયો, એટલે કરવા ધારેલા વેચાણનું જાહેરનામું તે કોરટની ભાષામાં કોરટે કાઢવું. તે જાહેરનામામાં વેચવાનો વખત તથા ઠેકાણું જણાવવું, તથા નીચેના મજકુર બની શકે તેટલી સ્પષ્ટ રીતે અને ચોકસાઇથી તેમાં જણાવવો.—

(અ) વેચાવાની મિલકત;

(બ) વેચવાની મિલકતમાં, સરકારને મેહેસુલ ભરનારી ઇસ્ટેટમાંનો અથવા તેના કંઇ ભાગમાંનો હક સબંધ હોય તો તે ઇસ્ટેટ અથવા તેના ભાગ ઉપર ઠરાવેલો જમાબંદી આકાર.

(ક] મિલકત ઉપર કંઇ બોજો હોય તો તે;

(ડ] જે રકમ લેવાને વાસ્તે વેચવાનો હુકમ કરયો હોય તે; અને

[ઈ] મિલકતની કિંમત તથા સ્વરૂપનો વિચાર આવવાને ખરીદદારે જે બાબતો જાણવાની જરૂર છે એમ કોરટને જણાય તેવી દરેક બાબત.

સદરહુ પ્રમાણે જણાવવાની બાબતો નકી કરવા સારૂ જરૂર લાગે તેવા કોઇ શખસને સમન કાઢવાને, તથા તેવી કોઇ બાબતો વિશે તેની જબાની લેવાને તથા તે બાબતો વિશે તેના કબજામાં કે અખત્યારમાં હોય તેવા દસ્તાવેજો હાજર કરવાનું તેને કેહેવાને કોરટ મુખત્યાર છે.

હાઇ કોરટે કરવાના

આ કાયદો અમલમાં આવ્યા પછી બને તેટલા જલ

નિયમ. દી, આ કલમ પ્રમાણે કોરટોએ કામ ચલાવવામાં શી રીતે વહીવટ કરવો તે વિશે, હાઇ કોરટે નિયમ કરવા આ પ્રમાણે કરેલા કોઇ નિયમોમાં વખતે વખતે ફેરફાર કરવાને હાઇ કોરટ મુખ્‍ત્યાર છે. આવા બધા નિયમ સ્થાનીક સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ થશે, અને ત્યારથી તે કાયદા જેટલા બળવાન ગણાશે, આ પારેગ્રાફના અર્થ પ્રમાણે રંગુનના રીકારડર એ, પોતાની કોરટ તથા રંગુનની સ્મોલકોજ કોરટની બાબતમાં, હાઇ કોરટ ગણાશે.

હુકમનામું બજાવવાનું કામ કલેકટરને ત્યાં મોકલ્યું હોય તે કામને આ કલમની કંઇ વાત લાગુ પડશે નહીં.

જડજ વગેરેને અભય. ૨૮૮. કલમ ૨૮૭ પ્રમાણેના કોઇ જાહેરનામામાં કંઇ ખોટું જણાવ્યું હોય, અથવા કંઇ મુકી દીધું હોય, અથવા કંઇ ભુલ કરી હોય, તેને વાસ્તે કોઇ જડજ કે બીજો સરકારી અમલદાર જવાબદાર થશે નહીં, પરંતુ બદદયાનતથી તેમ કરયું હશે તો જવાબદાર થશે.

જાહેરનામું પ્રસિદ્ધ કરવાનો પ્રકાર. ૨૮૯. જે ઠેકાણે મિલકત જપ્ત કરી હોય તે ઠેકાણે, કલમ ૨૭૪ માં કહ્યું છે તે રીતે, જાહેરનામું પ્રસિદ્ધ કરવું અને પછી તેની એક નકલ કોરટના મકાનમાં તથા, સરકારને મેહેસુલ ભરનારી જમીનની બાબતમાં, કલેકટરની કચેરીમાં પણ ચોઢવી.

સ્થાનિક સરકારી ગેઝીટમાં અને કોઇ સ્થાનીક વરતમાન પત્રમાં તે જાહેરનામું પ્રસિદ્ધ કરવાને કોરટ ફરમાવે તો તેમ પણ કરવું. અને તે રીતે પ્રસિદ્ધ કરવાનું ખરચ તે વેચાણનું ખરચ ગણવું

વેચાણની મુદત. ૨૯૦ કલમ ૨૬૯ ના વિશેષ ઠરાવમાં કહેલી મિલકતના પ્રસંગ શિવાય બાકીને પ્રસંગે આ બાબ પ્રમાણેનું કોઇ પણ વેચાણ,—હુકમનામાનો દેણદાર લેખી સંમતી ન આપે તો, સ્થાવર મિલકત હોય ત્યારે ઓછામાં ઓછા ત્રીસ દીવસ વીત્યા વગર ન કરવું અને જંગમ મિલકત હોય ત્યારે ઓછામાં ઓછા પંદર દીવસ વીત્યા વીના ન કરવું અને એ મુદત વેચાણનો હુકમ કરનાર જડજની કોરટના મકાનમાં જાહેરનામું ચોઢયાની તારીખથી ગણવી.

વેચાણ મુલત્વી રાખવાનો અખત્યાર. ૨૯૧. કોરટની નજરમાં આવે તો તે આ બાબપ્રમાણે (કલેકટરે કરવાના વેચા શિવાયનું) કોઇ વેચાણ કોઇ નીદીષ્ટ કરેલા દિવશ તથા કલાક સુધી મુલત્વી રાખે, અને સદરહુ પ્રકારના વેચાણનું કામ ચલાવનાર અમલદારની નજરમાં આવે તો, વેચાણ મુલત્વી રાખવાનાં પોતાનાં કારણ લખીને તે વેચાણ મુલત્વી રાખે, પરંતુ કોરટના મકાનમાં અથવા મકાનની હદમાં વેચાણ કરવામાં આવે તો, કોરટની રજા વગર સદરહુ પ્રમાણે મુલત્વી રાખવું નહી.

લેહેણું અને ખરચઆપવામાંડે અથવા આપ્યું એમ સાબિત કરે તો વેચા આ કલમ પ્રમાણે જ્યારે સાત દિવસ કરતાં વધારે મુદતસુધી વેચાણ મુલત્વી રાખ્યું હોય ત્યારે, ૨૮૯ મી કલમ પ્રમાણે નવું જાહેરનામું કાહાડવું જોઇએ, પણ હુકમ

નામાનો દેણદાર તે પ્રમાણે ન કરવાને કબુલ હોય તો તેમ કરવું નહી. લીલામમાં ભાગ [લાટ) ત્રણ વાર થયા પહેલાં લેહેણું તથા [વેચાણના ખરચ સુધાં) ખરચ તે અમલદારતે આપવા માંડે અથવા જે કોરટે વેચાણનો હુકમ કરયો હોય તે કોરટમાં તે લેહેણાની અને ખરચની રકમ ભરી છે એમ તે અમલદારની ખાત્રી થાય એવી શાબિતી આપવામા આવે, તો સદરહુ પ્રમાણેનું પ્રત્યેક વેચાણ બંધ રાખવું. ણુ બંધ રાખવું.

બજાવણીનાવેચાણમાંજે મનો સબંધ હોયતે અમલદારે લીલામમાં મિલકતની માગણી કરવી નહીઅથવાતેખરીદવીનહી,

૨૯૨. આબાબ પ્રમાણેના કોઇ પણ વેચાણનેલગતુ કાંઇ કામ જે અમલદારને કરવાનું હોય, તે અમલદારે તે વેચાણ વખતે વેચાએલી કંઇ મિલકતનો કંઇ પણ હક સબંધ, ઉઘાડી રીતે અથવા પરભારયો માગવો નહીં, કે મેળવવાનો યત્ન કરવો નહી,

કસુર કરનારો ખરીદદાર ફરી લીલામ કરવાથી ખોટ આવે તેનો જવાબદાર થશે..

૨૯૩ ખરીદદાર રૂપીયા ન ભરે તે કારણને લીધે આ કાયદા પ્રમાણે ફરી વેચાણ કરવું પડે તથી [જે કંઇ] ઓછી કીંમત ઉપજે તો,,કેટલી ઓછી ઉપજી તે, તથા તે ફરી વેચાણને લીધે થએલું ખરચ, વેચાણનું કામ ચલાવનાર અમલદારે કોરટને લખી જણાવવું.

અને હુકમનામા વાળાની અથવા હુકમનામાના દેણદારનીઅરજ ઉપરથી, આ બાબતમાં પઇસા બાબતનું હુકમનામું બજાવવાને જે નિયમો કહ્યાં છે તે પ્રમાણે, રૂપીયા ન ભરનાર પાસેથી તે રકમ વસુલ કરી શકાશે.

હુકમનામાવાળાએ પરવાનગી વગર મિલકતની માગણી કરવી નહી અથવા ખરીદવી નહી.

૨૯૪ જે હુકમનામું બજાવવામા મીલકત વેચાતી હોય તે હુકમનામાનાના માલીકે, કોરટની સ્પષ્ટ પરવાનગી લીધા વગર, તે મિલકતની માગણી કરવી નહીં, કે તે ખરીદવી નહી.

હુકમનામાવાળો ખરીદે તો હુકમનામાની રકમ ખરીદીનીરકમનાભરણા તરીકે ગણાય.

સદરહુ પરવાનગીથી હુકમનામાવાળો ખરીદ કરે ત્યારે, હુકમનામા ઉપરનું લેહેણું અને વેચાણની રકમ એક બીજામાં મજરે લેવાનું જો તે કેહે તો તેમ કરવું અને હુકમનામું બજાવનારી કોરટે આખા હુકમનામાની અથવા તેના ભાગની તે પ્રમાણે ભરપાઇ કરવી.

હુકમનામાવાળો સદરહુ પ્રકારની પરવાનગી વગર પોતે અથવા બીજા શખસની માર્ફત ખરીદ કરે ત્યારે, કોરટને યોગ્ય લાગે તો, હુકમનામાના દેણદારની અથવા વેચાણમાં સબંધ હોય તેવા કોઇ બીજા શખસની અરજી ઉપરથી, હુકમ કરીને સદરહુ વેચાણ રદ કરવાને કોરટ મુખત્યાર છે; અને એવી અરજી અને હુકમનો ખરચ, તથા ફરીથી વેચાણ કરવાથી કિંમતમાં જે કાંઇ ઓછું ઉપજે તે રકમ અને તે વેચાણ સંબંધી સઘળો ખરચ હુકમનામાવાળાએ આપવો પડશે.

બજાવણીના વેચાણમાં જે ઉપજે તે હુકમનામા

૨૯૫. હુકમનામું બજાવવામાં વેચાણથી અથવા બીજી રીતે જે અવેજ વસુલ થાય, અને જે કો

વાળાઓમાં ફાળે પડતું વેંહેંચી આપવું.

ર્ટની પાસે તે અવેજ હોય તે કોરટને તે વસુલ થતાં પહેલાં એક કરતાં વધારે શાખસોએ તેજ હુકમનામાના દેણદારની ઉપર પઇશા બાબતનાં હુકમનામાં બજાવવા ને દરખાસ્તો કરી હોય, અને તે હુકમનામાં પુરાં થયાં ન હોય તો, વસુલ કરવા નું ખરચ બાદ કરીને બાકીનો અવેજ ફાળે પડતો તે બધા શાખસોને વેહેંચી આપવો.

પરંતુ એવું ઠરાવ્યું છે કેઃ—

ઘરાણીયો હક કાયમ રાખીને મિલકત વેચી હોય તો તે વિશે વિશેષ ઠરાવ.

[અ] ઘરાણીયો હક અથવા બોજો કાયમ રાખીને કાંઇ મિલકત વેચાઇ હોય ત્યારે, તે વેચાણથી કાંઇ વધારો રહે તેમાંથી હિસ્સો લેવાને તે ગીરોદાર અથવા બોજાવાળો ગીરોદાર તરીકે અથવા બોજાવાળા તરીકે હકદાર થશે નહીં."

(બ). હુકમનામું બજાવવામાં વેચવાને પાત્ર જે મિલકત હોય, તેના ઉપર ઘરાણીયો હક હોય અથવા બોજો હોય તો, ગીરો રાખનારની અથવા બોજાવાળાની સંમતીથી, ઘરાણીયો હક અથવા બોજો રાખ્યા શિવાય તે મિલકત વેચવાનો, અને વેચેલી મિલકત ઉપર ગીરો રાખનારનો અથવા બોજાવાળાનો જે હક હોય તેજ હક તેને વેચાણમાંથી ઉપજેલી રકમ ઉપર આપવાનો, હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

વિશેષ ઠરાવ.

(ક) સ્થાવર મિલકત ઉપરનો બોજો પતાવી નાંખવા માટે તેનું વેચાણ જે હુકમનામામાં ફરમાવ્યું હોય તે હુકમનામાની બજાવણીમાં સદરહુ મિલકત વેચી હોય તો વેચાણની ઉપજ હેઠળ લખેલી બાબતમાં વાપરવીઃ—

પેહેલી.—વેચાણનો ખરચ આપવામાં;

બીજી.—બોજા બાબત જે મુદ્દત તથા વ્યાજ દેવું હોય તે આપવામાં;

ત્રીજી.—ત્યાર પછીના કાંઇ બોજા હોય તો તે બાબત જે મુદ્દલ તથા વ્યાજ દેવું હોય તે આપવામાં અને

ચોથી.—હુકમનામાના દેણદારની વિરૂદ્ધ પઇશા બાબતનાં હુકમનામાંના માલેકો, કે જેઓએ સદરહુ મિલકતનું વેચાણ થવાની અગાઉ પોતાનાં હુકમનામાં બજાવવા સારૂ સદરહુ વેચાણ ફરમાવનારૂં હુકમનામું કરનારી કોરટને દરખાસ્ત કરી હોય અને જેમનાં હુકમનામાંની ભરપાઇ થઇ ન હોય, તેઓને ફાળો પડતી વેંહેંચી દેવામાં.

તે બધો અવેજ અથવા તેનો કંઇ ભાગ લેવાને જે શાખસ હકદાર ન હોય તેને તે આપવામાં આવે તો, કોઇ પણ હકદાર શાખસ, અવેજ પાછો ભરવાની તે

શખસને જરૂર પાડવા સારૂ ફરિયાદ કરી શકે.

આ કલમમાં કહેલી કોઇ વાતથી સરકારના હકને બાધ આવતો નથી.

(ખ).—જંગમ મિલકત વિષે નિયમો.

વેચાય એવા લેખ તથા જાહેર કંપનીના શેર વિષે નિયમ,

૨૯૬. વેચવાની મિકલતમાં વેચાય એવો દસ્તાવેજ અથવા કોઇ જાહેર કંપનીનો કે કારપોરેશનનો શેર હોય તો, જાહેર લીલામથી વેચાણ કરવાનુ ફરમાવ્યાને બદલે, તેવો દસ્તાવેજ અથવા શેર તે દિવસના બજાર ભાવ પ્રમાણે દલાલની મારફતે વેચવાનો અખત્યાર આપવાને કોરટ મુખત્યાર છે.

વેચેલી બીજી જંગમ મિલકતની કીંમતનુ ભરણું.

૨૯૭. બીજી જંગમ મિલકત વેચાય ત્યારે પ્રત્યેક ભાગ (લોટ] નીં કીંમત વેચાણ વખતે અથવા ત્યાર પછી વેચાણ કરનાર અમલદાર ફરમાવે કે તરત આપવી અને તે આપવામાં કસુર થાય તો તે મિલકત લાગુલીજ ફરીને લીલામમાં મુકીને વેચવી.

વેચાણની રકમ ભરે એટલે, વેચાણ કરનાર અમલદારે તેની પોંચ આપવી, અને તે વેચાણ પાકું થશે.

ગેર શિરસ્તપણાને લીધે જંગમમિલકતનુ વેચાણ ખોટુ થશે નહીં. પણ કોઇને નુકશાન થાય તો તે ફરિયાદ કરી શકે.

૨૯૮. જંગમ મિલકતનુ વેચાણ પ્રસિદ્ધ કરવામાં અથવા તેના વેચાણનુ કામ ચલાવવામાં કાંઇ ગેર શિરસ્ત કામ થયુ હોય તેટલા ઉપરથી તે વેચાણ ખોટું થશે નહીં. પરંતુ તે ગેરશિરસ્તાપણાને લીધે કોઇ શખસનું કોઇ બીજા શખસને હાથે નુકશાન થાય તો, તેના ઉપર નુકસાનીનો બદલો લેવાની ફરિયાદ માંડવાને તે નુકશાન થએલો શખસ મુખત્યાર છે, અથવા [તે બીજો શખસ વેચાણ લેનારજ હોય તો) તે ખાસ મિલકત અપાવો અને તે ન આપે તો નુકશાનીનો બદલો અપાવો એવી ફરીયાદ કરવાને, તે નુકશાન થએલો શખસ મુખત્યાર છે

ખરેખર ધરેલી જંગમ મિલકતસ્વાધીન કરવાનુ.

૨૯૯. વેચેલી મિલકતમાં વેચાય એવો દસ્તાવેજ અથવા બીજી જંગમ મિલકત હોય અને તે ખરેખર ધરવામાં આવી હોય, તો તે મિલકત ખરીદદારને સ્વાધીન કરવી.

હુકમનામાના દેણદારની જંગમ મિલકત ઉપર બીજાનો કબજે રાખવાનો હક(લીયન હોય ત્યારે તે શી રીતે સ્વાધીન કરવી.

૩૦૦. વેચેલી મિલકતમાં કોઇ એવી જંગમ મિલકત હોય કે તે ઉપર હુકમનામાના દેણદારનો માલિક હક હોય પણ તે કબજે રાખવાનો હક બીજા કોઇનો હોવાથી તે બીજાને કબજે હોય તો તે મિલકત ખરીદદારને સ્વાધીન કરવી. એવી રીતે કે,—કબજાવાળા શખસને નોટીસ આપવી ને તેમાં એવી મનાઇ કરવી કે ખરીદદાર શિવાય બીજા કોઇ શખસને તમારે મિલકતનો કબજો આપવો નહીં.

લેહેણું તથા જાહેર

૩૦૧ વેચેલી મિલકતમાં, જેને માટે વેચાય એવા લે

કંપનીના શેર સ્વાધીન કરવાનુ.

ખ ન હોય એવુ લેહેણુ, અથવા કોઇ જાહેર કંપનીના શેર હોય ત્યારે તે મિલકત સ્વાધીન કરવી તે કોરટના લેખી હુકમથી કરવી. તેમાં લેહેણદારને એવી મનાઇ કરવી કે તમારે તે કરજ અથવા તેનુ વ્યાજ લેવું નહીં તથા દેણદારને એવી મનાઇ કરવી કે ખરીદાર શિવાય કોઇ પણ સખસને તમારે દેવુ આપવું નહીં; અથવા જેના નામ ઉપર શેર ચાલતો હોય તે સખસને એવી મનાઇ કરવી કે, તમારે ખરીદદાર શિવાય કોઇ પણ શખસને નામે કોઇ રીતે શેર ચઢાવી આપવો નહીં અથવા તેના કોઇ (ડિવિડન્ડ] કે વ્યાજના રૂપાયા લેવા નહીં; અને કંપનીના મ્યાનેજર, અથવા સેક્રેટરી, અથવા બીજા યોગ્ય કામદારને એની મનાઇ કરવી કે, તમારે ખરીદદાર શિવાય કોઇ પણ શખસને નામે તેવી કોઇ રીતે સેર ચઢાવી દેવો નહીં અથવા ખરીદાર શિવાય કોઇ પણ શખસને ઉપર કહેલા કંઈ રૂપીયા આપવા નહીં.

વેચાય એવા લેખ અને શેર ચઢાવીઆપવાનુ

૩૦૨ વેચાય એવો લેખ અથવા કોઇ જાહેર કંપનીનો શેર. બીજાને નામે ચઢાવી આપવામાં જે, પક્ષકારના નામ ઉપર તે લેખ અથવા શેર ચાલતો હોય તેનો શેરો અથવા વેચાણ ખત કરી આપવું જોઇતું હોય તો, તે લેખ અથવા શેરના સરટીફીકેટ ઉપર સેરો કરવાને અથવા જરૂર હોય તેવા બીજા દસ્તાવેજ ઉપર સહી કરવાને જડજ મુખત્યાર છે.

નીચેના નમુનાનો અથવા તેની મતલબનો શેરો અથવા સહી કરવી: "**અ. બ.** ઉપર **ઈ. ફ.** એ કરેલી ફરીયાદમાં **અ. બ.** ની વતી **ક. ડ.** (અથવા જે હોય તે) કોરટના જડજ."

તે લેખ અથવા શેર બીજાને નામે ચઢતા સુધી. તેમં ચઢેલું વ્યાજ કે ડિવિડન્ડ લેવા સારૂ તથા તે બદલની પાવતી ઉપર સહી કરવા સારૂ કોઇ શખસને, હુકમ કરીને, નીમવાને કોરટ મુખત્યાર છે. અને સદરહુ પ્રમાણે કોઇ શેરો કરવામાં આવે, અથવા દસ્તાવેજ કરી આપવામાં આવે, અથવા પોંચ ઉપર સહી કરવામાં આવે તે કામ સર્વ પ્રકારે જાણે પક્ષકારે પોતેજ કર્યુ હોય તેમ ગણાશે.

બીજી મિલક હોયત્યારે તેનો હક પ્રાપ્ત થવાનો હુકમ.

૩૦૩ જેને વાસ્તે પાછળ ઠરાવ કરવામાં આવ્યો ન હોય એવી કોઇ જંગમ મિલકત હોય ત્યારે, ખરીદદારને અથવા તે કહે તેને તે મિલકતનો હક પ્રાપ્ત થયો છે એવો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે, અને તે પ્રમાણે તે મિલકતનો હક પ્રાપ્ત થશે.

[ક].—સ્થાવર મિલકત વિશે નિયમો.

કઇ કોરટો જમીનના વેચાણનો હુકમ કરી શકે.

૩૦૪. હુકમનામું બજાવવામાં સ્થાવર મિલકતના વેચાણનો હુકમ કરવાને સ્માલકાજ કોરટ શીવાયની, બીજી કોઇ પણ કોરટ મુખત્યાર છે.

હુકમનામાની રકમ પ્રતિવાદી ઉભી કરે એટલા

૩૦૫. સ્થાવર મિલકત વેચવાનો હુકમ થયો હોય ત્યારે, જો હુકમનામાનો દેણદાર કોરટની એવી ખાત્રી કરી

માટે જમીનનું વેચાણ મુલતવી રાખવાનું.

આપે કે,–તે મિલકત અથવા તેનો કંઇ ભાગ અથવા તેની બીજી કોઇ સ્થાવર મિલકત ગીરો મુકવાથી કે ભાડે આપવાથી કે ખાનગી રાહે વેચવાથી હુકમનામાની રકમ જેટલા રૂપીયા ઉભા થશે એમ માનવાનું કારણ છે તો,–હુકમનામાનો દેણદાર તે રકમ મેળવી શકે એટલા સારૂ તેની અરજ ઉપરથી, કોરટને યોગ્ય જણાય તેટલી મુદત સુધી વેચવાનો હુકમ કરેલી મિલકતનું વેચાણ મુલતવી રાખવાને કોરટ મુખત્યાર છે.

હુકમનામાના દેણદારને સરટિફીકેટ આપવું.

આવે પ્રસંગે કોરટે હુકમનામાના દેણદારને એક સરટી ફીકેટ આપવું, તેમાં મુદત નાખીને તેને એવો અખત્યાર આપવો કે, તેમાં લખેલી મુદતની અંદર અને ૨૭૬ મી કલમમાં ગમે તે ઠરાવ હોય તે છતાં પણ કરવા ધારેલું ઘરાણીયું, ભાડા ચિઠી કે વેચાણ કરવું, પરંતુ તે ગીરો ભાડાચીઠી, અને વેચાણને લીધે જે રૂપીયા આપવાના તે બધા હુકમનામાના દેણદારને ન આપતાં કોરટમાં ભરવા,

વળી એવું ઠરાવ્યું છે કે, આ કલમ પ્રમાણે કરેલું કોઈ પણ ગીરો, ભાડાચીઠી અથવા વેચાણ કોરટ કાયમ કરે ત્યાં સુધી તે પાકુ થશે નહીં.

સ્થાવર મીલકતના ખરીદદારે અનામત મુકવાનું.

૩૦૬. આ બાબ પ્રમાણે સ્થાવર મિલકતના પ્રત્યેક વેચાણ વખતે જે સખસ ખરીદદાર ઠરે તેણે તેમ કરયા પછી તરતજ પોતાની ખરીદીની રકમમાંથી સેંકડે પચીસ ટકા વેચાણ ચલાવનાર અમલદારને અનામત ભરવા. અને તે રીતે રૂપીયા ભરે તો તે મિલકત લાગલીજ ફરી લીલામ કરીને વેચવી.

પુરેપુરી રકમ ભરવાની મુદત.

૩૦૭. મિલકતના વેચાણ પછી વેચાણનો દીવસ બાદ કરીને પંદરમે દિવસે કોરટ બંધ થાય તે અગાઉ ખરીદદારે ખરીદીની પુરેપુરી રકમ ભરવી, અથવા પંદરમો દીવસ રવીવાર કે બીજો રજાનો દીવસ હોય ત્યારે પંદરમા દીવસ પછી પહેલા વેહેલી જે દીવસે રજા ખુલે તે દીવસે ભરવી.

તે રકમ ન ભરે ત્યારે શી રીતે કરવું.

૩૦૮ ગઇ છેલી કલમમાં કહેલી મુદતની દરમ્યાન ભરણું નહીં થાય તો, તે અનામતમાંથી વેચાણનું ખરચ બાદ કરીને બાકી દંડ દાખલ સરકારમાં વસુલ થશે, અને મિલકત ફરી વેચવામાં આવશે. અને કસુર કરેલા ખરીદદારનો તે મીલકત ઉપર કે તે ફરી વેચવાથી ઉપજેલા રૂપીયાના કંઇ ભાગ ઉપર કંઇ દાવો રેહેશે નહીં.

સ્થાવર મિલકતના ફરી વેચાણનું જાહેરનામું.

૩૦૯. ખરીદીની રકમ ભરવાને જે મુદત ઠરાવી છે તે દરમ્યાન તે રકમ ન ભરવાથી સ્થાવર મીલકતનું જે ફરી વેચાણ કરવું પડે તે નવું જાહેરનામું કાઢીને કરવું. તે જાહેરનામું પેહેલાં વેચાણને વાસ્તે ઠરાવી છે તેટલી મુદતનું અને તે રીતે કાઢવું

બજાવણીમાં અવિભક્ત મિલકતનો હિસ્સો વેચાય તેમાં સહભાગીદારનો મા

૩૧૦. હુકમનામાની બજાવણીમાં વેચાએલી મીલકત, અવિભક્ત સ્થાવર મીલકતનો હિસ્સો હોય, અને વેચાણ ચાલતાં કોઇ માગમીમાં બે અથવા વધારે સખસો અનુ

ગણી કરવાનો હક પહેલો છે. | જેમે એકજ રકમ બોલે, ને તેમાં એક સહ હિસ્સેદાર હોય, તો તે માગણી તે સહ હિસ્સેદારની માગણી ગણાશે.

ગેર શિસ્ત પણાને લીધે જમીનનું લીલામ રદ કરવાની અરજ.

૩૧૧. વેચાણ કરવાની વાત પ્રસિદ્ધ કરવામાં અથવા વેચાણ ચલાવવામાં ભારે ગેરશિરસ્ત કામ ચાલ્યું છે એ સબબથી હુકમનામા વાળો અથવા આ બાબ પ્રમાણે જેની સ્થાવર મિલકત વેચાઇ હોય તે સખસ, તે વેચાણ રદ કરવાની કોરટને અરજ કરી શકે.

પણ તે ગેરશિરસ્તે કામ ચાલ્યાથી મને ખરેખરૂં નુકશાન થયું છે એમ અરજદારે કોરટની ખાત્રી થાય તે રીતે, શાબીત કરયા વગર ગેરશિરસ્તાના સબબથી વેચાણ રદ કરવું નહી.

હરકત નામંજુર કર્યાનું અને મંજુર કર્યાનું પરિણામ.

૩૧૨. અઇ છેલી કલમમાં કહ્યા પ્રમાણે અરજ કરવામાં ન આવે, અથવા તેવી અરજ થયા છતાં હરકત નામંજુર કરવામાં આવે તો ફિરિયાદના પક્ષકાર તથા ખરીદદાર પુરતું વેચાણ કાયમ કરવાનો હુકમ કોરટે કરવો.

જો તેવી અરજ કરવામાં આવે અને હરકત મંજુર થાય તો વેચાણ રદ કરવાનો હુકમ કોરટે કરવો.

આ કલમ પ્રમાણે જે પક્ષકારની વિરૂદ્ધ હુકમ કરયો હોય તે પક્ષકારથી, સદરહુ ગેરશિરસ્તપણાના સબબથી, તે હુકમ રદ કરાવવાની ફિરિયાદ થશે નહીં.

હુકમનામાના દેણદારનો વેચવા જોગ હક સંબંધ નથી એ કારણથી લીલામ રદ કરવાની અરજ.

૩૧૩. જે શખસની કહીને મિલકત વેચવા કાઢી હતી તેનો તેમાં વેચાય એવો કંઇ હક સંબંધ નહોતો, એ સબબથી વેચાણ રદ કરવા સારૂ, તેવા કોઇ વેચાણ વખતનો ખરીદદાર કોરટને અરજ કરવાને મુખત્યાર છે, અને કોરટ પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવાને મુખત્યાર છે. પરંતુ વેચાણ રદ કરવાના હુકમ વિરૂદ્ધ હુકમનામાના દેણદારને તથા હુકમનામાવાળાને પોતાની વાત જણાવવાની તક મળ્યા વગર તેવો હુકમ કરવો નહીં.

વેચાણ કાયમ કરવાનું.

૩૧૪. હુકમનામાની બજાવણીમાં સ્થાવર મિલકતનું વેચાણ કોરટ કાયમ કરે ત્યાંસુધી તે પાકું થશે નહી.

જો વેચાણ રદ થાય તો ખરીદદારને કીંમત પાછી આપવી.

૩૧૫. કલમ ૩૧૨ અથવા ૩૧૩ પ્રમાણે સ્થાવર મિલકતનું વેચાણ રદ થાય ત્યારે,

અથવા વેચવા કાહેલી મિલકતમાં હુકમનામાના દેણદારનો વેચાય એવો હક સંબંધ નહોતો અને તેથી કરીને ખરીદદાર પાસેથી તે મિલકત લેઇ લેવામાં આવી એમ માલમ પડે ત્યારે.

જે કોઇ શખસને ખરીદીની રકમ આપી હોય તેની પાસેથી (વ્યાજ સુદ્ધાં અથવા વગર વ્યાજે જેમ કોરટ ફરમાવે તેમ) પોતાની ખરીદીની રકમ પાછી લેવાને

ખરીદદાર હેકદાર થશે.

તે ખરીદીની રકમ તથા કોરટ (જો કંઇ) વ્યાજ અપાવે તે રકમ વસુલ કર વાની તે, પઇશા બાબતનું હુકમનામું બજાવવાને આ. કાયદામાં જે નિયમ ઠરાવ્યા છે તે પ્રમાણે. તે શખસના ઉપર બજાવણી કરીને વસુલ થઇ શકે.

સ્થાવર મિલકતના ખરીદદારને સરટીફીકેટ.

૩૧૬. ઉપર કહ્યા પ્રમાણે સ્થાવર મિલકતનું વેચાણ પાકું થયા પછી, વેચેલી મિલકત તથા વેચાણ વખતે જે શખસ ખરીદદાર ઠરયો હોય તેનું નામ લખાને કોરટે સરટીફીકેટ આપવું. તે સરટીફીકેટમાં વેચાણ કાયમ કરયાની તારીખ નાંખવી, અને ફરિયાદના પક્ષકારના તથા તેઓની મારફત કે તેઓના આધારથી દાવો રાખનારા શખસોનો સબંધ પુરતો વેચેલી મિલકત ઉપર, ખરીદદારને તે સરટીફીકેટની તારીખથી હક પ્રાપ્ત થશે તેની અગાઉ થનાર નથી; પરંતુ જે હુકમનામા ઉપરથી વેચાણ થયું તે હુકમનામું સદરહુ તારીખે કાયમ હોવું જોઇએ.

બેનામી ખરીદદાર વિરૂદ્ધ ફરિયાદનો અટકાવ.

૩૧૭. કોઇ બીજા શખસની વતી ખરીદી કરી હતી, અથવા તે બીજો શખસ જેની મારફત દાવો રાખતો હોય તેવા કોઇ શખસની વતી ખરીદી કરી હતી એ સબબથી, સરટીફીકેટમાં જેનું નામ હોય તેવા ખરીદદાર ઉપર કોઇ ફરીયાદ ચાલશે નહી.

સરટીફીકેટમાં લખેલા ખરીદદારનું નામ દગાથી અથવા ખરાખરીદદારની સંમતી વગર સરટીફીકેટમાં ઘાલ્યું છે એવું સાપતી કરાવવાની ફરીયાદ કરવાને આ કલમની કોઇ વાતથી પ્રતિબંધ થશે નહીં.

હુકમનામાના દેણદારના તાબાની સ્થાવર મિલકત સ્વાધીન કરવાનું.

૩૧૮. વેચાએલી મિલકત, હુકમનામાના દેણદારના કબજામાં અથવા તેની વતી બીજા કોઇ શખસના કબજામાં અથવા તે મિલકતની જપ્તી થયા પછી હુકમનામાના દેણદારે ઉત્પન્ન કરેલા હકથી દાવો રાખનાર કોઇ શખસના કબજામાં હોય, અને તે વિશેનું સરટીફીકેટ કલમ ૩૧૬ પ્રમાણે મળ્યું હોય ત્યારે, ખરીદદારની અરજ ઉપરથી, કોરટે તેના કબજો અપાવવાનો હુકમ કરવો, તે એવી રીતે કે, ખરીદદારને અથવા ખરીદદાર પોતાની વતી કબજો લેવાને જે કોઇ શખસને નીમે તેને તે મિલકતનો કબજો આપવો, અને જરૂર પડે તો જે કોઇ શખસ તે મિલકત ખાલી કરવાની ના કહે તેને કાઢી મુકવો.

ભાડુતના તાબામાં હોય તેવી સ્થાવર મિલકત સ્વાધીન કરવાનું.

૩૧૯. વેચેલી મિલકત ભાડુતના અથવા જેને તેનો કબજો રાખવાનો હક હોય તેવા બીજા શખસના કબજામાં હોય; અને તે વિશેનું સરટીફીકેટ કલમ ૩૧૬ પ્રમાણે મળ્યું હોય, ત્યારે કોરટે તે અપાવવાનો હુકમ કરવો તે એવી રીતે કે, તે મિલકત ઉપર કોઇ પ્રસિદ્ધ ઠેકાણે વેચાણના સરટીફીકેટની નકલ ચોહોડવી, અને કોઇ સોઇવાર ઠેકાણે દાંડી પીટીને અથવા દસ્તુર પ્રમાણે બીજી રીતે કબજેદારને જાહેર કરવું કે હુકમનામાના દેણદારના હક સંબંધ ખરીદદારને વેચેલો છે.

અમુક હુકમનામો કલે કટર તરફ બજાવવા મો કલવાના નિયમ કરવાનો અખત્યાર.

૩૨૦. ગવરનર જનરલ ઇનકાંઉન્સીલની મંજુરીથી સરકારી ગેઝીટમાં જાહેર ખબર આપીને નીચે પ્રમાણે ઠરાવ કરવાને તથા તેવો કોઇ ઠરાવ કરવાને કે તેમાં ફેરફાર કરવાને સ્થાનીક સરકાર મુખત્યાર છે. એટલે:—કોઇ પણ સ્થાનિક હદમાં, કોરટે કંઇ સ્થાવર મીલકત વેચવાનો હુકમ કરયો હોય તેવાં કામોમાં, હુકમનામાની બજાવણીનું કામ અથવા કોઇ વિશેષ જાતનાં તેવાં હુકમનામાંની બજાવણીનું કામ.—કલેકટરને હવાલે કરવું.

હુકમનામાં મોકલવાના, બજાવવાના, અને પાછાં મોકલવાના નિયમ કરવાનો અખત્યાર.

આ કાયદામાં પાછળ ગમે તેમ કહ્યું હોય તો પણ કોરટમાંથી કલેકટરને ત્યાં હુકમનામું મોકલવા બાબત, તથા તે બજાંવવામાં કલેકટરની અને તેના તાબાનાં માણસોની કામ ચલાવવાની રીત નિયમસર કરવા બાબત, તથા કલેકટરની પાસેથી કોરટને હુકમનામું પાછું મોકલવા બાબત, વખતે વખતે નિયમો કરવાને પણ સ્થાનિક સરકાર મુખત્યાર છે.

સદરહુ પ્રમાણે મોકલેલાં હુકમનામાં બજાવવા વિશે કલેકટરનો અખત્યાર.

૩૨૧. સદરહુ પ્રમાણે હુકમનામાની બજાવણીનું કામ કલેકટરને હવાલે કરવામાં આવ્યું હોય ત્યારે,

(અ) કલમ ૩૦૫ પ્રમાણે કોરટ જે રીતે કામ ચલાવત તે રીતે કામ ચલાંવવાને, અથવા

(બ) વેચવાનો હુકમ થએલી તમામ મિલકત કે તેનો કાંઇ ભાગ પ્રિમિયમ લેઇ હમેશને વાસ્તે કે કાંઇ મુદતને વાસ્તે ભાડે આપીને અથવા ઘરાણે મુકીને, હુકમનામાની રકમ ઉભી કરવાને, અથવા

(ક) વેચવાનો હુકમ થએલી મીલકત અથવા જરૂર હોય તેટલો તેનો ભાગ વેચવાને,

કલેકટર મુખત્યાર છે.

હુકમનામાની બજાવણી સદરહુ પ્રમાણે કલેકટરને સોંપવામાં આવે ત્યારે તેણે કેમ કામ ચલાવવું તે.

૩૨૨. સ્થાવર મીલકતને જે કરાર વિશેશ રીતે લાગુ હોય તે કરારને લીધે જે હુકમનામામાં તે મીલકત વેચવાનું ફરમાવ્યું હોય તેવું હુકમનામું નહીં પણ પઇસા બાબતનું હુકમનામું હોય, અને તે પુરૂં કરવામાં કોરટે સ્થાવર મીલકત વેચવાનો હુકમ કરયો હોય; 'એવું હુકમનામું બજાવવાનું કામ સદરહુ પ્રમાણે' મોકલ્યું હોય ત્યારે, કલેકટરને જરૂર જણાય તેવી ચોકશી કરયા પછી, હુકમ નામાના દેણદારની કામમાં આવે તેવી તમામ સ્થાવર મીલકત વેચ્યા વગર, તેની સઘળી જવાબદારી પતી જશે એમ માનવાનુ તેને [કલેકટરને] કારણ હોય તો આ આકટમાં આગળ ઠરાવ્યા પ્રમાણે કામ ચલાવવાને કલેકટર મુખત્યાર છે.

હુકમનામા વાળાઓને અને મિલકત ઉપર જે

૩૨૨ અ. ૩૨૨ મી કલમમાં કહેલે પ્રસંગે કલેકટરે નોટીસ પ્રસીદ્ધ કરવી, અને તેમાં એવું જણાવવું કે,

મને દાવો હોય તેઓને
નોટીસ આપવી.

(અ) હુકમનામાના દેણદાર ઉપરનાં પઇસા બાબતનાં જે હુકમનામાં તેની સ્થાવર મીલકત વેચીને બજાવી શકાય એવાં હોય, અને તે પ્રમાણે બજાવવાને જે હુકમનામા વાળાની મરજી હોય તેવા પ્રત્યેક હુકમનામા વાળાએ, તથા પઇસા બાબતનાં જે હુકમનામાંની બજાવણીમાં તે મિલકત વેચવાનું કામ ચાલુ હોય તેવા પ્રત્યેક હુકમનામા વાળાએ હુકમનામાની નકલ તથા તે હુકમનામા ઉપરથી વસુલ કરવા જોગ રકમ કેટલી છે તે બતાવનારૂં તે કરનારી અથવા બજાવનારી કોરટનુ સરટીફીકેટ પોતાની કલેકટરની રૂબરૂ હાજર કરવું.

(બ) સદરહુ મિલકત ઉપર" કાંઇ દાવો હોય એવા પ્રત્યેક શખસે તે દાવાની હકીકત કલેકટરને આપવી, તથા તેના પુરાવામાં કાંઇ દસ્તાવેજ હોય તો તે હાજર કરવા

સદરહુ નોટીસ ડિસ્ટ્રીકટની ભાષામાં કરવી. અને તે પ્રમાણે ચાલવા સારૂ તે પ્રસિદ્ધ થયાની તારીખથી સાઠ દીવસની મુદત તે નોટીસમાં આપવી. ૩૦૪ થી કલમ પ્રમાણે જે કોરટે અસલ હુકમ કરયો હોય તે કોરટના મકાનમાં, તથા કલેકટરને યોગ્ય લાગે તેવી બીજી જગાએએ (જો કોઇ હોય તો ચોઢીને સદરહુ નોટીસ પ્રસિદ્ધ કરવી. એમ કોઇ હુકમનામાવાળાનુ અથવા દાવો કરનારનું ઠેકાણુ જાણીતું હોય તો સદરહુ નોટીસની નકલ તેને ટપાલ રસ્તે અથવા બાજી રીત મોકલવી.

પઇશા સંબંધી હુકમનામાંની રકમ ઠરાવવી અને તે પતાવવા સારૂ કામમાં આવે એવી સ્થાવર મિલકતનો નિર્ણય કરવો.

૩૨૨. બ. સદરહુ મુદત પુરી થયા પછી, હુકમનામાના દેણદારની અને હુકમનામાવાળા અથવા દાવો કરનારા (હોય તો) ની કાંઇ જાહેર કરવાની ઇચ્છા હોય તે સાંભળી લેવા સારૂ, અને સદરહુ હુકમનામા તથા દાવાનુ તથા હુકમનામાના દેણદારની સ્થાવર મિલકતનું સ્વરૂપ અને મર્યાદા બાબુત પોતાની માહીતી કરી લેવા સારૂ જરૂર હોય તેવી ચોકશી ચલાવવાને, કલેકટરે એક દીવસ નીમવો. અને તે સુનાવણી તથા ચોકશી વખતે વખતે મુલતવી રાખવાને તે મુખત્યાર છે.

કલેકટરને જાહેર કરેલા કોઇ હુકમનામાં અથવા દાવા સંબંધી હુકમનામાના દેણદારની જવાબદારીના પ્રમાણ અથવા મર્યાદા બાબત તકરાર ન હોય તો, અથવા સદરહુ હુકમનામાની કે દાવાની પરસ્પર અગ્રતા બાબત, અથવા સદરહુ હુકમનામું કે દાવો પુરો કરવામાં એવી કોઇ મિલકતની જવાબદારી બાબત તકરાર ન હોય તો, કલેકટરે એક યાદી તઇયાર કરવી. તે યાદીમાં—સદરહુ પ્રકારનું હુકમનામું પુરૂ કરવા બાબત વસુલ કરવાની રકમ, કયા અનુક્રમમાં તે હુકમનામાં તથા દાવા પુરા કરવાના છે તે અને તે કારણ સારૂ કામમાં આવે તેવી સ્થાવર મિલકત, લખવી જોઇએ.

સદરહુ બાબતની કાંઇ તકરાર ઉત્પન્ન થાય તો, તે વિશેની યાદી તથા તે સંબંધી પોતાનો અભિપ્રાય લખીને, કલેકટરે તે તકરાર કલમ ૩૦૪ ને આધારે અસલ હુકમ કરનારી કોરટને મોકલવી. અને લખી મોકલ્યું હોય તેનો જવાબ આવતાં સુધી, તે તકરારના વિષય સંબંધી કામ મુલતવી રાખવું. તકરારનો વિષય પોતાની હકુમત માંહેનો હોય તો કોરટે તેનો નિકાલ કરવો, અથવા તકરારનો નીકાલ કરવા સારૂ તે કામ અખત્યારવાળી કોરટમાં મોકલવું, અને આખરનો ઠરાવ થાય તે કલેકટરને જણાવવો. પછી કલેકટરે તે ઠરાવ મુજબ ઉપર કહ્યા પ્રમાણે યાદી તઇયાર કરવી.

ડિસ્ટ્રીક્ટ કોરટ ક્યારે નોટીસ કાઢીને ચોકશી કરે.

૩૨૨. ક. કલમ ૩૨૨ અ. અને ૩૨૨ બ. માં ફરમાવેલી નોટીસ પોતે કહાડવાને બદલે તથા તેમાં ફરમાવેલી ચોકશી, પોતે કરવાને બદલે, પોતાને ખબર હોય અથવા પોતાની આફીસના કાગળ પતરોમાંથી દખાઇ આવે તેટલી હુકમનામાના દેણદારની તથા તેની સ્થાવર મિલકતની સ્થીતિ લખીને એક યાદી કરી તે યાદી ડિસ્ટ્રીક્ટ કોરટને મોકલવાનો કલેકટરને અધિકાર છે; અને પછી તે કોરટે કલમ ૩૨૨ અ. તથા ૩૨૨ બ. માં ફરમાવેલી નોટીસ કરવી, ચોકશી ચલાવવી, અને યાદી તઇયાર કરવી, અને તે યાદી કલેકટરને મોકલવી.

કલમ ૩૨૨ બ. તથા ૩૨૨ ક, મુજબ ઉત્પન્ન થનારી તકરારમાં કોરટે કરેલા ઠરાવનું પરિણામ.

૩૨૨ ડ. કલમ ૩૨૨ ક. મુજબ ઉત્પન્ન થનારી કાંઇ તકરારનો કોરટે કરેલો કાંઇ ઠરાવ, તે માંહેના પક્ષકારોની વચમાં હુકમનામા પ્રમાણે અમલમાં આવશે, અને હુકમનામા પ્રમાણેજ તેની ઉપર અપીલ કરી શકાશે.

પઇશા બાબતનાં હુકમનામાનો ફડચો કરવાની તજવીજ.

૩૨૩. કલમ ૩૨૨ બ. અથવા ૩૨૨ ક. માં ઠરાવ્યા પ્રમાણે વસુલ કરવાની રકમ અને કામમાં આવવા જોગ મિલકતનો નિરણય કરયા પછી નીચે પ્રમાણે કલેકટરને અખત્યાર છે. (એટલે)

(૧.) કામમાં આવવા જોગ હોય, તેવી તમામ મિલકત વેચ્યા શિવાય સદરહુ રકમ વસુલ થાય એમ નથી એવું જણાય તો તે મિલકત વેચવાને કામે લાગવું; અથવા હુકમનામામાં કાંઇ વ્યાજ અપાવ્યું હોય તો હુકમનામા પ્રમાણે વ્યાજ સુધાં, અને હુકમનામામાં વ્યાજ અપાવ્યું ન હોય તો તે બાબતમાં પોતાને વ્યાજબી જણાય તે દર પ્રમાણે વ્યાજ (જો હોય તો) સુધાં સદરહુ રકમ સદરહુ પ્રમાણે વેચાણ કર્યા વગર વસુલ કરી શકાશે એવું જણાય તો,.

(૨.) (૩૦૪ થી કલમ પ્રમાણે ગમે તે હુકમ થયો હોય તોય પણ) સદરહુ રકમ અને વ્યાજ હેઠળ લખેલી રીતે ઉભું કરવાનો અખત્યાર છે.—

(અ.) સદરહુ તમામ મિલકત અથવા તેનો કાંઇ ભાગ, પ્રીમીયમ લઇ હમેશને વાસ્તે અથવા કાંઇ મુદતને વાસ્તે ભાડે આપીને; અથવા

(બ.) તે મિલકત તમામ અથવા તેનો કાંઇ ભાગ ઘરાણે મુકીને; અથવા

(ક.) તે મિલકતમાંથી થોડી વેચીને; અથવા

(ङ.) વેચાણના હુકમની તારીખથી વીસ વરસ કરતાં વધારે ન હોય એટલી મુદત સુધી તે મિલકત તમામ અથવા તેનો કાંઇ ભાગ ઇજારે ખડી આપીને કે પોતે તેનો વહીવટ કરીને અથવા બીજા પાસે તે કરાવીને; અથવા

(ई.) સદરહુ પ્રકારો પઇકી એક પ્રકારે થોડી અને બીજા એક અથવા વધારે પ્રકારે થોડી તજવીજ કરીને.

(૩.) તે તમામ મિલકતનો અથવા તેના કાંઇ ભાગનો આ કલમ પ્રમાણે વહીવટ કરવા સારૂ તે મિલકતના માલેકના બધા અધિકાર વાપરવાને કલેક્ટર મુખત્યાર છે.

(૪.) કામમા આવવા જોગ મિલકત અથવા તેનો કાંઇ ભાગ વધારે કીંમતે વેચાય એવું કરવા સારૂ અથવા ભાડે કે વહિવટમાં આપવાના કામને વધારે યોગ્ય કરવા સારૂ, અથવા તે ઉપરનો બોજો પતાવવા માટે જે વેચાણ કરવાનું તે વેચાણમાંથી તેને બચાવવા સારૂ, કોઇપણ બોજાવાળાનો દાવો જે આપવાનો થયો હોય તેનો ફડચો કરવાને અથવા રકમ દેણી થઇ હોય કે ન હોય તોયપણ કોઇ બોજાવાળાના દાવાની તોડજોડ કરવાને કલેક્ટર મુખત્યાર છે. અને એવો ફડચો અથવા તોડજોડ કરવા માટે નાણાની તેવડ કરવા સારૂ પોતાને બસ લાગે તેટલો તે મિલકતનો ભાગ ઘરેણે મુકવાને, ભાડે આપવાને, અથવા વેચી નાંખવાને તે મુખત્યાર છે. આ પારેગ્રાફ પ્રમાણે જે બોજાની તજવીજ કલેક્ટર યોજશે એવા બોજા ઉપરની લેણી રકમ વિશે કાંઇ તકરાર ઉત્પન્ન થાય તો, પોતાના નામથી અથવા હુકમનામાના દેણદારના નામથી હીસાબ લેવાની ફરિયાદ યોગ્ય કોરટમાં કરવાને કલેક્ટર મુખત્યાર છે; અથવા સદરહુ તકરારનો નિકાલ થવા સારૂ તે દરએક પક્ષકારે નીમેલા એક એક લવાદ, એવા બે લવાદોને, અથવા એવા લવાદો નીમે તે સરપંચને સોંપવાનું કબુલ કરવાને કલેક્ટર મુખત્યાર છે.

આ કલમના (૨), (૩) અને (૪) પારેગ્રાફ પ્રમાણે કામ ચલાવતી વખતે મુખ્ય નિબંધ રાખનારો મુલકી અમલદાર આ આકટને અનુસરીને આ બાબત વખતે વખતે જે કાનુન કરે તે કાનુન પ્રમાણે કલેક્ટરે ચાલવું જોઇએ.

ભાડાનો વ્યવહાર અથવા વહિવટ પુરો થયા પછી બાકી રકમ કાંઇ (લેણી) રહી હોય તો તેનું વસુલ.

૩૨૪. ૩૨૩ મી કલમ પ્રમાણે ભાડાનો વ્યવહાર અથવા વહિવટ પુરો થયા પછી વસુલ કરવાની રકમ ઉત્પન્ન થઇ ન હોય તો કલેક્ટરે તે વાત હુકમનામાના દેણદારને અથવા જેનો હક સંબંધ હોય તેવા તેના વારસ વકીલને લખી જણાવવી, અને તેમાં એવું પણ જણાવવું કે, આ નોટીસની તારીખથી ૭ અઠવાડીયાંની અંદર સદરહુ રકમ પુરી થવાને જરૂર હોય તેટલી બાકીની રકમ કલેક્ટરને નહી ભરે તો સદરહુ તમામ મિલકત અથવા તે રકમ પુરી થાય તેટલો તે મિલકતનો ભાગ વેચવાનું કામ કલેક્ટર ચલાવશે; અને સદરહુ ૭ અઠવાડિયાં પુરાં થઇ ગયાં છતાં સદરહુ બાકીની રકમ આપી ન હોય તો તે મિલકત અથવા તેનો ભાગ કલેક્ટરે સદરહુ પ્રમાણે વેચવો.

કલેક્ટરે દિવાની કોરટને હિસાબ આપવો.

૩૨૪ અ. આ બાબના ઠરાવ પ્રમાણે પોતાને આ પેલો અખત્યાર ચલાવતાં તથા તેમાં કહેલાં કર્તવ્ય બજાવતાં કલેકટરના હાથમાં આવેલા સઘળા પઈશાનો તથા તેને થએલા ખરચનો હિસાબ તેણે, ૩૦૪ થી કલમ પ્રમાણે અસલ હુકમ કરનારી કોરટને વખતે વખતે આપવો, અને બાકી રહેલી રકમ કોરટ હુકમ કરે તે પ્રમાણે વ્યવસ્થા કરવા સારૂ પોતાની પાસે રાખવી.

આ ખરચમાં સદરહુ મિલકત અથવા તેના કંઈ ભાગ બાબત વખતે વખતે સરકારને જે કરજ અને જવાબદારી દેણી હશે તે સદરહુ મિલકત અથવા તેના ભાગ બાબત વરીષ્ઠ ધારણ કરનારને જે ગણોત (જો હોય તો) વખતે વખતે દેણું હશે તે, અને [કલેકટર તે પ્રમાણે ફરમાવે તો] તેણે શાહેદોને બોલાવ્યા હશે તેઓનો ખરચ, આ સઘળું આવે છે એમ સમજવું.

બાકી રહેલીરકમની વ્યવસ્થા.

સદરહુ બાકી રહેલી રકમ હેઠળ લખ્યા પ્રમાણે કોરટે કામે લગાડવી:—

પેહેલું, સદરહુ મિલકતની ઉપજમાંથી હુકમનામાના દેણદારના કુટંબનાં જે માણસોને (જો હોય તો) પોતાનાં ગુજરા સારૂ કાંઇ મળવાનો હક હોય તેઓ માંહેના દરએકની બાબતમાં કોરટને યોગ્ય લાગે તે રકમ આપીને તેઓના ગુજરાનની તજવીજ કરવામાં, અને

બીજું, કલેકટરે ૩૨૧ મી કલમ પ્રમાણે કામ ચલાવ્યું હોય તો, જે અવલ હુકમનામાની બજાવણીમાં સ્થાવર મિલકત વેચવાનોહુકમ કરયો હતો, તે હુકમનામું પુરૂં કરવામાં અથવા ૨૯૫ મી કલમ પ્રમાણે કોરટ હુકમ કરે તે બીજાં કામમાં; અથવા

ત્રીજું, ૩૨૨ કલમ પ્રમાણે કલેકટરે કામ ચલાવ્યું હોય તો સદરહુ મિલકત ઉપરના બોજાનું વ્યાજ કમી કરવામાં અને [હુકમનામાના દેણદારના ગુજરાનું બીજું પરંતુ સાધન ન હોય ત્યારે] કોરટને યોગ્ય લાગે તે રકમ આપીને તેના ગુજરાનમાં; અને મુળ હુકમનામાવાળાના, તથા સદરહુ નોટીસ પ્રમાણે જે આવ્યા હોય અને જે રકમ વસુલ કરવાનો હુકમ કરયો હોય, તે રકમમાં જેઓના દાવા ગણ્યા હોય એવા બીજા કોઇ હુકમનામાવાળાના દાવા ફાળા પ્રમાણે આપવામાં;

અને સદરહુ હુકમ જે હુકમનામાવાળાએ મેળવ્યો હોય તેઓનું પત્યા શિવાય બીજા કોઇ પઇસા બાબતનાં હુકમનામાવાળાને સદરહુ મિલકતમાંથી અથવા સિલક રકમમાંથી કાંઇ પણ મળવાનો હક નથી:

અને કાંઇ બાકી રહી હોય તો તે હુકમનામાના દેણદારને, અથવા સદરહુ પ્રમાણેના બીજો શખસ હોય તો તેને, કોરટ ફરમાવે તે પ્રમાણે આપવી.

વેચાણ કેવી રીતેકરવાં

૩૨૫ આ બાબના ઠરાવ પ્રમાણે કલેકટર કોઇ મિલકતવેચે ત્યારે, તેણે સદરહુ મિલકતના પોતાને યોગ્ય લાગે તેવા એક અથવા વધારે લોટ [ભાગ] કરીને તે જાહેર લીલામ કરીને વેચવી, તથા તેને,—

[અ] દરએક લોટ ઓછામાં ઓછી કેટલી કિમતે વેચવો તેની વ્યાજબી કીમત ઠરાવવાનો અખત્યાર છે.

(ખ) મિલકતની વ્યાજબી કીંમત મેળવા સારૂ જ્યારે વેચાણ મુલતવી રાખવા-ની તેને જરૂર જણાય ત્યારે તે મુલતવી રાખવાનાં પોતાનાં કારણ દફતરમાં લખી મુકીને તે વેચાણ યોગ્ય મુદત સુધી મુલતવી રાખવાનો અખત્યાર છે.

(ક) વેચવા કાઢેલી મીલકત માંહેમાંહે ખરીદ કરી પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે તે જાહેર લિલામથી અથવા ખાનગી કરારથી ફરીને વેચવાનો અખત્યાર છે.

હુકમનામાના દેણદારે અથવા તેના વારસ વકીલે બીજાને આપવાની અને હુકમનામાવાળાઓએ ઇલાજ ચલાવવાની મનાઇ.

૩૨૫ અ. હુકમનામાના દેણદારની સ્થાવર મિલકતના અથવા તેના કાંઇ પણ ભાગના સંબંધમાં કલમ ૩૨૨ થી ૩૨૫ [બંને કલમો સુધાંત] ઉપરથી કલેકટરને મળેલો અધિકાર તે ચલાવે ત્યાં સુધી અથવા તેમાં કહેલાં કામ તે બજાવે ત્યાંહાં સુધી, કલેકટરની લખેલી પરવાનગી શિવાય સદરહુ મિલકત અથવા તેનો કાંઇ ભાગ ઘરાણે મુકવાને અથવા તેની ઉપર બોજો નાંખવાને અથવા તે પેટે આપવાને અથવા બીજાને આપવાને હુકમનામાના દેણદારને અથવા તેના હક સંબંધવાળા વારસ વકીલને અધિકાર નથી, તેમજ સદરહુ મિલકત ઉપર અથવા તેના કાંઇ ભાગ ઉપર પઇસા બાબતનાં હુકમનામાની બજાવણીમાં કોઇ દિવાની કોરટે પ્રોસેસ કાઢવું નહીં.

તેજ મુદતમાં, જે હુકમનામુ પુરૂ કરવાની તજવીજ ૩૨૩ મી કલમ પ્રમાણે કલેકટરે કરી હોય એવા કોઇ હુકમનામાની બાબતમાં હુકમનામાના દેણદાર ઉપર અથવા તેની મિલકત ઉપર કોઇ પણ દીવાની કોરટે કાંઇ પણ બજાવણીનુ પ્રોસેસ કાઢવું નહિં.

આ કલમના ઠરાવ લાગુ હોય એવાં જે હુકમનામાંને [કાયદાની] જે મુદત લાગુ હશે તે મુદત ગણતી વખતે સદરહુ ઠરાવને લીધે જે ઇલાજ થોડા મુદત સુધી હુકમનામાવાળાથી કરી શકાશે નહી તે ઇલાજના સંબંધમાં ઉપરની મુદત બાદ કરવી.

મિલકત ઘણા ડિસ્ત્રિકટોમાં હોય ત્યારે તેબાબતના ઠરાવ.

૩૨૫ બ. જે મીલકતનુ વેચાણ કરવા વિશે હુકમ થયો હોય તે મિલકત એક કરતાં વધારે ડિસ્ત્રિકટમાં હોય ત્યારે કલમ ૩૨૧ થી ૩૨૫ (બંને કલમો સુધાંત] માં કલેકટરને આપેલો અધિકાર તથા સોંપેલાં કામ, સ્થાનીક સરકાર સામાન્ય નિયમ કરીને અથવા વિશેષ હુકમ કરીને વખતે વખતે ફરમાવે તે પ્રમાણે સદરહુ ડિસ્ત્રિકટના કલેકટરો પઇકી એક કલેટરે ચલાવવાં અને બજાવવાં.

પક્ષકાર તથા શાહેદોએ હાજર થવાની તથા દસ્તાવેજ હાજરકરવાની ફરજ પાડવાનો કલેકટર

૩૨૫ ક. પક્ષકાર તથા શાહેદોને હાજર થવાની તથા દસ્તાવેજ રજુ કરવાની ફરજ પાડવાનો જે અધિકાર દિવાની કોરટને છે તે કલમ ૩૨૨ થી ૩૨૫ (બંને કલમો સુધાંત) માં આપેલો અધિકાર ચલાવતી વખતે કલેકટરને છે.

નોં અધિકાર.

જમીનનુ જાહેર લીલામ બંધ રાખવાનો અખત્યાર કોર્ટ કલેકટરને કયારે આપે.

૩૨૬ જે સ્થાનીક હદમાં કલમ ૩૨૦ પ્રમાણે પ્રસિદ્ધ કરેલો ઠરાવ અમલમાં ન હોય તેવી સ્થાનીક હદમાં જપ્ત કરેલી મીલકત જમીન અથવા જમીનમાંનો કઇ હિસ્સો હોય, અને કલેકટર કોર્ટને એવું જણાવે કે—તે જમીન અથવા હિસ્સાનુ જાહેર વેચાણ હરકત ભરેલું છે, તથા તે જમીન કે હિસ્સો કેઈ થોડી વખત કોઇને આપવાથી, અથવા વહીવટમાં સોંપ્યાથી યોગ્ય મુદતમાં હુકમનામું પુરૂં થાય તેમ છે, તો તે જમીન અથવા હીસ્સો વેચવાનું કામ ચલાવ્યાને બદલે, કલેકટ રે ભલામણ કરી હોય તે રીતે હુકમનામું પુરૂ થાય તેવો બંદોબસ્ત કરવાનો કલેકટરને અખત્યાર આપવાને કોર્ટ મુખત્યાર છે, આવે પ્રસંગે કલમ ૩૨૦ ના બીજા પારેગ્રાફથી કલમ ૩૨૫ ક [બંને સુધાંત) સુધીના ઠરાવો લાગુ પડી શકે તેટલા લાગુ પડશે.

પઇસા સંબંધી હુકમનામાં બજાવવામાં જમીનના વેચાણના સ્થાનીક નિયમ.

૩૨૭ કોઇ સ્થાનીક હદમાં જમાનના કોઇ જાતના હક સંબંધે એવા અનિશ્ચીત અથવા અનીર્ણીત હોય કે તેમની કીંમત ઠરાવવી. અશક્ય થાય. એવું સ્થાનીક સરકારની નજરમાં આવે ત્યારે ગવરનર જનરલ ઇન કઉન્સિલની મંજુરીથી તેવી સ્થાનીક હદમાં પઇસા બાબતનાં હુકમનામાં બજાવવામાં તેવા હક સંબંધ વેચવાની બાબતમાં શરતો નાંખીને વખતે વખતે ખાસ નીયમ કરવાને સ્થાનીક સરકાર મુખત્યાર છે.;

અને, આ કાયદો કોઇ સ્થાનીક હદમાં અમલમાં આવે ત્યારે, ત્યાં હુકમનામાં બજાવવામાં જમીનના વેચાણ બાબત કંઇ ખાસ નીયમો અમલમાં હોય તો તે નીયમોને અમલમાં ચાલુ રાખવાને અથવા ગવરનર જનરલ ઇન કઉન્સિલની મંજુરીથી. વખતે વખતે તેમાં ફેરફાર કરવાને સ્થાનીક સરકાર મુખત્યાર છે.

સદરહુ પ્રમાણે કરેલા અથવા ચાલુ રાખેલા બધા નીયમો તથા સદરહુ પ્રમાણે તેમાં કરેલા બધા ફેરફારો સ્થાનીક સરકારી ગેઝીટમાં પ્રસીદ્ધ કરવા, અને ત્યારથી તે કાયદા જેટલા બળવાન ગણાશે.

[હ]—બજાવણીમાં હરકત થાય તે વિશે

હુકમનામુ બજાવવામાં અટકાવ થાય ત્યારે કેમ કરવું.

૩૨૮. મીલકતનો કબજો આપવા બાબતનું હુકમનામું બજાવવામાં, વારંટ બજાવવાનું કામ જે અમલદારને સોંપ્યુ હોય તેને કોઇ શખસ અટકાવ અથવા હરકત કરે તો, તે હરકત અથવા અટકાવ કરે ત્યારથી એક મહીનાની અંદર કોઈ પણ વખતે હુકમનામાવાળો કોરટને ફરીયાદ કરે.

તે ફરીયાદની તજવીજ કરવા સારૂ કોરટે એક દીવસ ઠરાવવો. અને જે શખસની સામે ફરીયાદ કરવામાં આવી હોય તેને તેનો જવાબ દેવાસારૂ સમન કરવો:

હુકમનામાનો દેણદાર અથવો તેની ઉશ્કેરણીથી બીજો કોઇ અટકાવ

૩૨૯ તે હરકત અથવા અટકાવ હુકમનામાના દેણદારે અથવા તેની ઉશ્કેરણીથી કોઇ શખસે કર્યો હતો એવી કોરટની ખાત્રી થાય તો, કોરટે ફરીયાદ બાબતની

કરે ત્યારે કેમ કરવું.

તપાસ કરવી અને પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવો

અટકાવ જારી રહેત્યારે કેમ કરવુ

૩૩૦ હુકમનામાના દેણદારે અથવા તેની ઉશ્કેરણીથી કોઇ શખસે કંઇ વાજબી કારણ વગર તે હરકત અથવા અટકાવ કરયો હતો, અને ફરીયાદ કરનારને તે મીલકતનો કબજો મળવામાં હજીએ તે દેણદાર અથવા તે શખસ હરકત અથવા અટકાવ કરે છે, એવી કોરટની ખાત્રી થાય તો, હુકમનામાવાળાની અરજ ઉપરથી, તે દેણદારને અથવા તે બીજા શખસને ત્રીસ દીવસ સુધી કેદમાં રાખવાને તથા મીલકતનો કબજો હુકમનામાવાળાને આપવો એવું ફરમાવવાને કોરટ મુખત્યાર છે. આથી તે હુકમનામાનો દેણદાર અથવા તે બીજો શખસ, તેવી હરકત અથવા અટકાવવાને માટે હીંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાણે અથવા બીજા કોઇ કાયદા પ્રમાણે જે શીક્ષાને પાત્ર થતો હોય તે શીક્ષા તેને કરવાને કંઇ હરકત નથી.

હુકમનામાના દેણદાર શિવાય બીજો કોઇ શુદ્ધબુદ્ધિથી હક રાખનાર અટકાવ કરે ત્યારે કેમ કરવું.

૩૩૧ મારી પોતાની વતી અથવા હુકમનામાના દેણદાર શિવાયના બીજા કોઇની વતી તે મીલકત મારા કબજામાં છે, એમ શુદ્ધબુદ્ધિથી દાવો રાખીને હુકમનામાના દેણદાર શિવાય બીજા કોઇ સખસે હરકત અથવા અટકાવ કરયો હોય તો, હુકમનામા વાળાને વાદી ગણીને તથા દાવો રાખનારને પ્રતીવાદી ગણીને તેઓની વચ્ચે ફરીયાદ હોય તેમ તે દાવા ઉપર નંબર પાડીને તે નોધવો;

અને બાબ ૫ ના ઠરાવ પ્રમાણે હુકમનામા વાળાએ દાવો રાખનાર ઉપર તે મીલકતની બાબે ફરીયાદ માંડી હોય તે રીતે તથા તેવા અખત્યારથી કોરટે તે દાવાની તજવીજ કરવી, અને હુકમનામું બજાવવાનો અથવા બજાવણી મુલતવી રાખવાનો પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવો. પરંતુ આથી હિંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાણે અથવા તે હરકત કે અટકાવને વાસ્તે શિક્ષા કરવાના બીજા કોઇ કાયદા પ્રમાણે દાવો રાખનાર ઉપર કંઇ કામ ચલાવાય તેમ હોય તો તેવું કામ ચલાવવાને હરકત નથી.

આવો પ્રત્યેક હુકમ હુકમનામા પ્રમાણે ગણાશે. અને અપીલ અથવા બીજા કામ સારૂ હુકમનામાને જે શરતો લાગુ છે તેજ શરતો તેને લાગુ થશે.

જે સખસની પાસેથી કબજો કાઢી લીધો હોય તે સખશ હુકમનામાવાળાને કબજો મળવાના હુકમાંથી વાંધો લે ત્યારે કેમ કરવું.

૩૩૨ હુકમનામું બજાવવામાં હુકમનામાના દેણદાર શિવાય બીજા કોઇ શખસના કબજામાંથી કંઇ મિલકત લેઇ લેવામાં આવી હોય; અને તે સખસ એવી તકરાર લે કે.—મારી વતી અથવા હુકમનામાના દેણદાર શિવાય બીજા સખસની વતી. તે મિલકત શુદ્ધબુદ્ધીથી મારા કબજામાં હતી, અને તે મિલકત હુકમનામામાં આવેલી નથી, અથવા જો હુકમનામાં તે આવી હોય તો, હુકમનામું થયું તે ફરીયાદમાં હું પક્ષકાર નહોતો, માટે મારી પાસેથી તે મિલકતનો કબજો લેવાનો હુકમનામાવાળાને હુકમનામા પ્રમાણે હક નથી.—તો કોરટને અરજ કરવાને તે મુખત્યાર છે.

અરજ કરવાનું સંભવતું કારણ છે એમ અરજદારને તપાસ્યા પછી કોરટને જ

ણાય તો, કોરટે તકરારના વિષયની તજવીજ ચલાવવી; અને આ કલમના પેહેલા પારેગ્રફમાં કહેલું કારણ ખરૂં છે એવું કોરટને જણાય તો અરજદારને મિલકતનો કબજો મળવા વિશે કોરટે હુકમ કરવો, અને સદરહુ પ્રમાણે કોરટને ન જણાય તો કોરટે અરજી કાહાડી નાંખવી.

આ કલમ પ્રમાણે અરજીની સુનાવણી કરવામાં તકરારનાં ઉપર બતાવેલાં કારણો શીવાય બીજી બાબત ઉપર કોરટે કાંઇ લક્ષ આપવું નહિ.

આ કલમ પ્રમાણે જે પક્ષકાર વિરૂદ્ધ હુકમ થાય તે પક્ષકાર મિલકતનો તુરત કબજો લેવાના જે હકનો તે દાવો રાખતો હોય તે હક ઠરાવવાની ફરીયાદ માંડવાને મુખત્યાર છે પણ જો કોઇ તેવી ફરિયાદ કરી હોય તો તે ફરિયાદમાં જે નિકાલ થાય તેને અનુસરીને તે હુકમ આખરનો ગણાશે.

ફરીયાદ માંડયા પછી હુકમનામાના દેણદારે મિલકત બીજાને નામે ચઢાવી હોય તો.

૩૩૩. જે ફરીયાદ ઉપરથી હુકમનામું થયું હોય તે ફરિયાદ માંડ્યા પછી હુકમનામાના દેણદારે કોઇ શખસને નામે તે મિલકત ચઢાવી આપી હોય, તો તેવા શખસને કલમ ૩૩૧ અથવા ૩૩૨ માં કહેલી કંઇ વાત લાગુ નથી.

ખરીદદારને સ્થાવરમીલકતનો કબજો લેતાં હરકત અથવા અટકાવ થાય તે વિશે.

૩૩૪ હુકમનામું બજાવવામાં વેચાએલી કોઇ સ્થાવર મિલકતના ખરીદદારને તે મિલકતનો કબજો લેતાં, હુકમનામાનો દેણદાર અથવા તેની વતી કોઇ શખસ હેરકત કે અટકાવ કરે ત્યારે,—હુકમનામાવાળાને જે મિલકત હુકમનામામાં આપવાનો ઠરાવ કરયો હોય તે મિલકતનો કબજો લેતાં હુકમનામાવાળાને હરકત અથવા અટકાવ થાય તે બાબત આ બાબમાં જે નિયમો ઠરાવ્યા છે—તે લાગુ પડશે.

હુકમનામાના દેણદાર શિવાય બીજા દાવેદારની હરકત.

૩૩૫ સદરહુ મિલકતનો તુરત કબજો લેવાના હક બાબત શુદ્ધબુદ્ધિથી દાવો રાખનારો હુકમનામાના દેણદાર શિવાયનો બીજો કોઇ શખસ તે મિલકતના ખરીદદારને હેરકત અથવા અટકાવ કરે તો. અથવા તે મિલકતનો કબજો સોંપતાં કોઇ એવા શખસનો કબજો લેઇ લીધો હોય તો, ખરીદદારની અથવા જે શખસનો કબજો લેઇ લીધો હોય તેની ફરીઆદ ઉપરથી, પ્રસંગ પ્રમાણે, હરકત અથવા અટકાવ કરયાની અથવા કબજો લેઇ લીધાની વાતની ચોકશી કોરટે કરવી તથા તે બાબત પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવો.

જે પક્ષકારની વિરૂદ્ધ તેવો હુકમ કરવામાં આવે તે પક્ષકાર, મીલકતનો તુરત કબજો લેવાના જે હકનો તે દાવો રાખતો હોય તે હક ઠરાવવાની ફરિયાદ માંડવાનો મુખત્યાર છે, પરંતુ જો કોઇ તેવી ફરીઆદ કરી હોયતો તેમાં જે નિકાલ થાય તેને અનુસરીને તે હુકમ આખરનો ગણાશે.

ભાગ ઈ.—પકડવા વિશે તથા કેદ કરવા વીશે.

હુકમનામાના દેણદારને કેદમાં રાખવાનું ઠેકાણું

૩૩૬ હુકમનામું બજાવવામાં હુકમનામાના દેણદારને કોઇ પણ દીવસે અને કોઇ પણ વેળાએ પકડી

શકાય. પકડયા પછી બને તેટલો જલદી કોરટની રૂબરૂ તેને આણવો. અને કેદ કરવાનો હુકમ કરનારી કોરટ જે ડીસ્ત્રીકટમાં હોય તે ડીસ્ત્રીકટની તુરંગમાં તેને કેદ કરી શકાય; અથવા તે જેલમાં જોઇએ તેવી સગવડ ન મળે તો, તે ડીસ્ત્રીકટની કોરટો જે શખસને કેદ કરવાનો હુકમ કરે તેમને કેદમાં રાખવાસારૂ સ્થાનીક સરકાર જે કોઇ બીજી જગા, નીમે ત્યાં કેદ કરી શકાય.

પરંતુ એવું ઠરાવવામાં આવ્યું કે,

(અ) આ કલમ પ્રમાણે પકડવાસારૂ સુર્યાસ્ત પછી અને સુર્યોદય પેહલાં કોઇ રેહેવાના ઘરમાં પેસવું નહી, અને રહેવાના ઘરનો બાહારનો દરવાજો ફોડીને અંદર જવું નહીં. પણ પકડવાનો અખત્યાર મળેલો અમલદાર કોઇ રેહેવાના ઘરમાં યોગ્ય રીતે દાખલ થયો હોય તો પછી. જે ઓરડામા હુકમનામાનો દેણદાર મળશે એવું માનવાનું તેને કારણ હોય તે ઓરડાનાં બારણાંનું બંધન કાઢીને તે ઉઘાડવાને તે મુખત્યાર છે. પણ તે ઓરડામાં હુકમનામાની દેણદાર નહીં હોય તેવી કોઇ સ્ત્રી ખરેખર રહેલી હોય અને દેશ રિવાજ પ્રમાણે લોકોમાં બાહાર ન કેખાતી હોય તો તે અમલદારે તેને ખબર આપવી કે તમને ત્યાંથી જવાની છુટ છે અને તે સ્ત્રીને જવાને યોગ્ય વખત આપ્યા પછી તથા જતા રેહેવાને યોગ્ય સુગમતા આપ્યા પછી, પકડવાસારૂ તે ઓરડામાં જવાને તે મુખત્યાર છે.

વિશેષ ઠરાવ. (બ) જે હુકમનામું બજાવવામાં હુકમનામાના દેણદારને પકડયો હોય તે હુકમનામું પઇસા બાબતનું હોય અને હુકમનામાનો દેણદાર, પોતાને પકડનાર અમલદારને પકડવાનું ખરચ તથા હુકમનામાની રકમ આપે, તો તે અમલદારે તેને એકદમ છોડી મુકવો.

સરકારી ગેઝીટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને નીચે પ્રમાણે ફરમાવવાને સ્થાનીક સરકાર મુખત્યાર છે. એટલેઃ—

પઇસા બાબતનું હુકમનામું બજાવવામાં આ કલમ પ્રમાણે હુકમનામાના દેણદારને પકડીને કોરટની રૂબરૂ આણ્યોહોય, ત્યારે કોરટને તે ખબર આપવી કે, ૨૦ મા બાબ પ્રમાણે નાદાર ઠરાવવાસારૂ અરજી કરવાને તને અખત્યાર છે- અને જો તારી અરજીના મજકુર બાબત કપટ બુદ્ધિનું કંઇ કૃત્ય તેં નહિ કર્યું હોય, અને કોરટે નીમેલા વસુલદાર (રિસીવર]ના કબજામાં તું તારી બધિ મિલકત આપીશ, તો તારો છુટકો થશે.

આવું જાહેરનામું પ્રસિદ્ધ થયા પછી, હુકમનામાનો દેણદાર તે પ્રમાણે અરજ કરવાનો પોતાનો ઇરાદો જણાવે, અને બોલાવશો ત્યારે હું હાજર થઇશ, તથા કલમ ૩૪૪ પ્રમાણે નાદાર ઠરવાને એક મહીનાની અંદર અરજ કરીશ એવી પુરતી જામીનગીરી આપે તો, કોરટે તેને પકડયામાંથી છુટો કરવો.

પરંતુ એ રીતે અરજ કરવામાં તે કસુર કરે તો જામીનગીરીની રકમ વસુલ કરવાનું ફરમાવવાને અથવા હુકમનામું બજાવવામાં તેને જેલમાં મોકલવાને કોરટ મુખત્યાર છે.

જામીનની બાબતમાં કલમ ૨૫૩ માં ઠરાવ કરયો છે તેરીતે સદરહુ જામીનગીરીની રકમ વસુલ થઇ શકે.

પકડવાના વારંટમાં હુકમનામાના દેણદારને હાજર કરવાનું ફરમાવવું.

૩૩૭ હુકમનામાના દેણદારને પકડવાના પ્રત્યેક વારંટમાં તે વારંટ બજાવવાને જે અમલદારને સોંપ્યું હોય, તેને એવું ફરમાવવું કે,—જે રકમ આપવાનો હુકમ નામાના દેણદારને હુકમ થયો છે તે રકમ, તથા તેનું વ્યાજ ને ખરચ (હોયતો) આપવાને તે જવાબદાર હોય તે રકમ જલદી ભરવામાં ન આવે તો, બની અનુકુળ પડતી ઉતાવળથી તેને કોરટની રૂબરૂ આણવો.

ખોરાકીનો દર

૩૩૮ હુકમનામાના દેણદારની પદવી, જાત, તથા તેના દેશ રીવાજ પ્રમાણે ખોરાકીને સારૂ આપવાની માસિક રકમના ચઢતા ઉતરતા દર વખતે વખતે ઠરાવવાને સ્થાનીક સરકાર મુખત્યાર છે.

હુકમનામાના દેણદારની ખોરાકીના પઈશા.

૩૩૯. હુકમનામાના દેણદારને પકડે ત્યારથી તેને કોરટની રૂબરૂ આણી શકાય ત્યાં સુધીની તેની ખોરાકી સારૂ ઉપર પ્રમાણે ઠરેલા દર લક્ષમાં રાખીને, જજને જે રકમ બસ લાગે તે રકમ હુકમનામાવાળો કોરટમાં ભરે નહીં તો અને ભરે નહી ત્યાં સુધી હુંકમનામાની બજાવણીમાં કોઈ હુકમનામાના દેણદારને પકડવો નહીં.

હુકમનામું બજાવવામાં હુકમનામાના દેણદારને તુરંગમાં મોકલવામાં આવે ત્યારે, સદરહુ દર પ્રમાણે જેટલી માસીક રકમ મળવાને તે યોગ્ય હોય તેટલી માસીક રકમ તેની ખોરાકી સારૂ કોરટે ઠરાવવી; અથવા તેવા દર ઠરાવવામાં ન આવ્યા હોય તો, જે વરગમાં તે હોય તે વરગને વાસ્તે કોરટને બસ લાગે તેટલી રકમ ઠરાવવી.

જે પક્ષકારની દરખાસ્ત ઉપરથી હુકમનામું બજાવવામાં આવ્યું હોય તેણે, દરેક મહિનાની પહેલી તારીખ પહેલાં કોરટે ઠરાવેલી માસીક રકમ માસીક ભરણું કરીને અગાઉથી આપવી.

પહેલું ભરણું ચાલુ માસના જેટલા દિવસ બાકી રહ્યા હોય તેટલા દિવસને માટે, હુકમનામાના દેણદારને તુરંગમાં મોકલ્યા પહેલાં કોરટના યોગ્ય અમલદારને કરવું. અને ત્યાર પછીનાં કોઈ ભરણાં (જો હોય તો) જે અમલદારને સ્વાધીન તુરંગ હોય તેને કરવાં.

ખોરાકીની રકમ ફરીયાદના ખરચમાં ગણવી.

૩૪૦. તુરંગમાં હોય તેવા હુકમનામાના દેણદારની ખોરાકી સારૂ હુકમનામાવાળાએ જે રકમો આપી હોય તે ફરિયાદનું ખરચ ગણાશે.

પરંતુ તે આપેલી કોઈ રકમને વાસ્તે હુકમનામાના દેણદારને તુરંગમાં રખાશે નહી અથવા પકડાશે નહીં.

હુકમનામાના દેણદારને છોડી મુકવાનું.

૩૪૧. નીચેને પ્રસંગે હુકમનામાના દેણદારને તુરંગમાંથી છોડી મુકવો.—

[અ] તુરંગમાં મોકલવા વિશેના વારંટમાં કહેલી રકમ જે અમલદારનેસ્વાધીન તુરંગ હોય તેને ભરે ત્યારે; અથવા

[બ] બીજી રીતે હુકમનામું પુરેપુરૂં અદા થાય ત્યારે, અથવા

(ક) જે શખસની દરખાસ્તથી તેને કેદ કરયો હોય તે શખસની અરજ ઉપરથી, અથવા

(ડ) આ કાયદામાં પાછળ ફરમાવ્યા પ્રમાણે તે શખસ ખોરાકીની રકમ ન ભરે ત્યારે, અથવા

[ઈ] હુકમનામાના દેણદારને, આગળ ઠરાવ્યું છે તે પ્રમાણે, નાદાર ઠરાવવામાં આવે તો, અથવા

(ફ) કલમ ૩૪૨ માં મર્યાદા કરી છે તે પ્રમાણે તેની કેદની મુદત પુરી થાય ત્યારે,

પરંતુ આ કલમમાં કહેલા બીજા, ત્રીજા ને પાંચમા પ્રસંગોમાં કોરટના હુકમ વગર હુકમનામાના દેણદારને છોડી મુકવો નહીં.

આ કલમ પ્રમાણે છોડી મુકેલા હુકમનામાનો દેણદાર તે છોડી મુકવા ઉપરથી રણમુક્ત (કરજમાંથી છુટો) થશે નહીં; પરંતુ જે હુકમનામું બજાવવામાં તેને કેદ કરયો હોય તે હુકમનામા ઉપરથી તેને ફરી પકડી શકાશે નહીં.

કેદમાં રાખવાની મુદત છમાસ કરતાં વધારે નહીં થાય.

૩૪૨. હુકમનામું બજાવવામાં છ માસ કરતાં વધારે મુદત સુધી કોઇ સખસને કેદ કરવામાં આવશે નહીં,

કેદમાં રાખવાની મુદત છ અઠવાડીયાં કરતાં વધારે ક્યારે ન થાય.

અથવા પચાસ રૂપીઆ કરતાં વત્તી નહીં એવી રકમ આપવાનું હુકમનામું હોય તો છ અઠવાડી કરતાં વધારે મુદત સુધી કોઇને કેદ કરવામાં આવશે નહીં.

વારંટ ઉપર શેરો.

૩૪૩. વારંટ બજાવવાને જે અમલદારને સોંપ્યું હોય તેણે તે ઉપર શેરો કરવો. તેમાં કઇ તારીખે અને કઇ રીતે તે બજાવ્યું તે લખવું; તથા વારંટ પાછું લાવવાનો મોડામાં મોડો દીવસ તેમાં લખ્યો હોય તે વીતી ગયો હોય તો ઢીલ થવાનું કારણ લખવું; અથવા વારંટ ન બજાવ્યું હોય તો તે કેમ બજાવવામાં ન આવ્યું તેનું કારણ લખવું; અને તે શેરા સહિત કોરટમાં વારંટ પાછું મોકલવું.

મારાથી વારંટ બજાવી શકાય તેમ નથી એવી મતલબનો શેરો તે અમલદારે કરયો હોય તો, જે અશક્તતા જણાવવામાં આવી હોય તે બાબત કોરટે તેની સોગન ઉપર જબાની લેવી, અને યોગ્ય લાગે તો તે અશક્તતા વિશે સાક્ષીઓને સમન કાઢી જબાની લેઇને કોરટે પરિણામ દફતરમાં લખવું.

ભાગ ૨૦ મો.

હુકમનામાના દેણદાર નાદાર હોય તે વિશે.

નાદાર દેવાદાર ઠરાવવાની અરજ કરવાનો અખત્યાર.

૩૪૪. પઇસા આપવાનું હુકમનામું બજાવવામાં કોઇ હુકમનામાના દેણદારને પકડયો અથવા કેદ કરયો હોય તો, અથવા તેની મિલકત વિરૂદ્ધ એવાં હુકમનામાની બજાવણીમાં જપ્તીનો હુકમ આપ્યો હોય તો, તે પોતાને નાદાર દેવાદાર ઠરાવવા સારૂ લેખી અરજ કરવાને મુખત્યાર છે.

કોઇ પણ પઇસા બાબતનાં હુકમનામા વાળો, હુકમનામાના દેણદારને નાદાર ઠ રાવવા સારૂ લેખી અરજ કરવાને મુખત્યાર છે.

એવાં પ્રકારની દરએક અરજ, જે ડિસ્ત્રિકટ કોરટની હકુમતની સ્થાનીક હદમાં મજકુર હુકમનામાનો દેણદાર રેહેતો હશે અથવા કેદમાં હશે તે ડિસ્ત્રીકટ કોરટને કરવી જોઇએ.

અરજનો મજકુર. ૩૪૫. હુકમનામાના દેણદારે અરજ કરી હોય ત્યારે તેમાં નીચેની બાબતો લખવી.

[અ] તે શખસને પકડયો અથવા કેદ કરયો હોય તે અથવા તેની મીલકતની જપ્તી બાબત હુકમ કરયો હોય તે વાત, કઇ કોરટના હુકમથી તેને પકડયો અથવા કેદ કરયો તે, અથવા કઇ કોરટે જપ્તીનો હુકમ કરયો તે કોરટ, અને જો તેને પકડયો અથવા કેદ કરયો હોય તો તે કયે ઠેકાણે બંધીમાં છે તે;

(બ) તેની મિલકત કેટલી, તે કઇ જાતની છે તે, તથા તેની વીગત, તથા પઇસા શિવાયની કોઇ મીલકત હોય તો તેની કિંમત.

(ક) કયે એક અથવા વધારે ઠેકાણે તે મિલકત મળી આવવાની તે;

(ડ) કોરટની નજરમાં આવે તે પ્રમાણે તેની વ્યવસ્થા કરવા સારૂ તે મીલકત આપવાની તેની મરજી છે તે;

[ઈ] તેની ઉપર બધા પઇસા સંબંધી દાવા હોય તેની રકમ તથા વિગત; અને

(ફ] તે જાણતો હોય અથવા તેનાથી નક્કી કરાય તે પ્રમાણે તેના લેહેણદારોના નામ તથા ઠેકાણાં.

પઇસા બાબતના હુકમનામા વાળાએ અરજી કરી હોય તેમાં હુકમનામાની તારીખ જે કોરટે હુકમનામું કરયુ હોય તે કોરટ, તે ઉપરથી લેણી રહેલી રકમ, તથા જે ઠેકાણે હુકમનામાનો દેણદાર રહે છે અથવા બંધીમાં છે તે ઠેકાણું આ મજકુર લખવો જોઇએ.

અરજ ઉપર સહી કરવી તથા સાચાપણાના એકરાર કરવા. ૩૪૬. પાછળ ફરીયાદ અરજી ઉપર સહી કરવાના તથા તેના શાચા પણાના એકરાર કરવાના નિયમો ઠરાવ્યા છે તે પ્રમાણે અરજદારે તે અરજ ઉપર સહી કરવી તથા તેના સાચાપણાના એકરાર કરવા.

અરજની નકલ તથા નોટીસ પોંચાડવી. ૩૪૭. તે અરજની સુનાવણીને વાસ્તે કોરટે એક દિવસ ઠરાવવો, તથા કઇ જગાએ અને કઇ વખતે તેની સુનાવણી થશે એ વિશેની લખેલી નોટીસ તથા તે અરજની નકલ કોરટમાં ચોઢાવવી તથા અરજદારને ખરચે હેઠળ લખેલા ઓને પોંચાડવી.

હુકમનામાનો દેણદાર અરજદાર હોય ત્યારે, જે હુકમનામું બજાવવામાં તેને પ

કડયો અથવા કેદ કરયો હોય અથવા જમીનનો હુકમ થયો હોય તે હુકમનામા વાળા ને અથવા તેના પ્લીડરને, અને તે અરજમાં બીજા લેહેણદાર [જો કોઇ] લખ્યા હો ય તો તેમને;

અરજદાર હુકમનામાવાળો હોય ત્યારે, હુકમનામાના દેણદારને અથવા તેના પ્લીડરને.

કોરટને જો વ્યાજબી જણાય તો, પોતાને યોગ્ય લાગે તે સરકારી ગેઝીટમાં અને જાહેર વરતમાન પત્રોમાં અરજદારને ખરચે તે અરજ છપાવવાને કોરટ મુખ્ત્યાર છે.

અરજદાર હુકમનામાનો દેણદાર હોય, અને આ કલમ પ્રમાણે ભરવાના કંઇ પઇશા આપવાને તે અશક્ત છે એમ કોરટની ખાત્રી થાય તો તે પઇશા આપવાનું તેને માફ કરવાને કોરટ મુખત્યાર છે.

બીજા લેહેણદારોને પોં ચાડવાનો અખત્યાર. ૩૪૮. અરજદારનો હું લેણદાર છું એમ કોઇ શખસ કહેતો હોય, અને તે અરજ ઉપર મને જાહેર કરવાની રજા આપો એવી અરજ કરતો હોય, તો તે શખસને પણ, પોતાને યોગ્ય લાગે તો, તેવી નકલ તથા નોટીસ પોંચાડવાને કોરટ મુખત્યારછે.

પેરામાં હોયતે અરજ દાર વિશે કોરટના અખત્યાર. ૩૪૯. હુકમનામાના દેણદારને પકડેલો હોય તો, કલમ ૩૫૦ પ્રમાણે સુનાવણી થાય ત્યાં સુધી એકદમ તેને તુરંગમાં મોકલવાનો હુકમ કરવાને અથવા જે અમલદારને વારંટ બજાવવા આપ્યું હોય તેના પેરામાં તેને રાખવાને અથવા ફરમાવશે ત્યારે હાજર થઇશ એવી રીતના પુરતા જામીન તે આપે તો તે લેઇને તેને છોડવાને કોરટ મુખત્યાર છે.

સુનાવણી વખત કામ ચલાવવાની રીત. ૩૫૦. ઉપર પ્રમાણે ઠરાવેલે દિવસે અથવા ત્યાર પછી જે દિવસ ઉપર કોરટે સુનાવણી મુલતવી રાખી હોય તે દિવસે, જે શખસોને તે નોટીસ પોંચાડી હોય તેમની અથવા તેમના પ્લીડરોની સમક્ષ, હુકમનામાના દેણદારની તે વખતની હાલત વિશે તથા તે વખત પછીનાં વસુલ આપવાનાં તેના સાધન વિશે, કોરટે હુકમનામાના દેણદારની જબાની લેવી; અને સદરહુ હુકમનામાવાળો, અરજમાં લખેલા બીજા લેહેણદારો, તથા લેહેણદાર છીએ એમ પોતેજ કહેનારા બીજા [જો હોય તો] શખસો હુકમનામાના દેણદારનો છુટકો થવાની સામે જે કહે તે સાભળવું. અને પછી પોતાને યોગ્ય લાગે તો હુકમનામાનો દેણદાર નાદાર દેવાદાર ઠરવાને યોગ્ય નથી એવું બતાવવાનો પુરાવો કરવા સારૂ તે હુકમનામાવાળાને તથા બાકીના લેહેણદારોને કે શખ્સો મુદત આપવાને કોરટ મુખત્યાર છે.

નાદાર ઠરાવવાનું તથા વસુલદાર નીમવાનું. ૩૫૧. જો કોરટની ખાત્રી થાય કે:—

(એ) અરજમાં લખેલી હકીકતો વસ્તુતઃ ખરી છે;

[બી] જે હુકમનામાની બજાવણીમાં પોતાને પકડયો અથવા કેદ કરયો હોય, અથવા જમીનનો હુકમ કરયો હોય તે હુકમ

નામું જે ફરિયાદ ઉપરથી થયું હોય તે ફરિયાદ માંડી ત્યારથી અથવા ત્યાર પછી કોઇ વખતે હુકમનામાના દેણદારે, પોતાના લેહેણદારોને દગો દેવાના ઇરાદાથી, પોતાની કંઇ મિલકત છુપાવી નથી, અથવા બીજાને નામે ચઢાવી નથી અથવા લંબાવી નથી;

(ક) પોતાનું કરજ પુરેપુરૂં અદા કરવાને પોતે શકતીવાન નથી એમ જાણીને, તેણે બેદરકાર થઇને કરજ કાઢયું નથી; અથવા પોતાના લેહેણદારોમાંથી કોઇને અઘટીત રીતે પસંદ કરીને કંઇ રૂપીયા અથવા મિલકત આપી દીધી નથી.

(ડ) અરજીના મજકુર બાબત તેણે કપટ બુદ્ધિનું બીજું કાંઇ કૃત્ય કરયું નથી.

તો, તે નાદાર છે એમ કોરટ ઠરાવે; તથા પોતાને યોગ્ય લાગે તો, તેની મિલકતનો વસુલદાર નીમવાનો હુકમ કરવાને પણ કોરટ મુખત્યાર છે; અથવા તે વસુલદાર ન નીમે તો, તે નાદારનો છુટકો કરવાને કોરટ મુખત્યાર છે.

જો સદરહુ પ્રમાણે કોરટની ખાત્રી ન થાય તો કોરટે અરજ નામંજુર કરવાનો હુકમ કરવો.

લેહેણદારોએ પોતાનાં લેહેણાં શાબીત કરવાં.

૩૫૨. અરજમાં કહેલા લેહેણદારોએ તથા નાદારના લેહેણદાર છીએ એમ પોતેજ કહેનારા બીજા (હોય તો) શખસોએ પછી નાદારના પોતપોતાના પઇશા સંબંધી દાવાની વિગતોનો તથા રકમનો પુરાવો હાજર કરવો; અને કોણે પોતાને નાદારના લેહેણદાર શાબીત કરયા છે તથા તેમનું પોતપોતાનું લેહેણું શું છે તેનો કોરટે હુકમ કરીને નિરણય કરવો. અને તે શખસોનું તથા લહેણાનું એક પત્રક તઇયારકરવું; અને કલમ ૩૫૧ પ્રમાણે થએલો ઠરાવ તે દરેક લેહેણદારનું પોતાના લેહેણાનું હુકમનામું હોય તેમ ગણાશે.

પત્રક તૈયાર કરવું.

આવા પ્રત્યેક પત્રકની નકલ કોરટના મકાનમાં ચોઢવી.

કરજ પતાવવાને જે પેઢી નાદાર થઇ હોય તે પેઢીના ભાગીદારને, અથવા નાદારી પહેલાં તે મરી ગયો હોય તો તેના કાયદેશર વારસ વકીલોને, પેઢીના લેહેણદારોની સાથે લેહેણું શાબિત કરવાનો હક છે એમ આ કલમની કોઇ વાતથી સમજવું નહીં.

પત્રકમાં લખ્યા ન હોય એવા લેહેણદારોએ કરવાની અરજો.

૩૫૩. તે પત્રકમાં જેનું નામ લખ્યું ન હોય તેવો નાદારનો કોઇ લેહેણદાર, કોરટને એવી અરજ કરે કે, નાદાર ઉપરના મારા પઇશા સંબંધી દાવાની વિગત તથા રકમનો પુરાવો આણવાની મને રજા આપો, અને હું નાદારનો લેહેણદાર છું એમ શાબિત કરૂં તો, તે શાબિત થએલા લેહેણાને વાસ્તે લેહેણદાર તરીકે મારૂં નામ પત્રકમાં દાખલ કરવું એવો, હુકમ કરો.

પત્રકમાં કહેલો કોઇ લેહેણદાર કોરટને એવી અરજ કરે કે, મારા પોતાના લેહેણાની રકમ, સ્વરૂપ અથવા વિગતો પુરતો પત્રકમાં ફેરફાર કરવાનો હુકમ કરો; અથવા બીજા લેહેણદારનું નામ કાઢી નાંખો, અથવા બીજા લેહેણદારના લેહેણાની રકમ, સ્વરૂપ કે વિગતો પુરતો તે પત્રકમાં ફેરફાર કરો.

આ કલમ પ્રમાણે કોઇ અરજ થાય ત્યારે, નાદાર અને બીજા લેહેણદારો ઉપર જે નોટીસો બજાવવી કોરટને યોગ્ય લાગે તે અરજદારને ખરચે બજાવ્યા પછી, તથા તેમની હરકતો જો કંઇ હોય તો સાંભળ્યા પછી, કોરટ તે અરજ માન્ય કરવાને અથવા નામંજુર કરવાને મુખત્યાર છે.

વસુલદાર નીમવાના હુકમનું ફળ.

૩૫૪. કલમ ૩૫૧ પ્રમાણે કરેલો પ્રત્યેક હુકમ સ્થાનિક સરકારી ગેઝીટમાં પ્રસિદ્ધ કરવો; અને તે હુકમથી [કલમ ૨૬૬ ના પહેલા વિશેષ ઠરાવમાં બતાવેલા વાંનાં શિવાયની) નાદારની બધી મિલકતનો હક, વસુલદારને પ્રાપ્ત થશે. પછી અરજીમાં ગમે તો તે મિલકત બતાવી હોય કે નહી તેની ચીંતા નહીં.

વસુલદારે જામીન આપવા અને માલમતા વસુલ કરવી.

૩૫૫. આ પ્રમાણે નીમાએલા વસુલદારે કોરટ ફરમાવે તેવા જામીન આપવા, અને ઉપર બાતલ કરી છે તે શિવાયની તે બધી મિલકત પોતાના કબજામાં લેવી.

નાદાર દેણદારને છોડી મુકવો.

અને, નાદારે મને કબજો આપ્યો છે અથવા કબજો આપવા સારૂ તેનું ચાલે એટલું તેણે કર્યું છે એમ વસુલદાર કોરટને સરટીફીકેટ લખી મોકલે ત્યારે, પોતાને યોગ્ય લાગે તેવી (જો કરવી હોય તો) શરતો કરીને, નાદારને છોડી મુકવાને કોરટ મુખત્યાર છે

વસુલદારનું કામ.

૩૫૬. કોરટ ફરમાવે તે મુજબ વસુલદારે નીચે લખેલાં કામ કરવાં; એટલે—

[અ] મિલકતના પઇશા કરવા,

[બ) કરજ, દંડ, અને ગુનેગારી બદલ નાદાર પાસે સરકારનું (જો કંઇ] લેહેણું હોય તો તે તેમાંથી આપવુ.

(ક) તે હુકમનામા વાળાનું ખરચ આપવું.

[ડ) જે કરજોની નિર્ભયતાને વાસ્તે નાદાર દેણદારની મીલકત ગીરો હોય તેવાં બધાં કરજ અનુક્રમે તેમની અગ્રતા પ્રમાણે વાળવાં;

(ઈ) બાકી રહે તે, પત્રકમાં નામ હોય તે લેહેણદારોમા તે બધાંને એક સરખા ગણીને તેમનાં પોત પોતાનાં લેહેણાંની રકમ પ્રમાણે ફાળે પડતું વેહેંચી આપવું;

મેહેનતાણાનોતેનોહક.

અને તે વેહેંચી આપેલી બાકી ઉપર શેંકડે પાંચ ટકા કરતાં વધારે નહીં એવું કોરટ ઠરાવે તે કમીશન પોતાના કામના મેહેનતાણા તરીકે રાખવાને તે વસુલદાર મુખત્યાર છે. (આ રાખેલી કમીશનની રકમ

વધારો આપી દેવો.

એ વેહેંચી આપવાની રકમ તરીકે ગણવી) અને પછી જે કંઈ વધે તો તે નાદારને અથવા તેના કાયદેસર વારસ વકીલને આપવુ.

પણ એવું ઠરાવ્યું છે કે; જે સ્થાનીક પ્રદેશમાં; ૩૨૦ મી કલમ પ્રમાણે ઠરાવ જાહેર કરેલો હોય તે ઠરાવ અમલમાં હોય તેવા સ્થાનિક પ્રદેશમાં. ખેતીવાડીના કામ સારૂ ધારણ કરી હોય અથવા ગણોતે આપી હોય, અથવા સરકારને મેહેસુલ ભરતી હોય એવી સ્થાવર મીલકતનાં વેચાણ વસુલદારે કરવાં નહી, પણ તેણે નાદારની બીજી મિલકત વેચ્યા પછી; કોરટે—(અ) પત્રકમાં લખેલા લેણદારોનાં લેહેણાંનો ફડચો કરવાને મળી ચુકેલી રકમ બાદ કરતાં બાકી જે રકમ જોઇતી હોય તે રકમ, (બ) નાદારની વેચવાની રહેલી સ્થાવર મિલકત, તથા (ક) તેની ઉપર કાંઇ બોજા હોય તો તે,—નક્કી કરવા; અને ઉપર લખેલી તપસીલની યાદી કુલેક્ટરને મોકલવી; ત્યાર પછી કલમ ૩૨૨ થી ૩૨૫ (બંને સુધાંત) ઉપરથી કલેકટરને મળેલા અધિકાર પઇકી તેને યોગ્ય લાગે તે અધિકાર ચલાવીને તથા તે કલમના ઠરાવ લાગુ હશે તેટલે સુધી તેઓને અનુસરીને, તેણે એ પ્રમાણે જોઇતી હોય તે રકમ ઉભી કરવા માંડવુ: અને આ પ્રમાણે અધિકાર ચલાવ્યાથી તેના હાથમાં જે રકમો આવે તે સઘળી રકમો, કોરટનો હુકમ આવે તે પ્રમાણે વ્યવસ્થા થવા સારૂ કલેકટરે પોતાની પાસે રાખવી.

છોડી મુકવાનુ ફળ. ૩૫૭ કલમ ૩૫૧ અથવા ૩૫૫ પ્રમાણે જે નાદરને છોડી મુકયો હશે તેને પત્રકમાં દાખલ કરેલા કોઇ કરજને વાસ્તે પકડવામાં અથવા કેદ કરવામાં આવશે નહીં. પરંતુ, (કલમ ૩૫૮ના ઠરાવને અનુસરીને) પત્રકમાં લખેલા લેહેણદારોના લેહેણાંની એક ત્રતિયાંશ સુધીની ભરપાઇ થાય ત્યાંહાસુધી, અથવા ૩૫૧ મી અથવા ૩૫૫ મી કલમ પ્રમાણે છુટકો કરવા બાબત થએલા હુકમની તારીખથી બાર વરસ થઇ જાય ત્યાંહાં સુધી, પેહેલા અથવા પછીથી મેળવેલી [કલમ ૨૬૬ ના પહેલા વિશેશ ઠરાવમાં બતાવેલાં વાંનાં શિવાયની તથા વસુલદારને જે મીલકતનો હક પ્રાપ્ત થયો હોય તે શિવાયની, તેની મીલકત કોરટના હુકમથી જપ્ત કરીને વેચવાને પાત્ર થશે.

નાદાર જવાબદારીમાંથી મુકત થયો એવો ઠરાવ કરવો. ૩૫૮. પત્રકમાં દાખલ કરેલાં કરજની કુલ રકમ બસે રૂપિયા અથવા તે કરતાં ઓછી હોય તો, તે કરજોની બાબતની જાસ્તી જવાબદારીમાંથી સદરહુ પ્રમાણે છોડી મુકેલા નાદારને મુકત કરવાનો ઠરાવ કરવાને કોરટ મુખત્યાર છે પણ પત્રકમાં લખેલા કરજના એક ત્રતીયાંશ સુધીની ભરપાઈ થઇ હોય, અથવા છુટકો કરવા બાબતના હુકમની તારીખથી બાર વરસ થઇ ગયાં હોય એવી કોઇ પણ બાબતમાં સદરહુ નાદાર સદરહુ પ્રમાણે મુકત થયો એવું કોરટે ઠરાવવુ જોઇએ.

અરજદાર દગા ભરેલો હોય ત્યારે કામ ચલાવવાની રીત. ૩૫૯. કલમ ૩૫૦ પ્રમાણે ચાલેલી સુનાવણી વખતે એવું શાબીત થાય કે, અરજદારે—

(અ) પોતાની અરજમાં પોતાના દેવા વિશે, અથવા પોતાના કબજામાંની, કે

પોતાને મળવાને ઉમેદ હોય તેવી, કે પોતાની વતી ત્રસ્ટી દાખલ બીજા ના પાસે હોય તેવી પોતાની મિલકત વિષે, કંઇ છુપાવવાનો કે જાણી જોઇને કંઇ ખોટી બીના લખવાનો ગુનો કરયો છે: અથવા

(બ) કંઇ મિલકત દગાબાજીથી છુપાવી છે, કે બીજાને નામે ચઢાવી આપી છે, કે લંબાવી છે; અથવા

(ક) અરજીના મજકુર બાબત બીજું કંઇ કપટબુદ્ધિનુ કૃત્ય કરયું છે,

તો તેના કોઇ લેણદારની અરજ ઉપરથી, લખેલો હુકમ કરીને તેને કોરટે કેદની શીક્ષા કરવી. તે શિક્ષા કેદમાં મોકલ્યાની તારીખથી એક વરસ સુધીની કરી શકાય.

અથવા પોતાને યોગ્ય લાગે તો, કાયદા પ્રમાણે તેના ઉપર કામ ચલાવવાને તેના માજીસ્ત્રેટને ત્યાં મોકલવાને કોરટ મુખત્યાર છે.

બીજી કોરટોને ડિસ્ત્રિકટ કોરટના અખત્યાર આપવાનું.

૩૫૦ સરકારી ગેઝીટમાં જાહેર ખબર આપીને કલમ ૩૪૪ થી ૩૫૯ સુધીમાં (બંને સુધાંત) ડિસ્ત્રિકટ કોરટને આપેલા અખત્યાર ડિસ્ત્રિકટ કોરટ શિવાયની બીજી કોઇ કોરટને આપવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે; અને સદરહું પ્રમાણે અખ્તિયાર મળેલી પોતાના ડીસ્ત્રીકટમાં

બીજી કોરટમાં મુકદમા મોકલવાનું.

જે કોઇ કોરટ હોય તેને, કલમ ૩૪૪ પ્રમાણે આવેલા મુકદમા મોકલવાને ડિસ્ત્રિકટ જડજ મુખત્યાર છે.

સદરહુ પ્રમાણે અધિકાર મળેલી કોઇ પણ કોરટ, તેજ કોરટનુ હુકમનામું બજાવવાંમાં પકડેલા માણસે કલમ ૩૪૪ પ્રમાણે કરેલી કોઇ અરજ, લેવાને મુખત્યાર છે

હુકમનામાના દેણદારની મિલકત અઢી હજાર રૂપિયા કરતાં વધારે હોય, અથવા તેની ઉપરના પઇસા સંબંધી દાવા પાંચ હજાર રૂપિયા કરતાં વધારે હોય, અથવા સદરહુ મિલકત અથવા તેનો કંઇ ભાગ બ્રહ્મ દેશમાંના બ્રિટીશ સરકારના મુલક બહાર હોય ત્યારે આ બાબના કોઇ પણ ઠરાવ રંગુન, મુલમેન, અકયાબ અને બસઇ શેહેરમાંની હકુમતવાળી કોઇ પણ કોરટને લાગુ નથી,

ભાગ ૨ જો.

પ્રસંગોપાત ઉત્પન્ન થનારાં કામો વિશે.

બાબ ૨૧ મો.

પક્ષકારોનાં મરણ, લગ્ન, અને તેમની નાદારી વિશે.

પક્ષકારના મરણ પછી જો ફરીયાદ કરવાનો હક પોંચતો હોય તો, ફરીયાદ બંધ નહીં પડે.

૩૬૧. વાદીના પ્રતીવાદીના મરણ પછી જો ફરીયાદ કરવાનો હક્ક પોંચતો હોય તો, ત મરણથી ફરીયાદ બંધ પડશે નહીં.

દ્રષ્ટાંતો.

[અ] ક હયાત હોય ત્યાં સુધી ખ ને વરશાસન આપવું એવો ખ ને ક ની

સાથે અ કરાર કરે છે. તે આપવાની જરૂર પાડવા સારૂ, આ ના ઉપર બને ક ફરીયાદ કરે છે, હુકમનામા પહેલાં બ ગુજરી જાય છે. આમાં ક ને ફરીયાદ કરવાનો હક્ક પોંચે છે માટે ફરીયાદ બંધ પડતી નથી.

(બ) સદરહુ દ્રષ્ટાંતમાં, બધા પક્ષકાર હુકમનામા પેહેલાં ગુજરી જાય છે. બ ને ક એ બેમાં છેલ્લો મઇયત થયો હોય તેના વારસ વકીલને ફરીયાદ કરવાનો હક્ક પોંચે છે, એટલે તે આ ના વારસ વકીલ ઉપર તે ફરીયાદ ચલાવી શકે.

(ક) આબરૂ લીધા [લાઇબલ[બદલ બ ઉપર આ ફરીયાદ કરે છે. આ ગુજરી જાય છે. આમાં ફરીયાદ કરવાનો હક્ક પોંચતો નથી માટે ફરીયાદ બંધ પડે છે.

(ડ) મિતાક્ષરાના નિયમ લાગુ પડે તેવા અવિભકત હિંદુ કુટંબનો એક આ માણસ કુટંબની મિલકતની વેચાણ કરવાની ફરીયાદ કરે છે, નાંની વયના છોકરા બ ને પોતાનો વારસ મુકીને આ ગુજરી જાય છે, આમાં ફરીયાદ કરવાનો હક્ક બને પોંચે છે અને ફરીયાદ બંધ પડતી નથી.

ઘણી વાદીઓ અથવા પ્રતિવાદીઓ પઇકી એક મરણ પામે અને ફરીયાદકરવાનો હક્ક પોંચતો હોય ત્યારે શીરીતે કરવું.

૩૬૨. એક કરતાં વધારે વાદીઓ અથવા પ્રતીવાદીઓ હોય, અને તેઓમાંનો કોઇ મરી જાય, અને એકલા બાકી રહેલા વાદી અથવા વાદીઓને વાસ્તજ અથવા એકલા બાકી રહેલા પ્રતીવાદી કે પ્રતીવાદીઓની ઉપરજ ફરીયાદ કરવાનો હક્ક પોંચતો હોય તો, દફતરમાં તેના મતલબનું લખાણ કોરટે કરાવવું, અને બકી રહેલા વાદી અથવા વાદીઓની અરજ ઉપરની, અથવા બાકી રહેલાપ્રતીવાદી કે પ્રતિવાદીઓની ઉપર, તે ફરીયાદનું કામ આગળ ચાલશે.

ઘણા વાદીઓ પઇકી એક મરણ પામે અને બાકીનાને તથામઇયતના વારશ વકીલને ફરીયાદ કરવાનો હક પોંચતો હોય તો શી રીત કરવું.

૩૬૩. એક કરતાં વધારે વાદીઓ હોય અને તેમાંનો કોઇ મરી જાય, અને એકલા બાકી રહેલા વાદી અથવા વાદીઓને વાસ્તેજ ફરીયાદ કરવાનો હક્ક પોંચતો ન હોય, પણ તેને અથવા તેમને તથા મરનાર વાદીના કાયદેસર વારસ વકીલને મળીને ફરીયાદ કરવાનો હક્ક પોંચતો હોય તો; તે કાયદેસર વારસ વકીલની અરજ ઉપરથી, તે મરનાર વાદીની જગાએ દફતરમાં તેનું નામ દાખલ કરવાને કોરટ મુખત્યાર છે. અને બાકી રહેલાં વાદી અથવા વાદીઓની તથા તે કાયદેસર વારસ વકીલની અરજ ઉપરથી ફરિયાદનું કામ આગળ ચાલશે.

મઇયત વાદીના વારસ વકીલે અરજ કરી ન હોય ત્યારે શી રીતે કરવું.

૩૬૪. મઇયત વાદીના કાયદેસર વારસ વકીલ પણાનો દાવો રાખનાર કોઇ સખસ કોરટને કાયદામાં જે મુદત ઠરાવી હોય તે મુદતમાં અરજ ન કરે તો, બાકી રહેલા વાદી અથવા વાદીઓની અરજ ઉપરથી ફરિયાદનું કામ આગળ ચાલશે.

અને મઇયતના વાદીના કાયદેસર વારસ વકીલને [જો કોઇ હોય તો] પક્ષકાર કરવામાં આવશે, તથા બાકી રહેલા વાદી અથવા વાદીઓની સાથે સામેલ થઇને તેણે અરજ કરી હોત ત્યારે ફરીયાદનું કામ જે રીતે ચાલ્યું હોત તે રીતે તે ફરીયાદમાં થએલા હુકમનામામાં તેનું પોંચશે તથા તે હુકમનામું તેને લાગુ પડશે.

એકનો એક વાદી અથવા બાકી રહેલો એકનો એક વાદી ગુજરી જાય ત્યારે શી રીતે કરવું.

૩૬૫. એકનો એક વાદી હોય તે અથવા બીજા મુવા પછી બાકી રહેલો એકનો એક વાદી હોય તે ગુજરી જાય ત્યારે, ફરીયાદ કરવાનો હક પોહોંચતો હોય તો મઇયતના કાયદેસર વારસ વકીલની અરજ ઉપરથી, તે વાદીની જગાએ દફતરમાં તેનું નામ દાખલ કરવાને કોરટ મુખત્યાર છે. અને તે ઉપરથી ફરિયાદનું કામ આગળ ચાલશે.

મઇયત વાદીના વારસ વકીલ અરજ ન કરે તો ફરીયાદ બંધ પડે.

૩૬૬. મઇયત વાદીના કાયદેસર વારસ વકીલપણાનો દાવો રાખનાર કોઇ સખસ કોરટને તેવી અરજ કાયદામાં જે મુદત ઠરાવી હોય તે મુદતમાં, નહી કરે તો, ફરીયાદ બંધ પાડવી એવો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે. તથા તે ફરિયાદનો જવાબ કરવામાં પ્રતિવાદીને જે ખરચ થયું હોય તે પ્રતિવાદી અરજ કરે તો, મઇયત વાદીની મિલકતમાંથી તેણે વસુલ કરી લેવાનો હુકમ કોરટે કરવો.

અથવા, પ્રતિવાદીની અરજ ઉપરથી, કોરટની નજરમાં યોગ્ય જણાય તો, ખરચ અથવા બીજી રીતની કરવી ઘટે તેવી શરતોથી, મઇયત વાદીના કાયદેસર વારસવકીલને બોલાવવાનો, અથવા તકરારી બાબતોનો આખર નિકાલ કરવા સારુ ફરીયાદનું કામ ચલાવવાનો અથવા, તે બંનેનો, વાજબી લાગે તેવો બીજો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

ખુલાસો:—કોઇ સખસ પાસે વારસાનું સરટિફીકેટ અથવા લેહેણું વસુલ કરવાનું સરટીફીકેટ હોય તો. તેટલાજ ઉપરથી તે સખસ મઇયતનો કાયદેસર વારસ વકીલ થતો નથી. પરંતુ તેવું કોઇ સરટીફીકેટ જેની પાસે હોય તે સખસને તે ઉપરથી મઇયતની કાંઇ મિલકત મળે, ત્યારે તે મિલકતની બાબતમાં કાયદેસર વારસવકીલ તરીકે તે જવાબદાર ગણાય.

મઇયત વાદીના વારસ વકીલ વિશે તકરાર ઉઠે તો શી રીતે કરવું.

૩૬૭. મઇયત વાદીનો કાયદેસર વારસ વકીલ કોણ એ વિશે કાંઇ તકરાર ઉઠે તો, તે વાતનો બીજી ફરીયાદમાં નિર્ણય થાય ત્યાં સુધી ફરીયાદ બંધ રાખવાને, અથવા ચાલુ ફરીયાદનું કામ ચલાવવા સારુ કોને કાયદેસર વારસ વકીલ તરીકે ગણવો એ વાતનો તે ફરીયાદની સુનાવણી વખતે અથવા તે પેહેલાં નીકાલ કરવાને કોરટ મુખત્યાર છે.

ઘણાં પ્રતિવાદીઓમાંથી એક મઇયત થાય અથવા એકનો એક પ્રતિવાદી કે બાકી રહેલો એકનોએક

૩૬૮. એક કરતાં વધારે પ્રતિવાદીઓ હોય અને તેમાંનો કોઇ હુકમનામા પેહેલાં ગુજરી જાય અને એકલા બાકી રહેલા પ્રતિવાદી અથવા પ્રતિવાદીઓ ઉપર જે ફરીયાદ કરવાનો હક પોંચતો ન હોય તો,

પ્રતિવાદી મઈયેત થાય
તો શી રીતે કરવું;

તથા એકુના એક પ્રતિવાદી અથવા બીજે મરવા ખડો રહે

વા એકના એક પ્રતિવાદી ગુજરી જાય તોએ ફરીયાદ કરવાનો હક પોહોચતો હોયતો

વાદી જે કોઈ શખસને મઈયતપ્રતિવાદીનો કાયદેસર વારસ વકીલ કેહતો હોય, અને તેને મઈયતને ઠેકાણે પ્રતિવાદી કરવાની તેમાં મરજી હોય, તેનુ નામ, ધંધો તથા રેહેવાનુ ઠેકાણું લખીને કોરટને અરજ કરવાને તે મુખત્યાર છે.

તે અરજ ઉપરથી મઈયત પ્રતિવાદીને ઠેકાણે તે વારસ વકીલનું નામ કોરટે દફતરમાં દાખલ કરવું;

અને સમનમાં એક દિવસ લખીને તે દીવશે ફરિયાદનો જવાબ કરવા સારૂં હાજર થવાને તે વારસ વકીલ ઉપર સમન કાહાડવો;

અને ત્યાર પછી તે વારસ વકીલને જાણે અસલથીજ પ્રતિવાદી કરયો હોય અને ફરીયાદમાં પ્રથમ ચાલી ગએલા કામમાં જાણે તે પક્ષકાર હોય તે રીતે, તે મુકદમાનુ કામ આગળ ચાલશે.

પરંતુ એ રીતે પ્રતિવાદી કરેલો શખસ, મઈયત પ્રતિવાદીનો હું કાયદેસર વારસ વકીલ નથી એવી હરકત લેવાને, અથવા તેવા વારસ વકીલ તરીકે પોતાને ઘટતો હોય તેવો જવાબ કરવાને મુખત્યાર છે.

સદરહુ પ્રકારની અરજ કરવાને કાયદામાં જે મુદત ઠરાવી હોય તે મુદતમાં વાદી તેવી અરજ ન કરે અને તે મુદતમાં અરજ ન કરવાનુ પુરતુ કારણ હતું એવી કોરટની ખાત્રી ન કરે તો ફરિયાદ બંધ પડસે.

સ્ત્રી પક્ષકારના લગ્નથી ફરીયાદ બંધ પડશે નહી

૩૬૯. સ્ત્રી વાદી અથવા પ્રતિવાદી હોય તેનુ લગ્ન થવાથી ફરિયાદ બંધ પડશે નહી, પરંતુ લગ્ન થયા છતાં એ ફરીયાદનુ કામ ચાલીને ફેસલો થાય; અને સ્ત્રી પ્રતિવાદી ઉપર હુકમનામુ હોય તો તે ઉપરથી તે એકલીના ઉપર તે બજી શકે,

પોતાની સ્ત્રીએ કરેલા કરજનો કાયદા પ્રમાણે ધણી જવાબદાર થાય એવા તરેહનુ કામ હોય તો,—કોરટની રજાથી ધણીના ઉપર પણ હુકમનામુ બજી શકે અને સ્ત્રીની તરફનો ફેસલો થાય તો તે હુકમનામાના વિષયમાં ધણીને કાયદા પ્રમાણે હક પોંચતો હોય તો કોરટની રજાથી ધણીની દરખાસ્ત ઉપરથી પણ હુકમનામું બજાવવાનો હુકમ થઈ શકે.

વાદીના દેવાળાને લીધે અથવા દેવું વાળવાનાતેની નાદારીને લીધે ફરીયાદને ક્યારે હરકત થાય

૩૭૦. વાદીના લેહેણદારના લાભને માટે જે ફરીયાદ કલમ ૩૫૧ પ્રમાણે નીમેલો તેનો અસાઈની અથવા વસુલદાર ચલાવી શકે તેવી ફરીયાદમાં વાદી દેવાળુ કાઢે, અથવા દેવુ વાળળામાં નાદર ઠરે તો તેથી તે ફરીયાદને હરકત થશે નહી; પરંતુ તે ફરીઆદ ચલાવવાને તથા કોરટ હુકમ કરે તે મુદતમાં તેમા ખરચના જામીન આપવાને તે અસાઈની અથવા વસુલદાર ના પાડે તો હરકત થશે.

અસાઈની ફરીઆદ ચ

સદરહુ પ્રમાણે હુકમમાં કહી હોય તેટલી મુદતમાં તે

લાવવામાં અથવા જામી ન આપવામાં કસુર કરે ત્યારે શું કરવું.

જામીનગીરીની અથવા વસુલદાર ફેરીયાદ ચલાવવાને તથા જામીન આપવાને કસુર કરે અથવા ના પાડે તો વાદીએ દેવાળું કાઢ્યું છે અથવા તે નાદાર થયો છે એ સબબથી ફરિયાદ કાઢી નાંખવાની અરજ કરવાને પ્રતીવાદી મુખત્યાર છેઃ અને કોરટ ફરીઆદ કાઢી નાંખવાને તથા તેનો જવાબ કરવામાં પ્રતીવાદીને થએલું ખરચ તેને અપાવવાને મુખત્યાર છે તે ખરચ વાદીની માલમિલકત ઉપર લેહેણા તરીકે શાબિત કરવું.

બંધ પડવાથી અથવા કાઢી નાંખવાથી થવાનુ ફળ.

૩૭૧ આ બાબ પ્રમાણે ફરિયાદ બંધ પડે અથવા કાઢી નાંખવામાં આવે તો તેના તેજ દાવાના કારણ ઉપરથી નવી ફરીયાદ ચાલશે નહીં.

બંધ પડ્યાનો અથવા કાઢી નાંખ્યાનો હુકમ રદ કરવાની અરજ.

પરંતુ દેવાળીયા અથવા નાદાર અથવા મઇયત વાદીના કાયદેસર વારસ. વકીલપણાનો દાવો રાખનાર શખસ બંધ થયાનો અથવા કાઢી નાંખ્યાનો હુકમ રદ કરાવવાસારૂ અરજ કરવાને મુખત્યાર છે. અને કોઇ પુરતા કારણને લીધે તેનાથી ફરીયાદ ચલાવાઇ નહોતી એમ શાબીત થાય તો, ખરચ અને બીજી રીતની પોતાને યોગ્ય લાગે તેવી શરતો કરીને બંધ પાડ્યાનો અથવા કાઢી નાંખ્યાનો હુકમ કોરટે રદ કરવો

ફરિયાદ ચાલતાં હક સંબંધ બીજાને લખી આપવામાં આવે તો શી રીતે કરવું.

૩૭૨ ફરીયાદ ચાલતાં તેમાંનો કંઇ હક્કસંબંધ બીજાને લખી આપવામાં આવ્યો હોય ઉત્પન્ન કરવામાં આવ્યો હોય કે મળ્યો હોય તેવે પ્રસંગે તે હક્કસંબંધ જે શખસની પાસે આવ્યો હોય તે શખસથી અથવા તે શખસના ઉપર કોરટની રજાથી, ફરીયાદ ચાલી શકે અને તે શખસનું નામ જેની પાસેથી તે હક સબંધ ગયો હોય તેની સાથે સામેલ કરીને અથવા તેને બદલે દાખલ કરીને જેવી જરૂર હોય તે પ્રમાણે કરીને; ફરીયાદ ચલાવવી. કોરટે રજા આપવી તે બધા પક્ષકારોની સમતીથી આપવી અથવા તેમને લખી નોટીસ પોંચાડીને તથા તેમની કાંઇ હરકતો હોય તો તે સાંભળીને આપવી-

---

બાબ ૨૨ મો.

ફરિયાદો કાઢી લેવા તથા માંડી વાળવા વિશે,

નવી ફરીયાદઆણવાની પરવાનગી સાથે વાદીને ફરીયાદ કાઢીલેવા દેવાનો અખત્યાર.

૩૭૩, ફરિયાદ કર્યા પછી કોઇ પણ વખતે વાદીની અરજ ઉપરથી કોરટની ખાત્રી થાય કે,—(અ] રીતીસર કરવામાં કાંઇ ખામી હોવાને,લીધે ફરિયાદ નિષ્ફળ થવી જોઇએ, અથવા (બ] વાદીને ફરીયાદ કાહાડી લેવાની અથવા પોતાના દાવાનો કાંઇ ભાગ છોડી દેવાની રજા આપીને તે ફરીયાદનાવિષયની અથવા તે પ્રમાણે છોડી દીધેલા ભાગ સબંધી નવી ફરીયાદ આણવાની છુટ આપવાનાં પુરતાં કારણ છે,—તો ખર્ચ અથવા બીજી રીતની

પોતાને યોગ્ય લાગે તેવી શરતો કરીને તેવી રજા આપવાને કોર્ટ મુખત્યાર છે.

તેવી રજા શિવાય વાદી ફરિયાદ કાહાડી લે અથવા પોતાના દાવાનો કાંઇ ભાગ છોડીદે તો કોરટ ઠરાવે તે ખર્ચનો તે જવાબદાર થશે, અને તેજ બાબત ની અથવા તેજ ભાગ સબંધી નવી ફરીયાદ આણવાનો તેને પ્રતિબંધ થશે.

ઘણા વાદીયો પઇકી એકને બાકીનાઓની સમતી શિવાય ફરિયાદ કાહાડી લેવાની રજા આપવાનો આ કલમની કોઇ વાતથી કોરટને અખત્યાર મળેછે એમ સમજવુ નહી.

પેહેલીફરીયાદથીમુદતના કાયદાનેઅસરથતી નથી.

૩૭૪. ગઇ છેલી કલમ પ્રમાણે રજા મળ્યાથી, કોઇ નવી ફરીયાદ કરવામાં આવે તેમાં જાણે પ્રથમની ફરીયાદ આણીજ નહોતીતે રીતે મુદતનો કાયદો વાદીને લાગુ પડશે.

ફરિયાદો માંડીવાળવાનુ.

૩૭૫. કોઇપણ કાયદેસર કરારનામું અથવા ખાનગી સમજુત કરીને કોઇ ફરિયાદનો તમામ અથવા થોડો ઘણો તોડજોડ થાય, અથવા પ્રતિવાદી તેફરિયાદના તમામ કે થોડા ઘણા વિષય સંબંધી વાદીનુ મન મનાવે, તો તે કરારનામું, સમજુત અથવા મન મનાવવું દફતરેમાં દાખલ કરવું, અને ફરિયાદને લાગુ પડે તેટલું તેમાં જે હોય તે પ્રમાણે કોરટે હુકમનામું કરવુ. અને તે કરારનામામાં સમજુતમાં અથવા મન મનાવવામાં ફરિયાદનો જેટલો વિષય આવી ગયો હશે તેટલા પુરતુ તે હુકમનામું આખરનુ થશે.

ભાગ ૨૩ મો.

કોરટમાં ભરણું કરવા વિશે.

દાવો પતવા સારૂ પ્રતિવાદીએ રકમ અનામત મુકવાનું,

૩૭૬. લેહેણું અથવા નુકશાન લેવાની કોઇ ફરિયાદ ચાલતાં કોઇપણ વખતે, જે રકમથી દાવો પુરેપુરો પતી રહેશે એમ પ્રતિવાદીને લાગતું હોય, તે રકમ કોરટમાં અનામત મુકવાને પ્રતિવાદી મુખત્યાર છે.

અનામત મુકયાની નોટીસ.

૩૭૭. અનામત મુકયાની લેખી નોટીસ કોરટની મારફત પ્રતિવાદીએ વાદીને આપવી, અને મુકેલી રકમ (કોરટ બીજી રીતે ન ફરમાવે તેઉ) વાદીનેતેની અરજ ઉપરથી આપવી.

નોટીસ મળ્યા પછી અનામત મુકેલી રકમ ઉપર વાદીને વ્યાજ અપાવવું નહીં.

૩૭૮. પ્રતિવાદીએ અનામત મુકેલી કોઇ રકમથી દાવો પુરેપુરો પતતો હોય કે કંઇ ઓછું પડતુ હોય તો પણ, તે મુકયાની નોટીસ મળે તે તારીખથી તે મુકેલી રકમ ઉપર વાદીને કંઇ વ્યાજ અપાવવામાં નહી આવે.

અનામત મુકેલી રકમ વાદી પોતાના દાવાનો કંઈ ભાગ પત્યા તરીકે સ્વીકારે ત્યારે શી રીતે કરવું.

૩૭૯. પોતાના દાવાનો માત્ર કંઇ ભાગ પત્યાં દાખલ તે રકમ વાદી સ્વીકારે તો, બાકીને વાસ્તે પોતાની ફરિયાદ ચલાવવાને તે મુખત્યાર છે. અને પ્રતિવાદીએ મુકેલી રકમથી વાદીનો દાવો પુરેપુરો પત્યો છે, એમ કોરટ ઠરાવ કરે તો, અનામત મુકયા પછી થએલું ફરિયાદનું ખરચ તથા તે પહેલાંનું વાદીના દાવાની વધારા

ની રકમથી થએલું જેટલું ખરચ હોય તે વાદીએ આપવું.

જ્યારે વાદી દાવો પુરે પુરો પત્યા તરીકે તે રકમ સ્વીકારે ત્યારે શી રીતે કરવું.

પોતાનો દાવો પુરેપુરો પત્યા દાખલ તે રકમ વાદી સ્વીકારે તો તે મતલબનું તેણે કોરટને લખીને આપવું. અને તે લખેલું દાખલ કરીને તે પ્રમાણે કોરટે ફેસલો આપવો, અને દરેક પક્ષકારનું ખરચ કોણે આપવું એ ફરમાવવામાં, તે કજીઆમાં કયો પક્ષકાર વધારે ઠપકો આપવા જેવો છે એ વાત કોરટે વિચારમાં લેવી.

દ્રષ્ટાંતો.

(અ) અ ને બ ના રૂ. ૧૦૦ દેવા છે. રૂપીયાની ઉઘરાણી ન કરતાં તથા ઉઘરાણી કરવાથી જે ઢીલ થશે તેથી પોતાને કંઇ ગેરફાયદો થશે એમ માનવાનું કારણ ન છતાં તે રકમને વાસ્તે અ ના ઉપર બ ફરિયાદ કરે છે. ફરિયાદ દાખલ થયા પછી અ તે રૂપીયા કોરટમાં ભરે છે. બ તે રકમ પોતાનો દાવો પુરેપુરો પત્યા તરીકે સ્વીકારે છે. તોએ કોરટે તેને કંઇ ખરચ અપાવવું ન જોઇએ. કેમકે તેની તરફનો વાદ વિના કારણ હતો એમ અનુમાન થાય છે.

(બ) દ્રષ્ટાંત (અ) માં કહેલી હકીકતો છતાં અ ના ઉપર બ ફરિયાદ કરે છે. ફરિયાદ દાખલ થયા પછી અ દાવામાં વાંધો લે છે. ત્યાર પછી અ કોરટમાં તે રકમ ભરે છે, બ તે રકમ પોતાનો દાવો પુરેપુરો પત્યા તરીકે સ્વીકારે છે. આમાં કોરટે બ નું ખરચ અપાવવું જોઇએ. કેમકે વાદ ચલાવવો જરૂર હતો એમ અ ની વરતણુંક બતાવે છે.

(ક) અ ને બ ના રૂ. ૧૦૦ દેવા છે, અને તે રકમ ફરિયાદ થયા શિવાય આપવાને તે ખુશી છે. બ રૂ. ૧૫૦ માગે છે, અને તેટલી રકમની અ ઉપર ફરિયાદ કરે છે. ફરિયાદ દાખલ થયા પછી અ રૂ. ૧૦૦ કોરટમાં ભરે છે, અને બાકીના રૂ. ૫૦ આપવાની તેની જવાબદારી બદલ માત્ર તે વાંધો લે છે. બ તે સો રૂપીયાની રકમ પોતાનો દાવો પુરેપુરો પત્યા તરીકે સ્વીકારે છે. કોરટે તેને અ નું ખરચ આપવાનો હુકમ કરવો.

ભાગ ૨૪ મો.

ખરચને વાસ્તે જામીન માગવા વિશે.

ફરિયાદનું કામ ચાલતાં ખરચને સારૂ વાદી પાસેથી જામીન ક્યારે માગાય.

૩૮૦. એકનો એક વાદી અથવા એક કરતાં વધારે વાદીઓ હોય ત્યારે બધા વાદીઓ બ્રિટિશ ઇંડિયાની બાહાર રહેનારા છે, અને તે વાદી પાસે અથવા તે વાદીઓ મહેકી કોઇની પાસે ફરિયાદની મિલકત શિવાય પુરતી સ્થાવર મિલકત બ્રિટિશ ઇંડિયામાં નથી એમ કોઇ ફરિયાદ કરતી વખતે અથવા ત્યાર પછી ફરિયાદનું કામ

ચાલતાં કોઇ વખતે કોરટને જણાય તો, પોતાને મનથી અથવા કોઇ પ્રતિવાદીની અરજ ઉપરથી. કોઇ પ્રતિવાદીનું થએલું તથા હવે પછી થવાનો સંભવ હોય તે બધું ખરચ આપવાના જામીન, હુકમમાં મુદત ઠરાવીને તે ઠરાવેલી મુદતની અંદર આપો. એમ વાદી અથવા વાદીઓને હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

જામીન આપવામાં ક સુર થાય તો તેનું ફળ. ૩૮૧. આ પ્રમાણે ઠરાવેલી મુદતમાં તેવા જામીન આપવામાં ન આવે, અને કલમ ૩૭૩ ના ઠરાવ પ્રમાણે વાદી અથવા વાદીઓને ફરિયાદ કાઢી લેવાની રજા આપવામાં ન આવે, તો કોરટે તે ફરિયાદ કાઢી નાંખવી.

બ્રિટિશ ઇંડિયાની બહાર રહેવાનું. ૩૮૨. કોઇ શખસ એવે પ્રસંગે બ્રિટિશ ઇંડિયા છોડીને જાય કે તે ઉપરથી ખરચ આપવાનું તેને કહેવામાં આવે ત્યારે તે મળવાનો નહીં, એવો વ્યાજબી સંભવ જણાય તો તે કલમ ૩૮૦ ના અર્થ પ્રમાણે બ્રિટિશ ઇંડિયાની બહાર રેહેનારો ગણાશે.

ભાગ ૨૫ મો.

કમીશનર વિશે.

અ.—સાક્ષીઓની જબાની લેવાનું કમિશન.

સાક્ષીઓની જબાની લેવા કોરટ જે પ્રસંગે ક મિશન કાઢી શકે તે. ૩૮૩ કોરટની હકુમતની સ્થાનીક હદમાં રેહેનારા જે શખસોને કોરટમાં હાજર રેહેવાની આ કાયદા પ્રમાણે માફી મળી હોય અથવા મંદવાડ કે નબળાઇને લીધે જેઓ કોરટમાં હાજર રહી શકે એમ ન હોય, તેમની સવાલનામાથી અથવા બીજી રીતે જબાની લેવા સારૂ કોઇ પણ કોરટ કોઇ પણ ફરીયાદમાં કમીશન કાઢવાને મુખત્યાર છે.

કમિશનકાઢવાનો હુકમ. ૩૮૪. પોતાની મેળે, કે ફરીયાદનો કોઇ પક્ષકાર, અથવા જેની શાહેદી લેવી હોય તે સાક્ષી સોગનનીમાને આધારે અથવા બીજી રીતે અરજ કરે ત્યારે તેવો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

કોરટની હકુમતમાં સાક્ષી રહેતો હોય ત્યારે. ૩૮૫. કમીશન કાઢનારી કોરટની હકુમતની સ્થાનિક હદમાં રહેનારા કોઇ સખસની જબાની લેવાનું કમીશન તે બજાવવાને કોરટને જે કોઇ સખસ યોગ્ય લાગે તેના ઉપર, મોકલી શકાય.

કયા સખસોની જબાની સાટે કમીશન નીકળે તે. ૩૮૬. કોઇ પણ કોરટ કોઇ પણ ફરીયાદીમાં નીચેના સખસોની જબાની લેવાનું કમિશન કાઢી શકે:—

(અ) પોતાની હકુમતની સ્થાનિક હદની બહાર રહેનારા કોઇ શખસની,

(બ) જે તારીખે તેમની જબાની કોરટમાં લેવાની હોય તે પેહેલાં તે હદ છોડી જવાના હોય તે શખસોની; અને

(ક) સરકારના લશકરી ને મુલકી અમલદારો જેઓના અભિપ્રાય પ્રમાણે સરકારી કામમાં ખલેલ પોચ્યા શિવાય હાજર થઇ શકે નહીં તેઓની.

હાઇ કોરટ અથવા રંગુનની રીકાર્ડર કોરટ શિવાયની બીજી જે કોઇ કોરટની હકુમતની સ્થાનિક હદમાં તે શખસ રહેતો હોય તે કોરટ ઉપર અથવા કમીશન કાઢનારી કોરટને હાઇ કોરટના જે પ્લીડરને નીમવાનું યોગ્ય લાગે તે પ્લીડર ઉપ

૨ તે કમીશન મોકલવાનો અખત્યાર છે.

આ કલમ પ્રમાણે કોઇ કમીશન કાઢતી વખતે કોરટે ફરમાવવું કે, તે કમિશન પોતાને ત્યાંજ પાછું મોકલવાનું છે કે કોઇ તાબાની કોરટમાં પાછું મોકલવાનું છે.

બ્રીટીશ ઇંડિયામાં ન હોય તેવા સાક્ષીની જબાની લેવાનુ કમીશન.

૩૮૭ બ્રીટીશ ઇંડિયાની બહાર કોઇ ઠેકાણે રહેનારા કોઇ શખસની જબાની લેવા સારૂ કમીશન કાઢવાની જે કોરટને અરજ કરવામાં આવી હોય તે કોરટની ખાતરી થાય કે. તે શાક્ષીની શાહેદી જરૂરની છે તો તે કમીશન કાઢવાને કોરટ યુખત્યાર છે.

કમીશનને અનુસરીને કોરટે સાક્ષીની જબાની લેવી.

૩૮૮ કોઇ શખસની જબાની લેવાનુ કમીશન જે કોરટને મળ્યું હોય તે પ્રત્યેક કોરટે કમીશનને અનુસરીને તે શખસની જબાની લેવી.

સાક્ષીઓની જબાનીસુધાંત કમીશન પાછું મોકલવું.

૩૮૯ કમિશન બૂરાબર રીતે બજાવ્યા પછી તે કમિશન મુજબ લીધેલા પુરાવા સુધાંત તે જે કોરટમાંથી નીકળ્યું હોય તે કોરટમાં પાછું મોકલવું: પરંતુ કમીશન કાઢવાના હુકમમાં બીજી રીતે ફરમાવ્યું હોય ત્યારે તે ફરમાવ્યા મુજબ તે પાછું મોકલવું, અને તે કમીશન તથા તે ઉપર કરેલો રીપોર્ટ તથા કમીશન પ્રમાણે લીધેલો પુરાવો (નીચેનીપેહેલી કલમને બાધ ન આવે એ રીતે) તે ફરીયાદના દફતરનો ભાગ ગણવો,

જબાનીઓ પુરાવામાં કયારે વંચાય.

૩૯૦ કમિશન ઉપરથી લીધેલો પુરાવો જે પક્ષકારની વિરૂદ્ધ જે આણ્યો હોય તેની સમતી શીવાય ફરિયાદમાં પુરાવા દાખલ વાંચવો નહીં, પરંતુ:—

[અ) શાહેદી આપનાર શખસ કોરટની હકુમત બહાર હોય, અથવા મરી ગયો હોય, અથવા મંદવાડ કે નબળાઇને લીધે જાતે શાહેદી આપવાને હાજર રહી શકતો ન હોય અથવા કોરટમાં જાતે હાજર થવાની માફી મળી હોય તો, અથવા

(બ) ગઇ છેલી રકમમાં કહેલી બાબતો પઇકી કોઇની શાબિત ન લેવી એમ કોરટની નજરમાં આવે, અને—જે કારણને લીધે કમીશનથી શાહેદી લેવામાં આવી હોય તે કારણ બંધ થયું છે એવી શાબિત છતાંએ—કોઇ શખસની શાહેદી ફરીયાદમાં પુરાવા દાખલ વાંચવાને કોરટ અખત્યાર આપે તો, તેવી સંમતીની જરૂર નથી.

કમીશન બજાવવાના તથા પાછા મોકલવાના ઠરાવો પરરાજ્યની કોરટો એ કાઢેલા કમીશનને લાગુ પડે છે,

૩૯૧ કમિશન બજાવવાના તથા પાછા મોકલવાના પાછળ જે નિયમો કહ્યા તેજ નીચે કહેલી કોરટોએ કાઢેલા કમીશનને લાગુ પડશે,

[અ) જે કોરટો બ્રીટીશ ઇંડિયાની હદની બહાર હોય, અને જે મલીકામાઆઝમાના અથવા ગવરનર જનરલ ઇન કઉન્સિલના હુકમથી સ્થાપેલી

સી હોય તે, અથવા.

[ચ] બ્રિટિશ ઇંડિયા શીવાયના બ્રિટીશ રાજ્યના કોઈ ભાગની કોરટો, અથવા

[છ] જે વખતે મલીકા માઆઝમાની સાથે દોસ્તીમાં હોય તેવા કોઇ પરરાજ્યની કોરટો

ખ.—સ્થાનીક તજવીજ કરવા સારૂ કમિશન.

સ્થાનીક તજવીજકરવાનું કમીશન.

૩૯૨ કોઈ ફરીયાદમાં અથવા કામમાં તંટાની કોઇ બાબતની સફાઇ કરવા સારૂ અથવા કોઇ મિલકતની બજાર કીંમત કે કોઈ દરમ્યાનની ઉપજ કે નુકશાન કે વારસીક ચોખો નફો નકી કરવા સારૂ સ્થાનીક તજવીજ કરવી કોરટને જરૂરની અથવા યોગ્ય લાગતી હોય,, અને તે જડજ જાતે સુગમતાથી કરી શકતો ન હોય, તો પોતાને યોગ્ય લાગે તેવા શખસ ઉપર કમીશન મોકલવાને કોરટ મુખત્યાર છે. અને તેમાં એવું ફરમાવવું કે તમારે તે તજવીજ કરીને તેનો કોરટને રીપોર્ટ કરવો.

પરંતુ આવું કમીશન કયા સખસોને આપવું એ વિશે સ્થાનીક સરકારે કંઇ નિયમ કરયા હોય ત્યારે તે નિયમો પ્રમાણે કોરટે ચાલવું પડશે.

કમીશનરે કામ કરવાની રીત.

૩૯૩ પોતાને જરૂર જણાય તેવી સ્થાનીક તપાસ કરયા પછી તથા પોતે લીધેલો પુરાવો લખી લીધા પછી કમીસનરે તે પુરાવો તથા તેની સાથે પોતાનો લખેલો રીપોર્ટ પોતાની સહી કરીને કોરટમાં મોકલવો.

રીપોર્ટ અને જબાની ઓએ ફરીયાદમાં પુરાવો ગણાશે.

કમિશનનો રીપોર્ટ તથા તેણે લીધેલો પુરાવો (પણ રીપોર્ટ શિવાયનો પુરાવો નહીં) એ ફરીયાદમાં પુરાવો ગણાશે. પરંતુ કમીશનરને સોંપેલી અથવા તેના રીપોટમાં કહેલી કોઇ બાબત વીશે, અથવા તેની તજવીજ કરવાની રીત વિશે. કોરટ અથવા કોરટની રજાથી ફરિયાદનો કોઇ પક્ષકાર ખુલી કોરટમાં ખુદ કમિશનરની જબાની લેવાને મુખત્યાર છે.

ખુદ કમીશનરની જબાની લેઇ શકાય.

ક.—હિસાબ તપાસાનાં કમીશન.

હિસાબ નકી કરવા તથા તપાસનું કમિશન.

૩૯૪. કોઇ ફરિયાદમાં હિસાબ તપાસવાની કે નકી કરવાની જરૂર હોય તો પોતાને યોગ્ય લાગે તેવા સખસને તે તપાસ અથવા નકી કરવાનું ફરમાવીને તેના ઉપર કમીશન મોકલવાને કોરટ મુખત્યાર છે.

કોરટે કમીશરને જરૂરના હુકમો આપવા.

૩૯૫. જરૂર જણાય તેના કામના કાગળ તથા જરૂર જણાય તેવા તપશીલવાર હુકમો કોરટે કમીશનરને આપવા.

અને તપાસ કરવામાં કમિશનર જે કામ ચલાવે તેજ માત્ર તેણે મોકલવું, કે તે [illegible]ને વાસ્તે તેને સોંપેલી બાબત ઉપર તેણે પોતાનો અભિપ્રાય પણ લખી મોકલવો, એ વિશે હુકમોમાં સ્પષ્ટ રીતે જણાવવું.

કમીશનર આગળચાલે

કમીશર આગળ ચાલેલું કામ ફરિયાદમાં પુરાવામાં

વું કામ કોરટે. પુરાવા માં લેવું અથવા જાતી તપાસ કરવાનુ ફરમાવવુ.

લેવાશે. પરંતુ તે કામથી કોરટને નારાજી થવાનુ કારણ હોય તો જરૂર હોય તેવી જાતી તપાસ કરવાનુ કોરટે ફરમાવવુ.

ક.—ભાગ પાડવાનો કમીશન.

સરકારને મેહેસુલ ન ભરતી હોય તેવી સ્થાવર મિલકતના ભાગ પાડવાનુ કમિશન.

૩૯૬, સરકારને મેહેસુલ ભરનારી ન હોય તેવી સ્થાવર મિલકતની કોઇ ફરીયાદમાં ભાગ પાડવાની કોરટને જરૂર જણાય તો, તે મિલકતની સાથે કયા કયા શખસો સંબંધ રાખે છે અને તેમાં તેમના શા શા હક્ક છે એ નકી કરયા પછી. તે હુક પ્રમાણે ભાગ પાડવા સારૂ પોતાને યોગ્ય જણાય તે શખસો ઉપર કમિશન મોકલવાને કોરટ મુખત્યાર છે.

કમીશનરે કામ શીરીતે કરવું તે.

કમીશનરોએ મિલકત તપાશીને નકી કરવી, અને કમીશન કાઢવાના હુકમમાં ફરમાવ્યા હોય તેટલા તે મિલકતના હીસ્સા પાડવા, અને તે હિસ્સા પક્ષકારોને વેચી આપવા અને જો હિસ્સાની કીંમત બરોબર કરવા સારૂ એક બીજાને આપવાની રકમ ઠરાવવાનો સદરહુ હુકમના અખત્યાર આપ્યો હોય તો તેમ કરવાને તે મુખત્યાર છે.

પછી કમીશનરોએ રિપોર્ટ તઇયાર કરીને તે ઉપર સહી કરવી. અથવા (તે એકમત ન થઇ શકે તો) જુદા જુદા રીપોર્ટ કરવા. તેમાં દરેક પક્ષકારનો હીસ્સો ઠરાવવો અને દરેક હિસ્સો (જો સદરહુ હુકમમાં તે રીતે ફરમાવ્યું હોય તો) માપણી તથા ચતુઃસીમાથી ઓળખાવવો. તે રીપોર્ટ અથવા રીપોર્ટો કમીશનની સાથે જોડીને કોરટને મોકલવા. અને તે રીપોર્ટ અથવા રીપોર્ટો વિશે પક્ષકારો જે કંઇ હરકત લે તે સાંભળ્યા પછી કોરટે તે રદ કરી નવુ કમીશન નીમવું. અથવા [કમીશનરો પોતાના રીપોર્ટમાં એકમત થતા હોય તો] તે પ્રમાણે હુકમનામું કરવુ.

ઘ. સામાન્ય ઠરાવ.

કમીશનનુ ખરચ કોરટમાં ભરવું,

૩૯૭ જે પક્ષકારની અરજ ઉપરથી અથવા જેના લાભને માટે કમીશન કાઢવું હોય તેણે કમીશનના ખરચને વાસ્તે કોરટને વાજબી લાગે તે (જો કોઇ હોય તો) રકમ કોરટ નીમે તે વખતની અંદર કોરટમાં ભરવી. એવો આ બાબ પ્રમાણે કોઇ કમીશન કાઢયા પેહેલાં હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

કમીશનરોના અખત્યાર

૩૯૮. કમિશનર નીમવાના હુકમમાં બીજી રીતે ફરમાવ્યું ન હોય તો આ બાબ પ્રમાણે નીમેલો કોઇ કમીશનર નીચે પ્રમાણે કરવાને મુખત્યાર છે એટલે:—

[અ] પક્ષકારોની પોતાની, તથા તેઓ અથવા તેઓમાંનો કોઇ જે સાક્ષીને હાજર કરે તેની, તથા પોતાને સોંપેલી બાબતમાં જે કોઇ બીજા શખસને બોલાવીને તેની શાહેદી લેવી કમીશનરની નજરમાં યોગ્ય જણાય તે શખસની શાહેદી લેવાને;

[બ] તજવીજ કરવાની બાબતને લાગુ પડે તેવા દસ્તાવેજો અને બીજી વસ્તુ

મંગાવીને તપાસવાને,

(ક) હુકમમાં કહેલી કોઇ જમીન અથવા ઇમારતમાં કોઇ પણ વાજબી વખતે દાખલ થવાને.

કમિશનરની રૂબરૂ સાક્ષીઓએ હાજર રેહેવા વિશે, જબાની આપવા વિશે તથા તેમને શિક્ષા કરવા વિશે.

૩૯૯. સાક્ષીઓને સમન કાઢવા બાબત, તેમના હાજર રહેવા બાબત, તેમની જબાની બાબત તથા તેમના ભથા બાબત, અને તેમને શિક્ષા કરવા બાબત આ કાયદામાં જે ઠરાવો છે તે, આ બાબ પ્રમાણે શાહેદી આપવાનું અથવા દસ્તાવેજ હાજર કરવાનું જે સખસોને કહ્યું હોય તેમને લાગુ પડશે. પછી જે કમિશનની બજાવણીમાં તેમને એ રીતે કહ્યું હોય તે કમીશન બ્રિટિશ ઈંડિયાની હદની અંદરની કે તે હદની બહારની કોઇ કોરટે કાઢયું હોય તેની ચિંતા નહીં.

આ કલમના કારણ સારૂ કમીશનરએ દિવાની ન્યાયાધિકારની કોરટ ગણવામાં આવશે.

કમિશનરની રૂબરૂ હાજર થવાને કોરટે પક્ષકારોને ફરમાવવું.

૪૦૦. આ બાબ પ્રમાણે કમીશન કાઢવામાં આવે ત્યારે કોરટે ફરમાવવું કે પક્ષકારોએ પોતે અથવા પોતપોતાના મુખત્યારો કે પ્લીડરોની મારફતે કમીશનરની રૂબરૂ હાજર થવું.

એક તરફી કામ ચલાવવાનું.

પક્ષકારો તે પ્રમાણે હાજર ન થાય તો કમીશનર એક તરફી કામ ચલાવે.

ભાગ ૩ જો.

ખાસ પ્રસંગની ફરિયાદો વિશે.

બાબ ૨૬ મો

નાદારોની ફરિયાદો.

નાદારીમાં ફરિઆદો આણી શકાય.

૪૦૧. નીચેના નિયમોને અનુસરીને નાદારીમાં કોઇ ફરિયાદ આણી શકાય.

ખુલાસો:—આવી ફરિયાદ કરવામાં ફરિયાદ અરજીને વાસ્તે કાયદામાં ઠરાવેલી ફી ભરવા જેટલાં કોઇ શખસ પાસે પુરતાં સાધન ન હોય, અથવા જ્યાં તેવી ફી ન ઠરાવી હોય ત્યાં, ફરિયાદના વિષય તથા તેનાં જરૂરીયાત પેહેરવાનાં વસ્ત્ર શિવાય તેની માલકીની સો રૂપીયાની મિલકત ન હોય, ત્યારે તે શખસ ફરિયાદ કરવાને નાદાર કેહેવાય.

કઈ ફરિયાદો વિશે અપવાદ છે તે.

૪૦૨. નાત બહાર કાઢયા બાબત, આબરૂ લીધા (લેબલ) બાબત, આળ ચઢાવ્યા બાબત, ગાળ દીધા બાબત અથવા હુમલો કરયા બાબત નુકશાનીનો બદલો મળવા સારૂ નાદારીમાં કોઇ ફરિયાદ ચાલશે નહીં.

અરજ લેખી કરવી.

૪૦૩. નાદાર તરીકે ફરિયાદ કરવાની પરવાનગીની અરજ લખેલી કરવી. અને ફરિયાદ અરજીઓમાં કલમ ૫૦ પ્રમાણે જે વિગતો લખવાની કહી છે તે તેમાં લખવી. અરજદારની સ્થાવર અથવા જંગમ જે કંઇ મિલકત હોય તેનું, તેની આશરે કિંમત સુધાંતનું એક પત્રક તે નીસાથે જોડવું, અને ફરિયાદ અરજી ઉપર સહી કરવા વિશે તેના સાચાપણાના એકરાર તથા કરવા વિશે પાછળ જે રીત કહી છે તે રીતે તે ઉપર સહી તથા સાચાપણાના એકરાર કરવા.

અરજમાં લખવાનો મજકુર.

અરજ આપવાનું.

૪૦૪. કલમ ૩૬ માં ગમે તેમ કહેલું હોય તે છતાં એ અરજદારે પોતે જાતે કોરટને અરજ આપવી. પરંતુ કલમ ૬૪૦ અથવા ૬૪૧ પ્રમાણે કોરટમાં હાજર થવાની તેને માફી મળી હોય તો, તે અરજ બાબત બધા અગત્યના સવાલોના જવાબ દઇ શકે તેવો યોગ્ય રીતે અખત્યાર મળેલો મુખત્યાર તે અરજ આપી શકે. અને જે ધણીનો તે મુખત્યાર હોય તે ધણી જાતે હાજર થયો હોત ત્યારે તે ધણીની જે રીત જબાની લેઇ શકાય તે રીતે તે મુખત્યારની જબાની લેવાય.

અરજ નામંજુર કરવાનું.

૪૦૫. કલમ ૪૦૩ અને ૪૦૪ માં કહ્યા પ્રમાણે અરજ તઇયાર કરી ન હોય અથવા આપી ન હોય તો કોરટે તે નામંજુર કરવી.

અરજદારની જબાની.

૪૦૬. અરજ રીતસર લખીને બરાબર રીતે આપી હોય ત્યારે, પોતાને યોગ્ય લાગે તો, દાવાના ગુણ દોષ વિશે તથા અરજદારની મિલકત વિશે અરજદારની અથવા, અરજદારને મુખત્યાર મારફતે હાજર થવાને રજા આપી હોય ત્યારે,—તેના મુખત્યારની જબાની લેવાને જરૂર મુખત્યાર છે.

જો મુખત્યારે અરજ આપી હોય તો, કમીશનથી અરજદારની જબાની લેવાનું કોરટ ફરમાવે.

મુખત્યારે અરજ આપી હોય ત્યારે, પોતાને યોગ્ય લાગે તો, આ કાયદાના ઠરાવ પ્રમાણે ગેરહાજર હોય તેવા સાક્ષીની જબાની જે રીતે લેવાય છે ત રીતે, કમીશન મારફત અરજદારની જબાની લેવી, એમ હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

અરજ નામંજુર કરવાનું.

૪૦૭. કોરટને એવું માલમ પડે કે—

[અ] અરજદાર નાદાર નથી, અથવા

(બ) અરજ આપ્યા પહેલાંના લાગલાજ બે માસની અંદર અરજદારે દગાબાજીથી અથવા આબાબનો ફાયદો મેળવવાના વિચારથી કંઇ મિલકત આપી કે વેચી દીધી છે, અથવા

(ક) અરજદારે લખેલી બાબતો ઉપરથી તેના તે કોરટમાં ફરિયાદ કરવાનો હક જણાતો નથી, અથવા

[ડ) કરવા ધારેલી ફરિઆદના વિષયના સંબંધમાં તેણે કોઇ એવો કરાર

કરયો છે કે તેથી વિષયમાં બીજા કોઇ શખ્સનું કંઇ લાગતું વળગતું થાય છે.

તો કોરટે તે અરજ નામંજુર કરવી.

અરજદારની નાદારીનો પુરાવો લેવા શારૂ ઠરાવેલા દીવસની નોટીસ.

૪૦૮. કલમ ૪૦૭ માં કહેલા કોઇ સબબથી અરજ નામંજુર કરવાનું કાંઇ કારણ કોરટને જણાય નહી તો, પોતાની નાદારી સાબીત કરવામાં અરજદાર જે પુરાવો આપે તે લેવાને તથા તેની ગેરશાબીતીમાં જે પુરાવો આપવામાં આવે તે સાંભળવાને કોરટે એક દિવસ ઠરાવવો. (તે દિવસ બાબતની ઓછામાં ઓછા દશ દિવસ પહેલાં સામા પક્ષકારને તથા સરકારી પ્લીડરને નોટીસ આપવી).

સુનાવણી વખતે કામ ચલાવવાની રીત.

૪૦૯. તે પ્રમાણે ઠરાવેલે દિવસે અથવા ત્યાર પછી અનુકુળ પડે તેમ જલદી એમાંથી ગમે તે પક્ષકારે હાજર કરેલા (જો કોઇ હોય તો) સાક્ષી કોરટે તપાસવા. અને અરજદારની અથવા તેના મુખત્યારની ઉલટ—તપાસણી કરવાને કોરટ મુખત્યાર છે. અને તેમની શાહેદીના મતલબનું એક ટીપણ કોરટે કરવું.

આ ઠેકાણે ઠરાવ્યા પ્રમાણે કોરટે લીધેલો (કોઇ હોય તો) પુરાવો તથા અરજ વાંચવાથી જે કલમ ૪૦૭ માં કહેલી કોઇ હરકતો અરજદારને લાગે છે કે નહી. એ વિશે પક્ષકારો જે દલીલો કહે તે કોરટે સાંભળવી.

પછી અરજદારની નાદાર તરીકે ફરિયાદ કરવાની અરજ કોરટે મંજુર કરાખવી કે મંજુર કરવાને ના પાડવી.

જો અરજ મંજુર કરવામાં આવે તો શી રીતે કરવું.

૪૧૦. અરજ મંજુર કરવામાં આવે તો તેના ઉપર નબર પાડીને તે નાંખવી, અને ફરિયાદમાં તે ફરિયાદ અરજી તરીકે ગણવી. અને ૫ મા બાબ પ્રમાણે માંડેલી ફરિયાદ તરીકે બધી રીતે તે ફરિઆદનું કામ આગળ ચાલશે. પરંતુ કોઇ અરજી બાબત, કે વકીલની નેમણુક બાબત, કે ફરિયાદને લગતા બીજા કામ બાબત [પ્રોસેસ બજાવવાને જે ફી આપવી પડે તે શિવાય] કંઇ કોરટ ફી વાદીને આપવી પડશે નહી.

નાદાર જીતે ત્યારે ખરચ.

કોરટ ફી વસુલ કરવાનું.

૪૧૧. ફરિયાદમાં વાદી જીતે તો, નાદાર તરીકે ફરિયાદ કરવા ન દીધી હોત ત્યારે તેને કેટલી કારટ ફી ભરવા પડત તેનો કોરટે હિસાબ ગણવો. અને તે રકમ દાવાના વિષય ઉપરનો પહેલો બોજો ગણાશે. અને હુકમનામામાં જે પક્ષકારને તે રકમ આપવાનું ફરમાવ્યું હશે તેની પાસેથી પણ, ફરિયાદનો ખરચ આ અકટ મુમાંણે જે રીતે વસુલ કરવામાં આવે તે રીતે, સરકાર વસુલ કરશે.

નાદાર હારે ત્યારે કેમ કરવું.

૪૧૨. વાદી ફરિયાદમાં હારે અથવા તે નાદાર નથી એમ ઠરે અથવા ૯૭ મી કે ૯૮ મી કલમ પ્રમાણે ફરિયાદ કાઢી નાંખવામાં આવે તો, નાદાર તરીકે ફરિયાદ કરવા

ની રજા ન મળી હોત ત્યારે જે કોરટ ફી વાદીને ભરવી પડત તે ભરવાનેસારૂ વાદીને અથવા કલમ-૩ર પ્રમાણે ફરિયાદમાં સહ-વાદી કરયા હોય તેને કોરટે હુકમકરવો. અને ફરીયાદ નજીવી હતી અથવા હેરાન હેરાન કરવા સારૂ કરેલી હતી એમ કોરટને માલમ પડેતો, વાદીને સો રૂપિયા સુધીના દંડની અથવા એક મહીનાની મુદ્દત સુધીની કેદની, અથવા તે બંનેની શિક્ષા કરવાને કોરટ મુખત્યાર છે.

અરજદારને નાદારીમાં ફરીયાદ કરવાનીરજાઆપવાની ના પાડી હોય તો પછી બીજી તેવીઅરજ ચાલશે નહીં.

૪૧૩ અરજદારને નાદારી તરીકે ફરિયાદ કરવાની રજા ન આપવાનો હુકમ ૪૦૮ મી કલમ પ્રમાણે કરયો હોય તો, ત્યાર પછી ફરિયાદ કરવાના તેના તેજ હક્ક ઉપરથી તેવી જાતની ફરી અરજી તેનાથી થશે નહીં, પરંતુ નાદારીમાં ફરિયાદ કરવાની રજા મળવા સારૂ તેણે જે અરજ કરી હોય તેની સામે થવામાં સરકારને ખરચ થયું હોય (તો) તે, અરજદાર પ્રથમ આપે તો તેને તેજ હકથી હમેશાની રીત ફરીયાદ કરવાને છુટ મળશે.

વાદી નાદાર નથી એવું કયારે ઠરાવવું.

પ્રતિવાદીની અથવા સરકારી પ્લીડરની અરજ ઉપરથી તે બાબતની એક અઠવાડીયાની લખેલી નોટીસ આપીને, નીચે લખેલે પ્રસંગે વાદી નાદાર નથી એવો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે. એવે પ્રસંગ એ કે—

(અ) ફરીયાદ ચાલતાં તેની વરતણુક અઘટિત અથવા સંતાપકારક છે એવો તેના ઉપર દોષ આવે તો;

(બ) નાદાર તરીકે તેણે ફરીઆદ ચાલુ ન રાખવી જોઇએ એવાં સાધન તેની પાસ છે એમ જણાય તો, અથવા

(ક) ફરીયાદના વિષયના સંબંધમાં તેણે કોઇ એવો કરાર કરયો છે કે તેથી તે વિષયમાં બીજા કોઇ શખસનુ કંઇ લાગતું વળગતું થયું છે તો.

ખરચ

૪૧૫ નાદારીમાં ફરીયાદ કરવાની રજાને વાસ્તે કરેલી અરજનું નાદારીની તપાસનુ ખરચ તે ફરિઆદનું ખરચ ગણાશે.

બાબ ૨૭ મો.

સરકાર અથવા સરકારી અમલદારો કરે તે અથવા તેમના ઉપર થાય તે ફરીયાદો વિશે,

સ્ટેટ સેક્રેટરી ઇન કઉન્સિલે અથવા તેમના ઉપર કરવાની ફરીયાદો,

૪૧૬ સરકારની તરફે કરવામી ફરિયાદો હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇન કઉન્સિલના નામથી કરવી, અને સરકાર ઉપરની ફરીયાદો હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇન કઉન્સિલ ઉપર કરવી.

સરકારની વતી કામ કરવાનો અખત્યારમળેલા શખસો.

૪૧૭ કોઇ ન્યાયના કામ બાબત સરકારની વતી કામ કરવાને જેમને નોકરીને લીધે અથવા બીજી રીતે અખત્યાર મળયો હોય તેવા શખસો કબુલ કરેલા મુખત્યારો

ગણાશે અને સરકારનીવતી આ કાયદા પ્રમાણે હાજર થવાનુ કામ કરવાનુ અને અરજી કરવાની તે તેઓ કરશે.

સ્ટેટ સેક્રેટરી ઇન કઉન્સિલે કરવાની ફરીયાદમાં ફરિઆદ અરજી,

૪૧૮ હીંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇન કઉન્સિલે કરવાની ફરીઆદમાં, વાદીનું નામ, વરણન અને રેહેવાનુ ઠેકાણુ ફરીઆદ અરજીમાં ઘાલવાને બદલે "હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇન કઉન્સિલ." એ શબ્દ લખ્યા એટલે બસ થશે.

પ્રોસેસ લેવા સારૂ સરકારનો મુખત્યાર.

૪૧૯ કોઇ કોરટનો સરકારી પ્લીડર તે કોરટમાંથી સદરહુ સ્ટેટ સેક્રેટરી ઇન કઉન્સિલ ઉપર નીકળેલી પ્રોસેસો લેવા સારૂ સરકારનો મુખત્યાર ગણાશે.

સ્ટેટ સેક્રેટરી ઇન કઉન્સિલે હાજર થઇને જવાબ આપવાનું.

૪૨૦ સદરહુ સ્ટેટ સેક્રેટરી ઇન કઉન્સિલને ફરિઆદ અરજીનો જવાબ દેવાસારૂ કોરટે દિવસ ઠરાવવો તેમાં યોગ્ય અમલદારોની મારફતે સરકારને જરૂરનું લખાણુ કરવા સારૂ, તથા તે સ્ટેટ સેક્રેટરી ઇન કઉન્સિલની અથવા સરકારની વતી હાજર થઇને જવાબ દેવા સારૂ સરકારી પ્લીડર ઉપર લખાઇ આવવાને જોઇએ તેટલી વાજબી મુદત આપવી, અને કોરટની નજરમાં આવે તો તે મુદત વધારવાને તે મુખત્યાર છે.

સરકાર ઉપરનીફરિયાદ સંબંધી સવાલના જવાબ દેઇ શકે એવા શખસોનેહાજર રાખવાનુ

૪૨૧ ફરીઆદ સંબંધી જરૂરીઆત સવાલોના જવાબ દેઇ શકે એવો શખસ કોઇ કામમાં સદરહુ સ્ટેટ સેક્રેટરી ઇન કઉન્સિલ તરફથી સરકારી પ્લીડરની સાથે આવ્યો ન હોય, તો તે શખસને હાજર રહેવાનુ ફરમાવવાને કોરટ મુખત્યાર છે.

સરકારી અમલદારને પ્રોસેસ પોંચાડવાનું.

૪૨૨ સરકારી અમલદાર પ્રતિવાદી હોય,, અને જે હાફીસમાં તે નોકર હોય તે અફીસના મુખ્ય અમલદારને તે સમનની એક નકલ પ્રતિવાદીને પોંચાડવા સારૂ મોકલવાથી ઘણી અનુકુળતાથી સમન પોંચશે. એમ કોરટને જણાય તો, તે રીતે પોંચાડવાસારૂ સમનની એક નકલ તે અમલદારને મોકલવાને કોરટ મુખત્યાર છે.

અમલદાર સરકારમાં લખાણ કરી શકે એટલા માટે મુદત વધારવાનું.

૪૨૩ સમન મળ્યા પછી સરકારી અમલદારની નજરમાં એમ આવે કે, ફરીઆદ અરજીનો જવાબ આપતા અગાઉ મારે સરકારમાં લખાણુ કરવું જોઇએ, તોતે પ્રમાણે સરકારને લખવાને તથા યોગ્ય અમલદારોની મારફતે હુકમ થઇ આવવાને જેટલી મુદત જરૂર હોય તેટલી સમનમાં ઠરાવેલી મુદત વધારી આપવા સારૂ કોરટનેઅરજ કરવાને તે મુખત્યાર છે.

અને એવી અરજ કરવામાં આવે ત્યારે કોરટની નજરમાંજરૂર જણાય તેટલી મુદત વધારી આપવાને કોરટ મુખત્યાર છે.

સ્ટેટ સેક્રેટરી ઇન કઉન્સિલ ઉપર અથવા સ

૪૨૪ સદરહુ સ્ટેટ સેક્રેટરી ઇન કૌન્સિલ ઉપર અથવા કોઇ સરકારી અમલદાર ઉપર તેણે પોતાના હોદાની

સરકારી અમલદાર, ઉપર ફરીઆદ કરવાં પહેલાંક રવાની નોટીસ.

રૂઇએ કંઇ કૃત્ય કરયું હોય, તે સંબંધી લખેલી નોટીસ આપ્યા પછી લાગલા બે માસ વીતે ત્યાં સુધી ફરીઆદ માંડી શકાશે નહીં. તે નોટીસમાં દાવાનુ કારણ તથા વાદી થવા ધારતો હોય તેનુ નામ અને રહેવાનુ ઠેકાણુ જણાવવું. તે અને નોટીસ આપવાની તે, જો સ્ટેટ સેક્રટરી ઇનકઉન્સિલ ઉપરની હોય તો સ્થાનીક સરકારના સેક્રટરીને સ્વાધીન કરવી અથવા તેની આફીસમાં મુકી આવવી કે તે ડીસ્ત્રીકટના કલેકટરને સ્વાધીન કરવી અથવા તેની આફીસમાં મુકી આવવી- અને જો તે સરકારી અમલદાર ઉપરની હોય તો તે અમલદારને સ્વાધીન કરવી અથવા તેની આફિસમાં મુકી આવવી; અને તેવી નોટીસ સદરહુ પ્રમાણે સ્વાધીન કરી છે અથવા મુકેલી છે એ મજકુર ફરિઆદ અરજીમાં લખવો જોઇએ.

આવા દાવામાંપકડવાનુ

૪૨૫ ડીસ્ત્રીકટ જડજની લખેલી સંમતિ શિવાય આવી ફરીઆદમાં પકડવાનું વારંટ કાઢવું નહીં.

જવાબ કરવાનું સરકાર માથે લે તો અરજ કરવાની તે.

૪૨૬ સરકારી અમલદારની ઉપરની ફરિઆદનો જવાબ કરવાનુ કામ સરકાર માથે લે તો સરકારી પ્લીડરે ફરિઆદ અરજીનો હાજર થઇને જવાબ દેવાસારૂ પોતાને અખત્યાર મળ્યા પછી કોરટને અરજ કરવી. અને તે અરજ થાય એટલે કોરટે તેનો અખત્યાર વિશેની ટીપ રજીસ્ટરમાં નોંધાવવી.

આવી અરજ ન થાય ત્યારે શી રીતે કરવું.

૪૨૭ પ્રતીવાદીને ફરિઆદ અરજીનો હાજર થઇને જવાબ આપવા સારૂ નોટીસમાં જે દીવસ ઠરાવ્યો હોય તે દીવસે અથવા તે પહેલાં સરકારી પ્લીડર તેવી અરજ ન કરે તો ખાનગી પક્ષકારો વચ્ચે ફરીયાદ હોય તે રીતે કામ ચલાવવુ પરંતુ હુકમ બજાવવામાં પ્રતીવાદીને પકડવામાં આવે અથવા તેની મિલકત જપ્ત થાય તે શિવાય, બીજી રીતે તેને પકડવો નહીં અથવા તેની મીલકત જપ્ત કરવી નહીં.

ફેસલા પેહેલાં પ્રતિવાદીને પકડી શકાય નહીં.

સરકારી અમલદારોને જાતે હાજરથવાનીમાફી.

૪૨૮. સરકારી અમલદાર ઉપરની સદરહુ પ્રકારના કૃત્યસંબંધી ફરિયાદમાં, પ્રતિવાદી કોરટની એવી ખાતર કરે, કે, સરકારી કામને હરકત થયા વગર હું મારી નોકરી ઉપરથી ગેરહાજર રહી શકતો નથી તો, જાતે હાજર થવાનુ કોરટે તેને માફ કરવું

સરકાર અથવા સરકારી અમલદારઉપર હુકમનામું હોય ત્યારે કેમકરવું.

૪૨૯, સદરહુ સ્ટેટ સેક્રટરી ઇન કાઉન્સિલ ઉપર અથવા સરકારી અમલદાર ઉપર સદરહુ પ્રકારના કૃત્ય સંબંધી હુકમનામું થાય તો, કઇ મુદતમાં તે હુકમનામુ પુરૂં કરવું એ વાત તે હુકમનામામાં દરશાવવી. અને તે દરશાવેલી મુદતમાં હુકમનામું પુરૂં કરવામાં ન આવે તો, સ્થાનીક સરકારનો હુકમ મગાવા સારૂ તે બાબતનો કોરટે રિપોર્ટ કરવો.

આવું કોઇ હુકમનામું બજાવવાનો હુકમ કરવો નહીં, પરંતુ તે રિપોરટની તારીખથી ત્રણ માસની મુદત સુધીમાં હુકમનામું પુરૂં ન થાય તો પછી તે બજાવવ

નો હુકમ કરવો.

ભાગ ૨૮ મો.

પરરાજ્યના લોકો કરે તે ફરીયાદો, તથા પરદેશી અને દેશી રાજ્ય કરતાઓ કરે તે અથવા તેમના ઉપર થાય તે ફરિયાદો.

પર રાજ્યના લોકો ક્યારે ફરિયાદ કરે.

૪૩૦. અંગ્રેજી સરકાર સાથે દુશ્મનીમાં હોય એવાં કોઈ પરરાજ્યમાંનાં માણસો ગવરનર જનરલ ઇન કૌન્સિલની રજાથી બ્રીટિશ ઇંડીયામાં રહેતાં હોય તો તે, તથા અંગરેજ સરકાર સાથે મિત્રાચારીમાં હોય એવાં કોઇ પરરાજ્યનાં માણસો, જાણે તે માલીકા માઆઝમાની રઇયત હોય તે પ્રમાણે, બ્રિટિશ ઇંડીયાની કોરટોમાં ફરીયાદ કરવાને મુખત્યાર છે.

અંગ્રેજ સરકાર સાથે દુશ્મનીમાં હોય એવા પરરાજ્યનો કોઈ માણસ સદરહુ રજા વગર બ્રિટિશ ઇંડીયામાં રેહેતો હોય, અથવા પરરાજ્યના મુલકમાં રેહેતો હોય, તો તેનાથી તેવી કોઇ કોરટમાં ફરીયાદ થશે નહીં.

ખુલાસો:—ગ્રેટબ્રિટન અને આયર્લંડના સંયુક્ત રાજ્ય સાથે જે પરરાજ્ય લડાઇ ચલાવતું હોય તેના મુલકમાં રહેનારો, અને તે મુલકમાં વેપાર ધંધો ચલાવવા સારૂ મલીકા માઆઝમાના એક સ્ટેટ શેક્રટરીની સહીનો પરવાનો લીધા વગર તે દેશમાં વેપાર ધંધો ચલાવનારો દરેક સખસ,આ કલમના બીજા પારેગ્રાફના કામ સારૂ દુશ્મની વાળા પરરાજ્યના મુલકમાં રેહેનાર પરદેશી ગણાશે.

પરદેશી રાજ્ય ક્યારે ફરીયાદ કરી શકે.

૪૩૧. પરદેશી સંસ્થાન નીચે પ્રમાણે હોય ત્યારે, બ્રીટીશ ઇંડીયાની કોરટોમાં ફરીયાદ કરવાને મુખત્યાર છે.

(અ) માલીકા માઆઝમાએ અથવા ગવરનર જનરલ ઇન કૌન્સિલે તે રાજ્ય કબુલ કરયું હોય તો; અને

[બ] તે પરદેશી સંસ્થાનના ઉપરીના અથવા તે સંસ્થાનની રઇયતના ખાનગી હકો અમલમાં લાવવાના હેતુથી ફરીયાદ કરી હોય તો.

મલીકા માઆઝમાએ અથવા ગવરનર જનરલ ઇન કૌન્સિલે પરદેશી સંસ્થાન કબુલ કરયું નથી એ વાત ન્યાયધિકારની રૂએ કોરટે ધ્યાનમાં રાખવી જોઇએ.

રાજા અથવા રજવાડા તરફથી ફરિયાદ ચલાવવા અથવા તેનો જવાબ કરવાને સરકારે મુદામ નીમેલા શખસો.

૪૩૨. કોઇ સત્તાધિકારી રાજાના અથવા રાજ્ય ચલાવનાર સરદારના કહેવાથી, તેની વતી કોઇ ફરિયાદ ચલાવવા સારૂ અથવા તેનો જવાબ કરવા સારૂ સરકારના હુકમથી મુદામ નીમેલા શખસોને કબુલ કરેલા મુખત્યારો ગણાશે, અને આ કાયદા પ્રમાણે હાજર થવાનું. કામ કરવાનું અને અરજી કરવાનું કામ તે રાજાની અથવા સરદારની વતી તેઓ કરશે; પછી તે રાજા અથવા સરદાર બ્રિટિશ સરકાર સાથે ગમે તો તાબેદારીની અથવા બીજી રીતની દોસ્તીમાં હોય, અને તે ગમે તો બ્રિટીશ ઇંડિઆમાં અથવા તેની બહાર રહેતા હોય.

રાજા વગેરે ઉપરની ફ

૪૩૩. સદરહુ પ્રકારના કોઇ રાજા અથવા સરદાર

રિયાદો.

ઉપર અને પરદેશી સંસ્થાનનાં કોઇ એલચી અથવા વકીલ ઉપર ડિસ્ટ્રીકટ કોરટના તાબાની ન હોય એવી કોઇ યોગ્ય હકુમતની કોરટમાં, સરકારના એક સેક્રેટરીની સહીથી સરકારની સંમતીનો દાખલો આણીને (પણ તે સંમતી શિવાય નહીં) ફરિયાદ કરી શકાય;

નીચે પ્રમાણે હકીકત હોય તોજ તે સમતી આપવી એટલે:—

[અ) તે રાજા, સરદાર, એલચી અથવા વકીલ ઉપર કોઇ કોરટમાં ફરીયાદ કરવા ઇચ્છનાર સખ્સ ઉપર તેવી કોરટમાં તે રાજા, સરદાર, એલચી અથવા વકીલે ફરિયાદ માંડી હોય તો, અથવા

[બ) તે કોરટની હકુમતની સ્થાનિક હદમાં તે રાજા, સરદાર એલચી અથવા વકીલ પોતે અથવા બીજાની મારફતે વેપાર કરતો હોય તો, અથવા

(ક) તે સ્થાનીક હદની અંદરની અને તે રાજા સરદાર: એલચી, અથવા વકીલના કબજામાંની સ્થારમીલકત વીશે ફરિયાદ હોય તો.

રાજા વગેરેને પકડવાની માફી.

તે રાજા સરદાર, એલચી અથવા વકીલને આ કાયદા પ્રમાણે પકડવામાં આવશે નહીં; અને સદરહુ કહ્યા પ્રમાણે દાખલા સુધાંતની સરકારની સંમતી શિવાય તેવા

તેમની મિલકત ક્યારે જપ્ત થાય.

કોઇ રાજાની રજવાડાની એલચીની અથવા વકીલની મિલકતઉપર કોઇ હુકમનામું બજાવવામાં આવશે નહીં.

દેશી સંસ્થાનોની કોરટોનાં હુકમનામાં બ્રિટિશ ઇંડિયામાં બજાવવાનું.

૪૩૪. હિંદુસ્તાનના ગેઝીટમાં જાહેરખબર આપીને વખતે વખતે:—

(અ) મલીકા માઆઝમા સાથે દોસ્તી હોય તેવા કોઇ દેશી રાજા રજવાડાના મુલકમાંની, અને ગવરનર જનરેલ ઇન કાઉનસીલના હુકમથી સ્થાપેલી ન હોય તેવી કોઇ દિવાની અથવા મુલકી કોરટોનાં હુકમનામાં, જાણે તે બ્રિટિશ ઇંડિયામાંની કોરટોએ કરયાં હોય તે રીત, બ્રિટિશ ઇંડીયામાં બજાવી શકાય એવું ઠરાવવાને,

(બ] તેવો કોઇ ઠરાવ રદ કરવાનો,

ગવરનર જનરલ ઇન કાઉનસી મુખત્યાર છે.

તે ઠરાવ અમલમાં હોય ત્યાં સુધી તે પ્રમાણે સદરહુ હુકમનામાં બજાવી શકાય.

બાબ ૨૯ મો.

કારપોરેશન તથા કંપનીઓ તરફની અને તેમના ઉપરની ફરીયાદો.

ફરિયાદ અરજી ઉપર સહી અને સાચા પણાનો એકરાર.

૪૩૫. પોતાના અમલદારના અથવા ત્રસ્ટીના નામથી ફરીયાદમાં વાદી પ્રતિવાદી થવાનો અખત્યાર મળ્યો હોય, એવી કંપનીએ અથવા કારપોરેશને કરેલી ફરીયાદોમાં, તે કંપનીની કારપોરેશનની તરફથી તેના કોઇ ડિરેકટરે અથવા શેક્રેટરીએ અથવા બીજા જે અમલદાર મુકદમાની હકીકત બાબત જબાની આપવાને શક્તિવાન હોય તેણે ફરીયાદ અરજી ઉપર સહી તથા

સાચા પણાના એકરાર કરવા.

કારપોરેશન અથવા કંપનીનેસમનપોંચાડવાનું.

૪૩૬. પોતાના અમલદારના અથવા ત્રસ્ટીના નામથી ફરિયાદમાં વાદી પ્રતીવાદી થવાનો અખત્યાર મળ્યો હોય તેવી કંપની અથવા કારપોરેશન ઉપર ફરિયાદ હોય ત્યારે નીચે પ્રમાણે સમન પોંચાડી સકાયઃ—

(અ) તે કારપોરેશનની અથવા કંપનીની રજીસ્ટર કરાવેલી (જો કોઇ હોય તો) આફીસમાં સમન મુકી આવવો, અથવા

(બ) તે કારપોરેશનની કે કંપનીની આફીસના (અથવા એક કરતાં વધારે આફીસો હોય તો બ્રિટીશ ઇંડીયામાંની મુખ્ય આફીસના) પત્તાથી તે અમલદારને કે ત્રસ્ટીને પત્ર લખીને તે પત્રમાં ટપાલ મારફતે તે સમન મોકલવો, અથવા

(ક) તે કારપોરેશનના કે કંપનીના કોઇ ડિરેક્ટર, સેક્રેટરી, અથવા બીજા મુખ્ય અમલદારને આપવો.

ફરીયાદ સંબંધી જરૂરના સવાલોનો જવાબ દેઇ શકે એવા તે કારપોરેસનના અથવા કંપનીના કોઇ ડિરેક્ટરને, સેક્રેટરીને કે બીજા મુખ્ય અમલદારને જાતે હાજર થવાનું ફરમાવવાને કોરટ મુખત્યાર છે

બાબ ૩૦ મો.

ત્રસ્ટી મ્રત્યુપત્ર ચલાવનાર અને મઇયતની મીલકતનો વહીવટ કરનાર કરે તે તથા તેમના ઉપર થાય તે ફરિયાદો.

ત્રસ્ટી વગેરેને જે મિલકતનો હક્ક પ્રાપ્ત થાય તે મિલકત વિશેની ફરિયાદોમાં હિતસબંધ હોય તેવા સખશોના વારસ વકીલ થવાનું.

૪૩૭. ત્રસ્ટીને, મ્રત્યુપત્ર ચલાવનારને અથવા મઇયતની મીલકતના વહીવટ કરનારને જે મીલકતનો હક્ક પ્રાપ્ત થયો હોય તે મિલકત સંબંધી બધી ફરીયાદોમાં, તે મીલકતમાં હિત સંબંધવાળા શખશોની તથા ત્રાહેતની વચ્ચે ટંટો હોય ત્યારે, તે હિતસબંધવાળા સખશોની વતી તે ત્રસ્ટી, મ્રત્યુપત્ર ચલાવનાર અથવા મઇયતની મીલકતનો વહિવટ કરનાર વારસ વકીલ તરીકે હાજર થએલા ગણાશે, અને સાધારણ રીતે તેમને ફરીયાદના પક્ષકાર કરવાની જરૂર નથી પરંતુ કોરટને યોગ્ય લાગે તો તેમને અથવા તેમાંના કોઇને તેવા પક્ષકાર થવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

મ્રત્યુપત્ર ચલાવનાર તથા મઇયતની મિલકતના વહિવટ કરનારને સામીલ કરવાનું.

૪૩૮. મ્રત્યુપત્ર ચલાવનારા અથવા મઇયતની મીલકતનો વહિવટ કરનારા ઘણા હોય ત્યારે તેમાંના એક અથવા વધારે ઉપરની ફરીયાદમાં તે બધાને પક્ષકાર કરવા,

પરંતુ જે મ્રત્યુપત્ર ચલાવનારાઓએ પ્રતલેખ કરાવનારનું મ્રત્યુપત્ર શાબીત કરયું ન હોય તેમજ, તથા કોરટની હકુમતની સ્થાનિક હદ બાહાર જે મ્રત્યુપત્ર ચલાવનારા અને મઇયતની મિલકતના વહિવટ કરનારા હોય તેમને પક્ષકાર કરવાની જરૂર નથી.

અત્યુપત્ર ચલાવનારી પરણેલી સ્ત્રીનો ધણી સામીલ કરવો નહીં.

૪૩૯. અત્યુપત્ર ચલાવનારી અથવા મઈયતની મિલકતનો વહિવટ કરનારી પરણેલી સ્ત્રી ફરિયાદ કરે તેમાં અથવા તેના ઉપર ફરિયાદ થાય તેમાં, કોરટ બીજી રીતે ન ફરમાવે તો, તેના ધણીએ પક્ષકાર થવું નહીં.

બાબ ૩૧ મો.

સગીર તથા દીવાના એઓની તરફની અને તેમના ઉપરની ફરિયાદો.

સગીરની ફરિયાદ ઇષ્ટમિત્રે કરવી.

૪૪૦, સગીરે કરવાની પ્રત્યેક ફરિયાદ તેના નામથી પાકી ઉમરના શખસે કરવી, તે પાકી ઉમરના માણસને તે ફરિયાદમાં સગીરનો ઇષ્ટમીત્ર કહેવો. અને જાણે તે વાદી હોય તે રીતે ફરિયાદનું કંઇપણ ખરચ ભરવાને તેના ઉપર હુકમ થઇ શકશે.

ખરચ.

ઇષ્ટમીત્રે અથવા તે ફરિયાદ પુરતા નીમેલા વાલીએ અરજો કરવી.

૪૪૧. સગીરનીવતી (કલમ ૪૪૯ પ્રમાણેની અરજ શિવાયની) પ્રત્યેક અરજ કોરટને કરવી તે તેના ઇષ્ટમીત્રે કરવી, અથવા તે ફરિયાદ પુરતા નીમેલા તેના વાલીએ કરવી.

ઇષ્ટમીત્ર શિવાય ફરિયાદ અરજી દાખલ કરી હોય તો તે ફાઇલથી દુર કરવી.

૪૪૨. ઇષ્ટમીત્ર વગર સગીરે અથવા તેની વતી કોઇએ ફરિયાદ અરજી દાખલ કરી હોય તો, જે પ્લીડરે અથવા બીજા શખસે ફરિયાદ અરજી આપી હોય તેની પાસેથી ખરચ અપાવીને ફરિયાદ અરજી ફાઇલમાંથી કાઢી નાંખો એવી અરજ પ્રતિવાદી કરવાને મુખત્યાર છે, તે અરજની નોટીસ તે શખસને પ્રતિવાદીએ આપવી. અને તેની કાંઇ હરકતો હોય તો તે સાંભળ્યા પછી, તે કામમાં પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

ખરચ.

ફરિયાદ પુરતો વાલી કોરટે નીમવો.

૪૪૩. ફરિયાદનો પ્રતિવાદી સગીર હોય તો, તેના સગીરપણાની ખાત્રી થયા પછી, તે સગીરને વાસ્તે જવાબ દાખલ કરવાને અને મુકદમો ચલાવવામાં તેની વતી સામાન્ય રીતે કામ કરવાને કોરટે કોઇ લાયક શખસને તે સગીરનો તે ફરિયાદ પુરતો વાલી નીમવો.

ફરિયાદ પુરતો વાલીએ, સન ૧૮૭૫ ના હિંદુસ્તાનના પાકી ઉમર વિશેના આકટની કલમ ૩ જીના અરથ પ્રમાણે, જાતનો અથવા મિલકતનો વાલી થતો નથી.

ઇષ્ટમિત્ર અથવા વાલી વગરમેળવેલો હુકમ દુર કરાય.

૪૪૪, કોઇ સગીરની વતી કોઇ ઇષ્ટમિત્ર અથવા ફરીયાદ પુરતો વાલી (જે હોય તે) હાજર થયા વગર કોઇ ફરિયાદમાં અથવા કોરટને કરેલી કોઇ અરજ ઉપરથી કાંઇ હુકમ થયો હોય, અને તે હુકમમાં અથવા તે હુકમ ઉપરથી તે સગીરનો કોઇ રીતે સબંધ હોય અથવા તેને લાગતુ વળગતું હોય તો, તે હુક

મ રદ થઇ શકે, અને જે પક્ષકારની અરજથી તેવો હુકમ કરવામાં આવ્યો હોય

ખરચ તેના પ્લીડરને તે સગીરપણાની વાત માલમ હોય અથવા વ્યાજબી રીતે માલમ પડી હોત એમ હોય તો, તે પ્લીડર પાસેથી ખરચ અપાવીને તે હુકમ રદ થઇ શકે છે.

ઇષ્ટમિત્ર કોણ થઇશકે. ૪૪૫. ઉમરે પોંચેલો અને પાકી સમજનો હોય એવો કોઇ સખસ સગીરના ઇષ્ટમિત્ર તરીકે કામ કરી શકે. પરંતુ તે સગીરના લાભથી તેનો લાગ ઉલટો ન હોવો જોઇએ. અને તે ફરીયાદમાં તે પ્રતિવાદી ન હોવો જોઇએ.

ઇષ્ટમિત્રને દુરકરવાનું, ૪૪૬. સગીરના ઇષ્ટ મિત્રનુ હિત તે સગીરના હિતથી વિરૂદ્ધ હોય ત્યારે, અથવા સગીરથી ઉલટો જેનો લાગ હોય તેવા પ્રતિવાદી સાથે તે ઇષ્ટનેમિત્ર એટલું લાગેતું વળગતું હોય કે તે ઉપરથી સગીરનો લાભ તેનાથી બરોબર સચવાશે એવો સબબ ન હોય ત્યારે, અથવા તે પોતાનું કામ બજાવે નહી ત્યારે, અથવા ફરીયાદ ચાલતી હોય તેવામાં તે બ્રિટિશ ઇંડિયામાં રેહેતો બંધ થાય ત્યારે, અથવા બીજા કોઇ પુરતા કારણને લીધે; તેને દુર કરવા સારૂ કોઇ પ્રતિવાદી અથવા સગીરની વતી કોઇ સખસ અરજ કરવાને મુખત્યાર છે અને. (બતાવેલું કારણ બસ છે એ વિશે કોરટની ખાત્રી થાય તો) ઇષ્ટમિત્રને તે પ્રમાણે દુર કરવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

ઇષ્ટમિત્ર નિકળીજવાનું ૪૪૭. કોરટ બીજી રીતે હુકમ ન કરે તો, પોતાની જગાએ દાખલ કરવા સારૂ કોઇ લાયક સખસ પ્રથમ મેળવ્યા વગર, અને થઇ ગએલા ખરચને વાસ્તે જામીન આપ્યા વગર કોઇ ઇષ્ટ મિત્ર પોતાની અરજ ઉપરથી નીકળીજ શકેશે નહી.

નવો ઇષ્ટમિત્ર નિમવાની અરજ, નવો ઇસ્ટમિત્ર નિમવા સારૂ કરેલી અરજીને સોગનનામાથી પુષ્ટી આપવી; અને જે શખસનું નામ સુચવ્યું હોય તે લાયક છે તવા સગીરથી ઉલટો તેનો લાભ નથી એવું તે સોગનનામામાં બતાવવું.

ઇષ્ટમીત્ર ગુજરી જાય અથવા તે દુર થાય ત્યારે કામ બધ રાખવું. ૪૪૮. સગીરનો ઇષ્ટમિત્ર ગુજરી જાય અથવા તેને દુર કરવામાં આવે ત્યારે તેની જગાએ ઇષ્ટમિત્ર નીમવામાં આવે ત્યાં સુધી આગળ કામ ચલાવવું બંધ રાખવુ.

નવો ઇષ્ટમિત્ર નીમવાની અરજ. ૪૪૯. તે સગીરનો પ્લીડર યોગ્ય મુદતમાં નવો ઇષ્ટમિત્ર નીમાવવાની તજવીજ ન કરે તો, સગીર સાથે અથવા તકરારી બાબત સાથે સંબંધ હોય તેવો કોઇ શખસ ઇષ્ટમિત્ર નીમવા સારૂ કોરટને અરજ કરવાને મુખત્યાર છે. અને પોતાને યોગ્ય લાગે તે શખસને ઇષ્ટમિત્ર નીમવાને કોરટ મુખત્યાર છે.

સગીર વાદી અથવા અરજદાર ઉમરે પોંહોચે ત્યારે તેણે શું કરવું. ૪૫૦. સગીર વાદીએ અથવા જે સગીર ફરિયાદનો પક્ષકાર ન હોય તેની વતી કાંઇ અરજ ચાલુ હોય તેણે, ઉમરે પોંહોચે એટલે, ફરિયાદનું અથવા અરજનુ કામ પોતે ચલાવશે કે નહી એ વાત પસંદ કરવી.

જો તે કામ ચલાવવાનું પસંદ કરે તો.

૪૫૧. તે કામ ચલાવવાનું પોતે પસંદ કરે તો, ઇષ્ટમિત્રને કાઢી નાંખીને પોતાના નામથી કામ ચલાવવાની રજા મળવાનો હુકમ કરાવવા સારૂ તેણે અરજ કરવી.

આવે પ્રસંગે ફરિયાદનું અથવા અરજનું મથાળું ત્યારથી નીચે પ્રમાણે વંચાય એવી રીતે, સુધારવું.—

અ. બ. માજી સગીર, તેની વતી તેના ઇષ્ટમિત્ર ક. ડ. હતો, પરંતુ હમણાં તે ઉમરમાં આવેલો.

કામ છોડી દેવાનું તે પસંદ કરે તો.

૪૫૨. ફરિયાદનું અથવા અરજનું કામ છોડી દેવાનું તે પસંદ કરે, અને તે એકલોજ વાદી અથવા એકલોજ અરજ કરનાર હોય તો, પ્રતિવાદીએ અથવા રેસ્પોન્ડેન્ટે કરેલું ખરચ અથવા તેના ઇષ્ટમિત્રે આપેલું હોય તે ખરચ આપીને તે ફરિયાદ અથવા અરજ કાઢી નાંખવાનો હુકમ કરાવવા સારૂ તેણે અરજ કરવી.

ખરચ.

કલમ ૪૫૧, ૪૫૨ પ્રમાણે અરજ કરવાનું તથા તે શાબીત કરવાનું.

૪૫૩. કલમ ૪૫૧ અથવા ૪૫૨ પ્રમાણે કરવાની કોઇ અરજ એક તરફી થઇ શકે અને માજી સગીર ઉમરે પોંચ્યો છે એ વાત સોગનનામાથી શાબીત કરવી જોઇએ.

સગીર સહ-વાદી ઉમરે પોંચ્યા પછી ફરિયાદ ચલાવવી ના કહે ત્યારે.

૪૫૪. સગીર સહ-વાદી ઉમરે પોંચ્યા પછી ફરિયાદ નાકબુલ કરવાની ઇચ્છા રાખે તો, સહ-વાદી તરીકે પોતાનું નામ કાઢી નાંખવાને તેણે અરજ કરવી, અને તે જરૂરનો પક્ષકાર નથી એમ કોરટને જણાય તો, ખરચ અને બીજા બાબતને વાસ્તે પોતાને યોગ્ય લાગે તેથી શરતોને કરીને ફરીયાદમાંથી તેનું નામ કોરટે કાઢી નાંખવું.

ખરચ.

તે અરજની નોટીસ પ્રતિવાદી ઉપર તેમજ ઇસ્ટમીત્ર ઉપર બજાવવી અને માજીસગીર ઉમરે પોંચ્યોછે એ વાત સોગનનામાથી શાબીત કરવી. આ અરજનું બધા પક્ષકારોનુ ખરચ અને ત્યાં સુધીમાં ફરીયાદમાં ચાલેલા બધા અથવા કાંઇ કામનું ખરચ કોરટ ફરમાવે તે શખશે આપવું.

માજી સગીર ફરીયાદમાં જરૂરનો પક્ષકાર હોય તો તેને પ્રતિવાદી કરવાને કોરટ ફરમાવે.

ફરીયાદ ગેરવ્યાજબી અથવા અયોગ્ય હોય તો.

૪૫૫. કોઇ સગીર ઉમરે પોંચ્યા પછી, પોતાને નામે ઇસ્ટમીત્રે કરેલી ફરીયાદ ગેરવ્યાજબી અથવા અયોગ્ય હતી, એમ કોરટની ખાત્રી થાય એ રીતે શાબિત કરે, અને તે એકલોજ વાદી હોય તો, ફરીયાદ કઢાડી નાંખવાને તે અરજ કરે.

ખરચ.

તે અરજની નોટીસ લાગતા વળગતા બધા પક્ષકારો ઉપર બજાવવી. અને તે ગેરવ્યાજબીપણા અથવા અયોગ્યપણા વિષે કોર્ટની ખાત્રી થયા પછી, તે અરજ મંજુર કરવાને, તથા ફરીયાદમાં

કંઇ કામ ચાલ્યું હોય તેનું અને તે અરજ સબંધી બંને પક્ષકારોનું ખરચ આપવા નો તે ઇસ્ટમીત્રને હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

ફરીયાદ પુરતો વાલીની મવાની અરજ.

૪૫૬ સગીરને નામે અને સગીરની વતી, અથવા વાદીએ, અરજ કરવાથી ફરીયાદ પુરતો તેનો વાલી નીમવાનો હુકમ મળી શકે, અને ફરીયાદમાંની તકરારી બાબતોમાં સગીરથી ઉલટો લાભ સુચવેલા વાલીનો નથી, તથા તે વાલી તરીકે નીમવાને લાયક છે એ વાત ખરી બતાવનારા સોગનનામાથી તે અરજને પુસ્ટી આપવી

ફરીયાદ પુરતા વાલી તરીકે કામ કરવાને યોગ્ય તથા ખુશી હોય એવો કોઇ શખસ ન હોય તો, કોરટને પોતાના કામદારો પઇકી કોઇને એવા વાલી તરીકે નીમવાનો અધિકાર છે. પણ સગીરથી ઉલટો તેને લાભ ન હોવો જોઇએ.

ફરીયાદ પુરતો વાલી કોણ થઇ શકે.

૪૫૭ પાકી સમજનો અને ઉમરે પોંચેલો સહુ અતિવાદી સગીરથી ઉલટો તેનો લાભ ન હોય, તો ફરીયાદ પુરતો વાદી નીમી શકાય, પરંતુ વાદીને અથવા પરણેલી સ્ત્રીને તે રીતે નીમી શકાય નહી.

વાલી પોતાના કામમાં કસુર કરે તો તેને દુર કરી શકાય.

૪૫૮. સગીર પ્રતીવાદીનો ફરિયાદ પુરતો નીમેલો વાલી પોતાનું કામ ન કરે. અથવા બીજું પુરતુ કારણ જાણાવવામાં આવે તો તેને દુર કરવાને તથા તેણે કામ કરવામાં કસુર કરવાથી કોઇ પક્ષકારને થએલું ખરચ આપવાનો તેને હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

ખરચ

ફરીયાદ ચાલતાં વાદી મઇયત થાય તો નવો વાલીનીમવો.

૪૫૯ ફરિયાદ પુરતો નીમેલો વાલી ફરીયાદ ચાલતાં ગુજરી જાય અથવા કોરટ તેને દુર કરે તો કોરટે તેની જગાએ નવો વાલી નીમવો.

મઇયત હુકમનામાના દાંણદારના સગીર વારસ વકીલનો ફરિયાદ પુરતો વાલી.

૪૬૦ મઇયત પક્ષકારનો વારસ અથવા વારસ વકીલ સગીર હોય અને તેના ઉપર હુકમનામું અમલમાં લાવવાની દરખાસ્ત થાય ત્યારે કોરટે ફરીયાદ પુરતો તે સગીરનો વાલી નીમવો. અને તે દરખાસ્તની નોટીસ હુકમનામાવાળાએ તે વાલી ઉપર બજાવવી.

ઇષ્ટમિત્રે અથવા ફરીયાદ પુરતા વાલીએ હુકમનામા પેહેલાં કોરટની રજા વગર તથા જામીન આપ્યા વગર પઇસા લેવી નહી.

૪૬૧ ફરીઆદ કોઇ પણ વાલીએ અથવા ઇષ્ટમિત્રે હુકમનામાની અથવા હુકમની પેહેલાં કોઇ પણ વખતે સગીરની વતી પઇશાની કંઇ રકમ અથવા બીજી વસ્તુ સ્વીકારીકે લેવી નહીં. પરંતુ તેણે પ્રથમ કોરટની રજા મેળવી હોય. અને તે પઇશા કે બીજી વસ્તુ તે સગીરના કાયદાને વાસ્તે હું રાખીશ અને તે સગીરને તેનો બરાબર હિસાબ આપીશ એ વાતના કોરટની ખાત્રી લાયક જામીન આપ્યા હોય, તો સદરહુ પઇશા અથવા વસ્તુ તે સ્વીકારી શકશે અથવા લેઇ શકશે

ઇષ્ટમિત્રે અથવા ફરીઆદ પુરતા વાલીએ કોરટની પરવાનગી વગર તોડજોડ કરવી નહીં. પરવાનગી વગરના તોડજોડ નીરર્થક થઇ શકે તેવી છે.

૪૬૨ જે ફરીઆદમાં કોઇ ઇષ્ટમિત્ર તરીકે કે વાલી તરીકે કામ કરતો હોય તે ફરીઆદની બાબતમાં તે ઇષ્ટમિત્રે અથવા ફરીયાદ પુરતા વાલીએ કોરટની રજા શિવાય શગિરેની વતી કંઇ કબુલાયત અથવા તોડજોડ કરવી નહીં કોરટની રજા શિવાય કરેલી કોઇ તેવી કબુલાયત અથવા તોડજોડ સગીર શીવાયના બીજા બધા પક્ષકારો વિરૂદ્ધ નિરર્થક થઇ શકે એવી ગણાશે.

૪૪૦ થી ૪૬૨ સુધીની કલમો દિવાના લોકોને લાગુ પડે છે.

૪૬૩. સને ૧૮૫૮ના ના આકટ. નંબર ૩૫ પ્રમાણે અથવા જે તે વખતે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા પ્રમાણે, જે દિવાનાઓ દિવાના ઠરેલા હોય તેમની બાબતમાં કલમ ૪૪૦ થી ૪૬૨ [બંને સુદ્ધાંત] સુધીમાં કહેલા ઠરાવ પ્રસંગ પ્રમાણે જરૂરનો ફેરફાર કરીને, લાગુ પાડવામાં આવશે.

કોરટનીસંભાળહોય તે.

૪૬૪. કોરટ આફ વારડસએ અથવા દિવાની કોરટે કંઇ સ્થાનીક કાયદા પ્રમાણે જે સગીરની અથવા દીવાનાની જાતનો વાલી અથવા મિલકતનો વહિવટ કરનાર નીમ્યો હોય, તે સગીરને અથવા દિવાનાને કલમ ૪૪૨ થી ૪૬૨ સુધીમાં કહેલી કંઇ વાત લાગુ પડતીનથી.

બાબ ૩૮ મો.

લશ્કરી માણસોએ તથા તે માણસો ઉપર કરવાની ફરીયાદો.

જે અમલદાર અથવા સોલજરને રજા ન મળે તે પોતાની વતી ફરીયાદ અથવા જવાબ કરવા સારૂ કોઇ પણ શખસને અખત્યાર આપે.

૪૬૫. લશકરી ઓહદાથી સરકારની ખરેખર નોકરી બજાવતો હોય તેવો કોઇ અમલદાર અથવા સોલજર ફરીયાદનો પક્ષકાર હોય, અને જાતે ફરીયાદ ચલાવવા સારૂ અથવા તેનો જવાબ કરવા સારૂ તેને ગેરહાજર રહેવાની રજા મળી શકતી ન હોય, તો પોતાની વતી ફરિયાદ કરવા અથવા તેનો જવાબ કરવા સારૂ કોઇ પણ શખસને અખત્યાર આપવાને તે મુખત્યાર છે.

તે અખત્યાર આપવો તે લખીને આપવો. અને તે લેખ ઉપર તે અમલદારે અથવા સોલજરે.—(અ) પોતાના કમાંડીંગ આફીસરની સમક્ષ સહી કરવી, અથવા તે પક્ષકાર પોતેજ કમાંડીંગ આફીસર હોય તો તેના હાથ નીચેના પહેલા અમલદારની સમક્ષ સહી કરવી, અથવા (બ) તે અમલદાર કે સોલજર લશકરી સ્ટાફની નોકરીમાં કામ કરતો હોય તો, જે આફીસમાં તે નોકર હોય તેના મુખ્યની અથવા બીજા ઉપરી અમલદારની સમક્ષ સહી કરવી. પછી તે કમાંડીંગ આફીસરે અથવા બીજા અમલદારે તે અખત્યાર પત્ર ઉપર સહી કરવી અને તે પછી તે અખત્યાર પત્ર કોરટમાં દાખલ કરવું,

તે લેખ કોરટમાં ઉપર લખ્યા પ્રમાણે દાખલ થયો એટલે, તે અખત્યારનામુ બરોબર રીતે લખી આપ્યું છે, તથા તે લખી આપનાર અમલદારને કે સોલજરને જાતે ફરીઆદ ચલાવવાને કે તેમાં જવાબ કરવાને ગેરહાજર રહેવાની રજા મળી

નહીં—એ વાતનો તે કમાંડીંગ આફીસરની અથવા બીજા અમલદારની સહી એ પુરતો પુરાવો ગણવો.

ખુલાસો:—આ બાબમાં "કમાંડીંગ આફીસર" એટલે, તે અમલદાર અથવા સોલજર જે કોઇ રેજીમેન્ટમાં, કોરઠમાં ડીચાટમેન્ટમાં અથવા ડીપોમા હોય તે રેજીમેન્ટ કોર, ડીચાટમેન્ટ. અથવા ડીપો ઉપર જે તે વખતે ખરેખર હુકમ ચલાવનાર અમલદાર સમજવો.

આ પ્રમાણે અખત્યાર મળેલો શખસ જાતે કામ ચલાવે અથવા પ્લીડર નીમે.

૪૬૬ પોતાની તરફથી ફરિયાદ ચલાવવાને અથવા જવાબ કરવાને કોઇ અમલદારે અથવા સોલજરે જેને અખત્યાર આપ્યો હેય તે શખસ, અખત્યાર આપનાર અમલદાર અથવા સોલજર હાજર હોય અને કામ કરી શકે તે રીતે, જાતે ફરીયાદ ચલાવવાને કે જવાબ કરવાને મુખત્યાર છે; અથવા તે અમલદારની કે સોલજરની વતી ફરિયાદ ચલાવવા સારૂ કે જવાબ કરવા સારૂ પ્લીડર નીમવાને મુખત્યાર છે,

આ પ્રમાણે અખત્યાર મળેલા શખસ ઉપર અથવા તેના પ્લીડર ઉપર પ્રોસેસ પોંચાડવામાં આવે તે ખરેખર પોંચેલી ગણવી.

૪૬૭ કલમ ૪૬૫ પ્રમાણે કોઇ અમલદારે અથવા સોલજરે અખત્યાર આપેલા કોઇ શખસને, અથવા ઉપર કહ્યા પ્રમાણે તે શખસે તે અમલદારને કે સોલજરને બદલે અથવા તેમની વતી કામ કરવાને નીમેલા પ્લીડરને પોંચાડેલી પ્રોસેસો, જાણે તે પક્ષકારને હાથોહાથ અથવા તેના પ્લીડરને પોંચાડી હોય એમ સમજવું.

અમલદાર અને સોલજરને સમન પોંચાડવાનું.

૪૬૮ જ્યારે પ્રતીવાદી કોઇ અમલદાર અથવા શોલજર હોય ત્યારે, તેને સમન પોંચાડવાસારૂ સમનની એક નકલ કોરટે તેના કમાંડીંગ આફીસર ઉપર મોકલવી જે અમલનારને એક નકલ મોકલી હોય તેણે, જેના નામની તે હોય તેને બની શકે તો ખુદ પોંચડાવ્યા પછી તેના ઉપર તે પોંચ્યાવિશેનો તે શખસનો લખેલો શેરો લઇને તે પાછી મોકલવી.

કોઇ કારણને લીધે નકલ તે પ્રમાણે ન પોંચાડાય તો, જે કારણને લીધે સમન પોંચાડવાનું બન્યું ન હોય તે કારણ લખી જણાવીને, જે કોરટે તે મોકલ્યો હોય તે કોરટને તે સમન પાછો મોકલવો.

પકડવાનુ વારંટ છાવણી વગેરેમાંશીરીતે બજાવવું.

૪૬૯. હુકમનામું બજાવવામાં પકડવાનું વારંટ અથવા બીજું પ્રોસેસ છાવણીની, ગ્યારીસનની, લશકરી થાણાની અથવા લશકરી બજારની હદમાં બજાવવાનું હોય ત્યારે, તે વારંટ અથવા બિજું પ્રોસેસ બજાવવાનું કામ જે અમલદારને સોંપ્યું હોય તેણે તે વારંટ અથવા બીજું પ્રોસેસ કમાંડિંગ આફીસરને આપવું.

કમાંડિંગ આફીસરે તે વારંટ અથવા બીજા પ્રોસેસ ઉપર સહી કરીને તે ચલાવવું, અને પકડવાનું વારંટ હોય ત્યારે વારંટમાં જે સખસનું નામ લખ્યું હોય તે પોતાની હકુમતની હદમાં હોય તો તેને પકડાવીનને, જે દિવાની અમલદારને તે બજાવવાનું કામ સોંપ્યું હોય તેને સ્વાધીન કરવો.

ભાગ ૩૩ મો.

ઈન્ટરપ્લીડર (વિરૂદ્ધ હક્કોનો નિરણય કરવાની તિરાહિત કરે તે ફરિયાદ.)

ઇન્ટર પ્લીડર ફરીયાદ ક્યારે થઇ શકે.

૪૭૦, માત્ર તીરાહિત (સ્ટેકહોલ્ડર) તરીકે જે સખસના કબજામાં રૂપીઆ અથવા મિલકત હોય, અને તે રૂપીઆ અથવા મિલકત ખરા માલકને આપવાને જે તઇયાર હોય, તેની પાસેથી તે મીલકત અથવા રૂપીઆ લેવાનો બે અથવા વધારે શખસો એક બીજાને વિરોધ આવે એવી રીતે હક્ક કરતા હોય ત્યારે. તે મીલકત અથવા પઇસા કોને આપવા એ બાબત અને પોતાને નુકશાન થાય તે લેવા બાબત બધા હક્કદાર ઉપર ઇન્ટરપ્લીડરની ફરીયાદ કરવાને તે તિરાહિત મુખત્યાર છે.

પરંતુ, જે ફરીયાદમાં બધા પક્ષકારોના હક્કોનો બરોબર રીત નિરણય થઇ શકે તેવી કોઈ ફરીયાદ ચાલુ હોય તો, તે તિરાહિતે ઇન્ટર પ્લીડરની ફરીયાદ કરવી નહીં.

આવી ફરીયાદમાં ફરીયાદઅરજી.

૪૭૧. ઇન્ટર પ્લીડરની પ્રત્યેક ફરીયાદમાં, જે જે બીના ફરીઆદમાં લખવાની જરૂર છે તે શિવાય નિચે પ્રમાણે બીજી વધારે બાનાઓ લખવી:—

(અ) હક રાખેલી વસ્તુમાં વાદીને ફકત તીરાહિત અરજી [સ્ટેકહોલ્ડર] શિવાય બીજી રીતનો કંઇ સંબંધ નથી.

[બ] પ્રતિવાદીઓ જે જુદા જુદા હક્ક કરતા હોય તે; અને

[ક] વાદી અને કોઇ પ્રતીવાદી વચ્ચે મીલાફી પણ નથી.

દાવો કરેલી વસ્તુ કોરટમાં મુકવાનું.

૪૭૨ દાવો કરેલી વસ્તુ કોરટમાં ભરાય એવી અથવા કોરટની સંભાળમાં રખાય એવી હોય ત્યારે, વાદીએ તે કોરટમાં ભરવી અથવા કોરટની સંભાળમાં રાખવી; તેમ કરયા પેહેલાં ફરિયાદમાં કંઇ હુકમ મેળવવાનો વાદીને હક્ક થશે નહીં.

પેહેલી સુનાવણી વખતે કામ ચલાવવાનીરીત.

૪૭૩ પહેલી સુનાવણી વખતે કોરટ નીચે પ્રમાણે કરી શકે: એટલે—

[અ) દાવો કરેલી વસ્તુની બાબતમાં પ્રતીવાદીઓ પ્રત્યે વાદીની બધી જવાબદારીમાંથી તેને દુર કરીને તેનું ખરચ અપાવવાનો તથા ફરીરીયાદમાંથી તેનુ નામ કાઢી નાંખવાનો ઠરાવ કરે;

અથવા ઇનસાફ કે સુગમતાને સારૂ નીચે પ્રમાણે કરવાની જરૂર છે એમ કોરટને લાગે તો:

[બ). ફરીયાદનો આખર નીકાલ થતાં સુધી બધા પક્ષકારોને રહેવા દે:

અને દાવો દાખલ રાખેલી વસ્તુના હક્કનો નીરણય કરી શકાય તેવી રીતની પક્ષકારોની કબુલત અથવા બીજો પુરાવો છે એમ કોરટને જણાય તો:

(ક) દાવો રાખેલી વસ્તુ ઉપરનો હક નિરણય કરે; નહીં તો પછી,

[ડ) કોરટની રૂબરૂ પોત પોતાના હક આણવા સારૂ કેફીયત દાખલ કરીને તથા પુરાવો આપીને એક બીજા ઉપર વાદ ચલાવવાને પ્રતીવાદીઓને ફરમા

વે, અને પછી એવા હકનો નિરણય કોરટે કરવો.

મુખત્યાર અને બાહુત ઇન્ટરપ્લીડર ફરિયાદક્યારે કરી શકે.

૪૭૪ મુખ્યની અથવા જમીનના માલકની મારફત કબો રાખતા ન હોય એવા બીજા શખસોની સામે, તે મુખ્યને અથવા જમીનના માલકને વાદ કરવાની જરૂર પાડવા સારૂ, મુખત્યાર પોતાના મુખ્ય ઉપર અથવા બાહુત પોતાના માલક ઉપર ફરિઆદ કરી શકે એમ આ બાબની કોઇ વાતથી સમજવું નહીં.

દ્રષ્ટાંતો.

(અ) અ એક ઝવેરાતની પેટી પોતાના મુખત્યાર તરીકે બ પાસે અનામત મુકે છે. ક. એ મારી પાસેથી એ ઝવેરાત ગેરવાજબી રીતે લીધું છે એમ કહીને ક. તે બ પાસેથી માગે છે. અ. ને ક. ના ઉપર બ ઇન્ટરપ્લીડરની ફરીઆદ માંડી શકે નહી.

(બ) અ એક ઝવેરાતની પેટી પોતાના મુખત્યાર તરીકે બ પાસે અનામત મુકે છે. પછી ક ને અ લખે છે કે મારા પાસે તમારૂં લેહેણું છે તેમાં તે ઝવેરાત તારણ કરી આપું છુ. ત્યાર પછી અ એવું કહે છે કે ક. નું કરજ અદા કરેલું છે. અને ક તે વાત ના પાડે છે. તે બંને બ. ની પાસેથી ઝવેરાત માગે છે. આમાં અ ને ક ની ઉપર ઇન્ટરપ્લીડરની ફરીયાદ કરવાને બ. મુખત્યાર છે.

વાદીઆ ખરચનોબોજો.

૪૭૫ બરોબર રીતે ફરીઆદ કરી હોય તો, દાવો રાખેલી વસ્તુ ઉપર બોજો રાખીને, અથવા બીજી કોઇ અમલમાં આવે એવી રીતે, વાદીને તેનું ખરચ અપાવવાનો ઠરાવ કરવાને કોરટ મુખત્યાર છે.

તીરાહીત (સ્ટેકહોલ્ડર) ઉપર પ્રતીવાદી ફરીઆદ કરે ત્યારે કામ ચલાવવાની રીત.

૪૭૬. ઇન્ટરપ્લીડરની ફરિઆદમાંના પ્રતિવાદીઓ પઇકી કોઇ પ્રતિવાદી તે ફરીઆદના વિષયની બાબતમાં તિરાહિત ઉપર, ખરેખર ફરીયાદ કરે તો, જે કોરટમાં તિરાહીત ઉપરની ફરિયાદ ચાલતી હોય તે કોરટને ઇન્ટરપ્લીડરની ફરિયાદમાં તિરાહિતની તરફમાં હુકમનામુ કરનારી કોરટે, તે હુકમનામું થયાની વાત યોગ્ય રીતે જણાવવી. એ લખી જણાવવામાં આવે એટલે તે કોરટે તે તરાહિત ઉપરનું કામ બંધ રાખવું. અને તે બંધ રહેલી ફરીઆદમાં થએલા તેના ખરચનો તે ફરીઆદમાં ઠરાવ કરવાને કોરટ મુખત્યાર છે પરંતુ તે ફરિયાદમાં ખરચનો ઠરાવ ન કરયો હોય તો, જેટલા ભાગનો ઠરાવ ન કરયો હોય તેટલું ખરચ ઇન્ટરપલીડરની ફરિયાદમાં થએલા તેના ખરચમાં ઉમેરી શકાય.

ખરચ.

ભાગ ૪ થો.

ચાલુ ગરજ પુરતા ઇલાજ.

ભાગ ૩૪ મો.

ફૈસલો થતાં પહેલાં પકડવા તથા જપ્તી કરવા વિષે.

અ.—ફૈસલો થતાં પહેલાં પકડવાનું.

જામીન લેવા સારૂ વાદી કયારે અરજ કરે.

૪૭૭ સ્થાવર મિલકતનો કબજો લેવાની ફરીયાદ શિવાયની બીજી કોઇ ફરીઆદમાં કામ ચાલતાં કોઇ પણ વખતે વાદી સોગનનામાથી અથવા બીજી રીતે કોરટની ખાત્રી કરી આપે કે.—

વાદીનું ન ચાલે અથવા તેને ઢીલ થાય એ હેતુથી, અથવા કોરટની કોઇ પ્રોસેસ ટાળવાના હેતુથી, અથવા પોતાના ઉપર જે હુકમનામું થાય તે બજતાં હરકત પડે કે ઢીલ થાય એ હેતુથી:

[અ) પ્રતીવાદી સંતાઇ પેઠો છે અથવા તેણે કોરટની હકુમત છોડી છે અથવા

[બ] પ્રતીવાદી સંતાઇ પેસવાનો છે કે કોરટની હકુમત છોડવાનો છે, અથવા

(ક] પ્રતીવાદીએ પોતાની બધી કે થોડી ઘણી મીલકત કોઇને વેચી કે આપી દીધી છે અથવા કોરટની હકુમતમાંથી લંબાવી છે. અથવા

એવી ખાત્રી કરી આપે કે—પ્રતિવાદી એવે પ્રસંગે બ્રિટિશઇંડિયા છોડવાનો છે કે તે ઉપરથી ફરિઆદમાં પ્રતિવાદીના ઉપર જે હુકમનામું થાય તે બજાવવામાં વાદીને હરકત કે ઢીલ પડશે અથવા પડે એવો વાજબી સંભવ રહે છે,

તો ફરીયાદમાં તેના ઉપર જે હુકમનામું થાય તે પ્રમાણે જવાબ દેવા સારૂ હાજર થવાને પ્રતીવાદીનો જામીન લ્યો એવી અરજ કરવાને વાદી મુખત્યાર છે.

પ્રતીવાદીએ જામીન શા માટે ન આપવા તેનુ કારણ બતાવવાસારૂ તેને હાજર કરવાનો હુકમ.

૪૭૮. અરજદારને તપાસ્યા પછી તથા પોતાને યોગ્ય લાગે તેવી બીજી તજવીજ કર્યા પછી કોરટની ખાત્રી થાય કે

ઉપર કહ્યા પ્રમાણેના કોઇ ઇરાદાથી પ્રતીવાદી—

(અ) સંતાઇ પેઠો છે, અથવા કોરટની હકુમત છોડી છે, અથવા

(બ) સંતાઇ જવાનો છે, અથવા કોરટની હકુમત છોડવાનો છે, અથવા

(ક] પોતાની બધી કે થોડી ઘણી મિલકત વેચી કે આપી દીધી છે, કે કોરટની હકુમતમાંથી લંબાવી છે, અથવા

ઉપરની કલમમાં જે પ્રસંગ કહ્યો છે તેવે પ્રસંગે પ્રતિવાદી બ્રિટિશ ઇંડિયા છોડવાનો છે, તો પોતાને હાજર થવાના જામીન પ્રતિવાદીએ શા માટે ન આપવા તેનુ કારણ બતાવવા સારૂ પ્રતિવાદીને પકડવાનુ તથા તેને કોરટની રૂબરૂ આણવાનું વારંટ કાઢવાને કોરટ મુખત્યાર છે.

જો પ્રતિવાદી કારણ ન બતાવે તો અનામત મુકવાનો અથવા જામીન આપવાનો કોરટ તેને હુકમ કરે.

૪૭૯. તે કારણ પ્રતિવાદી ન બતાવે તો કોરટે તેને એવો હુકમ કરવો કે, તમારા ઉપરનો દાવો અદા થવાને બસ થાય તેટલા પઇશા અથવા બીજી મિલકત તમે કોરટમાં અનામત રાખો, અથવા ફરીયાદ ચાલે છે ત્યાં સુધી અને ફરીઆદમાં તમારા ઉપર જે હુકમનામું થાય તે

બજી રહે અથવા પતી રહે ત્યાંહાં સુધી, કોઇ પણ વખતે તમને બોલાવવામાં આવે ત્યારે હાજર થવાના તમે જામીન આપો. •

જામીને એવી રીતે લખી. આપ્યું કે, જો પ્રતિવાદી તે રીતે હાજર નહીથાય તો ફરિયાદમાં જે રકમ આપવાનો પ્રતિવાદીને હુકમ થશે તે રકમ હું આપીશ

જામીન પોતાની જવાબદારી કાઢી નાખવાની અરજ કરે ત્યારે શી રીતે કરવું.

૪૮૦. પ્રતિવાદીને હાજર કરવાને થએલો જામીન, જે કોરટમાં પોતે જામીન થયો હોય તે કોરટને કોઇ પણ વખતે પોતાની જવાબદારી રદ કરવાની અરજ કરી શકે.

આવી અરજ થાય ત્યારે, કોરટે પ્રતીવાદીને હાજર થવાનો સમન કરવો. અથવા પોતાને યોગ્ય લાગે તો, પહેલેથીજ તેમ પકડવાનું વારંટ કાઢવાને કોરટ મુખત્યાર છે.

સમન અથવા વારંટ પ્રમાણે પ્રતિવાદી હાજર થાય એટલે, અથવા પોતે પોતાની ખુશીથી આવીને હાજર થાય ત્યારે, કોરટે જામીનને ફરમાવવું કે તમે જામીનીમાંથી છુટા થયા છો. અને નવો જામીન લાવવાને પ્રતિવાદીને કેહેવું.

પ્રતિવાદી જામીન ન આપે અથવા તેને નવો જામીન ન મળે તો કેમ કરવું.

૪૮૧. કલમ ૪૭૯ અથવા ૪૮૦ પ્રમાણેનો કોઇ હુકમ પ્રતિવાદી માન્ય ન કરે તો, ફરિયાદનો ફેસલો થતાં સુધી અથવા, પ્રતિવાદીને વિરૂદ્ધ ફેસલો આપવામાં આવે તો, હુકમનામું બજે ત્યાં સુધી પ્રતીવાદીને કેદમાં મોકલવાને કોરટ મુખત્યાર છે. પરંતુ આ કલમ પ્રમાણે કોઇ શખસને ગમે તેમ હોય તો એ છ માસ કરતાં જાસ્તી મુદત કેદ કરવો નહીં, અથવા ફરીયાદના વીશયની રકમ કે કીંમત પચાસ રૂપીયા કરતાં વધારે ન હોય તો છ અઠવાડીયા કરતાં વધારે મુદ્દત કેદ કરવો નહીં. •

માણ એવું ઠરાવ્યું છે કે, કોઇ સખસને સદરહુ હુકમ પ્રમાણે ચાલ્યા પછી આ કલમ પ્રમાણે તુરંગમાં અટકાવી રાખવો. નહી.

પકડેલા પ્રતિવાદીની ખોરાકી.

૪૮૨. હુકમનામાના દેણદારની ખોરાકી આપવા વિશે કલમ ૩૩૯ માંજ ઠરાવ કરયા છે તે આ બાબ પ્રમાણે પકડેલા બધા પ્રતિવાદીને લાગુ પડશે.

વ.—ફેસલો થતાં પહેલાં જપ્તી કરાવવાનું.

હુકમનામું પુરૂં કરવાના પ્રતિવાદી પાસેથી જામીન માગવાની અને તે જામીન ન આપે તો મીલકત જપ્ત કરવાની ફેસલો થયા પહેલાં અરજ,

૪૮૩. કોઇ પણ ફરિયાદ ચાલતાં. કોઇ પણ વખતે સોગનનામું કરીને અથવા બીજી રીતે વાદી કોરટની ખાતરી કરે કે, પોતાના ઉપર જે હુકમનામું થાય તે બજાવવામાં હરકત અથવા ઢીલ થાય એ ઇરાદાથી પ્રતિવાદી

(અ). પોતાની બધી અથવા થોડી ઘણી મિલકત કોઇને વેચી કે આપી દેવાનો છે. અથવા જે કોરટમાં ફરિયાદ ચાલતી હોય તેની હુકમતમાંથી લઇ જવાનો છે, અથવા

(ગ) પોતાની મિલકત કોરટની હકુમતમાં રહેવા દઇને કોરટની હકુમત છો ડી ગયો છે,

તો. એ ફરીયાદમાં તેના ઉપર જે હુકમનામું થાય તે અદા કરવાનો જામીન પ્રતીવાદી પાસે માગો અને જો તે જામીન ન આપે તો કોરટનો બીજો હુકમ થ તાં સુધી કોરટની હકુમતમાંની તેની કંઇ મીલકત જપ્ત કરવાનું ફરમાવવો, એવી કો રટને અરજ કરવાને વાદી મુખત્યાર છે.

અરજનો મજકુર. કોરટ બીજી રીતે ન ફરમાવે તો, જપ્ત કરવાની મીલકત અને તેની અટકળેલી કિંમત અરજમાં જણાવવી,

જામીન આપવાનુ કે કારણ બતાવવાનું કોરટ પ્રતિવાદીને ફરમાવે. ૪૮૪. અરજદારને તપાસ્યા પછી તથા પોતાને યોગ્ય લાગે તેવી બીજી કંઇ તજવીજ કરયા પછી જો કોરટ ની ખાત્રી થાય કે; તે ફરીયાદમાં પોતાના ઉપર જે હુકમનામું થાય તે બજાવવામાં હરકત અથવા ઢીલ થાય એ ઇરાદાથી પ્રતિવાદી પોતાની મીલકત વેચી કે આપી દેવાનો છે અથવા લંબાવ વાનો છે અથવા એવા ઇરાદાથી પોતાની મીલકત કોરટની હકુમતમાં રહેવા દઇને કોરટની હકુમતમાં રહેવા દઇને કોરટની હકુમત છોડી ગયો છે તો;—માગવામાં આવે ત્યારે તે મીલકત અથવા તેની કીંમત અથવા હુકમનામું પુરૂ કરવા જેટલો તેનો ભાગ હાજર કરીને કોરટ હુકમ કરે તે પ્રમાણે વ્યવસ્થા થવા સારૂ કોરટમાં આપવા માટે, હુકમમાં લખેલી રકમના જામીન કોરટ ઠરાવે તે મુદતની દરમ્યાન આપવા, કે નહીં તો જામીન શા સારૂ ન આપવા તેનું હાજર થઇને કારણ બતાવવું—એમ પ્રતીવાદીને ફરમાવવાને કોરટ મુખત્યાર છે.

આ અરજમાં લખેલી મીલકત પઇકી તમામ મિલકત અથવા તેનો કંઇ ભાગ શરતથી જપ્ત કરવાનું હુકમમાં ફરમાવવાને પણ કોરટ મુખત્યાર છે.

જો કારણ ન બતાવે અથવા જામીન ન આપે તો જપ્તી કરવી. ૪૮૫. કોરટે ઠરાવેલી મુદતમાં જો પ્રતીવાદી ફરમાવેલા જામીન ન આપે, અથવા પોતે જામીન શા સારૂ ન આપવા તેનું કંઇ કારણ ન બતાવે, તો અરજમાં બતાવેલી મીલકત અથવા ફરિયાદમાં જે હુકમનામુ થાયતે પુરૂ કરવાને બસ જણાય તેટલો તે મીલકતનો ભાગ જપ્ત કરવા નું ફરમાવવાને કોરટ મુખત્યાર છે.

જપ્તી ઉઠાડવાનું. જો પ્રતીવાદી તેવું કારણ બતાવે અથવા ફરમાવેલા જામીન આપે, અને અરજમાં બતાવેલી મિલકત અથવા તેનો કંઇ ભાગ જપ્ત થયો હોય, તો તે જપ્તી ઉઠાડવાનો કોરટે હુકમ કરવો.

જપ્તી કરવાની રીત. ૪૮૬. જપ્તી કરવી તે પઇસા બાબતનું હુકમનામું બજાવવામાં મીલકત જપ્ત કરવાની જે રીત આ કાયદા માં કહેલી છે તે રીતે કરવી,

ફૈસલા પહેલાં જપ્ત કરેલી મીલકત ઉપરના દાવાની તજવીજ. ૪૮૭. ફૈસલો થતાં પહેલાં જપ્ત થએલી મીલકત ઉપર કંઇ દાવો કરવામાં આવે તો તેની તજવીજ, પઇસા બાબતનું હુકમનામું બજાવવામાં જપ્ત થએલી મીલક

તે ઉપરના દાવાની તજવીજને વાસ્તે આ આકડમાં પાછળ જે રીત ફરમાવી છે તે રીતે કરવી.

જામીન આપે અથવા ફરિયાદ કાઢી નાખવામાં આવે એટલે જપ્તી દુર કરવી.

૩૮૮. ફેંસલો થતાં પેહેલાં જપ્તી કરવાનો હુકમ કર્યો હોય તો, ફરમાવેલો જામીન તથા જપ્તીના ખરચનો જામીન પ્રતીવાદી આપે ત્યારે, અથવા ફરીયાદ કાઢી નાખવામાં આવે ત્યારે, જે કોરટે હુકમ કરયો હોય તે કોરટે જપ્તી દુર કરવી.

જપ્તીથી પરાયાના હકને હરકત થશે નહીં અથવા હુકમનામા વાળાને વેચાણની દરખાસ્ત કરવાને પ્રતિબંધ થશે નહીં.

૪૮૯, ફેંસલો થતાં પેહેલાંની જપ્તીથી, ફરિયાદમાં પક્ષકાર ન હોય તે શખસોના જપ્તી પહેલાંના જે હક હોય તેને હરકત થશે નહીં. તથા પ્રતીવાદી ઉપર કોઇનું હુકમનામું હોય તો તે સખસને તે હુકમનામું બજાવવામાં તે જપ્તીમાંની મિલકત વેચવાની દરખાસ્ત કરવાને પણ પ્રતિબંધ થશે નહીં.

આ બાબ પ્રમાણે જપ્ત થએલી મીલકત હુકમનામું બજાવવામાં ફરી જપ્ત કરવી નહીં.

૪૯૦. આ બાબના ઠરાવને આધારે મિલકત જપ્તીમાં હોય; અને વાદીની તરફમાં હુકમનામું થાય, તો તે હુકમનામું બજાવવામાં તે મીલકત ફરી જપત કરવાની જરૂર નથી,

ક.—પકડવાનું અથવા જપતી કરવાનું કામ કરયું તે અયોગ્ય હોય ત્યારે નુકસાનીનો બદલો.

અપુરતા કારણથી કોઇને પકડાવ્યો હોય અથવા જપતી કરાવી હોય તો તેની નુકસાનીનો બદલો.

૪૯૧. જે ફરીયાદમાં કોઇને પકડયો હોય અથવા જપતી કરી હોય તે ફરીયાદમાં કોરટને એવું જણાય કે, તે પકડવાની અથવા જપતીની અરજ અપુરતા કારણ ઉપરથી કરવામાં આવી હતી.

અથવા વાદીની ફરીયાદ નિષ્ફળ જાય અને કોરટને એવું જણાય કે, ફરીયાદ કરવાનું સંભવિત કારણ ન હોતું,

તો તે પકડવાથી અથવા જપતીથી પ્રતીવાદીને જે ખરચ અથવા નુકસાન થયું હોય તેના બદલામાં પોતાને યોગ્ય જણાય તેટલી એક હજાર રૂપીયા સુધીની રકમ કોઇ વાદી પાસેથી પ્રતિવાદીને અપાવવાનો, પ્રતીવાદીની અરજ ઉપરથી, પોતાના હુકમનામામાં ઠરાવ કરવાને કોરટ મુખત્યાર છે.

વિશેષ ઠરાવ.

પરંતુ નુકસાનીના બદલાની ફરીયાદમાં જેટલી રકમનું હુકમનામું કોરટ કરી આપે તે કરતાં વધારે રકમ આ કલમ ઉપરથી કોરટે અપાવવી નહીં.

આ કલમ પ્રમાણે રકમ અપાવવાનો ઠરાવ થયા પછી તે પકડવા અથવા જપ્તી બાબત નુકસાનીનો બદલો લેવાની કોઇ ફરીયાદ ચાલશે નહીં.

બાબ ૩૫ મો.

કામ ચલાઉ તાકીદ અને દરમ્યાનના હુકમો વિશે.

અ—કામ ચલાઉ તાકીદ.

જે પ્રસંગે કામ ચલાઉ તાકીદ આપી શકાય તે પ્રસંગ.

૪૯૨. કોઇ પણ ફરીયાદમાં સોગનનામાથી અથવા બીજી રીતે એવું શાબિત થાય કેઃ—

(અ) ફરીયાદનો કોઇ પક્ષકાર ફરિયાદમાંની કોઇ પણ તકરારી મીલકતનો નાશ કરશે. અથવા તેને કંઇ નુકસાન કરશે અથવા તે કોઇને આપી દેશે અથવા એકાદા હુકમનામાની બજાવણીમાં તે ગેરવાજબી રીતે વેચાશે એવી દેહશત છે, અથવા

(બ) પોતાના લેહેણદારોને ઠગો દેવાના ઇરાદે પ્રતીવાદીએ પોતાની મીલકત લં ઘાવવાની અથવા તે વેચી કે આપી દેવાની બીક બતાવી છે અથવા તેમ કરવાની તે તઇયારીમાં છે.

તો હુકમ કરીને કોરટ એવી કામ ચલાઉ તાકીદ આપે, કે તારે તે કૃત્ય કરવું નહીં; અથવા તે મિલકતનો નાશ થતો હોય તે, તેને નુકશાન થતું હોય તે, તે બીજાને આપી દેવાતી હોય તે, વેચાતી હોય તે, લંબાવાતી હોય તે, અથવા તેનો વ્યવસ્થા થતી હોય તે બંધ રાખવાને તથા અટકાવને સારૂ પોતાને યોગ્ય લાગે તેવો બીજો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે; અથવા તે તાકીદ કે બીજો હુકમ નહીં કરવામાં આવે એમ કહેવાને કોરટ મુખત્યાર છે.

કરાર કરી તોડવો નહી અથવા તોડેલો જારી રાખવો નહીં એ વિશે મનાઇની તાકીદ.

૪૯૩ કરાર તોડવાથી અથવા બીજી નુકસાની કરવાથી પ્રતિવાદીને અટકાવવાની ફરિયાદ હોય તેમાં નુકસાનીનો બદલો માગ્યો હોય કે નહીં તો એ, ફરિયાદ કરયા પછી કોઇ પણ વખતે ફેસલો થતાં પહેલા કે ફેસલો થયા પછા—પ્રતિવાદીએ તે કરાર તોડવો નહીં અથવા જે નુકશાનની ફરિયાદ કરી હોય તે નુકશાન કરવું નહીં અથવા તેજ કરારમાંથી ઉત્પન્ન થતુઅથવા તેજ મિલકત કે હકસંબંધી તેવી જાતનું કંઇ નુકશાન કરવું નહીં કે કાંઇ કરાર તોડવો નહીં,—તેવી પ્રતીવાદીને અટકાવવાની કામ ચલાઉ તાકીદ કરવા સારૂ કોરટને અરજ કરવાને વાદી મુખત્યાર છે.

તે તાકીદ કેટલી મુદત સુધી અમલમાં રાખવી તે વિશે હિસાબ રાખવા વિશે જામીન આપવા વિશે અને બીજી બાબત વિશે પોતાને યોગ્ય લાગે તેવી શરતો કરીને તે તાકીદ હુકમ કરી આપવાને, અથવા તે નહીં આપવામાં આવે એમ કહેવાને કોરટ મુખત્યાર છે.

આ કલમ પ્રમાણે અથવા કલમ ૪૯૨ પ્રમાણે આપેલી તાકીદ ન માનવામાં આવે તો, છ મહીનાની વધારે નહી એવીકોઇ મુદત સુધી પ્રતીવાદીને કેદમાં રાખીને અથવા તેની મીલકત જપ્ત કરીને અથવા બંને વાંનાં કરીને તે અમલમાં લાવી શકાશે

આ કલમ પ્રમાણે કરેલી કોઇ જપ્તી એક વરસ કરતાં વધારે મુદત અમલમાં રેહેસે નહીં એક વરસની આખરે, પ્રતીવાદીએ તાકીદ નહીં માની હોયતો, જપ્ત કરેલી મિલકત વેચી શકાશે. અને જે ઉપજે તેમાંથી પોતાને યોગ્ય લાગે તેટલી બદલાની રકમ વાદીનેઆપવાને કોરટ મુખત્યાર છે, અને જે કાંઇ બાકી રહે તો તે

પ્રતીવાદીને આપવાને કોરટ મુખત્યાર છે.

તાકીદ આપ્યા પેહેલાં વિરૂદ્ધ પક્ષકારને નોટીસ આપવાનુ કોરટે ફરમાવવું.

૪૯૪ તાકીદનો હુકમ આપ્યા પહેલાં હમેશાં તાકીદની અરજ વિશેની નોટીસ વિરૂદ્ધ પક્ષકારને આપવાનુ કોરટે ફરમાવવું. પરંતુ ઢીલ થવાથી તાકીદ આપવાનો હેતુ ધુળ મળશે એમ જણાય તો તેવી નોટીસ આપવાની જરૂર નથી,

કારપોરેશનને આપેલી તાકીદ તેના મેંબરને તથા અમલદારોને બંધન કારક છે.

૪૯૫ કારપોરેશનને અથવા જાહેર કંપનીને આપેલી તાકીદ તે કારપોરેશનને અથવા કંપનીને પોતાને બંધન કારક છે એટલુંજ નહીં પણ તે કારપોરેશનના કે કંપનીના જે મેંબરોનાં અને અમલદારોનાં જાતીકાં કામ અટકાવવાનું તે તાકીદમાં ભાંગ્યું હોય તે બધા મેંબરોને તથા અમલદારોને પણ તે બંધનકારક છે.

તાકીદનો હુકમ કોરટ કાઢી લે, ફેરફાર કરે અથવા રદ કરે.

૪૯૬. તાકીદના હુકમથી જે કોઇ પક્ષકાર નારાજી હોય તેની તે વિશેની અરજ ઉપરથી, તાકીદનો કોઇ પણ હુકમ કાઢી લેવાને, તેમાં ફેરફાર કરવાને અથવા તે રદ કરવાને કોરટ મુખત્યાર છે.

અપુરતા કારણ ઉપરથી તાકીદ કઢાવી હોય તો પ્રતિવાદીને નુકશાનીનો બદલો

૪૯૭ પોતે જે તાકીદ આપી છે તે આપવા બાબતની અરજ અપુરતા સબબથી કરી હતી, એમ કોરટને જણાય અથવા,

તાકીદ કાઢયા પછી ફરિઆદ કાઢી નાંખવામાં આવે, અથવા ગેરહાજરીના સબબથી કે બીજી કોઇ રીતે વાદી વિરૂદ્ધ ફેસલો આપવામાં આવે અને ફરીયાદ કરવાનુ સંભવીત કારણ નહોતુ એમ કોરટને જણાય.

તો તે તાકીદથી જે ખરચ અથવા નુકસાન થયું હોય તેના બદલામાં પોતાને વાજબી જણાય તેટલી એક હજાર રૂપીઆ સુધીની કોઇ રકમ વાદી પાસેથી પ્રતીવાદીને આપવાનો. પ્રતીવાદીની અરજ ઉપરથી, પોતાના હુકમનામામાં ઠરાવ કરવાને કોરટ મુખત્યાર છે.

વીશેષ ઠરાવ.

પરંતુ નુકસાનીના બદલાની ફરીયાદમાં જેટલી રકમનું હુકમનામુ કોરટ કરી આપે, તે કરતાં વધારે રકમ આ કલમ ઉપરથી કોરટે અપાવવી નહી.

આ કલમ પ્રમાણે રકમ આપવાનો ઠરાવ થયા પછી તે તાકીદ બાબત નુકસાનીનો બદલો લેવાની કોઇ ફરીઆદ ચાલશે નહી.

૪.—દરમ્યાનના હુકમ.

નાશ થાય એવી વસ્તુઓ દરમ્યાન વેચવાનો હુકમ કરવાનો અખત્યાર

૪૯૮ કોઇ ફરીઆદના વિશયની કોઇ પણ જંગમ મિલકત જલદી અને સ્વભાવીક રીતે પોતાની મેળે બગડી જાય એવી હોય તો ફરિઆદના કોઇ પક્ષકારની અરજ ઉપરથી તે વેચવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

અને તે હુકમમાં જે શખ્સનુ નામ લખ્યું હોય તે શખ્સને કોરટને યોગ્ય લાગે તે રીતે અને તેવી શરતોથી તે વેચવી.

ફરીઆદનો વિષય અટકાવી રાખવા વગેરેનો હુકમ કરવાનો અખત્યાર તથા પ્રવેશ કરવાની નમુના લેવાની અને પ્રયોગ કરવાની સતાઆપવાનો અખત્યાર.

૪૯૯ ફરીઆદના કોઈ પણ પક્ષકારની અરજ ઉપરથી અને પોતાને યોગ્ય લાગે તો શરતોથી નીચે પ્રમાણે કરવાને, એટલે—

(અ) તે ફરિયાદના વિષયમાંની કોઈ મિલકત અટકાવી રાખવાનો સાચવી રાખવાનો, અથવા નજરે જોવાનો હુકમ કરવાને,

(બ) તે ફરિયાદના બીજા કોઈ પક્ષકારના કબજામાં કાંઈ જમીન અથવા ઈમારત હોય તે જમીન ઉપર અથવા ઈમારતમાં સદરહુ તમામ કારણ સારૂ તે અથવા પઈકી કોઈકારણસારૂ કોઈ શખ્સને જવાનો અખત્યાર આપવાને અને

(ક) સદરહુ તમામ કારણસારૂ અથવા તે પઈકી કોઈ કારણસારૂ પુરાણી માહીત અથવા પુરાવો મળે એટલા માટે જરૂર અથવા યોગ્ય જણાય તેવા કંઈ નમુના લેવાનો, અથવા કંઈ અવલોકન કરવાનો અથવા પ્રયોગ કરવાનો અખત્યાર આપવાને,

કોરટ મુખત્યાર છે.

પ્રોસેસ બજાવવા વિશે આ આકટમાં પાછળ કહેલા છે તે ઠરાવો પ્રસંગ પ્રમાણે જરૂર હોય તે ફેરફાર કરીને આ કલમ પ્રમાણે જવાનો અખત્યાર આપેલા શખ્સોને લાગુ પડશે.

આવા હુકમ કરવાની અરજ નોટીસ આપ્યા પછી કરી શકાય.

૫૦૦ સમન પોંચ્યા પછી કોઈ પણ વખતે પ્રતીવાદીને લેખી નોટીસ આપીને કલમ ૪૯૮ અથવા કલમ ૪૯૯ પ્રમાણે હુકમ કરાવવાની અરજ કરવાને વાદી મુખત્યાર છે.

તેવો હુકમ મેળવાને વાસ્તે પ્રતીવાદીએ અરજ કરવાની હોય તો અરજદાર હાજર થયા પછી કોઈ પણ વખતે વાદીને લેખી નોટીસ આપીને તે અરજ કરવાને પ્રતિવાદી મુખત્યાર છે.

જે જમીન વિશે ફરિયાદ હોય તે જમીન પક્ષકારના કબજામાં લાગ બીજ ક્યારે અપાવાય,

૫૦૧ સરકારમાં મેહેસુલ ભરનારી જમીન વિશે અથવા વેચાય એવા જમીન ઉપરની સત્તા પ્રકાર વિશે ફરીયાદ હોય, અને જેની કબજામાં તે જમીન અથવા સત્તા પ્રકાર હોય તે શખ્સ સરકારનુ મેહેસુલ અથવા સત્તા પ્રકારના માલકની ચઢેલી સાંથ; જે હોય તે આપવાને ચુકે, અને તેને લીધે તે જમીન અથવા સત્તાપ્રકાર વેચવાનો હુકમ થાય તો, તે જમીનમાંના અથવા સત્તાપ્રકારમાંના હક સંબંધનો દાવો રાખતો હોય એવો ફરીઆ

દનો બીજો કોઇ પણ પક્ષકાર વેચાણ પહેલાંનું ચઢેલું મેહેસુલ અથવા સાંથ આપે એટલે [કોરટની નજરમાં આવે તો જામીન લેઇને અથવા વગર જામીને) તે જમીન નો અથવા સત્તાપ્રકારનો કબજો તેને લાગલોજ આપી શકાય.

અને આ પ્રમાણે ભરેલી રકમ કોરરટને યોગ્ય લાગે તે દરના વ્યાજ સુધાંતક મુર કરનારે આપવી એમ પોતાના હુકમનામમાં ઠરાવવાને, અથવા ફરીયાદમાં હુકમ નામું થાય તેમાં કાંઇ હિસાબ નકી કરવાનું ફરમાવવામાં આવે તો, હિસાબમાં આ પ્રમાણે ભરેલી રકમ કોરટ ફરમાવે તે દરથી, વ્યાજ સુધાં મજરે ધરવાને કોરટ મુખત્યાર છે,

પઈસા વગેરે કોરટમાંજ અનામત મુકવાનું.

૫૦૨ પઈસા વિશે અથવા સ્વાધીન કરી શકાય એવી બીજી કોઇ વસ્તુ વિશે ફરીઆદ હોય અને ફરીયાદનો કોઇ પક્ષકાર કબુલ કરે કે,—કોઇ બીજા શખસની વતી વસ્ટી દાખલ મારી પાસે તે પઈશા અથવા વસ્તુ છે, અથવા તે કોઇ બીજા શખસની છે કે તે બીજા શખસની લેહેણી છે તો, કોરટ બીજો હુકમ કરે તે પ્રમાણે કર વાસારૂ તે કોરટમાં અનામત મુકવાનો અથવા જામીન લેઇને કે વગર જામીને છેવટે કહેલા શખસને આપવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

ભાગ ૩૬ મો.

વસુલદારની નીમણુંક.

વસુલદાર નીમવાનો કોરટનો અખત્યાર.

૫૦૩ કોઇ સ્થાવર કે જંગમ મિલકત વિશે ફરીયાદ હોય અથવા તે જપ્તીમાં હોય, અને તેના પઈસા કરવાની, તે સાચવી રાખવાની, અથવા તેની સારી રખવાળી કરવાની, કે વહિવટ કરવાની જરૂર છે એમ કોરટને જણાય ત્યારેઃ હુકમ કરીનેઃ—

(અ) તે મિલકતનો વસુલદાર નીમવાને કોરટ મુખત્યાર છે.

અને જરૂર હોય તો.

(બ) જે સખસના કબજામાં અથવા હવાલામાં તે મિલકત હોય તેની પાસેથી તે કબજો અથવા હવાલો લેઇ લેવાને કોરટ મુખત્યાર છે.

(ક) તે વસુલદારના હવાલામાં અથવા વહિવટમાં સોંપવાને કોરટ મુખત્યાર છે અને

(ડ) તે મીલકતના ભાડા તથા ઉત્પન્ન ઉપર કોરટને યોગ્ય જણાય તેટલી ફી અથવા કમીશન તે વસુલદારને મેહેનતાણા બદલ આપવાને,— તથા ફરીયાદ આણવા વિશે, ફરીયાદનો જવાબ કરવા વિશે, તથા મીલકતના પઈસા કરવા વિશે રક્ષણ કરવા વિશે સાચવી રાખવા વિશે, અને સુધારવા વિશે, તથા તે મિલકતનું ભાડું અને ઉત્પન્ન વસુલ કરવા વીશે તથા ભાડું અને ઉત્પન્ન કામે લગાડવા, તથા ખરચવા વિશે, તથા લખેલા દસ્તાવેજો કરી આપવા વિશે માલકને પોતાને જે અખત્યાર હોય તે અથવા તે પઈકી કોરટને યોગ્ય લાગે તે અખત્યાર તે વસુલદારને આપવાને કોરટ મુખત્યાર છે.

વસુલદારની જવાબદારી.

એ પ્રમાણે નિમેલા પ્રત્યેક વસુલદારેઃ—

(ઈ) તે મિલકત બાબત તેને જે મળે તેનો બરોબર હિસાબ આપવા સારૂ [કોરટ જામીન લે તો) કોરટને યોગ્ય લાગે તેવા જામીન આપવા.

(૨) કોરટ ફરમાવે તે તે મુદતે અને તેના નમુનામાં પોતાના હિસાબ હાજર કરવો,

(ગ) તેની પાસે જે બાકી લેણાગી નીકળે તે કોરટફરમાવે તે રીતે તેણે આપવી અને

(૯) પોતાની મોટી ગફલતને લીધે અથવા જાણી જોઇને કસુર કરવાથી મિલકત ને જે નુકશાન થાય તેનો જવાબદાર તે થશે.

જમીમાંની મીલકત જેના કબજામાં અથવા હવાલામાં હોય તેનો કબજો અથવા હવાલો લેઇ લેવાનો ફરીયાદના પક્ષકારોને, અથવા તેમાંના કોઇ એકને કે કેટલાએકને હાલ હક ન હોય તો, તે કબજો અથવા હવાલો લેઇ લેવાને આ કલમની કેઇ વાતથી કોરટને અખત્યાર મળતો નથી,

કલેકટરનેવસુલદારક્યારે નીમી શકાય.

૫૦૪ તે મીલકત સરકારને મેહેસુલ ભરનારી જમીન હોય, અથવા જે જણીતનું મહેસુલ આપી દીધેલુ કે છોડી દીધેલું હોય એવી જમીન હોય. અને કોરટની નજરમાં એમ આવે કે કલેકટરે વહીવટ કરવાથી લાગતા વળગતા લોકોને ફાયદો થશે તો. કલેકટરને તે મીલકતનો વસુલદાર નીમવાને કોરટ મુખત્યાર છે.

આ બાબ પ્રમાણે કઇ કોરટને અખત્યાર છે તે.

૫૦૫ આબાબમાં આપેલો અખત્યાર ફકત હાઇકોરટોએ અને ડિસ્ટ્રિકકોર્ટોએવાપરવો.પરંતુડીસ્ટ્રીકટ કોરટના તાબાની કોરટનાજડજની નજરમાં એમ આવે કે પોતાની રૂબરૂની કોઈ ફરીયાદમાં વસુલદાર નીમવાની જરૂર છે તો, તે નીમણુંકને વાસ્તે પોતાને લાયક જણાય તે શખસનું નામ તેણે બતાવવુ, તે સખસનુ નામ તથા તેને નીમવાનાં કારણ ડિસ્ટ્રીકટ કોરટમાં મોકલવાં, અને ડિસ્ટ્રિકટે તે પ્રમાણે નામ આપેલા શખસની નીમણુક કરવાને તે જડજને અખત્યાર, આપવો, અથવા પોતાને યોગ્ય જણાય તેવો બીજો હુકમ કરવો.

ભાગ ૫ મો.

વિશેષકામો વિશે.

બાબ ૩૮ મો.

લવાદીપર સોંપવાનું:

લવાદને સોંપવાનોહુકમ કરવા સારૂ ફરીયાદના પક્ષકારો અરજ કરે.

૫૦૬ પક્ષકારોની દરમ્યાન ફરીયાદમાંની વાંધાની કોઈ વાત લવાદીપર સોંપવાની ફરીયાદના બધા પક્ષકારોની ખુશી હોય તો, ફેસલો કહી સંભળાવતાં પહેલાં કોઇ પણ વખતે લવાદપર શોંપવાનો હુકમ થવા સારૂ પક્ષકારો પોતે જાતે અથવા એ કામને વાસ્તે લખીને મુદામ અખત્યાર આપેલા પોત પોતના વકીલોની મારફતે કોરટને અરજ કરવાને મુખત્યાર છે.

આવી પ્રત્યેક અરજ લખેલી જોઇએ, અને જે ખાસ બાબત લવાદને શોંપવાની હોય તે તેમાં જણાવવી.

લવાદની નીમણુક. કોરટ ક્યારેલવાદ નીમે

૫૦૭ પક્ષકારોએ એક મત થઇને લવાદની નીમણુક કરવી તે નીમણુક બાબત પક્ષકારો એકમત ન થઈ શકે, અ

થવા જે શખસને તેઓ નીમે તે લવાદી કબુલ કરવાની ના કહે, અને કોરટે લવાદ નીમે એવી પક્ષકારોની ખુશી હોય, તે કોરટે લવાદ નીમવો.

લવાદોને સોંપણનો હુકમ — ૫૦૮ વાંધાની જે બાબતનો લવાદ પાસે નિર્ણય કરાવવો હોય તે બાબત કોરટે હુકમ કરીને લવાદને સોંપવી અને નીવેડો કરી આપવાને પોતાને વ્યાજબી લાગે તેટલી મુદત કોરટે ઠરાવવી, તથા તે મુદત હુકમમાં લખવી.

એક વખત કોઈ બાબત લવાદીપર સોંપ્યા પછી. આ આકટમાં હવે પછી જે ઠરાવો કરેલા છે તે શિવાય, તેજ ફરીયાદમાં કોરટે તેમાં કાંઇ હાથ ઘાલવો નહી.

બે અથવા વધારેલવાદો ને સોંપણ હોયત્યારે મત ભેદ પડે તો શું કરવું તે નો હુકમ કરવો. — ૫૦૯. બે અથવા વધારે લવાદોને સોંપણ હોય તો, લવાદોમાં મતભેદ થાય તેને માટે હુકમમાં બંદોબસ્ત કરવો, તે એવી રીત કે:—

[અ] સરપંચ નીમવો, અથવા

(બ) લવાદો પછી વધારે જણ એક મત થાય તો વધારે મત પ્રમાણે ચુકાદો કરવો એમ ઠરાવવું અથવા

(ક) સરપંચ નીમવાનો લવાદોને અખત્યાર આપવો, અથવા

(ડ) પક્ષકારો એકમત થઈને કહે તે પ્રમાણે કે તેઓ એકમત ન થાય તો કોરટ ઠરાવે તે પ્રમાણે બીજી રીતે બંદોબસ્ત કરવો.

સરપંચ નીમવામાં આવે ત્યારે, જો તે સરપંચને કામ કરવાનો પ્રસંગ આવે તો, તેણે નિવેડો ક્યારે કરી આપવો એને માટે કોરટને વાજબી જણાય તેટલી મુદત કોરટે ઠરાવવી.

લવાદ અથવા સરપંચનું મરણું અશક્તતા વગેરે. — ૫૧૦. લવાદ અથવા એક કરતાં વધારે લવાદો હોય ત્યારે, તે લવાદોમાંનો કોઈ અથવા સરપંચ ગુજરી જાય. અથવા ના કહે, અથવા ગફલત કરે, અથવા કામ કરવાને અશકત થાય, અથવા એવે પ્રસંગે બ્રિટિશ ઈંડિયા છોડે કે તે ઉપરથી ઘણું કરીને વેહેલો પાછો નહીં આવે એમ જણાય, તો તે મરનાર, અથવા ના કહેનાર અથવા ગફલત કરનાર કામ કરવાને અશકત થયો હોય તે, અથવા બ્રિટિશ ઈંડીયા છોડે તે સખસને બદલે કોરટની નજરમાં આવે તો નવો લવાદ અથવા સરપંચ નીમવાને અગર લવાદી રદ કરવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે. અને લવાદી રદ કરવાનો હુકમ કોરટ કરે તો કોરટે ફરીયાદનું કામ આગળ ચલાવવું.

સરપંચની નીમણુંક કોરટે ક્યારે કરવી — ૫૧૧. સોંપણના હુકમમાં સરપંચ નીમવાનો અખત્યાર લવાદોને આપ્યો હોય અને તેમ કરવામાં તેઓ કસુર કરે તો, કોઈપણ પક્ષકાર લવાદોને એવી લખી નોટીસ આપે કે તમે સરપંચ નીમો; અને તે નોટીસ પોંચ્યા પછી સાત દિવસમાં અથવા પ્રત્યેક કામમાં કોરટ પરવાનગી આપે તેટલી જાસ્તી મુદતમાં સરપંચ ની નીમવામાં નહીં આવે તો, સદરહુ પ્રમાણે જે પક્ષકારે નોટીસ આપી હોય તે પક્ષ

કારનો અરજ ઉપરથી કોરટ સરપંચ નીમવાને મુખત્યાર છે.

કલમ ૫૦૯, ૫૧૦, અથવા ૫૧૧ પ્રમાણે નીમેલા લવાદ કે સરપંચના અખત્યાર.

૫૧૨. સોંપાણના હુકમમાં દાખલ કરેલા લવાદને અથવા સરપંચને જે અખત્યાર મળે છે તેજ, કલમ ૫૦૯, કલમ ૫૧૦, અથવા કલમ ૫૧૧ પ્રમાણે નીમેલા પ્રત્યેક લવાદને અથવા સરપંચને છે એમ સમજવું.

સાક્ષીઓને સમન કરવાનું.

૫૧૩. પોતાની રૂબરૂ ચોકશી થતી હોય તે ફરિયાદોમાં પક્ષકારો તથા સાક્ષીઓને જે પ્રોસેસો કાઢવાનો કોરટને અખત્યાર છે તેજ, જે પક્ષકારો અથવા સાક્ષીઓની જબાની લેવાની લવાદોની અથવા સરપંચની મરજી હોય તે પક્ષકારો તથા સાક્ષીઓને પણ કોરટે કાઢવી.

કસુર વગેરેને વાસ્તે શિક્ષા.

તે પ્રોસેસ પ્રમાણે જે શખસો હાજર ન થાય, અથવા બીજી કઇ કસુર કરે, અથવા શાહદી આપવાની ના કહે અથવા સોંપેલી બાબતોની તજવીજ ચાલતાં લવાદનું કે સરપંચનું કઇ અપમાન કરે તે શખસોને, કોરટની રૂબરૂ ચોકશી થતી હોય તેવી ફરિયાદોમાં તેવીજ તકશીરોને માટે જે નુકશાન, દંડ અથવા શિક્ષા થાય તેવુંજ નુકશાન, દંડ, અથવા શિક્ષા લવાદ કે સરપંચ કોરટને લખી મોકલે ત્યારે કોરટે હુકમથી કરવામાં આવશે.

નીવાડો કરવા સારૂ મુદત વધારવી.

લવાદી રદ કરવાનું.

૫૧૪. જરૂરનો પુરાવો ન મળવાથી અથવા ખબર ન મળવાથી અથવા બીજા કોઇ કારણને લીધે હુકમમાં લખેલી મુદતમાં લવાદો નિવાડો પુરો ન કરી શકે તો, યોગ્ય જણાએથી જાસ્તી મુદત આપવાને તથા નિવાડો કરી આપવાને તથા નિવાડો કરી આપવા સારૂ વખત વખતે તે મુદત વધારવાને અથવા લવાદી રદી કરવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે. અને લવાદી રદ કરવાનો હુકમ કરે તો કોરટે ફરિયાદનું કામ આગળ ચલાવવું.

લવાદોને બદલે સરપંચ ક્યારે લવાદીનું કામ કરે.

૫૧૫. સરપંચ ઠરાવ્યો હોય ત્યારે.—

[અ] નિવાડો કરયા વિના ઠરાવેલી મુદત લવાદોએ વીતી જવા દીધી હોય તો, અથવા

(બ) કોરટને કે સરપંચને લવાદોએ એવી લેખી નોટીસ આપી હોય કે, અમે એકમત થઇ શકતા નથી તો;

લવાદોને બદલે સરપંચ લવાદીનું કામ કરવાને મુખત્યાર છે.

નિવાડા ઉપર સહી કરવી અને તે દાખલ કરવો.

૫૧૬. કોઇ ફરિયાદમાં લવાદો નિવાડો કરે ત્યારે તે કરનાર શખસોએ તેના ઉપર સહી કરવી, તથા તેમની રૂબરૂ જે જબાનીઓ લીધી હોય અને જે દસ્તાવેજો શાબીત થયા હોય તે સુદ્ધાંત તે નિવાડો કોરટમાં દાખલ કરાવવો, અને પક્ષકારોને દાખલ કર્યાની નોટીસ આપવી.

લવાદ અથવા સરપંચ ખાસ હકીકત લખી આપે.

૫૧૭. કોરટના હુકમથી કોઇ બાબત લવાદોને સોંપવામાં આવી હોય ત્યારે, લવાદો થવા સરપંચ કોરટની સંમતી લેઇને, કોરટનો અભિપ્રાય લેવા સારૂ સઘળો નિવાડો અથવા કંઇ ભાગ ખાસ હકીકત (સ્પેશયલ કેસ) તરીકે લખી આપે; અને કોરટે તે ઉપર પોતાનો અભિપ્રાય આપવો. અને તે અભિપ્રાય નિવાડામાં ઉમેરીને નિવાડાનો ભાગ ગણવો.

કેટલેક પ્રસંગે અરજ ઉપરથી કોરટ નિવાડામાં ઓછું વતું અથવા સુધારો કરે.

૫૧૮. [અ] નિવાડાનો કાંઇ ભાગ લવાદોને ન સોંપેલી બાબત ઉપર છે, અને તે ભાગ બીજા ભાગથી જુદો પાડી શકાય છે તથા સોંપેલી બાબત ઉપર કરેલા ચુકાદાને તે કંઇ અસર કરતો નથી એમ જણાયે ત્યારે, અથવા

(બ) તે નિવાડો કંઇ પદ્ધતિમાં અપુરણ હોય અથવા તેમાં એવી કંઇ દેખાઇતી ભુલ હોય કે તે ચુકાદામાં કંઇ ફેરફાર ન કરતાં દુરસ્ત થઇ શકે તો,

હુકમ કરીને તે નિવાડામાં ઓછું વતું કરવાને કે તે સુધારવાને કોરટ મુખત્યાર છે.

લવાદી ખરચ વિશેનો હુકમ.

૫૧૯. લવાદીના ખરચ બાબત કાંઇ તકરાર નિકળે અને તે વિશે નિવાડામાં પુરતો બંદોબસ્ત કરયો ન હોય તો તે ખરચ બાબત પોતાને યોગ્ય જણાય તેવો હુકમ કરવાને પણ કોરટ મુખત્યાર છે.

નિવાડો અથવા લવાદોને સોંપેલી બાબત પાછી ક્યારે મોકલાય.

૫૨૦. પોતાને યોગ્ય લાગે તેવી શરતોથી, તેજ લવાદોને અથવા સરપંચને ફરી વિચાર કરવા સારૂ તે નિવાડો અથવા લવાદીપર સોંપેલી કોઇ બાબત નીચે લખેલ પ્રસંગે પાછી મોકલવાને કોરટ મુખત્યાર છે.

(અ) લવાદોને સોંપેલી કોઇ બાબત નિવાડામાં વગર નિકાલ કરે રહેવા દીધી હોય અથવા લવાદોને ન સોંપેલી કોઇ બાબતનો તેમાં ચુકાદો કરયો હોય ત્યારે;

(બ) નિવાડો એટલો મોઘમ હોય કે તે બજી શકે નહી તો;

(ક) નિવાડો કાયદાસર નથી એવી હરકત નિવાડો જોતાંજ જણાઇ આવતી હોય તો.

નિવાડો રદ કરવાનાં કારણ.

૫૨૧. કલમ ૫૨૦ પ્રમાણે ફરી વિચાર કરવા સારૂ પાછા મોકલેલા નિવાડાને ફરી વિચારમાં લેવાની લવાદો અથવા સરપંચ ના પાડશે તો, તે નીવેડો રદ થશે.

પરંતુ નીચેના કોઇ કારણ શિવાય કોઇ નિવાડો રદ કરવો નહીં, તે એ કે:—.

(અ) લવાદે અથવા સરપંચે રૂશવત લીધી હોય અથવા બદચાલ ચલાવી હોય તો;

(બ) કોઇપણ પક્ષકારે પોતે જે વાત ખુલ્લી કરવી જોઇએ તે દગાથી છુપાવી હોય, અથવા જાણી જોઇને લવાદને કે સરપંચને ઊંધું સમજાવ્યું હોય કે ઠગ્યા હોય તો;

[ક] લવાદો રદ્દ કરીને ફરિયાદ પાછી ચલાવવાનો કોરટે હુકમ કાઢ્યા પછી નિવાડો કરયો હોય તો;

અને કોરટે આપેલી મુદતમાં નિવાડો નહી કરયો હોય. તે કાયદેસર ગણાશે નહી.

નિવાડા પ્રમાણે ફેસલો આપવો.

૫૨૨. ઉપર કહ્યા પ્રમાણે નિવાડો અથવા લવાદીપર સોંપેલી બાબતો પઇકી કોઇ બાબત ફરીથી વિચાર કરવા સારૂ પાછી મોકલવાનું કારણ કોરટને ન જણાય, અને નિવાડો રદ્દ કરવા સારૂ કાંઇ અરજ કરવામાં આવી ન હોય, અથવા કોરટે તે અરજ નાકબુલ કરી હોય તો,

તે અરજ કરવાની મુદત વિત્યા પછી નિવાડા પ્રમાણે કોરટે ફેસલો આપવો,

અથવા ખાસ હકીકત (સ્પેસ્યલ કેસ) ના રૂપમાં તે નિવાડો કોરટમાં મોકલ્યો હોય તો, તે ખાસ હકીકત ઉપર પોતાનો અભિપ્રાય હોય તે મુજબ ફેસલો આપવો.

ફેસલા પછી હુકમનામું કર્યું.

આ પ્રમાણે ફેસલો આપવામાં આવે એટલે તે ઉપરથી હુકમનામું કરવું, અને હુકમનામાં બજાવવાને આ કાયદામાં જે ઠરાવો કરેલા છે તે રીતે હુકમનામું બજાવવું.

અને તે હુકમનામા ઉપર અપીલ ચાલશે. પરંતુ જેટલું હુકમનામું નિવાડા પ્રમાણે નહી હોય અથવા નિવાડા કરતાં વધારે હશે તેટલાને વાસ્તે અપીલ ચાલવાને હરકત નથી.

લવાદ ઉપર સોંપવાનું કરારનામું કોરટમાં દાખલ કરાય.

૫૨૩. જ્યારે કોઇ સખસો એવું લખેલું કરારનામું કરે કે, તમની વચ્ચેનો કંઇ વાંધો, તે કરારનામામાં લખેલા શખસને, અથવા કરારનામામાં લખેલી બાબત ઉપર જે કોરટની હકુમત હોય તે કોરટ ઠરાવે તે શખસને, લવાદી સારૂ સોંપવો, તો તે કરારના પક્ષકારો અથવા તમાંનો કોઇ કોરટમાં તે કરારનામું નોંધાવવાને અરજ કરી શકે.

અરજ ઉપર નંબર પાડીને તે નોંધવી.

તે અરજ લખેલી હોવી જોઇએ. તે અરજ કરારનામું કરનારા બધા શખસોએ આપી હોય તો, જેમનો હક હોય અથવા જેઓ હકનો દાવો રાખતા હોય તે પઇકી એક અથવા અનેકને વાદી કે વાદીઓ ગણીને તથા બીજાઓ કે બીજાને પ્રતિવાદીઓ કે પ્રતિવાદી ગણીને—અને બધાએ અરજ ન આપી હોય તો અરજદારને વાદી ગણીને તથા બીજાઓને પ્રતિવાદી ગણીને, તેઓની વચ્ચે ફરિયાદ હોય તે પ્રમાણે તે ઉપર નંબર પાડી તે નોંધવી.

તે ન દાખલ કરવાનું કારણ બતાવવાની નોટીસ.

આ પ્રમાણે અરજ થયા પછી અરજદાર શિવાયના કરારનામું કરનારા શઘળા પક્ષકારોને તે બાબતની નોટીસ આપવાનું કોરટે ફરમાવવું. તે નોટીસમાં એમ લખવું કે કરારનામું શા માટે નોંધવું નહી તેનું કારણ તમારે નોટીસમાં લખેલી મુદતની દરમ્યાન બતાવવું.

પરંતુ કારણ બતાવવામાં ન આવે તો કોરટ તે કરારનામું દાખલ કરાવવાને મુખત્યાર છે. અને તે ઉપરથી લવાદીપર સોંપવાનો હુકમ કરવો. તથા કરાર

નીમામાં લવાદનું નામ ન લખ્યું હોય અને લવાદ નીમવામાં પક્ષકાર એકમત ન થાય તો લવાદને પણ કોરટ મુખ્યત્યાર છે.

લવાદી પર સોંપવાના હુકમ ઉપરથી ચાલતાં કામને આ બાબના ઠરાવ લાગુ પડશે.

૫૨૪. કલમ ૫૨૩ પ્રમાણે કોરટ લવાદી પર સોંપવાનો જે હુકમ કરયો હોય તે ઉપરથી ચાલતા બધા કામમાં, તથા લવાદના નિવાડાને, તથા તે ઉપરથી થએલા હુકમનામાની બજાવણીને, આ બાબના પાછળ કહેલા ઠરાવ સદર પ્રમાણે દાખલ કરેલા કોઈ કરારનામાથી વિરૂદ્ધ ન હોય તેટલા પુરતા લાગુ પડશે,

કોરટની મારફત વગર જે બાબત લવાદી પર સોંપી હોય તેનો નિવાડો દાખલ કરવા વિશે.

૫૨૫ કોઈ ઇનસાફની કોરટની મારફત વગર કાંઈ બાબત લવાદી પર સોંપવામાં આવી હોય, અને તે ઉપરથી લવાદે નિવાડો કરયો હોય તો, નિવાડો જે બાબતનો હોય તે બાબત વિશે છેક નીચા દરજાની જે કોરટને હકુમત હોય તેને, નિવાડામાં જેનું હિત હોય તે સખસ તે નિવાડો કોરટમાં દાખલ કરવા સારૂ અરજ કરવાને મુખ્યત્યાર છે.

અરજ ઉપર નંબર પાડીને તે નાંધવી.

તે અરજ લખેલી હોવી જોઈએ, અને અરજદારને વાદી ગણીને તથા બીજા પક્ષકારોને પ્રતીવાદીઓ ગણીને તેમની દરમ્યાન ફરીયાદ હોય તે પ્રમાણે તે અરજ ઉપર નંબર પાડીને તે નોંધવી.

લવાદીના પક્ષકારોને નોટીસ આપવી.

અરજદાર શિવાય લવાદીના બીજા જે પક્ષકારો હોય તેમને નોટીસ આપવાનું કોરટે ફરમાવવું તે નોટીસમાં એમ લખવું કે,—નિવાડો શા માટે દાખલ ન કરવો તેનું કારણ નોટીસમાં કહેલી મુદતમાં તમારે બતાવવું.

તે નિવેડો દાખલ કરીને અમલમાં લાવવાનું.

૫૨૬. કલમ ૫૨૦ માં અથવા કલમ ૫૨૧ માં કહેલું અથવા હવાલો આપેલું કંઈ કારણ નિવાડા વિરૂદ્ધ બતાવવામાં ન આવે તો. કોરટે તે દાખલ કરવાનો હુકમ કરવો. અને ત્યારથી તે નિવાડો આ બાબના ઠરાવ પ્રમાણે કરેલા નિવાડા મુજબ ગણવો.

બાબ ૬૮ મો.

પક્ષકારોના કરારનામા ઉપરથી ચલાવવાના કામ વીશે.

કોરટનો અભિપ્રાય સારૂ હકીકત (કેસ) લખી આપવાનો અખત્યાર.

૫૨૭. હકીકતની અથવા કાયદાની કોઈ તકરારનો ચુકાદો થવામાં પોતાનું લાગતું વળગતું છે. એમ જે પક્ષકારો દાવો રાખતા હોય તે લેખી કરારનામું કરવાને મુખ્યત્યાર છે તે કરારનામામાં તેમણે તે તકરાર હકીકત(કેસ તરીકે કોરટના અભીપ્રાય સારૂ લખવી, તથા તેમાં એવો ઠરાવ કરવો કે તે તકરાર વિશે કોરટનો નીરણય થએથી:—

(અ) પક્ષકારોએ ઠરાવેલા અથવા કોરટ ઠરાવે તેટલા રૂપીયા તેઓમાંના

એક જણે બીજાને આપવા; અથવા

(ખ) કરાર નામામાં લખેલી કંઇ સ્થાવર કે જંગમ મિલકત તેઓમાંના એક જણે બીજાને આપવી; અથવા

(ક) કરારનામામાં દરશાવેલું બીજું કંઇ વિશેશ કામ તેઓમાંથી એક અથવા વધારે જણે કરવું અથવા ન કરવું

આ કલમ પ્રમાણે કોરટને લખી આપેલી પ્રત્યેક હકીકતના (કિસના) અનુક્રમે નંબર પાડીને પારેગ્રાફ કરવા, અને તેમાં કાઢેલી તકરારનો નીરાણય કરવા સારૂ કોરટને જે હકીકતોની તથા દસ્તાવેજોની જરૂર પડે તે હકીકતો અને દસ્તાવેજો તેમાં સંક્ષેપમાં જણાવવા.

વિષયની કિંમત ક્યારે લખવી.

૫૨૮. કંઇ મીલકત આપવા બાબત અથવા કંઇ વિશેશ કામ કરવા કે ન કરવા બાબત કરારનામું હોય તો, જે મીલકત આપવાની હોય તેની અથવા જે માલકત સાથે કરારનામામાં દરશાવેલું કામ નિસબત રાખતું હોય તેની કીમતનો અટકળેલો આંકડો કરારનામામાં લખાવો.

કરારનામા ઉપર ફરીયાદ તરીકે નંબર પાડીને તે દાખલ કરવું.

૫૨૯. ઉપર કહેલા નિયમો પ્રમાણે કરારનામું તઇયાર કર્યું હોય તો, તે કરારનામામાના વિષયના જે રકમ અથવા કીમત હોય તેટલીજ કિંમત અથવા રકમવાળા વિષયની ફરીયાદ સાંભળવાની જે કોરટને હકમત હોય તે કોરટમાં તે કરારનામું દાખલ થઇ શકે.

એ પ્રમાણે કરારનામું દાખલ થાય એટલે જે સખસો લાગતા વળગતા પણાનો દાવો રાખતા હોય તે પઇકી એક અથવા વધારેને વાદી અથવા વાદીઓ ગણીને તથા બીજા કે બીજાઓને પ્રતીવાદી કે પ્રતિવાદીઓ ગણીને તેમની દરમ્યાન ફરીયાદ હોય તે પ્રમાણે તે કરારનામા ઉપર નંબર પાડીને તે નોંધવું, અને જે સખસ અથવા સખસોએ તે કોરટમાં આપ્યું હોય તે શિવાયના તે કરારનામું કરનારા બીજા સઘળા શખસોને નોટીસ આપવી.

કરારનામું કરનારા સખસો ઉપર કોરટની હકુમત ચાલશે.

૫૩૦ કરારનામું દાખલ થયા પછી તે કરારનામું કરનારા સઘળા શખસો ઉપર કોરટની હકુમત ચાલશે. અને તે કરારનામામાં લખી આપેલી વાત તેમને બંધનકારક થશે,

મુકદમો સાંભળી નિકાલ કરવાનું.

૫૩૧. પાંચમા બાબ પ્રમાણે કરેલી ફરીયાદ માફક તે મુકદમો સુનાવણીને વાસ્તે રાખવો અને તે બાબના કરાવો આ ફરિયાદને લાગુ પડે તેટલા લાગુ પાડવા.

પક્ષકારોની જબાની લીધા પછી અથવા પોતાને યોગ્ય લાગે તેવો બીજો પુરાવો લીધા પછી, કોરટની ખાત્રી થાય કેઃ—

(અ) તે પક્ષકારોએ બરોબર રીતે કરારનામું કરેલું છે, અને

(બ) તે કરારનામામાં લખેલી તકરારમાં તેઓ શુદ્ધ બુદ્ધિથી હક્ક સંબંધ ધરાવનારા છે, અને

(ક) તે નીશણય કરવા લાયક છે.

તે। સાધારણ ફરીયાદ માફક તે ઉપર કોરટે ફેસલો કડી સંભળાવવે।. તે પ્ર માણે ફેસલો આપ્યા પછી હુકમનામું કરવું, અને આ કાયદામાં હુકમનામાં બજાવ વાને જે નિયમો ઠરાવ્યા છે તે રીતે તે હુકમનામું બજાવવું.

બાબ ૩૯ મો.

વેચાય એવા લેખ ઉપરથી સંક્ષિપ્ત કામ ચલાવવાની રીત વિશે.

બીલ્સ આફ એકસચેન્જ વગેરે ઉપરથી સંક્ષિપ્ત ફ રિયાદો કરવાની તે.

૫૩૨. આ બાબ પ્રમાણે કામ ચલાવવાની વાદી ની ખુશી હોય તો, આ કલમ જે કોરટને લાગુ પડે તેવી કોઇ કોરટનાં. બીલ્સ આફ એકસચેન્જની, હુંડી ઓની, અથવા વાયદા ચીઠીઓ (પ્રામીસરી નોટ)ની બ ધી ફરીયાદો, આ કાયદામાં કહેલા નમુના પ્રમાણે ફરીયાદ અરજી આપીને માંડી શકાય. પરંતુ સમન કાઢવો તે આ આકટને જોડેલા ચોથા પરિશિષ્ટમાં નંબર ૧૭૨ માં કહેલા નમુના પ્રમાણે, અથવા હાઇ કોરટ વખતે વખત ઠરાવે તેવા બીજા નમુ ના પ્રમાણે કાઢવો.

જે મુકદમામાં ફરીયાદ અરજી અને સમન અનુક્રમે ઉપર કહેલા નમુના પ્રમા ણે કરેલા હોય તેમાં, હાજર થઇને જવાબ કરવા સારૂ આ આકટમાં હવે પછી કહ્યું છે તે રીતે પ્રતિવાદીએ જડજની રજા લીધા વગર, તેણે હાજર થવું નહી અથવા ફરીયાદનો જવાબ કરવો નહીં.

અને તે પ્રમાણે રજા લેવામાં તે કસુર કરે અથવા રજા પ્રમાણે હાજર થઇને જવાબ કરવામાં કસુર કરે તો, સમનમાં લખેલી રકમથી વધારે ન હોય એવી કો ઇ રકમનું, તથા (કંઇ દર લખ્યો હોય તો) લખેલા દર પ્રમાણે હુકમનામાની તારીખ સુધીના વ્યાજનું, તથા હાઇ કોરટે કરેલા નિયમ પ્રમાણે ખરચને બદલે જે ર કમ ઠરાવવામાં આવે તે સુધાંતનું હુકમનામું મેળવવાને વાદી હકદાર થશે. પરંતુ ખરચને વાસ્તે તે ઠરાવેલી રકમ કરતાં વાદી વધારે માગે તો બીજા કામમાં થા ય છે તે રીતે ખરચનો આંકડો નક્કી કરીને તે સુધાંતનું હુકમનામું મેળવવાને વા દી હકદાર થશે. અને તે હુકમનામું લાગલુંજ અમલમાં આણી શકાશે.

સમનમાં કહેલી રકમ કોરટમાં ભરવાની તે.

પ્રતીવાદીનો જવાબ પ્રથમ દરશનીય ચાલે એવો ન થી એમ કોરટને જણાયા વગર અથવા તેની શુદ્ધ બુદ્ધિ વિસે વાજબી સંશય આવ્યા વગેર, સમનમાં લખેલા રકમ કોરટમાં ભરવાનું અથવા તેને વાસ્તે જામીન આપવાનું પ્રતિવાદીને કહેવું નહીં.

ખુલાસો:—જે બીલ, હુંડી, અથવા ચીઠી ઉપરથી ફરીયાદ કરી હોય તે બી લ, હુંડી, અથવા ચીઠી, ફક્ત મુદત પાકી એટલે પઇસા મળવાનો પ્રથમ દરશની ય હક સ્થાપન કરવાને બસ થાય તેવા પ્રસંગેજ આ કલમ લાગુ પડે છે એમ સમ સમજવું નહીં.

ગુજરાત ઉપર જવાબ કરવાનું પ્રતિવાદી બતાવે

૫૩૩. પ્રતિવાદી અરજ કરે એટલે અને સમનમાં કહેલી રકમ પ્રતિવાદી કોરટમાં ભરે અથવા કોરટની ખા

તો તેને હાજર થવાની રજા આપવી.

ત્રી લાયક એવું સોગનનામું કરે કે તે ઉપરથી કાંઈ જ વાબ જણાઈ આવે, અથવા તે બીલના હુંડીના કે વાયદા ચીઠીના માલેકને મોબદલો શાબીત કરવાની જરૂર પડે એવી કઈ હકીકતો જણાઈ આવે, અથવા અરજની પુષ્ટીમાં કોરટને બસ લાગે એવી બીજી હકીકતો જણાઈ આવે, તો જામીન વિશે, મુદા તઈયાર કરીને નોંધવા વિશે અથવા બીજી રીતની કોરટને યોગ્ય લાગે તે શરતો કરીને, હાજર થઈને ફરિયાદનો જવાબ કરવાની કોરટે રજા આપવી.

હુકમનામું રદ કરવાનો અખત્યાર.

૫૩૪ હુકમનામું થયા પછી વિશેષ પ્રસંગ હોય તો હુકમનામું રદ કરવાને અને જરૂર પડે તો બજાવવાનું કામ બંધ રાખવાને અથવા રદ કરવાને કોરટ મુખત્યાર છે. અને સમન પ્રમાણે હાજર થઈને ફરિઆદનો જવાબ કરવાની રજા આપવાનુ કોરટને વાજબી લાગે તો, કોરટને યોગ્ય લાગે તે શરતોથી, તે રજા આપવાને કોરટ મુખત્યાર છે.

કોરટના અમલદાર પાસે બીલ વગેરે રાખવાનો હુકમ કરવાનો અખત્યાર.

૫૩૫ આ બાબ પ્રમાણે ચાલતા કોઈ કામમાં જે બીલ, હુંડી અથવા ચીઠી ઉપર ફરિયાદનો આધાર હોય તે લાગલીજ કોરટના કોઈ અમલદારની પાસે રાખવાનો હુકમ કરવાને તથા તે કામના ખરચને વાસ્તે વાદી જામીન આપે ત્યાં સુધી બધું કામ બંધ રાખવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

ન શિકારેલા બીલ કે ચીઠીના નકરામણનો દાખલો મેળવવાનુ ખરચ લેવાનું.

૫૩૬ બીલ આફ એકસચેન્જ અથવા વાયદા ચીઠી નકારવાથી તેના માલકનો તે બીલ અથવા ચીઠીની રકમ લેવા સારૂ આ બાબ પ્રમાણે જે ઇલાજ ચાલે તેજ, તે નકારવાને લીધે, તે નકારયા બદલ અથવા ભરણુ ન કરયા બદલ નોંધ કરાવવા અથવા બીજી રીતે તેને જે ખરચ લાગ્યું હોય તે ખરચ લેવાને ચાલશે.

આ બાબ પ્રમાણે કરેલી ફરીયાદોમાં કામ ચલાવવાની રીત.

૫૩૭ ૫૩૨ થી ૫૩૬ સુધીની પાંચ કલમોમાં જે ઠરાવ કરેલા છે તે શિવાય બાબ ૫ મા પ્રમાણે કરેલી ફરીયાદોમાં કામ ચલાવવાની જે રીત છે તેજ આ બાબ પ્રમાણે કરેલી ફરીઆદોમાં કામ ચલાવવાની રીત સમજવી.

આ બાબ લાગુ કરવાનું.

૫૩૮ થી ૫૩૭ (બેન સુધાંત) સુધીની કલમો ફકત નીચે કહેલી કોરટોને લાગુ પડે છે, એટલે:—

(અ) ફોર્ટ વુલ્યમ, મદ્રાસ અને મુંબઈની ન્યાયાધિકારી હાઈ કોરટોને;
(બ) રંગુનના રીકાર્ડરની કોરટને
(ક) કલકત્તા, મદ્રાસ, અને મુંબાઈ એ શેહેરોમાંની સ્માલકાજ કોરટોને,
(ડ) કરાંચીના જડજની કોરટને; તથા
(ઈ) સરકારી ગેઝીટમાં જાહેરખબર આપીને સ્થાનીક સરકાર સાધારણ અવલ દિવાની હકુમતવાળી જે બીજી કોરટોને તે કલમો લાગુ કરે તે

કોરટોને

આ પ્રમાણે લાગુ કરવામાં આવે ત્યારે તે લાગુ કરેલા ઠરાવોને લગતા અખત્યાર કોણે ચલાવવા ને તેને લગતુ કામ કોણે કરવું તે ફરમાવવાને તથા તે લાગુ કરેલા ઠરાવો અમલમાં લાવવાને જરૂર લાગે તેવા નિયમો કરવાને સ્થાનીક સરકાર મુખત્યાર છે.

સદરહું જાહેર ખબર છપાયા પછી એક માસમાં તે ઠરાવો તે પ્રમાણે લાગુ પડશે અને સદરહુ પ્રમાણે કરેલા નિયમો કાયદા જેટલા બળવાન ગણાશે.

એવી કોઇ જાહેરખબરમાં વખત વખતે ફેરફાર કરવાને અથવા તે રદ કરવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે.

બાબ ૪૦ મો.

સારવજનિક ધર્માદાય બાબતની ફરિયાદો વિશે.

સાર્વજનિક ધરમાદાય બાબતની ફરિયાદો ક્યારે થઈ શકે.

૫૩૯ સાર્વજનીક, ધરમાદાય, અથવા ધરમસબંધી કામસારૂ સ્પષ્ટ અથવા ગર્ભિત રીતે ઉત્પન્ન થએલો કંઇ જુમ્મો [ત્રસ્ટ) તોડ્યો છે એમ કહેવામાં આવતું હોય ત્યારે, અથવા તેવા કોઇ જુમ્માનો, [ત્રસ્ટનો] વહીવટ કરવા સારૂ કોરટના હુકમની જરૂર જણાય ત્યારે, પોતાના ઓહદાના સબંધથી આડવોકેટ જનરલ અથવા ત્રસ્ટમાં જેમનો પ્રત્યક્ષ સંબંધ હોય અને જેમણે આડવોકેટ જનરલની લખેલી સમતી મેળવી હોય તેવા બે અથવા વધારે શખસો.—ત્રસ્ટનો વિષય બધો અથવા થોડો ઘણો જે ડીસ્ત્રિકટની દિવાની હકુમતની સ્થાનીક હદમાં હોય તે ડિસ્ટ્રીક્ટ કોરટમાં અથવા હાઇ કોરટમાં—નીચે પ્રમાણે હુકમનામુ મેળવવા સારૂ ફરિઆદ કરવાને મુખત્યાર છે:—એટલે

[અ) ત્રસ્ટ અન્વયે નવા ત્રસ્ટી નીમવાનુ:

(બ) ત્રસ્ટ અન્વયે કંઈ મિલકતનો હક ત્રસ્ટીઓને પ્રાપ્ત કરવાનુ.

(ક) જે જે બાબતોને માટે ત્રસ્ટ હોય તે તે બાબતોમાં તે શા પ્રમાણમાં આપવું એ ઠરાવવાનું.

(ડ) ત્રસ્ટની બધી અથવા થોડી ઘણી મિલકત ભાડે આપવાનો, વેચવાનો ઘરાણે મુકવાનો, અથવા બદલવાનો અખત્યાર આપવાનું.

[ઈ) તેની વ્યવસ્થા કરવાસારૂ કંઇ યોજના મુકરર કરવાનું; અથવા કામના સ્વરૂપ પ્રમાણે જોઇએ તેવી જાસ્તી અથવા બીજી કંઇ દાદ આપવાનું,

આડવોકેટ જનરલને આ કલમમાં જે અખત્યાર આપેલો છે તે કેટલાકના મુખ્ય શેહેર બહાર સ્થાનીક સરકારની અગાઉથી મંજુરી લઇને કલેક્ટર પણ ચલાવે અથવા સ્થાનિક સરકાર આ કામને વાસ્તે નીમે તેવો કોઇ અમલદાર ચલાવે.

સને ૧૮૪૦ ના આક્ટ નંબર ૧૦ ની કલમ ૨ આ ઉપરથી રદ કરી છે.

—◦—

ભાગ ૬ ઠો.
અપીલો વિશે.
બાબ ૪૧ મો.
અવલ હુકમનામા ઉપરની અપીલો વિશે.

મુદામાં મનાઇ કરી હો હોય તે શિવાયનાં તમામ અવલ હુકમનામાં ઉપર અપીલ ચાલશે.

૫૪૦ આ કાયદામાં અથવા જે તે વખતે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદામામાં બીજી રીતે સ્પષ્ટપણે ઠરાવ્યું ન હોય તો, અવલ કોરટોના ઠરાવો ઉપર અપીલો સાંભળવાને જે કોરટોને અખત્યાર છે તે કોરટોમાં, અવલ હકુમત ચલાવનારી કોરટોનાં હુકમનામાં ઉપર અથવા હુકમનામાના કંઇ ભાગ ઉપર અપીલ ચાલશે.

અપીલનો નમુનો.

યાદની સાથે શું સામીલ રાખવું.

૫૪૧ અપીલ કરી તે યાદીના રૂપમાં લખીને કરવી અને તે અપેલન્ટે આપવી; અને જે હુકમનામા ઉપર અપીલ કરી હોય તેને હુકમનામાની નકલ તથા (અપીલ કોરટ ચલાવી ન લે તો) જે ફેસલા ઉપર તે હુકમનામું આધાર રાખતું હોય તે ફેસલાની નકલ તેની સાથે જોડવી.

યાદનો મજકુર.

તે યાદમાં, જે હુકમનામા ઉપર અપીલ કરવાની હોય તે હુકમનામા ઉપર હરકત લેવાનાં કારણો, સંક્ષેપમાં કલમવાર રાખવાં, તેમાં કંઇ દલીલ અથવા હકીકત લખવી નહીં અને તે કારણો ઉપર અનુક્રમે નબર પાડવા.

જે કારણ લખ્યાં હોય તે કારણનેજ અપીલ કરનારે વળગી રહેવુ.

૫૪૨ લખી આપ્યા શિવાયનું હરકત લેવાનું બીજું કોઇ કારણ કોરટની રજા વગર અપીલ કરનારે કાઢવું નહીં, અથવા બીજા કોઇ હરકત લેવાના કારણની પુષ્ટીમાં તેનું કંઇ સાંભળવું નહીં. પરંતુ અપીલનો નિકાલ કરવામાં અપીલ કરનારે લખ્યાં હોય તે શિવાયનાં બીજાં કારણનો વિચાર કરવાની કોરટને મનાઇ નથી.

પણ એવું ઠરાવવામાં આવે છે કે, અપીલ કરનારે જે કારણ લખ્યું ન હોય તે કારણ ઉપર મુકદમો લઢવાની રેસ્પોન્ડન્ટને પુરતી તક ન મળી હોય તો, કોરટે તે ન લખેલા કારણ ઉપર પોતાના ફેસલાનો આધાર રાખવો નહીં.

યાદનામંજુર કરવાનું અથવા દુરસ્ત કરવાનું.

૫૪૩ પાછળ બતાવી તે રીતે અપીલની યાદ લખી ન હોય તો તે નામંજુર થઇ શકે, અથવા કોરટ ઠરાવે તે મુદતમાં દુરસ્ત કરવાસારૂ અપીલ કરનારને તે પાછી અપાય, અથવા ત્યાંને ત્યાં તેજવખતે તે દુરસ્ત થઇ શકે.

આ કલમ પ્રમાણે કોઇ યાદ કોરટ નામંજુર કરે તો તે નામંજુર કરવાના સબબ કોરટે લખવા.

આ કલમ પ્રમાણે અપીલની યાદ દુરસ્ત કરવામાં આવે તો જડજે અથવા આ કામસારૂ જડજ નીમે તે અમલદારે તે દુરસ્તી ઉપર પોતાની સહી કરવી.

ઘણા વાદીઓને અથવા

૫૪૪ કોઇ ફરીઆદમાં એક કરતાં વધારે, વાદીઓ અ

પ્રતિવાદીઓને બધાને લાગુ પડે એવા કારણ ઉપરથી હુકમનામું કર્યું હોય તો. તે વાદીઓ અથવા પ્રતિવાદીઓમાંથી એકજણ આખુ હુકમનામુ ફેરવાવી શકે.

વા પ્રતીવદીઓ હોય, અને જે હુકમનામા ઉપર અપીલ કરવામાં આવી હોય તે હુકમનામું બધા વાદીઓને અથવા બધાપ્રતિવાદીઓને લાગુ પડે એવા કોઈ કારણ ઉપરથી આપ્યું હોય તો, વાદીઓમાંથી અથવા પ્રતિવાદીઓમાંથી ગમે તે એક જણ આખા હુકમનામા ઉપરઅપીલ કરવાને મુખત્યાર છે. અને પછી બધા વાદીઓના કે પ્રતિવાદીઓના જેના હોય તેના, લાભમાં તે હુકમનામું ફેરવવાને અથવા તેમાં ઓછું વતું કરવાને અપીલ કોરટ મુખત્યાર છે

જે હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે હુકમનામાં બજાવવા તથા તેમની બજાવણીનું કામ બંધ. રાખવા. બાબત

અપીલ થઇ હોય એટલાજ કારણ ઉપરથી હુકમનામાંની બજાવણી બંધ રાખવી નહીં.

૫૪૫. હુકમનામા ઉપર અપીલ કરવામાં આવી હોય તેટલાજ કારણ ઉપરથી તે હુકમનામું બજાવવાનું કામ બંધ થશે નહીં; પરંતુ પુરતું કારણ હોય તો બજાવણીનું કામ બંધ રાખવાનો હુકમ કરવાને અપીલ કોરટ મુખત્યાર છે.

અપીલ થઇ શકે એવું હુકમનામું અપીલની મુદત વીત્યા પહેલાં બજાવવું બંધ રખાય.

જેના ઉપર અપીલ થઇ શકે તેવા હુકમનામાની, તેના ઉપર અપીલ કરવાની ઠરાવેલી મુદત વિત્યા અગાઉ બજાવણી બંધ રાખવાની અરજ કરવામાં આવે, તો હુકમનામું કરનારી કોરટ પુરતા કારણ ઉપરથી બજાવવાનું કામ બંધ રાખવાનો હુકમ કરવાને મુખત્યાર છે.

પરતું હુકમ કરનારી કોરટની નીચે પ્રમાણે ખાત્રી થયા વગરઃ એટલે—

(અ) હુકમ નહીં કરવામાં આવે તો બજાવવાનું કામ બંધ રાખવાની અરજ કરનાર પક્ષકારને ખરેખરૂં નુકશાન થાય તેમ છે;

(બ) અરજ કરવામાં ગેરવ્યાજબી ઢીલ કરેલી નથી; અને

(ક) જે હુકમનામું અથવા હુકમ અરજ કરનારને આખરે બંધનકારક થાય તે હુકમનામું અથવા હુકમ બરાબર રીતે પુરો કરી આપવાના તે અરજદારે જામીન આપેલા છે.

એવી ખાત્રી થયા વગર આ કલમ પ્રમાણે કોઇ હુકમ કરવો નહી.

જેના ઉપર અપીલ થઇ હોય. તે હુકમનામું બજાવવાનો હુકમ કરવામાં આવે તો જામીન લેવાના તે.

૫૪૬. જે હુકમનામા ઉપર અપીલ ચાલુ હોય તે હુકમનામું બજાવવાનો હુકમ કરવામાં આવે ત્યારે, હુકમનામું કરનારી કોરટને અપેલેન્ટ પુરતું કારણ બતાવે તો હુકમનામું બજાવવામાં જે મિલકત લેવામાં આવે તે પાછી આપવાના, અથવા તે મિલકતની કિંમત આપવાના, અને અપીલ કોરટનું હુકમનામું અથવા હુકમ થાય તે બરોબર રીતે પુરો કરવાના, જામીન આપવાનું હુકમનામું કરનારી કોરટે ફરમાવવું.

અથવા તેવા કારણ ઉપરથી હુકમનામું કરનારી કોરટને તેવા જામીન લેવાનું ફરમાવવાને અપીલ કોરટ મુખત્યાર છે.

અને પહોંચા બાબતનું હુકમનામું બજાવવામાં સ્થાવર મિલકત વેચવાનો હુકમ કર્યો હોય, અને તે હુકમનામા ઉપર અપીલ ચાલુ હોય તો, હુકમનામાના દેણુદારે અરજ કરવાથી જામીન આપવા વિશેની અથવા બીજી રીતની હુકમનામું કરનારી કોરટને યોગ્ય લાગે તેવી શરતો કરીને અપીલનો નિકાલ થતાં સુધી વેચાણ બંધ રાખવું.

સરકાર અથવા સરકારી અમલદાર પાસેથી તેવા જામીન માગવા નહીં.

૫૪૭. કલમ ૫૪૫ અને ૫૪૬ માં કહેલા છે તેવા જામીન હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇનકાઉન્સિલ પાસેથી અથવા કોઈ સરકારી અમલદારે કાંઇ કામ પોતાના ઓહદાને લીધે કર્યું છે એમ કહીને તે કામ બદલ તેના ઉપર ફિરિયાદ કરી હોય, ત્યારે (ફિરિયાદનો જવાબ કરવાનું સરકારે માથે લીધું હોય તો) તે અમલદાર પાસેથી માગવા નહીં.

હુકમનામા ઉપર થએલી અપીલોમાં કામ ચલાવવાની રીત.

અપીલની યાદ નોંધવાનું.

૫૪૮. અપીલની યાદ મંજુર કરવામાં આવે એટલે, અપીલ કોરટે અથવા તે કોરટના યોગ્ય અમલદારે તેના ઉપર અપીલ આપ્યાની તારીખનો શેરો કરવો, અને અપીલ નોંધવા સારૂ એક ચોપડી રાખીને તે ચોપડીમાં તે અપીલ નોંધવી.

અપીલનું રજીસ્ટર.

તે ચોપડીને અપીલનું રજીસ્ટર કહેવું.

અપીલ કોરટ અપેલેન્ટ પાસે ખરચના જામીન માગે.

૫૪૯. રેસ્પોન્ડન્ટને અરજ ઉપરથી, અપીલ કોરટની નજરમાં આવે તો, અપીલના ખરચના અથવા તે બંનેના અપેલેન્ટ પાસેથી જામીન માગવાને અપીલ કોરટ મુખત્યાર છે.

અપેલેન્ટ બ્રિટિશ ઇંડિયાની બહાર રહેતો હોય તો.

પરંતુ કોઇ કામમાં અપેલેન્ટ બ્રિટિશ ઇંડિયાની બહાર રહેતો હોય, અને જે મિલકત (જો કાંઇ હોય તો તે) બાબત અપીલ હોય તે શિવાય તેની કંઇ પુરતી સ્થાવર મિલકત બ્રિટિશ ઇંડીયામાં ન હોય, તો તે કામમાં હમેશ કોરટે ખરચના જામીન માગવા.

કોરટ હુકમ કરે તેટલી મુદતમાં તે જામીન આપવામાં ન આવે તો, કોરટે તે અપીલ નામંજુર કરવી.

જે કોરટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોરટને અપીલ કોરટે નોટીસ આપવી.

૫૫૦. અપીલની યાદ નોંધાય એટલે, જે કોરટના હુકમનામાઉપર અપીલ થઇહોય તે કોરટને, તેઅપીલ વિશેની તે અપીલ વિશેની નોટીસ અપીલ કોરટે મોકલવી.

અપીલ કોરટને કાગળ મોકલી દેવા.

જે કોરટનાં દફતર અપીલ કોરટમાં રખાતાં નથી તે કોરટ ઉપર અપીલ હોય તો, જે કોરટને તે નોટીસ મળે તે કોરટે, બની શકે તેટલી જલદી કરીને તે ફિરિયાદમાંના બધા જરૂરીઆત કાગળો અથવા અપીલ કોરટે નામ લઇને મંગાવેલા કાગ

ળો મોકલી દેવા.

જે કોરટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોરટમાં દાખલ થએલા દસ્તાવેજોની નકલો રાખવાનું.

જે કોરટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોરટમાં કોઇ કાગળોની નકલ કરી રાખલા એમાંથી કોઇ પક્ષકાર માગતો હોય તો, જે કાગળોની નકલ કરી રાખવા માગતો હોય તે કાગળોનાં નામ સુધાંત તે કોરટને લખેલી અરજી કરવાને તે મુખત્યાર છે; અને તેવા કાગળોની નકલો તે અરજદારને ખરચે કરીને તે પ્રમાણે રાખવી.

નીચલી કોરટનો ઠરાવ તે કોરટને નોટીસ મોકલ્યા વગર કાયમ રાખવાનો અખત્યાર.

૫૫૧. અપેલેન્ટ અથવા તેનો પ્લીડર કહે તે સાંભળવાની મુદત ઠરાવ્યા પછી અને તે મુદતે હાજર થાય તો તે પ્રમાણે તેનું કહેવું સાંભળ્યા પછી, અપીલ કોરટને યોગ્ય લાગે તો, જે કોરટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોરટને તે અપીલ વિશેની નોટીસ મોકલ્યા વગર, અને રેસ્પોન્ડન્ટને અથવા તેના પ્લીડરને નોટીસ પોંચાડયા વગર, તે કોરટનો ઠરાવ કાયમ રાખવાને અપીલ કોરટ મુખત્યાર છે; પરંતુ તેવે પ્રસંગે તે કાયમ રાખ્યાની વાત તે કોરટને જણાવવી જોઇએ.

અપીલ સાંભળવાનો દિવસ.

૫૫૨. નીચલી કોરટનો ઠરાવ કલમ ૫૫૧ પ્રમાણે અપીલ કોરટ કાયમ ન કરે, તો તે અપીલ કોરટે અપીલ સાંભળવાનો એક દિવસ મુકરર કરવો.

કોરટમાં ચાલુ કામ કેટલું છે, રેસ્પોન્ડેન્ટને રહેવાનું ઠેકાણું કેટલું દુર છે, અને અપીલની નોટીસ પોંચાડવાને કેટલી મુદત લાગશે તે ઉપર વિચાર કરીને તે દિવસ એવી રીતે ઠરાવવો કે જેથી તે દિવસે હાજર થઇને અપીલનો જવાબ આપવાને રેસ્પોન્ડેન્ટને પુરતો વખત મળે.

અપીલ સાંભળવાના દિવસની નોટીસ પ્રસિદ્ધ કરવાનું તથા તે પોંચાડવાનું.

૫૫૩. આ પ્રમાણે ઠરાવેલા દિવસની નોટીસ અપીલ કોરટના મકાનમાં ચોઢવી, અને તેવી એક નોટીસ અપીલ કોરટે, જે કોરટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોરટને મોકલવી, અને હાજર થઇને જવાબ દેવા સારૂ પ્રતિવાદીને સમન પોંચાડવા વિશે જે રીત ૬ ઠા બાબમાં કહી છે તે રીતે તે નોટીસ રેસ્પોન્ડેન્ટને અથવા અપીલ કોરટમાંના તેના પ્લીડરને પોંચાડવી; અને તે સમનને તથા તે પોંચાડવા સબંધી કામને લાગુ પડે તેવા બધા નિયમો આ નોટીસ પોંચાડવા સબંધી કામને લાગુ પડશે.

અપીલ કોરટ પોતે નોટીસ પોંચડાવે.

જે કોરટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોરટને નોટીસ મોકલ્યાને બદલે, ઉપર કહેલા નિયમ પ્રમાણે અપીલ કોરટ પોતે રેસ્પોન્ડેન્ટને અથવા તેના પ્લીડરને તે નોટીસ પોંચડાવવાને મુખત્યાર છે.

નોટીસનો મજકુર.

૫૫૪. રેસ્પોન્ડેન્ટની નોટીસમાં એવું જણાવવું કે જે તમે સદરહુ પ્રમાણે ઠરાવેલે દિવસે અપીલ કોરટમાં હા

જર નહીં થાએ તો અપીલ એક તરફી સાંભળવામાં આવશે.

સુનાવણી વખતે કામ ચલાવવાની રીત.

શરૂવાત કરવાનો હક્ક

૫૫૫. સદરહુ પ્રમાણે ઠરાવેલે દીવસે અથવા બીજા જે દીવસ ઉપર સુનાવણી મુલતવી રાખી હોય તે દીવસે અપીલની તરફેણમાં અપેલેન્ટ જેકહે તે સાંભળવું. પછી કોરટ એકદમ અપીલ કાહાડી ન નાખે તો અપીલની વિરૂદ્ધ રેસ્પોન્ડેન્ટ જે કહે તે સાંભળવું જોઇયે, અને એવી બાબતનો અપેલેન્ટને જવાબ આપવાનો હક પ્રાપ્ત થશે.

અપેલેન્ટની કસુરને લીધે અપીલ કાઢી નાંખવી.

૫૫૬. સદરહુ પ્રમાણે ઠરાવેલે દિવસે અથવા બીજા જે દિવસ ઉપર સુનાવણી મુલતવી રાખી હોય તે દિવસે અપેલેન્ટ જાતે અથવા પોતાના પ્લીડર મારફતે હાજર ન થાય તો કસુરને લીધે અપીલ કાઢી નાંખવી.

એક તરફી અપીલ સાંભળવી.

જો અપેલેન્ટ હાજર થાય અને રેસ્પોંડેન્ટ હાજર ન થાય તો તેની ગેરહાજરીમાં અપીલ એક તરફી સાંભળવી.

અપેલેન્ટ નોટીસનું ખરચ ભરવાને ચુક્યો તેથી નોટીસ ન પોંચી હોય તો અપીલ કાઢી નાંખવામાં આવે.

૫૫૭. સદરહુ પ્રમાણે ઠરાવેલે દિવસે અથવા બીજા જે દિવસ ઉપર સુનાવણી મુલતવી રાખી હોય તે દિવસે એવું માલમ પડે કે, કોરટે ઠરાવેલી મુદ્દતમાં નોટીસ કાઢવાને જોઇએ તે ખરચની રકમ અપેલન્ટે ભરી નહીં એટલા માટે રેસ્પોન્ડેન્ટને નોટીસ પોંચી નથી, તો અપીલ કાઢી નાંખવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

વિશેશ ઠરાવ.

પરંતુ સદરહુ પ્રમાણે અપીલની સુનાવણીને વાસ્તે ઠરાવેલે દિવશે જો રેસ્પોન્ડેન્ટ જાતે અથવા પલીડરની મારફતે અથવા યોગ્ય રીતે અખત્યાર આપેલા મુખત્યારની મારફતે હાજર થાય તો, રેસ્પોન્ડેન્ટને નોટીસ ન પોંચાડી હોય તોએ, ઉપર પ્રમાણે હુકમ કરવો નહી.

કસુરને લીધે કાહાડી નાંખેલી અપીલ ફરી ફાઇલ ઉપર લેવાય.

૫૫૮. કલમ ૫૫૬ અથવા ૫૫૭ પ્રમાણે કોઇ અપીલ કાઢી નાંખવામાં આવે તો, તે અપીલ ફરી ફાઇલ ઉપર લેવા સારૂ અપીલ કોરટને અરજ કરવાને અપેલન્ટ મુખત્યાર છે. અને જો એવું શાબિત કરવામાં આવે કે,—અપીલ સુનાવણીને વાસ્તે નિકળી તે વખતે કોઇ પુરતા સબબને લીધે મારાથી હાજર રેહેવાયું નહી અથવા સદરહુ પ્રમાણે જોઇએ તે રકમ ભરાઇ નહી—તો ખરચ અથવા બીજી રીતની જે શરતો તેના ઉપર નાંખવી કોરટને યોગ્ય લાગે તે શરતોથી અપીલ ફરી ફાઇલ ઉપર લેવાને કોરટ મુખત્યાર છે.

સુનાવણી મુલતવી રાખીને જે સખસોનું લાગતું વળગતું જણાય તેમને રેસ્પોન્ડેન્ટ કરવાનું ફરમાવવાનો અખત્યાર.

૫૫૯ સુનાવણી વખતે કોરટને એવુ જણાય કે, જે કોરટના હુકમનામા ઉપર અપીલ થઇ છે તે કોરટમાં કોઇ સખસ ફરીયાદનો પક્ષકાર હતો પણ અપીલમાં તેને પક્ષકાર કરયો નથી, અને અપીલના નિવાડામાં તેનો સબંધ છે, તો આગળનો એક દિવશ ઠરાવીને તે દીવશ ઉપર સુનાવણી મુલત્વી રાખવાને અને તે સખસને રેસ્પો

ન્ડેન્ટ કરવાનું ફરમાવવાને કોરટ મુખત્યાર છે.

જે રેસ્પોન્ડેન્ટના ઉપર એક તરફી હુકમનામું થયું હોય તેની અરજ ઉપરથી અપીલ ફરી સાંભળી શકાય.

૫૬૦ રેસ્પોન્ડેન્ટની ગેરહાજરીમાં એક તરફી અપીલ સાંભળીને તેની વિરૂદ્ધ ફેંસલો આપ્યો હોય તો, તે અપીલ ફરી સાંભળવા સારૂ અપીલ કોરટને અરજ કરવાને રેસ્પોન્ડેન્ટ મુખત્યાર છે. અને નોટીસ યોગ્ય રીતે બજાવી ન હતી અથવા અપીલ સુનાવણીને વાસ્તે નિકળી તે વખતે કોઇ પુરતા સબબને લીધે પોતાથી હાજર રહેવાયું નહી, એમ કોરટની ખાત્રી રેસ્પોન્ડેન્ટ કરી આપે તો, ખરચ અથવા બીજી રીતની જે શરતો તેના ઉપર નાંખવી કોરટને યોગ્ય લાગે તે શરતોથી, અપીલ ફરી સાંભળવાને કોરટ મુખત્યાર છે.

રેસ્પોન્ડેન્ટે જાણે જુદી અપીલ કરી હોય તે પ્રમાણે તે સુનાવણી વખતે હુકમનામામાં હરકત લે.

૫૬૧. કોઇ રેસ્પોન્ડેન્ટે હુકમનામાના કોઇ ભાગ ઉપર અપીલ કરી ન હોય તોએ, સુનાવણી વખતે, નીચલી કોરટમાં તેના વિરૂદ્ધ ઠરાવ કરયો હોય તેવા કોઇ પણ કારણ ઉપર હુકમનામું તે પ્રતિપાદન કરે એટલુંજ નહી પણ અપીલ કરીને હુકમનામામાં જે હરકત તે લે તે હરકત લેવાને તે મુખત્યાર છે. પરંતુ અપીલની સુનાવણીને વાસ્તે જે દીવશ ઠરાવ્યો હશે તે દિવશથી સાત દિવશ કરતાં ઓછા નહી હોય તેટલા દિવશ આગમચ તે હરકત વિશેની નોટીસ દાખલ કરવી જોઇએ.

નોટીસનો નમુનો તથા તેને જે ઠરાવ લાગુ પડે તે

તે હરકત લેવી તે યાદીના રૂપમાં લેવી. અને કલમ ૫૪૧ માં અપીલની યાદીના નમુના તથા મજકુર વિશે જે ઠરાવો છે તે તેને લાગુ પડશે.

અપીલ કોરટે મુકદમો પાછો મોકલવાનો.

૫૬૨ જે કોરટના હુકમનામાં ઉપર અપીલ થઇ હોય તે કોરટે કંઇ પ્રારંભની બાબત ઉપરથી ફરીઆદનો નીકાલ કરયો હોય અને તે કરીને જે હકીકતનો પુરાવો પક્ષકારોના હકનો નિરણય કરવા સારૂ અપીલ કોરટને અવસ્યનો લાગતો હોય તે હકીકતનો કંઇ પુરાવો લેવામાં આવ્યો ન હોય, અને તે પ્રારંભની બાબત ઉપરનું હુકમનામું અપીલમાં રદ થાય તો અપીલ કોરટને યોગ્ય જણાએથી હુકમ કરીને તે કામ અપીલમાં થએલા હુકમની નકલ સાથે જે કોરટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોરટને પાછું મોકલવાને અપીલ કોરટ મુખત્યાર છે, અને અપીલ કોરટે એવું ફરમાવવું કે રજીસ્ટરમાં તે ફરીઆદનો જે મુળ નંબર પડયો હોય તે નંબર ઉપર તેને પાછી દાખલ કરીને તેના ગુણ દોષ ઉપર તજવીજ કરવી. જો અપીલ કોરટને યોગ્ય લાગે તો આ પ્રમાણે પાછા મોકલેલા કોઇ કામમાં, અમુક એક અથવા વધારે મુદાની ચોકસી કરવી એમ ફરમાવવાને અપીલ કોરટ મુખત્યાર છે.

જાસ્તી પુરાવો લેવાની મનાઇ કયારે થાય.

૫૬૩ સદરહુ પ્રમાણે કંઇ પુરાવો ન લીધો હોય તો લેવાનું ફરમાવીને કોઇ કામ પાછું મોકલ્યું હોય ત્યારે જે કોરટને કામ પાછું મોકલ્યું હોય તે કોરટે સદરહુ પ્र

માથે લીધેલા પુરાવાની વિરૂદ્ધ જે પુરાવો આપવામાં આવે તે શિવાય તે કામમાં બીજો કઇ પુરાવો લેવો નહીં.

પાછુ મોકલવાનીમર્યાદા.

૫૬૪ કલમ ૫૬૨ માં ઠરાવ્યું છે તે શિવાય બીજો ફેસલો કરવા સારૂ કોઇ કામ અપીલ કોરટે પાછું મોકલવું નહીં.

દફતર ઉપરનો પુરાવો બસ હોય તો અપીલ કોરટે આખર નીકાલ કરવો.

૫૬૫ અપીલ કોરટને ફેસલો કહી સંભળાવવાને વાસ્તે દફતરમાં પડેલો પુરાવો બસ હોય તો, જરૂર હોય તો, મુદ્દા ફેરી ઠરાવીને અપીલ કોરટે તે કામનો આખરનો નીરાણ્ય કરવો, પછી જે કોરટના હુકમનામા ઉપર અપીલ કરી હોય તે કોરટે, અપીલ કોરટ જે કારણ ઉપરથી ફેસલો કરે તે કરતા જુદા કારણ ઉપરથી બધો ફેસલો આપ્યો હોય તેની ચીંતા નથી.

મુદ્દા કાઢીને ચોકશી સારૂ જે કોરટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોરટ તરફ અપીલ કોરટ ક્યારે મોકલે

૫૬૬ જે કોરટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોરટે કોઇ મુદ્દા કાઢવો, અથવા તેનો તપાસ કરવો. અથવા હકીકતની કોઇ તકરારનો નીરાણ્ય કરવો છોડી દીધો હોય અને ગુણદોષ ઉપરથી ફરિયાદનો ખરો નીકાલ કરવા સારૂ, તે મુદ્દા કાઢવો અથવા તેનો તપાસ કરવો, અથવા હકીકતની તકરારનો નિરાણ્ય કરવો અગત્યનો છે એમ કોરટને લાગે તથા તે મુદ્દાનો કે તકરારનો અપીલ કોરટથી નીરાણ્ય થાય એટલો દફતર ઉપર પુરાવો ન હોય તો ચોકશીને વાસ્તે મુદ્દા કાઢવાને તથા જે કોરટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોરટ તરફ ચોકશી સારૂ તે મુદ્દા મોકલવાને અપીલ કોરટ મુખત્યાર છે અને આવે પ્રસંગે જરૂર હોય તે જાસ્તી પુરાવો લેવાને તે કોરટને ફરમાવવું.

અને તે કોરટે તે મુદ્દાની ચોકશી કરવી, અને તે મુદ્દા ઉપરનો પોતાનો ઠરાવ તથા પુરાવો અપીલ કોરટને મોકલવો.

ઠરાવ તથા પુરાવો દફતરમાં દાખલ કરવો.

૫૬૭ તે ઠરાવ તથા પુરાવો ફરીઆદના દફતરમાં સામીલ કરવો, અને અપીલ કોરટ ઠરાવે તે મુદતમાં, તે ઠરાવ ઉપરની પોતાની હરકતોની યાદ આપવાને અપેલન્ટ કે રેસ્પોન્ડન્ટ મુખત્યાર તે છે.

ઠરાવ ઉપર લેવાની હરકતો,

અપીલનો નીરણ્ય

તે યાદ આપવાને વાસ્તે જે મુદત ઠરાવી હોય તે વીત્યા પછી અપીલ કોરટે અપીલનો નીરણ્ય કરવો

અપીલ કોરટમાંજાસ્તી પુરાવો હાજર કરવાનું.

૫૬૮ અપીલના પક્ષકારોને અપીલ કોરટમાં મોઢાનો કે દસ્તાવેજી જાસ્તી પુરાવો હાજર કરવાનો હક નથી. પરંતુ—

(અ) જે પુરાવો લેવો જોઇએ તે લેવાને જે કોરટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોરટે ના કહી હોય, અથવા

[ઘ] ફેસલો પોતાથી આપીશકાય તેટલા માટે અથવા બીજા કોઇ પાકા કારણને લીધે કોઇ દસ્તાવેજ હાજર કરાવવાની અથવા કોઇ સાક્ષી તપાસવાની અપીલ કોરટને જરૂર લાગે,

તો તે પુરાવો હાજર કરવા દેવાને અથવા તે દસ્તાવેજ લેવા દેવાને અથવા સાક્ષીની જબાની લેવા દેવાને કોરટ મુખત્યાર છે.

અપીલ કોરટ જાસ્તી પુરાવો લે ત્યારે તે લેવાનાં કારણ તે કોરટે પોતાના દફતરમાં લખવાં,

જાસ્તી પુરાવો લેવાનો પ્રકાર.

૫૬૯ જ્યારે નવો પુરાવો લેવાની રજા આપવામાં આવે ત્યારે અપીલ કોરટે પોતે તે પુરાવો લે; અથવા જે કોરટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોરટને કે બીજી કોઇ તાબાની કોરટને એવું ફરમાવે, કે તમારે પુરાવો લેવો અને તે લેવાય એટલે અપીલ કોરટને મોકલવો.

બાબતો જણાવીનેનોંધવી

૫૭૦ જાસ્તી પુરાવો લેવાને ફરમાવવામાં આવે અથવા રજા આપવામાં આવે તેવા બધા કામોમા જે બાબતો વિશે પુરાવો લેવાનો હોય તે બાબતો સ્પષ્ટ રીતે અપીલ કોરટે જણાવવી, અને તે જણાવેલી બાબતો પોતાના દફતરમાં નોંધવી.

અપીલના ફેસલા વિશે.

ફેસલો ક્યારે અને ક્યાં સંભળાવવો.

૫૭૧. પક્ષકારોનાં અથવા તેમના પ્લીડરોના ભાષણ સાંભળીને તથા અપીલમાંના કે જે કોરટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે, કોરટમાંના કામમાં હોય તે કોઇ કાગળ જોવાની જરૂર જણાય તો તે જોઇને અપીલ કોરટે ખુલી કોરટમાં તે જ વખતે અથવા કોઇ આગળને દીવસે ફેસલો કહી સંભળાવવો કોઇ આગળને દિવસે ફેસલો કહી સંભળાવે તો તે દીવસની નોટીસ પક્ષકારોને અથવા તેમના પ્લીડરોને આપવી.

ફેસલાની ભાષા

૫૭૨. અંગ્રેજી ભાષામાં ફેસલો લખવો, પરંતુ જડજની સ્વભાષા અંગ્રેજી ન હોય અને અંગ્રેજીમાં સમજાય તેવો ફેસલો તે લખી ન શકે, તો તેની સ્વભાષામાં અથવા કોરટની ભાષામાં ફેસલો લખવો.

ફેસલાનો તરજુમો.

૫૭૩ જે ભાષામાં ફેસલો લખ્યો હોય તે કોરટની ભાષા ન હોય અને કોઇ પક્ષકાર કોરટની ભાષામાં તેનો તરજુમો માગે, તો ફેસલાનો તે ભાષામાં તરજુમો કરવો, અને તરજુમો ખરો છે એ વિશે નકી કરયા પછી તે તરજુમા ઉપર જડજે અથવા જડજે એ કામને વાસ્તે જેને નીમે તે અમલદારે એના ઉપર સહી કરવી.

ફેસલાનો મજકુર

૫૭૪. અપીલ કોરટના ફેસલામાં નીચેની વીગતો લખવી:—

(અ) નિરણય કરવાની બાબતો;

(બ) તે ઉપરનો ઠરાવ.

[ક] તે ઠરાવનાં કારણો: અને

(ડ) જે હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે હુકમનામું રદ કરયું હોય અથવા તેમાં ફેરફાર કરયો હોય તો અપેલેન્ટને શી દાદ મળવાનો હક્ક છે તે.

તારીખ અને સહી. અને ફૈસલો સહી સંભળાવતી વખતે જે તારીખે તે કહી સંભળાવ્યો હોય તે તારીખ નાખીને તેના ઉપર જડજે અથવા તે ફૈસલા સાથે મળતા આવતા હોય તે જડજોએ સહી કરવી.

બે અથવા વધારે જડજોએ અપીલ સાંભળી હોય ત્યારે ફૈસલો કરવો તે. ૫૭૫. બે અથવા વધારે જડજોની સભાએ અપીલ સાંભળી હોય, તો તે જડજોના અભિપ્રાય પ્રમાણે અથવા તે જડજો પઇકી વધારે જણના બહુમત થાય તો તે બહુ મત પ્રમાણે અપીલનો નિકાલ કરવો.

જે હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે હુકમનામામાં ફેરફાર કરવાના અથવા તે રદ કરવાના ફૈસલા સાથે તેવા બહુમત મળતા ન આવે, તો તે હુકમનામું કાયમ રાખવું,

પરંતુ જે કોરટમાં બે કરતાં વધારે જડજો હોયતે કોરટના બે જડજોની અપીલ સાંભળનારી સભા મળેલી હોય, અને સભામાં બેહેજાજડજોનો કાયદાની બાબતમાં જુદા જુદા અભિપ્રાય થાય, તો તેજ કોરટના બીજા એક અથવા વધારે જડજોને તે અપીલ મોકલી શકાય, અને જેમણે પહેલી અપીલ સાંભળી હોય તે સુધાંતના જે બધા જડજોએ અપીલ સાંભળી હોય તેમાં બહુ મત થાય તો બહુમત પ્રમાણે તે અપીલનો નિકાલ કરવો.

જે હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે હુકમનામામાં ફેરફાર કરવાના અથવા તે રદ કરવાના ફૈસલા સાથે તેવા બહુમત મળતા ન આવે, તો તે હુકમનામું કાયમ રાખવું.

આ કલમ પ્રમાણે અપીલ મોકલવાનું કામ નિયમસર કરવા સારૂ આ કાયદાને અનુસરતી રીતે વખતે વખતે નિયમ કરવાને હાઇકોરટ મુખત્યાર છે.

જુદો મત પડે તે લખવો. ૫૭૬. એક કરતાં વધારે જડજોએ અપીલ શાંભળી હોય ત્યારે, કોરટના ફૈસલાથી કોઇ જડજનો મત જુદો પડે તો, અપીલમાં શો હુકમ અથવા નિકાલ કરવાનો તેના મનમાં આવે છે, એ તેણે લખવું; અને તે બાબતનાં કારણ લખવાને તે મુખત્યાર છે.

ફૈસલામાં કેવો હુકમ થઇ શકે. ૫૭૭. જે કોરટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોરટનું હુકમનામું કાયમ રાખવાનો, તેમાં ફેરફાર કરવાનો, અથવા તે રદ કરવાનો ફૈસલો થઇ શકે; અથવા અપીલમાં કેવા નમુનાનું હુકમનામું કરવું, કે અપીલમાં કેવી પ્રકારનો હુકમ કરવો એ વીશે અપીલના પક્ષકારો એક મત થાય તો, તે પ્રમાણે હુકમનામું અથવા હુકમ કરવાને અપીલ કોરટ મુખત્યાર છે.

ગુણ દોષને અથવા હકુમતને બાધ ન આવે એવી ભુલ અથવા ગેરરીતી ૫૭૮. ચુકાદો કરવામાં અથવા ફરીયાદમાં કંઇ હુકમ કરયો હોય તેમાં અથવા બીજી બાબતમાં કંઇ ભુલ અથવા ખામી હોય, અથવા તેમાં કઇ ગેરસીસ્ત કામ થ

સ્તપાણાને લીધે કોઇ હુકમનામું રદ કરવું નહીં અથવા તેમાં ફેરફાર કરવો નહીં.

ચું હોય, પણ તેથી મુકદમાના ગુણ દોષને અથવા કોરટની હુકુમતને કંઇ લાગતું ન હોય તો, તે સબબ ઉપરથી કોઇ હુકમનામું રદ કરવું નહીં, અથવા તેમાં કંઇ ફેરફાર કરવો નહીં, અથવા અપીલનું કોઇ કામ પાછું મોકલવું નહીં.

અપીલના હુકમનામા વિશે.

હુકમનામાની તારીખ અને મજકુર.

૫૭૯. જે તારીખે ફેસલો કહી સંભળાવ્યો હોય તે તારીખ અપીલના હુકમનામામાં લખવી.

અપીલનો નંબર, અને અપેલેન્ટ તથા રેસ્પોન્ડેન્ટનાં નામ ને વરણન સુધાંત અપીલની દાદ હુકમનામાં લખવી. અને જે દાદ અપાવી હોય તે અથવા અપીલનો જે બીજો નિરણય કરયો હોય તે તેમાં સ્પષ્ટ રીતે લખવો.

વળી અપીલમાં કેટલું ખરચ થએલું છે તે, તથા તે ખરચ અને ફરીયાદનું ખરચ કયા પક્ષકારે શું પ્રમાણમાં આપવું તે પણ હુકમનામામાં લખવું.

જે જડજ અથવા જડજોએ હુકમનામું કર્યું હોય તે જડજ અથવા જડજોએ તેના ઉપર સહી કરીને તારીખ નાખવી.

ફેસલાથી જે જડજનો અભિપ્રાય જુદો પડે તેણે હુકમનામા ઉપર સહી કરવાની જરૂર નથી.

પરંતુ એક કરતાં વધારે જડજો હોય, અને તેમનામાં મત ભેદ પડે તો કોરટના ફેસલાથી જે જડજનો અભિપ્રાય જુદો હોય તેણે હુકમનામા ઉપર સહી કરવાની કંઇ જરૂર નથી.

ફેસલાની અને હુકમનામાની નકલો પક્ષકારોને આપવી.

૫૮૦. પક્ષકારો કોરટને અરજ કરે તો તેમને ખરચે અપીલમાં થએલા ફેસલાની અને હુકમનામાની સહી સુધાંતની નકલો તેમને આપવી.

જે કોરટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોરટને હુકમનામાની સહી સુધાંતની નકલ મોકલવી.

૫૮૧. ફેસલાની અને હુકમનામાની એક નકલ ઉપર અપીલ કોરટની અથવા તે કોરટ આ કામને વાસ્તે નીમે તે અમલદારની સહી લેઇને તે નકલ, જે હુકમનામા ઉપર અપીલ થઇ હોય, તે હુકમનામું કરનારી કોરટને મોકલવી. અને તે ફરીયાદના અસલ કામ સાથે દાખલ કરવી, અને દીવાની ફરીયાદના રજીસ્ટરમાં અપીલ કોરટનો ફેસલો નોંધવો.

અસલ હુકુમત વાળી કોરટને જે અખત્યાર છે તેજ અપીલ કોરટને છે.

૫૮૨. બાબ ૫ પ્રમાણે કરેલી ફરીઆદો સબંધી અસલ હુકુમત વાળી કોરટોને આ કાયદા ઉપરથી જે અખત્યાર આપ્યા છે તથા તે કોરટોને જે કામ સોંપ્યાં છે તેજ અખત્યાર, આ બાબ પ્રમાણે કરેલી અપીલોમા અપીલ કોરટોને છે, અને તેઓએ બનશે તેટલે સુધી તેજ કામો કરવાં પડશે; અને કોઇ અપીલના પક્ષકારના મરણથી લગ્નથી, અથવા તેની નાદારીથી ઉત્પન્ન થતા કામને પ્રસંગે ૨૧ મા બાબમાં, વાદી, પ્રતીવાદી, તથા ફરીયાદ એ શબ્દોમાં અનુક્રમે અપેલેન્ટ, રેસ્પોન્ડેન્ટ, અને અપીલ એ શબ્દોનો બની શકે તેટલો સમા

સ થાય છે એમ ગણવું.

આ કાયદામાં પાછળ કહેલા ઠરાવો આ બાબ પ્રમાણે કરેલી અપીલોને લાગુ પડે તેટલા લાગુ પાડવા.

અપીલ કોરટના હુકમનામાની બજાવણી. ૫૮૩. આ બાબ પ્રમાણે અપીલમાં થએલા હુકમનામાથી (પુર્વસ્થિતિ પ્રાપ્ત કરવાનો અથવા બીજી રીતનો] કંઇ લાભ મળવાનો જે પક્ષકારને હક્ક હોય, તે પક્ષકારની તે હુકમનામું બજાવવાનો હુકમ મેળવવાની મરજી હોય તો, જે હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે હુકમનામું કરનારી કોરટને તેણે દરખાસ્ત કરવી; અને ફરીયાદમાં થએલાં હુકમનામાં બજાવવા વિશે પાછળ જે નિયમો કહેલા છે તે પ્રમાણે અપીલમાં થએલું હુકમનામું બજાવવાનું કામ તે કોરટે ચલાવવું.

બાબ ૪૨ મો.

અપીલનાં હુકમનામાં ઉપરની અપીલો વિશે.

બીજી અપીલ હાઇ કોરટને થાય. ૫૮૪. આ કાયદામાં અથવા બીજા કોઇ કાયદામાં બીજી રીતે ઠરાવ્યું ન હોય તો, હાઇ કોરટના તાબાની કોઇ કોરટે અપીલમાં કરેલાં સઘળાં હુકમનામાં ઉપર નીચેનાં કારણો પઇકી કોઇ કારણને લીધે હાઇ કોરટને અપીલ ચાલશે, તે કારણ એ કે—

બીજી અપીલનાં કારણ.

(અ) કોઇ સ્પષ્ટ કહેલા કાયદાથી અથવા જે રીવાજ કાયદા જેટલો બળવાન હોય તે રીવાજથી ફેંસલો ઉલટો હોય;

(બ) કાયદાના અથવા જે રીવાજ કાયદા જેટલો બળવાન હોય તે રીવાજના કોઇ અગત્યના મુદ્દાનો ફેંસલામાં નિરણય કરયો ન હોય તો;

[ક] આ કાયદામાં અથવા બીજા કોઇ કાયદાનાં કામ ચલાવવાની જે રીત કહેલી છે તે રીતમા એવી મોટી ભુલ અથવા ખામી રહી હોય, કે જેથી ગુણ દોષ ઉપર મુકદ્દમાનો ફેંસલો આપવામાં વખતે ભુલ અથવા ખામી રહી હોય.

બીજા કોઇકારણઉપરથી બીજીઅપીલનહીં ચાલે. ૫૮૫. કલમ ૫૮૪ મા જે કારણ કહેલાં છે તે શિવાયના કોઇ કારણ ઉપરથી બીજીઅપીલ ચાલશે નહીં.

અમુક ફરિયાદમાંથી બીજી અપીલ ચાલશે નહીં. ૫૮૬. સ્માલકાજ કોરટ સાંભળી શકે તેવી જાતની કોઇ ફરીયાદમાં જો અસલ ફરીયાદના વિષયની રકમ અથવા કીંમત ૫૦૦ રૂપીઆ કરતાં વધારે ન હોય તો, તેવી ફરીયાદ ઉપર બીજી અપીલ ચાલશે નહીં.

બીજી અપીલ વિશે ઠરાવ. ૫૮૭. આ બાબ પ્રમાણે કરેલી અપીલોને તથા તે અપીલોમાં થએલાં હુકમનામાંની બજાવણીને બાબ ૪૧

માં કહેલા ઠરાવો લાગુ પડે તેટલા લાગુ પાડવા.

ભાગ ૪૩ મો.

હુકમો ઉપરની અપીલો વિશે.

અપીલ થઈ શકે એવા હુકમ.

૫૮૮. આ કાયદા પ્રમાણે કરેલા નીચેના હુકમો ઉપર અપીલ ચાલશે. તેવા બીજા હુકમો ઉપર અપીલ ચાલશે નહી.:-

[૧] ફરિયાદનું કામ બંધ કરાવવા વિશે, કલમ ૨૦ પ્રમાણે કરેલા હુકમો;

(૨) વાદી અથવા પ્રતિવાદી તરીકે કોઇ શખસનું નામ કાઢી નાંખવા વિશે અથવા સામીલ કરવા વિશે, કલમ ૩૨ પ્રમાણે કરેલા હુકમો;

[૩] કોઈ પક્ષકારે જાતે હાજર થવું જોઇએ એવા, કલમ ૩૬ અથવા કલમ ૬૬ પ્રમાણે કરેલા હુકમો.

(૪) દાવાનું કારણ સામીલ કરવા બાબત, કલમ ૪૪ પ્રમાણે કરેલા હુકમો;

[૫) દાવાનું કારણ બાતલ કરવા વિશે કલમ ૪૭ પ્રમાણે કરેલા હુકમો;

[૬) દુરસ્ત કરવા સારૂ અથવા યોગ્ય કોરટમાં આપવા સારૂ ફરિયાદ અરજી પાછી આપવા વિશેના હુકમો;

(૭) એક કરજ બીજા કરજમાં મજરે અપાવવાના, અથવા મજરે અપાવવાની ના કહેવાના કલમ ૧૧૧ પ્રમાણે કરેલા હુકમો;

[૮) (અપીલ થાય એવાં કામોમાં] ફરિયાદ કાઢી નાંખી હોય તે રદ કરવાનો હુકમ ફરમાવવા સારૂ, કલમ ૧૦૩ પ્રમાણે કરેલી અરજી નામંજુર કર્યાના હુકમો;

[૯] કલમ ૧૦૮ પ્રમાણે અરજી નામંજુર કર્યાના હુકમો, અથવા એકતરફી હુકમનામું રદ કર્યાનો હુકમ;

[૧૦] કલમ ૧૧૩, ૧૨૦, અને ૧૭૭ પ્રમાણે કરેલા હુકમો;

(૧૧) લેખી કેફીયત અથવા હુકમનામું બજાવવાની દરખાસ્ત નામંજુર કર્યા બાબતના અથવા દુરસ્ત કરવા સારૂ પાછી આપ્યા બાબતના કલમ ૧૧૬ અથવા કલમ ૨૪૫ પ્રમાણે કરેલા હુકમો.

[૧૨] કાંઇપણ વસ્તુ અટકાવી રાખવાના કલમ ૧૪૩ તથા ૧૪૫ પ્રમાણે કરેલા હુકમો;

(૧૩) જંગમ મિલકત જપ્તકરી વેચવા બાબતના કલમ ૧૬૨ પ્રમાણે કરેલા હુકમો.

[૧૪] મિલકત જપ્ત કરવા બાબતના ૧૬૮ મી કલમ પ્રમાણે કરેલા હુકમો અને જપ્તી કરેલી મિલકતના વેચાણ બાબતના ૧૭૦ મી કલમ પ્રમાણે કરેલા હુકમો

(૧૫) ખતના (કંવેયન્સના] અથવા શેરાના ખરડામાં લખેલી હરકતો વિશે કલમ ૨૬૧ પ્રમાણે કરેલા હુકમો.

[૧૬] સ્થાવર મિલકતનાં વેચાણ કાયમ રાખવા બાબતના, રદ કરવા બાબતના અથવા કરવાની ના કહેવા બાબતના કલમ ૨૯૪ પ્રમાણે, ૩૧૨ મી કલમના પેહેલા પારેગ્રાફ પ્રમાણે અથવા કલમ ૩૧૩ પ્રમાણે કરેલા હુકમો;

[૧૭] નાદારીની બાબતમાં, કલમ ૩૫૧, કલમ ૩૫૨, કલમ ૩૫૩ અથવા કલમ ૩૫૭ પ્રમાણે કરેલા હુકમો;

(૧૮] ૩૬૬ મી કલમના બીજા પરિગ્રાફ પ્રમાણે; ૩૬૭ મી કલમ અથવા ૩૬૮ મી કલમ પ્રમાણે કરેલા હુકમો;

૧૯) ફરિયાદ કાઢી નાંખવા બાબત ૩૭૦ મી કલમ પ્રમાણે કરેલી અરજી ના મંજુર કરવાના હુકમો.

(૨૦) દાવો બંધ પાડ્યાનો અથવા કાઢી નાંખ્યાનો હુકમ રદ કરવાની ના કે હેતા બાબત કલમ ૩૭૧ પ્રમાણે કરેલા હુકમો;

(૨૧) કલમ ૩૭૨ પ્રમાણે ઇરકતો નામંજુર કરવાના હુકમો;

(૨૨) ઇષ્ટમિત્રને અથવા ફરિયાદ પુરતા બાકીને ખરચ ભરી આપવા બાબતના કલમ ૪૫૪, કલમ ૪૫૫ અથવા કલમ ૪૫૮ પ્રમાણે કરેલા હુકમો.

(૨૩) ઇન્ટર પ્લીડરની ફરિયાદોમાં ૪૭૩ મી કલમની (અ), (બ) અથવા (ડ) રમક પ્રમાણે, ૪૭૫ મી કલમ પ્રમાણે અથવા ૪૭૬ મી કલમ પ્રમાણે કરેલા હુકમો;

[૨૪) ૪૭૯ મી, ૪૮૦ મી, ૪૮૫ મી, ૪૯૨ મી, ૪૯૩ મી, ૪૯૬ મી, ૪૯૭ મી, ૫૦૨ મી અથવા ૫૦૩ મી કલમ પ્રમાણે કરેલા હુકમો;

[૨૫) લવાદી રદ કરવા વિશે કલમ ૫૧૪ પ્રમાણે કરેલા હુકમો;

(૨૬) લવાદના નિવાડામાં ફેરફાર કરવા વિશે કલમ ૫૧૮ પ્રમાણે કરેલા હુકમો.

(૨૭) કલમ ૫૫૮ પ્રમાણે અપીલ ફાઇલ ઉપર લેવાનો અથવા કલમ ૫૬૦ પ્રમાણે અપીલ ફરી સાંભળવાની ના કેહેવાના હુકમો.

(૨૮) મુકદમો પાછો મોકલવા વિશે કલમ ૫૬૨ પ્રમાણે કરેલા હુકમો;

(૨૯) હુકમનામું બજાવવામાં કેદ કરવામાં આવે તે શિવાય બીજે કોઇ પ્રસંગે, કોઇ શખસને દંડ કરવાના, અથવા પકડવાના, અથવા કેદ કરવાના, આ કાયદાના કોઇપણ ઠરાવ પ્રમાણે કરેલા હુકમો;

આ કલમ પ્રમાણે અપીલોમાં થએલા હુકમો આખરના સમજવા.

કઇ કોરટે અપીલ સાંભળવી તે.

૫૮૯. કલમ ૫૮૮ રકમ (૧૫), [૧૬) અને [૧૭] માં કહેલા કોઇપણ હુકમ ઉપરની અપીલ હાઇકોર્ટને થશે.

બીજા કોઇ હુકમ ઉપર અપીલ ચાલે એમ આ બાબમાં કહ્યું હોય તો, જે ફરિયાદના સંબંધમાં તે હુકમ થયો હોય તે ફરિયાદના હુકમનામા ઉપર જે કોરટને અપીલ ચાલે તે, કોરટને તે હુકમ અપીલ ચાલશે, અથવા (હાઇકોરટ શિવાય ની) કોઇ કોરટે અપીલ હકુમત ચલાવતાં તેણે હુકમ કરયો હોય તો તે ઉપર હાઇકોરટને અપીલ ચાલશે.

હુકમો ઉપરની અપીલોમાં કામ ચલાવવાની રીત

૫૯૦. આ કાયદામાં અથવા કોઇ વિશેષ કે સ્થાનિક કાયદામાં જુદી રીતે કામ ચલાવવાની રીત કહી ન હોય તે વિશેષ કે સ્થાનિક કાયદા પ્રમાણે, કરેલા હુકમો

ફરીયાદ ચાલતાં કરેલા હુકમ ઉપર અપીલ થ

૫૯૧ આ બાબમાં ઠરાવ્યું છે તે શિવાય કોઇ કોરટે અવલ હકુમત કિંવા અપીલ હકુમત ચલાવતાં કરેલા કો

ચેમકી. પરંતુ હુકમનામા ઉપર અપીલકરવામાંઆવે તો તે હુકમમાં થએલી ભુલ બતાવી શકાય.

ઇ હુકમ ઉપર અપીલ ચાલશે નહી; પરંતુ કોઇ હુકમનામા ઉપર અપીલ થઇ હોય ત્યારે, તેવા કોઇ હુકમમાં કઇ ભુલ ખામી કે ગેરશીરસ્તપણું હોવાને લીધે મુકદમાના ફેસલામાં કાંઇ કમી જાસ્ત થયું હોય તો, અપીલની યાદમાં હરકત લેવાના એક કારણ તરીકે તે ભુલ ખામી કે ગેરશીસ્તપણું લખવાને હરકત નથી.

બાબ ૪૪ મો.

નાદારીમાં અપીલ કરવા વિશે.

નાદારી તરીકે કોણ અપીલ કરી શકે.

૫૯૨ આ કાયદા પ્રમાણે અથવા બીજા કોઇ કાયદા પ્રમાણે અપીલ કરવાનો કોઇ સખસને હક્ક હોય, અને અપીલના અરજીને વાસ્તે જે ફી જોઇએ તે આપવાની તેને તાકાત ન હોય તો, અપીલની યાદી સાથે અરજ આપવાથી, બાબ ૨૬, ૪૧, ૪૨, અને ૪૩ માં કહેલા નિયમ લાગુ પડી શકે તેટલા પુરતા તે નિયમોને અનુસરીને નાદારીમાં અપીલ કરવાની તેને રજા આપી શકાય.

અપીલ દાખલકરવાની અરજ ઉપરથી કામ ચલાવવાની રીત.

પરંતુ તે અરજ અને જે હુકમનામા તથા ફેસલા ઉપર અપીલ કરી હોય તે હુકમનામું અને ફેસલો વાંચવાથી જો કોરટની નજરમાં એમ આવે કે,—જે હુકમનામા ઉપર અપીલ કરી છે તે હુકમનામું કાયદાથી ઉલટું કે કાયદા જેટલો બળવાન હોય એવા રીવાજથી ઉલટું અથવા બીજી રીતે ભુલ ભરેલું કે ગેરવ્યાજબી છે એમ ધારવાનું કાંઇ કારણ જણાતું નથી. તો કોરટે તે અરજ નામંજુર કરવી.

નાદારીવિશેનીતજવીજ.

૫૯૩. અરજદારની નાદારી વિશેની તજવીજ અપીલકોરટ કરે અથવા જે કોરટના ઠરાવ ઉપર અપીલ થઇ હોય તે કોરટ અપીલ કોરટના હુકમ ઉપરથી કરે,

વિશેષ ઠરાવ.

પરંતુ જે કોરટના હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે કોરટમાં અરજદારને નાદાર તરીકે ફરિયાદ અથવા અપીલ કરવા દીધી હોય તો, અપીલ કોરટને નાદારી વીશેની તજવીજ કરવાનું ફરમાવવા સારૂ વિશેષ કારણ જણાયા વિના. તેની નદારા બાબતની ફરી તજવીજ કરવાની કંઇ જરૂર નથી.

બાબ ૪૫ મો.

મલીકા માઆઝમા ઇન કૌન્સિલને કરવાની અપીલો વિષે.

"હુકમનામું" એશબ્દની વ્યાખ્યા.

૫૯૪ આ બાબમાં, વિષયમાં અથવા પુરવાપૂર સંબંધમાં કઇ વિરૂદ્ધ ન હોય તો, 'હુકમનામું' એ શબ્દમાં ફેસલાને અને હુકમને પણ સમાવેશ થાય છે.

મલીકા માઆઝમા ઇ

૫૯૫ બ્રિટિશ ઇન્ડિયાની કોરટો ઉપર અપીલ કરવા બાબત;

ને કઉન્સિલને અપીલો ક્યારે ચાલે. મલીકા માઆઝમા ઇન કઉન્સિલ વખતે વખતે જે નિયમો કરે તેને અનુસરીને તથા આ આકટના આગળ લખેલા ઠરાવોને અનુસરીને, નીચે લખેલાં હુકમનામાં ઉપર, એટલે—

(અ). હાઇ કોરટે અથવા અપીલ લેવાની આખરની હુકુમતવાળી બીજી કોઈ કોરટે અપીલમાં કરેલા કોઇ આખરના હુકમનામા ઉપર

(બ) હાઇ કોરટે અવલ દિવાની હુકુમત ચલાવીને કરેલાકોઇ આખરના હુકમનામા ઉપર, અને

(ક) મલીકા માઆઝમા ઇન કઉન્સિલને અપીલ કરવા લાયક કામ છે એવું સરટિફિકેટ, આ આકટમાં હવે પછી ઠરાવ કરયો છે તે પ્રમાણે, મળ્યું હોય ત્યારે તે કામના હુકમનામા ઉપર,

મલીકા માઆઝમા ઇન કઉન્સિલમાં અપીલ ચાલશે.

દાવાના વિષયનીકીંમત. ૫૯૬ કલમ ૫૯૫ ની રકમ [અ) તથા (બ] માં કહેલા પ્રત્યેક મુકદમામાં:—

અવલ કોરટમાં કરેલી ફરિયાદના વિષયની રકમ અથવા કીંમત દશ હજાર રૂપિયા અથવા તે કરતાં વધારે જોઇએ, અને મલીકા માઆઝમા ઇન કઉન્સિલીમાં કરવાની અપીલમાં જે તકરારી બાબત હોય તેની રકમ અથવા કીંમત પણ તેજ રકમ જેટલી અથવા તેથી વધારે જોઇએ-

અથવા તેટલી રકમની કે કીંમતની મિલકતનો અથવા મિલકત સંબંધી કંઈ દાવો અથવા તકરાર સ્પષ્ટરીતે કે ગર્ભીત રીતે, હુકમનામામા આવવી જોઇએ.

અને જે હુકમનામા ઉપર અપીલ કરવામાં આવે તે હુકમનામામાં, તે હુકમનાનું કરનારી કોરટની પાસેની નીચલી કોરટનો ઠરાવ બાહાલ રાખ્યો હોય તો, અપીલ કરવામાં કાયદાની કંઈ સંગીન તકરાર આવવી જોઇએ,

કેટલીએક અપીલો વિશે મનાઈ. ૫૯૭ કલમ ૫૯૫ માં કહેલુ છે તે છતાંએ:—

વિકટોરિઆ રાણીના રાજ્યના ૨૪ મા તથા ૨૫ મા વરસમાં થએલા ચાપ્ટર ૧૦૪ પ્રમાણે સ્થપાએલી હાઇ કોરટના એક જડજે કરેલા ફેસલા ઉપર, અથવા ડિવિઝન કોરટના એક જડજના ફેસલા ઉપર, અથવા,—તે હાઇ કોરટના બે કે વધારે જડજોએ ફેસલો કરયો હોય અથવા તે હાઇ કોરટના બે કે વધારે જડજો મળીને થએલી ડિવિઝન કોરટના બે કે વધારે જડજોએ ફેસલો કરયો હોય અને તે જડજોની સરખી સંખ્યાના બે પક્ષ થયા હોય તથા ઊભય પક્ષમાં જુદા મત પડયા હોય અને તે સંખ્યા હાઇ કોરટના તે વખતના જડજોની સઘળી સંખ્યાના અર્ધ કરતાં વત્તી ન હોય ત્યારે બે અથવા વધારે જડજોએ કરેલા ફેસલા ઉપર—મલીકા માઆઝમા ઇન કઉન્સિલમાં અપીલ ચાલશે નહીં.

અને કલમ ૫૮૬ પ્રમાણે જે હુકમનામું આખરનું હોય તેના ઉપર મલીકા માઆઝમા ઇન કઉન્સિલમાં અપીલ ચાલશે નહીં.

જે કોરટના હુકમનામા ૫૯૮ આ બાબ પ્રમાણે મલીકા માઆઝમા ઇન ક

ઉપર તકરાર હોય તે કોરટને અરજ.

ઉન્સિલમાં અપીલ કરવાની જેની ઇચ્છા હોય તેણે, જે કોરટના હુકમનામા ઉપર તે નાખુશી બતાવતો હોય તે કોરટને અરજી આપીને અરજ કરવી.

જે મુદતમાં અરજ કરવી જોઇએ તે મુદત.

૫૯૯. આવી અરજ ઘણું કરીને તે હુકમનામાની તારીખથી છ માસમાં કરવી.

પરંતુ કોરટ બંધ હોય તેવામાં તે મુદત પુરી થાય તો કોરટ પાછી ઉઘડે તે દીવસે તે અરજ કરી શકાય.

કિંમત બદલ અથવા લાયકી બદલનું સરટિફીકેટ.

૬૦૦. કલમ ૫૯૮ પ્રમાણે કરવાની પ્રત્યેક અરજીમાં અપીલનાં કારણો લખવાં, તથા કલમ ૫૯૬ માં જોઇએ તે પ્રમાણે મુકદમાની રકમ, કિંમત કે પ્રકાર છે એવું; અથવા બીજી રીતે તે મુકદમો મલીકા માઆઝમા ઇન કૌન્સિલમાં અપીલ કરવા લાયક છે એવું; સરટિફીકેટ માગવું.

આવી અરજી મળે એટલે, સદરહુ પ્રમાણે સરટિફિકેટ શા માટે ન આપવું તેનું કારણ બતાવવા સારૂ સામા પક્ષકાર ઉપર નોટીસ પોંચડાવવાનું ફરમાવવાને કોરટ મુખત્યાર છે.

સરટીફીકેટ આપવાની ના કહેવામાં આવે તેનું ફળ.

૬૦૧. જો તેવું સરટીફીકેટ આપવાની ના કહેવામાં આવે તો તે અરજી કાઢી નાખવી.

પરંતુ જે હુકમનામા ઉપર ના ખુશી બતાવવામાં આવી હોય તે, હાઇ કોરટ શિવાય બીજી કોઇ કોરટે કરેલું આખરનું હુકમનામું હોય તો. સરટીફીકેટ આપવાની ના કહેવાના હુકમ ઉપર. તે હુકમની તારીખથી ત્રીસ દીવસની મુદતમાં, તે કોરટ જે હાઇ કોરટના તાબાની હોય તે હાઇ કોરટમાં અપીલ ચાલી શકશે.

સરટીફિકેટ આપ્યા પછી જામીનઆપવો અને [રકમ અનામત મુકવી જરૂર છે.

૬૦૨. જો સરટિફીકેટ આપવામાં આવે તો, જે હુકમનામા ઉપર નાંખુશી બતાવવામાં આવી હોય તે હુકમનામાની તારીખથી છ માસમાં અથવા સરટીફીકેટ આપવામાં આવે ત્યારથી છ અઠવાડીયામાં, એ બેમાંથી જેની તારીખ છેલ્લી આવે તેની દરમ્યાન, અરજદારેઃ--

(અ) રેસ્પોન્ડેન્ટના ખરચને વાસ્તે જામીન આપવા, તથા,

(બ[નીચેના ચાર પ્રકારના કાગળો શિવાય એટલેઃ—

(૧) મલીકા માઆઝમા ઇન કાઉનસીલના જે તે વખતે અમલમાં હોય એવા કોઇ હુકમમાં નમુના પ્રમાણેના જે દસ્તાવેજો બાતલ કરવાનું ફરમાવ્યું હોય તે દસ્તાવેજો.

[૨) જે કાગળો બાતલ કરવાને પક્ષકારો એક મત થાય તે કાગળો.

[૩) કોરટે તે કામને સારૂ અખત્યાર આપેલા અમલદારને જે હિસાબ અને હિસાબના ભાગો જરૂર વગરના લાગે, અને પક્ષકારોએ જે મુદામ સામીલ કરવાને માગ્યા ન હોય તે હિસાબ તથા હિસાબના ભાગો.

[૪) હાઇ કોરટ બાતલ કરવાને ફરમાવે તેવા બીજા દસ્તાવેજો.

એ શીવાય ફરીયાદના બધા દફતરનો તરજુમો કરવા સારૂ તેની નકલ ઉતારી

લેવા સારૂ, અનુક્રમણીકા કરવા સારૂ, અને એક ખરી નકલ મલીકા માઆઝમા ઇન કાઉન્સિલમાં મોકલવા સારૂ, ખરચવાને જે રકમ જોઇએ તે અનામત મુકવી.

અને ઉપર બાતલ કરયા છે તે શિવાયના દફતરના કાગળોની નકલ હિંદુસ્તાનમાં છપાવવાનું અરજદાર પસંદ કરે તો, આ કલમની પેહેલી રકમમાં કહેલી મુદતની દરમ્યાન તે નકલ છાપવાનું ખરચ આપવા સારૂ જે રકમ જોઇએ તે પણ તેણે અનામત મુકવી.

અપીલની મંજુરી અને તે ઉપરથી કામ ચલાવવાની રીત. ૬૦૩, કોરટની ખાત્રી લાએક સદરહુ જામેનત આપવાનું કામ પુરૂં થાય અને રકમ અનામત મુકાઇ રહે ત્યારે કોરટ નીચે પ્રમાણે કરવાને મુખત્યાર છે, એટલે—

(અ) અપીલ મંજુર કરી છે એમ ઠરાવે, અને

(બ) તે બાબતની નોટીસ રેસપોન્ડન્ટને આપે, અને ત્યાર પછી

(ક) ઉપર બાતલ કરયા છે તે શિવાયના દફતરની ખરી નકલ, કોરટનો શિક્કો કરીને મલીકા માઆઝમા ઇન કાઉનસીલને કોરટે મોકલવી, અને

(ડ) કલીયાદના કોઇ કાગળોની ખરાપણાની સહી સુધાંતની એક અથવા વધારે નકલોને વાસ્તે ગમે તે પક્ષકાર અરજ કરે, અને તે તઇયાર કરવાનું વાજબી ખરચ આપે તો તે નકલો તેને આપવી.

જામીન કબુલ કરયા હોય તે રદ કરવાનું. ૬૦૪ અપલ મંજુર કરયા પહેલાં કોઇ પણ વખતે કારણ દેખાડવામા આવે તો ઉપર પ્રમાણે કોઇ જામીનને કબુલ કરયો હોય તે રદ કરવાને તથા તે વિશે વધારે હુકમો ફરમાવવાને કોરટ મુખત્યાર છે.

બીજા જામીન આપવાને અથવા રૂપીયા ભરવાને હુકમ કરવાનો અખત્યાર. ૬૦૫. અપીલ મંજુર કરયા પછી પરંતુ સદરહુ બાતલ કરયા શિવાયની દફતરની નકલ મલીકા માઆઝમા ઇન કોંન્સિલને મોકલ્યા પહેલાં તે જામીન અપુરતુ માલમ પડે.

અથવા સદરહુ બાતલ કરયા શીવાયના દફતરનો તરજુમો કરવા સારૂ, તે ઉતારી લેવા સારૂ, છાપવા સારૂ, તેની અનુક્રમણીકા કરવા સારૂ, અથવા નકલ મોલવા સારૂ, જાસ્તી રકમ ભરવી જોઇતી હોય.

તો કોરટ ઠરાવે તે મુદતમાં બીજો અને પુરતો જામીન આપો અથવા તે મુદતમાં જોઇતી રકમ ભરો એવો અપેલેન્ટને હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

તે હુકમ પ્રમાણે ન ચાલે તેનું ફળ. ૬૦૬ જો તે હુકમ અમલ કરવામાં અપેલેન્ટ કસુર કરશે તો કામ ચાલતુ બંધ થશે.

અને તે બાબતમાં મલીકા માઆઝમા ઇન કાઉનસીલનો હુકમ થયા વગર અપીલનું કામ આગળ ચાલશે નહીં.

અને તેની દરમ્યાન, જે હુકમનામા ઉપર અપીલ કરવામાં આવી હશે તેની બજાવણી બંધ રાખવી નહીં.

અનામત મુકેલી રકમ બાકીપાછી આપવાની. ૬૦૭ ઉપર બાતલ કરેલી છે તે શીવાયની દફતરની નકલ મલીકા માઆઝમા ઇન કાઉન્સિલને મોકલી ચુ

કર્યા પછી. અપેલેન્ટે કલમ ૬૦૨ પ્રમાણે અનામત મુકે
લી રકમમાંથી કંઇ બાકી રહી હોય તો તે એપેલેન્ટ
પછી લેવાને મુખત્યાર છે.

અપીલ ચલાવતાં કોરટ ના અખત્યાર.

૬૦૮. આ બાબ પ્રમાણે કોઇ અપીલ મંજુર ક
રી હોય તે છતાં એ. અપીલ મંજુર કરનારી કોરટ
બીજી રીતે ન ફરમાવે તો, જે હુકમનામા ઉપર અપી
લ થઇ હોય તે હુકમનામું બીન શરતે અમલમાં લાવવું.

પરંતુ ફરીઆદમાં જેનો હક્ક સંબંધ હોય તે પક્ષકર કંઇ વિશેષ કારણ બતાવે અથવા બીજી રીતે કોરટને કંઇ કારણ જણાય ત્યારે. જો પોતાને યોગ્ય લાગે તો નીચે પ્રમાણે કરવાને, એટલે—

(અ) કોઈ તકરારી જંગમ મિલકત અથવા તેનો કાંઇ ભાગ અટકાવી રાખવાને; અથવા

[બ] અપીલમાં મલીકા માઆઝમા ઇનકાઉનસીલ જે હુકમ કરે તે પ્રમાણે બરોબર રીતે વરતવા સારૂ કોરટને યોગ્ય લાગે તેવા રસ્પોન્ડેન્ટની પાસેથી જામીન લેઇને, જે હુકમનામા ઉપર અપીલ થઇ હોય તે હુકમનામું અમલમાં લાવવાની રજા આપવાને, અથવા

(ક) જેના ઉપર અપીલ થઇ હોય તે હુકમનામા પ્રમાણે અથવા અપીલમાં મલીકા માઆઝમા ઇન કાઉનસીલ જે હુકમ કરે તે પ્રમાણે, બરાબર રીતે વરતવા સારૂ કોરટને યોગ્ય લાગે તેવા અપેલેન્ટ પાસેથી જામીન લેઇને, અપીલ થએલું હુકમનામું બજાવવું બંધ રાખવાને, અથવા

[ડ] કોરટની મદદ માગનાર કાઇ પક્ષકાર ઉપર પોતાને યોગ્ય લાગે તેવી શરતો ઠરાવવાને અથવા અપીલના વિષય સબંધી બીજા હુકમો ફરમાવવાને,

કોરટ મુખત્યાર છે,

જામીન પુરતો નથી એમ જણાય તો તે વધારવાનું.

૬૦૯. અપીલ ચાલુ હોય તેવામાં કોઇપણ વખતે
એમાંથી કોઇપણ પક્ષકારે ઉપર પ્રમાણે આપેલા જામીન
અપુરતા માલમ પડે તો, વિરૂદ્ધ પક્ષકારની અરજ ઉપર
થી જાસ્તી જામીન માગવાને કોરટ મુખત્યાર છે.

કોરટ માગે તેવા જાસ્તી જામીન આપવામાં કસુર થાય ત્યારઃ—જો મુળ જામીન અપેલેન્ટે આપેલો હોય તો, અપેલેન્ટે જાણે તે જામીન આપ્યો ન હોય એ રીતે. રેસ્પોન્ડેન્ટની અરજ ઉપરથી અપીલ થએલું હુકમનામું બજાવવાનો હુકમ કાઢવાને કોરટ મુખત્યાર છે.

અને જો મુળ જામીન રેસ્પોન્ડેન્ટે આપેલા હોય તો, હુકમનામાની બધી આગળની બજાવણી બની શકે તેટલી અટકાવવી, અને જે જામીન અપુરતો માલમ પડે તે આપતી વખતે પક્ષકારો પોત પોતે જે સ્થિતિમાં હતા તે સ્થિતિમાં તેમને લાવવા, અથવા અપીલના વિષય સબંધી પોતાને યોગ્ય લાગે તેવી રીતે ફરમાવવું.

મલીકા માઆઝમાનેઇન કાઉનસીલના હુકમ

૬૧૦ મલીકા માઆઝમા ઇન કાઉનસીલનો કોઇ હુકમ અમલમાં લાવવાની અથવા બજાવવાની જેનીઇચ્છા

અમલમાં આણવાની રીત. હોય તેણે, જે કોરટની મારફત મલીકા માઆઝમાને અપીલ કરી હોય તે કોરટને અરજી આપીને દરખાસ્ત કરવી. અને તે અરજીની સાથે અપીલમાં જે હુકમનામું અથવા હુકમ કરેલો હોય અને જે અમલમાં લાવવાનો અથવા બજાવવાનો હોય તેની સહી સુધાંતની નકલ સામીલ કરવી.

તે કોરટે મલીકા માઆઝમાનો હુકમ, જે પહેલા હુકમનામા ઉપર અપીલ થઈ હોય તે હુકમનામું કરનારી કોરટને મોકલવો, અથવા મલીકા માઆઝમા પોતાના તે હુકમમાં ફરમાવે તેવી બીજી કોરટને મોકલવો, અને (બેમાંથી ગમે તે પક્ષકારની અરજ ઉપરથી) તે હુકમ બજાવવા અથવા અમલમાં લાવવાની જરૂર હોય તેવા હુકમો કરવા. અને જે કોરટને સદરહુ હુકમ ઉપર કહ્યા પ્રમાણે મોકલ્યો હોય તેણે, પોતે કરેલાં અસલ હુકમનામાં બજાવવામાં જે રીત અને નિયમો લાગુ પડે છે તે રીતે અને તે નિયમો પ્રમાણે તે હુકમ અમલમાં લાવવો અથવા બજાવવો.

તે હુકમમાં બ્રિટિશ ચલણી નાણામાં આપવાને ઠરાવેલી કંઈ રકમ હિંદુસ્તાનમાં આપવાની હોય તો, વિલાયત સરકારની નાણાં સંબંધી લેણદેણ પતાવવા સારૂ મલીકા માઆઝમાની તીજોરીના લારડસ કમીશનરોના અનુમતથી હિંદુસ્તાનના સ્ટેટ સેક્રટરી ઇન કાઉન્સિલે તે વખતે વટાવનો જે દર ઠરાવ્યો હોય તે પ્રમાણે તે આપવાની રકમની ગણત્રી કરવી.

બજાવણી સંબંધી કરેલા હુકમો ઉપર અપીલો. ૬૧૧. મલીકા માયાઝમા ઇન કાંઉનસિલનો હુકમ જે કોરટ અમલમાં લાવે અથવા બજાવે તે કોરટે તે અમલ અથવા બજાવણી સંબધી કરેલા હુકમો ઉપર, તે કોરટે પોતાનાં હુકમનામાં અમલમાં લાવવા અથવા બજાવવા બાબત જે હુકમો કરે તેના ઉપર જે રીતે અપીલ ચાલે અને તેને જે નિયમો લાગુ પડે તેજ રીતે અને તેજ નિયમો પ્રમાણે અપીલ ચાલશે.

નિયમ કરવાનો અખત્યાર. ૬૧૨. નીચેની બાબતો રીતસર કરવા સારૂ આ આક્ટને અનુસરીને વખતે વખતે નિયમ કરવાને હાઇકોરટ મુખત્યાર.

(અ) કલમ ૬૦૦ પ્રમાણે નોટીસો પોંચાડવા બાબત.

(બ) હાઇકોરટના તાબાની અપીલ લેવાની આખર હકુમતવાળી કોરટે કલમ ૬૦૧ અને ૬૦૨ પ્રમાણે સરટીફીકેટ આપવા અથવા આપવાનું ના કહેવા બાબત.

[ક] કલમ ૬૦૨, ૬૦૫, અને ૬૦૯ પ્રમાણે જે જામીન આપવા જોઇએ તેના પ્રકાર અને રકમ બાબત,

(ડ) તે જામીનની પરીક્ષા કરવા બાબત.

[ઈ] દફતર ઉતારી લેવાનું ખરચ અટકળવા બાબત.

(ફ) તે ઉતારો તઈયાર કરવા બાબત, તપાસવા બાબત, અને તેના ઉપર સહી કરવા બાબત.

[ગ] તરજુમો ફરી તપાસવા તથા ખરા તરીકે સહી કરવા બાબત.

(હે) દફતરના ઉતારાની અનુક્રમણિકા તઇયાર કરવા વિશે તથા દફતરમાં ન હોય તેવા કાગળોની યાદી કરવા બાબત.

(આઈ) મલીકા માયાઝમા ઇન કાંઉનસિલને કરવાની અપીલ સંબંધી બ્રિટિશ ઇંડિયામાં થએલું ખરચ લેવા બાબત.

તથા આ બાબ અમલમાં લાવવા સંબંધી બીજી બધી બાબતો.

નિયમ પ્રસિદ્ધ કરવા.

એ બધા નિયમો સ્થાનીક સરકારી ગેઝીટમાં પ્રસિદ્ધ કરવા. અને તે પ્રસિદ્ધ થાય ત્યારથી હાઇકોરટમાં તથા તેના તાબાની અપીલ લેવાની આખ્ખર હકુમતવાળી કોરટોમાં તે કાયદા પ્રમાણે બળવાન ગણાશે.

ચાલ નિયમો કાયદાસર છે એમ ગણવું.

૬૧૩. મલીકા માયાઝમા ઇન કાંઉનસિલમાં અપીલ કરવા વિશે કોઇ હાઇકોરટે પહેલાં જે નિયમો કરીને પ્રસિદ્ધ કરયા હશે અને જે આ આકટ પાસ થતી વખતે અમલમાં હશે તે બધા નિયમો આ આકટની સાથે અનુસરતા હોય ત્યાં સુધી આ આકટ પ્રમાણે કરેલા છે તથા પ્રસિદ્ધ કરયા છે એમ સમજવું.

રંગુનના રિકારડ.

૬૧૪. કલમ ૫૯૫ તથા ૬૧૨ માં "હાઇકારટ" એમાં રંગુનના રીકરડરનો પણ સમાવેશ થાય છે એમ સમજવું. પરંતુ તેથી તેની પોતાની કોરટ શીવાય બીજી કોરટોને લાગુ પડે તેવા નિયમ કરવાનો તેને અખત્યાર મળતો નથી.

સન૧૮૨૮નાબંગાળાના ૩જા કાયદાની ૪થીકલમની ૫ મી રકમનો અર્થ.

૬૧૫. સન ૧૮૨૮ ના બંગાળાના રેગ્યુલેશન ૩ કલમ ૪ રકમ પાંચમાં જે નિયમો, તથા મર્યાદાઓનો હવાલો આપેલો છે તેજ નિયમો તથા મર્યાદાઓ, બંગાળાની કોર્ટ સુદ્રીમની ન્યાયાધિકારી હાઇકોરટના ઠરાવ ઉપર આ આકટ પ્રમાણે થએલી અપીલોને લાગુ પડે છે એમ ગણવું.

માલીકા માયાઝમાની મરજીમાંઆવેતેપ્રમાણે કરવાનો અખત્યાર કાયમ રાખવો.

૬૧૬. આ બાબમા કહેલી કોઇ વાતથીઃ—

(અ) પ્રીવીકૌન્સિલની જુડીશિયલ કમીટીએ જે કાંઇ નિયમો કરયા હશે, અને મલીકા માયાઝમા ઇનકૌન્સિલનાં કરેલી અપીલો આપવા વિશે અથવા સદરહુ જુડિશિયલ કમીટીમાં તેમનુ કામ ચલાવવા વિશે જે તે વખતે જે નિયમો અમલમાં હસે તેને હરકત થાય છે એમ સમજવું નહી. અથવા

તથા જુડિશિયલકમિટી આગળ કામ ચલાવવાના નિયમ કાયમ રાખવા.

(બ) મલીકા માયાઝમા ઇનકૌન્સિલમાં અપીલો આપવા વિશે તથા પ્રીવીકૌન્સિલની જ્યુડિશિયલ કમિટીની રૂબરૂ તે અપીલો ચલાવવા વિશે, જે તે વખતની જ્યુડિશિયલ કમીટીએ જે કાંઇ નિયમો કરયા હશે તેમાં કંઇ કમી જાસ્તી થાય છે એમ સમજવું નહી.

આ બાબની કાંઇ વાત કંઇ ફોજદારી અથવા આડમીરલ્ટી. અથવા વાઇસ આડ

મેજીસ્ટ્રેટોની હકુમતની કંઇ બાબતને લાગુ પડતી નથી તેમજ સ્મોલકોઝ કોરટના કોઈ હુકમો અથવા હુકમનામાં ઉપર અપીલો થાય તેને લાગુ પડતી નથી.

ભાગ ૭ મો.

બાબ ૪૬ મો.

હાઈ કોરટમાં હકીકત લખી મોકલવા વિશે તથા હાઇ કોરટે તપાસણી કરવા વિશે

શંકાની હકીકત હાઈ કોરટને મોકલવાનું.

૬૧૭ જે ફરિઆદમાં અથવા અપીલમાં હુકમનામું આખરનું થાય તે ફરીઆદની અથવા અપીલની સુનાવણી વખતે અથવા તે પેહેલાં, અથવા તેનું કોઇ હુકમનામું બજાવતી વખતે કાયદા સંબંધી અથવા કાયદા પ્રમાણે અમલ થતા રીવાજ સંબંધી અથવા જે દસ્તાવેજ મુકદમાને લાગુ હોય તે દસ્તાવેજના અરથ સંબંધી કંઇ તકરાર નીકળે, અને તે બાબત ફરીઆદની અથવા અપીલની ચોકશી કરનારી કોરટને અથવા હુકમનામું બજાવનારી કોરટને વાજબી શંકા ઉત્પન્ન થાય તો, પોતાની મેળે અથવા કોઇ પક્ષકારની અરજ ઉપરથી તે મુકદમાની હકીકત તથા જે બાબત શંકા ઉત્પન્ન થઈ હોય તે બાબત લખી કાઢીને, તે બાબત ઉપરના પોતાના અભિપ્રાય સુધાંત હાઈ કોરટનો ઠરાવ થવા સારૂ તે મોકલવાને કોરટ મુખત્યાર છે.

હાઈ કોરટનો અભિપ્રાય આવે તે પ્રમાણે હુકમનામું કરે એવી શરતથી કોરટ હુકમનામું કરી શકે

૬૧૮ સદરહુ પ્રમાણે હાઈ કોરટને લખી મોકલ્યું હોય તે છતાંએ, મુકદમાનું કામ બંધ રાખવાને અથવા આગળ ચલાવવાને કોરટ મુખત્યાર છે. અને જે બાબત હાઈ કોરટને લખી મોકલી છે તે બાબત હાઈ કોરટનો અભિપ્રાય લખાઈ આવશે. તે પ્રમાણે હુકમનામું અથવા હુકમ કરશે એવી શરતથી કોઈ હુકમનામું અથવા હુકમ કરવાને પણ કોરટ મુખત્યાર છે પરંતુ જે મુકદમામાં સદરહુ પ્રમાણે લખી મોકલ્યું હોય તેમાં લખી મોકલેલી બાબત હાઈ કોરટના ફેસલાની નકલ આવે નહીં ત્યાં સુધી બજાવવાનો હુકમ કાઢવો નહીં અથવા મિલકત વેચવી નહીં, અથવા કોઇશખસને કેદ કરવો નહીં.

હાઈ કોરટનો ફેસલો મોકલવો અને તે પ્રમાણે મુકદમાનો નીકાલ કરવો

૬૧૯ ઠરાવવા સારૂ મોકલેલા મુકદમાના પક્ષકારો જાતે અથવા તેમના પોત પોતાના પ્લીડરો કહે તે સાંભળી હાઈ કોરટે સદરહુ પ્રમાણે પુછેલી વાતનો ઠરાવ કરવો. અને લખી મોકલનાર કોરટને પોતાના ફેસલાની એક નકલ રજીસ્ટરારની સહીથી મોકલવી અને તે કોરટે તે નકલ મળે એટલે હાઈ કોરટના ઠરાવને અનુસરીને તે કામનો નિકાલ કરવો.

હાઈ કોરટને હકીકત મોકલવામાં ખરચ થાય તે

૬૨૦ હાઇ કોરટના અભિપ્રાય સારૂ મુકદમો મોકલવાને લીધે જો કંઈ ખરચ થાય તો તે મુકદમાનું ખરચ ગણાશે.

લખી મોકલનારી કોરટ

૬૨૧ આ બાબ પ્રમાણે હાઇકોરટને કોઇ મુકદમો મો

જો હુકમનામામાં ફેરફાર વગેરે કરવાનો અખત્યાર.

કર્યો હોય તો, તે મુકદમો દુરસ્ત કરવા સારૂ પાછો મોકલવાને હાઇ કોરટ મુખત્યાર છે, અને જે મુકદમામાંથી હાઈકોરટને લખી મોકલવાની બાબત નીકળી તે મુકદમામાં લખી મોકલનારી કોરટે કંઇ હુકમનામું અથવા હુકમ કર્યો હોય તેમાં ફેરફાર કરવાને, તે રદ કરવાને અથવા રહીત કરવાને તથા પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવાને હાઈકોરટ મુખત્યાર છે.

હાઇકોરટમાં અપીલ ચાલી શકે નહી એવા મુકદમાના કાગળ મગાવાનો અખત્યાર.

૬૨૨ જે કામમાં હાઇકોરટને અપીલ ચાલતી નથી તેવા કોઇ કામમાં,—ફેંસલો કરનારી કોરટે પોતાને કાયદા પ્રમાણે જે હુકુમત મળી નથી તે વાપરી છે, અથવા કાયદા પ્રમાણે જે હુકુમત મળી હોય તે વાપરવાને કસુર કરી છે અથવા પોતાની હુકુમત વાપરવામાં ગેરકાયદે કે ભારેગેર શીરસ્તે કામ ચલાવ્યું છે,—એમ જણાય, તો તેવા કોઇ કામના કાગળો મગાવવાને તથા તે કામમાં પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવાને હાઇકોરટ મુખત્યાર છે.

ભાગ ૮ મો.

બાબ ૪૭ મો.

ફેંસલાની ફેરીતપાસ વિશે.

ફેસલાની ફેરી તપાસની અરજી.

૬૨૩ કોઇ સખસની નજરમાં એમ આવે કે:—

[અ] જે હુકમનામા અથવા હુકમ ઉપર અપીલ કરવાની આકટમાં છુટ આપી હોય પણ તેવી અપીલ ન કરી હોય તે હુકમ અથવા હુકમનામાથી;

(બ) જેના ઉપર અપીલ કરવાને આ આક્ટમાં છુટ ન આપી હોય તેવા હુકમનામા અથવા હુકમથી;

(ક) સ્માલકાજ કોરટે અભિપ્રાય મોકલ્યા ઉપરથી કરેલા ફેસલાથી મને બરોબર ઇનસાફ મળ્યો નથી.

તથા હુકમનામુ કે હુકમ કરતી વખતે યોગ્ય ઉદ્યોગ કર્યા છતાંએ મારા જાણવામાં ન હોતા તે; અથવા મારાથી હાજર ન થઈ શકે તે નવો અને અગત્યનો પુરાવો અથવા મજકુર જડી આવ્યો છે તે કારણથી અથવા કાગળો જોતાંજ કાંઈ ભુલ કે ચુક ઉઘાડી મળી આવે છે એ કારણથી અથવા બીજા કોઈ પુરતા કારણથી પોતાના ઉપર હુકમનામું કે હુકમ થએલો હોય તેની ફરી તપાસ કરાવવાની જેની ઇચ્છા હોય તે.—

હુકમનામું અથવા હુકમ કરનારી કોરટને અથવા તે કોરટનું કામ જો કોઈ બીજી કોરટને સોંપ્યું હોય તો તે કોરટને ફેસલાની ફરી તપાસને વાસ્તે અરજ કરવાને મુખત્યાર છે.

કોઇ એક પક્ષકારે હુકમનામા ઉપર કરેલી અપીલ ચાલુ હોય તે છતાંએ, તે હુકમનામા ઉપર અપીલ કરી ન હોય તેવો બીજો કોઇ પક્ષકાર ફેસલાની ફરી તપાસ સારૂ અરજ કરવાને મુખત્યાર છે, પરંતુ તે અપીલનાં કારણ અપીલ કરના

રને તથા ફેરી તપાસની અરજ કરનારને સામાન્ય હોય, અથવા ફેરી તપાસની અરજ કરનાર રેસ્પોન્ડેન્ટ હોય અને જે મજકુરને લીધે તે ફેરી તપાસની અરજ કરે કે તે અપીલ કોરટને તે બતાવી શકે એમ હોય, તો તે પ્રમાણે ફેરી તપાસની અરજ ન થઇ શકે.

ફેરી તપાસની અરજ કોને કરી શકાય,

૬૨૪. ઉપર કહ્યા પ્રમાણે નવો તથા અગત્યનો મજકુર કે પુરાવો જડયાના સબબ શીવાય, અથવા હુકમનામું જોતાંજ કંઇ હસ્ત દોશની દેખાઇતી ભુલ જણાવાના સબબ શિવાય બીજા કોઇ સબબથી, જો હાઇ કોરટનો ફૈસલો ન હોય તો, જે જડજે ફેસલો આપ્યો હોય તે વગર બીજા કોઇ જડજની પાસે તે ફેરી તપાસ કરવાની અરજ ચાલશે નહીં,

ફેરી તપાસની અરજનો નમુનો.

૬૨૫. અપીલ તઇયાર કરવાના નમુના વિશે પાછળ કહેલા નિયમો પ્રસંગ પ્રમાણે જરૂર હોય તેફેરફાર કરીને, ફેરી તપાસની અરજોને લાગુ પડશે.

અરજ ક્યારે ના મંજુર કરવી.

૬૨૬. ફેરી તપાસ કરવાનું પુરતું કારણ નથી એમ કોરટની નજરમાં આવે તો કોરટે તે અરજ ના મંજુર કરવી.

અરજ ક્યારે મંજુર કરવી.

જો કોરટના અભિપ્રાયમાં એમ આવે કે ફેરીતપાસની અરજ મંજુર કરવી જોઇએ, તો કોરટે તે મંજુર કરવી. અને જડજે તે અભિપ્રાયનાં પોતાનાં કારણ પોતાને હાથે દફતરમાં લખવાં.

વિશેષ ઠરાવ.

પરંતુ:—

(અ) જે હુકમનામાની ફેરી તપાસ સારૂ અરજ થઇ હોય તે હુકમનામાની મજબુતીમાં સામા પક્ષકારને જે કહેવાનુ હોય તે હાજર થઇને કહેવા સારૂ તે સામા પક્ષકારને પ્રથમ નોટીસ આપ્યા વગર તે અરજ મંજુર કરવી નહીં. તથા

(બ) હુકમનામું અથવા હુકમ કરતી વખત મારા જાણવામાં નહોતો અથવા હું આપી શકું તેમ નહોતું તેવો નવો પુરાવો અથવા મજકુર જડી આવ્યો છે એવો સબબ લગાડીને ફેરી તપાસની અરજ કરી હોયતો, તે સબબની ખરેખરી શાબીતી વગર તે અરજ મંજુર કરવી નહીં.

જે કોરટમાં બે અથવા વધારે જડજો હોય તે કોરટમાં ફેરી તપાસની અરજ.

૬૨૭. જે હુકમનામાની અથવા હુકમની ફેરી તપાસ કરવાની અરજ કરી હોય, તે હુકમનામું અથવા હુકમ કરનાર જડજ, અથવા જડજો, અથવા તેમાંનો કોઇ જડજ ફેરી તપાસની અરજ કોરટમાં આપતી વખતે કોરટમાં કામ ઉપર હોય, અને—તે અરજ આપ્યા પછીના લાગલાજ છ માસની મુદત સુધીમાં, ગેરહાજરી અથવા બીજાં કારણથી, અરજીમાં બતાવેલા હુકમનામા અથવા હુકમ ઉપર વિચાર કરવાને તેને અથવા તેમને અડચણ ન હોય તો, તે જડજે અથવા જડજોએ અથવા તેમાંના કોઇ એકે તે અરજ સાંભળવી, અને કોરટના બીજા કોઇ જડજે અથવા જડજોએ તે સાંભળવી નહીં.

અરજ ક્યારે નામંજુર કરવી.

૬૨૮. એક કરતાં વધારે જડજ્જે ફરી તપાસની અરજ સાંભળે અને કોરટના મત સરખા પડે તો તે અરજ નામંજુર કરવી.

જો એક તરફ વધારે મત પડે તો વધારે મત પ્રમાણે ઠરાવ કરવો.

નામંજુરીના હુકમ આખરનો મંજુરીમાં લેવાની હરકતો.

૬૨૯. ફરી તપાસની અરજ નામંજુર કરવાનો કોરટનો હુકમ આખરનો ગણાશે, પરંતુ તે અરજ મંજુર કરવામાં આવે ત્યારે તે મંજુરીમાં નીચેનાં કારણોથી હરકત લેઇ શકાશે. તે એ કે:—

(અ) તે અરજ કલમ ૬૨૪ ના ઠરાવથી ઉલટી છે એમ કહીને,

(બ) તે કલમ ૬૨૬ ના ઠરાવથી ઉલટી છે એમ કહીને, અથવા.

(ક) ફરી તપાસની અરજ કરવાને વાસ્તે ઠરાવેલી મુદત વીતી ગયા પછી અને પુરતા કારણ વગર તે કરી છે.

એ અરજ મંજુર કરવાના હુકમ ઉપર એકદમ અપીલ કરીને સદરહુ હરકત લેઈ શકાય અથવા તે ફરીઅદમાં થએલા આખરના હુકમનામા કે હુકમ ઉપર કરેલી કેઇ અપીલમાં તે લેઇ શકાય.

અરજદારે હાજર થવામાં કસુર કરવાને લીધે અરજ નામંજુર કરી હોય ત્યારે નામંજુર કરેલી અરજ પાછી ફાઇલ ઉપર લેવાનો હુકમ કરાવવા સારૂ અરજ કરવાને તે અરજદાર મુખત્યાર છે, અને તે અરજ સુનાવણીને વાસ્તે નિકળી તે વખતે કોઇ પુરતા કારણને લીધે હાજર થઇ શકાયું નહીં, એમ કોરટની ખાત્રી લાયકશાબિત થાય તો—ખરચ અને બીજી બાબતને વાસ્તે પોતાને યોગ્ય લાગે તેવી શરતો કરીને તે અરજી પાછી ફાઇલ ઉપર લેવાના હુકમ કરવાને કોરટ મુખત્યાર છે, એ હુકમ કરવામાં આવે તો તે અરજની સુનાવણીનો એક દીવસ નીમવો:

આ બીજી અરજની લેખી નોટીસ ફરી તપાસની અરજ કરનારે સામા પક્ષકારને પોંચાડયા વગર આ કલમ પ્રમાણે કોઇ હુકમ કરવો નહીં.

ફરી તપાસ ઉપરથી કરેલા હુકમની અથવા ફરી તપાસની અરજ ઉપરથી કરેલા કોઇ હુકમની ફરી તપાસ કરવાની અરજ્જે ચાલશે નહીં.

મંજુરથએલીઅરજનોંધવી અને ફરી સાંભળવાનો હુકમ કરવો.

૬૩૦ ફરી તપાસની અરજ મંજુર કરવામાં આવે એટલે તે બાબતની ટીપ રજીસ્ટરમાં લખવી. અને પછી મુકદમાની લાગલીજ ફરી ચોકશી કરવાને અથવા ફરી ચોકશી કરવા, વિશે પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

ભાગ ૯ મો.

પ્રકરણ ૪૮ મો.

સનદી હાઇ કોરટો વિશે વિશેષ નિયમ.

આ બાબ ફક્ત અમુક હાઇ કોરટોનેજ લાગુ પડે છે.

૬૩૧ વિક્ટોરીઆ રાણીની કારકીર્દીના ૨૪ મા તથા ૨૫ મા વરસમાં પાસ થએલો ચાપ્ટર ૧૦૪ (હિંદુસ્તાનમાં ન્યાયાધિકારી હાઇ કોરટો સ્થાપવાનો આક્ટ) છે તે પ્રમાણે જે હાઇ કોરટો સ્થપાઇ હોય અને જે હવે પછી સ્થપાય તેનેજ માત્ર આ બાબ લાગુ પડે છે.

આ કાયદો હાઇ કોરટોને લાગુ પડે છે.

૬૩૨ આ બાબમાં ઠરાવ્યુ છે તે શિવાયના આ કાયદાના ઠરાવો સદરહુ હાઇ કોરટોને લાગુ* પડે છે.

હાઇ કોરટે પોતાનાની ધુમ પ્રમાંણે ફેસલા લખવા.

૬૩૩ હાઇ કોરટ પોતે નિયમ કરીને વખત વખતે ફરમાવે તે પ્રમાણે તે હાઇ કોરટે પુરાવો લેવો તથા ફેસલા અને હુકમો દફતરમાં લખવા.

ખરચ નક્કી થયા પેહેલાં હુકમનામું બજાવવું અને ખરચને વાસ્તે પછીથી બજાવવું એવો હુકમ કરવાનો અખત્યાર.

૬૩૪ કોઇ ફરિઆદમાં હાઈ કોરટે પોતાની સાધારણ અવલ દીવાની હકુમત ચલાવીને કરેલું હુકમનામું, ફરિઆદમાં થએલા ખરચની આકારણી કરીને આંકડો નકી કર્યા પહેલાં, બજાવવું જરૂર છે એમ હાઇ કોરટની નજરમાં આવે તો, ખરચ શિવાયનું બાકીનું હુકમનામું લાગલુંજ બજાવવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

અને ખરચ પુરતું હુકમનામું, ખરચનો આંકડો આકાર કરીને નકી થતાંજ બજાવવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે.

અખત્યાર વગર આઠનીએ કોરટને ભાષણ કરવું નહીં.

૬૩૫ હાઈ કોરટે પોતાની સનદથી મળેલો અધિકાર ચલાવીને જે શખસને, પોતાની સાધારણ અવલ દિવાની હકુમત ચલાવતી વખતે બીજા શખસની વતી કોરટને ભાષણ કરવાનો અથવા સાક્ષી તપાસવાનો અખત્યાર આપ્યો હોય, તે શિવાયના કોઇ શખસને બીજા શખસની વતી કોરટને ભાષણ કરવાનો અથવા સાક્ષી તપાસવાનો અખત્યાર મળે છે એમ; અથવા આડવોકેટ, વકીલ અને આઠની વિશે નિયમ કરવાની હાઈ કોરટને જે સત્તા છે તે સત્તામાં ઓછું વતું થાય છે એમ આ કાયદામાં કહેલી કોઈ વાતથી સમજવું નહીં.

હાઈ કોરટની પ્રોસેસ કોણ બજાવી શકે.

૬૩૬ પોતાની સાધારણ અથવા અસાધારણ અવલ દિવાની હકુમત ચાલતાં અને લગ્ન સબંધી, મૃત્યુપત્ર સંબંધી અને મૃત્યુપત્ર ન કરનારા મઇયત સંબંધી હકુમત ચલાવતાં, હાઈ કોરટે કાઢેલી, કલમ ૬૪ પ્રમાણે પ્રતિવાદીઓ ઉપરના સમન, બજાવણીનાં વારંટ (રીટ) અને કલમ ૫૫૩ પ્રમાણેની નોટીસો શિવાયની દસ્તાવેજ હાજર કરવાની નોટીસો સાક્ષી સમન અને બીજી હરેક ન્યાયના કામની પ્રોસેસ પોંચાડવાની તે, ફરિયાદનો આઠની અથવા તેણે રાખેલા શખસો અથવા હાઈ કોરટ કંઈ નિયમ કે હુકમ કરીને વખતે વખતે ફરમાવે એવા બીજા શખસો પોંચાડવાને મુખત્યાર છે.

ઇનસાફ વગરનાં કામ

૬૩૭ ઇનસાફ વગરનુ અથવા ઇનસાફના જેવું જ

રજીસ્ટરાર કરે.

ણાતું હોય તેવું જે કામ જડજે કરવું જોઇએ એમ આ કાયદામાં કહ્યું હોય તે, તથા કલમ ૩૯૪ પ્રમાણે હિસાબ તપાસવા સારૂ તથા હિસાબ નક્કી કરવાસારૂ નીમેલા કમીશનરે કરવાનું હોય તે કામ કરવાનો અખત્યાર હાઈ કોરટના રજીસ્ટરારને અથવા તે કામ કરવાને કોરટના જે બીજા અમલદારને હાઈ કોરટ ફરમાવે તે અમલદારને છે.

આ કલમના અર્થ પ્રમાણે ઇનિસાફ વગરનાં કામ અને ઇનિસાફના કામ જેવાં જણાતાં હોય તેવાં કામ કયાં તે વખતે વખતે નિયમ કરીને ઠરાવવાનો અખત્યાર હાઈ કોરટને છે.

અવલ દિવાની હકુમતમાં હાઈ કોરટને જે કલમો લાગુ પડતી નથી તે.

૬૩૮ હાઈ કોરટને પોતાની સાધારણ અથવા અસાધારણ અવલ દીવાની હકુમત ચલાવતાં આ કાયદાની નીચેની કલમો લાગુ પડશે નહીં. તે એ કે—કલમ ૧૬ ૧૭ તથા ૧૯ કલમ ૫૪ ની રકમ (અ) તથા (બ) કલમ ૫૭, ૧૧૯, ૧૬૦, ૧૮૨ થી ૧૮૫ (બને સુધાંત) ૧૮૭, ૧૮૯, ૧૯૦, ૧૯૧, ૧૯૨, (સાહેદી લેવાની રીત વીશે કહેલું છે તેટલા પુરતી), ૧૯૮ થી ૨૦૬ (બને સુધાંત] અને ટીપણ કરવા સંબંધી જેટલું કહેલું છે તેટલા પુરતી કલમ ૪૦૯

અને પોતાની અપીલ હકુમતચલાવતાં કલમ ૫૭૯ હાઇ કોરટને લાગુ પડશે નહીં.

નાદાર દેવાદારો વિશેની હકુમત ચલાવવામાં હાઇ કોરટને આ કાયદો લાગુ નથી.

નાદાર દેવાદારોની કોરટ તરીકે હકુમત ચલાવતા કોઇ પણ હાઇ કોરટના જડજને આ કાયદાની કઇ વાત લાગનાર નહીં અથવા લાગુ પડનાર નહીં.

નમુના ઘડવાનો અખત્યાર

૬૩૯. હાઇ કોરટના કોઇ પણ કામ બદલ વખતે વખતે નમુના ઠરાવવાને તથા હાઇ કોરટના અમલદારોએ બુકો, નોંધ, હિસાબ કેમ રાખવા એ વિશે નિયમ કરવાને હાઇ કોરટ મુખત્યાર છે.

ભાગ ૧૦ મો.

બાબ ૪૯ મો.

પરચુરણ.

અમુક સ્ત્રીઓને જાતે હાજરથવાનેમાફી કરીછે.

૬૪૦. દેશના રીવાજ રીતભાત પ્રમાણે જે સ્ત્રીઓને લોકોમાં હાજર થવાની જરૂર પાડવી ન જોઇએ, તેઓને કોરટમાં જાતે હાજર થવાની માફી કરી છે.

પરંતુ દિવાની પ્રોસેસ બજાવવામાં તેવી સ્ત્રીઓને પકડવાની માફી કરી છે એમ આ ઠેકાણે કહેલી કોઇ વાતથી સમજવું નહીં.

સ્થાનિક સરકાર અમુક શખસોને જાતે હાજર રહેવાની માફી કરે.

૬૪૧. કોઇ શખસનો દરજો એવો હોય કે તેને કોરટમાં હાજર થવાની માફી કરવી જોઇએ એમ સ્થાનિક સરકારની નજરમાં આવે તો, સરકારી ગેજીટમાં જાહેર ખબર આપીને તે શખસને કોરટમાં જાતે હાજર

થવાની માફી કરવાને સ્થાનીક સરકાર મુખ્તયાર છે. અને તેવીજ રીતે જાહેર ખબર આપીને તે હક લેઇ લેવાને પણ મુખત્યાર છે.

માફી મળેલી હોય તે શખસોના નામની યાદી કોરટોમાં રાખવી.

આ પ્રમાણે માફી મળેલા સખસોનાં નામ અને તેમને રહેવાનાં ઠેકાણાં વખતો વખતે સ્થાનિક સરકારે હાઇ કોરટને મોકલવાં, અને તેવા શખસોની એક યાદ તે કોરટમાં રાખવી, તથા હાઇ કોરટના તાબાની પ્રત્યેક કોરટની હકુમતની સ્થાનિક હદમાં તેવા જે શખસો રહેતા હોય તેમની યાદી તે તાબાની કોરટમાં રાખવી.

અને હાજર રહેવાની માફી છે એમ કહેવાથી કમીશન કાઢવાનું જે ખરચ થાય તે.

આ પ્રમાણે માફી મળેલો કોઇ સખસ મને કોરટમાં હાજર થવાની માફી મળી છે એમ કહે, અને તેટલા માટે કમીશનથી તેની શાહેદી લેવાની જરૂર પડે તો, તે કમીશનનું ખરચ તેણે આપવું. પણ તેની શાહેદી લ્યો એમ કહેનાર તે ખરચ ભરે તો તેમ ન કરવું.

દીવાની પ્રોસેસથી જે શખસને પકડવાના બાતલ કરયા છે તે.

૬૪૨. જડજો માજીસ્ટ્રેટ. અથવા ન્યાયના કામ બાબતનો બીજો કોઇ અમલદાર પોતાની કોરટમાં જતો હોય ત્યારે, અથવા કોરટમાં કામ ચલાવતો હોય ત્યારે અથવા કોરટમાંથી પાછો આવતો હોય ત્યારે તેને દીવાની પ્રોસેસથી પકડી શકાય નહીં.

અને ૨૫૬ મી તથા ૬૪૩ મી કલમમા જે ઠરાવ કરયા છે તે શિવાય, કોઇ ઇનસાફદારની રૂબરૂ કોઇ વિષય ચાલુ હોય; અને તે વિશયમાં તે ઇનસાફદારની હકુમત હોય અથવા પોતાને હકુમત છે એમ તે શુદ્ધ બુદ્ધીથી માનતો હોય ત્યારે, તે વિશયના પક્ષકારોને, તેઓના, પ્લીડરોને મુખત્યારોને, રેવન્યું એજંટોને, કબુલ કરેલા મુખત્યારોને અને સમનમાં કહ્યા પ્રમાણે વર્તનારા તેઓના સાહેદોને તે વિષયના કામ સારૂ તે ઇનસાફ સ્થળમાં જતાં, અથવા ઇનસાફ સ્થળમાં હાજર રહ્યા હોય તે વખતે, અને ત્યાંથી પાછા આવતાં દીવાની પ્રોસેસથી પકડવાનું બાતલ કરયું છે.

કેટલાક ગુન્હાઓની બાબતમાં કામ ચલાવવાની રીત.

૬૪૩. કોઇ કોરટની રૂબરૂ કામ ચાલતું હોય તેમાં હિંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૯૩, કલમ, ૧૯૬, કલમ ૧૯૯, કલમ ૨૦૯, કલમ ૨૦૫, કલમ ૨૦૬ કલમ ૨૦૭. કલમ ૨૦૮, કલમ ૨૦૦, કલમ ૨૧૦, કલમ ૪૬૩, કલમ ૪૭૧, કલમ ૪૭૪, કલમ ૪૭૫, કલમ ૪૭૬, અથવા કલમ ૪૭૭ માં કહેલા કોઇ ગુન્હાનો આરોપ, માજીસ્ટ્રેટને ત્યાં તપાસ કરવા સારૂ મોકલવાનું પાકું કારણ છે એમ કોરટને જણાય અને તે આરોપ બીજી કોઇ ફરીયાદ કે કામ ચાલતાં અથવા તે કામમાં પુરાવામાં આપેલા કોઇ દસ્તાવેજની બાબતમાં રાખી શકાય એમ હોય તો, કોરટ ઉઠે ત્યાં સુધી આરોપીને અટકાવી રાખવાને કોરટ મુખત્યાર છે. અને પછી તેને પેહેરા સાથે માજીસ્ટ્રેટને ત્યાં મોકલવાને અથવા માજીસ્ટ્રેટની રૂબરૂ તેને હાજર થવાના પુરતા જામીન

લેવાને કોરટ મુખત્યાર છે.

તોહમતને લાગુ હોય તેવા દસ્તાવેજો અને પુરાવા કોરટે માજીસ્ત્રેટને મોકલવો; અને તે માજીસ્ત્રેટની રૂબરૂ હાજર થઇને સાક્ષી પુરવા સારૂ કોઇ સખસના જાત મુચલકા લેવાને કોરટ મુખત્યાર છે.

માજીસ્ત્રેટે તે તોહમતના કાગળ લેવા, અને તે ઉપરથી કાયદા પ્રમાણે કામ ચલાવવું.

ચોથા પરીશિષ્ઠમાં આપેલા નમુનાનો ઉપયોગ.

૬૪૪. કલમ ૬૩૯ ઉપરથી તથા વિક્ટોરીઆ રાણીના કારકીર્દીના ૨૪ મા તથા ૨૫ મા વરસમાં મંજુર થએલા ચાપ્ટર ૧૦૪ ની કલમ ૧૫ ઉપરથી હાઇકોરટને જે અખત્યાર મળ્યો હોય તે અખત્યારને અનુસરીને આ કાયદાને જોડેલા ચોથા પરીસિષ્ઠમાં આપેલા નમુના પ્રત્યેક મુકદમાની હકીકત પ્રમાણે જોઇએ તેવો ફેરફાર કરીને જે કામમાં ઉપયોગ કરવાનુ તેમાં કહેલું છે તે તે કામમાં ઉપયોગ કરવા.

તાબાની કોરટોનીભાષા.

૬૪૫. આ કાયદો અમલમાં આવે તે વખતે હાઇકોરટના તાબાની કોઇ પણ કોરટની જે ભાષા હોય તે જ ભાષા સ્થાનીક સરકાર બીજી રીતનો હુકમ કરે ત્યાં સુધી તે તાબાની કોરટમાં ચાલુ રેહેશે.

પરંતુ આવી પ્રત્યેક કોરટની કઇ ભાષા ગણવી એ વખતો વખત ઠરાવવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે.

સાલવેજ વીગેરેના દાવામાં આસેસર.

૬૪૫. અ. આડમીરલ્ટી (દરીઆઇ), અથવા વાઇસ આડમીરલ્ટી સંબંધી સાલ્વેજ [વહાણ અથવા તેમાનો માલ જોખમમાંથી બચાવવાની જે મદત કરે તેનું મેહેનતાણું અથવા વહાણનો નાશ થતાં ઉગરેલો માલ)·ટાવેજ (પાગડ બાંધીને લાવવા બાબતનું મેહેનતાણું) અથવા મત ચલાવતાં વખતે વખતે નિયમ ઠરાવીને કોરટ ફરમાવે તે રીતે પોતાને મદદ કરવા સારૂ, પોતાને યોગ્ય લાગે તો, તે દાવાના કોઇ પક્ષકારની અરજ ઉપરથી બે લાયક આસેસરોને સમન કરવા. અને તે આસેસરોએ હાજર રહી તે પ્રમાણે મદદ કરવી.

હાજર રેહેવા બદલ કોરટ નિયમ કરીને ઠરાવે તેટલી ફી સદરહુ પ્રમાણેના પ્રત્યેક આસેસરને મળશે. અને પ્રત્યેક કામમાં કોરટ ફરમાવે તે પક્ષકારે તે ફી આપવી પડશે.

સ્માલકાજ કોરટના રજીસ્ટારનો મુકદમા લખી મોકલવાનો અખત્યાર.

૬૪૬. કોઇ કાયદાની બાબત વિશે અથવા કાયદા જેટલો બળવાન હોય એવા રિવાજ વિશે અથવા ઠરાવના ગુણદોષને લાગુ પડે એવા કોઇ દસ્તાવેજના અરથ વિશે સ્માલકાજ કોરટના રજીસ્ટારને કંઇ સંશય આવે તો, જડજના અભિપ્રાય સારૂ હકીકત લખી મોકલવાને તે મુખત્યાર છે. અને જડજે હકીકત લખી મોકલવા વિશે આ કાયદામાં જે ઠરાવો કહેલા છે તે બધા પ્રસંગ પ્રમાણે જરૂરનો ફેરફાર કરીને રજીસ્ટાર હકીકત લખી મોકલે તેને લાગુ પડશે.

પરચુરણ કામ.

૬૪૭ કોઇ દિવાની હુકુમતવાળી કોરટમાં ફરિયાદો અને અપીલો શિવાયનાં બીજાં બધાં કામોમાં, આ કાયદામાં કહેલી કામ ચલાવવાની રીત જેટલી લાગુ પડે તેટલી લાગુ પાડવી.

પુરાવા તરીકે સોગનનામાં લેવાનું.

આવા કામોમાં, જે જે બાબત સોગનનામાં લખેલી હોય તે બાબતના પુરાવા તરીકે તે સોગનનામાં લેવાને વાસ્તે વખતે વખતે નિયમ કરવાને હાઇકોરટ મુખત્યાર છે. અને તે નિયમો સ્થાનિક સરકારી ગેઝીટમાં પ્રસિદ્ધ કરવામાં આવે એટલે કાયદા જેટલા બળવાન ગણાશે.

જે શખસને પકડાવાનો અથવા જે મિલકત જપ્ત કરવાની હોય તે શખસ અથવા મિલકત ડિસ્ટ્રિક્ટ નીબહાર હોય ત્યારે કામ ચલાવવાની રીત.

૬૪૮. હુકમનામાની બજાવણી સંબંધી ન હોય એવા આ કાયદાના કોઇપણ ઠરાવ પ્રમાણે કોઇ શખસને પકડવો અથવા કાંઇપણ મિલકત જપ્ત કરવી એમ કોઇ કોરટની મરજી હોય અને તે કોરટની હકુમતનીસ્થાનિક હદ બાહાર તે શખસ રહેતો હોય અથવા તેમિલકત હોય ત્યારે પોતાની નજરમાં આવે તો, પકડવાનું વારંટ કાઢીને અથવા જપ્તીનો હુકમ કરીને જે ડિસ્ટ્રિક્ટ કોરટની હકુમતની સ્થાનિક હદમાં સદરહુ શખસ રહેતો હોય અથવા સદરહુ મિલકત હોય તે ડિસ્ટ્રિક્ટ કોરટને તે વારંટની અથવા હુકમની નકલ, તથા પકડવાના કે જપ્ત કરવાના ખરચનો સંભવીત આંકડો મોકલવાને તે કોરટ મુખત્યાર.

તે નકલ અને આંકડો મળે એટલે તે ડિસ્ટ્રિક્ટ કોરટે પોતાના અમલદાર મારફતે, અથવા પોતાના તાબાની કોરટ મારફતે તે શખસને પકડાવવો અથવા જપ્તી કરાવવી, અને જે કોરટે તે શખસને પકડવા બાબત અથવા તે મિલકત જપ્ત કરવા બાબત વારંટ અથવા હુકમ કાહાડયો હોય તે કોરટને તે પકડ્યાની અથવા જપ્ત કર્યાની ખબર કરવી.

અને આ કલમ પ્રમાણે જે કોરટ કોઇને પકડે તે કોરટે તે પકડેલા શખસને, પકડવાનું વારંટ જે કોરટે કાહાડ્યું હોયતેકોરટમાં મોકલવો જોઇએ; પણ તે કોરટમાં હાજર થવા બાબત અથવા [૩૪ મા બાબ પ્રમાણે હોય તેવા મુકદમામાં) તેની વિરૂધ તે કોરટ કાંઇ હુકમનામું કરે તેની ભરપાઇ કરવા બાબત તે પુરતો જામીન આપે તો પકડનારી કોરટે તેને છોડી દેવો.

પકડવાની, વેચવાની અને પઇશા ભરવાની તમામ દિવાની પ્રોસેસને લાગુ પડે તે નિયમો.

૬૪૯. કોઇ શખસને પકડવા સારૂ અથવા મિલકતના વેચાણ સારૂ અથવા પઇશા ભરવા સારૂ કોઇ દિવાની કોરટ કોઇ દિવાની કામમાં મરજી બતાવે અથવા હુકમ કરે. તે પકડવા સંબંધી વેચવા સંબધી અથવા રૂપીયા ભરવા સંબંધી ઇનસાફની કોઇ પ્રોસેસ બજાવવામાં, બાબ ૧૯ માં જે નિયમ કહેલા છે તે લાગુ પડશે.

. એજ બાબમાં હુકમનામું કરનારી કોરટ આ અથવા એવાજ અરથના (બીજા] શબ્દોમાં (આગલા પાછલા સંબંધથી બાધ આવતો ન હોય તો] બજાવવાનું હુકમ

નામું કરનારી કોરટ, આનો સમાવેશ થાય છે; અને બજાવવાનું હુકમનામું કરનારી કોરટનું અસ્તિત્વ બંધ થયું હોય, અથવા તે હુકમનામું બજાવવાની તે કોરટની હકુમત બંધ થઇ હોય ત્યારે—જે ફરિયાદમાં હુકમનામું થએલું તે ફરિયાદ, એ હુકમનામું બજાવવાની દરખાસ્ત કરતી વખતે થઇ હોત તો, તેની ચોકસી કરવાના હકુમત જે કોરટને હોત તે કોરટ, આનો સમાવેશ થાય છે એમ સમજવું.

સાક્ષીઓ વિશે લાગુ પાડવાના નિયમ.

૬૫૦. આ કાયદા પ્રમાણે કોઇ કામમાં જે શખસોને શાહેદી પુરવાનું અથવા દસ્તાવેજો હાજર કરવાનું કહેવામાં આવે તે તમામ શખસોને બાબ ૧૪ માં ને ૧૫ માં સાક્ષીઓ વિશે જે ઠરાવો છે તે લાગુ પડશે.

પરરાજ્યના સમન બજાવવાનું.

૬૫૦ અ. બ્રિટિશ ઇંડિયાની હદ બાહારની કોઇપણ દિવાની કે મુલકી કોરટે કાઢેલા સમન, બ્રિટિશ ઇંડિયા માંની કોરટમાં મોકલવાનો અને બ્રિટિશ ઇંડિયાની કોરટે કાહાડેલા સમન પ્રમાણે તે સમન બજાવવાનો અખત્યાર છે. પણ એવું ઠરાવ્યું છે કે, એવા સમન કાઢનારી કોરટો ગવરનર જનરલ ઇનકાંઉનસિલના હુકમથી સ્થાપેલી હોવી જોઇએ. અથવા ગવરનર જનરલ ઇન કાંઉનસિલે ઇંડિયા ગેજેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને આ કલમના ઠરાવ સદરહુ પ્રકારની કોરટને લાગુ છે એમ જાણાવવું જોઇએ.

આ કલમ પ્રમાણે કરેલું કોઇ જાહેરનામું તેવાજ બીજા જાહેરનામાથી રદ કરવાને ગવરનર જનરલ ઇન કાંઉનસિલ મુખત્યાર છે. પરંતુ તે રદ કરયા ઉપરથી રદ કરયા અગાઉ બજેલા કોઇ સમનની બજાવણી ગેરકાયદેસર ગણાશે નહીં.

આ કાયદા પ્રમાણે અથવા દિવાની પ્રોસેસની રૂઇએ પકડવામાં સામો અથવા પેરામાંથી નાસી જાય તો શિક્ષા.

૬૫૧. આ કાયદા ઉપરથી અથવા કોઇપણ દિવાની કે મુલકી કોરટના વારંટ ઉપરથી કાયદાસર રીતે પોતાને પકડવા દેવામાં કોઇ શખસ સામો થાય અથવા ગેરકાયદાસર અટકાવ કરે, અથવા આ કાયદા પ્રમાણે કે તે વારંટ પ્રમાણે કાયદાસર રીતે તેને જે કેદમાં રાખ્યો હોય તે કેદમાંથી તે નાસી જાય અથવા નાસી જવાનો પ્રયત્ન કરે તો માજીસ્ટ્રેટની રૂબરૂ ગુન્હેગાર ઠરે એટલે તેને ૭ મહિનાની મુદત પર્યંત કેદની શિક્ષા અથવા ૧૦૦૦ રૂપીયા સુધી દંડની શિક્ષા અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

કામ ચલાવવાની રીતના પેટા નિયમ કરવાનો અખત્યાર.

૬૫૨. હાઇકોરટનું પોતાનું કામ ચલાવવાની રીતને લગતી અથવા હાઇકોરટની દેખરેખ નીચેની દિવાની ન્યાયાધિકારી કોરટોમાં કામ ચલાવવાની રીતને લગતી કોઇ બાબત નિયમસર કરવા સારૂ આ કાયદાને અનુસરતા નિયમ વખતે વખતે કરવાને હાઇકોરટ મુખત્યાર છે. અને તે નિયમ સરકારી ગેજીટમાં પ્રસિદ્ધ કરવા અને તે પ્રસિદ્ધ થાય એટલે કાયદા જેટલા તે બળવાન ગણવા.

———

પરિશિષ્ટ પહેલું

(કલમ ૩ જુઓ.)

આક્ટો રદ કરયા તે.

નંબર તથા વરસ	વિષય અથવા સરનામું.	કેટલો રદ કરયો તે.
સન૧૮૭૭ નો૧૦મો	દિવાનીકામ ચલાવવાની રીતનો કાયદ	પહેલાંરદથયો ન હોય તેટલે
સન ૧૮૭૭નો ૧૨મો	સન ૧૮૭૭નોઆક્ટ ૧૦ મોવગેરેઆક્ટ સુધારવાનો આક્ટ.	૧ થી ૧૦૩ [બને સુધાંત કલમો.
સન૧૮૮૦ નો ૭ મો	મરચંટ શિપિંગ (વ્યાપારીઓનાં વહાં ણ સંબંધી]	૫ ચાશીમી કલમ.

પરીશિષ્ટ૨જુ.

(કલમ ૫ જુઓ).

મુફસીલની સ્માલકાજ કોરટોને આ કાયદાના જે બાબો અને કલમો લાગુ પડેછે તે.

મારંભનો વિષય—કલમ ૧, ૨, ૩, અને ૫.

બાબ ૧ લો—કોરટોની હકુમત અને નિર્ણિત વાત વિસે કલમ ૧૧ શિવાયનો.

બાબ ૨ જો—ફરિયાદ કરવાના ઠેકાણા વિશે, પણ કલમ ૨૦ પારેગ્રાફ ૪ તથા કલમ ૨૨ થી ૨૪ સુધી (બને સુધાંત] એ શિવાયનો

બાબ ૩ જો—પક્ષકાર અને તેમનું હાજર થવું, તેમની અરજી, અને તેમણે કરવાનાં કામ એ વિશે.

બાબ ૪ થો—ફરિયાદ તઇયાર કરવા વિશે, કલમ ૪૨ અને કલમ ૪૪ નિયમ આ એ શિવાયનો.

બાબ ૫ મો—ફરિયાદો માંડવા વિશે.

બાબ ૬ ઠો—સમન કાઢવા તથા પોંચાડવા વિશે, કલમ ૭૭ શિવાય.

બાબ ૭ મો—પક્ષકારેએ હાજર થવા વિશે અને ન હાજર થવાનાં પરિણામ વિશે

બાબ ૮ મો—કલમ ૧૧૧, સામો દાવો.

બાબ ૯ મો—કોરટે પક્ષકારોની જબાની લેવા વિશે કલમ ૧૧૯ શિવાય.

બાબ ૧૦ મો—દસ્તાવિજોની શોધ લગાડવા, તે કબુલ કરવા, વગેરે વિશે.

બાબ ૧૨ મો—કલમ ૧૫૫ નો પારેગ્રાફ ૧ લો, બેમાંથી એક પક્ષકાર પોતાનો પુરાવો હાજર ન કરે તો ફસલો કરવો.

બાબ ૧૩ મો—મુલતવી રાખવા વિશે.

બાબ ૧૪ મો—સાક્ષીઓને સમન કરવા વિશે તથા તેમણે હાજર રહેવા વિશે.

બાબ ૧૫ મો—ફરિયાદની સુનાવણી તથા સાક્ષીઓની જબાની લેવા વિશે, ૧૮૨

થી ૧૮૮ (બને સુધ્ધાંત) સુધીની કલમો શિવાય.

બાબ ૧૭ મો—ફેંસલા તથા હુકમનામાં વિશે, ૨૦૪, ૨૦૭, ૨૧૧, ૨૧૨, ૨૧૩, ૨૧૪, અને ૨૧૫ એ કલમો શિવાય.

બાબ ૧૮ મો—કલમો ૨૨૦, ૨૨૧, ૨૨૨, ખરચ વિશે.

બાબ ૧૯ મો—હુકમનામાં બજાવવાં વિશે, કલમ ૨૨૩ થી ૨૩૬ સુધી (બને સુધ્ધાંત]. ૨૩૯ થી ૨૫૮ સુધી [બને સુધ્ધાંત), ૨૫૯ [વહુ તાબે લેવા વિશે જે કહેલું છે તે શિવાયનો બાકીનો ભાગ), ૨૬૬ (સ્થાવર મિલકત સબંધી જેટલું કહેલું છે શિવાયનો ભાગ), ૨૬૭ થી ૨૭૨ સુધી (બને સુધ્ધાંત). ૨૭૩ (જગમ મિલકતનાં) હુકમનામાં વિશે કહેલું છે તેટલા પુરતો ભાગ]. ૨૭૫ થી ૨૮૦ સુધી (બને સુધાંત (બને સુધ્ધાંત', ૨૮૩, ૨૮૪) (જંગમ મિલકત વિશે કહેલું છે તેટલા પુરતો ભાગ), ૨૮૫, ૨૮૬, ૨૮૭, ૨૮૮, ૨૮૯, ૨૯૦, ૨૯૧, ૨૯૨, ૨૯૩, (કલમ ૨૯૭ પ્રમાણે ફરી વેચવા વિશે કહેલું છે તેટલા પુરતો ભાગ); ૨૯૪ થી ૩૦૩ સુધી [બને સુધાંત), ૩૨૮ થી ૩૩૩ સુધી (બને સુધાંત જંગમ મિલકત સબંધી જે કહેલું છે તેટલા પુરતો ભાગ), ૩૩૬ થી ૩૪૩ સુધી (બને સુધાંત).

બાબ ૨૦ મો—કલમ ૩૬૦, નાદારી બાબતની હુકમત કેટલીક કોરટોને આપવાનો અખત્યાર.

બાબ ૨૧ મો—પક્ષકારોનાં મરણ, લગ્ન અને તેમની નાદારી વિશે.

બાબ ૨૨ મો—ફરિયાદો કાઢી લેવા તથા માંડી વાળવા વિશે.

બાબ ૨૩ મો—કોરટમાં ભરણું કરવા વિશે.

બાબ ૨૪ મો—ખરચને વાસ્તે જામીન માગવા વિશે.

બાબ ૨૫ મો—કમીશન વિશે.

બાબ ૨૬ મો—નાદારોએ કરવાની ફરિયાદો વિશે.

બાબ ૨૭ મો—સરકાર અથવા સરકારી નોકરો કરે તે અથવા તેમના ઉપર થાય તે ફરિયાદો.

બાબ ૨૮ મો—પરરાજ્યના લોકો કરે તે ફરિયાદો, તથા દેશી અને પરદેશી રાજ્ય કરતાઓ કરે તે અને તેમના ઉપર કરવામાં આવે તે ફરિયાદો, કલમ ૪૩૩ ના પેહેલા પારેગ્રાફ શિવાય.

બાબ ૨૯ મો—કારપોરેશન અને કંપનીઓ કરે તે તથા તેમના ઉપર કરવામાં આવે તે ફરીઆદો.

બાબ ૩૦ મો—ટ્રસ્ટી એક્ઝિક્યુટર ઍડમિનિસ્ટ્રેટર ચલાવનાર તથા મઈયતની મિલકતના વહિવટ કરનાર કરે તે તથા તેમના ઉપર કરવામાં આવે તે ફરીઆદો.

બાબ ૩૧ મો—સગીર અને દિવાના એઓની તરફની અને તેમનાઉપરની ફરીયાદો

બાબ ૩૨ મો—લશ્કરી માણસો કરે તે તથા તેમના ઉપર કરવામાં આવે તે ફરીઆદો

બાબ ૩૩ મો—ઇન્ટરપીલીડર.

બાબ ૩૪ મો—ફેંસલો થતાં પેહેલાં પકડવા તથા જપ્તી કરવા વિશે સ્થાવર મિલકત સંબંધી ન હોય તેટલો ભાગ.

બાબ ૩૬ મો—વસુલદારની નીમણુક.

બાબ ૩૭ મો—લવાદીપર સોંપવા વિશે, કલમ ૫૦૬થી ૫૨૬ સુધી [બંનેસુધાંત)

બાબ ૩૮ મો—પક્ષકારોના કરારનામા ઉપરથી ચલાવવાના કામ વિશે.

બાબ ૪૬ મો—હાઇકોરટને હકીકત લખી મોકલવા વિશે, તથા હાઇકોરટે તપાસણી કરવા વિશે.

બાબ ૪૭ મો—ફેંસલાની ફરી તપાસ વિશે.

બાબ ૪૯ પ્રચુરણ કલમ ૬૪૦ થી ૬૪૭ સુધી [બંને સુધાંત), કલમ ૬૪૯ થી ૬૫૨ સુધી (બંને સધાંત).

પરિશીષ્ટ ત્રીજુ.

[કલમ ૭ જુઓ)

મુંબાઇના આકટ અને કાયદાઓ.

મુંબાઇનો સન	૧૮૨૭	નો	રેગ્યુલેશન	૨૯	મો.
,,	૧૮૩૦	નો	,,	૭	મો
,,	૧૮૩૧	,,	,,	૧	લો.
,,	૧૮૩૧	,,	,,	૧૬	મો.
સન	૧૮૩૫	નો	આકટ	૧૯	મો.
સને	૧૮૪૨	નો	આકટ	૧૩	મો

પરીશિષ્ટ ચોથુ.

(કલમ ૬૪૪ જુઓ.)

ફરિઆદઅરજી. કેફીયત સમન, વગેરે મુદા પેહેલાંનાં કાગળ [પ્લીડીંગ્સ) ના તથા હુકમનામાંના નમુના.

અ.—ફરિઆદ અરજીઓ—ભાગ ૧ લો.

નંબર ૧.

ધીરેલા પઇશા વિશે.

ના ની કોરટમાં

દીવાની ફરીયાદ નંબર

અ. બ. રહેનાર.

વિરૂદ્ધ.

ક. ડ. રેહેનાર.

હું. અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:

१ मां, तारीख माहे सने १८ रोज में
रु प्रतिवादीने धीरया ते मागु त्यारे (अथवा तारीख सने रोज पाछा आपवाना हता.

प्रतिवादीए तारीख माहे सने रोज रु.
आप्या छे ते शिवाय तेणे कंइ आप्युं नथी.

(मुदतनो कोइ कायदो लागु करवानी माफी वादी मागता होय तो लखवु केः
तारीख सने थी तारीख माहे सन सुधी हुं वादी नानी उमरनो (अथवा दीवानो] हतो.

४. तारीख माहे सने थी दर सेंकडे टका प्रमाणे व्याज सहित रु. नो फेसलो मळवा विशे मारी अरज छे.

[टीपः—करज क्यारे पाछुं आपवानुं हतुं ते लखवानो हेतु ए छे के तेथी व्याज गणवानी तारीख मुकरर थाय माटे जो व्याज न माग्युं होय तो, तेमज कुर कमी करी शकाय.)

नंबर २.

वादीने वास्ते मळेला पइसा विशे

(मथाळु)

अमे अ, ब, अने ग, ह, उपर कहेला वादीओ जणावीए छीए केः—

१ मां, तारीख माहे सन रोज एक रु. इ. पासेथी अमारे माटे रु. (अथवा व्यांक उप रनो रु. नो चेक) प्रतिवादीए लीधा.

२. प्रतीवादीए ते प्रमाणे ते रुपीया आपीआ नथी [अथवा चेक आपीयो नथी)

३. तारीख माहे सने थी दर सेंकडे टका प्रमाणे व्याज सहीत रु. नो फेसलो मळवा विशे अमारी अरज छे.

नंबर ३.

आडतीआए वेचेला मालनी कीमत बदल

(मथाळु.)

हुं, अ, ब, उपर कहेलो वादी जणावुं छुं केः——

१. मां तारीख माहे सन १८ रोज मे अने मईयत इ. रु. ए प्रतिवादीने कमीशनथी वेचवा सारु [लोटनां एक हजार पीप, पांचसे मण चोखा अथवा जे होय ते] आपीयुं.

२. तारीख माहे सने १८ रोज (अथवा तारीख माहे सने १८ पहेलां जे दीवस हुं जाणुंतो नथी तेवे कोइ दिवसे) प्रतिवादीए ते माल रु. माटे वेच्यो.

३. ते वेचवानु प्रतीवादीनुं खरच अने कमीशन मळीने रु. थाय छे.

४. सदरहु मालनु जे उपज्युं होय ते तारीख माहे सने १८ रोज मे प्रतवादी पासे माग्युं.

૫. પ્રતિવાદીએ તે આપ્યું નથી.

[ફેસલો માગવો.]

નંબર ૪.

વાદીની હકીકતની ચુકને લીધે પ્રતિવાદીએ મળેલા પઇસા વિશે

(મથાળું.)

હું, અ. બ., ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. માં, તારીખ માહે સને ૧૮ રોજ આને તોલા પ્રમાણે શુદ્ધ રૂપાના પાસલા મેં ખરીદ કરવાનો અને પ્રતિવાદીએ વેચવાનો કરાર કરયો.

૨. મેં એક ઈ. ફ. પાસે તે પાસલાની પરિક્ષા કરાવી, તે પરીક્ષા બદલ પ્રતિવાદીએ તેને પઇસા આપ્યા; અને સદરહુ ઈ. ફ. એ એવું કહ્યુ કે તે પાસલા માંનો દરેક ૧૫૦૦ તોલા શુદ્ધ રૂપાનો છે, અને તેથી કરીને મેં. આનાના દર પ્રમાણે રૂ. પ્રતિવાદીને આપ્યા.

૩. તે પાસલામાંના દરેક પાસલામાં માત્ર ૧૨૦૦ તોલા શુદ્ધ રૂપું હતું.

૪. આ રીતે વધારે અપાએલી કિંમતની રકમ પ્રતિવાદીએ પાછી આપી નથી.

[ફેસલો માગવો.]

[ટીપઃ—પઇસા પાછા લેવાની માગણીની જરૂર નથી; પરંતુ તે ન માગે તો તેથી વ્યાજ અથવા ખરચની બાબતમાં અડચણ પડે.)

નંબર ૫.

પ્રતીવાદીના કહેવાથી ત્રીજા શખસને આપેલા પઇસા બદલ.

(મથાળું.)

હું, અ. બ, ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. માં તારીખ માહે સને ૧૮ રોજ પ્રતીવાદીના કહેવાથી [અથવા તેના હુકમથી] મેં એક ઈ. ફ, ને રૂ. આપ્યા.

૨. તેને માટે પ્રતિવાદીએ હું માગું ત્યારે [અથવા જે હોય તે) તે રકમ મને પાછી આપવાનું વચન આપું છે. [અથવા તે બંધાયો છે.)

૩, (તારીખ) સને ૧૮ રોજ મેં તે રકમ પ્રતીવાદી પાસે માગી પણ] તેણે તે આપી નથી.

[ફેસલો માગવો.

(ટીપઃ—પ્રતીવાદીનું કહેવું અથવા તેનો હુકમ ગર્ભીત હોય તો જે હકીકતોથી તે પ્રમાણે ગરભીત નીકળતું હોય તે હકીકતો ફરીયાદ અરજીમાં લખવી.

નંબર ૬.

અરજ્જ કિંમતે માલ વેચીને સ્વાધીન કરયો હોય તે બદલ.

(મથાળું)

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧ માં, તારીખ માહે સન ૧૮ રોજ ના રહેનાર મરહુમ ઇ. ફ. એ પ્રતિવાદીને [સો પીપ લોટનાં; અથવા આ સાથે જોડેલી યાદમાં કહેલો સામાન, અથવા પરચુરણસામાન) વેચીને સ્વાધીન કરયો.

૨. તે માલ બદલ તે સ્વાધીન કરવામાં આવે એટલે (અથવા તારીખ માહે સને રોજ ફરિયાદ દાખલ કરયા પહેલાંના કોઇ દિવસ] રૂ. આપવાનું પ્રતિવાદીએ વચન આપ્યું,

૩, તેણે તે રકમ આપી નથી.

૪. સદરહુ ઇ. ફ. એ પોતાની હયાતીમાં પોતાનું મૃત્યુપત્ર કરયું છે તેમાં તેણે મને તે મૃત્યુપત્ર ચલાવનાર નિમ્યો છે.

૫. તારીખ સન ૧૮ રોજ સદરહુ ઇ. ફ. મરણ પામ્યો.

૬. તારીખ સન ૧૮ રોજ ની કોરટે તે મૃત્યુપત્રનું પ્રોબેટ મને આપેલું છે.

૭. તે પ્રમાણે મૃત્યુપત્ર ચલાવનાર તરીકે હું વાદી ફેસલો માગવો).

[ટીપ:—પઇસા આપવાની તારીખ મુકરર કરી હોય તો, વ્યાજ કઈ તારીખથી માગવું તે જણાવવા માટે તે તારીખ લખવી).

નંબર. ૭.

વાજબી કિંમતે માલ વેચીને સ્વાધીન કરયો હોય, તે બદલ.

[મથાળું.)

હું અ. બ,, ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં, તારીખ માહે સન ૧૮ રોજ (ઘરશણગાર નો પરચુરણ સામાન] મેં પ્રતિવાદીને વેચ્યો અને સ્વાધીન કરયો પણ કીમત વિશે કંઇ સ્પષ્ટ કરાર કરવામાં આવેલો નથી.

૨. તે સામાનની વાજબી કિંમત રૂ, હતી,

૩, પ્રતિવાદીએ તે આપી નથી.

(ફેસલો માગવો.]

(ટીપ:—માલની વાજબી કીમત હોય તે આપવાનું કાયદામાં ગરભીત વચન માનેલું છે].

નંબર ૮.

પ્રતિવાદીના કહેવાથી મુકરર કીંમતે ત્રીજા શખસને સ્વાધીન કરેલા માલ વિશે.

(મથાળું.]

હું, અ, બ., ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં, તારીખ માહે સન ૧૮ રોજ મેં પ્રતિવાદીને (લોટનાં સોપીપ) વેચ્યાં અને પ્રતિવાદીના કહેવાથી તે ઇ ઇ. ફ. ને સ્વાધીન કરયા,

૨. તે બદલ રૂ. આપવાને પ્રતિવાદીએ મને વચન આપ્યું છે.

૩. તેણે તે રકમ આપી નથી.

[ફેંસલો માગવો]

નંબર. ૯.

પ્રતિવાદી જેનું મૃત્યુપત્ર ચલાવનાર છે તેના કુટંબને તેના મુદ્દામ કહ્યા વગર વાજબી કીંમતે જરૂરીયાત વસ્તુઓ આપી હોય તે બદલ.

[મથાળું.]

હું અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં, તારીખ માહે સન ૧૮ રોજ મઇયત જેમ્સ જોન્સની સ્ત્રિને [મેરી જોન્સને) તે સ્ત્રીના કહેવાથી (અન્નવસ્ત્રનો) પરચુરણ સામાન મુરો પાડયો છે, પણ કીંમત વિશે સ્પષ્ટ કરાર થયો નથી.

૨. તે સામાન તેને વાસ્તે જરૂરીયાત હતો.

૩. તેની વાજબી કિંમત રૂ. હતી.

૪. સદરહુ જેમ્સ જોન્સે તે આપવાની ના કહી.

૫. તે જેમ્સ જોન્સના છેલા મૃત્યુપત્રનો ચલાવનાર પ્રતિવાદી છે.

(ફેંસલો માગવો)

નંબર ૧૦

મુકરર કિંમતે વેચેલા માલ વિશે.

(મથાળું.)

હું, અ. બ. ઉપર કહેલોવાદી જણાવું છું કે:—

૧ માં, તારીખ માહે સન ૧૮ રોજ ના રહેનાર મઇયત ઇ. ફ. ને (માંના મારા ખેતરનો તે વખતે ઉગેલો તમામ પાક મેં વેચ્યો છે.

૨. તે બદલ મને રૂ: આપવાનું સદરહુ ઇ. ફ. એ વચન આપ્યું છે.

૩. તેણે તે રૂપીયા આપ્યા નથી,

૪. પ્રતિવાદી સદરહુ ઇ. ફ. ની સ્ટેટનો વહિવટ કરનારો છે.

[ફેંસલો માગવો]

નંબર. ૧૧.

વાજબી કીંમતે વેચેલા માલ વિશે.

[મથાળું.]

હું અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં, તારીખ માહે સન ૧૮ રોજ ના રહેનાર ઇ. ફ. એ પ્રતિવાદીને] માંના ખેતરના બાગમાં ઉગેલા ઝાડ [ફળ] વેચ્યાં પણ કીંમત વિશે સ્પષ્ટ કરાર થયો નથી.

૨. તે રૂપીની વાજબી કિંમત રૂ.   હતી.

૩. પ્રતિવાદીએ તે રૂપિયા આપીયા નથી.

૪. કોર્ટ બુલ્યુમની ન્યાયાધિકારી હાઇ કોર્ટે તારીખ   માહે   સન ૧૮   રોજ સદરહુ ઈ. ફ. દીવાનો છે એવો યોગ્ય રીતે ઠરાવ કર્યો છે. અને તેની સ્ટેટનો વહિવટ કરવાનો સાધારણ અધિકાર આપીને મને તે સ્ટેટનો રક્ષક નીમ્યો છે

૫. તે પ્રમાણે રક્ષક તરીકે હું (ફેસલો માગવો)

(ટીપઃ-દીવાનાની ઇસ્ટેટ હાઇ કોરટની અસલ સાધારણ હકુમતમાં ન હોય તો ૪ થા તથા ૫ મા પારેગ્રાફને બદલે નીચેના લખવા).

૪.   ની કોરટે તારીખ   માહે   સન ૧૮   રોજ, સદરહુ ઇ. ફ. દીવાનો છે અને પોતાનું કામ કાજ ચલાવી શકે તેવો નથી, એવો યોગ્ય રીતે ઠરાવ કરીને મને તેની ઇસ્ટેટનો વહિવટદાર નીમ્યો છે.

૫. તે પ્રમાણે વહિવટદાર તરીકે હું (ફેસલો માગવો.]

નંબર ૧૨.

પ્રતિવાદીના કહેવાથી સામાન બનાવ્યો હોય અને તે કબુલ ન કરે તે વિશે.

(મથાળું.]

હું. અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧   માં તારીખ   માહે   સન ૧૮   રોજના રહેનાર ઈ. ફ. એ મારી સાથે એવો કરાર કર્યો કે, મારે તેને સારૂ (છ ટેબલ અને પચાસ ખુરશીઓ) બનાવવી, અને તે સ્વાધીન કરૂં એટલે તેની કીંમતના રૂ.   સદરહુ ઈ. ફ. એ આપવા.

૨. સદરહુ સામાન મેં બનાવ્યો અને તારીખ   માહે   સન ૧૮   રોજ સદરહુ ઈ. ફ. ને કહ્યું કે તું તે સ્વાધીન લે, અને ત્યારથી તે સામાન સ્વાધીન કરવાને હું તઈઆર અને ખુશી છું.

૩. સદરહુ ઈ. ફ. એ તે સામાન કબુલ કર્યો નથી અથવા તેની મત આપી નથી.

૪. કોરટ બુલ્યુમની ન્યાયાધિકારી હાઈ કોરટે તારીખ   માહે   સન ૧૮   રોજ. સદરહુ ઇ. ફ. દીવાનો છે એવો યોગ્ય રીતે ઠરાવ કરીને તે. ની ઇસ્ટેટનો રક્ષક પ્રતીવાદીને નીમ્યો છે.

૫. મારી અરજ એ છે કે, રૂ.   તથા તારીખ   માહે   સનથી દર વરશે દર શેકડે   ટકા પ્રમાણે વ્યાજ. પ્રતિવાદીના હાથમાં સદરહુ ઇ. ફ. ની ઇસ્ટેટ છે તેમાંથી આપવાનો ફેસલો કરો.

નંબર ૧૩.

લીલામમાં વેચેલો માલ ફરી વેચવાથી જે કમી ઉપજ્યું બદલ.

[મથાળું.)

હું. અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. માં. તારીખ માહે સને ૧૮ રોજ મેં પરચુરણ વેપારની વસ્તુઓ લીલામમાં મુકી. એવી શરતથી કે જે જે માલ ખરીદવામાં આવે તે તેનો ખરીદદાર વેચાણ પછી [દશ] દિવસમાં તેની કીંમત આપીને લેઈ નહી જાય તો, તે ખરીદદારની વતી તે માલ લીલામથી ફરી વેચવામાં આવશે. આ સરતની પ્રતિવાદીને ખબર હતી.

૨. સદરહુ લીલામમાં પ્રતિવાદીએ [એક ટોપલો માટીનાં વાસણ] રૂ. માટે ખરીદ કરયો.

૩. તે દીવસે અને ત્યાર પછી [દશ] દીવસ સુધી તે સ્વાધીન કરવાને હું તઈયાર અને ખુશી હતો, અને એ વાતની પ્રતિવાદીને ખબર હતી.

૪. પોતે ખરીદ કરેલો સદરહુ માલ પ્રતીવાદી લેઈ ગયો નહી અને વેચાણ પછી (દશ) દિવસમાં અથવા ત્યાર પછી તેની કીમત આપી નથી.

૫. માં તારીખ સને ૧૮ રોજ સદરહુ [ટોપલો માટીનાં વાસણ) પ્રતિવાદીની વતી જાહેર લીલામથી રૂ. માટે મેં ફરી વેચ્યાં.

૬. તે ફરી વેચવાને લીધે થએલા ખરચના આંકડો રૂ. થાય છે.

૭. આ રીતે રૂ. કમી આવ્યા તે પ્રતીવાદીએ આપ્યા નથી.

[ફેસલો માગવો.)

(રકમ ૪ થી ની ટીપઃ—વેચનારે સ્વાધીન કરવાની કબુલત ન આપી હોય તો, ખરીદદારે તે સામાન જઈને લેઈ આવવો જોઈએ, સને ૧૮૭૨ નો આકટ ૯ મો કલમ ૯૩ જુઓ.)

નંબર ૧૪.

જમીન વેચી હોય તેની ખરદીની રકમ વિશે.

[મથાળું.]

હું. અ. બ. ઉપર કહેલો વાદી જણાવવું છુ કેઃ—

૧. માં, તારીખ માહે સને ૧૮ રોજ મેં પ્રતિવાદીને (શેહેરમાંનું નંબર નું ઘર અને તેને લગતો ભાગ અથવા માં નામથી ઓળખાતું ખેતર અથવા ઠેકાણાની વગેરે જમીન) વેચી (અને તેનું ખત લખી આપ્યું.)

૨. સદરહુ [ઘર અને તેને લાગતો ભાગ અથવા ખેતર અથવા જમીન] બદલ મને. રૂ. આપવાને પ્રતીવાદીએ વચન આપ્યું.

૩. તેણે તે રકમ આપી નથી.

[ફેસલો માગવો.]

(ટીપઃ—ખરે ખરૂં ખરીદી, ખત ન કરયું હોય તો. રકમ ૧ લીમાં એમ લખવું કે, "ઘર વગેરે પ્રતીવાદીને વેચ્યું અને તેનો તેને કબજો આપ્યો."

નંબર ૧૫.

સ્થાવર મીલકત વેચવાનો કરાર કરયો હોય પણ ખરીદી ખત લખી આપ્યું

મે હોય ત્યારે તે ખરીદીની રકમ લેવા વિશે.

(મથાળું.)

હું. અ. બ. ઉપર કહેલા વાદી જણાવું છું કે:—

૧. માં, તારીખ માહે સને ૧૮ રોજ મેં અને પ્રતીવાદીએ અરસ પરસ એવી કબુલાયત કરી કે (ગામમાંનું ઘર નંબર અથવા માં ૧૦૦ વીઘા જમીન જેની ચતુરસી મામાં ઈસ્ટ ઇંડિયન રેલનો રસ્તો તથા મારી બીજી જમીનો આવેલી છે તે) રૂ. માટે મારે પ્રતીવાદીને વેચવી અને પ્રતીવાદીએ મારી પાસેથી ખરીદ કરવી.

૨. માં, તારીખ માહે સને ૧૮ રોજે સદરહુ મીલકતનું જોઈએ તેવું ખરીદી ખત (કન્વેયન્સ) સદરહુ રકમ આપીને લે એમ મેં પ્રતીવાદીને કહ્યું (અથવા તે ખત કરી આપવાને હું તઈયાર અને ખુશી હતો અને તે કરી લે એમ મેં કહ્યું) અને હજી પણ તે કરી આપવાને હું તઈયાર અને ખુશી છું.

૩. પ્રતીવાદીએ તે રકમ આપી નથી.

(ફેસલો માગવો.)

નંબર ૧૬.

મુકરર કીમતે કામ કરયા બદલ.

(મથાળું)

હું, અ. બ, ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં, તારીખ માહે સને ૧૮ રોજે પ્રતિવાદીએ (મને દરસાલ રૂ. નો પગાર કરીને કલારક તરીકે નોકર રાખ્યો.

૨. (સદરહુ) તારીખથી તારીખ માહે સને ૧૮ સુધી મેં પ્રતીવાદીના કલારક તરીકે તેની નોકરી કરી છે.

૩. પ્રતીવાદીએ સદરહુ પગાર આપ્યો નથી.

(ફેસલો માગવો.)

નંબર ૧૭.

વાજબી કીમતે કામ કરયા બદલ.

(મથાળું.)

હું અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં તારીખ માહે સને ૧૮ અને તારીખ માહે સને ૧૮ ની દરમ્યાન, મેં પ્રતિવાદીના કહેવાથી પ્રતીવાદીને સારૂ [નાના પ્રકારનાં ચિત્ર (ડ્રોઈંગ્સ.) આકૃતિયો અને નકશા (ડીઝાઈન) તઈયાર કરયા છે) પરંતુ કામને વાસ્તે આપવાની રકમ વિશેનો કંઈ સ્પષ્ટ કરાર થયો નથી.

૨. તે કામ કરવાની વાજબી કિંમત રૂ. હતી.

૩. પ્રતીવાદીએ તે આપેલી નથી.

(ફેસલો માગવો.)

નંબર ૧૮.

મુકરર કિંમતે કામ કરયું હોય અને સામાન આપો હોય તે બદલ.

(મથાળું.)

હું, અ. બ, ઉપર કહેલો વાદી જણાવું છું કે:-

૧. માં, તારીખ માહે સને ૧૮ રોજ મેં પ્રતીવાદીને વાસ્તે પ્રતીવાદીના કહ્યાથી [નામની ચોપડીને સારૂ કાગળ પુરા પાડીને તે ચોપડીની એક હજાર નકલો છાપીને તે તેને સ્વાધીન કરી.)

૨. પ્રતિવાદીએ તેને માટે રૂ. .. આપવાનું વચન આપેલું છે.

૩. તેણે તે રકમ આપેલી નથી.

(ફેસલો માગવો.)

નંબર ૧૯.

વ્યાજબી કિંમતે કામ કર્યું હોય અને સામાન આપ્યો હોય તે વિશે.

(મથાળું.)

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:-

૧. માં, તારીખ માહે સન ૧૮ રોજ મેં પ્રતિવાદીને સારૂ પ્રતિવાદીના કહેવાથી (માં નંબર થી ઓળખાય છે તે) ઘર બાંધ્યું અને તેને વાસ્તે સામાન પુરો પાડયો, પણ તે સામાન અને કામને વાસ્તે આપવાની કિંમત વિશેનો કાંઇ સ્પષ્ટ કરાર થયો નથી.

૨. તે સામાન અને કામની વ્યાજબી કિંમત રૂ. હતી.

૩. પ્રતિવાદીએ તે આપી નથી.

(ફેસલો માગવો.)

નંબર ૨૦.

પટામાં મુકરર કરેલા ભાડા વિશે.

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં, તારીખ માહે સને ૧૮ રોજ પ્રતિવાદીએ મારી સાથે કરાર કર્યો તે ઉપર અમારી બંનેની સહીઓ છે. તેની એક નકલ આ સાથે જોડી છે.

[અથવા તે કરારનો મતલબ લખવો.)

૨. તારીખ માહે સને ૧૮ રોજ પુરા થતા (મહીના) નું ભાડું રૂ॰ થાય તે પ્રતિવાદીએ આપ્યું નથી.

(ફેસલો માગવો.)

બીજો નમુનો.

૧. ચોરંગીમાંનું ઘર નંબર ૨૭ મેં પ્રતિવાદીને તારીખ માહે સને ૧૮ થી સાત વરસની બોલીએ ભાડે આપ્યું. ભાડું દર વરસે રૂ. ઠરાવ્યું હતું, અને તે દર ત્રણ માસે ચુકવી આપવાનું હતું.

૨. ત્રીમાસનું ભાડું ચઢેલું છે અને તે આપ્યું નથી.

(ફેંસલો માગવો).

નંબર ૨૧.

ભાડું મુકરર ઠરાવીને કબજો તથા ઉપભોગ લીધા બદલ.

(મથાળું).

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. માં, તારીખ માહે સને ૧૮ રોજ (મેહેલ્લાનું ઘર નૂંબર પ્રતિવાદીએ મારી પાસેથી રૂ. ભાડું કરીને ભાડે રાખ્યું. અને ભાડાના રૂપીઆની પેહેલી તારીખે આપવાના હતા.

૨. તારી માહે સને ૧૮ થી તારીખ માહે સને સુધી તે ઘરનો ભોગવટો પ્રતિવાદીએ કરયો.

૩. તારીખ માહે સને ૧૮ રોજ સદરહુ ભાડું ચઢ્યું તે પઇકી રૂ. પ્રતિવાદીએ આપીયા નથી.

(ફેંસલો માગવો.)

નંબર ૨૨.

વ્યાજબી ભાડાથી કબજો તથા ઉપભોગ લીધા બદલ.

(મથાળું.)

મઇયત ક્ષ. ય. નું મ્રત્યુપત્ર ચલાવનાર હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છુ કેઃ—

૧. પ્રતિવાદીએ સદરહુ ક્ષ. ય. ની રજાથી તારીખ માહે સને ૧૮ થી તારીખ માહે સને ૧૮ પર્યંત (મેહેલ્લામાંનું ઘર નંબર) ઉપભોગમાં લીધું અને સદરહુ મકાનના ઉપભોગને બદલે શું આપવું તેનો કાંઇ કરાર થયો નથી.

૨. સદરહુ મકાનની સદરહુ મુદત પર્યંત ઉપભોગ કરવાની વ્યાજબી કિંમત રૂ. થાય છે.

૩. પ્રતિવાદીએ તે આપીયા નથી.

૪. હું વાદી ઉપર કહ્યા પ્રમાણે મ્રત્યુપત્ર ચલાવનાર તરીકે રૂ. મળવાનો ફેંસલો થવાની અરજ કરૂં છુ.

નંબર ૨૩.

ખાનપાન કરાવ્યાના તથા ઉતારો આપીયાના પઇશા બદલ.

(મથાળું)

હું. અ. બ. ઉપર કહેલો વાદી જાણાવું છું કેઃ—

૧. તારીખ માહે સને ૧૮ થી તારીખ માહ સને ૧૮ પર્યંત પ્રતિવાદીએ મારી રજાથી (મેહેલ્લાના નંબરવા ળા) ઘરની કેટલીએક ઓલીઓનો ભોગવટો કરયો અને તેના કહેવાથી મેં તને ખાવાનું, પીવાનું. ખીજમતદાર તથા બીજી જરૂરીઆત વસ્તુઓ પુરી પાડાછે.

૨. તેને બદલે પ્રતિવાદીએ રૂ, ની રકમ આપવાનું વચન આપીયું છે (અ થવા રૂ. ખાનપાન, ખીમતદારી અને જરૂરીઆત વસ્તુઓને બદલે શુ આપવુ તેનો કરાર થયો નથી પણ તેની વ્યાજબી કિંમત રૂ. હતી.)

૩. પ્રતિવાદીએ તે આપી નથી.

(ફેંસલો માગવો.)

નંબર ૨૪.

માલના નોર (ભાડા) બદલ.

(મથાળું)

હું, અ. બ. ઉપર કહેલો વાદી જાણાવું છું કેઃ—

૧, માં, તારીખ માહે સને ૧૮ રોજ પ્રતિવાદીના કહેવાથી મેં (પોતાની હોડીથી અથવા બીજા કશાથી થી સુધી લોટનાં હજાર પીપ અથવા કેટલોક સામાન પોંચાડયો છે,

૨, પ્રતિવાદીએ તેના નોર બદલ મને (દર પીપે એક રૂપીઆ પ્રમાણે) રૂ. આપવાનું વચન આપીયું છે (અથવા તે પ્રમાણે પોંખાડવાનું શુ આપવુ તેનો કાંઇ કરાર થયો નથી પાણ તે પોંચાડાનું વ્યાજબી નોર રૂ. થાય છે.)

૩, પ્રતિવાદીએ આપીયા નથી,

(ફેંસલો માગવો)

નંબર ૨૫;

મુસાફરીનું ભાડું લેવા બદલ,

[મથાળું)

હું, અ. બ. ઉપર કહેલો વાદી જાણાવુ છુ કેઃ—

૧. તારીખ માહે સને ૧૮ રોજ પ્રતિવાદીના કહેવાથી પ્રતિવાદીને હું થી સુધી (નામના મારા વહાણમાં] લેઇ ગયો.

૨. પ્રતિવાદીએ તેને બદલે મને મને રૂ. આપવાનું વચન આપીયું (અથવા તે મુસાફરીના ભાડાનું શું આપવું એનો કરાર થયો નથી પણ તે મુસા ફરીનું વ્યાજબી [ભાડું રૂ થાય છે.)

૩, પ્રતિવાદીએ તે આપીયા નથી.

(ફેંસલો માગવો.)

નંબર ૨૬.

લવાદના ફેસલા ઉપરથી

[મથાળું]

હું અ. બ ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧ મારી અને પ્રતિવાદી વચ્ચે (તેલનાં ૧૦ પીપની કિમત બદલ મારી માગણી હતી તે પ્રતિવાદી આપવાને ના કહેતો હતો) તે વિશે તકરાર પડવાથી.   માં તારીખ   માહે   સન રોજ મેં અને પ્રતિવાદીએ તે તકરાર ઈ. ફ. અને ગ. હ. ની લવાદી ઉપર સોંપવાનો કરાર કર્યો. (અથવા કરાર કર્યો તેની અસલ નકલ આ સાથે જોડી છે.)

૨. સદરહુ લવાદોએ   માં તારીખ   માહે   સને ૧૮૦ રોજ એવો નિવાડો કર્યો છે કે પ્રતિવાદીએ [મને રૂ.   આપવા.)

૩. પ્રતિવાદીએ તે આપ્યા નથી.

[ફેસલો માગવો.]

(ટીપઃ—લવાદોપરે સોંપવાનો કરારકોરટમાં દાખલ થયો ન હોય ત્યાં આ નમુનો લાગુ પડશે.]

નંબર ૨૭.

પર રાજ્યના ફેસલા ઉપરથી

[મથાળું]

હું અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧.   ના સંસ્થાનમાં (અથવા રાજ્યમાં)   કોરટમાં મારી અને પ્રતિવાદીની વચ્ચે ફરીયાદ ચાલતી હતી, તેમાં તે કોરટે યોગ્ય રીતે એવો ઠરાવ કર્યો છે કે પ્રતિવાદીએ મને રૂ.   તથા સદરહુ તારીખથી વ્યાજ આપવું:—

૨. પ્રતિવાદીએ તે આપીયું નથી.

(ફેસલો માગવો)

માત્ર પઈસા આપવાના દસ્તાવેજો ઉપરની ફરીયાદ અરજીઓ.

નંબર ૨૮

વરશાસનના લેખ ઉપરથી

[મથાળું]

હું અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છુઃ—

૧   માં તારીખ   માહે   સન ૧૮   રોજ પ્રતીવાદીને ખત લખી આપીને મને રૂ.   આપવાનો કરાર કર્યો, એવી શરતે કે, જો મારી હયાતી પર્યંતપ્રત્યેક વરશમાં તારીખ   અને તારીખ   એમ છ છ મહીને મને પ્રતીવાદી રૂ.   આપે તો કરાર રદ થાય

૨. પછીથી, સદરહુ સાલીયાણાના સદરહુ ૫ માહી હપ્તા પઈકી   હપ્તાના

।

ના રૂ.   ની રકમ તારીખ માહે   સને ૧૮ રોજ મારી લેહે-
ણી થઈ પણ તે હજી આપી નથી.

(ફેસલો માગવો)

નંબર ૨૯.

લેખ કરી આપનાર ઉપર નાણા ધિકારીની ફરીયાદ.

હું. અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧   માં તારીખ   માહે   સને ૧૮   જારે
પ્રતિવાદીએ વાયદા ચીઠી (પ્રામીસરી નોટ લખી આપીને તે તારીખથી (દિવસ)
પછી રૂ.   આપવાનુ મને વચન આપીયું તે ચીઠીની હાલ મુદત પાકી ચુકીછે

૨. તારીખ   માહે   સને ૧૮   રોજ તેણે રૂ,
આપા છે તે શિવાય તેણે તે રકમ આપી નથી.

(ફેસલો માગવો.)

(ટીપ:—નોટીસ આપા પછી ચીઠીના અવેજ આપવા જોગ થાય એમ હોય તો, પારેગ્રાફ ૧. ૨. ને બદલે નીચે પ્રમાણે લખવું.)

૧   માં તારીખ માહે   સને ૧૮   રોજ
પ્રતિવાદીએ વાયદા ચીઠી લખી આપીને એવું વચન આપીયું કે, નોટીસ આપા પછી   મહિને રૂ,   તેણે મને આપવા.

૨ પછીથી મેં પ્રતિવાદીને એવી નોટીસ આપી કે, તે નોટીસ પોંચ્યા પછી   મહિનામાં તારે તે રકમ મને આપવી.

૩ રૂપિયા આપવાની સદરહુ મુદત વીતી ગઈ છે પણ પ્રતિવાદીએ તે રકમ આપી નથી.

(કોઈ વિશેષ ઠેકાણે ચીઠીનાં નાંણાં આપવાં એમ હોયતો લખવું) કે—

૧   માં, તારીખ   માહે   સને ૧૮   રોજ
પ્રતિવાદીએ વાયદાચીઠી લખી આપીને એવું વચન આપીયું છે કે, તે તારીખ પછી   મહિને રૂ.   તેણે મને (મદ્રાસમાં અ. અને કંપનીની આફીસમાં) આપવા તે મુદત હાલ પાકી ચુકી છે.

૨. સદરહુ ચીઠી ઉપર કહ્યા પ્રમાણે નાણાં લેવાને વાસ્તે (અ. અને કંપનીને યોગ્ય રીતે બતાવી પણ તેનુ ભરણું થયું નથી.

પ્રતિવાદીની લેખી કેફીયત.

ની કોરટમાં વગેરે.

હું. ક. ડ. ઉપર કહેલો પ્રતિવાદી જણાવું કે:——

૧. જે ચીઠી ઉપરથી ફરીઆદ કરી છે તે મેં લખી આપી છે, પણ તે વિશે હકીકત એવી છે કે—હું અને વાદી કેટલાંક વરસ સુધી સળી બનાવવાના કારખાનાના માલીક તરીકે ભાગીદાર હતા; અને અમારી વચ્ચે એવો કરાર થયો હતો કે પંત્યાળું તોડવું. વાદીએ તે ધંધામાંથી દુર થવું. પંત્યાળાની બધી પુંજી અને જો-ખમદારી મારે લેવી અને જવાબદારી બાદ કરયા પછી જે પુંજી રહે તેમાંનાવાદી

ના ભાગની કીમત મારે વાદીને આપવી.

૨ આ પ્રમાણે કરાર થવાથી વાદીએ ભાગીદારના ચોપડા જોઈને ભાગદારીની પુંજી અને જવાબદારી કેટલી છે એ તપાસવાનું પોતાને માથે લીધું; અને તે પ્રમાણે તેણે તે ચોપડા જોઇને તપાસ કરયો અને તે ઉપરથી વાદીએ મને એમ જણાવ્યું કે પેઢીની પુંજી રૂ. ૧૦૦૦૦૦ ઉપરાંત છે, અને પેઢીની જવાબદારી રૂ.૩૦૦૦૦ થી ઓછી છે. પરંતુ ખરી હકીકત જોતાં પેઢીની પુંજી રૂ. ૫૦,૦૦૦ થી ઓછી અને પેઢીની જવાબદારી તે પુંજીથી ઘણી વધારે છે.

૩ આ કેફીયતના બીજા પારેગ્રાફમાં કહેલી ગેર સમજુતીને લીધે, જેના ઉપરથી હાલ ફરિયાદ કરી છે તે, ચીઠી મેં લખી આપી છે. અને તે ચીઠી લખી આપવાનો બીજો કાંઈ મેં બદલો નહોતો.

નંબર ૩૦ મો.

પેહેલા શેરાવાળાએ (ઈન્ડારસીએ) લખી આપનાર ઉપર કરવાની ફરીયાદ,

(મથાળું.)

હું. અ બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧ માં, તારીખ માહે સન ૧૮ રે.જ

પ્રતિવાદીએ વાયદા ચીઠી લખી આપીને ઇ. ફ. કહે તેને (અથવા ઇ, ફ. નું કે તે કહે તેને રૂ.) [તે તારીખ પછી દિવસે) આપવાનું વચન આપીયું તે ચીઠી હાલ પાકી છે,

૨. સદરહુ ઈ. ફ, એ તે ચીઠી મને શેરો કરી આપી છે.

૩. પ્રતીવાદીએ તેનાં નાણાં આપ્યાં નથી.

[ફેસલો માગવો.)

નંબર ૩૧.

પછીના શેરાવાળાએ [ઈન્ડારસીએ) લખી આપનાર ઉપર કરવાની.

(મથાળું]

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

(૧. પાછળના નમુના પ્રમાણે ,)

તે ચીઠી ઈ ફ. એ. ગ. હ. એ, અને અઇ, જે એ (અથવા બીજાઓએ) શેરો કરીને મારે નામે ચઢાવી આપી છે.

(ફેસલો માગવો)

નંબર ૩૨.

પેહેલા શેરાવાળાએ પહેલો શેરો કરી આપનાર ઉપર કરવાની

(મથાળું.)

હું. અ, બ, ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧ માં તારીખ માહે સને ૧૮

૪ ઇ. ફ. એ વાયદા ચીઠી લખી આપીને પ્રતિવાદીને અથવા તે કહે તેને તે તારીખ પછી મુદ્દતે રૂ. આપવા નું વચન આપ્યું છે, તે ચીઠી હાલ પાકી છે.

૨, પ્રતિવાદીએ તે ચીઠી મને શેરો કરી આપી છે.

૩. તે ચીઠી તારીખ માહે સને ૧૮ રોજ ભરણાસારૂ યોગ્ય રીતે દેખાડવામાં આવી પણ તેનાં નાંણાં મળ્યાં નહીં.

(અથવા ન દેખાડી હોય તો દેખાડવાનું માફ થાય એવી હકીકતો લખવી.)

૪ પ્રતિવાદીને તે બાબતની ખબર હતી.

૫ તેણે તેનું ભરણું કર્યું નથી.

[ફૈસલો માગવો.)

નંબર ૩૩.

વિશેષ નામના પાછળના શેરા વાળાએ પેહેલો શેરો કરી આપનાર ઉપર કરવાના.

[મથાળું.)

હું, અ, બ, ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. માં, તારીખ માહે સન ૧૮ રોજ એક ગ, હ, એ, પ્રતીવાદી કહે તેને (તે તારીખ પછી દિવસે આપવા એવી), રૂ. ની વાયદા ચીઠી લખી આપી છે (અથવા તેણે લખી આપી છે એમ તેના ઉપરથી જણાય છે.) તે વાયદા ચીઠી, પ્રતીવાદીએ શેરો કરીને એક ઇ. ફ. ને આપી; અને તે ચીઠી હાલ પાકી ગઇ છે.

૨, તે ચીઠી સદરહુ ઇ. ફ. એ (અને બીજાઓએ) શેરો કરીને મારે નામે ચડાવી આપી છે. [અથવા સદરહુ ઇ, ફ, એ તે મારે નામે કરી આપી છે.)

૩. ૪, ૫, (પાછળના નમુનામાં ૩, ૪, ૫, છે તે પ્રમાણે.)

[ફૈસલો માગવો]

નંબર ૩૪.

પછીના શેરા વાળાએ તેને પોતાને શેરો કરી આપનાર ઉપર કરવાની.

(મથાળું.]

હું, અ, બ, ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ-

૧. માં, તારીખ માહે સન ૧૮ રોજ એક ઇ. ફ, એ ગ, હ, કહે તેને (તે તારીખ પછી દિવસે આપવા એવી) રૂ. ની વાયદા ચીઠી લખી આપી છે (અથવા તેણે લખી આપી છે એમ તેના ઉપરથી જણાય છે), તે વાયદા ચીઠી, ગ, હ, એ શેરો કરીને પ્રતિવાદીને આપી અને પ્રતિવાદીએ તે શેરો કરીને મને આપી તે હાલ પાકી ગઇ છે.

૨. ૩. ૪ (નંબર ૩૩ માં છે તે પ્રમાણે).

(ફૈસલો માગવો)

નંબર ૩૫

પછીના શેરા વાળાએ દરમ્યાનનો શેરો કરી આપનાર ઉપર કરવાનો

(મથાળું,)

હું, અ, બ, ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. માં; તારીખ માહે સને૧૮ રોજ એ. ઇ. ફ, એ ગ, હ, કહે તેને (તે તારીખ પછી દીવસે આપવા એવી) રૂ ની વાયદા ચીઠી લખી આપી છે (અથવા તેણે લખી આપી છે એમ તેના ઉપરથી જણાય છે). તે વાયદાચીઠી સદરહુ ગ, હ, એ શેરો કરીને પ્રતિવાદીને આપી, તે પ્રતીવાદીએ (અને બીજાઓએ) શેરો કરીને મારે નામે કરી આપી છે. અને તે ચીઠી હાલ પાકી ગઈ છે.

૨, ૩, ૪ નંબર ૩૩ માં છે તે પ્રમાણે,

[ફેસલો માગવો]

નંબર. ૩૬.

પછીના શેરા વાળાએ લખી આપનાર અને પેહેલો તથા બીજો શેરો કરી આપનાર ઉપર કરનાર ઉપર કરવાની.

ના ની કોરટમાં,

દીવાની ફરીયાદ નંબર,

અ, બ, રહેનાર,

વિરૂદ્ધ

ક. ડ, રહેનાર.

ઇ, ફ, રહેનાર,

અને,

ગ, હ, રહેનાર.

હું. અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧, માં, તારીખ માહે સને ૧૮ રોજ પ્રતીવાદી ક, ડ, એ વાયદા ચીઠી લખી આપીને પ્રતીવાદી ઇ, ફ, કહે તેને (તે તારીખ પછી મહીનેરૂ, આપવાનું વચન આપીયુ, તે ચીઠી હાલ પાકી ગઇ છે.

૨, સદરહુ ઇ, ફ, એ તે ચીઠી શેરો કરીને પ્રતીવાદી ગ, હ. નં આપી, અને તેણે સેરો કરીને તે મને આપી.

૩, તારીખ માહે સને ૧૮ રોજ તે ચીઠી ભરણુ થવા સારૂ સદરહુ ક, ડ; ને દખાડી, પરંતુ નાંણાં મળ્યાં નહીં (અથવા ન દખાડી હોય તો તે દખાડવાનું માફ થાય એવી હકીકતો લખવી,)

૪, સદરહુ ઇ, ફ, અને ગ, હ, ને તે વિસે ખબર હતી;

૫, તેમણે તેનું ભરણું કરયું નથી,

[ફેસલો માગવો.]

નંબર. ૩૭.

લખનારે સ્વીકારનાર ઉપર કરવાની

[મથાળું.]

હું અ, બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં તારીખ માહે સને ૧૮ રોજ મેં બીલ આફ એકસચેન્જ લખીને પ્રતીવાદીને કહ્યું કે (તે બીલની તારીખ અથવા દેખાડ પછી દિવસે) રૂ. મને આપવા તે બીલ હાલ પાકેલું છે,

૨. પ્રતીવાદીએ એ સદરહુ બીલ સ્વીકાર્યું, (દેખાડ પછી અમુક મુદતે બીલનાં નાણાં આપવાં જેવાં થતાં હોય તો સ્વીકારવાની તારીખ લખવી, નહી તો તેનો જરૂર નથી,)

૩. તેણે તે નાણાં આપીયાં નથી.

૪. તેથી કરીને મને તે બીલનો દેખાડ કરવામાં તથા દેખાડ કરવા વિશે, અને નકરામણી નોંધાવવામાં તથા તે નોંધાવવા વિસે, અને તે બીલ પાછું ફરવાને લીધે ખરચ થયું છે,

[ફેંસલો માગવો.)

(ટીપ:-બીલનો અવેજ ત્રીજા શખસને આપવાનો હોય તો પારેગ્રાફ ૧, ૨, ૩ ને બદલે એવું લખવું કે-)

૧. માં. તારીખ માહે સને ૧૮ રોજ મેં પ્રતિવાદી ઉપર બીલ આફ એકસચેન્જ લખીને તેને એવું કહ્યું છે, તે બીલની તારીખ પછી મહિને ઇ. ફ. ને અથવા ઇ. ફ. કહે તેને તમારે રૂ. આપવા. તે બીલ હાલ પાકેલું છે.

૨. મેં સદરહુ બીલ સદરહુ ઇ. ફ. ને તારીખ રોજ આપીયું.

૩. પ્રતિવાદીએ તે બીલ સ્વીકાર્યું પણ તેનો અવેજ આપીયો નથી, તેથી તે મને પાછું મોકલાવ્યું છે.

નંબર ૩૮.

નાણાંવિકારીએ સ્વીકારનાર ઉપર કરવાની.

(મથાળું.)

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. એક ઇ. ફ. એ માં, તારીખ માહે સને ૧૮ રોજ લખેલી (અથવા તેને લખી છે એમ જેના ઉપરથી જણાય તેવી) હુંડી (બીલ આફ એકસચેન્જ) તેના દેખાડ પછી રૂ. પ્રતીવાદીએ મને આપવા એવી હતી, તે હુંડી (બીલ) આફ એકસચેન્જ) પ્રતિવાદીએ તારીખ માહે સને ૧૮ રોજ સ્વીકારી તે હમણાં પાકી છે.

૨, પ્રતિવાદીએ તેનો અવેજ આપ્યો નથી,

(ફેંસલો માગવો.]

નંબર ૩૯.

પેહેલા શેરાવાળાએ સીકારનાર ઉપર કરવાની.

[મથાળું.]

હું, અ. બ, ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧: એક ઇ. ફ. એ માં, તારીખ માહે સને ૧૯ રોજ લખેલી (અથવા તેણે લખી છે એમ જેના ઉપરથી જણાય તેવી) હુંડી (બીલ આફ એકસચેન્જ) તેના દેખાડ પછી રૂ. ગ. હ. કહે તેને આપવાની હતી, તે હુંડી [બીલ) પ્રતિવાદીએ તારીખ સને ૧૯ રોજ સીકારી તે હાલ પાકી છે.

૨. સદરહુ ગ. હ. એ તેના ઉપર શેરો કરીને તે મને આપી છે;

૩. પ્રતીવાદીએ તેનો અવેજ ભરયો નથી.

(ફેસલો માગવો.]

નંબર ૪૦.

પછીના શેરાવાળાએ સીકારનાર ઉપર કરવાની.

[મથાળું.)

હું, અ. બ ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧ (ગયા નમુનામાં કલમ ૧ ના છેડા સુધી છે તે પ્રમાણે),

૨ સદરહુ ગ. હ. એ (અને બીજાઓએ) શેરા મારીને તે મારે નામે કરીઆપીછે.

૩ પ્રતિવાદીએ તેનો અવેજ આપીયો નથી.

(ફેસલો માગવો.)

નંબર ૪૧.

નકાર્યા બદલ નાણાધિકારીએ લખનાર ઉપર કરવાની.

(મથાળું]

હું, અ. બ, ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં, તારીખ માહે સને ૧૮ રોજ પ્રતિવાદીએ ઇ. ફ. ઉપર હુંડી (બીલ આફ એકસચેન્જ) લખી, તેમાં સદર હુ ઇ. ફ. એ મને (દેખાડ પછી દિવસે) રૂ. આપવા એમ હતું,

૨, તારીખ માહે સને ૧૮ . રોજ તે હુંડી (બીલ) સીકારવા સારૂ સદરહુ ઇ, ફ, ને યોગ્ય રીતે બતાવવામાં આવી,

૩, પ્રતિવાદીને તે વિશે યોગ્ય ખબર હતી,

૪, તેણે તેનો અવેજ આપીઓ નથી,

ફેસલો માગવો.)

(ટીપ:—સીકાર ન કરીને હુંડી (બીલ] પાછી કાઢી હોય તો તે વિશેની નોટીસ એકદમ આપવી,)

નંબર ૪૨

પેહેલા શેરાવાળાએ પેહેલો શેરો કરી આપનાર ઉપર કરવાની.

(મથાળું)

હું, અ, બ, ઉપર કહેલો વાદી જાણાવું છું કેઃ—

૧. એક ઇ. ફ. એ માં, તારીખ માહે સન ૧૮ રોજ લખેલી (અથવા તેણે લખી છે એમ જેના ઉપરથી જણાય તેવી) હુંડી [બીલ આફ એકસચેન્જ] હતી. તેમાં એમ હતું કે, પ્રતીવાદી કહે તેને તેના દેખાડ પછી (અથવા તારીખ પછી દિવસે અથવા દરશની) રૂ. એક ગ. હ. એ આપવા (અને સદરહુ ગ. હ. એ તારીખ માહે સને ૧૮ રોજ તે સીકારી હતી] તે હુંડી (બીજા) પ્રતીવાદીએ શેરો કરી મને આપી, તે હાલ પાકી ગઇ છે.

૨. તારીખ માહે સને ૧૮ રોજ તે સદરહુ ગ. હ. ને અવેજ આપવા સારૂ બતાવી, અને તેણે તે પાછી કાઢી.

૩. પ્રતિવાદીને તેની યોગ્ય ખબર હતી.

૪. તેણે તેનો અવેજ આપ્યો નથી.

[ફેસલો માગવો.

નંબર ૪૩.

વિશેષ નામના પછીના શેરવાળાએ પેહેલો શેરો કરી આપનાર ઉપર કરવાની.

(મથાળું.)

હું, અ. બ., ઉપર કહેલો વાદી જાણાવું છું કેઃ—

૧. એક ગ. હ. એ માં, તારીખ માહે સને ૧૮ રોજ લખેલી (અથવા તેણે લખી છે એમ જેના ઉપરથી જણાય તેવી] હુંડી (બીલ આફ એકસચેન્જ) હતી, તેમાં એમ હતું કે તે દેખાડાય પછી દિવસે (અથવા બીજી રીતે જે હોય તે] રૂ. પ્રતિવાદી કહે તેને એ. જે. એ આપવા. અને સદરહુ એ. જે. એ તારીખ માહે સને ૧૮ રોજ સીકારી [હકીકત આ પ્રમાણે ન બની હોય તો આ વાક્ય છોડી દેવું.] પ્રતિવાદીએ તે હુંડી (બીલ) એક ઇ, ફ, ને શેરો કરી આપી, તે હાલ પાકી ચુકી છે.

૨. તે હુંડી (બીલ) સદરહુ ઇ. ફ. એ (અને બીજાઓએ) શેરો મારીને મને આપી છે.

૩. તારીખ માહે સને ૧૮ રોજ તે સદરહુ એ. જે. ને અવેજ આપવા સારૂ બતાવી અને તેણે તે પાછી કાઢી.

૩. પ્રતિવાદીને તેની યોગ્ય ખબર હતી.

૪. તેણે તેનો અવેજ આપ્યો નથી.

[ફેસલો માગવો.]

નંબર ૪૪

પછીના શેરાવાળાએ તેને પોતાને શેરો કરી આપનાર ઉપર કરવાની.

(મથાળું.)

હું, અ. બ, ઉપર કહેલો વાદી જાણાવું છું કે:—

૧. એ. ઈ. ફ. એ માં તારીખ માહે સને ૧૮ રોજ લખેલી [અથવા તેણે લખી છે એમ જેના ઉપરથી જાણાય તેવી] હુંડી (બીલ આફ એકસચેન્જ) હતી. તેમાં એમ હતું કે તે દેખાડ્યા પછી દિવસે [અથવા બીજી રીતે જે હોય તે) રૂ. એ જે. કહે તેને એક ગ, હ, એ આપવા. તે સદરહુ ગ, હં, એ (સીકારી) અને સદરહુ એ, જે, એ શેરો કરીને પ્રતિવાદીને આપી, પ્રતિવાદીએ તે હુંડી (બીલ) શેરો કરી મને આપી તે હાલ માકી ચુકી છે.

૨. તારીખ માહે સને ૧૮ રોજ તે, સદરહુ ગ. હે. ને અવેજ આપવાસારૂ બતાવી પણ તેણે પાછી કાઢી.

૩ પ્રતીવાદીને તે વિશે ચોગ્ય ખબર હતી.

૪ તેણે તેનો અવેજ આપીયો નથી.

(ફેસલો માગ્યો).

નંબર ૪૫.

પછીના શેરાવાળાએ દરમ્યાનનો શેરો કરી આપનાર ઉપર કરવાની.

(મથાળુ]

હું અ. બ. ઉપર કહેલો વાદી જાણવું છું કે:—

૧. એક ઈ. ફ. એ માં તારીખ માહે સને ૧૮ રોજ લખેલી (અથવા તેણે લખી છે એમ જેના ઉપરથી જાણાય તેવી) હુંડી 'બીલ આફ એકસચેન્જ) હતી. તેમાં એમ હતું કે તે દેખાડયા પછી દિવસ [અથવા બીજી રીતે હોય તે) રૂ. એ. જે. કહે તેને એક ગ. હ. એ આપવા, (તે ગ હ. એ સીકારી) અને સદરહુ એ. જે. એ શેરો કરીને પ્રતિવાદીને આપી અને પ્રતિવાદીએ (તથા બીજાઓએ) શેરો કરી તે મને આપી, તે હાલ પાકી ચુકી છે.

૨. તારીખ માહે સને ૧૮ રોજ તે સદરહુ ગ. હ. ને અવેજ આપવા સારૂ બતાવી પણ તેણે પાછી કાઢી.

૩ પ્રતિવાદીને તેની ચોગ્ય ખબર હતી,

૪ તેણે તે અવેજ આપીઓ નથી.

(ફેસલો માગવો.)

નંબર ૪૬.

શેરાવાળાએ લખનાર, સીકારનાર અને શેરો કરી આપનાર ઉપર કરવાની

ની ની કોરટમાં

દિવાની રેગ્યુલર નંબર

અ. બ. રહેનાર

વિરૂદ્ધ.

ક. ડ. રહેનાર

ઈ. ફ. રહેનાર

ગ. હ. રહેનાર

હું અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧ માં તારીખ માહે સને

૧૮ રોજ પ્રતિવાદી ક. ડ. એ પ્રતિવાદી ઈ. ફ. ઉપર હુંડી બીલ આફ એકસ ચેન્જ લખીને આપી, તેમાં એમ હતું કે તે દેખાડયા પછી દિવસે રૂ. પ્રતિવાદી ગ. હ. કહે તેને સદરહુ ઈ ફ. એ આપવા.

૨. તારીખ માહે સન ૧૮ રોજ સદરહુ ઈ. ફ. એ તે સીકારી.

૩ સદરહુ ગ. હ. એ તે શેરો કરીને મને આપી.

૪ તારીખ માહે સને ૧૮ રોજ સદરહુ ઈ. ફ. ને રૂ ના અવેજ આપવા સારૂ તે બતાવી પણ તેણે તે પાછી કાઢી,

૫. બીજા પ્રતિવાદીઓને તે વિશે યોગ્ય ખબર હતી.

૬ તેમણે તે અવેજ આપો નથી.

(ફેસલો માગવો)

નંબર ૪૭.

મરફેશનુ બીલ ન સીકાર્યું હોય તેટલા માટે લખનાર ઉપર નાણાધિકારાની કરવાની.

(મથાળું).

હું અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧ માં તારીખ માહે સને ૧૮ રોજ પ્રતીવાદીએ હુંડી (બીલ આફ એકસચેન્જ) કલકતામાં લખી, તેમાં એમ હતું કે તે દેખાડયા પછી સાઠ દિવસે એક ઇ. ફ. એ મને લંડનમાં પાંઉ નાણું આપવું.

૨ તારીખ માહે સને ૧૮ રોજ સદરહુ ઇ, ફ, ને તે કારવાસારૂ બતાવી તે પાછી કાઢી અને તેથી તે વિષે યોગ્ય રીત અસંમતી નો દરશાવી છે.

૩ પ્રતિવાદીને તેની યોગ્ય ખબર હતી.

૪. તેણે તે અવેજ આપ્યો નથી.

(પ્રતિવાદીને અસંમતી લેખની (પ્રોટેસ્ટની) નોટીસ પોંચાડી તે વખતે પાંઉ નાણાની કિંમત રૂ. આના હતી)

માટે રૂ. તથા તારીખ માહે સને થી વ્યાજ અને ખરચાનો (સેંકડે દશ ટકા પ્રમાણે) ફેસલો પ્રતિવાદી ઉપર કરી આપો.

એવી મારી અરજ છે.

નંબર ૪૮.

નાણા ધીરનારીએ સીકારના ઉપર કરવાની.

(મથાળું).

હું અ. બ ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧ માં તારીખ માહે સન ૧૮ રોજ એ ઈ. ક. એ પ્રતિવાદી ઉપર હુંડી[બીલ આફ એક્સચેન્જ] લખી, તેમાં એમ હતું કે તેની તારીખ પછી (અથવા દેખાડથી દિવસે) રૂ. પ્રતિવાદીએ મને આપવા.

૨. તારીખ સન ૧૮ રોજ પ્રતિવાદીએ તે હુંડી [બીલ] સીકારી

૩. તેણે અવેજ આપ્યો નથી.

(ફેંસલો માગવો.]

નંબર ૪૯.

સમુદ્રોભ્દવ સંકટો વગરેને લીધે વહાંણનો કુલ નાશ થઇ હોય ત્યારે, દરયાઇ (મોઘમ) વીમા ચીઠી ઉપરથી.

(મથાળું]

હું, અ. બ, ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. નામના વહાંણનો નીચે કહ્યા પ્રમાણે નાશ થયો તે વખતે તે વહાંણનો હું માલક હતો (અથવા તેમાં મારો હક્ક સંબંધ હતો).

૨. માં તારીખ માહે સને ૧૮ રોજ પ્રતિવાદીઓને રૂ. આપ્યા (અથવા તે રૂપિઆ આપવાનું મેં તે વખત વચન આપીયું) તેના બદલામાં પ્રતિવાદીઓએ મને સદરહુ વહાંણના વીમાની વીમા ચીઠી કરી આપી, તેની એક નકલ આ સાથે જોડી છે; (અથવા તે કરારમાં તેમણે એવું વચન આપીયું છે કે,

થી સુધી સદરહુ વહાંણની આવતી સફરમાં સમુદ્રોભ્દવ સંકટોથી અથવા આગથી અથવ વીમાં ચીઠીમાં લખેલાં બીજાં કારણોથી તે વાંહણનો નાશ થાય અથવા તેને ઇજા થાય તો રૂ. પરયંત મને જે તોટો અથવા નુકસાન થાય તે બધું નાશ અને હક્ક સંબંધ શાબિત થયા પછી• દિવસે તે માંણું ભરી આપવું.]

૩ સદરહુ વીમા ચીઠીમાં કહેલી સફર કરતાં સદરહુ વહાંણ તારીખ : માહે સને ૧૮ રોજ સમુદ્રોભ્દવ સંકટોથી [અથવા બીજા કારણથી] બીલકુલ નાશ થયું.

૪ તેથી કરીને મને રૂ. નુકશાન થયું.

૫, તારીખ માહે સને ૧૮ રોજ નાશ અને હક્ક સંબંધની મેં પ્રતિવાદીઓને શાબીતી આપી અને સદરહું વીમાચીઠીમાં મારી તરફની

બીજી બધી શરતો યોગ્ય રીતે પાળી છે.

૬, પ્રતિવાદીઓએ સદરહુ નુકશાન આપ્યું નથી.

(ફેસલો માગવો.)

નંબર ૫૦.

આગથી નાશ થએલા માલ બદલ:—કિંમત ઠરાવેલી વીમાચીઠી.

[મથાળું.]

હું. અ. બ. ઉપર કહેલો વાદી જાણાવું છું કે:—

૧, નામનું વહાણ નીચે કહ્યા પ્રમાણે નાશ થયું તે વખતે તે વહાણ ઉપરનું (શો ગાંસડી રૂ હતુ) તેનો માલેક હું હતો (અથવા તેમાં મારો હક્ક સંબંધ હતો);

૨, માં, તારીખ માહે , અને ૧૯ રોજ મેં રૂ. આપીયા (અથવા આપવાનું વચન આપીયું (તેના બદલામાં પ્રતિવાદીએ તે વખતે સદરહુ માલના વીમાની વીમાચીઠી મને કરી આપી; તેની એક નકલ આસાથે જોડી છે [અથવા તે કરારમાં તેણેએવું વચન આપીયું છે કે, એ ઠેકાણે સદરહુ માલ કીનારે ઉતરચાં પહેલાં આગથી અથવા વીમા ચીઠીમાં કહેલાં બીજાં કારણોથી તેનો બીલકુલ નાશ થાય તો તેણે મને રૂ. આપવા; અથવા થોડો ઘણો નાશ થાય તો તેથી મને જે નુકશાન થાય તે આપવું; પરંતુ તે નુકશાન માલની કુલ કિંમત ઉપર શેંકડે ટકાથી વધારે હોય તો આપવુ).

૩. સદરહુ વીમાચીઠીમાં કહેલી સફર કરતાં ઠેકાણે તારીખ માહે સને ૧૮ રોજ સદરહુ માલ આગથી બીલકુલ નાશ થયો) અથવા જેવી રીતે હોય તો .

૪, ૫, (ગયા છેલા નમુનાના ૪ થા, અને ૫ મા પારેગ્રાફ પ્રમાણે.)

(ફેસલો માગવો.)

નંબર ૫૧;

નોરબદલ, વીમાચીઠીમાં કિંમત ઠરાવેલી હોય ત્યારે.

[મથાળું)

હું, અ. બ. ઉપર કહેલો વાદી જાણાવુ છુ કે:—

૧. વહાણને થી સુધી સફર કરવામાં જે નોર મળે તે નોરમાં, તે વહાણ નીચે લખ્યા પ્રમાણે નાશ થયુ તે વખતે, મારો હક્ક સંબંધ હતો, અને તે વખતે તે વહાણમાં નોરથી પુષ્કળ માલ ચઢાવેલો હતો.

૨, પ્રતિવાદીને રૂ. આપીયા તેના બદલામાં તેણે માં, તારીખ માહે સને ૧૮ રોજ સદરહુ નોર વિશે મને વીમા ચીઠી લખી આપી છે; તેની એ. નકલ આ સાથે જોડેલી છે (અથવા એમ પ્રમાણે તેનો ભાવાર્થ લખવો);

૩, સદરહુ વીમાચીઠીમાં કહેલી સફર કરતાં તારીખ માહે

સને ૧૮ રોજ (શમુદ્રોત્ભિદ્દવ સંકટો] થી સદરહુ વહાંણનો બીલકુલ નાશ થયો.

૪, સદરહુ પ્રમાણે વહાંણ નાશ થયું તેથી સદરહુ વહાંણ બદલ મને કાંઇ નોર મળ્યું નથી, તેમ તે સફરમાં વહાંણને કાંઇ નોરની પ્રાપ્તી થઇ નથી;

૫, ૬, (નમુના ૫૦ માં છે તે પ્રમાણે];

(ફેસલો માગવો.)

નંબર ૫૨.

વરાડ પ્રમાણે સાધારણ નુકશાન બાબત:

(મથાળું)

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. ચ. છ. એ નામના વહાંણ ઉપર થી સેઇ જવાને (રૂની સો, ગાંસડી) માલ ચઢાવ્યો હતો તેનો, નીચે લખ્યા પ્રમાણે તે નાશ થયો તે વખતે, હું માલેક હતો (અથવા તેમાં મારો હક સંબંધ હતો,)

૨ (તારીખ માહે સને ૧૮ રૂ, (આ પવાનું મેં વચન આપીયું [તેના બદલામાં તે વખતે માં પ્રતિવાદીએ સદરહુ માલની વીમાચીઠી મને લખી આપી; તેની એક નકલ આસાથે જોડેલીછે (અથવા પ્રથમ પ્રમાણે તેનો ભાવાર્થ લખવો);

૩. સદરહુ વીમાચીઠીમાં કહેલી સફર કરતાં તારીખ માહે સને ૧૮ રોજ શ્રી રત્નાગરની કજા રજાથી સદરહુ વહાંણ એટલું જોખમમાં આ વ્યું હતું કે તેથી તેના માસ્તર તથા ખલાસીઓને વહાંણનાં દોરડાંઓ અને સા માનનો ઘણો ભાગ દરીઆમાં નાખી દેવાની જરૂર પડી અને તેમણે તે નાખી દીધો.

૪, તેને લીધે સાધારણ વરાડ પ્રમાણે નુકશાન (જનરલ આવરેજ લાસ) ના રૂ. આપવાની મને જરૂર પડી અને મેં તે આપીયા.

૫. તારીખ માહે સને ૧૮ રોજ મેં થએલા નુકશા નની તથા તેમાં મારા હક સંબંધની શાબીતી પ્રતિવાદીએ આપી તથા સદરહુ વી માચીઠીની મારે પાળવાની બધી શરતો બીજી રીતે બરાબર પાળી.

૬. પ્રતિવાદીએ સદરહુ નુકશાન ભરી આપીયું નથી.

(ફેસલો માગવો)

નંબર ૫૩.

વરાડ પ્રમાણે ખાસ નુકશાન બાબત.

(મથાળું,]

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. ૨. (પાછળના નમુના પ્રમાણે);

૩. તારીખ માહે સને ૧૮ રોજ સદરહુ વહાણ બર દ રીએ હતું તેવામાં સમુદ્રનું પાણી તે વહાણમાં પેઠું અને તેથી સદરહુ (રૂ.) ને રૂ. સુધી નુકશાન થયું.

૪. ૫. (ગયા નમુનાના ૫ મા તથા ૬ ઠા પારેગ્રાફ પ્રમાણે.)

[ફેંસલો માગવો.]

નંબર ૫૪.

આગની વીમાચીઠી ઉપરથી.

[મથાળું]

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. (શહેરમાં મોહલ્લામાં નંબર થી ઓળખાતું રેહેવાનું ઘર] નીચે કહ્યા પ્રમાણે આગથી નાશ થયું (અથવા તેને નુકશાન થયું) તે વખતે તેમાં મારો હક સબંધ હતો (અથવા તેનો હું માલેક હતો)

૨. પ્રતિવાદીને રૂ. આપીયા તેના બદલામાં તેણે માં, તારીખ માહે સને ૧૮ રોજ મને સદરહુ (ઘર તથા તેના અંગના ભાગ (બાબત વીમાચીઠી લખી આપી છે, તેની એક નકલ આ સાથે જોડી છે. (અથવા તેનો ભાવાર્થ લખવો.)

૩, તારીખ માહે સને ૧૮ રોજ સદરહુ (રેહેવાનું ઘર) આગથી બીલકુલ નાશ થયું (અથવા તેને ઘણું નુકશાન લાગ્યું).

૪, મને તેથી રૂ. નું નુકશાન થયું;

૫, તારીખ માહે સને ૧૮ રોજ મેં પ્રતિવાદીને મારા સદરહુ નુકશાનની તથા હક સંબંધની શાબીતી આપી અને સદરહુ વીમાચીઠીની મારે પાળવાની બધી શરતો બીજી રીતે બરાબર પાળી.

૬; પ્રતિવાદીએ સદરહુ નુકશાન આપીયું નથી.

[ફેંસલો માગવો.]

નંબર ૫૫.

ભાડું લેવા વિસે જામીન ઉપરની

(મથાળું)

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં, તારીખ માહે સને ૧૮ રોજ દર વરસે રૂ. ભાડું ઠરાવીને અને તે ભાડું (દર મહીને] આપવું એવો કરાર કરીને વરસની બોલીએ (મોહલ્લામાં નંબરનું ઘર] મારી પાસેથી એક. ઇ. ફ. એ ભાડે રાખ્યું.

૨. સદરહુ ઘર તેની હદ સુધાંત સદરહુ ઇ. ફ. ને ભાડે આપ્યું તેના બદલામાં [તેજ વખતે અને તેજ ઠેકાણે] પ્રતિવાદીએ એવો કરાર કરયો કે, સદરહુ ભાડું બરાબર વખતે મળશે એ બાબતનો હું જામીન થાઉં છું.

૩. સન ૧૮ ના માસનું સદરહુ ભાડું રૂ. થયું તે આપીયું નથી.

કરારનામાની શરત પ્રમાણે જામીનને નોટીસ આપવાની હોય તો, વધારવું કે:—

૪. સદરહુ ભાડું મને પહોંચ્યું નથી એ બાબતની તારીખ માહે સને ૧૮ રોજ મેં પ્રતિવાદીને નોટીસ આપી અને ભાડું માગ્યું
૫. તેણે તે આપ્યું નથી.

[ફેંસલો માગવો.

ખ.—કરાર તોડવાને લીધે બદલો લેવાની ફરિયાદ અરજીઓ.

નંબર ૫૬.

જમીન વેચવાનો કરાર તોડયા બદલ.

[મથાળું.)

હું. અ, બ, ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧, માં, તારીખ માહે સને ૧૮ રોજ મેં અને પ્રતીવાદીએ બન્નેએ સહીઓ કરીને એક કરારનામું કર્યું તેની નકલ આ સાથે જોડી છે.

(અથવા તારીખ વગેરે રોજ પ્રતીવાદીએ મારી સાથે એવો કરાર કરયો કે હાલ રૂ. અનામત આપેલા છે અને બીજા દશ હજાર રૂપીયા નીચે કહ્યા પ્રમાણે આપવાના તેના બદલામાં તેણે મને તારીખ માહે સને ૧૮ રોજ (શહેરમાં મોહલ્લામાં ઘર નંબર નું બધો બોજો દુર કરીને પરતુ વેચાણ ખત (કનવેયન્સ) કરી આપવું; અને તે સ્વાધીન આમે એટલે તે બદલ રૂ. ૧૦.૦૦૦ આપવાની મેં તેને કબુનાયત આપી છે.)

૨. તારીખ માહે સને ૧૮ રોજ મેં પ્રતિવાદી પાસેથી સદરહુ મિલકતનું વેચાણ ખત (કનવેયન્સ] માગ્યું અને પ્રતિવાદીને રૂ. આપવા માંડયા. [અથવા પ્રતિવાદીના ભાગનો કરાર તેની પાસેથી પુરો કરી લેવાનો મારો હક થવા સારૂ જે શરતો પુરી પડવી જોઇએ તે પુરી પાડી છે, અને જે વાતો બનવી જોઇએ તે બની છે તથા જે વખત ગુજરવા જોઇએ તે વીતી ગયા છે.)

૩. સદરહું મિલકતનું પ્રતિવાદીએ મને કંઇ વેચાણ ખત (કનવેયન્સ) કરી આપીયુ નથી (અથવા તે મીલકત ઉપર એ ને રૂ. નો ઘરાણીયા હક કરી આપ્યો છે અને તે ની આરાત માં તારીખ માહે સને ૧૮ રોજ રજીસ્ટર થયો છે તે હજી છોડાવ્યો નથી; અથવા હકમાં બીજી કંઇ ખામી હોય તે.)

૪. અને તેથી કરીને સદરહુ પ્રમાણે અનામત તરીકે મેં જે રકમ આપી તેનો તથા સદરહુ ખરીદીનું કામ પુરૂં થવા સારૂ જે બીજી રકમ આગળથી એકઠી કરી રાખેલી તેનો ઉપયોગ મારાથી થયો નહીં, તથા પ્રતિવાદીના હક્કની તપાસ કરવામાં તથા મારા ભાગનો કરાર પુરો કરવાની તઇયારી કરવામાં મને જે ખરચ થયું તે નકામું ગયું છે, અને પ્રતિવાદી પાસે તે કરાર પુરો કરાવવાનો પ્રયત્ન કરવામાં મને ખરચ થયું છે.

મારી અરજ એ છે કે રૂ. ના બદલો મળવાનો ફેસલો કરી આપો.

નંબર ૫૭

જમીન ખરીદ કરવાનો કરાર તોડયા બદલ —

[મથાળું]

હું. અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧ માં, તારીખ માહે સન ૧૮ રોજ મેં અને પ્રતિવાદીએ પોતાની સહીયો સુધાંત એક કરારનામું કરયું તેની એક નકલ આ સાથે જોડી છે.

(અથવા માં તારીખ . માહે સન ૧૮ રોજ મેં અને પ્રતિવાદીએ અરસપરસ એવી કબુલત કરી કે ગામમાં ચાલીસ વીઘાં જમિન રૂ. માટે, મારે પ્રતિવાદીને વેચવી અને પ્રતિવાદીએ તે મારી પાસેથી ખરીદ કરવી.)

૨. માં, તારીખ માહે સન ૧૮ રોજ સદરહુ મિલકતનો હું કુલ માલક હોવાથી (અને તે મીલકત ઉપર કાંઇ બોજો નથી એમ પ્રતિવાદીને જણાવ્યું હતું તે પ્રમાણે તે ઉપર કાંઈ બોજો ન હોવાથી) સદરહુ રકમ આપે એટલે જોઇએ તેવું તે મિલકતનું ખરીદીપત્ર (કનવેયન્સ) કરી આપું એમ તે વખતે પ્રતિવાદીએ કહયું (અથવા પુરનો દસ્તાવેજ કરી આપીને તે મિલકત પ્રતિવાદીને આપવાને હું તઇયાર તથા ખુશી હતો અને ખરીદી લેએમ, મેં તેને કહયું.

૩ પ્રતિવાદીએ તે રકમ આપી નથી,

(ફેસલો માગવો)

નંબર ૫૮.

બીજો નમુનો.

સ્થાવર મિલકતની ખરીદી પુરી ન કરયા બદલ.

[મથાળું]

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. તારીખ માહે સન ૧૮ રોજ લખેલા કરારપત્રથી મેં અને પ્રતિવાદીએ પોત પોતાની વચે એવો ઠરાવ કરયો હતો કે નીચેની શરતોથી તથા બોલીથી રૂ. માટે એક ઘર અને જમીન મારે પ્રતિવાદીને વેચવાં અને પ્રતિવાદીએ તે મારી પાસેથી ખરીદ કરવાં તે શરતો એ કેઃ—

અ. સદરહુ કરારનામા ઉપર સહી થાય એટલે તે ખરીદીની રકમ પઇકી રૂ. પ્રતિવાદીએ મને અનામત આપવા, અને બાકીના તારીખ માહે સન ૧૮ રોજ આપવાને તે તારીખે ખરીદી પુરી કરવી.

બ. તારીખ માહે સન ૧૮ રોજ અથવા તે પહેલાં

સદરહુ ઘર અને જમીન ઉપર મારો મજબુત હક મારે સ્થાપિત કરવો.
તથા સદરહુ પ્રમાણે તે ખરીદીની રકમ પૈકી બાકી રહેલી રકમ આ પવામાં આવે એટલે સદરહુ મિલકતનું યોગ્ય ખરીદીપત્ર (કનવેયન્સ) પ્રતિવાદીને ખરચે તઇયાર કરીને પ્રતિવાદીને કરી આપવું.

૨. પ્રતિવાદી પાસે તેના ભાગનો સદરહુ કરાર પુરો કરાવવાનો મને હક મળવાને જરૂર હોય તેવી બધી શરતો પુરી પાડી તેવી બધી વાતો બની અને તેવી બધી વખત વીતી ગઇ, તોએ પ્રતિવાદીએ સદરહુ પ્રમાણે સદરહુ ખરીદીની રકમની બાકી આપવી જોઇએ તે મને આપી નથી.

૩. તેથી કરીને મારા ભાગનો સદરહુ કરાર પુરો કરવાની તઈયારી થએલું ખરચ વ્યર્થ ગયું છે. અને પ્રતિવાદીના ભાગનો તે કરાર પુરો કરી લેવાનો પ્રયત્ન કરવામાં મને ખરચ થયું છે.

(ફેંસલો માગવો)

નંબર ૫૯.

વેચેલો સામાન સ્વાધીન ન કરયા બદલ.

(મથાળું.)

હું અ. બ. ઉપર કહેલો વાદી જણાવું કે:—

૧. માં તારીખ માહે સન ૧૮ રોજ મેં અને પ્રતિવાદીએ અરસપરસ એવો ઠરાવ કરયો કે પ્રતિવાદીએ (આટાનાં ૧૦૦ પીપ તારીખ માહે સન ૧૮ રોજ] મારે સ્વાધીન કરવાં, અને તે સ્વાધીન થાય એટલેતેની કિમતનાં મારે રૂ, પ્રતિવાદીને આપવા.

૨ (સદરહુ] તારીખે સદરહુ સામન સ્વાધીન કર અને સદરહુ કિમત લે એમ મેં પ્રતિવાદીને કહયું. અને તે પ્રમાણે સ્વાધીન કરેથી તેને સદરહુ રકમ આપવાને હું તઈયાર અને ખુશી હતો.

૩. પ્રતિવાદીએ તે માલ સ્વાધીન કરયો નહી. તેથી કરીને, તે સ્વાધીન થવાથી મને જે નફો મળત તે મારો ગયો.

(ફેંસલો માગવો.)

નંબર ૬૦

નોકરીમાં રાખવાનો કરાર તોડયા બદલ

[મથાળું.]

હું અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. મું, તારીખ માહે સન ૧૮ મારી અને પ્રતિવાદી વચે અરસપરસ એવો કરાર થયો કે, મારે (હિસાબ રાખનાર તરીકે અથવા મુકાદમ તરીકે અથવા જે હોય તે) તરીકે પ્રતિવાદીની નોકરી કરવી અને પ્રતિવાદીએ મને તે તરીકે [એક વરસ] ની મુદત સુધી નોકર રાખવો અને આર નોકરી બદલ મને [મહીને) રૂ. આપવા.

૨. તારીખ માહે સને ૧૮ રોજ હું સદરહુ પ્રમાણે પ્રતિવાદીની નોકરીમાં દાખલ થયો, અને સદરહુ વરસની બાકીની મુદતમાં તે નોકરી જારી રાખવાને હું ત્યારથીજ અને હાલ પણ તૈયાર તથા રાજી છું, અને તેની પ્રતિવાદીને હમેશાં ખબર છે.

૩. તારીખ માહે સને ૧૮ રોજ પ્રતિવાદીએ ગેરવાજબી રીતે મને નોકરીમાંથી રજા આપી અને સદરહુ તરીકે મને નોકરી દીધી નહી, અથવા મારી નોકરી બદલ પગાર આપવા ના કહી.

(ફેસલો માગયો.)

નંબર ૬૧

નોકરીમાં રાખવાનો કરાર તોડ્યા બદલ, નોકરીનું કામ કદી કરયું ન હોય ત્યારે

(મથાળું)

હું અ. બ, ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧ (ગયા છેલા નમુના પ્રમાણે.)

૨. માં, તારીખ માહે સને ૧૮ રોજ પ્રતિવાદીની નોકરીમાં દાખલ થવાને મેં કહયું અને ત્યારથી તે પ્રમાણે કરવાને હું તઇયાર તથા રાજી છું.

૩. તે નોકરીમાં પ્રતિવાદીએ મને દાખલ થવા દીધો નહી, અથવા મારી નોકરીને બદલે પગાર આપવાની ના કહી.

(ફેસલો માગવો.)

નંબર ૬૨.

નોકરી કરવાનો કરાર તોડ્યા બદલ.

(મથાળું.)

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧, માં તારીખ માહે સને ૧૮ રોજ મારી અને પ્રતિવાદી વચ્ચે અરસપરસ એવો કરાર થયો કે મારે પ્રતિવાદીને (વરસે) રૂ. મેહેનતાણું આપીને નોકરીમાં રાખવો, અને પ્રતિવાદીએ મારી (કારીગર) તરીકે (એક વરસ) ની મુદત સુધી નોકરી કરવી.

૨. સદરહુ કરારનો પોતાનો ભાગ પુરો કરવાને હું હમેશ તઇયાર અને રાજી છું (અને તારીખ માહે સને ૧૮ રોજ તે પ્રમાણે કરવાને મેં કહ્યું.)

૩. પ્રતિવાદી (ઉપર કહેલી તારીખે મારી નોકરીમાં દાખલ થયો પણ પછીથી તારીખ માહે સને ૧૮ રોજ તેણે) સદરહુ પ્રમાણે મારી નોકરી કરવાને ના કહ્યું.

(ફેસલો માગવો.)

નંબર ૬૩.

ખામી ભરેલા કસબને માટે ઘર બાંધનાર ઉપર.

(મથાળું)

હું. અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં. તારીખ માહે સને ૧૮ રો

જ મારી અને પ્રતિવાદી વચ્ચે એક કરાર થયો તેની એક નકલ આ સાથે જોડીછે.

(અથવા કરારનો ભાવાર્થ લખવો.)

(૨. સદરહુ કરારની મારા ભાગની બધી શરતો મેં યોગ્ય રીતે પુરી કરીછે.)

૩. પ્રતિવાદીએ (સદરહુ કરારમાં બતાવેલું ઘર ખરાબ અને કારીગર ન બાંધે તે રીતે બાંધ્યું છે.)

(ફેંસલો માગવો.)

નંબર ૬૪.

કરારથી શીખવા રહેલા શખસના બાપ અથવા વાલી ઉપર શેઠે કરવાની.

(મથાળું.)

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં, તારીખ માહે સને ૧૮

રોજ પ્રતીવાદીએ પોતાની સહી તથા સીક્કાથી* એક કરાર કરયો તેની એક નકલ આ સાથે જોડી છે.

(અથવા તે કરારના ભાવાર્થ લખવો.)

સદરહુ કરાર કરયા પછી મેં સદરહુ (કરારથી શીખવા રહેનારને) સદરહુ મુદત સુધી કરારથી શિખવા રહેનાર તરીકે મારા નોકરીમાં દાખલ કરયો. અને સદરહુ કરારમાં મારે જે જે કરવાનું છે તે મેં હમેશાં કરેલું છે અને તે કરવાને હું હમેશ તઇયાર તથા રાજી છું.

૩. તારીખ માહે સન ૧૮ રોજ સદરહુ (કરારથી શિખવા રહેનાર) જાણી જોઇને મારી નોકરીમાંથી ગેરહાજર રહ્યો અને હજી તે ગેરહાજર રહે જાય છે.

(ફેંસલો માગવો)

નંબર. ૬૫.

કરારથી શીખવા રહેનારે શેઠ ઉપર કરવાની.

[મથાળું.)

હું, અ, બ, ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં, તારીખ માહે સને૧૮

રોજ મારી અને મારા બાપ ઇ, ફ, ની સાથે પ્રતીવાદીએ કરાર કરયો, ને તે ઉપર અમારી સહીઓ તથા શિકા કરયા તેની એક નકલ આ સાથે જોડી છે.

૨. સદરહુ કરાર કરયા પછી સદરહુ કબુલાયતમાં કહેલી મુદત સુધી કરારથી

શિખવા રેહેનાર તરીકે પ્રતીવાદીની નોકરી કરવા સારૂ તેની નોકરીમાં દાખલ થયો, અને સદરહુ કબુલાયતમાં મારે પુરી કરવાની જે જે વાતો કહી છે તે મેં હમેશાં પુરી કરી છે.

૩. પ્રતીવાદીએ (ના ધંધો મને શિખવ્યો નહીં, અથવા બીજી કોઇ રીતે કરાર તોડ્યા હોય તે લખવું જેમ કે, ખાતરી પણું, પુરતું અન્ન આપ્યું ન હોય તે, અથવા બીજી કોઇ ગેર વરતણુંક કરી હોય તે,)

[ફેસલો માગવો.]

નંબર ૯૬

. કારકુનના પ્રમાણિક પણા બાબતના દસ્તાવેજ ઉપરથી.

(મથાળું.)

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:=

૧. એક ઇ. ફ. એ માં, તારીખ માહે સને ૧૮ રોજ મેં એક ઇ, ફ, ને કારકુન તરીકે નીમ્યા.

૨. માં, તારીખ માહે સને ૧૮ રોજ પ્રતીવાદીએ મારી સાથે એવી કબુલાયત કરી કે, જો સદરહુ ઈ. ફ, મારા કારકુન તરીકે પ્રમાણિકપણાથી પોતાનું કામ ન કરે અથવા મારે વાસ્તે તેને મળેલા બધા પઇસા કરજ બદલ પુરાવાના લેખ, અથવા બીજી મીલકતનો મને હિસાબ ન આપે તો તેથી રૂ. સુધી મને જે નુકસાન આવે તે પ્રતીવાદીએ ભરી આપવું.

(અથવા ૨. તેજ વખતે અને તેજ ઠેકાણે પોતાની સહીથી લેખ કરી આપીને રૂ. ની રકમ ગુન્હેગારી તરીકે મને આપવાને પ્રતીવાદી પોતે મારી સાથે બંધાયો છે, એવી શરતથી કે જો મારા કારકુન અને કીલીદાર તરીકે સદરહુ ઇ, ફ, પોતાનું કામ પ્રમાણીકપણે બજાવે અને જે જે પઇસા, કરજબદલ પુરાવાનાલેખ, અને બીજી મિલકત કોઇપણ વખતે મારી વતી તેનીપાશેહોયતે બધાનો ખરેખરો હિસાબ તે મને આપે તો તે કરાર રદથાય નહીં તો ન થાય.)

(અથવા ૨. તેજ વખતે અને તેજ ઠેકાણે પ્રતીવાદીએ મને દસ્તાવેજ લખી આપ્યા તેની એક નકલ આ સાથે જોડી છે.)

૩. તારીખ માહે સને ૧૮ અને તારીખ માહે સને ૧૮ ની દરમ્યાન સદરહુ ઇ, ફ. એ પઇસા અને બીજી મીલકત મળીને, રૂ. ની કીંમતની રકમ મારે માટે લીધી, તેનો એણે મને હિસાબ આપ્યો નથી. અને તે હજી લેહેણી તથા આપ્યા વગરની છે.

(ફેસલો માગવો)

(નંબર ૯૭.)

બાકુતે માલક ઉપર કરવાની, વિશેષ નુકશાન થયું હોય તે સુધાંત,

* સને ૧૮૫૦ ના આકટ ૧૯ માં આપેલા નમુનામાં બાપનો અથવા વાલીનો દીકરો જોઇયે છીએ.

(મથાળું.)

હું. અ, બ, ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧ માં તારીખ માહે સને ૧૮ રોજ પ્રતિવાદીએ લેખી દસ્તાવેજથી મને (મોહોલામાં નંબર નું ઘર) વરસની મુદત સુધી ભાડે આપીયું. તેમાં મારી સાથે એવો ક રાર હતો કે, મારે અને મારા કાયદેસર વારસ. વકીલોએ તે ઘરનો સદરહુ મુદત સુધી સ્વસ્થપણે કબજો ભોગવવો.

૨. આ ફરિઆદ ચલાવવાનો મારો હક થવા માટે જે જે શરતો પુરી પડવાની અને જે જે વાતો બનવાની જરૂર છે તે બધી પુરી પડી છે તથા બની છે.

૩ સદરહુ મુદતમાં તારીખ માહે રોજ એક ઇ, ફ., જે સ દરહુ ઘરનો કાયદેસર માલક હતો તેણે મને તે ઘરમાંથી કાયદેસર રીતે કાઢયો, અને હજીએ તે મને તે ઘરનો કબજો આપતો નથી.

૪ તેથી કરીને મને, (સદરહુ જગાએ દરજીનો ધંધો જારી રાખવામાં હરકત પ ડી, ત્યાંથી નીકળવામાં રૂ, ખરચ લાગ્યું અને તે નીકળવાથી ગ. હ, તથા આઇ, જે. ની મારી ઘરાકી ગઇ.)

[ફેસલો માગવો.)

નંબર ૬૮.

ખાત્રી પ્રમાણે જંગમ માલ ઉતરયો નહીં તે વિષે.

(મથાળું]

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧ માં તારીખ માહે સને ૧૮ રોજ એ ક વરાળ યંત્ર ચાલવા જેવી સારી સ્થિતિમાં છે એવી પ્રતિવાદીએ ખાત્રી આપી, અ ને તે ઉપરથી તેની પાસેથી, તેની કીંમતના રૂ. આપીને તે ખરીદ કર વાને મારૂં મન વળ્યું.

૨ સદરહુ યંત્ર તે વખતે ચાલે એવી સારી સ્થિતિમાં નહોતું, તેથી તે યંત્રને દુરસ્ત કરાવવામાં મને ખરચ લાગ્યું અને તે યત્ર દુરસ્ત થતું હતું તે દરમ્યાન નું, તે ચાલે એવી સારી સ્થિતિમાં હોત તો, મને જે ઉત્પન્ન થાત તે મારૂં ગયું.

(ફેસલો માગવો.)

નંબર ૬૯ મો.

હામી બાબતના કરાર ઉપરથી

(મથાળું.)

હું. અ બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં તારીખ માહે સને ૧૮ રોજ અ. બ. ને ક, ડ, ની પેઢીના નામથી થતા વ્યાપારમાં હું અને પ્રતિવાદી પાંતી દાર હોવાથી સદરહુ પંત્યાણું તોડયું, અને અરસપરસ એવો કરાર કરયો કે પ્રતિ

વાદીએ પંત્યાળાની બધી મિલકત લેવી અને રાખવી, પેઢીનું બધું કરજ આપવું અને સદરહુ પેઢીને કંઇ કરજ હોવાને લીધે મારા ઉપર જે જે દાવા કરવામાં આવે તે બધાનું નુકશાન ભરી આપવુ.

૨. સદરહુ કરારની મારા ભાગની બધી શરતો મેં બરોબર રીતે પુરી કરી છે.

૩. તારીખ માહે સને ૧૮ રોજ (એક ઇ. રૂ. નું સદરહુ પેઢી પાસે લેણું હતું તે બદલ સદરહુ ઇ. રૂ. એ ની ન્યાયાધિકારી હાઇ કોરટમાં મારા અને પ્રતિવાદીના ઉપર એક સલો મેળવ્યો અને તારીખ માહે સન ૧૮ રોજ) મેં રૂ. (તે હુકમનામાની ભરપાઇ કરવા સારૂ) આપીયા.

૪. તે પ્રતિવાદીએ મને આપીયા નથી.

(ફેસલો માગશે.)

નંબર ૭૦.

વહાંણના માલિક વહાંણ ભાડે માંગનાર ઉપર માલ ન ચઢાવ્યાબદલ કરવાની

(મથાળું.)

હું, અ, બ, ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં, તારીખ માહે સન ૧૮ રોજ મારી અને પ્રતિવાદી વચે એક કબુલાયત થઇ તેની એક નકલ આ સાથે જોડી છે.

અથવા ૧

માં તારીખ માહે સન ૧૮ રોજ દસ્તાવેજ કરીને મેં અને પ્રતિવાદીએ એવી કબુલાયત કરી કે, માં તારીખ માહે સન ૧૮ રોજ મારા નામે વહાંણ ઉપર પ્રતિવાદીએ પાંચસે ટન માલ ચઢાવવો. તે માલ તે વહાંણે (ઠેકાણે) લેઇ જવો. અને ત્યાં , ભાર આપેથી તે સ્વાધીન કરવો, અને પ્રતિવાદીને માલ ચઢાવવા સારૂ દિવસ, માલ ઉતારવાના દિવસ, તથા જરૂર પડે તો દરરોજ રૂ. દર પ્રમાણે ખોટી થવાના દીવસ આપવા.)

૨ સદરહું કબુલાયતમાં ઠરાવેલી વખતે [સદરહુ માલ અથવા સદરહું કબુલાયતમાં લખેલો માલ] પ્રતિવાદી પાસેથી હું લેવા તઇયાર અને રાજી હતો. તથા તું આપ હું લેઉં છું એમ મેં કહ્યું.

૩. માલ ચઢાવવાની અને ખોટી થવાની મુદત આપી હતી તે પુરી થઇ ગઇ છે પરંતુ પ્રતિવાદીએ સદરહુ વહાંણ ઉપર સદરહુ માલ ચઢાવ્યો નથી.

તેથી કરીને ખોટી કરી રાખ્યા (ડીમરેજ) બદલ રૂ. તથા નુકશાન ભરી લેવા બદલ બીજા રૂ. નો હું ફેસલો માગુ છું.

છ.—અમલદારથી નુકસાનીનો બદલો લેવાની ફરિયાદ અરજીઓ.

નંબર ૭૧.

જમીન ઉપર પ્રવેશ કરયા (ટરેસપાસ) બદલ.

(મથાળું)

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં, તારીખ માહે સને ૧૮ રોજ
મારી નામથી ઓળખાતી કંઇ જમીન ઉપર પ્રતિવાદીએ પ્રવેશ કરયો (અને તે ઉપર ઢોર ચરાવ્યાં, ઘાંસ પગ તળે ચગદી નાંખ્યું, છમાં રતી લાકડાં કાપીઆં, અને બીજી રીતે તેમાં નુકશાન કરયું.)

[ફેંસલો માગવો.]

નંબર ૭૨.

રહેવાના ઘરમાં ઓરીને પ્રવેશ (ટરેસપાસ) કરયા વિશે.

[મથાળું.]

હું, અ. બ, ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. મારૂં નામનું રહેવાનું ઘર છે તેમાં પ્રતિવાદીએ આવીને ઘણી વાર સુધી ધુંધાટ તથા દંગો કરયો. અને સદરહુ રહેવાના ઘરનાં બારણાં તોડયાં, અને તે ઘરમાંનો મારો જડીત તથા બીજો સામાન કાઢયો, ને ઉપાડી લેઇ ગયો, અને તેના પોતાના ઉપયોગમાં તેની તેણે વ્યવસ્થા કરી. તથા સદરહુ રહેવાના ઘરમાંથી મારો અને મારા કુટુંબનો કબજો લેઇને અમને કાઢી મુકયા અને ઘણી વારસુધી તે રીતે અમને બહાર રાખ્યા.

૨. તેથી કરીને મારો ધંધો ચલાવવામાં મને હરકત પડી, અને મારે તથા મારા કુટુંબને વાસ્તે રહેવાનું બીજું ઘર મેળવવામાં મને ખરચ લાગ્યું.

[ફેંસલો માગવો]

નંબર. ૭૩.

જંગમ માલ ઉપર પ્રવેશ કરયા બદલ.

(મથાળું.]

હું, અ, બ, ઉપર કહેલો વાદી જણાવું છું કે:

૧. માં, તારીખ માહે સન ૧૮ રોજ
વાદીનાં રમ નામે દારૂનાં દશ પીપ પ્રતિવાદીએ ફોડયાં, અને તેમાંનો દારૂ મેહેલામાં ડોળી નાંખ્યો, [અથવા લોહું ચોખા, ઘર શણગારનો સામાન અથવાં જે હોય તે, વાદીનો સામાન કબજે કરી લીધો) અને તે લેઇ ગયો તથા તેના પોતાના ઉપયોગમાં તેની વ્યવસ્થા કરી.

(અથવા મારી ગયો અને બળદ પકડીને લેઇ ગયો અને તેમને અટકાવ્યાં અને લાંબી મુદત સુધી તેમને અટકાવેલાં રાખ્યાં.)

૨. તેથી કરીને તે મુદતની દરમ્યાન તે ગાયોનો તથા બળદનો મારાથી ઉપયોગ થયો નહીં, તથા તેમના ચારાને વાસ્તે અને તે પાછાં મેળવવાને વાસ્તે ખ

રથ લાગ્યું. તથા જો તે મારી પાસે હોત તો બજારમાં હું તેમને વેચત તે વેચવામાં પણ અટકાવ થયો. તથા સદરહુ ગાય અને બળદ મારે કમી ઉપયોગનાં થયાં (એમ ન હોય તો જેવી હકીકત હોય તે પ્રમાણે નુકસાન લખવું).

[ફેસલો માગવો,)

નંબર ૭૪.

જંગમ મીલકત બીજાએ પોતાના ઉપયોગમાં આંણ્યા બદલ.

(મથાળું.)

હું, અ, બ, ઉપર કહેલો વાદી જાણાવું છું કેઃ—

૧. આ સાથે જોડેલા પત્રકમાં વરણનકરેલો કંઇ સામાન (અથવા લોઢનાં ૧૦૦૦ પીપ) તારીખ માહે સને ૧૮ રોજ મારા કબજામાં હતો.

૨. તે દિવસે (ઠેકાણે) પ્રતીવાદીએ તે માલ પોતાના ઉપયોગમાં આણ્યો અને ગેર વાજબી રીતે મારી પાસેથી તેનો કબજો ભોગવટો લેઇ લીધો.

(ફેસલો માગવો.]

પત્રક.

નંબર ૭૫

માલ સ્વાધીન કરવાનું ના કહ્યા બદલ વખાર વાળાપર.

(મથાળું)

હું, અ, બ, ઉપર કહેલો વાદી જાણાવું છું કેઃ—

૧. એક ઇ. ફ. એ માં, તારીખ માહે સન ૧૮ રેજ પ્રતીવાદીને રૂ. (અથવા દર પીપે દર માસે રૂ. વગેરે) આપવાના ઓબદલામાં તેણે (લોટનાં ૧૦૦ પીપ) પોતાની વખારનાં રાખવાનો અને સદરહુ રકમ આપવામાં આવે એટલે તે માલ મારે સ્વાધીન કરવાનો કરવાનો કરાર કરયો

૨. તેથી કરીને મેં પ્રતિવાદી પાસે સદરહુ (લોટનાં ૧૦૦ પીપ) અનામત મુકયાં.

૩. તારીખ માહે સને ૧૮ રોજ મેં પ્રતીવાદીને રૂ. (અથવા તે સામાન વખારમાં રાખી મુકવાનુ ભાડું થયું તેની પુરી રકમ) આપવા માંડીને કહ્યું કે તું સદરહુ સામાન મારે સ્વાધીન કર, પણ પ્રતીવાદીએ તે સ્વાધીન કરવાની ના કહી,

૪ તેથી કરીને સદરહુ સામાન ઇ, ફ, ને વેચવામાં મને હરકત પડી અને તેનું મને નુકશાન થયું,

[ફેસલો માગવો]

નંબર ૭૬.

દગાથી મિલકત મેળવ્યા બદલ.

(મથાળું]

હું અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. માં, તારીખ માહે સને ૧૮ રોજ પ્રતીવાદીને કંઈ સામાન વેચવાનું મને મન થાય એટલા માટે તેણે મને એમ સમજાવ્યું કે હું—એટલે પ્રતીવાદી-દાર છું અને મારી બધી જવાબદારી જતાં રૂ. નો આસામી છું,

૨, તે ઉપરથી રૂ. ની કીંમતનો (સુકો માલ) પ્રતિવાદીને વેચવાનું (તથા સ્વાધીન કરવાનું) મને મન થયું;

૩; સદરહુ સમજાવેલી વાતો ખોટી હતી [અથવા ખોટા પણાની વીશેષ વાતો હોય તે લખવી] અને તે ખોટી છે એમ પ્રતિવાદીને તે વખતે માલુમ હતું,

૪. સદરહુ માલની કીંમત પ્રતીવાદીએ આપી નથી (અથવા જો માલ સ્વાધીન ન કરયો હોય તો) સદરહુ માલ તઈયાર કરીને વહાંણમાં ચઢાવતા અને તે પાછો આણતાં મને રૂ. ખરચ લાગ્યું છે,

[ફૈસલો માગવો.]

નંબર ૭૭.

દગાબાજીથી બીજા શખસને ઉધારે અપાવ્યા બદલ.

(મથાળું)

હું, અ. બ, ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. માં, તારીખ માહે સને ૧૮ રોજ પ્રતીવાદીએ મને એમ સમજાવ્યું કે, એક ઇ, ફ, દાર છે, અને તેની સાખ સારી છે, તથા તેની બધી જબદારી જતાં તે રૂ. ની આસામી છે, (અથવા ઇ. ફ. તે વખત જવાબદારીવાળી નોકરીમાં છે તથા તે સારી હાલતમાં છે, અને નિરભય પણે તેની સાખ ઉપર તને માલ ધીરી શકાય તેવો છે.)

૨. તે ઉપરથી સદરહુ ઇ. ફ. ને રૂ. કીમતના [ચોખા) મહિના ઉધાર] વેચવાને મારૂં મન વળ્યું

૩. સદરહુ સમજાવેલી વાતો ખોટી હતી અને તે ખોટી છે, એમ પ્રતિવાદીને તે વખતે માહિત હતું; અને મને ઠગવાના તથા દગો કરવાના હેતુથી (અથવા મને ઠગવાને અને નુકશાન કરવાને) તેણે એ વાતો સમજાવી હતી.

૪. સદરહુ ઇ. ફ. એ [સદરહુ માલની કિમત સદરહું ઉધારની મુદત વીતી તો એ આપી નહી, અથવા) સદરહુ ચોખાની કિમત આપી નથી, અને તે કારણોને લીધે મને તેનું નુકશાન થયુ.

(ફૈસલો માગવો.)

નંબર ૭૮.

વાદીની જમીનમાંનું પાણી ગંદુ કરયા બદલ.

(મથાળું).

(હુ અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧ માં .નામની એક જમીનનો તથા તે જમીનમાંના કુવાનો ત

આ તે કુવામાંના પાણીનો કબજો ભોગવટો હાલ મારો છે તથા હેઠળ કહેલી બધી વખતે હતો, તથા સદરહુ કુવાનો અને કુવામાંના સદરહુ પાણીનો ઉપયોગ અને લાભ લેવાનો હક મારો હતો; તથા તે કુવામાં પાણીની આવક થવાને જે કાંઈ પાણીના ઝરા અને વેહેળા વહીને કુવામાં આવતા હતા તે ઝરા તથા વેહેળાનું પાણી બંદુ ન કરતાં અથવા ન બગાડતાં વેહેતું રાખવાનો હક મારો હતો.

૨. તારીખ માહે સન ૧૮ રોજ પ્રતિવાદીએ સદરહુ કુવો તથા (તેમાંનું સદરહુ પાણી તથા) તે કુવામાં વહી આવતા સદરહુ પાણીના ઝરા અને વેહેળા ગેરવ્યાજબી રીતે ગંદા કરચા તથા બગાડચા.

૩. સદરહુ કારણને લીધે સદરહુ કુવાનું તે પાણી મેલું થયું તથા ઘરસંસારના અને બીજા જરૂરીયાત કામને સારૂ અનુપયોગી થયું, તથા સદરહુ કુવાનો અને પાણીનો ઉપયોગ અને લાભ હું અને મારૂં કુટંબ લેતાં તે જતો રહયો.

(ફૈસલો માગવો)

નંબર ૭૯.

અપકારક કારખાનું ચલાવ્યા બદલ.

(મથાળું)

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. માંની નામની કંઇ જમીન મારા કબજામાં છે અને હેઠળ કહેલી બધી વખતે મારા કબજામાં હતી.

૨. તારીખ માહે સને ૧૮ થી આજ સુધી ધાતુનો કચરો ગાળવાનું કંઇ કારખાનું પ્રતિવાદીએ ચલાવ્યું છે. તેમાંથી ખરાબ અને રોગકારક ધુમાડો અને બીજી વરાળો તથા અપકારક પદાર્થ પુષ્કળ નીકળવાનું પ્રતિવાદી ગેરવ્યાજબી રીતે કારણ થયો. તે ધુમાડો વરાળ અને પદાર્થ સદરહુ જમીન ઉપર અને તે જમીનભર પસરચાં અને હવા બીગાડી તથા સદરહુ જમીનની સપાટી ઉપર ઠરયાં.

૩. તેથી કરીને સદરહુ જમીન ઉપર મારાં ઝાડ, વાડ, ચાર અને પાક ઉગતો તેને નુકશાન થયું, અને કિમતમાં તે ઉતરી ગયાં, તથા તે જમીનમાં મારાં જે ઢોર અને જીવધન હતું તે રોગી થઇને તેમાંથી કેટલાંક તો ઝેર લાગીને મરીગયાં.

૪ તે કારણને લીધે, સદરહુ જમીનમાં એમ ન હોત તો હું જે રીતે મારાં ઢોર અને મેઢરાં ચરાવત તે રીતે, મારાથી ચરાવી શકાયું નહીં, તથા ત્યાંથી મારાં ઢોર, મેંઢરાં અને ખેતીનાં જાનવર મારે કાઢવાં પડચાં, તથા તેવી જમીન ન હોત ત્યારે તેનો જેવો લાભકારક અને આરોગ્યકારક ઉપયોગ ને ઉપભોગ હું લેત તેવો હું લઇ શક્યો નહી.

(ફૈસલો માગવો)

નંબર ૮૦.

રસ્તો અટકાવ્યા બદલ.

(મથાળું).

હું અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. (ગામ માંનું એક ઘર) મારા કબજામાં છે અને હેઠળ કહેલે વખતે તેમાં મારો કબજો હતો.

૨. મારે પોતાને તથા મારા નોકરોને (વાહન સહીત અથવા પગે] વરસના કોઈ પણ વખતે સદરહુ (ઘરમાં) થી અમુક ખેતરમાં થઈને સાર્વજનિક રાજમારગ ઉપર જવાના,—તથા તે રાજ મારગથી શદરહુ ખેતરમાં થઈ સદરહુ ઘરમાં પાછા આવવાના રસ્તાનો મારો હક્ક હતો.

૩. તારીખ   માહે   સન ૧૮   રોજ પ્રતિવાદીએ સદરહુ ગેરવ્યાજબી રીતે અટકાવ્યો તેથીકરીને તે રસ્તે વાહન સુધાંત અથવા પગે અથવા કોઈપણ રીતે) હું જઈ શકયો નહી.[અને ત્યારથી આજ સુધી તે રસ્તો ગેરવ્યાજબી રીતે અટકાવ્યો છે,]

૪ (કંઈ વિશેષ નુકશાન થયું હોય તો તે લખવુ.)

(ફેંસલો માગવો,)

બીજો નમુનો.

[મથાળું)

૧.   થી   સુધી જતા સાર્વજનિક ધોરી રસ્તામાં અટકાવ થાય એવી રીતે તે રસ્તામાં પ્રતિવાદીએ ગેરવ્યાજબી રીતે ખાઈ ખોદીને માટી તથા પથરાનો ઢગલો કરયો.

૨. તેથી કરીને સદરહુ ધોરી રસ્તે કાયદેસર રીતે જતાં હુ સદરહુ માટીને પથરા ઉપર (અથવા સદરહુ ખાઈમાં) પડયો અને મારો હાથ ભાગયો અને ઘણું દુખ ભોગવ્યું તથા લાંબી મુદત સુધી મારો ધંધો ચલાવાયો નહી અને વઈદને બોલાવીને ઓષધોપચાર કરવામાં ખરચ થયું.

[ફેંસલો માગવો.

નંબર,૮૧.

પાણીનો પ્રવાહ બીજી તરફ વાળ્યા બદલ.

(મથાળું,]

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧.   ડિસ્ટ્રિકટમાં   ગામમાં   નામથી ઓળખાતા (વેહેળા) ઉપર ચકી (મીલ) છે તે મારા કબજામાં છે અને હેઠળ કહેલે વખતે તે મારા કબજામાં હતી.

૨. તે કબજો હોવાને લીધે સદરહુ ચકી ચલાવવા સારૂ સદરહુ વેહેળાના પ્રવાહ ઉપર મારો હક છે.

૩. તારીખ   માહે   સન ૧૮   રોજ પ્રતિવાદીએ સદરહુ વેહેળાનો પ્રવાહ રોકીને તેનું પાણી બીજી તરફ વાળ્યું તેને લીધે મારી ચકીમાં થોડું

પાણી આવ્યું.

૪. તેથી કરીને પાણી તે રીતે વગર વેહેલા દર રોજ   ગુણો દળી શકતો તેને ઠેકાણે હવે દરરોજ   ગુણથી વધારે દળી શકતો નથી.

[ફૈસલો માગવો.)

નબર ૮૨.

નીકથી જમીનને પાણી પાવા સારૂ પાણી લેવાના હકનો અટકાવ કરયા બદલ

(મથાળું.)

હું અ. બં. ઉપર કહેલો વાદી જણાવું છુ કે:—

૧.   ઠેકાણાની વગરે કંઇ જમીન મારા કબજામાં છે અને હેઠળ કહેલી વખતે તે મારા કબજામાં હતી. અને તે જમીનને નીકથી પાણી પાવા સારૂ અમુક વેહેળામાંથી કંઇ પાણી લેઇને તે ઉપયોગમાં લેવાને તે ઉપયોગમાં લેવાનો મારો હક છે.

૨. તારીખ   માહે   રોજ   પ્રતિવાદીએ સદરહુ વેહેળાનુ પાણી ગેરવ્યાજબી રીતે અટકાવીને તથા તથા તે બીજી તરફ વાળીને; સદરહુ લખ્યા પ્રમાણે સદરહુ વેહેળામાંથી પાણી લેઇને તેનો મને ઉપયોગ કરવા દીધો નથી.

(ફૈસલો માગવો)

નંબર ૮૩.

ભાડુઆતે બગાડો કરયા બદલ.

(મથાળું.)

હું અ. બ. ઉપર કહેલો વાદી જણાવું કે:—

૧. તારીખ   માહે   સને ૧૮   રોજ પ્રતિવાદીએ મારી પાસેથી (મેહેલામાં નંબર   નુ ઘર)   ની મુદતને માટે ભાડે રાખ્યુ.

૨. તે પ્રમાણે પ્રતિવાદી તેમાં રહયો.

૩. આ રીતે તે રહયો એટલી મુદતમાં તેણે તે મકાનની ઘણી ખરાબી કરી ભીંતો કદરૂપી કરી, ભાંય ઉખેડી, બારણાં ભાગી નાંખ્યાં, અથવા બીજું જે નુકશાન થું હોય તે બને તેટલુ બતાવવું.)

વાદીની અરજ એ છે કે રૂ.   બદલો મળવાનો ફૈસલો કરી આપો.

નંબર ૮૪

હલ્લો કરયા બદલ તથા કાયદા વિરૂદ્ધ માર્યો બદલ.

[મથાળું.]

હું અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. તારીખ   માહે   સન ૧૮   રોજ   માં પ્રતિવાદીએ મારા ઉપર હલ્લો કરીને મને મારયો.

૨. મારી અરજ એ છે કે રૂ.   બદલો મળવાનો ફૈસલો કરી આપો.

નંબર ૮૫

હુમલો કર્યા બદલ તથા કાયદા વિરૂદ્ધ માર્યા બદલ; વિશેષ નુકશાન થયું હોય તે સુદ્ધાંત

(મથાળું)

હું અ. બ, ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. માં, તારીખ માહે સન ૧૮ રોજ પ્રતિવાદીએ મારા ઉપર હલ્લો કરયો. અને હું બેભાન થયો ત્યાં સુધી મને માર્યો.

૨. તેથી કરીને હું (ત્યારથી છ અઠવાડીયાં) સુધી મારો ધંધો ચલાવી શકયો નહી. અને વઇદને બોલાવીને આષધોપચાર કરવામાં રૂ. આપવાની મને જરૂર પડી, તથા ત્યારથી આજ સુધી મારાથી [મારો જમણો હાથ ઉપયોગમાં) લેઇ સકાતો નથી. [અથવા બીજી રીતનું નુકશાન જે હોય તે લખવું.)

(ફેસલો માગવો.)

નંબર ૮૬.

હુમલો કર્યા બદલ તથા ખોટી રીતે કેદ કરયા બદલ.

(મથાળું.)

હું. અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. માં, તારીખ માહે સને ૧૮ રોજ પ્રતિવાદીએ મારા ઉપર હલ્લો કરયો અને દિવસ (અથવા અવર] સુધી મને કેદ કરયો. (વિશેષ નુકશાન, જો કાંઇ હોય તો તે, આ પ્રમાણે લખવું.)

૨. તેથી કરીને મેં શારીરિક અને માનસીક ઘણી વ્યથા ભોગવી, મારી ફરજે તેરી ગઈ, અને મારી સાખને તથા સ્થિતિને ધકો પોંચ્યો, તથા મારો કામ ધંધો ચલાવાયો નહીં, અને મારી જાતીકી સંભાળથી તથા લક્ષથી મારા કુટુંબની સોઈ કરાઈ નહી, તથા સદરહુ કેદખાનામાંથી મારો છુટકારો કરાવવામાં મને ખરચ થયું (અથવા બીજી રીતે જે હોય તે]

(ફેસલો માગવો.)

નંબર ૮૭.

આગ ગાડીના રસ્તા ઉપર ગફલતથી થએલી ઇજા બદલ.

(મથાળું.]

હું, અ. બ, ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ-

૧. તારીખ માહે સન ૧૮ રોજ પ્રતિવાદીઓ, જે ભાડું આપે તે બધા મુસાફરોને, તથા એ બે ઠેકાણા વચ્ચે રેલવેથી લેઇ જનાર હતા.

૨. તે દિવસે સદરહુ રસ્તા ઉપરની પ્રતિવાદીઓની ગાડીઓમાંની એક ગાડીમાં હું ઉતારૂ હતો.

૩. હું તે પ્રમાણે ઉતારૂ હતો તેવામાં સદરહુ રસ્તા ઉપર આગ ગા (અથવા) સ્ટેશન પાસે, અથવા અને

ની બે સ્ટેશનની વચ્ચે] પ્રતિવાદીઓના નોકરોની ગફલત અને અપ્રવીણતાને લીધે ગાડીઓ સામસામી અથડાઇ તેથી કરીને મને ઘણી ઇજા થઇ (મારો પગ ભાગી ગયો, માથું ફુટયું, વગેરે, અને કઇ વિશેષ નુકશાન થયું હોય તો તે લખવું, જે મ કે.—] અને વૈદ્યને બોલાવીને ઔષધોપચાર કરવામાં ખરચ થયું તથા વેચનાર તરીકે મારો પહેલાનો ધંધો ચલાવવાને હું નિરંતરનો અશક્ત થયો.

[ફેસલો માગવો.]

(અથવા આ રીતેઃ—૨. તે દિવસે પ્રતિવાદીઓના આગગાડીના રસ્તા ઉપર કાયદેસર રીતે ચાલીને હું બીજી તરફ જતો હતો તે વખતે તે રસ્તા ઉપર અને તે રસ્તે તેમણે પોતાના નોકરોને હાથે એક એન્જીન (વરાળયંત્ર) અને તેને જોડેલી ગાડીઓની હાર એવી ગફલતથી અને અપ્રવીણતાથી ચલાવી અને હાથમાં રાખી કે તે એન્જીન અને હાર, મારા ઉપર આવી પડીને અથડાઇ, તેથી કરીને વગેરે, પારેગ્રાફ ૩ માં લખ્યા પ્રમાણે.)

નંબર ૮૮.

ગફલતથી હાંકવાને લીધે થએલી ઇજા બદલ.

(મથાળું)

હું. અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે—

૧. હું વાદી મોચી છું અને ઠેકાણે ધંધો કરૂં છું. પ્રતિવાદી ના વેપારી છે.

૨. (તા૦ ૨૩ મે ૧૮૭૫) રોજ સાંજના ત્રણ વાગ્યાને સુમારે કલકત્તા શેહેરમાં ચૌરંગીને રસ્તે પુર્વ તરફ હું ચાલતો હતો. હારીંગટન નામની ગલી વટાવીને પેલી તરફ જવાની મને જરૂર પડી. તે ગલી ચૌરંગીને કાટખુણો કરીને મળે છે. આ ગલી હું વટાવતો હતો તેવામાં અને તેની પેલી તરફ ફરસબંધી પગ રસ્તા ઉપર જઇ પોંચું તેટલામાં પ્રતિવાદીની બે ઘોડા જોડેલી ગાડી જે નોકરોના હાથમાં અને હવાલામાં હતી તે હારીંગટન ગલીમાંથી ચૌરંગી ઉપર ગફલતથી, એકાએક, ચેતાવ્યા વગર ઉતાવળા અને ભયંકર વેગથી ફરી, તે ગાડીનો દાંડો (પોલ) મને લાગ્યો અને તેથી હું નીચે પડયો અને ઘોડાઓના પગતળે હું ઘણો છુંદાયો.

૩. ધકો લાગવાથી, પડવાથી અને પગતળે ચગદાવાથી મારો ડાબો હાથ ભાગ્યો, અને મારે પડખે, બરડે તેમજ અંદર હું જખમ થયો અને મને ઇજા થઇ. અને તેથી કરીને હું ચાર માસ માંદો ને વેદનામાં રહયો, તથા મારો ધંધો ચલાવી શકયો નહીં, અને ઔષધોપચારનું તથા બીજું ખરચ થયું અને મારો ઘણો ધંધો તથા નફો બુડયો.

હું રૂ. નુકશાન માગું છું.

[મથળું.]

પ્રતિવાદીની લેખી કેફીયત.

ફરિયાદ અરજીમાં જે ગાડી કહેલી છે તે મારી હતી અથવા તે મારા નો

ફોના હવાલામાં અને હાથમાં હતી એ વાત હું પ્રતિવાદી નાકબુલ કરૂં છું. તે ગાડી (રાજેશ્રી ઇ. ફ. ને ગ. હ.) જેઓ કલકત્તામાં મહોલ્લામાં રહે છે અને ભાડે આપવા સારૂ પોશાકવાળા હાંકનાર સુધાંત ગાડી ઘોડા રાખે છે તેમની હતી. મને ગાડી ઘોડા પુરા પાડવા સારૂ મેં તેમને નીમ્યા છે. અને જે શખસના હવાલામાં તથા હાથમાં સદરહુ ગાડી હતી તે શખસ સદરહું રાજેશ્રી ઇ. ફ. અને ગ. હ. નો નોકર હતો.

૨. ગફલતથી, એકાએક, અથવા ચેતાવ્યા વગર અથવા ઉતાવળા અને ભયંકર વેગથી સદરહુ ગાડી હારીંગ્ટન ગલીમાંથી ફરલી એ વાત હુ કબુલ કરતો નથી.

૩. મારૂં કહેવું એમ છે કે યોગ્ય ખબરદારી અને કાળજી રાખી હોત તો સદરહુ ગાડી પોતાની તરફ આવે છે એ પ્રતિવાદીની નજરે પડત અને તે જોઈ સકયો હોત. તથા ગાડી સાથે કોઇ રીતે અથડાવાનું તે ટાળત અને ટાળી શકયો હોત.

૪. ફરિયાદ અરજીના ત્રીજા પારેગ્રાફમાં જે હકીકત લખી છે તે હું કબુલ કરતો નથી.

નબર ૮૯.

આબરૂ લીધા બદલ, શબ્દમાંજ આબરૂ લેવાનું રહ્યું હોય ત્યારે.

[મથાળુ.)

હું. અ. બ. ઉપર કહેલો વદી જણાવું છું કે:—

૧. માં, તારીખ માહે સન ૧૮ રોજ નામના વરતમાન પત્રમાં [અથવા ઇ. ફ. ને લખેલા કાગળમાં) પ્રતિવાદીએ મારે વિશે નીચેના શબ્દો પ્રસિદ્ધ કરયા.

(જે શબ્દો વાપરયા હોય તે લખવા.]

૨ તે પ્રસિદ્ધી ખોટી અને અદાવત ભરેલી છે.

(ફૈસલો માગવો.)

(ટીપ.—કોરટની ભાષા શિવાય બીજી ભાષામાં આબરૂ લેવાનો મજકુર લખ્યો હોય તો. જે પરભાષામાં તે પ્રસિદ્ધ કરયો હોય તે ભાષામા તે શબ્દ શબ્દ લખવો અને પછી આ પ્રમાણે લખવું કે:—"સદરહુ શબ્દોનો ભાષામાં તરજુમો કરવાથી તેનો અર્થ અને બોધ નીચે પ્રમાણે થાય છે, અને જે શખસોને તે રીતે પ્રસિદ્ધ કરયો તેઓ આ પ્રમાણે સમજ્યા. તે એકે [આ ઠેકાણે તે આબરૂ જાય એવા મજકુરનો અક્ષરશઃ તરજુમો કોરટની ભાષામાં લખવો.)

નંબર ૯૦.

આબરૂ લીધા બદલ, શબ્દમાંજ આબરૂ લેવાપણું ન રહ્યું હોય ત્યારે.

[મથાળું]

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧, હું શેહેરમાં વંધો કરનારો વેપારી (છું અને)' તારીખ માહે સન ૧૮ રોજ અને તે પેહેલાં હતો;

૨,   માં, તારીખ   માહે   અને ૧૮   રોજ
                    નામના વરતમાન પત્રમાં [અથવા ઇ. ફ. ને લખેલા કાગળ
માં અથવા બીજી કંઇ રીતે પ્રસિદ્ધ કરેલા છે તે બતાવવું) પ્રતિવાદીએ મારે વિશે નીચેના શબ્દો પ્રસિદ્ધ કરયા:—

["આ શેહેરનો રેહેનાર અ. બ. ધામધુમ કરયા વગર પરદેશ જતો રહ્યો છે. એવું કહેવાય છે કે રૂ.   ની રકમના લેહેણુદાર આતુરતાથી તેનો પત્તો શોધે છે."]

૩. આમ લખવામાં પ્રતિવાદીનો ભાવ એવો હતો કે (મારા લેહેણદારોને ન મળવું એટલા માટે અને તેમને દગો દેવાના ઇરાદાથી હું નાસી ગયો હતો.)

૪. સદરહુ પ્રસિદ્ધ કરેલો મજકુર ખોટો અને અદાવત ભરેલો હતો.

[ફેસલો માગવો.]

નંબર ૯૧:

આળ ચઢાવ્યા બદલ, શબ્દોજ દાવો ચાલી શકે એવા હોય ત્યારે.

[મથાળું]

હું અ. બ. ઉપર કહેલો વાદી જાણવું છું કે:—

૧.   માં તારીખ   માહે   અને
૧૮ રોજ પ્રતિવાદી ખોટી રીતે અને અદાવતથી મારે વિશે નીચેના શબ્દો ઇ. ફ. (અથવા કેટલાક માણસો) ના સાંભળતાં બોલ્યો તે એ કે ('તે ચોર છે.'.]

૨. તે શબ્દોને લીધે મારી   તરીકે   ની નોકરી હતી તે ગઇ.

(ફેસલો માગવો.]

નંબર ૯૨.

આળ ચઢાવ્યા બદલ; શબ્દોમાંજ દાવો કરવા જેવું ન હોય ત્યારે.

(મથાળું.)

હું અ, બ, ઉપર કહેલો વાદી જાણવું છું કે.—

૧.   માં તારીખ   માહે   અને
૧૮   રોજ પ્રતીવાદીએ મારા વિશે એક ઇ. ફ. ને ખોટી રીતે અને અદાવતથી કહ્યું કે: ("તે અજાયબ જેવા ચંચળ અંતઃકરણનો જુવાન માણસ છે."].

૨. હું તે વખતે કારકુનની જગા મેળવવાની શોધમાં હતો. અને સદરહુ શબ્દોથી પ્રતિવાદીના મનનો ભાવ એ હતો કે કારકુન તરીકે હું વિશ્વાસ રાખવા લાયક નથી.

૩ તે શબ્દોને લીધે (સદરહુ ઇ. ફ. એ મને કારકુન તરીકે નોકર રાખવાની ના કહી.)

(ફેસલો માગવો.]

નંબર ૯૩,

અદાવતથી ફોજદારી કામ ચલાવ્યા બદલ.

(મથાળું.)

હું અ બ, ઉપર કહેલો વાદી જાણાવું છું કે:—

૧.

૧૮ રોજ માં તારીખ માહે સને

હોય તે) પાસેથી (સદરહુ શેહેરના માજીસટરેટ, અથવા જે

ના આરોપનું પકડવાનું વારંટ પ્રતિવાદીએ કઢાવ્યું અને તે ઉપરથી મને પકડયો. અને (દિવસ અથવા અવર) કેદમાં રાખ્યો,

(અને છુટો થવા સારૂ રૂ. ના મેં જામીન આપ્યા.)

૨. પ્રતિવાદીએ તે કામ અદાવતથી અને વાજબી અથવા સંભવિત કારણ વગર કરયું છે.

૩ તારીખ માહે સને ૧૮ રોજ સદરહુ માજીસ ટરેટે પ્રતિવાદીની ફરિયાદ કાઢી નાંખી અને મને દોશમુકત કરયો.

૪. જેમનાં નામ મને માહિત નથી એવા ઘણા શખસો સદરહુ પકડયાની વાત સાંભળીને તથા હું ગુન્હેગાર છું એમ ધારીને, મારી સાથે ધંધો કરતા બંધ થયા છે; અથવા, સદરહુ પકડાવાને લીધે, એક ઇ. ફ. ના કારકુન તરીકેની મારી જગા ગઇ; અથવા, તે કારણને લીધે મેં શારીરીક અને માનસિક વેદના ભોગવી, અને મારો કામ ધંધો થઈ શકયો નહીં તથા મારી સાખને ધકો પોંચ્યો, તથા સદરહુ આરોપની ફરિયાદ સામે મારો બચાવ કરવામાં અને સદરહુ કેદખાનામાંથી છુટો થવામાં મને ખરચ લાગ્યું.

(ફૈસલો માગવો.)

૬.—વિશેષ મિલકતની ફરિયાદની ફરિઆદઅરજીઓ.

નંબર ૯૪.

સ્થાવર મિલકતનો કબજો લેવા માટે પુરાણુ માલેકે કરવાની.

[મથાળું.]

હું અ. બ, ઉપર કહેલો વાદી જાણાવું છું કે:—

૧. [ડિસ્ટ્રિકટમાંની નામે સરકારી ઈસ્ટેટ અથવા તે ઈસ્ટેટનો ભાગ, જેનુ મેહેસુલ રૂ છે અને જેની અજમાસે કીમત રૂ. છે તેનો અથવા કલકત્તામાં

મેહેલ્લામાં ઘર નંબર જેની અજમાસે કીમત રૂ. છે) તેનો ક્ષ. ય. પુરાણુ માલક હતો.

૨. તારીખ માહે સને ૧૮ રોજ ગ. એ. સદરહુ ઈસ્ટેટનો (અથવા ભાગનો કે ઘરનો) કબજો સદરહુ ક્ષ. ય. પાસેથી ગેરકાયદે લીધો.

૩ ત્યાર પછી, સદરહુ ક્ષ. ય, મૃત્યુપત્ર કરયા વગર તેની પાછળ મને તેનો વારસ મુકીને મરી ગયો.

૪ સદરહુ ઈસ્ટેટનો [અથવા ભાગનો કે ઘરનો) કબજો મને ન આપતાં પ્રતિવાદીએ પોતાની પાસે રાખ્યો છે. વાદીની અરજ એ છે કે:—

૧. સદરહુ મિલકતનો કબજો મને મળવા બદલ,—

૨. તે કબજો દબાવી પડયાથી નુકસાનીના રૂ. બદલ, ફેસલો—કરી આપો.

બીજો નમુનો.

હું અ, બ, ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. તારીખ માહે સને ૧૮ રોજ લેખી દસ્તાવેજથી માનુ રસલ મહોલ્લામાંનું નંબર ૫૨ નું ઘર અને તેના અંગનો ભાગ મેં પ્રતિવાદીને તારીખ થી પાંચ વરસની બોલીએ દરમાસે રૂ. ૮૦૦ ભાડું ઠરાવીને ભાડે આપ્યો.

૨. સદરહુ ઘર અને તેના અંગનો ભાગ ભાડે આપવા જેવી અને સારી મરામતમાં રાખવાનો સદરહુ દસ્તાવેજમાં પ્રતિવાદીએ કરાર કરયો.

૩ સદરહુ દસ્તાવેજમાં કબજો પાછો લેવાની પણ એક કલમ હતી. તેમાં એમ હતું કે, દસ્તાવેજનાં ઠરાવેલું ભાડું માગવામાં આવે કે ન આવે તોએ, તે જો ૨૧ દિવસ સુધી બાકી રહે, અથવા પ્રતિવાદીના ભાગનો જે કરાર પુરો કરવાનો તે પુરો કરવામાં તે કસુર કરે તો, તે ઘર તથા તેના અંગના ભાગનો કબજો પાછો લેવાનો મારો હક છે.

૪. તારીખ માહે સને ૧૮૮ રોજ એક માસનું ભાડું ચઢયું અને તારીખ માહે સને ૧૮૮ રોજ બીજા મહિનાનું ભાડું ચઢયું તારીખ માહે સને ૧૮૮ રોજ બને ભાડાં ૨૧ દિવસ સુધી બાકી રહ્યાં હતાં, અને બંને હજી લેહેણાં છે.

૫. તેજ તારીખ માહે સન ૧૮૮ રોજ ઘર અને તેના અંગનો ભાગ ભાડે આપવા લાયક અથવા સારી મરામતમાં ન હતું અને હાલ નથી, અને તેને ભાડે આપવા લાયક સારી મરામતમાં આણવાને રૂ. ની મોટી રકમ ખરચ લાગશે, અને વાદીના ઉત્તરાધિકારની કીંમત ઘણી ઘટી ગઇ છે. વાદીની માગણી નીચે પ્રમાણે છે:—

૧. સદરહુ ઘર અને તેના અંગના ભાગનો કબજો અપાવો.

૨. રૂ, ચઢેલા ભાડા બદલ અપાવો.

૩. પ્રતિવાદીએ પોતાનો મરામત કરવાનો કરાર, તોડયો તેના નુકસાનીના રૂ. અપાવો.

૪ તારીખ માહે સને ૧૮૮ થી કબજો પાછો મળતા સુધી તે ઘર અને તેના અંગના ભાગનો ઉપભોગ કરયા બદલ રૂ. . .. અપાવો.

નંબર ૯૬

ભાડુઆતે કરવાની

(પ્રમાણે)

હું, અ, બ, ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧ (કલકત્તા શેહેરમાં એક જમીનનો તુકડો - છે તેની ચતુઃસીમા છે) તેનો એક્યુઇ, ફ, પુરાણ માલેક છે, તેની અજ માસે કીંમત રૂ. . છે.

૨. તારીખ માહે સને ૧૮ રોજ સદરહુ ઇ. ફ, એ સદરહુ જમીન તારીખ થી વરસની ઓલીએ મને ભાડે આપી.

૩. પ્રતીવાદી મને કબજો ન આપતાં પોતે દબાવી પડયો છે.

[ફેંસલો માગવો]

નંબર ૮૬.

જંગમ માલ ગેરવાજબી રીતે લીધા બદલ,

[મથાળું.)

હું, અ. બ, ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. તારીખ માહે રોજ લોટનાં ૧૦૦ પીપ મારી માલકીનાં હતાં (અથવા મારા કબજામાં હતાં) તેના અજમાસે કિંમત રૂ. હતી.

૨. તે દીવસે માં પ્રતીવાદીએ તે પીપ લીધા.

૩. વાદીની અરજ એ છે કેઃ-

(૧) સદરહુ માલ કબજામાં અપાવવાનો અથવા તે કબજો ન મળી શકે તો રૂ, આપવવાનો,

(૨) તે માલ અટકાવી રાખ્યા બદલ નુકસાનીના રૂ. અપાવવાનો ફેંસલો કરી આપો.

નંબર ૮૭.

જંગમ માલ ગેર વાજબી રીતે અટકાવી રાખ્યા બદલ.

[મથાળું)

હું, અ, બ, ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. તારીખ માહે સને ૧૮ રોજ આ સાથે જોડેલા પત્રકમાં કહેલો માલ (અથવા માલનું વરણન લખવું) મારી માલકીનો હતો અથવા કબજો લેવાનો હક બતાવનારી હકીકતો જણાવવી]. તેની અજમાશે કિંમત રૂ.. હતી.

૨. તે તારીખથી ફરીયાદ શરૂ થઇ ત્યાં સુધી પ્રતિવાદીએ તે માલ મને ન આપતાં અટકાવી રાખ્યો છે.

૩. આ ફરીયાદ શરૂ થયા પેહેલાં એટલે તારીખ માહે . સને ૧૮ રોજ મેં પ્રતીવાદી પાસેથી તે માલ માગ્યો પણ તેણે તે સ્વાધીન કરવાની ના કહી.

વાદીની અરજ એ છે કેઃ—

(૧) સદરહુ માલનો કબજો અપાવવાનો અથવા તે કબજો ન મળે તો રૂ.

અપાવવાનો,

(૨) તે માલ અટકાવી રાખ્યો માટે નુકશાનીનો બદલો રૂ.

અપાવવાનો,

ફેસલો કરી આપો.

પત્રક.

નંબર ૪૮.

કપટથી ખરીદ લેનારની તથા તેની પાસેથી માહિત છતાં લેનારની ઉપર કરવાની.

(મથાળું).

હું, અ, બ, ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં તારીખ માહે સને ૧૮

ના, પ્રતિવાદી (ક, ડ.) ને અમુક માલ વેચવાનું મને મન થાય એટલા માટે તે પ્રતિવાદી [ક. ડ.) એ મને એમ સમજાવ્યું કે (તે દાર છે અને તેની બધી જ વાબદારી જતાં તે રૂ. નો આસામી છે.]

૨. તેથી કરીને અજમાસે રૂ. ની [ચાની ૧૦૦ પેટીઓ) સદરહુ ક, ડ, ને વેચવાનું તથા સ્વાધીન કરવાનું મને મન થયું.

૩. સદરહુ સમજાવેલી વાતો ખોટી હતી અને તે ખોટી છે એમ તે વખતે સદરહુ ક, ડ, ને માહિત હતું (અથવા સદરહુ વાતો સમજાવતી વખતે સદરહુ ક, ડ, નાદાર હતો અને પોતે નાદાર છે એમ તેને માહિત હતું.)

૪. સદરહુ ક. ડ. એ પછીથી તે માલ પ્રતિવાદી ઇ, ફ, ને કંઈ બદલા શિવાય આપ્યો, (અથવા તે સમજાવેલો મજકુર ખોટો છે એ વાતની તે ઇ, ફ, ને ખબર હતી.]

વાદીની અરજ એ છે કે:—

(૧) સદરહુ માલનો કબજો મળવા બદલ, અથવા તે કબજો ન મળી શકે તો રૂ. બદલ,

(૨) તે માલ અટકાવી રાખ્યો માટે નુકસાનીના રૂ. બદલ,

ફેસલો કરી આપો.

ઈ,—વિશેષ ન્યાય માગવાની ફરીયાદોની ફરીયાદ અરજીઓ.

નંબર ૪૯.

ચુકના સબબથી કરાર રદ કરવા બાબત.

[મથાળું.

હુ અ, બ, ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧, તારીખ માહે સને ૧૮ રોજ પ્રતિવાદીએ મને એમ જણાવ્યું કે. માં મારી [પ્રતિવાદીની] માલકીનો એક જમીનનો તુકડો છે તે (કશ ચિત્ર) છે.

૨. તે ઉપરથી સદરહુ કહેલું ખરૂં માનીને સદરહુ તુકડો રૂ. માટે ખરીદ કરવાનું મને મન થયું, અને કરારનામા ઉપર સહી કરી, તેની એક નકલ આ સાથે જોડી છે. પરંતુ તેનું ખરીદી પત્ર(કનવેયન્સ) મને કરી આપ્યું નથી.

૩. તારીખ માહે સને ૧૮ રોજ તે ખરીદીની રકમને પેટે રૂ. મેં પ્રતિવાદીને આપ્યા,

૪. સદરહુ જમીનનો તુકડો ખરેખર ફક્ત [પાંચ વીઘા) છે,

વાદીની અરજ એ છે કે—

(૧) રૂ. તથા તારીખ માહે સને ૧૮ થી વ્યાજ અપાવો.

(૨) સદરહુ ખરીદીનો કરાર પાછો મંગાવીને તે રદ કરો.

નંબર. ૧૦૦.

ખરાબી કરતાં અટકાવવાની તાકીદ બદલ.

(મથાળું.)

હું. અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. (મીલકતનું વરણન કરવું) નો હું પુરણ માલક છું.

૨. મારી પાસેથી લીધેલા પટાને આધારે તેનો કબજો પ્રતિવાદી પાસે છે.

૩. મારી સંમતી વગર પ્રતીવાદીએ (વેચવા સારૂ ઘણાં કીમતી ઝાડ કાપી નાંખ્યાં છે અને બીજાં વધારે કાપવાની દેશત આપે છે.)

પ્રતિવાદીને તાકીદ આપીને સદરહુ મીલકત ઉપર કંઈ વધારે ખરાબી કરતાં અથવા કરવા દેતાં તેને અટકાવવાનો ફેંસલો મળવાની મારી અરજ છે.

પૈસા સંબંધી બદલો પણ માગી શકાય.

નંબર૧૦૧.

અપકારક કૃત્ય દુર કરવા બદલ,

(મથાળું)

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. કલકતામાં મોહલ્લામાં નંબર ના ઘરનો) હું પણ માલક છું અને નીચે લખેલે બધે વખતે હતો;

૨ [તેજ મોહલ્લામાંની જમીનના એક તુકડા) નો પુરણ માલક પ્રતિવાદી છે અને નીચે લખેલે બધે વખતે હતો.

૩. તારીખ માહે સને ૧૮ રોજ પ્રતિવાદીએ પોતાના સદરહુ તુકડા ઉપર કસાઈખાનું બાંધ્યું અને હજી તે ચાલુ રાખે છે. અને તે દિવસથી હાલ સુધી ત્યાં હમેશાં ઢોર આણાવીને મરાવેલાં છે (અને લોહી તથા નાંખી દેવાનું અને કોહેલું માસ તે મોહેલામાં મારા સદરહુ ઘરની સાંમે નંખાવેલું છે.)

૪. (સદરહુ કારણને લીધે સદરહુ ઘર છોડવાની મને જરૂર પડી છે અને તે આ

ડે અપાતું નથી.) સદરહુ અપકારક કૃત્ય દુર કરવા બદલ ફેસલો કરો એવી મારી અરજ છે.

નંબર ૧૦૨

પાણીનો પ્રવાહ વાળીને બીજી તરફ ન લેઈ જવાની તાકીદ બદલ,

(મથાળુ)

હું, અ. બ, ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ-

નમુના નંબર ૮૧ પ્રમાણે.

સદરહુ પ્રમાણે પાણી વાળીને બીજી તરફ લેઇ જતાં પ્રતિવાદીને અટકાવવાની તાકીદ થાય એવો ફેસલો મળવાની મારી અરજ છે.

નંબર.૧૦૩ .

જંગમ માલ નાશ કરવાની દેહશત આપી હોય તે પાછો લેવા બદલ તથા તાકીદ આપવા બદલ

(મથાળુ.]

હું. અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧. (એક નામાંકીત ચિતારાએ કાઢેલી મારા વડાવાની તસ્વીર) મારી માલકીની છે અને નીચે કહેલે બધે વખતે હતી, અને તેવી બીજી તસ્વીર છતમાં નથી. (અથવા પઇશા ખરચીને તેની જગાએ બીજી તેવી વસ્તુ મુકી શકાય એવી જાતની તે મિલકત નથી એમ બતાવનારી જે હકીકતો હોય તે લખવી.)

૨, તારીખ માહે સન ૧૮ રોજ તે સુરક્ષીત રાખવા સારૂ મેં પ્રતિવાદીને આપી.

૩: તારીખ માહે સન ૧૮ રોજ મેં તે પ્રતિવાદી પાસેથી માગી, અને રાખી મુકવા સારૂ જે વ્યાજબી ખરચ થયુ હોય તે લે એમ કહ્યું.

૪. પ્રતિવાદી તે મારે સ્વાધીન કરવાને ના પાડે છે, અને મને એવી દેહશત આપે છે કે, જો સ્વાધીન કરવાનું કહીશ તો તે હું છુપાવીશ, કોઇને આપી દેઇશ, કડકા કરી નાંખીશ, અથવા તેને નુકશાન કરીશ.

૫, સદરહુ (તસવીર] જાય તો પઇશાની રકમ અપાવવાથી મને પુરો બદલો મળવાનો નહીં.

હું એવો ફેસલો માગું છું કેઃ———

૧, પ્રતિવાદીને તાકીદ આપીને તેને સદરહુ (તસવીર) કોઇને આપી દેતાં, નુકશાન કરતાં, અથવા છુપાવતાં અટકાવવો.

૨, તેણે મને તે પાછી આપવી,

નંબર ૧૦૪.

ઇન્ટર પ્લીડર.

(મથળુ).

હું અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧, નીચે કહેલા હક્ક જે તારીખે જણાવવામાં આવ્યા તે પહેલાં એક ગ. હ. એ (મિલકતનું વર્ણન કરવું) મારી પાસે (સુરક્ષીત) રાખવા સારૂ મુકી.

૨, [સદરહુ ગ. હ. એ તે મને લખી આપી છે એમ કહીને તે આધારે] પ્રતિવાદી ક. ડ. તેના ઉપર હક જણાવે છે.

૩, (પ્રતિવાદી ઇ. ફ. ને તે માલ આપવો એવો સદરહુ ગ. હ. નો હુકમ છે તે ઉપરથી] પ્રતિવાદી ઇ. ફ. પણ તે ઉપર હક જણાવે છે.

૪, પ્રતિવાદીઓના પોતપોતાના હક્કો વિશે મને કાંઇ માલમ નથી;

૫, સદરહુ મિલકત ઉપર મારો કાંઇ હક નથી, અને કોરટ ફરમાવશે તે શખસને તે આપવાને હું તઇયાર અને રાજી છું.

૬, બેમાંથી કોઇ પ્રતિવાદી સાથે મિલાફી થઇને આ ફરિયાદ આણી નથી;—
મારી અરજ નીચે પ્રમાણે ફેસલો મળવાની છે;—

(૧) પ્રતિવાદીઓને તાકીદ આપીને તે મિલકત વિશે મારા ઉપર કાંઇ કામ ચલાવતાં અટકાવવા;

[૨) સદરહુ મિલકત ઉપરના તેમના દાવા વિશે માંહોમાંહે વાદ ચલાવવાનું તેમને કહેવું.

(૩) તે વાદ ચાલે ત્યાં સુધી સદરહુ મિલકત લેવાનો કોઇ શખસને અખત્યાર આપવો;

(૪) તે (શખસને) તે મિલકત સ્વાધીન કરયા પછી તે સંબંધી બને પ્રતિવાદીઓની બધી જવાબદારીમાંથી મને મોકળો કરવો;

નંબર ૧૦૫.

મઇયતની મિલકતનો વહીવટ થવા સારૂ લેહેણદારે કરવાની.

(મથાળું]

હું, અ. બ, ઉપર કહેલો વાદી જણાવું છું કેઃ—

૧, મઇયત ઇ, ફ, રહેનાર   નો મરી ગયો તે વખતે તેનો પાસે મારી (અહીં લેહેણાનું સ્વરૂપ લખવું તથા કાંઇ જામીનગીરી હોય તો તે લખવી) રકમ લેહેણી હતી, અને હજી તેની ઇસ્ટેટ ઉપર તે લેહેણી છે;

૨, સદરહુ ઇ, ફ, એ તારીખ   માહે   સન   રોજ પોતાનું મ્રત્યુપત્ર કરીને ક, ડ, ને તે મ્રત્યુપત્ર ચલાવનાર નીમ્યો [અથવા પોતાની ઇસ્ટેટ જુમ્મા (ટરસ્ટ) માં મુકીને તેની મ્રત્યુપત્રથી વ્યવસ્થા કરી વગેરે, અથવા મ્રત્યુપત્ર કરયા વગર મુઓ. જે પ્રમાણે હોય તે પ્રમાણે લખવું];

૩, સદરહુ ક. ડ. એ તે મ્રત્યુપત્ર શાબીત કરયું (અથવા વહીવટ પત્ર તેને મળ્યું વગેરે;)

૪, સદરહુ ઇ. ફ. ની જંગમ મિલકત [અને સ્થાવર મિલકત અથવા સ્થાવર મિલકતની ઉપજ) પ્રતિવાદીએ પોતે કબજે કરી છે, અને મારૂં સદરહુ લેહેણું મને આપ્યું નથી;

૫, સદરહુ ઈ. ફ. તારીખ   માહે   સન   ને રોજ અથવા તે સુમારમાં મરી ગયો;

૬, મારી અરજ એ છે કે સદરહુ મઈયત ઈ. ફ. ની જંગમ [અને સ્થાવર] મિલકતનો હિસાબ લેવો, અને કોરટના હુકમનામા પ્રમાણે તેનો વહિવટ કરવો.

નંબર ૧૦૬.

વિશેષ મૃતલેખાર્પીતદાન લેનાર મઈયતની મિલકતના વહીવટ બદલ કરવાની.

(મથાળું.)

(નમુના ૧૦૫ માં આ પ્રમાણે ફેરફાર કરવો);—

(પહેલો પારેગ્રાફ છોડી દેવો અને બીજો પારેગ્રાફ શરૂ કરવો)   ના રહેનાર મઈયત ઈ. ફ. એ પોતાનું છેલું મૃત્યુપત્ર તારીખ   માહે સન   ને રોજ યોગ્ય રીતે કરીને ક. ડ. ને તે મૃત્યુપત્ર ચલાવનાર નીમ્યો અને તે મૃત્યુપત્રથી મને (આ ઠેકાણે વિશેષ મૃતલેખાર્પીતદાન હોય તે લખવું) આપ્યું.

પારેગ્રાફ ૪ ને ઠેકાણે લખવું કે:—

સદરહુ ઈ. ફ. ની જંગમ મિલકત પ્રતિવાદીના કબજામાં છે, અને બીજી વસ્તુઓની સાથે સદરહુ (આ ઠેકાણે મૃત્યુપત્રથી જે વિશેષ વસ્તુ આપી હોય તેનું નામ લખવું) પણ તેના કબજામાં છે.

પારેગ્રાફ ૬ ના શરૂવાતમાં જે લખ્યું છે તેને ઠેકાણે લખવું કે.—

મારી અરજ એ છે કે, સદરહુ (આ ઠેકાણે મૃત્યુપત્રથી જે વિશેષ વસ્તુ આપી હોય તેનું નામ લખવું) અથવા ફલાણું વગેરે, મને આપવાને પ્રતિવાદીને હુકમ કરવો.

નંબર ૧૦૭ મો.

મૃત્યુપત્રમાં જેને પઈશાન રોકડી આપવાનું લખ્યું હોય તેણે મઈયતની મિલકતના વહીવટ બદલ કરવાની.

(મથાળું,)

(નમુના ૧૦૫ માં આ પ્રમાણે ફેરફાર કરવો.)

(પારેગ્રાફ ૧ છોડી દેવો અને પારેગ્રાફ ૨ બદલે લખવું કે)   ના રહેનાર મઈયત ઈ. ફ. એ પોતાનું છેલું મૃત્યુપત્ર તારીખ   માહે સન   ને રોજ યોગ્ય રીતે કરીને ક. ડ. ને તે મૃત્યુપત્ર ચલાવનાર નીમ્યો, અને મૃત્યુપત્રમાં મને રૂ.   આપવા ઠરાવ્યા છે.

પારેગ્રાફ ૪ માં "લહેણા" ને બદલે "મૃતલેખાર્પીતદાન" એમ લખવું.

બીજો નમુનો.

ઈ. ફ.   વાદી.

અને

ગ. હ.   પ્રતિવાદી એઓની દરમ્યાન.

હું, ઈ. ફ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. આ. બ. રહેનાર ક. એ તારીખ (૧ લી. માર્ચ ૧૮૭૩) રોજ પોતાનું

છેલ્લું મ્રત્યુપત્ર યોગ્ય રીતે કરીને પ્રતિવાદીને તથા ચ. ન. (જે મ્રત્યુપત્ર કરનારની હયાતીમાંજ મરણ પામ્યો તે) ને મ્રત્યુપત્ર ચલાવનાર નીમ્યા, અને પોતાની સ્થાવર અથવા જંગમ મિલકત પોતાના મ્રત્યુપત્ર ચલાવનારાઓ પાસે ટરસ્ટી દાખલ રાખવાનું મ્રત્યુપત્રમાં લખ્યું. એવી રીતે કે: તેનું ભાડું અને ઉત્પન્ન મારી હયાતી સુધી મને આપવું; અને મારા ગુજર્યા પછી મારો કોઇ છોકરો ૨૧ વરસની ઉમરે ન પોંચે અથવા છોકરી તેટલી ઉમરે ન પોંચે કે તેનું લગ્ન ન થાય એમ બને તો,—ઉપર કહ્યું તે પ્રમાણે મારી સંતતી વગર હું મરણ પામું તે વખતે, તે મ્રત્યુપત્ર કરનાર મ્રત્યુપત્ર કર્યા વગર ગુજરી ગયો હોત તો મ્રત્યુપત્ર કરનારનો કાયદેસર વારસ જે કોઇ થાત તેને પોતાની સ્થાવર મિલકત આપવા સારૂ, અને મ્રત્યુપત્ર કરનારનો છેક નજીકનો સગો જે કોઇ થાત તેને પોતાની જંગમ મિલકત આપવા સારૂ તે ટરસ્ટીઓના જુમ્મામાં છે એમ સમજવું.

૨. (તારીખ ૧ લી જુલાઇ ૧૮૭૮) રોજ મ્રત્યુપત્ર કરનાર મઇયત થયો. અને તેનું મ્રત્યુપત્ર પ્રતિવાદીએ (તારીખ ચોથી આકટોબર ૧૮૭૮) રોજ સાબીત કરયું મારૂં લગ્ન થયું નથી.

૩. મ્રત્યુપત્ર કરનાર પોતાના મરણ વખતે સ્થાવર જંગમ મિલકતનો માલેક હતો; પ્રતિવાદીએ સ્થાવર મિલકતનું ભાડું લેવા માંડ્યું, અને જંગમ મિલકત પોતાના કબજામાં લીધી. તેણે સ્થાવર મિલકતનો કાંઇ ભાગ વેચ્યો છે.

વાદીનો દાવો એ છે કે:—

(૧ અ. બ. ની સ્થાવર મિલકતનો વહિવટ આ કોરટ મારફત કરવો, અને તેમ કરવા સારૂ બધા યોગ્ય હુકમો કરવા અને હિસાબ લેવો.

(૨) મુકદમાના સ્વરૂપ પ્રમાણે જે બીજી અથવા વધારે દાદ જોઇએ તે.

ઇ ફ. , વાદી.

અને

ગ. ઙ. પ્રતિવાદી એઓની દરમ્યાન

પ્રતિવાદીની લેખી કેફીયત.

૧. અ. બ. ના મ્રત્યુપત્રમાં કરજનો બોજો લખેલો હતો; તે મરતી વખતે નાદાર હતો; મરતી વખતે તેની કંઇ સ્થાવર મિલકત હતી તે મિલકત મે વેચી તેની નકી રકમ રૂ. ઉપજી, અને મ્રત્યુપત્ર કરનારની કંઈ જંગમ મિલકત હતી તે મે એકઠી કરી અને તેની નકી રકમ રૂ. , ઉપજી.

૨. સદરહુ તમામ રકમો તથા સ્થાવર મીલકતના ભાડામાંથી મુને મળેલા રૂ. ની રકમ એ મઇયતને મેતસંસ્કાર કરવામાં મ્રત્યુપત્ર સબંધી ખરચ કરવામાં અને મ્રત્યુપત્ર કરનારનું કાંઈ કરજ આપવામાં મેં કામે લગાડી.

૩. મેં મારો હિસાબ પુરો કરીને તેની એક નકલ (તારીખ દસમી જાન્યુઆરી ૧૮૭૫) રોજ વાદીને મોકલી, અને તે હિસાબ ખરો છે એમ દેખાડનારી પાવતીઓ જોવાની તમને પુરણ પરવાનગી છે એમ મેં તેમને કહ્યું, પણ મારા ચોપડાનો લાભ લેવાની તેણે ના પાડી.

૪. મારી અરજ એ છે કે આ ફરીયાદનું ખરચ વાદીએ આપવું જોઈએ.

નંબર ૧૦૮.

જુમ્મા (ત્રસ્ટ) નું કામ કરવા બદલ

ના. ની કોરટમાં

દિવાની રેગ્યુલર નંબર.

અ. બ. રહેનાર વાદી.

વિરૂદ્ધ

ક. ડ. (હિતાધિકારી અથવા હિતાધિકારી પઈકી એક) પ્રતિવાદી.

હું, અ. બ ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. પ્રતિવાદીનાં બાપ અને મા સદરહુ ઈ. ફ, તથા ગ, હ, એમનુ લગ્ન થયું તે વખતે તારીખ માહે સન રોજ અથવા તે સુમારમાં કરારપત્ર [સેટલમેન્ટ] કરયુ તેમાં (અથવા પ્રતિવાદી ક, ડ, ના અને મે, ફ. ના બીજા લેહેણદારોના હિતસારૂ ઈ, ફ, ની સ્ટેટ અને માલમતા લખી આપવાનો (આસાઈનમેન્ટ,) દસ્તાવેજ કરયો તેમાં નીમેલા ત્રસ્ટીઓ પઈકી હુ એક ત્રસ્ટી છુ

૨. સદરહુ ત્રસ્ટીના કામનો બોજો મે અ. બ, એ પોતાના ઉપર લીધો છે, અને ઉપર કહેલા દસ્તાવેજથી જે સ્થાવર જંગમ મિલકત આપી (કન્વેડ (અથવા લખી આપી (અસાઈન્ડ) તેનો (અથવા તેના ઉત્પન્નનો) કબજો મારીપાસ છે.

૩. ઉપર કહેલા દસ્તાવેજને આધારે મારો હિત સબંધ છે એમ સદ હુ ક, ડ,કહેછે

૪. સદરહું સ્થાવર મીલકતના તમામ ભાડાંના તથા ઉપજનો (અને સદરહુ સ્થાવર મીલકતના કે તે પઈકી કંઈ ભાગના વેચાણના ઉત્પન્નનો અથવા જંગમ માલનો. અથવા તે જંગમ માલના કે તેના ભાગના વેચાણના ઉત્પન્નનો, અથવા સદરહુ ત્રસ્ટનું કામ કરવામાં ત્રસ્ટી તરીકે મને જે ઉત્પન્ન મળ્યુ તેનો) હિસાબ આપવાની મારી ઇચ્છા છે; અને મારી અરજ એ છે કે સદરહુ ક, ડ, ની સમક્ષ અને સદરહુ ત્રસ્ટીના સબધમાં સોંપેલી ઇસ્ટેટના વહિવટમાં જેમનુ હિત છે એમ કોરટ ફરમાવે તે બધા શખસોની સમક્ષ સદરહુ કામનો કોરટે હિસાબ લવો અને સદરહુ ક, ડ, પ્રતીવાદીના હિતસારૂ અને સદરહુ પ્રમાણે જેમનુ હિત હોય તે બીજા શખસોના હિત સારૂ સદરહુ સ્ટેટનો વહિવટ કોરટ મારફતે થવો જોઇએ; અથવા સદરહુ ક, ડ, એ તે વિરૂદ્ધ સારૂ કારણ બતાવવું

તાજા કલમ—હિતાધિકારીની ફરિયાદ હોય ત્યારે મતલબપ્રપીતદાન લેનારે કરવાની ફરિયાદમાં પ્રસંગ પ્રમાણે જરૂરનો ફેરફાર કરીને તે નમુના પ્રમાણે ફરિયાદ અરજી તઈઆર કરવી.

નંબર ૧૦૯.

ઘરાણીયું છોડાવવાનો હક બંધ કરવાની અથવા વેચવાની

(પ્રથાળું.)

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧ તારીખ માહે સન ૧૮ રોજના એક ઘરાણીયા ખતથી આ કોરટની હકુમતમાંનું એક ઘર તથા તેની સાથેનાં બાગ અને તેના અંગની વસ્તુઓ મને મારા વારસને (અથવા મ્રૃત્યુપત્ર ચલાવનાર, મિલકતના વહિવટ કરનાર) અને અસાઇનોને મુદલ રૂ. અને તે ઉપર દર વરસે દરસેંકડે રૂ. પ્રમાણે વ્યાજની જામીનગી તરીકે પ્રતિવાદીએ મને આપી, અને સદરહુ પ્રતીવાદી સદરહુ મુદલ ને વ્યાજ અમુક દિવશે અપે તો તે ઘરાણીયું છોડવું એવી બોલી હતી તે દીવશ ક્યારનોએ વીતી ગયો છે.——

૨ હાલ પ્રતિવાદી પાસે મારા સદરહુ ઘરાણીયા ઉપરથી વ્યાજ મુદલ મળીને રૂ. લેહેણા છે.

૩ વાદીની અરજ એ છે કે:—(અ) સદરહુ રૂ. તથા ફરિયાદ દાખલ કરયાની તારીખથી વસુલ થાય તે તારીખ સુધીનું જે વ્યાજ ચઢે તે તથા આ ફરીયાદનું ખરચ કોરટ ઠરાવે તે દિવશે પ્રતિવાદીએ મને આપવું, અને ન આપે તો સદરહુ ઘરાણીયા મિલકત છોડવવાનો તેનો હક બંધ થાય અને તે મીલકતનો કબજો મને મળે; અથવા (બ) શદરહુ મીલકત વેચવી અનેજે ઉપજે તે સદરહુ મુદલ વ્યાજ અને ખરચની રકમ આપવામાં તથા આપનારાને વાસ્તે કામે લગાડવી, અને (ક) જો તે ઉત્પન્ન તે તમામ રકમ અદા કરવાને બસ ન થાય તો ખુટની રકમ અને તેઅદા થાયત્યાં સુધીનું તેનું દર વરશે દર સેકડે ૬ ટકા પ્રમાણે વ્યાજ પ્રતિવાદીએ મને આપવું અને (ડ) તેટલા માટે કોરટે યોગ્ય હોય તેવા બધા હુકમો કરવા અને હિસાબ લેવો.

નંબર ૧૧૦.

ઘરાણીયું છોડવવાનો.

મથાળું.

[નમુના ૧૦૯ મા પ્રમાણે ફેરફાર કરવો.]

પહેલા પારેગ્રાફમાં પક્ષકારોનાં નામ અને તેમજ હકીકતો પણ ઉલટ પાલટ કરવી બીજા પારેગ્રાફને ઠેકાણે નીચે પ્રમાણે લખવું:—

૨. સદરહુ ઘરાણીયા ઉપરથી મારે પ્રતિવાદીનું રૂ. દેવું નિકળે છે તે હું પ્રતિવાદીને આપવાને તઈયાર તથા રાજી છું, અને આ ફરિયાદઅરજી દાખલ કર્યાં પેહેલાં પ્રતિવાદીને તેની ખબર હતી.

ત્રીજા પારેગ્રાફને ઠેકાણે એમ લખવું કે:—

મારી અરજ એ છે કે, સદરહુ મિલકત ઘરાણીયામાંથી હું છોડવું અને પ્રતિવાદીને રૂ. . તથા વ્યાજ અને કોરટ ખરચ આપવાનો હુકમ કરે (તો) તેટલું ખરચ કોરટ ઠરાવે તે દિવસે હું આપું એટલે પ્રતિવાદીએ તે મિલકત મને પાછી આપવી એવો તેને હુકમ કરો, અને તે પાછી આપવામાં દસ્તાવેજ તઈયાર કરી આપવાના કોરટે યોગ્ય હોય તે બધા હુકમો કરવા અને સદરહુ ઘરાણીયામાંથી મોકળી કરીને સદરહુ મિલકતનો કબજો મને મળવા સારૂ જરૂર હોય તેવાં

બીજું કૃત્ય કરવાનો હુકમ કરવો.

નંબર ૧૧૧.

કરાર વિશેષ રીતે પુરો કરવા વિશે. [નંબર ૧].

(મથાળું)

હું. અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. માં તારીખ માહે સને ૧૮ રોજ ના અને સદરહુ ક. ડ. પ્રતિવાદીએ સહી કરેલા કરારનામામાં સદરહુ ક. ડ. એ એવો કરાર કર્યો કે, તે કરારનામામાં વર્ણન કરેલી અને હવાલે આપેલી કાંઈ સ્થાવર મિલકત તેણે રૂ. માટે મારી પાસેથી ખરીદ કરવી (અથવા મને વેચવી).

૨, સદરહુ ક. ડ. ને સદરહુ કરારમાં તેના "ભાગનું" જે કરવાનું છે તે પુરું કરી આપવા મેં કહ્યું પણ તે પ્રમાણે તેણે કર્યું નહીં.

૩. હું અ, બ, તે કરારનામાનો મારો ભાગ પુરો કરવાને પ્રથમથી અને હજી એ તઈયાર તથા રાજી છું, અને તે વાતની સદરહુ ક. ડ. ને ખબર થએલી છે.

૪. વાદીની અરજ એછે કે. સદરહુ કડને કરાર પુરો કરવાનો, અને સદરહુ મિલકતનો મને (અ. બ. ને) પુર્ણ કબજો આપવાને જરૂર હોય તે બધા કૃત્ય કરવાનો [અથવા ,સદરહુ મિલકતનો કબજો અને ખરીદી ખત (કન્વેયન્સ કબુલ કરવાનો અને ફરિયાદનું ખરચ આપવાનો હુકમ કરો.

(તાજા કલમ:—કાંઈ કરારનામું પાછું અણાવીને રદ કરવાની ફરિયાદ હોય તો પારેગ્રાફ ૨ અને ૩ છોડી દેવા અને તમને ઠેકાણે એક પારેગ્રાફ ઘાલવો, તેમાં જે કારણોને લીધે તે કરારનામું પાછું મંગાવી રદ કરવું જોઈએ તે કારણો દરશાવવાં; જેવાં કે, મેં તે ઉપર ચુકથી, કબજે પડવાથી, વીપતીમાં પડવાથી, અથવા પ્રતિવાદીના પટથી સહી કરી, અને માગવાની દાદ હોય તે પ્રમાણે અરજ માગવામાં ફેરફાર કરવો.

નંબર ૧૧૨.

કરાર વિશેષ રીતે પુરો કરવા વિશે (નંબર ૨.)

(મથાળું)

હું, અ. બ. ઉપર કહેલો વાદી જણાવું છું કે:—

૧. આ સાથે જોડેલા કરારનામામાં વર્ણન કરેલી અમુક સ્થાવર મિલકતનો તારીખ માહે સને ૧૮ રોજ પ્રતિવાદી પુરણ રીતે હકદાર હતો.

૨. ,તેજ દિવસે મેં અને પ્રતિવાદીએ પોતપોતાની સહિઓ કરીને એક કરારનામું કર્યું તેની એક નકલ આ સાથે જોડેલી છે.

૩. તારીખ માહે સને ૧૮ રોજ મેં પ્રતિવાદીને રૂ. આપવા માંડ્યા અને સદરહુ મિલકતનું ખરીદીપત્ર [કન્વેયન્સ] માગ્યું.

૪. તારીખ માહે સને ૧૮ રોજ મેં ફરીને તે ખરીદી

જમ માગ્યુ, (અથવા તે મિલકત મને ખરીદ કરી આપવાને પ્રતિવાદીએ ના કહી)

૫. પ્રતિવાદીએ તે ખરીદી પત્ર (કન્વેયન્સ) કરી આપીયુ નથી.

૬. પ્રતિવાદીને સદરહુ મિલકતની ખરીદીની રકમ આપવાને હજીએ હું તઇયાર અને રાજી છું.

મારી અરજ એવો ફેસલો માગવાની છે કેઃ—

[૧] સદરહુ મિલકતનું જોઇએ તેવું ખરીદી ખત [કન્વેયન્સ) પ્રતિવાદીએ મને કરી આપવું, (કરારનામાની શરતો પ્રમાણે).

(૨) તે ન કરી આપીયા બદલ નુકશાનીના રૂ. તેણે મને આપવા.

નંબર. ૧૧૩.

પંત્યાળુ.

(મથાળુ.)

હું, અ. બ. ઉપર કહેલા વાદી જણાવું છું કેઃ—

૧. આ કોરટની હુકુમતમાં ઠેકાણે હું અને સદરહુ ક. ઠ. ગયા વરસથી અથવા મહીનાથી હમારી પોતપોતાની સહીઓ કરીને પંત્યાળાની કાંઇ કલમો લખેલી છે તે પ્રમાણે (અથવા અમે પોતપોતે સહી કરીને શિક્કા મારેલા અમુક દસ્તાવેજ (ડીડ) પ્રમાણે, અથવા મારી અને સદરહુ પ્રતિવાદીની વચ્ચે મોઢાની કબુલાયત થઇ તે પ્રમાણે એકઠો ધંધો ચલાવીએ છીએ.

૨. આ પ્રમાણે પાંતીદાર તરીકે મારી અને પ્રતિવાદીની વચ્ચે ઘણી તરેહના ટંટા અને વાંધા ઉત્પન્ન થયા છે, તેથી કરીને પાંતીદારોને ફાયદો થાય એવી રીતે પંત્યાળામાં સદરહુ ધંધો ચલાવવાનું અશક્ય થયું છે.

૩. સદરહુ પંત્યાળુ તોડી નાંખવું એવી મારી ઇચ્છા છે, અને સદરહુ કલમો અથવા ડીડ, અથવા કબુલાયત ની શરતો પરમાણે પંત્યાળાના કરજમાં અને જવાબદારીઓમાં મારો ભાગ આપવાને હું તઇયાર અને રાજી છું.

૪. કોરટને મારી એવી અરજ છે કે, સદરહુ પંત્યાળુ તોડવાનું હુકમનામું કરવું, અને સદરહુ પંત્યાળાના વ્યાપારનો હિસાબ કોરટે લેવો અને તેની માલમતા વસુલ કરવી. અને આ પ્રમાણે પંત્યાળાનો હીસાબ કરતાં દરેક પક્ષકાર પાસે જે બાકી નિકળે તે કોરટમાં ભરવાનો તેને હુકમ કરવો, અને સદરહુ પંત્યાળાનું કરજ અને જવાબદારીઓ અદા કરવી અને વાજબી, અને પંત્યાળાની માલમતામાંથી ફરિયાદનું ખરચ આપવું, તથા આ પ્રમાણે આપીને મુક્ત થયા પછી અને સદરહુ ખરચ આપ્યા પછી તે માલમતા પઇકી કાંઇ બાકી રહે તો તે મારી અને પ્રતિવાદી વચ્ચે સદરહુ કલમોની ડીડની અથવા કબુલાયતની શરતો પ્રમાણે વેંચી આપવું; અથવા સદરહુ માલમતા તે કરજ જવાબદારીઓ અને ખરચ અદા કરવાંને બસ ન થાય તો તે અદા કરીને તેમાંથી મુક્ત થવા સારૂ એક ભંડોળ એકઠું કરવાને વાજબી હોય તે પ્રમાણમાં મને અને સદરહુ પ્રતિવાદીને હિસ્સો ભરવાનો હુકમ કરવો, અને કોરટને યોગ્ય લાગે તેવી બીજી દાદ આપવી.

આ ફરિયાદ અરજી આપનાર   રેહેનાર
વાદીનો પ્લીડર   અથવા

(તાજા કલમ:—કોઈ પંત્યાળું સંકેલીને બંધ કરાવવાની ફરિયાદમાં પંત્યાળું તોડી નાંખવાની અરજ ન લખવી, પણ બદલે એક પારેગ્રાફ મુકીને તેમાં ત પંત્યાળું તુટયાની હકીકત જણાવી.

નંબર ૧૧૪.

ટુંકી હકીકતોના નમુના.

(દિવાની કામ ચલાવવાની રીતનો કાયદો, કલમ ૫૮).

ધીરેલા પઈસા.	ધીરેલા પઈસા (અને વ્યાજ) બદલ રૂ, નો વાદીનો દાવો છે.
ઘણા દાવા.	રૂ, વિશે વાદીનો દાવો છે. તે પઈકી માલ વેચ્યાની કીંમતના રૂ, કરજે આપેલા પઈશા રૂ, અને વ્યાજના રૂ, છે,
ભાડું,	ચઢેલા ભાડાની બાકી બદલ રૂ, નો વાદીનો દાવો છે,
પગાર વગેરે.	કારકુન [અથવા જે હોય તે] તરીકે પગારની બાકી બદલ રૂ, નો વાદીનો દાવો છે,
વ્યાજ,	ધીરેલા પઈસાના વ્યાજ બદલ રૂ, નો વાદીનો દાવો છે.
સાધારણ વરાડ.	સાધારણ વરાડનો હિસ્સો લેવા બદલ રૂ. નો વાદીનો દાવો છે.
ચોર વગેરે.	ચોર અને ખોટો થયા બદલ રૂ. નો વાદીનો દાવો છે.
સરાફ પાસેની બાકી.	સરાફ તરીકે પ્રતિવાદની પાશે પઈસા અનામત મુકયા તે બદલ રૂ. લેવાનો વાદીનો દાવો છે.
પ્લીડર તરીકેની ફી વગેરે.	પ્લીડર તરીકે કામ કરયું [અને પ્લીડર તરીકે રૂ. ખરચ્યા) તે વિશે રૂ, લેવાનો વાદીનો દાવો છે,
કમીશન.	[હરાજી કરનાર, રૂના દલાલ, વગેરે જે સ્વરૂપ હોય તે લખવું] તરીકે મેળવેલા કમીશનના રૂ. લેવાનો વાદીનો દાવો છે.
વૈદ તરીકે હાજર રેહેવું.	વઈદ તરીકે હાજર રેહેવાના રૂ. નો વાદીનો દાવો છે.
પ્રીમીયમ પાછું લેવા બદલ.	વીમાચીઠી ઉપરથી આપેલા પ્રીમીઅમના રૂ. પાછા લેવાનો વાદીનો દાવો છે.
વખારનું ભાડું.	માલ વખારમાં રાખ્યો તેના ભાડાના રૂ. લેવાનો વાદીનો દાવો છે;
માલ પોંચાડ્યા બદલ;	આગગાડીથી માલ પોંચાડયો તેના રૂ

	લેવાનો વાદીનો દાવો છે.
ઘરનો ઉપયોગ ને ઉપભોગ કરયા બદલ	ઘરમાં રહ્યા અને ઉપયોગ કરયા બદલ રૂ ના વાદીનો દાવો છે.
સામાનનું ભાડું.	(ઘર શણગારના સામાન) ના ભાડા બદલ રૂ. નો વાદીનો દાવો છે.
કામ કરયા બદલ	(સરવેઅર) તરીકે કામ કરયા બદલ રૂ. નો વાદીનો દાવો છે
ઉતારાનો તથા ખાધા નો ખરચ.	ઉતારાના તથા ખાધા પીધાના ખરચ બદલ રૂ નો વાદીનો દાવો છે
ભણવા બદલ.	ક્ષ. ય. ને (ઉતારો આપીને ખવડાવી પીવડાવીને) ભણાવ્યો તે બદલ રૂ. લેવાનો વાદીનો દાવો છે.
પોંચેલા પઈસા	વાદીના પ્રોકર [અથવા આડતીઆ, અથવા ઉઘરાણી વસુલ કરનાર અથવા વગેરે,] તરીકે પ્રતિવાદીને પોંચેલા પઈસા બદલ રૂ. નો વાદીનો દાવોછે
કામની ફી	નું કામ કરનાર કહીને પ્રતિવાદીએ ફી લીધી તે બદલ રૂ. લેવાનો વાદીનો દાવો છે
વધારેપઈસાઆપા બદલ	રેલવે મારફતે માલ લેઈ ગયા બદલ વધારે પઈસા અપાયા તે પાછા લેવાને રૂ નો વાદીનો દાવો છે.
તિરાહિત પાસેથી પઈસા પાછા લેવા બદલ.	તિરાહિત તરીકે પ્રતિવાદી પાસે અનામત રાખેલા પઈસા પાછા લેવા બદલ રૂ. નો વાદીનો દાવોછે
તિરાહિત પાસેથી જીતેલા પઈસા લેવા બદલ	તિરાહિત તરીકે પ્રતિવાદીના જુમ્મામાં આપેલા અને વાદીને આપવા જેવા થયેલા પઈસા બદલ રૂ. લેવાનો વાદીનો દાવો છે.
મુનીમની પાસે આપેલા પઈસા લેવા બદલ	વાદીના મુનીમ તરીકે પ્રતિવાદીને આપેલા પઈસા લેવા બદલ રૂ. નો વાદીનો દાવો છે.
દગાથી લીધેલાપઈસા.	વાદી પાસેથી દગાથી પઈસા લીધા તે પાછા લેવા બદલ રૂ. નો વાદીનો દાવો છે.
ભુલથી આપેલાં પઈસા બદલ	ભુલથી પ્રતીવાદીને પઈસા આપીયા તે પાછા લેવા બદલ રૂ. નો વાદીનો દાવો છે.
પઈસા આપીયા તેનો મોબદલો ન મળ્યો નથી તે પાછા લેવા બદલ.	(જે કામ કરવાનું છે અથવા કરયા વગર રહ્યું છે તે બદલ, અથવા બીજાની જવાબદારી લેવા સારૂ કે, તે ન લીધા બદલ અથવા વગેરે) પ્રતીવાદીને પઈસા આપીયા તેપાછા લેવાને રૂ. નો વાદીનો દાવો છે.
	(કંપનીના) શેર મને મળે એટલા માટે અનામત તરીકે આપેલા પઈસા પાછા લેવા બદલ રૂ. નો વાદીનો દાવો છે.

પ્રતીવાદીને સારૂ જામીનદારે આપેલા પૈસા બદલ.	જામીનદાર તરીકે પ્રતીવાદીને સારૂ પઇસા આપીયા તે બદલ રૂ. ના વાદીનો દાવો છે.
ભાડું આપીયા બદલ.	પ્રતીવાદીએ ભાડું આપવાનું તે ભાડાના [વાદીએ] પઇસા આપીઆ બદલ રૂ, ના વાદીનો દાવો છે
એ કોમોડેશન બીલ ઉપરથી આપેલા પઇસા.	પ્રતીવાદીની સગવડને વાસ્તે બીલ આફ એકુસચેન્જ સિકારયું (અથવા તેના પર શેરો લખી આપીયો) તે બદલ રૂ. નો વાદીનો દાવો છે.
જામીનનો હિસ્સો,	જામીન તરીકે વાદીએ પઇસા આપીયા તેનો ફાળો લેવા બદલ રૂ. લેવાની વાદીની ફરીયાદી છે.
સહુ—દેણદારનો.	વાદી પ્રતીવાદીનું સમાઇક કરજ વાદીએ આપ્યું તેનો હિસ્સો લેવા બદલ રૂ. નો વાદીનો દાવો છે
કાલના પઇસા આપીયા બદલ.	વાદીને શેરો બદલ જે નુકશાની થાય તે ભરી આપવાને પ્રતિવાદી બંધાયલો હતો; તે શેરના કાલના પઇસા ભરયા બદલ રૂ. લેવાનો વાદીનો દાવો છે.
સવાદનાનિવાડાનેઆધારે આપવાનાપઇસા.	સવાદના નીવાડા ઉપરથી આપવાના રૂ. લેવાનો વાદીનો દાવો છે.
હયાતીના વીમા બદલ.	મરહુમ સ. સ. ની હયાતીના વીમાની ચીઠી ઉપરથી રૂ. નો વાદીનો દાવો છે.
કરજાઉ ખત,	રૂ, તથા વ્યાજ આપવાનું લખી આપેલા ખતની રૂએ રૂ. લેવાનો વાદીનો દાવો છે.
પરરાજ્યનો ફેંસલો,	[રશિઆના રાજ્ય] માં ની કોરટના ફેંસલા ઉપરથી રૂ. નો વાદીનો દાવો છે,
બીલ આફ એકસચેન્જ વગેરે	પ્રતિવાદીએ લખેલા ચેક ઉપરથી રૂ નો વાદીનો દાવો છે,

પ્રતિવાદીએ બીલ આફ એકસચેન્જ સીકારયું (અથવા લખ્યું અથવા તેપર શેરો કરયો) તે બદલ રૂ. નો વાદીનો દાવો છે,

પ્રતિવાદીએ વાયદા ચીઠી લખી આપી (અથવા તેનાપર શેરો કરી આપ્યો) તે બદલ રૂ નો વાદીનો દાવો છે.

બીલ આફ એકસચેન્જ સીકારનાર તરીકે પ્રતિવાદી અ, બ. ઉપર અને લખનાર (અથવા શેરો કરી આપનાર) તરીકે પ્રતિવાદી ક. ડ. ઉપર રૂ. લેવાનો વાદીનો દાવો છે.

જામીનગરી	માલ વેચ્યે તેની કીમતનો પ્રતિવાદી જામીન થયો તે બદલ તેના ઉપર, રૂ. નો વાદીનો દાવો છે.
	માલ વેચ્યો તેની કીંમત બદલ (અથવા ભાડાની બાકી બદલ અથવા ધીરેલા પઇશા બદલ અથવા વાદીને વાસ્તે ફેરીઆ તરીકે પ્રતિવાદી અ, બ, ને મળેલા પઇ

સા બદલ અથવા વગેરે) પ્રતિવાદી અ. બ. ઉપર મુખ્ય તરીકે અને પ્રતિવાદી ક. ડ. ઉપર જામીન તરીકે રૂ. ના વાદીનો દાવો છે.

કોલ.

કોલના હાલ બદલ રૂ. ના વાદીનો દાવો છે ખરચ વગેરે બદલ શોસે.

(ઉપરના નમુનાઓમાં વધારવું કે) અને ખરચ બદલ રૂ. અ. ને આ સમન પોંચે ત્યારથી દિવસમાં (અથવા કોરટ હુકમત બહાર સમન પોંચાડવાનો હોય તો હાજર થવાની મુદત હુકમમાં ઠરાવી હોય તે લખવી) વાદીને અથવા તેના પલીડરને દાવાની રકમ આપશો તો ફરિઆદનુ આગળ કામ ચાલતું બંધ થશે.

નુકશાની અને બીજા દાવા.

મુખત્યાર વગેરે,

ફરીઆ તરીકે વાદીને નોકર રાખવાનો કરાર તોડ્યા બદલ નુકસાનીનો વાદીનો દાવો છે.

પ્રતીવાદીની નોકરીમાંથી ફરીઆ તરીકે ગેરવાજબી રીતે વાદીને કાઢી મુક્યા બદલ નુકશાન લેવાનો [અને ચઢેલા મુસારાના રૂ. બદલ) વાદીનો દાવો છે,

વાદીના ઘરની વ્યવસ્થા કરનાર તરીકે વાદીની નોકરી પ્રતિવાદીએ ગેરવાજબી રીતે છોડી તે બદલ નુકશાન લેવાનો વાદીનો દાવો છે,

વાદીના ગુમાસ્તા [અથવા વગેરે) તરીકે પોતાનું કર્તવ્ય કરવામાં કસુર કરી તેના નુકશાન બદલ [અને ગુમાસ્તા અથવા વગેરે તરીકે પઈસા મળ્યા તે બદલ રૂ. ના વાદીનો દાવો છે.

કરારથી શીખવા રહેનાર.

પ્રતિવાદીની સાથે (અથવા વાદીની સાથે] ક્ષ, ય, એ કરારથી શિખવા રહેવા વીશેના દસ્તાવેજની શરતો તોડી તેથી થએલું નુકસાન લેવાનો વાદીનો દાવો છે.

લવાદી.

ક્ષ, ય, ના નિવાડા પ્રમાણે ન વરતવાથી થએલું નુકશાન લેવાનો વાદીનો દાવો છે.

હુમલો વગેરે.

હુમલો કરયા બદલ (અને ખોટી રીતે કેદ કરયા બદલ અને અદાવતથી ફોજદારી કામ ચલાવ્યા બદલ) નુકશાન ભરી લેવાનો વાદીનો દાવો છે.

ધાણી ધાણીઆણીએ કરવાનો.

વાદી ક. ડ. ના ઉપર હુમલો કરીને તેને ખોટી રીતે કેદમાં રાખ્યા બદલ થએલી નુકશાની લેવાનો વાદીનો દાવો છે.

ધાણી ધાણીઆણી ઉપરની ફરીયાદ.

પ્રતિવાદી ક, ડ, એ હુમલો કરયા બદલ નુકશાની લેવાનો વાદીનો દાવો છે.

પ્લીડર.

વાદીના પ્લીડર તરીકે પ્રતીવાદીએ ગફલત કરવાથી નુકશાન થયું તે ભરી લેવાનો દાવો છે.

નિક્ષેપ,

માલ સંભાળવામાં ગફલત કરયા બદલ (અને ગેરવાજબી રીતે તે અટકાવી રાખ્યા બદલ) નુકસાની ભરી લે

વાનો વાદીનો દાવો છે.

ધરાણીયું, — ધરાણે મુકેલા સામાન રાખવામાં ગફલત કરયા બદલ (અને ગેર વાજબી રીતે તે અટકાવી રાખ્યા બદલ) નુકશાની ભરી લેવાનો વાદીનો દાવો છે.

ભાડું. — ઘર શણગારનો સામાન (અથવા ગાડી) ભાડે આપી તે સાંભળી રાખવામાં ગફલત કરયા (અને ગેરવાજબી રીતે વગેરે) બદલ નુકસાની ભરી લેવાનો વાદીનો દાવો છે.

સરાફ — વાદીના ચેકના પઇસા આપવાને ગેરવાજબી ગફલત કરયા બદલ (અથવા ના કહ્યા બદલ) નુકસાની ભરી લેવાનો વાદીનો દાવો છે.

બીલ — વાદીની હુંડીઓ શીકારવાનો કરાર તોડયા બદલ નુકસાની ભરી લેવાનો વાદીનો દાવો છે.

ખત — નો ધંધો કરતાર નહીં એવી શરતના ખત ઉપરથી વાદીનો દાવો છે.

અધોવાઈઓ — આગગાડીમાં વાદીનો માલ લઈ જવાની ના કહ્યા બદલ નુકસાની ભરી લેવાનો વાદીનો દાવો છે.

આગગાડીમાં વાદીને લેઈ જવાની ના કહ્યાબદલ નુકસાની ભરી લેવાનો વાદીનો દાવો છે.

આગગાડી મારફતે કોલસા લઇ જવામાં અને સ્વાધીન કરવામાં તથા તે વિશે પોતાના કરતવ્ય કરમમાં કસુર કરયા બદલ નુકસાન ભરી લેવાનો વાદીનો દાવોછે

જળમારગે યંત્ર લઈને હવાલે કરવામાં અને તે સંબંધી કરતવ્ય કરમ કરવામાં કસુર કરયા બદલ નુકશાન ભરી લેવાનો વાદીનો દાવો છે.

વહાંણ નોરે માંડવાનો કરાર. — (મેરી એ નામનું) વહાંણ નોરે માંડવાના કરાર તોડયા બદલ નુકસાની ભરી લેવાનો વાદીનો દાવો છે.

માલ પાછો મળવા બદલ તથા નુકસાની બદલ દાવો. — ઘરશણગારનો સામાન (અથવા વગેરે) પાછો લેવા બદલ અથવા તેની કીંમત બદલ. અને તે અટકાવી રાખ્યા બદલ નુકસાની લેવાનો વાદીનો દાવો છે.

માલ લઈ લીધા બદલ નુકસાની. — માલ, ઘરશણગારનો સામાન વગેરે વાદી પાસેથી ગેરવાજબી રીતે લેઈ લીધો તે બદલ વાદીનો દાવો છે.

આબરૂ લીધા બદલ. — આબરૂ લીધા બદલ નુકસાન ભરી લેવાનો વાદીનો દાવો છે.

આળ મુકયા બદલ નુકશાન ભરી લેવાનો વાદીનો દાવોછે

ગેરવ્યાજબી રીતે મિલકત ધરવા બાબત. — અયોગ્ય રીતે કરજમાં મિલકત ધરયા બદલ નુકશાની ભરી લેવાનો વાદીનો દાવો છે.

(જે ધરવા વિશે ફરિયાદ હોય તે ધરવાનું ગેરવ્યાજબી હોય અથવા હદ ઉપરાંત હોય અથવા ગેર શીસ્ત હોય તોએ આ નમુનો બસ છે.)

કબજો કઢાવવા બાબત.
મેહેલ્લામાં ઘર નંબર ‍ ‍ નો અથવા ‍ ‍ ના ‍ ‍ માં નામાંની બ્લા-એકર નામની ખેતીની જમીનનો કબજો લેવા બદલ વાદીનો દાવો છે.

હક ઠરાવીને ભાડું વસુલ કરવા બદલ.
(અહિયાં મિલકતનું વર્ણન લખવું) એ ઉપરનો પોતાનો હક ઠરાવીને તેનું ભાડું વસુલ કરવાનો વાદીનો દાવો છે.

(પાછળના બે નમુના એકઠા થઇ શકે.]

માંછલા મારવાનો હક.
માછલાં મારવાના વાદીના હકમાં હરકત કરયા બદલ નુકશાની ભરી લેવાનો વાદીનો દાવો છે.

દગો.
ઘોડા (અથવા ધંધો અથવા શેર અથવા વગેરે) ના વેચાણ વખતે દગાથી ખોટું સમજાવ્યા બદલ નુકશાન ભરી લેવાનો વાદીનો દાવો છે.

અ. બ. ના પતીયાર વિશે દગાથી ખોટું સમજાવ્યા બદલ નુશાન ભરી લેવાનો વાદીનો દાવો છે.

હામી.
અ. બ. ની હામીનો કરાર તોડયો તે બદલ નુકશાન ભરી લેવાનો વાદીનો દાવો છે.

પ્રતિવાદીના મુખત્યાર તરીકે મિલકત ધરવામાં વાદીને નુકશાન થાય તે ભરી આપવા બાબતનો કરાર તોડયો તે બાબત નુકશાન ભરી લેવાનો વાદીનો દાવો છે.

વીમો.
[રાયલ ચારટર) એ નામના વહાણની વીમાચીઠી ઉપરથી થએલું નુકશાન અને માલનું નોર (અથવા પ્રીમીઅમો પાછા] લેવાનો વાદીનો દાવો છે.

(માગેલું નુકશાન પુરેપુરૂં કે થોડું ઘણું થયું હોય તોએ આ નમુનો બસ છે)

આગનો વીમો.
ઘર અને સામાનની આગની વીમાચીઠીને આધારે થએલું નુકશાન ભરી લેવા બદલ વાદીનો દાવો છે.

ઘરનો વીમો ઉતરાવવાનો કરાર તોડયા બદલ નુકશાન ભરી લેવાનો વાદીનો દાવો છે.

જમીનનો માલેક અને ભાડુત.
ઘર મરામતમાં રાખવાનો કરાર તોડયા બદલ નુકશાન ભરી લેવાનો વાદીનો દાવો છે.

જમીનનો માલેક અને ભાડુત
ખેતીની જમીનના પટામાં કરેલા કરાર તોડયા બદલ નુકશાન ભરી લેવાનો વાદીનો દાવો છે.

વઇદ.
વઇદ તરીકે પ્રતિવાદીની ગફલતને લીધે વાદીને ઇજા થઇ તે બદલ નુકશાન ભરી લેવાનો વાદીનો દાવો છે.

ઉપદ્રવી જનાવર.
પ્રતિવાદીના કુતરાએ ઇજા કરી તે બદલ નુકશાની ભરી લેવાનો વાદીનો દાવો છે.

ગફલત.
પ્રતિવાદીએ અથવા તેના નોકરે ગાડી હાકવામાં ગ

રેગત કરી તેથી વાદીને ઈજા થઈ તે બદલ નુકશાની ભરી લેવાનો વાદીનો દાવો છે.

પ્રતિવાદીની આગગાડીમાં વાદી ઉતારૂ હતો તે વખતે પ્રતિવાદીના નોકરોએ ગફલત કરી તેથી તેને ઈજા થઈ તે બદલ નુકશાની ભરી લેવાનો વાદીનો દાવો છે.

પ્રતીવાદીના રેલવે સ્ટેશનની સ્થીતીમાં કંઈ ખામી હોવાથી તે સ્ટેશન ઉપર વાદીને ઈજા થઈ તે બદલ નુકશાન ભરી લેવાનો વાદીનો દાવો છે.

સન ૧૮૫૫નો આક્ટ નંબર ૧૩.

પ્રતીવાદીની આગગાડીમાં મહાયત અ, બ, ઉતારૂ હતો તે વખતે પ્રતીવાદીના નોકરોની ગફલતને લીધે તેને ઈજા થઈ, અને તેથી તે મહાયત થયો; તે બદલ નુકસાન ભરી લેવા સારૂ સદરહુ અ, બ, મહુયતના અસ્યુ પત્ર ચલાવનાર તરીકે વાદીનો દાવો છે.

લગ્નનું વચન.

લગ્નનું વચન તોડ્યા બદલ નુકસાની ભરી લેવાનો વાદીનો દાવો છે.

માલનું વેચાણ.

માલ કબુલ કરીને તેની કીંમત આપવાનો કરાર તોડ્યો તે બદલ નુકસાની લેવાનો વાદીનો દાવો છે.

રૂ [અથવા વગેરે] સ્વાધીન કર્યું નહીં [અથવા થોડું સ્વાધીન કર્યું અથવા તે હલકી જાતનું હતું અથવા વેચાણનો કરાર બીજી રીતે તોડ્યો હોય તે) તે બદલ નુકશાન લેવાનો વાદીનો દાવો છે.

માલનું વેચાણ.

બીજા માલની ખાત્રી આપી હતી તે તુટી તે બદલ નુકશાન લેવાનો વાદીનો દાવો છે.

જમીનનું વેચાણ.

જમીન વેચવાનો (અથવા ખરીદવાનો કરાર તોડ્યા બદલ નુકશાન લેવાનો વાદીનો દાવો છે.

ઘર ભાડે આપવા વિશે (અથવા લેવા વિશે] કરાર તોડ્યા બદલ નુકશાન લેવાનો વાદીનો દાવો છે.

કોઈ પોચખાનાનો પટો, ગુડવીલ, જડેલો સામાન, અને વેપારીની પુંજી વેચવાનો (અથવા ખરીદવાનો) કરાર તોડ્યા બદલ નુકશાન લેવાનો વાદીનો દાવો છે.

જમીનના વેચાણમાં તેના ઉપરનો હક પુરો કરી આપીશ (અથવા ભોગવટા માંહેલો હરકત થવા દઈશ નહી અથવા વગેરે) એવો કરાર તોડ્યા બદલ નુકશાન લેવાનો વાદીનો દાવો છે.

જમીન ઉપરનો પ્રવેશ.

પ્રતિવાદી ગેરવ્યાજબી રીતે વાદીની જમીનમાં આવ્યો, અને તેના કુવામાંથી પાણી કાહાડ્યું [અથવા તેનું ઘાસ કાપ્યું અથવા તેનાં ઈમારતનાં લાકડાં તોડ્યાં, અથવા તેની વાડ ભાગી, અથવા તેનો ઝાંપો ખસેડ્યો, અથવા તેનો રસ્તો કે મારગ વાપર્યો, અથવા તેના ખેતરમાં થઈને પેલી તરફ ગયો, અથવા ત્યાં રેતી લાવીને નાંખી, અથવા ત્યાંથી

કાંકરી લેઇ ગયો, અથવા તેની નદીમાંથી પથરા લેઇ ગયો) તે બદલ નુકશાની લેવાનો વાદીનો દાવો છે.

આધાર. વાદીની જમીનનો (અથવા ઘરનો અથવા બાગનો) આધાર ગેરવ્યાજબી રીતે કાઢી લીધા બદલ નુકશાન લેવાનો વાદીનો દાવો છે.

મારગ. [જાહેર રાજ મારગમાં અથવા ખાનગી રસ્તામાં] ગેરવ્યાજબી રીતે અટકાવ કરયા બદલ નુકશાન લેવાનો વાદીનો દાવો છે.

પાણીનો પ્રવાહ વગેરે. ગેરવ્યાજબી રીતે પાણીનો પ્રવાહ વાળ્યો (અથવા તે અટકાવ્યો અથવા તે પાણી ગંદુ કર્યું અથવા તેમાંનું પાણી બીજી તરફ વાળ્યું) તે બદલ નુકશાન લેવાનો વાદીનો દાવો છે.

વાદીની જમીન ઉપર (અથવા વાદીની બાગમાં) ગેરવ્યાજબી રીતે પાણી કાઢ્યું તે બદલ નુકશાન લેવાનો વાદીનો દાવો છે.

વાદીને કુવાનું પાણી લેતાં ગેરવ્યાજબી રીતે અટકાવ કરયો તે બદલ નુકશાન લેવાનો વાદીનો દાવો છે.

ચરણી. વાદીના ચરાવવાના હકનો ભંગ કરયા બદલ નુકશાન લેવાનો વાદીનો દાવો છે.

(ચરાવવાના હકનું સ્વરૂપ ગમે તેવું હોય તોપણ આ નમુનો બસ છે.)

અજવાળું. વાદીના ઘરમાં અજવાળું પડવામાં અટકાવ કરયા બદલ નુકશાની લેવાનો વાદીનો દાવો છે.

કારીગરીનો પટો. વાદીના કારીગરીના પટામાં ભંગ કરયા બદલ નુકશાન લેવાનો વાદીનો દાવો.

ગ્રંથ સ્વામીત્વ. વાદીના ગ્રંથસ્વામીત્વના હકનું ઉલ્લંઘન બદલ કરયા નુકશાની લેવાનો વાદીનો દાવો છે;

વેપારની નિશાની; વાદીના વેપારની નિશાની ગેરવ્યાજબી રીતે વાપરયા બદલ (અથવા તેની નકલ કરયા બદલ) નુકશાની લેવાનો વાદીનો દાવો છે;

કામ. વહાણ બાંધવાનો (અથવા ઘરની મરામત કરવાનો વગેરે,) કરાર તોડયા બદલ નુકશાન લેવાનો વાદીનો દાવો છે;

વહાણ બાંધવા વગેરેમાં વાદીને નોકર રાખવાનો કરાર તોડયા બદલ નુકશાન લેવાનો વાદીનો દાવો છે.

ઉપદ્રવ. પ્રતીવાદીના કારખાનામાંથી (અથવા વગેરે) નઠારી વાસ મારતી વરાળ નિકળે છે તેને લીધે વાદીના ઘર, ઝાડ, પાક વગેરેને થએલું નુકશાન ભરી લેવાનો વાદી

નો દાવો છે.

પ્રતીવાદીના કારખાનામાંથી (અથવા તબેલામાંથી અથવા વગેરે) સોરબકોર થાય છે તે ઉપદ્રવથી થએલું નુકશાન ભરી લેવાનો વાદીનો દાવો છે.

તાકીદ — [શેરામાં એવું ઉમેરવુ કે]:—અને તાકીદ બદલ.

(જમીનનો અથવા હક ઠરાવવાનો અથવા તે બંનેનો દાવો હોય ત્યારે શેરામાં એવું ઉમેરવુ કેઃ—

દરમ્યાનની ઉપજ. — અને દરમ્યાનની ઉપજ બદલ.

ચઢેલું ભડું, — અને ભાડાનો હિસાબ લેવા બદલ અથવા ચઢેલા ભાડા બદલ,

કરાર તોડર્યા બદલ. — (મરામતનો કરાર તોડયા બદલ.

૧.—સ્ટેટનો વહિવટ કરવા સારૂ લેહેણદાર કરે તે,

ક્ષ. ય. રહેનાર હાલ મઇયત છે, તેની સ્થાવર અને જંગમ મિલકતનો વહિવટ થવા સારૂ સદરહુ ક્ષ. ય; ના લેહેણદાર તકીકે વાદીનો દાવો છે સદરહુ ક્ષ. ય. ની મીલકતના વહિવટ કરનાર (તરીકે પ્રતિવાદી ક. ખ. ઉપર તથા તેનાકાયદા પ્રમાણે સહુવારસ તરીકે પ્રતિવાદી ઇ. ફ, ને ગ હ ઉપર) ફરીયાદ કરી છે.

૨,—ઇસ્ટેટનો વહિવટ થવા સારૂ મ્રતલેખારપીતદાન લેનાર કરે તે,

મઇયત ક્ષ, ય, ની સ્થાવર જંગમ મીલકતનો વહિવટ થવા સારૂ, સદરહુ ક્ષ, ય, ના તારીખ માહે સન રોજના મ્રત્યુપત્રની રૂઇએ મ્રતલેખાર્પીતદાન લેનાર તરીકે વાદીનો દાવો છે, સદરહુ ક્ષ, ય, નું મ્રત્યુપત્ર ચલાવનાર તરીકે પ્રતીવાદી ક, ડ. ઉપર (તથા મઇયતના મ્રત્યુપત્રમાં આપેલી દણગી લેનાર તરીકે પ્રતીવાદી ઇ, ફ; મે ગ. હ, ઉપર ફરીકાદ કરી છે.

૩,—પત્યાળું.

(તારીખ માહે સન ૧૮ રોજ પંત્યાળાની શરતોનો શરતોનો દસ્તાવેજ કરેલો છે તે પ્રમાણે) વાદી અને પ્રતીવાદી વચે પંત્યાળાની લેહેનુ દણનો હિસાબ લેવા સારૂ તથા પંત્યાળાનું કામ સંકેલવા સારૂ વાદી દાવો કરે છે.

૪—ઘરાણે લેનાર કરે તે.

તારીખ માહે સન ૧૮ રોજ (પક્ષકારોની] દરમ્યાન (અથવા માલકી હક બતાવનાર દસ્તાવેજ અનામત મુકીને) ઘરાણીયાનો વ્યવહાર થયો છે તેને આધારે મુદલ વ્યાજ, અને ખરચ બદલ વાદીનું જે લેહેણું નિકળે તેનો હિસાબ લેવાને, તથા પ્રતિવાદીનો ઘરાણીયુ છોડાવવાનો હક બંધ કરીને અથવા વેચાણ કરીને ઘરાણીયુ અમલમાં લાવવાને વાદીનો દાવો છે.

૫,—ઘરાણે મુકનાર કરે તે.

તારીખ માહે સન ૧૮ રોજ ઘરાણીયો વ્યવહાર (પક્ષકારોની) દરમ્યાન થયો તેને આધારે કંઇ દેવુ નિકળતું હોય તો તે શું નિકળે છે તેનો હિસાબ લેવાનો તથા ઘરાણીયા મિલકત છોડાવવાનો વાદીનો દાવો છે.

૬,—નાંનાં છોકરાંના ભાગના પઇશા ઉભા કરવા બદલ.

તારીખ માહે સન ૧૮ રોજ ઠરાવપત્ર થયું તેમાં માંના છોકરાંના ભાગને માટે રૂ. ની રકમ ઠરાવી છે તે ઉભી કરવાનો વાદીનો દાવો છે.

૭.—ત્રસ્ટ. (જુમ્મા) નું કામ બજાવવા બદલ.

(પક્ષકારોની) દરમ્યાન તારીખ માહે સન ૧૮ રોજ ત્રસ્ટનો દસ્તાવેજ થયો તે અમલમાં લાવવા સારૂ વાદીનો દાવો છે.

૮.—રદ કરવાનું અથવા દુરસ્ત કરવાનું.

(પક્ષકારોની) દરમ્યાન તારીખ માહે સન ૧૮ રોજનો દસ્તાવેજ થયો છે તે રદ કરવાનો અથવા સુધારવાનો વાદીનો દાવો છે.

૯.—કરાર વિશેષ રીતે પુરો કરવા બદલ.

માંની કાંઇ [નકરી) વંશપરંપરાના ઉપભોગની મિલકત માટે પ્રતિવાદીને વેચાતી આપવી એવો તારીખ માહે સન ૧૮ રોજ કરાર થયો તે વિશેષ રીતે પુરો કરવા બદલ વાદીનો દાવો છે.

નંબર ૧૧૫. પ્રોબેટ.

૧. મૃત્યુપત્ર વિશેષ પ્રકારે શાબિત કરે એવા મૃત્યુપત્ર ચલાવનારે અથવા મૃતલેખાર્પીતદાન લેનારે કરવાની.

મઇયત ક. ડ. રેહેવાસી ના તે હાલ તારીખ માહે સન રોજ મઇયત થયો, તેનું છેલું મૃત્યુપત્ર તારીખ માહે સન નું છે તે ચલાવનાર હું છુ એવો વાદી હક્ક બતાવે છે, અને સદરહુ મૃત્યુપત્ર સાબિત ઠરાવવા માગે છે. સદરહુ મઇયતના નજીકના સગા પઇકી તમે એક છો તેથી (અથવા જે હોય તે) તમારા ઉપર સમન કાઢવામાં આવે છે.

૨. મઇયતનું કોઇ પહેલાનું મૃત્યુપત્ર ચલાવનાર અથવા તે મૃત્યુપત્રમાં જેને કાંઇ દાગગી આપી હોય તે, અથવા મઇયતનો કોઇ નજીકનો સગો વગેરે જે, સાધારણપ્રકારે મૃત્યુપત્રસાબીતકરીને આપેલું પ્રોબેટ રદ કરવા માગતો હોયતેણે કરવાની.

ક. ડ. પ્રથમ રહેવાસી નો તે હાલ તારીખ માહે સન ૧૮ રોજ મઇયત થયો, તેનું છેલું મૃત્યુપત્ર તારીખ માહે સન નું છે તેનો ચલાવનાર હું છું એવો વાદી હક્ક બતાવે છે. અને સદરહુ મઇયતના તારીખ માહે સન રોજના ખોટા મૃત્યુપત્ર ઉપરથી તારીખ માહે સન રોજ પ્રોબેટ આપેલુ છે તે રદ કરાવવા માગે છે. સદરહુ ખોટું મૃત્યુપત્ર ચલાવનાર (અથવા જે હોય તે) તરીકે તમારા ઉપર આ સમન કાઢવામાં આવે છે.

૩. મૃત્યુપત્ર ન કરતાં કોઇ મરણ પામે ત્યારે જેમ વહિવટપત્ર આપવામાં આવે છે તે રીતે વહિવટપત્ર આપવામાં આવ્યું હોય ત્યારે મૃત્યુપત્ર ચલાવનાર અથવા મૃત્યલેખાર્પીતદાન લેનાર કરે તે.

ક. ડ. પ્રથમ રહેનાર તે હાલ તારીખ માહે સન રોજ મઇયત થયો, તેનું છેલું મૃત્યુપત્ર તારીખ માહે સન રોજનું છે તે ચલાવનાર હું છું એવો વાદી હક બતાવે છે.

સદરહુ મઇયતની ઇસ્ટેટનું વહિવટપત્ર તમે મેળવ્યું છે તે રદ કરીને સદરહું મ્રત્યુપત્રનું પ્રોબેટ મને આપો એવો વાદીનો દાવો છે.

૪. મઇયતના નજીકના સગા તરીકે વહિવટપત્ર મળવાનો દાવો રાખતો હોય, તેનો નજીકના સગા તરીકેનો હક સંબંધ વાંધો ભરેલો હોય, ત્યારે તેણે કરવાની.

ક. ડ. રહેનાર હાલ મઇયત છે તે મ્રત્યુપત્ર ન કરતાં તારીખ માહે સન રોજ મઇયત થયો, તેનો ભાઇ અને નજીકનો એકનો એક સગો હું છું એમ વાદી દાવો રાખેછે, અને તે સગા તરીકે સદરહુ મ્રત્યુપત્ર કરયા વગર મઇયત થએલાની જંગમ મિલકતનું વહિવટપત્ર માગે છે. તમે નોટીસ (કાવીયટ) દાખલ કર્યું છે અને એવું કહો છો કે મઇયતનો નજીકનો સગો હું એકલોજ છું (અથવા જે હોય તે) માટે તમારા ઉપર આ રીટ કાઢવામાં આવેછે.

ફ.—પરચુરણ.

નંબર ૧૧૬.

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૮.

ના ______ ની કોરટ મુકામ.

સન ૧૮ ની દીવાની ફરીયાદોનું રજીસ્ટર.

	ફરિયાદઅરજી આપ્યાની તારીખ.	
	ફરિયાદનો નંબર.	
વાદી	નામ.	
	વરણુન.	
	રેહેવાનું ઠેકાણું.	
પ્રતિવાદી.	નામ.	
	વરણુન.	
	રેહેવાનું ઠેકાણું.	
દાવો	(દાવાની) વિગત.	
	રકમ અથવા કિમત.	
	દાવાનુ કારણ કયારે થયુ.	
હાજર થયુ	પક્ષકારોને હાજર થવાનો દીવસ.	
	વાદી.	
	પ્રતિવાદી.	
ફેંસલો.	ફેંસલાની તારીખ.	
	કોના તરફમાં.	
	શીબાબત અથવા રકમ,	
અપીલ	અપીલની તારીખ.	
	અપીલમાંથએલો ફેંસલો.	
બજવણી.	દરખાસ્ત આપ્યાની તારીખ.	
	હુકમની તારીખ.	
	કોના ઉપર.	
	શીબાબત, અને પઇસા હોય તો તે રકમ.	
	ખરચની રકમ.	
	કોરટમાં ભરી તે રકમ	
	પકડયો.	
બજાવ્યાનો રીપોર્ટ.	રકમ ભરવા બાબતના અથવા પકડવા બાબત ના રીપોર્ટ શિવાય બીજ પ્રકારના બજાવ્યાના રી પોર્ટ હોય તેનો ટુંકો મતલબ.	

નંબર ૧૧૭.

ફરિયાદના નિકાલનો સમન

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૬૪ અને ૬૮

[મથાળું.]

રહેનાર નાને મા

લમ થાય જેઃ એ તમારા ઉપર બદલ ફરિયાદ કરી છે, માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે, તારીખ માહે અને ૧૮ વાર ને રોજ સવારના કલાકે ઉપર કહેલા વાદીને જવાબ આપવા સારૂ આ કોરટમાં તમારે જાતે, અથવા કોરટના જે પ્લીડરને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય અને જેને તમારી હકીકત બરાબર સમજાવી હોય તથા જે એ ફરિયાદના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દેઇ શકે તે પલીડરની મારફતે, અથવા તેવા બધા સવાલના જવાબ દેઇ શકે એવા કોઇ બીજા શખસને તે પલીડરની સાથે રાખીને તે પલીડરની મારફતે હાજર થવું. અને તમારે હાજર થવાનો જે દીવસ મુકરર કરયો છે તે એ મુકદમાનો આખરનો નિકાલ કરવાસારૂ ઠરાવેલો છે, માટે તે દિવસે તમારે તમારા સઘળા સાક્ષીઓને હાજર કરવાને તઇયાર થઇ રહેવું. અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે, જો ઉપર લખેલે દિવસે તમે હાજર નહીં થાઓ તો તમારી ગેરહાજરીમાં એ ફરિયાદ સાંભળીને તેનો નિકાલ કરવામાં આવશે. અને

વાદી જોવા માગે છે તે, તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા પલીડર સાથે મોકલજો.

આજ તારીખ માહે અને ૧૮ રોજ મારી સહી તથા કોરટનો શિકો કરીને આપીયો.

(લ. સ.)

જડજ

સૂચના.—૧. તમારા સાક્ષીઓ પોતાની મેળે હાજર નહીં રહે એમ તમને દહેશત હોય તો ચોકશી પહેલાં કોઇ પણ વખતે કોરટને અરજ કરશો અને તેમની ખોરાકીની જરૂરીઆત રકમ ભરશો એટલે કોઇ પણ સાક્ષીને હાજર રહેવાની જરૂર પાડવાસારૂ અથવા જે દસ્તાવેજ સાક્ષીપાસે હાજર કરાવવાનો તમને હક છે તે દસ્તાવેજ હાજર કરવાની જરૂર પાડવાસારૂ આ કોરટમાંથી તમને સમન્સ મળશે.

૨. વાદીની માગણી તમારે કબુલ હોય તો, હુકમનામાની સંક્ષિપ્ત બજાવણી તમારી જાત ઉપર અથવા મિલકતઉપર અથવા જરૂરપડે તો બંને ઉપર થવાનો સંભવ છે તે ટાળવાને ફરિઆદના ખરચ સુધાંત તે પઇસા તમારે કોરટમાં ભરવા.

ટીપઃ—લેખી કફીયતો માગવી હોય તો એમ લખવું કે તારીખ માહે અને સુધીમાં તમારે [અથવા અમુક પક્ષકારે જે હોય તે]

લેખી કેફીયત આપવી.

નંબર ૧૧૮. મુદ્દા ઠરાવવાનો સમન.

હુદિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૬૪ અને ૬૮

(મથાળુ]

રહેનાર ના નેમાલમ થાય જે એ તમારા ઉપર બદ્દલ ફરિઆદ કરીછે, માટે તમને આઉપરથી ફરમાવવામાં આવે છેકે, તા० માહે સને ૧૮ વર્ષે ને રોજ સવારના વાગતે ઉપર કહેલા વાદીને જવાબ આપવા સારૂ આ કોરટમાં તમારે જાતે અથવા કોરટના જે પલીડરને યોગ્ય રીતે અખત્યાર આપેલો હોય અને જેને તમારી હકીકત બરાબર સમજાવી હોય તથા જે એ ફરિયાદના સઘળા જરૂરીઆત સવાલના જવાબ દઇ શકે તે પલીડરની મારફતે, અથવા તેવા સઘળા સવાલના જવાબ દઇ શકે એવા કોઇ બીજા શખસને તે પલીડરની સાથે રાખીને તે પલીડર મારફતે હાજર થવું. અને તમને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે, જો ઉપર લખે લે દિવસે તમે હાજર નહીં થાઓ તો તમારી ગેરહાજરીમાં મુદ્દા ઠરાવવામાં આવશે; અને વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની પુષ્ટીમાં જે દસ્તાવેજો ઉપર તમે આધાર રાખવા ધારતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો અથવા તમારા પલીડર સાથે મોકલજો.

આજ તારીખ માહે સને ૧૮

રોજ મારી સહી તથા કોરટનો શિકો કરીને આપાયો

(લ સ)

સુચના—૧. તમારા સાક્ષીઓ પોતાની મેળે હાજર નહીં થશે એમ તમને દેહશત હોય તો નોકથી પેહેલાં કોઇ પણ વખતે કોરટને અરજ કરશો અને તેમની ખોરાકીની જરૂરીઆત રકમ ભરશો એટલે, કોઇપણ સાક્ષીને હાજર રહેવાની જરૂર પાડવાસારૂ અથવા જે દસ્તાવેજ સાક્ષી પાસે હાજર કરાવવાનો તમને હક છે તે દસ્તાવેજ હાજર કરવાની જરૂર પાડવાસારૂ આ કોરટમાંથી તમને સમન મળશે.

૨. વાદીની માગણી તમારે કબુલ હોય તો હુકમનામાની સંક્ષિપ્તબજાવણી તમારી જાતઉપર અથવા મિલકતઉપર અથવા જરૂરપડેતોબનેઉપરથવાનો સંભવછેતેટાળવાને ફરિઆદના ખરચ સુધાંત તે પઇસા તમારે કોરટમાં ભરવા.

ટીપ.—લેખી કેફીયતો માગીહોયતો એમ લખવું કે:—તારીખ માહે સને સુધીમાં તમારે [અથવા અમુક પક્ષકારે જેહોયતે) લેખી કેફીયત આપવી.

નંબર ૧૧૯.

હાજર થવાનો સમન,

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૮.

ફરીઆદ નંબર.

ના ની કોરટમાં,

વાદી,

(નામ, વરણન અને પતો લખવો) ને માલમ થાય જે; આ ઠેકાણે વાદીનું નામ. વરણન અને તેનો પતો લખવો) એ તમારા ઉપર [આ ઠેકાણે ર રજીસ્ટરમાં હોય તે પ્રમાણે દાવાની વીગતો લખવી) આ કોરટમાં ફરીયાદ કરી છે. માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે, તારીખ સવારના કલાકે સદરહુ વાદીને જવાબ દેવા સારૂ તમારે જાતે આ કોરટમાં હાજર થવું (જો જાતે,હાજર થવાનું નહીં ફરમાવ્યું હોય, તો એમ લખવું કે) તમારે જાતે અથવા આ કોરટના કોઇ વકીલ કે જેને તમારી હકીકત બરાબર સમજાવી હોય અને એ ફરીયાદી બાબતના સઘળા જરૂરીયાત સવાલના જવાબ દેઇ શકે એવા વકીલની મારફતે હાજર થવું", અથવા તેવા સઘળા સવાલોનો જવાબ દેઇ શકે એવા કોઇ શખસને વકીલની સાથે મોકલવો." (તે સમન તે મુકદમાનો છેલો નિકાલ કરવાનો હોય તો આ ઠેકાણે આટલું વધારે લખવું,) "અને તમારે હાજર થવાનો જે દીવસ છે તે એ મુકદમાનો છેલો નીકાલ કરવા સારૂ ઠરાવેલો છે માટે તે દીવસે તમારે તમારા સઘળા શાહેદીઓ ગુજારવા તઇયાર થઇ રહેવું" અને તમને ખબર આપવામાં આવે છે કે જો ઉપર લખેલે દીવસે તમે હાજર નહીં થશો તો, તમારીગેરહાજરીમાં એ મુકદમો સાંભળીને તેનો ફૈસલો કરવામાં આવશે; અને (વાદીને કંઈ દસ્તાવેજ હાજર કરાવવો હોય તો આ ઠેકાણે લખવું) વાદી જોવા માગે છે તે તથા તમારા જવાબની મજબુતીમાં જે દસ્તાવેજ ઉપર તમે ભરોંસો રાખતા હો તે દસ્તાવેજ તમે લેતા આવજો. (અથવા તમારા માણસ સાથે મોકલજો.]

આજ તારીખ માહે સને ૧૮ રોજ મારી સહી તથા કોરટનો શીકો કરીને આપ્યો.

(લ. સ)

જડજ.

નંબર ૧૨૦.

બીજી કોરટની હકુમતમાં બજાવવા સારૂ સમન મોકલવાનો હુકમ.

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૮૫.

ના ની કોરટમાં,

ફરીયાદ નંબર સને ૧૮

અ, બ, રહેનાર.

વિરૂદ્ધ.

ક, ડ, રહેનાર.

તારીખ માહે સને ૧૮

ઉપર કહેલી ફરીયાદનો પ્રતિવાદી હાલ માં રહે છે, પરંતુ ફરિયાદ કરવાનો હક આ કોરટની હકુમતમાં ઉત્પન્ન થયો છે, એમ ફરીયાદ અરજીમાં લખ્યું છે; માટે એવો હુકમ કરવામાં આવે છે કે, તારીખ માહે સન ૧૮ રોજ પાછો આવે

એવો સમન સદરહુ પ્રતિવાદીને પોંચાડવા સારૂ આ હુકમની પ્રત સુધાંત ની કોરટને મોકલવો.

લ. સ.

જડજ.

નંબર ૧૨૧.

બીજી કોરટના સમન પાછળના શેરા સાથે જવાનો હુકમ.

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૮૫

ના ની કોરટમાં.

દીવાની ફરીયાદ નંબર સને ૧૮

તારીખ માહે સન ૧૮

અ. બ. રહેનાર.

વિરૂદ્ધ.

ક. ડ. રહેનાર.

ની કોરટના દિવાની નંબર માં ને માં પોંચાડવા સારૂ મોકલવા બાબત તે કોરટનો હુકમ વાંચી જોયો. પ્રોસેસ પાછળ બેલીફે એવો શેરો કરયો છે તે વાંચી જોયો; અને સદરહુ બાબતનો ને તથા ને (સોગન અથવા) પ્રતીજ્ઞા આપીને મેં યોગ્ય રીતે પુરાવો લેઇને વાંચી જોયો; તે ઉપરથી એવો હુકમ કરવામાં આવે છે કે, તે આ હુકમની નકલ સુધાંત ને મોકલવો.

લ. સ.

જડજ.

ટીપ:—સમન શિવાયની જે બીજી પ્રોસેસો આજ રીતે પોંચાડવી પડે તે પ્રોસેસોને પણ આ નમુનો લાગુ પડશે.

નંબર ૧૨૨.

પ્રતિવાદીની કેફીયત.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૧૦.

(મથાળુ).

હું નીચે સહી કરનાર પ્રતિવાદી (અથવા પ્રતિવાદીઓ પઇકી એકજણ] ફરિયાદ અરજીમાં લખેલા સદરહુ ઇ. ફે. ના મ્રુત્યુપત્રમાંનો (અથવા સદરહુ ફરિયાદ અરજીમાં લખેલા મઇયત ઇ. ફે. ના કાયદેસર વારસ તરીકે, અથવા નજીકનો સગા તરીકે અથવા નજીકના સગા પઇકી એકજણ તરીકે) બધો હક્ક સબંધ દઉ છું.છોડી

અથવા, હું નીચે સહી કરનાર પ્રતિવાદી જણાવું છું કે, (આ ઠેકાણે કબુલ કરેલી અથવા નાકબુલ કરેલી હકીકતો ફરિયાદ અરજીની ભાષામાં ફરી લખવી.

કબુલ [અથવા નાકબુલ) કરૂં છું.

અથવા, હું નીચે સહીકરનાર અરજ ગુજારૂં છું કે, ફરિયાદ અરજીમાં લખેલી હ
કીકતો ઉપરથી જોતાં, કાયદેસર રીતે અમલમાં લેવાય એવી કાંઇ કબુલાયત જણા
તી નથી, [અથવા, સદરહુ ફરિયાદ અરજી ઉપરથી એવું જણાય છે કે, મારા
ઉપર અને ઇ. ફ નામના એક શખસ ઉપર મળીને એકઠી જવાબદારી પડે છે;
અને તે ઇ. ફ. ફરિયાદમાં પક્ષકાર નથી, અને મારા ઉપર ફરિયાદ અરજી પ્રમા
ણે પૃથક જવાબદારી પડતી નથી. અથવા સદરહુ ફરિયાદમાં અ. બ. ની સાથે
ગ. હ. વાદી થવો જોઇતો હતો, અથવા જે હોય તે).

અથવા, સદરહુ ઘરાણીયાનો (અથવા ઘરાણીયું છોડાવવાનો) પોતાનો હક સં
બંધ વાદીએ એક આઇ. જે. ને કરી આપ્યો છે. અથવા જે મિલકત ઉપરનુ ઘ
રાણીયું છોડાવવાનો હક બંધ કરવાની ફરિયાદ છે તે મિલકત ઉપરનું ઘરાણીયું છો
ડાવવાનો હક ઉપર રૂ. ની રકમના જાસ્તી બોજો રાખીને તે
તારણમાં મેં હ. લ. ને કરી આપ્યો છે અથવા લખી આપ્યો છે.)

અથવા પંત્યાળું તુટયા પછી વાદીએ એક દસ્તાવેજ કરી આપીયો છે તેમાં
વાદીએ એવો કરાર કરયો છે કે, પંત્યાળાનું બધું દેવું અને જવાબદારીઓ તેણે
વાળવી; અને સદરહુ પંત્યાળાના વ્યાપાર સંબંધી તેનો અને બીજાઓનો કંઇ દા
વો હોય અથવા તેની અને બીજાઓની કાંઇ જવાબદારી હોય તે બન્નેમાંથી મને
સામાન્ય રીતે મોકળો કરવો (અથવા જે હોય તે].

(સહી) ક. ડ.
પ્રતિવાદી.

નંબર ૧૨૩,

સવાલનામું.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૨૧.

ના ની કોરટમાં.

ની ફરિયાદ નંબર સન ૧૮

અ. બ.

વિરૂદ્ધ.

ક. ડ. ઇ. ફ. અને ગ. હ.

ઉપર કહેલા (ઇ. ફ. ને ગ. હ. અથવા અ. બ.) ને પુછવા સારૂ ઉપર કહે
લા અ. બ. (અથવા ક. ડ.] ની તરફના સવાલો.

૧. (સવાલ લખવો],

૨. (સવાલ લખવો ,

નંબર ના સવાલોના જવાબ પ્રતિવાદી ઇ. ફ. એ આપવાના છે.
નંબર ના સવાલોના જવાબ પ્રતિવાદી ગ. હ. એ આપવાના છે.

નંબર ૧૨૪.

દસ્તાવેજો હાજર કરવાની નોટીસનો નમુનો.

દિવાની કામ ચલાવવની રીતીના કાયદાની કલમ ૧૩૧.
ના ની કોરટમાં.
દિવાની ફરિયાદ નંબર સન ૧૮

અ. બ.

વિરૂદ્ધ.

ક. ઠ.

તમને ખબર કરવામાં આવે છે કે, તારીખ માહે સન ૧૮ રોજની તમારી ફરીયાદ અરજી (અથવા લેખી કેફીયત અથવા સોગનનામાં) માંહે વાલો આપેલા નીચે લખેલા દસ્તાવેજો પોતાને જોવા સારૂ વાદી (અથવા પ્રતિવાદી) તમારી પાસે હાજર કરાવવા માગે છે.

જે દસ્તાવેજો જોઈતા હોય તેમનું વર્ણત લખવું.

ક્ષ. ય.

વાદીના (અથવા પ્રતિવાદીના] પ્લીડર

જ્ઞ.

પ્રતિવાદીના (અથવા વાદીના] પ્લીડરને.

નંબર ૧૨૫

હાજર રહીને શાહેદી પુરવાનો સમન.

દિવાની કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૫૯ અને ૧૬૩

(મથાળુ)

ને

સદરહુ ફરીયાદમાં ની તરફે સારૂ તમારી હાજરીની જરૂર છે માટે તમને આ લેખઉપરથી ફરમાવવામાં આવે છે કે, તારીખ માહે સન ૧૮ રોજ સવારના વાગે તમારે (આ કોર્ટની રૂબરૂ જાતે હાજર થવું અને] તમારી સાથે આણવા અથવા આ કોરટને મોકલવા

તમારે વાસ્તે વાટ ખરચ તથા બીજા ખરચ બદલ અને એક દિવસની ખોરાકી બદલ રકમ રૂ. આ સાથે મોકલી છે. જો આ હુકમ તમે માન્ય નહી કરો તો દિવાની કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૧૭૦ માં ગેરહાજર રેહેવાનું જે પરિણામ લખ્યું છે તેને તમે પાત્ર થશો.

સુચના—(૧) માત્ર દસ્તાવેજ હાજર કરવા સારૂ તમને બોલાવ્યા હોય અને શાહેદી પુરાવા સારૂ બોલવ્યા ન હોય તો સદરહુ તારીખે અને વખતે આ કોરટમાં તે દસ્તાવેજ તમે હાજર કરાવશો એટલે તમે સમન માન્ય કર્યો છે એમ ગણાશે

(૨) સદરહુ દિવસ ઉપરાંત તમને ખોટી કરવાના હશે તો તે દિવસ ઉપરાંત પ્રત્યેક દિવસ હાજર રેહેવા બદલ રૂ. ની રકમ તમને આપવામાં આવસે.

આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહી અને કોરટનો શિક્કો કરીને આપોયો.

લ. સ.

જડજ

નંબર ૧૨૬.

હાજર રહીને શાહેદી પુરવાનો સમન.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૫૯ અને ૧૬૩.

બીજો નમુનો.

ફરિયાદ નંબર

ના ની કોરટમાં.

, વાદી.

: , પ્રતિવાદી.

(નામ, વર્ણન, અને પત્તો) ને

આ લેખ ઉપરથી તમને એવું ફરમાવવામાં આવે છે કે; સદરહુ ફરીયાદમાં વાદી (અથવા પ્રતીવાદી)ની તરફે શાહેદી પુરવા સારૂ તારીખ માહે સને ૧૮ રોજ સવારના વાગતાં તમારે જાતે આ કોરટમાં હાજર થવું, (અને આ ઠેકાણે જે દસ્તાવેજ હાજર કરાવવો હોય તે દસ્તાવેજનું સોઇવાર નિશ્ચયપણે વર્ણન લખવું. જો ફક્ત શાહેદી પુરવાનોસમન હોય અથવા ફક્ત દસ્તાવેજ હાજર કરવાનો સમન હોય તો તે પ્રમાણે સ્પષ્ટ જણાવવું) હાજર કરવા, અને તમારી જ બાની લેવાઇ રહે (અથવા તમે દસ્તાવેજ હાજર કરો] અને કોરટ ઉઠી જાય ત્યાં સુધા અથવા કોરટની રજા મળ્યા વગર તમારે ત્યાંથી જવું નહીં,

---

હુકમનામાના નમુના.

નંબર ૧૨૭,

સાદું પઇસા બાબતનું હુકમનામું.

[મથાળું.)

દાવો બદલ.

આ મુકદમો તારીખ માહે સને રોજ ની રૂબરૂ વાદી તરફે ની અને પ્રતીવાદી તરફે ની સમક્ષ આખર નિકાલ સારૂ નિકળ્યો; તેમાં એવો હુકમ કરવામાં આવે છે કે, રૂ. તથા તારીખ થી તે રકમ વસુલ થાય તે તારીખ સુધીનું દર દર સેંકડે દર પ્રમાણે તે રકમનું વ્યાજ, એ ને આપવું. તથા કોરટના અમલદારે આકાર કરયા પ્રમાણે આ ફરીયાદનું ખરચ પણ તે આકાર્યાની તારીખથી તે વસુલ થાય ત્યાં લગણના સદરહુ દરથી તેમાં વ્યાજ સુધાંત ને આપવું.

ફરીયાદનું ખરચ.

વાદી.	રૂ.	આ	પા.	પ્રતિવાદી	રૂ.	આ	પા.
૧ ફરીયાદ અરજીના સ્ટાંપ.				મુખત્યારનામાનોસ્ટાંપ.			
૨ મુખત્યાર નામાનો,				અરજીનો.			
૩ રજુ કરેલા કાગળોનો				પ્લીડરની ફી			
૪ પ્લીડરની ફી રૂ. ઉપર				સાક્ષીઓની ખોરાકી.			
૫ તરજુમાની ફી				પ્રોસેસ બજાવણી.			
૬ સાક્ષી હાજર રાખવાની ખોરાકી				તરજુમાની ફી.			
૭ કમિશનરની ફી				કમિશનરની ફી.			
૮ પ્રોસેસ બજાવણી							
૯ વગેરે							
કુલ				કુલ			

આજ તારીખ માહે સને ૧૮ રોજ મારી સહી તથા કોર્ટના શિક્કા કરીને આપ્યું.

લ. સ.

જડજ

નંબર ૧૨૮.

ગીરો રાખનારે અથવા જેનો લીયન હોય તે શખસે કરેલી ફરિઆદમાં વેચવાનુ હુકમનામું.

(મથાળું.)

હુકમનામું કરવામાં આવે છે કે, ફરિઆદઅરજીમાં કહેલા ઘરાણીયા [અથવા લીયન) ઉપરથી વાદીનું જે મુદલ અને વ્યાજ લેહેણું નિકળતું હોય તેનો હિસાબ કરવાને તથા આ ફરીઆદમાં વાદીના ખરચની આકારણી કરવાને રજીસ્ટરારને (અથવા આકારણી કરનાર [ટાકસીંગ] અમલદારને) સોંપવું અને સદરહુ પ્રમાણે મુદલ તથા વ્યાજની તથા ખરચની જે રકમ રજીસ્ટરારને (અથવા આકારણી કરનાર અમલદારને) લેહેણી માલમ પડે તે તેણે તારીખ માહે સને રોજ કોરટમાં જણાવવી; અને ઉપર પ્રમાણે વ્યાજ મુદલ તથા સદરહુ ખરચની રકમ વાદીની લેહેણી જણાવવામાં આવે તે, તે લેહેણી રકમ કોરટમાં જણાવ્યાની તારીખથી છ માસમાં પ્રતિવાદી કોરટમાં ભરે તો એવો હુકમ કરવામાં આવે છે કે, વાદીએ પોતે કરેલા અથવા તેની મારફતે, કે તેની પાસેથી, કે તેના પેટામાં દાવો રાખનારા કોઈએ કરેલા તમામ બોજામાંથી સદરહુ ગીરો મીલકત છુટી અને મોકળી કરીને તે વાદીએ પાછી આપવી, અને તે સંબંધી જે ખત પત્ર તથા લખત તેના કબજામાં કે અખત્યારમાં હોય તે બધાં તેણે પ્રતિવાદીને કે પ્રતિવાદી નીમે તે શખસને સ્વાધીન કરવાં, અને આ રીતે તે મિલકત પાછી આપવામાં આવે તથા ખત પત્ર અને લખત સ્વાધીન કરવામાં આવે એટલે રજીસ્ટરારે [અથવા આકારણી કરનાર અમલદારે] ઉપર કહેલા મુદલ વ્યાજ અને ખરચ બદલ ઉપર પ્રમાણે ભરેલી સદરહુ રકમ વાદીને આપવી પરંતુ ઉપર કહ્યા પ્રમાણે મુદલ, વ્યાજ અને ખરચની રકમ ઉપર કહેલી મુદતમાં પ્રતિવાદી કોરટમાં ન ભરે તો—એવો હુકમ કરવામાં આવે છે કે, સદરહુ ગીરો મિલકત (અથવા સદરહુ લીયન જેના ઉપર હોય તે મિલકત] રજીસ્ટરારના (અથવા આકારણી કરનાર અમલદારના) અનુમોદનથી વેચવી. અને એવો હુકમ કરવામાં આવે છે કે, આ વેચાણથી જે રકમ ઉપજે તે તેમાંથી વેચાણનું ખરચ કાઢયા પછી, કોરટમાં ભરવી, એટલા માટે કે, ઉપર કહ્યા પ્રમાણે મુદલ, વ્યાજ, અને ખરચ બદલ વાદીનું જે લેહેણુ જણાય તે આપવામાં તે રકમ કામે લગાડવામાં આવે. અને કંઇ બાકી રહે (તો) તે પ્રતિવાદીને અથવા તે લેવાને હક્કદાર હોય એવા બીજા શખસને આપવી.

નંબર ૧૨૯.

ઘરાણીયું છોડવવાનો હક્ક બંધ કરવાનું આખરનું હુકમનામું.

[મથાળું.]

એવું જણાય છે કે, ગઇ તારીખ માહે સન રોજ આ ફરિઆદમાં હુકમ થયો, તે પ્રમાણે ફરિઆદઅરજીમાં કહેલા ગીરોના મુદલ તથા વ્યાજ બદલ અને ખરચ બદલ રૂ. વાદીના લેહેણા નિકળે છે એમ કોરટમાં ગઇ તારીખ માહે સન રોજ કોરટ

માં લખી જણાવવામાં આવ્યું છે, તે રકમ પ્રતિવાદીએ કોરટમાં ભરી નથી અને સદરહુ તારીખ   થી છ માસની મુદત વીતી ગઇ છે.

માટે એવો હુકમ કરવામાં આવે છે કે, સદરહુ ધરાણીયા મિલકત ઉપર ધરાણીયું છોડવવાનો પ્રતિવાદીનો તમામ હક સમુળગો બંધ થયો છે.

નંબર ૧૩૦.

વહિવટની ફરિઆદમાં, પ્રથમનો હુકમ.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૧૩

(મથાળું)

એવો હુકમ કરવામાં આવે છે કે નાચેના હિસાબ લેવા અને તજવીજ કરવી; એટલે:—

લેહેણદારની ફરિયાદમાં—

૧ વાદીનું અને મઇયતના બીજા બધા લેહેણદારોનું જે લેહેણું હોય તેનો હિસાબ લેવો:

મૃત્યુલેખાર્પીતદાન લેનારની ફરિયાદમાં—

૨ મૃત્યુપત્ર કરનારના મૃત્યુપત્રમાં આપેલાં મૃતલેખાર્પીતદાનનો હિસાબ લેવો.

નજીકના સગાની ફરિઆદમાં—

મૃત્યુપત્ર કર્યા વગર મઇયત થએલાના નજીકના સગા તરીકે (અથવા નજીકના સગાઓ પઇકી એકજણ તરીકે) વાદીનો હક્ક શો છે અથવા તેનો હિસ્સો કેટલો છે એ બાબત તજવીજ કરવી અને હિસાબ લેવો.

(લેહેણદારની ફરિયાદમાં, જરૂર હોય તો, પેહેલા પારેગ્રાફ પછી હુકમમાં એમ ફરમાવવું કે, મૃતલેખાર્પીતદાન લેનાર કાયદેસર વારસ, અને નજીકના સગા બદ્દલ તજવીજ કરવી. અને હિસાબ લેવો. લેહેણદાર શિવાયના બીજા દાવેદારોની ફરિઆદમાં પહેલા પારેગ્રાફ પછી હમેશાં લેહેણદારોનો હિસાબ લેવાનું અને તજવીજ કરવાનું હુકમમાં લખવું અને બીજા જેમની જરૂર હોય તેમનો હિસાબ લેવાનું તથા તજવીજ કરવાનું પેહેલા પારેગ્રાફમાંથી નમુના પ્રમાણેના પ્રથમના શબ્દ ગાળીને તે પછી લખવું. લેહેણદારની ફરિયાદ હોય તે પ્રમાણે નમુનો આગળ ચલાવ્યો છે.)

૩ પ્રેત સંસ્કાર અને મૃત્યુપત્ર સબંધી ખરચનો હિસાબ લેવો.

૪ પ્રતિવાદીને હાથ અથવા તેના હુકમથી કે તેને માટે બીજા કોઇ શખસને હાથ મઇયતની જે જંગમ મિલકત આવી હોય તેનો હિસાબ લેવો.

૫ મઇયતની જંગમ મિલકતનો [કંઇ ભાગ પત્યાવગરનો અને વ્યવસ્થા કર્યા વગરનો હોય તો] કેટલો ભાગ પત્યા વગરનો અને વ્યવસ્થા કર્યા વગરનો છે તેની તજવીજ કરવી.

૬ અને વળી હુકમ કરવામાં આવે છે કે, પઇસાની જે જે રકમો પ્રતિવાદીને હાથ અથવા તેના હુકમથી કે તેને માટે બીજા કોઇ શખસને હાથ આવેલી માલમ પડે તે બધી પ્રતિવાદીએ આવતી તારીખ   મહિ   રોજ અ

મા તે પેહેલાં કોરટમાં ભરવી.

૭ અને ફરીઆદનો હેતુ પારપાડવાસારૂ મઇયતની જંગમ મિલકતનો કંઈ ભા ગ વેચવાની રજીસ્ટરારને જરૂર જણાય તો તે પ્રમાણે તે વેચવી અને જે ઉપજે તે કોરટમાં ભરવું,

૮. અને મિસતર ઇ. ફ. એ આ ફરીઆદીમાં [અથવા કામમાં]ઉપજ વસુલ ક રનાર થવું, અને મઇયતનુ જે લેહેણું અને જંગમ મિલકત આવ્યા વગરનાં હોય તે બધાં ઉઘરાવી વસુલ કરવાં, અને તે રજીસ્ટરારના હાથમાં આપવા, (અને પોતા નું કામ બરોબર રીતે બજાવવાના ખત લખી આપીને રૂ. ની ર કેમના જામીન આપવા.)

૯, અને વળી હુકમ કરવામાં આવે છે કે ફરિઆદનો હેતુ પાર પાડવામાં મ ઇયતની જંગમ મિલકત અપુરતી જણાય તો નીચેની જાસ્તી તજવીજ કરવી અ ને હિસાબ લેવા, એટલે:—

(અ.) મરતી વખતે મઇયતના કબજામાં અથવા તેની માલીકીની થી સ્થાવર મિલકત હતી તેની તજવીજ કરવી,

[બ] મઇયતની સ્થાવર મિલકતને અથવા તેના ભાગને લાગુ પડે એવા બો જાં (હોય તો] શા છે તેની તજવીજ કરવી.

(ક) જુદા જુદા બોજાવાળાનું શું દેવું છે તેનો હિસાબ બને તેટલો લેવો, ત થા નીચે ફરમાવેલા વેચાણમાં સંમતી આપે તેવા બોજાવાળા પઇકી પેહેલો હક કો નો પછી કોનો ત્યારપછી કોનો એવું એક પત્રક સામેલ કરવું.

૧૦ અને મઇયતની સ્થાવર મીલકત, અથવા ફરીઆદનો હેતુ પાર પાડવાને બ સ થાય તેટલી રકમ કોરટમાં એકઠી થવા સારૂ જરૂર હોય તેટલો તે મિલકતનો ભાગ,— જે બોજાવાળાઓ વેચવાની સંમતિ આપે તેમના બોજા વગર અને જે બોજાવાળા સંમતિ ન આપે તેમના બોજા કાયમ રાખીને—જડજના અનુમોદનથી વેચવો.

૧૧ અને એવો હુકમ કરવામાં આવે છે કે, ગ. ઘ. એ સ્થાવર મિલકત વેચવા નું કામ કરવું. અને રજીસ્ટરાર મંજુર કરે તેવી વેચાણની શરતો તથા કરાર ત ઇયાર કરવા, અને કંઇ સંશય અથવા અડચણ ઉત્પન્ન થાય તો તે મટાડવા સારૂ જડજને કાગળો મોકલવા.

૧૨ અને વળી હુકમ કરવામાં આવે છે કે. પાછળ ફરમાવેલી તજવીજના કામ સારૂ, કોરટના વહિવટ પ્રમાણે રજીસ્ટરારે વરતમાન પત્રોમાં જાહેર ખબર આપ વી, અથવા તે તજવીજને ઘણી કામમાં આવે એવી પ્રસિદ્ધી જે રીતથી મળશે એમ રજીસ્ટરાર જણાય તેવી બીજી કોઇ રીતે તે તજવીજ તેણે કરવી.

૧૩ અને એવો હુકમ કરવામાં આવે છે કે, તારીખ . માહે સન . પેહેલાં સદરહુ હીસાબ લેવા અને તજવીજ કરવી, તથા જે કૃત્ય કર વાનો હુકમ થયો હોય તે બધાં પુરાં કરવાં. તથા તે તજવીજનું તથા હિસાબનું પ રીણામ અને બીજાં બધાં હુકમ કરેલાં કૃત્ય પુરાં થયાં છે એ રજીસ્ટરારે સરટીફી કેટથી લખી જણાવવું, અને તે બાબતનું તેનુ સરટીફીકેટ પક્ષકારોને જોવા રા

તારીખ માહે સન રોજ તઈયાર રાખવું.

૧૪ અને છેવટ એવો હુકમ કરવામાં આવે છે કે. આખરનું હુકમનામું કરવાસારૂ તારીખ માહે સુધી આ ફરીઆદ [અથવા બાબત) મુલતવી રાખવી.

(કોઈ વિશેષ કામમાં આ હુકમનો જેટલો ભાગ લાગુ પડે તેટલોજ, માત્ર ઉપયોગમાં લેવાનો છે)

નંબર ૧૩૧.

મરતલેખાર્પીતદાન લેનારે કરેલી વહીવટ બાબતની ફરિયાદમાં આખરનું હુકમનામું.

દીવાની કામ ચલાવવાની રીતના કાએદાની કલમ ૨૧૩.

૧. એવો હુકમ કરવામાં આવે છે કે મરત્યુપત્ર કરનાર ની ઈસ્ટેટ બદલ સદરહુ પ્રતીવાદી પાસે સદરહુ સરટીફીકેટમાં કાહેલી છે તે બાકી રકમ રૂ. તથા તારીખ માહે સન થી તારીખ માહે સન સુધી દર વરશે દર સેંકડે ટકા પ્રમાણે વ્યાજ બદલ રકમ રૂ. મળીને કુલ રૂ. ની રકમ પ્રતીવાદી અ તારીખ માહે સન રોજ અથવા તે પેહેલાં કોરટમાં ભરવી.

૨. સદરહુ કોટરના રજીસ્ટરારે [અથવા આકારણી કરનાર અમલદારે), વાદી પ્રતીવાદીના આ ફરીયાદના ખરચની આકારણી કરવા, અને તે પ્રમાણે આકારણી થાય એટલે સદરહુ ખરચની રકમ ઉપર કહ્યા પ્રમાણે કોરટમાં ભરવાનો હુકમ કરેલા રૂ. ની રકમમાંથી, નીચે પ્રમાણે આપવાઃ—

[અ) વાદીનું ખરચ તેના આટરની (અથવા પ્લીડર) મી. ને, અને પ્રતીવાદીનું ખરચ તેના આટરની (અથવા પીલીડર) મી. ને.

(બ) અને (જો કાંઇ દેવું વાળવાનું હોય તો) સદરહુ રૂ. ની રકમમાંથી ઉપર પ્રમાણે વાદીના અને પ્રતીવાદીના ખરચની રકમ આપીયા પછી જે બાકી રહે તેમાંથી,—રજીસ્ટરારના સરટીફીકેટના પત્રકમાં કહેલા જુદા જુદા લેહેણદારોનું જે લેહેણું નીકળે તે તથા જે લેહેણા ઉપર વ્યાજ ચડતું હોય તેનું ત્યાર પછીનું વ્યાજ આપવું અને તે રકમો આપીયા પછી, પત્રકમાં કહેલા જુદા જુદા મરતલેખારપીતદાન લેનારાઓને જે રકમ મળવાની હોય તે તથા ત્યાર પછીનું વ્યાજ [સદરહુ પ્રમાણે ખરૂં ઠરાવીને) તેમને આપવું.

૩. અને ત્યાર પછી જો કંઇ બાકી વધે તો તે મરતલેખારપીત સેસગ્રાહીને આપવી.

મરતલેખારપીતદાન લેનારે વહીવટની ફરીયાદ કરી હોય તેમાં, મરત લેખાર પીત દાગીઓ આપવાને વાસ્તે મરત્યુપત્ર ચલાવનારને જાતે જવાબદાર ઠરાવ્યો હોય ત્યારે કરવાનું હુકમનામું.

દીવાની કામ ચલાવવાની રીતના કાએદાની કલમ ૨૧૩.

૧ એવું ઠરાવવામાં આવે છે કે, મ્રુત્યુપત્રમાં વાદીને રૂ ની દેણગી આપેલી છે તે આપવાને પ્રતીવાદી જાતે જવાબદાર છે.

૨. અને એવો હુકમ કરવામાં આવે છે કે સદરહુ મ્રુત્યુપત્રમાં આપેલી દેણગીના મુદલ અને વ્યાજ બદલ શી બાકી છે તેનો હીસાબ લેવો

૩. અને વળી એવો હુકમ કરવામાં આવે છે કે, મુદલ અને વ્યાજની જે રકમ વાદીની લેહેણી ઠરાવીને રજીસ્ટાર સરટીફીકેટ મોકલે, તે રકમ પ્રતીવાદીએ રજીસ્ટારના સરટી ફીકેટની તારીખથી અઠવાડીયામાં વાદીને આપવી.

૪. અને એવો હુકમ કરવામાં આવે છે કે, ફરીયાદમાંનું વાદીનું ખરચ પ્રતીવાદીએ વાદીને આપવું. અને જો પક્ષકારોમાં વાંધો પડે તો તે ખરચની આકારણી કરવી.

નજીકના સગાએ કરેલી વહીવટની ફરીયાદમાંનું આખરનું હુકમનામું.

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૧૩.

૧. આ ફરીયાદમાં વાદી પ્રતીવાદીના ખરચની સદરહુ કોરટના રજીસ્ટારે આકારણી કરવી. અને આ રીતે આકારણી થાય એટલે સદરહુ વાદીના ખરચની રકમ મ્રુત્યુપત્ર કરયા વગર મઇયત થએલા ઇ, ફ, ની જંગમ ઇસ્ટેટ બદલ સદરહુ પ્રતીવાદી પાશે સદરહુ સરટીફીકેટમાં લેહેણી કાઢી છે તે રકમ રૂ. માંથી, સદરહુ રજીસ્ટાર સદરહુ ખરચની આકારણી કરે ત્યારથી એક અઠવાડીયામાં, પ્રતીવાદીએ વાદીને આપવા. અને તે રકમમાંથી પ્રતીવાદીએ પોતાના ખરચની રકમ આકારણી થાય એટલે પોતાના ઉપયોગને વાસ્તે રાખવી.

૨. અને એવો હુકમ કરવામાં આવે છે કે, સદરહુ રૂ. ની રકમમાંથી વાદી પ્રતીવાદીનું ખરચ ઉપર પ્રમાણે આપીયા પછી બાકી રહ્યા તે પ્રતીવાદીએ નીચે પ્રમાણે આપવી ને કામે લગાડવી:—

(અ)—રજીસ્ટાર સદરહુ ખરચની ઉપર પ્રમાણે આકારણી કરે ત્યાર પછી એક અઠવાડીયામાં સદરહુ બાકીની રકમનો એક ત્રતીઆંશ ક, જે મ્રુત્યુપત્ર કરયા વગર મઇયત થએલા સદરહુ ઇ. ફ. ની બેહેન અને નજીકના સગામાંની એક જણ છે તે તરીકે. તેના હુકકથી વાદીઓને એટલે અ, બ, તથા તેની સ્ત્રી ક, ને પ્રતીવાદીએ આપવો,

(બ) મ્રુત્યુપત્ર કરયા વગર મઇયત થએલા સદરહું ઇ. ફ, ના નજીકના સગામાંની બીજી એક જણ અને મા તરીકે પ્રતીવાદીએ પોતાના ઉપયોગને વાસ્તે સદરહુ બાકીનો બીજો એક ત્રતીઆંશ રાખવો.

(ક) અને રજીસ્ટાર સદરહુ ખરચની ઉપર પ્રમાણે આકારણી કરે, ત્યાર પછી એક અઠવાડીયામાં સદરહુ બાકીની રકમનો બાકી રહેલો ત્રીજો ભાગ, મ્રુત્યુપત્ર કરયા વગર મઇયત થએલા સદરહુ ઇ, ફ, ના બાજા એક નજીકના સગા અને ભાઇ તરીકે ગ, હ, ને પ્રતીવાદીએ આપવો.

નંબર ૧૩૨.

હુકમ—પંત્યાણુ તોડવા વીશે.

દિવાનો કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૧૫.

(મથાળું.)

એવું ઠરાવાવમાં આવે છે કે, ફરીયાદમાં કહેલું વાદી પ્રતીવાદી વચેનુ પંત્યાળુ તારીખ માહે સને ૧૮ રોજથી તુટયું એમ ગણવું. અને એવો હુકમ કરવામાં આવે છે કે તે દીવસથી પંત્યાળુ તુટયું એવી ગેઝીટ વગેરેમાં જાહેર ખબર આપવી.

અને એવો હુકમ કરવામાં આવે છે કે, એ આ ફરીયાદમાં પંત્યાળાની ઇસ્ટેટ અને માલમતા વસુલ કરનાર થવું. અને પંત્યાળાના ચોપડાનું તમામ લેહેણું અને દાવા બાકી આવવાના હોય તે ઉઘરાવવા.

અને એવો હુકમ કરવામાં આવેછે કે નીચેના હીસાબ લેવા

૧ સદરહુ પંત્યાળાના હાલ લેહેણાંનો, મીલકતનો અને માલમત્તાનો હિસાબ.

૨ સદરહુ પંત્યાળાના દેવાનો અને જવાબદારીનો હીસાબ.

૩ નકકી થએલો હિસાબ આ ફરીયાદમાં દાખલ થઇને તેના ઉપર અ ની શાન પડેલું છે, તેને છેડેથી, તથા ત્યાર પછી નકી થએલા કંઇ હિસાબો હોય તેમાં હાથ ન ઘાલતાં. વાદી પ્રતીવાદી વચેની તમામ લેવડ દેવડ તથા વ્યવહારનો હીસાબ.

અને એવો હુકમ કરવામાં આવે છે કે; ફરીયાદ અરજીમાં લખ્યા પ્રમાણે વાદી પ્રતીવાદી આજ સુધી જે ધંધો ચલાવે છે તે ધંધાનો ઘરાકી વગેરે સઘળો ફાયદો (ગુડવીલ) તથા વેપારનું ભંડેળ, વેપારની જગાએ વેચવું. અને પક્ષકાર પઇકી કોઇની અરજ ઉપરથી તે વીકરી વખત બધા ભાગો અથવા તે પઇકી કંઇ ભાગો અમુક રકમથી ઓછી માગણીએ વેચવા નહીં તે ઠરાવવાને રજીસ્ટરાર મુખત્યાર છે, તથા તે વીકરી વખતે લીલામમાં માગણી કરવાની બંને પક્ષકારોને છુટ છે.

અને એવો હુકમ કરવામાં આવે છે કે, તારીખ માહે સને પહેલાં સદરહુ હીસાબ લેવા તથા બીજાં જે કૃત્ય કરવાં જોઇએ તે બધાં પુરાં કરવાં, તથા તે હીસાબનું પરીણામ અને બીજાં બધાં કૃત્ય પુરાં થયાં છે એ રજીસ્ટરારે સર્ટીફિકેટ થી લખી જણાવવું અને તે વિશેનું તેનું સરટીફીકેટ પક્ષકારોને જોવા સારૂ તારીખ માહે સન રોજ તેણે તઇયાર રાખવું.

અને છેવટે એવો હુકમ કરવામાં આવે છે કે આખરનું હુકમનામું કરવા સારૂ તારીખ માહે સન સુધી આ ફરીયાદ મુલતવી રાખવી.

નંબર ૧૩૩.

પંત્યાળું.—છેવટનુ હુકમનામું.

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૧૫.

ના ની કોરટમાં.

દીવાની રેગ્યુલર નંબર.

અ, બ, રહેનાર.

વિરૂદ્ધ.

ક, ડ, રહેનાર,

એવો હુકમ કરવામાં આવે છે કે, રૂ, ની રકમ હાલ કોરટમાં છે તેની એ પ્રમાણે કામે લગાડવી:—

૧, પંત્યાળાએ આપવાનું દેવું કુલ રૂ, તું રજીસ્ટારના સરટીફીકેટમાં બતાવ્યું છે તે આપવામાં,

૨ આ ફરીયાદમાં બન્ને પક્ષકારોનું ખરચ મળીને રૂ. થાય છે તે આપવામાં,

[હુકમનામું લખ્યા પહેલાં આ ખરચ નકી કરવું જોઇએ].

૩. પંત્યાળાની પુંજીમાંના વાદીના હિસ્સા તરીકે રૂ, વાદીને આપવામાં, તથા હાલ કોરટમાં સદરહુ રૂ, ની રકમ છે તેમાંથી બાકી રહેલી રકમ રૂ. પ્રતીવાદીને પંત્યાળાની પુંજીમાંના તેના હિસ્સા તરીકે આપવામાં,

(અથવા, અને પંત્યાળાના હિસાબ સંબંધી સદરહુ વાદીનું (અથવા પ્રતિવાદીનું] રૂ. લેહેણું સરટીફકેટમાં નિકળે છે તેને પેટે વાદી (અથવા પ્રતિવાદી] ને સદરહુ રૂ. ની રકમમાંથી બાકી રહે તે રકમ આપવી.

અને વાદી [અથવા પ્રતિવાદી) ની લેહેણી સદરહુ રૂ. ની રકમમાંથી પછી રૂ. ની રકમ બાકી રહેશે. તે વાદીને (અથવા પ્રતિવાદીને) તારીખ માહે સને રોજ અથવા તે પહેલાં, પ્રતિવાદીએ [અથવા વાદીએ] આપવી.)

નંબર ૧૩૪.

હુકમનામું પુરૂં ન થયાનું સરટીફીકેટ.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૨૪.

ના ની કોરટમાં

દિવાની ફરિયાદ નંબર સને ૧૮

અ. બ. રેહેનાર

વિરૂદ્ધ.

ક. ડ. રેહેનાર

સરટીફીકેટ આપવામાં આવે છે કે, દિવાની ફરિયાદ નંબર સન ૧૮ નું આ કોરટનું હુકમનામું, જેની એક નકલ આ સાથે સામેલછે તે, આ કોર્ટની હકુમતમાં બજાવણીથી પુરૂં થયું નથી, (અથવા થોડું પુરૂં થયું છે, જે હોય તે લખવું. અને જો થોડું પુરૂં થયું હોય તો કેટલું પુરૂં થયું છે તે લખવું.)

આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહી તથા કોરટનો શિકો કરીને આપ્યું.

લ. સ,

જડજ.

નંબર ૧૩૫.

બજાવવાનો હુકમ શા વાસ્તે ન કાઢવો તેનું કારણ બતાવવાની નોટીસ.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૪૮.

ના ની કોરટમાં

દિવાની ફરિયાદ નંબર સન ૧૮

પરચુરણ નંબર સન ૧૮

અ. બ. રેહેનાર

વિરૂદ્ધ.

ક. ડ. રેહેનાર

ને માલમ થાય જે: એ દિવાની ફરિયાદ નંબર સન ૧૮ નું હુકમનામું બજાવવા સારૂ આ કોરટને દરખાસ્ત કરી છે માટે તમને આ લેખ ઉપરથી નોટીસ આપવામાં આવે છે કે, બજાવવાનો હુકમ શા માટે ન કરવો એનું કાંઇ કારણ હોય તો તે બતાવવાને તમારે જાતે અથવા હકીકત સમજણ પાડીને યોગ્ય રીતે અખત્યાર આપેલા મુખત્યારની મારફતે, કે કોરટના વકીલની મારફતે તારીખ માહે સન ૧૮ રોજ આ કોરટમાં હાજર થવું.

આજ તારીખ માહે , સન ૧૮ રોજ મારી સહી તથા કોરટનો શિકો કરીને આપી.

લ. સ.

જડજ.

નંબર ૧૩૬.

પઇશા બાબતનું હુકમનામું બજાવવામાં પ્રતિવાદીના કબજામાંની જંગમ મિલકત જપ્ત કરવાનું વારંટ.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૫૪.

(મથાળું.)

કોરટના બેલીફને.

તારીખ માહે સન ૧૮ રોજ ફરિયાદના નંબર સન ૧૮ માં આ કોરટે હુકમનામું કર્યું છે, તેમાં હાંસીયામાં બતાવ્યા પ્રમાણે રૂ. ની રકમ વાદીને આપવાનો ને હુકમ કરવામાં આવ્યો છે, અને સદરહુ રૂ. ની રકમ ભરવામાં આવેલી નથી;

માટે આ ઉપરથી તમને હુકમ કરવામાં આવે છે કે સદરહુ ની જંગમ મિલકત, જે આ સાથે જોડેલી યાદમાં લખી છે તે, અથવા સદરહુ તમને બતાવે તે, તમારે જપ્ત કરવી; અને સદરહુ રૂ. ની રકમ તથા આ જપ્તીનું ખરચ રૂ; તમને સદરહુ ન આપે તો, આ કોરટમાંથી બીજો હુકમ થતાં સુધી તે તમારી પાસે રાખવી.

વળી તમને હુકમ કરવામાં આવેછે કે, જે તારીખે અને જે રીતે વારંટ બતાવ્યું હોય તેનો, અથવા શા કારણથી તે બજાવવામાં આવ્યું નહી તેનો, શેરો લખીને તે શેરા સુદ્ધાંત આ વારંટ તમારે તારીખ માહે સને ૧૮ રોજ આ

હુકમનામું.			
મુદ્દલ.			
વ્યાજ.			
ખરચ.			
હુકમનામાનું ખરચ.			
તેનું વ્યાજ.			
કુલ જમા કરવાનું.			
કુલ.			

અવા તે પહેલાં પાછું મોકલવું.

આજ તારીખ માહે સને ૧૮ રોજ મારી સહી અને કોરટનો શિક્કો કરીને આપીયું.

યાદી;

લ. સ.

જડજ.

નંબર ૧૩૭

જમીન વગેરેનો કબજો આપવા સારૂ બેલીફને વારંટ.

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૬૩.

(મથાળું.)

કોરટના બેલીફને,

ના તાબાની આ ફરીયાદના વાદી ને હુકમનામામાં અપાવી છે, માટે આ લેખ ઉપરથી તમને ફરમાવવામાં આવે છે કે, તુમારે સદરહુ ના કબજામાં તે આપવી, અને જે શખસ તે ખાલી કરવાને ના પાડે તેને ખસેડવાનો આ લેખ ઉપરથી તમને અખત્યાર આપવામાં આવે છે.

આજ તારીખ માહે સને ૧૮ રોજ મારી સહી તથા કોરટનો શિક્કો કરીને આપીયું.

લ, સ,

જડજ,

નંબર ૧૩૮,

બજાવણીમાંની જપ્તી,

જે મીલકત પ્રતીવાદીની માલકીની હોય પરંતુ જેના ઉપર તરત કબજો રાખવાનો હક્ક અથવા લીયન બીજા કોઇ શખસનો હોય તેવી જંગમ મીલકત જપ્ત કરવાની હોય ત્યારે મનાઇ હુકમ,

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૯૬૮,

(મથાળું),

ને માલમ થાય જે;

ની તરફેણમાં રૂ, નું હુકમનામું તારીખ માહે સન ૧૮ રોજ ઉપર થયું છે, તે એ પુરૂં કર્યું નથી, અને ના કબજામાં મીલકત છે, તે પ્રતિવાદીની માલકીની છે, પરંતુ સદરહુ નું જે કઇ લેહેણું હોય તેનો તે મિલકત ઉપર બોજો છે. માટે એવો હુકમ કરવામાં આવે છે કે. તે મિલકત સદરહુ પાસેથી આ કોરટનો બીજો હુકમ થતાં સુધી લેવી નહી એવી પ્રતિવાદીને મનાઇ તથા પ્રતિબંધ કરવો, અને આ લેખ ઉપરથી તેને તેવી મન

ઈ કરવામાં તથા તેવો પ્રતિબંધ કરવામાં આવે છે. અને સદરહુ ને આ લેખથી મનાઈ તથા પ્રતિબંધ કરવામાં આવે છે કે, આ કોરટના બીજો હુકમ થતાં સુધી તમારે સદરહુ મિલકત કોઈ પણ શખસને અથવા શખસોને સ્વાધીન કરવી નહીં

આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહી તથા કોરટનો શીક્કો કરીને આપ્યો.

લ. સ.

જડજ.

નંબર ૧૩૯.

બજાવણીમાંની જપ્તી.

જે લેહેણાને વાસ્તે વેચાય એવો લેખ ન થયો હોય તેવું લેહેણું મિલકતમાં હોય, ત્યારે મનાઈ હુકમ.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૬૮

(મથાળું)

ને માલમ થાય જે;

સન ૧૮ ની દિવાની ફરિયાદ નંબર. માં તારીખ માહે સને ૧૮ રોજ ની તરફમાં રૂ. નું હુકમનામું ઉપર થયું છે, તે હુકમનામું એ પુરૂં કરયું નથી, અને સદરહુ પ્રતિવાદીનું તમારી પાસે હાલ લેહેણું છે એમ કહે છે: માટે હુકમ કરવામાં આવે છે કે,—તે લેહેણું કોરટનો બીજો હુકમ થતાં સુધી તમારી પાસેથી લેવાની પ્રતિવાદી ને મનાઈ અને પ્રતિબંધ કરવો અને આ લેખથી તેને તે મનાઈ તથા પ્રતિબંધ કરવામાં આવે છે, અને તમો ને તે લેહેણું અથવા તેનો કાંઈ ભાગ કોરટનો બીજો હુકમ થતાં સુધી કોઈ પણ શખસને આપવાની મનાઈ અને પ્રતિબંધ કરવો અને આ લેખ ઉપરથી તમને તે મનાઈ તથા પ્રતિબંધ કરવામાં આવે છે.

આજ તારીખ માહે સને૧૮ રોજ મારી સહી તથા કોરટનો શિકો કરીને આપ્યો,

લ. સ.

જડજ

નંબર ૧૪૦.

બજાવણીમાંની જપ્તી.

મિલકતમાં, જાહેર કંપની વગેરેના શેર હોય ત્યારે મનાઈ હુકમ.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૬૮.

[મથાળું.)

પ્રતિવાદી ને તથા કંપનીના માનેજર

ને માલમ થાય જે સન ૧૮ ની દિવાની ફરીયાદ નંબર માં

ની તરફે તારીખ માહે સન ૧૮ રોજ રૂ. નુંહુકમનામું

ઉપર થયું છે તે હુકમનામું એ પુરૂં કરયું નથી. માટે એવો હુકમ કરવામાં આવે છે કે, સદહરહુ કંપનીના શેર, એટલે છે તે, કોરટનો બીજો હુકમ થતાં સુધી કોઈ રીતે ચઢાવી આપવાની અથવા તેનું કંઈ ડિવિડન્ડ લેવાની તમો પ્રતિવાદીને મનાઈ તથા પ્રતિબંધ કરવો અને આ લેખ ઉપરથી તમને તે મનાઈ તથા પ્રતિબંધ કરવામાં આવે છે અને તમો સદરહુ કંપનીના માનેજરને આ લેખ ઉપરથી એવી મનાઇ અને પ્રતિબંધ કરવામાં આવે છે કે, તમારે તે સેર ચઢવા દેવો નહી અથવા તે ડિવિડન્ડ આપવું નહી.

આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહી તથા કોરટનો શિકો કરીને આપીયો.

લ. સ.

જડજ.

નંબર ૧૪૧.

ખજાવણીમાંની જપ્તી.

સ્થાવર મિલકત હોય ત્યારે કરવાનો મનાઈ હુકમ.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૭૪.

(મથાળું).

પ્રતિવાદીને માલમ થાય જે સને ૧૮ ના નંબર ની દિવાની ફરિયાદમાં ની તરફેણમાં રૂ. નું હુકમનામું તમારા ઉપર તારીખ માહે સન રોજ કરવામાં આવ્યું તે તમે પુરૂં કરયું નથી; માટે એવો હુકમ કરવામાં આવે છેકે, આ કોરટનો બીજો હુકમ થતાં સુધી આ સાથે જોડેલી યાદમાં બતાવેલી મીલકત વેચાણથી. બક્ષીસથી અથવા બીજી કોઈ રીતે બીજાને આપી દેવાની તમો સદરહુ ને મનાઇ તથા પ્રતિબંધ કરવો. અને આ લેખથી તમને તેવી મનાઇ તથા પ્રતિબંધ કરવામાં આવે છે. અને તે મીલકત ખરીદીથી, બક્ષીસથી, કે બીજી રીતે લેવાની બધા માણસોને મનાઇ કરવી તથા આ લેખથી તેમને તેવી મનાઇ કરવામાં આવે છે.

આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહી તથા કોરટનો શિકો કરીને આપી,

યાદી

લ, સ,

જડજ

નંબર ૧૪૨

જપ્તી.

મિલકતમાં કોઇ ન્યાયની કોરટ અથવા સરકારી અમલદારના હાથમાં કંઈ પઈસા અથવા તે સંબંધી કંઇ દસ્તાવેજ હોય તો તે બાબતનો મનાઈ હુકમ.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૭૨ તથા ૪૮૬

ના ની કોરટમાંના

દિવાની ફરિઆદ નંબર   સને ૧૮
અ. બ. રહેનાર
વિરૂદ્ધ
ક. ડ. રેહેનાર

મેહેરબાન   ને કંઇ પઈસા હાલ આપના તાબામાં છે તે [આ ઠેકાણે જેને લખવાનું હોય તેના તાબામાં પઇસા શી રીતે આવેલા ધરાય છે, તે શી બાબતના છે એ વગેરે લખવું.) જપ્ત કરવાને દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ   પ્રમાણે વાદીએ દરખાસ્ત કરી છે માટે આપને લખવા હાંસલ કે આ કોરટનો બીજો હુકમ થતાં સુધી સદરહુ પઇસા આપના તાબામાં રાખશો.

લ. અ.
જડજ

તારીખ   માહે   સને

નંબર ૧૪૩.

ત્રીજા શખસુના હાથમાં પઇસા વગેરે હોય તે વાદી વગેરે ને આપવાનો હુકમ

દિવાની કામ ચલાવવાંની રીતના કાયદાની કલમ ૨૭૭

ના   ની કોરટમાં
દિવાની ફરિયાદ નંબર   સને ૧૮
પરચુરણ નંબર   સન ૧૮
અ. બ. રહેનાર.
વિરૂદ્ધ.
ક. ડ. રહેનાર

કોરટના બેલીફને તથા   ને માલમ થાયજે સને ૧૮   ની દિવાની ફરીયાદ નંબર   તારીખ   માહે   સને ૧૮   રોજ   ની તરફેણમાં રૂ.   નું હુકમનામું   ઉપર થયું તે બજવવામાં નીચેની   મિલકત જપ્ત થઇ છે. માટે એવો હુકમ કરવામાં આવે છે કે, આ પ્રમાણે જપ્ત થએલી મિલકતમાં રૂ.   ની રોકડ, તથા રૂ.   ની ચલણી નોટ છે તે, અથવા સદરહુ હુકમનામું પુરૂ થવાને બસ થાય તેટલો તેનો ભાગ તમો સદરહુ   એ   ને આપવો અને સદરહુ હુકમનામું પુરૂ થવાને જરૂર હોય તેટલા પુરતી સદરહુ મિલકત, હુકમનામાં બજાવવામાં વેચાણને વાસ્તે જે રીત ઠરાવેલી છે તે રીતે, જાહેર લીલામ કરીને તમે કોરટના બેલીફે વેચવી અને તે વેચાણથી જે રકમ ઉપજે તે અથવા સદરહુ હુકમનામું પુરૂ થવાને બસ હોય તેટલો તેનો ભાગ સદરહુ   ને આપવો અને કંઇ બાકી વધે તો સદરહુ   ને આપવી.

આજ તારીખ   માહે   સને ૧૮   રોજ મારી સહી તથા કોરટના શિક્કો કરીને આપ્યો.

લ. સ.

જડજ.

નંબર ૧૪૪.

જપ્તી કરાવનાર લેહેણદારને નોટીસ.

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૭૮.

ના ની કોરટમાં.

દીવાની ફરીયાદ નંબર સને ૧૮

પરચુરણ નંબર સન ૧૮

અ. બ. રહેનાર

વિરૂદ્ધ.

ક. ડ. રહેનાર.

ને માલમ થાય જે સને ૧૮ ની દીવાની ફરીયાદ નંબર નું હુકમનામું બજાવવામાં તમારા કહેવાથી ઉપર બેસાડેલી જપ્તી દુર કરવા સારૂ એ આ કોરટને અરજ કરી છે, માટે આ લેખ ઉપરથી તમને નોટીસ આપવામાં આવે છે કે, જપ્તી કરાવનાર લેહેણદાર તરીકે તમારા દાવાને પુષ્ટી આપવા સારૂ આ કોરટમાં તમારે જાતે અથવા યોગ્ય રીતે કામની સમજણ પાડી હોય તેવા આ કોરટના વકીલની મારફતે તારીખ માહે સને ૧૮ વાર ને રોજ હાજર થવું.

આજ તારીખ માહે સને ૧૮ રોજ મારી સહી તથા કોરટનો શીકો કરી આપી.

(લ. સ)

જડજ.

નંબર ૧૪૫.

પઈસા બાબતનું હુકમનામું બજાવવામાં મિલકત વેચવાનું વારંટ.

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૮૭.

ના ની કોરટમા,

દીવાની ફરીયાદ નંબર સને ૧૮

પરચુરણ નંબર સને ૧૮

અ, બ, રહેનાર.

વિરૂદ્ધ.

ક, ડ, રહેનાર.

કોરટના બેલીફને.

તમને આ લેખ ઉપરથી હુકમ કરવામાં આવે છે કે, સને ૧૮ ના ફરીયાદ નંબર માં ની તરફેણનું હુકમનામું બજાવવામાં આ કોરટમાંથી કાઢેલા તારીખ માહે સન ૧૮ ના વારંટ ઉપરથી એ મીલકત

જમે થઇ છે તે, અથવા, સદરહુ હુકમનામાની અને ખરચની હજી ભ રપાઈ થયા વગરની રકમ રૂ. છે તે ઉપજે તેટલો તે મીલકત પઇકી ભાગ દીવસની પ્રથમ નોટીસ આપીયા પછી તથા તેની એક નકલ કોરટના મકાનમાં ચોઢીને તેની યોગ્ય રીતે જાહેર ખબર*આપીયા પછી લીલામથી તમારે વેચવી.

વળી તમને હુકમ કરવામાં આવે છે કે જે તારીખે અને જે રીતે વારંટ બજાવ્યું હોય તેનો, અથવા શા કારણથી તે બજાવવામાં આવ્યું નહીં તેનો શેરો લખીને તે શેરા સુધાંત આ વારંટ તમારે તારીખ માહે સને રોજ અથવા તે પહેલાં પાછુ મોકલવું

આજ તારીખ માહે સને ૧૮ રોજ મારી સહી તથા કોરટના શીકો કરીને આપ્યું.

(લ સ.)

જડજ

નંબર ૧૪૯.

બજાવણીમાં વેચેલી જંગમ મીલકત જેના કબજામાં હોય તેને નોટીસ.

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૦૦.

ના ની કોરટમાં,

દિવાની ફરિયાદ નંબર સને ૧૮

અ. બ. રહેનાર

વિરૂદ્ધ.

ક. ડ. રહેનાર.

ને માલમ થાય જે:

સદરહુ ફરિઆદમાં થએલા હુકમનામાની બજાવણીમાં લીલામથી વેચાણ થયું તે વેચાણમાં એ

મિલકત. જે. કે હાલ તમારા કબજામાં છે, તેનો ખરીદદાર થયો છે માટે તમને આ લેખ ઉપરથી એવી મનાઇ કરવામાં આવે છે કે તમારે સદરહુ

નો કબજો સદરહુ

શિવાય કોઇ શખસને આપવો નહીં.

આજ તારીખ માહે સને ૧૮. રોજ મારી સહી તથા શીકો કરીને આપી.

લ. સ.

જડજ

*આ જાહેર ખબરમાં વેચવાનું ઠેકાણું, વેચવાનો વખત, વેચવાની મીલકત મીલકતમાં સરકારને મેહેસુલ ભરનારી જમીન હોય તો મેહેસુલનો આકાર, તથા જે રકમ વસુલ કરવા સારૂ વેચાણનો હુકમ થયો હોય તે રકમ અને કલમ ૨૮૭ માં ઠરાવેલી બીજી વીગતો બને તેટલી બરોબર તથા બિનચુક લખવી.

નંબર ૧૪૭

બજાવણીમાં વેચાએલું લેહેણું ખરીદદાર શીવાય બીજા કોઇને ન આપવા વી
શે મનાઇ હુકમ.

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૦૧

ના ની કોરટમાં

દીવાની ફરીયાદ નંબર સને ૧૮

અ. બ. રહેનાર

વીરૂધ.

ક. ડ. રહેનાર.

ને તથા ને માલમ થાય જે

તમો એ તમો નું રૂ. દ
વું છે તે સદરહુ ફરિયાદમાં થએલા હુકમનામાની બજાવણીમાં જાહેર વેચાણ થયું તે
વખતે એ વેચાણ લીધું છે, માટે એવો હુકમ કરવામાં આવેછે
છે કે તમો ને સદરહુ કરજ લેવાની તથા તમો
ને સદરહુ કરજ સદરહુ શિવાય કોઇ શખસને અથ
વા શખસોને આપવાની મનાઇ કરવી અને આ લેખ ઊપરથી તમોને તેવી મનાઇ
કરવામાં આવે છે.

આજ તારીખ માહે સને ૧૮ રોજ મારી સ
હી તથા કોરટનો શીકો કરીને આપ્યો,

લ. સ.

જડજ.

નંબર ૧૪૮.

બજાવણીમાં વેચાએલા શેર બીજાને ન ચઢાવી આપવાનો મનાઇ હુકમ.

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૦૧.

ના ની કોરટમાં.

દીવાની ફરીયાદ નંબર સને ૧૮

અ, બ, રહેનાર.

વિરૂધ.

ક, ડ, રહેનાર.

ને તથા

કંપનીના મેનેજર ને માલમ થાય જે

સદરહુ ફરીયાદમાં થએલું હુકમનામુ બજાવવામાં જાહેર વિકરી થઇ તેમાં એ
સદરહુ કંપનીના કઇ શેર
, જે કે તમો ના નામ ઉપર ચાલે છે તે ખરીદ ક
રયા છે:માટે એવો હુકમ કરવામાં આવે છે કે. તમો એ સદરહુ
શેર ઉપર કહેલા ખરીદદાર સદરહુ શીવાય કોઇને કોઇ રીતે ચઢાવી
આપવા નહીં અથવા તે ઉપરનું કંઇ ડિવિડન્ડ લેવું નહીં એવી તમને મનાઇ

કરવી અને આ લેખથી તમને તેવી મનાઈ કરવામાં આવે છે; અને તે શેર ઉપ ર કહેલા ખરીદદાર સદરહુ શિવાય કોઇ શખસને નામે ચઢવા દેવા નહીં અ થવા કંઈ ડિવિડન્ડ આપવું નહીં એવી તમો ને સદરહુ કંપનીના મેનેજરને મનાઈ કરવી અને આ લેખથી તમને તેવી મનાઈ કરવામાં આવે છે.

આજ તારીખ માહે સને ૧૮ રોજ મારી સહી તથા કોરટના શીક્કો કરીને આપ્યો.

લ, સ,

જડજ.

નંબર ૧૪૯.

જમીન વગેરેનું વેચાણ કાયમ કરવાનો હુકમ.

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ. ૩૧૨

ના ની કોરટમાં.

દીવાની ફરીયાદ નંબર સન ૧૮

અ, બ, રહેનાર

વિરૂદ્ધ.

ક, ડ, રહેનાર.

આ ફરીયાદમાં થએલું હુકમનામું બજાવવામાં આ કોરટના બેલીફે તારીખ માહે સન ૧૮ રોજ નીચેની જમીન (અથવા સ્થાવર મીલકત) વેચી છે; અને દીવસ વીતી ગયા છે અને સદરહુ વેચાણ બાબત કંઇ અરજ થઇ નથી [અથવા હરકત મંજુર કરી નથી] માટે એવો હુકમ કરવામાં આવે છે કે. સદરહુ વેચાણ કાયમ કરવું અને આ લેખથી તે કાયમ કરવામાં આવે છે.

આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહી તથા કોરટનો શીક્કો કરીને આપીયો.

લ. સ.

પત્રક;

જડજ.

નંબર ૧૫૦.

જમીનના વેચાણનું સરટીફીકેટ.

દિવાની કામ ચલાવવની રીતીના કાયદાની કલમ ૩૧૬,

ના ની કોરુટમાં.

દિવાની ફરિયાદ નંબર સન ૧૮

અ. બ. રહેનાર,

વિરૂદ્ધ.

ક. ડ. રહેનાર.

આ લેખથી એવું સરટીફીટ આપવામાં આવે છે કે, આ ફરીયાદમાં થએલું હુકમનામું બજાવવામાં તારી માહે સન ૧૮ રોજ જાહેર લીલામ

થી વેચાણ થયું તેમાં મિલકતનો એ ખરીદદાર ઠરયો છે. અને સદરહુ વેચાણ આ કોરટે યોગ્ય રીતે કાયમ રાખ્યું છે.

આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહી અને કોરટના શિક્કો કરીને આપોયું.

લ. સ.

જડજ

નંબર ૧૫૧.

બજાવણીના વેચાણમાં સર્ટિફીકેટ મળેલા જમીનના ખરીદદારને તે સ્વાધીન કરવાનો હુકમ.

દિવાની કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૩૧૮.

ના ની કોરટમાં.

દિવાની ફરીયાદ નંબર સન ૧૮

અ. બ. રહેનાર

વિરૂદ્ધ.

ક. ડ. રહેનાર.

કોરટના બેલીફને.

સન ૧૮ ના દિવાની ફરિયાદ નંબર નું હુકમનામું બજાવવામાં વેચાણ થયું, તેમાં ના ખરીદદારનું સર્ટીફીકેટ ને મળ્યું છે, અને તે જમીન ના કબજામાં છે, માટે તમને આ લેખ ઉપરથી હુકમ કરવામાં આવે છે કે, સદરહુ પ્રમાણે સરટીફીકેટ મળેલા ખરીદદાર ના કબજામાં તમારે સદરહુ આપવી; અને જરૂર પડે તો જે શખસ તે ખાલી કરવાને ના પાડે તેને ખસેડવો.

આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહી તથા કોરટના શિકો કરીને આપ્યો.

લ. સ.

જડજ

નંબર ૧૫૨

જમીનનું જાહેર વેચાણ બંધ રાખવાનો કલેકટરને અખત્યાર.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૨૬.

ના ની કોરટમાં.

દીવાની ફરિયાદ નંબર સન ૧૮

અ. બ. રહેનાર

વિરૂદ્ધ

ક. ડ. રહેનાર

મેહેરબાન

ના કલેકટર સાહેબ,

સરકારમાં મેહેસુલ ભરનારી આપના ડિસ્ટ્રીકટમાંની જમીન આ ફરિયાદમાં થએલું હુકમનામું બજાવવામાં વેચવાને હરકત છે એવી મતલબનો આપ

ગો કાગળ નંબર   તારીખ   ના આવ્યો તેના જવાબમાં આપને જ ણાવવાનું કે,   નું જાહેર વેચાણ ને કરતાં આપે ભલામણ કરયા પ્રમાણે સદરહુ હુકમનામું પુરૂં કરવા સારૂ બંદોબસ્ત કરવાને આપને અખત્યાર છે.

આપનો તાબેદાર શેવક,

લ. સ.

૦ ડજ.

નંબર ૧૫૩.

જમીનનું હુકમનામું બજાવવામાં હરકત વગેરે કરવ નેલીધે

કેદમાં મોકલવાનો હુકમ.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૬૯.

(મથાળું)

ને માલમ થાય જે

ની ઉપર દિવાની ફરિયાદ નંબર   સન ૧૮   માં તારીખ   માહે   સને ૧૮   રોજ કોરટે હુકમનામું કર્યું તેમાં કાંઇ જમીન અથવા સ્થાવર મિલકત   ને અપાવી છે. તે હુકમનામું બજાવવામાં   એ વાજબી કારણ વગર અટકાવ કરયો છે [અથવા હરકત કરી છે] એમ કોરટને જણાય છે, માટે એવો હુકમ કરવામાં આવે છે કે, સદરહુ   ને   દિવસ સુધી કેદમાં રાખવો.

આજ તારીખ   માહે   સને ૧૮   રોજ મારી સહી તથા કોરટના શિક્કો કરીને આપીયો.

લ. સ.

જડજ.

નંબર ૧૫૪.

બજાવણીમાં પકડવાનું વારંટ.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૩૭.

ના   ની કોરટમાં.

દીવાની ફરીયાદ   સન ૧૮

પરચુરણ નંબર   સન ૧૮

અ. બ. રહેનાર

વિરૂદ્ધ,

ક. ડ. રહેનાર.

કોરટના બેલીફને.

સન ૧૮   ના   નંબર   માં તારીખ   માહે   સન ૧૮

મુદલ.			
વ્યાજ.			
ખરચ.			
બજાવણી.			
કુલ.			

રોજ આ કોરટે કરેલા હુકમનામામાં હાંસીયામાં બ તાવ્યા પ્રમાણે રૂ. ની રકમ એ વાદીને આપવી એવો ઠરાવ કરયો છે; અને સદર હુ હુકમનામું પુરૂં કરવાંમાં સદરહુ રૂ. ની રકમ સદરહુ વાદીને આપવામાં આવેલી નથી માટે આ લેખ ઉપરથી તમને હુકમ કરવામાં આ વે છે કે, સદરહુ પ્રતિવાદીને તમારે પકડવો, અને સદરહુ પ્રતિવાદી તમને સદરહુ રૂ તથા આ પ્રોસેસ બજાવવાના ખરચ બદલ રૂ. ન આ પે તો સદરહુ પ્રતિવાદીને બનતી યોગ્ય ઉતાવળથી કોરટની રૂબરૂ આંણવો. વળી તમને હુકમ કરવામાં આવે છે કે, જે તારીખે અને જે રીતે વારંટ બજાવ્યું હોય તેનો. અથવા શા કારણથી તે બજાવવામાં આવ્યું નહી તેનો, શેરો લખીને તે શેરા સુધાંત આ વારંટ તમારે તારીખ માહે સન ૧૮ રોજ અથવા તે પહેલાં પાછું મોકલવું.

આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહી તથા કોરટનો શિક્કો કરીને આપીયું.

ल. स.

જડજ.

નંબર ૧૫૫.

કોરટમાં પઇશા ભરયાની નોટીસ.

કોરટમાં દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૭૭.

બ. નંબર સન ૧૮ માં

અ. બ. વિરૂદ્ધ ક. ડ.

નોટીસ આપવામાં આવે છે કે પ્રતિવાદી એ રૂ. કોરટમાં ભરયા છે, અને તે કહે છે કે વાદીનો દાવો (અથવા વગેરે વિશે વાદીનો દાવો) અદા ક રવાને તે રકમ બસ છે.

મિસ્તર ક્ષ. જ્ઞ. વાદીના વકીલને,

જ્ઞ.

પ્રતિવાદીનો વકીલ,

નંબર ૧૫૬.

ગેરહાજર સાક્ષીની શાહેદી લેવા બાબત કમિશન.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૮૯

ના ની કોરટમાં;

દિવાની ફરિયાદ નંબર સન ૧૮

અ. બ. રહેનાર

વિરૂદ્ધ.

ક. ડ. રેહેનાર

ને માલમ થાય જે,થ

સદરહુ ફરિયાદમાં ની શાહેદી લેવાની : ને

જરૂર છે અને છે માટે તમને એવું કહેવામાં આવે છે કે એ સાક્ષીને લેખી સવાલો આપીને (અથવા મોઢાના સવાલથી) તેની જબાની તમારે લેવી; અને તે કામને વાસ્તે તમને આ ઉપરથી કમીશનર નીમવામાં આવે છે; અને વળી તમને કહેવામાં આવેછે કે, તે જબાની લેવાય એટલે તરત તે તમારે પાછી મોકલવી. (તમેકહેશો તો તે સાક્ષીને હાજર રહેવાની પ્રોસેસ આ કોરટ કાઢશે.)+

આજ તારીખ માહે સન રોજ મારી સહી તથા કોરટનો શિક્કો કરીને આપીયું.

લ. સ.

જડજ.

નંબર ૧૫૭.

સ્થાનિક ચોકસી બદલ, અથવા હિસાબ તપાસવા બદલ કમીશન.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૯૨ તથા ૩૯૫.

ના ની કોરટમાં.

દિવાની ફરિયાદ નંબર સન ૧૮

અ. બ. રહેનાર

વિરૂદ્ધ

ક. ડ. રહેનાર;

ને માલમ થાય જે,

આ દાવાના કામ સારૂ બદલ કમીશન કાઢવું જોઇએ એમ જણાય છે; માટે ને વાસ્તે તમને આ લેખ ઉપરથી કમીશનર નીમવામાં આવે છે, [જે સાક્ષીઓની જબાની લેવાની અથવા જે દસ્તાવેજ જોવાની તમારી ઇચ્છા હોય તે શાહેદી અથવા તે દસ્તાવેજ સારૂ હાજર રહેવાની જરૂર પાડવાની પ્રોસેસ તમે કહેશો તો આ કોરટ કાઢશે ×

સદરહુ બાબત તમારી ફીના રૂ, આ સાથે મોકલ્યા છે;

આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહી તથા કોરટનો શિક્કો કરીને આપ્યું.

લ. સ.

જડજ,

નંબર ૧૫૮.

ફેંસલા પહેલાં પકડવાનું વારંટ.

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૭૮.

ના ની કોરટમાં.

દીવાની ફરીયાદ નંબર. સને ૧૮

અ, બ, રહેનાર.

+બીજી કોરટમાં કમિશન જતું હોય તો આની જરૂર નથી.

+કમિશન બીજી કોરટને મોકલ્યું હોય ત્યાં આની જરૂર નથી.

વિરૂદ્ધ.
ક, ડ, રહેનાર,
કોરટના બેલીફને,

સદરહુ ફરીયાદમાંના વાદી એ
કોરટની ખાત્રી લાયક સાબિત કરયું છે કે, પ્રતીવાદી
ની તઇયારીમાં છે એમ માનવાનું સંભવિક કારણ છે. માટે તમને
આ ઉપરથી હુકમ કરવામાં આવે છે કે, સદરહુ ફરીયાદનો પુરે પુરો અને આખ
રૂ નીકાલ થતાં સુધી અને તે ફરીયાદમાં ઉપર હુકમનામું થા
ય તે પૂરૂં થાય અથવા બજે ત્યાં સુધી જાતે હાજર થવાના રૂ. તાં ૨૬
મના જામીન તેણે શા માટે ન આપવા તેનું કારણ બતાવવા સારૂ
સદરહુ. ને પેરામાં રાખીને તમારે કોરટની રૂબરૂ આણવો.
આજ તારીખ માહે સન ૧૮ . રોજ મારી સહી તથા કોરટ
નો શીકો કરીને આપીયું.

લ. સ,
જડજ.

નંબર ૧૫૯.
કેદમાં મોકલવાનો હુકમ.
દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૮૧.
ના ની કોરટમાં
દિવાની ફરિયાદ નંબર સને ૧૮
અ. બ. રેહેનાર
વિરૂદ્ધ.
ક. ડ. રેહેનાર

ને માલમ થાય જે,
આ ફરીયાદના વાદી એ કોરટને એવી અરજ કરી છે કે, ફ
રીયાદમાં ઉપર જે ફેંસલો થાય તેનો જવાબ દેવા સારૂ હાજર થવાના પ્રતીવાદી
ના જામીન લેવા અને પ્રતીવાદી એ તે જામીન આપવા અથવા જામીન
ને બદલે પુરતી અનામત મુકવી એમ કોરટે તેને કહ્યું છે પણ તેમ કરયું ન
થી; માટે હુકમ કરવામાં આવે છે કે, ફરીયાદનો ફેંસલો થતાં સુધી અથવા જો
વિરૂદ્ધ ફેંસલો કરવામાં આવે તો હુકમનામું બજે ત્યાં સુધી સદરહુ પ્રતીવાદી
ને કેદમાં રાખવો.
આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહી તથા
કોરટનો શિકો કરીને આપ્યો.

લ. સ,
જડજ.

નંબર ૧૬૦.
હુકમનામું પૂરૂં કરવાના જામીન આપવાનો હુકમ કરીને, ફેંસલા પેહેલાં જપ્તી કરવા

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૮૪.
ના   ની કોરટમાં
દિવાની ફરિયાદ નંબર   સન ૧૮
અ. બ. રેહેવાશી.
વિરૂદ્ધ.
ક, ડ, રહેવાશી.
કોરટના બેલીફને.

એ, કોરટની ખાત્રીલાયક સાબીત કર્યું છે કે, સદરહુ ફરીયાદનો પ્રતીવાદી છે માટે આ ઉપરથી તમને હુકમ કરવામાં આવે છે કે, કોરટ માગે તે વખતે કોરટ કહે તેમ પ્રમાણે વ્યવસ્થા થવા માટે હાજર કરવા સારૂ અથવા તેની કીમત હાજર કરવા સારૂ અથવા ના ઉપર જે હુકમનામું થાય તે પુરૂં કરવા જે ઠરે તે કીમતનો ભાગ હાજર કરવા સારૂ તારીખ માહે સન ૧૮ રોજ અથવા તે પેહેલાં રૂ. ના જામીન આપવાને, અથવા એ જામીન શા માટે ન આપવા તેનું હાજર થઇને કારણ બતાવવાને સદરહુ પ્રતીવાદી ને તમારે કહેવું, અને વળી તમને હુકમ કરવામાં આવે છે કે તમારે સદરહુ જપ્ત કરવી અને કોરટનો બીજો હુકમ થતાં સુધી તે જાપતાથી તથા બંદોબસ્તીથી સભાળમાં રાખવી, અને તમે આ વારંટ કઇ રીતે બજાવ્યું તે વીશે એ બજાવ્યા પછી તરતજ આ કોરટને જણાવવું અને પછી આ વારંટ અહીં લાવવું.

આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહી તથા કોરટનો શીકો કરીને આપીયો.

લ. સ.
જડજ.

નંબર ૧૬૧.

જામીન ન આપવાનું સાબીત થાય એટલે ફેંસલા પહેલાંની જપ્તી કરવાનું,
દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૮૫,
ના   ની કોરટમાં.
દીવાની ફરીવાદ નંબર   સન ૧૮
અ, બ, રહેનાર
વિરૂધ.
ક, ડ, રહેનાર,
કોરટના બેલીફને,

ફરીયાદમાં ઉપર જે હુકમનામું થાય તે પુરૂં કરવાના જામીન પ્રતિવાદી પાસે માગવાને આ ફરિયાદના વાદી એ કોરટને અરંજ કરી છે. અને સદરહુ પાસે કોરટે તે જામીન માગ્યા તે એ આ આપ્યા નથી. માટે આ ઉપરથી તમને હુકમ કરવામાં આવે છે કે, સદરહુ નીમિલકત છે તે તમારે જપ્ત કરવી, અને કોરટનો બીજો હુકમ થતાં સુધી

તે તમારે જાપતાથી અને બંદોબસ્તથી સંભાળમાં રાખવી. અને તમે આ વારંટ કઈ રીતે બજાવ્યું તે વિશે એ બજાવ્યા પછી તરતજ કોરટને જણાવવું અને પછી તે વારંટ અહીં લાવવું.

આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહીતથા કોર્ટના શીકો કરીને આપ્યું.

લ. સ.

જડજ.

નંબર ૧૬૨.

ફેસલા પહેલાંની જપ્તી.

જે મીલકત પ્રતિવાદીની માલકીની હોય પરંતુ જેના ઉપર તરત કબજો રાખવાનો હક અથવા લીયન બીજા કોઇ શખસોનો હોય તેવી જંગમ મિલકત જપ્ત કરવાની મિલકત જંગમ હોય ત્યારે મનાઇ હુકમ.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૮૬

ના ની કોરટમાં

દિવાની ફરિયાદ નંબર સન ૧૮

અ. બ. રહેનાર.

વિરૂદ્ધ.

ક. ડ. રહેના.

પ્રતિવાદી ને એવો હુકમ કરવામાં આવે છે કે, સદર ના કબજામાંની મિલકત જે સદરહુ નો કંઈ દાવો હોય તેનો બોજો કાયમ રાખીને પ્રતીવાદીની માલકીની છે, તે આ કોરટનો બીજો હુકમ થતાં સુધી પાસેંથી લેવાને તમો સદરહુ ને મનાઇ તથા પ્રતીબંધ કરવો, અને આ લેખ ઉપરથી તમને તે મનાઇ તથા પ્રતીબંધ કરવામાં આવે છે, તથા સદરહુ ને આ લેખથી એવી મનાઇ અને પ્રતીબંધ કરવામાં આવે છે કે, આ કોરટનો બીજો હુકમ થતાં સુધી તમારે સદરહુ મીલકત કેઇ પણ શખસોને આપવી નહીં.

આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહી તથા કોરટનો શીકો કરીને આપી.

લ. સ.

જડજ.

નંબર ૧૬૩.

ફેસલા પહેલાંની જપ્તી.

મીલકત સ્થાવર હોય ત્યારે કરવાનો મનાઈ હુકમ.

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૮૬

ના ની કોરટમાં,

દીવાની ફરીયાદ નંબર સન ૧૮

અ. બ. રહેવાશી.

વીરૂદ્ધ.

ક. ડ, રહેવાશી.

પ્રતીવાદી

ને એવો હુકમ કરવામાં આવે છે કે, આ કોરટને બીજો હુકમ થતાં સુધી આ સાથે જોડેલી યાદમાં જણાવેલી મીલકત વેચાણથી બક્ષીસથી, અથવા બીજી રીતે કોઇને આપી દેવાની તમો

ને મનાઈ તથા પ્રતીબંધ કરવો, અને આ લેખથી તમને તે મનાઇ તથા પ્રતીબંધ કરવામાં આવે છે; અને તે મીલકત વેચાણથી, બક્ષીસથી, અથવા બીજી રીતે લેવાની બીજા શખસોને મનાઇ કરવી, અને આ લેખથી તેમને તે મનાઇ કરવામાં આવે છે.

આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહી તથા કોરટનો શીકો કરીને આપી.

યાદ.

લ. સ.

જડજ.

નંબર ૧૬૪.

ફેસલાની પહેલાંની જપ્તી.

બીજા શખસોના હાથમાંના પઇસા અથ વા વેચાય એવા લેખ વગરનું લેહેણું જપ્ત કરવાની મીલકતમાં હોય ત્યારે કાઢવાનો મનાઇ હુકમ.

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૮૬.

ના ની કોરટમાં

દાવાની ફરીયાદ નંબર સન ૧૮

અ. બ. રહેનાર.

વીરૂદ્ધ.

ક. ડ. રહેનાર.

ને

એવો હુકમ કરવામાં આવે છે કે, કોરટનો બીજો હુકમ થતાં સુધી, [સદરહુ પ્રતિવાદીના પઇસા અથવા લેહેણું જે હોય તેનુ વરણન કરવું તે હાલ પાસે છે] તે પાસેથી લેવાની પ્રતિવાદી

ને મનાઇ તથા પ્રતિબંધ કરવો અને આ ઉપરથી તેને તે મનાઇ તથા પ્રતીબંધ કરવામાં આવે છે; તથા આ કોરટનો બીજો હુકમ થતાં સુધી. સદરહુ [પઈસા વગેરે) અથવા તેનો કંઇ ભાગ કોઇપણ માણસને આપવાની સદરહુ

ને મનાઈ તથા પ્રતિબંધ કરવો અને ને

આ લેખથી તે મનાઇ તથા પ્રતીબંધ કરવામાં આવે છે.

આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહી તથા કોરટનો શીકો કરીને આપી.

લ. સ.

જડજ.

નંબર ૧૬૫.

ફેસલા પહેલાંની જપ્તી.

મિલકતમાં, જાહેર કંપની વગેરેના શેર હોય ત્યારે કાઢવામાં મનાઈ હુકમ.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૮૬

મા ની કોરટમાં,

દિવાની ફરિયાદ નંબર સને ૧૮

અ. બ. રહેવાસી

વિરૂદ્ધ.

ક. ડ. રહેનાર

પ્રતિવાદી ને તથા કંપનીના માનેજર

ને એવો હુકમ કરવામાં આવે છે કે, સદરહુ કંપનાના શેર એટલે છે તે, કોરટનો બીજો હુકમ થતાં સુધી બીજાને નામે ચઢાવી આપવાની અથવા તેનું કાંઇ ડિવિડન્ડ લેવાની પ્રતિવાદી ને મનાઈ તથા પ્રતિબંધ કરવો, અને ને આલેખ ઉપરથી તે મનાઇ તથા પ્રતિબંધ કરવામાં આવે છે, અને તમો સદરહુ કંપનીના માનેજર ને આ લેખ ઉપરથી એવી મનાઇ અને પ્રતિબંધ કરવામાં આવે છે કે, તમારે તે શેર ચઢવા દેવો નહીં તથા તે ડિવિડન્ડ આપવું નહીં.

આજ તારીખ માહે સને ૧૮ રોજ મારી સહી તથા કોરટના શિક્કો કરીને આપ્યો,

લ. સ.

જડજ

નંબર ૧૬૬.

કામ ચલાઉ તાકીદ,

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૯૨.

વાદી અ, બ, ના પ્લીડર (અથવા તેની તરફના કોન્સલ] એ આ કોરટને અરજ કરવા ઉપરથી, તથા [આજ રોજ] આ કામમાં સદરહુ વાદીએ ગુજારેલી અરજ [અથવા તારીખ માહે સન ૧૮ રોજ આ ફરીયાદમાં દાખલ કરેલી ફરીયાદ અરજી અથવા તારીખ માહે સન ૧૮ રોજ દાખલ કરેલી સદરહુ વાદીની લેખી કેફીયત) વાંચીને, તથા તેની પુષ્ટીમાં ની તથા ની શાહેદી સાંભળીને, [જો નોટીસ કરચા છતાં પ્રતીવાદી હાજર ન થયો હોયતો ઉમેરવું કે:—અને વળી પ્રતીવાદી ક, ડ, ને આ અરજ વીશેની નોટસીપોંચ્યા સંબધી ની શાહેદી સાંભળીને), આ કોરટ એવો હુકમ કરે છે કે, આ ફરીયાદની સુનાવણી થઈ રહે ત્યાં સુધી અથવા કોરટનો બીજો હુકમ થતાં સુધી વાદીની સદરહુ ફરીયાદની ફરીયાદ અરજીમાં લખેલું અથવા વાદીની અરજમાં અને આ અરજની ચોકુશી વખતના પુરાવામાં કહેલું) તાલુકે માંના હીકુપુરામાં ધાંચી મેહેલ્લામાં

ઘર નંબર ૯ છે તે પાડવું નહીં, અથવા પાડવા દેવું નહીં, અથવા જે સામાનથી તે ઘર બાંધ્યું છે તે સામાન વેચવો નહીં, એવી પ્રતીવાદી ક, ક. તેના નોકર, કા મગાર અને મુખત્યારને તાકીદ આપવી.

આજ તારીખ માહે સન ૧૮

દીવાની જડજ.

(તાકીદમાં ચીઠી અથવા બીલ વેચવાનો પ્રતીબંધ કરવાનું માગ્યું હોય, તો હુક મનાહુકમ કરવામાં ભાગ આ રીતે લખવો:—)

આ ફરીયાદની સુનાવણી થતાં સુધી અથવા આ કોરટનો બીજો હુકમ થતાં સુ ધી વાદીની ફરીયાદ અરજીમાં (અથવા અરજમાં) અને આ અરજ વખત સાંભ ળેલા પુરાવામાં કહેલી છે તે તારીખ માહે સન ૧૮ રોજની અથ વા તે સુમારની તારીખની વાયદાચીઠી (અથવા બિલ આફ એક્સચેન્જ) પ્રતીવાદી એ તથા એ અથવા તે પઇકી કોઇ એકે પોતાના તાબામાંથી આપવી નહીં કે તે ઉપર શેરો મારી આપવો નહીં અથવા તે બીજા ને ચઢાવી આપવી નહીં, અથવા વેચવી નહીં એવી પ્રતીવાદી તથા ને તાકીદ આપવી.

(ગ્રંથસ્વામિત્વ (કાપીરાઇટ) ના મુકદમામાં.]

વગેરે સુધી નામનું પુસ્તક અથવા તે પઇકી કંઇ ભાગ છાપવો નહીં, પ્રસીદ્ધ કરવો નહીં, અથવા વેચવો નહીં, એવી પ્રતીવાદી ક, ક, તેના નોકર, મુખત્યાર અથવા કામ કરનારને તાકીદ આપવી.

[જયારે કોઈ પુસ્તકના ફકત કંઇ ભાગનો પ્રતિબંધ કરવો હોય તો]:—

વગેરે સુધી ફરીયાદ અરજીમાં (અથવા અરજમાં અને પુરાવામાં વગેરે) પ્રતીવાદીએ પ્રસિદ્ધ કરયો એમ લખ્યું છે તે તથા નીચે તપશીલ બતાવી છે તે પુસ્તકના ભાગ એટલે સદરહુ પુસ્તકમાંનો એ મથાળાનો ભાગ તથા, એ મથાળાનો ભાગ (અથવા પ્રષ્ઠ થી પ્રષ્ઠ સુધી બને પ્રષ્ઠ સુધાં તેનો ભાગ છાપવો નહીં. પ્રસિદ્ધ કરવો નહીં, વેચવો નહીં અથવા બીજી રીતે તેની વ્યવસ્થા કરવી નહીં એમ પ્રતીવાદી ક, ક, તેના નોકર મુખત્યાર અથવા કામ કરનારને તાકીદ આપવી.

(કારીગરીના પટાની બાબતમાં.]

સુનાવણી વગેરે થતાં સુધી. વાદીની ફરીયાદ અરજીમાં [અથવા અરજમાં વગે રે, અથવા લેખી કેફીયતમાં વગેરે,] કહેલી વાદીઓની અથવા તે પઇકી કોઇની શોધના મુળ તત્વને આધારે કાઢેલી ઇઠો (અથવા જે હોય તે), વાદીની ફરીયાદ અરજીમાં [અથવા જે હોય તે લખવું) કહેલા પટાઓની અનુક્રમે ને જે મુદતો બાકી રહી છે ત્યાં સુધી, પાડવી નહીં. અથવા વેચવી નહીં એવી, તથા તે શોધી કાઢેલી વસ્તુઓની બનાવટ કરવી નહીં, કે નકલ કરવી નહીં કે સાક્ષતા કરવી નહીં કે તેમાં કંઇ વધારવું નહી કે તેમાંથી કઇ ઘટાડવું નહીં એવી પ્રતીવાદી ક, ક, તેના મુખત્યાર નોકર, અને કામ કરનારને તાકીદ આપવી.

(વેપારની નીશાની બાબતના મુકદમામાં,]

વગેરે સુધી, વાદીની ફરીયાદઅરજીમાં [અથવા અરજમાં] કહેલી છે તેવી ચીઠીઓ અથવા વાદી અ, બ, જે મિશ્રણ કે કાળોરંગ (બ્લાકીન) (અથવા જે હોય તે લખવું) તઈયાર કરે છે અને વેચે છે તે, અને જે મિશ્રણ કે કાળોરંગ પ્રતિવાદી વેચે છે તે, એકજ છે એમ બતાવે એવી બહારથી બરોબર દેખાતી નકલ કરીને અથવા બીજી રીતે હીકમતથી કરેલી કે લખેલી બીજી કોઇ ચીઠીઓ—બાટલી ઉપર ચોટાડીને, વાદી જે કાળોરંગ તઈયાર કરે છે તેજ આ કાળોરંગ છે એમ જણાવીને અથવા એમ જણાઇ આવે એવી રીતે કોઇ પણ મિશ્રણ કે કાળોરંગ વેચવો નહીં કે વેચવા સારૂ માંડવો નહીં કે વેચાય એમ કરવું નહીં એવી અને જે મિશ્રણ કે કાળોરંગ વાદી અ, બ; તઈયાર કરે છે અને વેચે છે તે, અને જે મિશ્રણ કે કાળોરંગ પ્રતીવાદી વેચે છે અથવા પ્રતવાદીએ વેચવાનું મનમાં આણ્યું છે તે, એકજ છે એમ જણાઇ આવે એવી હીકમતથી કરેલી કે લખેલી વેપારની ચકતીઓનો ઉપયોગ કરવો નહીં એવી, પ્રતીવાદી ક, ડ, તેના નોકર મુખત્યાર અથવા કામ કરનારને તાકીદ આપવી.

(પંત્યાળાના ધંધામાં કોઇ રીતે હાથ ઘાલવો નહીં એવી પાંતીદારને મનાઇ કરવા બાબત.)

સુધી બ, અને ડ, ના પંત્યાળાની પેઢીને નામે કોઇ પણ કરાર કરાવો નહીં, તથા કોઇ પણ બીલ આફ એક્સચેન્જ, ચીઠી, કે લેખી દસ્તાવેજ સિકારવો નહીં, લખવો નહીં શેરો કરી આપવો નહીં કે વેચવો નહીં તથા બ, અને ડ, ની સદરહું પંત્યાળાની પેઢીને નામે કે તે પેઢીની શાખ ઉપર, કે જેથી કરીને પઇસાની કોઈ પણ રકમ આપવાને કે કોઇ પણ કરાર અથવા વચન કે પતકરેલું કામ પુરૂ કરવાને સદરહુ પંત્યાળાની પેઢી કોઇ રીતે જવાબદાર થઇ શકે અથવા જેની જવાબદારી પેઢી ઉપર નાખી શકાય એવું,—કંઇ કરજ કાઢવું નહીં, કંઇ માલ વેચાતો લેવો કે આપવો નહીં, તથા કોઇ પણ રીતે મોઢાનું કે લેખી વચન આપવું નહીં, કબુલાયત કરવી નહી; કે કંઇ પતકરવું નહીં તથા કંઇ પણ કામ કરવું નહીં કે કરાવવું નહીં એવી પ્રતીવાદી ક, ડ, તેના મુખત્યાર, તથા નોકરને તાકદ આપવી.

નંબર ૧૯૭.

તાકીદની અરજની નોટીસ.

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૪૯૪.

ના ની કોરટમાં.

અ. બ. રહેનાર

વિરૂદ્ધ.

ક. ડ. રહેનાર.

આ ઉપરથી નોટીસ આપવામાં આવે છે કે, તારીખ માહે સન રોજ સદરહુ ની કોરટ બેસે તે વખતે જે કરાર પુરો કરવા સારૂ આ ફરીયાદ કરી છે તે કરાર તોડ્યા બદલ નુકસાની લેવાની માં પ્રતીવાદી ક, ડ, એ મારા ઉપર ફરીયાદ કરી છે તેનું કામ ક, ડ, એ આગળ ચલા

વવું નહીં (અથવા અમારી દરમ્યાન જે પંત્યાળુ સંકેલવાની આ ફરીયાદ થઇ છે તે પંત્યાળાની બાબતમાં પંત્યાળાનું કંઇ લેહેણું લેવું નહીં કે તે લેહેણાની છુટ મુકવી નહીં, અથવા જે કરાર પુરો કરવાની આ ફરીયાદ છે તે કરારમાં મને જે જમીન વેચાણ આપવાની કબુલાયત છે તે જમીનમાંનું ઘાસ ઉગેલું ભોંયતળીયું ખોદવુ નહીં, અથવા જે પ્રમાણે હોય તે પ્રમાણે.) એવી ક, ડ, ને તાકીદ મળવા સારૂ અરજ કરવાનો હુ અ, બ, ઇરાદો રાખું છુ.

આજ તારીખ માહે સન

ક, ડ, ને

તાજા કલમ—ફરીયાદમાં દાખલ થએલા કોઇ પણ પ્રોસીડીંગ ઉપરથી જે પક્ષકારનું નામ અને પતો જણાઇ આવતો ન હોય તેવા પક્ષકારને તાકીદ આપવાની અરજ કરાવાની હોય તો, યોગ્ય અમલદારથી નોટીસ પોંચાડી સકાય એટલા માટે તે નામ અને પતો પુરે પુરો લખવો.

નંબર ૧૯૮.

વસુલદારની નીમણુંક

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૦૩.

ના ની કોરટમાં,

દીવાની ફરીયાદ નંબર સને ૧૮

અ, બ, રહેનાર.

વિરૂદ્ધ.

ક, ડ, રહેનાર.

નેમાલમ થાય જે સદર હું ફરીયાદમાં ની તરફે તારીખ માહે સન ૧૮ રોજ થએલું હુકમનામુ બજાવવામાં જપ્ત થઇ છે, માટે દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૦૩ પ્રમાણે, તે કલમમાં ઠરાવેલા તમામ અખત્યાર આપીને તમને સદરહુ મીલકતના (રજીસ્ટરારની ખાતરી લાયક તમારે જામીન આપવા એ શરતથી) વસુલદાર નીમ્યા છે.

સદરહુ મીલકત સંબંધી તમે જમા ખરચ કરો તેનો યોગ્ય અને બરોબર હીસાબ તમારે આપવો આ નીમણુકને આધારે તમે જે જમા કરો તેના ઉપર દર સેંકડે પ્રમાણે મેહેનતાણુ મળવાનો તમને હક છે.

આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહી તથા કોરટનો શિકો કરીને આપ્યો.

લ. સ.

જડજ

નંબર ૧૯૯.

વસુલદારે આપવાનુ જામીન ખત.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૦૩.

ના ની કોરટમાં.

દીવાની ફરિયાદ નંબર સન

અ. બ. રહેનાર

વિરૂદ્ધ

ક. ડ. રહેનાર

આ લેખ ઉપરથી બધાને જાહેર કરવામાં આવે છે કે, અમો આઇ. જે. રહેવા

સી વગેરે, તથા કે. એલ. રહેવાસી વગેરે તથા મ. ન. રહેવાસી વગેરે, એ

કોરટના રજીસ્ટરાર ગ, હ. અથવા તેના આડર્નિ અથવા પ્રત્યુપત્ર ચલા

વનાર, અથવા મિલકતનો વહિવટ કરનારે, અથવા અસાઇનને રકમ રૂ.

આપવામે સદરહુ ગ હ. ની સાથે એકમતે અને પ્રથક પ્રથક બંધાઇએ છીએ. તે રક

મ આપવાને અમે બધા પોતાને તથા અમારા પઇની દરેકને તથા અમારા અને અ

મારા દરેક વારસ, પ્રત્યુપત્ર ચલાવનાર, અને મિલકતનો વહિવટ કરનારને આ લે

ખથી એકમતે અને પ્રથક પ્રથક તમામ રકમ આપવાને બંધન કરીએ છીએ.

આજ તારીખ માહે સન

અને આ કોરટમાં અ. બ. એ ક. ડ. ઉપર (આ ઠેકાણે ફરિયાદનો વિષય લ

ખવો) તે વાસ્તે ફરિઆદઅરજી દાખલ કરી છે.

અને સદરહુ ફરિઆદઅરજીમાં લખેલા પ્રત્યુપત્ર કરનાર ઓ. પી. ની સ્થાવર

મિલકતનું ભાડું તથા ઉત્પન્ન વસુલ કરવા તથા લોકો પાસે બાકી રહેલી જંગમ

મિલકત વસુલ કરવા સારૂ સદરહુ કોરટના હુકમથી સદરહુ આઇ. જે. ને નીમ્યોછે.

હવે આ જામીનીની શરત એ છે કેઃ— સદરહુ આઇ. જે. પોતે બંધાયો છે તે

પ્રમાણે સ્થાવર મિલકતના ભાડા અને ઉત્પન્ન બદલ તથા સદરહુ ક. ડ. ની જંગમ

મિલકત સંબંધી પઇસાની જે રકમ તથા રકમો તેના હાથમાં આવે તે બધાનો તથા

દરેકનો (અથવા જેના હોય તેનો) તે યોગ્ય રીતે કોરટ ઠરાવે તે તે વખતે હિસાબ

આપે તથા સદરહુ કોરટના ફરમાવ્યા પ્રમાણે કે સદરહુ કોરટ હવે પછી ફરમાવે તે

પ્રમાણે જે બાકીઓ તેની પાસે વખતે વખતે લેહેણી જણાવવામાં આવે તે યોગ્ય રી

તે આપે તો આ જામીન નિરર્થક છે નહીં તો તે પુર્ણ અમલમાં છે.

આઇ. જે,

કે. એલ.

મ ન.

ની સમક્ષ સહી કરીને સ્વા

સદરહુ બંધાએલા શખસોએ

ધીન કરયું.

ટીપઃ—પઇસા અનામત મુક્યા હોય તો ખતની શરતો પછી તેની યાદ લખવી.

નબર ૧૭૦.

પક્ષકારોના એકમત થવાથી લવાદીપર સોંપવાનો હુકમ.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૦૮.

(મથાળુ)

ને માલમ થાય જે,

સદરહુ વાદી પ્રતિવાદી, ઉપરની ફરીયાદમાં પોતાની દરમ્યાનની તકરારી બાબતો તમારી લવાદી અને નિવાડા ઉપર સોંપવાને એકમત થયા છે માટે તે પ્રમાણે આ લેખ ઉપરથી પક્ષકારોની દરમ્યાનની સદરહુ સઘળી તકરારી બાબતોનો નિરણય કરવાને તમને નીમ્યા છે તથા આ સોંપવાનું ખરચ કયા પક્ષકારે આપવું એનો નીરણય કરવાનો અખત્યાર પક્ષકારોની સંમતિ વડે. તમને આપ્યો છે,

તારીખ માહે સન ૧૮ રોજ અથવા આ કોરટ બીજો જે દિવસ ઠરાવે તે દિવસે કે તે અગાઉ તમારો લખેલો નિવાડો આ કોરટને તમારે આપવો.

જે સાક્ષીની જબાની લેવાની અથવા જે દસ્તાવેજ જોવાની તમારી મરજી હોય તે સાક્ષી અથવા દસ્તાવેજ હાજર કરાવવા સારૂ પ્રોસેસ, તમે માગશો એટલે, આ કોરટ કાઢશે. તે સાક્ષીને સોગન અથવા પ્રતિજ્ઞા આપવાનો તમને અખત્યાર આપવામાં આવે છે.

ઉપરની ફરીયાદમાં તમારી ફીના રૂ. આ સાથે મોકલ્યા છે.

આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહી તથા કોરટનો શિકો કરીને આપ્યો.

લ. સ.

જડજ.

નંબર ૧૭૧.

સંમતીથી લવાદીપર સોંપવાનો કોરટનો હુકમ.

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૦૮

(મથાળું)

આજ રોજ ગુજારેલી વાદીની અરજી વાંચીને તથા પ્રતિવાદી તરફે નીસંમતી લેઈને, તથા વાદી તરફે નું અને પ્રતીવાદી તરફે નું સાંભળીને, બધા પક્ષકારોની સંમતી વડે તથા સંમતીથી એવો હુકમ કરવામાં આવે છે કે તમામ પક્ષકારોની દરમ્યાનની લેવડ દેવડ તથા વ્યવહાર સુધાંત આ ફરીયાદમાંની તમામ તકરારી બાબતો ને આખર નીકાલ કરવાને સોંપવી. અને તેણે પોતાનો નિવાડો લખેલો કરવો તથા તે નીવાડો અને તેની સાથે આ ફરીયાદનું તમામ કામ, જબાનીઓ, તથા દાખલ થયેલા કાગળ આ હુકમની તારીખથી એક માસમાં આ કોરટને મોકલવા. અને તેવીજ સંમતી વડે તથા સંમતીથી વળી એવો હુકમ કરવામાં આવે છે કે, સદરહુ લવાદને સોગન અથવા પ્રતીજ્ઞા આપવાનો અખત્યાર છે. અને સદરહુ લવાદ પક્ષકારોની તથા તેમના સાક્ષીઓની સોગન ઉપર અથવા પ્રતીજ્ઞા ઉપર જબાની લેવાની છુટ છે, તથા પોતાને જરૂર જણાય તે હીસાબના સર્વ ચોપડા મગાવવાના અખત્યાર સુધાંત, દીવાની કામ ચલાવવાની રીતના કાયદા પ્રમાણે લવાદોને જે સત્તા અથવા અખત્યાર આપેલા છે તે તમામ સત્તા અથવા અખત્યાર સદરહુ લવાદને છે. તથા તેવી સંમતી વડે અને સંમતીથી વ

ળી એવો હુકમ કરવામાં આવે છે કે, આ ફરીઆદનું ખરચ તથા સદરહુ લવાદના નીવાડા સુધીનું તથા નીવાડા સુદ્ધાંતનું લવાદાપર સોંપવાનું અને તે નિવડો અમલમાં લાવવાનું ખરચ સદરહુ લવાદના ઠરાવના પરીણામ પ્રમાણે થશે. તથા તેવી સંમતી વડે અને સંમતીથી વળી એવો હુકમ કરવામાં આવે છે કે, સદરહુ રીતે સોંપેલી જુદી જુદી બાબતોની ચોકશી કરવામાં તેને મદત કરવા સારૂ એક લાયક હીસાબી માણસ નીમવાને સદરહુ લવાદને છુટ છે, તથા તે હીસાબી શખસના મેહેનતાણા બદલ અને તે સંબંધી બીજું ખરચ થાય તે બદલ સદરહુ લવાદની નજરમાં યોગ્ય આવે તે આપવું.

આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહી તથા કોરટનો શીકો કરી આપ્યો.

લ. સ.

જડજ

નંબર ૧૭૨.

વેચાય એવા દસ્તાવેજને આધારે કરેલી સંક્ષીપ્ત ફરીયાદમાં કરવાનો સમન
દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૩૨
ફરીયાદ નંબર.
ના નીં કોરટમાં.

, વાદી
, પ્રતીવાદી

(આ ઠેકાણે પ્રતિવાદીનું નામ તથા વરણન ને પત્તો લખવો) ને માલમ થાયજે:
(આ ઠેકાણે વાદીનુ નામ વરણન તથા પત્તો લખવો) એ દીવાની કામ ચલાવવાની રીતના કાયદાના બાબ ૩૯ પ્રમાણે બિલ આફ એકસચેન્જના (અથવા હુંડીના કે વાયદાચીઠીના] ના માલીક તરીકે (અથવા શેરાવાળા તરીકે) વ્યાજ મુદલ તેના લેહેણા રૂ. (અથવા વ્યાજ મુદલ બાકી રહેલા રૂ.] ની તમારા ઉપર આ કોરટમાં ફરિયાદ કરી છે, તે બીલ આફ એકસચેન્જની [અથવા હુંડીની કે વાયદાચીઠીની] એક નકલ આ સાથે જોડીછે, માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે હાજર થઇને ફરીયાદનો જવાબ દેવાની આ સમન પોચ્યાની તારીખથી, પાંચે તે તારીખ સુધાંત, દશ દિવસમાં તમારે કોરટની પાસેથી રજા મેળવી અને તે મુદતમાં તમે હાજર થયાનો દાખલો માંડી રખાવવો. જો તેમ નહીં કરો તો તે દશ દિવસ વીતી ગયા પછી કોઇ પણ વખતે રૂ. (આ ઠેકાણે માગેલી રકમ લખવી) કરતાં વધારે નહીં એવી કોઇ રકમ તથા ખરચની રકમ રૂ. નું હુકમનામું મેળવવાને વાદીને હક થશે.
ફરીઆદનો જવાબ ગુણદોષ વીશે છે અથવા આ ફરીયાદમાં હાજર થવાની તમને રજા આપવી યોગ્ય છે. એવું બતાવનારા ઇકરારને અથવા સોગનનામાને આધારે કોરટને અરજ કરવાથી હાજર થવાની રજા મળી શકશે.
(આ ઠેકાણે બીલ આફ એકસચેન્જ, હુંડી અથવા વાયદાચીઠી અને તે ઉપરના બધા શેરાની નકલ લખવી].

નંબર ૧૭૩.

અપીલની યાદ.

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૪૧.

અપીલની યાદ.

(રજીસ્ટર પ્રમાણે નામ વગેરે) વાદી—અપેલેન્ટ.

(રજીસ્ટર પ્રમાણે નામ વગેરે] પ્રતિવાદી રેસ્પોન્ડેન્ટ,

(અપીલ કરનારનુ નામ) સદરહુ [વાદી અથવા પ્રતિવાદી) સદરહુ ફરિઆદમાં ના તારીખ* માહે સન ૧૮ ના હુકમનામા ઉપર ની હાઇ કોરટને (ની ડીસ્ટ્રીક્ટ કોરટને જે હોય તે] નીચેના કારણોથી અપીલ કરૂં છું. તે એ કે:—

(આ ઠેકાણે હરકતનાં કારણ લખવાં),

નંબર ૧૭૪,

અપીલોનું રજીસ્ટર

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૪૯

કોરટ (અથવા હાઇકોરટ) મુકામ

સન ૧૮ ની સાલમાં હુકમનામાં ઉપર થએલી અપીલોનુ રજીસ્ટર

અપીલની યાદીની તારીખ.	અપીલનો નંબર	અપેલેન્ટ.			રેસ્પેન્ડેન્ટ.			જેના ઉપર અપીલ કરવામાં આવી તે હુકમનામું.				હાજરી.			ફેસલો.		
		નામ.	વરણુન.	રેહેવાનું ઠેકાણું	નામ.	વરણુન.	રહેવાનું ઠેકાણું.	કઇ કોરટનું.	અવલ ફરિયાદ નો નંબર.	વિગત.	રકમ અથવા કિમત	પક્ષકારાન હાજર થવાનો દિવસ.	અપેલેન્ટ.	રેસ્પેન્ડેન્ટ	તારીખ.	બાહાલ રાખ્યો, રદ કર્યો, ફેરવ્યો.	શી બાબત અથવા કઇ રકમનો

નંબર ૧૭૫.

અપીલની સુનાવણીને વાસ્તે ઠરાવેલા દિવસની રેસ્પોન્ડેન્ટને નોટીસ

દીવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૫૩.

ના ની કોરટમાં

અપેલેન્ટ વિરૂદ્ધ, રેસ્પોન્ડેન્ટ ની કે.

૨૮ના તારીખ માહે સન ૧૮ ના ઉપર અપીલ રેસ્પોન્ડેન્ટ ને, નોટીસ આપવામાં આવે છે કે, આ કામમાં ના હુકમનામા ઉપર એ અપીલ આપી છે, અને તે આ કોરટમાં નોંધાઇ છે. અને આ કોરટે તે અપીલની સુનાવણીનો દિવસ તારીખ માહે સન ૧૮ ઠરાવ્યોછે જો તમારી તરફથી જાતે અથવા તમારા પ્લીડરની મારફતે, અથવા આ અપીલમાં તમારી વતી કામ કરવાને કાયદા પ્રમાણે અખત્યાર મળેલા કોઇ શખસની મારફતે હાજર થવામાં નહીં આવે તો તમારી ગેરહાજરીમાં તેની એક તરફી સુનાવણી થઇને નિકાલ થશે.

આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહી તથા કોરટના શીકો કરીને આપી.

લ. સ.

જડજ

ટીપ:—બજાવવાનું કામ બંધ રાખવાનો હુકમ કરયો હોય તો તે વિશેની ખબર આ નોટીસમાં આપવી.

નંબર ૧૭૬.

અપીલમાંનુ હુકમનામું.

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૭૯

ના ની કોરટમાં

, અપેલેન્ટ વિરૂદ્ધ, , રીસ્પોન્ડેન્ટ, ની કોરટના તારીખ માહે સન ૧૮ ના ઉપર અપીલ અપીલની યાદ.

, વાદી.

, પ્રતિવાદી.

ની કોરટે તારીખ માહે સન રોજ સદરહુ ફરિયાદમાં કરેલા હુકમનામા ઉપર સદરહુ વાદી (અથવા પ્રતિવાદી) ના ની કોરટને નીચેનાં સબબથી અપીલ કરે છે; તે એ કે.

(આ ઠેકાણે સબબ લખવા.)

તારીખ માહે સન ૧૮ રોજ અપેલેન્ટ તરફે તથા રેસ્પોન્ડેન્ટ તરફે ની સમક્ષ ની રૂબરૂ આ અપીલની સુનાવણી થતાં એવો હુકમ કરવામાં આવે છે

હુ— (આ ઠેકાણે અપાવેલી દાદ લખવી.

આ અપીલનુ ખરચ રૂ. થયુ છે તે એ આપવું, અસલ ફરીયાદનુ ખરચ એ આપવું.

આજ તારીખ માહે સન ૧૮ રોજ મારી સહી કરીને આપ્યું.

લ. સ.
જડજ.

નંબર ૧૯૭,

અપીલનાં હુકમનામાં ઉપર થએલી અપીલોનું રજીસ્ટર

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૫૮૭

ની હાઇકોરટ.

અપીલનાં હુકમનામાં ઉપર થએલી અપીલોનું રજીસ્ટર

અપીલની યાદીની તારીખ.	અપીલનો નંબર.	અપેલેન્ટ.			રેસ્પોન્ડેન્ટ.			જેના ઉપર અપીલ કરવામાં આવી તે હુકમનામું.				હાજરી.			ફેસલો.		
		નામ.	વરણન.	રેહેવાનું ઠેકાણું	નામ.	વરણન.	રેહેવાનું ઠેકાણું.	કઇ કોરટનું.	અવલ ફરિયાદનો તથા અપીલનો નંબર.	વિગત.	રકમ અથવા કિમત	પક્ષકારાને હાજર થવાનો દિવશ.	અપેલેન્ટ.	રેસ્પોન્ડેન્ટ	તારીખ.	બાહાલ રાખ્યો, રદ કરયો, ફેરફરવ્યો.	શી બાબત અથવા કઇ રકમનો

નંબર ૧૭૮.

ફેરી તપાસ અરજ શા માટે મંજુર ન કરવો તેનું કારણ બતાવવાની નોટીસ

દિવાની કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૬૨૬

ના ની કોરટમાં

,વાદી, વિરૂદ્ધ ,પ્રતિવાદી;

ને નોટીસ આપવામાં આવે છે કે,

સદરહુ મુકદમામાં આ કોરટે કરેલા તારીખ માહે સને ૧૮ ના ફેસલાની ફેરી તપાસ કરવાને એ આ કોરટને અરજ કરી છે. આ કામમાં કોરટે પોતાના ફેસલાની ફેરી તપાસ શા માટે ન કરવી તેનુ તમારે કારણ બતાવવા સારૂ તારીખ માહે સન ૧૮ રોજ મુકરર ઠરાવ્યોછે.

આજ તારીખ માહે સન. ૧૮ રોજ મારી સહી તથા કોરટના શીકો કરીને આપી.

(મુ. સ.)

જડજ

નંબર ૧૭૯.

પ્લીડર બદલવાની નોટીસ,

ના ની કોરટમાં

અ. બ.

વિરૂદ્ધ. ક. ડ.

કોરટના રજીસ્ટારને

નોટીસ આપવામાં આવે છે કે મેં અ. બ. [અથવા ક. ડ.) એ સદરહુ ફરિયાદમાં મારા પ્લીડર તરીકે અત્યાર લગણ ના ગ. ફ. ને નીમ્યો છે, પરંતુ તેને કામ કરતો મેં બંધ કરયોછે,અનેહાલનોમારો પ્લીડર ના જે.કે. છે,

અ. બ. [અથવા ક. ડ.]

નંબર ૧૮૦,

કોરટના પ્રત્યેક સમન, નોટીસ, હુકમનામા અથવા હુકમ નીચે અથવા કોરટ ની બીજી કોઈપણ પ્રોસેસ નીચે લખવાની ટીપ

(આફીસની જગાએ માં રજીસ્દારની આફીસમાં હાજર રહેવાનો વખત, દસથી તે ચાર વાગતા સુધી છે, (પરંતુ આ ઠેકાણે જે દિવસે આફીસ બંધ થવાની હોય તે દીવસ લખવો) દિવસે એક વાગે આફીસ બંધ થાય છે.

આર. જે. ક્રાસ્થવેટ,

હિંદુસ્તાનની સરકારના આફિશિએટીંગ સેક્રેટરી

[ટુટાસ લેસન]

લાલસંકર ઉમીયાસંકર, તરવાડી

આસીસ્ટંટ જડજ ધંધુકા એતુ ગોઘા.